જય જય ગરવી ગુજરાત!

જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુમ્બી, પ્રેમશૌર્યઅંકીત,
તું ભણવ ભણવ નિજ સન્તતિ સઉને, પ્રેમભક્તિની રીત-
ઊંચી તુજ સુન્દર જાત,
જય જય ગરવી ગુજરાત.—૧

ઉત્તરમાં અમ્બા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરન્ત રક્ષા, કુન્તેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ-
છે સહાયમાં સાક્ષાત,
જય જય ગરવી ગુજરાત.—૨

નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણને, રત્નાગર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર-
સમ્પે સોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત.—૩

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગથકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભશે, વીતી ગઈ છે રાત-
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.—૪

गुजराती भाषाना नयश्रीरङ्ग विराजो–

મુખમુદ્રા.

જે કોશશબ્દનો અર્થ ગાડું થાયછે તે ક્રોશનો અને જે કોશશબ્દનો અર્થ નરાજ થાયછે તે કુશીનો અપભ્રંશ છે; પણ બીજા સઘળા અર્થ વાળો કોશશબ્દ શુદ્ધ સંસ્કૃતજ છે. કોશશબ્દ સંસ્કૃત ધાતુ કુશ્ ઉપરથી થયોછે ને કુશ ધાતુ આશ્રય તથા આશ્રયી એ બેના સંબન્ધસૂચક અર્થમાં પ્રવર્તે છે; તો એઉપરથી, જેની માંય એકાદો પદાર્થ રખાય-રહે તે કોશ ને એમાં એના સઘળા અર્થનો સમાવેશ થાયછે. રાજકોશ એટલે સકળ રાજ્યની સમૃદ્ધિનું સત્વ જે ભણ્ડારમાં ભરચું હોય તે; તેમ જે ગ્રન્થમાં ભાષાની સમૃદ્ધિનું સત્વ ભરચું હોય તે ભાષાકોશ. ભાષાની સમૃદ્ધિ, શબ્દાર્થ તથા તેના પ્રયોગ એરૂપે રહી શોભેછે તો તેઓનાં રક્ષણને માટે અને તેઓના જ્ઞાનોપયોગને માટે કોશગ્રન્થો છે. રાજનગરની સ્થિતિસમૃદ્ધિ ઉપરથી આખાં રાજ્યની સ્થિતિસમૃદ્ધિ વિશે થોડું ઘણું જાણી શકાયછે, પણ કોશગ્રન્થઉપરથી તો પ્રત્યક્ષ ભાષાનું ઐશ્વર્ય સહજ જણાઇ આવેછે. જેમ કોશ વિના રાજ્ય બળહીન અને કમળકોશ વિના સરોવર શોભાહીન છે તેમ ભાષાકોશ વિના દેશભાષાની રાજ્યસત્તા છૂટાં છૂટાં ને વિખરાયલાં પડેલાં અનેક અઙ્ગ તથા એઓની અવ્યવસ્થા એથી સમગ્ર એકસ્વરૂપે ન હોવાથી સ્થાયી બળિષ્ઠ નથી અને શાસ્ત્રીય સંસ્કાર વિના સુન્દર શોભતી નથી. કોશ વડેજ ભાષા સંસ્કારી થઇ કાળમાં વૃદ્ધિ પામેછે. ભાષાનો કોશ એ, ભાષા બોલનારા લોકની સ્થિતિનાં સ્વરૂપનું પ્રતિબિમ્બ છે ને તેઓનાં જ્ઞાનૈશ્વર્યને દર્શાવનારો જયધ્વજ છે.

સંસ્કૃત ભાષામાં નાના મોટા મળીને બાવન કોશ છે ને તેમાં અમરકોશ, મેદિનીકોશ ને અભિધાનચિન્તામણિ એ ત્રણ બીજા સહુથી શ્રેષ્ઠ ગણાયાછે. એ સઘળા કોશની શબ્દાવળી વર્ણાનુક્રમમાં નથી પણ શબ્દજાતિ અથવા અર્થજાતિ પ્રમાણે વર્ગોમાં પડીને રચાયલીછે. યુરોપિયન લોકે સંસ્કૃત ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવાને સંસ્કૃત ઇઙ્ગ્લિશ ઇઙ્ગ્લિશ સંસ્કૃત, સંસ્કૃત ફ્રેન્ચ, સંસ્કૃત જર્મન એવી રીતના વર્ણાનુક્રમે શબ્દાવળી રચી અનેક કોશગ્રન્થ કરચાછે. આ દેશની પૂર્વની પ્રાકૃતભાષા માત્ર લોકવ્યવહારભાષા હતી, પણ્ડિતોની નોતી; પણ પછવાડેથી તેનાં વ્યાકરણ થયાં ત્યાં ને તે થોડોક સંસ્કાર પામી હતી-સંસ્કૃત નાટકોના ગ્રન્થમાં ને બૌદ્ધ જૈનોના ધર્મપુસ્તકોમાં સારીપેઠે વપરાઇ હતી-અને વળી જેમ સંસ્કૃતભાષા સર્વ પ્રદેશના વિદ્વાનોની એક સામાન્યભાષા હતી તેમ, ચારમાંની એક પ્રાકૃત સર્વ પ્રદેશના લોકની એક સામાન્ય જેવી વ્યવહારભાષા મનાઇ હતી. પછી રાજ્યોની અવ્યવસ્થાને લીધે ને યૂનાદિ મ્લેચ્છ લોકના પ્રવેશને લીધે સામાન્ય જેવી મનાતી પ્રાકૃત ભાષા પ્રદેશપ્રદેશમાં જૂદે જૂદે રૂપે બોલાવા લાગી ને કેટલેક કાળે તે કેવળ જૂદી પડીગઇ. મુસલમાની રાજ્યમાં વિદ્વાનોની સામાન્યસંસ્કૃતભાષનું બળતેજ ઘટ્યું ને જૂદી જૂદી પ્રાકૃતમાં ગ્રન્થ લખાવા માડ્યા. કબીરે ૧૩-૧૬ સંવત શૈકામાં, નામદેવે ચૌદમાં શૈકામાં ને નરસિંહે પન્દરમાં શૈકાના અન્તમાં પોતપોતાની ભાષામાં ભક્તિબોધવાણી ગાઇ. મુગલાઇ રાજમાં ગુજરાતી, મરેઠી, હિન્દી, બઙ્ગાળી પદ્યભાષા વધારે વધારે સંસ્કારને પાત્ર થતી ચાલી. અઙ્ગ્રેજી રાજ્ય હુવાં પછી ભાષામાં કેટલાએક ફેરફાર થયોછે ને થાયછે, તોપણ ગદ્યના ગ્રન્થો લખાવાથી તે નિયમમાં પડી રૂડો સંસ્કાર પામેછે ને આશા છે કે હવે પ્રત્યેક ભાષા થોડા કાળમાં પોતપોતાનાં સંસ્કૃત રૂપમાં વિરાજશે. અઙ્ગ્રેજી શબ્દના પ્રાકૃતમાં અર્થ ને પ્રાકૃત શબ્દના અઙ્ગ્રેજીમાં અર્થ એવા ઘણાએક નાના મોટા કોશ હિન્દી મરેઠી બઙ્ગાળી ગુજરાતીમાં થયાછે*; પણ પ્રાકૃત શબ્દના પ્રાકૃતમાંજ અર્થ એવા કોશ જે પ્રત્યેક ભાષાની જયશ્રી દેખાડે છે તે (જેવા જોઇયે તેવા ઉત્તમ પ્રકારના તો નહિ તોપણ) હિન્દી મરેઠી બઙ્ગાળી ભાષાના, ઘણાં વર્ષ ઉપર છપાઇ પ્રગટ થયાછે. હિન્દીકોશ વિસહજાર શબ્દનો બનારસના રેવરણ્ડ આડમે રચી સંવત ૧૮૮૫ માં,

* ગુજરાતીઅઙ્ગ્રેજી કોશ (પન્દરહજાર શબ્દનો) પ્રથમ ૧૯૦૨ માં નિકળ્યો. એ કોશ, સુરતના રેનાર ને માસ્તરની અટકથી ઓળખાતા દલપતરામ ભગુભાઇના રચેલા (પણ છપાયલા નહિ એવા) શબ્દાર્થસઙ્ગ્રહઉપરથી મિરજા મહમદ કાજીમ તથા નવરોજી ફરદુનજી એઓએ રચી છપાવ્યો હતો. કરસનદાસ મુળજીનો ૧૯૧૮ માં એક ને શાપુરજી એદલજીનો ૧૯૧૯ માં બીજો એવા બે કોશ નિકળ્યા હતા. કરસનદાસના કોશની બીજી આવૃત્તિ ૧૯૨૪ માં થઇછે. અઙ્ગ્રેજીગુજરાતીકોશ મોટો એનો એક અઙ્ક અરદેશર ફરામજી મૂસ તથા નાનાભાઇ રુસ્તમજી રાણીના એઓએ ૧૯૧૩ માં કાડ્યો, ને બીજા ત્રણ અઙ્ક (એચ્ અક્ષરના શબ્દ પૂરા થવા લોંલગી) ૧૯૧૭ સુધીમાં કાડ્યા. ૧૯૧૮ માં એ બે જણાએ ને મેં સાથે મળીને એક નાનો કોશ રચી પ્રસિદ્ધ કીધો. તેમ તેજ વર્ષમાં ઝવેરીલાલ ઉમિયાશંકર, ત્રિભોવનદાસ દ્વારકાદાસ ને મોતીરામ નિહ્કમદાસ એ ત્રણે જણે મળી એક બીજો નાનો કોશ રચી છપાવ્યો. એ બે કોશને એકઠા મળવી દઇ સુધારો વધારો કરી અરદેશર તથા ઝવેરીલાલ એઓએ ૧૯૨૦ માં બીજી આવૃત્તિએ અઙ્ગ્રેજીગુજરાતી કોશ છપાવ્યોછે. [ગુજરાતી કોશાવળી હીરાચન્દે ૧૮૬૫ માં કાડી હતી].

મરાઠી-ઇંગ્રેજી કોશ પચ્ચિસ હજાર શબ્દનો મુમ્બઈની શિક્ષામણ્ડળીએ પાંચ પંડિતો પાસે કરાવેલો તે ત્રીજે વર્ષમાં અને બંગાળી કોશ-શબ્દામ્બુધિ છત્રીસહજાર શબ્દનો પૂર્ણચન્દ્રોદય નામના વર્તમાન પત્રના અધિપતિએ શકે સંવત ૧૯૦૫ માં પ્રસિદ્ધ કીધો. હવે આ ગુજરાતી કોશના ઉદ્ભવ વિશે આગળ લખું છું:-*

મુમ્બઇમાં ગુજરાતી અઙ્ગરેજી નિશાળોમાં ભણનારાઓને નર્મકવિતાના કઠણ શબ્દાર્થ સમજવા સુલભ જોતા પડતા તે જોઈ હું તેવા શબ્દાર્થનો એક નાનો કોશ કરતો હતો પણ તે સઙ્ગ્રહ બહુ મોટો થઇ ગયલો જોઈ મને સુઝ્યું કે આમાંને આમાં ભાષામાં ચાલતા બીજા શબ્દો વધારી મોટોજ કોશ કરવો કે તે સઘળા લોકના ઉપયોગમાં આવે. એ વિચાર દૃઢ થયો ને મેં સંવત ૧૯૧૭ ના કારતક સુદ છઠ રવેઉ – સને ૧૮૬૦ ના નવેમ્બરની અઠાવિસમિયે બીજો નવો શબ્દસઙ્ગ્રહ કરવાનો આરમ્ભ કર્યો. નર્મકવિતામાંના સ્વરાદિશબ્દો ને નવા વધારાના સ્વરાદિશબ્દો મેળવી ગોઠવી મેં અર્થ લખવા માંડ્યા. અ – આના શબ્દાર્થ લખાય કે તે મેં છાપવા આપ્યા ને પછી એક પાસથી નવું લખતાં ને બીજી પાસથી પ્રૂફ તપાસતાં સ્વરવર્ગનો ૧૦૨ પૃષ્ઠનો અઙ્ક સંવત ૧૯૧૮ ના કારતકમાં – સને ૧૮૬૧ ના નવેમ્બરમાં પ્રસિદ્ધ કીધો. સને ૧૮૬૨ ના મે મહિનામાં મેં ક આદિ અક્ષરોના અર્થ લખવા માંડ્યા ને ડિસેમ્બરમાં ૫૮ પૃષ્ઠનો બીજો અઙ્ક કાઢ્યો. સને ૧૮૬૪ ના સપટેમ્બરમાં ૧૪૦ પૃષ્ઠનો ત્રીજો અઙ્ક ઘરાકોને વેંચ્યો ને પછી ૪૦ પૃષ્ઠનો ચોથો અઙ્ક સને ૧૮૬૬ ના આગષ્ટમાં છપાઈ તૈયાર થયો પણ તે મેં બાહાર કાઢ્યો નહિ. એ ચાર અઙ્કમાં ‘અ’ થી ‘ત’ તગારું લગીના શબ્દાર્થ લખાયા હતા. સને ૧૮૬૮ માં મેં નવું લખવાનો આરમ્ભ કર્યો ને આગષ્ટની ૧૧ મીએ – સંવત ૧૯૨૪ ના શ્રાવણ વદ આઠેમ ને સોમવારે રાતે સમાપ્તિ કરી.

સને ૧૮૬૯ ને અન્તે મેં કોશને પાછો પ્રથમથી છપાવવાનો ને તેમ કરવાની વેળા શબ્દોની સઙ્ખ્યામાં વધઘટ, વર્ણબુદ્ધિમાં ફેરફાર ને વ્યાખ્યાર્થમાં સુધારો કરતાં જઈ છપાવતાં જવું એવો નિશ્ચય કર્યો. સને ૧૮૭૦ ના જાનેવારીથી કોશ નવેસરથી ભાવનગરમાં છપાવા માંડ્યો તે ત અક્ષર પૂરો થયો ત્યાં સુધી છપાયો. પછી આ ચાલતા વર્ષના જુલાઈ મહિનાની ૧૮ મીએ અહિં સુરતમાં મિશનપ્રેસમાં બાકીનો કોશ છપાવવાની ગોઠવણ કરી. આગષ્ટથી ધમધોકાર કામ ચાલ્યું તે આ માસમાં પૂરું થયું છે ને હવે પુસ્તક બન્ધાઈ આવતા માસમાં કોશ બાહાર પડશે. શબ્દ ગોઠવવાનું ને પ્રૂફ જોવાનું કામ આરમ્ભથી તે અન્તલગી મારા સહાય નરભેરામ પ્રાણશઙ્કરે કર્યુંછે.

ગ્રન્થોમાંથી જૂદા પાડી, પુછપાછ કરી કરાવી અને એમ કરતાં નવા સુઝતા તે ઝડપીલેઈ શબ્દસઙ્ગ્રહ કર્યોછે અને બીજા કોશ ગ્રન્થોની સહાયતાથી, ચર્ચા કરી શઙ્કા મટાડ્યાથી, તર્ક તથા વિચાર પૂરા ઉપયોગમાં આણ્યાથી અને વાંચેલું સાંભળેલું તત્કાળ સ્મરણ આવેથી વ્યાખ્યા અર્થ દૃષ્ટાન્ત ઇ૦ સુધ્ધ લખાયું છે.†

પ્રવૃત્તિવાળી સ્થિતિમાં તથા આશ્રયવિનાની સ્થિતિમાં પણ ઉત્સાહવાળા ઉદ્યુક્તપણાવડે આ કોશ રચાયોછે ને છપાયોછે.‡

---

* એ પ્રકરણ સવિસ્તર ભરતાં અતિ લમ્બાણ થાય–પ્રધાન વિષયનો પ્રસઙ્ગરઙ્ગ ઝાંખો પડે ને કેટલુંક અમઙ્ગળ કથન પણ કરવું પડે, વળી મઙ્ગળ કાર્યની સમાપ્તિને ટાણે અમઙ્ગળ કથન કરવું એ મારા રસવિવેકને દુઃખ કરે તેવું છે માટે ટૂંકામાંજ આટપ્યું છે. તોપણ, કોશસમ્બન્ધી અથેતિવૃત્તાન્ત (અમઙ્ગળ કથન સહિત) લોકની વર્તમાન સ્થિતિનું એક પ્રકારનું સદાનું શિક્ષણીય દર્શન થઇ રે તેવું છે, તેટલાસારૂ તે હું બીજે પ્રસઙ્ગે યથાસ્થિત જણાવીશ.

† સંસ્કૃતઅઙ્ગ્રેજી કોશ તથા મરેઠીઅઙ્ગ્રેજી કોશ એમાંથી ગુજરાતીમાં વપરાતા સંસ્કૃત શબ્દો તથા બીજા સુઝી આવતા ત જાતિ શબ્દ મેં જૂદા પાડ્યા હતા ને છપાયલાં પુસ્તકોમાંથી કાડવાને પ્રથમ ત્રણેક જણને રાખ્યા હતા તેમાં એક ચોરવાડનો બ્રાહ્મણ હતો. જુનાગઢ તથા ભાવનગરથી મિત્રોએ શબ્દો લખીમોકલ્યાહતા. મેમદાવાદ, નડિયાદ ને અમદાવાદના કેટલાક જણ પાસેથી શબ્દ મળ્યા હતા. જૂના ગ્રન્થોમાંથી પણ શબ્દનું મોટું ભરણું થયું હતું. અર્થ લખતીવેળા વેબ્સ્ટરનો અઙ્ગ્રેજી કોશ તથા મરેઠીઅઙ્ગ્રેજી એ બે ઉપયોગી પડ્યા હતા. પણ મારે ત્યાં ઠામ ઠામના લોકનું આવવું થવું–એ સમ્બન્ધથી શઙ્કા નિવારવાનું ને નવું જાણી લેવાનું મને ઘણું સુતરું થઇ પડ્યું હતું.

‡ કોશ લખી રાખવો પણ તરત છપાવવો નહિ એ વિચાર નિવૃત્તે ને અનુકૂળ સ્થિતિ વિના પાર પડે તેવો નહિજ, તેમ આ કાળમાં લખી રાખેલા ગ્રન્થની પછુવાડેથી વ્યવસ્થા થવાનો સમ્ભવ ઓછોજ, ને હાથના લખેલાં કાગળોમાં સુધારો વધારો કરવો તેનાં કરતાં છપાયલા કાગળોમાં તેમ કરવું એ મને વધારે સેલું ને સારું પડવાથી મેં એક પાસથી લખવાનું ને બીજી પાસથી છપાવવાનું કામ સાથે ચલાવ્યું હતું. વળી આરમ્ભ કર્યો તે સમયે કોશ કરવો એ મેં સેલો જાણ્યો હતો–શબ્દ એકઠા કરી ગોઠવી અર્થ લખવા એમાં શું શ્રમ પડવાનો છે એમ હું જાણતો પણ કામ ચાલ્યા પછી મને ઘણુંજ દોહલું જણાયું હતું. કોશનું કામ કરવા બેસતાં મને કણ્ટાળો આવતો પણ બેઠા પછી ધીરજથી વિચાર કરતાં ને જાણવા લખવાનો આનન્દ માણતાં હું ઠરીને કામ કરતો. વ્યવસાયમાં ને પુરતાં સાધન વિના ગાળે ગાળે કામ કર્યું છે તેથી આટલાં આટલાં વાનાં આવી આવી રીતે કોશમાં આવવાં જોઇએ એવિશે જે નક્કી કર્યું હતું તે તે સઘળું અથથી તે ઇતિસુધી આવીશક્યું નથી.

એવે શબ્દસઙ્ગ્રહ તથા એની વ્યવસ્થા વિષે જણાવવાને મુખ્ય ત્રણ પ્રકરણ પાડું છું–શબ્દાવળી, વ્યાકરણ અને વ્યાખ્યાન; શબ્દાવળી વિષયમાં સઙ્ગ્રહ તથા જાતિ, સમ્પ્રસારણ, ઉચ્ચારણ એ ભેદ, વ્યાકરણ વિષયમાં જાતિ, લેખનશુદ્ધિ ને વ્યુત્પત્તિ એ ભેદ અને વ્યાખ્યાનવિષયમાં અર્થનિરૂપણ, રૂઢિપ્રયોગ, દૃષ્ટીકથન ને અન્યાન્તરપ્રમાણવાક્ય એ ભેદ પાડું છું.

૧. શબ્દાવળીમાં ૨૫૨૯૮ શબ્દ અને અર્થની સાથે પેટામાં મુકેલા થોડાએક બીજા તથા સંયુક્તક્રિયાવાળા શબ્દ એ સહુ મળીને ૨૫૮૫૫થી થોડીક વધારે એટલી સઙ્ખ્યા થાયછે. એમાં જુદી જુદી રીતે બોલાતા અપભ્રંશ શબ્દ તથા ક્રિયાભેદે રૂપાન્તર પામેલા શબ્દ ઘણામાં ઘણા ત્રણેક હજાર હશે. એવા શબ્દો હિન્દી–મરેઠી કોશમાં ઘણા છે પણ મેં ચાલુ ભાષામાં વપરાતામાંના મુખ્ય મુખ્ય અને જૂના ગ્રન્થમાં વપરાયલામાંના મુખ્ય મુખ્ય રાખ્યાછે, તેમ ક્રિયાભેદનાં કેટલાંક રૂપાન્તર જે બહુવ્યાપક અથવા મૂળક્રિયાથી વિશેષ અર્થમાં વપરાતાં જાણ્યાં તે પણ રાખ્યાં છે.* હજાર ઉપરની સઙ્ખ્યાવાળા શબ્દ, અ, ક, પ, મ, વ, સ એથી અને પાંચસેંથી વધારેની સઙ્ખ્યાવાળા આ, ઉ, ખ, ગ, ચ, જ, ત દ, ન, બ, ભ, ર, લ, હ એથી આરમ્ભાતા છે.

(અ) સઙ્ગ્રહમાં સાવ સંસ્કૃત તથા સ્વલ્પરૂપાન્તરવાળા † એવા શબ્દો ૫૮૩૧, અપભ્રંશ તથા બીજા રૂઢ ૧૭૦૬૬ અને પરભાષાના ‡ ૨૯૫૮ છે. એ ગણતરી તથા એ ઉપજાવતાં વચમાં વચમાં જે પેટાગણતરી કરેલી તે સન્ધાળી સરાસરી જોતાં સેંકડે એટલે ૧૦૦ ગુજરાતી શબ્દોમાં ૨૩ સંસ્કૃત, ૬૬ અપભ્રંશ ને ૧૧ પરભાષાના આવેછે.

(ઈ) સંસ્કૃત કોશમાં ને બીજા પ્રાકૃત કોશમાં પુરાણોક્ત જનબોધક તથા સ્થળબોધક શબ્દો હોયછે પણ આ સઙ્ગ્રહમાં વિશેષનામવાચક શબ્દો સઘળા મેં લીધાજ નથી; પ્રાણીવર્ગ તથા વનસ્પતિવર્ગ [illegible] શબ્દો છેકજ થોડા આવ્યાછે; શાસ્ત્રકળાવિષયના પણ બહુ થોડા છે; તોપણ સામાન્યલોકવ્યવહારમાં વપરાતા ને ખેતીખેડુતના સમ્બન્ધમાં આવતા શબ્દોનું આ સઙ્ગ્રહમાં વિશેષે મોટું ભરણું છે–જૂના પુસ્તકોમાંના શબ્દો ઘણાખરા આવેલા છે. દેશગામજાતિપરત્વે ત્યાંજ ને તેમાંજ વપરાતા વિશેષ શબ્દોને માટે કહિં કહિં જણાવ્યું છે પણ એ ભેદ માનવો ઉચિત નથી એમ વિચારી સર્વત્ર તેમ દેખાડ્યું નથી. ગમેતેના ને ગમેત્યાંના પણ ગુજરાતી શબ્દ યોગ્ય જાણ્યા તેને દાખલ કર્યાછે; છેકજ ગામડિયા ને છેકજ વિકૃત થયલા શબ્દો આ સઙ્ગ્રહમાં માત્ર વાનગીદાખલ કોઈ કોઈજ લીધાં છે. સંસ્કૃત શબ્દોનું ભરણું પણ વર્તમાન કાળમાં વપરાતા ને ભૂતમાં વપરાયલા એવાજ શબ્દોનું છે ને સાધિત શબ્દ જેટલા બહુ વ્યાપક જણાયા તેટલાજ રાખ્યા છે; તેમ અપભ્રંશ ગુજરાતી શબ્દોમાં ક્રિયાપદનાં રૂપભેદ, વિભક્તિનાં રૂપભેદ અને સાધિત શબ્દ એ સહુ બહુ વાપરમાં છતે ઘણાકને ટાળી યોગ્ય જણાયા તેજ રાખી સિદ્ધરૂપે વપરાતા શબ્દનું વિશેષ ભરણું કર્યું છે. ફારસી આરબી અઙ્ગ્રેજી શબ્દ પણ જે બહુજ વપરાતા તેજ રાખ્યાછે.

૨. સમ્પ્રસારણ શબ્દ (વિશેષ અર્થમાં) સંસ્કૃત વ્યાકરણમાં ઈ ને ય, ઉ ને વ, ઋ ને ર, ઌ ને લ એ વર્ણો જે પરસ્પર એક બીજાની વતીના વપરાય તેને માટે છે. વળી ર ને લ, જ ને ય, બ ને વ, શ ને સ, મ ને ન, એનો એકમેકની વતી ઉપયોગ કરવાની છૂટ છે; તેમ વળી છેલ્લું વિસર્ગ કદાપી ન લખ્યું તો ચાલે–એને પણ (સામાન્ય અર્થમાં) સમ્પ્રસારણ કહિયે તો તે ખોટું નથી. એ પ્રકાર કેટલાક ગુજરાતી વર્ણોમાં પણ પરસ્પર જોવામાં આવેછે, આ § રીતેઃ–

---

* રૂપાન્તર શબ્દો પ્રત્યેક ભાષામાં હોયછે. પૂર્ણ સંસ્કાર પામેલી એવી જે સંસ્કૃતભાષા તેમાં પણ ઘણા છે ને રૂપમાં થોડોકજ અન્તર એવા કેટલાક ધાતુઓ પણ છે તો પ્રાકૃત ભાષાના કોશમાં રૂપાન્તરો શા માટે ન આવવાં જોઈએ? ભાષામાં જેટલા શબ્દ, રૂપાન્તર પામેલા જાણ્યામાં આવે તેટલા બધાએ ગામગામના ને જાતજાતના કોઈ પણ ભાષાના પ્રથમ કોશમાં અવશ્ય રાખવા, પછી નવી નવી આવૃત્તિમાં થોડે થોડે ઘટાડો કર્યાં કરવો એવો મારો વિચાર છે ને તે પ્રમાણે મેં પૂર્વે છપાયલા અઙ્કોમાં શબ્દો રાખ્યા હતા, પણ ગ્રન્થનો અતિ વિસ્તાર થવાને લીધે ઘણાક કાઢીનાખી થોડાએક આ ગ્રન્થમાં રાખ્યા છે.

† એ વિષે 'લેખન શુદ્ધિ' પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવશે.

‡ ફારસી આરબી અઙ્ગરેજી હિન્દી મરેઠી ઇ૦ શબ્દ અને એ જાતના શબ્દ સંસ્કૃત–ગુજરાતી શબ્દસાથે અખણ્ડ અથવા પ્રત્યયરૂપે સંયુક્ત થયા હોય તે સહુ પરભાષાના જાણવા. સો ગુજરાતી શબ્દે ૧૧ પરભાષાના લઈએ તો ૮ ફારસી આરબી, ૧ અઙ્ગરેજી ને ૨ હિન્દી મરેઠી તથા બીજી કોઈના આવે.

§ જે બે વર્ણોનો પરસ્પર સમ્બન્ધ એકવાર દેખાડ્યો છે તે બીજીવાર ક્રમાન્તરપરત્વે દેખાડ્યો નથી; તેમ કિયા વર્ણોનો પ્રચાર ભાષાના શબ્દોમાં વિશેષે છે તે અમણાં નક્કી કરી દેખડાવી શકાય તેમ નથી.

અ અને આ; ઈ; ઉ; ય; ઓ; ઔ; વ; હ.=અટોપવું-આટોપવું; શકોરું-શિકોરું; અપાસરું-ઉપાસરું, અડબ્રગ-ઉડબ્રગ; અકેક-એકેક; અચમ્બો-ઓચમ્બો; કવચ-કૈવચ, કુંઅર-કુંવર; અથાક-હથાક, અ.જામ-હજામ.

આ અને ઉ; એ; ઐ; ઓ=કાટકુટ-કુટાકુટ, કાંગરો-કુંગરો; આમ-એમ, પરાણે-પરેણે; ત્રિપાયો-ત્રિપૈયો; ખરાખર-ખરોખર.

ઈ અને ઉ; એ; ઐ, ઓ; ય; ળી.=કામઠી-કામઠું; ઈ-એ, ઇકોતેર-એકોતેર; છીએ-છીયે, જઈ-જૈ, પઈડું-પૈડું; વારી-વારો; આદિ-આદ્ય, રાઈતું-રાયતું; કેરાવાઈ-કેરાવાળી.

ઉ અને ઓ; ઔ; વ અથવા અવ.=અતુલ-અતોલ; કુવત-કૌવત; ઉઠવું-વુઠવું (વરસાદે); કુણ-કવણ.

એ અને ઐ; ઓ; અય; ઈય; ય; વ.=ચેતન-ચૈતન; ખરેખર-ખરોખર, ભમ્ભેરવું-ભમ્ભોરવું; સમે-સમય, ઉદે-ઉદય; એળ-ઇયળ; ઘાએલ-ઘાયલ; ધુંએડ-ધુંવાડ.

ઓ અને ઔ; અય; આવ.=કોતુક-કૌતુક; છુપો-છુપય; ઢોળો-ઢોળાવ.

ક અને ખ; ગ; ચ; જ; ડ; પ; લ; વ; સ.=કબુતર-ખબુતર, કુરબાન ખુરબાન; કાક-કાગ, ઉપલક-ઉપલગ; કાંકીડો-કાંચીડો, કેમ (ચ્યમ); કોપરું-ટોપરું; કકડો-કડકો; ફૂંક-ફૂંપ; ઝીકો-ઝીલો; નાળકું-નાળવું; એંસીકું-એંસીસું.

ખ અને ષ; સ; ક્ષ.=આખાડ-આષાઢ; ઓખડ-ઓસડ; અખેર-અક્ષર, ખણિક-ક્ષણિક.

ગ અને ઘ; જ; ન; ય.=સગળું-સઘળું; ગિંગોડું-જિંગોડું; ખાંગું-ખાનું; સાગર-સાયર, નગરી-નયરી.

ઘ અને ઝ; ત; હ.=ઘી-ઝી, ઘિમલ-ઝિમલ; અઘાત-અતાગ; મેઘ-મેહ.

ચ અને જ; ડ; ત.=ખિચગાલ્લું-ખિજગાલ્લું; ચગળવું-ડગળવું; પોચવું-પોતવું.

છ અને જ; ત; સ.=છોછ-છોજ-છોત; આછોપાલવ-આસોપાલવ, છેલાની-સેલાની.

જ અને ઝ; દ; ન; ય; સ=ઉજવવું-ઉઝવવું; ખિજમત-ખિદમત; પાંજર-પાદર; ભિજવું-ભિનવું; જજમાન-યજમાન; ખરજવું-ખરસવું.

ઝ અને મ.=ઝગઝગ-ઝગમગ.

ટ અને ઠ; ડ; ત; સ; ળ.=કળોટી-કસોઠી; ટગુમગુ-ડગુમગુ, ઓટકાર-ઓડકાર; ટચલું-તચલું; ભુરાટ-ભુરાસ; ચાકટ-ચાકળ.

ઠ અને ઢ; થ; લ; સ.=અઠેલવું-અઢેલવું; ઠિગડું-થિગડું; ઠોળિયાં-લોળિયાં; ગાંઠડી-ગાંસડી.

ડ અને ઢ; ણ; દ; બ; ય; ર; લ; વ; ળ.=ગડ-ગઢ; સાંડસી-સાણસી; ડંડા-દંડા; ડીબો-બીબો; હૈડું-હૈયું; કડચલી-કરચલી; પાટડી-પાટલી, નાગડું-નાગલું; જગાડવું-જગાવવું, લગાડવું-લગાવવું; ચિમડાવું-ચિમળાવું.

ઢ અને ધ.=એંઢાણી-એંધાણી.

ણ અને ન; ય; ર; લ.=કણસારી-કનસારી; ચાંદરણું-ચાંદયાણું-રણું; ટાંકણી-ટાંકલી.

ત અને થ; દ; ધ.=ભત્તું-ભથ્થું; કુતકારો-કુદકારો; મદત-મદદ; પીત-પીધ, માવત-માવધ.

થ અને હ.=ગલથુથી-ગલહુતી, કથવું-કહેવું-કેવું. [બાલ્યું.

દ અને ધ; ન; પ; બ; લ.=ગીદ-ગીધ; પાંદડું-પાનડું, વાંદર-વાનર; દડિયો-પડિયો; દૂજું-બીજું; બાદલું-

ન અને મ; ર; લ.=મનમોર-મમમોર; પન્નાગ-પરનાળ; બદનામ-બદલામ, નીલું-લીલું, નાખવું-લાખવું.

પ અને ફ; બ; વ; સ.=કપરૂં-કફરૂં; જવાપ-જવાબ, ગપાગપ-ગબાગબ; તાપ-તાવ, દીપાળી-દીવાળી;

બ અને ભ; મ; વ.=ઉબેળવું-ઉભેળવું; ઉબાડિયું-ઉમાડિયું; જબાપ-જબાબ. [પેંથી-સેંથી.

ભ અને મ; વ; હ.=સાંભે-સાંમે; ગદંભ-ગર્ધવ; શોભવું-સોહવું.

મ અને ગ; ર; વ.=ખમચાવું-ગમચાવું; ધીમું-ધીરું; દિમેટી-દિવેટી.

ય અને ઈય; ર; વ.=યાદી-ઈયાદી; ઠાયડો-ઠારડો; ધાય-ધાવ, રાય-રાવ. [ખળાવાડ.

ર અને લ; વ; ળ.=ખરગલી-ખલગરી, પ્રારબ્ધ-પ્રાલબ્ધ; રેંગણ-વેંગણ, પતરાળી-પતવાળી; ખરોવાડ-

લ અને સ; ળ.=મિસ્ત્રાકોડી-મિસખોડી; કલિંગડું-કાળિંગડું.
વ અને હ.=બાવલું-બાહુલું.
સ અને શ; ઇ.=સંકો-શંકો; નિકસવું-નિકળવું.

૩. ઉચ્ચારણ ગુજરાતી વર્ણોનું મૂળ સંસ્કૃત વર્ણોના જેવુંજ થાય છે, પણ ભાષાની ઘટનાપરત્વે, જન્મપ્રદેશ તથા લોકજાતિપરત્વે અને લોકમાં વિદ્યાભ્યાસ ઓછો તેથી કેટલોએક અન્તર પડ્યો છે. ઘણોક અન્તર તો વિદ્યાના સામાન્યપ્રસારથી ટળીજશે પણ ભાષાના બન્ધારણપરત્વે જે ઉચ્ચારણ સંસ્કૃતથી જુદાં પડે છે તેસમ્બન્ધી વિશેષ જાણવા જેવું આ છે:-

(અ) શુદ્ધ સંસ્કૃત શબ્દોમાં અનુસ્વારનાં ઉચ્ચારણ બે પ્રકારનાં છે-એક શુદ્ધ અનુસ્વારનું પોતાનુંજ અને બીજું પાસેનો અક્ષર જે સ્થાનથી બોલાતો હોય તેના સરખું છે. અપભ્રંશ શબ્દોમાં અનુસ્વારનું જે ઉચ્ચારણ છે તે પેલા પ્રકારના સંસ્કૃત ઉચ્ચારણના કરતાં કાંઈક ચપટી ને આછી ધ્વનિ કરે છે-આંક, ઈંટ, ઊંટ, એંટ, કરવું ઇ૦. ક્રિયાપદના વું માંના અનુસ્વારનું ઉચ્ચારણ અમદાવાદ તરફના કેટલાક લોક કરતાજ નથી, ને સુરતના બહુ તીણાં કરે છે, પણ એથી કંઈએક ધારફરતી ધ્વનિનું (ઉત્તરગુજરાતમાં ગગણતં થાય છે તેવું નહિ) થવું જોઈએ એમ હું સમજુંછઉં.

(ઈ) પ્રત્યેક શબ્દમાંના ક્રમે બીજા એવા અકારાન્ત અક્ષરનું ઉચ્ચારણ વ્યઞ્જનનાં ઉચ્ચારણથી વધારે ને સ્વરના ઉચ્ચારણથી ઓછું કરવામાં આવે છે-હ્રસ્વ સ્વરની એક માત્રા ને વ્યઞ્જનની અડધી માત્રા ગણાય છે તો ઉપર કહેલા અક્ષરની પોણી માત્રા જાણવી—આવ, બેસ, કુતરો, ભુસકો, ગોરસિયું, અકળાવું ઇ૦. કરેચો, ભણ્યો, જમ્યો ઇ૦ શબ્દોમાં ર, ણ, મ, એનું ઉચ્ચારણ વ્યઞ્જનથી વિશેષ માત્રાનું છે-જુના પુસ્તકોમાં કરએો, ભણએો, બમએો એમ શબ્દ લખેલા છે. કેટલાક લોક આવ્ય, રમ્ય, કરચ, બેશ્ય, ઇ૦માં પેલા અક્ષરો ઉપર વિશેષ ભાર મૂકી હ્રસ્વના દીર્ઘ ને દીર્ઘના પ્લુત સ્વર બોલેછે.

(ઉ) ડ નું ઉચ્ચારણ એક તો સંસ્કૃત શબ્દોમાં છે તેવુંજ છે ને બીજું પૂર્વવર્ણના સમ્બન્ધમાં લગારેક પોળું લીસું એવું છે. શબ્દને આરમ્ભે ડનું જે ઉચ્ચારણ છે તે શુદ્ધ સંસ્કૃત છે ને શબ્દની વચમાં તથા અન્તે, જે છે તે શુદ્ધ પ્રાકૃત છે. એ પ્રાકૃત ઉચ્ચારણ અડવું, લાડવું, ઘડકણું, બબડવું, ઝાડ, ઘડા, ઝડી; વડું, હરો, પડો ઇ૦ માં છે.

(ઋ) હનું ઉચ્ચારણ બે પ્રકારનું છે-એક તો સંસ્કૃતમાં છે તેજ, અને બીજું પૂર્વ વર્ણમાં મળાયલું એવું છે. એ બીજા પ્રકારના ઉચ્ચારણમાં પૂર્ણ હકારના ડું જેટલું ઉચ્ચારણ પૂર્વ વર્ણના ડું જેટલાં ઉચ્ચારણમાં મળેલું છે જેમકે ઝાલતું, આરો, ઉનાળો, અંસી, આણ, કેવું, રેવું ઇ૦. એ ઉચ્ચારણ વ્યઞ્જન હ થી કંઈક ઓછું છે. એ ઉચ્ચારણ પાસેના ડ વર્ણના સમ્બન્ધમાં આવેછે ત્યારે તેને દેખાડવાને ઢ નો ઉચ્ચાર પણ કેટલાક જણ કરેછે જેમકે લડાઈ-લઢાઈ, ઓડણી-ઓઢણી ઇ૦ પણ એ વિષે વળી પાછું લેખનશુદ્ધિ પ્રકરણમાં લખવામાં આવશે.*

(ક) 'ળ એ વર્ણ મૂર્દ્ધાસ્થાની એટલે ઋ, ટ, ઠ, ડ, ઢ, ણ, ર, ષ, એ વર્ણોની જાતનો છે તથાપિ તે બીજા બધાથી જુદો પડેછે. એ સંસ્કૃતમાં નથી-વેદની ભાષા જેને મૂળસંસ્કૃત કહીયે તેમાં છે. જેમ આમણા લખાયછે તેમ જુના ગુજરાતી પુસ્તકોમાં ળ લખાયલો જોવામાં નથી, સર્વત્ર લજ લખાયલો છે. તોપણ લ ઉપરથી લ અથવા ળ નું ઉચ્ચારણ લોક સહજ જુદુંજ કરતા એમ કેટલાએક જીર્ણ વૃદ્ધના બોલવાથી સમજાયછે.

(ખ) એકારાન્તથી તથા એકારાન્ત વર્ણથી તેમ ઓકારથી ને ઓકારાન્ત વર્ણથી આરમ્ભાતા શબ્દમાંના કેટલાકના ઉચ્ચાર એ-ઓ પરત્વે કાંઈએક ચમ્પાયલા પોળા જેવા થાયછે. આ કોશમાં એના સઘળા શબ્દની સઙ્ખ્યાનો આઠમો ભાગ પોળા એનો છે ને પોળા એની સઙ્ખ્યાનો ચોથો ભાગ ફારસી આદિ પરભાષાના શબ્દોનો છે; તેમ ઓના શબ્દનો સાતમો ભાગ પોળા ઓનો છે ને પોળા ઓના ચોદમા

---

* હનું ઉચ્ચારણ એક વળી બીજા પ્રકારનું આવી રીતનું છે કે શ-સ ને બદલે હનું જરાક ઉચ્ચારણ થતાંમાંજ તત્કાળ વર્ણમાંનો સ્વર પેઠો થઈ રહેછે. શું નું હું, સુપડુંનું હુપડું, સારુંનું હારું ઇ૦ (એ ઉચ્ચારણ ઘણાખરા ગ્રામવાસી ને કેટલાક નગરવાસી જન પણ કરેછે). સુરત ભરૂચના સ, અમદાવાદ તરફના શ, ને કાઠિયાવાડ તરફના શ-ષ વિશેષે વાપરેછે.

ભાગ જેટલા પરભાષાના શબ્દો છે. એઉપરથી સ્પષ્ટ જણાયછે કે પોળો એ-ઓ ના, ખરેખરા ગુજરાતી શબ્દો (પરભાષાના ને બીજા સંયુક્ત વર્ણ કરતાં) ઘણાજ થોડા છે. એ શબ્દોમાના કેટલાકનાં પૂર્વ કાળનાં રૂપાન્તરોમાં હ વર્ણ જૂદો લખેલોછે તે કાઢી નાખતાં એ પોળા બોલાયછે એમ જણાય છે. પોળા ઉચ્ચારણનું બીજું કારણ વધારે સરળતનું પણ છે. એ ઉચ્ચારણ ફારસી આરબી ઉચ્ચારણને કંઇક મળતું લાગેછે પણ વસ્તુત: જુદુંજ છે. * એ શબ્દો ઘણાખરા આ છે:—

એડ, એદો, એમ, એરુ, એવા, એળ; કેડ, કેડિયું, કેણીગમ, કેમ, કેર, કેરૈડો, કેરબો, કેરાં, કેરી; ખે, ખેન, ખેળ; ગેબી, ગેલ; ચેન, ચેર, ચેરું, ચેલું; ચણ, ચે, ચેન, ચેળ; છે; જેજેવન્તી, જેણીગમ, જેમ; ઝેર; ટેલ; ઢેલ; તેમ; દેણ; ધેણ, ધેન; નેણ, નેમ, નેમી, નેળ; પેજણ, પેડું, પેઠે, પેડો, પેણી, પેણ્ડો, પેદ, પેર, પેસવું, પેલસ્વરૂણ, ફેલ, ફેલવું, ફેસલો; બે, બેચારેક, બેઠક, બેલ, બેસવું, બેન, બેરું; ભે, ભેણું, ભેરવ, ભેરો; મેડક, મેઢો, મેઢી, મેદો, મેના, મેમાન, મેર, મેલ, મેળે; રેણ, રેણું; લે, લેકો, લેણ, લેર, લેલાન, લેલો, લેવું; વે, વેણ, વેણા, વેણી, વેણું, વેર, વેરાગ, વેરાડી, વેરે; શેણ; સેણ, સેણિયું, સેલ, સેજ, સેવું, શેહેર, હેડ, હેવા; ઈ૦.

ઓખાર, આખાંગવું, ઓગણાં, ઓગલો, ઓગળવું, ઓગાળ, ઓચર, ઓચરવું, ઓચિન્તું, ઓચ્છવ, ઓછાડ, ઓઝર, ઓઝલ, ઓટાર, ઓડાવું, ઓતલવું, ઓથાર, ઓધાન, ઓધાર, ઓર, ઓરતો, ઓરમાઈ, ઓરિયો, ઓલ, ઓલિયું, ઓરાક્રડો, ઓશીકળ, ઓસરવું; કોઓલ, કોએલો, કોગળિયું, કોગળો, કોચલું, કોઠ, કોડું, કોડાં, કોડિયું, કોડી, કોણ, કોદાળી, કોદાળો, કોદી, કોરું, કોલસો, કોલો, કોષ્ટક, કોસણવું, કોસર, કોસલું, કોળ, કોળિંબો, કોળો; ખોતરું, ખોરું, ખોળ, ખોળો; ગોખલો, ગોખવું, ગોઠો, ગોડ, ગોણણી, ગોતર, ગોતું, ગોર, ગોરવ, ગોળ, ગોળિયો; ઘોણ, ઘોણિયું; ચોક, ચોકડું, ચોકડી, ચોકઠું, ચોકવું, ચોકસ, ચોકી, ચોકો, ચોખણું, ચોખાની, ચોખ્ખર, ચોખ્ખુણ, ચોગડો, ચોગમ, ચોઘડિયું, ચોડ, ચોડવું, ચોડાણ, ચોડું, ચોડો, ચોતરફ, ચોતરીસ, ચોતરો, ચોતાર, ચોતાલ, ચોથ, ચોથું, ચોધરી, ચોધારું, ચોપ, ચોપગું, ચોપડી, ચોપડો, ચોપદાર, ચોપાઈ, ચોપાનિયું, ચોપાસ, ચોપાળો, ચોફાળ, ચોમાસું, ચોમેર, ચોરસ, ચોરસું, ચોરો, ચોર્યાસી, ચોલાઈ, ચોવડું, ચોવાટે, ચોવાડો, ચોવીસ, ચોસંઠ, ચોસર, ચોસલું, ચોળી; છો, છોડ, છોતરું, છોલ, છોલાં, છોળ; જોળ; ઝોડ; ટોળ, ટોળી; ઠોર, ઠોલિયું; ડોળ; ઢોલ; તો, તોકે, તોપણ, તોર, તોરડી; દોકગાઈ, દોડ, દોલો; ધોઓ, ધોતાળ, ધોરિયો, ધોલ, ધોળ, ધોળવું, ધોળું; નોખું, નોધ, નોધારું, નોબત, નોમ, નોય (ન હોય), નોર, નોરતું, નોળિયો; પો, પોણ, પોણિમો, પોણોસો, પોણું, પોબાર, પોર, પોરા, પોળ, પોળિયો, પોળું; ફોત, ફોતરું, ફોમ, ફોર, ફોરાં; બોરું; ભો; મોખરે, મોગ, મોઘવારી, મોઘું, મોઠી, મોડા, મોડું, મોડું, મોણ, મોણેમોણે, મોર, મોવાળો, મોસાળ, મોળ, મોળવું, મોળિયું, મોળી, મોળું, મોળે; રોણ; લોડી, લોણ્ડી, લોરતિયો, લોરવું; સોડ, સોડિયો, સોડે, સોત, સોદાઈ, સોયો, સોરવવું, સોળ; હોનાર, હોય ઈ૦.

એ સઘળામાં કેળ (વાગેથી કળ ચડવી તે), ઓસરવું (સફકોચાવું), કોઠી (કોઠનું ઝાડ). કોળ (નાનો કોળો), ગોળ (ખાવાનો), ચોપડો (હિસાબનો), ચોળી (સિગ), છોડ (સુકાઈ ગયલો ગર્ભ), ટોળી (ટોળ-મજાક કરનાર), મોર (આંબાનો), રોપ (ઝપકો), એ શબ્દો જ્યારે પોતાના બીજા અર્થમાં વપરાયછે ત્યારે પોળે ઉચ્ચારે નહિ પણ મૂળ ઉચ્ચારેજ બોલાય છે. વળી પ્રેમ શબ્દમાંનો એ પોળો નથી પણ પ્રેમકારમાં છે.

૧. વ્યાકરણ પ્રમાણે શબ્દભેદ પાડતાં નામાર્થબોધકશબ્દો રૂપાન્તર સહિત (૨૪૧૪૩) છે—તેમાં સિદ્ધ, ... ને સંયુક્ત નામ મળીને ૧૭૩૫૦), સર્વનામ ૪૭), અને ગુણ તથા સંખ્યાવિશેષણ ૩૭૪૬) છે. અવ્યયબોધક ૧૩૨૮) છે. ક્રિયાબોધક ૨૭૮૭) તેમાં ૨૨૧૮ ક્રિયાપદ ને ૫૬૯) ધાતુસાધિત (કૃદન્ત) વિશેષણ છે. એ સઘળાની ગોઠવણી કરવાને ઘણો કાળ જોઈયે તોપણ તે કરવી સુલભ શી રીતે પડે. તે જાણીલેવાને ધાતુવિષે થોડુંક નક્કી કરવુંછે:

૨૨૧૮) માંથી વર્ણરૂપાન્તરમાંના ન લેવાજેવા તે અને ક્રિયારૂપાન્તરના અને ક્રિયાને પુષ્ટિ આપનારાં તથા નામવિશેષણને ક્રિયારૂપ કરનારાં ક્રિયાપદો એ સૌ શબ્દોને ઊંચા મુકતાં ગુજરાતી ધાતુ ૧૪૦૦) સેંક થાય છે ને એમાં ઘણામાં ઘણા પચ્ચિસેક પરભાષાના † હશે. એ ધાતુઓના ત્રણ મોટા વર્ગ પડીશકેછે—જે ધાતુ, મૂળ સંસ્કૃત ધાતુનેજ સ્વરૂપે રહ્યા છે તે, જે ધાતુ સંસ્કૃત નામને સ્વરૂપે રહ્યા છે તે અને જે એ બેની વિકૃતિથી થયલા છે તે. ગુજરાતી ધાતુવર્ગમાં અપભ્રંશધાતુ વર્જ કરતાં ધાતુધાતુ ને નામધાતુ ઘણાખરા આ છે:—

---

* એ ઉચ્ચારણ સુરતના નાગર બ્રાહ્મણો લેશ પણ કરતા નથી, ભાવનગર તરફના કેટલાએક, ક્વચિત કરેછે.

† અંગ્રેજી એક પણ શબ્દ વું પ્રત્યયની સાથે મળીને ક્રિયાપદરૂપે ગુજરાતીમાં વપરાયો નથી.

અડ (લાગુ રે), અર્થ, અર્ચ, અર્પ, કથ, કલ (ળ), કવ, કષ (સ), ખન (ણ), ખા [દ], ખેલ, ગણુ, ગર્જ, ગલ (ળ), ગા, ઘુટ (ઘૂંટ), ચડ (ચિડ), ચર, ચર્ચ, ચલ (ળ), ચિત (ચિંત), ચિત્ર (ચિતર), ચુંટ (ચુંટ), ચપ (ગ), છેદ, જન (ણ), જપ, જમ, જલ્પ, જીવ, ઢુંઢ, તપ, તર્ક, ત્રુટ, તૂણ, તુટ, દંશ, દણ્ડ, દમ, દલ (ળ), દહ, દાબ, દુખ (દુખ), ધણ (ધણધણ), ધમ (ધમધમ), ધૃ [ર] (ણ), ધૂપ, નાથ, પચ, પલ (ળ), પાલ (ળ), પિજ (પિંજ), પિટ, પિષ (સ), પી, પીડ, પૂજ, પુણ, પુર, ફલ (ળ), ફુલ્લ (લ), ફેલ, બદ, ભજ, ભણ, ભષ (સ), ભાજ, ભાસ, ભ્રમ (ભમ), મથ, મા, માન, મિલ (મળ), મુડ, મૂત્ર, યજ, યાચ, રક્ષ, રચ, રઞ્જ, રટ, રમ, રસ, રાજ, રુચ, લક્ષ, લલ (ળ) લસ, લાજ, લાભ, લિખ (લખ), લિંપ, લુટ-લુંટ, લેટ, લેપ, લોટ, લોપ, વટ (વિટ), વદ, વન (ણ), વર, વર્ણ, વર્ષ (વરસ), વલ (ળ), વસ, વાઞ્છ (વાઞ્છ), વાસ, વિજ, વિદ (ત), વીજ, (વિંજ), વ્રજ, શક, શમ, શીવ (સીવ), શ્રમ, સર, સૃજ, હઠ, હન (ણ), હલ (ળ), હસ, હિડ (હિંડ), હિલ ઇ૦.

અઙ્ગાર, અનુભવ, અનુસર [ણ], અન્તર (આ), અલ્પ (આ), અવગાહ, અવતર [ણ], અવધાર [ણ], અવલોક [ન], આકર્ષ [ણ], આચર [ણ], આદર, આનન્દ, આરમ્ભ, આરાધ [ન], આરોપ, આલાપ, આલોચ [ન], આવર [ણ], આશ્વાસ, ઉચ્ચાર, ઉચ્છેદ, ઉદ્ધર [ણ], ઉપાસ [ન], ઉલ્લઙ્ઘ [ન], ઉલ્લાસ, ઉલ્લેખ, કર [ણ], કલ્પ, કષ્ટ [આ], ખણ્ડ [ન], ગન્ધ (ધા), ગ્રાસ, ઘોર, જન્ત્ર, જિત, તન્ત્ર, તર [ણ], તપ [ણ], તસ્કર, તાડ [ન], તાપ, તુચ્છકાર, તોલ [ન], ત્રાસ, દર્શ [ન], ધર [ણ], નિકન્દ [ન], નિવાર [ણ], નિ [:] સર [ણ]-(નિ:સ્ર), નિસ્તર [ણ], પરિભવ, પ્રણામ (પ્રણમ), પ્રતિબોધ, પ્રમાણ, પ્રવર્ત [ન], પ્રસર [ણ], પ્રકાશ, પ્રચાર, પ્રસર [ણ] (પસર), પ્રાશ, પ્રાશ [ન], પ્રેર [ણ], ફુત્કાર, બોધ, ભર [ણ], ભાવ, મણ્ડ [ન], માર, મેલ (ળ) [ન], મોદ, મોહ [ન], યોજ [ન], રઙ્ગ, રોપ [ણ], લુબ્ધ (આ), લોપ [ન], લોભ, વર્જ [ન], વન્દ [ન], વાચ [ન] (વાંચ), વાર [ણ], વિક્રમ [ન], વિકાસ; વિચર [ણ], વિચાર, વિરાજ, વિસ્તાર, વેધ, વ્યાપ [ન], શૃઙ્ગાર, શોષ [ન], શોપ [ણ], સંહાર, સઙ્કોચ, સઞ્ચ [યનમ્], સમ્પાદ [ન], સ્મર [ણ], સમર્પ [ણ], સાધ [ન], સ્તવ, સ્ફુર [ણ], સ્વીકાર, હર, હોમ, ઇ૦.

ત્રીજા વર્ગના એટલે અપભ્રંશ ધાતુઓમાં કેટલાએક, ઉપસર્ગ-ગુણ-વૃદ્ધિ-વર્ણવિકાર પામેલા મૂળ ધાતુને રૂપે છે, કેટલાએક નામ-કૃદન્તનાં થોડી અથવા ઘણી વિકૃતિ થયલી એવે રૂપે છે અને કેટલાએક ઠામઠામના લોકના ઉચ્ચારણથી ઘડાયલાં એવે રૂપે છે. એ ત્રણ ઉપવર્ગમાંના નીચે લખેલા ધાતુ (અને થોડાક બીજા હશે), બીજા ધાતુઓ સાથે જોડાઈ મુખ્ય ક્રિયાને પૂર્ણ તથા પુષ્ટ કરેછે અથવા નામવિશેષણ સાથે જોડાઈ એના અર્થને ક્રિયામાં ઉતારે છે અથવા લક્ષણાવાળા નવા અર્થને સૂચવેછે :

આપ, આવ, ઊઠ, ઉતર, કર, કાઢ, કાપ, કુટ, ખા, ઘાલ, ગડ, ચાલ, ચુક, છૂટ, છાંડ, જા, જો, થા, દે, નાખ, નિકળ, પડ, ફર, ફુટ, બાંધ, બેસ, ભર, ભાંગ, મર, માર, મૂક, રાખ, રે, લાગ, લાવ, લે, વળ.*

૨. લેખનશુદ્ધિ વિશે જ્યારથી મેં ગ્રન્થ લખવા માંડ્યા ત્યારથીજ બોલવું તેવુંજ લખવું એજ વિચારને મૂળ ધોરણ માનતો આવ્યો છઉં. બે ત્રણવાર નિયમો પણ બાંધ્યા હતા પણ તેપ્રમાણે સર્વત્ર વર્ત્તવા વિશે મેં સ્પૃહા રાખી નથી † ત્રણેક વર્ષ થયાં જૂનાં પુસ્તકો વાંચવામાં ને શબ્દોની વ્યુત્પત્તિ શોધવામાં મેં આનન્દ માન્યોછે તેઉપરથી પણ મારા પ્રથમ વિચારને પુષ્ટિ મળી છે, કે બોલવું તેવુંજ લખવું પછી રૂપાન્તર મૂળને મળતું આવતું હોય કે ન હોય. જે ભાષા પૂર્ણ સંસ્કારી થઈ હોય ને પછી વિકૃતિને પામી હોય ને એને પાછી સ્વચ્છ કરવી હોય તો વિકૃત રૂપાન્તર તથા વિકૃત ઉચ્ચારણ એ બંનેને મૂળસ્વરૂપઉપર લક્ષ રાખતાં રહી થોડે થોડે ફેરવ્યાં કરવાં. પણ જે ભાષા નવી વ્યવહારમાં આવ્યા પછી એકકો વાર પૂરેપુરો સંસ્કાર પામી નથી પણ પામવાને પાત્ર થતી જાયછે તે ભાષાને શુદ્ધ સુન્દર કરવામાં મૂળના સમ્બન્ધનો વિચાર કરવો અવશ્ય નથી. ગુજરાતી ભાષાના શબ્દોનાં કાળકાળનાં

---

* એ ધાતુઓને આ કોશમાં એ ધાતુના ક્રિયાપદમાંના કેટલાકના અર્થપ્રકરણમાં ને એ ક્રિયાપદો જે શબ્દોસાથે જોડાયછે તે શબ્દોના અર્થપ્રકરણમાં યથાસ્થિત યોજી દેખાડ્યા છે.

† જ્યાંસુધી પરસ્પર સઙ્ગતિવ્યવહાર વધ્યો નથી, ઘણા ગ્રન્થકારો થયા નથી, અનેક કોશગ્રન્થ થયા નથી-જ્યાંસુધી પ્રદેશપ્રદેશની ભાષા સમ્મિશ્રણે એકરૂપ થઈ નથી ત્યાંસુધી લેખનશુદ્ધિવિશે અવિચળ નિયમ બન્ધાવા દુર્લભ છે. આમણાં નિયમ બાંધવા તે માત્ર એવિશે લક્ષ તથા ચર્ચા કરાવવાને અને નિશાળમાં ભણનારા યથેચ્છ વર્ત્તે તેને અઙ્કોશમાં રાખવાને માટે છે.

રૂપાન્તર જોવાથી સ્પષ્ટ જણાયછે કે ભાષા ઉત્તરોત્તર સુધરતી આવીછે. અમણાની ભાષામાં કેટલાક શબ્દ એવા છે, કે જે પોતાની છેલ્લી ને ઉત્તમ સ્થિતિમાં આવી રહ્યા છે, અને કેટલાએક હજી સંસ્કાર પામતા જાયછે *—જુઓ.

અચરિજ, અચરજ, આશ્રજ, અચરત.
અઢી, હડી, અડી. વરાઢા, વઢવાઢિયા, વડવાડિયા, વઢકણા, વડકણા. ડ્રઢ, ડોઢ, દોઢ, દોહોડ, દહોડ, દોડ. ગરઢું, ઘરડું.
અણ, વણ, વના, વિના. અણઅણ, અણવણ, અડવાણું, અડવું.
અનઈ, અને, ને.
અશું-સું, એસું, એહવું, એહેવું, એવું. કીસું, કેસું, કેવું. જઈસું, જસું, જેવું.
અહીંરૂણ, અહીંકને.
ઈક, એક. ઈમ, એમ. કિમ, ક્યમ, કેમ. જિમિ, જીમ, જેમ. ત્રીજીઈ, ત્રીજીએ. ઈતરઈ, એતલે, એટલે. જીવારે, જેવારે. જારે, જ્યારે. મઈં, મે, મેં.
ઈહાં, અહીં, અહિંયાં. કિહાં, ક્યાં. ત્રિણિ, ત્રણ. તિણિ, તેણે. કરઈ, કરે. રમઈ, રમે. કિમ, કિણિ, કુણી, કોણ. કેઈ, કંઈ. કિંઈ, કાંઈ, કંઈ.
ઉતરડવું, ઉતેડવું, ઉતરેડવું, ઉતડવું, ઉતેડવું. ત્રચોડવું, ત્રછોડવું, તરછોડવું, તછોડવું.
ઉતરણિયાં, ઉરણિયો, ઓરણીઓ, અરૂણીઆ, અરૂણી, અત્રણી.
ઉલ્હાદ, ઓહોલાદ, આહ્લાદ.

એગુણી, એગણી, ઉગણીસ, ઓગણીસ.
કજાજ, કાજ.
કવણ, કુણ, કાણ, કોણ.
કુઆરી, કુયરી, કુવરી, કુંવર, કુંઆરી, કુંવારી, કુમારી.
કોલિયડો, કોળિયો. કુઆડલું, રૂપડું, રૂડેરૂં, રૂડું. ગિરૂઉ, ગુરૂઓ, ગરૂઉ. [ગરવું.
ગાડરી, ગોડિયા, ગારૂડી.
ગોઅડી, ગોઠી. ગોટડી. ગોઠ.
ચિહુંદિસ, ચુહુદિસ, ચિહોંદિસ, ચોહોદિસ, ચોદીસ, ચોદીસ.
જગાવિયો, જગાડીસો, જગાડ્યો.
જઈ, જો. જઈં, જદીએ, જદાદી, જેવારે, જારે, જ્યારે.
જાણીવઉ, જાણીવું, જાણવું.
જીભ્યા, જીભ.
જુંવણ, જોબન.
જોવો, જુઓ.
તુમ્હને, તમ્હને, તમને. તુમ્હારૂં, તમારું. તસ, તેનું. અસ, એનું.
તાડિ, ટાઢ, ટાઢાડ, ટાડ.
તુહું, તુઝનૈ, તને, તુને. તેહનઉ, તેહેનો, તેનો.
દામિણું, દામણું, દયામણું.
દિઠ્ઠી. દાઠી. પઈઠી, પેઠી.
દુહવું (દુહવઈ), દુઃખવું, દુભવું. દુહુઆણ, દુભવણ, દુભણ.

દુહિલું, દોહિલું, દોહેલું, દોયલું.
દેસાઉર, દેશાવરો.
દોઈ, બીજી. દૂજું, બીજું.
નવિ, નવ્ય, નવ, નહીં, નહિં, નહિંર, નિઠુર, નિઠાર, નઠાર, નઠારૂં. (નકારૂં).
નુતરવું, નોતરવું, નોતરવું.
પેહરણ, પેહેરણ, પેરણ.
બઈઠુ, બેઠો. બિહુ, બેહુ, બેહો, બેઉ, બેઓ, બન્ને.
મણુઅ, મનખ, મનીસ, મનુસ, મનુષ્ય. માણસ.
મુઝનિ, મુહુંને, મુને, મને, મને.
રયણ, રએણ, રયણી, રજની.
લીગાર, લીગારેક, લગરી, લગાર.
વહિલઉ, વેહલો, વેહેલો, વેલો.
વિહાણું, વાહાણું, વેહેણું, વહાણું, વાણું.
સય, સુ, શત, સો.
સવિ, સાત, સહુ, સો, સઉ, સુઉ.
સીયલ, શીતળ.
સોનઉ, સુનું, સોવણ, સોવ્રણ, સુવ્રણ, સુન્નું, સોનું.
હવઈ, હવિ, હવે, એવે.
હિવડાં, હવડાં, હમણા, હવણાં, હવડે, અમણાં.
હઈયડું, હીયડું, હૈડું, હઈયું-ડું, હૈયું.
હાસી, હોસે, હસે. થશે, થાશે.

ભાષા કેળવાઈને ઘટ તથા સુંદર થતીજાયછે ને તેવી તે પેલી થાય એ આપણો ઉદ્દેશ છે માટે એઉપર અને વર્તમાનભાષાની સત્તા પૂર્વભાષાની સત્તા કરતાં વિશેષ પ્રબળ છે ને સહુને માન્ય છે માટે વર્તમાનઉચ્ચારણ પ્રમાણેજ લખવાઉપર લક્ષ રાખેથી લેખનશુદ્ધિ પોતાનીમેળેજ યથાસ્થિત થશે. આ શબ્દરૂપાન્તર શુદ્ધ છે ને તે અશુદ્ધ છે એ કેહેવું યોગ્ય નથી—કાળપરત્વે ઓછું વધતું સુન્દર છે એમ ભણવું યથાર્થ છે.

આ કોશનેમાટે નક્કી કરેલા સામાન્ય નિયમ નીચે પ્રમાણે છે :—

૧ ભાષાના શબ્દને મૂળનાંજ ઉચ્ચારણપ્રમાણે નહિ પણ મૂળનાં ઉચ્ચારણને અનુસરતાં રૂઢ લોકમાં જે ઉચ્ચારણ રૂડું મનાય તેનું વિવેચન કરીને લખવા—જુઓ :

---

* આ કોશના પ્રત્યેક ગુજરાતી શબ્દનાં કાળાન્તરપરત્વે પ્રથમથી તે આજપર્યન્ત જે જે રૂપાન્તર થયાંછે તે સર્વને નિયમમાં દેખાડવાના હેતુથી જૂદાં પડાવ્યાં છે પણ તેને વર્ણાનુક્રમ પ્રમાણે ગોઠવતાં બહુ વિલમ્બ થવા લાગ્યો તેથી તે અહીં મૂકીરાકાયાં નથી.

† સ્થળજાતિપ્રમાણે ભિન્નપણું છે ત્યારે કોઈ ઉચ્ચારણ તે મુઉનું કેવાય? ઉત્તમ મધ્યમ કનિષ્ઠ એ પ્રમાણે લોકની સ્થિતિ કેવાયછે ને મનાયછે તો એ ક્રમપ્રમાણે તે તે વર્ગના લોકનું સર્વસ્વ સમજવું ને એટલે તેઓની ભાષા પણ સમજવી. વળી પ્રત્યેક કાળની ભાષા તે તે કાળના ગ્રન્થકારો પોતપોતાની સ્થિતિ પ્રમાણે સુન્દર કરી દેખાડાવી જાયછે ને એટલામાટે એ ગ્રન્થકારોના પુસ્તકની ભાષાની પણ ઉત્તમ મધ્યમ સ્થિતિ હોયછે. વર્તમાનકાળમાં સામાન્યે વપરાતા શબ્દનું ઉચ્ચારણ જે પ્રકારે ઉપલા વર્ગના લોક કરતા હોય તેજ પ્રમાણ છે; તેમ અમુક વિષયના શબ્દને માટે તે વિષયની સાથે વિશેષ પ્રસઙ્ગ રાખનારા લોકનું ઉચ્ચારણ (પણ સામાન્ય રૂઢિમાં આવીશકે તે વિભાગનું) માન્ય કરવાજોગ છે.

અક્કલ*-અકલ, અંજમાસ-અજમાએશ (અઝમાએશ નહિ), ઓફીન-એફીન; આતશબાજી (આતસબાજી નહિ), ઇકરાર-એકરાર. ઇનસાફ (ઇં-ઇન્સાફ નહિ), ઇલમ (ઇલ્મ નહિ), ઇશક (ઇશ્ક, ઇસક, અશક, એશક નહિ), ઉમર-ઉમ્મર, ઉસ્તાદ (ઉ-વુ-ઓસતાદ નહિ), કમખરચ (કમ્ખર્ચ નહિ), કાયદો (કાએદો નહિ), ખુશબો (ખશબો, ખસબો, ખુસબો નહિ), તનદુરસ્ત (તં-તન્દુરસ્ત નહિ), દસકત (દસ્તખત નહિ), મુગલાઇ-મોગલ, યાદી (ઇઆદી નહિ), શેહેર (શાહર, શાહેર, સેહેર નહિ), શાહજાદો (શ-શા-સાહજાદો નહિ), (લખવાની) શાહી (શા-સહી નહિ), સાહેબ (શાહેબ, સાહિબ નહિ), હજામ (અજામ નહિ), અંગ્રેજી-ઇંગલિશ (ઇંગરેજી નહિ), ચૈતર, મરાઠી-મરેઠી ઇ૦.†

સંસ્કૃતશબ્દો (અન્ત્યના અનુસ્વાર-વિસર્ગ સહિત અથવા રહિત) પોતાને શુદ્ધસ્વરૂપેજ હોવા જોઇએ ને તેમ આ કોશમાં છે; વિશેષ આ છે કે પાસેના અક્ષરને ચપાઇને બોલાતાં અનુસ્વાર જેમ હિન્દી બંગાળી ભાષામાં લખાયલાં છપાયલાં પુસ્તકોમાં હોયછે તેમ વ્યઞ્જનરૂપે જોડેલાં છે. લોકને વાંચતાં અઘરૂં‡ પડશે માટે અનુસ્વારને વ્યઞ્જનરૂપે ન લખવું એનાં કરતાં તેને તેના બીજાં ઉચ્ચારણથી જૂદું પાડી દેખાડવાને વ્યઞ્જનરૂપેજ લખવું ને અભ્યાસથી અઘરાંને સેલું કરીનાખવું એજ ઉત્તમપક્ષ છે. સંસ્કૃતનું સ્વલ્પરૂપાન્તર થયલું એવા શબ્દોમાંથી કેટલાએક મૂળસ્વરૂપેજ રાખવાજોગ છે ને કેટલાએક અપભ્રંશજાતિમાં ગણવાજોગ છે. સંસ્કૃતશબ્દમાંના એકાદા વર્ણની પાસેના વિસર્ગ જઇને, વર્ણમાં ભળેલી ઈ જઇને, એકાદો વર્ણ જઇને અથવા તેનું અઘટિતમિશ્રણ થઇને, સંયુક્ત વર્ણ છૂટાપડીજઇને, શ-ષ-સ નો ભેદ ન રઇને, લ નો ળ થઇને, વળી સંસ્કૃતશબ્દમાં એકાદો નવો વર્ણ વધીને જે ગુજરાથી શબ્દ થયા હોય તે મુઉ સંસ્કૃતના સ્વલ્પરૂપાન્તર છે.

(અ) મૂળસ્વરૂપે રેવાજોગ: દખ-દુખ (દુ:ખ); અદ્યાપ, વના (અદ્યાપિ, વિના); નૂન (ન્યૂન); પ્રાક્રમ (પરાક્રમ); પરતક્ષ-પરકાશ-પરણામ-પદમ-અતરે-માતરે-ગરવ-વરણ-સરવ (પ્રત્યક્ષ-પ્રકાશ-પ્રણામ-પદ્મ-અત્ર-માત્ર-ગર્વ-વર્ણ-સર્વ); નાગપાસ, દાશી (નાગપાશ, દાસી); અળંકાર-કળત્ર (અલઙ્કાર-કલત્ર); અસ્ત્રી-અસોપ (સ્ત્રી-સોપ); ઇ૦.

(ઇ) અપભ્રંશમાં ગણવાજોગ આ-અગન, અચળિત, અજીરણ, અધરમ, અમરત, કરતાર, કાળ, ગામ, તન, તરવાર, તલ, ભરમ, મગન, માગ, મારગ, લગન, વરસ, શુકન ઇ૦.

આ કોશમાં સ્વલ્પરૂપાન્તરવાળા શબ્દોનાં કેટલાંક રૂપાન્તર કાડીનાખી કોઇ કોઇ રાખ્યાં છે. એ સ્વલ્પરૂપાન્તરના બીજા પ્રકારના કેટલાએક શબ્દો ઘણાજ વપરાતા છે તથા ભણેલા લોક વાપરેછે ને હજી પણ વાપરશે. મગન, લગન એ ઉચ્ચારણમાં જે વિશેષ અર્થ રસ રયો છે તે મગ્ન, લગ્નમાં નથી રયો. તરવારને તરવારિ અને તલને તિલ એમ બોલવાનો સંભવ ઓછો છે ને એ કારણોઉપરથી એ શબ્દો સંસ્કૃતના સ્વલ્પરૂપાન્તર છતે અપભ્રંશજાતિના શબ્દમાં ગણ્યાછે.

અપભ્રંશ શબ્દજાતિમાં (એકથી વધારે રૂપાન્તરો વર્જ કરતાં) કેટલાએક શબ્દ સામાન્યવ્યવહારના છે અને કેટલાએક સ્થળ તથા જનવર્ગ પરત્વે જૂદા જૂદા છે. એ સામાન્ય તથા વિશેષ શબ્દો કોશમાં હોવા જોઇએ પણ એ શબ્દોનાં રૂપાન્તરમાંથી કીઆં લેવાં ને કીઆં વરજવાં તે સમ્બન્ધી જ્ઞાન પામવાને સર્વ રૂપાન્તરોનું એકવારકી પણ પ્રત્યક્ષ દર્શન હોવું અવશ્ય છે. એ દર્શન થવાને પ્રદેશ પ્રદેશના વિશેષ વિશેષ શબ્દની કોશાવળીઓ ઉપયોગી છે. પણ એ સઉ દુર્લભ હોવાથી લેખનશુદ્ધિના અચળ નિયમ બન્ધાઇશકાતા નથી. તોપણ તે કેટલાએક હાલમાં આ પ્રમાણે રે તો સારું ને આ ગ્રંથમાં છે.

---

* ફારસી મૂળાક્ષરની ઓળખ તેના શુદ્ધ ઉચ્ચારસાથેની મેં એક મુનશી રાખી કરીલીધીહતી અને તેવડે શેકસપીઅરની હિન્દુસ્થાની અંગરેજી તથા મોલસવર્થની મરેઠી અંગરેજી એ ડિક્શનેરીઓમાં તે લિપિમાં લખાયલા શબ્દો વાંચી હું મારાં કામને માટે શુદ્ધ ઉચ્ચાર સમજીશક્યો છઉં.

† કૌંસમાં લખેલાં રૂપાન્તર તથા તેવાં બીજાં જે રાખવા જેવાં નથી તેમાંના કોઇ કોઇ, ભેદ દેખાડવાને ને થોડોક કાળ હજી જોઇયે એમ જાણી કોશમાં રાખ્યાંછે.

‡ નિશાળોમાં ચાલતી ચોપડીઓમાં લેખનશુદ્ધિનો પ્રકાર સઘળા વર્ગના લોકને સુતરપડવાને બહુ સરળ રાખ્યોછે પણ તેમ રાખતાં ભાષાનું તેજ-બળ ઘટતું જાયછે; વળી દેવનગરી લિપિમાં પુસ્તક લખાતાં બન્ધ પડવાથી પણ વિદ્યાવૃદ્ધિને અટકાવ પોંચે છે;-એ વિશે હવે વિચાર કરવા અવશ્ય છે.

(અ) અનુસ્વાર.

કેટલાંએક, આંક, ઈંધણું, ઉંઘ, ઍંટ, સુંધણું, પાંચ, પેંઠ, સિંચવું, સુંઘવું, ઇ૦ એવાં છે.
કેટલાંએક, અંગરખો, પચ્ચાસ, કણ્ટાળો, પન્દર, ચમ્બુ ઇ૦.

કેટલાંએક, લુટ-લુંટ, લુછવું-લુંછવું (નુછવું નહિ), છીંક-છીંક, ઇટ-ઈંટ એમ વિકલ્પે રાખવાં.

કેટલાંએક, ણ-ન કારને યોગે નવાં ઉપજી તે વર્ણનું ઉચ્ચારણ આછું કરેછે માટે તે અવશ્ય રાખવાં–
કાંણ, કાંન, પાંન, ગાંન, ઘાંણ ઇ૦. (એ નિયમ કોશમાં ઘણો ઓછો પ્રવર્ત્યો છે). મને યોગે પણ નવું ઉપજેછે પણ તે તેટલું બળવત્તર રેતું નથી માટે તેવે ઠામે રાખવાં નહિ. કામ, પામવું, જમવું ઇ૦.

કેટલાંએક પાસેના સકારને યોગે વ્યઞ્જનથી વધારે એવા નહું ઉચ્ચારણ રાખેછે.–કંસારો, હંસાવું, કાંસ એવા થોડાક શબ્દો છે– એને એમજ અથવા કનસારો, હનસાવું, કાનસ એમ લખવા.

કેટલાંએક, ઉંકારાન્ત નપુંસક નામ-વિશેષણના પ્રત્યયરૂપે છે તે અને કેટલાંક ધાતુના મુખ્ય પ્રત્યય વું રૂપે છે તે એક સરખીજરીતે બોલાયછે પણ વું છે તેનું ઉચ્ચારણ કંઇક વિશેષ સ્પષ્ટ ને કિઞ્ચિત લમ્બાતું ભણાશે એમ મુને ભાષાનું વલણ અને હું, શું નું ઉચ્ચારણ જોતાં ને શબ્દની વ્યુત્પત્તિ જોતાં જણાયછે.

(ઈ) હ્રસ્વદીર્ઘસંયુક્તવર્ણ સમ્બન્ધી.–

એક અક્ષરના ઇકારાન્ત શબ્દ (સાનુસ્વાર ને નિરનુસ્વાર) તે દીર્ઘજ છે–ઈ, ચીં, ઘી, જી, દી ઇ૦ પણ નિરનુસ્વાર ઉકારાન્ત જુ, રૂ, લૂ શબ્દ તે દીર્ઘ ને સાનુસ્વાર હું, શું તે હ્રસ્વજ તેમ ધ્વનિવાચક ઊં, ચૂં, ફૂં તે દીર્ઘજ રાખવા.

બે અક્ષરના શબ્દમાં અન્ત્ય ઇ દીર્ઘ ને અન્ત્ય ઉ હ્રસ્વજ રાખવાં; તેમ પ્રથમ વર્ણમાં ઇ–ઉ હોય તો તે દીર્ઘજ જાણવાં; વળી પ્રથમ ઉ ને અન્ત્યે ઓ હોય તો વિકલ્પે હ્રસ્વ ઉ ને વો થાય. એજી, વડી, જાઈ, એંસી, ઓછી, અહીં, તહીં, નહીં ઇ૦ ને કરું, ચરુ, સારુ, કરવું ઇ૦; તેમ કીડી, પીળી, તીણી ઇ૦ ને ઊંટ–ઊંટ, લૂણ, ઇ૦; વળી કૂઓ–કુવો, જૂઓ–જુવો ઇ૦.

એથી વધારે અક્ષરના શબ્દમાં પ્રથમ વર્ણ ઈ–ઊ હોય અથવા એ સ્વરવાળા હોય તો તે હ્રસ્વજ* જાણવા. ઇત્ર-જરાવું, ઉભળવું, કુદવું, કુમકું, ફુટકું, સુંવાળું, શિખવું, ગુજરાતી ઇ૦.

દીર્ઘ ઈ-ઊથી આરમ્ભાતા શબ્દ બીજે શબ્દ સાથે જોડાય તો તે હ્રસ્વ થાયછે.–કીડી પણ કિડિયારું, દૂધ પણ દુધભાઈ, કૂઓ પણ કુએતર અથવા કૂવો તથા કુવેતર થાયછે, તેમ ઇકારાન્ત શબ્દને એ, ઓ પ્રત્યય લાગેથી હ્રસ્વ ઇ તથા યે–યો એમ પણ રૂપ થાયછે.–બારીઓ અથવા બારિયો, નદીઓ અથવા નદિયો.

સંયુક્ત વર્ણોચ્ચારણને સંયુક્તવર્ણ લખી જણાવવું–ચીઠી નહિ પણ ચિઠ્ઠી, મછર નહિ પણ મચ્છર ઇ૦. ભાગ્યો, કર્યો, ભમ્યો, ઇ૦ શબ્દોમાંના સંયુક્તવર્ણ છે તે વ્યઞ્જન નથી એમ મેં પાછળ કહ્યું છે પણ લખવામાં તો જેમ જોડાયછે તેમજ રાખવા. કર્યોમાંનો ર વ્યઞ્જન નથી માટે તેને રેફ રૂપે યોજવો નહિ.

(ઉ) વર્ણ સમ્પ્રસારણ કેટલાં છે, એથી ઘડાયલાં રૂપાન્તરો કેટલાં છે, એમાંથી વિસર્જન કરવાનાં તે વર્તમાનમાં અવને માટે રાખવાનાં કેટલાં છે એ જાણ્યા પછી રાખેલાંમાંયની વર્ણજાળને શુદ્ધ લખવામાં શી રીતે લેવી એ અહીં જણાવવાને પુરતી સામગ્રી નથી. તોપણ આ કોશમાં બહુવ્યાપક ચાર પાંચ નિયમ ધોરણું કરીને સહજ જોવામાં આવશે. †

---

* સંસ્કૃત શબ્દ પ્રાકૃતમાં ઉતરતાં તેમાંનો સંયુક્તાદ્યવર્ણ દીર્ઘ થાયછે એ ઉપરથી નિશાળોમાં ચાલતી ચોપડીઓમાં દીર્ઘ ઈ–ઊ લખાયછે અને ઉચ્ચારણ પણ તેવુંજ થાય છે એમ પણ કેટલાક કેછે અને કેટલાક કેછે કે ઉચ્ચારણ તો હ્રસ્વ થાયછે પણ વર્ણ લખવો તે દીર્ઘજ. એ વિષે વાદ લખવો આ ઠેકાણે અનુકૂળ આવતો નથી, તોપણ હ્રસ્વ દીર્ઘ ઉચ્ચારણનું (માત્ર પોતાનુંજ નહિ પણ ઘણાજણનું) માત્રાને ધોરણે વિવેચન કરતાં અને સર્વપ્રાકૃતભાષાનો નિયમ કે પ્રથમ વર્ણ કંઇક જોરવાળી ઝોકથી ઉતાવળો બોલાયછે તેઉપર લક્ષ રાખતાં સ્પષ્ટ સમજાશે કે ઉચ્ચારણ હ્રસ્વજ છે ને હ્રસ્વ છે તો તેમજ લખવું.

† એ રૂપાન્તરોનું વિવેચન કરવામાં મૂળ સંસ્કૃતરૂપ જે નિયમે પ્રાકૃતમાં ઉતરવું હોય તે નિયમોનો ઉપયોગ યથાસ્થિત કરવો પણ સમ્બન્ધબુદ્ધિ તો યથાઉચ્ચારણજ રાખવી. એ નિયમ અને કાળકાળના ઉપનિયમ એ સમ્બન્ધી એક જુદોજ ગ્રન્થ થવો યોગ્ય છે માટે અહીં તે લખવાનું પ્રયોજન નથી– એ નિયમમાંના કેટલાએક સમ્પ્રસારણ વિષયમાં આવી રૈયાછે.

અઇ, આઇ, ઐ નાં સમ્પ્રસારણ વાળાં રૂપાન્તરોમાં નામબોધક ઘણાએક ઐ વાળાંને વધારે માન્યાં છે અને કેટલાંક અઈ ને તેથી થોડાં આઈ વાળાં એમ ક્રમે લખવામાં રાખવાં. મકૈ-મકઇ-મકાઇ, પૈ-પઇ-પાઇ, અભરૈ-અભરઇ-અભરાઇ ઇ૦. કેટલેક ઠેકાણે ઇ-ય ના તથા ડ-ર ના સમ્પ્રસારણ થઇ, ચાર રૂપાન્તર થાયછે-બૈરી-બઈરી-બાઇડી-બાયડી. કેટલેક ઠેકાણે અઈ (મુમ્બઈ-મુમ્બૈ-) એમ રાખવું વધારે સારૂંછે. કેટલાંકમાં હવૈ-હુવાઈ, મલૈ-મલાઈ એ બેજ રાખવાં એ રૂડું છે. ક્રિયાનાં તથા અવ્યયનાં રૂપાન્તરમાં અઈનુંજ પ્રબળ છે- કૂઈએ, લઈએ, જહીં, નહીં, ઇ૦ (કૈયે, લૈયે, જૈં, નૈં ન રાખવાં). કેટલાક શબ્દમાં બેજ રૂપાન્તર હોય છે-જેવાં કે પૈસો-પઈસો, હૈયું-હઈયું, વૈતરૂં-વઈતરૂં ઇ૦.

અઉ, ઔ, એ બેમાના પ્રચારમાં અઉ-ઔ એ બેજ રાખવાં ને તે વાવરવા વિષે સમ્બન્ધી શબ્દોચ્ચારની તોલના કરવી-વર્ત્તમાનમાં અઉ નું પ્રબળ વિશેષે દેખાયછે. સઉ-સૌ, પઉવા-પૌંઆ, ચઉટું-ચૌટું, મઉ-મૌ ઇ૦.

ઇ-ય ને એ-ય ના પ્રચારમાં ઈ વાળો ને ય વાળો વિશેષ માન્ય છે. રાયતું-રાઇતું, ભાયડો-ભાઇડો, પોચણ-પોએણ, સોચક-સોએક ઇ૦.

આ-ઓ ના અને આ-ઓ-ઉ ના પ્રચારમાં-ઘરેણું-ઘરાણું, મઠેરવું-મઠારવું, મજો-મઝા ઇ૦ છે. પરાણી-(પરોણી) પરેણી-પરૂણી, કાણે-(કાણે)-કેણે-કૂણે, એઠાં-એઠે-એઠું, (કરાંછું)-કરેછે-કરુંછું ઇ૦- એ ભેદ ક્રિયાનાં તથા અવ્યયનાં રૂપાન્તરોમાં બહુ જોવામાં આવેછે.

ડ-ઢ ના સમ્પ્રસારણમાં અઢાર-અરાડ-અઢાર-અરાડ એવાં રૂપાન્તરો થાયછે.

ર-લ ની સાથે ડ-ણ આવેથી ર-લ ઉડીને પાસનાં વ્યઞ્જન વર્ણનું દ્વિત્વ કરે છે ને પછી એ દ્વિત્વમાંના પ્રથમ વ્યઞ્જનનો ય થાયછે. બરણી-બાણ્ણી-બયણી, ગળણું-ગણ્ણું-ગયણું, ચાળણી-ચારણી-ચાણ્ણી-ચાયણી, કોરડો-કોડ્ડો-કોયડો, પરડો-પડ્ડો-પયડો ઇ૦.

હકાર સંસ્કૃત શબ્દમાંનો અથવા ખ-ઘ-થ-ધ-ભ-લ-ષ-સ એ વર્ણનો પ્રાકૃતમાં થયલો હ એ ઉડીજઇ પૂર્વવર્ણમાં ભળેલો હોય તેવા નીચે લખેલા શબ્દો પોતપોતાના અનેક રૂપાન્તરો સાથે ભાષામાં ઘુમેછે-એ શબ્દો ઓળખાવવાને આ કોશમાં શબ્દના પ્રથમ વર્ણની નીચે બિન્દુ મૂક્યું છે. એ ઉચ્ચારણ પણ બે પ્રકારનું છે-કેટલાક શબ્દમાં હનું ઉચ્ચારણ માત્ર ભાસેછે ને ઘણાએકમાં સ્પષ્ટ જણાઇ પડેછે.* ભાસમાન હ નું ઉચ્ચારણ, ઘ, ઝ, ઠ, ઢ, ધ, પ, ફ, બ, ભ એ વર્ણ પાસે હોયછે ત્યારે થાયછે તેમ સ્પષ્ટ ઉચ્ચારણ વેળા આ, ઈ, ઊ, ઓ, ચ, ઞ, ટ, ડ, ણ, ત, ન, બ, મ, ય, ર, લ, વ, સ, ળ એમાંના પાસે હોય છે.-વળી એ શબ્દોમાં એકાક્ષરી ધાતુ કે, ફો, ખો, ગ્રે, ચા, છા, છૂ, છો, દો, ડો, દે, ના, બી, મો, રે, લા, લે, લો, વા, વે, સા, સે, સો એ છે.

અઘવું, અઘરું, અઢેલવું; આંઘળું, આંધી, આંફ, આંફવું, આંભોઇ, આધું, આધ, આભ; ઈંઢોળવું, ઈંઢોણો, ઇઝડો, ઇઝરાવું, ઇઢાણી, ઈંધણ-ણું; ઊંફાળું, ઊઘ, ઊઘું, ઊંફ; એઘાણ-ણી, એંધી, એંભક; ઓંઘરાળો, ઓંઝર, ઓંઝલ, ઓંઝાડ; ખૂંધ, ખૂંધું; ચિભડું, ચોંઘરો, ચોંધારું; ડાઘ, ડાઘી, ડાઘું, ડાઘો, ડાભ, ડુમો; ત્રેપનૂ; થાંભ-ભલું-લો, થોભ, થોભણ, થોભવું, થોભિયો, થોંભો; દઝાડવું, દેઝાડિયું, દાઝ, દાઝણું, દાઝવું, દાભ-ડો, દાભડી, દુઝણ, દુઝણું, દુઝવું, દુઝાણું, દુભણ, દુભવવું, દુભવું, દુભાવો, દોઘડું; નઘરોળ; બાઝણું; બાઝવું; માઝમ, માઘરે, માઘમ, મોંઘવારી, મોઘું; રઝળવું, રઝળાટ, રાંધણછઠ, રાંધણિયું, રાંધણિયો, રાંધણી, રાંધણું, રાંધવું, રાંફડો, રાંભો, રિઝવું, રીઝ, રુઝવું, રુઝ, રેઢાણ, રોઝ, રોધ, રોધવું; લાંજો, લાંજું, લેંઘાવું, લેંઘી, લેંઘો, લેંજો, લાખણડ; વઘાર, વઘારણી, વઘારવું, વાંઝ, વાંઝણી, વાંઝણું, વાંઝાડું, વાઘણી, વાઘરી, વિઘું, વિઘોટી, વિજ-ઝણો, વિઝવું, વેપાર.

---

* અંકાર (અહઙ્કાર), અવાડો (આહાવ), આરો (આહાર), લેર (લહર), નોર (નખરનું નહર ને પછી એનાં રૂપાન્તર), મે-મેહ (મેઘ), કેવું (કથતિ-કહઇ ને પછી રૂપાન્તર), બેરો (બધિરઃનું બહિરઉ ને પછી રૂપાન્તર), બીવું (ભી-બ્હીઇ), લાવો (લાભ), ઊંનું (ઉષ્ણું), અમ-મે (અસ્મત્) ઇ૦. કેટલાક શબ્દમાં એ ઉચ્ચારણ, અભ્યાસને લીધે અને નાસિકા-મૂર્દ્ધસ્થાની વર્ણ પાસે હોય છે તેને લીધે પણ થયાંછે.

અજીકાર.
અડી.
અમ.
અરાડ.
અલતું.
અવરાઈ.
અવગે.
અવાડું.
અવાડો.
અવેરું.
આં.
આડ.
આડત.
આડિયો.
આર.
આરવે.
આરેડું.
આરો.
આલાલીલું.
આવરો.
આવું.
આવે.
—
ઇંચકો.
ઇંચવું.
ઇંડવું.
ઇંડોગો.
ઇંસવું.
ઇંસારો.
ઇંકળ.
—
ઉંનાળો.
ઉંનું.
ઉંલડું.
ઉલાવવું.
ઉલચવું.
ઉલ્લાસ.
—
એંસી.
એંડ.
એડ.
એડકી.
એડિયો.
એંબક.

એંરણ.
એરો.
એંરો.
એલી.
એલીવાર.
એલા.
એંવા.
એંવાતણ-ન.
એવું.
એળતણી.
એળવવું.
એળવું.
ઓાડવું.
ઓાટી.
ઓાડો.
ઓાંણ.
ઓાણણી.
ઓાર.
ઓારું.
ઓારો.
ઓાંરા.
ઓાલાણ.
ઓાલાવું.
ઓાળવું.
ઓાળી.
—
કડા-ઈ.
કડાયું.
કડી.
કનૈયો.
કયું.
કરઆળી.
કરાંજવું.
કસંઠી.
કરેઠું.
કરો.
કલ્લઈ.
કલાર.
કલિયાર.
કલડી.
કલડું.
કલૈ.
કલૈયો.
કાંરે.

કાડ.
કાડવું.
કાડો.
કાણ.
કાણી.
કાન-ગુડો.
કાનડો.
કાનો.
કાર.
કારવો.
કારે.
કાલું.
કાવો.
ક્રિયું.
કી.
કેડવું.
કેડાપો.
કેડડી.
કેડકું.
કેલું.
કેવાડી-ડી.
કેવાડો-ડો.
કેંતી.
કેંનું.
કેંર.
કેંવત.
કેવારે.
કેંવું.
કોંઠી.
કોંડું.
કોં.
કોંડું.
કોંડ.
કોડ.
કોંડારું.
કોંડિયું.
કોંડ્રો.
કોંણી.
કોંપડો.
કોંપલું.
કોંયું.
કોલું.
કોલુ.
કોંવાણ.

કોંવું.
કોળી.
કોળું.
ગોરે.
—
ખરટી.
ખરેડું.
ખરેટો.
ખરેડો.
ખલડી.
ખવળવું.
ખળિવસ.
ખસખસ.
ખસવું.
ખસિયાણું.
ખસી.
ખસોટી.
ખળી-ળું.
ખાંસી.
ખાઈ.
ખાઉધર.
ખાપો.
ખાવરું.
ખેવો.
ખાસ.
ગિલાડી.
ગિસકોલી.
ગિસર.
ગિમું.
ખુરસી.
ખુવાર.
ખુસરો.
ખુસિયો.
ખેસ.
ખો.
ખો.
ખોઈ.
ખોય.
ખોવું.
ખોસવું.
—
ગ્રેંવું.
—
ચઉડું.

ચડઉતર.
ચડણ.
ચડવું.
ચડભડવું.
ચડાઈ.
ચડાઉ.
ચડાણ.
ચડાગુડી.
ચૂડાવ.
ચડાવો.
ચુડિયાનું.
ચુડેલ.
ચબડવું.
ચા.
ચાય.
ચાયના.
ચાવું.
ચિડવું.
ચિડિયું.
ચીડ.
ચીલો.
ચુલડી-લી.
ચૂલ-લો.
ચેંન.
ચેંનકાં.
ચેંનબાજી.
ચેંરવું.
ચેંરો.
ચોંટ.
ચોંટવું.
ચોંટિયાં.
ચોંટી.
ચોંડવું.
ચોંસઠ-સેઠ.
ચોંટવું.
—
છજી.
છજું.
છાંપ-ડી.
છાંપડો-પો.
છાજ.
છાજલી.
છાજવું.
છાજિયું.

છાજું.
છાપા.
છાર.
છારવું.
છારી.
છારું.
છાવણ.
છાવણી.
છાવરવું.
છાવું.
છાસઠ-સેટ.
છેવું.
છેતાળી-સ.
છેડ-ણી.
છેડવું.
છેડાછેડી.
છેડો.
છેર.
છેરણટો.
છેરવું.
છેરાટો-રો.
છેંલ.
છેંલકડી.
છેંલછબિલું.
છેંલપડી.
છેંલાઈ.
છેંલાણી-ની.
છેલું-લ્લું.
છેલ્લે.
છેવટ.
છેવાડું-ડું.
છેવાવું.
છોલવું.
છોવું.
—
ટાઈ.
ટાડ.
ટાડક-ડેક.
ટાડાં.
ટાડી.
ટાડીશિયળ-શી-[ળી.
ટાડું.
ટાડેકિયું.
ટાપલું.

ટેંલ.
ટેંલબટ.
ટેંલિયો.
ટેયો.
ટેવું.
—
ઠાંસો.
ઠેસ.
ઠાંસવું.
ઠાંસો.
—
ડાડ.
ડાડી.
ડાડો.
ડાપણ.
ડામ.
ડામવું.
ડાયું.
ડુંઓ.
ડેમી.
ડેમા.
ડેરો.
ડેંલું.
ડેંલા.
ડોંડ.
ડોંડિયું.
ડોંળવું-વીનાખવું.
ડોંળવું.
—
તરાં.
તરે.
તાં.
તાડ.
તારપછી.
તારે.
તેંતાળી-સ.
તેંસઠ.
તેંપન.
તેંવાર.
તેવું.
તેવે.
તેંસઠ-સેઠ.
તેતેર.
ત્યારે.

ત્યાસી.
—
થડ-ડિયું.
થડું.
થુએર-વેર-એ-
રિયો-વરિયો.
થોર-રિયો.
—
દરાજ-ઝ.
દરાજિયું.
દરો.
દરી-ઈ.
દહીંતરું.
દાડ.
દાડમ.
દાડમ-ડેમ.
દાડમી-ડેમડી-
ડેમી.
દાડી.
દાડો.
દાયકો.
દેરાસર.
દેરી.
દેરું.
દેલી.
દેલું.
દેલો.
દો'ડ.
દો'ડડાયું.
દો'ડિયું.
દો'ડું.
દો'ણી.
દો'ણું.
દોયલું.
દો'રો.
દોવું.
—
નરાણી-રેણી.
નવેણ.
નસાણું.
નાણ.
નાણું.
નાવીધાવી.
નાનકડું.

નાનું.
નાનુંસુનું.
નાનેરું.
નારખું.
નારી.
નારું.
નાલ.
નાવણ.
નાવું.
નાસરી.
નાસવું.
નેરું.
નૈયું.
નોંય.
નો'તર.
નો'તરવું.
નો'તરિયો.
નો'તરું.
નો'ર.
નો'રતું.
નો'રિયું.
ન્યા.
ન્યાલ.
ન્યાળવું.
—
પઝ્ઝભાગ.
પઝ્ઝાખી.
પઝ્ઝો-ઝ્ઝો.
પઝ્ઝેટવું.
પઝ્ઝેઠી.
પડધી.
પડધો.
પડભિતિયું.
પણે.
પનો.
પનોતી.
પનોતું.
પરાણે.
પરાણો.
પરે.
પરેજ.
પરેજી.
પરોડ-ડિયું.
પરોણાગત.

પરાણો.
પલળવું.
પાં.
પાંચી.
પાડ.
પાડી.
પાડો.
પાણ-ણો.
પાણિયારું.
પાણી.
પાની.
પાનો.
પિયર-યેર.
પિયળ-યેળ.
પિયો.
પેડી.
પેડુ.
પે'રણ.
પે'રણું.
પે'રવું.
પે'રવેશ.
પે'રામણી.
પે'રાવવું.
પે'રગીર.
પે'રો.
પે'લ.
પે'લવાન.
પે'લાં.
પેલું.
પોંકિયું.
પોંચ.
પોંચવું.
પોંચી.
પોંચું.
પોંચેલું.
પોંચો.
પોંતવું.
પો'.
પોડવું.
પો'તું.
પો'ર.
પો'રગીર.
પો'રો.
પો'ળાઈ.

પો'ળિયું.
પો'ળું.
પોવા.
—
ફરસબન્ધી.
ફરસાટ.
ફરસી.
ફરસીપુરી.
ફરસું.
ફરાળ.
ફરેકાળ.
ફરડી.
ફરો.
ફવારો.
ફસકવું.
ફસલ.
ફસવું.
ફળિયું.
ફાંસ.
ફાંસવું.
ફાંસિયું.
ફાંસી.
ફાંસો.
ફાસફૂસ.
ફુઆરો-વારો.
ફૂએડ-વેડ.
ફૂસફાસ.
—
બનેવી.
બરાડવું.
બરાડો.
બરો.
બલિ.
બલૈયાં.
બલૈયાંબેગવાં.
બફાયું.
બવાડું.
બરોં-સેં.
બળઈ-જે.
બળી.
બાંય.
બાંયધર.
બાંયધરી.
બાંયું-બાયું.

બાકુંવાડ.
બાનું.
બામણ.
બામણી.
બાર.
બારણિયો.
બારવટિયો.
બારવટું.
બારવાસિયો.
બારનું.
બારેરાં-સેં.
બારું.
બારૈયો.
બારોટ.
બાલ.
બાવડું.
બાવલું.
બિકણ-ણું.
બિયામણું.
બીક.
બીવું.
બુડિયો.
બેંતાળાં.
બેંતાળી-સ.
બેડુ.
બે'કવું.
બે'ડું.
બે'તર.
બે'ન.
બે'નડ-ડી.
બે'નપણી.
બે'ની.
બે'બાકળું.
બે'ર.
બે'રખ.
બે'રખી.
બે'રખો.
બે'રિયું.
બે'રું.
બો'ળવું.
બો'ળી.
બો'તેર.
બોયું.
બો'ળું.

મડવું.
મડી.
મડુલી.
મરખું.
મરડી.
મરેઠી.
મલાર.
મલાવવું.
મલાવડો-વો.
માંયોમાંય.
માંય.
માડ.
માત.
માતમ.
મામેરું.
માયરું.
માલ.
માલવું.
માવડું.
માવત-ય.
માવરો.
મુરત.
મુરતી.
મૂડ.
મૂડો.
મે.
મે'ણું.
મે'તર.
મે'તાજી.
મે'તો.
મે'ર.
મે'લ.
મેલવું.
મે'હલો-મો'હલો.
મોં.
મોંકણ-કાણ.
મોંજોણું.
મો.
મોકણ.
મોટ.
મોટપન્મ:
મોટાઈ.
મોટું.
મોટેરું.

મોડ.
મોડવું.
મો'ડિયું.
મો'ડું.
મો'ડો-ડું.
મોંત.
મોંતિયું.
મોંમાગ્યું.
મો'યડી.
મો'યડો.
મો'ર.
મો'રખું.
મો'રી.
મો'રું.
મો'રો.
મો'લ.
મો'લો.
મોવણ.
મો'વાસો.
મોવું.
મોસમ.
મોસલ.
મો'ળાઈ.
મોવડું.
મોવડો.
મોવર-વેર.
—
રડ.
રાડ.
રાળ.
રીડ.
રીડું.
રમડી.
રેંકળો.
રેંટ.
રેંટમાળ.
રેંટિયો.
રેંટુડો.
રેંટવું.
રેંણ.
રે'કળો.
રે'ણ.
રે'ણી.
રે'વાસો.

રોંતું.	લગો.	લોડી.	વાણ.	વે'લું.	સરાટ-સ.	સુંવાળી.
રોંચું.	લુછણિયું.	લોડું.	વાણવટી.	વેવણ-વાણ.	સડું.	સુંવાળું.
રોટો-ટો.	લુછવું.	લોયું.	વાણું.	વેવરાવું.	સવાર.	સેમ.
રો'ડ.	લુટફાટ.	લોપું.	વાર.	વેવા.	સંવારું.	સે.
રો'ણ.	લુટવું.	લોવો.	વાલ.	વેવાઈ.	સંવારવું.	સેકડો.
રો'યણ-યેણ-ણી.	લુટાડ.	——	વાલમ.	વે'વાર.	સાંડ.	સે'.
રોયણી.	લુટારો.	વઈ.	વાલું.	વે'વું.	સા.	સેડો.
——	લુવાર.	વડ-આરું.	વાલોળ.	વૈ.	સાડ.	સે'ર;
લડકું.	લુટ.	વડકણું.	વાવું.	વૈતરું.	સાડકાર.	સે'રો.
લાણ.	લેંકા.	વડવાડ.	વિલું,-વીલું.	વૈવટ.	સામ્બેલી.	સેલ.
લાણી.	લેંચા.	વડવાડિયું.	વીવા.	વે'.	સાજોગ.	સેલું.
લાસું.	લે'.	વડવું.	વેંચણ.	વેંસું.	સાણકું.	સેવું.
લાઈ.	લે'કો.	વણિયાર-પેર.	વેંચવું.	વે'ણું.	સાણપણ.	સે.
લાઉલાકર.	લેંગાદેણી.	વતું.	વેંત.	વે'રવું.	સામમામા.	સેયડ.
લાણી.	લેંસુ.	વરડું.	વે.	વે'રો.	સામી.	સેયર.
લાય.	લે'ર.	વરવું.	વેડ.	——	સાયો.	સેયારું.
લાયરી.	લે'રિયું.	વરિયાળી.	વેડમી.	શાણું.	સારવું.	સોડવું.
લાર.	લે'રી.	વરેડી-રેઠી.	વે'ઘુક.	——	સાવું.	સો'ડિયું.
લાડું.	લે'લુટ.	વલોરવું.	વે'ગું.	સઈ-યર.	સિયાડી.	સોયવું.
લારો.	લે'વું.	વવારું.	વે'મ.	સડ.	સિયારવું.	સોરવું.
લાવ-વો.	લેયો.	વાડ.	વે'રવું.	સડવું.	સિરાઈ.	સોવાસેણ.
લાવલશ્કર.	લો.	વાડવું.	વે'શો.	સડિયો.	સીરી.	સોવું.
લાયું.	લોઈ.	વાડિયો.	વે'લ.	સડો-રો.	સીરો.	સોણું.
લાંવો.	લોઈયું.	વાડી	વેલા.	સરડવું.	સુડ.	સોજેયો.

જે નામ લિઙ્ગપરત્વે મૂળશબ્દથી જુદાંપડેછે તેને મેં ગુજરાતીમાં વપરાતાં લિઙ્ગેજ દરસાવ્યાં છે- જન્મ, વય, તરુ. વૃક્ષ, દેવતા ઈ૦ એ સંસ્કૃતમાં ન૦, ન૦, પુ૦, પુ૦, સ્ત્રી૦ છે ને તેને મે પુ૦, ન૦-સ્ત્રી૦, પુ૦-ન૦, ન૦, પુ૦, ઈ૦. તેમ ત્રણે લિઙ્ગે વપરાતા વિશેષણજાતિના શબ્દોને મે નપુંસકલિઙ્ગનેજ રૂપે ઓળખાવ્યા છે.-પેલું, ઉતાવળું, ખાવરું, નાનું, મોટું ઈ૦.

૩. વ્યુત્પત્તિ શબ્દનો અર્થ કોશના સમ્બન્ધમાં આટલો છે કે શબ્દના મૂળ ધાતુ, તેની ઘટના ને તેનો પ્રથમ નિપજેલો શબ્દ એ દેખાડવાતાં. એ અર્થમાં એક રીતે જોતાં મેં આ કોશમાં કંઈજ કીધું નથી ને બીજીરીતે જોતાં કેટલુંક કરયુંછે એમ પણ છે. સંસ્કૃત, અપભ્રંશ ને પરભાષાના એમ શબ્દોની જાતિ પાડી, પરભાષાના સમ્બન્ધનો વિષય અમણાં પડતોમૂકી સંસ્કૃત તથા અપભ્રંશવિષે આ પ્રમાણે કરયુંછે:-સંસ્કૃત અને સંસ્કૃતના પ્રાકૃત એમ બે પ્રકારનાં શબ્દો મળીને ગુજરાતી શબ્દો થયાછે અને સંસ્કૃતશબ્દની વ્યુપત્તિ સંસ્કૃતભાષાના કોશમાં દેખડાવવી અવશ્ય છે-ગુજરાતીકોશમાં નહિ એમ જાણી સંસ્કૃતશબ્દોની વ્યુત્પત્તિવિષે મેં ઘણુંજ થોડું જણાવ્યુંછે-અંશ, અક્ષય, અટક એ શબ્દોમાં જેવી વ્યુત્પત્તિ દેખડાવીછે તેવી બીજા માત્ર સવાસોએક શબ્દની દેખાડી છે. સંસ્કૃતના પ્રાકૃત અથવા અપભ્રંશ એમાંના કેટલાએકના શુદ્ધસંસ્કૃતશબ્દ દેખાડ્યાછે-એવા શબ્દો આ કોશમાં ૧૩૩૯ સઙ્ગ્રહ ને ઉપસઙ્ગ્રહ બન્નેના મળીને છે.*

* ગુજરાતીઅપભ્રંશ શબ્દોની વ્યુત્પત્તિનું શોધન, સંસ્કૃતનું થોડુંઘણું, જૂની પ્રાકૃતનું વિશેષ, મરેઠી હિન્દીનું થોડુંએક અને ગુજરાતી શબ્દરૂપાન્તરોનું પુરેપુરું જ્ઞાન હોય તોજ સુલભ થાય.-રૂપાન્તરનું રૂપ જોઈ તેઉપરથી તર્ક કરતાં, તર્ક કરી સમાન અર્થના સંસ્કૃત પર્યાય શબ્દ ખોળતા, એકાદો વીણીકાડી એને પછી પ્રાકૃતનિયમ પ્રમાણે છે કે નહિ તે નક્કી કરતાં અને એ સંધાને માટે અનેક ગ્રન્થ જોતાં સો શબ્દના શ્રમના અવેજમાં ૫૦) ની વ્યુત્પત્તિ સિદ્ધ થવી દુર્લભ છે. વિક્રમનાં કાળની પ્રાકૃત ભાષા નાશબ્દનો અથવા અપભ્રંશ ભાષાના શબ્દોનો કોશ પ્રથમ થવો અવશ્ય છે; એ અને વરરુચિનો પ્રાકૃતપ્રકાશ અથવા હેમચન્દ્રનું અપભ્રંશ ભાષાનું વ્યાકરણ એ વડે વ્યુત્પત્તિ શોધન બહુજ સરળ થશે.

વ્યાખ્યાન વિષયમાં—

પરભાષાના શબ્દના અર્થને માટે તો ઘણુંકરીને પર્યાય શબ્દોજ આપ્યા છે; સંસ્કૃત શબ્દમાંના કેટલાએકના અર્થને માટે જે શબ્દો અપભ્રંશરૂપે વિશેષ વપરાય છે તે શબ્દના અર્થ જોવાની સૂચના કરી છે, કેટલાક જે પોતાના બીજા પર્યાય અપભ્રંશ કરતાં ભાષામ. વિશેષ વપરાયછે તેઓના અર્થ કરી દેખાડ્યા છે અને કેટલાકના અર્થને માટે પર્યાય શબ્દો આપ્યા છે. સંસ્કૃત શબ્દના અર્થ મૂળ ભાષામાં ઘણા છતે તેમાંના જેટલા ગુજરાતીમાં વપરાયલા તેજ અર્થ આ કોશમાં રાખ્યા છે પણ વળી કેટલેક ઠેકાણે, મૂળ અર્થોમાંથી રૂડા ને અવશ્ય સેવા જાણ્યા તે લઈને શબ્દના અર્થની સઙ્ખ્યામાં વધારો કરેલોછે.

અપભ્રંશ શબ્દોમાં જે મુખ્ય મુખ્ય રૂપાન્તરો છે તેના અર્થ તો અવશ્ય કર્યા છે ને બીજાઓને માટે પર્યાય શબ્દો આપ્યા છે અથવા અમુક શબ્દ જોવા એમ જણાવ્યુંછે. એ નિયમ રાખ્યા છતાં કોશના ઉપયોગ કરનારને સુલભ પડે માટે ઘણાક શબ્દોના અર્થ તે શબ્દોની પાસેજ કરેલાછે.

૧. અર્થનિરૂપણ, કેટલાએકનું, ઓળખાવી, સમજાવી, વર્ણવી કર્યુંછે; અને કેટલાએકનું, વ્યાખ્યા કરી (શબ્દના અનેક અર્થ જોતાં તેનો પ્રસાર કેટલો છે તે ધ્યાનમાં લઈ અર્થનું સ્વરૂપ ટૂંકાં કથનમાં બાંધી દેખાડી), પછી અકેકા અર્થવિષે બોલી, એ અકેકો અર્થ વ્યવહારમાં કેવી કેવી રીતે વપરાય છે તે અને તેના સમ્બન્ધમાં દેશી કેવતો તથા પ્રમાણ વાક્ય દીઆં છે તે જણાવી, કર્યુંછે. કોશ જોનારે અર્થ દર્શનનાં લખાણમાં જે-તે એ શબ્દો ઉપર વિશેષ ધ્યાન રાખવું કેમકે એ ઉપર અર્થનો ભાર રહ્યો હોયછે. (કેટલેક ઠેકાણે ભૂલ છે).

૨. રૂઢિપ્રયોગ, કેટલાક-ઘણાએક મૂળ અર્થના સમ્બન્ધમાં લક્ષણાવાળા છે ને કેટલાક નવા અથવા વિશેષ સઙ્કેતવાળા છે.-એ રૂઢિપ્રયોગ ઘણુંકરીને નામની સાથે ક્રિયાપદ જોડવાથી અથવા મુખ્ય ક્રિયાને બીજી સહાય ક્રિયા જોડવાથી થાયછે. એ પ્રયોગોમાં ભાષાનું પોતાનુંજ કેવાતું એવું પ્રબળ સૌંદર્ય રહ્યુંછે.

૩-૪. દેશીકથન (કેવતો) આ કોશમાં ૩૪૨ અને જૂના પુસ્તકમાંના પ્રમાણવાક્ય સઉ મળીને ૫૫૬ છે. જૂનાં પુસ્તકોમાંના કેટલાક શબ્દના અર્થ નક્કી કરેલાછે તે આમ-એક શબ્દ એક ગ્રન્થકારે પોતાના ગ્રન્થમાં તેનાતેજ કે જૂદા અર્થમાં અને બીજા ગ્રન્થકારે પણ તેજ કે જૂદા અર્થમાં વાપરેલોછે એ જાણીલઈ અર્થ લખ્યા છે-એમાંના કેટલાક મને બહુ રૂડા લાગેલા પણ અર્થને માટે મારી પૂરી ખાતરી નહિ તેથી તેને કોશમાં દાખલ કરતાં હું બ્હીયો હતો પણ શબ્દ, કોશમાં પડી પ્રસિદ્ધિ પામશે તો અર્થ વિષે કોઈ દાડો પણ નક્કી થશે એમ માની તે શબ્દોને તેઓનાં વાક્ય સહિત રાખ્યાછે.

એ પ્રમાણે આ કોશની સમૃદ્ધિની વ્યવસ્થા છે-શબ્દસઙ્ગ્રહ પૂરો નથી, અર્થ લખ્યાછે તે તેની વ્યાપ્તિના પ્રમાણને વિચારે બહુધા છે.-મૂળના અર્થઉપરથી ઉત્તરોત્તર બીજા અર્થ થતા ગયલા તે ધોરણે યથાસ્થિતક્રમમાં નથી-(વળી તે વેળાએ ખોટા પણ દીઠેજ), ગ્રન્થરચનાવિષે સર્વત્ર એકસરખા નિયમો રહેલા નથી ઈત્યાદિ દોષ આ કોશમાં છે ને તે હું જાણું છઉં ને ગ્લાનિ પામુંછઉં કે બારવર્ષે કોશ પ્રસિદ્ધ કરતાં હજી પણ તે સદોષ છે! પણ પાછો એકરીતે સન્તોષ માનુંછઉં કે બારે વર્ષે પણ ગુજરાતી ભાષાના થોડાઘણા શબ્દોની એકયશોભા લોકને જોવાનો સમય આવ્યો; વ્યવહારપક્ષે જોકે હું મારી બાહ્યસ્થિતિપરત્વે કાંઈએક સઙ્કોચિત છઉં તોપણ અન્તરસ્થિતિપરત્વે વિદ્યાર્થીના મહેચ્છાનન્દનો ને તરુણ યોદ્ધાના પ્રફુલ્લ આનંદનો લાભ પામ્યો છઉં-કોશ કેમ કરવો, કોશમાં દોષ ગુણ તે કોને કેવા, ગુજરાતી ભાષાનો ઉત્તમ કોશ તે કેવો થવો જોઈએ એ મેં જાણ્યું છે અને ગ્રન્થ પ્રગટ કરવાના માર્ગમાં નડતાં વિઘ્ન સાહસબુદ્ધિયે તોડી ઘણેકાળે પણ આ લીટીઓ લખવાનો રૂડો દાડો જોઉંછઉં! આ કોશ જેવો જોઈયે તેવો નથીજ પણ એવે એ અથવા બીજેકોઈ મનમાનતો ઉત્તમપ્રકારે રચવો એ બીજાઓનો ઉદ્દેશ હોવો જોઈએ. વર્તમાનમાં ગુજરાતી કોશ સમ્બન્ધી મારી આશા આટલી છે કે ગુજરાતી ભાષાની જયશ્રીદર્શાવનારો પૂર્ણ બળસૌંદર્યે ઝળાંઝળાં કરી રહેલો એવો કોશ, સરસ્વતીને પ્રસાદે એકવાર જોઉં- એ ઈચ્છા પુરીપાડવાને તે દેવી પૂર્ણ સ્વતન્ત્ર, રૂડી ભક્તવત્સલ ને પરમ ઉદાર છે.

સુરત-આમલીરાન

સરસ્વતીમન્દિર. નર્મદાશઙ્કર લાલશઙ્કર.

સં૦ ૧૯૨૯, પોષ શુદ ૬ શનેઉ.

આ કોશ જોવાની રીત.

પ્રથમ તો, જે શબ્દનો અર્થ જોવો હોયે તે શબ્દના પેલાં બે અક્ષર જે પૃષ્ઠ ઉપર હોય તે પૃષ્ઠ શોધવું; પછી તે પૃષ્ઠમાં તે શબ્દ શોધવો. શબ્દ વેહેલા જડી આવે તેને સારુ શબ્દ ગોઠવવાનો આ અનુક્રમ ધ્યાનમાં રાખવો—

૧ સાનુસ્વારવર્ણ, ૨ સવિસર્ગવર્ણ, ૩ સ્વરવર્ણ, ૪ વ્યઞ્જનવર્ણ, ૫ વ્યઞ્જનની એકાદશાક્ષરીમાંનોવર્ણ, ક્રમ પ્રમાણે, ૬ સંયુક્તવર્ણ. ક્ષ ને જ્ઞ એ સંયુક્તાક્ષર છે. ક્ષ એ ક્ ષ્ ને અ મળી તેમ જ્ઞ એ જ્ ઞ્ ને અ મળી થયો છે માટે ક્ષને કના અને જ્ઞને જના સંયુક્તાક્ષરમાં જોવા.

ઉપર લખેલી શબ્દ ગોઠવણનો દાખલો.

અંશ, અઃહો, અકડબાજ, અકાજ, અકીક, અકૃત્રિમ, અકોટી, અક્કડ, અક્કેક, અક્રોધ, અક્લેશ ને અક્ષ : એ પ્રમાણે અખ અગ આદિ શબ્દો વિષે, અને વ્યઞ્જનના શબ્દો વિષે જાણવું.

સઙ્કેતના વર્ણ.

સં૰—સંસ્કૃત, ફા૰—ફારસી, આ૰—આરબી, અ—અં૰—અઙ્ગરેજી, હિં૰—હિન્દી, મ૰—મરેઠી. પુ૰—નામ, પલિઙ્ગે સ્રી૰—નામ સ્રીલિઙ્ગે, ન૰—નામ નપુંસકલિઙ્ગે, સ૰—સર્વનામ, વિ૰—વિશેષણ, વિ૰ ધા૰—વિશેષણ ધાતુસાધિત (કૃદન્ત), ક્રિ૰—ક્રિયાપદ, ક્રિ૰ અ૰—ક્રિયાપદ અકર્મક, ક્રિ૰ સ૰—ક્રિયાપદ સકર્મક, અ૰—અવ્યય, ઉ૰—ઉપસર્ગ.

ગુજરાતીભાષા.

મુખ્યમુદ્દાના સમ્બન્ધમાં ગુજરાતી ભાષાવિષે નિબન્ધ રચી અહીં જો સાથે મુક્યો હોય તો આ ઠોરાને વિશેષ શોભા મળે પણ પુરતાં સાહિત્ય ન મળવાથી તથા મળ્યાંછે તેટલાંઉપર પુરતો વિચાર કરવાને સમો અનુકૂળ ન હોવાથી તે નિબન્ધ મારી ઇચ્છા છુતે પણ લખીશકાતો નથી. તોપણ એવે પછી મારા ને બીજાઓના શોધને સહાય થઇપડે તેવું થોડુંએક નોંધી રાખુંછઉં:-

ગુજરાતીભાષા એટલે ગુજરાતના લોકની ભાષા. કાળેકાળ ગુજરાતમાં નવાં નવાં રાજ્યો થયાં ને લય પામ્યાં. રાજ્યની સીમામાં વધઘટ થવાથી ગુજરાતી કેવાતા લોકની સઙ્ખ્યામાં પણ વધઘટ થયાંકીધી. વળી અનેક ધર્મના લોક અનેક પ્રકારની બોલીયો બોલ્યાછે.- 'બારે ગાઉએ બોલી ફરે' એવી કેવત પણ છે; તો, ગુજરાતી ભાષા તે કેટલા પ્રદેશના કીઆ ધર્મને માનનારા લોકની સમજવી? જોઇએ:- એકાદા મોટા પ્રદેશમાં જુદાં જુદાં ઠેકાણાં-ના ને જુદાજુદા વર્ગના લોક પોતાના સામાન્ય વ્યવહારને અર્થે ઘણુંકરીને એક સરખી રીતે બોલેછે ને એ સામાન્ય ભાષા તે, તેટલા પ્રદેશનાં નામઉપરથી ઓળખાયછે. વળી પ્રદેશનાં નામ લોકઉપરથી પડેછે પણ પાછા લોક, પ્રદેશનાં નામથી ઓળખાયંછે, એવો પરસ્પર સમ્બન્ધ છે-તેટલામાટે, ગુજરાત એ નામ મૂળે અમુક બોલી બોલનારા લોકના ઉપરથી પડ્યું જોઇયે. એ લોક કોણ હતા ને કેવી બોલી બોલતા? એમણાં આપણે બોલિયે છૈયે તેવી કે જુદી રીતની તે જાણવું પ્રથમ અવશ્ય છે.

ગુજરાત એ શબ્દ સંસ્કૃતપુસ્તકોમાં ગુર્જ્જરદેશ લખાયોછે. ગુર્જરનો દેશ એમ અર્થ છે તો ગુર્જ્જરલોક* તે કોણ એમ પૃચ્છા નિકળે. એવિષે અદ્યાપિ આપણને ખરેખરી જાણ થઇ નથી. પૂર્વ વૃત્તાન્ત જેટલું જાણ્યામાં આવ્યુંછે તેટલાઉપરથી કેવાઇશકેછે કે એ શબ્દ પઞ્ચાસરનું રાજ્ય સ્થપાયા પછી પ્રસિદ્ધ પડ્યોછે ને એ રાજ્યના લોકની ભાષા તે ગુજરાતી ભાષા કેવાય.

એ ભાષા કેવી હતી તે જોવાને કોઇ ગ્રન્થ હજી હાથ લાગ્યો નથી, પણ સાડીત્રણસો વર્ષ પછી ગુજરાતના સર્વોપરિ ઉત્કર્ષકાળમાં ભાષાનું જે સ્વરૂપ હતું તેની ઝાંખી ગુજરાતમાંજ ને તેજ કાળના પણ્ડિત હેમચન્દ્રે અપભ્રંશ-ભાષાના વ્યાકરણમાં કરાવીછે.† તે કાળના વિદ્વાનો સંસ્કૃતમાંજ પુસ્તક લખતા એટલે લોકભાષા ગ્રાહ્ય

---

* ગુર્જરાષ્ટ્ર (ગુર્જરો શોભા પામ્યા જ્યાં તે) અથવા ગુર્જરત્રા (ગુર્જરોએ રક્ષણ કરેલી એવી તે) એ શબ્દો કોઇ કોઇ મણ્ડળમાં સાંભળવામાં આવેછે. સંસ્કૃત શબ્દોના અર્થ પ્રમાણે ગુર્જ્જર કેવાતા લોકોની પૃથ્વિ તે ગુજરાત છે. ગુર્ ધાતુ, ભક્ષણ-ઉદ્યમ; હિંસા-ગતિ એ અર્થને વિષે પ્રવર્તેછે ને એમાંથી ઉદ્યમ-હિંસાના અર્થ ગુજરાતના લોકને લાગુ પાડતાં હિંસા કરનારા ને ખેતી વણજવેપાર એ ઉદ્યમ કરનારા લોક તે ગુર્જર એમ અર્થ કડાય, અને એ અર્થ ગુજરાતની પેલી વસ્તી ભીલ કોળીની કેવાયછે તેને તથા ગુજરાતના લોકના જે ઉદ્યમ તેને લાગુ પડેછે-વળી ફળદ્રુપ દેશ તથા પશ્ચિમે સમુદ્ર છે એ જોતાં ગુજરાતના લોક ખેતી વેપારનાજ ઉદ્યમ પરમ્પરાથી કરતા આવ્યાછે એમ સિદ્ધ થાયછે. એકે શાસ્ત્રીએ ગૄ ધાતુ ઉપરથી 'ગીર્યતે તદ્ ગુઃ, ગુરુઞ્જરતિયસ્મિન્' એમ વ્યુત્પત્તિ કરીને જે દેશનેવિષે ઉચ્ચારણ છિન્નભિન્નરૂપે રેયાં હોય તે એમ અર્થ કર્યો ને એક શ્લોક ભણ્યો- **'गुर्जराणां मुखं भ्रष्टं, शिवोपि शवतां गतः; तुलसी तलसी जाता, मुकुन्दोपि मकन्दताम्'**. 'ગુજરાતીઓનું મુખ ભ્રષ્ટ છે કે શિવને શવ, તુલસીને તળસી, મુકુન્દને મકન્દ, કેછે.' એ શ્લોક ગુજરાતીઓનું હાસ્ય કરવાને કોઇયે જોડ્યો હોય એમ જણાયછે તોપણ તેમાં કયલું તે કેવળ અસત્ય નથી. વિન્ધ્યાચળની ઉત્તરે વાસ કરનારા પાંચદેશના બ્રાહ્મણો તે ગૌડ ને દક્ષિણે વાસ કરનારા પાંચ દેશના બ્રાહ્મણ તે દ્રાવિડ કેવાયછે ને એ પાંચ દ્રાવિડમાં ગુજરાતી બ્રાહ્મણોની ગણના થઇછે અને ગુજરાતી બ્રાહ્મણો યજુર્વેદી છે એવું **चरणव्यूह** નામના ગ્રન્થમાં લખ્યુંછે. ગુર્જર શબ્દ વિષે કેટલુંક નર્મગદ્યમાં ગુજરાતીઓની સ્થિતિ વિષેના નિબન્ધમાં છે.

† સંવત ૧૧૬૮ માં.—એ ઝાંખીની અળપઝળપ શાસ્ત્રિ વ્રજલાલના "ગુજરાતીભાષાના નિબન્ધમાં" છે.

હેમચન્દ્રે પોતાના ગુર્જ્જરદેશનીજ ભાષાને અપભ્રંશ નથી કઇ પણ તે કાળના બીજાપણ કેટલાક દેશની લોક-ભાષાને અપભ્રંશ એવું નામ આપ્યુંછે. તે કેછે કે સંસ્કૃતના અતિભ્રષ્ટ રૂપાન્તર થઇ જે ભાષા બોલાયછે તે અપભ્રંશ-ભાષા; અને એ બે પ્રકારની છે- એકનો સમ્બન્ધ વિશેષે પ્રાકૃત સાથે ને બીજીનો વિશેષ શૌરસેની સાથે છે. એમ-ણાની ભાષાઓ પણ પ્રાકૃત કેવાયછે. પ્રાકૃત એ શબ્દ લોકમાં તો સરળ અર્થમાં વપરાયછે કે શુદ્ધ-સંસ્કૃત નહિ તે પ્રાકૃત- પોતે જે બોલેછે તે પ્રાકૃત છે એમ તેઓ સમજેછે. વળી જુદાજુદા પ્રદેશના લોકે જુદે જુદે કાળે જુદું જુદું પ્રાકૃત ભણેલું તે સંમ્બન્ધી કાળકાળના પણ્ડિતોએ કેટલુંએક લખ્યુંછે. માટે, પ્રાકૃતવિષે થોડુંક લખાણ કરૂંછઉં.—

કેળવાયલી નજ હોય તોપણ રાજ્યના ઉત્કર્ષનો અંશ તેમાં પણ આવેલો હોવો જોઈએ ને તે માટ ચારણાદિ માગણોએ મેલ બેલા રાસાઓમાં દેખાયછે. અપભ્રંશભાષા* અથવા સંવતશેકા બારમાં ગુજરાતના લોક જે ભાષા બોલતા તે એકવડી કઠણ કાઠીની ને તે પ્રમાણેજ લાબી, કંઈએક થડોયલી તથા ઢેકાઢેયાવાળી પણ વળી કહીંકહીં કુમળી તથા સરળ, વર્ણે સામળી અને કુળમર્જાદ સાચવતાં સ્વતન્ત્ર વર્તનારી એવી, મિલ્લરાજકુંઅરી સરિખી સોહઈ.

"ચન્દન સરિખા સીયલા, જઈસી નમણી કેલિ; પરદુખ્કે જે દુખ્કિયા, સહિ તે સજ્જન મેલિ."
"પડિવજ્જઈ દૂર બલા, પડિવજ્જં પાલંતિ; મેઘ મરંતઈ તે મરઈ, જીવંતઈ જીવંતિ."
"ઢોલ્લા મઈં તુહું વારિયા, મા કુરુ દીહ માણુ; નિદ્દએ ગમિહિ રત્તડી, દડવડ હોહિ વિહાણુ."
"કોઠકસુંબા કૃપણધન, એ તીણિ એક સભાવ; તો રસ મૂકઈ અપ્પણો, જો ગલ દીજઈ પાવ."
"અંઝાતરસુ બુદ્ધડી, રાવણતણઈ કપાલિ; એકૂ બુદ્ધિ ન સાંપડી, લંકા ભંજણકાલિ."
"મોર ભણઈ અમ્હ પીંછડાં, મઈં મેહલીઆં વાગેઈ; હું મ્નિ અગાસો તિહવિણુ, તે સિરિ રાય વહેઇ."†

* "એક અઙ્ગ્રેજી પુસ્તકમાં લખ્યુંછે કે "હિન્દુસ્થાનમાં ઈ॰ સનના આરમ્ભમાં પ્રદેશ પ્રદેશમાં જૂદીજૂદી ભાષા બોલાતી અને તે ભાષાઓ કાળાન્તરે બદલાઈ આજની પ્રાકૃતભાષાઓ થઈછે."--"પછી સંસ્કૃત નાટકોમાં લખાયલી પ્રાકૃતભાષા બોલાતી"--"અને એ, જેમ પોતાથી અગાડીની પ્રાકૃતના શબ્દ અપભ્રંશ થઈને ઘડાઈહતી તેમ અમણાની હિન્દી મરેઠી મુઙ્ગ સંસ્કૃત નાટકોમાં ભણાયલી પ્રાકૃતભાષામાંથી નિપજીછે." એક બીજાં અઙ્ગ્રેજી પુસ્તકમાં લખ્યું છે કે "જે કાળ સંસ્કૃતવિદ્યાનો ઉત્કર્ષ હતો તે કાળમાં લોક જે ભાષા બોલતા તે પ્રાકૃત કેવાતી; એ ભાષા સંસ્કૃતશબ્દના અપભ્રંશ બોલાયાથી થઈછે"--"મગધદેશની (બઙ્ગાળાની પાસે બ્હાર નામનો પ્રાન્ત છે તેનો દક્ષિણ પ્રદેશ) તે માગધી અને દિલ્હી આગરાના પ્રદેશની તે શૌરસેની કેવાતી"--પઞ્જાબી, હિન્દી, બઙ્ગાળી, સિન્ધી, મરેઠી, ગુજરાતી એ મુઙ્ગ શૌરસેનીમાંથી નિકળીછે." દેશીગ્રન્થકારમાંનો એક જણ કેછે કે "પશ્ચિમસમુદ્રને લગતા પ્રદેશમાં રેનારા આભિરાદિ લોકની ભાષા તે અપભ્રંશ."

જ્યાં આર્યજનોના સમ્બન્ધથી પ્રદેશપ્રદેશની પ્રજા પોતપોતાના શબ્દો ટાળતીગઈ ને સંસ્કૃતશબ્દોને અપભ્રંશ કરી કરી પોતાના ઉચ્ચારણમાં લેતીગઈ; અને જ્યાંલોકપણ વ્યવહારકાર્ય સરળ કરવાને પોતાના સંસ્કૃતને ભ્રષ્ટ ઉચ્ચારણે બોલતા થયા. એ મિશ્રણપ્રકારે પ્રદેશપ્રદેશની પ્રાકૃતભાષાઓ ઉત્પન્ન થઈ. વિશેષે મૂળ પ્રકૃતિ-સંસ્કૃત ઉપરથી થઈ માટે પ્રાકૃત કેવાઈ. મૂળના વાસ્તવ્ય લોકની જે ભાષા તેને પ્રાકૃત શબ્દ લાગે નહિ- તે લોકની ભાષાના કેટલાક શબ્દપ્રયોગ પ્રથમની પ્રાકૃતમાં આવેલા ખરા.

એ પ્રાકૃતભાષાઓમાંથી ચારને બોળી વપરાતી જાણી વરરુચિયે તેના નિયમવિશે વ્યાકરણ રચી દેખાડ્યુંછે કે તે ચારે ઘણુંકરીને એકસરખે નિયમેજ થઈછે. બીજી ત્રણ કરતાં વિશેષે બોળી વપરાયલી પ્રાકૃત ને મહારાષ્ટ્રી અથવા પ્રાકૃત (વિશેષ અર્થમાં) કેવાતી તેનેમાટે ૪૨૪) નિયમ છે ને તે બીજી ત્રણને માટે પણ છે પણ શૌરસેનીને ૩૨), માગધીને ૧૭) અને પૈશાચિકાને ૧૪) નિયમો પોતપોતાના વિશેષ છે. એ પ્રાકૃતશબ્દનાં સ્વરૂપ જોવાને શાકુન્તલ-વિક્રમોર્વશી નાટકમાંના થોડાક શબ્દ આ છે.-અજ્જા [આર્યાઃ-આર્યજનો], અત્થિ [અસ્તિ-છે], અદ્ધ [અર્ધ], અદ્ધવધ [અર્ધપથ-અધવચ], આણ [આજ્ઞા], ઈસાણીયે દિસાએ [ઐશાન્યાદિશા-ઈશાન દિશાએ], કુસુમાઈં [કુસુમાનિ-કુસુમ (અનેકવચને)], કેણાપિ [કેનાપિ-કોઈએક; કોઈપણ], ગદી [ગતિ], ગમિસ્સં [ગમિષ્યે-હું જઈશ], ગાઇસ્સં [ગાસ્યામિ-હું ગાઈશ], ગાયન્તિ [ગાયતિ-ગાયછે], ચિત્તલેખા [ચિત્રલેખા-ચિત્રલેહા], ચુંબિઆઈ [ચુમ્બિતાનિ-ચુમ્બન કરેલું એવાં], જસ્સ [યસ્ય-જેનું], ણકિંપિ [નકિમપિ-કંઈપણ નહિ], તવો [તપઃ-તપ], તહત્તિ [તથેતિ-તેપ્રમાણે], દયમાણો [દયમાનઃ-દામાણો, દયામાણો], દલે [દલે-તળે], દાવ [તાવત્-તેમ-તેપ્રકારે], દુદિઆ [દ્વિતીયા-બીજી], પક્ખવાદી [પક્ષપાતી], પરિત્તાઅધ [પરિત્રાયધ્વં-પરિત્રાણ-રક્ષણ કરો], પિઅ [પ્રિય], પઓઓ [પ્રયોગ], ભમરેહિં [ભ્રમરૈઃ-ભમરાઓએ], રુદુ [ऋतु-ऋत, ऋतु], સગ્ગસ્સ [સ્વર્ગસ્ય-સ્વર્ગનું], સરિસં [સદૃશં-સરીખુ, સરખું; યોગ્ય, ઘટતું], સહી [સખી-સહી], સુઉમાર [સુકુમાર], સુણાદુ [શૃણોતુ-સાંભળ, સુણ], હસઇસ્સદિ [હાસ્યતે-હસેછે] ઈ॰.

એ પ્રાકૃત દેશકાળ પરત્વે પોતાનું રૂપ ફાલટતાં પાલટતાં અગિયારસેં વર્ષે નવાં રૂપમાં અપભ્રંશ એવે નામે ઓળખાઈ. પ્રાકૃત તથા અપભ્રંશ એ બેનું સ્વરૂપ જોતાં જણાયછે કે પ્રાકૃતમાંના કેટલાક શબ્દ શુદ્ધસંસ્કૃત રૂપેજ વપરાતા થઈને, કેટલાક નિજરૂપેજ રહીને, કેટલાએક ભ્રષ્ટરૂપાન્તરોમાં ઉતરીને ને કેટલાએક સંસ્કૃત તથા દેશીશબ્દ નવા વધીને અપભ્રંશભાષા થઈહોય એમ જણાયછે. અમણાંની પ્રાકૃતભાષાઓ અપભ્રંશમાંથી ઉત્પન્ન થઈછે. દક્ષણી ને ગુજરાતી એ બે, મુખ્યપ્રાકૃત-મહારાષ્ટ્રી અને એની અપભ્રંશ એઉપરથી અને હિન્દી, મુખ્યપ્રાકૃત તથા શૌરસેની અને એના અપભ્રંશ એઉપરથી ઘડાઈછે.

* વલ્લભીપુરનાં રાજ્યમાં બૌદ્ધ જૈન લોક હતા, ગુજરાતમાં ને સમ્બન્ધી પ્રદેશોમાં જૈનની બોળી વસ્તી હતી અને બૌદ્ધ જૈન ઉપાધ્યાઓની બોધભાષા ઘણુંકરીને સર્વત્ર સરખીજ હતી. વળી ગુજરાતના રાજ્યને દિલ્હી કનોજના ને બીજાં રાજ્યોસાથે સમ્બન્ધ હતો. એ સંધાં ઉપરથી જણાયછે કે ગુજરાતની અપભ્રંશમાં માગધી તથા શૌરસેનીનો લેશ હશેજ. વળી ગુજરાતના મૂળવાસ્તવ્ય લોકના ને ગુજરાતની રીતભાત વસ્તુના કેટલાક દેશી કેવાતા શબ્દો પણ હશેજ. માગધી શૌરસેની દેશી એ શબ્દોની નિશાનીઓ (વર્તમાન ગુજરાતીમાં) શબ્દની વ્યુત્પત્તિ શોધાશે ત્યારે સ્પષ્ટ જણાશે.

† "ગુ॰ભા॰નિબન્ધ" માંથી.

સિદ્ધરાજના કાળમાં ગુર્જરદેશની લોકભાષા જે અપભ્રંશમાં ગણાતી તેણે પછવાડેથી નવું રૂપ ધારણ કરવા-માડ્યું ને તે મુસલમાની રાજ્યમાં ગુજરાતીભાષા એ નામે ઓળખાઈ. તેરમાથી તે સોળમા સૈકાના અન્તલગીના ગાળામાં ગુજરાતી લોકની સ્થિતિ ઠરેલી નોતી. અમદાવાદ ને સુરત વસ્યાં પણ પાટણ ને ચાંપાનેર ખસ્યાં અને જુનાગઢ ભાંગ્યું. નિરાશ્રિત થયલા બ્રાહ્મણ તથા જૈન ઉપાધ્યાં પોતાની નિવૃત્તિમાં પોતપોતાના પ્રદેશના લોકને કંઈ કંઈ કથી લખી રિઝવતા. મુસલમાની રાજના ઉત્કર્ષકાળમાં ગુજરાતી ભાષા પ્રસરિતઅંકુરની, ઠાવકી, લાડકી, કુમળી ને વર્ણે બૂરી લીસીતેજીમારતી જેવી ગુરુઆણકુંવરી રૂઅડલી સોહી હરિગુણ ગાતી પ્રભાત સમે.

"પાડલીપુરનગર તિહાં નંદનઉ શંભુ ચંદ્રગુપ્ત રાજા તેહનઉ પ્રધાન ચાણિક્ય પ્રતિબિંબથકઉ રાજ્ય ભોગવઈ; પરં ભંડારિ દ્રવ્ય નહીં તેહભણી, દેવતા આરાધી પાસા પામી સ્વર્ણથાલ ભરી જુવટઈ ખઈડુ; જે કે, મજનઈ જીપઈ તે થાલ સોનૈઈએ ભરિઉ લિઉ અનઈ તુમ્હે હારઉ તુ એક દીનાર દિઉ. એમ દેવતાદત્ત પાસે કરી જીપવા લાગઉ કિવારઈ કોઈ દેવતાદત્ત પાસે હું તે જીપઈ પણિ માનવજન્મ હારવિઉ દોહિલઉ પામઈ." 1

"ઢમઢમ વાજઈં ઢોલ અસંખ, બોલઈં મંગળ વાજઈં સંખ;
રેણ સરણાઈ વાજઈં તૂર, મિલિયા સુભટ ગહગહિયા સૂર.
ઘોડા સરસા ઘોડા ભિડઈં, પાયક પાયક સરિસો ભિડઈ;
રથસેતી રથ જુડઈં અપાર, હથિયારે લાગિ હથિયાર.
ઉડિયા લોહ જાઈં એક કોસ, જુઝઈં રાઉતિ પૂરઈં રોસ;
કાયર ત્રાસઈં સૂરા ધસઈં, રિણ દેખી તે સાહમાં હસઈં.
ખાંડા ઝલકઈં વીજલી જસા, સુહડાતણા મન તવ ઉધસા;
તેજી તુરિ ન સાહ્યા રહઈં, પરદળ દેખી તે ગહગહઈં.
રુધિર પૂરિ રથ તાણ્યા જાઈ, સિર તૂટઈં ધડ ધસમસ ધાઈં;
દોઈ પહર હુઓ સંગ્રામ, પાપબુદ્ધિ રાય હાર્યો તામ." 2

"કૃષ્ણરૂપે ગોકુલિ અવતરીયો, ગોવરધનપર્વત કરિ ધરીયો,
વરીયુ ગોપી ગોવ્યંદો.
સરવરૂપિ હરિ રંગિ રાચિ, વૃંદાવન ગોપીમધ્ય નાચિ,
સાચિ સોહિ બ્રહ્મચારી."
"દુહવ્યો બોલિ આત્મા, સુણિ પરમાત્મા તાત;
તૂઝ સમીપ છંડાવીયું, માહરુ થુ અપરાધ.
ઘરસુખ કાંઈ વીસારીયું, ભૂલવ્યો કાયાવનમાહિ;
કેતલું કાલ વિંડબીયુ, શત્રુ કામાદિક હાથિ.
એણિ વનિ લોભ:ચી દવ બલિ, વિલસિ પારધી કાલ;
માયા મુકી હરણિલી, માડીયૂ કર્મની જાલ.
જાલ પડગુ હુઉ આકલુ, મોહીયુ જીવ અચેત;
પાછલી આગિલી સુધિ નહીં, નહીં એહનિ આપણું ચેત."
"પરબ્રહ્મ પદ્મનાભ, પરશોતમ પિઢિ નહી એ;
અવિગત ગોવિંદ ચંદ્ર, સાર કરુ શ્રીપતિ ધણીએ.
ચત્રભુજ સામલવર્ણ, સારંગધર સોહામણો એ;
અનિરુદ્ધઅડલો વૈકુંઠનાથ, દુરીત હરણ દામોદરૂ એ.
નિરંજન નિરાકારિ, નિકલંક પુરુષ આરાહીઈએ;
ગાઈઈ દ્વારિકેરાયુ, સામલવર્ણ સોહામણો એ.
સદા વૈષ્ણવ મનિ ઉછાહ, આનંદ અંગિ ઉલટિ એ;
બલિઆ વિક પરબ્રહ્મરાય, પીંડારા માહિ પરવરયુ એ." 3

અનેક જૂગ વીત્યાં રે, પંથે ચાલતાં રે; તોયે અંતર રહ્યા રે લગાર-
પ્રભુજી છે પાસે રે, હરી નથી વેગળા રે; આડોઓ પડ્યો છે અંકાર.- અનેક૦
દીનકર રૂંધ્યો રે, જેમ કાંઈ વાદળ રે; થયું અજવાળું મટ્યો અંધકાર-
વાદળુંને મટ્યું રે, લાગ્યું જેમ દીસવા રે; ભાનુ કાંઈ દેખાયો તેવાર- અનેક૦
લોકડીયાની લાજ રે, બાઈ મેં તો નાણીયો રે; મેહેલી કાંઈ કુળતણી વળી લાજ-
જાદવાને માથે રે, છેડો લઈ નાખીયો રે; તારે પ્રભુવર પામી છું આજ.- અનેક૦
નાવને સ્વરૂપે રે, બાઈ એનું નામ છે રે; માલમી છે વળી સરજનહાર-
નરસઈઆનો સ્વામી રે, જે કોઈ અનુભવે રે; તે તારી ઉતારે ભવપાર- અનેક૦ 4

---

1 માગધી ગાથાબન્ધ ને ગુજરાતી વ્યાખ્યા એવું "પુષ્પમાળ પ્રકરણ" ઉપાધ્યાય મેરૂ સુન્દરે રચેલું તેમાંથી ઉપલું ગદ્ય લીધું છે-(પ્રતનું વરસ, સંવત 1525).

2 "ગજસિંહ રાજાનો રાસ" એમાંથી લીધું છે-(પ્રત 1556 ની).

3 ઘણાંએક નાના પ્રકરણોનો સંગ્રહ એવો એક વૈષ્ણવ ગ્રન્થ છે તેમાંથી ઉપલા ત્રણ કકડા લીધા છે-કોઈ કોઈ પ્રકરણમાં 'પદ્મનાભ' એમ લખ્યું છે તેઉપરથી તે નામવાળો કોઈ તેનો કર્તા હશે-વિષય ને ભાષા જોતાં તે ગ્રન્થ 15-16 સૈકામાં રચાયો હોય એમ લાગેછે-(પ્રત 1715 નીમાંથી).

4 નરસૈં મેહતાની કવિતા તેનાજ કાળની ભાષામાં મળવી દુર્લભ છે.

સત્તરમાં શૈકામાં ભાષા, ભક્તિ તથા ચરિત્રકથનમાં કેળવાઈ પણ તે પોતાનું સંમગ્રસૌન્દર્ય તેજ શૈકામાં દેખાડી શકી નહિ. એ સૌન્દર્યનો (વિષ્ણુદાસ, બાલણ, વસતો, નાકર, આધારભટ ઈત્યાદિસહુના રંગનો) ઘણોખરો ભાસ પ્રેમાનંદે અઢારમાં શૈકામાં પરિપક્વ કરાવ્યો. એ શૈકામાં સમયસુન્દર, ઉદયરત્ન ઇ૦ ગોરજીઓએ રઢગથી રાસા લખ્યા પણ તેમાં ૧૫-૧૬ મા શૈકાની નિશાનીઓ થોડીઘણી જોવામાં આવેછે: એ જૈનભાષા, ઉત્સાહમાં આવેલા વાણિયા બ્રાહ્મણની ભાષાના તેજમાં અંજાઈ. ભાવસાર રત્નાએ બેડામાં પોતાના મણ્ડળમાં થોડાંએક લલિતગીત ગાયાં. એ અઢારમાં શૈકામાં ભાષાએ નવા વિષયો કથવાનો સમર્થ આરમ્ભ કર્યો.– અખો–સામળ–વલ્લભ એઓએ પોતપોતાના વિષય ગાયા. પ્રેમાનંદે વર્ત્તમાનભાષા ભૂતરફગને અનુકૂળ કરી. અખાએ વર્ત્તમાનરફગ હસીકાડયા ને એક બ્રહ્મનો બોધ કરયો. સામળે ભૂતને દૃષ્ટાન્તે ઉદ્યમસાહસ વર્ણી "જીવે તેને જોખ્ય" કહ્યું અને વલ્લભે ખડ્ચરાને ગાઈ. મુગલાઈના ઉત્કર્ષકાળમાં ભાષા, એકૂવડી પણ ભરાવ પણ કહીં કુમળી ને કહીં કઠણ એવી કાઠીની, ઘીંવરણી કંઈક તેજસ્વી એવી, ઉજમાળી ને હોંસિલી, શકે વિપ્રલનયા મગન રસમાં, કથા કેહેતી સોહેત.

"જાદવ સ્ત્રી તાળી દઈ હસે, ધંન ગામ જાંહાં આ નર વસે;
કીધાં હશે તપ વ્રત અપાર, તે સ્ત્રી પામી આ ભરથાર.
કો કેહે ઈંદ્રને કો કેહે કામ, એને રૂપે હારે કેશવ રામ;
ભાઈ પતીવ્રતાનાં મોહોશે મંન, મર્મવચન બોલે સ્ત્રીજંન.
કોઈ કેહે હાવે આવ્યો વીકાળ, દેખાડો રોતાં રેહેશે બાળ."
"આવ્યા વર્ષાકાળના દીન, ગાજી વરસેછે પરજન્ય;
વીજળી થાએ આભમાં પૂરી, બોલે કોકીલા શબ્દ મધુરી.
માહા તાપસનાં મન ડોલે, દાદુર મોર પપઈઆ બોલે;
માળતળે રત્નાગર ગાજે, એઆ અંગે નવસપ્રસાજે."
"અનિરૂધ બાંધ્યો પ્રેમને પાશે, મોહ્યોમોહ્યો ચંદનને વાસે
મોહ્યોમોહ્યો સ્નેહને સંધે, મોહ્યોમોહ્યો હાર ગળુબંધે.
મોહ્યોમોહ્યો હસ્તકમળે, મોહ્યોમોહ્યો ઉરગળસ્થળે;
મોહ્યોમોહ્યો અલકાલટે, મોહ્યોમોહ્યો કેસરી કટે."
"ફડાગ્રુડ કટક બે થયાં, ઉઘાડાં આઉધ કરમાં ગ્રહ્યાં;
ખખડે બેડાં ને ફરે તરવાર, કો કાઢે શર ભાથા બાહાર.
તોમર ત્રીસુળ ધરયાં મુસળ, ગાજ્યા રામ ધરી કરહળ;
છપંન ક્રોડ જાદવ ગડગડ્યા, દાનવ ઉપર ત્રુટી પડ્યા."
"એવું જાણી મારા નાથજી, કરા દાસીની સંભાળરે;
હો વીહંગમ વેવીસાળીઆ, મૂને મૂકી નળ ભૂપાળ રે.
હો વજાવતી મારી માવડી, મારું ઢાંક ઉઘાડું ગાત્ર રે;
હો મીમક મારા તાતજી, શોધી મનાવો જામાત્ર રે.
હે નઈશદ દેશના રાજીઆ, અણચિંતું દીઓ દરશંન રે;
રૂપ મુપને જાણે ભામણે હો, સલુણા સ્વામીંન રે."
"રૂડું વઈકુંઠ ગોકળ ગામરે, હવે નેસડો ફરી થયું નામરે,
જસોદા કેમ બાહાર નીસરસેરે, વંઝા કહી લોક પાછાં ફરશેરે;
અમો માણસમાંથી ટાળ્યાં રે, દીકરો થઈ કાળજ બાળ્યાં રે
અમો ભુલ્યાં આશા આણી રે, પારકી થાપણ નવ જાણીરે
વાયસ થઈ વાંછુળ કીધું રે, ફરી કોએલે બચ્ચું લીધું રે;
વીપ્ર પ્રભુ પરમેશ્વર રે, માહારું ફરી વસાવો ઘર રે."
"કોમળ શીતળ નીર્મળ સુખકર દુઃખ હર હરીનું નામ
પ્રેમાનંદ પવીત્ર થાવા, ગાઓ રાજીવલોચનરામ.
એ મરણ પગલાં હેઠ છે, ફરે સીંચાણો કાળ;
હીંડતાં ફરતાં કારજ કરતાં, ભજો શ્રીગોપાળ."

"ગુરૂ થૈ બેઠા હોંસે કરી, કંઠે પાણ શકે કયમ તરી;
જ્યમ નાર નાનડી હતું પ્રસૂત, વળતી વાધે નૈ અદભૂત.
શિષ્યને ભારે ભારે રહ્યા, અખા તેમ મુલગેથો ગયો."
"જાંહાં સુધી છે ખંડીત આંન, અખંડાનંદનું નોહે વીગ્યાંન
તેહેનું પાત્ર થાવા કારણ્ય, મહામુનીએ કહ્યું પંચીકરણ.
ત્રીતીયે સાંખ્ય કપીલે કહ્યું એહ, ભણે શુણે તે થાય વીદેહ.
જીવનમુક્તિ તે એહેનું નામ, જેણે જાણ્યું કૈવલ્યપદધામ.
"પંડિત આગળ મૂઢ, હંસ આગળ જ્યમ બગલા;
પંડિત આગળ મૂઢ, કોકિલા આગળ કગ્ગા;
પંડિત આગળ મૂઢ, રાય આગળ જ્યમ રાંકાં;
પંડિત આગળ મૂઢ, સિંધુ આગળ જ્યમ ટાંકાં;
છે પંડિતમાં પ્રાક્રમ ઘણા, પંડિત સહુ શિર મોર છે;
શામળ કેહે પંડિત આગળે, મૂઢ તો ચાકર ચોર છે."
"અરે ઈશ્વરી અંબીકા, કોડે ટાળે કષ્ટ;
સફલ જનમ તેનો હશે, માધવ દેખે દ્રષ્ટ.
જે દેશ માધવ ગયો, તે દેશનો વાયો વાય;
અડે લ્હેર મુજ અંગમાં, સફલ જનમારો થાય."
"રમઝમ કરતી રાંજસી, ઝમઝમ વાગે ઝેર;
ઘમઘમ વાગે ઘુઘરા મદનતણી સમશેર.
હસતી રમતી હેતથી, કરતી ત્રિવિધ વિલાસ;
ચાલી ચતુરા ચમકતી, પોપટકેરી પાસ."
"ગંગોદક નીરમળ જશું, સદા પવિત્ર જ સાર;
તેહેવું કુળ હોય માહરું, તો પડ પાસા પોબાર.
સીંહ મૂછ ભોરંગ મણી, કરપીધન સતિનાર;
જીવ ગયે પર કર ચહડે, પડ પાસા પોબાર."
"તોતળા રૂપતંન, તોતોતો કહે મા;
અર્ભક માગે અન્ન, નિજ માતા મન લેમાં.
નહિ સવ્ય અપસવ્ય, કહીં કાંઈ જાણું મા;
કળી કહાવા કવ્ય, મન મિથ્યા આણું મા.
કુળજ કુપાત્ર કુશીલ, કર્મ અકર્મ ભરયો મા;
મૂરખમાં અણમીલ, રસ રટવા વિચરયો મા.
પ્રાક્રમ પરમ પ્રચંડ, પ્રબળ ન પળ પ્રીછું મા;
પૂરણ પ્રગટ અખંડ, અગ્નયકો ઈછું મા.

ઓગણીસમા સૈકામાં પ્રદેશપ્રદેશની ગીતકવિતાની ભાષા, ટીકાભાષા ને પાછુલા સૈકામાં થયલા ગ્રન્થોની પ્રતભાષા એ જોવામાં આવેછે. આખ્યાનવાણી વસાવડના કાળીદાસે, વેદાંતવિષયની પ્રીતમ તથા ધીરાએ, શૃંગારભક્તિની દયારામે ને વિરાગની સ્વામીનારાયણવાળાઓએ દેખાડીછે. એ સૈકાની ભાષા, એકવડી કાઠીની પણ જરા ડુંસાયલી ભરેલીકુંમળી ઘઉંવર્ણ કરતાં કંઇક વધારે ઉજળી ને થોડાંક નાજુક ઘરેણાંથી સજેલી જેવી–ગાતી પરબ્રહ્મ શ્યામને, કન્યા નાગરી શોભે.

"જોતાં કડડડ થંભ ફાટો કારમોરે, પ્રભુ પ્રગટીયા નરહરી-
રૂપ, રાજાદૈવસું જગાડ્યું જુદ્ધ દાનવેરે–
પ્રભુભ્રગુટી કોટીક બીહામણી રે, દીસે નયણામાં પાવકની
જવાળ, રા૦
નાસીકાનો તે ઘોર ઘણું ગાજતો રે, તેણે ડોલવા લાગાછે
દીગપાળ, રા૦"

"આસાડે અમરિતતણા, વરસ્યા વરસાદ;
હરિહરિ સઘળે થઇરહ્યું, થાવરજંગમ જાત. સાંભળ શુદ્ધ
ચિત્તે કરી.
ચિત્ત ચાતક રંગે રટે, બોલે મન મોર;
જ્યાંત્યાં ચૈતન બ્રહ્મનાં, ઉગતાં અંકોર–સાંભળ૦
સુખસાગર સેહેજે ઉલટયો, સલિતા શુભસાર;
બ્રહ્મ નિરંતર જળ ભરયાં, કોઇ પામે ન પાર–સાં૦"

"ખબડદાર મનસુબાજી, ખાંડાંની ધારે ચહડવું છે,
હિંમત હથિયાર બાંધી રે, સત્ય લડાઇએ લડવું છે–
એક ઉમરાવ ને બાર પટાવત, એક એક નીચે ત્રીસ ત્રીસ;
એકધણીને એક ધણીયાણીરે, એમ વિગતે સાતસે ને વીસ
સો સરદારે ગઢ ઘેરયો રે, તેને જીતી પાર પડવું છે."

"પ્રગટ પુરૂષોતમ દેહ, રાજે ગઢપુરમાં શ્રીહરી જો,
જેને નિગમ નેતિ ગાએ, નીજ ઇચ્છાએ દેહ ધરી જો;
અક્ષરપતી અવિનાશ, આવ્યા કરુણા કરી અતિ જો;
કીધો ગઢપુર નિવાસ, વર્ણ વૈશ્ય નૈષ્ઠિક જતી જો."

"ફાગણ કેસુ ફુલ્યાં, હું કરમાણી રે રસીયાજી;
આ વનમાળી પિયુ સીંચ્યું ન પૂરું પાણી હો, રંગરસીયાજી.
વસંતરૂતુ તો સહુને વાહાલી લાગે રે–રસી૦
આ તમ પાખે મુને બાણ રૂદેમાં વાગે હો, રંગર૦"

"પ્રીતડીની રીત અતી અટપટી, ઓધવજી છે પ્રીતડીની
રીત અતિ અટપટી;
થાવાનો ઉપાય પણ જાવાનો જડે નહીં, વજ્ર રહેણે જટી
તે જટી."

"નંદલાલ સાથે લાગ્યું છે લગંન જો, ઘેલી કીધી મને
ગોવાળીએ જો–
એની કટાક્ષે કોરયું છે મારૂં કાળજું જો, કામણગારા રસિક
રત્નમે લોચંન જો."

"શ્રી વલ્લભવિઠ્ઠલ શ્રીજી સ્વામી, સામળીયા વાહાલા;
સઘળું સમજોછો અંતરજામી નંદલાલા રે–
ભય તો લાગેછે મુજને ભારી સા૦; અંતકાળે શી વલે
માહારી–નં૦
સેવાસમરણ ભાવે ના કીધું, સા૦; રંક સાધુને દુખ દીધું. નં૦

"પૂર્વે અવંતી નગ્રનો રાજા ચંદ્રસૈન્ય તેને પુત્રી ચંદ્રમુખી નામે તેને પિતાયે કહ્યું તારો સ્વયંવર કરીયે. ના પિતા હું તો દેવાંશીવર ઇછુછું. રાજા કેહે આપણ મનુષ્યને ઘેર દેવ વરવા કેમ આવે એ મનોર્થ તે મિથ્યા ધરવો. કન્યા કેહે એટલો પોણ જેણે કનકપુરી જોઇ હોએ તેને હું વરૂં. રાજા કેહે તેની ભાલ કેમ જણાશે. કન્યા કેહે પુરમાં પાટ ફેરવો. ત્યારે રાજાએ પડો વજડાવ્યો. જેણે કનકપુરી જોઇ હોએ તે રાજાની પુત્રી પરણવા આવજો. એવે તે નગ્રમાં દુર્બલ બ્રાહ્મણ એકાકી રેહેતો, શક્તિદેવ નામે. તેની ટોળ કરીને લોકે સીખવ્યું, તું જઇને કેહેની જે કનકપુરી મેં જોઇછે, તને રાજપુત્રિ મળસે, આ દરિદ્રતાનું દુખ જશે. એમ ભંભેરાયો બ્રાહ્મણ રાજ્યસભામાં ગયો. કહ્યું મેં કનકપૂરિ જોઇછે. રાજાએ પુત્રિને મેહેલ મોકલ્યો. તેણે ચક લાખી નીસાની પુછ્યામાડી ત્યારે બ્રાહ્મણ કેહે કનકપુરી તે કનકની છે, કનકના મંદિર છે. હસી કન્યા કેહે કીયે માર્ગ થઇ ગયાતા. માહાવનમાં જતાં દીઠી. કન્યાયે લબાડ કહી કાહાડી મેહેલ્યો."

"લલિત કેહેતાં મનોહર એહેવી જે લવિંગની લતા જે વેલ તેજ્જ જે શોવવું, તે લતાનાં નિકુંજ ગૃહને આચ્છાદી રેહેછે તેનો કોમળ કેહેતાં અતિ મધૂર વાસ છે ને મલયાચલના મંદસુગંધ સુશિતલ વાયુ વેહેછે ને તે વન કેહેવું છે જે ભ્રમરના સમૂહ તે ગુંજારવ કરેછે ને તે મધ્યે કોકિલા સ્વર કરેછે તે બહુએક સ્વર થાય છે તેણે કરી કુંજકટીર જે લતાગૃહ શ્રીકૃષ્ણ રાધાનું વિલાસ સ્થાન તેને વિષે શ્રીમદન ગોપાલ વિલાશ કરેછે."

"એક મનોહરાનામા ગોપીજન છે તેહેને મંદિર કોઇએક સ્ત્રીને ત્યાં રાત્ય રમીને પ્રભુ પધારયા તે અન્ય સ્ત્રી સંબંધનાં ચિન્હ જોઇને તે સ્ત્રી કહેછે જે હે નાથ પર જે બીજી હેની પલકા જે સજ્જયા ત્યાંહાં પોંહોડવાના અલિક કે૦ જૂઠા સૌગ્ય જે સમ તે ક્યાંહાં ખાઓછો એટલે શું કરવા ખાઓછો જો નાં માંનો તો દરપણ લેઇને જુઓ કે ત્હમારા પલ કે૦ આંખ્યોનાં પોપચાં તે પીક જે તાંબોળનો રંગ ત્હેમાં પગ્યા કે૦ પચીરહ્યાં છે નીક કે૦ સારી પૈઠ્યે તેથી મેં જાણ્યું તો ખરૂં । ત્યારે । તમે જૂઠું શીદ બોલોછો પ્રાતઃકાલમાં તો કાંઇ સાચું બોલો."

સંસ્કારકાળનું પ્રભાત સંવત ૧૮૮૦ પછી થવામાડ્યું–૧૮૮૪માં 'ઇસપનીતિ,' ૧૮૮૬માં વિદ્યાના ઉદ્દેશ લાભ ને સન્તોષ અને ૧૮૮૯ માં 'બાળમિત્ર' (પ્રથમ ભાગ) એ પુસ્તકો નિકળ્યાં.

એ પ્રમાણે ગુજરાતીભાષાનો ઉદ્ભવ તથા સ્થિતિ છે.-(સંસ્કૃત)-પ્રાકૃત-અપભ્રંશ-અપભ્રંશગુજરાતી-ગુજરાતી, એ પ્રમાણે ક્રમ છે. એ સ્થિતિક્રમ અને વર્તમાનસ્થિતિ એ જોતાં જણાયછે કે ભાષા અફગકાઠિયે એકવડી હતી ને છે, કોમળ હતી ને છે, થોડા વિષયમાં ને વિશેષે કવિતામાં રમતી તે આજ વધારે ને વિશેષ ગદ્યમાં ઘુમેછે. ભાષા, અર્થઘટ ને ઘાટીલી-સુન્દર થતી આવીછે ને થાયછે. ભાષા પોતાના પ્રાકૃતકોમળપણાંવડે કોઈ પણ મોટા અર્થને યથાસ્થિત સુન્દર દર્શાવવાને સત્વરે વળીશકે તેવી છે પણ કેળવણીની અછતમાં તે પોતાનું ઉત્કૃષ્ટસ્વરૂપ દર્શાવીશકતી નથી.*

ભાષા, હિન્દી મરેઠી કરતાં ગાત્રે વધારે લલિત છે ને તેથી તે કોમળસૌન્દર્યમાં વધારે આગળ પડેછે, પણ મોટા મોટા અર્થ સમાવી કઠિણ સૌન્દર્ય દેખાડે ને વળી કોમળ કઠિણ બન્ને સૌન્દર્યનાં સમ્મિશ્રણે એક નવુંજ ઉત્તમ સૌંદર્ય પ્રકાશે-એવી થવાને તેને કેળવણી મળવી જોઈયે. શબ્દભણ્ડોલ વધારવાને અને અનેક વિષય સહેલથી લખાતા થાય તેનેમાટે સારા સારા ગ્રન્થકારો થવા જોઈયે. એઓ પોતાના કાર્યનેમાટે સરળતાથી નવા શબ્દો જોડશે, પરભાષાના† યોગ્ય જણાશે તે સફુધરશે અને રૂડી રીતે યોજી વપરાતા કરશે. નવા નવા ગ્રન્થોવડે ભણ્ડોલ વધારવો ને કોશવ્યાકરણોવડે ભાષાને શુદ્ધ રાખ્યાં કરવી એજ પ્રકાર ભાષાની કેળવણીના છે.‡

---

* દ્રવિડ પણ્ડિતના વિશ્વગુણાદર્શનામના ગ્રન્થમાં ગુજરાતીભાષાને અમૃત જેવી મીઠી કહી છે. મને સાંભરેછે કે ખમ્ભાતવિષે એક ગવર્મેણ્ટરેકાર્ડમાં મેં વાંચ્યું છે કે ખમ્ભાતના કોઈ કલ્યાણરાય નામના લાડવાણિયાના કાળમાં 'ગુજરાતીભાષા સુન્દર કેવાતી.' (એણે ખમ્ભાતમાં પારસીઓનાં વધીગયલાં જોરને તોડ્યું હતું). જયદેવકવિયે અષ્ટપદીમાં ગુર્જરીરાગને પણ માનસાથે ગણનામાં લીધોછે. 'સોરઠ મીઠી રાગણી' એમ કચ્છનીઓ ગાયછે. ગરબી-ગરબાની વાણી ગુજરાતીનીજ છે ને વખણાયછે. હવે બીજે પક્ષે ગુજરાતી તે શુંશાંની, ગુજરાતીનું ગાણું તે રોણુંજ, સઘળી પ્રાકૃતનો કૂચો તે ગુજરાતી, ગુજરાતી તે પોચા-બાયલી ને હિન્દી તે મરદાની, ગુજરાતીમાં તે વળી કવિતા શી?-એનાંતો રાસડાજ-કવિતા તે ભાષાની, 'અમે તમેકા એક રુપૈયા, અઠે કઠે આણા બાર; ઈકડુન તિકડુન આણે આઠ ને શું સું—ચાર' એમ પણ કેતી કહીંકહીં છે. એ નિન્દાવાક્યો ગુજરાતી ઉચ્ચારણ અતિ-કમળું છે તેઉપરથી બોલાયાં છે. હિન્દી મરેઠી ગુજરાતી ભાષા એ એક માની જણેલી બેનો છે-શબ્દ મળતા આવેછે, સંસ્કૃતવર્ણનાં ઉચ્ચાર ઘણુંમાં સમાન છે પણ સર્વનામ-વિભક્તિપ્રત્યય-ક્રિયાપદના પ્રત્યય એ ત્રણ પરત્વે ને કોઈ કોઈ જુદાં ઉચ્ચારણને લીધે તે છેટેની સગી મનાયછે. બીજી બધી વાત પડતીમુકી ક્રિયાપદના પ્રત્યય જોઈયે તોજ સ્પષ્ટ દેખાયછે કે ગુજરાતી પ્રત્યય અતિશય કૂમળા છે. પૂર્વે કહ્યું છે કે સંસ્કૃતધાતુ અથવા સંસ્કૃતનામ એ ઉપરથી આપણા પ્રાકૃતધાતુ થયાછે તે સ્મરણ કરતાં જણાયછે કે 'કરણમ્' એ ઉપરથી 'કરના,' 'કરણે,' 'કરઉં'-વું' એમ પ્રાકૃતરૂપ થયાંછે. આ, એ, ઉં, એ ભેદ પરત્વે હિન્દુસ્થાની, મરેઠી, ગુજરાતી લોક કેવા હતા ને છે તેવિષે અને એ ત્રણ ભાષામાંથી કઈ બેનો પરસ્પર સમ્બન્ધ વિશેષ છે (ગુજરાતીને હિન્દુસ્થાનીસાથે વિશેષ સમ્બન્ધ છે એમ કેવાયછે પણ દક્ષણીસાથે વિશેષછે એમ મને કેટલીક વાતે જણાયછે) એવિષે અને દક્ષણી ગુજરાતી આર્ય ને હિન્દુસ્થાની આર્ય ક્યારે ને શીએ કાળે જુદાપડ્યા એવિષે મનમાન્યા શોધ સાધન હોયતો થઈશકે તેમ છે. ડનું બન્ને પ્રકારનું ઉચ્ચારણ હિન્દી મરેઠી ગુજરાતીમાં સરખુંજ છે, જેમ દક્ષણીમાં 'च 'ज 'झ એ ઉચ્ચારણ છે તેવું હિન્દીમાં નથી પણ આપણા ચરોતરનો ચ તેને કંઈક મળતો આવેછે. જૂની ગુજરાતીમાં ષષ્ઠીનો પ્રત્યય કહીંકહીં ચા-ચી લખાયાંછે. ઍ-ઑનાં પોળાં ઉચ્ચારણ મારા જાણ્યા પ્રમાણે દક્ષણીમાં નથી, 'રૈવું,' 'રાહાણે,' 'રહના,' એ ત્રણ રૂપ જોતાં હનું ટુંકું થઈજતું ઉચ્ચારણ જેમ ગુજરાતી દક્ષણીમાં થાયછે તેમ હિન્દીમાં થતું નથી-દક્ષણી કરતાં ગુજરાતીમાં વિશેષ ટુંકું થાયછે ને એઉપરથી ને પાછળ આપેલા દાખલાઓઉપરથી જણાયછે કે ગુજરાતી ઉચ્ચારણનું વલણ શબ્દને સફકોચવાળણી છે ને સફકોચ થયેથીજ પસરેલું કોમળ અફગ, ઘટ તથા બળિષ્ઠ બનશે. અનુસ્વારનું ઉચ્ચારણ આપણામાં જેવું વિલક્ષણ છે તેવું બીજી ભાષમાં નથી.

† અર્થજ્ઞાન વધે તેમ તેને ક્ષેમ રાખવાને યોગ્યપાત્ર જોઈયે માટે ભાષામાં શબ્દનું ભરણું તો કરવુંજ પણ પર-ભાષાના લેવા કે ન લેવા? સંસ્કૃતમાં કેટલાએક પરભાષાના શબ્દો છેજ (ને મેં એક ઠેકાણે વાંચ્યું છે કે મૂર્ધસ્થાની-વર્ણોથી આરમ્ભાતા શબ્દો મૂળ વાસ્તવ્ય લોકના છે) અને ગુજરાતીમાં કેટલાક ફારસી આરબી એવાતો રૂઢ થઈગયાછે કે તે કદાપિ ટાળ્યા ટળવાના નથી. જૂનામાંથી શોધી, પરભાષામાંથી લઈ, નવા જોડી પણ યોગ્ય જાણીને યોગ્ય રીતે શબ્દ વાપરી ભણ્ડોલ વધારવું.

‡ દેવનાગરીલિપિમાં પુસ્તક લખાઈ છપાતાં થાય તો ભાષાની ક્ષેત્રસીમા વધે ને વિશેષ ઉત્પન્ન થાય. હાલમાં કોઈના દ્રવ્યની સહાયતાથી ગ્રન્થ રચાયછે તેથી સારા ગ્રંથો થતા નથી ને ભાષાની કેળવણીને સ્થાઈ ઉત્તેજન મળતું નથી.

પૂર્વવર્ણનમાં પ્રદેશપ્રદેશની ને જાતજાતની ભાષાને ગુજરાતી ભાષા કહીછે પણ વર્તમાનભાષા વિશે તેમ સામાનીકરણ કરવાનું નથી. વર્તમાનભાષા તો આગગાડીવડે ને છાપખાનાંવડે ગુજરાતના ગુજરાતી બોલનારા સકળજનની 'બરબરી' થઈછે–સુરતની, અમદાવાદની, કાઠિયાવાડની એમ એમણા કેવાયછે તે ચાલતેઘોડે 'નહિ કેવાય. સુરતની ભાષા કદે કંઈક ઢિંગણી નાજુક ને કુમળી છે, અમદાવાદની કંઈક ઉંચી ને કઠણ છે, કાઠિયાવાડની જાડી છે ને શબ્દેશબ્દે ભારસામે છૂટી બોલાયછે * પણ એ ત્રણનું મિશ્રણ થવામાંડયુંછે ને રૂડું થશે. સમ્પ્રસારણ ઉચ્ચારણ પરત્વે પ્રદેશપ્રદેશમાં ભેદ છે તે ટળી જશે. ચરોતરના દન્તતાલુસ્થાની ચનું ઉચ્ચારણ તેતરફના ગ્રન્થકારો પણ વાપરતા નથી, પ્રદેશપ્રદેશમાં ઈ–એ ના ભેદ રૂપાન્તરો છે તેમાં પણ કેટલુંક નક્કી થતુ જાયછે–બહુજણ લાખવું બોલેછે પણ એ શબ્દ પુસ્તકોમાં વપરાતો બન્ધ થયોછે. લેખનશુદ્ધિ વ્યુત્પત્તિ એ વિષયોમાં પણ સુધારો થતોજાયછે. †

હિન્દુસ્થાનમાં વર્તમાનકાળમાં પ્રદેશપ્રદેશની જેટલી પ્રાકૃત ભાષાઓ ‡ છે ને તેમાં જેની જનની સંસ્કૃત છે, તેમાં ગુજરાતી ભાષા સ્થિતિપરત્વે કેવું દર્શન દેછે તે જાણિયે– એ ભાષા બોલનારા લોકની સઙ્ખ્યા સાઠલાખ કેવાયછે ને એ રીતે, ક્રમ માંડતાં તે નીચે ઉતરેછે–(હિન્દીના બોલનારા ૪) કરોડ, બઙ્ગાળીના ૩) કરોડ, પઞ્જાબીના ૧) કરોડ ને મરેઠીના ૧) કરોડ છે);––કેળવણી પ્રમાણે ક્રમ આપીએ તો મારા જાણ્યા પ્રમાણે તે માત્ર પઞ્જાબીથી ઉપર આવે; પણ પશ્ચિમહિન્દુસ્થાનના ઘણુંકરીને સઘળા દેશી વેપારીઓની અને હિન્દુસ્થાન દેશના દેશી વેપારીઓમાંના શ્રેષ્ઠ વેપારીઓની ભાષાદાખલ તે પેલી પ્રતીની શોભેછે. એ શોભા, ભાષા કેળવાયાથી અને છે તેથી વધારે જણાના બોલવામાં આવતી થયેથી ઘણી ઘણી સતેજ થશે એમ બોલવામાં કંઈજ બાધ નથી.

---

* વળી સન્ધિપ્રદેશની ભાષામાં સમ્બન્ધીપ્રદેશની ભાષાનો પાશ બેઠો હોયછે. બગવાડામાં મરેઠીનો, દાહોદમાં માળવીનો, સામળાજીતરફ મેવાડીનો, ડીસાતરફ મારવાડીનો અને પશ્ચિમે કચ્છી સિન્ધીનો પાશ છે (સાંઈ–કું એ સિન્ધી છે). એ પરભાષાનો પાશ કેટલો કેટલો છે તે નક્કી કરવાનો છે. મેવાડીશબ્દ આ રીતના છે– કેતા (કેટલા), ત્યાહાં (ત્યાં), ક્હેછે (કેછે), તીણારા–તીણાકા નામ (તેઓનાં નામ), તીણમાંહે (તેમાં), જણીથી (જેનાથી), જણીમાંહિ (જેનામાં), ચારદસાકે ચાલી, ઓર (બીજા), તાકો (તેનો), સદાકીરાણી (સદાની રાણી), હુવા (થયા), કુણકુણ (કોણકોણ), બ્રહ્મારો મરીચિ (બ્રહ્માનો મરીચી), તીન (ત્રણ), ઈકગુણો દાન દસગુણો પુન, આતો (આવે), હોસી (થાશે).

† સંસ્કૃત ષ–સને બદલે આપણામાં છ વપરાતો એવા થોડાક શબ્દ છે, કોળી થેડા સને ઠેકાણે છ સર્વત્ર બોલેછે, પારસીઓમાં વપરાતા કેટલાક શબ્દ બી (અપિ), માય (માત), વેક (વેગ), પેવસ (પ્રવેશ), સોઞ્જું (શૂચિઃ), ણૂક (કેવલ) ઈ૦ સંસ્કૃતના અપભ્રંશ છે ને તે આપણામાં કેટલાંક અતિભ્રષ્ટ રૂપાન્તરો છે તેવા નહિ પણ મૂળની પાસેના છે. કેટલાક પારસીશબ્દ આપણા જૂનાપુસ્તકોમાં છે તેજ છે પણ ઉચ્ચારણફેરછે. હોરાઓ મિલવું, આવો વગેરે બોલેછે તે જૂનાગ્રન્થોમાં છે. સુરતના વડનગરાઓમાં કૂર, ભોગ, પાગ, જાસક, ઈ૦ વપરાયછે તે ખોટા નથી. કાઠિયાવાડના નાગરો ધ્રોડવું, ધ્રાવું એમ રકાર ભેળેલું ઉચ્ચારણ કરેછે તેવાં રૂપો જૂના પુસ્તકોમાં છે. એ દાખલાઓથી પણ જણાયછે કે મૂળને મળતાં રૂપાન્તર રાખવાની વાત છોડીદઈ વર્તમાનવ્યવહારનાંનેજ લખવામાં લેવાં.

‡ કોઈ કળિંછપ્પનદેશની છપ્પનભાષા આ પ્રમાણે ગણાઈછે– અઙ્ગ, વઙ્ગ, કલિઙ્ગ, કામ્બોજ, કાશ્મિર, સૌવીર, સૌરાષ્ટ્ર, માગધ, માલવ, મહારાષ્ટ્ર, નેપાળ, કેરળ, ચોળ, પાઞ્ચાળ, ગૌડ, મલ્લાળ, સિંહલ, વડચ, દ્રવિડ, કર્ણાટક, મરહટ, પાનાટ, પાંડચ, પુલિન્દ, આન્ધ્ર, કનોજ, યાવન, જલાન્ધ, શલભ, સિન્ધુ, અવન્તી, કન્નડ, હૂણ, દાશાર્ણ, ભોજકોટ, ગાન્ધાર, વિદર્ભ, બાલ્હિક, ગઞ્જર, બર્બર, કૈકેય, કોશલ, કુન્તલ, શૂરસેન, ટક્કણ, કોંકણ, મત્સ્ય, મદ્ર, સૈંધવ, પારાશર્ય, ગુર્જર, ખચર, જૂચક, ઝલ્લક, પ્રાગ્જ્યોતિષ, કરાહટ. વળી દશ ભાષા પણ ગણાઈછે– પઞ્જાબી, હિન્દી, મૈથિલી, ગૌડ અથવા બઙ્ગાળી, ગુજરાતી, ઊર્ય, મરેઠી, તૈલઙ્ગી, કર્ણાટકી અને તૈમુલ. જૉન બીમ્સે લખ્યુંછે કે શૌરસેનીમાંથી ૧૧ ભાષાઓ થઈછે–હિન્દી, બઙ્ગાળી, પઞ્જાબી, સિન્ધી, મરેઠી, ગુજરાતી, નેપાલી, ઊર્ય, આસામી, કાશ્મિરી અને ડોગ્રા (મૈથિલી, ભોજપુરી, કોશલી, બ્રીજ, કનોજી, રજપુતી, બુન્દેલખણ્ડી એ સૌ હિન્દીની ઉપભાષાઓછે). હિન્દી, બઙ્ગાળી પઞ્જાબી મરેઠી બોલનારાની સઙ્ખ્યા આપીછે તે એક 'કાલેણ્ડર' માંથી ઉતારી લેઈને. બીમ્સ આપ્રમાણે સઙ્ખ્યા આપેછે– હિન્દી બોલનારા હિન્દુ ને સમજનારા મુસલમાન મળીને ૬,૦૭,૬૩,૭૭૯ છે, બઙ્ગાળી બોલનારા હિન્દુ ને બીજી ભાષા બોલનારા પણ થોડુંઘણું બઙ્ગાળી સમજે તેવા મળીને ૨,૦૫,૮૩,૬૩૫ છે, પઞ્જાબી બોલનારા એક કરોડ ને સાઠ લાખ છે, મરેઠી બોલનારા એક કરોડ ને ગુજરાતી બોલનારા ૬૦ લાખ છે. હિન્દુસ્થાનમાં ઉરદુભાષા બોલનારા ૩ કરોડથી વધારેછે એમ મેં એક ઠેકાણે વાંચ્યું હતું.

માટે એવે, ભૂતસ્થિતિનોજ અથવા ઉત્તમ ભાવીસ્થિતિનોજ વિચાર કરયાં કરવાનું પ્રયોજન નથી. ભૂત ભાવી ઉપર અતિશય મોહ રાખતાં જો વર્તમાન સચવાય નહિ તો તે મોહ કેવળ જડપણું છે અથવા ઘેલાપણું છે. ભૂત ઉપરથી વિવેક જાણી ભાવીની આશાએ હોંસીલા થઈ એ બેવડે આપણે આપણી શક્તિ વધારીશું તો ભાષાનું બળ પણ વધશે ને સૌંદર્ય પણ વધશે. દ્રવ્યને ઉદ્દેશી નહિ પણ માનને અથવા આનન્દને અથવા વસ્તુનેજ અથવા પરોપકારને ઉદ્દેશી જ્યારે કેટલાક જણ હોંસઆગ્રહથી પોતાની વિદ્યા વધારશે ને ગ્રન્થો રચશે ત્યારે ભાષા સહજ સુધરશે. પણ ગુજરાતમાં વિદ્યા વધે ને ગુજરાતી વિદ્વાનો બીજા પ્રદેશના વિદ્વાનોની સાથે સરસાઈ કરે એ તો વિસ્મય જેવું થાય. તોપણ, સમૂહના આગ્રહઉત્સાહે વેલું મોડું પણ શું નથી બનતું?; અને શૈકાપટ ઉપરથી આપણે જાણ્યુંછે કે ભાષા ઉત્તરોત્તર અધિક સંસ્કાર પામતી આવીછે; વળી આપણી ઉચ્ચસ્થિતિનો સૂર્યોદય થયે આપણે તેના સુમઙ્ગળ પ્રકાશમાં ઉજમાળા રઈ કામ કરીએછીએ—આપણું શુભચિન્તન નિત્ય આજ હોવું-

કે હિન્દુસ્થાનના સમગ્રઉત્કર્ષને અર્થે પ્રથમ તેના અઙ્ગપ્રદેશોનો પૃથક્ પૃથક્ ઉત્કર્ષ થવો અવશ્ય છે તો તેના એક અઙ્ગપ્રદેશ-ગુજરાતનો ઉત્કર્ષ સત્વરે થાઓ, અને એ ઉત્કર્ષની સામગ્રીમાં પ્રથમ ગુજરાતીભાષાના જયશ્રીરઙ્ગ વિરાજો !

પોષ-ઉત્તરાયનસઙ્ક્રમણ, સં૦ ૧૯૨૯ — નર્મદાશઙ્કર લાલશઙ્કર.

તા. ૧૨મી જાનેવારી સને ૧૮૭૩.



નર્મકોશ.

ગુજરાતી.

(શબ્દાર્થસંગ્રહ.)

અ.

અ, દેવનગરી તથા ગુજરાતી લિપિનો પ્રથમ અક્ષર; સ્વરજાતિ મૂળાક્ષરમાંનો પેલો;- એ, ક્ મ્ આદિ વ્યઞ્જનોમાં ભળેથી તે વ્યઞ્જનોનું સ્પષ્ટ ઉચ્ચારણ થાયછે. ૨ વ્યઞ્જનવર્ણથી આરમ્ભાતા શબ્દની પૂર્વે જોડાયાથી નિષેધ-અભાવ-નહિ-વિનાનો અર્થ રાખેછેઃ **અબોલા**, **અવાવરું**, **અપાર** ઇ૦.-એજ અર્થમાં એ સ્વર જ્યારે સ્વરાદિ વર્ણસાથે જોડાયછે ત્યારે **અન્** રૂપે થાયછેઃ- અન્+અન્ત=**અનન્ત**, **અનાસ્થા**, **અનાદર** ઇ૦. ૩ કેટલાક શબ્દમાં અ, નિરર્થક વપેલોછે-લોપનું **અલોપ**, વૃથાનું **અવરથા**, સ્ત્રીનું **અસ્ત્રી** એમ રૂપ થયાંછે.

અંઃ, એ અવ્યય બેદરકારી-તુચ્છકારના અર્થમાં વપરાયછે; વળી, ન સહન થતાં દુઃખની પણ સૂચના કરેછે. **અંહું**, એ આશ્ચર્યસૂચક અવ્યય છે.

અંશ, પુ૦ [સં૦ **અંશ**:—ભાગ પાડવા; વેંચી આપવું] ભાગ; હિસ્સો; વાંટો; વિભાગ; કળા. એ શબ્દ બીજાની સાથે સંયુક્ત થયલો વિશેષે વપરાય છેઃ **જ્વરાંશ**, **પિત્તાંશ**, **જલાંશ** ઇ૦. ૨ જે ઇશ્વરી ગુણ અથવા એમાંનો, જે કેટલાક પ્રસાદથી અથવા સંસ્કારથી પ્રાપ્ત થયો હોય તે; પ્રસાદ; સંસ્કાર. "જે કોઈ **પ્રેમઅંશ** અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે" (દયારામ). ૩ એકાદા ગોળના ૩૬૦ ભાગમાંનો એકેકો-(અક્ષાંશ, રેખાંશ ઇ૦). ૪ અપૂર્ણાંકમાં લીટીની ઉપરનો જે અંક તે;- ¾ એમાં ત્રણ એ અંશ ને ચાર એ છેદ કેવાયછે. ૫ લેશ; થોડુંક તે-દૂધમાં પાણીનો અંશ છે.

અંશાવતાર, પુ૦ જેમાં પરબ્રહ્મના થોડા ઘણા અંશ હોય તેવો અવતાર. પરશુરામ, રામ ઇ૦ એ અંશાવતાર અને કૃષ્ણ તે પૂર્ણકળા અવતાર.

અંશી, વિ૦ અંશવાળું; સંસ્કારી, ઇશ્વરપ્રસાદિત. તે અંશી જીવ છે. દેવાંશી એટલે જેનામાં દેવનાં તેજ-ગુણનો અંશ હોય તેવું (જન).

અંશુ, પુ૦ [સં૦ **અંશ**:—ભાગ પાડવો અથવા **અંશૂ**-વ્યાપીરેવું.] સૂર્યકિરણ. ૨ પ્રકાશ, ૩ સૂર્ય.

અંશુમાન્, પુ૦ [સં૦]. સૂર્ય.

અઋણી, વિ૦ [સં૦ અનૃણ] જેને ઋણ-કરજ ન હોય તે.

અકડબાજ, પુ૦ [હિં૦] **અક્કડ** (૨ જા અર્થમાં).

અકડાઅકડી, સ્ત્રી૦ સરસાસરસી; હોંસાતોંસી.

અકડાઈ, સ્ત્રી૦ ભભકા-તોરથી રેવું તે. ૨ ઐડઆઈ; પતરાજી.

અકડાવું, ક્રિ૦ અ૦ તોરમાં રેવું; લાલા-ઇચકી થઈ ભભકામાં ફરવું-મરડાવું.

અકબરી, વિ૦ [આ૦] અકબર બાદશાહે કાડેલો-(શિક્કો-કાયદો-રિવાજ વિગેરે).

અકરાંતિયું, વિ૦ [સં૦ **અતિક્રાન્ત**] ખાતાં-પીતાં અકળાય તોપણ ખાયાં-પીવાં કરે તેવું; ખાતાં ધરાયજ નહિ તેવું (જન).

અકરાળવિકરાળ, વિ૦ [સં૦ કરાલનું અકરાળ ને વિકરાલ] અતિભયાનક; ભયંકર; ડરામણું.

અકર્તવ્ય, વિ૦ [સં૦] ન કરવા જોગ.

અકર્તા, પુ૦ [સં૦] કર્તા-કરનારો નહિ તે.

અકર્મક, વિ૦ [સં૦] જેમાં કર્મ ન હોય તે (ધાતુ-ક્રિયાપદ-પ્રયોગ).

અકર્મી, વિ૦ [સં૦] અઘટિત-દુષ્ટ કર્મ કરનાર.

અકલ, સ્ત્રી૦ [આ૦] **અક્કલ**.

અકલી, વિ૦ બુદ્ધિમાન્; તર્કી. ૨ સમજુક; શાણું.

અકલ્પિત, વિ૦ધા૦ [સં૦] કલ્પિત-બનાવટનું નહિ તે; સાચું. ૨ મૂળ; પ્રકૃત; અસલ.

અકલ્યાણ, ન૦ [સં૦] ભુંડું; માઠું; નઠારું; અશુભ; [બુરું.

અકસર, અ૦ [આ૦] વિશેષે; મુખ્યત્વે; ઘણુંકરીને. ૨ કદાપી; વેળાએ.

અકસીર, વિ૦ [આ૦] લાગુ પડે-અસર કરે તેવું, રામબાણ; આબાદ. ૨ સ્ત્રી૦ હીણી ધાતુનું સોનું—રૂપું કરનાર જે રસાયન તે. (પારસમણિ).

અકસ્માત્, અ૦ [સં૦] એકાએક; અણચિન્તવ્યું. [તેવું.

અકળ, વિ૦ [સં૦ અકલિત] કળી-સમજી ન શકાય

અકળવિકળ, આકળવિકળ.

અકળામણ, સ્ત્રી૦ [સં૦ આકુલતા] મનમાંનો ગભરાટ. ૨ ગભરાટથી થતું દુઃખ.

અકળાવું, ક્રિ૦ અ૦ મનમાં ગુંચવાવું -ગભરાવું. ૨ ગભરાટથી દુઃખી થવું.

અકળિત, વિ૦ધા૦ [સં૦-અ; કલિત; કલ-ગણવું-ગતિ કરવી] ન સમજાયું-ગણાયું-પોંચીવળાયું હોય તેવું.

અકાબર, પુ૦ [આ૦] ઓધેદાર; પદવીવાળો ગૃહસ્થ.

અકારત, અ૦ [સં૦ અકાર્ય] મિથ્યા; ફોકટ; નકામું. ૨ અઘટિત; અયોગ્ય.

અકારું, વિ૦ અણગમતું; અભાવવાળું; નાપસન્દ.

અકાળ, પુ૦ યોગ્ય કાળ-સમો નહિ તે; કમોસમ, કરત. (એ શબ્દ બિજાસાથે જોડાયલોજ વપરાયછે) **અકાળમૃત્યુ,**—જે સમયે ન થવું જોઈયે તે સમે થયલું મૃત્યુ. **અકાળવૃષ્ટિ**-કરતે થયલો વર્ષાદ-માવઠું.

અકીક, પુ૦ [આ૦] હલકી કિમ્મતનો રંગીન ચળકતો પથ્થર; ખોટો હીરો.

અકુલીન, વિ૦ નીચાં કુળનું; કુળહીન (જન).

અકૃત, ન૦ [સં૦ અકૃત્ય] પાપ. [કપટવગરનું.

અકૃત્રિમ, વિ૦ [સં૦] સ્વાભાવિક; કુદરતી. ૨ સાચું,

અકોટી, સ્ત્રી૦ [સં૦ અકોટ-સોપારીનું ઝાડ. અકોટી સોપારીનાં શાડચાંના આકારની હોયછે] સ્ત્રિયોને કાને પેરવાનું સોનાનું ગોળ ઘરેણું; ઝુમખાવાળું મોટું લોળિયું.

અક્કડ, વિ૦ [હિં૦ અકડ] ટટાર; છાતીનો સીનો દેખાડતું એવું ખેંચેલું-ઊભેલું-ચાલતું (જન). ૨ છાતીના સોનાથી, મૂછના આંકડાથી ને લુગડાંલત્તાંથી બપડો કરનાર; તોરથી રેનાર; છેલ બની બપડો કરનાર.

અક્કરમી, વિ૦ [સં૦ અકર્મી. ગુ૦ અ-નહિ અથવા ખરાબ ને કરમી-નસીબદાર] અભાગિયું; કમનસીબ. ૨ બુદ્ધિ વિનાનું; ઠોઠ. "અક્કરમીના દડિયા કાંણા, અક્કરમી નિશાળિયાને વટાણાં ઘણાં, અક્કરમી માટી બૈયર ઉપર શૂરો" એવી કેવતોછે.

અક્કલ, સ્ત્રી૦ [આ૦ અકલ] બુદ્ધિ; સમજ. ૨ ડાપણ. ૩ તર્ક. અક્કલ દોડાવવી-પોંચાડવી-ચાલવી-ગુમ થવી ઇ૦, એમ, અને અક્કલનો દુશ્મન-સાગરીત-ઉંધો એમ પ્રયોગમાં વપરાયછે. "અક્કલ બડી કે ભેંસ" એ કેવત છે.

અક્કલગરો, પુ૦ એક જાતના છોડનું મુળિયું. એ ધાતુપુષ્ટિનાં વસાણાંમાં ગણાયછે. એ તોતડાં માણસની-પોપટની જીભ વાળવાસારુ તેને આપવામાં આવેછે.

અક્કલમન્દ-વન્ત-વાન, વિ૦ [અકલ, ને ફા૦ મન્દ તથા સં૦-વાન્-વન્ત] અક્કલવાળું; બુદ્ધિમાન્. ૨ ડાહ્યું. ૩ તર્ક ઉઠાવનાર. ૪ હોશિયાર.

અક્કલ-હોશિયારી, સ્ત્રી૦ [આ૦ ફા૦] એ બે શબ્દો એકજ અથવા સમ્બન્ધી અર્થમાં-(અક્કલ ને તેથી આવતી જે હોશિયારી તે) વપરાયછે.

અક્કેક-કું, વિ૦ પ્રત્યેક; દરેક. ૨ એક પછી એક.

અક્ટોબર, પુ૦ [અં૦] અંગ્રેજી વર્ષનો દશમો મહિનો-એકતિસ દાડાનો. (આસો-કારતકમાં).

અક્રૂર, વિ૦ [સં૦] દયાળુ; માયાળુ.

અક્ષ, પુ૦ [સં૦] રમવાના પાસા. ૨ માળાના મણકારૂપે વપરાતાં કેટલીક જાતનાં બી-રુદ્રાક્ષ, ભદ્રાક્ષ, ઇંદ્રાક્ષ ઇ૦. ૩ પૈડાંની વચમાંનો આંક. ૪ અક્ષધૂત્ત. ૫ ઇન્દ્રી.

અક્ષત, પુ૦ [સં૦] છાલાંવાળા ચોખા; ભાત; ડાંગેર; સાળ. ૨ સેકેલું અનાજ; ધાણી. **અક્ષતછાંટવા**-દેવ બ્રાહ્મણને અથવા બ્રાહ્મણે આશીર્વાદ બણી યજમાનને. **અક્ષત ઉતારવા**-ભૂત વગેરે આડાંનો સન્દેહ આવ્યાથી શું છે તે ગુણીપાસેથી જાણી લેવાસારુ સપડાયલાં માણસનાં માથાંઉપર અનાજના દાણા સાતવાર ફેરવવા (ને પછી પોટલી બાંધી તે સુતું હોય ત્યાં માથાંતળે મુકવી).

અક્ષત, વિ૦ [સં૦-અ; ક્ષત-ભાંગેલું-તુટેલું-નાશ પામેલું] નુકસાન વગરનું; સલામત. ૨ આખું; તુટેલું-ખાંડું થયલું નહિ તે.

અક્ષય, વિ૦ [સં૦ અ, ક્ષય. ક્ષિ--ઘસાઈ જવું-ખરી-પડવું-થોડે થોડે નાશ પામવો] નાશ ન પામે તેવું; અભંગ; હમ્મેશ રે તેવું; અખુટ. **અક્ષયકીર્તિ**-બાથા ઇ૦. મનુષ્યને પણ કેવાય કે અક્ષય રો.

અક્ષય-તૃતીયા, સ્ત્રી૦ [સં૦] વૈશાખસુદ ત્રીજ. એ દિવસે મુએલાંને નામે બ્રાહ્મણોને પાણીથી ભરેલાં ન-

વાં માટલાં વગેરે આપવામાં આવેછે.

અક્ષય-પાત્ર, ન० [સં०] જેમાંની વસ્તુ કદી ન ખુટે તેવું વાસણ.

અક્ષયી, વિ० [સં०] અક્ષય.

અક્ષર, પુ० [સં० અ, ક્ષર. ક્ષરં—પિગળવું-વેવું-ખરવું] મોમાંથી નિકળતો સ્વર-અવાજ; વર્ણ. એ અથવા એઓ એકઠા મળી શબ્દરૂપે એકાદો અર્થ સૂચવેછે. ગૃહસ્થને મોડેથી આવા અક્ષર નિકળવા એ ઘટારત તો નહિ. ૨ એ સ્વર-અવાજનું જે ચિન્હ લખવામાં આવે છે તે; દસક્ત; હરફ. અક્ષર વાળવા-ઘુંટવા. ૩ (વ્યાકરણમાં) સ્વર, અથવા સ્વરયુક્ત વ્યન્જન.—મૂળાક્ષર, જોડાક્ષર. ૪ (છઠ્ઠીના લેખના) "બરમે અક્ષર નાખ્યા ભૂસી"-(શિવાનન્દ). ૫ ભણવા ગણવાની વિદ્યા-."શત્રુ અક્ષરમાં પૂરો" (ન०કા०); એ અર્થમાં અક્ષરશત્રુ શબ્દ પણ છે. ૬ મેણું; ભાર. અક્ષર ઉતારવા-મેણું ટાળવું; માથેથી ભાર ઉતારવો; કાંકો ન મળે તેવું કરવું. ૭ અવિનાશી ઈશ્વર; બ્રહ્મ.

અક્ષર, વિ० [સં०] ન ખરે-ક્ષીણ થાય તેવું; અવિનાશી.

અક્ષરપદ્ધતિ, સ્ત્રી० [સં०] શબ્દોના અક્ષર લખવાની રીત.

અક્ષરશઃ, અ० [સં०] અક્ષરે અક્ષર; એક અક્ષર પણ મુકી ન દેતાં.

અક્ષરશત્રુ, વિ० [સં०] જેને ભણવાં-લખવાં-વિદ્યાસાથે શત્રુવટ હોય તે, મૂર્ખ; ૨. [આવડે નહિ તે.

અક્ષરશૂન્ય, વિ० [સં०] જેને કંઈજ ભણતાં લખતાં

અક્ષરી, વિ० [સં०] અક્ષરનું-વાળું-સમ્બન્ધી. પંચાક્ષરી મન્ત્ર.

અક્ષવૃત્ત, ન० પૃથિવિનાં પૃષ્ઠઉપર દોરેલાં જે વૃત્ત-ગોળ લીટીથકી અક્ષાંશ જણાયછે તે.

અક્ષાંશ, પુ० [સં०]. પૃથિવિનાં પૃષ્ઠઉપર ઉત્તરદક્ષિણ ધ્રુવથી મધ્યભાગે પૂર્વપશ્ચિમ દોરેલો જે ગોળ (વિષુવવૃત્ત) તેથકી ઉત્તર અથવા દક્ષિણ દિશાએ હરકોઈ જગાનું જે અન્તર તે.

અક્ષિ, સ્ત્રી० [સં०] આંખ.

અક્ષિક, સ્ત્રી० [સં० અક્ષીવ] જે અમુક-ખાખ ગાળેલી હીણી ધાતુમાં મુકવાથી એનું સોનું-રૂપું થાયછે તે.

અક્ષૌહણી, સ્ત્રી० [સં० અક્ષ-ગાડી; ઊહિણી-સમૂદાય] મોટું સૈન્ય-જેમાં ૧૦૯૩૫૦ પાયદળ, ૬૫૬૧૦ ઘોડા, ૨૧૮૭૦ રથ ને ૨૧૮૭૦ હાથી હોય છે.

અખડ, વિ० વાપરવામાં ન આવતું હોય તેવું.-વાસણ.કુવો વગેરે.

અખડદાડા, પુ० કંઈ કામ કરવું ગમે નહિ-કંટાળો આવે તેવા દાડા (ઊનાળાના).

અખણ્ડ, વિ० [સં०] આખું; પૂર્ણ; ભાંગેલું-તુટક નહિ તે. ૨ સર્વ કાળ સરખું; હમેશ. અખણ્ડ દીવો.

અખણ્ડ-સૌભાગ્ય, ન० [સં०] સ્ત્રીનું સૌભાગ્ય-હેવાતન, વૈધવ્યથી ખણ્ડિત ન થતાં સદા રેવું તે.

અખણ્ડ-સૌભાગ્યવતી, સ્ત્રી० [સં०] અખણ્ડ હેવાતનવાળી સ્ત્રી.—એવો આશીર્વાદ દેવાયછે.

અખણ્ડિત, વિ०ધા० [સં०] ખાંડું ન થયલું તે; વચમાંથી તુટેલું નહિ તે; આખું; પૂર્ણ. ૨ નિરન્તર હોય તેવું.

અખતરું, વિ० નઠારું; ખરાબ.

અખતરો, પુ० [ફા०] નવું જાણવાને-શોધવાને-પ્રાપ્ત કરવાને જે જે યુક્તિ કરવી તેમાની એકેક; પ્રયોગ.

અખત્તર, વિ० મેલું; ગન્દું; નઠારું.

અખત્તરડાયું, વિ० જોઈયે તેથી વધારે ડાયું; દોઢ ડાયું; આગળ વધારીને બોલનાર.

અખત્યાર, પુ० [આ०] અમુક કામ કરવા સમ્બન્ધી મળેલી જે સત્તા તે; અધિકાર. [વું; ધણીપણું.

અખત્યારી, સ્ત્રી० મળેલી સત્તા-છૂટ. ૨ અધિકારીપ

અખબાર, પુ० [આ०] વર્તમાન; સમાચાર. ૨ વર્તમાનપત્ર. [ખમ છઉં!

અખમ, વિ० અસમર્થ. હું શું તે કામ કરવે અ-

અખરામણ, ન० દૂધનું દહીં બનાવવાસારુ દૂધમાં જરાક દહીં, છાસ વગેરે ખટાસ મેળવવી તે; મેળવણ; મોરવણ; અધ્રકણ; આખરણ.

અખરોટ, ન० અખોડ.

અખાડ, આખાડ.

અખાડા, પુ० પઢાઈમાં વાત ઉડાવવી તે; દીઠું ન દીઠું-સાંભળ્યું ન સાંભળ્યું એમ કરીનાખવું તે; ન ગણકારવું-લેખવવું. અખાડાકાન પણ કેવાયછે. ૨ નજર ચોરાવી ચાલીજવું; નામોજવું; સટીજવું. અખાડા કરવા કેવાયછે.

અખાડી, સ્ત્રી० આખાડી.

અખાડો, પુ० [હિં०] કસરત કરવાની એકાદી જાહેર જગા;-જોરકુસ્તી કરવાનો-ગાયનનો-અભ્યાસ કરવાનો અખાડો. ૨ બસનીઓને મળવાનું ઠેકાણું-એ ઘણુંકરીને સાધુઓના આશ્રમમાં હો-

પંક્તિ. ૩ ગોસાંઈમાં જુદા જુદા ભેદ છે તેમાંનો એકાદો.

અખાત, પુ૦ [સં૦ અ; ખાત-ખોદેલું] સમુદ્રનો જે ફાંટો જમીન તરફ લાંબો ગયો હોય તે. ૨ તળાવ; સરોવર; કુણ્ડ (કુદરતી-ખોદાવ્યા વગરનું).

અખાત્રીજ, સ્ત્રી૦ અક્ષયતૃતીયા.

અખાદ્ય, વિ૦ [સં૦ અ; ખાદ્ય. ખાદ-ખાવું] ખાવા જોગ નહિ. ખાઈ શકાય નહિ તે.

અખિલ, વિ૦ [સં૦ અ; ખિલ—જુદું પડેલું] આખું; પૂર્ણ; સઘળું; સર્વ. "અખિલ વિશ્વમાં કૃત્ય તાહરાં." (ન૦ કા૦).

અખુટ, વિ૦ ખુટે-ઘટે નહિ તેવું. (ભણ્ડાર).

અખે, અક્ષય.

અખેતીજ, અક્ષયતૃતીયા.

અખેનોમ, અક્ષય નવમી-કારતકસુદ નોમ.

અખેપાત્ર, અક્ષયપાત્ર [ળ (સુકોમેવો).

અખોડ, ન૦ [સં૦ અક્ષોટ-ડ] એ નામનું ઝાડ-ફ-

અખોવન, વિ૦ [સં૦ અક્ષયવન] જેનું એકપણ છોકરું મુઉં ન હોય તેવી સોવાસણ સ્ત્રી. "અખોવન શીલીબેનની શેઈ". જેને સન્તાન, સમૃદ્ધિ ઈ૦ નું સુખ હોય તેવી-"અખોવન નાની બેનની ઘાટડી." (એ વાક્યો બૈરાંનાં ગીતમાંનાં છે).

અખ્ખર, અક્ષર.

અખ્યાણું, ન૦ હરેક શુભકારજને આરમ્ભે શકુનમાં જોષી-ગોર-મેતાજી-માળી-ઢોલી—હજામ વગેરેને જે ભેટ-બક્ષીસ આપવામાં આવેછે તે. અખ્યાણાંમાં ઘણુંકરીને ઘઉં, નાળિયેર, સોપારી, કંકુ, વસ્ત્ર, ગોળધાણાં અને કંઈ નાણું એ હોયછે.

અગ, પુ૦ [સં૦] પર્વત. ૨ સૂરજ. ૩ સાપ.

અગડબમ્બ, વિ૦ બેડી બાંધણીનું પણ સઙ્ગીન જાડું દુંણ્ડાળું (જન).

અગડમ્બગડમ્, ન૦ બલીવાર થનાનું-સમજાય નહિ તેવું બોલેલું-લખેલું હોય તે. ૨ ગરબડસરબડ; સેળભેળ; ગોળોપિણ્ડાળો.

અગણિત, વિ૦ધા૦ [સં૦] જેની સઙ્ખ્યા ગણાઈ ગણાતી નથી તે; અસંઙ્ખ્ય; પુષ્કળ; અમાપ.

અગણું, વિ૦ તીણું. 'અગણું ને મંગળ વરતીયુંરે'- (બૈરાંનાંગીત)

અગણોતરો, પુ૦ સંવત ૧૮૬૯ માં આખાં ગુજરાત કાઠિયાવાડમાં પડેલો જે મોટો દુકાળ તે.

અગણોતેર, વિ૦ [સં૦ એકોનસપ્તતિ. હિં૦ ઉનહત્તર] સિત્તેરમાં એક ઓછો એટલી જે સઙ્ખ્યા તે. ૬૯.

અગત, અગત્ય.

અગતસર, અ૦ જરૂરને લીધે.

અગતિ, સ્ત્રી૦ [સં૦ અ; ગતિ-સદ્ગતિ] અવગતિ, અસદ્ગતિ; હીણયોનિ; નરક.

અગત્ય, સ્ત્રી૦ [સં૦ અ; ગતિ-ગમન માર્ગ] (જેના વિના આગળ જવાય નહિ તેવું એટલે બીજો રસ્તો નહિ) જરૂરિયાત; ગરજ. ૨ દરકાર; તમા.

અગત્યનું, જરૂરનું; કામનું; ઉપયોગી.

અગથિયો, પુ૦ [સં૦ અગસ્તિ] એક જાતનું ઝાડ. એનાં ફૂલ શ્રાદ્ધમાં કામ આવેછે; એનાં ફૂલ સીંગનું અથાણું તથા શાક થાયછે.

અગન, સ્ત્રી૦ [સં૦ અગ્નિ] અતીસ ગરમીથી થતી અસર; બળતરા; આગ; લાય; ઝાળ.

અગમ, વિ૦ અગમ્ય.

અગમ, સ્ત્રી૦ ભવિષ્ય; ભાવી; હોનાર; થવાનું તે.

અગમચેતી, પુ૦ હોનાર વિષે આગળથી ચેતવાની શક્તિ-સમજ.

અગમદોરો, પુ૦ સવારીના ઘોડાને હાંસડીને ઠેકાણે બનાતની ભેસેરી ચીપનો જે સણગાર હોયછે તે.

અગમનિગમ, સ્ત્રી૦ [સં૦ આગમ-આરમ્ભ-ઉત્પત્તિ અને નિર્ગમ-પરિણામ-અંત.] આગળપાછળનું તે; આરમ્ભ ને અન્તનું તે. ઉદ્ધત મનુષ્ય અગમનિગમનો લેશ વિચાર કરતો નથી.

અગમપચ્છમ, સ્ત્રી૦ અગમનિગમ શબ્દ જોવો.

અગમબુદ્ધિ, સ્ત્રી૦ [સં૦ અગમ્ય, બુદ્ધિ] અગમ્ય-હોનાર વિષે આગળથી જાણવાની-વિચાર કરવાની જે શક્તિ તે. વિ૦ આગળથી જાણનાર-વિચારનાર. [મ બુધિયું.

અગમબુધિયું, વિ૦ અગમબુદ્ધિ. એનું ઊલટું પશ્ચિ-

અગમ્ય, વિ૦ [સં૦ અ; ગમ્ય. ગમ-જવું] જવાય-પોંચાય-સમજાય નહિ તે. ૨ જવાને યોગ્ય નહિ તે.

અગમ્યાગમન, ન૦ [સં૦] જેનીસાથે ન કરવો જોઈયે તેનીસાથે જે સમ્ભોગ કરવો તે.

અગર, ન૦ [સં૦ અગરુ-અગુરુ] એક જાતનું હલકું સુગન્ધિવાળું લાકડું. "અગરૂ ચંદનના ઢોલિયા." ૨ [સં૦ આકર-ખાણ] મીઠું પકવવાની દરિયાકાંઠાની જગા.

અગર, અ૦ [ફા૦] જો; કદાપી: અગર તેમ બન્યું

તો. ૨ અથવા. તે અગર તું આવજે. ૩ પણ. ત-
મે તેમ કેહો અગર મારો વિચાર આમ છે.

અગરચેં, અ૦ [પ્રા૦] જો; જોકે; જોપણ.

અગરબત્તી, સ્ત્રી૦ અગર કપૂર અને બિજા સુગન્ધ-
પદાર્થનો સુંઘે લગાડેલો એવી જે સળી તે; ધૂપસળી.

અગરડા, પુ૦ જુવાર, બાજરીના કણસાં વગરના
જે બીજા સાંઠા તે. (સુકાને કડબ કે છે).

અગરિયો, પુ૦ મીઠું પકવનાર.

અગલ, સ્ત્રી૦ ગિલિદણ્ડે લખોટીયે રમવામાં એક નિ
શાની દાખલ જમીનમાં જે આકો છાછરો ખોદે-
લો ખાડો તે; ગેદી; ગબી. [કામ; અડચણ.

અગવડ, સ્ત્રી૦ એક ઠેકાણે ઘણાંનું ન માવું તે; સંકડ-

અગવાડું, ન૦ આગલો ભાગ. "આગળ અગવાડું ને
પાછળ પછવાડું" એમ બોલાયછે.

અગવો, પુ૦ રસ્તો દેખાડનારો; ભોમિયો; વળાવો.
"તું સત્ય અગવો આગળ કરે, તે પુંઠે જો તું સંચ-
રે" (અખો.)

અગસ્ત, પુ૦ [સં૦ અગસ્તિ-સ્ત્ય] એ નામના ઋષિ.
૨ એ નામનો તારો. **અગસ્તના વાયદા,** પુ૦ લાં-
બો ખોટો વાયદો. ભાઈ તારા તો અગસ્તના વા-
યદા છે.

અગાઉ, અ૦ [હિં૦] ગયલા વખતમાં; પેહેલાં; અગ-
ળ. ૨ પેહેલે; પ્રથમ; આગળથી.

અગાઉથી, અ૦ ઠેરવેલા વખતની પેહેલાં; આગમજ-
થી. ૨ આરમ્ભથી; પ્રથમથી.

અગાડી, અ૦ ગયા વખતમાં; પેહેલાં. અગાડી એમ
બન્યુંછે. ૨ પ્રથમ; આગળથી. અગાડી જા. ૩ પા-
સે; આગળ; સામાં. મારી અગાડી બેસ. ૪ અન્ત-
રમાં વધારે. તે તેનાથી અગાડી નિકળીગયો. ૫
આવતો કાળ; ભવિષ્ય. અગાડી એમ થવાનું છે.

અગાડીપછાડી, સ્ત્રી૦ ઘોડાને ગળે ને પગે બાંધવાનાં
દોરડાં.

અગાડીપછાડી, અ૦ સામે ને પુઠે; આગળ ને પા-
છળ.-અગાડી પછાડી જોઈને ચાલજે.

અગાત, અ૦ આગળના વખતમાં. ૨ પ્રથમ; પેહેલે.

અગાધ, વિ૦ [સં૦] અ; ગાધ-થોભવું] તળિયું ન મા-
લમ પડે તેવું; ઘણુંજ ઊંડું; અપાર.

અગાસિયા, વિ૦ [આકાશ ઉપરથી આકાશિયા ને
પછી અગાસિયા] જેમાં કુવા તળાવનાં પાણીથી ન-
હિ પણ માત્ર વર્ષાદથીજ પાક થતોહોય તેવી-ડાંગેર-
ના વાવેતર વગેરેની જમીન. અગાસિયા ક્યારડા.

અગાસી, સ્ત્રી૦ [સં૦ અવકાશ-આકાશ ઉપરથી] ઘ-
રના આગલા પાછલા ભાગમાં હાંચે છાપરાં વ-
નાની ખુલ્લી છોબન્ધની જે સપાટ બાંધ તે; ચાબું. ૨
યોનિ. અગાસી ફાટવી-સ્ત્રીને અટકાવ આવવો.
(એ સંકેતાર્થ પ્રયોગ અશુભ છે પણ વપરાયછે).

અગાહી, સ્ત્રી૦ [હિં૦] ભવિષ્યમાં થવાનું તે. ૨ ખ-
બર; સાવચેતી

અગિયાર, વિ૦ [સં૦ એકાદશ] દશ ને એક; ૧૧.

અગિયારમું, ન૦ મરણ પછી જે અગિયારમો દાડો
તે. ૨ એ દિવસે મરનારની પછવાડે જે ક્રિયા ક-
રવાની તે.

અગિયારસ, સ્ત્રી૦ [સં૦ એકાદશી] પખવાડિયાંનો
અગિયારમો દાડો. ૨ એ દિવસે પાળવાનું જે વ્ર-
ત તે.

અગિયારા, પુ૦ વીસ આંકમાં નો એક. ૧૧ને ૧૧એ,
૧૨ને ૧૨એ, ૧૩ને ૧૩એ ગુણેથી જે અંકો આવે
તેનું કોઠક; વડોએકો. ૨ અગિયારા ગણવા એટલે
નાસી જવું. સટકીજવું.

અગિયારી, સ્ત્રી૦ [સં૦ અગ્ન્યાગાર. અગ્નિ; અગા
ર-આગાર-સ્થળ] જ્યાં પારસીયો બન્દગી કરવા
તથા ધરમની ક્રિયા કરવા જાયછે તે જગો. ૨ વીસ
આંકમાંનો એક.-૧૧ને ૧૧એ-૧૨એ-૧૩એ ગુણેથી
જે અંકો આવે તેનું કોઠક.

અગુણી, વિ૦ [સં૦] ગુણ-પાડ ન માને તે; અનુપકા-
રી. ૨ જેનામાં ગુણ ન હોય તે; મૂર્ખ.

અગુપ્ત, વિ૦ [સં૦] પ્રગટ; ઉઘાડું; જાહેર.

અગુવો, પુ૦ અગવો.

અગોચર, વિ૦ [સં૦ અ; ગોચર. ગો-ઈન્દ્રી ગો
ચર-જવું] ઈન્દ્રીયોથી પોંચી ન શકાય તેવું; ન
સમજાય તેવું; અદૃશ્ય; અલક્ષ્ય.

અગ્નિ, પુ૦ [સં૦ અઙ્ગ-ચિન્હ કરવું] વસ્તુમાંથી જે
પ્રકાશ તથા ઉષ્ણતા બારપડી દેખાયછે લાગેછે તે;
દેવતા; વન્હિ. ૨ પ્રકાશ ઉષ્ણતીનો અધિષ્ઠાતા દેવ.
૩ જઠરાગ્નિ. ૪ પઞ્ચ તત્વમાંનું તેજ તત્વ. ૫ અ-
ગ્નિકોણ. ૬ અગ્નિકોણનો અધિષ્ઠાતા દેવ.

અગ્નિકાષ્ઠ, પુ૦ [સં૦] બળતાં લાકડાં. અગ્નિકાષ્ઠ
ભક્ષણ કરવાં એટલે ચિતા ખડકી બળીમરવું. (એ
વાક્ય પુરાણ-પ્રાકૃત કવિતામાં વપરાયુંછે).

અગ્નિકુણ્ડ, પુ૦ [સં૦] યજ્ઞ-હોમને માટે અગ્નિ રા-
ખવાસારુ બાંધ ખોદી ચારે બાજુએથી ચણીલિધેલો
જે ખાડો તે.

અગ્નિકુમાર, પુ૦ [સં૦] એ નામનું એક રસાયન-ઔષધ; વૈદ્યની એક માત્રા.

અગ્નિકોણ, પુ૦ [સં૦ અગ્નિ; કોણ-ખુણો] દક્ષિણ ને પૂર્વ એ બેની વચમાંનો ખુણો-પ્રદેશ.

અગ્નિદાહ, પુ૦ અગ્નિયે મુડદાંને બાળવું તે.

અગ્નિસંસ્કાર, પુ૦ એકાદી વસ્તુને અગ્નિથી વિધિયુક્ત સંસ્કાર કરવો તે. ૨ મુડદાંને બાળવું તે.

અગ્નિહોત્ર, ન૦ [અગ્નિ; હોત્ર-હોમવાના પદાર્થ. હુ-હોમ કરવો] પરણેલા બ્રાહ્મણે જીવતાંસુધી રાત્રદિવસ અગ્નિને સતેજ રાખવો તે તથા સાંજસવાર સ્ત્રીસહવર્તમાન તેને હોમથી પ્રસન્ન રાખવો એ જે કર્મ તે. [હ્મણ

અગ્નિહોત્રી, પુ૦ [સં૦] અગ્નિહોત્ર રાખનારો બ્રા-

અગ્ન્યાસ્ત્ર, ન૦ [સં૦ અગ્ન્યસ્ત્ર. અગ્નિ; અસ્ત્ર] જે અસ્ત્ર મંત્રબાણ મુકવાથી અગ્નિ વરસે ને જેનાપર પડે તેને બાળીનાંખે તે અસ્ત્ર.

અગ્ર, ન૦ [સં૦ અગ-જવું] છેક આગલો ભાગ; ટોંચ; છેડો; અણી.

અગ્ર, વિ૦ મુખ્ય; પેલું; શ્રેષ્ઠ. ૨ આગલું; બ્હારપડતું. અ૦ આગળ; મોખરે.

અગ્રજ, વિ૦ પુ૦ [સં૦ અગ્ર; જ-જન્મેલું] પ્રથમ જન્મેલો; સહુથી વડો ભાઈ.

અગ્રભાગ, પુ૦ આગલો-બ્હારપડતો ભાગ. સૈન્યનો અગ્રભાગ એટલે હરોળ, સોયનો તે તેની અણી, પર્વતનો તે તેનું શિખર ઈ૦.

અગ્રવાદી, વિ૦ પ્રથમ વાદ કાડનાર. ૨ વાદમાં આગળ પડનાર. ૩ મુખી; અગ્રેસર.

અગ્રસર-ગ્રેસર, વિ૦ [સં૦ અગ્ર; સર-જનાર] મુખી; આગેવાન; ઊપરી; પેલ કરનાર; દોરનાર. [દોષ.

અઘ, ન૦ [સં૦ અઘ પાપ કરવું એ ઉપરથી] પાપ;

અઘટતું, વિ૦ [સં૦ અઘટિત] ઘટતું નહિ તે; અયોગ્ય; નાલાયક. ૨ ન બને તેવું.

અઘટમાન, વિ૦ [સં૦] ન બને તેવું.

અઘટિત, વિ૦ [સં૦] નહિ ઘટિત.

અઘરણી, ન૦ [સં૦ અગૃહિણી અથવા અગ્રણી ઉપરથી હશે] સ્ત્રીસમ્બન્ધી એક રૂડો અવસર; સીમન્ત.-પ્રથમજ ગર્ભ રહ્યોહોય તેવી સ્ત્રીપાસે સાતમે મહિને ગર્ભ સમ્બન્ધી શાસ્ત્ર પ્રમાણે કેટલુંક કર્મ કરાવવામાં આવે છે ને એ વેળા તે અનેક પ્રકારનાં વસ્ત્રાભૂષણનો લ્હાવો લેછે ને સગાં સમ્બન્ધી પણ ગીત વગર કરવામાં મચેછે. [૨ ફુવો.

અઘરણો, પુ૦ ખરેટો; ડાઘો-શરીર વાગ્યાઉપર.

અઘરું, વિ૦ [સં૦ અગ્રાહ્ય] શ્રમથી થાય-મળે તેવું, મુશ્કેલ; કઠણ; દુર્લભ.

અઘવું, ક્રિ૦ અ૦ પેટમાંનો મળ પાછલી વાટે બ્હાર કાડવો; ઝાડે જવું-ફરવું-બેસવું; દિશાયે-જંગલ-બ્હાર-બહર-કાંગિયે-પાદર-વાડામાં જવું.

અઘહારી, પુ૦ [સં૦] પાપ હરણકરનાર ઈશ્વર.

અઘાટ, પુ૦ વેચેલી-ઈનામી જમીનની પાસે તે મતલબનો કોતરેલો જે પથ્થર તે.

અઘાટિયું, ન૦ પોતાનો હક ઉઠાવી લઈ જે ખેતર-જમીન બિજાને વેચાણ આપેલી તે; વેચાણિયું. [દસ્ત.

અઘાણ, ન૦ પેટનો મળ બ્હાર નિકળવો તે; ઝાડો:

અઘાણું, વિ૦ અઘવાની આગત થઈ હોય તેવું(જન.

અઘાત, અગાધ "છાંછળમાછળની નહિ વાત, એ તો રમવી વાત અઘાત" (અખો)

અઘામણ, સ્ત્રી૦ વારેઘડિયે અઘાઈ જવાય તે રોગ: ઝાડો લાગવો તે; પેટ છુટીજવાં તે; છેરાડું.

અઘાર, સ્ત્રી૦ પક્ષીની વિષ્ટા.-કેટલાંએક જિવડાંની પણ અઘાર કેવાયછે.

અઘારો, પુ૦ અઘામણ. [જગારેતો એવો એક વેલો.

અઘેડો, પુ૦ બીજી જગોએ ઉગતો ને ખાંપસાથેજ ન

અઘોક, સ્ત્રી૦ વારે વારે અઘવું ઓકવું થયાં કરે તે: કોગળિયું; કોલેરો; મરકી.

અઘોર, સ્ત્રી૦ શ્વાસ ચાલતો હોય એવા મરનારને કે બેભાનપણું આવ્યું હોય તે.

અઘોર, વિ૦ [સં૦] ભયંકર; બિહામણું. (વન). ૨ અતિ દુષ્ટ; ઘાતકી (કર્મ-પાપ). ૩ ઘણુંજ મોટું; ગાઢ (નિદ્રા).

અઘોરી, વિ૦ જેને તે જેનાં કર્મને જોઈ ભય લાગે ચિતળી ચડે તેવું (જન)-અઘોરી બાવા. એ, એક હાથમાં માણસની ખોપરી મળ-મૂત્રથી ભરી રાખેછે, બિજા હાથમાં ધગધગતી સગડી રાખેછે ને નાગા રેછે. એ ઘણાજ મલીન હોયછે અને માણસનાં હાડકાં ચામડાં ચુંસેછે તથા માંસ ખાયછે. ૨ અઘોરીની પેઠે જે ઘણુંજ ગંદાં કરે તે.

અંક, પુ૦ [સં૦ અંક-ચિન્હ કરવું] ચિન્હ; નિશાની. ૨ સંખ્યાનું ચિન્હ; આંક; આંકડો. ૩ ખોળો; ગ્રંથનો થાપો. ૪ નાટકનો એક ભાગ- પ્રકરણ (અંકના ભાગ તે પ્રવેશ કેવાયછે). ૫ સ્ત્રી૦ આલિંગન; બાથ. "સમજી અંક ભરી અલબેલડેજી" (દયારામ).

અઙ્કગણિત, ન૦ અઙ્ક-આંકડા વડે જે ગણિત થાય તે. (અક્ષરથી થાય તે બીજગણિત). આંકડા માંડી ગણિત કરવાની જે વિદ્યા તે. અઙ્કગણિતના બે મુખ્ય ભાગ છેઃ પૂર્ણાઙ્ક ગણિત ને અપૂર્ણાઙ્ક ગણિત. [કરાવવું. ૨ લીટી દોરાવવી.

અઙ્કાવવું, ક્રિ૦ સ૦ પરખાવવું; કસ કઢાવવો; મૂલ-

અઙ્કિત, વિ૦ધા૦[સં૦] નિશાની થયલી હોય તેવું; ચિન્હ-છાપ વાળું. મુદ્રાઙ્કિત-બીબાંથી છાપેલું. ૨ ગુણ કર્મ ઇ૦ થી ઓળખાયલું. એ શબ્દ બીજા સાથે બહુધા જોડાયછે. નામાઙ્કિત, આશ્રયાઙ્કિત, પુણ્યાઙ્કિત ઇ૦. [સમાઙ્કી નાટક.

અઙ્કી, વિ૦ અઙ્ક છે-પાડયાછે જેના તેવું. પઞ્ચાઙ્કી-

અઙ્કુર, પુ૦[સં૦ અઙ્ક-ચિન્હ કરવું] બીનો બાંયમાંથી પ્રથમજ ઉપર ફૂટીનિકળી દેખાતો જે અવયવ તે; ફણગો. ૨ (લાક્ષણિક) મૂળ; ઉત્પત્તિ; હેતુ; મર્મ. તે વાતનો અઙ્કુર કંઇ જણાતો નથી. ૩ રીસ્યા નિમાળા; રૂઆં. તેને મૂછના અઙ્કુર ફુટવા માંડયાછે.

અઙ્કુશ, પુ૦ [સં૦ અઙ્ક-ચિન્હ કરવું] હાથીનાં માથામાં મારવાનું માવતનું હથિયાર. એ, લોઢાંનો એકપાસથી વાળેલો આંકડો હોયછે. ઘોડાને લગામ ને હાથીને અઙ્કુશ. ૨ (લાક્ષણિક) અટકાવ; દાબ; બન્ધન. તેને માથે કોઇનો અઙ્કુશ નથી.

અઙ્કે, અઙ્ક-આંકડામાં(આટલા છે એવું અક્ષરે લખવામાં આવેછે કે કોઇ, આંકડામાં ફેરફાર ન કરે).૧૦) અઙ્કે દશ.

અઙ્કોડાબન્ધ, વિ૦ અઙ્કોડા એક બીજાસાથે વળગાડેલા હોય તેવું. ૨ હારદોર; હારોહાર.

અઙ્કોડો, પુ૦ કળી-કન્દોરો-સાંકળાં વગેરેનો એક આંકડો.

અઙ્કોર, પુ૦ અઙ્કુર. [વપરાયછે.

અઙ્કોલ, ન૦ એ નામનું ઝાડ-ફળ. એ ઓષધમાં

અઙ્કોશ, પુ૦ અઙ્કુશ.

અઙ્ગ, ન૦ [સં૦ અઙ્ગ-ચિન્હ કરવું એઉપરથી અથવા કોઇમતે અઙ્ગ-જવું એઉપરથી] માંસ રૂધિર અસ્થિ ચર્મ ઇ૦ થી બનેલો જે ઘાટ તે; શરીર; કાયા; જાત; બદન. ૨ માથું અને હાંટિયા અથવા પુંછડી એ બેની વચમાંનું જે શરીર તે. ૩ એકાદા ઘાટ-શરીરનાં જે ભાગ-અવયવ તેમાંનો જે એકેકો તે. ૪ મોહુંજ કામનું એવું સહાયકારી-મદદનીસ, તે તો મારું અઙ્ગ છે. ૫ બાજુ; દિશા. ૬ વેદને આધારે રચાયલા ૭ મુખ્ય વિષય તે. (વેદનાં છ અઙ્ગ કેવાયછે-શિક્ષા, કલ્પ, નિરુક્ત, વ્યાકરણ, છન્દ ને જ્યોતિષ). ૭ કર્મનો ગૌણ ભાગ.-વિવાહમાં હોમ એ પ્રધાનકર્મ ને બિજાં કર્મ તે અઙ્ગ છે. ૮ જાત; પંડ; ખુદપણું. તં દોષ તેને અઙ્ગે છે. અઙ્ગઉપર આપવું એટલે તેની જાત ઉપર-તેની પ્રતીત ઉપર; (માલરાખીને નહિ). અઙ્ગ વળવું-કસરતથી અથવા ખોરાકથી શરીર ભરાવ ને તેજસ્વી દેખાવું. અઙ્ગભરાવું-તાવ આવવો. અઙ્ગ વાળવું-કસરતથી શરીરનો બાંધો આણવો અઙ્ગમરડવું-આળસખાવું.

અઙ્ગઉદ્ધાર, પુ૦ [સં૦] તીર્થસ્નાનથી અઙ્ગનો ઉદ્ધાર કરવો તે.

અઙ્ગઉધાર, વિ૦ મિલકત-માલ-જનસ સાનમાં રાખીને નહિ પણ વચન-શાખ ઊપર અથવા ચિઠ્ઠિ લખાવી લઇને ધીરેલું-નાણું; એ શબ્દ નાણાંનેજ લાગેછે-જનસ ઇસ્ટેટને નહિ

અઙ્ગઉમઙ્ગ, પુ૦ પોતાની જાતનો ઉમઙ્ગ; શરીર તથા મનની ઉલટ-હોંસ.

અઙ્ગકાઠી, સ્ત્રી૦ શરીરનું વાન; બાંધો.

અઙ્ગદશિષ્ટાઇ, સ્ત્રી૦ કામ કાઢીલેવાસારુ ડાઇ ડાઇવાતો કરી સમજાવવું તે.-અઙ્ગદે રાવણની આગળ કર્યું હતું તેમ, [સ્ત્રી.

અઙ્ગના, સ્ત્રી૦ [સં૦] સ્ત્રી; સુન્દરી; કામિની. ૨ પોતીકા

અઙ્ગનું, વિ૦ જાતનું; પોતીકું; ગાંઠનું. ૨ ખાતરી-પતીજનું. [ન આવે).

અઙ્ગબળ, ન૦ શરીરનું બળ-જોર (એમાં બુદ્ધિબળ

અઙ્ગમર્દન, ન૦ [સં૦] શરીરને સાંધીપડે ચોળાવવુંતે.

અઙ્ગરખો, પુ૦[સં૦ અઙ્ગરક્ષક] પુરુષને શરીરે પેરવાનું સિવેલું વસ્ત્ર-ગળાંથી તે ઘુંટણ લગીનું. અઙ્ગરખું પણ કેવાયછે. બાળક છોકરાનું અઙ્ગરખું તે અઙ્ગરખી.

અઙ્ગરાગ, પુ૦ [સં૦]શરીરે સુગન્ધિના (ચન્દન અગરજા ઇ૦ ના) જે લેપ કરવા તે.

અઙ્ગરેજ, પુ૦ ઇઙ્ગલણ્ડ દેશનો વતની.

અઙ્ગરેજી, વિ૦ ઇઙ્ગલણ્ડ દેશ સમ્બન્ધી. ૨ અઙ્ગરેજનું રાજ. (જેમ મોગલાઇ તેમ અઙ્ગરેજી).

અઙ્ગવસ્ત્ર, ન૦ [સં૦] ઓઢવાનું વસ્ત્ર-ધોતિયું, પિછોડી, ખેસ. સુતીવેળા ઓઢવાનું વસ્ત્ર તે અને પ્રસઙ્ગે શાલ શેલાં ઓઢવામાં આવે તે અઙ્ગવસ્ત્ર ન કેવાય. ૨ રાખેલી સ્ત્રી.

અઙ્ગરોગ, પુ૦ [સં૦] ભૂત પિતર આડે આવેથી રોગ થયલો મનાયછે તે નહિ પણ કેવળ શરીર સમ્બન્ધીજ જે રોગ તે. [ભાખરીયો.

અઙ્ગારખરું, ન૦ અઙ્ગારામાં સેકાઈને ખરી થયલી

અઙ્ગારખરી, સ્ત્રી૦ અઙ્ગારામાં સેકાયલી ભાખરી.

અઙ્ગાઙ્ગિ, ન૦ અઙ્ગ-અવયવ અને અઙ્ગિ જેનાં અઙ્ગ હોય તે.

અઙ્ગાર, પુ૦ [સં૦] અઙ્ગારો; જુ૦.

અઙ્ગારવું, ક્રિ૦ સ૦ અપવિત્ર થયલાં વાસણને પવિત્ર કરવાસારુ અઙ્ગારામાં તપાવવું. (તપાવવાને બદલે હાલ વાસણમાં અઙ્ગારા નાખી પાછા કાઢી લેવાનો ચાલ છે.)

અઙ્ગારિયું, ન૦ કાજળી પડેલી એવો જુવારનો છોડ; આંજિયું. ૨ આંજિયાંના જુવાર.

અઙ્ગારી, સ્ત્રી૦ જેમાં અઙ્ગારા હોય તે સગડી.

અઙ્ગારો, પુ૦ [સં૦ અઙ્ગાર. અઙ્ગ-ચિન્હ કરવું.] ધૂમાતો નહિ પણ ધગધગતો અગ્નિ-કોયલો-જુ.

અઙ્ગિયું, ન૦ બાળકને પેરવાનો બાંય વગરનો કબજો.

અઙ્ગિયો, પુ૦ [સં૦ અઙ્ગિકા] બાંય વગરનું કેડલગી આવતું સ્ત્રીને પેરવાનું વસ્ત્ર, પેટી.

અઙ્ગી, વિ૦ [સં૦] જેને જેનાં અઙ્ગ છે તે. ૨ પોતીકું; સમ્બન્ધી.

અઙ્ગીકાર, પુ૦ [સં૦] પોતાનું કરવું તે; પોતીકું છે એમ માની ગ્રહણ કરવું તે. ૨ વસ્તુનો સ્વીકાર અથવા જનનો અનુગ્રહ.

અઙ્ગીકૃત, વિ૦ [સં૦] સ્વીકારેલું; કબૂલ કરેલું.

અઙ્ગીઠી, સ્ત્રી૦ સોનીના સગડી. કુંડામાં રાખ ભરી એઉપર વચમાં જગો રાખી ફરતી ઈંટ (પગા) ગોઠવી હોયછે ને એ વચેની જગામાં કોયલા સળગાવવામાં આવેછે. ૨ પીંખ પાડવાસારુ જમીનમાં ખાડો ખોદીને તેમાં અથવા જમીનઉપરથી સાફ કરીને તેનાઉપર જે અગ્નિ સળગાવવામાં આવેછે તે.

અઙ્ગીઠું, ન૦ અઙ્ગીઠી (૧લા અર્થમાં).

અઙ્ગુ, વિ૦ અઙ્ગઉઘાડ. [ભાલ.

અઙ્ગુછો, પુ૦ અઙ્ગ લુછવાનો કકડો; ટુવાલ. ૨ રુ

અઙ્ગુઠાદાવ, પુ૦ કુસ્તીનો એક દાવ.

અઙ્ગુઠી, સ્ત્રી૦ સિવતાં સોય ન વાગે તેનેસારુ ઘાલું-કરીને વચલી આંગળિયે ઘાલવાની ધાતુ-દાંત વગેરેની જે ખોલી તે. ૨ વીંટી; છલ્લો.

અઙ્ગુઠો, પુ૦ [સં૦ અઙ્ગુષ્ઠ. બીજી ચાર કરતાં જાડી બધેથી ને ટૂંકી જે આંગળી તે.

અઙ્ગુર, ન૦ [સં૦ અઙ્કુર] નવી ચામડી બાંધ-રૂઝ. (જ્યાં દરદ થયું હોય ત્યાં) અઙ્ગુર આવવું. એ શબ્દ પુ૦ ને સ્ત્રી૦ માં પણ વપરાયછે.

અઙ્ગૂર, સ્ત્રી૦ [ફા૦] લીલી દરાખ.

અઙ્ગુષ્ઠપ્રમાણ, વિ૦ અઙ્ગુઠા જેટલા (ઋષિયો).

અઙ્ગેઠી, સ્ત્રી૦ અઙ્ગીઠી.

અઙ્ગેઠું, ન૦ અઙ્ગીઠી (૧લા અર્થમાં).

અઙ્ગોઅઙ્ગ, અઙ્ગે અઙ્ગે-અવયવે અવયવે; શરીરમાં સર્વત્ર. 'મને અઙ્ગોઅઙ્ગ લાગી લાય, કાળજે જ કોઈ કાપેછે' (દયારામ).

અઙ્ગોઠી, સ્ત્રી૦ અઙ્ગુઠી.

અઙ્ઘામ, પુ૦ [પ્રા૦ હઙ્ગામ] કામ ધન્ધાની ધામધૂમ; ગરબડ. (એ સાધારણ વપરાતો અર્થછે). લગનનો હોળીનો અઙ્ઘામ. ૨ બળવો; હુલ્લડ; તોફાન (એ પ્રસઙ્ગે વપરાતો અર્થછે).

અઙ્ઘામો, પુ૦ અઙ્ઘામ(૧લા અર્થમાં). ૨ મસ્તી; તોફાન; ગરબડ (છોકરાંઓ કરે તે).

અઙ્ઘોળ, ન૦ નાવું તે; અઙ્ગ ઊપર પાણી નાખી તેને સ્વચ્છ કરવું. ૨ જમવાનેસારુ નાવલું એવુ હોવું તે; અભોટ. તે અઙ્ઘોળમાં (અભોટમાં) છે તેથી બાર નહિ આવીશકે.

અઙ્ઘોળડી, સ્ત્રી૦ પરણનાર વર-કન્યાને બૈરાંઓ ગીત ગાતાં નવાડેછે તે. ૨ એવેળા બૈરાં જે ગીત ગાયછે તે. "અઙ્ઘોળડી અઙ્ગારાનીર રે, લાડકડો અઙ્ઘોળ કરે રે" ૩ નવડાવવા આવનારી સ્ત્રી. ૪ જુઓ અઙ્ઘોળિયું.

અઙ્ઘોળવું, ક્રિ૦ અ૦ નાવું; પાણી રેડી અઙ્ગ સ્વચ્છ કરવું. "આડો અવળી થાય માત ફરે અઙ્ઘોળે" (પ્રેમાનન્દ)

અઙ્ઘોળિયું, ન૦ જે ઠિકરાંનાં વાસણમાં નાવાનેસારુ ઊનું પાણી કરવામાં આવેછે તે. [ચાકર.

અઙ્ઘોળિયો, પુ૦ પાણી કાઢીઆપી નવાડનારો

અચકડું, ન૦ પૂર્વે સુખ ભોગવેલું-સારું સારું ખાધેલું તેવું જોઈ તે સાંભરી આવવું તે; ગળકો.

અચકવું-કાવું, ક્રિ૦ અ૦ [હિં૦] એકાદિ ક્રિયામાં એકાએક એકદમ અટકી પડવું; આચકો ખાવો. તે બોલતાં અચકાયછે, તેનો હાથ અચકાયો એટલે સહજ અથવા સંકોચથી- ખચકાવાના અર્થમાં.

અચકોમચકો, આચકો ને ઝોકો (અચકોમચકો કરે-

લી) એવું નાની છોકરીયો ગીતમાં બોલેછે.

અચગ-ચળ, વિ૦ ચગ-ચળ નહિ તે.

અચપચું, વિ૦ છેક જડ નહિ તેમ છેક પાણીજેવું પણ નહિ તે; લોંદા જેવું.

અચબુચ, અ૦ અચાનક.

અચમ્બો-ચુમ્બો, પુ૦ [હિં૦] અતિ આશ્ચર્ય-વિસ્મય પમાડતો અસાધારણ-અસંભવિત બનાવ-વાત; અદ્ભુતતા; અચરતીના અમર કુમળો થોડી ને થોડાવારની અને અચુમ્બાની પ્રૌઢ ઝાઝી ને ઝાઝાવારની હોયછે. ૨ વિસ્મયતાથી જે બાવરાપણું તે.

અચર, વિ૦ [સં૦ અ; ચર-જવું] એક ઠેકાણેથી બિજે ન ખસે તેવું. ઝાડ, પાડ વગેરે.

અચરજ-ત, ન૦ [સં૦ આશ્ચર્ય] કૌતુક; નવાઈ; અજાએબપણું. ૨ નવાઈની-અજાએબ જેવી ચાજ-વાત.

અચરત, વિ૦ આશ્ચર્ય-વિસ્મય પામેલું-પામતું એવું; તાજુબ; દંગ. નવાઈથી એકદમ ખુશીમાં આવી અટકેલું (જન). અચરત થવું-પામવું.

અચરતી, સ્ત્રી૦ અચરજ-ત શબ્દ જોવો.

અચલ, વિ૦ [સં૦ અ; ચલ. ચલ-જનાર] ખસે-ટળે-ફરે નહિ તેવું; સ્થિર; સ્થાઈ. ધ્રુવનો તારો આકાશમાં અચળછે.

અચલ, પુ૦ પર્વત.

અચખ્યો, વિ૦ધા૦ નહિ ચાખેલો એવો (સ્વાદ) 'વણ રસના અચખ્યો રસ ચાખ' (અખો).

અચળપદ, ન૦ ચલિત- ડગમગતી નહિ પણ નિત્ય એકસરખી જે તેવી આત્માની જે પ્રકાશમાન સ્થિતિ તે.

અચળા, સ્ત્રી૦ [સં૦ અચલા] પૃથિવ.

અચળિત, વિ૦ધા૦ [સં૦ અચલિત] અચળ; અટળ.

અચાનક, અ૦ [હિં૦] એકાએક; અકસ્માત્; ઓચીંતું. [નહિ તેવું-રોગ નાડી વગેરે.

અચિકિત્સનીય, વિ૦ [સં૦] પરખાય-લક્ષણ જણાય

અચિન્ત્ય, વિ૦ [સં૦] જેને વિષે ચિન્તન ન કરી-શકાય તે; અકળ; અતર્ક્ય. [શી; શીઘ્ર.

અચિર, વિ૦ [સં૦] ટુંકું; ક્ષણભઙ્ગુર. અ૦ ઉતાવળ-

અચીંતું, અ૦ [અચિન્ત્ય] આગળથી ન ધારેલું હોય તેમ; એકાએક; અકસ્માત્; અચાનક; ઓચીંતું. [ભૂલ વગરનું.

અચૂક, અ૦ અચાનક. ૨ ભૂલી ન જતાં. વિ૦ ચૂક-

અચેત, વિ૦ અચેતન.

અચેતન, વિ૦ [સં૦ અ; ચેતન] જીવ વગરનું; ગંધરૂપ; જડ. ૨ મુર્છિત; બેભાન. [(પ્રેપદ !).

અચ્ચરેઅચ્ચરેરામ, રામ શબ્દનો ઉચ્ચાર કર-

અચ્છત, અ૦ ન માલમ પડે તેવી છુપી રીતે. જુ [અક્ષત] નુકસાન ખાધા વગર; સલામત.

અચ્છું, અ૦ વારુ; સારુ; ઠીક.

અચ્છું, વિ૦ [સં૦ અચ્છ- સ્વચ્છ; પારદર્શક.] સારું; મઝાનું; શોભીતું; સુન્દર.

અચ્છેર, વિ૦ અડધો શેર (માપ બતાવેછે). [(માપ)

અચ્છેરિયું, ન૦ અચ્છેર સમાય તેવું ઠામ-વાસણ.

અચ્છેરિયો-રો, પુ૦ અચ્છેર તોળવાનું ધાતુ વગેરેનું કાટલું-વજન. [અવિનાશી; ઈશ્વર.

અચ્યુત, પુ૦ [અ; ચ્યુત. ચ્યુત-ગળીપડવું-પિગળીજવું]

અછત, સ્ત્રી૦ થોડું હોવું તે; તઙ્ગી; તાણ; ભીડ.

અછત્ર, વિ૦ [સં૦] છત્ર ન હોય તેવું. જેનેમાથે પિતા, વડિલ ન હોય તે. ૨ રાજભ્રષ્ટ.

અછબડા, પુ૦ શૈયડને નામે ઓળખાતો ગરમીનો એક રોગ-શરીરની ચામડી ઉપર નાનાનાના પણ છુટા છુટા ફોલ્લા થઈ આવે તે.

અછરતું, વિ૦ ઉપર ઉપરથી અડક્યું હોય તે.

અછવાવું, ક્રિ૦અ૦ થોડાં આવવાં; ઓછાં ઉતરવાં. ફણગલકાં અછવાઈ ગયાં.

અછાડપછાડ, સ્ત્રી૦ અહીં તહીં ફેંકવું પછાડવું તે.

અછાવવું, ક્રિ૦ સ૦ નવું વાસણ વાપરવા કાડવું.

અછાળવું, ક્રિ૦સ૦ વાસણ ઉંચુંનીચું કરી તેમાની વસ્તુ તળે ઉપર થાય તેમ કરવું. શાક-અથાણું.

અછિન્ન, વિ૦ધા૦ [સં૦] છેદાયલું કપાયલું-તુટેલું નહિ તે. [ત્ર.

અછિન્નધારા, સ્ત્રી૦ અભિષેક કરવાનું છિદ્રવાળું પા-

અછેદ, વિ૦ [સં૦ અછેદ્ય] છેદાય નહિ તેવું.

અછોઅછોકરવું, ક્રિ૦સ૦ ઘણાં વાનાં કરવાં; ઉમળકાથી આદરસત્કાર કરવો.

અછોડો, પુ૦ બળદની નાથે બાંધીને હાથમાં રાખી હાંકવાનો જાડો વણેલો દોરો. ૨ છેડો-તોડા, બલોઘરી વગેરે ઘરેણાંનો.

અજ, પુ૦ [સં૦ અ; જ- જન્મેલું અથવા અજ-જવું; નાખવું; મોકલવું] અનાદિ ઈશ્વર; પરમેશ્વર. ૨ બકરો. ૩ બ્રહ્મા.

અજગર, પુ૦ [સં૦ અજ-બકરો; ગર-ગળીજનાર., ગૃ-ખાવું; જવું] એક જાતનો મોટો બિહા-

માંગો આપ.-એથી દોડાતું નથી ને એક ઠેકાણે પડ્યો પાસે જે શિકાર આવેછે તેને મારેછે. અજગર જેવો પડ્યોછે-ભારે દિલનો આળસુ લાંબો થઈને પડ્યો હોય તેવો. "અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ; દાસ મલૂકા યૂં કહે, સબકે દાતા રામ"

અજતરપ, અ૦ [ફા૦] થી; તરફથી. મોટાદરજ્જાના નાના દરજ્જાવાળાને લખે તેમાં એ વપરાયછે-અજતરફ લખવાનું છે.

અજન્મ, વિ૦ [સં૦] જેને જન્મ નથી તે; અનાદિ-ઈશ્વર. **અજન્માં**-આદિમાયા.

અજપાજપ, પુ૦ [સં૦] શ્વાસો શ્વાસે ઈશ્વરનું ચિન્તન કર્યા કરવું તે. ૨ તન્ત્રવિધિ પૂજનમાં અજપા નામ અર્ધાકૃતિ પુરુષ ને અર્ધાકૃતિ સ્ત્રીએ રૂપે જે દેવતા તે. [ભરેલું; અચરત.

અજબ, વિ૦ [અ૦] આશ્ચર્યકારક; અચરતી-

અજમાયેશ, સ્ત્રી૦પુ૦ [ફા૦ અ.ઝમાયેશ] તપાસ; પ્રયોગ. ૨ અટકળ; સુમાર.

અજમાવવું, ક્રિ૦સ૦ તપાસી જોવું; પ્રયોગ કરવો. અનુભવ-ખાતરી કરીલેવી.

અજમાસ, સ્ત્રી૦ અજમાયેશ.

અજમાસદાર, પુ૦ અજમાયેશ કરનારો.

અજમૂદો, પુ૦ [ફા૦ અ.ઝમૂદા] અજમાયેશ; તપાસ કરીલીધી તે; વાપરી જોવું તે.

અજમો, પુ૦ એક વસાણું-એક જાતના છોડનાં તીખાંલાગતાં બી.-ઓસડ તથા રસોઈના મસાલા દાખલ વપરાયછે. એનાં ફૂલ પણ ઓસડમાં કામ આવેછે.

અજમોદ, સ્ત્રી૦ [સં૦ અજમોદા] એક વસાણું ઓસડમાં વપરાયછે-એ બી, અજમાથી મોટાં હોયછે.

અજર, વિ૦ [સં૦] જેને જરા-ઘડપણનાં ચિન્હ નહિ તે. [બાનું.

અજર, સ્ત્રી૦ [અ૦ અ.ઝર] આનાકાની; મસ;

અજરામર, વિ૦ [સં૦] જેને જરા ને મરણ નહિ તે.

અજલ, સ્ત્રી૦ [અ૦] આખેર; અંત. ૨ મોત. ૩ કમોત; કજા.

અજવાળવું, ક્રિ૦સ૦ ઘસીને સારૂં-ઉજળું કરવું; ઉટકવું; માજવું; સાજવું (વાસણ).

અજવાળિયું, ન૦ જેમાં ચન્દ્રની કળા વધતી જાયછે તે પખવાડિયું અથવા એમાંનો કોઈ દિવસ; શુક્લ પક્ષ; સુદ. ૨ અજવાળાંને માટે છાપરાંમાં-ભીતમાં રાખેલી નાનીસરખી બારી; જાળિયું.

અજવાળી, વિ૦સ્ત્રી૦ ચાંદરણાં વાળી (રાત).

અજવાળું, ન૦ [સં૦ ઉજ્જ્વલન] સૂર્ય-અગ્નિ-દીવાથી જે પ્રકાશ-ઉજાસ તે. (અન્ધારું ને અજવાળું) અજવાળાં થવાં-સુઝવાવું. અજવાળું કરવું-ઢંઢોળવા સારા ગુણ બહાર પાડવા; નામ કરવું; આબરૂ વધારવી. ૨ સન્દેહની સફાઈ કરવી. [દૈવ.

અજસ્ર, અ૦ [સં૦ અ; જસ્-છોડીમુકવું] હમેશ; સ-

અજહલ્લક્ષણા, સ્ત્રી૦ [સં૦ અજહત્, લક્ષણા] પ્રગટ અર્થનીસાથે તેના સમ્બન્ધી બીજા અર્થનો પણ બોધ થાય તેવી લક્ષણા-વૃત્તિ. ઘોડાએ સરત જીતી-ધોળો ઘોડાએ. પચીસ કામઠીએ ગામ લુટ્યું-કામઠીવાળા કોળીઓએ.

અજા, સ્ત્રી૦ [સં૦] માયા; કુદરત. ૨ બકરી. **અજાગલસ્તન**-બકરીને ગળે જે આંચળ હોયછે તે.

અજાએબ, વિ૦ અજબ.

અજાગત, વિ૦ શસ્ત્ર લાગવાથી, ડુબવાથી થયલું તે; અચાનક-અકાળે થયલું તે (મોત).

અજાચક, વિ૦ [સં૦ અયાચક] જાચક નહિ તે; ધર્માદા માગવાની વૃત્તિ ન હોય તે. [(માણસ).

અજાણ, વિ૦ જાણીતું-સમજતું નહિ તે; અણવાકેફ.

અજાણતાં, અ૦ ન જાણતાં.

અજાણ્યું, વિ૦ [સં૦ અજ્ઞાત] જેને વિષે કંઈ જાણ્યામાં નથી તે (માણસ, વસ્તુ, કામ વગેરે). ૨ જે જાણતું નથી તે (માણસ). "અજાણ્યું ને આંધળું બરોબર" એ કેવતછે.

અજાતશત્રુ, પુ૦ [સં૦ અજાત-જન્મેલો નહિ, શત્રુ] જેને કદિ કોઈ શત્રુ ન થયો હોય તે. (યુધિષ્ઠિર) યુધિષ્ઠિર એ અજાત શત્રુ હતા.

અજાનબાહુ, પુ૦ [સં૦ આજાનુ-ઘુંટણલગી; બાહુ-હાથ] જેના હાથ ઘુંટણસુધી લાંબા હોય તે.-એ લોકો ભાગ્યશાલી કેવાયછે.

અજિત, વિ૦ [સં૦ અ; જિત-જિંતેલું] જેને કોઈએ જિંતેલો નથી તે. ૨ જે કોઈથી જિંતાય નહિ તે.

અજિન, ન૦ [સં૦] હરણનું ચામડું; મૃગચર્મ.

અજીઠવાડ, પુ૦ અજીઠાં-એઠાં વાસણ.

અજીઠું, વિ૦ [સં૦ જુષ્ટ-જમતાં વધેલું તે] જમવાનાં ભાણામાં જે ધાન રૂપલું તે અથવા ભાણાંની આજુબાજુએ જે વેરાયલું તે. ૨ એવું ધાન જ્યાં પડ્યુંહોય તે ઠેકાણું. ૩ દૂધ વગેરેથી નહિ પણ પાણીથી રાંધેલું અન્ન જેને નાપા-હાથ પગ ધોયા વિ-

ના અડકાય નહિ તે.-લોટમાં પાણીપડેથી તે અજીઠો થયો કેવાયછે.

અજીર, સ્ત્રી૦ ફરંગાળ. "નન્દ નિલય આનંદથી આવી, ઉભા અજીર મોઝાર" (રેવાશંકર)

અજીરણ, ન૦ [સં૦ અજીર્ણ] ખાધેલું ન પચવું તે; અપચો; અહુજમી.

અજીર્ણ, વિ૦ [સં૦] નવું. ન૦ અજીરણ.

અજીર્ણાશ, પુ૦ [સં૦] થોડુંક અજીરણ.

અજુગત-તું, વિ૦ [સં૦ અયુક્ત] જુક્તિવનાનું; અઘટિત. ૨ અયોગ્ય; અઘટતું; નાલાએક.

અજોગ, પુ૦ [સં૦ અ, યોગ] નહિ (સારો) યોગ-જોગ-વખત તે; કસમો.

અજોગ, વિ૦ [સં૦ અ, યોગ્ય] અઘટતું; નાલાએક.

અજ્જમ, [આ૦] આજમ.

અજ્જુ-જ્યુ, સ્ત્રી૦ ઈ સ્વરનું ચિન્હ—િ, ી.

અજ્ઞ, વિ૦ [સં૦ અ; જ્ઞ-જાણનાર] બુદ્ધિહીન; અણસમજુ; અજાણ; અબૂઝ; મૂર્ખ. [તે.

અજ્ઞાત, વિ૦ધા૦ [સં૦] જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી

અજ્ઞાન, ન૦ [સં૦] જ્ઞાન નહિ તે; અણજાણપણું; મૂર્ખાઈ. [સમજ.

અજ્ઞાન, વિ૦ [સં૦] જેને જ્ઞાન નથી તે; મૂર્ખ; બે-

અજ્ઞાનભાવ, પુ૦ [સં૦] અજ્ઞાનપણું.

અજ્ઞાની, વિ૦ નહિ જે જ્ઞાની તે.

અઝેડો, પુ૦ ઉઝેડો શબ્દ જોવો.

અઞ્ચલ, પુ૦ [સં૦ અઞ્ચ-જવું] છેડો; પદર; પલ્લો.

અઞ્ચળવો, પુ૦ આંખે જે ઓક લાગ્યો હોય તે.-દોરડી તેલમાં બોળી સળગાવી બાળીમુકવી તે. અઞ્ચળવો ઉતારવો કેવાયછે.

અઞ્જન, ન૦ [સં૦ અઞ્જ-ચોપડવું અથવા શોભાવવું] આંખના ડોળાની પાંપણ ઉપર ચોપડવું-લગાડવું તે; આંજવું તે. ૨ જે વસ્તુથી અઞ્જન કરવું, તે-સુરમો કાજળ ઓસડ વગેરે.

અઞ્જળી, સ્ત્રી [સં૦ અઞ્જલિ, અઞ્જ-જવું] બે હાથની હથેલી સાથે રાખવાથી જે સમ્પુટ આકાર થાય તે; ખોબો; પોશ.

અઞ્જાવું. ક્રિ૦અ૦ ચોપડાયલું થવું- આંખ અઞ્જાઈ કે? તારાથી ઓસડ નહિ અઞ્જાય. ૨ સામાંના કરતાં રૂપગુણમાં કમી, ઉતરવાથી એકાએક શરમિન્દાં થવું. ૩ છેતરાવું; ઠગાવું; કોઈના પેચમાં આવીજવું.

અઞ્જીર, ન૦ [સં૦ ધાતુ અઞ્જ-સ્વચ્છ કરવું] એ નામનું એક ફળ-મેવો. [રંગું.

અઞ્જિરિયા, વિ૦ પાકેલાં અઞ્જીરના રંગનું-સ-

અઞ્જીરી, સ્ત્રી૦ અઞ્જીરનું ઝાડ.

અઞ્જુમન, સ્ત્રી૦ એકજ ધરમ માનનાર જે લોક તે સહુની જે સભા તે; કોમનો જમાવ; પઞ્ચાયેત-(પારસીની).

અટક, સ્ત્રી૦ [હિં૦ સં૦ અટ ધાતુ ગતિ વાચકછે ને એ ઉપરથી અટ વાળા શબ્દો થયા જણાયછે] રોક; ખતરો. 'જિસકે મનમેં અટક હૈ સોહી અટક રહે.' ૨ [સં૦ અવટઙ્ક] ઓલાદને સારુ ગુણ કર્મ ઉપરથી રાખવામાં આવેલું જે નામ તે; ઉપનામ; ઓખર. ૩ સિન્ધુનદી

અટક્ચાળું, ન૦ સામાં માણસને જાણ ન પડે તેવી રીતે તેની જે મજાક કરવી તે; શરમાવવાના-ચિડવવાની મતલબથી કોઈની જે છેડખાની કરવી તે; અડપલું. સળી-આંગળી કરવી તે. ૨ હાવકાં ન રેતાં ગરબડ-મસ્તી કરવી તે. (રહી રહીને-અટકી અટકીને ચાળો કરવો તે અટક્ચાળું). વિ૦ અટક્ચાળું કરનાર.

અટકડી, સ્ત્રી૦ છાતીના પડદાની અન્દરના વાયુનું આજુબાજુથી રસ્તો કરી ઉપર ચડીઆવી એક દમ છુટું પડવું તે; વાધણી; હેડકી.

અટકણ, ન૦ જેથી ગતિ બન્ધ પડે તે (વસ્તુ). ૨ ઘણીનું ફરવું ઉતાવળું અથવા ધીમું કરવાસારુ તેની તળે લાકડાંનો જે કકડો ગોઠવવામાં આવેછે તે.

અટકણિયું, ન૦ અટકણ.

અટકવું, ક્રિ૦અ૦ ગતિ બન્ધ થવી; કામ ચાલતું બન્ધ પડવું; ઉભુંરેવું; થોભવું; ખોટીથવું.

અટકળ, સ્ત્રી૦ [હિં૦] કંઈક આધાર ઉપરથી તર્ક કરી શોધીકાડવું તે. ૨ કલ્પનાથી ગણેલું તે; સુમાર; આસરો; અડસટ્ટો. ૩ જુક્તિ; કુંચી; કળ. ૪ ક્રિયા રમાડેવો તે; અભ્યાસ; મહાવરો. અટકળ કરવી- કાડવી-બાંધવી તેમ અટકળ આવડેવી એવા પ્રયોગ થાયછે. [ણ; તર્કી.

અટકળબાજ, વિ૦ અટકળ બાંધવામાં ચાલાક-પ્રવી-

અટકાર, પુ૦ ઓડકાર શબ્દ જોવો.

અટકાવ, પુ૦ [હિં૦] જેથી અટકી પડાય તે; પ્રતિબન્ધ; હરકત. ૨ જરૂરિયાત, અગત. ૩ બાધા; નીમ. ૪ સ્ત્રીને ઋતુ આવવો તે; અળગું બેસવું-માથે આવવું-રાજ આવવું તે; દસ્તાન.-અટકાવ હોવો-પાળવો. [હરકત આણવી.

અટકાવવું, ક્રિ૦સ૦ બન્ધ પાડવું; રોકવું. ૨ વચમાં

અટકાવું, ક્રિ૦અ૦ સ્ત્રીને ઋતુ આવવો; અભડું બેસવું; અભડાવું; મહિનો થવો-ઘણુંકરીને મહિને મહિને બૈરાંઓને છાને ઠેકાણે ફરી ન જાય તેવો લોહી જેવો પદાર્થ વેતો માલમ પડેછે ત્યારે તેઓ ત્રણ દિવસ કોઈ માણસ-વસ્તુને અડકતાં નથી.

અટકોમટકો, પુ૦ સ્ત્રીનો, ચાલવાનો તથા અંગ મરડવાનો જે ચાળો તે.

અટણ, ન૦ [સં૦ અટન. અટ-જવું] જવું- ફરવું-ભમવું-રખડવું તે; ભ્રમણ. ૨ મુસાફરી; પ્રવાસ.

અટની, સ્ત્રી૦ [સં૦] કામઠીનો કાપવાળો છેડો; ધનુષનું શિંગડું. ૨ કામડાંનો કૂંચો; તટ્ટી.

અટપટું, વિ૦ ગુંચવણવાળું; ન સમજાય તેવું; તરેહ તરેહના પેચવાળું; સરળ નહિ તે; વાંકું; કપટું. "પ્રીતડીની રીત અતિ અટપટી ઓધવજી છે પ્રીતડીની રીત અતિ અટપટી".

અટલ, વિ૦ [સં૦ અટ્ટનો અર્થ ઘણુ-અતિશય એવો થાયછે] સારો હોશિયાર; પાકો; પ્રવીણ. ગવૈયો-જુગારી-ચોર. ૨ ઘણી અન્ધારી (રાત). અટલબળદેવ-ખાવે પીવે કુસ્તી કરવે જબરો. (મથુરાના ચોબા જેવો).

અટવાવું, ક્રિ૦અ૦ અવટાવું શબ્દ જોવો.

અટવી, સ્ત્રી૦ [સં૦] વન; અરણ્ય; જંગલ.

અટળ, વિ૦ છૂટાં ન પડાય-દૂર ન કરીશકાય-ટળે નહિ તેવું; અનિવાર.

અટાઉ, સ્ત્રી૦ ઠગાઈ- 'અટાઉનો માલ બટાઉ (વટાવ) માં જાય' એજ પ્રયોગમાં માત્ર અટાઉ શબ્દ વપરાયછે.

અટાટ, વિ૦ [સં૦] ઘણું. ૨ સાર વગરનું. [પટા.

અટાપટા, પુ૦ લામ્બા પોળા લીટા; આડા અવળા-

અટામણ, ન૦ રોટલી-પોળી કરતીવેળા લુવાના બંધારણ સારુ વાપરેલા ચોખાનો અથવા બીજા કેશાંનો જે લોટ લુવાને લગાડવામાં આવેછે તે.

અટારી-ળી, સ્ત્રી૦ [સં૦ અટ્ટાલિકા] ઊંચો માળ; ઊંચામેડી. ૨ ઝરુખો; ગોખ. [નો.

અટારો, પુ૦ ઉચાળો; સરસામાન; ખટલો (ઘરમાં-

અટાવું, ક્રિ૦અ૦ છુંદાઈને લોંદો થવો.

અટિમ્બર, પુ૦ ઢગ; કુંજર-કચરા પૂંજનો-કામકાજનો અટિમ્બ પડયોછે. [વવી; ઓવાળવું.

અટેરવું, ક્રિ૦સ૦ કાંતેલાં સૂતરની આંટીયો બના-

અટોપવું, આટોપવું.

અઠલ, અટલ. [ઉખડ હસવું તે.

અઠ્ઠહાસ, ન૦ [સં૦] મોટું શાડાભે-દાંત કાઢીને ખ-

અઠ્ઠા, પુ૦ દ્વાર-દરવાજા. અઠ્ઠાબન્ધ કરવા-બોલતાં બન્ધ કરવું; આંજી નાખવું; હરાવવું. (તકરારમાં). અઠ્ઠાબન્ધ થવા-જાણે ગળાંલગી ખાધુંહોય તેવું. હોવું. ૨ હારીજવું.

અઠવાડિયું, ન૦ [સં૦ અષ્ટવાર ઉપરથી] સાત દિવસ ને સાતરાત એટલો જે કાળ તે-એક વારથી શરુ કરતાં પાછો તે આઠમો વાર આવે ત્યાંસુધી.

અઠવાડું, ન૦ દોરડાંને વળદેવાનો લાકડાંનો કકડો.

અઠાંસિયાં, ન૦ સ્ત્રીયોને પગે પેરવાનો રૂપાંનો એક ઘાટ. એ જોડ હોયછે; તોડા. અઠાસિયું (એ એકવચન) બોલવામાં ઝાઝું આવતું નથી.

અઠીંગણ, ન૦ અઠીંગવા સારુ જે ટેકો-તકિયો તે.

અઠીંગવું, ક્રિ૦સ૦ શરીરના ભાગને આરામ આપવાસારું તેની નીચે-પછવાડે જે ટેકો-ભીત-તકિયો હોય તે ઉપર પડવું-નઙખાવું. તકિયે અઠીંગીને બેસવું.

અઠેલવું, **અઢેલવું**.

અઠોઠી, સ્ત્રી૦ ગોળની કૂડામાં બાધેલું આદું. ૨ હથોટી; અભ્યાસ. [વી સઙ્ખ્યા તે-૯૮.

અઠાણું, વિ૦ [સં૦ અષ્ટનવતિ] નેવું ને આઠ એ-

અઠ્ઠાબન્ધ, વિ૦ સોકટાંની રમતમાં અઠ્ઠા ઉપરની સોકટી છતે દાવે પણ ન મરાય તે. [ઠ-૫૮.

અઠાવન, વિ૦ [સં૦ અષ્ટ પઞ્ચાસત] પચાસ ને આ-

અઠાવીસ, વિ૦ [સં૦ અષ્ટાવિંશતિ] વીસ ને આઠ-૨૮.

અઠાસિયાં, ન૦ અઠાસિયા શબ્દ જોવો.

અઠ્ઠો, પુ૦ સોકટાંની બાજીના અકેકા પટને છેડે ત્રણ ત્રણ ખાનાં હોયછે તેમાનું અકેકું વચલું તે. ૨ ગઞ્જીફાનાં અથવા બીજાં કોઈ રમવાનાં પાનાં ઉપર ચિતરેલા આઠદાણાનો જે સમુદાય તે.

અઠયાસી, વિ૦ [સં૦ અષ્ટાશીતિ] એંસી ને આઠ-૮૮.

અડ, સ્ત્રી૦ [હિં૦] હઠ; જીદ. તે પોતાની અડ મુકતો નથી. ૨ પાસેનો સમ્બન્ધ. અડનું સગું.

અડક, સ્ત્રી૦ અટક; ઉપનામ.

અડકવું, ક્રિ૦ [સં૦] બે જણે-વસ્તુએ કોઈપણ ઠેકાણે એક બિજાની વચ્ચે કંઈ પણ અન્તર ન રે તેમ સાથે થવું-હોવું; સ્પર્શ કરવો. સમ્બન્ધમાં હોવું-થવું. તે નાયાવના તેને અડકયો, વળગણી ઉપરનું વસ્ત્ર માથાપરની પાઘડીને અડક્યું. ૨ પોંચવું; સ્પર્શ કરવાને વચમાનો અન્તર ભરવો. વરનું મા-

ણું વહુની છાતીયે અડ્કે છે. ૩ હાથમાં લેવું; છેડવું. તે કાગળોને તો હાલ હું અડકતોજ નથી.

અડકાડવું, અડકે તેમ કરવું.

અડકાયલી, વિ૦ ઋતુથી અળગી બેઠેલી (સ્ત્રી).

અડકાવ, પુ૦ સ્ત્રીને ઋતુ આવવો તે; અટકાવ; અભડું. [રી બારણાં).

અડકાવવું, ક્રિ૦ સ૦ બન્ધ કરવું; ઢાંકવું; દેવું- (બા-

અડકાવું, ક્રિ૦ અ૦ બન્ધથવું; દેવાવું (બારણું). ૨ અડકવાથી અશુદ્ધ થવું (ડાઘુને)' ૩ અટકાવ આવવો (સ્ત્રીને).

અડખોદડખો, પુ૦ બેસતે વરસે મળસકામાં ઉઠીને કચરાથી ભરેલું હાંલ્લું દણ્કુકે વગાડતાં અણે 'લાછ (લક્ષ્મી) આવે ને આળસ (દળદર) જાય' એમ બોલતાં ચકલે જઈ તે હાંલ્લુ ફોડી નાખવાની વેમ બરેલી જે રૂઢિ તે. ૨ દોષ-ઠપકાનો ભાર. (અડખોદડખો તેને માથે).

અડઙ્ગો, પુ૦ કામ થયા વગર ઉઠવુંજ નહિ એવો આગ્રહ ધરી બેસીરેવું તે; ધામાં. ૨ કુસ્તીમાં એક તરેહનો પગનો દાવ.

અડચણ, સ્ત્રી૦ જે વસ્તુ-બનાવનાં આડાં આવવાથી ચાલતાં કામ અટકી પડે તે; હરકત; નડતર; રોકાણ. ૨ ગભરાટ; સઙ્કટ; આપદા. [શં.

અડતલાં, ન૦ આનાકાની; ગાંગાંતલિયાં-લાં; શં-

અડતલો, પુ૦ આસરો; ઓથ. ૨ સુમાર; અટકળ.

અડથલ, વિ૦ કામ કરવે હઠે નહિ તે; જબરું. ૨ કદાવર; લઠ્ઠ.

અડથળો, પુ૦ મોટી અડચણ; રોકાણ.

અડદ, પુ૦ કઠોળ જાતિ અનાજમાં ગણાતું એક. (એ જાદુ પ્રયોગમાં પણ કામ આવેછે).

અડદાળું, ન૦ અડદવાળું તે. અડદના લોટના લાડુ, અડદની દાળમાં બાજી બે ત્રણ દાળ એકઠી રાંધેલી હોય તે.

અડદાળો, પુ૦ ઘુંદાવાથી એકસરખું નરમ થઈ સળીજવું તે; ભેંચો; ઘાણ. ૨ ખૂબ માર પડવાથી હાડકાંપાંસળાં નરમ થઈ જવાં તે; શક્તિ ઉપરાન્ત અતિસેં કામ કરાવ્યાથી કામ કરનારે છેકજ થાકીજવું તે. [અડદનું બીકું.

અડદિયું, ન૦ અડદના લોટની બનાવેલી મિઠાઈ. ૨

અડધિયું, ન૦ અડધું તે.

અડધી, સ્ત્રી૦ તાંબાંનો એક શિક્કો; પૈ-(એક આનાનો બારમો ભાગ) (એ શબ્દ મુમ્બઈમાંજ વપરાયછે).

અડધું, વિ૦ [સં૦ અર્ધ] આખી વસ્તુના બરાબર સરખેસરખા કરેલા બે ભાગમાંનો એકેકો.

અડધુંપડધું, વિ૦ અડધું અથવા તેથી કંઈક ઓછું.

અડધો, પુ૦ રૂપાંનો ચલણી શિક્કો (એક રૂપિયાના બે અડધા). ૨ (સઙ્કેતમાં) અડધો ઘેલો.

અડધોઅડધ, વિ૦ બરાબર અડધું.

અડનું, પાસેનું (સગું)

અડપલું, ન૦ અટકચાળું. વિ૦ અટકચાળું.

અડફટ, સ્ત્રી૦ [સં૦ આસ્ફાલન] ઝપટ; ફેંટ; આંટો; અથડાવું તે. અડફટમાં આવવું.

અડબઙ્ગ, વિ૦ [હિં૦] કઈપે કઈ ને કરે કંઈ તે; કંપું ન લેખવતાં પોતાનાંજ છન્દમાં મચારેનાર; ઉડેલ તબિયતનું; ઢઙ્ગ વગરનું; હઠીલું; અડાણી; મૂર્ખ.

અડબડિયું, ન૦ ગબડીને પડવું તે; લથડિયું.

અડબોથ, સ્ત્રી૦ તાણીને મોડાંપર હાથ મારવો તે; લપડાક. "અડબોથનો ઉધારો ન હોય" એ કેવતછે.

અડબોથ, વિ૦ ઠોઠ; મૂર્ખ; બૂંધો.

અડવાણું, વિ૦ અડવું; ઉઘાડું.

અડવું, વિ૦ સણગાર રહિત; ઉઘાડું. અડવી કોટ (કણ્ઠી વના), અડવા પગ (જોડા વના). ૨ સણગાર વના અતડું-નરસું દેખાતું તેવું. કલ્લાં વના પગ અડવા લાગેછે.

અડવું, ક્રિ૦ અ૦ અડકવું; સ્પર્શ કરવો. "મુજને અડશો મા, આઘા રો અલબેલા છેલા અડશો મા" (દયારામ). ૨ એકાદાં કામ ઉપર મણ્ડી પડવું. લાગુ રેવું.

અડવો, પુ૦ વાણિયો (બવૈમાં).

અડસટ્ટો, પુ૦ [હિં૦] અટકળથી ગણેલું તે; સુમાર; આસરો. અડસટ્ટો કાડવો.

અડસઠ, અડસેઠ.

અડસર, સ્ત્રી૦ ઘરની મે; પાટડી.

અડસિયાં, અડાસિયાં.

અડસેઠ, વિ૦ સાઠ ને આઠ; ૬૮.

અડાઉ, વિ૦ વાવેતર થયા વિના પોતાનીમેળે ઉગી-નિકળે તે (ડાંગેર-ભાત); નમાર.

અડાડવું, અરકાડવું.

અડાણી, વિ૦ બોલવે ચાલવે જઙ્ગલી; અસભ્ય; અનાડી. ૨ સમજ-આવડત વનાનું; મૂર્ખ.

અડાણો, પુ૦ એ નામનો એક રાગ. [ડાબીડ ઝાડ.

અડાબીડ, વિ૦ કંઈક ભય ઉપજાવનું એવું મોટું. અ-

અડાયાં, ન૦ રસ્તામાં પડેલા સુકાઈ ગયેલા ગાય ભેંસના પોદળા. અડાયું એક વચનમાં પણ એ શબ્દ થોડો વપરાયછે.

અડાર, વિ૦ [સં૦ અષ્ટાદશ] દશને આઠ; ૧૮. અડારભાર વનસ્પતિ, અડાર પુરાણ ઇ૦

અડાલી, સ્ત્રી૦ લાકડાંની નાની થાળી-કથરોટ.

અડાવવું, ક્રિ૦સ૦ (ખુશાલી પણ કંઈક દાંડગાઈ બતાવેછે) અતિશય ખાવું. તેણે આજ પન્દર લાડુ અડાવ્યા. ૨ બોલવામાં જુઠી વાત ચલાવવી-ઘુસાડી દેવી. તેણે ગપ અડાવી, તેણે કંઈનું કંઈ અડાવ્યું, તેણે તેની આગળ જુઠું અડાવ્યું. ૩ જાડો દમ ભરાવવો; ધમકાવવું; સપડાવવું. તેણે તેને ખૂબ અડાવ્યો. ૪ ઓસાયે સર્જું કરવો. તેણે તેને અડાવી. અડાવીદેવું—કોઈને એકાદે ઠેકાણે તજવીજથી દાખલ કરી-ઘુસાડી દેવું. ૨ ન કેવાની વાત કઈ દેવી.

અડાસિયાં, સ્ત્રીનું એક ઘરેણું.

અડાસે, અ૦ પાસે; લગોલગ. ૨ પડખાપે; ઓથે.

અડાળી, સ્ત્રી૦ ઘરને લગતા એક ભીંતને આસરે જે છાપરી બાંધેલી હોય તે; ઓસરી.

અડિયલ-યેલ, વિ૦ [હિં૦] અડ કરનાર; હઠીલું; કયું ન માને તે. એ શબ્દ વિશેષે પશુને લગાડવામાં આવેછે-અડિયલ ટટ્ટુ.

અડિયું, સ્ત્રી૦ નાની અડી.

અડી, સ્ત્રી૦ સોનીનું એક ઓજાર-કાંસાનાં જે બામાં ઉપર ઘુઘરી વગેરે ઘાટ ઘડાયછે તે. ૨ દોડ; ગબડું. [ળાયે.

અડી, વિ૦ જરૂરની; અટકીપડાય તેવી. અડી વે-

અડીજડીને, અ૦ ધા૦ મળડયાં-લાગુ રઈને.

અડીજવું, ક્રિ૦ અ૦ દાખલ થઈજવું. ૨ અટકી પડવું-ઘોડો અડીગયો. [કી પડવું; રઈજવું.

અડીપડવું, ક્રિ૦અ૦ (કંઈક દાંડગાઈના ભાવમાં)અટ-

અડીવેળા, સ્ત્રી૦ અટકી બેસવાના સમયની લગોલગનો સમય. ૨ દુઃખનો વખત.

અડી, વિ૦ બે ને એકનુ અડધું તે; રરૂ અથવા રા

અડીશેરી, સ્ત્રી૦ અડીશેર વજનમાં થાય તેવું તોળવાનું કાટલું. ૨ અડીશેર માપ તેવું માપ-ઠામ.

અડુકદડુકિયું, વિ૦ અહીંથી તહીં ને તહીંથી અહીં દોડનારું-ગાજનારું; ગરબડિયું.

અડુસી, સ્ત્રી૦ એક ઔષધી. [વપરાયછે.

અડુસો, પુ૦ એકઝાડ. એનાં પાતરાં ઔષડમાં

અડોઅડ, અ૦ લગોલગ; છેક જ પાસપાસે; અડકીને રહ્યું હોય તેમ.

અડોલ, વિ૦ ડોલે નહિ તે; અચળ; અટળ; સ્થિર.

અડોલી, સ્ત્રી૦ મોરી-અછોડો-નેતરું ખસી ન જાય માટે છેડા ઉપર બેરપેલા લાકડાં વિગેરેનો નાનોસરખો પાતળો જે કકડો તે; અટકણિયું.

અડોસપડોસ, પુ૦ પોતાનાં ઘરની લગોલગ અથવા થોડેક દૂરપણ તેજ મોહલ્લામાં હોવાનો જે સમ્બન્ધ તે.

અડોસીપડોસી, પુ૦ પોતાનાં ઘરને લગોલગ અથવા તેની ચારે બાજુએ જે માણસો રેતાં હોય તે; પાડાપડોસી. [દરૂપું; બદસુરત.

અડોળ, વિ૦ ડોળ-આકાર-ઘાટ વગનું; વરૂં; ક-

અડોળકાટલું, વિ૦ અડોળ. ૨ મનમાનનું કામ ન કરીશકે તે-(માણસ-વસ્તુ).

અડ્યું, વિ૦ કસ્યા વિના ચાલે નહિ તેવું; જરૂરનું (કામ). ૨ અટકી પડેલું-તે કામ કંઈ અડ્યું રેવાનું નથી.

અઢળ, વિ૦ ઢળી-પડી ન જાય તેવું; અચળ; નિત્ય; સ્થાયી. અઢળપદ-જે પડે નહિ અથવા જ્યાંથી પડાય નહિ તે ઠેકાણું; મુક્તિપદ. [ઢળિયા.

અઢળક, વિ૦ ઢળી ન પડે તે; મુક્ત (જન) અઢળક-

અઢેલવું, ક્રિ૦અ૦ અઢીંગવું. ક્રિ૦સ૦ જોર આપી ખસેડવું-ધકેલવું (લાકડાં વગેરેને).

અણ, અ૦ [સં૦ અન] એ શબ્દ વિશેષે નહિના અર્થમાં ને પ્રસંગે નરસાપણું, કમીપણું વગેરેના અર્થમાં વપરાયછે.

અણકયાગરું, વિ૦ કયું ન માને તે.

અણકિસબી, વિ૦ કિસબી નહિ તે.

અણકૂટ-કોટ, પુ૦ [સં૦ અન્નકૂટ-અન્નનો ઢગ] દેવની આગળ મોટાં નૈવેદ્યમાં જે ભોજનપદાર્થો એકે ઠેકાણે જુગતીથી ગોઠવી રાખેલા હોય તે; મહાપ્રસાદી.

અણખત, સ્ત્રી૦ મનમાં કંઈ કંઈ ખુંચ્યા કરવું તે; કંઈ કંઈ કાળજી થયાં કરે તે. ૨ અપ્રીતિ; કજીઓ.. ૩ નડતર; આડખીલો.

અણગમતું-મું, વિ૦ધા૦ ગમતું-પસન્દ નહિ તે.

અણગળ, વિ૦ધા૦ ગળેલું નહિ તે-પાણી દૂધ વગેરે.

અણગોક-ખ, પુ૦ બૈરાંનું એક વરત. કારતક સુદમાં અથવા ભાદરવા સુદમાં અથવા શ્રાવણમાં કેટલેક નિમેશે દિવસે બૈરાંઓ એકઠાં મળી દેવસ્થાનમાં

જઈ તુળસી ખાખા વગેરેનાં ઝાડ તળે બેસી દૂધનું ખાયછે અથવા ફલાહાર કરેછે. વાણિયણો કારતક સુદ ૨ થી તે આતેમ સુધીમાં દાળભાત વગર ખાજું ખધું ખાઈ બેઠકે જઈ અથવા ઘરમાં અણગોક કરેછે ને માગશરમાં દ્રાંકું ખાઈ કરેછે પણ ભાતદાળ તો નહિજ.

[નહિ તે.

અણગોખ્યું, વિ૦ધા૦ ગોખેલું- ગોખીને યાદ રાખેલું

અણઘટતું, વિ૦ [સં૦ અઘટિત] ઘટતું નહિ તે (વિચાર, કર્મ ઇ૦).

અણઘડ, વિ૦ધા૦ ઘડેલું-સુન્દર ઘડેલું નહિ તે (લાકડું ઘાટ વગેરે). ૨ રૂડું કેળવાયલું-તરબીયત થયેલું નહિ તે; સ્વભાવ રીતભાતે ગુણડ નહિ તે; જંગલી; બેવકુફ. ૩ ખાસ ગાનારાનું એક ફડ્જેને મતે જે કંઈ ઘડેલું નહિ તે ઈશ્વર એવુંછે.

અણચિન્તું-ન્ત્યું-ચીતું, અ૦ ધા૦ આગળથી કલ્પના ન કરી હોય તેવા બનાવથી; એકાએક.

અણછતું, વિ૦ છતું-પ્રગટ નહિ તે; છાનું; ઢાંકયું; ગુપ્ત. ૨ ન હોવું તે "અણછતે છતાનો ભ્રમ, પણ બ્રહ્મવેત્તા જાણે એ મર્મ." (અખો)

અણજાણ, વિ૦ [સં૦ અજ્ઞાન] જેને જાણ નથી તે; જે (એકાદીવાત) જાણતો નથી તે. ૨ મૂર્ખ; નાદાન.

અણતોળ્યું, વિ૦ ધા૦ તોળ્યાવગરનું. "અણતોળ્યા હીરારે વેચાયે બાબીરે ઘર આપણાંરે".

અણદીઠ-ઠું, વિ૦ધા૦ ન દીઠેલું-જોયલું; કોઈ દહાડે ન દીઠું હોય તેવું. "અણદીઠાનું દીઠું ને માર મૂળાને મીઠું".

[નેલું તે.

અણધાર્યું, વિ૦ધા૦ ધારેલું નહિતે; એકાએક બ-

અણબનાવ, પુ૦ બનાવ-સલાહ-સમ્પ નહિ તે; દીલ જુદાં હોવાં તે. ૨ કજિયો; વાંધો; સામસામી.

અણબોટ, વિ૦ધા૦ બોટયા વગરનું.

અણમાનીતું, વિ૦ માનીતું નહિ તે; નાપસન્દ-અળખામણું કરેલું. માનીતી ને અણમાનીતી રાણી.

અણલિંઝી, વિ૦ વિદેહી. "વણખાધે કરૂ થાય ચીકણો, એવો ભેદ અણલિંઝીતણો.".

અણવટ, પુ૦ [હિં૦] બાળક છોકરાંને પગને અંગુઠે ઘાલવાનું ઘુઘરીવાળું રૂપાનું ઘરેણું.

અણવર, પુ૦ વર-વહુ પરણીને સાસરે જાય તે પ્રસન્ગે વર-વહુની સાથે જનારૂં જે તેનું સગું અથવા સ્નેહી તે. વરની સાથે જનારો કુંવારો મિત્ર હોયછે ને વહુની સાથે જનારી તેની સખી-બેનપણી હોયછે.

અણવરિયું, ન૦ અણવર રૂપે હોવું તે. ૨ અણવર.

અણવીંધ્યું, વિ૦ ધા૦ વીંધેલું નહિ તે (મોતી). ૨ ખાંસી કરેલી ન હોય તેવો (આખલો-બળદ). ૩ ઘડાયલું-કસાયલું નહિ તે; અજાણ્યું; શિખાઉ (માણસ).

અણસખડી, સ્ત્રી૦ પાણીથી રાંધેલી રસોઈ સિવાયે બીજા જે ખાવાના પદાર્થો તે; બાફયા વગરની ઘીમાં તળેલી મીઠાં વગરની જે અન્ન સામગ્રી તે; કાચુંકોરું; વણ અજીઠું; ફરાળ.

અણસમજ, સ્ત્રી૦ નહિ સમજ તે.

અણસમજણું-જુ, વિ૦ સમજ-સૂઝ-અક્કલ વનાનું (જન). ૨ બાળક; અજ્ઞાન; નાદાન.

અણસારો, પુ૦ જરાક આંખ ફેરવી કોઈને કંઈ સમજાવવું-ચેતાવવું તે; સાન; ઈસારો.

અણહદ, અનહદ.

અણિમા, સ્ત્રી૦ [સં૦] આઠ સિદ્ધિમાંની એક-ઝીણું ને ન દેખાય તેવું સ્વરૂપ લેવાની શક્તિ.

અણિયાળું, વિ૦ અણીવાળું.

અણી, સ્ત્રી૦ [સં૦ અણિ, અણ-અવાજ કરવો] એકાદી વસ્તુનો ઘણોજ ઝીણો ખુંચે તેવો છેડો. સોય, હથિયાર વગેરેની અણી. ૨ સંકટમાં આવીપડવાની સન્ધિ; બારીક વખત. "અણીચુકયો સો વરસ જીવે" એવી કેવત છે.

અણીદાર, વિ૦ અણી હોય તેવું.

[ઈ હોય તેવું.

અણીશુદ્ધ, વિ૦ જેની અણી ખાંડી-ભાગી-બુઠ્ઠી ન થ-

અણીસું, ન૦ [અં૦] એક જાતનું ખી-વસાણું.

અણુ, પુ૦ [સં૦ અણ-અવાજ કરવો] ઘણુંજ ઝીણું જે કંઈ તે. ૨ પદાર્થનો ઝીણામાં ઝીણો વિભાગ ને જે વિભાગનો (કેટલાકને મતે) પાછો નવો વિભાગ થઈ શકતોજ નથી તે; પરમાણું. વિ૦ થોડુંક; લેશ. અણુમાત્ર એટલે જરાકજ.

અણોજો, પુ૦ અમાસ અને બીજે કેટલેક ઠરવેલ દિવસે રોજન્દુ કામ બન્ધરાખવું તે-કડિયા સુથાર મજૂર વગેરે અને કનસારા લુહાર સોની વગેરે પણ અણોજા પાળેછે. ન્યાતના એકાદા મુખીના મરણને દિવસે પણ કેટલાક ધન્ધાદારી લોકો અણોજો પાળેછે.

અણ્ટસ, પુ૦ વેર બુદ્ધિથી મનમાં ગાંઠ વાળીરાખવી તે; હૈયાંમાં આંટી રાખવી તે; કીનો; અદાવત; દુશમનાઈ.

[આવવું-લેવું.

અણ્ટેવાળ. સ્ત્રી૦ આંટી; અડચેટ. અણ્ટેવાળે-વાળિયે-

અણ્ડ, ન૦ [સં૦] ઇંડું. એ આકારે બ્રહ્મમય જે ગોળ તે બ્રહ્માણ્ડ. પુ૦ પુરુષેન્દ્રીને લગતી ગોળીની જે જોડ તે.

અણ્ડકટાહ, પુ૦ તાળવું. ૨ બ્રહ્માણ્ડ. "કો કરે પ્રૌઢીકાય, અણ્ડકટાહજ ફાડે, તોએ તે જાણો અખા, માયાએ મર્કટ કર્યાં."

અણ્ડજ, વિ૦ [સં૦] ઇંડાંમાંથી ઉત્પન્ન થયલું-પક્ષી, સાપ, માછલાં વગેરેની અણ્ડજ ખાણમાં ગણના છે. [રોગ.

અણ્ડવૃદ્ધિ, સ્ત્રી૦ [સં૦] અણ્ડ વધી મોટો થાય તે

અણ્ડાકૃતિ, સ્ત્રી૦ ઇંડાંની આકૃતિ. વિ૦ ઇંડાંના આકારનું.

અણ્ડુસ, ન૦ સીતાફળ. પુ૦ અણ્ડ.

અતઃ, અ૦ [સં૦] એ માટે; એવું છે વાસ્તે; એ ઉપરથી. ૨ એ જગાથી. ૩ એ સમયથી.

અતઃપર, અ૦ [સં૦] હવેપછી; અત્યારપછી; આપન્દે. [ભાવિ.

અતએવ, અ૦ [સં૦] એટલાજમાટે; એજ કારણને

અતડાઈ, સ્ત્રી૦ જુદાઈ. ૨ આડાઈ. ૩ તોર; મગરૂરી.

અતડું, વિ૦ કોઈસાથે હળે મળે નહિ પણ સહુથી અલગ-જુદુંજ રે તે; ઘણાંના પ્રસઙ્ગમાં ન જતાં પોતાનાંજ કામમાં આનન્દ માનનાર. (માણસ). ૨ તોરી; આડું; (માણસ-કામ). ૩ છિછલું; તોછડું; વરવું. [અલાહિદું; આઘું; જુદુંજ.

અતરઙ્ગ, અ૦ આધાર વગર લટકતું; અદ્ધર. ૨

અતરાપી-પુ, વિ૦ ઘરનું નહિ તે; બારનું; અજાણ્યું. ૨ જેને કંઈ લાગતું વળગતું ન હોય તે; ત્રાહિત; બે તરફેનમાંનો નહિ પણ ત્રીજો ધણી.

અતરે, અ૦ [સં૦ અત્ર]. અતરેથી-અહીંયાંથી.

અતર્ક્ય, વિ૦ [સં૦] તર્ક ન થઈ શકે તેવું.

અતલસ, સ્ત્રી૦ [આ૦] એકજાતનું પાતળું સાટીન જેવું રેશમી કાપડ; લાય.

અતળ, ન૦ [સં૦ અતલ] સાત પાતળમાંનું પેલું-પૃથ્વિની નીચેનું. વિ૦ તળિયાં વગરનું; ઉંડું.

અતળી, વિ૦ અતુલ. "એ અતલી બળ અઙ્ગદ અધિક, પલક એક પોંતો તહાં." (સામળભટ).

અતાઈ, વિ૦ [હિં૦] ઘણુંજ સરસ (ગાનારો-વગાડનારો). એ શબ્દનો અર્થ મૂળ ભાષામાં મફત ગાનારો-નાચનારો અથવા ગુરૂ કર્યા વગર સાંભળી સાંભળીને ગાતાં શિખેલો એવો થાયછે.

અતાર, પુ૦ [આ૦] અત્તાર, વાનો વગેરે સુગન્ધી વેચનારો.

અતિ, અ૦ [સં૦] અત્-જવું] જોઈયે તેથી ઘણુંજ વધારે; બેહદ; પારવગાનું; હદબાર 'અતિ સર્વત્ર વર્જયેત્'.

અતિઘણું, અ૦ પારવગાનું-ઘણું.

અતિકાળ, પુ૦ વધારે વટી ગયલો વખત; ઘણું મોડું થઈ જવું તે.

અતિક્રમ, પુ૦ હદબાર જવું તે; અમર્યાદા. ૨ અસાધારણ સરસ થવું તે. ૩ ભોગ કરવો-બેતમા રાખવી તે. ૪ શત્રુની સામાં બાદુરીથી ધસારો કરવો તે.

અતિક્રાન્ત, વિ૦ભા૦ હદબાર ગયલું; ઉલ્લઙ્ઘન કરેલું. ૨ થઈ ગયલું. ૩ વહીગયલું. ૪ સરસ થયલું.

અતિજગતિ, પુ૦ [સં૦] ચરણમાં તેર તેર અક્ષર આવે તે છન્દ જાતિ.

અતિથિ, પુ૦ [સં૦] દાન-ભિક્ષા લેવા આવેલો જે મનુષ્ય તે. ૨ યાચક વૃતિવાળો મેમાન-પ્રાંહુણો-પરોણો-જેને ધર્મબુદ્ધિથી ભોજન તથા ઉતારો આપવામાં આવતો હોય તે.

અતિદેશ, પુ૦ [સં૦] શબ્દ-વાક્યના અર્થને કંઈક તાણી વધારેલો તે. [૨ અન્યાય; ઉત્પાત.

અતિપાત, પુ૦ [સં૦] શાસ્ત્ર-રૂઢિથી આડું વર્તવું તે.

અતિપાતક, પુ૦ [સં૦] મોટાંમાં મોટું પાપ.

અતિરથ-થી, પુ૦ [સં૦] ૧૦ હજારથી વધારેને પૂરો પડે તેવો જે એક જોદ્ધો તે-મહારાથી કરતાં વધારે બળિયો.

અતિવિખ, ન૦ [સં૦ અતિવિષ] એક ઓષધિ. એની કળીયો બાળકને કરમ વગેરે રોગ ઉપર આપવામાં આવેછે. એ ઝાડની છાલ રઙ્ગનાં કામમાં આવેછે.

અતિવ્યાપ્તિ, સ્ત્રી૦ [સં૦] પ્રતિજ્ઞા વાક્યો ઉપરથી જેટલું નિકળે તેના કરતાં વિશેષ જે અનુમાન કાડવું તે; તાણીતૂસીને સામાન્યત્વ આણવું તે; મરડી મચડીને જે ઠરાવ કરેલો તે. [ધારે.

અતિશય, વિ૦ [સં૦] ઘણુંજ; પુષ્કળ; બહુજ વ-

અતિશયોક્તિ, સ્ત્રી૦ [સં૦] હોય તેના કરતાં અતિશય વધારીને જે કહેલું તે. ૨ એક અર્થાલઙ્કાર-જેમાં કોઈ વસ્તુને શોભાવવાને તેનું વધારી વધારીને વર્ણન કરેલુંહોય તે. ૩ બકવાદ; બડબડાટ.

અતિશાણું, વિ૦ ડોડડાપું.

અતિશૂદ્ર, પુ० [સં०] શૂદ્રથી નીચી જાતિનો પુરુષ. ભંગિયો, ચમાર્ વગેરે.

અતિસાર, પુ० [સં०] વારે વારે પાતળો-પાણીનો ઝાડો થયાં કરે તે રોગ; મરડો; સંગ્રહણી.

અતિસ્નેહ, પુ० [સં०]. ઘણોજ સ્નેહ.

અતિસ્વાર્થ, પુ० [સં०] ઘણોજ સ્વાર્થ; ઘણોજ લોભ. ૨ છેકજ એકલપેટાપણું.

અતીક્ષ્ણ, વિ० [સં०] તીક્ષ્ણ નહિ તે.

અતીત, પુ० [સં० અતિથિ] ઘરબારી સાધુ-બાવો; ભિખારુ, માંગનાર.

અતીત, વિ० ધા० [સં०] જુદુંપડી છુટુંથયલું. વિષયાતીત, મોહાતીત ઇ०. ૨ વીતીગયલું; પસાર થઇગયેલું. કાલાતીત, સ્થલાતીત ઇ०

અતીન્દ્રિય, વિ० [સં०] ઇન્દ્રિયોથી કળાય-સમજાય નહિ તે; અગોચર.

અતીસ-સે, અતિશય.

અતુલ-લ્ય, વિ० જેની તુલના-બરોબરી ન થઇશકે તે; અનુપમ; અસાધારણ. [ત. ૨ તૂટે નહિ તે.

અતૂટ; વિ० [સં० ત્રુટિત] તુટેલું નહિ તે; અખણ્ડિ-

અતૃપ્ત, વિ० [સં०] તૃપ્ત-ધરાયલું નહિ તે.

અતોલ, વિ० [સં० અતુલ્ય] જેનુ તોલ માપ ન થઇ શકે તે. ૨ અનુપમ.

અત્તર, અ० [સં० અત્ર] અહીં. અત્તરમતુ-અહીં સહી (કરવી એમ અભણેલને દેખાડવાને એ શબ્દ નિકળ્યો છે).

અત્તર, ન० [આ०] ફૂલ સુકેડ વગેરેમાંથી જુદીપાડેલી એવી તેલના અંશવાળી જે સત્વસુગન્ધિ વસ્તુ તે.

અત્તરઘડી-યે, અ० આઘડીયે; હમણાંજ. [સીસી.

અત્તરદાની, સ્ત્રી० [આ०ફા०] અત્તર રાખવાની

અત્તરસાહુત-દ, અ० આંઘડીયે; આજક્ષણે; હમણાંજ.

અત્યન્ત, વિ० [સં०] ઘણુંજ; અપાર; અથાક.

અત્યય, પુ० [સં०] નાશ. ૨ અતિક્રમ. ૩ દુરાચાર.

અત્યાગ્રહી, વિ० અતીસેં આગ્રહ કરનાર.

અત્યાચાર, પુ० [સં०] ચાલતા આચારથી આડું જે આચરણ તે; કુમાર્ગ.

અત્યાર, સ્ત્રી० આવખત; આક્ષણ; હમણાં. પાણાંનું કામ માંડ્યું હતું તે પુરુંથતાં છેક અત્યાર થઇ.

અત્યારપછી, અ० હવેપછી; આજપછી. [ધી.

અત્યારલગી-સુધી, અ० આ ઘડી લગી; હમણાં સુ-

અત્યારે, અ० આ વેળા; આ ઘડીયે; આ વખતે.

અત્યાસક્તિ, સ્ત્રી० [સં०] અતિશય આસક્તિ-સ્નેહલમ્પટપણું.

અત્યુક્તિ, સ્ત્રી० [સં०] અતિશયોક્તિ. [આંમાં.

અત્ર, અ० [સં०] આ ઠેકાણે-જગાએ; અહિયાં;

અત્રપ, વિ० નિર્લજ; બેશરમ.

અત્રે, અ० અત્ર.

અથ, અ० [સં०] પ્રારમ્ભ દેખાડતો મંગળશબ્દ. અથથી તે ઇતિસુધી. તે માટે, આ પ્રકારે, વળી, પછી, વિશેષ એ અર્થમાં પણ વપરાયછે; પ્રશ્ન પુછતાં, કંઇપણ કેતાં તેનો પ્રયોગ થાયછે.

અથડવું, અથડાવું.

અથડામણ, સ્ત્રી० અથડાયાં કરવું તે; અથડાવાની મેહેનત. ૨ કડાકુટ; અડચણ. ૩ રખડપટ્ટી.

અથડાવું, ક્રિ० અ० બે વસ્તુએ જોરમાં એક બાજને અડકવું-લાગવું; અફળાવું; ઠોકાવું. ભીતસાથે માથું અથડાયું. ૨ રઝળવું; રખડવું; ભટકવું; ફાંફાં મારવાં. તે હજી ત્યાંનોત્યાંજ અથડાયાં કરેછે. ૩ સાંમી અડચણે નડેથી થાકીજવું; કણ્ટાળવું.

અથર્વ, પુ० [સં०] ચાર વેદમાનો ચોથો.

અથર્વણ, પુ० [સં०] શિવ.

અથર્વેદી, પુ० અથર્વવેદ ભણેલો તે. ૨ માથાફોડિયો; ઠોઠ. ૩ ખળ; લુચ્ચો. ૪ નાસ્તિક.

અથવા, અ० [સં०] બેમાંથી એક એવો અર્થ દેખાડનારો શબ્દ; કિંવા; કે; યા.

અથાક-ગ, વિ० [સં० અસ્થાઘ. અ; સ્થા-ઉભુંરેવું-અટકવું. અગાધ ઉપરથી પણ હોય] તળિયું ન માલમપડે તેવું; ઘણુંજ ઊણ્ડું; પારવનાનું; અમાપ; અકળિત.

અથાણું, ન० ન બગડતાં ઘણો કાળ રે તેનેસારુ ઘણુંકરીને મીઠાંમાં આથેલાં જે ફળ કન્દ તે. એ પોતાના ખાટા ખારા તીખા ગળ્યા સવાદથી ખાવામાં લેજત આપેછે. અથાણું સાતપ્રકારનું છે. મેથિયા (કેરી, ગુંદાં, મરચાં); ગોળિયા-ગોળચાં (કેરી, આદું, બોર, મરચાં), બોળ (કેરી, આદું, હળદ, લીંબુ, કેર વગેરે), રાઇતીકેરીનું, છુંદિયાકેરીનું, હિંગયાંલીંબુનું, ને બફાણાનું અથાણું કરવું એમ કેવાયછે. એનો બીજો લાક્ષણિક અર્થ આ કે નિરર્થક રાખીમુકવું. "નહિજ આપો તે ! સાચવીને અથાણું કરજો".

અંઘોટી, સ્ત્રી० [આથવા ઉપરથી] સેરડીના ઉકળતા રસમાં આદાંના કકડાના હારડા પાયલા તે. ૨

હુથોટી-હાથમાં કિસબ રમીરહ્યો તે; ટેવપડયાથી સેહેલથી કરવાની જે આવડત-છટા તે.
અધોડી, સ્ત્રી॰ હથોડી. છેક નાનો અથોડો.
અધોડો, પુ॰ હથોડો. લાકડાંના હાથાવાળું સોની લુહાર વગેરેનું એક ઓજાર. એ, એરણ ઉપર મુકેલી વસ્તુને ટીપવાનાં કામમાં આવેછે.
અદ, [સં॰ અર્દ્ધ] એ શબ્દ બીજા શબ્દોસાથે જોડાઈનેજ વપરાયછે. **અદસસ્તુ, અદપડિયાળી** (આંખ) ૪૦
અદક, વિ॰ અડધી; ઓછી (પાંસળી).
અદકકું, અદુકકું.
અદકું, વિ॰ [સં॰ અધિક] વધારે; વધતું; વિશેષ.
અદકેરૂં, વિ॰ અધિક (કવિતમાં)
અદક્ષ, વિ॰ [સં॰] દક્ષ નહિ તે.
અદગ્ધ, વિ॰ ધા॰ [સં॰] દગ્ધ-બળેલું નહિ તે.
અદત્ત, વિ॰ ધા॰ [સં॰] દત્ત-આપેલું નહિ તે.
અદત્તા, સ્ત્રી॰ [સં॰] કુંવારી છોકરી.
અદન, ન॰ [સં॰ અદ્-ખાવું] જમવું તે; ભક્ષણ ૨ ભોજન; જમણ; ઓરાક.
અદના, વિ॰ [આ॰] ગરીબ; નીચી સ્થિતિમાં હોય તે. ૨ નીચ; હલકું; કંગાલ; નકામું.
અદપડિયાળી, વિ॰ અદ્ધાડી (આંખ) "અદપડિયાળી આંખે ઓછું આંખ મારે" (દયારામ).
અદબ, સ્ત્રી॰ [આ॰] વિવેકમર્યાદા; માગા. ૨ પોતાની નમ્રતા-મર્યાદા દેખાડી મોટેરાંને માન આપવું તે. ૩ અડ્કોચ; તાબા-હાથમાં હોવુંતે. અદબ કરવી વિવેકમર્યાદા દેખાડવી; માન આપવું. ૨ બેઉ હાથને કોણીથી વાળી એક ઉપર એક એમ ચડાવી રાખવા તે. અદબ વાળવી પણ કેહેવાયછે.
અદબદ, ન॰ અદ્ભુત તે. " અદબદમાં ઉપજે તે. જીવ, જીવનાં કલ્પ્યા ઈશ્વર. શીવ." [રાખીને.
અદબસર, અ॰ અદબ રાખીને; મર્યાદાથી; માન
અદભાવપ, ન॰ [યત્-જે; ભવિષ્ય] થનારૂં હશે તે થશે એમ સમજી આગળથી ઉપાય કરવો તે.
અદરસ, પુ॰ આદાંનો રસ.
અદરાવું, ક્રિ॰અ॰ સગાઈ થવી; વિવાહ થવો; લગનનાં કોલકરાર થવા; આંલ્લા થવા.
અદર્શ, વિ॰ [સં॰ અદૃશ્ય] ન દેખાય તેવું.
અદર્શન, ન॰ [સં॰] નહિ દર્શન તે; ન દેખાવું તે.
અદલ, વિ॰ [આ॰] એક ઓછુંને એક વધતું એમ નહિ પણ બન્ને તરફ બરોબર હોય તે; પક્ષપાત વિનાનું; ન્યાયયુકત; વાજબી; સત્ય. અદલ કરવું-વાજબી કરવું; યથાન્યાય વર્તવું.
અદલબદલ, અ॰ [હિં॰] એક આપીને બીજું લીધુંહોય તેમ. ૨ ફેરફાર કર્યો હોય તેમ.
અદલાબદલી, સ્ત્રી॰ અદલબદલ કરવું તે.
અદલોબદલો, પુ॰ અદલબદલ કરવાનો પ્રકાર. ૨ જે કંઈ અદલબદલ કર્યુહોય તે. ૩ ફેરફાર; ઉલકપુલટ.
અદમુઉં, વિ॰ અધમુઉં. [રહેલું; અધમુઉં.
અદસસ્તુ, વિ॰ અડધું સળીગયલું; મરણતોલ થઈ
અદળ, વિ॰ [સં॰ અ, દલ] પાતરાં વગરનું.
અદા, સ્ત્રી॰ [આ॰] બજાવવું-અમલમાં આણવું તે. તેણે પોતાની ફરજ અદાકરીછે. ૨ મોકળાં-છુટાં થવાને આપીદેવું-ફિટાડવું તે. તેણે પોતાનું કરજ બધું અદા કરીદીધુંછે. ૩ હાવભાવ. ૪ આંખનો ચાળો; કટાક્ષ. અદાકરવી-આંખમારવી. ૨ ચાળા-નખરાં કરવાં. [બખીલ.
અદાતા, વિ॰ [સં॰] દાતા નહિ તે; કૃપણ; સૂમ;
અદાલત, સ્ત્રી॰ [આ॰] ઈનસાફ કરવાનું ઠેકાણું; ન્યાય મન્દિર; સરકાર કચેરી; દરબાર.
અદાવત, સ્ત્રી॰ [આ॰] વેર; શત્રુવટ; દુશમનાઈ; અણબનાવ. [દાવત થાય તેવું (કામ).
અદાવતીયું, વિ॰ અદાવત રાખનાર (જન). ૨ અ
અદાસ, પુ॰ [સં॰] નહિ જે દાસ તે.
અદાહ્ય, વિ॰ [સં॰] સળગી ઉઠે-બળે નહિ તેવું.
અદિયો, પુ॰ દાનમાં આપેલું તે. ૨ બક્ષીસ; ઈનામ; ભેટ.
અદીઠ, વિ॰ ન દેખાવું તે; દેખાય નહિ તે. "મોઢે પૂજ્ય ને પાછળ અદીઠ" (અખો).
અદીન, વિ॰ [સં॰] દીન-ગરીબ નહિ તે.
અદુકકું, વિ॰ ફકત બે પગનેજ જમીનનો ટેકો આપી અને શરીરના પાછલા ભાગને ઉંચકીરાખી બેઠેલું-બેસાડેલું તે; ઉભડું. ચપટ બેસવું ને અદુકકું બેસવું. [બન્ને.
અદુધાકું, વિ॰ અડધું ઉઘાડું. બારણું અદુધાકું રા-
અદૃશ્ય, વિ॰ [સં॰] દેખાય નહિ તે. ૨ જેવા લાયક નહિ તે. [ન દીઠેલું-જણાયલું.
અદૃષ્ટ, ન॰ [સં॰] દૈવ; નસીબ; લલાટલેખ. વિ॰
અદૃષ્ટવિદ્યા, સ્ત્રી॰ જન-કર્મ, કોઈ ના દીઠામાં ન આવે તેવી મન્ત્ર તન્ત્ર વિદ્યા; જાદુ.

અદેખાઈ, સ્ત્રી૦ અદેખું થવું તે-તે તેની 'અદેખાઈ કરેછે. ૨ અદેખો સ્વભાવ; ઈર્ષા; મત્સર. તેનામાં બહુ અદેખાઈ છે.

અદેખું, વિ૦ બીજાંની સારી સ્થિતિ જોઈ-સાંભળી મનમાં બળ્યાંકરે તે; બળિયેલ; ઈર્ષાવાળું.

અદૂલ, [આ૦] અદલ.

અદ્ભુત, વિ૦ [સં૦] નિત્ય જોવામાં ન આવે તેવું અસાધારણ ને વિસ્મય-ભયાશ્ચર્ય પમાડતું; અલૌકિક; નવુંજ. ૨ દેવ રાક્ષસ સમ્બન્ધી. ન૦ જેથી વિસ્મય પમાય તે; અલૌકિક વસ્તુ-કર્મ.

અદ્ભુતરસ, પુ૦ [સં૦] કાવ્યશાસ્ત્રમાં વરણેલા નવ રસમાંનો એક-વિસ્મય એ સ્થાયી ભાવથી ઉત્પન્ન થતો ને ભયાશ્ચર્ય ઉપજાવતો જે રસ તે.

અદ્ય, અ૦ [સં૦] આજે. ૨ હમણાં.

અદ્યાપ, અદ્યાપિ.

અદ્યાપિ, અ૦ [સં૦] આજસુધી; હજીલગીમાં.

અદ્રક, ન૦ [સં૦ આર્દ્રક] આદું.

અદ્રિ, પુ૦ [સં૦] પહાડ; પર્વત.

અદ્વાતદ્વા, વિ૦ [સં૦ યદ્વાતદ્વા] નિયમ-ભલીવાર વગરનું; ફાટેલ; ઉડેલ; આ તે ગમેતેમ.-ભાષણ, વર્તણુક, કર્મ. [બીજા તે એક; અનુપ.

અદ્વિતીય, વિ૦ [સં૦] જેના સરખું બીજું કંઈ ન-

અદ્વૈતભાવ, પુ૦ [સં૦] બીજાપણાંનો અભાવ ને એકજપણું તે; ભેદબુદ્ધિ નહિ તે. ૨ સ્વાર્થ ને સ્વભાવ એ બે જુદા નથી પણ એકજ છે એવો જે ભાવ તે.

અદ્વૈતમત, ન૦ [સં૦] આત્મા ને બ્રહ્મ-પરમાત્મા, જીવ ને ઈશ્વર એ બે જુદા નથી પણ એકજ છે એવું જે મત તે. [દ કરનારો.

અદ્વૈતવાદી, પુ૦ [સં૦] અદ્વૈત મતનો પક્ષ ધરી વા-

અધ, વિ૦ [સં૦ અર્દ્ધ] અડધું. ૨ ઓછું. એ શબ્દ બીજાસાથે જોડાય છે. અધરાત, અધમુઉં ઈ૦.

અધકચરું, વિ૦ જરાક ડાબ્યાથી રસ નિકળે તેટલેલગી છુંદેલું-આદું વગેરે. ૨ પૂરૂં સેકાયલું-રાંધેલું નહિ તેવું. ૩ મોટામા મોટા અડધિયા ભાગ રે તેટલેલગી ખાંડેલું. ૪ અડધુંપડધું-(કામ). ૫ ભલીવાર વગરનું; બગડેલું.

અધકોશ, પુ૦ અડધો કોશ-ગાઉ.

અધખોખરું, વિ૦ છેક ઓછું નહિ પણ થોડુંઘણું કુટેલું તે (સુંકી વસ્તુમેજ લાગેછે). ૨ થોડુંક બોખરું (અવાજમાં).

અધખોલું, વિ૦ અડધું ઉઘડેલું-ખુલ્લું.

અધગજ, પુ૦ અડધો ગજ.

અધગજી, વિ૦ અડધા ગજ જેટલું.

અધગાઉ, પુ૦ અડધો ગાઉ. [પરસો વગેરે).

અધગાળિયું, વિ૦ ખમાઈ શકે તેટલું ઉનું કરેલું (પા-

અધણિયાતું, વિ૦ ધણી-વાલી વગરનું; નાદાર; નિરાશ્રિત; અનાથ.

અધતસુ, પુ૦ અડધો તસું.

અધધધ, અ૦ એ આશ્ચર્ય સૂચક શબ્દ છે. [થેલું.

અધપચ્યું, વિ૦ અડધું પોચું; પાણીપોચુ. ૨ અડધું પ-

અધપાલી, સ્ત્રી૦ અડધી પાલી (મુમ્બઈમાં).

અધબળ્યું, વિ૦ધા૦ અડધું બળેલું. ૨ બળિયેલ; દાધારણું; અદેખું.

અધમ, વિ૦ [સં૦] ગુણ-કર્મ-પદમાં ઘણું નીચું-હલકું (જન). ૨ ધિક્કારવાજોગ; કુત્સિત; નીચ(કર્મ)

અધમણ, પુ૦ અડધો મણ. વિ૦ અધમણ જેટલું.

અધમણિયું, ન૦ અધમણ સમાય તેટલું.

અધમણિયો, પુ૦ તોલમાં અધમણનું જે વજન તે. ૨ અધમણનું માપ.

અધમા, સ્ત્રી૦ [સં૦] (કાવ્યશાસ્ત્રમાં) જે સ્ત્રી પોતાના પ્રિયસાથે સર્વપ્રકારની હરામીથી વર્તેછે તે.

અધમાંગ, ન૦ [સં૦] અધમ ગણેલું જે અંગ તે. કેડથકી નીચેનો જે શરીર ભાગ તે.

અધમાધમ, વિ૦ અધમમાં અધમ; મહાપાપી.

અધમુઉં, વિ૦ધા૦ મરણતોલ; થોડીવારમાં મરીજાય તેવું (મારથી). [રો; ઈશ્વર.

અધમોદ્ધાર, પુ૦ અધમ પાપીનો પણ ઉદ્ધાર કરના-

અધર, પુ૦ [સં૦] નીચલો ઓઠ.

અધર, વિ૦ અ૦ કોઈપણ પાસથી આધાર-ટેકવાનું ન હોય તેમ; ટકુંાયલું; અતરંગું; નિરાધાર; લટકતું.

અધર, [સં૦] અધમ; નીચ. ૨ નિરાધાર; નોધારું (જન). અધર ધરન હાર-નોધારાંને આશ્રય આપનાર; ઈશ્વર.

અધરકવું, અધ્રકવું.

અધરણ, ન૦ જે ઉકળતાં પાણીમાં ચોખા દાળ વગેરે ઓરવામાં આવેછે તે.

અધરતું, વિ૦ અધવચ બન્ધપડેલું; રઝળતું.

અધરપાન, ન૦ [સં૦] નીચલા ઓઠદ્વારે પ્રેમરસ પીવો તે; ઓઠે ચુમ્બન કરવું તે.

અધરામૃત, ન૦ [સં૦] અધરમાંથી ઝરતું પ્રેમરૂપ અમૃત; ચુમ્બન રસ.

અધરોષ્ઠ, પુ૦ [સં૦] નીચલો ઓઠ; અધર. [પછે.

અધરાત, સ્ત્રી૦ અડધીરાત. અધરાત મધરાત કેવા-

અધર્મ, પુ૦ [સં૦] ધર્મ નહિ તે; દુરાચાર; અનીતિ.

અધર્માચારી, વિ૦ [સં૦] અધર્મનું આચરણ કનાર.

અધર્મિષ્ઠ, વિ૦ [સં૦] અધર્મે વર્તનાર; દુરાચારી; દુષ્ટ.

અધર્મી, વિ૦ [સં૦] અધર્મ કરનાર; પાપી.

અધવચ, અ૦ જ્યાંથી બન્ને બાજુએ સરખો અન્તર રે ત્યાં; વચોવચ; મધ્યે; વચમાંથી.

અધવચરૂં, વિ૦ અધવચ આવીરઈ અટકેલું; નહિ આમ નહિ તેમ તેવું લટકતું. ૨ ધડમાથાં વગરનું; ચોક્કસ ઠેકાણાં વગરનું.

અધવાર, પુ૦ અડધોવાર (માપ).

અધવારવું, ક્રિ૦અ૦ અડધું વીતી જવું-મહિના વગેરેનું. ક્રિ૦સ૦ અડધોઅડધ, બોજામાં ખાલીકરવું; ઓછું કરવું.-ભરેલું વાસણ. [ળવાની).

અધવાલી, સ્ત્રી૦ વાલનું અડધિયું તે. (સોનું રૂપું તો-

અધાધન્ધ, સ્ત્રી૦ અન્ધારૂં; અન્ધાપો; અજ્ઞાન; અન્ધાધુન્ધી. "એ અધાધન્ધ ત્યારે ટળે, જ્યારે ગુરુગમ્ય હોયે ખરી"-(અખો).

અધાર્મિક, વિ૦ [સં૦] ધર્મવિનાનું; અન્યાયી.

અધિ, અ૦ઉ૦ [સં૦] ઘણુંજ; અતીસે. ૨ હદની બાર. ૩ ઉપર. ૪ નીચે. ૫ પાસે. ૬ . તેમાટે. ૭ અગાડી. ૮ વચમાં.

અધિક, વિ૦ [સં૦] વળી બીજું; વધારે; વધતું; વિશેષ. ન્યૂનાધિક-ઓછુંવધતું.

અધિકતા, સ્ત્રી૦ અધિકપણું.

અધિકમહિનો-માસ, પુ૦ સંક્રાન્તિ વિનાનો મહિનો.- બતરીસ મહિના સોળ દાડા ને ચાર ઘડી એટલા કાળને આંતરે આંતરે અધિકમાસ આવેછે;-જે મહિનામાં અધિક બેસતોહોય તે મહિનાને નામે અધિકમાસ ઓળખાયછે-એક નામના બે મહિના થાય તેમાં પેલો તે અધિક ગણાયછે. એને મળમાસ-પુરુષોત્તમમાસ પણ કેછે.

અધિકરણ, ન૦ [સં૦] જે ઠેકાણે-જે ઉપર-જેમાં એકાદો પદાર્થ રે છે અથવા એકાદિ ક્રિયા થાય છે તે. ૨ (વ્યાકરણમાં) સમાસ-સ્થળ બતાવનારો સપ્તમિ વિભક્તિનો જે અર્થ તે. ૩ આધાર; આશ્રય.

અધિકાઈ, સ્ત્રી૦ અધિકપણું; વિશેષત્વ. ૨ મોટાઈ; ચડતી; ઉત્કર્ષ. [જે વિશેષ અંગ તે.

અધિકાંગ, ન૦ [સં૦] છઠી આંગળી અથવા એવું

અધિકાધિક, વિ૦ [સં૦] અધિક, અધિક; ઘણું ઘણું.

અધિકાર, પુ૦ [સં૦] સરકાર-દરબારથી સોંપવામાં આવેલું કામ; સરકારથી પ્રાપ્તથયલી પદવિ; કારભાર. ૨ સત્તા; હક. ૩ અમુક ગુણ સમ્પાદન કીધાથી અથવા અમુક કામ કરેથી જે યોગ્યતા પ્રાપ્ત થાયછે તે. ૪ ધણીપણું; સ્વામિત્વ; અખત્યાર.

અધિકારી, વિ૦ [સં૦] જેને એકાદો અધિકાર મળ્યાહોય તે; કારભારી. ૨ હકદાર. ૩ ધણી; ઉપરી; મુખી. રાજ્યાધિકારી-રાજ્યચલાવવું એ જે અધિકાર તેનો ધારણ કરનારો—રાજા.

અધિકૃત, વિ૦ધા૦ [સં૦] અધિકાર સોંપવામાં આવેલો છે જેને તે. ૨ ધારેલું; જેનો ઠરાદો કરેલોહોય તેવું. [વિશેષ.

અધિકોત્તર, વિ૦ [સં૦] શિરસ્તાથી વધારે; ઘણું

અધિગત, વિ૦ધા૦ [સં૦] જાણી લીધેલું. ૨ પ્રાપ્ત.

અધિદૈવિક, [સં૦] આધિદૈવિક.

અધિપ, પુ૦ [સં૦ અધિ; પ-રક્ષણકરનારો] રાજા (ભૂંગાધિપ); મુખી; માલિક; ધણી.

અધિપતિ, પુ૦ [સં૦] ઉપરી; મુખી; રાજા (ગ્રામાધિપતિ, દેશાધિપતિ, રાજ્યાધિપતિ ઇ૦). ૨ નિયમિતકાલે નિકળતાં પત્ર-પુસ્તકનો મુખ્ય લખનારો.

અધિભૌતિક, [સં૦] આધિભૌતિક.

અધિમાંસ, પુ૦ [સં૦] આંખ-ફાડસમ્બધી એક રોગ.

અધિયો, પુ૦ બુદ્ધિહીણ પુરુષ; ઠોઠ; ઠ્ઠો.

અધિરાજ, પુ૦ [સં૦] ચક્રવર્તી રાજા; રાજાધિરાજ.

અધિવાસ, પુ૦ [સં૦] પડોસી. ૨ રેનાર. ૩ રેઠાણ; ઘર. ૪ ઉપર પેરવાનું વસ્ત્ર. ૫ લાંબો ચાલવો તે. ૬ સુગન્ધિ લગાડવી-વસ્ત્ર પેરવાં તે. ૭ એકાદાં શુભકર્મ સમ્બન્ધી જે પ્રથમ ક્રિયા તે.

અધિવાસન, ન૦ [સં૦] દેવની પ્રતિષ્ઠા કરવી તે; માનથી બોલાવી બેસાડવું તે. ૨ પૂજનાદિ કર્મની આગમજ સર્વે સામગ્રીને મન્ત્ર ભણી પાણી છાંટી પવિત્ર કરવી તે; અભિસિંચન. ૩ શરીરે સુગન્ધિ લગાડવી-વસ્ત્ર પેરવાં તે. [વ; તેહવાર.

અધિવાસર, પુ૦ [સં૦] ઉત્તમદિવસ; ઠાણું; ઓચ્છ-

અધિષ્ઠાતા, વિ૦ [સં૦] મુખ્ય કરી થાપેલું એવું તે. (દેવ, રાજા, કારભારી ઇ૦).

અધિષ્ઠાન, ન૦ [સં૦] રેવું તે; રેવા-હોવાનું ઠેકાણું. ૨ ઉપરીપણું; સત્તા.

અધિષ્ઠિત, વિ૰ધા૰ [સં૰] મુખ્ય કરી થાપી બેસાડેલું; મુખી થઈ રે'તું. ૨ વસેલું. [ચ્યું-ભણ્યુંહોય તે.

અધીત, વિ૰ધા૰ [સં૰] વાંચેલું; ભણેલું. ૨ જેણે વાં-

અધીર, વિ૰ [સં૰] ધીરજવનાનું; આકળું; ઉતાવળું. ૨ વિશ્વાસ ન કરે તે; જેને પતીજ પડતી ન હોય તે. ૩ અવિચારી; મૂર્ખ; ચલિત થયાંકરે તેવું.

અધીર, સ્ત્રી૰ [સં૰ અધૈર્ય] અણપતીજ; અણવિશ્વાસ. ૨ ઉતાવળ; અકળામણ.

અધીરતા, સ્ત્રી૰ અધીરપણું.

અધીરા, સ્ત્રી૰ [સં૰] ઘણી આકળી-કોપ પ્રગટ કરે તે સ્ત્રી-નાયિકા. કાવ્યશાસ્ત્રમાં અધીરા બે પ્રકારની છે-મધ્યાધીરા, પોતાના પ્રિયનો દોષ જોઈ તેને કઠોર વાણીથી મેણાં મારેછે અને પ્રૌઢાધીરા, તેને તિરસ્કારથી પાણીથી પાતળો કરીનાખેછે તથા વેળાએ ઉછળી ઉછળીને વળગાડુમી કરેછે. [સ.

અધીરાઈ, સ્ત્રી૰ ધીરજ-સબુરી નહિ તે. ૨ અણવિશ્વા

અધીરું, વિ૰ [સં૰ અધીર]. [જાધિરાજ.

અધીશ-શ્વર, પુ૰ [સં૰] મુખ્ય ઉપરી; રાજા; રા-

અધુના, અ૰ [સં૰] આવખતે; હમણાં; હવે.

અધુરું, વિ૰ અપૂર્ણ; ઓછું; કમી. ૨ તૂટક; વચમાંથી ગયલું.

અધુરેજવું, ક્રિ૰ અ૰ પૂરા નવ મહિનાની મુદત પેહેલાં સ્ત્રીના ગર્ભનું બાર નિકળીપડવું; ગરભ પડવો; કસુવાવડથવી.

અધેડ, વિ૰ ઉતરતી જુવાની વાળું-તીસની ઉપર તે ચાળીસસુધીનું (માણસ); અધડ; આધેડ; અધોડ.

અધેલી, સ્ત્રી૰ અડધો રૂપિયો.

અધેલો, પુ૰ અડધો પૈસો; અડધો જે'.

અધૈર્ય, ન૰ [સં૰] ધૈર્ય-ધીરજ નહિ તે; ઉતાવળ; અસ્થિરતા; ચઞ્ચળતા.

અધોગતિ, સ્ત્રી૰ [સં૰ અધઃ-નીચે; ગતિ] મરણ પછી નરકવાસ થવો તે-ભૂતયોનિમાં જવું તે. ૨ પડતી હાલત. [સ]; અધેડ.

અધોટ-ડ, વિ૰ ઉતરતી જુવાનીમાં આવેલું (માણ-

અધોબિન્દુ, ન૰ [સં૰] આપણે જયાં ઉભા હોઈયે ત્યાંથી સિધું આકાશના નીચલા ગોળાર્દ્ધમાં જે બિન્દુ તે (એનું ઉલટું શિરોબિન્દુ).

અધોમુખ, વિ૰ [સં૰] મોઢું ઊંધું હોય તેવું. ૨ નીચે જોતું (લાજ વગેરેથી).

અધોવાયા, પુ૰ ઢોરને વેચવા લેવાનો ધન્ધો કરનારા. ૨ ગાડાંઓને ભાડે ફેરવે તે.

અધોવાયુ, પુ૰ [સં૰] પાછલી વાટેથી નિકળતો પવન; વા છુટવો તે; પાદવું તે; અપાન.

અધોળ, વિ૰ એક શેરના સોળમાં અથવા નવટાંકના અડધાભાગ જેટલું-હિસાબ ગણતરીમાં એક આનાભાર ગણાયછે.

અધોળી, સ્ત્રી૰ અધોળ જેટલું વજન-કાટલું. [ટકનું.

અદ્દર, અ૰ એકાદા આધારથી અળગું; અતરંગ; લ-

અધ્યક્ષ, પુ૰ [સં૰] ઉપરીપણું કરનાર; ઉપરથી તપાસરાખનાર. (સભાનો અધ્યક્ષ, તે પ્રમુખ-સરનશીન પણ કેવાયછે. ધર્મા-ધના-સૈન્યા-ગ્રામા-ગૃહા-શાળા-કર્મા-ન્યાયાધ્યક્ષ. વિ૰ નજરઆગળ હોય તેવું; સમક્ષ.

અધ્યક્ષર, પુ૰ [સં૰] ઓમકાર,પ્રણવ. [અભ્યાસ; પાઠ.

અધ્યયન, પુ૰ [સં૰] ભણવું-પાઠકરવો-ગોખવું તે. ૨

અધ્યાત્મ, ન૰ [સં૰] આત્માની જ્ઞાનશક્તિ અથવા તેનું સાધન. અધ્યાત્મજ્ઞાન-આત્મજ્ઞાન. ૨ બ્રહ્મજ્ઞાન.

અધ્યાત્મિક, વિ૰ [સં૰] આત્મા-પરમાત્મા સમ્બન્ધી.

અધ્યાપક, પુ૰ [સં૰] અધ્યયન કરાવનારો; વેદ શાસ્ત્ર ભણાવનારો ગુરુ.

અધ્યાપન, ન૰ [સં૰] ભણાવવું તે.

અધ્યાય, પુ૰ [સં૰] ગ્રન્થનો એક ભાગ; પ્રકરણ; સર્ગ; પર્વ; બાબ;. [સીનો ગોર; મોએદ-

અધ્યારુ, પુ૰ ભણાવનારો; મેતાજી; ગુરુ. ૨ પાર-

અધ્યારોપ, પુ૰ [સં૰] એકના ગુણ બીજાનામાં આણવા તે. ૨ વૃથા ભાસવું તે; નિમિત્ત; આવરણ. "જુક્ત ભલી સમજાવા મંન, એજ અખા અધ્યારોપ અન્ય." ૩ જુઠું આળ.

અધ્યાસ, પુ૰ [સં૰] મિથ્યા ભાસ; ભ્રમ. "અખા આલ્યો મત માયા તણો, દ્વૈત અધ્યાસ સહુને છે ઘણો." ૨ સમ્બન્ધભાવ રહિત-ભૂંડો વિચાર તે. ૩ નિરન્તર જે એકજ ધ્યાન-લક્ષ તે.

અધ્યાહાર, પુ૰ [સં૰] સ્પષ્ટ ન દેખડાવેલું પણ મુકીદિધેલું તે. (વાક્યનો અર્થ પૂરો સમજવાને પોતાની-સમજથી નવો શબ્દ ઉમેરવો પડેછે)

અધ્યો, પુ૰ [સં૰ અધ્યાય].

અધ્રકણ, ન૰ જે ખાટી વસ્તુથી દૂધનું દહીં થાય તે; મેળવણ; આખરણ. દહીં, છાસ, લીંબુ વગેરેનું અધ્રકણ હોયછે. [મેળવું; આખરવું.

અધ્રકવું, ક્રિ૰સ૰ દહીં બનાવવાસારુ દૂધમાં અધ્રકણ

અધ્વર, પુ૦ [સં૦] યજ્ઞ.   [૨ મુખી; ઉપરી.
અધ્વર્યુ, પુ૦ [સં૦] યજ્ઞ કરાવનારો મુખ્ય બ્રાહ્મણ.
અન્, અ૦ [સં૦] નહિ; વિના; વગર.
અનકૂળ, વિ૦ [સં૦ અનુકૂલ].
અનક્ષર, વિ૦ [સં૦] અભણેલ; મૂર્ખ; અક્ષરશૂન્ય.
અનઘ, વિ૦ [સં૦] પાપ-દોષ-ખોડવગર નું.
અનઘડ, અણઘડ.
અનઙ્ગ, પુ૦ [સં૦] સ્ત્રી પુરુષમાં પરસ્પર મળવામાટે જે પ્રેમનો જોસ્સો થાયછે તે; કામ; મદન. ૨ કામદેવ. ન૦ આકાશ. ૨ મન.
અનતદોરો, પુ૦ અનન્તની રક્ષાનિમિત્ત જે ચૌદ-ગાંઠનો દોરો ભાદરવાસુદ ચૌદસે જમણેહાથે બાંધવામાં આવેછે તે.
અનધ્યાય, પુ૦ [સં૦] વેદનું અધ્યયન બન્ધ રાખવું તે. ૨ વેદાધ્યયન બન્ધ રાખવાના દાડા.
અનન્ત, પુ૦ [સં૦] વિષ્ણુ; રુદ્ર; બ્રહ્મ. ૨ શેષનાગ. ૩ આકાશ. ૪ શ્રાવકનો ચૌદમો તીર્થંકર.
અનન્ત, વિ૦ [સં૦] અન્ત-પાર-છેડા વગરનું. અનન્ત કાળ-સ્થળ-સઙ્ખ્યા.
અનન્તચૌદસ, સ્ત્રી૦ ભાદરવાસુદ ચૌદશ; શેષ-શેષશાયીનું વ્રત. અનતદોરો શબ્દ જોવો.
અનન્તતા, સ્ત્રી૦ [સં૦] અનન્તપણું; અનાદ્યન્તતા; હમ્મેશગી; નિત્યતા.
અનન્તર, વિ૦ [સં૦] અન્તર વનાનું; છેકજ પાસેનું. અ૦ ત્યારપછી.
અનન્તરાશિ, સ્ત્રી૦ [સં૦] જેમાં પદની સઙ્ખ્યા અનન્ત હોય તે ગણિત. (ત્રિરાશિ, પઞ્ચરાશિ તેમ અનન્તરાશિ).
અનન્તશ્રેઢી-ણી, સ્ત્રી૦ જેમાં એક પછી એક એમ અનન્ત સઙ્ખ્યા ચડતી અથવા ઉતરતી ગણવાની હોય તે.
અનનાસ, અનાનાસ.
અનન્ય, વિ૦ [સં૦] બીજું-જૂદું નહિ તે; તેજ એક. અનન્યગતી-બીજો ઉપાય-રસ્તોજ નહિ પણ એકજ તે.(શરણે જવાનો-મુક્તિ પામવાનો). અનન્યભક્તિ-ઘણાંની નહિ પણ એક અમુકનીજ જે ભક્તિ તે. અનન્યભાવ-એકનાજ ઉપર અથવા એકજ જે ભાવ તે; ૨ બ્હાર ને ભિતર એકસરખો જે ભાવ તે.
અનન્વય, પુ૦ [સં૦] એક અર્થાલઙ્કાર-જેમાં ઉપમેય તેજ ઉપમાન હોયછે. સમુદ્ર સરખો તે એક સમુદ્રજ છે, વિક્રમ તે વિક્રમ, તે તે તેજ.
અનપેક્ષ, વિ૦ [સં૦] જેને ઇચ્છા ન હોય-જેણે ઇચ્છ્યું ન હોય તે (જન). વિ૦ધા૦ અનપેક્ષિત-ઇચ્છેલું નહિ તેવું (કંઈ).   [તે.
અનભ્યસ્ત, વિ૦ધા૦ [સં૦] અભ્યાસ ન કરેલો હોય
અનભ્યાસ, પુ૦ [સં૦] અભ્યાસ-મહાવરો નહિ તે.
અનમનું, વિ૦ અણમાનીતું; અણગમતું; નાપસન્દ. ૨ ચીકાતુર; દીલગીર.
અનમી, વિ૦ કોઈને નમે-પગેપડે નહિ તે.
અનર્ગળ, વિ૦ [સં૦ અન-નહિ; અર્ગલ-બારણું દેવાનો આગળો]. બન્ધ ન પડે તેવું; અટકે નહિ તેવું; પુષ્કળ; પાર વિનાનું.
અનર્થ, પુ૦ [સં૦] ખોટો-ઊંધો અર્થ. તેણે તો અર્થનો અનર્થ કર્યો. ૨ અતિ દુઃખદાયક પ્રસઙ્ગ; મોટો જુલમ; મોટી આપત. આગ, રેલ, મરકી એ મોટા અનર્થ છે; ૩ રાજાએ મોટો અનર્થ કરવામાડ્યો. ૩ નાશ; હાનિ; દુઃખ.
અનલ, પુ૦ [સં૦] અગ્નિ. ક્રોધા-વિરહા-ક્ષુધાનલ. ૨ એક પક્ષી (એ પૃથ્વિપર આવતુંજ નથી). "જેમ અનલ અવનિપર નાવે કદમે, અખા ભૂચર તે ભૂપર રમે."
અનવટ, અણવટ.
અનશન, ન૦ [સં૦] ખાવાવગર રહેવું તે; ઉપવાસ.
અનહદ, વિ૦ [સં૦ અન્ ને આ૦ હદ] હદવગરનું. પ્રાણ સાધનાથકી સોહમ્ સોહમ્-તે હું તે હું એવા અર્થની શબ્દધ્વનિ. શ્વાસોશ્વાસ અખણ્ડ થયાં કરે તેનેમાટે એ શબ્દ વપરાય છે.-અનહદનાદ, અનહદનોબતનાદ.   [રશાપદો.
અનહિત, ન૦ [સં૦] અકલ્યાણ; નરસું; માઠું; ગે-
અનાગત, વિ૦ ધા૦ [સં૦] ન આવેલું; ૨ ભવિષ્ય સમ્બન્ધી.   [નીતિ; કુચાલ.
અનાચાર, પુ૦ [સં૦] નહિ સારો આચાર તે; અ-
અનાચારી, વિ૦ [સં૦] દુરાચારી; અનીતિમાન્.
અનાજ, ન૦ [સં૦ અન્ન] કેટલાક તરુ-છોડવાનાં બી, જેને માણસમાત્ર અને કેટલાંક પશુ પક્ષી ખાવાના ઉપયોગમાં લાવેછે તે-ઘઉં, ચોખા, દાળ, જુવાર, બાજરી, મકઈ, ચણા, મગ વગરે.
અનાડી, વિ૦ [હિં૦] જઙ્ગલી; મૂર્ખ; ગવાંર; જડ.
અનાથ, વિ૦ [સં૦] જેને માથે ધણી-આશ્રય આપનારું નથી તે (જન); દીન; નિરાધાર; લાચાર. અનાથપ્રેત-જે મુડદાંનું કોઈ વાલીવારસ નહિ તે,

અનાદર, પુ૦ [સં૦] આદર નહિ તે; અપમાન; બેઆબરૂ; તિરસ્કાર. ૨ અભાવ; અપ્રિતિ; બેદરકારી; કચટાળો.

અનાદિ, વિ૦ [સં૦] જેને આદિ-આરમ્ભ-શરૂઆત નહિ તે; જેને મૂળ-જન્મ નથી તે. **અનાદિસિદ્ધ**-ક્યારથી ને ક્યાંથી આરમ્ભ છે તે ન સમજાય તેવું; ઘણા કાળથી જે સિદ્ધજ છે તે. ઇશ્વર.

અનાદ્યન્તત્વ, ન૦ [સં૦] આરમ્ભ ને અન્ત નુ હોવાપણું; નિરન્તર હોવું તે; હમ્મેશગી.

અનાધ્યાય, [સં૦ **અનધ્યાય**].

અનામત, વિ૦ [આ૦ **અમાનત**] વાપરવા નહિ પણ રાખીમુકવાસારૂ ભરોસા ઉપર આપેલું-સોંપેલું હોય તે (માલ-ચીજ). ૨ સલામત; હતું તેવુંજ.

અનામત-તી, સ્ત્રી૦ અનામત આપેલું લિખેલું તે; થાપણ.

અનામિક, વિ૦ [સં૦] નામ દેવાજોગ નહિ તે-ઢેડ, ભાંગ્યો, ખાલપો વગેરે. [જે આંગળી તે.

અનામિકા, સ્ત્રી૦ [સં૦] ટચલી આંગળીની પાસેની

અનામિષ, વિ૦ [સં૦] માંસ વગરનું. ૨ ઉપભોગલાભ વગરનું.

અનાયાસ, પુ૦ [સં૦] નહિ આયાસ-શ્રમ તે.

અનાયાસે, અ૦ મેનત વગર; સહજ; સેલથી.

અનાર, ન૦ [ફા૦] દાડેમ ફળ. ૨ આતશબાજીમાં છોડવાની કોઠી.

અનાર્ય, વિ૦ [સં૦] આર્ય નહિ એવા જે લોક તે. ૨ આબરૂ વનાનું; અધમ; નીચું.

અનાવૃત્ત, વિ૦ધા૦ [સં૦] ઢાંકેલું નહિ તે; ખુલ્લું; ઉઘાડું. ૨ રક્ષણવનાનું.

અનાવૃષ્ટિ, સ્ત્રી૦ [સં૦] વૃષ્ટિ ન થવી તે; બિલકુલ વરસાદ ન પડ્યો હોય તેથી કાળ; દુકાળ; ટિપણી.

અનાસર, ન૦ [આ૦] તત્વો. એ ચાર છે-આતશ, પાણી, પવન ને જમીન.

અનાસ્થા, સ્ત્રી૦ [સં૦] આસ્થા નહિ તે; ભરોસો ઉઠીજવો તે. ૨ બેદરકારી; ચુસ્ત ન રેતાં બેપરવા થવું તે.

અનાહાર, પુ૦ [સં૦] આહાર નહિ તે; ભુખ્યાં રેવું તે; ઉપવાસ; લાંઘણ. [ન ધારેલું.

અનાહૂત, વિ૦ ધા૦ [સં૦] વગર તેડેલું-બોલાવેલું. ૨

અનિચ્છ, વિ૦ [સં૦] જેને ઇચ્છા નથી તે; નિસ્પૃહ; બેપરવા.

અનિચ્છાપ્રારબ્ધ, ન૦ [સં૦] આમ થાય તો સારૂં એવિ ઇચ્છા ન કરી હોય ને તેમ બને એવું જે પ્રારબ્ધ તે. (સ્વેચ્છા પ્રારબ્ધ ને પરેચ્છા પ્રારબ્ધ પણ કેવાયછે).

અનિત્ય, વિ૦ [સં૦] નિત્ય-હમ્મેશનું નહિ તે; અલ્પ કાળનું; ક્ષણિક. ૨ મિથ્યા; જૂઠું.

અનિન્દિત, વિ૦ધા૦ [સં૦] નિન્દાયલું નહિ તે.

અનિન્ધ, વિ૦ [સં૦] નિન્દા કરવાજોગ નહિ તે; નિષ્કલંક; નિર્દોષ.

અનિમેષ, વિ૦ [સં૦] જેની આંખ કોઈવાર પણ મિચાતી-પલકારો કરતી નથી તે-ઇન્દ્રાદિ દેવમાંહ્યલું ઇ૦ [સ્થિર; અનિયમિત.

અનિયત, વિ૦ [સં૦] ઠરેલું નહિ તે; ચંચળ; અ-

અનિયમિત, વિ૦ [સં૦] નિયમ પ્રમાણે ન હોય તેવું.

અનિર્વચનીય-ર્વાચ્ય, વિ૦ [સં૦] વર્ણન ન કરી શકાય તે. ૨ બોલવાજોગ નહિ તેવું. [તિ.

અનિર્વાહ, પુ૦ [સં૦] નિર્વાહ ન થતો હોય તે સ્થિ-

અનિલ, પુ૦ [સં૦] વાયુ; પવન.

અનિવાર, વિ૦ [સં૦ અનિવાર્ય] દૂરકરી-ટાળી શકાય નહિ તે. ૨ અતિશય; ઘણુંજ; અપાર; અનન્ત.

અનિવૃત્ત, વિ૦ [સં૦] નિવૃત્ત નહિ તે.

અનિશ્ચિત, વિ૦ [સં૦] નિશ્ચય વગરનું.

અનિષ્ટ, વિ૦ [સં૦] વાહલું-રુચિકરનું નહિ તે. ૨ અભાવ. ૩ અલાભ; હાનિ. ૪ અપરાધ.

અનીક, ન૦ [સં૦] સૈન્ય; ફોજ. ૨ સમુદાય; જથો. ૩ મોડાનો-આગલો ભાગ.

અનીઠ, વિ૦ નીઠે-ખુટે નહિ તેવું; અપાર. "મોડે ફુલ ને પાછળ અદીઠ, ખપે ખરૂં ને રહે અનીઠ."

અનીત, વિ૦ [સં૦ **અનિત્ય**]. ૨ [સં૦ **અનીતિ**].

અનીતિ, સ્ત્રી૦ [સં૦] નીતિ નહિ તે; દુરાચાર; દુર્ગુણ; અવિવેક.

અનીશ્વર, પુ૦ [સં૦] ઇશ્વર નહિ તે. ૨ જગત્કર્તા કોઈ ઇશ્વર ન હોવો તે. **અનીશ્વરભાવ-વાદ.**

અનીસું, **અણીસું.**

અનુ, અ૦ ઉ૦ [સં૦] પછી; પછવાડે. ૨ સાથે. ૩ તેમજ; સરખું. ૪ નીચું; ઉતરતું. ૫ ભાગમાં. ૬ દરએક. ૭ પાસે. ૮ નિયમસર. [ગ્રહ.

અનુકમ્પા, સ્ત્રી૦ [સં૦] દયા; કૃપા, કરુણા. ૨ અનુ-

અનુકરણ, ન૦ [સં૦] એકના જેવું બીજું કરવું તે; નકલ-જાનવરની બોલી બોલવી, પડઘા વાગવા વગેરે એ સહુ અનુકરણ છે. ધબાધબ, સડાસડ, ભડાભડ, તડતડ, ખડખડ એ અનુકરણ શબ્દો

છે. ખળખળવું, ખડખડવું, ખદબદવું વગેરે એ અનુકરણ ક્રિયાપદો છે.

અનુકાઙ્ક્ષા, સ્ત્રી૦ [સં૦] ઇચ્છા; આશા.

અનુકૂળ, વિ૦ [સં૦ અનુકૂલ] મળતું આવવું તે; સરખું-(તે) પ્રમાણે હોવું તે. તમારું બોલવું શાસ્ત્રના મતને અનુકૂળ છે. ૨ સ્થિતિ-સમય પ્રમાણે ઘટતું-બન્ધ બેસતું હોવું-આવવું. ત્યાં જવાનું તેને અનુકૂળ નહિ પડે, આ વખત નાણું કાઢવાનું કોઈને અનુકૂળ નહિ આવે. ૩ ગમતું; પસન્દ પડતું. તે વાત તેને અનુકૂળ પડવા નીજ. ૪ કૃપાળુ; મહેરબાન. ઈશ્વર તેને અનુકૂળ છે. **અનુકૂળનાયક**-મન, વાણી, કર્મથી એકજ સ્ત્રીને વિષે પ્રણિપત સ્ત્રીનેજ પ્રેમથી વળગી રહેલો પુરુષ તે (કાવ્યશાસ્ત્રમાં).

અનુકૂળતા, સ્ત્રી૦ [સં૦] અનુકૂળપણું. સ્થિતિ-સમય-નાણાં વગેરેની અનુકૂળતા.

અનુક્ત, વિ૦ [સં૦] ઉક્ત-કહેલું નહિ તે; અકથિત. ૨ અસાધારણ.

અનુક્રમ, પુ૦ [સં૦] એક પછી એક એમ ચડતાં ઉતરતાં અથવા આગળ પછવાડે રેવાનો જે સમ્બન્ધ તે. ૨ પદ્ધતિ; ગોઠવણ. ૩ એ નામનો અર્થાલઙ્કાર. "તે અબળાને, મમ ભગિનીને, હું દેખૂં ને, હરિભઈ જાવા, મનમાં ધારે" (નર્મકવિતા).

અનુક્રમણિકા, સ્ત્રી૦ [સં૦] ગ્રન્થમાં કલાણી બાબત કલાણે પાને છે એ દેખાડનારી જે યાદી-ટીપ તે; આંકળિયું; સૂચિપત્ર.

અનુક્ષણ, અ૦ [સં૦] ક્ષણે ક્ષણે; પળે પળે; વારે-વારે.

અનુખું, વિ૦ અસલ-પોતાનું ખરું હોય તેથી જૂદું; નોખું; અનુખોવેશ.

અનુગમન, ન૦ [સં૦] પાછળ જવું તે. ૨ સ્ત્રીએ સતિથઈ ધણી પછવાડે બળીમરવું તે; સહગમન.

અનુગામી, વિ૦ [સં૦] પાછળ જનાર-રેનાર. ૨ એકની મતિ-ઇચ્છા પ્રમાણે જે બીજો વર્તે તે. ૩ સેવક; આશ્રિત.

અનુગ્રહ, પુ૦ [સં૦] દેવ-ગુરુએ કોઈના ઉપર પ્રસન્ન થઈ તેને પોતાનું કરવું તે; સ્વીકાર; કૃપા; હાથ ઝાલવો તે. ૨ વરદાન; ઉપદેશ. ૩ સહાય. સમ્બન્ધ; સાથે હોવું-રેવું તે.

અનુગ્રહી, વિ૦ [સં૦] જેનો અનુગ્રહ થયો હોય તે.

અનુગ્રાહક, વિ૦ [સં૦] અનુગ્રહ કરનાર.

અનુગ્રાહ્ય, વિ૦ [સં૦] અનુગ્રહ કરવાજોગ.

અનુચર, પુ૦ [સં૦] સેવક; દાસ.

અનુચિત, વિ૦ [સં૦] ઉચિત-ઘટતું-યોગ્ય નહિ તે.

અનુચિન્તન, ન૦ [સં૦] વારેવારે ચિન્તન કર્યાં કરવું તે.

અનુછ, ન૦ સીતાફળ.

અનુછડી, સ્ત્રી૦ સીતાફળી.

અનુજ, પુ૦ [સં૦] પાછળથી જન્મેલો તે; નાનોભાઈ; કનિષ્ઠ બન્ધુ. **અનુજા**-પાછળથી જન્મેલી તે (બ્હેન)

અનુજીવી, વિ૦ [સં૦] કોઈને આધારે પોતાનું ભરણપોષણ કરનાર-સ્ત્રી, પુત્ર, દાસદાસી ઇ૦; આશ્રિત; તાબેદાર.

અનુજ્ઞા, સ્ત્રી૦ [સં૦] એકાદી આજ્ઞા; હુકમ; ફરમાન. ૨ અનુમતિ; રજા. ૩ એ નામનો એક અલઙ્કાર-દોષમાંથી પણ ગુણ કરીલેવાને દોષ ઇચ્છવો તે-પ્રભુ વિપત્તિમાં નાખ કે તારૂં સ્મરણ કરિયે.

અનુતાપ, પુ૦ [સં૦] પશ્ચાત્તાપ; પસ્તાવો; જીવ બળ્યાંકરવો તે.

અનુત્તમ, વિ૦ [સં૦] સહુથી સરસ; શ્રેષ્ઠ.

અનુત્તર, વિ૦ [સં૦] ઉત્તર આપવાને જે અશક્ત તે (જન). ૨ ઉત્તર ન આપીશકાય તેવું (પ્રશ્ન). ૩ જેના સરખું બીજું ન હોય તે; શ્રેષ્ઠ.

અનુત્પત્તિ, સ્ત્રી૦ [સં૦] ઉત્પત્તિ ન હોવી-થવી તે.

અનુત્સાહ, પુ૦ [સં૦] એકાદા કામમાં-વિષે ઉત્સાહ ન હોવો તે.

અનુદાત્ત, વિ૦ [સં૦] નીચેસ્વરે ઉચ્ચારેલો (વર્ણ) ઉદાત્ત, અનુદાત્ત ને સ્વરિત.

અનુદિત, વિ૦ [સં૦] ઉદય ન પામેલું; ઉગેલું નહિ તે.

અનુદિન, અ૦ [સં૦] પ્રતિદિન; દરરોજ.

અનુદ્ભુત, વિ૦ [સં૦ અન્; ઉદ્ભુત] બાર ઉઠી નિકળેલું નહિ તે; થયલું નહિ તે.

અનુધ્વનિ, સ્ત્રી૦ [સં૦] વાજીંત્ર વાગતું બન્ધ થયાપછી પણ જે આછી ધ્વનિ નિકળ્યાં કરે તે.

અનુનાસિક, વિ૦ [સં૦] મુખ તથા નાસિકા એ બેથી ઉચ્ચાર થતા હોય તે (અક્ષરો)-ઙ, ઞ, ણ, ન, મ.

અનુપ, વિ૦ અનુપમ.

અનુપકારી, વિ૦ [સં૦] ઉપકાર કરીજાણે નહિ તે; જેની કોઈનું સારું કરવા ઉપર વૃત્તિ નહિ તે. ૨ થયલા ઉપકાર ન માને તે; પાડ ન વાળતાં

ઉલટું ખોટું કરે તે; કૃતઘ્ની; નિમકહરામ. ૩ નકામું; ફાયદો ન કરે તેવું.

અનુપમ, વિ૰ [સં૰] જે બીજાં કોઈ સાથે સરખાવી શકાય નહિ તે; જેને સારૂ કોઈ ઉપમા ન હોય તે; અતુલ્ય; સર્વોત્કૃષ્ટ; અપૂર્વ.

અનુપમેય, વિ૰ [સં૰] અનુપમ.

અનુપયોગી, વિ૰ [સં૰] નહિ ઉપયોગી; નકામું; [નિરર્થક.

અનુપસ્થિત, વિ૰ ધા૰ [સં૰] ભણેલું યાદ ન હોય તે; વિસ્મરણ થયલું.- વિદ્યા, ક્રિયા વગેરે.

અનુપળ, ન૰ [સં૰] પળનો સાઠમો ભાગ.

અનુપાન, ન૰ [સં૰] જે વસ્તુની સાથે-મારફતે અથવા જે વસ્તુમાં મેળવીને ઓસડ ખાવા-પીવામાં આવતું હોય તે વસ્તુ-ખાંડ, મધ, પાણી વગેરે. ૨ ફરી; પૂરેજી; પથ્ય. [કરવો તે.

અનુપ્રવેશ, પુ૰ [સં૰] એક પછી એક એમ પ્રવેશ

અનુપ્રાસ, પુ૰ [સં૰] શબ્દાલંકાર. સ્વર-વર્ણ-શબ્દની જે પુનઃપુનઃ આવૃત્તિ થયાંકરે તે. એના પાંચ ભેદ છે. છેકાનુપ્રાસ-વ્યઞ્જનોનું સરખાપણું એકજ વેળા અનુક્રમે અથવા વ્યુત્ક્રમે આવ્યુંહોય તે (વ્યઞ્જનોની, વચમાં એકજ સ્વરનું અન્તર જોઈએ) નમન મનન, રસ સર. વૃત્યનુપ્રાસ-અનેક વ્યઞ્જનોની ક્રમથી અથવા ક્રમભેદથી ઘણી આવૃત્તિ થાય તે. શ્રુત્યનુપ્રાસ-વર્ણ જુદા પણ એકજ સ્થાનના (દન્ત, તાલુ વગેરેના) હોય તે. અન્ત્યનુપ્રાસ-અન્ત્યસ્વરસાથે વ્યઞ્જનનું એકસરખું મળવું થાય તે. લાટાનુપ્રાસ-એક અથવા વધારે શબ્દોની તેજ અથવા જુદા અર્થમાં પુનરુક્તિહોય તે. (હિન્દીમાં સ્વરની આવૃત્તિ તે ઝડ, વર્ણની તે વર્ણસગાઈ ને શબ્દની તે ઝમક કેવાયછે.

અનુબન્ધ, પુ૰ [સં૰] મૂળથી છૂટો ન પડે તેવો શબ્દ. ૨ સમ્બન્ધ; સગાઈ. ૩ બન્ધન; જંઞ્જાળ. ૪ ધાતુ; પ્રત્યય.

અનુભવ, પુ૰ [સં૰] અભ્યાસ-અવલોકન-કાર્યથી જે જ્ઞાન મેળવેલું તે અથવા જે કંઈ નક્કી કરેલું તે; જાતે જાણી લીધેલું-નક્કી કરેલું તે. ૨ તપાસ; અજમૂદો; પ્રયોગ; અજમાએશ. ૩ અભ્યાસ; મહાવરો; ટેવ. ૪ ઉપભોગ; વિતેલું તે. અનુભવરસિક-જાતે અનુભવ કરેલો-પોતે કામમાં પડેલો એવો રસિક. અનુભવસિદ્ધ-અનુભવથી સિદ્ધ કરેલું એવું.

અનુભવવું, ક્રી૰ સ૰ અનુભવ કરીલેવો.

અનુભવી, વ૰ [સં૰] જેને અનુભવ થયોહોય તે.

અનુભાવ, પુ૰ [સં૰] સત્તા-પદવિ-વિદ્યાથી પ્રાપ્ત થયલું મોટપણ; મહત્વ; ઠાઠ-દબદબાવાળો અધિકાર. ૨ (રસશાસ્ત્રમાં) એક પ્રકારનો ભાવ; રસ ઉત્પન્ન થયાપછી તેનું જે બાહ્ય દેખાવું તે અથવા જે ચિન્હોથી રસ બાહ્ર પ્રગટ થાયછે તે.-રૂવાં ઉભાં થવાં, મોંગો રંગ કરવો; આંસુ આવવાં ઈ૰ તે અનુભાવ.

અનુભૂત, વિ૰ ધા૰ [સં૰] જેનો અનુભવ કર્યો હોય તે. ૨ જણાયલું; સમજાયલું; ઉપભોગ કરેલું; વિતેલું. ૩ સિદ્ધ; નક્કી.

અનુમત, ન૰ [સં૰] સમ્મતિ; એકનાં મતસાથે મળતું આવેલું એવું બીજાનું જે મત તે; કબૂલ-મઞ્જુર રાખવું તે. ૨ વિચાર; ઠરાવ; હુકમ.

અનુમતિ, સ્ત્રી૰ [સં૰] અનુમત. ૨ ચૌદસ ઉપેર પૂનેમ-જે રાત્રીયે ચન્દ્રની એક કળા ઓછીહોય તે.

અનુમાન, ન૰ [સં૰] વાદ કરવો તે; પ્રતિજ્ઞા ઉપરથી સિદ્ધ કરવું તે. ૨ વાદ-તકરારથી જે સિદ્ધ કરેલું તે; સિદ્ધાન્ત; ઠરાવ. ૩ અટકળ; સુમાર; આસરો; તર્ક; કલ્પના. ૪ આનાકાની. ૫ એ નામનો એક અર્થાલંકાર-"જ્યાં જ્યાં સ્ત્રીની નજર પડેછે ત્યાં ત્યાં અણિયાળાં તીરો પડેછેજ માટે હું ધારૂંછઉં કે કામદેવ પોતાનાં બાણ મારીને બાણની આગમચ પોતે દોડાપોંચે છે."

અનુમોદન, ન૰ [સં૰] પ્રસન્ન થઈ સમ્મત થવું તે; પસન્દ કરવું તે. ૨ સન્તોષ; પ્રસન્નતા.

અનુયાયી, વિ૰ [સં૰] સાથે-પછવાડે ચાલનારા જે સેવકાદિ તે.

અનુયોગી, વિ૰ [સં૰] આગલું—મુખ્ય જેનીસાથે બીજું કંઈ જોડાયલું હોય તે. "રાજાનો સેવક, આંગળીનો નખ, પાપનું ફળ" એમાં રાજા, આંગળી ને પાપ એ અનુયોગી અને સેવક, નખ ને ફળ એ પ્રતિયોગી.

અનુરક્ત, વિ૰ [સં૰] જેને અનુરાગ થયોહોય તે; આસક્ત; અત્યન્ત લીન. [લીનતા.

અનુરાગ, પુ૰ [સં૰] પ્રીતિ; આસક્તિ; લગન; પ્રેમ-

અનુરાગી, વિ૰ [સં૰] પ્રેમમાં લીન થયેલું; અનુરક્ત.

અનુરાધા, સ્ત્રી૰ [સં૰] સત્તરમું નક્ષત્ર.

અનુરૂપ, વિ૰ [સં૰] સરખું; મળતુંઆવતું; સદૃશ. ૨ પ્રમાણે; મુજબ.

અનુલક્ષીને, અ૰ આગળથી લક્ષીને-વિચાર કરીને.

અનુલોમ, વિ૦ [સં૦] ઉંચી જાતિનો પુરુષ ને ઉતરતી જાતિની સ્ત્રી એ એના સંબન્ધથી ઉત્પન્ન થયલું તે. બ્રાહ્મણ તથા ક્ષત્રાણી એનાં અને ક્ષત્રી તથા વૈશ્યાણી એનાં એમ જે છોકરાં થાય તે અનુલોમ.

અનુવાદ, પુ૦ [સં૦] પોતાને-કોઈને વિષે જાહેરમાં ભાષણ કરવું તે; ગુણ-અવગુણનું કથન. ૨ મિથ્યા ભાષણ; લવારી.

અનુવૃત્તિ, સ્ત્રી૦ [સં૦] એકાદા નિયમને જ્યાં જ્યાં તે લાગુ પડતોહોય ત્યાં ત્યાં લાગુપાડી બતાવી આપવો તે. મૂળ ને ટીકા તેમ સૂત્ર ને અનુવૃત્તિ. ૨ સેવા; આધાર રાખવો તે. ૩ ઉપજીવિકા; ગુજરાન. ૪ નકલ.

અનુશાસન, ન૦ [સં૦] નિયમ-ધારા-કાયદાથી બાંધીલેવું તે અથવા તે પ્રમાણે ચલાવવું તે. ૨ નિયમ; ધારા; કાયદા; શાસ્ત્ર.

અનુષ્ટુપ, પુ૦ [સં૦] ચરણમાં આઠ આઠ અક્ષર હોય તે છન્દ; શ્લોક.—એમાં ઘણુંકરીને પાંચમો લઘુ, છઠ્ઠો ગુરુ અને સાતમો (બીજા ને ચોથા પાદમાં) લઘુ તથા (પેલા ને ત્રીજામાં) ગુરુ હોયછે-વેદમાં એ છન્દનાં ચાર ચરણ નથી પણ ત્રણ છે ને તેમાં અક્ષરનો નિયમ આ પ્રમાણે છે. ૮, ૧૨, ૧૨, અથવા ૧૨, ૧૨, ૮, અથવા ૧૨, ૮, ૧૨.

અનુષ્ટુપ્યા, વિ૦ અનુષ્ટુપ્ છન્દ હોય તેવા (શ્લોક)

અનુષ્ઠાન, ન૦ [સં૦] ઇચ્છેલું પ્રાપ્ત કરવાસારુ એકાદા દેવ અથવા એકાદી દેવીની જે સાધના કરવી તે; એકાદી સિદ્ધિનેમાટે જે ક્રિયા કર્મ તે. હોમ, જપ, પૂજન ઇ૦ અનુષ્ઠાન કરવું-માંડવું એમ કેવાયછે. [સાથી.

અનુસંગી, વિ૦ [સં૦ અનુષઙ્ગ ઉપરથી] સમ્બન્ધી;

અનુસન્ધાન, ન૦ [સં૦] સાંધણ; સમ્બન્ધ. ૨ સમ્બન્ધપૂર્વક રચના. ૩ ધ્યાન; લક્ષ.

અનુસરવું, ક્રિ૦ [સં૦] સાથે-પાછળ જવું. ૨ મળતાં આવવું-એકની પઠે બીજાએ વર્તવું (મત-વિચારમાં)

અનુસાર, વિ૦ [સં૦] પ્રમાણે; સરખું; તેવું. યથાનુસાર લાભ; આજ્ઞાનુસાર-આજ્ઞાપ્રમાણે; કર્માનુસાર-કર્મપ્રમાણે.

અનુસ્વાર, ન૦ [સં૦] અક્ષરનો ઉચ્ચાર કીધાપછી નાકમાંથી જે અવાજ નિકળેછે ને જે બિન્દુરૂપે દરસાવવામાં આવેછે તે. અંશ, સિંહ, સંવત્; આંક, આંસુ, રાંક ઇ૦ અંક, ગંજ, કંઠ, દંત, લંબ એમાં જે અનુસ્વાર છે તે સમ્પાઈને બોલાય છે ને તે શુદ્ધરીતિયે તો આ પ્રમાણે અઙ્ગ-જન્ રૂપે બીજાનીસાથે જોડીને દેખડાવાયછે-અઙ્ક, ગઞ્જ, કણ્ઠ, દન્ત, લમ્બ.

અનુહત, વિ૦ [સં૦] વચમાં અટકે-તૂટે નહિ તે; નિરન્તર ચાલ્યાંજકરે તે. અનુહતગજર -નાદ-ધ્વની. અનુહત તે આપણામાં અનહદ છે.

અનૂઠું, વિ૦ [હિં૦] નવુંજ; અપૂર્વ.

અનૂઢ, વિ૦ [સં૦] પરણેલું નહિ તે. અનૂઢા-કુંવારી.

અનૂપ, વિ૦ [સં૦ અનુપમ]

અનૃણ, વિ૦ [સં૦ અન; ઋણ] જેને ઋણ-દેવું નથી તે.

અનૃત, ન૦ [સં૦] જુઠું; અસત્ય. એ શબ્દ વિશેષણ પણ છે.

અને, અ૦ એ શબ્દ—વાક્ય જોડેછે ને એવો અર્થ રાખેછે કે જે પ્રથમ કહેલુંછે તેમાં બીજું વધારવાનુંછે. જમુ અને રામુ મુમ્બઈ ગયા, તારે બોલવું અને મારે લખવું.

અનેક, વિ૦ [સં૦] એક નહિ પણ ઘણાં; એકથી વધારે; ઘણાંએક; કેટલાંએક. અનેકધા-ઘણી ઘણી રીતે. અનેકવાર-ઘણી ઘણી વાર.

અનેકવચન, ન૦ [સં૦] (વ્યાકરણમાં) એક નહિ પણ વધારે વસ્તુઓ છે એવો જે સઙ્ખ્યાબોધ તે. ઘોડો એ એકવચનમાં ને ઘોડા-ઘોડાઓ એ અનેકવચન.

અનેકવર્ણસમીકરણ, ન૦ [સં૦] (બીજગણિતમાં) જે સમીકરણમાં બે અથવા વધારે અજાણ્યાં બીજ-અક્ષરો હોય તે.

અનેકાર્થ, વિ૦ [સં૦] જેના અનેક અર્થ હોય તે-(શબ્દ); અનેક અર્થ વાળા શબ્દછે જેમાં તેવો (કોશ). [બાસ.

અનેનાસ, ન૦ એકજાતનું ફળ; એક લીલો મેવો; અ-

અનેરું, વિ૦ બીજું; અન્ય.

અનૈક્ય, ન૦ [સં૦] ઐક્ય નહિ તે, જુદાઈ. ૨ અણબનાવ; કુસમ્પ; વિરોધ. [નો અભાવ.

અનૈશ્વર્ય, ન૦ [સં૦] ઇશ્વરપણું ન હોવુંતે; ઐશ્વર્ય-

અનોખું, વિ૦ [હિં૦] અજાએબ જેવું; અપૂર્વ; અદ્ભુત. [વા આંગળિયો.

અનૌરસ, વિ૦ [સં૦] ઔરસ નહિ તે; દત્તક અથ-

અન્ત, પુ૦ [સં૦] છેડો; પાર; સમાપ્તિ; આખર. ૨ સીમા; હદ. ૩ મોત; કાળ. ૪ (ગણિતમાં) એકીનું છેલ્લું પદ. ૫ પરિણામ; ગેવટ; હાંસલ. ૬. આખરનું બાકી રહેલું જોર; જીવ; જેમ.-હવે શું તારે

ગ્યારે અન્ત લેવોછે ! [કરણ ભણ્યો છે.

અન્ત, અ૦ [સં૦] લગી; સુધી. એ ભાષ્યાન્ત વ્યા-

અન્તઃ, અ૦ [સં૦] માંહે; અન્દર; વચમાં; મધ્યે.

અન્તઃકરણ, ન૦ [સં૦] જીવ; આત્મા. ૨ વિચાર. સ્થાન-મન; ૨અશ્વાસ્તસ્થાનહૃદય. ૩ કેવળ શાન્ત-નિવૃત્ત સ્થિતિમાં રહેલો જીવાત્મા—કેવળ ચૈતન્ય. **અન્તઃકરણચતુષ્ટય** એટલે મન, બુદ્ધિ, ચિત્ત, અહઙ્કાર એ ચાર રૂપે રહેતો-કાર્ય કરતો જીવાત્મા. **અન્તઃકરણપઞ્ચક** એટલે અન્તઃકરણ(૩ જા અર્થમાં), મન, બુદ્ધિ, ચિત્ત, અહઙ્કાર એ પાંચને સંયોગે થયલો ને પ્રવૃત્ત રહેતો જીવાત્મા. અન્તઃકરણ-માત્ર ચૈતન્યજ્ઞાન. મન-ઉશ્કેરાયેલી સ્થિતિ; ઇચ્છા. ચિત્ત-સઙ્કલ્પ વિકલ્પ; વાદ; યુક્તિ; વિચાર. બુદ્ધિ-નિશ્ચય; સઙ્કલ્પ. અહઙ્કાર-આત્માનું હૂં છઊં મેં કીધું એ રૂપે બાર પ્રગટ થવું તે. વ્યવહારમાં અન્તઃકરણ, મન, દિલ, બુદ્ધિ, ચિત્ત, હૃદય, જીવ, આત્મા એ શબ્દ ઘણુંકરીને એકજ અર્થમાં વપરાયછે. **અન્તઃકરણશુદ્ધિ**—મનમાં મળ નહોવો તે; દિલ સાફ રાખવું તે.

અન્તઃપુર, ન૦ [સં૦] સ્ત્રિયોને બેસવાનો અન્દરનો ઓરડો; જનાનખાનું. ૨ રઙ્ગમોલ; રણવાસ.

અન્તક, પુ૦ [સં૦] કાળ; યમ.

અન્તકાળ, પુ૦ [સં૦] આખરનો વખત; મરણનો સમય; મોત. [મધ્યે; વચમાં.

અન્તર્, અ૦ [સં૦] અન્દર; માંય; ભિતર. ૨

અન્તર, પુ૦ [સં૦] વચમાંનું છેટું (જગા અથવા વખતનું)-એ અર્થમાં નપુંસકલિઙ્ગે પણ વપરાયછે. ૨ બન્ધ પડવું તે; વિરામ; તહકૂબી. ૩ જુદાઈ; ભેદ. ૪ ફેર; તફાવત. ન૦ અન્તઃકરણ; મન; દિલ. ૨ (ગણિતમાં) બાકી રહેલી સઙ્ખ્યા. ૩ બીજું. એ અર્થમાં અન્તર શબ્દ બીજાસાથે જોડાયછે-દેશાન્તર, ભાષાન્તર, સ્થળાન્તર, જન્માન્તર, ગ્રન્થાન્તર ઇ૦. ૪ [સં૦ અન્ત્ર-આંતરડું] ને એ ઉપરથી અન્તરગળ.

અન્તરગળ, પુ૦ ઇન્દ્રીને લગતી ગોળીમાં આંતરડું ઉતરેથી અથવા પાણી ભરાયાથી અથવા બીજાં કોઈ કારણથી ગોળી મોટી થવી-વધવી તે.

અન્તરઙ્ગ, વિ૦ [સં૦] પાસેનું સમ્બન્ધી; સગું. ૨ જેનીસાથે મન મળ્યું હોય ને પડદો ન હોય તે.(અન્તરઙ્ગનું ઉલટું બહિરઙ્ગ). ૩ પોતાનુંજ; ખાસ.

અન્તરછાલ, સ્ત્રી૦ અન્દરની કુમળી છાલ (ઝાડની).

અન્તરજામી, વિ૦ [સં૦ અન્તર્યામી] સાક્ષીભૂત આત્મા. ૨ અન્તઃકરણ; મન.

અન્તરજ્ઞ, વિ૦ [સં૦] જેને અન્તર્જ્ઞાન હોય તે.

અન્તરપટ, પુ૦ [સં૦ અન્તઃપટ] વચમાં આડું રાખેલું વસ્ત્ર; પડદો. ૨ હાથમળે ત્યાંસુધી વરકન્યાની વચમાં જે વસ્ત્ર આડું રાખવામાં આવેછે તે.

અન્તરવેલ, સ્ત્રી૦ દોરા જેવો તથા વળ વાળો એકજાતનો છોડ; અમરવેલ; આકાશવેલ.

અન્તરસાક્ષી, વિ૦ [સં૦ અન્તઃસાક્ષી] મન-ભીતરના વિચારનો સાક્ષી; આત્મા.

અન્તરસ્થ, વિ૦ [સં૦] અન્દર રહેલું; અન્દરનું.

અન્તરાત્મા, પુ૦ [સં૦] જીવાત્મા.

અન્તરાય, પુ૦ [સં૦] હરકત; નડતર; અટકાવ; બાધ. [૨ આકાશ.

અન્તરાળ, ન૦ [સં૦] વચમાંની જગા; અન્તર.

અન્તરિક્ષ, ન૦ [સં૦] આકાશ. અ૦ આકાશમાં; અદ્ધર રહેલું હોય તેમ.

અન્તરિયાળ, અન્ત્રિયાળ. [પેલું.

અન્તર્ગત, વિ૦ [સં૦] અન્દરનું. ૨ વચમાં આવીગ-

અન્તર્ગોળ, પુ૦ [સં૦] માંયથી પોલો એવો જે ગોળ આકાર તે. એનું ઉલટું બાહ્યગોળ.

અન્તર્ચક્ષુ, ન૦ [સં૦] ભિતર જોઈ શકે તેવાં ચક્ષુ. વિ૦ ભિતરનો ભેદ જોનાર.

અન્તર્જ્ઞાન, ન૦ [સં૦] લોકનાં અન્તઃકરણ-ભિતરની વાતનું જે જ્ઞાન તે. ૨ સાહજિકજ્ઞાન. અન્તર્જ્ઞાની-અન્તર્જ્ઞાનવાળું (જન).

અન્તર્દશા, સ્ત્રી૦ [સં૦] ભિતરની ખરી હાલત. ૨ માણસની સ્થિતિઉપર, એક ગ્રહની જે લામ્બી મુદતની મોટી સત્તા (માહાદશા) હોય તે મુદતમાં બીજા ગ્રહોની થોડી થોડા મુદતની જે જે સત્તા (દશા) રહે તે તે અફેકી.

અન્તર્દાહ, પુ૦ [સં૦] અન્દરની ગરમી (તાવની). ૨ અન્દરનો બળાપો (કામ ક્રોધ શોકથી થતો).

અન્તર્દૃષ્ટી, સ્ત્રી૦ [સં૦] પોતાનું ભિતર જોવું-જાણવું તે. ૨ અન્દરથી સહજ જાણવું તે.

અન્તર્દ્વાર, ન૦ [સં૦] માંયલું બારણું. ૨ અન્તઃપુરનુ બારણું. ૩ ગુપ્ત સાધન; ગુપ્ત રહીને કામપાર-પાડી આપનાર મધ્યસ્થ.

અન્તર્ધાન, ન૦ [સં૦] એકાએક ન દેખાતું થવું; અદર્શન; અલોપ-ગેબ થઈ જવું તે (નારદજી અન્તર્ધાન થયા).

અન્તર્ધ્યાન, ન૦ [સં૦] ભિતર-મનમાં ધ્યાન ધરવું તે; ઊંડું ધ્યાન; સમાધિ. [પે; ચારેપાસથી.

અન્તર્બાહ્ય, અ૦ [સં૦] અન્દર ને બ્હાર; સર્વ દિશા-

અન્તર્ભાવ, પું૦ [સં૦] અન્દર સમાવેશ થવો-હોવો તે. ઘોડાનો પશુમાં ને પશુનો પ્રાણીમાં અન્તર-ભાવ થાય છે. ૨ મનનો ભાવ-અભિપ્રાય. ૩ દિ-લની જુદાઈ; ભિન્નભાવ.

અન્તર્ભૂત, વિ૦ ધા૦ [સં૦] મધ્યે રહેલું. ૨ અન્દરથી ઉત્પન્નથયલું. "અન્તર્ભૂતને પ્રેરે મારા, સંકલ્પ વિક-લ્પ મન કરતું જાય".

અન્તર્ભેદ, પું૦ [સં૦] અન્દરનો ભેદ; ભિતરની છા-ની વાત. ૨ ભિતરને ભેદી જાણીલેવું તે.

અન્તર્યામી, વિ૦ [સં૦ અન્તર; યામી-અટકનાર-અટકાવનાર] અન્તરજામી.

અન્તર્લાપિકા, સ્ત્રી૦ [સં૦] વાક્યની અન્દર અક્ષર એવી રીતે ગોઠવેલા કે તેમાના કેટલાકને એકઠા ક-રતાં એકાદું નામ નિકળે તે યુક્તિ (ઘણુંકરીને ક-વિતામાં) અન્તર્લાપિકા ને બહિર્લાપિકા અથવા બા-હ્યલાપિકા.

અન્તર્વેદી, સ્ત્રી૦ [સં૦] ગંગા ને જમના એ બેની વચમાંનો જે પ્રદેશ તે; દૂઆબ.

અન્તર્વેળા, અ૦ મરવાના સમય ઊપર. ૨ અટકી બેસવાના વખત ઉપર.

અન્તસકરણ, ન૦ અન્તઃકરણ.

અન્તસ્થ, વિ૦ [સં૦] છેડે અથવા વચમાં રહેલું-હોય તે. ૨ ગુપ્ત; છાનું; ખાનગી. ૩ ય, ર, લ, વ, એ અક્ષરો તે.-(એ અડધા સ્વર ને અડધા વ્યંજ-ન છે).

અન્તિક, અ૦ [સં૦] પાસે. વિ૦ પાસે રેનારો-હજુ-રિયો, ખવાસ, બાળસેવક. (બાળમિત્રમાં અન્તિ-કની વાતછે).

અન્તે, અ૦ છેલ્લે; છેલ્લીવારે; આખરે.

અન્ત્ય, વિ૦ [સં૦] એકકરોડને દશકરોડે ગુણ્યાથી જે સંખ્યા આવે તે. ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦

અન્ત્યજ, વિ૦ [સં૦] છેક નીચી જાતનું તે; અ-તિશૂદ્ર-ભંગી વગેરે.

અન્ત્યાક્ષર, પું૦ [સં૦] છેલ્લો અક્ષર.

અન્ત્યાવસ્થા, સ્ત્રી૦ [સં૦] આખર અવસ્થા.

અન્ત્યેષ્ટિ, સ્ત્રી૦ [સં૦] મુએલાંની ક્રિયા; પ્રેતકર્મ.

અન્ત્ર, ન૦ [સં૦] આંતરડું.

અન્ત્રસે-ત્રાસે, આડીવાટે-ઉતાવળમાં પાણી પિધાથી વેળાએ તે પેટમાં ન ઊતરતાં નાકની વાટે બ્હાર પાછુ નિકળેછે તે અન્ત્રસે ગયું કેવાયછે.

અન્ત્રાસણ, ન૦ અન્ત્રસે-ત્રાસે.

અન્ત્રિયાળ, અ૦ જ્યાં કોઇની મદદ ન મળીશ-કે તેવે ભયવાળે ઠેકાણે; વગડામાં; અધવચ. ૨ આસરાવગર; એકલું.

અન્ત્રો, પું૦ ગાયન-ગીતનો આરમ્ભે ગાવાનો જે ભાગ તે સિવાયેનો જે બીજો તે. મોરો-અસ્તા-ઈ ને અન્ત્રો. ધ્રુપદના ગાયનમાં અસ્તાઈ, અન્-ત્રો ને અભોગ એ ત્રણ ભાગ હોયછે, ખ્યાલ 'ટપ્પા દાદરા ઠુમરીમાં અસ્તાઈ ને અન્ત્રાજ હો-યછે,' અને પદ ગરબી વગેરેમાં અસ્તાઈ-ટેક અને ઘણા અન્ત્રા હોયછે. મોરો ને અન્ત્રો.

અન્દર, અ૦ [પ્રા૦] માંયના ભાગમાં.-તે ઓરડા-ની અન્દર બેઠોછે, દીલની અન્દર દરદ થાયછે. ૨ જગા—વખતની એકાદી હદની આણીપાસના ભાગમાં. તે ગામ અહીથી ત્રણગાઉની અન્દર છે, ચારવાગાની અન્દર આવજે. ૩ દબાણમાં-હવે તે મારા કબજાની અન્દર આવ્યોછે ક્યાં જશે?

અન્દાજ-જો, પું૦ [ફ્રા૦] માપ; વજન; ગણતરી; સુમાર. ૨ હદ; મર્યાદા; વિવેક.

અન્દેશો, પું૦ [ફ્રા૦] વિચાર; મનન. ૨ ધારણા; કલ્પના. ૩ ચિન્તા; ગભરાટ. ૪ સન્દેહ; અણપ-તીજ; શક. અન્દેશો પોચાડવો-કરવો.

અન્ધ, વિ૦ [સં૦] આંધળું.

અન્ધક, વિ૦ [સં૦] ગાંડું; તેજવનાનું.

અન્ધકાર, પું૦ [સં૦] પ્રકાશનો અભાવ; અન્ધારું.

અન્ધકૂપ, પું૦ [સં૦] અન્ધારો કુઓ. ૨ પુરાઈ ગયે-લો કુઓ. ૩ એક નરક.

અન્ધત્વ, ન૦ [સં૦] અન્ધાપો.

અન્ધપરમ્પરા, સ્ત્રી૦ [સં૦] એકાદી ભુંડી ચાલનું પ-રમ્પરાથી જે ચાલ્યું આવવું તે (ગાડરિયોપ્રવાહ). એકની પાછળ એક એમ બન્ધાયલી આંધળાઓ-ની જે હાર તે.

અન્ધરાવું, ક્રિ૦ અ૦ કાળાં વાદળાં ખીચોખીચ ચ-ડીઆવવાં (અન્ધારુંથવું)-વરસાદ અન્ધરાયો.

અન્ધાધુન્દ-ન્દી, સ્ત્રી૦ [હિં૦] અવ્યવસ્થા; અસ્ના-વ્યસ્તા; અન્ધેર; ગેરબન્દોબસ્ત. ૨ ઉત્પાત; ઉ-પદ્રવ.

અન્ધાપો, પું૦ [સં૦ અન્ધત્વ] આંધળા હોવું તે; આંખે ન દેખાવું તે; પડળ.

અન્ધારપિછોડો, પુ૰ કામ કાઢીલેવાને આડુંઅવળું સમજાવીદેવું તે; સામાની અક્કલ છેતરાય તેમ કરવું તે; ભુરકીનાખવી તે.

અન્ધારાં, ન૰ એકાએક આંખે કંઈ દેખાય નહિ તેવું થઈ આવે તે-ઘણી ભૂખ લાગવાથી, પિત્ત ચડીગયેથી વગેરેથી (અન્ધારાં થોડીવાર રહેછે) અન્ધારાં આવવાં કેવાયછે.

અન્ધારિયું, ન૰ જેમાં ચન્દ્રની કળા ઓછી થતી જાય તે પખવાડિયું; વદ; કૃષ્ણપક્ષ.

અન્ધારી, વિ૰ ચાંદરણા વનાની-કૃષ્ણપક્ષની (રાત). ૨ જ્યાં અન્ધારું હોય તેવું-અન્ધારી કોટડી (કેદખાનું).

અન્ધારી, સ્ત્રી૰ અન્ધારાં; ઝાંખ. ૨ ઘોડા-બળદની આંખે જે કપડું-ચામડું બાંધવામાં આવેછે તે. ૩ ચપડિયાઓ એરણનો આભ ઓછો કરવાને લાકડાંની જે નાની પાટલી આડી મુકેછે તે.

અન્ધારું, ન૰ પ્રકાશનો અભાવ; રોશનીની ગેરહાજરી. ૨ કોઈ ઓળખે-જાણે નહિ તેવી સ્થિતિ; ગુણપ્રકાશ થાય નહિ તેવી સ્થિતિ. ૩ વિચાર-રસ્તો ન સુઝે તેવી મનની હાલત. ૪ અન્ધેર; અવ્યવસ્થા; કામ બરાબર ન ચાલવું તે. ૫ અજ્ઞાન. **દીવા પછવાડે અન્ધારું** એટલે નામાંકિત પુરુષના મરણ પછી તેનાં કામ વગેરેની જે અવ્યવસ્થા-ખરાબી થઈજાય તે અથવા તેનો વંશજ અન્ધારામાં પડારે-નઠારો નિકળે તે. **સોમણ દીવેલે અન્ધારું** એટલે ઘણાંજણ કારભારમાં છતાં અન્ધેર-ગેરબન્દોબસ્ત-બગાડ થાય તે. **અન્ધારે અક્કલ વેચાયછે** એ કેવત, હોડકાયા-ખરીસૂઝ અથવા અક્કલ ન છતાં અક્કલ વાળોછઉં એમ અભિમાની દેખાડનારને માટે વપરાયછે અથવા જેને જેકામ કરવું ઘટતું નથી તે તે કામકરેછે તેને વિષે પણ. (ઈ સ્વરે સોકમાં અક્કલની વેચણ કરીછે તે અન્ધારામાં એટલે જેનામાં જોઈયે તેનામાં પણ). **અન્ધારે પણ કોળ ગળ્યો લાગે**, **અન્ધારે પણ કોળિયા મોડામાંજ જાય** ઇ૰ કેવતો છે. **અન્ધારે અજવાળે**-છાની રીતે અથવા જાહેરમાં; દાવ-લાગ મળે તેમ ને ત્યાં. **અન્ધારુંઘોર** એટલે ભડભડાવે તેવું અન્ધારું.

અન્ધોમૂલ, વિ૰ હૈયાફૂટું; કમઅક્કલ.

અન્ધેર, ન૰ ગેરબન્દોબસ્ત; અવ્યવસ્થા; નિયમ-ઠરાવ નહિ તે. 'અન્ધેર કારખાનું,' અન્ધેરનગરી ઇ૰ તે કામનું અન્ધેરવળ્યું એમ પણ કેવાયછે.

અન્યારુ, પુ૰ પારસીઓમાં જેઓ ધરમની ક્રિયા કરાવેછે તે; પારસીના ગોર; મોબેદ.

અન્ન, ન૰ [સં૰ અદ્-ખાવું] અનાજ.

અન્નકૂટ, પુ૰ [સં૰] અણકૂટ.

અન્નછત્ર, ન૰ [સં૰ અન્ન, સત્ર] બ્રાહ્મણ-માગનારને અન્ન આપ્યાંકરવાનો જે ધર્મમાર્ગ તે; સદાવ્રત. ૨ એનેસારું બાંધેલું-મુકરર કરેલું જે ઘર તે.

અન્નજળ, ન૰ જ્યાં જે અન્નપાણી મળવાંનાં ત્યાં તે મળીઆવવાં એજે સઞ્જોગ-યોગ સમ્બન્ધ તે; દાણોપાણી; રજક. તેનું અન્નજળ હવે અહીંથી ઉઠ્યું, તેનું અન્નજળ અહીંજ સઞ્જોગ. **અન્નજળપાણી** પણ કેવાયછે.

અન્નદાતા, પુ૰ અન્ન પૂરુંપાડનાર; પેટ ભરનાર; ગુજરાન ચલાવનાર.

અન્નદેવતા, સ્ત્રી૰ [સં૰] અન્નની અધિષ્ઠાતા દેવતા.

અન્નપાણી, ન૰ અન્ન ને પાણી. [અન્ન ભરપૂર હોવું તે.

અન્નપૂર્ણા, સ્ત્રી૰ [સં૰] અન્ન પૂરુંપાડનાર દેવી. ૨

અન્નપ્રાશન, ન૰ [સં૰] બાળકને જન્મ્યાપછી પ્રથમજ અન્ન ખવડાવવું તે; ઓટણ. (છઠે અથવા હમે મહિને).

અન્નમયકોશ, પુ૰ [સં૰] પઞ્ચકોશમાંનો એક; સ્થૂળદેહ-ચામડાં, હાડકાં, માંસ, નસ, લોહી, રેત, કફ, મળ, મૂત્ર, ઇ૰.

અન્નરસ, પુ૰ [સં૰] અન્નનો રસ; અન્નનું સત્વ.

અન્નવસ્ત્ર, ન૰ [સં૰] અન્ન ને વસ્ત્ર.

અન્નાચ્છાદન, ન૰ [સં૰] અન્ન અને આચ્છાદન-વસ્ત્ર; ખાવા પેરવાનું.

અન્નાશય, પુ૰ [સં૰] પેટમાં જ્યાં અન્ન પચેછે તે ઠેકાણું; જઠરાગ્નિ.

અન્નાસ, ન૰ અનેનાસ.

અન્નોદક, ન૰ [સં૰] અન્ન ને ઉદક-પાણી.

અન્ય, વિ૰ [સં૰] બીજું. ૨ જુદું; ભિન્ન.

અન્યત્ર, અ૰ [સં૰] બીજે ઠેકાણે; બીજે કહીં. ૨ નહિતર; સિવાયે.

અન્યથા, અ૰ [સં૰] બીજે પ્રકારે; જુદી રીતે. ૨ આડું; ઉલટું; વિપરિત; ઓઠું;

અન્યાય, પુ૰ [સં૰] ન્યાય-ઇનસાફ નહિતે; અનીતિ; અધર્મ; અવિચાર. ૨ દોષ; પાપ; વાંક; ગુન્હો.

અન્યાયી, વિ૰ [સં૰] અન્યાય કરનાર.

અન્યોક્તિ, સ્ત્રી૰ [સં૰] હોય તેથી જુદું બોલવું તે; આગળાં ને પાછળાં બોલવામાં જે ફેર પડયો તે. ૨

ખાજાનું જે બોલવું તે. ૩ સ્તુતિના શબ્દોમાં નિન્દા અને નિન્દાના શબ્દોમાં સ્તુતિ જણાવવી તે (અર્થાલંકાર).

અન્યોન્ય, વિ૦ [સં૦] પરસ્પર; અરસપરસ. ૨ એક અર્થાલંકાર-"સરોવરથી કમળ ને કમળથી સરોવર શોભેછે".

અન્વય, પુ૦ [સં૦] સમ્બન્ધ. ૨ (વ્યાકરણમાં) ક્રિયાપદનો કર્તા કર્મસાથે અથવા વિશેષણનો નામ સાથે એમ જે સમ્બન્ધ તે. ૩ અર્થને સમ્બન્ધે વાક્ય યોજના કરવી તે. ૪ પ્રતિજ્ઞા અનુમાનનો જે નિયમપુરઃસર સમ્બન્ધ તે. ૫ વંશ; કુળ.

અન્વયી, વિ૦ [સં૦] સમ્બન્ધ રાખનાર.

અન્વિત, વિ૦ ધા૦ [સં૦] સંયુક્ત; જોડાયલું; સમ્બન્ધયુક્ત. શર્કરાન્વિત, લોભાન્વિત, ક્રોધાન્વિત ઈ૦

અપ્, ન૦ [સં૦] પાણી. [નઠારું. ૪ ઉલટું.

અપ, ઉ૦ [સં૦] નીચે. ૨ દૂર. ૩ નીચ; અધમ;

અપકર્ષ, પુ૦ [સં૦] તોડીપાડવું-તાણવું તે. ૨ ગુણ-મૂલમાં ઘટીજવું તે; પડતીહાલત. (ઉત્કર્ષનું ઉલટું).

અપકાર, પુ૦ [સં૦] સારાંના બદલામાં નરસું કરવું તે. ૨ કોઈને નુકસાન-દુઃખ-હાનિ કરવી તે. (ઉપકારનું ઉલટું).

અપકારક-રી, વિ૦ [સં૦] અપકાર-માઠું કરનાર.

અપકીર્તિ, સ્ત્રી૦ [સં૦] બેઆબરુ; બેઈજત; બદનામી; અપ્રતિષ્ઠા; અપજશ.

અપકૃષ્ટ, વિ૦ ધા૦ [સં૦] તોડીપાડેલું. ૨ પડતી હાલતમાં આવેલું; ઉતરતું; નઠારું. (ઉત્કૃષ્ટનું ઉલટું)

અપકવ, વિ૦ [સં૦] પકવ-પાકેલું નહિ તે.

અપક્ષ, વિ૦ [સં૦] પાંખવિનાનું. ૨ જેને કોઈનો પક્ષ ન હોય તે.

અપક્ષપાત, પુ૦ [સં૦] પક્ષપાત-તરફદારી નહિ તે; સમાનભાવ; રાખરખાવટ નહિ તે.

અપઘાત, પુ૦ [સં૦] અકાળમૃત્યુ; કમોત; કજા.

અપંગ, વિ૦ [સં૦ અપાઙ્ગ] જેને એક અથવા વધારે અંગ નથી તે અથવા શરીરે ખોડ હોય તે. લુલું, ઠુંઠું, આંધળું, બેહું વગેરે. ૨ સહાય વિનાનું.

અપચાર, પુ૦ [સં૦] ખાવા પીવામાં કરી-પહરેજી ન રાખતાં નુકસાન કરે તેવી વસ્તુનો જે ઉપયોગ કરવો તે. ૨ આડે રસ્તે-દુરાચારે વર્તવું તે.

અપચિન્હ, ન૦ [સં૦] નઠારાં ચિન્હ; અપલક્ષણ. મરણનાં ચિન્હ, બેલક્ષણનાં ચિન્હ, દુર્ગુણ આવવા-માંડવા તે. ભાંય ખોતરવાંકરવી ને પાણીના લીટા મુકવાકરવા, તણખલાં તોડવાકરવા એ અટકચાળું તે પણ અપચિન્હ કેવાયછે.

અપચો, પુ૦ ખાધેલું ન પચવું-હજમ થવું તે; પેટમાં ભાર હોવો તે; અજીરણ.

અપચ્છાયા, સ્ત્રી૦ [સં૦] જે છાયા-ઓળો જોવાથી નઠારું થાય તે. ૨ ભૂત, પ્રેત ઈ૦.

અપછરા, સ્ત્રી૦ [સં૦ અપ્સરા].

અપજય, પુ૦ [સં૦] પરાજય; હાર.

અપજસ, પુ૦ [સં૦ અપયશ].

અપજશિયું, વિ૦ અપજશવાળું (કામ). અપજશિયો-જેના કરમમાં જશ ન હોય તે.

અપઝાડ, વિ૦ ખરાબ; નુકસાન-બિગાડવાળું; ઊંધું.

અપઞ્ચીકૃત, વિ૦ ધા૦ [સં૦] પઞ્ચીકૃત નહિ તે.

અપટ, વિ૦ [સં૦ અ; પટુ-ચતુર-હોશિયાર] સમજ વનાનું; અડાણી. ૨ હઠીલું. [વાંચેલું નહિ તેવું.

અપઠ, વિ૦ [સં૦ અપઠ] ભણેલ નહિ તે. ૨ ભણેલું-

અપત, વિ૦ [સં૦ અપત્ય] કંઈજ સમજે નહિ તેવું છેક નાનું. અપતબાળક કેવાયછે.

અપતિવ્રતા, સ્ત્રી૦ [સં૦] છિનાળ—બાગણડી સ્ત્રી.

અપતીજ, સ્ત્રી૦ [સં૦ અ; પ્રતીતિ] પતીજ-ખાતરી નહિ તે; અણવિશ્વાસ.

અપત્ય, ન૦ [સં૦] સન્તાન (પુરુષ અથવા સ્ત્રી). ૨ બાળક; છોકરું. [આડી વાટ-રીત.

અપથ, પુ૦ [સં૦] ધર્મસમ્બન્ધી જે આડો માર્ગ તે. ૨

અપથ્ય, ન૦ [સં૦] પથ્ય-કરી-પહરેજી નહિ તે અથવા અવગુણ કરે તે. [સ્તુતઃ ન હોવું તે.

અપદાર્થ, પુ૦ [સં૦] (ન્યાયશાસ્ત્રમાં) અભાવ; વ-

અપદેશ, પુ૦ [સં૦] બાનું; મસ; જુક્તિ; છળભેદ. ૨ વેશ બદલી ગુપ્ત રાખવું તે. [ગાંડ.

અપદ્વાર, ન૦ [સં૦] પાછલું-આડું બારણું તે. ૨

અપભ્રંશ, પુ૦ [સં૦] મુળશબ્દનું જે અશુદ્ધ રૂપાન્તર તે; ભ્રષ્ટ થયલો શબ્દ.

અપમાન, ન૦ [સં૦] માન નહિ તે; અપ્રતિષ્ઠા.

અપમૃત્યુ, ન૦ [સં૦] મૃત્યુનું ભય હોય તેવો મન્દવાડ, તેવું સંકટ ઈ૦ માંનું કોઈ.

અપયશ, પુ૦ [સં૦] યશ નહિ તે; ખોટો યશ.

અપયશી, વિ૦ [સં૦] જેના કરમમાં અપયશજ હોય તે. ૨ અપયશવાળું.

અપર, વિ૦ [સં૦] બીજું. ૨ પાછલો ભાગ.-એ અર્થમાં અપર બીજા શબ્દસાથે જોડાયછે. અપરરાત્ર, પૂર્વાપર-આગલું ને પાછલું.

અપરઊં, વિ૦ [સં૦ અપૂર્ મ્] બીજું; વિશેષ. (કાગળ પત્ર લખવામાં).

અપરમ્પાર, વિ૦ [સં૦] પારવિનાનું. (ગુણ-બુદ્ધિ-મહત્વ-સામર્થ્ય ઈ૦). [પવામાં).

અપરસૂર્ય, પુ૦ [સં૦] બીજો સૂર્ય--(ઉપમાં આ-

અપરસ્વસ્તિક, ન૦ [સં૦] દિગન્તલીટીનું પશ્ચિમ-બિન્દુ. [ય તે; અજિત.

અપરાજિત, વિ૦ ધા૦ [સં૦] પરાભવ ન પામ્યું હો-

અપરાધ, પુ૦ [સં૦] દોષ; ગુન્હો; તકશીર; વાંક; અધર્મ.

અપરાધી, વિ૦ [સં૦] અપરાધ કરનાર.

અપરાન્હ, પુ૦ [સં૦] બપોરપછી એક ને ચાર કલાકની વચમાંનો કાળ; પાછલો પોર.

અપરિમિત, વિ૦ધા૦ [સં૦] મપાયલું નહિ તે; વિશાળ; મોટું. [માપલો કાડયા વગરનું.

અપરીક્ષિત, વિ૦ ધા૦ [સં૦] તપાસેલું નહિ તે;

અપરોક્ષ, વિ૦ [સં૦ અ, પર, અક્ષિ] આંખ આગળ બન્યું હોય તેવું. જણાય તેવું. પાસેનું. સમક્ષ, અપરોક્ષ ને પરોક્ષ એમ ક્રમ છે. [કચાંળું.

અપલક્ષણ, ન૦ [સં૦] નઠારાં લક્ષણ; દુર્ગુણ; અક-

અપલાયન, ન૦ ન નાસીજવું તે એ મૂળ અર્થ છે પણ આપણામાં નાસીજવું-પલાયન કરવું એ અર્થમાં વપરાયછે.

અપવર્ગ, પુ૦ [સં૦] મોક્ષ; મુક્તિ.

અપવાદ, પુ૦ [સં૦] જુઠું આળ; ખોટી બદનામી. ૨ રીત લાગુ ન પડવી તે; બાધ આવવો તે. ૩ રદિયો; જવાબ.

અપવાસ, પુ૦ [સં૦ ઉપવાસ]. [તેવું.

અપવિત્ર, વિ૦ [સં૦] પવિત્ર-શુદ્ધ નહિ તે અથવા

અપશકુન, ન૦ [સં૦] નઠારાં શકુન; અમઙ્ગળ સૂચક ચિન્હ.

અપશબ્દ, પુ૦ [સં૦] વ્યાકરણ પ્રમાણે અશુદ્ધ અથવા અમઙ્ગળ અથવા નીચ લોકમાં વપરાતો અથવા રસ ભઙ્ગ કરે તેવો શબ્દ. ૨ ભુંડી ગાળ; તુચ્છકાર.

અપસવ્ય, વિ૦ [સં૦] જમણું (ડાબું નહિ તે). (જનોઈ ડાબી ખાંધે રહેછે ત્યાંથી જમણીખાંધે લેવું તે). ૨ ઉલટું.

અપસુકન, ન૦ [સં૦ અપશકુન]. ૨ [સં૦ અપ, અને પ્રા૦ સઉન-બોલ] ભુંડો બોલ-શબ્દ.

અપસ્માર, પુ૦ [સં૦] ફેફરું; વાઈ. ૨ (કાવ્યશાસ્ત્રમાં) એક વ્યભિચારી ભાવ. [વું; દૂરકરવું.

અપહરણ, ન૦ [સં૦] છિનવી-લુટીલેવું તે. ૨ અસેડ-

અપહ્નુતિ, સ્ત્રી૦ [સં૦] નિષેધ કરવો તે; જાણ્યામાં છતાં છુપાવવું-ના પાડવી તે. ૨ એ નામનો એક અલઙ્કાર-નિષેધ બતાવી બે વસ્તુને સરખાવવી તે. "તમે તેને ચન્દ્ર કહોછો પણ તે ચન્દ્ર નથી, આકાશગઙ્ગાનું કમળ છે".

અપાત્ર, વિ૦ [સં૦] પાત્ર-યોગ્ય નહિ તે; ગુણહીન.

અપાદાન, ન૦ [સં૦] (વ્યાકરણમાં) પઞ્ચમી વિભક્તિનો અર્થ વિજોગ, સીમા, ઓછુંવધું બતાવે છે તે.

અપાન, પુ૦ [સં૦] પાંચ પ્રાણવાયુમાંનો એક; શરીરની પાછલીવાટેથી જે વા છુટેછે તે; પાદ.

અપામાર્ગ, પુ૦ [સં૦] એકજાતનો છોડવો; અઘેડો. એ, બ્રાહ્મણોને સ્નાનવિધિમાં અને યજ્ઞમાં કામ આવેછે.

અપાય, પુ૦ નઠારું ફળ થાય તેવો કારણરૂપ જે સમ્બન્ધ તે; ઉપાય કરતાં નઠારૂં થાય ત્યારે તે ઉપાય તે અપાય કેવાય. ૨ નાશ; હાનિ; ગેરફાયદો.

અપાર, વિ૦ [સં૦] પારવિનાનું; અમાપ; અસઙ્ખ્ય; અનન્ત. [દેખાય નહિ તે.

અપારદર્શક, વિ૦ [સં૦] જેમાંથી આરપાર સ્વચ્છ

અંપાવવું, કોઈ આપે તેમ કરવું. [કાણું.

અપાસરો, પુ૦ [સં૦ ઉપાશ્રય] ગોરજીને રેવાનું ઠે-

અપિ, અ૦ [સં૦] પણ. અદ્યાપિ-આજપણ.

અપીલ, સ્ત્રી૦ [અં૦] નીચલી કોરટના ફેસલા ઉપર નારાજ થઈ ઉપલી કોરટને જે ફરી અરજ કરવી તે.

અપુચ્છ, વિ૦ [સં૦] પુછડાં વગરનું; બાંડું.

અપુત્ર, વિ૦ [સં૦] જેને પુત્ર-સન્તાન નહોય તે.

અપૂજ, વિ૦ [સં૦ અપૂજિત] પૂજા ન કરીહોય અથવા પૂજાવના રેતા હોય તે (દેવતા). [નહિ તે.

અપૂજ્ય, વિ૦ [સં૦] પુજવાને-માન આપવાને યોગ્ય

અપૂર્ણ, વિ૦ [સં૦] પૂર્ણ-પૂરું નહિ તે; અધુરું. અપૂર્ણકાળ એ શબ્દ વ્યાકરણમાં વર્તમાન તથા ભૂતકાળના વિશેષ અર્થમાં વપરાયછે. [ર્ક તે.

અપૂર્ણબીજ, ન૦ [સં૦] બીજગણિતમાં જે અપૂર્ણા-

અપૂર્ણતા, સ્ત્રી૦ [સં૦] અપૂર્ણ એવી જે સ્થિતિ તે.

અપૂર્ણાંક, ન૦ [સં૦] જેમાં એકાદા પૂર્ણ અઙ્કનું નહિ પણ તેના ભાગવિભાગ સમ્બન્ધી જે ગણિત તે. ૨ નહિ જે પૂર્ણ અઙ્ક તે. અડધા-½; તીજોહિ-

રેસી-કે એ પ્રમાણે.

અપૂર્વ, વિ૦ [સં૦] પૂર્વે ન બન્યું હોય તેવું; અસાધારણ; અજાએબ જેવું. ૨ કોઈવાર દીઠામાં ન આવ્યું હોય તેવું સારૂં.

અપૂષ્ણાન, ન૦ [સં૦ આપોશન] ભોજનને આરંભે ને અન્તે જે આચમન કરવું તે.

અપેક્ષા, સ્ત્રી૦ [સં૦] ઊંચે જોઈ રહેવું તે; ઈચ્છા; આશા; ઉમેદ. ૨ ગરજ; જરૂરિયાત; આતુરતા. [હોય તે.

અપેક્ષિત, વિ૦ ધા૦ [સં૦] ઈચ્છિત; ઉમેદ રાખી

અપેક્ષ્ય, વિ૦ [સં૦] અપેક્ષા-ઈચ્છા કરવા યોગ્ય.

અપેખ, વિ૦ [સં૦ અપેક્ષ્ય] ન દેખાય તેવું; ન દીઠેલું; અજાણ્યું.

અપેલણ્ટ, વિ૦ [અં૦] અપીલ કરનાર.

અપ્પટ, વિ૦ કમઅક્કલ; બેવકૂફ.

અપ્પાસ, પુ૦ ઉપવાસ. **અપ્પાસી**, વિ૦ જેણે અપ્પાસ કર્યો હોય તે. "અપ્પાસીને પેર ઢોકળાં" એ કેવત છે.

અપ્રકટ, વિ૦ [સં૦] પ્રગટ નહિ તેવું; ગુપ્ત; છાનું.

અપ્રકૃત, વિ૦ [સં૦] ચાલતાં પ્રકરણ-વિષયસાથે સમ્બન્ધ ન રાખતું હોય તેવું; આડું; પ્રસંગની બ્હારનું તે.

અપ્રગલ્ભ, વિ૦ [સં૦] કેળવાયલું-પાકું ન થયુંહોય તેવું (શરીર-મન). ૨ હિમ્મતથી બ્હાર પડયુંહોય તેવું નહિ; નમ્ર; શરમાળ. [વો જોદ્ધો.

અપ્રતિભટ, પુ૦ [સં૦] જેના સરખો બીજો નહિ તે-

અપ્રતિમ, વિ૦ [સં૦] જેના સરખું બીજું નહિ તે; અનુપમ.

અપ્રતિષેધ, પુ૦ [સં૦] નહિ અટકાવ તે.

અપ્રતિષ્ઠા, સ્ત્રી૦ [સં૦] અપમાન; બેઆબરૂ.

અપ્રતીતિ, સ્ત્રી૦ [સં૦] અણપતીજ; ખાતરી નહોવી તે. [રનું.

અપ્રધાન, વિ૦ [સં૦] મુખ્ય નહિ તે; ગૌણ; ઉત-

અપ્રમાણ, વિ૦ [સં૦] પ્રમાણ-સાબીતી-ખાતરી વિનાનું. ૨ અસત્ય; મીથ્યા.

અપ્રમાણિક, વિ૦ [સં૦] પ્રમાણિક નહિતે; બેવચની; જેનો સાચો ને સૂધો વેવાર નહિ તે.

અપ્રમિત, વિ૦ ધા૦ [સં૦] અમાપ; અથાગ. ૨ સાબીત ન થયલું તે. [પાર.

અપ્રમેય, વિ૦ [સં૦] ન મપાય તેવું; અમાપ; અ-

અપ્રયોજક, વિ૦ [સં૦] નિરુપયોગી; નકામું.

અપ્રવાસી, પુ૦ [સં૦] જેને પ્રવાસ કરવોપડતો નથી તે; જે કરતો નથી-જેણે કીધો નથી તે.

અપ્રવૃત્ત, વિ૦ ધા૦ [સં૦] પ્રવૃત્ત થયું નથી તે-તેવું.

અપ્રશસ્ત, વિ૦ [સં૦] પ્રશસ્ત-મોટું નહિ તે; વિસ્તાર વગરનું. ૨ વ્યવહારમાં ચાલેલું નહિ તેવું; અજાણ્યું; ઢાંક્યું. ૩ ગુણ-માલ વગરનું.

અપ્રસન્ન, વિ૦ [સં૦] પ્રસન્ન નહિ તે. [ર.મેહેરબાની.

અપ્રસાદ, પુ૦ [સં૦] પ્રસાદ નહિ તે; અકૃપા; બે-

અપ્રસિદ્ધ, વિ૦ [સં૦] પ્રસિદ્ધ નહિ તે.

અપ્રસ્તુત, વિ૦ [સં૦] પ્રસ્તુત નહિ તે.

અપ્રાપ્ત, વિ૦ ધા૦ [સં૦] પ્રાપ્ત નહિ તે.

અપ્રિય, વિ૦ [સં૦] પ્રિય નહિ તે. [ણટાળો.

અપ્રીતિ, સ્ત્રી૦ [સં૦] પ્રીતિ નહિ તે; અભાવ; ક-

અપ્સરા, સ્ત્રી૦ [સં૦ અપ્-પાણી; સૃ-જવું. સમુદ્રમન્થન વેળા નિકળી હતી માટે] સ્વર્ગમાં-ઈન્દ્રસભામાં ગાયન નૃત્ય કરનારી ઘણીજ રૂપવન્તી ગુણકા; દેવાઙ્ગના.

અફરાતફરી, સ્ત્રી૦ [અ૦] અહીંનું તહીં ને તહીંનું અહીં એમ જે કંઈ થઈ ગયું હોય તે; ફેરબદલ તે; ગરબડસરબડ.

અફલાતુન-લાતુન, પુ૦ [ગ્રી૦] એ નામનો એક ગ્રીક ફિલસૂફ; (પ્લેટો). (ઘણો અભિમાની-આપઘણી એવા માણસને ઠપકો આપતીવેળા એ શબ્દ બોલવામાં આવેછે-જેમ નવલસાહિબજી તેમ).

અફવા-ઈ, સ્ત્રી૦ [અ૦] ઉડતી ખબર; લોકમાં એકાએક ચાલેલી વાત; ગપ; ખોટી બૂમ.

અફસોસ, પુ૦ [ફ્રા૦] શોક; હાય; દલગીરી. ૨ પસ્તાવો. અ૦ હાય; અરે.

અફળ, વિ૦ [સં૦ અફલ] નિષ્ફળ; વ્યર્થ; ફોગટ.

અફળાટ, પુ૦ અફળાવું તે. ૨ અફળાવાથી જે અવાજ-ગરબડ થાય તે.

અફળાફૂટ-ઝીક, સ્ત્રી૦ અફળાવું તે. ૨ માથાફોડ.

અફાળવું, ક્રિ૦સ૦ અવાજથાય તેવીરીતે એકાદિ વસ્તુને જોરમાં ઊંચકી નીચે-દૂર ફેંકી દેવી.

અફીણ, ન૦ [સં૦ અહિફેન, અથવા ફ્રા૦ અફયૂન] ખસખસના દોડામાંથી નિકળતો જે ચિકણો રસ તે-એ ઓસડમાં ને કેફ કરવામાં વપરાયછે.

અફીણી, વિ૦ અફીણનાં બન્ધારણવાળું (માણસ); અફીણનો અમલકરનાર. ૨ સુસ્ત; આળસુ; એદી.

અફીમ-ફૂ, ન૦ અફીણ.

અબખોરો, પુ૦ [ફ્રા૦] પડખીવાળું ને ખોળામોડાનું

પીવાનું એક નાનું વાંસણ. [ખ્યા તે.

અબજ, વિ૰ [સં૰ અબ્જ] સો કરોડ જેટલી સંખ્યા તે.

અબદાગીરી, સ્ત્રી૰ ન૰ [ફ્રા૰] સવારીમાં રાજા-કારભારીને માથે જે સુન્દર શોભીતું છત્ર ધરવામાં આવેછે તે.

અબધૂત, પુ૰ [સં૰ અવધૂત] રાત્રદિવસ પોતાની દીક્ષામાં મગન એવો જે ભટકતો જોગી-સન્યાસી-વેરાગી તે. અ૰ અરે છ:ટ.

અબદ્ધ, વિ૰ધા૰ [સં૰] બાંધેલું નહિ તે; નિરંકુશ; છૂટું; સ્વતન્ત્ર. ૨ સમ્બન્ધ રહિત; મનસ્વી; ૩ વહિગયલું; વણ્ઠેલ; છટેલ. **અબદ્ધમુખ**-જેની જીભ છૂટી હોય તે; ફાટેલ-ભુંડું ભાષણ કરનાર.

અબનાલ, સ્ત્રી૰ [ફ્રા૰] તલવારના મ્યાનની મૂઠ આગળ જે મીનાનો સણગાર હોયછે તે.

અબરક-ખ, ન૰ [સં૰ અભ્રક] એક જાતનો ચળકતો ધાબુંકરીને પારદર્શક ને પતરાંના આકારમાં કપાય તેવો ધાતુ. એ અડકયાથી હાથને ચોંટી આવેછે ને ફૂંક મારયાથી ઉડેછે. એ સફેત અથવા પીળું અથવા કંઈક લીલું હોય છે.

અબરૂ, સ્ત્રી૰ [ફ્રા૰] આંખની ઉપેર જે નિમાળાવાળું કમાન હોયછે તે; ભ્રુ; ભ્રમર; ભૃકુટી.

અબલકી-ખી, વિ૰ [આ૰] કાળો ને સફેત અથવા રાતો ને સફેત અથવા એ ત્રણ રંગ એકઠા હોય તેના રંગનું; બદામી રંગનું; પચરંગી; કાબરચીતરું. અબલખી ઘોડા

અબળ, વિ૰ [સં૰] બળવિનાનું; નબળું.

અબળા, સ્ત્રી૰ [સં૰ અબલા] સ્ત્રી. [દોષ વગરનું.

અબાધ ધિત, વિ૰ [સં૰] બાધ-અટકાવ વગરનું. ૨

અબીર-લ, ન૰ [હિં૰] એક તરેહનો ખુશબોદાર ગાંઓકાળો અથવા સફેત બબરો ભૂકો.

અબુદ્ધિ-ધ, વિ૰ [સં૰] બુદ્ધિ વગરનું; મુર્ખ; બેવકૂફ.

અબુવો, પુ૰ એક જાતનું કપડું. ૨ એક જાતનો ફાફડો-શીંગ જેનું અથાણું થાયછે. (આબુવો)

અબૂઝ, વિ૰ અણસમજુ; જેને બૂઝ-કદર-પારખ ન હોય તે.

અબોખા, પુ૰ કન્યાવાળાં વરવાળાંને ત્યાં લગનને દિવસે નાણિયા-(નાનાં ઠોચકાં)માં પ્રથમ પાણી લઈજઈ વરને નવરાવ્યાપછી બીજી વાર બાજું ને ખાંડ વરને ખાવા લઈજાયછે તે.

અબોટ, ન૰ છાણમટોડીથી પાતળું લીપવું તે. જમવાને ઠેકાણે, સાથિયો પૂર યોહોય ત્યાં વગેરે. અબોટ દેવું કેવાયછે. ૨ જમવાનેસારુ નાયાપછી વગર નાયલાને અથવા સૂતર વગેરેને ન અડકાય એવી જે સ્થિતિ તે. ૩ જયાં નાયાવના અડકાય નહિ તે ઠેકાણું. અથવા જેને અડકાય નહિ તે વસ્તુ. (બાજા ત્રીજા અર્થમાં એશબ્દ વિશેષણરૂપે પણ વપરાયછે). [રેશમી વસ્ત્ર.

અબોટિયું, ન૰ જમતીવેળા પેરવાનું એક જાતનું

અબોધ્ય, વિ૰ [સં૰] બોધ કરવાને યોગ્ય નહિ તે; બુદ્ધિહીન. ૨ ન સમજાય તેવું.

અબોલા, પુ૰ જેના ઉપર રીસ હોય તેની સાથે ભાષણ ન કરવું તે. (એ, અનેક વચનમાંજ વપરાયછે). અબોલા લીધા-રાખ્યા છે એમ કેવાય છે.

અબ્જ, ન૰ [સં૰] કમળફુલ. ૨.સો કરોડની જે સંખ્યા તે.

અબ્દ, ન૰ [સં૰] વાદળું. ૨ વર્ષ.

અબ્ધિ, પુ૰ [સં૰] સમુદ્ર; સાગર.

અબ્બાશાઈ, વિ૰ [હિં૰] જાંબુની અન્દરની રતાસ જેવો અથવા ભૂરામાં ઝાંરપડતો રાતો એવો (રંગ)

અભક, સ્ત્રી૰ એભક.

અભકત, વિ૰ [સં૰] ભકત નહિ તે.

અભક્ષ્ય, વિ૰ [સં૰] ભક્ષણ કરવાને યોગ્ય નહિ તેવું. ન૰ જે ખાવાની મના હોય તે. [પૂર્ણ; અતૂટ.

અભગ્ન, વિ૰ [સં૰] ભાંગેલું-ખણ્ડિત નહિ તે; આખું;

અભંગ, પુ૰ મરેઠી કવિતાની એક દેશી-ચાલ-રીત.

અભડછેટ, સ્ત્રી૰ આભડછેટ.

અભડવાજવું, ક્રિ૰અ૰ જેને ઘેર મરણ થયુંહોય તેને ત્યાં રોવા કુટવાસારૂ જવું-બૈરાંએ. (આભડવાજવું). [ળી (સ્ત્રી)

અભડાયલી, વિ૰ અટકાવ વાળી; અળગી; ઋતુવા-

અભડાવું, ક્રિ૰અ૰ (મરણ સ્નાન વાળાંને, અળગી-સુવાવડીને, ઘેડાને વગેરેને) અડકયાથી અપવિત્ર થવું. ૨ વગર નાયલાને અડકવાથી અબોટ ભ્રષ્ટ થવું. ૩ (સ્ત્રીયે) અળગુંબેસવું-માથેઆવવું; મહિનોથવો; અટકાવ આવવો.

અભણ, વિ૰ ભણેલું નહિ તે; મૂર્ખ.

અભદ્ર, ન૰ [સં૰] અકલ્યાણ; અમંગળ; અશુભ. (વિશેષણ રૂપે પણ વપરાય).

અભય, વિ૰ [સં૰] નિર્ભય; નિડર; બેધડક; હિમ્મતછાતી વાળું. ૨ ભય ન રે તેવું.

અભય, ન૰ [સં૰] ભય નહિ તે. ૨ જે વચન-બાતરીથી ભય ન રે તે. અભયવચન દાન કેવાય છે.

પં-ચદણ્ડની વાતમાં અભયદણ્ડનો અર્થ આ કે જે દણ્ડ-લાકડી હાથમાં આવેથી પછી કોઈનો ભય ન રે તે.

અભર, વિ૰ ભરેલું નહિ તે; ખાલી. ૨ ગરીબ; દીન.

અભરાઈ, સ્ત્રી૰ જમીનથી ઊંચે ભીતસાથે લગોલગ રાખી ટોલ્લાસાથે જડેલું પાટિયું જે ઉપર વસ્તુઓ મેલીરાખવામાં આવેછે.

અભરાભરણ, ન૰ અભર-દીનનું આભરણ-ઘરેણું;-અનાથનો નાથ; દીન ક્ષીનનું ભરણપોષણ કરનાર.

અભરામનદાવા, [સં૰ અભ્રંમ, ન દેવં?] હવે કોઈરીતનો દાવો નહિ એવો અર્થ રાખેછે; ફારગતી; છુટાછેડા. (લેણદેણનો હિસાબ માંડીવાળેછે ત્યારે એ શબ્દ વપરાયછે).

અભાગણી, સ્ત્રી૰ જેનું ભાગ્યેગ સારું નહિ તે સ્ત્રી.

અભાગિયું-ગી, વિ૰ [સં૰ અભાગ્ય અથવા હતભાગ્ય] ભાગ્યહીન; કમનસીબ; કરમફૂટ્યું; અક્કરમી.

અભાવ, પુ૰ [સં૰] ન હોવું-થવું તે; અવિદ્યમાનપણું; નાસ્તિત્વ; ગેરહાજરી. ૨ અપ્રીતિ; અરુચિ. ૩ ન ભાવવું-સવાદ લાગવો તે.

અભાવા, પુ૰ ગર્ભવતી સ્ત્રીને કેટલાક ખાવાના પદાર્થો ઉપરથી મન ઉઠીજાયછે તે. અભાવા થાયછે, અરજ પડેછે એમ કેવાય છે.

અભાવું, ન૰ ન ભાવવું તે; અભાવા.

અભાવો, પુ૰ અભાવ (૨જા ને ૩જા અર્થમાં).

અભિ, અ૰ ઉ૰ [સં૰] પ્રતિ; તરફ; સામું. ૨ ચારેમેર. ૩ સરખું. ૪ સાથે. ૫ જુદું જુદું. ૬ પાસે; આગળ.

અભિચાર, પુ૰ મન્ત્રસાધના.

અભિજિત્, ન૰ [સં૰] ૨૧માં નક્ષત્રનો ચોથો પાદ ને ૨૨માંનો પન્દરમો ભાગ એટલો જે કાળ તે-એને જુદું નક્ષત્ર ગણવામાં આવેછે ત્યારે ૨૮ નક્ષત્ર કેવાય.

અભિજ્ઞ, વિ૰ [સં૰] સમ્પૂર્ણ જ્ઞાન મેળવેલું હોય તે; ઘણું વાંચેલું ને અવલોકન કરેલું તે; કળાકુશળ; કાબેલ; હોશિયાર.

અભિધાન, ન૰ [સં૰] નામ. ૨ ઓળખને માટે પદાર્થની જે સંજ્ઞા તે. ૩ ઉપનામ; અટક.

અભિનય, પુ૰ [સં૰] (કાવ્યનાટકમાં) રસને પ્રગટ કરનાર જે હાવભાવાદિ કર્મ તે. [રત જેવું.

અભિનવ, વિ૰ [સં૰] નવું; અજાએબ જેવું; અચં-

અભિન્ન, વિ૰ [સં૰] જુદું નહિ તે; એકઠું; મળેલું; ભેદ રહિત; એકરૂપ; સરખું. [૨ વિચાર; મત.

અભિપ્રાય, પુ૰ [સં૰] મનની ધારણા-મતલબ; હેતુ.

અભિમન્ત્ર, ન૰ [સં૰] મનંત્ર ભણીને પવિત્ર અથવા વશ કરવું તે. ૨ બોલાવવું-તેડવું તે.

અભિમાન, ન૰ [સં૰] અતીસે જે આત્મસ્તુતિ તે; ફુલાવું; ગર્વ; મગરૂરી. ૨ ગુણ--સ્થિતિનાં મોટપની ખાતરીથી પોતાને વિષે જે સારું મત બાંધ્યું હોય તે. ૩ પ્રેમ-પરમાર્થ બુદ્ધિથી હૃદય પ્રફુલ્લિત હોવું તે. (દેશાભિમાન).

અભિમાની, વિ૰ [સં૰] અભિમાનવાળું.

અભિમુખ, વિ૰ [સં૰] સામેનું; સન્મુખ. ૨ તાકીધારી રહેલું. [અરે પાપણી આશા"(પ્રેમાનન્દ).

અભિયા, આ ભાઈ. "અભિયા પરણશે દમયન્તીને,

અભિરામ, વિ૰ [સં૰] મનોરઞ્જક; ખુશ કરતું; આનન્દ પમાડતું. [કોડ; ખુશી.

અભિરુચિ, સ્ત્રી૰ [સં૰] મનને ગમતું તે; પ્રસન્નતા;

અભિલાખ, પુ૰ [સં૰ અભિલાષ].

અભિલાષ, પુ૰ આતુર થઈને ઈચ્છવું તે; કોડ; કામના; ઉમેદ; હોંસ. [મેદવાર.

અભિલાષી, વિ૰ [સં૰] હોંસીલું; કોડીલું; આતુર; ઉ-

અભિવન્દન, ન૰ [સં૰] નમન. ૨ આસકા.

અભિવાદન, ન૰ [સં૰] સામા થઈને નમસ્કાર કરવા તે; પ્રણામ.

અભિવ્યાપ્તિ, સ્ત્રી૰ [સં૰] સઘળે ઠેકાણે પસરીવળવું તે; સર્વત્ર વ્યાપી રેવું-લાગુપડવું તે.

અભિશરાપ, પુ૰ [સં૰ અભિશાપ]. [રાપ; બદ દુવા.

અભિશાપ, પુ૰ ખોટું તોહોમત; જુઠું આળ; ૨ સ-

અભિષેક, પુ૰ [સં૰] દેવ ઉપર અથવા ગાદિયે બેસતા નવા રાજા ઉપર પાણી, દુધ વગેરેની જે ધારા કરવી તે; શાન્તિ સ્નાન. ૨ માથા ઉપર પાણી રેડી નવડાવવું તે. ૩ ધારા થવી અથવા ટીપાં પડવાં તે.

અભિષેકપાત્ર, ન૰ જેમાં પાણીવગેરે ભર્યાથી અભિષેક થાય તેવું છિદ્રવાળું વાસણ.

અભિસારિકા, સ્ત્રી૰ [સં૰] આઠ નાયિકામાંની એક. —સમ્ભોગને માટે પ્રીતમને મળવા સારૂ સઙ્કેત સાધી રાખનારી સ્ત્રી.

અભીપ્સિત, ન૰ [સં૰] ઈચ્છેલું. ૨ ચાહેલું.

અભીષ્ટ, વિ૰ ધા૰ [સં૰] ઈચ્છેલું; ગમતું; વાલું. ૨ અનુકૂળ; મેહરબાન.

અભુક્ત, વિ૰ [સં૰] ભોગવેલું-વાપરેલું નહિ તેવું.

૨ જુખું; ખાધા વગરનું. ૩ જેણે ભોગવ્યું અથવા વાપર્યું નથી તે.

અભેદ, વિ૦ [સં૦] આખું; અખણ્ડિત. ૨ જુદાઈ-ફેર-તફાવત વગરનું; એકતાવાળું.

અભેદાન, ન૦ અભયદાન.

અભેદ્ય, વિ૦ [સં૦] કપાય-જુદું પડી શકે નહિ તેવું.

અભેપદ, ન૦ [સં૦ અભયપદ] જ્યાં ભય નથી તેવું ઠેકાણું; મુક્તિ.

અભોગ, પુ૦ ધ્રુવપદ નામના ગાયનમાં ત્રણ ભાગ હોયછે તેમાંનો જે છેલ્લો તે. (અસ્તાઈ, અન્તરો ને અભોગ)

અભોગવાળવો, ક્રિ૦ સ૦ કવિતાની પછવાડે નામની છાપ મારવી. ૨ છેડો લાવવો; માંડી વાળવું; સમાપ્ત કરવું.

અભ્યંગ, પુ૦ [સં૦] નાતાં પેલાં તલ, મોગરેલ, તેલ, ઉટણું વગેરેનો જે લેપ કરવો તે.

અભ્યન્તર, ન૦ [સં૦] અન્દરનો જે ભાગ તે. ૨ દીલ; મન; અન્તઃકરણ. ૩ અન્તર; વચમાંની જગો.

અભ્યસવું, ક્રિ૦ સ૦ અભ્યાસ કરવો. 'વસ્તુવિચાર વિના અભ્યાસે, જેમ કઞ્ચન તે કથિરે ઘસે'(અખો)

અભ્યાખ્યાન, ન૦ કોઈને માથે દોષ મુકવો તે.

અભ્યાગત, પુ૦ [સં૦] વગર તેડે એકાએક ભિક્ષા ભોજન લેવાને આવેલો તે; અતિથિ. ૨ પરોણો; મેમાન.

અભ્યાસ, પુ૦ [સં૦] વારે વારે તેનું તેજ કામ કરવું તે; મહાવરો; કસરત; રસમ. ૨ અધ્યયન; ચિન્તન; મનન; ધ્યાન; ધ્યાસ.

અભ્યાસસાધ્ય઼િણી, વિ૦ [સં૦] અભ્યાસે આવડે અથવા રે તેવી (વિદ્યા) [નનુ; ઉદ્યોગી.

અભ્યાસી, વિ૦ [સં૦] જે અભ્યાસ કરેછે તે; મેં-

અભ્ર, ન૦ [સં૦] વાદળું. ૨ આકાશ.

અભ્રચના, સ્ત્રી૦ [સં૦ નિર્ભર્ત્સના] અપ્રીતિ; બેદરકારી; કણતાળો.

અભ્રમાતઙ્ગ, પુ૦ [સં૦] ઇંદ્રનો ઐરાવત હાથી.

અમ, અમે.

અમકું, વિ૦ [સં૦] અમુક; ચોક્કસ; ફલાણું.

અમઙ્ગળ, વિ૦ [સં૦] અશુભ; અપસુકનિયું; પ્રતિકૂળ. ૨ અપવિત્ર; મેલું.

અમથું, વિ૦ [સં૦ મિથ્યા] ફોગટ; નકામું; કારણ અથવા ફળ વનાનું; નિરર્થક. [ક, શાડા વગેરે.

અમદાવાદી, વિ૦ અમદાવાદ શેહેરનું-સમ્બન્ધી (લો-

અમનચમન, ન૦ મોજ શોખ; ચેહેનબાજી; રઙ્ગ-ખુશાલી. [પો.

અમર, વિ૦ [સં૦] મરે નહિ તે; નિત્ય; ચિર; સ્થા-

અમર, પુ૦ [સં૦] દેવ; દેવતા. ૨ મરે નહિ તે; ચિરઞ્જીવી.

અમરત, ન૦ [સં૦] અમૃત.

અમરવેલ, સ્ત્રી૦ એક જાતનો વેલો.

અમરાઈ, સ્ત્રી૦ [હિં૦] જે જગાએ ઘણાં આંબાનાં ઝાડ પાસે પાસે ઉગેલાં હોય તે; આંબાવાડી.

અમરીચમરી, સ્ત્રી૦ સ્રિયોને માથે ઘાલવાનું રૂપાનું ઘરેણું. માથા ઉપર દેરાઘાટો જે રૂપાનો ગોટો તે **અમરી** અને તેનીજ સાથે વળગાડી લટકતી રાખેલી રૂપાની ચમ્મર આકારની જે ફુમતી તે ચમરી. [છડું; અસભ્ય; નાલાયક.

અમર્યાદ, વિ૦ [સં૦] હદપાર ગયલું; બેઅદબ; તો-

અમર્યાદા, સ્ત્રી૦ [સં૦] બે અદબી; તોછડાઈ; અસભ્યતા.

અમર્ષ, પુ૦ [સં૦] ક્રોધ; કોપ; રીસ. કાવ્યશાસ્ત્રમાં ૩૩ વ્યભિચારી ભાવ કેવાય છે તેમાંનો એક. સામે થવાની, બરાબરી કરવાની અધીરાઈ.

અમલ, પુ૦ [આ૦] રાજ; સત્તા; અખત્યાર; હુકમ. ૨ દરજ્જો; અધિકાર. ૩ કેફ; નિશો; ખુમારી; સુમાર. ૪ કેફી વસ્તુ. અમલ કરવો-કેફ કરવો. અમલ કરવું-કરીબતાવવું; બજાવવું. અમલમાં લાવવું પણ કેવાયછે. [કામદાર.

અમલદાર, પુ૦ ઓધેદાર; કારભારી; અધિકારી;

અમલદારી, સ્ત્રી૦ ઓધ્ધો; કારભાર; અધિકાર.

અમલપાણી, ન૦ કેફ કરવો તે.

અમલી, વિ૦ કેફકરનાર; વ્યસની. ૨ સુસ્ત; એદી.

અમલો, પુ૦ [આ૦] જમીન સિવાયેની તેઉપર બાંધેલી જે ઇમારત તે.

અમસથું-સ્તું, વિ૦ અમથું; મિથ્યા; નકામું. [લઙ્ક.

અમળ, વિ૦ [સં૦ અમલ] નિર્મળ; સ્વચ્છ. ૨ નિષ્ક-

અમળાવવું, ક્રિ૦ સ૦ આમળા પાડવા; મચડવું.

અમળાવું, ક્રિ૦ અ૦ આમળા પડવા; મચડાવું. ૨ પેટમાં દુખવું; ચૂંક નાખવી-આવવી. ૩ અતડાં રેવું; વાંકું ચાલવું.

અમાત્ય, પુ૦ [સં૦] પ્રધાન; મન્ત્રી; દિવાન; વજીર. આઠ પ્રધાનમાંનો એક-એની પાસે જમાબન્દીનું અને ખરચની ચોકશીનું કામ હોયછે.

અમાનત, સ્ત્રી૦ [આ૦] અનામતનો અર્થ જોવો.

અમાનતદારી, સ્ત્રી૦ વાલીપણું; હવાલો; સોંપણ. ૨ શાખ; ભરૂંસો; વિશ્વાસ.

અમાન્ય, વિ૦ [સં૦] માન આપવા જોગ નહિ તેવું; કબુલ ન કરાય તેવું; ત્યાજ્ય; નાપસન્દ.

અમાપ, વિ૦ માપવનાનું; ઘણુંજ; બેહદ.

અમાયા, સ્ત્રી૦ [સં૦] નહિ માયા-પ્રપઞ્ચ-મોહ-ઠગબાજી તે. ૨ બ્રહ્મ; પરમાત્મા.

અમારૂં, સ૦ અમે એ શબ્દની ષષ્ઠી વિભક્તિ.-ધણીપણું અથવા સમ્બન્ધ બતાવેછે.

અમાવાસ્યા, સ્ત્રી૦ [સં૦] જે તિથિની આખરે સૂર્ય અને ચન્દ્ર એઓનો પુર્વ પશ્ચિમ અન્તર બિલકુલ રેતો નથી તે; મહિનાનો તીસમો દાડો; જે રાતે ચન્દ્ર મુળગો ઉગતો નથી તે દાડો; પિતૃ પર્વણી.

અમાસ, સ્ત્રી૦ **અમાવાસ્યા.**

અમિટ, વિ૦ [સં૦] મટે નહિ તેવું. [મિત; અપાર.

અમિત, વિ૦ [સં૦] મપાયલું નહિ તેવું; અપરિ-

અમી, સ્ત્રી૦ અમૃત; સુધા. ૨ દયા; રેહેમ.

અમીન, પુ૦ [આ૦] ફરિયાદી અને દાદી એ બેની તરફથી કજીઓ ચુકાવવાને નિમાયલો જે પુરુષ તે; લવાદ; ઉપરી પઞ્ચ. ૨ જિલ્લામાં દિવાની કામના કોરટનો એક ન્યાયાધીશ; મુનસફ. ૩ ઈમાનદાર આદમી.

અમીનિધિ, પુ૦ ચન્દ્રમા.

અમીની, સ્ત્રી૦ અમીનનું જે કામ-દરજો તે. ૨ ઈમાનદારી.

અમીર, પુ૦ [આ૦] જેને સરકારથી ખેતાબ, જાગીર વગેરે મળેલું હોય તે; ઉમરાવ; શ્રીમન્ત; સરદાર. ૨ ધીતાળ-મોટ્રાં મનનો ખરચાળ પુરુષ.

અમીરાઇ રી, સ્ત્રી૦ અમીરનો જે કારભાર-દરજ્જો -ઠાઠ તે.

અમુક, વિ૦ [સં૦] સામાન્ય નહિ પણ વિશેષ અર્થમાં મુકરર કરેલું તે; એકાદું ચોક્સ; ફલાણું.

અમુઞ્ઝણ, સ્ત્રી૦ અન્દરની ગભરામણ; ગુંચવણ. ૨ દમ વગેરે રોગથી છાતી ભરાઇ આવે ને માણસ અકળાઈ જાય તે રોગ. ૩ ફિકર; ચિન્તા.

અમૂલ-લખ-લિક, વિ૦ [સં૦ **અમૂલ્ય**].

અમૂલ્ય, વિ૦ [સં૦] જેનું મૂલ ન થઇ શકે તેવું; કિમતી; મોટી યોગ્યતાનું; ઊમદા; ઉત્તમ; શ્રેષ્ઠ; અપૂર્વ; ઉત્કૃષ્ટ; સરસ.

અમૃત, ન૦ [સં૦] દેવતાને ક્ષુધા તૃષા મિટાડનારો પીવાનો મીઠો પદાર્થ-જે થકી ઘડપણ અને મોત ન આવે તે; સુધા; પીયૂષ.

અમે, સ૦ હું શબ્દનું અનેક વચન.

અમોઘ, વિ૦ [સં૦] કદાપી રોકટ ન જાય તેવું; લાભ-ગુણકારી; રામબાણ; ફળદાયક.

અમોલ-લિક, વિ૦ [સં૦ **અમૂલ્ય**].

અમ્બટ, વિ૦ ખાટું (સવાદમાં).

અમ્બર, ન૦ [સં૦ અથવા આ૦] એક જાતની ઘણીજ સુગન્ધીદાર વસ્તુ.—એ કઠણ, રાખના રઙ્ગની, અપારદર્શક, અને બળે તેવી છે. એ મગરમચ્છના આંતરડામાં હોયછે ને ગરમ દેશોના દરિયાના મોજા ઉપર અથવા કિનારા ઉપર મળી આવેછે, તથા એ ઓસડમાં પણ કામ લાગેછે. એનું અત્તર બને છે. [સં૦] ૨ આકાશ. ૩ પોશાક; વસ્ત્ર. નીલામ્બર, પીતામ્બર. ૪ સ્ત્રીઓને પેરવાનું એકજાતનું કસબી ઝીણા ઝીણા બુટ્ટાવાળું લુગડું.

અમ્બળાવવું, ક્રિ૦ સ૦ મરડી મચરડી નાખવું.

અમ્બાડાં, ન૦ એક જાતનાં ખાટાં ફળ.-અથાણું થાયછે.

અમ્બાડિયું, ન૦ ઉબાડિયું.

અમ્બાડી, સ્ત્રી૦ [આ૦] હાથી ઉપર બેસવા સારૂ બનાવેલી છતરીવાળી ખુરસીઆટી શોભીતી જે બેઠક તે.

અમ્બાવું, ક્રિ૦ અ૦ પોચાવું; અડકીચકવું. તે ત્યાં અમ્બાતો નથી. ૨ ખાટું ખાધાથી અસર થવી; અમળાવું; ખટાવું (દાંત). દાંત અમ્બાયા એમ કેવાયછે.

અમ્બાર, ઢગલો; ઢગ.

અમ્બુ, ન૦ [સં૦] પાણી.

અમ્બુજ, ન૦ [સં૦] કમળફૂલ.

અમ્બુદ, ન૦ [સં૦] મેઘ; વાદળું.

અમ્બુધિ, પુ૦ [સં૦] સમુદ્ર; સાગર.

અમ્બોડિયાં, ન૦ મીઠામાં આથીને સુકવેલા કાચી કેરીના કકડા; આંબોળિયાં.

અમ્બોડી, સ્ત્રી૦ નાનો જે અમ્બોડો તે.

અમ્બોડો, પુ૦ સ્ત્રિયો પોતાના માથાના વાળને હોળાને માથા પછવાડે તેની જે ગાંઠ વાળેછે તે; કેશપાશ. [(સામળ).

અમ્બોરડો, પુ૦ **અમ્બોડો.** 'નાગરેણ અમ્બોરડો,

અમ્મર, ન૦ સ્ત્રિયોને પેરવાનું એક કસબી વસ્ત્ર; અમ્બર.

અયણી, સ્ત્રી૦ **અરણિ.**

અયન, પુ० માર્ગ; રસ્તો. ૨ સૂર્યનો છ મહિના સુધી ફરવાનો જે માર્ગ તે (ઉત્તરાયન અને દક્ષિણાયન). ૩ છ મહિના; અડધું વરસ.

અયનવૃત્ત, ન० [સં०] જે કલ્પિત લીટી સૂર્યનો માર્ગ બતાવેછે તે. [ળ હોયછે તે, કેશવાળો.

અયાલ, સ્ત્રી० [પ્રા०] ઘોડાની ગરદન ઉપર જે વા-

અયુક્ત, વિ० [સં०] જોડાયલું નહિ તેવું; છુટું પડેલું. ૨ અઘટતું; નાલાયક.

અયુત, વિ० [સં०] દશ હજાર.

અયોગોલક, પુ० [સં०] લોઢાંનો ગોળો. [અયુક્ત.

અયોગ્ય, વિ० [સં०] અઘટતું; નાલાયક; અપાત્ર;

અયોનિસમ્ભવ, વિ० [સં०] ગર્ભસ્થાનમાં થી ઉત્પન્ન થયલું; યોનિદ્વારે ન અવતરેલું.-રામ કૃષ્ણ.

અરક, પુ० [સં०] અર્ક.

અરકયો, પુ० અરગજો.

અરકાડ, પુ० ઓડકાર.

અરકાડવું, ક્રિ० સ० અડકાડવું; લગાડવું. [કરેલું.

અરક્ષિત, વિ० ધા० [સં०] સમ્ભાળ વગરનું; રક્ષણ ન

અરગજો, પુ० [હિં०] ઘણી જાતની સુગન્ધી મેળવીને તૈયાર કરેલો જે પીળો ભૂકો તે.

અરઘ, [સં० અર્ઘ].

અરઘવું, ક્રિ० સ० પૂજવું; માન આપવું. એ શબ્દ ઘણું કરીને વાંકું બોલતી વેળા વપરાયછે—મારે શું તેને અરઘવોછે? [ર્ઘ આપવામાં આવે તે.

અરઘિયું, ન० ધાતુ વગેરેનાં જે વાસણે કરીને અ-

અરચવું, ક્રિ० સ० [સં० અર્ચન] પૂજા કરવી; માન આપવું. [પડેછે એમ કેવાયછે.

અરજ, સ્ત્રી० અભાવા. (મહિના વાળી સ્ત્રીને) અરજ

અરજ, સ્ત્રી० [આ० અર્ઝ] કોઈ પણ કામ સારુ પોતાનાથી મોટાને નમનતાઈથી હકીકત કહી માંગવું તે; વિનન્તિ; પ્રાર્થના.

અરજદાર, વિ० અરજ કરનાર. [તે કાગળ.

અરજી, સ્ત્રી० અરજ. ૨ જેમાં અરજ લખી હોય

અરણ, ન० અરણ્ય.

અરણિ, સ્ત્રી० [સં०] એક જાતનું ઝાડ-એનાં લાકડાંને એક બિજા સાથે ઘસ્યાથી અગ્નિ પેદા થાયછે. એનાં પાતરાંની ભાજી અને ફૂલની કઢી થાયછે. હુકાના નેજ એનાં લાકડાંના બનાવેછે. એ ઝાડના ફૂલ ચમેલીના જેવાં ધોળાં હોય છે. ૨ અરણિ ઝાડનું લાકડું. અરણિપાત્ર-જે લાકડું ઘસ્યાથી યજ્ઞનો અગ્નિ ઉત્પન્ન થાય તે.

અરણ્ય, ન० [સં०] ઝાડવાળું અથવા ઝાડ વગરનું જે મોટું મેદાન તે; જંગલ; રાન; વન.

અરથ, પુ० [અર્થ].

અરથારત, અ० અર્થાત્.

અરથે, અ० વાસ્તે; કાજે; માટે; સારૂ; થકે.

અરધિયું, વિ० અડધું તે.

અરપણ, ન० [અર્પણ].

અરપવું, ક્રિ० સ० અર્પણ કરવું; આપવું.

અરબ, પુ० આરબ.

અરબી, વિ० આરબનું- સમ્બન્ધી.

અરબ્બી, સ્ત્રી० પટેટો; બટાટા; અળોકડું. વિ० આરબ સમ્બન્ધી. ૨ આરબસ્તાનનું.

અરમાન, સ્ત્રી० ઈચ્છા; ઉમેદ; હોંસ. [ફલો-જથ્થો.

અરમાર, સ્ત્રી० [પોર્ટુગાલી] લડાઈનાં વાહણોનો કા-

અરમારી, સ્ત્રી० ભીંતની અન્દર પોલાણ રાખી તેમાં પાટિયાં મુકી ખાના કરી બહારથી બારણાં જડી જે પેઠી બનાવેલી હોય તે; દોલાબ; ભણ્ડારિયું. [ક નિકળતો શબ્દ.

અરર, અ० બીક, ગુસ્સો અથવા શોકથી એકાએ-

અરવિન્દ, ન० [સં०] કમળફૂલ.

અરસિક, વિ० [સં०] રસિક નહિ તે.

અરસો, પુ० [આ० અરસહ] અવકાશ; વચમાંનું છેટું; અન્તર; દરમિયાન. ૨ વખત; જોગવાઈ; ટાણું; અવસર. [આપસમાં; પોતપોતીકામાં.

અરસપરસ, અ० માંયમાંય; એક બીજામાં; આપસ

અરાજક, ન० [સં०] (થોડો કાળ) રાજા ન હોવો તે.

અરાડવું, ક્રિ० સ० અડકાડવું. ૨ આરડવું; બરાડવું.

અરાઢ, વિ० દશ ને આઠ (૧૮)

અરાબો, પુ० [પ્રા०] સંસારખટલો—કુટુમ્બ પરિવાર, ચાકર, પશુ, માલમિલકત વગેરે.

અરિ, પુ० [સં०] શત્રુ; રિપુ; વેરી; દુશ્મન; હરીફ.

અરિષ્ટ, ન० [સં०] સઙ્કટ; આપત્તિ; ઉપદ્રવ.; ઉત્પાત. ૨ મોત; કજા.

અરીઠાં, ન० એક ઝાડનાં ફળ-લુગડાં ધોવાનાં અને ચોટલા ચોળવાનાં કામમાં આવે છે. [ઝાડ.

અરીઠી, સ્ત્રી० જેને અરીઠાં નામનાં ફળ થાયછે તે

અરીઠું, ન० અરીઠાંનું એક વચન. પણ કવચિત વપરાયછે.

અરીઠો, પુ० અરીઠી. [જાનું દેખી બળવું તે.

અરીશ્યા, સ્ત્રી० [સં० ઈર્ષા] અદેખાઈ; મત્સર; બી-

અરીસાં-સો, પુ० મોં જોવાનો તખતો; મોટી આરસી.

અરુચિ, સ્ત્રી૦ [સં૦] નહિ રુચિ તે. [પસન્દ.

અરુચિર, વિ૦ [સં૦] અનમનું; અણગમતું; ના-

અરુણ, પુ૦ [સં૦] સૂર્યનો સારથી. ૨ સૂર્ય. ૩ પ્રાતઃકાળ; ભોર; પરોઢું; બામદાદ.

અરુણ, વિ૦ ઉગતા સૂરજના રઙ્ગ જેવું રાતું.

અરુણોદય, પુ૦ [સં૦] સૂરજ નજરે પડે તેની ત્રણ ઘડી આગાઉ તેનું જે ઉગવું તે. ૨ એ ત્રણ ઘડીનો જે કાળ તે.

અરુન્ધતી, સ્ત્રી૦ [સં૦] એ નામનો આકાશમાં દેખાતો એક તારો (સપ્તઋષિની પાસેનો).

અરુપરું, ન૦ કંઈ આ કંઈ તે; પરચૂરણ કામ.

અરૂપ, વિ૦ [સં૦] જેને રૂપ નથી તેવું; રૂપ-આકાર વનાનું.

અરે, અ૦ [સં૦] પોતાથી નીચી પદવીના માણસને બોલાવવાનો શબ્દ. ૨ ન ખમાતાં દુઃખને અથવા ગુસ્સાને લીધે નિકળતો શબ્દ.

અરે, સ્ત્રી૦ કાળજી; ચેવટ; બળતરા; ચિન્તા.

અરેરે, અ૦ [સં૦] શોક અથવા ભયથી એકાએક નિકળતો શબ્દ. ૨ થયલી ભૂલ એકાએક સાંભરી આવેથી નિકળતો જે શબ્દ તે. [પેલો કપાસ.

અરેડું, ન૦ ગયાં વરસના કપાસના છોડપરનો ?-

અરોગ, વિ૦ [સં૦] રોગ વનાનું; તનદુરસ્ત.

અર્ક, પુ૦ [સં૦] ગરમીના જોરથી યન્ત્રની મારફતે નિકળતું પાણી જેવું જે સત્વ તે. ૨ સૂર્ય. ૨ આકડો. ૪ પીવાનું સત્વરૂપ ઓસડ.

અર્ઘ, ન૦ [સં૦] પૂજા કરવાની એક રીતિ; સૂર્યાદી દેવને અથવા પોતાથકી મોટા પુરુષને માન આપવાસારુ ખોબાથકી અથવા ખોબા આકારનાં વાસણથકી પાણી સમરપવું તે. ભેટ-આદર સત્કારની એક રીત.

અર્ઘદાન, ન૦ [સં૦] વિધિયે જે અર્ઘ આપવાં તે-સન્ધ્યા કરતી વેળા બ્રાહ્મણો બ્રહ્મને-સૂર્યને અર્ઘદાન આપે છે).

અર્ઘપાદ્ય, ન૦ [સં૦] હાથમાં અર્ઘ આપી પગને ધોઈ ચન્દન ફુલે જે પૂજા કરવી તે.- કોઈ મોટા પુરૂષને આદર સત્કાર કરવાની એક રીત.

અર્ઘ્ય, વિ૦ [સં૦] પૂજવા-માન આપવા યોગ્ય.

અર્ચન, વિ૦ [સં૦] દેવની અથવા પોતાથકી મોટાની જે પૂજા-સેવા તે.

અર્ચનભક્તિ, સ્ત્રી૦ [સં૦] નવ પ્રકારની ભક્તિ કહી છે તેમાંની એક-(પૂજન વિધિથકી).

અર્ચના, સ્ત્રી૦ [સં૦] અર્ચન.

અર્ચનીય, વિ૦ [સં૦] પૂજ્ય; માન આપવા જોગ.

અર્ચા, સ્ત્રી૦ [સં૦] ચન્દન-ફુલ વગેરેથી જે પૂજા કરવી તે. ૨ આંખે કપાળે જે ચન્દન લગાડવું તે.

અર્ચિં, સ્ત્રી૦ [સં૦] જ્યોતિ; જોત; જવાળા; ભડકો.

અર્ચિંત, વિ૦ ધા૦ [સં૦] પૂજેલું; માન પામેલું.

અઝો, વિ૦ [પ્રા૦] ગરડું; પુષ્કળ.

અર્ણવ, પુ૦ [સં૦] દરિયો; સમુદ્ર.

અર્થ, પુ૦ [સં૦] સમજણ; માયનો; ખુલાસો; ભાવ; અભિપ્રાય. ૨ ધારણા; ઉદ્દેશ; હેતુ; મતલબ; ઈરાદો. ૩ દોલત; પૈસો; નાણું; ધન. ૪ વસ્તુ; વિષય. ૫ સાર; તાત્પર્ય; ફળ; હાંસલ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર કેવાય છે તેમાં અર્થ એટલે દ્રવ્યજ. "અર્થં વા સાધયેત, દેહં વા પાતયેત"-ધારેલો વિચાર-વિષય પાર પાડવો અથવા શરીરને પાડવું.

અર્થ, અ૦ [સં૦] વાસ્તે; કાજે; સારુ; માટે.

અર્થગૌરવ, ન૦ [સં૦] શબ્દના અર્થનું વજન-મોટાપણું; ઘણી-ઉંડી સમજણ.

અર્થશાસ્ત્ર, ન૦ [સં૦] પોતાની અથવા દેશની દોલત ઉભી કરવા અથવા વધારવા સમ્બન્ધી જે શાસ્ત્ર તે. [તે.

અર્થસિદ્ધિ, સ્ત્રી૦ [સં૦] ધારેલી મતલબ પાર પડવી

અર્થાત્, અ૦ [સં૦] એ કારણસર; એવું છે માટે; તાત્પર્ય એટલુંજ કે. ૨ વસ્તુતઃ; વાસ્તવિક.

અર્થાલઙ્કાર, પુ૦ [સં૦] શબ્દનો (અનુપ્રાસ વગેરેનો) નહિ પણ અર્થનો જે ચમત્કાર તે; શબ્દ વાક્યનો જે અર્થ હૃદયમાં ઉતરી આનન્દ પમાડે તે.

અર્થી, વિ૦ [સં૦] માંગનાર; જાચક; અરજ કરનાર. ૨ મતલબી; ગરજુ. [ભક્તિનો પ્રત્યય.

અર્થે, અ૦ વાસ્તે; કાજે; સારુ; માટે-ચતુર્થી વિ-

અર્ધ, વિ૦ [સં૦] એક આખી વસ્તુના બરાબર કરેલા બે ભાગમાંનો એક; અડધું.

અર્ધગોળ, પુ૦ [સં૦] અડધો જે ગોળ તે.

અર્ધચન્દ્ર, પુ૦ [સં૦] અડધો જે ચન્દ્ર તે; સાતેમનો ચાંદો; ચન્દ્રમાનો જે અડધો ભાગ પ્રકાશ કરેછે તે. ૨ અર્ધચન્દ્રના જેવો જે આકાર તે.

અર્ધરાત્ર, સ્ત્રી૦ [સં૦] મધરાત.

અર્ધાઙ્ગ, ન૦ [સં૦] અરધું જે અઙ્ગ—શરીર તે. ૨ સ્ત્રી; પ્રિયા; મિત્ર. ૩ રોગથકી અડધું અઙ્ગ મરી ગયું હોય તે; પક્ષાઘાત.

અર્પણ, ન૦ [સં૦] આપીદેવું તે; દાન; ભેંટ; બક્ષીસ આપવી તે. ભોગ આપવો તે. [પો.

અર્પવું, ક્રિ૦ સ૦ આપી દેવું; ભેટ કરવી; ભોગ આ-

અર્પિત, વિ૦ ધા૦ આપી દીધેલું.

અર્બુદ, વિ૦ [સં૦] દશ કરોડ.

અર્ભક, ન૦ [સં૦] બાળક; બચ્ચું; છોકરૂં. **અર્ભકી**--બાળકી; છેક નાની છોકરી.

અર્વાચીન, વિ૦ [સં૦] હાલના જમાનાનું; હમણાંનું; તાજું; નવું-(પ્રાચીનથી ઉલટું તે).

અર્શ, પુ૦ [સં૦] હરસ; મસા. [પામેલો જીવ.

અર્હન્ત, પુ૦ જૈનમતવાદી પરમ સાધુ—ભક્ત; મોક્ષ

અલક, પુ૦ [સં૦] નિમાળાનો ગુચ્છો; કેશપાશ; ચોટલો; અંબોડો. ૨ અલખ.

અલકાબ, પુ૦ [અ૦] ખેતાબ; કાગળપત્રોમાં જે યોગ્યતા લખવામાં આવેછે તે; દરજ્જો દેખાડનારો શબ્દ.

અલકાવલી, સ્ત્રી૦ [સં૦] વેણી; ચોટલાની ગુંથેલી લટ.

અલક્ષિત, વિ૦ [સં૦] લક્ષિત નહિ તે.

અલક્ષ્ય, વિ૦ [સં૦] ધ્યાન-ખ્યાલમાં ન આવે તેવું; અગોચર; અદૃશ્ય; ન સમજાય તેવું.

અલખ, પુ૦ [સં૦ અલક્ષ્ય] બ્રહ્મ; પરમાત્મા; શિવ. ગોસાઇ ભીખ માંગતી વેળા એ શબ્દનો ઉચ્ચાર કરેછે. **અલખનિરઞ્જન**—અલક્ષ્ય અને નિર્મળ-માયાપર જે પરબ્રહ્મ તે. [ટ; ધન.

અલખત, સ્ત્રી૦ દોલત; સમૃદ્ધિ; માલમિલકત; ઈરે-

અલગ, અ૦ [હિં૦] અધ્ધર; આધાર રહિત; લટકતું. ૨ દૂર; છેટે. ૩ જુદું; ન્યારૂં; પૃથક.

અલગત, સ્ત્રી૦ અગત; જરૂર. 'અગતની વાતછે' એમ વપરાયછે, પણ 'તેની અલગત છે' એમ કોઈ બોલતું નથી.

અલગોજા, ન૦ [અ૦] પીપી સરણાઈની તરેહનું એક મોડેથી વગાડવાનું વાજું.

અલઙ્કાર, પુ૦ [સં૦] શોભા; સણગાર; ભૂષણ.-સારાં ઘરેણાં લુગડાં રમકડાં વગેરેની જે શોભા તે. ૨ બોલવાં લખવાંને, ચમત્કારી અર્થ અથવા શબ્દથી જે શોભા મળેછે તે-એ અલઙ્કાર ત્રણ રીતના હોયછે-જેમાં અર્થની ચમત્કૃતિ હોયછે તે અર્થાલઙ્કાર; શબ્દની (અનુપ્રાસ વગેરેની) ચમત્કૃતિ હોય તે શબ્દાલઙ્કાર; અને જેમાં શબ્દ અર્થ બન્નેની ચમત્કૃતિ રહી હોય તે ઉભયાલઙ્કાર. શબ્દાર્થચમત્કૃતિ સમ્બન્ધી જ્ઞાન આપનારૂં જે શાસ્ત્ર તે અલઙ્કારશાસ્ત્ર. **અલઙ્કારી**-અલઙ્કારયુક્ત-સુન્દર. ૨ અલઙ્કાર સમ્બન્ધી (શાસ્ત્ર-ગ્રન્થ અથવા જ્ઞાન ધરાવનાર જન).

અલઙ્કૃત, વિ૦ ધા૦ [સં૦] અલઙ્કાર વાળું; સણગારેલું; શોભાવેલું; દીપાવેલું; ભૂષિત.

અલગું, અ૦ દૂર; છેટે. ૨ ન લાગે વળગે તેવી રીતે.

અલગું, સ્ત્રી૦ બાજુ; હાર; તરફ. **અલગુંપર**-તેપાઈ ઉપર. પોડી અલગુંપર આવીછે એટલે સવાણે-થાણમાં.

અલઙ્ઘ્ય, વિ૦ [સં૦] ઓળંગાય નહિ તેવું.

અલપ્રાઉ, વિ૦ ન વપરાતું; ઉપયોગ-કામમાં ન આવતું; નકામું. ૨ મરતિયું.

અલબત-ત્તાં-ત્તે, અ૦ [અ૦] ખરેખર; એમજ; ખચીત; બેશક; મુકરર; ખસુસન એજરીતે.

અલબેલડું, વિ૦ અલબેલું. (કવિતામાં).

અલબેલું, વિ૦ [હિં૦] ફાંકડું; સુન્દર; ફુટડું; દેખાવડું; ઈશકી; છેલ; રઙ્ગીલું. (અલબેલી રાધા). નિર્છળ હેતાળ પોતાળ આનન્દી છબીલું (અલબેલીઅમ્બા). [આછત હોય તેવું.

અલભ્ય, વિ૦ [સં૦] પ્રાપ્ત થાય-મળે નહિ તેવું. ૨

અલમ્, અ૦ [સં૦] બસ; પૂરું; થયું હવે.

અલમસ્ત, વિ૦ (હાલમસ્ત ઉપરથી) જોરાવર. મલ્લના જેવો. ૨ જોશમાં આવેલું; ઉશ્કેરાયલું; મદમાતું. [ની શાલ.

અલવાન, ન૦ [અ૦] એક જાતની કોરવનાની સા-

અલાકો, પુ૦ [હિં૦] સમ્બન્ધ; વેવાર. ૨ હક; દાવો.

અલાપ, પુ૦ [સં૦ આલાપ] રાગ રાગણીનું સ્વરૂપ દેખડાવવાને અર્થ વિનાનું આઆ તનનન વગેરેનું ગાયન તે. ૨ સ્તુતિનું ગાયન. [ક્રિયા તે.

અલાપચારી, સ્ત્રી૦ [અલાપચર્યા] અલાપ રૂપ જે

અલાપવું, ક્રિ૦ સ૦ અલાપ કરવો; ગાવું; અલાપવું.

અલાબલા, સ્ત્રી૦ ભૂત ડાકણ વગેરેથી થતી જે પીડા તે. ૨ સઙ્કટ; વિઘ્ન; ભય.

અલામત, સ્ત્રી૦ નિશાન; ચિન્હ.

અલાવડું, વિ૦ ફોડડાયું; વગર બોલાવે વચમાં બોલનારું-હાથ ઘાલનારું.

અલાવો, પુ૦ [ફા૦] મોહોરમના દહાડામાં, ખાડામાં જે અગની પેટવેલો હોયછે ને જેની આસપાસ મુસલમાન નાચેછે તે. [લું-રૂપલું.

અલાહિદું, વિ૦ [અ૦] જુદું; નોખું; છેટે રાખે-

અલિ, પુ૦ [સં૦] એક જાતની કાળી મોટી માખી;

ભ્રમર. ૨ વીછુ. ૩ કોયલ. ૪ કાગડો. ૫ મદિરા.

અલિજાહાં, વિ૦ આલીજાહાં.

અલિઝું, વિ૦ વિદેશી.

અલી, સ્ત્રી૦ [સં૦ આલી] સખી; સાહેલી.

અલી, અ૦ બરોબરી દાવા વાળી સ્ત્રી બીજી સ્ત્રીને અથવા ચાકરડીને બોલાવતાં એ શબ્દ વાપરેછે.

અલુખડું, ન૦ અણોકડું.

અલુણાં, ન૦ [સં૦ અલવણ] મીઠાં વગરનું જે ખાવું તે. ૨ ચૈતર મહિનામાં મીઠાં વગરનું મોળું ભોજન કરવાનું વરત.-ઓખાએ કીધું હતું તેઉપરથી.

અલેક, વિ૦ સુકાન સોંપું રાખેલું હોય તે (ગોશ, દામણ ને અલેક).

અલેખ-ખું, વિ૦ લખવાને યોગ્ય નહિ તેવું.; ગણતરી-સુમાર-હિસાબ વગરનું.

અલેખેલ, આ પેરે. [ને વાણો સુતરનો) કપડું.

અલેચો, પુ૦ એક જાતનું રેશમી (તાણો રેશમનો

અલેલ, વિ૦ હિસાબ-નિયમવગરનું. ૨ અન્ધેર (કારખાનું. [કિનાર.

અલેલટપ્પુ, વિ૦ અટકળથી ઠોકનાર; આસરાથી;

અલૈયાંબલૈયાં, ન૦ [હિં૦]. ઓવારણાં.

અલોપ, પુ૦ જતું રેવું-ન દેખાવું તે; સંતાં-નાસી જવું તે. અલોપનો ખરો અર્થ તો દેખાવું એવો સંસ્કૃતમાં થાયછે પણ ગુજરાતીમાં લોપ ને અલોપ એકજ અર્થમાં વપરાય છે.

અલૌકિક, વિ૦ [સં૦] લોક-વેવારમાં ન હોય તેવું; અસાધારણ; અજાએબ જેવું; અદ્ભુત. [ઈક.

અલ્પ, વિ૦ [સં૦] થોડું; નાનું; લઘુ; કિઞ્ચિત; કં-

અલ્પાયુ, વિ૦ [સં૦] થોડાં આવરદાવાળું; ટુંકી જિન્દગીનું.

અલ્પાહાર, પુ૦ [સં૦] થોડું ખાવું તે.

અલ્યા, પુ૦ પોતાનાથી ઉતરતા દરજ્જાવાળાને બોલાવવાની રીત.—સમ્બોધન અર્થમાં. ૨ બરોબરીયા વાલાને લાડથી બોલાવવાની રીત.

અલ્લક દલ્લક, વિ૦ નિરાધાર. બાળકને અલ્લક દલ્લક ઊભું રાખવું. સ્ત્રી૦ બાળકની એક રમત. બે ચાર જણાના હાથ ભાંયપર મુકાવી તેના ઉપર એક સમજુક છોકરો અથવા કોઈ મોટું પોતાની આંગળી અંરકાડતું જાય ને આ પ્રમાણે બોલતું જાય:-"અલ્લક દલ્લક, ગાંગર ગલ્લક, ગાંગરને ઘેર આનપાન, પૂતળીયે જમાડી જાન, એક બકુચો ભૂખ્યો, થાળી ધોઈ ને ઊઠ્યો,'થાળીયે પાડી ચીસ, ભાઈ મળ્યા પચ્ચીસ, પચ્ચીસેનાં કોપરડાં, બાઈ તમારાં છોકરડાં, છૈયાં છોકરાં રમેછે, પીતામ્બર પગલાં પાડેછે, રાજા ભોજા, તરીયા તોજા, માણેક મોતી, અરવાળું પરવાળું, ને ભવાની ભુસકાં.' એ છેલ્લો શબ્દ સાંભળી સઘળાં છોકરાં હાથ ઉપાડી લઈ પાછા ભાંયસાથે ઠોકેછે.

અલ્લાયો, પુ૦ પૂર્ણાંક-પુરા આંકાડાની આગળ) એવું જે ચિન્હ કરવામાંઆવેછે તે ૧)- એટલે એક પુરો રૂપિયો ને એક આનો. ૧। = એમાં ૧। એ પૂરો આંકડો નથી.

અલ્લે; વિ૦ મોટું. નિયમ-વ્યવસ્થા ન રે તેવું (કારખાનું); રસળતું થયાંકરે-ધીમે ધીમે ચાલ્યાકરે તેવું (કામ).

અલ્હડ, વિં૦ દુનિયાંદારીમાં ન પડયો હોય તે; મુર્ખ. ૨ છકેલ. (જન).

અલ્હેડુ, વિ૦ દુનિયાં દારીની ખબર ન હોય તેવું

અવ, અ૦ ઉ૦ [સં૦] થકી. ૨ નીચે. ૩ ઓછું.

અવકળા, સ્ત્રી૦ [સં૦] જેથી નઠારું ફળ થાય તેવી યુક્તિ-તજવીજ. ૨ વાંકું-આડું બોલવું તે; ભેદ વચન. ૪ શરીર મનને ચેહેન ન પડવું તે.

અવકાત, સ્ત્રી૦ [આ૦] ઈલાજ; સાધનબળ જોર. (પછી પૈસાની કે શરીર મનની).

અવકાશ, પુ૦ [સં૦] બે જગા અથવા વખતની વચમાનું છેટું; અન્તર; દરમિયાન. ૨ ફુરસદનો વખત; નવરાશ; જોગવાઈ. ૩ વાંચતાં લખતાં અટકવાની જે ટાંપ તે; વિરામચિન્હ.

અવકૃપા, સ્ત્રી૦ [સં૦] ઓછી જે કૃપા તે; ગેર મેહેરબાની; ઈતરાજી; કરડી નજર.

અવગણના, સ્ત્રી૦ [સં૦] એ કોણ? એમાં શું? એવી રીતનો જે અનાદર તે; ન લેખવવું તે; અપ્રીતિ; કણટાળો. ૨ દોષ બોલવો તે; નિન્દા.

અવગતિ, સ્ત્રી૦ [સં૦] મુઆં પછી નરકમાં અથવા ભૂત વગેરે યોનિમાં જે પડવું થાય તે. ૨ પડતી હાલત. [લું; અપવિત્ર; પાપી.

અવગતિયું, વિ૦ જેની અવગતિ થઈ હોય તે. ૨ મે-

અવગાહવું, ક્રિ૦ અ૦ નાહવું; તરવું; ડબકી મારવી.

અવગુણ, પુ૦ [સં૦] નઠારો ગુણ-સ્વભાવ; દોષ. ૨ ગેરફાયદો; નુકશાન; ખોટ; ટોટો.

અવગુણી, વિ૦ નઠારા ગુણનું; અનીતિમાન. ૨ નુકસાન કરનારૂં; દુ:ખદાયક. ૩ ઉપકારના બદલામાં અપકાર કરનારૂં.

અવઘડ, સ્ત્રી૦ [સં૦ અવ+ઘટ] બનવાને જે મુસીબત પડે તે; મુશ્કેલિયત; અઘરૂં પડવું તે. ૨ હરકત; અડચણ; અટકાવ.

અવઘડ, વિ૦ મુશ્કેલ; અઘરૂં.

અવચિન્હ, ન૦ [સં૦] અપશકુન; અશુભ સૂચક ચિન્હ. ૨ અપલક્ષણ; અટકચાળું. [તેવું.

અવચ્છિન્ન, વિ૦ ધા૦ [સં૦] કાપેલું-જુદું પાડેલું હોય

અવચ્છેદ, પુ૦ [સં૦] કાપવું—જુદું પાડવું તે. ૨ કાપ; કાપો. ૩ ઓળખાઇ આવે તેવો અથવા ખાસ ગુણ. ૪ હદ; સીમા. ૫ જુદું પડેછે એમ દેખાડાવનારી નિશાની (શબ્દ વાક્ય સમ્બન્ધી).

અવજ્ઞા, સ્ત્રી૦ [સં૦] હુકમ ન માનવો તે; યોગ્યતા પ્રમાણે માન ન આપવું તે; અપમાન; અનાદર; બે અદબી.

અવટાવું, ક્રિ૦ અ૦ વગર કામે કુંથાઇ રેવું; ગુંચવાવું. ૨ કાયર થવું; થાકી જવું. ૩ અટાઇ-રોળાઇ જવું.

અવડ, વિ૦ અવાવરૂ; ન વપરાતું.

અવતરણ, ન૦ [સં૦] અવતરવું તે. ૨ ભાષ્ય; ટીકા; સમજણ.

અવતરવું, ક્રિ૦ અ૦ માનાં પેટમાંથી છોકરાંએ બહાર આવવું; પ્રસવ થવો; જનમ થવો.

અવતાર, પુ૦ [સં૦ અવ—નીચે; તૃ-ઓળંગવું] માણસ અથવા જનાવરના આકારમાં ઇશ્વરનું જે પ્રગટ થવું તે; જન્મ; દેહધારણ. ૨ એક રૂપ બદલી બીજાં રૂપમાં આવવું તે. ૩ ઉતરવું તે. ૪ અંશી ભક્ત—વિદ્વાન-યોદ્ધો.

અવતારી, વિ૦ [સં૦] અસાધારણ. વિ૦ [સં૦] ઇશ્વરે જે પુરૂષ રૂપે અવતાર લીધો હોય તે. ૨ અંશીજન.

અવદશા, સ્ત્રી૦ [સં૦] પડતી હાલત; કમબખ્તી; દુર્દશા.

અવદાહ, પુ૦ [સં૦] વિધિ પ્રમાણે ચિતાસંસ્કાર ન થવો તે; મુવાં પછી ચિતામાં જુદા ક્રિયાએ બળવું અથવા અડધું બળ્યું રેવું તે.

અવદીચ, પુ૦ ગુજરાતી બ્રાહ્મણની એક જાતછે.

અવધ, અવધિ.

અવધાન, ન૦ [સં૦] ધ્યાન; લક્ષ; સાવધાની; ચોકસાઇ. ૨ ઉદ્દેશ; ધારણા; વલણ.

અવધારણ, ન૦ [સં૦] ખચીત અથવા ખરેખરૂં નક્કી કરવું-ઠેરવવું તે. ૨ અવધાન.

અવધિ, પુ૦ સ્ત્રી૦ [સં૦] છેડો; સમાપ્તિ; હદ; છેવટ; આખર. ૨ મુદત; દરમિયાન. ૩ ધારણ; મુખ્ય પ્રમાણ. ૪ પ્રારમ્ભ અથવા અન્ત. ૫ પરાકાષ્ઠા; અતિશય; હદથી જ્યાદે. ભાઇ તેતો અવધિ કરી.

અવધૂત, પુ૦ [સં૦] અબધૂત.

અવધ્ય, વિ૦ [સં૦] વધ કરવાને-ભોગ આપવાને યોગ્ય નહિ તેવું. [નવીન.

અવનવું, વિ૦ વિશેષે કરીને નવું; અજાએબ જેવું;

અવનિ, સ્ત્રી૦ [સં૦] પૃથિવિ.

અવયવ, પુ૦ [સં૦] એક આખી વસ્તુનો જે અમુક અમુક ભાગ તે; અંગ;—હાથ, પગ વગેરે શરીરના અવયવછે.

અવયવી, વિ૦ [સં૦] જેને અવયવ હોય તે.

અવર, વિ૦ બીજું; અન્ય.

અવર, પુ૦ [અ૦] કલાક; અડી ઘડી. [નકામું.

અવરથા, અ૦ [સં૦ વૃથા] ફોકટ; મિથ્યા; વ્યર્થ;

અવરાઇ, સ્ત્રી૦ અભરાઇ.

અવરાવું, ક્રિ૦ અ૦ ઢંકાવું; રોકાવું 'વિષય વૃત્તિને આંતરે, અવરાયો અનીત' (પ્રીતમદાસ).

અવરોધ, પુ૦ [સં૦] અટકાવ; નડતર; બન્ધ પડવું તે; બાધ. ૨ સૂતક. ૩ જનાનખાનું.

અવરોહી, વિ૦ ઉતરતું. ૨ ગાયનમાં છેક ઉંચા સુરથી માંડીને ઉતરતાં ઉતરતાં છેક નીચાં સુર લગી આવવું તે. (આરોહીનું ઉલટું તે—સા, ની, ધ, પ, મ, ગ, રી, સા).

અવર્ગી, વિ૦ [સં૦] વર્ગી નહિ તે. [નીચું.

અવર્ણ, વિ૦ [સં૦] રંગ વગરનું. ૨ જાત વગરનું;

અવર્ણ, પુ૦ [સં૦] અ તથા આ એ બે સ્વર.

અવર્ણ્ય, વિ૦ [સં૦] જેનું વર્ણન કરવાની અથવા જેને વિષે બોલવાની મતલબ નથી તેવું. ૨ વર્ણન કરવાને અયોગ્ય અથવા અશક્ય.

અવર્ય, વિ૦ [સં૦] શ્રેષ્ઠ નહિ તે; કનિષ્ઠ; નરસું; નીચું; ઉતરતું; હલકું.

અવલ, વિ૦ [સં૦ આ૦] પેલું; મુખ્ય; સહુથી મોટું—ઉંચું. ૨ સહુથી સરસ-સારૂં. ૩ જરૂરનું. [ક્ષણ.

અવલક્ષણ, ન૦ [સં૦] નઠારૂં લક્ષણ;-ચિન્હ; અપલ-

અવલથી, અ૦ પેલેથી; શરૂઆતમાં. ૨ અસલ; પેલાં; અગાઉ.

અવલમગ્-જાલ, સ્ત્રી૦ [અ૦] મુએલાંને દાટવા-બાળવા-તડકે નાખવાની જગો તે; મુડદાંની જે છેલ્લી ક્રિયા કરવી તે.

અવલમ્બ, પુ૦ [સં૦] આશ્રય; આસરો; આધાર.

અંવલસાલ, ન૦ [આ૦ ફા૦] વરસની શરૂઆત અ-થવા એમનું વરસ. ૨ જે પેલે વરસથી કોઈપણ ગણતરી કરવી હોય તે.

અવલંપ, પુ૦ [સં૦] ચોપડવું તે; લેપ.

અવલોકન, ન૦ [સં૦] જોવું તે; જોઈ વિચારવું તે.

અવલોકવું, ક્રિ૦ સ૦ અવલોકન કરવું; જોવું.

અવશ, વિ૦ [સં૦] જે કોઈને તાબે નથી તે; સ્વત-ન્ત્ર; આપઅખિયાર.

અવશેષ, વિ૦ બાકી રૂપલું.

અવશ્ય, વિ૦ [સં૦] વશ ન થાય તેવું. [જણાત.

અવશ્ય, અ૦ [સં૦] જરૂર; ખચીત; ખરેખર; અ-

અવશ્યમેવ, અ૦ જરૂર; ખસૂસ; નક્કી.

અવસર, પુ૦ [સં૦] જોગવાઈ; તક; ટાણું; કામ કરવાનો જે ખરો સમય તે. ૨ રૂડું પગરણ. ૩ મુઆંનો દાડો. અવસરપાણી પણ કેવાયછે.

અવસાન, ન૦ [સં૦] જોગવાઈ; સન્ધિ. ૨ છેડો; અન્ત; સમાપ્તિ. ૩ મોત. ૪ લખાણમાં દમ ખા-વાનું જે ઠેકાણું તે; અટકવાની ટાંપ; યતિ; વિ-રામ. ૫ બન્ધ પડવું તે. ૬ હદ; સીમા. ૭ બા-રીક વખત. [પ્રસ્તાવ.

અવસ્તા, સ્ત્રી૦ [ઝં૦] પારસી લોકોનું મુખ્ય ધરમ

અવસ્થા, સ્ત્રી૦ [સં૦] હાલત; હાલ; દશા; સ્થિતિ. ૨ ઉમ્મર સમ્બન્ધી જે સ્થિતિ તે. ૩ જીવની જે હાલત તે—એ ત્રણ કેવાય છે. જાગ્રદવસ્થા, સ્વ-પ્નાવસ્થા અને સુષુપ્ત્યવસ્થા.

અવહિત્થ, ન૦ [સં૦] ખોટો દેખાવ; મનમાં કંઈ ને મોડે કંઈ તે. ૨ કાવ્ય શાસ્ત્રમાં ૩૩ વ્યભિ-ચારી ભાવ કેવાય છે તેમાનો એક-મોડાંનો ર-ંગ બદલી અથવા વાણીથી અથવા બીજી કોઈ પણ રીતે મનની વાત છુપાવી રાખવાની જે ત-જવીજ તે.

અવળચણ્ડું, વિ૦ કંઈયે કંઈ ત્યારે કરે કંઈ તેવું; અવળું-ઊંધું-ઉલટું કરનાર; ગાયને ખવાડી આવ કંઈયે ત્યારે ગધેડાને ખવાડી આવે તેવું. (જન)

અવળાઈ, સ્ત્રી૦ આડાઈ; કંઈયે તેથી આડું અથ-વા અવળું કરવાની જે હઠીલી તબિયેત તે.

અવળું, વિ૦ ઉલટું; ઊંધું; કહેલી અથવા જોઈ સાં-ભળેલી જે હાલત તેથી બીજી અથવા તેથી ઉલ-ટી હાલત હોય તેવું. (એનું ઉલટું સવળું).

અવણી, સ્ત્રી૦ ઘણાં એક વસાણાં એકઠાં કરી તેનો જે ખાંડેલો ભૂકો સુવાવડીને મધમાં ચાટવા આપે-છે તે. એને બતરીસું પણ કેછે.

અવાઈ, સ્ત્રી૦ ઉડતી ખબર; અફવા; ગુમાટો; ગ-વગચો. ૨ ગપ; જુઠ્ઠી ખબર.

અવાચક, વિ૦ [સં૦] બોલી શકે નહિ તે; મુંગું; જે-ની જીભ ટુંકી થઈ હોય તે. ૨ બેભાન; મરવા પડેલું.

અવાચ્ય, વિ૦ [સં૦] બોલાય—વર્ણાય નહિ તેવું.

અવાજ, પુ૦ [પ્રા૦ આવાઝ] કાને જે પડે તે; હવાના ધમારાથી-હિલવાથી સાંભળવાની ઇન્દ્રી ઊપર જે અસર થાય તે; શબ્દ; ધ્વનિ. બોલવાથી, ધમારાથી, પડવાથી, જોરમાં છુટું થવાથી અવાજ પેદા થાય-છે. કોઈ અવાજ સાફ સમ્ભળાઈ સમજાય તે-વો અને કોઈ સાફ ન સમ્ભળાઈ ન સમજાય તે-વો હોયછે. [પના અવાજ.

અવાજા, પુ૦ અવાજ થવા તે; બાર. જેમકે, તો-

અવાજી, વિ૦ અવાજ કરનારું. બે અવાજી ફટાકા.

અવાજો, પુ૦ અવાજ.

અવાટ, સ્ત્રી૦ વાટ નહિતે; ઉજડ રસ્તો.

અવારનવાર, અ૦ એક પછી એક; વારાફરતી.

અવાવરું, વિ૦ વાપરમાં આવતું ન હોય તેવું. ઘર, કુવો વગેરે. (જગાનેજ લાગેછે).

અવાસ, પુ૦ [સં૦ આવાસ] રેવાની જગા; રેઠાણ; મુકામ. [કેવાયછે.

અવાળુ, ન૦ દાંતના પાળા-પેઢિયાં. અવાળુ આવતાં

અવિચળ, વિ૦ [સં૦] જેનો ફેરફાર ન થાય તેવું; ખસીપડે નહિ તેવું; સ્થાયી; સ્થિર.

અવિચાર, પુ૦ [સં૦] ખોટો અથવા ઉદ્ધત જે વિ-ચાર તે. સારું નરસું સમજવાની જે અશક્તિ તે; ભૂલ; અન્યાય; અધર્મ.

અવિચ્છિન્ન, વિ૦ [સં૦] ભાગ-જુદું પાડેલું નહિ તેવું. અ૦ તોડયા-અટકયા-આંચકો ખાધા વગર; સ-ફાઈથી; કંઈપણ ઓછું વધતું નહિ તેમ.

અવિછિન્નધારા, સ્ત્રી૦ અભિષેકપાત્ર.

અવિદ્ધયોની, સ્ત્રી૦ [સં૦] સાસરે ઓરડો ન થયો હો-ય તેવી-પુરુષની સોડ દીઠી ન હોય તેવી સ્ત્રી.

અવિદ્યમાન, વિ૦ [સં૦] જીવતું ન હોય તે; મરી-ગયલું; નાબુદ થયલું.

અવિદ્યા, સ્ત્રી૦ [સં૦] જગત્‌ની જુઠી માયામાં લપ-ટાઈ જે ખોટા તર્ક બાંધવા તે; અજ્ઞાન; માયાનો ભ્રમ.

અવિધાર, અ૦ નક્કી; ખચીત.

અવિનાશ, પુ૦ જેનો કદી નાશ નથી તે.

અવિનાશી, વિ૦ [સં૦] નિત્ય-હમેશટકે તેવું; અમર. પરમાત્મા; બ્રહ્મ. [કે તેવું.

અવિભાજ્ય, વિ૦ [સં૦] જેના વિભાગ ન થઈ શ-

અવિવક્ષિત, વિ૦ [સં૦] ખામુખ્યા બોલવુંજ છે એવો વિચાર ન હોય તેવું; ધારેલું નહિ તે. [ડુંવાળું.

અવિવાહિત, વિ૦ ધા૦ [સં૦] પરણેડું નહિ તેવું;

અવિવેક, પુ૦ [સં૦] વિવેક નહિ તે.

અવિવેકી, વિ૦ [સં૦] અવિચારી; અસભ્ય; અ-મર્યાદ; બેઅદબ.

અવેજ, પુ૦ [આ૦ એવ.ઝ] વસ્તુ આપી અથવા લ-ઈ બદલામાં જે વસ્તુ લેવી અથવા આપવી તે; બ-દલો. ૨ નાણું; ઉપજ; કિમતીમાલ. ૩ સરવાળે જે નરો તે.

અવેજી, પુ૦ [આ૦] એકને બદલે ચોક્કસ મુદત-સુધી કામ કરવા રચલો જે બીજો તે; બદલી.

અવેરવું, ક્રિ૦ સ૦ સાચવી રાખવું; સમ્ભાળીલેવું

અવેવ, પુ૦ અવયવ. 'સિદ્ધિબુદ્ધિનાયક, ઉત્તમ સર્વ અવેવ,-(રેવાશંકર)

અવ્યક્ત, વિ૦ [સં૦] ખુલ્લું-ઉઘાડું-દેખાઈતું-સમજાતું-સમજાતું નહિ તેવું; અજાણ્યું—૧ આત્મા; ઈશ્વર. ૨ માયા. ૩ સઙ્ખ્યા; પદ-(બીજ ગણિત-માં). ૪ ધ્વનિ; અવાજ.

અવ્યય, પુ૦ [સં૦] જેને લિઙ્ગ, વચન, અને વિ-ભક્તિ લગાડાતી નથી તેવો શબ્દ.—એની મુખ્ય ચાર જાતી છે: શબ્દયોગી, ઉભયાન્વયી, ક્રિયાવિ-શેષણ અને કેવળપ્રયોગી.

અવ્યય, વિ૦ [સં૦] **અવિનાશી.** [ખેતાલી.

અવ્યવસ્થા, સ્ત્રી૦ [સં૦] બેરૂબન્દોબસ્ત; ધાલમેલ;

અવ્યવસ્થિત, વિ૦ ધા૦ [સં૦] અવ્યવસ્થાવાળું.

અવ્યાપ્તિ, સ્ત્રી૦ [સં૦] સર્વત્ર લાગુ ન પડે તેવો વ્યા-ખ્યામાં જે દોષ તે; અપ્રાપ્તિ.

અવ્યયીભાવ, પુ૦ વ્યાકરણમાં એક સમાસ. છઠ્ઠી વિભક્તિવાળું નામ અને અવ્યય જારે પાસે પાસે આવેછે ત્યારે વિભક્તિનો પ્રત્યય ઉડી જઈને નામ અવ્યય બે જોડાઈ રહેછે. ઘોડાની ઊપર-ઘોડાઊપર.

અવ્હેરાટ, પુ૦ બાવરાપણું; ગભરામણ.

અવ્હેરું, વિ૦ બાવરું; ગભરાયલું.

અવ્હે, સ્ત્રી૦ એક તરેહની આતશબાજી.

અશક્ત, વિ૦ [સં૦] શક્તિ વગરનું; નબળું; કમ-જોર; નરમ. ૨૦ અસમર્થ; નાલાયક.

અશક્તિ, સ્ત્રી૦ [સં૦] શક્તિ નહિ તે.

અશક્ય, વિ૦ [સં૦] ન બને-થાય તેવું; અસમ્ભ-વિત; અસાધ્ય.

અશન, ન૦ [સં૦] ખાવું-જમવું તે. ૨ ભોજન.

અશરણ, વિ૦ [સં૦] જેને કોઈનો આસરો ન હોય તે; નિરાધાર. અશરણશરણ-અશરણને શરણે રાખવું તે. [સુનાંના મોર;૧૫ રૂપિયા.

અશરફી, સ્ત્રી૦ [પ્રા૦] એક તરેહનો સુનાનો સિક્કો;

અશરાફ, વિ૦ [આ૦] ભલું; સાલસ; માયાળુ; પાડ-માનનારું; સભ્ય. ૨ પ્રમાણિક; સચ્ચું; ઈમાનદાર.

અશરાફી, સ્ત્રી૦ [આ૦] ભલમનસાઈ; સાલસાઈ; સભ્યતા. ૨ ઈમાનદારી.

અશાડ, પુ૦ આશાડ. [સુખ.

અશાતા, સ્ત્રી૦ શાતા-નિવૃત્તિ સુખ નહિ તે; અ-

અશાશ્વત, વિ૦ [સં૦] નિત્ય—હમેશનું નહિ તેવું; ક્ષણભઙ્ગુર. ૨ નક્કી નહિ તે.

અશાસ્ત્ર, વિ૦ [સં૦] શાસ્ત્રવિરુદ્ધ. [કેળવાયલું.

અશિક્ષિત, વિ૦ ધા૦ [સં૦] નહિ શિખવેલું; ન

અશુચિ, વિ૦ [સં૦] અપવિત્ર.

અશુદ્ધ, વિ૦ [સં૦] અપવિત્ર; નાપાક. ૨ ખોટું.

અશુભ, ન૦ [સં૦] અકલ્યાણ; માઠું; બુંડું. ૨ મુ-એલાં માણસ સમ્બન્ધી જે કંઈ કર્મ તે.

અશેષ, વિ૦ [સં૦] સઘળું; સમ્પૂર્ણ; કંઈજ બાકી ન-હિ તેવું. ન૦ ન્યાતનું કોઈજ બાકી ન રહીજાય તેવી રીતનો જે ન્યાતવરો તે.

અશોક, પુ૦ [સં૦] શોક નહિ તે; સુખ. ૨ આ-સોપાલવનું ઝાડ. વિ૦ શોક જાય ને આનન્દ થાય તેવું-(વન).

અશૌચ, ન૦ [સં૦] અપવિત્રતા. ૨ સૂતક.

અશ્રદ્ધા, સ્ત્રી૦ [સં૦] શ્રદ્ધા-આસ્થા નહિ તે.

અશ્રુ, ન૦ [સં૦] આંસુ.

અશ્રુત, વિ૦ ધા૦ [સં૦] જેણે સાંભળેલું નથી તે. ૨ સમ્ભળાયલું નહિ તેવું. ૩ વેદ ન ભણેલું તે. ૪ વેદમાં કહેલું નહિ તેવું.

અશ્રુધારા, સ્ત્રી૦ [સં૦] આંસુની ધાર.

અશ્રુપાત, પુ૦ આંસુનું જે પડવું-વેહવું તે. [નહિ તેવું.

અશ્લાઘ્ય, વિ૦ [સં૦] વખાણ-તારીફ કરવા જોગ

અશ્લેષા, સ્ત્રી૦ [સં૦] ૨૭ માનું નવમું નક્ષત્ર; પાંચ તારાનો સમુદાય.

અશ્વ, પુ૦ [સં૦] ઘોડો; હય; તોખાર.

અશ્વગતિ, સ્ત્રી૦ [સં૦] ઘોડાની ચાલ.

અશ્વગન્ધા, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ-ઔષધિ.
અશ્વત્થ, પુ૦ પીપળો.
અશ્વધાટી, સ્ત્રી૦ [સં૦] કવિતાનું એક વૃત્ત.-(તભ-યજસરન, ગ) એ ગણનું. શરૂ થતા અક્ષરનો અન્ત્યસ્વર અને બીજો અક્ષર, આઠમા નવમા, પન્દરમા સોળમા અક્ષરને ઠેકાણે પ્રાસરૂપે આવેછે —માત્ર એક ચરણમાં નહિ પણ ચારે ચરણમાં. એ વૃત્તમાં શઙ્કરાચાર્ય અને જગન્નાથપંડિત એ બે જ-ણેજ કવન કર્યુંછે.
અશ્વમન્ત્ર, પુ૦ [સં૦] જે મન્ત્રથી ઘોડા આકાશ-નમાં ઉડે તે; જે વિદ્યાએ ઘોડો વશ થઈ રે તે.
અશ્વમેધ, પુ૦ [સં૦] ઘોડાનો જગન. [જરૂર.
અશ્વમેવ, અ૦ [સં૦ અવશ્યમેવ] નક્કી; ખસૂસ-
અશ્વવિદ્યા, સ્ત્રી૦ [સં૦] ઘોડાને કેળવવાની અથવા કેળવીને ચલાવવાની વિદ્યા. [ક્ષત્ર. ૨ ઘોડી.
અશ્વિની, સ્ત્રી૦ [સં૦] એ નામનું ૨૭માં પેલું ન-
અશ્વિનીકુમાર, પુ૦ [સં૦] અશ્વિનીના બે જોડે અ-વતરેલા પુત્ર—જેઓ સ્વર્ગમાં દેવતાનું વૈદું કરેછે તે. ૨ ઘણોજ પ્રવીણ વૈદ અથવા ઘણોજ રૂપાળો પુરુષ. ૩ એક જાતની ઓસડ મેળવણી.
અષ્ટ, વિ૦ [સં૦] આઠ-૮.
અષ્ટક, ન૦ [સં૦] જેમાં આઠ શ્લોક-અધ્યાય, ઈ૦ હોય તે. ૨ આઠનો જે સમુદાય તે.
અષ્ટકોણ, વિ૦ [સં૦] આઠ ખુણાવાળું.
અષ્ટગન્ધ, ન૦ [સં૦] આઠ વાનાંની મેળવણીનું સુગ-ન્ધિ વાળું ચુરણ—(કથાકોષ-સઙ્ખ્યાત શબ્દાવળી-માં ગંધ શબ્દ જોવો)
અષ્ટદિક્પાળ, પુ૦ [સં૦] કથાકોષ પૃ૦ ૧૨૩ મું જોવું)
અષ્ટધાતુ, પુ૦ [સં૦] કથાકોષ સઙ્ખ્યાત શબ્દાવળી-માં ધાતુ શબ્દ જોવો.
અષ્ટપદી, સ્ત્રી૦ [સં૦] જેમાં આઠ પદ--કડીઓ હોય તેવું ગીત. ૨ એ નામનો જયદેવકવિકૃત 'રાધામા-ધવ વિલાસગીતગ્રન્થ.
અષ્ટપ્રધાન, પુ૦ [સં૦] આઠપ્રધાન. (કથાકોષ-સઙ્-ખ્યાત શબ્દાવળીમાં પ્રધાન શબ્દ જોવો.
અષ્ટભાવ, પુ૦ [સં૦] (કથાકોષ—સઙ્ખ્યાત શબ્દાવ-ળીમાં ભાવ શબ્દ જોવો.
અષ્ટમ, વિ૦ [સં૦] આઠમું.
અષ્ટમાસિદ્ધિ, [સં૦ અષ્ટમહાસિદ્ધિ] સિદ્ધિ શબ્દ જોવો. [બી દાડો.
અષ્ટમી, સ્ત્રી૦ [સં૦] આઠેમ; પખવાડીયાંનો આઠ-

અષ્ટાક્ષરી, વિ૦ [સં૦] આઠછે અક્ષર જેમાં તેવો-મ-ન્ત્ર. જેમકે, શ્રીકૃષ્ણ શરણં મમ.
અષ્ટાઙ્ગપ્રણામ, પુ૦ [સં૦] 'આઠ અઙ્ગે કરીને નમ-ન કરવું તે; લાંબાં થઈ પગે પડવું તે; દણ્ડવ-ત.—છાતી, માથું, નજર, વાણી, મન, પગ, હાથ, ઘુંટણ એ આઠ.
અષ્ટાઙ્ગયોગ, પુ૦ [સં૦] જોગી લોક મોટું તપકર-વાને યોગ્ય થવાસારૂ કેટલીક સાધના-દેહકષ્ટ કરેછે તે આઠ પ્રકારે છેઃ યમ, નિયમ, આસન, પ્રાણા-યામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.
અષ્ટાદશ, વિ૦ [સં૦] અઢાર-૧૮.
અષ્ટાવક્ર, પુ૦ [સં૦] એ નામનો ઋષિ આઠ ઠેકાણે-થી વાંકો હતો. ૨ જેને શરીરે ઘણીક ખોડ હોય તે.
અષ્ટાવિધાની, વિ૦ [સં૦ અષ્ટ, અવધાન] એકજ વ-ખતે ઘણે ઠેકાણે લક્ષ રાખીશકે અથવા ઘણાં કા-મ કરી શકે તે. ૨ મોટો ખટપટી; ચતુર. (અખો આમ ભણેછે-"અષ્ટાવિધાની પિઙ્ગળ કવી, મન્ત્ર-ભેદ ઔષધ અનુભવી") [બાળ્યાં કરવું.
અષ્ટાવું, ક્રિ૦ અ૦ ઈ ગરાવું; ઓશિયાળાં જેવાં થઈ
અષ્ટોત્તરશત, વિ૦ [સં૦] સો ઉપર આઠ એટલે એ-કસો આઠ—૧૦૮. [કૃત.
અસંસ્કૃત, વિ૦ [સં૦] સંસ્કાર--શુદ્ધિ વિનાનું. ૨ પ્રા-
અસકવામત, સ્ત્રી૦ [ફા૦] માલ મિલકત; ઈસ્ટેટ.
અસઙ્ખ્ય, વિ૦ જેની ગણતરી થઈ ન શકે તેવું; અનન્ત; ઘણુંજ; બે સુમાર; અતિશય.
અસઙ્ખ્યાત, વિ૦ [સં૦] જેની સઙ્ખ્યા--ગણતી કાઢી શકાયલી નથી તેવું.
અસઙ્ગત, વિ૦ [સં૦] અઘટિત; અનુચિત; અયોગ્ય.
અસત્, વિ૦ [સં૦] જુઠું; ખોટું. ૨ અધર્મી; અન્યાયી.
અસતર, અસ્તર.
અસતરી, સ્ત્રી૦ [સં૦] સ્ત્રી.
અસતરી, સ્ત્રી૦ ઈસ્ત્રી.
અસતરો, અસ્ત્રો.
અસત્ય, ન૦ [સં૦] જુઠાણું; ખોટું. [ષ્ણા.
અસન્તોષ, પુ૦ [સં૦] સન્તોષ નહિ તે; લોભ; તૃ-
અસબાબ, પુ૦ [આ૦] સામાન; જઙ્ગમ મિલકત. ૨ સાહિત્ય; સામગ્રી (યુદ્ધ સમ્બન્ધી).
અસભ્ય, વિ૦ [સં૦] સભા શોભતું નહિ તે; તોછડું; ઉદ્ધત; ફાટેલ; અપાત્ર.
અસમર્થ, વિ૦ [સં૦] સમર્થ નહિ તે.
અસમાન, વિ૦ [સં૦] સરખું નહિ તેવું; ઓછું વધ-

તું; નાનું મોટું. ૨ અપૂર્વ; અલૌકિક.

અસમાન, ન૦ [પ્રા૦ આસમાન] આકાશ.

અસમાની, વિ૦ આસમાની.

અસમ્ભવ, પુ૦ [સં૦] ન બનવું તે; થવાનો જે જોગ નહિ તે. ૨ મળતાં ન આવવું તે; વિરોધ.

અસમ્ભવિત, વિ૦ [સં૦ અસમ્ભવી] ન બને-ઘડે-થાય તેવું; અશક્ય.

અસમ્ભાવના, સ્ત્રી૦ [સં૦] મળતું-બેસતું ન આવવું તે; અઘટિતપણું. ૨ અશક્યતા; ન બનવું તે. (અખાએ વાપર્યો છે).

અસમઞ્જસ, ન૦ [સં૦] મળતું ન હોવું તે; અઘટિતપણું; સરખું ન હોવું તે. વિ૦ સમજમાં ન આવે તેવું. ૨ વગર વિચારનું. ૩ સરખું નહિ તે. (એ શબ્દ અખાએ વાપર્યોછે).

અસમ્ભાવિત, વિ૦ [સં૦] મળતું ન આવે તેવું; અઘટિત. ૨ આબરૂ વનાનું; નીચ; હલકું.

અસમ્ભાવ્ય, વિ૦ [સં૦] ન બને તેવું; અશક્ય.

અસર, સ્ત્રી૦ [આ૦] નિશાંની; પાસ. ૨ મનમાં વાત ઉતરવી તે. ૩ ફળ; હાંસલ; પરિણામ; કાર્ય.

અસલ, વિ૦ [આ૦] પેલું; મૂળનું; પ્રથમનું; અવ્વલ. ૨ જુનું. ૩ ખરું; સાચું. ૪ ઊંચ કુળનું; ખુનિયાત.

અસલ, અ૦ અગાઉના વખતમાં; પ્રાચીન કાળમાં.

અસલી, વિ૦ [આ૦] જુનું; અગાઉના વખતનું.

અસવાર, સ્વાર; અસ્વાર.

અસવારી, સ્વારી; અસ્વારી.

અસહ્ય, વિ૦ [સં૦] ન સહન થાય તેવું.

અસાધવી, વિ૦ સતી-પતિવ્રતા નહિ તે; પરૈસાન-[(સ્ત્રી).

અસાધારણ, વિ૦ [સં૦] સાધારણ નહિ તે; વિશેષ. ૨ અપૂર્વ; અલૌકિક.

અસાધુ, વિ૦ [સં૦] સાધુ નહિ તે; અધર્મી; પાપી.

અસાધ્ય, વિ૦ [સં૦] મેળવાઈ-વશ કરી શકાય નહિ તેવું; દુષ્પ્રાપ્ય. ૨ ઉપાય-ગુણ થઈ ન શકે તેવું.

અસામણ, ઓસામણ.

અસામાન્ય, વિ૦ [સં૦] અસાધારણ.

અસામી, આસામી.

અસાર, પુ૦ [સં૦] સાર નહિ તે. રસ-માલ-ગુણ-મતલબ-સત્ય નહિ તે. વિ૦ ખોટું; માઠું.

અસાવધ, વિ૦ [સં૦] સાવધ નહિ તે.

અસાવરી, સ્ત્રી૦ એક રાગણી.—શ્રીરાગને કલ્પેલી સ્ત્રિયો મધ્યેની એક.—એ સવારના દશ વાગતે ગાવામાં આવેછે.

અસાવવું, ઓસાવવું.

અસાહ્ય, વિ૦ [સં૦ અસહાય] સહાય-મદદ-આસરા વગરનું; એકલું.

અસાળિયો, પુ૦ ગાંધીને પેર મળતી એક જાતની [ઔષધિ.

અસિ, પુ૦ [સં૦] ખડ્ગ; તરવાર.

અસિદ્ધ, વિ૦ [સં૦] સિદ્ધ નહિ તે-તેવું.

અસિલતા, સ્ત્રી૦ [સં૦] તરવાર. ૨ તરવાર ઉગામી આમ તેમ ફેરવવી તે.

અસીકરમ, ન૦ [સં૦ અસિ, કર્મ] ખુન કરવાં તે; કોઈના પ્રાણ લેવા એ જે ઘાતકી કર્મ તે.

અસીલ, વિ૦ [આ૦] ઊંચા કુળનું; ખાનદાનનું; કુલીન. ૨ ભલું; સાલસ. ૩ જેની વતીનો વકીલ તે; ધણી; મૂળ.

અસીસું, ન૦ સુતી વખત માથાં તળે મુકવાનું જે રૂથી ભરેલું ગાદલું તે; માથું મુકવાનો તકિયો.

અસું, વિ૦ એવું. (એ શબ્દ અખાએ બહુ વાપર્યોછે)

અસુખ, ન૦ [સં૦] સુખ-ચૈન નહિ તે; દુઃખ.

અસુર, પુ૦ [સં૦] દૈત; દાનવ; રાક્ષસ; દુર્ગુણી પાપી જીવ.

અસુર, ન૦ મોડું; વાર; વિલમ્બ.

અસુરી, વિ૦ આસુરી.

અસુરું, વિ૦ મોડું; ઘણી વાર લગાડી હોય તેવું.

અસૂયા, સ્ત્રી૦ [સં૦] અદેખાઈ; ઈર્ષા. ૨ બદગોઈ; નિન્દા; ચાડી.

અસેમસે, અ૦ બાનાં કાઢી કાઢીને; જુક્તિયો કરી કરીને; તજવીજથી; કળાથી.

અસો, થાઓ; હો; થવા-હોવાદો.

અસ્ત, પુ૦ [સં૦] સૂર્ય ચન્દ્ર તારા વગેરેનું આકાશમાં ન દેખાવું તે; આથમવું તે. ૨ નાશ; ઢંકાઈ જવું તે. ઉદયનું ઉલટું તે અસ્ત.

અસ્તઙ્ગત-દ, વિ૦ ધા૦ [સં૦] અસ્ત પામેલું; આ-[થમેલું.

અસ્તમાન, વિ૦ [સં૦] અસ્તઙ્ગત.

અસ્તર, ન૦ [ફા૦] અન્દરની બાજુ જેથી ઢાંકવી અથવા જેથી જાડી કરવી અથવા જેથી રઙ્ગવી તે. (કપડું, રઙ્ગ વગેરે). ડગલા ટોપીનું અસ્તર; પક્ષીના માળાનું અસ્તર વગેરે.

અસ્તાઈ, સ્ત્રી૦ હર કોઈ ગીતનો જે પેલો મુખ્ય ભાગ તે; ટેકથી ઓળખાતો જે ભાગ તે.

અસ્તાચલ, પુ૦ જે પર્વતની પેલીપાસ જવાથી સૂર્યા-

ંદિ અસ્તમાન થાય છે એમ કેવાય છે તે.-પશ્ચિમદિશા.

અસ્તાવ્યસ્તતા, વિ૦ [સં૦ અવ્યવસ્થિત] વેરણ એરણ થઈ ગયલું; ગેર બન્દોબસ્તથી જેમતેમ પડેલો પથારો હોય તેવું.

અસ્તિ, ક્રિ૦ [સં૦] છે (તે). [તી; હોવાપણું.

અસ્તિત્વ, ન૦ [સં૦] છે એવી જે હાલત તે; હૈયા-

અસ્તુ, [સં૦] થાઓ; હો; બનો; આશીર્વાદની સૂચના કરનારો શબ્દ; આમીન.

અસ્ત્ર, ન૦ [સં૦] મન્ત્રના યોગે કરીને છુટતું જે બાણ તે. સર્પાસ્ત્ર એટલે સર્પનો મન્ત્ર ભણી ધનુષમાંથી બાણ છોડવું તે-જેથી શત્રુને સર્પની પીડા થાય.

અસ્ત્રી, સ્ત્રી.

અસ્ત્રી, ઇસ્ત્રી. [ઓજાર.

અસ્ત્રો, પુ૦ માથાના વાળ મુંડવાનું હજામનું લોડાંનું

અસ્થાયી, વિ૦ [સં૦] હમેશનું નહિં તેવું; અનિત્ય; ક્ષણભઙ્ગુર.

અસ્થિ, ન૦ [સં૦] હાડકું; હાડ. [માળો.

અસ્થિપઞ્જર, ન૦ [સં૦] હાડકાંનું પાંજરૂં; હાડકાંનો

અસ્થિર, વિ૦ [સં૦] સ્થિર નહિ તે.

અસ્થિસઞ્ચય, પુ૦ [સં૦] મડદું બળીરહ્યા પછી માથાની ઓપરીનાં હાડકાં વીણીને તેને જુદે ઠેકાણે દાટવાની જે ક્રિયા તે. [કર્યું ન હોય તે.

અસ્નાત, વિ૦ [સં૦] નાયા વગરનું; જેણે સ્નાન

અસ્વસ્થ, વિ૦ [સં૦] સ્વસ્થ નહિ તે.

અસ્વાર, પુ૦ [પ્રા૦ સ્વાર] ઘોડા હાથી અથવા ઊંટ ઉપર બેઠેલો પુરુષ. ૨ લશ્કરી ઘોડેસ્વાર. વિ૦ ઘા૦ ઉપર બેઠેલો.

અસ્વારી, સ્ત્રી૦ [પ્રા૦ સ્વારી] ઘોડા ઉપર બેસી ફરવું તે. ૨. ઘોડા હાથી ઊંટ વાજાં તાસાં માણસો વગેરેને સાથે રાખી મોટી ધામધુમે કોઈ રાજાએ અથવા કામદારે કામસર અથવા અમસ્તાં ફરવા નિકળવું તે.

અહઙ્કાર, પુ૦ [સં૦] હુંપણું-પદ; ઇશ્વર થકી હું જુદો છઉં ને હુંજ સઘળું કરૂંછઉં એવી જે સમજણ તે. ૨ અભિમાન; ગર્વ.

અહઙ્કારી, વિ૦ મગરૂબ; ગર્વિષ્ઠ; હુંજ મોટો-મારૂંજ ખરૂં એમ અભીમાન રાખનાર.

અહન્તા, સ્ત્રી૦ [સં૦] હુંપણું-પદ; અભિમાન; આત્મસ્તુતિ [વચન).

અહમ્, સ૦ [સં૦] હું-(પ્રથમ પુરુષ પ્રથમાનું એક-

અહમેવ, પુ૦ અહઙ્કાર; અભિમાન; હુંપદ.

અહમ્ભાવ, પુ૦ [સં૦] હુંપણું.

અહર્નિશ, અ૦ [સં૦] દાડોરાત; હમ્મેશ; નિત્ય.

અહહ, અ૦ આશ્ચર્ય-શ્રમ સૂચક શબ્દ.

અહિંયાં, અ૦ અહિં.

અહિંસા, સ્ત્રી૦ [સં૦] હિંસા ન કરવી તે.

અહિ, પુ૦ [સં૦] સાપ.

અહીં, અ૦ આ ઠેકાણે-જગાએ; આતરફ.

અહીંતહીં, અ૦ આ ઠેકાણે ને પેલે ઠેકાણે; ગમે ત્યાં.

અહીંથી, અ૦ આ ઠેકાણેથી. [ઓ.

અહો, અ૦ કોઈને માનથકી બોલાવવાનો શબ્દ;

અહોનિશ, અ૦ અહર્નિશ.

અહોરાત્ર, અ૦ [સં૦] આખો દાડો ને આખી રાત. ૨ નિત્ય; હમ્મેશ. [દોલત; સમૃદ્ધિ.

અળખત, સ્ત્રી૦ ધાન્ય, ધન, પશુ, પુત્રની જે છત તે;

અળખામણું, વિ૦ અણગમતું; નાપસન્દ; જેનાપરથી પ્રીતિ ઉઠીગઈ હોય તે.

અળગું, ન૦ અટકાવ; ઋતુ; હાથ નાપાક થવા તે.

અળગું, અ૦ દૂર; છેટે; આઘે. [જે ફળું હોય તે.

અળતી, સ્ત્રી૦ પરાણાને બીજે છેડે તવેથાના જેવું.

અળતો, પુ૦ [સં૦ અલક્તક] ઉકાળેલી લાખ લાલ સાળીને ઠેકાણે કામમાં આવેછે તે; લાખનો રઙ્ગ.

અળદાવું, ક્રિ૦ અ૦ શક્તિ ઉપરાંત કામ કરતાં થાકેલી હાલતમાં હોવું; પિલાવું.

અળવ-વિતું, વિ૦ અટકચાળું.

અળવી, સ્ત્રી૦ એક જાતનું કન્દ મૂળ; અળુનાં પાતરાંનો કન્દ.

અળસિયું, ન૦ વરસાદના દાડામાં લાબ્બાં ને પાતળાં નાનાસાપના જેવા જન્તુ થાયછે તે.

અળસી, સ્ત્રી૦ એક જાતનો છોડ અને તેનાં બિયાં.

અળાઈ, સ્ત્રી૦ ગરમીને લીધે શરીર ઉપર જે ઝીણી ઝીણી ફોલ્લીયો થાય તે.

અળાયો, પુ૦ અલ્લાયો.

અળુ, પુ૦ એક જાતનો છોડ અથવા તેના પાતરાં.

અળુખડાં, ન૦ અળુની જે નાની નાની ગાંઠ તે. ૨ અળોકડાં.

અળોકડાં, ન૦ એક જાતનો કન્દ; પરેટો; બટાટો; અરબ્બી.

આ

આ, પુ૦ [સં૦] બીજો મૂળાક્ષર; પેલો દીર્ઘસ્વર. (અ ટુંકો ને આ લાંબો).

આ, અ૦ [સં૦] ઓછું. ૨ વિસ્તાર. ૩ હદ; સીમા.

આઉં, અ૦ બસ; થયું. ૨ વારુ; હો.

આઉંસ, પુ૦ [અં૦] તોળવાનું અંગ્રેજી એક માપ. એક પૌણ્ડ-રતલનો સોળમો ભાગ (ગાંધીને ત્યાં) અથવા એક પૌણ્ડનો બારમો ભાગ (વૈદ; સોની, ઝવેરીને ત્યાં.)

આંક, પુ૦ [સં૦ અઙ્ક] સઙ્ખ્યાની નિશાની; આંકડો-૧, ૨, ૩, ૧૦, વગેરે. ૨ સઙ્ખ્યાના ગુણાકારના વર્ગ; જેમકે વીસ આંક. ૩ ભાવ; મૂલ-સઙ્ખ્યા રૂપે. જેમકે સાંકળાંના સોનાંનો ૧૭ નો આંક પડેછે. આંકપાડવો-મૂલ નક્કી કરવું, કિમ્મત કેવી. ૪ નિશાની; ચિન્હ. ૫ સુમાર; અડસટ્ટો; એસ્ટિમેટ. ૬ [સં૦ અક્ષ] ગાડાની નીચે જે લાંબાં લાકડાંને બેહુ છેડે પૈડાં ભરવેલાં હોય છે તે; ધુરી; આંસ. સ્ત્રી૦ આંકચાળણી-આંકે ચાળેલો લોટ.

આંકચાળણી, સ્ત્રી૦ ચાળવાસારૂ જે થાળીમાં ઝીણાં કાંણાં હોય તે.

આંકડા, પુ૦ એક દશ સો હજાર વગેરે સઙ્ખ્યાને માંડવાની રીત; પરિમાણ. તે આંકડા શિખેછે.

આંકડી, સ્ત્રી૦ એકાદિ ધાતુનો વાળેલો જે છેડો-કકડો તે. ૨ પેટમાં અમળાવી ઉછાળા મરાવે તેવી રીતનું જે દુઃખ તે; ચૂંક; સૂળ. ૩ આચકા આવી અવાચક ને સુડ થઈ જવાય તે રોગ.

આંકડો, પુ૦ સઙ્ખ્યાની નિશાની—૧, ૨, ૩, વગેરે. ૨ ગણતરી; મૂલ-સઙ્ખ્યા રૂપે. ૩ લેણ દેણ સમ્બન્ધી ગણેલો હિસાબ. આંકડો કરવો કેવાયછે. ૪ છેડેથી વળેલું એવું જે કંઈ તે. ભીંત પાડવાનો-વીછુનો-દુલચોકડાંનો મૂછનો આંકડો.

આંકણી, સ્ત્રી૦ લાકડાં અથવા ધાતુની જે ચપટી અથવા ગોળ લાકડીએ લીટી દોરવામાં અથવા નિશાની કરવામાં આવેછે તે; રૂલર. ૨ આંકવાની જે રીત તે. ૩ આખ્યાનનું કડવું (ગોરજીની કવિતામાં).

આંકણું, ન૦ કોરવાનું ઓજાર.

આંકવું, ક્રિ૦ સ૦ મૂલ ઠેરવવું; કિમ્મત કરવી. ૨ લીટી દોરવી-પાડવી. ૩ નિશાની કરવી. આંકેલો ગોધો એટલે કોઈ ખાંસી ન કરે માટે ડામીને નિશાની કરીને માજનનો કરેલો.

આંકો, પુ૦ લીટો; નિશાની. આંકો કરવો-પાડવો. સેવૈના પાટિયાં ઊપર જે લીટા રૂપ કોરેલું હોય તે.

આંકોસિયાં, ન૦ પાંસળાં. પાણી કાડતાં આંકોસિયાં ઉંચાં આવ્યાં.

આંખ, સ્ત્રી૦ [સં૦ અક્ષિ] શરીરની જે ઈન્દ્રીયે કંઈ પણ વસ્તુ જોવાય છે તે. નાકની આજુબાજુએ ઉપરથી બે આંખ હોય છે. આંખથી રૂપ રઙ્ગ આકાર ઓળખાય છે; નેત્ર; નયન. નેન; ચક્ષુ; ચસ્મ. ૨ જોવાની શક્તિ; નજર. આંખઆવવી—ગરમી વગેરેથી આંખ લાલ થઈ સુઝી આવવી; આંખ ચડી આવવી-દુખવા આવવી. આંખ ફાડવી-ધમકાવવું; બિવડાવવું; ડોળા કાડવા. આંખતરવી-આંખ પાણીભરી થવી ને ચકચકવી (તાવ આવતાં પેલાં અથવા નિશાથી). આંખફુરકવી-આંખનાં પોપચાંબે રૂઈ રૂઈને ઝડપથી ફ્રુજવું. (ડાબી ફરકે તે સ્ત્રીને અને જમણી ફરકે તે પુરુષને સારી એમ કેવાયછે). આંખ ફરવી-ક્રોધથી. આંખ મારવી-ઈશારત કરવી. આંખમાં-આંખે આવવું એટલે કંઈક અદેખાઈની સાથે બીજાનું કંઈ લેવાની દાનત થવી. આંખ ચોરાવવી-છેતરવું.

આંખચાંદલો, પુ૦ રૂડે અવસરે સ્ત્રિયોને કપાળે ને ગાલે ઝાડ પશુ પક્ષિ વગેરેનાં જે ચિત્રો (ગુંદર ને બાળેલાં સોપારીથી) કાડી તે ઉપર ટપકી કટોરી ચોડવામાં આવેછે તે. આંખચાંદલો કરવો—કરાવવો.

આંખડલી-ડી, આંખ.

આંખનીઆડ, સ્ત્રી૦ ગિલ્લી દણ્ડાની રમતમાંનો એક દાવ. આંખ ઊપર ગિલ્લી મુકી દણ્ડે મારી ઉરાડવી તે.

આંખમીચામણાં, ન૦ આંખ મીચવી તે. ૨ ઈશારત; સાન; સમસ્યા.

આંખલડી, આંખ. (કવિતામાં).

આંગ, ન૦ શરીર; દેહ; બદન. આંગપર આપવું—સાનમાં કંઈ રાખ્યા વગર રોકડ નાણું આપવું—આંગપર આવવું-શરીર ઉપર ધસારો-હુમલો કરવો.

આંગડ, સ્ત્રી૦ ડાગીના નગદી રૂપીયા વગેરે જે કંઈ કિમતી વસ્તુ વિસ્વાસુ નોકરને આંગે બન્ધાવી બીજે ઠેકાણે મોકલી હોય તે.

આંગડિયો, પુ૦ એક ઠેકાણેથી બીજે ઠેકાણે આંગડ લઈ જનારો હથિયારવાળો પુરુષ-ગુજરાતમાં ક-

ણુબી, ભીલ, રજપૂત વગેરે એ કામ કરેછે.

આંગણ-ણું, ન૦ ઘરનાં બારણાં આગળની ખુલ્લી જે જગા તે.

આંગળ, ન૦ આંગળો. ૨ લમ્બાઈનું એક માપ-મુઠીનો ચોથો ભાગ. ૩ વેપારી લોકમાં, ૧૦ ની સંગ્યા.

આંગળતોડો, પુ૦ પાણીમાં રેનારો એક જાતનો જીવડો.

આંગળિયું, ન૦ નાતરાંની બૈરી પોતાના આગલા ધણીથી થએલાં જે છોકરાંને નવે ઘેર આંગળિયે વળગાડીને લેતી આવેલી હોય તે છોકરૂં.

આંગળી, સ્ત્રી૦ [સં૦ અઙ્ગુલી] હાથના પગ બનાં હથેલી સિવાએના જે પાંચ છુટા અવયવો તેમાંનો જે અકકો તે. ૨ અઙ્ગુઠા સિવાએના જે ચાર તેમાંનો અકેક. ગુજરાતીમાં એ ચાર આંગળી મધ્યે છેલ્લી જે નાની તેને ટચી-ટચલી આંગળી અને સહુથી મોટીને વચલી આંગળી કરીને કેછે. બાજી એનાં નામ નથી. આંગળીનાં નામ સંસ્કૃતમાં આ પ્રમાણે છેઃ અઙ્ગુષ્ટ, તર્જની, મધ્યમા, અનામિકા અને કનિષ્ઠિકા. આંગળી કરવી-મુંકું કર્મ કરનાર તે આ છે એમ કોઈને દેખડાવવું. ૨ આળા પાડવા. ૩ ગાંડઆંગળી કરવી (ગાંડ શબ્દ જોવો). તેની સામાં આંગળી થાયછે-તેની ફજેતી થાયછે.

આંગળું, ન૦ આંગળી.

આંગી, સ્ત્રી૦ જાડા કાગળ ઉપર રજ઼ં રજ઼ંનાં ધાતુપાનાં લગાડીને બનાવેલો જે ઘાટ માતાના થાનક-ગોખ-ગોખલામાંચોડેલો હોય તે. તેણે આંગીચડાવી એમ કેવાયછે. ૨ કોરી ચોખાનીનું માત્ર દોરાભરી સીવી લીધેલું (ઓટ્યા વગરનું) જામાનાં પોણિયા જેટલું જે વસ્ત્ર પરણનાર પુરુષ મોસાળથી આવેલું પેરેછે તે. આંગી મોકલવી-પેરવી-પેરાવવી.

આંચ, સ્ત્રી૦ કંઈક દઝાય તેવી અગ્નિ-દીવાની જે ગરમી લાગવી તે. (ઉનીની આંચ પણ કેવાયછે). ૨ જોખમ; નુકસાન; ભય; આપદા; ડાઘ; ગોદો. 'સાચને આંચ નથી' એમ કેવત ચાલેછે.

આંચણ-ળ, ન૦ પશુ જાતીમાં માદા પોતાના જે અવયવ વડે પોતાનાં બચ્ચાંને ધવડાવેછે તે. કેટલાંકને ચાર જ ને કેટલાંકને વધારે આંચણ હોયછે. ૨ આંચણનો સમુદાય તે. ૩ અસભ્ય જનવર્ગમાં સ્ત્રીનાં સ્તન પણ વેળાએ આંચણ કેવાયછે.

આંચણી-ળી, સ્ત્રી૦ અસતાઈ; મોરો; ટેક. ૨ પાત કરતાં વચમાં વચમાં એકાદા નિરર્થક શબ્દને વારે વારે બોલવાની જે ટેવ પડી ગઈ હોય તે. બાઈને કહું, સમજ્યાકે, સાહેબલી મધે ઈ૦.

આંછ, સ્ત્રી૦ ઝાંખ; છારી.

આંજણ, ન૦ [સં૦ અઞ્જન] આંખમાં ઘાલવું તે; આંજે ચોપડવું તે. ૨ કાજળ; સુરમો; ઓસડ. ૩ છેતરવું તે.

આંજણી, સ્ત્રી૦ અપચ્યાને લીધે આંખની કોરણ ઉપર જે રાતી ફોલ્લી થઈ આવે તે.

આંજવું, ક્રિ૦ સ૦ આંખે કાજળ, સુરમો, ઓસડ વગેરે લગાડવું. ૨ છેતરવું; ઠગવું; ફસાવવું; ભોળવીનાખવું. ૩ શરમીન્દુ પાડવું; ઝાંખું કરવું; ડાંફો નાખવું; પાણી ભરાવવું.

આંજિયું, ન૦ જુવારનાં કણસામાં એક જાતનો રોગ થવાથી જુવારના દાણા બન્ધાવાને બદલે તે ઓરાંમાં કાજળો વળીજાયછે તે; અંગારો. ૨ ખરાબ થઈ જવું તે; નુકસાની.

આંટ, સ્ત્રી૦ ગાંઠ; આંટી. ૨ અચોઠી; અટકળ. ૩ કીનો; અડ; વેર. ૪ ટેક; વટ; સાખ; ધીર; સાહુકારી; આબરૂ.

આંટણ, ન૦ સકત દબાણથી આમડીનું જે ચમ્પાઈ જવું અથવા ચમ્પાઈ નિકળી જઈ કઠણ થવું તે. આંટણ પડવાં કેવાયછે.

આંટી, સ્ત્રી૦ એક વસ્તુમાં બીજીનું જે ભેરવાઈ રેવું તે-પગની-જનોઈની આંટી. ૨ જે ઉપર રેંટીઆપરનું સુતર ઉતારી લેછે તે; ફાળકો. ૩ એ ફાળકાપર જે સુતર તે. ૪ ગાંઠ. ૫ વેર; કીનો; મનમાં ગાંઠ વાળવી તે. ૬ ફાંસો; પેચ.

આંટો, પુ૦ જ્યાંથી શરુ ત્યાં પાછું આવી રે એવું ગોળ ચક્કર જેટલું જે તે—પાઘડીનો આંટો. ૨ ફરીઆવવું તે; ફેરો. આંટો મારિઆવવો-ખાધો એમ કેવાયછે.

આંડ-ડો-ડુઓ, પુ૦ [સં૦ અણ્ડ] વૃષણ; ખ્પાયો; ખુસિયો; ગોળી; બારદાન.

આંતડી, સ્ત્રી૦ આંતરડી.

આંતડી-રડી, સ્ત્રી૦ દીલ; હૈયું; કાળજું. ગરીબની આંતરડી કકળાવીશ નહિ. આંતરડી બળેછે.

આંતરડું-રડું, ન૦ [અન્ત્ર] પેટના ડાબા છેડાથી તે ગાંડની ફુલ્લી લગીની જે નળીમાં નરક રેછે અને જેમાંથી તે નીચે ઉતરેછે તે.

આંતરવું, ક્રિ૦ સ૦ પડદો ભરવો; અન્તર કરવો;

બેની વચમાં કંઈ નાખીને તે બેને જુદાં પાડવાં. ૨ ઘેરી લેવું.

આંતરસીવો, પુ૦ બરોબર બેસતું કરવાસારૂ અન્દરથી જેટલું સીવી લીધેલું તે.—ડગલીની બાંય, ટોપી, કાંચળી વગેરેને આંતરસીવો દેવાયછે. આંતરસીવા સેલથી ફાડા પણ નખાયછે.

આંતરી, સ્ત્રી૦ ધોતિયું, પીછોડા-ખેસ વગેરેના છેડા ઉપર અન્દરથી રેસાઓ કાડીને તેને વણીને બનાવેલી જે ઝૂલ તે.

આંતરે, અ૦ વચમાં કંઈ રાખીને; અન્તરે. અકેક દાડાને આંતરે એટલે વચમાં એક દાડો મુકી દઈને. એકાંતરિયો તાવ વગેરે.

આંતરો, પુ૦ અન્તર; છેટું; જુદાઈ. ૨ વચમાં ભરી લીધેલો જે પડદો તે. આંતરો ભરવો-કરવો. ૩ જુદું પાડવાસારૂ કરેલી જે નિશાની તે. આંતરો કરવો.

આંધળું, વિ૦ અન્ધ. આંધળાને પાથરણે વાણું વાય. આંધળીસાથે છિનાળું ને ઘર લગી વળાવું. આંધળાં ભેંસે મોઢવું દીઠું. આંધળા ચોરે ચાંદરણું દીઠું. આંધળામાં કાણો રાજિયો. આંધળો દળે કે ગાય. આંધળાના હાથમાં આરસી. આંધળાની ગાયને અલ્લાનાં રખોપાં. આંધળાં લુલાં સમ્પે નીભે.

આંધી, સ્ત્રી૦ વણટોળિયો; વાવાઝરડું. "ત્રાહ ત્રાહ થયું બ્રિજપુરમાંહે, આંધિ ધુળકોટ ચારે પાસ" (પ્રેમાનન્દ). વિ૦ જબરું; લટ્ટ (ખાવે-કામ કરવે). "પત્તાલકો આંધી, ઓર ભિટકો સીતલ."

આંધ્ર, સ્ત્રી૦ છાતી રુંધાય ને દમ ભરાઈ જાય તે રોગ. ૨ ઉપરા ઉપરી દમ ચાલવો તે; શ્વાસોશ્વાસ (મરતી વેળા).

આંકલુંકાંકલું, વિ૦ બાવરું; ગભરાયલું; બેબાકળું.

આંકીજવું, ક્રિ૦ અ૦ મોટી મેનતે શ્વાસ લેવો. ૨ થાકી જવું. ૩ હારી જવું. [વો.

આંકીજવું, ક્રિ૦ અ૦ મેનતથી શ્વાસ ભરાઈ આવ-

આંબટ, વિ૦ ખાટું (સવાદમાં).

આંબફૂળ, ન૦ કેરી.

આંબવું, ક્રિ૦ સ૦ પોંચવું; અડકવું.

આંબા, પુ૦ કેરીયો.

આંબાગાળો, પુ૦ ખસુસે કેરી અને કેરીનો રસ ખાવાસારૂ સગાંવાલાંએ એકઠાં મળી સુન્દર ભોજન કરવું તે. [એ સારો પિમળે છે.

આંબામોર, પુ૦ આવાના ચોખાની એક જાત છે,

આંબાવાડિયું, ન૦ આંબાના ઝાડોવાળું જે નાનુ ખેતર તે. [હોય તે; અમરાઈ.

આંબાવાડી, સ્ત્રી૦ જે ખેતર-વાડીમાં પુષ્કળ આંબા

આંબાશાખ, સ્ત્રી૦ ડાળ ઉપરજ ગળવા આવેલી કેરી; સાખિયાં.

આંબાહુળદ-ર, સ્ત્રી૦ એક વનસ્પતિ-ઓસડ દાખલ, અથાણા દાખલ અને કઢીમાં મસાલા દાખલ કામમાં આવેછે.

આંબેલ, ન૦ શ્રાવક લોકોમાં એક વરત છે. એક ટંકું લુખું ખાવું અને ઊનું પાણી પીવું (આંબલ). ૨ આમળ.

આંબો, પુ૦ [સં૦ આમ્ર] એક ઝાડ.-એ ઊનાળામાં અને ચોમાસાંની શરુઆતમાં ફળેછે. એનાં ફળ કેરીને નામે ઓળખાયછે.

આંબોઇ, આંભોઇ.

આંબોળિયાં-લિયાં, કાચી કેરીના કકડા કરી સુકવી રાખેલા તે-એ દાળ શાકમાં આમલીને ઠેકાણે વપરાયછે.

આંભોઇ, સ્ત્રી૦ દુંટીની અન્દરથી રૂપલી સઘળી રગોનાં બન્ધારણરૂપ જે લોહી ભરી ગાંઠ તે; પેચોટી. આંભોઈ ખસવી-મરવી કેવાયછે.

આંભોઇખસવી, ક્રિ૦ અ૦ દુંટીની નીચે દુઃખ થવું.

આંમલી, સ્ત્રી૦ એક ઝાડ અને એના ફળ. એ ફળ, શાક દાળ વગેરેમાં નાખવામાં આવેછે.

આંમળી, સ્ત્રી૦ એક જાતનું ઝાડ.

આંમળું, ન૦ આંમળી નામના ઝાડનું બોરના આકારનું જે પીળું ખાટું ફળ તે.

આંસ, ન૦ જે લાંબાં લાકડાંને છેડે પૈડાં ભેરવેલાં હોયછે તે; આંક; ધરી. [પાણી નિકળે તે.

આંસુ, ન૦ [સં૦ અશ્રુ] આંખમાંથી જે ખારૂં ઊનું

આંસુડાં, ન૦ આંસુ.

આંસુઢાળ, વિ૦ જે ઘોડું ઉભું રહ્યા પછી આંખ મીચે અને તેની અન્દરથી પાણી ઝરે તે.

આ, સ૦ પાસેની વસ્તુ દેખડાવનારો જે શબ્દ તે. (જગા-વખત સમ્બન્ધી).

આઃહા, અ૦ આશ્ચર્ય સૂચક શબ્દ.

આઇ, સ્ત્રી૦ મા; જણતી; જીજી; માવડી. "આઈ વાલી કે ખાઈ" એ કેવત છે. [ના વગર.

આઇતું, વિ૦ તૈયાર; તૈયાર થયલું. ૨ મફત. ૩ મે-

આઇન, પુ૦ [ફા૦] કાયદો; ધારો—(આઈન અકબરી); ૨ રિવાજ; રસમ.

આઇસ, ન૦ [અં૦] અતીસે ટાઢ પડવાથી નદી સ-રોવરનું પથ્થર જેવું બન્ધાઇ ગયલું જે પાણી તે; બરફ; પાલો.

આકડો, પુ૦ [સં૦ અર્ક] એક જાતનું ઝાડ અને તેનું ફૂલ.-ડાળી અથવા ફૂલ તોડવાથી ચિકણું દૂધ નિકળેછે. એની દોડીમાંથી ઝીણું રૂ ઉડેછે જેને તુર કરીને કૃછે. એ ફૂલ મહાદેવને ઘણાં પ્રિય છે.

આકમ્પિત, વિ૦ ધા૦ [સં૦] હલાવેલું; ધ્રુજાવેલું; ધ્રુજેલું; હાલતું.

આકર, પુ૦ [સં૦] ખાણ; મોટો ખાડો. (રત્નાકર). ૨ જથ્થો.

આકરશવું, ક્રિ૦ સ૦ આકર્ષણ કરવું; ખેંચવું; તાણવું.

આકરૂં, વિ૦ વધારે ગરમ થયલું; કઠણ. ૨ ખામોશ ન ખાઇ જાય તેવું; તરત ગુસ્સે થઇ જાય તેવું; મિજાજી. ૩ ઉતાવળું; અધીરૂં. ૪ ભાવ વધેલું; ચડી ગયલું; તેજી; મોઘું (પીઠ; બજાર). ૫ નરસી વસ્તુના વધતા ભિસવાળું (આકરો રૂપિયો).

આકર્ણ, અ૦ [સં૦] કાન સુધી.

આકર્ષ, પુ૦ [સં૦] ખેંચ; તાણ; આકર્ષણ.

આકર્ષક, વિ૦ [સં૦] ખેંચનારૂં; તાણનારૂં. ૨ મનમોહન; લોભાવે તેવું.

આકર્ષણ, ન૦ [સં૦] ખેંચ; તાણ. ૨ સઙ્કોચાવું તે. ૩ ખેંચવાની જે શક્તિ તે. ૪ ખેંચવાનો જે ધર્મ તે. ૫ મોહક ગુણ; વશીકરણ. સ્નેહાકર્ષણ-પ્રેમ સ્નેહથકી ખેંચાવું-આધીન થવું તે. પદાર્થોમાં આકર્ષણ —ખેંચવા ખેંચાવાનો ધર્મ મુખ્યત્વે કરીને પાંચ રીતે રૂપલોછે: ૧ ગુરુત્વાકર્ષણ,—જે ધર્મથી સર્વ વસ્તુ ભૂમિ ઉપર પડેછે તે. ૨ સ્નેહાકર્ષણ—જે ધર્મથી પદાર્થના પરમાણુઓ એક બિજાને ખેંચી રાખેછે તે. ૩ રસાયનાકર્ષણ—જે ધર્મથી જુદી જુદી જાતના પદાર્થો એકઠા મળેથી એક જુદીજ જાતનો નવો પદાર્થ બનેછે તે. ૪ લોહચુમ્બિતાકર્ષણ—જે ધર્મથી લોહચુમ્બક પથરો લોઢાને અથવા તીખાંને પોતાની તરફ ખેંચી લેછે તે. ૫ વૈદ્યુતાકર્ષણ—જે ધર્મથી પદાર્થોમાં વિજળી ઉત્પન્ન થાયછે તે અથવા વિજળીના જે ધર્મથી વસ્તુમાં આચકા તાણ વગેરે થાયછે તે.

આકર્ષિત, વિ૦ ધા૦ [સં૦] ખેંચેલું; તાણેલું. ૨ સઙ્કોચાયલું.

આકલિત, વિ૦ ધા૦ [સં૦] રૂંધાયલું; કેદ થયલું. ૨ સમાયલું; માંય આવેલું. ૩ સમજાયલું.

આકલ્પ, અ૦ [સં૦] એક કલ્પ સુધી.

આકસબાકસ, ન૦ આ તે; જે તે; ગમે તે; પરચૂરણ. તે આકસબાકસ ખાયાં કરેછે.

આકસ્મિક, વિ૦ [સં૦] એકા એક; અચાનક.

આકળવિકળ, વિ૦ [સં૦ આકુલ વ્યાકુલ] ગભરાયલું; બાવરું; આકળું; દુઃખથી અકળાઇ ગયલું.

આકળું, વિ૦ અધીરૂં; ઉતાવળું. ૨ ગુસ્સે ભરાયલું; તાતા સ્વભાવનું; ગરમ તબિયતનું. ૩ ગભરાયલું.

આકાઙ્ક્ષા, સ્ત્રી૦ [સં૦] ઇચ્છા; ઉમેદ; આશા. ૨ ગરજ; તઙ્ગી; જરૂર. ૩ શઙ્કા; સન્દેહ.

આકાર, પુ૦ [સં૦] લમ્બાઇ પોળાઇથી થયલું જે રૂપ તે; આકૃતિ; ડોળ; સુરત; શિકલ; ચેહેરો; કાલબુદ. ૨ દેખાવ. ૩ ચિન્હ; નિશાની; છાપ. ૪ મૂર્તિ; પૂતળું. ૫ સુમાર; અડસટ્ટો. ૬ સ્વરૂપ વિચાર; કલ્પના (આ; કૃ-કરવું).

આકાશ, ન૦ [સં૦] જેમાં કંઇજ નથી તે; પોલાણ; પોકળી. પૃથ્વિ, પાણી, તેજ, વાયુ એ ચારથકી જે જાદુંજ રૂપલું છે તે; પઞ્ચ મહાભૂત-તત્વમાનું એક પૃથ્વિની ઉપર ઊંચે આકાશ ને નિચે પાતાળ. ૨ પૃથ્વિ અને છેક ઉપર જ્યાં સૂરજ તારા વગેરે દેખાયછે તે બેની વચમાંનો વાયુ હવાવાળો જે પ્રદેશ તે. ૩ કોઈ પણ ખાલી જગા તે.—ઘટાકાશ; મઠાકાશ. ૪ હવા. ૫ શૂન્ય; મીંડું. અજ્ઞાની લોકો એમ સમજેછે કે જે ઠેકાણે સૂરજ તારા વગેરેછે તે જડ પરસબન્ધી હશે પણ તેમ નથી. ત્યાં કંઇજ નથી.—હવા પણ નથી. સૂરજ તારા અધ્ધર લટકતા છે ને જે રઙ્ગ દેખાયછે તે વચમાંની હવાને લીધેછે. ગગન; નભ; ખ; અમ્બર; આસમાન.

આકાશકક્ષા, સ્ત્રી૦ [સં૦] આકાશનો કમરપટો; જે ગોળ લીટી આકાશ અને પૃથ્વિનું મળવું દેખાડાવેછે તે; દિગન્ત લીટી.

આકાશગઙ્ગા, સ્ત્રી૦ [સં૦] આકાશમાં રાતે જે લાંબો સફેત અને ચળકતો લીસોટો નદી આકારે પડેલો દેખાયછે તે.—દુરબીન મારફતે જોયાથી માલમ પડેછે કે એ લીસોટો ઝીણા ઝીણા તારાઓના સમુદાયથકી થયલોછે.

આકાશચલ્લી, સ્ત્રી૦ મદારી લોકો ઘણાં ઊંચાં થાંભલાની ટોચ ઉપર જે આદમીને ચડાવેછે અને જે પછી ઘણોજ નાનો ચલ્લી સરખો દેખાયછે તે. ૨ મદારીની એક રમત.

આકાશદીપ-વો, પુ૦ ઘણું કરીને કારતક મહિનામાં ઘરની અગાસીમાં અથવા તેવે ઊંચે ઠેકાણે એક

કાઠી રાખી તેની ટોંચે અથવા ઝાડ ઉપર જે દીવો રાખવામાં આવેછે તે; આકાશમાં લટકતો જે દીવો તે.

આકાશપન્થ, પુ૦ આકાશમાં જે માર્ગ-રસ્તો તે: ૨ આકાશનો માર્ગ (પૃથ્વિ ઉપર નહિ).

આકાશભાષણ, ન૦ [સં૦] આકાશનાં સામું જે ભાષણ કરવું તે. (નાટકમાં).

આકાશમાર્ગ, પુ૦ આકાશપન્થ. [રેછે માટે.

આકાશમુનિ, પુ૦ [સં૦] ઊંટ-એ ઊંચુંજ જોયાં ક-

આકાશયાન, ન૦ આકાશ મારગે જે વાહન જઈ શકે તે; વિમાન; બલૂન.

આકાશવાણી, સ્રી૦ આકાશમાંથી જે બોલવું થાય તે; બોલનાર નજરે ન પડે તેવી રીતનું જે બોલવું થાય તે.

આકાશવાસી, વિ૦ [સં૦] આકાશમાં રેનાર.

આકાશવૃત્તિ, સ્રી૦ [સં૦] જે આમદની નિમસર આવતી નથી તે; ક્યાંથી ક્યારે ને કેટલી થશે એમ આગળથી ન કઈ શકાય તેવી જે પેદાશ તે; નિયમિત વૃત્તિ નહિ તે.

આકાશવેલ, સ્રી૦ ઝાડ ઉપર એક વેલી ઉત્પન્ન થાયછે જેને મૂળિયું હોતુંજ નથી; અમરવેલ.

આકાશી, વિ૦ [સં૦ આકાશીય] આકાશ-હવા સમ્બન્ધી; આકાશમાં રેનાર. [આસ્થા; ભાવ.

આકીન, ન૦ [આ૦] ભરોંસો; વિશ્વાસ; પતીજ. ૨

આકીનદાર, વિ૦ વિશ્વાસુ; ભરોંસાદાર; પતીજવાળું.

આકીર્ણ, વિ૦ [સં૦] એકઠું થયલું; ભરેલું; મચેલું; વ્યાપ્ત.

આકુઞ્ચન, ન૦ [સં૦] સંકડાઈ જવું તે; છેકજ પાસે પાસે આવી જઈ નાનું થઈ જવું તે.

આકુણ્ઠિત, વિ૦ [સં૦] જેનું ગળું બન્ધ થઈ ગયલુંછે તેવું. ૨ વાદવિવાદમાં હારી ગયલું તેવું; અવાક; લજ્જિત.

આકુદિ, સ્રી૦ ભાંગનું ઘી કાડી તેમાં વસાણાંની મેળવણી કરીને જે કેફી વસ્તુ તૈયાર કરેલી હોય તે.

આકુળ, વિ૦ [સં૦ આકુલ] ગભરાયલું; ગાભરું.

આકુળવ્યાકુળ, વિ૦ આકળવિકળ. [ડોળ.

આકૃતિ, સ્રી૦ [સં૦] આકાર; મૂર્ત્તિ; ચેહેરો; શીકલ;

આકૃષ્ટ, વિ૦ ધા૦ [સં૦] ખેંચેલું; તાણેલું; આકર્ષિત.

આકિબત, સ્રી૦ [આ૦] આખેરી; સમાપ્તિ; છેડો. ૨ ભવિષ્યકાળ; ભાવી.

આકેદ, પુ૦ [અ૦] કાયદો; ધારો.

આક્ટિંગ, વિ૦ [અં૦] થોડી વાર કોઈને સારુ કામ કરનાર; કામ ચલાઉ; અવેજી.

આક્રન્દ, ન૦ [સં૦ આક્રન્દન] રડારડ; ઘણાંજ જોરથી બુમ પાડીને રડવું તે; કલ્પાન્ત; કલકલાણ.

આક્રમ-ણ, પુ૦ [સં૦] પરાક્રમ, ઉત્કર્ષ. ૨ ચડવું તે; ઉપર થઈ જવું તે. [થયલું.

આક્રાન્ત, વિ૦ ધા૦ [સં૦] પસાર કરેલું. ૨ સરસ

આક્ષિપ્ત, વિ૦ ધા૦ [સં૦] અડચણ કરેલું; હરકત ભરેલું; વાંધા વાળું; તકરારી.

આક્ષેપ, પુ૦ [સં૦] કોઈ કામ પછવાડે લાગુ રેવું તે; અભ્યાસ; માવરો; મેનત; ચાનક; ખેપ. ૨ ખેંચવું તે. ૩ વાંધો; હરકત.

આક્સિજન, ન૦ [અં૦] એક જાતની ન દેખાતી, ગન્ધ વનાની હવા; એક વાયુરૂપ તત્વ; પ્રાણી જીવેછે અને દીવા બળેછે તે એ હવાને યોગે. સાધારણ હવા મુખ્યત્વે બે તત્વના મેળથી બનેલીછે. આક્સિજન અને નાઈટ્રોજન. ૧૦૦ ગ્રેન હવામાં ૨૩ ગ્રેન આક્સિજન અને ૭૭ ગ્રેન નાઈટ્રોજન હોયછે.

આખડવું, ક્રિ૦ અ૦ અહીંથી તહીં તહીંથી અહીં એમ આવવું જવું; ફેરા કરવું; રખડવું; ભમવું; ભટકવું.

આખડી, સ્રી૦ કોઈ પણ ફળની પ્રાપ્તિ કરીલેવાસારુ દેવ પિતૃ વગેરેના બન્ધનમાં રેવું તે; બાધા.

આખર, સ્રી૦ [આ૦] છેડો; સમાપ્તિ; અન્ત. અ૦ છેલ્લો વારે; આખર. સરવાળે; શેવટે.

આખરવું, ક્રિ૦ સ૦ અથકવું. [લની આખર.

આખરસાલ, ન૦ વરસનો છેલ્લો ભાગ-મહિનો. સા-

આખરે, અ૦ અન્તે; શેવટે. [બેલ; ગોધો; સાંડ.

આખલો, પુ૦ ખાંસો કસ્યાવનાનો રઝળતો માતેલો

આખળિયા, પુ૦ જે ગોળ લાકડાંનાં કકડા ઉપર રેશમી વણવામાં આવેછે તે.

આખા, પુ૦ અક્ષત ઉતારવા તે.

આખાખાઉ, વિ૦ થોડું નહિ પણ એકદમ ઘણું ખાઈજનાર. (લાંચમાં)

આખાડ, પુ૦ [આષાઢ] સંવત વર્ષનો કારતકથી ગણતાં નવમો અને શક વર્ષનો ચૈતરથી ગણતાં ચોથો મહિનો.

આખાડભૂતી, વિ૦ આખાડ મહિનામાં થયલું. (આષાઢી પૂનેમે કોઈ ઠગે સન્યાસીને ઠગવાને સન્યસ્ત લીધેલું તે ઉપરથી) અસલના વખતમાં એ નામ-

મો કોઈ લુચ્ચો બટકલો ઠગ હશે તે ઉપરથી એ શબ્દ, લુચ્ચા, ઠગનાર, ધુતનાર એવા માણસને લગાડવામાં આવેછે. ૨ ધર્મને બાને ઠગાઈ કરનાર.

આખાડા, પુ૦ અખાડા.

આખાડાકાન, અખાડા શબ્દની વ્યાખ્યા જોવી.

આખી, સ્ત્રી૦ અક્ષત ઉતારવા તે; દાણા વાળવા તે.

આખું, વિ૦ [સં૦ અક્ષત] જેના ભાગ-કકડા નથી તેવું; બધું; સઘળું; તમામ; કુલ; સર્વ; સઘળું.

આખુન-જી, પુ૦ [ફા૦] ઉસ્તાદ; શિખવનાર; મેહેતાજી.

આખેટ, પુ૦ [સં૦] શિકાર; મૃગયા.

આખેર, સ્ત્રી૦ આખર.

આખ્યા, સ્ત્રી૦ [સં૦] વિદ્યા ગુણ કર્મ ઉપરથી થયલી જે પ્રસિદ્ધિ તે; નામ; વખાણ; સ્તુતિ; આબરૂ. ૨ ગુણ કર્મ ઉપરથી જોડાયલું જે ઉપનામ તે; સંજ્ઞા; ઓખર; અટક.

આખ્યાન, ન૦ [સં૦] કોઈ પણ જનના ગુણનું જે કથન તે; કથાનક; કથા; વખાણ; વર્ણન; વૃત્તાન્ત; ચરિત્ર; બયાન.

આગ, સ્ત્રી૦ [સં૦ અગ્નિ] નિકળતી જે ગરમી અને રોશની તે; ભડકો; તાપ; જવાળા;. ૨ આતશ; દેવતા; વરતેવ; (પછી ભડકો હોય કે ન હોય). ૩ ગરમી; આંચ; ઉષ્ણતા; તાપ; બળતરા; અન્દર અથવા બાર આતશથી અથવા આતશના જેવી વસ્તુથી થતી અસર. ૪ આવેશ; જોસ્સો; ઉત્સાહ. [ગાડી.

આગગાડી, સ્ત્રી૦ વરાળ-બાફના જોરથી ચાલતી

આગતાસ્વાગતા, સ્ત્રી૦ [સં૦] મળવા અથવા જમવા આવેલા ગૃહસ્થને-પરોણાને સામાં જઈ તેડી લાવવો, ઠીકઠાક બેસાડવો, વિવેકથી સેવા કરવી વગેરે જે માન આપવું તે; આદરમાન-સત્કાર; પરોણાચાકરી.

આગન્યા, આજ્ઞા.

આગબોટ, સ્ત્રી૦ જે પૈડાંવાળું વાણ વરાળયન્ત્રના જોરથી દરીયાની વાટ જલદી કાપેછે તે.

આગમ, પુ૦ [સં૦] કોઈ પણ શાસ્ત્ર. ૨ વેદ; ધર્મશાસ્ત્ર. ૩ મન્ત્ર શાસ્ત્ર. ૪ પ્રારમ્ભ; આદિ અવસ્થા. ૫ આપવું તે; મિત્રભાવે આવી પાસે બેસવું તે. ૬ જાત.

આગમચ-જ, અ૦ આગળથી; પેલેથી; અગાઉથી.

આગમન, ન૦ [સં૦] આવવું તે; આવીપોચવું-મળવું તે.

આગમનિર્ગમ, પુ૦ [સં૦] શરૂઆત અને છેડો; પ્રારમ્ભ અને સમાપ્તિ; કારણ અને કાર્ય. અગમનિગમ એ આગમનિર્ગમનો અપભ્રંશ છે.

આગરુ, પુ૦ મોડું ગન્ધાયાં કરે તેવો એક રોગ.

આગલું, વિ૦ મુખ્ય; બારપડતું; મોખરાનું. ૨ અગાઉ બનેલું. ૩ પ્રથમનું.

આગમાળું, ન૦ દાળ ભાત.

આગસ્ટ, પુ૦ [અં૦] અંગ્રેજી વરસનો જાનીવારીથી ગણતાં આઠમો મહિનો.

આગળ, અ૦ ગયલા વખતમાં; અગાઉ; અસલ. ૨ પેલેથી. ૩ પાસે; કને; સોડે. ૪ સન્મુખ. ૫ પ્રથમ; પેલે; બાર; મુખીદાખલ. [લાનું.

આગળનું, વિ૦ ગયલા વખતનું; અસલનું. ૨ પે-

આગળપાછળ, અ૦ ગયલા તથા આવવાના વખતમાં. ૨ સામાં તથા પછવાડે. ૩ ચારેપાસ; આજુબાજુએ; ફરતું.

આગળી, સ્ત્રી૦ લાકડાંના જે નાના કકડાથી બારણું ઉઘાડ દે થાયછે તે. ૨ ગુમડાં વગેરે દરદ ઉપર મલમ ચોપડેલું જે કપડું મુકવામાં આવેછે તે.

આગળો, પુ૦ લાકડાંના જે કકડાથી બારણું ઉઘાડ દે થાયછે તે.

આગા, પુ૦ સાહેબ; ધણી; શેઠ. ૨ હિન્દુસ્થાનમાં જે ઈરાની મોગલ વગેરે મુસલમાન છે તેને એ નામથી બોલાવવામાં આવેછે. [પડું.

આગાખાની, ન૦ એક જાતનું ફૂલેવર સુતરાઉ ક-

આગિયો, પુ૦ એક જાતનો જીવડો-રાતે ઉડેછે તારે લીલો ચળકતો દેખાયછે. ૨ એક છોડવો જેનો અંગને સ્પર્શ થતાં બળતાં બળેછે તે. ૩ એ નામનો એક વીર અથવા એનો મન્ત્ર. ૪ એક જાતની ધણી સફેત જુવાર. વિ૦ અગ્નિ ઉત્પન્ન થાય તેવો (કાચ). [યો.

આગુવો, પુ૦ રસ્તો દેખાડનારો; ભોમિયો; વળા-

આગે, અ૦ અગાઉ; અસલના વખતમાં. ૨ પાસે.

આગેવાન, વિ૦ આગળ પડનાર; મુખ્ય; અગ્રેસર; ઉપરી.

આગેવાની, સ્ત્રી૦ આગળ પડવું તે; સરદારી; પટેલાઈ; મુખ્યપણું; ઉપરીપણું. [લો ભાગ.

આગોપીછો, પુ૦ અંગરખાનો આગલો તથા પાછ-

આગ્નેય, વિ૦ [સં૦] અગ્નિકોણ સમ્બન્ધી.

આગ્રહ, પુ○ [સં○] મનમાં આવ્યું તે કરવુંજ કરવું એવી જે મનની વૃત્તિ તે; હઠ. ૨ અતિશય જે કાલાવાલા તે. ૩ અવશ્યતા; જરૂર; અગત્ય. ૪ કૃપા; મેહેરબાની.

આગ્રહી, વિ○ આગ્રહ કરનાર-વાળું.

આઘાત, પુ○ [સં○] શબ્દ થાય તેવું ઠોકવું અથવા અફાળવું તે; ફટકો; ઝપાટો. (એનું ઉલટું પ્રત્યાઘાત). ૨ એક પદાર્થનો બીજા પદાર્થસાથે વેગે શબ્દ થાય તેવો જે સમ્બન્ધ તે. ૩ જાનવર મારવાની જગા.

આઘું, વિ○ [સં○ અગ્રાહ્ય] પાસે નહિ તેવું; દૂર; છેટે હોય તેવું-જગામાં અથવા વખતમાં.

આઘુંપાછું, વિ○ દૂર અને છૂપું. આઘુંપાછું કરવું-દૂર કરવું ને સન્તાડવું. આઘુંપાછું થવું-દૂર થઈ જવું; સન્તાઈ જવું. [કરી ખાવું.

આઘૂર્ણ, વિ○ ધા○ [સં○] ઘુમતું; ફરતું; ભમરી-ચ-

આઘે, અ○ દૂર; છેટે.

આચકો, પુ○ એકાએક જોર લાગેથી અમળાઈ પડવું—વાંકું વળવું તે. ૨ ધક્કો; હડસેલો. ૩ ધાસકો; એભક. ૪ આનાકાની; સઙ્કોચ. ૫ પાછું હઠવું તે. આચકો આવવો-ખાવો-મારવો.

આચમન, ન○ [સં○] જમણી હથેલીમાં પાણી લઇ સૂસી જવું તે—ધર્મની ક્રિયા કરતી વખત કોઠો શુદ્ધ કરવા સારુ આચમન કરવું-લેવું.

આચમની, સ્ત્રી○ કડછીના આકારનું તાંબા પીત્તળ અથવા રૂપાનું નાનું વાસણ જેને પાણીથી ભરેલાં વાસણમાં બોળી હથેલીમાં આચમન કરવાસારૂ ઢાળવેછે તે.

આચરકુચર, ન○ એક મુકરર નહિ પણ પરચૂરણ એવું જે ખાવાનુ તે—જે ખાતાં ઘણું કરીને અવાજ થાયછે તે. (સેકેલા ચણા, પાંઆ, લાડુનો ભુકો વગેરે કાચુંકોરૂં). ૨ ઘરનો ભાગો તુટો જુનો પરચૂરણ સામાન.

આચરણ, ન○ [સં○] કોઈ પણ કામ કરવાનો જે પ્રકાર તે; વ્યવહાર. ૨ ચાલચલણ; વર્તણુક; લક્ષણ; રીત.

આચરવું, ક્રિ○ કરવું; પાળવું; રાખવું (સકર્મક. ૨ ચાલવું; વર્તવું (અકર્મક).

આચાર, પુ○ [સં○] ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તવાની જે રીત તે. ૨ લોક વ્યવહારમાં વર્તવાની જે રીત તે—કુળની રીત પ્રમાણે જે વર્ત્તન તે કુલાચાર અને તેમજ સાત્વાચાર, દેશાચાર, વૃદ્ધાચાર, શિષ્ટાચાર ઈ○ જાણવા. આચારવિચાર-આચારનો જે વિચાર તે.

આચાર્ય, પુ○ [સં○] ધર્મ-શાસ્ત્ર-મત ચલાવનારો. ૨ વેદાદિ વિદ્યા શિખવનાર જે ગુરુ તે. ૩ મન્ત્ર ઉપદેશ કરનાર; જનોઈ પેરવનાર; કણ્ઠી બાંધનાર; ધર્મગુરુ. ૪ ગુરુ; મેતાજી; ભણાવનાર. ૫ યજમાનને કર્મ કરાવનાર; વરેલો બ્રાહ્મણ; ગોર. ૬ વિદ્વાન પ્રતિષ્ઠિત પુરુષનું ઉપનામ—રાઘવાચાર્ય, નૃસિંહાચાર્ય ઈ○. ૭ દ્રોણાચાર્ય—પાણ્ડવના ગુરુ.

આચ્છાદન, ન○ [સં○] ઢાંકી નાખવું તે; ઢાંકણ. ૨ પેરવાનું તે; વસ્ત્ર; કપડું; ૩ સન્તાડવું તે.

આચ્છાદિત, વિ○ ધા○ [સં○] આચ્છાદન કરેલું-થએલું.

આછ, સ્ત્રી○ છાસનું નિતરેલું પાણી; પરાછ.

આછા, વિ○ ભરેલા-ખીલેલા-ફુટેલા નહિ તેવા; થોડા; ઓછા (અડબડા-ગોબરુ-સેવડ, વર્ષાદના છાંટા વગેરે).

આછીગરાં, વિ○ મલક્કાની પાસે આછી નગર છે ત્યાંનાં (સોપારી). [ઓછું.

આછું, વિ○ ભરેલું નહિ તેવું. ૨ ઝાંખું. ૩ થોડું;

આજ, સ્ત્રી○ [સં○ અદ્ય] જે દિવસને વિષે તેજ દિવસે બોલવા-લખવામાં આવતું હોય તે; વર્તમાન-ચાલતો દિવસ. (આજ, કાલ ને પરમ). અ○ પણ છે.

આજકાલ, અ○ આજે અને કાલે; હમણાં અને પછી. આજકાલ કરવી-વાયદા કરવા. ૨ હમણાં; આ કાળે. 'આજકાલનો જોગી ને ઘુંટણ લગી જટા'. એ કેવત છે.

આજકાલનું, વિ○ થોડી મુદતનું; થોડા વખતનું. ૨ નવું; તાજું.

આજદિન, પુ○ આજ; આ દાડો.

આજન્મ, અ○ [સં○] જન્મથકી માંડીને; જન્મ થાય ત્યારથી. ૨ જન્મથી તે મરણ લગી; અન્તકાળસુધી. [જીન્દગાનીમાં.

આજન્માન્ત, અ○ [સં○] જન્મથકી તે મરણ લગી;

આજપછી, અ○ હવેપછી; હવેથી; અતઃપર.

આજમ, વિ○ [આ○ આઝમ] ગુણ-પદવિયે મોટું. એ શબ્દ સરકારી કામદારનાં નામની સાથે માન દાખલ જોડાયછે.

આજલગી-સુધી, અ○ છેલ્લે આજનો દાડો આવે તેટલા વખતની હદ બતાવેછે.

આંજાદ, વિ○ [ફા○ આઝાદ] છૂટું; ફારગત-મોકળું

ચપલું; બન્ધન રહિત.

આજાનુ, અ૦ [સં૦] ઘૂંટણસુધી; ઢીંચણલગી.

આજાર, પુ૦ [પ્રા૦ આજાર] રોગ; વિકાર; દરદ.

આજારી, વિ૦ રોગી; દરદી; માંદું.

આજીજી, સ્ત્રી૦ [આ૦ આજીઝી] કાલાવાલા; કરગરવું તે; નમ્રતાથી માંગવું તે. ૨ નબળું થવું તે; થાકી હારીજવું તે.

આજીવિકા, સ્ત્રી૦ [સં૦] દેહનું રક્ષણ થાય તેવી ખાવા પિવાની ઘણુંકરીને રોજની જે તજવીજ તે; ગુજરાન; વૃત્તિ.

આજુબાજુ, સ્ત્રી૦ કોઈ પણ વસ્તુની આસપાસનો જે પ્રદેશ-ભાગ તે. ૨ આણી તરફનો ભાગ અને પેલી તરફનો ભાગ.

આજુબાજુએ, અ૦ ચારે પાસ; આસપાસ.

આજો, પુ૦ [સં૦ આર્યક] માનો બાપ; વડવો.

આજો પડવો, પુ૦ આસોસુદ પડવો; માના બાપના સરાધની તિથિ.

આજ્ઞા, સ્ત્રી૦ [સં૦] મોટાંનું નાનાં પ્રતિ જે કેહેણ તે; હુકમ; ફરમાન. ૨ શાસ્ત્રમાં આપણે પાળવાની જે વાત લખી હોય તે. ૩ રજા; છૂટ; પરવાનગી.

આજ્ઞાઙ્કિત, વિ૦ [સં૦] આજ્ઞા પાળનાર-માનનાર.

આજ્ઞાપક, વિ૦ [સં૦] આજ્ઞા આપનાર-કરનાર.

આજ્ઞાપત્ર, ન૦ જેમાં એકાદી આજ્ઞા-હુકમ હોય તે કાગળ; હુકમ; સનદ; ફરમાન. [ન માનવી તે.

આજ્ઞાભઙ્ગ, પુ૦ [સં૦] હુકમ તોડવો તે; આજ્ઞા

આજ્ય, ન૦ [સં૦] ઘી.

આટપવું, આટોપવું.

આટરની, પુ૦ સનદી વકીલ.

આટલામાં, અ૦ પાસેની સઙ્ખ્યા, જગા, વખત વગેરેનું માપ બતાવેછે. ૨ અહીંયાં ને અહીંયાં; પણે દૂર નહીં. ૩ થોડા વખતમાં. ૪ થોડાંમાં.

આટલું, વિ૦ સઙ્ખ્યા, કામ, જગા, વખત વગેરેનું માપ બતાવેછે-પાસેનો અથવા થોડાનો અર્થ રાખેછે. આટલું આખું-બધું એટલે ઘણુંજ.

આટવું, ક્રિ૦ સ૦ પાણી જેવા પદાર્થમાં કંઈ જડ જેવી લાગતી વસ્તુને છુંદી એકરસ કરી નાખવી. (દાળ આટવી). કચરી-છુંદી-વાટી એકરસ કરવું.

આટો, પુ૦ અનાજને દળ્યાથી જે ભુકો થાય તે-(ઘઉં ચોખા બાજરી વગેરેનો આટો); લોટ. ૨ ભેંચો; છુંદો; ઘાણ; જડ પ્રવાહીનું દબાણે જે એકઠું મળી રેહેવું તે.

આટોપવું, ક્રિ૦ સ૦ પસરેલી વસ્તુને પાછી એકઠી કરવી; સઙ્કેલવું. ૨ બન્ધ કરવું-પાડવું. ૩ પૂરૂં કરવું; પતાવવું; માંડીવાળવું.

આઠ, વિ૦ [સં૦ અષ્ટ] ચાર ને ચાર; ૮. [યું.

આઠઆની, વિ૦ અડધો અડધ. આઠ આની કામ થ-

આઠમ, સ્ત્રી૦ આઠેમ. [સઙ્ખ્યા દેખાડનારૂં.

આઠમું, વિ૦ એક બે ત્રણ એમ, અનુક્રમે આઠની સ-

આઠિયો, પુ૦ લુચ્ચો; ઠગ; ઠગની ટોળીમાંનો એક.

આઠી, સ્ત્રી૦ આઠ કુંકા અથવા ખાંગડાકોડાંનું જે ઝુમકડું તે. (છોકરાંઓની રમતમાં). [આઠું આઠ.

આઠું, ન૦ એકેકાના આંકનો આઠમો પાડો; એકે-

આઠેજામ, અ૦ [સં૦ અષ્ટયામ] ત્રણ કલાકનો એક એવા આઠ પ્રહર-પોરલગી; દાડો રાત. ૨ રોજ; બારેમાસ; હમ્મેશ.

આઠેમ, સ્ત્રી૦ પખવાડિયાંનો આઠમો દાડો.

આડ, સ્ત્રી૦ બે વસ્તુને જુદી પાડનારી નિશાની; હદ. ૨ વચમાં આડું પડી અટકાવવું તે; હરકત; અડચણ; વાંધો; રોકાણ. ૩ વચમાં પડી રક્ષણ કરવું તે; ઓથ; સહાય; સમ્ભાળ.

આડકતરાતું-રૂં, વિ૦ તદન આડું નહિ પણ વાંકું થતું-જતું એવું આડું.

આડકથા, સ્ત્રી૦ એક મુખ્ય કથા-બાબદ ચાલતી હોય તેમાં કોઈ દાખલાસારુ અથવા રસ પૂરવાસારુ બીજા ગ્રન્થોમાંની અથવા દન્તકથાઓમાંની અથવા નવીજ એકાદી કથા વચમાં દાખલ કરી દીધી હોય તે.

આડખરચ, પુ૦ રોજના બાંધેલા ખરચના ઉપરાંત જે બીજો પરચુરણ ખરચ થાય તે.

આડગિરો, વિ૦ જેને ત્યાં જે વસ્તુ ગીરો હોય તેણે તે વસ્તુને કોઈ બીજાને ત્યાં ગીરો મુકી હોય તેવું. (ઘર, ઘરેણું વગેરે).

આડવરેણે, વિ૦ આડગિરો. [મોડાંની બેસણી.

આડણી, સ્ત્રી૦ ત્રણ પાયાવાળી ઉંચી ધાતુની ખુલ્લાં

આડત, સ્ત્રી૦ જ્યાં ધણી ન હોય ત્યાં ધણીની વતીનું જે કામકાજ ચાલે તે. વેપારી-સરાફની આડત.

આડતિયો, પુ૦ ધણીની વતીનું કામકાજ કરનારો; આડત ચલાવનારો.

આડતીસ-ત્રીસ, વિ૦ ત્રીસ ને આઠ; ૩૮.

આડમ્બર, ન૦ [સં૦] લાંબું પોળું છવાઈ રેહેવું તે; છેક ભરાઈ રેહેવું તે; ઢાંકણ. (આકાશ, મેઘાડમ્બર). ૨ ખોટું ડોળ; સુકો ભપકો; ૩ પથારો;

બટલો.

આડર, પુ૦ [અં૦ આર્ડર] હુકમ; રજા; પરવાનો.

આડવું, આરડવું. [ધ. ૨ ભોભ.

આડસર, પુ૦ પાણી અટકાવવાસારુ જે ભીત તે; બાં-

આડાઈ, સ્ત્રી૦ આડું પડવાની-હરકત લેવાની—હઠ કરવાની જે ટેવ તે. ૨ હઠ; પેંચ; જીદ.

આડી, સ્ત્રી૦ ઊભી નહિ પણ આડી મુકેલી જે ચીજ તે (ચીતાની આડી, ખાટલીની આડી વગેરે.) ૨ હદ; સીમા. ૩ કુસ્તી ખેલવામાં એક જાતનો દાવપેચ-(પગને આંટી મારવા સમ્બન્ધી).

આડીઆણ, સ્ત્રી૦ કોઈ વાતની વચમાં અટકાવ કરનારા જે સમ તે; શપત; પ્રતિજ્ઞા; કસમ.

આડીટર, પુ૦ [અં૦] જમે ઉધારનો હિસાબ તપાસનારો.

આડીતર, સ્ત્રી૦ બેગામની નદી વચમાંની ખાડી પાર ઉતારવાને જે હોડીમાં બેસવું પડે તે.

આડીવાટ, સ્ત્રી૦ આડો રસ્તો-માર્ગ. ૨ ન જવાય તેવી વાટ. 'આડીવાટની ધૂળ એટલે કંઈજ નહિ.-(સીધીઆમ રસ્તાની નહિં પણ આડી વાટની કે તે જડેજ નાહે). [કરચાં.

આડીવાડી, સ્ત્રી૦ વંશપરિવાર; કુટુંમ્બકબીલો; બચ્ચાં

આડું, ન૦ જે કંઈ વચમાં પડેલું તે. ૨ અણગમતી વાત; ઉલટું સમજાયલું તે; રીસ ચડે તેવું જે કામ તે. (બોલો, મને આડું નથી પડવાનું). ૩ પેંડાનું. ૪ મારવાનું.

આડું, વિ૦ જેના એક છેડાની નીચે પૃથ્વી ને બીજા છેડાની ઉપર આકાશ નથી તેવું; લમ્બરૂપ ઊભું નહિ તેવું. ૨ સીધું નહિ તેવું; વાંકું; વળેલું. ૩ 'આડે લાકડે આડો વેર' એ કેવ તછે. ૩ વચ્ચે પડયું હોય તેવું.

આડુંઅવળું, વિ૦ આડું અને ઊંધું-અવળું. ૨ ઊંધુંચત્તું; ખરું ખોટું; ગરબડિયું. ૩ ખોટું; જુઠ્ઠું.

આડુંફાટવું, ક્રિ૦ અ૦ વચમાંથી એકાએક આડે રસ્તે જવું.

આડેઆવવું, ક્રિ૦ અ૦ વચમાં પડવું; ચાલતી વાત જરા અટકાવવી; બીજી કાડવી. ૨ સંકટ સમયે સહાય થવું; વારે-મદદે-કુમકે આવવું; બચાવવું. (પુણ્ય આડે આવ્યું). ૩ નડવું; હરકત કરવી; (આ મુને રોજરોજ આડે આવ્યાં કરે છે).

આડેદાડે, અ૦ નીમેલા દાડા સિવાએ બીજી કોઈ વખતે. ૨ સપરમા ટાણાના દાડા સિવાએ બીજે કોઈ દાડે. [અવધિ; તોબ્બા.

આડોઆંક, પુ૦ હદ બતાવનારી નિશાની; સીમા;

આડોઓબો, પુ૦ આડવો ઓબો.

આડોસીપાડોસી, વિ૦ આસપાસના રેનાર; ઘરને અડખેપડખે રેતારાં.

આઢય, વિ૦ [સં૦] ભરેલું; ભરપૂર—વિદ્યા ગુણ ધન વગેરેથી. વિદ્યાઢય; ગુણાઢય; ધનાઢય.

આણ, સ્ત્રી૦ સામા ધણીનો સન્દેહ દૂર કરવાસારુ અથવા સામા ધણીપાસે ધાર્યું કામ કરાવવાસારુ ઈશ્વર શિક્ષાનું અથવા વાહાલાંના નાશનું ભય દેખાડી પોતાની તરફનો જે નિશ્ચય બતાવવો તે; સમ; સોગન; શપત; પ્રતિજ્ઞા; કસમ—(વચમાં કોઈને આણવું માટે આણ) રાજાની, ઈશ્વરની, ભાઈની વગેરેની આણ. ૨ આજ્ઞા; હુકમ. (રાજાએ આણ ફેરવી).

આણ઼-ચતુર્દશી-ચૌદસ, સ્ત્રી૦ અનન્તચૌદસ.

આણન્દ, પુ૦ આનન્દ.

આણન્દી, વિ૦ આનન્દી.

આણન્દોરો, પુ૦ અનતદોરો.

આણવું, ક્રિ૦ સ૦ [સં૦ આનયન] દૂરથકી પાસે આવે તેમ કરવું; લાવવું. [આપાસે.

આંણીકોર-ગમ-મેર, અ૦ આ દિશા તરફ-ભણી;

આણું, ન૦ સાસરે રેવા લાયક થયલી વહુને સાસરેથી જે તેડું થાયછે તે; તેડું; (વહુને આણવી તે આણું). ૨ એ સમ્બન્ધી વહુને આપવાની રીતભાત. આણું કરવું-વહુને તેડવી. આણું વાળવું-છોકરીને સાસરે મોકલવી. આણાં વાળવાં, વળાવવાં કેવાયછે. આણું કરતાં આણાં એ બહુવચનની શબ્દ વિશેષ વપરાયછે.

આણ્ણી, સ્ત્રી૦ આંડણી.

આતાપ, પુ૦ [સં૦] તડકો. ૨ તાપ.

આતપત્ર, ન૦ [સં૦] છત્તર.

આતમ, આત્મા.

આતવાર, પુ૦ આદિતવાર.

આતશ, પુ૦ [ફા૦] અગ્નિ; દેવતા; વસ્તેવ. ૨ અગન; લાય; બળતરા.

આતશબાજી, સ્ત્રી૦ [ફા૦] દારૂ ગન્ધક વગેરેની મેળવણીથી બનેલો સામાન રૂડે ટાણે ફોડવામાં તથા ઉરાડવામાં આવેછે તે; દારુખાનું; આતશને ઉડતો જોવાની જે રમત તે.

આતશબેહેરામ, પુ૦ [પારસીના બેહેરામ પેગમ્બરનો

આતશ] પવિત્ર અગ્નિનું મન્દિર.

આતશી, વિ૦ [ફા૦] આતશવાળું; ગરમ; બાળે તેવું. ૨ જલદ; આકરું; તીખું; ગરમ મિજાજનું.

આતસ, આતશ. [પરોણાચાકરી-ચાર.

આતિથ્ય, ન૦ [સં૦] અતિથિ-અભ્યાગતની સેવા. ૨

આતીપાતી, સ્ત્રી૦ પુંજી; મુડી. થોડી પુંજી હોય તે ઘણી બતાવે તે પ્રસઙ્ગે તેને વિષે 'આતીપાતી ને ધરમ લઙ્ગોટી' એમ કેવાયછે.

આતુર, વિ૦ [સં૦] જોસમાં આવેલું; આકળું; અધીર; ઉતાવળું; તત્પર-તૈયાર થઇ રહેલું. ૨ હોંસીલું; ઉમેદવાર; આશાભર.

આતુરતા, સ્ત્રી૦ [સં૦] ઉતાવળ; ટળવળાટ; અધીરતા. ૨ હોંસ; ઉમેદ; અતિશય ઇચ્છા.

આતુરસન્યાસ, ન૦ [સં૦] મરવાની તૈયારી ઉપર સન્યસ્ત લેવું તે.

આત્મ, વિ૦ [સં૦] પોતાનું; પોતીકું; નિજ. (એ શબ્દ એકલો નથી વપરાતો પણ બીજા સાથે સમાસમાં વપરાયછે).

આત્મક, વિ૦ [સં૦] જે જેનો આત્મા તે તેનો (આત્મક) આત્માવાળું. આ જગત્ પઞ્ચભૂતાત્મક છે એટલે પઞ્ચભૂત છે આત્મા જેનો તેવુંછે. ૨ પોતાનું.

આત્મગતિ, સ્ત્રી૦ [સં૦] મરી ગયા પછીની આત્માની જે ગતિ તે.

આત્મઘાત, પુ૦ [સં૦] પોતાને હાથે પોતાનો જીવ કાડવો તે; આત્મહત્યા; આપઘાત.

આત્મઘાતક, વિ૦ [સં૦] આત્મઘાત કરનાર.

આત્મજ, પુ૦ [સં૦] પુત્ર; દિકરો; છૈયો. [ઇ૦).

આત્મજન, ન૦ પોતીકું માણસ. (સગું, મિત્ર, સેવક

આત્મજા, સ્ત્રી૦ [સં૦] દીકરી; પુત્રી.

આત્મજ્ઞાન, ન૦ [સં૦] આત્મા સમ્બન્ધી જ્ઞાન; તત્ત્વજ્ઞાન. ૨ પોતાનુંજ જે જ્ઞાન તે. [ય તે.

આત્મજ્ઞાની, વિ૦ [સં૦] જેને આત્મજ્ઞાન થયું હો-

આત્મતા, સ્ત્રી૦ [સં૦] સ્વરૂપજ્ઞાન. [પુત્ર.

આત્મધન, ન૦ પોતાનું ધન. ૨ પોતાનો આત્મા. ૩

આત્મનિન્દા, સ્ત્રી૦ [સં૦] પોતાની નિન્દા; પોતાને મોડે પોતાનુંજ ભુંડું બોલવું તે.

આત્મનિવેદન, ન૦ [સં૦] આત્મા નિરન્તર ઇશ્વરનાં ચિન્તનમાં રે તેવું કરવું તે; આત્મા ઇશ્વરને અર્પણ કરવો એવી એક ભક્તિ કરવાની રીત. ૨ આત્માનું સ્વરૂપ ઓળખી પરમાત્માની સ્તુતિમાં લે લગાડવી તે.

આત્મનિવેદી, વિ૦ પોતાને હાથે રસોઇ કરી જમનાર.-"ભૂપ બાહુકનો છે બેદીરે, આભિયા છે આત્માનવેદીરે" (પ્રેમાનન્દ).

આત્મપ્રતીતિ, સ્ત્રી૦ [સં૦] જાતે કરી લિધેલી જે ખાતરી તે; પોતાના આત્માની પતીજ.

આત્મબન્ધુ, પુ૦ [સં૦] સગો. ૨ મામા, માસી અથવા ફોઈનો જે છોકરો તે. ૩ વિશ્વાસુ મિત્ર.

આત્મબુદ્ધિ, સ્ત્રી૦ પોતાની બુદ્ધિ-અક્કલ.

આત્મબોધ, પુ૦ [સં૦] આત્માને ઓળખવો તે; આત્માનું સ્વરૂપજ્ઞાન. ૨ પોતાને જે બોધ તે.

આત્મવત્, વિ૦ [સં૦] પોતાના સરખું; પોતાના આત્મા ને તેવું.

આત્મવિચાર, પુ૦ [સં૦] આત્માનો વિચાર.

આત્મવિદ્યા, સ્ત્રી૦ [સં૦] આત્મા સમ્બન્ધી જે વિદ્યા તે. ૨ વેદાન્ત વિદ્યા.

આત્મશુદ્ધિ, સ્ત્રી૦ [સં૦] આત્માની જે શુદ્ધ તે.

આત્મસંયમ, પુ૦ [સં૦] આતમાને જિતવો તે; મન મારવું તે. [ન્તોષ તે.

આત્મસન્તોષ, પુ૦ [સં૦] આત્માને-પોતાને જે સ-

આત્મસાધન, ન૦ [સં૦] જેથી કરીને આત્માની મરણાન્તે સારી ગતિ થાય તેવા ઉપાયો. ૨ આત્માને પોતાનું સ્વરૂપજ્ઞાન થાય તેવું સાધન. ૩ પોતાને સુખ થાય તેવી તજવીજ.

આત્મસુખ, ન૦ [સં૦] આત્માને-પોતાને જે સુખ તે.

આત્મસ્તુતિ, સ્ત્રી૦ [સં૦] પોતાનાં વખાણ; પોતાની વડાઈ.

આત્મહત્યા, સ્ત્રી૦ [સં૦] આત્મઘાત.

આત્મહા, પુ૦ [સં૦] આત્મઘાતક; સ્વહિંસક; આપઘાતિયો.

આત્મહિત, ન૦ [સં૦] પોતાનું જે હિત-કલ્યાણ તે.

આત્મા, પુ૦ [સં૦ આઙ્, અત-જવું] શરીરમાં જે સમજાું ચૈતન તે; જીવ. ૨ દેહમાત્રમાં દેહથકી જુદો રેતો છતે પણ દેહાભિમાની અને બ્રહ્મના અંશરૂપે છઉં એમ જાણનાર જે અમર હું તે; અમર એવો જે પદાર્થ તે. ૩ જેથકી જગત્ ઉત્પન્ન થયુંછે, કાર્ય કરતું જણાયછે અને જેમાં પાછું લય પામશે તે બ્રહ્મ; સર્વ ઇશ્વર; પરમાત્મા. ૪ જે ગુણે-ધર્મે કરીને પદાર્થનું જ્ઞાન, સ્થિતિ ઇ૦ થાયછે તે ગુણધર્મ વાળું જે કંઇ તે.—એ અર્થમાં શબ્દને છેડે આત્મક એવા સમાસ થાયછે—(પાપાત્મક, સઙ્કલ્પાત્મક). ૫ મૂળ સ્વભાવ; પ્રકૃતિ. ૬ ચૈતન.

૭ અન્તઃકરણ. ૮ બુદ્ધિ. ૯ વાયુ. ૧૦ સૂર્ય. ૧૧ અગ્નિ. ૧૨ પુત્ર. ૧૩ નૂર; તેજ. નૈયાયિકમતે આત્મા બે પ્રકારના છે—જીવાત્મા અને પરમાત્મા. જીવાત્મા તે પરમાત્મા થતોજ નથી. વેદાન્તમતે, શરીરમાં જે આત્મા છે તે પરબ્રહ્મ સ્વરૂપજ છે, કર્મવશાત્ જુદો દેખાયછે તોપણ મુક્ત થયા પછી એમાં કંઈજ ફેર રેતો નથી.

આત્માનન્દ, પુ૦ [સં૦] પ્રપઞ્ચમાંથી મન કાઢી નાખ્યાથી અથવા આત્મા પરમાત્મા સમ્બન્ધી વિચારો કર્યાથી જે આનન્દ-સન્તોષ-સુખ થાય તે..

આત્માનુભવ, પુ૦ [સં૦] આત્માનો જે અનુભવ તે.

આત્મારામ, પુ૦ [સં૦] આત્મા; પરમાત્મા.

આત્માર્પણ, ન૦ [સં૦] આત્મા અર્પણ કરવો તે.

આત્મિક-ત્મીય, વિ૦ [સં૦] આત્માનું; મનનું. ૨ પોતાનું; નિજ. ૩ સગું; વાલું; વિશ્વાસુ.

આથ, સ્ત્રી૦ પુંજી; સઙ્ગ્રહ 'અખા કામે છે સમજ્યા સાથ, પણ રૂપા રૂપણી જોઈએ આથ'.

આથડવું, ક્રિ૦ અ૦ રખડવું; ભટકવું; ફાંફાં મારવાં; રઝળવું; અથડવું.

આથડિયાં, ન૦ અથડાયાં કરવું તે; ફાંફાં.

આથાણું, ન૦ અથાણું. [પશ્ચિમ દિશા.

આથમણ, સ્ત્રી૦ સૂરજ જે દિશાએ અસ્તથાયછે તે;

આથમણી, વિ૦ પશ્ચિમ (દિશા).

આથમણું, વિ૦ પશ્ચિમ તરફનું—(ખેતર વગેરે).

આથમવું, ક્રિ૦ અ૦ અસ્ત પામવું; ન દેખાવું; જતું રેવું.

આથર, પુ૦ [સં૦ આસ્તરણ] ગાડાંમાં જે જાડાં કપડાં ઉપર અનાજ ભરેછે તે. ૨ ખાણમાં અનાજ ભરતી વખતે તે બિગડી ન જાય તેનેસારૂ જે બાજરી કડબના પૂળા ગોઠવવામાં આવેછે તે.

આથરણ, ન૦ બિછાનાં ઉપર જે પાથરવાનું તે.

આથરવું, ક્રિ૦ સ૦ કપડું પાથરવું. ૨ પૂળા ગોઠવવા.

આથવું, ક્રિ૦ સ૦ ઘઉં, ચોખા, ચોળા, અડદ વગેરેના લોટમાં મસાલો નાખી પાણી રેડી હલાવી રાખી મુકવું. (એ ખીરું પછી ચડેછે ને ખાટું થાયછે ને પછી એના પૂડા ઢોકળાં, વગેરે બનાવવામાં આવેછે). ૨ કાચાં ફળને મીઠામાં નાખી મુકવાં; અથાણું કરવું.

આથો, પુ૦ ચડીને ખાટું થયલું જે ખીરું તે.

આદ, આદિ.

આદઅન્ત, અ૦ પેલેથી તે છેક છેલ્લે સુધી. [પત,

આદત, સ્ત્રી૦ [આ૦] ટેવ; અભ્યાસ; મહાવરો; તણિ-

આદમ, પુ૦ [આ૦] આ દુનિયામાં સહુથી પેલો જે પુરુષ પેદા થયો તે.

આદમજાત, સ્ત્રી૦ માણસ જાત.

આદમિયત, સ્ત્રી૦ [આ૦] માણસાઈ; ઇનસાનિયત. ૨ ભલમનસાઈ; સુજનતા; અશરાફી; ખુનિયાતી. ૩ સભ્યતા; આદરમાન; મિલનસારી.

આદમી, પુ૦ ન૦ [પ્રા૦] સમજ શક્તિ અને વાચા એ બેને લીધે જનાવરોથી જુદો પડતો જે પ્રાણી તે; માણસ; જન; શખ્સ.—નપુંસકે લઈયે તો તેમાં પુરુષ ને સ્ત્રી બન્નેનો સમાવેશ થાય.

આદર, પુ૦ [સં૦] કોઈપણ સારી વસ્તુનો સમ્બન્ધ કરવાની જે મનની ઇચ્છા તે. ૨ સન્માન; પ્રતિષ્ઠા; માન; આબરૂ; ઇજત. ૩ તેડવા—બોલાવવા—સ્વીકાર કરવા સમ્બન્ધી જે રૂડી રીત તે. ૪ સ્વીકાર.

આદરણી, સ્ત્રી૦ વેસવાળ થયા પછી વરને ઘેરથી કન્યાને લુગડાં ઘરેણાં કરવાની જે રીત તે. આદરણી ચડાવવી કેવાયછે.

આદરભાવ, પુ૦ [સં૦] દીલથી જે માન આપવું તે. ૨ કોઈ મોટાં માણસનું આપણી પાસ આવવું થાય તે સમે તેની જે સરભરા કરવી તે. ૩ વિવેક; લાયકી; સભ્યતા.

આદરમાન, ન૦ આદરસત્કાર.

આદરવું, ક્રિ૦ સ૦ કબૂલ કરવું; સ્વીકારવું; પતકરવું; માથેલેવું. (કામ વગેરે). [વો તે.

આદરસત્કાર, પુ૦ [સં૦] આદરથી જે સત્કાર કર-

આદર્શ, પુ૦ [સં૦] આરસો. ૨ ટીકા; ભાષ્ય. [તે.

આદાન, ન૦ [સં૦] લેવું-કબૂલ કરવું તે. ૨ પકડવું

આદાનપ્રદાન, ન૦ [સં૦] લેણ દેણ; લેવું આપવું તે.

આદાપાક, પુ૦ આદાંની મેળવણીનો જે પાક તે.

આદાબ, સ્ત્રી૦ [આ૦] સભ્યતા; વિવેક; અદબ. [તે.

આદામૂળી, સ્ત્રી૦ આદાંનાં જે નાનાં નાનાં મૂળિયાં

આદાય, પુ૦ [સં૦] નફો; લાભ; વધારો.

આદાસીસી, સ્ત્રી૦ અડધું માથું-એક બાજુનું કપાળ દુખ્યાં કરે તે રોગ.

આદિ, વિ૦ [સં૦] પેલું; મૂળનું; અસલ. ૨ અમુક પેલું અથવા મુખ્ય છે જેમાં તે-ઇન્દ્રાદિ, કાલિદાસાદિ વગેરે ઇ૦.

આદિ, પુ૦ [સં૦] મૂળ; પ્રારમ્ભ; શરૂઆત; બીજ; ઉત્પત્તિ; કારણ; મૂળતત્વ. ૨ પેલું પદ (બણિત-

મેઠીમાં).

આદિઅન્ત, પુ૦ [સં૦] પ્રારમ્ભ અને સમાપ્તિ.

આદિક, વિ૦ અમુક અને એ અમુક આદિ છે જેને તે; એ અને બીજા વળી.

આદિકવિ, પુ૦ વાલ્મિક. ગુજરાતીમાં નરસૈં મહેતો.

આદિકારણ, ન૦ [સં૦] પેહેલું-મૂળ-અસલ કારણ.

આદિત, આદિત્ય.

આદિતવાર, પુ૦ આદિત્યવાર.

આદિતાલ, પુ૦ [સં૦] રાગ ગાવામાં અવાજને જોર આપવા સમ્બન્ધી વખતનું એક રીતનું માપ.

આદિત્ય, પુ૦ [સં૦] સૂર્ય; રવિ. ૨ બાર એ સઙ્ખ્યા.ની સંજ્ઞા.

આદિત્યવાર, પુ૦ [સં૦] અઠવાડિયાના સાતવાર કેવાયછે તેમાંનો પેહેલો—એ દાડો ઘણું કરીને સૂરજ અને માતાની ભક્તિ કરવાનો છે. એ દાડે ક્રિશ્ચિયન લોકો પોતાને ધન્ધે રોજગારે જતા નથી પણ દેવળમાં જઈને ભક્તિ કરેછે.

આદિનારાયણ, પુ૦ [સં૦] ક્ષીરસમુદ્રમાં શેષનાગ ઉપર સુતેલું જે ભગવાન્સ્વરૂપ તે.

આદિમાયા-શક્તિ, સ્ત્રી૦ [સં૦] ઈશ્વરની જે શક્તિ વડે આ સઘળો પ્રપઞ્ચ રચાયો છે તે.

આદિલઈને, અ૦ અમુકને પ્રથમ ગણીને બીજાઓ પણ ગણાય તેમ.

આદું, ન૦ [સં૦ આર્દ્રક] એક જાતનું ભોંયની અન્દર પાકતું મૂળીયું. એ સુકાયછે ત્યારે તેને સૂંઠ કેછે.

આદેશ, પુ૦ [સં૦] આજ્ઞા; હુકમ. ૨ બદલવું તે; ફેરફાર; બદલી; એકને કાડી મુકી બીજાને આણવું તે.

આદ્ય, વિ૦ આદિ. [અન્ત.

આદ્યન્ત, પુ૦ આદિથી તે અન્ત લગી; આદિ ને

આધ, વિ૦ અડધું.

આધરણ, ન૦ અધરણ.

આધાન, ન૦ [સં૦] કોઈ ઠેકાણે કોઈ વસ્તુનું જે રેહેવું થાય અથવા મુકાવું તે; ધારણ. ૨ ગર્ભધારણ; ગર્ભાધાન. ૩ અગ્નિહોત્રમાં પ્રથમ કરવાનું એક કર્મ—બે લાકડાંના કકડા ઘસી મૂપથી અગ્નિ ઉપજાવવા સમ્બન્ધી.

આધાર, પુ૦ [સં૦] જે શક્તિ સમ્બન્ધને યોગે વસ્તુ યોગ્ય સ્થિતિમાં રહી શકે તે; કારણરૂપ સહાયતા. ૨ પુષ્ટીરૂપ સહાયતા; આસરો; મદદ; ટેકો; સાબેતી; પૂરાવો; પ્રમાણ; સત્તા. ૩ વ્યાકરણમાં સપ્તમી વિભક્તિનો અર્થ દેખાડેછે.

આધારી, વિ૦ જેને આધાર હોય તે.

આધિ, પુ૦ [સં૦ ધ્યૈ-વિચાર કરવો] મનની જે હર કોઈ પીડા તે.-ભય, શોક, ચિન્તા વગેરેથી થતી.

આધિક, પુ૦ ભૂત ડાકણ કાડનારો; ભુવો.

આધિક્ય, ન૦ અધિકપણું; ઉમેરણ; વધારો.

આધિદૈવિક, વિ૦ [સં૦] ઇન્દ્રિયોના દેવ સમ્બન્ધી -આંખનો અધિદેવ સૂર્ય; એમ કાન નાક ઇ૦ના અધિદેવો છે તે તે સમ્બન્ધી. ૨ ઇન્દ્રિયોથકી થયલું. (સુખદુખ). ૩ ભૂત પ્રેત પિશાચ સમ્બન્ધી (પીડા). [ઠાઈ; ધણીપણું.

આધિપત્ય, ન૦ [સં૦] અધિપતિપણું; પટેલાઈ; શે-

આધિભૌતિક, વિ૦ [સં૦] ઇન્દ્રિયોના તત્વ અથવા વિષય સમ્બન્ધી-જેમ કે આંખનો આકાર બાહ્ય-ગોળ તો તે સમ્બન્ધી. ૨ પઞ્ચમહાભૂતોથી થયલું. (સુખદુખ). ૩ શરીરને રોગ થાયછે તે, સમ્બન્ધી (પીડા).

આધિવ્યાધિ, પુ૦ આધિ અને વ્યાધિ.

આધીન, વિ૦ [સં૦] વશ; તાબે; કબજે; આધારી. ૨ નમ્ર; નમનતાઈ વાળું.

આધીનતા, સ્ત્રી૦ આધીનપણું; તાબેદારી.

આધુનિક, વિ૦ [સં૦] નવું; હમણાનું; આ કાળનું; અર્વાચીન. ૨ થોડાવારનું; ન ટકે તેવું.

આધેડ, વિ૦ અધેડ; આધોડ; અધોડ.

આધ્યાત્મિક, વિ૦ અધ્યાત્મિક. ૨ જ્ઞાનથકી થયલું. ૩ મનના ભાવ સમ્બન્ધી.

આધ્રકણ-ધ્રૂકણ, ન૦ અધ્રકણ.

આધ્રકવું-ધ્રૂકવું, અધ્રકવું.

આધ્રબવું, અધ્રકવું.

આન, અન્ય.

આનન, ન૦ [સં૦] મોડું; મુખ; વદન.

આનન્દ, પુ૦ [સં૦] ખુશી; હરખ; મન પ્રસન્ન થવું-થઈરેહેવું તે; ૨ સમાધાનથી અન્તઃકરણની જે પ્રસન્ન સ્થિતિ થાય તે.-પઞ્ચદશી નામના ગ્રન્થમાં આનન્દ પાંચ પ્રકારના વર્ણ્યાછે. આત્માનન્દ, બ્રહ્માનન્દ, વિષયાનન્દ, વિદ્યાનન્દ અને યોગાનન્દ.

આનન્દકન્દ, પુ૦ આનન્દનું મૂળ. ૨ બ્રહ્મ; ઈશ્વર.

આનન્દકારી, વિ૦ [સં૦] આનન્દ કરનાર.

આનન્દભૈરવી, સ્ત્રી૦ એક રાગણી.

આનન્દમય, વિ૦ [સં૦] આનન્દથી ભરેલું.

આનન્દમયકોશ, પુ૦ [સં૦] પંચકોશ કેવાયછે તે-માંનો એક-બ્રહ્મનીતિનાં કામોના વિચારથી અને સારાં કામ કરવાથી આત્માને જે સુખ સન્તોષ થાયછે તે. [રૈલાનો સ્વભાવ.

આનન્દવૃત્તિ, સ્ત્રી૦ રોજ ખુશીમાં રેવું તે; આનંદમાં

આનન્દાશ્રુ, ન૦ [સં૦] હરખનાં આંસુ.

આનન્દી, વિ૦ [સં૦] ખુશમિજાજી; સુખી; મોજી.

આનન્દોશે, અનતડોશે.

આનાકાની, સ્ત્રી૦ હા ના; કોઈ કામ કરવાનો ઠરાવ ન કરતાં ઢચુપચુ રેવું તે. ૨ બાનું; મસ.

આનિયાં, ન૦ કોટની કાંડલી-ટલીમાં પગલાંને બદલે જે પૂતળિયાં હોય તે.

આની, સ્ત્રી૦ એક રૂપિયાનો જે સોળમો ભાગ તે. ૨ ગણવામાં અથવા માપમાં કોઈપણ એક આખી સંખ્યાનો અથવા વસ્તુનો જે સોળમો ભાગ તે.

આનો, પુ૦ એક રૂપિયાનો જે સોળમો ભાગ તે; ૪ પૈસા; ૧૨ પૈ. ૨ માપમાં નવટાંકનો અર્થ રાખેછે. આનાનું ચિન્હ આ પ્રમાણેઃ – અથવા ૦)–

આન્દોલન, ન૦ [સં૦] હિંચકા ખાવા તે; હાલ્યાં કરવું તે. ૨ જે હાલ્યાં કરે તે; લંગર. (ઘડિયાળ વગેરેનું)

આપ, સ૦ તમે;-પોતે. એ શબ્દ માનને અર્થે વપરાયછે. આપ આવશો તો કામ થશે.

આપ, ન૦ [સં૦ અપ્] પાણી; જળ.

આપ, વિ૦ પોતાનું-સમ્બન્ધી; પોતીકું; સ્વ.-આપમતલબી; આપખુશી વગેરે.

આપઅખત્યાર, વિ૦ જેના ઉપર બીજા કોઈનો અખત્યાર નહિ તે; જે પોતેજ અખત્યાર ચલાવે તે.

આપઅખત્યારી, સ્ત્રી૦ પોતાનોજ અખત્યાર તે; આપઅખત્યારપણું. [એમાં.

આપઆપમાં, અ૦ પોતપોતીકામાં; મુંયોમુંય; મુાં-

આપકરમી, વિ૦ પોતાનાજ ઉદ્યમથી રળનારો. આપકરમી ને બાપકરમી. [ચલાવવી તે.

આપખુદી, સ્ત્રી૦ પોતાપણું; પોતાનીજ ઇચ્છા-સત્તા

આપઘાત, સ્ત્રી૦ પુ૦ આત્મઘાત.

આપઘાતિયું, વિ૦ આપઘાત થાય-થયલું હોય તેવું.

આપણ, સ૦ [સં૦ આત્મા ને બાજ ભાષામાં અપ્પા] આપણે; હું આપ; પોતે; તમે (માન અર્થમાં).

આપણે, સ૦ હું અને તમે.

આપત્, સ્ત્રી૦ [સં૦] આપત્તિ.

આપત્કાળ, પુ૦ [સં૦] આપત્તિનો જે સમય તે.

આપત્તિ, સ્ત્રી૦ [સં૦] અન્ન ન પાકવું, ધરતીકંપ થવો, આગ લાગવી, રોગ થવો ઇંથી આવીસે જે દુઃખવાળી હાલત તે; મોટું દુઃખ; મહા સંકટ; આફત; પીડા; દૈવકોપ; રાજકોપ. ૨ મેળવવું તે—સુખાપત્તિ; દુઃખાપત્તિ; ઇષ્ટાપત્તિ વગેરે.

આપદા, સ્ત્રી૦ [સં૦] આપત્તિ (પેલા અર્થમાં)

આપદૃષ્ટિ, સ્ત્રી૦ પોતાનીજ તરફ જે નજર તે; સ્વાર્થ ઉપરજ લક્ષ તે.

આપદ્ધર્મ, પુ૦ [સં૦] આપત્તિ પડ્યાને લીધે ન આચરવા જોગ એવાં પણ કર્મ કરવાંપડે તે.

આપનાર, વિ૦ જે આપનું હોય અથવા જેણે આપેલું હોય તે.

આપન્ન, વિ૦ ધા૦ [સં૦] દરિદ્રી થયલું; દુઃખી; દુખિયારું; જેને માથે મોટું સંકટ આવી પડેલું હોય તે.

આપબુદ્ધિ, સ્ત્રી૦ પોતાની બુદ્ધિ.

આપમતલબી, વિ૦ પોતાનોજ ફાયદો વિચારી કામ કરનાર; સ્વાર્થી; એકલપેટું.

આપમતિયું, વિ૦ પોતાનુંજ ખરું એવા વિચાર પ્રમાણે વર્તનારું. ૨ બીજાને પત ન કરી પોતાનાજ ધાર્યા મુજબ કરેલું.

આપમુખત્યાર, વિ૦ કોઈને તાબે નહિ તે; પોતાનીજ ઇચ્છા પ્રમાણે કરે તે; સ્વતન્ત્ર; ધણિયાતું.

આપલે, સ્ત્રી૦ આપવું અને લેવું તે; ધીરધાર, લેણદેણ.

આપવું, ક્રિ૦ સ૦ પોતાની સત્તાની અથવા પાસેની વસ્તુ બીજાની સત્તામાં અથવા પાસે જાય તેમ કરવું.-(હાથે, વાણીએ, અથવા લખાણે); દેવું. ચોપડી આપવી, ઘર આપવું, વિચાર આપવો, ખાવાનું આપવું, રજા આપવી વગેરે. વળી મફત આપવું, સરતે આપવું, ઉધાર આપવું વગેરે. (આંપવાનું ઉલટું લેવું). એક જણે કંઈ આપે તારે બીજો તે લે. આપવું મુકવું (રસોઈમાં). આપીદેવું-સત્તા અથવા સમ્બન્ધ તદન છોડીદઈ બીજાને હવાલે કરવું.

આપસઆપસમાં, અ૦ આપઆપમાં. [ખું.

આપસમાન, વિ૦ પોતાના સરખું-જેવું. તમારા સર-

આપાપર, પોતે ને બીજું.

આપું, ન૦ આપપણું 'અણુજીતું આપું માનીને, દુખ પામે અપાર' (પ્રીતમ)

આપો, બાપ (ભરવાડમાં).

આપોઆપ, અ૦ પોતાની મેળે; સ્વભાવથીજ; આપખુશીથી. (સહાય-સુચના વિના).

આપોઆપ, સ૦ પોતેજ; જાતે; ખુદ. [વજન.

આપોપું, ન૦ પોતાપણું; આપપણું; ટેક; પોત; પણ;

આપ્ત, વિ૦ [સં૦] સગું; સમ્બન્ધી. ૨ વિશ્વાસુ.

આપ્રણિયે, અ૦ પોતાનીમેળે; સહજ. 'જાણપણું મેલીને જાણ, આપ્રણિયે રૂઇ નિર્વાણ'. (અખો).

આપ્રણી, સ્રી૦ આપત્તિ.

આફત, સ્રી૦ [આ૦] આપત્તિ; વિપત્તિ. આફત આસમાની એટલે ધરતીકમ્પ, આગ, રેલ વગેરે કુદરતી કોપ અને આફત સુલતાની એટલે રાજકોપ.-રાજા વગેરે થકી થયલી પીડા. [તાપ.-

આફતાબ, પુ૦ [ફા૦] સૂરજ. ૨ તેજ; તડકો;

આફૂયકું, અ૦ અમથું. [રો થવો.

આફરીજવું, ક્રિ૦ અ૦ રોગ થકી ફૂલી જવું; આફ-

આફરીન, સ્રી૦ [ફા૦] વખાણ; સાબાશી. અ૦ સાબાશ ! ધન્ય ! વાહ્વા ! ઠીક કીધું !

આફરો, પુ૦ બન્ધકોશને લીધે હવા એકઠી થયેથી પેટ ફુલી જાય અને શ્વાસોશ્વાસ ન લેવાય તે રોગ.

આફૂ, અ૦ આણીમેર-ગમ; આતરફ-મેર.

આફિડેવિટ, સ્રી૦ [અ૦] સરકારમાં જે પ્રતિજ્ઞા કરવી તે; સોગન ખાઇને કેવું તે.

આફિસ, સ્રી૦ [અ૦] કામ કરવાનું ઠેકાણું-સરકારી કામની આફિસ, વેપારીની આફીસ વગેરે.

આફુસ, એકજાતની કાચીખાવાની કલમી કેરી.

આબ, ન૦ [ફા૦] પાણી; જળ; ઉદક—પઞ્જાબ (પાંચ પાણી-નદીવાળો પ્રદેશ); દોઆબ (બે પાણી-નદીની વચમાંનો દેશ). ૨ તેજ; કાન્તિ; ચળકાટ; પ્રકાશ; નુર. (હીરા મોતી વગેરેનું). ૩ પાણી; ધાર; (તલવાર વગેરે હથિયારોનું). ૪ મૂલ; માલ; દમ.

આબકારી, સ્રી૦ [ફા૦] ભિસ્તીનું કામ. ૨ દારૂ ગાળવાનું કામ. ૩ દારૂ ગાળવા ઉપર જે સરકારી કર તે.

આબખોરો, અબખોરો.

આબદા, સ્રી૦ આપદા; આપત્તિ.

આબદાગિરિ, અબદાગિરિ.

આબદાર, વિ૦ [ફા૦] આબવાળું.

આબનૂસ, ન૦ [ફા૦] એક જાતનું લાકડું.

આબરૂ, સ્રી૦ [ફા૦] લોકમાં જણાવું તે; પ્રસિદ્ધિ. ૨ લોકમાં સારૂં કેવાય તે; માન; પ્રતિષ્ઠા. ૩ વખાણ; સાબાશી; તારીફ. ૪ યોગ્યતા; લાયકી. આબરુ મેળવવી-વધારવી-ઘટવી-ઉતરવી. [ઇજ્જતવાળું.

આબરુદાર, વિ૦ [ફા૦] પ્રતિષ્ઠિત; નામાઙ્કિત; આબ-

આબરુપત્ર, માનપત્ર.

આબાદ, વિ૦ [ફા૦] ભરેલું; વસેલું; ઘણા વેપાર-કારખાનાવાળું—શેહેર વગેરે. ૨ ખેડાયલું; ફળવન્ત—જમીન વગેરે. ૩ સુખી; જે જે જોઇયે તેથી અનુકૂળ.-લોક. ૪ ફતેહ મળે-મળી હોય તેવું-કામ, ધન્ધો વગેરે. ૫ સલામત; નુકસાન ન થયલું તેવું-કિલ્લો વગેરે. ૬ ખુશનુમા; ઝાડપાનથી ભરેલું—વાડી વગેરે. ૭ અતિશયપણું; ઘણુંજ-જમીનના પાક વગેરે. ૮ ચૂક વગરનું-તાકયા પ્રમાણેજ; બરાબર.-તીર આબાદ લાગ્યું. ૯ કાયમ; હમ્મેશ—દોલત આબાદ રો.

આબાદાની, સ્રી૦ [ફા૦] આબાદ એવી જે હાલત તે; ચડતી દશા; ઉત્કર્ષ.

આબાદી, આબાદાની. [સુધાં; સમ્બાં.

આબાલવૃદ્ધ, અ૦ [સં૦] બાળકથી માંડીને તે ઘરડાં

આબુવો, અબુવો.

આબેહુબ, વિ૦ [ફા૦] અસલ હોય તેવુંજ; અસલની ખરી નકલ; જાણે તેજ-આબેહૂબ ચિતાર.

આબોહવા, સ્રી૦ [ફા૦] પાણી અને હવા; હવા પાણી (હરેક દેશનાં); દેશપ્રકૃતિ.

આભ, ન૦ આકાશ (પેલા અર્થમાં). ૨ વાદળ.'આભ ફાટે ત્યાં થીગડું ન દેવાય'. (એ કેવત છે).

આભડછેટ, સ્રી૦ જેને ન અડકવું જોઇયે તેને અડક્યાથી જે અશુદ્ધ થવું-અભડાવું તે. ૨ અમુક અમુકને અડક્યાથી દોષ છે એવો વ્યવહારમાં ચાલેલો જે ધર્મ મત તે. "આભડછેટ અન્યજની જાણી, બ્રાહ્મણ વૈષ્ણવ કીધા ઘણી". ૩ જેથી અભડાવું થાય તે-અહીંતો બહુ આભડછેટ છે. ૪ સ્રીને મહિને મહિને જે અટકાવ વેઠે તે અથવા જણતીવેળા જે ઓર લોહી વગેરે નિકળે છે તે. તેને બહુ આભડછેટ પડેછે.

આભડવાજણું, અભડવાજણું. [ણગાર.

આભરણ, ન૦ [સં૦] વસ્ત્ર ઘરેણાં. ૨ શોભા; સ-

આભલું, ન૦ આભ.

આભા, સ્રી૦ કાન્તિ; તેજ; પ્રકાશ.

આભાર, પુ૦ બીજાએ આપણું સારૂં કર્યું તો તેની કૃપા રૂપી જે આપણા ઉપર ભાર તે; પાડ; ઉપકાર; ઓશિયાળું.

આભારી, વિ૦ જેના ઉપર ઉપકાર થયલા હોય તે. ૨ જે કરેલા ઉપકારને સમજ્યું હોય તે.

આભાસ, પુ૦ [સં૦] બે વસ્તુનું નજરે સરખું દેખાવું તે; (પછી ખરેખર હોય કે નહિં). ૨ કલ્પના; ચિતમાં ઝાંખું જણાવું તે; ભ્રમ. ૩ ખરું દેખાય તેવું કારણ (બાકી બેટુંજ). ૪ ઝાંખો-જૂજ પ્રકાશ.

આભીર, પુ૦ [સં૦] ગોવાળિયો; આહીર; ગ્વાલ; ગોપ. [આભડું૨.

આભૂષણ, ન૦ [સં૦] ઘરેણું; શણગાર; શૃંગાર;

આભ્યન્તર, વિ૦ [સં૦] અન્દરનું; માંયનું.

આમ, અ૦ આ પ્રમાણે; આવી રીતે. ૨ આ'તરફ; અહીંયાં.

આમ, પુ૦ [સં૦] અમળાઈ અમળાઈને ઘણીવારે પાતળો ને જરાકજ ઝાડો આવ્યાંકરે તે રોગ.

આમજ, અ૦ નક્કી આ પ્રમાણે.

આમટો, આમળો. [એક ભાગ.

આમણ, સ્ત્રી૦ આમળ. ૨ ગાડીનાં પૈડાંને લગતો

આમણસામણ, અ૦ સામસામાં; એક બીજાને; મુંયેમુંય; પરસ્પર; અરસ્પરસ.

આમણસારોગન્ધક, પુ૦ એક જાતનો ગન્ધક.

આમદની-દાની, સ્ત્રી૦ [ફા૦] આવક; પેદાશ; કમાઈ. ૨ આવવું-આવી પોંચવું તે. [જન.

આમન્ત્રણ, ન૦ [સં૦] બોલાવવું તે; તેડવું તે; ઈ-

આમય, પુ૦ [સં૦] રોગ; વ્યાધિ.

આમરસિયા, વિ૦ કેરીના રસ જેવા (રંગનું).

આમલી, સ્ત્રી [સં૦ આમ્લિકા] એ નામનું ઝાડ અને તેનું ફળ. એનાં ખાખાંને ચીચૂડા કરીને કે-છે. આમલી (ફળ) ખાટી હોયછે.

આમવાયુ, પું૦ આમ રોગથી સાંધા ઝલાઈ જાય તે રોગ.

આમળ, સ્ત્રી૦ આંતરડાનાં છેક નીચલા ભાગનું ગાંડની કુરડીની બાર નિકળી પડવું તે. ૨ ગરભના પડદાનું ઈન્દ્રીની બાર ઝુલીપડવું તે; બાંડું. (આંબેલ).

આમળવું, ક્રિ૦ સ૦ જોરથકી વાંકું વાળવું. ૨ વળ દેવો; વણવું.—(દોરા વગેરેને).

આમળાં, ન૦ એક જાતના ખાટાં ફળ—એની ત્રણ જાતછે—આમળાં-દેવઆમળાં (માથામાં ઘાલવાને, મુરબ્બો કરવાને-એનો સવાદ તુરો ને ખાટો હોય છે, ચોરઆમળાં (તુમડાંમાંથી નિકળે છે-એનો સવાદ ખાટો ને કંઈક ગળ્યો હોય છે) અને રાયઆમળાં એ ખાટાં હોય છે ને એ અથાણું કરવાનાં કામમાં ખપ આવેછે.

આમળીયું, ન૦ સોનાં રૂપાં તાંબાંના જાડા તારવાળું વળ દીધેલું છોકરાંઓને પગે ઘાલવાનું કડું.

આમળો, પુ૦ વસ્તુને આમળ્યાથકી જે તેનાપર વાંકા લીસોટા દેખાય તે; વળ. ૨ મનમાં ગાંઠ વાળી હોય તે; દ્વેશ.

આમરણ-ણાન્ત, અ૦ [સં૦] મરણ લગી.

આમરસ, પુ૦ કેરીનો રસ. (આમ્રરસ).

આમાન, આમામ.

આમાન્ન, ન૦ [સં૦] કાચું અનાજ (રાંધેલું નહિ તેવું). બ્રાહ્મણોને આપવામાં આવેછે.

આમિષ, ન૦ [સં૦] માંસ. ૨ ગળ; લાંચ; લાલચ..

આમીન, અ૦ [આ૦] થાઓ; હોઓ; અસ્તુ. (આશીરવાદ અથવા દુવાનાં બોલવાને ટેકો આપનારો શબ્દ).

આમેજ, વિ૦ ધા૦ [ફા૦] સામેલ; મેળવી દીધેલું; સાથે રે તેમ કરેલું. (બૈરાંને મરદની મિજલસમાં આમેજ કરવાં).

આમેણ, આમળ (૧લા અર્થમાં). [રપ.

આમોદ, પુ૦ [સં૦] સુગન્ધ; સુવાસ. ૨ ખુશી; હ-

આય, સ્ત્રી૦ શક્તિ; કૌવત.

આય, પુ૦ [સં૦] લાભ; પેદાશ; આવક.

આયડું, પુ૦ ઢોર ચારનાર ગોવાળિયો.

આયતન, ન૦ [સં૦] ઠેકાણું; જગા—ભોગાયતન -સુખ ભોગની જગા-શરીર; મૂલાયતન-મૂળ-ઉત્પત્તિ-જન્મભૂમિ.

આયતું, વિ૦ [સં૦ અયત્નતઃ] વગર મેહેનતે મળેલું. ૨ મફત. ૩ તૈયાર. [વાનો).

આયનો, પુ૦ [ફ્રા૦] આરસો; તખતો; (મોંડું જો-

આયન્દે, અ૦ [ફ્રા૦] હવે પછી; આજ પછી; અતઃપર.

આયપત, સ્ત્રી૦ આવક; પેદાશ; આમદની.

આયા, સ્ત્રી૦ બાળક છોકરાંઓને ધવાડવા અથવા તેઓની સમ્ભાળ રાખવાને પગાર આપી રાખેલી જે ચાકરડી તે.

આયાત, સ્ત્રી૦ બન્દર-માંડવીમાં દાખલ થવું તે; આવવું તે (પરદેશી માલનું). [ખત; દુઃખ.

આયાસ, પુ૦ [સં૦] મેહેનત; શ્રમ; યત્ન. ૨ સુસી-

આયાસી, વિ૦ [સં૦] મેહેનતુ; ઉદ્યોગી.

આયુ, ન૦ [સં૦] જનમ થકી તે મોત લગીનો વખત; જીવનકાળ; જીન્દગાની; જીવતર; આવરદા,

આયુધ, ન૦ [સં૦] હથિયાર; શસ્ત્ર.

આયુરારોગ્ય, ન૦ [સં૦] આખી જીન્દગાની રોગ થયા વગરની જાય તે. (આશીરવાદનું વચન).

આયુશ-ષ-સ, ન૦ આયુષ્ય.

આયુષ્માન્, વિ૦ [સં૦] ઘણાં આયુષ્યનું; ઘણું જીવવા વાળું; લામ્બી જીન્દગીનું. (આશીરવાદનું વચન.-ઘણું જીવો).

આયુષ્ય, ન૦ [સં૦] જન્મ થકી તે મોત લગીનો જે કાળ તે; જીન્દગી; જીવતર; આવરદા.

આયુષ્યમર્યાદા, સ્ત્રી૦ [સં૦] આયુષ્યની હદ; મોત.

આર, સ્ત્રી૦ લાકડાં વગેરેમાં બેસાડેલી લોઢાં વગેરેની સળી અથવા તે સળીની અણી-પરાણીની, ભમરડાની આર).

આર, પુ૦ પાણીનો વો; તાણ. ૨ ધોબી વગેરે જે ઘઉંની કણક ઉકાળી તેનું પાણી કાઢી લુગડાં ને પાયછે તે; એળ. ૩ જેટલું ખાવાનું જોઈયે તે; ખાધ.—તેને બસેરનો આર છે.

આરક્ત, વિ૦ [સં૦] રાતું; લાલ. [વાનું.

આરગણું, ન૦ મોચીનું એક ઓજાર-ચામડાં સિવ-

આરગન, ન૦ [અં૦] વાજું; કુંચી આપી કે મોંયથી નાના પ્રકારના મધુર સ્વર નિકળ્યાં કરે તેવી પેટી.

આરચા, સ્ત્રી૦ અર્ચા. (૨જા અર્થમાં).

આરજા, સ્ત્રી૦ જે સ્ત્રી ગૃહસ્થાશ્રમ-સંસાર છોડી વિરાગી થઈ બેઠી હોય તે-(જૈન માર્ગી).

આરજુ, સ્ત્રી૦ [ફ્રા૦] ઈચ્છા; મરજી; ઉમેદ; આશા. ૨ ચિન્તા; કાળજી; આતુરતા; અધીરાઈ.

આરજુમન્દ, વિ૦ [ફ્રા૦] આશાભર; ઉમેદવાળું; હોંસીલું. ૨ ચિન્તાતુર; કાળજીવાળું; આતુર.

આરડવું, ક્રિ૦ અ૦ ગળામાંથી ખેંચીને અવાજ કાઢવો. બકરું, પાડું વગેરે ઢોર આરડેછે, બાળક ને મોટાં માણસ પણ બેસી ગયલે સાદે રડે છે તે પણ આરડવું-આરડી મરવું પણ કેવાય છે.' ૨ મોટો ને બે સુરો અવાજ કાઢવો-તે ગાતો તો નથી પણ આરડેછે તો ખરો.

આરણકારણ, ન૦ બાનું; મિષ; મસ; નિમિત્ત. ૨ આનાકાની. ૩ નક્કી નહિ તે. તેનું આવવું તો આરણકારણ છે.

આરણિયો, પુ૦ લાકડાના ત્રણ પાયાની ઉપર પાટીયું જડેલી એવી બેસણી.

આરણી, સ્ત્રી૦ આડણી.

આરત, વિ૦ [સં૦ આર્ત] દુઃખી; પીડિત. ૨ જરૂરનું; ન ચાલે તેવું.-આરત કામ.

આરત, સ્ત્રી૦ હોંસ, ઈચ્છા. ૨ ઓરિયો; કોડ.

આરતિયું, વિ૦ દુઃખી; પીડિત. ૨ જરૂરનું. ૩ ન૦ આરતી કરવાનું વાસણ. (જેમ અગથિયું તેમ આરતિયું).

આરતી, સ્ત્રી૦ [સં૦ આર્તિક્ય] પૂજાના સમાપ્તિવેળા કપૂર વગેરેનો, દેવ સામાં દીવો ફેરવવાનું જે કર્મ તે; દીપ દર્શન કરાવવું તે. ૨ જે વાસણમાં દીવો પ્રગટીને ઉતારવામાં આવે તે વાસણ. ૩ આરતી ઊતારતી વખત જે કંઈ ભણવા-ગાવામાં આવે તે.

આરપાર, અ૦ એક તરફની સપાટીમાંથી અન્દર જઈ બીજી તરફની સપાટીમાંથી બાર નિકળ્યું હોય તેવી રીતે. ૨ વચમાંનું ઓળંગીને. ૩ એક છેડા--કાંઠાથીતે બીજા છેડા-કાંઠાલગી. ૪ તમામ—પૂરું-સમ્પૂર્ણ હોય તેમ.

આરબ, પુ૦ આરબસ્તાનનો વતની.

આરબી, વિ૦ આરબનું-સમ્બન્ધી (ભાષા વગેરે).

આરબ્ધ, વિ૦ ધા૦ [સં૦] આરમ્ભેલું; શરૂ કરેલું.

આરબ્ધ, ન૦ [સં૦] ચાર પ્રકારના કર્મ (સઞ્ચિત, ક્રિયમાણ, પ્રારબ્ધ ને આરબ્ધ.) માંનું એક; જે કર્મનું તલકાળ ફળ મળે તે.

આરબ્બી, અરબ્બી.

આરભટી, સ્ત્રી૦ સ્ત્રા. (કાવ્ય શાસ્ત્રમાં) રૌદ્ર, ભય અને બીભત્સ એ ત્રણ રસ જે બોલવા લખવામાં આવ્યા હોય તે; કૈશિકી, ભારતી, આરભટી અને સાત્વતી એ ચાર વૃત્તિ કેવાય છે.

આરમ્ભ, પુ૦ [સં૦] પેલ વેલુંજ જે દાખલ થવું તે; પ્રારમ્ભ; ઉપક્રમ; પેલ; શરૂઆત; મૂળ. (એનું ઉલટું સમાપ્તિ).

આરમ્ભવું, ક્રિ૦ સ૦ આરમ્ભ કરવો; શરૂ કરવું.'

આરમ્ભશૂર, વિ૦ [સં૦] માત્ર આરમ્ભ વેળાજ શૂર. (પછવાડેથી મેહનત ન કરે.)

આરવો, પુ૦ ઘણું જમ્યાં પછી જે અકળામણ થાય તે.

આરસ-પાહાણ, પુ૦ લીસો ચળકતો મોંડું જોવાય તેવો એક જાતનો પથ્થર; સંગેમરમર.

આરસી, સ્ત્રી૦ મોંડું જોવાનો કાચ; આપ; દર્પણ.

આરસીગર, પુ૦ આરસી બનાવનારા.

આરસો, પુ૦ જેની સામું જોયાથી આપણું મોંડું દેખાય તેવી ચળકતી વસ્તુ.-કાચ, સાફ કરેલો ધાતુ વગેરે; તખતો. કાચમાં બેસાડેલું અથવા કાચ ઉ-

૧૨ ચિતરેલું ચિત્ર.

આરાધન, ન૦ [સં૦] પૂજા સેવા કરવી તે.

આરાધના, સ્ત્રી૦ [સં૦] પૂજા; સ્તુતિ; સેવા; ભજન.

આરાધવું, ક્રિ૦ સ૦ પૂજા-સેવા કરવી.

આરાધ્ય, વિ૦ [સં૦] આરાધવાને યોગ્ય.

આરામ, પુ૦ [સં૦] બાગ; ઉપવન; વાડી.

આરામ, પુ૦ [ફા૦] દુઃખ સંકટ સમી ગયા પછી ચિતમાં જે નિરાંત થાય તે; ચેન; સુખ; આ-સાએશ; વિશ્રાન્તિ. ૨ થાક ખાવો તે. ૩ સુવું તે. ૪ ફુરસદ. ૫ સાજું થવું.-રોગ મટી જવો તે; ફેર પડવો તે. ૬ આરોગ્યતા; તનદુરસ્તી. આરામ પા-મવો-લેવો.

આરારૂટ, ન૦ [અ૦] એક જાતનો કન્દ.

આરાસ્તગી, સ્ત્રી૦ [ફા૦] તૈયારી; સજી રેવું તે. ૨ સણગાર. ૩ ગોઠવણ; નીમ. ૪ ખાશિયત. ૫ સમારવું-સુધારવું તે.

આરાસ્તે, વિ૦ [ફા૦] તૈયાર કરેલું. ૨ સણગારેલું. ૩ ગોઠવેલું. ૪ સુધારેલું.

આરિયાં, ન૦ હોડી વાણ વગેરેનો સઢ ઉતારી-પાડી નાખેલો તે. આરિયાં કરવાં.

આરિયું, ન૦ એક જાતનું શાખ; ચીભડું. ૨ નાની કુમળી કાકડી. ૩ નાનાં કુમળાં શાકફળ.

આરી, સ્ત્રી૦ નાનું વેરવાનું જે હથિયાર તે; નાની કરવત. ૨ મોચીનું હથિયાર.

આરુદ્રા, આર્દ્રા.

આરૂઢ, વિ૦ ધા૦ [સં૦] ઊપર ચડેલું; અસ્વારી કરી હોય તેવું-ગજારૂઢ; અનુભવારૂઢ ઈ૦.

આરેડું, વિ૦ હરામી; તોફાની. (ઢોર). ૨ કજિયા-ખોર; હઠીલું. (બાળક). [પ.(ભાત જુવારનો).

આરો, પુ૦ છાંણાનો ઉબાળો. ૨ સાતમણ જેટલું મા-

આરો, પુ૦ ઓવારો; કાંઠો. ૨ છેડો; હદ; પાર. ૩ પૈડાંમાં નાભિથી તે પરીઘ સુધી લાકડાંના જે આડા કકડા અથવા લોડાના જે ગજ હોયછે તે-માંનો એકેકો. ૪ રેંટિયાના ચક્રનો (જેની ઉ-પર માળ રેછે) અક્કેકો જે દાંડો તે.

આરોગ, આરોગ્ય. [મવું.

આરોગવું, ક્રિ૦ સ૦ ભોજન કરવું; સારું જમણ જ-

આરોગ્ય, [સં૦] રોગ થકી દુર હોવું તે; તનદુરસ્તી. વિ૦ રોગ રહિત.

આરોગ્યતા, સ્ત્રી૦ રોગ વગરની જે સારી હાલત તે.

આરોપ, પુ૦ [સં૦] એકના ગુણ દોષ બીજાને લ-ગાડવા તે. ૨ ઉત્પ્રેક્ષાલઙ્કાર. ૩ ઠપકો; દોષ દેવો તે; ગુન્હામાં આણવું તે. ૪ કલ્પના; ભ્રમ.

આરોપણ, ન૦ આરોપવું તે.

આરોપવું, ક્રિ૦ સ૦ એકના ગુણ દોષ બીજા કોઈ-એકને વિષે છે એવી કલ્પના કરવી. 'વસ્તુ જાણવા સાધન કાજ, આરોપી બોલ્યા કવિરાજ.' (અ-ખો). ૨ ઠપકો દેવો; દોષ આલવો; આળ ચડાવ-વું; તોહોમત મુકવું. ૩ ઘાલવું; પેરાવવું—સીતાએ રામને વરમાળ આરોપી. [યનમાં).

આરોહણ, ન૦ [સં૦] ચડવું તે; ચડતો ક્રમ (ગા-

આર્જવ, પુ૦ [સં૦] સરળપણું; ચોખ્ખે ચોખ્ખી વાત કરવાનો જે સ્વભાવ તે. ૨ ગમે તેવાં વિઘ્ન નડે તોપણ નિયમ પાળવાને આગ્રહ ધરવો તે. ૩ આગ્રહરૂપી કાલાવાલા. [રાયલું.

આર્ત્ત, વિ૦ [સં૦] પીડિત; દુઃખી; વ્યાકુળ. ૨ ગભ-

આર્દ્ર, વિ૦ [સં૦] ભીંજું; લીલું. ૨ કુમળું; મૃદુ.

આર્દ્રક, ન૦ આદું.

આર્દ્રા, સ્ત્રી૦ [સં૦] સત્તાવીસ નક્ષત્રમાંનું અસ્વિની-થી ગણતાં છઠ્ઠું જે નક્ષત્ર તે.

આર્ય, વિ૦ [સં૦] ઉંચકૂળનું; કુલીન; ખાનદાનનું. ૨ શ્રેષ્ઠ; પ્રતિષ્ઠિત; આબરુદાર. ૩ સહુથી પેલા હિન્દુસ્તાનમાં આવી વસેલા બ્રાહ્મણ, ક્ષત્રી ને વૈશ્ય તે.

આર્યા, સ્ત્રી૦ [સં૦] (કવિતામાં) એ નામનો માત્રા-ગણ છન્દ ભેદ. એની ઘણી જાતોછે—ગીતિ ઉપ-ગીતિ ઈ૦. ૨ એ નામનું એક વૃત્ત.—ચાર મા-ત્રાનો એક ગણ એવા પૂર્વાર્ધમાં સાડાસાત અને ઉ-ત્તરાર્ધમાં ૬ ઠ્ઠા ગણમાં એકજ લઘુ અક્ષર આવે તે સિવાએ સાડાછ ગણ હોયછે—૧ લો, ૩ જો, ૫ મો, ૭ મો, જગણ ન જોઈયે. પૂર્વાર્ધમાં ૬ ઠ્ઠો જરૂર જગણ અથવા નગણ આવવો જોઈયે.

આર્યાવર્ત, પુ૦ [સં૦] ઉત્તર દક્ષિણ હિમાલય તથા વિન્ધ્ય પર્વતો અને પૂર્વ પશ્ચિમ૦ સમુદ્રો એટલો જે હિન્દુસ્તાનનો ભાગ તે; જે પ્રદેશમાં આર્યલોક પ્રથમ આવી વસ્યા ને પ્રસર્યા તે.

આલ, ન૦ એક જાતનું ઝાડ.

આલણ, ન૦ ઘેંસ; ડખું.

આલપાકા, પુ૦ [અ૦] એક જાતનું ઊનનું કપડું. (એ નામનું જાનવર છે તે ઉપરથી).

આલમ, સ્ત્રી૦ [આ૦] દુનિયાં; જગત્. ૨ લોક; મા-ણસ જાત; દુનિયામાં રેનારાં તે.

આલમ્બન, ન૦ [સં૦] અવલમ્બન; આશ્રય. ૨ (ર-

(સ પ્રકરણમાં) એ રીતના વિભાવ કેવાયછે તેમાંનો એક; રસને ઉત્પન્ન કરનારી મૂળ વસ્તુ.

આલમ્બવું, ક્રિ૦ અ૦ પોંચવું; આસરો ધરવો.

આલય, ન૦ [સં૦] ઘર; રેવાની જગા; સ્થળ.—દેવાલય, હિમાલય વગેરે.

આલવું, ક્રિ૦ સ૦ આપવું.

આલસ્ય, ન૦ [સં૦] આળસ.

આલાપ, પુ૦ [સં૦] અલાપ.

આલાપવું, અલાપવું.

આલામત, સ્ત્રી૦ [અ૦] નિશાની; ચિન્હ.

આલાલીલું-લુંલીલું, વિ૦ અડધું લીલું-ભીનું ને અડધું સૂકું-આલાલીલું લુગડું, આલાલીલા વાંસ ઇ૦.

આલિઙ્ગન, ન૦ [સં૦] ભેટવું-કોટી કરવી તે; અઙ્ગની સાથે અઙ્ગ જોડવું તે.

આલી, સ્ત્રી૦ [સં૦] સાહેલી; સખી; સહી; બેનપણી.

આલીજાંહ-શાં, વિ૦ [ફા૦]સારૂં મોટું; બપકાદાર; ભવ્ય; વિશાળ.

આલુ, ન૦ એક જાતનું કાળા રઙ્ગનું ખટમધુરૂં ફળ.

આલે, અ૦ ફોગટ; નકામું; વ્યર્થ; એળે; રદ.

આલે, વિ૦ [અ૦] સારૂં; તોફે.

આલેખ્ય, ન૦ [સં૦] ચિતરવું તે. ૨ ચિત્ર; તસવીર.

આલેપ, પુ૦ [સં૦] લેપ કરવો તે—(સુગન્ધી પદાર્થનો). ૨ મલમ.

આલોક, ન૦ [સં૦] જોવું તે; દર્શન. ૨ વિચારવું તે.

આ લોક, પુ૦ આ જગત્-દુનિયા. (એનું ઉલટું પરલોક).

આલોચવું, ક્રિ૦ સ૦ વિચારવું; કલ્પનાથી શોધી કાડ-[વું.

આલોપાલો, પુ૦ ઝાડનાં ઝીણાં ઝીણાં પાતરાં મૂળિયાં તે.

આવ, સ્ત્રી૦ આવવું તે. આવજા.

આવક, સ્ત્રી૦ [હિં૦] આવે-આવેલું તે.–૧ કાગળપત્રની. ૨ માલની. ૩ જમીનની પેદાશ. ૪ રોજગાર; કમાઈ.

આવકચિઠ્ઠી, સ્ત્રી૦ વાણમાં માલ ચડાવ્યા પછી મોકલાવનાર ધણીને નાણાંનો તરત ખપ પડેથી તે ખાજની પાસથી નાણાં લઈ પોતાનો માલ વેચાયાથી નાણાં પાછાં ભરવા સમ્બન્ધી જે દસ્તાવેજ-લેખ કરી આપે તે.

આવકજાવક, સ્ત્રી૦ આવવું અને જવું તે. ૨ આપેલું લીધેલું તે. ૩ એ બાબતના હિસાબની ચોપડી.

આવકાર, પુ૦ (માન આપવાને) તમે આવો એવી રીતનો જે શબ્દ તે.

આવજા-વ, સ્ત્રી૦ આવવું અને જવું તે. ૨ ઘણીવાર આવવું ને જવું તે.

આવટવું, ક્રિ૦ અ૦ નિવેડવું.

આવડ-ત, સ્ત્રી૦ આવડવું તે. ૨ કળા; અટકળ; કિસબ રમી રેવો તે.

આવડવું, ક્રિ૦ અ૦ હાથમાં આવી જવું; હથોટી બેસી જવી (કિસબ વગેરેની); મગજમાં આવી જવું; દીલમાં ઉતરી જવું-(હર કંઈ વાત); જાણીતાં-વિખેતાં થવું.

આવડું, વિ૦ આટલું.

આવતું, વિ૦ ભવિષ્ય કાળનું; પછીનું; આવવાનું. ૨ નવું-તરતનું આવેલું. 'આવતી વહુ ને બેસતો રાજા, ભાર પડયો તો પડયો'. કેવત છે.

આવરફૂટો-ખૂટો, પુ૦ આવરદાનો છેડો; મોત.

આવરણ, ન૦ [સં૦] ઢાંકણ; આચ્છાદન. ૨ લગતાંવળગતાં-સમ્બન્ધી જનનો સમૂહ.

આવરદા, ન૦ સ્ત્રી૦ [સં૦ આયુર્દાય] જનમથકી તે મોત લગીનો વખત; જીન્દગાની; આયુષ્ય.

આવરવું, ક્રિ૦ અ૦ વ્યાપવું; ફેલાવું; ઢંકાવું, 'અગમ અગોચર સહુને હરી, બ્રહ્મા કીટ લગી માયા આવરી'. (અખો).

આવરેજ, સ્ત્રી૦ પુ૦ [અ૦] કોઈ વધતી કોઈ ઓછી એવી જે જુદી જુદી રકમો તેના સરવાળાને રકમની સઙ્ખ્યાએ ભાંગેથી જે સરખો ફાળો આવે તે; સરાસરી. એકને ૧૭ બીજાને ૨૫ અને ત્રીજાને ૩૦ રૂપિયા નફો થયો હોય તો એકેક જણને ૨૪ રૂપીઆની આવરેજ આવી કેવાય.

આવરો, પુ૦ સરાફીમાં હિસાબ રાખવાનો એક જાતનો ચોપડો.–એમા દરમહિનાની ખાતામાં લખેલી રકમો એકન્દર કરી મહિનાવાર લેણદેણ જણાવ્યું હોયછે.

આવરો, પુ૦ માણસ માંદું પડીઉઠ્યા પછી ઘડીએ ઘડીએ બ્હાળું ખાળું થયાં કરે તે; ભભડો.

આવર્તન, ન૦ [સં૦] ફેરવવું તે; વારેવારે કરવું-થવું તે. ૨ ફરી ફરી વાંચવું લખવું તે; અભ્યાસ.

આવલિ, સ્ત્રી૦ [સં૦] હાર; પઙ્ક્તિ; ઓળ; લીટી; શ્રેણી.

આવવું, ક્રિ૦ અ૦ [સં૦ યાન] છેટું ઓછું થતું જાય તેમ કોઈની તરફ ચાલવું અથવા ચાલી મળવું.–(તે બન્દરઆગળ આવ્યો કે આગબોટને આવતાં

ઘીથી; હું કાલે અહીં આવ્યો). ૨ અન્દર થકી બ્હાર નિકળવું (ઝાડને પાન ફૂલ આવ્યાં). ૩ ઉત્પન્ન થવું; દાખલ થઈને રેવું-જણાવું, પછી અન્દર કે બ્હાર. (તાવ આવેછે). ૪ જણાવું; દેખાવું; લાગવું; (ધ્યાનમાં એમ આવે છે). ૫ બનવું; ઘડાવું; થવું; તૈયાર થવું; બન્ધાવું; (પાઘડી ઠીક ન આવી). ૬ તૈયારીપર રેવું (ઘર પડવા આવ્યુંછે). ૭ જે ધાતુની સાથે જોડાય તે ધાતુનો અર્થ રાખેછે (બાપદાદાની વખતથી કરેતો આવ્યોછે). ૮ કોઈ તરફ પોંચવું અથવા હાજર થવું. (વખત આવ્યો). ૯ કોઈ પણ હાલતમાં જઈ પડવું. (તેઓ મારામારીપર આવ્યા). ૧૦ કબૂલ થવું (આખરે તે એ કિમતે આવ્યો). ૧૧ માફક બેસવું થવું (એને અઙ્ગરખો આવતો નથી). ૧૨ ગરમીથી સુજવું. અવાળુ આવ્યાંછે. જીભ આવી, મોં આવ્યું એટલે ગરમીથી જીભઉપર ચાંદી પડે ને લાળ ગળે. ૧૩ જવું (કોઈની પાસથી છુટું પડી જતાં વખત—હું આવુંછું ત્યારે). આવવું અને જવું એ બે ઉલટા બોલો છે. **આવી ચડવું**-આવી પોંચવું-એકાએક આવી મળવું-એકઠાં થવું; ટાંકણા ઉપર-ખડી વેળાએ આવી પોંચવું. **આવી ચુકવું**-આવી રેવું-થઈ ચુકવું; અન્ત પડવું; ખુટીપડવું. **આવી જવું**-આવવું અને પછી થોડીવારમાં જવું. ૨ આવવું. **આવી પડવું**-એકદમ આવીને પડવું—દુઃખ, સઙ્કટ ઈ૦. **આવી-ફસવું**-આવીને ફસો પડવું-કબજ થવું. **આવી બનવું**-છેડો આવવો; મોત આવવું; નાશ થવો.

આવશ્ય, સ્ત્રી૦ [સં૦] જરૂરીયાત; અગત.

આવશ્યક, વિ૦ [સં૦] જરૂરનું; અગતનું.

આવહ, વિ૦ [સં૦] લાવનાર; કરનાર—સુખાવહ, ગુણાવહ, ઈ૦.

આવળ, પુ૦ એ નામનું ઝાડ અથવા તેનું લાકડું—આવળનાં દાતણ.

આવાગમન, ન૦ આવવું અને જવું તે. ૨ જન્માન્તર; ચોરાસીનો ફેરો; પુનર્જન્મ.

આવાસ, પુ૦ [સં૦] **અવાસ** શબ્દ જોવો.

આવાહન, ન૦ [સં૦] મન્ત્ર ભણી દેવને મૂર્તીમાં અથવા મનમાં પધારવવા તે. ૨ માન થકી તેડું કરવું-બોલાવવું તે.

આવિર્ભાવ, પુ૦ પેસવું—દાખલ થવું તે.

આવિર્ભૂત, વિ૦ [સં૦] પ્રગટ; દેખાઈતું; પ્રત્યક્ષ; છતું.

આવું, વિ૦ આ પ્રકારનું.

આવૃત, વિ૦ [સં૦] ઘેરેલું; ચાર પાસથી બન્ધ કરેલું; ઢાંકેલું. ૨ ફેરવેલું; ચોતરફ હલાવેલું.

આવૃત્તિ, સ્ત્રી૦ [સં૦] ફરી વળવું તે. ૨ ફરીથી થવું તે. ૩ વારે વારે ફરવાં કરવું તે. ચોપડીની ચાર આવૃત્તિ થઈ એટલે ચાર વખત છપાઈ ચુકી-ચાર વખત દુનીયામાં ફરી વળી.

આવેગ, પુ૦ [સં૦] જોર; ધક્કો; જોરવાળો દોડ. ૨ જોર. (દુઃખનું). ૩ (કાવ્ય શાસ્ત્રમાં) ૩૩ વ્યભિચારી ભાવ કેવાયછે તેમાંનો એક-જેની આશા ન રાખી હોય તેવું બન્યાથી અથવા નાખુશ કરે તેવી બીનાઓથી જે ગભરાટ થાય તે.

આવેશ, પુ૦ [સં૦] વિચાર અથવા જોસ્સામાં ચિત્તનું જે રોકાઈ જવું તે; જોસ્સામાં આવેલી હાલત.-કામાવેશ, ક્રોધાવેશ ઈ૦. ૨ જોસ; જોર; જબરી અસર; ખુંવારી.

આવેશી, વિ૦ આવેશવાળું.

આશંસા, **આશઙ્કા**.

આશ, **આશા**.

આશક, વિ૦ [આ૦] જેજે કોઈના ઉપર પ્રેમ થયો હોય તે; પ્રેમવશ; મોહિત; પ્યારથી ચાહનાર—પછી પુરુષ કે સ્ત્રી. ૨ પ્રિય; પ્રિતમ. (પછી પોતાની સ્ત્રીનો કે પારકી સ્ત્રીનો.)

આશકમાશુક, ન૦ એકમેકને ચાહતાં એવાં સ્ત્રી પુરુષો; પ્યારો અને પ્યારી; લાલ અને લલના; પ્રિય અને પ્રિયા. પરણનાર વર વહુ અથવા પરણ્યા પછી લૌકિક નિયમ તોડી એકમેકને ચાહનારાં સ્ત્રી પુરુષ.

આશકાર-રા, વિ૦ [ફા૦] ઉઘાડું; દેખાઈતું; જાણીતું; જાહેર.

આશકી, સ્ત્રી૦ [આ૦] પ્યાર બાંધવો—આશક થવું તે. ૨ આશકની જે હાલત તે.

આશઙ્કા, સ્ત્રી૦ [સં૦] શક; સન્દેહ. ૨ અણ વિશ્વાસ; અપ્રતીત. ૩ બીક; ભય; ડર.

આશના, વિ૦ [ફા૦] દોસ્તદાર; જે પ્યાર કરે તે. ૨ સ્ત્રી૦ જેનો જે સ્ત્રીના ઉપર પ્યાર હોય તેની તે; પ્રિયા; પ્યારી.

આશનાઈ, સ્ત્રી૦ [ફા૦] દોસ્તી; સ્નેહ; મિત્રાઈ. ૨ ચાહના; આશકમાશુકના જે સમ્બન્ધ તે; યારી.

આશય, પુ૦ [સં૦] મનની ધારણા; ઉદ્દેશ; કારણ; અભિપ્રાય; મતલબ. ૨ ઠેકાણું; સ્થળ; સમાવવાની જગા.-જલાશય, અન્નાશય, મૂત્રાશય ઈ૦.

આશરવાદ, **આશીર્વાદ**.

આશા, સ્ત્રી૦ [સં૦] વાલો પદાર્થ મળવા વિષે અથ-

વા ધારેલી વસ્તુ બનવા વિષે રાત્ર દિવસ મનની જે વૃત્તિ રહે તે; ઉમેદ; ઇચ્છા. ૨ ભરોસો; વિશ્વાસ.

આશાપુરી, સ્ત્રી૦ એ નામની દેવી.

આશાડ, આષાઢ. [-બાયલું-ભરેલું.

આશાબન્ધ, વિ૦ [સં૦] આશાવાળું; આશાથી બ-

આશાભઙ્ગ, વિ૦ [સં૦] જેની આશા પૂરી ન પડી હોય તે. ૨ શોકાતુર; દલગીર; ઉદાસ.

આશાયુક્ત, વિ૦ [સં૦] આશાવાળું-ભરેલું.

આશિષ, સ્ત્રી૦ પુ૦ [સં૦ આશિસ્નું આશીઃ] આશીર્વાદ એ શબ્દ જોવો.

આશીર્વાદ, પુ૦ સારૂં-કલ્યાણ-સુખ થાઓ એવી રીતનું જે મનનું ચિન્તન અથવા મુખનું ભાષણ તે; દુવાઃ શુભ ઇચ્છવું તે. [મહિનો.

આશો, પુ૦ [સં૦ આશ્વિન] સંવત વર્ષનો બારમો

આશૌચ, ન૦ [સં૦] અશૌચ.

આશ્ચર્ય, ન૦ [સં૦] અચરતી; અજબ; ચમત્કાર.

આશ્રમ, પુ૦ જીન્દગીની મજલ. (ઉમ્મર પ્રમાણે). બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય-ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ અને સન્યાસ. ૨ અમુક જગા; ચોક્કસ ઠેકાણું-મુકામ. ૩ આરામ પામવાની જગા.

આશ્રમી, વિ૦ આશ્રમવાળું-ચિતાશ્રમી.

આશ્રય, પુ૦ [સં૦] આસરો.

આશ્રયી, વિ૦ [સં૦] જેને આસરો મળ્યો હોય તે.

આશ્રિત, વિ૦ [સં૦] જેને આસરો આપેલો છે તે; શરણાગત. ૨ આધીન; વશ; તાબે.

આશ્વિન, પુ૦ [સં૦] આશો.

આષાઢ, પુ૦ સંવત વર્ષનો ૯મો મહિનો. [ઈ.

આષાઢી, સ્ત્રી૦ આષાઢ સમ્બન્ધી-એકાદશી, પૂર્ણિમા

આસ, સ્ત્રી૦ આશા; આશ.

આસક, આશક.

આસકા, સ્ત્રી૦ દેવને ચડાવેલી વસ્તુનો કંઈક ભાગ પાછો લઈ શરીરને લગાડવો તે. ૨ એમ લગાડેલી જે વસ્તુ તે.

આસક્ત, વિ૦ [સં૦] પ્રીતિથી કોઈની પછવાડે અતીસેં લાગેલું-પડેલું તેવું; અનુરક્ત. [ળગણ.

આસક્તિ, સ્ત્રી૦ [સં૦] અતીસ્નેહ; અનુરાગ; વ-

આસઙ્ગો, પુ૦ [સં૦ વ્યાસઙ્ગ] પ્રીતિથી હરકોઈની પછવાડે લાગવું-ભમ્યાં કરવું તે; વળગ્યું રહેવું તે; આસક્તિ.

આસન, ન૦ [સં૦] બેસવાનું ઠેકાણું—પાટલો, ગાદી, ખુરસી, કોચ વગેરે. ૨ ઊન દર્ભ ઇ૦ની જે પવિત્ર વસ્તુ ઉપર બેસવું તે. ૩ બેસવા ઊઠવું રહેવા સુવા વગેરેની જે રીત તે—૮૪ ભોગાસન ને ૮૪ જોગાસન. ૪ સવારીના ઘોડાની પીઠપર જે ગાદી ઉપર બેસવું થાય તે અથવા જે બેઠક કરવી તે. ૫ ચોપડી અથવા પત્રકમાં પાડેલો જે કોઠો તે; ખાનું. ૬ જમવા બેસવાનું ઠેકાણું. ૭ ચાંદાં ઉપર માખી કંસારી અધાર કરેછે તે-એ અધાર સન્ધ્યાકાળે જવેછે એટલે તેમાંથી પાછા જીવડા પેદા થાયછે. ૮[સં૦ અશ્વગન્ધા] એક ઔષધિ. **આસનમાડવું**-જગા-બેઠક કરવી. ૨ મુકરર જગા ઉપર બેસવું. ૩ જે વસ્તુ ઉપર બેસવાનું હોય તે મુકવી-પાથરવી.

આસનવિધિ, પુ૦-સ્ત્રી૦ [સં૦] આસન કરવાની રીત.

આસનાવાસના, સ્ત્રી૦ ગભરાઈ ગયલાંને જે આશા દીલાસાથી ધીરજ આપી સમજાવવું તે.

આસનિયું, ન૦ ઊન દર્ભ ઇ૦ જે પવિત્ર વસ્તુ ઉપર બેસવું થાય તે વસ્તુ.

આસની, સ્ત્રી૦ છેક નાનું જે બેસવાનું આસન તે.

આસન્ત્રો-ન્દ્રો, પુ૦ એ નામનું ઝાડ. જેના પાતરાં પીવાની બીડી વાળવાના કામમાં આવેછે.

આસન્ન, અ૦ [સં૦] પાસે; નજીક; નિકટ; સમીપ.

આસપાસ, અ૦ ચોતરફ; ચારે બાજુએ.

આસમાસ, અ૦ બામુખા; જાણીજોઈને; જરૂર ન છતાં જરૂર કરીને.

આસમાન, ન૦ [ફા૦] આકાશ.

આસમાની, વિ૦ આસમાનનું-સમ્બન્ધી-જેવું. આસમાની રઙ્ગ, આસમાની આફત.

આસરવાદ, આશીર્વાદ.

આસરે, અ૦ નક્કી નહિ પણ સુમારે; અટકળે; જેવું ને જેટલું જોઇયે તેવું ને તેટલું નહિં પણ તેને લગભગ મળતું આવે તેટલું.

આસરો, પુ૦ [આશ્રય] જે જોર અથવા ઉપાયે કંઈ કામ થાયે અથવા કોઈ માણસ સંકટમાંથી ઉગરે તે; મદદ; ટેકો; આધાર.

આસંવાસના, આસનાવાસના.

આસા, આંશા. [નિવૃત્તિ પામવી તે.

આસાએશ, સ્ત્રી૦ [ફા૦] થાક ઉતારવો તે; આરામ;

આસાન, ન૦ આભાર; ઉપકાર; પાડ.

આસામી, પુ૦ શખસ; અમુક-ચોક્કસ માણસ. ૨ જેણે ખેતર, જમીન ગણોતે—આડે રાખીહોય તે શખસ. ૩ દેણદાર. ૪ પૈસાદાર.

આસામીવાર, અ૦ દરેક આસામીનું તેને તેને લ-

ગતું હોય તેમ (ખાતું).
આસાવન્ત, વિ૦ આશા રાખનાર.
આસિન્ધો, આસન્ધો-ન્ધો. [હાય કરનાર.
આસિસટણ્ટ, વિ૦ [અં૦] મદદગાર; મદદનીસ; આ-
આસુરી, વિ૦ અસુર સમ્બન્ધી.
આસૂયા, [સં૦] અસૂયા.
આસોપાલવ, પુ૦ [સં૦ અશોક] એ નામનું ઝાડ. એની ઘટ્ટ છાયા ઘણી રળિઆમણી લાગેછે.
આસ્કન્દ, પુ૦ એક જાતનો કન્દ.
આસ્તરણ, ન૦ [સં૦] પાથરવું-બિછાવવું તે. ૨ પાથરેલી અથવા બિછાવેલી જે વસ્તુ તે-ગાદડી, સેતરંજી, બિછાનું વગેરે.
આસ્તિક, વિ૦ [સં૦] જગત્‌ને કરનાર પરમેશ્વર છે એમ માનનાર. ૨ પરમેશ્વરને અને ભવિષ્ય સ્થિતિને જે સત્ય માનેછે તે.—અસ્તિ-છે એ ઉપરથી (એનું ઉલટું નાસ્તિક).
આસ્તિક્ય, ન૦ [સં૦] આસ્તિકપણું.
આસ્તે, અ૦ [ફા૦ આહેસ્તે] હળવે; ધીમે; ધીરજથી; ઘણી ઝડપથી નહિં. [તે. ૨ ભાવ; વિશ્વાસ.
આસ્થા, સ્ત્રી૦ [સં૦] આસક્તિ; પ્રેમથી વળગી રહેવું
આસ્થિક, વિ૦ [સં૦] આસ્થા વાળું; ભાવિક.
આસ્પદ, ન૦ [સં૦] જગા; ઠેકાણું.
આસ્ય, ન૦ [સં૦] મુખ; વદન.
આસ્વાદ, પુ૦ [સં૦] રુચિ; સ્વાદ; ગળકો; રસ.
આંહ, અ૦ અહીંયાં. ૨ નહિ; ના. [રનારો શબ્દ.
આહા-હા! અ૦ આશ્ચર્ય, દુઃખ, ઇ૦ની સૂચના ક-
આહાર, પુ૦ [સં૦] જે ખાવાનું તે; ભોજન; ભક્ષણ. ૨ ખાવાનું માપ. (એને ખાવાનો આહાર ઘણો છે).
આહારી, વિ૦ [સં૦] આહાર રાખનાર-ફલાહારી એટલે ફલાદિકનો આહાર રાખનાર; મત્સ્યાહારી-માંછલાં વગેરે ખાનાર.
આહીર, પુ૦ [સં૦ આભીર] ગોવાળિયાની જાત; ગોવાળિયો; ગ્વાલ; ગોપ. [માં).
આહીરડાં, ન૦ આહીર જાતિનાં માણસ. (કવિતા-
આહુતિ, સ્ત્રી૦ [સં૦] અગ્નિમાં હોમવાની જે વસ્તુ તે. ૨ હોમવું તે.
આહેડી, પારધી.
આહ્‌નિક, ન૦ [સં૦] ધર્મસમ્બન્ધી કરવાનું નિત્યકર્મ.
આહ્‌લાદ, પુ૦ [સં૦] આશ્ચર્ય સાથે જે આનન્દ તે. ૨ હરખનો શબ્દ; કલ્લોલ.
આળ, ન૦ વાંક ન છતાં વાંક છે એમ જે કહેવું તે; તોહોમત; બ્હેતાન; વગર કારણે દોષ બોલવો તે; જૂઠાણો. આળ મુકવું-ચડાવવું.
આળપમ્પાળ, વિ૦ મિથ્યા; ફોગટ.
આળય, આલય.
આળસ, ન૦ [સં૦ આલસ્ય] ઉદ્યોગ કરવાનું મન નથવું તે. ૨ મન્દસ્થિતિ; સુસ્તી. આળસાવવું-કરવું-થવું આળસ ખાવું-બગાસું ખાવું.
આળસીજવું, ક્રિ૦ સ૦ દિલ ન લાગેથી કામ કરવું બન્ધ રાખવું.
આળસુ, વિ૦ આળસવાળું-ધીમરેલું.
આળીગાળું, વિ૦ અટકચાળું—'વારોરે જસોદા મૈયા કહાનને, આળીગાળો આમ કરેછે'.
આળું, વિ૦ વાળું; ભરેલું-એ પ્રત્યય શબ્દની પછવાડે લાગેછે. સુખાળું; ઝેરાળું. ૨ જરા અડક્યાથી પણ દુખ થાય તેવું થઇ ગયલું-(જ્યાં દરદ હોય તે ઠેકાણું). ૩ લીલું. આળુંચામડું.
આળે, આલય. (કવિતામાં).
આળોટવું, ક્રિ૦ અ૦ સુતાં સુતાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે એમ ગબડવાં-લોટવાં કરવું.

ઇ.

ઇ, પુ૦ [સં૦] મૂળાક્ષરનો ત્રીજો મૂળાક્ષર.
ઇ, અ૦ [સં૦] ક્રોધ, દયા, દુઃખ વગેરેની સૂચના કરનારો શબ્દ.
ઇ, સ૦ આ; એ.
ઇંચ, ઇઞ્ચ. [રવું.
ઇંચવું, ક્રિ૦ સ૦ ખાયાંજ કરવું; પેટમાં ભર્યાંજ ક-
ઇંટ, ઈટ.
ઇંડું, ન૦ [સં૦ અણ્ડ] પક્ષી અને બીજાં કેટલાંક પ્રાણીની માદાનામાં ગરભને રાખનારી જે એક વસ્તુ બન્ધાયછે ને જેમાંથી બચ્ચું નિકળેછે તે.
ઇંઢોણી, સ્ત્રી૦ ઘાસની ઢુંઢણ-વાઘરી લોક બનાવેછે.
ઇંધણ, ન૦ [સં૦ ઇન્ધન] ઇંધણું.
ઇંધણધોરી, વિ૦ જેનું ભણવા ઉપર ચિત્ત નહિ તે; મૂર્ખ; ઢોઢ. ૨ હીણકમાઉ. ઇંધણપોરી જેવો કરમે ભાગ્યોછે.

ઈંધણું, ન૦ બાળવાનું લાકડું.

ઇએળ, સ્ત્રી૦ ઇયળ.

ઇકબાલ, ન૦ [આ૦] નસીબ; ભાએગ; ભાગ્ય. ૨ સારૂં નસીબ; આબાદાની.

ઇકરાર, પુ૦ [આ૦] જેવું હોય તેવું ખરેખરૂં કેવું તે; કબૂલાત; કોલકરાર; ખાતરીથી બોલવું તે. ૨ સોગન લઇને જે કેવું-સાક્ષી આપવી તે.

ઇકોતેર, વિ૦ દશ વખત સાત અથવા સિત્તેર અને એક; ૭૧.

ઇક્ષુ, સ્ત્રી૦ [સં૦] સેરડી.

ઇખલાસ, સ્ત્રી૦ [આ૦] અંતાસેં જે મિલાપ તે; ઘણીજ દોસ્તી; પરમમિત્રતા; ખરો સ્નેહ.

ઇખ્તસાર, પુ૦ [આ૦] ટુંકું કરવું તે. ૨ સારાંશ; સંક્ષેપ કથન.

ઇગંગળા, સ્ત્રી૦ ઇડા.

ઇગ્રેજ, અંગ્રેજ.

ઇઙ્ગિત, ન૦ [સં૦] ચિન્હ; નિશાની. ૨ મનના વાત જણાવનારો શરીરનો જે ચાળો તે. ૩ સઙ્કેત; વ્યંગ; ગુપ્તઉદ્દેશ. ૪ સેન; શેજ. ૫ તપાસ; શોધ. ૬ જવું તે; ગમન.

ઇંગ્લણ્ડ, ન૦ અંગ્રેજ લોકનો દેશ.

ઇંગ્લિશ, વિ૦ ઇંગ્લણ્ડદેશ સમ્બન્ધી; અંગ્રેજી.

ઇચ્છવું, ક્રિ૦ સ૦ ઇચ્છા કરવી; ચાહવું. ૨ આશા રાખવી; ઉમેદ બાંધવી.

ઇચ્છા, સ્ત્રી૦ [સં૦ ઇષ-ઇચ્છવું] કોઈ પદાર્થ ભોગવવા-મેળાવા વિષે મનમાં જે જોસ્સો થઈ આવે તે; ચાહના થવી તે; મરજી; ખુશી; કામના; વાસના; ખાહેશ; રૂચિ; શોખ. ૨ આશા; મુરાદ.

ઇચ્છાંક, પુ૦ ઇચ્છેલો અંક.

ઇચ્છાન્વિત, વિ૦ ઇચ્છા-વાસનાવાળું. [હોય તેમ.

ઇચ્છાપુરઃસર પૂર્વક, અ૦ ઇચ્છાથી—સાથે; ઇચ્છા

ઇચ્છાફળ, ન૦ ઇચ્છેલું જે ફળ તે. ૨ ત્રૈરાશિક ગણિતમાં આપેલી ત્રણ સઙ્ખ્યા ઉપરથી જે ઇચ્છેલી ચોથી નિકળે તે.

ઇચ્છિત, વિ૦ [સં૦] ઇચ્છેલું; ધારેલું.

ઇચ્છુ, વિ૦ [સં૦] ઇચ્છા કરે તે; ઇચ્છનાર.-વિદ્યેચ્છુ, દ્રવ્યેચ્છુ, હિતેચ્છુ, મોક્ષેચ્છુ ઇ૦.

ઇછવું, ઇચ્છવું.

ઇજત, સ્ત્રી૦ [આ૦] આબરૂ; માન; પ્રતિષ્ઠા.

ઇજત આસર, વિ૦ [ફા૦] એ શબ્દથી આબરૂદારને લખવામાં આવેછે. [રેનું.

ઇજન, ન૦ [ફા૦] નોતરૂં; તેડું-જમવા, મળવા વગે-

ઇજા, સ્ત્રી૦ [આ૦] દુઃખ; વેદના; હેરાનગતિ; તસદિ. ઇજા થવી-કરવી-પોંચવી.

ઇજાફત, સ્ત્રી૦ [આ૦] વધારો; ઉમેરો-ઇજાફત ગામ એટલે જે વતન ઇનામદારને હમ્મેશને માટે મળ્યું હોય તે. ઇજાફતખાનું એટલે રાજાઓમાં એકમેકને અપાતી લેવાતી જે ભેટ તે સમ્બન્ધીખાતું.

ઇજાર, સ્ત્રી૦ [ફા૦] પગથી તે કેડલગી પેરાય તેવું અને પોળું (તઙ્ગ નહિ) રાખી સીવેલું રેશમી કપડું; એક તરેહનો લેંઘો.

ઇજારદાર, વિ૦ [ફા૦] ઇજારે રાખનાર.

ઇજારે, અ૦ ઇજારો અપાયલો લેવાયલો હોય તેમ.

ઇજારેદાર, ઇજારદાર.

ઇજારો, પુ૦ [ફા૦] ધણી—સરકારને કેટલુંક દ્રવ્ય ભરી-ભરવાનું કબૂલકરી પછવાડેથી થવાનો નફો નુકસાન પોતાને માથે હોરીલઈ જે વેપાર ચલાવવો તે-જમીન, દારૂ, વગેરેના ઇજારા. માત્ર અમુકજ વહિવટ કરે તેવો સનદી હક; પટો; મક્તો.

ઇજજત, ઇજત.

ઇઝરાવું-ઇજવું, ક્રિ૦ અ૦ હૈયાંમાં બળ્યાંકરવું (અદેખાઈથી નહિ પણ પોતાનાજ દુઃખથી). હૈયામાં સોસાવું.

ઇઞ્ચ, પુ૦ [અ૦] ત્રણ જવને પાસપાસે ઉભા મુકેથી જે લમ્બાઈ થાય તેટલું માપ; ફુટનો બારમો ભાગ.

ઇઞ્જનેર, પુ૦ [અ૦] હિસાબ, સઙ્ખ્યા, અને નકશા એ ત્રણ સમ્બન્ધી જેને માહીતી હોય તે.

ઇટ્ટી, સ્ત્રી૦ દોસ્તી તોડવી તે; ઉંચું મનકરવું-બેસવું તે; કુટ્ટા.—(ચલ; તારી સાથે ઇટ્ટી-એમ છોકરાંઓ બોલેછે). [આઠ; ૭૮.

ઇઠોતેર, વિ૦ સાતવખત દશ અથવા સિત્તેર અને

ઇઠયાસી, અઠયાસી.

ઇડા, સ્ત્રી૦ [સં૦] ગાંડની કુલ્લી ઉપરનું જે હાડકું ત્યાંથી તે માથાલગી હવાને જાવઆવ કરવાના જે ત્રણ રસ્તા કલ્પ્યાછે તેમાંનો એક; નાભિચક્ર-ડુંટી આગળથી ઉત્પન્ન થતો સ્વાસ નાકની વાટે બાર પડેછે તે જો જમણા નસકોરાં તરફથી વધારે જોરમાં નિકળતો હોય તો ઇડા નાડી જોરથી ચાલતી કેવાયછે-ડાબાં નસકોરાં તરફથી વધારે જોરમાં નિકળતો હોય તો પિઙ્ગલા નાડી જોરથી ચાલતી કેવાયછે અને બન્નેમાંથી સરખી રીતે નિક-

ળતો હોય તો સુષુમ્ણા નાડી ચાલેછે એમ કેવા-યછે-એ ત્રણ, સરોદાની નાડી કેવાયછે.

ઇડીપીડી, સ્ત્રી૰ જે બીજ વેલી રાખોડીની ચોળીઓ વરવહુના ઉપરથી (નજર ન લાગે તેટલાસારૂ) ઉતારી આજુબાજુએ ફેંકી દેવામાં આવેછે તે; બ-સનમાં ડોશી શાસ્તરની એક વેમી રીત.

ઇત, અ૰ [હિં૰] અહીંયાં; આ જગાએ; આણી-કોર. [ખાતરી.

ઇતબાર, પુ૰ [આ૰] ભરોંસો; વિશ્વાસ; પતીજ;

ઇતબારી, વિ૰ [આ૰] ઇતબારવાળું; ભરોંસાદાર; વિશ્વાસુ; પતીજ-ખાતરીનું.

ઇતમામ, પુ૰ [આ૰] ખટલો; સવારી; લપિકી પ-રમાણે જે સાથે રાખેલાં માણસ, ઘોડાં વગેરે સા-મગ્રી હોય તે; અસબાબ; સર સરંજામ.

ઇતર, વિ૰ [સં૰] બીજું; અન્ય. ૨ જુદું; દુરનું.

ઇતરાજી, સ્ત્રી૰ [આ૰] નાખુશી; ગેરમેહેરબાની. ૨ આપવડાઈ; ગર્વ.

ઇતલાખ, વિ૰ [આ૰] જુદું; છુટું. એ બોલ રોજ-ના સિપાઈ ઓને લાગેછે. ઇતલાખ સિપાઈ અને સરંજામ સિપાઈ-ઇતલાખ સિપાઈઓને સરકારી ખરચે મોટા મોટા સરદારો પોતાની પાસે રાખે-છે. સરંજામ સિપાઈ ઓનો ખરચ તેઓને આપે-લી જમીનની પેદાશમાંથી ચાલેછે.

ઇતિ, અ૰ [સં૰] એ પ્રમાણે પૂરૂં થયું-છેડો આવ્યો એવું જણાવનારો જે શબ્દ તે; સમાપ્તિબોધક શ-બ્દ. ઇતિશ્રી થયું એટલે પૂરું-સમાપ્ત થયું. [વ.

ઇતિફાક-ત્તિફાક, પુ૰ [આ૰] બનવું-થયું તે; બના-

ઇતિહાસ, પુ૰ [સં૰] દેશ રાજ્ય લોક ઉપર જે જે ગુજર્યું હોય તે તે બનાવોની જે લખેલી અથવા વંશપરંપરા મોડે ઉતરતી આવેલી કથા-હકીકત તે; તવારીખ; ખબર; બયાન; પ્રાચીન વૃત્તાન્ત. ૨ કોઈપણ બાબતનું વિગતવાર કેવું તે.

ઇતિહાસરૂપ, વિ૰ [સં૰] ઇતિહાસના આકારમાં હોય તેવું; ઇતિહાસ સરખું.

ઇત્યાદિ, અ૰ [સં૰] એ પ્રમાણે બીજાં પણ; વગે-રે; એ આદિ લઈને.

ઇત્યાદિક, વિ૰ એ પ્રમાણે બીજાં પણ હોય તે.

ઇદડાં, ઢોકળાં.

ઇદરતિદર, અ૰ [હિં૰] અહીં તહીં.

ઇનકાર, પુ૰ [પ્રા૰] ના પાડવી કેવી તે; ના; નિષેધ.

ઇનશાહલ્લાતાહલ્લા, [આ૰] જેમ ખુદા ખોદાની મરજી હોય તેમ; જેવું ખોદાનું ચાવું; ઇશ્વરેચ્છા.

ઇનસાન, ન૰ [આ૰] આદમી; માણસ; માણસજાત.

ઇનસાનિયત, સ્ત્રી૰ [આ૰] આદમીયત; માણસાઈ; ભલમનસાઈ; વિવેક.

ઇનસાફ, પુ૰ [આ૰] જેને જેટલું ઘટતું તેને તેટ-લું અપાવવાની જે સારી ચાલ-ફરજ તે; અપક્ષ-પાત; નહિ જે તરફદારી તે; ન્યાય. ૨ વાજબી-પણું; સાચવટ; પ્રમાણિકપણું. ૩ સરકારમાં જે હ-રકોઈ કામની તજવીજ ચાલે તે. ૪ ચુકાદો; ફૈ-સલો. [ત તે. ૨ વાજબીપણું.

ઇનસાફી, સ્ત્રી૰ [આ૰] ઇનસાફ કરવાની જે રી-

ઇનામ, ન૰ બદલામાં પાછું કામ કરવાની અથવા કંઈ લેવાની કબુલાત કરાવ્યા વના એકદમ ખુશી થઈને જે આપી દીધેલું તે; ગરાંસ; ભેટ; બક્ષી-સ. જમીન, ઘર, માલ વગેરે.

ઇનામઇજાફત, ન૰ કોઈક કામ કરેથી આપેલાં ઇ-નામમાં જે વધારો કરી આપવો તે.

ઇનામદાર, વિ૰ જેને ઇનામ મળેલું હોય તે; ઇના-મનો ભોગવટો કરનાર. [હોય તે.

ઇનામી, વિ૰ ઇનામવાળું-સમ્બન્ધી; ઇનામ દાખલ

ઇનાયત, સ્ત્રી૰ [આ૰] મેહેરબાની; માયા; કૃપા. ૨ પ્રીતિની નિશાનીમાં આપેલું જે બક્ષીસ તે. [કર તે.

ઇન્કમટાક્સ, પુ૰ [અ૰] કમાઈ ઉપર જે સરકારી

ઇન્ડિયા, સ્ત્રી૰ [અ૰] હિન્દુસ્તાન. [મતલબ તે.

ઇન્તિખાબ, પુ૰ [આ૰] સાર; તાત્પર્ય; ટૂંકામાં જે

ઇન્તિજાર, વિ૰ [આ૰] આતુર; અધીર; આરજુમ-ન્દ; આશાતુર. [ચ્છા.

ઇન્તિજારી, સ્ત્રી૰ આતુરતા; અધીરાઈ; આતુર ઇ-

ઇન્તેજાર, ઇન્તિજાર.

ઇન્દિરા, સ્ત્રી૰ [સં૰] લક્ષ્મી.

ઇન્દીવર, ન૰ [સં૰] આસમાની રંગનું જે કમળ ફૂ-લ તે; નીલકમળ; નીલોત્પલ-એ સૂરજથી પ્રફુ-લ્લિત થાયછે.

ઇન્દુ, પુ૰ [સં૰] ચન્દ્ર; ચાંદો.

ઇન્દુવાર, પુ૰ સોમવાર.

ઇન્દ્ર, પુ૰ [સં૰] દેવતાઓનો રાજા; સ્વર્ગનો અધિ-પતિ. ૨ રાજા; મુખ્ય-જેમકે મૃગેન્દ્ર, કપીન્દ્ર ઇ૰.

ઇન્દ્રગોપ, પુ૰ [સં૰] પેલે વરસાદે જે રાતાં રાતાં જીવડાં જમીનપર પેદા થઈ ઉભરાયછે તે.

ઇન્દ્રચાપ, ન૰ [સં૰] ઇન્દ્રધનુષ્ય.

ઇન્દ્રજવ, પુ૰ એક જાતના કડવાં બીયાં; ઓષધિ.

ઇન્દ્રજાળ, સ્ત્રી૦ ન હોય તે દેખાય ને હોય તે ન દેખાય ઇત્યાદિ ચમત્કાર દરશાવનાર મન્ત્રવિદ્યા; જાદુ. ૨ માયા; છળ; જુઠું પણ અદ્ભુત દેખાવું તે.

ઇન્દ્રધનુષ્ય, ન૦ [સં૦] વરસાદનાં ટીપામાં સૂર્યનો પ્રકાશ પડવાથી આકાશમાં જે રઙ્ગીન કમાન-ધનુષ્ય દેખાય છે તે—એ ધનુષ્ય સવારે પશ્ચિમ દિશાએ અને સાંજે પૂર્વ દિશાએ જણાયછે.

ઇન્દ્રનીલ, પુ૦ [સં૦] નીલમણી; લીલમ.

ઇન્દ્રવજ્રા, (વૃત્ત) ન૦ [સં૦] ચરણમાં અગિયાર અગિયાર અક્ષર આવે તેવું વૃત્ત-(તતજ, ગગ).

ઇન્દ્રવાણ-વાયણું, ન૦ [સં૦ ઇન્દ્રવારુણી] એક જાતનું બારથી સુન્દર દેખાતું પણ ખાતાં અતીસેં કડવું લાગતું ફળ. ૨ ફુટડું પણ દુર્ગુણી માણસ.

ઇન્દ્રાણી, સ્ત્રી૦ [સં૦] ઇન્દ્રની સ્ત્રી.

ઇન્દ્રાયુધ, ન૦ ઇન્દ્રધનુષ્ય.

ઇન્દ્રાસન, ન૦ [સં૦] ઇન્દ્રનું સિંહાસન.

ઇન્દ્રિય, સ્ત્રી૦ [સં૦] જે જે શક્તિવડે બારના પદાર્થનું જ્ઞાન થાયછે તે તે. ૨ શરીરનાં જે દ્વારે-રસ્તે-અવયવે બારના પદાર્થનું જ્ઞાન થાયછે તે દ્વાર-રસ્તો-અવયવ. ઇન્દ્રિયો બે પ્રકારની ગણાયછેઃ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય. જ્ઞાનેન્દ્રિયમાં ત્વગિન્દ્રિય (ચામડી), ચક્ષુરિન્દ્રિય (આંખ), શ્રોત્રેન્દ્રિય (કાન), રસનેન્દ્રિય (જીભ) અને ઘ્રાણેન્દ્રિય (નાક) અથવા અડકવાની, જોવાની, સાંભળવાની, ચાખવાની અને સુંઘવાની ઇન્દ્રિયો આવી. એ એકેકી ઇન્દ્રિયોનો એકેકો વિષય છે તે આઃ સ્પર્શ, રૂપ, શબ્દ, રસ અને ગન્ધ એ પ્રમાણે છે. કર્મેન્દ્રિયમાં-વાગિન્દ્રિય (મોઢું), હસ્તેન્દ્રિય (હાથ), પાદેન્દ્રિય (પગ), ગુદેન્દ્રિય (ઝાડાની વાટ) અને ઉપસ્થેન્દ્રિય (પિશાબની વાટ) એ આવી. કેટલાક વિદ્વાન એ દશમાં મન મુકીને અગિયાર ગણેછે. વળી કેટલાએક વિદ્વાનો ઇન્દ્રિયના ત્રણ વર્ગ કરેછે. જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય અને અન્તરિન્દ્રિય. અન્તરિન્દ્રિયમાં-મન, બુદ્ધિ, ચિત્ત, અહઙ્કાર. ૩ જે અવયવે મૂત્રાયછે અથવા પિશાબ થાયછે તે; ઉપસ્થેન્દ્રિય.

ઇન્દ્રિયગમ્ય, વિ૦ [સં૦] ઇન્દ્રિયગોચર.

ઇન્દ્રિયગોચર, વિ૦ [સં૦] ઇન્દ્રિય પોચી વળે તેવું; જ્ઞાન પામી શકાય તેવું.

ઇન્દ્રિયજિત, વિ૦ [સં૦] જેણે ઇન્દ્રિયોને જીતી હોય તે; મન મારેલું-મારી જાણતું હોય તે.

ઇન્દ્રિયદમન, ન૦ [સં૦] ઇન્દ્રિયને જીતવી-વશ કરવી તે; મન મારવું તે; ઇચ્છા તોડી પાડવી તે.

ઇન્દ્રિયનિગ્રહ-નિયમ, પુ૦ [સં૦] ઇન્દ્રિયદમન.

ઇન્દ્રી, [સં૦ ઇન્દ્રિય].

ઇન્દ્રિજુલાબ, પુ૦ વારેવારે અને ઘણું મૂત્રાય તે. ૨ વારેઘડીયે ઘણો પિશાબ થાય તેવું જે ઓસડ તે.

ઇન્ધન, ન૦ [સં૦] બાળવાનાં લાકડાં.

ઇન્સ્પેક્ટર, પુ૦ [અં૦] તપાસ કરનાર; ઉપરી.

ઇકૂં, અ૦ આ તરફ; આણીમેર.

ઇબાદત, સ્ત્રી૦ [આ૦] પૂજા; ભજન; ભક્તિ; બન્દગી.

ઇબારત, સ્ત્રી૦ [આ૦] બોલવાં લખવાંની ઘર-રીતિ-તરેહ-જુક્તિ.

ઇભ, પુ૦ [સં૦] હાથી; ગજ.

ઇમ, એમ.

ઇમલો, પુ૦ અમલો.

ઇમાન, ન૦ ભાવ; વિશ્વાસ; ધર્મ ઉપર જે આસ્થા તે. ૨ ધર્મ; દીન. ૩ સાચવટ; પ્રમાણિકપણું.

ઇમાનદાર, વિ૦ ઇમાનથી વેવાર ચલાવનાર; પ્રમાણિક; વિશ્વાસુ.

ઇમાનદારી, સ્ત્રી૦ પ્રમાણિકપણું; સાચવટ.

ઇમાની, વિ૦ ઇમાન ઉપર રેનાર; વિશ્વાસુ; સાચું.

ઇમામ, પુ૦ [આ૦] ધર્મ સમ્બન્ધી કામકાજમાં જે આગેવાન તે; કાજી; મુલ્લાં.

ઇમામ દાંડગો, પુ૦ ધરમનું નામ રાખી મોટી લુચ્ચાઇ કરનારો; ધરમની પણ તમા ન રાખી અતીસ પાપનું કામ કરનારો.

ઇમારત, સ્ત્રી૦ [આ૦] બાંધવું-ચણવું તે; બાંધણી. ૨ પત્થર, ચુનો, ઇંટ, મટોડી, લાકડું વગેરે સાધનોથી બાંધેલું જે મોટું ઘર તે; કિલ્લો; હવેલી. ૩ જુક્તિ; તદબીર.

ઇયળ, સ્ત્રી૦ એક જાતનો ઝીણો લાંબો લીસો કીડો—અનાજ શાક વગેરેમાં હોયછે.

ઇયા, અ૦ યા. અથવા.

ઇયાદ, યાદ.

ઇયાદગારી, યાદગારી.

ઇયાદદાસ્ત, યાદદાસ્ત.

ઇયાદી, યાદી.

ઇયાને, યાને.

ઇયાર, યાર.

ઇયારબાજ, યારબાજ.

ઇયારી, યારી.

ઇયાહુદી, યાહુદી.
ઇયાળ, અયાલ.
ઇરશા-ર્ષા, ઇર્ષા. [ચાર; ઉદ્દેશ.
ઇરાદો, પુ૦ [ફા૦] મનની ધારણા; મનસુબો; વિ-
ઇરાની, વિ૦ ઈરાન દેશ સમ્બન્ધી.
ઇલકાબ, પુ૦ [આ૦] કાગળપત્તરમાં લખવાનો એ-
કાદો મોટો ખિતાબ; યોગ્યતામાન.
ઇલમ, પુ૦ [આ૦ ઈલ્મ] હરકોઈ વિદ્યા; શાસ્ત્ર; ક-
ળા. ૨ મેલી વિદ્યા; જાદુ. ૩ ઇલાજ; તજવીજ.
ઇલમી, વિ૦ ઈલમ જાણનાર; કામેલ; હોશિયાર.
૨ જુવો; ગુણી.
ઇલા, સ્ત્રી૦ [સં૦] પૃથિવ.
ઇલાચો, અલેચો.
ઇલાજ, પુ૦ [આ૦] ઉપાય; તજવીજ; યુક્તિ; જેથી
કંઈ કામ પાર પડે તે રીત. ૨ ઓસડ; દવા.
ઇલાયચી, એળચી.
ઇલાયચો, અલેચો.
ઇલેક્ટ્રિક ટેલિગ્રાફ, પુ૦ [અ૦] વિજળીની મારફતે
મોકલાતા સન્દેશા; તારમાં મોકલેલી ખબર.
ઇલેક્ટ્રિસિટિ, સ્ત્રી૦ વિજળી; વિદ્યુત. ૨ વિજળીથી
થતા બનાવોનું જ્ઞાન આપનારી વિદ્યા.
ઇશ, અ૦ ધિક્કાર સૂચક શબ્દ.
ઇશક, પુ૦ [આ૦ ઈશ્ક] એકાદી વસ્તુ અથવા એ-
કાદાં કર્મ ઉપર જે અતીસે ચાહના તે. ૨ સ્ત્રીનો પુ-
રુષને માટે ને પુરુષનો સ્ત્રીને માટે જે ઉભરાતો પ્રે-
મ તે. ૩ સ્ત્રી પુરુષનો રતિસમ્બન્ધ; સમ્ભોગ; સો-
બત. [નાળવો; રણ્ડીબાજ.
ઇશકબાજ, વિ૦ [ઈશ્કબાજ] પ્રેમી; રસિક. ૨ છિ-
ઇશકબાજી, સ્ત્રી૦ પ્રેમ રમણ. ૨ રણ્ડીબાજી.[ફક્કડ.
ઇશકી, વિ૦ સૌન્દર્ય ભોગી; શોખી; કોડીલું. ૨ છેલ;
ઇશારત, સ્ત્રી૦ [ફા૦] એકાદા છાનાં ચાળાથી ચેત-
વવું તે; સઙ્કેત; સાન. ૨ ચિન્હ; નિશાની (ખબ-
ર આપવાને). [મેં જણાવવો તે.
ઇશારો, પુ૦ [ફા૦] સઙ્કેત; સાન. ૨ સંક્ષેપમાં મ-
ઇષ્ટ, વિ૦ [સં૦] વાલું; પ્યારું. ૨ ઈચ્છેલું; ધારેલું.
૩ અનુકૂલ; મેહેરબાન. [દેવ.
ઇષ્ટદેવ, પુ૦ [સં૦] જેનાપર આસ્થા બેઠી હોય તે કુળ-
ઇષ્ટમિત્ર, પુ૦ [સં૦] વાલો મિત્ર; પરમસ્નેહી.
ઇષ્ટરાશિ, સ્ત્રી૦ [સં૦] ખોટી ધારેલી-કલ્પેલી સઙ્ખ્યા
ઊપરથી ખરો ઉત્તર કાઢવાની એક રીતિ—અઙ્ક ગ-
ણિતમાં.

ઇષ્ટાપત્તિ, સ્ત્રી૦ [સં૦] ઇચ્છેલું પ્રાપ્ત થવું તે.
ઇષ્ટિ, સ્ત્રી૦ [સં૦] કોઈપણ હોમ-યજ્ઞ કરવાની અ-
થવા બલિદાન-ભોગ આપવાની ક્રિયા.
ઇસબગોળ, પુ૦ [ફા૦] એક જાતનાં બિયાં-ઓસડ
દાખલ વપરાયછે.
ઇસવી, વિ૦ ઇસુ સમ્બન્ધી. ઇસવીસનનો આરમ્ભ
ઇસુ ચાર વર્ષનો હતો ત્યારથી ગણાયછે.
ઇસારત, સ્ત્રી૦ ઇશારત.
ઇસારો, પુ૦ ઇશારો.
ઇસ્કરુ, પુ૦ [અ૦] ગોળ ફેરવાતો જે ખીલો-આંકડો
તે. ૨ ચાંપવા-દાબવાનો જે સાંચો તે.
ઇસ્કોલ, સ્ત્રી૦ [અ૦ સ્કૂલ] નિશાળ.
ઇસ્ટાકિંગ, ન૦ [અ૦] પગે પેરવાનાં મોજાં. [ગેરે.
ઇસ્ટેટ, ન૦ [અ૦] સ્થાવર મિલકત-ઘર જમીન વ-
ઇસ્તલાહ, સ્ત્રી૦ [આ૦] ભાષાની ખાસ રૂઢિ; શુદ્ધ
ચાલુ રીત; ખાસ ધારા-ચાલ. ૨ મિસાલ; ઉપમા.
ઇસ્તેહાર, ન૦ [આ૦] જાહેર-મશહુર થવું તે.
ઇસ્ત્રી, સ્ત્રી૦ અઙ્ગારા ભરેલી જાળીવાળાં લોડાંની જે
પેટી હાર ભરેલાં આલાંલીલાં કપડાં ઊપર ફેરવેછે
તે—એનું તળિયું પિત્તળનું હોયછે.—ઈસ્ત્રી કરવી
કેવાયછે. ઈસ્ત્રીનાં કપડાં એટલે ઈસ્ત્રી ફેરવેલી—
કરેલી એવાં કરચલી વનાનાં સાફ ને અક્કડ કપડાં.
ઇસ્પિતાલ, સ્ત્રી૦ [અ૦] જ્યાં દરદીને મફત દવા
મળે, તેની તપાસ થાય અને તેને રેવાનું મળે તે
ઠેકાણું; દવાખાનું.
ઇહાં, અ૦ અહીંયાં; આ જગામાં; આ તરફ.

ઈ.

ઈ, પુ૦ [સં૦] ચોથો મૂળાક્ષર; બીજો દીર્ઘસ્વર.
ઈ, અ૦ કોઈને ચીડવતી વેળા મોડાંમાંથી નિકળ-
તો શબ્દ. [ક્ષુ; નયન.
ઈક્ષણ, ન૦ [સં૦] જોવું તે; નજર. ૨ આંખ; ચ-
ઈક્ષિત, વિ૦ ધા૦ [સં૦] જોયલું; દીઠેલું.
ઈટ, સ્ત્રી૦ [સં૦ ઈષ્ટિકા] ભીત-કરો ચણવાને મટોડી-
ના ચીકણો ચોખુણ ઘાટ કરી. તડકે સુકવી અ-
ગ્નિમાં પકવી બનાવેલો જે પદાર્થ તે. ૨ ઢેખાળો.
ઈટકો, પુ૦ ઈટનો કકડો; રોડું.

ઇંટડી, સ્ત્રી॰ ઇંટ.

ઇંટરડી, સ્ત્રી॰ ઇંટ. ૨ એક જાતનું જિવડું.

ઇંટારો—ળો, પુ॰ ઇંટ ચૂનાનો થયલો જે પથ્થર તે; ભારાંનું ઢેફું.

ઇદ, સ્ત્રી॰ [આ॰] મુસલમાનનો તેહેવાર.

ઇનમીન, વિ॰ આ એક ને તે બીજો એટલાં-માણસ વગેરે. (છોકરાંઓમાં વપરાયછે).

ઇનમીનસાડેતીન, વિ॰ ઘણાંજ થોડાં.—ત્રણ ચારથી વધારે નહિં તેટલાં.—માણસ.

ઇપ્સિત, વિ॰ [સં॰] ઇચ્છેલુ.

ઇર્ષા, સ્ત્રી॰ [સં॰] એકનું સારું જોઇ ને તેનાં જેવું થવાનો કરવાનો બીજાનાં મનમાં જે જોસ્સો થઇ આવવો તે; મરઆઇ; હોંસાતોંસી; દેખાદેખી; સ્પર્ધા; બરોબરી; ચડાચડી. ઇર્ષાના એ ઉપલા અર્થમાં સામાંનું સારુ દેખી તેમ કરવાનો ભાવ અને યત્ન હોયછે અને મત્સર, અદેખાઇમાં-સામાંનું ન સહન થતાં તેનું ખરાબ કરવાનો ભાવ અને યત્ન હોયછે. ૨ મત્સર, અદેખાઇ; દ્વેષ.

ઇશ, પુ॰ [સં॰] મોટો ધણી-સાહેબ-શેઠ-સ્વામી; અમલ ચલાવનારો; રાજા; ઇશ્વર; પ્રભુ.

ઇશાન, સ્ત્રી॰ [સં॰ ઐશાની] ઉત્તર અને પૂર્વ એ બે દિશાની વચમાંની જે દિશા અથવા વચમાંનો જે ખુણો તે. ઇશાનકોણ.

ઇશ્વર, પુ॰ [સં॰] જગત્કર્તા પ્રભુ. ૨ શિવ. ૩ વિષ્ણુ. ૪ સહુથી મોટો-બીજા શબ્દ સાથે જોડાય છે. જગદીશ્વર, રામેશ્વર, કવીશ્વર, યોગીશ્વર, ઇ॰ તેમ ઇશ્વરકર્તૃત્વ, ઇશ્વરકૃતિ, ઇશ્વરકૃપા, ઇશ્વરદત્ત, ઇ॰ શબ્દોમાં ઇશ્વર એટલે જગદીશ્વર.

ઇશ્વરી, વિ॰ [સં॰] ઇશ્વરનું-સમ્બન્ધી. [તી ઇ॰.

ઇશ્વરી, સ્ત્રી॰ [સં॰] શક્તિ; માતા. લક્ષ્મી, સરસ્વ-

ઇશ્વરીનિયમ, પુ॰ ઇશ્વરે કરેલો જે નિયમ તે; કુદરતનો ધારો. [ણે ઇશ્વરેજ કર્યો હોયની).

ઇશ્વરીન્યાય, પુ॰ [સં॰] ખરેખરો ઇનસાફ. (જા-

ઇશ્વરીપુરુષ, પુ॰ [સં॰] ઇશ્વરના જેવા ગુણો જેનામાં હોય તે; અવતારી-અંશી પુરુષ. ૨ ભોળો; ઓલિયો.

ઇશ્વરેચ્છા, સ્ત્રી॰ [સં॰] ઇશ્વરની જે ઇચ્છા તે.

ઇસ, સ્ત્રી॰ ખાટલા—ઢોલિયાનાં જે આડાં લાંબાં લાકડાં તે અથવા એમાંનું એક. ચાર પાયા ને ચાર ઇસ.

ઇસકોતરિયો-રો, પુ॰ ઘણાં ખાનાં હોય તેવી એક તરેહની નાની પેટી.

ઇસકોતરી, સ્ત્રી॰ નાની ખાંનાવાળી પેટી.

ઇસબ, પુ॰ એક જાતનો ગુંદર; સેરી લોબાન.

ઉ.

ઉ, પુ॰ [સં॰] પાંચમો મૂળાક્ષર; ત્રીજો હ્રસ્વસ્વર.

ઉં:, અ॰ દુઃખ કણસવાની સૂચના કરેછે.

ઉંઆં, અ॰ તરત જન્મેલાં છોકરાંઓનું જે રડવું તે.

ઉંગણ, પુ॰ પૈડાંમાંનો કીલ.

ઉંઘરડું-ણસી, વિ॰ ઘણુંજ ઉંઘ્યાં કરે તે; જેને બહુ ઉંઘવાની ટેવ હોય તે. ૨ એદી; સુસ્ત; આળસુ. [થી; નિદ્રા કરવી.

ઉંઘવું, ક્રિ॰ અ॰ ઉંઘવાળી હાલતમાં હોવું; ઉંઘ લે-

ઉંઘાખણું, વિ॰ ઉંઘરડું-ણસી.

ઉંચકવું-લવું, ક્રિ॰ સ॰ નીચે પડેલું ઉઠાવવું-ઉપર લેવું. ૨ ઉપરનો ભાર ઝિલવો; તાણી રાખવું. [તે.

ઉંચાઇ, સ્ત્રી॰ સપાટીની ઉપરની જે ઉભી લમ્બાઇ

ઉંચાણ, ન॰ ઉંચાઇ. ૨ ઉંચી જગા; ટેકરી.

ઉંજણી, સ્ત્રી॰ ઉંજવું તે. ૨ ઉંજવાની રીત.

ઉંજવું, ક્રિ॰ સ॰ ચિકણી વસ્તુ ઘાલી અન્દર સઘળે ફેરવવી. (પૈડાંમાં તેલ ઉંજવું). ૨ મન્ત્ર ભણી પીંછી વતે વા નાખવો-ઉપર હેઠળ ઝાપટવું (ગુણી ઉંજેછે). ૩ મન્ત્ર ભણી દરદ ઉપર લોઢું ફેરવવું (ધાવડું ઉંજવું).

ઉંટકટો, પુ॰ પીળાં ફુલનો કાંટા વાળો એક છોડ.

ઉંટડી, સ્ત્રી॰ ઉંટની માદા. ૨ ઘડવાનાં કામમાં આવતું સોનીનું કાંસાનું એક ઓજાર.

ઉંટવૈદું, ન॰ ગ્રન્થ ભણ્યા વિના જે ઉપરચોટિયું વૈદું કરવું તે; વગર આવડતે વૈદ ફેરવડાવવું તે.

ઉંટાંટિયું, ન॰ બાળકને ખાંસી ને ઉધરસ આવ્યાં કરે તે રોગ.

ઉંટિયાળકું, ન॰ એક ઔષધ.

ઉંડળ, સ્ત્રી॰ બાથ. "જેને ચાલે ધરતી ધ્રુજે, આભ ઉંડળમાં ભરતા; જેની ફુંકે પર્વત ફાટે, તે નર દીઠા મરતા". (પ્રીતમ).

ઉંડળગુંડળ, ગોળો પિંડાળો; ગોટોપોટો.

ઊંડું, વિ૦ ઉણ્ડું.

ઊંઢણ, ઊંઢણી.

ઊંઢણિયાં, ન૦ જ્યાંથી શિંગડાં ફૂટવાના હોય તે ઉપ-ડેલો ભાગ-માથાંનો. (વાછરડો હુંઢાણ્યાં મારેછે).

ઊંઢણી, સ્ત્રી૦ સુગડાં-ઘાસનો જે.વીંટો ગોળ વાળેલો પ્રથમ માથા ઉપર મુકી તેના ઉપર બૈરાંઓ પાણી ભર્યાં વાસણ મુકેછે તે.

ઊંઢાણિયું, ન૦ ઊંઢણિ.

ઊંદર, પુ૦ [સં૦ ઉન્દુર] એક જાતનું ચાર પગનું ફુવડ પ્રાણી-એ ઘરો, વાણના ભંણ્ડારમાં રેછે-અનાજ ખાયછે, કપડાં કાગળ કરડેછે.

ઊંદરડી, સ્ત્રી૦ હુંદરની માદા.

ઊંદરવાઇ, સ્ત્રી૦ હુંદર પકડવાનું પાંજરૂં.

ઊંદરી, સ્ત્રી૦ માથા ઉપર જે ફોલ્લી ફોલ્લી હોય ને ખન્જવાળેથી ધોળો ભૂકો નિકળે તે.

ઊંધણિયાં, ઊંઢણિયાં.

ઊંધાંધળું, વિ૦ જાંખું. 'આજનો દીન હુંધાંધળો'.

ઊંધિયું, ન૦ ઉબડિયું.

ઊંધ્રાયલું; વિ૦ જરીક ઊનું-ગરમ (પાણી).

ઊંફાળું, વિ૦ હુંફવાળું-આપનારૂં.

ઊંબડિયું, ઉબડિયું.

ઊંબર-રો-મરો, પુ૦ બારણાની બે ઉભી બારશાખોની વચમાંનું જમીન સાથે બેસાડેલું જે પાટીયું તે. ૨ આંગણું; ઘરનો આગલો ભાગ. હુંબર ઓળંગ્યો. "હુંબરતો ડુંગર થયારે, પાદર થયા પરદેશ".

ઊંબરી, સ્ત્રી૦ હુંબરાને બે છેડે—બારશાખની તળે જે ટોલ્લાને આકારે નાનો લાકડાંનો બારશાખનો અવયવ હોયછે તે.

ઉકડો, પુ૦ કોઈ વસ્તુની દરરોજની ખરીદીનું નાણું રોજરોજ ચુકવી આપ્યાને બદલે કોઈ મુદતસર એકદમ ચુકવી આપવાનો ઠરાવ કરી રોજ રોજ તે વસ્તુ લખાં કરવી એવો વેચનાર સાથે જે બન્દોબસ્ત તે; રાતમ. (દુધ, પાન, ફૂલ વગેરેનો ઉકડો).

ઉકરડો-ઘડો-રડો, પુ૦ [સં૦ ઉત્કર] છાણ પૂંજાને ઢગલો; જ્યાં કચરો એકઠો થયા કરે તે ઠેકાણું. ૨ કોઈપણ ગન્ધ-વાસ મારતું ઠેકાણું.

ઉકરડી, સ્ત્રી૦ નાનો ઉકરડો-રડો. ઉકરડી નોતરવી-જનોઈ લગનમાં બૈરાંઓ ગાતાં ગાતાં ઉકરડા આગળ પાણી છાંટી પાપડપુરી સોપારી પૈસો મુકેછે ને બૈયારી હુંચકી લે છે ને એ વેળા સહુ પેલીને હડે હડે કરે છે.

ઉકલવું, ક્રિ૦ અ૦ ઓળખાવું; વંચાવું; સમજાય તેવું હોવું. અક્ષર ઉકલતા નથી.

ઉકળવું, ક્રિ૦ અ૦ પાણી અને પાણીજેવા પદાર્થે ઘણું ગરમ થવું; ખળખળ શબ્દ થાય તેવું ઉનું થવું. ૨ કામથવું. તેનાથી કંઈ ઉકળવાનું નથી.

ઉકળાટ, પુ૦ ગરમી-તાપથી થતી જે અકળામણ તે; બફાઈ જવું તે; ઘામ.

ઉકાળવું, ક્રિ૦ સ૦ ઉકળે તેમ કરવું; ગરમીથી પ્રવાહીને ખળખળ થાય તેવું કરવું. ૨ ફાયદો-લાભ કરવો; સારૂં કરવું. તેણે કંઈ તારૂં ઉકાળ્યું ? ૩ તૈયાર કરવું; કામ પાર પાડવું; તે શું ઉકાળવાનોછે?

ઉકાળો, પુ૦ ઓસડનો કાવો. ૨ સોની લુહાર જે આમલી ઉકાળેછે તે. ૩ ગરમી; બાફ; ઘામ.

ઉકેલ, પુ૦ ઉકેલવાની શક્તિ સૂઝ-સમજ-ટેવ. ૨ તેને કામનો ઉકેલ નથી. ૨ નિકાલ; ફડચો.

ઉકેલવું, ક્રિ૦ સ૦ [સં૦ ઉત્કલન] ઉકલે તેમ કરવું; ઓળખવું; વાંચીશકવું. ૨ ગૂંચ કાડવી; ઉખેળવું. ૩ ન ગૂંચવાતાં સેહેલથી કામ કર્યાંજવું; કામ પતે તેમ કરવું; નિકાળ આણવો.

ઉક્ત, વિ૦ [સં૦] કહેલું; બોલેલું; કથિત.

ઉક્તિ, સ્ત્રી૦ [સં૦] કેવું-બોલવું-વદવું તે; કથન.

ઉખડવું, ક્રિ૦ અ૦ અન્દરથી બાર નિકળી પડવું; બોદાવું; પોપડો નિકળવો. ઉખડીજવું. ૨ ધૂળધાણી થઈજવું; પાયમાલ થવું. તેનું ઘર ઉખડીગયું.

ઉખડી, ઉખળી.

ઉખદ, સ્ત્રી૦ નવે.

ઉખર, ન૦ માંસ. [મીન.

ઉખર, સ્ત્રી૦ જ્યાં પાક સારો ન થતો હોય તેવી જ-

ઉખળ, ન૦ ઉખળું.

ઉખળી, સ્ત્રી૦ ખાંડણી (ગોળાની) 'પ્રભુતાણી બાંધ્યા ઉખળી'. (પ્રેમાનન્દ). [ક્યું. ૩ સાંબેલું.

ઉખળું, ન૦ [સં૦ ઉલૂખલ] ખાંડણી. ૨ બળદનું ચો-

ઉખળો, પુ૦ ઉખળું. ૨ વયના પ્રમાણમાં ઘણુંજ લાબું વધી ગયલું માણસ તે.

ઉખાણું, ન૦ વસ્તુ ઓળખી કાડવાને તેને મળતું આવતું એવું સમસ્યા રૂપ જે કથન તે; ગૂઢાર્થ વાક્ય. "દમહોલમાય પોલ ઉપર છત્તર છાયા, માઠું ઉખાણું કે તેને આપું સુનાના પાયા". એ ઉખાણું પાણીના હાંડાંને માટેછે.

ઉખેડવું, ક્રિ૦ સ૦ [સં૦ ઉત્ખનન] ઉખડે તેમ કરવું; -આખું ખોદવું; પોપડો કાઢવો. **ઉખેડી નાખવું**-પાયમાલ કરવું; દુર્દશામાં આણવું.

ઉખેળવું, ક્રિ૦ સ૦ ગૂંચવાયલું છૂટું કરવું. ૨ વિટા- [ળેલું પાછું ફેરવવું.

ઉગતુંજીરું, ન૦ એક જાતની ઔષધિ.

ઉગમ, પુ૦ [સં૦ ઉદ્ગમ] મૂળ; ઉત્પત્તિસ્થાન; પેદાશનું અસલ ઠેકાણું.—નદીનો ઉગમ એટલે જ્યાંથી નદી પ્રથમ વેહેવા માંડે તે ઠેકાણું. સ્ત્રી૦ ઉગમણ.

ઉગમણ, સ્ત્રી૦ પૂર્વદિશા.

ઉગમણું, વિ૦ પૂર્વદિશા તરફનું.

ઉગરવું, ક્રિ૦ અ૦ કોઈ સંકટ-દુઃખમાંથી બાહાર-સલામત નિકળી આવવું; બચી જવું. નુકસાન-ખરચમાં ન આવવું. ૨ ન ખાઈ જવું; ન જતું રેહેવું; રેવું; બચવું. (પૈસા).

ઉગવું, ક્રિ૦ અ૦ [સં૦ ઉદ્ગમન] જમીનમાંથી બાહાર વધી આવવું—(અનાજ વગેરે). ૨ બાહાર દેખાવું; નજરે પડવું (તારો સૂરજ ઉગ્યો) ૩ ગાનિ-કળવું-સારી રીતે વપરાયાથી લાભ થવો; ફળવું.

ઉગામવું, ક્રિ૦ સ૦ મારવાનેમાટુ ઊંચકવું; ઉપાડવું. હાથ ઉગામવો, તરવાર ઉગામવી ઇ૦.

ઉગાર, પુ૦ જે કંઈ ઉગરેલું તે; બચાવ; ન ખપતાં બાકી રહેલું તે. ૨ ફાયદો; લાભ.

ઉગારવું, ક્રિ૦ સ૦ સંકટ-દુઃખમાંથી બચાવવું-બાહાર કાઢવું. ૨ ન ખપાવી દેવું; બાકી રાખવું; વધારવું.

ઉગારો, પુ૦ ઉગાર. ૨ વરસાદ વગેરેના પાણીથી ઉગેલા જે નાના છોડોનો સમૂહ તે.

ઉગ્ર, વિ૦ [સં૦] કડવું; કઠોર. ૨ ચીડિયું; ક્રોધી; તામસી. ૩ બિહામણું; ભયંકર. ૪ ક્રૂર; ઘાતકી. ૫ સખત; ન ખમાય તેવું.

ઉગ્રતા, સ્ત્રી૦ [સં૦] ઉગ્રપણું-સ્થિતિ.

ઉઘડવું, ક્રિ૦ અ૦ બન્ધ હોય તે ખુલ્લું થવું. (બારણું). ૨ પ્રકાશ પડે તેમ થવું; મેઘવાદળાં ખસી જઈ સાફ દેખાવું. (આકાશ પણ વરસાદ ઉઘડયો છે એમ કેહેવાય છે). ૩ કલ્યાણ-સારું થવું; પ્રાપ્તિથવી. (નસીબ). ૪ પાર પડવું; તૈયાર થવું; સિઝવું. (કામ).

ઉઘડું, વિ૦ ઉઘાડું.

ઉઘરાણી, સ્ત્રી૦ આપેલું પાછું લેવાને વારેવારે જે માગણી કર્યા કરવી તે. ૨ જે માંગતું પાછું લેવાની વારેઘડિયે માગણી થતીહોય તે લેણું. ૩ હરકોઈ કામનેમાટુ જે તાકીદ કરાવ્યાં કરવી તે; તકાજો-દો. ૪ જુદે જુદે ઠેકાણે વેરેલું નાણું એકઠું કરવું તે.

ઉઘરાણું, ન૦ ઉજાણીનાં, પરમારથનાં વગેરે કામને માટે જુદા જુદા શખસોએ પોતપોતાની શક્તિ પ્રમાણે નાણું કાઢી મોટી રકમ ઉભી કરવી તે; ટીપમાં ભરવું તે; ટીપ કરવી તે. ૨ (એમ) એકઠું થયલું જે નાણું તે. ઉઘરાણું થવું-કરવું.

ઉઘરાત, સ્ત્રી૦ સરકારે જમીનના ખાતેદારો પાસેથી પોતાનું લેણું વસૂલ કરવું તે; તેહેસીલ.

ઉઘરાતદાર, પુ૦ ઉઘરાત કરનાર કામદાર; તેહેસીલદાર; પટેલ તલાટી.

ઉંઘરાવવું, ક્રિ૦ સ૦ જુદે જુદે ઠેકાણેથી માગીલેવું. (એકઠું બાહડોલ કરવાસાટુ).

ઉઘરાળો, પુ૦ ઓઘરાળો.

ઉઘાડ, પુ૦ આકાશમાંથી મેઘ વાદળાંનું જતું રેહેવું થવું અને પ્રકાશ પડવો તે. (આજ વરસાદે ઉઘાડ આપ્યો છે).

ઉઘાડબારું, ન૦ ઉઘાડું તે. છાનું જણાઈ આવે તેવું-એકાદીચીજ સેહેજથી ચોરાઈજાય તેવું ખુલ્લું ઠેકાણું

ઉઘાડવું, ક્રિ૦ સ૦ [સં૦ ઉદ્ઘાટન] બન્ધ હોય તે ખુલ્લું કરવું. ૨ લાભ કરી આપવો. ૩ છૂપું હોય તે પ્રગટ કરવું.

ઉઘાડું, વિ૦ બન્ધ-બીડેલું ઢાંકેલું નહિ તેવું; ખુલ્લું. ૨ ગુપ્ત-છાનું-ખાનગી નહિ તેવું; જાહેર; દેખાતું; જણાતું. ૩ સાફ; ચોખ્ખે ચોખ્ખું; મનમાં ને બાહાર જુદું ન હોય તેવું. ૪ સંભાળ વનાનું; છૂટું; રઝળતું. ૫ શરીરે વસ્ત્ર ધારણ વનાનું. ૬ ઓડચાવગરનું. ઉઘાડું થવું-કરવું-પાડવું. ઉઘાડુંપુગાડું-શરીરે સારાં લુગડાં વનાનું. ૨ નાગું.

ઉઘાડેછોક, અ૦ ખુલ્લી રીતે; સહુ દેખે તેમ.

ઉચકો, પુ૦ આટલું ને આટલું કામ કરી આપવું અને આટલું લેવું એવો જે બન્દોબસ્ત-પટ્ટણ તે. ૨ કકડે કકડે નહિં પણ એકદમ માલ નાણું આપવાનું જે સાટું તે. (પછી નફો થાઓ કે નુકસાન થાઓ). ઉધડું તે.

ઉચક્કો, પુ૦ ડાંડ; ડાંડગો; ઠગ; ચોર; લુચ્ચો.

ઉચરવું, ક્રિ૦ સ૦ બોલવું; વદવું; કેહેવું. ૨ વચન આપવું; કબૂલ થવું.

ઉચાટ, પુ૦ ઉચ્ચાટ.

ઉચાપત, સ્ત્રી૦ સોંપણમાંથી કેટલુંક છાની રીતે ઉપાડી લઈ લીધેલું તે. ૨ સરકારી નાણું ખાઈ જવું—

ર.માં ઊંચું મેલવું તે.

ઉચાળો, પુ૰ વપરાતો, અમેળો સામાન પછી આખો ભાંગો ગમે તેવો (ઘરનો ઉચાળો).

ઉચિત, વિ૰ [સં૰] યોગ્ય; ઘટતું.

ઉચીંજવું, ક્રિ૰ અ૰ ગાય-ભેંસે દૂધ ન આપવું; ઉડીજવું.

ઉચેડવું, ક્રિ૰ સ૰ ઉપરની છાલ જેવી વસ્તુ કાઢી નાખવી-જુદી પાડવી. [કચરો કાઢી નાખવો.

ઉચેલવું, ક્રિ૰ સ૰ ગટર, ખાળકુવા વગેરેમાંથી પાણી

ઉચ્ચ, વિ૰ [સં૰] ઊંચું.

ઉચ્ચાટ, પુ૰ [સં૰ ઉચ્ચાટન] મનમાં જે અણખત-ગભરાટ-અકળામણ ચિન્તા તે. ૨ દલગીરી; ઉદાસી; શોક.

ઉચ્ચાટન, ન૰ ઉચ્ચાટ થાય તેવું જે કરવું તે. ૨ ઉચ્ચાટ થયાંકરે-ઉચ્ચાટથી હેરાન થવાય તેવી રીતનું જે જાદુ કરવું તે-મારણ, જારણ અને ઉચ્ચાટન.

ઉચ્ચાર, પુ૰ [સં૰] મોઢાંમાંથી શબ્દ કાઢવાનો-બોલવાની જે રીત તે. ૨ મોઢાંમાંથી બોલેલો અથવા કાઢેલો જે શબ્દ-અવાજ તે. [કેવું તે.

ઉચ્ચારણ, ન૰ [સં૰] ઉચ્ચાર કરવો તે. ૨ કથન;

ઉચ્ચારવું, ક્રિ૰ સ૰ ઉચ્ચાર કરવો. ૨ બોલવું.

ઉચ્છિન્ન, વિ૰ ધા૰ [સં૰] મૂળથકી ઉખેડી નાખેલું; નિર્મૂળ કરેલું.

ઉચ્છિષ્ટ, વિ૰ ધા૰ [સં૰] જમતાં વધેલું; બાકી રહેલું; અજીઠું; એઠું; છાંડેલું. ૨ બગડેલું; બોટેલું; અશુધ્ધ થયલું. ૩ કોઈ બીજાનું ચોરેલું. (ભાષણ, લખાણ વગેરે).

ઉચ્છેદ, પુ૰ [સં૰] સમૂળો નાશ કરવો તે; જડ કાઢવી તે; થડથીજ કાપી નાખવું તે.

ઉચ્છેદક, વિ૰ [સં૰] ઉચ્છેદ કરનાર.

ઉચ્છ્વાસ, પુ૰ [સં૰] ઊંચો જે સ્વાસ-દમ લેવો તે. ૨ આશા. ૩ પ્રકરણ; બાબ.

ઉછકુંળ, વિ૰ ઉછાંછળું; અવિવેકી.

ઉછંગ, પુ૰ [સં૰ ઉત્સંગ] ખોળો; ગોદ.

ઉછરંગ, પુ૰ ઉમંગ; ઉત્સાહ. “હવે હરખ્યા શ્રીહરીને અંગે વધ્યો ઉછરંગ” (દેવીદાસ).

ઉછરવું, ક્રિ૰ અ૰ ખાધાપીધાથી તથા ઓઢવાપેરવાથી અને સમ્ભાળથી મોટું થવું-વધવું. ૨ ઉગવું; વધવું (તજવીજને લીધે).

ઉછળવું, ક્રિ૰ અ૰ ઊંચું થવું; ઊંચે ફેંકાવું-જવું. ૨ ઊંચું થયાં કરવું. ૩ કુદવું; કુત-દકો મારવો.

ઉછાંછળું, વિ૰ કુદ્યાં-દોડયાંકરે—વચમાં બોલ્યાંકરે તેવું; અખાણું ન રે તેવું; તોફાની; અટપટિયું; અળપતિયું ૨ ધાધલિયું; ગરબડિયું (કામ).

ઉછાળણી, સ્ત્રી૰ ઉછાળો ઉછાળીને કિંમત માગી વેચવું તે; લીલામ.

ઉછાળવું, ક્રિ૰ સ૰ ઊંચું કરવું; તળેનું ઊપર આવે તેમ કરવું. પાણી અથાણું શાક ઉછાળવું.

ઉછીતું-નું, વિ૰ વગર વ્યાજે થોડા મુદત લગી વાપરવાને આપેલું લીધેલું હોય તેવું. ઉછીનું આપવું—લેવું.

ઉછેરવું, ક્રિ૰ સ૰ પાલણ પોષણથી મોટું કરવું; સમ્ભાળ રાખવી—લેવી. ૨ ખાતર પાણીની તજવીજથી સારું ઉગે-વધે તેમ કરવું.

ઉજડ, વિ૰ માણસની વસ્તી વિનાનું; પુષ્કળ ઝાડી ને વિકરાળ જનાવરનો ભો હોય તેવું (ઠેકાણું). ૨ જ્યાં ઝાડ માણસ કંઈ ન હોય તેવું ખુલ્લું (મેદાન); ખેતી ન થતી હોય તેવું (ઠેકાણું). “ઊજડ ગામમાં એરણ્ડો પ્રધાન” **નામ** દાખલ પણ વપરાય છે. આ ઊજડમાં ક્યાં લાવી નાખ્યા? ઉજડ કરવું-થવું.

ઉજડનોમ, સ્ત્રી૰ આષાડસુદ નોમ. કન્યા મોટી થઈગઈ હોય ને તે વરસમાં મુરત ન આવતું હોય તો એ દિવસે તેના લગ્ન કરેછે.

ઉજમ, પુ૰ [સં૰ ઉદ્યમ]; હોંસ ભર્યો ઉદ્યમ.

ઉજમણી, સ્ત્રી૰ ઉજાણી.

ઉજમાળું, વિ૰ ઉદ્યમી; હોંસ ઉદ્યમથી પોતાનું કામ ઝડપથી કરી પરવારી લેનાર.

ઉજરડું, ન૰ અજવાળું.

ઉજવવું, ઉઝવવું.

ઉજળાઈ, સ્ત્રી૰ ઉજળી જે હાલત તે; સ્વચ્છતા.

ઉજળું, વિ૰ [સં૰ ઉજ્વલ] સફેદ; ધોળું. ૨ ચળકતું; ચકચકતું; તેજસ્વી. ૩ ખૂબ સાફ કરેલું; સ્વચ્છ; નિર્મળ. ૪ રીતભાતે સુઘડ; ખરચ ખૂંટણ કરવે સારું-સાર પડતું. ‘ઉજળું તેટલું દૂધ ન હોય’ એ કેવત છે. ૪ થા અર્થમાં **ઉજળુંવાજળું** પણ કેવાયછે. તે ઉજળોવાજળો છે, તેણે જમણ તો ઉજળુંવાજળું કર્યું.

ઉજાગરો, પુ૰ ઊંઘવું નહિ પણ જાગ્યાં કરવું તે; ઊંઘવનાની હાલત તે-આખી રાતનો ઉજાગરો.

ઉજાણી, સ્ત્રી૰ ઇષ્ટમિત્રે એકઠાં મળી ખુશીમાં સુન્દર ઠેકાણે જઈ સુન્દર ભોજન કરવું તે; જ્યાફત.

ઉજાસ, પુ૦ થોડું થોડું અજવાળું; ઝાંખો પ્રકાશ; આભાસ; તેજ; ચળકાટ.

ઉજેણી, સ્ત્રી૦ ઉજાણી.

ઉજેસ, પુ૦ ઉજાસ.

ઉજ્વલ, વિ૦ [સં૦] ઉજળું.

ઉઝત, ઉઝઝત.

ઉઝરડાવું, ક્રિ૦ અ૦ છોલાવું; સોરાવું.

ઉઝરડો, પુ૦ ઉઝેડો.

ઉઝવણું, ન૦ ઉઝવવું તે.

ઉઝવવું, ક્રિ૦ સ૦ [સં૦ ઊર્જન] વિધિયુક્ત પૂર્ણ કરવું; પાળેલાં વ્રતને પૂજનથી સમાપ્ત કરી બન્ધન છોડી દેવું-તેણે વ્રત ઉઝવ્યું. ૨ મુકી-છોડી દેવું; ઊંચું મુકવું; ત્યાગ કરવો.-તેણે ભણવાનું ઉઝવ્યુંછે. ૩ આમાં પાછળ સારો ખરચ કરવો-તેણે માજીને ઠીક ઉઝવ્યાં.

ઉઝેડવું, ક્રિ૦ સ૦ નખ, દયાં કરી ઉખેડવું; કોઈપણ રીતે ઘસી ઘસીને છાલ કાઢવી; સોરીનાખવું; જોરથી ખણ-જવાળવું.

ઉઝેડો, પુ૦ શરીર ઉપર નખ, કાંટો વગેરે જોરથી ઘસાવાને લીધે જે લીસોટો પડેછે તે; નખોરિયું; કાપો.

ઉઝ્ઝત, સ્ત્રી૦ જોશમાં સામી તકરાર કરવી તે.

ઉઝ્ઝતી, વિ૦ તકરારી; જિદ્દી (માણસ).

ઉટકવું, ક્રિ૦ સ૦ સાફ કરવું; માંજવું; સાજવું; અજવાળવું. (વાસણ). [જોની જે મેળવણી તે.

ઉટણું, ન૦ [મ૦] શરીરે ચોળવાની ખુશબોદાર ચી-

ઉટારું, ન૦ આધાર વનાની વાત; થડ મૂળ વગરની ગપ. ૨ કલ્પના; તુરંગ; અટકળ; સુમાર.

ઉઠતાંબેસતાં, અ૦ વારેઘડીયે.

ઉઠબેઠ-સ, સ્ત્રી૦ વારેવારે ઊઠવું અને વારેવારે બેસવું તે. છોકરાંઓને શિક્ષા કરવાની એક રીત. ૨ તાલેમમાં જોર કરવાની એક રીત.

ઉઠમણું, ન૦ ઉઠામણું.

ઉઠવું, ક્રિ૦ અ૦ [સં૦ ઉત્થાન] પગ ઊપર ભાર દઈ થોડું અથવા પૂરું ઊભુંથવું.—સુતેલાંએ બેસવું અથવા ઊભુંથવું અને બેઠેલાંએ ઊભુંથવું તે ઊઠવું. ૩ જાગવું; શુદ્ધિમાં આવવું; સાવધ થવું-ઊંઘ.-ગફલતમાંથી ઉઠયો. ૪ નિકળવું; પેદા થવું—શરીરમાં આગ ઉઠેછે. ૫ કોઈ પણ કામ કરવાને એકદમ તૈયારી કરવી. તે રણમાં જવાને—મારવાને ઉઠયો. ૬ કામ બન્ધ કરી જવું.-કચેરી ઉઠી. ૭ એકાએક થઈ આવવું-બણ્ડ ઉઠયું, બજારમાં બૂમ ઉઠીછે ઈ૦. ૮ નઠારું નિપજવું—છોકરો નઠારો ઉઠયો. ૯ ખસીજવું; ઉતરીજવું-ઘાલ ઉઠયું. ૧૦ બીબુંપડવું-છાપ ઉઠી. ૧૧ બાર જણાવું-શેરલો ઉઠયો; ગાલે દાંત ઉઠયા. ૧૨ મરણથી બચવું-તે મરતો ઉઠયો. ૧૩ પડતી દશા આવવી-તેનો દી ઉઠયો. ૧૪ જવું બન્ધ કરવું-છોકરો નિશાળેથી ઉઠયો-ઠીગયો. **ઉઠીજવું**-ઉઠીને જવું; જવું બન્ધકરવું. ૨ વઈજવું; બગડીજવું. તેને કુથાપછી પણ શું, તે તો ઉઠીગયોછે. ઉઠીબેસવું-એકાએક ઉઠીને બેસવું. ૨ કમાઈને તરત ખોવું; ચડીને તરત પડવું.

ઉઠવેઠ, સ્ત્રી૦ ઉઠવા ઉઠાડવા બેસવા બેસાડવાની જે મેહેનત તે. ૨ સમ્ભાળ લેતાં જે દુઃખ પડે તે. [મુકવું.

ઉઠાડવું, ક્રિ૦ સ૦ ઉઠે તેમ કરવું. **ઉઠાડીમૂલવું**-કાઢી

ઉઠાન્તરી-ન્ત્રી, સ્ત્રી૦ ઉઠવું તે. ૨ બીજે મુકામે જવાને પેલું મુકામ છોડવું તે; હોય તે જગા છોડી દેવી તે.

ઉઠામણું, ન૦ જે દાડે માણસ મરીગયું હોય તે દાડે અથવા તેને બીજે અથવા ત્રીજે અથવા નવમે દાડે ઘરના માણસોનું અને બીજાં બારનાં બેસવા આવેલાં માણસોનું શોક નિમિત્ત જે છેલ્લું મળવું થાય ને સહુ ઉઠી જાય તે પાથરણું ઉઠાવવું તે.

ઉઠાવ, પુ૦ ઊંચકાઈ જવું તે; ખપ; માગણી; વાપર. ૩ નુકસાન કરવાની મતલબથી તૈયારી કરવી-ઉભાં થવું; ચડાવ; ચડાઈ. ૩ વધવાપણું તે.

ઉઠાવણી, સ્ત્રી૦ ઉઠાવ એ શબ્દ જોવો.

ઉઠાવવું, ક્રિ૦ સ૦ નીચે હોય તે ઉપર આવે તેમ કરવું; ઊંચકવું; ઉપાડવું. ૨ આસરો-ટેકો આપવો-ઉઠાવીલેવું.

ઉડકવું, ઉટકવું.

ઉડગણ, પુ૦ [સં૦ ઉડુગણ] નક્ષત્રગણ; તારા.

ઉડણ, વિ૦ ઉડે તેવું-(ઉડણ દણ્ડ-સામળની પન્ચ દણ્ડની વાતમાં).

ઉડતાળીસ, વિ૦ ચાળીસ ને આઠ; ૪૮.

ઉડતું, વિ૦ ઉડે તેવું; હવામાં અધ્ધર ફરું (પક્ષી). ૨ ખરા આધાર વગરનું; ખોટું; લોકમાં સમ્ભળાતું (ઉડતી વાત). ૩ અસ્થિર; ચલિત; ફેરબદલ કરે તેવું. ૪ એક ઠેકાણેથી બે માથમ દોડી આવીને બીજે ઠેકાણે ઠરી બેસતું.—ઉડતો રોગ.

ઉડબડાં-ભડાં, અડબડાં.

ઉડવું, ક્રિ૦ અ૦ [સં૦ ઉડ્ડીન] પાંખની મદદથી હવામાં હાલ ચાલ કરવી; વાને જોરે તણાવું. (પક્ષી)

૨ હલકી વસ્તુનું પવનને જોરે હવામાં ઉંચું જવું—રેવું-ચગવું-તરવું-હાલવું-ફરફરવું. (કનકવો, સૂડ વગેરે). ૩ કોઈપણ રીતના જોરને યોગે હવામાં જવું. (તોપનો ગોળો) ૪ જોરમાં ચાલવું અથવા દોડવું (ઘોડો). ૫ એક ઠેકાણેથી દોડીને બીજે ઠેકાણે આવવું (થુંક, બાજાર ઉડશે). ૬ નાસી જવું; પોબારા ગણવા; એકાએક જતું રેવું. ૭ માથે આવેલો દોષ જવો; જતું રેવું-(તોહોમત ઉડ્યું -ઉડીગયું). ૮ એકદમ ફૂલાઈ જઈ અથવા શૂરમાં આવી કામ કરવું. ૯ કુદવું. ૧૦ ચડવું. ૧૧ ધસારો કરવો. ૧૨ ફીકું પડવું; જતું રેવું. (રઙ્ગ). ઉડીજવું-૧ (રઙ્ગ ઉડીજશે). ૨ છેતરવું-તેસો બધાની પાઘડી લઈને ઉડીજાય તેવો છે. ૩ બન્ધનમાંથી છટકી જવું. ૪ વપરાઈ જવું; ખપી-ખરચાઈ જવું. તેનો પગાર જોતાં જોતાંમાં ઉડીજાય છે.

ઉડાઉ, વિ૦ ખરાબ મારગે જે પઇસું ઉડાવે-ખરચે તે.

ઉડાઉડ, સ્ત્રી૦ દોડાદોડ; ઘણીજ ઉતાવળ. (બોલવા—કામ કરવામાં).

ઉડાડવું, ઉડાવવું.

ઉડાન, ન૦ [સં૦ ઉડ્ડાન] ઉડવાની રીત; ઉડવું તે.

ઉડાનરોહ, સ્ત્રી૦ સેતરઞ્જની રમતમાં બાદશાહને રોકવાનો-શેહ આપવાનો એક દાવ. વચમાંનું પોતાનું એક મોરું ઉઠાવી પોતાના બીજાં મોરાંથી સામાવાળાના બાદશાહને જે શેહ આપવી તે.

ઉડાવવું, ક્રિ૦ સ૦ ઉડે તેમ કરવું. (પક્ષીને) ૨ ખરૂં ન કેતાં આમતેમની વાત કહીને ભમાવવું. ૩ વાપરી નાખવું. ૪ સારીપેઠે ખાવું.

ઉડુ, પુ૦ [સં૦] નક્ષત્ર; તારા.

ઉડેલ, વિ૦ જેનો વિચાર વારે વારે ફર્યાં કરે તે; ચઞ્ચળ વૃત્તિનું. ૨ ફટેલ; છેલ. ૩ નઠારું; ઢોર ન ખાય તેવું (ઘાસ).

ઉણ્ડળ ગુણ્ડળ, ઉંડળગુંડળ.

ઉણ્ડાઈ, સ્ત્રી૦ ઉણ્ડાંપણું. ૨ જેટલું ઉણ્ડું હોય તેટલું તે.

ઉણ્ડાણ, ન૦ ઉણ્ડું હોવું તે. ૨ જેટલું ઉણ્ડું તેટલું તે. ૩ આસપાસની જગોના મુકાબલામાં ખાડામાં પડેલી જે જગો તે. ૪ છેક અન્દરનો ભાગ.

ઉણ્ડું, વિ૦ સપાટીની અન્દર સીધું નીચે જતું-ગયલું. (બાગ્બાનું ઉણ્ડું) ખાડો પડ્યા હોય તેવું. લાંબું, પોળું ને ઉણ્ડું. ૨ ઊપરઊપર પણ વિષયની અન્દર પેસીને વિચાર કરનાર. ૩ જલદીથી સમજમાં ન આવે તેવું. ઉણ્ડો વિચાર, ઉણ્ડી નજર ઇ૦.

ઉતઙ્ગ, વિ૦ ઊંચું; આકાશમાં હોય તેવું.

ઉતડવું, ઉતેડવું.

ઉતરચડ, સ્ત્રી૦ વારેઘડિયે ઉતરવું અને ચડવું તે.

ઉતરડ, સ્ત્રી૦ એક ઉપર એક મોટા નાનાં એમ જે વાસણ વગેરેની ગોઠવણ તે.

ઉતરડવું, ક્રિ૦ સ૦ સીવેલું લુગડું ઉખેળવું; સીવણ તોડવી. [રીનાખવું.

ઉતરડીનાખવું, ક્રિ૦ સ૦ ઉપરની છાલ કાડવી; સો-

ઉતરણ, સ્ત્રી૦ ઉતરતી—નિચે જતી એવી જે જમીન તે; ઢોળાવ.

ઉતરતી, વિ૦ મૂળ સઙ્ખ્યામાં ઓછી થતી. ૨ પડતી; નઠારી; ઘસાતી (દશા). ૨ ઘડપણવાળી (ઉમ્મર).

ઉતરતીભાંજણી, સ્ત્રી૦ ભારે કિમ્મતની સઙ્ખ્યાને ઓછી કિમ્મતનું રૂપ આપવું તે. (ગણિત). રૂપિયાની પૈ કરવી તે ઉતરતી અને પૈના રૂપિયા કરવા તે ચડતી ભાંજણી કેવાય.

ઉતરતી શ્રેઢી, સ્ત્રી૦ જે બેઢી-હારમાં સઙ્ખ્યા એક પછી એક ઉતરતી આવે તે.

ઉતરતું, વિ૦ સારું નહિ તેવું; હલકું; ઓછું; નીચું-નરસું-(ગુણ કિમ્મતમાં મુકાબલે). ૨ નાનું.-(ઉમ્મરમાં) ૩ છેક ઘરડું.

ઉતરવું, ક્રિ૦ અ૦ ઉપરથી નીચે જવું. ચડવું ને ઉતરવું. ૨ ઓછું થવું (ખાવામાં). ૩ ઓછી કિમ્મતનું દેવું. (માન ઉતર્યું) ૪ મુકામ—વાસો કરવો. (ધર્મશાળામાં). ૫ પેલ કરવી; આગેવાન થવું. (રમતમાં). ૬ ઓળઙ્ગવું; પાર કરવું. (નદી). ૭ બનવું; બરાબર થવું-(શેરના ૧૦ પેંડા ઉતર્યા). ૮ પડવું; નરમ થવું. (ભાવ). ૯ જોસ્સો નરમ થવો. (ભાંગ). ૧૦ સમજીજવું; ધ્યાનમાં આવવું. (મનમાં). ૧૧ ઉગવું; થવું; આવવું; (રોજ બે ટોપલા ગુલાબનાં ફૂલ ઉતરે છે). ૧૨ એકપરથી બીજું થવું (નકલ ઉતરવી). ૧૩ ઘડાવું; બનવું. (ચૂડો સારો નથી ઉતર્યો). ૧૪ રોગનું બાર દેખાવું (નરજળો માથે ઉતર્યો). ૧૫ ઘટવું; જતું-રેવું-(તાવ ઉતર્યો). ૧૬ માંયથી કાડવું (સુકેડનું તેલ ઉતારવું). ૧૭ અસર ઓછી થવી; જવું (દશા ઉતરી). ૧૮ ફીકું થવું (મોઢું ઉતર્યું). ૧૯ નિકળી પડવા; મુંડાવું (કેશ). ઉતરીજવું-(જલદીથી). ૨ ફીકું પડીજવું (મોઢું). ૩ (તેજ-મૂલમાં). ઉતરીપડવું-હદ મુકી બોલવું; તપીજવું; ઓછે પાટલે બેસવું.

ઉતરાણ, સ્ત્રી૰ ઉત્તરાયણ એ શબ્દ જોવો.

ઉતરાવવું, ક્રિ૰ સ૰ ઉતરે તેમ કરવું. ૨ લખાવવું; નકલ કરાવવી. ૩ ઘડાવવું. ૪ કઢાવવું; મુંડાવવું (કેશ).

ઉતરીજવું, ક્રિ૰ અ૰ બગડી જવું; સ્વાદ રહિત થવું-કેરી-છાશ ઉતરી ગઈ. ૨ ઠેકાણેથી ખસી જવું-(હાડકું ઉતરી ગયું).

ઉતાપ, પુ૰ [સં૰] અતીસ જે તાપ તે; તીવ્ર તડકો.

ઉતાર, પુ૰ પાણીનું જે ઉતરી જવું-ખસવું-ઓછું થવું તે. ૨ કેફ-અમલ વગેરેની ખુમારી ઓછી કરવી-થવી તે. ૩ સખત ઓસડની અસર કમી કરવી તે; પાછું વાળવું તે. ૪ ભૂત પ્રેત વગેરેને કાઢનાર માથે ઉતારેલું જે ધાન વગેરે ચકલે મુકવામાં આવેછે તે. (ઉતાર મુકવો). ૫ ગાડી વાહણ વગેરેમાં બેસવાનું જે ભાડું તે.

ઉતારવું, ક્રિ૰ સ૰ ઉતરે તેમ કરવું. ૨ એક ઉપરથી બીજું લખવું. ૩ ઘડવું. ૪ કાઢવું. (વેશ-વાળ). ૫ ફેરવવું (માથેથી ઉતારવા દાણા). ઉતારી પાડવું—કોઈનું બોલવું તોડી પાડવું; કોઈનું ખરાબ બોલી તેનાં માનમાં ઘટાડો કરવો.

ઉતારુ, પુ૰ વાહણ-ગાડીમાં બેસી એક ઠેકાણેથી બીજે ઠેકાણે જનાર તે.

ઉતારો, પુ૰ એક લખાણ ઉપરથી તેના જેવું તે ઉપરથી બીજું જે લખાણ કરવું તે. ૨ પ્રવાસ-મુસાફરીમાં મજલે મજલ જ્યાં મુકામ થાય તે. ૩ કોઈ પણ ઠેકાણે જે થોડા દહાડા મુકામ કરવો તે.

ઉતાવળ, સ્ત્રી૰ કરવું—મેળવવું એ વિષે વખત ન લાગવો તે; ત્વરા; જલદી; તાકીદ; ઝડપ.

ઉતાવળું, વિ૰ ઉતાવળવાળું; અધીર; આતુર. ૨ બાવરું; ગાભરું.

ઉતેડવું, ક્રિ૰ સ૰ સીવેલા તાર-દોરા ઉખેડી નાખવા-છૂટા પાડીનાખવા.

ઉત્કણ્ઠા, સ્ત્રી૰ [સં૰] અતિશય જે ઈચ્છા તે; આતુરતા; અધીરાઈ; અભિલાષા.

ઉત્કણ્ઠિત, વિ૰ [સં૰] ઉત્કણ્ઠાવાળું.

ઉત્કણ્ઠિતા, સ્ત્રી૰ [સં૰] (કાવ્યશાસ્ત્રમાં) આઠ નાયકામાંની એક—પ્રીતમ કેમ આવ્યો નહિ, કોઈ બીજીને ત્યાં ગયો હશે કે કેમ એવી ચિન્તાથી પીડિત અને ક્યારે આવે એવી ઈચ્છાથી અધીર જે સ્ત્રી તે.

ઉત્કર્ષ, પુ૰ [સં૰] ચડતી; બઢતી; આબાદી; ઊંચી સ્થિતિ; શ્રેષ્ઠતા.

ઉત્કા, સ્ત્રી૰ [સં૰] ઉત્કણ્ઠિતા.

ઉત્કૃષ્ટ, વિ૰ [સં૰] ઘણું સારું; સુન્દર; તારીફ; સરસ; ચડતું; ઉત્તમ; શ્રેષ્ઠ.

ઉત્ક્રમ, પુ૰ [સં૰] નિયમનું જે ઉલ્લંઘન તે; વ્યતિક્રમ.

ઉત્ક્ષેપણ, ન૰ [સં૰] ઉખેડી નાખવું તે; ફેંકી દેવું તે.

ઉત્તમ, વિ૰ [સં૰] સહુથી ચડતું-સારું-સરસ; શ્રેષ્ઠ; મુખ્ય; પહેલું. ત્રણ જણને સરખાવવા હોય તો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ કેહેવામાં આવેછે.

ઉત્તમગતિ, સ્ત્રી૰ [સં૰] મુઆં પછી જીવને દુઃખ ન પડતાં સુખ થાય એવી જે હાલત તે; સ્વર્ગવાસ. ૨ મુક્તિ; મોક્ષ. ૩ પવિત્ર જગાએ અથવા પવિત્ર દિવસે જે મરણ તે.

ઉત્તમપુરુષ, પુ૰ [સં૰] પ્રથમપુરુષસર્વનામ જે હું, અમે તેને કેહેછે. ૨ પુરુષમાં જે ગુણાદિકથી ઉત્તમ તે.

ઉત્તમાઙ્ગ, ન૰ [સં૰] મસ્તક; માથું; શિર.

ઉત્તમોત્તમ, વિ૰ [સં૰] ઘણુંજ ઉત્તમ; ઉત્તમમાં ઉત્તમ.

ઉત્તર, સ્ત્રી૰ [સં૰] સૂર્યની સામાં ઉભાં રેહેતાં ડાબા હાથ તરફની જે બાજુ—દિશા તે.

ઉત્તર, પુ૰ ન૰ [સં૰] કોઈએ કંઈ પુછેલું હોય તેને તે બાબત પાછું જે કેહેવું તે; જવાપ; પ્રતિવાક્ય—વચન. ૨ બચાવ—પુરાવામાં જે કંઈ કેહેવું તે. ૩ શબ્દ; વાક્ય. (તેણે એક ઉત્તર કાઢયો નહિ). ૪ (ગણિતશાસ્ત્રમાં) બે સઙ્ખ્યાની વચમાંનું જે અન્તર તે.

ઉત્તર, વિ૰ વધતું; વધારે; ઉપર; અષ્ટોત્તરશત એટલે સો ઉપર આઠ. ૨ બાકીનું; રહેલું; બીજું; પાછલું-ઉત્તરાર્ધ. એનું ઉલટું પૂર્વાર્ધ.

ઉત્તર અક્ષાંશ, પુ૰ વિષુવ વૃત્તની ઉપરના જે અક્ષાંસ તે.

ઉત્તરકથા, સ્ત્રી૰ કથા—બાબત—વાતનો પછવાડેનો અથવા છેલ્લો જે ભાગ તે.

ઉત્તરકાળ, પુ૰ ભવિષ્ય; આવવાનો જે વખત તે. ૨ જીન્દગીનો પાછલો વખત; ઘરડપણ; જૈફી. ૩ પછીનો જે વખત તે.

ઉત્તરક્રિયા, સ્ત્રી૰ [સં૰] મરણ પછી મરી ગયલાની જે ક્રિયા તે.

ઉત્તરદશા, સ્ત્રી૰ ઉત્તરદિશા. ૨ પછવાડેની હાલત. ૩ પછી જે કરવાનું તે.

ઉત્તરદિશા, સ્ત્રી૰ ઉત્તર.

ઉત્તરધ્રુવ, પુ૰ [સં૰] પૃથ્વીના આંસનો ઉત્તર તરફનો જે છેડો તે. ૨ પૃથ્વીની ઉત્તરે એક તારો છે.

ઉત્તરપૂજા, સ્ત્રી૰ દેવ વગેરેનું વિસર્જન કરતી વેળા ટૂંકામાં જે પૂજા કરવી તે.

ઉત્તરભાગ, પુ૰ પછવાડેનો—શેવટનો જે ભાગ તે.

ઉત્તર રાગિણી, સ્ત્રી૦ [સં૦] પાછલી રાતે ગાવાની જે રાગણી તે.

ઉત્તરરાત્ર, સ્ત્રી૦ [સં૦] મધરાતથી તે વ્હાણું વાય ત્યાં સુધીનો જે વખત તે; પાછલી રાત.

ઉત્તરવય, ન૦ [સં૦] ઘડપણ.

ઉત્તરસાધન, ન૦ મરણને માટે અથવા મુઆ પછીને માટે જે ક્રિયા-પુણ્યના કામો-તજવીજ કરવી તે. ૨ ઉપાયો કામે લગાડી કામ પાર કરવું તે.

ઉત્તરા-ફાલ્ગુની, સ્ત્રી૦ [સં૦] એ નામનું સત્તાવીસ-માંનું બારમું નક્ષત્ર.

ઉત્તરાભાદ્રપદા, સ્ત્રી૦ [સં૦] એ નામનું સત્તાવી સ-માંનું છવ્વીસમું નક્ષત્ર.

ઉત્તરાયણ, ન૦ [સં૦] સૂર્ય અથવા બીજા કોઈ તારાનું ઉત્તર તરફ જે જવું તે. ૨ મકર રાશી-સંક્રાન્તિમાં આવ્યા પછી સૂર્યનું ઉત્તર દિશાએ જે જવું થાય તે. ૩ સૂર્યનો ઉત્તર તરફ ફરવાનો જે છ મહિનાનો માર્ગ—કાળ તે. ઉત્તરાયણ પોષ મહિનામાં બેસેછે તે છ મહિના સુધી રેછે ને પછી દક્ષિણાયણ થાય છે.

ઉત્તરાર્ધ, ન૦ [સં૦] પાછલું-બીજું અડધું. એક શ્લોકનું જે આગલું અડધું તેને પૂર્વાર્ધ અને જે પાછલું અડધું તેને ઉત્તરાર્ધ કેછે.

ઉત્તરાલઙ્કાર, પુ૦ [સં૦] એક જાતનો ભાષાલઙ્કાર છે—પ્રશ્નના જવાબમાં કંઈપણ પોતાની તરફનું વિશેષ કેવું થાય તે.

ઉત્તરાષાઢા, સ્ત્રી૦ [સં૦] ૨૧ મું નક્ષત્ર.

ઉત્તરોત્તર, અ૦ [સં૦] વધતાં વધતાં; આગળ આગળ; જેમ જેમ વધીયે તેમ તેમ; અનુક્રમે.

ઉત્તાન, વિ૦ [સં૦] મોડું અને પેટ ઉંચે આકાશ તરફ હોય તેવું; ચતું; ઉન્મુખ.

ઉત્તીર્ણ, વિ૦ ધા૦ [સં૦] પાર કરેલું; ઓળંગેલું. ૨ ઉચ્ચારિત.

ઉત્તેજક, વિ૦ [સં૦] ઉત્તેજન આપનાર.

ઉત્તેજન, ન૦ [સં૦] કોઈ પણ કામ કરવાને મન કરાવનાર—ઉશ્કેરનાર જે જોસ્સો તે; પ્રેરણા; ઉશ્કેરવું તે. ૨ પુષ્ટી; આસરો; સહાય; મદદ.

ઉત્તેજિત, વિ૦ ધા૦ [સં૦] ઉત્તેજન આપેલું.

ઉત્થાન, ન૦ [સં૦] ઉઠવું-ઉભું થવું તે. ૨ ઉઠાવ. ૩ ઉદ્યોગ.

ઉત્થાપન, ન૦ [સં૦] ઉઠાડવું-ઉભું કરવું તે; નવું બાંધવું તે. ૨ કોઈને મળવાને ઉભું થવું તે. ૩ કાડી-ખસેડી મુકવું તે; બરતરફી.

ઉત્પત્તિ, સ્ત્રી૦ [સં૦] જનમવું-પેદા થવું—નિકળવું તે; જન્મ; પેદાએશ; મૂળ; ઉદ્ભવ; આદિ.

ઉત્પન્ન, ન૦ [સં૦] જે કંઈ પેદા થયલું તે; પેદાશ; આવક. ૨ નફો; ફાયદો. વિ૦ પેદા થયલું; જન્મેલું; ઉગેલું.

ઉત્પલ, ન૦ [સં૦] કમળફૂલ.

ઉત્પાત, પુ૦ [સં૦] દિલ ઉપર અસર કરે તેવો અસાધારણ કુદરતી નાશકારક બનાવ—ધરતીકમ્પ, મોટી રેલ-આગ. ૨ તોફાન; બંડ. ૩ દાંડગાઈ; મસ્તી; ધાંધલ.

ઉત્પાતિયું, વિ૦ તોફાન-ધાંધલ કરનાર.

ઉત્પાદક, વિ૦ [સં૦] ઉત્પન્ન—પેદા કરનાર.

ઉત્પ્રેક્ષા, સ્ત્રી૦ [સં૦] એકાદા સરખા ગુણ પરથી એક વસ્તુને શઙ્કાથી અથવા તર્કથી બીજી વસ્તુને નામે વરણી શોભાવવી તે. તેનાં નેત્ર તો જાણે કમળજ. એકાદું કારણ—ફળ બતાવી સમ્ભાવના કરી હોય ત્યાં પણ ઉત્પ્રેક્ષા કેવાય.

ઉત્પ્રેક્ષિત, વિ૦ ધા૦ [સં૦] ઉત્પ્રેક્ષા કરી હોય તેવું.

ઉત્સઙ્ગ, પુ૦ [સં૦] ખોળો.

ઉત્સર્ગ, ન૦ [સં૦] છોડી દેવું-મુકવું તે; ત્યાગ.

ઉત્સવ, પુ૦ [સં૦] ઓચ્છવ.

ઉત્સાહ, પુ૦ [સં૦] કોઈ મોટું કામ કરવા વિષે અથવા પાર પાડ્યા પછી મનનો ઉમઙ્ગ યુક્ત જે ભાવ તે; હોંસભરી વૃત્તિ. ૨ આનન્દ; હર્ષ; ઓચ્છવ. ૩ સપરમો દાડો; રૂડો અવસર.

ઉત્સુક, વિ૦ [સં૦] હોંસીલું; ઉમઙ્ગી; કોડથી આતુર.

ઉથડવું, ક્રિ૦ અ૦ અથડાવું; ઠોકર ખાવી. 'ગર્મ ન સમજે ભરમે પડ્યા, કરે અહંકાર હિંડે ઉથડ્યા' (અખો).

ઉથલપાથલ, સ્ત્રી૦ રીતસર નહિ તે; ભેળસેળ; ઉંધુચતું; ઉલટપાલટ; ફેરફાર. ૨ નાણાનો જે શરાફી વહિવટ તે.

ઉથલવું, ક્રિ૦ અ૦ ઉંધું-ઉલટું થવું; પાછું પડવું-ફરવું. ઉથલી જવું-પડવું.

ઉથલાવવું, ક્રિ૦ સ૦ ઉંધું કરવું; ફેરવી નાખવું; બદલવું. ઉથલાવી નાખવું—પાડવું.

ઉથલો, પુ૦ પાછલાં વાક્યના જે શબ્દો બીજા રાગમાં પાછા આણવા તે. (આખ્યાનમાં). ૨ ફેર પડ્યા પછી પાછું માંદું પડવું તે. (ઉથલો આવ્યો) ૩ સામો જવાબ વાળવો તે; ચાટકો લાગે તેવું સામું કેવું તે; ઉલટાવીને કેવું તે-તેણે ઉથલો વાળ્યો.

ઉથાપ, સ્ત્રી૦ ઉથાપવું-ખસેડવું તે. ૨ સામી થાપ; ઉથલો.

ઉથાપન, ન૦ [સં૦ ઉત્થાપન] ઉંચકવું-ઊભું કરવું તે. ૨ ઉઠવું તે. ૩ મન્દિરમાં દેવ ઉઠે તે વેળાનાં જે દર્શન તે.

ઉથાપવું, ક્રિ૦ સ૦ હોય તેને ઉલટાવી નાખવું; થાપેલાંને-બેસાડેલાંને ઉઠાડી મેલવું. ૨ ન માનવું; આમાથવું; વેણ ઉથાપવું.

ઉદક, ન૦ [સં૦] પાણી; જળ.

ઉદધિ, પુ૦ [સં૦] સમુદ્ર; સાગર.

ઉદબત્તી, સ્ત્રી૦ અગરબત્તી. [લ; ધિંગાણું.

ઉદમાત, પુ૦ [સં૦ ઉન્મત્ત] તોફાન; મસ્તી; ધાંધ-

ઉદમાતિયું, વિ૦ તોફાની; ઉછાંછળું.

ઉદય, પુ૦ [સં૦] ઉગવું તે; આકાશમાં આવવું—દેખાવું-ચડવું તે (કોઈ પણ તારા ગ્રહ વગેરેનું). ૨ નિકળવું-જુણામાંથી બ્હાર પડવું-પેદા થવું તે. (કામોદય, પુણ્યોદય). સારી—ઉજળી સ્થિતિમાં આવવું; પ્રખ્યાત થવું.

ઉદયગિરિ-યાચલ, પુ૦ [સં૦] એ નામનો પૂર્વ દિશાએ પર્વત છે. એની પેલી પાસથી નક્ષત્ર ઉગવા માંડેછે એમ કેવાયછે.

ઉદર, અ૦ [હિં૦] ત્યાં; તે જગાએ; તે તરફ.

ઉદર, ન૦ [સં૦] પેટ. ૨ જઠરાગ્નિ. ૩ ગર્ભસ્થાન.

ઉદરણી, સ્ત્રી૦ ગર્ભવન્તી; પે જીવવાળી સ્ત્રી.

ઉદરનિર્વાહ, પુ૦ ગુજરાન ચલાવવું તે; પેટ ભરવું તે; આજીવિકા.

ઉદરપોષણ, ન૦ ઉદરનિર્વાહ. [જી; ખટક.

ઉદરાવો, પુ૦ [સં૦ ઉદ્વેગ] ચિન્તા; ફિકર; કાળ-

ઉદવસ્ત, વિ૦ ઉજાડ. 'લંકું ઉદવસ્ત કરી હરણ વાળું.' (સામળભટ).

ઉદાત્ત, વિ૦ [સં૦] પોળું; ખુલ્લું. પુ૦ ઊંચે સ્વરે કરીને બોલાતો જે વર્ણ તે.

ઉદાન, પુ૦ [સં૦] શરીરમાં પાંચ વાયુ કેવાયછે તેમાંનો જે કણ્ઠ આગળ ઉત્પન્ન થઈને મસ્તકે જાયછે તે; પ્રાણવાયુ.

ઉદાર, વિ૦ [સં૦] કોઈનું સારું થાઓ એવું જાણી આપવે જે કોઈ મનમાં આચકો ખાતું નથી તે; દાતા; પોતાળ; હાથનું છુટું-મોકળું; મોટાં મનનું; સખી; દાનશૂર. [તે; સખાવત.

ઉદારતા, સ્ત્રી૦ ઉદાર વૃત્તિ. ૨ ઉદારથઈ આપેલું

ઉદાલય, ન૦ સાર વિનાનો વેષ (ભવાઈમાં).

ઉદાસ, વિ૦ [સં૦] દલગીર; ગમગીન; શોકાતુર; હોંસવિનાનું; ફીકું; નાઉમેદ; દુઃખી. ૨ સારું કંઈ નથી એમ સમજી સઘળાંપરથી પ્રીતિ ખસેડનાર, ત્યાગી; વિરાગ વૃતિવાળું.

ઉદાસી, સ્ત્રી૦ શોક; દલગીરી; નાઉમેદી. વિ૦ ઉદાસ. ૨ એ નામનો એક નાનક ગુરુનો ધર્મ માર્ગ અથવા એમાંનો કોઈ એક જણ.

ઉદાસીન, વિ૦ ઉદાસ.

ઉદાહરણ, ન૦ [સં૦] સમજાવવાને અથવા કપલું સાબીત કરી આપવાને જે કંઈ કરી-કઈ બતલાવવું તે; દાખલો; સાબીતી; દૃષ્ટાન્ત; પ્રમાણ.

ઉદિત, વિ૦ ધા૦ ઉદય પામેલું; ઉગેલું. ૨ ખુલેલું; ફૂલેલું. ૩ જાગેલું. ૪ ઉશ્કેરાયલું.

ઉદીચી, સ્ત્રી૦ [સં૦] ઉત્તર દિશા.

ઉદે, પુ૦ ઉદય.

ઉદેતી, વિ૦ [સં૦ ઉદયતિ] જે તિથિમાં સૂર્યનો ઉદય થયો હોય તે સમ્બન્ધ.

ઉદો, પુ૦ ઉદય. "ઉદો ઉદો મા જગતંબે".

ઉદ્ગત, વિ૦ ધા૦ [સં૦] ઉગેલું-નિકળેલું-બ્હાર પડેલું. ૨ ઊંચું.

ઉદ્ગાર, પુ૦ [સં૦] આશ્ચર્ય, દુઃખ ઈ૦નું જે એકાએક બ્હાર પડવું તે. ૨ એ જોસ્સાની જાણ કરનારો શબ્દ.

ઉદ્ગીત, વિ૦ ધા૦ [સં૦] ઊંચે સ્વરે ગાયલું.

ઉદ્ઘાટન, ન૦ [સં૦] સ્પષ્ટ-ખુલ્લું કરવું તે; સમજાવવું તે.

ઉદ્દિષ્ટ, વિ૦ ધા૦ ધારેલું; ઈચ્છેલું. ૨ કપેલું; દેખાડેલું. ન૦ બતાવેલું રૂપ, કેટલામો પ્રસ્તાર છે તે કેવાની રીત—(પિંગળ શાસ્ત્રમાં).

ઉદ્દીપન, ન૦ [સં૦] સળગાવવું-પેટવવું તે; પ્રજ્વલન. ૨ ઉશ્કેરવું તે; ઉત્તેજન. ૩ પુષ્ટિ; સહાય હોવું તે.

ઉદ્દેશ, પુ૦ [સં૦] મુખ્ય ધારણા; અસલ મતલબ; મૂળ લક્ષ. ૨ દેખડાવવું તે.

ઉદ્ધત, વિ૦ [સં૦] ઉન્મત થઈ વર્તનાર; અસભ્ય; બેઅદબ; જોઈએ તેના કરતાં વધારે છૂટ લેનાર; જડસી.

ઉદ્ધતાઈ, સ્ત્રી૦ ઉદ્ધત જે વર્તણુક-ચાલ તે.

ઉદ્ધરવું, ક્રિ૦ અ૦ [સં૦ ઉદ્ધરણ] ચોરાશીના ફેરાથી બચી જવું; પાપથકી મુકાવું-છુટવું; મુક્તિ થવી. ૨ ઉગરવું; પારપડવું. ૩ સારે ઠેકાણે જઈ બેસવું.

ઉદ્ધાર, પુ૦ [સં૦] મુક્તિ; મોક્ષ; ત્રાણ; છુટકારો.

ઉદ્ધારવું, ક્રિ૦ સ૦ ઉદ્ધાર કરવો; તારવું. ૨ બચાવવું; ઉગારવું; સલામત કરવું. ૩ સારી સ્થિતિમાં

આણવું.

ઉદ્ભટ, પુ૦ [સં૦] શૂર; જોદ્ધા.

ઉદ્ભવ, પુ૦ [સં૦] જન્મ; ઉત્પત્તિ; પેદાશ. ૨ બ્હાર નિકળવું—જાહેર પડવું—ખુલવું તે.

ઉદ્ભિજ્જ—દ્, ન૦ [સં૦] ઝાડ, છોડ, બાજીપાલો વગેરે જમીનમાંથી ઉગતો જે પદાર્થ તે; ચાર ખાણ કેહેવાયછે તેમાંની એક.

ઉદ્યમ, પુ૦ [સં૦] કોઈ પણ કામમાં લાગવું તે; કામ. ૨ રોજી; રોજગાર. ૩ મેહેનત; તજવીજ; યત્ન.

ઉદ્યમી, વિ૦ ઉદ્યમ કરતું; મેહેનતુ. [ફાયદો.

ઉદ્યાન, ન૦ [સં૦] વાડી; ઉપવન; બાગ. ૨ હેતુ;

ઉદ્યાપન, ન૦ [સં૦] કોઈ પણ ધર્મકર્મની સમાપ્તિ અથવા વિસર્જનવિધિ; વ્રતસમાપ્તિ.

ઉદ્યુક્ત, વિ૦ [સં૦] ઉદ્યોગમાં લાગેલું હોય તેવું.

ઉદ્યોગ, પુ૦ [સં૦] શ્રમ; મેહેનત. ૨ ધન્ધો; રોજગાર; કામ. [ખવવામાં આવેછે તે ઠેકાણું.

ઉદ્યોગશાળા, સ્ત્રી૦ જ્યાં નાના પ્રકારના ધન્ધા શિ-

ઉદ્યોગી, વિ૦ [સં૦] ઉદ્યમી. ૨ ધ્યાન લગાડી કામ કરતું. ૩ રોજગારે લાગેલું; રોજગારી; વ્યવસાઈ. ૪ મેહેનતુ; શ્રમ કરનાર.

ઉદ્યોત, પુ૦ [સં૦] પ્રકાશ; તેજ; અજવાળું.

ઉદ્વેગ, પુ૦ [સં૦] ભય, શોક, ચિન્તાથકી મનમાં જે અકળામણ તે. ૨ ચિન્તા; કાળજી; શોક. ૩ વ્યાકુળતા.

ઉધ-ધિયા, ધોરિયા. [થાબન્ધ; એકદમ.

ઉધડ-ડું, વિ૦ ઉચકો આપ્યો લીધો હોય તેવું. ૨ જ-

ઉધડો, પુ૦ ઉધડ આપેલું લીધેલું તે. ૨ એકદમ—વાણી-લખાણ-હાથથી બોલનાર ઉપર રીસમાં ઉતરી પડવું તે; ધમકાવવું તે.

ઉધરવું, ક્રિ૦ અ૦ ઉછરવું; મોટું થવું; પાળણપોષણ થવું. ૨ કોઈને આપેલું નાણું હિસાબની ચોપડીમાં લખાવું—રકમ ઉધરવી.

ઉધરસ, સ્ત્રી૦ [સં૦ ઊર્ધ્વરસ] હવાની નળીમાં સોજાનો જમાવ થયેથી ત્યાં જે રસ થાયછે તેનું, હવાની આવજાવની રોકાણને લીધે જોરથી બ્હાર નિકળવું થયાં કરે તે; ઠાંસો; ખાખસો.

ઉધરેલું, વિ૦ નામે લખાયલું; ઉધારેલું. ૨ ઉછરીને મોટું થયલું.

ઉધાઈ, ઉધૈ.

ઉધાન, ન૦ પુનેમ, અમાસ પછી જે સહુથી મોટી ભરતી થાયછે તે. ૨ ત્રણની સઙ્ખ્યાનો સઙ્કેત. (વેપારીયોમાં).

ઉધાન પડી, સ્ત્રી૦ તેરની સઙ્ખ્યાનો સઙ્કેત.

ઉધાનપાયા, વિ૦ વલવલતું; ચવિતરું; સાડાત્રણ પાપા; અધકપાંસળી; અક્કલ વનાનું.

ઉધાર, વિ૦ નાણું પછી અપાશે લેવાશે એવા વિશ્વાસ ઉપરથી લીધેલું આપેલું હોય તેવું—(માલ વગેરે); પતીજ ઉપર હોય તેવું; ઉછીનું. ઉધાર કરવું-રાખવું-રોકડું નાણું ન આપતાં માલ ખરીદ કરવો.

ઉધારપાસું, ન૦ ઉધાર આપેલું હિસાબની ચોપડીમાં જે બાજુએ લખાય તે બાજુ.

ઉધારવું, ક્રિ૦ સ૦ ઉધાર આપેલી વસ્તુ ચોપડામાં (ડાબી બાજુએ) લખવી; નામે લખવું.

ઉધારિયો, પુ૦ વારે વારે રોકડું ન આપતાં ઉધાર લઈ જતો હોય તે.

ઉધારો, પુ૦ લેવા આપવાનું બાકી રાખવું તે; વાયદો. ૨ વાર; વિલમ્બ. ૩ ઓશિયાળું; પાડ.

ઉધેડવું, ક્રિ૦ સ૦ ખાલ—ચામડી કાડવી. [ગછે તે.

ઉધૈ, સ્ત્રી૦ કાગળ લુગડાંમાં જે ધોળું લીસું જીવડું લા-

ઉધ્ધડ, વિ૦ ધડવગરનું; ઘડીમાં આમ ને ઘડીમાં તેમ બોલે તેવું; ઠરીઠામ વનાનું.

ઉન, [સં૦ ઊન].

ઉનવા, પુ૦ વારે વારે પિશાબની હાજત થાય ને થતાં અગન બળે તે એક રોગ. (આપુરુષ જનને).

ઉનાબદાણા, પુ૦ ગાંધીને પેર મળતી એક ઓષધિ.

ઊનામણો, પુ૦ ઊનું પાણી કરવાનો જે દેગડો-ચરુ તે.

ઊનાવું, ઇઝરાવું. (ઉનાઈ જવું).

ઊનાળો, પુ૦ [સં૦ ઉષ્ણકાળ] વર્ષના ત્રણ મુખ્ય કાળમાંનો એક—ફાગણ, ચૈતર, વૈશાખ ને જેઠ એ ચાર ગરમીના મહિના.

ઉન્નત, વિ૦ [સં૦] ઊંચું.

ઉન્મત્ત, વિ૦ [સં૦] તાતા મિજાજનું; કોઈને પત ન કરે તેવું; જીદી. ૨ વ્યસની; કેફી; અમલી. ૩ અભિમાની; મગરૂબ. [જીદ; મગરૂબી.

ઉન્મત્તાઈ, સ્ત્રી૦ ઉન્મત્ત એવી જે હાલત તે; મદ;

ઉન્મની, સ્ત્રી૦ [સં૦] માયાથી વિમુક્ત થઈ બ્રહ્મમાં સમાઈ રેહેવું તે; પાંચ અવસ્થામાંની એક. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીયા ને ઉન્મની.

ઉન્માદ, પુ૦ [સં૦] તોર; જીદ; મદ; મમત; અભિમાન. ૨ (રસ પ્રકરણમાં) ચેતના ને અચેતના એ વિષે સરખું વર્તાય તેવો જોસ્સો. ૩ ભૂતપ્રેત,

ઓસડ, ધન વગેરે મરણથી વાને પેર જતું તે; એક પ્રકારનો સંનેપાત.

ઉન્મીલન, ન૦ [સં૦] ફૂલવું-ખુલવું-ખીલવું તે. (ફૂલ) ૨ ઉઘડવું (આંખ). ૩ છુટવું (ગ્રહણ). [તેવું.

ઉન્મુખ, વિ૦ [સં૦] ઊર્ધ્વમુખ; ઉપર જોતું હોય

ઉન્મૂલન, ન૦ [સં૦] મૂળથી ઉખેડી નાખવું તે.

ઉન્મેષ, પુ૦ [સં૦] આંખ ઉઘાડવી તે. (નિમેષથી ઉલટું). ૨ જ્ઞાન; બુદ્ધિ.

ઉપ, અ૦ ઉ૦ [સં૦] પાસે; સમીપ; નિકટ. ૨ ઓછું; ઉતરતું. ૩ અતિશય; અપાર. ૪ સરખાપણું; મળતું આવવું તે. ૫ એ શબ્દ અર્થવનાનો પણ હોય છે.

ઉપકાર, પુ૦ [સં૦] કોઈનું સારૂં-કલ્યાણ કરવું તે; પાડ; આભાર. ૨ કૃપા; સહાયતા; મહેરબાની.

ઉપકારી, વિ૦ [સં૦] ઉપકાર કરનાર. ૨ ઉપકાર જાણનાર; પાડ માનનાર; આભારી. ૩ જેમાં કોઈનાપર ઉપકાર થતો હોય તેવું (પરોપકારી કામ).

ઉપક્રમ, પુ૦ [સં૦] આરમ્ભ; શરુઆત. ૨ ઉદ્યોગ; ધન્ધો.

ઉપગુરુ, પુ૦ [સં૦] વડા ગુરુ-મહેતાજી-શિક્ષકના હાથ નીચેનો જે શિક્ષક તે; ઉપશિક્ષક; વડોનિશાળિયો.

ઉપગ્રહ, પુ૦ [સં૦] નાનો ગ્રહ. એક મોટા ગ્રહને એક અથવા વધારે ઉપગ્રહ હોયછે. ગ્રહ, સૂર્યની આસપાસ ફરેછે અને ઉપગ્રહ, ગ્રહની આસપાસ ફરેછે; આ પૃથ્વીગ્રહને એક ઉપગ્રહ છે જેને આપણે ચન્દ્ર કહીયે છીયે.

ઉપંગ, ન૦ એક જાતનું વાદ્ય.

ઉપચાર, પુ૦ [સં૦] કામે લગાડવું તે; તજવીજ કરવી તે; સેવા. ૨ ઉપાય; તજવીજ; સાધન. ૩ ઓપડવું તે. ૪ પોતાના અથવા દેવના શરીરના અવયવોને મન્ત્ર ભણી હાથ અરકાડવો તે-ષોડશોપચાર. [ન્મ; મૂળ; ઉત્પત્તિ.

ઉપજ, સ્ત્રી૦ ઉત્પન્ન થવું તે; પેદાશ; આવક. ૨ જ-

ઉપજ નિપજ, સ્ત્રી૦ ઉગવું અને વધવું તે; પેદાયવું ને કેવું તે. (જો કે એ શબ્દો વ્યવહારમાં એકજ અર્થમાં વપરાયછે તોપણ એ બે શબ્દોના અર્થ જુદા પાડી શકાયછે. ઉપજમાં મૂળ ઉત્પત્તિ ને નિપજમાં છેલ્લી સ્થિતિ અથવા ફળનો બોધ છે).

ઉપજવું, ક્રિ૦ અ૦ ઉત્પન્ન થવું; પેદા થવું; જનમવું. ૨ તૈયાર થવું. ૩ ફળ—પ્રાપ્તિ થવી.

ઉપજાવવું, ક્રિ૦ સ૦ ઉપજે—પેદા થાય તેમ કરવું.

ઉપજીવિકા, સ્ત્રી૦ આજીવિકા; જીવિકા; વૃત્તિ; ગુજરાન.

ઉપજીવી, વિ૦ કોઈના ઉપર આધાર રાખી જીવનાર; અવલમ્બી; આશ્રિત.

ઉપટામણી, સ્ત્રી૦ વરઘોડાના માંડવને દાડે કન્યાનાં જીવતાં મુઆં સગાંનો જે સમ્બન્ધવાર પેરામણી પેરવા આવેલા વેવાઈની આગળ વાંચવામાં આવેછે તે (સુરતની નાગરી ન્યાતમાં).

ઉપડવું, ક્રિ૦ અ૦ ઉખડી આવવું; મૂળીયું બાર નિકળી આવવું. ૨ પાયમાલ થવું; સત્યાનાશ જવું. ૩ ઊંચકાવું; ઉપર આવવું; દેખાવું (અક્ષર ઉપડયા નથી). ૪ આગડો ખાધા વગર બોલ્યાં જવું. ૫ નાગળ ઉંચી લીધેથી ચાલતું થવું; હકારાવું-(વહાણ ઉપડ્યું).

ઉપડાવવું, ક્રિ૦ સ૦ ઉપડે તેમ કરવું.

ઉપણવું, ક્રિ૦ સ૦ [સં૦ ઉત્પવન] ઊંચાં ઊભાં રહી ટોપલા—સુપડાંમાંથી દાણા ધીમે ધીમે નીચે નાખતા જઈ વાયે છાલાં દૂર ઉરાડવાં; ઝાડકવું-ઝટકવું; વાદેવો. [ધું.

ઉપદિષ્ટ, વિ૦ ધા૦ [સં૦] જેને ઉપદેશ થયો હોય તે-

ઉપદેશ, પુ૦ [સં૦] બોધ; શિક્ષા; શિખામણ; જ્ઞાન. ૨ મન્ત્રદાન.

ઉપદેશક, વિ૦ [સં૦] ઉપદેશ કરનાર.

ઉપદ્રવ, પુ૦ [સં૦] કોઈના સમ્બન્ધે કોઈને જે પીડા થાય તે; ઈજા; દુઃખ. (રોગ, ભૂત, ચાકર વગેરેનો ઉપદ્રવ). [ક પડેલો ભાગ.

ઉપદ્વીપ, પુ૦ [સં૦] નાનો દ્વીપ અથવા દ્વીપનો એ-

ઉપધાતુ, પુ૦ સ્ત્રી૦ હીણો—નરસો—મિશ્રવાળો જે ધાતુ તે; હલકી કિમ્મતનો ધાતુ. ૨ મિશ્રધાતુ. [રો મકે.

ઉપધાન્ય, ન૦ હલકાં જે અનાજ તે—કાંગ રાજગી-

ઉપનયન, ન૦ [સં૦] બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્ય એ ત્રણનાં છોકરાંને આઠમે વર્ષે વેદના અધિકારી કરવા સારુ જે સંસ્કાર કરવામાં આવેછે તે; જનોઈ દેવું તે. જનોઈની જે ક્રિયા તે—સોળ સંસ્કારમાંનો એક. ૨ જનોઈ.

ઉપનામ, ન૦ [સં૦] મુખ્ય નામની સાથે જે બીજું નામ જોડાયલું હોય તે; કુળનામ; ગુણકર્મ ઉપરથી જે નામ મળ્યું હોય તે; જે નામથી ઓળખાઈ આવે તે નામ; અટક; ઓખર; આડનામ.

ઉપનિષદ, ન૦ [સં૦] વેદાન્તશાસ્ત્ર; બ્રહ્મજ્ઞાન.

ઉપનેત્ર, ન૦ આંખે બરોબર ન દેખાયાથી જે કાચો-

ની મદદ લેવી પડેછે તે; ચશ્મા.

ઉપન્યું, ઉપજ્યું (કવિતામાં).

ઉપપતિ, પુ૦ [સં૦] સ્ત્રીને જે પરપુરુષ સાથે પ્રીતિ—લગવાડ હોય તે; યાર.

ઉપપત્તિ, સ્ત્રી૦ [સં૦] સાબીતીમાં જે તકરાર કરવી અને દાખલા બતાવવા તે.

ઉપપન્ન, વિ૦ [સં૦] સિદ્ધ; સાબીત-નક્કી થયલું.

ઉપપાતક, નં૦ [સં૦] હલકું—નાનું પાપ.

ઉપપાદન, ન૦ [સં૦] કેહવું—બતાવવું તે. ૨ સાબીતી-ખાતરી કરવી તે. ૩ સમ્પાદન; સઙ્ગ્રહ.

ઉપપુરાણ, ન૦ નાનું પુરાણ (કથાકોષ—સઙ્ખ્યાતં-શબ્દાવળીમાં જોવું).

ઉપભોગ, પુ૦ [સં૦] અનુભવ-વહિવટ કરવો તે; ઉપયોગમાં લેવું તે. ૨ અનુભવ; વીતેલું હોય તે. ૩ સુખ વિલાસ.

ઉપમા, સ્ત્રી૦ [સં૦] બે પદાર્થનું કોઈ વાતે સરખું થવું—મળતું આવવું તે; સાદૃશ્ય; દૃષ્ટાન્ત; મિસલ. ૨ એ નામનો અલઙ્કાર—બાઈ, તેનું પેટતો દરિયા જેવું છે. ૩ ઉપમાન. જેની સાથે તુલના કરી હોય તે. ઉપમાં આપવી—કરવી—પામવી.

ઉપમાતા, સ્ત્રી૦ [સં૦] ધવાડનારી મા; દાઈ; ધાત્રી.

ઉપમાન, ન૦ [સં૦] જેની સાથે સરખાવવું હોય તે. —તેનું મોહું ચન્દ્રસરખું છે એમાં ચન્દ્ર એ ઉપમાન.

ઉપમેય, ન૦ [સં૦] જેને સરખાવવું હોય તે—તે સ્ત્રી હરણીના જેવી ચઞ્ચળ છે એમાં સ્ત્રી એ ઉપમેય.

ઉપયુક્ત, વિ૦ [સં૦] ઉપયોગી; કામનુ. ૨ યોગ્ય; સમર્થ; ઉચિત.

ઉપયોગ, પુ૦ [સં૦] એકાદી વસ્તુને પોતાનાં કામમાં લેવી તે અથવા તે કામમાં આવવી તે. ૨ કામ; ફાયદો; લાભ.

ઉપયોગી, વિ૦ [સં૦] કામમાં આવતું; અગતનું; જરૂરનું. ૨ ફાયદો કરે તેવું; લાભકારી.

ઉપર, અ૦ ઊંચે. (ખુરસી ઉપર). ૨ પેલી પાસ; વધારે; વધતું (સો ઉપર દશ બીજા). ૩ પછી (તેના ગયાઉપર વિચાર). ૪ ઉત્તર દિશાએ (સુરત મુંબઈની ઉપર છે). ૫ ગુણમાં વધારે (તે તેની ઉપર છે).

ઉપરઉપરથી, અ૦ છેક અન્દરનું સમજેલું હોય તેમ નહિ પણ જેટલું ઉપરથી દેખાયલું હોય તેટલાપરથી.

ઉપરચોટિયું, વિ૦ ઉપરઉપરથી જેટલું જણાયુંહોય તેટલું—તેવું; ઉપર ઉપરનું; જેવુંતેવું; થોડુંએક; કંઈક; ગાંખું.

ઉપરછલું, વિ૦ ઉપરનું; ઉપરચોટિયું.

ઉપરટપકે, અ૦ ચોપડા—દફતરમાં ખાસુસે નોંધવા જેવું નહિ પણ ફકત યાદ રાખવાસારુ સઙ્કેતમાં માંડી રાખેલું હોય તેમ; ઉપર ટપકાવેલું હોય તેમ. ૨ ઉપર ઉપરથી.

ઉપરણું, ન૦ ખાંધે ઓઢવાનું જે વસ્ત્ર તે. ૨ પ્રસાદીમાં મળેલું જે વસ્ત્ર તે—મન્દિરના અધિકારિયો સેવકની સેવાના બદલામાં જે લુગડું આપેછે તે.

ઉપરણો, પુ૦ ઉપરાણું; પ્રેમ.

ઉપરતિ, સ્ત્રી૦ [સં૦] શાન્તિ; વૈરાગ્ય. ૨ બન્ધ પડવું તે; વિરતિ.

ઉપરવાડિયો, પુ૦ જે ખેતર જે ગામને લગતું હોય તે ખેતર તે ગામનો ખેડુત ન ખેડે પણ બીજા ગામનો જે ખેડુત ખેડે તે.

ઉપરવાડી-ડે, અ૦ વચમાં વાડ, વણ્ડી, ભીંત હોય ને બે બાજુએ ઉભાંરહી એક બીજાંને બોલાવવું—કંઈ આપવું લેવું તે ઉપરવાડી કેવાયછે. તેને ઉપરવાડાથી બોલાવ લે. "ઉપરવાડે સૈયર કરેછે સાદજો".

ઉપરવાસ, પુ૦ ઘરને ભોંયતળિયે ન રેતાં માળપર જે વાસ કરવો તે.

ઉપરાઉપરી, અ૦ એકપછી એક એમ જલદીથી આવ્યાં-વધ્યાં કરે તેમ; સાથેનું સાથે; લાગલાગટ.

ઉપરાચાપરી, અ૦ ઉપરાઉપરી.

ઉપરાણું, ન૦ બેની લડાઈમાં એકનો પક્ષ લઈ તેના મદદમાં રેવું તે; કુમક કરવી તે. ૨ ઉપરાણું.

ઉપરાજવું, પેદા કરવું.

ઉપરાન્ત, અ૦ વધારે હોય તેમ; આટલું છતે વધારે; વળી બીજું. ૨ પછી; પછવાડેથી.

ઉપરી, વિ૦ હરકોઈ કામઉપર તપાસ રાખનાર; ઉપરથી જોનાર; પોતાના હાથ તળેના માણસોની ચોકશી રાખનાર; મુખી; મુકાદમ.

ઉપલક, વિ૦ ચોપડામાં નોંધેલું નહિ તેવું. ૨ ઉપર ઉપરનું. ૩ બાકી; વધેલું.

ઉપલકિયો, પુ૦ જે પોતાનું વજન ન છતાં કારભારીનું ડોળ ઘાલેછે તે. ૨ ઉપર ઉપરથી ઉડાવનાર.

ઉપલક્ષણ, ન૦ આખાનું, તેના ભાગથી જે વર્ણન થાય તે; એક જાતનો અલઙ્કાર—તેને શ્રી કાઢતાં આવડતી નથી એટલે લખતાં આવડતું નથી.

ઉપલક્ષ્ય, વિ૦ થોડા ઉપરથી ઘણું સમજાય તેવું.

ઉપલગ, વિ૦ ઉપલક.

ઉપલાણે, પુ૦ ઉપરનો ભાગ-બાજુ.

ઉપલિયું, ન૦ ઉંટાંટિયું.

ઉપલી, સ્ત્રી૦ દાટેલી ખાપણી.

ઉપલું, વિ૦ ઉપરનું; ઉપર કહેલું-બનેલું-જણાવેલું.

ઉપલેટ, ન૦ એકજાતનાં ઝાડનું મૂળિયું; ઓષધિ.

ઉપવન, ન૦ [સં૦] નાનું વન; વાડી; બાગ ઉદ્યાન; આરામ.

ઉપવસ્ત્ર, ન૦ અઙ્ગવસ્ત્ર.

ઉપવાસ, પુ૦ [સં૦] ભુખ્યાં રહેવું તે; અન્ન અથવા ફળ ખાધાવના ચલાવવું તે; અપવાસ ૨ વ્રત; નિયમ.

ઉપવાસી, વિ૦ [સં૦] ઉપવાસ રાખનાર.

ઉપવિદ્યા, સ્ત્રી૦ [સં૦] નાટક ચેટકાદિક જે વિદ્યા તે. મોટી ચૌદ વિદ્યા કેવાયછે તેથી જે બીજી તે.

ઉપવીત, ન૦ [સં૦] જનોઇ.

ઉપવેદ, પુ૦ નાના વેદ-એ ચાર છે: આયુર્વેદ; ધનુર્વેદ, ગાન્ધર્વવેદ, સ્થાપત્યવેદ અથવા શિલ્પશાસ્ત્ર અથવા અર્થવેદ.

ઉપશમ, પુ૦ શાન્તિ; સમાઇ જવું તે; સમતા.

ઉપશાસ્ત્ર, ન૦ [સં૦] નાનું શાસ્ત્ર.

ઉપશિક્ષક, પુ૦ [સં૦] વડા મેતાજીનો મદદનીસ.

ઉપસંહાર, પુ૦ [સં૦] ટૂકામાં આટોપવું તે; સારાંશ; તાત્પર્ય કહી જઈ સમ્પૂર્ણ કરવું તે.

ઉપસર્ગ, પુ૦ [સં૦] શબ્દના ધાતુની પૂર્વે જે અવ્યય જોડવામાં આવેછે તે. પ્ર—પ્રયત્ન; પરા-પરાભવ વગેરે. ૨ ઉપદ્રવ; દુ:ખ; ઈજા. ૩ અપશકુન; અમઙ્ગળ. ૪ વિસ્તાર.

ઉપસવું, ક્રિ૦ અ૦ ફૂલવું; અસલ હોય તેના કરતાં કદમાં બારથી વધેલું જણાવું—(બાકી અન્દરથી પોલું).

ઉપસાગર, પુ૦ જે સમુદ્ર પોળે મોડે જમીન તરફ ધુસેલો હોય તે.

ઉપસ્કર, પુ૦ [સં૦] મુખ્ય વસ્તુને લાગતી વળગતી જે વસ્તુ તે; સાહિત્ય; સામગ્રી-જરૂરનું એવો કંઇ મેળ નહિં.

ઉપસ્ત્રી, સ્ત્રી૦ પરિણિત નહિં પણ રાખેલી જે સ્ત્રી તે.

ઉપસ્થ, ન૦ [સં૦] સ્ત્રી પુરુષ જેથી ઓળખાઇ આવેછે તે ચિન્હ; ગુહ્યેન્દ્રિય.

ઉપસ્થાન, ન૦ [સં૦] ઊભાંથઇ હાથ ઊભારાખી મન્ત્ર ભણી દેવની જે સ્તુતિ કરવી તે.

ઉપસ્થિત, વિ૦ ધા૦ [સં૦] પાઠે—મોડે—હૈયે હોય તેવું; જિહ્વાગ્ર હોય તેવું.

ઉપહાસ, ન૦ [સં૦] મશ્કરી; મજાખ; ઠઠ્ઠો. ૨ કોઇને હસી—હસવામાં કાઢવું તે. વિ૦ ઉપહાસ્ય-હસીમાં કાઢવા જોગ.

ઉપળાં, ન૦ સુવાના ખાટલાને બે આડી ને બે ઉભી હોયછે તેમાંની જે બે આડી તે; માથું ને પગ રેછે તે. (બે ઈસ અને બે ઉપળાં).

ઉપાકર્મ, ન૦ [સં૦] જનોઇ ધારણ કરનાર જે બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય તેને દરવર્ષે જનોઇ પેરી રહ્યા પછી તરત કરવાનું એક કર્મ; આવણી.

ઉપાખ્યાન, ન૦ [સં૦] કાણી; નાની કલ્પિત વાત.

ઉપાગ્રસર, વિ૦ [સં૦] પાછલું. ૨ અગ્રસરની પાસેનું. ૩ ભાજક; છેદરૂપ—(સઙ્ખ્યા—આકડો).

ઉપાઙ્ગ, ન૦ [સં૦] અપ્રધાન ભાગ; ઉતરતું જે અઙ્ગ તે.

ઉપાડવું, ક્રિ૦ સ૦ નીચેથી ઊંચે લેવું; ઊંચકવું. ૨ થાપણમાંથી લેવું—(નાણું). ૩ મૂળથી ઉખેડવું. ૪ જુદું પાડવું; ઉઘાડવું. ૫ ખસેડવું; લઇ જવું.

ઉપાડો, પુ૦ ઉપડવું તે; ખપ; ઉઠાવ. ૨ સળકાંપર લેવાય તેટલો જે કાંટા વગેરેનો જથો તે.

ઉપાદાન, ન૦ [સં૦] કબૂલ—ગ્રહણ કરવું તે. ૨ તરત—પાસેનું કારણ.

ઉપાધિ, પુ૦ [સં૦] દુ:ખ દેવું—હરકત કરવું જે કામ, માણસ વગેરે તે; ઉપદ્રવ. ૨ ઓચીંતું આવી પડેલું સઙ્કટ. ૩ પોતાના શુદ્ધસ્વરૂપમાં ફેરફાર કરનાર જે કારણરૂપ સમ્બન્ધ તે.—આકાર વિશેષરૂપ ઉપાધિથી સોનાનું ઘરેણું થાયછે. ૩ કારણ; હેતુ; પ્રસઙ્ગ.

ઉપાધ્યાય, પુ૦ [સં૦] દરએક કુટુમ્બમાં—ગામમાં શુભ અશુભની ક્રિયા કરાવનારો જે બ્રાહ્મણ તે; કુળગોર; ગામગોર.

ઉપાધ્યો, ઉપાધ્યાય એ શબ્દ જોવો.

ઉપાન, ન૦ ખાસડાં. "ઉપાન રેણુએ અભ છાયો, જોજન કોટાકોટ" (પ્રેમાનન્દ).

ઉપાન્ત, અ૦ [સં૦] પાસે; સમીપ; નિકટ.

ઉપાન્ત્ય, વિ૦ [સં૦] છેવટની—છેલ્લાની પૂર્વેનું—ઉપાન્ત્ય અક્ષર એટલે છેલ્લા અક્ષરની પ્રથમ જે અક્ષર આવેલો હોય તે.

ઉપાય, પુ૦ [સં૦] નઠારી હાલતમાંથી સારી હાલતમાં લાવવાસારુ જે તજવીજ—ક્રિયા—યુક્તિ તે; સાધન. એ ચાર કેવાયછે. સામ, દામ, ભેદ ને દણ્ડ. મીઠું માઠું બોલીને સમજાવવું—મનનું સમાધાન કર-

વું તે સામ; પૈસા વગેરેની લાલચ આપી વશ કરવું તે દામ; સમ્પ તુટે, સાથીઓને પરસ્પર ન બને, એઓ જુદા પડે તેવી જે યુક્તિ કરવી—ધમકી આપવી તે ભેદ; અને શિક્ષા કરવી—મારવું તે દણ્ડ. ૨ ઈલાજ; ઓસડ. [પ્રા૰ મિ.

ઉપાર્જન, ન૰ [સં૰] સંગ્રહ; કમાઈ; સંગ્રહ;

ઉપાર્જના, સ્ત્રી૰ [સં૰] દ્રવ્ય, દરજ્જો મેળવવા માટે લોકોની ખુશામત, ચાકરી, કાલાવાલા વગેરે જે હલકા ઉપાયો કામે લગાડવા તે. ૨ ઉપાર્જન.

ઉપાર્જિત, વિ૰ ધા૰ [સં૰] મેળવેલું; કમાવેલું. વડિલોપાર્જિત—આત્મોપાર્જિત ધન.

ઉપાસક, વિ૰ [સં૰] ઉપાસના—સેવા—ભક્તિ કરનાર; સાધના કરનાર.

ઉપાસના, સ્ત્રી૰ [સં૰] ઈશ્વરનાં એકાદાં સાકાર રૂપ—મૂર્તિને પૂજા હોમ જપ ઈ૰ થી ઈચ્છેલું પ્રાપ્ત કરવાસારૂ સેવવાં તે. ૨ ગુરૂ પાસે મન્ત્ર લઈ આજ્ઞા પ્રમાણે જે દીક્ષા પાળવી તે. ઉપાસના ત્રણ છે: આત્મોપાસના, કર્મોપાસના અને જ્ઞાનોપાસના; અથવા ધ્યાન, અનુષ્ઠાન અને વેદશાસ્ત્રોથી મેળવેલું જે જ્ઞાન તેથી જે સ્વરૂપ ઓળખવું તે. ૩ વેદપ્રતિપાદ્ય ધર્મનાં ત્રણ અંગ છે તેમાંનું જે બીજું તે. (કર્મ, ઉપાસના અને જ્ઞાન). કર્મ—ઉત્તમ કર્મ કરવાં—નીતિ પાળવી તે. ઉપાસના—અન્તઃકરણથી ઈશ્વરનું સ્મરણ—પૂજન કરવું તે; ભક્તિ; ધ્યાન. જ્ઞાન—તત્વ વિચાર ને સ્વરૂપ દર્શન.

ઉપાસરું, ન૰ અપાસરો.

ઉપાસવું, સેવવું; ઉપાસના કરવી.

ઉપાસિત, વિ૰ ધા૰ જેની ઉપાસના કરી હોય તે.

ઉપાસ્ય, વિ૰ [સં૰] ઉપાસના કરવાને યોગ્ય; આરાધ્ય; પૂજ્ય.

ઉપેક્ષા, સ્ત્રી૰ [સં૰] ન કીધું તો શું ન આલે?, એમાં શું? એવી રીતની જે મનની વૃત્તિ તે; બેતમા; મનપર વાત ન લેવી તે; વાતને ઉડાવી દેવી તે; બેદરકારી; કાળજીથી ન જોવું તે.

ઉપેન્દ્ર, પુ૰ [સં૰] વિષ્ણુ.

ઉપેન્દ્રવજ્રા, ન૰ [સં૰] એ નામનું, ચરણમાં અગિયાર, અગિયાર અક્ષર આવે તેવું એક વૃત્ત (જતજ, ગગ).

ઉપેર, અ૰ ઉપર.

ઉપોદ્ઘાત, પુ૰ [સં૰] ગ્રન્થમાં જે વિષય છે, તેનું રૂપ અને ઉપયોગ કેવાંછે એ વિષે જે સારાંશ તથા મત વિચાર, ગ્રન્થનો આરમ્ભ કર્યાની આગમચ લખેલો હોય તે; પ્રસ્તાવના; દિબાચો. ૨ વાદનો વિષય; પૂર્વપક્ષ; પૂર્વ રંગ.

ઉપોષણ, ન૰ [સં૰] ભુખ્યાં રેવું તે; ઉપવાસ.

ઉફૂણડાઈ, સ્ત્રી૰ મોટાઈ; બડાઈ; હલકાઈ.

ઉફૂગડું, વિ૰ પાસાપડતું; મોઢું ફેરવેલું એવું. "ઉફરાટી કીધી સુન્દરી, નળ ચાલ્યો કાયા નગ્ન કરી" (પ્રેમાનન્દ).

ઉફરો, વિ૰ ઉફરાટો (ખાટલો). ૨ માયાભેદ ખોટો જાણી નિવૃત્ત થયલો. "અખા તેજ નર ચેત્યો ખરો, જે ચાલ્યો માથે ઉફરો".

ઉફાન, ન૰ ઉકળાને ઉભરાવું તે.

ઉબક, સ્ત્રી૰ ઉછાળો; ઉલાળો. ૨ દુઃખનો ઉભરો. ઉબક આવવી.

ઉબકડું, વિ૰ પાકું અને બગડી, ઉપર ફૂગ વળી હોય તેવું (પૂરી ઉબકી થઈ ગઈ).

ઉબડિયું, ન૰ પાપડી વગેરે સીંગને, માટલાંમાં ઘાલી તેનું મોઢું બન્ધ કરી ચારે પાસ આગની પેટવી બાફવી તે. ૨ એવી રીતે જે બાફેલું તે; ઉંધિયું.

ઉબડું, વિ૰ અદુકડું.

ઉબાડિયું, ન૰ વારે વારે સળગાવવું અને હોલવવું તે. ૨ સળી, સળેકડું, સરાડું સળગાવી હાથમાં રાખેલું તે. (છોકરાંઓની એ ટેવ મુકાવવાને તેઓના વડીલો તેમને એવી ધમકી આપેછે કે તમે એમ કરશો તો રાતે પથારીમાં વારે વારે મુતરશો કરશો).

ઉબાણ, અ૰ એક ગામથી બીજે ગામ જવું હોય તો વગરસ્તે, ધરેડ ન જતાં ગામની નીશાન બાંધી સીધાં ચાલ્યાં જવું તે. ઉબાણ ગાડી હાંકો.

ઉબાળો, પુ૰ છાણાના કકડા સરાડાં વગેરે જે એકીવારે બરી સળગાવવાં તે. ૨ પરીતાપ; બાફ.

ઉબેળવું, ઉભેળવું.

ઉભય, સ૰ [સં૰] બન્નેયો; બન્ને; બેજણાં.

ઉભયતાં, સ૰ [સં૰ ઉભયતઃ—બન્ને બાજુ ઉપર] ઉભય.

ઉભયપક્ષ, પુ૰ બન્ને બાજુ—તરફેન—પક્ષ.

ઉભયલોક, પુ૰ બે લોક—આલોક ને પરલોક—આ દુનિયાં ને પેલી દુનિયાં.

ઉભયવિધ, વિ૰ [સં૰] બે પ્રકાર—રીતનું. ૨ જે ધાતુ, અકર્મક ને સકર્મક બન્નેમાં વપરાય તે—ઉ

હસેછે, તે તેને હસેછે—હસ ધાતુ. ૩ બે મોડે બોલનાર; ઘડામાં આમ ને ઘડામાં તેમ.

ઉભયાન્વયી, વિ૦ [સં૦] બે પદ—અર્થ—વાક્ય—પક્ષ—બાજુને જોડનાર.—ઉભયાન્વયી અવ્યય—પુ૦ જે અવ્યય, શબ્દ—વાક્યને એક અર્થમાં અથવા જુદા અર્થમાં જોડેછે તે—અને, તથા, પણ ઇ૦ (વ્યાકરણમાં). [સન્ધાયલું તેવું.

ઉભયાન્વિત, વિ૦ ધા૦ [સં૦] બેતરફ જોડાયલું—

ઉભયાર્થ, વિ૦ [સં૦] જેમાં બે અર્થ હોય તેવું; શકભરેલું. ૨ જેમાંથી બે અર્થ થતા હોય તેવું.

ઉભયાલઙ્કાર, પુ૦ [સં૦] જેમાં શબ્દચાતુરી અને અર્થચાતુરી બન્ને હોય તે અલઙ્કાર.

ઉભરાવું, ક્રિ૦ અ૦ વચીગયેથી ઉંચું આવવું—મોંયથી બ્હાર નિકળીપડવું. ઘડો ઉભરાયો, અધરણ ઉભરાઈ જાયછે, કીડી ઉભરાઈછે ઇ૦.

ઉભરો, પુ૦ ઉંચું આવવું—ઉંચઆવી નીચેપડવું તે. ૨ દિલમાંનો જોરસો બ્હાર પડવાની તૈયારીપર આવવો—બ્હાર પડવો તે.

ઉભળવું, ક્રિ૦ અ૦ વળી પાછું—બીજીવાર થવું (રોગ). ૨ અન્દરથી પાછું બ્હાર આવવું. ૩ ઉખડી જવું—પડવું; નિકળી આવવું. ૪ વળ ઉખળવો.

ઉભાંઉભાં, અ૦ જલદીથી; તાકીદથી; ઝટ; તરતજ; દોડતાં દોડતાં.

ઉભા, પુ૦ રાંધેલા ચોખામાં જે દાણા કાચા રે તે.

ઉભાણ્ણી-રણી, સ્ત્રી૦ ઉંચાઈ. (ઘરની બાંધણીમાં).

ઉભાર, વિ૦ અલકા પદાર્થનું વજનમાં થોડું ને તે દેખાવું ઘણું તે. (રૂ, ઘાસનું વજન થોડું પણ ઉભાર ઘણો).

ઉભારિયો, પુ૦ લાખ ભર્યા વગરની ઘુઘરી.

ઉભું, ઊભું.

ઉભેતાં, ઉભય.

ઉભેળપડવું, ક્રિ૦ અ૦ ખેતરમાં અનાજ વગેરે ઓર્યું હોય ને પછી તરત વરસાદ થાય તેથી કરસણનું ન ઉગવું ને ફરીથી ઓરવું પડવું.

ઉભેળવું, ક્રિ૦ સ૦ ભાતને માત્ર છાલાં નિકળી જાય (કુસકી નહિ) તેટલું ખાંડવું; કરડ કરવી. ૨ વણેલું પાછું ઉખેળવું. ૩ ડબાયલી વાત પાછી કાડવી. ૪ ખેડેલું ખેતર ખરાબ કરીનાખવું.

ઉભેળો, પુ૦ અડધું ખણ્ડાયલું ભાત.

ઉભોમાર્ગ, પુ૦ સીધો માર્ગ; નાકસામી વાટ; ધોરી રસ્તો; ગલી કુંચીવાળો આડો મારગ નહિં તે.

ઉમઙ્ગ, પુ૦ [સં૦] આનન્દ; હર્ષ; ખુશી. ૨ હોંસ; કોડ; ઉલટ; આતુર ઇચ્છા.

ઉમઙ્ગી, વિ૦ ઉમઙ્ગવાળું.

ઉમટવું, ફળવું; પેદાથવું. "માવઠે મેહ વરસે ગડગડે, ફળ ન ઉમટે ને લાગાં પડે" (અખો).

ઉમડિયું, ન૦ ઉબડિયું.

ઉમડ્ડાં, ન૦ ઉમડુંનાં જે ફળ તે.

ઉમડ્ડો, પુ૦ [સં૦ ઉદુમ્બર] અન્જીરનાં ઝાડ જેવું એક ગાડ થાયછે. [તોરે.

ઉમદા, વિ૦ [આ૦] ઉત્તમ; શ્રેષ્ઠ; સહુથી સરસ;

ઉમયા, સ્ત્રી૦ ઉમા.

ઉમર, ઉંબર.

ઉમર, સ્ત્રી૦ [આ૦] ઉમ્મર; વય.

ઉમરાવ, પુ૦ [આ૦] અમીર; શ્રીમન્ત; બડેલોક.

ઉમરાવજાદો, પુ૦ અમીરનો છોકરો.

ઉમરો, પુ૦ ઉમરાવ.

ઉમળકો, પુ૦ પ્રેમનો ઉભરો. અન્તઃકરણનું હેત બ્હાર પડવું તે. દુંટીનો ઉમળકો કેવાયછે.

ઉમા, સ્ત્રી૦ [સં૦] માહાદેવ—શિવ—સંહાર કરનાર ઇશ્વરી શક્તિની સ્ત્રી; જગદંબા; પાર્વતી.

ઉમાડિયું, ન૦ ઉબાડિયું.

ઉમામાહેશ્વર, ન૦ મરીગયલાંને નામે સ્ત્રી પુરુષનાં જોડાં—માંસરને જે વસ્ત્રાભૂષણનું દાન આપવામાં આવેછે તે. [સ.

ઉમેદ, સ્ત્રી૦ [ફા૦] આશા; ભરોસો. ૨ ઇચ્છા; હોં-

ઉમેદવાર, પુ૦ [ફા૦] ઉમેદ રાખનાર. ૨ માન—નોકરીની આશાથી વગર પગારે કામ કરનાર.

ઉમેદવારી, સ્ત્રી૦ ઉમેદ રાખવી તે. ૨ આશાએ કામ કરવું તે.

ઉમેરણ, ન૦ ઉમેરવું—વધારવું તે. ૨ વધારેલું તે.

ઉમેરણી, [સ્ત્રી૦] ઉમેરણ.

ઉમેરવું, ક્રિ૦ સ૦ [સં૦ ઉન્મેલન] હોય તેમાં બીજું મુકવું; વધારવું; મેળવવું. [મેળવણ.

ઉમેરો, પુ૦ ઉમેરેલું—વધારેલું તે; વધારો; વધ;

ઉમ્મર, સ્ત્રી૦ [આ૦ ઉમર] જન્મથી ગણાતાં એકાદાં વરસના સમ્બન્ધમાં જિવતરનો જે ભાગ તે; વય. ઉમ્મરે પોચવું—ઉમ્મરમાં આવવું.—પુરુષે સંસારના કામ કાજ કરવાને શક્તિમાન થવાય તેટલું ઉમ્મરે મોટું થવું; સોળ વર્ષ ઊપરનાં થવું; સ્ત્રીયે આનુરે રેતા થવું; તેર વર્ષનાં થવું. [ન.

ઉર, ન૦ [સં૦] હૃદય; છાતી; દીલ. ૨ લક્ષ; ધ્યા-

ઉરગ, પુ૦ [સં૦] સાપ; સર્પ. ૨ કીડો.
ઉરઝવું, લટકવું. 'અડું અડું ઉરઝી અબળાને, આભણ દિવ્ય દુકૂળ.' (રેવાશંકર).
ઉરદુ, વિ૦ આ દેશના મુસલમાન જે બોલેછે તે. (ભાષા). ઉરદુભાષામાં ફારસી આરબી શબ્દો ઘણા અને હિંદુસ્થાનીમાં સંસ્કૃત શબ્દો ઘણા હોયછે.
ઉર્ફે, અ૦ [આ૦ ઉર્ફ] બીજે નામે; જેથી વધારે ઓળખાતું હોય તે નામે.
ઉર્સ, ઓરસ.
ઉરાડવું, ક્રિ૦ સ૦ ફેંકવું; ઉપાડીને દૂર કરવું; ઊંચું કરી નાખવું. ૨ હવામાં તરાવવું; ચગાવવું. (કનકવો).
ઉરૂબરૂ, અ૦ [ફા૦] સામે છતાં; હાજર છતાં; પાસે હોય—દેખે તેમ; હજૂરા હજૂર; સન્મુખ; સમક્ષ.
ઉરોજ, ન૦ [સં૦] સ્ત્રીનાં સ્તન.
ઉર્વી, સ્ત્રી૦ [સં૦] પૃથ્વી; ધરતી.
ઉલ, ઓલ.
ઉલકું, ઉલકુ.
ઉલકું, ન૦ [સં૦ ઉલ્કા] આકાશમાંથી અગ્નિ વરસવો તે. ૨ એકાદો મોટો ઉત્પાત જેથી દેશ—નગરમાં હાહાકાર થઈ રહે તે.
ઉલકો, પુ૦ અન્દરથી કોતરી કાઢી અને સાફ કરી તૈયાર કરેલું જે સુકું નાળિએર તે; ડોયો.
ઉલઙ્ઘવું, ક્રિ૦ સ૦ ઉલ્લંઘન કરવું.
ઉલટ, સ્ત્રી૦ ઘણી હોંસ; આતુરતા; ઉત્સુકતા. ૨ પાછું ફરવું તે; ઉલટાવું—ઉલટાવવું તે.
ઉલટપાલટ, સ્ત્રી૦ ઉલટ પુલટ એવી જે હાલત તે; ઉથલપાથલ.
ઉલટપુલટ, 'અસલ હોય તેથી, અવળું; ઊંધુંચતું હોય તેવું; ઉલટું સુલટું; ફેરફાર—બદલા બદલી થઈ ગઈ હોય તેવું. [તુરતાથી.
ઉલટભેર, અ૦ ઘણી હોંસથી; ઉમઙ્ગ—ખુશીથી; આ-
ઉલટવું, ક્રિ૦ અ૦ અવળું થવું. ૨ જોરમાં. ધસી આવવું—મણ્ડી પડવું—(બોલવે, કરવે, ખાવે, મારવે). તે તેનાપર સારીપેઠે ઉલટ્યો.
ઉલટસુલટ, ઉલટપુલટ.
ઉલટાવવું, ક્રિ૦ સ૦ અસલ હોય તેને ફેરવવું; ઊંધું વાળવું—કરવું; ફેરવી નાખવું; બદલવું.
ઉલટી, સ્ત્રી૦ શરીરમાંથી ખાનપાણી વગેરેનું જે પાછું બાર નિકળવું તે; ઓક.
ઉલટું, વિ૦ અવળું; ઊંધું; પાછું; વિપરિત. ૨ ઓડું; જુઠું. ૩ સામું; બીજી તરફનું. ૪ સામા પક્ષનું; વિરુદ્ધ. [ખલાસ.
ઉલફત, સ્ત્રી૦ [આ૦] દોસ્તી; પ્યાર; મોહોબત; એ-
ઉલવું, ક્રિ૦ અ૦ ગાડી—દમણીનું ઊભું થવું; આગલી બાજુથી ઉંચકાઈ જવું. ગાલ્લી ઉલ્લીગઈ.
ઉલસવું, ઉભરાવું. "અખા માતા દેખે અસું, અદ્ભુત કારણ જ્યાં ઉલસ્યું."
ઉલાંચો, પુ૦ આચકો.
ઉલાંટ, સ્ત્રી૦ ઓળઙ્ગવું—કુદી જવું—પેલી પાસ નિકળવું તે. ૨ ઊંધુંવળીજવું તે.
ઉલાણ, ઉલ્લાણ.
ઉલાયો, પુ૦ વાળેલી જે નિશાની તે; અલ્લાયો; ૧; લાયો. રૂપીઆનો આંકડો પુરો થયો એટલે એક વાંકાલીટી કરીને પછી આગળ આના પૈ લખાયછે. ૧)=।।।
ઉલાલો, પુ૦ આખ્યાનનાં કડવાંને જે જુદા રાગમાં પૂરું કરવામાં આવેછે તે; વલણ.
ઉલાળવું, ક્રિ૦ સ૦ ઉભું કરવું; આગળથી ઊંચું કરવું. (ગાડું ઉલાળી મુક).
ઉલાળો, પુ૦ પેટમાંની વસ્તુ બાર કાડવાસારુ વાયુનું જે ઊંચે આવી બાર નિકળી જવું તે. ૨ બારણાંનો આગળો. [અડ.
ઉલૂક, ન૦ [સં૦] એક જાતનું રાતે દેખતું પક્ષી; ઘુ-
ઉલેચવું, ક્રિ૦ સ૦ ઉચેલવું; ઉસેડવું. 'ઉલેચે અન્ધારું ન જાય' એ કેવત છે.
ઉલ્યચવું, ઉલેચવું.
ઉલ્કાપાત, પુ૦ [સં૦] ઉલકું પડવું તે.
ઉલ્લઙ્ઘન, ન૦ [સં૦] ઓળઙ્ગવું તે; વચમાંનું મુકી બીજી તરફ નિકળી જવું તે. ૨ ન માનવું તે; ના કબુલ કરવું તે. ૩ આડે રસ્તે જવું તે.
ઉલ્લાણ, ન૦ સ્ત્રી૦ સમતોલ ન હોવાથી વધારે ભાર વાળી પાછલી બાજુ નીચે પડી જવી તે.
ઉલ્લાવવું, ક્રિ૦ સ૦ પાછળ પાડી નાખવું; ભારથી નીચે જાય તેમ કરવું.
ઉલ્લાસ, પુ૦ [સં૦] હર્ષ; આનન્દ; ખુશી. ૨ પ્રસન્નતા; પસન્દ પડવું—ગમવું તે; કોડ.
ઉલ્લાળ, ન૦ ગાડી-દમણીમાં પછવાડે જે ભાર થવો તે. એક જણ આગળ બેસો, ઉલ્લાળ પડેછે. (આગળ જે ભાર થવો તે ધરાળ કેવાયછે).
ઉલ્લીજવું, ક્રિ૦ અ૦ ભારથી નીચે આવવું.
ઉલ્લૂ, વિ૦ મૂર્ખ; ગમાર; ગમે તે ગમે તે. બોલના-

કુંં; અડખડું.

ઉલ્લેખ, પુ૦ [સં૦] કહેવું તે; વર્ણન. ૨ પ્રસંગ; પ્રમાણ; નિયમ. ૩ ઘણાજણ ઘણી રીતે એકજ જણને જોય તે અથવા એકજણ ઘણે રૂપે જણાય તે—એ નામનો અલઙ્કાર.

ઉલ્હાવવું, ક્રિ૦ સ૦ રઙ્ગ—ખુશીમાં રાખવું; લાડ લડાવવું. એની પાસેતો ઉલ્હાવી ફૂલાવી કામ લેવું.

ઉલ્હાસ, ઉલ્લાસ.

ઉવેખવું, ક્રિ૦ સ૦ ઉખેડવું; ઉપાડવું. ૨ અવ-જવાળવું. ૩ નિન્દા કરવી. 'હમે તે વારૂ વર વર્યા, કુળ કુટુંબ ઉવેખીર' (બૈરાંનાં ગીતમાં).

ઉશાપ-શ્રાપ, પુ૦ [સં૦ ઉચ્છાપ] શાપ—શ્રાપ ઓછો કરવો અથવા બદલવો તે.

ઉશ્વાસ, પુ૦ [સં૦ ઉચ્છ્વાસ] ઉંડો શ્વાસ.

ઉષઃકાળ, પુ૦ [સં૦] પરોઢ થતાં પહેલાં જે બે ઘડીનો કાળ તે.

ઉષ્ણ, વિ૦ [સં૦] ઊનું; ગરમ; તપેલું. ન૦ ગરમી; તાપ; બામ-(સૂર્યથી, હવાથી, શરીરના વિકારથી).

ઉષ્ણકટિબન્ધ, પુ૦ વિષુવવૃત્તથકી ૨૩॥ અંશ ઉપર ને ૨૩॥ નીચે મળીને ૪૭ અંશ જેટલો જે પ્રદેશ તે—એ ઠેકાણાંની પેલી પાર સૂર્યનું ભ્રમણ નથી. એ ઠેકાણે જેવો તાપ પડેછે તેવો પૃથ્વિના બીજા કોઈપણ ભાગમાં પડતો નથી. [ન; બળતરા.

ઉષ્ણતા, સ્ત્રી૦ [સં૦] ગરમી; તાપ; બામ. ૨ અગ-

ઉષ્ણમાન-યન્ત્ર, પુ૦ [સં૦] ઉષ્ણ માપવાનો યન્ત્ર.

ઉષ્ણોદક, ન૦ ઊનું પાણી. [માંસણી.

ઉસકેરણી, સ્ત્રી૦ ઉસકેરવું તે; ઉત્તેજન. ૨ મદદ;

ઉસકેરવું, ક્રિ૦ સ૦ ઉત્તેજન આપવું; પ્રેરણા કરવી; જગાડવું; ઉંચુંકરવું. ૨ માંસણી કરવી.

ઉસટ-ડવું, ઉસેડવું.

ઉસરડવું, ઉસેડવું.

ઉસરવું, ક્રિ૦ અ૦ નિકળીજવું; ઘટીજવું 'ગુણ વાદી ગુણને કે હરી, તે માયા રચિત જાય ઉસરી'.

ઉસેડવું, ક્રિ૦ સ૦ ભેગું કરવું; સાંભરવું. ૨ સાંભરી ફેંકી દેવું. (એઠવાડ કચરો વગેરે). ૩ સઘળું ખાઈજવું. (તે થાળીમાંનું ઉસેડી ગયો).

ઉસ્તવાર, વિ૦ [ફા૦] જોરાવર; મજબુત. ૨ વાદ વિચારમાં ફરે નહિ તેવું; દૃઢ; નિશ્ચળ.

ઉસ્તવારી, સ્ત્રી૦ મજબુતી.

ઉસ્તાદ, પુ૦ [ફા૦] મહેતાજી; શિખવનાર; ગુરૂ. ૨ કાબેલ; નિપુણ. ૩ પ્રોઢેલો; પક્કો; ખન્ધો.

ઉસ્તાદી, સ્ત્રી૦ શિક્ષક પણું. ૨ કાબેલિયત. ૩ પક્કાઈ; ખન્ધાઈ.

ઉળખાવું, ઓળખાવું.

ઉળુખળો, ખાંડણિયો.

—

ઊ.

ઊ, પુ૦ [સં૦] છઠ્ઠો મૂળાક્ષર; ત્રીજો દીર્ઘ સ્વર.

ઊંઘ, સ્ત્રી૦ પ્રાણી માત્રનાં મન શરીરની તે સ્થિતિ કે જેમાં તે કામ કાજ કરવું બન્ધ પડેછે ને પોતાની આસ પાસ જે કંઈ બનેછે તેનું તેને ભાન નથી હોતું. એ સ્થિતિમાં માંસના તન્તુ ઢીલા પડી જાયછે પણ શ્વાસ ને લોહીનું ફરવું ચાલુ રહેછે. પૂરી ઊંઘ નથી હોતી ત્યારે મન જાગૃત હોયછે પણ વિવેકશક્તિ બન્ધ પડેથી તે ઢંગવગરની અહીં તહીં ઉડતી કલ્પના કરેછે. ઊંઘથી શરીર મનનો થાક ઉતરી જાયછે—સુખ થાયછે. કામ કરવે ફરી તાજા ને શક્તિમાન થવાય છે. "ઊંઘ આહાર ને આળસ એ વધાર્યાં વધે" એ કહેવત છે. ૨ અણજાણ પણું; અજ્ઞાન; અન્ધારૂં. તેનું તો સર્બુ ઊંઘમાં ગયું એટલે ઊંઘવામાં અથવા અણજાણ પણાંમાં.

ઊંચ, ઊંચું.

ઊંચનીચ, વિ૦ ઊંચી ન્યાતનું ને નીચી ન્યાતનું.

ઊંચવરણ, વિ૦ ઊંચા ન્યાતનું.

ઊંચી, સ્ત્રી૦ બે તારના છેડા સામ સામાં સાથે મુકી જે આમળો વાળેલો તે. (તાણિયાનાં કામમાં).

ઊંચું, વિ૦ [સં૦ ઉચ્ચ] સાધારણ સપાટી થકી ઊભા આકારમાં ઘણું લામ્બું ગયલું. (નીચાનું ઉલટું) ઊંચો મિનારો, ઊંચી મેડી, ઊંચો પાડ. ૨ અતીસે તાણેલું—લમ્બાવેલું. ઊંચું સુર. એ અર્થમાં ઊંચું ક્રિયાવિશેષણ રૂપે બહુ વપરાયછે—સૂરજ ઊંચો આવ્યો (દિગન્ત લીટીથકી), છોકરા કરતાં છોકરી બહુ ઊંચી દેખાય છે. ૩ સ્વભાવ—ગુણ—મન—ઈચ્છા—કર્મ—પદવી—સ્થિતિ—મૂલમાં સાધારણ બીજાં કરતાં વિશેષ ચડિયાતું—મોટું; શ્રેષ્ઠ; ઉત્તમ. ઊંચું મુકવું—મેલવું, વેરાતું પડ્યું હોય ત્યાંથી લઈને ઘટતે ઠેકાણે મુકવું. ૨ ઊંચી જગોએ

મુકવું. ૩ સન્તાડવું; છુપાવવું; ઊંચુંનીચું કરવું—વેરાનું ઠેકાણે કરવું. ઊંચું બેસવું—કામ કરવાથી દૂર રેવું. ઊંચું જોવું, ઊંચું નાખવું, ઊંચું થવું વગેરે શબ્દો છે.

ઊંચે, અ૦ જે ઊંચું હોય તે તરફ. ઊંચેથી—ઊપરથી, ઊંચેનું—ઊપરનું. ઊંચે જોવું.

ઊંટ, ન૦ [સં૦ ઉષ્ટ્ર] લામ્બી ડોકનું ને પીઠપર ઢેકા એવું એક ચોપગું. જેને શિંગડાં નથી હોતાં. એ ભાર ઉંચકવાના કામમાં આવેછે. રેતીનાં રણમાં એજ પ્રાણી ચાલી શકેછે. નર ને માદા બન્નેને માટે ઊંટ શબ્દ છે ને જાતિ જુદી પાડીયેલો નર તે ઊંઠ ને માદા તે ઉંઠડી. જે ઉંટડી ઉંટને દેખાડવામાં ન આવી હોય ને ચાલવામાં જબરી હોય તે સાંઢ અથવા સાંઢણી કેવાયછે. ઊંટના અઢારે વાંકાં', 'ઊંટને મોડે ઝાંખરાં', 'ઊંટ મરે ત્યારે માળવાનામું જુએ', ઊંટ મેલે આકડો ને બકરું મેલે કાંકરો'. એ કેવતા છે.

ઊંઠ, સાડાત્રણ—(અખાએ વાપર્યો છે).

ઊંધીપુતળી, વિ૦ જેની આંખના કીકી—પુતળી ઊંધી હોય તે (જન). હાથીને માટે કેવાયછે કે તેની આંખની પુતળી ઊંધી છે.

ઊંધું, વિ૦ અવળું; ઉલટું; અધોમુખ. (એનું ઉલટું ચતું). ઊંધું કરવું—વાળવું એટલે ઉલટું કરવું; ફેરવી નાખવું. ૨ કામ બગાડી નાખવું. ઊંધે મોડે પડવું જેનો લાક્ષણિક અર્થ એ કે તાવથી પથારીવશ થવું.

ઊંફ, સ્રી૦ સારી લાગે ને સુખ કરે તેવી કપડાં વગેરેમાંથી પેદાથતી જે આછી ગરમી તે. ૨ સહાયતા; મદદ; કૂમક. [મતી; કળ્ઠી.

ઊંબી, સ્રી૦ જેમાં ઘઉં ભાત થાયછે તે ચમરી—ફુ-

ઊંહું, અ૦ ના, નહિં. મોઢમાં ઉચ્ચારણ કરી ના કેવી તે.

ઊઠ, વિ૦ સાડાત્રણ.

ઊઠા પુ૦ વીસ આંકમાંનો, સાડાત્રણનો એક આંક.—એકે ઊઠું ઊઠ. (ઊઠું એ એકવચન ને ઊઠા બહુંવચન). [પરણેલી.

ઊઢા, વિ૦ [સં૦] પરણેલી નવોઢા—નવી—તરતની

ઊણું, વિ૦ [સં૦ ઊન] ઓછું; ન્યૂન; કમી; ઘટતું; અધુરું; બાકી. ઊણું અધુરું; ઊણું રાખવું.

ઊન, ન૦ [સં૦ ઊર્ણા] ઘેટાંના વાળ.

ઊનમાસિક, વિ૦[સં૦] મહિનામાં થોડાક દિવસ ઓછા હોય તેવું (શ્રાદ્ધ). [હોય તેવું (શ્રાદ્ધ).

ઊનાબ્દિક, વિ૦ [સં૦] વર્ષમાં થોડાક દિવસ ઓછા

ઊનું, વિ૦ [સં૦ ઉષ્ણ] ગરમ; તાતું; ધખેલું. 'ઊને પાણીયે આગ ન લાગે' કેવતછે.

ઊભું, વિ૦ [સં૦ ઉત્થમ્ભન] સાધું; ટટાર; આડું પડેલું નહિં તે; બેઠેલું નહિંતે. ૨ સીધું ઊંચું; ઢોળાવવાળું નહિં તે; સુડાય નહિ તેવું. ૩ અનાજના છોડવા કાપી ઢાળેલા નહિં તેવું તૈયાર (ખેતર). ૪ ચાલતું આખું; પેલું (ઊભાં વરસની રીતે ને ઊભાં વરસનો ખરચ). ૧ લા અર્થમાં એ શબ્દ અવ્યય રૂપે પણ વપરાયછે. ઊભું કરવું—રાખવું—ઊંચું કરવું; સીધું કરવું; બેઠેલું હોય તેને ઉઠાડવું; ઉપાડવું. ૨ જતું અટકાવવું; બન્ધ પાડવું. ૩ નવું ઉપજાવવું—બનાવવું—તૈયાર કરવું. ૪ કોઈના સામાં લાવી મુકવું. ઊભું થવું, ઊભું રેવું એ શબ્દોના પ્રયોગ સહજ સમજી શકાય તેવાછે.

ઊરું, ન૦ કોશ કુવાને લગતો ઢળતો ખાડો જેમાં બળદ ઉતરેછે તે; ઓલાણ.

ઊર્ણનાભ, પુ૦ [સં૦] કરોળિયો. ઊર્ણ—તન્તુ, જાળ. "ઊર્ણનાભ જેમ ઊર્ણ મૂકે, મૂકે તે પાછી ભખે". (અખેગીતા).

ઊર્ધ, ઊર્ધ્વ.

ઊર્ધ્વ, અ૦ [સં૦] ઊપર; ઊંચે; ઉચ્ચ. [તે; તપસ્વી.

ઊર્ધ્વબાહુ, પુ૦ [સં૦] ઊંચા રાખ્યા છે હાથ જેણે

ઊર્ધ્વરેતા, પુ૦ [સં૦] જે પોતાનું રેત ખલિત થવા દેતો નથી તે; જિતેન્દ્રિય; જેનું રેત બ્રહ્માણ્ડમાં—તાળવે—ઊંચે હોય તે.

ઊર્મિ, સ્રી૦ [સં૦] પાણીમાં થાતી લેહેર; મોજો. ૨ એકાએક જે પ્રેરણા થઈ આવે તે; તરંગ. ૩ સુખેચ્છા; ભોગ.—ક્ષુધા, તૃષા; શીત, ઉષ્ણ; હર્ષ, શોક એ છ ઊર્મિ કેવાયછે.

ઊસ, સ્રી૦ [મ૦] સેરડી.

ઋ.

ઋ, પુ૦ [સં૦] મૂળાક્ષરનો સાતમો અક્ષર—સ્વર.

ઋક, ઋગ્વેદ.

ઋક્ષ, ન૦ [સં૦] રીંછ. ૨ તારો; નક્ષત્ર. [તે

ઋગ્વેદ, પુ૦ [સં૦] ચાર વેદમાંનો જે પેહેલો મોટો

ઋગ્વેદી, પુ૦ ઋગ્વેદ ભણનારો અથવા તેનો વંશજ. [ઋચા).

ઋચા, સ્ત્રી૦ [સં૦] મન્ત્રનો એક ભાગ—(વેદની

ઋણ, ન૦ [સં૦] કરજ; દેણું; બન્ધન. ઋણ ત્રણ કેવાયછે—દેવઋણ, ઋષિઋણ, પિતૃઋણ. ૨ બાદ કરવાનો આંકડો. ૩ બાદ કરવાનું ચિન્હ—૪—૧=૩. [લેણાદેણી; ઋણબન્ધ

ઋણાનુબન્ધ, ન૦ [સં૦] દેવાંનું—કરજનું બન્ધન;

ઋણી, વિ૦ [સં૦] દેણદાર; કરજદાર.

ઋતુ, પુ૦ [સં૦] બે મહિનાનો જે કાળ તે. એ પ્રમાણે વર્ષના છ ઋતુ કેવાયછે—વસન્ત, ગ્રીષ્મ (ઊનાળો); વર્ષા, શરદ્ (ચોમાસું); હેમન્ત, શિશિર (શિયાળો). ૨ સ્ત્રી જાતને મહિને મહિને જે અટકાવ આવેછે તે; ગળગું. ૩ જનાવરોની માદાઓને વિયાવાના જે જુદા જુદા કાળ તેમાંનો એકેકો. ૪ વનસ્પતિને ફળવાનો જે એકેકો કાળ તે. [આવો તે.

ઋતુદર્શન, ન૦ [સં૦] અળગુંબેસવું તે; અટકાવ જ-

ઋતુપ્રાપ્તિ, સ્ત્રી૦ [સં૦] ઋતુનું જે આવવું તે; અળગું બેસવું તે.

ઋતુમતી, સ્ત્રી૦ [સં૦] અડકાયલી—અળગી સ્ત્રી.

ઋતુરાજ, પુ૦ [સં૦] વસન્ત ઋતુ.

ઋતે, અ૦ [સં૦] વિના; ખાલી. [ગોર; પુરોહિત.

ઋત્વિક—જ, પુ૦ [સં૦] હોમાદિ કર્મ કરાવનારો;

ઋદ્ધિ, સ્ત્રી૦ [સં૦] ધન; સમ્પત્તિ. ૨ આબાદી; ઉત્કર્ષ.

ઋષભ, પુ૦ [સં૦] બળદ; ગોધો. ૨ સારીગમપધની, એ જે સાત સૂર છે તેમાંના બીજા સૂરને એટલેથી ને ઋષભ કેછે. ૩ શ્રેષ્ઠ જે ઋષિ તે.

ઋષિ, પુ૦ [સં૦] બ્રાહ્મણ. ૨ તપસ્વી; મુનિ; યતિ; સાધુ. એના ત્રણ વર્ગ છે—મહર્ષિ, દેવર્ષિ અને રાજર્ષિ. ૩ વેદના મન્ત્રને ઋષિ, છન્દ અને દેવતા એ ત્રણ હોય છે તે ઠેકાણે ઋષિ એટલે જે ઋષિએ પ્રથમ મન્ત્ર કહ્યો—સ્મરણ રાખી ભણ્યો હોય તે.

ઋષિપંચમી, સ્ત્રી૦ ભાદરવાસુદ પાંચેમ—એ દિવસે અણખેડ્યું ધાન ખાઈ વ્રત થાયછે. મુખ્યત્વે કરી એ વ્રત ઋષિ તથા પુરુષનું છે. એ દિવશે સામો ખાવાનો મહિમાછે ને તેથી સામાપાંચેમ કેવાયછે.

ઋષિપત્ની, સ્ત્રી૦ [સં૦] ઋષિની સ્ત્રી.

એ

એ, પુ૦ [સં૦] મૂળાક્ષરનો આઠમો અક્ષર. એને સદા દીર્ઘજ—લાંબો સમજવો. અ ને ઇ—ઈ મળીને એ થાયછે—(પરમ—ઈશ્વર=પરમેશ્વર).

એ, અ૦ અરે; ઓ.

એં, અ૦ એકવાર ન સમ્ભળાયાને લીધે બીજીવાર સાંભળવાને જે શબ્દ બોલી કાન માંડવા તે. ૨ ધમકાવવાનો શબ્દ.

ઍંચમઍંચા, સ્ત્રી૦ ખેંચાખેંચી; તાણાતાણ. [વો).

ઍંચવું, ક્રિ૦ સ૦ ખેંચવું; તાણવું. (કનકવો ઍંચ-

ઍંચાતાણો, વિ૦ ટુંકી દૃષ્ટિનો (પુરુષ).

ઍંટ, સ્ત્રી૦ ટેક; વટ; આંટ. ૨ ધીર; શાહુકારી. ૩ મમત; આગ્રહ; જીદ.

ઍંટાળ, વિ૦ હઠીલું; મમતી; જિદ્દી; અડિયલ.

ઍંટી, વિ૦ ઍંટવાળું. [છે; ૮૦.

ઍંસી, વિ૦ ૮ વખત ૧૦ એટલી સઙ્ખ્યા બતાવે

એ, સ૦ આ. પાસેનાંને એ અને છેકજ પાસેનાંને આ એમ પ્રયોગ કરવો. ઉપર લખી ગયલું દેખાડવવાને એ અને નીચે આવવાનું દેખાડવાને આ એમ પ્રયોગ કરવો.

એઉ—ઓ, સ૦ એના ઘણા અર્થમાં—બહુવચનમાં બોલાતો શબ્દ. એ આંવ્યો ને એઓ આવ્યા.

એક, વિ૦ [સં૦] સઘળી સઙ્ખ્યામાં પેલી જે સઙ્ખ્યા તે; ૧. ૨ જેની બરોબરી કરનાર બીજો કોઈ પદાર્થ નથી તે (ઈશ્વર એકછે). ૩ કોઈપણ એક પછી ગમે તે—(કોઈ એક વાણિયાએ). ૪ કોઈ એક ચોક્કસ; અમુક; ફલાણો (માત્ર તે એક નહારો નિકળ્યો). ૫ સરખું; મળતું; અભેદ. (તમે અમે સહુ એક છીયે). ૬ આસરે; સુમારે (તે ગામ સોએક કદમ દૂર હશે). ૭ તેજ; તે; ફરે-નહિ તેવું (વચન એક). ૮ બીજું; અન્ય (એક તે ને એક આ). ૯ શબ્દની આગળ ફરીથી મુકવામાં આવેછે તેનો અર્થ (૩) પ્રમાણે થાયછે

પણ જરૂર કરીને તેમ કરવો એમ નહિ —(એક છોકરો હતો વગેરે). કેહવતો—'એક ઉજળો સહુ ઉજળા', 'એક ઘાયે કુવો ન ખોદાય', 'એક હાથે તાળી ન પડે', 'એક હાણુ ને બીજું હસવું.'

એકએક-કુ, વિ૦ દરએક; જુદાં જુદાં ગણતાં એક એક.

એકકએક, પુ૦ ૧, ૨, ૩ વગેરે ૧૦ સુધીની સઙ્ખ્યા સાથે, ૧ એ સઙ્ખ્યાને ગુણતાં જે ગુણાકાર આવે તેનો પાડો. [ક.

એકકાલિક-લી, વિ૦ એક—તેજ વખતનું; સમકાલી.

એકકું, વિ૦ એક એક હોય તેવું.

એકકોરે, અ૦ એકતરફ; એકબાજુએ. [ગ્રાદ).

એકઆર, વિ૦ સુંકુલીનું એક થઈજાય તેવો (વર-

એકચક્રવે—ક્રે, અ૦ એકછત્રે.

એકચિત્ત, વિ૦ એકજ વાતમાં ચિત્ત—ધ્યાન—મન છે જેનું તે. ૨ પરવારેલું; કામ કરી રહેલું.

એકછત્રે, અ૦ ઘણામોટા પ્રદેશઉપર એકજ જણનું રાજ હોય તેમ; ઘણારાજાપો ઉપર એકજ રાજાની સત્તા હોય તેમ.

એકજ, વિ૦ નક્કી એક બીજું કોઈ નહિ.

એકજણ, ન૦ કોઈપણ એક માણસ.

એકજથો-ત્થો, પુ૦ પસરેલું—વેરાયલું હોય તેને એક ઠેકાણે એકઠું કર્યું હોય તે; સઙ્ગ્રહ.

એકજાત, સ્ત્રી૦ જુદી જુદી નહિ પણ તેજ—એકજ જાત. વિ૦ એકજ—તેજ જાતનું.

એકઠું, વિ૦ [સં૦ એકત્ર] જુદે જુદે ઠેકાણેથી આણીને એક ઠેકાણે કરેલું હોય તેવું; જુદું જુદું હોય તેને ભેળીનાખી એક કર્યું હોય તેવું.

એકડેએક, પુ૦ એકથી તે સોલગી બોલવા લખવાનો એક આંક (વીસમાંનો). ૨ એક એ સઙ્ખ્યાનું નામ. (એકડેએક, બગડે બેય)

એકડો, પુ૦ એકડો કરીને કબૂલાત—સમ્મતિ આપવી તે; હાપાડવી તે. ૨ એક એ સઙ્ખ્યાનો આંક અથવા આંકડો; ૧. એકડો કરવો—સહી કરવી; મતુ કરવું; કબૂલાત આપવી; નક્કી કર્યાની નિશાની આપવી. એકડો લેવો—કોઈનીપાસે એકડો કરાવવો; સહી લેવી. [છાપવું.

એકઢાળિયું, વિ૦ એકજ (બે નહિ) ઢાળ હોય તે—

એકતન્ત્રે, અ૦ એક જથે; એકઠાં મળીને. ૨ તૂટ પડ્યા વગર; લાગું રહીને; સાંધણ વગર.

એકતરફ, અ૦ એક બાજુએ.

એકતરફું, વિ૦ બન્ને બાજુ બરોબર જોયા—તોળ્યા વગરનું; એકનો પક્ષ ખેંચ્યો હોય તેવું. (ઈનસાફ). ૨ સામ સામાનું નહિ પણ એકનુંજ (પ્રીત).

એકતાર-રી-રું, વિ૦ પેહલથી તે શેવટ સુધી એકસરખું હોય તેવું. ૨ તલ્લીન; મળીગયલું. "એકતાર ચિત્તકરી, નિર્મળું સુખ પાળું" (ન૦ કા૦). ૩ એકજ છન્દમાં ગુલતાન.

એકતારો, પુ૦ જેને એકજ વગાડવાનો તાર હોય તેવું વાજું—(માંગનારીઓ વગાડેછે તે). એકતારી પણ કેવાયછે.

એકતાલ, પુ૦ ગાયનમાં તાલ લેવાનો એક ભેદ છે.

એકતાળીસ, વિ૦ ચાળીસ ને એક; ૪૧.

એકતીસ, એકત્રીસ. [તેવું. ૩ સરખું.

એકત્ર, વિ૦ એકઠું. ૨ બાગમાં—પત્થાળામાં હોય

એકત્રીસ, વિ૦ તીસ ને એક; ૩૧.

એકત્વ, ન૦ [સં૦] એકપણું.

એકદણ્ડો, પુ૦ મરતીવેળા જે શ્વાસ—દમ ચાલેછે તે. ૨ વિ૦ એકજ દણ્ડ—થાંભલો હોય તેવું. (એકદણ્ડો મેહલ). [હાથી).

એકદન્ત, વિ૦ એકજ છે દાંત જેને તે—(ગણપતિ,

એકદમ, અ૦ વચમાં વિસામો ન લેતાં એક દમે. ૨ જુદી જુદી વ્યવસ્થા ન કરતાં આખું એકજ વખતે; એકીવારે; સામટું. ૩ તરતજ; તાકીદથી; જોસ્સામાં.

એકદળ, એક પાંખડાનું (ફૂલ).

એકદાં, અ૦ કોઈવખત—સમે—વાર; કદાપી.

એકદાણી, વિ૦ બધા દાણા એકસરખા હોય તે.

એકદિલ, ન૦ [ફા૦] બે અથવા તેથી વધારે માણસોના જુદા જુદા વિચાર એકજ થઈ રેવા તે. ૨ સ્નેહ—પ્રેમથી બે ટળી એક જણાય તેવું.

એકદિલી, સ્ત્રી૦ એક દિલવાળો જે હાલત તે; સમ્પ.

એકદૃષ્ટિ, સ્ત્રી૦ [સં૦] પેહલેથી તે છેહલેલગી જે એકસરખી નજર તે.

એકદેશી, વિ૦ [સં૦] તેજ દેશનું. ૨ કોઈ આખા વર્ગને લાગુપડે તેવું નહિ પણ તેના કોઈ ભાગને લાગુપડતું—(ભાષણ; વાદ). ૩ અધુરું; એકજ વાત જાણનાર. (એનું ઉલટું સર્વવ્યાપક). [વિચાર).

એકધારી, વિ૦ એકજ—સરખી છે ધાર જેને તે (હ-

એકનિશ્ચય, પુ૦ [સં૦] ફરીથી કદિ બદલાય નહિ તેવો જે ઠરાવ તે.

એકનિષ્ઠા, સ્ત્રી૦ [સં૦] એકના ઉપરજ સર્વકાળ જે ભક્તિ—શ્રદ્ધા—પ્રીતિ તે.

એકનુંએક, વિ૦ તેનુંતેજ. ૨ એકજ; બીજું નહિ (એકનો એક છોકરો, એકની એક છોકરી).

એકન્દર, વિ૦ [સં૦ એકત્ર] એકઠું; જથ્થામાં હોય તેવું. ૨ સરવાળો લીધેલું. ૩ અન્દર સઘળું આવી જાય તેવું.

એકપેઠો, પુ૦ ઉપરણું.

એકપત્ની, વિ૦ એક પોતાની પરણિત સ્ત્રીના ઉપરજ રહેનારો (પુરુષ). ૨ જેને એક સ્ત્રી હોય અથવા જે એકજ વખત પરણેલો હોય તે. [એકલેખે.

એકબારગી, અ૦ એક રીતે; એક પાસથી જોતાં;

એકબાલ, ન૦ ઇકબાલ. [પો. ૨ એક.

એકમ, સ્ત્રી૦ પખવાડિયાંનો જે પેહેલો દહાડો તે; પડ-

એકમત, વિ૦ એકવિચાર; એકદિલ.

એકમાર્ગી, વિ૦ એકજ રસ્તો જાણતો હોય તે; સીધું; આડી અવળી વાત ન જાણે તેવું; એકજ રસ્તે જનાર. [અન્યોન્ય.

એકમેક, અ૦ એક બિજાને; પરસ્પર; અરસપરસ;

એકમેર, અ૦ એક બાજુએ; એક તરફ; એકકોરે.

એકર, પુ૦ [અ૦] જમીન—ખેતરનું એક ચોરસ માપ છે. જેમ અહીં જમીનની માપણી વીંઘામાં થાયછે તેમ વિલાતમાં એકરમાં થાયછે. ભરુચ જિલ્લામાં ૧ વીંઘુ ને ૧૪ વસાનો અને સુરત જિલ્લામાં પોણાબે વીંઘાનો એક એકર ગણાયછે. કોઈ ઠેકાણે ૧ વીંઘુ ને ૧૨ વસાનો; કોઇ ઠેકાણે ૧ વીંઘુ ને ૯$\frac{4}{5}$ વસાનો ને કોઈ ઠેકાણે ૧ વીંઘુ ને ૬$\frac{2}{3}$ વસાનો પણ ગણાયછે. [રકમે (આપેલું)

એકરકમ, અ૦ જુદી જુદી રકમે નહિ પણ એકજ

એકરંગી, વિ૦ એકજ રંગનું.

એકરસ, વિ૦ જુદાંપણું ટળી એકજ રસ થઈ રહ્યું હોય તેવું (દાળ ગળીને એકરસ થઈ).

એકરાર, પુ૦ ઇકરાર.

એકરારનામું, ન૦ જેમાં એકરાર હોય તે લખાણ.

એકરાસ, વિ૦ રૂપ ગુણ વગેરેમાં સરખું હોય તેવું; એકજાતનું. ૨ એકઠું કરેલું; એકન્દર. ૩ તેજ—મળતી રાશિનું (નામ).

એકરૂપ, વિ૦ એકજ રૂપ—એકસરખું હોય તે.

એકલ, વિ૦ એકલું.

એકલક્ષી, વિ૦ એકજ લક્ષ છે જેનો તે.

એકલડું, વિ૦ એકલું. (કવિતામાં). [સાથી હોય તે.

એકલદોકલ, વિ૦ એકલો અથવા બીજો કોઈ એકજ

એકલપેટું, વિ૦ એક પોતાનુંજ માત્ર પેટ ભરે તે; માત્ર પોતાનુંજ હિત—કલ્યાણ ઈછનાર; સ્વાર્થી; આપમતલબી.

એકલમલ, વિ૦ વિરલા; ન્યારા; તેજ એકલા. ૨ શૂર; એક્કા. "નહિ પાપી ને નહિ પુણ્યવંત, એકલમલ તે સાચાસંત." "એકલમલ અણલિંગી ઓજ, ચિદ 'અચાનક પામી ચોજ" (અખો).

એકલવાઈ, સ્ત્રી૦ વાંકું વાળવાનું સોનીનું એક ઓજાર.

એકલવાયું, એકલવાઈ.

એકલવાયું વિ૦ એકલું; છોકરાં છૈયાં વગરનું.

એકલું, વિ૦ બીજું કોઈ સાથમાં ન હોય તેવું; સાથી વગરનું; માત્ર એક પોતેજ હોય તેવું; છૂટું; જાતે; પણે. ૨ એકનું એકજ; ફકત; માત્ર. ૩ અલગ; એકાન્તમાં હોય તે.

એકવખત, અ૦ એકવાર

એકવગનું, વિ૦ એક વારિયું—જણ્યાનું. [સાથેલાગું.

એકવગું, વિ૦ એકદમ; એકોવારે—ફેરે; સામટું;

એકવચન, ન૦ ફરે નહિ તેવું વચન—બોલવું તે. ૨ એકજ વસ્તુનો જે બોધ તે (વ્યાકરણમાં).

એકવચની, વિ૦ વચનમાં ફરી ન જાય તે; એક બોલી રાખનાર; પ્રમાણિક.

એકવડ, વિ૦ ઘડી—પડ કાઢીને સળંગ લાબું કર્યું હોય તેવું. [(ખેવડનું એકવડ કર).

એકવડિયું, વિ૦ પાતળું; નબળા બાંધાનું—(શરીર).

એકવડું, વિ૦ પાતળું—ઘણા માંસ—દળ વગરનું—(શરીર). ૨ ઉપરા ઉપરી પડો ન વાળ્યાં હોય તેવું; અસલ જેવું હોય તેવું (લુગડું).

એકવર્ણ, વિ૦ જુદા ધર્મ જુદી ન્યાત ટળીને એકજ ધર્મ એકજ ન્યાત થાય તે.

એકવર્ણ સમીકરણ, ન૦ બીજગણિતના જે સમીકરણમાં માત્ર એકજ અવ્યક્ત પદ હોય તે.

એકવાર, અ૦ એકવખત. [પ તેવું (ડાંગર).

એકવારિયું, વિ૦ એકવખતનું. ૨ એકજ વખત પા-

એકવિચાર, પુ૦ ફરે નહિ તેવો જે વિચાર તે. ૨ ઘણા જણનો વિચાર જુદો ન પડતાં મળતો આવવો તે. વિ૦ જેઓ એક વિચારના હોય તે.

એકવીતીનું, વિ૦ એકવારિયું—જણ્યાનું.

એકવીસ, વિ૦ વીસ ને એક; ૨૧.

એકવીસા, પુ૦ વડાએકામાંનો એકવીસનો પાડો (જેમ

અગિયારા, એકવીસા, એકતીસા ૯૦). [પ તેવું.

એકસટ, વિ૦ એકસેટ. ૨ એક જથ્થા—સટમાં હો-

એકસપ-મ્પ, વિ૦ ઘણાજણ સાથે મળી વિચાર ક-રતા હોય તે.

એકસર, અ૦ એકદમ; એક ઝપાટે; સામટાં. ૨ એક સરખાં; એકલીટી—પ્રવાહમાં.

એકસરખું, વિ૦ રૂપગુણ વગેરેમાં મળતું આવતું—જુદું ન પડતું. ૨ પેહેલેથી તે છેલ્લે સુધી તેની તેજ રીતનું.

એકસાન, વિ૦ એકરૂપ.

એકસેટ, વિ૦ સાઠ ને એક; ૬૧.

એકસો, વિ૦ સો સોની ગણતરી કરતાં જે પ્રથમ સો તે. ૨ સો.

એકહથું, વિ૦ એકજ જણના હાથથી થયલું (કામ). [લતું હોય તેમ.

એકહાથે, અ૦ એકજ માણસના હાથથી કામ ચા-

એકાંતરે, અ૦ વચમાં એક મુકી દઈને પછી; ત્રીજું હોય તેમ; એકનો આંતરો હોય તેમ, એકાંતરે—રાં જાડુંધું.

એકાંતરો, પુ૦ એકાન્તરિયો.

એકાએક, અ૦ અણચીત્યું; વગર ધારે; અકસ્માત્.

એકાકાર, પુ૦ [સં૦] જુદી જુદી વસ્તુઓ જે એકઠી થઈ ગઈ હોય તે; એકઠું; મિશ્રણ; સંકરવ. ૨ બહુ ધરમ—ન્યાત ટળી એક ધરમ—ન્યાતનાં થવું તે. ૩ એક આકારનું; એકરૂપ. ૪ એકવિચાર; એકમત.

એકાક્ષરી, વિ૦ એકજ અક્ષર હોય તેવો (મંત્ર).

એકાગ્ર, વિ૦ [સં૦] એકજ વસ્તુઉપર લાગેલું વળગેલું—ચોંટેલું. (ધ્યાન, મન, પ્રીતિ વગેરે)—એકાગ્રચિત્ત. [કાકાર.

એકાચાર, પુ૦ [સં૦] એક આચાર—ધર્મ. ૨ એ-

એકાણું, વિ૦ નેવું ને એક; ૯૧.

એકાદ, વિ૦ એકાદું.

એકાદશ, વિ૦ [સં૦] અગિયાર.

એકાદશા, સ્ત્રી૦ અગિયારમું.

એકાદશી, સ્ત્રી૦ [સં૦] અગિયારસ.

એકાદું, વિ૦ કોઈએક; એક બે.

એકાન્ત, ન૦ [સં૦] જ્યાં પ્રાણી ને વસ્તુની ભીડ ન હોય તેવું ઠેકાણું; નિરાંતની જગા. ૨ ખાનગી કોટડી. ૩ ખાનગી મસલહત. અ૦ ખાનગી—છુપીરીતે. ૨ જ્યાં બીજું કંઈ ન હોય તેવે ઠેકાણે.

એકાન્તરા, પુ૦ અકેક દહાડાને આંતરે જે ભોજન કરવું તે.

એકાન્તરિયો, પુ૦ એક એક દહાડાને આંતરે આવતો—ભરાતો જે તાવ તે.

એકાન્તવાસ, પુ૦ એકાન્તમાં વાસ કરવો તે.

એકાન્ત્રો, એકાન્તરિયો.

એકાવન, વિ૦ પચાસ ને એક; ૫૧. [મોટો હાર.

એકાવળહાર, પુ૦ એકજ સેરનો પણ ઘણાં મૂલનો

એકી, સ્ત્રી૦ જે સઙ્ખ્યાને બેએ ભાગતાં બાકી કંઈ પણ પડે તે.-૧, ૩, ૫, ૭, ૯, ૧૧, વગેરે. ૨ પિશાબ કરવા જવાનો સઙ્કેત. (એકીનું ઉલટું બેકી. એકીજવું એટલે પિશાપ કરવાજવું ને બેકી એટલે જંગલ જવું). ૩ એક આંગળી બતાવવી તે. (એક આંગળી બતાવવી એ પિશાબની સમસ્યા).

એકીન, ન૦ આકીન.

એકીબેકી, સ્ત્રી૦ વસ્તુની સઙ્ખ્યા એકી છે કે બેકી તે અટકળથી કેહેવાની રમત.

એકુ, વિ૦ કોઈએક; એકાદું. [પ તેટલાં સઘળાં.

એકેએક, વિ૦ એક એક એમ ગણતાં જેટલાં હો-

એકેક, અ૦ એકપછી એક એમ. વિ૦ એકએક.

એકેકું, અકેકું.

એકેચકે, અ૦ એકચક્રે; એકછત્રે.

એકો, પુ૦ એકને એકે, બેને બેએ,ત્રણને ત્રણે એમ ગુણવાથી જે ગુણાકારો આવે તેનો પાડો. ૨ એક્કો.

એકોતેર, વિ૦ સિત્તેર ને એક; ૭૧.

એકોદ્દિષ્ટ, વિ૦ [સં૦] જેમાં એક ચટ ને એક પિણ્ડ હોય તેવું—(શ્રાદ્ધ).

એકોન, વિ૦ [સં૦] એક ઓછો—એકોનવિંશતિ એટલે વીસમાં એક ઓછો—ઓગણીસ.

એક્કો, વિ૦ સઘળામાં એકજ હોય તેવું; ઉત્તમ; એક; સહુથી સરસ.

એક્કો, પુ૦ જે રમવાના પાના—પાસામાં એક ચિન્હ—નિશાની હોય તે. ૨ જે ગાડીયે એક બળદ જોડાતો હોય તે. ૩ સમ્પ; ઐક્ય; એકમત. એક્કા બાંધવો.

એક્યાસી, વિ૦ એંશી ને એક; ૮૧.

એખરો, પુ૦ ગાંધીને પેર મળતું એક ઓસડિયું. ૨ ખાતલ કરેલો—નકામો રૂપલો જે નાચનો કચરો તે અથવા નરસો માલ તે.

એખલાસ, ઇખલાસ.

એજ, નક્કી એ.

એજન, ન૦ ઇજન.

એજમાં, અ૦ ઉપર પ્રમાણે; તેજ.

એજ્યુકેશન, ન૦ [અં૦] કેળવણી.

એટલામાં, અ૦ એ વખત—દરમિયાનમાં; આ થોડા વખતમાં; તરતજ. ૨ આ થોડામાં; આ આટલી ચીજે.

એટલામાટે-સારૂ, અ૦ ઉપર કહ્યું તે પ્રમાણે હકીકત છે વાસ્તે—તે ઉપરથી.

એટલું, વિ૦ આટલું. એટલુંબધું—આખું.

એટલે, અ૦ કહાણાનો અર્થ આ છે એમ જણાવનારો જે શબ્દ તે; બીજી રીતે. ૨ એ ઉપરથી; એટલા માટે; એ વાસ્તે; એ કારણ છે માટે. ૩ પછી; ત્યારે.

એટલેલગી-સુધી, અ૦ આટલું એવી હદ બતાવેછે.

એઠવાડ-ડો, પુ૦ [સં૦ ઉચ્છિષ્ટ] જેમાં રાંધ્યું ખાધું હોય તેવાં અજીઠાં વાસણો. ૨ અજીઠું; એઠું.

એઠું, વિ૦ ન૦ અજીઠું. 'એઠુંજુઠું પણ કેવાયછે.

એડ, સ્ત્રી૦ એડી. ૨ ઘોડાને મારવાનો એડીમાં ભરવેલો જે ખીલો તે; કાંટો. ૩ એડવું તે; ભેળી.

એડ, સ્ત્રી૦ અન્યાઇ—કેદીઓના પગ ઘાલી રાખવાનું જે મોટા વીંધવાળું લાકડું તે. (એને તાળું દેવાયછે). ૨ ગાય ભેંસ, દોતીવખત મસ્તી કરતાં હોય તો તેને સાકું લાકડાં દાઢી, બાંધી બન્દોબસ્ત કરવામાં આવેછે તે. ૩ ઉત્તર પૂર્વ તરફથી જે ઘણા મોટા બળદ, વાછરડાનો સમુહ આવેછે તે. (એડ આવી).

એડક, પુ૦ [સં૦] મેંઢો; ઘેટો.

એડકી, સ્ત્રી૦ જીવ જતી વેળા જે જોરભેર આચકા આવેછે તે એડકો. ૨ આચકો આવી ગળામાંથી પવન નિકળયો તે; વાધણી.

એડવવું, ક્રિ૦ સ૦ સામેલ કરવું; જોડવું; લાગુ પાડી દેવું. તેણે તેને તે ઠેકાણે એડવીદીધો.

એડિટર, પુ૦ [અં૦] ન્યુસપેપર —વર્તમાન પત્રનો મુખ્ય લખનારો. ૨ ગ્રન્થો શુદ્ધ કરી સમજણ આપી છપાવનારો.

એડિયા, પુ૦ એડમાંના જે બળદ તે. (એકવચનમાં એડિયો; ૨ એડ—બળદના સમુહના ધણી; ૨ એવાળ. વિ૦ એડ વાળા.

એડિયું, ન૦ એરણિડયું.

એડી, સ્ત્રી૦ પગની પાટલીનો જે સહુથી પાછલો ભાગ તે. ૨ સોની લુહારનું એક ઓજાર.

એડો, પુ૦ અતીશ જે પ્યાર તે; સ્નેહ; બગવાડ; ઘણોજ સમ્બન્ધ—"લાગ્યો મને પરણ્યાની સાથે એડો".

એંડો, પુ૦ છોકરાં, બચ્ચાંનો ને માનો જે સ્નેહસહિત સમ્બન્ધ તે. એ ગાયને વાછરડીનો એંડો છે. એ છોકરાને એની માનો બહુ એંડોછે. (તેના વના જરા રેહેવા નથી). ૨ સ્નેહ; પ્રીતિ.

એઠાણી, સ્ત્રી૦ એંધાણ-ણી.

એણીકોર-ગમ-મેર, અ૦ એ બાજુએ; એ તરફ.

એણીવિગતે, અ૦ એ વિગત પ્રમાણે.

એણે, સ૦ એ સર્વનામ તૃતીયા વિભક્તિમાં.

એતદ્દેશી, વિ૦ આ દેશનું—સમ્બન્ધી.

એદી, વિ૦ સુસ્ત; આળસુ; સુઇ રેનાર; બેસની. (ઘણું ખાવેથી, અફીણ ખાવેથી વગેરે).

એદીખાનું, ન૦ જ્યાં એદીયો પડયા રેતાહોય તે. એદીનું પાયરલું એટલે ઘણીવાર સુધી ખસે નહિ તેવી હાલત.

એંધાણ-ણી, સ્ત્રી૦ નિશાની; ઓળખ; ચિન્હ. ૨ દાખલો; દૃષ્ટાન્ત.

એધી, એદી.

એન, ન૦ એક જાતનું ઝાડ અથવા તેનું લાકડું.

એન, સ્ત્રી૦ જરૂરનો—બારીક વખત; ટાંકણું; સંભાળ્યા વગર ન ચાલે તેવો વખત. ૨ આબરુ; સાખ; વટ.

એન, વિ૦ સફાઇ; સરસ. ૨ અસલ; જેવું પ્રથમ હોય તેવું. ૩ નક્કી; ખરું. ૪ જમીનનુંજ; ખાસ (ખાજુરાં વગેરે સાએર નહિ).

એનઉપજ, સ્ત્રી૦ સાએર શિવાયેની જમીનના પાક સમ્બન્ધી જે ઉપજ તે.

એનકરજ, ન૦ મુદલ કરજ (વ્યાજ ચડાવ્યા વિનાનું).

એનકિમ્મત, સ્ત્રી૦ અસલ—ખાસ કિમ્મત.

એનખરચ, પુ૦ મોટો—ખાસ ખરચ. (પરચુરણ નહિ). ૨ જમીન સમ્બન્ધી ખરચ.

એનઘેન, સ્ત્રી૦ છોકરાઓની એક રમત.

એનચોમાસું, ન૦ ભર—ખરું ચોમાસું; ઘણોજ વરસાદ આવવાનો જે વખત તે.

એનજમીન, સ્ત્રી૦ સાએર શિવાયની વાવેતર વાળી જમીન અથવા એ સમ્બન્ધી જેટલું તે. ૨ જે કિત્તામાં ફકત એકજ જાતની જમીન હોય તે; પછી ક્યારી તો ક્યારી, ગોરાટ તો ગોરાટ ને ખ-

રાખે તો ખરાબ. એ ખંચી જાત જેમાં હોય તે એનજમીન ન કેહવાય.

એનજમે, ન૦ આબેરનું નહિ પણ જમીન સમ્બન્ધી જે ખાસ જમે તે. ૨ નક્કી જે જમે—પેદાશ તે.

એનજુવાની, સ્ત્રી૦ ભરજુવાની..

એનબાવેતર, ન૦ ખજુરાં શિવાયનું જમીનનું જે સઘળું વાવેતર તે. જેમાં એકજ જાતનું જે વાવવું થાય તે. બાત, તલ વગેરેનું.

એનવૅલપ, ન૦ [અં૦] બમેલો કાગળ જેમાં બીડવામાં આવે તે; પરબિડિયું.

એપ્રમાણે, અ૦ એરીતે; એ મુજબ.

એપ્રિલ, પુ૦ [અં૦] અંગ્રેજી વરસનો જાનેવારીથી ગણતાં જે ચોથો મહિનો તે.

એબ, સ્ત્રી૦ [આ૦] ખોડ; ખામી; કસર; પૂરું—સારું થવામાં જે કંઈ અધુરું પડેલું તે. ૨ છાની ઈન્દ્રી. એબ જોવી—ઢાંકવી—દેખાડવી.

એબદાર, વિ૦ એબવાળું.

એબિએલ, એબદાર.

એભક, સ્ત્રી૦ ઓચિન્તાં ભય—માઠા સમાચારથી એકદમ ચિત્ત સઙ્કોડાઈ જાય તે; મનની વૃત્તિ ઢીલી પડી જાય તે. એભકખાવી, એભકીજવું, એમ પ્રયોગ થાયછે.

એમ, અ૦ એરીતે; એ પ્રમાણે.

એમકરતાં, અ૦ એમ બનશે તો.

એમનુંએમ, અ૦ જેમ હોય તેમ—તેપ્રમાણે.

એગ્રેરિયાજમીન, સ્ત્રી૦ જે જમીન ઉપર સરકારનો હક લેવાતો નથી અથવા થોડોક લેવાયછે અને જે ઉપરમાલીકનું ધણીપણું હોયછે તે; બારખલી જમીનનો એક ભેદ.

એરણ, સ્ત્રી૦ સોની લુહાર વગેરે લોક, જેઉપર ઘડો મારી ઘાટ ઘડેછે તે.

એરણ્ડમૂળ, ન૦ એરણ્ડાનું મૂળિયું.

એરણ્ડિયું, ન૦ દિવેલ.

એરણ્ડી, સ્ત્રી૦ નાનું એરણ્ડાનું ઝાડ. ૨ એ ઝાડના બી—જેમાથી દીવેલ નિકળેછે; દિવેલી.

એરણ્ડો, પુ૦ એક જાતનું ઝાડ—જેના બીમાંથી દિવેલ નિકળેછે તે. ૨ બૈરાંઓને ઘરમાં અબોટમાં પેરવાનું સણનું જાડું જે વસ્ત્ર તે; ચિકટો.

એરવાદસ, પુ૦ ગાંધીને ત્યાં મળતું ઓસડિયું—અજમાના કરતાં મોટા દાણા હોયછે.

એરુ, પુ૦ જ્યાં સુધી પોંચી વળાય તેટલો જે અન્તર તે; કબજો; મીન; હદ; પોંચ; પકડ.

એરાફેરા, પુ૦ ઘણીવાર જા આવ કરવી તે. 'ઘરની ધણિયાણી તમે એરા ને ફેરા, તો બારિયેને બેસે મારી બેનડી રે'.

એરાદો, ઇરાદો.

એરું, અ૦ આતરફ; આણીગમ; અહીં.

એરુ, પુ૦ સાપ.

એરો, પુ૦ આવજાવ; પગરવ—મારે પેર ઘણા લોકોનો એરો છે.

એલચી, પુ૦ [તુરકી] એક રાજાની તરફથી બીજાં પરરાજમાં રહેલો અથવા કામસર મોકલેલો જે કારભારી તે; રાજાની તરફનો વકીલ—દિવાન. ૨ દૂત; હલકારો; સન્દેશો લઈજઈ લાવનારો. [સ.

એલતેમાસ, પુ૦ [આ૦] અરજ; વિનન્તિ. ૨ ફરમા-

એલફેલ, વિ૦ વગર વિચારનું; બેમર્યાદ; અસભ્ય; બાંડ.

એલમ, પુ૦ ઇલમ.

એલાયચી, સ્ત્રી૦ એળચી એ શબ્દ જોવો.

એલાહિદું, અલાહિદું.

એવડું, વિ૦ આવડું (કદમાં).

એવમ્, અ૦ [સં૦] એ પ્રકારે—રીતે.

એવાતણ-ન, ન૦ ધણીની હૈયાતીલગીની સ્ત્રીની જે પરણેલી હાલત તે; સૌભાગ્ય; હેવાતપણું.

એવાન, ન૦ [ફા૦] મોટું દિવાનખાનું; મોટો આગલો ઓરડો.

એવામાં, અ૦ એટલામાં; તરતજ પછી. [જેવું.

એવું, વિ૦ એ રીતનું—પ્રકારનું. ૨ આના સરખું-

એશ, સ્ત્રી૦ [આ૦] મોજ મઝા; રંગરાગ; ખુશી; ચમન. [ને નિરાતનું સુખ.

એશઆરામ, એશ અને આરામ. ૨ મોજ મઝા

એશાક, ઇશાક.

એશિયા, પુ૦ પૃથ્વીના જુના મહાદ્વીપમાં એ નામનો સહુથી મોટો એક ખણ્ડ છે. હિન્દુસ્થાન એશિયામાં છે.

એસાણું, ન૦ સોનીનું નાનું અગીઠું; સગડી.

એસતકબાલ, પુ૦ આદરમાનથી સામાં જઈ તેડી લાવવું તે; સામૈયે જવું તે.

એસારો, પુ૦ ઇશારો.

એસ્ટિમેટ, પુ૦ [અં૦] અડસટો; સુમાર; આશરો—પણ નક્કી જેવો.

એંહ, સ૦ એ (કવિતામાં).

એહમક, વિ૰ [આ૰] બેવકૂફ; મૂર્ખ; ડોઠ.
એહવાલ, પુ૰ [આ૰] અવસ્થા; હકીકત; હાલત; સ્થિતિ. [મેહેરબાની.
એહસાન, ન૰ [આ૰] ઉપકાર; આભાર. ૨ કૃપા;
એહસાનમન્દ, વિ૰ આભારી; ઉપકારી; ઓશિયાળું; ઓશીંગણ.
એળ, સ્ત્રી૰ ઇયળ.
એળચી, સ્ત્રી૰ [સં૰ એલા] તેજાનાને નામે ઓળખાતો એક મસાલો; અન્દરથી દાણાવાળું સુગન્ધીદાર એવું એક વસાણું. પાન દૂધ વગેરેમાં ખાવામાં આવેછે.
એળિયો, પુ૰ એક જાતનું અતીશે કડવું ઓસડિયું.
એળે, અ૰ ફોગટ; મિથ્યા; વૃથા; નકામું.

ઐ.

ઐ, પુ૰ મૂળાક્ષરનો નવમો અક્ષર—એ દીર્ઘજ ગણાયછે.
ઐઆમ, પુ૰ [આ૰] વખત; ટાંકણું; સન્ધિ.
ઐક્ય, ન૰ ઘણાંઓએ એકવિચારના—એક થવું તે; સમ્પ. [ન્ત્ર.
ઐમ્, ન૰ [સં૰] સરસ્વતીને આરાધવાનો બીજમ-
ઐશ્વર્ય, પુ૰ ઈશ્વરપણું; શ્રીમાનપણું. ૨ ધન; સમ્પત્તિ; વૈભવ.

ઓ.

ઓ, પુ૰ મૂળાક્ષરનો દશમો અક્ષર--એ દીર્ઘજ ગણાયછે. અ ને ઉ મળીને ઓ થાયછે. પરઉપકાર—પરોપકાર.
ઓ, અ૰ કોઈને બોલાવતાં અથવા દયાથી નિકળતો શબ્દ; અરે. ૨ પણ (તુંતો મને ઓ વાયછે).
ઓ:હો, અ૰ આશ્ચર્યથી નિકળતો શબ્દ.
ઓઇયાં; અ૰ મોંડામાંથી નિકળતા વાયુનો શબ્દ. ૨ પથેરછ ખાધાથી નિકળતો સન્તોષસૂચક શબ્દ.
ઓઇયાંકરવાં—ખાઈ જવું; પચાવી જવું; અડાવી જવું. (ધન માલ વગેરે).
ઓક, સ્ત્રી૰ ઓકવું તે; ઓકારી. [વું.
ઓકવું, ક્રિ૰ સ૰ પેટમાંથી બાર કાડવું; પાછું નાખ-
ઓકળી, સ્ત્રી૰ ભોંય ઉપરની લિંપણમાં અઙ્ગુઠાથી પાડેલી એક તરેહ—નકશી; એક તરેહનું લિંપણ. ઓકળી પાડવી.
ઓકારી, સ્ત્રી૰ ઓકવું તે; ઉલટી. ૨ ઉબાળો.
ઓકાવવું, ક્રિ૰ સ૰ ઓકે તેમ કરવું. ૨ કડાવવું (રૂપિયા).
ઓખડ, ન૰ ઓસડ.
ઓખણવું, ખાંડવું.
ઓખદિયાં, ઓસડિયાં.
ઓખર, સ્ત્રી૰ જેથી ઓળખાયામાં આવે તે નામ; ઉપનામ; અટક. ૨ ઓખરવું તે. [રું.
ઓખરવું, ક્રિ૰ સ૰ ગાય ભેંસ વગેરેએ નરક ખા-
ઓખરાયલું, વિ૰ નરક ખાધેલું (પશુ). ૨ ઉએઠેલું.
ઓખવવું, ક્રિ૰ સ૰ છોલવું; ઉએડવું.
ઓખાણું, ન૰ ઉખાણું.
ઓગઠ, ઓઘાસ.
ઓગણચાળીસ, વિ૰ ચાળીસમાં એક ઓછો—૩૯.
ઓગણતીસ, વિ૰ તીસમાં એક ઓછો—૨૯.
ઓગણપચાસ, વિ૰ પચાસમાં એક ઓછો—૪૯.
ઓગણપડાયો, પુ૰ ઓમ્ એ શબ્દ.
ઓગણસાઠ, વિ૰ સાઠમાં એક ઓછો—૫૯.
ઓગણાં, ન૰ અનાજના જે દાણા સેકાઈને ફુટી ધાણી રૂપે ન થયા હોય તે; વગર ફુટેલી ધાણી; ડોળવા. ૨ ઘણ્ટીમાં દળાતાં આખા રહી ગયેલા દાણાં.
ઓગણીસ, વિ૰ વીસમાં એક ઓછો—૧૯. [૭૯.
ઓગણ્યાએંસી-સી, વિ૰ એંસીમાં એક ઓછો—
ઓગનિયાં ન૰ એક તરેહનું કાનનું ઘરેણું.
ઓગરાળો, પુ૰ તાંબાનું અથવા પિત્તળનું ટૂંકા દાંડાનું અને પોળા મોંડાનું દુધપાક વગેરે રેડવા મુકવાનું વાસણ; ડૂબો. ૨ મોંડાંપર અથવા રાંધવાના વાસણપર જે અજીઠો ડાઘો પડેલો હોય તે.
ઓગરો, પુ૰ દાળ ભાત વગેરે રાંધવા ચડાવેલાં અન્નમાં વાસણના એક ખુણા, બાજુપર કાચું રહેલું તે.

ઓગળવું, ક્રિ૦ અ૦ [સં૦ ઉદ્‌ગલન] પાણીરૂપે થઈ જવું; પિગળવું; ગળવું. (સાકર, બરફ વગેરેનું).

ઓગાળ, સ્ત્રી૦ દાંતે ચાવી ખાવેલાં ઘાસ વગેરેને અમળાવમાં કરી લાળ પાડયાં કરવી તે (ઢોર). ૨ ચાવીને પાછું કાઢેલું તે; થુંકની સાથે બળેલા ખાખાનો કુચો. ૩ ઓઘાસ.

ઓઘ, પુ૦ [સં૦] પાણીનો વેગ; પાણીની દોડ. ૨ રેલો; દદુડો. ૩ જથ્થો; સમુદાય.

ઓઘરાળો, ઓગરાળો.

ઓઘલો, પુ૦ એક ઠેકાણેથી કાઢ્યો અને બીજે ઠેકાણેથી બગાઈ ગયલો એવો જે ભાત તે.

ઓઘવું, ક્રિ૦ સ૦ કમણા વાળા પુળાનો ઢગલો સીચવો; ઓઘો વાળવો. [જે ઘાસ તે; ઓગઢ.

ઓઘાસ, ન૦ ઢોર વગેરેને ખાતાં બાકી પડી રહેલું

ઓઘો, પુ૦ અનાજના દાણા સહિત છોડવાઓની પૂળી બાંધીને કરેલો જે ઢગ તે. ૨ ઘણા લોકોનું સાથે જમવાનું તે; ઘરબારી; મહાજનભૂત. ૩ લાકડી સાથે ગુંથેલી જાળીની જે સાવરણી તે. ઓઘોબાળવો, ઓઘાને બાળવો. ૨ છાની વાત ઉઘાડી કરવી—ફોડી દેવી.

ઓઘોડઘો, અટઘોદડઘો.

ઓચમ્બો, અચમ્બો.

ઓચર, ન૦ ઓચરિયાં.

ઓચરવું, ક્રિ૦ સ૦ ઉચ્ચાર કરવો.

ઓચરિયાં, ન૦ જે કાગળમાં કોઈપણ વાતની કબૂલાત થઈ હોય તે; દસ્તાવેજ; લેખ. [એક.

ઓચિન્તું—ચીતું, અ૦ અચીતૂં; અચાનક; એકા-

ઓચ્છવ, પુ૦ [સં૦ ઉત્સવ] મોટી ખુશાલી; મોટો હર્ષ. ૨ આનંદનો દાડો. ૩ તહેવારનો—સપરમો દાડો; રૂડું ટાણું. [ણું; કમર.

ઓછ, સ્ત્રી૦ ઓછું રેવા દીધેલું તે; બાકી; કમી; ઉ-

ઓછંગ, પુ૦ ઓળો; ગોદ.

ઓછપ, ન૦ ઓછાપણું.

ઓછાડ, પુ૦ તળાઈ ઉપર પાથરવાનું લુગડું; ચાદર. ૨ છાંયો. ૩ ઓળો; ઓગટ (ભૈરવના ઓછાડ).

ઓછાડવું, ક્રિ૦ સ૦ તળાઈ ઉપર લુગડું પાથરવું.

ઓછિતું-નું, વિ૦ ઉછિતું નું.

ઓછું, વિ૦ જોઈયે તેથી થોડું—નાનું—હલકું. ૨ ઉતરતું ૩ બાકી; શેષ રહ્યું; અધુરૂં. ઓછુંઆણવું—પોતાને વિષે હલકો વિચાર આણી શરમિન્દા—દલગીર થવું. તેને ઓછું આવ્યું એમ પણ કેવાય છે. ઓછેપાટલે બેસવું—જ્યારે કોઈ પોતાને ઓછું આવેથી રીસમાં આવી જઈ બેસે છે ત્યારે સામો ધણી કે છે કે સેજ સેજમાં ઓછેપાટલે શું બેસે છે!

ઓછુંપાત્ર, વિ૦ જેના પેટમાં વાત ન રે તેવું. ૨ ખડાઈખોર; અભિમાની. (અધુરો ઘડો છલકાય છે તે ઉપરથી).

ઓજ, ન૦ સ્ત્રી૦ [સં૦] ચૈતન્ય; શક્તિ; તેજ; પરાક્રમ, "એકત્રમલ અણલિગી ઓજ, બિંદ અચાનક પામી ચોજ." (અખો).

ઓજાર, ન૦ [આ૦] જેણે કરીને કંઈ કારિગીરી થાય—ઘાટ બને તે; લુહાર ઘડિયાળી વગેરેનાં જે રાચ તે.

ઓઝ, હોજ.

ઓઝ, સ્ત્રી૦ ઉંઘમાં મોડામાંથી જે લાળ ગળે તે.

ઓઝટ, સ્ત્રી૦ લપડાક. ૨ ઝપટ; કરડીનજર; પડછાયો (ભૂત ડાકણ જોગણી વગેરેની).

ઓઝપવું, ક્રિ૦ અ૦ શરમાવું.

ઓઝમ, પુ૦ નાના ઝાડ, છોડવા ઉપર ઉંચે જે આચ્છાદન તે. એ છોડ ઝાડને, વડનો ઓઝમ નડેછે માટે એના નીચેથી કાઢી આણો રોપ.

ઓઝરી, સ્ત્રી૦ પેટમાં જે ઠેકાણે ખાધેલું પ્રથમ એકઠું થાય તે; પેટ. એ શબ્દ પશુને વિશેષ લગાડવામાં આવે છે.

ઓઝરું, ન૦ પેટ.

ઓઝલ, સ્ત્રી૦ પડદો; ઢાંકણ. ૨ બૈરાંઓને દૂર બેસવા ઉઠવાનો ઓરડો—જ્યાં કોઈ અણજાણ્યો મરદ જઈ શકે નહિ; અન્તઃપુર; જનાનો; જનાનખાનું.

ઓઝા, વિ૦ એ નામની બ્રાહ્મણોમાં એક અટક છે. જેમ દવે, ત્રવાડી, દિક્ષીત, પાઠક તેમ ઓઝા.

ઓઝાડ, ઓઝમ.

ઓઝાલ, ઓઝલ. [સામાન.

ઓઝો, ન૦ પુ૦ ભાર; બોજો; માથે ઉંચકવાને

ઓટ, સ્ત્રી૦ પાણી વગેરેનું ઉતરી જવું—ઓછું થવું—ઘટવું તે (તેનું ઉલટું ભરતી). ૨ પડદો. "બીજા મારગ કોટાકોટ, રહે આવરણ ગુણની ઓટ" (અખો).

ઓટકાર, ઓડકાર.

ઓટલી, સ્ત્રી૦ નાનો ઓટલો.

ઓટલો, પુ૦ [સં૦ આસ્થલ] ઘરને લગતી પણ બા-

૨ પડતી અથવા ઘરની અન્દર ભાંયથી ઊંચી કાદવ, છો, પથરા વગેરેની બનાવેલી જે બેઠક તે; ભાંયની સપાટીથી કોઈપણ ઊંચી કરેલી જે જગા તે; ચોતરો; ચોરો. **ઓટલેબેસવું**—કંઈજ ધનમાલ ન હોય—ખોઈ નાખ્યું હોય તેવી હાલતમાં આવવું. 'મારી છોકરીને ઓટલે બેસાડી રે' એમ સાસુ રડેછે. ૨ ઉઘરાણી—તકાજો કરવાને બારણે બેસવું. "ચાર મળે ચોટલા ત્યાં ભાગે ઓટલા" એટલે ઘર ભાગે—વણસે.

ઓટવું, ક્રિ૦ સ૦ ઝીણું સીવવું; બખીયા દેવા.

ઓટી, સ્ત્રી૦ ઇજાર અથવા ધોતિયાનું કમ્મર આગળની બાજુએ જે પડવાળેલું તે. (કંઈ ચીજ મુકવા સારુ). **ઓટીમાં ઘાલવું**—ઘાલવું.

ઓઠ, પુ૦ [સં૦ ઓષ્ઠ] ખાવાના મોડાંની ઉપરની અથવા તળેની જે બાજુ તે. ઉપરનીને ઉપલો ઓઠ અને તળેનીને નીચલો ઓઠ અથવા અધર કહેછે. [બમેજ કરવી.

ઓઠવવું, ક્રિ૦ સ૦ જુઠું-ધકેલવું—ગોઠવીદેવું. ૨ ધા-

ઓઠીંડુંણ, ન૦ અઠીંડુંણ.

ઓઠું, ન૦ બાનું; મિષ; મસ; જુઠું કારણ. ૨ નમુનો; બીબું. ૩ મૂરખ જન; નામનું દરજાજે બેસાડેલું જે માણસ તે. ૪ ગમે નહિં તેવું તે; ધાબાં સરખું તે. **ઓઠું ઓઠું લાગવું.** વિ૦ ભોઠું.

ઓડકાર, પુ૦ વાયુનું, મોની વાટે અવાજ સાથે જે બાર નિકળવું થાય તે.

ઓડવું, ક્રિ૦ સ૦ ધરવું; લમ્બાવવું; રાખવું. 'અમૃતરસ કે સંજીવન મણી, હરી ઓડેછે હસ્ત'(સુદામાચરિત્ર) 'કેટલી એક પોતાનાં બાળક, મેહેતા આગળ ઓડેજી'; પછે મેહેતાજી વિદાય માગે, બોલે એહુ કર ઓડીજી'. (મોસાળું).

ઓડવું, ઓઢવું.

ઓડાવું, ક્રિ૦ અ૦ ઈછવું; ચાહવું. મરવાને ઓડાયો? માર ખાવાને ઓડાયો? [વાનું જે લુગડું તે.

ઓઢણી, સ્ત્રી૦ છોકરીઓને દીસે અને માથે ઓઢ-

ઓઢણું, ન૦ ઓઢણી. ૨ ઓઢવાનું વસ્ત્ર.

ઓઢવું, ક્રિ૦ સ૦ [સં૦ અવઢંકન] શરીર માથું ઢાંકવું. ૨ પેરેલું હોય તે ઉપર બીજું નાખવું—રાખવું.

ઓઢવું, ન૦ અથાણાંમાં નાખવાનું રસ.

ઓઢો, પુ૦ કંઈ પણ વસ્તુનું જે ઢાંકણ તે. ૨ બળદને ઓઢવાસારુ સીવેલું જે કપડું તે.

ઓણ, અ૦ આ—ચાલુ વરસમાં.

ઓણી, સ્ત્રી૦ ઓરવું તે. જુવારની ઓણી ચાલી. ૨ ઓરવાના જે વખત તે. આસોમાં ઘૌંના ઓણી ચાલશે. ૩ ઓરતી વખત જેમાં દાણા નાખવામાં આવેછે તે કાંણાવાળું લાકડું; ચાડું.

ઓણી, ઓઢણી.

ઓતણી, સ્ત્રી૦ ઓતવું તે. ૨ ઓતવાની જે રીત તે.

ઓતઓત, પુ૦ તાણો વાણો. "બીબે બીબું ભરાતું જાય, ચૌદ લોકની નીપજ થાય; થાયે ભાત પણ સામરથ પોત, એમ અખા જાણ ઓત પ્રોત."

ઓતમ, ઉત્તમ.

ઓતલવું, વિસરવું.

ઓતવું, ક્રિ૦ સ૦ કોઈ બીબાં—ઓઠાંમાં રેડવું. ૨ કોઈ ધાતુનો રસ બનાવીને તેનું કોઈપણ બીબું પાડવું.

ઓત્તર, ઉત્તર.

ઓથ, સ્ત્રી૦ મદદ; આસરો. ૨ ટેકો; ટેકણ. ૩ છાંયડો. ૪ ઓથો. ઝાડની ઓથમાં ઉભોછે.

ઓથાર, પુ૦ ચતાં સુતાંથી ને હાથ છાતીપર આવી જપેથી, સુનારની છાતી બન્ધ થઈ જાયછે અને તેનાથી ઉઠી શકાતું નથી એવો જે બનાવ બનવો તે. (ઓથારે ચાંપ્યો એમ કેવાયછે).

ઓથું, ન૦ વચમાં જે ઊભું અથવા આડું પડેલું—રોપેલું—હોય તે. તે ઝાડનાં ઓથાંમાં ઉભેલોછે.

ઓથો, પુ૦ વચમા જે ઊભું પડેલું તે. ૨ પડદો. ૩ છાયો. ૪ સહાય; મદદ; ટેકો.

ઓદન, પુ૦ [સં૦] રાંધેલા ચોખા; ભાત.

ઓદર, ઉદર.

ઓદારવું, નાગરવું: [અથવા એમાંનો એક.

ઓદીચ, વિ૦ ગુજરાતી બ્રાહ્મણની એક જાતિ

ઓધરવું, ક્રિ૦ અ૦ ઉદ્ધાર૦ થવો. ૨ ઉછરવું.

ઓધવું, ક્રિ૦ અ૦ ગમ પડવી; ગમવું—છોકરી સાસરે ઓધતી નથી એટલે તેને સાસરે રેવું ગમતું નથી. [ના; દાડા (આવે).

ઓધાન, ન૦ [સં૦ આધાન] ગર્ભ રેવો તે; મહિ-

ઓધાર, ઉદ્ધાર.

ઓધારવું, ક્રિ૦ સ૦ ઉદ્ધાર કરવો. [વવું—રોગ.

ઓધઉતરવું, ક્રિ૦ અ૦ વંશ પરમ્પરા ચાલવું આ-

ઓધેદાર, ઓહ્દેદાર. [વી. (લાકડું ઉંચકતાં).

ઓધેલવું, ક્રિ૦ સ૦ ધકેલવા—ખસેડવાને ખાંધ દે-

ઓધ્ધાવાળું, વિ૦ જેને ઓધ્ધો હોય તેવું

ઓહ્દેદાર, વિ૦ જેને ઓધ્ધો—પદવી—દરજ્જો હો-

પ તે કામદાર.

ઓઢો, પુ૦ અખત્યાર; પદવી; દરજ્જો; સત્તા. ૨ ઘોડા ઉપરથી નાનાં છોકરાં પડી ન જાય તેવી રીતની જે તેના ઉપર બેઠક તે.

ઓપ, પુ૦ ઓપવું તે. ૨ ઝળકાટ; તેજી.

ઓપણી, સ્ત્રી૦ ઓપ. ૨ જેથી ઓપ ચડે તેવું ઓજાર.

ઓપતું, વિ૦ ચળકતું; સાફ થયેથી પ્રકાશ કરતું; તેજદાર.

ઓપવું, ક્રિ૦ સ૦ ઘસીને સાફ કરવું; ચળકે તેમ કરવું.

ઓમ્, પુ૦ [સં૦] એ શબ્દ, વેદના મન્ત્રોને આરંભે મુકવામાં—બોલવામાં આવેછે. એ શબ્દ, અ ઉ ને મ એ ત્રણ મળીને થયોછે. અ એટલે પાલન કરનારી શક્તિ; ઉ એટલે સંહાર કરનારી શક્તિ; અને મ એટલે ઉત્પન્ન કરનારી શક્તિ. એને પ્રણવ પણ કેછે. ૨ એ ત્રણ છે શક્તિ જેની તે બ્રહ્મ.

ઓય, અ૦ આશ્ચર્ય અથવા શોકનો શબ્દ; અરે; હાય.

ઓર, સ્ત્રી૦ એક કરે તેમ બીજાએ કરવું તે; અડાઅડી; દેખાદેખી. તેના ઓર કાં કરેછે, તેતો પૈસાદારછે.

ઓર, વિ૦ [હિં૦] બીજું; અન્ય. ૨ વળી—આડાઅવળા વિચાર કેતાં ઓર મશ્કરી થાય.

ઓર, સ્ત્રી૦ ગર્ભને પોષણ કરનારો તેના એક બાજુએ રૂપલો લોહી વગેરેનો જે ગઠ્ઠો ગર્ભ બાર નિકળ્યા પછી નકામો થઈ પડેથી બાર આવેછે તે. ૨ તરફ; બાજુ. ૩ કેરી વગેરેને પાકમાં નાખવી તે.

ઓરકાડ, ઓડકાર.

ઓરડંગો, પુ૦ કુસ્તીનો એક પેચ—દાવ.

ઓરડી, સ્ત્રી૦ નાનો ઓરડો.

ઓરડો, પુ૦ ઘરનો ચાર પાસ બન્ધિયાર એવો જે કોઈ એક ભાગ તે. ઓરડા કરવા—સ્ત્રી પુરુષ ઉમરે આવેથી તેઓને જુદાં સુવાડવાં.

ઓરણી, સ્ત્રી૦ ખેતરમાં અનાજ ઓરવાનું જે કામ અથવા ઓરવાનો જે વખત તે. ૨ ઓરતી વખત જેમાં દાણા બખાય છે તે કાણાવાળું લાકડું; ચાડું.

ઓરત, સ્ત્રી૦ [હિં૦] સ્ત્રી જાત; બાપડી; બૈરી. ૨ ધણિયાણી; વહુ; સ્ત્રી; પત્ની.

ઓરતો, પુ૦ ઓરિયો.

ઓરમાઇ—ન, વિ૦ [સં૦ અપર માતૃક] અરધાં સગપણવાળું; સાવકું. એક પુરુષની બે સ્ત્રીઓનાં જે છોકરાંઓ તે, એક એકનાં ઓરમાન ભાઈ કેવાય ને એક સ્ત્રીના છોકરાં પોતાનાં બાપની બીજી સ્ત્રીનાં ઓરમાન કેવાય.

ઓરમું, ન૦ મોટો બરડેલો સાંતળીને સીરાની પેઠે કરેલો કન્સાર; ત્રણધારી લાપસી.

ઓરવણી, સ્ત્રી૦ લુગડાં સુકવવાને અથવા રાખવાને જે વાંસ અથવા દોરી લટકાવી રાખેલી તે; વળગણી.

ઓરવું, ક્રિ૦ સ૦ ઉકળતાં પાણીમાં—અંધરણમાં અનાજ નાખવું. ૨ ઘંટીના ગાળામાં અનાજ નાખવું. ૩ ખેતરમાં ધાન્ય વાવવું.

ઓરવો, પુ૦ લઘુંરવાર કરવાની જગો.

ઓરસ, પુ૦ મુસલમાનનો એક તેહવાર.

ઓરસડી સ્ત્રી૦ નાનો ઓરસિયો.

ઓરસિયો, પુ૦ સુખડ વગેરે ઘસવાનેસારુ જે પથરનો ગોળ કકડો તે. ઓરસિયા જેવું કપાળ એટલે ટીલું—ચાંલ્લા વગરનું સાફ.

ઓરાડવું, ઓરાઢવું. [ઢાંકવું.

ઓરાઢવું, ક્રિ૦ સ૦ કોઈને પેરાવવું. ૨ ઉપરથી

ઓરિયો, પુ૦ ગમતી વસ્તુનો ઉપભોગ કરેથી જે સુખ—આનન્દ તે; લ્હાવો. ઓરિયો વિતવો. ૨ નદીનું પાણી માંય આવે તેવો નદીકાંઠે જે કુવો તે.

ઓરી, સ્ત્રી૦ છેક નાના સેપડ; ગોખલું.

ઓરે, અ૦ અરે.

ઓરો, પુ૦ ઓરનાર. ૨ પાસે; નજીક; આતરફ. "ઓરો આવરે સલુણા પ્રભુ સામળાજો".

ઓલ, સ્ત્રી૦ જીભ ઉપર વળગેલી વાસી થૂંક. ઓલ ઉતારવી. ૨ એ થુંક—બોખાર કાડવાને દાતણની ચીરી વગેરે કંઈ હથિયાર તે. ૩ મમ્બાળ. ૪ શત્રુના કિલ્લા કોલકરારપર ભરોસો ન પડવાથી શત્રુને જેના વના નજ ચાલે તેવું કંઈ તેનું માણસ, રાન વગેરે પોતાના સ્વાધીનમાં રાખવું તે. ઓલમાં રાખવું.

ઓલાં, ન૦ કરાં; ઠરીગયલું પાણી વરસાદ રૂપે પડેછે તે.

ઓલા, પુ૦ ચાગ; બાલ.

ઓલાદ, સ્ત્રી૦ [આ૦] જે કુળ—વંશમાં પેદા થયલું હોય તે. ૨ પેદા થયલાં છોકરાં; વંશજ.

ઓલિયું, વિ૦ ભોળું; સાદું; ગાંડા જેવું. ઓલિયો, ઓલિયેણ. [ઓલ છૂડે—પેલ છૂડે.

ઓલું—લ્યું, સ૦ પેલું; તે. ઓલીમેર—તે તરફ.

ઓવારણાં, ન૰ પોતાનાં વહાલાંને જોઈ તેને કોઈ દુઃખ સંકટ ન થાય, થયું હોય તે જાય અને રોજ સુખમાં રહે એવો આશીર્વાદ દેતાં અથવા ક્ષેમકુશળ આવ્યું તેના હરખમાં તેની તરફ હાથે કરીને બે હાથની મુઠ્ઠીઓ લમણા આગળ રાખી તેના ટાચકા ફોડવા તે; વહાલાંને મળવાની રીત—(બૈરાંઓમાં).

ઓવારવું—ળવું, ક્રિ૰ સ૰ ઓવારણાં લેવાં. ૨ રેંટીયાની ત્રાંકપરનું સુતર, પરવીટા—શળકા ઉપર ઉતારી—વીંટી લેવું. [જુ. ૨ ઘાટ.

ઓવારો, પુ૰ નદી સરોવરનો કાંઠો—કિનારો; ખા-

ઓરે, અ૰ વારુ; ઠીક. ૨ તો; એમ શું ?

ઓશીકું-ડું, ક્રિ૰ અ૰ શરમિંદા પડવું; ઓશિયાળાં પડી જવું.

ઓશિયાળું, ન૰ ઓસિયાળું.

ઓષ્ઠ, પુ૰ [સં૰] ઓઠ.

ઓસ, પુ૰ પદાર્થોની સપાટી ઉપર હવામાંથી જે પાણી ઝરી પડે છે તે; ઠાર. ઓસ પડવો. "જેવું મોતીર ઓસનું, તેવો સકળ સંસાર".

ઓસડ, ન૰ [સં૰ ઔષધ] જેણે કરીને રોગ જાય તેવી તજવીજ; ઉપાય—દવા. ૨ જેને ઉપયોગમાં આણ્યાથી રોગ જાય, પુષ્ટી થાય તેવી ચીજ—ગાડ, પાલો, મૂળિયું, લાકડું, ધાતુ, રસ, રસાયન, માત્રા વગેરે.

ઓસડવું, ઉસડવું.

ઓસડવેસડ, ન૰ ઓસડ અને તેવુંજ કંઈ બીજું.

ઓસડિયાં, ન૰ ઓસડ દાખલ કામમાં આવતી—વપરાતી જે ચીજો તે; ઔષધિ; વનસ્પતી; જડી; જડીબુટ્ટી.

ઓસણી, સ્ત્રી૰ ઓસવાનું જે કામ તે.

ઓસતાદ, ઉસ્તાદ.

ઓસરવું, ક્રિ૰ અ૰ ઓછું થવું; ઘટીજવું; ઉતરવું—પાણી ઓસર્યાં. ૨ સંકોડાવું; પાછું હઠવું; ડરવું "એમ કહી ગયો સ્પર્શ કરવા, ત્યારે અબળા લાગી ઓસરવા" (નળાખ્યાન).

ઓસરી, સ્ત્રી૰ ખડકી અથવા ઘરમાં પેસવાની ચાલ; ઘરનો આગલો ભાગ; પરસાળ. ૨ ઓટલી; ચોતરો.

ઓસલોકૂટવો, ક્રિ૰ સ૰ કોઈ જીવતાંને નામે કુટવું; નઠારું ઈચ્છવું; બદદુવા દેવી. [નો કોઈ.

ઓસવાળ, વિ૰ શ્રાવકની એક જાત અથવા એમા-

ઓસવું, ક્રિ૰ સ૰ અડંગાઠીમા આગની અન્દર-ક ણસણાં ઓસવાં. (એ શબ્દ ફકત જુવાર નેજ લાગુ પડે છે).

ઓસામણ, ન૰ ઓસાવીને જુદું પાડેલું જે પાણી તે.

ઓસાર, પુ૰ પાણીનું ઉતરી જવું—ઘટવું તે. ૨ ભીંતની જે જાડાઈ તે; ભીંતનું દળ.

ઓસાવવું, ક્રિ૰ સ૰ ચોખાને બફાતાં વધેલું ઊનું પાણી ચોખાથી જુદું પાડવું. [ન્ધન તે.

ઓસિયાળું, ન૰ દેણું; પાડ; ઉપકારથી થયલું જે બ-

ઓસિયાળું, વિ૰ જેને કોઈનું દેવું હોય તે; જેનાપર પાડ ચડેલો હોય તે; દેણદાર.

ઓસીંગણ, વિ૰ ઉપકારી; આભારી; દેણદાર.

ઓસીકું—સું, ન૰ અસીસું.

ઓસીજાળું, વિ૰ વાપરમાં આવતું ન હોય તેવું; કચરો જાળાં હોય તેવું. ઓરડો કુવો વગેરે.

ઓસીસડું, ન૰ અસીસું એ શબ્દ જોવો. (કવિતામાં).

ઓ:હો, અ૰ આ ચર્ય સૂચક શબ્દ.

ઓળ, સ્ત્રી૰ [સં૰ આલિ—આવલી] હાર; પંક્તિ; ઘણી ચીજોનું એક સાથી લીટીમાં હોવું તે.

ઓળખ, સ્ત્રી૰ ઓળખાણ. ૨ અટક; ઓળખ. ૩ નિશાની; ચિન્હ.

ઓળખવું, ક્રિ૰ સ૰ [સં૰ ઉપલોકન] કોઈને વિષે જાણવું; જાણીતાં થવું; પિછાનવું. ૨ સમ્ભારી શોધી કાડવું. ૩ પારખવું; સમજવું. [તે.

ઓળખાણ, ન૰ ઓળખવું તે. ૨ ઓળખી રાખવું

ઓળખાવું, ક્રિ૰ સ૰ ઓળખે તેમ કરવું; જણાવવું. ૨ જાહેર થવું; નામ કરવું. ૩ પરખાવું.

ઓળખીતું, વિ૰ ઓળખતું હોય તે; જાણીતું.

ઓળગ, સ્ત્રી૰ દુવા; આશીર્વાદ; કલ્યાણ ઈચ્છવું. (ખાઈને ઓળગ કરવું).

ઓળગવુ, ક્રિ૰ અ૰ ફેરાંખાવા. "અજ ઈન્દ્રાદિક ઓળગે, ઈશ નમાવે શીશ" (રેવાશંકર).

ઓળંગવું, ક્રિ૰ સ૰ વચમાંની જગાના પેલીપાર જવું; કુદવું.

ઓળમ્બો—મ્બા, પુ૰ ભીંત કાંગર વગેરેનું સીધાપણું, વાંકાપણું સમજવાસારુ ઊંચેથી લટકતો રાખેલો દોરીને છેડે બાંધેલો જે ધાતુનો કકડો તે. ૨ રાવ; ફરિયાદ. "ઓ ગોપવધુ નીત ઊઠીને શા ઓલમ્ભા લાવે" (પ્રીતમ). "ઓળભા ઓળમ્બા લેતીરે, મધુકર માધવને કેહેજો". [ચોરવું.

ઓળવવું, ક્રિ૰ સ૰ છુપીરીતે ખાઈ જવું—ઉડાવવું;

ઓળવું, ક્રિ૰ સ૰ કાંસકીથી સાફ કરવું (વાળ ઓળવા)

ઓળા, પુ૰ લીલાચણા. ૨ સેકેલા ચણા (કાઢવાવા-ડમાં). ૩ ઘાસનું બળતું કરી તેમાં, લીલા ચણાના છોડ (ચણાસાથેના) ની ઝોળી કરી ધરી રાખેથી ફુટીપડી, બરાબર સેકાઈ તૈયાર થએલા જે ચણાતે.

ઓળામણાં, ઓવારણાં.

ઓળિયાપટ્ટી, સ્ત્રી૰ ચક્કર બેસાડવા સારુ દાટાને વિટાળેલી લુગડાંની જે પટી તે.

ઓળિયું, ન૰ આંકણીના આકારમાં વિટાળેલો જે કાગળ તે. ૨ ટીપણું; પ૰-ચાર્ટું.

ઓળો, પુ૰ જે ચીજથી પ્રકાશનો અટકાવ થાય તે ચીજના આકારનું બીજી પાસ જે ઝાંખું પડવું થાય તે; છાયા. ૨ અપવિત્ર વસ્તુની છાયા પડેથી જે ખરાબી થાય તે. (અથાણાંને અડકાયેલીનો ઓળો પડયો).

—∞—

ઔ.

ઔ, પુ૰ [સં૰] મૂળાક્ષરનો ૧૧ મો અક્ષર—સ્વર.

ઔઠ, વિ૰ સાડાત્રણ. "ઔઠ હાથમાં સહુ કો રમે, જાગ જોગ એટલામાં ભમે". (અખો).

ઔત્સુક્ય, ન૰ [સં૰] ઉત્સુકતા; ઉત્સાહ.

ઔદાર્ય, ન૰ [સં૰] ઉદારતા; સખાવત; ચોતાળપણું; દાતૃત્વ.

ઔદાસ્ય, ન૰ [સં૰] ઉદાસી હાલત; શોક; ગમી.

ઔદીચ, ઓદીચ. [પહેલું (છોકરું).

ઔરસ, વિ૰ [સં૰] પરિણિત સ્ત્રીપુરૂષથી ઉત્પન્ન થ-

ઔષધ, ન૰ [સં૰] ઓસડ.

ઔષધી, સ્ત્રી૰ [સં૰] વનસ્પતિ. ૨ ઓસડનો ગુણ ધરાવતી વનસ્પતિ; જડીબુટી.

ક.

ક, પુ૰ [સં૰] મૂળાક્ષરનો બારમો અક્ષર; ૩૪ માંનો પેલો વ્યંજન વર્ણ. ૨ વાળું; નું. જેમકે, આ જગત્ પંચભૂતાત્મક છે એટલે પાંચ તત્વનું બનેલું છે. ૩ પ્રથમ—મુખ્ય હોય તેવું; સાથે. ઈચ્છાપૂર્વક એટલે ઈચ્છા પ્રથમ છે જેને તેવું; ઈચ્છા સાથે. આનન્દ વિષયક વાક્ય એટલે મુખ્ય વિષય આનન્દ છે જેમાં એવું વાક્ય. ૪ પ્રસઙ્ગે શબ્દને નકામો જોડવામાં આવેછે—જેમકે, બાલ, દણ્ડ, પુત્રને બદલે બાલક, દણ્ડક, પુત્રક. ૫ શબ્દની પેલાં મુકવામાં આવેછે ત્યારે તેનો અર્થ નઠારું એવો થાયછે—જેમકે, કપુત, કબુદ્ધિ, કજાત, કજોડ વગેરે—એ ક, સંસ્કૃત કુનો અપભ્રંશ છે.

કંઇ-કંઇએક, વિ૰ [સં૰ કિઞ્ચિત્] થોડુંએક; જરાક; લગાર. કંઇ શબ્દ નિરર્થક આંચણી દાખલ પણ વપરાયછે ને અર્થ કાઢવા ધારિયે તો કોઇએક એવો નિકળે. "કંઇ સમીસાંજે ચોર પડ્યા, કંઈ—ભાઇ તમે ઉંઘો છો કે જાગો છો".

કંઇક, વિ૰ કંઈ ના કરતાં પણ વધારે ઓછો અર્થ રાખેછે; જરાક; લેશ; રતિ.

કંઇનહિ, અ૰ થોડું—જરાજેટલું પણ નહિ. ૨ ફિકર નહિ; અગત જેવું નથી.

કંઈપણ, અ૰ જરાક; વધારે નહિ પણ કંઈ તો ખરું. (જોઇયે—તજ ચાલે તેવો અર્થ રાખેછે).

કંસારી, સ્ત્રી૰ કણસારી.

કઈ, સ૰ કોણ (સ્ત્રી). ૨ કેવી; શીજાતની. કઈ ચોપડી?

કઇક, વિ૰ કેટલાંએક; ઘણાંએક.

કઉવત, કૌવત.

ક-ઋતુ, પુ૰ ક-રત.

કકડતું, વિ૰ ઉકળતું; ગરમ (તેલ). ૨ ઈર્ષ્યાવાળું ને તર્જ આવતું (અર્ઝ રખું).

કકડવું, ક્રિ૰ અ૰ ધ્રુજતાં ધ્રુજતાં અવાજ થવો. (ટાઢે અથવા ગુસ્સાથી દાંત કકડેછે). ૨ અતીસે ગરમ થઈ જવું; ઉકળવું—(તેલ કકડી ગયું). ૩ દાહથી સરંકોચાઈ જવું (શરીર).

કકડાટ, પુ૰ એવો સમ્ભળાતો અવાજ.

કકડાવવું, ક્રિ૰ સ૰ કકડે તેમ કરવું—૧ અવાજ કરવો. ૨ ઉકાળવું; છેક ગરમ કરવું. [હોય તેવું.

કકડી-ક-કીર, વિ૰ થોડુંક; જરા; છેક નાનો કકડો

કકડીને, અ૰ ઘણા જોસથી—જોરમાં. કકડીને ભૂખ લાગવી, કકડીને પડવું.

કકડો, પુ૰ આખી વસ્તુનો કરેલો એકાદો ભાગ. સોપારી—કાગળ—કપડાં—જમીન વગેરેનો.

કકડોકોર, વિ૰ નાનો સરખો કકડો અને ભુંકો હો-

પ તેવું. (ખાવાનું.)

કકણાટ, પુ૦ કણકણો; કમ્પ. ૨ કણટાળો.

કકણો-ણાટો, કણકણો.

કકરું, વિ૦ કંઈક ખરબચડું.

કકલવું, ક્રિ૦ અ૦ દુઃખે દીન થઈ બોલવું—માગવું. ૨ રીસમાં બબડવું—ફરિયાદ કરવી.

કકલાટ, પુ૦ કકલવું તે. ૨ ગોંધાટ; ગરબડ; શોર. ૩ કાળીચૌદસે પેણામાં વડાં સુરણ વગેરે તળવાં તે.

કકળાટ, કકલાટ.

કકળાણ, ન૦ બૂમ; ગોંધાટ. ૨ બૂમપાડી રડવું તે.

કકુડો, પુ૦ નાના છોકરાને લાડથી બોલાવવાનો શબ્દ.

કક્ષ, પુ૦ [સં૦] કાખ; બગલ. ૨ બાજુ; તરફ.

કક્ષા, સ્ત્રી૦ [સં૦] માર્ગ અથવા માર્ગરેખા (ગ્રહ અથવા ઉપગ્રહનો—ની). કક્ષાંશ—માર્ગરેખા ઉપર જે અન્તર સુચક અંશ—ભાગ તે.

કખ, સ્ત્રી૦ એક જાતનો રોગ—છાતીને લગતા ભાગમાં ઝીણી ઝીણી ફોલીયો થઇ આવેછે.

કખડમાકડી, સ્ત્રી૦ એક જાતની ખડમાકડી; જીવડું.

કખાય, કષાય.

કગરવું લવું, કરગરવું.

કગરસ, સ્ત્રી૦ વસ્તુ ચોખ્ખી કરવા સારુ અન્દરથી છોલી ફાડેલી 'કરચો તે; કરગસ.

કંક, પુ૦ [સં૦] બગલો.

કંકણ, ન૦ [સં૦] કાચની ચપટી બંગડી;—જેના ઉપર અપેત કાંગરા હોય છે તે; કાંકણ.—પણતી વખત કન્યાને હાથે ઘાલેછે. ૨ વરાયલા—વરુણી થયલી એવા બ્રાહ્મણને હાથે જે નાડું બાંધેછે તે. ૩ સુનાં રૂપાનું, કાંડાં ઉપર પેરવાનું જે કાંગરાવાળું ઘરેણું તે.

કંકર, પુ૦ કાંકરો. ૨ કાંકરી, રેતીસાથે ભળેલી. ૩ નાના પથ્થર.—"નર્મદાના જેટલા કંકર તેટલા શંકર".

કંકાસ, પુ૦ અણબનાવ; કજિયો; બોલચાલ; લડાઈ. ૨ રડી લડીને માંગવું તે; હઠ; જીદ. કંકાસનું મુળ એટલે કારણ—પ્રસંગ—જન—વસ્તુ.

કંકાસિયું, વિ૦ કંકાસ કરનાર.

કંકુ, ન૦ [સં૦ કુંકુમ] હળદ ટંકણખાર વગેરેની મેળવણીથી થયલો જે લાલ ભુકો તે.—કપાળે ચાંલ્લો, ટીલું, પીયળ વગેરે કરવાના કામમાં આવેછે. એ શુભકારજમાંજ રૂડે ટાણે અને સારા શકુનમાં વપરાયછે. શોકમાં એનો ઉપયોગ થતો નથી. કંકુનાં કરવાં એટલે વિવાહ—વેશવાળ—સારા શકુન કરવા. કંકુને પગલે પધારો એટલે ભારમાં જતાં રો.

કંકુડો, કનકવો.

કંકોડી, સ્ત્રી૦ કણેલાંનું મૂળિયું. ૨ એક જાતનાં સુગન્ધીવાળાં મૂળિયાં; કપૂરકાચલી. ૩ કણેલાંની વેલી. "કાચલીમાં કંકોડી ને વાડકીમાં પાણી, નાનો વર નુવડાવા બેઠો સમડી લઈ ગઈ તાણી—લાલ કેમ કરીયે".

કંકોડું, ન૦ એક જાતનું ફળ. ૨ કણેલું.

કંકોત્રી, સ્ત્રી૦ કંકુના છાંટા વાળી શુભ વર્તમાનની પત્રિકા. લગનની કંકોતરી.

કંકોલ, ન૦ ચિનિકબાલા.

કંગણ-ન, ન૦ કાંગરાવાળું સોનાં રૂપાનું કાંડાં ઉપરનું જે ઘરેણું તે. કંગની—સ્ત્રી૦ કંગણ.

કંગાલ, વિ૦ [હિં૦] જેની પાસે ખાવા ઓઢવાને કંઈજ ન હોય તે; લાચાર; છેક ગરીબ; દરિદ્રી. ૨ તુચ્છ; હીણું.

કંગાલિયત, સ્ત્રી૦ કંગાલ હાલત.

કંગુરા, પુ૦ [પ્રા૦] મીનારા ઉપર જે નકશી તે.

કચ, સ્ત્રી૦ કચકચ. ૨ તકરાર; બોલચાલ; હઠ; જીદ.

કચકચ, સ્ત્રી૦ વગર મતલબનું બબડવું તે; નકામું ટાયલું; માથાફોડ. ૨ તકરાર; કજિયો. ૩ પક્ષીનું બોલવું.

કચકચવું, ક્રિ૦ અ૦ કચકચકરવી. ૨ કકલવું.

કચકચાટ, સ્ત્રી૦ કચકચ કરવી તે; બબડાટ; લવારો. ૨ બુમાશોર; ગરબગાટ.

કચકચાવવું, ક્રિ૦ સ૦ જોરકરીને—કસોને—દાંતીઓને બાંધવું. ૨ કચકચે તેમ કરવું.

કચકચિયું, વિ૦ કચકચ કરનાર—વાળું; માથા ફોડિયું.

કચકડું, ન૦ કાચબાની પીઠનું હાડકું.

કચડકચડ, અ૦ (દાંતથી) એવો શબ્દ થાય તે.

કચડવું, ક્રિ૦ સ૦ ડાબી નાખવું; ખુંદવું; ભચડવું; ચાંપવું.

કચડાકચડી, સ્ત્રી૦ પુરતો સમાસ ન હોવો તે; ભિડાભીડ.

કચડાવું, ક્રિ૦ અ૦ જગાની તંગીને લીધે શરીરનું ડબાવું; ભચડાવું.

કચપચ, સ્ત્રી૦ ઘણાં માણસથી જે ભીડ તથા કલબલ તે. છોકરાં છૈયાંની કચપચમાંથી તે બચારી ક્યાં પરવારવાની છે?

કચબડું, ન૦ કેરીનું ગાબડું.

કચરઘાણ, પુ૦ કચરાઈ—છુંદાઈને જે નાશ થયો હોય તે. કચરઘાણ વળ્યો. (માણસ-દાણાદુણી—ઉતરડનો).

કચરવું, ક્રિ૦ સ૦ કચડવું.

કચરાવું, ક્રિ૦ અ૦ છુંદાવું; ચમ્પાઈ જવું.

કચરિયું, ન૦ ઘાણીમાં પીલાતાં રૂપલા કૂચા (તેલખોળ) જે ઢોરને ખવડાવવામાં આવેછે તે. ૨ કચુમર.

કચરો, પુ૦ ધૂળ, તણખલાં, પાતરાં વગેરેનો જે ભેળ તે. ૨ કોઈ વસ્તુમાં જે નઠારો વીણી કાડવા જોગ જે ભેળ હોય તે; કસ્તર વગેરે. ૩ ગરબડ; વાંધો (હિસાબનો કચરો). ૪ ચણવાનાં કામમાં આવતો ગારો—કાદવ.

કચવાટ, પુ૦ ગુંથાડો; ગભરાટ; જીવ ઘોળાવો તે; જીવને ધબરાટ થવો તે. (જીવને ઘણો કચવાટ થાયછે).

કચવાણ, સ્ત્રી૦ ગુંથાઈ—અગડી જવું તે; ભેળસેળ; ખરાબી. ૨ ગભરાટ; ઈજા; મુસીબત; કચવાટ. ૩ મનની ધારણાને ધક્કો લાગવો તે; મન દુખાવું તે; મુઝવણ. ૪ વચમાં ઘુસવું—પડવું તે; અણ બોલાવ્યાં બોલવું તે.

કચવાવવું, ક્રિ૦ સ૦ કોઈ કચવાય તેમ કરવું.

કચવાવું, ક્રિ૦ અ૦ મનની ઈચ્છાને સામેથી આચકો લાગવો; જરાક દલગીર થવું. પાછું આપતાં જીવ કચવાયછે.

કચવું, વિ૦ સફાઈ વનાનુ. આડું અવળું વળી કંઈ ભેળી નાખેલું તેવું. તેણે સાથિયામાં કચવું કચવું કરી મુકયુંછે.

કચાટ, સ્ત્રી૦ કચકચ. ૨ જીદ.

કચાટિયું, વિ૦ કચકચ કરનાર; જીદી.

ક-ચાલ, સ્ત્રી૦ નઠારી ચાલ.

કચિચું, વિ૦ ગુંથી નાખેલું; ભેળસેળ; કચવું.

કચિયાણ, ન૦ ભીંડાભીડ.

કચિયું, વિ૦ કચ—કચકચ કરનારૂં. [(કેળાં વગેરેને)

કચુંદવું, ક્રિ૦ સ૦ અન્દર પાણી નાખીને ચોળવું.

કચુકો, પુ૦ ચિચુડો.

કચુમર-મ્બર, સ્ત્રી૦ છેક ઝીણી કકડી કકડી કરી હોય તે. (કેરી આદાંની કચુમર).

કચુરો, પુ૦ એક વસાણું. ૨ ઝેરકચુરો.

કચેરી, સ્ત્રી૦ [હિં૦] સરકારી કામદાર પોતિકા થોડા ઘણા માણસો સાથે જ્યાં બેસી કામકાજ કરે તે ઠેકાણું. ૨ ચાર સારા ગ્રહસ્થોનું કામસર મળવું થાય તે.

કચોરી, સ્ત્રી૦ એક જાતનો ભોજન પદાર્થ. એ ઘઉં અને અડદ અથવા મગના લોટની ભેળવણીથી બનેછે.

કચોલું-ળું, ન૦ પાણી પીવાનું પ્યાલું—ચલાણું.

કચ્ચઈ, કચ્ચાઈ.

કચ્ચર, સ્ત્રી૦ કરચ; કકડી.

કચ્ચરઘાણ, કચરઘાણ.

કચ્ચાં બચ્ચાં, ન૦ નાનાં નાનાં છોકરાં; છૈયાં છોકરાં; ભુડકસ. [અજીરણ.

કચ્ચાઈ-સ, સ્ત્રી૦ કાચું હોય તેવી હાલત. ૨ અપચો;

કચ્ચું, વિ૦ [હિં૦] કાચું. [બો.

કચ્છ, પુ૦ [સં૦] કછોટો; કાછોટો; કાછો. ૨ કાચ-

કચ્છપ, પુ૦ [સં૦] કાચબો. [પા વસ્તુ વગેરે).

કચ્છી, વિ૦ કચ્છ દેશ સમ્બન્ધી—નું (માણસ, બા-

કચ્છો, પુ૦ કચ્છ (૧લા અર્થમાં).

કછોટી, સ્ત્રી૦ લંગોટી.

કછોટીબન્ધ, વિ૦ જનોઈદોઢ; ફકત પુરુષ બ્રાહ્મણજ હોય તેવું (નોતરૂં). સ્ત્રીસંગ કદી કર્યો ન હોય તે; બાળબ્રહ્મચારી.

કછોટો, પુ૦ કચ્છ (૧લા અર્થમાં).

કજર-રા, પુ૦ [હિં૦] કાજળ.

કજલો, પુ૦ એ નામનો પક્ષી.

કજળવું, ક્રિ૦ અ૦ સોકટાંની રમતમાં માર્યાના ડેરવેલા ઘરમાં પેલવેલી જુગ બન્ધાવી. ૨ ઉપર રાખની છારી વળવી; ઢંકાયલું થવું. કજળાઈ જવું પણ કેવાયછે. (દેવતા કજળ્યો—જાઈ ગયો).

કજા, સ્ત્રી૦ [આ૦] સર્જિત; લખિત; નસીબ. ૨ મોત. ૩ આફત; હાણ. (એ શબ્દ નઠારા બનાવનેજ લાગેછે).

ક-જાત, વિ૦ ઊણા—નઠારા ગુણનું; અવિવેકી; ઉદ્ધત. ૨ નીચ કુળનું. [મરણ થયેથી.

કજારજાએ, અ૦ કજાથી; નઠારાં ભાગ્યને લીધે. ૨

કજિયાખોર, વિ૦ કજિયો કર્યાકરે તેવું; કકંાસિયું. ૨ તોફાની; મસ્તીખોર. [કોઈ બીજાનું.

કજિયાદલાલ, વિ૦ બેની વચમાં કજિયો કરાવનાર

કજિયો, પુ૦ [આ૦] રાડ; કલેશ; કકંાસ. ૨ તકરાર; વાંધો; ભાંજગડ. ૩ સામસામી બોલી મારવી તે; મારામારી; લડાઈ. ૪ ઈનસાફ કરવાની બાબત. કજિયો પતાવવો—માંડીવાળવો એમ

કેવાયછે. [હિ તે.

કં-જોડ, વિ૦ રૂપ, રઙ્ગ ને વિશેષે કદમાં સરખું ન-

કં-જોડું, ન૦ નાનો વર ને મોટી વહુ એ બેનું જે જો-
ડું તે; હિણવડું. ૨ સ્વભાવ રૂપમાં મળતું ન આવે
તેવું વર વહુનું જોડું.

કજ્જલ, [સં૦] કાજળ.

કઞ્ચન, ન૦ [સં૦] ચોખ્ખું સોનું. ૨ એ નામનું એક
પુષ્પવૃક્ષ. ૩ ધન; દોલત; લક્ષ્મી.

કઞ્ચની, સ્ત્રી૦ [હિં૦] જે સ્ત્રીનો નાચી ગાઈ ગુ-
જરાન કરવાનો ધન્ધો હોય તે; રામજની.

કઞ્ચવો, પુ૦ કમખો; કાંચળી; કાપડું. [વવી.

કઞ્ચાવું, ક્રિ૦ સ૦ (સ્ત્રીપે) ભાળવાઈને સોબત કરા-

કઞ્ચુકી, સ્ત્રી૦ [સં૦] કાંચળી.

કઞ્ચોળું, ન૦ સુગન્ધીદાર વનસ્પતિ; સુડકચોરાં.

કઞ્જુસ, વિ૦ જેને હાથે પૈસો છુટે નહિ તે; જે પે-
ટે પણ ખાય નહિ તે; સુઠ; બખીલ; સૂમ; કૃપણ.

કઞ્જુસાઇ, સ્ત્રી૦ બખીલાઈ; કૃપણતા.

કઞ્ઝ-રી, પુ૦ સ્ત્રી૦ લાંબી ડોકનું કાબરચિતરું પ-
ક્ષી—ધઉં, ચણાંના ખેતરમાં વધારે ફરેછે.

કટ, સ્ત્રી૦ [સં૦] કટિ; કમ્મર; કેડ.

કટ, અ૦ એવો અવાજ થવો તે.

કટક, ન૦ [સં૦] લશ્કર; ફોજ. 'કીડી ઉપર કટક'.
'કટકની હાંહલી કટકમાં ફોડવી'. [પો; ટણટો.

કટકટ, સ્ત્રી૦ કચકચ; ટકટક; માથા ફોડ. ૨ કજિ-

કટકાસું-યું, વિ૦ જલદીથી ભાગીજાય તેવું; બડ. (લાકડું).

કટકિયું, ન૦ છાપરી. ૨ માળ.

કટકો, પુ૦ કકડો; કડકો.

કટલું, ન૦ કરાંઠીનો ખપેડો, કમાડ વગરનાં ખુલ્લાં
બારણાને ઢાંકવામાં આવેછે તે.

કટલું, વિ૦ કેટલું.

કટાકટ-ટી, સ્ત્રી૦ ઘણીજ દુશ્મનાઈ; અતિશય શત્રુ-
વટ. ૨ મારામારી; કાપાકાપી.

કટાક્ષ, સ્ત્રી૦ [સં૦] ઝટલઈ વાંકી નજરથી સાન ક-
રી લેવી તે; નેનની અદા. ૨ ગુસ્સા ભરેલી આં-
ખ; કરડીનજર.

કટાણું, વિ૦ [સં૦ કપાયિત] કલૈ વનાનાં વાસણમાં
ખાટો પદાર્થ ભર્યાથી એનો (કાટના પાસથી) જે
નઠારો સ્વાદ થાય તે. ૨ કણટાળા ભરેલું; ન પા-
લવ્યાથી કરચલી વાળું થયલું. (મોડું). ૩ નરસું
ટાણું; કવખત.

કટાર-રી, સ્ત્રી૦ [હિં૦] બેપાસ ધાર અને છેડે ટાંચ
એવું મૂઠ ભેરવીને મારવાનું એક નાનું હથિયાર.

કટાવ, પુ૦ કટિબન્ધ (૨ જા અર્થમાં).

કટાવવું, ક્રિ૦ સ૦ કાટ ચડે તેમ કરવું.

કટાવું, ક્રિ૦ અ૦ કાટ ચડવો. ૨ કટાણું થવું.

કટિ, સ્ત્રી૦ [સં૦] કમ્મર; કેડ.

કટિબન્ધ, પુ૦ [સં૦] કમરપટો; કન્દોરો. ૨ એ
નામની એક કવિતારચના. [ત્રેરેવું.

કટિમેખલા, સ્ત્રી૦ [સં૦] સ્ત્રિયોનું કમ્મરે બાંધવાનું

કટિસ્નાન, ન૦ પગથી તે કમ્મર લગીજ માત્ર નાવું તે.

કટુ, વિ૦ [સં૦] કડવું.

કંટુક, વિ૦ કડવું. (ભાષણ).

કટુતાઈ, સ્ત્રી૦ કડવાસ.

કઠેરો, પુ૦ હદને સારુ લાકડાંનાં ડાંગાથી અથવા
લોડાંના સળિયા—ગજથી કરેલો જે આકાર તે.
૨ ગોખ; ઘરના માળનો બાર પડતો જે ભાગ
તે; ઓટલાની કિનાર. ૩ ઓઠીંગણ.

કટોરી, સ્ત્રી૦ વાડકી; પ્યાલી. ૨ સોનાં રૂપાં અથવા
પિત્તળનાં પતરાં ટીપીને નાની નાની બનાવેલી તુ-
એરની દાળ જેવડી ચળકતી જે ટપકીયો તે; તા-
રાટપકી; ટીકી. [નું જે વાસણ તે; પ્યાલો.

કટોરો, પુ૦ [હિં૦] પોળા મોડાંનું પડથીવાળું પીવા-

કટ્ટું, વિ૦ વેર લેવાને અતીસ આતુર હોય તેવું;
ઘણુંજ ખારીલું—કટ્ટો દુશમન. ૨ આકરું; બા-
રીક (વખત).

કઠ, પુ૦ સાદડાંની ગુણ જેમાં વેચવાના સોપારી ભ-
ર્યાં હોયછે તે. ૨ ગોળ આમલી ને બાફેલી કેરી
તથા ગોળને પાણીમાં ચોળી ઉકાળેલું જે રગડ તે;
પાણીમાં આમલી ચોળી તેમાં જુવાર—બાજરી—
ચોખાનો લોટ નાખી ઉકાળેલું તે.

કઠણ, વિ૦ [સં૦ કઠિન] જેને કાપવું અથવા જેની
અન્દર પેસાડવું મુશકેલ થઈ પડે તે; પોચું નહિ તે;
સુકત; મજબુત; મક્કમ. (પથ્થર). ૨ સમજાય નહિ
—કરાય નહિ તે; અઘરું. (ગ્રન્થ; કામ). ૩ ઉ-
પાય ચાલે નહિ તેવું. (તે બચવો કઠણ છે). ૪
કંઈ અસર ન થાય તેવું. (કઠણ છાતીનું). ૫
કપરું; આકરું; બારીક. (હવે કઠણ વખત આવ્યો).
૬ દુઃખ લાગે તેવું; કડવું. (ભાષણ).

કઠણાઇ, સ્ત્રી૦ કઠણપણું.

કઠરાઇ, સ્ત્રી૦ અકળામણ; અમુઝણ.

કઠવું, ક્રિ૦ અ૦ ઘણીજ ગરમી પડવી; ઘામ થવો.
આજ બહુ કઠેછે એટલે ઘામ—ઉકળાટ થાયછે.

કઠવો, વિ૦ નડનાર; ડખૂનાર. (પગનો જોડો).

કઠામ, કઠકાણ. (૨ જા અર્થમાં) "કઠામ ગુમડું ને નમેરો વૈદ".

કઠારો, પુ૦ ધામ; ઉકળાટ; ગરમી પડવી તે.

કઠિન, વિ૦ [સં૦] કઠણ.

કઠિયારો, પુ૦ લાકડાં વેરનારો, ચિરનારો. ૨ લાકડાંની ભારી વેચનારો.

કઠેકાણું, ન૦ ઘણીજ કુમળી—નાજુક જગા (શરીરની). ૨ છાની ઢાંકી રાખવાની જગા; ઇન્દ્રી અથવા ઇન્દ્રીની પાસેની જગા.

કઠેડો, પુ૦ કટેરો.

કઠેરો, પુ૦ કટેરો. ૨ માલ ભરી લઈ જવાનું મોટું ગાડું.

કઠોડી, સ્ત્રી૦ નાનું કઠોડું.

કઠોડું, ન૦ એક અથવા વધારે ખાનાની લાકડાંની, રાંધવાના મસાલા અથવા અથાણું ભરવાની જે પેટી તે.

કઠોડો, પુ૦ બેસવાનો ગોખ; કટેરો. ૨ વહાણનો પાછલો ભાગ.

કઠોદર, ન૦ પેટમાં થતી એક ગાંઠ.

કઠોર, વિ૦ [સં૦] કઠણ; કડક; સખત લાગે તેવું—(ભાષણ). ૨ નિર્દય; ઘાતકી. (માણસ).

કઠોળ, ન૦ જે અનાજની બે ફાડ થઈ શકે—જેની દાળ પડે તે. (મગ, ચણા, વાલ વગેરે).

કઠ્ઠણ, વિ૦ કઠણ.

કડ, અ૦ એવો થતો અવાજ.

કડ, સ્ત્રી૦ કેડ. ૨ ગણતરી બન્ધ વેચાતી વસ્તુના સેંકડા ઉપર ખરીદદારને જે જાસ્તી મળેછે તે. ૩ કરડ.

કડક, વિ૦ [અ૦] અક્કડપાંસળી; છેલછાવાળું.

કડક, ન૦ કડકિયાં.

કડક, વિ૦ પૂરું બફાયલું નહિ તેવું; કાચું. ૨ જેની પાસે કંઈ ન હોય તે; ખાલી. ૩ ભૂખ્યું; અપવાસી.

કડકડ, અ૦ એવો થતો શબ્દ—નગારાં વગેરેનો.

કડકડતું, વિ૦ કડકડ એવો અવાજ કરતું—(ખાવાનું—અકૂરપું). ૨ ઉકળતું; ઘણું તપી ગયલું.

કડકડવું, ક્રિ૦ અ૦ એવો અવાજ થવો. ૨ ઉકળવું.

કડકડાટ, અ૦ સફાઈથી; આંચકો ખાધા વના; એક સરખી રીતે (તેણે કડકડાટ વાંચ્યું).

કડકડાવવું, ક્રિ૦ સ૦ એવો અવાજ કરવો. ૨ ઉકાળવું.

કડકડિત, વિ૦ સફાઈથી ધોયલું. (અકૂરપું). ૨ ઘણીજ સફાઈથી બાંધેલું.

કડકડીને, અ૦ ઘણાજ જોરથી; જોશમાં; સમારાબન્ધ.

કડકણું, વિ૦ કરકરૂં.

કડકબઝૉલી, વિ૦ લુગડાંલત્તાંથી અથવા ઓઢવાથી ઘણો બેતાજ લાગતો પણ પાસે કંઈજ નાણું ન હોય તે.

કડકિયાં, ન૦ મરદને કાને પેરવાનું મોતીનું ઘરેણું; વાળા; મોતી—સોનાંના બે તારમાં બે અથવા ત્રણ મોતી ઘાલેલાં હોય તે.

કડકી, વિ૦ નાના કડકા જેટલું.

કડકો, પુ૦ કકડો.

કડકોચલી, સ્ત્રી૦ કરચલી.

કડચ, સ્ત્રી૦ કરચ.

કડચલી, સ્ત્રી૦ કરચલી.

કડછી, સ્ત્રી૦ હલાવવાનાં અને પીરસવાનાં કામમાં આવતું, છેડે વાડકીવાળું લાંબી દાંડીનું લોઢાં, ત્રાંબાં કે પિત્તળનું જે વાસણ તે.

કડછો, પુ૦ મોટી કડછી.

કડડડ, અ૦ ઝાડના પડવાથી થતો અવાજ. ૨ આકાશમાં ઉપરા ઉપરી જે ગર્જના થાયછે તે.

કડદો, પુ૦ ઘટાડો; કાટલું. તે સો આપવાનો હતો પણ પછવાડેથી તેણે કડદો કર્યો.

કડપ, પુ૦ હાક; ત્રાસ; ભાર; કરબ.

કડપલું, ન૦ મગ, તુવેરના છોડ તથા કપાસની કરાંઠી કાપી ખેતરમાં થોડે થોડે અન્તરે જે ઢગલી વાળવામાં આવે છે તે. ૨ ચોંટેલા ભાત ખિચડા વગેરેનો પોપડો.

કડબ, ન૦ એક જાતનો ઢોરનો ચારો—જુવાર બાજરીના જે સુકાઈ ગયલા સાંઠા તે. ૨ કરબ; હાક.

કડલી, સ્ત્રી૦ નાનું ને પાતળું કલ્લું.

કડલું, ન૦ કલ્લું.

કડવાટ, સ્ત્રી૦ કડવાપણું. (કડવાટનાં કેડું).

કડવાટવું, ક્રિ૦ સ૦ કડવું ઓસડ પાવું. (બાળકને તો

કડવાસ, સ્ત્રી૦ કંઈક કડવો સવાદ.

કડવી, સ્ત્રી૦ એક જાતની વેલી.

કડવું, ન૦ એક આખા આખ્યાનનો અંકેકો જે ભાગ તે;—પછી નાનો મોટો ગમે તે. કડવાંની બધી કડીઓ એકજ રાગમાં ગવાયછે.

કડવું, વિ૦ એળિયા ઇન્દ્રજવ વગેરેના સવાદ જેવું તે. ૨ પસન્દ ન પડે તેવું; અપ્રિય. (ભાષણ).

કડવું, કરડવું.

કડસલો, પુ૦ પડભીતિયું.

કડા, પુ૦ એક જાતનું ભાત. કડાના ચોખા. ૨ ઇન્દ્રજવનું ઝાડ—કડાના ફુલ. (કુડી રાઈતાં વગે-

રેમાં કામ આવેછે). કડાછાલ—ઈન્દ્રજવનાં ઝાડની છાલ (એક ઓસડીઉં).

કડા-ઈ, સ્ત્રી૦ [સં૦ કટાહ] ઉકાળવાનું—તળવાનું લોડાં—પિત્તળનું જે વાસણ તે.— એને ઝાલવાને બે પાસ કડાં હોયછે; કડાઈ, કડા મોટી ને કડાઈ નાની.

કડાક, અ૦ એવો થતો અવાજ.

કડાકડ, અ૦ એમ થતો અવાજ.

કડાકડી, સ્ત્રી૦ એક બીજાનામાં એક બીજાથી સરસ થવાનો જે જોસ્સો તે; હોસાંતોંસી; સરસાસરસી. ૨ દુસ્મનાઈ; શત્રુવટ. ૩ મારામારી; કતલ. ૪ દાતણ પણ નહીં તેવી લાંઘણ.

કડાકુટ, સ્ત્રી૦ માથું દુખવા આવે તેવી જે મેહેનત તે. ૨ ગભરાઈ જવાય—જલદીથી રસ્તો ન સુઝે તેવી રીતનું જે કામ તે. [તેવું. (ગાણસ—કામ).

કડાકુટિયું, વિ૦ માથું પેડાવ્યાં કરે—કણ્ટાળો આપે

કડાકો, પુ૦ એવો એકાએક થતો જે અવાજ તે. ૨ આખો દાહાડો ભુખ્યા રેવું તે; અપવાસ; લાંઘણ.

કડાબીડ, અ૦ ધમધોકારે; જોસમાં; સપાટાબન્ધ.

કડાબીન, સ્ત્રી૦ નાની બન્દુક, જે ઘોડેસ્વાર રાખેછે તે.

કડાયું, ન૦ મોટી કડાઈ.

કડાવું, ક્રિ૦ અ૦ જવું; દૂરથવું. તું અહીંથી કડા.

કડિબન્ધ, વિ૦ જેમાં કડાઓ એક પછી એક એમ વળગાડેલી હોય તેવું.

કડિયું, ન૦ અંગરખું.

કડિયો, પુ૦ છો ચૂનાથી ભીંત વગેરે ચણે તે.

કડી, સ્ત્રી૦ કોઈપણ ધાતુનો થોડો અથવા ઘણો વાળેલો જે પાતળો કકડો તે; આંકડી. ૨ કોઈપણ ધાતુની સળીનો ગોળ વાળેલો આકાર તે; નાનું કડું. ૩ આખ્યાનમાં અથવા ગીતમાં, ચાર ચાર અથવા બે બે ચરણનો જે કકડો તે. ૩ લાકડાંનો લાંબો સોટો.

કડી, સ્ત્રી૦ [સં૦ કર્વ્વર] ચણાનું અથવા ચોખાનું વેસણ ગોળી મીઠું મરી હળદ વગેરે મસાલો નાખી ઉકાળેલી જે છાસ તે.

કડીતોડ, કડી—સાંકળને એક સપાટે તોડીનાખે તેવું (પાણી વગેરે). ૨ રકમે રકમ દાખલ કરી હોય તેવો (હિસાબ). ૩ જોશવાળો; ભારે (મેનત).

કડું, ન૦ ગોળ વાળેલો ધાતુનો જાડો કકડો. ૨ મશીને કોઈપણ ગોળ વાળેલી જે ચીજ તે. ૩ સોનાં રૂપાનું ગોળ વાળેલું ઘરેણું. ૪ (આતશબાજીનું). ૫ (ખાંડનું).

કડુ, વિ૦ કડવું. [વપરાયછે.

કડુ, પુ૦ એક જાતનો ઘણો કડવો છોડ—ઓસડમાં

કડુચું, વિ૦ જરાક કડવું; કડવાસવાળું.

કડે, અ૦ પાસે; સોડે. ૨ તરફ; બાણી.

કડેધડે, અ૦ કડાબીડ; ધુમધોકારે; સપાટાબન્ધ.

ક-ડોળ, વિ૦ ડોળ—ઘાટ વનાનું; બદસુરત.

કડ્ડાકી, સ્ત્રી૦ મિજાજ. તોર.

કડ્ડાડિખાવું, કરડીખાવું.

કડ્ડકું, વિ૦ કરડું.

કડ્ડો, પુ૦ કરડો.

ક-ઢંગ, પુ૦ નઠારી ચાલ—વર્તણુક—રીત.

કઢંગું, વિ૦ નઠારી રીતનું—ચાલનું; આડુંઅવળું; કોઈપણ રીતે નીમસર નહિ તેવું. ૨ બેડોળ; બદસુરત. [ઉભી ટેકરી.

કઢણ, સ્ત્રી૦ પાડ—ખડકની જે સીધી કોરણ તે;

કઢવું, ક્રિ૦ સ૦ ઉકાળવું.

કઢા-ઈ, કડા-ઈ.

કઢાએલું-કઢિયલું, વિ૦ બહુ ઉકાળીને જાડું કરેલું — "કઢિયેલાં દૂધ તે કોણ પીએ".

કઢાપો, પુ૦ બળાપો; ત્રાસ. ૨ શોક; દલગીરી. ૩ કઢી.

કઢાયું, ન૦ કડાયું. કઢાયાં એ બહુવચન.

કઢારો, પુ૦ ઉધડ ઇજારો.

કઢી, સ્ત્રી૦ કડી. [છે તે.

કઢેલું, ન૦ માટલાંનો નીચલો ભાગ જેમાં કંઈ સેકે-

કણ, પુ૦ [સં૦] અનાજના દાણા "કણના મણ થાય". ૨ અનાજના છેક ઝીણા ભાગ જેટલું જે કંઈ તે; કરચ; ઝીણી કકડી; રજ; પરમાણું. ૩ બ્રાહ્મણ, ભીખારીને જે શેર અચ્છેર દાણા આપવા તે. (માહારાજને કણ કરાવ).

કણક, કણેક. ૨ કણ (૩ જા અર્થમાં).

કણકણ, અ૦ એવો થતો અવાજ.

કણકણા, પુ૦ ભય શોક વગેરે કારણથી અથવા વેળાએ શરીરમાં વિક્રિયા થયાના કારણથી ઓચિન્તી જે ધ્રુજારી થઈ આવવી, રૂંઈ જવી, વળો થઈ આવવી તે. ૨ કણ્ટાળો.

કણકણાટ, પુ૦ એવો થતો અવાજ. ૨ કણકણા.

કણકણો, પુ૦ કણકણાનું એકવચન. ૨ ટાઢિયા તાવનો શરીરમાં પ્રવેશ થવો તે.

કણકી, સ્ત્રી૦ ભાત—ડાંગેર ખાંડતાં ભાગીગયલા ચોખાનો જે ઘણો ઝીણો ભાગ તે.

કણજિયું-ઝિયું, ન૦ કણજીનાં બીજનું તેલ—ખસ ખુજલી ઉપર ઓસડ દાખલ લગાડવામાં આવેછે.

કણજી-ઝી, સ્ત્રી૦ એક જાતનું ઝાડ.

કણદિયો, પુ૦ કાંગરાવાળું રૂપાનું સ્ત્રિયોને હાથે ઘાલવાનું ઘરેણું. [દાણાબજાર.

કણપીઠ, સ્ત્રી૦ જે ઠેકાણે અનાજ વેચાતું હોય તે;

કણબી, વિ૦ શૂદ્રની એક જાત—એઓ ઘણું કરીને ખેતીવાડીનું કામ કરેછે.

કણવટ-ટિયું, ન૦ બ્રાહ્મણને દાનમાંઆવેલું અનાજ; એકઠું થઈગયલું જુદીજુદી જાતનું અનાજ.

કણવીર, ન૦ એક જાતના ફૂલનું ઝાડ.

કણવું, ક્રિ૦ અ૦ દુઃખ—દરદ વગેરેથી ઊં ઊં કણ્યાં કરવું. દીકાએ કાલ આખી રાત કણ્યાં કીધું.

કણસ, ન૦ [સં૦ કણિશ] જુવાર બાજરીના સાંઠા ઉપર પેદાથતો અનાજનો જે દોડો તે; કણસલું; ડૂંડું.

કણસલું, ન૦ કણસ; અનાજનું ડૂંડું. [સ્ત્રી.

કણસારી, સ્ત્રી૦ એક જાતનું જીવડું. ૨ કણસારાની

કણસારો, પું૦ [સં૦ કાંસ્યકાર] તાંબું પિત્તળ વગેરે ધાતુઓના ઘાટ ઘડનારો—વેચનારો. એ વાસણોને કલે પણ દેછે.

કણસું, કણસ.

કણિકા, સ્ત્રી૦ [સં૦] છેક ઝીણો જે કણ તે.

કણિયું, ન૦ ગોદડું. [ચનારો.

કણિયો, પુ૦ અનાજનો ધન્ધો કરનારો; દાણા વે-

કણી, સ્ત્રી૦ છેક ઝીણો જે કણ તે. ૨ હીરાની છેક ઝીણી કકડી—કરચ. ૩ તેલ અથવા ઘીમાં કંઈ વસ્તુ તળી કાડયા પછી જે અન્દર ઝીણી ભુકી રે-છે તે— મુઠિયાં અથવા ભજિયાં વગેરેની. ૪ પગને તળિયે કાંટો ભાંગી રૂપાથી તેની ઉપર કઠણ ચામડી બાઝે છે તે; કપાસી.

કણુ, પુ૦ કણ. (૨ જા અર્થસુધી).

કણેક, સ્ત્રી૦ ભિજવેલો લોટ—આટો. ૨ ભિખારીને જે અન્ન આપેછે તે.

કણેતું-ણાયતું, ન૦ દરબારમાંથી દરમાસે મળતા દાણા.

કણો, પુ૦ થોડા દિવસનું જન્મેલું, વેંત દોઢ વેંતનું લામ્બુ ને પાતળું જે સાપનું બચ્ચું તે. (ગાયનો વાછરડો તેમ સાપનો કણો).

કણોજી, ન૦ કાંદાનાં બી.

કણ્ટક, પુ૦ [સં૦] કાંટો (બાવળિયા વગેરેનો). ૨ નડનારું તે. વિ૦ જ્યાં કંઈ મનમાન્યું ખાવા પીવાનું ન મળે તે; દરિદ્રી (દેશ). ૨ દુઃખદાયક; મૂંઝવનાર; જેનું નડતર હોય તે.

કણ્ટફલ, ન૦ [સં૦] બાવળનું ઝાડ.

કણ્ટવાડ, સ્ત્રી૦ કાંટાની વાડ.

કણ્ટાળવું, ક્રિ૦ અ૦ કાંટા સરખું દુખ દેતું સમજવું; નાપસન્દ પડવું—ન ગમ્યું હોય તેવું દેખાવું. ૨ બેજાર—દુઃખી થવું. ૩ આળસી—થાકી—હારી જવું.

કણ્ટાળો, પુ૦ નાપસન્દ પડવું તે; કાંટા સરખું લાગવું તે. ૨ ચીડ; ધિક્કાર. ૩ એક જાતનું કાંટાનું ઝાડ. [ડે તેવા (લાડુ).

કણ્ઠિયા-ઠ્યા, વિ૦ થોડું ઘી ઘાલેલા—ગળું પક-

કણ્ઠિયા, પુ૦ જમીઆવ્યાને બીજે દાડે નકોડો ખેંચી કાડવો તે; લાંઘણ.

કણ્ટી, સ્ત્રી૦ ભાત ઘઉં વગેરેના છોડ ઉપર અનાજનો જે દોડો અથવા લટર તે. ૨ લીલું—તાજું ભાત (કણ્ટીના પૌંઆ).

કણ્ટીવાળો, પુ૦ રાંધવાનાં વાસણ બળી ન જાય તે સારુ તેને બારથી લગાડેલો માટી રાખનો જે લેપ તે.

કણ્ઢું, ન૦ વિઆયા પછી ગાય ભેંસનું બે ત્રણ દિવસ લગી નિકળતું જે કાચું જાડું દૂધ તે; ખરેડું.

કણ્ઢું, વિ૦ ક્રોધી; મિજાજી. [ડોઠા.

કણ્ઢુડિયા, બાળકને રમવાની નાની કુલ્લી જેવડા

કણ્ટોલી, સ્ત્રી૦ એક જાતની વેલી—જેને કણ્ટોલાં આવેછે તે.

કણ્ટોલું-ળું, ન૦ એક જાતનું ફળ—શાખ.

કણ્ઠ, પુ૦ [સં૦] બે ખભાની વચમાનો, દાઢીસુધીનો શરીરનો જે અવયવ તે. એમાં ખોરાક અને હવા જવાની નળિયો છે; ગળું; ડોક; ડોટ. ૨ એ અવયવમાં, બાર ઝૂલી પડતો જે ગઠ્ઠો તે; ઘાંટી; હડિયો. ૩ સાદ; અવાજ; સૂર; શબ્દ; ઘાંટો; ગળું; ગળી. ૪ કાંઠલો. કણ્ઠે પ્રાણ આવ્યા—મરવાની તૈયારી થઈ—અન્ત આવ્યો. ૨ છેક ઘભરાઈ ગયો—ન ચાલ્યું. તેતો મારે કણ્ઠે છે—તે મારે મોડે છે. કણ્ઠફુટવો, ઘાંટી ફુટવી. ૨ પક્ષીને કાંઠલો આવવો. કણ્ઠ બન્ધ થવો, ગળાંમાંથી દમ લેવાતો બન્ધ થવો; કણ્ઠ રુંધાવો. ૨ તકરારમાં હારવું; નિરુત્તર થવું.

કણ્ઠમણિ, પુ૦ કણ્ઠે ઘાલેલો મણિ. ૨ ઘાંટી; હડિયો. ૩ ઘણીજ વાલી વસ્તુ. [ઠાસ.

કણ્ઠમાધુર્ય, ન૦ ગળાંની—સાદની—અવાજની મિ-

કણ્ઠમાળ, સ્ત્રી૦ ડોટમાં ઘાલવાની જે માળા તે. ૨ ગ-

ળાં ઉપર જે એક જાતનું દરદ સાપને આકારે થઈ આવેછે તે. [૩ મોઢે; પાઠે; જીભ ઉપર.

કણ્ઠસ્થ, વિ૦ [સં૦] કણ્ઠમાં રહેલું. ૨ કણ્ઠથી બોલાતું.

કણ્ઠસ્થાન-ની, વિ૦ [સં૦] કણ્ઠે છે સ્થાન જેનું એવા; વિશેષે કણ્ઠથી બોલાતા **અ, ક, ખ, ગ, ઘ, હ** અને વિસર્ગ (ઃ). [નહિં).

કણ્ઠસ્નાન, ન૦ [સં૦] ગળાં સુધી નાહવું તે. (માથે

કણ્ઠાગ્ર, વિ૦ [સં૦] મોઢે; પાઠે.

કણ્ઠાર, સ્ત્રી૦ દરિયાનો કાંઠો—કિનારો.

કણ્ઠાવરોધ, પુ૦ [સં૦] કણ્ઠનું બન્ધ થવું—રુંધાવું તે.

કણ્ઠાળ, સ્ત્રી૦ વાસણ ભરવાનો કોથળો. ૨ દરિયાનો કાંઠો.

કણ્ઠી, સ્ત્રી૦ ડોક—ગળે ઘાલવાનું છાતી તરફ લટકતું રેંટું સોનાં મોતીનું જે ઘરેણું તે. ૨ ગળાં આગળના અંગરખાના ભાગ ઉપર જે શોભીતી સીવણ તે. કણ્ઠીદાર અંગરખું. ૩ ગુરુએ ઉપદેશ કરી શિષ્યને કોટે બાંધેલી તુળસી સુખડ વગેરેની જે માળા તે. કણ્ઠી બાંધવી—ગુરુ પાસે ઉપદેશ લઈ તેની નિમાની દાખલ કોટમાં કણ્ઠી ઘાલવી; શિષ્ય થવું. ૨ ઉપદેશ કરવો; શિષ્ય કરવો; ચેલો મુંડવો.

કણ્ઠો, પુ૦ કોટે ઘાલવાનો જે મોટો મણકો તે. ૨ મોટાં મોટાં સોની—મણિનું કોટે ઘાલવાનું જે એવું ઘરેણું તે.

કણ્ઠ્ય, વિ૦ [સં૦] કણ્ઠ સમ્બન્ધી.

કણ્ડ, કુણ્ડ.

કણ્ડિયો, પુ૦ વાંસ નેતર વગેરેની ચીપોનો બનાવેલો ઢાંકણાવાળો જે પોલો ઘાટ તે.

કણ્ડિલ, ન૦ ગામઠી લીલા કાચનાં તળે ટોચકાંવાળાં જે ગલાસ તે. ૨ એવાં અથવા બ્લોરી કાચના ગલાસોથી ભરેલું જે ઝુમ્મર તે. ૩ ફાનસ.

કણ્ડિલિયું, ન૦ દીવાદાંડી. [વાળ.

કણ્ડૂ, સ્ત્રી૦ [સં૦] ખરજ; ખસ; ખુજલી; ખજ-

કણ્યકા, કણિકા. (અખાએ વાપરેલો છે).

કત, સ્ત્રી૦ કલમને છેક અણીપરથી સરાઈથી કાપવી તે અથવા કલમની કપાયલી અણી તે. કત મારવી કેવાયછે.

કતરણી, સ્ત્રી૦ તાંબા પિત્તળ વગેરે ધાતુનાં પત્રાં કાપવાનું કંસારાનું ઓજાર.

કતરવેધિયું, વિ૦ પોતાનાંને પેલું ને સારું અને બીજાને પછી ને રુંસરું આવે તે; વગિયું કરનાર.

કતરાવું, ક્રિ૦ અ૦ કોઈ કાતરતું હોય તેવું થવું; કપાઈ જુદું પડવું. ૨ આડું જવું.

કતલ, સ્ત્રી૦ [આ૦] હથિયારથી નિર્દયપણે કાપી નાખવું તે; કાપાકાપી; ખુનરેજી. ૨ મોટો નાશ; ઘણા જીવની ઘાત.

કતલની રાત, સ્ત્રી૦ તાબુતનો આગલો દાડો. અલીના હુસેન અને હસન એ બે ફરજંદ—છોકરા કતલ થઈ ગયા હતા—કપાઈ ગયા હતા તેનું વરસી.

કતલેઆમ, ન૦ [આ૦] કોઈને પણ બાકી રાખ્યા વગર સઘળાંજ માણસોને કાપી નાખવાં—કતલ કરવાં તે.

કતાર, સ્ત્રી૦ [આ૦] હાર; જોડાજોડ હોવું તે; પંક્તિ. પાડાની કતાર. હાર કતાર કેવાયછે.

કતાળ, પુ૦ કલેશ. 'પ્રાણ ગયા પર પળ ન રખાયે, શેગટ કરે કતાળ' (મનોર સ્વામી).

કત્તો, પુ૦ વાળવાના અક્ષર લખવાની જાડા કતવાળો જે કલમ તે.

કથક, વિ૦ [સં૦] કથા કરનાર; પુરાણી. ૨ જાહેર ભાષણ કરનાર. ૩ કોઈપણ વાત કેનાર. **પુ૦** હાવભાવ દેખાડી ગાનારો નાચનારો પુરુષ.

કથણી, સ્ત્રી૦ કેણી.

કથન, ન૦ [સં૦] કથા કરવી, ભાષણ કરવું, કંઈ પણ વાત કેવી તે. ૨ કેવત; કેણી.

કથનીય, વિ૦ [સં૦] કથવાને—કેવાને યોગ્ય.

કથરોટ, સ્ત્રી૦ લાકડાનું અથવા તાંબા પિત્તળનું ગોળ આકારનું ઊંચી કોરવાળું પોળું છાછર વાસણ; મોટો થાળો. [વું.

કથવું, ક્રિ૦ સ૦ કથા કરવી. ૨ ભાષણ કરવું. ૩ કે-

કથળવું, ચુંથાઈ જવું; બગડવું. ફરી ઠેકાણે ન આવે તેમ હાથથી જવું.—પ્રકૃતિ કથળી, કામ કથળ્યું વગેરે.

કથા, સ્ત્રી૦ [સં૦ કથ—કેવું] જોડી કાઢેલી—કલ્પિત વાત; કાણી. ૨ ઈશ્વરના ગુણ સમ્બન્ધી દૃષ્ટાન્તો સહિત જે ભાષણ—કીર્તન તે. ૩ અસલના નામાંકિત પુરુષોનાં જે ચરિત્ર તે; વૃત્તાન્ત. ૪ લાંબી હકીકત; બીના. [ઠેકાણું.

કથાનક, ન૦ કથાનો ભાગ. ૨ વાત; કાણી. ૩ નરસું

કથાનુસન્ધાન, ન૦ [સં૦] વાત—ભાષણના ભાગોનું પરસ્પર જે અનુસન્ધાન તે.

કથામૃત, ન૦ [સં૦] કથાનું અમૃત; કથારૂપી અમૃત.

કથિત, વિ૦ ધા૦ [સં૦] કહેલું; ભાખેલું; મોટી વાત

જેવું વરણેલું.

કથીર, ન૦ મુખ્યત્વે કલીને કલાઈ અને સીસાની મેળવણીથી બનેલી જે ધાતુ તે. એ જલદીથી કાળા પડી જાય પિગળી જાય તેવી અને ઘણીજ હલકી કિમ્મતની છે. ૨ રૂપગુણમાં છેકજ નરસી—કિમ્મત વગરની જે હરકોઈ ચીજ તે.

કથ્ય, વિ૦ [સં૦] કથવાને યોગ્ય.

કદ, ન૦ [આ૦] શરીરની જાડાઈ સાથે જે ઊંચાઈ તે; આકૃતિ; ઘાટ. ૨ ઊંચાઈ. ૩ મોટાઈ; માન; ભારઓજ; વજન.

કદન, ન૦ [સં૦] કતલ; હિંસા; વધ; નાશ. "મદનકદનસુત" કામનો વધ કરનાર જે શિવ તેનો સુત.

કદમ, ન૦ [આ૦] ચાલતાં બે પગની વચમાં જે છેટું—અન્તર રહે તે; પગલું; ડગલું. ૨ પગલું ભરવાની જે રીત તે; ડપગલું; પગ. ૪ આડી ફરનું માપ.

કદમ, કદમ્બરવી.

કદમબોસી, પુ૦ [ફા૦] રાજા, બાપ, ઉસ્તાદ, વડીલ વગેરેને માન આપતી વેળા તેના પગને જે ચૂમી લેવી તે. [ન.

કદમી, વિ૦ [આ૦ કદીમ] અમલનું; જૂનું; પ્રાચી-

કદમ્બ, ન૦ [સં૦] એકજાતનાં ફૂલનું ઝાડ.

કદર, સ્ત્રી૦ [આ૦] સમજીને કિમ્મત કરવી તે; ગુણ—રસ—ખુબીથી વાકેફ થવાની જે શક્તિ તે; બુજ; ગણના; લેખું.

કદરજ, વિ૦ [સં૦ કદર્ય] કંજૂસ. [ણાર.

કદરદાન, વિ૦ ખુબી સમજનાર; બુજ જાણનાર; ગુ

કદરી, વિ૦ [સં૦ કદર્ય] કૃપણ; કંજૂસ; બખીલ. ૨ (કદર ઉપરથી) કદર જાણનાર.

કદરૂપું, વિ૦ વરવું; બદસુરત; બેડોળ.

કદળી, સ્ત્રી૦ [સં૦ કદલી] કેળ.

કદા, અ૦ [સં૦] ક્યારે; કઈ વખતે. ૨ કોઈ વખત; કો દી; કદાચ; કદાચિત્.

કદાચ, કદાચિત્.

કદાચિત્, અ૦ [સં૦] કોઈ વખતે; કદી; વેળાએ; દૈવયોગે. ૨ જો; એમ બને—હોય તો.

કદાપિ, અ૦ [સં૦] કોઈ દાડો પણ—(નહિ).

કદાવર, વિ૦ [આ૦ ફા૦] શરીરે લાબું પોળું; કદમાં મોટું; મુનાસિબ જાડાઈમાં છતે, ઊંચું. ૨ દેખાવડું; ભવ્ય; પ્રૌઢ.

કદાસ, કદાપિ. [રતે; કમોસમ.

ક-દાડે, અ૦ ન જોઈએ તે—અયોગ્ય વખતે; ક—

કદી, અ૦ કોઈ કોઈ દાડે; કોઈ વેળા. ૨ કોઈ દાડો પણ—(નહિ). **કદીમદી**—કોઈ કોઈ વેળા. (હમેશ નહિ).

ક-દૃષ્ટિ, સ્ત્રી૦ [સં૦ કુદૃષ્ટિ] નઠારી—બદ નજર. ૨ ગેર મેહેરબાની; અવકૃપા. ૩ કોઈ સ્ત્રીના ઉપર નાલાયક વિચારથી જોવું તે.

કદ્દુ, પુ૦ પુરુષનો ગુપ્ત રાખેલો જે અવયવ તે.

કધાન, ન૦ હલકી જાતનું અનાજ. કોદરા બાજરી વગેરે. ૨ બગડેલું અનાજ. કધાનને કેળવીને ખાવું, એ કેહેવત જેનાથી છુટાય નહીં તેવાં નઠારાં માણસના સમ્બન્ધમાં લાગુ પાડવામાં આવેછે.

ક-ધોણ-ણી, સ્ત્રી૦ રોજ બરોબર ન ધોવાયાથી એટલું તો મેલું થયલું કે પછી ખુબ ધોયેથી પણ સાફ ન થાય તે.

કનક, ન૦ [સં૦] સોનું. ૨ દોલત. ૩ ધન્તુરો.

કનકવી, સ્ત્રી૦ નાનો કનકવો.

કનકવો, પુ૦ જે આછાપાતળા કાગળનો એક ઉભી (કપડો) તથા એક કમાનદાર (કામ) કામડીનો આધાર આપી વચમાંથી દોરી બાંધી આકાશમાં ઉડાડવામાં આવેછે તે.

કનકુડો, કનકવો.

ક-નજર, ક દૃષ્ટિ.

કનડગત, સ્ત્રી૦ દુઃખ; હરકત.

કનડવું, ક્રિ૦ સ૦ દુઃખદેવું; માથાફોડ કરાવવી.

કનડાટ, પુ૦ દુઃખ.

કનફૂલ, ન૦ સ્ત્રિઓને કાને ઘાલવાનું એક ઘરેણું.

કનવાર, સ્ત્રી૦ પશ્ચાત; દરકાર; ખણખોજ.

કનસાર, પુ૦ [કણસાર] ભરડેલા ઘઉં માંથી થૂલું તથા લોટ કાઢી નાખી શુદ્ધ જે કણ રહે તેને ગોળ—ખાંડના પાણીસાથે બાફી જે પદાર્થ બનાવવો તે; લાપસી.

કનસારી, કણસારી.

કનસારો, કણસારો. [નો કરેલો પડદો.

કનાત, સ્ત્રી૦ તમ્બૂની કપડાંની ભીત. ૨ જાડાં કપડાં-

કનાસ્તર, ન૦ નેતર અને વાંસની સળીનું બનાવેલું કરંડિયા જેવું ઠામ.—જેમાં વેચવાની ખાંડ ભરી હોય છે તે. ૨ ચારચાર હજાર પડિયાનો જે જથ્થો તે. ૩ ચિનૈ લોઢાંના પતરાંનો દાબડો.

કનિષ્ઠ, વિ૦ [સં૦] ઉમ્મરમાં નાનું. ૨ ગુણ કર્મમાં ઉતરતું—ઓછું. ૩ સહુથી નાનું (વયમાં) અથવા ઉતરતું (ગુણ કર્મમાં). ઉત્તમ, મધ્યમ અને

કનિષ્ઠ એમ મુકાબલે ગણના થાયછે.

કનિષ્ઠપક્ષ, પુ૦ [સં૦] છેક ઉતરતો પક્ષ; હલકીરીત.

કનિષ્ઠપક્ષે, અ૦ નિદાને; શેવટે; ન ચાલતાં; બીજી કોઇ રીતે ન બને ત્યારે. ૨ ઓછામાં ઓછું.

કનિષ્ઠિકા, સ્ત્રી૦ [સં૦] સહુથી નાની—ટચલી—ટચલી આંગળી.

કનીનિકા, સ્ત્રી૦ [સં૦] આંખની કીકી.

કને, અ૦ પાસે; સોડે; નજીક.

કનેરી, સ્ત્રી૦ કાંજી.—આજારી માણસને પાવા સારૂ. ૨ છાપરાંને લગતા કુરાની, મોભથી બે પાસ ઢળતી કોરણ માંની એકેકી. ૩ કોર; કોરણ. ૪ સોના રૂપાંની કિનારી.

કનૈયો, પુ૦ રંગીલો—છેલ પુરુષ.

કનોચાં, ન૦ કાનની બાજીના નીચલા ભાગ.

કન્ત, પુ૦ [સં૦ કાન્ત] સ્વામી; ભરથાર; ધણી; વર.

કન્તરોહ, પુ૦ અણબનાવ.

કન્તાણ-ન, ન૦ સણનું બનેલું જાડું કપડું.

કન્થ-ડો, પુ૦ કન્ત. [મેળી. ૨ ઝભ્ભો.

કન્થા, સ્ત્રી૦ [સં૦] ફાટીતુટી ગોદડી—ધાબળી—કા-

કન્થાર-ળ, ન૦ કાંટાવાળું એક જાતનું ઝાડ—એને મરીકન્થાર પણ કેછે.

કન્થાળ, સ્ત્રી૦ ખચ્ચર ઊંટ વગેરે જનાવરની પીઠ ઉપર બે પાસ બાજીની જે ગુણ લટકાવવામાં આવેછે તે; કણઠાળ.

કન્દ, ન૦ [સં૦] મૂળ; મૂળિયું; જડ. ૨ ઝાડ—છોડનાં મૂળિયાંને ઠેકાણે જે ગોળ અવયવ હોયછે તે.—રતાળુ, સૂરણ વગેરે.

કન્દરા, સ્ત્રી૦ [સં૦] ગુફા; બોહ.

કન્દર્પ, પુ૦ [સં૦] સ્ત્રી પુરુષમાં રતિ સમ્બન્ધી કરવાનો જે જોસ્સો તે; કામ.

કન્દિલ, કણ્ડિલ.

કન્દુક, પુ૦ રમવાનો દડો.

કન્દોઇ, પુ૦ ગેબર ખાજાં વગેરે મીઠાઇ બનાવીને વેચનારો; સુખડિયો.

કન્દોરો, પુ૦ પુરુષની કેડે પેરવાનો રૂપાં સોનાનો ડાગિનો. ૨ કેડે વિંટાળેલો દોરો.

કન્દ્રપ, કન્દર્પ.

કન્ધરા, સ્ત્રી૦ [સં૦] ડોક; ગરદન; ગ્રીવા.

કન્ધોકું, ન૦ કેટલીએક સરતથી ખેતર ખેડવાને ઢોર ભાડે રાખવાં તે.

કન્નાં, ન૦ કનકવાના કપડા અને કામ એ બેનું જે જગોપર મળવું થાય છે ત્યાં અને તેથી થોડેક દૂર કપડાસાથે બાંધેલી બે દોરીના છેડાની જે ગાંઠ વાળવામાં આવેછે તે.

કન્ની, સ્ત્રી૦ ચગતા કનકવાની નમતી બાજુને સમતોલ રાખવા સારૂ તેની સામેની બાજુએ જે ચિંધરડી કામ સાથે બાંધવામાં આવેછે તે.

કન્નું, ન૦ કન્નાં શબ્દનું એકવચન. [કરતાં નાની.

કન્યકા, સ્ત્રી૦ [સં૦] બાળક—કુંવારી છોકરી (કન્યા

કન્યા, સ્ત્રી૦ [સં૦] આઠ નવ વરસની કુંવારી છોકરી. ૨ મેષથકી ગણતાં છઠ્ઠી રાશી. [વખત.

કન્યાકાળ, પુ૦ જ્યાંસુધી કુંવારી રાખી શકાય તેટલો

કન્યાદાન, ન૦ [સં૦] વિવાહના વિધિયે કન્યાનું દાન કરવું તે; છોકરી પરણાવવી તે; લગન કરવું તે.

કન્યારાશી, વિ૦ બાયલો; જનાની. ૫).

કપ, પુ૦ ચકમક જોડાંથી પડતા અગ્ની જાડજે બાળેલાં રૂઊપર ઝાલી લઇ એ સળગ આવેછે તે; કફ. ૨ [અ૦] પ્યાલું.

કપચી, સ્ત્રી૦ રસ્તામાં પુરવાનો પથ્થરનો ભુકો; તાસ.

કપટ, ન૦ [સં૦] લુચ્ચાઈ; ઠગાઈ; ભેદપ્રપંચ. ૨ પોતાનું હોય તેથી જુદું બતાવવું તે.

કપટી, વિ૦ કપટથી ભરેલું.

કપડાર, સ્ત્રી૦ લાકડાના ગોળવાની ફાડ; ગાંઠને ચીરી જે આડધિયું કરેલું તે.

કપડછાણ, વિ૦ કપડાં—લુગડાંથકી છાણેલું હોય તેવું. કપડછાણ કરવું કેવાયછે.

કપડું, ન૦ [સં૦ કર્પટ] રૂ, રેશમ, ઊન, સણ વગેરેનો બનાવેલો લામ્બો પોળો જે ઘાટ તે.—પેરવા, ઓડવા, ઢાંકવા, પાથરવાને. લુગડું; વસ્ત્ર.

કપતરું, ન૦ કેરી કોળું દુધી વગેરેની કાપેલી જે જાડી છાલ તે; ગાભચું.

કપતાન, પુ૦ [અ૦] વાણ—આગબોટ ચલાવનારા ખલાસી વગેરેનો ઉપરી.

કપરું, વિ૦ અઘરૂં; મુશકેલ; કઠણ.

કપરોડ, સ્ત્રી૦ ખાડાની અન્દરનો આડો ખાડો; અન્દરનું આડું પોલાણ.

કપર્દિકા, સ્ત્રી૦ [સં૦ કપર્દક] કોડી; છેકજ હલકી કિમ્મતનો સિક્કો. [દેવું તે.

કપાટ, ન૦ [સં૦] બારણું; ઉઘાડવા દેવાનું જે પા-

કપાતર, કુપાત્ર.

કપાલ, ન૦ [સં૦] ખોપરી. કપાલી—શિવ.

કપાવું, ક્રિ૦ અ૦ કોઈ કાપતું હોય એવું થવું; છે-
દાવું. ૨ કજિયો કરવો; મારામારી કરવી.
કપાસ, પુ૦ [સં૦ કર્પાસ] રૂનું ઝાડ; વણ. ૨ ક-
પાસિયા સાથે જે રૂ તે.
કપાસિયા, પુ૦ રૂનું બી—બીજ. ૨ માંસના લોચા
(માથાની અન્દરના).
કપાસી, સ્ત્રી૦ કાંટો વાગ્યાથી પગનાં તળીયાંની તે
ભાગની ચામડી જાડી થાયછે અને જરાજરા દુ-
ખ્યાં કરેછે તે; કણી.
કપાળ, ન૦ [સં૦ કપાલ] બે પાંપણની ઉપરનો મા-
થાનો આગળ પડતો—ચેહેરાનો જે ઉપલો ભા-
ગ તે;—લલાટ; ભાળ. ૨ નસીબ; દૈવ; ભાગ્ય.
(કપાળમાં નસીબ લખાયછે એ કલ્પના ઉપરથી).
૩ કંઈ નહિ; ધૂળ. તે શું શિખવાનોછે કપાળ? ક-
પાળ ફુટવું, કપાળમાં મારવું. ૨ માથાફોડ—ઘણી
મેહેનત કરવી. ૩ નુકસાન થયેથી દલગીર થવું;
હાથ ઘસવા. કપાળફુટવું, કપાળમાં વાગેથી તેમાથી
લોહી નિકળવું. ૨ ઘણું નુકસાન થવું; દુઃખમાં આ-
વી પડવું. [સ્યાં કરવી તે.
કપાળકૂટ, સ્ત્રી૦ માથાફોડ; તેની તેજ મેહેનત ક-
કપિ, પુ૦ [સં૦] વાનરો; વાંદરો.
કપિંજલ, ન૦ [સં૦] એક જાતનું પક્ષી.
કપિતાન, સેતાન; તોફાની; બન્ધો. (છોકરો).
કપિલ, વિ૦ [સં૦] પીળાસ મારતું કાળું—જેમકે ત-
ડકો ખાધેલું આદમી.
કપિલા, સ્ત્રી૦ [સં૦] તદન એકજ રંગની જે ગાય
તે. ૨ નરદમ કાળી ગાય. ૩ ગાય. ૪ કેટલાંક
સુકાં ફૂલનો લાલ ભૂકો.
કપિલાષષ્ઠી, સ્ત્રી૦ [સં૦] જે દિવસે છ યોગ એકઠા
આવે તે—ભાદ્રપદ માસ, કૃષ્ણ પક્ષ, હસ્ત મહા-
નક્ષત્ર, વ્યતિપાત યોગ, મઙ્ગળવાર અને રોહિણી
દિનિયું નક્ષત્ર. એ સુપર્વે કપિલાના દાનનું મોટું
મહાત્મ્ય કેવાયછે. [જલીપર કામ આવેછે.
કપીલો, પુ૦ [કપિલા] એ ઓસડ.—લાલ ભુકો પુ-
કપૂત, પુ૦ [સં૦ કુપુત્ર] નઠારાં આચરણ કરનારો
છોકરો—કુળને બટ્ટો લગાડે તે.
કપૂર, ન૦ [સં૦ કર્પૂર] સુગન્ધીવાળો તરત સળગી
ઉઠે એવો ઝાડમાંથી મળતો એક પદાર્થ. એ દેવ-
ની આગળ બાળવામાં અને ઓસડમાં કામ આ-
વેછે.
કપૂરકાચલી, સ્ત્રી૦ એક સુગન્ધીદાર મૂળિયું.

કપૂરચીની, એક ઓષધી.
કપૂરિયાં, ન૦ કાચી કેરીના લામ્બા કકડા અથાણા-
દાખલ કામમાં આણેલા તે.
કપૂરિયો, પુ૦ પુરુષની પિશાબ કરવાની ઈન્દ્રી.
કપૂરી, વિ૦ એક જાતનું ખાવાનું પાન.
કપેચાં, ન૦ ગાંધીનું એક વસાણું.
કપોત, પુ૦ ન૦ [સં૦] ડોકે રંગની છાંટ હોય તે
ખબુતર; કપોતો. કપોતી—(માદા).
કપોતરું, ન૦ કેરી કોળું દુધી વગેરેની કાપેલી જે જા-
ડી છાલ તે; ગાભચું.
કપોલ, પુ૦ [સં૦] ગાલ.
કપોળ, કપોલ. [દાનું.
કપોળ-કલ્પિત, વિ૦ જુઠું; બનાવટનું; મનના ધાં-
કપ્પડ, કપડું. [રે ભરવાના).
કપ્પા, પુ૦ ગાદલાંના સીવેલા કોથળા (ખાપુર વગે-
કપ્પી, સ્ત્રી૦ નાનો કપ્પો.
કપ્પો, પુ૦ સેલથી ભાર ઉંચકાઈ આવે તેને સારુ એ-
ક યન્ત્ર. એ યન્ત્રમાં, લાકડાં—ધાતુના કકડામાં
બેસાડેલું પણ ફરતું એક નાનું પૈડું હોયછે ને એ
પૈડાંની ઉપર વચ્ચોવચ્ચ એક જરા ઉંડો કાપો
હોયછે. એ કાપા ઉપર દોરડું નીચે ઉપર લપસતું
રેઈને જા આવ કરેછે. કુવાનો કપ્પો; વ્હાણ ઉપ-
ર અને ડક્કા ઉપર કપ્પા હોયછે.
કફ, પુ૦ [સં૦] છાતી ગળાંને રુંધતો એક રોગ;
વાત પીત ને કફ એ ત્રણ કેવાયછે તેમાંનો એક.
૨ દુખ દેતા રસને બ્હાર કાઢી નાખવાની પેશાં-
ની જે તજવીજ તે. ૩ ગળામાંથી જે મળ બ્હાર
પડેછે તે. ૪ ચકમક સળગાવવાનો બળેલો રૂ;
ગુલ; કા.
કફ-જ્વર, પુ૦ [સં૦] કફથકી આવતો જે તાવ તે.
કફન, ન૦ [અ૦] મુડદાંને ઓરાડેલું જે લુગડું તે;
શબને ઢાંકવાનું વસ્ત્ર. [તે.
કફની, સ્ત્રી૦ જોગી ફકીરનું ટુંકી બાંયનું જે પેહેરન
કફરું, કપરું.
કફોરું, કપરું.
કફાયત, કિફાયત.
કફોડું, ન૦ રોજ માથાકુટ કર્યા કરે તેવું—અભા-
ગિયું જોડું (સ્ત્રીપુરુષનું).
કફોડું-ડું, વિ૦ અઘરું; મુશ્કેલ; કઠણ.
કબજ, વિ૦ કબજામાં હોય તેવું. ૨ ઝાડો ન આવતો
હોય તેવું—પેટ કબજ છે.

કબજાન, ન૦ કબજો.

કબજિયત, સ્ત્રી૦ કબજ હોય તેવી હાલત.

કબજો, પુ૦ [આ૦] પકડી—ધરી—મેલી પોતાની સત્તામાં રાખવું તે; તાબે; દબાણ; હવાલો. કબજો કરવો, કબજામાં લેવું. કબજો રાખવો વગેરે એમ પ્રયોગ થાયછે.

કબટ, કબાટ.

કબડાવું, ક્રિ૦ અ૦ શરીરે લેવાવું; સુકાવું. (મન્દવાડથી). ૨ માદાં પડવું; શરીર બગડવું.

કબન્ધ, ન૦ [સં૦] ધડ (માથા વિનાનું).

કબર, સ્ત્રી૦ [આ૦] દાટેલાં માણસના ખાડા ઉપર જે ચણતર કર્યું હોય તે; દેરડી; સમાધ.

કબરસ્તાન, ન૦ જ્યાં કબરો હોય તે ઠેકાણું.

કબાટ, ન૦ [અં૦ કપબોર્ડ] સામાન મુકવાનો ખાનાવાળો—બે બારણાવાળો લાકડાનો બનાવેલો ઉભો જે ઘાટ તે.

કબાબ, કવાબ.

કબાબચીની, સ્ત્રી૦ [ફા૦] ચીનીકબાલા.

કબાલો, પુ૦ [આ૦] જેમાં આપવા લેવા સમ્બન્ધી કબૂલાત—સરત—ઠરાવ હોય તે કાગળ; લખત; ખત. (વેચાણ—ગીરોના કબાલા, માલનો કબાલો વગેરે). [વાર. ૨ વૈરી; સ્ત્રી.

કબિલો, પુ૦ [આ૦] વૈરી છોકરાં; કુટુમ્બ; પરિ-

કબી, કબૂ.

કબીરપન્થી, વિ૦ કબીરનાં ધર્મમતને માનનારો.

કબીલદાર, વિ૦ કુટુમ્બવાળો; ગૃહસ્થ; પરણેલો.—પુરુષ.

કબુધિયું-દ્ધી, વિ૦ [સં૦ કુબુદ્ધિ] નઠારી—આડી—ખોટી સમજણવાળું; ઉંધો વિચાર કરનારું.

કબૂ, અ૦ [હિં૦] કદી; કદાપી; કોઇ દાડો.

કબૂતર, ખબુતર.

કબૂલ, વિ૦ [આ૦] ખાતરીથી હા કહેલી હોય તેવું; નક્કી માનેલું; મંજુર.

કબૂલત, કબૂલાત.

કબૂલવું, ક્રિ૦ સ૦ કબૂલાત આપવી; વચન આપવું.

કબૂલાત, સ્ત્રી૦ [આ૦] ખાતરીથી જે કેવું—લખી આપવું તે; વચન; ઇકરાર; કરાર; ઠરાવ; કોલ; નક્કીની હા.

કબૂલાતનામું, ન૦ લખાણમાં જે કબૂલાત તે.

કબૂલિયત, કબૂલાત.

કભા, પુ૦ પણીવખત, ફુલેકાં વખત પેરવાનું કીનખાબનું કડિયું—અંગરખું.

કભાય, પુ૦ જામો "કભાય કોટને પામરી પકડા, નામ ન જાયે ગણિયાંજી". (પ્રેમાનન્દ) સ્ત્રી૦ ખાંપ "કેસરી વાઘો પેરણે, સોભતા જોડ કભાય" બેરાંનાગીત).

કમ, વિ૦ [ફા૦] ઓછું; થોડું; ઊણું. [અક્કલ.

કમ-અક્કલ, વિ૦ ઓછી અક્કલનું. ૨ સ્ત્રી૦ થોડી

કમ-કદર, વિ૦ ઓછી કદર કરનાર. સ્ત્રી૦ થોડી કદર [વા.

કમકમવું, ક્રિ૦ અ૦ ધ્રુજવું; કાંપવું. ૨ કણકણા આ-

કમકમાટ, પુ૦ કમકમવું તે. ૨ કણટાળો; ધિક્કાર.

કમકમી, સ્ત્રી૦ કમારી.

કમ-કૌવત, વિ૦ શક્તિ—જોરવનાનું; નબળું.

કમ-ખરચ, પુ૦ ઓછો ખરચ.

કમખો, પુ૦ કાંચળી; કપડું; ચોળી.

કમ-ખોરાક, પુ૦ ઓછો ખોરાક. [ચાબક; સોટી.

કમચી, સ્ત્રી૦ ચાબકને છેડે જે દોરી હોય તે. ૨

કમ-જબાન, વિ૦ થોડું બોલનાર. ૨ ઊંધું બોલનાર.

ક-મંજરે, અ૦ નિરર્થક; બરબાદ; ફોકટ.

કમ-જાત, વિ૦ લુચ્ચું; હરામી. ૨ ઓછાપેટનું. ૩ તુકમપેર; વર્ણસંકર; ઊણાં કુળમાં ઉછરેલું.

કમ-જાદે, વિ૦ ઓછું વધતું. [હિચકારું; કાયર.

કમ-જુરત, વિ૦ ઓછી શક્તિ—હિમ્મતનું; અશક્ત;

કમ-જોર, વિ૦ ઓછાં જોરનું; અશક્ત; નબળું.

કમઠ, પુ૦ [સં૦] કાચબો "કમઠ રૂપ ધર્યું મોરાર, ચૌદ રત્ન કાડયાં સમુદ્ર મોજાર"—(પ્રેમાનન્દ).

કમણ્ડળ, ન૦ [સં૦ કમણ્ડલુ] લાકડાં અથવા ધાતુનું પાણી પીવાનું નાળચાંવાળું વાસણ—ઘણું કરીને સન્યાસી બ્રહ્મચારી વાપરેછે.

કમતર, વિ૦ [ફા૦] વધારે ઓછું; ઘણું થોડું.

કમતરીન, વિ૦ [ફા૦] સહુથી હલકું—પામર—રંક—કંગાલ—ગરીબ—તુચ્છ—ઊણું; દાસાનુંદાસ (આ૦ તમારો કમતરીન સેવક). [ખું; ઘટવું.

કમતી, સ્ત્રી૦ [ફા૦] ઘટ; ખુટ; ખુટકો. વિ૦ ઓ-

કમ-તોલ, વિ૦ ઓછા તોલનું.

ક-મનનું, વિ૦ મન—પ્યાર—ખુશી વગરનું; જોર જુલમનું; બલાત્કારનું.

કમ-નજર, વિ૦ [ફા૦] ઓછી—ટુંકી નજરનું. ૨ ઓછી મેહેરબાની. [ક્યું.

કમ-નશીબ, વિ૦ ઓછાં—માઠાં નશીબનું; અભાગિ-

કમ-પાક, પુ૦ ઓછો પાક.

કમ-બેશ, વિ॰ [ફા॰] ઓછું વધતું; કાઢવાનું વધારવાનું તે.

કમ-બખત, વિ॰ [ફા॰] અભાગિયું; નસીબવનાનું; ભાગ્યહીન. ૨ ગંધું; લુચ્ચું.—કપકો આપતી વેળા વપરાયછે. [લત—દશા.

કમ-બખતી, સ્ત્રી॰ [ફા॰] દુર્દૈવ; વિપત્તિ; પડતી હા-

કમર, સ્ત્રી॰ [પ્રા॰] કડ; કેડ; કટિ. ૨ કમરના થાપા. કમર કસવી—બાંધવી એટલે કમરે તાણીને પટકો બાંધવો. ૨ હામ ભિડવી; તૈયારી કરવી. કમર ભાંગી જવી—આશા ભઙ્ગ થવું; નાઉમેદી થવી. કમરમાં જોર એટલે હિમ્મત. કમરનું ઢીલું એટલે છાતી—હિમ્મત વગરનું; પોચું; કાયર.

કમર-કસ, ન॰ કમરમાં કસ આવે તેવું ઓસડીયું:

કમરખ, ન॰ [સં॰ કર્મરઙ્ગ] એક જાતનું ખાટમધુરું ફળ. [કન્દોરો; કટિમેખળા.

કમર-પટો, પુ॰ કમરે બાંધવાનો પટો. ૨ ધરેણું;

કમર-બન્દ, પુ॰ કમરપટો.

કમલા, સ્ત્રી॰ [સં॰] લક્ષ્મી.

કમ-સુખન, પુ॰ [પ્રા॰] ઓછા—ખરાબ—ના બોલ; મોઢું—ભુંડા બોલ; મેણું; ગાળ; અપશબ્દ.

કમ-સુખન-ની, વિ॰ [પ્રા॰] થોડું—મતલબ જેટલું બોલનાર. ૨ અઘટતા શબ્દ કાઢનાર.

કમળ, ન॰ [સં॰ કમલ] પાણીમાં પેદા થતું લાંબા દાંડાનું એક ફૂલ. ૨ એ આકારનું દેવને બેસાડવાનું જે વાસણ તે. ૩ ગર્ભસ્થાન. ૪ કમળકાકડીનું ફૂલ.

કમળકાકડી, સ્ત્રી॰ કમળનું બી; એક ઔષધી.

કમળકોશ, કમળનો દોડો.

કમળલોચના, સ્ત્રી॰ કમળના જેવી આંખવાળી સ્ત્રી.

કમળવદના-ની, સ્ત્રી॰ કમળનાં જેવાં મોઢાં વાળી સ્ત્રી.

કમળા, સ્ત્રી॰ [સં॰ કમલા] લક્ષ્મી. [જાતનાં ફૂલ.

કમળી, સ્ત્રી॰ કમળનાં જેવાં વાદળી રઙ્ગનાં એક

કમળો, પુ॰ બધું શરીર પીળું થઈ જાય અને રોગી બધી ચીજને પીળા રઙ્ગની જ દેખે તેવો એક રોગ. ૨ મીઠાં લીંબુની જાતનું એક ફળ. ૩ (લાક્ષણિક) અદેખાઈ; ઈર્ષા. એની આંખમાં બહુ કમળો છે. [ળ; નફો.

કમાઇ, સ્ત્રી॰ કમાવું તે. ૨ કમાયલું તે; પ્રાપ્તિ; પેદા-

કમાઉ, વિ॰ કમાતું હોય તે; પેદા કરનાર; રળતું; ઉદ્યમી.

કમાડ, ન॰ [સં॰ કપાટ] બારણું; બાર; દરવાજો.

કમાણી, કમાઈ.

કમાન, સ્ત્રી॰ [પ્રા॰] મુડાવેલું કામઠું; ધનુષ. ૨ કડિયા સુથાર વગેરે કારીગરે પાડેલા જે ધનુષ આકાર તે; મેહેરાબ. ૩ આકાશમાં જે ધનુષ—મરછ તણાયછે તે. ૪ ઘડિયાળ, ગાડી, કોચ વગેરેમાં સ્થિતિસ્થાપક ગુણ રાખનારી જે લોઢાંની સાંકળી આંકડા વગેરે હોય તે.

કમાનદાર, વિ॰ [પ્રા॰] કમાન—મેહેરાબવાળું.

કમાલ, વિ॰ [આ॰] ખુબસુરત; સુન્દર. ૨ ઘણું સારૂં; ઉત્કૃષ્ટ. ૩ પૂર્ણ.

કમાલિયા, પુ॰ બહુચરાજીમાં માનતામાં મુકાયલા છોકરાઓ જે પાવૈયાવેષ કરેછે તે.

કમાવિસદાર, કુમાવિસદાર.

કમાવું, ક્રિ॰ સ॰ ધન, યશ, વિદ્યા વગેરેની પ્રાપ્તિ કરવી; મેળવવું; પેદા કરવું; ઉદ્યમ—વેપાર કરવો; રળવું. ૨ નફો—લાભ—ફાયદો કાઢવો.

કમી, વિ॰ [પ્રા॰] ઓછું; ઊણું; બાકી.

કમીજાસ્તી, સ્ત્રી॰ ઓછું કેટલું ને વધતું કેટલું તે બાબેની તપસીલ—હિસાબની જે વિગત તે.

કમીન, વિ॰ [આ॰] કપટી; દેયામેલું. [(પ્રકુપ).

કમીનો, વિ॰ [ફા॰] છેક હલકો; પામર; કઙ્ગાલ.

ક-મોત, ન॰ શિરસ્તા મુજબ વખત અને રીતસર જે મોત ન થવું તે; અકાળમૃત્યુ; ખુનથી—ડુબવાથી—વગેરેથી જે એકાએક મોત થાય તે.

કમોદ, સ્ત્રી॰ ખુશબો આપતું ઉત્તમ જાતનું ભાત અથવા તેના ચોખા. ૨ કલ્યાણરાગનો એક ભેદ. ૩ કુમુદ. કમોદ આપવી—ઝિલાવવી એટલે માર મારવો; કેસરી કરવી.

કમોદની, સ્ત્રી॰ કુમુદિની. [સમો.

ક-મોસમ, સ્ત્રી॰ મોસમ નહિ તે; ખોટો—અયોગ્ય

કમ્પ, પુ॰ [સં॰] હાલવું—ધ્રુજવું તે (સાધારણ રીતનું). ૨ હાલ્યાં કરવું તે; ધ્રુજારી; કમ્પારી (ભય, શોક, રોગ, વગેરેથી). ૩ કણકણાં; કણ્ટાળો.

કમ્પન, ન॰ [સં॰] હાલવું—ધ્રુજવું—કાંપવું તે.

કમ્પની, સ્ત્રી॰ [અં॰] મણ્ડળી; જથો. ૨ ભાગીદારોની ટોળી; પન્તપાળું. ૩ સઙ્ગત; સોબત.

કમ્પવાયુ, પુ॰ [સં॰] શરીર ધ્રુજ્યાં કરે એવી જે વાતવિકૃતિ તે.

કમ્પાણ, ન॰ [સં॰ કમ્પન] લાકડાંના તોળાટો ત્રાજવાં વગરની દાંડીનો જે કાંટો વાપરેછે તે.—એમાં કાંટાની સોય દાંડી ઉપર અવયવ બરોબર

નથી હોતી પણ લાંબે ટુંકે અન્તરે હોયછે. ૩ તડકામાં, શરમાથી થતો એક રોગ.

કમપાણી, વિ૰ તોફાટની એક જાત.

કમપાયમાન, વિ૰ કાંપતું; ધ્રુજતું; હાલતું; કમ્પવાળું.

કમપારી, સ્ત્રી૰ કમ્પ.

કમપારો, પુ૰ કમ્પ.

કમપાસ, પુ૰ [અં૰] અન્તર તપાસવાનું—જમીન માપવાનું ઇંજનેરનું એક ઓજાર. ૨ દિશા જોવાનો યન્ત્ર; હોકાયન્ત્ર. [પેલું હોય જેવું.

કમ્પિત, વિ૰ ધા૰ [સં૰] કંપતું—હાલતું—ધ્રુજતું ય-

કમ્પુ, સ્ત્રી૰ [અં૰] છાવણી. ૨ લશકરની ટુકડી; ફોજ.

કમ્બલ, પુ૰ [સં૰] કામળી; ધાબળી.

કમ્બુ, પુ૰ શંખ. કમ્બુગ્રીવા, શંખના જેવી ગરદનવાળી (સ્ત્રી). જેમ શંખને ત્રણ રેષા તેમ ગરદન ઉપર પણ ત્રણ રેષા.

કમ્મર, કમર.

કયડો, પુ૰ કનકવાની જે ઉભી કામડી—સળી તે. (ધાંકીને કામ કેછે). ૨ કરડો (૧ લા અર્થમાં).

કયામત, સ્ત્રી૰ [અા૰] મરવે મુએલાંનું પાછું ઉઠવું તે; મરવે મુએલાં પ્રાણીઓનો સામટો ઇનસાફ થવાનો દાહડો; છેલ્લો દાહાડો.

કયાસ, પુ૰ [અા૰] કલ્પના; અટકળ; ધારણા.

કયું, સ૰ નપુંસક લિંગના નામને ઓળખી લેવાને સારુ પુછતીવેળા એ શબ્દ વપરાયછે; કોણ.

કયું, કેવું એનો ભૂતકાળ. કઇ છુટવું—કઇને ન કેવાના વાંકમાંથી નિકળી જવું.

કર, પુ૰ [સં૰] હાથ. ૨ રાજ્યના ખરચને સારુ સરકાર, રૈયતપાસેથી જે વેરો લે તે; છાપો. ૩ ધરમનો લાગો. ૪ જગાત; દાણ; મેહેસુલ. ૫ કરનાર એવો અર્થ રાખેછે—(સુખકર; પ્રકાશકર.) ૬ (દક્ષણીમાં) રેનાર, વસનાર એવો અર્થ રાખે છે—(પુણેકર; થાણેકર).

કરક, કર્ક.

કરકટી, સ્ત્રી૰ હાડકી; ખાટલી.

કરકઠોળ, ન૰ પરચુરણ કંઈ કઠોળ તે.

કરકડ-વડી, સ્ત્રી૰ ખાટી તીખી કડકડ કરતી જે વડી તે—(ચોળા વગેરેની બનેછે).

કરકડાટ, અ૰ સ્પષ્ટતાથી અને ઉતાવળથી. (વાંચવું).

કરકરું, વિ૰ [સં૰ કર્કર] છેક મેદા જેવું લીસું—સુંવાળું નહિ તેવું; વચમાં વચમાં ઝીણી ઝીણી કાંકરી જેવું લાગતું હોય તેવું (લોટ વગેરે); જાડું; ખડબચડું. ૨ તીક્ષ્ણ; સ૰-અણ (છોકરું).

કરકશ, કર્કશ.

કરકશા, સ્ત્રી૰ [સં૰ કર્કશા] કજીઆડિએણ; કઠોર બોલણ કરનારી; નિર્દય (સ્ત્રી). "ધન ધનકે ગુણ તારું ભાગ્ય, કરકશા નાર મળી".

કરકસર, સ્ત્રી૰ હાથ રાખીને—સંભાળીને—જરૂર જોગજ ખરચ કરવો તે; મિતવ્યય. [છેક પાતળું.

કરકાંટિયું, વિ૰ ફકત હાડ ચામ રહેલાં હોય તેવું;

કરકોચલી, કરચલી.

કરખ, પુ૰ દુઃખ; શોક. "હરખે કરખે અનુભવ કર્યા, આકાશ ઉદરમાં વરતે દશે દિશા; જ્યારે જેનું રાજ્ય જાણ, ત્યારે માનવી તેની આણ". (અખો).

કરખી, પુ૰ ખેડુત.

કરગરવું, ક્રિ૰ અ૰ ઘણીજ ગરીબાઇથી રડવા સરખું મોઢું કરીને કાલાવાલા કરવા—માગી લેવું; આજીજી કરવી.

કરગસ, સ્ત્રી૰ કરચ. ૨ ભેજ; કચરો. [કો.

કરચ, સ્ત્રી૰ છેકજ નાની પાતળી કકડી; ઝીણો ભુ-

કરચલી, સ્ત્રી૰ હરકોઇ સુંવાળી—સાફ વસ્તુનું સંકોડાઇ અથવા વાળી જવું તે—(લુગડાં, ચામડી વગેરેની કરચલી). ૨ કરચલાની માદા.

કરચલું, ન૰ પાણીમાંનો એક જીવ. એના શરીર ઉપર આડવે આડવે તસુને છેટે આડા આંકા હોયછે.

કરચલો, કરચલી.

કરચાવવું, ક્રિ૰ સ૰ ચીડવવું.

કરચો, પુ૰ સાફ ન મુડાયાથી આછા કેશ રહી જાય તે. (અનાડી હજામે કરચા રાખ્યા).

કરજ, ન૰ [અા૰ કર્જ] કોઇની પાંસથી વ્યાજે લિધેલું જે નાણું તે; દેવું; દેણ. કરજ કરવું, કરજ વાળવું-અદાકરવું એમ કેવાયછે. કરજે કાડવું—કરજ કરવું.

કરજદાર, વિ૰ કરજ કરનાર; દેણદાર.

કરજળી-ઝાળી, સ્ત્રી૰ દીવા ઉપરના જે કોડિયામાં કાજળ પડેછે તે; મેશ પાડવાનું કોડિયું.

કરઞ્જ, ન૰ [સં૰] એક જાતનું ઝાડ.

કરઞ્જ-જો, પુ૰ [હિં૰] ફુવારો.

કરડ, સ્ત્રી૰ ભરડેલું બાત—એમાંથી નિકળેલા ચોખા તે. કરડના ચોખા કેવાયછે. ૨ ચુલાની અન્દરની બળેલી માટી. ૩ કેરી, કેળાં, ઘાસ વગેરે ખરીદી કરનારને સેંકડા ઉપર જે પાંચ,

દશ બારતી મળે તે.

કરડકણું, વિ૦ કરડવાની ટેવ હોય તેવું.

કરડપંચેમ, સ્ત્રી૦ ભાદરવા સુદ પાંચેમ. એ દહાડે બેરાંઓ કરડની કિમતી ખાયછે.

કરડવું, ક્રિ૦ સ૦ કોઈની ચાંમડી ઊપર દાંત દેવા—પાડવા; બચકું ભરવું. કરડીખાવું.

કરડાપાટી, સ્ત્રી૦ સોનીનું એક ઓજાર.

કરડી-નજર, સ્ત્રી૦ બીક લાગે તેવી—આકરી નજર. ૨ ગુસ્સો; જુલમ; સકિત. ૩ ગેરમેહેરબાની; અવકૃપા.

કરડું, વિ૦ આકરું; સખત. કરડો તાપ. ૨ તાતા સ્વભાવનું; સખતી કરનાર (ઉપરી).

કરડો, પુ૦ પગને અઙ્‌ગુઠે ઘાલવાની રૂપાની અને હાથની આંગળિયે ઘાલવાની રૂપાં—સુનાંની જે જાડી વીટી તે—એની જોડ હોયછે જે કરડા કેવાયછે. ૨ કનકવાની ઊભી કામડી. ૩ સોનીનું એક ઓજાર.

કરણ, ન૦ [સં૦] કોઈપણ ક્રિયાનું જે સાધન તે; જે વડે—જેની મારફતે કંઈ કામ થાય તે.—રામે, વાલીવાનરને બાણે માર્યો—કરણ તૃતીયા વિભક્તિમાંજ આવે. ૨ તીસ ઘડી અથવા બાર કલાક અથવા અડધી તિથિ જેટલો જે કાળ તે—એ સહુ મળીને ૧૧ છે: બવ, બાલવ, કૌલવ, તૈતિલ, ગરજ, વણિજ, વિષ્ટિ, શકુનિ, ચતુષ્પદ, નાગ, કિંસ્તુઘ્ન. (જ્યોતિષ). ૩ કરવું તે. શુદ્ધિકરણ, પઞ્ચીકરણ, એકીકરણ. ઈ૦. ૪ [સં૦ કિરણ].

કરણ, સ્ત્રી૦ એક ઝાડ. એના ફૂલ દેવને ચડેછે.

કરણી, સ્ત્રી૦ જે પ્રકારે કર્મ કરવાં તે. કરવું—કિધેલું તે. (કરણી તેવી પાર ઉતરણી). યોગ્ય કર્મ કરવાં તે સારી અને અયોગ્ય કરવાં તે નરસી કરણી કેવાય. ૨ કડિયાની થાપી. ૩ જેનું મૂળ નિઃશેષ ન નિકળી શકે તેવી સઙ્‌ખ્યા—√૩, ∛૭ વગેરે (ગણિતમાં).

કરણીય, વિ૦ [સં૦] કરવાને યોગ્ય.

કરણ્ડો, પુ૦ [સં૦ કરણ્ડ] કણ્ડિઓ.

ક-રત, સ્ત્રી૦ રત—મોસમ નહિ તે; અયોગ્ય સમય.

કરતલ, ન૦ [સં૦] હથેલી.

કરતવ, ન૦ [સં૦ કર્તવ્ય] કરવાનું તે; કૃત્ય.

કરતાં, અ૦ બેજણનો અથવા બે વસ્તુનો મુકાબલો કરતી વખત એક બીજાના ગુણ અને સઙ્‌ખ્યામાં ઊતર ચડ અથવા કમી જાસ્તી દેખાડવાને જે શબ્દ તે બેની વચમાં મુકવામાં આવેછે તે. ઘણાએ પઞ્ચમ વિભક્તિનો પ્રત્યય થી-થકી, કરતાં એ શબ્દનું કામ ચલાવેછે—પરમાર્થ કરતાં બીજું મોટું પુણ્ય કંઈ નથી; ધનથી પ્રતિષ્ઠાલોગણી સારી. ૨ છે તોપણ; છતે જો. તું જ્યાંની મારી સલાહ નથી એમ કરતાં જયો તો તમારે તમારું બોલવી લેવું પડશે. નાપાસ થવા જેવું છે તો ખરું તે કરતાં પરીક્ષામાં જજો. કરવું એ ઉપરથી કરતાં એટલે જ્યારે કામ ચાલતું હોય ત્યારે.

કરતા-કરતાર, [સં૦ કર્તા].

કરતાલ-ળ, સ્ત્રી૦ [સં૦ કરતાલિકા-લી] તાળ રાખવાનું જે સાધન તે.—અઙ્‌ગુઠો અને વચલી આંગળી એ બેને જોરે વગાડવાની લાકડાં અથવા ધાતુની જે બે ચીપો તે, બન્ને હાથની મદદથી વાગતી જે પિત્તળની—કાંસાની થોડી પોલી ચકતિયો; કાંસીયાં; ઝાંઝ.

કરતૂક-ત, ન૦ કરતવ; કૃત્ય; કર્મ. (નઠારાં).

કરનાર, વિ૦ જે કોઈ કંઈ કામ કરે તે.

કરન્તાં, કામ કરતાં (કવિતામાં).

કરપણ, વિ૦ [સં૦ કૃપણ] કઞ્જુસ; બખીલ.

કરપલ્લવ, પુ૦ [સં૦] હાથ (કવિતામાં). ૨ હાથનો સઙ્‌કેત.

કરપલ્લવી, સ્ત્રી૦ હાથની આંગળીના ચાળાથી સઙ્‌કેતમાં વાત કરવાની રીત; હાથનાં નામાં.

કરપવું, ક્રિ૦ સ૦ થોડું થોડું કરડવું. ૨ કાતરવું.

કરપા, પુ૦ કરચા. સ્ત્રી૦ કૃપા.

કરપી-ણ, વિ૦ [સં૦ કૃપણ] કઞ્જુસ; બખીલ; જેને હાથેથી કંઈ છુટે નહિં તે.

કરબ, પુ૦ [આ૦] મોટો ધાક; હાક.

કરબોડું, ન૦ બરૂની જાતનું જાડું ઘાસ.

કરમ, ન૦ [સં૦ કર્મ] કરવું; કામ; કર્મ. ૨ નસીબ; ભાગ્ય; ભાયેગ; કપાળ. ૩ ઘાતકી—નિર્દય કામ. (અરેરે શું કરમ કરેછે). ૪ રસ્તો માપવાની લાકડી. એ લમ્બાઈમાં બે કદમ હોયછે. કરમ ઉઘડવું—નસીબ ખુલવું. કરમ—ફૂટ્યું—અભાગિયું. 'જનમ આપે જનેતા પણ કરમ ન આપે કોય'.

કરમ, પુ૦ [સં૦ કૃમી] પેટમાં લાંબા ધોળા જે જીવ થાયછે તે.

કરમકહાણી, સ્ત્રી૦ ભુંડાં નસીબની વાત; દુઃખનું વર્ણન. ૨ પોતાની વડાઈની વાત. ૩ નજીવી વાત;

દ્રાપવું.

કરમદી, સ્ત્રી૦ એક જાતનું ઝાડ.

કરમદુ, ન૦ કરમદીનું જે ફળ તે. એ કદમાં પરતાં જેવડું ને સ્વાદે ખાટું હોયછે ને અથાણા વગેરેમાં વપરાયછે. એ બે જાતના છે, એક સુપેત ને એક લીલાં, ને પાકે તારે જાંબુવા રઙ્ગના થાયછે.

કરમ-અખસેરા, સ્ત્રી૦ [આ૦] ભાગ્યશાળી પણું. ૨ સખાવત; ઉદારતા. ૩ ક્ષમા.

કરવડું, વિ૦ જે વરસનો પાક આઠ આનીથી ઓછો [હોય તે.

કરમવેરો, પુ૦ માથાદીઠ આપવો પડતો જે કર તે. (સરકારને); જજીયો. ૨ નસીબમાં લખાવેલી જે વેઠ તે.

કરમાણી અજમો, પુ૦ ગાંધીને ઘેર મળતું એક કડવું ઓસડિયું. (અજમોદની જાત).

કરમાધરમી, અ૦ નસીબમાં હશે અને પૂન કીધું હશે તે પ્રમાણે. (સોદો તો કીધોછે હવે નફો કરમાધરમી છે).

કરમાવું, ક્રિ૦ અ૦ તેજ—રસવનાનું થઈ જવું; સુકું થવું. ૨ સઙ્કોડાવું; ખોડાવું.

કરમાળા, સ્ત્રી૦ આંગળીના કાપા ગણીને જપ કરવો તે. ૨ હાથમાં રાખેલી જપ કરવાની માળા.

કરમી, વિ૦ નસીબદાર; ભાગ્યશાળી; સુકરમી.

કરમો, પુ૦ રાંધેલા ભાતમાં દહીં બીજા જીરું મીઠું નાખી માતાને જે નૈવેદ ધરેછે તે.

કરમોડવું, ક્રિ૦ સ૦ ઘી—દીવેલ વગેરે પદાર્થ થોડોક લઈને અનાજ સાથે ચોળવો—મસળવો; મોવું. ૨ ચોળવું. દહીં ને ભાત કરમોડી ને ખાજે.

કરમોડિયા, પુ૦ ઢોરને થતો એક રોગ.

કરવડો, પુ૦ તાંબા પિત્તળનું પણ ઘણું કરીને મટોડીનું વાસણ જેને ટૂંકું નાળચું હોયછે તે.

કરવત, સ્ત્રી૦ [સં૦ કરપત્ર] લાકડું વેરી પાટિયાં પાડવાનું દાંતાવાળું લોડાનું હથિયાર. કરવત મુકાવવી એટલે ઊંધે માથે ટટાર બન્ધાઈને ગુણ આગળથી કરવત મુકાવી લાકડાંની પેઠે વેરાઈ જવું—એમ કીધાથી આવતે જન્મ મનમાન્યું સુખ મળેછે એવી એક ધર્મ ઘેલાઈ અસલ ચાલતીહતી.

કરવતી, સ્ત્રી૦ સોનીનું એક ઓજાર. ૨ એક જાતની ઘોડાગાડી.

કરવતીકોર, સ્ત્રી૦ કરવતના આકારની જે કોર— [છેડો તે.

કરવતીદાવ, પુ૦ કુસ્તી કરવાનો એક પેચ.

કરવીર, ન૦ [સં૦] એક જાતનું ફૂલ; કરેણનું ફુલ.

કરવું, ક્રિ૦ સ૦ [સં૦ કૃ] હરેક વસ્તુ—વિચારીને ધારેલી હાલતપર લાવવા સારુ તે ઉપર મેહેનત લેવી. ૨ મેહેનત લઈ ધાર્યું કામ પાર પાડવું; પૂર્ણ હાલતમાં લાવવું; બજાવવું. ૩ નવું ઉપજાવવું; નવી દશામાં આણવું; બનાવવું. ૪ પાળવું; વ્રત દાખલ ગણવું. તે મઙ્ગળવાર કરેછે.

કરશણ, ન૦ જાર—બાજરીનું ડુંડું; કણસું. ૨ ખેતી. ૩ ખેતરમાં ઓરેલાં અનાજના જે છોડો તે; મોલ. ઓણ કરશણ સારું છે.

કરશણી, પુ૦ [સં૦ કર્ષણ—ખેતી] ખેડુત. "પંડિત તે તે વિદ્યા કરસણી, સંત તો છે તે ફળના ધણી" (અખો).

કરસપ, પુ૦ [આ૦] ખડિયામાં ઘાલવાના સુતર રેસમના જે રેસા તે. ૨ અડકાયલી બીરીયો જે ચિથરાં કામમાં આણેછે તે.

કરાં, ન૦ [સં૦ કર] હવામાંથી છુટું પડી બન્ધાઈ ગયલું અતિ ટાઢું પાણી જે નાના મોટા પથ્થરના આકારમાં વરસેછે. એક પ્રકારનો બરફ.

કરાંજવું ઝવું, ક્રિ૦ અ૦ ઝાડે જતાં વાર લાગતી હોય તો જલદીથી ખુલાસો કરવસારુ દમ ઊંચો રાખી પેટને જોર આપવું.

કરાંટી-ઠી, સ્ત્રી૦ કપાસ તુવર વિગેરેનાં સુકાઈ ગયલાં ઝાડવાં—ડાળાં.

કરાઈ, પુ૦ પાટિયાં વેરનારો.

કરાએલ, વિ૦ શોભી રહેલું; કળા કરી હોય તેવું. —મોર પોતાનાં પીછાં ઉભાં મુગટનાઆકારમાં કરેછે ત્યારે તે કરાએલ કેવાયછે.

કરાડી, સ્ત્રી૦ નદી અથવા ખાડીના કિનારા આગળની જે જમીનમાં ખાડો—ઓબાણ હોયાને લીધે જ્યાં ઘણું પાણી રે તે. ૨ સોનીનું એક ઓજાર.

કરાડો, પુ૦ નદીના કિનારાનો જે ભાગ ઊંચો અને છેક સીધો આવી રયો હોય તે; ભેખડ. ૨ જે આડાં લાકડાંની ઉપર વેરવાનું લાકડું ઊભું કરવામાં આવેછે તે.

કરાણી, પુ૦ વાણના ધણીની તરફથી વાણમાં તપાસ રાખવાને નિમાયલો જે પુરુષ તે. એ, વાણની દરએક સફરે સાથે જાયછે ને આવેછે.

કરામત, સ્ત્રી૦ [આ૦] યુક્તિ; કળા. ૨ કિમિયા; હુન્નર. ૩ જાદુ; મોહ; અચરતી.

કરાર, પુ૦ [આ૦] કબૂલાત; વચન. ૨ ઠરાવ; પા-

કો વિચાર. ૩ એહેનક; નિરાંત; આરામએશ. ૪ રોગથકી છુટું—સારૂં થવું (એને કરાર થયો—વળ્યો).

કરારદાદ, પુ૦ [અ૦] કબૂલાતનો કાગળ. ૨ ટંટો માંડીવાળવા સમ્બન્ધી જે કાગળ તે.

કરાડિયો, પુ૦ કરોળિયો.

કરાળ, વિ૦ [સં૦ કરાલ] વિકરાળ; ભયંકર.

કરાળિયો, પુ૦ કરોળિયો.

કરિણી, સ્ત્રી૦ [સં૦] હાથણી. [વગેરે જે ચીજ તે.

કરિયાણું, ન૦ ગાંધીને પેર મળતી ઓસડ મસાલા

કરિયાતું, ન૦ ગાંધીને ઘેર મળતું એક કડવું ઓસડિયું—એ તાવ ઉપર આપવામાં આવેછે. કરિયાતાંની પાંદડી.

કરી, પુ૦ [સં૦] હાથી.

કરી, સ્ત્રી૦ માંદાં—આજારી માણસે ખાવા પીવામાં કેટલીએક ચીજની બન્ધી રાખવી તે; બન્ધી; પરેજી; પથ્ય. [રીતે આમ થયું.

કરી-કરીને, અ૦ થી; વડે. છરીયેકરી કપાયું; તેણે-

કરીમ, વિ૦ [અ૦] મેહેરબાન; સખી; ઉદાર. પુ૦ દુનિયાનો ધણી.

કરીર, ન૦ [સં૦] કેરાંનું ઝાડ.

કરુણા, સ્ત્રી૦ [સં૦] પારકાનું દુઃખ જોયાથી અથવા સાંભળ્યાથી દિલનું જે પિગળવું થાય તે; દયા; કૃપા.

કરુણાકર, વિ૦ દયાની ખાણ.

કરુણાપાત્ર, વિ૦ કરુણા—દયા કરવાને યોગ્ય.

કરુણારસ, પુ૦ [સં૦] (કાવ્યશાસ્ત્રમાં) નવરસ કેવાયછે તેમાનો એક. જેથી શોક થઈ દયા ઉપજે તે.

કરુણાળું, વિ૦ કરુણાથી ભરેલું.

કરૂપ, વિ૦ [સં૦ કુરૂપ] બદસુરત; બેડોળ; વરવું.

કરૂર, ક્રૂર.

કરેઠી, સ્ત્રી૦ કળોઠી.

કરેડું, ન૦ ગાય—ભેંસનું વિયાયા પછીનું તરતનું દુધ; ખરેડું. ૨ વિંધારાની સોયનો આથો.

કરેણ, સ્ત્રી૦ એ નામનું ઝાડ. [ફૂલ તે.

કરેણાં, ન૦ [સં૦ કરવીર] કરેણ નામનાં ઝાડનાં જે

કરેણો, પુ૦ કરેણનું ફૂલ અથવા ઝાડ.

કરેલું, ન૦ કારેલું. [કડાં વેરે તે.

કરૈ, પુ૦ પાટિયાં ઉતારવાસારુ કરવતથી જેઓ લા-

કરો, પુ૦ ઘરની બાજુએ ઈંટ તથા છો—મરોડું અથવા પથ્થર ચુનાનું જે ઉંચું આસતર તે; દીવાલ. એકલાં મરોડાંનું આસતર તે ભીંત.

કરોચલી, કરચલી. [કાખની વચમાનું).

કરોઠ, સ્ત્રી૦ શરીરનું ડાબું—જમણું પાસું (કેડ અને

કરોઠું, ન૦ એકાદાં ધર્મ કર્મ—વ્રત પાળવાનો વરસોવરસનો જે ધારો તે. તેને ઘેર માતા માડવાનું કરોઠું છે. જો કંઈ વધારે ખટપટ કરવા જઈશ તો કરોઠું પડશે.

કરોડ, સ્ત્રી૦ બરડાનું હાડકું. ૨ કરોઠ.

કરોડ, વિ૦ [સં૦ કોટિ] સો લાખની સઙ્ખ્યા બતાવેછે. ૨ બરડાનું હાડકું; બરડાંની આંક.

કરોડપતિ-ડાધિપતિ, વિ૦ કરોડ રુપિયાનો ધણી; ઘણોજ પૈસાદાર; તાલેવાન. [બકળ.

કરોડો, વિ૦ ઘણાએક કરોડ; અસઙ્ખ્યાત; પુ-

કરોધ, વિ૦ ક્રોધ.

કરોળિયો, પુ૦ એક જાતનો જીવડો—એ પોતાના શરીરમાંથી લાળ કાઢીને જાળાં બાંધેછે. એ પડ બાંધી તેમાં વિયાયછે. ૨ શરીરના એકાદા ભાગની ચામડી ઉપર જે આછા સફેદ ડાઘ જેવું થાય તે. (એક રોગ). ૩ માટીનાં વાસણ વેચનાર. ૪ એક વેલો ને તેના બી. એ બી ચણોઠીના જેવાં પણ કાળાં ને મોઢું ધોળું, એવાં થાયછે. [રાશિ.

કર્ક, પુ૦ [સં૦] કરચલો. સ્ત્રી૦ બાર ગરહેની ચોથી

કર્કશ, વિ૦ [સં૦] કઠોર—સખત લાગે તેવું; કડણ (શબ્દ વગેરે). ૨ કડવાબોલું; ચિડિયું; નઠરા સ્વભાવનું.

કર્કાર્ક, પુ૦ [સં૦] કર્ક રાશિનો સૂર્ય.

કર્ણ, પુ૦ [સં૦] કાન; સાંભળવાની ઈન્દ્રી. ૨ કાટખુણત્રિકોણમાં કાટખુણાંની સામેની જે બાજુ તે.

કર્ણપિશાચ, પુ૦ [સં૦] મન્ત્રથી વશ થતો એક પિશાચ (એક જાતનું ભૂત) છે. જો તાબે થયો તો તે ભૂત, વર્તમાન કાળની વાતો ઉપાસકના કાનમાં અદૃશ્ય રૂપે કેછે.

કર્ણફૂલ, ન૦ કાને ઘાલવાનું બૈરાંઓનું ઘરેણું.

કર્ત્તરિપ્રયોગ, પુ૦ [સં૦] જે પ્રયોગ—વાક્યમાં કર્ત્તાનાં લિઙ્ગવચનનો સમ્બન્ધ ક્રિયાપદ સાથે થાયછે તે. એ ત્રણ હોયછે: અકર્મક કર્ત્તરિ, સકર્મક કર્ત્તરિ અને ભાવ કર્ત્તરિ.—જમુ સમજી બેઠો, ગઙ્ગા ખાતી નથી, પેટમાં દુખેછે.

કર્ત્તરી, સ્ત્રી૦ [સં૦] કાતર. [તું.

કર્ત્તવ્ય, વિ૦ [સં૦] કરવાને ધારેલું—જરૂર હોય તે-

કર્ત્તવ્યતા, સ્ત્રી૦ [સં૦] કામ; કૃતિ; કર્મ. ૨ ફરજ; ધર્મ.

કર્ત્તા, વિ૦ [સં૦] કરનાર; બનાવનાર. ૨ સત્તા ધરાવનાર; માલિક; ધણી. ૩ વાક્યના અર્થમાં ક્રિયાનું કરનારું કલ્પાયું છે એમ જેને વિષે બોલાતું હોય તે.—નામ. (વ્યાકરણમાં)—જગન્નાથ, જગતની તમામ વસ્તુઓની સમ્ભાળ લેછે. એ વાક્યમાં જગન્નાથ એટલે ઈશ્વર એ, સમ્ભાળ લેછે એ ક્રિયાપદનો કર્ત્તા છે.

કર્ત્તાહર્ત્તા, વિ૦ [સં૦] કરનાર મારનાર; થાપનાર ઉથાપનાર. ૨ મુખ્ય ધણી—કારભારી. [ણું.

કર્તૃત્વ, ન૦ [સં૦] કરવાની જે શક્તિ તે. ૨ કર્ત્તાપ-

કર્તૃવાચ્ય, વિ૦ [સં૦] કર્ત્તાનું પ્રાધાન્ય હોય તેવું (વાક્ય).

કર્દમ, પુ૦ [સં૦] કાદવ; કિચ્ચલ; ગારો; કચરો. ૨ જાતિ યોની જે ભેળસેળ તે; સઙ્કરપણું.

કર્પૂર, ન૦ [સં૦] કપૂર.

કર્પૂરગૌર, વિ૦ [સં૦] કપૂરના જેવું ગોરું. પુ૦ શિવ.

કર્બૂર, વિ૦ [સં૦] કાબરું; કાબરચિતરું.

કર્મ, ન૦ [સં૦] કોઈપણ કામ; કરવાનું—કરેલું તે. ૨ ધર્મ સમ્બન્ધી કામ કરવાં તે—સ્નાન, સન્ધ્યા, પુજા, પાઠ, જપ, હોમ વગેરે, એ ત્રણ કેવાયછે—નિત્ય, નૈમિત્તિક અને કામ્ય. ૩ ચાલ ચલણ; વર્તણુક. ૪ સારાં—નીતિનાં કામ; સદાચાર. ૫ ફરજ; ધર્મ. ૬ કરતાની મેહેનત જેના ઊપર રેછે તે. તેનું ગણાય લીધુ.—(વ્યાકરણમાં). ૭ નરસાં—અનીતિનાં કામ. ૮ નસીબ; ભાગ્ય. ૯ પૂર્વ જન્મે કરેલાં સારાં નરસાં જે કામ તે.

કર્મકાણ્ડ, ન૦ [સં૦] વેદના જે ભાગમાં કર્મ સમ્બન્ધી શિક્ષા છે તે. ૨ બ્રાહ્મણોએ જરૂર કરવાનાં એવાં જે કર્મો તે.

કર્મદ્વિતીયા, સ્ત્રી૦ [સં૦] કર્મનેઅર્થે અથવા કર્મરૂપ જે દ્વિતીયા વિભક્તિ તે. (વ્યાકરણમાં).

કર્મપ્રયોગ, પુ૦ [સં૦] જે પ્રયોગ—વાક્યમાં કર્મનાં લિંગ વચનનો સમ્બન્ધ ક્રિયાપદ સાથે થાયછે તે.—રામે લંકા બાળી. [(વાક્ય).

કર્મણિવાચ્ય, વિ૦ [સં૦] કર્મનું પ્રાધાન્ય હોય તેવું.

કર્મનિષ્ઠ, વિ૦ [સં૦] ધર્મની ક્રિયા પાળવામાં જે ઘણું ધ્યાન રાખે—પુરું લાગ તે.

કર્મબન્ધ, વિ૦ [સં૦] અગાઉનાં કામો કરવાથી બન્ધાઈ ગયલું ભાગી શકે હોય તે.

કર્મજડ, વિ૦ [સં૦] ધર્મમાં ઠરાવેલાં કામ ન કરનાર અથવા તેથી આડું ચાલનાર.

કર્મમાર્ગ, પુ૦ [સં૦] પાઠ પૂજા હોમ વગેરેનાં કર્મે કરીને સ્વર્ગે જવાય તે માર્ગ. (જ્ઞાન માર્ગ નહિ).

કર્મયોગ, પુ૦ [સં૦] નસીબનો જોગ; બનાવ.

કર્માતીત, વિ૦ જેને કર્મનો પાશ અપડાવતો નથી તે; કર્મથી પર—જુદું.

કર્માન્તર, ન૦ શુભ કારજમાં અને ઘણું કરીને અગ્નિ-રણીમાં વિધિયુક્ત જે કર્મ ગોર કરાવેછે તે. [તે.

કર્મિષ્ઠ, વિ૦ [સં૦] જે નીત્ય સ્નાન સન્ધ્યા હોમ કરે

કર્મેન્દ્રિય, સ્ત્રી૦ [સં૦] જે ઈન્દ્રિયે કામો થાયછે તે.—એ પાંચ છે. ઇન્દ્રિય એ શબ્દ જોવો.

કર્ષણ, ન૦ [સં૦] જમીન ખેડવી તે; ખેતી કરવી તે.

કલ, પુ૦ [સં૦] ઝીણો શબ્દ—પક્ષીનું ગાવું, ભમરાનું ગુણગુણવું વગેરે. ૨ ઝોક; વલણ; ઈચ્છા. ૩ મધરાતનું અથવા બપોરનું થોડુંએક વટવું તે.

કલકલ, પુ૦ ઘણાંએક માણસ પશુ પક્ષી વગેરેનો જે ભેળો ન સમજાય તેવો શબ્દ; ગોંધાટ.

કલકલવું, કકલવું.

કલકલાટ, પુ૦ કલકલાણ.

કલકલાણ, ન૦ ગોંધાટ.

કલકી, કલ્કી. [દવાના કામમાં આવેછે.

કલખાપરી, સ્ત્રી૦ પકાવેલી માટીની એક વસ્તુ—એ

કલગી, સ્ત્રી૦ પાઘડી, ટોપી ઉપર ખોસેલું જે મોરપીછ વગેરે તે. ૨ ઘોડાના માથા ઉપર શોભાને માટે પીછનો જે તોરો મુકવામાં આવેછે તે. ૩ ફુલનો નાનો ગોટો. ૪ આદિશક્તિને ગાનારાઓની લાવણી. કલગીવાળા ને તોરાવાળા.

કલગીદાર, વિ૦ કલગીવાળું. [ગડું; બાંટ.

કલગેર, સ્ત્રી૦ સ્ત્રીયોને પેરવાનું એકજાતનું રેશમી લુ-

કલઙ્ક, ન૦ [સં૦] નઠારૂં કામ કીધાથી જે બેઆબરુ થાય તે; બટ્ટો. ૨ નઠારૂં કામ કર્યાનું જે આળ ચડે તે. ૩ ડાઘ; ખોડ; લાઞ્છન—ઘણું કરીને ચન્દ્રબિમ્બમાં જે કાળો ડાઘ દેખાયછે તે.

કલઙ્કી વિ૦ કલઙ્કવાળું. ૨ કલ્કી. [ણું.

કલણ્ડ, વિ૦ તોફાની; મસ્તીખોર. ૨ હઠીલું; લડક-

કલત્ર, ન૦ [સં૦] પરિણીત સ્ત્રી; પત્ની; ભાર્યા.

કલપ, પુ૦ કલફ. ૨. કલ્પ.

કલપના, કલ્પના. [ગારાવું; રડવું.

કલપવું, ક્રિ૦ અ૦ શોક કરવો; ઘણાં દુઃખથી ગ-

કલપાવું, ક્રિ૦ સ૦ ધારવું [આક્રન્દ; રડાપીટ.

કલપાન્ત, ન૦ આતીસ આકળાં થઈને શોક કરવો તે;

કલફ, પુ૦ [અં૦] બાલે લગાડવાનો રંગ. ઘડીએ

કલપ લગાડયો છે.

કલબલ, સ્ત્રી૦ કલકલ; ગોંધાટ.

કલબલાટ, પુ૦ કલબલ; કલકલાણ.

કલમ, સ્ત્રી૦ [સં૦ આ૦] જે ઘડેલાં બરૂ—છરીની અણી વગેરેથી લખી શકાયછે તે; લેખણ; કલેમ. ૨ નવું ઉપજાવેલું લખાણ; મુસદ્દો. ૩ અક્ષર; દસ્કત. ૪ બોલી; ભાષા. તે દશ કલમ જાણેછે. ૫ ચિતરવાની રીત—છટા. ૬ કોઈ લખાણમાં લખાણ—વિષય—બાબદનો નાનો ભાગ; પ્રકરણનો વિભાગ.—કાયદામાં બાબ, કલમ, અને રકમ એમ ઉતરતા અનુક્રમે હોયછે. ૭ કોઈપણ ઝાડની ડાળી, કલમ આકારે છરતી કાપી, રોપ લાગવાને—ઉગવાને જમીનમાં ઘાલવી—રોપવી તે. ૮ (એક ઝાડનાં ઉપર બીજાનાં ફળ લગાડવાઝાડું) એક ઝાડની ડાળી સાથે, તેના સરખી બીજા ઝાડની ડાળ જોઈ, તે બંને જે જગોપરથી મેળવી દેવી હોય તે જગોપર વચમાંનો ગરભ દેખાય ત્યાંસુધી છોલી, બન્નેને મેળવી, એકએકના છેદમાં બેસતી કરી તેપર છાણ માટીનો લોંદો વળગાડી ઉપર કપડું લપેટી દોરીબાંધી, તેનીપર પાણી ટપક્યા કરે તેવું નીચે છેદવાળું પાણીના વાસણનું મોઢું બાંધવું, એમ કરવાથી તે સન્ધાઈજઈ તૈયાર થાય ત્યારે, જે ઝાડ કાયમ રાખવું હોય તે ફેલાવદઈ પેલાં બીજાં ઝાડની ડાળોના સાંધા નીચેથી કાપી મુકવી ને પછી જે પેલી વળગી—સન્ધાઈ રહેલી ડાળી તે (કલમ). ૯ કોઈપણ ઝાડની ડાળીએ છાણ માટીના લોંદા વળગાડી ઉપર કપડું બાંધી તેનીપર પાણી ટપકાં ટપકું પાવું, એમ કરવાથી તે ડાળીને તે જગેપરથી મુળ ફુટ્યા પછી તેને કાપી બીજી જગોએ રોપવી તે (કલમ). કલમકરવી—બરૂ વગેરે ઘડી કલમ બનાવવી; કલમ ઘડવી. કલમ રોપવી—ઝાડની ડાળી કાપી ભોંયમાં રોપી દેવી. કલમ કાપવી—કરેલી કોઈ ચાકરીએ ન રાખે તેવી રીતે ચાકરીનો અનાદર કરવો; રદ કરી મુકવું.

કલમતરાશ, પુ૦ [ફા૦] ચપ્પુ; ચાકુ; છરી.

કલમ-દાન, ન૦ કલમ રાખવાનું લાકડાં, પીતળ વગેરેનું ઘર—ખડીયો.

કલમ-બન્ધી, સ્ત્રી૦ [ફા૦] સરકારની સત્તાથી જપ્તી લઈજઈ દેણદારના નિલકતની યાદી નોંધી લઈ રાખવી તે. એને કચ્ચી કલમબન્ધી પણ કહેછે; જપતી; ટાંચ. ૨ જુદીજુદી કલમ બાંધીને—ભાગો પાડીને લખવું તે.

કલમી-ન, સ્ત્રી૦ વ્હાણમાં મોટા કુવાની પાછળનો જે કુવો અથવા તે કુવા ઉપરનો જે સઢ તે; સુકાન તરફનો જે નાનો કુવો અથવા સઢ તે.

કલમો, પુ૦ [આ૦ કલામ] કુરાનનું એકાદું વાક્ય; મુસલમાનનાં શાસ્ત્રનું એકાદું વચન; દીનનો ફરમાન.

કલરવ, પુ૦ કુમળો મધુરો સ્વર. (કોયલ અથવા હંસનાં બચ્ચાં વગેરેનો).

કલવાર, વિ૦ શેડયાથી સફેત દેખાય ને ખાધેથી દૂધ જેવી મીઠી લાગે તેવી તોરે.—લાલ સોપારી. (કાઠિ૦). ૨ કોપલી, કાજળીવાળી. સોપારી (સુર૦)

કલવો, કુલેવો.

કલહ, પુ૦ [સં૦] કજિયો; કકંસ; લડાઈ.

કલહાન્તરિતા, સ્ત્રી૦ [સં૦] (કાવ્યશાસ્ત્રમાં) આટનાયકામાંની એક;—કોઈ કારણસર ખૂબ રિસાય અને પ્રિય કાલાવાલા કરે તોપણ મનાય નહિ ને ઉલટી તેને બે વચન કહે તેવી પણ પછવાડેથી ઘણી પસ્તાય અને વીરહથકી પીડિત થઈ છેક ગરીબ થઈ જાય તેવી જે સ્ત્રી તે. એને અભિસન્ધિતા પણ કહેછે.

કલાઈ, કલે.

કલાક, પુ૦ [અ૦] દાડો રાત મળીને જે કાળ ગુજરે, તેનો જે ૨૮ મો ભાગ તે; અવર; ૬૦ મિનિટ; ૨॥ ઘડી.

કલાદ, પુ૦ સોની.

કલાપ, પુ૦ [સં૦] માથાંની જટોને ઉપરા ઉપરી વિટાળેથી મુગટના જેવો જે ઘાટ દેખાય તે—(જટાકલાપ); સમૂહ; જથો—તન્તુકલાપ, પલ્લવકલાપ, કારણકલાપ, ઈ૦. ૨ મોરનું પુચ્છ. ૩ ચન્દ્ર.

કલાપી, પુ૦ [સં૦] મોર. ૨ કોયલ.

કલાપીટ, સ્ત્રી૦ માથાફોડ. ૨ આક્રન્દ; રડી કુટી ગોંઘાટ કરવો તે.

કલાબતૂ, પુ૦ [ફા૦] રેશમના દોરા ઉપર વિટાળેલા સોનાં રૂપાંના જે તાર તે.

કલાબો, પુ૦ [ફા૦] અંગરખા વગેરેની બાંયોને મુકાવેલા જે કાપ તે. ૨ એવા કાપવાળો જે જમિન તે—એ ઉપરથીજ કુલાબો કેવાય છે.

કલાર, એક જાતનું નાનું ઝાડ—એ ઝાડ અથવા એના પાનનાં ઉબટિયું કરવામાં વપરાય છે. એ શિરને ચડેછે ને બહુ ગાઢું છે.

કલાલ, પુ૦ [આ૦] દારૂ ગાળનારો અથવા વેચનારો; પીઠાંવાળો. એ શબ્દ સંસ્કૃત કલ્યપાલનો

'પણ અપભ્રંશ કેવાઈ શકે.

કલાલી, **સ્ત્રી૦** કલાલનો ધન્ધો.

કલિ, [સં૦] કળજુગ શબ્દ જોવો.

કલિંગું-ડું, કાલિંગડું.

કલિત, વિ૦ ધા૦ [સં૦] જાણેલું; સમજેલું.

કલિયાર, પુ૦ હરણના ટોળામાં જે શીંગડાવાળો મુખી હરણ તે; હરણો.

કલિયુગ, [સં૦] કળજુગ શબ્દ જોવો.

કલુષ, ન૦ [સં૦] પાપ. વિ૦ કાદવવાળું; ગન્દું.

કલેઠ, કલરૂઠ.

કલેક્ટર, પુ૦ [અં૦] જમીન સમ્બન્ધી કુલ વસૂલ, મેહેસુલ, કર વગેરે ઉઘરાવનારો ને એ સમ્બન્ધી તમામ કામની તપાસ રાખનારો સરકારથી નિમાયલો જે મુખ્ય અધિકારી—કામદાર તે.

કલેજું, કાળજું.

કલેડું, ન૦ કુલેડું.

કુલેડું, ન૦ રોટલા વગેરે કરવાની ઠિકરાંની તાવડી. (લેચી પણ એ ઉપર થાયછે). ૨ ધાણીચણા સેકવાની ઠીબ. "સાસુ ભાંગે તે કુલેડાં ને વહુ ભાંગે તે ઠીકરાં".

કલેમ, કલમ.

કલેવર, ન૦ [સં૦] માણસ—જનાવરનું ચૈતન્ય વિનાનું શરીર; ખોળિયું.

કલૈ, સ્ત્રી૦ સફેત પણ જરા પિળાસ મારતી એક ધાતુ. કલૈ કરવી—દેવી એટલે તાંબાં પિત્તળનાં વાસણોને કલૈ લગાડવી. ૨ કાચની પાછળ પારાના ભેગ સાથે કલૈ લગાડવી (કે મોઢું દેખાય). કલૈ કરાવવી—(લાક્ષણિક અર્થમાં) માથું મુડાવવું. કલૈગર—ઘડ-ઘડો એટલે કલૈ દેનાર અથવા કલૈના ઘાટ ઘડનારો.

કલૈસપેતો, પુ૦ ગાંધીને ત્યાં મળતો એક જાતનો ભૂકો—એ કોહ—પાકીગયલા સૈયડ ઉપર ચોપડવામાં આવેછે.

કલોડુ, ન૦ ગાડું.

કલોલ, કલ્લોલ.

કલોવો, પુ૦ પણનાર—વર—વરરાજા પણવા જતાં પેલાં—વરઘોડે ચડ્યા પેલાં કન્યાની તરફનાં બૈરાંઓ થાળીમાં લાડુ લૈને વરને ખવડાવવા આવે છે તે. કલોવો આવ્યો નથી.

કલ્કી, પુ૦ [સં૦] વિષ્ણુનો દશમો અવતાર. (થવાનો). ૨ લીલો ઘોડો.

કલ્પ, પુ૦ [સં૦] બ્રહ્માનો એક રાત દાડો; આપણાં ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વરસ; જગતની હૈયાતીનો અને પ્રલય થયા પછી પાછી ઉત્પતિ થાય ત્યાં સુધીનો જે કાળ તે. ૨ બ્રહ્માનો દાડો; જગતની ઉત્પત્તિ અને તેના નાશ એ બેની વચમાંનો કાળ. ૩ જગતનો પ્રલય; સૃષ્ટીનો નાશ. ૪ છ વેદાંગ કેવાયછે તેમાંનું એક; ધર્મ સમ્બન્ધી કર્મક્રિયાનાં વર્ણન અને રીતો વિષે જાણ કરનારું શાસ્ત્ર.

કલ્પતરુ-દ્રુમ, ન૦ ઇચ્છેલું આપે તેવું સ્વર્ગનું ઝાડ. એવાં પાંચ છે: **પારિભદ્ર** અથવા **લિમ્બ, મન્દાર, પારિજાતક, સન્તાન,** અને **હરિચન્દન.** ૨ જે ઝાડને ઘણો ફાલ આવતો હોય તે. ૩ જે ધન્ધામાંથી ઘણો લાભ થતો હોય તે.

કલ્પના, સ્ત્રી૦ [સં૦] હરેક વાતનો મનમાં પેલો જે આકાર બન્ધાય તે; મનમાં જે પ્રથમ વૃત્તિ ઉઠે તે; ધારણા. ૨ પ્રથમ વૃતિ ઉપરથી ઝટ લઇને બીજી નવી વૃત્તિ ઉત્પન્ન થાય તે; તર્ક; તુરંગ; બુટ્ટા. ૩ કોઈ વાત કરવા સમ્બન્ધી મનમાં જે રચના કરી—ઘાટ ઘડયો હોય તે; જુગતી; કળા. ૪ મનમાં ધારેલી મૂર્તિ. ૫ અટકળ; સુમાર. ૬ શક; ભ્રાન્તિ.

કલ્પનાશક્તિ, સ્ત્રી૦ [સં૦] કલ્પના કરવાની જે શક્તિ તે.

કલ્પનાસૃષ્ટિ, સ્ત્રી૦ [સં૦] કલ્પનાથી જે પેદા થયલું તે; નવા નવા તુરંગ—બુટ્ટા ઉડાવીને રચેલી જે રચના—વાત તે.

કલ્પનીય, વિ૦ કલ્પના કરવાને યોગ્ય.

કલ્પલતા, સ્ત્રી૦ [સં૦] ઇચ્છેલી વસ્તુ આપનારી વેલી (સ્વર્ગની).

કલ્પવું, ક્રિ૦ સ૦ કલ્પના કરવી; ધારવું.

કલ્પવૃક્ષ, કલ્પતરુ.

કલ્પાન્ત, પુ૦ [સં૦]. કલ્પનો અન્ત—છેડો; જગતનો પ્રલય. ૨ મોટી હાનિ; મોટો નાશ. ૩ અતિશય અસહ્ય એવું જે દુઃખ તે. ૪ અતિશય જે રડવું—કકલવું—કુટવું—શોક કરવો તે.

કલ્પિત, વિ૦ ધા૦ [સં૦] તર્ક—કલ્પના કરેલું; મનમાં ધારેલું. ૨ ખોટું (સાચાંનું ઉલટું.)

કલ્યાણ, ન૦ [સં૦] સારું થવું—હોવું તે; કુશળ; ક્ષેમ; સુખ; શુભ; મંગળ. ૨ એ નામનો રાગ—એની ઘણીએક જાતિ છે; એ દીવા થયાપછીથી તે છેક ૯ વાગા સુધી ગવાયછે.

કલ્યાણી, સ્ત્રી૦ કલ્યાણ કરનારી દેવી. ૨ સોહાગણ સ્ત્રી. "પીળી ચોળી રે પચ્ચ કલ્યાણી". ૩ ઘેર ઘેર નકામી ભટકનારી સ્ત્રી તે. બાઈ કલ્યાણી.

કલ્લા, પુ૦ [હિં૦] લમણાં અથવા ગાલ ઉપર જે વા-ળના ગુચ્છા તે. (મૂછને લગતા ગાલઉપર હોય તે-ને થોભિયા પણ કેહેછે).

કલ્લી, સ્ત્રી૦ હાથને કાંડે ઘાલવાનું સોનાં—રૂપાંનું ઘરેણું. ૨ ચાર આંગળાં અને અંગુઠા એથકી વળેલી લુગડાંની જે ઘડી તે.

કલ્લું, ન૦ હાથને કાંડે ઘાલવાનું સોનાં—રૂપાંનું ઘરેણું. ૨ બૈરાંઓને પગે ઘાલવાનું રૂપાંનું ઘરેણું.

કલ્લો, પુ૦ બૂમ; ગોંઘાટ. ૨ મુઠીમાં સમાય તેટલો ઘાસ વગેરેનો જથ્થો તે; કોળો; કોળો. ૩ જણનારીની ઓર નિકળતાં ચડી ન જાય તેને માટે તેને પેટે જોરથી હાથ ડાબી રાખવો તે—કલ્લો દેવો કેવાય છે.

કલ્લોલ, પુ૦ [સં૦] પાણીનું જે ઊંચું નીચું થવું તે; મોજાં; તરંગ; ખોડા; ઓઘડા; લેહેર. ૨ ખુશીનો અવાજ; હરખમાં ગાવું, પોકારવું, મઝા કરવી તે; આનન્દ.

કલ્હાર, ન૦ [સં૦] સુગન્ધ આપતું એક સફેત ફૂલ.

ક-વગું, વિ૦ વગ વગરનું. ૨ ક-ઠેકાણે હોય તેવું.

કવચંગું, કવગું.

કવચ, ન૦ [સં૦] શરીરનું રક્ષણ કરવાસારુ કુદરતી અથવા બનાવેલું જે ઢાંકણ તે—(ઝાડની છાલ અથવા અંગરખો). ૨ વર્મ; બખતર; ચિલખત. ૩ ભૂત, પિશાચ, જાદુ ન નડે અથવા નડતાં હોય તે જાય તેને સારુ ભોજપત્ર વગેરે ઉપર લખેલા મન્ત્રની જે ચિઠ્ઠી માદળિયાંવગેરેમાં રાખી હાથે અથવા કોટે બાંધી રાખવામાં આવેછે તે. ૪ ભૂત પિતૃની પીડા ટાળનારું એકાદા દેવનું સ્તોત્ર; પાઠ—નારાયણકવચ, શિવકવચ ઇ૦. ૫ એવા પાઠનો અકેકો ભાગ.તે-ચણ્ડીપાઠનાં કવચ.

કવચ, કોવચ.

કવચાં, ન૦ ધાતુ પુટી ઉપર કામ લાગતું ઓસડિયું.

કવણ, સ૦ કોણ; કિયું; શું. (કવિતામાં).

કવન, ન૦ [સં૦] કવિતા જોડવી તે. ૨ જે કવિતા કરી હોય તે. [કવરકું".

કવરકું, વિ૦ વાંકું આડું; કડવું. "કોણે વચન કવુરે

કવર્ગ, પુ૦ [સં૦] ક, ખ, ગ, ઘ, અને ઙ એ પાંચ અક્ષરોનો જે વર્ગ તે.

કવવું, ક્રિ૦ સ૦ કવિતા કરવી—"કવ્યું કવે તે શેનો કવિ, અને લિખી વાત તે શેની નવી". ૨ કેવું; કથવું.

કવળાં, ન૦ છાપરાં ઉપર નળિયાંની જે અકેક ઓળ—હાર તે.

કવાએત, સ્ત્રી૦ [આ૦] લશ્કરી માણસોને લડાઈના કામસારુ તરબિએત કરવાં—શિખવવાં તે, ૨ જુગતી; કળા; રચના. [ડી રીત.

ક-વાટ, સ્ત્રી૦ નરસો માર્ગ—રસ્તો. ૨ નઠારી—આ-

કવાબ, પુ૦ [ફા૦] છુંદી કચુમર કરેલા ગોશના સેકી અથવા તળી કાડેલા જે નાના ગોળા તે.

કવાલ, પુ૦ [આ૦] ખ્યાલ ગાનારા. ૨ ખ્યાલ.

કવાલી, વિ૦ ખ્યાલનું (ગાણું). ૨ કવાલ ગાનાર.

ક-વાસ, પુ૦ નઠારે ઠેકાણે રેહેવું થાય તે. ૨ દુર્ગન્ધ; ઓ.

કવિ, પુ૦ [સં૦ કુ—શબ્દ કરવો—સ્તુતિ કરવી] કવિતા—કાવ્ય કરનાર; શાયર. (જ્યાં ન પોંચે રવિ ત્યાં પોંચે કવિ). વિ૦ વિદ્વાન; પણ્ડિત; ડાયું.

કવિત, ન૦ [હિં૦] એક રીતની કવિતા.—એમાં ૩૧ અથવા ૩૨ અક્ષરોનું અકેકું ચરણ હોયછે.

કવિતા, સ્ત્રી૦ [સં૦] રસ ઉત્પન્ન કરનારી વાણી. ૨ અર્થ રસરૂપી જીવવાળી અને અક્ષર—માત્રા—તાળના નિયમથી કરેલી જે શબ્દરચના તે; કાવ્ય; શાયરી. ૩ નિયમ વાળી શબ્દરચના; પદબન્ધ. ૪ કવિતા કરનારો કવિ—"કહે કવિતા કરજોડ" (સામળ); અને કેટલાક લોક હાલંપણ કવિને કવિતા કેહેછે—તે તો કવિતા છે. [વિતા.

કવિત્વ, ન૦ [સં૦] કવિતા કરવાની શક્તિ. ૨ ક-

ક-વિદ્યા, સ્ત્રી૦ સ્ત્રિયોને ભોળવવાસારુ જુક્તિનું આડું પણ મીઠું મીઠું બોલવું તે. ૨ ઠગાઈ; લુચ્ચાઈ; હૈયામેલ. [વિ તે; કવિયોમાં રાજા.

કવિરાજ, પુ૦ બીજા બધા કવિયોમાં શોભતો જે ક-

કવીન્દ્ર, પુ૦ દેવતાઓમાં ઇન્દ્ર તેમ કવિયોમાં જે ઇન્દ્ર—શ્રેષ્ઠ—રાજા તે. [સર્વે લોકને માન્ય તે.

કવીશ્વર, પુ૦ [સં૦] કવિયોમાં જે સહુથી મોટો તે;

કવેશ્વર-સર, પુ૦ કવિ; મોટો કવિ. [વેળા.

ક-વેળા, સ્ત્રી૦ યોગ્ય સમય નહિ તે; ખોટી—નઠારી

કવ્ય, ન૦ [સં૦] પિતૃને પિણ્ડ ભોજન વગેરે આપવું તે. (અગ્નિનાં બળિદાનને હવ્ય કેહેછે). [યાર.

કશ, સ્ત્રી૦ તરાજ; કોશ; ખોદવાનું લોડાંનું હથિ-

કશ, પુ૦ કસ.

કશાસું, ન૦ કણસું; ડુંડું. (અનાજનું).

કશલી, સ્ત્રી૦ નાનો કળશિયો; કળશિયાની ઉપર બરોબર બેસતું મુકાય તેવું નાનું વાસણ.

કશાવું, કસવું.

કશું, વિ૦ કોઈ; કંઈ.

કષાય, પુ૦ [સં૦] કાઢો; ઉકાળો; કાડો. ૨ કટાણો સવાદ. ૩ રાતી મટોડીના જેવો રંગ. કષાય. [સં૦ કષાયિત]—રંગેલું; રંગના પાશવાળું.—"જે ઇન્દ્રિયે જે કષાય કર્યું, તેથી કામ ત્યાં તેવું સર્યું; સુએ બોલ બોલે છે બહુ, અને ગુડે બોલે તો નન્દે સહુ" (અખો). [પીડા કષ્ટ પડવું—પામવું

કષ્ટ, ન૦ [સં૦] શરીરને જે મેહેનત પડે તે. ૨ દુઃખ;

કષ્ટાવું, ક્રિ૦ અ૦ જણતાં પેટમાં પીડાવું (સ્ત્રી). તે બહુ કષ્ટાય છે. કષ્ટાવું તે વિશેષ અર્થમાં છે ને કષ્ટ પામવું એ સાધારણ અર્થમાં છે.

કષ્ટિત-કષ્ટી, વિ૦ ધા૦ દુઃખી; પીડિત.

કસ, પુ૦ [સં૦ કષ] કસોટી ઉપરથી નક્કી કરેલું સોનાં—રૂપાંનું સરસ—નરસપણું તે; સોનાં—રૂપાંની પરીક્ષા. ૨ કસોટી. ૩ [કષાય ઉપરથી] વસ્તુનું સત્વ—તત્વ; ખાસ રસ. ૪ બળ; જોર. [સ.

કસ, સ્ત્રી૦ અંગરખા, કાંચળી વગેરેનો બન્ધ; કે-

કસઈ, કસાઈ.

ક-સકન-સગણ, અપશકુન. ૨ અપશબ્દ.

કસકસાવવું, ક્રિ૦ સ૦ ખૂબ તાણવું—ખેંચવું. કસકસાવીને બાંધજે.

કસટિયો, પુ૦ સટ્ટાનો ધન્ધો કરનાર.

કસડો, પુ૦ રૂપાં—સુનાંનો કન્દોરો.

કસણવું, કોસણવું.

કસણું, ન૦ કણસ; ડૂંડું.

કસદાર, કસવાળું.

કસબ, પુ૦ [આ૦] રેશમ સાથે વણેલા સોનાં—રૂપાંનાં તાર તે; જર. ૨ ધન્ધો; રોજગાર; ઉદ્યમ. ૩ વેશ્યા—પાતરનો જે હીણો ધન્ધો તે. ૪ હુન્નર; કિસબ; કળા; જુગતી. ૫ હુસ્યારાઈ; હ-ગબાજી.

કસબચોર, વિ૦ પોતાનો હુનર બીજાને પુરો ન દેખાડે તે. ૨ કસબ ધન્ધામાં ઘરાકના માલમાંથી ન પકડાય તેવી રીતે થોડુંઘણું હલકું મેળનાર. ૩ કોઈ પોતાનો કસબ ન શિખવતો હોય તો તેને છેતરીને જે શીખી જાય તે.

કસબચોરી, સ્ત્રી૦ કસબ ચોરનું જે કામ તે.

કસબણ-બાતણ, સ્ત્રી૦ માત્ર નાચ ધન્ધાથીજ ગુજરાન ચલાવનારી વેશ્યા; પાતર; રાંડ. (નાચી ગાઈ ગુજરાન કરનારી તે વેશ્યા—ગુણિકા—રામજની).

કસબી, વિ૦ હુન્નર—કળા જાણનાર. ૨ હોશિયાર. ૩ કિનખાબનું; જર—જરીનું.

કસબેશ, કસબણ.

કસબો, પુ૦ [આ૦] માહાલ—પરગણાનું જે મુખ્ય ગામ તે; જે ગામમાં મામલેદારની કચેરી હોય તે—ગામડું—ગામ, કસબો, શેહેર એમ ચડતે અનુક્રમે છે. ઘણું કરીને શેહેરની આસપાસ કોટ હોય છે ને કસબાને હોતો નથી.

કસમ, પુ૦ [આ૦] સમ; શપત; સોગન.—કસમ ખાવા—ખવાડવા,—લેવા—દેવા.

ક-સમજ, સ્ત્રી૦ ઓછી—નરસી સમજ. [વખત તે.

ક-સમો, પુ૦ નઠારો સમો; ઘટતો નહિ એવો જે

કસમોડા, પુ૦ થોડું થોડું દુઃખ તથા આકર્ષણ થયાં કરવું તે—(જણવાના કસમોડા). ૨ કણકણા વગેરે તાવના જે ચિન્હ જણાય તે. (તાવના કસમોડા).

કસમોડાવું, ક્રિ૦ અ૦ કસમોડા થવા.

કસોમ્બો, કસુમ્બો.

કસર, સ્ત્રી૦ [આ૦] ઓછું તે; ઘટ; ખુટકો; ખુટ; કમી. ૨ ખોડ; ચુક; ભૂલ. ૩ કસઆ વના નજ ચાલે તેટલોજ અથવા તેથી પણ જે ઓછો ખરચ કરવો તે; કરકસરાઈ. ૪ પેટમાં પાચન શક્તિ ઓછી થવી તે; અપચો; અજીરણ. ૫ રોગ—આજારનું બદનમાં કંઈક બાકી રેહેવું તે.

કસરત, સ્ત્રી૦ [આ૦] અભ્યાસ; માહાવરો. ૨ શરીરને મેહેનત કરી વાળવું તે; જોર કરવું તે; તાલિમ ખેલવી તે. ૩ તાલિમ—આંગની મેહેનત સમ્બન્ધી જે ચતુરાઈના ખેલો તે.

કસરતશાળા, સ્ત્રી૦ કસરત કરવાનું ઠેકાણું. ૨ અખાડો; તાલીમ; રંગભૂમિ. [ગંજીસ; બખીલ.

કસરિયું, વિ૦ કસર કરનાર; કસરથી રેહેનાર. ૨ ક-

કસલિયું, ન૦ કોગળીયું થયા પછી જે આરામ થાય તે.

કસલી, સ્ત્રી૦ કશાલી.

કસવું, ક્રિ૦ સ૦ ખૂબ ખેંચવું—તાણવું. ૨ કસોટી ઉપર તપાસી જોવું; પરીક્ષા કરવી. ૩ કાપ દઈને તપાસ કરી નક્કી કરવું. તે તેને કસે છે. "સોનું જોઈયે કસી ને માણસ જોઈયે વસી.

કસાઈ, પુ૦ [આ૦] ગાય બકરાં ઘેટાંને છરીથી મારી તેનો માંસ વેચવાનો ધન્ધો કરનાર; ખાટકી.

વિ૦ નિર્દય; ઘાતકી; ક્રૂર.

કસાઈવાડો, પુ૦ કસાઈ રેતા હોય તે મોહલો; જ્યાં કસાઈ જનાવર કાપેછે અને વેચેછે તે ઠેકાણું.

કસાણું, કટાણું.

કસાર, કનસાર.

કસારકણા-બાપ્રણાં, ન૦ બળતણ; લાકડાં.

કસારી, સ્ત્રી૦ એક કુદતો—ઠેકડા મારતો જીવડો. એ ચાંદાં—ચાંદીપર આસન મુકેછે.

કસાવું, ક્રિ૦ અ૦ કસાયલું થવું.

કસીદો, પુ૦ [ફા૦] સુનાં—રૂપાંનું અને રેશમનું જે ભરત કામ તે; તરેહ તરેહનું કસબનું ભરત. ૨ ફટ અથવા નળિયાંને ભઠ્ઠામાં ખૂબ તાપ લાગ્યાથી તેના રસનો જે ગઠો બાઝેછે તે; છાંગડ; કીટો.

કસું, કશું.

કસુંએ, વિ૦ કશું; કંઈપણ; કોઈપણ.

ક-સુઝ, સ્ત્રી૦ કમ—ઓછું સુઝવું તે; ખોટી સમજણ.

ક-સુતર-રૂં, વિ૦ સેંતું નહિ તે; અઘરૂં; મુશકેલ. ૨ હરામી; તોફાની.—(છોકરું, માણસ, ઢોર). ૩ બગડી ગયલું. (ગાડું કસુતરૂં થઈ ગયું). ૪ સુતર—સીધું—પાધરું નહી તેવું; આડું; વાંકું; ઉલટું. આ છોકરો શું કસુતર છે, ગાડું કસુતરું થઈ ગયું.

કસુમ્બી, કોસમ્બી.

કસુમ્બી, વિ૦ કસુમ્બાના રંગનું; રાતું; લાલ.

કસુંમ્બું, ન૦ કસુમ્બી રંગનું લુગડું. (સ્ત્રિયોને પેરવાનું).

કસુમ્બો, પુ૦ [સં૦ કુસુમ્ભ ઉપરથી] કોસમ નામનાં રાતાં ફૂલમાંથી નિકળતો લાલ રંગ.—પાઘડી સાળુ વગેરે લુગડાં ઉપર ચડાવવામાં આવેછે તે. ૨ કસુમ્બી રંગનો જે સાળુ તે. ૩ પાણી સાથે ઘોળેલું અફીણ.

કસુર, સ્ત્રી૦ [આ૦] ચૂક; ભૂલ; ખામી; ખોડ. ૨ તકસીર; ગુન્હો; બેદરકારી.

ક-સુવાવડ, સ્ત્રી૦ અધુરે મહિને કાચો ગરભ પડવો—ગળવો તે. ૨ એમ થયેથી શરીરને જે નુકસાની હોવી તે.

કસોટી, સ્ત્રી૦ જે પથરી ઉપર સોનાં—રૂપાંની પરીક્ષા કરવામાં આવેછે તે. ૨ જેથી, કોઈ જાતની પરીક્ષા થઈ શકે તે—(માણસ, વાત વગેરેની).

કસ્તર, ન૦ કણસાગરણો, બાગમાં ઉગતાં વાસણ સાંધતી વેળા જે કથીર વગેરેનો લેપ કરેછે તે. ૨ ઝીણાં તણખલાં—(ઘઉં, બાજરી વગેરેમાં હોયછે). ૩ ઘણી વસ્તુઓનો ભેળાઈ ગયેલો ઝીણો ભુકો; રજકણ; ઝીણો કચરો.

કસ્તી, સ્ત્રી૦ પારસીમાં પુરુષ સ્ત્રીની કમરે, દીનના ફરમાનથી, ત્રણ આંટાની ઉંનની જે દોરી રાખેલી હોયછે તે. બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્યની ખાંધે જનોઈ અને પારસીની કેડે કસ્તી.

કસ્તુરિયોમૃગ, કસ્તૂરીમૃગ.

કસ્તૂરી, સ્ત્રી૦ [સં૦] તીક્ષ્ણ સુગન્ધિ આપતી કાળાશપર પડતી ભૂરી એક ચિકણી વસ્તુ. એ, એક જાતનાં હરણની ડુંટીની પાસેની કોથળીમાંથી મળેછે. એ ઘણીજ કિમતી ગણાયછે; એ, ઓસડમાં, મસાલા દાખલ અને કપાળે ટીલી કરવાનાં કામમાં આવેછે. એ, ઘણી ગરમ છે.

કસ્તૂરીમૃગ, પુ૦ જે હરણની (નરની) ડુંટીની પાસેની કોથળીમાંથી કસ્તૂરી મળેછે તે. એને શિંગડાં હોતાં નથી પણ આગળ મોડાંમાંથી બાર નિકળતા બે પાસ બે અણિયાળા દાંત હોયછે—માદાને હોતા નથી; એના આગલા પગના ઘુંટણને સાંધા નથી. એ ત્રણ ફુટ લમ્બાઈનું હોયછે. [જગાએ.

કહીં, અ૦ કિયે ઠેકાણે; ક્યાં. ૨ કોઈ ઠેકાણે—

કળ, સ્ત્રી૦ કળા; જુગતી. ૨ પેટી વગેરેને જડેલો, પિત્તળ અથવા લોઢાંનો સંચો—જેમાં કુંચી ફેરવેથી પેટી વગેરે ઉઘડેછે ને દેવાયછે. ૩ હાડકાંમાં અથવા પેટમાં એકાએક વાગવાથી દુઃખ થઈ ગૂમ થઈ જવાય તે.—તેને કળ ચડી-આવીછે. ૪ પુ૦ ઘણોજ ઢાડો લાગતો ચિકણો કાદવ—ઘણું કરીને નદી તળાવને તીરે હોયછે તે. ૫ માત્રા; કળા. (કવિતામાં). ૬ અધોટી; અટકળ. ૭ નીરાંત; ચેહેન. તેને હવે કળ વળી. ૮ જેથી સંચો ગટ ચાલુ થાય અથવા ચાલતો બન્ધ થાય તે ભાગ.—ભાગ. કળ ફેરવવી-મરડવી.

કળકળવું, ક્રિ૦ અ૦ કલેશ કરવો; તલાવું; કકળાટ કરવો. ૨ કકલવું. ૩ ખળખળવું.

કળજુગ, પુ૦ [સં૦ કલિયુગ] ચાર યુગમાંનો છેલ્લો. (સત, ત્રેતા, દ્વાપર ને કલિયુગ). એ, ૪૩૨૦૦૦ વર્ષનો ગણાયછે. તેમાં ૪૯૭૧ ગયાંછે. લખેલું છે કે એ યુગમાં લોક બહુ અધરમી ને પાપી થશે. ૨ ક્રોધ, કપટ, કજીઆબુદ્ધિ ઈ૦ દુર્ગુણ તે. આટલા ભુંડા નોતો પણ હવે તેનામાં કળજુગ આ-

ળ્યો—ભરાયોછે; તે૦ કળજુગનું માણસ છે એમ બોલાયછે.

કળણ, ન૦ જ્ઞાન; જાણવાપણું. (અખામાં).

કળહિડયો, પુ૦ વાંસના સળીનો કણિડયો. ૨ શૂદ્રની સ્ત્રીને હાથે પેરવાનું ઘરેણું.

કળતર, ન૦ શરદી—પવનને જોરે શરીરના કોઈ ભાગમાં જે દુખ થયાં કરે તે. ૨ ગુમડું પાકતી વેળા જે અન્દર ગટકા ભરેછે તે. ૩ ઉભાં અનાજની અજમાશ—અટકળ કાડવી તે. (કે આટલું ઉતરશે).

કળત્ર, કલત્ર.

કળથી, સ્ત્રી૦ એક જાતનું ધાન્ય—અનાજ.

કળપવું, ક્રિ૦ સ૦ મુએલાંને નામે માટલાં લુગડાં વગેરે આપતી વેળા બ્રાહ્મણના હાથમાં પાણી મુકવું; સંકલ્પ કરવો. ૨ કળપીએ કરીને ખેતર સાફ કરવું. [કળબ ફેરવવો.

કળપવું-બવું, ક્રિ૦ સ૦ ખેતરમાં—ચાસની વચમાં

કળપી, સ્ત્રી૦ ખેતરમાંનાં ત્રુલ—કરશણના ચાસની વચમાંનું ખડ—ઘાસ વગેરે સાફ કરવાનું—કાડી નાખવાનું તથા કરશણ કાપી લીધા પછીનાં મુળિયાં કાડી સાફ કરવાનું ખેડુતનું એક હથિયાર.

કળબ, સ્ત્રી૦ મોહોટી કળપી.

કળબવું, ક્રિ૦ સ૦ ખેતરમાં કળબ ફેરવવો.

કળમી, વિ૦ શૂદ્રની એક જાત—એ ઘણુંકરીને ખેતીવાડીનું કામ કરેછે.

કળવકળ, સ્ત્રી૦ જુગતી; તદબીર. [ણસ).

કળવકળિયું, ન૦ તદબીરથી કામ કાડી લેનારું. (મા-

કળવું, ક્રિ૦ સ૦ જાણી—સમજી જવું.—હું તારી વાત કળી ગયો. ૨ અટકળ કરવી. ૩ દુખવું—કળ્યાં કરેછે. [દટાઈ રેવું.

કળવું, ક્રિ૦ અ૦ કળતર—દુઃખ થવું. ૨ કાદવમાં

કળવૈળવું, ક્રિ૦ અ૦ કેળ આવવી.

કળશ, પુ૦ ધાતુનું ગોળ વાસણ. ૨ દેરાં ઉપર કળશના આકારનું ધાતુ અથવા છોનું શિખર તે.

કળશિયો, પુ૦ પાણી પીવાનું તાંબા પિત્તળ રૂપાં વગેરેનું વાસણ—એની ઘણી જાત છે. [રજવું.

કળશે-શિયેજવું, ક્રિ૦ અ૦ ઝાડેજવું; જંગલજવું; ખા-

કળસ, કળશ.

કળસી, સ્ત્રી૦ સોળમણનું માપ.

કળહીણ, કળાહીણ.

કળાંસી, સ્ત્રી૦ કળ (૧ લા અને ૮ માં અર્થમાં).

કળા, સ્ત્રી૦ [સં૦ કલા] શરીરની મેહેનતે અને ચપળતાએ થતું ચમત્કારિક જુગતીવાળું જે કામ તે; હુન્નર; કિસબ. ૨ તર્કબુદ્ધિ. ૩ જુક્તિ; હિકમત; ચતુરાઈ. ૪ ચન્દ્રનાં બ્યાસસૂત્ર—બિમ્બનો સોળમો ભાગ. ૫ સોળ એ સઙ્ખ્યાનો સઙ્કેત. ૬ આઠ સેકણ્ડ જેટલો કાળ. ૭ એક અંશનો સાઠમો ભાગ. (કળાના સાઠમાં ભાગને વિકળા કેછે). ૮ લેશ; છેક ન્હાનો ભાગ. ૯ કાન્તિ; તેજ; નુર; શોભા. ૧૦ માત્રા; ઉચ્ચારણકાળ. (કવિતામાં). [તા—માહિતી—ચતુરાઈ.

કળાકૌશલ્ય, ન૦ કળા—હુનર—કિસબ અને કુશળ-

કળાણ, ન૦ પગ મુક્યો કે તરત પેસી જાય તેવી ભીની જગા; ગારો; કાદવ

કળાધર, પુ૦ ચન્દ્ર.

કળાનિધિ, પુ૦ [સં૦ કલાનિધિ] ચન્દ્ર.

કળાપો, પુ૦ કકલવું; રડવું; શોક કરવો; આક્રન્દ.

કળાવન્ત, વિ૦ કળા—કાન્તિવાળું. ૨ અનેક કળા—ખેલ જાણનાર. પુ૦ ધ્રુપદ ગાનારા ગવૈયા અથવા સારઙ્ગી અથવા પખવાજ વગાડનારા.

કળાવન્તિણી-ન્તી, ગાયન—નૃત્ય કળા જાણનારી રામજની; તાયફો.

કળા-વાન, વિ૦ કળાવાળું. ૨ કળા જાણનાર.

કળાહીણ, વિ૦ કળા વગરનું.

કળિંગડું, ન૦ એક જાતનું ફળ; તડબુચ.

કળિત, કલિત.

કળિયો, પુ૦ ફૂલની મોટી કળી. ૨ ફળનું બી; ઠળિયો. ૩ ઉંચાં કૂળનો પુરુષ; કૂલીન.

કળી, સ્ત્રી૦ [સં૦ કલિકા-કલી] ફૂલની ખીલ્યા વગરની જે સ્થિતિ તે; ન ઉઘડેલું ફૂલ. ૨ ચણાના લોટની, કળીના જેવી જે સેવ તે; ભોજનનો પદાર્થ;—કળીના લાડવા વગેરે. ૩ અંગરખાના ઘેરાને ત્રિકોણાકાર જે કકડા હોયછે તેમાનો એકેક. ૪ અન્તઃકરણની સ્થીતિ. એની કળી ખીલીછે.

કળીચુનો, પુ૦ લીસા પથ્થરનો બનેલો જે ચુનો તે; સરસ ચુનો. પાનમાં ખાવાનો.

કળીજવું, ક્રિ૦ અ૦ સમજી જવું. ૨ કીચડમાં દટાઈ જવું. ૩ ઘણીજ શરદી થઈ જવી.

કળેવળે, અ૦ કળા—તજવીજથી; તદબીરથી.

કળો, પુ૦ કલહ; કલેશ. "કહે અમો ઉપજાવ્યો કળો".

કળોટી, સ્ત્રી૦ એક જાતની રેતી—;એ સેકાવાથી ઉજ-

ળી થાયછે અને સાથિયા—ચોક પુરવાનાં કામમાં આવેછે.

કળોઠ, સ્ત્રી० કરોઠ.

કળોઠી, કળોટી.

કળોઠું, કરોઠું.

કાં, અ० એ શબ્દ કોઈને પુછતીવેળા વપરાયછે, પણ પોતાનામાં કંઈ વિશેષ અર્થ રાખતો નથી; કેમ.—કાં ભાઈ શીદ જશો? ૨ શાસારુ—વાસ્તે; કેમ; શું.—તું હવે એમ કાં બોલેછે? [સારૂ.

કાં, અ० કઈ જગોએ; કિયે ઠેકાણે. ૨ કેમ; શા-

કાંઈ, કંઈ.

કાંઈએક-ક, કંઈક.

કાંકડ, ન० એક જાતનું ફળ છે.

કાંકડુ, કાંગડુ.

કાંકણ, ન० કંકણ. [લવાનું કાંગરીવાળું ઘરેણું.

કાંકણી, સ્ત્રી० સ્ત્રિયોને ડાબે હાથે વાંકના નીચે ઘા-

કાંકરી, સ્ત્રી० છેક નાનો જે કાંકરો તે. ૨ કાંકરાનો ખુંચતો ભુકો; રેતી.

કાંકરીદાવ, પુ० કાંકરીયો માંડીને રમવાની એક રમત. ૧૬ કાંકરી ને ૧ વાઘ અથવા ૩૨ કાંકરી ને બે વાઘ.

કાંકરો, પુ० [સં० કર્કર] પથ્થર—મેટોડાનો જે નાનો કકડો તે. "કાંકરે કાંકરે પાળ બંધાય ને ટીપે ટીપે સરોવર ભરાય" એ કેહેવત. ૨ સન્દેહ; શક; ભ્રાન્તિ. ૩ ખટકો; મનની લાગણી.

કાંકીડો, પુ० એક જાતનું પ્રાણી; સરડો; કાચણ્ડો.

કાંકે, અ० કારણકે; એમછે માટે; કેમકે.

કાંકેચડાવવું, ક્રિ० સ० ચિડવવું; ખિજવવું.

કાંકોલ, પુ० એક જાતનો કાંટાનો છોડ.

કાંગ, પુ० [સં० કઙ્ગુ] એક જાતનું પીળાસ મારતું ધાન્ય.—ગરીબ ગરબાં ખાયછે.

કાંગડુ, પુ० કઠોળમાં ન બફાય તેવા જે દાણા તે.

કાંગરી, સ્ત્રી० નાનો કાંગરો.

કાંગરુ, પુ० એક જાતનું ચોપગું.

કાંગરો, પુ० વસ્તુની કોરણ ઉપર થોડે થોડે અન્તરે જે કાપા પડેલા હોય તેમાંનો અકેક. ૨ ભરત ભરવામાં એક તરેહ.

કાંગસી, સ્ત્રી० એક જાતનો છોડ—એને ગોળ કાંગરા વાળાં ફળ હોયછે; કાંસકી. એ દવાના કામમાં આવેછે.

કાંગાઈ, સ્ત્રી० કાંગાપણું; નાજુકાઈ.

કાંગું, વિ० નાકોવતી દેખડાવવું; નાજુક; લાડકું; સુંવાળી સુંઠનું.—કાંગું માણસ રોગી—નિર્બળ નથી હોતું પણ લાડમાં—મોટાઈમાં પોતે નાજુક છે એમ દેખડાવેછે.

કાંગુંમુંડું, કાંગું.

કાંચવું, ક્રિ० સ० છેતરીને કોઈ સ્ત્રી સાથે—સોબત કરવી. ૨ છેતરવું.

કાંચળિયાપન્થ, પુ० નીચવરણ લોકમાં એક ધર્મવેલાઈનો માર્ગછે. એ પન્થના પુરુષો એ પન્થની સ્ત્રીઓસાથે મા દિકરી બેનનું સગપણ ન વિચારતાં યથેચ્છ વરતેછે. કેટલાએક, પોતાના તેહેવારને દાડે એક ઠેકાણે મળી ઉજાણી જમેછે અને પછી ત્યાં આવનારી સઘળિ સ્ત્રિયોની કાંચળી એક વાસણમાં એકઠી મુકેછે; પછી કોઈ મહન્ત, મન્ત્ર ભણીને અકેકી ઉઠાવી અકેકા પુરુષને આપેછે. જે સ્ત્રીની કાંચળી જે પુરુષને નસીબે આવે તે સ્ત્રીની સાથે તે પુરુષ તે રાત્રિયે નજરમાં આવે તેવી રીતે વરતેછે.

કાંચળી, સ્ત્રી० [સં० કઞ્ચુકી] સ્ત્રિયોને છાતીયે પેરવાનું બેસતું તંગ સીવેલું કપડું; કમખો; કાપડું. ૨ સાપ સાપેણની ચામડાની ખોલ. વરસે વરસે સાપ પોતાની જુની પાકી ચામડાની ખોલ ગુંછળું વળીને પોતાને મોઢેવતી કાડી નાખેછે.

કાંચીડો, કાંકીડો.

કાંજી, સ્ત્રી० [હિ०] આજારી માણસનેસારુ કનેરી; રાબડી; પેજ. ૨ ચોપડવાની લાઈ.

કાંજે, અ० કાંકે; કારણ કે; કેમકે.

કાંટલી, સ્ત્રી० સ્ત્રિયોને કોટે ઘાલવાનું ગોહોર પુતળિયાંનું ગાંઠેલું સોનાનું ઘરેણું.

કાંટલો, પુ० ગળાંને બેસતો આવતો એવો અંગરખાનો જે કાપ તે. ૨ પોપટ વગેરેની ડોકનાં પીછાંને જે નવો રંગ આવેછે તે.—કેટલાક કેછે એ રોગછે. ૩ ઘડા ગાગેર વગેરેના પેટાંની ઉપરનો જે ભાગ તે. ૪ સાળવી—વણકરનું વાણો—આડાદોરા ભરવાનું દોડવેતનું કોટિયા આકારનું લોઢાંની કડી અને સોયાવાળું લાકડાનું જે ઓજાર તે.

કાંટસરિ-ળિયો, પુ० સિન્ધુરિયા રંગનું પણ વાસવગરના ફૂલનું એક જાતનું કાંટાંવાળું ઝાડ.

કાંટી, સ્ત્રી० એક જાતની માછલી.

કાંટો, પુ० [સં० કણ્ટક] ઝાડની ડાળીમાંથી બા-

કડાનો જે સખ્ત અણીદાર ફણગો ફૂટી નિકળ્યો હોય તે; છાલમાંથી અથવા પાતરાંમાંથી જે અણીયો અથવા કઠણ ખુંચતી કુવાંટી બ્હાર નિકળી હોય તે. ૨ જેણેવતી વસ્તુ તોળાય તે—એ ઘણી જાતના હોયછે પણ સાધારણ આવા હોયછે: બે પાસ ત્રાજવાં અને ઉપરથી તે બેને જોડનારી એક લાકડાંની અથવા લોડાંની દાંડી હોયછે; એ દાંડીની વચ્ચોવચ એક સોય હોયછે અને એ સોય સ્થિર થોભી રહી એટલે તોલ થયું સમજાયછે. બે ત્રાજવાં તેમધ્યે એકમાં તોળવાની વસ્તુ અને બીજીમાં તેની બરોબરીનું વજન—જોખ મુકવામાં આવેછે. ૩ ત્રાજવું. ૪ ઘડિયાળમાં ફરતી અને વખત દેખડાવતી ધાતુની જે સળી તે—એ, અવર કાંટો, મિનિટ કાંટો અને સેકણ્ડ કાંટો એ નામે ઓળખાયછે. ૫ કોઈપણ દુઃખ દેતું—વચમાં હરકત કરતું માણસ વગેરે. ૬ બરડાનું હાડકું; કરોડ. ૭ ટેબલ પરનું માંસ વગેરેનું ખાનું ખાવાનું કાંટા સરખું જે હથિયાર તે. ૮ સવારીના ઘોડાને મારવાનો પગની એડીમાં ભેરવેલો કાંટા સરખો લોડાંનો જે ખીલો તે. ૯ જનાવરના શરીરનો ખુંચતો આંકડા આકારનો ઊભો અણીદાર જે ભાગ તે (વીંછી ભમરા વગેરેનો). ૧૦ સ્રિયોને ડાબા નસકોરામાંથી ઘાલી ઉપર રાખવાનું એક નાનું સરખું ગોળ મોતી જડિત ઘરેણું. ૧૧ કોઈપણ 'માછલીનું તીણી ધારવાળું હાડકું. ૧૨ ગુણાકારનો તાળો મેળવતી વેળા આવો × જે આકાર પાડેછે તે; તાળો. ૧૩ ઘોડાના તંગમાંની કડીમાં જે ખીલો જડેલો હોય તે. ૧૪ શરીરમાં જે એકાએક કમ્પારી થઈ આવે તે; કણકણો. ૧૫ ટાઢ અથવા રોગથી શરીરનાં, જે રુવાં ઊભાં રહી બડછટ જેવાં લાગે તે. ૧૬ દુખ દેતી છતે પણ મીઠી લાગતી એવી વસ્તુ (પ્રેમનો કાંટો). ૧૭ ઘોડાની લગામનાં ચોકડામાં જે લોડાંનો ગોખરુ તે. ૧૮ માછલી પકડવાનો ગલ. ૧૯ શૌર્ય; જોરસો; પાણી (કાંટાદાર આદમી). ૨૦ ખતરો. "કાંટો મનનો કાઢીનાખજો, તમે તમારી ભલાઈ રાખજો" (પ્રેમાનન્દ).

કાંઠલી, કાંટલી.

કાંઠલો, કાંટલો.

કાંઠો, પુ૦ દરિયા સરોવર વગેરેનાં પાણીને લગતો જમીનનો જે ભાગ તે; પાણીની હદ બાંધતી જમીન; કિનારો. ૨ કુવાનાં મોડાંની આસપાસ જે થાળું બાંધેછે તે. ૩ ઘડા ગાગર વગેરેનો કાંટલો. ૪ વાસણનો કાનો; છેક મોડાંપરનો ભાગ. ૫ હવાલા ચારણા વગેરેમાં જે ગોળ લાકડું ધાતુનું પતરું હોયછે તે. [થાય તે; પોંચો.

કાંડું, ન૦ હાથના જે સાંધા આગળ પંજો પૂરો

કાંણાંકોઠી, સ્રી૦ બાળકને રમાડવાની એક રીતી.—એમાં મોટી ઉમરનો માણસ સમજતાં બચ્ચાંને પોતાની પીઠ ઉપર લઈ કોટે વળગાડી ચોમેરીમ અહીં તહીં ફરે છે ને આ પ્રમાણે બોલેછે "કાણાં કોઠી મણમણ માંહું તેલ ભરી કોઈ લેશો રે".

કાંણું, ન૦ કોઈપણ નક્કર નાની વસ્તુમાં છેક નાનો જે આરપાર બાકું તે; વેહ; છીદ્ર; નાકું; સુરાખ; બાંક. આરપાર ન હોય તેવાને પણ કેહેછે.

કાંણું, વિ૦ જેમાં કાણું હોય તેવું (વાસણ); આરપાર અવકાશ હોય તેવું; એક બાજુએથી પેસી બીજી બાજુએ નિકળાય તેવું (ઘર). તે ઘર કાણું છે. ૨ ડોળોફુટી ગયેથી અથવા ફૂલું પડેથી જેનાથી એક આંખે દેખાતું ન હોય તેવું. 'કાણું ઘોડું ને કરડકણું, અનાથિયું ને ઉબાડું,' 'કાણા પંડ્યા નમસ્કાર તોકે લડાઈના ચાળા', 'કાણાંને કાણું કેતાં, કડવાં લાગે વેણ; પેરે પેરે પુછિયે, કેમ ગયું તુજ નેણ' 'કાગડો કાણો ને વાણીઓ મકવાણો'. (એકેવત).

કાંત, સ્રી૦ રેંટિયાની તરાક. ૨ ઓસડિયું

કાંતવું, ક્રિ૦ સ૦ સુતર ઊન રેશમ વગેરેને ખેંચીને તેના વળવાળા દોરા બનાવવા—(આગઅંગ-ચાથી, રેંટિયાથી, ફરકી તાકડાથી, ચક્રીથી, હાથથી). ૨ ઓછું કરવું; ઘટાડવું

કાંતીલોડું, કઠી ચડાવેલાં લોડાનાં પતરાં.

કાંતો-કાંતો, અ૦ અથવા; અગર. કાંતો નારી કુભારજા; કાંતો કન્થ ગમાર.

કાંદડું, ન૦ રેંટિયામાં તરાકના બે છેડા જેની અન્દર ઘાલવામાં આવેછે તે.—એ ચામડાનું અથવા છાલના રેસાનું બનેછે.

કાંદો, પુ૦ [સં૦ કન્દ] એક જાતનો ઘણા પડવાળો કન્દ—એ રાતો અથવા સફેત હોયછે; ડુંગળી; પ્યાજ. ૨ કન્દ; હરકોઈ મૂળિયાંની ગાંઠ—જડ. તેલિયો કાંદો—એ કડવો હોયછે ને ઓસડમાં વપરાયછે. ૩ ફાયદો; લાભ; નફો. કાંદો કાઢવો—ફાયદો કાઢવો; ફળ પ્રાપ્ત કરવું.

કાંધ, સ્રી૦ ખાંધ (અખામાં).

કાંપ, સ્ત્રી૦ કમ્પારી.
કાંપ, પુ૦ નદીમાં રેલ આવેથી ખાતરને લાયકનું જે તણાઈ આવેલું મેલું, રેલ ઉતરી ગયા પછી જે ઠરી રેહેછે તે; ચડું. [છાવણી.
કાંપ, સ્ત્રી૦ [અ૦] જ્યાં લશ્કર પડયું હોય તે જગા;
કાંપવું, ક્રિ૦ અ૦ કમ્પવો; હાલવું; ધ્રુજવું. ૨ બીવું; ડરવું.
કાંબડી, કામંડી.
કાંબળી, સ્ત્રી૦ હલકાં ઉનનું આખું વણેલું ઓઢવા વાપરવાને કામ આવતું કપડું; ધાબ-બળી.
કાંબળો, પુ૦ [સં૦ કમ્બલ] મોટી કાંબળી; ધાબળો.
કાંબી, સ્ત્રી૦ બૈરાંઓને પગે ઘાલવાનું રૂપાનું ઘરેણું.
કાંય, અ૦ કેમ.
કાંહે, અ૦ કેમ; શામાટે.
કાંસ, પુ૦ ખેતરને પાણી પાવામાટે ખોદેલા જે ખાડા તે; તળાવડી.—એમાં વરસાદનું પાણી ભર્યું રેહેછે. ૨ નદીમાંથી ખેતરમાં પાણી જવાની ખોદીને પાડેલી નીક—નેહેર.
કાંસકાં, કાંસિયાં.
કાંસકી, સ્ત્રી૦ એક જાતનો છોડ; કાંગસી. ૨ વાળ—વાળ હોળવાનો દાંતવાળો લાકડાં—હાથીદાંત—ધાતુનો એક ઘાટ.
કાંસાં, કાંસિયાં.
કાંસિયાં, ન૦ કીરતનિયાં વાજાં; ઝાંજ.
કાંસિયો, પુ૦ કાંસાનો મોટો વાડકો.—વખતે પિત્તળનાને પણ કેહેછે. ૨ પિત્તળની કડછી.
કાંસું, ન૦ [સં૦ કાંસ્ય] તાંબુ અને કલાઈ એ બેના મેળથી થયલી જે ઉપધાતુ તે—ત્રણ અથવા પાંચ ભાગ તાંબાના તો એક ભાગ કલાઈનો; પણ એમાં પિત્તળની અથવા જસતની થોડાક મેળવણી હોયછે ખરી. [કાઈ ગયો.
કાઇજવું, ક્રિ૦ અ૦ હારીજવું—બેસવું. હું તારાથી
કાએદો, કાયદો.
કાએમ, કાયમ.
કાએર, કાયર.
કાક, પુ૦ [સં૦] કાગડો.
કાકઅસીંગ, ન૦ એક જાતનું ઝાડ.
કાકડી, સ્ત્રી૦ ચોમાસાનું એક શાખઃ એને કુમળા કાંટા હોય છે. એ કાચી પણ ખવાયછે, શાખ ને રાઈતાં કરવાનાં કામમાં આવેછે. ૨ ચિથરાંને વળ દઈ બનાવેલો જે લાંબો આકાર તે—મળગાવવાના કામસારૂ. ૩ બત્તીની વાટ.
કાકડો, પુ૦ મળગાવવાની ચિથરાંની જે મોટી કાકડી તે. ૨ દીવા બત્તાંની જાડી વાટ. ૩ ગળાંની બારી આગળ માંસના જે લોચા તે; જીભનો પાછલો ભાગ. (કાકડા મળા ગયા એમ કેહેવાયછે).
કાકતાલીય, વિ૦ [સં૦] એકજ ક્ષણે બે બનાવ બન્યા હોય તેવું; ક્ષણમાં—તરતજ થયલું; અણચિન્તવું એકાએક આવીપડતું.—કાકતાલીય ન્યાય એટલે મેહેનત ન કરતાં એકાએક ઇચ્છેલી વસ્તુ મળી આવવી તેનો જે દાખલો તે. કેહેવત પણ છેઃ "કાગડાનું બેસવું ને તાડનું પડવું."
કાકપત્ર-દું, ન૦ [સં૦ કાકપદ] લીટી—ઓળમાં અક્ષર લખવો રહી ગયેથી લીટીની નીચે કાગડાના પગ જેવી આવી ^ નિશાની કરવામાં આવેછે તે.
કાકર, પુ૦ કરવતના જે દાંતા તે.
કાકરિયાં, ન૦ ગોળની ચાસણીમાં તલ નાખી બનાવેલા નાના નાના જે લાડુ તે. [લા (ઘઉં વગેરે)
કાકરિયા, વિ૦ ગોળની ચાસણીમાં સેકી એકઠા કરે-
કાકરિયાકુંભાર, પુ૦ એક કાબરચિતરું પક્ષી. એને માથે લાંબી ચોટલી હોયછે. [ખેતર.
કાકરિયું, ન૦ કાકરિયાનું એક વચન. ૨ કાંકરીવાળું
કાકલિયા, પુ૦ સૈયડ; સૈયડકાકા.
કા કા, પુ૦ કાગડાનો સ્વર.
કાકા, પુ૦ બાપનો ભાઈ. ૨ કોઈ પણ ઘરડા પુરુષને એ નામે બોલવવામાં આવેછે.
કાકાકૌઆ, પુ૦ માથે કલગીવાળું પોપટના જેવું એક સફેત પક્ષી. એને લોકો પોપટની પેઠે પાળેછે.
કાકાજી, પુ૦ સસરાનો ભાઈ. એ શબ્દે આજ બોલાવેછે. (પ્રરુપ નહિ).
કાકાટૌઆ, કાકાકૌઆ. [ભાગ્યું તૂટ્યું.
કાકાપુરી, વિ૦ થોડીવાર ટકે તેવું; જરજર થયલું;
કાકાબળિયા, પુ૦ સૈયડ; સૈયડકાકા; શીતળા.
કાકાબાસી, ન૦ હલકાં પાણીનું—એબવાળું એક જાતનું મોતી.
કાકી, સ્ત્રી૦ કાકાની બૈરી.
કાકીજી, કાકીસાસું.
કાકીડો, કાંકીડો.
કાકીસાસુ, સ્ત્રી૦ કાકાસસરાની બાઈડી.
કાકુ, પુ૦ છોકરો; કીલો (બાડીયાઓમાં).
કાકો, પુ૦ બાપનો ભાઈ.

કાંકોકોઓ, કાકાકોઓ.

કાકોસસરો, પુ૦ સગરાનો ભાઈ.

કાખ, સ્ત્રી૦ [સં૦ કક્ષ] ખભાની નીચેનો-પડખું અને બાહું એ બેની વચમાંનો ખાડો; બગલ.

કાખબલાઈ-બિલાડી, સ્ત્રી૦ કાખ—બગલમાં જે ગુંમડું થાય તે.

કાખી, સ્ત્રી૦ કાંચળીમાં કાખ આગળનો જે કાપ તે.

કાગ, કાગડો.

કાગજ, પુ૦ [પ્રા૦] કાગળ.

કાગડાકેરી, સ્ત્રી૦ એક જાતનું કેરીના આકારનું કાળું ફળ—એ અથાણાં તથા શાખ પરમાણે કામમાં આવેછે. [ડલી ઉપાડવાનું.

કાગડો સાણસી, સ્ત્રી૦ સોનીનું એક ઓજાર—કુ-

કાગડી, સ્ત્રી૦ ગાંડાંના બે ઉબિયા—થોરીયાનાં મોડાંપરનું પિત્તળ—લાકડાંનું જે તે. ૨ કાગડાની માદા.

કાગડો, પુ૦ [સં૦ કાક] કાળારંગનો કા કા કરતો એક પક્ષી. 'કાગડાને હાથે કંકોતરી આવી' એટલે તે ફરી ન રહે. 'કાગડાને સરાધ સોળે દાહાડા'. ૨ ચકોરપુરુષ.

કાગદ, કાગજ.

કાગદી, પુ૦ [પ્રા૦] કાગળ વેચનારો; ચોપડા બાંધનારો. ૨ કાગળ બનાવનાર. ૩ એક જાતનું લીંબુ.

કાગદી, વિ૦ પાતળી છાલવાળું (એળચી વગેરે). ૨ નાજુક; તકલદી; કાચળું.

કાગદીજુવાન, પુ૦ ઘણો નાજુક પુરુષ; જેનાથી ઘણું કામ ન થઈ શકે તે.

કાગપત્ર, કાકપત્ર. [કામ.

કાગમાળો, પુ૦ હલકી કિમ્મતનું થોડીવાર ટકે તેવું

કાગવન્ધ્યા, સ્ત્રી૦ એક છોકરું આવ્યાપછી દાડા ન રહ્યા હોય તે સ્ત્રી. ૨ કેળ "દમયંતીની જંઘા દેખી, કેળ રહી કાગવંધ્યા" (પ્રેમાનંદ).

કાગવાસ, પુ૦ પ્રેત અથવા પિતૃ નિમિત્ત કાગડાને કા કા અથવા કાગવાસ એમ બોલીને જે બળિદાન—ખાવાનું આપવું તે. ૨ કાગડાને ખાવા બોલાવતી વખત જે શબ્દ ઉચ્ચારે તે.

કાગવિદ્યા, સ્ત્રી૦ ભવિષ્ય કેવું તે; તેલિયા રાજાની જે વિદ્યા તે; કર્ણપિશાચવિદ્યા; જાદુ.

કાગળ, પુ૦ [ફા૦ કાગઝ] ચિથરાંને પલાળી કોહાડી કુટી બનાવેલાં જે સફાઈદાર કોરાં પતરાં તે —એની ઉપર પછી અક્ષર—આકૃતિ કાઢવામાં આવેછે. ૨ લખેલાં કાગળ—સગાં સ્નેહીને લખેલા અથવા બીજાં કોઈ જરૂરનાં લખાણનો.

કાગળપત્તર-ત્ર, પુ૦ વેવાર ઉપયોગી એક બિજાને લખેલા જે કાગળ તે.

કાગળિયાં, ન૦ કામના કાગળો (લખેલા). [અનર્થ.

કાગારોળ, પુ૦ રડાપીટનું કલકલાણ. ૨ કેર; મોટો

કાઙ્કોળ, ન૦ કાંટાનું એક ઝાડ.

કાઙ્ક્ષા, સ્ત્રી૦ [સં૦] ઇચ્છા; મરજી.

કાઙ્ક્ષિત, વિ૦ ધા૦ [સં૦] ઇચ્છેલું.

કાચ, પુ૦ [સં૦] રેતી અને મટોડાનો, ભઠ્ઠીની મારફતે થયલા ભેળથી બનેલો જે ચળકતો કઠણ પાતળો અથવા જાડો પદાર્થ તે. એની મુખ્ય ત્રણ જાતી છેઃ બિલોરી કાચ, ચિનાઈ કાચ, અને છેક સાદો ગામઠી કાચ. વાસણો, આરસા, બંગડી વગેરે કાચનાં બનેછે. ૨ આરસી. ૩ અમુક ખુણ આકૃતિવાળો ચળકતો મિશ્ર ધાતુ; ખાર વગેરેનો કકડો. [હિ તેવો એક રોગ.

કાચકી, સ્ત્રી૦ એક કાંટાવાળું ઝાડ. ૨ ગળે ઉતરે ન-

કાચકો, પુ૦ કાચકીનું ફળ. એ કરમના રોગ ઉપર ઓસડ દાખલ આપવામાં આવેછે; કાચકું પણ કેવાયછે. [આવેછે તે; દડબું.

કાચડ, સ્ત્રી૦ ગુમડાની આસ પાસની જે જગા સુજી

કાચણ્ડો, કાંકીડો. [૨ કાચબાની માદા.

કાચબી, સ્ત્રી૦ ગળે કંઈ ઉતરે નહિ તેવો એક રોગ.

કાચબો, પુ૦ [સં૦ કચ્છ] પાણીમાં રેતું એક પ્રાણી.—એની પીઠની ઢાલ અને કચકડાં બનેછે.

કાચર, સ્ત્રી૦ કકડી; કચર; કરચ.

કાચરકુચર, ન૦ આકસ બાકસ; પરચુરણ. એ શબ્દ ઘણું કરીને પરચુરણ ખાવાને અને 'ઘરના ભાગાતુટા પરચુરણ સામાનને લાગેછે.

કાચરિયું, કચરિયું.

કાચરી, સ્ત્રી૦ બે ફાડ કરી મીઠાની અન્દર આથી સુકવેલું ફળ, શાખ, વગેરેઃ—એક જાતની સુકવણી. કોઠીમડાં, નીકા વગેરેની કાચરી.

કાચલી, સ્ત્રી૦ નાળિયરનો ભાગેલો કકડો—કોપરાં સાથેનો અથવા કોપરાં વગરનો.

કાચલું, ન૦ નાળિયરમાંથી કોપરૂં, અથવા કઠણ છાલના ફળોમાંથી મીંજ, કાઢી લીધા પછી રહેલી જે કઠણ વાડકી અથવા છોડું તે.

કાચીજપતી, સ્ત્રી૦ હુકમનામાંની પેહેલાં સરકારમાં માલ અનામત રાખવા સારુ જે જપતી તે.

કાચીજમાખન્દી, સ્ત્રી૦ માહાલની પેદાશની અજમાશ કાડવી તે.

કાચીનોંધ, સ્ત્રી૦ ખરડો; નક્કી—પાકી નોંધ નહિ તે.

કાચીબુદ્ધી, વિ૦ મૂર્ખ; ગાફીલ; છેતરાય—ભોળવાય તેવું. [કરવાથી.

કાચીબુદ્ધિ, સ્ત્રી૦ નાદાની; બેસમજ; ઊંધીબુદ્ધિ; છો-

કાચું, વિ૦ પાકીને તૈયાર ન થયું હોય તેવું—(ફળ—ગુમડું). ૨ પૂરું બફાયલું નહિ તેવું(ચોખા દાળ વ૦). ૩ રાંધેલું નહિ તેવું (અનાજ). ૪ વિદ્યા ગુણ ચાતુરીમાં અપૂર્ણ હોય તે (માણસ). ૫ નક્કી નહિ તેવું (કાચો સોદો—હિસાબ વગેરે). ૬ વાપરથી ખરાબ થાય તેવું (કાચો રંગ). ૭ માપ ગણતરીમાં નાનું (કાચા ગાઉ). ૮ થોડીવાર ટકે તેવું (કાચો પાયો—મનસુબો). ૯ પકું ન હોય તેવું (ગુમડું). ૧૦ જેવું જોઈએ તેવું તૈયાર ન થયલું; અધુરું (કામ). ૧૧ થોડી આવડતનું; નવું; તાજું (આ નિશાળિયો હજી કાચોછે.) ૧૨ પોચું (હૈયું).

કાચુંકોરું, વિ૦ રાંધેલું નહિ તે. શેકેલું અનાજ અથવા મિઠાઈ. પૌઆ, ધાણી ચણા, ગોળપાપડી, ખરેરી વગેરે.

કાછ, પુ૦ કાછો.

કાછડી, સ્ત્રી૦ પેરેલાં ધોતીયાંનો છેડા તરફનો જેટલો ભાગ ચીપીને પાછળ ખોસવામાં આવેછે તે. કાછડી છુટી જવી—હિમ્મત હારવી.

કાછડીછુટો, વિ૦ છિનાળવો પુરુષ; પરસ્ત્રી લમ્પટ. ૨ હિમ્મત હારી ગયલો—કાયર પુરુષ.

કાછડો, પુ૦ બૈરાંઓ પેરેલું લુગડું ઘુંટણથકી ઊંચું લઈ તાણીને જેટલું પાછળ ખોસેછે તે.

કાછિયેણ, સ્ત્રી૦ કાછિયાની સ્ત્રી.

કાછિયો, પુ૦ શાક ભાજી કન્દ વગેરે વેચનાર.

કાછો, પુ૦ વેંત દોઢવેંત પોળાઈનો જે લાંબો પટકો તાણીને ગુહ્યને ઢાંકેછે ને કમ્મરે રેછે તે.

કાછોટો, પુ૦ પુરુષ પોતાનાં પેરેલાં ધોતિયાંને ઊંચું લઈ જેટલો ભાગ પાછળ ખોસેછે તે.

કાજ, અ૦ કાજે. [ડેની ક્રિયા ૩ નાતરું.

કાજ, ન૦ [સં૦ કાર્ય] કામ; કૃત્ય. ૨ મુવાં પછવા-

કાજગરું-ખરું, વિ૦ જુવાન જોધ. ૨ ખરું પ્યારું; લાડકું. ૩ નાજુક; તકલદી.

કાજળ, પુ૦ [સં૦ કજ્જલ] ચિકટ બળેથી નિકળતા ધુમાડાનું જે એકઠું થઈ રેવું તે; મેસ. ૨ ઘીના દીવાનો એકઠો થયેલો ધુમાડો—જેને બરાસ વગેરે ઘણાં સુગન્ધીદાર વસાણાં સાથે મેળવણી કરી આંખે આંજવાના કામમાં આવેછે.

કાજળી, સ્ત્રી૦ ઝારી; મેસ; કાજળ. ૨ કાજળ પાડવાનું ગડિયું. ૩ સોપારી કોપરું વગેરે બગડી જવાથી તેની અન્દર જે કાળી વસ્તુ દેખાયછે તે. ૪ સૌભાગ્યણને કરવાનું એક વ્રત.

કાજળગરી, વિ૦ કારજવાળી. 'પરપંચમાં કાજળગરી વાત, નીપજ નોય તેથી સાક્ષાત' (અખો).

કાજી, પુ૦ [આ૦ કાઝી] કુરાનના ફરમાન મુજબ ઈનસાફ કરવાને નિમાયલો અમલદાર. ૨ ઈનસાફદાર. 'ઓરત મરદ રાજી તો ક્યા કરે મિયાં કાજી'.

કાજુ, વિ૦ સારું. રૂડું; ખાસું.

કાજુ, ન૦ એક ઝાડનું બી—કળિયો. કાજુકળિયા. એ સેકાયા પછી ખાવામાં આવેછે.

કાજે, અ૦ વાસ્તે; માટે. ચતુર્થી વિભક્તીનો પ્રત્યય.

કાઞ્ચન, ન૦ [સં૦] સોનું; સુવર્ણ. ૨ સુગન્ધીદાર પીળાં ફુલનું એક ઝાડ.

કાટ, પુ૦ [સં૦ કાષ્ઠ] લોઢું વગેરે કેટલાએક ધાતુ ભીની હવામાં રેવાથી તે ઉપર જે રાતો અથવા નારંગી રંગનો અથવા લીલો થર ચડેછે તે. ૨ કલે વગરનાં તાંબા પિતળનાં વાસણમાં ખટાશ પડેથી તેમાં જે લીલો થર થઈ આવેછે તે. ૩ દુખ દેતી વસ્તુ; નડતર; નડ; હરકત. ૪ જે લાકડાંથી ઘર બાંધવામાં આવ્યું હોય તે જુનાં ભાંગાં. ૫ લોડાંમાં કટાવેલું ઓસડ. કાટકાડવો, હરકત—નડતર દૂર કરવી. ૨ મારી નાખવું. ૩ પતાવવું; માડીવાળવું. [પવું કાડવું તે.

કાટકૂટ, સ્ત્રી૦ ઘરનો ભાંગો તુટો સરસામાન. ૨ કા-

કાટકો, પુ૦ વિજળીથી આકાશમાં જે અવાજ થાયછે તે.

કાટકોણ-ખુણ, પુ૦ એક સીધી લીટી ઉપર બીજી સીધી લીટી લમ્બ રૂપે પડેથી જે ખુણો થાય તે; L ૯૦ અંશનો ખુણો. ૨ ભેતર, દિવાલ વગેરેની બાજુ સરખી—ચોરસછે એ જાણવાસારુ ઉપલા આકારનું લાકડાં લોઢાં પિત્તળ વગેરેનું જે સાધન તે.

કાટખુણચોખુણ, પુ૦ ચાર ખુણાની જે આકૃતિના ચારે ખુણા કાટખુણા—નેવુ નેવુ અંશના હોય તે.

કાટખુણત્રિકોણ, પુ૦ ત્રણ ખુણાની જે આકૃતિમાં એકખુણો કાટખુણો હોય તે. [વેચનારો.

કાટપીઠિયો, પુ૦ ઘર બાંધવાનાં લાકડાં—પાટિયાં

કાટલાં, ન૦ (૧ લા અર્થમાં) કાટલું તેનું અનેક.

વચન. [રવનાર.
કાટલાંદાસ, પુ૦ વચમાં પડીને ઓછું—નુકસાન ક-
કાટલિયો, પુ૦ અગિયારમાંને દાડે શૂદ્રને જમાડવાની વખતે ત્યાં પિણ્ડમાં પિણ્ડ મેળવનારો જે પુરુષ તે.
કાટલું, ન૦ લોઢાં, સોનાં, પથર વગેરેનું ઠેરવેલું જોખ; વજન. ૨ નુકસાન; ઓછું કરવું તે. ૩ સુવાવડી બાઈડીને સુંદરના લાડુ વગેરેનું જે ખાવાનું આપવામાં આવેછે તે. કાટલું કરવું—નુકસાન કરવું; ગેરફાયદો કરવો; ઓછું કરવું; કાપવું. કાટલાં સાંખવાં—જોખ મેળવી જોવાં. ૨ સ્ત્રી સાથે સોબત કરવી.
કાટાકાટ, કાપાકાપ. [કામડું.
કાઠી, સ્ત્રી૦ અગિયારમાંને દાડે શૂદ્રને જમાડવું તે;
કાઠડી-ડું-ડો, ઘોડા ઉપર લાકડાંની જે બેસણી તે.
કાઠલો, પુ૦ કન્યાને પરણતાં પેહેલાં થોડું ઘરેણું ચડાવવું તે.
કાઠાઘઉં, પુ૦ લાલાશપર પડતા એક જાતનાં ઘઉં.
કાઠાડલી, સ્ત્રી૦ ઘોડાપરનો સામાન ન પલળે તેને માટે ઉપર નાખેલી જે ઊનની તે. [પણું.
કાઠિન્ય, ન૦ [સં૦] કઠણપણું; મજબુતાઈ; કઠોર-
કાઠિયાવાડી, વિ૦ કાઠિયાવાડ પ્રાન્ત સમ્બન્ધી.
કાઠી, સ્ત્રી૦ લાકડી દાંડી (નિશાન અથવા વાવટાની). ૨ બાળવાનાં લાકડાંની ભારી. ૩ ખેતર—ઘર માપવાનું એક માપ; ૩૫ મુઠી; વીઘાનો ૪૦૦ મો ભાગ. ૪ ગરાસિયાની એક જાત;—કાઠિયાવાડમાં રેહેછે. ૫ શરીરનો ઘાટ—બાંધો. (એકવડી, બેવડી કાઠીનું માણસ).
કાઠું, ન૦ શરીરનો ઘાટ—બાંધો. ૨ હવાલા, સારંગા પખાજ ડફ વગેરેમાં લાકડાંનો જે ભાગ તે. ૩ કલમ કરવાનાં બહું.
કાઠું, વિ૦ કઠણ. (કાઠી ઠણેક, કાઠું લાકડું ઇ૦).
કાડ, પુ૦ પુરુષનો ગુપ્ત અવયવ.
કાડઘાલ, સ્ત્રી૦ વારે વારે કાડવું ને ઘાલવું તે.
કાડવું-(કાઢવું), ક્રિ૦ સ૦ માંયથી બાર ખેંચી લેવું. ૨ પાસેથી દૂર ખસેડી મુકવું. ૩ ચિત્ર, નિશાની, અક્ષર વગેરે કરવા; લખવું. ૪ શોધવું; મનમાં સન્તાયલું બાર તાણવું; જુક્તી કરવી. ૫ બાદ—બાતલ—રદ કરવું. ૬ સારાંશ લેવો; ઘડ—હાંસલ જોવું. ૭ મુસીબતથી સહન કરવું; ઘણે દુખે નિભાવવું. ૮ અવાજ—સાદ વગેરે મોટો કરવો. ૯ સમજાવવું; વાયદા કરવા. ૧૦ પૈસા વગેરે બા-

હાર વાપરવા. કાડી મુકવું—પાસેથી દૂર કરવું.
કાડો-(કાઢો), પુ૦ [સં૦ કવાય] ઉકાળો; ક્વાથ; કાવો. ૨ ખેતરની અન્દર વરસાદનું પાણી ભરાઈ રહેવાથી તે ઓવાઈ ન જાય તેને માટે ખેતરની સામમાં જે જુદી નીક—ગટર કાડેલી તે.
કાણ, સ૦ કોણ; કિયું.
કાણ, સ્ત્રી૦ આક્રાણ. કાણેજવું—પરગામથી રડવા આવવું. કાણ કરવી—માંડવી એટલે રડવું કુટવું. કાણ કરાવવી—ગવડાવી કુટાવવું.
કાણ, સ્ત્રી૦ સન્દેશો; ખબર; કેણ; સમાચાર કેવડાવવા તે; તેડું.
કાણી, સ્ત્રી૦ જોડી કાડેલી વાત; કિસ્સો; ગાથા.
કાણું, ન૦ કાંણું
કાણું, વિ૦ છિદ્રવાળું. ૨ એક આંખે આંધળું.
કાણેક કાણેક, કોઈ વેળા.
કાણ્ડ, પુ૦ [સં૦] બે ભાગની વચમાનો સાંધો. ૨ ઝાડનું ડાળું; ડાળી. ૩ તીર; શર; બાણ. ૪ ભાગ; પ્રકરણ; બાબ. [રામ; હોમ; દૈવત.
કાત, સ્ત્રી૦ દૂંટીની નીચેનો ભાગ; પેડુ. ૨ આય;
કાતડી, સ્ત્રી૦ માણસ—ઢોરની ચામડીની જે ખોલ તે. ૨ સોરાવાથી ઉખડી ગયેલી થોડાઘણી જે ચામડી તે.
કાતંડી, સ્ત્રી૦ પાતળાં ઠિકરાંનો ગોળ કકડો.
કાતણણી, કાતરણી,
કાતર, સ્ત્રી૦ [સં૦ કર્તરી] લુગડાં નિમાળા વગેરે કાપવાનું વચમાં ખીલી વાળું બે પાનાનું હથિયાર. કાતર મુકવી—નુકસાન કરવું. ૨ દગો દેવો.
કાતરણી, સ્ત્રી૦ છોડવા ઉપરથી કણસણાં કાપી લેવાં તે. ૨ કણસણાં કાપવાનો વખત. ૩ કણસણાં કાપવાનું હથિયાર. ૪ (એ વેળા) બ્રાહ્મણોને જે લવાજમ આપવામાં આવેછે તે.
કાતરવું, ક્રિ૦ સ૦ કાતરથી કાપવું. ૨ ઓછું કરવું —'કારતક કાતરે'. ૩ કણસણાં વાળા જુવાર બાજરીના પુળાપરથી દાતરડેથી કણસણાં કાપી લેવાં.
કાતરા, પુ૦ ચીરા; લીસોટા; કાપા; (જીભ હાથ પગ વગેરે ઉપર પડતા). ૨ છેક પાતળા નાના કકડા (કપડું કાગળ સોપારી વગેરેના). ૩ એક જાતની આતશબાજી.
કાતરિયું, ન૦ ઘરનો, છાપરાંને લગતો છેલ્લો જે માળ—મેડો તે. ૨ એક જાતનું લાકડાંનું હથિયાર. ૩ બે ચુડીની વચમાંનું લોઢાંની પાતળી ચીપ

નું કડું. [ની).

કાતરી, સ્ત્રી૦ ફળની પાતળી કકડી તે (સોપારી વગેરે-

કાતરો, કાતરાનું એકવચન. ૨ (આમલી—કેળાંનો).
૩ હાથે ચાલવાનું ધરેણું.

કાતલી-ળી, કાતરી. [ફ પાળી.

કાતી, સ્ત્રી૦ લોઢું. ૨ પેટમાં છરી—દગો. ૩ કરવત.

કાતું, ન૦ છુરી; પાળી.

કાતેર, કાતર.

કાથરોટ, કથરોટ. [તુટાં લાકડાં.

કાથાકબલા, પુ૦ ફાટાં તુટાં કપડાં અથવા ભાગાં

કાથાગોળી, સ્ત્રી૦ વઝાણા ભેળીને બનાવેલી કાથાની
જે ગોળી તે (પાનમાં ખાવાની).

કાથો, પુ૦ ખેર વગેરેની છાલમાંથી કાઢેલો અરક,
જેને સુકવીને પાનમાં ચુના સાથે ભેળવામાં આવે-
છે. ૨ નાળિયેરનાં છાલાંના રેસાઓ જે વણેલા
હોય તે. ૩ કાથાની દોરડી.

કાદવ, પુ૦ [સં૦ કર્દમ] પાણી મળવાથી ધૂળ—મટો-
ડાની જે હાલત થાય તે; કિચ્ચડ; ગારો.

કાન, પુ૦ [સં૦ કર્ણ] સાંભળવાની ઇન્દ્રી, જે બે કુસ-
તા અંગની વચમાં માથું હોયછે તે. ૨ સારઅસાર
સમજવાની જે અશક્તિ તે; સાંભળીને ભમાઇ જ-
વાય તે. (મૂરખને કાન હોય પણ સાન ન હોય).
૩ બન્દુક—પિસ્તોલનાં જે કાંણામાં જામગરી સળ-
ગાવી મુકવામાં આવેછે તે. કાન ઉઘડવા—ખુલવા
એટલે વાત મનમાં આવવી; ચેતવું; જાગૃત થવું.
કાન ઉઘાડવા—ખોલવા એટલે ચેતવવું; જાણીતું
કરવું; સમજાવવું. કાનપર હાથ મેલવા—રાખવા,
કાને હાથ દેવા, કાનેથી કાઢી નાંખવું એટલે ન
સાંભળવું; ધ્યાનમાં ન લેવું; ઉડાવવું. કાને ચડવું
એટલે કોઇની વાત સાંભળીને પોતાની તરફનો વિ-
ચાર ન કરતાં તેમ કરવું. કાન ફુંકવા એટલે મન્ત્ર
આપવો; ઉપદેશ કરવો. ૨ ચેતવવું; ઇશારત ક-
રવી. ૩ ભમ્ભેરવું; ફેરવવું; ભમાવવું. કાન ભરવા
એટલે ભમાવવું; વાતો સમ્ભળાવીને પોતાની તરફ-
નું કરાવવું. કાન ફુટીજવા એટલે બેરાં અથવા
બેરાં જેવું થવું. કાન પકડાવવો—ઝલાવવો એટ-
લે ભૂલ દેખાડવી. ૨ પસ્તાવો કરાવવો. કાન ચિ-
મટવા—મડવા—આમળવા એટલે ઠપકો દેવો;
શિક્ષા કરવી; સુધારવું. કાન કાપવા એટલે વધારે
સરસ થવું. ૨ ઠગવું. કાન દેવા—માંડવા એટલે
ધ્યાન દઇને સાંભળવું. કાન ઓતરવા એટલે કાન-
માંથી મેલ કાઢવો. કાન૦ વનાનું એટલે બેરું.
કાનનું કાચું એટલે અડધું પડધું સાંભળે તેવું; થોડું
બેરું. ૨ ભોળું; સાંભળતાંજ તરત ભોળવાઇ જ-
ય તેવું. કાન ફફડાવવા—હોંશ ઉરાડવી. (કુતરો
કાન ફફડાવેછે—ઘોડો કાન ઉભા કરેછે). કાને
પડવું—કાન ઉપર અવાજ આવવો; સમ્ભળાવું.
કાને હાથ દેવા—ન સાંભળવું. આંખ આડા કાન
કરવા—ઉડાવવું. કાનેવાળિયો—ચેતવણી આપ-
નાર; મળતિયો. કાનોકાન—ત્રીજા શખ્સની માર-
ફત વગર. કાનોકાન સાંભળ્યું—(જાતે પોતે).
૨ એક કાનેથી બીજે કાને, ત્રીજે કાને એમ (વા-
ત ફેલાવી). "કાને ઝાલ્યા હાથિયા ન રહે" એ
કેવત

કાન-નુડો, પુ૦ કૃષ્ણ.

કાનકડિયું, ન૦ રાતે દેખતું ઉડતું, વનવાગળની જા-
તનું એક પક્ષી; કાનચિમડિયું.

કાનકોચિયા, પુ૦ કાને બાંધવાનું કપડું.

કાનખજુરો, પુ૦ સાપના આકારનો ઘણા પગને
પાતળો જન્તુ.—એ લમ્બાઇમાં એકથી તે સવા
વેંતનો ને ઝેરી હોયછે.

કાનચિમડિયું, વાગોળ. ૨ વાગોળના જેવું, ઘરોમાં
રેતું એક પક્ષી. (વાગોળ ઝાડપર ટિંગાઇ રેછે).

કાનચિમોરી, વાગોળ.

કાનડી, વિ૦ કરણાટક દેશ સમ્બન્ધી. ભાષા રીત ઇ૦.

કાનડું, કાંદડું.

કાનડો, પુ૦ રાતે ગાવાનો એક રાગ.

કાનઢાંકણી, વિ૦ કાનને ઢાંકનારી (ટોપી).

કાનન, ન૦ [સં૦] વન.

કાનપટો, પુ૦ કાને બાંધવાનો લુગડાંનો પટો.

કાનફટો, પુ૦ કાનને વીંધીને માંય મુદ્રા—કડી ઘા-
લવો હોય તે જોગી; ગોરખપન્થી.

કાનસ, સ્ત્રી૦ ધાતુને ઘસી સાફ કરવાનું તીખાં લોડાં-
નું ઝીણા દાંતાનું ઓજાર; રેતડી.

કાનસિયા, પુ૦ લમણાનીપાસે કાનને લગતા વાળનાં
જે ગુચ્છા તે. "દીકરીયોનાં દામ, કુદપે બાગ્યા ર-
સિયા; કરે કારમાં કામ, કેશ ધરે કાનસિયા" (દ-
લપતરામ). [ડું.

કાનસિયાળ, સ્ત્રી૦ કાનખજુરાની જાતનું રાતું જીવ-

કાનૂ, ન૦ એક પ્રકારનું વાદ્ય—વાજું.

કાનૂન, પુ૦ [અ૦] કાયદો; ધારો. ૨ રિવાજ.

કાનો, પુ૦ આ સ્વરની નિશાની; અક્ષરની પાસે

એનો જે ઊભા લીટો કાડવામાં આવેછે તે. ૨ વાસણનાં મોડાંની કોર.

કાનોમાત-ત્રા, કાનો અને માત્રા. ો, ૌ.

કાન્ત, પુ૦ [સં૦] વર; પતિ; સ્વામિ; ધણી; નાથ.

કાન્તા, સ્ત્રી૦ [સં૦] પોતાની વહુ; બૈરી; પત્ની. ૨ પ્યારી સ્ત્રી; લલના (પછી પરિણિત કે રાખેલી). ૩ ખુબસુરત ઓરત.

કાન્તિ, સ્ત્રી૦ [સં૦] તેજ; ચળકાટ; નૂર. ૨ ખુબસુરતી; શોભા; પ્રભા; સૌંદર્ય.

કાપ, પુ૦ કાપવું તે. ૨ કાપો; ચીરો. ૩ કાપલી. ૪ સ્ત્રિયોને કાને ઘાલવાનું એક ઘરેણું.

કાપકૂપ, સ્ત્રી૦ કાપવું ફાડવું તે.

કાપટય, ન૦ [સં૦] કપટ.

કાપડ, ન૦ (૧ લા અર્થમાં). કપડું; લુગડું; થાન.

કાપડિયો, પુ૦ કાપડ વેચનારો. [ળી; ચોળી.

કાપડું, ન૦ સ્ત્રિયોને છાતીએ પેરવાનું વસ્ત્ર; કાંચ-

કાપણી, સ્ત્રી૦ ખેતરમાં અનાજ, છોડવા સુકાં કાપી નાખવું તે. ૨ અનાજ લણવાનો વખત. ૩ સોના રૂપાં વગેરેનાં પતરાં કાપવાનું હથિયાર.

કાપલી, સ્ત્રી૦ કાપવાથી પડેલો છેક પાતળો અને નાનો કકડો.

કાપલો, પુ૦ મોટી કાપલી. ૨ કાપલો.

કાપવું, ક્રિ૦ સ૦ કોઈ વસ્તુ ઉપર લોડાનું હથિયાર વાપરી ઘા—ભાગ કરવો; ચીરવું; ખણ્ડિત કરવું. ૨ લવાજમમાંથી ઓછું—કમી કરવું.

કાપા, પુ૦ લીસોટા; આડા અવળા લીટા.

કાપાકાપ-પી, સ્ત્રી૦ હથિયારથી જોસમાં કાપી નાખવું તે; ખુનરેજી; કતલ. ૨ અદાવત; મારામારી.

કાપાકુપા, પુ૦ કાપા.

કાપી, સ્ત્રી૦ [અં૦] નકલ; ઉતારો; એક ઉપરથી બીજું ઉતારવું—ઉતારેલું તે.

કાપુસ, ન૦ [સં૦ કર્પાસ] રૂ. [રો; કાપ.

કાપો, પુ૦ લીટો; લાંબા નિશાની; છેકો. ૨ ચી-

કાફર, વિ૦ [આ૦] દીનનો ફરમાન ન માનનાર; નાસ્તિક; અધર્મી. ૨ લુચ્ચું; ચોટ્ટું; બન્ધું; હરામખોર. એ શબ્દે ગાળ દેવાયછે.

કાફરી, વિ૦ [આ૦] આબિસિનિયાનો રેનાર; હબસી; સિદી. [ગાડી—વાણનો).

કાફલો, પુ૦ [આ૦] સમુદાય—સંઘ; જથ્થો. લોક—

કાફિયો, પુ૦ [આ૦] કવિતાની ટુક—લીટીનો છેલો શબ્દ.—જે અવાજમાં કોઈ બીજી ટુક લીટીના છેલ્લા સાથે મળતો આવતો હોય તે; અનુપ્રાસ.

કાફી, સ્ત્રી૦ [અં૦] કુન્દ; કુન.—એ દાણાને સીજીને પાણી સાથે ઉકાળી લોકો પીવામાં લેછે.

કાફી, પુ૦ એ નામની એક રાગણી.

કાબરચીતરું, વિ૦ ઘણું કાળું ને થોડું ધોળું એવું; કાળો ને સફેત એવા બે રંગનું. ૨ જેમાં તરેહ તરેહવાર પણ વિશેષે કરીને કાળો રંગ હોય તેવું.

કાબરું, વિ૦ [સં૦ કર્બુર] કાબરચીતરું. [કચરો.

કાબસ, પુ૦ તેલ દિવેલ વગેરેનો મેલવાળો તળેનો

કાબા, પુ૦ બીલની એક જાત—એ ઘણુંકરીને આમણડળમાં રેછે અને ખમ્ભાતની ખાડીમાં ચોરિયાનું કામ કરેછે.

કાબુલી, વિ૦ કાબુલ સમ્બન્ધી.

કાબૂ, પુ૦ [આ૦] સત્તા; અખત્યાર; હુકમ; હાક; દોર. ૨ વજન; વગ.

કાબેર, સ્ત્રી૦ એક કાબર ચિતરું પક્ષી. [થીર (પુરૂષ).

કાબેલ, વિ૦ [આ૦ કાબિલ] પ્રવીણ; નિપુણ; હોશિ-

કાબેલિયત, સ્ત્રી૦ નિપુણતા; હોશિયારી.

કામ, ન૦ [સં૦ કર્મ] કરવાનું—કરેલું તે; કૃતિ; કાર્ય. ૨ ધન્ધો; રોજગાર. ૩ બાબત; વિષય; પ્રકરણ. ૪ કારભાર; દરજ્જો. ૫ જરૂર; અગત્ય. ૬ ઉપયોગ; પ્રયોજન; અનુકૂળ—માફક આવવું તે. ૭ બનાવેલી ચીજ. કામનું એટલે જરૂરનું; ઉપયોગી. કામમાં કામ કરી લેવું એટલે એક કામ કરતાં બીજું કામ કરી લેવું; બે કામ સાથે—ભેગાં કરવાં; "એક પન્થ દો કાજ." કામ લાગવું એટલે ઉપયોગી પડવું; અગતનું થવું. કામ કાઢીલેવું (તજવીજથી). કામ લાગવું—ઉપયોગી પડવું. કામે લાગવું—ઉદ્યોગ કરવા મણ્ડી પડવું.

કાંમ, સ્ત્રી૦ કનકવામાં આડી વાળેલી કામડી તે.

કામ, પુ૦ [સં૦] સ્ત્રીએ પુરુષ સાથે અથવા પુરુષે સ્ત્રી સાથે ભોગ કરવાની જે ઇચ્છા અથવા તેનો જે જોરસો તે; મૈથુનેચ્છા. ૨ એ સમ્બન્ધી શરીરમાં જે વિકૃતિ તે. ૩ કામદેવ. ૪ કોઈપણ ઇન્દ્રિય ભોગ; વિષય વાસના. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ.

કામકળા, કામની કળા. ૨ રતિ; કામદેવની સ્ત્રી.

કામકાજ, ન૦ કોઈપણ કામ. ૨ ધન્ધો; રોજગાર; વેપાર. ૩ ખટપટ; મોટું કામ.

કામગરું, વિ૦ કામવાળું; કામમાં ગુંથાયલું.

કામચલાઉ, વિ૰ ઘણું સારું—મન માનતું તો નહિં પણ હરકત ન પડતાં કામમાં આવી શકે તેવું; ચાલી જાય તેવું; સાધારણ; હલકું. ૨ થોડીવાર કામ ચલાવવાને દરજ્જાપર રહ્યું હોય તે.

કામજ્વર, પુ૰ [સં૰] કામના જોસ્સાથી જે તાવ—પીડા તે.

કામઠી, સ્ત્રી૰ વાંકી વળતી—વળેલી કામડી જેને ખેંચ્યાથી તીર મરાયછે તે; ધનુષ્ય.

કામઠું, ન૰ કામઠી.

કામડકોટિયું, વિ૰ કામડાંનું બનેલું (ઘર).

કામડી, સ્ત્રી૰ વાંસની ચીપ; પાતળો વાંસ.

કામડું, ન૰ કામડી અથવા એનો કકડો. [નાખેલું તે.

કામણ, ન૰ વશીકરણ વિદ્યા; મોહિત કરી ભોળવી

કામણગારું, વિ૰ મોહકારક; વશકરે—ભોળવી નાખે તેવું; સુન્દર.

કામણદુમણ, ન૰ કામણ અને બીજા ટુચકા (જાદુ સમ્બન્ધી).

કામદાર, વિ૰ સરકારની તરફનું કામકાજ કરનાર. ૨ મોટો કારભારી; દિવાન; વજીર.

કામદુધા-ર્ગા, કામધેનું. [દાનત.

કામદૃષ્ટિ, સ્ત્રી૰ કામદેવની દૃષ્ટિ; સમ્ભોગ કરવાની

કામધન્ધો, પુ૰ કામ ને ધન્ધો.

કામધેનુ, સ્ત્રી૰ [સં૰] ઇચ્છા પુરીપાડનારી—મનકામના પૂર્ણ કરનારી સ્વર્ગની ગાય. ૨ જે પુરુષ—વસ્તુ પાસેથી ઘણીએક મુરાદ હાંસલ થાય તે.

કામના, સ્ત્રી૰ [સં૰] ઇચ્છા; મુરાદ; ઉમેદ; વાસના.

કામની, કામિની.

કામરૂપ, વિ૰ ઇચ્છામાં આવે તે રૂપ ધારણ કરી શકે તે. ૨ ખુશનમા; મોહ ઉપજાવે તેવું; સુન્દર.

કામલેટ, સ્ત્રી૰ એક જાતનાં ઉનનું કપડું.

કામવાસના, સ્ત્રી૰ [સં૰] ઇશ્કની ઇચ્છા. [આજાર.

કામવિકાર, પુ૰ [સં૰] ઇશ્કથી થતો વિકાર—

કામશાસ્ત્ર, ન૰ [સં૰] ઇશ્ક—વિલાસ કરવા સમ્બન્ધી રીતભાત; કોકશાસ્ત્ર; અનઙ્ગરઙ્ગ.

કામસાધુ, વિ૰ સ્વાર્થ ઉપરજ નજર રાખનાર; આપમતલબી.

કામહીણ, વિ૰ નપુંસક; હિજડો; અશક્ત; નામર્દ.

કામળ, કામળી. [ળો રૂવાંવાળો જીવડો.

કામળિયો, પુ૰ ચોમાસામાં થતો એક જાતનો કા-

કામળી, સ્ત્રી૰ હલકાં ઉનનું વણેલું કપડું; ધાબળી.

કામળો, પુ૰ [સં૰ કમ્બલ] મોટી બે પટની કામળો; ચુમ્માળો. ૨ કામળિયો.

કામા, સ્ત્રી૰ [સં૰] સુન્દર સ્ત્રી.

કામા, પુ૰ ઢઙ્ગ. (તે બૈરીમાં શું કામા બળ્યાછે).

કામાટી, વિ૰ એ નામની જાત—એ લોક ઘણું કરીને ઘર બાંધવાનો અને ખેતીવાડીનો ધન્ધો કરે છે.

કામાતુર, વિ૰ [સં૰] કામ—ઇશ્કના જોસ્સાથી ઘણું આકળું—અધીર થયલું; રતિરસ સારુ ટળવળતું.

કામાનલ, પુ૰ [સં૰] કામ રૂપ જે અગ્નિ તે.

કામાર્થું, વિ૰ જેને ઘણું કામ હોય તે. ૨ ઉદ્યોગી.

કામાવેશ, પુ૰ [સં૰] કામનો આવેશ.

કામિની, સ્ત્રી૰ [સં૰] પ્રેમ—હેત રાખનારી સ્ત્રી; ઇશ્ક કરનારી.

કામી, વિ૰ કામ—ઇશ્કના જોસ્સાવાળું.

કામુક, વિ૰ [સં૰] ઇચ્છા રાખનાર. રાજ્ય—પુત્ર—મોક્ષ કામુક.

કમિટી, સ્ત્રી૰ [અં૰] તપાસ કરનારી મણ્ડળી. ૨ પરીક્ષા; તપાસ. [—પ્રગટ થવું તે.

કામોદય, પુ૰ [સં૰] કામ એ જોસ્સાનું ઉભરાવું

કામ્ય, વિ૰ [સં૰] ગમતું; ખુશનુમાં; સુન્દર. ૨ લાભની ઇચ્છા રાખી કરેલું.

કાય, સ્ત્રી૰ [સં૰ કાયઃ] કાયા.

કાયદાસર, વિ૰ કાયદા પ્રમાણે હોય તેવું.

કાયદો, પુ૰ [આ૰] નિયમ; ધારો. ૨ શાસ્ત્ર. ૩ હુકમ; આજ્ઞા. ૪ ઘોડાનાં મોડાંમાંના ચોકડાં સાથે સમ્બન્ધ રાખતી લગામ જે તેની ડોકની હાંસડીના હુક—આંકડાંમાં ભેરવવામાં અથવા તેમાંથી કાડવામાં આવેછે તે—કાયદો ચડાવવો ઉતારવો.

કાયફળ, ન૰ એક જાતનું ઝાડ. એના ફળ જાયફળને આકારે થાય છે; છાલ અને બી ઓસડ દાખલ કામમાં આવે છે.

કાયમ, વિ૰ સ્થિર; અચલિત; ટકી રહેનારું. ૨ બાહાલ; ફેરવેલું નહિ તેવું; મઞ્જુર.

કાયમ ખરડો, પુ૰ તળાટીયે રાખવાના હિસાબના કાગળોમાંનો એક—જેમાં ખેતરનું નામ, ખેતરના ખુંટ, કુલ વીંઘા અને ખેતરના કાયમ ઠરાવના રૂપૈયા તથા ઝાડ તથા કુવા વગેરેની તપસીલ હોયછે.

કાયમદાયમ, વિ૰ હમેશનું; નિત્યનું; સ્થિર.

કાયર, વિ૰ [આ૰ કાયલ] થાકી—હારીગયેલું; નાહિમ્મત; હિચકારું. ૨ કંટાળેલું; કંટાળનું. ૩ આળસુ; સુસ્ત. કાયર કરવું—કંટાળો આપવો; થકવવું; મેહેનત આપવી; ચિડવવું.

કાયરું, વિ૰ કાયર.

કાયા, સ્ત્રી૰ [સં૰ કાયઃ] દેહ; શરીર; તન; જાત. ૨ જરૂર ઢાંકયો રાખવો જોઈએ એવો શરીરનો જે ભાગ તે.

કાયાકષ્ટ, ન૰ કાયાને જે કષ્ટ આપવું તે.

કાયાકુટીનું તેલ, ન૰ એક જાતનું ઓસડ.—શરીરમાં શરદી વગેરે કારણથી કળતર થતું હોય તો તે ઉપર ચોપડવામાં આવેછે.

કાયિક, વિ૰ [સં૰] દેહ સમ્બન્ધી. (કાયિક, વાચિક, ને માનસિક).

કાર, પુ૰ [સં૰] એ શબ્દ વર્ણની પર એટલે પછી મુકવામાં આવેછે તારે ફકત તેજ એવો અર્થ રાખેછે—અકાર એટલે અવર્ણ અને અજ (આ નહિ); કકાર; ચકાર વગેરે. ૨ શબ્દનીપર મુકવામાં આવેછે તારે 'કરનાર' એવો અર્થ રાખે છે—કુમ્ભકાર એટલે ઘડો કરનાર; શસ્ત્રકાર, વસ્ત્રકાર વગેરે. [ભાઈ.

કાર, વિ૰ પાલખી ઉંચકવાનો ધન્ધો કરનારી જાતિ;

કારક, પુ૰ [સં૰] વાકયમાં ક્રિયા સાથે જેનો સમ્બન્ધ હોય એવાં જે કર્ત્તા, કર્મ, કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ તેમાંનો આંકડો—વિભક્તિના અર્થો સૂચવેછે. ૨ કરનાર એવો અર્થ રાખેછે (સમાસમાં). શાન્તિકારક, પુષ્ટિકારક ઈ૰.

કારકીર્દી, સ્ત્રી૰ [પ્રા૰] જયાંલગી કારભાર ચાલુ હોય ત્યાંલગીનો જેટલો વખત તે; કારભારીપણું.

કારકુની, સ્ત્રી૰ કારકુનનું જે કામ તે.

કારકુન, પુ૰ [પ્રા૰] દફતર લખનારો; કાગળો વાંચનાર લખનાર મેહેતો.

કારખાનું, ન૰ [ફા૰] જે મોટી જગા—મોટાં ઘરમાં મોટું હુન્નરી કામ ચાલતું હોય તે—ગોદી, ટંકશાળ, સુરતનું કારખાનું વગેરે. ૨ કોઈ પણ મોટાં કામકાજનું ખાતું.—નિશાળનું કારખાનું, વેપારનું કારખાનું વગેરે. ૩ મોટું કામ. ૪ કુટણી—ભડવાનું રાખેલું ઘર—જેમાં ઘરગથાઉ છિનાળવાં સ્ત્રી પુરુષો મળેછે તે.

કારચબી ચોબી, સ્ત્રી૰ [પ્રા૰] રેશમી કાપડ ઉપર સોનેરી અથવા રૂપેરી જરીનું જે ભરતકામ તે.

કારજ, ન૰ [સં૰ કાર્ય] કામ. ૨ વિવાહ અથવા મૃત્યુ સમ્બન્ધી જે રૂડો અથવા માઠો અવસર તે.

કારગ-જો, પુ૰ ફુવારો.

કારડો, કયારડો.

કારણ, ન૰ [સં૰] જે મૂળ—બીજથી એકાદું કાર્ય થાય તે; આધાર; પાયો. એ ત્રણ કેવાયછેઃ સમવાયી, અસમવાયી અને નિમિત્ત કારણ. ૨ મનની મતલબ—ધારણા; ઉદ્દેશ; નિમિત્ત. ૩ ગરજ; જરૂર; અગત. ૪ ભૂત પ્રેત, મૂઠ, વશીકરણ ઈ૰ સમ્બન્ધી જે વ્યથા તે.

કારણ, [અ૰] કેમકે; એટલા વાસ્તે કે (ઉભયાન્વયી). ૨ ચતુર્થી વિભક્તિનો પ્રત્યય; વાસ્તે; કાજે; માટે (શબ્દયોગી અવ્યય).

કારણદેહ, સ્ત્રી૰ [સં૰] જીવને, અવિદ્યા—અજ્ઞાનનું જે વેષ્ટન તે; હું જીવ, સ્થૂલ સૂક્ષ્મ દેહ થકી જુદો છઉં પણ કેવે રૂપે છઉં તેનું જે અજ્ઞાન તે. (વેદાન્તમાં).

કારણવાદી, વિ૰ [સં૰] વાદી; ફરિયાદી. ૨ પૂર્વપક્ષી.

કારણસર, [અ૰] કારણસાથે; કામને અર્થે; જરૂરને લીધે.

કારંડવ, ન૰ [સં૰] બતક.

કારતક-ગ, પુ૰ [સં૰ કાર્ત્તિક] સંવત વર્ષનો પેલો મહિનો; અકટોબર—નવમ્બર.

કારતકસ્નાન, ન૰ આસોસુદ ૧૧ થી તે કારતક સુદ ૧૫ લગી સવારનાપોરમાં કૃત્તિકા નક્ષત્ર અસ્ત થાય તેની પેલાં ટાડે પાણીએ નાવાનું વ્રત.

કારતકીપૂનેમ, સ્ત્રી૰ કારતક મહિનાની પૂનેમ.

કારતુસ, ન૰ [અ૰] ચામડાં અથવા કુલૈની જે પેટીમાં દારૂ ગોળી રાખવામાં આવેછે તે.

કારતેક-ગ, કારતક.

કારતેકી, સ્ત્રી૰ કારતક મહિનાની પૂનેમ.

કારભાર, પુ૰ [ફા૰ કારોબાર] એકાદું મોટું કામ. રાજકારભાર, લગનનો કારભાર વગેરે.

કારભારી, વિ૰ [કારોબારી] કારભાર કરનાર.

કારમું, વિ૰ રૂપગુણથી ચમત્કારિક—અદ્ભુત દેખાતું; મારકણું; સુન્દર.

કારવેવાર, પુ૰ કામકાજનો વેવાર.

કારવો, પુ૰ એક તરેહનો કેરબો—નાચ અથવા એ પ્રસંગનો રાગ.

કારસિયો, પુ૰ હિંચકાની સાંકળ ઉંચે ભેરવવાને

જે આંકડો તે.

કારસી, સ્ત્રી૦ ૧, ધાકડાં વિગેરે જોખવાનું એક જાતનું લોડાનું શોધન.

કારસ્તાન, ન૦ લુચ્ચાઈનું કામ. ૨ મસ્તી; તોફાન.

કારસ્તાની, વિ૦ કારસ્તાન કરનાર.

કારાગૃહ, ન૦ [સં૦ કારા—બન્દીખાનું; ગૃહ—ઘર] મજબૂત બન્દીખાનું.

કારાપેરા, પું૦ ચુંથાચુંથ. ૨ વઢ્યાંઢને કોઈનું બુંડું બોલવું તે.

કારિકા, સ્ત્રી૦ [સં૦] જેમાં સમજણ આપી—ખુલાસો કર્યો હોય તે શ્લોક—વાક્ય.

કારી, વિ૦ [પ્રા૦] ઊંડે પેઠેલું; ઊંડું—કારીજખમ.

કારી, વિ૦ [સં૦] કરનાર—ગુણકારી. [મિરણ.

કારી, વિ૦ જુવાન. ૨ અગત્યનું હોય તેવું—કારીનું

કારીગર, પું૦ [પ્રા૦] હુન્નરી ધન્ધો કરનાર—સુથાર લુહાર વગેરે. ૨ હોશિયાર હજામ.

કારીગરી-ગીરી, સ્ત્રી૦ કારીગરનું જે કામ—ધન્ધો તે. ૨ ચતુરાઈ; કિમ્મત; જુકતી.

કારુણ્ય, ન૦ [સં૦] કરુણા.

કારે, [અ૦] કઈ વખતે.

કારેલી, સ્ત્રી૦ શાખનો એક વેલો.

કારેલું, ન૦ કારેલીનું જે ફળ તે; કરેલું. ૨ એક હાથે ફેરવવાનું મોટું મગદળિયું.

કારોબાર, કારભાર.

કાર્તિક, પું૦ [સં૦] કારતક. [ક૦-જુઆઈ.

કાર્પણ્ય, ન૦ [સં૦] કૃપણતા; બખીલાઈ; કદરીપણું;

કાર્મુક, ન૦ [સં૦] ધનુષ્ય; કામઠું.

કાર્ય, ન૦ [સં૦] કરવાનું તે; કામ. [સમ્બન્ધ તે.

કાર્યકારણભાવ, પું૦ [સં૦] કાર્ય અને કારણનો જે

કાર્યપ્રયોજન, ન૦ [સં૦] લગન વગેરેનું કામ તે; રૂડો અવસર; પગરણું. ૨ મતલબ. [શ.

કાર્યસિદ્ધિ, સ્ત્રી૦ [સં૦] કામ પાર પડવું તે; ફતેહ; ય-

કાર્યાકારણ, અ૦ જરૂર—કામને લીધે. વિ૦ મતલબ જેટલું.

કાલ, [સં૦] કાળ.

કાલ, સ્ત્રી૦ ચાલતા—વર્તમાન દિવસનો આગલો કે પાછલો દિવસ. ગઈ કાલ, આજ અને આવતી કાલ.

કાલબુત, ન૦ જોડાની અન્દર ઠોકવાનું જોડાના અથવા પગના આકારનું મોચીનું લાકડું. ૨ સાંચો; ઘાટ; બીબું. ૩ મૂળ; પાયો; ઓઠું. (કજિયાનું).

કાલવવું, ક્રિ૦ સ૦ એકાદ જુકામાં ચિકણી પાણી જેવી વસ્તુ મેળવવી.

કાલાં, ન૦ કપાસનાં સુકાં ડિંડવાં.

કાલાવાલા, પું૦ કોઈ વાતને સારુ છેક ગરીબાઈથી બોલવું તે; આજિજી; પ્રાર્થના; કરગરવું તે.

કાલાષ્ટમી, સ્ત્રી૦ [સં૦] કારતક વદ અથવા માગસર વદ આઠેમ.

કાલિક, વિ૦ [સં૦] વખત સમ્બન્ધી. (સમકાલિક).

કાલિન્દી, સ્ત્રી૦ [સં૦] જમના નદી.

કાલું, વિ૦ જાણે સમજતું ન હોય તેવું ગાંડું ઘેલું; કાલુંઘેલું. 'કાલો થઈને કાંચળીમાં હાથ ઘાલે'. ૨ પ્યાર ઉપજાવે તેવું તોતલું અને કુમળું. (કાલું કાલું બોલવું).

કાલું, ન૦ જે ડિંડવાંમાંથી પાકેલો કપાસ બાર દેખાય તે; ૨ રૂપાનું પ્યાલાને આકારે જે ડિંડવું તે.

કાલૂ, પું૦ એક જાતનું દરિયાઈ પ્રાણી. એ છીછરા પાણીમાં અથવા નદિના મુખ આગળ ખડક અથવા બાકોડાને વળગી રહે છે. ૨ દરિયા કાંઠાના ધારવાળા પથ્થર.

કાલ્પનિક, વિ૦ [સં૦] કલ્પનાથી શોધેલું; કલ્પિત.

કાવડ, સ્ત્રી૦ પાણી વગેરે ખાંધ ઉપર ઊંચકી લઈ જવાનું એક સાધન—વચમાં કામઠી ને એને બે છેડે શીકાં હોય છે.

કાવડિયો, પું૦ કાવડ ઉંચકનાર.

કાવતગંબોર-બાજ, પું૦ કાવતરું કરનાર.

કાવતરું, ન૦ કપટ; દગો; છળ; ઠગબાજી.

કાવરું, વિ૦ ઘણું બ્યાવરું; ઘણું બેબાકળું. (ભય, ક્રોધ, આશ્ચર્યથી). [બાંગી જાય તેવું).

કાવલું, વિ૦ ઘણું નાજુક ને શોભીતું (પણ તરત

કાવળ, કૂડ; કપટ.

કાવળી, સ્ત્રી૦ કાચની બઈંડી.

કાવાં, છાપરાં ઉપર નળિયાંની જે આડી ઓળ તે.

કાવાદાની, સ્ત્રી૦ ખુન વગેરેનો કાવો કરવાનું વાસણ; કિટલી.

કાવો, પું૦ ઘોડાને જે ગોળ ચક્કરમાં ફેરવવો તે. કાવો દેવો—ફેરવવો. ૨ ખન્ધાઈ; કપટ લુચ્ચાઈ કરવાની જુગતી. કાવોદાવો પણ કેવાય છે.

કાવો, પું૦ ખૂન વગેરેને ઉકાળવાં તે અથવા ઉકાળેલાં તે.

કાવ્ય, ન૦ [સં૦] કવિતા. ૨ કાવ્ય શાસ્ત્રમાં કહેલાં લક્ષણવાળો રસાલંકારવાળી ઉત્કૃષ્ટ કવિતા.

કાવ્યચોર, વિ૦ બીજાની કવિતામાંથી તેના વિચારની

અથવા તેનાં વાક્યોની ચોરી કરી તે પોતાનાંમાં દાખલ કરનાર.

કાવ્યચોરી, સ્ત્રી૰ બીજાની કવિતામાંથી જે ચોરી તે.

કાશ્રા, પુ૰ પોતાની મેળે ઉગનું એક જાતનું ઘાસ.

કાશાળ, સ્ત્રી૰ અડચણ; નડતર; પીડા.

કાશ્મીર, સ્ત્રી૰ એક જાતનું કાપડું.

કાષ્ટ, ન૰ [સં૰] લાકડું.

કાષ્ટઘણ્ટા, સ્ત્રી૰ [સં૰] લાકડાંની ઘણ્ટડી. ૨ હરામી ઢોરને ગળે બાંધવાનું લાકડું; ડહેરૂં; હેડ.—'કાષ્ટઘણ્ટા વિડમ્બણા' એવો દાખલો આપવામાં આવેછે.

કાષ્ટૌષધિ, સ્ત્રી૰ [સં૰] ઝાડપાનમાંથી તૈયાર કરેલી દવા; વનસ્પતિ; જડીબુટ્ટી. (એનું ઉલટું રસાયન).

કાસકું, ન૰ કાઠો (૧ લા અર્થમાં).

કાસદ, પુ૰ [આ૰] સન્દેશો લઈ આવનાર જનાર; જાસુદ—સ; એલિચી; દૂત. ૨ ડાક—પોસ્ટ લઈ આવનાર જનાર.

કાસદિયું-દું, ન૰ કાસદનું જે કામ તે.

કાસની, સ્ત્રી૰ એક જાતનું ગાંધીનું વસાણું.

કાસન્દી, સ્ત્રી૰ મોટાં પેટનો પડઘીવાળો કળશિયો—લોટો; ગડુ.

કાસળ, કાશાળ.

કાસીદોરિયો, પુ૰ એક જાતનું સુતરાઉ કાપડ.

કાહુળ, પુ૰ [સં૰] એક જાતનું વાજું.

કાહિલી, વિ૰ [ફા૰] આળસી; માંદું; કળ ન વળતી હોય તેવું; રિબાતું; બેચેહેન. ૨ કાયર; કણ્ટાળતું; આળસુ.

કાળ, પુ૰ [સં૰ કાલ] જારી રેવું—ચાલ્યાંજ કરવું તે. ૨ જારી રેવાનો જે એકાદો ભાગ તે—વખત; સમય; કાળ. હતો—છે—આવશે. ગયો તે ભૂત કાળ, છે તે વર્તમાન કાળ ને આવશે તે ભવિષ્ય કાળ, એમ કેવાયછે. પળ, ઘડી, કલાક, દાડો, મહિનો, વરસ એ સહુ પણ કાળ કેવાય. ૩ નાશ; મોત. ૪ યમ અથવા એનો દૂત. ૫ જેથી મોત થાય તે પદાર્થ—પ્રાણી, રોગ વગેરે. ૬ દુકાળ (લીલો—સુકો). ૭ દુર્દશા; આફત. ૮ સંહાર કરનાર શક્તિ; શિવ.

કાળકા, સ્ત્રી૰ [સં૰ કાલિકા] એક દેવી; કાળશક્તિ.

કાળક્રમણ, ન૰ [સં૰] વખત ગુજરવો તે. [વવો તે.

કાળક્ષેપ, પુ૰ [સં૰ કાલક્ષેપ] નિરર્થક કાળ ગુમા-

કાળચક્ર, ન૰ કાળનું ચક્ર—કાળનો ફેરફાર થયાં કરવો તે; કાળ પરત્વે ઉત્પત્તિ સ્થિતિ લય એ થયાં કરવાં તે; જિન્દગીની હાલત બદલાયાં કરવી તે.

કાળચન્દ્ર, પુ૰ જે રાશીના ચન્દ્રથી બહુ વાતે હાનિ—નુકસાન થાય તે. રાશિ—ચન્દ્ર; અશુભફળદાતા ચન્દ્ર; ઘાતચન્દ્ર. કાળચન્દ્રથી ઘણું ને ઘાતચન્દ્રથી થોડું નુકસાન.

કાળચોઘડિયું, ન૰ એકેક દાડાના આઠ આઠ ચોઘડિયાં અને એકેક વારનું એકેકા વારને નામે ઓળખાતું એકેકું ચોઘડિયું હોયછે ને એ સાત વારોના ચોઘડિયાંમાં શનિવારનું જે ચોઘડિયું તે કાળચોઘડિયું.

કાળજડું, કાળજું (કવિતામાં).

કાળજી, સ્ત્રી૰ કોઈ વાત વિષે તે કેમ થશે, કેવી થશે, ક્યારે થશે એવા એવા જોસ્સાવાળી દુઃખ દેતી જે કલ્પના તે; ફિકર; ચિન્તા; ધાસ્તી. ૨ સમ્ભાળ; ખબરદારી; હોશિયારી; સાવચેતી. ૩ ચાનક; નુકસાનની બીકે મેહેનત જારી રાખવી તે; ખપ; ખાંત; ખન્ત.

કાળજું, ન૰ [સં૰ કાલક, કાલેયં] પેટની જમણી બાજુએ માંસનો મોટો કકડો છે કે જેમાંના લોહીમાંથી પિત્ત બાર પડેછે તે; પિત્તાશય; જ્યાં પ્રેમ, શોક, ભય ઇ૰ની અસર થાયછે તે—લાગણીનું ઠેકાણું. (એ અઙ્ગ્રેજી મત પ્રમાણે છાતીની અન્દર રક્તાશય છે ત્યાં છે). કાળજું ઠર્યું થયું એટલે સન્તોષ થયો. કાળજું બળી ગયું—દલગીરી થઈ દુઃખ થયું. તેનું કાળજું ફટકી ગયું—ખસી ગયું એટલે તે ઘેલો થયો. કાળજાનું નરમું એટલે સાવધ; અક્કલ હોશિયારી વાળું. કાળજાંની કોર એટલે ઘણુંજ વાલું; પ્રાણસરખું જરૂરનું ને વાલું.

કાળનિદ્રા, સ્ત્રી૰ મરણરૂપ જે ઊંઘતે; મરણ.

કાળપ, ન૰ કાળાપણું. (ખપમાં).

કાળપરત્વે, અ૰ વખતને લીધે; વખત પરમાણે.

કાળપૂંછી-પૂછી, વિ૰ પુછડાંના વાળ બધાજ કાળા હોય તે (ભેંસ).

કાળપ્રસઙ્ગ, પુ૰ કાળ અને પ્રસઙ્ગ.

કાળભાતિ, પુ૰ કાળનાં જેવી કાન્તિવાળો પુરુષ.

કાળમાન, ન૰ વખતનું માપ. ૨ વખતનાં માપનો યન્ત્ર—ઘડિયાળ, ઘડી વગેરે. [નાર. (યન્ત્ર).

કાળમાપક, વિ૰ વખતનું માપ કરનાર—દેખાડ-

કાળયાતના, સ્ત્રી૦ યમ—જમની શિક્ષા.

કાળરાત્રિ, સ્ત્રી૦ સિત્તોતેરં સિત્તોતેર વરસે આવતી આસોસુદ આઠેમની (અથવા કેટલાકને મતે શ્રાવણવદ આઠેમની) જે રાત તે; કાળીની જન્મરાત્રિ. ૨ કલ્પની જે છેલ્લી રાત તે. ૩ ઘોર અન્ધારી રાત.

કાળવેલિયો, પુ૦ ભુરકી નાખનારો; છોકરાં ચોર; ધુતારો બાવો.

કાળાંમરી, નં૦ એક જાતનું ઝાડ અને તેનાં દાણા જેવાં ફળ—એ મસાલાની ગણતીમાં આવેછે; એનો સવાદ તીખો હોયછે.

કાળાઅક્ષર કુટીમારવા, લખતાં વાંચતાં ન આવડવું; કેવળ મૂર્ખ હોવું.

કાળાગ્રેહ, [સં૦ કારાગૃહ] એ શબ્દ જોવો.

કાળાટ, સ્ત્રી૦ કાળાપણું; કાળાશ. ૨ કાળી જમીન. (ગોરાટનું ઉલટું.)

કાળાતલ, પુ૦ કાળા રંગના તલ. ૨ શરીરની ચામડીપર કાળાતલના જેવા જે ઝીણા કાળા ડાઘ તે.

કાળાન્તરે, અ૦ કાળના કાળ વહી જાય તોએ. ૨ કોકાળે; કેટલોક કાળ વીત્યા પછી. [કાળાપણું.

કાળાસ, સ્ત્રી૦ કાળા રંગનો અંશ—લેશ; થોડુંક

કાળિક, કાલિક.

કાળિઝંડું, કાચું તડબુચ—એનું શાક થાયછે.

કાળિઝંડો, પુ૦ પાછલી રાતે ગાવાનો એક રાગ.

કાળિયું, વિ૦ કાળા રંગનું.

કાળિયું, ન૦ કાળીગાંઠી. ૨ અફીણ.

કાળિયો, પુ૦ તમ્બાકુની એક જાત.

કાળી, કાળકા. [બલગરી.

કાળીગાંઠી, સ્ત્રી૦ એ સ્ત્રીની કોટનું એક ઘરેણું;

કાળીચાહ, સ્ત્રી૦ કાળા રંગની પીવાની ચાહ.

કાળીચોદસ, સ્ત્રી૦ આસોં વદ ચોદસ; દીવાળીનો આગલો દાડો; નર્કચતુર્દશી. એ રાતે માહાકાળી દેવીની આરાધના—સાધના કરવામાં આવેછે; ભૂત પિશાચ વગેરેની સાધના થાયછે.

કાળીજીરી, સ્ત્રી૦ એક જાતનાં ઝીણાં કડવાં બીઆં. -કરમ અને તાવ ઉપર ઓસડ દાખલ વપરાયછે.

કાળીટીલી, સ્ત્રી૦ બદનામી; ઘણું હીણું કામ કર્યાનો ઠપકો; કલંક (તેને માથે કાળીટીલી આવી).

કાળીદરાખ-દ્રાક્ષ, સ્ત્રી૦ કાળા રંગની મીઠી ખાવાની દરાખ, કાળી ને લીલી એવી બે જાતની ઘણું કરીને દરાખ હોય છે.

કાળીદરાજ-દાધર, સ્ત્રી૦ કાળા રંગની જે દરાજ-દાધર તે; ચામડાપર થતો એક રોગ, કાળી ને રાતી એવી બે જાતની હોય છે. [લો જે વર્ગ તે.

કાળીપરજ, સ્ત્રી૦ દુબળા વગેરે હલકી જાતના લોકો-

કાળીમુસળી, સ્ત્રી૦ ગાંધીને ઘેર મળતી ધાતુ પુષ્ટીના ઉપયોગમાં આવતી એક ઓષધિ.

કાળું, વિ૦ [સં૦ કાલ] કાજળના જેવો રંગ દેખાડેછે; રાતના રંગ જેવું; અન્ધારું—ઝાંખું હોય તેવું. ૨ પાપ—દોષ—ગુન્હાવાળું; ઘાતકી (કામ). —કાળે પાણીયે ચડવું એટલે ગુન્હેગારે દેશનિકાલ થવું; દરિયો ઓળંગી બીજે દેશ જઇ જીવતાં સુધી ત્યાંજ રેવું. કાળુંમો-ડું એ, નીચું કામ કરનારને વિષે બોલતાં બોલાય છે કે જે ભુંડું કરશે તેને શરમાઈને નીચું જોવાનું છે. (લાડમાં છોકરાંને પણ કેવાયછે). "કાળાં માથાંનું માનવી શું નહિ કરે" અને "કાળી રાંડને કલે ભાત" એ કેવતો છે.

કાળું, ન૦ કલંક; ડાઘ, ૨ ગુન્હો; પાપ. ૩ ગુન્હો કરેથી લાજ—શરમ લાગવી તે.

કાળોકોપ, પુ૦ મોટો જુલૂમ—નાશ—અનર્થ—કેહેર.

કાળોચોર, પુ૦ કાળેવેશે અન્ધારે ચોરીનું કાળું કર્મ કરનારો.

કાળોવાળો, પુ૦ ગાંધીની એક વસ્તુ.

કાળોસરસ, પુ૦ એક જાતનો સરસ.

કાળોસોમલ, પુ૦ એક જાતનો સોમલ.

કિંગલાણેચડવું, ઘણા હરખમાં આવી જવું.

કિંગલાવું, ક્રિ૦ અ૦ ઘણું ખુશી થવું.

કિંવા, અ૦ [સં૦] અથવા; વા; યા.

કિકિયાડી, સ્ત્રી૦ કાનને ખુંચત લાગતો તીણો ઉંચો અવાજ. [ળવું તે.

કિકિયાણ-ણું, ન૦ તીના ઉંચા અવાજોનું એકઠું મ-

કિકિયારી, કિકિયાડી.

કિંકર, પુ૦ [સં૦] ચાકર; દાસ; ગુલામ.

કિંકરી, સ્ત્રી૦ [સં૦] દાસી; ચાકરડી; ગુલામડી.

કિંકિણી, સ્ત્રી૦ [સં૦] નાની ઘણ્ટડી. ૨ ઘુઘરમાળ. ૩ ઘાઘરાની નાડી. ૪ કન્દોરો.

કિઝંલાવું, ક્રિ૦ અ૦ હરખ ઉભરાઈ જાય (પણ ડાવકપણથી) તેવી હાલતમાં આવવું—ફુલાવું.

ક્રિચક્રિચ, સ્ત્રી૦ ચેંચેં; બબડાટ. ૨ કચપચ.

ક્રિચક્રિચાવવું, ક્રિ૦ સ૦ ભચડાય તેમ કરવું; તાણીને બાંધવું.

ક્રિચડ-લ, કાદવ.

કિચોડો, પુ૦ આંમલીના ચકાયા; ચાચુડો.

કિચ્ચડ-લ, કાદવ. [ભિલ; લવ.

કિંચિત્-માત્ર, અ૦ [સં૦] થોડુંક; કંઈક; જરા;

કિટલી, સ્ત્રી૦ [અં૦] ચાહેનું પાણી ઉકાળવાનું નાળ-વાળું વાસણ.

કિટાવું, કટાવું.

કિટોડો, કીટો.

કિડખદું, વિ૦ કીડાએ ખાધેલું. (જેમ લાકડું વગેરે). ૨ કાયર; કચ્છાળેલું; ગભરાયલું (માણસ).

કિડામારી, સ્ત્રી૦ એક જાતનું કડવું ઓસડ—એનાં પાતરાં બળ્યાથી ભાજી જેવાં દેખાય છે.

કિડિકન્થવા, જીવજન્ત.

કિડિમંકોડી, કીડી મંકોડી વગેરે નાનાં જીવજન્ત.

કિડિયારું, ન૦ કીડીનું દર; જ્યાંથી કીડીયો ઉભરાય તે.

કિડિયાસેર, સ્ત્રી૦ કિડિયાંની સેર—કતારી.

કિડિયું, ન૦ કાચનો કીડી જેટલો ગોળ દાણો; ઓટું મોતી; (કિડિયાંનું એકવચન).

કિતવ, વિ૦ જુગારી. ૨ ઠગ. "કિતવ જ્ઞાનની કીર્ત્તિ કરતી લાજતી નથી લગાર." (રેવાશંકર)

કિતાબ, સ્ત્રી૦ [આ૦] ચોપડી; પુસ્તક; ગ્રન્થ.

કિતાબ, ખિતાબ.

કિતાબખાનું, ન૦ અભ્યાસને સારુ કિતાબોનો કરેલો જે જમાવ તે; પુસ્તકાલય.

કિત્તો, પુ૦ [આ૦] અક્ષર—દસ્કત વાળવાને—ઘુંટવા સારુ કત્તાથી સારો લખેલો જે ખરડો તે. ૨ ખેતર અથવા ખેતરનો કકડો.

કિદાડે, કિયે દહાડે; કઈ વખતે.

કિનખાપ-બ, પુ૦ રેશમ, અને સુના રૂપાના ઝીણા તાર એ બેને સાથે મેળી ફુલ બુટ્ટાવાળું તરેહવાર ભરેલું જે કપડું તે; જરીબુટ્ટાનું વસ્ત્ર. ૨ કસબ; જર. કસબ—રેશમ સાથે મળેલાં સુનાંરૂપાંના છેક પાતળા તાર. કિનખાબ-કસબ અને રેશમથી ભરેલું તરેહવાર કપડું. કારચોબી—રેશમી કપડાં ઉપર કસબ અને તારાટીકી, કાચ વગેરેનું જે ભરત તે.

કિનરી, સ્ત્રી૦ એક તરેહની સારંગી.

કિનાખોર, વિ૦ કીનો રાખનાર, ખારીલું.

કિનાત, કનાત.

કિનાર, પુ૦ [ફા૦] બાજુ; કોરણ; છેડો.

કિનારી, સ્ત્રી૦ [ફા૦] સુનેરી રૂપેરી તાર અને રેશમ એ બેની બનેલી જે ચીપ તે; કોર. એ કપડાંની કોરણે લગાડવામાં આવે છે.

કિનારો, પુ૦ [ફા૦] કાંઠો; પાર; બાજુ. (દરિયાનો). (ઓવારો, તીર, તટ એ શબ્દો દરિયાને નથી લાગતાં માત્ર નદી તળાવનેજ લાગે છે).

કિન્નર, પુ૦ [સં૦] સ્વર્ગનો ગન્ધર્વ.

કિન્નરી, સ્ત્રી૦ [સં૦] કિન્નરની સ્ત્રી. ૨ સારંગી.

કિફા, [અ૦] કેણીગમ—તરફ.

કિફાયત, સ્ત્રી૦ [ફા૦] થોડું આપતાં ઝાઝું—ઘણું મળે તે; સસ્તું પડે તે. કિફાયત પડવું—સસ્તું પડવું.

કિમત, કિમ્મત.

કિમતવાન-તી, વિ૦ કિમ્મતવાળું; મૂલવાન; મોંઘું.

કિમિયાગર, પુ૦ કિમિયો જાણનારો—કરનારો.

કિમિયો, પુ૦ [ફા૦] હીણી ધાતુને ઊંચી—કિમતી ધાતુ બનાવી દેવાની જે વિદ્યા—કળા તે. ૨ સંજમાં ઘણું દ્રવ્ય મળે તેવી જે જુક્તી—આવડત તે. ૩ જેથી નિત્ય લાભ થતો હોય તે ધન્ધો.

કિમ્મત, સ્ત્રી૦ [ફા૦ કિમત] વેચાતી લેવાની વસ્તુને બદલે જે નાણું આપવું પડે તે; મૂલ. ૨ વસ્તુમાં રહેલી જે યોગ્યતા—ખુબી ને તે પ્રમાણે જે તેનો બદલો તે; કદર; બૂજ. કિમ્મત કરવી—મૂલ ઠેરવવું. ૨ પરીક્ષા કરવી. કિમ્મત પડવી—મૂલ આપવું પડવું. કિમ્મત થવી—પરીક્ષાથી મૂલ નક્કી થવું.

કિમ્મતવાર, અ૦ અકેક વસ્તુ અને તેની સામે અકેકની કિમ્મત એમ (કરેલી યાદી)

કિયું, વિ૦ બેચારમાંથી જુદું પાડી ઓળખવાસારુ એ શબ્દ વપરાય છે; કયું; કોણ (નપુંસકલિંગની વસ્તુ વિષે).

કિરકોળ, વિ૦ પરચૂરણ.

કિરણ, પુ૦-ન૦ [સં૦] સાંધી લીટીમાં પડતો જે પ્રકાશ તે—સૂર્ય ચન્દ્ર અગ્નિના કિરણ; તેજ.

કિરત, કીર્ત્તિ.

કિરતન, કીર્તન.

કિરતનિયાં, કીર્તન—ભજન કરતી વેળા વગાડવાનાં ઝાંઝ ડફ બગલ્જરી તાલ ઈ૦ સાહિત્યો. ૨ કીર્તન.

કિરતાર, કર્તા; પ્રભુ; ઈશ્વર.

કિરતારથ, કૃતાર્થ.

કિરતાલ, કરતાલ.

કિરતી, કીર્તિ.

કિરતીધરમ, કીર્તિને માટે જે દાન ધરમ કરવાં તે.

કિરપા, કૃપા.

કિરપાળ, કૃપાળ.

કિરમજ, પુ૦ [સં૦ કૃમિજ, આ૦ કિરમિઝ] એક જાતનો ઝીણો કીડો. એ કીડાની માદામાંથીજ આ-રોરંગ નિકળેછે. એ કીડાઓને એકઠા કરી વા-સણમાં નાખી તળેથી ગરમી લગાડવામાં આવેછે એટલે તે કીડા મરી જાયછે નેપછી તે, રંગ અ-ને ઓસડ દાખલ કામમાં આવેછે.

કિરમજી, વિ૦ કિરમજના રંગનું;—(લાલપેરો).

કિરમાણી અજમોદ, સ્ત્રી૦ ગાંધીનું. એક કડવું ઓ-સડિયું.

કિરાત, પુ૦ [સં૦] ભીલની એક જાત.

કિરાયાદાર, વિ૦ ભાડે રેનાર; ભાડુત.

કિરાયું, ન૦ [ફા૦] ઘર—જમીન—માલ વગેરે હ-રકોઈ માલ વાપરવાના બદલામાં જે ઠેરવેલો અ-વેજ વાળ્યાં કરવો તે; ભાડું.

કિરિયા, ક્રિયા.

કિરિયાણું, ન૦ ગાંધીને હાટે મળતી ચીજોનું—મસા-લા ઓસડિયાં વગેરેનું સાધારણ નામ; વસાણું.

કિરીટ, પુ૦ મુગટ; તાજ.

કિર્ર, અ૦ કેટલાંક પક્ષીનો અવાજ. [નું બોલવું તે.

કિલકિલ, અ૦ પક્ષીનું સામટું બોલવું તે. ૨ વાંદરા-

કિલવો, કિલિદાર.

કિલાવો, પુ૦ [હિં૦] હાથીના ગળામાંનું લટકતું દો-રડું જે ઉપર પગ મુકી માવત ઉતરચડ કરેછે તે.

કિલિદાર, જે મેહેતાની પાસે પેઢીની કુંચી રેતી હોય તે; જેના હવાલામાં તિજોરી હોય તે. (મુનીમ ને કિલિદાર).

કિલ્મિષ, ન૦ પાપ; મળ.

કિલ્લું, ન૦ એક જાતનું કાળું—રાતું અને ડુમસું જી-વડું. એ અનાજમાં પડ્યાથી અનાજ સળી જાયછે; ધનેડું. [દાર.

કિલ્લેદાર, વિ૦ કિલ્લાના સંભાળ રાખનાર અમલ-

કિલ્લો, પુ૦ દુસ્મન ચોર વગેરેથી ન આવી શકાય તેવું આસપાસ ચાર બુરુજ કરીને વચમાં મજબુત બાંધેલું જે મકાન તે—એમાં ઘણું કરીને લશ્કરી માણસો અને સામાન રેછે.

કિશોર, પુ૦ [સં૦] ૧૫ વરસની ઉમ્મર લગીનો છો-કરો; બાળક. (નંદકિશોર—નંદનો છોકરો).

કિશ્ત, સ્ત્રી૦ [ફા૦] સેતરંજની રમતમાં રાજાને ઘોડાથી જે શેહ આપવી તે. ૨ ખેતી. ૩ ખેડુતે સરકારને ભરવાનો જે હપ્તો તે. [ખાને પડેલું.

કિશ્ત, વિ૦ [ફા૦] હાર ખાધેલું; કેદમાં—બન્દી-

કિસબત, સ્ત્રી૦ ભિસ્તી લોક, મસકની નાચે જે ચા-મડું રાખેછે તે.

કિસમ, સ્ત્રી૦ જાત; તરેહ.

કિસમત, ન૦ [આ૦] નસીબ; ભાગ્ય; કરમ.

કિસ્ત, સ્ત્રી૦ [ફા૦] ખેડુતે સરકારને ભરવાનો જે હપ્તો તે. [દાસ્તાન; હિકાયત.

કિસ્સો, પુ૦ [આ૦] કલ્પિત વાત; ગાથા; કાણી;

કી, કઈ.

કીકી, સ્ત્રી૦ બે વરસની ઉમ્મર લગીની જે બાળક છોકરી તે; કીલી. ૨ નામ ન પાડેલું હોય તે અ-થવા જેનું નામ જાણ્યામાં નથી તે છોકરીને કીકી કહી બોલાવે છે. ૩ આંખના ડોળાની વચમાંના કાળા અથવા માંજરા ભાગમાં તુવેરની દાળ જે-વડું ટપકું હોય છે અને જેણેકરીને વસ્તુઓ દેખાય છે તે; પુતળી.

કીકો, પુ૦ બે વરસની ઉમ્મર લગીનો જે બાળક છો-કરો તે. ૨ નામ ન પાડેલું તેવા બાળક છોકરા-ને કીકો કહી બોલાવે છે. ૩ સહુથી મોટા છોક-રાનું નામ માબાપથી બોલાય નહિ (શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે) તેથી કીકો કહી બોલાવે છે.

કીચ, પુ૦ કાદવ.

કીજે, કરિયે. (કવિતામાં)

કીટ, પુ૦ [સં૦] કીડો; જિવડો.

કીટ, વિ૦ કામેલ; પૂરું માહિતગાર; પ્રવીણ. (તે ફા-રસીમાં કીટ છે). [તાપ ઘણો સખત થાયછે.

કીટનાંલાકડાં, ગાંઠ ઘણી હોય તેવાં લાકડાં જેનો

કીટી, સ્ત્રી૦ રૂની અન્દર જે કાળો ભુકો વળગેલો હોય તે; કપાસિયાની કરચ. ૨ ખાજાં તળતાં પેણીમાં ખરેલો જે ભૂકો તે.

કીટું, ઘીને તાવ્યા. પછી નીચે જે કચરો ઠરી રેછે તે.

કીટો, પુ૦ નળિયાં ઈંટ પાકતી વખત ઘણોજ તા-પ લાગેથી રસ થઈ બન્ધાઈ જઈ ગઠ્ઠા થઈ જા-ય તે. (હથિયાર ઘસવાનાં કામમાં આવેછે). ૨ ધાતુના પદાર્થો ઘણા તાપને લીધે રસરૂપ થઈ બ-ન્ધાઈ જાય તે. ૩ બાળવાના ગાંઠા વાળાં લાકડાં (બાવળ ખેરનો કીટો).

કીટો, વિ૦ નઠારું; નિરુપયોગી; નકામું.

કીડી, સ્ત્રી૦ [સં૦ કીટિકા] એક ઝીણો જીવ. એ બે જાતની હોયછે. કાળી ને લાલ. લાલ કીડીનો ચટકો વધારે હોયછે.

કીડો, પુ૦ [સં૦ કીટક] પેટે ચાલનારો નાનો જિ-

વડો. એ ઘણી જાતના હોયછે.

કીધ, કીધું; કર્યું. (કવિતામાં).

કીધું, કરવું એનો ભૂતકાળ; કર્યું. ૨ કુવું એનો ભૂતકાળ; કૂયું (કાઠિયાવાડમાં).

કીનો, પુ૦ [પ્રા૦] મનમાં ડાઘ રાખવો તે. અતીસ વેરભાવ; ખાર.

કીર, પુ૦ [સં૦] પોપટ; શુક.

કીર્ણ, કિરણ.

કીર્ત્તન, ન૦ [સં૦] ઈશ્વરના યશનું ગીત—ગાયન; ગાયનમાં ઈશ્વરના વખાણ કરવાં તે; ગુણવર્ણન.

કીર્ત્તનભક્તિ, સ્ત્રી૦ [સં૦] કીર્તનદ્વારા—મારફતે જે ભક્તિ તે; નવધા ભક્તિમાની એક.

કીર્ત્તિ, સ્ત્રી૦ [સં૦] ગુણ—કર્મ ઉપરથી જે પ્રસિદ્ધિ તે; આબરૂ; યશ. ૨ સ્તુતિ; વખાણ.

કીર્ત્તિમાન, વિ૦ [સં૦] કીર્ત્તિવાળું; નામાઙ્કિત; આબરૂદાર; યશસ્વી.

કીલ, પુ૦ ગાડી—ગાડાંનાં પૈડાંની અન્દર દિવેલ—તેલ ઊંજ્યા પછી લોઢું ઘસાયાથી મુાંય જે કાળો મળરૂપ પદાર્થ બન્ધાયછે તે.

કીલી, સ્ત્રી૦ કીકી; બાળક છોકરી. ૨ તિજોરી; ખજાનો; નાણાંની પેટી. ૩ કુંચી.

કીલો, કીકો.

કુંકડી, કોકડી.

કુંકરી, સ્ત્રી૦ નાનો કુંકરો.

કુંકરીદાવ, પુ૦ કુંકરીની રમત; કાંકરીદાવ.

કુંકરો, પુ૦ કાંકરો. ૨ ઠિકરાંના જૂના કકડાને બાજુ ઘસી ગોળ બનાવેલો હોય તે; ઠિકરી. ૨ ખાંગડો; કુંકો; જીવડાંનાં ઘરો. (શર્જેલાં, કોડી, કુંકાએ છોકરીયો રમેછે). ૩ જુવાર વગેરે અનાજનો પાર તૈયાર થયા પછી માંય રૂપલો મોટો જાડો જે કમણા વગેરેનો ભાગ તે.

કુંકાપગો, પુ૦ જેનાં પગલાંથી શુભ—સારા શકુન થાય તે પુરૂષ.

કુંકાવટી, સ્ત્રી૦ કુંકુ પલાળી રાખવાની ચલાણી.

કુંકાવટો, પુ૦ બે ત્રણ ખાનાનું હોડીના આકારનું ચન્દન કુંકુ વગેરે ભરવાનું લાકડાંનું પાત્ર.

કુંકાવરણું, વિ૦ કુંકાના રંગ જેવું—રાતું.

કુંકું, ન૦ [સં૦ કુઙ્કુમ] કઙ્કુ.

કુંકો, કુંકરો. કુંકે રમવું—ખાંગડે કોડે રમવું.

કુંગરો, કાંગરો.

કુંચડી, કુચડી.

કુંચડો, કુચડો.

કુંચલી, સ્ત્રી૦ ઘુંગટી; ઘુમટી; ધાબળા—બનાતને એક છેડેથી કરચલી વાળી સીવી લઈ માથે ઓઢવામાં આવેછે તે.

કુંચવાવું, ક્રિ૦ અ૦ સઙ્કોચ પામવો; આચકો ખાવો. ૨ મનમાં ને મનમાં બળવું—ચિડાવું.

કુંજડો, પુ૦ શાક ભાજી ફૂલ પાન વેચનારો; કાછિઓ; માળી.

કુંજો, કુજો.

કુંઝડો, પુ૦ ચડેલાં મોડાંનો; ગુસ્સે થયલો હોય તે.

કુંડળી, સ્ત્રી૦ [સં૦ કુણ્ડલી] નાનું કુંડાળું. ૨ જે કુંડાળાં—ચોકડીમાં બાર રાશિના બાર ઘર પાડયાં હોય તે. (પ૦ ગ્રાર્જંમાં). એ ઘર અથવા ભુવનના નામ: તન, દ્રવ્ય, પરાક્રમ, સુખ, સુત, શત્રુ, કલત્ર, મૃત્યુ, ભાગ્ય, રાજ્ય, લાભ અને વ્યય.

કુંડાળું, ન૦ ચાર પાસ ફરતી લીટી સાફ દેખાઈ આવે તેવી ગોળ આકૃતિ.

કુંડી, સ્ત્રી૦ તળિયું નાનું અને મોઢું ઘણુંજ પોળું એવું તાંબા પિત્તળનું વાસણ; તાંબાકુંડી; (સોનીખી). ૨ તપખીર ભાંગ વાટવાનું ઠિકરાનું ઠામ. ૩ ઘી ભરવાનું ચામડાંનું ઠામ; દબડી. ૪ ઢોરને પાણી પીવાની જે હવાડી તે; ટાંકી; ટાંકલી. ૫ ઢોરને ગવાનેક—ધાન ખાવાના જમીનમાં દાટેલી જે કુંડી અથવા છોની બનાવેલી ટાંકી તે. ૬ વીસની સઙ્ખ્યાનો સઙ્કેત; ૨૦.

કુંડું, ન૦ માટીનું પોળાં મોંનું ઠામ જેમાં રાખ વગેરે ભરેછે અથવા ફૂલ વગેરેના છોડ વાવેછે. ૨ ઘી ભરવાની મોટી કુંડી; દબું. ૩ ઢોરનેસારુ ધાન ભરી રાખવાનું ઠામ. ૪ તાંબા પિત્તળનું વાસણ. ૫ કાચનું ઠામ જેમાં ફુલના છોડ વાવેછે તે.

કુંદવું, ન૦ ઘાસની ગંજી.

કુંપળ-ળિયું, ન૦ ઝાડને નવું ફુટતું કુમળું પાતડું; નવપલ્લવ.

કુંપળો, પુ૦ નવો અઙ્કોર.

કુંભાર, પુ૦ [સં૦ કુમ્ભકાર] માટીના ઘાટ બનાવવાનો—વેચવાનો ધન્ધો કરનાર.

કુંભારિયો, કાકરિયાકુંભાર.

કુંભું, ન૦ જમીન ખેતર ભરવાનું એક માપછે; પાવીઘું અથવા ૨ વીઘાંમાં એક વસો ઓછો. (એ શબ્દ ભરુચ જીલ્લામાં ધારાયછે).

કુંવર, પુ૦ [સં૦ કુમાર] દિકરો; [illegible] પુત્ર. ૨ રાજકુમાર. સ્ત્રી૦ એ શબ્દ સ્ત્રિયોનાં નામની પછવાડે મુકાયછે. ઉજમકુંવર—વેર.

કુંવરી, સ્ત્રી૰ [સં૰ કુમારી] દિકરી; બેટી.

કુંવાડિયો, પુ૰ ચોમાસામાં થતાં અને ચોમાસા પછી સુકાઈ જતાં એવાં એક જાતનાં ઝાડવાં. એનાં મુળિયાંના લોક દાતણ કરેછે.

કુંવાર, સ્ત્રી૰ એક જાતનો કડવો છોડ. પાતરાં જાડાં ને કોરેકોરે કુમળા કાંટા હોયછે. એનાં પાતરાંના રસનો એળિયો બનેછે. એનું પાતરું તે લાબું કેવાયછે. [ન્યા.

કુંવારકા, સ્ત્રી૰ દશ વરસલગીની કુંવારી છોકરી; ક-

કુંવારું, વિ૰ પરણેલું નહિ તે.

કુંવેર, કુંવર.

કુ, [સં૰] ખરાબ, હલકું એવો અર્થ રાખે છે. કુલક્ષણ, કુપાત્ર ઈ૰. એ કુ નો ગુજરાતીમાં ક થાયછે. કલક્ષણ, કપાતર, કજાત વગેરે.

કુઈ, સ્ત્રી૰ નાનો કુઓ; ટાંકલી; ટાંકી.

કુઓ, પુ૰ [સં૰ કૂપ] પાણીનેમાટે જમીનની અંદર ખોદેલો ઊંડો ખાડો.-મોડું ઘરનું ચણી લીધેલું હોય અથવા ન હોય. ૨ પાણીનો કુદરતી ખાડો; ઝરો. ૩ વાણમાં વચ્ચોવચ્ચ જે સહુથી ઊંચું ઊભું જાડું લાકડું તે.—એને આધારે મોટો સઢ રેછે. આગબોટને બે મોટા કુઆ હોયછે.

કુક, ન૰ કુકડાનું બોલવું તે. ૨ પછવાડેથી અજાણતાં આવી એકાએક બાળક છોકરાંને રમતમાં બિવડાવાનો શબ્દ.

કુકડવેલાંફૂળ, ન૰ તુરિયાંના જેવાંજ પણ નાનાં કડવાં ફળ. દવા કરવાના કામમાં આવેછે—ખરડ વગેરેમાં.

કુકડાં, ન૰ કુકડો કુકડી. [સુકાં ફળ.

કુકડી, સ્ત્રી૰ કુકડાની માદા; મરઘી. ૨ રાંધણનાં

કુકડૂકૂક, ન૰ કુકડાનું બોલવું.

કુકડો, પુ૰ [સં૰ કુક્કુટ] એક જાતનો પક્ષી; મરઘો. એ વાણું વાયાની લગભગમાં બોલે છે. 'કુકડો હશે ત્યાંજ વાણું વાશે?'

કુકર્મ, ન૰ [સં૰] નઠારું કર્મ; અન્યાય; પાપ.

કુકર્મી, વિ૰ કુકર્મ કરનાર.

કુકલ્પના, સ્ત્રી૰ નઠારી કલ્પના.

કુકવા, પુ૰ આપતાં જે આચકા—આનાકાની કરવાં કરવી તે; લેનારને ટટળાવવું તે.

કુકવો, પુ૰ મરી ગયલાંને નામે પુરુષોએ બૂમ પાડીને જે રડવું તે. કુકવો કરવો—પોક મુકવી. ૨ અવસરે ખરચ ન કરવો.—તે તો બાપને નામે કુકવો કરશે.

કુકો, ખાંગડો.

કુખ, કૂખ.

કુઙ્કુમ, ન૰ [સં૰] કઙ્કુ; કંકુ.

કુચ, ન૰ [સં૰] સ્ત્રીનાં સ્તન; થાન.

કુચડી, સ્ત્રી૰ ડાગીના ઉપરથી કચરો મેલ કાડવાનું ભૂંડ જેવાં જનાવરના કઠણ વાળનું સોનીનું એક ઓજાર. ૨ ચિતારાની પીછી.

કુચડો, પુ૰ સાવરણી વગેરેનાં પીછાનું બનાવેલું રંગવાનું—ચૂનો ઢોળવાનું એક સાધન. વાસણને અન્દરથી સાફ કરવાનો કુચડો લીલા વાંસનો કકડો એક છેડેથી છુંદેલો હોયછે. ૨ પીવાનું પાણી ભરી રાખવાનું મેટાડાનું ઠામ; કુંજ; કુંજો; લોટવો. [રીત—રસમ.

કુચાલ, સ્ત્રી૰ નઠારી ચાલ—ટેવ—વર્તણુક. ૨ નઠારી

કુચેષ્ટા, સ્ત્રી૰ જેથી કોઈનું મન દુખાય તેવી મજાખ—મશકરી.

કુચો, પુ૰ કુંચો; કુચો.

કુછ, અ૰ [હિં૰] જરા; કંઈ; થોડુંક.

કુછન્દ, પુ૰ નઠારી ટેવ; ખરાબ ચસકો—વ્યસન.

કુછન્દી, વિ૰ કુછન્દવાળું; દુરાચારી; આડે રસ્તે ચાલનાર.

કુજો, કૂજો.

કુઞ્જ, સ્ત્રી૰ [સં૰] વેલાઓથી છવાઈ ગયલી જગા—વાડ. કુઞ્જગલી—બન્ને બાજુના ઝાડ એક બીજાને મળી ગયાં હોય તેવી ગલી.

કુઞ્જબિહારી-(વિહારી), પુ૰ કુઞ્જમાં વિહાર—રમ્મક્રીડા કરનારો. ૨ કૃષ્ણ.

કુઞ્જર, પુ૰ [સં૰] હાથી.

કુટ, સ્ત્રી૰ ભાંગાંતુટાં—બળેલાં વાસણો. ૨ માથાફોડ; ભાંજગડ. ૩ મુશકેલીથી જે હિસાબ કરી શકાય તે; કોયડો. ૪ સમજતાં માથાફોડ થાય તેવી રીતનું લખાણ. [કું તે.

કુટણાં, ન૰ કુટતી વખત બોલવાના બોલ. ૨ કુટ-

કુટણી, સ્ત્રી૰ જે સ્ત્રી નાણું લઈ સ્ત્રી પુરુષોનો મેળાપ કરાવેછે તે; ભડવેણ.

કુટણું, ન૰ કુટવું તે. ૨ કુટવાના પ્રકારો.

કુટણો, પુ૰ ભડવો; દલાલ.

કુટમ-મ્બ, કુટુમ્બ.

કુટવું, ક્રિ૰ સ૰ [સં૰ કુટ્ટન] મુઆંને નામે બૈરાંઓએ છાતી ઉપર હાથ મારવા. ૨ કોઈપણ ચીજ-

ગીના કારણથી છાતી ઉપર હાથ મારવા—માથું કપાળ અફાળવું. ૩ ઠોકવું; મારવું. ૪ ખાંડવું. કુટી નાખવું—ચારીપેંડ મારવું. ૨ ખાંડી નાખવું. કુટાઈ જવું—માર ખાવો; ઠોકાવું. કુટાઈ મરવું એટલે માથાફોડ કરી ધક્કા ખાઈ થાકી જવું.

કુટાકુટ, સ્ત્રી૦ છાતીનું જબ્બર કુટવું ચાલવું તે. ૨ ઠોકાઠોક.

કુટિલ, વિ૦ [સં૦] વાંકું; વળેલું. ૨ હઠીલું; અડકેરૂં. ૩ કપટી; ખળ. કુટિલ દેહ—બુદ્ધિ—તર્ક—દૃષ્ટિ—ભાષણ—વાક્ય—વૃત્તિ—સ્વભાવ ઈ૦.

કુટિલતા, સ્ત્રી૦ [સં૦] કુટિલપણું.

કુટી, સ્ત્રી૦ [સં૦] ઝુંપડી.—પર્ણકુટી, લતાકુટી ઈ૦.

કુટુમ્બ, ન૦ [સં૦] એક મૂળપુરુષથી ઊતરી આવેલો જે વેલો તે; કુળ; વંશ; ખાનદાન. ૨ બાયડી છોકરાં ભાઈ બેન મામા માસા ફોઈ વગેરે સગાંનો જે સમૂહ તે. ૩ બાયડી, છોકરાં, છોકરાની વહુઓ જેઓ એક ઘરમાં એક વડિલના ઉપરીપણાં હેઠળ રેતાં હોય તે. ૪ પોતાની બાયડી.

કુટુમ્બકલહ, પુ૦ [સં૦] કુટુમ્બમાં જે કલહ—કજીઆ તે. [સાં માણસો.

કુટુમ્બપરિવાર, પુ૦ બૈરી છોકરાં; કુટુમ્બમાં થય-

કુટુમ્બી, વિ૦ (૧ લા અર્થમાં) કુટુમ્બમાં ઉત્પન્ન થયેલો સગો; પિતરાઈ. ૨ બૈરાં છોકરાંવાળો; ગૃહસ્થ. [યલું.

કુટેલ, વિ૦ ઘડાયલું; અનુભવવાળું; હોશિયાર થ-

કુટેવ, સ્ત્રી૦ નઠારી ટેવ—આદત. [કાપડું; બદન.

કુડતું, ન૦ [ફા૦] કમ્મરલગી આવતું બેસતું સીવેલું

કુડન્તર, પુ૦ ભીતનો આંતરો.

કુડવું, ક્રિ૦ અ૦ ચિડવું; ક્રોધે ભરાઈ ઠપકો દેવો.

કુડાપો, પુ૦ ચિડિયાં કરવાં તે. ૨ બળાપો.

કુડું, કૂડું.

કુડ્ડી, કુલડી.

કુડ્ડું, કુડ્ડી અથવા કુડ્ડી જેવું કંઈ રમકડું.

કુઢલું, કૂઢલું.

કુણ, કોણ. [હારી ગયલું—ગભરાયલું.

કુણ્ઠિત, વિ૦ ધા૦ [સં૦] બન્ધ થયલું; તકરારમાં

કુણ્ડ, પુ૦ [સં૦] ચારેપાસ પગથિયાં હોય તેવો કુવો. ૨ ભોંયમાંથી નિકળતો થોડો ઉણ્ડો ઝરો. ૩ યજ્ઞ—હોમ—હવનનાં અગ્નિને માટે ચણેલો ખાડો.

કુણ્ડળ, ન૦ [સં૦ કુણ્ડલ] કાને ઘાલવાનું એક ઘરેણું.

કુણ્ડળિયો, પુ૦ [હિં૦] કવિતા કરવાની એક રીતિ—ભાષા નિયમ.

કુણ્ડળી, કુંડળી. ૨ નાનું કુણ્ડાળું. [કરડું

કુણ્ડાળું, ન૦ સપાટી ઉપર જે ગોળ લીટી તે; ચ-

કુતકારો, પુ૦ કુદી પડવું તે; ઠેકડો; ભુસકો; છલંગ.

કુતકું, ન૦ હાથમાં લઈ મારવાનો ફોડ બે હાથના લાકડાંનો અથવા વાંસનો જાડો કકડો; સોટો. ૨ તાપીર ભાંગ ઘુંટવાનું લાકડું.

કુતકો, પુ૦ કુતકારો. ૨ કુતકું.

કુતરાંનીટોપી, સ્ત્રી૦ ઉકરડા અથવા બીની જગામાં પડેલાં લાકડાં ઉપર છત્તરના આકારના સફેત નાના છોડ ફુટી નિકળે તે.

કુતરી, સ્ત્રી૦ કુતરાની માદા.

કુતરું, ન૦ કુતરો અથવા કુતરી.

કુતરો, પુ૦ એક જાતનો પશુ; ગ્રામસિંહ. એ ઘરની ચોકી કરેછે, શિકારમાં સસલાં હરણની પછવાડે દોડેછે, આંધળાંને રસ્તો દેખાડેછે વગેરે. 'કુતરાની પુછડી સો વર્ષ ભોંયમાં રાખો—સો ગજ ભોંયમાં દાટે તોપણ વાંકીની વાંકી' એ કેવત અને તેનેતો કુતરાની ટેવ છે એ પ્રયોગ. ૨ ઘાસના ચમરી, જે કપડાંને વળગી જાયછે અને ચામડાંને ખુંચેછે તે.

કુતૂહલ, ન૦ [સં૦] કૌતુક; વિસ્મય; અજબ.

કુતોહળ, કુતૂહલ.

કુત્તો, પુ૦ [હિં૦] કુતરો. [લું; ગન્દું; ખરાબ.

કુત્સિત, વિ૦ [સં૦] નિન્દા કરવા જોગ; નીચ; મે-

કુથલી, સ્ત્રી૦ નકામું ડાપલું; ચારવનાની લાખી વાત.

કુથલો, કુથો. [ડ. ૨ કુથલી.

કુથો, પુ૦ ગરબડગોટો; ગૂંચ; ગુંચવાડો; માથાફો-

કુદકારો-દાકડો, કુતકારો.

કુદરત, સ્ત્રી૦ [અ૦] ઈશ્વરી શક્તિ. ૨ ઈશ્વરે બનાવેલાં કામ; જગતની લીલા; માયા. ૩ જાતિસ્વભાવ; પ્રકૃતિ. ૪ તાગાત; જોર; સત્તા. [માં).

કુદરતી, વિ૦ કુદરતનું (૧લા, ૨જા ને ૩જા અર્થ-

કુદવું, ક્રિ૦ અ૦ [સં૦ કુર્દન] સપાટી ઉપર પગ—પગોને એકદમ ઊંચા કરી નીચે પડવું. ૨ પગ ઊંચકીને વચમાંના ખાડાની પેલી પાસ જવું; ઓળંગવું. ૩ ઊંચી જગાપરથી નીચે પડવું; ભુસકો મારવો. ૪ ઘણી ધામધુમ કરવી. ૫ તોર—પતરાજીમાં રેવું. કુદીજવું—ઓળંગવું. કુદીપડવું—સાહસ કરવું; સમ્પડાવું.

કુહાકુહ, સ્ત્રી૦ વારેઘડિયે કૂવાં કરવું તે. ૨ વલવલાટ.

કુહાળિયાં, ન૦ કેટલીક ન્યાતોમાં વરની જાનમાં આવેલા લોકને બપોરે જે દાળ ભાત જમાડવામાં આવે છે તે.

કુન્દ, પુ૦ [સં૦] એક જાતના ફૂલનો વેલો.

કુન્દન, ન૦ બહુથી ઊંચા ટચનું નરમ સોનું.

કુન્દી, સ્ત્રી૦ ધોયલાં લુગડાંમાં કરચલી ન રહે અને નરમાઈ આવે તેનેસારુ તેને જરાક ભીનાં કેઈ લેઈ ઘડી કરી તે ઊપર લાકડાંને ધોકે ઠોકવું તે.—કુન્દીકરવી કેવાય છે. ૨ લુગડાંની ઘડીના બ-રાબર ગળ બેસાડવાનું ચિપ્પીનું લાકડાનું એક ઓજાર. ૩ કુન્દ ફૂલનો વેલો.

કુન્દું, ન૦ લાકડાંનો દખુંકો; હાથ સવાહાથ લમ્બા-ઈનો જાડો કકડો. ૨ બન્દુકની પછવાડેનો હાથ-માં ઝાલવાનો જે તેનો કુમસો ભાગ તે; બન્દુક-નો હાથો. ૩ ચપડિયાનું સવાગજનું ગોળ લાકડું.

કુન્દો, પુ૦ બન્દુકનો હાથો. [રસ્તો.

કુપથ, પુ૦ [સં૦] અનિતિનો માર્ગ; આડો—ખરાબ

કુપથ્ય, ન૦ [સં૦] પરેહજી બરાબર ન પાળતાં ગ-મે તે ગમે તે ખાવા પીવામાં લેવું તે.

કુપાત્ર, વિ૦ [સં૦] નાલાયક; બેઅદબ; વઈ ગય-લું; છકીગયલું.

કુપ્પી, સ્ત્રી૦ નાનો કુપ્પો.

કુપ્પો, પુ૦ તેલ ઘી વગેરે ભરવાનું ફૂલેલાં પેટનું અને સાંકડાં મોડાંનું ચામડાંનું ઠામ.

કુફરાન, ન૦ [આ૦] જૂઠું તોહોમત; આળ. ૨ ધાંધલ; તોફાન.

કુબજા, સ્ત્રી૦ કુરૂપી—બદસુરત બૈરી.

કુબડું, વિ૦ [સં૦ કુબ્જ] જેને વાંસે મોટો ઢેકો નિ-કળી આવેલો હોય તેવું; ખુંધું; વાંકું વળેલું. ૨ કદરૂપું; કુરૂપું; બદસુરત. [નારી સ્ત્રી.

કુબાવાળી, સ્ત્રી૦ કુબો વેચનારી સ્ત્રી. ૨ કુબો કુટ-

કુબુદ્ધિ, સ્ત્રી૦ [સં૦] નઠારી બુદ્ધિ. ૫ બન્ધાઈ; લુ-ચ્ચાઈ; કપટ.

કુબો, પુ૦ બાગમાં પાનગુંનો એક છોડ. એની ભાજી, શાક દાળ અને કઢીમાં વપરાય છે. ૨ જનાવરે પોતાને રેવા સારુ પોતાની મેળે બનાવે-લું જે ઠેકાણું તે. ૩ ઢોરને સારુ મારો ચારો હો-ય તેવે ઠેકાણે ચારણ ઊંડો નાનાં ઝુંપડાં બાં-ધીને પોતાના ઢોર સાથે રહે છે તે આખેકું ઝુંપડું. ૪ છાનો કોઈ પકડાવી તેને ઊપરથી ઠોકીને ખુબ મ-રાઈથી બેસાડેલો તે; કોબો. કુબાકરવો—(૨ જા ૩ જાને ૪ થા અર્થમાં). કુબો બેસાડવો (૪થા અ-ર્થમાં).

કુબોધ, પુ૦ નઠારો બોધ.

કુભા, સ્ત્રી૦ [સં૦ કુ—પૃથિવીની છાયા. ભા—રો-શનાં; કાન્તિ] પૃથ્વિની છાયા.

કુભાણ્ડ, ન૦ તરકટ; તૂત. ૨ જૂઠું તોહોમત.

કુભારજા, સ્ત્રી૦ [સં૦ કુભાર્યા] નઠારી સ્ત્રી; કજીયા-પણ બૈરી; કરકશા.

કુમક, સ્ત્રી૦ [ફા૦] મદદ; ટેકો. ૨ તરફદારી; પ-ક્ષપાત; ઉપરાણું. ૩ મદદ દાખલ ગયલું લશ્કર —નાણું વગેરે.

કુમતિ, સ્ત્રી૦ [સં૦] નઠારી મતિ.

કુમળાસ, સ્ત્રી૦ કોમળપણું; નરમાશ.

કુમળું, વિ૦ [સં૦ કોમલ] કઠણ નહિ તે; નરમ; સ-હેલથી ડખાય—ચમ્પાય તેવું. કુમળી કાયા, કુમળું ફૂલ—પાતરું, કુમળી (તાજી) દુર્વા. ૨ ઝટ અસર થઈ જાય તેવું; પોચું. કુમળું મન.

કુમાર, પુ૦ [સં૦] પુત્ર; દિકરો. એ શબ્દ મોટા પુરુષના પુત્રને લાગે છે. રાજકુમાર, નન્દકુમાર.

કુમાર, સ્ત્રી૦ કુંવાર. [છોકરી; કન્યા.

કુમારિકા, સ્ત્રી૦ [સં૦] લગન ન થયાં હોય તેવી

કુમારી, સ્ત્રી૦ ન પરણેલી કન્યા. ૨ પરણીજ ન હો-ય તે સ્ત્રી.

કુમાર્ગ, પુ૦ [સં૦] નઠારો—આડો રસ્તો. ૨ અધ-ર્મ; પાખણ્ડમત. ૩ કુછન્દ. [અધિકારી.

કુમાવિસદાર, પુ૦ [ફા૦] મામલતદાર; પરગણાંનો

કુમાસ, પુ૦ [આ૦] ઘટપણું; પોત. ૨ ગન્જીફાનાં પાનાંનો એક રંગ. [થી ખિલે છે.

કુમુદ, ન૦ [સં૦] ધોળું કમળફૂલ—એ ચન્દ્ર પ્રકાશ-

કુમુદિની, સ્ત્રી૦ [સં૦] કુમુદ ફૂલનો વેલો; દાંડી મા-થેનું ફૂલ; કમળની એક જાત.

કુમ્ભ, પુ૦ [સં૦] ઘડો; કળશ. ૨ હાથીનું ગણ્ડ-સ્થળ. ૩ બારરાશિમાંની ૧૧ મી. કુમ્ભમુકવો, નવાં ઘરમાં વાસ કરતી વખત મુરતમાં આગળ-થી ત્યાં એક જગાએ સાથિયો પુરી તે ઉપર ઘ-ડો નાળિયેર મુકવાં. ૨ માતાના કુમ્ભનું સ્થાપન કરવું.

કુમ્ભી, સ્ત્રી૦ ઘરનાં ઊભાં લાકડાં—ધારણ ઉપર (આડાં લાકડાં—મોભ વગેરે નાખવાસારુ) જે બે-મણી બેસાડેલી હોય તે. ૨ લોઢાંની જે બેમણીને

આધારે કોઠાંના પાટિયા ગડક ઉપર ગોઠવી બનાવ-
વામાં આવેલું તે.

કુમ્મક, કુમક.

કુરકુરિયું, કુરકુરિયું. [વામાં આવેલ.

કુરકુર, અ૦ એ શબ્દે, કુતરાંનાં બચ્ચાંને બોલા-

કુરકુરિયું, ન૦ કુતરાનું બચ્ચું; ગલૂડિયું.

કુરંગ, ન૦ [સં૦] હરણ; મૃગ.

કુરડી, કુલડી.

કુરતની, સ્ત્રી૦ પલંગની છતરી ઉપરથી નાખેલું તે
આસપાસ પડદો કરતું જે ઝાળું કાપડું તે; મચ્છર-
દાની.

કુરબાન, અ૦ [આ૦] ભોગ—બલિ દાખલ આ
પેલું—અર્પણ કરેલું એવું; આધીન. ૨ ફિદા; ખુ-
શખુશ.

કુરાન, ન૦ [આ૦] મુસલમાન લોકનું ધર્મ શાસ્ત્ર.

કુરિયો, પુ૦ જુવારના બાજરાને તે બાજરામાંથી કા-
ઢેલો જે લોટ જુદો કાઢી બાકી રહેલા જે કણ—દા-
ણાં તેને પાણીનાં અધેરણમાં નાખી બનાવેલો જે
પદાર્થ તે. [બેડોળ.

કુરૂપ, વિ૦ [સં૦] નઠારાં રૂપનું; બદસુરત; કુરૂપું;

કુલ, ન૦ [સં૦] કુળ; વંશ. [ય તે; અમીલ.

કુલ, ન૦ [આ૦] જેની વતીનું વકીલ કામ કરતો હો-

કુલ, વિ૦ [આ૦] તમામ; બધું; સઘળું; જુમલે.
કુલ જમા—બારગ—અખત્યાર.

કુલકુલા, પુ૦ [આ૦] જેને કુલ અખત્યાર હોય તે;
મુખ્ય કારભારી.

કુલક્ષણ, ન૦ [સં૦] નઠારું લક્ષણ; કટેવ.

કુલટા, સ્ત્રી૦ વ્યભિચારિણી સ્ત્રી; હડકતી છિનાળ.

કુલડી, સ્ત્રી૦ કુલ્લી જેવું બનાવેલું માટીનું ઠામ; કુ-
રડી. ૨ સોનીનું સોનું રૂપું ગાળવાનું પોળાં મો-
ઢાંનું પણ નાનકડું ઠામ. ૩ એવું ઠેકાણું તે.
(ગાંડની કુલડી). [ઓસડ.

કુલમ, પુ૦ એક જાતના ચોખા. ૨ એક જાતનું

કુલાં, ન૦ કુલું એ શબ્દનું અનેકવચન. કુલાંકુટવાં.

કુલાબો, પુ૦ [આ૦] જમીનનો જેટલો ભાગ દ-
રિયામાં લાગ્યા ગયો હોય તે.

કુલાલ, પુ૦ [સં૦] કુંભાર.

કુલીન, વિ૦ [સં૦] ઊંચાં કુળનું; ખાનદાનનું; અ-
સલ—આબરુદાર ઘરનું; અમરાઈ ને સુઘડ.

કુલીનતા, સ્ત્રી૦ કુલીનપણું.

કુલું, ન૦ ગાંડની બન્ને બાજુએ ઊંચા આવેલા જે
બે ભાગ તે તેમાંનો એકેક; ઢગરું.

કુલે, અ૦ તમામ; બધું. ૨ એકંદર; જુમલે.

કુલેર, સ્ત્રી૦ ગોળ—ખાંડ અને ઘી ચોળેલાં એવા
બાજરી—ચોખાનો જે કાચો લોટ તે.

કુલ્લી, કુલડી.

કુલ્લું, ન૦ ઘી તેલ વગેરે પદાર્થ ઘાલવાનું સાંકડાં
મોઢાંનું પણ ફુલેલાં પેટનું ચામડાનું ઠામ.

કુલ્લે, કુલે, તમામ.

કુવચ, કૌવચ.

કુવચની, વિ૦ નઠારું—કડવું—અસભ્ય ભાષણ કરનાર.

કુવત, કૌવત.

કવાથ, પુ૦ [સં૦ ક્વાથ] જુદાં જુદાં વસાણાંને પા-
ણીમાં નાખી એકઠાં ઉકાળી જે ઓસડ તૈયાર ક-
રેલું તે; ઓસડનો કાઢો—કાવો.

કુવાડી, સ્ત્રી૦ ઝાડ કાપવાનું—લાકડાં ચિરવાનું લા-
કડાંના હાથાવાળું એક હથિયાર.

કુવાડો, પુ૦ મોટી કુવાડી. ૨ કડવા બોલો.

કુવાસના, સ્ત્રી૦ [સં૦] નઠારી ઈચ્છા.

કુવેણ, ન૦ નરસું—કડવું વેણ.

કુવેતર, ન૦ વાવણી કરવા માટે કુવાના પાણીથી જે
જમીન તૈયાર કરવામાં આવે તે.

કુવો, પુ૦ [સં૦ કૂપ] તળિયેથી પાણી નિકળે એટલો
ઓંડો જે ખાડો તે. 'કુવાની છાંયા કુવામાં સ-
માય', 'આગ લાગે ત્યારે કુવો ખોદવા બેસે'. ૨
ખાડો (જાની પડ કુવામાં). ૩ વહાણમાં મોટા સ-
ઢનો જે થંભ તે.

કુશ, પુ૦ [સં૦]. એક જાતનું કઠણ ઘાસ જે યજ્ઞ-
યાગ વગેરેનાં કામમાં આવેછે; ડાભ.

કુશળ, વિ૦ [સં૦ કુશલ] સુખરૂપ; ક્ષેમ.

કુશળતા-ળી, સ્ત્રી૦ સુખાવસ્થા; સુખી હાલત તે.

કુશાગ્રબુદ્ધિ, સ્ત્રી૦ [સં૦] ઘણીજ તીક્ષ્ણ એવી જે બુ-
દ્ધિ તે.

કુષ્ઠ, ન૦ [સં૦] કોડ.

કુષ્માણ્ડ, ન૦ [સં૦] કોળું.

કુસકા, પુ૦ ભાત—ડાંગેરના છાલાં.

કુસકી, સ્ત્રી૦ કરડ ખાંડવાથી જે લોટ જુદો પડે તે.

કુસંગ, પુ૦ [સં૦] નઠારો સંગ.

કુસંગત, કુસંગતિ.

કુસંગતિ, સ્ત્રી૦ [સં૦] નઠારી સંગતિ.

કુસતી, સ્ત્રી૦ [ફા૦] બે શખ્સોએ એક બિજાને વળ-
ગી એક બિજાને ચતાં પાડીનાખવાની જે રીત

તે; મલ્લયુદ્ધ. ૨ કસરી (પારસીની).

કુસતીબાજી, સ્ત્રી૰ કુસતી કરવી—ખેલવી—રમવી તે; કુસતીની રમત.

કુસમ્પ, પુ૰ અણબનાવ; બિગાડ; તૂટ; ફૂટ. ૨ નઠારી વાતમાં એકઠાં મળવું તે.

કુસુમ, ન૰ [સં૰] ફુલ; પુષ્પ.

કુસ્વભાવ, પુ૰ નઠારો સ્વભાવ.

કુહુડાંથવાં, ક્રિ૰ અ૰ ભૂખે મરવું; અન્નના ટટળવું.

કુળ, કૂળ.

કુળકરણી, પુ૰ તલાટી.

કુળક્ષય, પુ૰ કૂળનો ક્ષય—ખે.

કુળતારક, વિ૰ કૂળને તારનાર.

કુળદેવી, સ્ત્રી૰ કુળની ઈષ્ટ દેવતા; વંશના લોકો પરમ્પરાથી જે દેવીને માનતા આવેલા તે.

કુળભૂષણ, ન૰ કૂળનું ભૂષણ.

કુળલજામણું, વિ૰ કૂળ લજવાય તેવું. [ખાનદાનનું.

કુળવન્ત-વાન, વિ૰ ઊંચા કુળનું; કુલીન; સારા

કુળાચાર, પુ૰ કુળનો આચાર; કુળના રીતભાત.

કુળોચ્છેદ, પુ૰ કુળનો ઉચ્છેદ; વંશનાશ—નસન્તાન જવું તે.

કુળોદ્ધાર, પુ૰ કુળનો ઉદ્ધાર.

કુંચી, સ્ત્રી૰ જેથી તાળું—કળ ઉઘડે તે સાધન. ૨ યુક્તિ; કળા. ૩ કબજો; મંડા; મનનું વલણ—એની કુંચી તેને હાથ છે. કુંચી ફેરવવી—ફરવી—લાગવી.

કૂખ, સ્ત્રી૰ [સં૰ કુક્ષિ] પાંસળાંની નીચેની પેટની બાજુ; પેટનું પાસું. ૨ ગર્ભાશય. [કૂચ કરવી.

કૂચ, સ્ત્રી૰ [હિં૰] મુકામ ઉઠાવી આગળ ચાલવું તે.

કૂચ, સ્ત્રી૰ છાની વાત.

કૂચ, પુ૰ પાણી ભરી રાખવાનું સાંકડાં મોઢાંનું માટીનું ઠામ; બોટવો; કુંજો.

કૂચો, પુ૰ ચાવી—છુંદી—કુટીને રસવનાના રેસા જેવું કરેલું હરકંઈ તે. સેરડી દાતણ વગેરેનો કૂચો. ૨ સઘળું સારીપેઠે સમજી—અભ્યાસ કરી લીધું હોય તેવું કંઈ (તેણે તે ચોપડીનો સારીને કૂચો કીધો છે). ૩ એકની એક વાત બક્યાં—ચાવ્યાં કરવી તે (કૂચો કરતો પરવારે બારેકે). ૪ ભાગીસે નિન્દા કરવી—બૂરું બોલવું તે. કેવત 'ઢોરનાં ચાવ્યામાં કૂચો પડે પણ માણસના ચાવ્યામાં નથી પડતો'.

કૂજો, પુ૰ કુંજો.

કૂટ, સ્ત્રી૰ [સં૰] કડાકૂટ; માથાકૂટ; માથાફોડ; મુશકેલી. ૨ ગુંચવણવાળો હિસાબ—પ્રશ્ન—સવાલ; કોયડો. ૩ ઓખાણું. ૪ સમજવાને મુશકેલ એવું વાક્ય—કવન. ૫ પહાડની ટોંચ; ટેકરી.—ચિત્રકૂટ પર્વત. કૂટસાક્ષી—ખોટી તકરારથી સાક્ષી છઉં એમ જણાવનારો.

કૂડ, ન૰ મેલ; આંટી; કપટ. ૨ વચકો; વાંધો.

કૂડ-ડું, વિ૰ નઠારું; ભુંડું. ૨ હૈયાભેલું; કપટ ભરેલું.

કૂપ, પુ૰ [સં૰] પાણીનો કુવો. ૨ ખાડો.

કૂર, પુ૰ [સં૰] રાંધેલા ચોખા; ભાત.

કૂર્મ, પુ૰ [સં૰] કાચબો.

કૂળ, ન૰ [સં૰ કુલ] એક મૂળ પુરુષ ને તેથકી ચાલેલો વેલો; વંશ; ખાનદાન. એકાદા નામાંકિત મૂળપુરુષને નામે કૂળ ઓળખાયછે. ૨ સમુદાય; જથો; ટોળું.

કૃત, વિ૰ ધા૰ [સં૰] કરેલું; બનાવેલું. એ, શબ્દની આગળ અથવા પાછળ મુકવામાં આવેછે. કૃતસંકલ્પ એટલે કીધોછે ઠરાવ જેણે તે. કૃતાપરાધ—કીધોછે અપરાધ જેણે તે. રામચન્દ્રકૃત એટલે રામચન્દ્રનું કરેલું. [થયો હોય તે.

કૃતકૃત્ય, વિ૰ [સં૰] કરવાનાં કામ કરીને પારપ-

કૃતઘ્ન, વિ૰ [સં૰ કૃત—કરેલું; ઘ્ન—નાશકરનાર] ઉપકારના બદલામાં અપકાર કરનાર; અનુપકારી; નિમકહરામ; નગુણું; નપકું; નુગરું.

કૃતઘ્નતા, સ્ત્રી૰ [સં૰] કૃતઘ્નપણું; નિમકહરામી.

કૃતઘ્ની, વિ૰ કૃતઘ્ન.

કૃતજ્ઞ, વિ૰ [સં૰ કૃત અને જ્ઞ—જાણનાર] કીધેલા ઉપકારને જાણનાર; ઉપકારી; આભારી; નિમકહલાલ; વફાદાર.

કૃતજ્ઞતા, સ્ત્રી૰ કૃતજ્ઞીપણું; નિમકહલાલી; વફાદારી.

કૃતજ્ઞી, કૃતજ્ઞ.

કૃતયુગ, પુ૰ [સં૰] સત્યયુગ; સતજુગ.

કૃતાન્ત, પુ૰ [સં૰] મુએલાંની તપાસ રાખનારો દેવ; યમ. ૨ કાળ; નાશ.

કૃતાર્થ, વિ૰ [સં૰] કરવાંના જે ધર્મ—પુણ્યનાં કામ તે જે કરી ચુક્યો હોય તે; પાર પડેલું; જેણે જનમ સફળ—સાર્થક કર્યો હોય તે; કૃતકૃત્ય.

કૃતાર્થી, કૃતાર્થ.

કૃતિ, સ્ત્રી૰ [સં૰] કોઈ એક કામ કરવું—કરવાનો પ્રકાર તે. ૨ કોઈએ જે કંઈ કરેલું તે. આ કવિતા તો દયારામની કૃતિ લાગેછે.

કૃત્ય, ન૦ [સં૦] કરેલું તે; કામ; કર્મ. ૨ કરી બ-તાવેલો સિદ્ધાન્ત.—(ભૂમિતિમાં).

કૃત્યા, સ્ત્રી૦ [સં૦] મન્તર મન્તર—જાદુની એક દે-વી; માતા મેલડી. ૨ ડાકેણ; જનતરી. ૩ કડૂંઆસણી—કજીયા બાયડી; નેઅપગી બૈરી. [ઠાલું.

કૃત્રિમ, ન૦ [સં૦] કપટ; ફાંસો; દેખામેલ; દગો; જુ-

કૃત્રિમ, વિ૦ [સં૦] નવું બનાવેલું—કરેલું; અસલ—કુદરતી—સ્વાભાવિક નહિ તે; અસત્ય.

કૃત્રિમી, વિ૦ બનાવટનું; કપટ ભરેલું. ૨ વેષધારી; દગલબાજ.

કૃદન્ત, પુ૦ [સં૦] ક્રિયાપદના મૂળ—ધાતુને પ્રત્યય જોડવાથી જે નવું નામ—વિશેષણ—અવ્યય પેદા થાય તે. (વ્યાકરણમાં). [રિયું.

કૃપણ, વિ૦ [સં૦] બખીલ; કંજુસ; મખ્ખીચૂસ કંજ-

કૃપણતા, સ્ત્રી૦ બખીલાઈ; કંજુસાઈ.

કૃપા, સ્ત્રી૦ [સં૦] કોઈનું કલ્યાણ કરવા તરફનું જે વલણ તે; મેહેરબાની; મેહેર. ૨ પ્રસાદ; બક્ષીસ; મેહેરબાનીમાં જે કંઈ આવેલું તે. ૩ માયા-ળુપણું; દયા. [નીનો ભણ્ડાર.

કૃપાનિધાન, વિ૦ [સં૦] કૃપાનો ભણ્ડાર; મેહેરબા-

કૃપાપાત્ર, વિ૦ [સં૦] જેના ઉપર કૃપા રાખવી—કરવી ઘટિત હોય તે; મેહેરબાની કરવા જોગ. ૨ જેના ઉપર કૃપા થઈ હોય તે.

કૃપાવન્ત-વાન્, વિ૦ કૃપા—મેહેરબાની કરનાર.

કૃપાસિન્ધુ, પુ૦ કૃપાનો સાગર.

કૃપાળ, કૃપાળુ. [૨ માયાળુ; દયાળુ.

કૃપાળુ, વિ૦ [સં૦ કૃપાલુ] કૃપાથી ભરેલું; મેહેરબાન.

કૃમિ, પુ૦ [સં૦] કીડો. ૨ પેટમાં જે પાતળા ને લા-મ્બા ધોળા કીડા—કરમ થાયછે તે.

કૃશાંગ, વિ૦ [સં૦ કૃશ—પાતળું; અંગ] પાતળાં—નાજુક શરીરવાળું.

કૃશાન, પુ૦ [સં૦ કૃશાનુ, કૃશાનન] અગ્નિ.

કૃષિ, સ્ત્રી૦ [સં૦] ખેતી.

કૃષ્ણ, વિ૦ [સં૦] ગળી—શાઈના રંગ જેવું કાળું; પે-રા આસમાની રંગનું.

કૃષ્ણપક્ષ, પુ૦ [સં૦] જેમાં ચન્દ્રની કળા ઓછી થતી જાયછે તે પખવાડિયું; વદ; વદી. (શુક્લપક્ષ-નું ઉલટું). [કસ.

કેસ, સ્ત્રી૦ અંગરખા બદન કાંચળી વગેરેના બન્ધ;

કે, અ૦ આગળ કારણ આવેછે—લખેલું છે એવી સૂચના કરનારો શબ્દ; એ શબ્દની પૂર્વે, કારણ—એમ—કેમ એ શબ્દો જોડાયછે—કારણ કે, એમકે, કેમકે વગેરે. (કારણ ઉપજાવવી). ૨ અથવા; વા; યા—તે કે તું આવેતો સારું. (પક્ષાન્તર ઉપજાવવી). ૩ ખાતરી કરીલેવાસારું પુછતી વખત સર્વનામની સાથે જોડવામાં આવે-છે. 'તમે કેતા હતા તે એ કે?'

કેઈ, સ૦ કઈ; કી.

કેકા, સ્ત્રી૦ [સં૦] મોરનું બોલવું તે.

કેટલાંએક-ક, વિ૦ એક અને વળી તેવાં બીજાં થો-ડાંએક—ઘણાંએક.

કેટલું, વિ૦ સંખ્યા અથવા માપનું પરિમાણ પૂછતી વેળા એ શબ્દ વપરાયછે—કેટલા રૂપિયા, કેટલી મોહોર, કેટલો આટો, કેટલું કામ વગેરે.

કેડ, સ્ત્રી૦ શરીરનો વચલો પાતળો ભાગ; કટિ; ક-મર; કડ. ૨ પૂઠે—પાછળ—પછવાડે લાગવું તે. કેડનું બાયું—કમર લુલી થયલી હોય તેવું (ટટાર-નું ઉલટું). ૨ સુસ્ત; આળસુ. કેડ લેવું (છોકરાંને).

કેડિયું, ન૦ કેડલગી આવતું એવું સિવેલું કપડું; બદ-ન; કુડતું.

કેડી, અ૦ પછી; પાછળથી. સ્ત્રી૦ પગરસ્તો.

કેડે, અ૦ પછવાડે; પૂઠે; પાછળથી; વાંસે.

કેડો, પુ૦ પૂઠ; પછવાડે લાગવું તે; ખ્યાલ; પીછો. ૨ મારગ; રસ્તો. (ઘરેડનો). ૩ પાર; છેડો.

કેણ, સ્ત્રી૦ તેડું; સન્દેશો; કેવડાવેલું તે. કેણ આ-વ્યું—કાવ્યું.

કેણી-તી, સ્ત્રી૦ કેવું તે; કેવાનો પ્રકાર. કેણી તેવી રે-ણી જોઈએ. ૨ બદનામી. તેને માથે કેણી રઈ ગ-ઈ. ૩ કેવત. [કેમાં.

કેણીગમ-તરફ, અ૦ કઈ દિશાએ! કઈ બાજુએ?

કેતક કેવડો, પુ૦ કેવડાના આકારનું સ્ત્રિયોને મા-થે ઘાલવાનું એક સોનાનું ઘરેણું—કેતક, ચાક, નાગ, ચન્દ્રમાં એ પ્રમાણે સ્ત્રીના માથાનાં સોના-નાં ઘરેણાં છે.

કેતકી, સ્ત્રી૦ [સં૦] એક જાતનાં સુગન્ધીદાર ફુલનું ઝાડ. ૨ એ ઝાડનું પાતરું.

કેતુ, પુ૦ [સં૦] જ્યોતિષમાં ગણાતા નવ ગ્રહમાંનો એક. ૨ ધજા; વાવટો; નિશાણ. ૩ પુછડિયો તા-રો; ધૂમકેતુ.

કેથાં-થે, અ૦ કોઈ ઠેકાણે; કોઈપણ જગાએ.

કેદ, સ્ત્રી૦ [આ૦] સ્વતન્ત્રતા—છૂટ બન્ધ પડવી તે; બન્ધી; અટકાવ. ૨ ગુન્હેગારને સરકાર એક ઠે-

કાણે ગોંધી રાખવો તે; બેડી ઘાલવી તે. ૩ ગોંધી રાખવાની જગા; કેદખાનું; બન્દીખાનું; હેડ. ૪ મર્યાદા; અટક. કેદ કરવું, કેદમાં રાખવું.

કેદ, વિ૰ ફા૰ કેદમાં—બન્દીખાને નાખેલું; કેદી.

કેદખાનું, ન૰ કેદ રાખવાનું ચારપાસ બન્દોબસ્તવાળું જે ઠેકાણું તે; બન્દીખાનું; જેલ; ગુરૂં; કારાગૃહ.

કેદારો, પુ૰ એક રાગ. એ રાતે ગવાયછે.

કેદી, વિ૰ [આ૰] બન્દીખાને પડેલું—(માણસ); બન્દીવાન. ૨ ગુન્હેગાર; અન્યાયી.

કેનું, કોનું. "કેના બાપની ગુજરાત".

કેન્દ્ર, ન૰ [સં૰] ગોળનું મધ્યબિન્દુ; મધ્ય. ૨ સૂર્ય—અગ્નિ—દીવો વગેરેના કિરણો જ્યાં એકઠા મળે તે બિન્દુ. એ ઠેકાણે અતીસે ગરમીનો જમાવ થયેથી એકાદી વસ્તુ, રોશની આપતી ચીજથી દૂર હોય તોપણ સળગી ઉઠેછે. ૩ વાદ તકરારમાં જે મુખ્ય વાત—મર્મ તે. ૪ ગ્રહનાં માર્ગનો વિભાગ.

કેફ, પુ૰-સ્ત્રી૰ [આ૰] ભાંગ, દારુ વગેરે વસ્તુમાં રહેલા જે ગુણ—ખાસિયતથી તે વસ્તુના ખાનાર પીનારનાં શરીર મનની પ્રકૃતિમાં ઘેન, આળસ, જોમ, ઘેલછા વગેરેની વિક્રિયા થાય તે. ૨ એ જે વિક્રિયા—અસર તે; કેફ વાળી હાલત; ઘેન, સુસ્તી વગેરે. ૩ એવી જે વસ્તુ તે—ચણ્ડુલ, તાડી વગેરે.

કેફિયત, સ્ત્રી૰ [આ૰] હકીકત; વિગતવાર વાત; વિસ્તાર પૂર્વક વર્ણન.

કેફી, વિ૰ [આ૰] કેફવાળો (પદાર્થ). ૨ જેણે કેફ કર્યો હોય તે; અમલી. (માણસ). ૩ વ્યસની; છન્દી.

કેબીન, સ્ત્રી૰ [અં૰] વાહાણમાં તૂતકની નીચે સુવા બેસવાની ઓરડી.

કેમ, અ૰ કઇ રીતે; શી રીતથી. ૨ શામાટે. ૩ શું.

કેમકરતાં-કરીને, અ૰ કોઈ પણ રીતે. ૨ શી રીતે. (પુછવામાં)—કેમ કરતાં થયું.

કેમકે-જે, અ૰ કારણ કે; સબબ કે. [શાટુ.

કેમરે, અ૰ (ધમકાવવાના અર્થમાં પુછતીવેળા) શા-

કેમેકરતાં, અ૰ [સં૰ કિમપિ] કોઈપણ રીતે.

કેર, ન૰ [સં૰ કરીર] એક જાતનાં ફળ—એ અથાણામાં વપરાયછે; કેરાં.

કેર, કેહેર.

કેરખી, સ્ત્રી૰ કાંગરી. ૨ સુનાની ગોળ ટપકીયાનો હાર.

કેરડો, પુ૰ કેરાંનું ઝાડ.

કેરબો, પુ૰ એક જાતનો નાચ. રામજની પોતાના માથાના બાલ છુટા રાખી તે ઉપર ટોપી અથવા પાઘડીનો ફેંટો બાંધીને ઘણી ઘણી તરેહની અદા સાથે નાચેછે. ૨ એ નાચમાં ગવાતી જે ચીજો—ગીતો તે. એ ઘણુંકરીને જુદાં હોયછે. ૩ એ ગીતો જે રાગમાં ગવાયછે તે—પણ એમાં ઘણું કરીને કાલિંગડાની છાયા આવેછે; ફારવો.

કેરાં, કેર.

કેરી, સ્ત્રી૰ આંબાના ઝાડનું ફળ—એ ઊનાળાની રતમાં થાયછે—એનો રસ મીઠો હોયછે. કાચી કેરીના અથાણાં અને મુરબ્બા, ગોળકેરી વગેરે થાયછે. [લિ હરીનો.

કેરો-રૂં-રો, ની, નું, નો (કવિતામાં) હરિકેરા એટ-

કેલ, વિ૰ એક એ સઙ્ખ્યાનો સઙ્કેત (વેપારી, દલાલોમાં).

કેલ, પુ૰ છોનો કોલ.

કેલપડી, સ્ત્રી૰ અગિયાર એ સઙ્ખ્યાનો સઙ્કેત (વેપારી, દલાલોમાં).

કેલિ, સ્ત્રી૰ [સં૰] ક્રીડા; રમત; ખેલ; લીલા.

કેવડિયો કાથો, પુ૰ કેવડામાં રાખી સુગન્ધી વાળો કરેલો કાથો.

કેવડું, વિ૰ એ શબ્દથી લમ્બાઇ પોળાઇ—ઊંચાઇ નીચાઇનું માપ પુછવામાં આવેછે. કેટલું શબ્દ માપ અને સઙ્ખ્યા બન્નેને લાગેછે પણ કેવડું તો ફકત માપનેજ. [તેનું ફૂલ.

કેવડો, પુ૰ [સં૰ કેતકી] એક જાતનું ઝાડ અથવા

કેવત, સ્ત્રી૰ પરમ્પરાથી લોકમાં કેવાતું આવેલું બોધરૂપ—દૃષ્ટાન્તરૂપ વાક્ય—વચન. 'કાળ ગયો ને કેવત રઇ ગઇ'.

કેવળ, વિ૰ [સં૰ કેવલ] કેશીએ ભેગ ન હોય તેવું; શુદ્ધ; નર્યું; સ્વચ્છ; નિર્મળ. ૨ એક તેજ; એકલું તેજ; માત્ર; ફકત. અ૰ બિલકુલ; છેક; બધીવાતે.

કેવળધામ, ન૰ મુક્તિપદ; બ્રહ્મપદ.

કેવળપ્રયોગી અવ્યય, પુ૰ હરખ શોક આશ્ચર્ય ઇ૰ વાચક જે શબ્દ જોસ્સામાં બોલાઇ જાયછે તે—ઓ!, આહા!, અરે!, છટ! ઇ૰.

કેવારે, અ૰ કઇ વખતે; કિયે સમયે (પુછવામાં).

કેવું, વિ૰ કઇ જાતનું; કિયા પ્રકારનું. રૂપ રંગ ગુણ

સમ્બન્ધી વિચાર પુછવા વખત એ શબ્દ વપરાયછે.

કેવું, ક્રિ૦ સ૦ [સં૦ કથન] જાણ કરવાને બોલવું. ૨ બોલી-લખીને જણાવવું. ૩ ભણાવવું; સમજાવવું. (પરમાનંદ, નિત્યાનંદને પાઠ કેછે). ૪ જમવા તેડવું (તેને નાતનું કેવુંછે). ૫ સાનમાં સમજાવવું; બતાવવું. (મેહેતાજી ગયા એટલે નરોતમે પીતાંબરને દાખલો કહ્યો).

કેશ, પુ૦ [સં૦] માણસ પશુ પક્ષીની ચામડીમાંથી ફુટી નિકળેલા કાળા ધોળા જે તન્તુ તે; નિમાળા; વાળ. માથા ઉપર ઘણા હોયછે. કેશ કુડાવવા એટલે મુંડાવવું. કેશ રાખવા—વધારવા.

કેશપાશ, પુ૦ [સં૦] માથાના નિમાળા—વાળને હોળી બાંધવાની અથવા ગુંથવાની જે રીત તે; અંબોડો.

કેશર, કેસર.

કેશવાળી, સ્ત્રી૦ ઘોડાની અયાળ.

કેશાકર્ષણ, ન૦ કેશ અથવા કેશના જેવી ઝીણી નળિયોમાંથી પ્રવાહી પદાર્થનું ખેંચાવું થાય તે.

કેસ, કેશ.

કેસ, સ્ત્રી૦ અંગરખા કાંચળી વગેરેનો બન્ધ; કસ.

કેસ, પુ૦ [અ૦] મુકદમો; કામ.

કેસર, ન૦ [સં૦] કમળફૂલના રેસા; દિંડવા વાળા એક જાતના છોડના પીળા રંગના ને સુગન્ધિ આપતાં ફૂલમાંના તન્તુ.

કેસરપપ્પુ, પુ૦ દ્રાવિડ દેશનો બ્રાહ્મણ જે ગુજરાતી લોકમાં ભીખ માંગતાં અનેક ચાળા કરેછે તે.

કેસરિયાં, ન૦ મરણિયા થઈ જુદ્ધમાં જતી વેળા જે છેલ્લો કસુમ્બો પીવો તે. (કેસરિયાં કરવાં). ૨ કેસરી રંગના વસ્ત્ર.

કેસરિયું, ન૦ કેસરી રંગનું સ્ત્રિયોને પેરવાનું લુગડું.

કેસરી વિ૦ કેસરના રંગનું.

કેસરી, પુ૦ સિંહની એક જાતિ. [ગુંદ કરવું તે.

કેસરી, સ્ત્રી૦ ખુબ મારમારવો તે; મુક્કી મારી અદ

કેસવાઈ, કેશવાળી.

કેસુડાં, ન૦ કેસુડી—ખાખરાનાં ફૂલ—એને ઉકાળી નીચોવીને જે રંગવાળું પાણી નિકળેછે તેથી સાંક હોળીમાં કપડાંને પીળાં રંગેછે.

કેસુડી, સ્ત્રી૦ કેસુડાંનું ઝાડ; ખાખરો.

કેહેર, પુ૦ [અ૦] એકાએક આવી પડેલી આફત; ભયંકર દુઃખ; મોટો નાશ—જુલમ. કોપ—ગજબ.

કેળ, સ્ત્રી૦ [સં૦ કદલી] મોટાં લીલાં પાંદડાંનું કેળાંનું ઝાડ.

કેળફૂલ, ન૦ કેળ ઉપર જે ફૂલ—દોડો આવેછે તે.

કેળવણી, સ્ત્રી૦ કેળવવાની જે રીત તે. ૨ વિદ્યા; જ્ઞાન. ૩ કેળવવાનું જે કામ તે; શિક્ષા; તાલીમ.

કેળવવું, ક્રિ૦ સ૦ આપણા ખુસે તેમ કરવું; જ્ઞાન શક્તિ વધારવી. ૨ ધાર્યું ઘણું જ્ઞાન સમ્પાદન કરાવવું; શિખવવું; પરણાવિત કરવું. ૩ ગુંદીને તૈયાર કરવું (કણક કેળવવી). ૪ પાણી પીધી મોટું કરવું; ઉછેરવું. [ઉછેરવું.

કેળવાવું, ક્રિ૦ અ૦ કેળવણી લીધી હોય એવું થવું. ૨

કેળું, ન૦ કેળનું જે ફળ તે. ૨ કંઈ નહિ એવો અર્થ રાખેછે.

કૈં, વિ૦ કંઈ.

કૈક, વિ૦ કેટલાએક; ઘણાએક.

કૈલાસ, પુ૦ [સં૦] એ નામનો પહાડ. ન૦ શિવ અને કુબેરની નગરી. જેમ દેવતાઓનું સ્વર્ગ, વિષ્ણુનું વૈકુણ્ઠ તેમ શિવનું કૈલાસ.

કૈલાસવાસી, વિ૦ કૈલાસ—શિવના ધામમાં રેનાર. ૨ મરી ગયલાં માણસને એ શબ્દ લગાડેછે. જેમ સ્વર્ગવાસી, વૈકુણ્ઠવાસી, તેમ કૈલાસવાસી.

કૈવલ્ય, ન૦ બ્રહ્મસ્વરૂપ. ૨ મુક્તિ; મોક્ષ.

કૈશિકીવૃત્તિ, સ્ત્રી૦ [સં૦] શૃંગાર હાસ્ય અને કરુણા એ ત્રણ રસ એકઠા મળ્યા હોય તે.

કો, સ૦ કોઈ. ૨ કોણ. [ચાઠાં પડવાં તે.

કો, પુ૦ એક જાતનો રોગ—ઘણાં ગુમડાં થવાં ને

કોઈ, સ૦ અમુક—ફલાણું—આ—તે એમ નહિ પણ મભમ બતાવેલું જે કંઈ તે; નામ પાડ્યા વગર જેને વિષે બોલવું તે. એકવચનમાં અને અનેકવચનમાં બન્નેમાં વપરાય છે. [એક.

કોઈએક-ક, વિ૦ અમુક—ચોક્કસ નહિ પણ ગમે તે

કોઈકાળે-સમે, અ૦ ઘણે કાળે એકાદવાર. ૨ ભવિષ્યમાં એકાદી વખત. કોઈ વખત; કદિ. એની સાથે પણ જોડાય છે. 'તે કામ કોઈ કાળે પણ બનનાર નથી'.

કોએલ, સ્ત્રી૦ કોયલ.

કોએલો, કોયલો.

કોક, વિ૦ કોઈએક એ શબ્દ જોવો.

કોકડી, સ્ત્રી૦ તરાક ઉપર જે સુતર, પતાસાના પડાના આકારમાં વિટેલું હોય તે. ૨ સિવવાના દોરાની દડી. ૩ કરચલી. કોકડીવાળો બોળપુરી વ. કપુંદાં વગેરે.

કોકડું, ન૦ કોકડી (૧ લા અર્થમાં). ૨ દૂધ ન પચેથી વિકિયા થવી તે. દસ દહાડામાં છોકરાંને દૂધ ન આપવું, પેટમાં કોકડાં બન્ધાય—વળે.

કોકણી, કોકણ દેશનું.

કોકબાણ, ન૦ કામદેવનું બાણ; હીચકનું તીર.

કોકમ, ન૦ એક જાતના ઝાડના ખાટાં પાતરાં ને ફળ. એ, ખટાશ સારૂ દાળ શાકમાં નખાયછે.

કોકરવાણું, વિ૦ જરાતરા ઊનું; હુંફાળું. (પાણી-નાવાનું)

કોકરવું, ન૦ કાનના છેક ઉપલા વેંમાં ઘાલવાની ત્રણ મોતીવાળી સુનાંની કડી.

કોકલાલ, પુ૦ ભડવો.

કોકલાલી, સ્ત્રી૦ ભડવાઈ.

કોકશાસ્ત્ર, ન૦ સ્ત્રીપુરુષોએ રતિવિલાસ કરવાના પ્રકારો સમ્બન્ધી જે ગ્રન્થ તે. (કોઈ રાજાના કોક નામના ચતુર વજીરે પ્રથમ એવો ગ્રન્થ રચ્યો તે ઉપરથી). [આ દેખું!'.

કોકા, પુ૦ સારાં મોટાં કપડાં. જામા કોકા એ શબ્દ મશકરીમાં બોલાયછે. 'આજ તો ભાઈ કોકા' પે-

કોકિલ, પુ૦ [સં૦] કોયલનો નર.

કોકિલા, સ્ત્રી૦ [સં૦] કોયલ.

કોકીલું, કોકરવાણું.

કોકીશાં, ન૦ કાંગરાંના છેડા—ગાળિયાં. ૨ તીર—ગોળા મારવાને કિલ્લામાં જે બાકાં હોય તે.

કોકો, પુ૦ જબલું; બાળક છોકરાંને સારૂ જે અફીણ રાખી તે.

કોગળિયું, ન૦ બેચારવાર અથવું ઓકવું થયાપછી તરત જે મરણ થાય તે; અપોક.

કોગળો, પુ૦ મોડાંમાં ભરી રાખેલું—ભરીરખાય તેટલું પાણી. કોગળોકરવો—મોડાંમાં પાણી ભરી પાછું કાઢી નાખવું; મોડું સાફ કરવું.

કોચ, પુ૦ [અં૦] બેસવા સુવાનેસારૂ લાકડાંની જે ઊંચી બેઠક તે. નેતરનો, પાટીઆંની ફળીનો, અથવા અન્દર કાથો ભરેલો હોય એવો કોચ હોયછે.

કોચરાંનીસાલ, સ્ત્રી૦ એકાદું ચોકસ નહિં પણ અમેતે જુના કાળનું કોઈ વરસ.

કોચકું-ચું, વિ૦ છિદ્રવાળું. 'કાણો (શુક) કુબડો (સૈંવડકાકો) ટોચરો (ઈન્દ્ર), બાકડ (હનુમાન) બટુક (વામન) બિલાડ (નરસિંહ); એ સહુ તમ રક્ષા કરો, બાંડ (શિવ) ઢાંડ (નારદ) ભરવાડ (કૃષ્ણ).

કોચલું, ન૦ ફળનું ઢાંકણ; જે છોડાંની અન્દર બીચ—ફળ રૂપેલું હોય તે; કોટલું.

કોચવું, ક્રિ૦ સ૦ આરપાર ભોકવું; કાગળ વગેરેની અન્દર સોપો ભોંકવો. ૨ વારેવાર કંઈને સંતાપવું; દુઃખ દેવું. [ઠારી.

કોજાગરી, સ્ત્રી૦ [સં૦] આસો સુદ પૂનેમ; માણેક-

કોટ, પુ૦ [સં૦] શત્રુથી શેહેરમાં ન અવાય તેને સારૂ તેની ચારે પાસ ફરતી બાંધેલી જે ઊંચી મજબુત ભીંત તે; કિલ્લાને લગતી જે દિવાલ તે. ૨ જેને શત્રુ ન ભેદીશકે અને જ્યાંથી શત્રુના ઉપર ખૂબ મારો ચાલે તેવી સૈન્યની જે રચના તે. ૩ કોટની માંયનો શેહેરનો જે ભાગ તે. (કોટ૦ ને બારકોટ મુમ્બઈમાં).

કોટ, સ્ત્રી૦ ડોક; ગરદન; ગળું. ૨ મરી ગયલાંને નામે બૈરાંએ જે (કોટે વળગીને) રડવું તે. કોટ કરવી—કોટે વળગવું એટલે બૈરાંઓએ એકબીજાની કોટે વળગીને રડવું. કોટે ઘાલવું—કોટે ઘરેણું પેરવું. ૨ પોતાને માથે આવેલું નુકસાન—આળ બીજાને માથે જાય તેમ કરવું. ૩ પોતે કરવાનું કામ બીજાને સોંપવું. (જવાબદારીમાં).

કોટડી, સ્ત્રી૦ ઓરડી. કોટડીમાં પુરવું—કેદ કરવું.

કોટલું, ન૦ કોચલું. ૨ જેની અન્દર કંઈ સાર ન હોય તેવી ચીજ.

કોટવાલ, પુ૦ શેહેર—ગામના લોકનો સમ્પ તથા તેઓની મિલકત સાચવનારો—ચોરી ધાડ ઠગબાજી વગેરે ગુન્હાઓ શોધનારો સરકારી કામદાર; ફોજદાર.

કોટવાલી, સ્ત્રી૦ કોટવાલનું જે કામ તે.

કોટા કોટ, વિ૦ કોટિ કોટિ; કરોડ કરોડ (પ્રેમાનંદ ને આખામાં). [સઙ્ખ્યા તે.

કોટિ, વિ૦ [સં૦] સો લાખ અથવા એક કરોડની

કોટિધ્વજ, પુ૦ [સં૦] કરોડ રૂપિયાનો ધણીછે એમ બતાવનારૂં નિશાણ જેને મન્દિરે હોય તે પુરુષ. [દમીઓજ બેસી શકે.

કોટિયું, ન૦ છેક નાની હોડી; હોડકું. ૩—૪ મા-

કોટિલી, સ્ત્રી૦ કાળાં રઙ્ગેલાં કપડાંપર ઠોકવાનો લાકડાંનો જે ઘાટ તે—છીપાની કોટિલી.

કોટિલો, પુ૦ તાંત ઉપર મારવાનું લાકડાનું ઓજાર—પિંજારાનું. ૨ બન્ધારાનું કપડાં ઉપર ઠોકવાનું ઓજાર.

કોટી, સ્ત્રી૦ વ્હાલ—પ્યારમાં ગળાંની સાથે ગળું લગાડવું તે; પ્યાર બતાવવાની એક રીત; એક બીજાને છાતી સરસું ચાંપવું તે; ભેટવું તે.—કોટી કરવી. ૨ વાદ વિવાદ—તકરારમાં પોતાની મતલબ પાર પાડવામાટે—કોઈપણ શરૂં મટાડવામાટે જે જુકતી શોધવી અને ગોઠવવી તે; તર્ક.

કોટું, ન૦ સોગી ઘણી છેતરાય ને પોતાને ફાયદો થાય તેવું કામ. ૨ વચ્ચે કોઈપણ ઉભું કરેલું તકરારી—બનાવટનું—ખટપટનું કામ. ૩ કેટલાંક પક્ષીનો માળો.

કોટેકોટ-ટે, અ૦ શેહેરનો ફરતો કોટ હોય તેની બાજુએ થઈને; કોટની પાસે થઈને.

કોટ્યાવધિ, વિ૦ કરોડો; કરોડ લેખાં હોય તેવું.

કોઠ, પુ૦ એક જાતનો સાપ.

કોઠ, ન૦ એક જાતનું ગોળ ખાટું—ખટમધુરું ફળ. એની ચટણી થાયછે.

કોઠલો, પુ૦ દહીં દૂધ વગેરે મુકવાને માટી અથવા લાકડાંનો એક ઘાટ; કોઠાર.

કોઠાર, પુ૦ અનાજ રાખવાનું ચાર પાસ પાટિયાંનો બનાવેલો અથવા માટીનો ઊંચો ઉભો જે પેટારો તે; ભણ્ડાર.

કોઠારિયું, ન૦ નાનો કોઠાર.

કોઠારી, પુ૦ કોઠારનો રખેવાળ; જેને સ્વાધીન કોઠાર હોય તે; ભણ્ડારી.

કોઠાવિરામ, પુ૦ શરીરની પ્રકૃતિ જુદી જુદી હોવી તે; જુદી જુદી પ્રકૃતિને જુદું જુદું ખાવાનું અનુકૂળ આવવું તે.

કોઠી, સ્ત્રી૦ માટીનું બનાવેલું અનાજ ભરવાનું જે મોટું ઊંચું ઠામ તે; ગોલ. 'કોઠી ધોયે કાંઈ નીસરે'. ૨ આતશબાજીમાં વપરાતો એક પદાર્થ—એ દડાના આકારનો માટીનો બનાવેલો હોયછે ને એમાં ગન્ધક, દારુ ભરી રાખેલા હોય છે;—જેને સળગાવેથી સોનના તનખા ઊંચે ફુવારાના આકારમાં ઉડેછે. કોઠી ફૂટી કેવાયછે. ૩ પારકાં રાજમાં વેપારનો માલ રાખવામાટે બાંધેલી જે જગા તે. ૪ પારકાં રાજની પેદાશમાંથી હિસ્સો લેવા અથવા તે રાજ ઉપર નીઘા રાખવામાટે ત્યાં કરેલું જે થાણું તે.

કોઠિમડી, સ્ત્રી૦ એક જાતનો વેલો.

કોઠિમડું, ન૦ કોઠિમડીનું ફળ. એની કાચરી થાયછે.

કોઠું, ન૦ કોઠ. ૨ મોઢું; ચેહેરો—'તે પોતાનું કોઠું દેખાડતો નથી'. ૩ પક્ષીનો માળો.

કોઠો, પુ૦ પેટ; દેહ—કોઠો અપવિત્ર થયો. ૨ ખાનું; ઘર. કોઠો પાડીને લખજે. ૩ મોટી કોઠી; વખાર. નવલખાનો કોઠો. ૪ અંગ્રેજખાને, પેટથી ઉપરનો છાતીથી તે ગળાંસુધીનો જે ભાગ તે. કોઠો ચડાવવો કેવાયછે.

કોડ, ન૦ હોંસ; ઈચ્છાનો મુલાવડો.

કોડ, સ્ત્રી૦ ગાય ભેંસ બાંધવાની જગા. કોડ કરવી—કોડ સાફ કરવી. ૨ લુહાર સુથાર વગેરે જેટલી જગામાં પોતાનું કામ કરવા બેસે તેટલી જગા.

કોડ, પુ૦ [સં૦ કુષ્ઠ] ચામડીનો એક રોગ.—સઘળી અથવા કેટલેક ઠેકાણેની ચામડી સફેત અથવા રતાસવાળી સફેત થઈ જાય તે.

કોડાં, ન૦ શકુંલાં ખાંગડાં વગેરે.

કોડામણું વિ૦ વરણાગિયું; ફુટડું દેખાતું. ૨ કોડીલું.

કોડિયું, ન૦ દીવા કરવાનું ધાતુ—માટીનું ઠામ.

કોડિયું, ન૦ ગાય ભેંસ બાંધવાની જગા.

કોડિયું, વિ૦ કોડના રોગ વાળું.

કોડયુંલોબાન, ન૦ એક જાતનો ગુંદર—એ બળેથી સુગન્ધિ આપેછે.

કોડિયું લોબાન, ન૦ કોડિયું લોબાન (બીજું શેરીલોબાન.

કોડિયો સાપ, પુ૦ એક જાતનો સાપ.

કોડિલું, વિ૦ કોડ—હોંસ ભર્યું (માણસ).

કોડી, સ્ત્રી૦ એક જાતનાં દરિયાઈ જીવડાંનું ઘર. કોડીએ રમવું. ૨ એક જાતનું પૈસાનું ચલણ—વણીજ ઓછી કિમ્મતનું.

કોડી જાર, સ્ત્રી૦ સફેત જુવારની એક જાત.

કોડું, ન૦ કોડી (૧ લા અર્થમાં). [તનો શબ્દ.

કોડો, પુ૦ મોટી કોડી (૧ લા અર્થમાં); એક બ-

કોંરડો, કોરડો (મારવાનો).

કોડ્ડો, પુ૦ કોપડો; કોંઠી. (હિસાબનો).

કોઢ, સ્ત્રી૦ કોડ.

કોણ, સ૦ ઓળખવા—જાણવામાટે પુછતી વેળા એ શબ્દ વપરાયછે; કિયો, કઈ; કયું. [આકૃતિ.

કોણ, પુ૦ [સં૦] ખુણો. ત્રિકોણ—ત્રણ ખુણની

કોણી, સ્ત્રી૦ જ્યાંથી હાથ નીચો ઊંચો વળેછે તે સાંધો—(હાડકાંનો).

કોતક, કૌતુક 'કાકારે મેં કોતક દીઠું ઈ૦'.

કોતર, ન૦ [સ૦ કોટર] નદી—ખાડાને કાંઠે જે

ઉંડા ખાડાઓ અને બમોલો તે એકેક. ૨ પાડમાં જે લાંબો પોળો ઉંડો ખાડો તે.

કોતરકું, ન૦ છેક નાંની ખાડી.

કોતરણી, સ્ત્રી૦ કોતરવાનું ઓજાર. ૨ કોતરવું તે. ૩ કોતરવાની રીત. ૪ કોતરેલું તે; નકશી.

કોતરવું, ક્રિ૦ સ૦ લાકડાં પથરા ઉપર ઓજારથી આકાર કાડવા—અક્ષર લખવા. ૨ આછું આછું ખોદવું.

કોતાઈ, સ્ત્રી૦ [પ્રા૦] તડો; ખૂટ; ખુટકો; કસર.

કોતુક, કૌતુક. [ટણીમાં વપરાયછે.

કોથમી-મીર, સ્ત્રી૦ ધાણાંની ભાજી—કઢી અને ચ-

કોથળી, સ્ત્રી૦ ખાંડ મસાલા વગેરે ભરી રાખવાનું કપડાનું બનાવેલું જે ઠામ તે. કોથળો. ચામડાંની પણ હોયછે. કપડાંની ઘણી નાની કોથળીમાં બૈરાંઓ પૈસા રાખેછે. ૨ જેમાં આણ—ગોળી હોયછે તે ચામડીની. ૩ હજારની સંખ્યાનો સંકેત.

કોથળીસાંથ, સ્ત્રી૦ ગરાસિયા વગેરે હકદારોના વતનમાંથી દેસાઈ, મજમુદાર વગેરેને સરકાર તરફથી જે રોકડ હક આપવામાં આવેછે તે.

કોથળો, પુ૦ [સં૦ કોઠ્થલ] અનાજ, વાસણ વગેરે ભરવાનું ટાટ—કંતાન—કોઠીનું સિવેલું જે ઠામ તે. વાત કોથળે ઘાલો એટલે બન્ધ રાખો.

કોદણ્ડ, ન૦ [સં૦] ધનુષ્ય. [એના કણ તે કોદરી.

કોદરા, પુ૦ [સં૦ કોદ્રવ] એક જાતનું ધાન્ય-અનાજ.

કોદાળી, સ્ત્રી૦ ખોદવાનું એક હથિયાર.

કોદી, અ૦ કોઈ દાડો. ૨ ન૦ કોદું.

કોદું, ન૦ ઘરડી ભેંસ.

કોપ, પુ૦ [સં૦] જેથી મોટી હાનિ થાય તેવો મોટા પુરૂષનો ક્રોધ; દેવતા—દૈવનો કોપ.

કોપરબરાસ, ન૦ [અ૦] તાંબા પિત્તળની મિશ્રિત ધાતુ—એના વાસણ હલકાં ને ચળકતાં હોયછે.

કોપરાપાક, પુ૦ ખાંડની ચાસણીમાં કોપરાની છીર નાખી ઠારેલી હોય તે મિઠાઈ.

કોપરિયું, ન૦ [સં૦ કૂર્પર] કોણી. [આવેછે તે.

કોપરું, ન૦ નાળિયેરની અન્દરનો ગર જે ખાવામાં

કોપરેલ, ન૦ કોપરાંનું તેલ.

કોપવું, ક્રિ૦ અ૦ ક્રોધાયમાન થવું; રૂઠવું.

કોપાયમાન, વિ૦ ક્રોધમાં હોય તેવું.

કોપીન, ન૦ [સં૦ કૌપીન] સન્યાસીઓની લંગોટી. ૨ કોઈને ઘેર વગર બોલાવે ધામા નાખવા તે.

કોબર, ન૦ પાડનું વચગાળું; બે પાહાડ વચ્ચેનો સાંકડો રસ્તો; ખીણ; નેળ.

કોબાવાળી, સ્ત્રી૦ કોબો કરનારી મજુરેણ.

કોબી-જ, સ્ત્રી૦ [અ૦] એક જાતની શાખ ભાજી. એનો વચમાંનો કાંદો પાતરાંથી વિટલાયલો હોયછે.

કોબો, પુ૦ જમીન ઉપર છો પાથરી તેને મારી પેટે ઠોક કરી બેસાડી દેવી તે.

કોમ, સ્ત્રી૦ [અ૦] એકજ ધરમ માનનાર, એકજ દેશના, ને એકજ રાજના જે લોક તે. ૨ જુદા જુદા ધરમના—જુદી જુદી જાતના લોક.—પારસીની કોમ, હિન્દુની કોમ વગેરે.

કોમળ, વિ૦ કુમળું.

કોમળતા, સ્ત્રી૦ કુમળાપણું; નરમાસ.

કોય, સ૦ કોઈ.

કોયડો, પુ૦ કોરડો.

કોયડો, પુ૦ ગુંચવણ વાળો—અટપટો હિસાબ જે એકાદી અટકળ—કુંચીથીજ બેસે તે.

કોયલ, સ્ત્રી૦ [સં૦ કોકિલા] એક જાતનું કાળું પક્ષી—એનો શબ્દ મધુરો છે. ૨ દાંતનું એક રમકડું.

કોયલું, વિ૦ ધા૦ બળેલું; બગડી ગયલું. ૨ બળિયેલ.

કોયલો, પુ૦ બળેલાં લાકડાંના છુટા પડેલા અગ્નિવનાના કાળા કકડામાંનો એકેક. બળગતો કોયલો તે અંગારો.

કોયાબોલું, વિ૦ ક્રોયું ક્રોયું બોલનાર. (ણસ).

કોયું, વિ૦ બળિયેલ મિજાજ ને થોડું બોલે તે (મા-

કોર, સ્ત્રી૦ બાજુ; તરફ; દિશા. ૨ વસ્ત્રનો છેડો; કિનાર; કોરણ. ૩ સાડીને છેડે દેવાની—સીવી લેવાની રેશમી ભરતની જે પટી તે; તોઈ. ૪ થોડોક ભાગ; ભૂકો—કકડી કોર. ૫ એ શબ્દ ઘણી જાતના નામની પછવાડે લગાડવામાં આવેછે. કમળાકોર, જેકોર વગેરે.

કોરટ, સ્ત્રી૦ [અ૦] ઈનસાફ કરવાનું ઠેકાણું; ન્યાય મન્દિર; અદાલત; દરબાર; કચેરી.

કોરડું, વિ૦ સુકું; ભીનું નહિં તે.

કોરડો, પુ૦ ચિથરાં—સુતર—શણ વગેરેનો ગુંથેલો—વણેલો ચૂડાઉતાર માટનો જે દોરડો તે. ૨ અમલ; દોર; સત્તા; ત્રાસ.

કોરણ, સ્ત્રી૦ બાજુ; છેડો; કિનાર.

કોરણિયો, પુ૦ ઘરેકાળ વગેરેનાં પાટિયાં બેસાડવાને કોરેલું જે લાકડું તે. ૨ હાડનો તાવ; પગારી.

કોરણી, સ્ત્રી૦ સુથાર સલાટનું એક ઓજાર. ૨ કોરવાની રીત.

કોરવું, ન૦ દાળ શબ્દથી ઓળખાતાં ધાન્યનો ભૂકો-ચુરો.

કોરવું, ક્રિ૦ સ૦ કાણું પાડવું—ભમરો વાંસ કોરેછે. ૨ લાકડાં—પત્થરમાં હથિયારે ધીમે ધીમે આકાર પાડવાને આછું ખોદવું; કોતરવું. ૩ ખુંચવું; દુઃખ દેવું. તાવ પાંસળાં કોરીનાંખેછે.

કોરસણી, સ્ત્રી૦ કોરવાનું ઓજાર.

કોરાણ, કોરણ.

કોરી, સ્ત્રી૦ કચ્છમાં એક પ્રકારનું નાણાંનું ચલણ; —રૂપાંનાણું. રૂપિયાની ત્રણ કોરી ગણાય છે.

કોરું, વિ૦ વાપર્યા વગરનું; નવું. ૨ સુકું; (ભીનું નહિ). ૩ લખ્યા વગરનું. 'કોરે કાગળે મતું'. ૪ ગ્રુપ. ૫ પાણીથી બાફી રાંધેલું નહિં તેવું; કાચું-કોરું—ધાણી ચણા ગોળપાપડી વગેરે.

કોરે, અ૦ બાજુએ. ૨ તરફ; ભણી.

કોલ, પુ૦ [આ૦] વચન; કબુલાત; મોડેથી આપેલો ભરોસો.—કોલ તોડવો—પાળવો. ૨ સરકારી માંડવીમાં થયેલી, વાણ અને તેમાંના માલની જે નોંધ તે અથવા તે બાબતનો સરકારથી મળેલો જે પરવાનો તે. ૩ છો ચુનાની મેળવણી કરી તૈયાર કરેલો જે ગારો તે. ન૦ સેરડી પિલવાનું કોલું.

કોલકરાર, પુ૦ [આ૦] બચન સાથે કરેલો જે બન્દોબસ્ત તે; કબાલો. ૨ કબૂલાત; સરત.

કોલમ, પુ૦ એક જાતના ચોખા; કુલમ. [લો.

કોલસો, પુ૦ ખાણમાંથી નિકળેલો કોયલો. ૨ કોય-

કોલાહલ, પુ૦ [સં૦] ગોંધાટ; બૂમ; શોર; બરાડો; મોટો ને ગરબડિયો અવાજ.

કોલી, સ્ત્રી૦ ગાય. [ઢોર.

કોલું, વિ૦ રતાશ પડતા સફેત રઙ્ગનું. કોલું માણસ,

કોલું, ન૦ શિયાળવું. ૨ કોલુ. [રેછે એમકેવાયછે.

કોલુ, પુ૦ સેરડીનો રસ કાડવાનો યન્ત્ર.—કોલુ ક-

કોલેરો, પુ૦ [અ૦] અપૌક; કોગળિયું; મરકી.

કોલો, પુ૦ ભૂરિયો; ભૂરી ચામડાનો પુરુષ.

કોવાડી, સ્ત્રી૦ કુવાડી.

કોવાડો, પુ૦ કુવાડો.

કોવાણ, ન૦ જમીનમાં પાણી મરી ગયાથી તે ઉપરની વનસ્પતી કોઈ જવી તે. ૨ જમીનનું તૂસ કોઈ જવું તે.

કોવિદ, પુ૦ [સં૦] પણ્ડિત; વિદ્વાન; જ્ઞાની.

કોવું, ક્રિ૦ અ૦ ઘણીવાર ભીની હવામાં રેવાથી ગન્ધાતું થઇ જવું; છેક પોચુંથઇ બગડીજવું.

કોશ, પુ૦ [સં૦] ભણ્ડાર; ખજાનો; તિજોરી. ૨ દેહમાં પાંચ ઘર કલ્પ્યાંછે તેમાંનુ એક. અન્નમય-પ્રાણમય-મનોમય-વિજ્ઞાનમય-આનન્દમય કોશ. ૩ જેમાં, ભાષાના અનેક શબ્દોનો અર્થસુધાં સઙ્ગ્રહ કર્યો હોય તે ગ્રન્થ. ૪ તલવાર વગેરેનું મ્યાન. ૫ કમળ વગેરે ફુલનો જે કુદરતી દોડો—ગોટો તે. ૬ ફુલની કળી. ૭ (ક્રોશના અપભ્રંશ રૂપે) ગાઉ; ૧ા મૈલ; કોસ. ન૦ ૮ કુવામાંથી પાણી કાડવાનો ચામડાનો કોથળો; કોસ. ૯ ખોદવાનો અણીદાર લોડાંનો ગજ; નરાજ. [ન; મેહેનત; એપ.

કોશિશ-શેશ, સ્ત્રી૦ તજવીજ; પછવાડે લાગવું તે; પ-

કોશેટો, પુ૦ રેશમના કીડા અને વળી બીજા કેટલાએક કીડાઓ પોતાના મોડાંમાંથી તાંતણા કાડીને ચારેક—જાંબુ જેવું જે ઘર—પડ કરેછે તે. ૨ રેશમનો કીડો. [હિ).

કોષ, પુ૦ કોશ. પણ (૭મા, ૮મા, ૯મા અર્થમાં ન-

કોષ્ટક, ન૦ [સં૦] બે આડી ને તેઉપર બે ઊભી લીટી પડ્યાથી જે ખાનું થાય તે. ૨ હિસાબ સેહેલથી ગણવાસારુ માપ—સઙ્ખ્યાનો જે કોઠો તે; બાંજણીનાં કોષ્ટક. ૩ અનુક્રમે માંડેલી ટીપ.

કોસ, પુ૦ [સં૦ કોશ] ગાઉ; ૧ા અથવા ૨ મૈલ. ૨ કુવામાંથી પાણી કાડવાનો ચામડાંનો કોથળો અથવા એ, બળદ વગેરે સર્વ્વ. સ્ત્રી૦ બાન્ધું પણ એક પાસ જરા ચપટું એવું ખોદવાનું લોડાંનું હથિઆર; નરાજ.

કોસકુવો, પુ૦ જે કુવામાંથી કોસવડે પાણી કાડવામાં આવતું હોય તે. કોસ જોડવો—કોસે પાણી કાડવાસારૂ બળદ જોડવા.

કોસણ, સ્ત્રી૦ કૂખ; બાજુ.

કોસણવું, ક્રિ૦ સડ મેળવી દેવું; જરા જરા ચોળતાં ભેગું કરવું. દાળભાત કોસણવાં; કાદવ કોસણવો.

કોસમ, પુ૦ [સં૦ કુસુમ્ભ] કોસમ્બીનાં ફૂલ.

કોસમ્બી, સ્ત્રી૦ એક જાતનું ઝાડ—જેનાં ફૂલમાંથી કસુમ્બો રઙ્ગ નિકળેછે.

કોસમ્બો, કસુમ્બો.

કોસિયો, પુ૦ કોસે પાણી કાડનારો.

કોસર, સ્ત્રી૦ જોઇએ તેથી ઓછું વાપરવું તે; હાથે ન છુટવું તે; કસર. [ભણ્ડળી.

કોસરિયો, પુ૦ કસરિયો.

કોસલ, સ્ત્રી૦ [અ૦ કોંઉનસિલ] મસલત આપનારી

કોસલું, ન૦ હોળ—હળનાં ચવડાંમાં જે લોડાનું અવયવ હોયછે તે.

ક્રોસીયો સેંટો, ક્રોશેટો.

ક્રોસીસ, કોશિશ.

કોહમ્, હું કોણ એથી જે આત્માએ વિચાર કરવો તે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી કોહમ્નો સોહમ્ એટલે તે હું એમ થવાયછે. જીવાત્મા તે પરમાત્મા થાયછે.

કોળ, પુ૦ એક જાતનો મોટો ઉંદર; ઘૂસ.

કોળણ, સ્ત્રી૦ કોળીની બૈરી.

કોળવાઈ, સ્ત્રી૦ ઉંદર—કોળ પકડવાનું જે પાંજરું તે.

કોળિયો, પુ૦ [સં૦ કવલ] મોઢામાં સમાઈ શકે તેટલો ખોરાક; બૂક; ડબ્બો. ૨ થોડુંક.

કોળી, સ્ત્રી૦ કોળાંનો વેલો.

કોળી-નાળી, વિ૦ શુદ્રની એક નીચી જાતછે. એ ખેતીવાડીનું, માછલાં મારવાનું અને લુટવાનું કામ કરેછે.

કોળું, ન૦ [સં૦ કુષ્માણ્ડ] એક જાતનું શાક. એ ગોળ ને મૂંયથી રાતું—પીળું હોયછે.

કૌતક, કૌતુક.

કૌતી, સ્ત્રી૦ કૌવત; શક્તિ; જોર; બળ.

કૌતુક, ન૦ [સં૦] આશ્ચર્ય; નવાઈ; અજબ; અદ્ભુત. ૨ જે પુરુષ, વસ્તુ, કર્મ, બાબત, દેખવાથી અજાયબ થવાય તે.

કૌભાણ્ડ, ન૦ તરકટ; તૂત; ડગબાજી; કાવતરું.

કૌમાર, ન૦ [સં૦] કુમારાપણું.

કૌમુદી, સ્ત્રી૦ [સં૦] ચન્દની; ચાંદરણું; ચાંદની.

કૌવચ, સ્ત્રી૦ શરીરને લાગતાં ઘણી વવળાટ—ખરજવાળ પેદા થાય તેવા કાંટા જેવાં રૂવાંવાળો વેલો—કાજડો.

કૌવત, ન૦ [આ૦] અન્દર રહેલી શક્તિ; બળ.

કૌશલ્ય, ન૦ [સં૦] કુશળપણું; પૂરી માહેદગારી.

કૌસ્તુભ, પુ૦ [સં૦] એક જાતનો મણિ; ચૌદ રત્નમાંનું એક.

ક્યમ, કેમ.

ક્યામત, સ્ત્રી૦ [આ૦] (ઈસલામ ને ક્રિશ્ચિયન મત પ્રમાણે) દુનિયાને જે છેલ્લે દહાડે ઈશ્વર મરીગયલાંઓના ન્યાય કરશે તે.

ક્યારડી, સ્ત્રી૦ નાનો ક્યારડો.

ક્યારડો, પુ૦ [સં૦ કેદાર] ભાત—ડાંગર, તથા ગીઠું પકાવવાસારુ ખેતર—જમીન ઉપર તથા દરિયાકાંઠે પાળ બાંધી પાણી ભર્યું રાખવાસારુ કરેલા જે વિભાગો તેમાંનો એકેકો.

ક્યારી, સ્ત્રી૦ નાનો ક્યારો.

ક્યારે, અ૦ કઈ વખતે; કિયે કાળે—સમયે.

ક્યારો, પુ૦ ક્યારડો. ૨ ઝાડ છોડ વગેરેની આસપાસનો ફરતો ખાડો જેમાં પાણી ભર્યું રાખવામાં આવેછે તે.

ક્યાસ, પુ૦ [આ૦] કલ્પના; અટકળ; ધારણા.

ક્રમ, પુ૦ [સં૦] અનુક્રમ. ૨ વેદ ભણવાની એક રીત. પદ, ક્રમ, જટા આદિલઈ.

ક્રમણ, ન૦ [સં૦] આગળ વધવું—જવું—ચાલવું તે.

ક્રયવિક્રય, પુ૦ [સં૦] વેચાતું લેવા આપવાનો જે વેવાર તે.

ક્રમસઙ્ખ્યાવાચકવિશેષણ, ન૦ અનુક્રમ દેખાડનારી સઙ્ખ્યા. ૧લું ૨જું વગેરે. ૧, ૨, ૩ એ કેવળસઙ્ખ્યાવાચક.

ક્રાન્તિવૃત્ત, ન૦ [સં૦] આકાશમાં જે માર્ગે સૂર્ય દરરોજ ફરતો દેખાયછે તે માર્ગ.

ક્રિયમાણ, ન૦ [સં૦] કરવાની ક્રિયા તે; કરિયે તે કર્મ; ચાલતી ક્રિયા.

ક્રિયા, સ્ત્રી૦ [સં૦] કામ; કાર્ય. ૨ ધર્મનો એકાદો વિધિ. ૩ મુએલાંની પછવાડે શાસ્ત્રમાં કહેલો વિધિ કરવો તે.—સારવું, દાન કરવું, જમાડવું વગેરે. ૪ સ્થિતિ અથવા કર્મ એ સમ્બન્ધી એકાદા અર્થ વાળું કાર્ય કરવું તે.

ક્રિયાપદ, ન૦ [સં૦] જે શબ્દથી સ્પષ્ટ ક્રિયાનો બોધ થાય તે. (વ્યાકરણમાં). બેસવું, લિખવું, હસવું વગેરે.

ક્રિયાભ્રષ્ટ, વિ૦ [સં૦] શાસ્ત્રોક્ત ક્રિયા ન કરે તે.

ક્રિયાવિશેષણઅવ્યય, પુ૦ જે અવ્યય, ક્રિયાપદનું વિશેષણ થાયછે તે. ક્યારે, ક્યાં, આમ વગેરે.

ક્રિશ્ચિયન, વિ૦ [અ૦] ઈસુખ્રિસ્તનો ધરમ માનનાર.

ક્રીડા, સ્ત્રી૦ [સં૦] રમત; ખેલ.

ક્રૂર, વિ૦ [સં૦] ઘાતકી; નિર્દય. ૨ બિહામણું; ભયંકર. ૩ જોસ—આવેશમાં આવેલું. ૪ કઠોર; સખ્ત લાગે તેવું.

ક્રોડ, વિ૦ [સં૦ કોટિ] સો લાખની સઙ્ખ્યા.

ક્રોધ, પુ૦ [સં૦] ધાર્યું કામ ન બનેથી, કોઈયે પોતાને—પોતાનાં વહાલાને દુઃખદીધું હોય તે ઉપરથી, કોઈયે કંઈ અપરાધ કર્યો હોય તે ઉપરથી મનમાં વેર લેવાનો—સામાંને શિક્ષા કરવાનો જે જોસ્સો થઈ આવે તે; ગુસ્સો; રીસ.

ક્રોધાયમાન, વિ૦ ક્રોધવાળું; ગુસ્સે થયલું.

ક્રોધિષ્ઠ-ષ્ઠી, વિ૰ સેજમાં ગુસ્સે થઈ જાય તેવું; ચિડિયું.

ક્રૌંચ, પુ૰ [સં૰] એક જાતનો પક્ષી.

ક્લિષ્ટ, વિ૰ [સં૰] અઘરું; ગુંચવણવાળું; મરડી મચેડીને બેસાડેલું. (સરળનું ઉલટું).

ક્લીબ, પુ૰ [સં૰] નપુંસક; હીજડો; નામરદ.

ક્લીમ્, ન૰ [સં૰] કામદેવના મન્ત્રનું બીજ.

ક્લેશ, પુ૰ [સં૰] દરિદ્ર, રોગ, વહાલાં જનનો વિજોગ ઈત્યાદિ કારણથકી જે દુઃખ તે. ૨ કુસમ્પ; કજિયો; કલહ.

ક્લેશી, વિ૰ [સં૰] દુઃખી; પીડિત. [ગે.

ક્વચિત્, અ૰ [સં૰] કોઈ જગાએ; કોઈ કજ પ્રસં-

ક્વાથ, પુ૰ [સં૰] ઓસડિયાં ઉકાળીને જે કાઢો કરવો તે.

ક્ષણ, પુ૰ [સં૰] વખતનું માપ;—મુહૂર્તનો ૧૨-મો ભાગ; ૪ મિનિટ. ૨ છેકજ જુજ વખત; મિનિટ; પળ; આંખ ઉઘાડદે થાય તેટલો વખત.

ક્ષણબુદ્ધિ, વિ૰ [સં૰] ક્ષણમાં વિચાર ફરી જાય તેવું; ઉડેલ; ઘડીમાં કંઈ ને ઘડીમાં કંઈ; નક્કી પ્રમાણ નહિ તેવું.

ક્ષણભઙ્ગુર, વિ૰ [સં૰] ક્ષણમાં નાશ પામે તેવું; થોડીવારનું; ઘડીનો ભરોસો નહિ તેવું; નાશવન્ત; અસ્થિર.

ક્ષણભર, અ૰ ક્ષણ—પળ જેટલીવાર હોય તેમ.

ક્ષણિક, વિ૰ [સં૰] ક્ષણભઙ્ગુર.

ક્ષણિકબુદ્ધિ, વિ૰ [સં૰] ક્ષણબુદ્ધિ.

ક્ષણેક્ષણે, અ૰ પળેપળે; મિનિટે મિનિટે.

ક્ષત, ન૰ [સં૰] ઘા; જખમ.

ક્ષત, વિ૰ [સં૰] ઘાયલ; જખમી.

ક્ષત્રિય, પુ૰ [સં૰] ક્ષત્રી. [કરનારો વર્ગ; રાજવંશી.

ક્ષત્રી, પુ૰ ચાર વર્ણમાંની બીજી વર્ણનો પુરુષ; જુદ્ધ

ક્ષમ, વિ૰ [સં૰] કરવાને શક્ત—શક્તિમાન્ (કર્ત્તા) અથવા થવા—બનવાને શક્ય (કાર્ય). વિચારક્ષમ—વિચાર કરવાને શક્ત, નિર્વાહક્ષમ—ગુજારો થઈ શકે તેવું.

ક્ષમા, સ્ત્રી૰ [સં૰] કોઈએ અપકાર કર્યો તો તે સાંખી રેવું તે; સહન કરી જવું તે; ખામોશ; દરગુજર. ૨ માફી બક્ષવી તે. ૩ સબુરી; ધીરજ; શાન્તિ.

ક્ષમાવાન્, વિ૰ [સં૰] સાંખી રેનાર; માફ કરનાર; સબુરી રાખનાર.

ક્ષમાવન્ત, ક્ષમાવાન્.

ક્ષમાશીલ, વિ૰ [સં૰] જેનો ક્ષમા રાખવાનો સ્વભાવ હોય તે.

ક્ષય, પુ૰ [સં૰] ઘસાઈ—વપરાઈ—ખાઈ જવું તે. ૨ નાશ; આખર; બે; જવું રેવું તે; બન્ધ પડવું તે. ૩ શરીર કાડે કાડે ઘસાતુંજ જાય તેવો રોગ; ખઈ. ૪ સૂર્યોદય થકી ગણાતી જે તિથિ વગેરે તેનાં માન—માપનું બીજા સૂર્યોદયની અગાઉજ ઘટિ જવું—ઓછું થઈ જવું તે. ૫ ચન્દ્રની કળા ઓછી થતી જવી તે. ૬ (બીજગણિતમાં) બાદ કરવાનું તે; ઓછા; ઋણ. [વર્ષી.

ક્ષયતિથિ, સ્ત્રી૰ ક્ષય (૪થા અર્થમાં). ૨ માસીસો;

ક્ષયવૃદ્ધિ, સ્ત્રી૰ ઘટવધ. ૨ (બીજગણિતમાં) ઓછાવધતા.

ક્ષયી, વિ૰ [સં૰] ક્ષયરોગી; ખઈ રોગ થયલું.

ક્ષર, વિ૰ [સં૰] ધીમે ધીમે પડી—ગળીને જતું રે તે; નાશવન્ત વસ્તુ.

ક્ષાત્રકર્મ, ન૰ [સં૰] ક્ષત્રિયોને કરવાનાં જે કર્મ તે.

ક્ષાર, પુ૰ [સં૰] કુદરતી અથવા બનાવેલું મીઠું; ખાર. ૨ ખારાપણું; ખારોસવાદ. ૩ રાખ; રાખોડી; ખાક; (કેટલીએક વનસ્પતીની). ૪ મીઠાં સરખો રસ રાખનારી હર કોઈ ચીજ—પાપડખાર; ટંકણખાર; સૈન્ધવ ઈ૰.

ક્ષિતિ, સ્ત્રી૰ [સં૰] પૃથિવી. ૨ ઘટ; ઓછું થવું તે.

ક્ષિતિજ, ન૰ જે કાલ્પતલીટી, પૃથિવીનો ઉપલો ને નીચલો એવા બે ગોળાર્ધ કરેછે અને જે, દેખાતાં આકાશને ન દેખાતાં આકાશથી જુદું પાડેછે તે.

ક્ષિપ્ત, વિ૰ ધા૰ [સં૰] નાખી—ફેંકી દિધેલું.

ક્ષિપ્ર, અ૰ [સં૰] તુરત; જલદી. [નદીનું નામ છે.

ક્ષિપ્રા, સ્ત્રી૰ [સં૰] ખીર; દૂધપાક. ૨ ખીચડી. ૩

ક્ષીણ, વિ૰ ધા૰ [સં૰] ઘસાઈ—તવાઈ ગયલું. ૨ નાશ પામેલું. ૩ છેક પાતળું; કૃશ; કમજોર; ઓછું.

ક્ષીર, સ્ત્રી૰ [સં૰] દૂધ. ૨ પાણી. ૩ ઝાડનું દૂધ.

ક્ષીરોદક, ન૰ [સં૰] સ્ત્રિયોને પેરવાનું એક જાતનું રેશમી—હીરાગળ લુગડું. [—હલકું; તુચ્છ.

ક્ષુદ્ર, વિ૰ [સં૰] આકારમાં—યોગ્યતામાં છેક નાનું

ક્ષુદ્રઘણ્ટાળી, ક્ષુદ્રઘણ્ટિકા. [કન્દોરો.

ક્ષુદ્રઘણ્ટિકા, સ્ત્રી૰ [સં૰] નાની—ઝીણી ઘુઘરીયોનો

ક્ષુધા, સ્ત્રી૰ [સં૰] ભૂખ; અન્નેચ્છા.

ક્ષુધિત, વિ૰ ધા૰ [સં૰] ભૂખું થયલું. [ખરી.

ક્ષુર, પુ૰ [સં૰] અસ્ત્રો. ૨ ગાય—ઘોડાના પગની

ક્ષુલ્લક, વિ૰ [સં૰] થોડું; જરા. ૨ (લાક્ષણિક) ની-

ચ; હલકું; તુચ્છ; ન ઉંચું.

ક્ષેત્ર, ન૦ [સં૦] ખેતર. ૨ જાત્રાનું ઠેકાણું; દેવતા વગેરેની સમક્ષ જ્યાં પુણ્યકર્મ કર્યાં હોય તો વિશેષ ફળ થાયછે તે સ્થળ. ૩ લમ્બાઈ પોળાઈ વાળી કોઈ જગા—સપાટી—ખેતર (ભૂમિતીમાં). ૪ શરીર; દેહ. ૫ બૈરીથકી છોકરાં રૂપી ફળ ઉત્પન્ન થાયછે માટે તે તેના ધણીનું ક્ષેત્ર કેવાય.

ક્ષેત્રજ, પુ૦ [સં૦] જે સ્ત્રી પોતાનો વર મરી ગયેથી —રોગી હોવાથી પોતાના દિયરનો સંગ કરી અથવા પોતાનાં સાસરિયાંની રજાથી ધણીના ગોત્રી કોઈ પુરુષનો સંગ કરી જે દીકરો જણે તે.

ક્ષેત્રપાળ, પુ૦ [સં૦ ક્ષેત્રપાલ] ગામ આદિકઈ ઠેકાણાનું—ક્ષેત્રનું સંરક્ષણ કરનારો જે દેવ તે.

ક્ષેત્રફળ, ન૦ ક્ષેત્રનો વિસ્તાર; લમ્બાઈ પોળાઈમાં અથવા લમ્બાઈ પોળાઈ ને ઉંચાઈમાં ક્ષેત્રનું જે માપ તે. લમ્બાઈ પોળાઈ ગુણ્યાથી જે આવે તે ચોરસ ને લમ્બાઈ પોળાઈ ને ઉંચાઈ ગુણ્યાથી જે આવે તે ઘન કેવાયછે. ૨ કોઈ પણ વેપાર કર્યાથી જે ફળ પ્રાપ્તિ તે.

ક્ષેત્રસ્થ, વિ૦ [સં૦] પુણ્યક્ષેત્રમાં રેનાર.

ક્ષેપ, પુ૦ [સં૦] ગુજારવું—ફાંડવું—નાખવું તે. ૨ ફેંકી—ઉરાડી દેવું—નકામું ગાળવું—ખોવું તે.

ક્ષેપક, પુ૦ કોઈના કરેલા ગ્રન્થમાં બીજા કોઈએ પોતાની તરફથી જે શ્લોક—વાક્ય ઘુસાવી દીધેલું હોય તે. ૨ એવો જે પુરુષ તે. ૩ ગ્રહ વગેરેનું સિદ્ધ થયલું એવું જે ગણિત તે સ્પષ્ટ થવાસારુ તેમાં ઉમેરવાનો અથવા તેમાંથી બાદ કરવાનો કલ્પેલો એવો જે અઙ્કરાશિ તે.

ક્ષેમ, ન૦ [સં૦] કલ્યાણ; સુખસ્થિતિ. વિ૦ સુખસ્થિતિમાં હોય તે; સુખી.

ક્ષેમઙ્કર, વિ૦ [સં૦] કલ્યાણ કરનાર; સુખી કરનાર.

ક્ષોણી, સ્ત્રી૦ [સં૦] પૃથ્વિ. ૨ અક્ષૌહિણી.

ક્ષોભ, પુ૦ [સં૦] મનનો ગભરાટ; સન્તાપ. (પણ બ્હારથી પ્રકૃતિ શાન્ત દેખાતી). ૨ મનના ગભરાટનો બ્હાર પડતો જોસ્સો; ગુસ્સો.

ક્ષોભિત, વિ૦ ધા૦ [સં૦] ક્ષોભ પામેલું.

ક્ષૌર, ન૦ [સં૦] અસ્ત્રાથી માથાના નિમાળા કઢાવવા તે; હજામત; મુંડણ.

—o◊o—

ખ.

ખ, પુ૦ [સં૦] તેરમો મૂળાક્ષર; બીજો વ્યઞ્જનવર્ણ. ૨ ગુજરાતીમાં એ ઘણી વેળા ક્ષના અને કોઈ કોઈ વેળા ષના અપભ્રંશરૂપે વપરાયછે— ખાર (ક્ષાર, ખમા (ક્ષમા), કૂખ (કુક્ષિ), ભખ (ભક્ષ); ખટશાસ્ત્ર (ષટ્ શાસ્ત્ર), શેખનાગ (શેષનાગ); ઈત્યાદિ.

ખ-ખં, ન૦ [સં૦] આકાશ (ખગોળ, ખગ્રાસ ઇ૦). ૨ શૂન્ય; મીંડું. ૩ મીંડું દેખાડનાર સઙ્કેતનો શબ્દ (કવિતામાં).

ખઈ, સ્ત્રી૦ [સં૦ ક્ષય] શરીર દાડે દાડે અન્દરથી વધારે ઘસાતું જાય તે રોગ; ધાતુનું ક્ષીણ થવું તે; ખઈ, ખાઇ.

ખખ, વિ૦ ખખડી ગયલું; ખોખા જેવું; ઘસાઈ— વપરાઈ—જૂનું થઈ ગયલું—ઘરડો ખખ, જૂનું ખખ વગેરે.

ખખડતું, વિ૦ ધા૦ ખખડ એવો અવાજ કરતું.

ખખડવું, ક્રિ૦ અ૦ એક વસ્તુનો બીજી વસ્તુસાથે જોરમાં મળતાં—અફળાતાં અવાજ થવો.

ખખડાટ, પુ૦ એવો થતો અવાજ. ગાડીનો ખખડાટ; ઉંદરનો ખખડાટ; વગેરે.

ખખડાવવું, ક્રિ૦ સ૦ ખખડે તેમ કરવું. ૨ આપવું. (તરત નાણાં ખખડાવ્યાં). ૩ ધમકી દેવી.

ખખરવું, ક્રિ૦ અ૦ કોઈ વસ્તુનો નાશ થયાથી દીલમાં લાગવું—બળાપો થવો; ઘણુંજ દલગીર રેવું; સાલવું. તેનું મરણ મને બહુ ખખરેછે; વેપારમાં જે નુકસાન આવ્યું તે તેને બહુ ખખરે છે. ૨ દુખતી આવેલી આંખોની અન્દરના ખીલાનું ખુંચવું. ૩ આંખમાં ધૂળ—કાંકરીનું ખુંચવું.

ખખરી, સ્ત્રી૦ કોઈ વસ્તુ ખાધાથી તેના કોઈ ભાગ ગળાંની અન્દર અટકી રઈ શ્વાસ લેવામાં હરકત કરેછે તે.—ખખરી બાઝી એમ બોલાય છે. ૨ ગાયન કરતી વખત સુરને ઘણીવાર ઘુમાવવું તે; તાન મારવી તે. ૩ અવાજ; સૂર; ગળો.

ખખરો, પુ૦ પ્રિય વસ્તુનો અને વિશેષ પ્રિય માણસનો નાશ થયાથી તેનો સારીપેઠે જે શોક થવો તે. ૨ કાણે જઈ રડવું તે.—ખખરે જવું—મર-

ણુંના શોક કરવા જવું. ૩ પસ્તાવો; પશ્ચાતાપ.

ખખળતું, વિ૦ ઘણું ઊનું; ઉકળતું. (પાણી).

ખખળવું, ક્રિ૦ અ૦ ઘણું ઉનું—ગરમ થવું; ખૂબ ઉકળવું. ૨ છેક નબળું—અશક્ત થવું; ખોખાં જેવું થવું; ઘાયું ઘસાઈ જવું; ઘણું ઘરડું—જૂનુ થવું. ખખળીજવું.

ખખળાવવું, ક્રિ૦ સ૦ ખૂબ ઉકાળવું; ખખળે તેમ કરવું. ૨ ઘણું પાણી રેડી—ઘણાં પાણીથી ધોઈ નાખવું—અરીઠાં ઘાલી ઉને પાણીએ માથું ખખળાવી નાખજે, લુગડાં ખખળાવી નાખ. ૩ (નાણું) ઉડાવવું; પડાવીલેવું.

ખખારો, ખંખારો.

ખખ્ખો, પુ૦ ખ એ અક્ષર; ખકાર.

ખગ, પુ૦ [સં૦] પક્ષી; પંખી.

ખગપતિ, પુ૦ [સં૦] પક્ષીનો રાજા; ગરુડ.

ખગવાહન, [સં૦] ગરુડ છે વાહન જેનું તે (વિષ્ણુ).

ખગાકાર, વિ૦ ચિત્ર સરખું; અજાએબ પામી ટકટક જોયાં કરે તે.

ખગેશ, પુ૦ [સં૦] ગરુડ.

ખગોળ, ન૦ [સં૦ ખગોલ] આકાશ. ૨ આકાશ સમ્બન્ધી જ્ઞાન આપવાસારુ જે ગોળો તે.

ખગોળવિદ્યા, સ્ત્રી૦ નક્ષત્ર ગ્રહ ઇ૦ સમ્બન્ધી જે શાસ્ત્ર તે; જ્યોતિષ શાસ્ત્ર. [જ્યોતિષી.

ખગોળવેત્તા, પુ૦ [સં૦] ખગોળવિદ્યા જાણનારો;

ખગ્ગા, આકાશ.

ખગ્રાસ, પુ૦ [સં૦] સૂર્યચન્દ્રને ઘરણ થયાથી આકાશનો જેટલો ભાગ ઢંકાયલો રે તે; ગ્રહણમાં બિમ્બ જેટલું ઘેરાયલું હોય તેટલું તે.

ખંખેટવું, ક્રિ૦ સ૦ ચોપડવું—જરા જરા ચોપડવું. (રોટલી—રોટલાપર ઘી).

ખંખળાવવું, ખખળાવવું. (૨ જા અર્થમાં).

ખંખાર, ખંખારો.

ખંખારવું, ક્રિ૦ અ૦ ગળું સાફ કરવાસારુ અથવા કોઈને ચેતવવાસારુ ગળાંમાંથી ઘસાતો સાદ કાડવો. ૨ ઘોડો મોડાંમાંથી અવાજ કાડે તે.

ખંખારો, પુ૦ ગળાંમાંથી ઘસાતો સાદ કાડવો તે. ૨ ઘોડાનું બોલવું તે.—જનાવરોમાં ઘોડાનેજ એ શબ્દ લગાડવામાં આવેછે.

ખંખેરવું, ક્રિ૦ સ૦ લુગડાં જેવી એકાદી વસ્તુ સાથે વળગી રહેલો જે કચરો તણખલાં વગેરે તેને કાડી દૂર કરવાસારુ તે વસ્તુને બીજી કોઈ સાથે અફાળવી અથવા બીજી કોઈ વસ્તુની મદદે ખૂબ જોરમાં હલાવવી; ઝાપટવું. ૨ ઠપકો દેવો; ધમકાવવું. [શોધવા તે; ખણખોદ.

ખંખોદ, સ્ત્રી૦ કોઈની પછવાડે લાગી તેના દોષ

ખંખોરવું, ક્રિ૦ સ૦ વેરી નાખવું; ગમેતાંનું ગમેતાં કરી મેલવું. ૨ નખેવતી ખોતરવું—ઘસવું.

ખંખોળવું, ક્રિ૦ સ૦ ખોળતાં ગોઠવેલું હોય તેમાં ફેરફાર કરી નાખવો; ઊંધી નાંખવું; વિખેરીનાંખવું. પેટીનાં ખાનાં ખંખોલીશમા. ૨ ખોળવું; શોધવું. ૩ બહુ પાણીથી ધોવું—નવાડવું.

ખંખોળાં, ન૦ ખંખોળવું તે. [ંખોળા; ફાંફાં.

ખંખોળા, પુ૦ ખંખોળવું—શોધવું તે; ખોળાખ-

ખંખોળિયાં, ખૂબ પાણીથી નવાડયાં. ૩-૪ વરસના બાળકને નવાડતાં તેની મા એ શબ્દ બોલેછે: 'ખંખોળિયાં, મામાના મોળિયાં' મોળિયું—પાઘડી.

ખંગ, પુ૦ વેર લેવું તે; દાવ—ખાર લેવો તે.-ખંગ લેવો—વાળવો. ૨ બદલો. ૩ અંત; ખાંત.

ખંગ, વિ૦ લૂલો.

ખચરૂં, વિ૦ (ખચ્ચર જેવું) બૂઢું; ઘરડું (માણસ, પશુ). ૨ બૂઢું દેખાતું; ઊંચું પાતળું લોહીવનાનું નિર્બળ.

ખચરૂં, ન૦ જુવાનકાકીનું મરણ. 'લુગડાં કાડીને બ્હાર આવો, નાતમાં ખચરું થયું છે'. [હોવો તે.

ખચાખચી, સ્ત્રી૦ ભીડ; સંકડાઈને રેવું તે; સંકોચ

ખચિત, અ૦ ખરેખર; નક્કી; વિશ્વાસે; ખામુખાં.

ખચિતાઈ, સ્ત્રી૦ નક્કીપણું.

ખચુક ખચુક, અ૦ ઘોડાં બળદ વગેરેનું હિલ્લાખાતું—થોડું થોડું કુદતાં કુદતાં ચાલવું.

ખચોખચ, ખિચોખિચ.

ખચ્ચર, ન૦ [ફા૦] ઘોડી અને ગધેડાથી અથવા ગધેડી અને ઘોડાથી પેદા થયલું અને કંઈકંઈ બન્નેનું ડોળ રાખતું એવું જે ચોપગું તે; છેક હલકું ઘો[ડું]. ૨ જુદી જુદી જાતના જનાવરોથી પેદા થયલું જે પશુ તે.

ખજવાળ, સ્ત્રી૦ પુ૦ ખંજવાળ.

ખજવાળવું, ખંજવાળવું.

ખજાનચી, પુ૦ [આ૦] જેના હાથમાં નાણું આપવા લેવાનો અખત્યાર હોય તે; કોઠીદાર; જામદાર; તિજોરર.

ખજાનો-જીનો, પુ૦ [ફા૦] નાણું મેલવાની—ભરી-

રાખવાની જે જગો તે; જામદારખાનું; ગલ્લો. ૨ દોલત; દલ્લો; ગરથ; એક ઠેકાણે રાખી મુકેલુ નાણું. ૩ અરૂડ ગોળી; ધાતુના જમાવનું ઠેકાણું.

ખજુર, ન૦ [સં૦ ખર્જુર] એક જાતની ખજુરીનું ફળ—એક જાતનો લીલો મેવો.

ખજુરી, સ્ત્રી૦ એક જાતનું ઝાડ—એનાં છટિયાંની (પાતરાંની) સાદડી, સાવરણી બનેછે. ખજુરીમાંથી તાડી પેદાયાયછે. ૨ જુવાર બાજરીના કણસાંમાંથી જે ઝેણ ઉડેછે તે. ૩ ચુંટ; ખુજલી.

ખજુરું, ખજુરી (અનેકવચન ખજુરાં). ખજુરીનાં જે ફળ (ખજુરની જાતથી જુદાં) તે પણ ખજુરાં કેવાયછે. અટકવું. ૨ લજવાવું.

ખચ-ચાવું, ક્રિ૦ અ૦ આચકો ખાવો; અચકાવું;

ખંજન, ન૦ [સં૦] એક જાતનું પક્ષી—એની પુંછડી જે એના જેટલી લાંબી અને ઉભી હોય છે તે વારે વારે હિલાળ્યા કરે છે; દિવાળીનો પોસો. ૨ હસતાં હસતાં ગાલમાં જે ખાડો પડે તે.

ખંજર, ન૦ [આ૦] એક જાતનું હથિયાર; જમૈયો.

ખંજરી, સ્ત્રી૦ લાકડાંનાં કાહાંપર ચામડું મડાવેલું અને ઘુઘરી બાંધેલી એવું ગાતીવેળા વગાડવાનું વાદ્ય; નાનો ડફ.

ખંજવાળ, પુ૦-સ્ત્રી૦ એક રોગ જેથી નખે કરીને ચામડી ઘવડવાની ઈચ્છા થાય તે. ૨ નખે કરીને ચામડી ઘવડવી તે. [—છોલવી.

ખંજવાળવું, ક્રિ૦ અ૦ નખે કરીને ચામડી ઘવડવી

ખટ, વિ૦ [સં૦ ષટ્] છ; ૬. [૨ ખજ.

ખટ, પુ૦ એ નામનો સવારે ગાવાનો એક રાગ.

ખટક, સ્ત્રી૦ રૂઈ રૂઈને કાંકરીની પેઠે ખુંચ્યાં કરવું તે.—આંખમાં ખટકખટક થાયછે. ૨ ચાનક; ખન્ત.

ખટકરમ, ન૦ [સં૦ ષડ્કર્મ] બ્રાહ્મણે કરવાનાં ધર્મ સમ્બન્ધી છ કર્મો.—યજન યાજન (પૂજન હોમ વગેરે કરવાં ને કરાવવાં). અધ્યયન અધ્યાપન (વેદશાસ્ત્ર ભણવાં ને ભણાવવાં). દાન પ્રતિગ્રહ (દાન કરવાં ને લેવાં). ૨ ધર્મ સમ્બન્ધી કરવાનાં નિત્યકર્મ.

ખટકવું, ક્રિ૦ અ૦ કાંકરીની પેઠે ખુંચવું (આંખમાં, દીલમાં વગેરે); ખખરવું.

ખટકો, પુ૦ અકળાયા વગેરેથી અવાજ થઈને ઝટ રૂઈ જવો તે. ૨ અડચણ; નડતર. ૩ વેહેમ; શક; ખાતરો. ૪ ચાનક; ખન્ત. [કત; નડતર.

ખટખટ, સ્ત્રી૦ સામસામે અથડાતો અવાજ. ૨ હર-

ખટચક્ર, ન૦ [સં૦ ષડ્ચક્ર] (યોગમાર્ગમાં) યોગીઓએ શરીરની અન્દર જે છ ચક્ર—ચિન્હ કલ્પ્યાં છે તે.—એ ઉપરથી સધાતો એક જાતનો યોગ પણ.—૧ આધારચક્ર (ગુદા—ગાંડ; ગણપતિ દેવતા). ૨ લિઙ્ગચક્ર (લિઙ્ગ; બ્રહ્મા દેવતા). ૩ નાભિચક્ર—મણિપૂરચક્ર (નાભિ—દુંટી; વિષ્ણુ દેવતા). હૃદયચક્ર—અનાહતચક્ર (હૃદય—છાતી; રૂદ્ર દેવતા). ૫ કંઠચક્ર—વિશુદ્ધચક્ર (ગળું; જીવ દેવતા). ૬ મૂર્દ્ધચક્ર (માથાની ખોપરી; ગુરુ દેવતા).

ખટદરશન, ન૦ [ષડ્દર્શન] ખટશાસ્ત્ર. ૨ જોગી, જંગમ, ફકીર, સન્યાસી, જૈન અને બ્રાહ્મણ એ છ.

ખટપટ, સ્ત્રી૦ ગુંચવણ; જંજાળ. ૨ હલામણ; મુશકેલી; મેહેનત. ૩ કાવતરું; કપટ. ૪ અણબનાવ; બગાડ; તકરાર; કજિયો. ૫ રાજદરબારી કામમાં જે યુક્તિપ્રયુક્તિ (ભાપણ લખાણમાં) તે.

ખટપટવું, ખટપટ કરવી. ૨ જોશમાં પધવું. 'ખટપટને ખટપટવાદે, તું અળગો આવી પ્રીછીલે; જંગી ઢોલ ઘણા ગડગડે, ત્યાં ઝીણી વાત કાને નવ પડે'. (અખો).

ખટપટિયું, વિ૦ ખટપટ વાળું (કામ).

ખટપટિયો-ટી, પુ૦ માથાફોડ કરનાર. ૨ કાવતરાંખોર. ૩ રાજદરબારી કામ સમ્બન્ધી ખટપટ કરનારો. [લાગે તેવું.

ખટમધુર-રું, વિ૦ સવાદમાં ખાટું અને મીઠું—ગળ્યું

ખટમલ, પુ૦ માકણ; ખાટલામાં રેનારો મલ. રાણીનો ખટમલ એટલે રાણીની હિમાએતવાળો પુરૂષ. નવલશાહિરજી, રાણીનો સાળો, રાણીનો ખટમલ એ શબ્દો હલકા લોકો વાંકામાં વાપરે છે.

ખટમાસી, વિ૦ છ માસ—મહિનાનું; છ મહિને થતું; છ મહિના રેતું.

ખટમિઠું, વિ૦ ખાટો ને મીઠો એકઠો એવા સવાદનું.

ખટરસ, પુ૦ [સં૦ ષડ્રસ] છ રસ—સવાદ. ખાટો, ખારો, કડવો, કટાણો, તીખો ને મીઠો. ૨ અણબનાવ; અબનાવ; વાંકું પડવું તે.

ખટરાગ, પુ૦ [ષડ્રાગ] છ રાગ—ભૈરવ, માલકોશ, હિંડોળ, શ્રી, કેદારો, મલ્હાર; ભૈરવ, માલકોશ, હિંડોળ, દીપક, શ્રી, મેઘ; અથવા સઙ્ગીતરત્નાકરમાં કહ્યા પ્રમાણે; શ્રી, વસન્ત, ભૈરવ, પઞ્ચમ, મેઘ, બૃહનાટ. ૨ અણબનાવ; ક-

જિયો. ૩ જગ-જાળ; ખટપટ; સંસાર ઉપાધિ.

ખટરાગી, વિ૰ સંસાર—પ્રપંચ—માયામાં લપટાઈ ગૂંચાયેલો. ૨ જગજાળી; ખટપટિયો.

ખટલું, ન૰ ખટલો.

ખટલો, પુ૰ એકાદા મોટાં માણસની સાથે હમેશ રહે તે મંડળ. કુટુમ્બ કબીલો, ચાકર નફર, સામાન સરંજામ, ગાડી ઘોડા વગેરે જે તે. (એનો ખટલો મોટો છે). ૨ કુટુમ્બ; કબીલો. ૩ સરકારમાં ચાલેલો કજિયો. ૪ ખટપટિયું—ગૂંચવણનું કામ.

ખટવું, ક્રિ૰ સ૰ ખાટવું; કમાવું; લાભ પામવો (અખામાં).

ખટશાસ્ત્ર, ન૰ [ષડ્શાસ્ત્ર] છ શાસ્ત્ર—૧ **ગૌતમકૃત ન્યાય** (એમાં કાર્યરૂપ જગત્ તે ઉપરથી તત્કારણરૂપ જે ઈશ્વર તેનો બોધ છે). **કણાદકૃત ન્યાય** (એમાં પઞ્ચ મહાભૂત—તત્વો ઈત્યાદિ એ કેવું અમતુંજ છે, પરમાણુ વગર બીજું કંઈજ નથી—અતિસૂક્ષ્મ તેજ ઈશ્વર તેજ નિત્યવ્યાપક છે). ૩ **જૈમિનિકૃત પૂર્વમિમાંસા** (એમાં વેદના આધારથી કર્મજ સત્ય છે). ૪ **વેદવ્યાસકૃત ઉત્તરમિમાંસા** અથવા **વેદાન્ત શાસ્ત્ર** (એમાં એક બ્રહ્મ સત્ય છે ને જગત્ મિથ્યા છે). ૫ **કપિલકૃત સાઙ્ખ્ય** (અનેક તત્વોની સઙ્ખ્યા કરીને તેઓ પ્રકૃતિથકી ઉત્પન્ન થાય છે—તે જેવો તથા તે પ્રકૃતિ આત્માથકી ભિન્ન છે અને જેવો આત્મા નિત્ય તેવીજ પ્રકૃતિ નિત્ય—સારાંશ પ્રકૃતિ પુરૂષ અનાદિ સિદ્ધ છે—જેવારથી પુરુષ તેવારથી તેની છાયા પ્રકૃતિ. માટે એઓથી જગતનાં ઉત્પત્તિસ્થિતિલયાદિ થાય છે માટે વળી ઈશ્વરની આવશ્યકતા શું કરવા?). ૬ **પતઞ્જલીકૃત યોગ** (એમાં સર્વશક્તિમાન્ સર્વજ્ઞ જે ઈશ્વર તેની જોડે યોગ એટલે એકપણું કરવું. ઉપાસના યોગાદિક સાધને કરીને જીવનું એકપણું થયું એટલે જીવનો શિવ થાય છે. એ મતમાં સાઙ્ખ્યનો અનીશ્વરવાદ ખણ્ડીને ઈશ્વરવાદ સિદ્ધ કર્યો છે).

ખટાઈ, સ્ત્રી૰ ખાટો રસ. ૨ ખાટાપણું.

ખટારો, પુ૰ ભાર ભરી લાવવા લઈ જવાનું મોટું ગાડું; બીજગાડું.

ખટાવવું, ક્રિ૰ સ૰ ફાયદો કરી આપવો; કમાવી આપવું.

ખટાવું, ક્રિ૰ અ૰ ખાટું થવું.

ખટાશ-સ, સ્ત્રી૰ ખાટાપણું.

ખટુંબડું, ખટુમ્બડું.

ખટુમ્બડું, વિ૰ થોડુંક ખાટું.

ખટ્ટું થઈ જવું, ક્રિ૰ અ૰ ખાટું થઈ જવું (મન); નાકમેરી થવી.

ખડ, ન૰ ઘાસ. ૨ લીલી ચાર. ૩ ખેતરમાં નિરુપયોગી જે છોડવા તે; નીદામણ. ૪ ખરડ; લેપ.

ખડક, પુ૰ સ્ત્રી૰ દરિયામાં અથવા જમીન ઉપર એકઠા મળી ગયલા પથરાઓનો જે જથ્થો—ટેકરો તે. ૨ ખરાબો.

ખડકવું, ક્રિ૰ સ૰ નક્કર વસ્તુને એકપર એક એમ મુકવી; ઉપરા ઉપરી ગોઠવવું—સિંચવું.

ખડકી, સ્ત્રી૰ નાની ગલી; બે અથવા વધારે ઘરોની વચમાંની જે ગલી તે; નાની ડેલી. લાંબી ને પહોળી જે ખડકી તે પોળ—પોળમાં ખડકીઓ હોય પણ ખડકીમાં પોળ ન હોય. ૨ મોહલો; ફળિયું.

ખડકું, ન૰ પથરાનો નાનો કકડો.

ખડખડ, અ૰ બે અથવા વધારે નક્કર વસ્તુ સાથે અથડાયાથી જે અવાજ થાય તે. ૨ દાંત કાઢીને સારીપઠે મોઢેથી હસતાં જે અવાજ થાય તે.

ખડખડ, સ્ત્રી૰ હરકત કરતી વસ્તુ; નડતર. ૨ ખડ ખડ એવો અવાજ થવો તે.

ખડખડવું, ક્રિ૰ અ૰ ખખડવું.

ખડખડાટ, ખડખડ.

ખડખડિયાં, ન૰ સુકવીને તળેલી પુરી (દિવાળીમાં).

ખડખડિયું, ન૰ ખડખડ અવાજ કરતી વસ્તુ. ૨ ભાર ભરવાનું ગાડું. ૩ ખડખડિયાંનું એકવચન.

ખડગ, ન૰ [સં૰ ખડ્ગ] સમશેર; તરવાર. ૨ ગેંડાનું સિંગડું.

ખડગ, ખડક.

ખડગપાત્ર, ન૰ ગેંડાનાં સિંગડાંનું બનાવેલું વાસણ.

ખડડં, અ૰ એવો થતો અવાજ દેખાડે છે.

ખડતલ-ળ, વિ૰ ભાર—દુઃખ ખમી શકે તેવું ઘડાયલું જબરું (માણસ). ૨ હલકું; પાજી; પિત્તળ (માણસ). ૩ તરણાને તોલે હોય તેવું; તુચ્છ. (કામ—વસ્તુ).

ખડતાલ, સ્ત્રી૰ લાત; પાટુ.

ખડદાં, ન૰ ખડબાં.

ખડધાન, ન૰ વાવ્યા વગર પોતાની મેળે ઉગી નિકળતું જે અનાજ તે—સામો, નમાર વગેરે.

ખડધામણી, સ્ત્રી૰ એક જાતનું ઝાડ.

ખડધાયલું-યું, વિ૰ ચાઠાં, ખુજલી વગેરેથી ખરાબ થયલાં શરીરવાળું (જનાવર). ૨ મેલ અધરાળા

વગેરેથી ગન્દુ થઈ ગયલું (માણસ). 'શરીર ખડધાયું કર્યુંછે તે ન્હાઈ આવ'.

ખડધાલ, વિ૰ ખવાઈ ગયલું; ઘસાઈ ગયલું.

ખડપવું, ક્રિ૰ સ૰ જમીન—ભોંય ઉપરનો પદારથ જેમતેમ ઉખેડી કાઢવો.

ખડપું, ન૰ એક જાતનું હથિયાર, જેવડે નિદાણ કાઢેછે તે.

ખડપો, પુ૰ સીધો ખડક—ટેકરો. ૨ ખરપો.

ખડબચડું, વિ૰ સપાટી એક સરખી—સાફ લીસી નહિ પણ ખાડાં ખબચા કાંગરાં હોય તેવું.

ખડબડવું, ખળભળવું.

ખડબડાટ, પુ૰ અવાજ; ગોંધાટ. ૨ તોફાન.

ખડબાં-બું, ન૰ ચિકણા પ્રવાહી પદાર્થના ઠરી—બન્ધાઈ ગયલા જાડા પોપડા—લોહી, દૂધ, દહીં, આંબરસ વગેરેના.

ખડબુચ-ચું, ન૰ વેલે થતું એક જાતનું ગોળ ફળ—એ શાક દાખલ તથા પાકું હોય તો રાંધ્યાવગર એમનું એમ ખાંડ સાથે ખાધામાં આવે છે.

ખડભડ, સ્ત્રી૰ એવો થતો અવાજ. ૨ ગરબડ. ૩ કજિયા; બોલાચાલી.

ખડભડવું, ક્રિ૰ અ૰ ખડખડાટ થવો. ૨ અવાજ સાથે ઉથલપાથલ થવું. ૩ બે જણ વચ્ચે કજિયો થવો.

ખડભડાટ, પુ૰ ખડભડ.

ખડબ્રામી, સ્ત્રી૰ એક જાતનો વેલો—ઓસડમાં કામ આવે છે.

ખડવું, ક્રિ૰ સ૰ કોઈ ઢીલી પ્રવાહી ચીજને બીજી કોઈ નક્કર ચીજ ઉપર લગાડવી—ચોપડવી. ૨ ખરાબ કરવું; ડાઘ લગાડવો. ૩ કોઈની આબરુને ધોકો લગાડવો; આળ મુકવું; બદામાં આણવું. ૪ નઠારાં કામમાં સામેલ કરવું—રાખવું.

ખડવું, ક્રિ૰ અ૰ હાથ પગ વગેરે શરીરના અવયવનું ઉતરી જવું. ૨ પડવું. ૩ ઉપટીજવું (રઙ્ગનું).

ખડસલ, પુ૰ ઘરનો પાયો.

ખડા, સ્ત્રી૰ પાવડી.

ખડાઉતાર, વિ૰ દેખડાથી કે તાબડતોબ નાણાં મળે એવી તરતની—વગર મુદતની (હુંડી).

ખડાઉપાડ, વિ૰ બરોબર ખડા બિડાય અને સપાટાબન્ધ પગ ઉપડે, એવો દેખાવડો પગે પેરેવાનો (જોડો).

ખડાખડ, અ૰ જોરમાં ખડખડ અવાજ થાય તેમ.

ખડિયાખડખડ, સ્ત્રી૰ સમળી નાથ; તળિયાઝાટક. ૨ ભાંગીતુટી ગયલી હાલત. (ઘર કિલ્લા વગેરેની) ૩ મોટી આફત; મોટું નુકસાન. (એ શબ્દ વિશેષણ દાખલ પણ વપરાય છે).

ખડિયું, ન૰ ચોમાસાંમાં કેટલાક દિવસસુધી વરસાદ ન પડવાથી જે સખત તાપ પડેછે તે. ૨ દુકાળ. ૩ ચિત્તો વાઘ. ૪ સુકાયાથી તડો પડી ગયલી એવી ખુંચેલી જે જમીન તે. ૫ જોબન અવસ્થાની ભેંસ.

ખડિયો, પુ૰ શાહી વગેરે ભરી રાખવાનું પકાવેલી મટોડીનું, બિલોરી કાચનું અથવા બીજી કોઈ ધાતુનું જે ઠામ તે. ૨ ઘણાં પડવાળો ઝોળો (બ્રાહ્મણ વગેરે ભીખ માંગી ભરવાને રાખેછે તે). ૩ સવારનાં વાસણ ભાતું વગેરે રાખવાનો કોથળો જે ઘોડા ઉપર નાખેલો હોય તે. ૪ ખલતો; વાટવો.

ખડિયોખાર, પુ૰ એક જાતનો ખાર; ટઙ્કણ ખાર.

ખડી, સ્ત્રી૰ [સં૰ ખટિકા] સફેત-ઉજળી મટોડી. ૨ પથ્થરના નાના નાના કકડા. (રસ્તે નાખવામાં આવેછે તે). ૩ વગર વિંયાયલી ભેંસ.

ખડું, વિ૰ [હિં૰] ઊભું; ટટાર. ૨ ઘણીવાર કે- તેવું.

ખડેધાટ, વિ૰ બાફીમાં ઘાલ્યા વગર એમના એમ પથરા ઉપર ઝીંક મારી સાબુ ઘાલી ધોયલાં (કપડાં). ૨ તૈયાર; તૈયારીપર આવેલું. ૩ ધોયલાં કપડાં પેરીને દેખાવડો—ઈસ્ત્રી બનેલો (પુરુષ).

ખડેચોક, અ૰ ખુલ્લાં મેદાનમાં; ઘણા લોક એકઠા મળ્યા હોય ત્યાં.

ખડેજોડે, અ૰ જોડાનો ખડો કાડ્યો ન હોય તેમ.

ખડેલું, વિ૰ ધા૰ પડેલું.

ખડેલું, ન૰ નાની ભેંસ.

ખડો, પુ૰ એડીને લગતો જોડાનો જે પાછલો ઊંચો ભાગ તે. અનેકવચન ખડા. ૨ કુકડાં ખબુતરને રેવાની જગો.

ખડ્ગ, ન૰ [સં૰] તલવાર. ૨ ગેંડો. ૩ ગેણ્ડાનું સિંગડું.

ખડોવું, ખરડાવું.

ખડ્ડો, ખરડો.

ખણ, પુ૰ [સં૰ ક્ષણ] ચાર મિનિટ. ૨ પળ; જરા—જરા વખત. ૩ [સં૰ ખણ્ડ] ટેબલ—કબાટનું ખાનું.

ખણકો, પુ૰ ખણ એમ થઈ રહી જતો અવાજ.

ખણખણ, અ૰ એવો થતો અવાજ દેખાડે છે. (ધાતુની ઘુઘરમાળ વગેરેનો).

ખણખણવું, ક્રિ૰ અ૰ ખણખણ એવો અવાજ થવો.

ખણખણાટ, પુ૰ ખણખણ થતો અવાજ.

'ખણખોજ-ત-દ, સ્ત્રી૰ ખોડ—ભૂલ શોધ્યાં કરવાની મતલબથી કોઈની ચાલચલણ—કોઈનાં કામ ઉપર ખન્ત રાખી જોયાં કરવું તે. ૨ ખન્તથી કોઈના દોષ શોધ્યાં કરવા તે; નિન્દા કર્યાં કરવી તે. [ફા૰ ૨ ખણ-જવાળવું.

ખણવું, ક્રિ૰ સ૰ ખોદવું; ઓતરવું. 'ખણે તે પખણિક, [ક્ષણિક].

ખણખણ, અ૰ ક્ષણે ક્ષણે; પળે પળે. [પણ.

ખણમાત્ર, અ૰ ક્ષણમાત્ર; પળભર. ૨ થોડીવાર

ખણ્ડ, પુ૰ [સં૰ ખણ્ડ્—ભાગવું; ફોડવું] ભાગ; કકડો. ૨ પ્રકરણ; ભાગ. ૩ એક ગાળો—કાંચળી થાય તેટલું ગોદિયાં જેવા ગાથે વણાયલું જે કપડું તે. ૪ ટેબલ કબાટ વગેરેનું ખાનું. ૫ ઘરના ભાગમાંનો અંકડો; ઓરડો. ૬ પૃથ્વીના મોટા ભાગ કેવાય છે તેમાંનો અકડો. (એશિયા, યૂરપ વગેરે). અફ્રિકા ખણ્ડમાં ઘણા દેશ હોય છે. ૭ પૃથ્વીના (જમ્બૂ દ્વીપના) નવ મોટા ભાગ તેમાંનો અકડો. (ઈલાવૃત, ભદ્રાશ્વ આદિલઈ). (ક૰ કો૰ પૃ૰ ૩૧૮મું જોવું).

ખણ્ડણી, સ્ત્રી૰ પોતાની તાબેગીરી દેખડાવવાને—અડ્ડચણસમયે સહાય મળવામાટે એક રાજાએ અથવા એક પ્રજાએ દરવર્ષે જે દ્રવ્ય અથવા દેશની પેદાશમાંથી જે હિસ્સો બીજા રાજાને આપવાં કરેલો તે; ચોથાઈ વગેરે. ૨ હિસ્સો; ભાગ. ખણ્ડણી લેવી—આપવી—ભરવી.

ખણ્ડન, ન૰ [સં૰] ભાંગી—તોડી—રદ પાડવું તે. —મત ખણ્ડન, વાદ ખણ્ડન વગેરે.

ખણ્ડવું, ક્રિ૰ સ૰ ખાણ્ડીલેવું.

ખણ્ડાવવું, ક્રિ૰ સ૰ પ્ર૰ કોઈ ખાંડે તેમ કરવું.

ખણ્ડાવું, ક્રિ૰ અ૰ વસ્તુને ખાંડેથી તેનો ભૂકો થવો—તેનાં છાલાં જુદાં પડવાં ઈ૰.

ખણ્ડિત, વિ૰ ધા૰ ભાગેલું; તૂટેલું; ખાંડું થયલું.

ખણ્ડિતા, સ્ત્રી૰ (કાવ્યશાસ્ત્રમાં) અષ્ટ નાયિકામાંની એક-પોતાનો પ્રીતમ બીજીપાસે જઈ આવેલો જોઈને જે સ્ત્રી મનમાં ખીજાય તે; પ્રીતમના શરીર ઉપર ચિન્હ જોઈને પોતે તેને આવકાર દેતી નથી, રીસાઈને મૂંગી રેહે અને કદાપી બોલે છે તો વાંકામાં બોલે છે એવી માનભઙ્ગ થયલી સ્ત્રી.

ખણ્ડિયર-યેર, ન૰ અમલો તોડી પાડ્યા પછી અથવા ખળીગયા પછી રહેલી જે ખુલ્લી ભાંય તે. ૨ ભાંગેલી તુટેલી ઈમારત; પડીગયલાં ઘરનું ખોખું. [જા). એકવચન ખણ્ડિયો.

ખણ્ડિયા, વિ૰ ખણ્ડણીભરનાર—આપનાર (રાખણ્ડી, વિ૰ રેવાસી. વનખણ્ડી—વનમાં વસનાર.

ખણ્ડી આપવું, ક્રિ૰ સ૰ જથાબન્ધ માલ ઓછી કિંમતે આપવો. ૨ દેવાને પેટે ઓછી કિમ્મતના જનસ આપી પતાવવું.

ખણ્ડી રાખવું, ક્રિ૰ સ૰ જથાબન્ધ માલ મુદલ ભાવે અથવા કોઈ ભાવ ઠેરવીને જોયાજોખ્યા વગર સામટો ખરીદ કરી રાખવો. ૨ માગતાંને પેટે થોડાક ઓછી કિમતની જનસ લઈને હિસાબ પતાવવો.

ખાણ્ડીલેવું, ખણ્ડી રાખવું.

ખાણ્ડીવાળવું, ક્રિ૰ સ૰ ખણ્ડી આપવું.

ખણ્ડેર, ન૰ ખણ્ડિયર.

ખત, ન૰ [આ૰] લેખ; દસ્તાવેજ; ચિઠ્ઠી.—વેચાણખત, ગીરોખત, કરજખત, ઘરનું ખત વગેરે.

ખતપત્તર, ન૰ ખત ને બીજાં કાગળિયાં.

ખતમ, સ્ત્રી૰ [આ૰] આખર; છેડો; હદ. ખતમ કરી—હદ કરી.

ખતરી, પુ૰ ક્ષત્રીની એક ઉતરતી જાત.

ખતરો, પુ૰ [આ૰] વેહેમ; શક; સન્દેહ. ૨ બિહિક; આચકો. ખતરો મટાડવો—ગાડેધરવાળવું.

ખતવણી, સ્ત્રી૰ ખતવવું તે. ખતવણી કરવી—ખતવવું.

ખતવવું, ક્રિ૰ સ૰ રોજમેળ તથા નોંધમાંની રકમો જેને જેને નામે—ખાતે સાથે એકઠી લખી હોય તે તેને તેને નામે—ખાતે જુદી જુદી ચડાવવી; (એકને નામે—ખાતે ઘણી હોય તે બધી સાથેજ આવી રે).

ખતા, સ્ત્રી૰ [આ૰] નુકસાન થવું તે; હાનિ થવી તે; ઠોકર ખાવી તે. ૨ ચૂક; ભૂલ; ગફલત. ૩ પસ્તાવો. ખતાખાવી—પામવી એટલે નુકસાન થવું; હરકો આવવો. ૨ ચૂક—ગફલત કરવી. ૩ પસ્તાવો ખાવો.

ખદખદ, 'અ૰ જાડા રગડા જેવા પ્રવાહિ પદાર્થનો, ઉકળતાં જે દવનો થાય તે. [વું; ઉકળવું.

ખદખદવું, ક્રિ૰ અ૰ ગરમી લાગેથી ઉપરતળે થ-

ખદડવું, ક્રિ૰ સ૰ દોડાવવું; તગેડવું; નસાડવું. ૨ બહુ મેહેનત આપવી.

ખદડુક ખદડુક, અ૰ ઘોડાની એક જાતની દોડ અથવા તેથી થતો અવાજ.

ખદબદ, અ૦ ખદખદ. ૨ કીડાઓનું ઉભરાવું તે.

ખદબદવું, ક્રિ૦ અ૦ ઢોલી ગન્દી અથવા કોઈ-મથલા ચીજમાં જીવડાં પડી આવવા—ઉભરાવા.

ખદવું, ક્રિ૦ અ૦ ચાલવું; આગળ વધવું. "અનુભવી આગળ વાદજ વદે, ઊંટ આગળ જેમ પાળો ખદે; હાંટતણાં આથાં મિલાણ, પાળાના તો છંડે પ્રાણ". (અખો)

ખદેડવું, ખદડવું.

ખદ્યોત, પુ૦ [સં૦] પતઙ્ગિયો. ૨ આગિયો. ૩ [તારો. ૪ સૂરજ.

ખનિ-ની, સ્ત્રી૦ [સં૦ ખન- ખોદવું] ખાણ.

ખનીજ, વિ૦ ધા૦ [સં૦] ખાણમાંથી નિકળેલું; જમીનમાંથી ખોદી કાડેલું.

ખન્ત, સ્ત્રી૦ પછવાડે લાગુ રેવું તે. ૨ કાળજી; ચાનક. ૩ છીત; ચીડ; કણ્ટાળો.

ખન્તી-લું, વિ૦ પછવાડે લાગુ રેનાર. ૨ કાળજી [રાખનાર.

ખન્તે પડવું, ક્રિ૦ સ૦ પછવાડે લાગવું; કેડો લેવો. ૨ ચાનક રાખવી. ૩ ભુલ ખોળ્યાં કરવી; ખણખોજ કરવી.

ખન્ધાઈ, સ્ત્રી૦ લુચ્ચાઈ; દોઙાંઈ; અપ્રમાણિકપણું; ઠગબાજી. ૨ લાડ, પ્યાર, મશ્કરીમાં પણ એ શબ્દ વપરાયછે.

ખન્ધું, વિ૦ ખન્ધાઈ કરનાર.

ખપ, પુ૦ માલ વગેરેનું બજારમાં વેચાઈ જવું તે; બજારમાં માગણી થવી તે. ૨ વપરાવું તે; ખરચાવું તે; વાવર. ૩ કામ; ઉપયોગ. ૪ અગત્ય; જરૂર. ૫ તઙ્ગી; ખોટ. ખપનું—કામનું. ખપ-લાગવું—કામલાગવું.

ખપજોગું, વિ૦ ખપ હોય તેટલું.

ખપત, સ્ત્રી૦ ખપ (૧ લા ને ૨ જા અર્થમાં).

ખપતું, વિ૦ બજારમાં માગણી થતી હોય તેટલું. ૨ કામમાં આવે તેટલું; જોઈતું. ૩ કામ—ઉપયોગમાં આવી શકે તેવું—બ્રાહ્મણને વાણિયાનું રાંધેલું ખપતું નથી.

ખપરેલ, વિ૦ છાપરે નળિયાં ગોઠવ્યાં હોય તેવું.

ખપવું, ક્રિ૦ અ૦ વેચાવું—ઈ જવું. ૨ વપરાવું; ખરચાઈ જવું. ૩ ગણાવું; કિંમત થવી (નઠારી સોબતથી તે સારો છતાં લુચ્ચામાં ખપશે). ૪ કામમાં આવી શકે તેવું—ઘટતું થવું—હોવું. (બ્રાહ્મણને બજારના સેવ મમરા ખપે નહિ). ૫ વસ્તુ જોઈએ—ઈચ્છવી—માંગવી (તને બરફી ખપે? એટલે તને બરફી જોઈએછે?. પશ્ચિમના લોકો બોલેછે). ૬ ટળવું.

ખપાટ, પુ૦ બાકડાંનો ફેરેલો ચીરો; ફાડ.

ખપાટિયું, ન૦ વાંસની મોટી ચીપ—ફાડ; ખુંપરા સરોડાંની ચીપ.

ખપાડવું-વવું, ક્રિ૦ સ૦ ખપે તેમ કરવું (ત્રણ અ-[ર્થમાં).

ખપીજવું, ખપવું (૧ લા ને ૨ જા અર્થમાં).

ખપેડી, સ્ત્રી૦ ઉગતી જુવાર ઘઉં વગેરેને નુકસાન કરનારું એક જાતનું જિવડું. ૨ નાકની અન્દર મળનો બાઝેલો જે પોપડો તે; ગૂંગો—ગું.

ખપેડો, પુ૦ કામડાંની જે તદી—સાદડી તે.

ખપોટી, સ્ત્રી૦ એક જાતની રેતી. ૨ ભિંગડું.

ખપ્પર, ન૦ (દેવીનું) ભોજનપાત્ર. ૨ અલક કરતા બાવા ઝેરી નારિયેળનાં હોડકાં જેવાં કાચલાંના જે ઠામમાં ભોટ માગેછે તે. ૩ ઈતરાજી; કરડી નજર—દેવીના ખપ્પરમાં આવ્યો એટલે દેવીનો ભોગ થઈ પડ્યો. ખપ્પરમાં લેવું—ખાઈ જવું; કરડી ખાવું; ચૂસી લેવું. ૨ મારી નાખવા—નુકસાન કરવાના હેતુથી પોતાના કબજામાં—પોતાની હોદમાં લેવું.

ખફા, વિ૦ [ફા૦] ગુસ્સે હોય તે; ચીડાયલું.

ખબડદાર, વિ૦ [આ૦ ખબર; ફા૦ દાર] ચોકસ; સાવધ; ચારપાસ ખબર રાખ્યું હોય તે. ૨ ઘણી વાતની જાણ—માહિતી ધરાવનાર; હોશિયાર; કાબેલ; ભણેલું; કિસબી; વિદ્વાન; પોંચેલું.

ખબડદારી, સ્ત્રી૦ ચોકસી; સાવધાની; સાવચેતી. ૨ કાબેલિયત; હોશિયારી; કિસબ. ૩ સમ્ભાળ; ઉપરીપણું.

ખબર, સ્ત્રી૦ [આ૦] આપે બનેલી અજાણી હકીકતની જે જાણ તે; અજાણી વાતનું માલમ પડવું તે; સમાચાર; વર્તમાન. ૨ સન્દેશો; કેણ. ૩ ઉડતી વાત; ગપ. ૪ સહુને જાહેર કરવું તે; જાહેરખબર. ૫ નજર; સમ્ભાળ; નીઘા. વિ૦ માલમ; જાણીતું. ખબર આપવી—કરવી એટલે સમાચાર કેવા; જણાવવું. ખબર રાખવી એટલે જે જે હકિકત બને તે ઉપર નજર રાખવી—વાકેફ થઈ રેવું; ચોકસી—સમ્ભાળ રાખવી. ખબર લેવી એટલે સમ્ભાળ રાખવી. ૨ કોઈને વિષે પુછવું; સમાચાર જાણવા. ખબર કાડવી, એટલે પુછપાછ કરવી; સમાચાર આણવા.

ખબરઅન્તર, સ્ત્રી૦ કોઈની તનદુરસ્તી સમ્બન્ધી જે જાણ તે. ૨ હર કોઈ બાબતની જે જાણ તે; વ-

તેમાન; સમાચાર.

ખબરદાર, ખબડદાર.

ખબુતર, ન૦ [ફા૦] એક જાતનું પક્ષી; કપોત.

ખબુતરખાનું, ન૦ [ફા૦] જયાં ખબુતરને રેવાસારૂ ખાનાં કરેલાં હોય તે ઠેકાણું.

ખભો, ખભો.

ખભોચિયું, ખાબોચિયું.

ખભળવું, ક્રિ૦ અ૦ અહીંથી તંહીં આજુબાજુએ પાસું મરડયાં કરવું. (દુખથી). ૨ ડોળાવું (પેટમાં). ૩ ઓચીતાં ગભરાવું. [થવ.

ખભળાટ, પુ૦ ખભળવું તે; ગભરામણ; ઉચલપા-

ખભો, પુ૦ [સં૦ સ્કન્ધ] હાથનું શરીર સાથે જયાં સન્ધાવું થાયછે તે સાંધાઉપરનો—બગલ ઉપરનો જે ભાગ તે; ખાંધ; કાંધ.

ખમ, સ્ત્રી૦ ભુજ; બાહુ; ભુજનો નીચલો ભાગ. ખમ ઠોકવી—થાબડવી (કુસ્તી પેલાં). [વાજ.

ખમખમ, અ૦ ઘુઘરા—ઘુઘરીમાંથી નિકળતો અ-

ખમચાવું, ખચ-ચાવું.

ખમણ, ન૦ નાળિયેરની કાચલી—વાટીમાંથી સોરી કાડેલો કોપરાંનો જે ચૂરો તે.

ખમણઢોકળાં, ન૦ કોપરાંની છીર વગેરે મસાલાવાળાં ચણાની વાટીદાળનાં ઢોકળાં. [ખમણકરવું.

ખમણવું, ક્રિ૦ સ૦ ખમણીના ખીલાથી કોપરાંનું

ખમણી, સ્ત્રી૦ કોપરાંનું ખમણ કાડવાનું જે ઓજાર તે—લાકડાંને કાંગરીવાળો, ગોળ ચપટો મોટો ખીલો જડેલો હોય છે.

ખમતી આસામી, પુ૦ સ્ત્રી૦ કોઈ બોજો—નુકસાન માથે આવી પડયાથી તે ખમીશકે તે આદમી.

ખમવું, ક્રિ૦ સ૦ [સં૦ ક્ષમ ઉપરથી] શરીર અથવા મનને જે દુખ થાય તે અથવા જે અણગમતું હોય તે સાંખવું. ૨ ધીરજથી સેવું; ગગળી ન જવું પણ હિંમતથી રેવું; ભોગવવું; વેઠવું. ૩ માથે પડવું; ડખાણમાં આવવું (નુકસાન ખમવું). ૪ મના ન કરતાં જોયાં કરવું; ખામોશથી જોવું; થાય તે થવા દેવું. (તે જેટલું કરેછે તે બધું હું ખમુંછ).

ખમા, સ્ત્રી૦ [સં૦ ક્ષમા] સાંખી રેવું તે; સહન કરી જવું તે; ખામોશ; દરગુજર. ૨ માફી બખશવી તે. ૩ સબુરી; ધીરજ. ૪ રક્ષા; કંઈ દુઃખ ન થાઓ—બધી તરફથી ક્ષમા મળે એવા અર્થનું આશીષ વચન—'ભાઈને ખમા'.

ખમાચ-ચી, પુ૦ રાતે ગાવાનો એક રાગ.

ખમીર, ન૦ [અ૦] તાડી વગેરે ફીણુવાળા જે ખાટા પદાર્થથી ઢીલો આટો ચડીને હલકો થાય છે તે. ૨ આદત; ટેવ; મહાવરો; જોરવવાની શક્તિ. વિ૦ જોરવીશકે તે; અભ્યાસ વાળું. [ઠી.

ખમ્પાલી-ળી, સ્ત્રી૦ ખેડુતનું એક ઓજાર; પંજે-

ખમ્બ-મ્ભ, [સં૦ સ્તમ્ભ] થાંભલો; ખાંભ. [તાળાં.

ખમ્ભાતી, વિ૦ ખમ્ભાત શેહેરનું. ખમ્ભાતી તાળાં એટલે જલદી ન ઉઘડી શકે તેવાં જબરાં ઘણ

ખય, ક્ષય.

ખર, પુ૦ [સં૦] ગધેડો.

ખરખડિયાં, ખડખડિયાં.

ખરખર, અ૦ એવો થતો અવાજ દેખાડે છે—કૂવા, કપી, ગાડી વગેરેનો. ૨ દોડ દેખાડે છે—ખરખર આંસુ ચાલ્યાં જાય છે, તે બોલ્યા વગર ખરખર ચાલ્યો ગયો. [જવું.

ખરખરવું, ખખરવું. ૨ જીર્ણથવું; ઘસાઈ જવું; ડડળી-

ખરખરી, ખખરી.

ખરખરો, ખખરો. ઉદાસી; દલગીરી. ૨ શંકા; અન્દેશો. ખરખરેજવું—મરીગયલાંને રડવા જવું. ખરખરો કરવા જવું—શોક કરવા જવું; રડવા જવું.

ખરચ, પુ૦ [પ્રા૦] કોઈ કામનેસારુ નાણાનું વપરાઈ જવું તે. ૨ કોઇ કામને અર્થે વખત, મેહેનત વગેરેનું જે ગુજરવું તે. 'તે કામમાં મેં મારી મેહેનત અને મારા વખતનો ઘણોજ ખરચ કર્યો છે'. ૩ નાણાંની મોટી રકમ વાવરવાનો જે સારો નરસો અવસર તે.—જનોઈ; લગન, અધરણી, તેરમું; જનમગાંઠ, છ માસી, વગેરે ઉપર જમાડવા વગેરેનો જે ખરચ તે. ખરચ કરવું—વો. [રવો તે.

ખરચખુટણ, પુ૦ વાપરવું—વાવરવું તે; ખરચ ક-

ખરચવું, ક્રિ૦ સ૦ ખરચ કરવો.

ખરચાઉ-ળ-ળુ, વિ૦ ખરચ કરે તે; સારો ખરચ કરનાર; કરજુસ નહિ તે. એ શબ્દ, ઉડાઉને લાગતો નથી.

ખરચી, સ્ત્રી૦ ખરચવાનેસારુ જે નાણું તે; વાવરવાની રકમ. ૨ ગુજરાનનેમાટે અન્ન વગેરેની સામગ્રી તે. 'ભાઈ આજની ખરચી તો છે કાલની વાત કાલે'. વિ૦ સાધારણ; હલકું.

ખરચીખાવું, ક્રિ૦ સ૦ નાણું વાવરી નાખવું; ઉડાવી દેવું. ૨ વટાવીને ખાવું.

ખરચીચૂનો, પુ૦ સાધારણ કામમાં વાપરવાજોગ ચૂનો. (ઘણી મરજીનો ફળીચૂનો નહિ).

ખરચીપાણી, ન૦ ખરચવાને નાણું—ખાવાને માટે જે બાંધું તે. ૨ હકવગર કોઈની પાસેથી તેની ખુશી જોઈને જે માંગી લેવું તે.૦૩ ઉડાવી જવું; ધણીને ન આપતાં બારોબાર ખાઈ જવું તે. ખરચીપાણી કીધાં—કરાવ્યાં.

ખરચુજવું, ક્રિ૦ અ૦ ઝાડેફરવા જવું.

ખરજ, સ્ત્રી૦ ચામડીનો એક રોગ—ચામડી ઉપર પાણીવાળી ઝીણી ઝીણી ફોલ્લીઓ થઈ આવે ને ખગ-જવાળ ઘણી થાય તે.

ખરજ, પુ૦ [સં૦ ષડ્જ] ગાયનમાં જે પેલો—છેક નીચો સ્વર—સૂર તે. [કરીને પગે થાયછે.

ખરજવું, ન૦ એક જાતનો ચામડીનો રોગ—ઘણું

ખરડ, સ્ત્રી૦ ઓસડિયાંનો રગડો કુનો કરી શરીરના દરદવાળા ભાગઉપર ચોપડવો તે; લેપ. ૨ ખેતરમાંનું ઘાસ.

ખરડવું, ક્રિ૦અસ૦ ચોપડવું; લગાડવું. ૨ ખરાબ કરવું; બગાડવું. ૩ આબરુને નુકસાન પોંચાડવું. ૪ નઠારાં કામમાં સામેલ કરવું. (ખડવું). [લાગવો.

ખરડાવું, ક્રિ૦ અ૦ બગડવું. ૨ નઠારી સંગતથી ડાઘ

ખરડો, પુ૦ નમુના ઘુંટવાના અક્ષરોનો કાગળ. ૨ મુસદો; અસલ લખાણ (જેની નકલ થાયછે તે).

ખરતું કરવું-મુકવું, ક્રિ૦ સ૦ દૂર કરવું. ૨ વહીજ-

ખરપડી, સ્ત્રી૦ ખરપી (૧ લા અર્થમાં.) [વાદેવું.

ખરપવું, ક્રિ૦ સ૦ ખણવું; બાજુએથી ધીમે ધીમે ખોદવું; ખોતરી કાઢવું—(ધા મારીને નહિં).

ખરપી, સ્ત્રી૦ ખેતર નિંદવાનું એક ઓજાર. ૨ નાનો જે ખરપો તે.

ખરપો, પુ૦ ચામડાં ઉખેડવાનું હાથાવાળું વાંકું મોચીનું ઓજાર. ૨ દૂધ દુધપાક વગેરે હલાવવાનું તવેથા જેવું પણ બાંકું લોડાં—પિત્તળનું જે ઓજાર તે.

ખરબચડું, ખડબચડું.

ખરવ, ખર્વ.

ખરવાડ, સ્ત્રી૦ ખળવાડ.

ખરવું, ક્રિ૦ અ૦ વળગી રહેલી વસ્તુએ તુટી જુદું પડવું (ઝાડના પાતરાં—ફૂલ, નિમાળા વગેરેએ). ૨ સુકાઈને પડી જવું; કરમાઈ જવું. ૩ જતું રેવું; દૂર થવું. (તે અહીંથી ખર્યો). ૪ તનખાની પઠે ઉંચેથી નીચે પડી જવું રેવું. (આકાશમાંથી તારો ખર્યો). ૫ દરદથી આંગળી વગેરેનું જુદું પડી જવું.

ખરસવું, ખરજવું. ૨ એક જાતનો ખાવાનો કંદ.

ખરસાણી, સ્ત્રી૦ જૂજ નાના પાતરાંનું જે અંદરથી દૂધ નિકળતું એવું એક ઝાડ; એક જાતની થુવર. —ઓસડમાં કામ આવેછે. [રેલા—ડાઘા તે.

ખરાંટા, પુ૦ વાસણ ઉપર અજિઠવાડ વગેરેના જે

ખરાંપારખાં, ન૦ સાચાં જુઠાંની તપાસ—પરીક્ષા.

ખરાખર, અ૦ નક્કી; ખચીત; ખાસુખા.

ખરાખરી, સ્ત્રી૦ ખરાપણું દેખાડવાનો જોરસો. ૨ ખરાપણું; સચ્ચાઈ. ૩ બારીક વખત; આફત; અંડાવેળા.

ખરાદ, સ્ત્રી૦ જે હથિયાર—ચરકાથકી લાકડું હાથીદાંત પિત્તળ વગેરેની ચીજો ગોળ અને સફાઈવાળી ઉતરેછે તે.

ખરાદી, પુ૦ ખરાદ--સિંઘાડા ઉપર ઘાટ ઉતારનાર—દાંતનાં રમકડાં બનાવનાર; ખાટલાનાં પાયા ઈસ વગેરે કરનાર.

ખરાપણું, ન૦ સચ્ચાઈ; વાજબીપણું.

ખરાબ, વિ૦ [અ૦] સારાંનું ઉલટું; ભુંડું; નઠારું; નરસું. એ શબ્દ માણસ અને ચીજોની ભિતરઆરની ખોડ દેખાડેછે. ખરાબ (નીતિમાં) માણસ—કામ, ખરાબ (દેખાવમાં) ચેહેરો, (ખરાબ અવગુણ કરનારી) હવા, ખરાબ (નુકસાન કરે તેવો) વિચાર વગેરે. ખરાબ કરવું—બગાડવું; નઠારું કરવું; અનીતિમાન કરવું. ૨ નુકસાન કરવું; દુઃખ દેવું. ૩ પાયમાલ કરવું; નાશ કરવો.

ખરાબખાસ્તા-ખસ્તા, વિ૦ ઘણુંજ ખરાબ; છેક નઠારું. ૨ પડતી હાલતમાં આણી રાખેલું—આવી રહેલું.

ખારાબપોર, પુ૦ સૂર્ય આકાશમાં બરોબર મધ્યે આવે તે સમય; મધ્યાન્હ. "ખરેબપોર બણગું ને પોપાબાઈનું રાજ". [નાશ. ૪ દુઃખ.

ખરાબી, સ્ત્રી૦ બિગાડ. ૨ નુકસાન; જોખમ. ૩

ખરાબેહાલ, વિ૦ જેના હાલ ખરાબ થઈગયા હોય તે; માઠી દશામાં આવેલું તે.

ખરાબો, પુ૦ પાણીથી ઢંકાયલો ખડક. ૨ ખેડવા લાયક ન હોય તેવી પથ્થરની જમીન. [જગો.

ખરાવાડ, પુ૦ ગામને પાદરે જ્યાં ખળીયો હોય તે

ખરી, અ૦ ખરું; 'હા, ખરી' (તું જે વાત કેછે તે).

ખરી, સ્ત્રી૦ [સં૦ ક્ષુર-ખુર] ગાય ભેંસ ઘોડા ગ-

ઘેડા વગેરે વાગોળ નહિ કરનારાં પશુનાં પગનાં આંગળાંને ઠેકાણે જે નખ જેવું હોયછે તે.

ખરીદ, વિ૰ ધા૰ [ફા૰] વેચાતું લિધેલું; મૂલ-કિમત આપીને લીધેલું. ખરીદ ભાવ એટલે જે ભાવે—મૂલે વેચાતું લિધેલું હોય તે ભાવ. ખરીદ કરવું-મૂલ આપીને લેવું. [ર; ખૂબી જાણનાર.

ખરીદદાર, વિ૰ ખરીદ કરનાર. ૨ કિમ્મત કરના-

ખરીદવું, ક્રિ૰ સ૰ વસ્તુને બદલે નાણું આપી તે લેવી; વેચાતું લેવું; સોદો કરવો.

ખરીદી, સ્ત્રી૰ ખરીદ કરવું તે. ૨ વેચાતું લીધેલું તે. ૩ જે ભાવે ખરીદ કરેલું તે.

ખરીફ, સ્ત્રી૰ ચોમાસાંમાં વવાતાં જે ધાન્યો તે.—જુવાર બાજરી ડાંગેર મકાઈ કોદરા વગેરે. એ ચોમાસાંમાં વવાય ને શિયાળામાં ઉતરે.

ખરું, વિ૰ સાચું; જાઠાંનું ઉલટું; જેવું જોયું સાંભળ્યું હોય તેવું. ૨ ઘણું સેકેલું. ૩ મોડે—પાકે—તૈયાર કરેલું.

ખરું, અ૰ હા; સાચું; ઠીક; વારુ. [ખજું.

ખરું, ન૰ સાચું તે. ૨ તીખું લોઢું; પોલાદ. ૩ ખજી;

ખરે, અ૰ સાચે; હા.

ખરેખર-રું-ખાત, અ૰ સાચે; નક્કી; ખચિત.

ખરેટા, પુ૰ વાસણ ઉપર પડેલા સુકાઈ ચોંટેલા જે અજીઠા અથવા જાડા પ્રવાહીના જે ડાઘા તે.

ખરેટી, સ્ત્રી૰ ચોમાસાંમાં થોડા થોડા વરસાદ બન્ધ થયાથી રસ્તાપરનો કાદવ સુકાયાથી ભોંય ફાટી ખું-ચે તેવી થાય તે.

ખરેડું, ન૰ તરત વિયાયલી ગાય ભેંસનું બે ત્રણ દા-ડાસુધી નિકળતું જે જાડું દૂધ તે.

ખરેડો, ખરેરો.

ખરેરો, પુ૰ બળદ—ઘોડાનું આંગ સાફ કરવાનું લોઢાંનું ઓજાર; હાથિયો. ખરેરો કરવો—હા-થિયો ફેરવવો.

ખરોખર, ખરેખર. [રોડની સંખ્યા તે.

ખર્વ, વિ૰ [સં૰] દશ અબજની અથવા હજાર ક-

ખલ, પુ૰ [સં૰ ખળ].

ખલ, પુ૰ ઓસડિયાં વગેરેનું ચૂરણ કરવાસારુ વ-ચમાં ખાડો પાડેલો એવો જે પથરો તે. ખલક-રવો—ખલમાં મુકી ઝીણું વાટવું—ઘુંટવું.

ખલક, સ્ત્રી૰ [આ૰] દુનિયા; જગત; માણસજાત; આલમ. [મોટીકોથળો; વાટવો.

ખલતો, પુ૰ સુડી સોપારી તમાકુ વગેરે રાખવાની

ખલલ, ખલેલ.

ખલવાં, ન૰ નાના કુમળાં વેગણ વગેરેની મોટી ચી-રીયોને, મસાલાવાળા પાણીથી ઢીલાં કરેલાં ચણા-ના લોટ સાથે તળી કાઢેલાં હોય તે. ખલવું એક-વચન.

ખલવાડ, સ્ત્રી૰ ખરાવાડ.

ખલાસ, અ૰ [આ૰] પૂરું; પાર—છેડો આણેલો હોય તેવું. ૨ વાપરી—ખપાડી નાખેલું હોય તેવું. ૩ છોડવેલું; બન્ધનમાંથી મોકળું—મુક્ત કરેલું. ખ લાસ કરવું—થવું. [ખારવો.

ખલાસી, પુ૰ [આ૰] વાણમાં નોકરી કરનારો

ખલિત, વિ૰ ધા૰ [સં૰] સમ્ભોગથી વીર્ય બાર પ-ડ્યું હોય તે વેળાની સ્થિતિનું (જન).

ખલિતો, પુ૰ ખલતો.

ખલીફ, પુ૰ [આ૰] મુસલમાનના મહમદ પેગમબ-રની પછી તેની ગાદી ચલાવનારામાંનો એકેક.

ખલેચી, સ્ત્રી૰ પાન સોપારી રાખવાની કોથળી;

ખલેડી-રી, સ્ત્રી૰ ખિસકોલી. [ચમચી.

ખલેલ, સ્ત્રી૰ [આ૰ ખલલ] નડ; હરકત; વચમાં કંઈ આડું પડવું તે. ૨ નુકશાન; હાની.

ખવડાવવું, ક્રિ૰ સ૰ એકજણે બીજાના મોડાંમાં ખાવાનું ઘાલવું. ૨ ખાય તેમ કરવું. ૩ પાલણ પોષણ કરવું. ૪ ઝેર, કેફ વગેરે કંઈ ખાવામાં આપવું. ૫ લાંચ આપવી.

ખવળવું, ક્રિ૰ અ૰ ભોંય—બિછાનાપર પડી અહિં-તહીં ગબડવું; પાસું મરડ્યાં કરવું; આળોટવું.

ખવાઇજવું, ક્રિ૰ અ૰ ઘણોજ કાટ ચડી જવો (લો-ઢું તાંબું). ૨ ખરીજવું (ઘણ્ટી). ૩ જરજર થવું (લુગડું). ૪ ભૂલમાં—અજાણે ખાવું. (ખવાવું).

ખવાડવું, ખવડાવવું.

ખવાબ, પુ૰ સપનું; સાણું.

ખવાર, ખુવાર.

ખવાવું, ખાઈ શકવું. ખાઈજવું શબ્દ જોવો.

ખવાસ, પુ૰ [આ૰] ચીજની અન્દરની ખાસિયત; પદાર્થનો ધર્મ. ૨ સ્વભાવ; પ્રકૃતિ; ખસલત; તબિ-યેત; મિજાજ. ૩ રાજા, ઘરમચુરુ, શ્રીમન્ત વગેરે-નો જે ખાસ—હજુરિયો ચાકર તે.

ખવીસ-વ્વીસ, પુ૰ [આ૰] અવગતીને પામેલો મુ-સલમાન; જે જીવ પિશાચ-ભૂત થયો હોયતે (મુસલ-માનમાં). ૨ આકૃતિથી ને જોરસાથી બિહામણો દે-ખાતો પુરુષ; રાખસ. 'માથાવનાનો ખવીસ'.

ખશિઆળું, વિ૦ વાંક, ગુનો, અપશકુન વગેરેથી એકાએક શરમાઈ ગયેલું હોય તેવું. ઝાંખવાઈ ગયેલું; ભાનભૂલું થયેલું; ફીકું પડી ગયેલું.

ખટપડવું, ક્રિ૦ અ૦ ખશિયાણું પડવું.

ખસ, સ્ત્રી૦ [સં૦] ખરજ; ખુજલી; ધાવડો.

ખસખસ, સ્ત્રી૦ જેમાંથી અફીણ એકઠું કરવામાં આવેછે તે રોપો—છોડવો. ૨ એ ઝાડના ડિંડવાંમાંથી જે ઝીણાં ધોળાં બીવાં નિકળે છે તે.

ખસખસિયા, વિ૦ ખસખસ જેટલું ઝીણું હોય તે.

ખસબો, ખુશબો. [થાર.

ખસમ, પુ૦ [આ૦] ધણી; પિયુ; ખાવંદ; ભર-

ખસર, સ્ત્રી૦ સુથાર કાપવા વેરવાને જે દોરીને ગેરુમાં બોળી અથવા ગેરેતી લગાડી લાકડાંપર ઊંચકીને નિશાણી કરે છે તે. ૨ તે નિશાણી. ખસર માર એમ કહેછે.

ખસલત, સ્ત્રી૦ [આ૦] ટેવ; આદત. ૨ ખાસિયત.

ખસવું, ક્રિ૦ અ૦ સરકતાં—અડાં ઘસેડતાં આઘે જવું. ૨ એક ઠેકાણેથી બીજે ઠેકાણે—દૂર—આઘે જવું. ૩ ધંધામાંથી નિકળવું. ખસતું કરવું—દૂર કરવું. ૪ આખામણું—ડાબું કરવું.

ખસિયાણું, ખશિયાણું. ખસિયાણું પડવું.

ખસી, ખાંસી (બળદ ઘોડાને કરવી).

ખસુસન, અ૦ વિશેષેકરીને; જરૂર; મુખ્યત્વે. ૨ ખચીત; નક્કી; ખામુખા.

ખસેડવું, ક્રિ૦ સ૦ દૂર કરવું; ખસતું કરવું.

ખસોટી, સ્ત્રી૦ ધોતિયાંની કેડ—કમ્મર આગળની બાજુએ દાબડી પૈસા વગેરે મુકવા—રાખવામાટે કરેલી ઓલ તે; ઓટી. [ખસોટે બાંધ.

ખસોટે, અ૦ ખસોટીમાં. ૨ કેડે; કમ્મરે. દાબડી

ખળ, વિ૦ [સં૦ ખલ] બેઢંગો; લુચ્ચો; હરામી; ઠગ; કપટી; છળભેદ કરનાર.

ખળકો, પુ૦ ખળખ એવો અવાજ કરીને દોડી આવી અટકેલા પાણીનો જે રેલો—પ્રવાહ તે.

ખળખળ-ળાટ, અ૦ અટક્યા વગર વેતું હોય તેમ (પાણી).

ખળખળવું, ક્રિ૦ અ૦ ઘાલું ઉકળવું; ખખળવું. ૨ ઘડપણથી છેક ઘસાઈ જવું. (ખળખળીજવું).

ખળભળ, સ્ત્રી૦ ગરબડ; ગોંધાટ. ૨ ધાક—બીકથી જે ગભરાવું—ઉભવું ઉંચું થવું તે.

ખળભળવું, ક્રિ૦ અ૦ દુઃખથી પાસું ભેરવવાં કરવું. ૨ જીવને ગભરામણ થવી.

ખળભળાટ, ખળભળ.

ખળાવાડ, સ્ત્રી૦ ખગવાડ.

ખળી, [સં૦ ખલીની] ખળું. [જમા.

ખળું, ન૦ ખેતરમાં—વાડામાં—ગામને પાદરે કણસામાંથી અનાજ જુદવાની એકઠા ધણીની જે જગો તે. ૨ જ્યાં જથાબંધ ખળીયો હોયછે તે

ખાં, પુ૦ [ફા૦ ખાન] મુસલમાન ગૃહસ્થોને અને અમીરોને બોલાવવાનો ખિતાબ; સરદાર; શાહજાદો—ખાં સાહેબ. ૨ ખૂબી પિછાનનાર; રસજ્ઞ; સમજુક; કદર બુજનાર. એ ભાઈસાહેબ તો કવિતા—ગાયનનાં ખાં છે.

ખાંખણ, ન૦ ચોળવાનું એક ઓઝડિયું.

ખાંખત, સ્ત્રી૦ ચાનક; ધ્યાન. ૨ પ્રીત; અણુગીત. ૩ ચૂક બોળ્યાં કરવાની ટેવ.

ખાંખાંખોળાં, ન૦ ખુણેખોતરે અહીંતહીં આમતેમ ખોળવું—શોધવું તે. [ખાઝીગયલા કીડા તે.

ખાંગડ, પુ૦ ખાંગડો. ૨ હંઠ નળિયાં વગેરેના જે

ખાંગડી, સ્ત્રી૦ નાનો ખાંગડો.

ખાંગડો, પુ૦ દરિયા કાંઠે જે સીપ શઢંલાં કોડી વગેરે જિવડાંના ઘર હોયછે તેમાંની એકેકી જાત. ૨ છોકરીયો રમવાને માટે, નળિયાંના ઠીકરાંને ઘસી ગોળ કરી પોળિયાં જેવડો જે આકાર બનાવે છે તે; કુકો.

ખાંગું, ન૦ ખાનું. [ણીતો. ચોરનો ખાંગુ.

ખાંગુ, વિ૦ ભેદુ; મળતિયો; અન્દરની વાતનો જા-

ખાંચ, સ્ત્રી૦ સાંકડ; ગુંચવણ. ૨ ખોઠ; તોટો; નુકસાન. ૩ બરાબર સધાઈ નહિં પણ જરા તરા રહેલી જે ખોલ—ઝુંમુંગીચું વળેલું તે. ૪ હિસાબનો તાળો બરાબર ન મળતો પણ થોડી વધઘટ હોવી તે.

ખાંચખુંચ, સ્ત્રી૦ ખાંચ.

ખાંચખુંચવાળું, વિ૦ ગુંચવણવાળું. ૨ વાંકું; ઊંચું નીચું. [ખીણ.

ખાંચડ, સ્ત્રી૦ ટેકરીની બાજુએ જે બાંય—ગલી તે;

ખાંચવું, ક્રિ૦ સ૦ ખેંચી રાખવું; પાછું હઠાવવું.

ખાંચાખુંચી, પુ૦—સ્ત્રી૦ ખુણખોચરા; ગલીકુંચી.

ખાંચો, પુ૦ સાંકડો રસ્તો; રસ્તાનો ફાંટો. ૨ ખુણો. ૩ કોઈ વસ્તુનો વાંકો થયલો—આડો ગયલો જે ભાગ તે. ૪ અટકાવ; બન્ધી (સગાંમાં મોત થયું છે તેથી જમવા જવાનો ખાંચો છે). ૫ વાંધો; હરકત.

ખાંજણ, સ્ત્રી॰ જ્યાં દરિયાનું પાણી આવી થોડુંક મચી ગયું હોય તે મેદાન.

ખાંજરૂં, ન॰ જ્યાં હાથ વારેઘડિયે ન જાય તેવું ઠેકાણું; ગમે ત્યાં કંઈ ખુણામાં તે. (બેદરકારથી) તેણે તે કામ ખાંજરે નાખી મુક્યુંછે.

ખાંડ, સ્ત્રી॰ [સં॰ ખણ્ડ] સેરડીના રસને ઉકાળીને તેમાં ચૂના વગેરેથી મેલ કાડી નાખીને ગાળતાં રેતી જેવા આકારમાં જે પદાર્થ પડે છે તે—એ મીઠો હોય છે. જેવી જેવી જેની સફાઈ તે તે પ્રમાણે તેને તેવાં કામમાં ઘાલે છે અને તેવાં તેનાં નામ આપેછે. સુરખાની, કોથળીની, વગેરે. ૨ તરવાર, પાળી, ચાકુ, સુડી વરેના પાનાપર જે આંકો ખાડો પડેલો હોય તે. તેનાં મોમાં તો ખાંડજ ભરીછે એટલે તે મોપેથી મીઠું મીઠુંજ બોલેછે. 'જાજા ખાંડ ખા' એટલે તું કે છે તેમ નથી.

ખાંડણિયું, ન॰ ખાંડણિયો.

ખાંડણિયો, પુ॰ ભાત પીંઆ વગેરે ખાંડવાસારૂ ભોંયમાં દાટેલો જે ખાડાવાળો પથરો અથવા ખાડાવાળું લાકડું હોયછે તે.

ખાંડણી, સ્ત્રી॰ લોડાં પિત્તળ અથવા લાકડાં પથરના જે ઠામમાં ઉપરનાં દસ્તો સાંબેલું મુસળું વગેરેના ઘાથી વસ્તુ કુટાય છે—ખણ્ડાય છે—છુંદાય છે તે; ખાણણી.

ખાંડવું, ક્રિ॰ સ॰ [સં॰ ખણ્ડન]. વસ્તુ જુદા જુદા ભાગમાં થઈ જઈ ઝીણી બને તેવું કરવાને ઉપરથી દસ્તા વગેરેના ઘા મારવા; સાંબેલું કે પરાઈથી કુટવું.

ખાંડિયું, ન॰ જે પશુનું શિંગડું ખાંડું હોય તે. ૨ એકાદ બેંસ—પાડું (ઘરમાં હોય ત્યારે કેવાયછે કે એક ખાંડિયું છે).

ખાંડી, સ્ત્રી॰ એક જાતનું વજન—તોલ. સુરતમાં ૨૦ મણની અને મુમ્બઈમાં ૨૮ મણની એક ખાંડી કેવાયછે. ૨, લાકડાં વગેરે જીનસોનું વજન એ તોલથી થાયછે.

ખાંડીબન્ધ, અ॰ જેમાં ઘણીક ખાંડી હોય તેવા જથામાં. ૨ ખાંડી ખાંડીને હિસાબે. ૩ જથાબન્ધ; એકદમ; પુષ્કળ; ઘણુંજ. [હોય તેવું.

ખાંડું, વિ॰ ખાંડ પડેલું; વચમાં આછો ખાડો પડ્યો

ખાંડું, ન॰ બે ધારની સીધી તરવાર.

ખાંણ, ખાણ.

ખાંણું, ન॰ મુએલાં સગાંનો શોક પાળવો તે.

ખાંત, ખન્ત. ૨ હોંસ; ઉમંગ.

ખાંધ, સ્ત્રી॰ [સં॰ સ્કન્ધ] ડોકની આજુબાજુનો જે ભાગ તે; ખભાનું હાડકું અને ડોકી એ બેની વચમાંનો ભાગ. ૨ બળદ વગેરેની ગરદન; મોડાંનો પાછલો ભાગ. ૩ મદદ. ખાંધ આવવી—પાકવી—બળદને ગાડીએ જોડવાથી તેની ખાંધપરની ચામડી ઘસાઈ ઘસાઈને પાકી જવી. ખાંધ દેવી (મુડદાંને).

ખાંધિયો, પુ॰ મડદું ઉંચકનાર; ખાંધે ઉંચકીને લઈ જનાર. ૨ ખુશામતિયો; હાજિયો. ૩ મદદ કરનારો; સાથી.

ખાંધું, ન॰ કરજનું નાણું થોડી થોડી મુદતને અન્તરે જે કકડે કકડે આપ્યાં કરવું તે; અમુકી મુદત; અંકો વાયદો; હપતો. તેણે પોતાનાં દેવાનાં ચાર ખાંધાં કર્યાં છે. (જમીનની વસુલ ભરવાની મુદતને કિસ્ત કેછે).

ખાંપણ, સ્ત્રી॰ ખોડ; કસર; ખામી; એબ; દોષ. ૨ મુડદાં ઉપર ઓઢાડવાનું લુગડું; કફન.

ખાંપવું, ક્રિ॰ સ॰ થોડું થોડું ખોદવું.

ખાંભ-ભો, પુ॰ થાંભ-ભલો; સ્તમ્ભ.

ખાંભી, સ્ત્રી॰ કમોતથી મરી ગયલાં માણસની પાછળ તેને બાળવાની—દાટવાની જગ્યાએ જે પથરો ચોતરો વગેરે તેની યાદગારીનેસારૂ ઊભા કરેલા હોય તે. ૨ બે પાસ થોડી થોડી કોરેલી ઊભી લાકડાંની જે જાડી ચીપોમાં પરેકાળનાં પાટિયાં બેસાડવામાં આવેછે તે. [ડો તે.

ખાંભું, ન॰ ખાતર પૂંજો નાખવાનો જે મોટો ખાડો તે.

ખાંસવું, ક્રિ॰ અ॰ ઉધરસ ખાવી.

ખાંસી, સ્ત્રી॰ ઉધરસ; ઠાંસો. ૨ વાછરડા—પાડા—પોડાના વૃષણ કાપવા તે.—ખાંસી કરવી.

ખાઇ, સ્ત્રી॰ કોટની પડખે ખોદેલી જે ખાડી તે; ચર. ૨ ગામનું પાણી જે વાટે બાર કાડેલું હોય તે ઊંડી વાટ.

ખાઇ, સ્ત્રી॰ ખાવાની ચીજ. 'ખાઈ પીવી કે ખાઈ?'

ખાઇજવું, ક્રિ॰ સ॰ ખાવું. ૨ કોઈનું કંઈ લઈને તે પાછું ન આપવું. ૩ મારવું; સપડાવવું; બિવડાવવું. —'બિહેછે શેણે તે તને નથી ખાઈજવાનો'.

ખાઇજોવું, ક્રિ॰ સ॰ ખાઈને પરીક્ષા—તપાસ કરવી.

ખાઇપીલેવું, ક્રિ॰ સ॰ ભોગવવું; ઉપભોગ કરવો; સંસારમા ખાવા પીવા વગેરેની મોજ મજા મારી

સેવી.

ખાઉ, વિ૰ એ, શબ્દની પંછવાડે ખાનાર—સહન કરનાર એવા અર્થમાં લાગે છે—લાંચખાઉ, મારખાઉ, ખાસડાંખાઉ વગેરે.

ખાઉકડ, વિ૰ જેને ગમે તે ગમે તે વારે વારે ખાવાની ટેવ હોય તે. [પું. ૨ ખાઉકડ.

ખાઉધર, વિ૰ ખાતાં ધરાય જ નહિ તે; અકરાંતિ-

ખાઉપાત્ર, વિ૰ જેને ખવડાવવાની—આપવાની દાનત નહિ પણ ખાવાની—લેવાની દાનત હોય તે.

ખાએશ, સ્ત્રી૰ [ફા૰] ઈચ્છા; મરજી; ચાહના.

ખાક, સ્ત્રી૰ [ફા૰] રાખ; ધૂળ. ૨ ખાખીને રાખ કરેલી એવું જે રસાયન તે; મારેલી ધાતુ.

ખાકટી-ખટી, સ્ત્રી૰ આંબાના મરવા.

ખાકસાર, વિ૰ [ફા૰] આજ્ઞાંકિત; નમનતાઈ ભરેલું. ૨ નીચું; હલકું.

ખાખ, સ્ત્રી૰ [ફા૰] વસ્તુ બળી ગયા પછી જે શેષ રહે છે તે; રાખ. ૨ માટી; ધૂળ. ૩ મારેલી ધાતુ.

ખાખર, પું૰ એક જાતનું ઝાડ.—એનાં પાતરાંનાં પતરાવળી દડિયા થાય છે ને એનાં ફૂલને કેસુડાંનાં ફૂલ કહીને કહે છે. (ધોળો ખાખર, કિમિયો કરવાનાં કામમાં આવે છે એમ કહેવાય છે).

ખાખરી, સ્ત્રી૰ નાનો ખાખરો. (ખાવાનો). ૨ તમ્બાકુનાં સુકાઈ ગયેલાં કુમળાં પાતરાં તે.

ખાખરો, પું૰ ઉપસીને સારી પેઠે સેકાયલી રોટલી. ૨ ખાખર (ઝાડ).

ખાખસૂસ, અ૰ ખાસુખાસ; અચીત; જરૂર.

ખાખાખીખી, વિ૰ હેરાન હેરાન; દુઃખી દુઃખી. ૨ જેનું સર્વસ્વ ધૂળ મળી ગયું હોય તેવું.

ખાખી, વિ૰ જેણે ખાખ—રાખ ચોળી હોય તે; જોગી; બાવો. ૨ જેની પાસે કંઈ જ ધન—માલ ન હોય તે.

ખાખીબંગાલી-ળી, વિ૰ પાસે કંઈ ન હોય ને ઈલાજી થઈ ફરે તે. ૨ ફક્કડ; ઠાંડ. [ક્ષ.

ખાજ, ન૰ [સં૰ ખાદ્ય] ખાવાની જે વસ્તુ તે; ભ-

ખાજલી, સ્ત્રી૰ નાનું ખાજું.

ખાજલું, ન૰ ખાજું. [વાન.

ખાજું, ન૰ પરસુદીનો તથા ચોખાનો લોટ એમાં પુષ્કળ ઘી નાખી તળીને બનાવેલું એક જાતનું પક-

ખાટ, સ્ત્રી૰ હિંચકે બાંધવાનો પાયાંવાળો—વનાનો જે નાનો ખાટલો તે; ભારખાટ. ૨ લાભ; ફાયદો.

ખાટકી, વિ૰ જનાવરોને કાપીને તેનાં માંસને વેચે તે; કસાઈ. ૨ નિર્દય; ઘાતકી; હિંસક; ક્રૂર.

ખાટકીવાડો, પું૰ જ્યાં કસાઈ રેતા હોય અથવા જનાવરોને કાપતા હોય તે મોહલો.

ખાટલી, સ્ત્રી૰ મરી ગયેલાં માણસને મસાણ લઈ જવાસારુ જે બે લાંબા વાંસ ઉપર કામડીઓ બાંધીને સુવાડે છે તે; ઠાઠડી; કરકટી. ૨ નાનો ખાટલો. ૩ માચી. 'હત્ત તારી ખાટલી જાય' એટલે મરી જાય.

ખાટલો, પું૰ [સં૰ ખટ્વા] ચાર પાયાવાળું ઊંચું સુવાનું જેને વચગાળે પાટી—પડ-ચામડીની દોરી ભરેલી હોય તે; ઢોલિયો. ખાટલો ભરવો-ખેંચવો—તાણવો. ખાટલેપડવું—ખાટલો ભોગવવો એટલે મન્દવાડ આવવો-ભોગવવો. તેણે છ મહિનાનો ખાટલો ભોગવ્યો. ખઈનો ખાટલો-કુંથવાં ઘણો કામ લાગે ને ઘણી માથાફોડ પડે તેવું કામ. ખાટલે મોટી ખોડ કે ચોથો પાયો જ નહિ'—એક દુર્ગુણ એવો કે બધા સદ્‌ગુણને ઢાંકે.

ખાટવું, ક્રિ૰ સ૰ ફાયદો મેળવવો; કમાવું.

ખાટું, વિ૰ આમલી દહીં વગેરેના સવાદનું. (૭ રસ—સવાદમાંનો એક). ૨ કચવાયલું; નારાજ; દલગીર. તેનું મન ખાટું થઈ ગયું.

ખાટુંબડખ-સ, વિ૰ અતીસ ખાટું.

ખાટુંવડું, ન૰ છોકરો પરણ્યાની જે નાત જમાડવી તે.

ખાટોડી, સ્ત્રી૰ એક જાતની ખાટી ભાજી.

ખાડ, સ્ત્રી૰ ખાડી; ખાઈ; ખાડો.

ખાડી, સ્ત્રી૰ નદીના જેટલા ભાગમાં ભરતી આવે તેટલો તે. ૨ દરિયાનો ભાગ સાંકડો થઈને જમીન તરફ ગયો હોય તે. ૩ ગામનું પાણી બાહાર કાઢવાસારુ જે ઊંડો ને લાંબો ખોદેલો ખાડો તે.

ખાડુ, ન૰ ભેંસનું ટોળું.

ખાડો, પું૰ નક્કર વસ્તુને ખોદવાથી—કોતરવાથી જે ઊંડાણ થાય તે.—જમીનમાં ખાડો ખોદ. ૨ નુકસાની; ખોટ.

ખાણ, સ્ત્રી૰ [સં૰ ખાનિ-ખનિ] જમીનની અન્દર ખોદેલો ખાડો જેમાંથી ધાતુ ખોદી કાઢવામાં આવે છે તે. ૨ અનાજ ભરી રાખવાને જમીનમાં ખોદેલો જે ખાડો તે. ૩ જ્યાંથી—જેની પાસેથી પુષ્કળ દ્રવ્ય—સુખ મળ્યાં કરે તેવું ઠેકાણું—કામ—માણસ. ૪ જે ચાર જાતમાં પ્રાણીમાત્રની વેંચણ કરવામાં આવી છે તેમાંની એકેક—સ્વેદજ,

આગડજ, ઉદ્ભીજ ને જરાયુજ. ૫ ખાયેલું અનાજ જે ઢોરને ખવડાવવામાં આવેછે તે.

ખાણિયું, ન૦ ખાંડણિયું.

ખાણું, ન૦ જમણ; ભોજન. ૨ કોઈ મોટાંને જમવા તેડવું તે. ૩ ખાંડણું; મુખ્યાંનો ભોક.

ખાણણાં, ન૦ છોકરીયો હિંચકે બેઠી એક પછી એક ગામગામાં બોલ જે રાગમાં ગાયછે તે. બોલ પણ ખાણણાં કેવાય. "વીરા વરણાગિયા ઓઝીસેરે ફેજાં, હાકેમ દરબારનાં તેડાંરે, મારા વીરને. વીરા વરણાગિયા ઓઝીસેરે સૂડી, એ વરણાગી ફડારે, ખાણણાં ફૂલની."

ખાણણી, સ્ત્રી૦ ખાંડણી.

ખાતમુરત, ન૦ [સં૦ ખાતમુહૂર્ત] ઘર, હવેલી વગેરેનો પાયો નાખવાનું જે રૂડું મુહૂર્ત તે.

ખાતર, ન૦ ઘાસ છાણ વગેરે કોઈ ગયલો કચરો. ૨ પાક સારો કરવાસારુ ખેતરમાં ઘાસ છાણ વગેરેનો જે કોઈ ગયલો કચરો નાખવામાં આવેછે તે.—કેટલાંક ઝાડ—છોડને કોપલાં માછલાંનું, કેટલાંકને બીજાનું એમ ખાતર માફક આવે છે. ૩ ઘરમાં પેસવાસારુ ચોરલોક ભીતમાં જે બાકોરું પાડે તે.—ખાતર પાડવું કેવાય છે.

ખાતર, સ્ત્રી૦ [અ૦] આગતા સ્વાગતા; સરભરા. પરોણાની ખાતર કરવીજ જોઈયે. ૨ શરમ; દરકાર.—શું કરું મારે તેની ખાતર રાખવી પડે છે. ૩ તરફદારી; પક્ષ. તું તેની ખાતર કરેછે એ ઠીક નહિં.

ખાતર, અ૦ વાસ્તે; કાજે; માટે.

ખાતરજમા, સ્ત્રી૦ નક્કી કરી આપવું તે; સાબેતી સાથે મનનું સમાધાન કરવું તે; ખાતરી; પતીજ. ખાતરજમા કરવી—કરીઆપવી.

ખાતરણી, સ્ત્રી૦ છાણાંની ભરેલી ગાડી—સો છાણાંની.

ખાતરદારી, સ્ત્રી૦ તરફદારી; પક્ષ. ૨ શરમ; દરકાર.

ખાતરનીશાં, સ્ત્રી૦ ખાતરજમાં.

ખાતરપુંજો, પુ૦ ઘાસ છાણ ને વાસીદાંનો કચરો.

ખાતરવું, ક્રિ૦ સ૦ ગાળ દેવી.—તે સહુની સામેનને ખાતરતો આવે છે. ૨ ખાતર નાખવું.

ખાતરી, સ્ત્રી૦ ખાતરજમાં; સાબેતી; નિશ્ચય. ૨ વિશ્વાસ; પતીજ; ઈતબાર. ૩ વણકરની એક જાત.

ખાતાંપીતાં, ગુજરાન કરતાં છતાં. તેને ખાતાંપીતાં વરસદહાડે સો રુપિયા પડ્યા રહેછે. [ગોપડાપો.

ખાતાંપોતાં, ન૦ હિસાબ કિતાબ. ૨ લેણદેણની

ખાતાંબન્ધી, સ્ત્રી૦ અકેક બેડુતે સરકારને આટલું આટલું ભરવું ભરવું એવું જે નામ પાડી આપેલું તે. ૨ ખાતાં પાડીઆપવાં તે.

ખાતાબાકી, સ્ત્રી૦ ખાતાંમાં જમે ઉધાર બાદ કરતાં જે બાકી રહી હોય તે. [તે.

ખાતાવહી, સ્ત્રી૦ રોજમેળમાં જમેઉધાર થયલી રકમો, તેરીખ અને મેળનાં પાનાં જે ચોપડીમાં, ખાતાંવાર ટાંકી જમે ઉધાર કરવામાં આવેછે

ખાતાવાર, અ૦ અકેકનું ખાતું બતાવ્યું હોય તેમ.

ખાતું, ન૦ ખાતાવહીમાં અકેક શખસનો જુદો જુદો પાડેલો જે જમેઉધાર—હિસાબ તે. ૨ લેણદેણનો હિસાબ. ૩ પ્રકરણ; અમુક વિષય. ૪ કામકાજની વેંચણ.—સરકારી ખાતું, વેપારી ખાતું વગેરે. [નહિં તે.

ખાતોપીતો, વિ૦ સારીપેઠે ગુજરાન કરી શકતો હોય તે; છેક કંગાળ હાલતમાં નહિં તેમ પૈસાદાર પણ

ખાદી, સ્ત્રી૦ એક જાતનું ઘણુંજ જાડું સુતરેઉ કપડું; ઉતરતી જાતની દોટી. [હોય તે.

ખાધ, સ્ત્રી૦ ખોટ; તોટો; નુકસાન. ૨ ખોરાક; ખાવાનું. ૩ ખોડ; ખાંપણ—હીરા મોતી વગેરેમાં

ખાન, પુ૦ [ફા૦] મુસલમાનમાં શાહજાદા અમીર મોટા ગૃહસ્થ વગેરેને એ ઉપનામ હોય છે.

ખાનગી, વિ૦ [ફા૦] છૂપું; જાહેર—પ્રગટ નહિં તેવું; મનમાં રાખવા જોગ.

ખાનદાન, ન૦ [ફા૦] વંશ; કુળ; ઓલાદ; કુટુમ્બ. વિ૦ કુળવાન; ઊંચાં—સારાં ઘરનું.

ખાનપાન, ન૦ ખાવું પીવું તે; ખાવાપીવાની તજવીજ—સામગ્રી. તેનું ખાનપાન સારું છે.

ખાનું, ન૦ [ફા૦] ઘર; જગા; ઠેકાણું.—(શબ્દની પછવાડે મુકવામાં આવે છે.)—બન્દીખાનું, દારુખાનું, છાપખાનું, મોદીખાનું, દિવાનખાનું વગેરે. ૨ પેટીની બાજુએ અથવા વચ્ચે જે જુદા જુદા ભાગ કર્યા હોય તેમાંનો એકેક. ૩ કબાટમાં મેલવા મુકવાને કરેલા જે ભાગો તેમાંનો એકેક—કોઈ જુદા પડતા હોય ને કોઈ જડેલાજ હોય. ૪ કોથળો, અમસી વગેરેમાં કપડાંના પડદાઓથી કરેલા જે ભાગ તેમાંનો એકેક. ૫ કોઠો; ઘર—જુદી જુદી બાબત લખવાને કાગળપર સીધી આંકા કરી જુદા જુદા ભાગ કર્યા

હોય તેમાનો એકેક. ૬ ભોજન; ખાવાનું; જમણ. ખાનેઆબાદ. એટલે ખાવેપીવે સુખી. ખાનું ખરાબ થાય—ખાવેપીવે હેરાન થાય. [રપણ.

ખાપ, પુ૦-સ્ત્રી૦ મોઢું જોવાનો કાચ; આરસી; દ-

ખાપણ, ન૦ મુડદાંને ઓઢાડવાનું કપડું; ખાંપણ.

ખાપરિયું, ન૦ દુખતી આંખમાં જે જસતનું ભરણ ભરવામાં આવેછે તે. [ગૂંગો.

ખાપરી, સ્ત્રી૦ નાકમાં મળનો જે પોપડો બાઝેછે તે;

ખાપરો કોડિયો, પુ૦ એક બીજાની સાંકળીથી નઠારું કામ કરનારામાંનો જે એકેક તે. ૨ ઘડીમાં બેઉને ઘડીમાં એક થાય એવા જે બે તેમાંનો એકેકજણ. ૩ સરખે સરખા હરીફોમાંનો એકેક.

ખાપવું, ક્રિ૦ સ૦ થોડું થોડું ખોદવું.

ખાબડું, ન૦ નાનું ખાબોચિયું.

ખાબોચિયું, ન૦ પાણીથી ભરેલો નાનો ખાડો.

ખામ, પુ૦ સ્તંભ; થાંભલો;. ૨ ખમો.

ખામણું, ન૦ પુષ્પિકારાપર અથવા ખાળની કોર ઉપર ગોળી—પાણીનું વાસણ મુકવાસારુ આસપાસ કોરણવાળો જે આછો ખાડો રાખેલો હોય તે. ૨ ઝાડની આગળ પછવાડે જે છાછરો ક્યારો તે.

ખામી, સ્ત્રી૦ [પ્રા૦] ખોડ; કસર; અપૂર્ણતા. ૨ કાચી સમજ; મૂર્ખાઈ. ૩ તંગી; અછત.

ખામુખા, અ૦ [ફા૦] નક્કી; ખરેખર; ખચિત.

ખામોશ-શી, સ્ત્રી૦ [પ્રા૦] ખમીજવું તે; સાંખી રેવું તે; ક્ષમા. ૨ ધીરજ; સબુરી.

ખાયકી, સ્ત્રી૦ પેદાશ; મજૂરી. ૨ કોઈના માલમાંથી અથવા વેપારમાંથી જે છાની રીતે ખાવું તે.

ખાયો, પુ૦ અંડ; વૃષણ; ખારસન. ૨ લિંગ.

ખાર, પુ૦ [સં૦ ક્ષાર] મીઠું—લૂણ. એની જાત—ખાસિયતની જે વસ્તુ તે—પાપડ ખાર, ટંકણખાર, નવસાર ઈ૦ ખાર ધરતીથી નિકળેછે—ઓસડમાં કામ આવેછે. કેટલાક ખાર, ધાતુને જલદી ગાળેછે, કેટલીક વનસ્પતિની રાખ પણ ખાર કેવાયછે. ૨ જે જમીનમાં મીઠું સિવાય બીજું કંઈજ ન થાય તે; ખારી જમીન. ૩ વેર, અદાવત; કીનો, દ્વેષ. ૪ અદેખાઈ; અદેખાઈ. ખાર રાખવો. [મીન.

ખારપાટ, પુ૦ ખારવાળી—મીઠું પાકતું હોય તે જ-

ખારપરિયું, સ્ત્રી૦ આખો દાડો મનમાં બળ્યાં કરવાથી શરીર નબળી પડી જવાથી જે રીત તે. [કપડું તે.

ખારવું, ન૦ તવાઈ ઓઢવાનેસારુ જે જાડું રંગેલું

ખારવો, પુ૦ વાણ ખેડનારો; ખલાસી (પછી ગમે તે જાતનો). ૨ છાપરાં ચાળનારો. ૩ એક જાતનો ગોળ. [ખારું તે.

ખારાટ-સ, સ્ત્રી૦ વસ્તુમાં જે ખારાપણું તે; થોડુંક

ખારિયાં, ન૦ ચિભડાં કળિગડાં વગેરેને મીઠાંમાં આથી સુકાવેલાં તે. ખારિયું એકવચન. ૨ ભુખે મરવું તે; ભુખ્યાં રેવું પડવું તે. આજતો તારાં ખારિયાં થયાં.

ખારીલું, વિ૦ ખાર—વેર રાખનારું; ઝેરીલું.

ખારું, વિ૦ ખારો સ્વાદ હોય તેવું. ખારું ખારું ઊસ—ઘણુંજ ખારું.

ખારેક, સ્ત્રી૦ એક સૂકો મેવો; સૂકું ખજૂર.

ખારેકપાક, પુ૦ ખારેકને ખાંડી તેમાં બદામ વગેરે મસાલો તથા ઘી નાખી જે પદાર્થ બનાવવામાં આવેછે તે.

ખારેકી બોર, ન૦ ખારેક જેવાં મોટાં બોર.

ખારો, પુ૦ સં-ચોરો; પાપડખાર.

ખાલ, સ્ત્રી૦ ચામડી; ત્વચા. ૨ છાલ; છોતું.

ખાલપો, પુ૦ જનાવરોની ખાલને સાફ કરી કામમાં આણવાજોગ તૈયાર કરી આપનારો.

ખાલવવું, ક્રિ૦ સ૦ ખાલી કરવું; ઠાલવવું.

ખાલસા, પુ૦ [અ૦] સરકારનીજ પાસેથી લઈને એકઠા રાખેલી જે જમીન તે; જે૦ જમીન—ગામની પેદાશવસુલનો લેનાર માલિક સરકાર છે તે; સરકારી.

ખાલી, સ્ત્રી૦ શરીરનું એકાદું અંગ દબાણમાં આવેથી (ત્યાં લોહીનું ફરવું બંધ થયેથી) તેનું થોડીકવાર જે ઝેર ચારીજવું—ખેંચાઈજવું તે; ઝણઝણી. ખાલી આવી એમ કેવાયછે.

ખાલી, વિ૦ [અ૦] ઠાલું; જ્યાં કંઈજ ન હોય તેવું (ઠેકાણું.) ૨ ભરેલું ન હોય તેવું. ૩ નકામું; અમસ્તું; વ્યર્થ; વગર મતલબનું. ૪ માત્ર; એકજ.—બીજાતો કોઈ નથી બોલતા, ખાલી એક તે બરબડ કરેછે. ૫ પૈસા વગરનું; જેની પાસે કંઈ ન હોય તે (માણસ).

ખાલીપડવું, ક્રિ૦ અ૦ કોઈ ન વાપરે તેવું થવું; ન વપરાવું. ૨ કોઈ હરળાપરથી તેના અધિકારીનું બીજે ઠેકાણે જવું થયેથી તે હરળો બીજાનાં આવતાસુધી અધિકારી વગરનો રેવો. ૩ શરીર નબળું થઈ જવું.

ખાલીપીલી, અ૦ વગર કારણે; વ્યર્થ; અમસ્તું.

ખાલું, ન૦ જોડાનું ઉપલું ચામડું. ૨ વણતરના કાંઠલામાં ભેરવી રાખવાનો નેતર—બરુનો કકડો. ૩ અનાજના ઢગ ઉપર પરાળ—તાડછાં વગેરેનું જે ઢાંકણ તે—ખાલાં વાળ્યાં કેવાય છે. ૪ ક્યારો.

ખાલેશ, વિ૦ [આ૦] સાફ; ખુલ્લું; નિર્મળ; કૂડકપટ વગરનું. ખાલેશ દીલ.

ખાવન્દ, ખાવિન્દ.

ખાવકું, વિ૦ જે તે ખાયાંજ કરે તે; ખાવા ઉપર વિશેષ લલુતા હોય તે. [રાક; ખાનપાન.

ખાવાનું, ન૦ ખાવાની કંઈ ચીજ; ખાઉ. ૨ ખો-

ખાવિન્દ, પુ૦ [આ૦] ધણી; શેઠ; સરદાર; હાકેમ; ઈશ્વર. ૨ ધણી; પીયુ; વર; ભરતાર. [વગેરે.

ખાવું, ન૦ કાચુંકોરું ખાવાનું; ટીમણ—ભાત મેવો

ખાવું, ક્રિ૦ સ૦ [સં૦ ખાદ્‌. ખાદ્—ખાવું] અન્ન—ફળ—માંસ મોડામાં મુકી દાંતથી ચાવી ગળી જવું. ૨ રાંધેલું જમવું; ભોજન કરવું. ૩ હક વગર છૂપી રીતે કોઈની પાસેથી લેવું—(લાંચ ખાવી); સોંપેલા માલ નાણાંની ચોરી કરવી; ઉચાપત કરવી (શેઠ—સરકારનાં નાણાં ખાધાં—ખાઈગયાનું તેને માથે તોહોમત છે); વગર હકે પોતાના ઉપભોગમાં લેવું; (તે તેને ખાવા બેઠો છે; તે તેનું સર્વસ ખાઈજાય છે). ૪ વાપરવું; ભોગવવું—બાપદાદાનું રળેલું છે તે બેઠો બેઠો ખાયછે—ખાયાં કરેછે. ૫ ખરચ કરાવવો; કામમાં લેવા.—તે હવેલીએ ૧૦૦૦૦ રૂપિઆ ખાધા. ૬ ખમવું—તાબેથવું—વેઠવું.—તે માર ખાયછે; તેણે ટાઢ તડકો બહુ ખાધો છે. ૭ ખુલ્લી હવા ફેફસામાં લેવી.—તે હવા ખાવા ગયોછે. ૮ મોડેથી સુકન બોલવા.—કસમ ખાવા. ૯ ઓસડ કામમાં લેવું.—તે દવા ખાય છે. ૧૦ ચિડિયાં કરવાં; ચિડવાવવું.—તે મને ખાવાધાયછે. ૧૧ નિરાંત ધરવી—દમ—સાસ—થાક ખાવો. ૧૨ ફરવું—ફેરા ખાવા, છીંક ખાવી. ખાવાલેવા-શિરસ્તા કરતાં વધારે રૂપિયા લેવા (કન્યા પરણાવવાને). 'ખાનાર પીનારને ઈશ્વર આપનાર', 'ખાવીપીવે દિવાળી' એ કેવતો છે.

ખાંવો, પુ૦ સીમ—ખેતરમાં ઘણાં ઉંડાં ગયલાં મૂળનું એક જાતનું ઘાસ. ખાવો ખોદી કાડવો.

ખાસ, વિ૦ [આ૦] પોતીકુંજ; પોતાનુંજ. ૨ વિશેષ; અગત્નું. [જરૂરનું; વિશેષ.

ખાસગત-ગી, વિ૦ [આ૦] પોતીકુંજ. ૨ ખાનગી;

ખાસડકુટો-ખોરો, વિ૦ ખાસડાં—ઠપકા ખાયાં કરે તે (પુરુષ).

ખાસડાંબાજી, સ્ત્રી૦ મશકરી અથવા ગુસ્સામાં એક બીજાપર જે ખાસડાં મારવાં તે. ૨ હોળીમાં એક બીજાપર ખાસડાં ફેંકવાં તે.

ખાસડાખોર, વિ૦ ખાસડકુટો.

ખાસડિયાંકેળાં, ન૦ એક જાતનાં લાંબા કેળાં.

ખાસડું, ન૦ ઘસાઈ ગયલો પગે પેરવાનો જોડો.

ખાસદાર, પુ૦ સાથે રેનારો. (ચાકર, શિપાઈ વગેરે). [જાણનારો દોસ્ત.

ખાસદોસ્ત, પુ૦ ઘણોજ વાલો દોસ્ત; છાની વાત

ખાસબરદાર, પુ૦ સરદારના હથિયારો ઊંચકનારો શિપાઈ વગેરે. [ખાંપું બીડું.

ખાસાનુંબીડું, ન૦ મન્દિરમાં ઠાકોરજીનેજસારુ અથવા મહારાજનેજસારુ બનાવેલું જે બીડું તે. ૨ ચો-

ખાસિયત, સ્ત્રી૦ [આ૦] પદાર્થનો ગુણ—ધર્મ; જનનો સ્વભાવ; પ્રકૃતિ. ૨ ટેવ; આદત. [રૂડું.

ખાસું, વિ૦ [આ૦] મજેનું; સારું; સુન્દર; સ્વચ્છ;

ખાંસું, અ૦ વાહ:વાહ; સારું. ૨ ઠીક કીધું; સાબાશ ! ભલે !.

ખાળ, પુ૦ નાવા બેસવાની, પિશાબ કરવાની, પાણી ઢોળવાની જે ચોકડી તે. ખાળે જવું—પિશાબ કરવાજવું—(એ શબ્દ બૈરાં વાપરે છે). ખાળે બેસવું (પિશાબકરવા, ઝાડેફરવા, માદાં માણસે).

ખાળકુંડી, સ્ત્રી૦ ખાળની પાસે પાણી ભરાઈ રેવાનો જે ખાડો અથવા કુંડું દાટેલું હોય તે.

ખાળકુવો, પુ૦ સન્ધાસનો ઉંડો કુવો.

ખાળવું, ક્રિ૦ સ૦ અટકાવવું; રોકવું; વચમાંથી બન્ધ પાડવું; થોભાવવું.

ખાળો, પુ૦ અટકાવ; રોકાણ; હરકત. ૨ ખોટી થવું—રેવું તે; વિલમ્બ; વાર. ૩ બન્દર (ગોઘાનો ખાળો).

ખિચખિચ-ચાણ, અ૦ ખિચાખિચ.

ખિચગાલ્લું, ન૦ માલ ભરવાનું મોટું ગાડું; ખટારો.

ખિચડી, સ્ત્રી૦ એકઠા મેળવેલા જે દાળચોખા તે (પછી રાંધેલા કે કાચા). [થી તે; સેળભેળ.

ખિચડો, પુ૦ આખા મગ, ચોખા વગેરે ઘણાં અનાજ એકઠાં મેળવીને રાંધેલો એવો જે પદાર્થ તે. ૨ ભેળસેળ કરીનાખેલા પદાર્થોનો જે એકઠો જ-

ખિચાખિચ-ચોખિચ, અ૦ છેકજ પાસ પાસે આવી ગયલું હોય તેમ; લગોલગ; અડો અડ...

ખિજગાહલું, ખિચગાહલું.

ખિજડો, પુ૰ એક ઝાડ; સમડો.

ખિજમત, સ્ત્રી૰ [ફ્રાં૰] તાબેદારીથી સરભરા કરવી તે; ચાકરી; સેવા.

ખિજમતદાર, પુ૰ ચાકર; સેવક; ખવાસ. ૨ ગુલામ; સોણ્ડો.

ખિજવવું, ક્રિ૰ સ૰ ગુસ્સે કરવું; ચિડવવું; સતાવવું; પજવવું.

ખિજવું, ક્રિ૰ અ૰ ચિડવું; કોપવું; ચરભડવું; ઠપકો આપવો; ધમકાવવું. ખિજવાવું, ચિડાવું; ક્રોધે ભરાવું.

ખિટલિયાળું, વિ૰ આંકડીવાળું. [વાટ—ગલી તે.

ખિણ્ડ, સ્ત્રી૰ બે ટેકરિયોની વચમાંની જે આંકડી

ખિતાબ, પુ૰ [આ૰] માન પદવિ કુળ—આબરુ દરજ્જો ખાનદાન દેખાડવનારું સરકારથી મળેલું જે ઉપનામ તે; અલકાબ.

ખિદમત, ખિજમત.

ખિન્ન, વિ૰ ધા૰ [સં૰] દુ:ખી થયલું; ઈજા પામેલું; દુ:ખી; આથાભર્યું; શોક વગેરે કારણથી પીડિત.

ખિન્નતા, સ્ત્રી૰ ખિન્ન થવું તે.

ખિમણું, ન૰ નાકની નથ—વાળીનાં ચાંપાંમાં ઘાલેલો હીરો.

ખિરોદક, ન૰ બૈરાંને પેરવાનું એક જાતનું ભાતવાળું રેશમી લુગડું.

ખિલકોડી, ખિસકોલી.

ખિલડો, પુ૰ વાંસની ભુંગળીમાં ઘાલેલો ખેરનાં લાકડાંનો ખીલો જે ઘણ્ટીનાં નીચલાં પડની વચ્ચે હોયછે તે.

ખિલત, પુ૰ [આ૰] માનનો પોશાક; સરપાવ.

ખિલમાકડી, ખિલડો અને માકડી (ઘણ્ટિનાં).

ખિલવવું, ક્રિ૰ સ૰ ખિલે તેમ કરવું. ૨ ચડાવવું; ભકાવવું; ઉસ્કેરવું.

ખિલવું, ક્રિ૰ અ૰ ઉઘડવું; ફુલવું; મોટું થવું. (ફુલની કળી વગેરેનું). ૨ શોભવું; રૂપે સુન્દર દેખાવું; દીપવું. ૩ ખુશીમાં આવવું; ખુશી—રજ્જમાં આવી વાતો કરવી ગાવું બજાવવું વગેરે. ૪ કોઈના કેવા શિખવવા ઉપરથી જોસ્સામાં આવી ઉસ્કેરાઈ કોઈના ઉપર ઉતરી પડી મેણાં મારવાં ગાળો દેવી વગેરે; ફાટવું.

ખિલાડી, વિ૰ રમત—ખેલ કરનાર. ૨ બિજાને ભમાડી—ખુશ કરી પોતાની મતલબ સાધી લેનાર. ૩ ચતુર; કિમ્બી; કળા કુશળ.

ખિલાપાટી, સ્ત્રી૰ લુહાર—ઘડિયાળીનું પેચ પાડવાનું ઓજાર.

ખિલાવવું, ખિલવવું.

ખિલિખટકો-ખટ, અડ; હરકત; નડતર.

ખિલિપસિયારાં, ખીલી અને પસિયારાં (કહ્લાં સાંકળાંનાં).

ખિલોડી, ખિસકોલી.

ખિલોણું, ન૰ [હિં૰] રમકડું.

ખિલ્લો, પુ૰ મશ્કરીમાં અથવા કોઈને ચિડવતીવેળા મુઠી વાળી અઙ્ગુઠો દેખાડવો તે; ઠેંગું.

ખિસકોલી, સ્ત્રી૰ ચાર પગનું, લામ્બું, શરીરે લામ્બા બાલવાળું અને ગુચ્છાદાર પુછડીવાળું નોળિયાના આકારનું જનાવર.—ઝાડપર દોડે છે; ખલેડી—રી.

ખિસમિસ, સ્ત્રી૰ [ફ્રા૰] સારીપેઠે પાકીજાય ત્યાંસુધી માંડવાપર રેવા દીધેલી અને પછી તડકાથી—બહાની મારફતે સુકવેલી દરાખ તે.

ખિસર, સ્ત્રી૰ સઙ્ક્રાન્ત; ઉતરાણ.

ખિસવું, ખસવું.

ખિસાકાતરુ, પુ૰ માલમ ન પડે તેમ ખીસાં કાતરી માંયની વસ્તુ લઈ જનાર ચોર.

ખિસાખરચ, પુ૰ દિલને પસન્દ કરતી ચીજ ખરીદ કરવાસારુ ખીસામાં રાખેલું જે જાજ નાણું તે.

ખીખી, અ૰ દાંત કાડીને હસે તેને ખીખી હસેછે શું એમ કેવાયછે. [લોટ તે.

ખીચી, સ્ત્રી૰ પાણીએ બાંધીને બાફેલો જે જુવારનો

ખીજ, સ્ત્રી૰ ચીડ; રીસ; ગુસ્સો. ૨ જેથી કોઈને ચીડ ચડે તેવો તેની મશ્કરીમાં વારે વારે વપરાતો જે શબ્દ તે.

ખીટી, સ્ત્રી૰ પાઘડી લુગડાં વગેરે ભેરવવાસારુ ભીતમાં ચણેલા ફરેકાળમાં જડેલા લાકડાંનો જે કકડા—બોડાંનો જે આંકડો તે.

ખીટો, પુ૰ ભાંયની અન્દર દાટેલા લાકડાંનો કકડો. ૨ ભાગીગએલી ડાળીનો ઝાડસાથે વળગી રેલો જે ભાગ તે; ખુંટો.

ખીણ, ખિણ્ડ.

ખીણ, ક્ષીણ.

ખીમો, પુ૰ [આ૰] છુંદેલું—કચુમર કરેલું માંસ—સોથ; ખીમો કરવો—માંસનો છુંદો કરવો.

ખીર, સ્ત્રી૰ [સં૰ ક્ષીર ઉપરથી] પાણીમાં ચોખા

બારી તેમાં થોડું દૂધ તથા ખાંડ નાખી બનાવેલો જે પદાર્થ તે. ૨ ઉકળતાં દૂધમાં ચોખા નાખી એ બફાયા પછી ખાંડ નાખી બનાવેલો જે પદાર્થ તે; દુધપાક.

ખીરું, ન૦ (પૂડા જલેબી ભજિયાં કરવાને) મસાલો નાખી પાણીથી ઢીલો કરી ગોળી તૈયાર કરેલો જે આટો તે. ૨ કોઈપણ જાડો રગડો. (કાદવનું ખીરું).

ખીલ, પુ૦ જુવાનીમાં આવતાં કેટલાંક સ્ત્રીપુરુષોનાં મોડાંપર થતી જે ફોલ્લી તે. ૨ આંખ દુખવા આવ્યાથી આંખના પાળાની અન્દર જે ચિપડા—મસા બન્ધાય તે. ૩ ઘણ્ટીનાં હેઠલાં પડમાં વચ્ચોવચ્ચ જે ખીલો હોયછે તે. (ખિલ માકડો).

ખીલી, સ્ત્રી૦ બે વસ્તુ જોડાય કે—એક બીજાથી છુટી ન પડે તેનેમાટે વચમાં મુકેલી લાકડાં—ધાતુની સળી. ૨ જમીનમાં ઠોકેલો જે ખીલો તે. [ટવી.

ખીલી ઠોકવી, ક્રિ૦ સ૦ જમીન—ભીંતમાં ખીલા દા-

ખીલો, પુ૦ [સં૦ કીલ] ઉપર ચપટું માથું હોય અને નીચે અણી હોય તેવી ધાતુ લાકડાંની સળી.

ખીસું, ન૦ [ફા૦] અંગરખા, ડગલા, બદન વગેરેને જે કોથળી ટાંકેલી હોય તે; ગજવું; ગુંજું.

ખુંખારો, ખંખારો.

ખુંચવું, ક્રિ૦ અ૦ અણીદાર-કાંકરી જેવી ચીજ ચામડીમાં—આંખમાં લાગેથી—પડેથી દુઃખ થયાં કરવું. ૨ એકાદી વાત દિલમાં ખટક્યાં કરવી. (ખુંચ્યાંકરવું).

ખુંચાવવું-વી લેવું-ચીલેવું, ક્રિ૦ સ૦ કોઈની ચીજ તેની પાસેથી ખેંચીને લઈ લેવી; જુદાવી લેવું; કોઈના કબજામાંથી પોતાની પાસે તાણીલેવું. ૨ હરણ કરીલેવું.

ખુંટડી, સ્ત્રી૦ પગનું ટેરવું.

ખુંટડો, ખુંટો.

ખુંટવું, ક્રિ૦ સ૦ ભાંય સાથે વળગેલી ચારને થોડે થોડે ઉખેડી કાડવી. ૨ નિમાળાને ચિપિયેવતી એક પછી એક એમ ઉખેડી નાખવા.

ખુંટી, સ્ત્રી૦ લુગડાં મુકવાની ખીંટી; ખોડી. ૨ કપાળની ઉપલી બાજુએ બન્ને પાસ માથાંના નિમાળાને કુંપાવી કડાવેલો જે અણીડો ખુણો તે. ૩ અંગરખાની કળી. ૪ લાકડાંની મેખ. [જે લાકડું તે.

ખુંટું, ન૦ કાપી નાખેલાં ઝાડનું થોડુ જમીનમાં રૂપલું

ખુંટો, પુ૦ ભાંયની અન્દર દાટેલી ખીલી; મેખ. ૨ ઝાડની ભાંગેલી ડાળીનો થોડો ભાગ જે ઝાડ સાથે વળગી રૂપલો હોય તે. ૩ ઝાડ મરીગયાથી અથવા ભાંગી પડ્યાથી ભાંયપર રૂપલો થડનો જે થોડો ભાગ તે. ૪ બન્દરમાં નાંગરતાં વહાણોના ધણીઆસેથી સરકારથી જે કર લેવામાં આવે છે તે. ખુંટો ઘાલવો—પગ પેસાડવો—દાખલ થવું.

ખુંદવું, ક્રિ૦ સ૦ પગ ઉંચકી ઉંચકીને દાબવું; પગે છુંદીને નરમ કરવું. ૨ ગાતાં ને તાળી વગાડતાં કુદતાં કુદતાં ફરવું (બૈરાં, માડ ખુંદેછે).

ખુંદાળવું, ખાઈપીને મઝો મારવી.

ખુંપરો, પુ૦ ઝાડ—છોડ કાપી લિધાથી અથવા ભાંગી પડ્યાથી તેના થડનો જે થોડો ભાગ રૂપો હોય તે. ૨ ડાળી કાપ્યાથી અથવા ભાંગી ગયાથી તેનો ઝાડને વળગી રૂપલો જે ભાગ તે. ૩ બેસતાં ઉઠતાં ચાલતાં એકાદ ખીલા વગેરેથી એકાએક લુગડામાં જે કાણું અને ચીરો પડે તે.—(ખુંપરો આગ્યો એમ કેવાય છે).

ખુઆર, ખુવાર. [જવાળ.

ખુજલી-ળી, સ્ત્રી૦ ખરજ; ખસ. ૨ ચચરાટ; ખ-

ખુટકો, પુ૦ ખુટવું—ઘટીપડવું તે; ખૂટ; કમી.

ખુડકો, પુ૦ બળતાં લાકડાંમાંથી જુદો પડેલો ધગધગતો કકડો.

ખુટવું, ક્રિ૦ અ૦ ઓછું થવું—હોવું; ઘટી પડવું. ૨ ટાંચ-ખેંચ પડવી. ૨ કંઈ જ ન હોવું; સઘળું થઈ ચુકવું; ખપી જવું. (ખાવાનું ખુટી ગયું). ૩ તકરારમાં બોલવાનું ન સુઝવું; હારવું. ૪ ફરવું; દગલબાજી કરવી; ભેદ ફેડવો.

ખુટાડવું, ક્રિ૦ સ૦ ખુટે—ઘટે તેમ કરવું.

ખુટેલ, પુ૦ જેણે દેવાળું કાડયું હોય તે.

ખુડદો, પુ૦ [ફા૦] રૂપાંનાણાંના બદલામાં જે ઘણાં તાંબાંના પૈસા મળે તે.—ખુડદો વટાવવો—કરાવવો. ખુડદા કરવા—વેચી નાખવું; વેચીને નાણું કરવું. [રાંડ.

ખુડી, અ૦ બાળકને ઉધરસ આવતી હોય તે વખત તેની મા બેન વગેરે તેને વાંસે હાથ ફેરવતાં એ શબ્દ બોલે છે.—ખુડી, ખુડીખુડી અથવા ખુડી-

ખુણ, સ્ત્રી૦ [મ૦] નિશાની; ચિન્હ.

ખુણ, સ્ત્રી૦ ખુણો. ખુણેખાચરે—ખોતરે; ખુણામાં.

ખુણિયાળું, વિ૦ ખુણાવાળું.

ખુણો, પુ૦ [સં૦ કોણ] જ્યાં બે દિશા—બાજુ—ભીડી મળતી હોય તે જગા અથવા તે બેની વચમાં-

ની જગા. ૬ કાટખુણો, ૭ પોળો ખુણો, ૮ સાં-
કડો ખુણો. [હતા. ખુદનું—પોતાનું.

ખુદ, સ૦ [ફા૦] પોતે; જાતે.—સાહેબ ખુદ આવ્યા

ખુદા, પુ૦ [પ્રા૦] દુનિયાનો માલિક; ઓલા. ખુદા-
તાલા. [પાક.

ખુદાઈ, વિ૦ ખુદાનું બનાવેલું; ખુદા સમ્બન્ધી. ૨

ખુદાકરેને, ખુદાની મરજી થયેથી; ઈશ્વરી સત્તાથી.

ખુદાપરસ્ત, વિ૦ એક ખુદાને પુજનાર—માનનાર.

ખુદાવન્દ, પુ૦ [ફા૦] મોટો માલિક—સાહેબ. મોટા
દરજાવાળાને અરજ કરતાં વપરાયછે-જેમ સા-
હેબ, શેઠ, મેહેરબાન તેમ ખુદાવન્દ. [વો.

ખુનકરવું, જિવથી મારી નાખવું; શસ્ત્રથી જીવ લે-

ખુનકી, સ્ત્રી૦ [પ્રા૦] લેર. ઊંઘ—કેફની.

ખુનરેજી, સ્ત્રી૦ [પ્રા૦] કાપાકાપી; કતલ; જિવની
હાણ થાય તેવી મારામારી.

ખુનસ-ન્નસ, ન૦ ખુન કરે તેવો ગુસ્સો; ઝેર.

ખુનામરકી, ખુનરેજી.

ખુની, વિ૦ [ફા૦] ખૂન કરનાર; હત્યારો. ૨ ખુ-
નના જોસ્સાથી ભરેલું; ઘાતકી.

ખુપવવું, ક્રિ૦ સ૦ ઠરાવવું.

ખુબસુરત, વિ૦ [પ્રા૦] સારા સીના—ચેહેરાવાળું;
દેખાવડું; રૂપાળું; ફુટડું; સુન્દર; રળિયામણું.

ખુબસુરતી, સ્ત્રી૦ [પ્રા૦] સારો સીનો—ચેહેરો;
સુરૂપ; ફુટડાંપણું. ૨ શોભા; સુન્દરતા; સૌન્દર્ય.

ખુબી, સ્ત્રી૦ [ફા૦] પદાર્થની અન્દરનો સારો ગુ-
ણ. ૨ રસ; મઝા; લેહેજત. ૩ વખાણવા લાય-
ક ચતુરાઈ. ૪ નેકી; ભલાઈ; સદ્ગુણ. (ખુબી
ને ખોડ).

ખુબીદાર, વિ૦ [પ્રા૦] ખુબીવાળું.

ખુમચો, પુ૦ [પ્રા૦] છત્રીતી—ઢળતી કોરણની મોટી
થાળી. ૨ એ થાળીમાં ભરેલાં મેવા મિઠાઈ વ-
ગેરેની જે ભેટ કરવામાં આવે તે.

ખુમારી, સ્ત્રી૦ [આ૦] કેફ કરેથી આંખમાં જે લે-
હેર આવે તે. ૨ એકાદા જોસ્સાનું આંખમાં જે
તેજ રમતું દેખાય તે.

ખુમાશ, પુ૦ [આ૦] ગંજીફાનાં પાનામાં આઠ જા-
તના રંગ હોયછે તેમાંનો એક.

ખુર, [સં૦ ક્ષુર] ખરી. [ખાવાનો દાઝેલો ભુકો.

ખુરચન, ન૦ કાચુંકોરું જે ખાવાનું તે; ચવેણું. ૨

ખુરદો, ખુડદો.

ખુરઆન, કુરઆન.

ખુરશેદ, પુ૦ [ફા૦] સૂરજ; આફતાબ.

ખુરસી, સ્ત્રી૦ [પ્રા૦] ચાર પાયાવાળી બેઠકને બે-
સવાની નેતરની ભરેલી માચી—બે હાથા હોય અ-
થવા ન હોય.

ખુરસું, (સોનીનું).

ખુલતું, વિ૦ ધા૦ બારપડતું; સારૂં દેખાતું; શોભતું;
બહાર આવતું. ૨ ઉઘડતું; ખિલતું.

ખુલવું, ક્રિ૦ અ૦ શોભવું; સારું દેખાવું; બહાર આ-
પવો; રંગ દીપવો. ૨ ઉઘડવું; ખિલવું. (ફૂલ).
૩ આકાશમાંથી વાદળાં વરસાદનું જતું રેહેવું; ઉ-
ઘડવું (આજ વરસાદ ખુલ્યોછે-ઉઘડી ગયોછે).

ખુલાસો, પુ૦ [આ૦] ખુલ્લું—મોકળું—ઉઘાડું કરી
બતાવવું તે; ભેદ જણાવવો તે; સમજણ; ટીકા. ૨
સાર; ભાવાર્થ; નીતિ; શિખામણ. ૩ બન્ધી-ગું-
ચવણમાંથી બાર નિકળવું—છૂટું થવું તે; નિકાલ;
રસ્તો. ૪ મોકળાશ.

ખુલું-લ્લું, વિ૦ ઉઘાડું; બન્ધ ન હોય તેવું. (બાર-
ણું વગેરે). ૨ છૂપું ન હોય તેવું; જાહેર; પડદો ન
હોય તેવું (કામ ભાષણ). ૩ મળ—પ્રપઞ્ચ—કપટ
વનાનું; સાફ (દિલ, મન). ૪ સ્પષ્ટ; સાફ સમજા-
ય ને સમજાય તેવું (અવાજ). ૫ વાદળ વરસા-
દ ન હોય તેવું; સાફ. ૬ નાગું; ઢાંકેલું ન હોય
તેવું; ઉઘાડું. ૭ ભૂંડું; અસભ્ય (ભાષણ બોલ).

ખુવાબ, પુ૦ [ફા૦] સ્વપનું; સાણું. [બેજાર.

ખુવાર, વિ૦ [ફા૦] દુઃખીદુઃખી; હેરાન હેરાન;

ખુશકી, સ્ત્રી૦ [ફા૦] જમીનનો રસ્તો (પાણીનો
નહિ). તે ખુશકીયે જાયછે વાણમાં નહિ. [માન.

ખુશખબર, સ્ત્રી૦ ખૂશ કરે તેવી ખબર; શુભ વર્ત-

ખુશનુમા, વિ૦ [પ્રા૦] ખૂશ લાગે તેવું; આનન્દ પ-
માડે તેવું. ૨ ખુબસુરત; સુન્દર; રંગીલું.

ખુશબખતી, સ્ત્રી૦ [પ્રા૦] ખૂશીનો—થવાનો વખ-
ત. ૨ ખુશીની ખબર સાંભળી સાંમી ખુશી બતા-
વવી તે.

ખુશબો, સ્ત્રી૦ [પ્રા૦] સુગન્ધિ; સારો વાસ.

ખુશબોઈ, સ્ત્રી૦ ખુશબો. ૨ ખુશબો આપતી ચીજ.

ખુશબોદાર, વિ૦ ખુશબો વાળું; સુવાસિત.

ખુશમિજાજી, વિ૦ રંગીલું; આનન્દી.

ખુશાહાલ, વિ૦ [ફા૦] સુખી હાલતમાં હોય તે;
સુખી—તનદુરસ્ત, આરોગ્ય; ખુશી, આનન્દમાં
હોય તે. [તી; ખુશી.

ખુશાહાલી, સ્ત્રી૦ [પ્રા૦] સુખી હાલત—તનદુરસ્-

ખુશામત, સ્ત્રી॰ [ફા॰] મતલબનેસારૂ હદથી જાદે તારીફ કરવી તે; કાલાવાલા; હાજીહા.
ખુશામતિયું, વિ॰ ખુશામત કરે તે (માણસ). ૨ ખુશામતવાળું—નું (કામ).
ખુશાલ, ખુશહાલ.
ખુશાલી, ખુશહાલી.
ખુશી, સ્ત્રી॰ [ફા॰] મરજી; ઈચ્છા; ભાવના; રુચી. ૨ આનન્દ; હર્ષ; સન્તોષ. વિ॰ ખૂશ. તનદુરસ્ત; સુખરૂપ; આનન્દમાં હોય તેવી હાલતવાળું. ખુશી કરવું—થવું.
ખુસરો, વિ॰ જેને મુછ ન હોય તે પુરુષ.
ખુસામત, ખુશામત.
ખુસિયો, પુ॰ વૃષણ; પેળિયો; ખાયો.
ખૂંચ, ખોંચ (૩-૪ અર્થમાં).
ખૂંટ, સ્ત્રી॰ જમીન—ખેતરની સીમા દેખાડવાને નિશાની દાખલ દાટેલો જે પથ્થર તે.
ખૂંટ, વિ॰ પૂરેપૂરૂં; બરાબર—એ ઘોતિયું બાર હાથ ખૂંટ લાગ્યું છે.
ખૂંધ, સ્ત્રી॰ વાંસાનો બાર ઉપસી આવેલો ભાગ.
ખૂંધું, વિ॰ જેને ખૂંધ નિકળી હોય તે (માણસ).
ખૂંપ, પુ॰ પરણવા જતી વેળા વરની પાઘડીએ જરકેશના પતરાં, હીરામોતી વગેરેથી સણગારેલો અર્ધચન્દ્રાકાર જે કાગળ બાંધવામાં આવેછે તે.
ખૂટ, સ્ત્રી॰ કમી; કસર; ખોટ.
ખૂન, ન॰ [ફા॰] કોઈને જિવથી મારી નાખવાનો જે જોસ્સો તે. ૨ જિવથી મારી નાખવું તે; હત્યા; ઘાત. ૩ મારી નાખ્યાનો જે ગુન્હો તે. ૪ વેર લેવાની તરસ; ઝેર. ૫ લોહી.
ખૂબ, વિ॰ [ફા॰] સુન્દર; સરસ. ૨ પુષ્કળ; અતિશે; ઘણું. ખૂબ કીધી એટલે ઠીક—સારું કીધું.
ખૂશ, વિ॰ [ફા॰] રાજી; હરખાયલું; આનન્દી; સન્તુષ્ટ. ૨ ક્ષેમ; સુખી.
ખેંચ, સ્ત્રી॰ આગ્રહ; તાણ. તેણે બહુ ખેંચ કરી તારે રૂપો. ૨ ખેંચવું—તાણવું તે.
ખેંચતાણ, સ્ત્રી॰ ખેંચાખેંચ. ૨ આગ્રહ; કાલાવાલા.
ખેંચવું, ક્રિ॰ સ॰ જોર કરીને પોતાની તરફ આણવું; તાણવું. (દોરડાં, સાંકળથી; હાથ પકડીને). ૨ ઢીલું—ઝુલતું—નરમ હોય તેને સખત—મક્કમ—તંગ કરવું.
ખેંચાખેંચ-ચી, સ્ત્રી॰ તાણાતાણ; સામસામું ખેંચવું તે; ઘણાજણે ઘણી બાજુથી ખેંચવું તે. ૨ વાંધ, ભીડ, તંગી—(નાણાંની). [વું તે.
ખે, પુ॰ [સં॰ ક્ષય] નાશ; પાયમાલી; ક્ષીણ થઈ જખેચર, ન॰ [સં॰] આકાશમાં ફરનાર પ્રાણી; પક્ષી. પુ॰ દેવતાના ગણવર્ગજન.
ખેચરી, સ્ત્રી॰ સમડી (પક્ષી). ૨ એક જાતની યોગમુદ્રા; જોગીયોનું એક રીતનું આસન.
ખેટલી, સ્ત્રી॰ ગુંથેલા ગોટલા વચ્ચે જે ખાલી લીટી તે.
ખેટે, અ॰ છેટે; દૂર.
ખેડ, સ્ત્રી॰ ખેતરને ખોદી, ચાસી, હળી, કળપી, સાફ કરવાની જે ક્રિયા તે. ૨ ખેડવું તે. ૩ પડતર જમીન—'ભીજડ ખેડે વાગે ઢોલ'. ૪ કાંટાવાળો એક રોપો.
ખેડતર, ન॰ ખેતી થાય—ખેડાય તેવી જમીન (પડતર નહિ).
ખેડવું, ક્રિ॰ સ॰ જમીન—ખેતરમાં વાવણીથી પાક ઉપજાવવાસારૂ તેને હળવતે ચાસી ખોદી પોચી કરવી. ૨ ખેતીનો ધન્ધો કરવો. ૩ દરિયામાં વહાણ ચલાવવાનો ધન્ધો કરવો; વહાણ ખેડવું, દરિયો ખેડવો. ૪ મેહેનત—મહાવરાથી એકાદું મોટું કામ કરવું; વેપાર ચલાવવો. [તે.
ખેડાણ, ન॰ ખેડાતી એવી જે જમીન તે. ૨ ખેડાવું
ખેડું-ડુ, ન॰ ગામડું.
ખેડુ-ડુત, પુ॰ ખેડનારો; જમીન ખેડનારો. કણબી, કોળી ને કેટલાક રજપુત બ્રાહ્મણ ખેડવાનો ધન્ધો કરેછે.
ખેડો, પુ॰ ખેળો.
ખેત, ન॰ [સં॰ ક્ષેત્ર. મ॰ શેત] ખેતર.
ખેતર, ન॰ [સં॰ ક્ષેત્ર] અનાજ વાવવાને ખેડી સાફ કરેલો જમીનનો જે કકડો તે. ૨ જે ધન્ધો—ઉદ્યોગથી રળવું—કમાવું તે.
ખેતરપાળ, પુ॰ ખેતરનું સંરક્ષણ કરનારો દેવ.—ગામને પાદરે જે દેવ તે; ગ્રામ દેવતા.
ખેતરવું, ક્રિ॰ સ॰ છેતરવું; ઠગવું; વાવું; ફસાવવું.
ખેતરાં, ન॰ નાના નાના ખેતર.
ખેતરાઈ, સ્ત્રી॰ ઘણાં ખેતર એક બીજાની સાથે લગતાં હોય તે બધી જમીન.
ખેતરાઉ, વિ॰ ખેતર સમ્બન્ધી.
ખેતી, સ્ત્રી॰ [સં॰ કૃષિ] ખેડવાનું કામ. ૨ વેપાર. —'ખેતી કરો હરનામની'.
ખેતીવાડી, સ્ત્રી॰ અનાજનાં ખેતર અને ફળોની વાડી. ૨ જમીન ખેડવાનો ધન્ધો.

ખેદ, પુ૦ [સં૦] વાહલી વસ્તુના વિજોગથી અથવા અણગમતી વસ્તુ મળી આવેથી મનમાં જે દુઃખ થાય તે; શોક; દલગીરી; પસ્તાવો. ખેદ કરવો—પામવો.

ખેદયુકત, વિ૦ [સં૦] ખેદવાળું; દુઃખથી ભરેલું.

ખેન, ન૦ નડતર; આડ; કણ્ઠાળો આવે—માથું પેડાવે તે. (માણસ—કામ).

ખેનખાટલો, પુ૦ મોટું ખેન.

ખેપ, સ્ત્રી૦ કોઈ દૂરની જગોએ જઈને પાછું આવવું તે.—દરેક આવજાવ તે.—પછી પગે ઘોડે વાહણે કોઈપણ રીતે. (કાસદની ખેપ—કાસદનું જવું અથવા તેને આપવાનું નાણું). ૨ લાંબી મુસાફરી; સફર. ૩ મોસમે મોસમ વેપારની ચીજોનું એક દેશથી બીજે દેશ આવવું જવું તે. ૩ એકેક વારી—વારો; વખત. 'બાઈ ખેપ હાર્યા પણ જનમ તો નથી હાર્યા' એવી કેવત છે. ૪ આક્ષેપ; પછવાડે લાગવું તે; મેહેનત; અભ્યાસ; ચાનક; ખન્ત. ખેપ કરવી.

ખેપન, ન૦ [સં૦ ક્ષેપણ] કાડવું તે.

ખેપિયો, પુ૦ એક જગોપરથી બીજી જગોપર ગડપથી સન્દેશો લઈ જનારો; દૂત; કાસદ.

ખેપી, વિ૦ આક્ષેપી; ખેપ—ચાનકવાળું.

ખેમ, ક્ષેમ.

ખેમકુશળ, ક્ષેમકુશળ. [રસ્તી.

ખેમખુશાલી, સ્ત્રી૦ સુખી હાલત; આરોગ્ય; તનદુ-

ખેર, ન૦ એક જાતનું ઝાડ. એનાં લાકડાં બાળવાના તથા પેટી પાટલા વગેરે કરવાના કામમાં આવેછે.

ખેર, અ૦ [આ૦] કંઈ ચિન્તા નહિ; હશે; હોય. સ્ત્રી૦ પીડા; બલા. ખૈરસાઈ કેવાયછે.

ખેરખાહ, વિ૦ [આ૦ ફા૦] ભલું ચાહાનાર; સંભાળ લેનાર; દોષ સામું ન જોતાં રૂડું ઈચ્છનાર.

ખેરખાહી, સ્ત્રી૦ ખેરખાહપણું; સજનતા.

ખેરણ, ખરી—છુટું પડેલું; વેરણખેરણ.

ખેરવવું, ક્રિ૦ સ૦ તજવીજથી દૂર કરવું—કાડી મુકવું. ૨ માથું પેડાવવું; કણ્ઠાળો આપવો; પજવવું.

ખેરસલ્લા, સ્ત્રી૦ [આ૦] સમાધાન; સુખરૂપતા.—કંઈ કજિયો ફિતુર નથી પણ બધું સ્વસ્થ—સુખેહવાળું હોય તેવી હાલત.

ખેરસાલ, પુ૦ ખેરના લાકડાંમાંથી નિકળતો એક જુકો.—ઓસડ દાખલ કામમાં આવેછે.

ખેરાત, સ્ત્રી૦ [આ૦] ગરીબોને આપી જે ધરમ કરવો તે; ભીખ; દાન.

ખેરાતી, વિ૦ ખેરાતને માટે જુદું કાડેલું.

ખેરિયત, સ્ત્રી૦ [આ૦ ફા૦] સુખરૂપ તે; ક્ષેમ. ૨ સમાધાન; સ્વસ્થતા; સુલેહ.

ખેરી, અ૦ મેંદો (અખામાં).

ખેરીજ, વિ૦ [આ૦] પધારાનું; અન્દર આવી ગયલું ન હોય તે. અ૦ વગર; વિના; સિવાયે.

ખેરો, પુ૦ પીંખ પાડવાનો જે ડાંડિયો તે. ૨ આંબે ટાંગેલી વાકની દોરીની ગુંથણવાળી જે ઝોળીમાં કેરી પાડવામાં આવેછે તે. ૩ અડાયાં છાણાનો ભુકો; ગોર; ગોબર.

ખેલ, પુ૦ [સં૦] રમત; ગમત; ક્રીડા. ૨ તમાશો; નાટક; ભવાઈ.

ખેલવું, ક્રિ૦ અ૦ રમવું; ક્રીડા કરવી; ગમત કરવી.

ખેલાડી, વિ૦ ખિલાડી.

ખેવના, સ્ત્રી૦ કાળજી; ચાનક; ખન્ત. ૨ સમ્ભાળ.

ખેસ, પુ૦ ખાંધે નાખવાની સાંકડી પીછોડી; દુપટ્ટો; અર્ધવસ્ત્ર.

ખેહ, પુ૦ ક્ષય.

ખેહ, સ્ત્રી૦ રજ; ધુળ.

ખેળ, સ્ત્રી૦ ઘઊંનું સત્વ; ઘઊંના લોટની લાઈ જે તાણા વાણાને પાવામાં આવેછે તે; આર.

ખેળવું, ખેલવું.

ખેળો, પુ૦ નાટક-ભવાઈમાં વેશ લેનારો જે પુરૂષ તે; ભવાયો; ભાંડ. ૨ ભવાયા જેવી દેખાતી સ્ત્રી.

ખૈ, સ્ત્રી૦ ખઈ; ક્ષય રોગ.

ખૈખારવું, ખંખારવું.

ખોચ, સ્ત્રી૦ ફાડ; ચીરો; કાણું; છાછર ખાડો. ૨ કમીપણું; કસર (સુધ-હિસાબમાં). ૩ ખાંચો. ૪ ગુંચવણ.

ખોચાવી-ચીલવું, ક્રિ૦ સ૦ ખેંચી લેવું; ઝુટાવી લેવું; જબરદસ્તીથી લઈ લેવું.

ખો, સ્ત્રી૦ [ફા૦] ટેવ; આદત.

ખો, સ્ત્રી૦ ગુફા; બખોલ; કોતર; ખાડો.

ખોઇ, સ્ત્રી૦ છોકરાંને સુવાડવાને પોડિયે બાંધેલો કપડાંનો જે કકડો તે; ઝોળી.

ખોખરાટ, પુ૦ ખોખરો અવાજ.

ખોખરું, વિ૦ તડ પડવાથી જાડો ને પોલો અવાજ નિકળે તેવું (વાસણ). ખોખરો—બેઠેલો ને પોલો (અવાજ).

ખોખલી, સ્ત્રી૰ ઘણી જુની થયલી શિંગાળની માદા.

ખોખલો, પુ૰ [મ૰] ઉધરસ; ખાંસી; ઠાંસો.

ખોખારવું, ખંખારવું.

ખોખું, ન૰ નાણું પોરવું એવી ગ્રાહી વાળો હુંડીનો જે કાગળ ધણીદાર પોતાના હિસાબના દાખલાને માટે પોતાની પાસે રાખેછે તે; નાણાં આપી ચુકયા એટલે હુંડી ટળીને તે ખોખું થાય છે. ૨ આકારનેમાટે જે ગ્રાહો પોલો ઘાટ તે; નમુનો; ખોળીયું; ગાંગો. ૩ જીવ વગરનું હાડ તડકે સુકાઈ ગયલું માંસ વગરનું જે શરીર—ખોળિયું તે. ૪ કપડાંને લાહીથી એવું વળગાડેલું કે પેચ છુટી ન જાય એવી માથાની જે હલકી પાઘડી તે. ૫ રસ કસ જતો રહ્યા પછીનો બાકી રહેલો જે ભાગ તે.

ખોગીર, ન૰ [ફ્રા૰] ઘોડાની ઉપર મુકવાનું ગાદલું.

ખોજ, પુ૰ [હિં૰] શોધ; ખોળ.

ખોજવું, ક્રિ૰ સ૰ શોધવું; ખોળવું.

ખોજો, પુ૰ [ફા૰] પુરુષમાં પણ ન ગણાય ને સ્ત્રીમાં પણ ન ગણાય તે; જેને આણ્ડ ન હોય અથવા જેના અણ્ડ કાપી નાખ્યા હોય તે પુરુષ. ૨ મર્દાઈ—પુરુષાર્થ ન હોય તે પુરુષ; હિજડો. ૩ હિન્દુમાંથી વટલીને મુસલમાન થયલા એવાની એક જાતમાંનો એક.

ખોટ, સ્ત્રી૰ ચૂક; ભૂલ.—તેને ૧૦ ખોટ પડીછે. ૨ નુકસાન; તોટો. તેને ૧૦૦ રૂપીઆ ખોટ ગઈ. ૩ કમીપણું; અપૂર્ણતા; પૂરું થવામાં જેટલું વિશેષ જોઈતું હોય તેટલું તે; અછત. ગુજરાતીમાં દેશાભિમાન સમ્બન્ધી ગ્રન્થોની બહુ ખોટ છે; બજારમાં શું ખોટ પડીછે કે તે નહિ મળે.

ખોટાઈ, સ્ત્રી૰ આળસાઈ. ૨ મેહેનત ન કરવાબાબુ બાનાં કાડવાની જે તબિયત તે. [ખનો ગોટો તે.

ખોટારવો, પુ૰ છાણાં બળી ગયા પછી રહેલો જે રા-

ખોટાડું, ન૰ જુઠાપણું. ૨ જુઠું તરકટ; બનાવટ.

ખોટી, સ્ત્રી૰ કોઈનેસારુ વાટ—રાહ જોઈ રહેવું તે; ઢીલ; વાર; વિલમ્બ. ખોટી કરવું—વાટ જોવડાવવી; ખાળવું. ખોટીથવું—વાટજોવી. ખોટીરહેવું—ખોટીથવું; અટકી બેસવું.

ખોટું, વિ૰ ખરાંનું ઉલટું; સાચું નહિં તે; જૂઠું. (તે ખોટું બોલેછે). ૨ ભૂલ—ચૂકવાળું (હિસાબ ખોટો છે). ૩ ભેગવાળું; શુદ્ધ નહીં તે; હિણું; મિશ્રિત થયલું. (રૂપિયો ખોટો છે). ૪ બેવચની; બેવફા. (આખરે તે માશુક ખોટી નિકળી). ૫ આળસુ; મેહેનત કરવી ન ગમે તેવું અથવા મેહેનત કરવાને બાનાં કાડે તે (હાડકાંનો ખોટો).

ખોડ, સ્ત્રી૰ નઠારી ટેવ—આદત. ૨ જેવું જોઈયે તેવું થવામાં જે ઓછું હોવું તે અથવા ઓછાપણું દેખાડવનારું જે ચિન્હ તે; કસર; ખામી; એબ. (તેને પગે આંખે ખોડ છે). ઘોડા, બળદ, ભેંસ, વગેરે જનાવરોને કેટલીક ખોડ હોયછે તે ઉપરથી તેનાં જુદાં જુદાં નામ પાડેલાં હોયછે. ૩ ડાઘ; કલંક; બટ્ટો; નામોશી. ખોડ કાડવી—ખામી બતાવવી. ૨ નિન્દા—બદગોઈ કરવી. ખોડ ભાંગવી—નઠારી ટેવ—આદત મુકાવવી—દૂર કરાવવી.

ખોડખાંપણ, સ્ત્રી૰ શરીર સમ્બન્ધી ખામી; એબ. ૨ ભૂલચૂક.

ખોડંગાવું, ક્રિ૰ અ૰ ખોડાનું ચાલવું; લંગડાવું.

ખોડાવું, ક્રિ૰ અ૰ ખોડું ચાલવું; લંગડાવું; અટકતું ચાલવું.

ખોડિબારું, ન૰ ખેતરની વાડમાંથી આવવા જવાં છીડું રાખેલું હોય ત્યાં બે પાંખાવાળું દારેલું જે લાકડું તે. ૨ એ દારેલાં લાકડાંસાથે જે છીડું તે.

ખોડિયું, વિ૰ ખોડવાળું; અપંગું.

ખોડું, વિ૰ ખોડ વાળું; અપંગું. ૨ દરદ વગેરે કારણથી પગે ચાલતાં લથડતું હોય તેવું.

ખોડો, પુ૰ શરીરપર અને ઘણું કરીને માથાપર ફોલ્લીયા થાયછે અને પછી ખરજવાળથી છોડાં ઉખડી આવેછે તે રોગ.

ખોણિયું, ન૰ બળતાં લાકડાંનો નાનો કટકો.

ખોતરવું, ક્રિ૰ સ૰ કોઈપણ વસ્તુને ધીમે ધીમે ઉપર ઉપરથી ખોદવી; વસ્તુની માંયની ચીજ થોડે થોડે બાર કાડવી. (કાન દાંત ખોતરવા).

ખોતરું, ન૰ બાનું; મસ.

ખોદકામ, ન૰ ચાંચવા પાવડા નરાજ વગેરેથી ખોદવાનું જે કામ તે. ૨ સલાટનું કામ; કોતરકામ.

ખોદણી, સ્ત્રી૰ નિન્દા કર્યાં કરવી તે; ભૂલ કાડ્યાં કરવી તે. તે તેની ખોદણી કર્યાં કરેછે.

ખોદવું, ક્રિ૰ સ૰ ચાંચવા પાવડા નરાજ વગેરેથી ભાંય ઉખેડવી; ખાડો કરવો. ૨ કોતરવું; નકશી પાડવી (સલાટે). 'ખોદે ઉંદર ને ભોગવે ભોરીંગ', 'ખોદે તે પડે'.

ખોદા, ખુદા. [ભીન્નુ

ખોદાણ, ન૰ પાણીના જોરથી ખોદાઈ ગયલી જ-

ખોદાવન્દ, ખુદાવન્દ.

ખોદાવવું, ક્રિ૰ સ૰ પ્ર૰ કોઈ ખોદે તેમ કરવું.

ખોપડું, ન૰ ઝુપડું. [ગજ હોય છે તે.

ખોપરી, સ્ત્રી૰ જે હાડકાંથી માથાંનો બારનો ઉપ-
લો કમાનદાર ભાગ થયો છે ને જેમાં ભેજું—મ-

ખોપરું, કોપરું.

ખોબલો-ભલો, પુ૰ ખોબો.

ખોબો-બો, પુ૰ આંગળાંસુધાં બે હથેલીને સાથે રા-
ખ્યાથી જે ખાડો થાય તે; પોશ. અરધો ખોબો
એટલે ઊંડી રાખેલી એક હાથની જે હથેલી તે.

ખોભ, ક્ષોભ.

ખોભણ-ભાણ, સ્ત્રી૰ ખો; ગુફા; પોલ; ભેખરાડ;
ડુંગરની આજુબાજુનો જે ઊંડો ખાડો તે.

ખોય, કોતર.

ખોયણ, ન૰ દિવાનું હંબાડિયું. [રડું.

ખોરડું, ન૰ નાનુંસરખું ઘર; ઝુપડું. ૨ ઘર; ખો-

ખોરવું, ક્રિ૰ સ૰ વસ્તુ જલદી બળીજાય તેનેમાટે તે-
ના ભાગોને એક બીજાથી જુદા—છુટા પાડવા.
ખોરી બાળવું. ૨ હલાવી ખસેડવું; ઉપરતળે કરવું.
ચુલો ખોરતા નહિ; રાખોડી ખોરીજો તેમા દેવ-
તા હશે.

ખોરસું, ન૰ ત્રણ પગની પોડી (તાણિયાની).

ખોરાક, પુ૰ [ફા૰] ખાવાનો પદાર્થ; ખાજ; રો-
જનું ખાવાનું. અનાજ, માંસ વગેરે.

ખોરાકી, સ્ત્રી૰ ગુજરાનને માટે જે ખોરાક તે. ૨
રોજના ખોરાકનેમાટે જે નાણું તે.

ખોરાકીપોશાકી, સ્ત્રી૰ [ફા૰] ખાવાનું ને પેરવા-
નું; અન્નવસ્ત્ર. ૨ ખોરાક અને પોશાકની જે ત-
જવીજ તે; અન્ન વસ્ત્ર પુરાં પાડ્યાં તે; ઉચાઈ.

ખોરાસ, સ્ત્રી૰ ખોરાંપણું.

ખોરું, વિ૰ સૂકું સવાદ વગરનું અને ગન્ધાતું.

ખોલ, સ્ત્રી૰ કપડાં—વાસણનું બરોબર કોઈ ચીજ
સાથે બેસતું ન આવવું પણ ઢીલું—ઉઘાડું—ખુલતું
રેવું તે. ૨ કપડાંનું—ધાતુનું ઢાંકણ. [નાની ગધેડી.

ખોલકી, સ્ત્રી૰ ૧ મહિનાથી તે ૧॥ મહિના સુધીની

ખોલવું, ક્રિ૰ સ૰ ઉઘાડવું; ઢાંકણ—પડદો ખસેડી-
દેવો. [ઓરડી.

ખોલી, સ્ત્રી૰ પિત્તળ રૂપાં વગેરે ધાતુનું પોલું જે ઢાં-
કણ તે—જેને છરીના હાથામાં લાકડીને છેડે
વગેરેમાં બેસાડવામાં આવે છે તે. [મ૰] નાની

ખોલું, વિ૰ બેસતું ન આવેલું; ઢીલું. ૨ ઉઘાડું.

ખોવું, ક્રિ૰ સ૰ માલમ ન પડે તેવી રીતે કોઇ ચી-
જને, પોતાની પાસેથી ગમે ત્યાં જતી રેતી કરવી;
ગુમાવવું. ૨ (વેપારમાં) ખોટ—નુકસાન—તોટો આ-
વવો. ૩ નકામું—ફોકટ—મિથ્યા જાય તેમ કરવું.
(તેણે પોતાની આખી ઊંમર ખોઈ પણ ઈશ્વર-
ભજન ન કીધું). ૪ કમારગે ખરચી નાખવું (તે-
ણે પોતાનો બધો પૈસો રણ્ડીબાજીમાં ખોયો). ખો-
વાવું, ખોવાઈ જવું, ખોઈ બેસવું, ખોઈ આવવું.

ખોસવું-સીઘાલવું, ક્રિ૰ સ૰ જોરથી અન્દર ઘ-
લવું—ભોંકવું; ઘોચવું.

ખોહ, સ્ત્રી૰ ગુફા; કઠણ. [ખોળ થવી—કરવી.

ખોળ, સ્ત્રી૰ પુ૰ શોધ; તપાસ; પત્તો; તજવીજ.

ખોળ, પુ૰ તલ પીલતાં જે બાકી કૂચો રે તે.—એ બ-
ળદ વગેરેને ખવાડવામાં આવેછે. 'ખોળ ને ગોળ
એક ભાવે'. [ઢીલ.

ખોળમ્બો, પુ૰ [મ૰] વાર—વખત લાગવો તે;

ખોળવું, ક્રિ૰ સ૰ શોધવું; તપાસવું.

ખોળાંખરંખોળાં, ન૰ ખુણેખોતરે છાની રીતે જો-
વું તે; ફાંફાં મારવાં તે.

ખોળાધર, પુ૰ (વેપારમાં) હુંડીના નાણાં લેનારે,
આપનારની ખાતરી થાય તેવું ઓળખીતું જે મા-
ણસ બતાવવું તે; જામીન.

ખોળિયું, ન૰ તળાઈ વગેરેને સારુ રૂ ભરવાનો સી-
વીને તૈયાર કરેલો છીટ વગેરે જાડાં કપડાંનો જે
કોથળો તે. ૨ શરીર.

ખોળો, પુ૰ પગમાં પગ ભેરવીને—પલાંઠી મારી બે-
ઠાથી બન્ને જાંઘ ઉપરનો ઘુંટણલગીનો જે બધો
ઉપલો ભાગ તે. ૨ એ ઉપર આવતી અંગરખા-
ની જે ચાળ તે; એ ઉપર રાખેલું જે કપડું તે.
ખોળે બેસાડવું—કન્યાને તેનાં સાસુ સસરાના ખો-
ળામાં બેસાડવી;—વિવાહ—ચાંલ્લા નાળિયેર આ-
પતી વેળાની એક રીત. ખોળો ભરવો—અઘરણી-
રાતને દેવ આગળ બેસાડી સાસુએ, ચોખા ના-
ળિયર રૂપાંનાણું એ સહુ પ્રથમ પોતાના ખોળા-
માં લઈ પછી તે વહુના ખોળામાં આપવું. 'આજ
તેને ત્યાં ખોળો ભરેછે'. ખોળો પાથરવો—નમવું;
આજીજી કરવી; કાલાવાલા કરવા.

ખ્યાત, વિ૰ ધા૰ [સં૰] પ્રસિદ્ધ—નામાંકિત થય-
લું; પ્રખ્યાત; નામીચું; પંકાયલું.

ખ્યાતિ, સ્ત્રી૰ [સં૰] કીર્તિ; પ્રસિદ્ધિ.

ખ્યાલ, પુ૰ [ફા૰] વિચાર; કયાસ; દરિઆફત. ૨

તર્ક. ૩ કેડો; પૂઠ; પછવાડે લાગવું તે (તે તેનો હજી ખ્યાલ મુકતો નથી). ૪ ગવૈયાનું એક જાતનું ગાયન.—પેહેલે ધ્રુવપદ પછી ખ્યાલ ને પછી ટપ્પો એમ તેઓ અનુક્રમે ગાય છે. ૫ એક તરેહની કવિતા રચના; લાવણી. (કલગી—તોરાના ખ્યાલ). ખ્યાલ ટપ્પા. ખ્યાલ અને ટપ્પા એ ગાયન.

ખ્યાલી, પુ૦ ખ્યાલ—લાવણી જોડનારો. ૨ તર્કબાજ.

ખ્યાલીખુશાલી, સ્ત્રી૦ [ફા૦] નાચરંગ ગાનતાન ઠઠા મશકરીથી ખુશ રેહેવું તે.

ખ્રિસ્તી, વિ૦ ઈસુખ્રિસ્ત સમ્બન્ધી (ધર્મ, પર્મ ઈ૦).

ખ્વાબ, પુ૦ [ફા૦] સપનું; સાણું.

ખ્વાર, ખુવાર.

ગ.

ગ, પુ૦ [સં૦] ચૌદમો મૂળાક્ષર; ત્રિજો વ્યઞ્જનવર્ણ. ૨ ગાયનમાં મૂળ જે સાત સૂર તેમાંનો ત્રીજો જે ગન્ધાર—ગાન્ધાર તેને બદલે મુકાતો અક્ષર—સા, રી, ગ, મ, પ, ધ, ની.

ગ, વિ૦ જનારો, ગમન કરનારો એવો અર્થ રાખેછે અને શબ્દની પછવાડે મુકવામાં આવેછે. ખગ—આકાશમાં ગમન કરનારો; પક્ષી. ઉરગ—છાતી ઉપર—છાતી ઘસી ચાલનારો; સાપ વગેરે.

ગઈ, સ્ત્રી૦ ભૂત કાળમાં બનેલી—ગુજરી ગયલી જે વાત—હકીકત—બિના તે. ગઈગુજરી પણ કેહેવાયછે. વિ૦ ગયલું.

ગઈ કાલ, સ્ત્રી૦ તરતનો ગયલો જે પેહેલો દાડો તે.

ગઈ રાતરે-તે-વે, અ૦ ગઈ એવી જે પેહેલીજ રાત તે ટાણે.

ગઉ, ગૌ.

ગગડવું, ગડગડવું.

ગગડાટ, ગડગડાટ.

ગગડાવવું, ગડગડાવવું.

ગગન, ન૦ [સં૦] આકાશ; આસમાન.

ગગડું, વિ૦ દાણા પડ્યું—જાડું દળેલું (અનાજ).

ગગળવું, ક્રિ૦ અ૦ નરમ થઈ જવું; પાણી પાણી જેવું થઈ જવું. (પ્યારથી, ધમકીથી). ૨ ઓશિયાળું—ફીકું પડી જવું. (ગગળીજવું).

ગગો, પુ૦ છોકરો; કિકો.

ગઙ્ગ, ગઙ્ગા.

ગઙ્ગાગોળી, સ્ત્રી૦ પાણી પીવાની જે ગોળીમાંથી ઘણા જણે તેની તેજ લોટી બોળીને પાણી પીવું હોય તે; પવિત્ર ગોળા—(મશકરીમાં).

ગઙ્ગાજળ, ન૦ ગઙ્ગા નદીનું પવિત્ર પાણી.

ગઙ્ગેરીપાન, ન૦ એક જાતનાં ખાવાનાં પાન.

ગઙ્ગોદક, ન૦ ગઙ્ગાનું પાણી.

ગચકડું-કિયું, ન૦ પાણીમાં ડુબતાં માણસે ગભરાટમાં નીચે જવું ને ઉપર આવવું તે; પાણી પીવાથી ડુબતાં માણસે જે ગભરાવું તે. ૨ અજીરણ વગેરે કારણથી ખાધેલું જોરથી બાર આવવાનું કરે પણ અટકી પાછું ગાય જાય તે.

ગચિયું, ન૦ ઈટ ચુનો સાથે બાઝી ગયેથી બનેલું જે ઢેફું તે; છો મેરોડી ઈટ પથરા વગેરેનો સાથે બાઝી રૂપલો જે ગઠ્ઠો તે.

ગચ્છ, પુ૦ [સં૦] પ્રમાણ અને શ્રેઢીમાં રૂપલા અઙ્કોની જે સમુદાયસઙ્ખ્યા તે. ૨ વર્ગ; જથો; તડ; ટુકડી. (અમુક શ્રાવક અમુક ગચ્છના છે).

ગચ્છન્તી કરી જવું, નાસી જવું; પોબારા ગણવા; જતું રેહેવું.

ગજ, પુ૦ [સં૦] હાથી; હસ્તિ; કરી.

ગજ, પુ૦ [ફા૦] લમ્બાઈ ભરવાનું માપ; ચોવીસ તસુ. ૨ એટલી લમ્બાઈનો લોડાં—લાકડાંનો જે સળિયો તે. જુદે જુદે ઠેકાણે ને જુદા જુદા ધન્ધામાં ગજની લમ્બાઈ જુદી જુદી હોય છે. સુથારી ગજ બે ફૂટની બરાબર થાયછે. ૩ બારી—બારણામાં આડો મુકવાનો જે લોડાંનો સળિયો તે. ૪ લોડાંનો લાંબો સળિયો. (હિચકા—ઓપાળાના ગજ). [ણપતિ. ૩ દરાજ; દાધર.

ગજકરણ, પુ૦ [સં૦ ગજકર્ણ] હાથીનો કાન. ૨ ગ-

ગજગામિની, સ્ત્રી૦ [સં૦] હાથીના જેવી લેકાતી લેકાતી ચાલનારી સ્ત્રી.

ગજછાયા, સ્ત્રી૦ [સં૦] ભાદરવા મહિનામાં જેટલા દિવસ હસ્ત નક્ષત્ર રે તેટલા દિવસ ગજછાયાના કેહેવાયછે—એમાં શ્રાદ્ધનો દિવસ આવેથી ને મહાલયશ્રાદ્ધ થયેથી મોટું પુણ્ય થાયછે.

ગજદન્ત, પુ૦ [સં૦] હાથીદાંત. ૨ ગણપતિ. [સડિયું.

ગજપીપર, સ્ત્રી૦ [સં૦ ગજપિપ્પલી] એક જાતનું ઓ-

ગજબ, પુ૦ [અ૦] મોટો જુલમ; કેહેર. ૨ મોટું દુઃખ; અનર્થ; વિપત્તિ; આફત. ૩ આશ્ચર્ય; વિસ્મય; તાજુબી; ગભરાટ (અનુમતિ વસ્તુ

એકાએક આવી પડવાથી, અજબનું ઉપડ્યું).

ગજર-ગરુ, પુ૦ [હિં૦] પોર પોરને આંતરે—ચોકી બદલાતી વખત ઘડીનો જે ડંકો થાય તે. ૨ દિવસના ચોથા પોરની સમાપ્તિએ જે ડંકો વાગે તે; સન્ધ્યાકાળ—સમીસાંજનો વખત; રાત્રિનો પ્રારમ્ભ.

ગજરાજ, પુ૦ મોટો હાથી.

ગજરું, ન૦ જે ગુંથેલાં ફુલ હાથને કાંડે ઘાલવામાં આવેછે તે. ૨ હાથની પોંચીનું મોતીનું ઘરેણું.

ગજલ, સ્ત્રી૦ [ફા૦] એક જાતની ફારસી ગાયન કવિતા. એમાં પાંચથી વધારે બેત હોયછે.—એક બેત અસ્તાઈ—ટેકની અને બીજી બેત અન્તરા દાખલ. અસ્તાઈની બેતના બે મિસરા—લીટીના કાફિયા—અનુપ્રાસ મળવા જોઈએ અને પછી અન્તરાની દરેક બેતોની બીજી બીજી લીટીના કાફિયાઓ અસ્તાઈ બેતના કાફિયાને મળતા આવવા જોઈયે. જેને ફારસીમાં ગજલ કેછે તેને ઉરદુ બાષામાં રેખતા કેછે.

ગજવવું, ક્રિ૦ સ૦ બૂમ પાડીને કેવું; જાહેર કરવું; દાંડી પિટવી; ઢણ્ઢેરો પિટવો; ડઙ્કો વગાડવો.

ગજવું, ન૦ ખીસું; ગુંજું.

ગજવેલ, સ્ત્રી૦ ખરું લોઢું; પોલાદ. ૨ એક જાતના ચોખા.

ગજશાળા, સ્ત્રી૦ હાથીખાનું.

ગજાગ, સ્ત્રી૦ જમવા બેસવાનો ખણ્ડ.

ગજાવવું, ક્રિ૦ સ૦ ગોઠવાટ કરી મેલવો; ગજવવું.

ગજિયા, વિ૦ માપમાં ગજ હોય તેવું (લુગડું).

ગજિયાણી, સ્ત્રી૦ એક જાતનું રેશમી લુગડું.

ગજિયું, વિ૦ માપમાં ગજ હોય તેવું.

ગજિયો, પુ૦ લોડાનો ગજિયો બારણું દેવાનો. [લુગડું.

ગજી, સ્ત્રી૦ એક જાતનું ગજ પનાનું જાડું ખાદીનું

ગજું, ન૦ શક્તિ; પોંચ; તાકાત; ગુઞ્જાસ.

ગજેન્દ્ર, પુ૦ [સં૦] બહુથી મોટો હાથી; હાથીનો રાજા.

ગજ્જર, પુ૦ સુથારનો ઉપરી—મુખ્ય. સ્ત્રી૦ પરોઢિયું—(અસ્સી—ઘડી મજ્જર).

ગઞ્જ, પુ૦ [ફા૦] ઢગલો (અનાજ, ઘાસ, લાકડાં, ગાંસડી વગેરેનો). ૨ એકજ તરેહનો જે જથો તે—એક તરેહના પાંચ—સાત વાડકા એક બિજામાં એકઠા મુકાઈ શકે તે. વાડકાનો ગઞ્જ.

ગઞ્જિયું, ન૦ ગઞ્જમાંનો એક વાડકો. [જથો.

ગઞ્જી, સ્ત્રી૦ જથાબન્ધ ભરી રાખેલાં ઘાસનો ઢગલો અથવા જ્યાં એવા ઘણા ઢગલાઓ હોય તે

ગઞ્જીફરાક, પુ૦ જાળનું—ગુંથરાણી એક જાતનું ગુંથેલું કપડું.

ગઞ્જીફો, પુ૦ [ફા૦] એક જાતનાં રમવાનાં પાનાં; પાને રમવાની એક રમત.—એમાં આઠ રઙ્ગ હોય છે ને એકેકા રઙ્ગના બાર બાર લેખે સહુ મળીને ૯૬ પાના હોયછે. એ રમત ત્રણ જણથી રમાય છે. બરાત, કુમાશ, અશરફી, ચઙ્ગ, શમશિર, રૂપૈયો; તાજ, ને ગુલામ. વળી દશ અવતારના ગઞ્જીફામાં ૧૨૦ પાના હોયછે.

ગટ-ગટક, અ૦ એકદમ ઝડપથી પીવું—ગળીજવું તે.—ગટ—ગટક કરીજવું કેવાય છે.

ગટપટ, સ્ત્રી૦ ઘણે ધીમે કોઈ ન સાંભળે તેમ છાની વાત કરવી તે. ૨ દોસ્તીમાં જે છાની વાતો થાય તે.

ગટર, સ્ત્રી૦ કચરાવાળું પાણી જે રસ્તે જાવું કર્યું હોય તે; મોરી; નીક.

ગટરપટર, સ્ત્રી૦ ગટપટ. ૨ પોતાનું કામ કાઢી લેવા સારુ કોઈને ઊંધું ચતું સમજાવવું તે.

ગટ, ગટ-ગટક.

ગટ્ટું, વિ૦ ઠિંગણું પણ હૃષ્ટપુષ્ટ; ગેટકી.

ગઠો, પુ૦ ધાતુના રસનું ખરબચડા ગોળ આકારમાં એક ઠેકાણે જે બાઝી રેવું તે. ૨ લાકડી લાકડાં વગેરેમાં જે ગાંઠો તે. ૩ જાડું લોહી (તેનાં શરીરમાંથી લોહીના ગઠ્ઠેગઠ્ઠા નિકળ્યા). ૪ શરીરમાં ઠેકાણે ઠેકાણે લોહી બન્ધાઈ જવાથી તે તે ઠેકાણે જે કઠણ ગાંઠો બાર નિકળેલો દેખાય તે. ૫ મોટી કોઠી જેમાં કુલઈ—સીસું ભરેલું હોય તે. ૬ ગચિયું. ૭ પેંડો. [હાલત; બીક; ગર્ભગાશ.

ગડગચ્ચો, પુ૦ ભિળભિળ થઈ જઈ વેરાતું પડેલું એવી

ગડગડ, અ૦ એવો થતો અવાજ દેખાડે છે. ૧ આકાશમાં વિજળીથી જે થાયછે તે. ૨ તોપ ફુટવાથી જે થાય તે. ૩ એકદમ પગથીયાંપરથી ગબડી જવાથી થાય તે. ૪ ઝડપ ને જોશ બતાવેછે.

ગડગડવું, ક્રિ૦ અ૦ પૈડાંની પડે ગબડતો ગબડતો અવાજ થવો.—આકાશમાં—હવામાં—દાદરાપર.

ગડગડાટ, પુ૦ ગડગડ થતો જે અવાજ તે. અ૦ ઝડપ ને જોશ બતાવેછે—તેનું કામ હવે ગડગડાટ ચાલેછે.

ગડદાગડદી, સ્ત્રી૦ બિડાબિડ. ૨ મારામારી.

ગડદાપેચ, વિ૦ ગડદાના મારથી છેક નરમ—ઢીલું—નબળું થઈ ગયલું; માર ખાઈને અધમુઉં થયલું.

ગડદી, સ્ત્રી૰ ભીડ; ઠઠ. (લોકની). [ક્રી; મુક્કાનો માર.

ગડદો, પુ૰ વાંસાપર જોરથી મુક્કા મારવી તે; મુ-

ગડબડ, સ્ત્રી૰ ગભરાટ વાળી જે હાલત તે; અ-વ્યવસ્થા. (મનની અથવા બહારની વસ્તુઓની). ૨ ગભરાટથી થયેલો જે બગાડ તે; ઘાલમેલ; ૩ થલ-પાથલ; ભૂલ; ગુચવણ; લોચો; અન્ધેર. ૩ તોફા-ન; દંગો; ફિતૂર. ૪ માથાફોડ; ખટપટ. ૫ ગોટાળો; કલબલ. [ધી મુકેલું તે.

ગડબડગોટો, પુ૰ ગડબડ કરી ભેળસેળ—ઘાલમેલ ક-

ગડબડવું, ગબડી પડવું.

ગડબડાટ, ગડબડ.

ગડબડિયું, ન૰ ગબડી પડવું તે.

ગડબડિયું, વિ૰ ઠરીને નહિ પણ ઉતાવળથી ગમે તે-વું કરનાર; ઘાલમેલિયું (કામ માણસ). ગડબડિ-યો—ગડબડકરનાર; ખટપટી. [ગડબીનાખવું.

ગડબવું, ક્રિ૰ સ૰ ઉપરથી ડાબ્યાં કરી અન્દરની વસ્તુને સખત બેસાડવી. ૨ મારીને અદમૂઓ કરવું.

ગડમથલ, સ્ત્રી૰ ઘાલમેલ; ઉથલપાથલ; ફેરફાર. ૨ ખટપટ. [ગડથોલા ? ૨ ગડગડવું.

ગડવું, ક્રિ૰ અ૰ અન્દર પેસવું—હોવું; જડવું—કપાં

ગડાકુ, પુ૰ હુક્કાની ચલમમાં બાળવાસારુ ગોળ ભેળી ગોળા બનાવેલો જે તમ્બાકુ તે. [માટી.

ગડી, સ્ત્રી૰ ઘરડમાં જે ખાડા હોય તે. ૨ ભજિયાંની કણી. પુ૰ ઘરધન્ધો કરનારો દખણી ચાકર;

ગડુડવું, ગડગડવું. [૨ કોટ.

ગઢ, પુ૰ પાડપર બાંધેલો કિલ્લો. (એવા કિલ્લાની ત-ળેટી ઉપર જે શેહેર—ગામ તેનાં નામની પછવા-ડે એ શબ્દ જોડાય છે—જુનાગઢ, પ્રતાપગઢ ઇ૰).

ગઢવી, પુ૰ ચારણ. [ઘડવું.

ગઢવું, ન૰ દાણા ભરવાનું માટીનું ગોળ ઠામ. ક્રિ૰

ગઢી, વિ૰ ગઢનું રેનાર.

ગદાણ, ન૰ જ્યાં ઘાસ થતું હોય તે જમીન; બીડ.

ગઠી, ઘડી.

ગઠેરો, વિ૰ મોટેરો; મુખ્ય.

ગણ, પુ૰ [સં૰] ટોળું; જથ્થો; સમુદાય. ૨ જાત; વર્ગ. ૩ દેવના નિકટ સેવકોનો જે વર્ગ તે; દૂત.—(શિવનાગણ). ૪ ઓગણતીસ રથ, ૮૧ ઘોડા અ-ને ૧૩૫ પાયદળ એટલું લશ્કર તે. ૫ તારાઓ-ના ઝુમખામાંનો એકેકો. (સતાવીસ નક્ષત્ર). ૬ (છન્દ શાસ્ત્રમાં) લઘુ ગુરુના નિયમથી ત્રણ ત્રણ અક્ષરનું જે માપ તે—ગણ આઠ છે: ભ, જ, સ, ય, ર, ત, મ, ન. વળી ચાર માત્રાનું જે માપ તે—એ પાંચ છે: ભ, જ, સ, મ, ન. (આર્યા ગતિમાં). ૭ પરણાવતાં પેહેલાં છોકરી છોકરાના રાશિગ્રહ જોઈ મેળવવામાં આવેછે તે સમ્બ-ન્ધમાં ગ્રહની જે જાતિ તે.—દેવગણ, રાક્ષસ-ગણ, ને મનુષ્યગણ, એમ ત્રણ હોય છે. (એક-ના દેવગણ હોય ને બિજાના રાક્ષસગણ હોય તો પરણ્યા પછી એક બિજાને બને નહિં; એકના રા-ક્ષસગણ ને બિજાના મનુષ્યગણ એમ હોય તો રા-ક્ષસવાળો બિજાને ખાઈ જાય એટલે એ બિજું મરી જાય ઇ૰). ૮ (અંક ગણિતમાં) સંખ્યા. ૯ ગણેશનો આરાધક.—ગણની સભા એટલે ગણેશ-નું મર્યાદાઆચરણ. ૧૦ [સં૰ ગુણ] લાભ; સારું. તે-નાથી મને ગણ થાય છે.

ગણકારવું, ક્રિ૰ સ૰ માનવું; માન આપવું; અદ-બ—દરકાર રાખવી; લેખવવું; પત કરવું.

ગણગણ, અ૰ માખી મચ્છર વગેરેના પાંખથી થતો શબ્દ દેખાડે છે. [તેવું (બોલવું).

ગણગણતું, વિ૰ જેમાં આનાકાની—હા ના હોય

ગણગણવું, ક્રિ૰ અ૰ માખી—ભમરાની પાંખનો અ-વાજ થવો. ૨ નાકમાંથી બોલવું; મનમાં બબડવું. ૩ આનાકાની કરવી.

ગણગણાટ, પુ૰ ગણગણ એવો જે અવાજ તે. ૨ નારાજ થયાપછી બબડવું તે.

ગણગોરી, સ્ત્રી૰ એક જાતનું ઝાડ.

ગણતર, ન૰ ગણવું તે.

ગણતરી, સ્ત્રી૰ ગણવું તે. ૨ ગણવાની રીત તે. ૩ આસરે અથવા નક્કી ગણેલી—હિસાબથી કાડેલી સં-ખ્યા. (તેની ગણતરી આટલી થાય છે). ૪ લે-ખું; દરકાર; વિસાત; તમા; હિસાબ (એટલા રૂ-પિયા તો શી ગણતરીમાં ? એની કંઈ માણસ-માં ગણતરી છે ?)

ગણતી, ગણતરી.

ગણના, સ્ત્રી૰ [સં૰] ગણતરી. ૨ માન; પ્રતિષ્ઠા.

ગણનીય, વિ૰ [સં૰] ગણવા જોગ.

ગણવું, ક્રિ૰ સ૰ એક, બે ત્રણ એમ સંખ્યા કેવી—માંડવી. ૨ અમુક રીતે સંખ્યા બોલવી—માં-ડવી; હિસાબ કરવો. ૩ દરકાર કરવી; લેખવવું. ૪ માન આપવું; માનવું. ગણાવું—ખપવું; મના-વું. (લોકમાં). [જની; પાતર.

ગણિકા, સ્ત્રી૰ [સં૰] ગુણકા; વેશ્યા; કસ્બની; રામ-

ગણિત, ન૦ [સં૦] સઙ્ખ્યા કઈ—માંડવા સમ્બન્ધી જે શાસ્ત્ર તે. ૨ સઙ્ખ્યા કેવા—માંડવાના જુદા જુદા જે પ્રકાર તે; હિસાબ. એ અંકગણિત પણ વળી બીજગણિત કેવાય છે તેમાં થોડી સઙ્ખ્યા અને થોડાં અક્ષરચિન્હો (સઙ્ખ્યાને બદલે) હોય છે. ૩ ગણેલું તે.

ગણિત પ્રમાણ, ન૦ ચાર સઙ્ખ્યાનું જે પ્રમાણ તે—એમાં ૧ લી ને ૨ જીની બાદબાકી ૩ જી ને ૪ થીની બાદબાકીની બરોબર છે.

ગણિત શ્રેઢી, સ્ત્રી૦ જેમાં બબ્બે સઙ્ખ્યાની બાદબાકી તેની તેજ આવ્યાં કરે તેવી સઙ્ખ્યાઓની જે હાર તે. [યાર.

ગણેશિયો, પુ૦ ઘર ભાંગવા—તોડવાનું એક હથિ-

ગણોત, ન૦ વાપરવાના બદલામાં નાણું—ભાડું લઈને પોતાની જમીન મુદત બાંધી બીજાને ખેડવા આપવી તે. ૨ એવી આપેલી જે જમીન તે. ૩ એમ આવતું જે નાણું તે. ૪ એ સમ્બન્ધી જે ખ—પટો તે; ગણોતનામુ—પટો.

ગણોતિયો, પુ૦ ગણોતે રાખી ખેડનારો.

ગંઠિયો, પુ૦ ખિસ્સાકાતરુ; ચોર.

ગંઠો, પુ૦ કોટે પેરવાનો સુને ગાંઠેલો તે. ૨ આઠ ફૂટ લમ્બાઈનું માપ.

ગંઠોડો, પુ૦ પગે પેરવાનું રૂપાનું ઘરેણું—એમાં જાડા જાડા આંકડા એક બિજા સાથે જબ્બર ગાંઠેલા હોયછે. ૨ હાથે ઘાલવાનાં સુનાનાં સાંકળાંમાંનું એક. ૩ ગાંઠો—પિપળીમુળના ગણ્ઠોડા. ૪ એક જાતની મિઠાઈ.

ગંડક, વિ૦ ગાંડું. [રોગ; કણ્ઠમાળ.

ગંડમાળ, સ્ત્રી૦ ગળે ગાંઠ બન્ધાઈ હોય તેવો એક

ગંડવો, પુ૦ ગાંડો. ૨ ભડવો. [પાસેનો ભાગ.

ગંડસ્થળ, ન૦ હાથીનાં માથાંનો ઊપલો કાનની

ગંડિયો-ગંડુ, પુ૦ ગાંડો.

ગંડેરી, સ્ત્રી૦ સેરડીને છોલીને મોઢામાં માંય તેવા કરી મુકેલા જે કકડા તે.

ગણી, સ્ત્રી૦ ઝીણાં કાણાંવાળો વાડકો જેથી ઘી વગેર ગાળવામાં આવે છે તે; ઘીગળણી. ૨ એક પ્રવાહીને સાંકડાં મોંનાં વાસણમાં રેડવા—ગાળવાસારૂ કામ આવતું ઊંધા શઙ્કુ આકારનું જે વાસણ તે. ૩ એક જાતની ઔષધિ.

ળણું, ન૦ પાણી ગાળવાનું જે કપડું તે.

ત, સ્ત્રી૦ [સં૦ ગતિ] સ્થિતિ; અવસ્થા; હાલત. ૨ જુગતી; કળા; ચતુરાઈ. (એની ગત ન્યારી છે). ૩ શક્તિ; બળ (શરીરમાં હવે ગત નથી). ૪ નરઘાં મૃદંગ સતાર વગેરે વગાડવા સમ્બન્ધી નિયમિત કરેલી જે રીતિયો તેમાંની એકેકી; ચાલ. ગત વગાડવી. ૫ જાતિનો વિશેષ બાર પડતો જે સ્વભાવ—ગુણ તે.—વાણિયા ગત, પારસી ગત, સુરતી ગત વગેરે. ૬ મુઆપછી સારી સ્થિતિ તે; સદ્ગતિ. ગતે જવું—સદ્ગતિ પામવી. ગતે ઘાલવું—શ્રાદ્ધ કરી સદ્ગતિયે પોંચાડવું. ૨ કામે લગાડવું; ઠેકાણે કરવું.

ગત, વિ૦ ધા૦ [સં૦] ગયલું. ગતાગત [ગત, આગત]—ગયલું આવેલું; ગયું આવ્યું. ગતથવું—મરી જવું. ૨ જાતું રેવું.

ગતિ, સ્ત્રી૦ [સં૦] હાલત; અવસ્થા. ૨ શક્તિ; બળ. ૩ પોચ; બુદ્ધિ; સમજ. ૪ ચાલ; ગમન; વેગ—પવન ગતિ, અશ્વગતિ, ગ્રહગતિ વગેરે. ૫ જીવની મુઆં પછીની જે હાલત તે; મુક્તિ. [હોવું તે.

ગતિભઙ્ગ, વિ૦ શક્તિહીણ; કામ કરવાને કૌવત ન

ગતિમાન્, વિ૦ [સં૦] ગતિવાળું; ગતિમાં હોય તેવું.

ગતિયું, વિ૦ ગતે ગયલું; મુવાં પછી ભૂત વગેરે યોનીને ન પામેલું પણ સદ્ગતિને પામેલું. ૨ ગતવાળું; જુગતીથી સ્વારથ—મતલબ કાઢી લેનારું.

ગદગદ, અ૦ શોક ભય પ્રીતિને લીધે ગળાંમાંથી જે અચકાતો અચકાતો ગગળતો શબ્દ નિકળે તે દેખાડેછે.

ગદગદિત, વિ૦ ધા૦ ગદગદ—ગળગળો સ્વર નિકળતો હોય તેવું. [લાકુ વગેરે).

ગદગદું, વિ૦ અન્દરથી કાચું અને પોચું. (ઈંદડાં,

ગદડવું, ક્રિ૦ સ૦ ચોળી નાખવું; છુંદવું; કચરવું.

ગદબદિયાં, ન૦ ઘણાં નાણાંનું ઉછળવું તે; પુષ્કળ પૈસા.—તેની પાસે આજ કાલ ખૂબ ગદબદિયાં થયાંછે. (એ શબ્દ એકવચનમાં વપરાતોજ નથી).

ગદા, સ્ત્રી૦ [સં૦] એક જાતનું લોડાંનું આયુધ—હથિયાર, એને માથે નાળિયેરના જેવો ગોળો અને એ ગોળાને કમરખના જેવા કાંગરા હોય છે (ભીમની ગદા). ૨ જ્વાળામુખી પર્વતમાંથી જે પથરાઓ ઉડે તેમાંનો એકેક; શીળા.

ગદિયાણી, સ્ત્રી૦ પીળાં ફુલનો એક છોડવો. ૨ એક જાતની કાંસકીનો છોડ.

ગદિયાણો, પુ૦ સોનું રૂપું તોળવાનું એક વજન; અડધો તોલો; સોળ વાલ.

ગદેલું, ન૦ એક જણ સુવે તેટલી નાની જે તળાઈ તે; ગોદડી. ૨ એક જણ બેસે તેટલી જે ગાદી તે.

ગદ્ગદ, અ૦ [સં૦] ગદગદ એ શબ્દ જોવો.

ગદ્ય, ન૦ [સં૦] કવિતાના નિયમ વગરનું જે સાદું લખાણ તે. [બન્ને હોય તેવું (લખાણ).

ગદ્યપદ્યાત્મક, વિ૦ જેમાં ગદ્ય અને પદ્ય (કવિતા)

ગધેડી, સ્ત્રી૦ ગધેડાની માદા. ગધેડીના—ગધેડીના જણેલા. (એ શબ્દ ગાળ છે તોપણ સાધારણ ઠપકો આપતાં એ શબ્દ કેટલાક લોક વાપરેછે).

ગધેડું, ન૦ ગધેડો અથવા ગધેડી.

ગધેડો, પુ૦ [સં૦ ગર્દભ] લાંબા કાનનું, ટૂંકાં પૂંછડાંનું અને રાખોડીના રંગનું એક ચોપગું જનાવર; ખર. એ પોતાની પીઠપર ઘણોજ ભાર લઈને ઘણો ધીમે ચાલે છે; એનું પગલું સરતું નથી. એ ઘણો માર ખાય છે તોપણ તે પોતાની હઠ ને સુસ્તી મુકતો નથી. ૨ સુસ્ત, હઠીલો ને અક્કલ વનાનો પુરુષ—છોકરો. મૂરખ માણસને લગાડવામાં આવેછે. કેવત—'ગધેડાનો પાછલો પગ' એ હોડ ડાપા—મૂરખને વિષે બોલતાં વપરાયછે. 'ગધેડા ઉપર અંબાડી', 'ગધેડાનું મો કુતરે ચાટ્યું'.

ગધેવાન, ગધેડાં હાંક નાર.

ગધો-ધ્ધો, ગધેડો.

ગનિમત, સ્ત્રી૦ [પ્રા૦] ઈશ્વરી કૃપા; સારું બાઅેગ; લાવો; ખુશી.

ગનીમ, પુ૦ [આ૦] મોગલ; મુસલમાન.

ગન્દકી, સ્ત્રી૦ નઠારી ગન્ધ; બદબો. ૨ ખરાબ વાસ આવે તેવી કાદવ—ઉકરડાની જગો.

ગન્દવાડ, પુ૦ ગન્દકી. ૨ અજીઠું ધાન વેરાયલું પડયું હોય તે જગો. ૩ સાફ—સ્વચ્છ ન હોવું તે; અહીં તહીં પડેલો જે કચરો તે.

ગન્દું, વિ૦ ગન્દકીવાળું. ૨ મેલું; ગોબરું.

ગન્ધ, સ્ત્રી૦ [સં૦] વાસ; બો; સોરમ. 'એ શબ્દ સારા અને નરસા બન્ને વાસને માટે છે. તોપણ નઠારા વાસને જેમ ઘણીવાર લગાડવામાં આવેછે તેમ સારા વાસને લગાડવામાં આવતો નથી. વળી એ શબ્દની આદિમાં સુ અને દુર મુક્યાથી સુગન્ધ—સારો વાસ અને દુર્ગન્ધ—નઠારો વાસ એવા શબ્દાર્થ થાયછે. ન૦ ચન્દન. ૨ ટીલું; ચાંદલો.

ગન્ધક, પુ૦ [સં૦] પીળા રંગની, ઝટ ભાંગી જાય તેવી ને પાણીમાં પિગળે નહિ પણ ગરમી લગાડયાથી રસ થઈ જાય તેવી એક ધાતુ. એ બળેછે ત્યારે આસમાની રંગનું ભડકું થાયછે અને ગુંગળાવી નાખે એવો વાસ નિકળે છે. ૨ જેમાં ગન્ધકની મેળવણી હોય તેવું ઓસડ; રસાયન.

ગન્ધઘાણ, સ્ત્રી૦ નઠારા વાસનું ચોપાસ ફેલાવું તે.

ગન્ધપુષ્પ, ન૦ [સં૦] ચન્દન અને ફુલ.

ગન્ધરપ, પુ૦ [સં૦ ગન્ધર્વ] ગવૈયાનો ધન્ધો કરનારી એક જાત—એને જનોઈ હોય છે.

ગન્ધર્વ, પુ૦ [સં૦] સ્વર્ગનો ગવૈયો. ૨ સારો ગવૈયો. ૩ ગવૈયાની એક જાત; ગન્ધરપ.

ગન્ધર્વનગર, ન૦ [સં૦] ગન્ધર્વનું નગર. ૨ ઘડીમાં દેખાય ને ઘડીમાં જતું રે વળી ગમે ત્યાં દેખાય એવું જે માયાવી નગર તે. ૩ જાડી પાતળી હવાને લીધે સૂર્યના કિરણો મરડાયાથી હવામાં કેટલાક ફેરફાર થાય છે ને એ ફેરફારથી પૃથ્વીપરનાં શહેરો વાડાઓ વગેરે ઊંચે હવામાં દેખાય છે તે.

ગન્ધર્વવિવાહ, પુ૦ [સં૦] વર કન્યા પરસ્પર સ્નેહથી એકબીજાના ધણીધણિયાણી થઈ રેવાની પરસ્પર કબુલાતે એક બીજાનીસાથે પરણી ઘર માંડે તે. ગાન્ધર્વવિવાહ. [વાનો હુનર.

ગન્ધર્વવેદ, પુ૦ [સં૦] ગાયન શાસ્ત્ર; ગાવા બજાવ-

ગન્ધસાર, પુ૦ [સં૦] ચન્દન. ૨ કોઈપણ સુગન્ધિવાળો લેપ. ૩ ખુશબોદાર ચીજ.—અરક અત્તર, વગેરે. [૨. ૨ કોઈ ગયલું.

ગન્ધાતું-યલું, વિ૦ નઠારો વાસ આપતું; બદબોદા-

ગન્ધાર, પુ૦ [સં૦] ગાયનના સાત સૂરમાંનો ચડતો ત્રીજો.—સા રી ગ મ પ ધ ની. ગાન્ધાર.

ગન્ધાવું, ક્રિ૦ અ૦ નઠારો વાસ આવવો; બદબો નિકળવી. ૨ કોઈ ગયલું થવું. ૩ મનમાંનું મનમાં બળીને ચીડવું—ગાજ દેવી. [તડાકા.

ગપ, સ્ત્રી૦ [હિ૦] જુઠી ઉડતી—પાયાવનાની લોકમાં ચાલતી વાત—ખબર. ૨ જુઠાણું. વાતના ઓઠા

'ગપ-ગપગપ, અ૦ ધીમે ધીમે કાંણાંમાં ઘાલતાં ને પછી તેમાંથી કાડતાં જે ધ્વનિ તે દેખાડે છે.

ગપસપ, ગપ.

ગપાંસ, સ્ત્રી૦ મોટી ગપ. ૨ વખત ગુજારવા અથવા મનરઞ્જન કરવા જે ગપ ચલાવવી, કાણીયો કેવી તે. ગપાંસ મારવી—ઠોકવી—હાંકવી—ચલાવવી.

ગપાગપ, અ૦ એક પછી એક; વગર અટકાવે; ઉપરા ઉપરી. (તેને ગપાગપ મુક્કા પડવા માંડ્યા).

ગપાગપી, સ્ત્રી૦ એક બીજાને ઉપરા ઉપરી મુક્કાનો

. પડવો તે.

, ન૦ જુઠા તડાકા; ગપ.

ાયું, ન૦ ધીમે ધીમે કાંણાંમાં ફાલવું તે.

ગપ.

ોષ્ટી, સ્ત્રી૦ જુદી જુદી વાતો—કિસ્સાઓ—

ીઓના દાખલાઓ આપીને વાતચીત ચલા-

કરવી તે. [ચલાવનાર.

-ગપ્પીદાસ, વિ૦ જુઠા તડાકા મારનાર; ગપ

ગપ.

ત, સ્ત્રી૦ [આ૦] બેપરવાઈ, વિસ્મૃતિ, આ-

વગેરે કારણથી કામમાં બરાબર ધ્યાન નં

ાય તે. ૨ ભૂલ; ચૂક; સુરત ભૂલ. ગફલત ક-

ો—ખાવી.

તી, વિ૦ ગફલત કરે—થઈ જાય તેવું.

ગુપ્ત.

ગબગબ, ગપ-ગપગપ. (ખારપડતી ધ્વની).

ાબ, સ્ત્રી૦ કોઈ કંઈ વાતચિત કરતું હોય ત્યાં

રમાં જે બોલવું તે.

ગગણ્ડ, વિ૦ સાન નહિ પણ કાન હોય તેવું;

બળેલું તરત ખરું માને અને પછી પેલાની પેઠે

હસ કામ કરે તે. 'અન્ધેરી નગરી ગબડગણ્ડ

જા, ટકે શેર ભાજી ટકે શેર ખાજાં'.

ડવું, ક્રિ૦ અ૦ ઊંચેથી પૈડાંની ગતિમાં નીચે પ-

ડું. ૨ ભોંયપર ચક્રગતિમાં શરીરનું પાસું ફેરવ્યાં

રવું. ૩ પેટમાં અમળાવું—ચુંથાવું—વા દોડવો.

ડી, સ્ત્રી૦ એકદમ—વગર અટકવે—જલદીથી

ડી જવું તે. ગબડી મારવી.

રુ, વિ૦ માંસથી ભરેલું અને દેખાવડું. 'ગબરુ

ાલે પડતાં રૂપ'. ૨ ભરેલું (પૈસા વગેરેથી). પુ૦

ાંસથી ભરેલો ગોરો ને ફુટડો જુવાન.

લ, ગુલાબ અથવા ગુલાબદાસ—રાય—શંકર એ

ામનો અપભ્રંશ.

ગબ, ગપાગપ.

ગબી, સ્ત્રી૦ મુક્કામુક્કી.

ર, સ્ત્રી૦ ખાડો. ૨ કપરોટ વાળો જે ખાડો તે.

ી, સ્ત્રી૦ અગલ; બધી.

ગબ, અ૦ ઉપરા ઉપરી મુક્કીનો માર પડે તે.

મ, અ૦ જોરથી; ધંબ લઈને.

ભર, વિ૦ ભરેલું. ૨ પૈસાથી ભરપૂર.

ભરાટ, પુ૦ અકળામણ; મનમાં જે ગુંચવણ હોય

તે. ૨ દુઃખ.

ગભરાવું, ક્રિ૦ અ૦ રસ્તો ન સુઝે તેવી હાલતમાં આવવું; ગુંચવાવું; બાવરાં થવું; અકળાવું. ૨ દુઃખી થવું.

ગભા, પુ૦ પૈને આજારે ગળાંમાંથી જે બળખા પડે તે.

ગભાણ, સ્ત્રી૦ ઢોરના ખીલા આગળ આડું લાકડું મુકી જ્યાં ચાર નાખવામાં આવે છે તે જગા. ન૦ ગામને પાદરે જે સફેત જમીન તે.

ગભીર, વિ૦ [સં૦] ગમ્ભીર.

ગમ, સ્ત્રી૦ બાજુ; પાસું; તરફ. ૨ મનનું વલણ; પસન્દ પડવું તે. ૩ ભાન; સૂજ; સમજણ.—તેને કેશાંમાં ગમ પડતી નથી. ૪ સાંખી રેવું તે; ખામોશ. તે ગમ ખાઈ ગયો. પુ૦ [આ૦] શોક; દલગીરી; હાય; અફસોસ. અ૦ તરફ; ભણી.—તેણીગમ જા.

ગમગીન, વિ૦ દલગીર; શોકાતુર; ઉદાસ; દુઃખી.

ગમત, સ્ત્રી૦ ખુશીમાં વખત કાડવો તે; રમુજ. ૨ રમત; ખેલ.

ગમતિયાળ-તી, વિ૦ ગમત—ખુશી કરે તેવું; રમુજી; આનન્દ પમાડે તેવું.

ગમતું, વિ૦ પસન્દ પડતું; ગમે તેવું; ભાવતું; મનને ચેહેન—ખુશી પમાડે તેવું.

ગમન, ન૦ [સં૦] જવું—ચાલવું તે; ચાલ; ગતિ.

ગમનાગમન, ન૦ જવું આવવું તે.

ગમવું, ક્રિ૦ અ૦ પસન્દ પડવું; ભાવવું; ખુશ કરતું હોવું; માફક આવવું. ૨ ચેહેન પડવું; મનમાનવું; ગોઠવું. [મઢિયું; ગોચું.

ગમાર, વિ૦ અવિવેકી; અસભ્ય; જઙ્ગલી. ૨ ગા-

ગમાવવું, ગુમાવવું.

ગમી, સ્ત્રી૦ દલગીરી; શોક. અ૦ તરફ; ભણી.

ગમે તે, પસન્દ પડે તે; ચાહે તે.

ગમે તેમ, અ૦ કોઈ પણ રીતે; જેમ થાય તેમ; ઈચ્છા પ્રમાણે; મરજી મુજબ.

ગમ્ભીર, વિ૦ [સં૦] કંઈક ભય ને ઘણું આશ્ચર્ય ઉપજાવે તેવું મોટું-વિશાળ-ઊંચું—ઉંડું; મહત્વ વાળું; પ્રૌઢ. (દેખાવ-નાદ, સમુદ્ર, પર્વત, આકાશાદિ—વૃક્ષાદિ). ૨ ફુકત; ઠરેલ; ભારેખમ. (માણસ—વિચાર). ૩ ધીર; સહનશીલ (સ્વભાવ). ગામ્ભીર્ય (ગમ્ભીરતા, ગમ્ભીરાઈ).—ગમ્ભીરપણું.

ગમ્ય, વિ૦ [સં૦] જવાય—પોંચાય—જણાય—જાણુ થઈ શકે તેવું. ઈન્દ્રિયગમ્ય—ઈન્દ્રીયોથી સમજ-

પ તેવું. વિચાર—શાસ્ત્ર—તર્ક—ગુરુ ગમ્ય એવા જોડાવાળા શબ્દો હોય છે.

ગયણ, ન૦ ગગન, આકાશ.

ગયવર, પુ૦ હાથી.

ગયું, જવું-જાવું એ શબ્દનો ભૂતકાળ.

ગર, પુ૦ કેટલાંક ફળની અન્દરનો વચગાળાનો જે પોચો—રસ ભર્યો ભાગ તે;—અન્દરનો માવો.—જમરુખ વગેરેનો. કેટલાંક ફળમાં એ પોચો ભાગ બીયાં સાથે હોય છે.-કાકડી ચિભડું કોળું વગેરેમાં. શીંગની અન્દરનો જે ભાગ તે—ગરભાળો, સેકટાની શીંગ વગેરેનો. ૨ ઝાડના લાકડાંની વચમાંના જે પોચા ભાગને આધારે તે ઝાડને ખોરાકી મળે છે તે. ૩ મનનો ભેદ; મર્મ; દીલનો ભરમ; છાની વાત.—'તેનાં મનનો ગર મેં જાણ્યો.' ૪ બરુ, કિવલ વગેરેમાં જે પોચો તાંતણો હોય છે તે. ૫ ઝેરી અખાર; ગર્ભ. [વગેરે.

ગર, એ શબ્દની પછવાડે મુકાઈને કરનારો એવો અર્થ રાખે છે.—સોદાગર, ખુરસીગર, કારીગર

ગરક, વિ૦ [આ૦] ડૂબી ગયલું; ડૂબેલું; જતું રયલું. ૨ લીન થયલું; લગન લાગી ગઈ હોય તેવું.

ગરકવું, ક્રિ૦ અ૦ કાદવ વગેરેની અન્દર પેસી જવું. ૨ ડૂબીજવું. ૩ લીન થઈજવું.

ગરકાવ, વિ૦ ભરપૂર; ભરેલું.-ઘરેણાં ફુલ વગેરેથી.

ગરગડી, ઘરેડી. [સ્વાં કરવું; ઇંટયાં કરવું.

ગરચવું, ક્રિ૦ સ૦ અકરાંતિયાની પેઠે બા બા ક-

ગરજ, સ્ત્રી૦ [આ૦] કોઈ કામ કરવામાં જે વસ્તુની જરુરિયાત હોય તે વસ્તુ મેળવવાની જે ઘણી ઇચ્છા રાખવી હોવી તે; અવશ્યકતા; ખપ; અગત; દરકાર. ૨ અડીવેળા; જરૂરનો વખત; તંગી. ૩ પોતીકી મતલબ; સ્વાર્થ. ગરજ સારવી—તંગી મટાડવી; મતલબ પારપાડવી. કેવત—ગરજવાનને અક્કલ ન હોય'. 'ગરજે ગધેડાને બાપ કેવો પડે.'

ગરજણ, સ્ત્રી૦ એક જાતનું પક્ષી.

ગરજના, [સં૦ ગર્જના]

ગરજવન્ત-વાન, ગરજાઉ.

ગરજવું, ક્રિ૦ અ૦ આકાશમાં ગડગડાટ થવો; ગાજવું. ૨ સિંહ વગેરે જનાવરોએ મોટે અવાજે બરાડવું. [પમતલબી; સ્વાર્થી.

ગરજાઉ-જી-જુ, વિ૦ જેને ગરજ હોય તે. ૨ આ-

ગરજી, ગરજુ. 'ગરજી ને દરદી બરાબર.'

ગરડગપ, અ૦ ગટ દઈને અચાનક જતું રયલું—ડૂબીગયલું—ખોવાઈ ગયલું હોય તેમ. 'ગરડગપ ગયા પીંઢોતાના પરમાણ્યા કોઈએ ન ભાળ્યા'.

ગરડ, ઘરડ.

ગરણું, ગળણું.

ગરથ, પુ૦ નાણું; પુંજી; માયો; પૈસો. 'ગરથ તે ગાંઠે, વિદ્યા તે પાઠે, અસ્ત્રી તે સાથે ને દાન તે હાથે.'

ગરદ, વિ૦ [પ્રા૦] ખિચોખિચ—સાંકડે આવી ગયલું. ૨ ખૂબ મગેલું; મસ્ત બનેલું.

ગરદન, સ્ત્રી૦ [પ્રા૦] ગળાંનો જે પાછલો ભાગ તે; બોચી; ડોકી. ગરદનમારવું—જીવ લેવો; મારી નાખવું; ડોકું ઉડાવી દેવું. ૨ ઘણુંજ નુકસાન કરવું. [હોવું તે (લોકની).

ગરદી, સ્ત્રી૦ ભીડ; ઠઠ; ભિડાભિડા; ખિચોખિચ

ગરદો, પુ૦ તમ્બાકુનાં પાતરાંનો વપરાતાં રયલો જે સુકો ભુકો તે.

ગરનાળ, સ્ત્રી૦ છરાના ગોળા વગેરે ભરવાની ખાંડણી જેવી જે તોપ તે.

ગરનાળું, ન૦ તળાવ અથવા કુણ્ડમાં પાણી આવવા જવાને માટે તળાવ અથવા કુણ્ડમાં કરેલો જે મારગ તે. ૨ પાણી જવાનો સાંકડો મારગ.

ગરબડ, ગડબડ.

ગરબડવું, ગબડવું. [ગડબડગોટો.

ગરબડસરબડ, સ્ત્રી૦ ઊંધું ચતું; પેરફાર; સેળભેળ;

ગરબડાટ, ગડબડાટ. [વિતા.

ગરબી, સ્ત્રી૦ સ્ત્રિયોમાં ગવાતી એક જાતના દેશી ક-

ગરબો, પુ૦ મોટી જે ગરબી તે. ગરબામાં ઘણું કરીને વારે વારે ટેક ગાવામાં નથી આવતી. ૨ ગરબી—ગરબા ગાતાં તાળીયો વગાડતાં દીવા—માંડવીની આસપાસ ફરવું—કુદતાં ફરવું તે. ગરબો ખુંદવો—રમવો એમ કેવાય છે. ૩ એવા પ્રસંગનેસારુ જે માટલીમાં કાણાં પાડીને અન્દર દીવો મુકેલો હોય તે.

ગરભ, પુ૦ [સં૦ ગર્ભ] સ્ત્રી પુરુષ—નર માદાના સમ્ભોગથી પુરુષ—નરનું જે વીર્ય, સ્ત્રી—માદાના ઉદરમાં જઈ ઠરી વધી સર્વ અવયવો સાથે સચેતન થાય છે તે. એ જ્યાંસુધી માના ઉદરમાં છે ત્યાંસુધી તે ગરભ કેવાય છે. ગરભ રેવો. ૨ ગરભવાળો હાલત; હમેલ; દાડા. તેને ગરભ છે—એટલે તે ગરભવાળી હાલતમાં છે. ૩ કેળ વગે-

રેની અન્દરનો કુમળો જે ભાગ તે-કેળના ગરભ જેવો છોકરો. ૪ માંછલીઓમાં તેનાં ઝીણાં ઝીણાં ઈંડાઓનો સમૂહ જે બાચકા આકારમાં હોય છે તે. ૫ ક્ષેત્રફળ; ખેતર—જમીનનો જે વિસ્તાર તે. ૬ મધ્ય; પરચોવરચ. ગરભ પડવો—રોગને લીધે અથવા ઓસડથી ગરભ ગળવો; અધૂરે જવું; કસુવાવડ થવી. ગરભ પાડવો—ગભાંકારે ગરમ ઓષધિ વગેરેથી ગરભનું પ્રાણી કરી નાખવું —એને ગરભપાત કરવો પણ કેહે છે.

ગરભછાંટ, સ્ત્રી૰ એક જાતનો દારૂસાથે ફોડવાનો ગોળો-એ પોલો હોય છે. એમાં પેહેલે તો દારુ ભરે છે અને તેનાં કાણાંમાં એક લાકડાંની નળી (જેમાં ખીલા પથરા છરા અને આગ ઉઠે તેવા પદાર્થ હોય છે) ગડબે છે. એ ગોળો જ્યાં પડે છે ત્યાં ઘણા જોરમાં ફાટે છે અને મોટું નુકસાન કરે છે. ૨ એવો ગોળો ઉરાડવાની ખાણણી ઘાટની જે તોપ તે.

ગરભસૂતર, વિ૰ [સં૰ ગર્ભસૂત્ર] તાણામાં રેશમ ને વાણામાં સુતર આવ્યું હોય તેવું (કપડું).

ગરમ, વિ૰ [સં૰ ઘર્મ અથવા ફા૰] ઊનું; ઉષ્ણ; તપેલું. (થણ્ડાંનું ઉલટું). ૨ જોસ્સામાં આવેલું; આતુર; જલદ; તીખું. [છે તે.

ગરમમસાલો, પુ૰ તજ લવંગ વગેરેની મેળવણીનો જે મસાલો રસોઈના પદાર્થમાં નાખવામાં આવે-

ગરમાગરમ-મી, વિ૰ ઊનું ઊનું; તરત ઊનું કરેલું.

ગરમાળો, પુ૰ એક જાતની સીંગ. એ ઓસડ દાખલ વપરાય છે.

ગરમી, સ્ત્રી૰ [ફા૰] ગરમ—ઊના પદાર્થને અડક્યાથી જે કંઈ આપણને લાગે છે તે અથવા તે પદાર્થમાંથી જે કંઈ આપણા શરીરમાં દોડી આવી લાગે છે તે. કારણ કાર્ય બન્નેને એ શબ્દ લાગે છે; સૂરજ—અગ્નિથી થતી જે અસર તે. ઘણું કરીને ગરમીથી પદાર્થનું કદ વધે છે અને એથી બાફ અને પાણી થાય છે. ગરમી ઝાડ જનાવરને ઘણી જરૂરની છે. ૨ સૂર્ય અગ્નિ વગેરેથી જે ગરમ હવા થાય છે તે; તાપ; ઘામ. ૩ તાવ વગેરેથી શરીરમાં જે ઊનાશ આવે છે તે. ૪ તોર; જોસ્સો. ૫ ટાંકી પરમિયાનો જે રોગ તે.

ગરમું, ન૰ ખમીર ચણ મીરના તપેલાં જેવડો પડથી વતાનો કાંસાનો મોટો વાડકો.

ગરમેલ, સ્ત્રી૰ રુવાંટીવાળો એક જાતનો નાનો છોડ. એનાં મૂળનું તથા એની ઉપરના ભાગનું અથાણું કરવામાં આવે છે.

ગરવ, ગર્વ.

ગરવું, વિ૰ [સં૰ ગુરુ] મોટું; વિશાળ. 'ગુજરાત દેશ ગરવો ઘણો'. [ગરૂપ. ૩ અન્દર પેસવું.

ગરવું, ક્રિ૰ અ૰ ખરી પડવું; ખરવું; પડવું. ૨ ગ-

ગરાડ, વિ૰ મોટું. પુ૰ ખાડો. [ગરાડી).

ગરાડી, વિ૰ ઘણોજ વ્યસની; વ્યસનમાંનો વ્યસનમાંજ મચ્યો રેહેનાર (ભાંગ અફીણ ગાંજા વગેરેનો

ગરાડો, પુ૰ ઘર—ઈમારતની ભીતનો પાયો નાખવાસારુ જે લાંબો ને સાંકડો ખાડો ખોદવામાં આવે છે તે.

ગરાસ, પુ૰ [સં૰ ગ્રાસ] ગામનું રક્ષણ કરવાના બદલામાં અથવા વંશપરમ્પરાથી જમીનની માલેકી હોય તે લઈ લઈ તેના બદલામાં સરકાર તરફથી જે રોકડ હક કરી આપ્યો હોય તે. ૨ ગરાસિયાના ગામોમાં લુટફાટ ન કરે અથવા ન થવા દે તેને સારુ ગામવાળાઓએ રાજાની મઞ્જુરિયતથી જે જમીન લુટફાટ કરનારાને હંમેશને માટે આપી દીધી હોય તે.

ગરાસિયો, પુ૰ રાજવંશી ભાયાત રજપૂતોને હિસ્સે આવેલી જે જમીનો તે જમીનોની ઉપજ ખાનારાને બીજાં ગામના લોક પાસેથી કર લેનારા, પછી થોડો ઘણો એ ઉપર અમલ ચલાવનાર જે રજપૂત તેમાંનો એકેકો.

ગરિયો, પુ૰ ભમરડો.

ગરીબ, વિ૰ [આ૰] નિર્ધન; પૈસા વગરનું. ૨ કંગાલ; દળદરી; બાપડું; દુઃખી. ૩ ભલું; સાલસ; સહનશીલ; થણ્ડા મિજાજનું.

ગરીબ ગરબાં-ગુરબાં, ન૰ ગરીબ—કંગાલ એવાં માણસો. ૨ ભિખારીઓ.

ગરીબપરવર, વિ૰ [આ૰ ફા૰] ગરીબની પરવરશી કરનાર —સમ્ભાળ લેનાર. ૨ પોતાનાથી ઉંચેના દરજ્જા વાળાઓને એ વિશેષણ જોડવામાં આવે છે. અરજીઓમાં 'ગરીબપરવર સલામત' એમ લખાય છે.

ગરીબાઈ, ગરીબી. [૩ ભલાઈ; સાલસાઈ.

ગરીબી, સ્ત્રી૰ નિરધનપણું. ૨ કંગાલિયત; દળદર.

ગરુ, પુ૰ ગુરૂ. [વાય છે.

ગરુડ, પુ૰ [સં૰] શાકીખાનાર એક મોટો પક્ષી. એ બધાં પક્ષીઓમાં જોરાવર છે માટે એ રાજા કેહે-

ગરુડગામી-ધ્વજ-ડાહૈક, વિષ્ણુ.
ગરુડેંડ, પુ૦ ઢેંડા—ભફિંયાનો ગોર.
ગરુર, વિ૦ મગરૂર; અહઙ્કારી; મિજાજી.
ગરુરી, સ્ત્રી૦ [આ૦] ગર્વ; અહઙ્કાર; મગરૂરી; પ-
તરાજ; ગુમાન.
ગર્ભોદર, વિ૦ દાડાવાળી; અ જીવવાળી; હમેલવાળી.
ગર્ગોળી, ખિલોડી.
ગર્જન, [સં૦] ગરજવું તે. [તડુકવું તે.
ગર્જના, સ્ત્રી૦ વરસાદનું ગાજવું તે. ૨ સિંહ વાઘનું
ગર્દભ, પુ૦ [સં૦] ગધેડો.
ગર્ધપ ર્વેય, [ગર્દભ] ગધેડો.
ગર્ભ, [સં૦] ગરભ. ગર્ભધારણ—ગરભ રેવો તે.
ગર્ભપાત—ગરભ પાડવો તે. [કરવું પડે તે.
ગર્ભયાતના, સ્ત્રી૦ [સં૦] ગરભને જે દુઃખ સહન
ગર્ભવતી, સ્ત્રી૦ [સં૦] દાડા વાળી સ્ત્રી. [રવો તે.
ગર્ભવાસ, પુ૦ [સં૦] ઉદરમાં ગર્ભ થવો ને ઉછ-
ગર્ભસ્રાવ, પુ૦ [સં૦] ગરભનું ગળવું તે.
ગર્ભશ્રીમન્ત, વિ૦ [સં૦] જન્મથકી શ્રીમન્ત તે; શ્રી-
મન્તને ઘેર જન્મેલો તે. [નો ભાગ.
ગર્ભસ્થાન, ન૦ [સં૦] જ્યાં ગરભ બન્ધાય છે ને
મોટો થાયછે તે ઠેકાણું; કમળ; કૂખની અન્દર-
ગર્ભાધાન, ન૦ [સં૦] ગરભ રેવો ને ઉછરવો તે. ૨
કમળ શુદ્ધ રે અને ગરભ જલદીથી વધે એ હેતુ-
થી દાડાવાળી સ્ત્રીને (ઘણું કરીને પાંચમે મહિને)
જે ધર્મ સંસ્કાર કરવામાં આવેછે તે.
ગર્ભિણી, [સં૦] ગર્ભવતી. [રૂપો હોય તે.
ગર્ભિત, વિ૦ ધા૦ [સં૦] જેમાં કંઈ બીજી વસ્તુ
રહી હોય તેવું. ૨ જેની અન્દર કોઈ અર્થ—ભાવ
ગર્વ, પુ૦ [સં૦] અભિમાન; અહઙ્કાર; મગરૂરી;
ગુમાન; પતરાજી; માન. [ભિમાની.
ગર્વિષ્ઠ-વીં, વિ૦ [સં૦] અહઙ્કારી; મગરૂર; અ-
ગલ, પુ૦ માછલાં પકડવાનો આંકડો. ૨ કુવામાં પ-
ડી ગએલી ચીજ કાડવાને લોડાંના આંકડાઓ-
નો જે જથો તે; બીલાડી. ૩ સાપ, ખિલોડી વગે-
રેની ઝેરી અધાર. ૪ લાંચ; લાંચમાં જે કંઈ
આપેલું—બતાવેલું તે. ગલ આપવો—લાલચ દેખા-
ડવી; લાંચ આપવી. ૫ ફુલનો છોડ; ગુલબાસ.
ગલકી, સ્ત્રી૦ એક જાતનો વેલો—એના ફળનું—ગ-
લકાંનું શાક તથા ભજીયાં થાય છે.
ગલકું, ન૦ ગલકીનું ફળ. [ફુલ.
ગલગોટો, એક જાતના ફુલનો છોડવો અથવા તેનું
ગલત, વિ૦ [આ૦] પાયાવનાનું; ઠામ ઠેકાણાં વ-
ગરનું; ખોટું; જુઠું. ૨ [સં૦ ગલિત] બાગળપર
કાઢી નાખેલું; નકામું જાણી ફેંકી દીધેલું; રદ કરેલું,
ગલથુથી, ગલહુતી. [ટો તે.
ગલપટો, પુ૦ ગળે રાખવાનો ઊન વગેરેનો જે પ-
ગલબા, પુ૦ ફટાકા.
ગલહુતી, સ્ત્રી૦ ગોળથી પાણીની સાથે મેળવી તેમાં
પુમડું બોળી જન્મેલાં બચ્ચાંને તે ધાવતાં શીખે ત્યાં-
સુધી તેનાં મોડાંમાં ધીમે ધીમે ટીપાં મુકવામાં આ-
વેછે તે.
ગલાલ, ન૦ હોળીમાં જે રાતો ભુકો એક બીજા-
પર ઉરાડવામાં અને મોડાંપર ચોપડવામાં આ-
વેછે તે.—કેટલાક કન્દના લોટને પતઙ્ગના લાક-
ડાંના ઉકાળામાં રઙ્ગી સુકવી ચાળેથી ગલાલ બનેછે.
ગલાસ, ન૦ [અ૦] બિલોરી કાચનો પ્યાલો.
ગલી, સ્ત્રી૦ ધોરી રસ્તાપરથી આડી ને સાંકડી નિ-
કળતી જે વાટ તે. ૨ સાંકડી શેરી—પોળ.
ગલીકુંચી, સ્ત્રી૦ આડા અવળા ને સાંકડા જે ર-
સ્તા તે. [ન્ધાનું.
ગલીચ, વિ૦ [આ૦] ગન્દુ; મેલું; કચરાવાળું; ગ-
ગલીચો, ગાલીચો.
ગલેફ, પુ૦ [ફા૦] કપડાનું ઢાંકણ—ની ખોલ. (ખુ-
રસી, કોચ, ગાદી, તકિયા વગેરેનો ગલેફ).
ગલેફી, સ્ત્રી૦ એક તરેહનાં ભજિયાં.
ગલેલી, સ્ત્રી૦ તાડનાં ફળની અન્દરનો કુમળો ખા-
વામાં આવતો જે ભાગ તે.
ગલોફું, ન૦ ગાલની માંયનો ભાગ.
ગલોલ, સ્ત્રી૦ ખેડુત લોકો કામઠીથી જે ગોળી ફેંકેછે
તે. એ ગોળી માટીની અથવા કાદવની હોય છે.
ગલ્લ, પુ૦ [સં૦] ગાલ;
ગલ્લાંતલ્લાં, ગાંગાંતલ્લાં.
ગલ્લો, પુ૦ [ફા૦] પૈસા—નાણું રાખવાનું ઠામ;
ખજાનો. ૨ દુકાનદાર જે પેટીના ઢાંકણામાંના
બાકાંમાથી પૈસા—નાણું અન્દર નાખે છે તે.
ગવન, ન૦ [સં૦ ગમન] જવું તે; ગતિ; ચાલ. ૨
[અ૦] સુતરઉ બારીક છાપેલું લુગડું—સ્ત્રિયોને
પેરવાનું. [નારો અમલદાર.
ગવરનર, પુ૦ [અ૦] રાજા—રાણીની વતીનો તે-
ના પરમુલકી સંસ્થાનમાં રાજકારભાર ચલાવ-
ગવરનર જનરલ, પુ૦ [અ૦] મુખ્ય ગવરનર.
ગવાડવું, ક્રિ૦ સ૦ કોઈ ગાય તેમ કરવું.

ગવાનિક-નેક, ન૦ જમતાં પેહેલાં ગાયને માટે જૂદું કાહાડેલું જે રાંધેલું અન્ન તે. ૨ એકઠાં કરી નાખેલાં ભાત દાળ શાક વગેરે તે.

ગવાર, સ્ત્રી૦ પુ૦ એક જાતનો છોડ અથવા એને જે સીંગ થાય છે તે; ગુવાર. ૨ એ છોડના પાંદડાં—એ ઢોરને ખવાડવામાં આવે છે.

ગવાવું, ક્રિ૦ અ૦ ચરચાવું; ફજેત થવું; બેઆબરુ થવું; ગામમાં નઠારી વાત ચાલે તેવું થવું. તે તો આજકાલ ગામમાં ખૂબ ગવાય છે.

ગવાળો, પુ૦ ભેળભેળ થઈ ગયલો સામાન. ૨ ઓછાડના આકારનો, સ્ત્રીના કપડાં વગેરે સામાન રાખવાનો જે લુગડાંનો કોથળો તે. 'ઘેલીનાં ગવાળો' એ કેહેવત.

ગવૈયો, પુ૦ ગાયન કરનારો; ગાનારો.

ગસેડવું, ઘસડવું.

ગહન, વિ૦ [સં૦] જવા—પોંચવા—સમજવાને અઘરું. ગહન ગતિ—ઊંડી પોંચ; અથાક બુદ્ધિ; સમજવી ઘણી અઘરી એવી કળા—જુગતિ (ઈશ્વરની). ૨ ઘુંચી—ઊંડી ગતિ.

ગહું, ઘઉં.

ગહુંલો, ઘઉંલો. [ડો તે; ગુફા.

ગહ્વર, ન૦ [સં૦] પાડની અન્દર જે બખોલ—ખાગળ, ગલ.

ગળકો, પુ૦ ચાખેલી મીઠી વસ્તુનો મોડાંમાં રહી ગયલો સ્વાદ અથવા તેને પાછો તાજો કરવાની જે ખન્ત તે. ૨ રુચિ; ભાવ; સ્વાદ.

ગળગળવું, ક્રિ૦ અ૦ ગળગળું થવું; ગગળીજવું.

ગળગળું, વિ૦ ચિકણા પ્રવાહીથી નિગળતું (ગળગળતો કનસાર). ૨ પાણી પાણી જેવું; હેઠું પિગળી ગયું હોય તેવું; નરમ. ૨ દીન; ગરીબ (તે ગળગળો થઈ ગયો). ૩ છાતી ભરાઈ આવેથી નિકળે તે; રડતો (ગળગળો સ્વર).

ગળગોટિયો-ટડો, વિ૦ ગોળ; ગોળ આકાર.

ગળચકું, ગચકડું.

ગળચટું, વિ૦ જરાક ગળ્યું—મીઠું હોય તેવું.

ગળચવો, પુ૦ પુરુષને ગળે ઘાલવાનું સોનાંના તારનું ગુંથેલું બેસતું જે ઘરેણું તે; દોરો.

ગળચિયું, ન૦ ડુબતાં પેટમાં પાણી જવું તે. ૨ ડુબતાં માણસનું ઉપર નીચે આવવું જવું તે.

ગળચી, સ્ત્રી૦ ગળાંનો પાછલો ભાગ; ડોકી; ગરદન.

ગળણી, ગરણી.

ગળત કોડ, પુ૦ [સં૦ ગલ કુષ્ઠ] એક જાતનો રોગ—શરીરની ચામડી ફદફદીને સફેત થઈ જાય તે.

ગળતી, સ્ત્રી૦ જેમાંથી ટીપે ટીપે પાણી ગળ્યાં—પડ્યાં કરે તે ઘડો (મહાદેવના ઉપર ટાંગી રાખેલો હોયછે).

ગળથુથી, ગલહુતી. [ઈ.

ગળધાઈ, સ્ત્રી૦ અજીરણને લીધે અરકાડથી અથવા એમને એમ ગળાંમાં જે બળતરા થાય તે; ગધા-

ગળપટો, પુ૦ ગળે બાંધવાનો પટો.

ગળપણ, ન૦ ગળ્યો સ્વાદ આપે તેવું કંઈ (ગોળ ખાંડ વગેરે). ૨ ગળ્યો સ્વાદ.

ગળફો, પુ૦ દમ વગેરેના આજારથી ઉધરસ ખાતાં મોડાંમાંથી જે જાડો ચિકણો પદાર્થ બળાત્કારે બાર નિકળે તે; બળખો.

ગળમાણું-વાણું, ન૦ ઘઉંના લોટને સેકીને તેમાં ગોળ—ખાંડનું પાણી અથવા દૂધ રેડી ખૂબ ઉકાળ્યાથી જે ખાવાનો પદાર્થ બને છે તે.

ગળવું, ક્રિ૦ અ૦ વાસણ—ઠામમાંના પ્રવાહી પદાર્થનું કાંણાંમાંથી ધીમે ધીમે બાર નિકળી આવવું; છાપરાંપરના વરસાદના પાણીનું કાંણાંવાટે ઘરમાં આવવું; ચુવું. (વાસણ, છાપરું ગળેછે). ૨ ફળનું પાકવાની તૈયારીપર આવવું—પાકીને મિઠાસવાળું થવું (આંબા હવે ગળવામાંડ્યા છે). ૩ સાકેર મીઠું વગેરે પદાર્થોનું હવા પાણી લાગ્યાથી પાણી રૂપ થઈ જવું; ઓગળી જવું. ૪ ફરું બફાઈને એક થવું.—આજની દાળ પુરી ગળી નથી. ૫ ધાતુનું અગ્નિથી રસ રૂપ થવું. (હજુ સોનું ગળ્યું નથી). ૬ શુદ્ધ થવું; મળરહિત થવું. ૭ રમકમ જતો રેહેવો; ગળાઈ—તવાઈ જવું. ૮ દૂર જતું રેહેવું; ખરવું; નાશ થવો.—તેના શત્રુ સરવે ગળ્યા.

ગળવું, ક્રિ૦ સ૦ કોઈપણ વસ્તુને ગળાંની વાટે એકદમ પેટમાં ઉતારી દેવી. ૨ કપડાં—કાગળની અથવા કાંણાંવાળાં વાસણની મારફતે પ્રવાહી પદાર્થને બીજા વાસણમાં શુદ્ધ કરી આણવું; ગાળવું. (ગોળીમાં પાણી ગળ—ગાળ).

ગળહુતી, ગલહુતી. [તું થવું.

ગળાવું, ક્રિ૦ અ૦ નક્કર ધાતુનું અગ્નિથી રસરૂપ થવું. ૨ સુકાઈને નિર્માલ થઈ જવું. તે શરીરે બહુ ગળાયો. ૩ ગાળ્યું હોય—ગાળી શકાયું હોય તે-

ગળિયારો, પુ૦ ગળીથી કપડાં સુતર વગેરે રંગનારો.

ગળિયેર, વિ૦ ગળી વાળું. ૨ ગળીના રંગનું; નીલું.

ગળિયો, પુ૰ કાંટાનો જથો—ઉપાડો. ૨ કાદવ—કચરાનો પિણ્ડો. કુંભારે ચાકપર ગળિયો ચડાવ્યો. વિ૰ ગાડાએ જોડી ચલાવતાં બેસી જાય તેવો—(બળદ).

ગળી, સ્ત્રી૰ એક જાતનો છોડ અથવા એનાં પાંદડાંનો રસ. એમાંથી પેગ આસમાની રઙ્ગ પેદા થાયછે. ગળીના છોડવાનાં પાંતરાંને અને ડાંખળીઓને પેલે તો પાણીમાં કુબાડી રાખેછે—જ્યાં સુધી તેની અન્દરનો કુમળો ગર બાર આવેછે ત્યાં સુધી અને પછી તે જાડાં પાણીને હલાવ્યાંજ કરેછે એટલે રઙ્ગ બન્ધાઈને ગાંગડા આકારે થઈ જાય છે. ૨ અવાજ; કણ્ઠ; હલક; ગળું. તે ગાનારની ગળી મારીછે. ૩ ગળી ખાવી-નાખવી, અફીણ વગેરેના નશામાં તેજી મન્દી ઉપર અમુક રકમ લેવાની અમુક રીતની સરત મારવી. ગળીજવું, ગળે ઉતારી દેવું. ૨ ખામોશ ખાઈ જવી.

ગળું, ન૰ [સં૰ ગલ] બે ખભાની વચમાંનો ભાગ જેની ઉપર મોઢું છે અને જેની અન્દર મોંયથી હવા જવાની અને ખોરાક ઉતરવાની નળિયો છે તે; કણ્ઠ; ડોક. ૨ ગળાંમાંથી નિકળતો સાદ—અવાજ. ગળું પડવું—ઘણું રડવાથી, ઊંચેથી પડવાથી અથવા ગરમીથી બાળક છોકરાંનાં ગળાંમાંનો કાકડો—ગળાંની બારીનો પડદો લુલો થઈ આડો ખસીજવો—જેથી બચ્ચાંથી રડાતું નથી. ગળેપડવું—તોહોમત મુકવું; આળ ચડાવવું. ૨ કોઈ કામ કરાવી લેવાને કાલાવાલાથી—ઘણાથી જોર જુલમ—બળાત્કાર કરવો. ૩ બથાવી પડવું; પારકું તે પોતાનું છે એમ દાવો કરવો. ગળે ઘાલવું—કોઈ બીજાને સોંપવું; જવાબદારી કોઈ બીજાને માથે નાંખવી. ૨ હાથે કરી ગળામાં ઘાલ મારવું. ગળાં કાપુ—વિશ્વાસ ઘાતકરનાર; ઠગ.

ગળેપડુ, પુ૰ પારકું પોતાનું કઈ દાવો કરનાર; બથાવી પડનાર. ૨ આળ ચડાવનાર. 'ગળેપડુ ગોકળદાસ'.

ગળો, સ્ત્રી૰ એક જાતની ઔષધિ.

ગળ્યું, વિ૰ સાકર ગોળ ખાંડ મધ વગેરેના સ્વાદ જેવું મીઠું. ૨ પાકીને તૈયાર થયલું; મિઠાસવાળું-કેરી ગળી છે ખાટી નથી.

ગાંગડી, સ્ત્રી૰ નાનો ગાંગડો.

ગાંગડુ, વિ૰ ન બફાય—ચડે તેવું (કઠોળના દાણા).

ગાંગડો, પુ૰ હરેક નક્કર—સુકાયલી વસ્તુનો ગોળ નાનો કકડો. સાકર—ગોળનો ગાંગડો.

ગાંગાંતલ્લાં, ન૰ જરા વારમાં હા ને જરા વારમાં ના કેવી તે; આનાકાની; બ્હાનાં.

ગાંગો, પુ૰ તેલ દિવેલ વગેરે સામાન, ટોપલામાં ઘાલી, તે માથે મુકી વેચનારો—(ઘણું કરીને ઘાંચી).

ગાંજવું, ક્રિ૰ સ૰ છેતરવું; ઠગવું. ૨ ઉપર હાથ મારી જવો; હરાવવું.

ગાંજાખોર, પુ૰ ગાંજો ફુંકનારો.

ગાંજો, પુ૰ એક જાતનો ભાંગના જેવો છોડ અથવા તેની જે કળી તે. એ બિજાતી નથી ને એની અન્દર બિયાં પણ કોઈ કોઈજ હોય છે.

ગાંઠ, સ્ત્રી૰ [સં૰ ગ્રન્થિ] દોરી, કસ, રુમાલ વગેરેનું એક છેડેથી ચકરડું વાળી તેમાં તે છેડો મુકી ખેંચેથી જે જાડું બન્ધન થાય તે. ૨ ઝાડને જ્યાંથી ડાળા ફુટે તે ઠેકાણું. ૩ લાકડાંના મૂળનો—ભમરાવાળો એકાદો ભાગ તે. ૪ મનમાં જે આડું આવી જવું તે; અણ્ટસ; આંટી; દુશ્મનાઈ બન્ધાઈ રેવી તે; વેર; કીનો. ગાંઠ બાંધવી—વાળવી એટલે અણ્ટસ રાખવો. ૫ સ્મરણ રાખવું. ૬ શરીરમાં રોગ વગેરેથી લોહીનું એક ઠેકાણે બન્ધાઈ જઈ ગોળા થઈ રેવી તે. (પેટમાં ગાંઠ, ગળે ગાંઠ). ૭ પોતાની જાત—સોડ; પોતાનો કબજો. (ગરથ તે ગાંઠે). ગાંઠનું—પોતીકું—જાતનું. ૮ સમ્પ; એકો. તે બેની એક ગાંઠ છે.

ગાંઠડી, ગાંસડી. [ગઠડાવું તે.

ગાંઠણ, ન૰ જ્યાં બે તાર સાથે જોડાયલા હોય તે;

ગાંઠવું, ક્રિ૰ સ૰ દોરી દોરડાં ધાતુના તાર વગેરેને એક બીજા સાથે ગાંઠવાળી સાંધવા; એક બિજાસાથે ગણકાઈ રે તેમ કરવું; ગુંથવું. ૨ તાબે રઈને હુકમ માનવો; બદવું; પત કરવું; લેખવવું.

ગાંઠિયો, પુ૰ સુકવેલી આખી હળદનો ગાંઠ્યો કકડો. ૨ ચણાના લોટની તળાઈને બનેલી એક જાતની ખાવાની વસ્તુ.

ગાંઠો, પુ૰ ગાંઠ (૨ જા ને ૩ જા અર્થમાં); ચીજનો કઠણ ભાગ—વાંસ, સેરડીનો.

ગાંડ, સ્ત્રી૰ [સં૰ ગુદા] શરીરની પાછળનાં જે દ્વારમાંથી મળ—નરક—બહાર બાર નિકળેછે તે; અપદ્વાર. ૨ ચપટું તળિયું (આ હડિયાને ગાંડ નથી). 'ગાંડપર હાથ મુકવો' એટલે બેફિકરાં—નચિન્ત—બેદરકાર રેવું. 'ગાંડપર હાથ ને જગજાય' એમ કેવાયછે. 'ગાંડમાં ભરાવું' એટલે

ખુશામત કરવી; પાછળ પાછળ ભટક્યાં કરવું; ખુશામતથી વ્હાલાં થવું. 'ગાંડ આંગળી કરવી' એટલે છેડયાં કરવું; અડક્યાં કરવું. ૩ મુજાક કર્યાં કરવી; ચિડવવું. 'ગાંડ ચાલવી' એટલે ઝાડો લાગવો; ઘણીવાર ઝાડે ફરવું.

ગાંડગમથ્યાં, ન૦ મરડાટ; ચાતુરગી; આનાકાની.

ગાંડાઇ, સ્ત્રી૦ ગાંડાપણું; ઘેલાઈ.

ગાંડિયું, વિ૦ ગાં; ઘેલું.

ગાંડું, વિ૦ બુદ્ધિમાં બગાડ થયો હોય તેવું; ભેજું ખસેલું; ડાગળી ચસકેલી—પાંસળી ખસેલી હોય તેવું; ચળેલું; ચળી ગયલું; ઘેલું; દિવાનું; શાડીત્રણપાંસળી. 'ગાંડા આગળ ગાંડ ધરી તો કુવાડીનો ઘા'. ૨ બેવકુફી ભરેલું; ગેર ફાયદો થાય તેવું (કામ). [બે લાત પીઠે બાત'.

ગાંડો, પુ૦ ઘેલો બેવકુફ પુરૂષ. 'ગાંડી ગુજરાત આ-

ગાંદરું, ન૦ ગામના ઝાંપા આગળની અથવા એથી થોડીક દૂરની જે જગા તે—જ્યાં ઢોર ઊભાં રેતાં હોય તે.

ગાંદરો, પુ૦ ગાંદરું. [નારો.

ગાંધી, પુ૦ કરિયાણું—વસાણા—ઓસડિયાં, વેચ-

ગાંધીવડું, ન૦ ગાંધીનો જે ધન્ધો તે. ૨ થોડું થોડું પણ બનીયે જાતનું જ્ઞાન હોવું તે.

ગાંયજો, પુ૦ હજામ; વાળન્દ.

ગાંસડી, સ્ત્રી૦ અનાજ વગેરે એકાદાં કપડાંમાં બાંધેલું હોય તે. ૨ લુગડાંને એકઠાં સાથે બાંધી રાખેલાં હોય તે. ૩ રૂનો કેટલોક જથ્થો એકઠો કરી જાડાં તાપડાં કંતાન વગેરેથી મજબુત બાંધી રાખેલો તે. ૪ વૃષણ. (તેની ગાંસડી વધી છે). ૫ દફ્તો; પૂંજી. તેને તો તેનો બાપ ગાંસડી મુકી ગયો છે) ગાંસડીપોટલી. [નો ગાંસડો.

ગાંસડો, પુ૦ મોટી ગાંસડી. લુગડાંલત્તાં—સામાન-

ગાઉ, પુ૦ અન્તર—છેટું—લમ્બાઈનું એક માપ; કોસ; દોઢ અથવા પોણાબે મૈલ.

ગાગર-ગાગેર, સ્ત્રી૦ [સં૦ ગર્ગરી] સાંકડાં મોડાંનું માટી તાંબા પિત્તળ વગેરેનું પાણી ભરવાનું જે ગોળ વાસણ તે.

ગાગેરડી, સ્ત્રી૦ નાની ગાગર. [પડું.

ગાજ, પુ૦ [અ૦] નેટની જાતનું ઝીણું સુતરાઉ ક-

ગાજર, પુ૦ એક જાતનો છોડ તથા તેનો કાંદો. 'ગાજરની પીપી વાગી ત્યાંસુધી વાગી ને નહિ તો પછી કરડી ખાધી'.

ગાજરિયો, પુ૦ એક ઉભો ને એક આડો એવા ત્રિસુળ આકારનો જે કપાળે ટીલો તે. વેવાઈને ગાજરિયો કરે.

ગાજવીજ, ગગડાટ અને વિજળી.

ગાજવું, ક્રિ૦ અ૦ ગરજના કરવી; આકાશમાં ગડગડ અવાજ થવો. ૨ મોટી બુમ પાડવી; ત્રુકકું.—વાઘસિંહે. ૩ મોટું નામ કરવું. [ડવૈયો સ્વાર.

ગાજીમરદ, પુ૦ બાહાદુર લડવૈયો; પેહેલવાન; લ-

ગાઢું, વિ૦ ધસાયલું; નબળું પડીગયલું. ૨ હારેલું.

ગાડદી, પુ૦ [અ૦] કિલ્લા, કોટ વગેરેની રખેવાળી કરનારો લશકરી સિપાઈ.

ગાડર, ન૦ ઘેટાં; મેંઢાં. [પ તે.

ગાડરિયોપ્રવાહ, પુ૦ ગાડરની પેઠે એકે કર્યું તેમ બીજાએ કરવું એવી જે રીત તે—એવો જે ન્યા-

ગાડરું, ન૦ ઘેટું; મેંઢું. [કરીને મુકવું.

ગાડવું, ક્રિ૦ સ૦ દાટવું; જમીનની અન્દર ખાડો

ગાડવો ઢવો, ઘાડવો.

ગાડિયું, ન૦ જે ચાર પૈડાંની નાની ગાડી ઉપર તોપ ખેંચવામાં આવેછે તે.

ગાડી, સ્ત્રી૦ જેમાં બેસીને દૂર જવાયછે તે વાહન. ગાડીએ બળદ ને ઘોડા જોડાયછે. ગાડીને બે અથવા ચાર પૈડાં હોયછે. રેંકળો, દમણી, ચારડ, બગી, સગરામ, ફાઈટન, ટ્રામ વગેરે જાતની ગાડીયો હોયછે. ગાડી—ગાડાંનો હાંકનાર તે ગાડીવાન. 'ગાડાતળે કુતરું ચાલે તે જાણે હું જ ભાર તાણું છઉં'. [ડી તે.

ગાડું, ન૦ માલ—ભરવાની જે મોટી બળદની ગા-

ગાઢ, વિ૦ [સં૦] ભર; ભારી; ઘોર; ઘણીજ (ઊંઘ). ૨ ઘોર; ઘણુંજ. (અન્ધારું). ૩ અતિશય; છેકજ; જરાપણ પડદો ખુલેલો નહિ તેવું. (અજ્ઞાન).

ગાઢું, વિ૦ ઘાડું.

ગાણું, ગાયન.

ગાતડી, સ્ત્રી૦ ઓઢણું ઓડી—વિટાળી છાતીપર ગાંઠ વાળવી તે. (સ્ત્રીયે).

ગાત્ર, ન૦ [સં૦] શરીરના સાંધા—સ્નાયુ (તેનાં ગાત્ર શિથિલ થઈ ગયાંછે). [—વારતા તે.

ગાથા, સ્ત્રી૦ [સં૦] એક તરેહની કવિતા. ૨ કવિતામાં અથવા સાદી ઈબારતમાં લખેલી જે કાણી

ગાદલું, ન૦ એક જણાથી બેસાય તેવું અન્દર રૂ કાંથી ભરેલું ચામડાનું અથવા કપડાનું જે નાનું

બેસવાનું તે. ૨ ગોદડું.

ગાદી, સ્ત્રી૦ ઊંચી બેઠક; દળદાર બિછાનું. ૨ આસન; પાટ; તખ્ત; સિંહાસન.

ગાન નું, ગાયન. [બેખબર.

ગાફેલ, વિ૦ [આ૦] ગફલત કરનાર; અસાવધ;

ગાબડી, સ્ત્રી૦ ભીંત પાટિયાં વગેરેમાં પડેલું જે કાણું તે. ૨ તે કાણું જેથી પુરાયું હોય તે. ૩ સિક્કા ઉપરનું કપતરું ઉખડાયેલથી જે આછો ખાડો પડી રહ્યો હોય તે (ગાબડીદાર રૂપિયો). ૪ એકાએક ગેરહાજર થઈ રેહેવું તે અથવા ખાનું કાઢીને જતું રેહેવું તે (તે ગાબડી મારી ગયો).

ગાબડું, ન૦ ગાબડી (૧લા રજા ને ૪થા અર્થમાં). ધૂળનું ગાબડું નિકળી ગયુંછે તે પાછું મારી એમાં (૧લો ને ૨ જો અર્થ આવી જાયછે). ૨ ખોટ; નુકસાન. ખાડો. તેનું એ (કરજ સમ્બન્ધી) ગાબડું પુરાવું મુશ્કેલ છે.

ગાભ, ગરભ. (ગાભ એ શબ્દ ઘણુંકરીને પશુની માદાનેજ લગાડવામાં આવે છે).

ગાભણી, સ્ત્રી૦ ગાભ—ગરભવાળી. (પશુની માદા).

ગાભરું, વિ૦ અકળાયેલું; ગૂંચવાયેલું; ચિત્ત સ્વસ્થ નહિ તેવું. ગાભરાં—રું પડવું એટલે બાવરાં થવું.

ગાભલું, ન૦ પિંજેલા રૂનો જે ગોટો તે. ૨ વાદળ જેવું તે. [ટાતુટા કાગળ વગેરે તે.

ગાભાચુંથા, પુ૦ ફાટેલાં તુટેલાં કપડાંના કકડા; ફા-

ગાભો, પુ૦ પાઘડીની અન્દર લુગડાંનો જે લાંબો ફાટેલુટો અથવા આખો કકડો વિટાળવામાં આવે છે તે. ૨ પાઘડીમાં જે ગાભાચુંથા ડાબી ઘાલવામાં આવેછે તે. ૩ પોલાં કલ્લાં હાંસડી વગેરે ઘરેણાંની અન્દર તાંબા પિત્તળની જે સળી મુકવામાં આવેછે તે. ૪ લાકડાં—ઝાડની અન્દરનો જે પોચો ભાગ તે; ગર.

ગામ, ન૦ [સં૦ ગ્રામ] જ્યાં કેટલાંક ઘરો અને થોડી ઘણી વસતી હોય તે ઠેકાણું. ગામડું, ગામ, કસબો, શેહેર, પરગણું, પ્રાન્ત, દેશ એમ ચડતો અનુક્રમ છે. 'ગામમાં પેસવાના સાંસાં ને પટેલને ઘેર ઊનાં પાણી,' 'ગામ વચ્ચે રહીને પોતાનું ઘર ન બળાય', 'ગામ ગયું સુતું જાણે' એ કેહેવતો.

ગામઠી, વિ૦ ગામડાં સમ્બન્ધી. ૨ સ્વદેશ સમ્બન્ધી; જ્યાં જન્મ—ઉત્પત્તિ હોય તે ઠેકાણાં સમ્બન્ધી; દેશી. ગામઠી નિશાળ—સરકારની મદદથી નહિ પણ લોકનાજ આસરાથી ચાલતી અને નામું તથા હિસાબ એટલુંજ શિખવવામાં આવતું હોય તે. ગામઠી વાણું વગેરે એટલે આ દેશની કારીગરીનું—ગામઠી ને વિલાતી.

ગામડિયું, વિ૦ ગામડામાં ચાલેલી રીત પ્રમાણે હોય તેવું; શેહેરી—સુધરેલું નહિ તેવું; જંગલી.

ગામડિયો, પુ૦ ગામડાનો જે રેનાર તે. ૨ શેહેરી લોકની રીત ભાત ન જાણનારો; જંગલી.

ગામડું, ન૦ નાનું ગામ. 'ગામડે ભેંસ ને ઘેર ઝડકા'.

ગામવળો, પુ૦ ગામથી જુદાં પડવું તે; ગામ—દેશનો જે વિયોગ તે. [વનારો બ્રાહ્મણ.

ગામોટ, પુ૦ ગામડાંના લોકને શુભાશુભ કર્મ કરા-

ગામોટું, ન૦ ગામમાં વસનારા લોકોના ગોર થઈ ગામ, લોક સમ્બન્ધી જે કામ કાજ કરવાં ને શુભાશુભ કર્મ કરાવવાં તે; ગામોટનો જે ધન્ધો તે.

ગામોતરુ, પુ૦ ગામનો બારવટિયો.

ગામ્ભીર્ય, ન૦ [સં૦] ગમ્ભીરપણું.

ગાય, સ્ત્રી૦ [સં૦ ગો, ગૌ] એક જાતના વાગોળનારાં ચોપગાં પશુની માદા. ગાય ને ગોધો—બળદ એમ કેવાયછે. ગાય દૂધ આપેછે; ગાયનાં છાણ મૂતર આપણાંમાં પવિત્ર ગણાયછે. શાલસ—ગરીબ સ્વભાવ વિષે બોલતાં ગાયનો દાખલો આપવામાં આવેછે—તે બચારો ગાય જેવો ગરીબ છે. "ગાયે ગળ્યું રતન" "ગાયને દોહીને ગધેડાને પાવું" "ગાય વાળે તે ગોવાળ" એ કેહેવતો.

ગાયક, પુ૦ ગાનારો. ગાયકા—ગાનારી સ્ત્રી.

ગાયત્રી, સ્ત્રી૦ [સં૦] વેદમાંનો એક મન્ત્ર—એ મન્ત્રોપદેશથી બ્રાહ્મણ ક્ષત્રી ને વૈશ્યને નવો સંસ્કાર—જન્મ થયો ગણાય છે; જનોઈ દેવાયા પછી એ ત્રણ જાત એ મન્ત્રનો નિત્ય જપ કરવાને યોગ્ય થાયછે; એ મન્ત્ર એ ત્રણે જાતનું દૈવત છે. એ મન્ત્રને શક્તિ—દેવી રૂપે કલ્પી એની સ્તુતિ કરવામાં આવેછે. ૨ ચોવીસ અક્ષરનો એક છન્દ. એ છન્દનાં કોઈ વૃત્તમાં છછ છના ચાર ને કોઈમાં આઠ આઠ અક્ષરનાં ત્રણ ચરણ હોય છે—મન્ત્ર આ છે—ओम् तत्सवितुर्वरेण्यं । भर्गोदेवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ।

ગાયન, ન૦ [સં૦ ગૈ-ગાવું] ગાવું તે. ૨ ગાયલું તે; ગીત. ૩ ગાવાની વિદ્યા—કળા.

ગાર, સ્ત્રી૦ પાણી રેડી ઢીલું (લીપવા જેવું) કરેલું માટી સાથે ભેળેલું જે છાણ તે. વિ૦ ગાર જેવું. ૨ ઘણુંજ ઘણું. ઘણુંગાર કેવાય છે.

ગાર, પુ૦ [ફા૦] એ પ્રત્યય, કરનાર એવો અર્થ રાખેછે.-મદદગાર, ખિદમતગાર, જુલમગાર વગેરે.

ગારદી, પુ૦ [અ૦] ગાડદી; સાથે રેનાર—હજુરિયો સિપાઈ અથવા પાયદલની ટુકડી.

ગારિયું, ન૦ ગાર. ૨ રાંધેલું અન્ન રોટલી વગેરે ઉપર ઢાંકવાનું ટોપલાના આકારનું, કાદવ—માટીનું વગર પકવેલું જે બારે ઠામ તે.

ગારુડી, પુ૦ [સં૦ ગારુડિક] સાપને પકડી જાણનારો; સાપને પકડી તેની તથા બાજી હાથચાલાકીની તથા ઘણીક કસરતની રમત કરનારો; બાજીગર. ૨ એવી વિદ્યા-ધનતર મનતર જાણનારો.

ગારો, પુ૦ ગાર; માટીસાથે મેળેલું છાણ. ૨ પલાળી કોહાણેલું મટોડું; કોલ; કોહવડાવેલો ચુનો.

ગાલ, સ્ત્રી૦ તેજ વખતે સાથે જમવા બેઠેલી જે પંગત તે. 'હું તો બાજી ગાલે આવીશ.'

ગાલ, પુ૦ [સં૦ ગલ્લ] ચેહેરાની બાજુનો આંખથી નીચેનો જે ભાગ તે. [ખિણ્ડ.

ગાલી, સ્ત્રી૦ બે ડુંગરોની વચમાંની જે જગા તે;

ગાલીચો, પુ૦ [ફા૦] પાથરવાનું ઉનનું બિછાનું; ઉનની સેતરંજી.

ગાહ્લી, સ્ત્રી૦ ગાડી. ૨ તીસ મણનું એક માપ. તેણે સાત ગાહ્લી ઘઉં ભર્યા.

ગાહ્લું, ન૦ મોટું ગાડું; ખિજગાહ્લું.

ગાહ્લો, પુ૦ મોટા પાટલાના આકારની, નીચે ચાર પૈડાંવાળી, છોકરાંને રમવાની જે ગાડી તે.

ગાવડી, સ્ત્રી૦ ગાય. [ણસમજુક; મૂર્ખ.

ગાવદી, વિ૦ ગોજારું; ફુવડ; ગન્દું. ૨ જંગલી; અ-

ગાવું, ક્રિ૦ સ૦ કાનને સારું—મિઠું લાગે તેવો અવાજ કાડવો; રાગ કાડવો; અલાપવું. ૨ કવિતા બોલવી. ૩ કવિતામાં કોઈનાં વખાણ કરવાં. ૪ ઉપકાર વગેરે કર્યું હોય તે કહી બતાવવું. 'તે કંઈ કરશે તે વારેવારે ગાયા કરશે'.

ગાળ, સ્ત્રી૦ [સં૦ ગાલિ] ચીડચડે તેવું ભુંડું ભાષણ; મરમો મરચો; માબેન વગેરેને ખાતરવી તે. ગાળ આવી—દેવી—ચોપડવી. ૨ કુવામાંનો કચરો.

ગાળવું, ક્રિ૦ સ૦ કુવા વગેરેમાં બન્ધ થઈ ગયલાં ઝરણને પાછાં ચાલતાં કરવાસારુ તેમાંથી કચરો કાડવો. ૨ સોનું રુપું વગેરે ધાતુને અગ્નીથી રસ રુપ કરવી. ૩ જીવજન્ત કચરો વગેરે દૂર કરવાસારુ કપડાંની મારફતે એક વાસણમાંથી બીજાં વાસણમાં પાણી વગેરેને રેડવું. ૪ હાંણાંવાળાં વાડકાં વગેરેની મારફતે ઘી વગેરે શુદ્ધ કરવું. ૫ રુના પોળિયાંમાં અથીણ બિજની તેનો રસ કાડી તેને (કસુંબો બનાવવાસારુ) બનાતનાં કકડામાં રેડવો. ૬ ચન્તા વગેરેથી શરીર અશક્ત—પાતળું કરી નાખવું. ૭ વખત કાડવો—ગુજારવો. તેણે તેની પાછળ ચાર કલાક ગાળ્યા. 'તે શું કરવા પોતાનો વખત ગાળી નાખે છે?'. કેવત—'એ કંઈ સેંજ માને તેવો નથી, સાત ગરણે ગાળીને પીએ તેવો છે'.

ગાળિયું, ન૦ છાસને કપડાંની ઝોળીમાં રેડ્યા પછી માંયથી બધું પાણી નિકળી જઈ રહેલો જે દહીં જેવો પદાર્થ તે. ૨ કામ કરતાં વચમાંથી જતું રેવું તે. ૩ વાછરડાં પાડાં વગેરેના ડોકમાં ઘાલવાનો દોરડાંનો ગાળો તે.

ગાળું, ન૦ વચમાંનો વખત.

ગાળો, પુ૦ બૈરાંઓને પેરવાનું એક જાતનું રેશમી અથવા સુતરાઉ કપડું. ૨ બત્તી દિવેટ કરવાને લાપેકનું પિંજેલું જે રુ તે. ૩ દલાલને જે ભાવે રુ વગેરે ખરીદ કરવાનું કહ્યું હોય તે ભાવ કરતાં દલાલ જો ઓછે ભાવે ખરીદી કરી શકે તો લેનારનો કહેલો ભાવ બન્ને ઠેકાણે મળ્ડાવી ભાવમાં જેટલો ફેર હોય તેટલાનો જે નફો વચમાં પોતે દલાલ લઈ ખાઈ જાય તે; ફેર; વટાવ. ૪ આખા ઘરના લાગ્યા ને લાગ્યા જે બાગો તેમાંનો એકેકો. (ઘરનો વચલો ગાળો). ૫ વચમાંનો અન્તર—(બે સ્થળ—સમયનો); મોહોસમ; ઋત—(કેરી—લગન ગાળો). ૬ ફાંસો (દોરડાંનો ગાળો).

ગિગલાવું, ક્રિ૦ અ૦ ગભરાવું.

ગિચોગીચ, વિ૦ સંકુડાઈ ગયલું; છેક પાસ પાસે આવી રહેલું; ભિડાઈ ગયલું. [ધાથી).

ગિડુડ, વિ૦ આળસુ; સુસ્ત; પડી રેનાર (ઘણું ખા-

ગિદ્દો, પુ૦ ઘા (એકના ફરતા ભમરડા ઉપર બીજાએ પોતાનો ભમરડો મારવો તે). ૨ જોરથી હડસેલો—ધક્કો મારવો તે.

ગિની, સ્ત્રી૦ [અ૦] ઇંગલણ્ડ દેશનો ચલણી સુનાનો શિક્કો. (૧૦ રુપિયાનો).

ગિબત, સ્ત્રી૦ [આ૦] આળ; તોહોમત; નિન્દા; ગિલ્લો. ૨ ચાડી.

ગિબવું, ક્રિ૦ સ૦ મુક્કીથી માર મારવો; ધિબોવવું.

ગિબોગીબ, અ૦ ઉપરા ઉપરી મુક્કો પડ્યાં કરે તેમ.

ગિબ્બો, પુ૦ મુક્કાનો જે માર તે.
ગિરદ, સ્ત્રી૦ [ફા૦] ધૂળ; રજ. ૨ હવામાં ધૂળની જે ફરો ઉડે તે.
ગિરદી, સ્ત્રી૦ ગરદી. [કચરો તે.
ગિરદો, પુ૦ પછવાડેથી રહેલો અથવા તળે બેઠેલો જે
ગિરનારા, પુ૦ બ્રાહ્મણની એક જાત. (ગિરનારપર્વતની તળેટીમાં પ્રથમ એ બ્રાહ્મણો રહેલા તે ઉપરથી).
ગિરફતાર, વિ૦ [ફા૦] પકડાઈ—ગુંથાઈ ગયલું; ફુંદી—મચી રહ્યું.
ગિરફતારી, સ્ત્રી૦ ગિરફતાર એવી જે હાલત તે.
ગિરવી, વિ૦ ઘરેણે આપેલું—લિખેલું હોય તેવું.
ગિરા, સ્ત્રી૦ [સં૦] વાણી; વાક્સરસ્વતિ.
ગિરિ, પુ૦ [સં૦] પાડ; ડુંગર; પર્વત.
ગિરેબાજ, ન૦ એકજાતનું ગુલાંટ ખાનાર કબુતર.
ગિરેબાન, પુ૦ [ફા૦] પોશાકનો જેટલો જે ભાગ ડોક ગરદનને ઢાંકતો હોય તેટલો તે.
ગિરોખત, ન૦ ઘરેણે મુકવાનું જે ખત તે.
ગિલતાન, સ્ત્રી૦ પુ૦ મોભ વગેરેને ત્રીસુળ આકારનો જે ટેકો તે.
ગિલિ, સ્ત્રી૦ શરીરની કુમળી ચામડીઉપર થોડે જોરે પણ ઉતાવળી આંગળીયો ફેરવ્યાં કરેથી જે ચળવળાટ થાય તે. ૨ વેંત અથવા વેંતથી ઓછો એવો લાકડાનો કકડો જેને દણ્ડાની મારફતે દૂર ફેંકવામાં આવેછે તે.
ગિલિગિલિ-પચી, ગિલિ (૧ લા અર્થમાં).
ગિલ્લી, સ્ત્રી૦ ગિલિ (૨ જા અર્થમાં). ૨ કંઈ પણ દરદને લીધે તેની પાસે લામ્બો ગિલિ જેવો જે કઠણ સોજો ભરાઈ આવે તે; વેળ. [વાયછે.
ગિલ્લો, પુ૦ [ફા૦] કોઈને વિષે આબરુ જાય તેવી ખોટી બૂમ ઉરાડવી—ઉડવી તે; આળ; તોહમત; જુઠી ફરિયાદ ઉઠાવવી—ઉઠવી તે; ગીબત; નિન્દા. 'તેના ગિલ્લા ગણાય છે'. 'તેણે તેના ગિલ્લા ઉડાવ્યા'. ગિલ્લા ગણવા—કરવા પણ કે-
ગિસોડાં, ન૦ તુરિયાં.
ગીચ, વિ૦ પાસે પાસે અડુંડાઈને આવેલું—ભરાયલું હોય તેવું. ૨ ભીડવાળું. [યછે તે.
ગીત, ન૦ [સં૦] રાગમાં ગવાય તેવાં પદનો સમૂહ. ૨ બૈરાંઓ જે ગરબા, ધોળ વગેરે ગાયછે તે; લગન વગેરેમાં ગરબીવગરનાં જે ગા-
ગીતા, સ્ત્રી૦ [સં૦] જેમાં જ્ઞાનબોધ હોય તેવું સંવાદરૂપ કવિતાનું પુસ્તક.—ભગવદ્ગીતા, શિવગીતા, અષ્ટગીતા, અર્જુનગીતા ઈ૦. ૨ ભગવદ્ગીતા.
ગીતિ, સ્ત્રી૦ [સં૦] આર્યા છન્દનો એક ભેદ.—એમાં પૂર્વાર્ધ ને ઉત્તરાર્ધ એવાં બેજ ચરણ હોયછે ને એકેકામાં ૧૨, ૧૮; ૧૨, ૧૮ એમ માત્રા હોય છે.
ગીદ, ગીધ.
ગીધ, ન૦ [સં૦ ગૃધ્ર] મડાં ખાનારાં, ધરાય નહિ તેવાં મોટાં પક્ષીયોની એક જાત—એઓને મોટી ને જબરી ચાંચ, ચપટાં નખોરાં, પીછાં વગરનું માથું અને ગરદનની નીચે લામ્બાં પીછાંનો કાંઠલો હોયછે. [અપભ્રંશ ગર.
ગીર, [ગિરિઉપરથી] ગોસાંઈની એક જાત. એનો
ગીર, [ફા૦] ફારસી ભાષાનો એક પ્રત્યય છે—એ, શબ્દની પછવાડે મુકવાથી ધરી લેનાર, રાખનાર, જોનાર એવો અર્થ રાખેછે.—દસ્તગીર—હાથ ઝાલી રાખનાર; તમાસગીર—તમાસો જોનાર; દલગીર—જેનું દીલ શોક વગેરે કારણથી મરડકોડાઈ ગયલું હોય તે, વગેરે.
ગીર્શિ-શૈ, વિ૦ ગિરવી. [તેનું.
ગીશેનું, વિ૦ પોતીનું; પોતાનું; ગાંઠનું; પોતાના જ-
ગીર્વાણ, વિ૦ [સં૦] દેવ સમ્બન્ધી; ઈશ્વરી. ૨ સંસ્કૃત (ભાષા). [ય તેવું.
ગુંગણું, વિ૦ નાકમાંથી બોલતું; જેનું બોલવું સાફ સ્પષ્ટ નહિ પણ નાકની મારફતે ઉંઉં કરતું હો-
ગુંગળાવું, ક્રિ૦ અ૦ હવા બન્ધ થયેથી શ્વાસ ન લેવાય તેવી હાલતમાં હોવું. ૨ અકળાવું; ગભરાવું.
ગુંગું, ન૦ નાકનો ગુંગો.
ગુંગું, વિ૦ ગુંગણું. ૨ મૂંગું.
ગુંગો, પુ૦ નાકની મળનો બન્ધાઈ ગયલો પોપડો.
ગુંચવણ, ગુથવણ.
ગુંછળી, સ્ત્રી૦ દોરીની આડી અવળી આંટી.
ગુંછળું, ન૦ ગોળ આકારમાં વળેલું હોવું તે (સાપ, દોરડી વગેરેનું).
ગુંતાવું, ક્રિ૦ અ૦ હરકોઈ કામ કાજમાં રોકાવું.
ગુંથવું, ક્રિ૦ સ૦ [સં૦ ગ્રન્થન] એક દોરા—તારને બીજા સાથે, બીજાને ત્રીજા સાથે એમ જાુકતીથી મેળવી એક જાડો દોરો—તાર કરવો. ૨ એક દોરા—તાંતરાને બીજાની સાથે બીજાને ત્રીજાની સાથે એમ વળ દેતાં જઈ જાળી કરવી.
ગુંથાવું, ક્રિ૦ અ૦ કોઇ એ ગુંથેલું હોય તેવું થવું.—'દોરી—સેર—જાળી ગુંથાઈ છે'. ૨ ગુચવાણમાં

આવી પડવું; રોકાવું. [જે ચીકણો રસ તે.

ગુંદર, પુ૰ ઝાડની છાલમાં થઈને બ્હાર નિકળી આવતો અને પછી જાડો થઈ બંધાતો એવો

ગુંદરપાક, પુ૰ ગુંદરની સાથે મસાલો મેળવી તૈયાર કરેલો જે પુષ્ટિપાક તે. [વું; નરમઘેંસ કરવું.

ગુંદવું, ક્રિ૰ સ૰ મુઠી મુઠીએ ડાબી નરમ કરવું; કેળવવું. આટાના કણેક ગુંદવી. ૨ મારવું; ઠોક-

ગુંદી, સ્ત્રી૰ એક જાતનું ઝાડ.

ગુંદું, ન૰ ગુંદીના ઝાડનું જે ફળ તે.—અથાણાં કરવાના કામમાં આવેછે.

ગુ, ગૂ.

ગુખાડી, સ્ત્રી૰ જ્યાં નરક હોય અથવા જ્યાંથી નરક—ગન્દું પાણી જતું હોય તે ઠેકાણું.

ગુગળ, પુ૰ [સં૰ ગુગ્ગુલ] સુગન્ધ આપતો એક જાતનો ગુંદર.

ગુગળી, પુ૰ ગુજરાતી બ્રાહ્મણમાં એક જાત છે. —પ્રભુકરીને એ મન્દીરમાં પુજારી હોય છે. ૨ જેને હાથેથી છુટે નહિ અને જે પૈ પૈને માટે મેર ખાય તેવો પુરૂષ તે; બખીલ; કન્જુસ.

ગુગું, ગુંગણું. [રવી તે.

ગુચપુચ-છ, સ્ત્રી૰ છાની વાત; ધીમે સાદે વાત ક-

ગુચપુચ, અ૰ છાનાંગાનાં; છુપીરીતે; ગુપ્ત હોય તેમ.

ગુચવણ, સ્ત્રી૰ એક ચીજ—વિચારનું બહુ ચીજ-વિચાર સાથે ભેળસેળ થઈ રેહેવું તે; આંટી; પેચ; ગરબડ. ૨ ઉકેલ—ખુલાસો ન માલમપડે તેવું જે કંઈ તે.

ગુચવાડો, પુ૰ ગુચવણ. [ભરાવું.

ગુચવાવું, ક્રિ૰ અ૰ ગુચવણમાં આવવું; સેળભેળ થઈ જવું. ૨ સપડાઈ જવું; ગુથાઈ જવું. ૩ ગ-

ગુચ્છ, પુ૰ [સં૰] ગુચ્છો. (ફૂલ, કિનારી વગેરેનો).

ગુચ્છેદાર, વિ૰ ગુચ્છાવાળું.

ગુચ્છો, પુ૰ [સં૰ ગુચ્છ] ઝાડના મોર અથવા તુંનાં માંજરનો જે સમુદાય—જથ્થો તે; છેકજ પાસ પાસે ઉગીને ભેળો દેખાતો જે મોર તે. ૨ નિમાળા—વાળનો બ્હાર નિકળતો—શોભતો જે વળેલો જથ્થો તે. ૩ છેકજ પાસ પાસે ઉગીને ખિલેલી ફુલની કળીઓ.

ગુજણું, ન૰ ગુંજણું.

ગુજરવું, ક્રિ૰ અ૰ જવું; વહી જવું; ક્ષય થવો; વહવું (કાળ—વખત ગુજરવો). ૨ નાશ પામવું; મરીજવું; જીવ જવો. (તે ગુજર્યો—ગુજરી ગયો). ૩ બનવું; વિતવું; આવી પડવું.—(જોગ, બનાવ, આફત).

ગુજરાતી, વિ૰ [સં૰ ગુર્જરઃ—ગુજરાતદેશ] ગુજરાત સમ્બન્ધી; ગુજરાતમાં રેનાર (માણસ). ૨ ગુજરાતમાં બોલાતી (ભાષા). ૩ ગુજરાતમાં રેનાર લોક સમ્બન્ધી (રીતભાત). [જીવીએ તે.

ગુજરાન, ન૰ [ફ્રા૰] જીન્દગીનો નિભાવ—ટકાવ થવો તે; નિર્વાહ; ગુજારો. ૨ જેથી જિવાય—જીન્દગી સલામત રે તેવી ખોરાકી પોશાકીની જે ત-

ગુજરી, સ્ત્રી૰ સ્ત્રીને હાથે પેરવાનું એક પ્રકારનું ઘરેણું. ૨ પેહેર—કસબામાં સાંજ સવાર ભરાતો જે બજાર તે. ૩ ગુજરાત દેશની સ્ત્રી. "પીઠી કરે સહુ પદમની, ગુજરી સહુ ગોરી ગાય—સીતાજીનો સોહેળો".

ગુજરીજવું, ભૂતકાળનો વિચાર રાખતાં ગુજરવું એ શબ્દનો અર્થ સમજવો. [જારે છે).

ગુજારવું, ક્રિ૰ સ૰ [ફ્રા૰] કામદાર—ઉપરીની આગળ દેખાડવું—કાડવું. (અરજ ગુજારવી). ૨ કાડવું; નિર્ગમન કરવું (તેણે પોતાની જીન્દગી ભણવામાંજ ગુજારી; તે પોતાનો વખત સારી રીતે ગુ-

ગુજારો, પુ૰ [ફ્રા૰] ગુજરાન.

ગુજ્જર, પુ૰ એક જાતનો ગુંદર. ૨ બાવળની એક જાત. વિ૰ સુથાર—વાણિયાની એક ન્યાત.

ગુન્જ, સ્ત્રી૰ ગુન્જા. ૨ છાની વાત. અ૰ ભમરા—ભમરડાથી થતો જે શબ્દ તે.

ગુન્જા, સ્ત્રી૰ [સં૰] ચણોઠી.

ગુન્જાર, અ૰ ભ્રમર, ભીંગારા, મધમાખ વગેરેની પાંખોથી થતો શબ્દ (ભ્રમર ગુન્જાર કરે છે).

ગુન્જાશ-સ, સ્ત્રી૰ [ફ્રા૰] ગજું; શક્તિ.

ગુટકો, પુ૰ આડાં લખેલાં છુટાં છુટાં નાનાં પાનાંઓને એકઠાં રાખી બાંધેલું જે પુસ્તક તે. (ગીતાનો ચણ્ડીપાઠનો પન્ચરત્નનો ગુટકો). (મોટાં પાનાં હોય તો ગુટકો ન કેવાય.)

ગુટિકા, સ્ત્રી૰ [સં૰] નાની ગોળી (વૈદ્યો ઓસડમાં [આપે છે તેવી).

ગુડકી, સ્ત્રી૰ નાની સુરવાલ.

ગુડવું, ક્રિ૰ સ૰ કાપવું; પાડવું.

ગુડો, પુ૰ મરીગયા પછી મરનારને રોવા જવું તે.

ગુણ, પુ૰ [સં૰] હરકોઈ ચીજની કુદરતી અથવા તેમાં આણેલી અથવા કલ્પેલી જે ખાસિયેત તે; ધર્મ.—સોમલનો ગુણ એવો છે કે તે ખાવાથી માણસ મરીજાયછે; તાંબાનાં વાસણમાં ઘણી વાર

મદારસ રાખવાથી તેમાં ઝેરના જેવો ગુણ આવે-છે; અમરતનો ગુણ એવો કેવાય છે કે તે છાંટવા-થી મુએલું પાછું સજીવન થાય છે અને તે પી-વાથી કોઈ દાડો મરણ થતું નથી. ૨ માણસ જા-તમાં જે લક્ષણો, શક્તિ, કાબેલિયત, ડાપણ, આ-ચરણ વગેરે હોય છે તે.—સારાં ને નરસાં બ-ન્નેને લાગે છે.—આ ભાઈના ગુણ સારા છે પણ પેલી બાઈના ગુણ સારા નથી. ૩ સારાં લક્ષણ, આચરણ; મોટી કાબેલિયત—શક્તિ, વિદ્યા—અ-નુભવના પણ ઈ૦ (એમ સારાજ અર્થમાં વપરા-ય છે). ૪ ફાયદો; લાભ. આ ધન્ધામાં તમને સારો ગુણ નહિ થાય. ૫ તબિયત ઉપર સારી અ-સર; પ્રકૃતિને અનકુળ આવવું. પાઠશાળામાં ભણે-લા વૈદના ઓસડથી ઘણા જણને ગુણ થાય છે. ૬ અસર કરે—માફક આવે—ફાયદો કરે તેવી હર-કોઈ ચીજની ખાસિયત; ધર્મ. ૭ માણસની પ્ર-કૃતિ ત્રણ પ્રકારની છે તેમાંની એકેકી. સત્વ, ર-જ ને તમ અથવા સાત્વિકગુણ, રજોગુણ ને ત-મોગુણ. ૮ નિરાકાર ઈશ્વરનામાં ઉત્પત્તિ સંરક્ષણ ને નાશ કરનારી શક્તિ છે તેમાંની અથવા રજ, તમ ને સત્વ એમાંની જે એકેક તે.-ને એ ઉપ-રથી ત્રિગુણાત્મક એ શબ્દ છે. એ ગુણોની જ્યા-રે ઈશ્વરને વિશે કલ્પના નથી હોતા તારે તેને ગુ-ણાતીત કે છે. ૯ દોરી. ૧૦ ધનુષ—કામઠાંની સા-થના જે ચીપવડે તીર ફેંકવામાં આવે છે તે. ૧૧ ગુણેલું; ગુણીને વધારેલું એવો અર્થ રાખેછે. શત-ગુણ; અષ્ટગુણ. ૧૨ (ભૂમિતિમાં) કોણની જ્યા.

ગુણઆગળો—સારા ગુણથી (સ્વભાવ—યશ—જ્ઞા-નથી) બાર પડેલો તે; પ્રખ્યાત; નામાઙ્કિત.

ગુ, સ્ત્રી૦ ગૂણ.

ગુક, વિ૦ જેથી ગુણવું તે.

ગુકા, ગણિકા.

ગુકાંક, પુ૦ જે આંકડાવડે ગુણવું હોય તે.

ગુકારી, વિ૦ ગુણ કરનાર.—ફાયદો કરનાર. ૨ ઓસડ વગેરેથી સારી અસર થાય—ફેર પડે તેવું. ૩ ઉપકાર કરનાર.

ગુગુણ, અ૦ એવો થતો અવાજ.

ગુપાટ, સ્ત્રી૦ તાટ.

ગુપાડ, પુ૦ સપાડું; આભાર; ઉપકાર.

ગુવન્ત-વાન, વિ૦ [સં૦] સારાં લક્ષણ વાળું; જે-ણે વિદ્યા—અનુભવ—યશ પ્રાપ્ત કર્યા હોય તે.

ગુણવિશેષણ, ન૦ [સં૦] જે શબ્દ, પદાર્થના ગુણ દોષ દેખાડે તે (વ્યાકરણમાં; રાતો ઘોડો, ડાહી છોકરી, મૂરખ બૈરી ઈ૦.

ગુણવું, ક્રિ૦ સ૦ એક સઙ્ખ્યાને, બીજી કોઈ સ-ઙ્ખ્યામાં જેટલી વાર એક આવેલા હોય તેટલી વધારવી. જેમકે ૧૪ ને ૧૧ એ ગુણવા હોય તો ૧૧ વાર ૧૪ માંડી સરવાળો કરવો.

ગુણાકાર, પુ૦ [સં૦] એક સઙ્ખ્યાને બીજી સઙ્ખ્યા-એ ગુણવાથી જે રકમ ઉપજે તે. ૨ એક સઙ્ખ્યા-ને બીજીએ ગુણવાની—ટુંકી રીતે સરવાળો ક-રવાની જે રીત તે. [નિરાકાર ઈશ્વર તે.

ગુણાતીત, વિ૦ [સં૦ ગુણ; અતીત] રજ, સત્વ ને તમ એ ત્રણે ગુણોની કલ્પના રહિત ધ્યાયેલો જે

ગુણિયો, પુ૦ તાંબાનો ઘડો.

ગુણી, વિ૦ સારા ગુણ વાળો-ળી; સદ્‌ગુણી; સદાચા-રી. ૨ કાબેલિયત—શક્તિ ધરાવનાર; વિદ્વાન.

ગુણી, પુ૦ ભૂત પ્રેત પિશાચ વગેરે મેલું—આડું કા-ડનારો—ઉતારનારો; ભુવો. [સદ્‌ગુણી પુરુષ.

ગુણીજન, પુ૦ ચતુર—ભણેલો—જ્ઞાની—રસિક—

ગુણોત્તર, ન૦ એક જાતની બે સઙ્ખ્યાને પરસ્પર ભાગવાથી જે ભાગાકાર સઙ્ખ્યા આવે તે. (ભૂ-મિતિપ્રમાણ—શ્રેઢીમાં).

ગુણ્ણું, ન૦ ઘણું તેલ પિવેલું એવા લુવાના છેક પા-તળા પાપડ વણતાં તુટી ગયલા જે તેલ ભર્યા ક-કડા કાચાને કાચા (સેક્યા કીધા વગર) બૈરાં છોકરાં ખાયછે તે. ૨ પાપડના લુવા.

ગુણ્યાઙ્ક, પુ૦ [સં૦] જે આંકડાને બીજા કોઈ સા-થે ગુણીને વધારવો હોય તે.

ગુતાવું, ગુંતાવું. [પે સાલ; પોર.

ગુદસ્ત, ન૦ [પ્રા૦] ગયું વરસ—સાલ. ગુદસ્તે—ગ-

ગુદા, સ્ત્રી૦ [સં૦ ગુદ] ગાંડ.

ગુનાહ, પુ૦ [પ્રા૦] તકસીર; વાંક; અપરાધ; અ-ન્યાય. ૨ પાપ. [ર. ૨ પાપી.

ગુનેહગાર, વિ૦ [પ્રા૦] અપરાધી; તકસીર કરના-

ગુનેહગારી, સ્ત્રી૦ તકસીર; ગુનાહ. ૨ સજા; દણ્ડ.

ગુનો, ગુનાહ.

ગુપચુપ, અ૦ છાનાંમાંના; કોઈ ન જાણે તેમ.

ગુપત, ગુપ્ત.

ગુપતી, ગુપ્તી.

ગુપ્ત, વિ૦ [સં૦] છાનું; કોઈ ન જોય—જાણે તેવું; સન્તાડેલું. ગુપ્તદાન—ધન ઈ૦.

ગુપ્તી, સ્ત્રી॰ [સં॰] લાકડીની ખોલીમાં ધારવાળી લાંબી ભોડાંની જે ચીપ—છુરી તે; બારથી લાકડી દેખાય પણ અન્દર હથિયાર હોય તે. [વાતચીત.

ગુફતેગુ, સ્ત્રી॰ [ફા॰] છાનાછપની વાત; એકાન્ત. ૨

ગુફા, સ્ત્રી॰ [સં॰ ગુહા] પ્હાડમાં જે પોલાણ હોય તે.

ગુમજ, પુ॰ [પ્રા॰] કળશના આકારના કમાનદાર બાંધણી તે; ઘુમટ. [માંડેલું તે; ગોડ.

ગુમડું, ન॰ લોહીના બગાડને લીધે ચામડી ઉપર જે કઠણ અને મોડાંવાળો ફોલ્લો થઈ આવી પાકવા

ગુમાન, ન॰ [પ્રા॰] અહઙ્કાર; ગર્વ. ૨ તોર; પતરાજ; ફાંકો. ૩ મોટાઈ. [રાખનાર.

ગુમાની, વિ॰ અહઙ્કારી; ગર્વિષ્ટ. ૨ તોરી; ફાંકો

ગુમાર, વિ॰ [ફા॰] જઙ્ગલી; ઉદ્ધત; અણસમજુ; સભ્યતા—અદબ વનાનું. ૨ ફુવડ; મલીન; સુસ્ત.

ગુમાવવું, ક્રિ॰ સ॰ ખોવું; પાસેથી જાય તેમ કરવું. (પૈસો, જોર વગેરે). ૨ નકામું કાઢવું; વ્યર્થ જવા દેવું (વખત). [ગીરી.

ગુમાસ્તગીરી, સ્ત્રી॰ ગુમાસ્તાનું જે કામ તે; મેહેતા-

ગુમાસ્તો, પુ॰ [પ્રા॰] આડુકાર—નાણાવટી—વેપારીને ત્યાં જે લખનાર નોકર તે; મેહેતો. ૨ કોઠીની વતીનો પરગામ—મુલક જે આડતિયો—મુનીમ તે. ૩ સોદો લઈ આવનાર તથા હિસાબ રાખનાર અથવા હરકોઈ લખવાનું કામ કરનારો નોકર. [થેલું.

ગુમ્ફિત, વિ॰ ધા॰ [સં॰] માળાના આકારમાં ગું-

ગુરુ, પુ॰ [સં॰] વિદ્યા ભણાવનારો; શિક્ષક; મેહેતાજી. ૨ ધર્મનીતિનો ઉપદેશ કરનારો. ૩ નવો ધર્મ સ્થાપનારો; નવો પન્થ ચલાવનારો. ૪ જજમાનને ત્યાં ગોરપણું કરતો આવેલો જે બ્રાહ્મણ તે; પુરોહિત. ૫ કોઈપણ વિશેષ બોધ આપનારો અથવા દીક્ષા દેનારો. ૬ એ નામનો ગ્રહ. એને ચાર ચન્દ્ર અથવા ઉપગ્રહ છે. ૭ (કવિતામાં) બે માત્રાનો અક્ષર.—દીર્ઘ, અનુસ્વારવાળો, વિસર્ગવાળો, જોડાક્ષરની પ્રથમનો હ્રસ્વ, અને (કામ પડેથી) ચરણની અન્તનો હ્રસ્વ એટલાંને ગુરુની સંજ્ઞા છે. ૮ ઈન્દ્રાદિ દેવતાઓનો માનીતો પણ્ડિત, જેમ દાનવનો શુક્ર તેમ દેવતાઓનો ગુરુ—બૃહસ્પતિ. ૯ વડીલ—કુટુમ્બમાં જે પૂજ્ય પુરુષ તે. વિ॰ મોટું. (કદમાં). ૨ ભારે (વજનમાં). ૩ અઘરું; મેહેનતથી પ્રાપ્ત થાય તેવું. ગુરુગમ્ય—ગુરુની સમજણ શિખામણ આવડે નહિ તેવું.—(શ્લોક, ગ્રન્થ ઈત્યાદિ). ગુરુતલ્પગ—ગુરુની સ્ત્રી સાથે મઙ્ગું કરનારો.

ગુરુત્વ, ન॰ [સં॰] વજન; ભાર; ઓજ. [પ તે.

ગુરુત્વમધ્યબિન્દુ, ન॰ [સં॰] હરકોઈ ભારનું શ-ચલું બિન્દુ—જ્યાં સઘળો ભાર ઝિલાઈ રેહેતો હો-

ગુરુત્વાકર્ષણ, ન॰ [સં॰] સઘળા પદાર્થ—વજન—ભારનું, પૃથ્વી જે મોટો ભાર છે તેનાં મધ્ય બિન્દુ તરફ જે ખેંચાવું તે; નાનાં વજનનું મોટાં વજનનાં મધ્ય તરફ ખેંચાવું તે.

ગુરુબન્ધુ-ભાઈ, પુ॰ [સં॰] એકજ ગુરુના જે શિષ્ય તેમાંનો એકેકો—પરસ્પર સમ્બન્ધમાં.

ગુરુમાન, ન॰ [સં॰] પ્રિયનું પ્રિયા ઉપર અથવા પ્રિયાનું પ્રિય ઉપર લાડમાં રિસાવું થાય તે માન અને એ ઘણીવાર રે અને એમાં વાંકાં વેણ વધારે નિકળે ત્યારે તે ગુરુમાન કેવાય (કાવ્યશાસ્ત્રમાં). ગુરુમાન, મધ્યમાન અને લઘુમાન. વિ॰ મોટું.

ગુરુવાર, પુ॰ [સં॰] સાત વારમાંનો એક; બૃહસ્પ- [તવાર.

ગુર્જર, પુ॰ [સં॰] ગુજરાત દેશ—પ્રાન્ત.

ગુલ, ન॰ [ફા॰] ફુલ; પુષ્પ. પુ॰—સ્ત્રી॰ દીવાનો મોગરો; બત્તીની ઉપરનો બળેલો ભાગ. ગુલ કરવું—ઘેર કરવું; બંધ કરવું; હોલવી નાખવું. [ર્થ તે.

ગુલકન્દ, પુ॰ [પ્રા॰] ગુલાબના ફૂલને સાકરમાં ઘણા દાડા સુધી રાખી મુકી તૈયાર કરેલો જે પદા-

ગુલછડી, સ્ત્રી॰ [ફા॰] એક જાતનું ફૂલ. [ન.

ગુલજાર-ઝાર, પુ॰ [પ્રા॰] ફુલવાડી; બાગ; ગુલસ્તા-

ગુલતરાશ, સ્ત્રી॰ [ફા॰] દીવાનો મોગરો કાતરનારી કાતર.

ગુલતાન, વિ॰ [પ્રા॰] લીન—મસ્ત થયલું; રમમગ્ન.

ગુલદસ્ત, પુ॰ [ફા॰] ફૂલનો તોરો; ગોટો.

ગુલદાન, ન॰ [ફા॰] ફૂલ મુકવાનું શોભીતુ ઠંડું.

ગુલદાવરી, સ્ત્રી॰ એક જાતના ફૂલનો રોપો—છોડ.

ગુલબાસ, ન॰ [ફા॰] એક જાતનું ફૂલ ને છોડ.

ગુલમોહોર, સ્ત્રી॰ [ફા॰] એક જાતનું ફૂલ.

ગુલસ્તાન, સ્ત્રી॰ [પ્રા॰] ફુલવાડી; બાગ; ચમન.

ગુલાંટ, સ્ત્રી॰ જમીન સાથે માથું ટેકી ટાંટિયા ઊંચા કરી ફેરવી ને પાછું ઝટ ઉભું થઈ જવું તે; ગોઠમડું; ઉલટું ફરી પડવું તે. ગુલાંટ ખાવી-મારવી.

ગુલાબ, પુ॰ [પ્રા॰] એક છોડવો અથવા એનું ફૂલ. ખોટો ને ખરો એમ બે જાતના ગુલાબ કેવાય છે. ફૂલના અર્થમાં નપુંસક લિઙ્ગે વિશેષ વપરાય છે. ગુલાબજળ, ગુલાબનું અત્તર ઈ॰ શબ્દો છે.

ગુલાબદાન-ની, સ્ત્રી૰ [ફા૰] ગુલાબનું પાણી ભરી રાખવાની અને લોકના કપડાંપર છાંટવાની જે શીશી અથવા રૂપા સુનાની ઝારી તે. [લાખી.

ગુલાબી, વિ૰ ગુલાબના જેવા રંગનું—એ રંગ બે જાતના હોયછે. પેલો ગુલાબી ને ફુલ—ખુલતો ગુ-

ગુલામ, પુ૰ [આ૰] જે ચાકર પોતાની ઇચ્છા પરમાણે કંઈજ કામ કરી શકતો નથી જે ધણીનો હુકમ વેઠેછે તે; જે પોતાની હલકી તાબેદારી-માંથી છૂટો થઈ શકતો નથી તે. ૨ અધમ—નીચ પુરુષ; વેશ્યાપુત્ર. એ શબ્દ વિશેષણ રૂપે પણ વપરાય છે.

ગુલામગીરી, સ્ત્રી૰ દાસપણું; ગુલામની જે હાલત તે. ૨ છેકજ હલકી તાબેદારી; ખુશામત.

ગુલામડો-બચ્ચો, પુ૰ ગુલામ (૨ જા અર્થમાં).

ગુલામી, ગુલામગીરી.

ગુલાલ, ગલાલ.

ગુલાલા, ગુલ્લાલા.

ગુલી, સ્ત્રી૰ જીવડાંનું, સફેત અથવા કાબરું નાનું પર. ગુલીગાય—એ ઘરમાં રેતું જીવડું.

ગુલ્લાલા, પુ૰ માહા ફાગણમાં થતું એક જાતનું નાજુક શોભીતું ફૂલ.

ગુવાર, સ્ત્રી૰ એક જાતનું શાખ. ગુવાર સીંગ—ફળી (ગવાર). ૨ એનો છોડ. ૩ એના દાણા.

ગુસ્સો, પુ૰ [આ૰] કોઈથી કંઈ દુઃખ થયું તો તેની સામાં થવાનો અથવા વેર લેવાનો દિલમાં જે જોસ્સો—ઉભરો થઈ આવે તે; ક્રોધ; રીસ.

ગુહા, સ્ત્રી૰ [સં૰] પાડનું પોલાણ; ગુફા. ૨ ઝાડની બખોલ.

ગુહ્ય, ન૰ [સં૰] શરીરની છુપી ઇન્દ્રી. ૨ છાની રાખવા જોગ વાત—મતલબ. ૩ અપ્રગટ અર્થ; રહસ્ય; મર્મ; ભેદ. વિ૰ છૂપું; ગુપ્ત.

ગૂંચ-ળ, સ્ત્રી૰ આંટી પડીને જે ગાંઠ બંધાઈ ગઈ હોય તે. [ડવામાં આવતો નથી.

ુ, ન૰ (સં૰ ગુવતિ—મળ કાડવો) મનુષ્યનું અઘેલું તે; વિષ્ટા. એ શબ્દ પશુ પક્ષીના નરકને લગા-

ગૂઢ, વિ૰ [સં૰] છૂપું; સન્તાઈ રહેલું. ૨ અઘરું; કઠણ; ન સમજાય તેવું; ઉંડું.

ગૂણ, સ્ત્રી૰ અનાજ, સામાન વગેરે ભરવાનો તાટનો જે કોથળો તે; ઊંટ ઘોડાં ગધેડાં ઉપર માલ ભરવાના બે પાસ ઝુલતાં જે નાંખવામાં આવેછે તે.

ગૃહ, ન૰ [સં૰] ઘર (માણસને રેવાનું).

ગૃહસ્થ, પુ૰ [સં૰] ઘર સંસાર માંડીને રહેલો પુરુષ. ૨ સારાં કુળનો પ્રતિષ્ઠીત પુરુષ. ૩ બ્રાહ્મણની ન્યાતમાં જે વર્ગ, કોઈનું આપેલું દાન લેતા નથી તે. (ભિક્ષુક ને ગૃહસ્થ એવા બે વર્ગ હોયછે).

ગૃહસ્થાઈ, સ્ત્રી૰ ગૃહસ્થ પણું; સુઘડ રીતભાત.

ગૃહસ્થાશ્રમ, પુ૰ [સં૰] ચાર આશ્રમમાંનો બીજો.

ગૃહસ્થી, વિ૰ બૈરી છોકરાં વાળો; સંસારી.

ગૃહિણી, સ્ત્રી૰ [સં૰] ગૃહસ્થની સ્ત્રી; ઘર ચલાવનાર સ્ત્રી.

ગેંડો, પુ૰ [હિં૰] પગે ખરી હોય પણ ગાયની પેઠે વાગોળે નહિ તેવું, જાડી ચામડીનું અને નાક ઉપર એકજ સિંગડું હોય તેવું એક પશુ. એનાં ચામડાંની ઢાલ બનેછે. [કવચનમાં).

ગેંણાં-ણિયાં, ન૰ નાનાં બળદ; વાછરડા. ગેંણું (એ-

ગેંદ, સ્ત્રી૰ [હિં૰] દડો—(ફુલ—રેશમની).

ગેડી, સ્ત્રી૰ એક પાસેથી વાંકી વાળેલી લાકડાંની—વાંસની હાથમાં ઝાલવાની લાકડી. ૨ દડો ફેંકવાની એક પાસ વાંકો હોય તેવી લાકડી.

ગેંણી-ની, સ્ત્રી૰ [અ૰] સુનાંનો એક તરેહનો સિક્કો—(સવા દશ રૂપિયા).

ગેરૂઓ, ગેંડો. [ડો).

ગેહળ, ન૰ હાથીનું ટોળું. "પામ્યો પામ્યો રાજ સિંહાસન આહીં, હેદળ ગેહળ પેદળ પાલખી" (શા-

ગેબ, વિ૰ [આ૰] ન દેખાય તેવું; અણજાણ્યું; ગુપ્ત. ગેબ થઈ જવું—અલોપ થઈ જવું; ન દેખાવું; બીજાની નજર આગળથી એકાએક જાતું રેવું.

ગેબી, વિ૰ [આ૰] ન દેખાય તેવું; છૂપું. ગેબી અવાજ એટલે કયાં ને કોણ કરેછે એ ન સમજાય તેવો છૂપે ઠેકાણેથી નિકળતો અવાજ.

ગેભર, ન૰ [સં૰ ઘૃતવર] પરસુદીના લોટને સારી પેઠે કેળવી તેનો પાતળો રગડો જાળીની ઘડીના આકારનાં વાસણમાં ઘીમાં તળી કાડી એ જે ભોખું થાય તેને પછી ખાંડની ચાસણી સારી પેઠે પાયેથી જે પકવાન તૈયાર થાય તે.

ગેર, [ફા૰] એ ઉપસર્ગ, નહિ, નિષેધ, અભાવ એવા અર્થમાં વપરાયછે. ગેરવાજબી, ગેરહાજર, ગેરશિરસ્તે વગેરે.

ગેરઆબરૂ, સ્ત્રી૰ નહિં જે આબરૂ તે; અપમાન.

ગેરત, સ્ત્રી૰ આબરૂ રાખવાની સમજ—કાળજી; લાજ; શરમ. [કાન; ભબાડ.

ગેરફાયદો, પુ૰ ફાયદો નહિ તે; ખોટ; તોટો; ગુ-

ગેરબંદોબસ્ત, પુ૦ અંધેર કારભાર; ધાંધલ; અવ્યવસ્થા.

ગેરમરજી, સ્ત્રી૦ [ફા૦] નાખુશી; અપ્રસન્નતા. ૨ ઈતરાજી; ગેરમેહેરબાની.

ગેરમેહેરબાની, સ્ત્રી૦ અકૃપા; ઈતરાજી.

ગેરરસ્તે, અ૦ આડે—ખરાબ રસ્તે; અઘટિત રીતે; બેકાયદે. [પડ્યો છે.

ગેરવલે-લ્લે, અ૦ ઠેરવેલે—મુકરર—ચોકસ ઠેકાણે નહિ પણ ગમે ત્યાં, આડું અવળું મુકાયું—ગયું હોય તેમ; ખોવાયલું હોય તેમ. કાગળ ગેરવલ્લે

ગેરવાજબી, વિ૦ અઘટતું; બેઈનસાફ; અયોગ્ય. [ગે.

ગેરવાટે, અ૦ આડે રસ્તે; ખરાબ—અનીતિને માર-

ગેરવો, પુ૦ ઘઉંના ખેતરમાં ઉત્પન્ન થતો એક રોગ.

ગેરશિરસ્તે, અ૦ કાયદા—ધારા—રૂઢી—રસમ—ચાલતી રીતથી ઉલટી રીતે અથવા તેમાં ફેરફાર કરીને; બેકાયદે; આડે રસ્તે. [ગારેજ.

ગેરહાજર, વિ૦ હાજર ન હોય તે. ૨ અસાવધ;

ગેરહાજરી, સ્ત્રી૦ હાજર ન થવું—હોવું—રેહેવું તે.

ગેરિયત, ગૈરત.

ગેરું, ન૦ ઘઉંને લાગતો એક રોગ; ગેરવો.

ગેરૂ, પુ૦ [સં૦ ગૈરિક] એક જાતની લાલ મટોડી. મુરેતીનેસારૂ જેમ ચાક કામમાં આવેછે તેમ જાંબલી રતાસનેસારૂ ગેરૂ કામમાં આવેછે.

ગેલ, સ્ત્રી૦ લાડવું તે; લાડ; રમત. (કુતરો ગેલ કરેછે). ૨ ગમત; ખેલ.

ગેહ, ઘર.

ગોંજું, વિ૦ ચુંથાયલું; ગન્દું; કુબેડાઈવાળું. [જમ.

ગોંજો, પુ૦ ગન્દું કરી મેહેલનારો; કુબેડ. ૨ હ-

ગોંદરું, ન૦ ગામના ઝાંપાની નજીકની જગા; જ્યાં ઢોર ચરે છે તે ઠેકાણું; પાદર.

ગોંદરો, પુ૦ ગોંદરું; ધરમ ખાતાનું ગૌચરણ.

ગોંદો, પુ૦ એકઠા કરેલા જમવાના પદાર્થ તે. ગોંદો વાળવો—દાળભાત વગેરે એકઠું કરવું.

ગોંધવું, ક્રિ૦ સ૦ કોઈપણ પ્રાણીનો જીવ રુંધાય તેમ કરવું; કબજે કરવું; કેદ કરવું. 'ચોરને કોઠડીમાં ગોંધ'. ૨ સાંકડમાં—ગુંચીબનમાં—કબજામાં આણી રાખવું. ૩. એક ઠેકાણેથી—એક કામમાંથી બીજે ઠેકાણે—કામે ન જવાય તેમ કરવું.

ગોંયલો, પુ૦ હલમ.

ગો, સ્ત્રી૦ [સં૦] ગૌ; ગાય.—એ અર્થમાં શબ્દની પૂર્વે જોડાયછે.—ગોકુળ, ગોમુખ, ગોકર્ણ, ગોમય, ગોમૂત્ર ઈત્યાદિ. ૨ ઈન્દ્રી—ગોચર, અગોચર.

ગોકર્ણ, ન૦ [સં૦] ગાયના કાન જેવાં જે કાળાં—કાળાં ધોળાં ફૂલ થાય છે તે.

ગોકળગાય, સ્ત્રી૦ પેટ ઘસતું ચોમાસાનું એક જીવડું—એને બે શિંગડાં હોયછે અને એકેકાં શિંગડાંને છેડે શિંગડાંમાં રૂપલી એકેકી આંખ હોય છે જેને તે પોતાની મરજી મુજબ ટુંકી કરી અન્દર લૈ લેછે; પરમેશ્વરની ગાય. [ખલો.

ગોખ, પુ૦ હવેલી—ઘરના આગલા ભાગની રવેસ ઉપરની બાર નિકળતી ફરેરાવાળી જગા. ૨ ગો-

ગોખરુ, પુ૦ ગાયમાં ઉછરેલો ગધેડો.

ગોખરૂ, પુ૦ [સં૦ ગોક્ષુર] ગાયની ખરી જેવો એક જાતનો કાંટાવાળો છોડ. એ ઓસડમાં ધાતુપુષ્ટિને માટે વપરાયછે. ૨ ચપડેલા તારને ગણપુણી કરી બાંધેલો તે. ૩ એક તરેહની ફીત.

ગોખલી, સ્ત્રી૦ નાનો ગોખલો.

ગોખલો, પુ૦ હરકંઈ ચીજ મુકવાને અથવા બેસવાને અથવા દેવ વગેરેને બેસાડવાને દિવાલ—ભીંતમાં જે પોલાણ રાખેલું હોય તે; બારણા વગરનું નાનું તાકું. [પાઠ કરવું.

ગોખવું, ક્રિ૦ સ૦ [સં૦ ઘોષ] સ્મરણ રાખવાસારુ તેનાતેજ શબ્દ ઘણીવાર ભણ્યાં કરવા; મોડે—

ગોખો, પુ૦ પક્ષીનું ઘર—માળો; ગોડો.

ગોગાસ, ગવાક્ષ.

ગોચર, વિ૦ [સં૦] ઈન્દ્રીયથી પોંચી વળાય તેવું.

ગોચર, ન૦ ગાય ઢોરને ચરવાને માટે જમિનનો જે કિત્તો તે; ગૌચર. [કંઈ તે.

ગોજારું, ન૦ ગોંજું કરેલું—ચૂંથી નાખેલું એવું જે

ગોજું, ગોંજું.

ગોઝારું, ઘોઝારું, [(નજાખ્યાન).

ગોઝારો, પુ૦ ગાયને હણનારો—મારી નાખનારો. "દેહ હવે હું પરહરું, ગોઝારો જીવો શું કરું".

ગોટ, પુ૦ ઘુંટડો; એક વખતે એકજ દમે જેટલું જે પીવામાં આવે તેટલું તે. ૨ ગોટો (ધુમાડાનો).

ગોટપોટ, અ૦ એક બીજાને વળગીને—ટુંટિયાં વાળીને—મોઢું ઢાંકીને (સુવું).

ગોટલી, સ્ત્રી૦ મોટાં ફળની અન્દર જે બાજનો કઠણ ભાગ હોય તે. (કેરી—ફણસ વગેરેની).

ગોટલો, પુ૦ મોટી ગોટલી. ૨ માંસનો ગઠ્ઠો ઘયેલા ભાગો—પગે ગોટલા ચડ્યાછે.

ગોટાવું, ક્રિ૦ અ૦ ગુંચાવું; ગુછળાં વળવાં. ૨ ગુંગળાવું. [પોતાનું.

ગોટિયું, ન૦ પાઘડીની અન્દર ઘાલવાનો કકડો;

ગોટિલો, પુ૦ ફેંકી જવાનું લાકડાંનું ગોળ ઓજાર. ૨ નક્કર ગોળો; દડો (ભૂમિતિમાં).

ગોટી, સ્ત્રી૦ કિનારી, કસબ બળ્યાપછી રૂપ રૂપલાંની જે ગોળી વાળેલી તે. ૨ નાની સરખી ગાંઠ. 'શું ગળે ગોટી નિકળી છે'. ખાતાં અટકે છે? ગોટીધાલ્યો એ શબ્દ બાળકને લાડમાં ધમકાવતાં બોલાયછે. [ટા ચડવાં કરે તે.

ગોટેગોટ, અ૦ એકઉપર એક એમ ધુમાડાના ગો-

ગોટો, પુ૦ સળી સાથે સુતર—દોરાથી બાંધી લીધેલાં ફૂલનો જે જથો તે; તોરો; કલગી. (સુંઘવાને). ૨ એ ગોટા જેવી આકૃતિનું ઝીણીઝીણી પાંખડી વાળું એક જાતનું પીળું અથવા રાતું ફૂલ; ગલગોટો. ૩ જે અફેકા ભર જોશમાં ધુમાડાનું ઉપરાઉપરી ઊંચું ચડવું થાય તે. ૪ નાળિયેરમાંનું કોપરું બન્ધાઈને જે દડા જેવું થઈ ગયું હોય તે. ૫ ઊંધુ ચત્તું કરી નાખ્યું તે—'તેણે તે કામમાં ગોટો વાળ્યો છે'. ૬ બોલવામાં લથડવું તે—'તેને હવે ગોટા વળવા માંડયા'. ૭ ગુંચવણ; ભૂલ. 'તેણે એવો તો ગોટો ઘાલ્યો છે કે હજી પાર આવતો નથી'.

ગોટોપોટો, ગોળોપિંડાળો.

ગોઠ, સ્ત્રી૦ [સં૦ ગોષ્ઠી] છાની—ગુપ્ત વાત; એકાન્તમાં વાતચિત કરવી તે. ૨ ઓચ્છવ; ખુશાલીમાં સાથે જમવું, ગાયું સુણવું વગેરે તે. વાણિયા ભાટિયાના મહારાજો પોતાને જન્મ દિવસે અથવા વિવાહપ્રસઙ્ગે ગોઠ કરે છે. ૩ કેટલીક ન્યાતોમાં લગન થયા પછી ચોથે દહાડે કન્યાને માંડવે વરની તરફના જાનૈયાને તેડી તેઓની પ્રાર્થના કરવામાં આવેછે કે આજે અહીં ભોજન કરજો અને એ પ્રસઙ્ગે જે ધાણી ચણા વટાણા ખજુર વગેરેનું ટિમણ કરાવવામાં આવે છે તે.

ગોઠડી, સ્ત્રી૦ ગોઠ (૧ લા અર્થમાં).

ગોઠણી, સ્ત્રી૦ હાંલ્લાંની ઉતરડ જે બેસણી ઉપર ગોઠવેલી હોય તે. ૨ ગોઠવણ. ૩ બાંજગડ.

ગોઠતું, વિ૦ માફક—અનુકુળ આવતું. ૨ ગમતું; પસન્દ પડતું.

ગોઠવણ-ણી, સ્ત્રી૦ ગોઠવવાની જે તજવીજ—રીત તે; રચના; વ્યવસ્થા. ૨ તજવીજ; જુક્તિ; તાલમેલ; બન્દોબસ્ત.

ગોઠવવું, ક્રિ૦ સ૦ વસ્તુઓને એક ઉપર એક અથવા એકની સાથે એક એમ કોઈ પણ રીતે—કાયદાસર મુકવી. ૨ કોઈ હાલતી વસ્તુ ન હાલે તેમ કરવાસારુ તેની તળે નળિયું લાકડું વગેરે મુકીને ટેકો આપવો. 'ટેબલનો પાયો હાલેછે માટે તેને ઠીક ગોઠવ'. ૩ જુગતી શોધી કાઢવી; તજવીજ કરવી. ૪ બન્ધ બેસતું કરવું; તાળો—હિસાબ મળે તેમ કરી મેલવું. ૫ કોઈ પણ બાબતની વ્યવસ્થા—ઘટતી રચના કરવી.

ગોઠવું, ક્રિ૦ અ૦ અનુકુળ—માફક આવવું. ૨ ગોઠ્હેન પડવું; ગમવું; કરાર વળવો.

ગોઠિમડું, ન૦ માથું નીચું રાખી પગને ઊંચા કરી ફરી જવું તે; ગુલાંટ. ગોઠીમડું ખાવું.

ગોઠિયણ, સ્ત્રી૦ સૈયણી. [નારો ફરનારો.

ગોઠિયો, પુ૦ સાથે રમનારો ફરનારો; દોસ્ત; સોબતી; સાથી; ગોઠ—અન્તરની વાતચિત સાંભળ

ગોઠી, પુ૦ જૈનના દેહેરાંના પુજારી—નોકર.

ગોઠો, પુ૦ [સં૦ ગોષ્ઠ] જ્યાં ગાય ઢોર બન્ધાતાં હોય તે જગો—છાપરી—ઝુપડું; કોડ. ૨ જમ્પ; નિરાંત. ૩ પક્ષીનો માળો. સુગરીનો ગોઠો.

ગોડ, ન૦ શરીરઉપર રસ વિકારથી થતી જે ગાંઠ તે; ગુમડું. કઠણ હોય ત્યાં સુધી ગોડ અને પાકવા માંડે અથવા પાકે ત્યારે ગુમડું કેવાય.

ગોડગુમડ, ન૦ ગોડ અને ગુમડાં.

ગોડવું, ક્રિ૦ સ૦ તમ્બાકુ વેગણ મરચાં વગેરે છોડવાઓની આસપાસની જમીન થોડી થોડી ઓતરી—ખોદી પોચી પાડવી.

ગોડસારંગ, પુ૦ સારંગ રાગનો એક ભેદ. [ખાર.

ગોડાઉન, સ્ત્રી૦ [અ૦] માલ ભરી રાખવાની વ-

ગોડી, સ્ત્રી૦ પાછલે પોરે ૪॥-૫ વાગતે ગાવાનો

ગોડી, સ્ત્રી૦ [મ૦] મિઠાસ; મધુરતા. [એક રાગ.

ગોડે, અ૦ પેઠે; માફક; તેમ; મિસાલે.

ગોણણી, સ્ત્રી૦ જે સોવાસણ બ્રાહ્મણીને મુએલાંને નામે જમવા તેડેલી હોય તે. ૨ વ્રતનિમિત જમનારી કોઈપણ સોવાસણ બૈરી—કોઈપણ નાતની પણ નાતરું ન કર્યું હોય તે. ગોણણી વાળવી—સોવાસણને જમાડવી.

ગોત, ન૦ ગોત્ર; કુળ.

ગોતર, ન૦ સીંગ કણસલાં કઠોળ વગેરેમાંથી અનાજ

કાડીઓ પછી રૂપિયા જે મૂકા તે; મઠ મગ [વગેરે કઠોળની પાંદડી.

ગોતરજ, ગોતરેજ.

ગોતરી, વિ૦ એકજ—તેજ ગોત્રનું જે કોઈ તે; કુટુંબી. (પુરુષ અથવા સ્ત્રી).

ગોતરેજ, સ્ત્રી૦ કુળદેવી.—લગનમાં એને કેટલોક કર આપવો પડેછે. ૨ રન્નાદેવ.

ગોતવું, ક્રિ૦ સ૦ ખોળવું; શોધવું; ઢુંઢવું.

ગોતું, ન૦ કોવાણ; કાદવવાળી જમીનમાં ઉગેલું ઘાસ. ૨ ગુવાર ઢુંડવાં વગેરે જે કંઈ ઢોરનેસારુ બાફેલું હોય તે. ૩ છેકજ હાકું સ્વાદ વનાનું તે. 'ધાન હાકું ગોતું થઈ ગયું છે'.

ગોત્ર, ન૦ [સં૦] વંશનો મૂળ પુરુષ જે ઋષિ તે; એથી જે મણ્ડાણ તે.—'નર્મદાશંકરનું ગોત્ર ઓક્ષણસ્ છે. ૨ ગોત્રમાં ઉત્પન્ન થયેલો જે મનુષ્ય સમુદાય તે.—તેનું ગોત્ર મોટું છે—ઘણું વધ્યું છે.

ગોત્રજ, વિ૦ [સં૦] એકજ—તેજ ગોત્રમાં ઉત્પન્ન થયલું (માણસ); ગોતરી.—પણ, બાપ, બાપનો બાપ, તેનો બાપ, ભાઈ, કાકો, ભતરીજો એ પાસેનાં સગાંઓ જે શ્રાદ્ધમાં વળતાં નથી તેઓને ગોત્રજ અથવા ગોતરી નથી કેતા. ગોતરી શ્રાદ્ધમાં ખપે છે પણ કન્યા આપવે લેવે ખપતા નથી.

ગોત્રબન્ધુ, પુ૦ [સં૦] પરસ્પર સૂતક પાળવાનો સમ્બન્ધી ન છતાં એક ગોત્રમાં ઉત્પન્ન થયલો—થયલા તેમાંનો એકેક.

ગોત્રી, ગોત્રજ.

ગોથ, સ્ત્રી૦ કનકવાનું ઊંધે માથે જે નીચું વળી જવું-સુઈ જવું તે. ગોથ ખાવી-મારવી.

ગોથ, વિ૦ ચારની સઙ્ખ્યાનો સઙ્કેત છે—વેપારી૦ને દલાલોમાં.

ગોથપડી, વિ૦ ચૌદની સઙ્ખ્યાનો સઙ્કેત.

ગોથું, ન૦ અથડાવું તે; ફાંફાં મારવાં તે. ગોથાં મારવાં—ખાવાં. ૨ ઠેતગાવું—ભૂલ કરવી તે. તેણે તે કામમાં જબરું ગોથું ખાધું. ૩ ઊંધે માથે પડી રેવું તે. ગોથું મારીને સુઈ જા.

ગોદ, સ્ત્રી૦ [હિં૦] ખોળો.

ગોદડિયું, ન૦ સેપડની એક જાત.

ગોદડી, સ્ત્રી૦ નાનું અને પાતળું ગોદડું.

ગોદડું, ન૦ પાથરવા ઓડવાનું, કપડાંનાં બે પડમાં રૂ ભરેલું સીવેલું તે. [ડેકાણું તે.

ગોદી, સ્ત્રી૦ કામપડે ત્યારે ખાડીનું પાણી અન્દર આવે એવી તજવીજનું વાણ બાંધવા—સમારવાનું જે

ગોદો, પુ૦ જોરમાં મુક્કો મારવો તે; પોંદો. ૨ બળદને જોરથી પરોણો મારવો તે.

ગોધણ, ન૦ ગાયનું ચરવા જતું ટોળું; ગાયનું ધુવાડું.

ગોધમ, [ગોધુમ] ઘઉં.

ગોધલી-ધાલગન, ગોધુલગન.

ગોધું, ન૦ નાનો બળદિયો; વાછરડો.

ગોધુલગન, ન૦ [ગોધૂલ લગ્ન] સૂર્ય અસ્ત થવાની પેલાની અડધી ઘડી ને અસ્ત થયા પછીની અડધી ઘડી મળીને એક ઘડીના કાળમાં જે લગન કરવાં તે; સમીસાંજનાં જે લગન તે.

ગોધુમ-ધૂમ, પુ૦ [સં૦] ઘઉં.

ગોધે આવવું, ક્રિ૦ અ૦ ગાયે સુવાણે આવવું.

ગોધો, પુ૦ ગાયની જાતમાં જે નરપશુ તે; સાંડ; આખલો. નાના વાછરડાને—ગોધાને ખાંસી કરેછે ત્યારે તે ગાડીએ જોડવાને અને ભાર વેવાને લાયક થાયછે. ખાંસી—ખસી કરેલા ગોધાને બળદ કેછે. ગોધો ઘણો મસ્તાન હોયછે ને એ ઉપરથી—જેને ભણવા રળવાની કાળજી નથી અને જે હરામનું ખાઈ મસ્ત રેછે તે નફકરો ગોધો—સાંડ કેવાયછે.

ગોપ, પુ૦ [સં૦] ગોવાળિયો. ૨ પુરુષની કોટે ઘાલવાનું સુનાનું એક ઘરેણું; દોરો.

ગોપદ, ન૦ [સં૦] ગાયનું પગલું.

ગોપન, ન૦ [સં૦] સંરક્ષણ. ૨ ગુપ્ત રાખવું તે.

ગોપહાર, પુ૦ સ્ત્રીના કોટનું એક ઘરેણું.

ગોપાલ, પુ૦ [સં૦] ગાય ઢોર પાળનારો; ગોવાળિયો. ૨ શ્રીકૃષ્ણનું નામછે. ૩ રાજા.

ગોપીચન્દન, ન૦ [સં૦] દ્વારકામાં ગોમતી નદીની પીળાશ પડતી સફેત અને ચિકણી જે મટોડી તે. એને પાણી સાથે ઘસીને વેરાગીઓ ટીલાં કરેછે.

ગોપ્ય, વિ૦ [સં૦] ગુપ્ત રાખવા જોગ (મંત્ર, વિચાર ઇ૦).

ગોફણ-ફેણ, સ્ત્રી૦ વચમાં ગાળો ને બે પાસ છેડા એવી સુતર—સણ—ચામડાની ગુંથેલી જે દોરી તે. એ ગાળામાં કાદવનો સુકો ગોળો ઘાલીને તે ખૂબ ફેરવી એક છેડો તાણીને મુકી દીધાથી તે ગોળો પક્ષીઓને આબાદ લાગે છે. ગોફણિયાલાડુ—ગોફણમાંના ગોળા જેવા નાના નાના થોડા ઘીના ગબડતા લાડુ.

ગોફણી, સ્ત્રી૦ સ્ત્રિયોને અમ્બોડે બટકનું રાખવાનું સુનાં—રૂપાનું ઘુઘરીવાળું ઘરેણું.

ગોખરુ, ન૦-પુ૦ ગોડાપાં—છાણાંનો ભૂકો. "ખીચે ગોખર મીઠું".

ગોખડું, ન૦ છેક ઝાણા પણ બિચોબિચ એવા ગીપડ.

ગોબડું, વિ૦ ગન્દું.

ગોબરો, પુ૦ હોળની ઘાંડીના આગલા બાગ તરફ એટલે જ્યાં ધુંસરી નાડવામાં આવે છે ત્યાં જે જે ત્રણ લાકડાંની ખીલી હોય તે. [ખાડો પડયો.

ગોબા-ળાવું, ક્રિ૦ અ૦ ગોબા પડયો હોય તેવું થવું;

ગોબો ભો, પુ૦ ધાતુનું વાસણ અથવા ઘરેણું જો-રમાં અફળાયાથી તે ઉપર જે આછો ખાડો પડે તે.

ગોમય, ન૦ [સં૦] ગાયનું છાણ.

ગોમાંસ, ન૦ [સં૦] ગાય—બળદનું માંસ. [વાઘ.

ગોમુખ, ન૦ ગાયનું મુખ. ૨ એ આકારનું એક

ગોમૂત્ર, ન૦ [સં૦] ગાયનું મૂતર.

ગોમૂત્રિકા, સ્ત્રી૦ [સં૦] બળદના મુતરવાથી જમીન ઉપર જે આકાર થાયછે તે આકારમાં રચેલી જે કવિતા તે; એક પ્રકારનું ચિત્રકાવ્ય.

ગોમેદ, પુ૦ [સં૦] પીળારંગનો હીરો; પોખરાજ.

ગોમેધ, પુ૦ [સં૦] ગાયનો યજ્ઞમાં જે ભોગ આપવો તે.

ગોર, પુ૦ [સં૦ ગુરુ] લગન અગ્નરણીનાં કર્મ અને મુ-આંની ક્રિયા કરાવનારો બ્રાહ્મણ. ૨ શૂદ્રને કર્મ ક્રિયા કરાવનારો અને રોજ સીધાં પગ્ચબાગ લેનારો વંશ પરમ્પરાનો ઘરનો જે બ્રાહ્મણ તે; કુળગોર. ૩ જાત્રા—તીર્થ—ક્ષેત્રમાં જે બ્રાહ્મણ ક્રિયા કરાવતો હોય તે. ૪ ગોરજી. 'ગોર પરણાવી આપે પણ કંઈ ઘર ન ચલાવી આપે', 'વર મરો કે કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો' એ કેવતો.

ગોર, સ્ત્રી૦ [ગૌરી] પાર્વતી માતાનું એક વરત—છોકરીયો કરેછે.

ગોરખઆમલી, સ્ત્રી૦ એક જાતનું ઝાડ. [ન).

ગોરજ, વિ૦ [સં૦] સમીસાંજના મુહૂર્તવાળું (લગ-

ગોરજી, પુ૦ [સં૦] જૈન—શ્રાવક લોકને ધર્મબોધ કરનારો. [ધન્ધો તે; ગોરનું જે કામ તે.

ગોરપદું, ન૦ જજમાનને કર્મ ક્રિયા કરાવવાનો જે

ગોરમટી, સ્ત્રી૦ પીળી મરોડી. [વું. ૨ મુમરાવું.

ગોરમ્ભાવું, ક્રિ૦ અ૦ રસ્તો ન નિકળે—કામમાં સૂઝ ન પડે તેવી હાલતમાં—સાંકડમાં આવી પડ-

ગોરમ્ભો, પુ૦ નિકાલ ન થાય ને ઓઠી રેવું તે; મુંથાડો. "મોરે રે પ્રભાતે મારે દ્વારે શીદ ઉભા, જાઓ શા ગોરંભા કાસોરે". (દયારામ).

ગોરવ, પુ૦ કન્યા વાળા, વેવાઈ ને તથા તેઓની ત-રફનાંને જમાડે તે.

ગોરસ, ન૦ [સં૦] ગાયના દૂધનું દહીં "માઠાં ગોરસ લો ગોરસ લો". ૨ જે હાંડલામાં દૂધ આખરવામાં આવતું હોય તે; દહીંનું માટલું. ૩ ઇન્દ્રીનો રસ.

ગોરસિયું-સું, ન૦ ગોરસ. (૨ જા અર્થમાં). [જમીન.

ગોરાંટ-ડુ, વિ૦ ધોળાશપર અથવા પિળાશપર પડતી

ગોરાણી, સ્ત્રી૦ ગોરની સ્ત્રી.

ગોરાસ, સ્ત્રી૦ ગોરાપણું; સફેતાઈ.

ગોરી, સ્ત્રી૦ સ્ત્રી; ત્રિયા; બૈરી. [સુરત.

ગોરું, વિ૦ [સં૦ ગૌર] કાળું—પીળું—રાતું—લીલું વગેરે રંગદાર નહિં પણ ચન્દ્રના પ્રકાશ જેવું; ધોળું; સફેત. ૨ સાફ; સ્વચ્છ. ૩ સુન્દર; ખુબ-

ગોરુંચન્દન, ન૦ [સં૦ ગોરોચના] ગાયના મૂતરમાંથી બનાવેલો અથવા ગાયનાં ઓક્યાંમાંથી બાર નિકળેલો ચળકતો પીળા રંગનો એક સુગન્ધીદાર પદાર્થ. એ ચન્દન, ટીળાં કરવાનાં, રંગવાનાં અને ઓસડનાં કામમાં આવેછે. આપણા લોક કેછે કે તે ગાયનાં મસ્તકમાં પેદા થાયછે.

ગોલ, પુ૦ [સં૦] ગોળ. ભૂગોલ, ખગોલ, ચન્દ્રગોલ, સૂર્યગોલ ઇ૦. [ખજાનો.

ગોલક, પુ૦ [સં૦] લોડાં—લાકડાંનો જે ગોલ—ળો તે. ૨ કન્યા—વિધવાને જારકર્મથી પેદા થયલા છોકરા તે ગોલક જાતિ કેવાયછે. ૩ ગલ્લો;

ગોલન્દાજ, પુ૦ [ફા૦] તોપ ભરી રન-જંક મુકી ફોડનાર જે માણસ તે.

ગોલાં, ન૦ રાજાઓનાં જનાનામાં નોકરી કરનારાં માણસ (બાપ વૈશ્ય અને મા બ્રાહ્મણી એ બેથી પેદા થયલાં). [ગોળ.

ગોલાર્ધ, પુ૦ [સં૦] ગોલનો જે અર્ધ તે; અડધો

ગોલો, પુ૦ રાજાઓના જનાનામાં ચાકરી કરનારો મરદ. ૨ ભાત—ડાંગર ખાંડીને ચોખા કરવાનો, અનાજ સમારવાનો ધન્ધો કરનારી એક જાત. ગોલો મજૂરો—ગોલાએ પેર આવી કામ કરવું.

ગોવધ, પુ૦ [સં૦] ગાયને કાપી—મારી નાખવી તે.

ગોવાંદરું, ન૦ ગોંદરું; પાદર.

ગોવાડું, ન૦ ગાય—ઢોરનું ટોળું.

ગોવાળ, પુ૦ [સં૦ ગોપાલ] ગાય ઢોર ચરાવનારો.

ગોવાળિયો, પુ૦ ગોવાળ; ગાય ઢોર ચરાવનારો.

ગોશ, ન૦ [ફા૦ ગોશ્ત] માંસ.

ગોષ, પુ૦ [સં૦ ઘોષ] ભરવાડ વાડો.

ગોષ્ઠી, સ્ત્રી૦ [સં૦] વાતચીત; સમ્ભાષણ; ગોઠ.
ગોસ; ગોષ; ગાંસ. • [સાકડું ફેરવતી વખત).
ગોસ, અ૦ જમણીતરફ (વાણ—હોડીના સુકાનનું
ગોસાંઇ, પુ૦ [ગોસ્વામી] ચોટલી બોડાવી ભગવાં વસ્ત્ર ધારણ કરી વેરાગી થયેલો હોય તે; બાવો; જોગી; જટાધારી. ૨ વલ્લભાચાર્યના વંશનો પુરુષ;
ગોહ, સ્ત્રી૦ ગુફા. [મહારાજ.
ગોહાવું, ક્રિ૦ અ૦ મુઆવું; ગુંગળાવું.
ગોહોર, પુ૦ [આ૦] ભૂંડો વિચાર; હરિયાફરી. ગોહોર કરવો—કરવું. [વામાં આવે તે.
ગોહોર, સ્ત્રી૦ [પ્રા૦] જે ખાડામાં મડદાંને દાટ-
ગોળ, પુ૦ [સં૦ ગોલ] સપાટી ઉપર જે આકૃતિનાં મધ્યબિન્દુથકી તે હદલીટી—પરીઘ સુધી સઘળેથી સરખાં અન્તર હોય તે. ૨ એ આકારનો અથવા જેનો પૃષ્ઠભાગ કાપેથી એવા આકાર પેદા થાય તેવો જે નક્કર પદાર્થ તે—ભૂગોળ, ખગોળ ઇ૦. વિ૦ ચક્રાકાર; વર્તુળાકાર; લીંબુ—નારંગી—દડાના આકારનું.
ગોળ, પુ૦ [ગુડ] શેરડીના રસ સારીપેઠે ઉકાળી ઘાડો કઠણ કરેલો પદાર્થ. 'ગોળ ઘાલે તેવું ગળ્યું થાય', 'ગોળે મરે તેને વીખે ન મારિયે' એ કેહવતો.
ગોળકેરી, સ્ત્રી૦ ગોળની ચાસણીમાં કેરીના બાફેલા કકડા નાખેથી જે મિઠાઈ બને તે.
ગોળગોળ, વિ૦ મતલબ ન સમજાય તેવું અડબુંગડબું અહિં નું નહીંનું—ગરબડિયું. (બોલવું). ૨ લલચાવવાને મીઠું મીઠું લાગે તેવું (બોલવું). ૩ પિગળેલું; ગોળ જેવું નરમ.
ગોળધાણા, પુ૦ ગોળ અને ધાણા. સારી ખબરની વધામણીમાં—સારાં કામના આરમ્ભમાં ખુશખબરની દાખલ ગોળધાણા વેંચવામાં આવેછે—કે સહુના મોડાં ગળ્યાં થાય.
ગોળપાપડી, સ્ત્રી૦ ગોળથીની ચાસણીમાં સેકેલો લોટ નાખ્યાથી જે મિઠાઈ બને તે. [નું.
ગોળાકાર, પુ૦ ગોળ આકાર. વિ૦ ગોળ આકાર-
ગોળાર્ધ, પુ૦ અડધો ગોળ.
ગોળિયાકેરી, સ્ત્રી૦ કેરીની, છુટી ન પડી જાય તેવી ચાર ફાડ કરી તેમાં ગોળ રાઈ અને મસાલો ભરીને બનાવેલું જે અથાણું તે.
ગોળિયો, પુ૦ ગોળ વપરાઈ ગયા પછી ખાલી પડેલું જે ગોળનું માટલું તે.
ગોળી, સ્ત્રી૦ [ગોળ આકારની નાની વસ્તુ] બન્દૂક પિસ્તોલમાં ગડબી મારવાની સીસાની જે થાયછે તે. ૨ મોટું પાણી ભરી રાખવાનું ઠિકરાંનું ઠામ. ૩ ઠિકરાંનાં જે ઠામમાં દહીં વલોવી માખણ કાઢવામાં આવેછે તે. ૪ વૈદ જે ઝીણા ગોળ આકારમાં ગળી જવાનું ઓસડ આપેછે તે. ૫ ધુમણ; ખાયો. ૬ ધક્કો; નુકસાન—તેને પેર ગોળી બેઠી એટલે તેને આદમી અથવા પૈસા તરફથી મોટું નુકસાન થયું.
ગોળો, પુ૦ તોપમાં ગડબી મારવાનો સીસાનો તે. ૨ પાણી—અનાજ ભરી રાખવાનું મોટું ઠિકરાનું ઠામ. ૩ પેટમાં પવનનું આમ તેમ દોડવું તે; પેટમાં કરમનું ભેગું થઈ જવું તે. ૪ પૃથ્વીનો કૃત્રિમગોળ (નિશાળમાં છોકરાઓને પૃથ્વીના આકાર વગેરે શિખવવાને હોયછે તે). ૫ ગપ; જુઠો તડાકો—ગોળો ગબડાવવો. ૬ બોલીને અથવા કરીને ઊંધુંચત્તું કરી મેલવું તે—તેણે આવીને ગોળો વાળ્યો. ૭ ગોળ આકારની કોઈપણ ચીજ—ગોપણનો ગોળો. [મેલેલું તે.
ગોળોપિંડાળો, પુ૦ ચૂંથું ચૂંથું—ગથરવથર કરી
ગો, સ્ત્રી૦ [સં૦] ગાય. [આવેછે તે.
ગોચર, ન૦ ગામને સિમાડે ઢોરને ચરવા સારુ જે પડતર જમીન તે; જે જમીન ખેડવા ન દેતાં ઘણા વરસથી પડતર રાખી ઢોર ચારવા દેવામાં
ગૌડ, બંગાળાના મધ્યમાં એક પ્રાન્તછે તે અથવા તે સમ્બન્ધી. ગૌડબ્રાહ્મણ પાંચ જાતના કેહેવાય છે. સારસ્વત, કાન્યકુબ્જ, ગૌડ, ઉત્કલ, અને મૈથિલ.
ગૌડસારંગ, પુ૦ સારંગ રાગનો એક ભેદ.
ગૌણ, વિ૦ [સં૦] મુખ્ય—પ્રધાન નહિ તે; પ્રાધાન્ય ન હોય તેવું; મુખ્ય નહિ પણ ઉતરતું. ગૌણપક્ષ—મુખ્ય નહિ પણ ન ચાલતાંનો લેવો પડતો એવો પક્ષ.
ગૌતરાટ-ત્રાદ, ન૦ [સં૦ ગોત્રિરાત્ર] ત્રણ રાત પાળવાનું ગાયનું વ્રત તે.
ગૌદાન, ન૦ [સં૦] ગાયનું દાન.
ગૌમુખ, ન૦ [સં૦] ગાયનું મોઢું.
ગૌમુખી, સ્ત્રી૦ ગાયના મોઢાંના આકારની ઊનની કોથળી જેમાં જમણો હાથ ઘાલી માળાના મણકા ફેરવવામાં આવેછે તે.
ગૌમુખોવાઘ, પુ૦ અન્દરથી વાઘ જેવો નિર્દય—સેતાન પણ બારથી ગાય જેવો ગરીબ દેખાતો પુરુષ અથવા દેખાતી સ્ત્રી.

ગોમૂત્ર, ન૦ [સં૦] ગાયનું મૂતર.
ગોર, વિ૦ [સં૦] ગોરું.
ગૌરવ, ન૦ [સં૦] ભારેખીજ; મોટાઈ; પ્રતિષ્ઠા; આબરૂ. ૨ વજન; ભાર.
ગૌરવર્ણ, વિ૦ શ્વેત—ઉજળો રંગ હોય તે.
ગૌરી, સ્ત્રી૦ [સં૦] પાર્વતીનું નામછે. ૨ આઠ વરસની કુંવારી છોકરી.
ગૌશાળા, સ્ત્રી૦ [સં૦] ગાય ઢોરને બાંધવાની જગા.
ગ્યાસ, પુ૦ [અં૦] સ્થિતિસ્થાપક ગુણ રાખતો વાયુરૂપ પદાર્થ.
ગ્રન્થ, પુ૦ [સં૦] એક બીજા સાથે સમ્બન્ધ હોય તેવાં વાક્યોનો જે સમુદાય તે; પુસ્તક. ૨ પુસ્તકનો એક ભાગ. ૩ બતરીસ અક્ષરની એક ગણતરી.-ભાગવતમાં ૧૮૦૦૦ ગ્રન્થ છે એટલે ૧૮૦૦૦ શ્લોક અથવા ૧૮૦૦૦ × ૩૨ એટલા અક્ષરો છે.
ગ્રન્થકર્ત્તા કાર, પુ૦ [સં૦] ગ્રન્થ કરનાર--બનાવનાર. પછી તે ગ્રન્થ નવો હોય અથવા જુનામાંથી સાર કાઢી તૈયાર કરેલો હોય.
ગ્રન્થિ, સ્ત્રી૦ ગાંઠો; ગાંઠ. ૨ સાંધો.
ગ્રસ્ત, વિ૦ ધા૦ [સં૦] ખાધેલું—ગળેલું હોય તેવું; સપડાયલું. વ્યાધિગ્રસ્ત એટલે રોગથી સપડાયલું.
ગ્રહ, પુ૦ [સં૦] રવિ, ચન્દ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, ને કેતૂ એ નવમાંનો એકેકો; આકાશમાં સૂર્યની આસપાસ ફરતા, તારા જેવા પણ વધારે ને સ્થિર ચળકતા દેખાતા જે ગોળ તેમાંનો એક. ગ્રહો, સૂર્યની આસપાસ ફરેછે અને ઉપગ્રહો—ચન્દ્રો, ગ્રહની આસપાસ ફરેછે. ૩ ગ્રહથી માણસની હાલત ઉપર થતી જે અસર તે.
ગ્રહણ, ન૦ [સં૦] લેવું તે; સ્વીકાર; અઙ્ગીકાર. ૨ ધરવું—પકડવું—પેરવું તે. ૩ રાહુ, સૂર્ય—ચન્દ્રનો પ્રકાશ બન્ધ કરેછે તે; પૃથ્વીની છાયા સૂર્યચન્દ્રપર પડવાથી બિમ્બનો જેટલો ભાગ પ્રકાશ આપતો બન્ધ પડેછે તે. 'ગ્રહણ વેળા સાપ પકડવો'. ૪ સમજવું તે; ધ્યાનમાં લેવું તે.
ગ્રહણી, સ્ત્રી૦ [સં૦] મરડો; આમ; અતિસાર; ઝાડાની વાટે લોહી પડવું તે. [વી તે.
ગ્રહદશા, સ્ત્રી૦ [સં૦] ગ્રહથી પ્રાણીની જે સ્થિતિ થ-
ગ્રહભાવ, પુ૦ [સં૦] ગ્રહથી થતી અસર; ગ્રહનુંફળ.
ગ્રહવું, ક્રિ૦ સ૦ ઝાલવું; ધરવું.
ગ્રામ, ન૦ [સં૦] ગામ; ગામડું. ૨ ગાયનમાં સૂર સમ્બન્ધી એક માપ છે; સપ્ત સ્વરમાં જે ત્રણ મુખ્ય અવધિ—છેડા તેમાંનો એકેક. સા રી ગ મ પ ધ ની સા. ૪ સઙ્ગ્રહ; જથો. ગુણગ્રામ, પુણ્યગ્રામ ઈ૦. [માણસ; ગામનુંપાપ.
ગ્રામકણ્ટક, પુ૦ [સં૦] ગામના લોકને દુખ દેતા
ગ્રામ્ય, વિ૦ [સં૦] ગામ સમ્બન્ધી; ગામમાં જન્મેલું. ૨ જઙ્ગલી; સુધરેલું નહિં તે.
ગ્રાસ, પુ૦ [સં૦] જેટલો ખોરાક એક વખતે મોઢામાં ઘાલી શકાય તેટલો તે; કોળીયો. ૨ ગ્રહણ-ધરણથી સૂર્ય—ચન્દ્ર બિમ્બનો જેટલો ભાગ ઘેરાયલો હોય તે.
ગ્રામસિંહ, પુ૦ [સં૦] કુતરો.
ગ્રાહ, પુ૦ [સં૦] મગર.
ગ્રાહક-હી, વિ૦ [સં૦] લેનાર; ગ્રહણ કરનાર; ઘરાક; ખરીદ કરનાર. ૨ કદર જાણનાર; રસ સમજનાર. ગુણ ગ્રાહક, રસ ગ્રાહક ઈત્યાદિ.
ગ્રાહ્ય, વિ૦ [સં૦] ગ્રહણ કરવાને યોગ્ય. [ભાગ.
ગ્રીવ-વા, સ્ત્રી૦ [સં૦] ગરદન; ગળાંનો પાછલો
ગ્રીષ્મ, પુ૦ [સં૦] વૃષભ અને મિથુન એ બે રાશિમાં સૂર્ય હોય ત્યાંસુધીનો જે સમય તે; જેઠ ને આષાડ; પણ આપણા પ્રાન્તમાં મોટી વૃષ્ટિ આષાડમાં થાય છે માટે તથા બીજી રતમાં પણ ફેર પડેછે માટે ખરેખરો ગ્રીષ્મ તો વૈશાખ અને જેઠ જાણવો. ઉનાળાના ચાર મહિના તેમાં પેલા બે તે વસન્તઋતુના અને પાછલા બે તે ગ્રીષ્મઋતુના. મે ને જૂન.
ગ્લાનિ, સ્ત્રી૦ [સં૦] દુખ, રોગ, મેહેનત, શોક, લાજ વગેરે કારણથી મોઢાની કાન્તિ ઘટવી તે; નિસ્તેજ પણું; ફિકાસ; ચેહેરો ઉતરીજવો તે.
ગ્વાલ, પુ૦ [હિં૦] ગોવાળિયો.

ઘ.

ઘ, પુ૦ [સં૦] પંદરમો મૂળાક્ષર; ચોથો વ્યંજન વર્ણ; ગનો મહાપ્રાણ—ગને ચાંપીને કંઈક હ મેળો ઉચ્ચાર કરેથી ઘ થાયછે.

ઘઉં, પુ૦ [સં૦ ગોધૂમ] શિયાળામાં પાકનું એક અનાજ—એ આસો કારતકમાં વવાયછે અને ફાગણમાં તૈયાર થાયછે—એના લોટના રોટલા અને નાના પ્રકારના ભોજનના પદાર્થો બનેછે. એની ઘણી જાત છેઃ કાઠા, પોટા, વણજારુ, હાંસિયા વગેરે.

ઘઉંલો, પુ૦ સરૈયા તથા ગાંધીને ત્યાં મળતી એક જાતની સુગન્ધી. કપુરકાચલી ને ઘઉંલા એ બેને સુખડ સાથે ઘસીને બ્રાહ્મણોને કપાળે ચાર્ચ્યા કરેછે.—સુગન્ધીને માટે શરીર પણ લેપ કરવામાં આવેછે. ૨ ગામમાં ઉગતો એક જાતનો છોડવો. ૩ એક જાતનો ઘઉંના રંગનો સાપ.

ઘઉંવરણું, વિ૦ ઘઉંના રંગ જેવું; શામળું નહિં તેમ ગોરું નહિ તે.

ઘઘવું, ક્રિ૦ સ૦ ધરેકો દેવો; ભડકવું.

ઘચરકો, પુ૦ અજીરણથી જે ખાટો ઓડકાર આવે તે.

ઘટ, પુ૦ [સં૦] ઘડો; દોણિયો; (ધાતુનું અથવા માટોડીનું વાસણ). ૨ (ઈશ્વરે) ઘડેલો કોઈ પણ ઘાટ—સ્થાવર જંગમ નક્કર પ્રવાહી વાયુરૂપ કોઈ પણ. 'ઘટઘટમાં વ્યાપી રહ્યો'. ૩ હૃદય; અન્તઃકરણ. ૪ પાણી ભરીને પુજેલો અથવા પૂજા કરવાના સાધનમાં શિંગેલો જે ઘડો તે; કુમ્ભ, નવરાત્રિમાં—નવા ઘરમાં. ઘટસ્થાપન કરેછે. સ્ત્રી૦ ઓછું—કમી હોવું તે; ખૂટ; કસર.

ઘટ, વિ૦ પાસે પાસે દોરા હોય તેવું; જાડું (લુગડું. આ ઠાંનું પોત ઘટ છે). ૨ જાડું; ઘાડું; છેક નરમ—પાણી જેવું પાતળું નહિં તેવું (જે કંઈ તે).

ઘટકો, પુ૦ સૂજીને પાકતાં દરદમાં કાંટા ભોકાતા હોય તેવું જે કંઈ રૂઈ રૂઈને થઈ આવ્યાં કરેછે તે.—કાનમાં ઘટકા ભરેછે.

ઘટતું, વિ૦ [સં૦ ઘટિત] લાયક; જોઈયે તેટલું ને તેવું; યોગ્ય; માફક—અનુકૂળ આવતું. ૨ ઓછું—કમી થતું; ખુટતું.

ઘટના, સ્ત્રી૦ [સં૦] એકઠું મેળવવું—જોડવું તે. ૨ બનાવટ; કારીગરી. ૩ બનાવ બનવો તે.

ઘટમાન, વિ૦ [સં૦] ક્રિયા ચાલતી હોય તેવું. ૨ બને તેવું; જેનો સમ્ભવ હોય તેવું. ૩ યોગ્ય; ઘટતું. ૪ ઓછું; કમી; ખુટતું.

ઘટમાળ, સ્ત્રી૦ ઠિકરાંના ઘડા અથવા ડોચકાંની કુવામાં ચક્કરની માફક ગોળ ફરતી જે હાર તે; રેંટ. [ઇચ્છે.

ઘટવું, ક્રિ૦ અ૦ યોગ્ય—લાયક થવું—હોવું. ઈનામાફદારને લાંચ લેવી ઘટતી નથી. ૨ ઓછું પડવું; કમી થવું; ખૂટ પડવી.—હિસાબમાં ૭ રૂપિયા ઘટે છે.

ઘટસ્ફોટ, પુ૦ [સં૦] મડદાંને બાળીને ચિતા છાંટયા પછી છેલ્લીવારે તે ઠેકાણે મોઢું ફેરવી તાડુકી ફોડી નાખવી તે. ૨ ફરીથી નજ કરવો એવા નિશ્ચયથી સમ્બન્ધને છેલ્લો તોડી નાખવો તે.

ઘટા, સ્ત્રી૦ [સં૦] વાદળાંઓનું છેક પાસેપાસે આવી ઝુમી રેવું તે; વરસાદ ચડી આવ્યાથી જે કાળો રમણીય દેખાવ થાયછે તે; ઘટાટોપ. ૨ ઝાડને ઘણાં ડાળાં પાતરાં ખિચોખિચ આવી રહેવાથી તેનો જે મોટો ભરાવ તે. ૩ ઘણાં ઝાડનો જે સમુદાય તે.

ઘટાડવું, ક્રિ૦ સ૦ ઓછું—કમી કરવું. ૨ ઉતારી—તોડીપાડવું. (માન). [કમતી.

ઘટાડો, પુ૦ ઓછું—થોડું હોવું તે; ખૂટ; કસર;

ઘટારત, વિ૦ યોગ્ય; ઘટતું; લાયક.

ઘટિકા, સ્ત્રી૦ [સં૦] ૬૦ પળ અથવા ૨૪ મિનિટનો જે કાળ તે; ઘડી. [ઈયે તેવું.

ઘટિત, વિ૦ [સં૦] યોગ્ય; લાયક; જેવું બનવું જો-

ઘઠ, વિ૦ ઘટ; જાડું (પોતમાં).

ઘડ, ગઢ.

ઘડતર, ન૦ જે કંઈ ઘડેલું તે. ૨ ઘડવાની જે રીત તે.

ઘડપણ, ન૦ બુઢાપણ; વૃદ્ધાવસ્થા; જરા. [ચારણ.

ઘડવી, સ્ત્રી૦ ૨૦—૨૫ બેડાંની જે ટાંકલી તે. પુ૦

ઘડવું, ક્રિ૦ સ૦ કાપી ઠોકી મેળવી વગેરે ક્રિયા કરીને કોઈ પણ આકારમાં ઉતારવું; ઘાટ બનાવવો. ૨ બનાવવું; ઉત્પન્ન—પેદા કરવું.—ઈશ્વરે નાના પ્રકારના ઘાટ ઘડયાછે. ૩ બખાણ કરવું; મુસદ્દો—ખરડો તૈયાર કરવો. તેણે ઝડપથી અરજીનો ખરડો ઘડયો—ઘડી કાડયો. ૪ કાપણી વગેરેથી ખેતર મોકળું થયા પછી ખેડુતે કળપી નામનું હથિયાર ફેરવી મુળિયાં કચરો વગેરેને ખણી કાડવાં.

ઘડાઈ-મણ-ણી, સ્ત્રી૦ ઘડવાની મેહેનત; મજુરી.

ઘડાવું, ક્રિ૦ અ૦ કોઈએ ઘડેલું હોય તેવું થવું; બનવું.—આ વાંક સારો ઘડાયોછે. ૨ ઠોકર ખાઈ ખાઈને ઠેકાણે આવવું; સમરવું; અનુભવી બનવું; પક્વ થવું. ભાઈ ઘડાઈ ઘડાઈને હવે ઠેકાણે આવ્યા છે.

ઘડિયાલ-ળ, સ્ત્રી૦ ન૦ જેથી બરોબર વખત માલમ પડે તેવો એક યન્ત્ર.—એ ઘણી જાતનાં હોય છે. એમાં તખતી પર ૧ થી તે ૧૨ અંક તથા બે કાંટા હોય છે. નાનો કલાક અને મોટો મિનિટ બતાવેછે—મોટો કાંટો બધી તખતી ફરી રહે ત્યારે નાનો કાંટો બારમાંનું એક ઘરઆલી થયેલો કલાક બતાવેછે. કેટલાંકને એક દાડાની અને કેટલાંકને આઠ દાડાની કૂંચી હોયછે. ૨ ઘડી (૨ જા અર્થમાં); ઝાલર. [દુરસ્ત કરનારો.

ઘડિયાલી-ળી, પુ૦ ઘડિયાલ લાવનારો અથવા તેને

ઘડિયું, ન૦ નાળિયેરી—ખજુરીની તાડી કાડવાસારૂ તેને કોતરી છેદ નીચેલ તાડી ઝગી ભરાઈ રે તેને સારૂ લાગણી ડોકના જે ઊંચા ડોચકાં—ઝાડવાં લટકાવી રાખવામાં આવે છે તેમાંનું એકેક.

ઘડી, સ્ત્રી૦ [સં૦ ઘટિકા] રાત દાડાનો જે ૬૦ મો ભાગ તે; ૬૦ પળ; ૨૪ મિનિટ.—બે ઘડીનો કલાક. ૨ ધાતુની જે જાડી તખતી ઉપર ઘડીના ટકોરા વાગે તે; મન્દિરમાં ઉત્થાપન આરતી વખત ધાતુના ચન્દા ઉપર ટકોરા મારવામાં આવેછે તે; ઝાલર. ૩ તળે પડથીમાં ઝીણું છિદ્ર—કાણું હોય તેવો પાણીમાં તરતો મુકેલો જે વાડકો બરાબર ૧ ઘડિયે પૂરો ભરાઈ ડુબી જાય તે. (જોપાની). ૪ જે કડું તડકામાં રાખ્યાથી પોતાના ઓળાપરથી વખત બતાવે તે. ૫ લુગડાંના એક ભાગને બીજા ઉપર બીજાને ત્રીજા ઉપર એમ વાળી મુકવાં તે અથવા કપડાંની એવી જે હાલત તે. ધોતિયાંની, શાલની, અંગરખાની ઘડી કરવી —વાળવી. [વાવે છે.

ઘડીએક-ક, અ૦ આસરે ૧ ઘડી જેટલો વખત પ-

ઘડીઘડી, અ૦ વારે વારે; ઘણી વખત. [વાળું.

ઘડીબન્ધ, વિ૦ ઘડીના આકારમાં હોય તેવું; ઘડી

ઘડીભર, અ૦ એક ઘડી સુધી.

ઘડુ, ઘડુલો.

ઘડુડાટ, અ૦ એવો થતો અવાજ.

ઘડુલી, સ્ત્રી૦ છેક નાનો ઘડો.

ઘડુલો, પુ૦ નાનો ઘડો.

ઘડો, પુ૦ [ઘટ] પડથીવાળું મોટાં પેટનું અને સાંકડાં (ઘણું નહિ) મોડાંનું પાણી ભરવાનું જે વાસણ તે. (ધાતુનું અથવા માટીનું) માટીના ઘડાને બરાબર પડથી હોતી નથી. 'પાપનો ઘડો ફુટયો' એટલે છૂપું રહેલું પાપ જાહેર થયું. 'અધુરો ઘડો છલકાય' એટલે જેમ અધુરો ઘડો છલકાય તેમ થોડું ભણેલો બહુ અભિમાન રાખે.

ઘડ્ડું, ઘરડું. [થોડો તે.

ઘણ, પુ૦ [સં૦ ઘન] લુહારનો ઘણોજ મોટો જે અ-

ઘણઘણ-ણાણ, અ૦ ગાડી, ઘણ્ટડા વગેરેનો અવાજ દેખાડે છે. [તે સમજાવવું તે.

ઘણાંવાનાં, ન૦ ઘણી ઘણી ચાલો. ૨ ઘણી ઘણી રી-

ઘણાઘણી, સ્ત્રી૦ ઘણો સ્નેહ—વેવાર.

ઘણું, વિ૦ માપ—વજનનું સારું પરિમાણ બતાવે છે; બહુ. મારે ઘણું કામ છે, લાડુમાં ઘી ઘણું છે વગેરે. (થોડાંનું ઉલટું). એનું બહુવચન ઘણાં ને એ શબ્દ મોટી સંખ્યા પણ દેખાડેછે. ઘણાં માણસ, ઘણા ઘોડા, ઘણી સ્ત્રી. તેને ત્યાં ઘણું માણસ ભેગું થયું હતું એ વાકયમાં ઘણાં માણસનો સમૂહ હતો એમ અર્થ લેવો. [રાખેછે.

ઘણુંક, વિ૦ ઘણું એ શબ્દથી જરાક ઓછો અર્થ

ઘણુંકરીને, અ૦ મુખ્યત્વે કરીને; વિશેષે કરીને; ખસૂસ; જરૂર. તમે અધ્યક્ષ છો એટલે તમારે તો ઘણુંકરીને નિબન્ધને અન્તે ભાષણ કરવુંજ જોઈએ. ૨ પૂરે પુરી નહિ પણ થોડીક ખરી એવી ખાતરીનો અર્થ રાખે છે; ઘણું કરીને વગા. ઘણુંકરીને મારાથી પરમદહાડે તમારે ત્યાં અવાશે. ૩ ઘણાંઓને લગાડતાં તો; સાધારણ રીતે જોતાં. ઘણું કરીને આજકાલ હિન્દુઓમાં શૌર્ય ને સાચો સ્નેહ એ જોવામાં આવતાં નથી. ૪ ઘણીકવાર—વખત.

ઘણુંખરું, અ૦ ઘણુંકરીને (૪ થા અર્થમાં). તે મારે ત્યાં ઘણુંખરું આવે છે. ૨ એકાદા જથામાંનો વિશેષ ભાગ બતાવેછે. [સારું.

ઘણુંજ, અ૦ અતીસે; વધારે; બહુજ; જોઈયે તેથી

ઘણેરું, વિ૦ (કવિતામાં) ઘણું, બહુ; અતિશય.

ઘણ્ટ, પુ૦ દેવ દેરાંમાં ઊંચે લટકતો મિશ્ર ધાતુનો જે ઘાટ વગાડવામાં આવેછે તે.—એ અન્દરથી ખુલ્લા હોય છે ને તેની આજુ બાજુએ ઠોકવાને ધાતુની એક નાની લગડી હોય છે જે ને જીભ કહે છે અને મથાળે ઉપરથી એક કડી હોય છે કે જેમાં

ઘાલેલાં દોરડાં અથવા સાંકળ વતે તે ઊંચે લટકાયલો રહેછે.

ઘણ્ટડી, સ્ત્રી૰ ઘણોજ નાનો ઘણ્ટ. દેવપૂજનમાં હોય છે તે; બળદની ડોકે અને કોવડે જે બાંધેછે તે. ઘણ્ટડી—ઘણ્ટા નાની ને ઘણ્ટ મોટો.

ઘણ્ટરવાળ, ન૰ એક જાતનું શિકારી વાજું.

ઘણ્ટા, સ્ત્રી૰ [સં૰] ઘણ્ટડી. "કાષ્ટ ઘણ્ટા વિટમ્બણા". ૨ કંઈજ નહિ એવો અર્થ રાખેછે. વેલો આવીશ તો ઠીક છે નહિં તો પછવાડેથી ખાજે ઘણ્ટા.

ઘણ્ટિયો, પુ૰ થાળાં સાથે જડેલી નહિં પણ છુટી નીચે મુકવાની દાળ વગેરે ભરવાની ઘણ્ટી.

ઘણ્ટી, સ્ત્રી૰ અનાજ દળવાનો પથ્થરનાં બે પડવાળો જે યન્ત્ર તે. ૨ કોઈપણ ફરતો યન્ત્ર; ચક્રી. ઘણ્ટી ઘણી જાતની હોયછે. કેવત 'ઘરનાં છોકરાં ઘણ્ટી ચાટે ને ઉપાધ્યાને આટો.

ઘન, પુ૰ [સં૰] વર્ષાદ; મેઘ. ૨ કોઈએક સંખ્યાને તેનીજસાથે બેવાર ગુણ્યાથી જે નવી સંખ્યા આવે તે.—જેમકે ૪ એ સંખ્યાનો વર્ગ ૧૬ પણ ઘન તો ૪×૪×૪=૬૪ થાયછે. (અંકગણિતમાં). ૩ છ સરખી—બરાબર ચોરસ બાજુઓનો (જેમાં પાકા છ ખુણા આવેલાજ હોય તેવો) જે કોઈ સરખો નક્કર પદાર્થ તે (ભૂમિતીમાં). ૪ લુહારનો મોટો હથોડો. ન૰ વાદળું.

ઘન, વિ૰ [સં૰] ભરેલું; નક્કર; જાડું.

ઘનઘોર, વિ૰ [સં૰] વાદળાંનો જમાવ થયેથી—વરસાદ ચડી આવેથી અન્ધઃકાર થઈ રહ્યો હોય તેવું; અન્ધરાયલું.

ઘનફલ-ળ, ન૰ જેમ સપાટી ઉપરની આકૃતિની માપના વિસ્તારને ક્ષેત્રફળ કહેછે તેમ ઘન—નક્કર પદાર્થમાં જેટલું હોય તેટલાંને ઘનફળ કહેછે. લમ્બાઈ પોળાઈ ગુણ્યાથી ક્ષેત્રફળ નિકળે ને લમ્બાઈ પોળાઈને ઊંચાઈ અથવા ઉણ્ડાઈ ગુણ્યાથી ઘનફળ નિકળે.

ઘનમૂલ-ળ, ન૰ ઘનનું મૂળ.—૨૭ નું ઘનમૂળ ૩ છે—કેમકે ૩ નો ઘન ૩×૩×૩=૨૭ થાય છે.

ઘનશ્યામ, વિ૰ [સં૰] પાણી ભર્યાં કાળાં વાદળાંના [રંગ જેવું.

ઘબગાટ-ભરાટ, પુ૰ ગભરાટ.

ઘબરાવું-ભરાવું, ગભરાવું.

ઘભાણ, ગભાણ.

ઘમ, ઘમ્.

ઘમઘમ, અ૰ એવો થતો અવાજ દેખાડેછે. ઘુઘરાવાળી ગાડી વગેરેનો.

ઘમઘોર, ઘનઘોર. [ફરવું તે.

ઘમફુઈચકડ્ડી, સ્ત્રી૰ છોકરાંઓની એક રમત—બે હાથ લાંબા કરીને ફેર ફરવા—ચકરર ભમરર

ઘમરઘમરફરવું, ક્રિ૰ અ૰ ફેર ખાવા; ફુદડી ફરવી.

ઘમસાણ, ન૰ ઊંધું ચતું—ભેળસેળ કરી મેલી કામને બિગાડી નાખવું તે; ધુળધાણી કરી મુકવું તે. ઘમસાણ વાળવું. ૨ કાપાકાપી; કતલ; નાશ. ૩ જુદ્ધ.

ઘમાઘમ, સ્ત્રી૰ દોડાદોડ; ધાલમેલ.

ઘમાઘમ, અ૰ ઉપરા ઉપરી મુક્કાનો માર મારવો તે.

ઘર, ન૰ [સં૰ ગૃહ] માણસ પોતાને રહેવાનેમાટે જે મકાન બાંધે તે—ઝુપડું; હવેલી; બંગલો; મેહેલ. ૨ ઘરનાં માણસ; કુટુમ્બ; સંસાર. ૩ કુળ; ખાનદાન.—વર જાતે સારો છે, ઘર સારું છે પછી જેમ મરજી. ૪ જમીનમાં ખોદેલા જે ખાડા—દર—કોતરમાં જનાવરો રહેછે તે. ૫ નવ ગ્રહમાંનો અમુક ગ્રહ, જે અમુક રાશિ સાથે સમ્બન્ધ ધરાવતો હોય તે તે ગ્રહનું ઘર કેવાય. એક ગ્રહ પોતાની અસલ રાશિમાંથી બીજી રાશિમાં જાય ત્યારે તે પોતાનું ઘર મુકી બીજા ગ્રહનાં ઘરમાં ગયો કેવાય. ૬ દિલની હાલત. તે ઉદાસીના ઘરમાં છે. ૭ સ્થાન; ઠેકાણું.—સોકઠી—સેતરંજના મોહોરાંનાં ઘર. ૮ શરીરમાં જે મૂળ કારણે—ઉત્પત્તિ સ્થાનમાં રોગ થયો હોય તે—તેને પિત્તના ઘરનું દરદ છે. ૯ જે હાલતમાં રોગી માણસ હોય તે—તે હમણાં વાયુને ઘેર ગયોછે. ૧૦ રાગની જાત.—તે ઘણાંખરાં રાગનાં ઘર ઓળખી શકેછે. ૧૧ શક્તિ; બળ. તે પોતાનું ઘર જોઈને પગલાં ભરેછે. ૧૨ બચાવ; નિકળી જવાનું બારું—તે પોતાનું ઘર રાખી વાત કરેછે. ૧૩ વાજાંમાંથી જુદા જુદા રાગ નિકળે તેના કાંણાં—ઠેકાણાંમાંનું એકેક. ૧૪ હરકોઈ ચીજ મુકવાને સારુ અન્દરથી પોલી એવી જે વસ્તુ તે.—ચશ્મા—ચાકુ વગેરેનું ઘર. ઘર બાંગવું એટલે કુટુમ્બમાં કુસમ્પ કરાવી ઘરની ખરાબી કરવી અથવા માણસના મરી જવાથી ઘરની ખરાબી થઇ જવી અથવા જેથી ઘર ચાલતું હોય તેવા આદમીનું મરણ થવું. ઘર મારવું એટલે ઘરમાંથી ચોરી—લુટી લઈ જ-

ડું. રોગે શરીરમાં ઘર કીધું—ઘર ઘાલ્યું એટલે રોગ આવ્યો અથવા રોગે તબિયત બગાડી. ઘર માંડવું એટલે પરણીને સંસાર ચાલતો કરવો. ઘર ભરવું એટલે માલમતા પૈસા સામાન વગેરે ઘરમાં લાવી તેને સણગારવું. (બીજાને નુકસાન કરીને). ઘર ચલાવવું એટલે સંસાર ચલાવવો. ઘર બેસવું એટલે ઘરની પડતી આવવી; વંશની સમાપ્તિ થવી. ઘર ઘાલવું એટલે દાખલ થવું; પ્રવેશ કરવો; ઘુસવું—રોગે ઘર ઘાલ્યું. ૨ ઘરની ખરાબી કરવી; નુકસાન કરવું. ઘર ફોડવું એટલે ઘરનાં એકાદાં માણસને લાલચ વગેરેથી પોતાનું કરી લઈ બીજાઓનું જોર તોડવું; મતલબ પાર પાડવાને શત્રુના ઘરમાં કંઈંકાસ ઘલાવવો; કુસમ્પ કરાવી નબળું કરવું. ઘરનું એટલે ઘરમાં રેનારું; ઘરમાનું; પોતીકું; પારકું—પરાયું નહિ તે.—દેવજી તો ઘરનો છે એ જાણશે તેની ચન્તા નથી; અનાજ લાકડાં ઘરનાં હતાં ને ખાવું ખર્ચું તેનું હતું. ૨ ઘર—સંસાર સમ્બન્ધી—તે ઘરનો સુખી છે એટલે ખાવે પીવે હેરાન નથી—સારી હાલતમાં છે. ઘરનો થમ્ભ એટલે જેને આધારે ઘર ચાલતું હોય તે. ઘર વાળો એટલે ઘરનો ધણી. ૨ વર. કેવતોઃ—"ઘર જાણે પડોસી ને કુળ જાણે વેવાઈ", "ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાને આટો", "ઘર બાળીને તીરથ કોણ કરે", "ઘરની ફૂટે શત્રુ ફાવે". નહિ ઘરનો ને નહિ બારનો—ઠામ ઠેકાણાં વગરનો. એ વાક્ય રખડતા આદમીને લગાડવામાં આવેછે અથવા જેણે ઘર તરફનો ને બારનો બન્ને તરફના લાભ ખોયા હોય તેને પણ લગાડવામાં આવેછે. પાણી પીને ઘર પુછે એટલે આગળથી વગર વિચારે કામ કરે ને પછી પસતાય. ઘેર ઘેર માટીના ચૂલા એટલે કેટલીક નરસી રીત ભાતમાં—ચાલ ચલણમાં સઘળા લોક સરખા હોયછે અથવા ઘણાખરા લોક ભૂલમાં હોયછે.

ઘરખટલો, પુ૦ ઘરનો ખટલો; સંસાર ભાર.

ઘરખરચ, પુ૦ ઘર ચલાવવા સમ્બન્ધી જે ખરચ તે—(ન્યાતવરા, વરઘોડા, ધર્મદાન, મોજ મઝા વગેરેનો નહિ).

ઘરગતુ-થાઉ, વિ૦ બજારમાંથી નહિં પણ આડોશીપાડોશી સગાંસનેહી પાસથી મળેલું—ખરીદ કરેલું.

ઘરગોટી-ઘોટી, સ્ત્રી૦ જમતી વખત પેરી બેસવાનું રેશમી કપડું. [ષી કપડું.

ઘરચોળું, ન૦ સ્ત્રિયોને પેરવાનું એક પ્રકારનું રેશ-

ઘરજમાઈ, પુ૦ વહુને પેર—સાસરાંનાજ ઘરમાં સંસાર માંડી રહ્યો જે જમાઈ તે.

ઘરડ, સ્ત્રી૦ ગાડાં ગાડી જે રસ્તે જાય આવે તે રસ્તે પડેલી જે ઊંડી વાટ તે; ચીલો. ૨ અવાય જવાય તેવો રસ્તો—મારગ. ઘરડ પડવી—નવો મારગ ઉઘડવો—નિકળવો. ઘરડમાં પડવું—હાર પડવું; ચાલતું થવું; શરુ થવું.

ઘરડું, વિ૦ ઘણી વયને લીધે કેશ ધોળા થયા હોય ને અશક્તિ આવી હોય તેવું; વૃદ્ધ. ૨ જૂનું.

ઘરણ, ન૦ [ગ્રહણ] પૃથ્વીની છાયાથી સૂર્ય—ચન્દ્રનો પ્રકાશ ઝાંખો થવો તે. ૨ ઝાંખું થવું—લજવાવું તે.

ઘરધણી, પુ૦ ઘરનો માલિક; ઘર ચલાવનારો મુખ્ય પુરુષ. [ઓને કરવાનું.

ઘરધન્ધો, પુ૦ ઘરમાંનું કામ કાજ. ઘણુંકરીને બૈરાં-

ઘરનાળું, ગરનાળું. [ળ; ખાનદાન.

ઘરબાર, ન૦ ઘર તથા આંગણું. ૨ માલ મિલકત; દોલત. તેના ઘરબાર વેચવા દાડો આવ્યો. ૩ કુ-

ઘરબારી, પુ૦ સંસારી; ઘરકુટુમ્બ વાળો; ગૃહસ્થ.

ઘરમેળે, અ૦ માંહોમાંહ્ય—પોતપોતીકામાં સમજીને (કજીયો માંડીવાળવો—સરકારકમાં ન જતાં). ૨ દોસ્તીની રાહે; ઘરનો—પોતીકો જાણીને.—આ હું તો તને ઘરમેળે કહું છઉં, પછી જેમ નજરમાં આવે તેમ કરજે. ૩ ખાનગી; ઘરમાં (બાર નહિં). એ વાત ઘરમેળે કરવાની છે ખબડદાર, બાર ન જાય. [ભાવ.

ઘરવટ, સ્ત્રી૦ એક ઘરને બીજાં ઘરસાથે એક કુટુમ્બનાં હોય તેવો જે સ્નેહ ભરેલો પરિચય તે; ઘણાં ઓળખાણનો વેવાર. ૨ પોતીકાવટ; સ્નેહ

ઘરવાખરો, પુ૦ જેજે વસ્તુઓથી ઘર મણ્ડાઈ ચાલતું હોય તે; રાચરચીલું તે. [વેવાર.

ઘરસંસાર, પુ૦ ઘર ને તેમાં રેતું કુટુમ્બ. ૨ સંસાર

ઘરસંસારી, પુ૦ પરણી ઘર માંડી સંસાર ચલાવનારો પુરુષ.

ઘરસાન્તિક, સ્ત્રી૦ ન૦ ગ્રહશાન્તિ. [રો પુરુષ.

ઘરસૂત્ર, ન૦ [ગૃહસૂત્ર] કુટુમ્બ કબીલાવાળું ઘર; ઘર સંસાર. "મરણ પામ્યાંરે પત્ની ને પુત્ર, મેહેતાનું ભાંગ્યું ઘરસૂત્ર" (મોસાળું).

ઘરાક, ન૦ [સં૦ ગ્રાહક] માલ ખરીદ કરનાર; લેનાર. ૨ રોજનો ખરીદ કરનાર. ૩ ખૂબી પિછાનનાર; ગુણ—રસ સમજનાર.

ઘરાકી, સ્ત્રી૦ ગ્રામાં ઘરાકસાથે જે વેપાર થાય તે. પેલા વેશમવાળાને ઘરાકી સારી છે.

ઘરાણિયા, વિ૦ ઘરેણે—ગીરો મુકેલી (જમીન). —કરજે સિવાય રૂપિયાનું વ્યાજ નહિ અને એ-તરનો વજે નહિ એવે કરારે.

ઘરાગ, અ૦ સાતપેરા; અલખત.

ઘરે, ગ્રહ.

ઘરેડ, ઘરડ.

ઘરેડી, સ્ત્રી૦ નાનો કરપો. ૨ ઘરેડ ઘરડ એમ બોલતો શ્વાસ (મરતી વખતનો).

ઘરેડો, પુ૦ ઘરેડી. (૨ જા અર્થમાં).

ઘરેણાઉખત, ગીરોખત.

ઘરેણું, ન૦ શરીરને શોભાવવાનેસારુ સોનાં મોતી હીરા વગેરેનાં જે ઘાટ તે; ડાગીના; અલંકાર; આભૂષણ. એ શબ્દ એકવચન અને અનેકવચન બન્નેમાં વપરાયછે. ૨ શોભા; ભૂષણ; સણગાર.

ઘરેણે, વિ૦ ગીરો મુકેલું હોય તેવું; ગિરવી. (ઘર, જમીન, ડાગીનો વગેરે). રૂપિયા લઈ માલ મુક-વો અથવા માલ લઈ રૂપિયા આપવા અને થો-ડુંક વ્યાજ આપવું—લેવું એવી રીતના વેવાર વા-ળું. ઘરેણે મુકવું—લેવું.

ઘરોબો, પુ૦ ઘરવટ.

ઘરોળી-લોડી, ધિલોડી.

ઘર્મ, પુ૦ [સં૦] ઘામ; બાફ; ગરમી.

ઘર્ષણ, પુ૦ [સં૦] ઘસવું તે. [ણાંની વાતથી.

ઘસાઈજવું-વું, ક્રિ૦ અ૦ ઘણી નુકસાનીમાં આવી પડવું; ફસવું; ખરાબ હાલ થવું—ઘસુ કરીને ના-

ઘલોડું, ધિલોડું. [૨ વેડવું.

ઘવડવું, ક્રિ૦ સ૦ નખેવતી ચામડી ઊપર ઘસવું.

ઘસડવું, ક્રિ૦ સ૦ જમીન અડકેલી રયાં કરે એવી રીતે કોઈ પણ નિર્જીવ અથવા સજીવ પદાર્થને સારીપડે ખેંચવો—તાણવો. ૨ પકડાને લઈ જવું.

ઘસરકો, પુ૦ નખે કરીને જોરમાં જે લીટો—છેકો પડેલો તે. ૨ એક વસ્તુને બીજી ઉપર જોરમાં ઘસવી તે.

ઘસવું, ક્રિ૦ સ૦ [સં૦ ઘર્ષણ] એક વસ્તુને બીજી ઉ-પર—સાથે જોરમાં અહીં તહીં ખેંચયાં કરવી.—ઓરસિયાપર સુકેડ ઘસ.સરાણ ઉપર ચાકુ અ-સ્તરા વગેરે ઘસવાં. વાસણને ઘસવાં—ઘસોઘસી-ને માજવાં.

ઘસારો, પુ૦ ઘસાયાથી થયલી જે નિશાણી તે. ૨ ઘસાયાથી પડેલો જે ઘરબો તે. ૩ વરસ દોઢ વ-રસનાં નાનાં છોકરાંઓ આજારી પડેથી જે ઉ-રડે સુંઠ સંચળ વગેરેની મેળવણીની દવા પીયછે તે. ૪ નુકસાન; તોટો.

ઘસાવું, ક્રિ૦ અ૦ કોઈએ ઘસ્યું હોય તેવું થવું. ૨ ઘસેથી ઓછું થઈ જવું.—સુકેડ ઘસાય છે પણ ઓરસિયો ઘસાતો નથી. ૩ શરીર અશક્ત થઈ જવું. ૪ પૈસાની ભીડમાં આવવું; ઘણા ખરચમાં આવવું. [સેકેલો જે લોટ તે.

ઘસિયો, પુ૦ બાજરી ઘઉં વગેરેનો દૂધથી કરમોડો

ઘસોટિયો, પુ૦ ઘઉંના સેકેલા લોટને ખૂબ ઘસી પા-ણીને નરમ કરી તેમાં ખાંડ નાખી તૈયાર કરેલો તે. ઘસોટિયો લાડુ.

ઘાંચણ, ઘાંચેણ.

ઘાંચી, પુ૦ તલ દિવેલી વગેરેને ઘાણીમાં પીલી તેલ કાડનારો. ૨ તેલ દિવેલ વેચનારો; તેલી.

ઘાંચેણ, સ્ત્રી૦ ઘાંચીની બૈરી.

ઘાંટી, સ્ત્રી૦ જુવાની આવ્યાથી ગળાંના ઉપલા ભા-ગમાં જે નાનું સરખું હાડકું બાર પડતું દેખાય તે; હાડું. ઘાંટી ફુટવી—જુવાની આવવી. ૨ એ-વે સમે અવાજનું બદલાવું થાયછે તે. ઘાંટી ફુ-ટતાં પેલાં અવાજ કેળવાઈ શકેછે પણ ફુટયા પછી તે ઘણું કરીને તેવોને તેવોજ રહેછે.

ઘાંટો, પુ૦ ગળાંમાંથી નિકળતો અવાજ; સાદ. ઘાં-ટો બેસવો—અવાજ જાડો થવો. ઘાંટો ઉઘડવો—ખુલવો—મોટો ને સારો થવો. ૨ બરાડો; મો-ટો સાદ.

ઘાંધી, ગાંધી.

ઘા, પુ૦ [હિં૦] ઊંચેથી જોરમાં પડી અથડાવું તે; પ્રહાર. હથોડાનો ઘા. ૨ જખમ; ઝટકો. ૩ ચો-વીસ તાનો જથો; દસ્તો (કાગળનો). ઘા ગારવો—કરવો—લાગવો—પડવો—થવો—ખમવો.

ઘાએલ, ઘાયલ.

ઘાઘરી, સ્ત્રી૦ નાનો ઘાઘરો.

ઘાઘરો, પુ૦ સ્ત્રિયોને કેડથી તે પગ સુધી પેરવાનું ઘે-રવાળું સિવેલું લુગડું.

ઘાટ, પુ૦ સ્ત્રિયોને પેરવાનું એક જાતનું રેશમી કપડું; ગાળો; કસગેર. ૨ જે આકારમાં ઘડાયું—બન-લું હોય તે; આકૃતિ; ડોળ. ૩ શિકલ; સુરત; ચેહેરો; સીનો. ૪ નદીને તીરે નાવા ધોવાને પા-ણી ભરવાને બાંધેલી જે ઢળતી—પગથિયાંવાળી જગો તે; ઓવારો; આરો. ૫ બે દેશના વચમાં

જે બાઝ્યો પડેલો પહાડ તે. ૬ સહ્યાદ્રિ પર્વતની પૂર્વ તરફનો જે દેશ તે. ૭ પહાડઉપર ચડવા ઉતરવાનો જે રસ્તો તે. ૮ જે યુક્તિ—તજવીજે—પ્રકારે એકાદું કામ પાર પાડ્યું હોય તે અથવા તે કામ. એ ઘાટ તમે કોહોડ્યા તેમ નહિ પણ આમ તો ઉતરશે ખરો. **ઘાટઘડવો**—નક્કર વસ્તુને હરકોઈ આકાર આપવો. ૨ જુગતી—તજવીજ કરી મુકવી; મનસુબો કરી રાખવો. ૩ ઘણુંજ નુકસાન કરવું. ૪ મારી નાખવું.

ઘાટડી, સ્ત્રી॰ સિન્દુરિયા—રાતા રંગનું ચુંદડીની ભાતવાળું ચાર પાંચ હાથનું જે રેશમી લુગડું તે. માતાજી—કન્યાને માંડ ઉપર ઓઢાડવાની ઘાટડી. ૨ સોવાસણ સ્ત્રીના મુડદાં ઉપર જે રાતું રેશમી લુગડું ઓઢાડવામાં આવેછે તે.

ઘાટપોત, ન॰ એક જાતનું રેશમી કપડું.

ઘાટી, વિ॰ ઘાટ—પહાડ સમ્બન્ધી.—ઘાટી ઘી—ઘોડાં વગેરે. પુ॰ ઘાટના રેહેનાર શૂદ્રની એક જાતિ.—એ દક્ષણી ચાકરો પાણી ભરવાં વાસણ માંજવાં વગેરેનું ઘરકામ કરેછે.

ઘાટીલું, વિ॰ દેખાવડું; રૂપાળું; ખુબસુરત.

ઘાડવું, ન॰ જેમાં ગોળ ભરી વેચવામા આવેછે તે માટીનું ઠામ.

ઘાડવો, પુ॰ ઘી—તેલ ભરવાનું માટીનું ઠામ.

ઘાડાસ, સ્ત્રી॰ ઘાડાપણું.

ઘાડું, વિ॰ છેક નરમ—પાણી જેવું ન હોય તેવું; લચકા—માવા જેવું. ઢીલી દાળ એટલે નરમ પાણી જેવી દાળ અને ઘાડી દાળ એટલે લચકો દાળ. ૨ જાડું. ૩ દુઃખ સહીસહીને કઠણ છાતીનું થયલું—થઈ રહેલું.

ઘાણ, પુ॰ બહુ અનાજ શાક વગેરેને એકદમ—એકઝપાટે તૈયાર ન બની શકે માટે તેના ભાગ પાડી અકેકાને જુદો જુદો તૈયાર કરવો તે.—ચાર ઘાણે ભજિયાં તળી કાડજે. ભજિયાંનો ઘાણ લાડુનો ઘાણ વગેરે. ૧લો ઘાણ ૨જો ઘાણ વગેરે. ૨ ધુળધાણી; ખરાબી; બગાડ; સથરપથર; ભાંગી કચરી ભેળસેળ કરી મુકવું તે—તેણે ઘાણ વાળી મુક્યો છે. ૩ ઘાણીમાં પિલાયાથી જે હાલત થાય તે હાલતમાં આણી મુકવું તે; કચરી—છુંદી નાખવું તે; સંહાર; ડાટ. દુષ્ટે તેનો ઘાણ કાડી નાખ્યો. **ઘાણ વાળવો**—નુકસાન કરવું. ૨ ભેળસેળ કરી બગાડી નાખવું.

ઘાણી, સ્ત્રી॰ જે યન્ત્ર—સાંચાવડે ઘાંચી—તેલી તેલ કાડેછે તે.

ઘાત, પુ॰-સ્ત્રી॰ [સં॰] મારી નાખવું—ઠાર કરવું તે; હત્યા; ખૂન.—આત્મઘાત; પ્રાણઘાત ઈ॰. **ઘાત કરવો**—કરી. ૨ અકાળમૃત્યુ—જળઘાત, શસ્ત્રઘાત ઈ॰. **ઘાતજવી**—મરતાં મરતાં બચી જવું. તેને ચાર ઘાત ગઈછે. ૩ પુ॰ ગરકો; ઘા; ક્ષત. ૪ પ્રહાર; ફટકો; ઝપાટો; ઠોકવું તે. આઘાત, પ્રત્યાઘાત ઈ॰. ૫ એકાદિ સઙ્ખ્યાને પોતાનીજ સાથે (પછી ગમે તેટલી વાર) ગુણીને વધારવી તે. જેમ કે ૪ એ સઙ્ખ્યાનો દ્વિઘાત—વર્ગ ૧૬ છે, ત્રિઘાત—ઘન ૬૪ છે, ચતુર્ઘાત ૨૫૬ છે ઈ॰.

ઘાતક-કી, વિ॰ [સં॰] ઘાત કરનાર; ખુની; પાયમાલી—ખરાબી કરનાર. ૨ નિર્દય; દુષ્ટ; ક્રૂર.

ઘાતચન્દ્ર, પુ॰ [સં॰] હાનિ—નુકસાન કરે તેવો જેટલામો ચન્દ્ર જે રાશિને હોય તે રાશિને તે તેટલામો ચન્દ્ર ઘાતચન્દ્ર કેહેવાય.

ઘાબડું-ભડું, ગાભડું.

ઘાભ, ગાભ. [ગરમી; બાફ. ૩ તડકો.

ઘામ, પુ॰ [સં॰ ઘર્મ] પરસેવો; સ્વેદ. ૨ ઉભારો;

ઘામચ-છ-ટ, ન॰ તડ—કાંણાંમાંથી વાણનાં પેટાં—ભણ્ડારમાં જે થોડું થોડું પાણી ભરાય તે.

ઘામોટ, પુ॰ ગામડાંના લોકને સરાવવા પુજા કરાવવા વગેરેનું કામ કરનારો; ગામગોર.

ઘામોટું, ન॰ ઘામોટનો જે ધન્ધો તે; ગોરપદું.

ઘાય, ઘાવ.

ઘાયડમલ, વિ॰ બાહાદુર; શૂર; પેહેલવાન.

ઘાયલ-યેલ, વિ॰ [હિ॰] જેને ઘા લાગ્યો હોય તે; દરદી; જખમી; દુઃખી. [ડુબાના સરાધ થાયછે.

ઘાયાખુડયા, વિ॰ શસ્ત્રથી ઘાયેલ થયલા અથવા પાણીમાં ડુબી ગયલા. ભાદરવાવદ ચૌદસે ઘાયાખૂ-

ઘાયો, પુ॰ ચોવીસ કાગળ—તાનો જે જથો તે; દસ્તાપર; દસ્તો. ૨ ઘાયલ થયલો અથવા ઘાયલ થઈને મરી ગયલો. ૩ હૈયું ભેદાય—દીલપર અસર થાય તેવો જે ટુંકો લેખ તે; સઙ્કેતનું લખાણ. "ક્યાં ક્યારે ને કેમ, પ્રીત બન્ધાયે રહેલી; ક્યાં ક્યારે ને કેમ, પ્રીત નીભેછે સ્હેલી; ક્યાં ક્યારે ને કેમ, પ્રીત તુટેછે ભ્હેલી; ક્યાં ક્યારે ને કેમ, પ્રીત ડાહી ને ઘેલી; હૂં ઊંચ સરોવર કમળની, ખિલવા માંડ્યૂં હવે; ઓ ચતુર ભ્રમર વરજે મને, સુખ મારૂં તૂ આ ભવે"—(ચાંદબાની વાત).

"ક્યાં ચંદન મળિયાગરી, ક્યાં સાહેર ક્યાં નીર; જેમ જેમ પડે વિપત્તડી, ત્યમ ત્યમ સહે શરીર" (મડાપરચીસી).

ઘારણ, ન૦ કંઈજ ભાન—જાગ્યના—સ્વપ્ન નહિં તેવી જે ઊંઘ તે; ઘોરનિદ્રા.

ઘારી, સ્ત્રી૦ કોપરાં ખાંડનું અથવા દાળ ગોળનું તૈયાર કરેલું પૂરણ કણેકમાં વણીને તળી કાડેલી જે જાડી પૂરી તે. ૨ અડદની—મગની દાળનું જે વડું તે. ૩ ચોટલીની ચારે બાજુએ ફરતા રખાવેલા જે થોડા થોડા કેશ તે; ઘેર. ૪ પાણીમાં છરતી ઠીકરી મારવાથી જે ચકરડાં થાય તેમાંનું એકેક. [તેમાની એકેક; ગાંસ.

ઘાલ, સ્ત્રી૦ જુદી જુદી વખતે જમવા બેઠેલી પઙ્ક્તિ

ઘાલણદાસ, પુ૦ લોકનાં નાણાં ઘાલી બેસનારો; દેવાળિયો.

ઘાલમેલ, સ્ત્રી૦ વસ્તુ—હિસાબ—કામકાજમાં જે ગરબડ સરબડ તે. ૨ ખટપટ. ૩ ઉતાવળ. ઘાલમેલિયો—ગંરબડિયો. ૨ ખટપટિયો. ૩ ઉતાવળિયો.

ઘાલવું, ક્રિ૦ સ૦ અન્દર—માંય મુકવું; પેસાડવું. ૨ ઉપર મુકવું—રાખવું—વળગાડવું. તે પોતાના શરીર ઉપર ૨૦—૨૫ હજારનો ડાગીનો ઘાલેછે. ૩ (લાક્ષણિક અર્થમાં) અન્દર પેસવું—માથું મારવું.—તેણે તે કામમાં જબરું માથું ઘાલ્યુંછે. ૪ કોઈના નાણાં ખાઈ જવાં—લઈને પાછાં ન આપવાં—છુપાવવાં. તે દલાલ લોકનાં નાણાં ઘાલીને નાસી ગયો. [ઝટકો.

ઘાવ, પુ૦ [હિં૦] શસ્ત્ર—હથિયારનું કોઈ વસ્તુ ઉપર લાગવું—પડવું—ઘસાવું તે. ૨ શસ્ત્ર જોરમાં લાગ્યાથી જે ઊંડો કાપ—ખાડો પડયો તે; જખમ;

ઘાશિયો, પુ૦ ઘોડા ઉપર સામાન નાખ્યાપછી છેલ્લીવારે જે બનાત—ખુસખ નાખવામાં આવેછે તે.

ઘાસ, ન૦ [સં૦] પોતાની મેળે ઉગી નિકળતા એક જાતના છોડવા—જેને ગાય ઢોર ખાયછે; ખડ. એ લીલું ને કુમળું હોયછે ત્યારે ચાર કેવાયછે. ૨ જે પરચુરણ છોડવા માણસના કામમાં નથી આવતા પણ ગાય ઢોરના ચારા દાખલ કામ આવેછે તે. ૩ ઘસારો.

ઘાસિયો, ઘાશિયો.

ઘિમેલ, સ્ત્રી૦ કીડીના આકારનો પણ જરા મોટો ને રતાશ પડતો કીડો. [તેવી (ગાય—ભેંસ).

ઘિયાળ, વિ૦ જેના દુધમાંથી ઘણું ઘી નિકળતું હોય

ઘિલોડી, સ્ત્રી૦ સરડા જેવું પણ ચપટું ને અડૈયાંની રાખના રંગ જેવું એક પ્રાણી. ૨ ઘિલોડાંનો વેલો.

ઘિલોડું, ન૦ ઘિલોડીના વેલાનું ફળ. એનું શાક થાયછે.

ઘિસલું, ન૦ આસરે ત્રણ ચાર હાથ લામ્બું એક છેડે બે પાંખાંવાળું બળદ પળોટવાનું હથિયાર. ૨ છોકરાંને રમવાનું હાથ બે હાથનું હોયછે.

ઘિસવું, ક્રિ૦ સ૦ મુક્કાનો માર મારવો.

ઘિસ્સો, પુ૦ માજાનો દોરી—માજાપર ઘસારોપડે તે.

ઘી, ન૦ [સં૦ ઘૃત] માખણ તાવેથી જે ચિકણો પ્રવાહી નિકળેછે તે. એ રસોઈના અને યજ્ઞના કામમાં આવેછે.

ઘીયો, પુ૦ ઘી વેચનારો.

ઘીસ, સ્ત્રી૦ તપાસને માટે સિપાઈયોએ સાથે ફરવું તે; રોન. ૨ હોળીનો વરઘોડો.—મોહ્લા મોહ્લાના લોક પોત પોતાનાં નિશાણો અને તાસાં ઢોલ સાથે એકઠા વરઘોડો કાડે છે તે. એમાં છેહલે એક વરરાજા ગધેડાં પર બેઠેલો હોયછે અને એને સાવરણી વગેરેથી ચમ્મર થાયછે અને પછાડી સાજનિયા વરને ભૂંડાં ગીત ગાયછે.

ઘુંગટ-ઘટ, ઘુમટો.

ઘુંગટી, સ્ત્રી૦ માથે ઓઢાય તેવી સિવેલી કામળી.

ઘુંજવું, ક્રિ૦ અ૦ ફરતાં અવાજ કરવો—ભમરડાએ.

ઘુંટડો, પુ૦ એકજ વખત એકજ દમે જેટલું જે પીવામાં આવે તેટલું તે; ગોટ. ઘુંટડો ભરવો.

ઘુંટણ, ન૦ પગનો નળો અને જાંઘ એ બેના વચમાંનો જે સાંધો તે; ઢીંચણ.

ઘુંટણિયાં, ન૦ બાળક છોકરાં ઘુંટણ ઘસતાં અહીં તહીં જા આવ કરે તે. ઘુંટણિયાં ભરવાં—તાણવાં—ખેંચવાં.

ઘુંટવું, ક્રિ૦ સ૦ વસ્તુને ઝીણી કરવાસારુ તે ઉપર કુતકું—ઘરાઈ—પથરો વગેરે ચાંપીચાંપીને ચાર પાસ સરકતો ફેરવવો.—ઘુંટવામાં ઘણું કરીને કુંડી ને કુતકું હોયછે. તપખીર ઘુંટવી. ૨ કોઈ વસ્તુને સાફ ઉજળી ચળકતી કરવાસારુ તેઉપર બીજી કોઈ ચળકતી વસ્તુ ઘસવી.—પાટી ઉપર કોડો અથવા કાચ ઘૂંટ. ૩ લખી આપેલા ખરડ ઉપર વારે વારે લખ્યા કરવું; અક્ષર ઠરાવવા; દસ્કત વાળવા. દોપીસ્તાં ઘુંટ્યાથી દસ્કત સારા થાયછે. ખાંડવા—કુટવામાં ઉપરનું જોર, વાટવામાં આડું જોર અને ઘુંટવામાં ફરતું જોર વિશેષ

હોયછે.

ઘૂંટી, સ્ત્રી૦ પગની પાટલી અને પગના નળાને જોડનાર સાંધાની આજુબાજુએ બાર નિકળેલી જે હાડકી તે.

ઘૂંટો, પુ૦ તપખીર કાગળ વગેરે ઘુંટવાનું ઓજાર.

ઘુએડ, ઘુવડ.

ઘુઘરમાળ, સ્ત્રી૦ ઘુઘરાની માળા. (બળદની કોટે) (ઘેરિયા કમ્મરે બાંધેછે તે).

ઘુઘરી, સ્ત્રી૦ સોનાં રૂપાં વગેરે ધાતુના પતરાંનો પોલો ગોળ ખણખણતો અથવા ઠાલો જે નાનો આકાર તે. ૨ રેશમની પાટી ઊપર ઘુઘરી જડેલી હોય તે ઘરેણું—સ્ત્રીના હાથનું. ૩ બાફેલી જુવાર વગેરે—ઘઉં કરીને ઢોરને ખવડાવવામાં આવેછે.

ઘુઘરો, પુ૦ ધાતુનું—લાકડાંનું—તરસાડાંનું—નાળીએરીનાં પાતરાંનું વગેરેનું પોલા ગોળ આકારનું અને માંય કાંકરા વગેરેથી ખખડે તેવું રમકડું. ૨ મોટી ઘુઘરી. ૩ ઘુઘરીઓનો ઝુમખો. ૪ ઘુઘરાના આકારના ખાવાનો પદાર્થ—માવાના ઘુઘરા. ૫ દાગ કરવા સારૂ પલાળેલા ચણા. ૬ છોનેવારતે પકાવેલા આખા કાંકરા—મરડિયા.

ઘુઘવાટ, પુ૦ જોરમાં વેતાં પાણીનો અથવા દરિયાનો અવાજ. [ઘુ કરેછે.

ઘુઘુ, અ૦ એવો થતો અવાજ દેખાડેછે. દરિયો ઘુ-

ઘુડારથ, [સં૦ ગૂઢાર્થ].

ઘુનો, ગુનાહ.

ઘુમજ-ટ, ગુમજ.

ઘુમટી, સ્ત્રી૦ તાડના પાતરાંની અથવા ખાખરના પાતરાંની બનાવેલી સુપડાં આકારની પણ એક ખુણાની વાંસો ઢંકાય તેવી લાંબી જે વસ્તુ તે. ગામડાંનાં ગરીબ ગરબાં છત્રીને ઠેકાણે ઘુમટી વાપરે છે; વાંસની ચીપની બનાવેલી છતરી જેની અન્દર સાટના ખાંખણા ટાટાં ઉપર બેસેછે તે. ૨ તાબુતની ઉપર જે ગોળ આકારે હોયછે તે.

ઘુમટો, પુ૦ ઘુંગટ—પટ; લાજ અદબ દેખાડવાસારૂ માથાપરનો છેડો બાર ખેંચી મોડાંને ઢાંકવું તે. ઘુંમટો ખેંચવો—તાણવો.

ઘુમણી, સ્ત્રી૦ બાળક છોકરાંને ઘોડિયાં—પારણામાં સુવાડીને ગાતાં દોરી ખેંચી હિચકા નાખવા તે. ઘુમણી ઘાલવી કેવાય છે.

ઘુમરડી, સ્ત્રી૦ ફેર ખાવા તે. ૨ ફેર; ચક્કર.

ઘુમરાવું, ક્રિ૦ અ૦ મોઢું ચડવું; ગુસ્સામાં દેખાવું.

૨ વરસાદનું ચડી આવવું; અન્ધારું; ઝુમી રેવું (આકાશનું).

ઘુમવું, ક્રિ૦ અ૦ ચાર પાસ ફેલાઈ ચોફેર ફરવો.—અવાજ ઘુમી રહ્યોછે. ૨ કોઈ કામ કરતાં તેમાં એવું દીલ લગાડવું કે બીજી વાતનું ભાન ન રે; મસ્ત બની રેવું; મચવું. ૩ કામમાં મોટો કારભાર કરવો, મ્હાલવું.

ઘુરકવું, ક્રિ૦ સ૦ પોપચાં ન મિચાય તેવી રીતે ગુસ્સામાં કોઈની સામાં જોયાં કરવું; તાકીને ડોળા કાડવા.

ઘુવડ, ન૦ [સં૦ ઉલૂક] રાતેજ દેખે (દિવસે નહીં) તેવું એક પક્ષી.

ઘુસવું, ક્રિ૦ અ૦ [હિં૦] જોરથી—જોર જુલમથી—વગર નોતરે અન્દર પેસવું—જવું. [ઊંદર ઝાલવાના.

ઘુસિયું, ન૦ ઊંદર ઘોળ પકડવાની પેટી—નું પાંજરું;

ઘુસ્સો, પુ૦ ગુસ્સો; ક્રોધ. ૨ મુક્કો.

ઘૂંટ, પુ૦ ઘુંટડો; ગોટ. ૨ ઘાંટો; કણ્ઠ. 'ઘાંટે ઘૂંટ ભરાય છે' એટલે જે ઘડી જાયછે તેમાં સ્વાસ ભરાઈ જઈ કણ્ઠ મળી જશે—જે ઘડી જાય છે તે અગત્યની છે ને એ જો ગઈ તો કામ ધુળ મળવાનું.

ઘૂડ, ઘુવડ.

ઘૂમ, અ૦ ગરક—ડુબી ગયલો (તર્કમાં). ૨ ગેબાન; આંધળો ભીત (કેફથી).

ઘૂસ, પુ૦ ઊંદર; ઘોળ.

ઘૃત, [સં૦] ઘી.

ઘેઘટ, વિ૦ ઘેરાઈ ગયલું—હુંઘમાં, કેફમાં. સ્ત્રી૦ આકાશ છવાઈ રેવું તે—વરસાદની ઘેઘટ.

ઘેંસ, સ્ત્રી૦ છાસમાં જુવારનો જાડો લોટ મીઠું મસાલો નાખી ઉકાળી જે રાબડું—તબડકિયું બનાવવામાં આવેછે તે. ચણા-કાંગ-બણ્ટીની પણ બનેછે. કેવતઃ 'ઘેંસ ખાય તે ઘોઘર થાય'—એટલે કાંતવાળો જાડો થાય. 'આવડે નહિ ઘેંસ ને રાંધવા પેસ' એટલે ઘેંસ સરખી બનાવતાં આવડે નહિં ને વળી મોટી રસોઈ કરવાનો શોખ રાખવો—સેહેલું કામ થાય નહિં ને મોટાં કામમાં હાથ ઘાલવો.

ઘેટું, ન૦ એક જાતનું ચોપગું જાનવર. એ જાત ગરીબડી ને બીકણ હોયછે-એનું માંસ ખાવામાં અને એનું ઊન ગરમ કપડાં દાખલ કામમાં આવેછે; મેંઢું; સાડરું.

ઘેન, ન૦ ભારીથવું—મીંચાઈ જવું તે; ખુમારી. ઊંઘ, ભાંગનું ઘેન.

ઘેબર-ભર, ન૦ [ઘૃતવર] ગેબર. [કારેલાનું શાક."

ઘેબરિયો, વિ૦ ગેબરના જેવો મીઠો. "આવરે વરસાદ, ઘેબરિયો પરસાદ, ઊની ઊની રોટલી ને

ઘેર, પુ૦ ગોળ ફરતી હદ; પરીઘ. ૨ જામો અંગરખો ઘાઘરો વગેરેનો છેક નીચલો ચારેપાસ ફરતો અથવા ગોળ એવો જે ભાગ તે. ૩ ચોટલીની આસપાસ જે નાના બાલ રખાવવામાં આવે છે તે; ઘારી. સ્ત્રી૦ ગોળ ચક્કરમાં ફરવું તે. ૨ ઘેરિયાનું ટોળું. [વાડીએ!

ઘેર, એ શબ્દ ઘરમાં અથવા ઘરતરફ એવા અર્થમાં વપરાય છે.—મારે ઘેર આવજો; ઘેરઘેર માટીના ચૂલા; વેલા ઘેર જજે; તમે ઘેર હશો કે

ઘેરદાર, વિ૦ ફરતા ઘેરવાળું (કપડું).

ઘેરબેઠાં, અ૦ કામ કીધાવગર; બાર ગયાવગર.—હવે તેને ઘેરબેઠાં પેનશન આપવાં કરવાનું છે. ૨ ઘરમાં કામ કરતાં—તેને ઘેરબેઠાં ૨૦૦—૩૦૦ મળેછે ત્યારે તે શું કરવા તાબેદારીની નોકરી કરે?

ઘેરબેસવું, ક્રિ૦ અ૦ ચાકરીથકી બરતરફ થવું; રજા મળવી. [તેને અટકાવવું.

ઘેરવું, ક્રિ૦ સ૦ ચારેપાસથી કબજ કરવું; બાર ન નિકળાય તેવી રીતે સાંકડમાં આણી મુકવું; રસ્તો રોકી લેવો; કેદ કરવું. ૨ સાંમું આવતું હોય

ઘેરાવ-વો, પુ૦ પરીઘ; ઘેર. ૨ ગોળ આકાર. ૩ જેમાં જેટલું ઘેરાયું હોય તેટલું તે.

ઘેરાવું, ક્રિ૦ અ૦ સાંકડમાં આવવું. ૨ ચારપાસ ઉદ આવી રહી હોય તેવું હોવું.

ઘેરિયો, પુ૦ નવરાતરમાં જે કોળી દુબળા વગેરે નીચ લોક હાંસીહાંને ટેક્કે ગોળચક્કર—ઘેરમાં ફરતાં ગાયછે તેમાંનો એક.

ઘેરું, વિ૦ સારીપઠે ભરેલું દેખાતું; પાકું.—આ કપડું ઘેરું રંગગેલુંછે. ઘેરો અથવા પાકો રંગ અને એનું ઉલટું કાચો—ખુલતો આછો રંગ. ૨ ચકચૂર; ખુમારી વાળી (આંખ, કેફ વગેરે).

ઘેરેઘેર, અ૦ સઘળે ઘેર; દરેક ઘરમાં; બધાને ઘેર.

ઘેરો, પુ૦ ફોજે કિલ્લાને ચારે પાસથી ઘેરી લેવો તે; ચારપાસ ફરતાં વિંટળાઈ વળવું તે; ઘેરાવ; ઘેરાવો. ઘેરો ઘાલવો.

ઘેલચન્દું, ન૦ જેની પેહલા ચન્દ્રની પઠે સુદવદમાં વધતી ઓછી થતી હોય તેને પેરે જે જન્મેલું તે.

—એ શબ્દ અભણ લોક વાપરેછે.

ઘેલછા, સ્ત્રી૦ થોડુંક ઘેલાપણું; થોડી અથવા વખતે વખતે થોડી થઈ આવતી જે ઘેલાઈ તે.

ઘેલડી, સ્ત્રી૦ ઘેલી (લાડ—પ્યારમાં) 'કેજે ઘેલા કંઈથ ઘેલડી, ઓ કામિની'.

ઘેલસફ્ફું, વિ૦ ઢંગ વગરનું. ચક્રુ તું તો જ્યારે ત્યારે બધું ઘેલસફ્ફું કામ કરી મુકેછે. [કરવા.

ઘેલાંકાડવાં, ક્રિ૦ સ૦ લાડમાં ઘેલાઈ કરવી; ઘેલાં બની લાડવું. ૨ જૂઠું ઘેલું બનવું. ૩ મશ્કરી ઠઠ્ઠા

ઘેલાઈ, સ્ત્રી૦ ઘેલીહાલત; ગાંડપણ. [ઢંગવગરનું.

ઘેલું, વિ૦ ગાંડું; દિવાનું; ગાંડીતણ પાંગળી. ૨ ઢ-

ઘોંકવું, ક્રિ૦ સ૦ હાથની કોણી મારવી. ૨ મુક્કાનો માર મારવો. ૩ મારવું; જોખવું.

ઘોંકો, પુ૦ કોણીનો માર. ૨ મુક્કો; ગોદો.

ઘોંગાટ-ઘાટ, પુ૦ કળકળાણ; બૂમ; શોર; ભેગો થયેલો મોટો અવાજ. [કામ કરવા દે.

ઘોંચવું, ક્રિ૦ સ૦ ગોળું હથિયાર અન્દર પેસાડવું; ભોકવું. પરોણી કટાર વગેરે ઘોંચવી. ૨ મરજી નહિં છતાં સુવું (છોકરાંએ). કીકાને ઘોંચાડ કે

ઘોંટવું, ક્રિ૦ અ૦ કંઇ જ ભાન ન રે તેવું ઊંઘવું—સુવું.

ઘો, સ્ત્રી૦ સરડાના જેવું પણ ચપટું એક પ્રાણી. એને શિંગડાં અને ચાર પગ હોયછે. એ ઘણું ઝેરી અને એનો અવાજ બિહામણો હોયછે. એ રાતે શિકારસારુ નિકળેછે. એની બે જાત પ્રસિદ્ધ છે—ચન્દનઘો ને પાટલાઘો.

ઘોકવું, ઘોંકવું. ૨ મુક્કાનો માર મારવો.

ઘોકો, ઘોંકો.

ઘોગર-ઘર, પુ૦ બાળક છોકરાંઓને બીક આપવાને કલ્પેલો એક બિહામણો જાડો પુરુષ; બાહુક; બાવો. ગુજરાતમાં બૈરાંઓ પોતાંના રડતાં બાળકને ધાસ્તીથી સુવાડી દેવાબાત હાલરડામાં ઘોઘરનું ગીત ગાયછે તે નીચે પ્રમાણે: એ ગીતની મતલબ જો કે બાળક સમજતું નથી તોપણ તે ગીતના લેંકાતા રાગથી અને ઝોળી પારણાના પવનથી બાળક મીઠી લેરમાં ઊંઘી જાયછે. "સુઓ સુઓ બાવા ઘોઘર આવ્યા, ઢાંકણિયે ઢંકાનારે આવ્યા, ચારણી જેવડી દાળ લાવ્યા, વાંસ જેવડા ચોખા લાવ્યા, વાદળ જેવડા રોટલા લાવ્યા, ઘણ્ટી જેવડા પાપડ લાવ્યા, પૈસાનું ઘી લેતા આવ્યા, ચાંદાની માને કીડિયો ધાવે, બેરો કેજે ચ્યબચ્ય બોલે, આંધળો કેજે જોવા જઈએ, લંગડો કેજે દો-

ડતા જઈએ, નાગો ફેજે નારે ભાઈ લુટાઈયે, પાડે દૂજે ને ભેંસ વલોવે, મીનીબાઈ બેઠાં માખણ તાવે, આવો રે મીનીબાઈ આવું છઉં રે, મારા કીકાભાઈના પાથરણાં પાથરુંછું રે, ઉંચાં ઘરની નીચી બારી, છોકરાં પરણ્યાં ને મા કુંવારી (મીંડળ), જુઓરે લોકો વાત વિચારી—હાલો હાલો."

ઘોગર-ઘરગણો, પુ० ઘોગરમાં જે રાણો—મોટો તે. નવરાત્રીમાં જે મોટું બિહામણું જાડું પુતળું કરીને તેની આગળ છોકરાઓ રમેછે તે—એ માતાનો ઘાંચી કેવાયછે.

ઘોઘારી, વિ० ઘોઘા અન્દરનું—સમ્બન્ધી.

ઘોઘો, જેને કંઈજ લખતાં ભણતાં આવડતું ન હોય

ઘોઘોગણો, ઘોગર—ઘરગણો. [તે; મૂરખો.

ઘોચવું, ઘોંચવું. અન્દર ઘાલવું.

ઘોટ, પુ० ઘુંટડો.

ઘોડગાંઠ, ઘોડાગાંઠ.

ઘોડદોડ, સ્ત્રી० ઘોડાઓની દોડાદોડ—સરત. ૨ જ્યાં ઘોડાઓની સરત થતી હોય તે ઠેકાણું.

ઘોડમહાત, સ્ત્રી० સેતરંજમાં ઘોડાથી બાદશાહ મહાત થાય તે.

ઘોડમુખું, ન० ઘોડાના જેવુંછે મોઢું જેનું તે.

ઘોડલી, ઘોડી (ગાડમાં બોલતાં.)

ઘોડવેલ, સ્ત્રી० જે વેલ—ગાડીસાથે ઘોડા જોડાતા હોય તે; ઘોડાગાડી.

ઘોડસ્વાર, ઘોડેસ્વાર.

ઘોડાગાંઠ, સ્ત્રી० એક ગાંઠ વાળી બીજી વળ દઈ બીજી ગાંઠ વાળવી તે. ૨ સેતરંજની રમતમાં બન્ને ઘોડિયોયે એકકના જોરમાં રેવું તે. [ગાડી.

ઘોડાગાડી, સ્ત્રી० ઘોડા જોડેલા-જોડાતા હોય તેવી

ઘોડાર, સ્ત્રી० ઘોડા બાંધવાની જે જગો તે; એ ખુલ્લી હોય અથવા છાપરીવાળી હોય; તબેલો.

ઘોડાવછ જ, સ્ત્રી० એક જાતનું સુગન્ધીદાર મુળિયું.

ઘોડાવાળો, પુ० ઘોડાની ચાકરી કરનારો—હાંકનારો; ચરવાદાર; રાવત.

ઘોડિયું, ન० સાંગમાંના બબ્બે પાયા અને ઉપરથી એક ઈમ આવેલી એવો લાકડાંનો બનાવેલો બાળક છોકરાંને સુવાડવાનાં કામમાં આવતો જે ઘાટ તે—એની સાથે લુગડાંના કકડાના ચાર છેડા બાંધી લઈ વચમાંથી ઝુલતું રાખેછે ને એમાં બાળકને સુવાડવામાં આવેછે. એ ઝોળી બાંધી હોય કે ન બાંધી હોય તોપણ લાકડાંનું ઘોડિયું કેવાય. ૨ તાડછાંનો દાંડો.

ઘોડી, સ્ત્રી० ઘોડાની માદા. ૨ જેને ટેકે—આધારે તમ્બુરા સારઙ્ગીના તાર ઉંચા રયા હોયછે તે લાકડાંનો અથવા દાંતનો કકડો; ખીટી. ૩ ઉંચી બેસણી—જેના ઉપર પખવાજ મુકવામાં આવેછે તે. ૪ ઉપર ચઢી મસાલચી ઉંચે હાંડામાં દીવા કરેછે તે. ૫ નિશાળમાં હિસાબ કરી બતાવવાનું પાટિયું જેને આધારે ગોઠવાયછે તે; નકસા ટાંગવાનું ચોકઠું. ૬ લેહેર; ખુમારી. ઘોડીપર ચડ્યોછે એટલે પૂર નિશામાંછે.—લીલી ઘોડી એટલે ભાંગની ખુમારી. ૭ છોકરાના હાથ બાંધી તે ઉપર પાટીયો ખડકવી તે. ૮ ટેકો મુકી ચાલવાની લાકડી. ૯ લુગડાં મુકવાની ખીંટી. ૧૦ સેતરંજની રમતમાંનું એક મોહરું જે અઢી ઘર ચાલતું કેવાયછે તે.

ઘોડું, ન० નાનો ને દુબળો ઘોડો અથવા નાની ને દુબળી ઘોડી. ૨ ઘોડી ઘોડાઓ; ઘોડેસ્વાર. ગાએકવાડ મુંબઈ આવ્યો તારે પોતાની સાથે ઘણું ઘોડું લાવ્યો હતો. [લટું પાયદળ.

ઘોડેસ્વાર, પુ० ઘોડાઉપર સ્વારી કરનારો. ૨ ઘોડેબેસનારો પોલીસનો અથવા લશ્કરી સિપાઈ. ૩ એવા સિપાઈયોનું જે લશ્કર તે. ઘોડેસ્વારનું ઉ-

ઘોડો, પુ० [સં० ઘોટક] સોભીતું ચોપગું એક પશુ. એની ખરી ચિરાયલી હોતી નથી; એને ગરદનપર બાલ—વાળ હોયછે. એની પીઠઉપર અસવારી થાયછે. એ બગી ચારકે જોડાયછે. ૨ નદી દરિયામાં જે મોજો આવેછે તે. ઘોડા જેવો મરદ; જોસ્સામાં આવીને ટટાર० થયલો; મને હવે કંઈ રોગ નથી ઘોડા જેવો છઉં.

ઘોઢલ્યો, પુ० બળદિયો; સાંઢ.

ઘોણ, પુ० લુહારનો મોટો અથોડો.

ઘોણિયું, ન० ખાયું; ઠેકો.

ઘોબો, ગોબો. [દરિયાપત; કપાસ.

ઘોર, સ્ત્રી० ઊંઘમાં નાકના વાટે જોરથી સ્વાસ ચાલે તે અથવા એથી જે અવાજ નિકળે તે; નસકોરાં બોલાવવાં તે. ૨ [ફા०] મુડદાંને દાટવાનો ખાડો. પુ० તમ્બુરામાં પિત્તળના તારથી જે જાડો—ખરજનો સ્વર નિકળેછે તે. ૨ [આ०]

ઘોર, વિ० [સં०] બિહામણું; ભયંકર. ૨ કમકમાટ ભરેલું; ક્રૂર; અધમ.

ઘોર-અન્ધારી, વિ० બિહામણી કાળી અન્ધારી (રા-

ત). "ચાર દહાડાનું ચાંદરણું ને પેર અન્ધારી રાત."

ઘોરંભાવું, ક્રિ૦ અ૦ ગોરંભાવું. ૨ ઘેર—બિહામણું કાળું થવું. [ફાડયાં કરવો.

ઘોરવું, ક્રિ૦ અ૦ ઊંઘતાં નાકમાંથી જાડો અવાજ

ઘોલ્લો, પુ૦ વગર નોતરે—તેડે આવી બેસે તે (ઘણું કરીને જમવાસારૂ). ૨ (દીવાળીનો) એક પક્ષી.

ઘોષ, પુ૦ [સં૦] આવીપરે ગોખ્યું તે; પાડે-મોડે કરવું તે. ૨ આહીરનું ઝુપડું. ૩ સ્વર; શબ્દ; અવાજ. [વાય છે.

ઘોળ, પુ૦ ગભરાટ; આમ કરવું કે તેમ કરવું એ કંઈ સુઝે નહિ તે. ઘોળ પડવો—ચાલવો એમ કે-

ઘોળવું, ક્રિ૦ સ૦ ચોળીચોળીને નરમ કરવું. કેરી વગેરેને ઘોળવી. ૨ એકનો એક વિચાર કર્યાં કરવો. [વૃત્તિ તે.

ઘોળાઘોળ, સ્ત્રી૦ આમ તેમ વિચાર કર્યાં કરવો તે; સંકલ્પ વિકલ્પ; કરું ન કરું એવી જે ચિત્તની

ઘોળાયાં કરવું, ક્રિ૦ અ૦ ઘોળાઘોળમાં રહેવું. તે વાત મારા મનમાં ચાર દહાડાસુધી ઘોળાયાં કીધી. ૨ ખોટી થવું.

ઘોળાવું, **ઘોળાયાં કરવું**. ૨ ચોળાઈને નરમ થવું.

ઘોળ્યું, અ૦ હશે; છોને; ઓછું; રહ્યું. [પાપઘ્ન.

ઘ્ન, પુ૦ [સં૦] નાશ કરનારો. જેમકે કૃતઘ્ન એટલે કીધેલા ઉપકારને બદલે અપકાર કરનારો. વાતઘ્ન,—વા કાડનાર; પિત્તઘ્ન; કફઘ્ન; દોષઘ્ન;

ઘ્રાણ, ન૦ [સં૦] નાક. ૨ ગન્ધ.

ઘ્રાણેન્દ્રિય, સ્ત્રી૦ [સં૦] સુંઘવાની ઈન્દ્રી; નાક.

ઙ

ઙ, [સં૦] સોળમો મૂળાક્ષર; પાંચમો વ્યઞ્જનવર્ણ. એથી શરૂ થતો કોઈજ શબ્દ નથી. એ, ઙ્, ઞ્, ણ્, ન્, મ્ એ પાંચ ચમ્પાતા અનુસ્વારોમાંનો પેહેલો છે—અઙ્ક, અઙ્ગ, ઈઙ્ગલણ્ડ, કઙ્કણ, ગઙ્ગા, પઙ્કજ, નઙ્ગ આદિએ.

ચ

ચ, પુ૦ [સં૦] સત્તરમો મૂળાક્ષર; છઠો વ્યઞ્જન વર્ણ.

ચઇતર, ચૈત્ર.

ચઉદું, ચૌદું.

ચઉદ, ચૌદ.

ચક, પુ૦ વાંસની પાતળી સળિયોનો બનાવેલો જે પડદો બારણે ને બારિયે ટાંગવામાં આવેછે તે. અ૦ છક૦ ચકથઈજવું.

ચકચક, અ૦ ચળકતું હોય તેમ.

ચકચકતું, વિ૦ ભભકમાં ઉજળાં કિરણ નિકળતા હોય તેવું; ચળકતું; ઝગઝગતું.

ચકચકવું, ક્રિ૦ અ૦ એક પછી એક એમ તરતના તરત ઉજળાં કિરણ નિકળતા હોય તેવું થવું—હોવું; ઉજળો પ્રકાશ પડવો.

ચકચકાટ, પુ૦ ઉજળો પ્રકાશ; સ્વચ્છ કાન્તિ; ચકચકાટ. [ન્દર દેખાતું.

ચકચકિત, વિ૦ ચકચકતું. ૨ સાફ; સ્વચ્છ. ૩ સુ-

ચકચાર-ળ, સ્ત્રી૦ પુછપાછ કરવાની જે ટેવ તે; ખોળ કરવાની ખાંત. ૨ તપાસ; તજવીજ.

ચકચૂંથ, સ્ત્રી૦ ખાંચખૂંચ; માથાકૂટ; ચામોદી.

ચકચૂર, વિ૦ ગરક થયલું; ગુંથાએલું. ૨ ખૂબ કેફ કીધેલો હોય તેવું. ૩ રસમાં બુડેલું; મસ્ત; મગ્ન.

ચકડોલ-ળ, પુ૦ પારણા આકારનો જે હીંચકો તે. મેળામાં ઘણા ચકડોળ જોવામાં આવેછે. એ હીચકાથી છેક ઊંચા ને છેક નીચાં જવાયછે ને ફેર ઘણા આવેછે. ૨ ઘણો કેફ કીધાથી જે હાલત થાયછે તે.—હાથપગ ડોકી ધુજેછે અને અંગ હલકુંહલકું હવામાં ઉડતું લાગેછે. ૩ આસપાસની વસ્તુ ફરતી દેખાય તેવી મનની હાલત; ફેર;

ચકડી, ચકરડી. [ચક્કર.

ચકડકું, ચકરડું. [કની તાણી લઈ ગયા.

ચકતી, સ્ત્રી૦ ગોળ પણ ચપટી એવી જે કોઇપણ નાની ચીજ તે. દીવાના ગલાસમાંથી ઊંદર ચ-

ચકતું, ન૦ ઢેકું; ચપટું ગોળપડ.

ચકદવું, ક્રિ૦ સ૦ કચરી નાખવું; ઘુંદો કાડવો; ચાંપવું.

ચકમક, પુ૦ એક જાતનો પથ્થર. એ, કાચ કરવાના કામમાં આવે છે ને એની સાથે લોઢું ઠોકવાથી

દેવતાના તણખા ખડે છે. ૨ ચકમકની પથરી તથા તીખું લોઢું. ચકમકનો પથરો, વાંકા ચુંકા આકારનો વીજાસ પડતો અથવા આસમાની રઙ્ગનો ભાસ મારતો ધોળો હોયછે. તે એને ચકમકઝરી એટલે તે બે વચ્ચે અણ બનાવ—ટણ્ટો થયો. એ શબ્દ સ્ત્રી૦ ને ન૦ માં પણ વપરાયછે.

ચકમણ્ડળ, ન૦ ચક્કર ચક્કર ઉંચું ફરવું તે. ૨ અનિખટપટથી વધી ગયલી જે અવ્યવસ્થા તે. "ચકમણ્ડળ પર ચડ્યું રાજ તે ચકરી ખાઈ પડશે નિર્વાણ" "મારામારી તોફાન ફિતૂર એટલું વધી ગયુંછે કે મોટું ચકમણ્ડળ થઈ રહ્યુંછે" એમ પણ બોલાયછે. ૩ મજાક મશ્કરી કરવાને બેઠેલી જે ટોળી તે.

ચકમો, બનાવ.

ચકર-રે ભમરે, અ૦ ચક્કરની પઠે ફરતું હોય તેમ.

ચકરડી, સ્ત્રી૦ એક રમકડું. કાગળની ચકરડી પવનથી ફરે છે, દાંત—આકડાંની એકવાર ફેરવ્યાથી ઘણીવાર ફરયાં કરેછે. ૨ ગોળ આકારમાં ચક્કર ચક્કર ફરવું તે. ૩ માથું ફરવું તે; અન્ધારાં આવવાં તે. ચકરડી ભમરડી—લોલ ખાવા, કુદડી ફરવી, ચકડોળ વગેરે તે.

ચકરડું, ન૦ વચમાં કંઈ નહિં પણ હદ ગોળ વસ્તુથી બનેલી તે—પૈડાંની છુટી પડેલી ગોળ વાટ. ૨ બાયરડું. ૩ ગોળ આકાર—કુંડાળું. પાણીમાં પથ્થર નાખેથી ચકરડાં થાય છે.

ચકરદા, વિ૦ હટ્ટ પુટ્ટ—જાડો (પુરૂષ).

ચકરાવો, પુ૦ ફેરાવો; લાંબો રસ્તો. ૨ પરીઘ; ઘેર. ૩ કોઠાયુદ્ધ; ચક્રવ્યૂહ.

ચકરી, સ્ત્રી૦ ચકરડી (૨ જા ને ૩ જા અર્થમાં) ચકરી મારી આવવી; ચકરી આવી એમ કેવાય છે. ૨ દક્ષણી પાઘડીમાં ઉપરા ઉપરી પાટા ચડાવેથી જે ગોળ આકાર થાય છે તે. મને મોટી ચકરી ગમતી નથી માટે ડોળમાં લાંબી પાઘડી બનાવજો. ચકરીદાર—ગોળ—દક્ષણી પાઘડી.

ચકલી, સ્ત્રી૦ ચકલો એ પક્ષીની માદા; ચલ્લી.

ચકલું, ન૦ ચકલો અથવા ચકલી. ૨ નાનું ઉડતું પડખેરું. [રો મરકારી સિપાઈ.

ચકલેદાર, પુ૦ મોહલા—ચકલાની સમભાળ રાખનાર

ચકલો, પુ૦ [પ્રા૦] જ્યાંથી ચાર રસ્તા ફંટાતા હોય તે નાકું. ચકલે મુકવું એટલે લોકને જણાવવું; ખુલ્લું કરીદેવું; ઉઘાડું પાડવું. ૨ મોહલો. ૩ જાડાં ને ભીંડાં—દાણા આકારનાં પતાસાંનાં પડાના આકારની ચાંચ વાળાં નાનાં પક્ષીઓમાં જે નર પક્ષી તે; ચલ્લો.

ચકવાચકવી, [સં૦ ચક્રવાક] પાણીમાંથી શિકાર શોધતાં એક જાતનાં પક્ષીઓ—ઘણું કરીને આકારમાં હંસ બતક જેવાં પણ ખબુતરથી નાનાં હોયછે. એ પક્ષીઓ વિષે એમ કેવાયછે કે નર માદા દિવસે સાથે રેછે પણ સાંજથી તે આખી રાત એક બીજાથી જુદાં—એક આ પાર ને બીજું પેલે પાર. 'ચકવાચકવી ચતુર નર, નિતપત રહત ઉદાસ; અર ઘૂવડ અરુ અબુઝ નર, સદા મગન પ્રવિરાજ.' ૨ જુદાઈથી રીબાતાં આશકમાશુક.

ચકવે, [ચક્રે] તેણે એક ચક્રે રાજ કીધું એટલે તેણે સઘળાં રાજ્યોને તાબેકરી લઈ પોતે એકલાએજ પોતાનું મોટું રાજ કીધું.

ચકાર, પુ૦ ચ એ અક્ષર. ૨ મોડાંમાંથી નિકળતો કોઈપણ એકાદો અક્ષર (પણ); જરાએ.

ચકિત, વિ૦ ધા૦ છક—અજબ થયલું; આશ્ચર્ય પામેલું; એકાએક ગભરાયલું.

ચકી, સ્ત્રી૦ ઘણ્ટી; ફરતીચાકી; ચક્કી. [ક્ષુ જેવું ફળ.

ચકોતરું રો, ન૦ પુ૦ [ફા૦] એક જાતનું મોટાં લીં-

ચકોર, પુ૦ [સં૦] એક જાતનું પક્ષી—ઘણુંકરીને કુકડાની જાતને મળતું પણ નાનું—એને વિષે કેહેવાય છે કે તે ચન્દ્રકીરણ પીને જીવેછે. એ બહુ ચઞ્ચળ છે. વિ૦ ચઞ્ચળ; ચાલાક; ચપળ; હોશિયાર (માણસ).

ચકોરો, ચકોર.

ચક્કર, ન૦ [સં૦ ચક્ર] લાંબું ગોળ ફરવાનું તે; ફેરાવો; આંટો—તે એક ચક્કર મારી આવ્યો, હવે તું જા. ૨ પરીઘ; ફેર; ઘેર. ૩ પૈડું અથવા પૈડાંના આકારની અને પૈડાંની પઠે ગોળ ફરતી કોઈપણ ચીજ. ૪ માથું ફરવું તે; તમ્મર; અન્ધારાં; ચકરી; જીવ ડોળાવો તે. તેને પાણીમાં ઘણાં ચક્કર આવેછે. ૫ લોઢાનું ગોળ હથિયાર. [રતુ; ઘણ્ટી; ફરતી ચાકી.

ચક્કી, સ્ત્રી૦ ગોળ આકારમાં ફરતી ચપટી ગોળ વ-

ચક્ર, ન૦ [સં૦] પૈડું અથવા પૈડાંના આકારની અને પૈડાંની પઠે ગોળ ફરતી કોઈપણ ચીજ; ચાક. ૨ દરિયાઈ જીવડાનું ઘર; શંખલાંકોડાંની એક જાત—એ વિષ્ણુના ચાર આયુધમાંનું એક છે અને વિષ્ણુ શાલિગ્રામની સાથે રોજ પુજાય છે. ૩ ગોળ ચપટું ધારવાળું લોઢાનું હથિયાર જે

ગોફણની પેઠે ફેરવીને ફેંકવામાં આવતું, જેથી માણસ કપાઈ જતાં.—અગલનાં વખતમાં લડાઈમાં ઘણું વપરાતું. ૪ આંગળી અંગુઠાને છેડે ચક્ર આકારનું રેખાઓનું જે નાનું ગુંછળું તે. જે માણસને એવાં ચક્ર હોય છે તે ભાગ્યશાળી કેવાય છે (જ્યોતિષ—સામુદ્રિક). ૫ એક સમુદ્રથકી તે બીજા સમુદ્રસુધી લાંબો પોળો ગયલો જે પ્રદેશ તે; ઘણું મોટું રાજ્ય; મોટો દેશ. ૬ ચક્ર—ગોળ આકારમાં રચેલું સૈન્ય; ચકરાવો; ચક્રવ્યૂહ. ૭ શરીરમાં છ ચક્ર કલ્પેલાં છે તેમાંનું એકેક—ષટચક્ર શબ્દ જોવો. ૮ ચક્ર અથવા ગોળ આકારમાં ગ્રહાદિકનો જે માર્ગ તે—રાશિચક્ર આદિવાઈ. [રીત.

ચક્રદણ્ડ, પુ૦ એક જાતની તાલિમખાનાની કસ

ચક્રપાણિ, પુ૦ [સં૦] ચક્ર છે હાથમાં જેના એવો જે દેવ તે; વિષ્ણુ.

ચક્રવર્તી, પુ૦ [સં૦] ઘણી મોટી પૃથ્વીનો રાજા; ચક્ર—ઘણાં મોટાં રાજનો ચલાવનારો; શેનશાહ; નાનાં નાનાં ઘણાં એક રાજ્યોને જીતીલઈ ચક્રાકારમાં એકઠાં કરી એક ચક્રે રાજ કરનારો.

ચક્રવાક, [સં૦] ચકવા ચકવી.

ચક્રવાત, પુ૦ [સં૦] વણ્ટોળિયો.

ચક્રવૃદ્ધિ, વિ૦ [સં૦] મુદ્દલ ને વ્યાજ એ બેને એકઠાં મેળવી નવું મુદ્દલ ગણી વ્યાજ કાડવું એવી રીતનું (વ્યાજ). વ્યાજ બે રીતનાં: સાદું—સેડ વ્યાજ અને ચક્રવૃદ્ધિ—વ્યાજનું વ્યાજ.

ચક્રવ્યૂહ, પુ૦ [સં૦] ચક્રના આકારમાં ગોઠવેલી સૈન્ય રચના; કોઠાયુદ્ધ; ચકરાવો.

ચક્રાકાર, વિ૦ [સં૦] ચક્રના જેવા આકારનું.

ચક્ષુ, ન૦ [સં૦] આંખ; નયન; નેન. ચક્ષુભિસત્યં એમ વેવારમાં બોલાય છે તેનો અર્થ આ કે આંખે જે દીઠું—નજરે જે જોયું તેજ સાચું.

ચખ, [ચક્ષુ] [કડાવવો.

ચખાડવું, ક્રિ૦ સ૦ કોઈને ચાખવા આપી સ્વાદ

ચગદવું, ક્રિ૦ સ૦ છુંદવું; ચાંપવું; ચકદવું.

ચગદાવું, ક્રિ૦ અ૦ દબાવું; છુંદાવું.—સંભાળજો મારો પગ ન ચગદાય. ૨ અંકુડાથી ભચડાવું.

ચગવું, ક્રિ૦ અ૦ કનકવાએ આકાશમાં ઉડવું.

ચગળવું, ક્રિ૦ સ૦ ન ખવાતું હોય તોપણ ડાબીડાબીને બળાત્કારે ખાવું. ૨ ધીમેધીમે મોડામાં આવ્યાં કરવું; મોડામાં રમાડયાં કરવું. [રાડવો.

ચગાવવું, ક્રિ૦ સ૦ કનકવા—પતંગને હવામાં ઉ-

ચગીજવું, ક્રિ૦ અ૦ સંકેતમાં સમજી જવું.

ચગું, વિ૦ ચંચળ; ચાલાક; જલદીથી સમજી જાય તે.

ચગું, ન૦ નદીમાં રેલ આવ્યાથી કિનારાપર અથવા કિનારાપરનાં ખેતરમાં ઠરી રહેલો જે કાદવ તે; ઘસડાઈ આવીને ઠરીરહેલી ગોરાડી.—એથી પાક સારો થાય છે.

ચઙ્ગાં, વિ૦ [સં૦] સ્વચ્છ; શુદ્ધ; પવિત્ર. 'બ્રહ્મના ધ્યાનમાં રે, બનૂં ચંગી ને રંગી હૂં'. ૨ આનન્દી; રંગી ભંગી ચંગી.

ચઙ્ગાં, પુ૦ [પ્રા૦] મોરચંગ; મોડેથી વગાડવાનું એક વાજું. ૨ તાળ વગાડવાના પિત્તળની ચકતિયો. ૩ કનકવા—પતંગનું પુછ; કાગળનો પતંગ. ૪ ગંજીફાના આઠ રંગમાંનો એક (ઘણ્ટડી આકારનો). અ૦ દેવાં; ઘટ, ઘણ્ટા.

ચઙ્ગાં, વિ૦ [હિં૦] ચઙ્ગાં. 'મન ચઙ્ગાં તો કથરોટમેં ગંગા'. "સજ થાઓ કરી મન ચઙ્ગાં"

ચઙ્ગારી, સ્ત્રી૦ સળગેલી વસ્તુનો ઝીણો ભાગ; ચિણગારી; તનખો. [ઢાંકવું તે.

ચડ્ગોટી, સ્ત્રી૦ સોડ; સુતી વખત મોડાંપર લુગડું

ચચણવું, ક્રિ૦ અ૦ ચણચણવું. ચામડીઉપર તીક્ષ્ણ—બળતાં જેવું દુઃખ લાગવું.—સોરાયલી ચામડીપર ગીઠાનું પાણી પડેથી તે ચચણે છે. ૨ બળવા માંડવું; ચોંટવું—શાક ચચણે છે.

ચચરવું, ક્રિ૦ અ૦ ચચણવું (૧ લા અર્થમાં). ચચરવું એનાં કરતાં ચચણવામાં વધારે સખત લાગણીનો અર્થ રહેલો છે. [૨. ગામઠા.

ચચ્ચાર, વિ૦ ચાર ચાર વસ્તુનો જે થોક તે; ચા

ચચ્ચો મમ્મો, પુ૦ માબેન સમાણી ગાળો દેવી તે.

ચઞ્ચ, ચાંચ [સં૦ ચઞ્ચુ].

ચઞ્ચળ, [સં૦ ચઞ્ચલ] સ્થાન—વિચાર—કર્મમાં ફરતું; ડગમગતું; ખસી—ટળી જાય તેવું. ૨ હોશિયાર; થોડામાં ઘણું સમજી જાય તે; તીક્ષ્ણ બુદ્ધિનું. ૩ ચાલાક; ચપળ; ગરમ લોહીનું.

ચઞ્ચળા, સ્ત્રી૦ [સં૦ ચઞ્ચલા] વિજળી. ૨ લક્ષ્મી. ૩ એક વૃત્ત (કવિતામાં).

ચઞ્ચળાઈ, સ્ત્રી૦ ચઞ્ચળપણું; ચાલાકી; હોશિયારી.

ચઞ્ચુ-ચૂ, સ્ત્રી૦ [સં૦] ચાંચ.

ચટ, પુ૦ [સં૦] શ્રાદ્ધમાં જોઈયે તો બ્રાહ્મણ પણ તેને અભાવે, એકઠી કરી ગાંઠ વાળેલી એવી દર્ભની સળિયો જે પિતૃ બ્રાહ્મણના પ્રતિનિધિ રૂપે પૂજાયછે તે. સ્ત્રી૦ ખાત; કાળજી. ૨ જિદ; હઠ; ખાંસ.

અ૦ ઝટ લઈને; જેમ બને તેમ તાકીદે.

ચટક, પુ૦ [સં૦] એક પક્ષી; ચકલો.

ચટક, વિ૦ દીપતું; પાર પડીને દીપે તેવા રંગનું—રંગનું. 'ચટક મટક ને ગાનું ચટક, સાંઈ ટાંટીયો ને ઘાલ્યું મટક' એ ઓખાણું જોડાને માટે છે.

ચટકવું, ક્રિ૦ અ૦ દરદ લાગવો; દરદથી દુઃખ થવું—મને કંઈ ચટકાં કરે છે. ૨ ખુલવું; દીપવું,—ચન્દનીનું. ચન્દની ચટકી—છટકી.

ચટકો, પુ૦ દંશ; દરદ—મચ્છરે ચટકો ભર્યો—માર્યો. ૨ કોઈના મેણાથી દુઃખ લાગવું તે; રીસ. તેને તારા કહ્યાનો ચટકો લાગ્યો.

ચટણી, સ્ત્રી૦ મરચાં આદું કોથમીર મીઠું વગેરે બેગાં વાટી બનાવેલો જે ખટો તીખો ચાટી ખાવાનો પદાર્થ તે. ૨ નહિ જેવો તુચ્છ પદાર્થ—મારું બોલવું તે શું ચટણીમાં કાઢી નાખો છો? શું કંઈ જ લેખવવા જેવું નથી?

ચટપટ-ટી, સ્ત્રી૦ કાળજી; ખન્ત. ૨ તાલાવેલી; ગભરાટ; ઉતાવળ. ૩ અકળામણ; સન્તાપ.

ચટાઇ, સ્ત્રી૦ [ફા૦] સાદડી.

ચટાચટ, અ૦ જલદીથી; ઝટઝટ.

ચટાડવું, ક્રિ૦ સ૦ કોઈ ચાટે તેમ કરવું.

ચટાપટી, ચટપટ-ટી.

ચટિયો, પુ૦ જિદ્દી; મમતી; હઠીલો.

ચડ-ચડ, અ૦ ઝટ; જોતાં જોતાંમાં; જલદીથી.

ચડઉતર, સ્ત્રી૦ ચડવું ને ઉતરવું તે. ૨ ભાવનું વધઘટ થવું તે.

ચડણ, સ્ત્રી૦ જ્યાં ચડવું પડે તેવો માર્ગ.

ચડતી, સ્ત્રી૦ નઠારીમાંથી સારી હાલતમાં આવવું—હોવું તે; આબાદાની; ઉત્કર્ષ; વૃદ્ધિ. ૨ જય; ફતેહ. વિ૦ ચડતી દશા—કળા—કમાન.

ચડતું, વિ૦ વધારે સારું—કિમ્મતનું—સુખનું—પદવીનું. ૨ વધતું; વધતું થતું—ચડતા દહાડા—આબાદીનો વખત (એનું ઉલટું પડતા—નબળા દહાડા). **ચડતી દોલત, ચડતી પાયરી** ઇ૦. **ચડતી** ભાંજણી—(ગણિતમાં) હલકી કિમ્મતનાં નામની રકમને ભારે કિમ્મતનાં નામની રકમમાં આણવી તે—પૈના રુપિયા કરવા તે ચડતી ને રૂપિયાની પૈ કરવી તે ઉતરતી ભાંજણી. **ચડતી શ્રેઢી**—સરખા બાદબાકીની (સરખા ઉત્તરની) અથવા સરખા ભાગાકારની (સરખા ગુણોત્તરની) વધતી સંખ્યાઓ સમ્બન્ધી હિસાબ ગણવાની રીત. ૨, ૪, ૬, ૮, ૧૦ અથવા ૩, ૯, ૨૭, ૮૧, ૨૪૩ એવી જે શ્રેઢી તે. ચડતું વ્યાજ—ચક્રવૃદ્ધિવ્યાજ.

ચડપચડપ, અ૦ જલદીથી.

ચડપવું, ક્રિ૦ સ૦ ઝડપવું; ઝટ લઈ લેવું.

ચડભડવું, ક્રિ૦ અ૦ ગુસ્સે થવું; રીસમાં જોશથી બોલવું. ૨ લડીપડવું; બોલચાલ થવી.

ચડભડાટ, પુ૦ ગુસ્સામાં એક બીજા સામે બોલવું થવું તે; બોલચાલ.

ચડવું, ક્રિ૦ અ૦ [સં૦ ચટન] નીચેથી ઊપર જવું. માળપર—અગાસીપર—ઘોડાપર—ઝાડપર—ટેકરીપર ચડવું (ઉતરવાનું ઉલટું.) ૨ ધીમેધીમે આકાશમાં ઊંચે આવતું જણાવું.—ચન્દ્ર સૂર્ય તારા વગેરેનું. ૩ વધારે વાંકુ વળવું; કામઠીના ઉપલા આંકામાં પણછ ઘાલેથી કામઠીયે તણાઈને જોરમાં વાંકું વળી રેવું—(ઇન્દ્રનું ધનુષ્ય ચડયું—આકાશમાં મચ્છ તણાયો). ૪ સૂરમાં વધારે ઊંચું થવું—જવું.—સારંગી નરઘાં વગેરેનું. ૫ ભાવ વધવો; કિમ્મત જાસ્તી થવી—સુતરનો ભાવ ચડયો. ૬ વધારે માંગણી કરવી; એકના કરતાં બીજાએ વધારે આપવાનું કબૂલવું—લીલામમાં ચડવું. ૭ પૈસા—પદવીમાં વધવું. ૮ સારી હાલતમાં આવવું; ઉત્કર્ષ થવો. ૯ મમત મદ વગેરેમાં વધવું. ૧૦ ભાંગ અફીણ દારુ વગેરેનો જોસ વધવો; માથું ફરવું.—ભાંગ ચડી છે. ૧૧ ફુલાઈ—છકી—બેફી—ફાટી જવું.—તું સેજસેજ વાતમાં એટલો બધો શેનો ચડી જાય છે? ૧૨ બેસતું માફક આવવું—જોડો પગે ચડતો નથી. ૧૩ જોઈયે તેના કરતાં વધારે મુદત થવી. પગારઉપર વીસ દહાડા ચડયા છે. ૧૪ બૈરાંએ મોકું અળગું બેસવું—જમનાને આ વખત અળગું ચડયું છે માટે ખરચની તૈયારી રાખજો. ૧૫ દરદનું વધવું—તેને સોજા ચડવા માંડયા છે. ૧૬ છારી—ધૂળ—ફૂગ વગેરે વળગવી; કાટ ચડવો; લીલ ચડવી. ૧૭ પૂજા માન્ય થવી; સ્વીકાર થવો; પસન્દ આવવું. વિષ્ણુને તુળસી ને મહાદેવને બીલ ચડે છે. ૧૮ થર બન્ધાવો; ઊપર પથરાવું. તેનાપર ઢોળ—રંગ ચડયો છે. ૧૯ બખાઈને તૈયાર થવું. ૨૦ હલ્લો કરવાને તૈયાર થવું; તૈયારથઈ કૂચ કરવી—સો કામઠી ચડી છે; લશ્કર ચડયું છે. ૨૧ ફૂલવું; ઊંચું આવવું; ખાટું થવું (ખીરું). ચડી આવવું—ગુસ્સામાં આવી ધસારો કરવો. કેવત—"ચડે તે પડે ને ભણે તે ભૂલે".

ચડવો, પુ૰ હિકરાનું નાનું. હામ—એમાં પાણી બ-
ળી લોક ગાડે ફરવા જાયછે—મુસલમાન એણે વ-
તા પાણી પિયેછે.

ચડસ, ચરસ.

ચડાઈ, સ્ત્રી૰ લડાઈની સ્વારી; હુમલો. ૨ તૈયારી.

ચડાઉ, વિ૰ જરા જરામા ફુલાઈ જાય તે; થોડા
વારમાં ઉશ્કેરાઈ જાય તે.

ચડાચડી, સ્ત્રી૰ સરસાઈ; હોંસાતોંસી.

ચડાવ, પુ૰ ઊંચું ચડવાનું હોય તેવી જગો. ૨ ઉઠા-
વણી; સ્વારી. ૩ ચડતી; ઉપાડ.

ચડાવવું, ક્રિ૰ સ૰ કોઈ ચડે તેમ કરવું; એકના
ઉપર બીજું મુકવું. ૨ અતીસેં ખાવું પીવું—તેણે
આજ ખૂબ લાડુ ચડાવ્યાછે, તેણે ગઈ કાલે ભાં-
ગના બે લોટા ચડાવ્યાહતા. ૩ ઉસ્કેરવું. ૪ પેચું
બનાવવું; ફુલાવવું. ૫ પણછ ઊંચી કરી ધનુષ તૈ-
યાર કરવું. ૬ વધારે છૂટ આપવી; માથે ચડા-
વવું.—તેના. મા બાપે તેને ઘણો ચડાવી મુંક્યો છે.
૭ કબૂલ કરવું; સ્વીકારવું-તમારું બોલ્યું મેં ખુશીથી
માથે ચડાવ્યું. ૮ વાણ ઉપર માલ લઈ જવો. ૯
દેવ માન્ય કરે તેવી વસ્તુ અર્પણ કરવી; માથે મુ-
કવું. દેવને હજુ ચન્દન ફુલતો ચડાવ્યાં નથી, થા-
ળો પિરસીને ઠાં કાં કરી નાખેછે.

ચડાવો, ચડાવ.

ચડિયાતું, વિ૰ વધારે સરસ—ચડતું થતું.

ચડેલ, ચડાઉ.

ચઢભડવું, ચડભડવું.

ચઢવું, ચડવું. ચઢતું—ચડતું, ચઢાઈ—ચડાઈ ઈ૰.

ચણગી, ચિણગારી.

ચણચણ, અ૰ એવો થતો અવાજ દેખાડે છે.

ચણચણવું, ચચણવું.

ચણચણાટ, પુ૰ ચચણવું તે.

ચણતર, ન૰ ચણવાની રીત; ચણવાનું કામ. ૨ ચ-
ણેલું તે; બનાવટ. [નવું ઉઠાવવું.

ચણવું, ક્રિ૰ સ૰ ઈંટ પથરા વગેરેને એકપર એ-
ક છો ચૂનાના કોલની મદદે મુકતાં જઈ ભીત
દિવાલ તૈયાર કરવી; કડીઆનું કામ કરવું ૨

ચણા, પુ૰ [સં૰ ચણક] કઠોળની જાતનું અનાજ.
બીજા કઠોળ કરતાં ચણા ઘણા વપરાયછે 'ચણા-
ના ઝાડપરથી કુદી પડ્યો'-ચણાનું ઝાડ નાનું હો-
ય છે તે ઉપરથી, સેહેજ કામને અઘરૂં કેવું, જુજ
મેહેનત છતે મોટું પરાક્રમ કીધું સમજવું એવો અ-
ર્થ રાખેછે. 'વેચાને ચણા કરવા' એટલે વેચી—
વટાવીને ખાઈ પી ઉડાવી દેવું. ચણો એકવચન
ને ચણા બહુવચન.

ચણાદાળ, સ્ત્રી૰ ચણાની દાળ.

ચણાપણી, સ્ત્રી૰ ચણાનો છોડવો. ૨ ચણાના છો-
ડની બાંધેલી જુડી. [એક જાતની મિઠાઈ.

ચણાપાપડી, સ્ત્રી૰ ચણાની દાળને ગોળ અથવા ખાં-
ડની ચાસણીમાં મેળવી બનાવેલાં જે ચાકાં તે;

ચણિયારું, ન૰ જે ખાડામાં બારણાં—દરવાજાના
ખુણાનો અણિયાળો ભાગ ફરતો રહેછે તે.

ચણિયો, પુ૰ છોકરિયોને પેરવાનું તથા બાયડીયો-
ને લુગડાંની અન્દર પેરવાનું વસ્ત્ર.

ચણોટી-ઠી, સ્ત્રી૰ એક જાતના વેલાનું રાતું બીજું
—ફળ; ગુન્જા. ધોળી, પીળી, કાળો ચણોઠી પણ
હોયછે. ૨ માસાનો આઠમો અથવા વાલનો
અડધો ભાગ; રા ગ્રેન.

ચણ્ડ, વિ૰ [સં૰] ઘણુંજ ગુસ્સામાં આવી ગયલું;
ક્રોધાયમાન. ૨ ઝાઉસ; તુન્દ મિજાજી; ગરમ.

ચણ્ડાળ, પુ૰ [સં૰ ચણ્ડાલ] મા બામણી ને બાપ શૂ-
દ્ર એ બેથી પેદા થયેલી એકાદિ નીચી જાતનો પુ-
રૂષ. ૨ પેડો; ભઙ્ગિયો. વિ૰ નિર્દય—ઘાતકી—
દુષ્ટ—નીચ—પાપી (માણસ).

ચણ્ડાળચોકડી, સ્ત્રી૰ ચણ્ડાળ—હરામખોર—લુ-
ચ્ચા—લફંગા—કાળાં કામ કરનારા પુરૂષોની ટો-
ળી. ૨ લોકની ચરચા કરનારી મિત્રમણ્ડળી.

ચણ્ડાળણી, સ્ત્રી૰ ચણ્ડાળની સ્ત્રી. ૨ ઘાતકી કામ
કરનારી સ્ત્રી; પાપણી.

ચણ્ડુલ, પુ૰ અફીણમાંથી તૈયાર કરેલો ઢાલો રસ
—એને દીવાના ઉપર રાખી નળીની મારફતે
એનો ધુમાડો ખેંચાય છે. ચણ્ડુલ પીનારાને પી-
તાં પીતાં લાગ ઘણી મળે છે અને પછી તે ઘેન-
માં બેભાન પડી રે છે. [હોય છે.

ચણ્ડોલ-ળ, પુ૰ એક જાતનો પક્ષી—એ કાળા ર-
ઙ્ગનો ચકલા જેવડો અને મીઠો શબ્દ કાડનારો

ચતરંઙ્ગ, પુ૰ એક જાતનું પાનું. ૨ એક જાતનું ગીત.

ચતરાઇ, ચતુરાઈ.

ચતું, વિ૰ વાંસો નીચે અને છાતી ઉપર હોય તેવું;
પીઠપર પડેલું. ચતાં સુઈને છાતીપર હાથ રાખ્યા-
થી નઠારાં સ્વપ્ન આવે છે માટે તેમ ન સુઈએ
કરોટે સૂજે. (ચતાંનું ઉલટું ઊંધું). ૨ પાધરૂં; સ-
વળું; ફાયદો થાય તેવું. આજ કાલ તેનો પાસો

ચતોજ—સ્વબોજ પડેછે એટલે જે જુગતી કરે-
છે તેમાં તે ફાવીજાય છે.
ચતુંપાટ, વિ૦ ચતું પાટલા જેવું. તે ઊંધાખરો ચ-
તોપાટ પડીને પોઢેછે
ચતુરૂ, વિ૦ [સં૦] ચાર. [પાટ ખતાડું.
ચતુર, વિ૦ [સં૦ ચત્—માગવું; પૂછવું] સેજમાં સ-
મજી—જાણી જાય તે; હોશિયાર; આવડતવાળું.
૨ રસિક; ખુબી પિછાનનાર. ૩ પક્કું; લુચ્ચાઈ
ચતુરઙ્ગ, વિ૦ [સં૦] ચાર અઙ્ગ—બાજુ-બળ—ર-
ઙ્ગ હોય તેવું-(સેન) હાથીઉપર બેસીને લડનાર,
ઘોડેસ્વાર, રથમાં બેસીને લડનાર અને પાયદલ.
ચતુરઙ્ગી, વિ૦ ચાર અઙ્ગ—રઙ્ગવાળી (સેના).
ચતુરસીમા, સ્રી૦ [સં૦ ચતુસ્સીમા] પૂરવ પશ્ચમ
ઉત્તર દખ્ખણ એ ચારે દિશાએ જે ચાર સીમા
તે; ચારે બાજુની હદ.
ચતુર સુજાન, વિ૦ [ચતુર ને સુજ્ઞ] ચતુર અને
ઘણીઘણી વાતથી જાણીતું; ભણેલું ગણેલું હોય તે;
ચતુર અને સમજુક."
ચતુરા, સ્રી૦ [સં૦] ચતુર સ્રી.
ચતુરાઈ, સ્રી૦ [ચાતુર્ય] કામેલિયત; હોશિયારી. ૨
જુગતી શોધવાની—રસ સમજવાની શક્તિ. ૩ પ-
ક્કાઈ; ખન્ધાઈ. [ડાંનોતે; બ્રહ્મા.
ચતુરાનન, પુ૦ [સં૦ ચતુર; આનન] ચાર મો-
ચતુર્ઘાત, પુ૦ એકાદિ સઙ્ખ્યાને ત્રણ વાર પોતા-
ની સાથે ગુણવાથી જે નવી ચોથી સઙ્ખ્યા પેદા
થાય તે અથવા તે દેખાડનારો અઙ્ક.—૨ એ
સઙ્ખ્યાનો ચતુર્ઘાત ૨×૨×૨×૨=૧૬ છે.
ચતુર્થ, વિ૦ [સં૦] ચોથો.
ચતુર્થાંશ, પુ૦ [સં૦] ચોથો ભાગ—હિસ્સો; એક-
ના સરખા ચાર ભાગમાંનો એકેકો; ૦।; પા.
ચતુર્થી, સ્રી૦ [સં૦] સુદ અથવા વદ પખવાડિયાં-
નો ૪ થો દાડો; ચોથ.
ચતુર્દળ, વિ૦ ચાર પાંદડાં—પાંખડીવાળું.
ચતુર્દશ, વિ૦ [સં૦] ચાર ને દશ; ચૌદ.
ચતુર્દશી, [સં૦] ચૌદસ.
ચતુર્ધા, અ૦ [સં૦] ચાર પ્રકારે—રીતે.
ચતુર્ભુજ, વિ૦ જેને ચાર ભુજ—હાથ હોય તે (વિ-
ષ્ણુ, સરસ્વતી ઈ૦). ૨ ચાર બાજુ-મોડાં હોય
તેવું. ૩ જેના હાથ પીઠ તરફ બાંધેલા હોય તે—
ચતુર્ભુજ સ્વરૂપ પણ કેવાય છે.
ચતુર્વિધ, વિ૦ [સં૦] ચાર પ્રકારનું.

ચતુષ્કોણ, પુ૦ [સં૦] ચાર ખુણાની આકૃતિ.
ચતુષ્ટય, ન૦ [સં૦] ચારનો સમુદાય. અંતઃકરણ
—આશ્રમ—સાધન ચતુષ્ટય.
ચતુષ્પદ, ન૦ [સં૦] ચાર પગવાળું પશુ. ૨ ચાર ચ-
રણનું વૃત (કવિતામાં). ૩ અગિયાર કરણમાંનું
ચતું, ચતું [એક (જ્યોતિષ).
ચત્રભુજ, ચતુર્ભુજ.
ચન્ત, પુ૦ [સં૦ ચિન્ત્ય] સ્વામી; પ્રીતમ. (વિરહિ-
ણી જેની ચન્તા કરતી હોય તે પુરુષ).
ચન્તા, ચિન્તા.
ચન્તામણી, ચિન્તામણિ.
ચન્દ, ચન્દ્ર. ૨ શ્રાવકના નામને છેડે હોયછે—કરમ-
ચન્દ નવલચન્દ વગેરે. ૩ અબરખ, પિત્તળ, મી-
ના, સુનારૂપાં વગેરેનો ચળકતો જે ચાંદલો બૈરાં-
ઓ કપાળે ચોડેછે તે. [ઝટ જતું રે તેવું.
ચન્દ, વિ૦ [ફા૦] થોડું; જુજ. "જોબન ચન્દ રો-
જદા ચટકા" (મનોરસ્વામી). ૨ થોડી વારનું;
ચન્દન, ન૦ [સં૦] સુકડનું ઝાડ. ૨ એ ઝાડનું સુ-
ગન્ધી વાળું લાકડું. ૩ એ લાકડાંને પાણી સાથે
ઓરસિયાપર ઘસેથી જે ઢીલો પદાર્થ થાય છે તે
—દેવને નુવડાવીને ચન્દન ફુલ ચડાવ. ૪ એ ચ-
ન્દનથી કપાળે જે ગોળું અથવા આડું ચિન્હ કર-
વામાં આવે છે તે; ટીલું; તિલક. ૫ કોઈપણ
સુગન્ધી વાળો લેપ.—પછી સુકેડ મજિયાગરું ગમે તે.
ચન્દનઘો, સ્રી૦ સરડા જેવી પણ મોટું પાતળું ને ઉ-
છળીને કરડે છે. ખાખરના ઝાડ ઉપર હોયછે. ઘો-
ની બે જાત છે. તેમાંની એક (બીજીને પાટલાઘો કે
છે). [તરી હોય છે તે.
ચન્દનચૂડી, સ્રી૦ સહુથી અગાડી પેરવાની ચૂડી
જેની સુનાની ચીપ ઉપર વેલ વગેરે નકસી ચિ-
ચન્દનહાર, પુ૦ એક જાતનું કોટે ઘાલવાનું સુનાનું
ઘરેણું. કડીની સેર એક સરખી સાદી હોય છે
ને ચન્દનહારની સેરો અનુક્રમમાં નાની મોટી
તથા એકેકી સેરમાં ટપકીઓ હોય છે.
ચન્દની, સ્રી૦ ચન્દ્રમાનું પસરેલું જે અજવાળું તે;
ચાંદની; ચાંદરણું. ૨ ઘરમાં છાજને લગતું બા-
લકલ સફેત અથવા માંડવાઊપર સફેત અથવા સ-
ફેતને વચમાં સુનેરી તારા હોય તેવું કપડું બાંધ-
વામાં આવે છે તે.
ચન્દરવો, પુ૦ ઘરમાં ઠાકોરમન્દિરની ઉપર અથ-
વા માંડવા ઉપર બાંધેલું જે જાડું કપડું તે. ચન્દ-

ની સુરેખ હોય અને ચન્દરનો ગમે તે રઙ્ગનો સાદો અથવા ઘણા રઙ્ગોના પટાદાર હોય.

ચન્દરસ-દ્રુસ, ચન્દ્રુસ. [હોયછે.

ચન્દા, સ્ત્રી॰ ચન્દ્ર (પણ સ્ત્રી લિઙ્ગે વાપરવો હોય-તો) 'પ્રેમચન્દાની બલીહારીરે'. ૨ ચન્દની; ચાંદરણું. ૩ ચન્દ્રના જેવી કાન્તિવાળી સ્ત્રી. ચન્દા, ચન્દાગવરી, ચન્દાલખમી એવાં સ્ત્રિયોનાં નામ

ચન્દાવું, ક્રિ॰ અ॰ બાફને લીધે કેરીપર કોવાણનો ચાંદલો પડવો.

ચન્દી, સ્ત્રી॰ ઘોડા બળદ વગેરેને જે સુકો દાણો રોજ ખવાડવામાં આવે છે તે. ચન્દી આપવી—ચડાવવી. ચન્દી ચડવી—ખાઈ પીને અલમસ્ત બનવું. આજ કાલ એને ખૂબ ચન્દી ચડે છે.

ચન્દેરી, સ્ત્રી॰ એ નામનું સિન્ધિયાના રાજમાં એક શેહેર છે તે અથવા ત્યાંનાં બનેલાં પ્રખ્યાત જે પાઘડી દુપટા વગેરે તે.

ચન્દ્ર, પુ॰ [સં॰ ચદ્-દીપવું; આનન્દ ઉપજાવવો] નવ ગ્રહમાંનો એક. ૨ (અઙ્ગ્રેજી મતે) ઉપગ્રહ; આશરે સારેમર ૫૨ તારીખે નાનો ગ્રહ. ગ્રહો સૂર્યની પ્રદક્ષિણા કરે છે અને ચન્દ્રો, ગ્રહોની પ્રદક્ષિણા કરે છે. પૃથિવિ એ ગ્રહને જે આપણે જોઈએ છૈયે તે એકજ ચન્દ્ર છે.—એ ૨૯ દાડે પૃથિવિની પ્રદક્ષિણા કરી રે છે. બૃહસ્પતિ—ગુરુ એ ગ્રહને ચાર અને શનિને સાત ચન્દ્ર છે. ૩ બૈરાંને કપાળે નાના ચન્દ્રના આકારનું જે છુંદણું હોય છે તે. ૪ ચાંદલો; ચાંલ્લો. ૫ એક એ સઙ્ખ્યાની સંજ્ઞા (કવિતા—જ્યોતિષમાં).

ચન્દ્રક, પુ॰ [સં॰] ચાંલ્લો; ચાંદલો.

ચન્દ્રકળા, સ્ત્રી॰ [સં॰ ચન્દ્રકલા] ચન્દ્રગોળ—બિમ્બનો જે સોળમો ભાગ તે; દરરોજ ચન્દ્રની જેટલી વધ અથવા ઘટ થાય તેટલી તે. ૨ (ચન્દ્રકાળા) સ્ત્રિયોને પેરવાનું એક જાતનું કાળું સુતરાઉ કપડું. [ચરમા બને છે.

ચન્દ્રકાન્ત, પુ॰ [સં॰] એક જાતનો પથરો.—એમ કેવાય છે કે તે, ચન્દ્રના કિરણો થીજી—ઠરી—બન્ધાઈ ગયેથી બને છે અને તેને ચન્દ્રપ્રકાશમાં આણેથી તેમાંથી પાણી ઝરે છે. ચન્દ્રકાન્તના દાડાં

ચન્દ્રગ્રહણ, ન॰ [સં॰] ચન્દ્રનું ગ્રહણ. જ્યારે પૃથ્વી, ફરતીફરતી સૂર્યચન્દ્રની વચમાં આવી જાય છે અને સૂર્યનો પ્રકાશ ચન્દ્રપર પડતો બન્ધ કરે છે ત્યારે ચન્દ્રગ્રહણ થયું કેવાય છે.

ચન્દ્રજ્યોતિ, સ્ત્રી॰ ચન્દની. ૨ બપોરિયું; કોડિયું; એકજાતની આતશબાજી.

ચન્દ્રમણિ, ચન્દ્રકાન્ત. [રાઓ.

ચન્દ્રમણ્ડળ, ન॰ ચન્દ્ર અને તેની આસપાસના તા-

ચન્દ્રમા, પુ॰ [સં॰] ચન્દ્ર; ચાંદો; ચાંદ.

ચન્દ્રમુખી, વિ॰ [સં॰] ચન્દ્રના જેવું છે ગોળ ગોરું મોડું જેનું તે (સ્ત્રી). [ડો] શિવ.

ચન્દ્રમૌલિ, પુ॰ [સં॰ ચન્દ્ર; મૌલિ—જટાનો અમ્બો-

ચન્દ્રવદના, સ્ત્રી॰ [સં॰] ચન્દ્રના સરખુંછે વદન જે-

ચન્દ્રશેખર, [સં॰] શિવ. [નું તે (સ્ત્રી).

ચન્દ્રાવળા, પુ॰ ગુજરાતી કવિતાની એક ગીત—કાઠિયાવાડ અને કચ્છમાં પ્રસિદ્ધ છે.

ચન્દ્રાવળી, સ્ત્રી॰ એક જાતનું ગીત.

ચન્દ્રિકા, સ્ત્રી॰ [સં॰] ચાંદરણું; ચાંદની.

ચન્દ્રુસ, પુ॰ એક જાતના ઝાડનો ગુંદર.—એ કઠણ, ચળકતો, લિંબુના રઙ્ગનો અને સુગન્ધી વનાના હોય છે. એ પાણીમાં પિગળતો નથી પણ તેલમાં ઉકાળ્યાથી પિગળે છે—ચન્દ્રુસ તેલમાં રન્ધાયો કેવાય છે. એ વાણને ચોપડવાનાં અને ઓસડના કામમાં આવે છે.

ચન્દ્રોદય, પુ॰ [સં॰] ચન્દ્રનું ઉગવું તે. [તે સંજ્ઞા.

ચપ, અ॰ મુંગું—છાનું રે, ન બોલ, એવી જે ધમકી તે. ૨ કોઈની સામાં જોઈને અઙ્ગુઠાની પાસની આંગળી નાકે અરકાડયાં કરેથી સામો ઘણી સઙ્કેતથી સમજી જાય કે મને બોલવાની ના કે છે

ચપકાવવું, ક્રિ॰ સ॰ મીણ વગેરેને ઊનું કરી અરકાડવું. ૨ શાક દાળ વગેરેમાં ઊની કડછી ડાગવી; વઘાર કરવો. [છીપણુ થયું છે.

ચપકો, પુ॰ મીણ વગેરેને ઊનું કરતાં જઈ ચામડીપર મુકયાં કરેથી અકેકી વાર ઝપટમાં જે ઊનું લાગે તે; ડામ; ચપકાનું દુખ લાગતાંજ છે પછી નથી ને ડામનું દુખ લાગતાં એ ઘણું ગેપ-

ચપચપ, ચપ. ૨ ઝડપથી (ખાઈ જવું). ૩ અવાજ બતાવેછે. "ચપચપ ચુએ ને ટપટપ ટપકે".

ચપચપવું, ક્રિ॰ અ॰ ચિકાશ આવી તાર નિકળવા—ચાસણિ ચપચપવી.

ચપચપું, વિ॰ ચિકણું ને ભીનું—ભાંય ચપચપી છે.

ચપટ, ચરપટ.

ચપટાવું, ક્રિ॰ અ॰ દબાવું. ૨ નુકસાનમાં આવવું.

ચપટી, સ્ત્રી॰ અઙ્ગુઠો અને તેની પાસેની આંગળી એ બેના ઉપલા ભાગને સાથે મેળવીદેવા તે.—ત-

પખીરની ચપટી ભર એટલે તે બે બાગની અ-
ન્દર નિપખીર ડખાવ. ૨ એ બે બાગની અન્દ-
ર માય તેટલો જે જુદો તે; જરાક.—ચપટી ધૂળ. ૩
અંગુઠાનું અને વચલી આંગળીનું એમ બે અગ્ર
જોરમાં સાથે મેળવ્યાથી જે અવાજ થાય તે. ૪
જેટલી વારમાં એ અવાજ થઈ જાય તેટલો વ-
ખત; આંખના પોપચાંનું એકાંદું હિલવું થાય તે-
ટલો વખત; પા પળ; પલક. અરે ચપટીમાં જઈ
આવ્યો જાણ મને વળી વાર કેટલી? [ગ છે.

ચપટું, વિ॰ ગોળ—લામ્બુ—અણિવાળું નહિપણ બે
ઠેલું—ડગાયલું—ચમ્પાયલું પોળું લામ્બું દેખાતું. પૃ-
થ્વીનો આકાર ચપટો—બેઠેલો સપાટ નથી પણ
ગોળ છે. ચીના લોકનાં નાક ચપટાં-ચીબાં હો-

ચપડવું, ક્રિ॰ સ॰ સુનાં રૂપાં વગેરેના તારને એ-
રણ ઉપર ટીપી ચપટો કરવો.

ચપડાવવું, ક્રિ॰ સ॰ સપાટા બન્ધ ખાઈ જવું. ૨
ગાંઠી જવું. ૩ ચપડે તેમ કરવું.

ચપડિયો, પુ॰ બાદલું ચપડનારો. [મોટું ડાડિયું.

ચપણું, ન॰ બટેકું; ઠીકરું; રામપાતર; કાદલો;

ચપરાસ, સ્ત્રી॰ વડાઈ; પતરાજ. ૨ [હિં॰] સિપા-
ઈના પટાની પિત્તળ રૂપાંની જે તખતી તે; પિ-
ત્તળ રૂપાનું જેપત્ર તે.

ચપરાસી, સ્ત્રી॰ બડાઈ; પતરાજ.

ચપરાસી, પુ॰ [હિં॰] પટાવાળો; સિપાઈ; જાસૂ-
સ; હલકારુ. [ગી; સુસ્ત નહિ તેવું.

ચપળ, વિ॰ [સં॰ ચપલ] ચાલાક; ચઞ્ચળ; ઉદ્યો-

ચપળતા, સ્ત્રી॰ ચપળપણું; ચાલાકી; ચઞ્ચળતા.

ચપળાં, ન॰ આંખ મિચામણાં; આંખના ફરુખડાં.

ચપળા, સ્ત્રી॰ [સં॰ ચપલા] વીજ; વિજળી; વિદ્યુત;
દામિની. ૨ ચપળ સ્ત્રી.

ચપળાઈ, ચપળતા. [બાડે છે.

ચપાચપ, અ॰ મુગાં મુગાં પણ ઝટઝટ. ૨ ઝડ-
પથી. ૩ અવાજ ન થતો હોય તેવી સ્થિતિ દે-

ચપાટવું-ટીજવું, ક્રિ॰ સ॰ સપાટાબન્ધ ખાઈ જવું.

ચપેટ-ટી, સ્ત્રી॰ ઝપાટો; પઞ્જો; ફાંસો. ૨ ધક્કો;
નુકસાન; આફત; ડખાણ. ૩ ભૂત પિશાચ વગે-

ચપ્પ, ચપ, [રેનો કબજો.

ચપ્પટ, અ॰ જમીનપર ગાંડ ગોઠવી ખુલાસેથી બે-
ઠેલું હોય તેમ (અદુકડું નહિ) ચપ્પટ બેઠું. ૨ ડ-
બાઈ ગયું હોય તેમ—ચપ્પટ થઈ ગયો.

ચપ્પુ, ન॰ કલમ ઘડવાની ઘણી ધારવાળી છરી;
ચાકુ; કમમતરાશ.

ચબરાક, વિ॰ ચપળ; ચઞ્ચળ.

ચબુતરો, પુ॰ પોલિસના સિપાઈયો રેતા હોય તે સર-
કારી જગો; ચાવડી; ગેટ; ચોકી.

ચબોલા, પુ॰ સામસામાં જે સવાલ જવાબ—ચાવ
—વચન કેવાં તે. [બ ચબડેલો છે.

ચભડવું, ક્રિ॰ અ॰ ચિડવું; ખિજવું; ગુસ્સે થવું; ક્રો-
ધમાં વચન કેવાં. હમણાં પેર જઈશ મા, તે ખૂ-

ચભડાટ, પુ॰ કકળાટ; લડાઈ; બોલચાલ. ઘરમાં
ઘણો ચભડાટ ચાલે છે.

ચમક, સ્ત્રી॰ રઈ રઈને પેદું થો; ચળકવું તે; ચળકાટ.
૨ એકાએક ધ્રુજારી થવી, સાંધા ખેંચાવા, દાંત પિ-
સાઈ જવા, મોડે ફીણ આવવાં, વારેવારે ચાકી
ઉડવું વગેરે ચિન્હોનો જે આજાર તે. ૩ એકા-
એક ચોંકી—ગભરાઈને ઉડવાં કરવું તે. ૪ ચ-
મકપથ્થરની લોઢું ખેંચવાની જે શક્તિ તે.

ચમકપથ્થર, પુ॰ એક જાતનું મેટોડાસાથે બળી ગ-
યલું લોઢું અથવા એજ કોઈ પથ્થર જેનામાં શુદ્ધ
લોડાંને પોતાની તરફ ખેંચવાની શક્તિ છે તે;
લોહચુમ્બક. શુદ્ધ લોઢું પણ ઘણી વાર ચમકપ-
થ્થર સાથે વળગી રયેથી એના જેવી શક્તિ ધ-
રાવતું થાય છે.

ચમકવું, ક્રિ॰ અ॰ ચોંકવું.—તે બિહામણાં સપના-
થી ચમકી ઉઠ્યો. ૨ એકદમ ઝડપથી પ્રકાશ બ-
તાવવો. વિજળી ચમકે છે.

ચમકળી, સ્ત્રી॰ સ્ત્રિયોની કોટનું સુનાનું ઘરેણું.

ચમકાટ, ચમકારો.

ચમકારો, પુ॰ ઉતાવળો—દેખાઈને જતો રે એવો
પ્રકાશ; ઝબકારો. વિજળીના ચમકારા થાય છે.
૨ ચમચમ થતો અવાજ.

ચમકાવવું, ક્રિ॰ સ॰ બિવડાવવું; ધમકાવવું; માર-
વું; શિક્ષા કરવી; ચમકે તેમ કરવું. [બતાવે છે.

ચમચમ, અ॰ માર ખાધાથી—દાઝયાથી ચામડીમાં
જે દુખં થાય છે તે બતાવે છે. ૨ જોડાનો અવાજ

ચમચમવું, ક્રિ॰ અ॰ બળતરા થવી. [જે ચમચો તે.

ચમચી, સ્ત્રી॰ કાથો સોપારી એળચી તમાકુ ઘાલી
રાખવાની ખાનાવાળી જે કોથળી તે. ૨ નાનો

ચમચો, પુ॰ ધાતુનો અથવા કાચનો એક ઘાટ જે-
ને બદામી આકારનું ચાડું અને લામ્બી દાંડી
હોય છે. ચાહ દૂધ પિવાનો ચમચો.

ચમટી, સ્ત્રી॰ ચમટો (૧ લા અર્થમાં) ચમટી તોડ-

રી. ૨ થોડીક ચામડી શિપાઇના દમામની વચમાં આવી જતી તે—ચુમઠી આવીછે ભેળી ? આવુંછું.

ચમઠો, પુ૦ અંગુઠો અને તેની પાસેની આંગળી એ બે વડે ચામડી ખેંચી અમળાવવી તે. ચમઠો તોડવો. ૨ વેરાગી ચોટો બાંધ્યો કટાવાળો જે ચિપિયો રાખેછે તે. ૩ જે ઓજારવતે હજામ ચેહેરાના નિમાળા ચુંટેછે તે.

ચમડી, સ્ત્રી૦ ચામડી. 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' એમ બખીલ વિષે કેવાય છે.

ચમત્કાર, પુ૦ [સં૦] આશ્ચર્ય; નવાઈ; અચરતી. ૨ આશ્ચર્ય—નવાઈ લાગે તેવો પ્રસંગ—દેખાવ—વિચાર; ન સમજાય તેવું, અજબ જેવું જે કંઈ તે; અદ્ભુત બનાવ.

ચમત્કારિક-ી, વિ૦ [સં૦]. આશ્ચર્ય—અજબ પમાડે તેવું; આનન્દ ઉપજાવે તેવું; નવાઈનું.

ચમન, ન૦ [ફા૦] બાગ; બગીચો; વાડી. ૨ મઝો; મોજ શોખ; ખુશાલી; રંગરાગ; આનન્દ.

ચમર, ચમ્મર.

ચમરી, સ્ત્રી૦ મકે બાજરી વગેરેના છોડઉપર અને ઘાસઉપર ઝુમતી જેવું જે હિલ્યાં કરે છે તે. ૨ ફુલ—રેશમ નો બનાવેલો ચાટ જે હિંડોળા ઉપર લટકતો હોય છે તે. ૩ અંબોડે બાંધવાની નાડાચમરી. ૪ મચ્છર વગેરે ઉડાડવાની ઘોડાના વાળની. [લપો.

ચમાર, પુ૦ જનાવરોની ખાલને સાફ કરી કામમાં આવે તેમ ચામડાં તૈયાર કરનારો; ખા-

ચમેલી, ચમ્પેલી.

ચમ્પક, [સં૦] ચમ્પો.

ચમ્પતથવું, નાસીજવું. [પડે.

ચમ્પલ, ન૦ એક જાતનો જોડો.—એને માત્ર તળી અને અંગુઠા આંગળાં ભેરવવાના નાકાં હોય.

ચમ્પાવરણું, વિ૦ ચમ્પાના ફુલના રંગ જેવું.

ચમ્પાવવું, ક્રિ૦ સ૦ ડબાવવું; ચમ્પી કરાવવી. માથું પગ શરીર ચમ્પાવવું.

ચમ્પી, સ્ત્રી૦ પગ અથવા આખા શરીરને હાથથી ચમ્પવું તે. પગચમ્પી. ચમ્પી કરવી કરાવવી.

ચમ્પૂ, ન૦ [સં૦] છન્દમાં, બાંધ્યાં પ્રૌઢગદ્ય બાંધણ અને વચમાં વચમાં પદ્ય બાંધણ એવી જે ગ્રન્થ રચના તે. નૃસિંહ ચમ્પૂ, ભારતચમ્પૂ ઈ૦.

ચમ્પેલી, સ્ત્રી૦ એક જાતના સુગન્ધિવાળાં ધોળાં ફુલ અથવા તેનો વેલો.

ચમ્પો, પુ૦ [સં૦ ચમ્પક] એક જાતનું ઘણી ખુશબો આપનું પીળું ફૂલ અથવા તેનો છોડ.

ચમ્બુ, પુ૦ ઊંચો ને સાંકડી ડોકનું, ફુલેલાં પેટનું અને પડઘીવાળું તાંબા પિત્તળનું જે વાસણ તે. એ અન્દરથી તો કોઈ દાડો સાજપજ નહિ.

ચમ્બુડી, સ્ત્રી૦ છેક નાનો ચમ્બુ.

ચમ્બેલી, ચમ્પેલી.

ચમ્મર, ન૦ [સં૦ ચામર] મોરપીછનું અથવા હેમામના રાતાં ધોળાં કુમળાં પીછનું જે રાજા વરરાજા ઉપર ધરીરાખવામાં અથવા ફેરવ્યાં કરવામાં આવેછે તે; ગાયના પુછડાના વાળનું જે દેવતા—ગુરુ ઉપર ફેરવવામાં આવેછે તે.

ચર, સ્ત્રી૦ કિલ્લાની આસપાસ ખોદેલી જે ખાઈ તે —પછી પાણી ભર્યું-રેતું હોય અથવા કામ પડે ત્યારે નદિ દરિયાનું પાણી તેમાં આવી શકતું હોય તે. ન૦ (જ્યોતિષ) પન્દર ઘડિ કરતાં ઓછો વધતો દિનાર્ધ થવાનું કારણ મધ્ય રેખા થકી જે પામ્યોત્તર અન્તર તે. ૨ ચરવાનું તે—ગોચર. પુ૦ હોમ નિમિત્ત રાંધેલું જે અન્ન તે.

ચર, વિ૦ [સં૦] જતું; ફરતું; ગમન કરનાર; ફરનાર; ચરનાર. જળચર, ભૂચર, ખેચર, વનચર, નિશાચર, ગોચર ઈ૦. ૨ મેષ, કર્ક, તુલા ને મકર એ ચાર રાશિમાંની એકેકી. ૩ સ્વાતી, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા એ ચાર નક્ષત્રમાંનું એકેકું.

ચરકલો, ચકલો.

ચરકવું, ક્રિ૦ અ૦ જરાક અવાજ સાથે પાણીપોચો રંગદાર જરાક મળ કાડવો; એ શબ્દ ઘણું કરીને ધાવણાં બચ્ચાંઓને અને પક્ષિઓને લગાડવામાં આવેછે. ગોકળઆઠમના ઓચ્છવમાં મન્દિરમાં સેવકો ઉપર દહીં હળદ નાખવામાં આવેછે તે. ઠાકોરજી ચરક્યા એમ કેવાયછે.

ચરખો, પુ૦ [ફા૦ ચરખ] કપાસમાંથી કપાસિયા જુદા પાડી નરું રૂ કાડવાનો ચાકવાળો સાંચો; એક જાતનો રેંટિયો; રૂમાંથી સુતર કાડવાનો, સુતરનો કપડાં બનાવવાનો મોટા ચાકવાળો સાંચો. ૨ ખરાદીનું ચાક; ખરાદ.

ચરખી, સ્ત્રી૦ નાનો ચરખો. ૨ પવનચક્કી.

ચરચા, સ્ત્રી૦ [સં૦ ચર્ચા] સારી પડે વાત ચાલવી —ચુંથાવી તે.—આજકાલ ગામમાં એજ ચરચા ચાલેછે. ૨ એક બીજા સાથે સામસામી તકરાર

આભથી—અભ્યાપણું થવાં તે; કાદ.—તે જે પ્રકૃ-ગાળાગતવાળાઓમાં પ્રતર્વિવાહ સમ્બન્ધી મોટી ચરચા ચાલે છે. ૩ સાંભળ્યામાં મન્ત્ર ભણવા—ક-વિતા સાંભળી—ભાષણો કરવાં તે—(વાદને માટે નહિ).

ચરચાપતરી, વિ૦ ચરચા પત્તર લખનાર.

ચરચાપત્તર, ન૦ [ચર્ચાપત્ર] કોઈ બાબત ઉપર તક-રાર—ચરચા ચલાવવા સારૂ વર્તમાનપત્રમાં લખેલો જે કાગળ વિષય તે.

ચરચાવવું, ક્રિ૦ સ૦ ચરચા ચલાવવી.

ચરચાવું, ક્રિ૦ અ૦ લોકોમાં નઠારી વાત ચાલે તેવી હાલતમાં આવવું; ગવાવું. ૨ ચરચા થવી—પુન-ર્વિવાહ પ્રકરણ આજ કાલ સારૂં ચરચાયું છે.

ચરણ, ન૦ [સં૦] પ્રાણિયોને ચાલવાને સાધનભૂત જે અવયવ તે; પગ. ૨ (કવિતામાં) શ્લોકનો ચોથો ભાગ. ૩ કવિતાની કડીનો કોઈપણ ભા-ગ; તુક; પદ. દોહરાને બે ને છપ્પાને છ ચર-ણ છે. ચરણે નામવું.—પગે પડવું—સાષ્ટાંગ નમ-ન કરવું. ચરણ સેવવાં.—ચરણની પૂજા કરવી. ૨ તાબેદાર થઈ રેવું. ચરણ વિષે બેસવું—આ-શરે શરણે જઈ રેવું.

ચરણજીવ-વી, [સં૦] ચિરંજીવ-વી. [પાણી.

ચરણામૃત, ન૦ [સં૦] ચરણનું અમૃત—પગ ધોયલું

ચરણારવિન્દ, ન૦ [સં૦] ચરણ એજ જે કમ-

ચરણો, પુ૦ ઘાઘરો. [ળ તે.

ચરણોદક, ન૦ [સં૦] પગધોયલું પાણી.

ચરન્દું, ન૦ [પ્રા૦] ચોપગું જાનવર. ચરન્દાં—પશુ; પરન્દાં—પક્ષી.

ચરબી, સ્ત્રી૦ [પ્રા૦ અથવા સં૦ ચર્મિકા] જના-વરોની ચામડાની નીચે માંસની ઉપરનાં છિદ્ર-વાળા પાતળા પડદામાં રહેલી તેલ જેવી જે ચિ-કણી વસ્તુ તે; ચિકાશ. ૨ મદ; ગર્વ; અ-ભિમાન; મોદી. (લાક્ષણિક અર્થમાં) આજ કાલ તેની ચ-રબી પણ વધી છે. ચરબીદાર—ચરબીવાળું—થી ભરેલું. [દા થાયછે તે.

ચરરર, અ૦ કોરૂં કાગળ જોરમાં ફાડતી વખતે જે અવાજ થાય છે તે. ૨ પ્રેમ શોક ભય વગેરે-ના જોરમાંથી એકદમ પેટમાં જે ચિચરવેડો પે-

ચરવાદાર, પુ૦ ઘોડાની ચાકરી કરનારો; ઘોડાવા-

ચરવી, સ્ત્રી૦ નાનો ચરૂ. [ળો; રાવત.

ચરવું, ક્રિ૦ અ૦ ઘાસ ચાર છોડવા વગેરે ખાવું.

—(પશુઓએ) ૨ ફરવું ખાવું—(પક્ષીએ). જે પશુ પક્ષી બીજાં પ્રાણીઓનો શિકાર કરે છે તેને એ શબ્દ લાગતો નથી. તેમજ ગુજરાન કરવું—પે-દા કરવું—રળવું એ સાધારણ અર્થમાં માણસ પશુ પક્ષી સર્વને લાગે છે. 'ફરે તે ચરે' એમ કેવાય છે.

ચરસ, પુ૦ ભાંગના વર્ગના એક જાતના છોડવા-ના ફુલના સેવાળને ઓસ સાથે એકઠો કરી તે-માં બીજી વસ્તુઓ મેળવી બનાવેલી જે કેફી વસ્તુ તે. એને ગાંજાનો અર્ક પણ કેછે. રૂઢિ—ભાવ-સા-થે ખાવા પીવા ઓઢવા વગેરેની ખન્ત—ખાર ચ-ડતો જોસ્સો તે; લાલુતા.

ચરસાચરસી, સ્ત્રી૦ એક બીજાથી વધારે સરસ થ-વાનો જોસ્સો; સરસાઈ; હોંસાતોંસી; સ્પર્ધા.

ચરાઈ, સ્ત્રી૦ ઢોર ચારવાની જે મેહનત મજુરી તે.

ચરાગ, પુ૦ [ફા૦] દીવો; બત્તી.

ચરાચર, વિ૦ [સં૦] જઙ્ગમ સ્થાવર. ઉઠાવીને બી-જે ઠેકાણે લઈ જવાય અને ન લઈ જવાય—તે તેવા પદાર્થો. (ચર ને અચર).

ચરામણી, ચરાઇ.

ચરાવવું, ક્રિ૦ સ૦ ઢોરને ચરતાં કરવાં. ગોવા-ળિયા ગાય ઢોર ચરાવે છે.

ચરિત, [સં૦] ચરિત્ર.

ચરિત્ર, ન૦ [સં૦] વખાણવા—લખી રાખવા જો-ગ જે શુભ કર્મ તે; યશવર્ણન; જન્મચરિત્ર. ૨ પાખણ્ડ; કાવાદાવા; પેચ; ફરેબ. સ્ત્રીચરિત્ર.

ચરુ, પુ૦ [સં૦] રાંધેલા ચોખા દૂધ ઘી સાથે અ-ગ્નિમાં હોમવામાં આવેછે તે—દેવ અથવા પિતૃ પ્રીત્યર્થ. ૨ તાંબા પિત્તળનાં મોટાં પહોળાં મોઢાંનાં ને ગળે કડાંવાળાં જે રાંધવાના—પાણી ભરી રા-ખવાના વાસણો તે એકેક.

ચરુકડવું, ચણું કરવું. [illegible]

ચરુડો, પુ૦ ચરુડો; માટીનો કળશો. [illegible]

ચરોતરૂં, વિ૦ ગુજરાતમાં ચરોતર જિલ્લો છે તે સમ્બન્ધી—થી વગેરે. [illegible]

ચર્ચા, [સં૦] ચરચા. [illegible]

ચર્ચિત, વિ૦ [સં૦] ચન્દન, માખણ વિગેરે ચોપ-ડેલ લગાડેલું હોય તેવું. [illegible] તે.

ચર્મ, ન૦ [સં૦] ચામડી; છાલ [illegible] આવે તેવું તૈયાર કરેલું ચામડું. [illegible] સી છોલી સાફ કરી ઉપર [illegible] બનાવેલી

[ચિહ્ન]ા, સ્ત્રી૦ [સં૦] રીત ભાત; ચાલ ચલણ; વર્તણુ-ક. ૨ દેખાવ; ચેહેરું; શિકલ. ૩ બાહેરપડતું ચિન્હ, ઉપરથી અન્દરનો ભાવ દેખાય તે.

[...]ળ, અ૦ જોજો; દૂરથી; બસ. ૨ જલદી આ-[...]સે.થી; ઝટકર.

ચલણ, ન૦ [સં૦ ચલન] ચાલવું તે. ૨ હુકમ—કેવું અમલમાં આવે તેવો ભાર બોજ; વગ; જોર; સત્તા.—તે કામમાં મારું ચલણ નથી; તે છોકરી બૈરી આગળ તે બાપડાનું કંઈ ચલણ નથી. ૩ સિક્કા—કાગળનું વેવારમાં વાપરવું તે—કચ્છમાં કોરીનું ચલણ છે; મુંબાઇમાં કુપની રૂપિયાનું અને નોટનું ચલણ છે.

ચલણી, વિ૦ વર્તમાન કાળમાં જેનું ચલણ હોય તે. પૈ—ચાલતો—ચાલુ—સિક્કો.

ચલમ, સ્ત્રી૦ હુક્કાની ઉપર માટીના જે ઠામમાં તમાકુ બળેછે તે. ગાંજાની ચલમની દાંડી વધારે [લાંબી હોયછે.

ચલાઉ, કામચલાઉ.

ચલાણી, સ્ત્રી૦ કાચ—માટી—ધાતુ—લાકડાં વગેરેની પડથી વાળી નાની વાડકી; પ્યાલી.

ચલાણું, ન૦ કાચનો પડઘીવાળો પ્યાલો.

ચલાવવું, ક્રિ૦ સ૦ કોઈ ચાલે તેમ કરવું—છોકરાંને હાથ સાહીને ચલાવ. ૨ જોઈતી વસ્તુ હાજર ન હોય તો તેને સારુ અટકી ન બેસતાં તેવગર કામ શરુ કરવું—જારી રાખવું—હજીલગી પ્રમુખ આવ્યા નહિં માટે હવે તેના વના ચલાવો. ૩ વેવારમાં આણવું; અમલમાં લાવવું. તેણે નવો કાયદો ચલાવ્યો; પેલા અભાગીએ સોનીએ નવી—બનાવટની નોટ ચલાવી. ૪ યન્ત્ર વગેરેને ગતિમાં મુકવું—ફરે તેમ કરવું. ૫ બન્દુક—તોપ ફોડવી. ૬ એકની વતીનું કામ બીજાએ કરવું—નાતમનું કામ નથુ ચલાવે છે. ૭ હાથ ઉપાડવો, તમાચો મારવો, ગાળ દેવી વગેરે અર્થમાં. મોઢું ચલાવવું [...]હેવી. [હોય તેવું.

[...] હાલેલું; ચાલેલું; એક [...] ગપલું. ૨ વિચાર બદલ્યા [...] જન્મોત્રીમાં જે કુંડળીમાંથી [...]બ માલમ પડે છે તે.

[...]

[...] કરેલ; વિચારેલા.

[...]

[...] અથવા ચકલો. ૨ છોકપણાનું

પંખેરુ. ૩ [પ્રા૦] ચાંગળું.

ચલ્લુ, વિ૦ ચાલુ; ચાલતું; જારી.

ચલ્લો, પુ૦ ચકલો; ચકલીનો નર.

ચવ, પુ૦ મોતીનું એક તોલ છે.—જેમ મોતી જોખવાનાં આફીકના બનાવેલાં વજન—કાટલાં ટાંક, રતિ વગેરે હોય છે તેમ ચવ કંઈ વજન—કાટલું નથી પણ એ માત્ર ગણતરીમાં આવે છે. ૧૩॥ ટકાની ૧ રતી ને ૨૪ રતીનો ૧ ટાંક એ હિસાબે મોતીના દાણાનું જેટલું વજન (ટાંક રતી આનામાં) હોય તેના ટકા કરવા ને જે ટકા આવે તેને દાણાની સંખ્યાએ (એક હોય તો એકે, ચાર હોય તો ચારે, સો હોય તો સોએ) ભાગ આપવો ને એમ ભાગ આપતાં જે રકમ આવે તે, ટકા—આપેલા દાણાના ચવ થયા કેવાય છે. મોતીની કિમત ચવને હિસાબે થાય છે. દર ચવે આટલા રુપિયા તો આટલા ચવના કેટલા રુપિયા એમ. ૨ હોંસ; રામ; ગુમાર. ૨ આવડત; ગમ. ૩ અક્કલ; સાન; સોગત; ઢંગ.

ચવડાવવું, ક્રિ૦ સ૦ ચાવે તેમ—ચાવતું કરવું.

ચવડું, વિ૦ ગર કકડો ન થાય ને દાંતે ચાવતાં અઘરું પડે તેવું. રોટલી ચવડી થઈ છે. ૨ દાંત વગેરે તેવું—ગોળાપાપડી.

ચવડું, ન૦ હોળનો જીભમાં પેસતો જે દાંતો તે.

ચવવું, ક્રિ૦ સ૦ બોલવું; કેવું—'ગોટીલત્વ નજુ ચવે'.

ચવળવું, ક્રિ૦ અ૦ ઠરી ઠામ ન રેવું; વલવલ કરવી; કામ કરવાને આતુર થવું. એના હાથ ઘણા ચવળેછે—એટલે હાથ ઉપડે છે અથવા ઉપડવાની તૈયારીમાં છે.

ચવળાટ, પુ૦ ચવળવું તે. [ગવાવું.

ચવાવું, ક્રિ૦ અ૦ લોકમાં નિન્દા થવી; ગવાવું; વ-

ચવેણું, ન૦ [સં૦ ચર્વણ] કાચું કોરું સેકેલું ખાવાનું તે—ધાણી ચણા પોંઆ મમરા સેવ વગેરે.

ચવૈયા, પુ૦ મોઢાંનો બેડોળ આકાર કરીને કોઈને ચિડવવું—ખિજવવું તે; ચાળા પાડવા તે.

ચવો, પુ૦ પગને તળિયે જે ફોલ્લો થાય તે.

ચવ્વડ, ચવડું.

ચશ્મ, સ્ત્રી૦ [ફા૦] આંખ; નેન.

ચશ્માં, ન૦ [ફા૦] જે કાચ વડે આંખે વધારે દેખાય અથવા વધારે સારું દેખાય તે; ઉપનેત્ર. ઘડપણમાં ચશ્માં લેવાં પડે છે. ટુંકી નજરના પણ ચશ્માં હોય છે. ચશ્માં આવવાં—[...]

ચશ્મેબુલાખ, વિ૰ જેના એક આંખમાં ખોડ હોય તે; જેને ફુલાંવાળી આંખ હોય તે; કાણું.

ચસક, સ્ત્રી૰ વાયુથી શરીરમાં સ્નાયુ—નસોનું એકાએક ખેંચાવું થઈ આવવું તે અથવા વારે વારે એવું દુઃખ થયાં કરે તે રોગ; સૂળ.

ચસકવું, ક્રિ૰ અ૰ ખસવું; હાલવું.—ગમે તે કરો હું અહીંથી ચસકવાનો નથી. ૨ ચમકવું. ૩ ડાગળી—પાંસળી ખસવી. ડાગળી ચસકી એમ કહેવાય છે. [ભડકવું ચાલવું.

ચસકાવું, ક્રિ૰ અ૰ પગ મુચકાવો; પગ આડો ખસી ગયાથી તેમાં ખોડ આવવી. ૨ ખોડાવું;

ચસકો, પુ૰ રહી રહીને જોસમાં દુખ થઈ આવવું તે—(કાનમાં). ૨ પગ વગેરે મોચાયો તે. ૩ ગુમડું પાકતી વેળા જે દુખ થાય તે—ગટકો. ૪ ચાળો; નખરાંબાજી. તે બૈરીને તેનો ધણી ઘણોએ મારેછે તોપણ તેનો છિનાળ ચસકો જતો નથી. ૫ પતરાજ; ખટકો; મગરૂબી. ૬ કોઈ વાતનો ઉપભોગ કરવા સારુ હૈયાના ઉમળકાથી જે ખંત રાખવી તે; ચરસ; વાડિયો.

ચસચસાટ, અ૰ ખૂબ મજબૂત; ચસી ન જાય તેવું.

ચસમું, ન૰ ચશ્માં. ચસમું, એકવચન અને અનેકવચન બન્નેમાં વપરાય છે.

ચસવું-સી જવું, ક્રિ૰ અ૰ ડબાઈને બેસી જવું—(પુળા કડબ વગેરેનું). ૨ મરવાપડવું; મરી જવું; ખપી જવું. ૩ એકાએક તોટામાં—પડતી હાલતમાં આવી પડવું; ડુબવું.

ચળ, ચેળ.

ચળક, પુ૰ ચપટેલા તારપર જે ચળકાટ તે.

ચળકચળક, અ૰ ઉપરા પઉપરી ચળકયાં કરે તેમ.

ચળકતું, વિ૰ ચળકે તેવું; ઝળકતું; તેજ મારતું.

ચળકવું, ક્રિ૰ અ૰ થોડીવાર પણ ટકે તેવો પણ ઘણું કરીને ઉજળો પ્રકાશ આપવો. ચકચકવામાં રહી રહીને પ્રકાશ પડે, એક કીરણ જાય ને બીજો આવે ને ચળકવામાં ઠરતો કીરણ પડે. ઝળકવું; તેજ મારવું; દીપવું; ઓપવું; શોભવું.

ચળકાટ, પુ૰ ચળકવું તે; ઝળકાટ; ચકચકાટ; રોશની. [કાશ; તેજ.

ચળકારો, પુ૰ ઝડપથી ચળકેલું તે; ઉતાવળો પ્ર-

ચળકીબન્ધ, વિ૰ તરતના પાડેલા નવાજ ટંકશાળમાંથી આણેલા.—(રુપિયા, સિક્કા.)

ચળણ, ચલણ.

ચળણી, ચાળણી. [અહીંતહીં ફરવું

ચળવણી, સ્ત્રી૰ ઉથલ પાથલ કરવું તે; ફેરફ

ચળવળ, સ્ત્રી૰ કંપ—નિરાંત નહિં એવી જે રાટની હાલત તે; ચટપટી; પજવણ; એ જીવનું તળપાપડ થવું તે.

ચળવળવું, ક્રિ૰ અ૰ કંઈ કરવાને માટે આતુરતામાં હાલવું—તેના હાથ તેની જીભ ઘણી ચળવળે છે; તે માંદો બચારો અહીંથી નહીં ચળવળે છે.

ચળવળાટ, પુ૰ ચળવળ.

ચળવું, ક્રિ૰ અ૰ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસવું—ગ્રહ વગેરેનું. ૨ વિચારમાં ફરવું; ડગવું. ૩ આડે રસ્તે—હદની પેલીપાર ઉતરી પડવું; બગડવું; અનીતિમાન્ થવું; વણસી—વણી જવું.

ચળાચળ, વિ૰ ચળ ને અચળ; જંગમ સ્થાવર.

ચળામણી, સ્ત્રી૰ આટો ચાળવાની તથા છાપરાં ચાળવાની મેહેનત મજુરી તે.

ચળાવવું, ક્રિ૰ સ૰ ચાળે તેમ કરવું.—આટો ચળાવવો; છાપરું ચળાવવું વગેરે. ૨ વિચાર ફેરવાવવો; આડે રસ્તે ઉતારી પાડવું.

ચળિત, ચલિત.

ચળુંકરવું-દેવું, ક્રિ૰ સ૰ ખાઈને મોઢું ધોવું. **ચળુંપાણી**—એઠું મોઢું ધોવાનું પાણી.

ચળેલ, વિ૰ જેનું મન સ્થિર નહિં તે; વિચારમાં ફરતું; ઉડેલ તબિયતનું. ૨ આડે રસ્તે ચડેલું; વણસેલ. ૩ ગાંડું; ઘેલું; ડાગળી ખસેલું. ૪ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસેલું—ગ્રહ વગેરે.

ચળેલું, ચળેલ.

ચાંઇ, સ્ત્રી૰ કપાળે અથવા બે ભવાંની વચમાં ઘણોજ નાનો જે ચાંદલો તે—ઘણું કરીને છોકરાંઓ બોલે છે. ૨ ખસિયાણું—ફીકું પડી જવું તે; શરમ લાગવી તે. મેં તેને ચાંઈ કરી નાખ્યો.

ચાંગળું, ન૰ હાથના ચાર આંગળાં સાથે રાખી વાળીને બનાવેલો જે આકો ખાડો ... તેમાં માય તેટલું જે પાણી વ... ક; જરાક; લગાર.

ચાંચ, સ્ત્રી૰ [સં૰ ચ... અણીદાર ... બું અથવા વાંકું અને ક... જેવું જે હોય છે તે. પક્ષી ખોરાક ધરે છે અને પછી શત્રુથકી પોતાનું રક્ષણ પણ ... ની ચાંચ જેવો હર કોઈ ...

જે અણીદાર ભાગ તે.—માથાની પાઘડીની ચાંચ, પગના જોડાની ચાંચ વગેરે.

ચાંચણ-ણુ, પુ૦ દુર્ગન્ધીથી પેદા થતો એક જાતનો ઘણો ગોળો ઉડતો જન્તુ. એને બે આંખ ને છ પગ ને એક ચાંચ હોય છે. એ ઘણી ઝડપથી ઉડી જાય છે અને હાથમાં આવતો નથી. એ મચ્છરની પેઠે ગુંગું કરતો નથી. 'ચાંચણ માકણ જૂ ને જવી, એ મારવાનું પાપજ નથી.'

ચાંચવો, પુ૦ ખોદવાના કામમાં આવતું ચાંચના આકારનું ભારના સીધા હાથાવાળું જે વાંકું જાડાં લોઢાનું અણિદાર હથિયાર તે. બેતરફ જોડાનાં પાંખમાં હોય છે તે પણ.

ચાંચિયો, પુ૦ દરિયામાં ચાલતાં વહાણને ધરી લુટી લેનારો; દરિઆઈ લુટારો-ચોર. ૨ ગુજરાતની પશ્ચિમ તરફ અને કચ્છમાં વસનાર કેટલાક લોક ભારખી ચાંચની છાપરાં ઘાટની પાઘડીઓ પેરે છે તેનું છાપરિયો. [વાત છે.

ચાંચૂં, ન૦ ચાં કે ચૂં અથવા કોઈ પણ એકાદો અક્ષર. 'ખબરદાર, ચાં કે ચૂં બોલ્યો તો તારી

ચાંદ, પુ૦ ચન્દ્ર; ચાંદો.

ચાંદરણું, ચાંદરણું.

ચાંદની, સ્ત્રી૦ ચન્દની. ૨ અજવાળી રાત. [છે તે.

ચાંદબીજ, સ્ત્રી૦ જે સુદ બીજે નવો ચાંદ દેખાય

ચાંદરડાં, તારાઓ. [ડતું જે અજવાળું તે.

ચાંદરણું, ન૦ ચન્દ્રનો પ્રકાશ; ચન્દ્રથી પૃથિવીપર પ-

ચાંદરાત, સ્ત્રી૦ અમાસ પછી જે સુદ બીજે—જે રાતે નવો ચાંદ ઉગે છે તે; ચાંદબીજ. મુસલમાન લોક જે દાડે ચાંદ દેખાય છે તેને બીજે દાડેથી નવો મહિનો ગણે છે.

ચાંદલિયો, પુ૦ ચાંદો; ચન્દ્ર. "ચાંદલિયો ચુંદડીમા મારા હાથમાં આપો" (નરસીં મેતા).

ચાંદલો, પુ૦ સ્ત્રિયોને કપાળે જે જડાવ ઘરેણું સુઈ વડમાં આવે છે તે. ૨ કપાળે વરણે જે કંકુ ચન્દ્રના આકારમાં આવે છે તે. ૩ સ્ત્રિયોને કપાળે આકાર ઘર ટિલડી વગેરેનો આકાર જે ચોડવામાં આવે છે તે (ચન્દના આકારની [illegible]). ૪ કપાળે ચાંદલો કરીને જે [illegible] ભારમાં [illegible] વગેરે [illegible] જમાડવામાં. ચાંદલો કરવો. ચાંદલો કરવો એટલે ભેટ આપવું [illegible].

ચાંદી, સ્ત્રી૦ જેના સિક્કા ન પાડેલા—ઘાટ ન ઘડેલા એવું લગડી—પતરું—વગે આકારમાં જે રૂપું તે. ૨ શુદ્ધ રૂપું. ૩ શુદ્ધ રૂપા જેવી દેખાતી સફેત જે વસ્તુ-ખાખ તે.—ચાંદી કરવી એટલે સફેત ખાખ—રાખ કરી નાખવી. ૪ દરદથી ચામડી જતી રહી ને માંસ દેખાય તેવું જે નાનું સરખું ગોળ ચાઠું તે. ૫ એવી રીતનું જે દરદ ઈન્દ્રીપર—કોકાણે થાય છે તે. ચાંદી થવી—પડવી એમ કેવાય છે.

ચાંદું, ન૦ દરદથી ચામડી જતી રહી ને માંસ દેખાય તેવું નાનું અથવા મોટું જે ગોળ ચાઠું તે. પાકું પાકેલું કે રૂઝાતું.

ચાંદો, પુ૦ ચન્દ્ર; ચાંદ. ૨ ઘોડા બળદ ગાય ભેંસ વગેરેને કપાળે જે ચન્દ્રાકાર લાંછન હોય છે તે.

ચાંપ, સ્ત્રી૦ બન્દુક પિસ્તોલ વગેરેનો જે ભાગ દાબવાથી આગ પેદા થઈ તે ફુટે છે તે. ૨ કમાન; જે જુગતીથી વસ્તુ દબાય ને પાછી ઉંચકાય તે. ૩ દાબે તેવો સમ્બન્ધ; કળ. ૪ દાબ; અંકુશ; અટકાવ; લગામ; ધાક; સત્તા. ૫ સાન કરવી; ચેતવવું તે; ઉસ્કેરણી. ૬ લાગ; ચોટ.

ચાંપણ-ણી, સ્ત્રી૦ ચાંપવું—દાબવું તે; દાબ. ૨ ઉસ્કેરણી; પીઠે રહી ને મદદ કરવી તે. તેને પછવાડેથી ચાંપણી થાયછે. ૩ ઉપકાર—વગ—પૈસાથી કોઈને શરમમાં નાખવું તે.

ચાંપતી, વિ૦ આકરી; સખત તાકીદની.

ચાંપવું, ક્રિ૦ સ૦ ધીમેધીમે હળવેથી—પ્રેમજાગે તેવી રીતે દાબવું—(શરીર); પગ દાબવા—પળોટવા. ૨ સારી પેઠે—જોરથી દાબવું.—એથી, જે દાબ્યા હોય તે વસ્તુનો બેંચો નિકળી જાય છે અથવા તે વસ્તુ છેક સાની થઈ જાયછે. ૩ લાંચ—રુશવત આપવી; શરમમાં નાખવું. ૪ સાનમાં કેવું; ચેતવવું; ઉસ્કેરવું. ૫ ડાંગી, ખુણામાં ઘાલવું. ૬ દામ દેવો.—પગથગતો ચાંપવો એમ કેવાય છે. ૭ ચાંપી જોવું; તપાસવું; દાબીને જોવું; રુઈ જોવું. ચોખા ચાંપી જોવા, પેલાવે આગળથી ચાંપી જોજે, આપણા વિચાર તરફ વળે તેવું લાગે તો પછી એ વાત કેજે બાકી પેલેથીજ બધું બગડી, આવીશ નહિ. ૮ જલદીથી જાય—દોડે તેને સારુ બળદ ઘોડાને સારીપેઠે હાંકવા—દાબીને ચલાવવા.

ચાંપું, ન૦ ફણસરજમાંનો ગોટલીવાળો જે ગર તે. એ ગરના કાચું એમનું એમ અથવા રાંધીને સાથે અથવા ચાંચણાં ખાવામાં આવે છે. ૨ એક જા-

તનો છોડ અથવા તેનું ફૂલ—અરણી. ૩ નાકની ચિટ્ઠી—વાળી—નથમાંના જે ચાંપાકાર સોનામાં વચ્ચે હીરા ને તેની આસપાસ મોતીએ જડઆડવામાં આવેલાં હોય છે તે. ૪ માથે ચાકઉપર ઘાલવાનું સોનારૂપાનું ચાંપા આકારનું જે ઘરેણું તે.

ચાંલ્લાવિવાર, પુ॰ પગરણે બીક બાજાને ત્યાં ચાંલ્લો કરી જમવાનો જે વેવાર તે.

ચાંલ્લો, પુ॰ ચાંદલો.

ચા, સ્ત્રી॰ [ચીન॰] એ નામના છોડવાના ઝીણાં સુકવેલાં પાતરાં. ચા, ઘણું કરીને બે જાતની હોય છે, કાળી ને લીલી—એ છોડ અસલથી ચીન જપાનમાંજ અને થોડુંક થયું દક્ષિણઅમેરીકામાં ઉગેછે. ૨ એ પાતરાં, ગરમ પાણીમાં નાખેથી પલળીને તે તળે બેસે છે પણ તેનો કસ પાણીમાં આવે છે અને એ કાવો સુસ્ત તબિયતને ચાલાક કરે છે—વાને હલાવે—અજીરણ પચવે છે તે. ૨ ચિંતા; મરજી. પુ॰ હેત; સ્નેહ; પ્યાર.

ચઉસ, પુ॰ [આ॰] લશ્કરમાં ડમકા નિશાણ વગેરેની ટુકડીનો જે મુખી તે. ૨ રાખેલા સિપાઈયોનો જમાદાર.

ચાક, પુ॰ એક જાતની સફેત નરમ માટી-ખડી; સફેતો. ન॰ (ચક્ર) પૈંડું; ચકર. સ્ત્રી॰ સિના અંગોડાનું સુના રૂપાંનું ઘરેણું—ચાક બોરિયાં કેવાય છે. ચાક ઘાલવી. ચાકથવું એટલે જાગૃત—સુસ્તી ઉડી ગઈ હોય તેવું—તબિયત ચાક થઈ.

ચાકટ-ણ, ચાકળ.

ચાકર, પુ॰ [ફા॰] કોઈના હુકમમાં રઈ તેનું કામ કરનારો જે માણસ તે; મેનતના બદલાને માટે તાબે રઈ બીજાનું ફરમાવેલું કામ બજાવનારો; પગાર આપી કામ કરવા રાખેલું માણસ. શેઠ—સેવા કરાવનાર અને ચાકર—સેવા કરનાર. જુદાં જુદાં કામપરથી જુદીજુદી પાયરીના ચાકરો હોય છે. ૨ ખરી ભક્તિથી આશ્રામાં રઈ સેવા કરનારો; સેવક; ભક્ત. ૩ ગુલામ, જાત વેચીને તાબેરઈ જીવતાં સુધી સખતી વેઠીને કામ કર્યાં કરનારો. ચાકર શબ્દ ઢોરા પશુને પણ લાગે છે ને જીવને પણ લાગે છે. 'ચાકરને મેર કૂકર ને તેને મેર પેચખાના'. ચાકરનફર—ઉંચા નીચા દરજાના ઘણાક ચાકર.

ચાકરડી, સ્ત્રી॰ ઘરનું કામ કાજ કરનારી બૈરી; દાસી.

ચાકરિયું, ન॰ ગામની ચાકરીને પેટે સરકારે જે જ-
મીન—ખેતર આપેલું હોય તે.

ચાકરી, સ્ત્રી॰ [ફા॰] ચાકરનું જે કામ તે; સેવા; ખિજમતદારી. ૨ ચાકરની જે હાલત કે અવસ્થા. ૩ ચાકરીના બદલામાં જે પગાર નાખ્યું તે. ૪ ફરજ; ધર્મ; કર્તવ્ય; દેણું. 'ચાકરી કરે તે ભાખરી પામે', 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ ચાકરી ને નિદાન ભીખ'.

ચાકલો, પુ॰ ગંજળો ઉપર રેશમ—કસબની મુકેલી [ભાત તરેહ.

ચાકળ-ણીલ, સ્ત્રી॰ એક જાતનો સાપ. જેને બે મોઢાં કેવાય છે. [ઈ બાય છે તે.

ચાકળી, સ્ત્રી॰ ગાગેરના આકારની નાની ઘડુલી—એ ઉપર શુભ કારજમાં રન્નાદેવની થાપણી મુકવામાં આવેછે. ૨ ચુને ધોળેલી ચાર ઘડુલી—જન્માના ઘરના બજનને દાડે વરને નુવાડવાને લ-

ચાકળો, પુ॰ જે ગોળ લાકડાંપર રોટલી—રોટલા—પોળી—પુરી વણવામાં આવે છે તે; આખળિયો. ૨ કુવા વાવ વગેરેના મોભ સાથે બંધોમાં જે આડાં ગોળ પાટિયાંને આધારે કોસ ખેંચવામાં આવે છે તે; મોઠી ઘરેડી. ૩ ચાંમડાંની ગોળ ગાદી; ઘોડાચાકીપર નાખવાની ઉન ભરેલી ગાદી. [કળ તે.

ચાકી, સ્ત્રી॰ પિત્તળ લોઢાં વગેરેનો અથવા ચામડાનો ગોળ આકારનો ચપટો કકડો. (ગાડીના પૈંડાં વગેરેની ચાકી). ૨ ખાડામાં કપડાંનો કકડો પાથરી ઉપરથી રેડી ઠારેલો જે ગોળ તે, ચાકીનો ગોળ. ૩ તમ્બાકુની જુડીયોનો સિક્કો જે

ચાકું, ન॰ ચોખણ્ડો નાનો પાતળો કકડો તે. (ગોળપાપડી વગેરેનું). ૨ ચકતું.—દહીં વગેરેનું. ૩ ખજુરનું વાડિયું. ૪ ગચિયું; ઢેફું.

ચાકુ, પુ॰ સ્ત્રી॰ કલમ—પેન—પેન્સિલ ઘડવાનું લોઢાંનું ઓજાર; ચપ્પુ; છરી.

ચાખડી, સ્ત્રી॰ પાવડી.

ચાખવું, ક્રિ॰ સ॰ [સં॰ ચક્ષ—ખાવું] ઉપરથી મારફતે જાણવું; કોઈ ચીજને જીભ ઉપર અડાડતાં જે લાગણી થાય તે સમજવી; સ્વાદ લેવો—તપાસવો. ખાટો—ખારો—કડવો—તીખો—મીઠો—મોળો—તુરો વગેરે સ્વાદ ચાખ્યો. ૨ થોડુંક—જરાક ખાવું. ૩ સુખ વગેરેનો થોડો ઘણો અનુભવ કરી લેવો. ૪ ખેહેલવી; રસ સમજવો.

ચાખજિયો-જો, પુ॰ ચાકળો; આખળિયો.

ચાચર, પુ૦ [સં૦ ચાચર] ભલપની આર જે મુસો એક રી. ૨ ચકલું.

ચાચરિયાં, ન૦ ચકલાની દેવીના ગણો.—લગનને દિવસે—આદમી ઘરકે ચકલાની રક્ષણ કરનારી દેવીનું પૂજન કરી તેને બલીદાન આપવામાં આવે છે ને પછી તેના ગણોને પુજવામાં આવે છે. એ ગણોને બદલે ચાર દિશાએ ચાર કપુર કોડિઆં વગેરે મુકવામાં આવે છે અને પછી અક્કિની પેઠે પાણીની ધાર કરી અક્કિકને પુજવામાં આવે છે કે 'ચાચરિયાં ચાચરિયાં નમે કોની વરતે (કોની વાત કેવાને સારુ) આવ્યાં' તારે પાસે ઊભો રેનાર કોઈ માણસ (ગણનો પ્રતિનિધિ) બોલી ઉઠે છે કે 'ઠલાણાને સારુ' (એમાં પરણનારના કોઈ સગાનું નામ હોય છે) 'તે ઠલાણાએ શું કીધું?' 'જવાબ—ભાત તો સારી જમાડી પણ ઘર પરમાણે લાણા ન આપી લીધે ભાઈ હા હા' એમ ચાર સવાલ જવાબ થાય છે. ચાચરિયાંમાં ઘણુંકરીને—મશકરી—હસવાનું હોય છે. કેટલાક આમ બોલે છે: 'ચાચરિયાં રે ચું ને ઠલાણાએ ઘી ચીરલાં કોગર કીધી એ શું? હસીરે ભાઈ હાં'.

ચાચા-ચો, પુ૦ બાપનો ભાઈ; કાકો.

ચાટણું, ન૦ નાના બચ્ચાંને જે ચટાડવાનું તે.—ઘીમાં, સાકર ભેળવી બદામ ભેળી ચટાડવામાં આવે છે તે.

ચાટલું, ન૦ મોઢું જોવાની ખાપ; આરસી; દરપણ.

ચાટિયો, પુ૦ રૂપિયો. (કણબાળામાં બોલતાં). [વગેરે.

ચાટવું, ક્રિ૦સ૦ ક્રીયા—ખાડા પદાર્થને આંગળીએ કરી ઉપર ચુસવો અથવા ઉભાથી પીવો; ભીભે રસકસ મોમાં લેવો. મધ ચાટવું; મલાઈ ચાટવી.

ચાટો, પુ૦ બાકડાંનો કડછો. [ચિપાચિપેણ.

ચાડકી, સ્ત્રી૦ બધી બાબતમાં મોઢું ઘાલી ડાપણ ડોળવાવાળી અને ખાખીબાખી વાત કરનારી.—ચાડી;

ચાડુઓ, પુ૦ ડોકાચો; ચિપાચિપો; ચિખાવેલો.

ચાંદું, ન૦ ઘા—કરડ—ગુમડું ફુટ્યા પછી તે ઠેકાણે—ચામડી ઉપર જે ઘોળું અથવા લાલી પડેલી તે નિશાની પડી ગઈ હોય તે.—તેને શીતળાથી પણ શરીરે ચાઠાંચાઠાં પડી ગયાં છે. ચારણી—ખાણી જે ચુકશ કામ—ગુણ્યો પડયા હોય

ચાડ, સ્ત્રી૦ ખત; ચાનક; ચિવટ. [તે ચાસમાં.

ચાડિયાણ, સ્ત્રી૦ ચાડી—ચુગલી કરનારી સ્ત્રી.

ચાડિયો, પુ૦ જેને ચાડી—રાશ ખાવાની, નિન્દા—બદગોઈ કરવાની—આળ ચડાવવાની ટેવ હોય તે; ચુગલીખોર. ૨ ભુંડે કર્મે પ્રખ્યાત થયેલા પુરુષના નામનું—ગામના પાપનું, એકાદું ઘણાજ બરાબ ચેહેરાનું પુતળું કરેલું હોય અથવા કાળી હાંડી કે ઉપર ખાસડું ભેરવેલું હોય અથવા ગાડે વાડે ગાડું—ખાસડું ભેરવેલું હોય તે. ૩ ખેતરમાં પંખીઓ નુકસાન ન કરે તેનેસારુ એક ઉભી લાકડીને બીજી નાની લાકડી ઊંચેથી આડી બાંધી લઈ એ આડીના બે ભાગને ચિથરાં વિટાળી ઉભીને માથે ચૂનાથી રંગેલું અથવા એમનુંએમ માટલું મુકેલું હોય અથવા ચિથરાં વીંટાળી જાડું ડોચ્ચું કર્યું હોય તે—(પંખીઓને બીવડાવવાને). કેટલેક ઠેકાણે મુએલા કાગડા અથવા એવું બીજું કોઈ પક્ષી લટકાવી રાખવામાં આવે છે. ૪ છેકજ સુકલકડી હાડકાં ચામડાં દેખાતાં હોય અને આંખમાં કુવા પડી ગયલા હોય એવો જે વિચિત્ર બીક લાગે તેવો પુરુષ.

ચાડી, સ્ત્રી૦ કારણસર અથવા વગર કારણે કોઈએકનું ભૂંડું બીજા ઘણાંઓની આગળ બોલવું તે અથવા બોલવાની જે ટેવ તે; કોનાથી એકની છાનીવાત બીજાને ત્યાં બીજાને ત્યાંથી ત્રિજાને ત્યાં એમ ચલાવવી તે; એકને વિષે ઘણીએક નઠારી વાત ઉરાડવી તે; ચુગલી; નિન્દા; બદગોઈ; ગીબત; નાલાસી. ચાડીખાવી—કરવી એટલે કોઈની નાલાસ—બદગોઈ કરવી. ૨ એકની છાની વાત તેને નુકસાન કરવાને બીજાને કેવી. ચાડીખોર—ચાડીકરનાર. ૨ ગોરણના બે અછાડાની વચમાં ગોળો મુકવાનેસારુ આગળે આંગળ ચોરસનું સુતારનું ગુંથેલું છાપરા ખાડાવાળુ જે હોયછે તે.

ચાડું, ન૦ ગોરણની ચાડી. ૨ વચમાં ખાડાવાળું દીવાનું ચાડું, જે ઉપર કોડિયું મુકવામાં આવેછે તે; દિવાની અડવી પોણીએક હાથ ઉપર દિવાનું કોડિયું મુકવાને જરા બાર આડું કાઢેલું જે કામ તે. કુકડદઈ—બદસુરત મોઢું; નઠારો ચેહેરો.

ચાણાક્ય, ન૦ [સં૦] જુદા જુદા ગ્રન્થોમાંથી નીતિરૂપ દૃષ્ટાન્તો એકઠાં કરી રચેલો જે ગ્રન્થ તે.

ચાણ્ડાલ, [સં૦] ચંડાળ.

ચાતણી, ચાળણી.

ચાતણો, ચાળણો.

ચાતક, પુ૦ [સં૦] એક જાતના પક્ષી. એ વિષે કે-

વાય છે [illegible]; વરસાદના પડતાં પાણી સિવાય બીજું કંઈ પીતો નથી; ચોમાસામાં સ્વાતિ નક્ષત્રના વરસાદના પાણી વગર બીજી તરસ જતી નથી;—એ ઉપરથી એ પક્ષીને હાથિયાનો તરસ્યો કેવાય છે. કેટલાક કેહે છે કે એને ગળે કાણું છે માટે પીવાતું નથી માત્ર ઉપરથી વરસાદનું પાણી પડે તેજ તેના પેટમાં જાયછે. આતુર માણસને એ પક્ષીની ઉપમાં આપવામાં આવેછે, તેમાં વિરહિણીની આતુરતાને ચાતકની આતુરતા સાથે સરખાવી છે; બપૈયો; પપીયો.

ચાતરવું, ક્રિ૦ સ૦ ફેરવવું; ચલાવવું; ખસેડવું.

ચાતરી, તગાગ.

ચાતુર, ચતુર.

ચાતુર્માસ, પુ૦ [સં૦ ચાતુર્માસ્ય] વરસાદના ચાર મહિનાનો જે કાળ તે; ચોમાસું. આશાડ, શ્રાવણ, ભાદરવો ને આશો અથવા આશાડ સુદ ૧૦ થી તે કારતક સુદ ૧૪ સુધીનો કાળ. વર્ષા ને શરદ્ એ બે ઋતુઓ.

ચાતુરી, ચતુરાઈ.

ચાતુર્ય, ન૦ [સં૦] ચતુરાઈ.

ચાદર, સ્ત્રી૦ [ફા૦] બિછાનાંપર પાથરવાનું ધોયલું જાડું સફેત કપડું. ૨ મુડદાંઉપર ઓઢાડવાનું કપડું. ૩ સ્થિર ને પથરાયલું દેખાતું પાણી. ૪ ફૂલ ગુંથીને બનાવેલું જે મોટું ચાદર જેવું તે.

ચાદરપાટ, પુ૦ ચાદર કરવા લાયક કપડાંનો તાકો.

ચાદાની, સ્ત્રી૦ ચા ઉકાળવાનું વાસણ.

ચાનક, સ્ત્રી૦ કાળજી; શિક્ષા; ખંત. [ખરી.

ચાનકી, સ્ત્રી૦ સેકેલી નાની પણ જાડી રોટલી; ભાખરી.

ચાનકું, ન૦ ચાનકી.

ચાન્દ્રાયણ, ન૦ [સં૦] ચન્દ્રની વધ ઘટ પ્રમાણે દરરોજ ખાવામાં ગરાસો [illegible] સુદમાં વધારવો ને વદમાં ઘટાડવો એવું જે વ્રત તે; એક રીતનું પ્રાયશ્ચિત્ત. ચાંદ્રાયણ વ્રત પાંચ પ્રકારનું છે તેમાં સહુથી દોયલું આ છે કે મહિનાલગી અપવાસ કરવો ને તરસ લાગે ત્યારે ગાયનું મૂતર પીવું.

ચાપ, ન૦ [સં૦] ધનુષ્ય; કામઠું.

ચાપકો-ખો, પુ૦ [પ્રા૦] ચાબુક.

ચાપાચિપ, સ્ત્રી૦ ચાંપી ચાંપી બરોબર [illegible] રાખવાની જે ટેવ તે; ટાપટીપ. ૨ વાર [illegible] વાની જે ટેવ તે. ૩ માથાફોડ; ચિકણાઈ; [illegible] ડાયાપણું.

ચાપચિપિવું, ક્રિ૦ ચીજ [illegible] [illegible] કની એક વાત [illegible] [illegible]

ચાપડો, પુ૦ હર કોઈ વસ્તુને બરોબર [illegible] બનાવેલો તેવો [illegible] [illegible] લોઢું અથવા પિત્તળનો બે ચાર [illegible] જે પાસે તે. ૨ [illegible] બે [illegible] પડાવી અમુક બાજુએ તેમ દઈ [illegible] બેને ડાગીને એક ફીરકો જે [illegible] તે.

ચાપલુસી, સ્ત્રી૦ ખુશામત; અહંકારમાંમાં નાપસંદગી.

ચાપું, પુ૦ ચાકુ; ચપ્પુ; છરી. ન૦ ચાંગળું.

ચાબક-ખ, સ્ત્રી૦ [પ્રા૦ ચાબુક] ઘોડાને મારવાની લાકડી સાથે જુડેલી લાબ્બા દોરી. ૨ કોરડો; સાટકો. ૩ ચાનક લાગે તેવી શિખામણ. ૪ ઉત્તેજન આપનાર વસ્તુ—ભાંગ ઉપર ગાંજાની ચાબક.

ચાબખો, પુ૦ ચાબક. ભોજા ભગતના ચાબખા એટલે તેના ઠોક આપતાં શિખામણનાં પદ.

ચાબુકસ્વાર, પુ૦ નવા ઘોડાને ફેરવનારો—શિખવનારો; ઉપર સવારી કરવાને અને તરેહ તરેહવાર ચાલ ચાલવાને ઘોડો લાયક થાય તેવું કરી આપનારો.

ચામ, ન૦ [ચર્મ] (કવિતામાં વપરાયછે) ચામડી; ચામડું. 'મંદવાડથી રહ્યાં હાડ ચામ માંસ ને આડિયાવત્ હું દીસતોરે.' ચામરસ—રતિરસ. આમરસ ને ચામરસ. [કાળું નાનું પક્ષી

ચામચિમડિયું, ન૦ વાગળાંની જાતનું રાતે દેખતું.

ચામજૂ, સ્ત્રી૦ શરીરની ચામડીને ખૂબ ચોંટી રેતી જૂ—તે મને ચામજૂની પેઠે વળગ્યો છે. [illegible] એવો તો વળગ્યો છે કે ઘણી તજવીજ કરુંછું તો પણ તે મારી પાસથી જતો નથી—મારો કેડો મુકતો નથી. [ચામડાં'.

ચામઠું, ન૦ ચામડીપર માર પડ્યાથી લોહી જે લિશાની રેખા તે. [illegible]—[illegible] [illegible] થયલો ચામડીપરનો જે ભાગ તે [illegible]

ચામડી, સ્ત્રી૦ માણસના શરીરનું [illegible] કતું જે પાતળું કુમળું ઢાંકણું તે; ત્વચા; [illegible] ૨ ચામડું; ખાલ. ૩ ઝાડ—છોડ—ફળની ઉપલી જે કુમળી છાલ તે. પ્રયોગ.—ચામડી જવી—રોગથી જુની ચામડી જવી. ૨ શિક્ષા થવી. ચામડી આવવી—આ દવાએથી નવી ચામડી આવવી. ચામડી પાતળી ને ચામડું જાડું ને [illegible] છે. ચામડું [illegible] [illegible] [illegible]

પક્ષીઓનો ગર્ભાશય—આમળી આંખુંઅને બગે તુકાર પક્ષી મુખે ઉત્પન્નથએ બચાંઓમાં આવે છે.

ચાંચડું, ન૰ [સં૰ ચંચ] પશુ પક્ષીઓનું ઉપલું અંકણ જે મેના પાંખ હાડ્ય ડાંડિયું તે. ૨ ચાંચ કરીને કામમાં આણેલી ખાશ અથવા તેનો કોઈ ભાગ—કડછી. [ઇ૰ત.

ચામર, ન૰ [સં૰] ચમ્મર. ૨ (કવિતામાં) એક

ચામાચીડ, સ્ત્રી૰ ઉંદરની જાતનું પશુ જાખ્યાં મોડાનું ટૂંકી પુછડાનું કાળાં ભુરા રુંવાડાંવાળું ચીં ચીં કરતું પ્રાણી; ભઉન્દર; શીણ.

ચામોડી, સ્ત્રી૰ હરેક વાતને લાંબી કરવાની જે ટેવ તે. ૨ પતરાજ; ફુલાશ. ૩ બડાઈ; મોટાઈ. ૪ નખરાં; ચાળા; મિજાજવાપણું.

ચાયણી, ચારણી.

ચાયના, સ્ત્રી૰ પ્રીતિ; વ્હાલ. ૨ ઇચ્છા; ખુશી.

ચાર, વિ૰ [સં૰ ચતુર] સંખ્યા બતાવે છે—૪. એ શબ્દ ઘણી સંખ્યા બતાવવાને પણ બોલાય છે.—મેં તને એકવાર નહિ પણ ચારવાર કહ્યું—એટલે ઘણીવાર કહ્યું. એ શબ્દ થોડા ઘણી પણ એક એથી વધારે એ અર્થમાં પણ વપરાય છે—તેને ચાર વાત સમજાવીએ કહીએ તો તે માનશે.—અરેખરી ચાર નહિ. તે ચાર પૈસે સુખી છે એટલે તેનીપાસ થોડીઘણી દોલત છે—છેક ભિખારી નથી. ઘરમાં ચાર હાંલ્લાં હતાં તેપણ તે મુખ્ય લઈ ગયો—થોડાં ઘણાં હાંલ્લાં. તે ચાર અક્ષર ભણ્યો છે—થોડું ઘણું ભણ્યો છે. હવે શું ચાર હાથ કરું!—ચાર હાથની મદદ કરી ઉતાવળ કરું! ચારમાં—ચાર એકમાં મળવું તે વિચારીને બોલવું. ચાર એટલે ચોકું; ‘ચાર દહાડાનું ચાંદરણું ને પેર અંધારી રાત’. ચારખાણ—અંડજ, ઉદ્ભીજ, સ્વેદજ, જરાયુજ. ચારખૂંટ—ચાર છેડા—ખુણા—દિશા. ચારદાણા—ચોકડી. ચારપદાર્થ—ધર્મ, અર્થ, કામ ને મોક્ષ.

ચાર, પુ૰ [સં૰ ચર—જવું] જાસુસ; ભેદુ; શત્રુના છાવણીમાં જઈને તે શું કરે છે, તેનું સેન કેટલું છે, તેનું જોર કેટલું છે, તે શી શી વાત કરે છે વગેરે ખબરો છુપી રીતે લઈ આવી કહેનારો. ૨ ફૂલ; [illegible] [illegible] [illegible] [illegible]
[illegible]
[illegible]

ચારખાણી, સ્ત્રી૰ એક જાતનું ગુજરાતી કપડું.

ચારખાની, પુ૰ સુથારીના ઓજાર ચાર ખુણાનું પાણું જે નાખવામાં આવે છે તે—એથી લાકડાની જરૂર પડતી નથી. [ચોખડી ચૂલેથી ચાડ.

ચારટકો, સ્ત્રી૰ ચાર પૈડાંનો રથ; ચાર પૈડાંની બગી.

ચારણ, પુ૰ [સં૰] રાજાના આશ્રિત વર્ગમાંની એક જાત.—એનો પેશો રાજાના વખાણ કરવાં, રાજાની આગળ નાચવું ગાવું એમ કરવા વગેરેનો છે; ઘણાખરા ચારણો ઢોર પાળે છે.

ચારણી, સ્ત્રી૰ [સં૰ ચાલની] ચાળવાનો નાના નાના કાણાવાળો પાત્ર—વાંસનો જે ગોળ ઘાટ તે. લોટચારણીથી આટો ને ભુસું જુદું પડે છે, આંકચારણીથી બારીક મેદો નિકળે છે ને રવો જુદો પડે છે, ડોળચારણીથી ચણા વટાણા વગેરે કઠોળની દાળ ચળાય છે ને આખા ડોળ જુદા પડે છે, “ચારણીનો ગુણ કરવો તાજ, સુપડા ગુણ ચહેવાનું કાજ”—ચારણી તો ઉપર ભુસું—થોથાં રાખે અને સુપડું તો છોતાં ઉરાડે ને સાર માલ રાખે. ૨ ઢોરની ચરામણી. ૩ ચારણ લોકની (ભાષા).

ચારણો, પુ૰ ઘઉં ચોખા વગેરે ચાળવાનું વાંસનું અથવા લાકડાંના કાંઠાને સુતળી ભરેલી એવું મોટા કાણાં વાળું ઠામ; મોટી ચારણી.

ચારવાલી, સ્ત્રી૰ ચાર વાલ જેટલું એક તોલ.

ચારવું, ક્રિ૰ સ૰ ઢોરને ચરવા લઈ જઈ તેઓ ચરે તેમ કરવું; ચરાવવું.

ચારશેં-સેં, વિ૰ સંખ્યા બતાવેછે—ચાર સો; ૪૦૦. ચારસો—સો.

ચારસો, પુ૰ ચોખુણ બરાબર એવું જે સફેત અથવા રંગીન જાડું કપડું તે. એ બિછાના દાખલ અથવા બિછાનાપર પાથરવાના અથવા ભાજ ઓછે બન્દલી દાખલ બાંધવાના કામમાં આવેછે.

ચારુ, વિ૰ [સં૰] સુન્દર; શોભીતું; રળિયામણું.

ચારેક, વિ૰ આસરે ચાર; ચારમાં થોડુંક ઓછું કે થોડુંક વધારે.

ચારેગમ, અ૰ ચોતરફ; ચોફેર; ચારપાસ ફરતું.

ચારો, પુ૰ ચરતવા—ફેરવાની રીત. એ શબ્દ પ્રત્યય રૂપે વપરાય છે. તે બે મિત્રોમાં ભાઈચારો છે. [ક્રિ૰] પશુ પક્ષી જીવ જન્તુનું જે ખાવાનું તે; જે વસ્તુ ખાઈને તે જીવે છે તે; ઘાસ, પાતરાં, અનાજ, ઝાડ વગેરે ચારો કહેવાય પણ ઘણું

કરીને ચાટે, જેમકે ઘાસ પાનડાં વગેરે ચાવ્યામાં આવે છે. ૨ ઉપાય; ચાલવું —તે કામમાં મારો ચારો નથી. [માકુ ને.

ચાંઍળી, સ્ત્રી૦ એક જાતના ઝાડનું ફળ; એક મ- સાલો. ચાંઍળી ઔષધ સારૂ ... [illegible] ... ચાંઍળીના ... [illegible] ... માટે ... [illegible]

ચાલ, સ્ત્રી૦ ચાલવું તે; ચાલવાની ઢબ, ઘોડાવગેરેની ચાલ વગેરે. ૨ ચાલવાની કુદરતી ... [illegible] રીત—ચાલુ કરવા દે. ... [illegible] ... ગી છે; તે બૈરીની ચાલ હાથીની જેવી છે. ૩ એક બીજા સાથે નહિ મુખ્યની પેઠે ... રાખવાની રીત—તેની ચાલ સારી નથી હવે પછીથી જોઈને કામ પાડીશું. ૪ પુ૦ સ્ત્રી૦ પરંપરાથી ચાલતી આ- વેલી કુટુંબ—જાત—કોમની જે રીત, ભાત તે; રૂઢી; રસમ; શિરસ્તો; રિવાજ. ૫ ટેવ; આદત. ૬ ધારો; કાયદો. સ્ત્રી૦ ૭ જેમાં પાસે પાસે ના- ની નાની ઓરડીઓ હોય (ઘણાં માણસો ભાડુત દાખલ વાસ કરી રહે) તેવી લાંબી ઇમારત; ચાલી; માળો. ૮ જ્યાંથી મહુને જવા આવવાનો માર્ગ હોય તે જગા.

ચાલચલગત-ણ, સ્ત્રી૦ એક બીજા સાથે વેવારમાં વરતવાની જે રીત તે; વર્તણુક; રીતભાત.

ચાલણગાડી, સ્ત્રી૦ નાના બાળકને તેના હાથ મુ- કાવી ચાલતાં શિખાડવાની જે ગાડી તે; ખાંગ- ળાગાડી. એને ત્રણ પૈડાં ને ઉપરથી ઝાલવાનો દાંડો હોય છે.

ચાલતાંલગી-સુધી, અ૦ જેટલે લગી નિભાવી—ચ- લાવી શકાય ત્યાં સુધી; બનશે તેટલું; બનશે તો.

ચાલતું, વિ૰ શરુ થયા પછી ચાલ્યાં કરતું હોય તેવું; જારી રેતું.—ચાલતું કામ, ચાલતો મુકદ્દમો, ચાલ- તો સાંચો વગેરે. ૨ હમણાંનું; વર્તમાન કાળનું. ૩ કામ કરે તેવું તીક્ષ્ણ—ચાલતી છરી વગેરે. ચા- લતું કરવું—જારી કરવું. ચાલતું થવું—જારી થવું. ૨ જતું રેવું; ખસી જવું.

ચાલવું, ક્રિ૦ અ૦ [સં૦ ચલન] પગો ઉપાડી ઉપા- ડીને એક જગેથી બીજી જગોએ જવું.—માણસ જનાવર વગેરેએ; પગને ગતિમાં મુકવા; હિંડ- વું. ૨ વર્તમાન કાળમાં કામ થયાં કરવું—હમણાં શિવનનું કામ ચાલે છે. ૩ જેવું જોઈએ તેવું નીવ- નહિ તેમ કામ અટકી પડે ન પડે તેવી હાલતમાં હોવું—હમણાં તો એક મહેનતથી કામ ચાલશે પ- ણ આગળ નહિ ચાલે. ૪ ઝડપ અને સરળતાથી કામ કરે તેવું હોવું—તેની કલમ ઠીક ચાલે છે. તે- ની છરી ખુબ ચાલે છે. ૫ હદથી બહાર બબડવું —ઉધારવું—તેનું મોઢું બહુ ચાલે છે. તેના હા- થ બહુ ચાલે છે. ૬ નિભવું; વર્તવું; પોસાવું— એક ... [illegible] ... ૭ ... [illegible] ... વું.—વરસના ... [illegible] ... પણ ગુરૂ કે શુક્રવાર વગેરે નથી. ૮ વેવારમાં ગણા- વું—મુંબઈમાં નોટ ચાલે છે. ... [illegible] ... ચાલતા નથી. ૯ વેવારમાં માન્ય—કબુલ થાય તે- વું હોવું.—આતમારામ મુખણની શાખ હિંદુસ્તાનના ઘણાક ભાગમાં ચાલતી. ૧૦ અમલમાં આવવું— લોક ... [illegible] ... કર ... [illegible] ... ૧૧ યંત્ર વગેરેમાં ગતિ થવી તે જારી રેવી—ઘડિયાળ ચાલે છે ... ૧૨ સત્તા હોવી—તે કામમાં મારું કંઈ ચાલતું નથી. ૧૩ વરતવું; નીતિસંબંધી વેવાર રાખવો—તે મારા કહ્યા પ્રમાણે ચાલશે તો ઠીક છે નહિ તો ખાસડાં ખાશે. ૧૪ વારે વારે કંઈ ખાયા કરવું—આખો દાડો એનું મોઢું ચાલે છે, પછી તે માંદો નહિ પડે?

ચાલાક, વિ૰ ચંચળ; ચપળ; હોશિયાર.

ચાલાકી, સ્ત્રી૦ ચંચળાઈ; ચપળતા; હોશિયારી.

ચાલી, સ્ત્રી૦ ચાલ (૭—૮માં અર્થમાં).

ચાલુ, વિ૰ ચાલતું (૧—૨ અર્થમાં).

ચાલ્યું, અ૦ જરૂર નથી એવા અર્થમાં વપરાય છે; હશે, તે આવ્યો નહિ તો! ચાલ્યું; કામ કંઈ અટ- કવાનું નથી. [ચાવું; ચબાવવું; ચાવણું.

ચાવડી, સ્ત્રી૦ ... [illegible] ... નું ઠેકા-

ચાવણિયાં, ન૰ હાડકાં-જડબાં.

ચાવણું, પુ૦ માકણ; માકડ.

ચાવલ-ળ, [હિં૦] ચોખા.

ચાવવું, ક્રિ૦ સ૦ [સં૦ ચર્વણ] અર્થ એ ખાવું મો- ઢાંમાં નાખ્યા કે ઝાડ-તળે ... [illegible] ... દાંત વડે ... [illegible] ... ટલે નિંદા ... [illegible] ...

ચાવું, ક્રિ૦ સ૦ પ્રીતિ ... [illegible] ... વું; ... [illegible]

ચાષ, પુ૦ [સં૦] એક જાતનો પક્ષી.

ચાસ, પુ૦ ખેતરમાં પાણી હળ વગેરેથી જમીનની અંદર પડેલા જે લીટા તે. ૨ અનાજના ખેતરમાં જે હારો તે. [illegible]—[illegible] મળી જવું. ૩ એક પક્ષી.

ચાસણી, સ્ત્રી૦ ચાસવું તે. ૨ ખાંડને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ચાસવું, ક્રિ૦ સ૦ પાછા [illegible] ખેતરમાં [illegible] ઊંડાં હળ ફેરવવાં.

ચાહવું, [illegible]

ચાહવું, ચાહવું.

ચાહના, ચાહના. [illegible] [પ્રીતે લાગ તે.

ચાળ, સ્ત્રી૦ [illegible] છાતી [illegible] જે [illegible]

ચાળણ, ન૦ આટો વગેરે ચાળવાથી જે ભૂસું, કસ્તર વગેરે ઉપર નિકળી પડે છે તે.

ચાળણી; ચારણી.

ચાળવણી, સ્ત્રી૦ ચાળવું તે. રૂપિયાની ચાળવણી.

ચાળવવું, ક્રિ૦ સ૦ ફેરબદલ કરવું; અવાર નવાર કરવું. [[illegible] ચાળવું.

ચાળવું, ક્રિ૦ સ૦ ચારણીની મારફતે અનાજ વગેરેને ચોખ્ખું કરવું. ૨ નદિમાં વગેરેને ઉકેલી પાછાં ગોઠવવાં કે વરસાદનું પાણી ઘરમાં ન મુએ

ચાળા, પુ૦ મશ્કરીમાં કોઈની જે નકલ કરવી તે. ચાળા પાડવા—નકલ કરી મજાખ કરવી. ૨ શરીરના અવયવને જુદીજુદી રીતે દેખાડવા; નખરાં કરવાં. ૩ હા નાચેતાં લાડવું. ચાળા કરવા [illegible] છે. (એકવચન ચાળો છે પણ [illegible] બહુવચનમાં વપરાય છે).

ચાળાચસકા, પુ૦ કોઈના જેવું ડોળ બનાવવું અથવા દેખાવમાં અટકો રાખવો અથવા તેવું જ ઘરડાકમાં લાડવું—દેખાવું તે; નખરાં.

ચાળી, સ્ત્રી૦ પકડી.

ચાળી, ચાળીસ. [illegible] —૪૦.

ચાળીસ, વિ૦ ચાર વખત દસ. [illegible]

ચાળીસમું, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

રેની જે આશ [illegible] તે; બાકો. ૩ ચિન્હ; નિશાન; ડાઘ—તેનો [illegible] હવે તેને બાંધી લેવાની તૈયારીમાં [illegible]. ૪ ઘરનું છાપરું ચાળનારો. [illegible] તેવું કરવું.

ચિંચવાવવું, ક્રિ૦ સ૦ દેખાડી, [illegible] ખવાની, આમાંનું મન કરાવી પછી તેને થોડી ઘણી [illegible] [illegible] [illegible]

ચિંચવાવું, ક્રિ૦ [illegible] [illegible] કરાવું.

ચિંધડી-ડી-ડ્ડી, સ્ત્રી૦ [illegible] [illegible] છેક નાનો જે કકડો તે. [illegible]

ચિંધવું, ક્રિ૦ સ૦ [illegible] [illegible]

ચિકટ, સ્ત્રી૦ તેલ ચરબી ગુંદર વગેરેનો ચીકાશ; ચીકાશનો જે ગુણ તે; ચોંટી વળગી રહેવી ચીજ.

ચિકટાવું, ક્રિ૦ અ૦ ચિકટાવું [illegible]—ચોળિયું ગાડી વગેરે તેલથી ચિકટાયાં છે.

ચિકટો, પુ૦ જાણે ચિકટથી ખરાબ થયું હોય તેવું દેખાતું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વાણિયા, ગાડીઓને [illegible] વાપરે છે.

ચિકણાઈ, સ્ત્રી૦ ચિકણાપણું (ચિકણું એ શબ્દના ૨ જા ને ૩ જા અર્થમાં). [ત્રણે અર્થમાં).

ચિકાસ, સ્ત્રી૦ ચિકણાપણું (ચિકણું એ શબ્દના

ચિકણીસોપારી, સ્ત્રી૦ પાકવા ઉપર આવેલી જે સોપારીને તોડી લઈ દૂધમાં ઉકાળી ખાંપવામાં (ખડકામાં નહિ) સુકવી તૈયાર કરેલી તે.

ચિકણું, વિ૦ [સં૦ ચિક્કણ] તેલ ચરબી ગુંદર વગેરેનો ચોંટી વળગી રહેવાનો જે ગુણ તે જેમાં હોય તે. કાળે જે ગુંદર આવે છે તે ચિકણો નથી. આ ખેતરની ભોંય ચિકણી છે. ૨ [illegible]—કામ કરતાં જે ઘણીવાર લગાડે ને ઘણા વિચાર કરે તે; આપાચાપિયું. ૩ જેને હાથેથી નાણું છુટે નહિ તે; કંજૂસ. ૪ ઢીલતાં—ખસતાં [illegible] નહિ તેવું. ૫ [illegible] ચિકણા પદાર્થથી ચિકટાયલું.

ચિકન, ન૦ એક જાતનું ભરત કે જે [illegible] કપડાં પર [illegible] આંટો મારીને ભરવામાં આવે છે; [illegible] તથા ભીન વગેરેના કપડાં ઉપર [illegible] [illegible] અથવા દોરાથી જે ઝાડ ફુલ [illegible] વગેરેની [illegible]—ભાત પાડવામાં આવે છે તે.—[illegible] ચિકન, [illegible] ચિકન વગેરે. ૨ એ [illegible] જેવું ફળ; ચિકન [illegible].

ચિકસા, સ્ત્રી૦ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જે

ટેવ તે અથવા એમ કરવું તે. ચિકણાખોર-કરનાર.

ચિકાર, અ૦ ઠસોઠસ; ભરપૂર; પૂરેપૂરું ભરાઇ ગયલું.

ચિકાશ, સ્ત્રી૦ તેલ ઘરવાથી ચુંદરના ચોંટી જવાની રે-ચાનો જે ગુણ તે.

ચિકિત્સનીય, વિ૦ [સં૦] ચિકિત્સા કરવાજોગ; જે-ની પરીક્ષા થઇ શકતી હોય તેવું.

ચિકિત્સા, સ્ત્રી૦ [સં૦] રોગની પરીક્ષા—પારખ—સમજ. ૨ હરેક વસ્તુ—આણુઆણ ગુણદોષની પરી-ક્ષા કરવા સારુ તરેહ તરેહવાર રીતે કલ્પના ક-રવાની જે મનશક્તિ તે. ૩ ખોડ જોવાની ટેવ.

ચિખલ-ખખલ, પુ૦ જમીનમાં પાણી ભરાવાથી થા-ય જે ચિકણો ગારો થાય છે તે; કાદવ.

ચિડૈલ, વિ૦ હરેક વાતમાં ચિડાયું હોય તે. ૨ ચિડકું.

ચિડાયા સુવું, ક્રિ૦ અ૦ જાગતાં છતાં ઊંઘમાં છે એ-મ જણાવવું.

ચિડંગું, વિ૦ ચિડૈલ.

ચિડંગોટી, ચડંગોટી. [ઊનું થઇ આવે તે.

ચિચરવટી, સ્ત્રી૦ જમીન વગેરેનો ઘણો ઝીણો કકડો ને લાગ્યો જે ભાગ—કકડો તે. ૨ અતિ થણ્ડી અ-થવા અતિ ગરમ દવા ખાવાથી ગળામાં તે પેટસુ-ધી જોસમાં જે અસર થવી તે; ચિરડો. ૩ પ્રીતિ-ના જોસ્સો, ખીજ વગેરે કારણથી પેટમાં જે ઊનું

ચિચરવડો, પુ૦ ચિચરવટી (૩ જા અર્થમાં).

ચિચવાટો, પુ૦ ઝુમાટો; હોકારો; ચીસ.

ચિચવાવવું, ચિંચવાવવું. ૨ બૂમ—ચીસ પડાવવી.

ચિચવો, પુ૦ ઊભું લાકડું દાટી તેની ઉપર આડું લાકડું મુકી એને બે છેડે સીકાં બાંધી એમાં છો-કરાઓને બેસાડી ફેરવવામાં આવે છે તે.

ચિચાડી, સ્ત્રી૦ બૂમ; કિકિયારી.

ચિચુડો-ચોડો, પુ૦ આમલી ફળનો ઠળિયો.

ચિટણીસ, પુ૦ [મ૦] સરકાર, સભા, વગેરેની ત-રફ ચિઠ્ઠી સવાલ જવાબ વગેરેનું કામ કરનારો કારભારી; અવલ કારકુન; શિરસ્તેદાર.

ચિઠ્ઠી, સ્ત્રી૦ થોડા મતલબનો લખવાના અથવા લ-ખેલા કાગળનો જે કકડો તે; નાનો કાગળ; છ-બરખી. ૨ કરજે—ધરેણે લીધા આપ્યા બાબતનો લખી આપેલો લિખિતો જે દસ્તાવેજ તે. ૩ લોટરી-માં અથવા ધરમાઉ વગેરે વેંચી લેતી વખત અથ-વા ફલાણો માણસ ફલાણું કામ માથે લે એવું ન-ક્કી કરવામાં કાગળના જે નાના કકડાપર ન-મ્બર નામ નિશાની કરવામાં આવે છે તે. જેમ ચિઠ્ઠી કાઢવી—મુકવી એમ બોલાય છે. ૪ લીલી પડીકાં વગેરેને ગુંદ્યું છે તે જણાવનારી કાપ. ૫ ચોંટાડેલો છેક નાનો કાગળનો જે કકડો તે; ટિકિટ. ૫ લેખું; નોંધું. ૬ હુકમ.—ઇશ્વરના ઘ-રની ચિઠ્ઠી કોઇથી પાછી ફેરવાતી નથી. ૭ મો-કાણની ખબર; અશુભ સમાચાર.

ચિઠ્ઠીસપાટી, ચિઠ્ઠીપત્રી.

ચિઠ્ઠીપત્રી, સ્ત્રી૦ ચિઠ્ઠી—સન્દેશા પત્રનો વ્યવહાર.

ચિડવવું, ક્રિ૦ સ૦ ગુસ્સે કરવું; ખિજવવું.

ચિડવું, ક્રિ૦ અ૦ ગુસ્સે થવું; રીસ કરવી.

ચિડિયાસેર, ડિડિયાસેર.

ચિડિયું, ડિડિયું. [ચિડિયું, વિ૦ સેજ સેજમાં ગુસ્સો આવે—રીસ ચઢે તેવું.

ચિંડી, સ્ત્રી૦ બૈરાંને પેરવાનું કાળું અથવા રાતું સુ-તરનું કપડું. ૨ લગન અવસરોમાં વરવાળાઓ-ની તરફથી કન્યા—વહુને ચાંલ્લા થયલા હોય તેનું જે આડવીઆડત્ય વરવાળાઓને છોકરીને પિહે-રથી પેરામણી દાખલ પાછું મળે છે તે. [આવે છે.

ચિઢાણી, વિ૦ ધૂળ ચિકટ દુર્ગન્ધિવાળું.—વાસું ચિ-ઢાણી થયું છે; તેલની બરણી, કુપીનાં વાસણ, અથાણું એને પણ ચિઢાણી શબ્દ લગાડવામાં

ચિણગારી, ચિનગારી.

ચિણવું, ક્રિ૦ સ૦ ચિપવું; કરચલી કરવી—પાટલી. ૨ કરચલી કરવી—અંગરખાની ગાંઠ.

ચિત્, ન૦ [સં૦] સમજ; જ્ઞાન. ૨ જ્ઞાનરૂપ ઈશ્વર. ૩ (પ્રત્યયરૂપે) હરકોઇ એવો હદ વગરનો અર્થ રાખે છે—કદાચિત્, કસ્યચિત્, કુત્રચિત્ ઇ૦.

ચિત, ચિત્ત.

ચિતડું, ચિત્ત (કવિતામાં વપરાય છે).

ચિતભ્રમ, ચિત્તભ્રમ.

ચિતરવું, ક્રિ૦ સ૦ કાગળ—કપડાંપર શાઇ રંગ કલ-મ વગેરેથી લખી, પથરા—માટીપર ઘડતાં હથિયા-રથી કોતરી—ખોદી, ધાતુના ઘાટપર ઘડતાં હથિ-યારથી ઠોકી—ડાબી; આકાર નકશી વગેરે પા-ડવું; ચિત્ર કરવું. ૨ લખાઉએ હાથ વાળીને લ-ખ્યાં કરવું. ૩ લખવું.

ચિતરાવું, ક્રિ૦ અ૦ ચિત્રેલું થવું; ચિતર્યું હોય તે-વું હોવું—હજી તે ચાંદનું મોડું બરાબર ચિતરાયું નથી. ૨ વિચિત્ર આકારમાં દેખાવું—બનવું.—કાલે રાતે તે ભાંગ પીવાથી ખૂબ ચિતરાયો હતો.

ચિતરો, પુ૦ [સં૦ ચિત્રક] વાઘની એક જાતનો ચિ-ત્તા જેવો રૂંવાંનો રંગ પીળો હોય છે અને એને

અફીણી બાઝુમિ ગ્રાના ભુંડા આળોને ફૂકે બનતા કાળા કાળા પડ્યા—કિચ્ચિયા હોય છે! ચિચો.

ચિતવવું, ક્રિ૦ સ૦ વન્દવું; માન આપવું, બાઝું ચિતવ્યા ગ્રાય આશિર્વાદ.

ચિતવું, ક્રિ૦ સ૦ ધારવું; કલ્પવું.

ચિતળો, સ્ત્રી૦ વાઘ બપ વગેરે હરણુની જે ખુબસી છુટકી તે; કમ્પાગી; કબુતરો. ૨ વાઘ; ચપટાઓ.

ચિતા, સ્ત્રી૦ [સં૦] જે ગોઠવેલાં લાકડાંપર મુડદાં મુકી બાળવામાં આવે છે તે; ચેહ.

ચિતારુ, ન૦ ચિત્ર; તસવીર.

ચિતારો, પુ૦ ચિતરનારો; ચિત્ર પાડનારો.

ચિત્ત, ન૦ [સં૦ ચિત્-વિચારવું] વિચાર કરવાની શક્તિ; મન; અન્તઃકરણ. ૨ સંકલ્પ ઉપર જે લક્ષ તે. ચિત્ત આપવું-બાળવું—જગાડવું. [ચિનારો.

ચિત્તચોર, પુ૦ ન માલમ પડે તેવી રીતે ચિત્તને હરણ કરનારો; વશીકરણ કરનારો; દિલને ચો-

ચિત્તભ્રમ, વિ૦ [સં૦] ચિત્તનું ભમવું તે; એક ઉપર વિચાર ન થતાં અહીંથી તહીં તહીંથી પેલીગમ એમ વિચારમાં ભટકવું તે.

ચિત્તવૃત્તિ, સ્ત્રી૦ [સં૦] ચિત્તની વૃત્તિ—હાલત. ૨ મન; ધ્યાન. [ચનાર.

ચિત્તવેધ, વિ૦ [સં૦] ચિત્તને વિંધનાર; દિલને ખેં-

ચિત્તસમાધાન, ન૦ [સં૦] ચિત્તનું સમાધાન; સ્વસ્થતા; મનનું સન્તોષ પામવું તે.

ચિત્તો, ચિતરો.

ચિત્ર, ન૦ [સં૦] સપાટી ઉપર લીટી અને છાયા એ બેથી પાડી બનાવેલો સાદો અથવા રંગ પૂરેલો જે આકાર તે; તસવીર. ૨ માટી પથરા કપડાં વગેરેનો બનાવેલો માણસ પશુ વગેરેનો જે આકાર તે; પુતળું; પુતળી; ઢિંગલાં; બાવલાં. ૩ જે જેવું હોય તેને તેવું રૂપ રંગમાં બરાબર બતાવવું તે. ૪ એકજ ઠેકાણે તરેહ તરેહના રંગોનું દેખાવું તે. ૫ અજાએબ જેવી—આશ્ચર્ય ઉપજાવે તેવી કોઈ પણ ચીજ. ૬ આશ્ચર્ય; અજાએબ. ચિત્ર વત્ એટલે હાલે ચાલે નહિ બોલે નહિ તેવું; તટસ્થ. ચિત્ર કાઢવું—પાડવું. વિ૦ અજાએબ જેવું; અદ્ભુત.

ચિત્રકાર, પુ૦ [સં૦] ચિતારો; ચિત્ર કાઢનારો.

ચિત્રકાવ્ય, ન૦-સ્ત્રી૦ [સં૦] ચિત્રમાં વર્ણાતી કવિતા; ચિત્રના ચમગાળામાં લખેલી જે કવિતા તે.—નાગબન્ધ, ખડ્ગબન્ધ, કેતકીબન્ધ ઇ૦.

ચિત્રવિચિત્ર, વિ૦ [સં૦] તરેહ તરેહવાર રંગ હોય તેવું; સુન્દર.

ચિત્રા, સ્ત્રી૦ [સં૦] સત્તાવીસમાંનું ચૌદમું નક્ષત્ર.

ચિત્રામણ, ન૦ નહાનું ચિત્ર; આડી અવળી સમીમ લીટીઓ દોરીને બનાવેલો જે સાદો અથવા રંગેલો આકાર તે. ૨ ઘણુંજ સુન્દર ચિત્ર.

ચિત્રિણી, સ્ત્રી૦ [સં૦] લક્ષણ વડે સ્ત્રિઓની ચાર જાત કઈ છે તેમાંની એક—શરીરે સુકુમાર—નાજુક, લાંબી (શોભતી)—ઠિંગણી નહિં, જાડી નહિં ને છેક પાતળી પણ નહિં, ચંચળ નેત્ર, પાતળી કમ્મર, ભરેલાં સ્તન, કાળા બાલ, મોરના જેવી વાણી, માથું ગોળ શંખ જેવું, નાના પ્રકારના વિલાસ વૈભવ કરવા વિષે રુચિ ખરી પણ રતિ વિષે ઝાઝી રુચિ નહિં તે.

ચિત્રો, ચિતરો; ચિત્તો.

ચિથડું, ચિથરું.

ચિથરિયો, ચિથરેહાલ. [કકડી તે.

ચિથરી, સ્ત્રી૦ ચિથરાંમાંથી પડેલી જે છેકજ નાની

ચિથરું, ન૦ ફાટી તુટી ગયલાં કપડાંનો જે છેક નાનો કકડો તે. ૨ ઘણીજ હલકી કિંમતનું કપડું. ચિથરાં વિણવાં—વિણતાં રેવું.—રસ્તામાં પડેલાં ચિથરાં ઝંખીને તેને કામમાં લેવાં પડે તેવી હાલતમાં આવી પડવું; ઘેરઘેર ભીખ માંગવાનો દાડો આવવો. [ગરીબ; મુફલસ.

ચિથરેહાલ, વિ૦ ફાટાં કપડાં—ચિથરાં પેરવાં પડતાં હોય તેવી હાલતમાં આવેલું; કંગાલ; છેક

ચિદ્ઘન, વિ૦ [સં૦] જ્ઞાનથી ભરેલું; જ્ઞાને કરી ઘન—ભરેલું હોય તે.—બ્રહ્મ.

ચિદ્રૂપ, વિ૦ [સં૦] જ્ઞાન રૂપ હોય તેવું.

ચિદ્વિલાસ, વિ૦ જ્ઞાનમાંજ વિલાસ છે જેનો તેવું. ૨ જ્ઞાનનો વિલાસ.

ચિદાનન્દ, વિ૦ [સં૦] જ્ઞાન અને આનન્દ એજ રૂપ છે જેનું તે—(બ્રહ્મ). પુ૦ જગદીશ્વર. [રજ.

ચિનગારી-ગી, સ્ત્રી૦ તણખો; અગ્નિમાંથી ઉડેલી ક-

ચિનવું, ક્રિ૦ અ૦ ઓળખવું.

ચિનાઈ-ને, વિ૦ ચીનમાં બનેલું—જે કંઈ તે; ચીનદેશનું. [રવું તે.

ચિન્તન, ન૦ [સં૦] વિચારવું—ધારવું—ધ્યાન ધ-

ચિન્તનીય, વિ૦ [સં૦] વિચારવા—ધારવા જોગ.

ચિંતા, સ્ત્રી૦ [સં૦] મનનો ગભરાટ; કાળજી; ફિકર; ચિત્તની અસ્વસ્થતા; બેચેની; ખાસ્તી. ૨ વિચા-

ર; ધ્યાન. 'કંઈ ચિંતા નહિ' એ પ્રયોગ, જરૂરનું નથી માટે કર્યા વગર ચાલશે એ અર્થમાં વપરાય છે. [ફિકરમંદ.

ચિન્તાતુર, વિ૦ [સં૦] ચિન્તાથી ગભરાઈ ગયેલું;

ચિંતામણિ, પુ૦ સ્વર્ગનો મણિ.—જેમ વિષે કહેવાય છે કે જેની પાસે એ મણિ હોય તેને જે જોઈએ તે એ મણિમાંથી મળી આવે છે; [illegible] [દરિદ્ર.

ચિંતવન, પુ૦ [સં૦] ઘણી ચિન્તા; ચિન્તાનો

ચિંતિત, વિ૦ ભૂ૦ [સં૦] ધારેલું; વિચારેલું; મનન કરેલું. [illegible]

ચિન્મય-માત્ર, વિ૦ [સં૦] શુદ્ધ—કેવળ જ્ઞાનરૂપ એવું—(બ્રહ્મ). ૨ જ્ઞાનથી ભરેલું.

ચિપટી, ચપટી. [ધ્રોપો.

ચિપડો-ડું, પુ૦-ન૦ દુખવા આવેલી આંખમાં આવતા ઢીલા આકારનો નાનો ચિકણો જે મળ તે;

ચિપવું, ક્રિ૦ સ૦ પાથરવું, ભોંતમાં વગેરેને ખપાટીથી કસેલી—પાતળી કરવી. ૨ હરેક વાતને ચોળી ચોળીને લાંબી કરવી. ૩ ધાબામાં પાસા પાડવાને નાખવાં પેલાં ગુંગેથી ભોડવા.

ચિપાસિયું, વિ૦ હરેક વાતને ચોળી ચોળીને લાંબી કરનાર; હરેક વાત વિષે વારે વારે પૂછનાર.

ચિપિયો, પુ૦ લોઢાનું ઓજાર—અગ્નિમાં મૂકેલું લેવાનાં, જીવજન્ત પકડવાનાં કામમાં આવે છે—એક તરેહનો ચિપિયો વાળ ચૂંટવાના કામમાં આવે છે. ૨ જીવજન્તુના આંગળા પંજા.

ચિબડી, સ્ત્રી૦ એક જાતનું પક્ષી. [રતી કરનાર.

ચિબાવલું, વિ૦ ડોઢ ડાહ્યું; વચમાં ઊઠી લાંબુ લાંબું ડહાપણ કરનાર. ૨ છોકરવાદિયું; બાળક બુદ્ધિનું. ૩ હલકું; તુચ્છ; પાજી. ૪ ખરાબ; નુકસાન—ગ-

ચિબુક, સ્ત્રી૦ હડપચીની વચમાંનો છાછર ખાડો.

ચિભડી, સ્ત્રી૦ એક જાતનો વેલો. [ફૂટ. ૨ કાકડી.

ચિભડું, ન૦ ચિભડીને આવતું જે ફળ તે; એક જાતનું શાખ. એનું અથાણું થાય છે તેને ખારિયાં

ચિમટી, ચમટી.

ચિમટો, ચમટો.

ચિમડાવું, ચિમળાવું.

ચિમડી, સ્ત્રી૦ જુવાર બાજરીના ખેતરમાં જ્યાંના ત્યાં રહી ગયલા જે ફૂમળા છોડવા તે.

ચિમળાવું, ક્રિ૦ અ૦ મનમાં સંકોચ પામ્યાં કરેલાં; ખાવાં કરવું. ૨ કરમાવું; નિર્માલ્ય નિસ્તેજ થવું.

ચિમાવું, ક્રિ૦ અ૦ કોઈને ખાતાં જોઈ પોતાને ન મળવાથી મનમાં બળવું. ૨ કોઈ ન જાણે તેમ તાકીને જોવું.

ચિમેદ, સ્ત્રી૦ ગાંચીના ઘરનું એક વાસણ.

ચિમોટી, સ્ત્રી૦ ગળચી; ઊંડી; ચોંચી; ભરેદમ.

ચિમોડી, સ્ત્રી૦ એક જાતના વેલાના બીજ. [ભીલ.

ચિમ્મડ, વિ૦ તાણ્યું તૂટે નહિ તેવું. ૨ સમજાવ્યાં સમજાય નહિ તેવું; જેમ ભાગે નહિ તેવું. ૩ કંજૂસ; બ-

ચિર, અ૦ [સં૦ ચિરમ્] ઘણું; [illegible]

ચિરંજીવી, પુ૦ [સં૦] પુત્ર; [illegible] (મોટાઓ નાનાને આશીર્વાદ આપતાં [illegible] અક્ષર વપરાય છે). વિ૦ ઘણું જીવનારું; લાંબી આવરદાવાળું; બહુ કાળ—હંમેશ જીવ્યાં કરે તે.

ચિરંજીવી, ચિરં-જીવી.

ચિરાગ, ચરાગ.

ચિરાડો, પુ૦ ચીરો; ફાડ—(કુંડામાંનો). [જ જીવનું.

ચિરાયુ, વિ૦ [સં૦] લાંબા આવરદાવાળું; ઘણા કા-

ચિલખત, ન૦ બખતર; કવચ.

ચિવટ, સ્ત્રી૦ કાળજી.

ચિવ્વડ, ચિમ્મડ.

ચિશાં, ન૦ રેસા; નાળિયેર ઉપરના તાંતણા.

ચિશ્કું, વિ૦ સુકાઈને ચવડ થઈ ગયલું. કેરી બાફિયાં ચિશ્ટાં થઈ ગયાં છે.

ચિહ્ન, ન૦ ઓળખાઈ આવે તેને સારૂ કરેલી—થયલી—રૂપલી જે નિશાની તે. ચાકે સાઈ વતી કંઈ ચિહ્ન કર; છત્ર ચામર દણ્ડ એ ચિન્હો ઉપરથી રાજા ઓળખાઈ આવે છે; મોટું કપાળ એ ભાગ્યશાળીનું ચિહ્ન છે. ૨ જે ઉપરથી ગુણાદિક જણાઈ પડે તે; લક્ષણ.—આ છોકરો આગળ જતાં કુળને દિપાવશે એવાં ચિહ્ન દેખાય છે; દક્ષિણ વાયુ છૂટ્યો એટલે વરસાદના ચિહ્ન થવા માંડ્યાં સમજવાં; સનેપાતના ચાળા એ મરવાના ચિહ્ન. ૩ ગુમડાં વગેરેથી પડી રહેલો જે ડાઘ તે. [ઇંગિત.

ચિહ્નિત, વિ૦ ભૂ૦ [સં૦] ચિહ્ન—નિશાનીવાળું; અ-

ચીંઉં, ન૦ સિતાફળનો ઠળિયો. [બોલવું.

ચીંચીં, અ૦ એવો થતો અવાજ—ચકલી વગેરેનું

ચીક, પુ૦ ફળ ડાંખળાં વગેરેમાંથી નિકળતું જે ચીકણું પાણી—દૂધ તે.

ચીચો, પુ૦ બાજોઠ કઠણ અને કાળો જે પત્થર તે.

ચીજ, સ્ત્રી૦ [પ્રા૦] કોઈ પણ બનેલી—બનાવેલી માટે તે; વસ્તુ; સામાનમાંનું કંઈ પણ. એ શબ્દ

ધાણુંખરું નિર્જીવને લગાડવામાં આવે છે. ૨ જે-માં અર્થ રૂપો હોય એવું ગાયન. ૩ હર. કંઈ—કામ, બાબત, હુનર વગેરે.

ચીભવસ્ત, સ્ત્રી૦ સામાન; સામાનમાંનું કંઈ પણ તે.

ચીડાં, ચીરડાં. [બળતરાક કપડાંભો.

ચીડ-ઢ, સ્ત્રી૦ [હિં૦] ગુસ્સા બાઝેલી તે. રાસેજ ગું-સ્સામાં આવી જવાની—ગુસ્સો બતાવવાની ટેવ. ૩

ચીડ, સ્ત્રી૦ આળી ઝાડનું એક જાતનું પક્ષી.

ચીડિયાળ, ચીડીખોર. [ડિ.

ચીણો, પુ૦ એક જાતનું અનાજ. એના દાણા ઝીણા-ઝીણા હોય છે. એને ચણાની જગ્યાએ ખવાય છે—ચીણાનો ભૈડો.

ચીત, વિ૦ કુસ્તીમાં હારીને ચત્તું પડી ગયેલું હોય તે.

ચીનકબાલા, પુ૦ એક જાતની રેચક ઔષધિ.—એ ઝાડો કરવાના કામમાં આવે છે. ચીનીકબાલા.

ચીનીકામ, ન૦ કાચ-ચકચકીતા માટીનાં પાત્ર.

ચીનીબાકુ, ... ચિતાઈ સામાન બનેલો હોય એવું ...ને હાથથી ભાંગી નાખતાં સુધી ચાલેલો તેમ પણ તે જણો. [ગોર.

ચીનીમિણું ન૦ નાનાં નાનાં રાતાં વટાણા જેવડાં

ચીપ, સ્ત્રી૦ લાકડાં—વાંસ—ધાતુ—કપડાંનો લાંબો પણ જરા પોળો સાંકળો કકડો.

ચીપવું, ચિપવું.

ચીબા સુનું-સોનું, ન૦ ઊંચા ટચનું—ચોખ્ખું સાચું સુનું.

ચીબું, વિ૦ જેનું નાક બેસી ગયેલું—ચપટું હોય તે. (માણસ).

ચીર, ન૦ [સં૦] સ્ત્રીઓને પેરવાનું સારું રેશમી લુગડું. ચીર પટોળાં. ૨ સ્ત્રી૦ ચીરી; કકડો.—કેરી વ-ગેરેની. ૩ ફાડ; તડ; ચીરો. (કુવામાં પડેલી તે).

ચીરડાં, ન૦ ગરાસિયાઓએ પટેલ વગેરેને વેચી આપેલી જમીનના જે કકડા તે. [ચીનાખવું.

ચીરવું, ક્રિ૦ સ૦ ફાડવું.—લાકડાં લુગડાં વગેરે.ફાડીને કકડા કરવા; કાપવું. ચીરીનાખવું—ફાડી-કા-

ચીરાઈ, સ્ત્રી૦ ચીરવાની જે મેહેનત મજુરી તે. [રિયાં.

ચીરિયું, ન૦ ચીરી; કકડો; ફાડ. વેગણ કરેલાં નાં ચી-

ચીરી, સ્ત્રી૦ કકડો; ફાડ-કેરી વગેરેની. [ડો; ચાર.

ચીરો, પુ૦ લુગડાં પથ્થર જમીન વગેરેનો જે મોટો ક-કડો તે. ૨ ફાડ; તડ—કુવા—લુગડાંમાં પડેલી તે. ૩ લુગડાંનો પહેલ. ૪ પાટ; કિનારો. ૫ ...

ચીલ, સ્ત્રી૦ એક જાતનો છોડ—એનું શાક થાય છે—એ ખેતરમાં થાય છે; એની ભાજી થાય છે. [ગાડાં

ચીલો, પુ૦ ૧. ખેતરની વચમાં—જમીનપર પડેલો ગાડાં ચાલવાનો જે રસ્તો તે; ચરડ. ૨ ચરડ-માં જે ખાડા પડેલા હોય તે. ૩ ગાડામાં બેઠાથી જે આંચકા આવવા તે. ૪ (લાક્ષણિક) નવો પા-ડેલો રસ્તો.

ચીવટ, સ્ત્રી૦ કાળજી; ખંત; ચાનક.

ચીવર, ન૦ વસ્ત્ર.

ચીસ, સ્ત્રી૦ તાણીને—મોટું પહોળું કરીને—તીણી બુમ પાડવી તે.

ચીંથુ, વિ૦ ચોળો ચોળી—વિચારી વિચારીને કામ કરનાર—દાન આપનાર; ૨ કંજુસ; લોભી.

ચુંખડું, ચુખડું. [આંખ.

ચુંખડું-ચડું, વિ૦ ઓછી ને ઝીણી સાફ ન દેખાય તેવી આંખનું (માણસ). ચુંખળી આંખ—ઝીણી

ચુંચી, ચુંચી.

ચુંચિયાં, ન૦ સ્ત્રીનાં થાન; એ ઉપરની ડીંટી.

ચુંટવું, ક્રિ૦ સ૦ ફૂલ ભાજી વગેરે કુમળી વસ્તુને તે-નાં ઝાડ પરથી જુદી પાડવી; તોડવું. ૨ નખ—વાગ-તાથી કકડા કરવા; ગુમાવવું.—ગોવાર ચોળી પા-પડી ભાજી ચુંટવી. ચુંટીખાવું—કરડવું. મચ્છર ચાં-ચણ ચુંટી ખાય છે. ૨ ઘણા જણે એકદમ એકના ઉપર ડપકો દેવા મંડીપડવું; ડુંપી નાખવું.

ચુંથવું, ક્રિ૦ સ૦ એકાદી વસ્તુમાં વારે વારે હાથ ઘાલી તેને બગાડી નાખવી; ફેંદવું. ૨ દ્વેષ ભાવ-થી એકાદાં માણસની પુઠે લાગવું. ૩ સારીપેઠે તપાસ કરવાસારુ વસ્તુ—કામમાં ઉથલ પાથલ ક-રી મુકવી.

ચુંથાચુંથ, સ્ત્રી૦ આમથી તેમ ચુંથ્યાં કરવું તે.

ચુંથાડો, પુ૦ ચુંથાઈ ગયેલું હોય તે. ૨ દુઃખ.

ચુંથાણ, ન૦ ચુંથાડો.

ચુંથાવું, ક્રિ૦ અ૦ ચુંથી નાખે તેવી હાલતમાં આવવું —ચાવી ખમવું. ૨ પેટમાં દુઃખ થવું. ૩ જીવ ગ-ભરાવો; અકળામણ થવી.

ચુંથો, પુ૦ ગાભો. ૨ લુગડાના ફાટ્યા તુટ્યા કકડા.

ચુંદડી, સ્ત્રી૦ જેવી ભાત—છાંટ પાડવી હોય તેવી ક-પડાંમાં કરચલીઓ કરી એને દોરાથી બાંધી લઈ કસુંબાથી રંગેલું એવું સ્ત્રિયોને પેરવાનું જે લુગ-ડું તે. એમાં બાંધેલી જગા રંગવાની રેહે છે તે-થી પેલી રંગિત ભાત ઘણી ખુલે છે—ચુંદડી ભા-તની પાઘડી પણ હોય છે. ૨ ભાત—ચુંદડી પા-ડવી એમ કેવાય છે. ભાત વાળું રેશમી લુગડું; ધા-ટડી (સ્ત્રીઓને પેરાવવાની).

ચુંથણું, ક્રિ૦ પગપગથી ચુંથળા આંખનું; ચુંખળું.

ચુંથી, સ્ત્રી૦ ચણભોર; ચાપાચીપ.

ચુક, ચૂક.

ચુકતેહિસાબે, અ૦ હિસાબ—જમેઉધાર—ખાતું બ-રોબર પૂરું કરી બન્ધ કર્યું હોય તેમ.

ચુકવવું, ક્રિ૦ સ૦ ભુલવવું. ૨ નાણાં અદા કરવાં; લેણ દેણ પતાવી દેવું; હિસાબ કરી આપી દેવું—ચુકવી આપવું. ૩ ફેંસલો કરવો; તોડ ફાડવો; નિવેડો આણવો.

ચુકવું, ક્રિ૦ અ૦ વિચાર—હિસાબમાં ચૂક—ગફલત કરવી; ભુલવું. ૨ હિસાબ—ખાતું પૂરું થઈ બન્ધ થવું; નાણાંની આપલે કરી લઈ ખાતું માંડી વાળવું. ૩ ઈનસાફ થવો; કજીયો ઝઘડો પતી તેનું છેવટ આવવું. તમે ગમે તેમ ધારો પણ તે કજીયોતો ગઈ કાલનો ફરિયાદીની તરફનો ચુકયો છે. ૪ કામ—ધન્ધા—ચાકરીમાં કસૂર કરવી. હું મારી ચાકરીનો વખત કદી ચુકતો નથી. ૫ ધારેલાં નિશાણથી આઘું પાછું જવું. બન્દુકની ગોળી ચુકી. ૬ અન્ધ—ટક ખોવી. 'અણિ ચુકયો સો વરસ જીવે'. ૭ આડું ખસી જવું. તે વિચારમાં ચાલતાં પગથી ચુકયોજ હતો પણ બાપગ કે બચી ગયો.

ચુકાદો, પુ૦ નિકાલ; નિવેડો; છેવટ. ૨ હુકમનામું; ફેંસલો; ન્યાય; ઈનસાફ.

ચુકાવવું, ચુકવવું.

ચુકો, પુ૦ એક જાતની ભાજી.

ચુગડી, સ્ત્રી૦ ચપટી. ૨ પગફુલ; કર્ણફુલીયાં.

ચુગલ-ખોર, વિ૦ ચાડી ખાનાર.

ચુગલી, સ્ત્રી૦ ચાડી (૧લા અર્થમાં); રાવ.

ચુગવું, ક્રિ૦ સ૦ ચાંચ મારીને ખાવું.—પક્ષીઓ ચુગે છે.

ચુઙ્ગી, સ્ત્રી૦ બરવાડ કોળી કુંભાર વગેરેનું તમાકુ ફુંકવાનું બનાવેલું માટીનું તે; હુક્કીયું.

ચુઞ્ચુની, એક જાતની ઘણીજ સફેદ ખાંડ.

ચુટકી, સ્ત્રી૦ ચપટી. ૨ થોડુંક; જરા.

ચુટકો. પુ૦ [હિ૦] થોડામાં ઘણો મર્મ બતાવ્યો હોય તેવું અસર કરતું ટુંકું બોલણ. ૨ જાદુ; જન્તર મન્તર સમ્બન્ધી જે ટુંકું બોલણ તે; ટુચકો. ૩ થોડુંક; જરા; લેહેજો.—'રંગના ચુટકા, કુંડાં ન હોય.'

ચુડગર, પુ૦ ચૂડા ચૂડી વેરનારો—ઉતારનારો—બનાવનારો.

ચુડલો, ચૂડો.

ચુડેલ, સ્ત્રી૦ એક જાતનું ભયંકર બિહામણું ભૂત; ભૂતયોની. કુંવાપણે કે સુવાવડમાં અથવા અડકાયલી હાલતમાં મરી ગયલી સ્ત્રી ચુડેલ થાયછે.

ચુણો, ચૂણો.

ચુણવું, વિણવું. [ણીની કરચલીઓ તે.

ચુણી, સ્ત્રી૦ અઙ્ગરખા—જામાંની બાંયની જે ચુ-

ચુનચુની, ચુન્ચુની. [વાની દાબડી.

ચુનાબદો, પુ૦ પાન ઉપર ચોપડવાનો ચૂનો રાખ-

ચુનાળાં, વિ૦ ચૂનો દિધેલાં; ધોળેલાં. ૨ ચૂનાંમાં પકવેલાં.

ચુની, સ્ત્રી૦ હિરાકણી; માણક નીલમ પોખરાજ સફેત હિરા વગેરેની કરચ.

ચુનો, ચૂનો.

ચુપ, ચૂપ. [હાલત.

ચુપકી, સ્ત્રી૦ કંઈજ અવાજ કાઢવો નહિ તેવી રીત—

ચુપચાપ, અ૦ છાનામાંનાં; કંઈજ અવાજ ન કાઢતાં.

ચુપવું, ક્રિ૦ અ૦ ચોંચાવું; ભોંકાવું. સાપ ચુપી તેથી લોહી નિકળે છે. [સ્થિર; શાન્ત.

ચુપાચુપ, અ૦ કોઈ કંઈ બોલતું ન હોય તેમ. ૨

ચુમવું, ક્રિ૦ સ૦ બોકી લેવી; ચુમ્બન કરવું; ચર્ચા કરવી. ચુમીને—હારીને; જખ મારીને; ગરજાઉ થઈને.

ચુમા, પુ૦ ચુમી.

ચુમી, સ્ત્રી૦ બોકી; બચ્ચી; ચુમ્બન.

ચુમોતેર, ચુમ્મોતેર.

ચુમ્બક, પુ૦ [સં૦] ચમકપથ્થર. ૨ કંજુસ; બખીલ; કૃપણ. ૩ રાંડબાજ; છિનાળવો.

ચુમ્બન, ન૦ [સં૦] ચમ્મુડા જેવું મોઢું કરીને તેને ગાલ ઉપર અથવા બીજા ઓઠપર લગાડવું (હેત—પ્યાર બતાવવાની નિશાની); બોકી; બચ્ચી.

ચુમ્માળાં, ન૦ ચક્રમાં આવવાં તે; ઘડપણને લીધે આંખે થોડું દેખાવું તે.

ચુમ્માળી-શ સ, વિ૦ ચાળીસ ને ચાર; ૪૪.

ચુમ્માળું, ન૦ ચુમ્માળીસ શેરનો એક મણ ગણાય તેવું તોલ. [બાયો.

ચુમ્માળો, પુ૦ મોટો ને જાડો જે કામળો તે; ધા-

ચુમ્મી, સ્ત્રી૦ ચુમી.

ચુમ્મોતેર, વિ૦ સિત્તેર ને ચાર; ૭૪.

ચુરમું, ન૦ ભોજનનો એક પદાર્થ; ભુકો ભાકો.

ચુરવું, ક્રિ૦ સ૦ ભચરડી નાખવું; ભુકો કરવો.

ચુરાશી, પુ૦ ઉંદરડાનો ભુકો અથવા તેની ઝોળી

ચુલડી-લી, સ્ત્રી૰ નાની ચૂલ, મટોડાની અથવા તાંબાં પિત્તળની (છોકરીયોને રમવાને).

ચુલાસગડી, સ્ત્રી૰ તળિયાં વાળો ચૂલો—એ સગડીની જગ્યાં ત્યાં ઉંચકી મુકાયછે.

ચુલો, ચૂલો.

ચુવું, ક્રિ૰ અ૰ તડવાળાં વાસણમાંથી—છાપરામાંથી પાણી ટપકવું; ગળવું; ઝરપવું.

ચુવો, પુ૰ નાળિએરની કાચલી બાળી તેમાંથી તેલ કાડી તેમાં બીજી ખુશબો મેળવેથી જે પદાર્થ બને છે તે. ૨ તેલ ધુપેલની અન્દરનો મેલ; કુચો. ૩ જ્યાંથી ગળે—ટપકે તે ઠેકાણું. ૪ ઉંદર.

ચુસવું, ક્રિ૰ સ૰ દાંતેથકી હોઠવડે એકાદી વસ્તુમાંથી રસ ખેંચી લેવો. સેરડી—કેરી ચુસવી. ચુસી લેવું—લોહી ન રહે તેમ કરવું; તાવી નાખવું; અશક્ત કરવું. ડાકણે તેને ચુસી લીધો.

ચુસ્ત, વિ૰ એકાદાં મતને હઠથી વળગી રહ્યું હોય તે.

ચૂં-ચૂંચૂં, અ૰ એવો થતો અવાજ દેખાડેછે.

ચૂંક, સ્ત્રી૰ તાંબા પિત્તળનો પણ ઘણું કરીને લોડાંનો જે ઉંક નાનો ખીલો તે.—ખીલી—ચૂંક મારવી. ૨ એ ઝીણો ખીલો ખુંચેથી જેવું દુઃખ થાયછે તેવું પેટમાં જે દુઃખ થવું તે; સૂળ. ચૂંક આવવી—નાખવી. ૩ નાકનો કાંટો.

ચૂંચી, સ્ત્રી૰ સ્ત્રીની ધાઈ. ૨ થાનની ડીટી.

ચૂંક, સ્ત્રી૰ ભૂલ; ખોટ; ગણવામાં—વિચાર કરવામાં જે કસર પડવી—ગફલત થવી તે.

ચૂકર, પુ૰ હલકામાં હલકો ચાકર; ચાકરનો ચાકર. 'ચાકરને પેર ચૂકર ને તેને પેર પેજખાનાં'.

ચૂડ, સ્ત્રી૰ ચૂડાના આકારનું સુનાં—રૂપાનું ઘરેણું (રાંડીરાંડ હાથે પેરેછે). ૨ એક તરેહની મોતીની ચૂડી (છોકરાંઓનેસારુ). ૩ આંટી ભેરવીને સંપટ વળગી રેવું તે. સાપે ચૂડ ભેરવી. [મે તે.

ચૂડાકર્મ, ન૰ [સં૰] સોળ સંસકારમાંનો એક. ચૂડા—ચોટલી રખાવવા સારૂ જે મુંડણ કરાવવાનું કર-

ચૂડામણિ, પુ૰ [સં૰] મુગટમાં જડેલો જે મણિ—હીરા તે. ૨ સહુથી ઉત્તમ એવો જે પુરૂષ અથવા એવી જે વસ્તુ તે. [જે અકેકો ઘાટ તે.

ચૂડી, સ્ત્રી૰ સ્ત્રિયોને હાથે પેરવાનો સુનાંની ચીપથી મડેલો અથવા સાદો લાકડાં—કચકડાં—દાંતનો

ચૂડીકરમ, ન૰ વર મરી ગયા પછી તેની વિધવા સ્ત્રીયે ચૂડી ફોડી નાખવી તે.

ચૂડો, પુ૰ ચૂડા ઉતરી પાંચ—સાત ચૂડીયોનો જે જથો તે; થર. (લાકડાં—કચકડાં—હાથીદાંતનો હોયછે). ૨ સરખાં ને પોળી ચીપનાં બે ત્રણ ચૂડીયાંનો જથો (લાકડાં—હાથીદાંતનો હોયછે). ચૂડો, સોવાસણનેજ હોયછે. ચૂડો ઉતારવો; ચૂડો પેરવો; ચૂડો ફોડવો. સ્મૃતિ] સ્ત્રીની રુધેન્દ્રી; યોનિ.

ચૂત, પુ૰ [સં૰] આંબાનું ઝાડ; આંબો. ૨ [સં૰

ચૂનો, પુ૰ ચાક, કેટલાક પથ્થર અને છીપ બાળેથી જે સફેત વસ્તુ પેદા થાય તે. એને પુલાજીને દિવાલે લગાડેથી સફેતી નિકળે છે. એ પાન ઉપર ચોપડવામાં આવેછે; કળીચૂનો. ૨ કાંકરી, કાંકરા, મરડિયાને પકવેથી જે થાય તે; છો—છો.

ચૂપ, વિ૰ અવાજ ન સમ્ભળાતો હોય તેવું; કોઈ કંઈ બોલતું ન હોય તેવું; શાન્ત. અ૰ બોલ નહિ—શાનું?—શું? એવી ધમકી—સૂચના બતાવેછે.

ચૂરણ, ન૰ [સં૰ ચૂર્ણ] હરકોઈ ઓષધિનો જે ભુકો તે. ૨ હરકોઈ વસ્તુનો ભુકો; ધૂળ.

ચૂરો, પુ૰ ભુકો; ઘુંદો; ખણ્ડાઈ દળાઈને ઝીણી થઈ ગયલી વસ્તુ.'

ચૂર્ણ, ન૰ [સં૰] ભુકો. ૨ ચૂનો.

ચૂર્ણિકા, સ્ત્રી૰ [સં૰] જે ગદ્યમાં કવિતાની મતલબ સારી પડે સમજાતી હોય તે. ૨ કવિતાની મતલબ ટુંકામાં સાદી ભાષામાં જણાવી હોય તે.

ચૂલ, સ્ત્રી૰ ચૂલો.

ચૂલો, પુ૰ [સં૰ ચુલ્લી] મટોડાનો એક ઘાટ જેમાં દેવતા સળગાવવામાં આવેછે ને જેની ઉપર મુકેલાં વાસણમાં રન્ધાયછે. ચૂલો ઘણું કરીને રસોડામાં એક ઠેકાણે થાપી રાખવામાં આવેછે. લોડાના ચૂલા પણ થાયછે. 'ચૂલામાં પડ'—અગ્નિમાં પડ ને બળ. 'ઘેર ઘેર માટીના ચૂલા'—જે નરસી ચાલ ઘણે ખરે ઠેકાણે જોવામાં આવતી હોય તે વિષે બોલતાં વપરાયછે. 'ચૂલામાંથી નિકળી હોલામાં પડવું' હામેશ પણ બળતરા તો ખરીજ. 'ચૂલા મોંનો'—અળિયેલ. કેટલાક ચૂલા હોલા વનાના, કેટલાક, એક ને કેટલાક બે હોલા સાથે હોય છે.

ચેંગટ, વિ૰ ધીમું; વાર લગાડનારું; ચિકણું; કણ્ટાળો આણે તેવું (માણસ કામ વગેરે).

ચેંચી, સ્ત્રી૰ પતરાજ; ડુમાસ; અભિમાન.

ચેંચેં, સ્ત્રી૰ બકબક; લવારી; પતરાજીનું બોલવું.

ચેંડુ-ડું-ડુ, પુ૰ રમવાનો દડો. ૨ હાથીદાંતનો મન્નો.

ચેંદુલ, ચણ્ડુલ. ૨ ચણ્ડોલ. [નો જે હુકમ તે.

ચેક, પુ૰ [અં૰] પેઢી—શરાફ ઉપર નાણા આપવા-

ચેટક, ન૰ વળગેલું ભૂત; ભૂત. ૨ આરે; કાળજી; ચાનક.

ચેડવવું, ક્રિ૦ સ૦ ખાસ્વું; ચડે તેમ કરવું.

ચેડાં, ન૦ ગાંડાં; ઘેલાઈ.

ચેડા, પુ૦ થવાની વાતનું આગળથી માલમ પડવું તે. મને તે વાતના ચેડા આગળથી પોંચ્યા હતા.

ચેણ, સ્રી૦ ઉંદરના જેવું પણ લામ્બું ને લામ્બાં મોડાંનું એક પ્રાણી; છછુંદર.

ચેતન, ન૦ [સં૦] પ્રાણ; જીવ. વિ૦ ચેતનાવાળું.

ચેતના, સ્રી૦ [સં૦] પ્રાણ; જીવ. ૨ સમજશક્તિ; મન; લાગણી.

ચેતરડ, વિ૦ દાધારફ્યું; છરાયું; પેચું; ઠગું વનાનું.

ચેતવણી, સ્રી૦ ઈસારો; ખબર; ઉસકેરણી.

ચેતવવું, ક્રિ૦ સ૦ ચેતે તેમ કરવું.—સળગાવવું; પેટવવું. ૨ જણાવવું; ઈસારો કરવો. ૩ ઉસકેરવું.

ચેતવું, ક્રિ૦ અ૦ [સં૦ ચૃત] સળગવું; પેટવું. (દેવતા ચેતતો નથી). ૨ ઈસારતમાં સમજી જવું; જાણી જવું. ૩ ઉસકેરાવું.

ચેતાવવું, ચેતવવું.

ચેન, સ્રી૦ ફિકર રોગ ખટલું એ ત્રણ નથી એવી જે નિરાંતની હાલત તે; કળ; આરામ; આસાએશ; કરાર. ૨ સુખ; આનન્દ. ૪ મોજમઝા; સેહેલ. ૪ લક્ષણ; ચિન્હ.

ચેનકાં, ન૦ ચાળા; ખાનાં; ચિન્હ. [સુખ ભોગવવું તે.

ચેનબાજી, સ્રી૦ મોજશોખ; રંગરાગ; નિરાંતથી

ચેપ, પુ૦ અડકવાથકી એક રોગ બીજાનામાં આવવો તે. ૨ દરદની અન્દરનું પાણી પરૂ અથવા લોહી. ૩ મઢુંતિદોષ; સોબતનો ડાઘ. ૪ પીડા; હરકત; અડચણ. ચેપ કાડવો—મટાડવો—પતાવવો એટલે નિકાલ—જા કરવો. ૨ દૂર કરવું. [ચવું.

ચેપવું, ક્રિ૦ સ૦ ડાબવું; નિચોવવું. ૨ ભોગવું; ચોંચેપી, વિ૦ ચેપ લાગે તેવો (રોગ).

ચેરવું, ક્રિ૦ સ૦ જમીને ઉપરથી લીટો ખેંચવો; ૨. દકરવું; છેકવું. [તના! બક્ષીસ.

ચેરીમેરી, સ્રી૦ હક દાખલ નહિં પણ આપનારની ખુસીથી દિધેલા જે પૈસા તે,—પાન સોપારી નિમિ-

ચેલી, સ્રી૦ ઓરત સાગિર્દ; શિષ્યણી; શિખનારી —ધર્મબોધ લેનારી સ્રી. [લેનારો પુરૂષ.-ગુરુ ને ચેલો.

ચેલો, પુ૦ મર્દ સાગિર્દ; શિષ્ય; શિખનાર—ધર્મબોધ

ચેવટ, સ્રી૦ અન્ત; ચાનક. [ચાય છે.

ચેવલી, વિ૦ ચેઉલ નામનું કોંકણમાં ગામ છે તે સમ્બન્ધી. (ખાવાના પાન) એ પાન ઘણા મરચુંવાળાં

ચેવવું, ક્રિ૦ સ૦ મીણના ચપકા દેવા; મીણના ટપકાં પાડી સેકવું.

ચેષ્ટા, સ્રી૦ [સં૦] કોઈ બિજાશાય તેવા તેના ચાળા પાડવા તે; મશ્કરી મજાક ઠઠ્ઠા કરવા તે. ૨ નિન્દા કરવી—અપમાન કરવું તે.

ચેષ્ટાખોર, વિ૦ [સં૦ ચેષ્ટક] ચેષ્ટા કરનાર.

ચેષ્ટાળી, સ્રી૦ વડાઈ; પંન્ચાત. ૨ મજાક.

ચેહ, સ્રી૦ ચિતા; મુડદું બળતું હોય તે આગ.

ચેહેન, ચેન.

ચેહેરવું, ચેરવું. [જવું તે—(વાતનો ચેહેરો થયો).

ચેહેરો, પુ૦ [પ્રા૦] મ્હોડાંનો દેખાવ; શિકલ, સુરત. ચેહેરો કડાવવો એટલે દાઢીના અને કપાળના ઉપલા ભાગની હજામત કરાવવી (માથાંના નહિ). ચેહેરો પડાવવો એટલે તસ્વીર—છબી ઉતરાવવી. ૨ ડોળ; ઘાટ; આકાર. ૩ પસારો; વધી-

ચેળ, સ્રી૦ ખંન્જવાળવાની લાગણી થયાં કરવી તે.

ચૈતન, ચેતન.

ચૈતન્ય, ન૦ [સં૦] જે શક્તિથી જ્ઞાન થાય છે ને કર્મ કરાય છે તે; પ્રાણ; જીવ. ૨ જ્ઞાન. ૩ સર્વે પ્રાણનું મૂળ; બ્રહ્મ. (જડ ને ચૈતન્ય).

ચૈતર, ચૈત્ર. [વિક્રમ સંવત વરસનો છઠ્ઠો મહિનો.

ચૈત્ર, પુ૦ [સં૦] શાલિવાહન શકનો પેહેલો મહિનો;

ચૈત્રી, સ્રી૦ ચૈતર સુદ પુનમ.

ચોં, અ૦ ક્યાં. [શમાં જે ઉંચકાવું થાય તે.

ચોંક, સ્રી૦ બીક—દહેશતથી અંગનું એકાએક જો-

ચોંકવું-કીઉઠવું, ક્રિ૦ અ૦ બીકથી—માઠી ખબરથી એકાએક જોશમાં ઉઠવું—અંગ હલાવવું; ત્રાસ લાગી આવો; ભિનું દેવું; ભડકવું; બીવું.

ચોંચલું, વિ૦ ઉછાંછળું; તોફાની. ૨ ચુંખળું.

ચોંટ, સ્રી૦ કાચો ને ચિકણો પદાર્થ ખાવાથી તે અઝમન થતાં પેટમાં જે દુખ કર્યા કરે તે. ચોંટ રોગ કેહેવાય છે.

ચોંટવું, ક્રિ૦ અ૦ ચિકણી વસ્તુએ કોઈ બીજી સાથે વળગી રેવું—પગે કાદવ ચોંટ્યો; વચમાં ચિકાશ આવેથી બે વસ્તુએ સાથે જોડાઈ રેવું. સુંદર કરતાં લાહીથી કાગળ પાટીઉપર સારો ચોંટયો. વળગવું; લાગવું—એ હવે તારે નમોમે ચોંટ્યું છે.

ચોંટાડવું, ક્રિ૦ સ૦ ચોંટે તેમ કરવું.—વળગાડવું.

ચોંટિયાં, ન૦ બેગે પોચે હાથે ઉપરાઉપરી ચોંટિયો દેવી તે. ૨ ચોંટિયોલાકુ.

ચોંટિયોલાકુ, પુ૦ મુકિયાંનો સુકો લાકુ. ૨ પાણીને પડથી પાડેલો લાકુ.

ચોંટી, સ્ત્રી॰ અઙ્ગુઠો અને તેની પાસેની આંગળી એ બેથી કોઈની ચામડી ખેંચવી તે; ચાંટળી.

ચોંપ, સ્ત્રી॰ ઢોલ વગાડવાની સળી. ૨ ખન્ત; ચાનક. ૩ ઉતાવળ; જલદી.

ચો, સ્ત્રી॰ રામ; હોંસ; ચપ.

ચોક, પુ॰ સાથિયા; કળોઠી—રેતી—ચુના—રંગથી જે ચિત્રામણ કાઢવામાં આવે તે.—ચોક પૂરવા એમ કેવાયછે. 'ખારથી ચોક પુરવાં કરવા'—માત્ર ખારથી આડું આડું બોલ્યાં કરવું. ૧ છોબંધ—ઘરસબન્ધીની મોટી ને ઉપરથી ખુલ્લી એવી ટાંકાં કુવાને લગતી જે જગો તે. ઘણું કરીને ચોરસ અથવા કાટખુણાવાળી લામ્બી હોય છે. ૩ જે ખુલ્લા મેદાનમાં બજાર ભરાતો હોય તે જગો; ગુજરી.—ચોક બજાર. ૪ ચાર એ સઙ્ખ્યાએ ગુણેથી—એવો અર્થ રાખેછે—જેમકે ત્રણ ચોક—ત્રણને ચારે ગુણવાથી બાર થાયછે. ૫ લાવણીના જાતની કવિતામાં ટેક ફરી વળતો એવો તેનો જે અક્રેડો કંકડો તે—લાવણીને ઘણું કરીને ચાર ચોક હોયછે પણ કેટલીકને આઠ પણ હોયછે.—૧ કડી અસ્તાઈ—ટેકની, ૨—૩ અન્તરાની, ૨—૩—૪ ઝુલની અને એક છેલ્લી વાળવાની અને પાછી એક ટેકની એટલું મળીને એક ચોક થાયછે. ૬ વાડા, આંગણામાં થાપી લીપી તૈયાર કરેલી જે જગા તે. ૭ વીસ આંકમાના બીજા આંક—એકેકાંનો ચોથો પાડો—એક ચોક ચાર.

ચોકઠું, ન॰ ચારપાસ (બે બાજુએ ને નીચે ઉપર) ઠોકી બેસાડેલા બારણાને લગતો સુથારનો ઘડેલો જે ચોખુણ ઘાટ તે. ૨ સ્લેટ અથવા કાચના ચારેપાસ ઠોકી બેસાડેલો જે ઘાટ તે. ચોકઠું બેસાડવું—જડવું એમ કેવાયછે. (લાક્ષણિક અર્થમાં)—ચોકઠું બેસાડવું એટલે તાલમેલથી—જુગતીથી કામ પાર પાડવું; દલીલ દાખલાથી વાદ ખરો કરી બતાવવો; વાત બન્ધ બેસાડી દેવી.

ચોકડી, સ્ત્રી॰ પાળવાળો ખાળ; નાનો હાંકેલો અથવા ઉઘાડો ચોક. ૨ ચારનો જે સમુદાય તે; ચાર જુગની એક ચોકડી. ૩ એક લીટાપર બીજો લીટો કરેથી ચાર ખુણા પડે તેવી નિશાની; + ×. ૪ એવી કપડાંપર કાઢેલી જે ભાત તે. ૫ શરિરપર કડવાથી દાંત પડીરેવા તે. તે તેને કહુએ તે ચોકડી પડી રહી. ચોકડી મુકવી એટલે રદ કરવું, છેકી બાદ કરવું.

ચોકઠું, ન॰ કાને ઘાલવાનું ઘરેણું.—સુનાના તારમાં મોતીના—સુનાનાં દાણા હોયછે તે (સ્ત્રિયા—છોકરાં ઘાલેછે). સુનાની એવડી કડીનો વાળો; કુણ્ડળ (પુરુષ ઘાલેછે). ૨ ગાડાં ઉપર ચારપાસ ઘરનું ખાટલાને આકારે માલ ભરવાનું જે કરેલું તે. ૩ ઘોડાના મોમાં આપવાનું જે લોઢાનું તે—એ લગામસાથે જોડાયલુંજ રેછે. ૪ રેશમના ભરતની એક તરેહ. ૫ ચાર ચીજનો જથો.

ચોકવું, ચૌકવું. ૨ લાંબું પોળું મારવું—ભરવું. તેણે ત્યાં માડવ ચોકવો છે.

ચોકસ-ક્કસ, વિ॰ નક્કી; ખાતરીનું. ૨ સાવધ; હોશિયારીથી વર્તનાર. ૩ ચખાળું એવો અર્થ રાખેછે.

ચોકસાઈ-સી, સ્ત્રી॰ બારીક તપાસ; ખોળ; તજવીજ. ૨ ખબરદારી; સમ્ભાળ; હોશિયારી.

ચોકસી, પુ॰ સુનાં રૂપાનો કસ—ટચ કાઢનારો; હીણી ને ચોખ્ખી ધાતુની પરીક્ષા કરનારો; સોનાં રૂપાંના દાગીના ખરીદવા વેચવાનો ધન્ધો કરનારો. [મકતો.

ચોકિયાત, સ્ત્રી॰ ચોકીપર ગઈ માલનું દાણ લેવું તે;

ચોકિયું, ન॰ ગાડી—કોસ—રેંટ બોજો ઘણો થવાથી અને તે બે બળદથી ન ખેંચાવાથી બીજા બે, ચાર, છ, અથવા આઠ બળદો વધારીને નિસરણી જેવું જે લાકડું વધારેલા બળદોની ડોકમાં ઘાલવામાં આવેછે તે. કોસ તો ચોકિયાંથીજ ચાલે છે તેમ ધીસલે બળદ પળોટતાં પણ ચોકિયું કામે લગાડવામાં આવે છે.

ચોકી, સ્ત્રી॰ સમ્ભાળ; રખેવાળી; તપાસ રાખવી તે; પેરો કરવો તે. ૨ જ્યાં સરકારી સિપાઈયો રેતા હોય તે ઠેકાણું; ચબુતરો; દેવડી. ૩ જ્યાં સરકારના અથવા મકતેદારના માણસો માલ ઉપર દાણ જગાત લે તે. ૪ જ્યાંથી સઘળે પોંચી વળાય ને તપાસ રખાય તેવું વચમાં આવેલું ઠેકાણું—ચોકીબન્ધ—ચોકીના આકારમાં લખેલી કવિતા. ચોકીદાર—વાળો એટલે ચોકી—તપાસ રાખનારો.

ચોકો, પુ॰ રસોઈ કરવાનેસારુ છાણ મટોડીથી અબોટ કરેલું એવો જે જમીનનો પવિત્ર કરેલો ભાગ તે; રાંધવાની જગો. ૨ છાણ મટોડીથી રાંધવાની જગો પવિત્ર કરવી તે; અબોટ.—ચોકો કરવો એમ કેવાય છે. ચોકો વાળવો એટલે ગમે તેમ આડું અવળું બતાવીને કામ બન્ધ પાડી નાખવું.

ચોખ, સ્ત્રી૦ ચોખ્ખાઈ; સ્વચ્છતા. વિ૦ (ચોખું) ચોખ્ખું. [સ. પુ૦ એવો આકાર.

ચોખણ્ડ, વિ૦ ચારે ખૂણે સરખું હોય તેવું; ચોર-

ચોખણ્ડું, વિ૦ સરખા ચાર ખુણાવાળું; ચોરસ.

ચોખા, પુ૦ ડાંગર—ભાતમાંથી નિકળતું જે ધાન્ય તે. ચોખો—ચોખાનો એક દાણો. ૨ ચોખા.—ચોખાપૂર—એક ચોખા જેટલું. ચોખાભર—એક ચોખા જેટલું વજનમાં.

ચોખાની, સ્ત્રી૦ એક જાતનું કપડું.

ચોખૂંટ, ચારે ખૂંટ—બાજુ—સીમાં.

ચોખુણ, વિ૦ ચાર ખુણાવાળો (આકૃતિ).

ચોખ્ખાઈ, સ્ત્રી૦ સ્વચ્છતા; સુઘડતા. ૨ પવિત્રપણું; ધર્મ પ્રમાણે રાખેલી સ્વચ્છતા. ૩ વેવારમાં જે પ્રમાણિકપણું તે; સાચવટ; દયાનતદારી.

ચોખ્ખું, વિ૦ ચોખ્ખાઈવાળું. ૨ શુદ્ધ; ભેળવનાનું; સારું—(સોનું).

ચોગડો, પુ૦ ચારનો આંકડો; ૪. [ગણા વીસ થાય.

ચોગણું, વિ૦ ચારે ગુણીને વધારેલું. પાંચના ચો-

ચોગમ-તરફ-મેર, અ૦ ચારે બાજુએ—તરફ.

ચોગર્દમ, અ૦ ચારે બાજુએ ફરતું આવી રહેલું હોય તેમ; ચારે તરફથી.

ચોગાન, ન૦ [ફા૦] મોટું મેદાન.—કુદરતી અથવા બન્ધાવેલું; ખુલ્લી જગો.

ચોઘડિયું, ન૦ ચાર ઘડી જેટલું જે કાળમાન તે. ૨ ચાર ચાર ઘડિયે મોટાં દેવસ્થાનમાં, રાજમન્દિરમાં અથવા લગ્ન પ્રમુખ્ગે માંડવામાં જે વાદ્ય વગાડવામાં આવે છે તે; ટકોરખાનું. ૩ જે અમુક ચોઘડિયાંમાં અમુક ગ્રહ સારું નરસું ફળ આપે તે (જ્યોતિષ).

ચોજાર્વો, પુ૦ ગરમ મસાલો.

ચોટ, સ્ત્રી૦ ઝપટ; ઝપટ; પટક; લાગ. ૨ પેચ; ફાંદો. ૩ મૂઠ; એક જાતનું જાદુ; મારણ અથવા ઉચ્ચાટન. ૪ બન્દુક તીર વગેરેથી મારવા ધારેલું નિશાન. ૫ સફાઈની તજવીજ—રીત (ગાપવાની કાપવાની બાદુરી બતાવવાની વગેરેની). ૬ નુકસાન; ટોટો. ૭ ઘાવ; જખમ. [થાય છે.

ચોટલી, સ્ત્રી૦ માથા ઉપર વચ્ચોવચ રાખી વધારેલા જે વાળ તે. ચોટલીની આસપાસ હજામત

ચોટલો, પુ૦ બધે માથે વધેલા જે વાળ તે. સ્ત્રીને ચોટલો ને પુરુષને ચોટલી હોય છે. ચોટલા ગુંથ... ... મળે

ચોટલા ત્યાં વળે ઓટલા' એટલે જ.પું. ચાર બૈરાં મળે એટલે એક બાજાનાં છાંનાં કાડી અન્તે

ચોટવું, ક્રિ૦ સ૦ તાકીને નિશાન મારવું. [લડી ઉઠે.

ચોટાવું, ક્રિ૦ અ૦ નુકસાનમાં આવી પડવું.

ચોટી, પુ૦ નિશાનમારનારો. ૨ સ્ત્રી૦ [હિં૦] ચોટલી.

ચોટ્ટાઈ, સ્ત્રી૦ ચોટ્ટાપણું.

ચોટ્ટું, વિ૦ બાહારથી શાહુકારી બતાવી અન્દરથી ચોરનું કામ કરનાર; ઠગ; સોદું; લુચ્ચું; અપ્રમાણિક; દગલબાજ. ૨ લુચ્ચાઈ-સોદાઈ-ઠગાઈ વાળું(કામ).

ચોડ, સ્ત્રી૦ ચોડો.

ચોડવવું, ક્રિ૦ સ૦ સેકવું; પકવવું—રોટલા ચોડવ.

ચોડવું, ક્રિ૦ સ૦ ચોંટી—વળગી રે તેમ કરવું.—ચાંલ્લો—કાગળ ચોડવો. (ચોડેલું ઉખડી જાય અથવા ઉખેડી લેવાને ચોંટાડેલું મુશ્કેલીથી જુદું પડે). ૨ મારવું—તેણે તેના ગાંસાપર ચાર સોટી ચોડી. ૩ ઊપરથી જડવું—બેસાડવું—ચોંટાડવું.

ચોડાણ, ન૦ પોળાણ.

ચોડી, વિ૦ ચોવડી. ૨ પોળી.

ચોડું, વિ૦ પોળું. ૨ ચોવડું. [રાખેલો જે જથો તે.

ચોડો, પુ૦ વસ્તુને એક ઉપર એક એમ મુકી કરી

ચોણ્ણો, ચોગ્ણો.

ચોતરફ—મેર, અ૦ ચારે બાજુએ.

ચોતરી-સ, વિ૦ તીસ ને ચાર; ૩૪. [ચબુતરો.

ચોતરો, પુ૦ ચોખણ્ડો મોટો ઓટલો. ૨ ચાવડી;

ચોતારા, વિ૦ ચાર તારવાળું.

ચોતારી, કપડાંની એક જાત છે.

ચોતાલ-ળ, વિ૦ ચાર તાલવાળું (ગાણું.). ધ્રુપદનું ગાણું ઘણું કરીને ચોતાલ હોયછે.

ચોતાલું—ળું, વિ૦ ચોતાલ.

ચોથ, સ્ત્રી૦ મહિનાની સુદ અથવા વદનો ચોથો દાડો; ચતુર્થી. ૨ વદ ચોથે કરવાનું જે વ્રત તે. ૩ ચોથો હિસ્સો; ચોથાઈ.—દેશની વસૂલની ચોથ—ચોથાઈ. ન૦ હાથ—પગનાં કક્ષાંમાં બે કકડા હોય તેમાંનો જે નાંનો તે. એ ઘણું કરીને આખાં કક્ષાંનો તીજો ભાગ થાયછે.

ચોથાઈ, સ્ત્રી૦ ચોથો હિસ્સો—ભાગ.

ચોથિયું, ન૦ બાળક છોકરાંનાં મરણપછી ચોથે દાડે તેની પાછળ જે ક્રિયા કરવામાં આવેછે તે. ૨ ચોથો ભાગ. ચોથિયું રોટલો.

ચોથિયોતાવ, પુ૦ ચોથે ચોથે દાડે જે તાવ આવતો હોયતે.

ચોથું, વિ૦ ચાર સઙ્ખ્યાનો ક્રમ બતાવેછે, એક પ-છી એક એમ ચાર વસ્તુ હોય તો છેલ્લી પાછળના ક્રમે ચોથી કેવાય.

ચોદવું, ક્રિ૦ સ૦ પુરુષે સ્ત્રિસાથે સઙ્ગ કરવો.

ચોદાચોદી, સ્ત્રી૦ અરસપરસ ચોદવું તે.

ચોદુ, વિ૦ ચોદીને કાઢેલું તે.

ચોધરી, પુ૦ ગાડીવાનમાં જે મુખ્ય તે; કોઈને ઘેર ૧૦-૧૨ ગાડીવાન હોય તો તેમાંનો જે નાયક તે; બગી ચારડ હાંકનારો. ૨ ગામમાં ચાકરીને બદલે જે પસાયતું ખાતો હોય તે. ૩ કર્ણું'૨૫૨—વગડા-માં રેનારાની એક જાત.

ચોધરો, પુ૦ ગામનો પટેલ—પોલીસ પટેલ.

ચોધારૂં, વિ૦ ચાર ધારવાળું.

ચોધારે, અ૦ સારીપંઠે; એકી વારે છોડી દઈને; પોકેપોક મુકીને—બાપે કંઈ ધમકાવ્યો હશે તેથી તે ચોધારે આંસુએ રડતો હતો.

ચોપ. સ્ત્રી૦ ચૉપ. ૨ ચોબ.

ચોપગું, ન૦ ચાર પગનું એવું જાનવર; પશુ.

ચોપચીની, સ્ત્રી૦ એક જાતનું ઓસાડ્યું; ચીનીકબાબા.

ચોપટ, પુ૦ સોકટાંની રમત. ૨ લુગડાંના એક ચો-ખણ્ડા કકડાને ચાર બાજુએ ચાર સરખા લામ્બા પાટ સીવી લીધાહોય તે સોકટાં માંડવાનો દાવ; બાજી.

ચોપડવું, ક્રિ૦ સ૦ એક નક્કર વસ્તુના ઉપર બી-જી ચિકણી અથવા નરમ વસ્તુ લગાડવી. રોટલી-પર ઘી ચોપડવું, ગુમડાંપર મલમ ચોપડવો, ચન્દન ચોપડવું, સૂંઠ ચોપડવી. ૨ ગાળ દેવી. [જાડા રોટલી.

ચોપડાં, ન૦ જેને બેથી વધારે પડ હોય તેવી તળેલી

ચોપડી, સ્ત્રી૦ બાજુપરથી સીવી અથવા સીવી જાડે કાગળે કપડે અથવા ચામડે બાંધી એકઠાં રાખેલાં એવાં લખેલાં અથવા છાપેલાં કોરાં પાનાઓનો જે જથો તે. વિ૦ ચાર પડ વાળી (રોટલી). [ન.

ચોપડું, વિ૦ ચાર પડવાળું. ન૦ ચોપડાંનું એકવચ-

ચોપડો, પુ૦ લામ્બી મોટી ચોપડી. ૨ કુવા ખોદતાં માંયથી નિકળતો માટીનો કાળો ચિકટવાળો જણા-તો જે થર તે.

ચોપદાર, પુ૦ [ચોબદાર] અધિકારીની આગળ ચો-બ—દણ્ડ લઈ ચાલનારો; છડીદાર.

ચોપન, વિ૦ પચાસ ને ચાર; ૫૪.

ચોપવું, ક્રિ૦ સ૦ ઘોંચવું, ખોસવું. ૨ રોપવું.

ચોપાઈ, સ્ત્રી૦ ચાર ચરણવાળું જે વૃત્ત તે (કવિ-તામાં). અર્ક્કામાં પન્દર પન્દર માત્રા હોય છે.

ચોપાનિયું, ન૦ ચારથી ઓછાં નહિ પછી ગમે તે-ટલાં હોય એવા પાનાંઓનો જે જથો તે; થોડાં પાનાની—એને કપડાં—ચામડાંનું પુઠું હોતું નથી. ચોપાનિયું નિયમિત વખતે પ્રગટ થયાં કરે છે.

ચોપાયા, પુ૦ એક રીતનું માત્રાવૃત્ત (કવિતામાં).

ચોપાસ, અ૦ ચારે પાસ.

ચોપાળી, સ્ત્રી૦ બાગના ક્યારડામાં દૂરથી પાણી આણવાસારૂ જયાં પાણી હોયત્યાં ત્રણ કાઠીનો સુમબો ઉભો કરી તેની નીચે પાણીને બન્ધિયાર રાખતાં એવાં ત્રણ બાજુએ ત્રણ કોરવાળાં લાક-ડાંના જે પાટિયાંની મારફતે પાણી આણવામાં આવે છે તે; એક જાતની પરનાળ. ચોપાળી પા-ણવી—ખેંચવી એમ કેવાય છે.

ચોપાળો, પુ૦ સુવા બેસવાનો હિંડોળો—હિંચકો.

ચોફાળ, સ્ત્રી૦ ચાર ફાળ વાળો પીછોડો, બેવડી ઓડાય છે તે. [તમ્બુનો વાંસ.

ચોબ, સ્ત્રી [ફા૦] લાકડી; સોટો; દણ્ડ. ૨ મુળી. ૩

ચોબદાર, ચોપદાર.

ચોબો, પુ૦ નગારાં અથવા ઢોલપર મારવાનો ને-તરનો સળિયો અથવા લાકડાંનો ચોબ. ૨ એ સળિયો—દાંડિયો પડવાથી તે નગારાં ઢોલપર જે લીસોટો—આંકો સળ—ખાડો પડી રેછે તે. ૩ ત્રિ-જવાસી બ્રાહ્મણ. [વર્ષાકાળ.

ચોમાસું, ન૦ જે ચાર મહિનામાં વરસાદ હોય તે; (આષાડ શ્રાવણ ભાદરવો ને આસો; ચાતુર્માસ;

ચોમેર, અ૦ ચારે તરફ; સઘળી બાજુએ.

ચોર, પુ૦ [સં૦ ચુર—ચોરવું] જે માણસ જાણી-જોઈને વગર હકે છુપી રીતે બીજાની મિલકત હરીલે તે. ચોર છુપી રીતે લઈ લેછે ને લુટારો ઉઘાડી રીતે જબરદસ્તીથી લઈ લેછે. ૨ જે મા-ણસ પારકાની વિદ્યા—કસબ કોઈ ન જાણે તેમ શિખીલેછે તે અથવા જે બીજાને શિખવતો નથી તે. ૩ જે માણસ પારકાને ફોસલાવી તેનું દીલ પો-તાતરફ ખેંચી લે તે.—ચિત્તચોર. ૪ લુટારો. 'કા-ળો ચોર'—કાળું કર્મ કરનારો ચોર. 'ચોરનારને ચાર આંખ' એટલે ચોરનાર ઘણીક સમ્ભાળથી ચાર પાસ નજર રાખી કામ કરેછે. 'ચોરનો ભા-ઈ ઘણ્ટીચોર' કોઈ કેશે કે ફલાણો તો ચોર ખ-રો પણ પેલો તો સારો છે ત્યારે તેના જવાબમાં બીજો કેશે કે ભાઈ ખોટામાં 'ચોરનો ભાઈ ઘ;

એટીચોર.'—ધણી પણ ચોર તેવો. 'ચોરનું રળ્યું ઓંકે ન ચડે' એટલે માણસ ગમે તેટલી ચોરી કરે પણ એ પાપને લીધે તેનું હાંચું ન આવે. 'ચોરની મા કોઠીમાં પેસીને રૂએ' અથવા 'ચોરની માનું કોઠીમાં મોં' એટલે ચોરની માથી પોતાના છોકરાનું ઉપરાણું ન લેવાય. 'ચોરને માથે સિંગડાં ન હોય' ચોર પોતાના કર્મથી ઓળખાઈ આવેછે. 'ચાકરીચોર'—ચાકરીમાં કસર કરનાર, 'કિમ્મતચોર'—પોતાનો કિમ્મત બીજાને પુરેપુરો ન બતાવનાર અથવા છુપી રીતે બીજા પાસેથી શીખી લેનાર. ૨. કામ ક્રોધ લોભ મોહ મદ ને મત્સર એ છ ચોર કેવાયછે કેમકે એ આપણને ભુલાવામાં નાખી બેકાવી નાખેછે. 'પરમેશ્વરના ચોર થવું'—પરમેશ્વરને ત્યાં પાપી—અપરાધી ઠરવું. 'જાણીતો ચોર ઘર ઘાલે' એટલે જાણીતું માણસ—ઘરનું ભેદુ મોટી ચોરી કરી શકે. વિ૦ ગુપ્ત; છુપું; કોઈને ન જણાય—દીસે તેવું; કરામતથી સન્તાડેલું—ચોર. વગેરે, ચોરઆગળી—(બારણું દેવાની). ચોરનો ખાંચો એટલે માથી—ભેદુ. [ળ તે ચોરઆમળાં.

ચોરઆમલી-ળી, સ્ત્રી૰ એક જાતનું ઝાડ. એના ફ-

ચોરખણ્ડ, પુ૰ પેટીમાં કરામતથી કરેલો ખણ્ડ કે જે બીજાં મથે તોપણ ઉઘડે નહિ. [ની જગો.

ચોરખાનું, ન૰ ચોરખણ્ડ. ૨ ચોરને ભરાઈ રેવા-

ચોરગજવું, ન૰ કોઈને માલમ ન પડે તેવી જગોએ અંદર ખાનું જે ગજવું તે. [ની ગલી.

ચોરગલી, સ્ત્રી૰ છુપી ગલી; ચોરને ભરાઈ રેના-

ચોરગાંઠ, સ્ત્રી૰ કરામતથી વાળેલી ગાંઠ, જે જાણીના સિવાયે બીજા કોઈથી છુટે નહિ.

ચોરટું, વિ૰ ચોરટું. [પરથી પેળો એવો જંઘો.

ચોરણો, પુ૰ પગ આગળથી બેસતા આવતા ને ઉ-

ચોરવાટ, સ્ત્રી૰ છુપી વાટ. [રી લાબવું—લેવું.

ચોરવું, ક્રિ૰ સ૰ વગર હકે કોઈનું કંઈ છુપી રીતે લઈ લેવું; હરવું; હરણ કરવું; ખાતર પાડવું. ચો-

ચોરસ, પુ૰ [સં૰ ચતુરસ્ર] જેની ચારે બાજુ સરખી અને જેના ચારે ખુણા કાટખુણા એવી જે આકૃતિ તે. વિ૰ એવી આકૃતિ વાળું. ૨ લમ્બાઈ પોળાઈને ગુણવાથી જે સઙ્ખ્યા આવે તે દેખાડનારો શબ્દ. પાંચ ફૂટ લામ્બુ ને ત્રણ ફૂટ પોળું તો તે ૧૫ ચોરસ ફૂટ કેવાય.

ચોરસું, ન૰ ચોરસ—ચોખુણ કકડો; ચાકું; ચોસલું.

ચોરાચોર, સ્ત્રી૰ ઘણા જણાએ ઘણી ઘણી રીતે ચોરી લઈ જવું તે.

ચોરાસું, વિ૰ નેવું ને ચાર; ૯૪. [નોટ ચોરાવી.

ચોરાવવું, કોઈ ચોરે તેમ કરવું; ચોરવાનું ઉત્તેજન આપવું. તેણે તેની પાસે મેંથાની ૨૫ રૂપિયાની

ચોરાવું, ક્રિ૰ અ૰ ચોરીમાં જવું; જતું રેવું—તેના ૧૦૦ ડાગીનામાંથી ૧૦ ચોરાયા. ૨ છેતરાવું; ભુલાવો ખાવો; ગફલત થવી. જોતાં જોતાંમાં મારી આંખ ચોરાઈ.

ચોરિયા, પુ૰ ગરમીથી અને પછી ઘસાવાથી ગળામાંની નસો ઉપસી આવેછે તે અથવા તેથી જે દુઃખ થાયછે તે. એ શબ્દ અનેકવચનમાંજ વપરાયછે. ૨ ચોરિયો એ શબ્દનું એકવચન.

ચોરિયો, પુ૰ દરિયામાં ચાલતાં વાણને લુંટી લેનારો; દરિઆઈ ચોર.

ચોરી, સ્ત્રી૰ [સં૰ ચૌરી] ચોરવું તે; ચોરનો ધન્ધો. ૨ ચાર ખુણે માટી અથવા ધાતુના વાસણો મેલી નાડું ફરતું વિટાળી ઘોડકી જેવી જે જગામાં અગ્નિસાક્ષિક વરકન્યાને પરણાવવામાં આવેછે તે; વર કન્યા પરણવા બેસેછે તે મણ્ડપ.

ચોરીચપાટી, સ્ત્રી૰ છુપી રીતે અથવા જબરદસ્તીથી હરી લેવું તે; ચોરવું ને છિનાવવું તે.

ચોરો, પુ૰ ગામમાં સહુને બેસવાની જે જગો તે. ૨ ચબુતરો. ૩ ઘરમાં જે મોટો ઓટલો તે.

ચોર્યાસી, વિ૰ એંશી અને ચાર; ૮૪. ચોર્યાસી આસન—ચોર્યાસી રીતનાં યોગાભ્યાસ સમ્બન્ધી અથવા સ્ત્રીવિલાસ સમ્બન્ધી આસન. સ્ત્રી૰ ચોર્યાસી લાખ યોનિ—અવતાર. ચોર્યાસીનો ફેરો કેવાયછે. ૨ ચોર્યાસી ન્યાતના બ્રાહ્મણોને જમાડવા તે.

ચોલાઈ, સ્ત્રી૰ રાતાં ફૂલિયાંની એક જાતની ભાજી.

ચોવડું, વિ૰ કપડાં વગેરેને બેવડું કરી ફરી બેવડું કર્યું હોય તેવું; ચાર પડવાળું.

ચોવાટે, અ૰ ચારેવાટ; ખુલ્લું—મેદાનમાં; ગમે ત્યાં.

ચોવીસ, વિ૰ વીસ ને ચાર; ૨૪.

ચોવું, ક્રિ૰ સ૰ કપડામાં અથવા કાદવમાં ખોચવું.

ચોસટ, વિ૰ સાઠને ચાર; ૬૪.

ચોસર, સ્ત્રી૰ ચોસેર. [ચોરસ કેર્ડ.

ચોસલું, ન૰ ચાકું; બંધાયલો—ઠરેલો કકડો. ૨

ચોસેટ-ઠ, ચોસટ.

ચોસેર, ચાર સેર. ચોસેરો હાર.

ચોળ, એ શબ્દ, દાતું એ શબ્દને લગાડવામાં આ-

વેછે ને ઘણુંજ બબક મારવું એવો અર્થ થાયછે.
રાતુંચોળ—ચટ્ટક. [કલ્પ.

ચોળવચોળ, **સ્ત્રી॰** મનની ગોળાચોળ; ઝટ્ટ કલ્પ વિ-

ચોળવું, **ક્રિ॰** સ॰ હાથેવતી ઝારીપડે ઘસવું; મસળવું. શરીર ચોળીને નાજે, લુગડું ચોળીને ધોજે, માથું ચોળ, છાસમાં વેસણ ચોળ વગેરે. ૨ ચુંથવું; લખાણાં કરવું—વારનો એકની એક વાત શું ચોળ્યાં કરેછે. "ચોળી ચોળીને ચીકણું કરવું". ચોળી નાખવું—ચીળી નાખવું. તે તેને ચાયણીપડે ચોળી નાખે તેવો છે. ચોળાયલો રૂપિયો એટલે ઘસાઈ ગયલો—વટાવનો. [માંથી થાય છે.

ચોળા, **પુ॰** એક જાતનું ધાન્ય—કઠોળ. એ ચોળી-

ચોળાચોળ, **સ્ત્રી॰** હરેક વાત ચોળ્યાં કરવી તે.

ચોળાફળી, **સ્ત્રી॰** ચોળાના ઝાડની શીંગ; ચોળી.

ચોળી, **સ્ત્રી॰** ચોળાફળી. ૨ પછવાડે નહિ પણ આગળ કેમ—બોરિયાં હોય તેવું કાંચળીની પડે પેરવાનું સીવેલું વસ્ત્ર. જુવાન સ્ત્રિયો કાંચળી ને ચોળી બન્ને પેરેછે પણ ઘરડીઓ અને દુખિયારી જુવાન વિધવાઓ ચોળીજ પેરે છે.

ચોળીખણ્ડ, **પુ॰** ચોળી કરવા જેટલો વણતરનાં મોળિયાં—ડિયાં પાળો રેજો.

ચોળો, **પુ॰** અંગરખાનો, કમર પટીની ઉપરનો ભાગ—ફાટીગયલો નવો મુકાવેલો તે.

ચોહું, **ન॰** બજાર; સોદો વેચવા લેવાનું જાહેર ઠેકાણું.

ચૌદ, **વિ॰** દશ ને ચાર; ૧૪. ચૌદ બ્રહ્માણ્ડ—લોક—ભુવન—વિદ્યા કેવાય છે.

ચૌદસ, **સ્ત્રી॰** દર પખવાડિયાંની ચૌદમી તિથિ.

ચૌદિક, **વિ॰** આસરે ચૌદ એવો અર્થ રાખેછે.

ચ્યુત, **વિ॰** ધા॰ [સં॰] પડેલું; ભ્રષ્ટથયલું; નાશપામેલું. પદચ્યુત—પદવીથી ભ્રષ્ટથયલું. અચ્યુત—પડેજ નહિં—નાશ ન પામે તે—ઈશ્વર.

છ.

છ, **પુ॰** [સં॰] અગ્યારમો મૂળાક્ષર; સાતમો વ્યંજન વર્ણ; એનો મહાપ્રાણ—એને બોલીને ફુંક દઈ જોરથી ઉચ્ચાર કરેલી જ થાય છે.

છ, **વિ॰** [સં॰ ષટ્—ટ્] પાંચ ને એક; ૬. **ક્રિ॰** છો. શું કરછો?—શું કરેછો?

છઉં, **ક્રિ॰** હોધાતુનું પ્રથમ પુરુષ એકવચનમાં તથા વર્તમાન કાળમાં સ્વાર્થરૂપ.—હું છઉં.

છક, **અ॰** આશ્ચર્યથી સ્તબ્ધ થયલું હોય તેમ; તટસ્થ. છક થવું—ઈ જવું. **સ્ત્રી॰** ગરૂરી.

છકછુંદું, **વિ॰** ભેળસેળ કરી ચુંથી નાખેલું. ધાન છકછુંદું કરી નાખ્યું છે. [પા દરતો.

છકડી, **સ્ત્રી॰** છ કાગળોનો જે જથો તે; પા ઘાયો;

છકડું, **ન॰** છનો જથો.

છકવું, **ક્રિ॰** અ॰ પ્રથમ ખુશીમાં આવી જઈને પછી મદ અભિમાનથી હદથી જયારે અઘટિત બોલવું કામ કરવું વગેરે; ફાટી જવું; છેકી જવું; વઈ [જવું.

છકેલ, **વિ॰** છટેલ.

છક્કડ, **સ્ત્રી॰** માથાપર અથવા ગાલપર હાથ ઉપાડી મારવો તે; ઢોલ; લપડાક. ઢોલ છક્કડ એમ બોલાયછે. ૨ (લાક્ષણિક) માર ખાવો—ઠગાવું તે. ૩ નુકસાનમાં આવી પડવું તે. છક્કડ ખાવી એમ કેવાયછે.

છક્કલ, **સ્ત્રી॰** સોકટાં રમવાની એક રીત.

છક્કો, **પુ॰** રમવાના પાનામાં એકજ જાતના છ ચિન્હોનો જે જથો તે. ૨ સોકટાંના એક પાસામાં છ દાણાનો જે જથો તે.

છક્કાપંજો, **પુ॰** (લાક્ષણિક) દગોફટકો; ફરેબ; કાવાદાવો; જુલથાપ આપવી તે; છળભેદ. તેને છક્કાપંજા રમતાં ઠીક આવડેછે.

છગડો, **પુ॰** છનો જે આંક તે; ૬. [સહુ દેખતાં.

છચોક-છોક, **અ॰** ઉઘાડું; ખુલ્લીરીતે; છતું પડીને;

છચોર, **પુ॰** લુચ્ચો; સોદો; ઠગ. [બાજી.

છછુંદર-છુન્દર, **સ્ત્રી॰** ચેણ. ૨ એક જાતની આતશ-

છજું, **ન॰** ઘરની બારિયોની આગળ રવેસથી બાર પડતાં જે પાટિયાં જડેલાં હોય તે. [કરવું.

છઞ્છણવું, **ક્રિ॰** અ॰ ચિડવું; બબડથી કરવું; લાડથી

છઞ્છેડવું, **ક્રિ॰** અ॰ અડકી—ગોદો મારી—ખસેડી અટકચાળું કરવું અથવા એમ કરી ખિજવવું તે. સાપને છઞ્છેડાય નહિ. ૨ તરછોડી નાખવું; તુચ્છકાર કરવો. તેણે તેને છઞ્છેડી નાખ્યો. [શબ્દ.

છટ, **અ॰** તુચ્છકાર—નામરજીરિયત દેખાડનારો

છટકવું-કીજવું, **ક્રિ॰** અ॰ ફાંસા—પેચ—સપટમાંથી ઝપ લઈ નિકળી જવું; સરીજવું; ખસી જવું. ૨ ધગેઅર ન લાગતાં દુર નિકળી જવું; નિશાન ચુકવું.

છટકાવવું, **ક્રિ॰** સ॰ ખસેડી નાખવું; ચુકાવવું. ૨

નસાડવું. [ગેરે કામ કરવાની રીત; ઢપ; તરેહ.

છટા, સ્ત્રી૦ ચાલાકી—સફાઈથી બોલવા લખવા વ-

છટેલ, વિ૦ વિવેક વિચાર વના મદ—અભિમાને મ-
તરથી ભાષણ—કર્મ કરે તે; શટેલ; છાકી ગયલું.

છઠ, સ્ત્રી૦ [સં૦ ષષ્ઠી] પખવાડિયાંનો છઠ્ઠો દિવસ.

છઠ્ઠી, સ્ત્રી૦ છોકરું જન્મ્યા પછીનો જે છઠ્ઠો દાડો તે. ૨ એ દાડે ભીંતે કંકુએવતી પુતળાંવાળું ઘર ચિતરી એ જે પુતળાં તેને વિધાત્રી માની તેની આગળ કાગળ ખડિયો કલમ વગેરે મુકી પૂજન કરે છે તે. અર્થાત્ કે તે છોકરાંનું ભવિષ્ય પેલી વિધાત્રા લખી જાય છે. છઠ્ઠીના લેખ મટવાના નથી. તે એટલું ઓકયો કે છઠ્ઠીનું ધાવણ કાડયું.

છઠ્ઠું, વિ૦ અનુક્રમ રાખતાં છની સંખ્યા જ્યાં આવતી હોય તે દેખાડેછે. વર્ગમાં ૧૦ બેઠાછે તેમાંથી છઠ્ઠાને મોકલજે. [છડ કેવાયછે.

છડ, પુ૦ ભાલાનો દાંડો; બરછી. ૨ બરૂનો રોપો; લાંબુ ને કઠણ એવું જે ઘાસ તે. બરૂનો બાલો—

છડકવું, ક્રિ૦ સ૦ પાણી છિટવું.

છડવું, ક્રિ૦ સ૦ ડાંગેર અને કેટલાએક કઠોળ એને બરડા ઝાડકી છોતરાં ઊરાડા ખાંડવું.

છડાણ, ન૦ છડતાં નિકળેલો કચરો; કુસકી.

છડિયાત, છડું.

છડી, સ્ત્રી૦ સોટી; નેતર; ઝાડની લાંબી ને સીધી ડાળી. ૨ લોઢાંની સાંકળો એક કડામાં ભેરવેલી હોય તે. કેટલાક લોક એ સાંકળોને વાંસાપર મારેછે. ૩ એક જાતનું ફૂલ; ગુલછડી. ૪ લાકડી; દંડ. છડીદાર. વિ૦ છોકરાં છૈયાં વગરની સ્ત્રી. છડીછાંટ એટલે છોકરાં ન થયાં હોય—થઈ ને મરી ગયાં હોય તે અથવા સાથે—જોડે ન લાવી હોય તે અથવા જે લાંબી ટટાર ને ચાલાકી વાળી હોય તે—સ્ત્રી (પછી છોકરાંવાળી હોય તોપણ).

છડીદાર, પુ૦ અધિકારીની આગળ છડી રાખી તેહેનાતમાં રેનારો અને નકી પોકારનારો જે સેવક તે; ચોપદાર.

છડીસ્વારી, સ્ત્રી૦ સાથે કુટુમ્બ—માણસો—રસાળો ન હોય તેવી હાલત. [છડી.

છડું, વિ૦ એકલું; સાથ વગરનું. જેને બૈરી છોકરાં ન હોય તે છડો ને જે સ્ત્રીને છોકરાં ન હોય તે

છડો, પુ૦ મોતીની પાંચ સાત સેરનું કાંડે બેસતું ઘરેણું. ૨ છોકરાંને કાંડે પેરવાનું પોંચીના જેવું મોતીનું ઘરેણું. ૩ થોડીક જગોપર લાંબા સેરડા-માં જે આછો છણ્ટકાવ કરવો તે. પાણીનો છડો દેવો—નાખવો. કંકુના છડા દેવા એટલે સુકન કરવાને કંકુમાં પાણી રેડી તેને છાંટવું.

છણકછણક, અ૦ એવો થતો અવાજ દેખાડે છે.

છણકવું, ક્રિ૦ સ૦ છણકો કરવો; તરછોડવું. ૨ કંસારને માટે ભરડેલા ઘઉંમાંથી આટો થુંલું અને કંસાર એ ત્રણને સુપડાંથી જુદાં પાડવાં.

છણકો, પુ૦ ગરમ તેલ—ઘીમાં પાણીનો છાંટો પડ્યો તે અથવા પડેથી જે અવાજ થાય તે. ૨ તુચ્છ કરવું—તરછોડી નાખવું તે. ૩ મિજાજથી બોલવું તે. છણકો કરીને ચાલી ગઈ.

છણછણ, અ૦ એવો અવાજ દેખાડેછે.

છણછણતું, વિ૦ એવો અવાજ કરતું હોય તેવું; ગરમ. ૨ તિરસ્કાર કરતું.

છણછણાટ, પુ૦ એવો થતો અવાજ. ૨ ઠપકો આપવો તે. ૩ ગુસ્સામાં બબડવું તે; પત ન કરવું તે; લાડમાં બેદરકારી બતાવવી તે.

છણણ, અ૦ એવો અવાજ દેખાડે છે.

છણવું, ક્રિ૦ સ૦ કોઈ ઢીલા પદાર્થને કપડાંમાં નાખી ચોળી ગાળી કાડવો.—શીખંડ—કેરીનો રસ છણવો. ૨ શુદ્ધ સત્વ કાડવું; ગાળી ગાળીને શુદ્ધ સાર—રસ કાડવો. ૩ ખરાં ખોટાંનો ઈનસાફ કરવો.

છણ્ટકાવ, પુ૦ છાંટારૂપે જમીનપર પાણી પડે તેમ કરવું; છાંટવું તે અથવા પાણી પડેલું હોય તે.

છણ્ટકોરવું, છાંટવું.

છણ્ટાવ, છણ્ટકાવ.

છણ્ટાવું, ક્રિ૦ અ૦ છંટાયલી હાલતમાં આવવું; ઉપરથી પાણી પડ્યું હોય તેવું થવું. જમીન છણ્ટાઈ, આજ છણ્ટાઈ વગેરે વગેરે. ૨ ગાય ભેંસનું સુવાવું; સુવાણે આવવું; વેતરે આવવું.

છણ્ડવું, ક્રિ૦ સ૦ છાંડવું; તજવું; ત્યાગ કરવો.

છણ્ડાવું, ક્રિ૦ અ૦ મુકાવું; ત્યાગ થવો. ૨ છણાવું; ઈનસાફ થવો. ૩ ખાતાં-જમતાં બચી રેવું-વધવું.

છત, સ્ત્રી૦ (વસ્તુના પાકની) છે એવી જે હાલત તે; પેદાશ ઉપજ હોવી તે. ૨ પુષ્કળાણું; વધારો. ૩ છાપરું—ઉપરથી પાથરેલું તે—છાજ; ચંદરવો.

છતરી, સ્ત્રી૦ તડકા વરસાદથી બચવાનો કાગળ તાસતો મોમજામો કપડું વગેરેનું બનાવેલું દાંડીવાળું જે માથે ઓડવાનું તે; છત્ર. ૨ પલંગની ઉપરનાં દાંડા જેનાપર મચ્છર દાની નાખવામાં આવેછે તે. ૩ ગાડીની ઉપરનું ઢાંકણ.

છતરીસ, વિ૰ તીસ ને છ એટલી સઙ્ખ્યા દેખાડે છે—૩૬.

છતાં-તી-તું-તે, કૃ૰ એમ—પાસે છે તોપણ એવો અર્થ રાખેછે; ચાલતી ક્રિયાના સમ્બન્ધમાં બીજું કંઈ વિશેષ—વિરુદ્ધ બોલવું થાય તે દેખાડેછે. તેનીપાસે પુષ્કળ પૈસા છતાં તે દળદરીનો દળદરી છે, છતી આંખે દેખાતું નથી, છતું ઘરેણું ને પેરાય નહિ—છતું ઘરેણું છે ને પૂરતી નથી, છતે ધણીયે રણ્ડાયો, છતે હુતે ભિખારી છે.

છતું, વિ૰ ઉઘાડું; ખુલ્લું; જાહેર. છતો, છતી, છતું.

છત્તર, ન૰ છતરી. ૨ કાગછત્તર; કુતરાની ટોપી—એ છોડવા, ખાતરવાળી—ઉકરડાની—ભીની જગોમાં ઘણું કરીને ચોમાસામાં થાયછે—એની ઘણી જાત છે. કેટલાક ખવાય તેવા ને કેટલાક ઝેરી હોયછે.

છત્ર, ન૰ [સં૰] છતરી. ૨ માથે જે ચડીલ—મોટું તે. પુત્રને, પિતા છત્ર છે. ૩ ઓથ—આસરો આપનાર. છત્રચામરસિંહાસન—રાજયચિન્હો. છત્રબન્ધ—છત્ર ચિતરીને તેમાં રચેલી કવિતા. [ધિકારી.

છત્રપતિ, પુ૰ [સં૰] રાજા. ૨ છત્રના અધિકારી મણ્ડલિકરાજા. ૩ રાજયમાં છત્ર ધરાતું હોય તે અ-

છત્રી, છતરી. ૨ છતરીસ. ૩ ક્ષત્રી.

છત્રીસ, વિ૰ તીસ ને છ—૩૬.

છન્દ, પુ૰ [સં૰] અક્ષર અથવા માત્રાના નિયમથી થયલી જે કવિતા તે. (રાગ—તાળની નહિ)—અક્ષર છન્દ ને માત્રા છન્દ એમ કેવાયછે. ૨ ગણ ઉપરથી કવિતા રચનાની જે જાત તે. અનુષ્ટુપ, ત્રિષ્ટુપ, જગતિ, શક્વરિ, અષ્ટિ, ધૃતિ, દણ્ડક, આર્યા ઈ૰. ગુજરાતીમાં છન્દ ને વૃત્ત સરખા ગણાય છે પણ તેમ નહિ છે—ભુજંગી, તોટક વગેરે છન્દ નથી પણ વૃત્ત છે. ૩ કવિતા; પદ્ય (ગદ્ય નહિ). ૪ કવિતાની કડીની સઙ્ખ્યા; શ્લોક. તે કવિતનાં માત્ર આઠજ છન્દ રાખ્યાછે. ૫ શોખ; લત; નાદ; પછવાડે લાગુ રેવું તે. તેને કવિતા કરવાનો ઘણો છન્દ છે. ૬ દુર્વ્યસન; નઠારી વાતનો શોખ રાખવો તે. તેને દારુનો ને રાંડબાજીનો એવા બે છન્દ લાગેલાછે. ૭ એક જાતનું હાથે બઙ્ગડીની વચમાં ઘાલવાનું સ્ત્રીનું ઘરેણું.

છન્દશાસ્ત્ર, ન૰ [સં૰] વેદના છ અઙ્ગ કેવાયછે તેમાનું એક; કવિતા કરવાની રીતિ બતાવનારું શાસ્ત્ર.

છન્દી, વિ૰ જેને જે વાતની લત લાગેલી હોય તે તેનું છન્દી કેવાય; નાદે પડેલું; શોખી. ૨ દુર્વ્યસની; ધુતારો.

છપ્પું-ન્ન, વિ૰ તેનું ને છ—૯૬.

છપગું, વિ૰ છ પગવાળું (પ્રાણી).—ભમરો માકડી વગેરે.

છપતરું, ન૰ ઘસાઈ ઘસાઈને છેક પાતળું થઈ ગયલું છીતરું. ૨ વિ૰ છાછરું; ઉણ્ડું નહિ તેવું (વાસણ).

છપય, પુ૰ એક જાતની છ ચરણની માત્રા કવિતા; છપ્પો.

છપર, છાપરું.

છપરખાટ, પુ૰ પાયાવાળો અથવા વનાનો પાટી ભરેલો ખાટલા જેવો જે હિંચકો તે.

છપરપલઙ્ગ, પુ૰ છતરીવાળો પલઙ્ગ.

છપાઈ, સ્ત્રી૰ છાપ; છાપણી. ૨ છપામણી.

છપામણી, સ્ત્રી૰ છાપવાની મેહેનત મજુરી.

છપાવવું, ક્રિ૰ સ૰ કોઈ છાપે તેમ કરવું.

છપ્પન, વિ૰ પચાસ ને છ; ૫૬. ૨ ઘણી સઙ્ખ્યાને માટે પણ એ શબ્દ છે.—એ વાત તું કંઈ છપ્પન વખત મારી આગળ બોલી ગયોછે. કેવત છે: 'નહિ ત્રણમાં નહિ તેરમાં ને નહિ છપ્પનના મેળમાં' એટલે કોઈએ ગણતરીમાં નહિ—અધવચ લટકતું એવો અર્થ થાયછે. છપ્પનકોટી-છપ્પન કરોડ (યાદવ). છપ્પનભોગ—અણકૂટનો ઓચ્છવ; પકવાનાદિક ઘણા ઘણા પદાર્થોનો જે ભોગ ઠાકોરજીને ધરાવવામાં આવેછે તે. છપ્પન વખારી—જેને ઘણે ઘણે ઠેકાણે નજર રાખવી પડતી હોય તે. 'છપ્પન વખારી ને ભારો કુંચી' કેવાયછે.

છપ્પય, છપય. [વો.

છપ્પરખાટ-પલઙ્ગ, છપરખાટ—પલઙ્ગ એ શબ્દ જો-

છપ્પરબન્દ-ન્ધ, પુ૰ નમી ગયલાં ઘરને ઉંચકી આણનારો; કિયાળી મજુર. ૨ છાપરાં સડનારો.

છપ્પો, છપય.

છપ્પોસાત, વિ૰ એકમાં છ દાણા ને બીજામાં પો—એક દાણો હોય એવા જે સાત તે. સોકટાંના બે પાસાના દાવમાં બે રીતના સાત હોય છે—છપ્પો સાત ને ચાર ત્રણ સાત.

છબ, [હિં૰] છબી. [જે અવાજ થાય તે.

છબછબ-છબકછબક, અ૰ પાંણીમાં હાથ અફાળેથી

છબતરું, વિ૰ છાછરું. ૨ ચન્દું; મોઘું; સુંઘાપલું.

છબરકી, સ્ત્રી૰ એક કોરા કાગળના બે—ત્રણ—ચાર કરેલા કકડામાંનો અક્કેકો. ૨ ડાકમાં લખવાનો પાતળો કાગળ.

છબવું, ક્રિ૰ અ૰ કરવું; પોંચવું; લાગવું; અડકવું. 'જો ઉપજે તો ભલો વેરાગ, બીજાં કૃત્યનો ન

છજે પાગ'; 'માયાંના ગુણ જ્યાં નવ છજે, તેને અખા તે કોણ આલંબે'.

છબી, સ્ત્રી૰ [સં૰ છવિ] માણસની ચિતરેલી આકૃતિ, સાદી અથવા રંગેલી—હાથથી, યન્ત્રછાપથી. ૨ માણસના રૂપ ગુણનું મનમાં પડતું ચિત્ર; તસવીર.

છબીદાર, વિ૰ સુન્દર; ખુબસુરત., [છબીલી.

છબીલું, વિ૰ સારી છબી—સુરતવાળું; ખુબસુરત; ફુટડું; રૂપાળું; દેખાવડું; ચિતરવા લાયક. છબીલો,

છમ, અ૰ એવો થતો અવાજ. ઘુઘરીનો, વઘારનો.

છમકછમક, અ૰ ચાલતાં ઘુઘરીથી જે અવાજ થાય તે.

છમકલું, ન૰ અટકચાળું.

છમકારવું, ક્રિ૰ સ૰ ઠિકરીને તપાવી લાલચોળ કરી તુંને થણડાં પાણીમા બોળી દેવી, મરી—આદું ફુદનો છમકારીને પી. ૨ વઘારવું; વઘાર દેવો.—ભાજી છમકારો. [વા છમકારવાથી થયલો.

છમકારો, પુ૰ એવો થતો અવાજ. ઘુઘરાનો અથ-

છમછમ, અ૰ એવો થતો અવાજ—ઘુઘરીનો.

છમછમતું, અ૰ છમછમ કરતું. [કરવામાં આવે તે.

છમાસી, ન૰ મરણ તિથિ પછી છઠ્ઠે બેસતે મહિને જે સરાધ—બ્રાહ્મણ જમાડવા વગેરેની જે ક્રિયા

છર, પુ૰ બેફીને ઘણું બોલવાનો જે જોસ્સો તે; તાન; મસ્તિ; લાડથી આવેલી બેલાઝ. ૨ મદ; તોર; દિવાનાંપણું. ૩ વાડિયો; લલુતાપણું. ૪ એવો થતો અવાજ—હથિયારથી કપાતાં થતો. સ્ત્રી૰ બકરી સોટી. [(ઠકરાંની કાતરણી વગેરે).

છરતું, વિ૰ જરા તરા અડકીને આડું ઉતરી ગય-લું. છરતું વાગ્યું. ૨ આડું કતરાતું ફેંકેલું હોય તેવું

છરા, પુ૰ નાની નાની સીસાની ગોળિયો—બન્દુક પિસ્તોલનેસારૂ; પારો. ૨ ખીલા, પથરા, જુના પૈસા વગેરેનો બન્દુકમાંથી જે મારો કરવો તે.

છરાયલું-યું, વિ૰ છર આવતો—આવેલો હોય તેવું; સેજસેજમાં બેસી જાય તેવું. ૨ ગાંડું; સાડીત્રણ પાંસળી.

છરી, સ્ત્રી૰ શાક સમારવાનું ઓજાર; પાળી. ૨ દેખામેખ; કીનો; વેરબુદ્ધિ; ઝેર.

છરેલ, છરાયલું-યું. [શ્રીયો જમિયો.

છરો, પુ૰ મોટી પાળી; મોટી છરી. ૨ એક શસ્ત્ર;

છલકાવું, ક્રિ૰ અ૰ હાલ્યાથી પ્રવાહી પદાર્થે પોતાના ઠામમાં આમ તેમ ઊંચું આવવું અથવા તેમાંથી બાર ઉછળી પડવું. 'અધુરો ઘડો ઘણો છલકાય'. ૨ ઉભરાઈ જવું—તળાવ છલકાઈ ગયું. ૩ ફુલામ મારવી; મિથ્યા ગર્વ કરવો.

છલંગ, સ્ત્રી૰ એક પગને ટેકી બીજો પગ ઉપાડી એક જગેથી બીજી જગોએ પડવું તે; ઠેકડો; કુદકો; ફલંગ. કુદકો, નીચેથી ઉપર અથવા ઉપરથી નીચે હોય પણ છલંગ તો તેજ અથવા વચમાં ખાડાવાળી સપાટી ઉપરજ હોય.

છલર, સ્ત્રી૰ ધ્રો; દરોઈ; દરો; દુર્વા.

છલાછલ, વિ૰ છેક મથાળા સુધી—ઉપર આવી રહેલું; ભરપૂર. એ શબ્દ પ્રવાહી તથા નક્કર બન્ને પદાર્થને લાગે છે.

છલ્લાછલ, છલાછલ.

છલ્લો, પુ૰ ડાબા હાથની આંગળિયે ઘાલવાની રૂપાની અથવા સુનાની ઝીણી ઘુઘરીવાળો જે વીંટી તે. ૨ લોડાંની વીંટી (છલ્લો ને મીંઢળ) ઘુઘરી વાળું.

છવાવું, ક્રિ૰ અ૰ ઉપરથી ઢંકાવું.

છવિટિયાં, ન૰ સ્ત્રીને પગની આંગળિયે ઘાલવાનું રૂપાનું ઘુઘરીવાળું ઘરેણું. છવિટિયું એકવચન.

છવ્વીસ, વિ૰ વીસ ને છ; ૨૬.

છસેં-સો, વિ૰ ૬ વખત ૧૦૦; ૬૦૦.

છળ, પુ૰ [સં૰ છલ] છેતરવું તે; ઠગાઈ; કપટ; દગો—છળભેદ કેવાય છે. ૨ નિત્યનો નહિં પણ નવો વેશ; ખોટો લેબાસ. ૩ બાનું; મિષ.

છળકો, પુ૰ પાણીની છોળ.

છળવું, ક્રિ૰ સ૰ ઠગવું; કપટ કરી છેતરવું; દગો દેવો.

છળો, પુ૰ રગડો—(ભાંગી નાખેલાં દહીં વગેરેનો).

છાં, ક્રિ૰ હોધાતુનું વર્તમાન સ્વાર્થરૂપમાં દ્વિતીય પુરુષનું એકવચન. તું છાં અથવા છે. [અખાત".

છાંછળમાછળ, ઉપર ઉપરની; ઉપલકિયા; છાબકી. "છાંછળ માછળની નહિ વાત, એ તો કરવી વાત

છાંછૂં, ન૰ ધન્તર મન્તર.

છાંટ, સ્ત્રી૰ ઝીણા ઝીણા છાંટા (વરસાદ વગેરેના). ૨ કપડાંપર રંગના જે ઝીણા ઝીણા છાંટા નાખેલા તે; ભાત; ટપકું; બિન્દુ. ૩ ગડપ; ઉતાવળ—તે લખવામાં છાંટ મારી રાખેછે. ૪ ગપ; ખોટી વાત ચલાવવી તે—તે બહુ છાંટ મારેછે. ૫ ગુણપાટની બરેલી કોથળી. છાંટનાખવી—અબડાપણાને શુદ્ધ કરવું.

છાંટણાં, ન૰ કપડાંપર ઝીણી ઝીણી રંગદાર ભાત પડેલી હોય તે. ૨ કંકુ—કેસરથી આંકું છાંટવું તે.

છાંટવું, ક્રિ૰ સ૰ અગ્નિ ઉપર પાણી રેડવું; હોલવવું. ૨ જમીનપર થોડે થોડે છાંટા પાડીને રેડવું. રંગ છાંટતો. ૩ જુદો બિરાડવો—ફેંકવો.—ખેતરમાં

અનાજ છાંટવું—ભભરાવવું; ગલાલ છાંટવું—ઉ-
રાડવું. ૪ આછો આછો રંગ નાખવો. ૫ ઉપ-
ર ઉપરથી કાપી નાંખવું.—ખરસાણીનું ઝાડ ઘ-
ણું ઊંચું વધી ગયું છે માટે તેને છાંટી નાખ. ૬
લાંચ આપવી. તેને થોડાએક રૂપિયાં છાંટી આવ
કે કાલે તારી તરફનો ફેંસલો થાય. ૭ ગપ મા-
રવી; જુઠા તડાકા મારવા; હાંકવું. [ટીપું.

છાંટી, સ્ત્રી૦ પાણી વગેરેનું જે નાનું ટીપું તે. ૨ વ-
રસાદની ઝીણી ઝીણી ધાર અથવા ઝીણું ઝીણું

છાંટુ, પુ૦ ગપમાર; ખોટી ખોટી વાત ચલાવનારો.

છાંટો, પુ૦ પાણી અને એવા બીજા પ્રવાહીનું ટીપું; વરસાદનું બુન્દ—ટીપું. છાંટો આવવો—ઉડવો એમ બોલાય છે. ૨ ડાઘ; કુસંગતિનો દોષ; બદ-નામી; નુકસાન. તેના છાંટા મને લાગ્યા.

છાંટોપાણી, ન૦ ચાર જણે બેસીને ખુશમાં દારુ પીવો તે; રંગપાણી.

છાંડણ, ન૦ છાંડવું તે. ૨ છાંડેલું તે.

છાંડવું, ક્રિ૦ સ૦ તજવું; છોડવું; મુકી દેવું; બાતલ કરવું. આજ કાલ તેણે તેની સંગત છાંડી છે. ૨ છેડો ફાડી આપવો; તલાક—ફારગતી આપવી; દૂર કરવું.—તેણે પોતાની બૈરીને છાંડી છે. ૩ જ-મતાં ભાણામાં વધે—પડી રહે તેમ કરવું. તારે તો છાંડવાનો નીમ હતો ને આજે તેં આટલું બધું કે-મ છાંડ્યું?

છાંડેલું-ડ્યું, ન૦ ખાતાં વધેલું તે. છાંડેલી ચીજ.

છાંડ્યું, ન૦ છાડેલું—ભાણામાં વધેલું તે.

છાંણ, છાણ.

છાંણાં, છાણાં.

છાંદવું, ક્રિ૦ સ૦ જાડું લિંપવું; થેપવું.

છાંદો, પુ૦ જાડું લિંપણ—ગારો. છાંદો દેવો—મારવો. ૨ જમવાનું એકઠું કરેલું તે. છાંદો ઘાલવો—જમ-તાં ભાત દાળ શાક વગેરેને એકઠું—ગવાનેક કરીને ખાવું.

છાંનું, છાનું.

છાંય, છાયા.

છાંયડી, સ્ત્રી૦ નાનો ઓળો પડતો હોય તેવી વસ્તુ-ની છાયા. (ખજુરીની છાંયડી).

છાંયડો-યો, છાયો.

છાંયેલ, છાયેલ.

છાક, સ્ત્રી૦ દારુ પીધા પછી મોઢે વાસ મારે તે.—છાક મારવી. ૨ નીશા—કેફની અન્દર મગે તેમ ફાટ્યું ફાટ્યું બોલવું—બકવું તે. ૩ મિજાજ; હેંકા-ર; પતરાજ. ૪ ગામડાના પીઠામાં દારૂ ચાકી પીધા પછી ઉપરથી જે ગવે લેવી તે. છાકે ચડવું—દારુ પીને છાક મારવી; શરીરનું ભાન ન રેવું; મસ્ત બનવું. ૨ છાકી જવું.

છાકટ, છાકટું.

છાકટું, વિ૦ ઘણો દારુ પીને ઘેલું બનેલું; છાક માર-તું; પીધેલ; મસ્ત. છાકટો, છાકટી, છાકટું.

છાકવું-કીજવું, ક્રિ૦ અ૦ છલકાવું; ફુલાઈ જવું; પતરાજ મારવી. ૨ બેફી—વણી—વંઈ જવું.

છાકોટો, છાક.

છાગળ, સ્ત્રી૦ મુસાફરીમાં સાથે પાણી ભરી રાખવા-નું ચામડાનું જે ઠામ તે; નાની મશક.

છાગળિયાં-યું, ન૦ છાગળ. ૨ શક્તિ કરતાં વધારે ખરચ કરવો—ઉડાવવું તે.

છાછર-રું, વિ૦ જરાક ઉંડરૂ ને ઘણું પોળું હોય તેવું ચપટું તથા પોળું. ઢાંકણાં, ત્રાંસળાં છાછરાં ને ર-કાબી છાછરી હોયછે. ૨ બાલ્યું; થોડું.

છાજ, સ્ત્રી૦ ઓરડાની ઉપર પાટિયાં જડેલાં હોય તે. ૨ ગામડાંના ઝુપડાં ઉપર સુંથાડિયાં—(જા-ડું ને લાંબું ઘાસ) ચીપા (કડબના ચિરેલા સાંઠા) નાખેલા હોય તે. ૩ એક જાતનું પોળું ને કકરું ઘાસ.

છાજલી, સ્ત્રી૦ નાનું છજું. ૨ છજાંની ઉપરની ના-ની અગાસી; ગોખ. ૩ સામાન મુકવાને ભીંત સાથે જડેલું પાટિયું. ૪ ઘાસ.

છાજવું, ક્રિ૦ સ૦ ધરાટોપ આણી રેવું; છાઈ રેવું; છાવું; ઢાંકવું; છાપા કરવી. ૨ લાયક હોવું—થવું; ઘટવું; અનુકૂળ આવવું. ૩ શોભવું; બિરાજવું; સારું દે-ખાવું. ૪ ઘણીવારસુધી રેવું—ચાલ્યાં કરવું; ટકવું; નિભવું.

છાજિયું, ન૦ બૈરાંઓએ હાથ ઉંચકી ઉંચકીને છાતી-પર કુટ્યાં કરવું તે. એનું અનેકવચન છાજિયાં. છાજિયાં લેવાં—કોઈના મરણમાં બૈરાંઓએ કુ-ટવું. ૨ (લાક્ષણિક) ધિક્કાર—ચીડનો શબ્દ—બૈ-રાંઓ વાપરેછે. અરે તારાં છાજિયાં બળે રે મુ-આ કેમ મારો જીવ લેવા બેઠોછે!

છાણું, ન૦ વળીના ઉપર છાવવું તે.

છાણ, ન૦ ગાય ભેંસનો મળ; છાણ કરવું—ગાય ભેંસે પોદળો મુકવો. ૨ સંગ; શીર્ષ; રામ; દમ—એ-ની આંડમાં છાણ ક્યાં છે! છાણ પુંજવું—ઢોરના

પડેલા જુદા જુદા પોદળા એકઠા કરવા. છાણ પૂંજો—છાણ અને બીજો કચરો. 'છાણના દેવને ખાસડાંની પૂજા'. 'છાણના દેવને વાલ—કપાસિયાની આંખ'. એ કેવત

છાણવું. છણવું.

છાણાં, ન૦ છાણના લોંદાને ચપટા અથવા ગોળ આકાર આપી ભીત—જમીન—છાપરાંપર. સુકવેલા તે. છાણાં થાપવાં કેવાયછે અને એનો લાક્ષણિક અર્થ આ કે ચૂડી—મેલી જઈને દુઃખ દેવું. તમે તેને બહુ લડાવોછો પણ જો જો પાછળથી તે તમારે માથે છાણાં થાપશે. છાણાવાળી—છાણાં વેચનારી. છાણું એ એકવચન.

છાણિયું, ન૦ ગામડાંના લોક કાદવ ને છાણ એકઠાં કરી તેનું ટોપલા જેવું જે બનાવેછે તે; ગારિયું—એ ઢાંકવાનાજ કામમાં આવેછે.

છાતરક, સ્ત્રી૦ ઘોડાની દોડ; મોટો કુદકો; ફાળ.

છાતરાં, છોતરાં.

છાતી, સ્ત્રી૦ ખભા તથા ગળું એની નીચેનો અને પેટની ઉપરનો કંઈક બાર પડતો શરીરનો જે ભાગ તે. ૨ સ્ત્રીની છાતી; કૂચ; સ્તન; થાન. ૩ પશુ પક્ષીના શરીરનો તે ભાગ જે, ગરદનની નીચે અને બે આગલા પગની વચમાં હોય છે તે. ૪ (લાક્ષણિક) અન્તઃકરણ; હૈડું; હૃદય; કાળજું—જ્યાં સઘળા જોસ્સાઓનું અને પછી દુઃખ સુખનું લાગવું થાયછે તે. 'કુમળી જાતી દાઝે, કુમળી છાતી કમકમે કરી કાંપે'. ૫ ભય ન રાખતાં એકદમ બાર પડવાની હિંમત; સાહસ; ધૈર્ય.—વેપારમાં છાતીનું કામ છે. સરકારની સામે થવાની તેનીજ છાતી ચાલે. છાતી કાઢીને ચાલવું એટલે મરદ છું એમ બતાવવું; અભડામાં—મિજાજમાં ચાલવું. છાતી કુટવી એટલે ઘણા શોકને લીધે છાતીને હાથેવતી ઠોકવી. છાતી બેસવી એટલે હતાશ—નુકસાનમાં ડબાઈ જવું; હિંમત હારી જવી; ટાંટિયા નરમ થઈ જવા. છાતી ફાટીજવી—એકદમ અણચિન્તા ગભરાટમાં—આફતમાં આવીપડવું. ૨ નુકસાન થાય તેવા હરખમાં આવવું. ૩ છક—દંગ થઈ જવું. છાતી ભરાઈ આવવી એટલે ડાંખા ચૂડા આવવા. છાતી પાકવી એટલે છાતીમાં કફ પાકી જવો. છાતી ફુટવી એટલે સ્ત્રીને જોબન આવવું. છાતી તોડવી એટલે શરીરને નુકસાન પોંચે તેવી સખત મેહેનત કરવી.—તેણે તે કામમાં છાતી તોડી નાખી છે; તેં છાતી તોડ કામ કરેછે. છાતી ઠોકવી—કાંઈ કેવું એટલે ખાતરીથી—હિંમતથી—ભરોસાથી કેવું. ૨ ઉશ્કેરવું; ઉત્તેજન આપવું. ૩ શાબાશી આપવી; વાહવા બોલવી; ધન્ય ધન્ય કેવું. છાતીપર પથ્થર મુકવો—દલગીરના જોસ્સાને દબાવવો. છાતીપર બેસવું એટલે કુસ્તીમાં હરાવવું; ચીત કરવું. ૨ ઉપરીપણું રાખી હાથના માણસોપાસેથી બરાબર કામ લેવું. ૩ ચાંપીને ઉઘરાણી કરવી; ત્રાગું કરવું. છાતીપર હાથ મુકવો અથવા છાતીએ હાથ દેવો એટલે ધીરજ આપવી. છાતી પિગળવી એટલે દીલમાં લાગવું; હૈયામાં અસર થવી (દયા પ્રેમ વગેરે જોસ્સાથી). છાતી રાખવી એટલે હિંમત રાખવી. છાતીએ ધરવું એટલે વાલમાં છાતી સરસું ચાંપવું—છાતી સાથે ભિડાવવું—ડાબવું—વળગાડવું. છાતી બળવી એટલે અદેખાઈ કરવી. ૨ દુઃખ થવું; દયા આવવી; દિલમાં દાઝ આવવી. છાતીપર હાથ નાખવો એટલે સ્ત્રીની છાતીપર. છાતી ઠંડી આવવી—કરવી એટલે સન્તોષ થવો. છાતીમાં ડાઘ લાગવો એટલે દીલમાં ખૂબ દુઃખ લાગવું.—૧ પ્યારીની બેવફાઈથી આશકને છાતીમાં ડાઘ લાગ્યો. ૨ દીલમાં વેર લેવાનો જોસ્સો રેવો.—તે બચારાને તેના મિત્રે ગરદન માર્યો તેથી તેની છાતીમાં જબરો ડાઘ રેયો છે. છાતી ઉભરાવી એટલે શોક—આનન્દથી રડવું આવવું. છાતી ચલાવવી—હિંમત ભિડવી. છાતીનું—હિંમતનું. કઠણ—જાડી છાતીનું અને પોચી—ઢીલી છાતીનું એટલે જેના દિલમાં સહીસકે લાગે નહિં તેવું તથા લાગે તો ખમી શકે તેવું અને તરત લાગે તેવું—દયાળુ—ગભરાઈ જાય તેવું—રડી દે તેવું.—(માણસ). છાતીવાળું—હિંમતવાન; ધીટ; નિડર. છાતીપુર—છાતીલગી આવે—પોંચે તેટલું ઉંડું. (પાણી ખાડો વગેરે).

છાનાંછપનાં, ન૦ મર્મવાર્તા; ગુંજની વાત.

છાનાછાની, અ૦ ગુપચુપણે; છુપીરીતે. ૨ છાની વાત; ગુપ્તગુ; છાનીછપની.

છાનામાનાં, અ૦ કોઈ જાણે નહિ તેમ; છુપીરીતે; ચુપચુપ; સન્તાઈને.

છાનું, વિ૦ કોઈ ન જાણે તેવું; ગુપ્ત; ઢાંકેલું; ખાનગી. ૨ ચુપ; મુંગું; બોલતું બંધ (કે).

છાપ, સ્ત્રી૦ વસ્તુ દબાવવાથી તેનાપર જે ચિહ્ન—નિશાની—આકાર—અક્ષર પડે તે.—ધાતુ સિક્કાપરની છાપ, મીણ લાખ ઉપરની છાપ, સરકારી કાગળોપરની છાપ વગેરે, શિક્કો; મોહોર. ૨ જે બીબાંથી છાપ મારવામાં આવે તે. ૩ કોઈ વસ્તુ વારેવારે જોયાં કરેથી તેની જે આકૃતિ—તસવીર—પ્રતિબિમ્બ મનમાં પડી રહે તે. ૪ કવિતામાં સમાપ્તિ કરતી વખત તેનો બનાવનાર પોતાનું જે નામ અથવા પોતાની જે નિશાની રાખે છે તે; અભોગ. એ ચારે અર્થમાં છાપ મારવી કહેવાય છે. ૫ કોઈપણ માણસ વિષે લોકમાં જે નરસું બોલાતું તે.—તેની આખા ગામમાં છિનાળવાની છાપ પડી ગઈ છે. ૬ યન્ત્રમાં દબાઈને કોરા કાગળપર પાડ્યું ઉઠેલું એવું જે લખાણ તે. ૭ યન્ત્રમાં દબાઈને અક્ષરોનું પાડ્યું ઉઠવું તે અથવા પાડ્યું ઉઠવાની જે સફાઈ તે. ૮ ચારમાં જઈ મર્મનું બોલી સહુને નીચું જોવડાવવું તે; ગાંખા પાડવા તે. તેણે તેને છાપી નાખ્યો. ૯ ડંકો કરી આવવો; ચારમાં જઈ યશ મેળવવો તે—એ પાછલા બન્ને અર્થમાં છાપ મારી આવવી—બેસાડવી એવા પ્રયોગો થાયછે. ૧૦ રાજાની મોહોર; સિક્કો; હુકમ. ૧૧ ધાતુના બીબાં તપાવીને તેથી જે ડામ દેવામાં આવેછે તે—ડારકાંની છાપ.

[ખું; છાપવાનું કારખાનું.

છાપખાનું, ન૦ જ્યાં પુસ્તકો છપાતાં હોય તે ઠેકાણું; છાપવાનું કારખાનું.

છાપગર, છાપનાર.

છાપણી, સ્ત્રી૦ છાપવું તે; છાપવાની રીત—સફાઈ.

છાપત, છાપ (૫ મા અર્થમાં).

છાપનાર-રો, પુ૦ જે માણસ છાપતો હોય તે. ૨ છાપખાનાંનો કારભારી—માનેજર.

છાપરી, સ્ત્રી૦ નાનું છાપરું.

છાપરું, ન૦ ટાઢ તડકા વરસાદથી બચાવકરનારો એક બે અથવા વધારે બાજુપરથી ઢળતો એવો ઘરનો જે ઉપલો ભાગ તે—લાકડા ઉપર કામડાં અથવા પતરાંસા નાખી તે ઉપર નળિયાં નાખવામાં આવેછે. ઉપર ઝાંખરી તરસાડાં નાખેલાં હોય એવાં પણ છાપરાં હોય છે. ૨ આચ્છાદન; ઢાંકણ. ૩ નાના ઘર; ઝુપડાં. છાપરું ચડવું કહેવાયછે.

છાપવું, ક્રિ૦ સ૦ ઘડાં પાનારૂપે અથવા ચોપડીના આકારમાં રાખવાનો કોઈ પણ હાથનો લેખ યન્ત્રના દાબથી કાગળપર આણવો. બીબાં તથા યન્ત્રથી અને બીબાં તથા યન્ત્રથી છાપ છે. ૨ લાકડાંના કોતરેલા કકડાઓમાં રંગ ભરી કપડાંપર મુકી ઉપરથી ઠોકી કપડાંપર તરેહ પાડવી. ૩ રૂપૈયા—સિક્કાપર છાપ મારવી. ૪ કાગળપર છાપ મારવી. ૫ ન્યુસપેપરની મારફતે ખુલ્લું—જાહેર કરવું. ૬ મર્મ ઊઘાડું કરી ફજેતી કરવી; છાપી નાખવું.

છાપું, ન૦ છાપેલું તે; ન્યુસપેપર. ૨ ચામાચેપુ.

છાપો, પુ૦ છાપ; છાપવું તે. ૨ ઘણાં માણસ એકઠાં થઈ એકદમ કોઈ નાપર ધસી પડવું તે; હુમલો.—લશ્કરે છાપો માર્યો. ૩ ધાતુના બીબાંને ચન્દન કંકુ લગાડી તેનાથી કપાળે ચાસે જે ચિહ્ન કરવાં તે. ૪ ભાગો; વેરો.

છાબ, સ્ત્રી૦ ફરતી ઊંચી બાજુવાળી તથા નીચે પડથીવાળી અથવા વગર પડથીની વાંસની ચીપની જે છાબડી ટોપલી તે અથવા ધાતુની જે તાસક તે. નાની છાબ ફુલ મેવો પાન સોપારી ભરવાનાં કામમાં આવેછે અને મોટી છાબ જે વાંસની ચીપનીજ હોયછે તે પકવાન અને ભાસ્કાંની રીતમાં અથવા એવાંજ બીજાં કામમાં ચાંદલો કરવાનાં લુગડાં ભરવાના કામમાં આવેછે.

[છાબ તે.

છાબડી, સ્ત્રી૦ પડથી વગરની વાંસની ચીપની જે

છાબડું, ન૦ છાબડી. "છાબડે સૂરજ ઢાંકયો ન રહે".

છાયલ, છાયેલ.

છાયા, સ્ત્રી૦ [સં૦] પ્રકાશ—રોશનીના કિરણોને અટકાવ થયેથી અટકાવ—બન્ધ કરનારી વસ્તુના આકાર જેવું જે અન્ધારું પડે તે; ઓળો; પ્રતિબિમ્બ; પડછાયો. ૨ પ્રકાશ—રોશનીને અટકાવી નીચે અન્ધારું કરવાસારૂ અટકાવ કરનારી વસ્તુનું વચમાં આવી—મુકી રહેવું તે.—વડની છાયા. ૪ નુર; તેજ; અંશ; કાન્તિ.—'પામર પૂત એ ર બાપકી છાયા.' ૫ સુખથી રહેવાને માબાપ યજમાન વગેરેનો જે આસરો તે. ૬ હરકોઈ વસ્તુનું અર્થ—રૂપ સાન ન હોવાથી આસપાસના સમ્બન્ધથી અથવા કલ્પનાથી અર્થ—રૂપ સાનનો જે કંઈએક ભાસ થવો તે. આ શ્લોકનો અર્થ તો મારાથી સમજાતો નથી પણ એમાં રાજનીતિની છાયા દેખાયછે. આ રાગમાં કંઈએક કાનડાની છાયા જણાયછે. ૭ ચિત્રમાં જે ઝીણી ઝીણી આડી-કાળી લીટીઓ તે; ભભકમાં ખુાર પડતો

નથી પણ આંખો દેખાતો. જેટલો જે ભાગ તેટલો તે. ૮ ભૂત પિશાચ વગેરેનો પડછાયો.

છાયાનટ, પુ૦ એક જાતનો રાગ.

છાયાપુરુષ, પુ૦ [સં૦] તડકામાં અથવા ચાંદરણામાં ઊભા રહીને પોતાની છાયાતરફ ઘણીવાર જોયાં કર્યાપછી એકાએક એકદમ આકાશમાં જોતાં ઊંચે જે પુરુષ દેખાય તે.

છાયેલ, ન૦ છાપીને રંગ ચડાવેલો એવું ઓપોને ફેરવાનું સુતરાઉ કપડું. એ જાતનાં લુગડાં ઘરમાં ઘણાં વપરાયછે; સાલો; સાદલો.

છાર, સ્ત્રી૦ રજ. ૨ ધૂળ. ૩ રાખોડી. ૪ છારી.

છારવું-રીવાળવું, ક્રિ૦ સ૦ માંડી—ભૂંસી વાળવું; છારવું; લૂંછીનાખવું; ઢાંકપીછોડો કરવો.

છારી, સ્ત્રી૦ આંખના ડોળાપર જે ચિકણું ઝીણું પડ બન્ધાય તે. ૨ કોળાં, પાતરાં વગેરેપર જે ઝીણી ઝીણી રૂવાંટી તે.

છારું, ન૦ ભીત કરામાંથી ઈંટ ચુનાનો જે ભૂકો ભૂકો ખરે તે. ૨ નળિયાં ઈંટ વગેરેનો ભૂકો. ૩ ધૂળ કાંકરીવાળું મોટું. ૪ બકરું; બોકડું.

છાલ, સ્ત્રી૦ જેમ પ્રાણીને ચામડી તેમ ઝાડ ફળ વગેરેને આખુંનું આખું કાઢવા ધારિયે તો નિકળી આવનું તથા કંઈક ચિકાશવાળું જે ઢાંકણ તે. કેટલાંક સુકાઈ ગયથી છાલને છોડાં કેછે—અન્દરની છાલને અન્તરછાલ કહીને કેછે. કેરી ગોળની છાલ વગેરે. [ડવું તે; છાળ.

છાલક, સ્ત્રી૦ જોરમાં પાણીનું ઉડાડવું ઊંચું થઈ પ-

છાલકબાજી, સ્ત્રી૦ એક જાતની રમત જોરથી પાણી ઉડાડી ભજાવવાની જે રમત તે.

છાલકું, વિ૦ છાછરૂં. લાક્ષણિક રીતે ઘણો વપરાય છે.—જેના પેટમાં રે નહિ તે; બીજાને કહીદે તે. ૨ થોડી પુંજી છતે મોટું ડોળ રાખનાર. ૩ સેજ સેજમાં આંખું ઉતરી પડે તે; બેઆબરૂ. ૪ હલકું; પાજી. [જાય તેવું.

છાલકું, ન૦ ગધેડાની ઉપર કચરો નાખવાનો પોબાં બોડાંનો જે ખુલ્લો કોથળો તે. બ૦ છાલકઈ

છાલાં, ન૦ કાતરાં; ફોતરાં—ભાતના છાલાં.

છાલિયાં, ન૦ પિત્તળનાં પતરાંના વાટકા જેવાં પાત્રાં થાયછે તે. છાલીનું અનેક વચન. [ચાલી'.

છાલી, સ્ત્રી૦ ચૂડી. 'આ દિ તારી છાલી ને હું તો મારે

છાલું, ન૦ ભાત—ડાંગેર વગેરેનું ફોતરું—છોતરું. ૨ ખડીમાંથી સોટ વાળવાનું નાળિયેરનું ફુંફેરું છોડું.

છાવણ, ન૦ જેથી છાવું તે.—તાડછાં, ચીપા, ઘાસ, સુંથાડિયાં વગેરે.

છાવણી, સ્ત્રી૦ થોડા દિવસ—મહિના રહેવાસારુ લશ્કરી લોક, તાડછાં સુંથાડિયાં વગેરેથી છાપરાં જે મકાનો બાંધેછે તે અથવા તમ્બુઓ તાણેછે તે. ૨ થોડી મુદત રહેવાસારુ લશ્કરે જે ઠેકાણે મુકામ કર્યો હોય તે. ૩ થોડી મુદત રહેવાસારુ કોઈ મુકામઉપર પડેલું જે લશ્કર તે; લશ્કરનો પડાવ. ૨ સાધુનો પડાવ. સાધુની છાવણી કેવાયછે.

છાવરવું, ક્રિ૦ સ૦ વાંક—ગુન્હો ઢાંકવો; નાશીની રાહે હવે એમ કહી ઉડાવી દેવું.—તે તેનું બધું છાવરી વાળેછે. ૨ કુમક—તરફદારી કરવી; પરનું કરવું; ઉપરાણું લેવું.

છાવું. ક્રિ૦ સ૦ વરસાદ ન આવે તેનેસારુ તાડછાં, ચીપા, સુંથાડિયાં નાખી ઢાંકવું.—વખડા છાવી, ઘાસનું કુંદલું છાવું, છાપરું છાવું વગેરે.

છાશ-સ, સ્ત્રી૦ દહીંમાં પાણી રેડી વલોવેથી જે ખાટો પ્રવાહી બને તે. વલોવતા છાસની ઉપર જે ચિકણી તર તરે તે માખણ. છાસની કડી થાયછે. છાસ પીવી—સવારમાં શિરામણી કરવી. છાસ પીવા ટાણું—સવાર.

છાસટ, છાસઠ. [જુવાર.

છાસટિયો, પુ૦ જેઠ માસમાં પાણી પાઈ ઉગાડેલા

છાસી, છયાસી.

છાસેટ, વિ૦ સાઠ ને છ; ૬૬.

છાળ, સ્ત્રી૦ છાલ; ઓડો.

છિંકણી, સ્ત્રી૦ તપખીર. [પે વાસ નિકળવો.

છિંકવું, ક્રિ૦ અ૦ છીંક ખાવી; નાકમાંથી અવાજ સા-

છિંડી, સ્ત્રી૦ નાનું છીંડું. ૨ ઓરડાની પછાડીનો નેવાં પડવાનો ભાગ.

છિઃ, અ૦ ધિક્કાર—તુચ્છકારના અર્થની સૂચના કરેછે; છટ. ૨ ખરાબ—ગન્દી—તુચ્છ—હલકી ચીજ છે એમ બાળક છોકરાંઓને સમજાવવાસારુ એ શબ્દ વપરાય છે. ૩ છીંક ખાતી વખતે નાકમાંથી જે અવાજ નિકળેછે તે.

છિકણી, છિંકણી. [૨ નાનું હરણ.

છિકાગરું, ન૦ ગરડા જેવું એક પ્રાણી, એના કંડવાથી પશુ પક્ષી મનુષ્ય—પ્રાણીને ઝેર ચડી જાયછે.

છિછલું, ન૦ તાછડું; બેઆદબ; બેશરમ; વિવેક વગરનું; છાકરવાદિયું; નાદાનીનું બોલનારું કરતી બોર. (કામ માણસ બન્નેને લાગેછે).

છિઝેરવું, ક્રિ૦ સ૦ પાણી સીંચવું; ઝારીથી પાણી છાંટવું.

છિટછિટ, છટ.

છીડી, સ્ત્રી૦ પાછલે બારણે જે ખુલ્લી જમીન તે.

છિણવું, **છિનવું**. ૨ છણવું—ભાંગ વિગ્યરડ; વગેરે.

છિતરી, સ્ત્રી૦ બે ઘર વચ્ચે (બાજુની તરફની) સાંકડી ગલી.

છિતવું, ક્રિ૦ અ૦ તરતાં પાણીનું તળિયું થોડાં પાણીને લીધે જમીન સાથે બાઝી રહેવું; લાધવું. છિ[તવું.

છિદડી, સ્ત્રી૦ પેરાંગીઓને ઘરમાં પેરવાનું એક જા[તનું સુતરાઉ કપડું.

છિદવું, છેદવું.

છિદ્ર, ન૦ [સં૦] કાણું; નાકું; સુરાખ; વેહ. છિદ્ર પાડવું કહેવાયછે. ૨ ખોડ; ખાંપણ; દોષ; મર્મ.—છિદ્ર શોધવાં—કાઢવાં એમ કહેવાયછે.

છિનવવું-નાવવું, ક્રિ૦ સ૦ જોર કરીને કોઈના કબજામાંથી લઈ લેવું; ઝુટવી લેવું; ખુચવિ લેવું. છિનવી—નાખીલેવું.

છિનવું, ક્રિ૦ સ૦ પાળીથી છોલી કકડા કરવા—શાક કન્દ મૂળનાં; મોળવું; સમારવું. ૨ છીનીએ વ[તી છીર કરવી—ખમણવું.

છિનાળ, સ્ત્રી૦ પોતાના પરિણિત પતિનીજસાથે સુવું એ સ્ત્રિયોનો જે ધર્મ તે મુકીને પરપુરુષ સાથે સુનારી જે સ્ત્રી તે; વ્યભિચારિણી; જારિણી; કુલટા. છિનાળ ચસકા—ચાળા. છિનાળનું—છિનાળના પેટનું (જન્મેલું).

છિનાળવું, વિ૦ છિનાળું કરનાર (માણસ). છિનાળવો—છિનાળું—જારકર્મ કરનારો; વ્યભિચારી.

છિનાળી, **છિનાળું**.

છિનાળું, ન૦ પુરુષે પરસ્ત્રીસાથે અથવા સ્ત્રીએ પરપુરુષસાથે સુઈને સમ્બન્ધ કરવો તે; જારકર્મ; વ્યભિચાર. ૨ એ જે દોષ—ગુન્હો—પાપ તે.

છિન્ન, વિ૦ ધા૦ [સં૦] કાપેલું; જુદું પાડેલું; છેદેલું.

છિપકળી, સ્ત્રી૦ એક જાતનો સાપ

છિપણું, ન૦ રામપાતર; મોટું કોડિયું. [પીવાયછે તે.

છિપર, સ્ત્રી૦ મોટા પત્થરની પાટ જે ઉપર લુગડાં

છિપરું, વિ૦ ગોબરું; ગન્દું; મુંથાપલું. [છિતવું.

છિપવું, ક્રિ૦ સ૦ સિંચવું (ઝાડને પાણી). ક્રિ૦ અ૦

છિયે, ક્રિ૦ પ્રથમપુરુષ અનેકવચનમાં હો ધાતુનું સ્વાર્થે વર્તમાન રૂપ.—હમે—આપણે છિયે—છૈયે.

છિલકું, ન૦ છોડું; છોતરું; ચામડી.

છિલર, ન૦ ટુંકું તળાવ.

છિલવું, ક્રિ૦ સ૦ છોડાં કાઢવાં.

છીંક, સ્ત્રી૦ નાકમાં સળવળ સળવળ થઈને અવાજ સાથે એકદમ જોરથી નાકમાંથી જે વાયુ નિકળે તે. તપખીર વગેરે સુંઘવાથી, સૂરજ સામું જોવાથી, નાકમાં દોરો ઘાલવાથી છીંક આવે છે. છીંક ખાતાં દરડે તેવો છે.

છીંટ, છીટ.

છીંકું, છીકું. [મન્ધાતી ચીજ. ૨ નરક; ગૂ.

છી-છીછી, સ્ત્રી૦ હાથમાં લેવી ન ગમે તેવી ગન્દી—

છીછી, અ૦ છટ; છિઃ. [લાયછે.

છીટ, સ્ત્રી૦ તરેહ તરેહ રડગીન ભાતનું છાપેલું સુતરાઉ કપડું. અ૦ તિરસ્કાર કરતી વેળા બો[લાયછે.

છીટી, સ્ત્રી૦ આખી છાપેલી નાની પોતડી.

છીડું, ન૦ બાનું; મસ; હલીલ. ૨ બારી; રસ્તો.—બોલવામાં છીડું રાખેછે. ૩ છિદ્ર; મર્મ; દોષ.—છીડાં શોધવાં એમ બોલાયછે.

છીડી, સ્ત્રી૦ પાછલે બારણે જે ખુલ્લી જમીન તે.

છીડું, ન૦ [સં૦ છિદ્ર ઉપરથી] વાડ—વાડીમાંથી જવા આવવાને રાખેલું જે બાકું—ફાંકું તે. ૨ ઝાંપો. ૨ છિદ્ર; દોષ; બાનાં—તેણે હવે તેનાં છીડાં [શોધવા માંડ્યાં.

છીણી, **છીની**.

છીત, સ્ત્રી૦ ચટ; કણ્ટાળો; નજ ગમે તેવી હડવાળી તબિયત. ૨ અતીસે ખાતરો—વેહેમ.

છીની, સ્ત્રી૦ ખમણ—છોર કરવાનું ઓજાર. કોપરું ખમણવાને જે હોય છે તેમાં એક પાટિયાને છેડે કાંગરી વાળો ખીલો હોયછે અને કાકડી વગેરે છિણવાને જે હોય છે તે ચીને લોડાંની ઉપસેલાં બાકાંની હોયછે. ૨ ધાતુ કે લાકડું ફાડવાની તથા કાપવાની લોઢાંની મેખ; ઘણું મારીને કામ થાયછે તે મેખ.

છીપ, સ્ત્રી૦ દરિયાઈ જન્તુનું ઘર; જે કણ્ણ ઢાંકણની અન્દર માછલી રહેછે તે અથવા તેની અડધી ફાડ; મોતીની માછલીનાં કોઠમાંની ફાડ.

છીપો, પુ૦ કપડાં રડનારો—રડગી કુટી ચકચકતાં કરનારો—છાપનારો. એનું અનેકવચન છીપા.

છીબું, ન૦ પાતેલીપર ઢાંકવાનું ધાતુનું છાબડું ઢાંકણું.

છું, ક્રિ૦ પ્રથમપુરુષ એકવચનમાં હો ધાતુનું સ્વાર્થે વર્તમાન રૂપ. હું છું.—દ્વિતિય પુરુષ એકવચનમાં પણ કેટલાક વાપરે છે—તું કોણ છું?.

છુંછુંદર, છછુંદર.

છુંદણી, સ્ત્રી૦ છુંદવું તે.

છુંદણું, ન૦ બાપડીનાં પાનનું રૂપ અથવા તાંદળ-

જાની જાતિનો રસ તથા કાજળ ભેળાં કરીને તેનું ચામડીપર ટપકું કરી તે ટપકાંને સોયની અણીએ ટાંચ્યાં કરી અને પછી લોહી નિકળે ત્યારે તેના પર હળધર ને મેંશ ડાબ્યા જે ડાઘ પડે છે તે; ત્રાજુડું. છુંદણાં છુંદવાં—છુંદાવવાં. છુંદણાં ઘણું કરીને ગાલે, નાકે, હોઠની નીચે હડપચીએ, ભમ્મર ને હાથે હોયછે. કેટલીક બૈરીયો તો કાંચળીના આકારના છુંદણાં છુંદાવે છે.

છુંદવું, ક્રિ૦ સ૦ પગતળે—ગાડીતળે ડાબવું; કચરવું. ૨ ખૂબ મારવું. ૩ કુટી—ખાંડી લોચા—છુંદા જેવું કરવું.

છુંદો, પુ૦ છુંદેથી જે હાલત થાય તે; કચૂમર; ખીમો.

છુ;, અ૦ ફૂંક મારેથી—ફેરાડવાથી જે અવાજ થાય તે બતાવે છે. (જાદુ—યન્તરમન્તરની ક્રિયા કરતી વખત).

છુટ, છૂટ.

છુટક, અ૦ જથાબન્ધ નહિં પણ કકડે કકડે; જેમ જેમ ખપ લાગે તેમ તેમ; પરચૂરણ; એકેકું.

છુટક, વિ૦ જુદું જુદું; રંકડ; પરચૂરણ; અનેક સાહિત્ય હોય તેવું.

છુટકબારો, પુ૦ અડચણમાંથી નિકળીને બાર આવવું તે; છુટકો; છુટકારો; નિકાલ.

છુટકારો, છુટકો.

છુટકો, પુ૦ કોઈ પણ બન્ધન—ફાંસા—પાપમાંથી બાર નિકળી આવવું તે; મુક્તિ. કરજ—કજિયામાં મોકળું થવું—છૂટું પડવું તે.

છુટવું, ક્રિ૦ અ૦ કોઈ પણ બન્ધનથી દૂર—મોકળું થવું. ૧ કરજ વાળી—ચુકાવી દઈ તે વાતની ફિકરથી દૂર રેવું. ૨ કેદ—કેદખાનામાંથી બાર આવવું. ૩ ગાંઠરૂપે એકઠાં થઈ ગયલા દોરા વગેરેના વાળોનું જુદું પડવું.—ગાંઠ છૂટી; કરમનું ગુંચળું છૂટું પડી ગયું વગેરે. ૪ મળેલા સાંધા—સાંધાએ જુદું પડવું. ૫ કાણાં—છિદ્રમાંથી બાર ઝરી આવવું.—પરસેવો—જોબો છુટ્યો. ૬ એકાએક ધ્રુજારી થઈ આવવી—કમકમા છુટ્યા. ૭ એક ઠેકાણેથી એકાએક વાસ—ગન્ધ—પવન નિકળી આવી પસરવો. ૮ ધાતુનું, ઇન્દ્રીવાટે જોરમાં બારનિકળવું; ખલિત થવું; વીર્ય પડવું. ૯ ગાંડમાંથી વા નિકળવો—પાદવું અથવા મળ નિકળવો.—વા છુટ્યો; ઝાડો છુટી ગયો; ગાંડ છુટી ગઈ. ૧૦ તોડા બાજર વગેરેએ એકદમ જોરમાં ફુટવો. તોડા ફોડી—ખાલી થવું. ૧૧ ઘણા ક્રોધ—ગુસ્સાના વિકારોનું એકદમ ઉભરાઈ આવવું. તેને તે વાતથી ઘણો ગુસ્સો છુટ્યો હતો. ૧૨ રોગ—દુઃખ—અડચણમાંથી નિકળી આવવું. ૧૩ પાપરૂપી ફાંસાંમાંથી બાર પડી ઈશ્વરની અને ઈશ્વરને પ્રિય એવા જે નીતિનાં કામ તેની ભગતમાં રેવું. ૧૪ બન્દુક તોપ કામઠી વગેરેમાંથી ગોળો ગોળી તીર વગેરેનું જોરમાં બાર ઉડી જવું; ફુટવું. (આતશબાજી છુટેછે). ૧૫ નિશાળમાં એકઠા થયલા શિખનારનું એકબીકથી જુદું પડવું—રજા મળી હોય તેવું થવું. નિશાળ છુટી—પાંચ વાગા હશે; તે આજ નિશાળેથી વેલો છુટ્યો છે. છુટાં થવું—બન્ધનમાંથી છુટીજવું—સજા—કેદમાંથી.

છુટાછેડા, પુ૦ સ્ત્રીને પ્રસવ થવો તે; સ્ત્રીએ અથવા સ્ત્રીજાત પ્રાણીએ પોતાના ગર્ભરૂપ પ્રાણીને બાર કાડી તે બારથી છૂટાં થવું તે. ૨ પરણેલ સ્ત્રીપુરૂષે એક બીજાથી જુદું રઈ પોતપોતાની મરજી મુજબ ચાલવાસારૂ પોતાનું માંડેલું ઘર ભાંગીનાખી એક બીજાથી જુદું પડવું તે; ફારગતી; તલાક. ૩ કણ્ટાળાના કામમાંથી હાથ કાડી નાખવો તે. છુટાછેડા થવા.

છુટાપણું, ન૦ છૂટ હોય તેવી હાલત; સ્વતન્ત્રતા.

છુટી-ટ્ટી, સ્ત્રી૦ કામ—બન્ધનથી છુટું પડવું તે. ૨ રજા; કામ કરતાં વચમાં થોડાએક મુદતસુધી બન્ધ રેવું તે અથવા એ જે થોડી મુદત થાક ઉતારવાનો મળે તે. ૩ નવરાશ; ફુરસદ; અવકાશ; પરવાર.

છુટું-ટ્ટું, વિ૦ બન્ધન—કેદમાં ન હોય તે. તે ચાકરી—કેદથી હાલ છૂટો છે. ૨ સાંધામાંથી જુદું પડી ગયું હોય તેવું, ટેબલનું પાટિયું પાયાથી છૂટું પડી ગયુંછે. ૩ ખુલ્લું; બટકું; મોકળું; પચરકું. છોકરા, તારો બોજ ખભાપર છૂટો રાખ; હાથપર ન લે. ૪ વચમાં વચમાં અન્તર હોય તેવું; ગઢું ડાબલું ન હોય તેવું; છેક પાસે પાસે નહિ તેવું—છોકરાઓ છૂટા છૂટા બેસજો. ૫ જુદું અને એકલું રેલું—પડેલું હોય તેવું—આખો તાવ શું કરવાં કાડેછે એક છૂટો કાગળ—કકડો પડ્યો હોય તે આપ. મારી પાસે છૂટો આડવો નથી આખો રુપિયો છે. ૬ કરજ—પાપથી મોકળું—મુક્ત થવું. ૭ સખી; ઉદાર; ખરચાળ—[illegible]

છૂટો છે. ૯ સેળ ભેળ વાતમાં હદથી બાર જઈ બોલનારનું આળ દેવાણી—મર્મ ઉઘાડવાની—મારવાની જેમ હોય તેડું—તે મોડાંની છૂટી છે; તે હાથનો છૂટો છે. છૂટું મેલવું—બન્ધનથી દૂર રાખવું. ૨ મોકળું રેવા દઈ પોતાની નજરમાં આવે તેમ કરવા દેવું; છૂટી—વછૂટી જવા દેવું. [ભરાઈ રેવું.

છુપવું, ક્રિ૦ અ૦ સન્તાઈ જવું; બેમાલમ—ગુપ્ત—છાનું

છુપાવવું, ક્રિ૦ સ૦ સન્તાડવું; બે માલમ—ગુપ્ત—છાનું રાખવું.

છુંછું, છૂછું.

છુમછુમ, અ૦ એવો થતો અવાજ—ઘુઘરીનો.

છુમન્તર, ન૦ છેલ્લી વારે સિદ્ધ થાઓ એ અર્થમાં છુઃ કહીને ભણેલો જે મન્તર તે. જાદુમન્તર.

છુરી, છૂરી. [અભડાવું.

છુવાવું-છબાવું, ક્રિ૦ અ૦ અડકાયાથી અપવિત્ર થવું;

છુંછું, છૂછું. છીછું.

છૂંદો, છુંદો.

છૂટ, સ્ત્રી૦ બન્ધી—અટકાવ—ડાબ—તાબા—કબજાથી દૂર હોવું—રેવું તે; બીજાને દુઃખ ન થાય ને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તાય તેવી જે સ્થિતિ તે; સ્વતન્ત્રતા. ૨ સત્તા; હક. ૩ રજા; પરવાનગી—તેને તે કામ કરવાની છૂટ છે. ૪ ઘટાડો; ઓછું—બાબ તો સોરૂપિયા વાજબી હતું પણ તેણે દશ રૂપિયા છૂટ

છૂડું, છુડું-દડું. [મુકી.

છૂપું, વિ૦ બેમાલમ; ગુપ્ત; છાનું. ૨ સન્તાઈ રૂપલું.

છૂરી, છરી.

છૂવું, છીવું.

છેંતાળીસ, વિ૦ ચાળીસ ને છ; ૪૬.

છે, ક્રિ૦ તૃતીયપુરુષ એકવચન અનેકવચનમાં અને દ્વિતીયપુરુષ એકવચનમાં હો ધાતુનું સ્વાર્થ વર્તમાનરૂપ. તે છે, તેઓ છે; તું છે. [૫ તેમ.

છેક, અ૦ છેડાલગી ગયલું હોય તેમ; ત્યાંસુધી;—સીમાં—અન્ત—છેડો બતાવેછે. ૨ તદ્દન; તમામ; બીલકુલ; પુરું. ૩ ઘણુંજ; પુષ્કળ. ૪ હદથી જ્યાદે; નુકસાન કરે તેટલું વધી—જઈ ગયલું હો-

છેકણી, સ્ત્રી૦ જેથી લખેલું છેકાય—રદ થાય તે ઓજાર.

છેકવું, ક્રિ૦ સ૦ રદ છે એમ જણાવવાને અક્ષર—દસ્કત—વાક્ય ઉપર લીટી ખેંચવી; છેકો મારવો; ચેકરવું; ભુસવું. ૨ રદ કરવું.

છેકો, પુ૦ છેકવું તે; છેકેલું છે એમ બતાવનારું ચિ-ન્હ લીટી; ડાઘ. ૨ રદ કરવું તે.

છેટી, છીટી.

છેટું, ન૦ બે જગાની વચમાંનું અન્તર; ટપ્પો; પલ્લો; ગાળો; વેચગાળો. બે ગામ વચ્ચે છેટું; અહીંથી તે ગામ સુધી ચાર ગાઉનું છેટું છે. એ શબ્દ વખતને પણ લાગેછે પણ તેમ થોડો વપરાય છે. [રું બેસવું.

છેટે, અ૦ દૂર; આઘે; બાજુએ; વચમાં ઘણું અન્તર હોય તેટલે. છેટે બેસવું, ઋતુ આવવો; અભડાવું; અળ-

છેડ-ડણી, સ્ત્રી૦ છેડવું તે. ૧ ખીજ; અટકચાળું. ૨ વચમાં હાથ ઘાલવો તે; અડકી ખરાબ કરવું. છેડ—છેડણી કરવી. છેડપડવું—છેડણી થયાના સબબથી દૂરનું દૂર રેવું.

છેડતી, સ્ત્રી૦ છીડાં; દોષ; છિદ્ર. છેડતી શોધવી.

છેડવું, ક્રિ૦ સ૦ અડકવું. ૨ વગર આવડતે—અખત્યારે અડકી ખરાબ કરવું; વચમાં હાથ ઘાલવો. ૩ કોઈની કેડે પડી તે ખિજાય તેમ કરવું; ચિડવવું. છેડી જોવું એટલે થોડુંક અડકી—પુછી સામાંનું મન જોવું. છેડપાં કરવું—અટકચાળું કર્યાં કરવું.

છેડાછેડી, સ્ત્રી૦ લગ્ન ક્રિયામાં પાનેતર નામના વસ્ત્રનો એકેકો છેડો વર વહુના હાથમાં ઝલાવી રાખવો તે. વરના જામાંસાથે વહુની ઘાટડીની ગાંઠ બાંધવામાં આવેછે તે.

છેડો, પુ૦ હર કોઈ વસ્તુ—વાત—બનાવનું પૂરું થવું તે અથવા તેને સંપૂરણ કરતો જે છેલ્લો ભાગ તે; સમાપ્તિ; અન્ત; આખર; શેવટ; પાર; છેહ. ૨ હદ; સીમાં. ૩ મોત; મૃત્યુ; નાશ. ૪ ટોચ; શિખર. ૫ છેલ્લો ઠરાવ; નિકાલ. ૬ નિદાન; પરિણામ; ફળ. ૭ લુગડાંનો પલો; પાલવ. છેડો છોડવવો—પતાવીને દૂર કરવું; ફરીથી નામ ન લે તેવું કરવું. ૨ નિકાલ કરવો. છેડો પકડવો—પછાડી લાગવું; આગ્રહ કરી—જબરદસ્તીથી માગવું. છેડોફાડવો—ફાડીઆપવો—સ્ત્રી પુરુષે રાજી ખુશીથી લગનનો સમ્બન્ધ ટાળવાની ફારગતી આપવી—તલાક આપવો.

છેણી, સ્ત્રી૦ ફરસી; વિંધણું.

છેતરવું-રીજવું, ક્રિ૦ સ૦ આડું અવળું સમજાવવું; ભુલાવામાં નાખવું; ગફલત થાય તેમ કરવું; છળવું. ૨ ચોરવું; ઠગવું; ફસાવવું.

છેતરામણ, ન૦ જેમાંથી છેતરાઈયે તેવું જે કંઈ તે.

છેતરાવું, ક્રિ૦ અ૦ કોઈએ છેતરવું હોય—કોઈએ છેતર્યું હોય તેવી હાલતમાં આવવું.

છેતાલીશ-સ, ચાળીશ ને છ; ૪૬.

છેદ, પુ૦ કાણું; નાકું; છિદ્ર. ૨ કાપ; ચીરો; ઘા. ૩ ભાજક; જે સંખ્યાએ ભાગવું હોય તે; એક આખી વસ્તુના અમુક ભાગ કરવા એવું દેખાડનારો અપૂર્ણાંકમાં અંશની નીચે લીટી દોરીને લખેલો જે આંકડો તે. ¾ એ અપૂર્ણાંકમાં ૩ એ અંશ ને ૪ એ છેદ.—એક આખી વસ્તુના ૪ ભાગ કરી તેમાંથી ૩ લેવાના. [છેદ રૂપે રેનાર.

છેદક, વિ૦ [સં૦] છેદનાર; કાપનાર. ૨ ભાજક;

છેદન, ન૦ [સં૦] છેદવું—કાપવું તે. છેદની રેખા—લીટી એટલે જે લીટી બીજીને છેદતી—કાપતી હોય તે—ભૂમિતિમાં. છેદનબિન્દુ, ન૦ જ્યાં બે અથવા વધારે લીટીઓ એક બિજીને કાપતી—મળતી હોય તે બિન્દુ.

છેદવું, ક્રિ૦ સ૦ [સં૦ છિદ્—કાપવું] કાપવું; ચિરવું; ભાગ—કકડા કરવા. ૨ કાણું—નાકું—છિદ્ર પાડવું. ૩ એક બિજાને કાપવું—મળવું (તે બે લીટી એક બીજાને છેદેછે). ૪ છેદ રૂપે રહીને ભાગવું. ૫ નિકન્દન કરવું; નાશ કરવો; ઉખેડી નાખવું. તેણે કુળ છેદીનાખ્યું. ૬ અટકાવવું—મારો મન્જો—ક્ષેભોયો છેદીશ નહિ.

છેબાં, છિદ્ર.

છેર, સ્ત્રી૦ નરમ ઝાડો; પાણી જેવું અઘાણ; ચરકેલું તે. બહુ પ્રાણીને લાગે છે પણ પક્ષીની અઘારને વધારે લગાડવામાં આવેછે.

છેરણ્ટો, પુ૦ અઘામણ; પાતળો ઝાડો થવો તે.

છેરવું, ક્રિ૦ અ૦ પાતળો ઝાડો થવો; પાણી જેવું

છેરટો-રો, છેરણ્ટો. [અઘવું; ચરકવું.

છેલ, પુ૦ જે પુરુષને લુગડાં ઘરેણાંથી પોતાની જાત શોભાવવાનું ઘણું કોડ હોયછે તે અથવા જે મગરાઈને ફરતો હોય તે; અકડબાજ; ખંકડો; ઈજારદાર; વરણાગિયો. એ શબ્દ વિશેષણ દાખલ પણ વપરાય છે.

છેલકડી, સ્ત્રી૦ બીબવાળી; કોકરવું.

છેલછબીલું, વિ૦ મણગારથી ફરવા જોવા લાયક થઈ હોય તેવું; દેખાવડું; ફટડું; શોભીતું; રૂપાળું. છેલછબિલો ને છેલછબીલી.

છેલડો, છેલ. (કવિતામાં). [સંકેત છે.

છેલપડી, સ્ત્રી૦ વેપારિયોમાં ૧૬ એ સંખ્યાનો એ

છેલબટાઉ, પુ૦ છેલ અને બટાઉ—ચુકબાઈ સોદાઈ કરી જાણનારો ખંકડો ફક્કડ બાંકડો; છેલ—ખુબ સુરત અને શરીરે ભરેલો એવો જુવાન; શોખી જીવડો.

છેલાઈ, સ્ત્રી૦ છેલપણું; છેલ થવાની રીત—છેલની જે હાલત તે; દેખાવડાપણું; વરણાગી; ઈજારી.

છેલાણી-ની, વિ૦ છેલ. એ શબ્દ સ્ત્રી પુરુષ બંનેને લાગે છે. છેલાણી જીવડો એમ કેવાય છે.

છેલું, છેલ્લું. [અન્તનું.

છેલ્લું, વિ૦ છેક સહુની પછવાડેનું; છેડાનું; શેવટનું;

છેલ્લે-સરવાળે, અ૦ છેક સહુની પછવાડેથી; આખરે; નિદાને; શેવટે; સરવાળે; છેલ્લી વારે—વખતે.

છેવટ, સ્ત્રી૦ આખર; છેડો; અન્ત; શેવટ.

છેવાડું-ડું, વિ૦ છેલ્લું. છેવાડો—છેલ્લો આવજે.

છેવાવું, ક્રિ૦ અ૦ છેલ્લું આવી પોચવું. ૨ છેલ્લું આવેથી શરમાવું—ભડખવાવું.

છેહ, પુ૦ દગો; વિશ્વાસ ઘાત. ૨ છોડી દેવું—રંગળતું મુકવું—ત્યાગ કરવો તે. ૩ અન્ત; છેડો.

છૈયાં-યાં, ન૦ છોકરાં; છોકરા છોકરી; સન્તાન. છૈયાં છોકરાં કેવાય છે.

છૈયે-યે, છિયે.

છૈયો-યો, છોકરો. પોતાનો અથવા પારકો.

છો, ક્રિ૦ અ૦ દ્વિતીયપુરુષ અનેકવચનમાં વર્તમાન સ્વાર્થ રૂપ.—તમે છો.

છો, સ્ત્રી૦ મડાયા કાંકરાને ભઠીમાં પકાવેથી ચુના જેવો પણ ઝાંખો સફેત પદાર્થ બને છે તે.—છો, કરા ચણવાના કામમાં આવે છે; ચુનો. છોકરવી—કોઇ કરવો. ૨ છોલાણું કરવું.

છો-છોને, અ૦ જે હાલતમાં હોય તે હાલતમાં હોવા દેવું, એવો અર્થ રાખે છે—છોને રહે મારું શું જવાનું છે! છો કરતો—છોને કરતો; કરે છે તેને કરવા દે. એમાં કરનારની મરજી મુજબ થાય છે; કોઈ રીતનો અટકાવ નહિ. છોને કરતો, મર—મરને કરતો એમ બોલાય છે.

છોઈ, સ્ત્રી૦ પતરાવળી કરવાની સળી. ૨ છો. [વિશેષ્ય.

છોકરવાદ, વિ૦ બાળક છોકરાંના જેવાં આચરણ હોય તે; નાદાન; થોડી અકલનું; છોકરું; અ.

છોકરવાદી, સ્ત્રી૦ બચ્ચાં જેવું આચરણ; નાદાની; તોફડાઈ. (પુખ્તપણાનું ઉલટું તે છોકરવાદી).

છોકરી, સ્ત્રી૦ સ્ત્રી જાત બાળક; બાળકી; (બાર વ.

રસની ઉમર લગીની). [પેઠે.

ાકડું, ન૦ છોકરો અથવાં છોકરી; જેરા અથવા બે-ટી. એ શબ્દ માણસ જાતનેજ લગાડવામાં આ-

ાકરો, પુ૦ પુરુષ જાત બાળક—જનમ થકી તે ૧૬—૨૦ વરસ લગીનાને એ શબ્દ લાગેછે. ૨ પુ-ખ્ત નહિં પણ કાચા—કરી જાય તેવા વિચારનો નાદાન જુવાન.

ાગાં, છોગું એનું અનેકવચન.

ાગાળો, પુ૦ પાઘડીમાં છોગા રાખનારો છેલછ-બીલો લાડકવાયો છોકરો 'નંદના છોગાળા'.

ાગું, ન૦ ફુલનો લટકતો નાનો ગુચ્છો. ૨ જરા ફુર-તો—ઉડતો રાખેલો પાઘડીનો કસબી તોરો—છેડો.

ાછ, સ્ત્રી૦ ચોખ્ખાઈને લીધે અડકવા—સુગબંધી-દીલનું જે પાછું હઠવું—સંકોચ પામવું તે; શંકા; વેહેમ.

ાછત, સ્ત્રી૦ છોછ. ૨ ખણખોદ.

ાછું, વિ૦ ભરાવ—ભાર પડતું ન હોય તેવું; ભાર પડતી શોભામાં જે થોડીક કસર હોય તેવું; આછું.

ાજ, છોછ.

ાડું, વિ૦ [હિં૦] નાનું. છોટો, છોટું.

ાડ, પુ૦ નાનું ઝાડ—અનાજના છોડ કેવાય છે. જે ઝાડ મથોડાંથી ઊંચું વધેલું હોય તે છોડ ન કેવાય. રોપો. ૨ ગર્ભનું વધવું બન્ધ થઈ તેનું સુકા છોડરૂપ—છોડાંરૂપ થઈ જવું તે.

ાડબાંધ, સ્ત્રી૦ વારે વારે છોડવું ને બાંધવું તે.

ાડવવું, ક્રિ૦ સ૦ છોડે તેમ કરવું; છૂટે તેમ કરવું.

ાડવું-ડીદેવું-ડીમુકવું, ક્રિ૦ સ૦ વળગેલું હોય તેને છૂટું કરવું. ૨ અડચણ—કબજા—કેદમાં હોય ત્યાંથી છૂટું કરવું. ૩ હાથમાંથી મૂકી દેવું. ૪ પાસેથી દૂર કરવું. ૫ (છોડવું) સંસારનાં પાશથકી મુકાવવું—મુક્ત કરવું. ૬ ફોડવું; બાર કરવો.

ાડવો, છોડ.

ાડાવવું, છોડવવું.

ાડિયાં, ન૦ લાકડાં ચિરતાં—ધડતાં જે છોડાં પ-ડે તે. છોડિયું એકવચન—વળી આમ પણ બોલાય-છે કે તે છોડિયાં જેવુંછે એટલે છેક પાતળું.

ાડી, સ્ત્રી૦ છોકરી.

ાડું, ન૦ ઝાડની સુકી છાલનો જે કકડો તે. ૨ લા-કડાં ચિરતાં જે નાના પાતળાં કકડાઓ જુદા પ-ડે તેમાંનો એક. ૩ સુથારો લાકડાં ઘડે છે ત્યારે જે પાતળા કકડા જુદા પડેછે તેમાંનો એક. ૪ ફળની ઉપરનું છોડું અથવા તેની ઉપરની છાલ; છોલ.

છોત, છોછ.

છોતડું, છોડું.

છોતેર-ત્તેર, વિ૦ સિત્તેર ને છ—૭૬.

છોબન્ધ, સ્ત્રી૦ છો અને ઈંટ અથવા પથરાથી બાં-ધેલું જે કામ તે. છોબન્ધ કામ ને મટોડી કામ એમ કેવાયછે.—ચોક, અગાસી, ભીત વગેરે છોબન્ધનાં હોયછે.

છોરું, ન૦ બચ્ચું; બાળક; નાનું છોકરૂં.

છોલ, સ્ત્રી૦ ફળની ઉપરનો જે કઠણ ભાગ તે. કે-રી કેળાંની છાલ. ૨ છેકજ પાતળુ ને બારીક જે છોડું તે. ૩ ઉપરની ચામડી.

છોલવું, ક્રિ૦ સ૦ છાલ કાડવી. ૨ ઘસવું. ૩ ઉપરના છોડાં કાડવાં.—વાળ છોલવા—શેલવા.

છોલાવું, ક્રિ૦ અ૦ છોલેલું થવું. ૨ સોરાવું; ચામડી ઉખડવી.

છોલાણું, ન૦ ડોળ દીધાપછી મેલો થઈ ઘસેલું તે.

છોવરાવવું, ક્રિ૦ સ૦ છોડેવડાવવી; ચૂનો કરાવવો; છોબાણું કરાવવું.

છોવાવું, ક્રિ૦ અ૦ અડકાવાથી અપવિત્ર થવું; અભ-ડાવું. છોવાઈ જવી. [વવું.

છોવું, ક્રિ૦ સ૦ અડકીને અપવિત્ર કરવું; અભડા-

છોળ, સ્ત્રી૦ પાણીની મોટી છાલક. ૨ હોડો; મોજો; તુરંગ. ૩ ફુલકળપણું.

છૌં, છઉં.

જ.

જ, પુ૦ [સં૦] ઓગણીસમો મૂળાક્ષર; આઠમો વ્ય-ન્જનવર્ણ. જન્મેલું તે એવો અર્થ રાખેછે—પંકજ, અજ, જલજ, અણ્ડજ ઈ૦. વળી એ શબ્દ ગુજરાતીમાં યના અપભ્રંશ રૂપે વપરાય-છે.—યમુના—જમના, યાચક—જાચક, અદ્ય—આજ, યક્ષ—જક્ષ, યજુર્વેદ—જજુરવેદ ઈ૦. અ૦ નિશ્ચય બતાવેછે—તમે આવજોજ, તું ત્યાં જજેજ. ૨ પોતે; એકલો; માત્ર.—તમે

જ આવો, તે મોંઘીજ ચોપડી છે. ૩ તેજ એવો, અર્થ રાખેછે—ચાકર તે ચાકરજ. ૪ પુષ્કળ; અતિશય. તેને ત્યાં બહુજ પૈસો છે. ૫ કામમાં ન આવે એવો અર્થ રાખેછે.—તે જોડો મારે પગે ઘણોજ મોટો પડે છે. ૬ નિશ્ચય—નક્કીનો અર્થ બતાવેછે. કરજોજ, તેની પાસેથી લેશો નહિજ. ૭ ખુટતી માત્રા પૂરવાને વપરાયછે. (કવિતામાં).

જક, સ્ત્રી૦ જીદ; હઠ; ઘોંસ. ૨ તકરાર; બાંજગડ.

જકડવું-ડીલેવું, ક્રિ૦ સ૦ ખેંચીને ટાઈટ—તદ્દન—મક્કમ કસીને બાંધવું. જકડવું—ટાઈટ બન્ધાઈ [રેવું.

જકર, સ્ત્રી૦ જીદ; હઠ; ખેંચતાણ.

જકાત, સ્ત્રી૦ [આ૦] દેશાવરથી આવતા ને દેશાવર જતા માલ ઉપર સરકાર જે હકસાઈ લે તે; મેહેસુલ; દાણ. જમીન—ઘર—કમાઈ—ઉપર સરકાર જે હકસાઈ લે તેને છાપો—વેરો—કર કેછે. જકાતદાર—જકાત ઉઘરાવનાર. ૨ કામદાર.

જકિયો-કી, પુ૦ હઠ—ઘોંસ કરનારો; હઠીલો; તકરારી; માથાકુટિયો.

જક્ષ, પુ૦ [સં૦ યક્ષ] ગણદેવ; કુબેર. ૨ વિચિત્ર પ્રચણ્ડ પુરુષ. જક્ષણી—જક્ષની સ્ત્રી. ૨ વિચિત્ર ભયંકર દેખાવની સ્ત્રી.

જખ, સ્ત્રી૦ [સં૦ ઝષ] માછલું. જખમારવી—ખોટું—તો ભીંડું ખાડું—પરતાઉ છઉ હવે માર માગુંછું એવો અર્થ રાખેછે. 'જખ મારી ને ગૂ ખાધું' એમ કેવાયછે. ૨ જક; હઠ; જીદ.

જખમ, ન૦ [ફા૦] ધાર, નસ્તર, ચપ્પુ, ઘટકો વગેરેથી ચામડી તથા માંસમાં જે કાપ—ચીરો પડે તે; ઘાવ. ૨ (લાક્ષણિક). ધોકો; બદનામી; બટ્ટો.—તેની આબરૂને મોટું જખમ લાગ્યું. ૩ દિલમાં ન ખમાય તેવું લાગવું તે; મન દુખાવું તે.—એકના એક જુવાન જોધ છોકરાના મરણથી અથવા માશુકની બેવફાઈથી તેને મોટું જખમ લાગ્યું છે. ૪ નુકસાની; એકદમ ટોટામાં આવી પડવું તે—તેને વેરના સટ્ટાથી મોટું જખમ લાગ્યું છે. જખમ કરવું—લાગવું—ઠુંસવું.

જખમાવવું, વિ૦ ધા૦ જખમી થવું; ઘાયલ.

જખમી, વિ૦ [ફા૦] જેને જખમ લાગ્યું હોય તે—(માણસ, ઢોર વગેરે); ઘાયલ.

જખ્ખડ, વિ૦ કઠણ ને મજબૂત શરીરનો તેમ જાડી અક્કલનો; જડસો.

જગ, જગત. ૨ જગા (કવિતામાં).

જગકર્ત્તા, પુ૦ [જગત્કર્તા] પરમેશ્વર.

જગજીવન, ન૦ [જગજ્જીવન] જગતનું જીવન અથવા જગતનું જે જીવન તે; ઈશ્વર.

જગણ, પુ૦ [સં૦] (કવિતામાં) આઠ ગણમાંનો એક—વચમાં ગુરુ ને આસપાસ લઘુ. ગણેશ, શિયાળ, શિકાર, વગેરે.

જગત્, ન૦ [સં૦] ઈશ્વરે જે સર્વ ઉત્પન્ન કર્યુંછે તે; વિશ્વ; બ્રહ્માણ્ડ. ૨ પૃથ્વી; મૃત્યુ લોક; સંસાર.

જગતજનેતા, સ્ત્રી૦ જગત્‌ને ઉત્પન્ન કરનારી ઈશ્વરશક્તિ; જગદમ્બા.

જગતપ્રસિદ્ધ, વિ૦ [સં૦] જગતમાં પ્રસિદ્ધ તે; દુ[નિયાં—લોકમાં જાહેર.

જગત્રય, ન૦ [સં૦] ત્રણ જગત—સ્વર્ગ, પૃથ્વિ ને પાતાળ; ત્રિભુવન; ત્રણલોક.

જગદમ્બા-મ્બિકા, સ્ત્રી૦ [સં૦] જગતની મા; ઈશ્વરની માયારૂપ શક્તિ તે.

જગદીશ-શ્વર, પુ૦ [સં૦] જગતનો ધણી; ઈશ્વર.

જગદ્‌ગુરુ, પુ૦ પ્રાણીઓના મનને જ્ઞાનથી પ્રકાશિત કરનારો; જગતનું કલ્યાણ કરનારો ગુરુ.

જગદાત્મા, પુ૦ [સં૦] જગતનો આત્મા; ઈશ્વર.

જગદુદ્ધાર, પુ૦ [સં૦] જગતનો ઉદ્ધાર; તારણ; મુક્તિ. ૨ મુક્તિ આપનારો; તારનારો.

જગદ્વન્દ્ય, વિ૦ જગતમાં—સહુએ પૂજવા જોગ.

જગન, પુ૦ [સં૦ યજ્ઞ] પાપથકી છુટવાને—ઈશ્વરનો કોપ સમાવવાને—તેની કૃપાપ્રસાદી મેળવવાને બકરો ઘોડો ઈ૦ અગ્નિમાં હોમવો તે; પશુનો ભોગ આપવાના હોમ.

જગન્નાથ, પુ૦ [સં૦] વિષ્ણુનો નવમો અવતાર. ૨ હિંદુસ્તાનની ચારે દિશાએ ચાર મોટાં ધામ—જાત્રાનાં ઠેકાણાં છે તેમાંનું એક જે પૂર્વ તરફ ઓરીસા પ્રાંતમાં છે તે. 'હવે તે શું જગન્નાથ રાયજી હોઈશું કે' એટલે તારા હાથ આળસે ત્યારે મારા નહિ ચાલે?

જગન્નાથી, સ્ત્રી૦ એક જાતનું સુતરાઉ કપડું.—એના વીસ વીસ વારના તાકા હોય છે. એનાં અંગરખાં, ધોતિયાં, સાળુ, પાઘડી વગેરે બનેછે. ૨ હાંડલી (જગન્નાથના હાંસ ઉપરથી).

જગન્નિન્દ્ય, વિ૦ જગતમાં—સહુએ નિન્દવા જોગ.

જગન્નિવાસ, પુ૦ [સં૦] જગતમાં રેવું છે જેનું તે. (વ્યાપી રેવું અને આધાર થઈ પકડી રાખીરેવું).

અથવા જગતનો નિવાસ છે જેમાં (જગત જેવડે આવ્યું—નિભ્યું જાયછે) તે ઈશ્વર.

જગન્નિયન્તા, પુ૰ [સં૰] જગતની વ્યવસ્થા રાખનારો; સહુને જે જોઈયે તે પુરું પાડનારો.

જગન્મિત્ર, પુ૰ [સં૰] જગત—સહુનો મિત્ર.

જગપતિ, પુ૰ [સં૰ જગત્પતિ] પરમેશ્વર.

જગબી, કોઈ દિવસ ખેડાયલું ન હોય પણ ખાસનું રખાણું હોય તે ખેતર; ખીડ.

જગા-ગ્યા, સ્ત્રી૰ ઠેકાણું; ઠામ; સ્થાન; સ્થળ. ૨ એકાદું કામ; ચાકરી; પદવી. ૩ કારણ; પ્રયોજન; બાહું; રસ્તો. હવે તેને વધારે બોલવાની જગા રહી નથી. ઊભું રેવાની જગા એટલે આસરો; આધાર. જગાપર ને જગાપર એટલે તેજ ઠેકાણે. જગે જગે એટલે ઠેકાણે ઠેકાણે. જગે—જગાપર—જગોપર એટલે બદલે; વતી; બદલી દાખલ.

જગાડવું, ક્રિ૰ સ૰ જાગે તેમ કરવું; ઉંઘમાંથી ઉઠાડવું. ૨ ચેતવવું; જાણ કરવી.

જગાત, જકાત,

જગાવવું, ક્રિ૰ સ૰ હોકારા પાડી ચગચગ—જાગૃત—ધામધૂમવાળું—ગાજતું કરવું. તે ધણી ધણિયાણીયે મોહલો જગાવ્યો—જગાવી મુક્યો. ૨ ઊભું કરવું; મચાવવું; ઉશ્કેરી જમાવડો કરી સામે થવું—

જગો, જગા. [ખણ્ડ જમાવવું.

જગત, જગત્. (કવિતામાં). [વારો પુરુષ.

જઘાત, સ્ત્રી૰ મરી ગયલાં બાળક છોકરાંનાં તથા કુંવારા પુરુષનાં સરાધ નિમિત્ત ઠેરવેલો ભાદરવા વદ તેરસનો જે દિવસ તે. જઘાતિયો એટલે કું-

જઞ્ખના, સ્ત્રી૰ ઝાંખું જોવું તે; કંઈ કંઈ યાદ આવવું—વિચાર થવો તે; સપના જેવો ભાસ. ૨ કલ્પના. ૩ સપનું; સાણું. ૪ ધ્યાન. ૫ કાળજી; ખંત.

જઞ્ખવાઈજવું-વું, ક્રિ૰ અ૰ ચેહેરો ફિકો પડવો; નૂર ઉતરવું; ઝાંખું પડવું; લજવાવું; શરમ લાવવી. જઞ્ખવાણું પડવું પણ કેવાયછે.

જઙ્ખવું, ક્રિ૰ સ૰ જઙ્ખના રાખવી.

જઞ્ગ, સ્ત્રી૰ [પ્રા૰] મોટી લડાઈ; યુદ્ધ; રણસઙ્ગ્રામ.

જઞ્ગડિયા, પુ૰ એક ઠેકાણેથી બીજે ઠેકાણે તિજોરી સાચવી લઈ જનારા લશ્કરી સિપાઈયો.

જઞ્ગમ, વિ૰ [સં૰] એક જગેથી બીજી જગોએ ખસેડાય—લઈ જવાય—જઈશકે તેવી—(વસ્તુ). એનું ઉલટું સ્થાવર. સ્થાવર મિલકત ને જઞ્ગમ મિલકત. પુ૰ એક પન્થના જોગી—જે શિવલિઙ્ગને પૂજે છે અને બ્રાહ્મણોને ધિક્કારેછે.

જઞ્ગલ, ન૰ [સં૰] માણસનો વાસ અને ખેતી નહોય તેવું મોટું મેદાન પછી ઘાડ ઝાડીવાળું અથવા એમનું એમ ઉજડ—ખુલ્લું હોય; વેરાણ; રાન; વન; અરણ્ય; વગડો. જઞ્ગલજવું, ઝાડે ફરવા—દિશાએ જવું. (ગામડાના લોક પાદરે વગડામાં ઝાડે ફરવા જાય છે તે ઉપરથી).

જઞ્ગલી, વિ૰ જઞ્ગલ સમ્બન્ધી.—જઞ્ગલી ઝાડ; જઞ્ગલી કુતરો વગેરે; જઞ્ગલી માણસ વગેરે. ૨ જેને કંઈજ સમજ ન હોય તે; બેસમજ; મૂરખ; શેહેરની રીત—ભાતથી અણવાકેફ હોય તે. ૩ વગર બેડે એમનું એમ ઉગી નિકળેલું—ઝાડ ઘાસ છોડવો વગેરે.

જઞ્ગલીજટ, પુ૰ દુનિયાદારીમાં—વિવેકમાં કંઈજ સમજે નહિ તે; જડસો; ગામડિયો; ગોંચો; ગાવંડી.

જઞ્ગલો, પુ૰ એક રાગ. (ગાયનમાં).

જઞ્ગાલ, પુ૰ તાંબાને ખટાસ લાગ્યાથી જે ખારરૂપ ઘણો લીલો ને જરા ભૂરો એવો જે પદાર્થ બનેછે તે; તાંબાપરનો કાટ—લીલો રઙ્ગ બનાવવાના કામમાં આવેછે—શુદ્ધ કરેલો જઞ્ગાલ ઔસડમાં પણ કામ આવેછે.

જઞ્ગી, વિ૰ [ફા૰] લડાઈમાં ઘુમનાર; બહાદુર. ૨ લડાઈ સમ્બન્ધી મોટું—જબરું—જઞ્ગી વાણ. સ્ત્રી૰ નાની બારી; કોટની સરીસમાં પાડેલું બાકોરું.

જઘ્ઘ, જાંઘ.

જઘ્ઘા, સ્ત્રી૰ [સં૰] જાંઘ.

જજમાન, પુ૰ [સં૰ યજમાન] યજ્ઞ—હોમ, અનુષ્ઠાન આદિ કર્મનું ફળ પામનારો; જેને માટે એ કર્મો થતાં હોય તે. જજમાન કર્મ કરાવે છે ને ગોર તેને માટે—તેની વતી કરેછે. ૨ જે ધણીના ઉપેર જીવાઈનો આધાર રેતો હોય તે; આશ્રય આપનારો. [જે ધન્ધો તે.

જજમાનવરતી, સ્ત્રી૰ [યજમાન વૃત્તિ] પરમ્પરાથી બન્ધાતા આવેલા જજમાનો ઉપર જીવાઈનો જે આધાર હોવો તે; જજમાનોનું ગોરપદું કરવાનો

જજમાનિયા, પુ૰ જેઓને જજમાનો હોય તે—જે બ્રાહ્મણો, વાણિયાઓનું ગોરપદું કરતા હોય તે જજમાનિયા. [વાનો જે વેરો તે.

જજિયો, પુ૰ શિર સલામતીનો કર; માથા દીઠ લે-

જઞ્જાર, સ્ત્રી૰ બાણીના આકારની નાની તોપ.

જઞ્જાળ, પુ૰ પરસંસાર—ધન્ધારોજગાર સમ્બન્ધી

જે ગુંચવાડો—ખટપટ—મહરું તે; ઉપાધિ.

જંગ-જાળી, વિ૦ જેને જંગ-જાળ હોય તે (માણસ).

જંગ-જીર, ન૦ સ્ત્રી૦ [ફા૦] સાંકળ; ઝાંઝરિયાં; બેડી. 'જોર કરીને તોડવાં જનાનિનાં જંજીર'. ૨ ઘડિયાળની અન્દરની કમાન.

જંગ-જીરો, પુ૦ [પ્રા૦] પાણીમાં બાંધેલો જે કિલ્લો તે. ૨ ટાપુ; બેટ. ૩ પૈડાં વાળી નાની તોપ; જમ્બુરો. ૪ હનુમાનની સાધનાનો મન્ત્ર અથવા યન્ત્ર—જન્તર.

જટ-લ, વિ૦ સમજે નહિં ને હઠ કરે તે; હઠીલું; અનાડી; માથું ફોડાવે તે—માણસ. જંગલીજટ.

જટા, સ્ત્રી૦ [સં૦] માથા ઉપર ગુંથેલી લાંબી લટોનો ચૂડીઉતાર જે ઊભો આકાર તે; લાંબો ચોટલો. શિવને માથે અને શિવના ભક્ત જોગીયોને માથે જટા હોય છે. 'કોઈ લાવે હાથે ઝાલી કોઈ લાવે કેડે ઘાલી, જટામાં ઘાલીને કોઈ નથી લાવ્યું નારી' (નરસહીં). 'આજકાલનો જોગી ને ઘૂંટણ લગી જટા'. ૩ વડમાં ઝાડનાં લાંબાં લટકતાં મુળિયાં. ૪ વેદના મન્ત્ર ભણવાનો એક પ્રકાર.—પ્રથમ સાદી રીતે મન્ત્ર ભણવો—પછી તેનાં પદ ને ક્રમ કરવાં; પછી તેની જટા કરવી અને પછી ઘન કરવો એમ અનુક્રમ છે. **જટાપાઠી**—પદ ક્રમ ને જટા એટલેલગી જેને વેદનો પાઠ હોય તે.

જટાજૂટ, પુ૦ [સં૦] જટાનો બનાવેલો જે મુગટ રૂપ આકાર તે.

જટાધર-ધારી, પુ૦ જેને માથે જટાભાર હોય તે તપસ્વી. ૨ શિવ. ૩ વડવૃક્ષ. [ધિ.

જટામાસી, સ્ત્રી૦ [જટામાંસી] એક જાતની ઓષધિ.

જટિયાં, ન૦ ટુંકા ને ખડછટ વાળ—અંબોડો વાળ્યા વનાના છૂટા. [જોગી.

જટિલ, વિ૦ [સં૦] જટાવાળો; જટાધારી. જટિલ

જઠરાગ્નિ, પુ૦ [સં૦] પેટમાંની જે ગરમીથી ખાધેલું પચીજાય તે; પાચન કરનારી શક્તિ.

જડ, વિ૦ [સં૦] ભાર—વજન વાળું; નક્કર; ભારી. ૨ હાલે ચાલે નહિ તેવું; જીવ ચૈતન વગરનું. ૩ પચે નહિ તેવું (ખાવાનો પદાર્થ—ખોરાક). ૪ સુસ્ત; આળસુ; ધીમું; થડું. ૫ ઠોઠ; કમ અક્કલ; અજ્ઞાન; બુંધી.—જડ બુદ્ધિનું માણસ. ૬ ઉદાસી; ગમગીન; દુખ—શોખ-ગુસ્સાથી ધુમરાયલું.

જડ, સ્ત્રી૦ મૂળ; મૂળિયું; મૂળ ચોંટેલાં હોય તેથી છોડવાનો ભાગ. ૨ ખીલી; મેખ; જેથી બે સાંધા જોડાઈ જાય તે. ૩ સંગ્રહ; પુષ્કળ પૈસો એકઠો થયો તે.—તેની પાસે હવે સારીપેઠે જડ ભાગીછે.

જડજ, પુ૦ [અ૦] ઈનસાફ ચુકવનારો; ન્યાયાધીશ.

જડતર, ન૦ મળતર; પ્રાપ્તિ. ૨ જડવા—બેસાડવા—મુડવાની રીત.

જડતા, સ્ત્રી૦ જડ પણું. ૨ અજ્ઞાનતા; ઠોઠપણું.

જડત્વ, ન૦ [સં૦] જડતા. ૨ પદાર્થના પાંચ સામાન્ય ધર્મ કહ્યા છે તેમાંનો એક.—**નિર્બંધતા, પરિમેયતા, આકાર, વિભાજ્યત્વ અને જડત્વ.** હોય તે સ્થિતિ ન બદલવાનો પદાર્થમાત્રનો જે સ્વભાવ તે.—સ્થિર—ઠરી હાલતમાં તો એજ હાલતમાં અને ગતિની હાલતમાં તો એજ હાલતમાં રેહેવું તે.

જડત્વાકર્ષણ, ગુરુત્વાકર્ષણ. [ડાચું.

જડબું, ન૦ મોડાંના હાડકાં જેમાં દાંતો હોય છે તે;

જડબે મુલાખ, અ૦ મક્કમ બન્ધ બેસતું; મજબુત.

જડભરત, પુ૦ સાંભળું બોલે ચાલે નહિ, બેઠા ત્યાં બેઠોજ એવો જડ ને તેમ થોડી બુદ્ધિનો જે પુરુષ તે. (એ નામનો એક જ્ઞાની હતો તેની વૃત્તિ ઉપરથી).

જડમૂળ, ન૦ રોપાનું મુળિયું જ્યાં પ્રથમ બાઝયું હોય તે અથવા એ ઠેકાણે બાઝેલું જે મુળિયું તે. **જડમૂળથી-માંથી** એટલે જડમૂળ હોય તે ઠેકાણેથી; મૂળ—આરમ્ભથી માંડીને તે બધુંજ; તળિયાંઝાટક. તેણે તેને જડમૂળથી ઉખેડી નાખ્યો.

જડવું, ક્રિ૦ સ૦ ઠોકીને બેસાડવું—જોડી દેવું.—બારણા સાથે નરમાદા જડવાં. ખાનાંમાં ઘાલી માંય કંઈ વસ્તુ મૂકી આસપાસની કોર ડાબી દેવી; બેસાડવું. વીંટીમાં નંગ જડવું. ક્રિ૦ અ૦ પ્રાપ્ત થવું; મળવું; હાથ લાગવું.—ખોવાઈ ગયલી જડી. તે ચાકરી શોધિકે પણ જડતી નથી.

જડાવ, વિ૦ સુનાંની ખોળમાં, હીરા પાના માણેક મોતી વગેરે જડેલાં—બેસાડેલાં હોય તેવાં. જડાવ અથવા જડાવનાં ઘરેણાં.

જડિયાં, ન૦ કુમળાં મૂળિયાં. ચાર, બાજી વગેરેનાં મૂળનાં જડિયાં.

જડિયો, પુ૦ હીરા માણક વગેરેને સુનાની ખોળમાં બેસાડનારો—જડનારો; પચ્ચીગર. જડિયો સાધારણ કામ કરે છે ને પચ્ચીગર ઝીણું સફાઈનું—ઊંચું અઘરું કામ કરે છે.

જડી, સ્ત્રી૦ છોડ, વેલા, ઝાડ વગેરેના મૂળિયાં, (ડાંખળી—છોડિયું—છાલ તાણ) ઓષધિ.

જણ, પુ૰-સ્ત્રી૰-ન૰ [સં૰ જન] શખ્સ; આસામી; માણસ. એ શબ્દની પૂંઠે એક બે સો એવાં વિશેષણો જોડાય છે. એક જણ—જણો આવ્યો હતો, ત્રણ જણું—જણીયો આવી હતી, એક જણ—જણું આવ્યું તો હું પણ કોણ હું તેની મને સુરત નથી. ચાર જણ—જણાં (સ્ત્રીપુરુષમળીને) હતાં. જણદીઠ એટલે અક્કેકા જણને જોઈને અથવા અક્કેક જણને. જણ શબ્દ મનુષ્યને જ વિષે પ્રવર્તે છે.

જણઝણાટ, ઝણઝણાટ. [ની રીત.

જણતર, ન૰ જણેલું તે; બચ્ચું; છોકરું. ૨ જણવા-

જણતી, સ્ત્રી૰ [સં૰ જનની] જન્મ આપનારી; મા.

જણવણું, જણાવવું. [ધું કરેલું.

જણવું ક્રિ૰ સ૰ સ્ત્રીએ પોતાનાં પેટમાંનાં છોકરાંને જન્મ આપવો; પ્રસવવું. એ શબ્દ મનુષ્ય સ્ત્રીનેજ લાગેછે.—પશુઓને સારુ વિયાવું—વ્યાવું એ શબ્દ છે. ૨ (લાક્ષણિક) બ્હાર કાઢવું; પેદા કરવું; જન્મ આપવો. 'જણનારીમાં જોર નહિ તો સોયાણી

જણસ, જમસ.

જણાવવું, ક્રિ૰ સ૰ જાણ કરવી; જાણીતું કરવું; ખબર આપવી; કેહવું. ૨ ઈસારત કરવી; ચેતવવું; સુચવવું. ૩ સ્ત્રી સેહેલથી જણે તેવું કરવું; જણનારીને જણતાં મદદ કરવી (સોયાણી—દાઈ પે).

જણાવું, ક્રિ૰ અ૰ જાણ પડવી; માલમ પડવું; ખબર થવી; સમજવામાં આવવું.—તારા બધા પેચ હવે મને સારીપડે જણાયા. ૨ ઝાંખું દેખાવું; ભાસવું; લાગવું; કલ્પના ઉઠવી; કંઈ કંઈ માલમ પડવું.—આજના વરસાદના ચિહ્ન ઉપરથી જણાય છે કે તે પાછલા પોરનો ઉઘડી જશે.

જણ્ડો, ઝુણ્ડો.

જત, અ૰ [સં૰ યત] જેને લખવું હોય અને જે કંઈ લખવું હોય તે બેનો સમ્બન્ધ દેખાડનાર શબ્દ; જે. ૨ કારણ કે; આથી જાણવું કે.

જતરડું, જતરડું.

જતન, ન૰ [સં૰ યત્ન] પાળવા—રાખવા—સાચવવા વગેરેમાં જે તજવીજ રાખવી તે; સમ્ભાળ લેવી તે.

જતરડું, ન૰ સુનાં રૂપાં વગેરેના તારને કાણાં કાણાં વાળા જે ઓજાર વડે ઝીણા બારીક કરવામાં—વધારવામાં આવેછે તે, જતરડી, જતરડો પણ કેહવાય છે.

જતી, પુ૰ [સં૰ યતિ-વ્રી] જૈન માર્ગનો—શ્રાવક લોકનો ત્યાગી ધર્મોપદેશક—સાધુ; ગોરજી. સ્ત્રી૰ કવિતા વાંચતાં વચ્ચે વચ્ચે અટકવાનું—દમ લેવાનું ઠેકાણું; વિરામ; વિશ્રામ. [નું કહીં.

જથરપથર, અ૰ ઠિકઠાક નહિ પણ જેમ તેમ; કહીં-

જથા, અ૰ [સં૰ યથા] જેમ; જે રીતે—પ્રમાણે. 'જથા રાજા તથા પ્રજા'.

જથાબન્ધ, અ૰ અક્કેક વસ્તુ જૂદી જૂદી નહિં પણ થોડી ઘણી એકઠી કરીને; જથામાં; થોકવાર.

જથારથ, વિ૰ [સં૰ યથાર્થ] વાજબી; ખરું; બરાબર.

જથો-થ્થો, પુ૰ એકઠું હોવું તે; ઢગ; સમુદાય; સમૂહ; થોક; ગંજ. ૨ જાત પ્રમાણે જોઈને કરેલા વર્ગોમાંનો એકેકો; થર. ૩ વિચાર—રીતભાતમાં એકસરખાં એવાં માણસોનો જે સમુદાય તે; ટોળું; મણ્ડળ; વર્ગ; પક્ષ.

જદપી-ધપિ, અ૰ [સં૰ યદ્યપિ] જોકે; અગરચેં.

જદા, અ૰ [સં૰ યદા] જ્યારે.

જન, પુ૰ ન૰ [સં૰] અક્કેકો મનુષ્ય—માણસ અથવા સર્વ મનુષ્ય; માણસજાત; માનવી; આદમી; નર. સ્વજન—પોતીકું માણસ; સજ્જન—સારું સુઘડ સદ્‌ગુણી માણસ; મનુષ્યજન—માણસ જાત. ૨ લોક; દુનિયા. ૩ સપ્ત લોક કેહવાય છે તેમાંનો પાંચમો.

જનક, વિ૰ [સં૰] પેદા—ઉત્પન્ન કરનાર; ઉપજાવનાર. હાસ્યજનક, પ્રીતિજનક, મૃત્યુજનક, કલ્યાણજનક. પુ૰ બાપ; પતિ.

જનકથા, સ્ત્રી૰ જન—લોકમાં પરમ્પરાથી ચાલતી આવેલી દન્તકથા અથવા નવી ચાલતી વાત.

જનન, ન૰ [સં૰] જનમવું તે; જનમ થવો તે. જનન મરણ—જનમવું ને મરવું તે. [જણતી.

જનની, સ્ત્રી૰ [સં૰] મા; માતા; જનમ આપનારી;

જનપદધર્મ, પુ૰ [સં૰] દેશાચાર; દેશ રૂઢિ.

જનમ, પુ૰ [સં૰ જન્મ] જનમવું—અવતરવું તે. ૨ ઉત્પત્તિ; ઉદય. ૩ જનમથકી માંડીને તે મરતાંલગીનો જે કાળ તે; જનમારો; જીન્દગી; ભવ. જનમ થવો—લેવો એટલે અવતરવું. જનમ આપવો.—(માએ છોકરાંને). ૨ નવું પેદા કરવું—બ્હાર કાઢવું (ફલાણાએ ફલાણા ગ્રન્થને જનમ આપ્યો). જનમમાં—આખી જિન્દગીમાં. જનમનું—જનમ થયો ત્યારનું—જનમનો જુઠો—રોગી—અભાગિયો વગેરે. જનમનું પાનું પડવું એટલે મરતાં સુધીનું. જનમની રોટલી—પેદાશ એટલે મરતાં લગી ખાધાં કરે તેવી—તેટલી, તેણે પ-

તાના જનમનું સાર્થક કીધું એટલે જનમ લિધાનું—જિવતરનું. જનમ સફળ કર્યો. નવો જનમ આવવો એટલે મરતાં બચવું; ઘાત જવી; મરવાની તૈયારીપર આવ્યા છતાં પાછું સાજું થઈ ઉઠવું. પેલે—આવતે જનમ એટલે મુવા પછી હરકોઈ જાતમાં જે જનમ લેવાનો તેમાં. પુનર્જન્મ—વારે વારે જનમ લગ્યાં કરવો તે; ચોર્યાસીનો ફેરો; ફરી ફરી જે જનમ મરણ થયાં કરે તે. 'જનમ આપે જનેતા પણ કરમ ન આપે કોય' એટલે મા તો જનમ આપીને ખમતી છે પણ તેનાથી કંઈ છોકરાંને નસીબ અપાતું નથી.

જનમત, ન૦ લોકમાં કોઈને વિષે બન્ધાયલું મત. ૨ ધર્મ—રાજ્ય સમ્બન્ધી લોકોનું જે મત તે.

જનમવું, ક્રિ૦ અ૦ છોકરાંએ માના પેટમાંથી બાર આવવું; અવતરવું; પેદા થવું. ૨ પ્રગટ—ઉદે થવું; નવું જાહેરમાં આવવું.

જનમગાંઠ, સ્ત્રી૦ વર્ષે વર્ષે આવતો જે જન્મદિવસ તે; વરસગાંઠ; સાલગરી.

જનમારો, પુ૦ જનમથી તે મરણલગીનો જે કાળ તે; બધી જિન્દગી; આખો ભવ.

જનમોતરી-ત્રી, સ્ત્રી૦ જે તિથિ વાર ઘડિ નક્ષત્રમાં જનમ થયો હોય તે ઉપરથી સાધી માંડેલા જે ગ્રહો તે ગ્રહોના યોગથી આખા જનમારામાં જે લાભ હાનિ—સ્થિતિ થવાની તે બતાવનારું કાગળનું ઓળિયું. ૨ આગળથી જાણીને બાંધી કરી રાખેલી જે વાત તે.

જનરીત, સ્ત્રી૦ લોકમાં ચાલતી જે રીત તે. [સ્વર્ગ.

જનલોક, પુ૦ [સં૦] સપ્તલોકમાંનો પાંચમો; એક

જનવાર્તા, સ્ત્રી૦ [સં૦] લોકમાં ચાલતી વારતા.

જનસ, સ્ત્રી૦ [આ૦] ચીજ; વસ્તુ; હરકોઈ ખપમાં આવતો પદાર્થ. ૨ સામાન; માલ; સોદો. ૩ દાગીનો; ઘરેણું; જવાહિર; સોનું રૂપું. ૪ જમેમાંથી ઉધાર બાદ કરતાં જે બાકી રહ્યું તે—માલ અથવા રોકડ; શિલક. જનસબાકી કેવાયછે.

જનસ પડી, સ્ત્રી૦ વેપારિયોમાં ૧૯ની સંખ્યાનો સંકેત છે. [શિલ્લક (રૂપિયા).

જનસાઉ-સુ, વિ૦ સાનમાં જનમ રાખીને આપેલા

જનાકારી, સ્ત્રી૦ [ફા૦] છિનાળું; વ્યભિચાર.

જનાજો, પુ૦ [ફા૦] મુસલમાન લોકોના મયતને જેમાં સુવાડી ઢંકણીને દફનકરવા—દાટવા લઈ જાય તે.

જનાનખાનું, ન૦ [ફા૦] મોટા ઘરનો જે એકાદ ભાગ બૈરાંઓને બેસવા ઉઠવા રેવાને માટે રાખ્યો હોય તે.

જનાની, વિ૦ બૈરાંના જેવી રીત ભાત—તબિયત રાખતું હોય તે. ૨ કાયર; હિમ્મત વગરનું; સ્ત્રીના (પુરુષના નહિ) ગુણ ધરાવતું. (એનું ઉલટું મરદાની).

જનાનો, પુ૦ [ફા૦] જનાનખાનામાં—ઓઝલમાં રેતાં જે બૈરાં તે. ૨ જનાનખાનું. [રમાં.

જનાબ, સ્ત્રી૦ [આ૦] ઊંચા દરજાવાળાને કોઈ વાત જાહેર કરતીવેળા અદબમાં બોલતાં એ શબ્દ વપરાયછે.—જનાબમાં=ખિજમત—સેવા—હજૂ-

જનાવર, ન૦ [ફા૦ જાનવર] માણસ સિવાયે બીજું જે હરકોઈ પ્રાણી તે; પશુ, પક્ષી, જીવજન્ત. તોપણ પશુ પક્ષીને એ શબ્દ વધારે લગાડવામાં આવેછે ને તેમાં પણ પશુ ઢોરને વિષે બોલતાં ઘણોજ વપરાયછે.

જનિત, વિ૦ ધા૦ [સં૦] જનમેલું; ઉત્પન્ન—પેદા થયેલું. ક્રોધ જનિત સન્તાપ—ગુસ્સાથી પેદા થયલો સન્તાપ, સમ્પત્તિ જનિત ગર્વ ઇ૦.

જનુન, સ્ત્રી૦ ગાંડો જોસ્સો; જોશવાળી હઠ. ૨ ધરમ સમ્બન્ધી વાતમાં વગર વિચારે ઘેલાં થઈ જોસ્સો બાહાર કાડવો તે.

જનુની, વિ૦ જેને જનુન હોય તે. (માણસ).

જનુની-નેતા, સ્ત્રી૦ જનની] જણતી; મા.

જનોઈ, ન૦-સ્ત્રી૦ બ્રાહ્મણ ક્ષત્રી ને વૈશ્ય એ ત્રણ જાતિના પુરુષના ડાબા ખભા ઉપર રાખેલો અને જમણાની નીચે લટકતો આવી રૂપનો ત્રણ તારનો એક એવો જે સુતરનો તાંતરો—તાંતણો તે. એવા ઘણામાં ઘણા પાંચ તાંતરા પેરવામાં આવેછે. ૨ દ્વિજપણું પામવાનો સંસ્કાર. જનોઈ દેવું એટલે જનોઈ પેરાવવાનો સંસ્કાર કરવો. જનોઈ દીઠ—એકેકું જનોઈ—એકેકો જનોઈવાળો બ્રાહ્મણ જોઈ જોઈને; જેને જનોઈ હોય તેનેજ બીજાને નહિ.—દક્ષણા, નોતરું વગેરે.

જન્ત, જન્તુ.

જન્તર, પુ૦ [યન્ત્ર] જે ધાતુની તખતીપર—કાગળ ઉપર ખાનાં—અક્ષર—આંકડા—મુર્તિ વગેરે પાડ્યું હોય અને જેની મન્ત્ર ભણીને પૂજા—આધના થતી હોય તે. જન્તર મન્તર કેવાયછે.

જન્તરડું, જતરડું.

જન્તુ, પુ૦ હલકી જાતનો પ્રાણી; ક્ષુદ્ર જીવ; જીવડો.—પછી છાતી ઘસતો અથવા ઉડતો.

જન્મ, પુ૦ [સં૦] જનમ, એ શબ્દ જોવો.

જન્મકુણ્ડલી, સ્ત્રી૦ [સં૦] જે લગ્ન—સમે જન્મ થયો હોય તે લગ્ન—સમેના ગ્રહ જોવાસારુ જે બાર રાશિનું ચક્ર લખી રાખે છે તે.

જન્મચરિત્ર, ન૦ [સં૦] જિન્દગીનો એહેવાલ; જનમથી તે મરણલગી જે જે કામો કીધાં હોય તેનું વર્ણન. [તારીખ.

જન્મદિવસ, પુ૦ જે દિવસે જનમ થયો તે તિથિ-

જન્મદેશ, પુ૦ [સં૦] જે દેશમાં જન્મ થયો હોય તે દેશ.

જન્મનામ, ન૦ [સં૦] જન્મ નક્ષત્રના સમ્બન્ધ ઉપરથી રાખેલું—પાડેલું જે નામ તે. [શબ્દ જોવો.

જન્મપત્રિકા-ત્રી, સ્ત્રી૦ [સં૦] જનમોતરી-ત્રી એ

જન્મપ્રભૃતિ, અ૦ [સં૦] જનમથકી માંડીને.

જન્મભાષા, સ્ત્રી૦ [સં૦] જનમથકી જે ભાષા બોલવા માંડી હોય તે; માની ભાષા.

જન્મભૂમિ, સ્ત્રી૦ [સં૦] જે દેશ—શેહેર—ગામ—ઘરમાં જનમ થયો હોય તે.

જન્મસ્વભાવ, પુ૦ [સં૦] જનમથી જે સ્વભાવ તે.

જન્માક્ષર, પુ૦ જન્મસમયે કુંડામાં માંડેલા જે ગ્રહ તે અથવા એ ગ્રહોને દેખાડનારું જે ટિપ્પણ તે.

જન્માન્તર, ન૦ [સં૦] બીજો જે જનમ તે. મુઆ પછી બીજો જનમ લેવો તે અથવા જનમતાં પેલાં કોઈ બીજો જનમ લીધેલો તે.

જન્માન્ધ, વિ૦ [સં૦] જનમથકીજ આંધળું તે-(પ્રાણી).

જન્માષ્ટમી, સ્ત્રી૦ [સં૦] શ્રાવણ વદ આઠેમ; કૃષ્ણનો જન્મદિવસ.

જન્મોજન્મ, અ૦ [સં૦] એકપછી બીજો બીજા પછી ત્રીજો એમ જે જન્મ—અવતાર લેવા પડે છે તે બધામાં; ભવોભવ. [—જપ કરનારો.

જપ, પુ૦ [સં૦] નામ, મન્ત્ર ઈ૦ નો મનમાં—મુખથી વારે વારે જે ઉચ્ચાર કરવો તે અથવા સ્તોત્રાદિકને વારે વારે ભણીજવું તે. જપમાળા—જપકરવાની માળા. જપતપ—જપ ને તપ. જપિયો

જપત, વિ૦ [આ૦ જબ્ત] માલીકની સત્તા ઉઠાડી સરકારે પોતાનાં કબજામાં રાખેલું હોય તેવું—માલ મિલકત વગેરે. જપત કરવું—સરકારે પોતાની સત્તામાં રાખવું.—થોડી વારસુધી અથવા હમેશને માટે.

જપતી, સ્ત્રી૦ જપત—કબજ કરવું તે; દાંચ; કબજબન્ધી. જપતી બેસવી—બેસાડવી—આવવી—આણવી—કરવી—ઉઠાડવી. દેણદારના ઘર ઉપર જપતી આવીછે.

જપવું, ક્રિ૦ સ૦ જપ કરવો; વારે વારે નામ લયાં કરવું; સ્મરણ કર્યાં કરવું; ધ્યાન ધરવું. માળા જપવી એટલે માળા ફેરવતાં નામ લયાં કરવું. ૨ વાટ જોયાં કરવી. [ધા ઉપર જપ્યા'.

જફા, સ્ત્રી૦ [પ્રા૦] જુલમ; સખ્તી; જબરદસ્તી. 'વ-

જબર, વિ૦ [આ૦] જોરાવર; બળવાન.—પ્રાણી. ૨ ઘણું; મોટું.—વરસાદ. ૩ મોટું; ભારી; અઘરું; મુશ્કેલ—કામ. ૪ ઘણુંજ દુઃખ દે તેવું; રિબાવે તેવું.—રોગ, પીડા વગેરે. [રનાર.

જબરદસ્ત, વિ૦ જોરાવર; વધારે બળ—વગ ધરાવનાર. ૨ જુલમગાર; સખ્તી—ગેરઈન્સાફી ક-

જબરદસ્તી, સ્ત્રી૦ અતીસેં જોર—બળ—મેહેનત—જોસ્સો. ૨ જુલમ; સખ્તી; ગેરઈનસાફીથી વાપ [રેલું જોર.

જબરી, જબરદસ્તી.

જબરું, જબર.

જબાં-જબાન, સ્ત્રી૦ [પ્રા૦] જીભ. ૨ બોલી; ભાષા.

જબાની, સ્ત્રી૦ સોગન લઈ મોંડેથી બોલીને આપેલી સાક્ષી; ઈકરાર; સોગન લઈને જે કંઈ કેહલું—લખાવેલું તે.

જબાપ-બ, જવાબ. [નાવરાને).

જબે-હુકરવું, ક્રિ૦ સ૦ જીવથી મારી નાખવું; ઠાર મારવું—કરવું. (ઘણુંકરીને ભોગ આપવાસારુ જ-

જબ્બર, જબર. [બકવું.

જભકવું-કીઉકવું, ક્રિ૦ અ૦ બીકલાગેથી ચમકવું; ઝ-

જભકોળવું, ઝબકોળવું.

જભ્ભો, જબ્ભો.

જભ્ભો, પુ૦ ઢીલો લાંબો ઝુલતો પાતળો રેશમી પોશાક—પાદરી, વકીલ, ઈનસાફદાર, અમીર, બાદશાહ વગેરે અધિકારિયો પેરે છે.

જમ, પુ૦ [યમ] મરણ થયા પછી જીવનો ન્યાય કરી સ્વર્ગે અથવા નરકે મોકલનારો દેવ. ૨ એ દેવના જે બિહામણા સેવક—દૂત જે જીવને જમની દરબારમાં લઈ જાય છે તે. મરતા માણસને જમ બિવડાવે છે અને પાપીને મારતા મારતા લઈ જાય છે એમ કેવાય છે. ૩ મોત; કાળ. ૪ બિહામણો વિકરાળ નિર્દય પુરુષ.

જમ, જેમ. (કવિતામાં).

જમડો, પુ૦ જમ. (૨ જા ૩ જા ૪ થા અર્થમાં).

જમણ, ન૦ [સં૦ જમન] જમવાના સુન્દર પદાર્થો. ૨ જમાડવું તે. ૩ દાડા—દશ જમણ થયાં પણ હજી

ગાંમથી નથી આવ્યા. [વા તે; ન્યાત; વરો.

જમણવાર, સ્ત્રી૰ ઘણા લોકને સાથે બેસાડી જમાડ-

જમણું, વિ૰ પૂર્વ દિશા સામું મોંકરી ઉભા રહીયે તો દક્ષણ દિશા તરફનો અને ઉત્તર દિશા સામું ઉભા રહીયે તો પૂર્વ દિશા તરફની આપણા શરીરની જે બાજુ તે દેખાડેછે—સમ્બન્ધી; ડાબાંનું ઉલટું. જમણો હાથ એટલે લોકને ઘણુંકરીને જે હાથે કામ કરવું વધારે ફાવેછે તે. જમણી બાજુ એટલે જમણાહાથ તરફની. [તે.

જમરુખડી-ખી, સ્ત્રી૰ જે ઝાડે જમરૂખ આવતાં હોય

જમરૂખ, ન૰ એક જાતનું ફળ; પેર.

જમલો, પુ૰ જુગમલો; એકઠું—ભેગુંમળીને. 'જમલો છે જો જો જગદીશ, તું પડછંદો ને તે ઈશ' (અખો).

જમવું, ક્રિ૰ સ૰ રાંધેલું ખાવું; ભોજન કરવું—(ફળ ખાવાં તે જમવામાં ન આવે—જમવામાં તો અન્ન માંસના પદાર્થો આવે). ૨ પૈસા કમાવા.—આજ કાલ તે બે હાથે જમે છે. ૩ લાંચ લેવી. તે, ફરિયાદી ને દાદી બન્ને પાસેથી ખૂબ જમેછે. ક્રિ૰ અ૰ જામવું.

જમા, સ્ત્રી૰ [આ૰] ઊપજ; આવક; પેદાશ; વસૂલ; નફો. ૨ આવકનું ભરાયું જેમાં એકઠું થતું હોય તે; ભંડાર; ખજાનો; તિજોરી.—'દેશની જમા—જમે ભરાઈ'. ૩ લેણદેણ—આવક જાવકના હિસાબ—ખાતામાં જે બાજુએ આવેલું નાણું લખાતું હોય તે બાજુ અથવા એ જે આવેલી રકમ તે. ૪ સરવાળો; બેરીજ. જમા—જમે કરવું એટલે આવકને હિસાબ—ખાતામાં જમાબાજુતરફ લખવી. ૨ એકઠું કરવું. જમાખરચ—આવક ને ખરચ.

જમાઇ, પુ૰ [સં૰ જામાતા] દિકરીનો વર.

જમાડવું, ક્રિ૰ સ૰ જમે તેમ કરવું; જમણ આપવું; ખવરાવવું. ૨ પૈસા પેદા કરાવી આપવા.

જમાત, સ્ત્રી૰ [આ૰] જથો; સમુદાય; સમવાય. ૨ એક પંગતે બેસીને જમવા જમાડવાનો વેવાર હોય તેવા વર્ગ; ન્યાત. [મુખી; સરદાર.

જમાદાર, પુ૰ [ફા૰] થોડા ઘણા સિપાઈઓનો ઉપરી. પછી પોલીસખાતામાં કે લશ્કરીખાતામાં. ૩

જમાદારી, સ્ત્રી૰ જમાદારનું જે કામ તે.

જમાન, જામીન. [કાળ.

જમાનો, પુ૰ [ફા૰] લાંબો વખત; જુગ; ઘણો

જમાબન્દી-ધી, સ્ત્રી૰ સરકારે દરેક બે—આસામી પાસેથી વરસે વરસે દરવીઘે આટલું લેવું એ જે મુકરર કરવું તે. ૨ દરેક ગામને માથે ઠરાવેલો જે આંકડો તેપ્રમાણે વસૂલ ભરાયુંછે કે નહિ તથા ખરચ કેટલો થયોછે તે સમ્બન્ધી જે હિસાબ તપાસવો તે.

જમાલગોટો, પુ૰ કોટલાં—ગોટામાં રહેતું એક જાતનું ફળ; નિપાળો. એ, જુલાબ—રેચ આણેછે.

જમાવ, પુ૰ એકઠું—એક જથે થવું—થયલું તે; ભીડ; ટોળું.—લોકનો જમાવ. ૨ એકઠું—એક ઠેકાણે હોવું તે; સઙ્ગ્રહ; ઢગ.—વસ્તુઓનો. ૩ એક બીજા સાથે મળવું—મળતું રહેવું તે અથવા મળીને રંગ ઉપજાવવો તે.

જમાવસૂલ, સ્ત્રી૰ [આ૰] દેશ—ગામોની ઉપજમાંથી જે રકમ સરકારમાં ભરાતી હોય તે.

જમાવવું, ક્રિ૰ સ૰ એકઠું—ભેગું તૈયાર કરવું. ૨ સામગ્રી એકઠી મેળવી મઝા પડે તેમ કરવું. ૩ દહીં કરવાસારુ દૂધમાં ખટાશ નાખવી અથવા ખટાશથી દૂધનું દહીં કરવું; અંતરાવું; આખરવું. ૪ પૈસા ભેગા કરવા. ૫ કામ ધન્ધો વધારી દેવો.

જમાવો, જમાવ.

જમિયો, જમૈયો.

જમીજવું, ક્રિ૰ સ૰ ખાવું; પેલું પેલું ખાઈ લેવું. ૨ લાંચ—રુશવત વગેરેથી નાણું ખાઈ જવું. ૩ દૂધમાં ખટાશ પડવાથી તે બન્ધાઈ જવું; દહીં થવું. ૪ એક બીજા સાથે મળી જવું—મળી જઈ રંગ ઉપજાવવો. ૫ માફક—અનુકૂળ આવવું; ચોકઠું બેસી જવું; બન્ધ બેસતું આવવું.

જમીદાર, જમીનદાર.

જમીદારી, જમીનદારી.

જમીન, સ્ત્રી૰ [ફા૰] પૃથ્વીના ગોળાપરનો પાણીનો ભાગ બાદ કરતાં બાકી રહેલો જે નક્કર ભાગ તે—જમીન ને પાણી એમ કેવાયછે. ૨ પઞ્ચતત્વમાનું એક; પૃથ્વી. ૩ પૃથ્વી—નક્કર પૃથ્વીના હરકોઈ થોડા ઘણો જે ખુલ્લો ભાગ તે—પછી તે ખેતર, રસ્તા, બાંધ એમ કોઈ પણ રૂપે હોય. જમીન, ભીની—પોચી, રેતાળ, સુકી; ખેતીવાડી સમ્બન્ધી—ગોરાટ, કાળી, ગભાણ;—વળી કયારડાની, ખરાબાની, ગૌચરની, જરાયત—કોરાટ—આકાશિયા, કુવેતર—બાગાયેત, એ પ્રમાણે હોયછે. જમીન કરવી એટલે મિલકતમાં જમીન રાખવી. ૨ જમીન—બાંધ દુરસ્ત કરાવવી; થા-

પ દેખડાવવી. જમીન છોડવી એટલે પોતાનું વતન છોડવું. ૩ મીન—હદ મુકવી. જમીન છોડવી એટલે ગીરો હોય તેમાંથી. જમીન માપવી એટલે જમીનની માપણી કરવી. ૨ જમીનપર ઠોકર ખાઈને પડી જવું. જમીન ને આસમાન એક થવી. પ્રલય—ગજબ થવો.

જમીનદાર, પુ૦ [ફા૦] જમીનની પેદાશ ઉપર જેનું ગુજરાન ચાલતું હોય તે ધણી; જેની મોટી મિલકત જમીન—ખેતરરૂપે હોય તે ગૃહસ્થ. પછી તે જમીન, ઈજારે લીધેલી, જાગીર—ઈનામમાં મળેલી, ગરાસમાં મળેલી અથવા જમાબન્દી પ્રમાણે વસૂલ ભરાતી હોય તેવી હોય. કેટલાક જમીનદારોને ગામના લોકો ઉપર દિવાની ફોજદારી અમલ ચલાવવાની સત્તા હોય છે. [તિ તે.

જમીનદારી, સ્ત્રી૦ [ફા૦] જમીનદારની જે સ્થિ-

જમીનદોસ્ત, વિ૦ ભાંગી તોડી—ખાળી ભાંય બરોબર કરી નાખેલું; ફનાફાતિયાં કરેલું; મૂળમાંથી ઉખેડી નાખેલું.

જમે, જમા: જમેઉધાર, વિ૦ જમા ને ઉધાર. આવેલું—જમાબાજુએ લખાયલું હોય તે અને ગયલું (પછી ખરચખાતે અથવા ઉછીનું—વ્યાજે આપેલું—જમાની સામેની બાજુએ લખાયલું હોય તે. ૨ એ રીતે હિસાબ રાખવો તે અથવા આવક જાવકનો હિસાબ રાખવાની જે રીત તે. આપણી સામે મુકેલા કાગળપર આપણા જમણા હાથ તરફની જે બાજુ તે ઉધારપાસું અને ડાબા હાથ તરફની જે બાજુ તેને જમા—જમેપાસું કે છે.—ને એ દેખડાવવાને, રકમ લખવી શરુ કર્યાની પેલાં આવી નિશાની કરી રાખવામાં આવે છે: જ———ઊ———
(જમે) (ઉધાર)

જમેબન્ધી, જમાબન્ધી. [કોશ રો.

જમૈયો, પુ૦ [અ૦] એક તરેહનું હથિયાર. વાં-

જમ્પ, ઝમ્પ.

જમ્પલાવવું, ઝમ્પલાવવું.

જમ્પાપાત, ઝમ્પાપાત.

જમ્વાજવું-તેડવું, જમવા જવું—તેડવું.

જમ્બુરો, પુ૦ [ફા૦] એક જાતની નાની તોપ. ૨ બાજીગરનો છોકરો.

જમ્બુક, પુ૦ [સં૦] શિયાળ; કોલું.

જમ્બૂર, પુ૦ ખીલા કાડવાનું એક ઓજાર.

જય, પુ૦ [સં૦] જીત; ફતેહ. એક બીજાને હરાવી —નરમ પાડી—નીચું પાડી પોતે ઉપરવાડિયું થવું તે. લશ્કરમાં—વાદમાં જય મેળવવો. એ શબ્દ, અવતારી—પ્રતાપી—પરાક્રમી પુરુષોના નામની પૂર્વે જોડવામાં આવે છે—જય અથવા જય જય રામચન્દ્ર એટલે જેણે મોટા મોટા જય મેળવ્યા છે એવા રામચન્દ્ર. જીત થઈ હોય તેવી સ્થિતિ; કલ્યાણ.—તારો જય થજો. જય જય કાર—જયાનન્દનો શબ્દ,—જીતનો પોકાર. [ધ્વજા.

જયન્તિ, સ્ત્રી૦ જે જે દિવસે અવતારી પુરુષોએ મોટા જય મેળવ્યા હોય તે તે દિવસ. ૨ પતાકા; ઝુંડો;

જયાનન્દ, પુ૦ [સં૦] જયથી ઉપજેલો જે આનન્દ તે.

જયી, વિ૦ [સં૦] જય મેળવનાર; ફતેહમન્દ.

જય્ય, વિ૦ [સં૦] જિતાય તેવું.

જર, પુ૦ [સં૦] રેશમસાથે ભેગી વણેલા સુનાંરૂપાંના છેકજ પાતળા તાર તે; કસબ. ૨ એવું જે વણતર તે. ૩ એવા વણતરનો, પાઘડીનો જે છેડો તે; પદર; તોરો. ૪ પૈસો; નાણું; દોલત; સોનું.-પછી રોકડ કે ડાંગીના. 'જર ચાહે સો કર', 'જર દેખી મુનિવર ચળે.' 'જર જોરૂ ને જમિન એ, કજિયાનાં મૂળ છે'.

જરકસી, વિ૦ સુતરઉ અથવા રેશમી કપડાંપર જર—કસબના બુટ્ટા વેલ વગેરે પાડેલાં હોય તેવું.—જરકસી જામો—ટોપી વગેરે. [પતરાં વગેરે.

જરકોસ, પુ૦ તાંબા પિત્તળના ભેગ વાળા—મોટા જરની બનાવટ.—જરકોસના જોડા, પિત્તળનાં

જરજર-રિયું, વિ૦ જીર્ણ; છેકજ ઘરડું થઈ ગયલું; ખખળી ગયલું. ૨ કાકાખુરી; ઘસાઈ ઘસાઈને તુટી—ખરી—નિકળી પડે તેવું થયલું; છેકજ જુનું.

જરજરિયાન, ન૦ રોકડ ધન અને ઘરેણાં.

જરજોખમ, ન૦ જર અને બીજું જોખમ.

જરતોસ્તી, વિ૦ જરતોસ્ત પેગમ્બરના ચલાવેલા ધરમને માનનારા.—પારસી લોક.

જરદ, વિ૦ [ફા૦] પીળું. 'લાલ લાલ તમ્બૂ ચાંપી જરદ કીનારી'.

જરદો, પુ૦ [ફા૦] કાચી પીવી સારુ તૈયાર કરી રાખેલો ખાવાનો પીળાશ પડતો તમાકુ. [કરનારો.

જરદોજ, પુ૦ [ફા૦] સુનાંના તારથી ભરત કામ

જરબ, પુ૦ [ફા૦] બપ; ધાક; દેહશત (મોટપણ—સત્તાથી બતાવવામાં આવે તે).

જરવું, ક્રિ૦ અ૦ પચવું; અગમ થવું. (ખોરાક).

જરા, સ્ત્રી૦ [સં૦] ઘડપણ; બુઢાપો; વૃદ્ધાવસ્થા. ૨

આગની કાંચળી.

જરા, અ૦ થોડું; લગાર; કંઈએક. ૨ થોડીવાર; જરાવાર.—જરા ઉભા રેની—જરાએ-કે, લગાર પણ; થોડુંએ. ૨ થોડાવાર પણ. જરાક—જરાએક—થોડું; લગાર.

જરાયુજ, વિ૦ [સં૦ જરાયુ—ઓર] ઓરનો પડદો ફાડી નિકળે તે અથવા જેના નિકળ્યા પછી ઓર પડે તે—પ્રાણી, મનુષ્ય, પશુ.

જરાયેત, વિ૦ વરસાદના પાણીથી જેમાં પાક થાયછે ને જેને કુવા વગેરેના પાણીની મદદ નથી તેવી (જમીન); કોરાટ; આકાશિયા. જરાયત ને બાગાયત—કુચેતર.

જરિયાન, ન૦ સુનાં રૂપાંના તથા જડાવ ઘરેણાં.

જરી-નું, વિ૦ કસબથી વણેલું તે—જરીકામ.

જરી, અ૦ જરા.

જરીપટકો, પુ૦ પેશવાના સૈન્યનો જરીનો વાવટો. ૨ એક મોટી પદવીના લશ્કરી સરદારને કમ્મરે બાંધવાનો જરીનો પટકો (પેશવાઈમાં).

જરીપુરાનાં, ન૦ જુનાં—ફાટાં તુટ્યાં જરી કામનાં કપડાં તે.—કિનખાબ, કિનારી વગેરે.

જરીદ, સ્ત્રી૦ [આ૦] જમીનની માપણી.

જરૂખો, ઝરુખો.

જરૂર, સ્ત્રી૦ [આ૦] કસ્યાવના નજ ચાલે ને ચલાવ્યું તો નુકસાન થાય એવી કામની જે હાલત તે; અગત્ય અગત; ગરજ. અ૦ ગમે તેમ કરીને; અવશ્ય; નક્કી; ખાસુખા.

જરૂરિયાત, સ્ત્રી૦ જરૂરનું કામ. ૨ ગફલત ન કરવી જોઈયે તેવો વખત.

જર્જર, જર્જર.

જલ, જળ; પાણી. ૨ ઝલ.

જલજ, ન૦ [સં૦] કમળ. ૨ શંખ. ૩ વાદળું; મેઘ. જલજા—લક્ષ્મી.

જલદ, વિ૦ [ફા૦] ઉતાવળું; ઝટપટથી—ઝટઝટ કામ કરનારું; ચાલાક; દોડવાળું. ૨ તીખું; આકરા મિજાજનું; ચડીજાય તેવું. [ઝપટથી; ત્વરાથી.

જલદી, સ્ત્રી૦ [ફા૦] ઉતાવળ; ઝપટ; તાકીદ. અ૦

જલધી, પુ૦ [સં૦] સમુદ્ર; દરિયો.

જલેબી, સ્ત્રી૦ ચાર મોટાં પકવાન કેવાયછે તેમાંનું એક. ખાજાં, ગેબર, લાડુ (કળીના) ને જલેબી. પરસુદીના લોટમાં ઘીનું મોણ દઈ માંહે દહીંનો ખમર નાખી બાંધી મુકવો ને ત્રીજે દાડે તેને એક છેદવાળા ઘોટામાં ભરી ઘીભરેલા તાવડામાં ચકરડાં રૂપે પાડવી અને પછી દોડ તારી ચાસણીમાં પાવી.

જલ્લદ, જલદ.

જવ, પુ૦ [સં૦ યવ] એક જાતનું ધાન્ય. એના લોટના રોટલા થાય છે. એ પવિત્ર ગણાય છે ને હોમ, તર્પણ, શ્રાદ્ધાદિક કર્મોમાં વપરાય છે—એ ઓસડમાં કામ આવે છે. એના ઘણી જાતના દારૂ થાય છે. ૨ એક જવની લમ્બાઈ જેટલું જે માપ તે;—છ રાઈના દાણા જેટલું; ઈંચનો તીજો હિસ્સો.

જવ, અ૦ [હિં૦] જ્યારે—(કવિતામાં).

જવઈ, જવૈ.

જવખાર, પુ૦ જવના છોડવાની—કડાના ફુલના ઝાડના લાકડાંની રાખને ગાળવાથી જે ખાર પેદા થાય તે. કડાના ફુલના ઝાડની જે સીંગ—બી તે ઈન્દ્રજવ.

જવન, [યવન] વેદધર્મથી ઉલટા ચાલનાર. ૨ ખાટકી.

જવરઅવર, જવાર અવાર.

જવલે-હલે, અ૦ કોઈક વખત; કદાચ; ક્વચિત્. જવલો—હલો—કોઈ એકજ; ઘણામાં જે એકાદો તે; વીરલો.

જવવું, ક્રિ૦ અ૦ રોગ—વિકારથી ખરી ન પડતાં ફુલનું ઉગી—ખીલી રેવું અને ફળનું ફળી રેવું તે. કાકડીને વેલે કાકડી જવતી નથી. ૨ માંખથી જીવ પેદા થવો. માખીયે આસન મુક્યું હોય તે જવેછે. અથાર જવેછે—માંખથી જીવ પેદા થાયછે.

જવાં-જવામર્દ, પુ૦ જુવાન મરદ; હિમ્મત ને બળવાળો પુરુષ; બાહાદુર.

જવાં-જવામર્દી, બાહાદુરી; પરાક્રમ.

જવાન, જુવાન.

જવાન પઠો, પુ૦ જુવાન, શરીરે ભરેલો—કદાવર અને છાતીવાળો માટીડો તે.

જવાની, જુવાની.

જવાબ, પુ૦ [ફા૦] કોઈયે કંઈ પુછ્યું—કહ્યું હોય તેને તે બાબત જે કેવું—જણાવવું તે; ઉત્તર. સવાલ ને જવાબ. ૨ આડતિયાના ઉપર લખેલા જે કાગળથી નાણાં મળે—ભરાય તે; હુંડીમાં મુદત લગી હોયછે ને તે હુંડી કરાવનારને આપવામાં આવેછે—જવાબ, જાહેરખબર લખાયછે.

જવાબદાર, વિ૦ [ફા૦] જવાબ દેનાર; જેને માથે જવાબ દેવાનું—જોખમ હોય તે.

જવાબદારી, સ્ત્રી૦ [પ્રા૦] સવાલનો જવાબ વાળવાનું, દેણ-ફરજ અદા કરવાનું, બજાવવાનું કામ બજાવવાનું માથે લીધેલું હોય તે; જોખમ; જુમ્મો. કેટલાક વિદ્વાનો ઈશ્વરનું અસ્તિત્વ માને છે પણ જીવની જવાબદારી માનતા નથી.

જવાબી, વિ૦ જવાબ લખ્યો હોય તેવી (હૂંડી). ૨ પુછેલા સવાલના તરતના તરત જવાબ દઈ શકે તે; હાજર જવાબી. [ણું જવું આવવું થાયછે.

જવાર અવાર, સ્ત્રી૦ ઘણીકવાર જવું આવવું તે; તેની તેને ત્યાં જવારઅવાર છે—તેનું તેને ત્યાં ઘ-

જવારા, પુ૦ નવરાતરમાં માતાના—કુંભના—કળશના ચોરા—ઓટલીપર છાંટેલાં અનાજના જે છોડવા ઉગી નિકળે છે તે. ટોપલીમાં માટી ભરી તે ઉપર ભાત ઘઉં નાખેથી પણ જવારા ઉગી નિકળે છે. જુવારા.

જવાસા-સો, પુ૦ ચૈતર વૈશાખમાં કાળી જમીનમાં અથવા નદીયોને કાંઠે રેતીમાં થતા કાંટાવાળા એક જાતના છોડવા. એ ચોમાસામાં મરી જાય છે.

જવાહીર-હેર, ન૦ [અા૦] હીરા માણેક વગેરે;- જડાવ ડાગીના, મોતી એવી બધી ચાજો તે. [માળાતે.

જવાળી, સ્ત્રી૦ જવના જેવા સુનાંના દાણાની જે

જવું, ક્રિ૦ અ૦ [સં૦ યાન] પગે ચાલીને-વાહને ચડીને એક જગેથી બીજી જગોએ પોંચાય તેમ કરવું અથવા તેવું કરવાનો ઉદ્યોગ કરવો. તેનો આજ ત્રણ વાગે આગબોટમાં બેસીને સુરત જવાનો વિચાર છે. (જવીનું ઉલટું આવવું. એક ઠેકાણેથી જવું એટલે જ્યાં જઈ પોંચવું (પણ આવવું કેવાય). ૨ પાસેથી જતું-ખસતું થઈ રેવું; ખોવાવું; નાશ થવો.-કાલે મારી પાંચ ચોપડીમાંની એક ગઈ; ખાણુ ગઈ. ૩ ગુજરવું; વટવું. બોલવું હોય તો બોલી દે મારે વખત થઈ જશે. ૪ અન્દર પેસી રેવું; સમાવું; માવું—પુરીમાં ઓછામાં ઓછું પાંચ શેર ઘી જશે. ૫ આડે રસ્તે ઉતરી પડવું; ખરાબ થવું.-તારો છોકરો હાથથી જશે-વળી જશે. તે વૈરી હવે છેક ગયો છે; તે કવિ હવે અભિમાનને વેર ગયોછે. ૬ વાત બનવી; અઘટિત કામ થવું-(ઘણું કરીને નજરચૂકથી) મારાથી બોલાઈ તો ગયું હવે જે થનાર હોય તે થાઓ. ૭ બાદ થવું. સવાપાંચમાંથી આઠી જશે તારે પોણાબણ રેશે. ૮ ગુણ -શક્તિ ખોવી.—ઓછું જવું. તે ઔષડનો ગુણ જતો રહ્યો છે; મન્દવાડથી તે ઘણો નબળો થઈ ગયોછે; તેનો હાથ ઓચાઈ ગયોછે. ૯ એકપરથી બીજાં પર બેસવું-કોઈની પછવાડે જવું. હવે તેનું દીલ પૈસા તરફ ગયુંછે; તેની નજર ગમવાપર ગઈ છે. ૧૦ વચન તોડાવું-મુકાવું.- શું મારું પણ જશે? ૧૧ ગુલ થવું; ન દેખાવું. દીવો ગયો. ૧૨ સ્ત્રી સાથે સોબત કરવી. જ્યાંસુધી ઓસડ ખાવું ત્યાંસુધી બૈરી પાસ જવું નહીં. ૧૩ નહારા છન્દથી ઘરબાર છોડી દેવાં. પેલી વાણિયેણ મુસલમાન સાથે નિકળી ગઈછે. ૧૪ ક્રિયાનું જારી રાખવું બતાવે છે. ઓસડ લપોજજે; જેમ જેમ જોઈશે તેમ તેમ હું તને ખરચવાને આપતો જઈશ. ૧૫ આઈ પ્રત્યયવાળા ધાતુયો સાથે જોડાયછે. તે કેરી દૂર લઈ જા નહિ તો સઘળી મારાથી ખવાઈ જશે. ૧૬ નક્કી કરવું-બજાવવું એ અર્થમાં આગ્રારૂપે વપરાયછે. રૂપિયા લઈ ગયાને ઘણા દાહાડા થયાછે માટે હવે તે પાછા આપીજા. જવાનું-નુકસાન થવાનું. તારે ગમે તે કરની-હું તો કેવાનો ધણી બાકી મારું શું જવાનું છે? મારે થોડીજ દરકાર છે. ગયું તે ગયું-ગઈ ગુજરી તે પાછી બનતી નથી. જવા- બેસવું-જવાના તૈયારી થવી-જતું રેવું. તેનું હવે સરવસ જવા બેઠુંછે. જવું. જ્યારે સહાયકારી ક્રિયા બતાવેછ ત્યારે તેમાં ઉતાવળનો અર્થ રહ્યો હોયછે. જતું કરવું—જાય તેમ કરવું—દીસતું રે તેમ કરવું. જતું રેવું—પાસેથી ચાલી જવું. ૨ ખોવાવું. જતું— જનાર. "જતાના જનૈયા ને વળતાના માંડવિયા". 'આખું સમાય પણ ગયું ન સમાય'.

જવેર, જવાહીર; ઝવેર; રત્ન.

જવેરાત, ન૦ જવાહીર; જડાવ ડાગીના.

જવેરી, ઝવેરી. [પા—બાલા થાયછે.

જવૈ, સ્ત્રી૦ એક જાતનો છોડ—એનાં ખરું, અરિ-

જશ, પુ૦ [યશ] મોટું—અઘરું કામ કરેથી લોકમાં જે કીર્તિ આબરુ મળે છે તે; વખાણ. ૨ લોકમાં તારીફ થાય તેવી રીતે કોઈ કામ પાર- પાડવું—કામનું ફેંસલ આવવું તે. 'તેના કરમમાં જશ છે'. [જસત કેવાય.

જસત, ન૦ રૂપે અને સીસું એ બે મુખ્ય અને બીજી કેટલીક હલકી ધાતુની બનેલી જે મિશ્ર ધાતુ તે. જેમાં સીસાંનો ભાગ ઘણો હોય તે હલકું

જસતા, સપ.

જસાં, જેવાં. 'પગ આંગળાં વાળ્યાં ચમ્પાકળી જસાં રે લોલ'. (કવિતામાં). **જસું**—જેવું.

જહાં, જે ઠેકાણે; જ્યાંહ.

જહાંપનહા, વિ૦ [ફા૦] દુનિયાનું સંરક્ષણ કરનાર, એ ખિતાબ રાજા અમીરને બોલાવતી—લખતી વેળા વપરાય છે. [જહાન.

જહાન, સ્ત્રી૦ [ફા૦] દુનિયાં—આ જહાન ને પેલી

જહાનમ, ન૦ [આ૦] નરકકુણ્ડ; દોજખ.

જહીં, અ૦ જે ઠેકાણે; જ્યાં.

જળ, ન૦ [સં૦ જલ] પાણી; ઉદક; નીર. [જીવડો.

જળકીડો, પુ૦ પાણીથી થતો અથવા પાણીમાં રેતો

જળકુંડું, ન૦ ચન્દ્ર અથવા સૂર્યના બિમ્બની ચાર પાસ ફરતું જે કુંડાળું થાય છે તે. ચન્દ્રની આસપાસ ઉજળું કુંડાળું વાદળાંમાંથી પાણી ટપકવાથી અને તેમાં કિરણો પડવાથી થાય છે.

જળકુકડી, સ્ત્રી૦ પાણીમાંના જીવડા ખાઈને જીવતું એક પક્ષી; એક જળચર પક્ષી. [બતકી વગેરે.

જળક્રીડા, સ્ત્રી૦ પાણીમાં ક્રીડા-રમત કરવી તે. નાના પ્રકારે તરવું-નાવું-હોડી ચલાવવાની રમત

જળચક્કી, સ્ત્રી૦ પાણીના જોરથી ફરતી ચક્કી-ઘંટી.

જળચર, ન૦ [જલચર] પાણીમાં રેનારૂં પ્રાણી.

જળજન્તુ, પુ૦ પાણીમાંના જીવજન્ત.

જળજાંબુવો, પુ૦ નદીના કિનારાપર થતો એક જાતનો છોડવો. [ના: સજસજું.

જળઝળિયું, ન૦ આંખમાં પાણી ભરાઈ-ઝરી આવવું તે; આંસુ પડવાની તૈયારી થવી તે. ૨ દિના-

જળતરંગ, પુ૦ [જલતરંગ] પાણીનો તરંગ-મોડો-મોજો; પાણીની લેહેર. ૨ કાચના પ્યાલાઓમાં પાણી ભરીને એ ધાતુને સળિયે પ્યાલા વગાડી તેમાંથી રાગ કાડવો તે. એ પ્યાલા એમનાએમ અથવા કોઈના ગાણાની સાથે સુર તાલમાં વગાડવામાં આવેછે.

જળદાહ, પુ૦ મુડદાંને પાણીમાં નાખી દઈ તેમાંના જીવાથી તે ખવાઈ જાય તેવું કરવું તે.

જળન્દર, ન૦ [જલોદર] પાણી ભરાવાથી પેટ મોટું થયું હોય તે રોગ.

જળપાન, ન૦ પાણી પીવું તે. [હોય તેવું.

જળમય, વિ૦ પાણીથી વિટળાયલું; પાણી વડી ભરેલું

જળમાણસ, ન૦ પાણીમાં રેતું વંતિયું માણસ. પાતાળમાં વેંતવેંત જેટલાં પણ બાકી શુદ્ધ માણસના આકારના પ્રાણીઓ વસે છે એવું લોકો માનેછે. (કલ્પના). કેટલે કે ઘણીવાર કુવા વાવ ગોદતાં એમાં પ્રાણિઓ નિકળેલાં અને પછી થોડીવાર જીવેલાં માલમ પડેલાં છે.

જળમાર્ગ, પુ૦ પાણીનો રસ્તો; પાણીમાં થઈ જવાય એવો જે દરીયાનો રસ્તો તે. (એનું ઉલટું પગ રસ્તો અથવા ખુશકી).

જળવાસો, જવાસો.

જળવું, ક્રિ૦ અ૦ [સં૦ જવલતિ] બળવું એ શબ્દ બળવાના પર્યાય દાખલ સાધારણ વેવારમાં વપરાતો નથી—ધિક્કારમાં જયાં બળો તે એમ વપરાયછે. ત્યાં જળો તે એમ વપરાયછે ખરૂં. બળ્યું જળ્યું એટલે બળેલું ને સળગાઈ ગયલું.

જળશાઈ, વિ૦ પાણીમાં ડુબાડેલું હોય તેવું. ગણપતિને જળશાઈ કર્યા. ૨ સ્ત્રી૦ પાણીમાંની સેવાળ.

જળાધારી, સ્ત્રી૦ પથ્થર—ધાતુ વગેરેનો ઘાટ જેમાં શિવલિંગ બેસાડવામાં આવે છે તે. જળાધારીવાનું લિંગ હોયજ નહિં [ગયા.

જળાપો, પુ૦ બળાપો; દુઃખ. ૨ અદેખાઈ; અગ્ની.

જળાભાસ, પુ૦ પાણી છે એવું ખોટું દેખાવું તે. ૨ મૃગતૃષ્ણાજળ. [નદિ, સાગર.

જળાશય, પુ૦ [સં૦ જલાશય] જ્યાં પાણી હોય તે ઠેકાણું—કુવો, વાવ, તળાવ, સરોવર, કુણ્ડ.

જળો, સ્ત્રી૦ [જલૂકા] એક જાતનો કાદવ—કળમાં રેતો જીવડો. નઠારું લોહી ચુસાડીલેવાસારુ વૈદ એ જન્તુને દરદ ઉપર મુકેછે. એ શબ્દ અનેકવચનમાંજ વપરાય છે. જળો મુકવી—મુકાવવી કેવાયછે. ૨ એક જાતના વેલા.

જળોવું, ન૦ ગુમડું મટી ગયા પછી જે ચાઠું રેછે તે. ૨ બે બારણાંના પાટિયાં જડેછે તેની તડ પુરવા સારુ લાકડાનું જે બ્યાટિયું (ચીપ) જડવામાં આવેછે તે; પાટિયાંના—સાંધાના ભાગેલા ભાગને સાંધાની પાટીના જે કકડાથી જડી લેવો તે.

જાંખવું-ખીલવું, જાંખાં દર્શન કરવાં; થોડુંઘણું જોઈલેવું. [જર કરી લેવી તે.

જાંખી, સ્ત્રી૦ જાંખાં દર્શન કરવાં તે; થોડાઘણી નજ-

જાંખુ, વિ૦ બરોબર—સાફ—ખુલ્લું ન દેખાતું હોય તેવું.—મારી આંખે જાંખું દેખાય છે, પાઘડીનો રંગ જાંખો પડી ગયો. ૨ હાર—શરમથી ફીકું પડી ગયું હોય તેવું; ઉતરી ગયલાં મોડાંનું.—સભામાં વાદ કરતાં તે બચારો જાંખો પડી ગયો.

જાંગ, જાંઘ.

જાંગડ, વિ૦ મૂલ આપેલું—લિધેલું નહિ—સોદો ક્રેલો નહિ પણ જોવા—રાખવા આપેલું હોય તેવું.—જાંગડમાલ પાછો આપાય લેવાય; હિમ્મત નકી કરી રાખેલાં તે જાંગડ—મુદતપછી વેચાણ ગણી થાય.

જાંગલો, પુ૦ ગોરી ચામડીનો ટોપીવાળો.

જાંગી, પુ૦ મોટો ઢોલ.

જાંઘ, સ્ત્રી૦ [સં૦ જઙ્ઘા] કમ્મરનું હાડું અને પગનો નળો એ બેની વચગાળનો—પેડુની નીચેનો અને ઘુંટણની ઉપરનો જે જાડો માંસવાળો ભાગ તે. જાંઘના થેપાં—જાંઘના થાપા એટલે જાંઘની ઉપરનો માંસવાળો જાડો ચપટો ભાગ.

જાંઘિયો, પુ૦ જાંઘ ને ગાંડ ઢંકાય તેટલું અને જેડું બેસતું આવતું એવું સીવેલું વસ્ત્ર તે; તઙ્ગિયો.

જાંબુ, ન૦ [સં૦ જમ્બુ] કાળું પણ માંયથી લાલ સુરખી મારતું એક જાતનું ફળ. જાંબુઓ રંગ.

જાંબુડી, સ્ત્રી૦ બાળક છોકરાનું હાથમાં ઝાલી રાખવાનું હાંથીદાંત—લાકડાનું રમકડું. એ મુઠી જેટલું અથવા જરા વધારે લાંબુ હોય છે. ૨ જાંબુડા આવતાં હોય તે ઝાડ.

જાંબુડો, પુ૦ જાંબુડી (૨ જા અર્થમાં) 'જાંબુડે જઈશ મા બીજએ જાંબુડે જઈશ મા, જાંબુડે જાય તો જાંબુ ખાઈશ મા ભરવાડિયા'.

જાં, અ૦ જે ઠેકાણે જે જગોએ.

જાંલગી-સુધી, અ૦ જગા—વખતની હદ બતાવે છે. જાંલગી ચલાય તેટલું ચાલજે; જાંસુધી પાંચવાગે ત્યાંસુધી ત્યાંથી તું જરા આઘો ખસીશ નહિં.

જા આવ, સ્ત્રી૦ જવું ને આવવું તે.

જાઈ, સ્ત્રી૦ [સં૦ જાતિઃ—તી] એક જાતના ખુશબોદાર ફુલનો છોડ—અથવા તેનું ફુલ. એનેજ મળતી એક બીજી જાત છે તે જુઈ કેવાય છે.

જાગ, [યાગ] જગન. ૨ માતા; રન્ના દેવ. [માનઈ૦.

જાગતું, વિ૦ ઊંઘમાં ન હોય તેવું. ૨ હોશિયાર; ખબરદાર; સાવધ. ૩ તરત પારખું બતાવીદે તેવું; હજુરા હજુર. જાગતી દેવી જાગતો હર-

જાગતું જોત-ત, વિ૦ તરત પારખું બતાવે તેવું.—દેવ, દેવી. તરત ફળ આપે—ગુણ કરે તેવું.—ઓષધ, મન્ત્ર, ઓસડ. ૨ ઊંઘતું ન હોય તે. ૩ હોશિયાર; સાવધ.

જાગરણ, ન૦ જાગવું તે. ૨ અગિયારસ, જન્માષ્ટમી, શિવરાત્રિ વગેરે પુણ્યતિથિએ આખી રાત જાગતાં પ્રભુ ભજન કરવું તે.

જાગરુત, વિ૦ [જાગૃત] જાગતું; ઊંઘતું ન હોય તે. ૨ સાવધ; હોશિયાર. [પણું.

જાગરુતી, સ્ત્રી૦ [જાગૃતિ] જાગતાપણું. ૨ સાવધ-

જાગવું, ક્રિ૦ અ૦ ન ઊંઘવું; ન સુવું. ૨ ઊંઘમાંથી—ઊંઘી ઉઠવું. ૩ હોશિયાર—સાવધ થવું—રેવું. ૪ ધ્યાનવન્તું—પોતાનાં કામપર તત્પર થવું. ૫ અજ્ઞાન ટાળી જ્ઞાન પામવું. ૬ જૂનું તે પાછું તાજું થવું—સુઈ ગયલી વાત પાછી જાગી છે.

જાગીર, સ્ત્રી૦ [ફ્રા૦] લશ્કર રાખવાના અને એવા બીજા કોઈ ખરચ કરવાના બદલામાં સરદાર વગેરેને સરકાર જે જમીન—ગામો આપે તે. ૨ દેવપૂજાનો ખરચ ચાલ્યો જાય તેને અર્થે જે ગામ વગેરે આપવામાં આવે છે તે: વર્ષાસન; ઈનામ. જાગીર—કોઈપણ રીતનાં થતાં કામને બદલે છે ને ઈનામ તો થયલાં કામને બદલે છે. જાગીરની પેદાશમાંથી કેટલીક ખરચ કરવાની સરકાર ફરજ પાડે છે ને ઈનામમાંથી ખરચ કરવાને સરકાર ફરજ પાડી શકતી નથી. [વળી.

જાગીરદાર, પુ૦ જેને જાગીર હોય—મળી હોય તે

જાગૃત, વિ૦ [સં૦] જાગરુત.

જાગૃતિ, જાગરુતી.

જાગ્રદવસ્થા, સ્ત્રી૦ [સં૦] જાગતી હાલત; સર્વ વસ્તુનું જ્ઞાન—ભાન થતું હોય તે અવસ્થા.

જાચક, વિ૦ [યાચક] માગનાર; ભીખ માંગનાર; ભિક્ષુક. [તે; ભિક્ષા.

જાચના, સ્ત્રી૦ [યાચના] માગવું તે; ભીખ માગવી

જાચવું, ક્રિ૦ સ૦ માંગવું; ભિખવું; ભીખ માંગવી.

જાચાવેડા, પુ૦ જાચાંપણું.

જાચીક, જાચક.

જાચું, વિ૦ સામાને ચીડ ચડે-કંટાળો આવે તેવી રીતે કરગરી-કાલાવાલા કરી અને એમ કરતાં આવું અવળું સમજાવી કામ કાઢી લેનાર; ધાર્યું પાર પાડે ત્યારેજ ખપાળ-કેડો મુકે બાકી ત્યાંસુધી પગે હાથે લાગે તે. જાચો, જાચી, જાચું (માણસને લાગે છે). જાચું વેળાએ કામનેપણ લાગે છે.

જાજમ, સ્ત્રી૦ નીચે-ભોંયપર પાથરી બેસવાનું લામ્બું પોળું જાડું રંગીત પટાદાર કાપડ; સેતરંજી.

જાજ્વલ્યમાન, વિ૦ [જાજ્વલ્યમાન—પ્રકાશતું—પ્રતાપી] ઝળકતું; પરતાવાળું; તરત પારખું દેનારું.—(દેવ

હેાી વગેરે). ૨ આકરા મિજાજનું; કડક; ગફલતમાં ન રહેતાં ગફલત કરનારને ધમકાવી નાખે તે (માણસ). ૩ પરાક્રમી; પ્રતાપી. ૪ ભભકા—દબદબાથી ભરેલું; મહાભારત જેવું વરી ગયલું (કામ).

જાજરૂં, વિ૦ બચાડું; પામર. “જાજરો જીવ જુગત શું કરે, પ્રકૃતિ પાપીણી પૂઠે પડે” (અખો).

જાજરૂં—રૂ, ન૦ તાજખાનું; પાયખાનું; સંડાસ; સન્ડાસ.

જાજુલમાન, [જાજવલ્યમાન] જાજરમાન. “તે કરે સોમવલ્લીનાં પાન, તેજેશ્વરી ઋષિ જાજુલમાન” (પ્રેમાનંદ).

જાડ, જાડાંપાસું.

જાડાઈ, સ્ત્રી૦ જાડાપણું.

જાડું, વિ૦ [જડ—જાડ્ય ઉપરથી] અંગે ભરેલું; લોહી માંસવાળું; ફુલેલું પછી મજબુત કે પોચું. (માણસ). ૨ દળવાળું; ઘાંપ ભરેલું—સંગીન—ભારે હોય તેવું. (લાકડું). ૩ ઘટ; ભરેલા કુમાસનું. (કપડું). ૪ કઠણ થઈ ગયલું. (ઝાડનું છોડું, ફળની છાલ વગેરે). ૫ પ્રવાહી પણ ઘણી ચિકાસવાળું (દૂધ શિખરડ વગેરે). ૬ ખોખરૂં; ભરેલું. (બોલવું. જાડો અવાજ). ૭ (લાક્ષણિક) જલદીથી સમજે નહિ—શિખે નહિ તે; સમજશક્તિની કાચી બિડાયલી રહી હોય તેવું (જાડી બુદ્ધિ).

જાણ, સ્ત્રી૦ [જ્ઞાન] જાણવું તે. ૨ ખબર; માહિતી. જાણવિજ્ઞાન—માહિતી; ઓળખાણ.

જાણણહાર-રો, જાણનારો. [વનારો.

જાણભેદુ, પુ૦ અન્દરથી જાણતો પણ બ્હારથી છુપા-

જાણવામાં-ણ્યામાં-ણ્યામેળે, અ૦ જેટલી જાણ છે તે ઉપરથી—તે પરમાણે—તેને સુમારે. [ણેની.

જાણવું, ક્રિ૦ સ૦ [સં૦ જ્ઞા—જાણવું] જોઈ—સાંભળી—સુંઘી—સ્વાદ લઈ—અડકીને હરકોઈ ચીજ વિષે તે શું છે—તે કેવી છે—તેના થી ખાસિયત છે વગેરે સમજવું; જ્ઞાન પામવું. ૨ ઘણા દહાડાને લીધે વિસરી ગયલું પાછું સમ્ભારવું; પિછાનવું. ૩ કબૂલ કરવું; વિસરી ન જવું; માનવું. (ઉપકાર જાણવો). કોણ જાણે તેણે શું કાળું કીધું હશે એટલે કહેનારો તો નથી જાણતો. વળી કોણ જાણે એટલે કોને જાણવાની દરકાર છે? હશે. ગમે તેમ

જાણીજોઈ-બુજી-સમજી, અ૦ ખાતરી થયા છતાં; પૂરૂં જ્ઞાન છતાં; ઈરાદાથી; નક્કી વિચાર કરીને.

જાણીતું, વિ૦ જાણવાળું. ૨ વિદ્યાં હુન્નર શિખેલું. ૩ હોશિયાર; કાબેલ.

જાણે-ણેકે, અ૦ આમ હોયની શું, આમ ધારિયે કે, સમજોકે, એવો અર્થ રાખેછે. એ ઉત્પ્રેક્ષા દેખાડનારો શબ્દ છે—જાણે કે પૂનેમનો ચન્દ્રજ પ્રકાશી રહ્યો હોયની શું તેવી તે આ પોતે શોભીને ઘરને શોભાવે છે. જાણે તે કામ કાલે કર્યું હોય તો ન ચાલે? [વના ભાન ન પડે.

જાત, સ્ત્રી૦ [જાતિ] દેશ ધર્મ ઉપરથી લોકના જે જુદા જુદા વર્ગ બન્ધાયલા તેમાંનો એકેક. બઙ્ગાલી, ગુજરાતી, એ, પ્રાંત દેશ ઉપરથી લોકની જાત; હિન્દુ, મુસલમાન, ક્રિશ્ચિયન એ ધર્મઉપરથી જાત; સુથાર, લુહાર, મોચી એ કર્મ ઉપરથી જાત. ગુણ કર્મ ઉપરથીઃ—બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય ને શૂદ્ર. ૨ રૂપ રઙ્ગ ખાસિયત ઉપરથી વસ્તુઓના જે જુદાજુદા જથા બન્ધાયલા તેમાંનો એકેક અથવા એ એકેકના પાછા નાના નાના પરગો કરેલા તેમાંનો પાછો એકેક. ૩ જન્મ સ્વભાવ; અસલ ખાસિયત. ૪ તુકમ; બીજ; બાપની જાત.—વળી તું તારી જાત પર ગયો? ૫ શરીર; તન; બદન. ૬ પોતાનું શરીર; પોતે.—આપણે નઠારા તો આપણી જાતને ભારે પડીશું તેમાં તેઓનાં બાપનું શું જાય છે. આપણી જાતને—આપણને—પોતાને. જાતે—પોતે (તમે જાતે આવજો). જાતે ને જીવે—એકલું; એકપોતેજ (એ જગમાં બાવું કોઈ નથી). જાતે—જાતનું. તે જાતે બ્રાહ્મણ છે. ‘જાત-

જાત, વિ૦ ધા૦ [સં૦] ઉત્પન્ન—પેદા થયલું. જલજાત (કમળ), જાતપક્ષ (પક્ષી) ને જાતદર્પ (મનુષ્ય) વ૦.

જાતકર્મ, ન૦ [સં૦] સોળ સંસ્કારમાંનો એક—તરતના જન્મેલાં બચ્ચાંને તેની નાળ વાઢ્યાની અગાઉ સુનાને ચમચેવતી ઘી આપવું તે.

જાતભાઈ, પુ૦ તેજ જાતનો જે પુરુષ તે; નાતીલો.

જાતરા, જાત્રા.

જાતવન્ત, જાતવાન. [ચી કિમતનું.

જાતવાન, વિ૦ ઊંચાં વીર્ય—બીજનું. (ઘોડો). ૨ સારા કુળનું; કુલીન; મોટાં ખાનદાનનું; ખાનદાર. (માણસ). ૩ સરસ; રૂડાં ગુણ ધરાવતું; ઊં-

જાતિ, સ્ત્રી૦ [સં૦] વર્ણ; વર્ગ; જ્ઞાતિ; જથો. ૨ કુળ; વંશ. ૩ સરખો આંકડો (ગણિતમાં). જાત શબ્દ જોવો.

જાતિભેદ, પુ૦ આપણે એક જાતના નહિ પણ જુદી જુદી જાતના છેએ એવો જે ભેદ અન્તર રાખવો તે.

જાતિભ્રષ્ટ, વિ૦ જાતના આચારથી ભ્રષ્ટ થયલું; પતિત. જાત બાહાર તે.

જાતિસ્વભાવ, પુ૦ [સં૦] જાતનો સ્વભાવ. ૨ જનમનો જે સ્વભાવ તે. ૩ ખાસ ગુણ.

જાતીય, વિ૦ [સં૦] જાત સમ્બન્ધી. સ્વજાતીય—પોતાની જાતનું અને વિજાતીય—જુદી જાતનું.

જાતીવેવાર, પુ૦ જાત જાતનો જે જુદો જુદો વેવાર તે. એક જાતે બીજી જાતજોડે ખાવાપીવાનો વેવાર રાખવો તે.

જાત્યન્ધ, વિ૦ [સં૦] જનમથી આંધળું હોય તે.

જાત્યભિમાન, ન૦ [સં૦] પોતપોતાની જાતનું જે અભિમાન તે.

જાત્રા, સ્ત્રી૦ [યાત્રા] સ્નાન પૂજા ધર્મદાન કરવાને માટે પવિત્ર સ્થળોએ જવું—જઇ ફરવું તે; પવિત્ર તીર્થ—ક્ષેત્રમાં જઇ ક્ષૌર, તીર્થસ્નાન, દેવદર્શન, બ્રાહ્મણ ભોજન વગેરે જે કર્મ કરવાં તે; જે જે દેવતાનો જે જે નિયમિત દિવસ હોય તે તે દિવસે ભક્તજનોએ દર્શન કરવાને જવું તે. ૨ એવે દહાડે દેવ મહાપુરુષ નિમિત્તે જે મોટો સમારમ્ભ થાય છે તે. ૩ એવે દહાડે જે મોટો મેળો ભરાય તે.

જાત્રાળુ, વિ૦ જાત્રા કરવા જનાર.

જાયુ-ક, અ૦ હમેશ ?—ચાલ્યાં કરે તેમ. જાયુનું—કનું—હમેશનું; ચાલ્યાં—નીકળ્યાં કરે તેવું.

જાદરણી-રણી, સ્ત્રી૦ વરની જાનમાં વરની તરફથી સઘળી જે સ્ત્રી તે.

જાદા, અ૦ [આ૦] વધારે.

જાદી, સ્ત્રી૦ [ફા૦] દિકરી; બેટી. શાહજાદી.

જાદુ-દૂ, ન૦ [ફા૦] મરી ગયલા જીવોની (ભૂત પિતૃ વગેરેની) પાસે અથવા દેવ દેવીયોની પાસે માણસનાં કામ અથવા અજાયબ જેવાં મોટાં કામો કરાવવાની જે વિદ્યા તે; વીરમન્ત્ર; મેલી વિદ્યા—સાધના; મોહિની; મૂઠ; ચેટક; મારણ જારણ; મન્તરમન્તર; ઇલમ; નજરબન્ધી; ટુચકો; ટોણો. ૨ સાધારણ બુદ્ધિના લોકથી ન સમજાય—અચરજ લાગે એવી કૃતિયો; કારણ—જુગતી ન માલમ પડે તેવા અજાયબ જેવા પ્રયોગો—ખેલ; જાદુઇવિદ્યા.

જાદુગર-રી-ગર, પુ૦ જાદુ મન્ત્ર જાણનારો. ૨ અજાયબ ખાખરા—કસરત—ખેલ કરનારો.

જાદુગિરી, સ્ત્રી૦ જાદુગરનું જે કામ તે.

જાદુટોણાં, ન૦ જાદુ અને ટોણાં [illegible]

—હલકા કામને સારુ થોડા મેહેનતે સધાયના ભૂત પિશાચના મન્તરો અણીજન્તરો ફાડી તન્તરો કરી ટુંકા ટુંકા પ્રયોગ કરવા તે.

જાદુમન્તર, પુ૦ જાદુ સમ્બન્ધી મન્ત્ર.

જાદે, અ૦ [આ૦] વધારે.

જાદો, પુ૦ દિકરો; બેટો. શાહજાદો.

જાન, પુ૦ [ફા૦] જીવ; આત્મા; પ્રાણ. ૨ આશકમાશુકમાં ઘણોજ પ્યારો, ઘણીજ પ્યારી એ અર્થમાં વપરાય છે. જાન; જાનજિગર. ૩ માલ; દમ; પાણી; રસ; જીવ. જાનપર કરવું એટલે જાન—જીવ જોખમાય તેવું છતાં પણ કરવું. જનથી મારવું—જાન લેવો એટલે ઘાયલ નહિં પણ પૂરેપૂરું મારી નાખવું. જાન આપવો—કોઇને માટે કોઇએ પોતાનો જાન આપવો. ૨ કુરબાન—ફિદા ફિદા થઇ જવું; ઘણુંજ મેહેરબાન થવું.

જાન, સ્ત્રી૦ એક ગામથી બીજે ગામ પરણવા જનારા વરની સાથે જનારા જે સગાંવાહાલાંઓ તે અથવા તેઓએ વરની સાથે જવું તે.

જાન, ન૦ [ફા૦ જઆન—જિયાન] નુકસાન; ટોટો; નાશ; હાનિ.

જાનમાલ, પુ૦ જાન—જીવ અને માલ.

જાનવર, ન૦ [ફા૦] જનાવર.

જાનાં, સ્ત્રી૦ [ફા૦] માશુક; પ્રિયા; પ્યારી.

જાની, વિ૦ [ફા૦] પોતાના જાન જેવું પ્યારું; ઘણુંજ વાહાલું; પરમ પ્રિય. જાની દોસ્ત—જિગરજાનમિત્ર.

જાનુ, પુ૦ [સં૦] ઘુંટણ.

જાનૈયા, પુ૦ વરની જાનમાં જનારા. જાનૈયો એ [એકવચન.

જાપ, પુ૦ [સં૦] જપ. [નીચા—સમ્ભાળ.

જાપતો, પુ૦ સખતી વાળો સાવચેતી; બન્દોબસ્ત

જાફરાની, વિ૦ [ફા૦] કેસરના રંગનું—જેવું.

જાફરાન, ન૦ [ફા૦] કેસર.

જાફરાબાદી, વિ૦ જાફરાબાદ શેહેરનું—ની વગેરે.

જાફાટ, બે દરકારી પાસું. [ત્રણ કલાક; એક પોર.

જામ, પુ૦ [સં૦ યામ] રાત દહાડાનો આઠમો ભાગ;

જામ, ન૦ [ફા૦] પડઘીવાળું નાનું ધાતુનું ગોળ સપાટ વાસણ; પ્યાલું; પ્યાલો; કટોરો.

જામગરી-ગીરી, સ્ત્રી૦ [ફા૦] સણ—કથી—સુતરનો બનાવેલો જે કાકડો બન્દુક તોપ સળગાવવાના કામમાં આવે છે તે. ૨ ફટાકા વગેરેમાં જે બારૂતીયો દોરો વપરાય છે તે. [જમણ.

જામણ, ન૦ જામવું—જમાવવું તે. ૨ આખરણ; [illegible]

જામદાની, સ્ત્રી૰ [ફા૰] અન્દર ભાત વણેલી હોય તેવું એક જાતનું સુરતણ કપડું.—એનાં અંગ્રખા બદન થાયછે.

જામદાર, પુ૰ [ફા૰] જામદારખાનાની સંભાળ રાખનારો; કીલીદાર; તિજોરીનો દારોગો.

જામદારખાનું, ન૰ [ફા૰] જવાહીર ઘરેણાં વસ્ત્ર ઇત્યાદિ પદાર્થો રાખવાનો ઓરડો—નું ઠેકાણું. ૨ સરકારી તિજોરી; રાજભણ્ડાર.

જામની, સ્ત્રી૰ [સં૰ યામિની] રાત; રૈન; રજની.

જામફળ, જમરૂખ.

જામવું, ક્રિ૰ અ૰ વિખરાયલું—જૂદું જૂદું હોય તે એકઠું થઈ રેવું—છાવણીમાં લશકર બહુ જામ્યું છે. ૨ સામગ્રી—સાધન એકઠાં મળેથી ખૂબ મચવું—હવે જુદ્ધ જામ્યું, રંગ—ગાણું જામ્યું. ૩ દૂધ બન્ધાઈ જવું; અખરાવું,. ૪ વધી—વિસ્તરી—રેલાઈ બાર આવવો. આજ કાલ તેનું કામ બહુ જામ્યુંછે. ૫ ઠરવું; તળિયે બેસવું.

જામિની, જામની; રાત.

જામીન, પુ૰ [અ૰] કોરટને કામ પડે ત્યારે કેદીને હાજર કરું ને ન કરું તો સરકારનો ગુન્હેગાર થાઉં એવી ખાતરી કરી આપનારો.—એથી કેદી થોડા અથવા ઘણી મુદત સુધી છૂટો રેછે. હાજરજામીન. ૨ દેણદાર નહિ આપે તો હું આપીશ એવી રીતની ખાતરી—કબૂલાત આપનારો. માલ જામીન. ૩ હવેથી ફલાણો ગુન્હા નહિં કરે ને કરે તો હું ગુન્હેગાર થાઉં એવી ખાતરી કરનારો. ફેલ જામીન.

જામીનગીરી, સ્ત્રી૰ જામીન થવું તે; ખાતરી આપવી તે.

જામો, પુ૰ [ફા૰] મોટા ઘેરવાળો અને ઘણોજ નીચો એવો એક જાતનો પોળો અંગરખો. મોટા મોટા આબરુદાર શેઠ શાહુકાર અને સરકારી અમલદારો જામા પેરતા અને લગનમાં શાહજનમાં હજી કેટલાક પેરેછે.

જામ્બુક, ન૰ એક જાતનું ભૂત.

જાયપત્રી, સ્ત્રી૰ [જાતીપત્ર] પીળા રંગનો મસાલો. એ જાયફળને વળગેલી હોય છે; જાવન્તરી.

જાયફળ, ન૰ જરા લામ્બા એવા ગોળ આકારનું ફળ; તેજાના—મસાલા દાખલ કામમાં આવે છે;—એ ઘણી સારી સુગન્ધ ને ઘણો સારો સ્વાદ આપે છે. જાયફળનું વેષ્ટન—ઢાંકણ તે જાવન્તરી.

જાયા, સ્ત્રી૰ સ્ત્રી; વહુ; ધણિયાણી.

જાયી, સ્ત્રી૰ દિકરી; બેટી.

જાયો, પુ૰ દિકરો; બેટો.

જાર, સ્ત્રી૰ જુવાર.

જાર, પુ૰ જે પરપુરુષસાથે સ્ત્રી પ્રીતિ બાંધીને છિનાળું કરતી હોય તે; યાર; આશક; ઉપપતિ.

જારકર્મ, ન૰ સ્ત્રીએ પરપુરુષસાથે અને પુરુષે પરસ્ત્રીસાથે પ્રીત કરી છિનાળું કરવું તે; એકપતિ વ્રત અથવા એકપત્નિવ્રત ભંગ કરવું તે.

જારણ, ન૰ [સં૰] માણસ નામર્દ—ગાંડું—રોગી થઈ જાય તેવું જાદુ—તેવો મન્ત્રપ્રયોગ. ૨ વશીકરણ; વશ થઈ જાય તેવું જાદુ. જારણ મારણ કેવાયછે.

જારિણી, સ્ત્રી૰ [સં૰] જારકર્મ કરનારી સ્ત્રી.

જારી, સ્ત્રી૰ જાર; જારકર્મ; છિનાળું. વિ૰ જારકર્મ સમ્બન્ધી.

જારી, અ૰ ચાલુ; ચાલતું; શરૂ; ગતિમાન. જારી થવું—કરવું—(કામ). ૨ ચાલ્યાં નીકળ્યાં કરે—વર્યાં—જયાં કરે તેમ; બન્ધ ન પડે તેમ. જારી રાખવું.

જારું, ન૰ જારકર્મ; છિનાળું.

જારૂ, અ૰ જારી.

જારે, અ૰ જે વખતે—કાળે—સમયે—વેળાએ.

જારેતારે, અ૰ કોઈપણ વખતે; વારેવારે; જયારેતારે; ઘણું ખરૂં હંમેશ.

જાલ, સ્ત્રી૰ [સં૰] માછલાં પકડવાની જાળ. ૨ તેની તેજ અથવા જુદી જુદી ઘણીક ચીજો એક બાજ સાથે ગુંચવાઈ ગયલી હોય તે. કેશજાલ—ગુંથેલો ચોટલો, વર્ણજાલ—મૂળાક્ષરો, વૃક્ષજાલ—ઝાડી, ધૂમજાલ—ધુમાડાના ગોટા. (લાક્ષણિક) કર્મજાલ, ભવજાલ, મોહ જાલ આદિલઈ.

જાલમ, વિ૰ [અ૰] જુલમગાર; નિર્દય. ૨ સહન ન થાય તેવું; અસહ્ય (દુઃખ, ઓસડ, પ્રીતિનો જોરસો વગેરે).

જાલમી, જાલમ.

જાવ આવ, સ્ત્રી૰ જવાઆવવાનો વહિવટ તે; પગરવ. ૨ જવું ને આવવું તે

જાવક, વિ૰ બાર જતું; બાર મોકલવાનું—રવાના કરવાનું. (કાગળ હુકમ વગેરે)

જાવક, સ્ત્રી૰ બાર મોકલવું—જવું તે. માલ કાગળની આવક જાવક. ૨ ખરચ; ઉપાડેલું તે—નાણાની જાવક.

જાવકખારનીશી, સ્ત્રી૰ બાર મોકલવાના કાગળોની નોધ જે ચોપડીમાં રાખવામાં આવે છે તે.

જાવત, [યાવત્] જ્યાંસુધી.

જાવન્તરી-ત્રી, જાયપત્રી.

જાવું, જવું. [સર્વકાળ.

જાવેદાન, અ૦ [ફ્રા૦] હમેશ; નિરન્તર; સદૈવ;

જાવેદાની, સ્ત્રી૦ [ફ્રા૦] હમેશગી; સર્વકાળ. ૨ અનાશવન્ત; જેનો નાશ નહિં તે. [જે કામ તે.

જાસુદી-સી, સ્ત્રી૦ [આ૦] કાસદ—હલકારા—દૂતનું

જાસવંદ, જાસ્વનદ.

જાસુન્દ, જાસ્વન્દ.

જાસૂસ-દ-સ, પુ૦ [આ૦] સન્દેશા લઈ જનારો લાવનારો; કાસદ; એપિયો; દૂત. ૨ શત્રુની છાવણીમાંના—હરકોઈ માણસના છૂપા ભેદ લાવી આપનારો; ચાર; બાતમીદાર; ગુપ્ત દૂત.

જાસ્ત-સ્તી, વિ૦ જોઈયે તેના કરતાં વધારે; ફાજુંલ; અતિશય. સ્ત્રી૦ સખતી; જુલમ.

જાસ્વન્દ, ન૦ એક જાતનું ફુલ.

જાહેર, વિ૦ [આ૦] લોકને જાણીતું એવું; ખુલ્લું; ઉઘાડું; પ્રગટ; છાપેલું; છતું. જાહેર થવું—કરવું.

જાહેરખબર, સ્ત્રી૦ એવી ખબર કે તે સહુના જાણવામાં આવે. ૨ એવો લખેલો કાગળ કે જેથી સહુને રોશન થાય.

જાહેરનામું, ન૦ સરકાર તરફથી નિકળેલી એવી જુદા કાગળદ્વાર અથવા ન્યુસપેપરમાં છપાયલી જાહેર ખબર. [તે; સહુના દેખતાં.

જાહેરાંત, અ૦ જાહેરમાં; ઉઘાડે છોક; ખુલ્લી રીતે;

જાહેલ, વિ૦ ઝટ—તપી ગરમ થઈ જાય—ચિડાઈ જાય તેવું; આકળું; ક્રોધી; ઉગ્ર.

જાહોજલાલી, સ્ત્રી૦ [ફ્રા૦] મોટાઈ—અધિકાર—પૈસા—વિદ્યા—ગુણ એ સર્વનું દેખાઈ—માજી—શોભી રહેવું તે; દબદબો; તેજ.

જાળ, સ્ત્રી૦ [સં૦ જાલ] માછલાં પક્ષી વગેરે પકડવાનો સુતળી અથવા દોરીનો ગુંથેલો એક પાટ.—એમાં વચમાં વચમાં બાકાં હોય છે. ૨ વચમાં વચમાં ઝીણાં કાંણાં એવું વણતર તે; જાળી. ૩ (લાક્ષણિક) ગુંચવણ; જેમાંથી ઝટ રસ્તો ન સુઝે તેવી અડચણ; ફાંદો. ૪ ફસી જવાય—કેદ થવાય—નાશ પમાય તેવો બનાવ—પ્રસંગ; ૫ જથ્થો.

જાળવણી, સ્ત્રી૦ જાળવવું તે; સંભાળ.

જાળવવું, ક્રિ૦ સ૦ નાશ ન થાય—બગડે નહિ—તેવી રીતે સંભાળી રાખવું; સાચવવું.

જાળિયું, ન૦ જાળિયું. ૨ જેમાંથી અજવાળું દેખાય તેવું ઝીણું કપડું.

જાળિયું, ન૦ છાપરામાં અથવા ભીંતમાં અજવાળાંને માટે રાખેલું જે બાકું તે; તિરકસ; ધુમાડિયું; બનાડિયું; મગરિયું. ૨ છોડવો.

જાળિયો, પુ૦ કોટનું એક ઘરેણું.

જાળી, સ્ત્રી૦ ઝીણાં ઝીણાં કાંણાંવાળો જે ગુંથણ તે. ૨ ઊભા અથવા ઊભા ને આડા સળિયાથી બાકાં રહેલાં એવી જે બારી તે.—લાકડાંની—લોઢાંની. ૩ બાકાં પડેલાં એવી જે ધાતુની તખતી તે.—ખાળ—મોરીની જાળી. ૪ ખરમાં તથા ઊભાં ખેતરમાં ફરતા બળદો ખાઈ ન શકે તેને માટે તેઓને મોડે ઘાલી રાખેલી વાંખ કાથાની મોટાં કાણાંવાળી જે ગુંથેલી કોથળી તે. ૫ ભમરડાને વિંટાળી ફેરવવાની જે દોરી તે. ૬ છેટે છેટે આડાં અવળાં ગુંથેલાં ફુલોથી જે આકાર થાય તે અથવા તે ફુલ. ૭ ખેસ—દુપટ્ટા-ધોતિયાંને છેડે વણી ગુંથેલા જે દોરા તે. ૮ કેરીમાં ગોટલી થાય છે તે; જીણ.

જાળીદાર, વિ૦ જાળીવાળું.

જાળું, ન૦ પેટમાંથી કાડેલા ઝીણા દોરા—તાંતરા—તાર વડે કરોળિયો માખી મચ્છર વગેરેના શિકાર પકડવાને જાળ જેવું જે ઘર બાંધે છે તે. બાવું.—એ જાળાંની વચમાં પોતે છૂપો ભરાઈ રહે છે. ૨ આંખના ડોળાઉપર જે છારી બન્ધાય છે તે. ૩ કજિયા કંકાસથી પછી કોઈને કંઈ કામ કાજ કરવું ન સુઝે તેવું જે આચરણ કરવું તે—તેવી જે પાથરેલી જાળ (કલ્પિત) તે. તેને બોલાવીશ નહિ તે તો કંકાસનું જાળું છે. ૫ ખજુરી તાડનાં નવાં પાતરાંપરનું જે પડ તે. ૬ છોડ—ન્હાના ઝાડની ડાળિયોનું ગુંથાઈ રહેવું તે.

જિંઓડું, ન૦ ઘેટાં બકરાં કુતરાં ગાય બળદિયા વગેરેની ચામડીપર વાદળી રઝું નું પાંખવનાનું જે જીવડું વળગી રહે છે તે; જિંગોડા—ડો; જિંઓડું.

જિંડવું, ન૦ રોપ—છોડવાની ડાળિયોના, માથા જેવા જે એળ ભાગમાં ખીલાં હોય છે તે; જેમાં બી હોય તેવું ફોડાંવાળું જે ફળ તે; ડિંડવું.—ધતુરા કપાસ અફીણ વગેરેનાં જિંડવાં.

જિકર-ક્ર, સ્ત્રી૦ [આ૦] હઠ—દૈવાગ્રહ—ચીડથી કરવું તે. ૨ સખ્ત કરગરવું તે; હઠ—આગ્રહથી માંગવું—ફરિયાદ કરવી તે. ૩ ભાંજગડ; રકઝક; તકરાર; વાદ. પુ૦ (જિગર) તકરારની બાબત; મજકુર. ૨ જીવ; અગત; દમ.

જિગર, ન૰ [ફા૰] કલેજું; કાળજું. ૨ હૈયું; દીલ.

જિજ્ઞાસા, સ્ત્રી૰ [સં૰] જાણવાની ઈચ્છા; શોધકબુદ્ધિ; પુછપાછ.

જિજ્ઞાસુ, વિ૰ [સં૰] જાણવાની ઇચ્છા કરનાર; શોધક; પૃચ્છક; પુછપાછિયું.

જિત, વિ૰ ધા૰ [સં૰] જિતેલું—જિતાયું હોય તેવું; જિતકામ—જિત્યો છે કામ જેણે, જિતક્રોધ—જિતાયો છે ક્રોધ જેનાથી વગેરે. એ શબ્દ, શબ્દની પછવાડે જોડાયાથી ઉલટો અર્થ કરે છે.—કામજિત—કામે જેને જીત્યો હોય તે, સ્ત્રીજિત—સ્ત્રીયે જેને જીત્યો હોય તે—સ્ત્રીને વશ હોય તે.

જિત, સ્ત્રી૰ [સં૰] જય; ફતેહ.

જિતવું, ક્રિ૰ સ૰ હરાવવું; ફતેહ મેળવવી. ૨ લડાઈ—જુગાર—સરતમાં મેળવવું—રળવું—કમાવું. ૩ પોતે કોઈને વશ ન થતાં સામાંને વશ રાખવું—ઉંઘ આળસ કામ ક્રોધ વગેરેને. ૪ તેજ હરીલેવું—હેપ્રિયે તારે મુખચન્દ્રે તો માણેકઠારીના ચંન્દ્રને જિત્યોછે. ક્રિ૰ અ૰ ફાવવું; પારપડવું.

જિતેન્દ્રિય, વિ૰ [સં૰] જીતી છે ઈન્દ્રીયો જેણે તે.

જિદ, જીદ.

જિદ્દી, વિ૰ જીદ કરનાર; તકરારી; હઠીલું.

જિનસ, જનસ. [લગીનો જે વખત તે.

જિન્દગાની-ગી, સ્ત્રી૰ [ફા૰] જનમથકી તે મરતાં

જિભડી-લડી, સ્ત્રી૰ જીભ. ('જીભલડીરે તુને હરિગુણ ગાતાં આવડું આળસ ક્યાંથીરે'—(નરસહીં).

જિમ, અ૰ જેમ.

જિયાફત, સ્ત્રી૰ [ફા૰] ઉજાણી; મેજબાની; ચાર ભાઈબન્ધ દોસ્તદારોએ એકઠાં મળી ખુશીથી સાથે સારું સારું જમવું તે. [(જીવો વર).

જિયાવર, પુ૰ વર રાજા. 'જિયાવરના ઘોડલા.'

જિરવવું, ક્રિ૰ સ૰ પચવવું; અઝમ કરવું; જરવવું.

જિરાકેરી, સ્ત્રી૰ જીરું ખાણા જડેલી કેરી—આથણાની.

જિરાયત, જરાયત.

જિરાસાળી, ન૰ એકજાતનું ભાત (ડાંગર). [(કેરી).

જિરિયા, વિ૰ જીરાંનો સ્વાદ—વાસ આવે તેવી

જિલ્લો, પુ૰ [અા૰] રાજના બન્દોબસ્તનેસારૂ દેશના પાડેલા—કરેલા જે ભાગો તેમાંનો એકેક. ૨ ઈનસાફ ચુકવવાનેસારુ સોંપી આપેલા પ્રાન્તોમાંનો એકેક—સુરત જિલ્લો, અમદાવાદ જિલ્લો વગેરે. ૩ રાજધાનીના મુખ્યશેહેર સિવાયનો પણ તેના તાબામાં રહેલો જેટલો બાકી પ્રદેશ—મુલખ તે. મુમ્બઈ શેહેર ન ગણતાં બાકીનો એના તાબાનો ગુજરાત, દક્ષણ, ખાનદેશ વગેરેનો જે સઘળો મુલખ તે. ૪ પોલીસને વેંચી આપેલા, શેહેર—ગામના જે ભાગો તેમાંનો એકેક. ૫ બે અથવા વધારે રાગ મળીને થયલો એવો જે મિશ્ર—સંકર રાગ તે. [પ્રાણી.

જિવડું, ન૰ ઉડતું અથવા છાતી ઘસતું એક નાનું

જિવડો, પુ૰ જિવડું. ૨ જીવ (લાડ—પુચ્છકારમાં).

જિવત, જિવતર.

જિવતર, ન૰ જિન્દગી; જનમારો; ભવ.

જિવતદાન, ન૰ મરણ—ઘાતથી કોઈનો પ્રાણ ઉગારવો તે. [ખૂંજ.

જિવતું, વિ૰ જીવ હોય તેવું (મુએલાંનું ઉલટું). ૨ નિકળ્યાંજ કરે—ખૂટે નહિ તેવું (પાણી તળાવ વગેરે). ૩ ઉગતું; કુમળું; જીર્ણ ન થયલું તેવું. (જિવતો નખ). જિવતું મૂવું—જીવીને કર્મ કરવાં ને સુખ ભોગવવાં એ જેને પ્રાપ્ત નથી તે મુવા સરખું.

જિવનગાળો, પુ૰ જેણે કરીને જિન્દગીમાં ખાવાપીવાની અડચણ ન પડે—ગુજરાન ચાલ્યાંકરે તેટલો થોડોક જે સંગ્રહ તે—(પૈસાનો)

જિવાઈ, સ્ત્રી૰ જિવનગાળો. ૨ જેથી ખાવાપીવાનું મળ્યાં કરે તે; રોટલા ખરચ. [સજીવ—જિવતું કરવું.

જિવાડવું, ક્રિ૰ સ૰ પ્રાણ ઉગારવા—બચાવવા. ૨

જિવારી, સ્ત્રી૰ જેને સાડી લગાડેલી હોય તે વગાડવાનું; ટબલું.

જિવાળ, વિ૰ જીવાળ.

જિવેજાન, જીવેજાન.

જિહ્વા, સ્ત્રી૰ [સં૰] જીભ.

જિહ્વાગ્રે, અ૰ [સં૰] જીભની ટોંચપર; મ્હોડે; પાઠે; તૈયાર રાખેલું કે તરત ભણી દેખડાવાય તેમ.

જી, અ૰ સાહેબ,—શેઠ વગેરેને માનથી બોલાવવાના અર્થમાં બોલાયછે. જી અથવા શેઠજી, સાહેબજી. ૨ વિશેષ નામની સાથે પણ જોડાયછે—બાપજી, બાળાજી, ખરશેદજી વગેરે. ૩ હા; કબુલ છે; તાબે છઉં, એ અર્થમાં પણ વપરાય છે. અરે તું એ કામ કરીશ કે! જી. એટલે હા કરીશ. ૪ અદબથી જવાબદેતાં કે સાંભળ્યું—કહોજી એ અર્થમાં વપરાયછે—બાપ! તો કે જી. ૫ સાસરિયાંની સગાઈ બતાવેછે—કાકીજી મામીજી વગેરે.

જી, સ્ત્રી૰ મા; જેને પેટે અવતાર લીધો હોય તે સ્ત્રી.

જીઓ, અ૦ [હિં૦] ઘણું જીવો ને રૂડાં કામ કરો એ અર્થમાં વપરાય છે. ૨ સાબાશ, વાહવા, એ અર્થમાં પણ વપરાય છે.

જીક, જક.

જીજી, સ્ત્રી૦ જી; મા; માતા; માતુશ્રી.

જીજીબા-બેન, સ્ત્રી૦ નણન્દ; વરની બેન.

જીજીમા, સ્ત્રી૦ વડિયાઈ; બાપની અથવા માની મા.

જીજો, પુ૦ માનો બાપ (આજો) અથવા બાપનો બાપ (દાદો). [જોડ.

જીડવું, જિંડવું. સાથે જન્મેલાં છોકરાં તે જીડવાં;

જીણ, સ્ત્રી૦ ડેસીની અન્દરની ગોટલીપરનું રૂવાંટીવાળું જે જાડું કઠણ છોડું—પડ બાઝેલું હોય તે.

જીત, સ્ત્રી૦ [સં૦ જિત] જીતવું તે; જય; ફતેહ. હાર

જીતવું, જિતવું. [ને જીત.

જીદ, સ્ત્રી૦ જક; તકરાર; હઠ.

જીન, ન૦ ઘોડાની પીઠપર બેસવાસારુ બનાવેલી આગળની એક તરેહની ગાદી.—ફક્ત પોતાનેજ સરગાન વગર બેસવાની.

જીન, પુ૦ મરીને ભૂત થયલો મુસલમાન.

જીભ, સ્ત્રી૦ [જિહ્વા] પ્રાણીમાત્ર પોતાનાં મોઢાંમાંના માંસના લોચારૂપ જે અવયવવડે ખાયછે પિયેછે ચાટેછે તે. મનુષ્ય પ્રાણી તો એવડે બોલીપણ શકે છે. ૨ જીભની પઠે લટકતી ધાતુની જે લગડી તે. (ઘણ્ટની જીભ—લાળી). ૩ કેટલાંક ઢોરની ગરદનપર જીભની પડે લટકતી જે જાડી ચામડી તે. ૪ બોલવું; ભાષણ; વાચા. ૫ જીભ. તે બચારીને જીભ નથી એટલે તે મુંગી છે—બિલકુલ બોલી શકતી નથી અથવા તેને ઘણું બોલતાં આવડતું નથી. તેની જીભ ઘણી લાંબી છે એટલે તે ઘણું ન બોલવાનું બોલ્યાં કરે છે. તેની જીભ સખણી રેવી નથી એટલે ગમે તે ગમે તે—ન બોલવાનું બોલે છે અથવા બોલ્યાંજ કરે છે. તેની જીભ ઘણી છૂટી છે—તેને ગાળો દેવાની ટેવ છે. 'જીભને કંઈ હાડકું નથી હોતું' એટલે જેમ વાળિયે તેમ વળે તેવી છે. આમાણસ બોલાય ને તેમ મણ બોલાય—સારું પણ બોલાય ને નરસું પણ બોલાય. જીભ હલાવવી એટલે સહેજ—જરા બોલવું.

જીભી, સ્ત્રી૦ જીભના જેવો આકારનો ગુણના મોઢાંનો જે આગળ પડતો ભાગ તે અથવા એ ઠેકાણે જે નાનો ભાગ હોયછે તે. આ દેશી વાળોને આગળ પાછળ જે નાના ને વચમાં મોટો એવા ત્રણ સૂડ હોય છે તે જીભી, સૂડ ગોકળની કેવાયછે.

જીરણ, વિ૦ [સં૦ જીર્ણ] છેકજ જાનું થઈ જઈ ખવાઈ ગયલું. (વસ્ત્ર, લાકડું, કાગળ વગેરે).

જીરૂં, ન૦ [સં૦ જીર] રસોઈનો મસાલો; એક જાતના દાણા—બિયાં.

જીર્ણ, વિ૦ [સં૦] ખખળી—ખવાઈ ગયલું; જરજર થયલું. ૨ જૂનું; ફાટું તૂટું. ૩ મચી ગયલું.

જીવ, પુ૦ [સં૦] જે ચૈતન—શક્તિવડે પદાર્થ પોતાની મેળે મોટા થાય છે—હાલવા ચાલવા બોલવા વગેરેનાં કર્મો કરેછે તે; શરીર અને તેમાંનું ચૈતન જે હાલતમાં એકઠાં કામ કરતાં રેછે તે; જે શક્તિવડે હું છઉં—કામ કરુંછું એવી સમજ રેછે તે; પ્રાણ. ૨ જ્ઞાનથી જોતાં શરીરથકી જાદું પણ તેમાં મળી ગયલું દેખાતું ઈશ્વરના અંશ રૂપ માનેલું જે ચૈતન તે.—એ અર્થમાં જીવ, જીવાત્મા કેવાયછે. એ જીવ—જીવાત્મા સદ્કર્મે અને કેટલાંક બીજાં સાધનથી શિવ—પરમાત્મા થાયછે એટલે જેનો અંશ હતો તેમાં અભેદ થઈ જાયછે. ૩ જીવ—ચૈતનવાળો જે પદાર્થ તે; પ્રાણી.—મનુષ્ય, પશુ, પક્ષી, તીર્યક અને બીજાંઓ. (ઉદ્ભિજને પણ કેટલાક લોક એમાં ગણેછે અને એટલામાટે પદાર્થ એવી સામાન્ય વ્યાખ્યા રાખીછે). ૪ જેથી એ જીવો—પ્રાણી જીવેછે તે આધાર; જીવન; ગુજરાન; જિવનગાળો. ૫ જીવજન્તુ; છેક નાનાં પ્રાણી; કીડા પતઙ્ગિયાં વગેરે. ૬ ઉપયોગમાં આવે—કામ કરે તેવો વસ્તુમાં તેનો જે અંશ—ગુણ રૂપો હોય તે; રસ; દમ; શક્તિ; તેજ.—શેરના ધન્ધામાં હવે સાઝો જીવ રૂપો નથી; આ વાત તું કેછે ખરો પણ એમાં કંઈ જીવ દેખાતો નથી; તેનામાં હવે જીવ નથી કે તારી સામાં થાય. ૭ ધ્યાન; લક્ષ; ઈચ્છાથી પાછળ લાગવું તે.—આટલા દાડા તો તેં સુરતી રાખી પણ હવે તારે જીવ લગાડીને કામ પાર પાડીઆપવું જોઈએ. ૮ પૈસો; પુંજી; દોલત.—આજકાલ તેની પાસે સારો જીવ થયોછે; તે ઘણો જીવવાળો છે. ૯ જીવના સરખું વાલું માણસ. એ મારા જીવ તું શું કરવા ગભરાયછે. ૧૦ હૈડાં; મરજી; સાહેબાઃ મન; નજર.—હવે મારો જીવ તો ખાવાપર દોડેછે. જીવ અડધો આશો થઈ જવો એટલે ઘણી ખુશીથી અથવા ઘ-

ણી દલગીરીથી જીવ બાવરો થવો. જીવ આપવો એટલે સારીપટે કામ બજાવવું. ૨ દુઃખ—જુલમથી આપઘાત કરવા તૈયાર થવું. એકજીવ થવું એટલે મન મળ્યાં હોય તેવું થવું; એકદીલ થવું. જીવ તોડવો—તોડી નાખવો—તોડવો એટલે ઘણીજ મેહેનત કરવી. ૨ તલપવું; આતુર રેવું. ૩ ઘણુંજ ચાવું. જીવ ટંગાઈ રેવો એટલે આતુર રેવું. જીવ ઉડીજવો એટલે એકાએક ગાભરાં—બાવરાં થવું; ફાળપડવી. જીવ દઈ—લગાડી કરવું અથવા જીવ રાખવો એટલે એકચિત્તે—ધ્યાને કરવું. જીવ ખાઈ જવો એટલે સતાવ્યાં—ચિડવ્યાં કરવું; કણટાળો આપવો. જીવ લઈ નાસવું એટલે ઘણીજ દોડ—જલદીથી નાસવું. જીવ ઠેકાણે ન રેવો—ઠરીઠામ ન બેસવો એટલે ચિત્તનું ભમી જવું; ગભરાવું; બાવરાં બનવું. જીવ ઠરવો—ઠેકણે પડવો એટલે નિરાંત થવી; ગભરામણ દૂર થવી; જીવ ઠરવો એટલે આત્માને સન્તોષ થવો. જીવ ઉપર કરવું એટલે જીવ જોખમાય તેના દરકાર ન રાખતાં કામ કરવું. જીવ માનતો નથી—કહ્યું કરતો નથી એટલે વિચાર થતો—ખુશી થતી નથી. જીવ બેસવો—ઠરીઠામ બેસવો એટલે નિરાંત થવી. જીવ મોટો કરવો એટલે સખાવત કરવાનો જોસ્સો વધારવો; ઉદાર થવું. જીવ ચલાવવો એટલે હિમ્મત કરવી. જીવ ચાલવો એટલે હિમ્મત થવી. જીવ ફરવો—બગડવો એટલે શરીરે અસુખ થવું; તબિયત બગડવી. જીવ જોવો—ઈ લેવો એટલે પાણી જોવું; પરીક્ષા કરવી; કસો લેવું. જીવથી મારવું એટલે કંઈપણ જીવવાની આશા ન રે તેવું મારવું. જીવ થવો એટલે પુંજી થવી; પૈસો એકઠો થવો. જીવ જુદો થવો એટલે ધ્યાન જતું રેવું; દીલ ન લાગવું. જીવવર બેસવું એટલે આધાર—આસરો રાખવો. ૨ હઠો માંગવું. જીવથી જવું એટલે મરવું; પોતે પોતાનુંજ મરણ માંગી લઈ મરવું. જીવ લાગવો એટલે ધ્યાન લાગવું. ૨ પ્રીત લાગવી. જીવથી બચવું એટલે મરવાથી ઉગરવું. જીવલેવો એટલે મારીનાખવું. ૨. દુખ દયાં કરવું; સતાવવું; ચિડવવું. જીવજતો રેવો—નિકળીજવો એટલે મરણ થવું. ૨ ઘણું દુઃખ થવું. ૩ આતુરતાથી, મરણ થવે એવી હાલતમાં આવવું. જીવ ટુંકો થવો એટલે કસરિયું થવું-તેનો આગળ તો અમીરી જીવ હતો પણ આજકાલ ટુંકો થયોછે. જીવ ખોટો થવો એટલે દલગીરી થવી. જીવબળવો-બળ્યાં કરવો-જીવમાં બળાપો થવો એટલે ચિન્તાથવી; દલગીરી થવી. ૨ અદેખું થવું. જીવ બાળવો એટલે ચિન્તા-દલગીરી કરવી. ૨ અદેખાઈ કરવી. જીવનાસમ એટલે પોતાનો વાલો જે જીવ તેના સમ; જાનના સમ. ૨ વાલાના સમ.

જીવજન્ત, **જીવજન્તુ**.

જીવજન્તુ, પુ૦ છેકજ નાનો પ્રાણી—પછી ઉડતો કે છાતી ઘસતો; ક્ષુદ્રજન્તુ; જિવડું; કીડો.

જીવતદાન, **જિવતદાન**.

જીવતું, **જિવતું**.

જીવન, ન૦ [સં૦] જીવ—પ્રાણ રાખી રેવું તે; જિવવું તે. ૨ જે સાધને—તજવીજે—ઉદ્યોગે—ઓઠાકે જિવતું રેવાય તે; આજીવિકા; ગુજરાન; ગુજારો; નિર્વાહ. ૩ જે વસ્તુવડે બીજી વસ્તુ ટકી રેછે તે; દીવાનું જીવન તેલ, અગ્નિનું જીવન લાકડું, સન્તનું જીવન હરિભજન ઈ૦. ૪ પાણી; ઉદક.

જીવનગાળો, **જિવનગાળો**.

જીવન્ત, વિ૦ [સં૦] જિવતું. [પ્રાણી.

જીવન્મુક્ત, વિ૦ [સં૦] મુવાંપછી નહી પણ જીવતાંજ બ્રહ્મજ્ઞાન—ઇશ્વરતાનું જ્ઞાન થઈ જન્મમરણથી, ત્રિવિધિ તાપથી મુકાયલો—છુટેલો એવો

જીવલગ, વિ૦ જીવની સાથે લાગેલું; જેમ શરીરને જીવ એકઠાં છે તેવું; ઘણુંજ વાલું; પ્રાણપ્રિય.

જીવવું, ક્રિ૦ અ૦ સજીવ—જીવવાળું હોવું—રેવું; મરણ ન થવું; હયાત રેવું. ૨ નાશ ન પામતાં ટકવું; મરણથી ઉગરવું; બચવું.

જીવસટોસટ, વિ૦ જીવ જોખમાય તેવું.

જીવહત્યા, સ્ત્રી૦ જીવની હત્યા.

જીવાઈ, **જિવાઈ**. [ગેરમાં હોય છે તે.

જીવાત, પુ૦ નાના નાના જે જીવો તે. અનાજ વ-

જીવાત્મા, પુ૦ [સં૦] જીવ (૨જા અર્થમાં).

જીવાળ, વિ૦ સજીવ હોય તે; જીવતું. ૨ કૌવત—પાણી—દમ—તેજવાળું. [જો; ઉદ્યોગ; મિલકત.

જીવિકા, સ્ત્રી૦ [સં૦] જીવન; ગુજરાનની તજવી-

જીવિત, વિ૦ ધા૦ [સં૦] જીવતું કરેલું.

જીવી, વિ૦ [સં૦] જીવે તે—તેવો; જીવનાર. ચિરંજીવી એટલે ઘણા કાળ જિવનારો. ૨ ગુજરાનને માટે આધાર રાખનાર.

જીવૈજાન, વિ૦ જીવના જેવું વાલું; જીવની સાથે

લાગેલું; જીવલગ; પ્રાણપ્રિય.
જુંઆળ, જુઆલ.
જુંકૂણ, ઝુંકૂણ.
જુંકૂવું, ઝુંકૂવું.
જુંસરૂં, ઝુંસરૂં.
જુ, જૂ.
જુઆખાનું, જુવાખાનું.
જુઆખોર, જુવાખોર.
જુઆર, જુવાર.
જુઆળ, પુ૦ ભરતી; વીળ; પાણી ચડવું તે.
જુઇ, સ્ત્રી૦ [સં૦ યુતિકા] એક જાતના સુગન્ધીદાર ફૂલ અથવા તેનો છોડ. 'ગુલાલામેં રાધા પ્યારી, જાઈ જુઈમેં કનૈયા બિરાજે'.
જુઓ, જુવા.
જુકતી-ક્તિ, સ્ત્રી૦ [યુક્તિ] કરામત; કળા; તદબીર; તજવીજ; ગોઠવણ; હિકમત. ૨ ઉપાય; ઇલાજ.
જુગ, પુ૦ [યુગ] લાંબો કાળ. ૨ કૃત, ત્રેતા, દ્વાપાર, ને કલિ એ ચાર જુગ કેવાય છે. ૩ એ ચારે મળીને જે એક તે. ૪ જોડું; જોડ; બે. ૫ સોકટાંની રમતમાં સાથે મેળવેલી જે બે સોકટી તે.
જુગજુગ, અ૦ [યુગાનુયુગ] ઘણાએક જુગોમાં; ઘણા લાંબા કાળ સુધી.
જુગટું, જુગાર.
જુગત, જુક્તી. વિ૦ [યુક્ત] એકઠું; સાથે—જોડું હોય તેવું. ૨ ઘટતું; માફક; અનુકૂળ.
જુગતમ્બા, જગદમ્બા.
જુગદીશ, જગદીશ.
જુગમ, ન૦ [યુગમ] જોડી; જોડ; સાથે જે બે તે.
જુગલ, ન૦ સ્ત્રી૦ [યુગમ] સાથે—જોડાયલાં એવાં જે બે તે. ૨ જોડી; જોડ; જોડું. જુગલ સ્વરૂપ દર્શન—સ્ત્રી પુરુષ એકમેકને વળગેલાં હોય તેવું અથવા સજોડે—સાથે હોય તેવું દર્શન.
જુગાર, પુ૦ [સં૦ દ્યુતકાર ઉપરથી] પૈસા રૂપિયા માલ જનસ વગેરેને, પાસે મુકી, ફલાણો પાસો પડે તો તે લઈ લેવું ને ન પડે તો આપી દેવું એવી સરતની રમત રમવી તે, નાણું હારવા જિતવાની સરત બકી હરકોઈ જે રમત રમવી તે; દ્યૂત; જુગટું; જુવું. ૨ ખરી મેહેનત કરી ફળ ન મેળવતાં—ખરેખરા માલનો સોદો ન કરતાં નશીબ પર આધાર રાખી ઉપલક ઉપલક આપવા લેવાનો જે ધન્ધો કરવો તે; સટ્ટો.
જુગારી, વિ૦ જુગાર રમનાર; જુગારના જેવો ધન્ધો કરનાર. 'હાથ્યો જુગારી બમણું રમે'. 'જુગારી હાથે વાંકડું, વાનર કોટે હાર; પેલી માથે બેડલું, તે છાજે કેટલીવાર?' [જાવેદાન.
જુગોજુગ, અ૦ જુગજુગમાં; ભવોભવ; હમેશ;
જુગ્તિ, જુક્તી.
જુગ્મ, જુગમ.
જુડાંઈ, સ્ત્રી૦ જુડાંપણું.
જુડંગું, વિ૦ [પ્રા૦] જબરૂં; ધડ. ૨ ચાલાક; ચતુર.
જુજવી, વિ૦ [આ૦] જુજ એ શબ્દ જોવો.
જુજવું, વિ૦ જૂદું જાદું; નોખું નોખું; ન્યારું ન્યારું.
જુગવું, ઝુઝવું.
જુઠણ, વિ૦ ભાણામાં ખાતાં વધેલું તે; એઠવું; એઠણ.
જુઠણ, પુ૦ ભવાઈમાં જૂઠું જુગનું ભાંડ બોલનાર; તરકડિયો.
જુઠાણું, ન૦ જૂઠું એવું જે કંઇ તે—(બોલવું—લખવું વગેરે). ૨ ઠગાઈ; મિથ્યાપણું; ખોટું દેખાડવું તે.
જુઠું-ઠ્ઠું, જૂઠું.
જુડી, જૂડી.
જુત, વિ૦ [યુત] જોડાયલું; સાથે—જોડે હોય તેવું.
જુતીખોર, વિ૦ ખાસડાં ખાઉ—ખોર.
જુથ-જુથડું, જૂથ.
જુદું, જૂદું.
જુધ-દ્ધ, ન૦ [યુદ્ધ] લડાઈ; સંગ્રામ. ૨ વઢવાડ; મારામારી.
જુનું, જૂનું.
જુનુંખખ, વિ૦ ઘણુંજ જૂનું—ઘસાઈ ગયલું.
જુનુંપાનું-પુરાનું, વિ૦ જૂનું; વપરાયલું; ઘસાયલું; ફાટુંતૂટું.
જુનોપાપી, પુ૦ ઘણા દહાડાના વહિવટવાળો—અનુભવી—ડાહ્યો સમજુક—ખુણાખોચરાની વાત જાણનારો પુરુષ. ઘણા જણના પાપ—કાવતરાં જાણનારો.
જુબાં-બાન, સ્ત્રી૦ જબાં.
જુબાની, જબાની.
જુમખું, ઝુમખું.
જુમલે-લ્લે, અ૦ સઘળી સંખ્યા એકઠી કરેલી હોય તેમ; એકઠી કરીને; બધી મળીને; એકન્દર; કુલ.
જુમલો-લ્લો, પુ૦ [આ૦] સહુ મળીને જે સંખ્યા થયલી તે; સરવાળો; એકન્દર આંકડો—જથો; બેરીજ; મેળવણી.
જુમ્મો, પુ૦ [આ૦] સોંપણ ખોવાય—બગડે તો તે બાબદનો જવાબ દેવાનું જે જોખમ તે; જવાબદારી; આપેલા વિશ્વાસ પાળવાનો જે માથે ભાર—બોજ તે.

જુરત-રિયત, સ્ત્રી૦ [આ૦] છાતી; હિમ્મત; શૌર્ય; બહાદુરી. ૨ જોર; ગજું; રામ; હોશ.

જુલમ, પુ૦ [આ૦] જબરદસ્તી; સખ્તી; ન સહ્યું જાય તેવું દુખ દેવું તે; બળાત્કાર; જોરાવરી; બરજોરી. ૨ બેદાદ; ગેરઈનસાફ; અન્યાય; અધર્મ.

જુલમગાર, વિ૦ જુલમ કરનાર.

જુલમાત, સ્ત્રી૦ જુલમગારપણું.

જુલમી, વિ૦ જુલમ કરનાર. ૨ જેમાં જુલમ હોય તેવું.

જુલાબ, પુ૦ [ફા૦] જેથી ઝાડા થાય તેવું ઓસડ; રેચ. ૨ એ ઓસડથી જે ઝાડા થાય તે. જુલાબ આપવો—ગભરાવવું.

જુલુમ, જુલમ.

જુલ્ફ-ફાં, ન૦ [ફા૦] લમણાપર લટકતી આંકડાદાર આવી રહેલી બાજની ભરાવ લટ તે.

જુવતી-ન્તી, સ્ત્રી૦ [સં૦ યુવતિ] જુવાન સ્ત્રી.

જુવા, પુ૦ ગલીચ જગોમાં પાકતા દર્દ દેતા એક જાતના જીવડા.

જુવાખાનું, ન૦ જ્યાં જૂવું—જુગાર રમાતો હોય તે ઠેકાણું. ૨ જ્યાં જૂવા હોય તે ઠેકાણું.

જુવાખોર, વિ૦ જૂવું રમનાર; જુગારી.

જુવાન, [ફા૦ અથવા સં૦ યુવા] જવાન.

જુવાની, સ્ત્રી૦ [યૌવન] જોબન; તરુણાવસ્થા; યુવાવસ્થા.

જુવાબ, જવાબ.

જુવાર, સ્ત્રી૦ ચોમાસામાં થાતું એક ધાન્ય—એકમણાં માંથી નિકળે છે.

જુવારા, જવારા.

જુવું, જૂવું.

જુસતિસ, સ્ત્રી૦ [અં૦] ઈનસાફ; ન્યાય.

જુસરી, સ્ત્રી૦ ગાડીનો તે ભાગ જે બળદોની કાંધપર મુકવામાં આવે છે.

જુસ્સો, પુ૦ [આ૦] દિલમાં લાગ્યાથી જે ઉશ્કેરાયલી હાલત થાય તે; મનનો ઉભરો; લાગણી; મનોવિકાર. દયાનો—પ્રીતીનો—ક્રોધનો—બહાદુરીનો—વગેરેનો જુસ્સો.

જુહાર, પુ૦ એક બીજાના મેળાપની વખતે પ્રણામ—નમસ્કાર—આશીર્વાદ—જેગોપાળ—સલામ વગેરે કરવામાં આવે છે તેના અર્થમાં વપરાય છે. એ શબ્દ ઘેઠ સાહુકાર તથા રજવાડાના લોકમાં વારાય છે.

જુહાર પટોળાં, ન૦ બેસતે વરસે સારાં લુગડાં પેરી કરીને સગાં વાહાંઓની પરસ્પર ભેટ લેવી તે. ૨ એ ફાડે જમાઈ સાસરે જમવા જાય છે અને ત્યાં સહુ માણસો સાથે ખુશીમાં જમે છે ને આનતબાજી ફોડે છે તે રીત.

જૂ, સ્ત્રી૦ [સં૦ યૂકા] સાફ ન રાખેલા નિમાણામાં અથવા ઘણા ઝાડાનાં વગર ધોયલાં લુગડાંમાં જે ઝીણા જીવ થાય છે તે. એનાં ઈંડાં તે લીખ કેવાય. એ કાળી અથવા ધોળી હોય છે. ચામડીને વળગી રેનારી ગોળ જૂ તે ચામજૂ કેવાય છે.

જૂઈ, જુઈ.

જૂજ, વિ૦ થોડું; જરા; સેજ. ૨ હલકું; વિસાતવગરનું.

જૂઠું, વિ૦ સાચું નહિ તે; ખોટું. જૂઠું પાડવું એટલે ખરું છતે ખોટું છે એમ કેવડાવવું.

જૂડી, સ્ત્રી૦ જાડા નરમ ને લાંબી એવી લીલોતરીને એકઠી બાંધેલી તે. પાતરાં—મોગરી—ડાભાની જૂડી. ૨ જોડેલું તે. (મેંચાની જુડી)

જૂતી, સ્ત્રી૦ જોડો; પેજાર; પગરખું. જૂતા મારવી—ખાવી વગેરે.

જૂથ, ન૦ [સં૦ યુથ] ટોળું. (પશુ—પક્ષીનું). ૨ જથ્થો; સમુદાય.

જૂદાઈ, સ્ત્રી૦ જૂદું પડવું—હોવું તે; વછુટવું તે. ૨ વિયોગ. ૩ ભેદ; અંતર; પડદો—મારે ને તેને કંઈ જુદાઈ નથી.

જૂદું, વિ૦ એકઠું—ભેળું—સાથે ન હોય તેવું; છૂટું; વેગળું; નોખું.

જૂન, પુ૦ [અં૦] અંગ્રેજી વરસનો છઠ્ઠો મહિનો.

જૂનું, વિ૦ [જીર્ણ] નવું નહિ તે. ૨ અસલનું; ઘણા કાળનું. ૩ થઈ ગયલું; જાણવામાં આવેલું. ૪ વપરાઈ ગયલું; જીર્ણ થયલું. જૂનો પાપી એટલે જૂની—અસલની વાત જાણનારો જે જીવતો માણસ તે.

જૂમ, સ્ત્રી૦ કેફ કિધાથી—કાનમાં મચીરૂપાથી જે ઉશ્કેરાયલી હાલત હોવી તે; ઝૂમ; જોમ.

જૂવું, ન૦ જુગાર.

જેસલો, પુ૦ બળદ પળોટવાનું બે પૈડાંનું વાહન; ખિલકું.

જે, સ૦ એ સર્વનામ વસ્તુને દેખાડી પછી તેનો બીજા સાથે થતો સમ્બન્ધ બતાવે છે.—જેની સાથે તે આવે છે. અ૦ એ શબ્દ, બે વાક્યના બે ભાગને અથવા બે અર્થને જોડે છે. તમે જાણો છો તેનું કારણ એ છે જે પરમદાડે સભા મળી હતી તેમાંનો ઠરાવ તમને કોઈ કારભારીએ કહ્યો હશે. જે, કેના અર્થમાં અન્વય રૂપે હોય છે ત્યારે પછવાડે તે આવે નહિ.

જે, પુ૦-સ્ત્રી૦ જય.

જેગોપાળ, પુ૦ એક બીજાને મળતી વખત એ શબ્દ બોલાય છે.—વૈષ્ણવ વાણિયાઓમાં.

જેજેકાર, જયજયકાર.

જેજેવન્તી, સ્ત્રી૦ એક રાગણી છે.

જેટલું, વિ૰ સમ્બન્ધી અર્થમાં માપ—વજન દેખાડે છે. 'જેટલો ગોળ ઘાલશો તેટલું ગળ્યું થશે.' ૨ સંખ્યા પણ બતાવેછે.—વર્ગમાં જેટલા (છોકરા) હોય તેટલાને મોકલજે.

જેટલે, અ૰ જેટલાંનાં અર્થમાં અન્તર—છેટું બતાવેછે.—'પાણી જેટલે ઉંચેથી આવતું હોય તેટલે ઉંચે પાણું ચુડાવવાનું કરિયે તો ચડી શકે.' ૨ જે સમયે; જેવારે; કર્મ થતું હોય તે વખતે. 'મહિપતિ આવેછે જેટલે, સભા સકળ ભોલી તેટલે.' ૧ લા અર્થમાં જેટલેલગી-સુધી એમ પણ બોલાયછે.

જેઠ, પુ૰ [સં૰ જ્યેષ્ઠ] સ્ત્રી—વહુના ધણીનો જે મોટો ભાઈ તે. ૨ સંવત વરસનો છટ્ઠો મહિનો.

જેઠાણી, સ્ત્રી૰ જેઠની—વરના મોટા ભાઈની જે વહુ તે.

જેઠી, જેઠ મહિનાની પૂનેમ.

જેઠીપુત્ર, પુ૰ વડો છોકરો.

જેઠીમધ, ન૰ [મધુયષ્ટિકા] એક જાતના ઝાડનું ગળચટું ડાંખળું છોડું. ઓસડમાં કામ આવેછે.

જેઠીમધનોસારો, પુ૰ ચાંચીને ત્યાં મળતું એક ઓસડિયું. એથી જુલાબ થાયછે.

જેઠીમલ, પુ૰ સહુથી વડો મલ; પ૰-જાખીમલ.

જેઠોણું, ન૰ પરણ્યા પછી કન્યા વાળાએ વરવાળાને જમવા તેડવાની એક રીત; નાનો ગોરવ.

જેણીગમ, અ૰ જે તરફ—ભણી—બાજુ—દિશાએ.

જેતે, જમે તે; હર કંઈ.

જેપ્રમાણે, અ૰ જે રીતે—પ્રકારે.

જેમ, અ૰ જે રીતે—પ્રકારે.

જેમકે, અ૰ આ રીતે—પ્રકારે કે; દાખલો કે.

જેમતેમ, અ૰ જમે તે—હર કોઈ રીતે.

જેમનું તેમ, અ૰ જેમ અસલ હતું તેમજ; તેજ હાલતમાંહે ફેરફાર ન હોય તેવું.

જેર, ઝેર.

જેર, વિ૰ [ફા૰] વશ—તાબે થયલું; હારી થાકી ગયલું; નબળું—કમજોર થયલું.

જેરકડી, સ્ત્રી૰ તાબામાં રાખવાસારુ જે કડી તે—ઘોડાનાં મોડાંમાં હોય છે.

જેરદસ્ત, વિ૰ [ફા૰] કમજોર; નબળું; જેર થયલા છે હાથ જેના તે. એનું ઉલટું જબરદસ્ત.

જેરબન્દ, પુ૰ [ફા૰] ઘોડાના મોડાંપર નથ્થાં અથવા ઉપર બનાત શીવી બિયેથી એવાં ચામડાંનો જે પટો હોયછે તેની સાથે, જેનો એક છેડો બેરવેલો અને જેનો બીજો છેડો પેટની નીચે તગં સાથે બાંધેલો હોય છે આ બન્ને પટોની વચમાંનો ચામડાં—બનાતનો જે પટો તે. ૨ ચામડાંની લાંબી પાઠી—ચાબક, જેરબન્દનો માર.

જેરવવું, ક્રિ૰ સ૰ પચાવવું; અઝમ કરવું. ૨ સહન કરવું; ખમવું; વેઠવું.

જેલ, સ્ત્રી૰ [અ૰] બન્દીખાનું; કેદખાનું.

જેવડું, વિ૰ સમ્બન્ધી અર્થમાં માપ—પ્રમાણ બતાવેછે.—તે છોકરી છે તો સત્તરવરસની પણ ૩૦ વરસની તેની મા છે તેના જેવડી દેખાય છે—એ શબ્દ ઉંચાઈ મોટાઈનેવિષે ઘણો પ્રવર્તે છે. જેટલું, માપ તથા વજન તથા સંખ્યા બતાવેછે પણ જેવડું, માત્ર માપનેજ.

જેવર, ન૰ સુનાં રૂપાં હીરા મોતી વગેરેનાં ઘરેણાં; ડાગીના.

જેવારે-વખતે-વેળા, અ૰ સમ્બન્ધી અર્થમાં કાળ—સમો બતાવેછે; જ્યારે.

જેવું, વિ૰ સમ્બન્ધી અર્થમાં રૂપ ગુણ જાત વગેરે બતાવેછે; માફક; પેઠે. અ૰ જેમ. જેવુંકે-જેમકે. જેવુંતેવું-કોઈ પણ-જમે તે રીત-જાત-રૂપ—ગુણનું. અ૰ બેદરકારીથી કોઈ પણ રીતે કરી મુકેલું હોય તે બતાવેછે; જમે તેવું.

જેરે, અ૰ જે વારે.—ચાલનું કર્મ બતાવે છે.

જેષ્ઠ, જ્યેષ્ઠ

જેષ્ટા, જ્યેષ્ઠા.

જેષ્ટિકા, સ્ત્રી૰ [યષ્ટિકા] લાકડી.

જેસલી, સ્ત્રી૰ ખેતરમાં ચાસ પાડવાનું ઓજાર.

જેહ, સ૰ જે (કવિતામાં).

જેહેરે, ઝેરે.

જૈન, પુ૰ એ નામનો વેદ ધર્મથી ઉલટો એક ધર્મ; બુદ્ધ ધર્મનો એક ભેદ; શ્રાવકનો ધર્મ. વિ૰ એ ધર્મનું—સમ્બન્ધી.

જો, અ૰ કહેલું તે પરમાણેનું જોય—ધારે—વિચારે—કબૂલ કરે તો આ પરમાણે કરૂં—થાય એવા સંશયરૂપ સમ્બન્ધી અર્થમાં એ શબ્દ વપરાયછે; શરત બતાવેછે. જો તું કાલે બરાબર દશ વાગતે મારે ઘેર આવીશ તો હું તારીસાથે આવીશ. તોની સાથે તેનો સમ્બન્ધ છેજ. એ ઉભયાન્વયી અવ્યય કેવાયછે. ૨ જોવું એ અર્થમાં.—જો તેણે કેવું નામ મેળવ્યું છે (કવિતામાં).

જોઈતું, વિ૰ જેટલાંનો ખપ—નું કામ—ની જરૂર હોય તેટલું. જોઈતી વસ્તુ મંગાવીલેજો; જોઈતુંકરતું—જોઈએ તે. ૨ ઘટતું; લાયક.—તમારે તે કામ કરવું જોઈતું નોહતું.

જોઈએ, ક્રિ૰ વાપર—ખપ—જરૂરના અર્થમાં વપ-

રાય છે—તારે શું જોઈયેછે? એટલે તારે શી વસ્તુનો ખપ છે? એ શબ્દ જોવું ઉપરથી હશે—જરૂરને લીધે જેને અને જેને માટે ચાર પાસ જોવું—ખોળવું પડે તે. ૨ જરૂર—નજમ્યાલે ને ઘટિત છે તેવા અર્થમાં સહાયકારી પ્રમાણે ક્રિયાપદની સાથે જોડાય છે—મામાને ઘેર જગન એટલે તારે તો ત્યાં જવુંજ જોઈયે. ૩ જોઇલઇયે; જાણિયે; જોઈશું. જોઈયે હવે શું થાયછે તેપછી વાત.

જોઈયે ત્યારે—ખપ હોય ત્યારે. ૨ જોઈશું—વિચારિશું ત્યારે. **જોઈયેતો**—ખપહોય તો. ૨ જોઈશું પછી.

જોઇશે, ખા—જરૂર—કામ પડશે.

જોખમ, અ૦ ધરાર; અલબત; બેધડક. ((સામળ).

જોખ, ન૦ જોખેવતી જોખવું તે; કાટલાં; વજન. ૨ તોલ. સ્ત્રી૦ જોવાનું; મઝા. "જુવે તેને જોખ"

જોખમ, ન૦ [હિં૦] ભવિષ્યમાં થવાનું જે નુકસાન તે અથવા તેની ધાસ્તી. ૨ નુકસાન; ધોકો; ખરાબી. વાણને જોખમ લાગ્યું છે. ૩ નુકસાનની ધાસ્તીમાં હોય તેવી વસ્તુ ઘરેણું નાણું વગેરે. તેની પાસે જોખમછે માટે તપાસ રાખજે. ૪ વેપારમાં છાતી ચલાવવી તે. ૫ જુમો; જવાબદારી. —માથેથી જોખમ ઉતારવું. જોખમમાં નાખવું.—નુકસાની અથવા નુકસાન પોંચે તેવાં કામમાં નાખવું. જોખમ ભરેલું—વાળું એ વિશેષણ.

જોખમદાર, પુ૦ જેને શિર જોખમ હોય તે; જેને નુકસાન ભરી આપવાનું હોય તે; જવાબદાર.

જોખમાપ, ન૦ જોખ એટલે જોખવું—વજન કરવું—તોળવું તે અને માપ એટલે ભરીને માપવું તે.

જોખમાવું, ક્રિ૦ અ૦ જોખમમાં આવવું; નુકસાન હોવું—થવું—લાગવું; ખરાબી થવી.

જોખવું, ક્રિ૦ સ૦ તોળવું; વજન કરવું; કેટલો ભાર છે તે ત્રાજવે ઘાલી નક્કી કરવું. ૨ ખૂબ મારવું—ઠોકવું. (કોઈ માણસને).

જોગ, પુ૦ [સં૦ યોગ] મેળાપ; સંજોગ; સંબન્ધ; સંગતિ. તે મોટો પાપી હતો પણ સન્તસાધુના જોગથી આજ મોટો ધરમી થઈ બેઠો છે. ૨ બનાવ; જોગવાઈ; ઈત્તિફાક; અણધાર્યો પણ અનુકૂળ સમો; એકાએક આવેલો યોગ્ય પ્રસંગ; દૈવ જોગ, નાણાં મળવાનો જોગ વગેરે. ૩ ઉપાય; સાધન; દ્વાર; મારફતે. સાનના જોગથી. ૪ પ્રાણાયામનું રુન્ધન કરી અન્તઃકરણની એકાગ્રતા કરવી અને પછી જીવાત્માનું ને પરમાત્માનું એકપણું કરવું તે—કરવાનું જે શાસ્ત્ર તે—જોગસાધન, જોગ માર્ગ, જોગાભ્યાસ, જોગાસન ઈ૦. ૫ સંસારથી વિરક્ત—વેગળા થવું તે; વિરાગ ધારણ કરવો તે. ૬ (જ્યોતિષમાં) સૂર્યચન્દ્રના રેખાંશ ગણવાસારુ સૂર્યમાર્ગ—ક્રાન્તિવૃત્તનો (૩૬૦° અંશનો) ૨૭મો જે ભાગ તે—એનાં જુદાં જુદાં નામ છે. કથાકોષ—પૃ૦ ૩૧૯મું જુવો. ૭ માફક—અનુકૂળ આવવું તે; મેળ; મેળાપ. [વગેરે.

જોગ, વિ૦ [યોગ્ય] ઘટતું; લાયક.—માણસ. ૨ ઘટારત; લાયક; માફક; દુરસ્ત.—કામ. ૩ એ નામ—ક્રિયાની પછવાડે મુકવામાં આવે છે ત્યારે માફકપણું—ઘટારતપણું—યુગ્મભાવનો અર્થ રાખે છે: પરણવાજોગ, ખાવાજોગ, કામજોગ, માનજોગ

જોગ, અ૦ પ્રતિ—પ્રત્યે—તે એ અર્થમાં વપરાય છે. શેઠજી જોગ એટલે શેઠ પ્રત્યે (લખવાનું કે); ફલાણાજોગ—ફલાણાને. કેટલાક જોગનો અર્થ યોગ્ય એવો કરેછે. નામજોગ એટલે જેનું નામ હોય તેનેજ અને શાહજોગ એટલે ગમે તે શખ્શને પણ (ચોર નહિ) શાહને જોઈને (આપવું)—એ શબ્દો હુંડીમાં વપરાયછે. તેના જોગનો કાગળ એટલે તેનાં નામનો.

જોગટી, સ્ત્રી૦ છૂટાં બાબરાંવાળી બિહામણા વેશની—જુરકી નાખનારી સ્ત્રી; જોગણ (તુચ્છકારમાં).

જોગટો, પુ૦ જોગી (તુચ્છકારમાં); વેશથી બિહામણો ને ગુણથી જુરકી નાખનારો પુરુષ.

જોગણ, સ્ત્રી૦ જે સ્ત્રી સંસાર છોડીને ભમવાં પેરી ઈશ્વર ભજનમાં રેતે. ૨ વૈરાગણ; જોગી—બાવાની બૈરી.

જોગણી, સ્ત્રી૦ ઈશ્વરશક્તિનાં કલ્પેલાં સ્ત્રી જાતિવાચક રૂપોમાંનું એક દેવી; માતા.—એ ૬૪ ગણાયછે. એમાંની ઘણીખરી વિકરાળ ને ભયંકર છે.

જોગનિદ્રા-માયા, સ્ત્રી૦ [યોગનિદ્રા] સૃષ્ટિનો પ્રલય—નાશ અને પાછી થવાની નવી સૃષ્ટિની ઉત્પત્તિ એ બેની વચમાંનો જે કાળ તે; એ દરમિયાનમાં બ્રહ્માની જે મોટી નિદ્રા તે.

જોગવટો, પુ૦ જોગીપણું; જોગીની સ્થિતિ.

જોગવવું, ક્રિ૦ સ૦ મેળવી—ગોઠવી દેવું; જોગ—મેળાપ કરવો.

જોગવાઈ, સ્ત્રી૦ અનુકૂળ આવે તેવો જે ધારેલ વખત તે; ટાંકણું; સન્ધિ; અવસર; વગ.

જોગાણ, ઘોડા બળદને ખવડાવવાનું અનાજ; ચંદી,

જોગાભ્યાસ, પુ૦ જોગ સાધવાનો અભ્યાસ; પ્રાણવાયુનું રુન્ધન કરવામાં અને નાના પ્રકારના આસન માંડવાનો અને એમ કરી બ્રહ્મના ચિન્તનમાં રેવાનો અભ્યાસ.

જોગિયો, પુ૦ એક જાતનો રાગ.

જોગી, પુ૦ [યોગી] જોગ સાધનથી સમાધિ ચડાવી બ્રહ્મનું ચિન્તન કરવામાં નિરન્તરકાળ ગુજારનારો; તપસ્વી. ૨ મહાદેવની ભક્તિ કરનારા ભગવાં પેરનારા વેરાગી—ઘણી જાતના હોયછે. ૩ વિરાગી; ત્યાગી; જેણે સંસાર વિષય ઉપરથી ભાવ ઉઠાડ્યો હોય તે. જોગી ને ભોગી એ બે ઉલટા શબ્દો છે. ૪ એક જાતની રાગણી; જોગી આસાવરી. કેવત: 'આજ કાલનો જોગી ને સાંડસગી જટા' એ કેવત, નાની વય છતાં અભિમાનથી ખરડા બોલ બોલનારને લાગુ પડેછે.

જોગી અસાવરી, સ્ત્રી૦ એક જાતની રાગણી.

જોગું, વિ૦ લાયકનું—મારાજોગું કામ મને આપજો.

જોગેણ, **જોગણ**.

જોજન, પું૦ [યોજન] ચાર કોશ—સાઉ જેટલું જે અન્તર—લામ્બું માપ તે.

જોટલાં-વાં, ન૦ સ્ત્રિયોને પગને અંગુઠે તથા તેની જોડેની આંગળિયે પેરવાનાં રૂપાના બબ્બે કરડા તે; વેડ.

જોટો, પુ૦ સરખે સરખી બે વસ્તુનું સાથે પાસપાસ એકઠું હોવું—રેવું તે. એ શબ્દ પશ્નેજ લગાડતાં ઘણો વપરાય છે—ઘોડી જોટો, મુગદા જોટો, જનોઈ જોટો, બાલજોટો વગેરે. કેટલાક બીજી વસ્તુને તથા માણસને પણ લગાડે છે પણ તે થોડાજ. જોડો શબ્દ બધાંનેજ લાગેછે. જોટો તે જોડો પણ જોડો તે જોટો નહિ.

જોડ, સ્ત્રી૦ બે જણ—વસ્તુનું સરખે દરજ્જે હોવું તે. ૨ સરખી જે બે વસ્તુઓ તે. જોડ ને કજોડ. ૩ સંબંધ; બરોબરિયું; સરખું ઉતરનારું. ૪ સાથે અવતરેલાં જે બે છોકરાં તે. ૫ તમ્બુરાના ચાર તારમાંના વચમાંના જે બે તે. ૬ મેળાપ; જોડણી. "મનને જોડ માયાની સંગી" (અખો).

જોડઅક્ષર, પુ૦ બે અથવા વધારે અક્ષરો સાથે જોડાઈને થયેલો જે એક ભારે અક્ષર તે.

જોડકણાં-ણો, ન૦ લગનમાં વેવાઈની તરફનાં બૈરાંઓ સામસામાં વખાણનાં અને કોઈવાર મેણાના જે નવા બોલ જોડી ગીતરૂપે ગાયછે તે; જોડકણાં બોલ.

[પાંદડાનું જોડકું.

જોડકું, ન૦ એક જાતનાં જે કંઈ બે સાથે કુદરતથી વળગેલાં હોય તે—કેળાં પાંપડી વગેરેનું જોડકું. ૨ ઉપરાઉપરી મુકી સાંધીને બેનું એક કરેલું તે—

જોડણી, સ્ત્રી૦ જોડવાની—ગોઠવવાની—મેળવવાની જે રીત તે. ૨ જોડેલું તે. એ શબ્દ, વ્યાકરણમાં ધાતુને રૂપો આપવાં તેને અને જુદા જુદા અક્ષરોને સાથે મુકી શબ્દ બનાવવાં તેને લગાડવામાં આવેછે. ધાતુરૂપની જોડણી, શબ્દના જોડણી વગેરે.

જોડવું, ક્રિ૦ સ૦ બે અથવા વધારે વસ્તુ—કકડાને એકઠા મેળવી દેવા; ગોઠવવું; સાંધવું; બેવડું કરવું. ૨ જાનવરનીપાસ ખેંચાવવાસારુ તેઓને ગાડાં સાથે આગળ વળગાડવાં. ૩ નાણું, માલ એકઠું કરવું; સંચય કરવો. તેણે બહુ પૈસો જોડ્યો છે; પાપ—પુણ્ય જોડવું. ૪ નવો સમ્બન્ધ કરવો; સ્નેહ બાંધવો.—પ્રીત જોડવી. ૫ કોઈનીપર આળ ચડાવવાસારુ ખોટું શોધવું. ૬ અક્ષરોને સાથે મેળવી શબ્દ કરવો. ૭ બે અથવા વધારે વાક્યો એક બીજાનાં સમ્બન્ધમાં આવેતેમ ગોઠવવાં. ૮ નવી કલ્પનાથીવાત, ચોપડો વગેરે બનાવવું; બનાવટ કરવી. ૯ કવિતા રચવી. ૧૦ ગાંઠનું કાઢી પુરું કરવું; ભરીઆપવું.—હાથ જોડવા એટલે બે હથેલીઓને મેળવવી; નમસ્કાર કરવા; નમન કરવું. કોઈ કનડાણો આપતો હોય તેને બંધ કરવાસારુ તેને કરગરીને કેહેતાં 'બાઈ હવે હું તને હાથ જોડુંછું, માફ કર' એમ બોલવામાં આવે છે. જોડી કાઢેલું. વિ૦ બનાવટનું; કલ્પિત.

જોડા, પુ૦ પગે પેરવાના ચામડાંના બનાવેલા જે સરખા બે ઘાટ તે; પગરખાં. જોડો એકવચન.

જોડાક્ષર, પુ૦ [યુક્તાક્ષર] જોડઅક્ષર. [ય તેમ.

જોડાજોડ, અ૦ પાસપાસે; સાથેસાથે; જોડાયલાં હો-

જોડિયો, પુ૦ કોઈપણ કામ કરવામાં જે પોતાના સરખો સાથી તે; બરાબરીયો. ભણવામાં, રમવામાં, વગેરેમાં. [બે ઘોડા—બળદ કે.

જોડી, સ્ત્રી૦ જોડ. ૨ નાના છોકરાંને પગે પેરવાનો નાનો જોડો. ૩ સાથીએ જોડેલા જે સરખા

જોડું, ન૦ લગ્નસમ્બન્ધી મળેલાં જે સ્ત્રી પુરુષો તે; વરવહુનું જોડું.—જે સમયે એ બે પુરુષો સાથે દેખાતાં હોય ત્યારે સજોડે કેવાય છે.—સજોડે જમવા આવ્યાંછે. ૨ હલગુણકર્મ—ધન્ધામાં સરખે

સરખાં એવાં જે બે મનુષ્યો તે. ૩ એકજ વખતે અવતરેલા બે છોકરા. ૪ (પશુપક્ષીયોમાં) નરમાદા. એ શબ્દ પ્રાણીયોને વિશેષ લાગેછે—વસ્તુને થોડો લાગેછે. જોડું બન્નેને લાગેછે.

જોડે, અ૦ જોડાંને; જોડ્યાથી. ૨ સાથે.—જોડે તેડતો આવજે. ૩ પાસે—તેની જોડે બેસ.

જોડો, પુ૦ પગે પેરવાના જોડા અથવા એમાંનો એક. જોડા ફાડવા એટલે ફોકટ ફેરા મારવા; ધક્કા ખાવા. 'બાઇના જોડા બાઇના પગમાં' એટલે એકના જોડા બીજાના પગમાં અથવા એકને કંઇ ને બીજાને કંઇ એમ સમજવું અથવા ગરબડ—ગુચવણ કરી મુકવી.

જોડયાબોલ, જોડકલાં.

જોણું, પુ૦ જોવું તે. મો જોણું કરવું. ૨ જોવાનું—હસવાનું તે. 'જોણું જગતને થાય'. 'જોણું, દેણું ને વગોણું એ ત્રણે ભેળાં હોય'.

જોત, સ્ત્રી૦ [સં૰ જ્યોતિ] બળતી વાટ; સળગેલો કાકડો. દીવાની જોત. ૨ પ્રકાશ; રોશની; કિરણોનો સમૂહ. ૩ ચળકાટ; તેજ; કાન્તિ.

જોતર, ન૦ [યોત્ર] જે પાટો બળદને ગળે આવી રહીને જૂંસરી સાથે બન્ને પાસથી બન્ધાયલા હોય છે તે.—એ, કાથા ગુંથેલાં સુતર અથવા ચામડાંનું હોય છે. [નાખવું.

જોતરવું, ક્રિ૦ સ૦ જૂંસરીયે જોતરનો એકેકો છેડો બાંધવો; બળદ જોડવા. ૨ (લાક્ષણિક) કોઇને કોઇ નવાં કામમાં—જંજાળમાં ફેસવેલું

જોતરાવું, ક્રિ૦ અ૦ જોતરેલી હાલતમાં આવવું.

જોતરું, જોતર. [ભામાં; પળમાં; સેજમાં.

જોતાંજોતાંમાં, અ૦ આંખ ઉઘડે ને દેખાય તેટ-

જોતિષ, જ્યોતિષ.

જોતી, સ્ત્રી૦ જોત.

જોતું, જોઇતું. જોતુંકરતું—જોઇતું કરતું.

જોધ, [જોદ્ધા] જુવાન જોધ—જોદ્ધા સરખો.

જોદ્ધા-દ્ધો, પુ૦ [યોદ્ધા] યુદ્ધ—લડાઇમાં ઝુમનારો; રજપૂત; લડવૈયો.

જોની, સ્ત્રી૦ [યોનિ] જાત; અવતાર.—મનુષ્યજોની, ભૂતજોની ઇ૦. ૨ સ્ત્રીના છાની ઇંદ્રી.

જોબન, ન૦ [યૌવન] પ્રાણીને ત્રણ અવસ્થા કેવાય છે તેમાંની વચલી.—બાલ્યાવસ્થા, યુવાવસ્થા ને વૃદ્ધાવસ્થા; જુવાની; તારુણ્ય. પુરુષને ૧૬ વરસ પછી અને સ્ત્રીને ૧૨ વરસે જોબન આવવા માંડે છે. ૨ જોબનનો જે બાર તે; જોબનનું ખિલવું—શોભવું તે. ભરજોબન એટલે જે સમયે પ્રાણીના શરીરના અવયવોનું પૂરી રીતે બાર ખિલી નિકળવું અને મનનું—બુદ્ધિનું પુક્તપણું થાય છે તે સમયની જે સ્થિતિ તે. જોબન આવવું—જવું. જોબન શબ્દ માણસનેજ લાગે છે ને જુવાની, માણસ તથા બિજાં પ્રાણીને પણ લાગે.

જોબનવન્તી, સ્ત્રી૦ નવું જોબન આવેલું એવી અથવા ભર જોબનમાં હોય એવી સ્ત્રી.

જોબના, સ્ત્રી૦ જોબનવાળી. જુવાન સ્ત્રી.

જોબનિયું, જોબન.

જોભાવું-ઇજવું, ક્રિ૦ અ૦ જોભો આવવો.

જોભો, પુ૦ એકદમ બધે શરીરે પરસેવો થઇ આવવો તે—જોભો છુટવો.

જોમ, પુ૦-સ્ત્રી૦-ન૦ શરીર—મનની ઉશ્કેરાઇ ગયેલી હાલત; આવેશીબળ; જોસ્સો પણ કંઇકરેલો.

જોમી, વિ૦ જોમવાળું.

જોર, ન૦ [ફા૦] શરીર સમ્બન્ધી જે શક્તિ તે; બળ; કૌવત; સામર્થ્ય. ૨ બુદ્ધિની શક્તિ—પોંચ. ૩ એકાદું કાર્ય નિપજે તેવી પદાર્થમાં જે શક્તિ હોય છે તે—વાયુનું, અગ્નિનું, નાણાંનું વગેરેનું જોર. ૪ દરિયાનું સામી પડે ઉછળવું તે. ૫ શરીરને મજબુત કરવાસારુ લાંબાં થઇને દણ્ડ કાડવા મગદળિયાં ફેરવવાં વગેરે જે કસરત કરવી તે. જોર કરવું—કાડવું. ૬ ભાર; વજન. જમણી બાંયપર જોર વધારે આવેછે. ૭ ટકી રેવાની—સહન કરવાની—સામે થવાની જે શક્તિ તે. ૮ વધારો; દોડ; જોરસાનું આગળ વધવું તે. ૯ જુલમ; ગેરઇનસાફ; જબરદસ્તી. ૧૦ રોગ—જોરસા વગેરેનું વધવું તે. ૧૧ પગ; વશીલો; સિફારસ; તરફદારી. જોર મારવું—ચલાવવું એમ પ્રયોગ થાય છે. [જોરવાળું.

જોરકસ, વિ૦ (૫ મા અર્થમાં) જેણે તાલીમ લીધેલી—કસરત કરેલી હોય તે; વાળેલા આંગનું;

જોરજબરી, સ્ત્રી૦ જોર (૯ મા અર્થમાં); જબરદસ્તી; જુલમ.

જોરજોર, અ૦ જોરથી—માં.

જોરવાન, વિ૦ જોરાવર. [સમસાર.

જોરાવર, વિ૦ [ફા૦] જેનામાં ઘણું જોર—બળ હોય તે; શક્તિમાન; જબરું; મજબૂત (કામ, માણસ). ૨ પરાક્રમી; પ્રતાપી. ૩ ગુણકારી. ૪ જુ-

જોરાવરી, સ્ત્રી૦ જુલમ; જબરદસ્તી; ઘણી સખ્તી;

બળાત્કાર; જોરાવરી.
જોરૂ, સ્ત્રી૦ [હિં૦] પરિણયંત બૈરી; સ્ત્રી.
જોરો, પુ૦ સત્તા; હુકમ; બળ. ૨ જુલમ; સખ્તી.
જોવડાવવું, ક્રિ૦ સ૦ કોઈ પાસે જોય તેમ કરવું. ગ્રહ જોવડાવવા.
જોવાજેવું, વિ૦ જોવાનું મન થાય તેવું; નવાઈનું; અજાએબ જેવું. (ખરાબી—નુકસાનીના અર્થમાં પણ વાંકામાં એ શબ્દ વપરાયછે).
જોવું, ક્રિ૦ સ૦ આંખની ઈન્દ્રીયથી કોઈ વસ્તુના બહારના રૂપ રંગ આકાર જોવા. ૨ કોઈ પણ ઈન્દ્રીયથકી કોઈ પણ વિષયનું જ્ઞાન પામવું; જાણવું. ૩ દીલમાં દરિઆફત કરવી; વિચારવું. તેવિષે જરા જોજે. ૪ તપાસવું; શોધવું. તે મુકરદમો કોણ જોયછે? ૫ ધ્યાન આપવું.—બરાબર જો. ૬ અન્દરનું જાણીલેવું.—મન જોવું, ઓસડ ની ખાસિયત જોવી વગેરે. ૭ અનુભવ—અજમાએશ કાડવી; પ્રયોગ કરીને જાણીલેવું. એ અર્થમાં જોવું જ્યારે ક્રિયાની પછવાડે આવેછે ત્યારે વપરાયછે-ખાઈ—કરી—બેસી જોવું. જોયેઇતો એટલે વિચારઉપર વાત; વિચાર કર્યાબાદ. જોતાં—વિચારતાં. જોઇલેવું એટલે તપાસવું. આંખે—નજરેજોવું એટલે ખચિત—ખરેખરૂં—સારીપડે.
જોશ, પુ૦ [પ્રા૦] ઉકળવું તે; ગરમીથી પ્રવાહીના પરમાણુઓનું ઘણીજ ગડપથી ઊંચું નીચું થવું તે. ૨ ઉકળેલી—ગરમ થયલી હાલત; ઉભરો. તે દવાના ઉકાળાને ત્રણ જોશ આપજે—ત્રણ વાર ઉભરા આવે તેવું કરજે. ૩ જોસ્સો. [જિવાડવા.
જોશ-જોષ, પુ૦ [જ્યોતિષ] ગ્રહ, ગ્રહણ, મુહૂર્ત વગેરે જોવાં તે; ભવિષ્ય—નસીબ જોવું તે. જોષ
જોશી-જોષી, પુ૦ [જ્યોતિષ] જોષ—ભવિષ્યનો જોનારો—કેનારો; ટીપણું, જનમાક્ષર, જનમોતરી, વરસફળ વગેરે જોનારો. "જોશી ડોશી ને વટેમારગુ એ ત્રણે રોગટિયા". ૨ જ્યોતિષ જાણનારો; ખગોળ વેત્તા.
જોસ, [પ્રા૦] જોશ. [રાખેછે તે.
જોસતાન-દાન, ન૦ ચોપડી, કાગળ, સ્લેટ વગેરે રાખવાની કોથળી જે નિશાળે જતા છોકરાઓ
જોસ્સો, પુ૦ ઉશ્કેરાયલી લાગણી; પ્રસંગઉપરથી મનની જે ઉભરાતી—ઉછળતી હાલત થાય તે; મનોવિકાર—ભાવ. દયા—ક્રોધ—પ્રેમનો જોસ્સો. જોસ્સો થવો—સ્ફુરવો. ૨ જોમ.

જોહાર, જુહાર. [જડ તે; જોડ.
જોળ, સ્ત્રી૦ સાથે અવતરેલાં જે બે છોકરાં—બા-
જ્ઞ, પુ૦ [સં૦] જ્ ને ઞ્ મળીને એ અક્ષર થયો છે. પણ વેવારમાં એનો ઉચ્ચાર દ્ ન્ ને ય જેવો કરવામાં આવેછે. વિ૦ જાણનાર. શાસ્ત્રજ્ઞ, સર્વજ્ઞ આદિ લઈ. [દાર્થ જાણવામાં આવવો તે.
જ્ઞપ્તિ, સ્ત્રી૦ [સં૦] સમજશક્તિ; બુદ્ધિ. ૨ બુદ્ધિથી પ-
જ્ઞાત, વિ૦ ધા૦ [સં૦] સમજેલું; જાણેલું; જ્ઞાન પ્રા-
જ્ઞાત, જ્ઞાતિ. [પ્ત થયલું તેનું.
જ્ઞાતયૌવનામુગ્ધા, સ્ત્રી૦ [સં૦] (કાવ્યશાસ્ત્રમાં) નવું જોબન આવે છે—આવ્યું છે એમ જાણવા માંડયું છે—જાણેલું છે જેણે તે સ્ત્રી.
જ્ઞાતવ્ય, વિ૦ [સં૦] સમજાય—જ્ઞાન પામીશકાય તેવું; જાણવા જોગ. [ડાહ્યું (માણસ).
જ્ઞાતા, વિ૦ [સં૦ જ્ઞા—જાણવું] જાણનાર; સમજનાર. ૨ જેને સારીપડે જ્ઞાન હોય તે—બુદ્ધિમાન્ ને
જ્ઞાતિ, સ્ત્રી૦ [સં૦] જાત. ૨ ન્યાત.
જ્ઞાન, ન૦ [સં૦] જાણવું તે; હર કોઈ વાતની જાણ—માહીતી; હરકોઈ વિદ્યા કળા વિષે બુદ્ધિથી જે સમજ પડેલી તે. ૨ ધર્મ સમ્બન્ધી—જીવાત્મા, પરમાત્મા સમ્બન્ધી જે સમજણ—જાણ તે. તત્વશાસ્ત્રના અભ્યાસથી અને ધ્યાનમનનથી સંસાર—માયા અને ઈશ્વર અને નીતિ સુખ દુખ મુક્તિ આદિ લઈ વિષયોની જે જે જાણ તે તે. ૩ જે બુદ્ધિએ હરકોઈ વસ્તુની જાણ થાય તે; જ્ઞાનશક્તિ; સમજશક્તિ; વિચારશક્તિ. ૪ સમજશક્તિ—બુદ્ધિથી આપણાં મનમાં જે છાપ પડે તે; મનમાં જે મૂર્તિ—ચિત્ર પડે તે.
જ્ઞાનકળા, સ્ત્રી૦ જેમ ચન્દ્રની તેમ જ્ઞાન—બુદ્ધિની જે કળા તે; બુદ્ધિપ્રકાશ; સમજશક્તિનું ખિલવું તે.
જ્ઞાનકાણ્ડ, પુ૦ [સં૦] વેદના ત્રણ કાણ્ડછે તેમાંનો એક—કર્મકાણ્ડ, ઉપાસનાકાણ્ડ અને જ્ઞાનકાણ્ડ. જ્ઞાનકાણ્ડમાં જ્ઞાન શબ્દના ૨ જા અર્થમાં રૂપાપ્રમાણે વિષયોની સમજણ આપેલી છે—જ્ઞાનથીજ ઈશ્વર પ્રાપ્તિ છે એમ રૂપલું છે.
જ્ઞાનઘન, વિ૦ [સં૦] જ્ઞાનથી ભરપૂર—ભરેલું.
જ્ઞાનચક્ષુ, વિ૦ [સં૦] જ્ઞાનથી ઉઘડી છે આંખ જેની તે. ન૦ જાણશક્તિની આંખ; શરીર ઉપરના નહિ પણ વિચારની આંખ.
જ્ઞાનતન્તુ, પુ૦ સમજની સાથે સમ્બન્ધ રાખનારી જે રગોવડે વિષયોનું જ્ઞાન થાયછે તે.

જ્ઞાનદર્પણ, ન૦ [સં૦] જ્ઞાનનું દર્પણ.
જ્ઞાનદીપ-ક, પુ૦ [સં૦] જ્ઞાનનો દીવો.
જ્ઞાનદૃષ્ટિ, [સં૦] જ્ઞાનની દૃષ્ટિ.
જ્ઞાનપરમ્પરા, સ્ત્રી૦ [સં૦] એક ઉપરથી બીજી બીજાપરથી ત્રીજી એમ તર્ક—વિચાર કરતાં કરતાં જે જે જ્ઞાન થાય તે તે. [કરનાર.
જ્ઞાનપ્રસારક, વિ૦ [સં૦] જ્ઞાનનો પ્રસાર—ફેલાવો
જ્ઞાનમાર્ગ, પુ૦ [સં૦] જ્ઞાનથીજ ઈશ્વર પ્રાપ્તિ—મોક્ષ થાય તે.
જ્ઞાનમાલા-ળા, સ્ત્રી૦ અનેક વિષયોના અનેક જે જ્ઞાન તે. ૨ એ અનેક જ્ઞાન જે પુસ્તકમાં માળારૂપે ગોઠવી બતાવ્યાં હોય તે. [લક્ષણ—ચિન્હ.
જ્ઞાનલક્ષણ, ન૦ મેળવવાના—મેળવેલાં જ્ઞાનનું લ-
જ્ઞાનવલ્લી, સ્ત્રી૦ [સં૦] જે વેલો ખાવાથી જ્ઞાનશક્તિ વધે તે. ૨ ભાંગ. ૩ જ્ઞાનની વેલી.
જ્ઞાનવાન્, વિ૦ [સં૦] જેને જ્ઞાન—ડાપણ હોય તે.
જ્ઞાનવિજ્ઞાન, ન૦ [સં૦] ઈશ્વર સમ્બન્ધી ને પઞ્ચ તત્વ સમ્બન્ધી જે જ્ઞાન તે; ઈહલૌકિક ને પરલૌકિક જ્ઞાન. ૨ સૃષ્ટીના પદાર્થોના ધર્મસમ્બન્ધી જે સામાન્ય અને વિશેષ જ્ઞાન તે.
જ્ઞાની, વિ૦ ખરૂં ખોટું સમજવાની શક્તિ ધરાવનાર તે તથા તેમ સમજી વિવેક—ડાપણથી આચરણ કરનાર તે. ૨ જેને તત્વ શાસ્ત્રનું જ્ઞાન હોય તે; મોક્ષ વિષય જાણનાર તથા તેનો અનુભવ કરનાર તે. [ક તે.
જ્ઞાનીશ્વર, પુ૦ [સં૦] જ્ઞાનીયોમાં જે ઈશ્વર—એ-
જ્ઞાનેન્દ્રિય, ન૦ [સં૦] જે ઈન્દ્રીયોવડે પદાર્થનું જ્ઞાન થાય છે તે. ત્વગિન્દ્રિય (ચામડી), ચક્ષુરિન્દ્રિય (આંખ), શ્રોતેન્દ્રિય (કાન), રસનેન્દ્રિય (જીભ), અને ઘ્રાણેન્દ્રિય (નાક), બાજી પાંચ ઈન્દ્રીયો છે તે કર્મેન્દ્રિય કેવાય છે—હાથ, પગ, મોઢું, ગાંડ અને છાની ઈન્દ્રી.
જ્ઞાનોદય, પુ૦ જ્ઞાનનો ઉદય.
જ્ઞાનોપદેશ, પુ૦ જ્ઞાનનો ઉપદેશ. [મેળવવું તે.
જ્ઞાનોપાસના, સ્ત્રી૦ ત્રણ પ્રકારની ઉપાસનામાંની એક—કર્મોપાસના, આત્મોપાસના અને જ્ઞાનોપાસના—વેદશાસ્ત્રના અભ્યાસથી જે જ્ઞાન—ડાપણ
જ્ઞાપક, વિ૦ [સં૦] જાણ કરનારો; બોધક; શિક્ષક; જ્ઞાન આપનારો. [તે; શિક્ષા.
જ્ઞાપન, ન૦ [સં૦] જાણ કરવું તે; જ્ઞાન આપવું
જ્ઞેય, વિ૦ [સં૦] જ્ઞાન પ્રાપ્ત કરવા જેવું; જાણવાં જેગ; જાણી શકાય તેવું; જ્ઞાન આપવાને માટે ઠેરવેલું હોય તેવું. જે પદાર્થને જાણવો તે જ્ઞેય, જાણનાર તે જ્ઞાતા ને જાણવું તે જ્ઞાન—એ ત્રણને ત્રિપુટિ કે છે.
જ્યા, સ્ત્રી૦ [સં૦] ધનુષ—કામઠીની પણછ—ચીલ. ૨ (ગણિતમાં) ગોળના કોણને જોડનારી લીટી.
જ્યાદે, જાદે. [વિ૦ મોટું; વડું.
જ્યેષ્ઠ, પુ૦ [જ્યેષ્ઠા ઉપરથી] વિક્રમવર્ષનો ૮ મો ને શાલિવાહન વર્ષનો ૩ જો મહિનો; મે તથા જુન.
જ્યેષ્ઠા, સ્ત્રી૦ [સં૦] સત્તાવીસમાંનું અરાડમું નક્ષત્ર.
જ્યોતિ, સ્ત્રી૦ [સં૦] જોત.
જ્યોતિષ, ન૦ [સં૦] આકાશમાં જે ગ્રહાદિકો છે તે સમ્બન્ધી—તેઓના મહત્વ, તેઓની ગતિ, તેઓનાં અન્તર, તેઓથી થતા ચમત્કારિક ફેરફારો વગેરે સમ્બન્ધી જે વિદ્યા—જ્ઞાન—શાસ્ત્ર તે. ૨ આકાશના તેજોમય પદાર્થોનું વર્ણન. ૩ એ ગ્રહાદિકોની ગતિ ઉપરથી પ્રાણીયોની સ્થિતિ ઉપર જે અસર થતી કેવાય છે તે સમ્બન્ધી—ગ્રહોના શુભાશુભ ફળ સમ્બન્ધી જે વિદ્યા તે. જ્યોતિષના ત્રણ ભાગ કેવાય છે.—ગણિત, ફળ અને મુહૂર્ત.
જ્યોતિષી, પુ૦ જ્યોતિષ વિદ્યા જાણનારો; જોષી.
જ્યોતિષ્માન્, વિ૦ [સં૦] પ્રકાશ આપતું; કાન્તિમય; ઝગઝગતું. [દની રાત.
જ્યોત્સના, સ્ત્રી૦ [સં૦] ચાંદરણું; ચાંદની. ૨ ચાં-
જ્વર, પુ૦ [સં૦] તાવ; તાપ.—રોગ.
જ્વરાંશ, પુ૦ [સં૦] તાવની ઝળઝી; તાવના ચિન્હ.
જ્વરાઙ્કુશ, પુ૦ [સં૦] તાવ ઉપર આપવાનું એ- [ક ઓસડ.
જ્વલન, ન૦ [સં૦] બળવું તે.
જ્વલિત, વિ૦ [સં૦] બળતું; સળગતું; સળગેલું.
જ્વાલાગ્રાહી, વિ૦ [સં૦] જલદીથી સળગી જાય તેવું; બળી સળગી ઉઠે તેવું. [પ. ૨ અતિક્રોધ.
જ્વાળા, સ્ત્રી૦ [સં૦ જ્વાલા. જ્વલ—ભડકો થવો] બળતું; ભડકો; ધગધગતો અગ્નિ તથા તેનો તા-
જ્વાળામુખી, વિ૦ [જ્વાલામુખી] જેની અન્દરથી અગ્નિ બાર નિકળતો હોય તે જગા, પર્વત. જેના શિખરમાંથી ધુમાડા બળતાં, બળેલા પદાર્થ નિકળતા હોય તે જ્વાળામુખી પર્વત.

ઝ

ઝ, પું૦ [સં૦] વીસમો મૂળાક્ષર; નવમો વ્યંજન-વર્ણ; જ નો મહાપ્રાણ—જને ચાંપીને કંઈક હ ભેળી ઉચ્ચાર કરેથી ઝ થાય છે.

ઝખ, ન૦ [ઝષ] મચ્છ; માછલું.

ઝગઝગ, અ૦ ઉપરા ઉપરી કિરણ નાખતું હોય તેમ; વધારે તેજ મારતું; પ્રકાશ આપતું. ચકચકમાં નરમાશ તથા સફેદાઈ અને ઝગઝગમાં તિક્ષતા તથા વિકાશ હોય છે.

ઝગઝગતું, વિ૦ ઝગઝગ કરતું.

ઝગઝગવું, ક્રિ૦ અ૦ ઝગઝગ થવું.

ઝગઝગાટ, પું૦ ઝગઝગ થતો પ્રકાશ.

ઝગમગ, ઝગઝગ. ઝગમગવું એ ક્રિયાપદ.

ઝગર, વિ૦ ઉજડ.

ઝગરણ, ન૦ ઝઘડો; જેશમાં ટણ્ટો ચાલવો તે. એ વાત ઉપરતો ઝગરણ ઉઠ્યો.

ઝઘડવું, ક્રિ૦ અ૦ લડવું; ટણ્ટો કરવો; બોલ ચાલ કરવી; લડાલડી—મારામારી કરવી. [ખપેડો.

ઝઘડો, પું૦ કજિયો; ટણ્ટો; વઢવાડ; લડાઈ; રોળ;

ઝઘારેજવું, ક્રિ૦ અ૦ ઝગઝગ થઈ રેવું; સારી પેઠે પ્રકાશ પડ્યો હોય તેવું થઈ રેવું. 'અજવાળાં ઝઘારે જાયછે'.

ઝઝૂંના, સ્ત્રી૦ જેપલાં—સાંભળેલાં મનમાં ઘોળાયલાં હરકંઈનો સ્વપનામાં જે ભાસ પડ્યો તે. ૨ મનમાં ઘુંટાયલા વિષયનું વારે વારે સ્મરણ થયાં કરવું તે; ધ્યાન. [મોઢું.

ઝઝૂંવાણું, વિ૦ ખસિયાણું; શરમીન્દું; ઓશિયાળું;

ઝઝૂંવાવું, ક્રિ૦ અ૦ ઝઝૂંવાણું પડવું; શરમથી મોઢું ઉતરી જવું. [કરવું. ૨ જોવાને તલપવું.

ઝઝૂંવું, ક્રિ૦ સ૦ ઝઝૂંના રાખવી; વારે વારે સ્મરણ કર્યાં કરવું—જીપાં કરવું; ધારેલાંને દેખ્યાં

ઝઝૂં-ખા, જોખ.

ઝઝણાટ, ઝણઝણાટ.

ઝઝણી, સ્ત્રી૦ હાથ અથવા પગ ઘણી વાર દબાણમાં રહેથી અથવા નબળાઈને લીધે તેની મુંઘ ઝપટની કમ્પારી જેવું ને સખત લાગે તેવું જે કંઈ કંઈ થાય છે તે; ખાલી. જેટલી વાર જ્યાં ઝઝણી રે તેટલી વાર ત્યાં લોહીની ગતિ માલમ પડતી નથી. ૨ ક્રોધ; ઝાંઝ; ગુસ્સો.

ઝઝૂમવું-આવું, ક્રિ૦ અ૦ કોઈ પણ આધાર ઉપર ટેકી ખુાર લટક્યાં કરવું.—કટેરા ઉપર ઝઝુમેછે તે ઠીક નહિં પડી જઈશ. ૨ (લાક્ષણિક) તલખ્યાં કરવું; મતલબને સારુ એકને એક ઠેકાણે ભમ્યાં કરવું—વિટલાઈ રેવું.

ઝગ-જાણી-ઝણી, સ્ત્રી૦ ઝઝણી (૧ લા અર્થમાં).

ઝગ-જેટો-ઝેટો, પું૦ એક જાતનો છોડવો; અપામાર્ગક, અપેડો. એ, બ્રાહ્મણોને સ્નાનવિધિમાં અને યજ્ઞકર્મમાં કામ આવે છે. એનો ખાર, કપડાં ધોવાના કામમાં આવેછે.

ઝગ-જેડવું-ઝેડવું, ક્રિ૦ અ૦ તરછોડવું હલાવવું. ૨ તરછોડા નાખવું; ધિક્કારવું; ધમકાવી નાખવું.

ઝટ, અ૦ [સં૦ ઝટિતિ] જલદીથી; ઉતાવળે; તાકીદે; વેહેલું. ૨ તરત; હમણાનું હમણાં. ઝટ કરીને—લઈ ને એમ પણ બોલાય છે.

ઝટક, સ્ત્રી૦ ઝડપથી પાડી નાખવું—ફેરવી પાડવું તે. કુસ્તીનો એક દાવ.

ઝટકવું, ક્રિ૦ સ૦ ઝપટથી ઉપાડી—નાખી દેવું; ઝાટકી દૂર ફેંકી નાખવું; ઉઠાવી ફેંકી દેવું.

ઝટકો, પું૦ તલવાર વગેરે હથિયારને ઉગામી શરીર વગેરેને જોરમાં લગાડવું તે, કોઈ પણ વસ્તુ ઉપર હથિયારથી પડેલો—થયેલો જે ઘા તે; ચીરો; જખમ. લાંબો કાપ—ઘા હોય તેનેજ ઘણું કરીને ઝટકો કે છે. ઝટકો કરવો—મારવો—લાગવો. ૨ દીલને એકાએક લાગેલું જે મોટું દુઃખ તે. [છે.

ઝટઝટ-પટ, અ૦ ઘણી ઉતાવળથી; તાકીદે. ઝટાઝટ, ઝટોઝટ, ઝટ એપણ ઘણી ઝડપ—ઉતાવળને માટે

ઝટાપટી, સ્ત્રી૦ કજિયો; બોલ ચાલ; મારામારી. ૨ જેશમાં ચાલેલી તકરાર.

ઝડ, સ્ત્રી૦ [હિં૦] (કવિતામાં) એક શબ્દાલંકાર. સ્વર—અક્ષર તેના તેજ આવ્યાંકરે તેવી રચના. ૨ (ગાયનમાં) એક જાતનો તાલ. ૩ હઠ; લગન; એક ધ્યાન. ઝડ લાગવી કેવાયછે.

ઝડકો, પું૦ કપડું ફાટી તેમાં જે લાંબો ચીરો પડ્યો—પડેલો તે. ઝડકો ભરવો એટલે ફાટેલું કપડું સાંધી લેવું; બે ભાગ મેળવી દેવા.

ઝડઝમક, સ્ત્રી૦ (કવિતામાં) ઝડ અને ઝમક.

ઝડપ, સ્ત્રી૦ ઉતાવળ; જલદી; તાકીદ. ૨ દોડ. ૩ ચાલાકી. ૪ ઉતાવળ અને જોરથી ઝુટવી—પક-

ડા—લઈ લેવું તે; અડપટ; સપાટો; ઝપટ.

ઝડપવું-પીલેવું, ક્રિ૦ સ૦ એકદમ ઝડપથી પકડી—ધરી—ઝીલીલેવું. ૨ ઝડપથી ઉઠાવી લેવું.—ખાડું ઝડપવું. [મારવી તે.

ઝડપાઝડપી, સ્ત્રી૦ ઘણાજણે એકજ વખતે ઝડપ

ઝડાકો, પુ૦ એકદમ જોસમાં ચાલેલી તકરાર. ૨ વેણનો માર મારવો તે; સપાટો.

ઝડી, સ્ત્રી૦ વચમાં વચમાં રહી ન જાય તેવો વરસાદ; ઉપરા ઉપરી ઝાપટાં આવ્યાં કરે તે.

ઝડીનાખવું, ઝરડી નાખવું.

ઝડ્ડું, ન૦ ઝાંખરું; કાંટા વાળું ડાળું. ૨ ખેન; વળગણ.

ઝણકાર-રો, પુ૦ રણકો. ઝાંઝર વગેરેનો.

ઝણઝણ, અ૦ એવો થતો અવાજ દેખાડે છે. ૨ ઘસાવાથી અથવા તીખું ઊનું ખાવાથી જે ગરમાની અસર પેદાથાય તે બતાવે છે. [વાજ બતાવે છે.

ઝણઝણવું, ક્રિ૦ અ૦ ઝઝણી આવે તે વખત જે લાગણી થાય છે તે બતાવેછે. ૨ એવો થતો અ-

ઝણઝણાટ, પુ૦ મોટો ઝણકાર. ૨ ગમગમાટ.

ઝણણણ, અ૦ એવો થતો અવાજ દેખાડે છે.

ઝણ્ડો, પુ૦ ઝુંડો.

ઝનુન, ન૦ સ્ત્રી૦ જનુન.

ઝન્દ, એ નામની ભાષા જેમાં પારસીયોના ધરમપુસ્તક લખાયલાંછે તે.

ઝપ, અ૦ એકાએક; ઝટ લઈને; તરતજ. ઝપઝપ—ઝટઝટ. [વવું.

ઝપટ, સ્ત્રી૦ ઉતાવળ; જલદી. ૨ ચાલાકી. ૩ દોડ. ૪ ભૂતપ્રેત જનાવર વગેરેની ઝાપટમાં આવવું તે. ૫ ભૂત જનાવર વગેરેએ ઝાપટ મારવી તે. ઝપટમાં આવવું એટલે અડફેટ—ફેમ—આંટીમાં આ-

ઝપટાવું, ક્રિ૦ અ૦ કોઈના ઝાપટમાં આવવું; પકડાવું; કબજ—અડફેટ—આંટીમાં આવવું. ૨ ભૂત નિકળવી; હડકામાં આવવું; ડાક—મેણાં સાંભળવાં. ૩ મરજી ઉપરાંત નાણાં આપવાં પડે તેવી હાલતમાં આવવું.

ઝપાઝપી, સ્ત્રી૦ તલવારથી થતી કાપાકાપી; કતલ.

ઝપાટવું, ક્રિ૦ સ૦ ઉતાવળથી ખાવું ખાવું; સારી પેટે ખાઈ જવું. ૨ વેણના ડાક પાડવા અથવા માર મારવો.

ઝપાટો, પુ૦ ઝપટની સાથે આવી લાગતું જે જોર તે. ૨—પવન—વરસાદ વગેરેનો ઝપાટો; સપાટો. જોરમાં માર મારવો—પડવો તે.—લાકડીનો ઝપાટો. એક ઝપાટે, ઝપાટાની સાથે એટલે વચમાં મેહેનત—જોર બન્ધ રાખ્યા વગર; એકદમ; એ-

ઝપેટ, સ્ત્રી૦ ઝપાટો. ૨ ઝપાટ. [ક તડાકે; ઝાપટથી.

ઝપેટવું, ક્રિ૦ સ૦ ઝપાટવું.

ઝપેટો, ઝપાટો.

ઝબ, ઝપ. [ઉઠવું.

ઝબકવું-કી ઉઠવું, ક્રિ૦ અ૦ ચોંકવું; એકદમ જાગી

ઝબકારો, પુ૦ રહી રહીને ઓચિન્તો ચળકાટ દેખાય તે. દીવાનો—વિજળીનો.

ઝબકોળવું, ઝબોળવું.

ઝબકોળાં, ન૦ પાણીમાં બુડાડવું ને પાછું કાડવું એમ કર્યા કરવું તે. [કરવું.

ઝબોળવું, ક્રિ૦ સ૦ પાણીમાં બોળ્યાં કરવું; ડુબાડયાં

ઝબોળિયું, ન૦ કોઈ વસ્તુને પ્રવાહી પદાર્થમાં બોળવી તે. [નું પેરણ.

ઝભલું, ન૦ નાનાં બાળકને પેરવાનું ટુંકી બાંયનું અને જાંઘને અડકતું એવું જે ઝુલતું કુડતું તે; ના-

ઝભ્ભો, જભ્ભો.

ઝમક, સ્ત્રી૦ [યમક] એક જાતનો શબ્દાલંકાર; તેનાતેજ શબ્દ એકજ અથવા જુદા જુદા અર્થમાં વપરાયા હોય તે; શબ્દાવૃત્તિ; લાટાનુપ્રાસ.

ઝમકાર-રો, પુ૦ ઝમઝમ થતો અવાજ. ઝાંઝર વગેરેનો. [ડામ પડવાથી જે ચણચણ થયાં કરે તે.

ઝમઝમ, અ૦ ઘુઘરીનો અવાજ દેખાડે છે. ૨ તાખું તમતમું ખાવેથી મોંડામાં ગરમાની જે અસર થાય તે. ૩ શરીરની ચામડીપર માર અથવા

ઝમઝમાક, અ૦ એવો થતો અવાજ.

ઝમઝમાટ, પુ૦ મરચાં મરી વગેરેથી થયલી તીખી અને વળી ઊની એવી વસ્તુ ખાવેથી જીભ ઉપર જે અસર થાય તે. [થવા હાથ ઉછળવા તે.

ઝમાઝમી, સ્ત્રી૦ ઝામઝામાં મેણાંબોલા ચાલવાં અ-

ઝમ્પ, સ્ત્રી૦ નિરાંત; કામમાંથી પરવારી નિરાંતે બેસવું તે; નિવૃત્તિ; આરામ. [ઝમ્પો પણ કહેછે.

ઝમ્પક, પુ૦ (ગાયનમાં) એક જાતનો તાલ છે.

ઝમ્પલાવું, ક્રિ૦ અ૦ એકદમ પાહોમ કરીને કુદી પડવું—મણ્ડી પડવું.

ઝમ્પવું, ક્રિ૦ અ૦ ઝમ્પ વાળીને બેસવું; ઠરીને બેસવું; આરામ લેવો. [રવો તે.

ઝમ્પાપાત, પુ૦ ઝમ્પલાવું તે; કુદકો—ભુસકો મા-

ઝરખ, ન૦ શિયાળવાં જેવું એક જાતનું પશુ.

ઝરડકો, પુ૦ ઉતરડો; લુગડાંમાં ઊભાને ઊભા જે

ચીરા પડેલા હોય તે. ઝરડકો ભર્યો કેવાય છે.

ઝરડીનાખવું, ક્રિ૦ સ૦ નખવડે જોરથી ચવડવું; ઉઝેડવું.

ઝરણ, ન૦ ઝરવું તે. ૨ ઝરેલું તે. ૩૦ જમીન પાડ પથરાની તડોમાંથી થોડું થોડું નિકળી દોડતું જે પાણી તે; ઝરો. [કું થવું.

ઝરપવું, ક્રિ૦ અ૦ ધીમે ધીમે ઝરવું—ઝરીને એક-

ઝરમર, અ૦ ઝીણે ઝીણે છાંટે વરસાદ આવતો હોય તે બતાવે છે. [ગાજ.

ઝરમગિયું, ન૦ એક જાતનું બારીક રેશમી કપડું;

ઝરવું, ક્રિ૦ અ૦ [સં૦ ઝૃ] ઝાણાં ઝાણાં કાંણાં-માંથી કોઈ પણ પ્રવાહીનું ધીમે ધીમે બાર નિકળવું. જમીન—પાડ—ઠિકરાંની ગોળી વગેરેમાંથી પાણી ઝરવું. ૨ પિગળીને બાર દોડવું—બરફનું ઝરવું. ૩ ઘસાઈ જવું. [ગયાં.

ઝરીજવું, ક્રિ૦ અ૦ ઝરવું. ૨ કપડું ઘસાવાથી તાર દોરા આઘા પાછા થઈ જવા. હિમરૂ કમખ ઝરી

ઝરુખા, પુ૦ મેહેલ હવેલીના ઊંચામાળની બારી. ૨ બારી આગળનો ગોખ; અટારી.

ઝરો, પુ૦ જમીન—પાડ માંથી, ફુવારાની ધારની પડે બાર નિકળતું પાણી. કેટલેક ઠેકાણે ઊના પાણીના ઝરા હોય છે. એ પાણીને બાંધી લેવામાં આવેછે ત્યારે તે કુણ્ડ કેવાય છે. ૨ નદીનું મૂળ; જે ઠેકાણેથી નદી વેતીથાય તે. ૩ એક જાતનો જીવડો.—એ, જે ઝાડપર હોય છે તે ઝાડનાં પાતરાં કરડી ખાય છે.

ઝલ, પુ૦ વાંદો. એક જાતનો ઉડતો જીવડો—ગીલાય તથા અન્ધારી જગોમાં હોયછે. કેટલાક બાખિયા રંગના ને કેટલાક ધોળા હોયછે.

ઝલાવવું, ક્રિ૦ સ૦ કોઈ પકડે—ઝાલે—ધરે તેમ કરવું; પકડાવવું.

ઝલૌ, સ્ત્રી૦ [આ૦] ચળકાટ; તેજ; ઓપ. જહલે, જિલેહ—હે. (સંસ્કૃત झला—પ્રકાશ; રોશની).

ઝલેહદાર, વિ૦ ચળકાટ આપતું; ઓપતું; તેજસ્વી.

ઝલ્લાવું, ક્રિ૦ અ૦ થોડુંબળવું; દાઝવું.

ઝવેર, ન૦ જવાહીર.

ઝવેરખાનું, હીરા માણેક વગેરે ઝવેરાત રાખવાનો ઓરડો. ૨ ઘણું એક ઝવેરાત તે. [ડાવ ડાગીના તે.

ઝવેરાત, ન૦ હીરા, માણેક, મોતી વગેરે તથા જ-

ઝવેરી, પુ૦ ઝવેરનો વેપારી. [ઓપ; ચળકાટ.

ઝળકવું, ક્રિ૦ અ૦ પ્રકાશ આપવો; તેજ મારવું; ચળકવું; ઓપવું; શોભવું. ઝળક—ઝળકવું તે;

ઝળકી, સ્ત્રી૦ ગરમીનું થોડું થોડું બાર દેખાવું તે—તાવની ઝળકી. ૨ કોઈપણ વસ્તુનું થોડું થોડું જણાવું—માલમપડવું તે—દારૂની ઝળકી.

ઝળઝળ, અ૦ તેજસ્વી; ચકચકિત.

ઝળઝળાટ, પુ૦ મોટો પ્રકાશ—ઉજાસ પડવો તે; ઝગઝગાટ; ચળકાટ.

ઝળઝળિયાં, ન૦ આંખમાં આંસુ ભરાઈ આવવાં તે; આંસુથી ડોળો ઘણો ચળકાટ મારે તે. આંખમાં ઝળઝળિયાં આવ્યાં એમ કેવાયછે.

ઝળઝળિયું-ળું, ન૦ સુરજ ઉગતાં પેલાં થતું તથા અસ્ત થયા પછી રેતું જે ઝાંખું અજવાળું તે; અંધારું ધુંધળું.

ઝળવું, એ શબ્દ વપરાતો નથી પણ બળવાંની સાથે જોડાઈને બળવું—જળવું એનો અર્થ રાખેછે અથવા ઝલ્લાવું એનો અર્થ રાખેછે. બળ્યો ઝળ્યો.

ઝળાંઝળાં, અજવાળાં અજવાળાં; તેજતેજ.

ઝાંખ, સ્ત્રી૦ દૃષ્ટિ—નજર. ૨ ઝાંખું દેખાવું તે; છારી. આંખે ઝાંખ વળેછે—પડેછે—મારેછે એમ કેવાય છે. ઝાંખ મારવું—ઝાંખું દેખાવું.

ઝાંખટું, ન૦ વરસાદનો ધુમરાટ અને હવા તે.

ઝાંખરું, ન૦ ઝાડનું કાંટાવાળું લીલું સૂકું ડાળું. પછી થોડાં થોડાં પાતરાં હોય અથવા ન હોય. એ શબ્દ ઝાંખરાં રૂપે અનેક વચનમાં બહુ વપરાય છે. 'ઊંટને મોડે ઝાંખરાં'.

ઝાંખવું, ક્રિ૦ સ૦ તાકીતાકીને જોવું. "ઝાખું ઝાંખ મારે" (દયારામ).

ઝાંખી, સ્ત્રી૦ રઈ રઈને ઊપર ઉપરથી જોવું—દર્શન કરવું તે. ઝાંખી કરવી—ઠાકોરજીની. ઝાંખીને જોવું—જરાએપણ—થોડુંપણ જોવું.

ઝાંખું, વિ૦ બરોબર—સાફ ખુલતું—ચળકતું ન દેખાતું હોય તેવું; આછું. આંખે ઝાંખું દેખાય છે, પાઘડીનો રંગ ઝાંખો પડી ગયો છે. ૨ શરમાઈ—અક-ળાઈ ગયલું; ઉતરી ગયલાં મોડાંનું; વીલું. ઝાંખું પાડવું—પડવું.

ઝાંગ-ઘ, જાંઘ. [જવું તે.

ઝાંજ-ઝ, સ્ત્રી૦ એક વાદ્ય. કાંસાંની, બે પતરાં એક બીજાની સાથે ઠોકી વગાડવામાં આવેછે તે; કાંશી જોડો. ૨ ગુસ્સો; તામસ; ખિજવાઈ

ઝાંજર-ઝર, ન૦ સ્ત્રિયોને પગે પેરવાનું ઝીણી ઝીણી ઘુઘરીનું રૂપાનું એક ઘરેણું. ૨ સીસાની ગોળીઓ ભરેલી એવો પિત્તળનો એક ઘાટ—ગાયને પગે

ઘાલવામાં આવે છે.

ઝાંઝરિયાં, ન० ઝાંઝર. ૨ બેડી; જંજીર.

ઝાંઝરી, સ્ત્રી० એક ઘરેણું; ઝાંઝર. ૨ લાકડીમાં ભેરવી રાખેલી ડબ્બા ઘાટી પોલી ઝાંઝર.—એ લાકડી ઊંચી નીચી કરેથી અવાજ કરે છે.—ઘર-ઘોડા—સવારીમાં હોય છે.

ઝાંઝવાં, ન० ખારવાળી ભોંયના મેદાનમાં તડકી પડતાં પાણી જેવું જે દેખાય છે તે; મૃગજળ. ૨ અંધારાં; ઝાંખ.—આંખે ઝાંઝવાં વળે છે.

ઝાંટ, સ્ત્રી० તુચ્છ એવું જે કંઈ તે; કંઈ નહિ એવો પણ અર્થ રાખે છે. ન० ઝાંટું.

ઝાંટાં, ન० સ્ત્રીપુરુષને ગુહ્યે જે વાળ ઉગે છે તે; પંચ કેશમાંના એક.

ઝાંનમ, ન० જહાનમ.

ઝાંપ, સ્ત્રી० ઝાંખ. ૨ કાંટા વાળી જાળ.

ઝાંપડો, પુ० ભઙ્ગિયો. ૨ ભઙ્ગિયો જે ભૂત થયો હોય તે.

ઝાંપલી, સ્ત્રી० વાડ અથવા વાડામાંથી બહાર નિકળવાનો નાનો રસ્તો અથવા તેનું જે બારણું—છીંડું તે.

ઝાંપલો, ઝાંપો.

ઝાંપી, સ્ત્રી० વાંસની પાતળી ચીપનો અથવા ખજુરીની પાતરીનો ગુંથેલો ઓશીકાંના આકારનો જે દાબડો તે.

ઝાંપો, પુ० ગામમાંથી અથવા ખેતરમાંથી બહાર નિકળવાનો મોટો જે રસ્તો તે.—શેહેરને ભાગળ અથવા દરવાજો તેમ ગામને ઝાંપો. ૨ એ જે રસ્તો તેનું, કાંટાનું અથવા વાંસનું જે બારણું તે. ઘરની પાછળ વાડાને એવું જે બારણું હોય તે પણ ઝાંપો કહેવાય છે.

ઝાંય, સ્ત્રી० પ્રતિબિંબ; પડછાંયો. [છોડાને આપવું.

ઝાંસવું, ક્રિ० સ० નારાજી થઈને કજીઆથી તરઝાંસાચિઠ્ઠી, સ્ત્રી० બારવટિયા જે ચિઠ્ઠી લખીને ઝાડે બાંધી જાય છે (કે મારું સમાધાન નહિ કરો તો હું આ પ્રમાણે નુકસાન કરીશ) તે.

ઝાંસો, પુ० ગુસ્સાથી તરછોડવું તે; ગુસ્સો કરી કટાણો બનાવી બોલવું—આપવું તે. ૨ ત્રાગું.

ઝાકઝમાળ, વિ० સાફ ચકચકતું; સ્વચ્છ શોભીતું.—ઘર વગેરે. ૨ પ્રકાશ વાળું; ચળકતું.

ઝાકમઝોળ, પુ० મોલવું તે; આનંદ. "છીંડું ઓળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ".

ઝાકરિયો, પુ० માટીનું નાનું પોળાં મોંનું ઠામ.

ઝાકળ, ન० હવાની અંદરની ભીનાશ હવાથી જૂદી પડી પાણીરૂપે પદાર્થ ઉપર ઠરે તે; ઠાર; ઓસ.

ઝાકળી, પુ० ઝાકળ સંબંધી. ઝાકળી વા—જે વા વાયા પછી ઝાકળ પડે તે. [(કવિતામાં).

ઝાઝ-ઝ, ન० વહાણ; બતેલો; ફતેહમારી. ૨ ઝાઝું.

ઝાઝું-ઝું, વિ० વધારે; ઘણું; પુષ્કળ; બહુ.

ઝાઝેરું, વિ० પુષ્કળ; ઘણું. ૨ થોડુંક વધારે.

ઝાટકવું, ક્રિ० સ० અનાજ વગેરેને તેમાંનો કચરો અથવા તેમાં ભળેલી નકામી વસ્તુ દૂર કરવાસારુ સુપડાં વગેરેની મારફતે સારીપેઠે હલાવવું; ઝાડકવું. ૨ કપડાંમાંથી ધૂળ વગેરે કાઢી નાખવાસારુ તેને જોરથી હલાવવું; ખંખેરવું; ઝાપટવું. ૩ સારીપેઠે ઠપકો આપવો; ઝપડાવવું. ઝાટકીનાખવું.

ઝાટકો, પુ० ઝાટકવું—ઝાડકવું તે. પૈસાને એક ઝાટકો તો આપ. ૨ જનાવરના કડવાથી—દાઝવા—વાગવા વગેરેથી—ઠપકા મેણાં વગેરે સાંભળ્યાથી શરીરમાં અથવા મનમાં દુખ થઈ લાગવું તે.

ઝાડ, ન० [હિં०] જમીનમાંથી ફુટી (નિકળી) વધીને તે ડાળાં પાતરાં—ફૂલ—ફળવાળો પદાર્થ. નાનું ઝાડ તે છોડ. ઝાડ ઘણી જાતનાં હોય છે: કેટલાંક ઝાડ ફુલનાં ને કેટલાંક ફળનાં હોય છે; કેટલાંક ઝાડ છાંયડો આપવાને ને કેટલાંક શોભાનેસારુ હોય છે; કેટલાંક જંગલી ઝાડનાં લાકડાં ઈમારત વાહણ વગેરે બાંધવાના કામમાં ને કેટલાંક બાળવાના કામમાં આવે છે. ૨ ઝાડના આકારનું દીવાનું ઝુમ્મર. ૩ ઝાડના આકારની એક જાતની આતશબાજી. ૪ ઝાડના આકારમાં લખેલી—ચિતરેલી જે વંશાવળી તે. ઝાડ થવું—ગભરાવું. ઘોડો ઝાડ થયો (મસ્તીમાં આવી). 'તું ઝાડે ઝાડ ફરી આવ્યો છે પણ હું તો પાંદડે પાંદડે ફરી આવ્યો છું' એટલે તેં ઘણું જોયું છે, પણ હું તો ખુણાખોતરા સુધાંનું તપાસી તપાસી જોઈ વળ્યો છું. 'કુમળું ઝાડ જેમ નમાવિયે તેમ નમે'. 'ઝાડને નામે ફળ વેચાય'. વગેરે કેહવતો છે.

ઝાડઝુડક, ન० દાણાદુણી વગેરેને ઝાડકી વીણી ખાંડી દળી સાફ કરવા તે. [જે કચરો કસ્તર તે.

ઝાડકણ, ન० અનાજ વગેરે ઝાડકવાથી નિકળેલો

ઝાડકવું, ક્રિ० સ० ઝાટકવું. (૧ લા અર્થમાં).

ઝાડકો, પુ० ઝાડકવું તે. ઝાડકો મારવો—ઝાડકવું.

ઝાડઝુડ, ન० જાળાં પાડાં ઝાડ કાઢી સાફસુફ કરવું તે.

ઝાડપાન, ન० ઝાડ છોડ વેલા અને ડાળાં પાતરાં ફૂલ વગેરે; વનસ્પતિ. ઝાડપાન શબ્દમાં, એ બ-

ષાંનો સમાવેશ થાય છે. ઝાડપાનની વિદ્યા—ઉદ્‌ભિજ વિદ્યા એટલે ઝાડની જાત, તેની ઉત્પત્તિની જગા, તેનાં જુદા જુદા ભાગની અન્દરની તથા બારની રચના, એ અકેકનું પરસ્પર સમ્બન્ધ વાળું કામ વગેરેની જે વિદ્યા તે.

ઝાડપાલો, પુ૦ ઝાડ તથા પાલો વગેરે તે.

ઝાડવું, ન૦ નાનું ઝાડ. એનું અનેક વચન ઝાડવાં એટલે ઘણાંક નાના ઝાડ જે પાસપાસે હોય તે.

ઝાડવું, ક્રિ૦ સ૦ સાવરણી બુતારેવતી સાફ કરવું; વાસીદું વાળવું. ૨ ઝાપટવું; ખડ્‌ખેડરવું. ૩ ભૂત પિશાચ વગેરે મેલાંની પીડા દૂર કરવાસારુ સપડાયલાં માણસ ઉપર મન્ત્ર ભણી મોરપીંછ વગેરે ફેરવવું; ઉંજણી નાખવી. ૪ ઠપકો દેવો; ધૂળ કાઢવી. ૫ સાંભળનારને અસર થાય તેવી રીતે કેવું. ત્યાં હું તે વાત ઝાડી આવ્યો છું તો ખરો.

ઝાડી, સ્ત્રી૦ નાનાં મોટાં ઝાડ વેલા એક બીજાને લગતા આવી ગઈ ગુંચવાઈ ગયલાં હોય તે અથવા એવું જ્યાં હોય તે જગો.

ઝાડુ, ન૦ સાવરણી; બુતારો વગેરે. ૨ ધૂળ કચરો વગેરે. ઝાડુ કાડવું. ઝાડુ ખાવું—ઉમેદભેર છતાં એકદમ નાઉમેદ થઈ જવું; અગ્નજાઈ જવું; હાર ખાઈ જવી; ન ફાવવું. તેણે ઝાડુ ખાધું, તે ઝાડુ ખાઈ ગયો.

ઝાડો, પુ૦ ગાંડની વાટે નિકળતો મળ; ગૂ.—ઝાડો આવવો. ૨ અઘવું તે; અઘામણ.—ઝાડો લાગવો એટલે ઘણી વાર ઝાડો થયાં કરવો. ઝાડે ફરવું—જવું—બેસવું એટલે અઘવું; વળો ઝાડે જવું—ઝાડેફરવા જવું એટલે અઘવા જવું. ઝાડેફરવું લાગવું—અઘામણ લાગવી. ઝાડો છુટીજવો એટલે ઝાડો બન્ધ હોય તે એકદમ થઈજવો. ઝાડો ઝપટો—ઝાડે ઝપટે એટલે ઝાડે જવું, હાથ પગ ધોવા, દાતણ કરવું એ સવારે ઉઠીને કરવાનું જેજેવું કામ તે. ૩ ખોવાયલી—ચોરાયલી વસ્તુનો, જેનાપર શક આવે તેને ઘેર—તેના સામાનમાં—તેનાં શરીરપરના વસ્ત્રમાં બારીકીથી જે શોધ કરવો તે; ખાંતથી કરેલી ખોળ—તપાસ—ચોકસી. ઝાડો જોવો—લેવો એમ કેવાય છે. ૪ જેને મેલું વળગ્યું હોય તેના ઉપર અથવા દરદ ઉપર મન્ત્ર ભણી મોરનું પીછું કે બીજુ કંઈ ફેરવવું તે. ઝાડોપીછી—ઝાડોઝપટો પણ કેવાયછે.

ઝાતકાર, વિ૦ ઝળઝળાટ વાળું; ચકચકિત.

ઝાપટ, સ્ત્રી૦ ઝપટથી હાલી—ફેંકાઈ અથડાવું—લાગવું તે. લુગડાંની, કોરડાની વગેરેની ઝાપટ. ૨ ભૂત પિત્રુ જોગણી વગેરેની દૃષ્ટિથી સપડાવું તે. ઝાપટમાં આવવું, ઝાપટ લાગવી.

ઝાપટવું, ક્રિ૦ સ૦ લુગડાંની ઝાપટથી સાફ કરવું; ખડ્‌ખેરી સાફ કરવું. ૨ કોઈને લુગડાંની—કોરડાની ઝાપટ મારવી. ૩ ઠોક મારવા; ધમકાવી નાખવું; સપડાવવું. [ઝાપટ મારનારો નોકર.

ઝાપટિયો, પુ૦ મન્દીરમાં દરસણવેળા થતી લોકની ભીડ દૂર કરવાસારુ લોકને કપડાંથી—કોરડાથી

ઝાપટું, ન૦ વરસાદનું એકદમ તુટી પડવું તે—એ થોડા વારમાં રહી જાયછે.

ઝામરઝોલ-ળ, વિ૦ ગડથોલાં ખાતું; પડું પડું થઈ રહેલું; ડામાડોલ; ધ્રુજતું; હાલતું. પુ૦ ખોટું ડોળ.

ઝામરી, સ્ત્રી૦ હથેળીમાં થતા ફોલ્લાનો રોગ.

ઝામવું, ક્રિ૦ અ૦ ઈંટ—ઠિકરી તપાવી પાણી—ઓસડમાં બોળવી. ૨ ક્રિ૦ અ૦ ઝરવું—પાણીની ગોળી ઝામેછે.

ઝાયલ, વિ૦ તામસી; ચીડિયું; આકરા મીજાજનું.

ઝારવું, ક્રિ૦ સ૦ સોજો ચડેલો હોય અથવા દુખતું હોય તે અંગને ઊનું પાણી રેડી સેકવું; દરદવાળા ભાગને ગરમી આપવા તથા સાફ રાખવાસારુ ગરમ પાણીથી ધોવો. ૨ બાગ આમલી વગેરે ઝાડોને નવાં ડાળાં ફૂટે તેને સારુ તેનાં જુનાં ડાળાં કાપી નાખવાં. [મ ઝારી.

ઝારી, સ્ત્રી૦ નાળચાંવાળું ને પડઘીવાળું પાણી પીવાનું વાસણ. તાંબાંની પિત્તળની રૂપાની સુનાંની ઝારી. ૨ ગોળ ચપટાં ને કાંણાં કાંણાં વાળાં ચાડાંવાળું અને લાંબા હાથાનું ભજિયાં પુરી વગેરે તળી કાડવાનું લોઢાંનું એક ઓજાર. કડછી, તવેથો તે-

ઝારું, ન૦ ઝાડનું મોટું ડાળું. ૨ ટોળું—માણસ પશુ પક્ષી વગેરેનું.

ઝારો, પુ૦ મોટી ઝારી (૨ જા અર્થમાં). ૨ પાણી છાંટવાનો મોટાં નાળચાંવાળો હાંડો અથવા દેગડો. ૩ તમ્બુરાનાં તુમડાં ઉપરના ઘોડીપર તારના નીચે મુકેલો જે દોરો રૂ વગેરે તે—અવાજના ઘોરને માટે. ૨ તમ્બુરાનો પિત્તળનો તાર; ખરજસૂરનો તાર. [જેવું એક જડાવ ઘરેણું.

ઝાલ, સ્ત્રી૦ સ્ત્રિયોને કાને ઘાલવાનું ફુલ અગોટી

ઝાલર, સ્ત્રી૦ ઝુલ. ૨ કિનારી; બાંધેલો કોર. ૩ મોંગરીથી વગાડવાનું ઘડિયાળ, દેરાંમાં હોયછે તે.

૪ પુ૦-ન૦ એક કોળ; વાસ. [વિશ્વાસ

ઝાલવું, ક્રિ૦ સ૦ પકડવું; ધરવું.—હાથ સાંકશા વ-

ઝાવલી-ળી, સ્ત્રી૦ નાળિયેરી ખજુરીની સુકી ડાળિ-
યો, તાડછાં વગેરે. એ, ઝુંપડાં ઉપર છાપરાંને
ઠેકાણે છાયેલાં હોયછે. ૨ નાળિયેરી વગેરેનાં પાં-
દડાંની ટટ્ટી.

ઝાહી, વિ૦ હિતેચ્છુ; હેતેસરી.

ઝાળ, સ્ત્રી૦ [જ્વાળા] અગ્નિ દીવા વગેરેની દૂરથી
લાગતી ગરમી; આંચ. ઝાળ ઉડવી—લાગવી.

ઝાળણ, ન૦ ઝાળવું તે. ૨ જેણેવતી ઝાળેલું તે;
રેણ, રાઇ વગેરે તે.

ઝાળવું, ક્રિ૦ સ૦ ધાતુની બે ચપાટીને વચમાં રેણ
મુકી ગરમ કરેલ ઓજારે જોડી નાખવી; વાસ-
ણના જુદા પડેલા ભાગને સાંધવા.

ઝિંકવું-ઝિકવું, ક્રિ૦ સ૦ કપડાંને પથરાપર અફાળ-
વું. ૨ કણ્ઠાળાથી નીચે નાખવું. ૩ માર મારી ની-
ચે પાડી નાખવું.

ઝિંટવું, ક્રિ૦ સ૦ વળગાડવું. બોરડી બાવળ વગેરે-
ના કાંટાને કોઇ બીજી વસ્તુ સાથે વળગાડવા.

ઝિકાળવો, પુ૦ ઇંટ રોડાંનો ભુકો.

ઝિઝવો, પુ૦ એક જાતનું ઘાસ.

ઝિઝોટી, સ્ત્રી૦ એક રાગણી. ઝિંઝોટી.

ઝિતવું, જિતવું.

ઝિપવું, સામા ફેંકાયલી વસ્તુને ઝિલી—ધરી લેવી.

ઝિલવું, ક્રિ૦ સ૦ ઉંચેથી પડતું—દૂરથી આવતું ની-
ચે પડવા ન દેતાં ઝાલી—પકડી લેવું. ૨ એક જણા-
નું બોલવું બીજાએ ઉપાડી લઇ પોતાની તરફનું
વધારે બોલી સ્થાપન કરવું. ૩ એકે ગાયલું બીજા-
ઓએ સાથે ફરીથી ગાવું અથવા એકનું અડધું
ગાવું બીજાઓએ વચમાં ઉપાડી—ઉઠાવીલઇ પૂ-
રું કરવું.

ઝીંક, સ્ત્રી૦ ધોવાસારુ કપડાંને પથરાપર અફાળવું
તે. ઝીંક પાડવી—મારવી. ૨ માથાફોડ; કડાકૂટ.
૩ કણ્ઠાળાથી હરકોઇ વસ્તુને નીચે નાખવી તે.

ઝીંકો, ઝિકાળવો.

ઝીંટ-ડું, ન૦ ઝપટું; વળગણ; પીડા; પંછાઇ. મારી
પછવાડે તો બૈરીનું ઝીંટ—ડું વળગ્યું છે.

ઝી, ધી.

ઝીક, ઝીંક. ૨ સોના તારનું ભરત.

ઝીણ, સ્ત્રી૦ કેરીની ગોટલી ઉપર જે જાડું પડ બં-
ધાયછે તે; જાળી; જીણ.

ઝીણાશ, સ્ત્રી૦ ઝીણાપણું; બારીકી.

ઝીણું, વિ૦ બારીક; અણીદાર. ૨ છેકજ પાતળું. ૩
કારીગિરીનું; નાજુક (કામ).

ઝીત, જીત.

ઝીભ, જીભ. ઝીભ કઢાવવી એટલે થકાવવું; હરા-
વવું. ઝીભ ખેંચાવી—ટુંકી થવી એટલે બોલતાં અ-
ચકાવું; બોલી ન શકાય તેવું થવું.

ઝીભી, જીભી. ૨ ગાય ભેંસની જીભના આકારનું

ઝીમેલ, ધીમેલ. [એક વાજિત્ર છે.

ઝીલ, સ્ત્રી૦ એક રોપો છે. એની રાખ, વાગેલાં
ઉપર, ઘા ઉપર, ચાંદાંઉપર ડાબવાને કામ આ-
વે છે; એની સોટીનું દાતણ થાય છે. કેહવતઃ
'દાતણ કરિયે ઝીલનું તો પાપ જાય દીલનું'. ૨
સાગો લણવાનું વાંસનું એક ઓજાર. ૩ તમ્બુરા-
નો એક તાર. ઢિકરાં—કાચની મોટી બરણી જે-
માં ઘઉં દાળ વગેરે ભરી રાખવામાં આવે છે
તે. ૫ ઉંડાં પાણીની જગો; કરાડી; ડોહ.

ઝીલવું, ઝિલવું.

ઝીલો, પુ૦ મોટું બાળ્યું ઢિકરાનું કામ; મોટી ઝીલ
—કાચની બરણી—અનાજ ભરવાની.

ઝુંકવું, ઝુકવું. [ની પાસેથી ખેંચી લેવું.

ઝુંટવું-ટીલવું, ક્રિ૦ સ૦ ખુંચાવવું; જોર કરીને કોઇ-

ઝુંપડી, સ્ત્રી૦ છાજથી છાયલું—છાપરીવાળું નાનું કામડ-

ઝુંપડું, ન૦ ઝુંપડી. [કાટિયું ઘર; મરૂડી.

ઝુંદ, ઝુંદણ.

ઝુંદણ, ન૦ ઝુંદવું તે. ઝુંદણ આવવું—થવું.

ઝુંદવું, ક્રિ૦ અ૦ ઉંઘ—કેફ—મન્દવાડની સુરિત વ-
ગેરેથી મિચાયલી આંખે ધામે ધામે ઉંચુ નીચું ડોકું

ઝુંમર, ઝુમ્મર. [ધુણાવ્યાં કરવું.

ઝુંસરી, સ્ત્રી૦ ગાડી જોડતી વખત બળદ વગેરેને
ખાંધે મુકવાનું ગાડાના ધારીયા સાથે વચમાંથી
બાંધેલું જે લાકડું તે; ધર.

ઝુંસરું, ન૦ મોટી ઝુંસરી.

ઝુકરડા, ઝોકરડા. [મવું.

ઝુકવું, ક્રિ૦ અ૦ વાંકું વળવું; નમવું; ઝુલી રેહવું; ઝૂ-

ઝુકાવડા, ઝોકાવડા. [ળી મરવાં રેહવું.

ઝુજવું-ઝવું, ક્રિ૦ અ૦ જુદ્ધ કરવું; લડવું. ૨ ઝોક-

ઝુઝાર, પુ૦ જોદ્ધો; લડવૈયો.

ઝુઝાવવું, હમ્ફાવવું; થકવવું.

ઝુટવું, ઝુંટવું.

ઝુડવું, ક્રિ૦ સ૦ મારવું; અફાળવું; ઝાપટવું; ઠીપી

નાખવું. ૨ તુવેર વગેરેના સુકાયલા છોડપર ડાંડિયો અફળાવો—શીંગોથી દાણા જુદા પાડવા. ૩ બોરડી વગેરેના ઝાડપર લાકડી મારવી—"ની-ચી બોરડી સહુ ઝુડે". ૪ સતાવી સતાવીને લેવું—રૂપિયા વગેરે.

ઝુડિયો, પુ૦ ઝુડવાનો ડાંડિયો.

ઝુડો, પુ૦ ધૈરાંને અંબોડે બાંધવાનો વાળનો અથવા રેશમનો જે જાડો દોરો તે; જુડો.

ઝુણ્ડ, ન૦ જથો; ટોળું; ઝુમખડું. ઝાડ—જોગી—બાવાનાં ઝુણ્ડ.

ઝુણ્ડો, પુ૦ નિશાન; ધજા; વાવટો. ઝુણ્ડો ઉરાડવો એટલે કામમાં જશ મેળવવો; વાહવાહ થાય તેવું કરવું. ઝુણ્ડો રોપવો એટલે ફતેહ મેળવ્યાની નિશાનીમાં નિશાન ચડાવવું.

ઝુણઝુણ, અ૦ એવો થતો અવાજ દેખાડેછે.

ઝુપકી, સ્ત્રી૦ ડોલું; ઝોકું

ઝુપડી, ઝુંપડી.

ઝુંદણ, ઝુંદણ.

ઝુમખડાં, ન૦ તુરિયાંનાં જેવાં એક જાતના ફળ.

ઝુમખડું, ન૦ ટોળું; જથો; સમૂહ. ૨ ઝુમખો. [જથો.

ઝુમખો, પુ૦ એકથી વધારે ચીજનું સાથે વળગી—જોડાઈ રેવું તે અથવા જોડાઇને લટકતું રેવું તે. દરાખનો—ખુપરીનો—મોતીનો ઝુમખો. ૨ ટોળું;

ઝુમણું ન૦ એક ઘરેણું

ઝુમર, ઝુમ્મર.

ઝુમવું-મીરેવું, ક્રિ૦ અ૦ ટાંપી રેવું; કોઈ મતલબ પાર પાડવાસારુ ત્યાંનું ત્યાં લટક્યાં—ખોટી રેવું; આતુરતાથી આસપાસ વિટળાઈ રેવું. ૨ પડુંપડું થઈ રેવું; ઢિંગાવું; ઝઝુમવું. (વરસાદ વગેરેનું).

ઝુમ્મર, ન૦ ઘણા દીવા સાથે ઝુમખાના આકારમાં બળે તેવી કરામતનો પિત્તળનો અથવા પિત્તળપર રૂપાનો ઢોળ ચડાવેલો એવો અથવા કાચનો ડાળીવાળાં ઝાડ જેવો જે ઘાટ તે; ગાડ.

ઝુરવું, ક્રિ૦ અ૦ દુઃખ—કલ્પાંત કરવું; બળાપો—શોક—સન્તાપ કરવો; રડવું. (જુદાઈથી, નાણાંના નુકસાનથી વગેરેથી).

ઝુરાપો, પુ૦ ઝુરવું—રડવું તે; બળાપો; શોક. ૨ નાઉમેદી; નિસાસો; હાર—થાકથી થતી સુસ્તી.

ઝુલ, ઝૂલ.

ઝુલડી, સ્ત્રી૦ બાળકને પેરવાનું અંગલું. [૩ હાથરડાં.

ઝુલણાં, ન૦ હિંચકા; હીંચ. ૨ હિંડોળો; પારણું.

ઝુલણા-ના, પુ૦ (કવિતામાં) એક જાતનું માત્રાવૃત્ત.

ઝુલતું, વિ૦ લટકતું. ૨ હિંચકા ખાતું. ૩ રખડતું.

ઝુલવું, ક્રિ૦ અ૦ હિંડોળે—પારણામાં બેસી હિંચકા ખાવા. ૨ લટકવું; આમ તેમ નીચે હાલવું કરવું. ૩ ડોલવાં કરવું. ૪ કોઈ કામમાં પાછળ પડી જવું; રખડવું; લટકી જવું; પછવાડે પડવું. ઝુલી જવું—લટકી જવું; વાંકાંવળો જવું.

ઝુલા-લાખાવા, ક્રિ૦ સ૦ હિંચકા ખાવા. ૨ પછવાડે અથડાયાં કરવું; ખોટી થયાં કરવું. ૩ નુ-

ઝુલાવવું, ક્રિ૦ સ૦ ઝુલે તેમ કરવું. [કસાન ખમવું.

ઝુલો, પુ૦ હિંચકો. ૨ હીંચ. ૩ ડોળી. ૪ નુકસાન; ખાંચ. (ઝોલો).

ઝુંડૂ-ડૂં, જુઓ.

ઝુંસરી, ઝુંસરી.

ઝુસ્તી, સ્ત્રી૦ લડાઈ; સામી તકરાર; ટંટો.

ઝૂમ, સ્ત્રી૦ જોમ; ધુંધવાતો જોસ્સો.

ઝૂલ, સ્ત્રી૦ શોભાને સારુ રાખેલો કોઈપણ વસ્તુનો ઝુલતો—લટકતો જે ભાગ તે. પડદા—વિજણા વગેરેને હોયછે. ૨ લાવણીનાં અન્તરો અને ઝૂલણ એ બેની વચમાંની જે નાની કડીયો તે.

ઝેણ, સ્ત્રી૦ કોઈ વસ્તુમાંથી ઝીણી ઝીણી ઉડતી જે રજ તે. તપખીરની, કસણાની, કેરીની વગેરેની ઝેણ. ઝેણ ઉડવી—ખાવી.

ઝેર, ન૦ [ફા૦] વસ્તુ—ડંખમાં રહેલા જે ગુણની અસરથી મરી જવાય કે મરવા જેવું દુખ થાય તે; ખાવાની વસ્તુમાં રહેલા એકાદા ગુણથી અથવા સાપ વગેરેના ડંખની મરવા જેવી જે અસર થાય તે—ઝેર દેવું—આપવું—ખાવું—ચડવું—ઉતરવું.

ઝેરકચુરો, પુ૦ એક જાતનું કડવું ખાંચું—ઓસડમાં ઘણું વપરાય છે.

ઝેરણી, સ્ત્રી૦ દહીં વલોવવાની નાની—હાથરવૈ.

ઝેરી, વિ૦ ઝેરવાળું. અડકવાથી—ખાવાથી—પીવાથી—જોવાથી—સુંઘવાથી ઝેર ચડે તેવું. ઝેરી ઉંદર—સાપ—કોપરું વગેરે.

ઝેરું, ન૦ સાપડું. સાઝું ઝેરું આવ્યું.

ઝોટવું-ટીલેવું, ખુંચાવી લેવું.

ઝોસવું, ગાંસવું.

ઝોક, સ્ત્રી૦ આંખની અન્દર એકાએક વાગવું તે. ઝોક લાગવી—ઉતરવી. ૨ વાંકું વળવું તે અથવા વાંકું વળી રેવું—રહેવું તે. ૩ સીધી લાઈન સીટીથી આડું પડવું તે. ૪ ગામને પાદરે અથવા ગામમાં

ભરવાડો બકરાંઘેટાંને જે વાડામાં રાખેછે તે. ૫ બકરાં ગાડરાંનું ટોળું. ૬ નુકસાન; ખાધ. ઝોક લાગવી.

ઝોકણડા, પુ૦ જમવા ઉપર એકદમ સારીપેઠે પડવું તે. ૨ સારીપેઠે મોજમઝા મારવી તે.

ઝોકવું, ક્રિ૦ સ૦ એકદમ ફેંકવું—નાખવું. (કોઈને કોઈ કામમાં). ક્રિ૦ અ૦ એકદમ માંય ઉતરી પડવું—ધસવું; સાહસ કરવું. ૨ ઊંઘ—કેફથી ઝોલાં ખાવાં; નીચું વળવું.

ઝોકાવડા, પુ૦ એકદમ માંય પડવું—ધસવું તે.

ઝોકાવવું, ક્રિ૦ અ૦ અમ્પલાવી પડવું. ૨ ક્રિ૦ સ૦ સાહસ કામ કરાવવું. [નિદ્રા. ઝોકું ખાવું.

ઝોકું, ન૦ ઊંઘ—કેફથી ડોકું નીચું વળે તે. ૨ ઊંઘ;

ઝોકો, પુ૦ ઝોક; ઝોલો.—તોળતાં દગાથી ન માલમ પડે તેવી રીતે દાંડીને ઝોલો ખવાડવો તે. ૨ [નીચું વળવું તે.

ઝોટડી, સ્ત્રી૦ પેલવેતરી ભેંસ.

ઝોટિંગ, પુ૦ મરી ગયલા મુસલમાનનો ભમતો જીવ. ૨ ઘરબાર અને બૈરાં છોકરાંવનાનો રખડતો લુચ્ચો ડાંડ. ૩ ફુવડ એવું કણ્ટાળો આપે [તેવું માણસ.

ઝોટીલિવું, ઝોંટીલિવું.

ઝોડ, ન૦ ભૂત પિશાચ વગેરે; વળગાડ; મેલું; આકરું. ૨ કણ્ટાળો આપતું—કેડો ન મુકે તેવું માણસ; લપરું. ઝોડ વળગ્યું કેવાય છે. ઝોડ ઝપટ.

ઝોણ્ણી, સ્ત્રી૦ ચાર ખુણાની પોળાં પેટાંવાળો પણ સાંકડાં મોડાંની એવી કપડાંની જે કોથળી તે.

ઝોણ્ણો, પુ૦ મોટી ઝોણ્ણી.

ઝોબો-ભો, જોબો.

ઝોરણી-ણો, ઝોણ્ણી—ણ્ણો.

ઝોલું, ન૦ ટોળું; સમુદાય; જુથડ. ૨ ડોલું; ઝોકું.

ઝોલો-લ્લો, પુ૦ ગોપાળા—હિંડોળાનું આમ તેમ હાલવું થાય તેમાં તેનું એકેક તરફ જે જોરમાં જવું થાય તે. ૨ નકામું રખડ્યાં કરવું તે; ફાંફાં માર્યાં કરવાં તે; કામનો પાર ન આવતાં વાર લાગવી તે. તે બચારો ઝોલા ખાયાં કરેછે. ૩ આમ તેમ ડોલ્યાં કરવું તે. વાણ ઝોલા ખાય છે.

ઝોસવું, ઝાંસવું.

ઝોળ, સ્ત્રી૦ ભૂત; હરકોઈ મેલું—આકરું તે; આરણકારણ; ઝોડ. ઝોળ ઝપટ એટલે ભૂત વગેરેની ચોટ.

ઝોળવું-ળી નાખવું, ક્રિ૦ સ૦ ખાવામાં—ખુબ પકડીને સારી પેઠે હલાવવું—પીંખી નાખવું.

ઝોળાવો, પુ૦ ઉતરતી જે ભેંસ તે; ઝોળાવ.

ઝોળી, સ્ત્રી૦ ચારે છેડા બાંધી લઈ વચમાંથી ઝુલતો રાખેલો એવો લુગડાંનો એક ઘાટ. ભીએલું અનાજ—ધાન ભરવાની ઝોળી; રંગરેજ વગેરેની ઝોળો; છોકરાંને સુવાડવાની ઝોળી.

ઝોળીપોળી, સ્ત્રી૦ છોકરાંનું નામ પાડતી વખત બૈરાં છોકરાં એકઠાં થઈ બાળકને ઝોળીમાં સુવાડી 'ઝોળી પોળી પીપળ પાન, ફોઈએ પાડ્યું ફલાણું નામ' એમ બોલતાં જઈ ઝોળીને હલાવ્યાં કરે છે તે.

ઝોળો, પુ૦ ઝોળીનીપેઠે લટકી જવું—નમી નમી પડવું તે. ચન્દરવો ઝોળો ખાઈ ગયોછે. જમીનને પણ એ શબ્દ લગાડવામાં આવે છે. ૨ મોટી ઝોળી.

ઞ.

ઞ, પુ૦ [સં૦] એકવિસમો મૂળાક્ષર. એથી શરૂ થતો કોઈ શબ્દ નથી. એ, ચપાતાં અનુસ્વારોમાંનું બીજું છે. કિઞ્ચિત, અઞ્ચળ, ઈઞ્જનેર વગેરે.

ટ.

ટ, પુ૦ [સં૦] બાવિસમો મૂળાક્ષર; અગ્યારમો વ્યઞ્જન વર્ણ; જીભનો છેડો જોરથી તાળવે લગાડ્યાથી એ ઉચ્ચાર થાય છે. એ મૂર્ધસ્થાની કેવાય છે.

ટક, અ૦ એવો થતો અવાજ દેખાડે છે.

ટકટક, અ૦ એવો થતો અવાજ. 'ટક ટક ટક થાયે ઘડિયાળ, જો હું ચાલ્યો કે છે કાળ'. ૨ બબડ્યાં કરવું તે; નકામું ડાપણું; બકવા; લવારી; બબડાટ; ખોટી તકરાર.—ચલ, અમથો ટકટક ન કર. ૩ એક નજરે જોયાં કરવું તે. આશ્ચર્યથી, ટગો બાંધ્યાથી, ઊંડા વિચારથી, ટકટક જોયાં કરવું.

ટકટકિયું, વિ૦ ટકટક—બલીવારવનાની તકરાર—ડાપણું—લવારી કરનાર (માણસ).

ટકવું, ક્રિ૰ અ૰ ઝાઝી વાર ચાલવાં—પોચવાં—કામમાં આવ્યાં કરવું.—આ છીંટ ટકવામાં ઘણી સારી છે. ૨ જારી રેવું; નીભવાં કરવું. મિજાજી આમીરોને ત્યાં નોકરો ઘણીવાર ટકતા નથી. ૩ ઓઠી થવું; ઝાઝી વાર રેવું. તે ત્યાં ઘણો ટક્યો જો!

ટકાઉ, વિ૰ ટકે—ચાલે—નીભે તેવું (કપડું વાસણ વગેરે); ચિરકાલું.

ટકાવ, પુ૰ ટકવાં—ચાલવાં કરવું તે; નીભવું તે.

ટકો, પુ૰ ત્રણ પૈસા. ૨ એક રૂપિયો—(ટકા—પોણા ટકા—અડધા ટકાનું વ્યાજ). "ટકાના ત્રણ શેર" —ગણતાંમાં ગણી કાઢેલું તેવું; લેખામાં નહિ તેવું. ટકાનું માણસ એટલે હલકું—ઓછું પાત્ર—કોડીનું —વિવાહનું બારમું કરી નાખે તેવું માણસ. 'ટકે શેર ભાજી ટકે શેર ખાજાં' એવી કેવત છે એટલે ભણ્યો ને મૂરખ, લાયક ને નલાયક બધાને એક સરખા ગણવા તે. 'ટકા કરવા—વેચીને પૈસા કરવા અથવા પૈસા એકઠા કરવા.

ટકોટક, ટક્કેટકું.

ટકોરખાનું, ન૰ ચોઘડિયાં વગાડનાર ઢોલીને બેસવાને બન્ધાવેલી જે ઉંચી જગો તે.

ટકોરી, સ્ત્રી૰ નાનો ટકોરો.

ટકોરો, પુ૰ ઘડિયાળનો મિનિટ કાંટો બાર ઉપર આવેથી જે અફેકો અવાજ થાય તે. ૨ પિત્તળની ગોળ ચપટી ઝાલર ઉપર ઠોકવાથી જે અવાજ થાય તે. ૩ ટેબલ વગેરે ઉપર એકજ વખત આંગળી ઠોકવાથી જે અવાજ થાય તે.

ટકોળ, સ્ત્રી૰ મશ્કરી; મજાક; ઠઠ્ઠો; નાટકીઆવું; ટોળ.

ટકોળિયું, વિ૰ ટકોળ વાળું (કામ, બોલવું) ટકોળિયો—ટકોળ કરનારો; ઠઠ્ઠાખોર; મશ્કરો.

ટક્કર, સ્ત્રી૰ માથે માથું અથડાવવું તે. (બેટાંની ટક્કર). ૨ (લાક્ષણિક) તકરારમાં કોઈને સપડાવવું તે (તેણે તેની સાથે ખૂબ ટક્કર લીધી). ટક્કર લેવી—લાગવી—મારવી કેવાયછે.

ટગટગ, ટગમગ (૧ લા અર્થમાં).

ટગમગ, અ૰ એક નજરે જોયાં કરવાના અર્થમાં વપરાયછે. ટગમગ જોવું, આશ્ચર્યથી—શરમિન્દા પડવાથી. ૨ ડગમગ.

ટગરટગર, અ૰ એક નજરથી; ટગટગ.

ટગરમગર, ટગરટગર.

ટગુમગુ, અ૰ ઘણીજ આતુરતાથી વચમાં વચમાં તૂટી જાય વળી જરા ટકે એવી હાલતમાં આવ્યું હોય તેમ—જીવ ટગુમગુ થઈ રેયોછ. ૨ એટલી નબળી હાલતમાં આવી રેયલું કે થોડી વાર સારું રે થોડી વાર માંદુ રે તેવું. ૩ જેમતેમ—મુશ્કીલતથી —જરાતરા ચાલતું હોય તેમ. છોકરું—માંદું મારણ ટગુમગુ ચાલે છે.

ટંકું, સ્ત્રી૰ એક ચોક્કસ વખત; અમુક વેળા. અ૰ એકજવાર.—એકજ ચોક્કસ વખત. એક ટંકું ખાવું.

ટંકણખાર, પુ૰ એક જાતનો ખાર.—એ ઓસડના અને ધાતુ ગાળવાના કામમાં આવેછે. 'પ્રાત ઐસી કીજિયે, જૈસો ટંકનખાર; આપ જલે પર રીઝવે, ભાંગાં સાંધે હાડ'.

ટંકશાળ-સાળ, સ્ત્રી૰ મોર રૂપિયા પૈસા વગેરે સિક્કા પડતા—બનતા હોય તે સરકારી કારખાનું.

ટંકાર, પુ૰ [સં૰] કામઠીમાંથી તીર છુટતી વખત જે ટકોરો થાયછે તે. ધનુષનો ટંકાર.

ટઙ્કેટંકું, અ૰ એક ચોકસ વખતથી તે પાછો તે અથવા બીજો કોઈ ચોકસ વખત આવે ત્યાં સુધી. ૨ પૂરું—ખલાસ થવા આવેલું હોય તેમ; છેડાલગી; આખરની લગભગ આવી રેયલું. ૩ છલોછલ; ભરપૂર; ઠેઠ—મોલગી.

ટઙ્કોટંકું, ટઙ્કેટંકું.

ટંગડી, સ્ત્રી૰ પગથકી તે ઘુંટણલગીનો જે અવયવ તે; નળો.

ટંગાવું, ક્રિ૰ અ૰ લટકી રેવું; ઝુલી—ઝુલી રેવું. ૨ આશ્રિત થઈ રેવું.

ટચ, પુ૰ ચોકસીયો સુનાં રૂપાંને તપાસી જે આંક પાડેછે તે. સત્તાણું નવ્વાણુંના ટચનું સોનું.

ટચ-લઈને, અ૰ ચપટીના અવાજની સાથે; જરા વારમાં.

ટચકડી-કાકી, ટુચકી.

ટચકું, ન૰ નાનું ટાણું. એ શબ્દ ટાણાંની સાથેજ જોડાઈને વપરાયછે. ટાણું ટચકું.

ટચલીઆંગળી, ટચીઆંગળી.

ટચાક, વિ૰ જુઠો બબડો કરનાર; 'છિછરેલો ચોપીખોર; ઉડેલ દોડડાયો.

ટચાકડી-ડી, સ્ત્રી૰ ટુચકી વાગવી તે.

ટચીઆંગળી, સ્ત્રી૰ હાથની છેલ્લી તથા નાની જે આંગળી તે.

ટટવાણી, ન૰ નાની ઘોડી.

ટટવું, ન૰ ઘણી નીચી જાતનું ઘોડું; ખચ્ચર.

ટટળવું, ક્રિ૰ અ૰ આશાથી આમ તેમ ફરી ફરી ઘાંચે જોયાં કરવું. ૨ રીબાવું; પીડાવું. ૩ ભૂખે મરવું; ખાવા ન મળેથી વલખાં મારવાં.

ટટળાટ, પુ૰ ટટળવું તે.

ટટળાવવું, ક્રિ૦ સ૦ દુઃખ દેવું; અકળાવવું. ૨ ભુખ પડાવવી; તરસાવવું. [અક્ડ. ૨ ફેલવવાળું.

ટટાર, વિ૦ સીધું; પછવાડે ખૂંધ ન નિકળેલી તેવું;

ટટુ, અકુ.

ટટ્ટી, સ્ત્રી૦ વાંસ, કામઠાં, ખરૂ વગેરે સુરડી ભીંત—પરેકાળ જેવું જે કરી રાખેલું તે; કામઠાં સુરડી કરેલા પડદો અથવા ભરી લિપિલો આંતરો; સર-કટ—જવાસા—વાળાનો પડદો.

ટટ્ટુ, ન૦ ટટ્ટી.

ટટ્ટુ, ન૦ ઘોડું; નાનો ને બેઠકી ઘોડો; ખટ. ૨ ઉ-પાય; ઇલાજ. ૩ ચલણ; દોર. ૪ કામ; ધન્ધો. આજકાલ તેનું ટટ્ટુ ચાલતું નથી. [બરકતું.

ટણક, વિ૦ કુવા છતાં ચાનક ન લાગે તેવો ડોઠ. ૨

ટણચ, સ્ત્રી૦ એક જાતનો સાપ. [મદનછત્ર.

ટણો, પુ૦ સ્ત્રીની છાની ઇન્દ્રીમાં કપાસિયા જેવડો કુમળી ચામડીનો દાણો દેખાય છે તે; લીલવો;

ટણ્ટાખોર, વિ૦ ટણ્ટો કરનાર; કજિયાખોર.

ટણ્ટો, પુ૦ કજિયો; અણબનાવ; લડાઈ.

ટણ્ડું, ટાંડું.

ટણ્ડેલ, પુ૦ વાણ ચલાવનારો મુખ્ય જે ખલાસી તે; સુકાની; સરહંગ; કપતાન.

ટપ, ન૦ [અં૦] સાકર ભરવાનું પાતળાં પાટિયાંનું બનાવેલું જે ઠામ તે.

ટપ, અ૦ ઝટ લઈને ટપકું પડે તેવી રીતે. ૨ એવો અવાજ થાય તેમ. ૨ ઝટ; જલદીથી અને વળી એવો અવાજ થાય તેમ.

ટપકટપક, અ૦ એક પછી એક ટપકાં પડ્યાં કરે તેમ.

ટપકવું, ક્રિ૦ અ૦ પ્રવાહી પદાર્થે ટીપાં રૂપે ધીમે ધીમે નીચે પડવું. ૨ છાપરાં વગેરેએ ગળવું.

ટપકાવવું, ક્રિ૦ સ૦ ટીપાં પાડવાં. ૨ ગળાવવું. ૩ (ચીજ). નોંધી—લખી રાખવું (સ્મરણને માટે).

ટપકી, સ્ત્રી૦ રૂપાં—સોને રસેલા ધાતુના ગોળ ચપ-ટો ગોણો એક ચાર. ટપકી કમળના ભરતમાં મુ-કવામાં આવે છે ને સ્ત્રિયો નોડાંપર ચોડે છે.

ટપકું, ન૦ નાનું મરખું ગોળ ચિન્હ. છોકરાંઓને નજર ન લાગે માટે ગાલે અથવા કાનની પછવા-ડે મેશનું કાળું ટપકું કરે છે. ૨ ટીપું; છાંટો.

ટપકો, પુ૦ જન્માત્રિકા; જન્માક્ષર.

ટપટપ, અ૦ ટીપા પડેથી થતા અવાજ બતાવે છે. ૨ હજામની ટાટડી ઉપર અસ્ત્રાથી જે અવાજ થાય-છે તે બતાવે છે.

ટપટપિયું, ન૦ ટપટપી.

ટપટપી, સ્ત્રી૦ ચામડાના જે કકડાપર હજામો અ-સ્ત્રાને ટપટપ ઘસે છે તે—ધાર સરખી કરવાને.

ટપલી, સ્ત્રી૦ કોઈના માથા ઉપર ધીમે રહીને હાથ-ના આંગળા મારવાં તે. ૨ બીજાને વઢો કરવાસા-રૂ હાથની જે ઝપટ મારવી તે.

ટપલું, ન૦ હાંલાં ઘડવાનું કુંભારનું લાકડાનું ઓ-જાર. (ચાકથી ઉતરેલા ઘાટ જરા સુકાયા પછી). ૨ પાયે જુદે ઘસાઈ ગયલો પગે પેરવાનો જોડો.

ટપલો, પુ૦ આંગળાં એકઠાં રાખી કોઈના માથામાં જોરથી ઊંધો હાથ મારવો તે. ૨ તોહોમત; બ્હોં; આળ; બદનામી; દોષ; ફેણી. લોકનો ટપલો માથે રહી ગયો એમ કેવાય છે. ટપલો મારવો—મુકવો—રહી જવો એમ પ્રયોગ થાય છે.

ટપવું-પીંજવું, ક્રિ૦ છનકું મારવી; કુદી જવું.

ટપસટપસ, અ૦ ઘસાઈ ગયલો પાટો જોડો જમી-નસાથે ઘસાવાથી જે અવાજ થાય છે તે બતાવે છે.

ટપસિયાં, ન૦ ઘસાઈ ગયલાં ખાસડાં. [ઝટઝટ.

ટપાટપ, અ૦ ઉપરાઉપરી ટીપાં પડતાં હોય તેમ. ૨

ટપાટપી, સ્ત્રી૦ ગોલમાલ; લડાલડી.

ટપાલ, પુ૦ સરકારહુકમથી એક ઠેકાણાના કાગળ-પત્તરો જે કોથળામાં ભરી બીજે ઠેકાણે મોકલવામાં આવે છે તે; ડાગ. ૨ એવી રીતે રવાને કરેલા અથવા આવેલા જે કાગળપત્તરો તે.

ટપેરવું, ક્રિ૦ સ૦ ઠોકવું; મારવું.

ટપોટપ, અ૦ ઝટઝટ; ઝપાટ; એક પછી એક.

ટપ્પ, ટપ.

ટપ્પો, પુ૦ રસ્તો. કાપતાં જેટલે જેટલે અન્તરે—છેટે વિસામો લેવાનો હોય તેટલું તેટલું અન્તર; મજલ. ૨ એક રીતનું ગાયન. ધ્રુપદ, ખ્યાલ ને ટપ્પા. ટપ્પા નાના હોય છે—જેમકે—"છૈલા જો કોઈ પે, બટી-પેલા રહું માણા—છેલા૦. ઇસ નગરી બીચ. બે જાલમ બખદા, બિચ મેહેબૂબોદા માણા—છેલા૦". ૩ ગપનો સપાટો.—ટપ્પો મારવો.

ટબકવું, ટપકવું.

ટબકું, ટપકું.

ટબલું, તબલું.

ટબુકડિયું, ન૦ થીનાં કાસવેલા બદેણી લાડુ વગેરે-નો ભુકો—ગુજરાતના ગોળ બ્રાહ્મણે બ્યાય છે.

ટબુડી, (ટબૂકડી) સ્ત્રી૦ કળશી; લોટી.

ટમટમવું, ક્રિ૦ અ૦ આતુરતાથી—આગાહીર, જેવાં કરવું—વિટવાયાં કરવું.

ટવળવું-ટળવળવું, ટટળવું.

ટસઅંસ (ટપઅંસ), સ્ત્રી॰ ગરબાપાઅળ; ધમીચાળ.

ટળુકી, ફેંક.

ટળવળાટ, પુ॰ ટળવળવું તે.

ટળવું, ક્રિ॰ અ॰ મટવું; ચાલ્યું જવું; દૂર જવું; પ-રાજ્ય પામ; (પેટમાં દુખતું ટળ્યું!). ૨ દૂર થવું; જ-તું રેવું; આખું ફડાવું—હમે શું અમાંથી પણ ટ-ળ્યાં? (સમપણું ગયું શું?). ૩ તિરસ્કારથી બસવું; દીઅનું રેવું. જેમ હવે અહીંથી ટળો.

ટળાવું, તળાવું.

ટાંક, સ્ત્રી॰ [સં॰ ટંક] તોલ.—એક શેરનો ૭૨ મો ભાગ; પાસેરનો ૧૮ મો ભાગ. ૨ નવ માસા (કે-ટલાક કહે છે). ૩ ચાર માસા (કેટલાક કહે છે). ૪ પ-ડેલી કલમની અણી (કાપેલી અથવા કાપવાની); કત. ૫ ટંક; વખત; વાર.—તેની ભેંસ એક ટાં-ક—વખત દૂધ દેછે. [૪ ટાંપણી.

ટાંકણી, સ્ત્રી॰ પાઘડી વગેરેમાં ખોસવાની માથાવાળી એક તરેહની ઝીણી પિત્તળની ખીલી; ટાંચણી. ૨ સુથારનું એક ઓજાર. ૩ ટાંકવાનું કામ; ટાંકણી.

ટાંકણું, ન॰ કંસારાનું ઓજાર. ૨ પથ્થર ટાંકવાનું ઓજાર. ૩ અવસર—રૂડો અવસર—ટાણું; ટાણું. ૪ જોગવાઈ; સન્ધિ; જોગ. [ટાંકું.

ટાંકલી, સ્ત્રી॰ ટાંકણી. (૧ લા અર્થમાં). ૨ નાનું

ટાંકલું, ન॰ નાનું ટાંકું.

ટાંકવું, ક્રિ॰ સ॰ સીસા વઈ અથવા પથરામાં હથિ-યારે (ટાંકણે) વતી આછા આછા ખાડા પાડવા—જે કામમાં આવે—ઘંટી ટાંકવી. ૨ સીવીને વળ-ગાડવું.—અંગરખાને ખીસું ટાંકવું. ૩ તળાઈના ઓછાડમાં રૂ ભરી ઉપરથી નીચે લગી સોય મા-રી દોરા ભરવા. ૪ (લાક્ષણિક) પછવાડે વળગા-ડવું—જોડવું. અરજીની પછવાડે પાછી પણ ટાંકેલી છે. ૫ નોંધી રાખવું; ઉતારો કરવો. તે જે આંકડા કહે છે તે ટાંકીરાખ, ભુલી ન જવાય.

ટાંકી, સ્ત્રી॰ પાણીનું નાનું ટાંકું. ૨ શીતળાના દાણા ઈન્દ્રીઉપર અથવા મ્હોંપેઠીપર નિકળતાં હો-ય તેવી જે થોથી તે; ચાંદી.

ટાંકું, ન॰ વરસાદનું અથવા કુવા નદિ તળાવનું પા-ણી ભરી રાખવાને તળિયાંવાળો છો વગેરેથી બાં-ધી લિંપેલો જે ખાડો—કુવો તે. પાણામાં ખાડાં-નાં ટાંકાં હોય છે. ૨ પાણી એકઠું ભેળવી બનેલો જે ખાવાનો પદાર્થ તે.—ગટ ટકી જાય તેવાં સારાં ચીભડાં ભીંડું પાણી વેડી થોડાવાર દ-ઝવાય ફરેથી ટાંકું થવાનું. ૩ જેટા ગોખલે; તાકું.

ટાંકો, પુ॰ એકેક વાર સોયથી કપડાંમાં ભોંકવી તે; ટેભો. ૨ સીવવું તે; સીવણ; સાંધો. [ર.

ટાંચ, સ્ત્રી॰ વજનો; ભેડાથી તે પૂંટણ આગીઓ જે ભાગ તે; ઠુંઠી; નળો. ૨ પગ;

ટાંગણ, ન॰ ટટ્ટું; નાનું ઘોડું. ૨ ખડું ઠીંગણું માણસ.

ટાંગવું, ક્રિ॰ સ॰ લુગડું રે તેમ લગાડવું—બાંધવું; લટકાવવું. [ઊંચું કરવું તે.

ટાંગાટોળી, સ્ત્રી॰ એક જણે બે પગ પકડી ને બી-જાએ ખભા પકડી માણસને લટકતું રાખવું—લ-

ટાંચ, સ્ત્રી॰ જાતી; કલમખાની. ૨ કલમનું ખત પ-ડી છેલાવારે તેની અણી કાપવી તે; કત. ૩ ઘટ; ખૂટી પડવું તે.

ટાંચણી-સી, ટાંકણી (૧ લા અર્થમાં).

ટાંચવું, ક્રિ॰ સ॰ કપડાંમાં અથવા કાગળપર સોય પોચવી. ૨ કત મારવી. ૩ છેકો કાપવો. ૪ (લા-ક્ષણિક) સંભાળીને—કસરેથી થોડું વાપરવું; ઓ-છું કરી આપવું.

ટાંટિયો, પુ॰ પગનો નળો. ૨ પગ. ટાંટિયા રહી ગયા—ચાલતાનથી—માં જોર છે એમ બોલાય છે. વળી ટાંટિયો કુડાવીશ—ઘરમાં આવતો બન્ધ ક-રાવીશ. પેટમાં ટાંટિયા છે એટલે કપટ છે.

ટાંડર-ડેર, સ્ત્રી॰ તકરાર. ટાંડર કરવી કહેવાય છે. ૨ ધુળજી.—ટાંડર આવી કહેવાય છે.

ટાંડું, ન॰ બળદ ઉપર અનાજ ભરીને એક જગેથી બીજી જગે લઈ જવાસારુ રાખેલા પાળેલા જે બળદો તે; પોઠ.—વણજારાનું ટાંડું. ૨ ટોળું.

ટાંણું, ન॰ ઘણા લોકોએ પવિત્ર અથવા ઓચ્છવ જે-વા માનેલા એવા જે અમુક અમુક દહાડા તેમાંનો એકેકો; અવસર; ટાણું; તહેવાર. ૨ એકેકા માણ-સને પેર જે રૂડો અવસર આવે તે.—લગન જ-નોઈ આવરણી વગેરેનું ટાણું. ૩ જોગવાઈ; સ-ન્ધિ; તક; એકાદો ચોક્કસ વખત.

ટાંપ, સ્ત્રી॰ વાળ પૂરું થયેલી • એવી અથવા વચમાં , ; એવી જે નિશાની મુકવામાં આવે છે તે.

ટાંપવું, ક્રિ॰ સ॰ તાકવું; આતુરતાથી તૈયાર રેવું; [તત્પરી રેવું.

ટાણું, ન॰ ટાણું; સન્ધી; વખત.

ટાપકો, પુ॰ શરીરના અવયવોને સાંધા આગળથી ડા-બતાં જે અવાજ થાય છે તે.—ટાચકા ફોડવા વગાડવા. ૨ ઘોડીનાં પારણાં ઉપર સોપારી પા-

યું જે છાટકતાં રૂંભકડાં તેમાંનું જે ભાંક, તે. એ અર્થમાં એ શબ્દ ટાબકા રૂપે બહુવચનમાંજ વપરાય છે. ૩ ઉપણ; ખાંડવો.

ટાયમ, સ્ત્રી૰ ધક; ખૂટી પડવું તે.

ટાટ, ન૰ સણના જાડા દોરાનું ગુણો બનાવવામાં કામ આવતું જે કપડું તે; ગુણપાટ. ૨ એક તરેહની મોટી થાળી.

ટાટપટ્ટી, સ્ત્રી૰ ટાટ—સુતળીનું કપડું.

ટાટલું, ન૰ વાસણ; ઠામ; જેમાં ખાણું પીરસેલું હોય તે. ટાટલું કરવું—એઠાં વાસણ માંજીને સાફ કરવાં.

ટાટિયાં, ન૰ ખાડીની અન્દર સાળિયાની સાથે વાંસની ચીપના ગુંથેલા સાળિયાની બરાબરના જે કકડા મુકવામાં આવે છે તે.

ટાટી, ટટ્ટી.

ટાટું, ન૰ કામડાંને પાસપાસે સરડા લઈને નદીના ઓવારાપર બેસવાનું જે બનાવેલું તે. (બ્રાહ્મણોએ). ટાટું માંડવું એમ કેવાય છે.

ટાઢ (ટાઢ), સ્ત્રી૰ ગરમી ઓછી થવાથી શરીર ધ્રુજે ને રૂંવાં ઊભાં થાય તેવી જે લાગણી તે; થરડી; ટાઢ વાવી. તાવ આવવાની અગાઉ ટાઢ આવેછે—ચડેછે. ૨ શીતળ હવા; થણ્ડ. શિયાળાની ટાઢ, પડવી—નિકળવી.

ટાઢક (ટાઢક), સ્ત્રી૰ પાણીના અંશથી ટાઢું લાગવું તે; શીતળતા. આવો બેસો અહીં બહુ ટાઢક છે. ટાઢક કરવી એટલે એકાદો પદાર્થ ખાઈ પીઈ ચોપડી શરીરને ટાઢું લાગે તેમ કરવું; પદાર્થમાં રહેલા જે ગુણથી ગરમી સમે તે. ૨ નિરાંત; સન્તોષ. તેને માણસની તરફથી ને પૈસાની તરફથી બંને તરફથી ટાઢક છે.

ટાઢા, પુ૰ ઉપરથી દેખાઈતું સારૂં પણ અન્દરથી કલેજે તીર વાગે તેવું જે કોઈનું કોઈ પ્રતિ બોલવું તે. ટાઢાદેવા એટલે ટાઢા—ડામ દેવા.

ટાઢિયોતાવ, પુ૰ ટાઢ વાઈ ને તાવ આવે તે.

ટાઢી, સ્ત્રી૰ રાખ; રાખોડી.

ટાઢીશિયળ શિળી, સ્ત્રી૰ શ્રાવણ સુદ ૭ મે ટાઢું ખાવાનો મહિમા છે તે દાડો.

ટાઢું, વિ૰ ઊનું—ગરમ રહ્યું નહિ તેવું જે રાંધેલું —તળેલું તે.—ચાન, સૂરણ વગેરે. ૨ ગરમી સમાવનારૂં; થણ્ડક કરનાર. બરફ, ચન્દન, ખાખસ એ ટાઢા પદાર્થ છે. ૩ પાણીના અંશથી શીતળ; ચરૂં. બાંય ટાઢી લાગે છે. ૪ ધીમું; રસાળું; માંદું—હાલ તેનું કામ ટાઢું ચાલેછે. ૫ ઉતાવળ નહિ તે; ધીરૂં; મોળું (ગામમાં—પ્રવૃત્તિ). ૬ પછી પણ જરા આછી તેજી માર તો—ટાઢો રહ્યું. ૭ પડ્યું રહેલું; સન્તોષ પામેલું—ગરીબનું પેટ ટાઢું થયું. ૮ શાન્ત; નરમ. તેનો મીજાજ એટલો નરમ થઈ ગયો હતો કે મોટી મુલાકાતથી તે ટાઢો પડ્યો.

ટાઢે, ટાઢક.

ટાઢોડિયું, ન૰ ટાઢક થાય તેવો પદાર્થ ઔષધ આપેલા એવાં બાળકને પાવામાં આવેછે તે.

ટાણું, ટાંણું. આ ટાણે—આ વખતે.

ટાપટીપ, સ્ત્રી૰ ભાગું તૂટું ઠીક કરવું—સમારવું તે. ૨ જુક્તી બન્ધ ગોઠવી સારૂ દેખાય તેમ કરવું તે; તાલમેલથી સણગારવું તે. ૩ ડોળ; ડંભ; ચાપચોપ.

ટાપસી, સ્ત્રી૰ વાત ચાલતી હોય તેમાં વચમાં કોઈની મદદ—તરફેનમાં બોલીઉઠી સાહેદી પુરવી તે. ટાપસી પુરવી. [ન તે; બેટ.

ટાપુ, પુ૰ ચાર પાસ સમુદ્રથી વિંટળાયલી જે જમી-

ટાપુઆ, પુ૰ ચોટલા. [ઘડો—નાનો ઘોડો.

ટાયડી, સ્ત્રી૰ નાની ઘોડી. ટાયડું—નાનું ઘોડું. ટા

ટાયલું, ન૰ વગર જરૂરનું બોલ બોલ કરવું તે; કુથલી; માથાફોડ. ૨ હું ડાહાપણું; પોતાની વડાઈનું બોલ્યાં કરવું તે.

ટાલ-લી, સ્ત્રી૰ (ટાલું પણ કેવાય છે). ખેતરના જે કેટલાક ભાગમાં દાબડો અથવા ખાપો ઉગી જડ બાઝવાથી જમીન ખેડવામાં આવતી નથી તે ભાગ. ૨ તાલ—માથાપરના જેટલા ભાગપરથી વાળ જતા રહ્યા હોય તેટલો ભાગ.

ટાલકું, તાલકું. [—લોટનું—ભાતનું ટાળણ.

ટાળણ, ન૰ ચાળી—ધોળી કાઢી નાખેલું તે. ઘઉંનું

ટાળવું, ક્રિ૰ સ૰ દૂર કરવું; આવતું બન્ધ થાય તેમ કરવું; રદ—બાતલ કરવું. મેં તેને હમણાં ટાળ્યો છે; તેણે વિવાહ ટાળ્યોછે. ૨ મટાડવું; સારૂં કરવું; રોગ કાઢવો. મારાં પેટનું મોટું દુઃખ પુનાની હકીમે ઘણે દાડે પણ ટાળ્યું ખરું. ૩ ચાળી —ધોળી કાઢી નાખવું [મિદના ટાળા પણા".

ટાળો, પુ૰ વાળું તે; વાયદા કર્યા કરવા; ઉડાવ્યાં કરવું તે. તે વારે વારે ટાળા દયાં કરેછે. ૨ ટાળવું—અન્તર ગણવો; ઘર; પંક્તિ—મંડળીથી દૂર રાખવું તે—ટાળો કરવો કેવાય છે. ૩ બેઅદબ; તમાશો; ચમત્કાર. બ્રતે સૌ દવિઘા ચોપાટ ટાળા, આપાઠિંગાચોળી, ઢંગાઢોળી.

ટિંગાવું, ટિંગાવું.
ટિંકે, સ્ત્રી૰ એવો થતો અવાજ.
ટિચવું, ક્રિ૰ સ૰ ટોકાય તેમ ઠોકવું—અથડાવું. ટિચાવું—ટોકવું, અથડાવું—ઠોકાવું. ટિચવાં.
ટિમરવાં, (ટિમરવાં) ન૰ એક જાતનાં ફળ.
ટિકટ-કિટ, સ્ત્રી૰ કાગળની કકડી. ૧ દાખલ થવાની ચિઠ્ઠી. ૨ ડાગવા કાગળપર મારવાની સરકારી છાપ. ૩ સીસી—બાટલીપર જે કકડી કાગળપર વસ્તુનું નામ દામ વગેરે લખેલું હોય તે.
ટિક્કડ, પુ૰ જાડા રોટલા. [ગણી કેવાય છે.
ટિક્કી, સ્ત્રી૰ ઠેકાણે—ઠામ પડવું તે; ધારેલું પાર પડવું તે; જેને માટે ઉદ્યમ ચલાવ્યો હોય તે વસ્તુ પ્રાપ્ત થવી તે. ૨ વગ; સિધારગ. ટિક્કી લાગ
ટિખલ, ન૰ મશ્કરી; મજાક; બટકબોલું. ૨ ઢોંગ.
ટિખલી-ળી, વિ૰ મશ્કરી મજાક કરનાર; ઠઠ્ઠાબાજ; બટકબોલું કરનાર.
ટિંગવું, ક્રિ૰ અ૰ એક આધાર ઉપર ટેકી બાકીનું અધ્ધર ઝુલવું—ભાર પડતું રાખવું; લટકવું.—તે કરેરાપર ટિંગાય છે. ૨ (લાક્ષણિક) કોઈ નાંપર રોજગાર વગેરેને સારુ આધાર રાખવો.
ટિચકું, વિ૰ નાનું; ઠિંગણું; ટિચકો; ટિચકી.
ટિટિયાણ, ન૰ એવો થતો અવાજ; બુમાબુમ; હો-
ટિટોડી, સ્ત્રી૰ એક જાતનું પક્ષી—માદા. [કારો.
ટિટોડો, પુ૰ એક જાતનો પક્ષી; ટિટોડીનો નર. એ, પાતળા લાંબા પગનું, પીઠે કાળું તથા પેટે ધોળું અને રૂમઝું હોય છે.
ટિપણી, સ્ત્રી૰ પાણીની તાણ પડવી તે; પાણીને માટે લોકમાં બુમાબુમ પડી રહેવી તે. ૨ ટિપવું તે.
ટિપણું, ન૰ કાગળનું જે ઓળિયું—ઓપડી, તિથિ વાર નક્ષત્ર યોગ કરણ વગેરેનું સ્મરણ કરાવે છે તે; પંચાંગ.
ટિપરી, સ્ત્રી૰ અનાજ ભરવાનું માપ; બે ટીપરી એટલે એક શેર ને ચાર શેર એટલે એક પાલી એમ કેવાય છે.(મુંબઈમાંજ—ગુજરાતમાં નહિ). ટિપરી, લાકડાં અથવા તાંબાની થાય છે.
ટિપવું, ક્રિ૰ સ૰ ઉપરથી ઠોકવું; પડવું. વસઈ ટિપણી. ૨ ઉપડી ન જાય માટે ઠોકવું. કુવા ઉપર પાણી ટિપવી. ૩ સ્મરણને સારુ નોંધી રાખવું. એ વાત ટીપી રાખ નહિતો ભૂલી જઈશ. ૪ મારવું. ... ટીપ્યો.
ટિપણ, ન૰ ટુંકામાં ટીપી—નોંધી રાખેલું તે; પા-

દાસ્તા; સ્મરણસૂચિકા. ૨ કોઈ લખાણની વાતવિષે વિસ્તારથી જે કંઈ લિખું લખેલું હોય તે.
ટિપ્પણ, ન૰ અક્ષરવા માથાપર જે બિન્દુ તે; અનુસ્વાર. ૨ ચિહ્ન; નિશાની; એવું ચીહ્ન.
ટિલક, ન૰ [સં૰ તિલક] ટીલું. ૨ રાજાને કપાળે કરવું—શાહીનો અંગૂઠો વતી જે ઊભો ટીલો કરવો તે. ૩ જુદા જુદા ધર્મ સંપ્રદાયનાં જુદે જુદે પ્રકારે કરવાનાં જે ટીલાં તેમાંનું એકેકું.
ટિલાયત, વિ૰ પાટવી—વડો (રાજપુત્ર).
ટીંબા, પુ૰ ટેકરા. [—ટીકા કરનાર—લખનાર.
ટીકા, સ્ત્રી૰ [સં૰] એકાદો અઘરો વિષય પૂરતો સમજવામાં ન આવે તેનેસારુ વિસ્તારથી જે સમજણ આપવી તે; ખુલાસો. મૂળ ગ્રન્થ ને ટીકા. ૨ કોઈની ચાલચલણ વિષે વિસ્તારીને ઠપકો આપવો તે; અવગુણ—દોષ દેખાડવા તે. ૩ હર કોઈ પુસ્તકનું વિવેચન કરવું તે; તેમાંથી ગુણ દોષ બતાવવા તે. ટીકા થવી—કરવી—લખવી. ટીકાકાર
ટીકી, સ્ત્રી૰ ચપટેલા તારનો કકડો; સુનેરી—રૂપેરી ટપકી. ૨ કપાળે ઝીણો ગરબો જે ચાંલ્લો તે. ૩
ટીકો, ટીલો. [ટિક્કી.
ટીડ, તીડ.
ટીપ, સ્ત્રી૰ યાદી;—સામાનની ટીપ. સ્મરણ ચોપડી. ૨ હર કોઈ કામને માટે નાણું ભેગું કરવાસારુ અમુક ગૃહસ્થે પોતાનું નામ ને પોતાને આપવાના રકમ એ બે જે કાગળમાં લખ્યાં હોય તે; ૩ પરાણાનો કાગળ—ખરડો. ઉજાણીની—ધરમની—માન આપવા વગેરેની ટીપ. ૩ ગ્રન્થના પૃષ્ઠમાં લખેલી કોઈ શબ્દ વાક્ય વિષે કોઈ સૂચના—સમજણ આપવાસારુ તેજ પૃષ્ઠમાં દોરેલી લીટીની નીચે જે સૂચના—સમજણ લખી હોય તે. તે શબ્દની ઉપર * ‡ વગેરે ચિહ્ન કરવામાં આવે છે અને તેજ ચિહ્ન પાછું ટીપને આરમ્ભ કરવાને ઠેકાણે પણ કરવામાં આવે છે. ૪ સરકાર જે જમા કરે તે અથવા જમાનો જે હુકમ લખે તે. ૫ તંગી; તાણ; પાણીની ટીપ—ટીપણી. ૬ સાદું જ ઊંચું સ્વર.—ગાવામાં. ૭ ચુનો ખોડવાનું કામ; થાપ;
ટીપણી, ટિપણી. [ટીપણી.
ટીપણું, ટિપણું.
ટીપવું, ટિપવું.
ટીપું, ન૰ એકજ નાના ગોળ આકારમાં પડતું—ચુવેલું—કરેલું—ઝમતું જે પાણી તે. ટીપે ટીપે સરોવ-

૨ બરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય' કહેવત.

ટીમણ, ન૦ ભમનને આગલે દહાડે સગાં સમ્બન્ધીઓને જમાડવાં તે. ૨ પાણીથી રાંધેલું તેવું ખાવાનું; ભાથું.

ટીલડી, સ્ત્રી૦ મોતી—નંગ—મીનાવાળો સુનાંનો ના-નો આડો ચાંદલો; આડ. ૨ ચોંટેલું આળ—કલ-ઙ્ક; કાળોટીલી.

ટીલું, ન૦ [સં૦ તિલક] કપાળે ચન્દન—કંકુથી જે ઊભું—આડું ચિન્હ કરેલું તે. ટીલું કરવું. ૨ ચ-ન્દન—ટીલું પડવું. ટીલું ચાટી જવું એટલે છેતર-વું. ૩ મધ્ખી સૂચના જેવું આચરણ કરવું.

ટીલો, પુ૦ ઊભું ટીલું—ટિલક.

ટીશી-સી, સ્ત્રી૦ ટોચ; શિખર. ૨ કુંપળ—પાતરાંની કળી. ૩ પતરાજ; શેખી; ગર્વી; બાપડી.

ટીસલી, ટીશી-સી. (૧ લા અર્થમાં).

ટીસીખોર, વિ૦ પતરાજ કરનાર; શેખીખોર.

ટુંક, સ્ત્રી૦ ટોચ. ટુંકે—ટોચે—છેડે આવી ગયું છે.

ટુંક-ટુંકડું, ટુંકું. ટુંક વખતમાં. [પણતા.

ટુંકીનજર, સ્ત્રી૦ બુદ્ધિ ન દોડવી તે; લામ્બો પોંચ નહિ તે. ૨ ઉદારવૃત્તિ નહિ તે; કંજુસાઈ; કૃ-

ટુંકું, વિ૦ લાંબું—મોટું ન હોય તે. (આયખું—લખા-ણ—સમય—જગા—અન્તર—ખરચ).—(દોર-ડું—પાઘડી—માણસ). જેમ મોટું ને નાનું, ઉંચું ને નીચું તેમ લામ્બું ને ટુંકું. 'લાંબા સાથે ટુંકો જાય, મરે નહિ પણ માંદો થાય' એવી કહેણી છે. ૨ થોડું; ઓછું; નાનું.

ટુંટમુંટ, વિ૦ ભાંગેલું તુટેલું. ટુંટમુંટખાટલી.

ટુંટણું, વિ૦ હાથને ખોડ હોવાથી જેનાથી કામ કાજ થઈ ન શક્યું હોય તે (માણસ.)

ટુંટિયાં, ન૦ ઘુંટણઆંથી પગ વાળી રાખવા તે; ટા-ઢ, રોગથી પગને ટુંકા કરી રાખવા તે.

ટુંટિયું, ન૦ ટુંટિયાંનું એકવચન. ૨ કોગળિયું.

ટુંપ ગૂઈજવું, (ટુંપેટુંપ રહી જવું) ક્રિ૦ અ૦ વાયુથી શ-રીરનું સાંધે સાંધામાંથી રહી જવું.

ટુંપવું, ક્રિ૦ સ૦ ચિપિયાથી અથવા ચપટીથી વાળ તોડવા. ૨ રૂને ચુંટી ચુંટી છુટ્ટું કરવું. ૩ મેણાં મારી શરમિન્દું કરવું—નીચું જોવાડવું; ટોક માર-વા; પીંખી નાખવું.—ટુંપી નાખવું કહેવાય છે.

ટુંપિયો, પુ૦ કોટે પેરવાનું સુનાનું એક ઘરેણું; ગ-ળચવો; ગોપ.

ટુંપો, પુ૦ હડિયો. ટુંપોદેવો—ગળાંનો હડિયો દાબ-વો. ૨ કોઈને લાભ થતો હોય તેમાં આડું આ-વવું; વચ્ચે હરકત કરવી.

ટુંબો, પુ૦ મેણું. [રોટલો માગીખાનાર.

ટુકડાખાઉ-ખોર, વિ૦ પેરપેર રખડી કકડો કકડો

ટુકડી, સ્ત્રી૦ સમુદાયરૂપ જે એક આખું તેમાંનો એ-ક ભાગ.—લશ્કરની ટુકડી. ૨ ટોળી; જથો; વર્ગ.

ટુકડો, પુ૦ (રોટલાનો) કકડો.

ટુચકા, પુ૦ જે જે ટુંકી ટુંકી વાતોથી રમુજ જણે—રસ ઉપજે તે તે. 'રમુજના તે ટુચકા; કુંડાં ન હોય'. ૨ યન્તર મન્તર સમ્બન્ધી જાણવાનાં જે ના-નાં નાનાં વાક્ય તે અને કરવાના જે નાના ના-ના પ્રયોગ તે; જાદુ.

ટુચકી, સ્ત્રી૦ અઙ્ગુઠો ને મોટી આંગળી એ બેથી થતો જે અવાજ તે. ૨ એ અવાજ થતાં જેટલો વખત લાગે તેટલો વખત; ક્ષણ.—ટુચકીમાં આ-

ટુચકો, ટુચકાનું એકવચન. [ટુંકું.

ટુટક, વિ૦ બરાબર મળતું ન હોય તેવું; અનુસન્ધાન સમ્બન્ધ ન હોય તેવું; એક કકડો અહીંનો ને બી-જો કકડો કહીંનો એમ હોય તેવું; છુટું છુટું આ-ખું ન હોય તેવું.

ટુટફાટ, સ્ત્રી૦ જાદુ—છૂટું પડી જવું તે. ૨ કુસમ્પ; ફૂ-ટ; અણબનાવ; વિગ્રહ. [ટવું).

ટુટવું, ક્રિ૦ અ૦ આખી વસ્તુના કકડા થઈ જવા. ૨ જોડાયલા ભાગોનું છૂટું પડી જવું. ૩ દોસ્ત ટળી દુશ્મન થવું; મૈત્રિમાં વાંધો પડવો; અણબનાવ—કુસમ્પ—કજિયો—ફૂટ થવી. ટુટીજવું—વૃદ્ધાવસ્થાથી અશક્ત થઈ જવું. ટુટીપડવું—ભાંગી પડવું. ૨ એ-કદમ જોરમાં ઉપરથી કોઈના ઉપર પડવું. (તુ-

ટુટીઆર, પુ૦ એક પાસાપર ત્રણ ને બીજાપર એક એવી રીતનો જે દાવ તે. ૨ મૈત્રિમાં વાંધો પડ-વો તે; ટુટફાટ; અણબનાવ. વિ૦ છેકજ કમ-જોર થઈ ગયલું (હાલતે).

ટુણ્ડું, વિ૦ જેનો હાથ વાંકો વળી ગયલો હોય—જેનો હાથ પાકું કામ ન કરી શકતો હોય—જેનો હાથ લુલો હોય તેવું (માણસ).

ટુપવું, ટુંપવું.

ટુમણ, ન૦ યન્તર મન્તર સમ્બન્ધી જે ટુચકો તે—કામણ ટુમણ કહેવાય છે. [જ તે.

ટુવાલ, પુ૦ [અં૦] હાથ આંગ લુછવાનો જે રૂમા-

ટૂટ, સ્ત્રી૦ અણબનાવ; વિગ્રહ; દોસ્તી ટુટવી તે.

ટૂંટ, સ્ત્રી૦ પતરાજ; તોરનું બોલવું તે; ફુંપદાનું—આગ્રહનું બોલવું તે.

ટેક, પુ૦-સ્ત્રી૦ બારણાંજ—આખરમાં ટેકું તે; પોતે-લું પાળવું તે; પણ; વટ; સ્ત્રી૦ ગાયન—કવિતામાં જે પેલી કડી તે; ઘોરો; અસ્તાઈ; ધ્રુવપદ.

ટેકણ, ન૦ ટેકો આપવો તે. ૨ જે વસ્તુ ઉપર અડાંગાનું હોય તે.

ટેકરી, સ્ત્રી૦ આસપાસની જમીનની સપાટી કરતાં જે જગા જરા વધારે ઊંચી હોય તે; મેદાનનો ઉભાર. ૨ કુદરતી ઊંચી જગો—(પથરાળી, મટોડાની) ડુંગરી. [કરેલી ઊંચી જગો.

ટેકરો, પુ૦ મોટી ટેકરી.—કુદરતી અથવા માણસે

ટેકવું, ક્રિ૦ અ૦ અડીંગવું. ૨ થોભવું. ૩ કોઈ નાપર આધાર રાખવો. [સરો આપવો; નિભાવવું.

ટેકાવવું, ક્રિ૦ સ૦ ટેકો આપવો;—આધાર—આ-

ટેકીલું, વિ૦ ટેકવાળું; ટેક—વ્રત—પણ રાખનાર.

ટેકો, પુ૦ ટેકણ; અડીંગણ; ઝીલી રાખવાને જે સ્તમ્ભ તે. ૨ આસરો; આધાર. ૩ કોઈના બોલવાને સમ્મત થવું તે; દરખાસ્ત ને ટેકો.

ટેટી, સ્ત્રી૦ એક જાતનું મીઠું ફળ; સકરટેટી.

ટેટો, પુ૦ વડનું ફળ. 'બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા' એમ કહેવત છે. ૨ ફટાકો.

ટેડું, વિ૦ વાંકું; વળેલું; કમાન જેવું.

ટેપ, સ્ત્રી૦ સરકારે કરેલી સજાનો હુકમ; ટીપ. ૨ ટેવ.

ટેબલ, ન૦-સ્ત્રી૦ [અં૦] ખુરસીએ બેસીને લખવાનો—જમવાનો લાકડાનો ગોળ અથવા લાંબો જે ઘાટ તે; જમવાની ટેબલને મેજ પણ કહે છે.

ટેભો-ભો, પુ૦ જખમ થયું હોય ત્યાં અન્દર દવા મુકી આજુબાજુની ચામડી સીવીદેવાસારુ જે ટાંકા મારેલા હોય તેમાંનો એકેક. ટેભાદેવા—ભરવા—મારવા. [યની આંગળીનો છેડો.

ટેરવું, ન૦ નાક—જીભનો અણિયાળો છેડો. ૨ હા-

ટેરો, પુ૦ પડદો. ટેરો આવ્યો હવે દરસણ નહિ થાય. ૨ ટેટો—આ જમરૂખ કાચાં ટેરા જેવાં કઠણ છે. [કનાં એક વચન બધે બોલે છે તે.

ટેલ, સ્ત્રી૦ કોઈનું મળે તોજ ખાવાનાં બન્ધરેલું એવા આસહથી ઝુમક નગરમાં ફરીફરી જે એ-

ટેલિયો, પુ૦ ટેલ નાખનારો જાચક; ટેલબાર.

ટેવ, સ્ત્રી૦ ચાલતી આવેલી રીત પ્રમાણે ચાલ્યાં કરેથી અથવા તેનું તેજ કામ ઘણીવાર કર્યાં કરેથી શરીર મનની જે હાલત થઈ જાય છે તે—શરીર મનની જે વર્તણૂક થઈ જાય છે તે. ટેવ સારી અથવા નરસી હોય છે. સ્વભાવ એટલે જન્મ-પ્રકૃતિ અને ટેવ એટલે જન્મ્યા પછી જોયા સાંભળ્યા કર્યાથી પ્રાપ્ત થયેલી તે. ૨ ચાલ; વ્યસન; બાન. ટેવ પડવી—પાડવી.

ટેવવું, ક્રિ૦ સ૦ જોયાં કરવું. ૨ ધારવું; અટકળ કરવી. ૩ સહવાસ કરાવવો.

ટોક-ચ, સ્ત્રી૦ અણી; છેડો (પછી આડો ઉભો ગમે તેમ). ૨ મથાળું; શિખર; છેક ઉપરનો ભાગ. ૩ નિશાણ; તાકેલું બિન્દુ.

ટોચણું, ન૦ ટોચવાનું ઓજાર.

ટોચવું, ક્રિ૦ સ૦ તેના તેજ કામના સ્મરણને સારુ વારેઘડીએ કર્યાં કરવું. ૨ ઠપકો આપવો. ૩ કાગળમાં કાણું પાડવું.

ટોચ, સ્ત્રી૦ છેક ઉપરનો ભાગ; મથાળું; શિખર.

ટોચકી, સ્ત્રી૦ નાનું ટોચકું.

ટોચકું, ન૦ કોઈ જડ પદાર્થની ઉપર તેનું જે નાનું સરખું ગોળ માથું તે.

ટોચવું, ટોચણું. [ત્રોટી.

ટોટી, સ્ત્રી૦ બન્દુક—પિસ્તોલના કાન ઉપર તાંબાની જે ખોલી મુકી બાર કરવામાં આવે છે તે: ફટાકો. ૨ હુકાની નેળની રૂપાંની જે ખોલી મોડાંમાં ઘાલવામાં આવે છે તે. ૩ કાનનું ઘરેણું:

ટોટો, પુ૦ વેપારમાં જે નુકસાન તે; ખોટ. ૨ ગુંબાંનો આગલો હડિપાવળો ભાગ; (ગરદન નહિ). ટોટો પકડવો—રહાવો. ૩ એક જાતની આતશબાજી; હવાઈ.

ટોડાગરાસ, પુ૦ સરકારમાંથી નિયમ પ્રમાણે રુપિયા મળ્યાં કરે તેવું ગરાસિયાનું જે વતન—ગરાસ તે.

ટોડી, સ્ત્રી૦ સવારના સાત વાગે ગાવાની એક રાગણી. [ધારે".

ટોડો, પુ૦ સિપાઈને પગે પહેરવાનું રૂપાનું એક ઘરેણું: કડલાં. રજપુત વગેરે જે સુનાં—રૂપાંનો જમણે પગે પહેરેછે તે. ૨ બન્દુક સળગાવવાની જામગીરી. ૩ એક હજાર રુપિયા; કોથળી. ૪ ટોડાગરાસ. ૫ ટોદલો. "કોણે ટોડા ઘાલિ-

ટોણાં-ણું, બાકુટોણાં શબ્દ છે ત્યાં જોવું.

ટોપ, પુ૦ લશ્કરમાં ઘોડેસવારને માથે ઘાલવાના ધાતુની એક તરેહની ટોપી. ૨ પરસાદમાં ઘાલવાની બનાતની ટોપી. ૩ રાંધવાનું પોળાં મોડાંનું વાસણ—તપેલું અથવા ભોઘણું.

ટોપચી, વિ૦ કોડીનું; દમવગરનું; હલકું; તુચ્છ.

ટોપકું, ટોપકું.

ટોપલી, સ્ત્રી૰ નાનો ટોપલો; સુંડલી. [પેલો.

ટોપલો, પુ૰ વાંસની ચીપને—નેતરને ગુંથીને બનાવેલું ભરવાનું જે ઠામ તે; સુંડલો. અનાજ—ધાન—મેવો—કચરો—માટી—વગેરે ભરવાનો ટો-

ટોપી, સ્ત્રી૰ માથે ઘાલવાનું સીવેલું કપડું.—એ ઘણી જાતની હોય છે; ટોપી ને પાઘડી. 'ટોપી પુરે ત્રણ ગુણ, નહિ વેરા નહિ વેઠ; બાપો બાપો સહુ કહે, સુખે ભરે તે પેટ". ૨ જે જે દેશના લોક પાઘડી નહિં પણ ટોપીજ ઘાલે છે તે તે દેશના લોકનો એકેકો જે સમૂહ તે. યૂરપ ખણ્ડના એકેકા દેશના લોક એકેકી ટોપી કેવાય છે. ટોપીવાળો—અંગ્રેજ, ફિરંગી, ફરાંસિસ વગેરે.

ટોયલી, સ્ત્રી૰ કથલી; લોટી. (બાળકને પાણી પાવાની). [ચવનારો.

ટોયો, પુ૰ બૂમ પાડી પક્ષીઓને ઉરાડી ખેતર સા-

ટોલ્લો, પુ૰ બારણાંની બારશાખના બાર નિકળતા જે બે ભાગ તેમાંનો એકેકો. ૨ ઘડિયાળનો ટકોરો. ૩ ઘિલ્લિપર દાંડો મારવાથી થતો જે અવાજ તે. ટોલ્લે મુકવું એટલે લેખવવું—ગણવું નહિ; દરકાર ન કરવી; બે દરકારીથી ઉંચી મેલીકાંડવી. 'કેમ તે વાતને તો તેં ટોલ્લેજ મુકી કે?'.

ટોવું, ક્રિ૰ સ૰ બૂમ પાડી પક્ષી ઉરાડવાં; ખેતર સાચવવું. ૨ બાળક—માંદાં માણસના મોમાં પુમડું નીચોવવું; ટીપેટીપે પાણી પાડવું.

ટોળ, સ્ત્રી૰ મશ્કરી; મજાક; ઠઠ્ઠો; અડપલું; છેડ. ૨ નકલ. ૩ ટોળું (અખાનાં પુસ્તકમાં).

ટોળકી. ટોળી. [ણ (સ્ત્રી).

ટોળિયો, પુ૰ મશ્કરો; નકલી; ખટકબોલો. ટોળિયે-

ટોળી, સ્ત્રી૰ ટોળાં કરતાં ઘણો નાનો અને નકામું કામ કરનારો એવો જે વર્ગ તે.—ચોરની—જુગારીની ટોળી વગેરે. વિદ્વાનની ટોળી નહિ પણ મણ્ડળી કેવાય.

ટોળું, ન૰ એકઠા એવા જે ઘણા જણ તે; સમુદાય; જથો. લોકનું ટોળું; પક્ષીનું ટોળું વગેરે.

ટોળેટોળાં, ન૰ ઘણાં ટોળાં; ઉપરા ઉપરી માલમ પડતાં જે ટોળાં તે. [પુરવો તે.

ટોકો-ઠોકો, પુ૰ ડોયલ-મોરનો શબ્દ. ૨ લાંબો સાદ; બૂમ. ૩ ચાલતી વાતમાં ખટકબોલું કરવું—રકું

—

ઠ.

ઠ, પુ૰ તેત્રીસમો મૂળાક્ષર; બારમો વ્યઞ્જનવર્ણ; ટનો મહાપ્રાણ.

ઠસાવું, ક્રિ૰ અ૰ ડબાઈને છેક પાસુપાસે જોડાઈ રેવું (આંકડાં-પૂરાં ઠસાયાં નથી). ૨ એકદમ પીવાઈ જવું—ગળામાં ઉતરી જવું.

ઠકઠક, અ૰ એવો થતો અવાજ બતાવે છે.

ઠકરાઈ, સ્ત્રી૰ ઠાકોરપણું. ૨ મોટાઈ; મોભાઈ.

ઠકરાણો, ઠાકોર.

ઠક્કર, વિ૰ ભાટિયા લુવાણાને એ ઉપનામ જોડવામાં આવે છે. ઠકર રતનસી વગેરે.

ઠગ, પુ૰ આડું અવળું સમજાવી—ભૂલ થાય આવી ધન માલ—મર્મ ભેદ હરી લઈ લેનારો; છળ કરનારો; ધુતારો; સોદો; દગલબાજ.

ઠગબાજી, સ્ત્રી૰ ઠગાઈ કરવાનો ધંધો; છેતરવાનો કારભાર; છળ—દગો કરવો તે.

ઠગવિદ્યા, સ્ત્રી૰ ઠગવાની જુકતી—રીત—આવડત.

ઠગવું, ક્રિ૰ સ૰ આડું અવળું—ગટરપટર સમજાવી કોઈનું કંઈ હરી લેવું; કપટથી લેવું; છેતરવું; [ધુતવું.

ઠગવેડા, પુ૰ ઠગના ચાળા; ઠગપણું.

ઠગાઈ, સ્ત્રી૰ ઠગવું તે; ઠગવિદ્યા.

ઠગારું, વિ૰ ઠગનાર (માણસ અથવા કામ); ઠગાઈથી ભરેલું; કપટ—કાવતરાંવાળું.

ઠગાવું, ક્રિ૰ અ૰ છેતરાવું; ધુતાવું; ફસાવું.

ઠઠ, સ્ત્રી૰ જમાવ; ભીડ; ગરદી; ટોળું; જથો.

ઠઠણવું, ઠણઠણવું. [ઉભરાવું.

ઠઠળવું, ક્રિ૰ અ૰ ન બધાતાં અફળાયા કરવું; દાળ ઠઠળેછે. ૨ ખખળી જવું; વૃદ્ધાવસ્થા આવવી;

ઠઠારવું, ક્રિ૰ અ૰ ખૂબ સણગરાવું; લુગડાં ઘરેણાંથી દેખાવડાં બનવું.

ઠઠારો, પુ૰ ઠઠારવું તે; સણગરાવું તે. ૨ ડાઠમાઠ.

ઠઠ્ઠાખોર, વિ૰ ઠઠ્ઠો કરનાર; મશ્કરો; નકલી.

ઠઠ્ઠો, પુ૰ મજાક; મશ્કરી.

ઠણક, સ્ત્રી૰ ઠણકારવું તે.

ઠણકારવું, ક્રિ૰ અ૰ પગે પેરેલાં ઘરેણાંનો અવાજ થાય તેમ જોરમાં, પગ મુકી ચાલવું.

ઠણકો, પુ૰ ઘરેણાંનો અવાજ થાય તેમ લટકાથી ચાલવું તે. ૨ ઘણીજ ટાડ લાગવી તે.

ઠણઠણ, અ૦ ખાલી વાસણનો અવાજ. ૨ ખાલીપણું બતાવે છે—'ઠણઠણ પાળ ને મદનગોપાળ' એમ બોલાય છે. [ઠાઉંપાં કરવો.

ઠણઠણવું, ક્રિ૦ અ૦ રુઈ રુઈ ને રડવા જેવો સાદ

ઠણઠણાટ, પુ૦ ઠણઠણવું તે.

ઠણ્ડ, સ્ત્રી૦ ટાઢ. ૨ શીતળતા; ટાઢક.

ઠણ્ડી, સ્ત્રી૦ શિયાળાની અથવા હવાના ફેરફારથી પડેલી ટાઢ તે. ૨ શરદી.

ઠણ્ડુ, વિ૦ ટાઢું; શીતળ. ૨ ધીમું; મન્દ; મોળું.

ઠનસાવું, ઠંસાવું.

ઠપ-બ, અ૦ એવો થતો અવાજ બતાવે છે.

ઠપકવું-ઠપકાવું, ક્રિ૦ અ૦ (મુકતાં) ડોકાવું; અફળાવું; અથડાવું.

ઠપકો, પુ૦ કોઇએ વાંક કીધો તો તે વિષે તેને કડવા બોલ સંભળાવવા તે; ધમકી દેવી તે.—ઠપકો મુકવો—દેવો. ૨ ખિજવું તે; શિખામણ દેવી તે. ૩ કલહ; બહો; આળ. ઠપકો દેવો.

ઠબકવું-કાવું, ઠપકવું. [ડતાં કંઇક કુદતું ચાલવું તે.

ઠમક, સ્ત્રી૦ બૈરાંએ લટકામાં પગના ઘુઘરા વગા-

ઠમકવું, ક્રિ૦ અ૦ ઠમક ઠમક ચાલ ચાલવી. [તે.

ઠમકો, પુ૦ પગનાં ઘરેણાંનો ચાલતાં જે અવાજ થાય

ઠમઠમ, અ૦ એવો થતો અવાજ દેખાડે છે.

ઠમઠમાટ, પુ૦ એવો અવાજ. ૨ જૂઠું ડોળ કરવું તે; ભભકો. ૩ ધુમાળ; પતરાજ. [મુકરર જગો.

ઠરઠામ-ઠેકાણું, ન૦ છેલ્લે ઠરવાનું—રેવાનું ઠેકાણું;

ઠરવું, ક્રિ૦ અ૦ [હિં૦] ઠીંડું પડવું; સબુરી રાખવી; બેઠી રેવું; ટકવું. જરા તું ત્યાં ઠર ઉતાવળ ન કર હું આ આવ્યો. ૨ મુકરર—નકી થવું; એક ચોક્કસ ઠેકાણે બેસવા વગેરેનો ઠરાવ—નિશ્ચય થવો. તેની નેમણુક તો સોરઠમાં ગુજરાતમાં ઠરી. ૩ જડ પદાર્થે તળિયે જઇ બેસવું—રેવું. પેલા પાણીના વાસણમાં તળે કચરો કેટલો ઠર્યો છે?. ૪ ટાઢથી બન્ધાઇ જવું—બાઝું ઠરવો; ઠાંકું—ઘી ઠરવું; માણસ ટાઢથી ઠોકરું થઇ જવું. ૫ મૂલ—કિંમત નકી થવી. તેના ૧૦૦ રુપિયા ઠરે છે. ૬ બન્દોબસ્ત—ગોઠવણ થવી. ૭ પ્રસન્ન થવું; સન્તોષ પામવો.—મારી છાતી ઠરી.

ઠરાવ, પુ૦ નકી—મુકરર થવું તે—કરવું તે; નિશ્ચય. ૨ બન્દોબસ્ત; કરાર; શરત.

ઠરાવવું, ક્રિ૦ સ૦ નિશ્ચય—નકી કરવું. ૨ જમાવવું.

ઠરીઠામ, અ૦ મૂળ—અસલ ઠેકાણે. ૨ નિરાંતે સ્થિતિમાં. [નહિ તે; પુખ્ત; ડાહ્યું; ગમ્ભીર.

ઠરેલ, વિ૦ ધીમે રહી વિચાર કરી કામ કરે તેવું ડગે

ઠલવાવું, ક્રિ૦ અ૦ એક વાસણમાંના પ્રવાહીએ બિજા વાસણમાં પડવું; ખાલી થવું.

ઠસ, અ૦ છેક પાસે પાસે આવી રેવું; સંકડાવવું; ઠસાવવું. ૨ ઠગ; જડ. ઘણું ખાવાથી પેટ ઠસ થઇ ગયું છે. [વવું.

ઠસવું, ક્રિ૦ અ૦ સારીપઠે મનમાં ઉતરવું; ધ્યાનમાં આવવું; વિસરી ન જવાય તેવું સમજમાં આ-

ઠસ્સો, પુ૦ બોલવા ચાલવામાં મદ અભિમાનથી જે ભારે લટકો દેખાડવો તે (સ્ત્રીએ). [થળિયો.

ઠળિયો, પુ૦ ફળની માંયનો જે કઠણ ભાગ તે; બી;

ઠાંઠુ, ન૦ બીટી; ખૂંટો.

ઠાંસ, સ્ત્રી૦ ઠાંસવું તે.

ઠાંસવું, ક્રિ૦ સ૦ દાબીને ભરવું. ૨ મનમાં ઉતારવું. ૩ બન્ધ કરવું—બાર ઠાંસો. ક્રિ૦ અ૦ પીવું; ગડ કરવું. ૪ ઉધરસ ખાવી; ખેં ખેં કરવું.

ઠાંસી, સ્ત્રી૦ ઉધરસ. [યાનું ઓજાર.

ઠાંસો, પુ૦ ઉધરસ; ઠોંસો. ૨ પલંગે—ખાટલે ભરવાની પાટીને વણતાં ઠેકવાનું વણકર—રાવળિ-

ઠાકર-ઠાકરાં, ન૦ રજપુત લોક; ઠાકોર.

ઠાકરિયા, પુ૦ એક જાતનો વીંછુ.

ઠાકોર, પુ૦ [સં૦ ઠક્કુર] કેટલાક રજપુત—કોળીને એ શબ્દ જોડવામાં આવે છે. ૨ નાનો રાજા. ૩ દેવ; મૂર્તિ; દેવની ચિતરેલી મૂર્તિ; છબી.

ઠાઠ, પુ૦ દબદબો; ઠમાક; ભભકો. ૨ શોભા; ઠઠારો; ઠાઠમાઠ. ઠાઠ રચવો. [ખાટલી.

ઠાઠડી, સ્ત્રી૦ માણસના મુડદાંને જે વાંસકાંમડાંની કરકટી ઉપર સુવાડી મસાણમાં લઇ જાય છે તે;

ઠાઠમાઠ, પુ૦ ઠાઠ.

ઠાઠી-લું, વિ૦ ઠાઠમાઠ કરનાર. ૨ ઠાઠવાળું; ભભકાદાર; શણગારેલું. [જા નિકળે તે.

ઠાડું, ન૦ કમ્મર—છાતીનાં મોટાં હાડકાં તે. ૨ હીમ; વરસાદના દાડામાં જે ઘણી થણ્ડી પડવી તે. ઠાડું વાય છે એમ બોલાય છે. ૩ જુની ભાંગી તૂટી ડાળ. ૪ બાજરિયાંને બે વાર છડેથી તાંદ-

ઠાણ, ન૦ તબેલામાં જેટલી જગો ઘોડો બન્ધાઇ રોકતો હોય તેટલું ઠેકાણું તે. સ્ત્રી૦ પોતાની તબિયત—ઢબ—રીત. 'ગમે તેટલી ઉતાવળ હોય પણ તું તો તારી ઠાણમાંની ઠાણમાં.

ઠાભ, વિ૦ જાણીતું; માલમ હોય તેવું. તે પરનું રૂપાં મુંજી-

છે તે તેને ઠાબી છે. [બી ઠોળીમાં).

ઠામ, નં૦ વાસણ-ધાતુ મટોડી વગેરેનું. ૨ ઠેકાણું; જગા. ઠામઠેકાણું કેવાય છે. ઠામ માંડજે-રાખજે એટલે ન્યાત જમતી હોય ત્યાં. એ પ્રસઙ્ગે ઠામ શબ્દ પુલ્લિઙ્ગે પણ વપરાય છે, ઠામઠામ-ઠેકાણે ઠેકાણે. ઠામોઠામ—અસલ ઠામે—જગાએ. ઠામબેસવું—પડવું એટલે ઠેકાણે પડવું—મુકામે આવી રેવું. ૨ હાથ લાગવું; ખોવાયલું જડવું. ૩ રણ્ડાયલીયે નાતરે જવું (કણ

ઠાર, પુ૦-ન૦ ઓસ; ઝાકળ. ૨ ટાઢી હવા; ઠીકળ. ૩ ઠામ; ઠેકાણું (કવિતામાં). અ૦ છેવટી—પૂરેપૂરું મારી નાખ્યું હોય તેમ. ૨ છેક જ મુકામ-નીમાં આવેલું હોય તેવું. ઠાર કરવું—મારવું—થવું કેવાય છે.

ઠારવું, ક્રિ૦ સ૦ બન્ધાઈ જાય—ઘટ થાય તેવું કરવું—ઘાડું ઘી ઠારવાં. ૨ કચરો નીચે બેસે તેવું થવા દેવું. પાણી ડોળાયલું છે તેને ઠાર. ૩ ટાઢું પાડવું; હોલવવું. ૪ સન્તોખવું; પ્રસન્ન કરવું; કાળજું ઠરડું કરવું. 'જેવાં ઠાર્યાં તેવાં ઠરો'.

ઠાલવવું, ક્રિ૦ સ૦ એક વાસણમાંની વસ્તુને બીજામાં નાખવી; ખાલી કરવું. [વું.—વાસણ.

ઠાલું, વિ૦ અમથું; અમસ્તું; નકામું; ફોગટ. ઠાલી પારાજ કાં કરેછે?. ૨ ખાલી; ભરેલું નહિ તે.

ઠાવકાઈ, સ્ત્રી૦ ઠાવકાપણું.

ઠાવકું, વિ૦ મર્યાદા—અદબથી ઓસનું વર્તનું; વિવેકી; [ઠાવું.

ઠિંગણું, ઠિંગણું.

ઠિંકું, ઠીકું.

ઠિકરી, સ્ત્રી૦ ઘણુંજ નાનું ઠિકરું.

ઠિકરું, ન૦ માટીના વાસણનો ભાંગેલો કકડો.

ઠિગડું, થિગડું.

ઠિંગણું, વિ૦ પ્રમાણમાં જેટલું ઊંચું જોઈયે તેટલું નહિ પણ વધારે નીચું—નાનું; ઠૂંઠું; નીચું ને જાડું (માણસ); વામન સ્વરૂપ; વાગનજી.

ઠિલિયારી, સ્ત્રી૦ મશ્કરી.

ઠીક, અ૦ ઘણું સારું નહિ પણ સારું; જોઈયે તેવું. ૨ વારુ; (હોંકારો દેવામાં વપરાય છે). ૩ ખાબાશીનો કંઈક અર્થ રાખે છે. ઠીકઠાક—બરાબર; જ્યાં જેવું જોઈયે ત્યાં તેવું. ૨ તાલમેલથી જેમ તેમ બરોબર કરી મુકેલું.

ઠીઠી, અ૦ એ શબ્દ દાંત કાઢીને હસવું તેને લાગુ પાડવામાં આવે છે. ઠીઠી હસેછેવું!

ઠીકું, ન૦ ભાંગી તુટી વાપરવામાં ન આવે તેવી ચા-

જ. પેટીનું—વાસણનું—તલવારનું ઠીકું.

ઠીબ, સ્ત્રી૦ ભાંગેલાં હાંલ્લાંનો તળિયાંનો ભાગ. ૨ મોટું ઠિકરું.

ઠુંગણ, ન૦ કાચું કોરું ખાવાનું તે.

ઠુંગવું, ક્રિ૦ અ૦ અમલ ઉપર થોડુંક કાચું કોરું ખાવું.

ઠુંગો, પુ૦ ઠુંગણ. અફીણી અમલ કરી તે ઉપર જે કંઈ કાચુંકોરું ખાયછે તે.

ઠુંઠવાવું, ઠુઠવાવું.

ઠુંઠું, વિ૦ આંગળાં વનાના—થોડા ઘણા કપાઈ ગયલાં હાથવાળું. ૨ ડાળિયો કાપી નાખ્યા પછી રેહલું જે ઝાડ તે. [ઠુણવું; ઠોકરું વળીજવું.

ઠુઠવાવું, ક્રિ૦ અ૦ ટાઢથી ઠરીજઈ સઙ્કોચાવું ને

ઠુમરી, સ્ત્રી૦ એક તરેહનું ગાયન. દાદરા ઠુમરી કેવાય છે. [રેહનો અવાજ.

ઠુસકી, સ્ત્રી૦ વાયુ સાવથી—પાદતાં થતો એક ત

ઠેકડી, સ્ત્રી૦ મશ્કરી; મજાક. [મારવો.

ઠેકડો, પુ૦ કુદકો; છલઙ્ગ; ફલઙ્ગ; એક ઠેકાણેથી ઉછળીને બીજે ઠેકાણે પડવું તે (જપાઝીયર). ઠેકડો

ઠેકવું, ક્રિ૦ સ૦ ઠેકો મારવો. ૨ હડસેલવું; ધક્કો મારવો. ૩ ઠોકવું.

ઠેકાણું, ન૦ રેવાની—ઠરવાની જગા; મુકામ. ૨ કોઈ પણ—અજાણી જગાને વિષે બોલતાં એ શબ્દ વપરાય છે. કિયે ઠેકાણે તે ચોપડી પડી છે તે મને હાલ સાંભરતું નથી. ૩ ધ્યાન; દરકાર; કામ કરવાનું મન. હું તો તૈયાર છું પણ તારું ઠેકાણું ક્યાં બળ્યું છે? ૪ પાયો; સાબેતી; મૂળ. તે અપનું કંઈ ઠેકાણું નથી. ૫ બોલવામાં ઘડ માથું નહિ તે. તેના બોલવાનું કંઈ ઠેકાણું નથી. ઠેકાણું કરવું—વમેબેસાડવું. ૨ મન્ધા રોજગારની જગા શોધવી. ઠેકાણે—બદલે;—એકની વતી બિજું એવો અર્થ રાખે છે—પૈસારુપિયા એકઠાં કર માટે પૈસાને ઠેકાણે રુપિયો ન વપરાય હો! ઠેકાણે કરવું—જ્યાં તું ત્યાં મુકવું. ૨ સન્તાડવું; દાટવું. ઠેકાણે થવું-પોતપોતાની જગાએ જતા રેવું. ૨ ગુમ થઈ જવું. ઠેકાણે પડવું—મુકામે પોચવું. ૨ રોજગારે લાગવું. ૩ ખોવાયલી વસ્તુ જડવી. ઠેકાણે રેવું—ખાટી ન જવું; ઘેલાં ન બનવું; વિવેકથી રેવું.

ઠેકો, પુ૦ ગાતી વેળા તાલ રાખવાને બાયાં ડફ વગેરે પર આંગળાં ઠોકવાં તે.

ઠેઠ, અ૦ છેડાલગી; છેવટે ઠેકાણે; આખર સુધી; આરપાર. ૨ સીધું; નાકની દાંડી વાટે. ઠેઠ જવું—

પૉચવું—પૉચાડવું.

ઠેપાડું, ન૦ એક તરેહનું ખાદીનું જાડું કપડું.—બર-વાડ—કોળીની બૈરી સીવ્યા વગરનો ઘાઘરો પે-રેછે તે ભાતવાળું લુગડું.

ઠેબા ભો, ઠેબો-ભો.

ઠેરવવું, ક્રિ૦ સ૦ નક્કી—મુકરર કરવું. ૨ દમકત ગાળવા; ખરડા ચિતરવા; હોળીરતાં ખુંદવાં.

ઠેરાવ, પુ૦ મુકરર—નક્કી કરેલું તે; નિશ્ચય; નિ-ર્ણય; સિદ્ધાન્ત; નિવેડો. ૨ બન્દોબસ્ત; કરાર.

ઠેલમઠેલા, સ્ત્રી૦ ઠેલવું તે. [(ઠરાવ).

ઠેલવું, ક્રિ૦ સ૦ ખસેડવું; ધક્કો મારવો; હડસેલવું.

ઠેલાઠેલ, સ્ત્રી૦ ઠેલવું તે; ઉપરાઉપરી ધક્કા મારવા તે.

ઠેસ, સ્ત્રી૦ ચાલતાં ચાલતાં પગે કોઈ સાથે અથ-ડાવું તે; ઠોકર. ૨ હલકીબાત. ૩ ખંતા; ભડક; નુકશાની.

ઠેસવું, ક્રિ૦ અ૦ ઉધરસ ખાવી; ઠાંસવું.

ઠેસો, પુ૦ ઉધરસ; ઠાંસો. ૨ હડસેલો; ધક્કો. ઠે-સો ખાવો—મારવો કેવાય છે.

ઠોક, પુ૦ અફાળગીક; ચપારો; અપારો. ૨ મેણાં મારવાં તે; ગોળી મારવી તે; ઠપકો; પશ્ચાત્તાપ—શિક્ષા થાય તેવું ભાષણ.

ઠોકઠાક, સ્ત્રી૦ ઠોકવું—અફાળવું તે; બાંજયોડ.

ઠોકર, સ્ત્રી૦ ઠેસ. ૨ નુકશાન; ખોટ; હાનિ; ખતા.

ઠોકરાવું, ક્રિ૦ અ૦ ઠોકર ખાવી—લાગવી—વાગ-વી; ચાલતાં અકસ્માત પગે વાગવું.

ઠોકવું, ક્રિ૦ સ૦ એક જડ વસ્તુને બીજી જડ વસ્તુ સાથે જોરમાં અફાળવી; અફાળવું. એરણપર અચોડો ઠો-કયો. ૨ મારવું; મારમારવો. તેણે તેને ખૂબ ઠોકયો. ૩ વગાડવું. બગ્ગ બજાવવો. ૪ ખીલે ખીલે ઉપર-થી મારવું; થાપડવું. ૫ નહિત કરવી. ૬ ભય બેસાડવી; ખોટું ઉડાવવું.

ઠોકાઠોક, સ્ત્રી૦ ઉપરા ઉપરી ઠોકયાં કરવું તે.

ઠોકો, પુ૦ એક વાર જે ઠોકવું—ઠોકાવું તે. ૨ ઠો-કવાથી થતો અવાજ.

ઠોઠ, વિ૦ જેનામાં અક્કલ—સમજશક્તિ ન હોય તે; જડ; જડસો; જડભરત; મૂર્ખ; બેવકૂફ.

ઠોબરું-રૂં, ન૦ ખાટ વગાનું વાસણ, હાંલ્લું અથવા હ-રકોઈ ચીજ. વિ૦ ખોખું ને ખાલ્લું એવી તેવું; બાણીક દેખાવડું નહિ તેવું.

ઠોભાયો, પુ૦ મૂરખો; ઠોઠ.

ઠોર, ન૦ ઠેકાણું. ૨ ભોજન સમયની એક બીજો પદાર્થ—મન્દિરમાં ઠોર પૂરી. અ૦ ઠાર—ઠાર ક-રવું—જીવથી મારી નાખવું.

ઠોલિયું, વિ૦ મજાક—ઠઠ્ઠા કરનાર. ૨ ઉડેલ નચિ-તનું; ઠર્યું—વિચાર વગરનું (માણસ, કામ).

ઠોલિયો, પુ૦ મજાક—ઠઠ્ઠા કરનારો. ૨ ઉડેલ;

ઠોવાવું, ક્રિ૦ અ૦ અટકવું. [ડાંડગો.

ઠોવું, ક્રિ૦ સ૦ રોકવું; અટકાવવું.

ઠોસો, ઠૌસો.

ઠોળિયાં, ન૦ ઓળિયાં.

—

ડ

ડ, પુ૦ [સં૦] ચોવીસમો મૂળાક્ષર; તેરમો વ્યંજન-

ડંશ-સ, દંશ. [વર્ણ.

ડંશાવું-સવું, ક્રિ૦ સ૦ વીછુ સાપ વગેરેએ કરડવું.

ડઈયાં, ડૈયાં.

ડકાળ, દુકાળ. [જમા; કુરજો.

ડકો, પુ૦ બન્દરપર બાંધેલા જે ધક્કા પરથી વાહણમાં માલ ચડાવવામાં અથવા વાહણેથી માલ ઉતારવા-માં આવે છે તે; બન્દર ઉપર માલ ઉતારવાની

ડખું, ન૦ કોળું વેગણ વગેરે શાક ભેળીને રાંધેલી તુવેરની દાળ—નરમદાળપાતળી ને ડખું જાડું હો-

ડગ, ડગલું. [ય છે.

ડગડગ, અ૦ બરાબર ન ગોઠવાયાથી હાલ્યાં કર-વું તે બતાવે છે. કબાટ ડગડગે છે.

ડગડગવું, ક્રિ૦ અ૦ બરાબર ન ગોઠવાયાથી હાલ-વું. ૨ ધચુપચુ હોવું.

ડગડગો, પુ૦ મનમાં ખતરો હોવો તે; ધચુપચુ.

ડગમગ, ડગડગ. [રહેવું.

ડગમગવું, ક્રિ૦ અ૦ ડોલવું; વાંકુંચૂકું થવું; સ્થિર ન

ડગર, સ્ત્રી૦ વાટ; રાહ; ધરડ.

ડગલી, સ્ત્રી૦ અંગરખી. ૨ છીંટ વગેરેની અસ્તરવા-ળી અંગરખી; જાડું બદન.

ડગલું, ન૦ ચાલતાં બે પગની વચમાં જે અન્તર રહે તે; કદમ; પગલું.

ડગલો, પુ૦ છીંટના અસ્તરવાળો અથવા બનાતનો જે લાંબો અંગરખો તે.

ડગવું, ક્રિ૦ અ૦ હાલવું; ચસકવું; ધ્રુજવું. ૨ ભય-

વું; દૂર જવું. ૩ પાછું ફરવું; હારવું. ૪ તાબે થવું;
ડગળવું, ચગળવું. [હારવું.
ડગળું, ન૦ લાકડાંનો જાડો કકડો (કોઈ મોટી ચી-
ડગુમગુ, ડગુમગુ. [જને ગોઠવવાસારૂ).
ડઙ્કો, પુ૦ નગારાં વગેરેથી કરેલો ઘા—જયનો
શબ્દ; ફતેહનો અવાજ. ૨ મોટું નામ થયું તે; જ-
સ ગાજી રહેલો તે. ૩ ડમકો; નગારૂં; ઢોલ.
ડઙ્ખ, દંખ; દંશ.
ડઙ્ગ, અ૦ આશ્ચર્યથી શરીર જરાવાર હાલતું બ-
ન્ધ થઈ જાય છે તે બતાવે છે; તટસ્થ; વિસ્મિ-
ત. તે જોઈ ને હું ડઙ્ગ થઈ ગયો.
ડઙ્ગો, દઙ્ગો. [કો.
ડઙ્ગોરું, ન૦ જાડી મજબુત લાકડી; નાની ડાંગ; પો-
ડઙ્ગોરો, પુ૦ ડઙ્ગોરું.
ડચ, અ૦ ના કેવાની નિશાનીમાં મ્હોડું હલાવી દાં-
તે એવો શબ્દ કરવો તે. ૨ ગાડી હાંકતી વેળા
મ્હોડે એવો શબ્દ કરવો તે. [હાંકવાં.
ડચકારવું, ક્રિ૦ અ૦ ઢોર પક્ષીને ડચકારો વગાડી
ડચકારો, સ્ત્રી૦ મોડેથી ડચ એવો શબ્દ કરવો તે.
ડચકિયું, ડચકું. [ડચકું.
ડચકું, ન૦ પાણીમાં ડુબતાં ગુંગળાતાં ગળાંમાંથી નિ-
કળતો શબ્દ. ૨ ઘણું અથવા મુંઝવણથી રડવા-
થી ગળાંમાંથી જે ગગળતો શબ્દ થાય છે તે;
ડચકો, પુ૦ થોડોક પોચો ને ઘણોક કઠણ એવો જે
પદાર્થ તે. (કાચાં પાકાં શાખમાં ડચકા હોય છે).
ડચ્ચો, પુ૦ સાંકડાં ઠામનું મ્હોડું બન્ધ કરવાસારૂ
તેમાં જે ગોળ અથવા લાંબી ગોળ વસ્તુ ઘાલ-
વામાં આવે છે; ડટ્ટો; ડૂચો.
ડજન, વિ૦ [અ૦] બારની સંખ્યા બતાવે છે.
ડટ્ટો, પુ૦ વાસણ—ઠામમાંયની વસ્તુ બાર ન નિકળી
જાય તેને માટે તેનું મ્હોડું જે જડ વસ્તુથી બન્ધ
કરવામાં આવે છે તે; ડાટો. એ ઘણું કરીને
લાકડાંનો હોય છે. ડટ્ટો દેવો—મારવો.
ડણ્ડ, દણ્ડ.
ડણ્ડવું, દણ્ડવું.
ડણ્ડાવું, દણ્ડાવું.
ડણ્ડિયો, પુ૦ સપેત લીટીયો વાળું ને રાતી બાંધણું
સાડા જેવું સ્ત્રિયોને પેરવાનું એક લુગડું.
ડણ્ડૂકો, પુ૦ હાથમાં રાખવાની જાડી ને ટુમસી
લાકડી; સોટો; બડ. [ડણ્ડો.
ડણ્ડો, પુ૦ કોઈપણ ટુમસી લાકડી; દાંડો—ગુંગળી

ડણ્સુ, ન૦ તોફાની ગાયને ગળે જે લાકડું બાંધ-
વામા આવે છે તે.
ડપકામણું-મણું, ન૦ દબડાવવું તે; ભય બતાવવું તે.
શું તું તારા બાપનું ડપકામણું બતાવેછે કે?
ડપકી, સ્ત્રી૦ ડુપકી; ડુબકી.
ડપકું, ન૦ ડુપકી. [એક:
ડપકો, પુ૦ ઘી—દહીં—શાહી વગેરેનો જે મોટો
છાંટો પડેલો તે. ૨ ડાઘ; પેટમાં એકાએક ઉનું થ-
ઈ આવવું તે (ભય શોક વગેરેથી). ૩ એકમા
લોટનાંજ (કન્દનાં નહિ) ભજિયાં હોય તેમાંનું
ડપટવું-ટીબેસવું, ક્રિ૦ સ૦ ચુરચાઈથી હાથ કરી લે-
વું; સન્તાડી રાખવું. [ડું કપું.
ડપેટો, પુ૦ ખાંડ વગેરે ભરવાનું એક જાતનું બા-
ડફુ, પુ૦ [ફા૦] ચામડાનું વાજું. એમાં ગોળ કાં-
ઠાએ ચામડું મુકેલું હોય છે.
ડફડાવવું, ક્રિ૦ સ૦ હંકારવું—(સોડીવાળા બોલેછે).
ડફુડું-ળું, ન૦ ડફ.
ડફૂણાવવું, દાટવું.
ડફાંસ, સ્ત્રી૦ જુઠી ગપ; જુઠી વાતનો તડાકો.
ડફોળ, વિ૦ મુંધણુવીરી; જડભરત; જડસો; બેવકુફ.
ડફ્ફલ, વિ૦ વાથી ફૂલી ગયલું જાડું બેડોળ (માણસ).
૨ ઊંચથી નીચે નાખેલો પણ પછી ન ફરતો એવો
ડબકામણું-મણું, ન૦ બીક બતાવવી તે. [(ભમરડો).
ડબકી, ડુપકી,
ડબકું, ન૦ ડુપકી. ડબકાં ખાવાં એટલે પાણીમાં ડુ-
બવું વળી જરા ઉપર આવવું.
ડબકો, ડપકો.
ડબડબ, અ૦ ડુબતાં ઝટઝટ પાણી પીવાઈ જવું તે
બતાવે છે. ૨ એકદમ મોટે કોળિયે ખાઈ જવું તે
બતાવેછે, ૩ ઝટઝટ આંસુ પડવાં તે બતાવેછે.
ડબડી, સ્ત્રી૦ ઘણું નાનું ડબડું.
ડબડું, ન૦ ફુલેલાં પેટનું ને સાંકડાં મોડાંનું ચામ-
ડાનું જે ઠામ તે (ઘી તેલ ભરવાનું).
ડબડો, પુ૦ ડબડાં જેવો ફુલેલો જાડો જે પુરુષ તે.
ડબાડબ, અ૦ એક પછી એક એમ ગટગટ કો-
ળિયા ભરી ખાઈ જવું તે બતાવેછે.
ડબાવવું, ક્રિ૦ સ૦ ચમ્પાવવું; ડબાય તેમ કરવું
(ચીજને ડબાવવી). ૨ ધમકાવવું; ભય દેખાડવું
(માણસ વગેરેને). ૩ સારીપેઠે ડાબીને ખાવું. ૪
ખાઈ જવું; હોઈયાં કરી જવાં; માલ પચાવી જવો.
ડબાવું, ક્રિ૦ અ૦ કોઈ બાજી જેવું કરે—ડાબે તે-

થી હાલતમાં આવવું. ૨ જુકાવવી—ખોટમાં આવવું. ડબાવું.

ડબી, ડાબડી.

ડબેલ, વિ૦ ઉપકારૂ—સત્તાના દબાણમાં હોય તેવો; ઓશિયાળો; આશ્રિત. તાબેદાર.

ડબો, ડબ્બો.

ડબોવવું, ક્રિ૦ સ૦ બોળવું; ઝબકોળવું.

ડબ્બી, સ્ત્રી૦ લાકડું ધાતુ વગેરેનું ઢાંકણાંવાળું નાનું સરખું જે ઠામ તે; ડાબડી. તપખીર કંકુ મેશ ઓસડ ચાંલ્લા વગેરે ભરવાની.

ડબ્બો, પુ૦ ડાબડો—ખાવાનું, ઘરેણું વગેરે ભરવાનો. ૨ આડું ગોળ ને ઊંચું ફાનસના આકારનું દીવો મુકવાનું કાગળનું જે ફાનસ તે. ૩ ગોળ આકારનું ખડિયાઘાટું અંદર તેલ ભરી રખાય ને ઉપરથી દીવો બળે તેવું ઠામ. ૪ કોળિયો; ખૂ. ક. ડબ્બો મારવો એટલે ઝપટથી એકદમ મોટે કોળિયે ખાઈ જવું.

ડમકો, પુ૦ ઉપર ડાંડિયા મારી વગાડવાનું જાડા ચામડાંનું વાજિત્ર; નાનો ઢોલ. રાજાઓની સવારીમાં આગળ ઘોડા અથવા ઊંટપર ડમકો વગાડવામાં આવેછે.

ડમડમ, અ૦ ડમકો વગાડેથી થતો અવાજ બતાવેછે. ૨ ડાંડિયાની ડાંડીમાંથી નિકળતો અવાજ.

ડમડમાક, અ૦ એવો થતો અવાજ બતાવેછે.

ડમરુ, ન૦ [સં૦] ડાંડિયાની ડાંડીના આકારનું એક વાજિત્ર. એને એક દોરી બાંધી હોયછે ને એ દોરીને છેડે મોટી ગાંઠ વાળેલી અથવા લાકડાંનો કકડો બાંધેલો હોયછે. ડમરુ, ડુમડુમ એવો શબ્દ કરેછે. બાજીગરની રમત કરનારાઓ અને વાંદરાની રમત કરનારાઓ ડમરુ અથવા ડુગડુગિયાં અથવા ડુમડુમિયાં રાખેછે. [રોપો,

ડમરો, પુ૦ એક જાતનો સુગન્ધિ આપતો છોડ—

ડમાક, પુ૦ પોશાક—અધિકાર—મોટાંપણાનો ભભકો; ઠાઠમાઠ.

ડમ્ફાણ, સ્ત્રી૦ કોઈ વાતને તાણીતૂસીને લાંબી કરવી તે; કોઈ કામને ચોળી ચોળીને વધારી નાખવું તે; નિરુપયોગી વિસ્તાર. ડમ્ફાણ હાંકવી ખોટેખોટે ગપ ચલાવવી.

ડમ્બર, ન૦ મોટું ડોળ (કવિતામાં).

ડર, પુ૦ બીક; ભય; બી.

ડરપણું, ડરવું.

ડરવું, ક્રિ૦ અ૦ બીવું; ભય પામવું; બી લાગવો.

ડરામણું, વિ૦ ભયંકર; બીહામણું. ન૦ બીક; ધાસ્તી; દેહેશત.

ડરાવવું, ક્રિ૦ સ૦ બીવડાવવું; ધાસ્તી આપવી.

ડરૂ, વિ૦ સ્તબ્ધ; તટસ્થ; અવયવ હાલતાં બન્ધ થઈ જાય તેવી હાલતનું (આશ્ચર્ય ભય આદિક કારણોથી). ડરૂ થવું એમ કેવાયછે.

ડલી-ળી, સ્ત્રી૦ ઘોડા ઉપર ઊનની જે ગોદડી નાખવામાં આવેછે તે.

ડલો, દહેલો.

ડસકલાં, ન૦ રડતાં ડસકાં ખાવાં તે.

ડસકું, ન૦ રડતાં ગળાંમાંથી આચકો આવી નાકમાંથી જે શ્વાસ નિકળવો તે. ડસકાં ખાતાં રડવું.

ડસવું, ક્રિ૦ સ૦ જનાવરે દાંત મારવો—કરડવું; દંશ દેવો.

ડળવું, ક્રિ૦ અ૦ ભાત—ડાંગેરનું ખાખાં રૂપ થઈ રેવું—જવું. ભાત ડળ્યું—ડળી ગયું એમ કેવાય છે.

ડાંક-ખ, પુ૦ લીલી મોટી માખી. ૨ વીંટીનાં નંગની નીચે અન્દરથી જે પતરું (રૂપાનું અથવા બીજી કોઈ ધાતુનું અથવા મીનાનું) મુકવામાં આવે છે તે (નંગને વધારે પ્રકાશ આપવા). ૩ ધાતુના બે કકડા જોડી દેવાને વચમાં જે તાંબાગાય અથવા રેણ મુકવામાં આવે છે તે.

ડાંખળી-ળી, સ્ત્રી૦ ઝાડની ડાળિયોમાંથી જે બીજી નાની નાની ડાળિયો ફુટેલી હોય તેમાંની એકી. ૨ એકેકું ફૂલ અથવા એકેકું ફળ જે ઝીણી ડાળીને આધારે ઝાડપર રહ્યું હોય તે અથવા ઝાડેથી ફૂલ ફળ તોડ્યા પછી જે ઝીણી ડાળી અથવા ઝીણી ડાળીનો જે કકડો ફૂલ સાથે વળગી રહેલો હોય તે.

ડાંખલું-ળું, ન૦ ડાંખળી-ળી.

ડાંગ, સ્ત્રી૦ લાંબી જાડી અથવા બે છેડે લોઢાંની કડિયો ઘાલેલી એવી લાકડી.

ડાંગર-ેર, સ્ત્રી૦ છાલાં સુદ્ધાં ચોખા; ભાત.

ડાંડ, પુ૦ છડો; બૈરી છોકરાં વનાનો પુરુષ; વાંઢો. —૨ નફ્ફટ લુચ્ચો બેદરકાર જાડો તે. [ગવિદા.

ડાંડઆઇ-ગી, સ્ત્રી૦ નફિકરી હાલત; લુચ્ચાઈ: ઠ
ડાંડગો, ડાંડ. [જે લુગડું તે.

ડાંડિયું, ન૦ લુગડાંનો શાટેલો ભાગ ફાડીનાખી પાછા બે આખા કકડા સાંધી લઈ પેરવા જેવું કરેલું

ડાંડયો, પુ૦ લાકડીનો કકડો. (તુવેર વગેરે ક્ડ-

વાગો તથા જુવારના પોંખ પાડવાનો). ૨ ઝાંડા વગાડી લોકની ચોકી કરનારો. ૩ ધોંકો; છડો. ૪ લુચ્ચો; ઠગ; ધક્કડ.

ડાંડી, સ્ત્રી૦ ત્રાજવાંની બે બાજુએ પલ્લાં ટાંગવાના જે લાકડી તે; વિજણાંની લાકડી. ૨ વાણને નિશાની બતાવવા સારુ અથવા સરકારના કોઈ મુખીને ખબર આપવાસારૂ નિશાણો ઊભાડવાની જે ઊંચી ટેકરી તે અથવા ઊંચી ટેકરીપર જે મોટું ઉભું લાકડું દાટીરાખેલું હોય તે; વાવટાડાંડી. ૩ ડમરૂ આકારનું પણ ડાંડિયો મારી વગાડવાનું એક વાજીત્ર. ડાંડાયો ડાંડીએ ડાંડી વગાડે છે.

ડાંઓ, પુ૦ લોઢાં લાકડાં વગેરેનો સાંધો ને જાડો જે કકડો તે. ૨ (ખાણીનો).

ડાંભો, પુ૦ એક જાતનું શાક. ડાંભાની ભાજી કેવાયછે.

ડાંસ, પુ૦ મોટી ને લીલી માખી. ૨ મચ્છર અથવા ડંખદેતાં જીવડાં.

ડાઇનોઘોડો, પુ૦ બાળકની એક રમત—એમાં એક જણ બીજા એકની આંખ ઉપર હાથ રાખી બીજાઓને સન્તાવા દેછે ને પછી હાથ ખસેડી નાખેછે એટલે પેલો સન્તાઈ ગએલાને શોધવા ફરેછે ને જે કોઈ પકડાયછે તેનો પછી બીજાઓને શોધવાનો વારો આવેછે.—હાથ રાખનાર બીજાઓ સન્તાયછે ત્યારે આ પ્રમાણે બોલેછે—"ડાઈનો ઘોડો પાણી પીતો રમતો જમતો છૂટયો".

ડાક, પુ૦ ટપાલ. ૨ ડાકલું.

ડાકટર, પુ૦ [અં૦] ભણેલો વૈદ્ય. ૨ પણ્ડિત; બહુ.

ડાકડમાક, પુ૦ મોટો ઠાઠ; ભભકો.

ડાકણ-ણી, સ્ત્રી૦ [સં૦ ડાકિની] ભૂતની એક જાત; વિચિત્ર ને ભયંકર. છુટા ચોટલાવાળી ને આકારે જે ભૂત તે. ૨ મેલી વિદ્યા જાણનારી ડુવડ બૈરી. જેની નજરવડેથી માણસ મરાયછે એમ લોક માનેછે તે.

ડાકણું, વિ૦ ડાકણના જેવું દેખાતું—કામ કરનારું.

ડાકલું ખલું, ન૦ એક વાજીત્ર—જોગી, રાવળિયા, વાઘરી માતા આગળ વગાડેછે.

ડાકિન, ડાકણ.

ડાગ, ડાઘ.

ડાગળી, સ્ત્રી૦ પાંસળાં (ખસવી) એજ અર્થમાં વપરાયછે. ડાગળી ચસકી—ખસી એમ કેવાયછે. (ચેલકાપણાંમાં માણસને વિષે બોલવાં).

ડાગીણો, પુ૦ વિદૂષક; ભાંડ; રંગીલો.

ડાઘ, પુ૦ કાગળ—કપડું—પાટિયું—વાસણ વગેરે ઊપર રંગ—મેલનો જે છાંટો—ટીપું પડ્યો હોય તે. ૨ કલંક; ખોટો; આળ. ૩ ગુસ્સો; વેર; ખાર—તેના મનમાં ડાઘ છે.

ડાઘિલું, વિ૦ ખારીલું; વેરીલું. [સ્ત્રી૦ કુતરો.

ડાઘિયો, પુ૦ મોટા જબરો ફાડી ખાય તેવો દેખા-

ડાઘી, વિ૦ ખારીલું; વેરીલું. (માણસ).

ડાઘુ, પુ૦ મુડદાંને ઊંચકનારા—ખાંધિયા તથા તેનીસાથે સ્મશાન જનારા.

ડાઘો, પુ૦ ડાઘ (૧લા ને ૨ જા અર્થમાં).

ડાચું, ન૦ ગાલની અન્દરનો દાડને લગતો જે ભાગ તે. ૨ સામમાં ખાડા પડેલા એવું કદરૂપું બહાર નિકળેલું દેખાતું જે મોઢું તે; સાઢું.

ડાટ, પુ૦ એકદમ ઊંડુંવાળી નાખવું તે; જમીતેનું જમે તે કરી નાખી સપાનાશ વાળવું તે; મોટું નુકશાન કરી મુકવું. ડોશીએ ડાટ વાળ્યો.

ડાટવું, ક્રિ૦ સ૦ જમીનમાં ખાડો ખોદી તેમાં કંઈ મેલવું—(પછી ઉપરથી ખાડો પુરી નાખવો). ૨ (લાક્ષણિક) સન્તાડવું; ડાબી રાખવું—હવે તે વાત ને ડાટ વાળ. દાટવું.

ડાટો, પુ૦ બરણી માટલું વગેરે ઠામનું મોઢું બન્ધ કરવાસારુ તેમાં જે લાકડું, કપડું વગેરે ઘાલેલું હોય તે; ઠામનું મોઢું બન્ધ કરી છાણમટોડીએ થાપી રાખવું તે. ડાટો દેવો—મારવો એટલે બન્ધ કરવું. ડાટા કરવા એટલે અપવાસ કરવાને આગલે દહાડે ગારીપડે ખાઈ લેવું. દાટો.

ડાડ-ઢ, દાડ-ઢ.

ડાડી-ઢી, દાડી-ઢી.

ડાડો-ઢો, દાડો-ઢો.

ડાપણ, ન૦ ડાપાપણું; વિવેક પાળી ચાલ ચલગત; શાણપણ. ડાપણ ડોળવું—વગર કરવી; સમજવના પણ માથું ઘાલવું.

ડાબું, ન૦ કરડવા—ખાવા સારુ ખૂલે ભીડવું કરેલું જે મોઢું અથવા મોઢાંનો ભાગ તે. ડાબું ભરવું—મારવું કેવાય છે.

ડાબ, પુ૦ ડાબવું તે. દાબ.

ડાબડી, ડબી.

ડાબડો, ડબ્બો.

ડાબણ, સ્ત્રી૦ ડાબવું તે.

ડાબરિયું, ન૦ ફાધાં મોડાંનું વાસણ.

ડાબવું, ક્રિ૦ સ૦ ઉપરથી જોર કરી નીચે મુકેલા વસ્તુને સંકોચવી—ખુંદવી; ચાંપવું. ૨ બાંધ આપવી. ૩ ઈઆરત કરવી. ૪ જોંસ્સો નરમ પાડવો. ૫ ધાબવું; મુકવું. (વાગ્યા ઉપર તપખીર.) દાબવું.

ડાબાજમણી, અ૦ ડાબી તરફ ને જમણી તરફ; આગુ બાજુએ. ૨ ડાબાને જમણી તરફ ને જમણાને ડાબી તરફ. બળદને ડાબા જમણી જોડો.

ડાબું, વિ૦ પૂરવ દિશા તરફ મોઢું કરી ઉભા રહ્યાથી આપણા શરીરનો જે અડધો ભાગ ઉત્તર દિશા તરફનો થાય છે તે બતાવે છે—તે સંબંધી. ડાબાનું ઉલટું જમણું. ડાબો હાથ ને જમણો હાથ. ૨ અળખામણું; અણમાનીતું. મેં તેને ડાબો કરી મુકયો છે.

ડાભ-ભો, પુ૦ [સં૦ દર્ભ] ઢોરથી ન ખવાય તેવું બે ધારવાળું એક જાતનું ઘાસ. એ પવિત્ર ગણાય છે. સ્નાન શ્રાદ્ધ યજ્ઞાદિક કર્મમાં કામ આવે છે.

ડામ, પુ૦ ચામડી ઉપર અગ્નિમાં તપાવેલી વસ્તુ ડાંભવાથી જે નિશાની પડે તે; અગ્નિ અડકવાથી ચામડી ઉપર જે નિશાની પડે તે અથવા જે બળતરા—દુઃખ થાય તે.—ધગધગતો ડામ. ટાઢો ડામ એટલે ઘણીજ ઠંડી વસ્તુ આંગને અડકવાથી જે બળતરા થાય તે. ૨ ડાચકે મોઢે મેણાં મારી સામાં માણસનો જીવ બાળવો તે. તુંને તો આટલું પણ તુંને તો ડામ એટલે કંઈ નહિ એમ ક્રોધ—ધિક્કારમાં બોલાય છે. ડામ દેવા—ચાંપવા.

ડામચિયો, પુ૦ બારણી ને ઉંચી એવી બે ત્રણ આળાની માચી.—ગોદડાં વગેરે મુકવાની.

ડામણ, ન૦ ઘોડાં ગધેડાં નાસી ન જાય તેને માટે ચામડાંના ફાંટાવાળો લાકડાંનો ઘડેલો બે છેડે ગાંઠવાળો જે કકડો તે. એ, એક આગલા ને એક પાછલા પગની વચ્ચે બાંધી રાખવામાં આવે છે. ૨ રેંટિયાના આરાએ જે દોરી બાંધવામાં આવે છે તે. ૩ સુકાનને ડાબી તરફ ફેરવી વાહાણને જમણી તરફ વાળવું તે. ગોસ ને ડામણ એમ કેવાય છે.

ડામર, પુ૦ રાળની જાતની એક વસ્તુ. (ઝાડનો પેદાશ) એ અગ્નિથી પિગળે છે. એ, પાટીયાં ઉપર ચોપડવામાં આવે છે કે સાંધા પુરાઈ રે ને પાણી ચૂવે નહિ ને લાકડું કોહવાય નહિ. ૨ સારો અથવા સાદી અને ઘડી, અથવા આંક એ બેનું અન્તર રાખનારૂં જે બાકું પાટિયું તે.

ડામવું, ક્રિ૦ સ૦ ઘોડાં ગધેડાંને પગે ડામણ બાંધવું.

ડામવું, ક્રિ૦ સ૦ ડામ દેવા; ડામદઈને બાળવું.

ડામાડોલ, અ૦ આમ તેમ ડોલ્યાં કરતું હોય તેમ; ઝોકાખાતું.

ડામેલ, વિ૦ ડામ દિધેલું.

ડાહ્યું, વિ૦ ઘટતું છે કે નહિ એનો વિચાર કરી ડાવકાઈથી બોલનાર ચાલનાર; પ્રસંગ વિચારી કામ કરનાર; દુનિયાદારી સમજનું; વિવેકી; સમજુક; મર્યાદશીલ; શાણું; ઘરડું. ૨ ભણેલું ગણેલું; હોશિયાર; આવડતવાળું; બુદ્ધિમાન. "ડાહ્યો દીકરો દેશાવર વેઠે ને ડાહી દીકરી સૂનમાં પેસે" એ કેવત છે. ડાહ્યું એનું ઉલટું મૂરખ અથવા ગેલું.

ડારો, પુ૦ ધમકી; દેહેશત; ફુરપ.

ડાલું, ન૦ જે મોટા ટોપલામાં ગોતર દાણા ભરી બળદ ભેંસને ખવાડવામાં આવે છે તે. ડાલું માંડવું, એમ કેવાય છે.

ડાવ, દાવ.

ડાળ, સ્ત્રી૦ ઝાડનો અવયવ; આડા ઉભા ગયલા જે ફાંટા તેમાંનો એકેક; શાખા.

ડાળાંપાંખડાં, ન૦ ડાળ અને તેના પાછા નાના પાંદડાંવાળા ફાંટાઓ.

ડાળી, સ્ત્રી૦ ડાળ પણ જરા થોડીક પાતળી.

ડાળું, ન૦ ડાળનો એકાદો ભાગ—કકડો.

ડિંખલું, ન૦ ઝાડની ડાળાંનો નાનો કકડો (હાથએ-હાથનો). [વગેરેનું ડિંડવું.

ડિંડવું, ન૦ અન્દરનો પદાર્થ ખપમાં આવતો હોય તેવું છોડાંસાતેનું ફળ.—કપાસ, અફીણ, ધન્તુરા

ડિંડું, સ્ત્રી૦ ગપ; છાંટ; જુઠી વાત ઉરાડવી તે. ડિંડું મારવી ચોકી એટલે સત્તા ન છતાં સત્તા છે એમ બતાવી જુલમ કરવો તે. [વેછે).

ડિંડિમ, ન૦ જુઠા તડાકા મારવો તે. ૨ બોટી ખોટી કવિતા. (પિંગળ તો નહિ પણ ડિંડિમ ચલા-

ડિચકું, ન૦ ફળ—પાંદડાંને ડાંખળીસાથે જોડી રાખનારો જે કુમળો ભાગ તે.

ડીંગ, ડિંડું.

ડીંચી-ડીચી, ડિચકું. ૨ ડીટી.

ડીંચું-ડીચું, ડિચકું.

ડીટ-ટી, સ્ત્રી૦ સ્ત્રીની છાતીનો અગ્રભાગ; ડીચી.

ડીટીનાખવું, ક્રિ૦ સ૦ પારખુંકવું; કરીનાખવું. ગતેમ ડીટીનાખની.

ડીંડું, ન૦ ચોવાના પાંચા જેટલું અથવા વધારે લાંબું ડફ્ગોરા જેવું લાકડું—ઢોર હાંકવાને.

ડીખું, ન૦ બાર નિકળેલો દેખાતો જે અવયવ—ભાગ તે. (શરીર—વસ્તુનો).

ડીબો, પુ૦ રડાય—બોલાય નહિ તેવી રીતે આચકાની સાથે છાતી ભરાઈ આવવી તે; છાતીમાં મુઝવણ થવી તે. ડીબો આવવો—ચડી આવવો.

ડીલ, ન૦ દેહ; શરીર.

ડુંગર, ડુંગર.

ડુંગરી, સ્ત્રી૦ નાનો ડુંગર; ટેકરી.

ડુંગરો, ડુંગર.

ડુંગળાવું, ક્રિ૦ અ૦ ચિભડાં કાકડી કોળાં વગેરે ફળોને બરાબર પુષ્ટિ નહિ મળવાથી જોઈયે તેવાં ન વધવાં—થવાં. [ભમણ).

ડુંગળી, સ્ત્રી૦ કાંદો; પ્યાજ; પલાણડું. (ડુગળી ને

ડુંગો, પુ૦ હોકો; હુકો.

ડુંચવું, ડુચવું.

ડુંચું, ન૦ ધાસો પૂંજો.

ડુંચો, ડૂચો.

ડુંટી, ડૂંટી.

ડુંડું, ન૦ બાજરીનું કણસું. ડુંડાં—કણસાં.

ડુંભી, વિ૦ કપટી; મનમાં ગાંઠ વાળે તેવું; મિંઢું.

ડુંભો, ડુભો. [ક્ષારમાં).

ડુંસવું, ક્રિ૦ સ૦ મોડે અરકાડીને દમ લેવા—ધુમાડો કાડવો (બીડી ફુંકવી). ૨ ડુચવું (પણ પિ-

ડુઓ, પુ૦ તેલ દીવેલની તળે ઠરેલો મેલ. ૨ તેલ મસાલાનો એક ડોરગડો—મેથિયા ગોળિયા કેરીનો.

ડુકરો, ડુક્કર.

ડુકીજવું, તાકીજવું. [અધરો છે.

ડુક્કર, પુ૦ જાડું ગન્દુ ને મોટી દાડવાળું ચોપગું; ભૂંડ.—એ ઉકરડામાં ચરેછે ને કિચડ ખાબોચિયામાં પડી રે છે; એની ઘણીક જાત કેવાય છે. જંગલી ડુક્કરનું જોર મહીં વાઘ કરતાં પણ વધારે કેવાય છે. એનો શિકાર કરવો ઘણો

ડુગડુગિયું, ન૦ એક જાતનું વાજિત્ર; ડમરુ.

ડુચો, પુ૦ ટુંકા ડાંડાવાળું અને મોટા વાડકાના આકારનું વાસણ—દૂધપાક વગેરે પીરસવાનાં કામમાં આવે છે.

ડુંગર, પુ૦ જમીનની સપાટીથી ઘણો ઉંચો અપલો ને લાંબો પથરાયલો જે મોટો ટેકરો તે; પર્વત; પાડ. ડુંગરમાં નાના નાના અણિયાળા ટેકરાઓ હોય છે તે ટેકરીયો—શિખરો કેવાય છે. ડુંગર, પથરા ને મોટાડાનો હોય છે. 'ડુંગરા દૂરથી રળિયામણા' એવી કેવત છે.

ડુચવું, ક્રિ૦ સ૦ પાણી પીતાં બ્રાહ્મણને ઓડ સાથે અરકાડવું. ડુચીને પાણી પીવું કેવાય છે.

ડુચો, ડૂચો.

ડુણાઇજવું-ણીજવું, ક્રિ૦ અ૦ દાળ—ચોખા વગેરે એ રન્ધાતાં કંઈક બળવાથી વાસમારવો.

ડુણ્ડ, સ્ત્રી૦ બાર નિકળેલું ગોળ્યમ જેવું જે પેટ

ડુણ્ડાળું, વિ૦ મોટી ડુણ્ડવાળું. [તે; ફન્દ.

ડુણ્ડો, પુ૦ ચાર, આઠ, બાર, સોળ, વગેરે પાનાંનો એકજ વખતે છપાતો જે કાગળ તે. ૨ લાવણી વાળાનું એક ફડ. [—આરવી.

ડુપકી, સ્ત્રી૦ પાણીની માંય પેસવું તે. ડુપકી ખાવી

ડુપટો, પુ૦ અઙ્ગરખા ઉપર ખભેથી બે પાસ ઝુલતું રાખવાનું જે વસ્ત્ર તે; દુપટો; પિછોડી.

ડુબકી, ડુપકી. [આવવું; પડતીમાં આવવું.

ડુબવું-બીજવું, ક્રિ૦ અ૦ પાણી અથવા બીજા પ્રવાહીની અન્દર પેસી જવું. ૨ પાણીમાં પેસી ગુંગળાઈ મરી જવું. ૩ પાપી થવું; કરમ બાંધવાં; સંસારની દુગધાથી રિબાયાં કરવું. ૪ નુકસાનમાં

ડુબળું, દુબળું. [નિર્બળ; પાતળો (માણસ).

ડુબળો, દુબળો. એક જાતના રાની લોક. વિ૦

ડુબાડવું-વવું, ક્રિ૦ સ૦ કોઈ ડુબે તેમ કરવું.

ડુબામણું, વિ૦ માથે પાણી ફરીવળે ડુબી જવાય તેટલું ઉંડું.

ડુબાસ, પુ૦ વાણનો દલાલ; મારફતિયો.

ડુમચી, સ્ત્રી૦ [પ્રા૦] ઓગીર અથવા જીન અથવા બિછે સાજ પીડ઼રથી ખસી ન જાય માટે જે બે સીવનું ચામડું અથવા બનાતની વણેલી બે દોરી પુછડામાં ભેરવીને સાજ સાથે બંધાડી રાખેછે તે. ૨ ઘોડાની ગાંડનો થાપો. [મરુ વગેરેનો).

ડુમડુમ, અ૦ એવો થતો અવાજ (ડમકા ડફ્ડી ડ-

ડુમાસ, ન૦ એક જાતનું કપડું.

ડુમી, ડુંમી. [તી ધાડવી તે.

ડુમો, પુ૦ બીકથી—શરમથી કાંઈ જોડે બોલતાં છા-

ડુલવું-લીજવું, ક્રિ૦ અ૦ ગરક થવું—ડુબી જવું.—તે કરજમાં ડુલી ગયો. ૨ ગીરોનું વ્યાજ જનસની કિમ્મત કરતાં વધીજવાથી જનસ ગીરો રાખનારની થવી—જનસ ડુલી.

ડૂચો, પુ૦ વાસણ—બોરીનું મોડું બન્ધ કરવા તેમાં

જે ચિથરાં કાગળ ડાબ્યાં હોયતે. ઢુચો, લાકડાંનો ન

ડેંડવું, ન૦ પાણીમાં રેનાર એક જાતનો સાપ. [હેવાય.

ડેગ ધ, પુ૦ પોળાં મોંડાનું પણ તળિયેથી સાંકડું જ પોળું એવું તાંબા પિત્તળનું જે મોટું વાસણ તે. ૨

ડેગડી, દેગડી. [કાદવ; ચિકણ.

ડેડકો, દેડકો.

ડેરો, પુ૦ રવૈને રાખવાનું ગોળીના કાંઠાપર જે લાકડું બાંધવામાં આવેછે તે; લાકડાંનાજે ગાળામાં રવૈ ફરે છે તે. ૨ વિલમ્બ; વાર; ખોટી.

ડેરો, પુ૦ [હિં૦] તમ્બુ; કપડાનું ઘર. ૨ મુકામ; ઘર; છાવણી. [તે; ડબલું; હરેડી.

ડેરો, પુ૦ ઘોડાની ગાયને ગળે જે લાકડું બાંધે છે

ડેલું, ન૦ આજુબાજુએ ભીત, ઉપરથી છાપરું એવું ઘર. ૨ જેની અન્દર થોડાક ખુલ્લી જગો ને પાંચ સાત ઘર હોય ને એક દરવાજો હોય તે બધું મળીને જે જગોતે; નાની પોળ; ખડકી. ૩ એ જે દરવાજો તે. ૪ તબેલો.

ડેલો, ડેલું.

ડેહેકાણી, પું૦ [ફા૦] ગામડિયો. ૨ મૂરખ; જંગલી માણસ. [ડૈયાં—શું કેવાય છે.

ડૈયાં, ન૦ એ શબ્દ કંઈ નથી મળવાનું એમ કેવાને બદલે વારાય છે. મૂઠી વાળી અંગુઠો બતાવી

ડૈંડિયો, પુ૦ ડાંડિયો.

ડોઈ, સ્ત્રી૦ હાથ દોઢેકના લાકડાના ઊભા ડાંડાવાળો તાંબા પિત્તળનો જે મોટો વાડકો તે.

ડોઇયો, પુ૦ નાળિયેરને કોતરી કરેલું જે ઠામ તે—તેલ ભરવાના—ગાંડ ધોવાનું પાણી ભરી રાખવાના કામમાં આવે છે. ૨ નાળિયેરના જે ખોખાંમાં હુકાનો મેર ઘાલવામાં આવે છે તે. ૩ ગોળીમાંથી પાણી લેવાનું, ઉપરનું માથું કાપેલું એવી નાળિયેર આકારનું તાંબા પિત્તળનું જે વાસણ તે; ડોયો. [જે અવયવ તે; ગળું; કોટ.

ડોક, સ્ત્રી૦ ધડ અને માથું—ડોકું એ બેને જોડનારો

ડોકાબારી, સ્ત્રી૦ દરવાજાના એક બારણાંની અન્દર જે નાની બારી હોયછે તે.

ડોકાવવું, ક્રિ૦ સ૦ ડોકું બાર કાઢીને જોવું.

ડોકિયું, ન૦ ડોકું બાર કાઢીને જોવું તે. ડોકિયાં કરવાં એમ કેવાય છે.

ડોકી, સ્ત્રી૦ ડોક. ડોકી ધુણાવવી એટલે માથું હલાવવું (હા અથવા ના કેવી).

ડોકું, ન૦ શરીરના બે મોટા ભાગ જે ધડ ને માથું તેમાં જે માથું તે; ખભાથી તે માથા લગીનો ભાગ. ડોકું કાપવું—વિશ્વાસ ઘાત કરવો. ૨ જીવથી મારી નાખવું. ૩ ડોકિયું. ડોકું ઘાલવું—હરેક કામમાં ગટ દઈ ને માથું મારવું.

ડોઘો, મૂરખો.

ડોચકું, ડોકું. (તુચ્છકારના અર્થમાં).

ડોટ, સ્ત્રી૦ દોડ. ડોટ મુકવી.

ડોટી, સ્ત્રી૦ એક જાતનું જાડું કપડું. ચાદર તકિયા વગેરે કરવાના કામમાં આવે છે.

ડોડકું, ન૦ તુરિયાંની એક જાત. એ ફળ ટુંકું ને આછા લીલા રંગનું હોય છે.

ડોડ, ઢોડ—ગા.

ડોડાવું, ક્રિ૦ અ૦ કણસલું નિકળવું.

ડોડિયું, દોડિયું. [રવાનું ઘરેલું.

ડોડી, સ્ત્રી૦ આકડાનું ફળ. ૨ એક જાતનું શાક. ૩ કુંવારની વચમાંની ડોડી. ૪ કોણીની ઉપર ફ-

ડોડો, પુ૦ કેળ કેવડા વગેરેના ફુલનો જથો પાંખડામાં બિડાયલો હોય તે; કેળ કેવડા વગેરેનું ફૂલ. ૨ મકૈ—જુવારનું કણસલું.

ડોણી, સ્ત્રી૦ દોણી. [ક બોલેછે).

ડોપ્રો, પુ૦ કંઈ નહિ એવો અર્થ રાખેછે (હલકા લો-

ડોબકું, ન૦ ભાંગેલું ફુટેલું વાસણ.

ડોબું, ન૦ ઘરડા ભેંસ; પાડી—પાડું. ૩ કંઈજ ન સમજે તેવું—બુચટ માણસ.

ડોયો, ડોઇયો.

ડોગલું, ન૦ ખોરિયું—(અંગૂરખાનું).

ડોલ, પુ૦ [ફા૦] કુવામાંથી પાણી કાઢવાનું ઉપર આંકડો હોય તેવું જે વાસણ તે અથવા ચામડાની ખોખ. ૨ વાણની વચમાંનું જે સહુથી મોટું ઊંચું ઊભું લાકડું તે; કુવો.

ડોલચી, સ્ત્રી૦ નાનો ડોલ (૧ લા અર્થમાં).

ડોલવું, ક્રિ૦ અ૦ હાલવું; ડોકું ધુણતું હોય તેવી હાલતમાં હોવું.—ઝાંપ—નિશાથી. ૨ પવન પાણીના જોરથી આમ તેમ હાલ્યાં કરવું—વાણે.

ડોલું, ન૦ ઝોકું. ડોલાં ખાવાં—ઝોકાં ખાવાં. ૨ વાણે ડોલવું તે. [૨ ખડપો, એમ કેવાય છે.

ડોલો, પુ૦ પેશાબ અથવા જહરનું કામ. તેનો ડોલો

ડોળવું-વીનાખવું, ક્રિ૦ સ૦ રગડા જેવા પદાર્થમાં ભેળવેલું—એકમેક કરી નાખવું; બહુ હલાવી રગડો કરી મેળવો. [નાર).

ડોસી, પુ૦ વાણિયો (ઘણું કરી કાપડનો ધન્ધો કર-

ડોસી, સ્ત્રી૦ ઘરડી—બુઢ્ઢી બૈરી. ડોસીશામતર—ઘરડી-કેડાયલી બૈરીઓએ જે નથી થતી ચલાવી હોય તે.

ડોમુંડમરૂં, ન૦ ફોક અશક્ત ને ઘરડું માણસ.

ડોસો, પુ૦ ઘરડો પુરુષ; બુઢ્ઢો.

ડોહ, પુ૦ [સં૦ સન્દોહ] નદિ અથવા તળાવનો ઘણા ઊંડા પાણી વાળો જે ભાગ તે. ૨ પાણી ભરાઈ રેતું હોય તેવો ખાડો; મોટું ખાબોચિયું.

ડોળ, ન૦ આકાર; ઘાટ; ઢાંચું—પાઘડી વગેરેનું. ૨ ચેહેરો; છબી; સુરત; આકૃતિ. ૩ તરેહ; રીત. ૪ ચિહ્ન; નિશાની. ૫ ઢોંગ; સ્વાંગ; ભભકો; ડમાક. પુ૦ તુવેર—મગ—ચણા વગેરેને ભરડવાથી જે દાળ પડે છે તેમાં રહેલા જે આખા દાણા તે. ડોળ પાડવા એ તુવેરનાજ કેવાય છે.

ડોળચાળણી, સ્ત્રી૦ દાળ ચાળવાની ચારણી.

ડોળદાર, વિ૦ સારી આકૃતિવાળું; સારું દેખાતું.

ડોળવા, પુ૦ જુવાર—મકે વગેરેની ધાણીમાં ફુટ્યા વગરના જે દાણા તે; ઓગણાં.

ડોળવું, ક્રિ૦ સ૦ પ્રવાહી વસ્તુમાં નીચે બેઠેલા અથવા બીજા પદાર્થ નાખી સારીપેઠે હલાવવું; નદી તળાવનાં પાણીને એવાં હલાવવાં કે નીચેનો કાદવ ને પાણી એકમેક થઈ જાય. ૨ આંખને ચોળી ચોળી ડોળો લાલ થાય તેમ કરવું. ૩ બહુ ચુંથવું; ઘણી વસ્તુનો વેપાર એકજ વખતે કરવો—તેણે બહુ વેપાર ડોળ્યો છે; તેણે તે કામ બહુ ડોળ્યું.

ડોળવું, ક્રિ૦ સ૦ હલાવીને ઉપર ઉપરથી ગબાડાવી કાડવું; નિડોળવું, (અડદ, મગ, રાઈ વગેરેને).

ડોળિયું, ન૦ કોઈ વસ્તુ ઘડી કાડવાને—બનાવવાને—પાડવાને આગળથી તેનો જે આકાર કરી રાખેલો તે. ૨ ડોળીનું તેલ.

ડોળી, સ્ત્રી૦ માંદા—ઘાયલ માણસને અથવા મુસાફરને ઉંચકી લઈ જવાની એક તરેહની ઝુલતી માચી. ૨ જોખમ; કોઈની મરણરૂપ હાનિ અથવા દ્રવ્યની હાનિ; માઠા સમાચાર. તેને ઘેર ડોળી આવી એમ કેવાય છે. ૩ મોડાંનું ફળ.

ડોળો, પુ૦ આંખનો વચલો ભાગ—ડોળો ફુટવો. ડોળા ચડી જવા એટલે ડોળા, ઉપલાં પોપચાંમાં ડબાઈ જવા. (આંકડીથી અથવા મરતી વેળા) ડોળા કાડવા—ફેરવવા એટલે ગુસ્સામાં આંખ ફાડી—ફેરવી; ક્રોધાયમાન થવું. ડોળા ઊંચે જવા—ચાચીએ જવા એટલે કોઈની તરફ નરમ નજરથી ન જોતાં પોતાના તોરમાં રેવું; મગરૂખીમાં રેવું. ૨ તાબુત; તાજિયો.

ઢ.

ઢ, પુ૦ પચ્ચીસમો મૂળાક્ષર; ડનો મહાપ્રાણ. ૨ કંઈજ ન આવડતું હોય તેવાં માણસને એ શબ્દ લગાડવામાં આવે છે; જડસો; ભૂસટ; અક્ષરશત્રુ; ઢોઠ; એચીની પડે પડી રેતો આળસુ.

ઢગ, ઢગલો. ઢગબંધ—બહુબહુ; ઘાણુંજ.

ઢંગરું, ન૦ કમ્મરની નીચેના અથવા ગાંડની બાજુ બાજુના બાર નિકળેલા માંસ વાળા જે અવયવો તેમાંનો એકેક; કુલ્લું; નિતમ્બ.

ઢગલી, સ્ત્રી૦ નાનો ઢગલો. ધૂળની—અનાજની વગેરેની ઢગલી.

ઢગલેઢગલા, વિ૦ ઘણુંએક; પુષ્કળ; અતિશય.

ઢગલો, પુ૦ એક જાતની અથવા ઘણી જાતની ઘણીક વસ્તુઓનો અથવા એક વસ્તુની ઝીણી રજકણોનો જથ્થો જે ઊંચા આકારમાં રહ્યો દેખાતો હોય તે; ઢેકરો. ૨ પુષ્કળ; ઘણું; ઘણું.

ઢંકાવું, ક્રિ૦ અ૦ ઉઘાડું હોય તે બન્ધ થવું. બારણું વાથી ઢંકાયછે. ૨ ઉઘાડું—જાહેર—ચાલતું હોય તે સન્તાવવું—બન્ધ પડેલું થવું. તે વાત ઘણ દાબ ચાલી ને પછી ઢંકાઈ ગઈ. ૩ વગર ખોટે—આબરૂ અથવા મરણથી થતાં દુઃખથી અથવા લોકમારથી બચી જવું. મુઆ પછી તે ઢંકાયો એટલે જીવતાં તો લોકમાં નઠારો કેવાતો પણ મુઓ એટલે પછી તેની વાત લોકે કરવી માંડી વાળી; વારૂ તે છોકરો કુળમાં મારો હતો તો તેણે હાડોપાણી કીધાં ને પેલો ઢંકાઈ.

ઢંગ, પુ૦ જેમાંથી નિયમ, સુઘડતા ને આવડત જણાઈ પડે તેવી જે રીત—વર્તણુંક તે. (ઘણુ એ શબ્દ અણસમજના દેખાડતી વેળા વપરાયછે). "રંગ શું જોવા? નથી કંઈ ઢંગ જેનોમાં". તેનામાં શા ઢંગ બળ્યા છે?, તેના ઢંગ તો જુઓ, તેનામાં કેશી વાતના ઢંગ તો છેજ નહિ વગેરે વાક્યો બોલાયછે.

ઢચુપચુ, ધચુપચુ.

ઢણાવવું, ઢણઢણાવવું.

ઢણઢણ, અ૦ ઢોલ—નોબતનો અવાજ.

ઢણઢણવું, ક્રિ૰ અ૰ જોશમાં જોરથી બધું સાથે હાલવું. [—જોશમાં કામ ચાલતું કરવું.

ઢણઢણાવવું, ક્રિ૰ સ૰ ઢણઢણે તેમ કરવું; ચચ્ચળ

ઢણઢાર, વિ૰ મોટું, ખાલી ને બિહામણું.

ઢણઢેરો, પુ૰ સરકાર તરફથી ડાંડી—થાળી પીટીને લોકમાં જાહેર કરવું તે. ૨ સઘળી રૈયતનેમાટે અગત્યથી જાહેરનામું. ૩ લોકમાં જાહેર કરવું—ખુલ્લું કઈ દેવું તે. કેમ તારે પેલી વાતનો ઢણઢેરો પીટવાનો વિચાર છે, હોય તો કઈ દે.

ઢણઢોળવું, ક્રિ૰ સ૰ પકડીને આમ તેમ હલાવવું. (ઘણુંકરીને ઊંઘતાંને).

ઢણઢોળવું-ઢીનાખવું, ક્રિ૰ સ૰ જોરથી હલાવવું—આમ તેમ ફેરવવું; હચમચાવવું.

ઢબ, સ્ત્રી૰ કોઈ પણ ક્રિયા સમ્બન્ધી કરનારની જે ખાસ રીત તે; છટા; તરેહ. પાઘડી મુકવાની ઢબ, બોલવા—લખવાની ઢબ વગેરે.

ઢબુ-બ્બુ, પુ૰ તાંબાનો સિક્કો. બેવડો પૈસો. બે પૈસા ને ઢબુ મૂલમાં બરોબર છે. કેવત. 'દેખનેમેં ઢબુ ઓર ચલનેમેં સિવરાઈ'. 'ટકાની ડોશી ને ઢબુ મુંડામણ'.

ઢમઢમ, અ૰ પડઘમ વગેરેનો અવાજ.

ઢમઢોલ, વિ૰ બારથી મોટું ઢોલ જેવું દેખાતું પણ અન્દરથી પોલું. 'ઢમઢોલ માંહે પોલ' એમ કેવાયછે.

ઢરડવું, ક્રિ૰ સ૰ ઘસડવું.

ઢસલું-ળું, વિ૰ ભોળું; નિષ્કપટી; સાદું.

ઢસું, ન૰ રેતી પણાનો દડ.

ઢળકતું, (ઢળતું) વિ૰ વાંકું; આડુંઅવળું; ઢાળ—ઢોળાવના આકારમાં હોય તેવું.

ઢળવું, ક્રિ૰ અ૰ પ્રવાહી પદાર્થ બાર પડી-નિકળી જવું. પાણી—દુધ ઢળ્યું. ૨ નીચું પડી જવું; ઊંચે ઠેકાણેથી નીચી જગાએ ઉતરી બેસવું; વાંકું—આડું પડી જવું. ભાઈ તો ઢળી પડયા. ૩ વાંકું પડવું; નમી—ઝુકી જવું. ૪ બીબાંથી ઉતરવું (અખાએ વાપર્યો છે). ૫ લલચાવું.

ઢળિયું, ન૰ ઢેફું. ૨ રોડું.

ઢબ્બા, વિ૰ ધા૰ છોકરાને તેની મા રીસમાં એ શબ્દે બોલાવે છે. પડયા—મુઆ એ અર્થમાં.

ઢાંકડું, ઢાંકણું.

ઢાંકણ, ન૰ જેથી વસ્તુ ઢંકાતી હોય તે; ઢાંકણું. ૨ (લાક્ષણિક) જે જન—ગુણ કર્મથી દોષ ઢંકાય તે. "બાપનું ઢાંકણ બેટડો ને ઘરનું ઢાંકણ નાર".

ઢાંકણી, સ્ત્રી૰ મટોડીનાં વાસણનાં મ્હોડાં ઢાંકવા સારૂ મટોડીનો એક તરેહનો ઘાટ.

ઢાંકણું, ન૰ વાસણ—પેટી—કરંડિયા વગેરેનું મોઢું ઢાંકવાનો તેને લાયકનો જે ઘાટ તે.

ઢાંકપિછોડો, પુ૰ ઉઘાડી પડેલી વાતને ચરચાતી બંધ કરવાની જે જુક્તિયો તે; દોષને ઢાંકી નાખવાની તજવીજ; છાનું—સમજ કાઢી તોહોમત ઉરાડી નાખવું તે. ૨ બાળક છોકરાઓમાં ટપલાબાજીની એક રમત છે.

ઢાંકવું, ક્રિ૰ સ૰ ઉઘાડું હોય તેને બન્ધ કરવું. બારણું ઢાંક, વાસણ ઢાંક વગેરે. ૨ ઓઢાડવું. ઉપર કંઈ નાખી અન્દરનું ન દેખાય તેવું કરવું. ૩ કોઈ એકાદા માણસથી છુપાવવું; સંતાડવું. ૪ દોષની ચરચા—નિન્દા થતી બન્ધ થાય તેવું કરી નાખવું. ઢાંકી દેવું—મુકવું—રાખવું.

ઢાંકોઢુમો, પુ૰ ઘરમાં અનાજ ઘી તેલ વગેરે ઉઘાડું રયું હોય તેની તપાસ કરી ઢાંકવું તે.

ઢાંકયું, ન૰ એકના ઘરની રસોઈ ઢંકાઈને બીજાને ઘેર આવવી તે. ઢાંકયું—ઢાંકયું ભાણું આવવું.

ઢાંમકું, ન૰ એક જાતની મોટી ને જાડી કાકડી.

ઢાંઢું, ન૰ મરીગયલું મોટું ઢોર.

ઢાંઢો, પુ૰ બળદ. [વિશ. (ભવાઈમાં).

ઢાઢી, પુ૰ ચાળા પાડી વખાણ નિન્દા કરી ગાઈ બજાવી પેટ ભરનારા એક જાતના લોક. (રજવાડામાં). ભાટ, ચારણ, ઢાઢી વગેરે. ૨ સરણાઈ વગાડનારો. ૩ એક પ્રકારનો માંગણનો

ઢાલ, સ્ત્રી૰ બચાવ કરનારું હથિયાર. એ, કાચબાની પીઠનું, ગેંડાના ચામડાનું હોય છે.—બન્દુકની ગોળી, તલવાર, તીર વગેરે ઢાલ ઉપર ઝીલાય છે. ૨ સહાય કરી શત્રુથી રક્ષણ કરે તેવું માણસ, નામ અથવા કામ. 'આડા વેળાની ઢાલ' એમ કેવાય છે. "સજ્જન એસા કીજિયે, ઢાલ સરીખા હોય; સુખમેં રેહવે પીઠપે, દુઃખમેં આગે હોય." [ના પાકનું વજન બાંધવું તે.

ઢાળ, પુ૰ ઉંચેથી થોડા થોડા નીચે જતી જમીન—રસ્તો; ઢોળાવ. ૨ એવો કોઈપણ ઘાટ (છાપરાંનો ઢાળ.) ૩ ઢાળકી—કો (અખામાં). ૪ ભાગબટાઈના વહીવટમાં સરકારનું વસૂલ નક્કી કરવા ખેતરમાંથી થોડા ચાસ કાઢી આખાં ખેતર-

ઢાળકી, સ્ત્રી૰ સુનાં રૂપાને ગાળીને જે લગડી અથવા ચકતી બનાવેલી હોય તે.

ઢાળકો, પુ૰ મોટી ઢાળકી.

ઢાળણી, સ્ત્રી૰ અનાજને ઢાળવું તે; કાપણી. ઢાળણી પડવી એટલે કાપણીનો વખત આવવો.

ઢાળવું, ન૰ કોળી કણબા સુથાર વગેરેનાં બૈરાંઓને સાલ્લા નીચે પેરવાનું લુગડું.

ઢાળવું, ક્રિ૰ સ૰ ખેતરમાં પાકેલાં ધાનને નીચે પાડવાં; કાપણી કરવી. ૨ ટીપાં રૂપે નાખવું—પાડવું. —આંસુ ઢાળવાં. ૩ નીચે નાખવું; પાથરવું. ખાટલો ઢાળવો. ૪ ગાળીને ઢાળકી પાડવી. ૫ જમીનના ઉત્પન્નનો સુમાર બાંધવો; જમાબન્દી કરવી. ૬ (કાવીઠેવું) અફીણ વગેરેને. [ક ઢળિયું છાપરૂં.

ઢાળિયું, ન૰ ઢાળવાળું છાપરું—કાતરિયું. જેમકે એ-

ઢાળિયો, પુ૰ કાપણી કરનારો. ૨ પાણીને જે ઢાળથી ઉતારી ઝાડને પોંચતું કરવામાં આવે તે.

ઢીંક, સ્ત્રી૰ ભેંસ ગાય પછવાડે આવીને માથું મારી પાડી નાખે તે. ૨ ઢોંસો.

ઢીંગલી, સ્ત્રી૰ બાળકનું રમકડું. એ, સ્ત્રીના આકારની લાકડાંની અથવા લુગડાંની હોય છે; પૂતળી.

ઢીંગલું, ન૰ પૂતળું; બાહુલું. [ડવાકું હાડકું; ઘૂંટણ.

ઢીંચણ, પુ૰-ન૰ જાંઘ ને પગનો નળો એ બેને જો-

ઢીંચવું, ઢીચવું.

ઢીક, ઢીંક.

ઢીંકો, પુ૰ વાંસા ઉપર ચપટ હાથ મારવો તે.

ઢીગાર, પુ૰ ઠગલો; ઢગ.

ઢીચવું, ક્રિ૰ સ૰ અકરાંતાંની પેઠે અતીસે પીવું.

ઢીમચું, ન૰ પેર થાયેલી જાડી કોકી. ૨ ઢીમસું.

ઢીમડું-ણું, ન૰ વાગવાથી—છીંડાના કરડવાથી ઉપસી આવેલો (શરીરનો) જે કડુણ ભાગ તે.

ઢીમર-મ્મર, પુ૰ [સં૰ ધીવર] માછી; માછલાં મારનારો; કોળી; ખારવો.

ઢીમસું, ન૰ લાકડાંનો જાડો ને પોળો કકડો જેની ઉપર પાપડ વગેરે ખાંડવામાં આવે છે તે.

ઢીમું, ઢીમડું.

ઢીલ, સ્ત્રી૰ વાર; વિલમ્બ; મોડી. ૨ જબડાની થાપ જેથી જે દોર તે—કનકવાને ઢીલ મૂક.

ઢીલું, વિ૰ તંગ—તમતમતું ન હોય તેવું. ઢીલું બાંધવું. ઢીલી દોરી એટલે (લાક્ષણિકમાં) તેમ નજર; મરજી મુજબ કરવાની થોડાઘણી છૂટ. ૨ રગડો—નરમ હોય તેવું. (ઢીલી દાળ,) ઢીલી કણેક. વગેરે). ૩ કમજોર; સુસ્ત; નરમ. ૪ હિંમતવગરનું; પોચા છાતીનું.

ઢુંઢિયો-ઢિયો, પુ૰ શ્રાવક લોકમાં ધરમનો એક પન્થ છે તેમાંનો કોઈ પુરુષ. ૨ એને ક્ષુદ્ર જીવની પણ હિંસા થાય માટે એ, ઘણા દાડા નાતો સરખો પણ નથી. ૨ મેલો ફુવડ પુરુષ.

ઢુંઢવું, ક્રિ૰ સ૰ શોધવું; ખોળવું; શોધી કાડવું.

ઢુંઢસાં, ન૰ બાજરીનાં દાણા વનાનાં કણસાં.

ઢુંડું, ન૰ બાજરીનું કણસું. [ય છે.

ઢુંસો હો, પુ૰ ઘઉંનો મોટો ભાખરો. ઢુંહાના લાડુ એમ કેવાય છે. એ આસરે દસ્સેર ઉપરના થા-

ઢુકડું, અ૰ પાસે—નજીક હોય તેવું. ઢુકડે. લગન ઢુકડે આવ્યાં છે.

ઢેંગી, વિ૰ આળસુ; સુસ્ત; એદી. [સમ પડે છે.

ઢેંચલો, પુ૰ જાઇ કાળો ને લાંબી પૂંછડી વાળો એક પક્ષી. એ ઘણું કરી સાંઝરે હવામાં ઉડતો મા-

ઢેકવો, પુ૰ કુવામાંથી થોડી મેનતે પાણી કાડવાનો યંત્ર.

ઢેકો, પુ૰ સપાટી ઉપર એકાદે ઠેકાણે બાર ઊંચો દેખાતો જે ભાગ તે. ઢેકાઢૈયા કેવાય છે.

ઢેડ, વિ૰ નરક કાડવાનો ધન્ધો કરનારી એક જાતિ છે. ઢેડફજેતી—ઘડી ઘડી લડવું ને ઘડી ઘડી પાછાં એક થવું એ જે વગોણું લોકમાં થાય તે.

ઢેડિયો, વિ૰ ફજેતીખોર. ઢેડિયું—ઢેડના સરખું હલકું—ગાયું. ઢેડિયાવાળું એટલે હલકી જાતનું વાજણું. ૨ નીચ લોકની પેઠે ગાળાગાળ ઢોલ છકડ ચલાવતા હોય તેવા લોકની ટોળી.

ઢેડું, ન૰ એંઠી બાજ લુટનારા ભિખારી.

ઢેડો, પુ૰ ઢેડ—પુરુષ; ભંગિયો; બારવાસિયો. ૨ ભડંગિયાથી ચડતો એક જાતનો પુરુષ. ૩ હલકો પાજી બેમર્જાદ પુરુષ. [ટોડું; પથરો; ટોડું.

ઢેફું, ન૰ જમીન ખોદાવાથી નિકળેલી બાઝી ગયલા જે મરોડી તે. ૨ રસ્તા ઉપરનું બાઝી ગયલું મ-

ઢેબરું, ન૰ હાથે ઘડીને કલેડાંપર સેકેલો જાડો રોટલો. ૨ મોટી જાડી તળેલી રોટલી.

ઢેલ, સ્ત્રી૰ મોરની માદા.

ઢેપકાં, ન૰ લોળિયાં. [મનું ઝાઝું અથેલું તે.

ઢેસરો-લો, પુ૰ ઢોરે જે પોદળો મુક્યો હોય તે; માણ-

ઢેયું, ન૰ મોટું ઢેફું.

ઢૈયો, ઢેકો. ઢેકાઢૈયા.

ઢોંગ, પુ૰ ખરેખરૂં હોય તેના કરતાં બાર જાદું બતાવવું તે. (વેશ, રીતભાત, ચાલચલણ વગેરે); ૨ દમ્ભ; ધુતારાપણું; કપટીપણું. ૩ મજાક ઠઠ્ઠા ચાળા. ૪ રમત; ખેલ; વેશધારીપણું. ૫ ખોટું;

મસ; મિષ; નિમિત. ઢોંગ કરવો—ચલાવવો. ઢો-
ઢોંગી, વિ૰ ઢોંગ કરનાર. [ગુલેનુરા કેવાય છે.
ઢોંચ, વિ૰ ખખળી—છર્ણ થઈ ગએલું. ઘરડું ઢોંચ.
ઢોંડફોડો, પુ૰ પથ્થર ફોડનારો. [જડસો.
ઢોંડો, પુ૰ પથરો; પાણો. ૨ મૂરખ; ઇંધણચોરી;
ઢોકડું, ન૰ પોચા એવી બાંધેલી ગાંઠડી. રુનું ઢોકડું.
૨ કાયા; ખોળિયું; શરીર. ધોકડું.
ઢોકળાં, પુ૰ અડદનો તથા ચોખાનો લોટ ભેગો આ-
થી એના ખમારનો બનાવેલો પદાર્થ—એ કકડા
રૂપે હોયછે; ઈંદડાં. [ડું વેલણ.
ઢોકળિયું વેલણ, ન૰ લૈંચી પૂરી રોટલી વણવાનું જા-
ઢોકળિયો, ઢોકળાં. [હોય તે; બાટી.
ઢોકળી, સ્ત્રી૰ જે નાની ભાખરી દાળ સાથે બફાઈ
ઢોચકી, સ્ત્રી૰ નાનું ઢોચકું.
ઢોચકું, ન૰ સાંકડાં મોડાંનું મટોડાનું વાસણ; નાનો
દોરિયો. ૨ માથું—ઢોચકું ઉડાવીદેવું કેવાય છે.
ઢેઢો, પુ૰ સ્ત્રીની છાની ઇન્દ્રી. [આપે છે તે.
ઢોણસું, ન૰ છોકરાંને સુવાની ઓળો પોળી રાખ-
વાને માટે બે બાજુએ લાકડાંની અથવા વાંસની
જે ડિકંગોરી (બે બાજુએ કાણાંવાળી) ઘાલવામાં
ઢોર, ન૰ ગાય ભેંસ બળદ ઘોડા બકરાં વગેરે ચાર
ખાતાં પશુ, જેને માણસ પોતાના ઉપયોગને માટે
પાળી શકે છે તે. ૨ મૂરખ; અક્કલ વનાનું (માણસ).
ઢોરઢાંક, ન૰ ઢોર વગેરેનો ખટલો.
ઢોલ, પુ૰ ઢઢ એવો અવાજ કરનારું માપ પોલું ને
ઉપર જાડું ચામડું મૂકેલું એવું એક તરેહનું વા-
જું. સ્ત્રી૰ માથાપર જોરથી હાથ મારવો તે; ટ-
પલી—લો. ઢોલખાઉ—ઢોલ ખાયાં કરે તે—બહુનું
સાંખ્યા કરે તે અશક્ત પુરુષ.
ઢોલક, સ્ત્રી૰ એક વાદ્ય. એ લમ્બગોળ લાકડાંના ખો-
ખાંની બન્ને બાજુએ ચામડું મૂકેલું હોય છે.
ઢોલકી, સ્ત્રી૰ એક તરેહનું ઢોલક. ઢોલકી વગાડવી
એટલે નાચનારની પછવાડે ઊભાં રહી વગાડવું;
ઢોલકું, ન૰ ઢોલકી. [ખુશામતમાં વખાણ કરવાં.
ઢોલડી, સ્ત્રી૰ રહંગેલો નાનો ખાટલો.
ઢોલિયો, પુ૰ ખાટલો; પલંગ. [ની એક જાત.
ઢોલી, સ્ત્રી૰ લગન જનોઈ વગેરે શુભ કારજમાં
ઢોલ પીપી—સરણાઇ વગાડનારા અથવા એઓ-
ઢોસો, પુ૰ ધણી; વર. ૨ બેવકુફ; બૂચડ; અઘટિ-
ત વાત જોય સાંભળે તોપણ જેને કંઈ ધીમમાં
ઢોસું, ન૰ કુમકું. [લાગેજ નહિ તે.
ઢોસો-ચો-હો, ડુસો-હો.
ઢોળ, પુ૰ તાંબા પિત્તળના ઊપર સુનાં રુપાનું પા-
ણી ચડેલું હોય તે. ૨ ઘર ચડાવવો તે—ગેબર ઉ-
પર ચામણીનો ને રોટલી ઉપર ઘીનો.
ઢોળવું, ક્રિ૰ સ૰ ભીંત અગાસી વગેરેને ચુનો લ-
ગાડવો. ૨ પાણી બાર નાખી દેવું; માંયથી બા-
ર પડે તેમ કરવું. [મીન; ઢાળ.
ઢોળાવ-વો, પુ૰ ઊંચેથી નીચે ઉતરતી હોય તેવી જ-
ઢોળાવું, ક્રિ૰ અ૰ રેડાવું; પ્રવાહી પદાર્થનું નીચે પડવું.
ઢોળીપાડવું, ક્રિ૰ સ૰ ઊંચેથી નીચે આણી મુકાવી
દેવું. ૨ વાત—તકરારમાં ઉતારી પાડવું.
ઢોળો, ઢોળાવ. [કરે તે.
ઢોઓ પુ૰ નામરદો; અશક્ત; પોતાની બૈરીને પો-
તાના હુકમમાં ન રાખી શકે તેવો પુરુષ; પોતાની
સ્ત્રીને ખોટે મારગે ચાલતી જોયાં કરે—સાંખ્યા

ણ.

ણ, પુ૰ છવીસમો મૂળાક્ષર; પંદરમો વ્યંજનવાળું.
એથી શરૂ થતો કોઈ શબ્દ નથી. એ, અગ્રાનાં
અનુસ્વારોમાંનું ત્રીજું છે. કણ્ઠ, પિણ્ડ; બાણ;
કણ્ટ્રાકટર વગેરે.

ત.

ત, પુ૰ સત્તાવિસમો મૂળાક્ષર; સોળમો વ્યંજનવાળું.
દન્તસ્થાની વ્યંજનોમાંનો પેલો.
તઇયાર, તૈયાર.
તઇયારી, તૈયારી.
તક, સ્ત્રી૰ જે સમો સાચવ્યાથી લાભ થાતો હોય
તે સમો; સન્ધિ; જોગવાઈ; યોગ; અવસર.
૨ લાગ; દાવ.
તકતક, અ૰ મુખથી કંઈ કંઈ કિરણ બાર નિકળ-
તા હોય તેમ; તેજ મારતું; ધોળું. મોઢું ઝકઝક

થાયછે.

તકતકવું, વિ૦ તકતક થવું; ચકચકવું.

તકતો, તખતો. [લતું નથી.

તકદીર, સ્ત્રી૦ [આ૦] નસીબ; સર્જિત; છઠ્ઠીના લેખ; વિધાત્રા. તકદીરની આગળ તદબીરનું કંઈ ચા-

તકરાર, સ્ત્રી૦ [આ૦] સામ સામું બોલવું તે; એકે આમ —હા તો બીજાએ તેમ—ના એવી રીતની એક બીજા સાથે જોસમાં બોલચાલ થવી તે; વાદવિવાદ; ભાંજગડ; ચર્ચા. ૨ કારણ; હેતુ; દલીલ; સબબ. ૩ સબબ બતાવવાની—વાદવિવાદ કરવાની રીત. ૪ વાંધો; જૂદું મત હોવું તે. ૫ માથાફોડ; આગ્રહ. તકરારિયો—તકરારખોર—તકરાર કરનારો. [તકરાર હોય તેવું (કામ).

તકરારી, વિ૦ તકરાર કરનાર (માણસ). ૨ જેમાં

તકલાદી, વિ૦ [આ૦] ઝીણી કારીગરીવાળું; મજબુત નહિ પણ જરાક ગફલતે ભાગી જાય તેવું; નાજુક. ૨ કાચું; ઉપરના ભભકાવાળું.

તકશીર-સીર, સ્ત્રી૦ [આ૦] અપરાધ; ગુનાહ; વાંક; અન્યાય.

તકાજો-દો, પુ૦ [આ૦] તાકીને ઉઘરાણી કરવી તે. ૨ જબરદસ્તીથી કઢાવવું તે; ખાંચીને લેવું તે. તકાજો—દો કરવો. [મી રેવું.

તકાવવું, ક્રિ૦ સં૦ નજરમાં ઘાલવું; તાકવું; ધારવું. ૨ લાગ જોયાં કરવો; તક જોયાં કરવી; ટમટ-

તકિયો, પુ૦ [ફા૦] માથા તળે અથવા વાંસા પછવાડે મુકવાને—અઢેલવાને રૂ—કાથી ભરેલાં ઓશિકાંનો જે ઘાટ તે.—એ ઘણી તરેહનાં હોય છે. ૨ ફકીરને રેવાનો ચોતરો; પીરનું મકાન.

તક્ર, ન૦ [સં૦] છાશ.

તખત, ન૦ [ફા૦] રાજા—બાદશાહને દરબાર—કચેરીમાં બેસવાનું જે ઊંચું ઠેકાણું તે; સિંહાસન; રાજગાદી. [બાદશાહ.

તખતનશીન, પુ૦ તખતે—ગાદીએ બેઠેલો એવો

તખતી, સ્ત્રી૦ [ફા૦] અમુક માપની ચોખુણ સપાટ વસ્તુ. ૨ પથ્થર અથવા ધાતુનું બીબું જે ઉપરથી તેની બીજી છાપ પડે તે. ૩ કાગળનો એક તાવ.

તખતો, પુ૦ [ફા૦] પાટીયું; ફળું. ૨ કાચનો લાંબો પોળો કકડો. ૩ આરસી; આયનો; દર્પણ. ૪ ચિત્ર કાઢયું હોય તેવો કાચ.

તગડ, સ્ત્રી૦ ઉપરા ઉપરી કામ કરવાથી જે મેનત પડવી તે. ૨ ઉપરા ઉપરી કામ કરવાનાં તે. (હમણા કામની ખુબ તગડ છે). [ડાવવું; તગેડવું.

તગડવું, ક્રિ૦ સ૦ થકવવું; રખડાવવું; આમ તેમ ફેરવવું—ફેરાં મરાવવાં; હાંકે તેમ કરવું. ૨ દો-

તગડો, પુ૦ ત્રણ એ સરખાપણાનું ચિન્હ; ૩. [બાર.

તગણું, વિ૦ ત્રણ ગણું; ત્રમણું. ચારનું તગણું

તગર, ન૦ [સં૦] એક વૃક્ષ—ઓષધિ.

તગાજો-દો, તકાજો-દો.

તગારું, ન૦ [ફા૦] માટીના અથવા લોઢાંનાં જે ઠામમાં કોલ ભરીને કડિયાને પોંચતો કરવામાં આવેછે તે ઠામ. એ શબ્દ હસવામાં ઈંચીને ભરેલાં પેટને લગાડવામાં આવેછે—તગારું ભર્યું કેમ?

તગાવી, સ્ત્રી૦ [આ૦ તકાવી] ખેડુત પાસે ખેતી કરવાનું સાધન ન હોવાથી સરકારે તેની પાસે ખત લખાવી લઈ જે નાણું અથવા સાધન આગળથી [ધીરેલું તે.

તગેડવું, તગડવું.

તંગેડો, પુ૦ બહુ કામ મેહેનત કરવી—પડવી તે. હમણા બળદને બહુ તગેડો પડે છે.

તંગ, પુ૦ [ફા૦] ઘોડાની પીઠ ઉપર મુકેલું ખોગીર અથવા સામાન ખસી ન જાય માટે તેના પેટને લગતો કસીને બાંધેલો ચામડાનો અથવા પાટીનો જે પટો તે; બંધ. તંગ કસવો—બાંધવો. વિ૦ બે વસ્તુની વચમાં કંઈ પણ અંતર ન રેતાં છેકજ પાસ પાસે આવી રહેલું હોય તેવું; તાટ; સખત; ભીંસું (અંગરખો વગેરે). ૨ ખુબ કસીને બાંધેલું; સિકડેલું. (ગાંસડી વગેરે).

તંગાસ, તંગી.

તંગિયો, પુ૦ લંઘાની પડે પેરાઈને કેડથી તે જાંઘસુધી બેસતું આવતું જે સાંકડું લૂગડું તે.

તંગી, સ્ત્રી૦ પૈસા અથવા હરકોઈ ખપમાં આવતી ચીજનું થોડું હોવું—મળી આવવું તે. —આજ કાલ બહુ નાણાંની તંગીમાં છે. અછત; ભીડ; કોતાઈ; તાણ; સંકોચ. ૨ નાણાંની ભીડથી અથવા બીમારીથી જે મુંઝવણ તે; માઠી [હાલત; લાચારી.

તછોડવું, તરછોડવું.

તજ, સ્ત્રી૦ એક જાતનો તેજાનો; દાલચીની. જાયફળ—તમાલનાં ઝાડની છાલ. એનો સ્વાદ તીખો ને મીઠો હોય છે. [સરબાજ.

તજવીજ, સ્ત્રી૦ [આ૦] ખોળ; શોધ; તપાસ. ૨ યુક્તિ; કરામત. ૩ કોસીસ; મેહેનત. ૪ ચોકસી;

તજવું, ક્રિ૦ સ૦ છોડી દેવું; ત્યાગ કરવો; વરજવું. તજી બેસવું—ત્યાગ કરી નિરાંતે રેવું.

તટ, ન૦ [સં૦] સમુદ્રનો અથવા નદીનો કાંઠો.
તટસ્થ, વિ૦ [સં૦] કિનારે—આશ્ચર્યથી જડરૂપ—[illegible] થઈ ગયું હોય તેવું (આશ્ચર્ય).
તડ, સ્ત્રી૦ ચીન, લાકડું, કાચ વગેરેમાં જે લાંબી ને બેવડી ફાડ પડી હોય તે; ચીર; ચીરો. (એ શબ્દ બુગડાં ફળ વગેરેને લાગતો નથી). તડ આવવી—પડવી—આખુની—પાડવી. ૨ રેતીના મેદાનમાં જ્યાં પાણી ને થોડાંક ઝાડ હોય તે જગા. ન૦ (તડાં) ન્યાત—મણ્ડળોમાં જે પક્ષ પડ્યા હોય તેમાંનો એકેકો. તડ શબ્દ બન્ને વચનમાં ને તડાં અનેક વચનમાંજ વપરાય છે. [ભરે તે.
તડક, સ્ત્રી૦ તનખ; દરદ પાકતી વેળા જે ધડકા
તડકવું, ક્રિ૦ અ૦ બીવું; ડરવું; ગભરાઈ જવું. ૨ અવાજ સાથે ફાટ પડવી. ભીંત—ભાંય તડકી. તડકાવવું—ધમકી દેવી; ઠપકો આપવો.
તડકું, ન૦ તડકો.
તડકો, પુ૦ સૂર્યના પૃથ્વીપર પસરી પડેલા કિરણ; સૂર્યનો પ્રકાશ. ૨ તાપ. [તડતડ ફુટે છે.
તડતડ, અ૦ ઉતાવળી ક્રિયાની ધ્વનિનો બોધ કરેછે. રાઈ તલ સેકાય છે ત્યારે તડતડ એવો અવાજ થાય છે. તે તડતડ સામું બોલેછે. વાંસ
તડતડવું, ક્રિ૦ અ૦ બહુજ ગુસ્સું આવવું; તડતડવું—તડું હોવું. ૨ તડતડ એવો અવાજ કરવું.
તડતડિયું, ન૦ બળતાં તડતડ અવાજ કરે તેવું લાકડું.
તડતડિયો, પુ૦ દેવતા—અગ્નિનો તનખો. ૨ તડતડિયું લાકડું. ૩ ગન્ધી ભાંય ઉપરનો એક જીવડો-પગ મુક્યો કે ઉડીને પગે વળગે છે.
તડદઈને-લઈને, અ૦ ઝટલઈને; જલદીથી; તરતજ.
તડફડવું, તરફડવું.
તડબુચ, ન૦ એક જાતનું ફળ.
તડભડ, અ૦ કોઈ વાંધાનો જલદીથીજ નિકાલ—ફેડો આવે તેમ. સ્ત્રી૦ ક્રોધમાં ઝટલઈને સ્નેહ તોડવો તે; ચડભડ.
તડાકો, પુ૦ વધારી વધારીને મોટે સાદે વાત કરવી તે. ૨ જુઠી વાત; ગપાટો; ગપાટો. તડાકા મારવા—હાંકવા. ભરડા પોરના તડાકા. તડાકીદાસ—સી વાંસ પાણી કે ત્યાં બુંદ ન ઉડવી હોય તેવી બનવી ચલાવનાર. ૩ લાભ; પેદાશ (તેને આજકાલ ખુબ તડાકો પડે છે).
તડાતડી, સ્ત્રી૦ સામાસામી બોલચાલ; કજિયો.
[illegible] અ૦ ઝટઝટ; એકદમ; ઉપરાઉપરી. [વગેરે.
તડાતુમ, અ૦ અતિશે ભરેલું—ઠાંસેલું. પેટ, ગુમડું
તડિત, સ્ત્રી૦ [સં૦] વિદ્યુત; વિજળી.
તડુકવું, ક્રિ૦ અ૦ ક્રોધમાં મોટો બરાડો પાડવો. તે મારા સામું તડુકીને બોલ્યો; સિંહ તડુક્યો.
તડુકો, પુ૦ એકદમ મોડમાં કાડેલો અવાજ.
તડોતડ, અ૦ તડાતડ.
તડોવડ, વિ૦ સમોવડ; સરખેસરખા.
તડોવું, તરછાવું. [તાવે છે; વણ; ૩.
તણ, વિ૦ એક એક ને એક એટલી સંખ્યા ખ-
તણખલું-ખું, ન૦ [તૃણ] ધૂળમાં પડી રખાયેલો ઘાસનો કકડો; ઘાસની સળી.
તણખિયો-છિયો, પુ૦ ચાલતાં એકપગ જરા ખેંચાતો—અચકાતો હોય તે બળદ. [તે.
તણખો, પુ૦ દેવતાના જથામાંથી ઉડતી જે ચિણગારી
તણછ, સ્ત્રી૦ એક જાતનું ચિકણું લાકડું. ગાડાંના ગાટા, પૈડિયા, કાપડ બનેછે.
તણાવું, ક્રિ૦ અ૦ (બળદ જોરનો) પગ વાયુના રોગથી ખેંચાઈ જવો.
તણાવું, ક્રિ૦ અ૦ વેતાં પાણીમાં ધસડાઈ—ખેંચાવું. ૨ નસ—રગોનું ખેંચાવું—તણતણ થવું. ૩ ઘણો ખરચ કરી દુઃખમાં આવવું.
તણું, (કવિતામાં) ષષ્ઠીનો પ્રત્યય—તેનાથું એટલે તેનું.
તણ્ટો, ટણ્ટો.
તણ્ણું, તરણું.
તતકાળ, તત્કાળ.
તતક્ષણ, તત્ક્ષણ.
તતખેવ, અ૦ તુરત; તેજ વખત (કવિતામાં).
તતડવું, ક્રિ૦ અ૦ ધાન્ય તલ વગેરેના કણ સેકાવાથી તડતડ અવાજ થવો. ૨ સળગતાં લાકડાં કોયલામાંથી તડતડ અવાજ નિકળવો. ૩ દરદપર ચોંપડેલા લેપના સુકાવાથી ચામડી ખેંચાવી.
તતડાવવું, ક્રિ૦ સ૦ તતડે તેમ કરવું. ૨ ખેંચીને બાંધવું (ગાંસડી વગેરે). ૩ જોરથી બોલીને ધમકી દેવી. [બહુ તતડિયા ઉડેછે.
તતડિયું, ન૦ એક જાતનું બાળવાનું લાકડું જેમાંથી
તતડિયો, તનખો.
તતુડી, તતુડું.
તતુડું, ન૦ એક તરેહનું નાનું રણશિંગડું. [ડતોબ.
તત્કાળ, અ૦ [સં૦] તેજ વખત; તેજ ઘડિયે; તાબ-
તત્ક્ષણ, અ૦ [સં૦] તેજપળે—ક્ષણે.

તત્પર, અ૦ [સં૦] તૈયાર; સજ. ૨ આતુર.
તત્પુરૂષ, પુ૦ [સં૦] એ નામનો સમાસ (વ્યાકરણમાં).
તત્ર, અ૦ [સં૦] ત્યાં; તે ઠેકાણે. [૨ તે પ્રરૂપ.
તત્રાપિ, તથાપિ.
તત્વ, ન૦ [સં૦] કેવળ સત્ય; માયા નહિં તે; મૂળ અસ્તિત્વ. ૨ પ્રથમ ઉત્પન્ન થયલી જે પાંચ મુખ્ય વસ્તુ, સૃષ્ટિના બન્ધારણમાં આવે છે તે એકેક—પૃથ્વિ, પાણી, તેજ, વાયુ, ને આકાશ; જે પચ્ચીસ મુખ્ય વસ્તુ તેમાંની એકેક—પઞ્ચ મહાભૂત, પઞ્ચ કર્મેન્દ્રિય, પઞ્ચ જ્ઞાનેન્દ્રિય, પઞ્ચ તન્માત્રા, અન્તઃકરણ ચતુષ્ટય ને માયા. ૩ મૂળ; મુખ્ય સાર. [કારણ શાસ્ત્ર; ફિલસુફી.
તત્વજ્ઞાન, ન૦ [સં૦] તત્વ સમ્બન્ધી શાસ્ત્ર—જ્ઞાન; કાર્યે
તત્વજ્ઞાની, વિ૦ તત્વજ્ઞાન—શાસ્ત્ર જાણનારો; તત્વદર્શી; ફિલસુફ. [છે એવો થાય છે.
તત્વમસિ, [સં૦] એ યજુર્વેદનું મહાવાક્ય છે—તત્, ત્વમ્, અસિ, એટલે તે (પરમાત્મા), તું (આત્મા),
તથા, અ૦ [સં૦] તે પ્રમાણે. યથાનુ ઉલટું. ૨ એ ઉભયાન્વયી શબ્દ, વાક્યમાં બે શબ્દને જોડેછે; અને; ને. તમે તથા તે બન્ને જણ આવજો. સ્ત્રી૦ વિસ્તાર; સમ્બાણ. હવે તું તથા કરવી મુકીદે.
તથાપિ, અ૦ [સં૦] તોપણ; તોયે; તે છતાં એ.
તથાસ્તુ, અ૦ [સં૦ તથા; અસ્તુ] તેમ થાઓ—એ શબ્દ શુભ ઇચ્છવામાં બોલાય છે.
તથી, તિથિ. [વધારે.
તદઉપરાન્ત, અ૦ [સં૦ તદુપરિ] તે ઊપર બીજું—
તદન, અ૦ બીલકુલ; તમામ; પુરેપુરૂં.
તદબીર, સ્ત્રી૦ [આ૦] યુક્તિ; તજવીજ; વેતરૂ.
તદા, અ૦ [સં૦] ત્યારે. [આકારનું.
તદાકાર, વિ૦ [સં૦] તેના સરખું; એક સરખા
તદ્રૂપ, વિ૦ [સં૦] એક સરખા રૂપનું; તદાકાર.
તન, ન૦ [સં૦ તનુ—નૂ] શરીર; દેહ; વપુ.
તનક, વિ૦ [હિં૦] થોડું; નાનું [સં૦ તનુ].
તનખ, સ્ત્રી૦ પાકતાં ગોડગુમડમાં જે સગન થઇ લાગ્યાં કરે તે; સળકો. તનખ મારવી—નાખવી. ૨ બૈમ બજારમાં એક જાતની ખોડ હોયછે તે.
તનખો, પુ૦ બળતા કોયલાની ચિણગી.
તનદુરસ્ત, વિ૦ નિરોગી; આરોગ્ય; શરીર સુખાકારી હોય તેવું. [સુખાકારી; કરાર.
તનદુરસ્તી, સ્ત્રી૦ [ફા૦] નિરોગીપણું; આરોગ્યતા;
તનમનિયાં, ન૦ એક જાતનું સુન્દર ફુલ એમાંના રંગ થાયછે—એ તરેહ તરેહના રંગનું થાયછે; તરવેડો. ૨ સ્ત્રીનું પેટનું ઘરેણું; કીડીયાસેર.
તનય, પુ૦ [સં૦] દિકરો; પુત્ર. તનયા—દિકરી; પુત્રી.
તનિયો, પુ૦ વાઘો; જામું; અંગરખી (કવિતામાં). "ગાળી તનિયા ટોપી લઇને ગોપ ગોરસ ને ધૃત" (રેવાશંકર).
તનુ-નૂ, ન૦ [સં૦] શરીર.
તનુજ, પુ૦ [સં૦] દિકરો. તનુજા—દિકરી.
તનોડો, પુ૦ આંખે કાનની બાજાંયે ફેરવાનુ એક જાતનું ઘરેણું. [થનાનુ તે. ૩ એકસરખું.
તન્ત, વિ૦ અત્યન્ત; અતિશય. ૨ આગમ નિગમ,
તન્તર, તન્ત્ર. [તેની સાથે સમ્ભોગ કરવો.
તન્તવું, ક્રિ૦ સ૦ છેતરવું. ૨ કોઇ સ્ત્રીને છેતરીને
તન્તુ, પુ૦ [સં૦] દોરો; તાંતણો. ૨ સાણો ને બાંધો કીડો. ૩ સોણી નેસ—સ્થાન તન્તુ.
તન્ત્ર, ન૦ [સં૦] મન્ત્ર શાસ્ત્રનો એક ભાગ જેમાં દેવદેવીની ઉપાસના સમ્બન્ધી શિક્ષા આપી હોયછે તે. ૨ હસ્તક્રિયા—ઓષધીની મેળવણીથી એકાદો ચમત્કાર કરી દેખાડવો તે; દોરા—ધાગા જેવા જે એવા તે. ૩ વિસ્તારવાળું કામ. ૪ ખટલો.
તન્મય, વિ૦ [સં૦] તેમાં (વસ્તુ—કાર્ય—ઇશ્વરમાં) સમાઇ ગયલું હોય તેવું; તદ્રૂપ; તલ્લીન; ગરક.
તન્માત્ર, ન૦ [સં૦] પૃથ્વિ, ઉદક, તેજ, વાયુ ને આકાશ એ એકેકા મહા ભૂતનું એકેકું સૂક્ષ્મરૂપ જે ગન્ધ, રસ, રૂપ, સ્પર્શ, શબ્દ તે. અ૦ તેજ માત્ર. [તે; તાવ.
તપ, ન૦ [સં૦] મનની ઇચ્છા પુરી પડે માટે દેવ દેવિનો પ્રસાદ મેળવવાને જે દેહકષ્ટ કરવું તે. ૨ તપથકી જે સામર્થ્ય તે; તપોબળ. ૩ શરીર પાકવું
તપખીર, સ્ત્રી૦ જાગૃતિ આણવા સારૂ નાકમાં, તમાકુના જે બારીક ભુકો સુંઘી લેવામાં આવેછે, તે; છિકણી; સુંઘણી. તપખીર સુંઘવી ફેરવાયછે. ૨ ચકરકન્દ—શીંગોડાંનો લોટ.
તપખિરિયા, વિ૦ તપખીરના રંગનું.
તપત, પુ૦ તાવ; જ્વર. [રસી થવું.
તપવું, ક્રિ૦ અ૦ ગરમ—ઊનુ થવું. ૨ ખીજવાવું; વાટ જોયાં કરવી; ખોટી થવું; તપ્યાં કરવું. ૩ ગુ-
તપશ્ચર્યા, સ્ત્રી૦ [સં૦] તપ કરવું તે; તપનું આચરણ તે.
તપસીલ, સ્ત્રી૦ [આ૦] એકેકી ચીજ જુદી જુદી કરીને જુદું બોલી બતાવવું તે; વિગત; તપસીલવાર

—જેમાં દરેક બાબતનું બયાન હોય તેવું; વિગતવાર.

તપસ્વી, વિ૦ [સં૦] જે નિરન્તર તપ કર્યાં કરે તે; જોગી.

તપાવવું, ક્રિ૦ સ૦ અગ્નિમાં બાળયોગ ગરમ કરવું. ૨ ગુસ્સો ચડાવવો. ૩ રા—વાટ જોવડાવવી; [ખોટી કરવું.

તપાસ, સ્ત્રી૦ [આ૦] કોઈ બાબતનાં તેનાં ખરાં ખોટાંપણાં સમ્બન્ધી જે ખોળ કરવી તે; પૂછપાછ; ચોકસી; તજવીજ; તલાસ.

તપાસણી, સ્ત્રી૦ તપાસવાનું જે કામ તે.

તપાસવું, ક્રિ૦ સ૦ ખરૂંખોટું ખોળવું—જોવું; ચોકસી—પૂછપાછ કરવી.

તપેલી, સ્ત્રી૦ નાનું તપેલું.

તપેલું, ન૦ રાંધવાનું તાંબા પિત્તળનું વાસણ—હાંમ.

તપેસરી-સ્વરી, તપસ્વી.

તપોધન, પુ૦ ગુજરાતી લોકમાં એક જાત છે—એ, મહાદેવ—જૈનનાં દેરાંમાં સારસુધ કરવાનું અને ગાડી હાંકવાનું કામ કરેછે. (સંસ્કૃતમાં એ શબ્દ જોગી, તપસ્વીને બચાડવામાં આવેછે—તપજ છે ધન જેનું તે).

તપોબળ, ન૦ [સં૦] તપથકી મેળવેલું જે સામર્થ્ય તે.

તપોવન, ન૦ [સં૦] તપ કરવાનું વન—ક્ષેત્ર.

તપ્ત, વિ૦ ધા૦ [સં૦] તપેલું; ઊનું—ગરમ થયલું. ૨ ક્રોધમાં ભરાયલું.

તફડવું, તરફડવું. [રેને લાગુપડેછે.

તફડફ, અ૦ ગમે ત્યાંનું ગમેત્યાં; અવ્યવસ્થિત હોય તેમ; આડેવાટે થઈ ગયલું. ૨ નાશ થયો હોય તેવું. તફરકે થવું—ગુમ થવું; ન માલમ પડવું. તફરકે કરવું—ગૂમ કરવું; ઉડાવવું. દસ્તાવેજ વગે

તફાવત, પુ૦ [આ૦] જગા અથવા વખતની વચમાં જે છેટું તે; અન્તર. ૨ બરોબર—સરખું નહિ પણ ઓછું વધતું હોવું તે; ફેર. ૩ ભૂલ; ચૂક. ૪ રોગનો જોસ ઓછો હોવો તે; ફેર.

તબક, સ્ત્રી૦ [આ૦] સુનાં રૂપાં પિત્તળ કોપરના રાસની થાળી અથવા ભરતી કોરની થાળી અથવા નકશીદાર જે થાળી તે—પાનસોપારી મેવા વગેરેને સારૂ. ન૦ ગોળ કન્દોરાવાળો કુંચો ને ગપેરો (કિલ્લા વગેરેનો) જે ભાગ તે—કિલ્લાનું [illegible] તબક ઉતારી નાખ્યુંછે. ૨ મોટી હવેલીનો [illegible] ભાગ; માળ.

[illegible], સ્ત્રી૦ નાની તબક.

[illegible], ક્રિ૦ સ૦ [illegible] લોખંડ વગેરેને પાણીમાં નાખી ખૂબ ઉકાળા આવે તેમ કરવું. પૈસ તૈયાર કરવી.

તબલચી, પુ૦ તબલાં—નરધાં વગાડનાર.

તબલાં, ન૦ ગાનારની સાથે વગાડવાનો સાજ—એમાં બે વાનાં હોય છે તેમાં એક, જેને કણેક લગાડવામાં આવેછે તે (ગાયું) અને બીજું જેને સાહી લગાડેલી હોયછે તે નરઘું.

તબિયત, સ્ત્રી૦ [આ૦] તનદુરસ્તી સમ્બન્ધી હાલત. ૨ જેહના સમ્બન્ધી હમેશની હાલત; મિજાજ; સ્વભાવ. ૩ જેહના સમ્બન્ધી કોઈ એકાદા વખતે જે હાલત તે—હમણાં તે કામમાં મારી તબિયત લાગે તેમ નથી. [તું (માણસ).

તબિયતી, વિ૦ ઘડિ ઘડિયે જેની તબિયત ફરે તે.

તબીબ, પુ૦ [આ૦] વૈદ; હકીમ.

તબેલો, પુ૦ [આ૦] ઘોડા બળદ બાંધવાની તથા ગાડી રાખવાની જે જગા તે. ૨ ઓરડા વગરનું પાટખુંધ વગરનું મોટું ઘર.

તમ, ન૦ [સં૦] અન્ધારૂં; અન્ધકાર. ૨ તમોગુણ.

તમણ, તમેસ.

તમણું, વિ૦ ત્રણ ગણું.

તમતમું, વિ૦ તીખું. તીખું તમતમું કેવાય છે.

તમર, તિમર.

તમરિયાં, ન૦ એક જાતના બાજરીનાં ભાકરાં.

તમરૂં, ન૦ રાતે ઝીણાઝીણા અવાજથી બોલતું એક જાતનું જીવડું—એ શબ્દ તમરાં રૂપે અનેક વચનમાં વિશેષે વપરાયછે.

તમા, સ્ત્રી૦ [આ૦] દરકાર; પરવા; ગરજ.

તમાકુ, તમ્બાકુ.

તમાચો, પુ૦ ચપટા હાથનો ગાલ ઉપર જે માર તે.

તમામ, અ૦ [આ૦] પૂરૂં; અશેષ; બિલકુલ; આખું.

તમાલ, ન૦ [સં૦] એક જાતનું ઝાડ. એની છાલ તે તજ ને પાંતરાં તે તમાલપત્ર કેવાયછે.

તમાશ-બીન, વિ૦ તમાશો જોનાર અથવા તમાશો કરી બતાવનાર.

તમાશો-સો, પુ૦ [ફા૦] વેશ આણવા, પૂતળાં નચાવવાં, દોરડાં ઉપર ચડવું, હાથ ચાલાકી કરવી વગેરે જે ખેલ—રમત તે. ૨ જ્યાં જે કંઈ જોઈને ઘણા જણને ખુશ થવાનું હોય ત્યાં તે તમાશો કેવાય છે. ૩ ઘણા જણ હસી કાડે—હસીને હલકું ગણે તેવું જે કોઈનું કંઈ કામ તે. [તે.

તમંચું, સ્ત્રી૦ ભાંય ભોંયીને બનાવેલો જે મોટો ચૂલો

તમોગુણ, પુ૦ [સં૦] માયાના ત્રણ ગુણમાંનો ત્રીજો; સંહાર શક્તિનો ગુણ; અન્ધકારનો ગુણ. ૨ ક્રોધ; આકળો સ્વભાવ.

તમ્બાકુ, પુ૦ સ્ત્રી૦ એક જાતનો છોડવો—એનાં પાંતરાં બીડી, ચલમમાં ફુંકવામાં અને ચૂરણ રૂપે સુંઘવામાં આવેછે—એ ઓસડમાં પણ કામ આવેછે. 'તેજાનામાં તમ્બાકુ ને વરણાગીમાં વાળ'.

તમ્બુ, પુ૦ [હિં૦] એક દાંડાને આધારે ઉપલું કનાત અથવા દોટીનું જે ઘર તે—તમ્બુ તાણવો—મારવો કેવાયછે.

તમ્બુરી, સ્ત્રી૦ એકતારો. ૨ નાનો તમ્બુરો.

તમ્બુરો, પુ૦ [આ૦] તુમડાંને લાકડાંનો દાંડો સાંધેલો અને તેના ઉપર ત્રણ જોડાંના ને એક પિત્તળનો એવા ચાર તાર હોય એવું જે વાજું તે.

તમ્બોળ, પુ૦ [સં૦ તામ્બૂલ] ખાવાનાં પાન. ૨ ચાવેલાં પાન સોપારીનો જે રસ તે—તમ્બોળ છાંટયો કેવાયછે (લગનમાં વર વહુ એક બીજાંના પાનેતર ઉપર પાનની પીચકારી મારેછે તે). તમ્બોળિયો સાપ-પાનના વેલાપર થતો સુતરના તાંતણા જેવો પાનની વચલી નસને વળગેલો એક જીવડો. ૨ ગળાંની અન્દર થતો એક જાતનો રોગ. એથી ગળું પાકી જાય છે. ૩ લગન જનોઈ વગેરેમાં રસ્તાદેવ ઉઠેછે તે દાડે માડ—માતાખુંદનારી સ્ત્રીઓને ખાંડેક પતાસાં પૈસા વગેરે વેંચવામાં આવેછે તે. તમ્બોળ વેંચવો અથવા બાંધવો કેવાયછે.

તમ્બોળી, પુ૦ ખાવાનાં પાન વેચનારો.

તમ્મર, ન૦ [સં૦ તિમિર] રોગ અથવા નબળાઈ અથવા ઘણી વાર એક ઠેકાણે કામમાં રોકાયાથી આંખે જે અન્ધારાં આવે તે. તમ્મર આવવાં કેવાયછે. ૨ માથું ફરવું તે; ચક્કર આવવાં તે; ફેર.—તમ્મર ખાઈને પડયો.

તયાર, તૈયાર.

તર, સ્ત્રી૦ ઘોડા બળદ વગેરે ચડે ને રે તેવી ઘોળા ઘાસની ટોડી. ૨ દરિયાની નાની ખાડી. ૩ દૂધ દહીં પર ઠરીઆવી ઠરેલી જે મોળી પોપડી તે. વિ૦ ભિનાસ—રસથી ભરેલું. ૨ ધરાઈ ગયલું. ૩ નિચા પાણીના પૂરી અસરમાં આવી ગયલું. ૪ પૈસાદાર; તાલેવન. તે પૈસે તર છે. ૫ સરસ; તાજું; અકલ વાળું (મગજ).

તરક, તર્ક.

તરકટ, ન૦ ઠગવા ફસાવવાની મતલબથી બોલવામાં અથવા કામ કરવામાં જે ખોટી બનાવટ કરવી તે; દગો; કાવતરું; લુચ્ચાઈ. ૨ તરકટવાળું (કામ). તરકટિયો—તરકટ કરનારો.

તરકટી, વિ૦ તરકટ કરનાર.

તરકડિયો, પુ૦ ભવાઈમાં જે મશ્કરાનો વેશ તે; જુકણ; નાટકનો વિદુષક.

તરકડું-ડો, ન૦ પુ૦ છેક જ હલકી કિસમનો મુસલમાન સિપાઈ. જે ખોલે બહુ પણ કરે નહિ કંઈ તે.

તરકવું, ક્રિ૦ અ૦ તર્ક કરવો; અટકળ કરવી.

તરકસ, ન૦ [ફા૦] તીરનું ભાથું.

તરકારી, સ્ત્રી૦ શાકભાજી.

તરકીબ, સ્ત્રી૦ જુકતી; વ્યવસ્થા; ગોઠવણ.

તરખલું, ન૦ તણખલું. [બખુર્ક.

તરંગ, પુ૦ [સં૦] દરિયાની છોળ; મોજાં; ઘોડો. ૨ ઘોડાની કૂદ. ૩ મનના બુદ્બુદા; ખ્યાલ; કલ્પના;

તરંગિણી, સ્ત્રી૦ [સં૦] નદી.

તરછોડવું, ક્રિ૦ સ૦ જોરથી છોડી દૂર કરવું. ૨ ધિક્કારવું; તુચ્છકારવું; અપમાન કરવું. તરછોડી નાખવું પણ કેવાય છે.

તરજુમો, પુ૦ [આ૦] એક ભાષામાંના ઉતારાને બીજી ભાષામાં મુકયો હોય તે; ભાષાન્તર; ઉથલો.

તરડ, તડ.

તરડાવું, ક્રિ૦ અ૦ તડ આવવી. ૨ તરડાઈને બોલવું એટલે ગુસ્સામાં આવી તાણીને બોલવું.

તરણ, વિ૦ ત્રણ; તણ; ૩.

તરણ, ન૦ [સં૦] જેથી તરી જવાય તે.

તરણિ, પુ૦ [સં૦] સૂરજ.

તરણું, તૃણ.

તરત, અ૦ તેજ વખત; જલદીથી.

તરતવ, ન૦ [સં૦ તારતમ્ય] સાર; મુખ્ય અર્થ.

તરતીબ, વિ૦ [આ૦] રૂડી વ્યવસ્થાથી તૈયાર કરેલું; સરસ.

તરતું, વિ૦ (લાક્ષણિક) સારી હાલતમાં હોય તેવું. ઘર તરતું રાખવું. આજ કાલ તે તરતો છે.

તરપત, તૃપ્ત.

તરપણું, વિ૦ કુમળું; પાતળું.

તરફ, સ્ત્રી૦ [આ૦] બાજુ; પક્ષ. તેણે તેની તરફ ખેંચ્યા છે. અ૦ બાજુએ; પક્ષે; ભણી; મેર.

તરફડવું, ક્રિ૦ અ૦ દુઃખથી આણીમેર તેણીમેર ગોથાં ખાવાં; આકળ વિકળ પણામાં શરીરને પછાડવું. ૨ કોઈ મુશ્કેલ કામ પાર પાડવામાં ફાંફાં મારવાં.

તરફૂણ, સ્ત્રી૰ ખેતરમાં દાણા વાવતી વખતે જે ઓ-
જાર વાપરવામાં આવેછે તે.

તરફદાર, વિ૰ તરફ ખેંચનાર.

તરફદારી, સ્ત્રી૰ બક્ષુ; વરતું; રાખરખાવટ.

તરફાળ, સ્ત્રી૰ ત્રણ ફાળ વાળો પીછોડી.

તરફી, વિ૰ તરફ-ખેંચનારું—એક તરફી હુકમનામું.

તરફેણ-ન, સ્ત્રી૰ તરફ; બાજુ; પક્ષ. તરફેણ વા-
ળા—તરફ—પક્ષ ખેંચનારા; વાદી પ્રતિવાદી.

તરબિયત, વિ૰ [અા૰] કેળવણી આપી તૈયાર ક-
તરબુચ-જ, ન૰ [પ્રા૰] તડબુચ. [રેલું તેવું.

તરભાણી, સ્ત્રી૰ નાનું તરભાણું.

તરભાણું, ન૰ દેવને નવડાવવાનું, તર્પણ કરવાનું
રૂપાં તાંબાનું જે નાની થાળી જેવું વાસણ તે.

તરમતર, અ૰ રસ—પાણીથી ભરપૂર. જમીન ત-
રમતરા થઈછે. ૨ ફુટવાની તૈયારીપર આવેલું

તરવર, ન૰ [સં૰ તરુવર] મોટું ઝાડ. [—ઝુમકું.

તરવાઈ, પુ૰ તાડ—ખજુરી છેદનારો.

તરવાયો, પુ૰ જે ઉપર ઉભા રહી અનાજ ઉપણાય
(વાદેવાય) તે ત્રણ પાયાનું લાકડું. ૨ ત્રિપાઈયો.

તરવાર, સ્ત્રી૰ [સં૰ તરવારિ] કમરે લટકતું બાં-
ધવાનું ને હાથે મારવાનું હથિયાર; શમશેર. ત-
રવારને ચામડાનું ઘર—મ્યાન અને તેને પકડ-
વાની મૂઠ હોય છે. જારે તેને મ્યાનમાંથી બાર
કાડી હોયછે ત્યારે તે નાગી તરવાર કેવાયછે.
તરવારની ધાર પર રેવું એટલે ઘણીજ સંભાળથી.

તરવારિયો, પુ૰ સેજમાં ઝપલઈ તરવાર વાપરે
તે. ૨ તરવારથી લડનારો.

તરવાવું, ક્રિ૰ અ૰ ગાય ભેંસને કાચો ગરભ પડ-
વો. તરવેજવું એ ક્રિયેયે વપરાય છે.

તરવું, ક્રિ૰ અ૰ [સં૰ તરણ. તૃ—ઓળંગવું—ના-
વું—તરવું] પાણીની ઉપર રેવું—વાંણ તરેછે. ૨
હાથ પગ હલાવી પાણીની ઉપર રેવું. માણસ નં-
દીમાં તરેછે. ૩ પાણી ભરાઈ આવેથી ચળકવું.
તેની આંખ તરેછે તાવ આવશે. ૪ ઉપર નિકળી
આવવું—કાંટો તરી આવ્યો છે. ૫ નીચી નઠારી
હાલતમાંથી ઉંચી સારી હાલતમાં આવવું—તે
આજ કાલ તરીઆવ્યોછે. ૬ મુક્તિ થવી; મોક્ષ પામ-
વો. ક્રિ૰ સ૰ (તરીજવું) ઓળંગવું; પાર કરવું.
(નદી, સાગર, સંસાર. સાગર).

તરસ, ન૰ [સં૰ તરક્ષ] એક જાતનું વાઘના જેવું
ખાતરી વિકરાળ પશુ.

તરસ, સ્ત્રી૰ [સં૰ તૃષા] પાણી પીવાની ઇચ્છા થવી
તે; પ્યા—તરસ લાગવી,—છીપવી, મટવી. ૨ કો-
ઈ પણ વાતની અતિસે ઇચ્છા; આતુરતા.

તરસવું, ક્રિ૰ અ૰ આતુર રેવું. ૨ વેર લેવાને ટાં-
તરસાડ, સ્ત્રી૰ તાડનાં પાતરાં; ઝાવલી. [પી રેવું.

તરસ્યું, વિ૰ જેને તરસ લાગી—થઈ હોય તે(મા-
ણસ). લોહીનો તરસ્યો એટલે લોહી પીવાને આતુર.

તરાંક-રાક, સ્ત્રી૰ સુતર કાંતવાના રેંટીયાની લોડાં-
ની અણીદાર સળી જે ઉપર સુતર વિંટાયાં ક-
રેછે તે. તરાંક થઈ ગઈ એટલે તે વાંકીવળી ગઈ.

તરાજવું, ન૰ ત્રાજવું.

તરાપ, સ્ત્રી૰ ઝડપ; તજપ; ઝડપઈ હાથ નાખવો તે.

તરાપો, પુ૰ બે હોડીને દોરડાંથી સાથે બાંધીને તરે-
તી કરી હોય તે. ૨ વાંસ અથવા લાકડાંને દો-
રડાંથી સાથે સીકડી બનાવેલો પાણી પર તરાવ-
વાનો જે ઘાટ તે. ૩ ખટલો; સંસાર. તરાપો ડુ-
બ્યો એટલે સંસાર ધૂળધાણી થઈ ગયો. [ખવવું

તરાવવું, ક્રિ૰ સ૰ તરે તેમ કરવું. ૨ તરતાં શિ-
તરિયા, પુ૰ ચોખાની અન્દર કાંગના જેવા ચળ-
કતા કાઢી નાખાયાના જે દાણા તે; બહિટયા.
એનું એકવચન તરિયો પણ વ્યવહારમાં અને-
કવચનમાંજ વપરાય છે. ૨ તરુ—"તાપીને તેડે
તરિયા વાગ્યા રન્નાદેવ" વિ૰ ત્રણપ્રકારનાં—
તરિયાં તોરણ બાંધિયાં—આસોપાલવ, આંબાના
પાતરાનું, નાળિયેરનું ને એક કપડાનું બનાવેલું
શોભાને માટે.

તરિયો, પુ૰ ત્રીજે દાડે આવતો તાવ; એકાં તરિયો.
તરિયો મુકયો કેવાયછે.

તરી, સ્ત્રી૰ [સં૰] તર. ખુશકીનો રસ્તો ને તરીનો
રસ્તો. તરી પાર કરવું—નદી ખાડીમાંથી તરીને
અથવા હોડીમાં બેસીને સામે પાર જવું. ૨ ગુનેહ-
ગારને વાણમાં બેસાડી બીજે દેશ મોકલી દેવો.

તરુ, પુ૰ [સં૰] વૃક્ષ; ઝાડ; રુખ. ન૰ ભાત ત-
મ્બાકુ વેંગણીમરચી વગેરેના જે છોડવા તે.—ત-
રુ રોપવાં.

તરુણ, વિ૰ [સં૰] જુવાન; જુવાની આવેલું.

તરુણી, સ્ત્રી૰ [સં૰] જુવાનીમાં આવેલી સ્ત્રી.

તરેલું, ન૰ ચાર બળદ જોડતી વખત જે બેવડું પો-
સરું આગળ બળદને નાખવું પડેછે તે. તરેલાં તા-
ણવાં એટલે વળીતરું કર્યાં કરવું.

તરેહ, સ્ત્રી૰ [અા૰] ભાત; જાત. ૨ રીત; પ્રકાર.

તરેહવાર—તરેહ તરેહનું; ભાત ભાતનું; વિચિત્ર.

તરોઈજવું, તરવાવું—ઈ જવું. ઢોરને કસુવાવડ થવી.

તરોવડ, સ્ત્રી૦ ત્રેવડ; ખુલાસો. "સમજુ વાણી અડધી ઓચરે, તેની તરોવડ શું પંડિત કરે" (અખો).

તર્ક, પુ૦ [સં૦] ઈન્દ્રીયવડે થયલાં જ્ઞાન ઉપર જે મનશક્તિ કામે લાગી નવું રૂપ—નવી મૂર્તિ ઉપજાવી શકેછે તે; ધારણા. ૨ જે કંઈ. મનમાં નવું કલ્પેલું—ઘડેલું તે અથવા પ્રથમ જ્ઞાનને જે રૂડું આપ્યો હોય તે. ૩ લક્ષણ—ચિન્હ ઉપરથી જે કંઈ નવી વાત સુઝવી તે—મેહ જવા આવ્યો ને વરસાદના ચિન્હ જણાતાં નથી. ૪ બુદ્ધિની પોંચ—તે કામમાં મારો તર્ક ચાલતો નથી. ૫ એક વાત વિષે મનમાં કંઈ સુઝે પણ તે ખરૂં—નક્કી છે એમ ન કેવાય તે; અટકળ. ૬ કેટલીક અનુભવ સિદ્ધ એવી વાતો ઉપરથી બીજી નવી વાતોને વિષે નક્કી કરવાની જે વિદ્યા તે; કાર્ય ઉપરથી કારણ ને કારણ ઉપરથી કાર્ય નક્કી કરવાનું શાસ્ત્ર; તર્કશાસ્ત્ર.

તર્કબાજ, વિ૦ [સં૦ પ્રા૦] અટકળ—કલ્પના કરવામાં હોશિયાર. [શાસ્ત્ર.

તર્કશાસ્ત્ર, ન૦ [સં૦] તર્ક (છઠ્ઠા અર્થમાં); ન્યાય-

તર્કી, વિ૦ તર્ક કરવામાં ચતુર.

તર્જની, સ્ત્રી૦ [સં૦] અઙ્ગુઠાની પાસેની આંગળી.

તર્ત, અ૦ [હિં૦] તેજ વખત; જલદીથી.

તર્પણ, ન૦ [સં૦] પિતૃઓને પાણી પાઈ સન્તોષ પમાડવાનું જે કર્મ તે.

તર્પવું, ક્રિ૦ સ૦ તૃપ્ત કરવું; સન્તોષવું. [પલું.

તર્પિત, વિ૦ ધા૦ [સં૦] સન્તોષ પામેલું; પ્રસન્ન થ-

તલ, પુ૦ [સં૦ તિલ] એક જાતનું ધાન્ય અથવા તેનો છોડવો—એ કાળા ધોળા ને રાતા હોય છે; એનું તેલ થાયછે. ૨ શરીરની ચામડી ઉપર કહીં કહીં તલને આકારે ને કાળે અથવા લાલ રઙ્ગે જનમથી જે ચિન્હ હોય છે તે. ચાંદું—લાખું. ૩ ઓછામાં ઓછું માપ. તલ જેટલીપણ જગા ન મળે. તલમાત્ર—તલ જેટલું. તલપૂર—ભર.

તલ, ન૦ [સં૦] તળિયું. એ શબ્દ બીજા શબ્દ સાથે જોડાય છે ત્યારે સપાટી એવો અર્થ થાય છે. ભૂતલ—પૃથ્વિની સપાટી, કરતલ-હથેલી. [ટ જોજે.

તલક, અ૦ સુધી; લગી. હું આવું ત્યાં તલક તું વા-

તલપ, સ્ત્રી૦ ઝડપ; ઉતાવળથી લેવાને પડવું તે—કુતરાએ રોટલાપર તલપ મારી; ઝબકું; ધેકડો. ૨ તલફુ—બ.

તલપવું, ક્રિ૦ અ૦ આતુરતાથી ટમટમવું—તરફડવું.

તલપાપડ, વિ૦ આકળું; ગભરાયલું; અધીરું; અતીસેં આતુર. જીવ તલપાપડ થઈ ગયો. તલપાપડ સેકાય છે તારે જેમ ઝડપથી ઉડેછે ને ફુટેછે તેવા જોસ વાળું. [લબ વગેરે.

તલફુ-બ, સ્ત્રી૦ [આ૦] ઈચ્છા; ઈચ્છાથી જે ગભરામણ તે. તપખીરની તલબ, કેફ કરવાની ત-

તલવટ, પુ૦ તલ ખાંડી માંહે ગોળ નાખી બનાવેલો ખાવાનો પદાર્થ.

તલવાર, તરવાર.

તલસરાં, ન૦ તલ ખંખેરી લીધેલા તલના છોડવા.

તલાક, સ્ત્રી૦ [આ૦] પરણેલાં સ્ત્રી પુરૂષે માંહોમાંહ્યની સમજુતીથી એકમેકનો સમ્બન્ધ હમેશને માટે છોડી દેવો તે; છૂટો ફાડી આપવો તે. તલાકનામું—જે દસ્તાવેજ ઉપર તલાકનું લખાણ થાય તે.

તલાતલ, ન૦ [સં૦] સાત પાતાળમાંનું ચોથું.

તલાશ-સ, સ્ત્રી૦ [ફા૦] તપાસ; તજવીજ; શોધ.

તલ્લાક, (તલાક) એ શબ્દ ગાળમાં અથવા હલકા સોગન ખાવામાં વપરાયછે. જણીપર તલ્લાક.

તલ્લીન, વિ૦ [સં૦] કોઈ કામ—વિચારમાં મન છેકજ ગુંથાઈ ગયું હોય તેવું; ગરક થયલું.

તવ, વિ૦ [સં૦] તારૂં. અ૦ ત્યારે (કવિતામાં).

તવંગર, વિ૦ [ફા૦] પૈસાદાર; ધનવાન; શ્રીમન્ત; તાલેવાન.

તવરવું, ક્રિ૦ અ૦ સળીગયલાં અનાજમાં પડેલાં કિડાં ઈયળ વગેરેનું ઉપર તરીઆવવું.

તવાઈ, સ્ત્રી૦ ધાડ; ભીડ. ૨ કમબખ્તી; આફત.

તવારિખ, સ્ત્રી૦ [આ૦] ઈતિહાસ; રાજાઓની કારકીર્દિની હકીકત.

તવાવું, ક્રિ૦ અ૦ ધાતુનું અગ્નિમાં શુદ્ધ થવું. ૨ રોગથી નબળા થવું; સુકેજવું. ૩ રિબાવું; પિલાવું. તવાઈજવું.

તવી, સ્ત્રી૦ નાનો તવો. [થિયાર.

તવેથો, પુ૦ રસોઈમાં કામ લાગતું લાકડા સહિયાનું ને એક પાસ જાડાં પાનાવાળું લોઢાનું હ-

તવો, પુ૦ જે લોઢાનાં ઠામ ઉપર રોટલી રોટલા સેકવામાં આવેછે તે; મોટી લોઢી. ૨ ચલમમાં મુકવાની ગોળ ચપટી ઠિકરી. પ્રથમ ગણેશ, પછી તવો, પછી દેવતા.

તસકો, પુ૦ [તિરસ્કાર] તુચ્છકાર; ઝાંસો; ઠોક; ઠપકો.
તસતસતું, વિ૦ આંગને બચડાતું; તંગ; ટાઈટ—તસતસતી કાંચળી.
તસતસવું, ક્રિ૦ અ૦ આંગ બચડાવું; તંગ પડવું. ૨ ફાટફાટ થવું—ગુમડાંએ.
તસર, સ્ત્રી૦ છાંટ; રેખ. આંખમાં લોહીની લાલ તસર છે. તુસર પડવી.
તસવીર, સ્ત્રી૦ [આ૦] છબી; ચિત્ર.
તસું, અ૦ તેવું. જસું ને તસું (કવિતામાં).
તસુ, પુ૦ ગજનો ચોવિસમો ભાગ; એ આંગળનું માપ; 'ભરે સો ગજ પણ તસુ ન ફાડે'.
તસ્કર, પુ૦ ચોર; ચોટ્ટો.
તસ્કરવું, ક્રિ૦ સ૦ ચોરવું.
તસ્માત્, અ૦ [સં૦] તેટલા માટે; તે કારણથી.
તહ, પુ૦ [પ્રા૦] સલાહનો કોલ કરાર; લડાઈ થોડીવાર બન્ધ રેવી તે.
તહકૂબ, અ૦ [આ૦] થોડીવાર બન્ધ હોય તેવી હાલતમાં (કામ).
તહરે, તરેહ.
તળગટ, પુ૦ જે બેરના બાડાં લાકડાંપરથી ઈમારતના પાયા ચણાય છે તે. [દેશનું.
તળબદું, વિ૦ જ્યાં જે વસ્તુ ઉત્પન્ન થતી હોય ત્યાંની તે વસ્તુને એ શબ્દ લગાડવામાં આવેછે; મૂળ
તળવું, ક્રિ૦ સ૦ સૂકે સુકી ગરમ કરી કકડાવેલાં તેલ ઘીમાં અનાજ બગાણાને પરિપક્વ કરવાં.
તળાઈ, સ્ત્રી૦ ગોદડાં કરતાં વધારે રૂથી ભરેલું સુવાનું બીછાનું.
તળાટી, પુ૦ ગામનાં વસુલનો ને તે સમ્બન્ધી થતા ખરચનો હિસાબ રાખનાર સરકાર તરફથી નિમાયલો નોકર.
તળાટું, ન૦ તળાટીનું જે કામ તે.
તળાતળ, તલાતલ.
તળાવ, ન૦ [સં૦ તડાગ] વરસાદનું પાણી ભર્યું રેતું હોય તે ખાડો. તળાવ બાંધ્યા વગરનું અથવા ચારમેર બાંધેલું હોયછે.
તળાવડી, ન૦ નાનું તળાવ. [રણ તળાવળા.
તળાસવું, ક્રિ૦ સ૦ ખાંમીખીમ ચાંપવું—ડાબવું. ચ-
તળિયાટું, ન૦ તળેનો ભાગ; તળિયું. ૨ અંદરખાનેથી અરપર. ગાંઠે ગરથ, પ્રમણી બહુ તળિયાટું દાટું.
તળિયું, ન૦ કોઈ ચીજનો અથવા ઠેકાણાંનો છેક નીચેનો જે ભાગ તે. ૨ પગથું.
તળી, સ્ત્રી૦ જોડાની અન્દર બેસતાં આવતાં ચામડાંનો છૂટો કકડો જે ઉપર પગ રેછે તે; સુખતળી.
તળે, અ૦ નીચે; તળિયે.
તળેટી, સ્ત્રી૦ ડુંગરના નીચલા ભાગની જગા.
તાં, અ૦ તે ઠેકાણે; તે જગોએ; ત્યાં.
તાંત, સ્ત્રી૦ ૧ પિંજવાની પિંજણીએ બાંધવાની જે ચામડાંની દોરી તે. ૨ (સારંગીની). ૩ (રેંટિયાની).
તાંતણો, પુ૦ સુતર વગેરેનો તાર.
તાંદળજો-જિયો, પુ૦ એક જાતની ભાજી. છોડાં ઉ-રાડી ધોયાપછી જે કણ રે તે.
તાંદળા, પુ૦ કાંસ ખાવટા કોદરા વગેરેમાંથી નિ-કળતી ચીજ તે. ૨ બાડેલાં મરીના કકડા. [વાસણ.
તાંબડ, ન૦ દેવપૂજન—તર્પણ કરવાનું એક તરેનું
તાંબડી, સ્ત્રી૦ તાંબા પિત્તળ કલેનું શેરથી તે અધમણ સુધીનું માપ તેવું પોળાં પેટાંનું વાસણ.
તાંબડો, પુ૦ પાણી દુધ ભરવાનું તાંબા પિત્તળનું મોટું વાસણ.
તાંબાકુંડી, સ્ત્રી૦ કડાં વીનું તાંબાનું પોળાંમોનું વાસણ; એક તરેહની કુંડી—એમાં પાણુંકરીને નાવાનું પાણી ઘાલવામાં આવેછે.
તાંબાનાણું, ન૦ તાંબાનો સિક્કો; પૈસો.
તાંબાવાડકો-બિયો, પુ૦ તાંબાનો વાડકો.
તાંબું, ન૦ [સં૦ તામ્ર] આછા રાતાં રંગનો ને કંઈક પિળાસ વાળો ધાતુ—એનાં વાસણો બનેછે, ને એનાં પતરાં વાણોને તળિયે જડવામાં આવેછે.
તાંસળું-તાંસિયું, ન૦ નાનો તાંસિયો.
તાંસિયો, પુ૦ કાંસાંનો મોટો વાડકો.
તાંહાં, તાં.
તા, [સં૦] એ પ્રત્યય સંસ્કૃત વિશેષણની પછવાડે પણાના અર્થમાં મુકવામાં આવેછે—મિષ્ટતા, યોગ્યતા, કુલીનતા આદિલઈ. પુ૦ [હિં૦] કાગળના એક માપાનો ચોવિસમો ભાગ; તાવ; તાઈ. ૨ ભરકી.
તાઉ, વિ૦ ગરમ—આકરા મિજાજનું.
તાઉસ, ન૦ એક છેડે મોરનો આકાર હોય તેવું એક તરેહનું તારનું વાજું.
તાક, તાકડો.
તાકવું, ક્રિ૦ સ૦ એકાદી વસ્તુ ઉપર એકી નજરે જોયાં કરવું. ૨ નિશાન બાંધવું—મારવું. ૩ અમુક બાબતને અર્થે તે તરફ પૂર્ણ લક્ષ રાખ્યાં કરવો.
તાકડી, સ્ત્રી૦ તરાંક. ૨ જેના ઉપર સુતર ઊન વગેરે સિંદાળાયછે તે; પરચીઓ.

તાકડો, પુ૦ તક; અન્ધિ; ઠાંકણું; ટાણું. ૨ સુતર વગેરેનો જે દોરો તે.

તાકત-કાત, સ્રી૦ [આ૦] શક્તિ; જોર; મગદૂર.

તાકીદ, સ્રી૦ [ફા૦] ઉતાવળ; જલદી; ત્વરા. ૨ તરત કરવાની જરૂરિયાત—આગ્રા.

તાકું, ન૦ ભીતમાં બારણા વનાનો મોટો ગોખલો.—ખાનાં પણ હોય.

તાકો, પુ૦ કાપ્યા વનાનું લાંબું એક સરખું જે લુગડું તે; થાન—તાકો ૪૦ વારનો, ૨૪ વારનો એમ હોયછે.

તાગું, ન૦ દેણદાર નાણાં પાછાં ન આપતો હોય તો તેને ત્યાં જઈને લાંઘણ કરી બેસી રેવું તે; વાયદો કરે તે કબુલ ન કરતાં આપે તોજ ઉઠવું એમ નક્કી કરી તેને ત્યાં બેઠી રેવું તે. ૨ તોફાન; ઢોંગ; ફીતુર (લાક્ષણિક). [કરી પડેછે તે.

તાછ, સ્રી૦ પથ્થર દુરસ્ત કરતાં સગાટોથી જે કાં-

તાછખાનું, ન૦ ઝાડે જવાનું બાંધેલું ઠેકાણું; મળડાગ.

તાજ, પુ૦ [ફા૦] રાજાનો માથાનો મુગટ. ૨ ગંજીફામાં જે પાનામાં તાજ હોય તે પાના—રંગ.

તાજખાનું, તાછખાનું.

તાજગી, સ્રી૦ [ફા૦] તનદુરસ્તી; આરોગ્યતા; ક્ષેમકુશળ. [દણાં છુંદાવવાં.

તાજવું, ત્રાજવું. ૨ ધુંદણું. તાજવાં ટોવાવવાં—છું-

તાજાકલમ, સ્રી૦ [ફા૦] એક લખાણ બન્ધ કર્યા પછી ઉમેરણમાં—વધારામાં જે બિજું નવું લખેલું તે—કાગળ પત્તરમાં.

તાજીમ, સ્રી૦ [આ૦] માન; વિવેક; અદબ.

તાજું, વિ૦ [ફા૦] નવું; તરતનું. ૨ લીલું; વાસી ન હોય તેવું. ૩ પૈસાથી ભરેલું—તર. ૪ લોહી માંસથી ભરેલું. [નવલ.

તાજુબ, ન૦ [આ૦] અચરતી; અચરજ; નવાઈ;

તાજેકલમ, તાજાકલમ.

તાજેતર, વિ૦ હાલનું; નવું.

તાટ, ન૦ મગનું કાંઈ જેનાં ઉથળા ગુણ બનેછે તે. વિ૦ ત્રાંસું; એમનું આવતું; અરડાતું; બિચોબિચ.

તાટી, તટ્ટી.

તાડું, ન૦ ઉભા વાંસપર આડા વાંસ અથવા કામડાં સરડી લઈ બનાવેલું જે બેસવાનું તે—બાબણો નદિઓવારે તાડાં માડી બેસેછે.

તાડ, ન૦ [સં૦ તાલ] એક જાતનું સીધું ને ઘણુંજ ઉંચું ઝાડ—એને વચમાંથી ડાળાં ફુટેલાં નથી હોતાં ને છેક ટોચપર પાતળાં ડાળીઓ, ફૂલ ને નાળિયેરથી નાનાં ફળ હોયછે. એના ફળમાંથી જે કોપરું નિકળેછે તે ગલેલી કેવાયછે. અસલના વખતમાં ને હમણાં પણ તૈલંગ કરનાટક દેશમાં તાડપત્ર—તાડનાં પાતરાં લખવાના કાગળને ઠેકાણે વપરાતાં ને વપરાયછે—ખિલવતી અક્ષરો કોતરાયછે—ને એવાં તાડપત્રનાં મોટાં પુસ્તકો હોયછે. એમાંથી ઝરતા રસને તાડી કેછે.

તાડ, દાડ. [માર માર્યો તે.

તાડન, ન૦ [સં૦] સોટી વગેરેથી શિક્ષા કરવી તે;

તાડી, સ્રી૦ તાડ, નાળિએરી, ખજુરીની ડાળીઓ છેદવાથી મુંપથી ઝરી નિકળેલો જે રસ તે—અથવા એ રસનો જે દારૂ બનાવેલો આવેછે તે.

તાઠી, ગભોડી.

તાણ, સ્રી૦ શરીરના સાંધાઓનું ખેંચાવું તે. તાણ થવી—ચાલવી—આવવી. ૨ તંગી; અછત.—તાણ પડવી. ૩ પાણીનું ઘણુંજ જોરથી વેવું તે. નદીમાં તાણ છે. ૪ આગ્રહ; ખેંચ; ખેંચપકડ; હઠ. તાણ પકડવી.

તાણવું, ક્રિ૦ સ૦ [સં૦ તનુ—લાંબું કરવું] જોરથી ખેંચવું. ૨ પક્ષ કરવો; તરફેન કરવી. તે તેનું તાણેછે. તાણી કાડવું—લેવું—બેસવું. તાણી કાડેલું (લાક્ષણિક અર્થમાં) ઘણુંજ પાતળું (છોકરું—માણસ).

તાણાતાણ, સ્રી૦ ખેંચાખેંચ.

તાણિયો, પુ૦ તારને બસેં પાંચસેં ગજસુધી વધારનારો. એનો ધન્ધો હોય છે. [છે; ઘડ.

તાણું, વિ૦ સોમાં સાત ઓછા એટલી સઙ્ખ્યા બનાવે-

તાણો, પુ૦ વણવાના સાજાર જે દોરા લાંબા રાખવામાં આવેછે તે. એના ઉપર જે આડા આવેછે તે વાણો કેવાયછે. ૨ મોસું.

તાણ્ડવ, ન૦ [સં૦] જેમાં અઙ્ગ ઘણુંજ વાળવું પડે તેવા હાવભાવ દરસાવતું નાચવું તે; શિવનું નૃત્ય. (તણ્ડુ નામના મુનિયે પ્રથમ કાડેલું માટે).

તાત, પુ૦ [સં૦] બાપ; પિતા.

તાતા, અ૦ બે હાથની બે હથેલી એકબીજાપર એક પડવાથી થતો જે શબ્દ તે—ને બાળકની હથેલીઓ એક ઉપર એક નખાવી શબ્દ કરાવી રમાડવામાં આવેછે તે વખત એ શબ્દ બોલવામાં આવેછે. ૨ પુ૦ રોટલી (બાળકને માટે શબ્દ). ૩ નાચવાના તાલ શિખવાના શબ્દમાંનો એક—તાથૈયા, એમ કેવાયછે.

તાવું, વિ૦ ગરમ; ઊનું; તપેલું. ૨ આકળા સ્વભાવનું; ગરમ મિજાજનું.

તાત્કાળ, અ૦ તત્કાળ; તેજ વખતે. [નિસાર.

તાત્પર્ય, ન૦ [સં૦] ભાવાર્થ; મુખ્ય હેતુ—ધારણા; સાર. ૨ ફકરાંમાં બતાવેલી જે નસીહત તે; ની-

તાન, સ્ત્રી૦ [સં૦] રાગ ગાવામાં જે પલટા કરવા તે; રાગ ગાવાની એક તરેહ. તાન લેવી—કરવી—ઉડાવવી—મારવી. ૨ ધુન્દ; ચેહ; કોઈપણ કામ કરવામાં દિલ લાગી રેહવું તે. તાન લાગવી. ૩ મસ્તી; તોફાન. તાનમાં આવવું.

તાનો, પુ૦ ક્રોધ; તામસ.

તાન્બૂળ, પુ૦ [તમ્બૂલ] એખા.

તાપ, પુ૦ સૂર્યની જે ગરમી તે; ઊનો પ્રકાશ. બહુ તાપ પડેછે. ૨ અગ્નિનો ભડકો—ચુલામાં તાપ કર. ૩ અગ્નિની ગરમી; આંચ. ૪ શરીર ગરમ થઈ આવે તેવો રોગ; તાવ. ૫ જોરસાનો ઉકળાટ; ગભરાટ—વિજોગનો તાપ આદિલઈ. ૬ પ્રતાપ; દોર; હાક; ડર; કરખ.

તાપડિયાં, ન૦ ઉનાળામાં ગરમીથી થતાં ગુમડાં. વિ૦ લાબ્બાં જાડાં ને ચોખાની છાલ વાળાં કેળાં.

તાપણી, સ્ત્રી૦ ઘાસ, સરોડાં, કરાંઠી બાળી જે બળતું કરવામાં આવેછે તે. ૨ દેવતાવાળો સગડી.

તાપણું, ન૦ તાપણી. [તાપ લેવો.

તાપવું, ક્રિ૦ અ૦ અગ્નિ—દેવતા આગળ બેસી

તાપસ, પુ૦ [સં૦] તપસ્વી; જોગી. [૨ ઘણો તાપ.

તાપોડો, પુ૦ ઉનાળામાં ગરમીથી જે શેળસા થાયછે તે.

તાપોડિયાં, ન૦ ઉનાળામાં ગરમીથી જે શેળસા થાયછે

તાબડતોબ, અ૦ તરતજ; જલદીથી; પળમાં. [તે.

તાબૂત, ન૦ [આ૦] મુસલમાનના પેગમ્બર મહમદની છોકરીના છોકરાં હુસન ને હુસેન એ બે લડાઈમાં કપાઈ ગયા હતા તેની યાદગીરીમાં મોહોરમ મહિનામાં જે તરેહ તરેહના ઘાટ લાકડાંની પટ્ટી અથવા કામડીના ચાપોના બનાવી તેને રઙ્ગદાર કાગળો ચોંટાડી શોભીતા કરી તેની આગળ ધૂપ કરી શોકના ગીતથી તેમનો મહિમા ગાયછે તે; તાજિયો. ૨ લબડ્ય—ન હાલે ન બોલે તેવું પુતળાં જેવું માણસ.

તાબે, અ૦ [આ૦] કોઈનાં કબજામાં હોય તેવી રીતે; વશ; હુકમમાં—ગરૂ; સત્તા તળે.

તાબેદાર, વિ૦ તાબે રેહ્યા તેવું (માણસ). કોઈના હુકમમાં—આધારે રેહનાર; ઉતરતા દરજ્જાનું (માણસ). ૨ આશ્રિત; સેવક; નોકર. ૩ દમેલ.

તાબેદારી, સ્ત્રી૦ તાબેદારનો જે ઉતરતો દરજ્જો તે; તેની જે હાલત તે; કોઈની સત્તા તળે કામ કરવું તે. ૨ આશ્રિતપણું; સેવાધરમ.

તાબો, પુ૦ કબજો; હવાલો; ઈખ્તિયાર. મોટાં શેહેરના અધિકારીની તેને લગતાં ગામ ગામડાંપર જે સત્તા તે.

તામડી, સ્ત્રી૦ તાંબડી.

તામડો, તાંબડો.

તામસ, પુ૦ [સં૦] ક્રોધ; ગુસ્સો. ૨ ગરમ મિજાજ.

તામસી, વિ૦ ક્રોધી; ચિડિયો. ૨ ગરમ મિજાજી.

તામ્બૂલ, ન૦ [સં૦] એક જાતના વેલાના પાંદડાં જે ચૂના કાથા સાથે ચાવવામાં આવેછે તે; પાન.

તામ્ર, [સં૦] તાંબું.

તામ્રપત્ર, પુ૦ [સં૦] તાંબાનું પતરું જેના ઉપર વર્ષાસન, ઈનામ, જાગીરના લેખ કોતર્યા હોય તે.

તાયફો, પુ૦ ગાનાર બજાવનારનું મણ્ડળ; પણ એ શબ્દ રામજણી અને તેના સાજન્દાને લગાડવામાં આવેછે. ૨ ગાનારીઓની જોડ.

તાર, પુ૦ [પ્રા૦] ધાતુને ઘડીને લામ્બો ને પાતળો કરેલો એવો જે તેનો આકાર તે; ધાતુના વાળા. ૨ રૂ કાંતીને અથવા હાથે જે લામ્બો ને પાતળો આકાર કરેલો તે; તાંતણો. ૩ જર કસબ રેશમ વગેરેનો તાંતણો; દોરો. ૪ ખાંડની ચાસણી તપાસતી વખત જે તેનો ચિકણો પાતળો ભાગ દોરા જેવો દેખાયછે તે. ૪ કોઈપણ ચિકણી વસ્તુનો લામ્બો ને ઝીણો ભાગ તે—કરોળિયાના તાર. ૫ કેફ કરવાથી તેની જે અસર થતી તે; રઙ્ગ; ખુમારી; લે—તાર આવ્યો કેવાય છે. ૬ વિજળીના યોગે જે મિશ્ર ધાતુની મારફતે એક ઠેકાણેથી બીજે ઠેકાણે સન્દેશો જાયછે તે. ૭ પ્રવાહી ડામર રાળ જેવો એક પદાર્થ.

તારક, વિ૦ [સં૦] રક્ષણ કરનાર. ૨ પાપથી છોડવનાર; મુક્તિ આપનાર.

તારણ, ન૦ [સં૦] રક્ષણ; છુટકારો; મુક્તિ. ૨ જેણે જેને નાણે વેપાર કરવો હોય તેણે તેને આગળથી જે થોડું નાણું અથવા માલ અનામત રાખવા આપેલ તે.

તારતમ્ય, ન૦ [સં૦] ઓછું વધતું; ફેર; તફાવત. ૨ ભાવાર્થ; સાર; ટુકો.

તારપછી, અ૦ તે વખત ગયા પછી.

તારવવું, ક્રિ૦ સ૦ જેમ ઉધારનો આંકડો ખાતાંબન્ધ નક્કી કરવો. ૨ ડબાઈ ગયલી વસ્તુને ઊંચી આણવી—જમીનને તારવવી. ૩ બીણી કાડવું.

તારવું, ક્રિ૦ સ૦ જ્ઞાનબોધથી ભવબન્ધનથી મુક્ત કરવું; પાપથી છુટું કરવું. ૨ સંકટમાંથી કાડવું; પડી ગયલી હાલતમાંથી ઊંચે આણવું—તે દેવાળ-૨ હતો પણ તેના મિત્રે તેને તાર્યો. ૩ પિતૃઓની મુક્તિ થાય તેમ કરવું.

તારાજ, વિ૦ [ફા૦] ખરાબેહાલ; પાયમાલ.

તારાટપકી, ટપકી. ૨ રૂપેરી—સોનેરી તારા.

તારીખ, સ્ત્રી૦ [આ૦] અઙ્ગ્રેજ—મુસલમાનની રીત મુજબ ગણાતા મહિનાનો એકેકો દાડો. હિન્દુની તિથિ, પારસીના રોજ અને અઙ્ગ્રેજી ને મુસલમાની મહિનાની તારીખ.

તારીજ, સ્ત્રી૦ જેમ ઉધારનો હિસાબ તારવી કાડી ટુંકામાં બતાવેલા જે આંકડા તે.

તારીફ, સ્ત્રી૦ [આ૦] વખાણ; સ્તુતિ; કીર્તિ. ૨ ખ્યાતી.

તારુણી, સ્ત્રી૦ [સં૦] જુવાન બૈરી.

તારુણ્ય, ન૦ [સં૦] જોબન; જુવાની.

તારે, અ૦ તે વખતે; ત્યારે.

તારો, પુ૦ આકાશમાં રાતે અને વાદળાં ન હોય ત્યારે જે ચમકતા ઝીણા ઝીણા પદાર્થો અહીં તહીં પસરેલા દેખાયછે તેમાંનો એકેક. બે ત્રણ તારાનો ઝુમખો તે નક્ષત્ર. ૨ ગ્રહ—બૃહસ્પતિનો તારો. ૩ તારાના જેવું આંખમાં તેજાળ જે નાનું ટપકું તે; કીકી.—નેનનો તારો. ૪ હોશિયાર તરનારો—તરાવનારો, તરતાં ન આવડતું હોય તેને ખેંચી કાંઠે લઈ જનારો.

તાલ, પુ૦ [સં૦] રાગ ગાવામાં સૂરની ગરણી માત્રાને અન્તરે સ્વરને જે જોર આપવામાં આવેછે તે; અવાજનું માપ—આદિતાલ, એકો, બિલન્દી, સુરફાક, ત્રિતાલ, ચોતાલ વગેરે તાલના નામ પ્રસિદ્ધ છે. તાલ આપવો—રાખવો. એ શબ્દ સ્ત્રીલિઙ્ગે પણ વપરાયછે. ૨ કંઈ પણ કામમાં મજા આપે તેવી જુકતી હોવી તે અથવા સારી જુકતીથી જે મજા પડવી તે; રમૂજ; ભેજત. તાલ પડવો—આવવો. ૩ ધૂલાસ—ગમ્મતમાં મૂછના વાળ ઊંચા ચડાવવા તે. મૂછે તાલ [તાવ] દેવો. સ્ત્રી૦ માથાનું તાળવું જે ઉપરથી નિમાળા એનીમેળે જતા રહ્યા હોય તે. માથે તાલ પડીછે. ૨ માથામાં તાલ રાખવાની જે કાંસા જોડ તે. ૩ તાલમેલ. તું તાલ કરેછે પણ ચાલવાનું નથી.

તાલકી, સ્ત્રી૦ બાળક છોકરાંઓને માથે ઘાલવા ની બેસતી ટોપી.

તાલકું, ન૦ માથાનો વચમાંનો ભાગ; તાળવું. ૨ ટોપીનો ઉપરનો ભાગ જે માથાપર બેસતો આવતો હોય તે.

તાલમેલ, પુ૦-સ્ત્રી૦ અનિયમિત જુક્તિથી રચેલો ઠાઠ; ખોટી જુક્તિ. ૨ બાનું; નિમિત્ત.

તાલવ્ય, વિ૦ [સં૦] તાળવાં સમ્બન્ધી —ઇ, ચ છ જ ઝ, ય, શ એ તાલવ્ય—તાલુસ્થાનના કેવાયછે.

તાલાવેલી, સ્ત્રી૦ જીવ તલપાપડ થવો તે; ચટપટી. ૨ ગભરાટ; ઉદ્વેગ.

તાલુ, પુ૦ [સં૦] મોઢું ઉઘાડ્યા પછી તેમાં જે તેનો ઉપલો ભાગ તે.

તાલુકદાર, પુ૦ ગામ પરગણાંનો વહિવટ ચલાવનારો સરકારી કારભારી. ૨ ગામનો મુખી—રાજા.

તાલુકો, પુ૦ [આ૦] સરકારી ગોઠવણથી ઠેરવેલા દેશ—પ્રાંતના જે મોટા મોટા ભાગ તેમાંનો એકેક—હાલમાં ઇલાકો, જીલ્લો, પરગણું એવાં નામ છે. ૨ સમ્બન્ધ.

તાલે, ન૦ [આ૦] નસીબ; પારબ્ધ.

તાલેમ, સ્ત્રી૦ [પ્રા૦ તાલીમ] શરીરને વાળવાને કસરત કરવી તે. ૨ કસરત કરવાનું અંગ વાળવાનું ઠેકાણું; તાલિમખાનું; અખાડો. ૩ ગુરુપાસે શિખવું—અભ્યાસ કરવો તે. તેણે સારા ગવૈયા પાસે તાલેમ લીધીછે. તાલેમબાજ—ઘણી તરેહની કસરત જાણનારો. ૨ જબરો.

તાલેવન્ત, વિ૦ પૈસાદાર; તવંગર; શ્રીમન્ત. ૨ નસીબદાર; ભાગ્યશાળી.

તાલેવર-વાન, તાલેવન્ત.

તાવ, પુ૦ રોગથી શરીર ધીખી આવવું તે; જ્વર—એ ઘણી જાતના હોયછે—દાડિયો, એકાંતરિયો, ચોથિયો વગેરે. તાવ આવવો—ભરાવો—ચડવો. ૨ તપાવવું તે. એક તાવ (તાપ) દીધોછે (લુહાર લોકમાં). ફ્રા૦ કાગળનો આખો પોળો જે છુટો કકડો તે; એવા ૨૪ કકડાઓનો એક ઘાપો કેવાયછે. ૨ મૂછના વાળનો વાંક—આંકડો. ૩ વાળના મરોડને સમારવા તે; નીચા વળેલા વાળને ઊંચા કરવા તે.

તાવડી, સ્ત્રી૦ રોટલી કરવાનો નાનો તવો. ૨ ભરણી ઠારવાનું—પાલવાનું, માલપૂડા કરવાનું લોઢાનું ગોળ ચપટું વાસણ.

તાવડો, પુ૦ મોટી તાવડી—(બાજરી શેકવાની). ૨ સેરડીનો રસ ઉકાળવાના જે કઢા તે; જલેબી વગેરે તળવાનો છાછર પેણો. [કરવું તે.

તાવણી, સ્ત્રી૦ માગણ—ઘી જોઈયે તેવું ગરમ

તાવરખું, વિ૦ તામસી; આકળા સ્વભાવનું.

તાવરસું, નવી ખેડાયલી જમીનનું પ્રથમ વર્ષ.

તાવવું, ક્રિ૦ સ૦ ધાતુના ઘાટ ઘડવાને ધાતુને અગ્નિમાં તપાવવો. ૨ કોઈ વસ્તુના અંગમાંથી નઠારી વસ્તુ જુદી કાઢવાને તે વસ્તુને ઘણી ગરમ કરવી—માખણ ઘીવેલ તાવવું.

તાવી, સ્ત્રી૦ રોટલી કરવા ચુલે મુકવાનું લોઢાનું જે ઠામ તે; લોડી.

તાવીજ, ન૦ [આ૦] રોગ, ભૂતપીડા, પિતૃપિડા, કોઈનું કરેલું જાદૂ દુર કરવાસારૂ જે મન્ત્ર લખેલાં અથવા જન્ત્ર પાડેલાં એવાં ભોજપત્ર, કાગળ, ચિથરાં સાથે અથવા માદળિયાંમાં ડોકે હાથે અથવા પગે બાંધવામાં આવેછે તે.

તાસ, પુ૦ [આ૦] કલાક; અડી ઘડી. ૨ સમજ; ઘર. "અખા તેજ દીસે આતમા, જો નાવે રસના તાસમાં". ૩ એક જાતનું કપડું; તાસતો. સ૦ તેને. [ગોળ થાળો તે.

તાસક, સ્ત્રી૦ ધાતુના પતરાંની જે ન્હાની છાછરી

તાસકી, સ્ત્રી૦ નાની તાસક; તબકડી.

તાસતો, પુ૦ [આ૦] એક જાતનું રેશમી કપડું. ૨ એક જાતનું સુતરાઉ કપડું.

તાસીર, સ્ત્રી૦ [આ૦] છાપ; પ્રતિબિમ્બ; તરેહ; સિક્કા. 'તુકમે તાસીર ને સોબતે અસર' એમ કેવાયછે. ૨ રસ ઉપજે—સ્વાદ લાગે તેવી જુક્તી; તદબીર; રસોઈ વગેરેના તાસીર.

તાસું, ન૦ મરોડાંની અથવા તાંબાની કુંડી ઉપર ચામડું મુડી બનાવેલું જે વાજિત્ર તે.

તાળ, તાલ.

તાળવું, ન૦ મોડાની અન્દરનો જે ઉપલો ભાગ તે. ૨ માથાં ઉપરનો વચલો ભાગ; ખોપરી.

તાળી, સ્ત્રી૦ (તાલ) એક હાથ ઉપર બીજો હાથ મારવો તે—મરબાની તાળી, હા—કબુલાત—પ્રસન્નતાની તાળી. ૨ બે હાથ સાથે જોરમાં ચપટા જોડવા તે—પ્રભુ તાળી પાડેછે તે એવી રીતે. ૩ ચમન; મેહ; રકૈં. તાળો લાગી, તાળી પડવી એનો લાક્ષણિક અર્થ ફજેતી થવી. તાળી પડાવવી—ફજેતી કરાવવી.

તાળું, ન૦ [સં૦ તાલક] બારણાં પેટી વગેરે ન ઉઘડે તેનેસારૂ લોડાં પિત્તળનો જે ઘાટ નકુચામાં ભેરવી રાખવામાં આવેછે તે. એમાં કળ હોયછે જે કુંચીવડે આમતેમ ફરેછે. તાળું દેવું—મારવું—ઉઘડવું. ૨ શરમથી અથવા ડપકાની ધાસ્તીથી અથવા ધપલી ફજેતીથી મોડું બન્ધ થવું. બૈરાંને મોડે તાળું છે. હવે તેને મોડે તાળું દેવાયુંછે વગેરે.

તાળુ, ન૦ તાલુ; તાળવું.

તાળો, પુ૦ હિસાબ ખરોછે કે ખોટોછે એ જાણવાને જે જુક્તિ—પ્રમાણ—આપીયે તે. ૨ મેળ; દાખલો મળવો તે.

તાળોટા, પુ૦ મોટી ને અવાજ કરતી ને ઉપરા ઉપરી પડતી જે તાળી (૨ જા અર્થમાં) તે. [બી ચિઠ્ઠી.

તિકટ-કિટ, સ્ત્રી૦ [અ૦] રજાચિઠ્ઠી. ૨ ડાકના કાગળપર ચોંટાડવાની સરકારી છાપની નાની સર-

તિક્કડ, પુ૦ જાડો રોટલો; બાખરો. [તીખું.

તિખટ, સ્ત્રી૦ તીખી વસ્તુ—મરી મરચાં વગેરે. વિ૦

તિખલ, ન૦ મજાક ઠઠ્ઠાનું તોફાન; ધાંધલ; ગરબડ.

તિખલી-લ્લી, વિ૦ મજાક ઠઠ્ઠા કરનાર; ધાંધલ—ગરબડ મચાવનાર. [તીખું હોય તે.

તિખાસ, સ્ત્રી૦ [સં૦ તિક્તાંશ] તીખાપણું; થોડું

તિજોરર, પુ૦ [અ૦] જેના હવાલામાં નાણાં રેતાં હોય તે અધિકારી; કોઠીદાર; જામદાર; ભણ્ડારી.

તિજોરી, સ્ત્રી૦ [અ૦] નાણાં રાખવાની જગા; ભણ્ડાર; જામદારખાનું. [કરવાદિયું.

તિતાલિયું, વિ૦ ઉછાંછરું; સાડીત્રણ પાંસળી; છો-

તિતિક્ષા, સ્ત્રી૦ [સં૦] ધીરજ; સબુરી.

તિથિ, સ્ત્રી૦ મહિનાનાં અકેકાં પખવાડિયાંનો જે અકેકો દિવસ તે—પડવો, બીજ, ત્રીજ વગેરે.

તિમિંગલ, પુ૦ [સં૦] મગર.

તિમિર, ન૦ [સં૦] અન્ધારું.

તિરકસ-સિયું, ન૦ અજવાળાને સારૂ ભીતમાં જે બાકું રાખી તેની વચમાં આડા પડદા રાખેછે તે; નાનું જાળિયું. ૨ ગોળનો એકાદો ભાગ—વાંક. વિ૦ વાંકું.

તિરછું, વિ૦ વાંકું; આડું; કતરાતું.

તિરન્દાજ, પુ૦ તીર મારવામાં જે કુશળ તે.

તિરપાઇ, સ્ત્રી૦ ત્રણ પાયાની બેસણી.

તિરવો, પુ૦ તીર જેટલે દુર ફેંકાતું હોય તેટલું જગાનું જે છેટું તે. [નાખવું તે.

તિરસ્કાર, પુ૦ [સં૦] ધિક્કાર; તુચ્છકાર; તછોડી

તિરહિત, ત્રાહિત.
તિલ, પુ૦ તલ.
તિલક, ન૦ [સં૦] ધર્મપન્થ દેખાડવાને અથવા શોભાને સારુ કપાળે જે ચિન્હ કરવામાં આવેછે તે.
તિલાણો, પુ૦ જેમાં ત, લ, ન, મ, દ, ર, એવા કુમળા ને રણકો કરતા અક્ષર વારે વારે આવ્યાં કરે તેવું ગાયન. [કાંઈ ઓર.
તિસમારખાં, વિ૦ જાહેલ; ગરમ મિજાજનું. ૨ ખતી, એ શબ્દ તેના અપભ્રંશ રૂપે વપરાયછે. તી દાડે.
તીકમ, પુ૦ ત્રિવિક્રમ. ૨ બે તરફથી ખોદાય તેવી કોદાળી.
તીક્ષ્ણ, વિ૦ [સં૦] તરત લાગી જાય તેવું; તીખું.—(બાણ). ૨ તરત સમજી જાય તેવી બુદ્ધિ—ઈન્દ્રીનું. ૩ છેદવાની શક્તિ વિશેષ હોય તેવું (હથિયાર) ૪ ચપળ; ચાલાક.
તીખાં, ન૦ મરી.
તીખું, વિ૦ [સં૦ તિક્ત] જીભને જાણે ઝીણા કાંટા જરા જરા ખુંચતા હોય એવું સખત લાગતું, એક જાતનો સ્વાદ બતાવે છે. તીખુંતમતમું, તીખું આગ એમ કેવાયછે. ૨ [તીક્ષ્ણ] ગરમ મીજાજનું; ચપળ; તેજી. તીખો ઘોડો.
તીજ, સ્ત્રી૦ [તૃતીયા] પખવાડિયાંનો ત્રીજો દાડો.
તીજું, વિ૦ ત્રણ એ સંખ્યાનો ક્રમ બતાવેછે; ત્રીજું.
તીડ, પુ૦ એક જાતનો લાંબા ટાંટિયાનો ને ટુંકી પાંખનો જીવડો—એ ખેતરમાંનાં અનાજને ખાઈ જાયછે.
તીણું, વિ૦ છેડે છેક પાતળી ધાર હોય તેવું.
તીતર, ન૦ [તિત્તિર] એક જાતનું પક્ષી જે નાની ચલ્લીયોનો શિકાર કરેછે.
તીતાલ, પુ૦ [ત્રિતાલ] ગાયનમાં એક જાતનો તાલ.
તીર, ન૦ [સં૦] નદીનું તટ; કાંઠો. ૨ [ફા૦] બાર—નેતરના સોટીમાં એક છેડે લોઢાનું તીણું ધારવાળું ફળું બેસાડેલું એવું જે હથિયાર કામઠીની મારફતે મારવામાં આવેછે તે—એ શબ્દ મૂળમાં પુલિંગે છે. ૩ ચાંપણ (આડું લાકડું) ની ઉપરનો જે ઉભો ટેકો તે (ઘર સીધું કરવાને).
તીરથ, તીર્થ.
તીર્થ, ન૦ [સં૦] ધર્મક્ષેત્ર; પુણ્યસ્થળ; સ્નાન કરવાથી પાપ જાય પુણ્ય લાગે એવાં જે ભાગીરથી, ગોદાવરી વગેરેના ઉદક તે. તીર્થ કરવું એમ કેવાયછે. ૨ વિષ્ણુચરણોદક. ૩ બ્રાહ્મણ, સંન્યાસી ઈત્યાદિકનું પાદોદક.
તીર્થંકર, પુ૦ [સં૦] જૈન મતમાં મનાતો જે મોટો અવતારી આચાર્ય તે—એ ચોવીસ છે.
તીર્થયાત્રા, સ્ત્રી૦ [સં૦] તીર્થ કરવાના ઉદેશે જે જાતરા તે.
તીર્થરૂપ, પુ૦ [સં૦] પિતા; બાપ. [ને ને.
તીર્થસ્વરૂપ, વિ૦ [સં૦] એ શબ્દ સમ્બન્ધે વડિલ એવાં સગાંને લગાડવામાં આવેછે—આ પુરુષ ખ-
તીવ્ર, વિ૦ [સં૦] ગરમ; આકરું. ૨ તેજી; ઉતાવળું. ૩ તીક્ષ્ણ. [છે; ૭૦.
તીસ, વિ૦ દશ ગુણ્યા ત્રણ એટલી સંખ્યા બતાવે
તું, સ૦ [સં૦ ત્વમ્] ઉમ્મરે—દરજે નાનું એવાં માણસ સાથે કોઈ બોલતું હોય તો તે પ્રસંગે બોલનાર સામાં ધણીને બોલાવતાં જે શબ્દ વાપરેછે તે; દ્વિતીયપુરુષ સર્વનામ એકવચનમાં. ૨ અપમાન વાચક શબ્દ; જેને માનમાં તમે કેવું જોઈયે તેને બદલે જે તું કેવું તે.
તુંકાર-રો, પુ૦ તું (બીજા અર્થમાં) તુંકારો કરવો.
તુંદિલું, ન૦ દૂંદિલું.
તુંતાં, અ૦ તુંકારો; તુચ્છકાર.
તુંબડી, સ્ત્રી૦ [સં૦ તુમ્બિકા] એક જાતનો વેલો. ૨ નાનું જે તુંબડું તે. ૩ એને કોરી બનાવેલું પાણી ભરવાનું જે ઠામ તે. ૪ ચોરઆમલાનું ફળ.
તુંબડું, ન૦ તુંબડીના વેલાનું ફળ.
તુઈ, સ્ત્રી૦ કિનારી; તોઈ.
તુએર, તુવર.
તુકડી, સ્ત્રી૦ લશ્કર વગેરેનો નાનો ભાગ. ૨ ટોળી.
તુકડો, પુ૦ રોટલા વગેરેનો કકડો.
તુકમ, ન૦ [ફા૦] બીજ; બીજ; ઉત્પત્તિ. ૨ વંશ; કુળ. 'તુકમે તાસીર ને સોબતે અસર.'
તુકમરિયાં, ન૦ એક જાતનાં બીયાં—ઓસડમાં કામ આવેછે.
તુક્કો, પુ૦ ટુંકી ગપ; જુઠો તડાકો. ૨ બુઠું તીર—લાગ્યું તો તીર નહિતો તુક્કો.
તુંગ, વિ૦ [સં૦] ઊંચું.
તુચ્છ, વિ૦ જેથી કંટાળીયે, જેને ધિક્કારિયે તેવું; છેક નીચી જાતનું.
તુચ્છકાર, પુ૦ તુંકારે બોલવું તે; તિરસ્કાર.
તુચ્છકારવું, ક્રિ૦ સ૦ તુચ્છ ગણવું; તુચ્છ—હલકું છે
તુજ, વિ૦ તારું, (કવિતામાં). [એમ કેવું.
તુટક, વિ૦ છુટું પડી ગયેલું. ૨ ખુટક.

તુટફાટ, સ્ત્રી૦ સમ્પ તુટવો તે; બગાડ; સ્નેહમાં વિ-ગ્રહ. ૨ તુટવું ફાટવું તે.
તુટવું, ક્રિ૦ અ૦ દોસ્તીમાં કલહ થવો. ૨ ખેંચતાણથી—ચીરો પડવાથી જુદું પડાજવું—તુટી પડવું—ભાંગી પડવું. ૩ એકદમ ઉપરથી પડવું—વરસાદ તુટી પડવો; ફોજ તુટી પડી.
તુટીચાર, સ્ત્રી૦ તુટીચાર.
તુણવું, ક્રિ૦ સ૦ ફાટેલાં ઝીણાં કપડાંને ફાટેલી જગાએ આડાઉભા દોરા ભરીલઈ બરોબર કરીમુકવું—શાલ પાઘડી વગેરેને તુણવી.
તુણ્ડ, ન૦ [સં૦] મુખ; વદન.
તુતક, ન૦ વાણમાં બહાર—કેબિન ઊપર અથવા એક છેડેથી તે બીજા છેડાલગી સળંગ જે પાટિયાં જડી લઈ જે બેસવા ચાલવાનું કર્યું હોય તે.
તુમડી, સ્ત્રી૦ તુંબડી.
તુમાન, સ્ત્રી૦ [ફા૦] લેંઘો; ઘણી મોટી ને ઢીલી સુરવાલ.
તુમાર, પુ૦ સરકાર સમ્બન્ધી જે કાગળ ઉપર અધિકારીયોમાં—અધિકારી અરજદાર એઓમાં પરસ્પર જે લખાણ એકની નીચે એક એમ ચાલ્યાં હોય તે.
તુરંગ, પુ૦ તરંગ. સ્ત્રી૦ કેદખાનું; બન્ધીખાનું.
તુરત, તરત.
તુરાઈ, સ્ત્રી૦ એક જાતનું ફૂંકી વગાડવાનું રણશિંગડાંને મળતું વાજું. ૨ સાળવીનું એક ઓજાર.
તુરાસ, સ્ત્રી૦ કંઈક તૂરો સ્વાદ.
તુરિયું, ન૦ એક જાતના વેલાનું ફળ. એનું શાક થાયછે.
તુરી, સ્ત્રી૦ સાળવીનો કાંટલો. ૨ બે છેડે અણી એવો ભાલો. પુ૦ ઘોડો.
તુરીયા, સ્ત્રી૦ [સં૦] તત્વજ્ઞાનીયોને મતે આત્માની જે ચોથી અવસ્થા તે—જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ (ગાઢનિદ્રા) ને તુરીયા; જાગૃતિમાં જે ધ્યાનાવસ્થા તે.
તુર્કી, વિ૦ તુર્કસ્તાનનું—ઘોડો વગેરે. તુર્કીચાલ—ટુંકાં ટુંકાં પણ ઊંચાં ઊંચાં પગલાંથી પાણીના રેલાની પઠે ઘોડો દોડતો હોય તે ચાલ.
તુર્ત, અ૦ તરતજ; તાબડતોબ.
તુર્યા, સ્ત્રી૦ [સં૦] તુરીયા.
તુલના, સ્ત્રી૦ [સં૦] સરખાપણું; બરોબરી. ૨ ઉપમા.
તુલા, સ્ત્રી૦ [સં૦] ત્રાજવું. ૨ સાતમી રાશિ. તાજવા શબ્દ જેવો.
તુલ્ય, વિ૦ [સં૦] સરખું; બરોબર; સમોવડ.
તુવર-વેર, સ્ત્રી૦ દ્વીદલ અનાજ—એની દાળ, ભાત સાથે ખાવામાં આવેછે.
તુષ, જાતનાં ભાવાં.

તુષાર, પુ૦ [સં૦] હિમ; કરા. ૨ ઓસ; ઝાકળ.
તુપાંપાટિયાં, તુળસીપાટિયાં.
તુષ્ટ, વિ૦ ધા૦ [સં૦] સન્તોષાયલું; પ્રસન્ન થાલું.
તુળસી, સ્ત્રી૦ [તુલસી] એક જાતનો સુગન્ધીવાળો છોડ, જેનાં પાતરાં શાલગ્રામ વિષ્ણુને ચડેછે.
તુળસીપાટિયાં, ન૦ સ્ત્રીને કોટે ઘાલવાનું એક ઘરેણું.
તુળા, તુલા.
તૂક, સ્ત્રી૦ પદ; ચરણ; કડી (કવિતામાં).
તૂટ, સ્ત્રી૦ પ્રીત તુટવી તે; મિલાપ ટળી છૂટું પડવું તે; વિગ્રહ; વિરોધ.
તૂત, ન૦ જુઠાણું; બનાવટ. ૨ ખોટો સ્મરણ કાઢી જે તોફાન મચાવેલું તે.
તૂતી, સ્ત્રી૦ એક જાતનું પક્ષી; મેના.
તૂર, સ્ત્રી૦ આકડાની દોડામાંથી જે બારીક રૂ જેવો પદાર્થ નિકળી ઉડેછે તે. ૨ તુરાઈ. ૩ ન૦ એક જાતનું વાજું (દક્ષણ લોકમાં).
તૂરું, વિ૦ [સં૦ તુવર] આંબાની ગોટલી, બાવળની છાલ વગેરેનો જે સ્વાદ તે દેખાડેછે.
તૂલ, ન૦ ઉગેલાં અનાજનાં ઝાડ તે.
તૃણ, ન૦ [સં૦] ઘાસ; ખડ. ૨ હલકો પાલો.
તૃતીય, વિ૦ [સં૦] ત્રિજું.
તૃતીયાંશ, પુ૦ [સં૦] એકનો ત્રિજો હિસ્સો.
તૃપ્ત, વિ૦ ધા૦ [સં૦] ધરાયલું; સન્તોષાયલું.
તૃપ્તિ, સ્ત્રી૦ [સં૦] ધરાયલી હાલત; સન્તોષ.
તૃષા, સ્ત્રી૦ [સં૦] તરસ.
તૃષ્ણા, સ્ત્રી૦ [સં૦] અતીચ્છા; અત્યાશા; લોભ.
તેગળ, એક ફડાનો વાળો—ઘરેણું.
તેદું, અ૦ અભિમાનના બોલને એ શબ્દ લગાડવામાં આવેછે.
તેંતાળીસ, વિ૦ ચાળીસ ને ત્રણ એટલી સઙ્ખ્યા; ૪૩.
તેંત્રીસ, વિ૦ તીસ ને ત્રણ એટલી સઙ્ખ્યા; ૩૩.
તેંસેટ, વિ૦ સાઠ ને ત્રણ; ૬૩.
તે, સ૦ બે જણ વાત કરતા હોય ને તેમાં તેઓ જે બીજા કોઈને વિષે બોલતા હોય તેને એ સર્વનામ લગાડવામાં આવેછે; તૃતીયપુરુષ સર્વનામ. આપણે તૈયાર છૈયે પણ તે હજી આવ્યો નહિ. ૨ જેનો સમ્બન્ધ બતાવનારો શબ્દ.—જે માણસ કાલે આવ્યો હતો તે કેવોછે? ૩ પ્રાણી અથવા વસ્તુને ઓળખાવનારો શબ્દ—તે ચોપડી લાવ.
તેખળાં, ન૦ એક કોઈ બીજાને કન્યા આપવી ને એ બીજાના વગની કન્યા બદલામાં લેવી તે—સાટાં તેખળાં.
તેજ, ન૦ [સં૦] પ્રકાશ; રોશની; પરાક્રમપણાનું

જ. ૨ ગરમી; ગરમ કિરણ. વિ૦ તીક્ષ્ણ; તી-
તેજસ્વી, વિ૦ [સં૦] તેજવાળું; ચળકતું. [ખું; ચપળ.
તેજાનો, પુ૦ જે વસાણાં ખાવાથી શરીરને માફક આવે તેવી ગરમી પોંચે તે—બદામ, પસ્તાં, તજ, એળચી, લવીંગ વગેરે. [ગરમ રસ તે.
તેજાબ, પુ૦ [પ્રા૦] ગન્ધક સુરોખાર વગેરેનો જે
તેજાળ, વિ૦ તેજવાળું; પ્રકાશતું. [ટ; ઝળકાટ વિ૦ તેજ.
તેજી, સ્ત્રી૦ ભાવનું આકરાંપણું; ચડતો ભાવ. ૨ ચળકા
તેજોમય, વિ૦ [સં૦] તેજથી ભરેલું; તેજરૂપ.
તેટલામાં, અ૦ (કોઇ ચાલતાં કામનો સમ્બન્ધ બતાવી) તે વખતમાં. [ર્દીયા બુતાવેછે.
તેટલું, વિ૦ સમ્બન્ધી અર્થમાં માપ—વજન.—સ-
તેટલે, અ૦ તેટલામાં. [વાવ્યા રસાદેવ".
તેડ, સ્ત્રી૦ નદીનું તીર; તટ. "તાપીના તેડે તરિયા
તેડવું, ક્રિ૦ સ૦ કોઇ જગાએ કોઇને આવવાને કેવું; બોલાવવું. ૨ નોતરું કરવું; ઈજન દેવું. ૩ ઊંચકવું; કમરે ખભે કે માથે બેસાડવું; સાથે—જોડે લેવું. [કવવું તે.
તેડું, ન૦ આવવાને કેવું તે; બોલાવવું તે. ૨ નોતરું દીવેલાને સમય ઉપર આવવાને ઠરીથી કેણ આ-
તેડું, વિ૦ વાંકું; આડું. ૨ છેલાઇમાં વાંકું.
તેણીગમ-મેર, અ૦ તે તરફ.
તેપન, વિ૦ પચાસ ને ત્રણ એટલી સંખ્યા—૫૩.
તેમ, અ૦ તેરીતે—પ્રમાણે.
તેર, વિ૦ દશ ને ત્રણ એટલી સંખ્યા; ૧૩.
તેરમું, ન૦ માણસના મરણ પછીનો જે તેરમો દાડો તે.
તેરસ, સ્ત્રી૦ પખવાડિયાંનો તેરમો દાડો. [નો દર.
તેરીખ, સ્ત્રી૦ વ્યાજ ગણવામાં જે દાડો તે. ૨ વ્યાજ-
તેરીજ, સ્ત્રી૦ તારીજ એ શબ્દ જોવો.
તેલ, ન૦ [તૈલ] તલ અળશી વગેરેમાંથી જે ચિકણો પ્રવાહી નિકળેછે તે. ૨ તડકામાં ફરવાથી અથવા ઘણી મેહેનત કરવાથી જે ચિકણો ઘામ શરીર ઉપર તરી આવેછે તે. તેલ કાઢવું (લાક્ષણિક) એટલે ઘણીજ મેહેનત કરાવવી.
તેલણ, સ્ત્રી૦ તેલીની સ્ત્રી. [વ્રત તે.
તેલાં, ન૦ નરતારમાં ત્રણ અપવાસ કરવાનું જે
તેલિયું, વિ૦ તેલવાળું; તેલ જણાતું હોય તેવું.
તેલિયાગળા, પુ૦ તેલમાં જોઇ ગુજરેલી વાત કેનારો તેલથી ન્હાય તે જાચક.
તેલી, પુ૦ તેલ દિવેલ વેચનારો; ઘાંચી.
તેવડ, ત્રેવડ.

તેવડવું, ક્રિ૦ સ૦ ત્રણ પડ થાય તેમ કરવું.
તેવડું, વિ૦ સમ્બન્ધી અર્થમાં માપ—પ્રમાણ બતાવેછે—(જેવડું શબ્દ જોવો). ૨ ત્રણ પડવાળું. ૩
તેવામાં, અ૦ તેટલામાં. [ત્રણ ગણું.
તેવારે, અ૦ ત્યારે. [રખું.
તેવું, વિ૦ [સં૦ તાવત્] તે પ્રકારનું; તેનાજેવું—સ
તેવે—તેવો, અ૦ તેજ વખતે; તરત.
તેહ, સ૦ તે (કવિતામાં). [ની તેહેનાતમાં રાખજો.
તેહેનાત, સ્ત્રી૦ [આ૦] તાબેદારી; સેવાચાકરી કરવાને જે સોંપણ તે; હુકમ; તાબો. ચાર સિપાઇને તુ-
તેહેવાર, પુ૦ મુસલમાની દીનમાં કયા મુજબ પાક દાડો. ૨ ટાણું; ખુશાલીનો દાડો.
તેહેસીલ, સ્ત્રી૦ [આ૦] જમીનનું વસૂલ એકઠું કરવું તે—સરકાર તિજોરીમાં ભરવું તે. જે અધિ-
તૈયે, ત્યારે. [કારી વસૂલ ઉઘરાવે તે તેહેસીલદાર.
તૈજસ, વિ૦ [સં૦] તેજસ્વી; પ્રકાશતું.
તૈડ, સ્ત્રી૦ તડ; વડ.
તૈયાર, વિ૦ [પ્રા૦] પૂર્ણતામાં આવેલું; પૂરૂ બની ર-" હ્યું હોય તેવું. ૨ હાજર; તત્પર; સજ. [ની રેપો તે.
તૈયારી, સ્ત્રી૦ તત્પર—સજ થઇ રેવું તે. ૨ કાર્ય થવાનો—બનાવ બનવાનો વખત છેક નજીક આ-
તૈલ, ન૦ [સં૦] તેલ.
તોંતેર, વિ૦ સિત્તેર ને ત્રણ; ૭૩.
તો, અ૦ સામું થવના ભાવમાં બોલાયછે. તો, ચાલશે કેમ નહિં? તો, જુઓની. ૨ ત્યારે. એમ છે તો લાવો. ૩ જોના સમ્બન્ધી અર્થમાં વપરાયછે. જો મારા કયા પ્રમાણે ચાલ્યો હત તો આટલું ન વેઠવું પડત. ૪ નિશ્ચયના અર્થમાં. તારી પાસે રૂપિયા છે તો ખરા? ૫ લાડ—મજાકના ભાવમાં—પાસે તો આવ, એમતો ખરો, થાયછે વગેરે.
તોઇ, કિનારી.
તોકે, અ૦ તો (૧ લા ને ૫ માં અર્થમાં).
તોખાર, પુ૦ ઘોડો.
તોછડાઇ, સ્ત્રી૦ તોછડાંપણું; અવિવેક; હલકાઇ.
તોછડું, વિ૦ અસભ્ય; જે વિવેકવાળા શબ્દોથી બોલવું જોઇએ તે શબ્દોથી ન બોલતાં અભણ જંગલીના જેવું બોલવું હોય તેવું; અમર્યાદ.
તોટાવું, ક્રિ૦ અ૦ જમવા બેઠા પછી ખાવાનું ખુટી
તોટી, ટોટી. [ગયેથી જુખ્યાં ઉઠવું પડવું.
તોટો, ટોટો.
તોડ, પુ૦ નિકાલ; ફેસલો; સલાઇ; આપસમાંથી

નિકળવાની જાકરી. ૨ સુવાખાની; માઠા વાળવું તે.

તોડવું, ક્રિ૦ સ૦ [સં૦ ત્રોટન] ચૂંટવું—ફુલ માંજર વગેરે. જોર કરી ભાંગી નાખવું—ડાળું, કિલ્લો, ભીત વગેરે. ૩ (લાક્ષણિક) જુદું પાડવું—દોસ્તી તોડવી. ૪ બોલેલું ખોટું કરવું—વચન તોડવું.

તોડી, સ્ત્રી૦ એક જાતની રાગણી, સવારે ગવાય છે.

તોડો, ટોડો.

તોડ્ડી, તોરડી.

તોતડું, વિ૦ બોલતાં જેની જીભ ખેંચાતી હોય તે.

તોતલું-ળું, વિ૦ અડધા અડધા ને કાલા કાલા બોલ વાળું. "તોતળા મુખ તંન, તા તો તો કહેમાં".

તોતો, પુ૦ પોપટ. [તોપ ગોળા રાખવાની જગા.

તોપ, સ્ત્રી૦ શત્રુના સૈન્યપર ગોળા મારવાનું લોડાંનું અથવા પિત્તળનું હથિયાર; પૈડાંવાળી બન્દુક.—તોપ છોડવી—મારવી—ફોડવી. તોપખાનું—

તોપણ, અ૦ તેમ છતાં; તથાપિ. [હુલ્લડ; દહંગો.

તોફાન, ન૦ [આ૦] વાદળ, વાવગરડું; ધમ્ટોળિયો. ૨ મસ્તી; ન બદતાં જોરથી સામાં થવું તે. ૩

તોફાની, વિ૦ મસ્તીથી સામું થનાર. (ઘોડો વગેરે). ૨ ઘણા પવનથી મસ્તીમાં આવી પાણી ઉછાળતો (દરિયો). ૩ હુલ્લડ઼ા; ખટપટી (માણસ). ૪ મારામારી કજીઆ કરનાર (છોકરું). [કિમતી.

તોફા-ફે ફો, વિ૦ [આ૦] સરસ; અસાધારણ;

તોબરો, પુ૦ જે ચામડાંની કોથળીમાં ઘોડાને ચણા ખવાડવામાં આવે છે તે. ૨ ચીસમાં ચડેલું મોઢું. તોબરો ચડાવવો.

તોબા, સ્ત્રી૦ [આ૦] પસ્તાવાનો શબ્દ—માફ માગવાના અર્થમાં. ૨ કોઈના જુલમથી અકળાઈ ગયેથી પ્રભુ રક્ષણ કર એ અર્થમાં; ત્રાહિ. ત્રાહ—'દયાપ્રીતમ મને કાયર કરીને તોબા ખ-

તોય, ન૦ [સં૦] પાણી; જળ. [ત બખાવ્યું'.

તોય-પણ, અ૦ તોપણ; તે છતાં; તથાપિ.

તોર, પુ૦ ભભકો; ઠાઠ; બારેખમપણું; દમામ. ૨ મિજાજ; અહંકાર. [જવામાં આવે છે તે.

તોરડી, સ્ત્રી૦ પોળાં મોનું કાળું માટલું, જેમાં મુડદાંને બાળવા સારુ દેવતા રાખી મુડદાં સાથે લઈ

તોરણ, ન૦ [સં૦] ઘરને બારણે અથવા મન્દિરને બારણે અથવા ચકલે આંબાના આસોપાલવનાં પાતરાંનો જે હાર બાંધવામાં આવે છે તે—શુભ કારજમાં અથવા દિવાળી હોળી વગેરેને ટાણે. ૨ ઘણુવા બેસવાની ઘોડી; માંડવો. વર તોરણે આવ્યા એટલે ગોરી આગળ. [જી કરનાર.

તોરી, વિ૦ તોર વાળું; ભભકાવાળું; મિજાજી; પતરા-

તોરો, પુ૦ [આ૦] ઘણાક ફુલ સળી સાથે એકઠાં બાંધેલાં તે; ગોટો. (લટકતા ફૂલનો ગુચ્છો તે પણ) ૨ પાઘડીને છેડે જે જર—કસબ હોય છે તે; છોગું. ૩ સહુથી શ્રેષ્ઠ; સરદાર; મુખી.—સઘળા કવિઓમાં તે તોરો છે. ૪ લાવણીનો એક ભેદ, જેમાં પુરુષ દેવ—શિવનો મહિમા હોય છે—તોરાની લાવણી; તોરાવાળો—એટલે તોરાની લાવણી ગાનારો. (કલગીમાં શક્તિનો મહિમા હોય છે).

તોલ, ન૦ કાંટે જોખીને વજન કરવું તે અથવા જોખ્યાથી વજન નક્કી થવું તે. ૨ કિમત; પરીક્ષા. ૩ સમાન—બરોબર પણું.

તોલે અ૦ બરોબર કરે તેમ; સરખું; સમોવડ.

તોલો, પુ૦ બાર માસા અથવા બે ગદિયાણા અથવા ૩૨ વાલની બરોબર જે વજન તે—(સુના રૂપાં

તોશાખાનું, ન૦ [ફ્રા૦] સરકારી તિજોરી. [વગેરેનું).

તોસદાન, ન૦ [ફ્રા૦] દારૂ ગોળી રાખવાની ચામડાંની જે કોથળી સિપાઈઓની કમરે બાંધેલી હોય છે તે. [૨ આળ; બહો.

તોહોમત, ન૦ [આ૦] અપરાધ કર્યાનો આરોપ.

તોળવું, ક્રિ૦ સ૦ તોલ કરવું; જોખવું.

તોળા, સ્ત્રી૦ [તુલા] સાતમી રાશિ. ૨ એક પાસ પુરુષ ને બીજી પાસ સુનું રૂપું જવાહીર મુકી તોલ કરવાની જે ધર્મક્રિયા તે.

તોળાટ, પુ૦ લાકડાં વગેરે તોળનારો.

ત્યાં, અ૦ તે ઠેકાણે; તે જગાએ.

ત્યાગ, પુ૦ [સં૦] છોડવું—મુકીદેવું તે. સંસારી સુખને છોડીદઈ વૈરાગ્યધર્મ પાળવો તે.

ત્યાગવું, ક્રિ૦ સ૦ છોડવું; વર્જ કરવું.

ત્યાગી, વિ૦ [સં૦] સંસારસુખનો ત્યાગ કરનાર; વિરાગી. ૨ દાન કરી દેનારો.

ત્યારનું, અ૦ તે વખતથી—નું.

ત્યારે, અ૦ તે વખતે.

ત્યાસી, વિ૦ એંસી ને ત્રણ એટલી સઙ્ખ્યા; ૮૩.

ત્રગણું, વિ૦ ત્રણ ગણું.

ત્રણ, વિ૦ [ત્રીણિ] બે ને એક એટલી સઙ્ખ્યા; ૩.

ત્રપણ, તર્પણ.

ત્રપતી, તૃપ્તિ. [છે તે.

ત્રભાણું, ન૦ જે તાંબાના વાસણમાં દેવને સ્નાન કરાવવામાં અને પિતૃનાં તર્પણ કરવામાં આવે-

ત્રમણું, વિ૦ ત્રણગણું.
ત્રયોદશા, સ્ત્રી૦ [સં૦] મરણનો તેરમો દાડો.
ત્રયોદશી, સ્ત્રી૦ [સં૦] તેરસ.
ત્રષ્ણા, તૃષ્ણા.
ત્રાંક-ત્રાક, તરાંક. [રતી; બળાત્કાર.
ત્રાગું, ન૦ બીજાને દાકો મળે—બીજાની આબરૂ જા-
પ તેવું કરવાને જે દુઃખ વેઠવું તે; દેણદાર આ-
બરૂ જવાની ધાસ્તીએ કરજ મટાડે એ હેતુથી
લેણદારે તેને ત્યાં જઈ લાંઘવું તે. ૨ જબરદ-
ત્રાજવું, ન૦ જોખવાનું જે સાધન તે; કાંટો.
ત્રાજુડું, ન૦ છુંદણું.
ત્રાતા, પુ૦ [સં૦] રક્ષણ કરનાર.
ત્રાપો, તરાપો.
ત્રાસ, પુ૦ [સં૦] ચીડ; કંટાળો; કમકમાટી; ધ્રુ-
જારો. ૨ જુલમ; કેહેર. ૩ ધાક; ડર.
ત્રાસું, વિ૦ ડોળો તરડાઈ ગયો હોય તેવું—'ત્રાસી
આંખે બે ચન્દ્ર દેખાય.' [માં વપરાય છે.
ત્રાહિ, અ૦ [સં૦] રક્ષણ કર—બચાવ એ અર્થ-
ત્રાહિત, વિ૦ બે જણના કજિયાનું સમાધાન કર-
વાને જેને તે કજિયા સાથે સમ્બન્ધ નથી અથવા
જેને કોઈનો પક્ષ નથી એવું અથવા એવો (મા-
ણસ); પંચ. ૨ કોઈ પણ અજાણ્યું—પરાયું માણસ.
ત્રાહે-હ્ય, ત્રાહિ.
ત્રિ, વિ૦ ત્રણ.
ત્રિકમ, પુ૦ [ત્રિવિક્રમ] વિષ્ણુ. [હોય તેવું.
ત્રિકાણ્ડ, વિ૦ [સં૦] જેને ત્રણ કાણ્ડ—પ્રકરણ
ત્રિકાળ, પુ૦ ભૂત વર્તમાન ને ભવિષ્ય એ ત્રણ કા-
ળ. ૨ સવાર, બપોર ને સાંજ એ ત્રણ કાળ.
ત્રિકૂટ, વિ૦ [સં૦] જેને ત્રણ શૃંગ—શિખર હોય
તેવો (પર્વત). [આકૃતિ તે.
ત્રિકોણ, પુ૦ [સં૦] જેને ત્રણ ખુણા હોય તેવી જે
ત્રિગુણ, પુ૦ [સં૦] રજ, તમ ને સત્વ એ ત્રણ ગુણ.
ત્રિજ્યા, સ્ત્રી૦ [સં૦] મધ્ય બિન્દુ થકી તે પરીઘ સુ-
ધીની જે લીટી તે.
ત્રિતાપ, પુ૦ [સં૦] ત્રણ તાપ—આધિદૈવિક, આધિ-
ભૌતિક, અધ્યાત્મિક. ૨ આધિ વ્યાધિ ને ઉપાધિ.
ત્રિદણ્ડી, પુ૦ [સં૦] ત્રણ દણ્ડ ધારણ કરનારો
સન્યાસી [થિયે જે શ્રાદ્ધ તે.
ત્રિપક્ષી, ન૦ ત્રીજે પખવાડિયે મરનારનું તેની તિ-
ત્રિપાત, વિ૦ સાડા ત્રણ પાંસળી; વૈકલ; વાયલ.
ત્રિપુટી, સ્ત્રી૦ [સં૦] ત્રણ વાનાં તે—જેમ કે જા-
નાર, જેને જોવું તે, ને જોવું તે. જ્ઞાતા, જ્ઞેય, જ્ઞા-
ન; કર્તા, કર્મ, ક્રિયા આદિલઈ. [તિલક કરે છે તે.
ત્રિપુણ્ડ્ર, ન૦ [સં૦] શિવમાર્ગી કપાળે જે ત્રણ સેરનું
ત્રિફળા, [સં૦] હરડાં બેડાં ને આમળાં એ ત્રણ ફળ.
ત્રિભઙ્ગી, વિ૦ [સં૦] ત્રણ ઠેકાણેથી વળેલો (મોર-
લી વગાડતાં). ૨ ત્રણ ઠેકાણે યતિ આવે તેવું
વૃત્ત (કવિતાનું). [પાતાળ.
ત્રિભુવન, ન૦ [સં૦] ત્રણ ભુવન—સ્વર્ગ, મૃત્યુ ને
ત્રિયા, સ્ત્રી૦ સ્ત્રી.
ત્રિરાશી, સ્ત્રી૦ [ત્રૈરાશિક] ત્રણ સઙ્ખ્યા ઉપરથી
ચોથી સઙ્ખ્યા કાઢવાની જે ગણિત રીતિ તે.
ત્રિવળી, સ્ત્રી૦ [ત્રિવલી] સ્ત્રીને પેટે જે ત્રણ વાટા
વળેલા હોય તે.
ત્રિવિક્રમ, પુ૦ [સં૦] વિષ્ણુ. ત્રણ ડગલાંથી ત્રણ
ભુવન ઓળઙ્ગ્યાં માટે. [વાય છે.
ત્રિવિધ, વિ૦ [સં૦] ત્રણ પ્રકારનું. ત્રિવિધ તાપ કે-
ત્રિવેણી, સ્ત્રી૦ [સં૦] ગઙ્ગા, યમુના ને સરસ્વતી
એ ત્રણ નદિયો. ૨ ઇડા, પિંગલા ને સુષુમ્ના
એ ત્રણ નાડી (નાકનો શ્વાસ બતાવનારી).
ત્રીજ, સ્ત્રી૦ પખવાડિયાનો ત્રીજો દાડો.
ત્રીઠ, પીડા. [તાવે છે; તીસ.
ત્રીસ, વિ૦ દશ દશ ને દશ એટલી સઙ્ખ્યા બ-
ત્રુઠવું, ક્રિ૦ અ૦ રીઝવું; પ્રસન્ન થવું; તુષ્ટ થવું; કૃ-
ત્રેતા, પુ૦ [સં૦] ચાર યુગમાનો બીજો. [પાવાન થવું.
ત્રેપન, વિ૦ પચાસ ને ત્રણ; ૫૩.
ત્રેવટી, વિ૦ ત્રણ ભેગી કરી રાંધી હોય તેવી (દાળ).
ત્રેવડ, સ્ત્રી૦ તજવીજ; ગોઠવણ; જુક્તી. ૨ ખુલા-
સો; કામ પાર પડવું તે. (ગણું.
ત્રેવડું, વિ૦ ત્રણ પડવાળું. ૨ ત્રણ જાતનું. ૩ ત્રણ-
ત્રૈલોક્ય, ન૦ [સં૦] સ્વર્ગ, મૃત્યુ, પાતાળ.
ત્વ, [સં૦] એ પ્રત્યય સંસ્કૃત શબ્દને પાછળના અર્થ
માં જોડાય છે. દાસત્વ, પુરુષત્વ ઇ૦.
ત્વગિન્દ્રિય, સ્ત્રી૦ [સં૦] સ્પર્શની ઇન્દ્રી; ચામડી.
ત્વચા, સ્ત્રી૦ [સં૦] ચામડી.
ત્વરા, સ્ત્રી૦ [સં૦] ઉતાવળ; ઝપટ; તાકીદ.

થ.

થ. પું૦ [સં૦] ત ની પછીનો અક્ષર. તનો મહાપ્રાણ.
થઈચુકવું. પૂરું થવું.
થકવવું-કાવવું. ક્રિ૦ સ૦ થાકે તેમ કરવું.
થકી. અ૦ પઞ્ચમી વિભક્તિનો પ્રત્યય, વિજોગ બતાવેછે. ઘેરથી-થકી નિકળ્યો. ૨ કારણ બતાવેછે; લીધે; માટે. તેથકી મારે આવવું પડ્યું. [મળી છે.
થટ. સ્ત્રી૦ જમાવ; ભીડ; ટોળું; જથ્થો. લોકની થટ
થડ. ન૦ ઝાડનાં મૂળ-થાળાંની ઉપરનો અને જ્યાંથી ડાળાં ફુટે તેની નીચેનો જેટલો ભાગ તે. ૨ મૂળ; ઉત્પત્તિ; પ્રારમ્ભ. ૩ છેક નીચલો ભાગ. ૪ પાસેની જગા.—તે મારી થડમાં આવીને બેઠો; કૂવાની થડ.
થડકવું-કાવું. ક્રિ૦ અ૦ બોલતાં અચકાવું. એની જીભ થડકાયછે. ૨ શબ્દની રચના સરળ નહિ પણ કઠોર થવી. કવિતા થડકે છે. ૩ ચમકવું; ચોંકીને અટકી પડવું.
થડકો. પું૦ બોલ ઉપર જે જોર મુકવું તે; બોલવાનો સપાટો.
થડથડવું. ક્રિ૦ અ૦ તરાંક વાંકી થવાથી રેંટિયો ફરતાં થડથડ એવો અવાજ થવો.
થડવું. ક્રિ૦ સં૦ સુતરને બિજવી તરાંકથી અથવા ચકરીથી વળ દેવો. [જાયાથી.
થડાથડ. અ૦ એવો થતો અવાજ—બે વસ્તુ જોરમાં અફ-
થડું-ડિયું. (૧ લા અર્થમાં) થડના મૂળને લગતો ભાગ. મૂળિયાંનો ગઠ્ઠો.
થડૂંવું. થરડાવું.
થણ્ડ. સ્ત્રી૦ શિકળ; શરદી. ૨ ટાઢ.
થણ્ડક. સ્ત્રી૦ ઠાડેક; શીતળતા.
થણ્ડગાર. વિ૦ થણ્ડું ઘરડું.
થણ્ડાઈ. સ્ત્રી૦ ધીમાપણું. ૨ આળસ.
થણ્ડી. થણ્ડ.
થણ્ડું. વિ૦ ટાઢું; ગરમ નહિ તેવું. ૨ ધીમું; શાન્ત સ્વભાવનું. ૩ સુસ્ત; આળસુ.
થથડાવવું. ક્રિ૦ સ૦ થમકાવવું; ધાસ્તી આપવી; ઠપકો દેવો.
થનકથનક. થનથન.
થનથન. અ૦ એ શબ્દ ઉતાવળી કુદતી ચાલની ધ્વનિ બતાવેછે—ઘોડી થનથન કરી રહી છે.—લાક્ષણિક અર્થમાં એ શબ્દ માણસના મીજાજને પણ લગાડવામાં આવેછે.
થપ્પડ-થપાક. સ્ત્રી૦ વાંસા ઉપર-માથાં ઉપર-પાઘડી ઉપર જોરથી જે હાથ મારવો તે.
થમણી. સ્ત્રી૦ થાપણ (નાણાંની).
થમ્ભ. પું૦ [સ્તમ્ભ] ઘરમાં જે ઊભું લાંબું લાકડું માળ છાપરાને ઝીલી રાખેછે તે; થાંભલો. ૨ ઊભું લાંબું લાકડું મેદાનમાં રાહેલું હોય તે. ૩ ઘર કુટુંબમાં જે પુરુષ સઘળું ભરણ પોષણ કરતો હોય તે; મુખ્ય આધાર.

થમ્ભવું. ક્રિ૦ અ૦ [સ્તમ્ભ ઉપરથી] અટકવું; ધીભવું; બન્ધ પડવું; ઊભાં રેવું.
થયું. થવું એ ક્રિયાપદનો ભૂતકાળ. ૨ પૂરું; બહુ; બસ.
થર. પું૦ ઈંટ અથવા પથરા અને કોલ એ બેથી એકપર એક એમ ચણેલી જે હારો તેમાંની એકેક. ૨ ભીંત કરવામાં ઊંચાણમાં એકેક ગજને અન્તરે ચોડેલું જે મટોડું તે. ૩ કાંકરા પકાવવાની ભઠ્ઠીમાં વચમાં વચમાં જે છાણાં ગોઠવવામાં આવેછે તેનો અકેકો જે ક્રમ તે. ૪ સ્ત્રીને હાથે પેરવાની હાથીદાંત અથવા કચકડાં અથવા સીસમની ચડઉતાર આળાની સુનાંની ચીપની ચુડીઓનો જે જથો તે; મૂડો. થર ઉતારવો એટલે એક હાર તોડી પાડવી. ૨ ચડતા ઉતરતા ક્રમની ચુડિયો બનાવવી. થર ચડાવવો એટલે ઊંચાણમાં એક હાર વધારવી. થર પેરાવવો એટલે હાથે. થર દેવો—મારવો—લેવો એ બીતને લાગેછે.
થરકવું. ક્રિ૦ અ૦ બીવું; ડરવું; ભયથી ખચકાવું.
થરડાવું. ક્રિ૦ અ૦ તરાંક ઢોલિયા વગેરેનું વાંકું થવું.
થરથર. અ૦ કાંપવાની ગતિની રીતિને એ શબ્દ લાગેછે. તે થરથર કાંપેછે.
થરથરવું. ક્રિ૦ અ૦ કાંપવું; ધ્રુજવું. ટહાડ-ભયથી.
થરથરી. ન૦ ખજુરની એક જાત. સ્ત્રી૦ ધ્રુજારી.
થરવું. ક્રિ૦ સ૦ અનાજ ભરવાની ખાણમાં અનાજ ન બગડે માટે નીચે અને ચોમેર પ્રથમ જુવાર બાજરીના પુળા ભરી લેવા.
થરી. સ્ત્રી૦ કાચી કોઠીનાં પડની નીચલી સામસામેની બાજુએ જે આંગળ દોઢ આંગળ પોળા ઉંડા કાપા હોય છે તે.
થવું. ક્રિ૦ અ૦ કોઈ પણ ક્રિયા ચાલવી. રસોઈ-ઊનું પાણી થાય છે. ૨ નવો ઘાટ બનવો—આ કારખાનામાં કાચનાં વાસણ થાય છે. ૩ ઉગવું; જનમવું; નિપજવું. આ ઝાડે ફળ સારાં થાય છે; બાળ લગનથી છોકરાં નાઠોવત થાય છે. ૪ શરીર અથવા મનની પ્રકૃતિ બદલાવી. સીતાફળ ખાધા ઉપર પાણી પિવાથી રોગ થાય છે; ભણવાથી માણસ ડાહ્યું થાય છે. ૫ બનાવ બનવો—ઘેરના ધન્ધાથી મોટી ખરાબી થઈ. ૬ ગુજરવું; વહીજવું—ચાર વરસ થયાં. થઈરેવું—ચુકવું એટલે છુટી પડવું. ૨ પૂરું થવું. થઈજવું એટલે શ્રમ વગર પોતાની મેળે સહજ બનવું. ૨ જન્મીને પછી મરીજવું. [હાય.
થળ. ન૦ [સ્થળ] જમીન ઉપર કોઈ પણ ઠેકાણું; જગા;
થળી. સ્ત્રી૦ સોની કંસારાનું એક પિત્તળનું ઓજાર.
થાંપુ. વિ૦ સેજ કામ કરતાં વાર લગાડ્યાં કરે તેવું; ચાપાચીપ કરનારું; સુસ્ત. [જે ઉભો રેહે તે.
થાંભલો-ભલો. સ્તમ્ભ. માળ-છાપરાંને ટેકો આપવાને

થાક, પુ૰ ઘણી મેહેનત કરવાથી શરીરનાં ગાત્ર ઢીલાં થવાં તે; સુસ્તી. થાક લાગવો-ચડવો. ૨ મેહેનત કરતાં વચમાં અટકી શરીરને સુખ આપવું તે; વિરામ; આરામ; આસાએશ. થાક ખાવો-ઉતારવો. ૩ થાગ.

થાકવું, ક્રિ૰ અ૰ મેહેનત કરતાં શરીર દુખાવું. ૨ થોડી વાર અટક્યા વના અથવા સારીપેઠે ખાધા વના આગળ કામ ન થાય તેવી હાલતમાં આવી પડવું; હારી જવું. ૩ કંટાળવું. હું તારાથી થાક્યો. થાક્યાના ગાઉ એટલે આગળ ન વધાય તેવી હાલત.

થાગ, પુ૰ [સ્થાગ] તળિયું; પાર; છેડો; અન્ત. થાગ આવવો-લાગવો.

થાટ, ઠાઠ.

થાણદાર, પુ૰ થાણાનો અમલદાર; થાણું સાચવનાર.

થાણું, ન૰ પરગણામાં જે સરકારી કચેરીમાં વસુલાત સમ્બન્ધી અને ફોજદારી કામ ચાલતું હોય તે. ગુન્હેગારને પકડી જે ઠેકાણે ઇનસાફ થતા સુધી પરેજ રાખવાનું ઠેકાણું તે; ચોકી.

થાણેદાર, થાણદાર.

થાન, ન૰ સાંચાથી-સાળથી વણાઇ તૈયાર થયલું લાગ્યું ને લાગ્યું જે કપડું તે; તાકો. ૨ વીંટીમાં અથવા ડાગીનામાં પેલાંની હાલતમાં જે હીરો તે. ૩ (સ્તન ઉપરથી)—સ્ત્રીની જે બે છાતી તેમાંની એકેક.

થાનક, ન૰ [સ્થાન] દેવ-દેવી-અધિકારીને બેસવાની જગા; આસન.

થાપ, સ્ત્રી૰ નગારાં ઉપર જોરમાં પસરતો હાથ મારવા-મારી અવાજ કરવો તે.-થાપ મારવી. ૨ મટોડીની બાંધ; કાળાં મટોડાંનો ગારો કરી તેને પાટિયાં ઉપર જાડો પાથરવો તે. થાપ દેવી-મારવી. ૩ આડું અવળું સમજાવી છેતરવું તે; ભુલવવું. ભૂલથાપ દેવી-મારવી. ૪ ચૂક; ભૂલ. તે એ કામમાં થાપ ખાઇ ગયો. ૫ સ્થાપવું તે.

થાપટ, સ્ત્રી૰ થપડાક; પીઠ ઉપર ચપટો હાથ મારવો તે.

થાપડી, સ્ત્રી૰ ખેલાણું કરતી વખત ઢેલ કાંકરા ટિપવાનું કડિયાનું લાકડાનું જે ઓજાર તે. ૨ ચપટે હાથે ધીમે ધીમે ઠોકવું તે.

થાપડો, પુ૰ હોડી-તરમાં જાનવર માલ ચડાવવાને જે પાટિયું તે. ૨ કુવા સુડ વગરની હોડી જેમાં થાપડો હોય છે તે. ૩ ચણાના લોટની જાડી પુરી. થાપડા સુંવાળી (દિવાળીમાં કરવામાં આવેછે). ૪ કણ્ટાળાના ઝાડનો પઞ્જો.

થાપણ, સ્ત્રી૰ વેપાર કરવાને પનિયાએ કાઢેલું જે પ્રથમ નાણું તે. ૨ પુંજી; ગરથ; ધન; દોલત. ૩ ઉખડી-ગયલી બાંધને કાદવ મારી જાડી લીપવી તે-થાપણ લીપણ.

થાપન, ન૰ [સ્થાપન] દેરામાં, મણ્ડપમાં કોઇ દેવ દેવીની મૂરતી બેસાડવી તે. ૨ કોઇ પણ વાતને વાદ વિચારથી સિદ્ધ કરવી તે.

થાપના, સ્ત્રી૰ દેવ-દેવીની પ્રતિષ્ઠા કરવી તે; બેસાડવું તે. ૨ ટેકો; પુષ્ટી.

થાપવું, ક્રિ૰ સ૰ કાદવ ડાબી કોઇ પણ જગા સરખી કરવી; થાપ દેવી. ૨ છાણના પોંદાને ડાબી ચપટા કરવા. (છાણાં થાપવાં). ૩ (લાક્ષણિક) મોટું કરી બેસાડવું-તેને કોણે ઘરધણી કરીને થાપ્યો છે? ૪ કોઇ પણ વાતને પ્રમાણ અથવા જુગતીથી ખરી કરવી; પુષ્ટી આપવી; માનવું. તું તો તારી વાતનેજ થાપ્યાં કરેછે. ૫ ચૂલો, નળ વગેરેને ઘટતે ઠેકાણે મુકી તેની આજુ બાજુએ કાદવ ડાબવો.

થાપી, થાપડી.

થાપેડું, ન૰ નીચ લોક ઘાઘરા-ચણિયાંની જગોપર જે જાડું કપડું વાપરે છે તે.

થાપો, પુ૰ કમ્મરની નીચેનો ને ફુલાંની પાસેનો જાંઘનો જે ભાગ તે. ૨ પકાવેલા મટોડાનો ઘાટ જે મોભ ઉપરના છાપરાંના ભાગ ઉપર મુકવામાં આવેછે તે. ૩ માતાનાં દેરાંની ભીંત ઉપર કંકુ ભરયા હાથના જે છાપા તે; હાથો; પઞ્જો.

થાબડવું, ક્રિ૰ સ૰ કોઇ પણ વસ્તુ ઉપર ચપટો હાથ ધીમા જોરથી ડાબ્યા કરવો.

થાબડી, સ્ત્રી૰ થાબડવું તે. ૨ થાપડી; કડિયાનું ઓજાર. ૩ ઘી ઘાલી પીંડો પીંડો ડાબી ઠરાવેલા જે છુટો [લાડુ તે.

થામલો, થમ્ભ; થાંભલો.

થાવર, વિ૰ [સ્થાવર] એક જગાપરથી બીજી જગાએ ખસેડાય નહિ એવી જે વસ્તુ તે. થાવર મિલકત ને જઙ્ગમ મિલકત.

થાવું, થવું.

થાળ, સ્ત્રી૰ મોટા પણ નાની કોરણ વાળી જે થાળી તે. ૨ દેવ દેવીને ધરાવવાને થાળીમાં જે ખાવાના પદાર્થ મુકેલા હોય તે; નૈવેદ્ય. થાળ કરવી-ધરવી કેહેવાય છે.

થાળી, સ્ત્રી૰ સુનાં રૂપાં કાંસા પિત્તળનું ગોળ ચપટું ને ચડતી કોરણ વાળું પાત્ર કરીને જમવાનું જે વાસણ તે.

થાળું, ન૰ માટીના અથવા લાકડાંના જે ઠામમાં ઘંટી મુકવામાં આવેછે ને જેમાં અનાજ દળાઇને લોટ પડેછે તે. ૨ બાંધેલા કુવાના મોઢિયાંની બાજુપરની ભરેલ કોસને ખાલી કરવાની જે જગા તે. ૩ કુવા ટાંકા વગેરેનું ચણીલિયેલું મોઢું. ૪ મુળિયાં એકમેક સાથે ભાઝીગયલાં હોય તે ભાગ-જ્યાંથી થડ શરૂ થાય તે.

થાળો, પુ૰ મોટી થાળી.

થિગડ, ન૰ મોટી જગાના ઉખડીગયલા ભાગને કાદવથી દુરસ્ત કરવું તે.

થિગડી, નાનું થિગડું.

થિગડું, ન૰ કપડાંની ફાટેલી જગાપર જે બીજો કકડો મુકી સીવીલીધેલો હોય તે.॰ થિગડું દેવું-મારવું.
થિરતા, સ્ત્રી૰ [સ્થિરતા] થીરપણું; ધીરજ.
થીર, વિ૰ [સ્થિર] હાલે નહિ તેવું; અચળિત; તેનીતેજ જગોએ રે તેવું. ૨ ઘડીમાં કંઈ ને ઘડીમાં કંઈ એમ નહિ પણ એકજ વૃત્તિનું (મન).
થીરથુમડું, ન૰ કણસનો જથો.
થુંક, ન૰ સ્ત્રી૰ જીભ ઉપર છુટતું જે ચિકણું પાણી તે.
થુંકવું, ક્રિ૰ અ૰ થુંક બાર કાડવું. ૨ મોડાંમાં નાખેલા પદાર્થને થુંક રૂપે બાર કાડવો. બદામ કડવી ખાધી હોય તો થુંકી નાખ એમ કેવાય છે. ૩ ધિક્કાર કંટાળવાના અર્થમાં વપરાય છે — તે તેનાપર થુંક્યો એટલે તેણે તેને થુંક નાખવાની જગા જાણી. મિથ્યા-નકામું જાય તેવા હિણા બોલ બોલવા; ગાળ દેવી; થુંક ઉરાડવું.
થુંકું, ઠુંકું.
થુએરિયો, થુવર-વેર.
થુથુ, અ૰ થુંકતી વેળા નિકળતો અવાજ બતાવેછે.
થુમડું, ન૰ કણસાંનો જથો.
થુવર-વેર, સ્ત્રી૰ આમળાદાર કાંટા વાળી ચોધારી દાંડીનું એક જાતનું ઝાડ.
થુવેરિયો, થુવર-વેર.
થૂથો, ન૰ કૂચો.
થૂલી, સ્ત્રી૰ ઝીણો મોજો કણસાર.
થૂલું, ન૰ ચાળવાથી જુદો પડેલો નકામો એવો જે લોટનો ભાગ તે; ચાળણ.
થેકડી, સ્ત્રી૰ ટેકડી; મજાખ. [થાબડી.
થેપલી, સ્ત્રી૰ ચૂરમાને થાળીમાં ઠારેલું હોય તે; ચોસલું;
થેપવું, ક્રિ૰ સ૰ જાડું લીપવું.
થેપાડું, ન૰ ઠેપાડું.
થેભિયો, થોભિયો.
થેભો, પુ૰ થોભિયો. ૨ ટેકો.
થેલી, સ્ત્રી૰ કોથળી-(નાણાંની).
થેલો, પુ૰ કોથળો.
થેકાર, પુ૰ નાચ ગાયનથી ખુશાલીનો જે અવાજ તે.
થોક-ડો, પુ૰ જથો; સમૂહ; ટોળું. ૨ ખડકલો; જૂડો.
થોકડી, સ્ત્રી૰ થેલી; કોથળી.
થોડું, વિ૰ [હિં૰ થોડા] ઘણું વધારે ન હોય તેવું; લગાર; જરા.
થોડુંક, વિ૰ જરાક; વધારે થોડું.
થોપડી, સ્ત્રી૰ અફવારામાં કરેલી નાની બાખરી.
થોથર, સ્ત્રી૰ નબળાઈમાં ખટાશ ખાધાથી જે મોડું સુજી આવવું તે.
થોથું, ન૰ જેમાં કંઈ માલ-સાર ન હોય તેવું લખાણ. ('અરજીનું થોથું') — 'થોથાં ને પોથાં ને ડાચાં ને સાચાં' એવી કેહવત છે. ૨ અનાજના સજેલા કણ જે ઝાટકવાથી બાર ઉડી પડેછે તે — એ અર્થમાં થોથાં એ બહુવચન રૂપ વપરાય છે. [જે દાટો તે.
થોથો, પુ૰ કેળનો, થડથી તે ટોચ લગીનો પાતરાં વનાનો
થોભ, પુ૰ પાર; છેડો; અન્ત. તેને લોભનો થોભ નથી.
થોભવું, (થોબવું) ક્રિ૰ અ૰ અટકવું; ઠરવું; ઓટી થવું; દમ ખાવો. ૨ સ૰ પકડવું; ઝાલવું.
થોભા, થોભિયા.
થોભિયો, પુ૰ મુછના છેડાઆગળના ગાલના ભાગ ઉપર વધારેલા વાળનો જે ગુચ્છો તે. ૨ સ્ત્રીનાં કલ્લાંને તાંબાં-પિત્તલ-રૂપાંના જે ટેકણ હોયછે તે-સુતું ઘસાય નહિ માટે.
થોર-રિયો, પુ૰ થુવર. [જે ભાગ તે.
થોસો, પુ૰ શરીરનો કોઈ પણ માંસવાળો ને બાર લખડતો

દ.

દ, પુ૰ [સં૰] ત વર્ગમાનો ત્રીજો અક્ષર.
દ, વિ૰ [સં૰] શબ્દની પછવાડે આવેછે ત્યારે આપનાર એવો અર્થ રાખેછે-સુખદ, દુઃખદ, મોક્ષદ ઇત્યાદિ.
દંશ, પુ૰ [સં૰] ડંખ; કરડવું-કાંટો મારવો તે. ૨ મર્મ; સાર; ભાવાર્થ. ૩ મનમાં મેલ રાખવો તે; કીનો;
દંશિત, વિ૰ ધા૰ કરડેલું; ડંખેલું. [વેર.
દકાળ, દુકાળ.
દકાળિયું, વિ૰ દુકાળમાં માણસ ખાવાને તલપેછે ને ખાવાનું મળેછે તે એકદમ ખાવાં કરેછે તેવું; ભૂખાળવું.
દક્ષ, વિ૰ [સં૰] ચતુરાઈ ભરેલું; કિસબવાળું; યુક્તિવાળું. ૨ ચતુર; પ્રવીણ; ચાલાક; જેના હાથમાં કિસબ રમી રહ્યા હોય તે; આવડતવાળું.
દક્ષણ, દક્ષિણ.
દક્ષણા, સ્ત્રી૰ [સં૰ દક્ષિણા] બ્રાહ્મણને અથવા તેની સ્ત્રી કન્યાને તાંબાં-રૂપાં-સુનાંનું જે દાન તે.
દક્ષણી, વિ૰ મહારાષ્ટ્ર દેશ સમ્બન્ધી-જન; આચાર, રીત, વેશ ઇત્યાદિ.
દક્ષતા, સ્ત્રી૰ [સં૰] ચતુરાઈ. ૨ ચપળતા.
દક્ષિણ, સ્ત્રી૰ [દક્ષિણા] સૂર્ય તરફ મોડું રાખતાં જમણા હાથ તરફની જે દિશા તે.
દક્ષિણ, વિ૰ [સં૰] જમણું (ડાબું નહિ). ૨ દક્ષ.
દક્ષિણાયન, ન૰ (દક્ષિણ, અયન) સૂર્યનું દક્ષિણ તરફ જવું તે; કર્કરાશિમાં સૂર્યનું જવું તે. ૨ કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન એ છ રાશિમાં સૂર્ય હોય છે તેટલી મુદતનો જે કાળ તે.

દખ, દુઃખ.

દખણા, દક્ષણા.

દખણી, દક્ષણી.

દખણેણ, સ્ત્રી૰ દખણીની સ્ત્રી.

દખમું, ન૰ [ફા૰] પારસીઓનાં મુડદાં નાખવાનું ઠેકાણું.

દખ્ખણ, સ્ત્રી૰ દક્ષિણ દિશા.

દગડ, પુ૰ [મ૰] પથરો; પાણો.

દગડું, ન૰ થાંભલાની નીચે અથવા બારોટિયાના થાંભલાંની ઉપર આધાર રૂપ જે નાનું લાકડું અથવા પથ્થર તે.

દગડો, પુ૰ પથરો. ૨ મટોડાંનું મોટું ઢેફું. [નાકાની.

દગદગો, પુ૰ [ફા૰] શક; વેહેમ; ખતરો; ધચુપચુ; આ-

દગલબાજ, વિ૰ [ફા૰] ઠગાઈ-છળ-કપટ-દગો કરનાર. ૨ વિશ્વાસઘાતી.

દગલબાજી, સ્ત્રી૰ [ફા૰] ઠગાઈ; છળભેદ; કપટ; દગો. ૨ વિશ્વાસઘાત.

દગાખોર-બાજ, દગલબાજ.

દગાબાજી, દગલબાજી.

દગો, પુ૰ [ફા૰] કપટ; છળ; ફેરો. ૨ વિશ્વાસઘાત. દગો-ફટકો પણ કેવાયછે.

દગ્ધ, વિ૰ ધા૰ [સં૰] બળેલું.

દઙ્ગ, વિ૰ [દિઙ્ગમૂઢનું સંક્ષિપ્ત રૂપ] ચકિત; વિસ્મય પામી ગયું હોય તેવું.

દઙ્ગડી, સ્ત્રી૰ ઘાસ વેચવાની જાતી.

દઙ્ગો, પુ૰ [હિં૰] બખેડા; તોફાન; હુલ્લડ; ફિતુર; ફિસાદ.

દજન, વિ૰ [અં૰] બાર; બારનો જથો.

દઝાડવું, દાઝવું એનું એક રૂપ.

દઝોડિયું, ન૰ અડધું બળેલું તે.

દટાવવું, દાટવું એનું એક રૂપ.

દટાવું, ક્રિ૰ અ૰ જમીનની અન્દર ખાડામાં પડી ઉપરથી ઢંકાવું. ૨ ઢંકાવું; ગુપ્ત થવું; ચાલતી વાત બન્ધ પડવી.

દઠ્ઠો, ડઠ્ઠો.

દડ, ન૰ પોચી જમીન. રેતીનાં દડ કેવાયછે. ૨ ખેતરમાં પગ પેસી જાય તેવા ખાડા જેમાં ઘાસ વગેરે ઉગેલું હોય તે.

દડકો, પુ૰ લચકો. ૨ પોદળો.

દડચો, પુ૰ ઘણું જાડું વાસણ.

દડદડ-ડાટ, અ૰ ઉપરા ઉપરી રેલા ચાલતા હોય તેમ. દડદડ આંસું પડે છે. [દાળ.]

દડદડી, વિ૰ નરમ નહિ તેમ ઘાડી નહિ એવી રાંધેલી

દડબ, સ્ત્રી૰ જમીનનું ઢેફું. ૨ ગુમડાંની ગાંઠ.

દડવું, ક્રિ૰ સ૰ અનાજની ખળીને દરવરસે તેની અન્દર પુષ્કળ પાણી રેડી માંય છાણ નાખી બળદ અથવા ગાડી ફેરવી બધી સાફ સરખી કરવી.

દડાવું, ક્રિ૰ અ૰ સાફ સરખું થવું (ખળીનું).

દડિયો, પુ૰ [સં૰ દ્રોણ] ખાખર વડ વગેરેના પાતરાંને ચાર બાજુપર ફરચલી વાળી તેપર સળી મારી માંય કંઈ રહે એવો જે તેનો આકાર કરેલા તે; પડિયો.

દડી, સ્ત્રી૰ ચિથરાં એકઠાં વિટાળી અથવા ફુલ-હાર એકઠાં રાખી-વિટાળી કરેલા જે ગોળ આકાર તે. ચામડાંની પણ થાય છે. ૨ સુતર વીંટી બનાવેલા જે ગોળ આકાર તે.

દડુક, અ૰ ટુંકે ટુંકે પગલે દોડતું હોય તેમ.

દડુલી, સ્ત્રી૰ નાનો દડિયો. ૨ ઘાણી વગેરે સેકતાં હલાવાનું જે નાનું હથિયાર તે.

દડુલો, પુ૰ મોટી દડુલી-(૨ જા અર્થમાં).

દડો, પુ૰ મોટી દડી.

દડ્ણું, ન૰ મસ્તીખોર ગાયને કોટે લાકડાંનો જે કકડો દોરડીથી બાંધવામાં આવેછે તે.

દણ્ડ, પુ૰ [સં૰] હાથમાં રાખવાની લાકડી. રાજાને સન્યાસીને દણ્ડ હોય છે. ૨ શિક્ષા; સજા. (માર મારી, રુપિયા લઈ શિક્ષા કરવી તે). ૩ શિક્ષારૂપ જે દ્રવ્ય તે. ૪ ખભાથી તે કોણી લગીનો શરીરનો જે અવયવ તે. ૫ ચાર હાથની લમ્બાઈ જેટલું જે માપ તે. ૬ બે હાથ ને બે પગ જમીન સાથે ટેકી શરીરને ઊંચું નીચું કરવાની જે કસરત તે. દણ્ડ કાડવા-પિલવા.

દણ્ડવત, પુ૰ દણ્ડની પેઠે લામ્બાં થઈને પગે લાગવું તે.—કનિષ્ઠ જ્યેષ્ઠને દણ્ડવત કરે છે. શાસ્ત્રમાં દણ્ડવ્રત કેવાય છે.

દણ્ડવું, ક્રિ૰ સ૰ દણ્ડ કરવો; સજા કરવી. ૨ સજામાં નાણું ભરાવવું.

દણ્ડિત, વિ૰ દણ્ડ કરેલા એવું (જન).

દણ્ડિયો, પુ૰ ચોકડી વાળું બઇરાંને પેરવાનું સુતરાઉ લુગડું; ચિટ્ટી.

દણ્ડી, પુ૰ [સં૰] સંન્યાસી. જેના હાથમાં દણ્ડ હોય તે.

દણ્ડુકો, પુ૰ હાથ બે હાથનો લામ્બો વાંસનો અથવા લાકડાંનો જાડો કકડો.

દણ્ડો, પુ૰ બિલ્લીને ઉરાડવાનો જે દાંડો તે. ૨ લાંબો કદાવર જુવાન પુરૂષ.

દણ્ણું, ન૰ દળવા આપવાને ઝાટકી વીણી તૈયાર કરેલું અનાજ. દણ્ણું કરવું.

દત્ત, વિ૰ ધા૰ [સં૰] આપેલું. ઈશ્વરદત્ત.

દત્તક, પુ૰ [સં૰] જેને દિકરો નથી એવાએ બીજાના જે દિકરાને વિધિ પૂર્વક લઈ પોતાનો કરી રાખ્યો હોય [તે; દત્તપુત્ર.

દત્તવું, ક્રિ૰ સ૰ આપવું; દેવું.

દમામું, ન૰ [સં૰ ડિણ્ડિમ] લડાઈની સવારીમાં અગાડી આગળ જે નોબત-નગારું તે; મોટો ડમકો. દમામું-દમાનું પણ કેવાય છે. "ઢોલ દમામાં વાજે તબલ ..."

દદુડી, સ્ત્રી૦ નાનો દદુડો. [પડેછે.

દદુડો, પુ૦ ઊંચેથી જોરમાં પણ સીધું પડતું જે પાણી તે. (ધોધ ઘણે ઊંચેથી ઘણાં જોરાથી અને વાંકા આકારમાં

દધિ, [સં૦] દહીં.

દધિજા, સ્ત્રી૦ [સં૦] લક્ષ્મી.

દન, દિન.

દનુજ, પું૦ [સં૦] દાનવ; દૈત્ય.

દનેયું, ન૦ રોજનું કાચું નાણું. [ળું-દાંતવાળું.

દન્ત, પુ૦ [સં૦] દાંત. ૨ હાથીદાંત. ૩ દાંતો. દન્તા-

દન્તકથા, સ્ત્રી૦ [સં૦] વંશ પરમ્પરાથી લોકમાં ચાલતી આવેલી ખરીખોટી વાત.-(મોઢેનીજ-લખાયલી નહિ).

દન્તી, વિ૦ [સં૦] જેને બ્હાર પડતા દાંત-દાંતા હોય તે, તેવું-(હાથી, કાંસકી વગેરે).

દન્તુડી, સ્ત્રી૦ નાનો દાંત (બાળકનો).

દન્તુશ, પુ૦ [દન્તશૂળ] બ્હાર પડતા મોટા દાંત (હાથીના).

દન્તુસળ, દન્તુશ.

દન્ત્ય, વિ૦ [સં૦] દાંત સમ્બન્ધી. ૨ દાંતથી બોલાય તેવા (અક્ષરો)- ત, થ, દ, ધ, ન, લ, સ.

દપકામણ, સ્ત્રી૦ દબડામણ; ધમકી.

દપટ, પુષ્કળ,

દપટવું- ટાવવું, ક્રિ૦ સ૦ લુચ્ચાઈથી લઈને સંતાડી રાખવું; સરપટી રાખવું.

દપોટો, પુ૦ જેમાં લુગડાં જેમાં બાંધ્યાં હોય તેવી ગાંસડી.

દફણાવવું, ક્રિ૦ સ૦ હોડી ચલાવવી શરૂ કરવી. ૨ મૈથુન કરવું (નીચ લોકમાં).

દફતર-દફ્તર, ન૦ [ફા૦] સરકારી કાગળિયાં. ૨ કામકાજનાં કાગળિયાં; ચોપડા. [ખાનું.

દફતરખાનું, ન૦ [ફા૦] જ્યાં દફતર રાખવામાં આવતાં હોય તે જગા. ૨ વાંચવા-અભ્યાસ કરવાનું કિતાબ-

દફતરદાર, પુ૦ (હાલમાં) સરકારી જમાબન્દી ખાતાનો હિસાબ રાખનાર ઉપરી કારભારી. અમુક જિલ્લાનો અમુક દફતરદાર હોયછે.

દફતરી, પુ૦ દફતર રાખનારો-સાચવનારો.

દફન, ન૦ [અ૦] દાટવું તે.

દફનાવવું, ક્રિ૦ સ૦ દાટવું; ગાડવું.

દફે-દફેદફે, વિ૦ [અ૦] માંડીવાળેલું-પતાવેલું હોય તેવું-(કરજ). દફે કરવું-દફન કરવું; દાટવું.

દફેદાર, પુ૦ [ફા૦] લશ્કરી સ્વારોના રસાળાનો એક અમલદાર. ૨ શેહેર પોલીસમાં ઊંચા દરજ્જાનો સિપાઈ.

દફોળ-ચન્દ, પુ૦ અક્કલ વગરનો-માથું ફોડતાં પણ ન સમજે તેવો પુરુષ; ઠોઠ; જડસો.

દબકાવવું, ક્રિ૦ સ૦ ધમકી આપવી; ધાસ્તી બતાવવી; હલકું પાડવું. ૨ હોડી હલાવવી-હલમારવી. ૩ દાબી દાબીને ખાવું.

દબદબો, પુ૦ દરજ્જો અથવા મોટાઈ એને અનુકૂળ જે ઠાઠમાઠ તે; ધામધૂમ; જાહોજલાલી; દમામ; ભપકો.

દબવું, ક્રિ૦ અ૦ ધમકીથી તાબે થઈ જવું; નરમ પડવું; દબીજવું.

દબાણ, ન૦ ઉપર બારબોજ હોય તેવી હાલત; દબાવું તે. ૨ કોઈયે કરેલા ઉપકારથી શરમાવું તે. ૩ કોઈ પણ વાતના અફકોરાથી દબાઈ રેવું તે. [ધાસ્તી.

દબામણ, સ્ત્રી૦ દબવું-તાબે-નીચે રાખવું તે. ૨ ધમકી;

દબાવવું, ક્રિ૦ સ૦ ધમકી-ધાસ્તી આપવી. ૨ દબવું-તાબે રાખવું; આબરૂ લેવી; હલકું પાડવું. ૩ ડાબીને ખાવું, ઈંચવું.

દબેલ, વિ૦ ધા૦ ધાસ્તી પામેલું, ડરીગયલું. ૨ ઉપકારથી ઓશિયાળું થયલું; તાબેદાર.

દમ, પુ૦ [ફા૦] પ્રાણી, ગળાંની વાટે જે હવા અન્દર લેછે ને બ્હાર કાડેછે તે; શ્વાસોશ્વાસ. ૨ પ્રાણવાયુ; જીવ. ૩ કફથી શ્વાસ લેવો ને કાડવો મુશ્કેલ પડે, એવો છાતીની અમૂઝણનો જે રોગ તે. ૪ ઓષધિમાં જે ગુણ-સત્વ હોય તે. એ જડી બુટ્ટીમાં તો બહુ દમ રહ્યો છે. ૫ જોર; કૌવત, શક્તિ-તન બળ, મન બળ, ધન બળ-એનામાં બહુ દમ છે જો!. ૬ જોરમાં ધુમાડો ખેંચવો તે-(બીડી હુક્કા ગાંજાનો). દમ રાખવો એટલે દમને અન્દર ઘુંટવો. ૨ પોતાના તન-મન-ધનના જોરનું અભિમાન રાખવું. દમ ખાવો-પકડવો એટલે શ્વાસને ધીમા પાડવો; વિસામો લેવો, થાક ખાવો, ધીરજ રાખવી. દમ મારવો એટલે ધીરજ રાખવી, થાક ખાવો. દમ લેવો એટલે શ્વાસ નીચો પાડવો. ૨ ધીરજ રાખવી. ૩ (લાક્ષણિક) જીવને અકળાવવો; સતાવવું; દુઃખ દેવું. દમ થવો એટલે દમનો રોગ થવો. દમ ઘીસવો-ઘુંટવો-મારવો-રૂંધવો એ શબ્દ શ્વાસને અન્દર રોકવાના અર્થમાં વપરાય છે. દમ નિકળી જવો એટલે જીવ જવો. દમ જોવો એટલે કેટલી શક્તિ છે તે જોવી. દમ દેવો એટલે ધમકાવવું; સજાની બીક બતાવવી. એકદમ એટલે પળમાં; ક્ષણમાં; તાબડતોબ.

દમડી, સ્ત્રી૦ બે પૈ ને આઠ બદામનો જે પૈસો તેનો આઠમો ભાગ એટલે ૫) બદામ. ૨ એક હલકી કિમ્મતનો પૈસો. 'ચમડી તોડે પણ દમડી ન તોડે.'

દમડો, પુ૦ દમ; જીવ-'દમડો જાય છે.' ૨ દમડી.

દમણ, ન૦ દમન. નાગદમણ.

દમણી, સ્ત્રી૦ બળદની સવારીની નાની ગાડી (દમણ ગામમાં પ્રથમ નિકળેલી માટે).

દમણું, ન૦ મોટું ચાલ્લું.

દમદમાટ, પુ૦ દબદબો; ઠાઠમાઠ. [વશમન.

દમન, ન૦ [સં૦] વશ કરવું; તાબે રાખવું; જીતવું. ઇંદ્રિ-

દમપરદમ, અ૦ વારેવારે; ઉપરાઉપરી.
દમરો, પુ૦ ડમરો.
દમવું, ક્રિ૦ સ૦ દુઃખ દેવું; સતાવવું; જુલમ કરવો.
દમાકમ, પુ૦ દબદબો; ભપકો, ઠાઠમાઠ.
દમિયલ, વિ૦ દમના રોગવાળું.
દમોદમ, અ૦ સરસાઈથી; ચરસાચરસીથી. ૨ સરખું-બ-રોબર થયલું હોય તેમ.
દમ્પતી, ન૦ [સં૦ દમ્-સ્ત્રી અને પતિ] સ્ત્રી ને પુરુષ બેનું જોડું. દમ્પત નોતરયું છે.
દમ્ભ, પુ૦ [સં૦] પેટમાં કંઈ ને મોડે કંઈ તેવી વૃત્તિ; છુળ-કપટ બુદ્ધિ. ૨ પ્રપઞ્ચ; ઢોંગ. [૨ ઢોંગી.
દમ્ભી, વિ૦ [સં૦] મનમાં મેલ-કપટ-પાળી રાખનાર.
દયા, સ્ત્રી૦ [સં૦] એકનું દુઃખ જોઈ બીજાના દીલમાં જે નરમ-પ્રીતિ-સહાય કરવાની લાગણી થાય છે તે. દયા આવવી-ઉપજવી. ૨ એ લાગણીથી દુઃખીના ઉપર કરેલી જે માયા-મેહેરબાની તે. દયા કરવી.
દયામણું, વિ૦ જેને જોઈ દયા ઉપજે તેવું (માણસ, મોઢું વગેરે).
દયાવન્ત-વાન્, [સં૦] દયાળુ.
દયાળ-ળુ, વિ૦ દયા ઉપજતી હોય તેવી લાગણીનું; દયા-માયા- કૃપા કરનારું. [દર.
દર, પું૦ ભાવ-કિંમત (અડકેક અથવા જથાબન્ધ ચીજનો); દર. ૨ જ્યાં ખારો સઞ્ચોરો પાકે તે જગા. જેમ અગર તેમ
દર, એ શબ્દ, અડકેકું જૂદું એમ ચોકસ ગણતાં વપરાય છે. દરએક દરમાણસ દીઠ પાંચ પાંચ રુપિયા.
દરએક, વિ૦ જૂદું જૂદું; અડકેકું. [ફિકર.
દરકાર, સ્ત્રી૦ [ફા૦] ગરજ; જરૂરિયાત; તમા. ૨ કાળજી;
દરખાસ, સ્ત્રી૦ [ફા૦ દરખાસ્ત] નમનતાઈથી કરેલી અરજ. ૨ હુકમનામું અમલમાં આણવાને સારુ કરેલી અરજ. દરખાસ બજાવવી કેવાય છે. ૩ નમનતાઈથી કેવું-(સભામાં) દરખાસ કરવી.
દરગા-ઘા, સ્ત્રી૦ [ફા૦] પીરને પૂજવાનું ઠેકાણું. ૨ દરબાર; મોટાં માણસનું ઘર. ૩ આંગણું; બારણું.
દરગુજર, સ્ત્રી૦ ક્ષમાથી માંડી વાળવું તે; સાંખી રેવું તે; હવે એમ કેવું તે. દરગુજર કરવી-માફ કરવું. ૨ અખાડા [કરવા.
દરજણ-જેણ, સ્ત્રી૦ દરજીની બઈરી.
દરજી, પુ૦ કપડાં સિવનારો.
દરજ્જો-જ્જો, પુ૦ [અ૦] અધિકાર; પદવી.
દરડ, સ્ત્રી૦-પુ૦ દડ.
દરણું, દળણું.
દરદ, ન૦ [ફા૦] શરીરને થયલું કંઈ પણ દુઃખ; રોગ. ૨ મનનું કોઈ પણ દુઃખ; શોક; ચિન્તા; ગભરાટ. ૩ (લાક્ષણિક) મર્મ; છુપો ભેદ; ખૂબી; રસ.
દરદાવો, પુ૦ કોઈ પણ જાતનો હક-દાવો.

દરદી, વિ૦ [ફા૦] દુઃખી; રોગી. ૨ જેના દીલમાં દુઃખ થતું હોય તે. ૩ દરદની બૂજ કરનારું; સમજુ; રસિક.
દરપણ, દર્પણ.
દરબાર, સ્ત્રી૦-ન૦[ફા૦] રાજસભા; બાદશાહની કચેરી. ૨ રાજા; બાદશાહ. ૩ જ્યાં સરકારની તરફના મુખ્ય અધિકારીયે લોકને એકઠા મેળવ્યા હોય તે ઠેકાણું અથવા એ જે મેળાવડો તે. ૪ ઇનસાફ કરવાની જગા; ન્યાયમન્દિર.
દરબારી, વિ૦ [ફા૦] દરબારને લગતું- (કામ). ૨ દરબારમાં બેસતું (માણસ).
દરભ, દર્ભ.
દરમાયો, પુ૦ [ફા૦ દરમાહ] મહિને મહિને જે પગાર આવતો હોય તે; મહિનો.
દરમિયાન, અ૦ [ફા૦] વચમાં; વચમાંના વખતમાં.
દરવ, દ્રવ્ય.
દરવાજો, પુ૦ [ફા૦] શેહેર-ગામમાંથી બાર નિકળવાને અને તેમાં આવવાને કોટમાં જે મોટું બારણું રાખેલું તે. સુરતને બાર ને ડભોઈને ચાર દરવાજા છે. ૨ રાજાનો મોહોલ અથવા કોઈ મોટા માણસનાં ઘરનું જે મોટું બારણું તે. ૩ સાધારણ ઘર વગેરેનું બારણું. ૪ (લાક્ષણિક) રસ્તો; વાટ.
દરવાન, પુ૦ [ફા૦] દરવાજે બેસનારો સિપાઈ-નોકર.
દરવેશ, પુ૦ [ફા૦] દેશોદેશ ફરયાં કરનારા ફકીર અથવા તેમાંનો એક.
દરશ-ણ, દર્શન.
દરશણિયું, ન૦ સ્ત્રીઓને કાંડે ઘાલવાનું મોતી, સુના ને રુપાના દાણાનું એક ઘરેણું.
દરશાવું, ક્રિ૦ અ૦ દેખાવું; નજરે પડવું.
દરાખ, દ્રાક્ષ.
દરાજ-ગ, સ્ત્રી૦ [સં૦ દદ્રુ] એક જાતનો ચામડીનો રોગ.
દરાજિયું, વિ૦ જેને દરાજ હોય તે (માણસ).
દરિઆઈ, વિ૦ [ફા૦] દરિયા સમ્બન્ધી-દરિઆઈ લશ્કર એટલે દરિયામાં વાહાણમાંથી લડનારું લશ્કર; દરિઆઈ જાનવર. ૨ એક જાતનું રેશમી કપડું.
દરિઆફ-ફ્ત, પુ૦ [ફા૦] વિચાર; કારણ સાથે મનમાં નક્કી કરવું તે. ૨ તર્ક; ધારણા.
દરિઆવ, [ફા૦] દરિયો.
દરિદ્ર, ન૦ માણસને જરૂરનાં જે અનવસ્ત્ર તેની પણ જેને તંગી પડતી હોય એવી જે તેની હાલત તે; ગરીબાઈ; કફમાલિયત.
દરિદ્રી, વિ૦ [સં૦] ખાવા પેવાની તંગીમાં હોય તેવું (માણસ); ગરીબ; કંગાળ. ૨ ખરેખરી ગરીબાઈ ન છતે કંજુસાઈને લીધે અથવા હરામીને લીધે ગરીબાઈ દેખાડનાર.

દરિયો, પુ॰ [ફા॰ દરિઆવ] પૃથિવીના ઘણાએક ભાગમાં વ્યાપી રહેલું એવું જે ખારૂં પાણી તે; સમુદ્ર. ૨ એનો જે કોઈ પણ ફાંટો તે; ખાડી.

દરી, સ્ત્રી॰ ગુફા.

દરેક, દરએક.

દરો-ઈ, સ્ત્રી॰ [સં॰ દૂર્વા] એક જાતની કુમળી ચાર-ગણપતિને ચડેછે.

દ્રૂરો, પુ॰ નદી ખાડીમાંનો પાણી ભરાઈ રહેતો મોટો ખાડો.

દરોગો, પુ॰ કોઈ પણ સરકારી ખાતાનો મુખ્ય કામદાર. તિજોરીનો-જેલનો દરોગો. ૨ મુખ્ય; વડો.

દરોડો, પુ॰ ધાડ; લૂટ. [તેવું; બરાબર.

દરોબસ્ત, વિ॰ [ફા॰] કંઈ પણ બાકી-કસર-ખોડ નહિ

દર્દ, [ફા॰] દરદ.

દર્દુર, પુ॰ [સં॰] દેડકો.

દર્પ, પુ॰ [સં॰] ગર્વ; ગમરૂખી; અહંકાર.

દર્પણ, સ્ત્રી॰ [સં॰] મોઢું દેખાય તેવો આરસો; આયનો; આરસી; ખાપ.

દર્ભ, પુ॰ [સં॰] એક જાતનું ઘાસ જે પવિત્ર મનાય છે ને જે સન્ધ્યા તર્પણ યજ્ઞમાં વપરાય છે તે.

દર્શક, વિ॰ [સં॰] દેખાડનાર.—દર્શક સર્વનામ-આ, એ, તે, પેલું, ઓલું; સૂક્ષ્મદર્શકયન્ત્ર. ૨ ગણિતમાં સંખ્યાના ઘાતફળ વગેરે દેખાડનારો સંખ્યાની ઉપર મુકેલો આંકડો.

દર્શન, ન॰ [સં॰ દશ-જોવું] જોવું તે; નજર; દૃષ્ટિ. ૨ દેવ, સાધુ, પણ્ડિત ઇત્યાદિને ભાવ સાથે જોવા તે. ૩ મુખ્ય જે છ શાસ્ત્ર તેને પણ એ શબ્દ લગાડવામાં આવેછે-ષડ્દર્શન. ૪ (કાવ્યશાસ્ત્રમાં) એ ત્રણ પ્રકારનાં કહ્યાં છે, સાક્ષાત-સ્વપ્ન-ચિત્રદર્શન. ૫ ગોસાંઈજીના લાલ પોતાના સેવકને નિત્ય સાંજ સવાર ઠાકોરજીને જે જૂદે જૂદે રૂપે દેખાડાવેછે તે. ઉથાપન મઙ્ગળા-સણગાર-રાજભોગ-શેન-આરતીનાં વગેરેનાં દર્શન. દર્શન આપવાં-કરવાં-થવાં-લેવાં.

દર્શાવવું, ક્રિ॰ સ॰ દેખાડવું; બતાવવું.

દર્શી,-ર્શિ॰ વિ॰ [સં॰] જોનાર. દીર્ઘદર્શી, દૂરદર્શી, તત્ત્વદર્શી.

દલ, [ફા॰] દિલ.

દલગીર, વિ॰ ઉદાસ; શોકાતુર.

દલગીરી, સ્ત્રી॰ [ફા॰] શોક; ઉદાસી; બેચહેની.

દલાયું, દલવું.

દલાલ, પુ॰ વેપાર ધન્ધામાં આપનાર લેનારની વચમાં સાટું કરાવનાર જે મધ્યસ્થ પુરુષ તે.

દલાલી, સ્ત્રી॰ દલાલનું જે કામ તે. ૨ દલાલની જે કમાઈ તે.

દલાલું, ન॰ દલાલી (૨જા અર્થમાં).

દલાસો, દિલાસો. [તકરારનું પાનું.

દલીલ, સ્ત્રી॰ [અા॰] તકરાર સબબ કારણ. ૨ ઓદી

દલ્લો, પુ॰ થાપણ; થેલી; પુંજી.

દવ, પુ॰ [સં॰] જઙ્ગલ બળવું તે.—વનમાં લાકડે લાકડાં ઘસાયાથી એની મેળે જે આગ લાગવી તે; એ જે અગ્નિ તે; દાવાગ્નિ; દાવાનળ. દવ બળવો-લાગવો. દવ લગાડવો એટલે માણસે વસ્તેવ મુકી જઙ્ગલનાં ઝાડ ઘાસ બાળી નાખવાં.

દવા, સ્ત્રી॰ [અા॰] ઓસડ-જડીબુટ્ટી, રસાયન વગેરે. દવાદારૂ એ શબ્દ ઓસડિયાંનું સાધારણ નામ છે તેમ ઓસડ કરવું તેને પણ લાગુ પાડવામાં આવેછે.

દવાઈ, સ્ત્રી॰ દવા; ઓસડ.

દવાખાનું, ન॰ જ્યાં દવા મળતી હોય તે ઠેકાણું.

દવાડ, પુ॰ દવ.

દવાદશી, દ્વાદશી.

દશ, વિ॰ [સં॰] પાંચ ને પાંચ એટલી સઙ્ખ્યા બતાવેછે.

દશગ્રન્થ, પુ॰ [સં॰] ઋગ્વેદ સંહિતાનાં દશ ગ્રન્થ-સંહિતા, બ્રાહ્મણ, અરણ્ય, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિઘણ્ટ, નિરુક્ત, છન્દ ને જ્યોતિષ.

દશદિશા, સ્ત્રી॰ ચાર દિશા, તેના ચાર ખુણા અને ઉપર [હેઠળ.

દશમું, વિ॰ [દશમ] દશનો ક્રમ બતાવેછે.

દશમૂળ, ન॰ દશ જાતની ઓષધીનાં મૂળિયાં.

દશાંશ, પુ॰ [સં॰] એક રીતનું ગણિત જેમાં દશ દશના ભાગ થઈ ગણિત થાય છે તે. એકનો દશમો ભાગ લખવો હોય તો તે અપુર્ણાંક રીતે આમ $\frac{1}{10}$ પણ દશાંશ રીતે ·૧ એમ લખાય છે.

દશા, સ્ત્રી॰ [સં॰] સ્થિતિ; હાલત. ૨ પડતી હાલત. ૩ જન્મકાળ ઉપરથી ગણિતે સમજાવવું જીવતરમાં ભોગવવાનું જે સુખદુઃખ તેનાં કારણભૂત જે ગ્રહો અને એ ગ્રહોના કાળવિભાગ તે.—આજકાલ તો શનિની દશા છે, શુક્રની બેઠા પછી પૈસો મળશે. વળી મહાદશા, અન્તર્દશા એવાં પણ નામ છે. ૪ [દશાહ] મુઆં માણસનો દશમો દહાડો.

દશા, વિ॰ એ નામની કેટલીક વાણિયામાં પેટાંજ્ઞાત હોય છે.—દશાનાગર-લાડ-શ્રીમાળી વગેરે. બીજી પેટાંજ્ઞાતનું નામ વીસા છે.

દશા, ગાડી જોડવા માટે ધુંસ નાંખવાની આંતરી.

દશોયાં ચરવાં-ચારવાં, પરણ્યા પછી તરત થોડા દીવસ વર વહુને ઘેર ને વહુ વરને ઘેર જમવા જાય તે.

દશોરી, સ્ત્રી॰ વજનમાં દશશેરનું કાટલું.

દશેરો, પુ॰ દશશેર માય એવું માપનું વાસણ-ઠામ.

દસ, દશ.

દસકત, પુ॰ [ફા॰ દસ્તખત] હરફ; અક્ષર. ૨ હાથનું લખાણ. ૩ સહી. [દશ વર્ષ.

દસકો, પુ॰ દશ દશ સઙ્ખ્યાનો જે આંકડો જથો તે. ૨

દસમ, સ્ત્રી॰ [દશમી] પખવાડિયાનો દશમો દહાડો; દસેમ.

દસરા, દસેરા.

દસા, દશા.

દસી, સ્રી૦ દશ વર્ષનો જે કાળ તે.

દસીવીસી, સ્રી૦ દશ વર્ષનો કાળ ને વીસ વર્ષનો કાળ. ૨ ચડતી પડતી દશા.

દસેરા, સ્રી૦ [સં૦ દશાહરા] આશો શુદ દસ્સેમ. ૨ દસેરા પર્વ એટલે જેઠશુદ દસ્સેમ, જે દિવસે ગંગા સ્વર્ગથી પૃથ્વી ઉપર આવી.

દસ્ત, પું૦ [ફા૦] હાથ. ૨ સત્તા; અખ્તિયાર; કાબુ. ૩ ઝાડો; જુલાબ. [આવેછે તે.

દસ્તાન, ન૦ બૈરાંને મહિને મહિને જે અટકાવ-અળગું

દસ્તાવેજ, પું૦ [ફા૦] રુપિયા માલ લઈ તેના બદલામાં જે પોતાની સહીનું લખાણ કરી આપેલું તે; લખત. ૨ લેણદેણ સમ્બન્ધી અથવા સરકારી કામ સમ્બન્ધી જે કોઈ કામનો લેખ તે. [શિરસ્તો.

દસ્તુર, સ્રી૦ [અ૦] રીત; રિવાજ; ચાલ; ધારો;

દસ્તુર, પું૦ [ફા૦] પારસીઓમાં જે, ગોર-ભિક્ષુકનું કામ કરેછે તે.

દસ્તુરિ, સ્રી૦ [હિં૦] હકસાઈ; સુખડી.-હંમેશાની રીત પ્રમાણે અપાતી લેવાતી તે. [ધાપો.

દસ્તો, પું૦ [ફા૦] ખાણણીનો દાંડો. ૨ ચાકુ કૈંચી વગેરેનો જે હાથો તે. ૩ ચોવીસ કાગળનો જથો તે;

દસ્સેમ, દસમ.

દહન, ન૦ [સં૦] બળવું-સળગવું તે.

દહવું, બાળવું.

દહીં, ન૦ [સં૦ દધિ] ખટાશ ભળવાથી દૂધનો જે બાઝી-ગયેલો ખાટો પદાર્થ તે.

દહીંતરું, ન૦ પરચુદીના લોટમાં ઘણું મોણ નાંખી ઘણા ઘીમાં તળેલી એવી જે નાની જાડી પૂરી તે.

દહીંવડું, ન૦ દહીંમાં બોળેલું વડું.

દળ, પું૦ લોટને ઘીમાં સાંતળી થરડો પાડી માંય ખાંડ નાખી બનાવવામાં આવેછે તે પદાર્થ; ઘસોટ.

દળ, ન૦ [સં૦ દલ] સેન; લશ્કર. ૨ અડધો ભાગ. ૩ જાડાપણું; અન્દરનો માવો; પડ. ૪ પાનડું-તુળસીદળ.

દળણું, દળણું.

દળદર, ન૦ દરિદ્ર.

દળદાર, વિ૦ દળવાળું; જાડું.

દળદ્રી, દરિદ્રી.

દળવાદળ, ન૦ તોફાનનું વાદળ. ૨ લશ્કર; સેન.

દળવું, ક્રિ૦સ૦[સં૦દલન] ઘંટીથી અનાજનો આટો કરવો.

દળામણ, ન૦ દળવાની મજુરીના પૈસા. ૨ જેટલું દળ્યું હોય તેટલું તે.

દળામણી, સ્રી૦ દળામણ (૧ લા અર્થમાં).

દળાવવું, દળવું એનું પ્રયોજક રૂપ.

દળાવું, દળવું એનું શક્ય રૂપ.

દાંખળી, ડાંખળી.

દાંડ, પું૦ શઠ; નફ્ફિકરો. ૨ લુચ્ચો; દગો. ૩ ન પરણેલો પુરુષ; વાંઢો.

દાંડિયો, ડાંડિયો.

દાંડી, ડાંડી.

દાંડો, પું૦ [દણ્ડ] લોડાં લાકડાં વગેરેનો લામ્બો ને જાડો કકડો. ૨ દસ્તો; પરાઈ. ૩ મોટી વસ્તુને ઊંચકવાનો તેનો બાર નિકળેલો જે ભાગ તે-પાલખીનો દાંડો.

દાંત, પું૦ [દન્ત] માણસ પશુ વગેરે ઘણાક પ્રાણીના મોડાંમાં ખાવાના ચાવવાના કામમાં મદદ કરનાર જે હાડકાંનો પદાર્થ હોય છે તે. હાથીને ચાવવાના અન્દર ને બીકવાના બાર દાંત હોય છે. દાંત ઊટવા-આવવા-પડવા. દાંત કાડવા-દેખાડવા, એટલે સારી પેઠે હસવું. દાંત પીસવા (ગુસ્સામાં). દાંત કરડવા એટલે હારી થાકવું. દાંત કકડવા (ટાઢથી). એના પેટમાં દાંત છે-એનામાં કીનો-વેર છે.

દાંતરૂં-વું, વિ૦ જેના એક બે દાંત મોડાં બાર નિકળ્યા હોય તેવું. (માણસ).

દાંતિયાં, ન૦ કુંકરા; બાજરી કાડી લીધા પછી કસણાની અન્દરની જે દાંડી-નૈસ રેછે ને જે બળદને ખવાડવામાં આવેછે તે. ૨ ઘેટિયાં-હિંસક પશુના જેવી ચેષ્ટા.

દાંતિયું, ન૦ કોઇને ચિડવવા સારુ તેની સામે જોઈ મોડું પોળું કરી દાંત હલાવવા તે. ૨ બોલવાનું કૌવત ન હોય તે છતાં ગુસ્સામાં બળાત્કારે બોલવું-ચિડવું તે. દાંતિયાં કરવાં.

દાંતી, સ્રી૦ કાંસકીના દાંતાની વચમાંના અન્તરને જે તુવેરની દાળ ડાંગેર વગેરે ઘાલી સજ્જડ કર્યું તે. (લીખ વગેરે કાડવા સારુ) દાંતી દેવી એટલે દાંતી ઘાલી હોળવું. ૨ જે રૂપાંની ઓલીમાં તઓળિયો સાપ ઘાલી તેને નવા દાંત આવતા હોય તેવાં છોકરાંની કોટે બાંધે છે તે. ૩ રૂપાં સુનાંમાં જડેલો જે વાઘનો નખ તે. ૪ સુનાં રૂપાંના ઘાટમાં જે આડી વડ તે.

દાંતો, પું૦ દાંત કાંટા સરખી અણીદાર જે ચીજ તે કાંસકીનો-ઐરુની કળપીનો સચ્ચાનાં પૈડાંનો દાંતો વગેરે. ૨ કોટ અથવા મટોડું ખરીપડેથી દાંત સરખો બાર નિકળેલો દેખાતો ભીતનો જે ભાગ તે. ફરાના દાંતા પરવાના છે.

દાંબેદ, પું૦ એક જાતની લાલ દાંડીની ભાજી.

દાઈ, સ્રી૦ [હિં૦] જણાવનારી સ્રી; સોઆણી; હળામડી. ૨ શરીર ઉપર જે દુખાવો હોય તે (બાળકની સાથે બોલતાં ને તેનીપાસે બોલાવતાં). [હિં૦

દાઈ, વિ૦ [સં૦ દાયક-દાયી] દેનાર. સુખદાઈ, દુખદાઈ

દાઈઍણ, સ્રી૦ દાઈ; સોઆણી.

દાઊદી, સ્ત્રી૰ એક જાતનો છોડ; ગુલદાઉદી; ગુલદાવદી.

દાકતાર, ડાકટર.

દાખલ, વિ૰ [અ૰] અંદર પેઠેલું; પ્રવેશ કરેલા-થયેલા હોય તેવું; હાજર થયેલું; પસાર. ૨ નોંધેલું.

દાખલો, પુ૰ ચાલતી વાતને મળતી આવતી એવી જે અગાઉ બનેલી વાત તે:-૨ અનુભવ; પોતાને જાણ થવી તે-કાલની વાતથી મને દાખલો મળ્યો. ૩ એક વાતની સાબીતીમાં તેને મળતી બીજી વાત બતાવવી તે; પુરાવો. ૪ ગણિતમાં એકાદિ બતાવેલી રીત પ્રમાણે ગણવાનો જે હિસાબ તે. ૫ યાદગીરી; નિશાની; દૃષ્ટાન્ત; ઉદાહરણ.

દાખવવું, ક્રિ૰ સ૰ દેખાડવું; બતાવવું; નજરે પાડવું. ૨ જાહેર કરવું.

દાખવું, દાખવવું. (કવિતામાં).

દાગળી, સ્ત્રી૰ લાકડાંનાં કાણાંમાં જે લાકડાંનો કકડો બેસાડેલા તે. ૨ જાડાં વાસણમાં પડેલાં કાણાપર જે પતરું મારેલું તે. ૩ (લાક્ષણિક) બુદ્ધિ; શુદ્ધિ. તેની દાગળી ખસી ગઈ-ખસકી છે એટલે તે ઘેલું થયું છે.

દાગીનો, પુ૰ [ફા૰] સુનાં રૂપાંનું અથવા જડાવ જે પરેણું તે. ૨ જફગમ વસ્તુમાંની જે એકેકી તે અથવા એકઠી કરીને બારથી અકેકી કરેલી તે; નફગ. વાણમાં તેના સાત દાગીના હતા. ડાગીનો.

દાઝ-ઝ, સ્ત્રી૰ કોઈનું દુઃખ જોઈ મનમાં બળવું તે; દયા.

દાઝણું, ન૰ ચાલતાં દઝાય તેવું જમીનનું તપીજવું તે.

દાઝવું, ક્રિ૰ અ૰ ઊની વસ્તુના સ્પર્શથી શરીરને ઊનું લાગવું-ઊનું લાગી દુઃખ થવું. ૨ કોઈનું દુઃખ જોઈ [મનમાં બળવું.

દાટ, પુ૰ ડાટ.

દાટવું, ડાટવું.

દાટો, ડાટો.

દાડ, દાઢ.

દાડમ-ડેમ, ન૰ [સં૰ ડાડિમ] એક જાતનું અન્દર રાતા [દાણાવાળું ફળ.

દાડમી-ડેમી, સ્ત્રી૰ દાડેમનું ઝાડ.

દાડી, દાઢી. ૨ રોજ; હમેશ.

દાડો, પુ૰ દિવસ; દિન; દી. ૨ મુવાં પછી મરનારની પાછળ જે ક્રીયા-ખરચ કરવો તે. દાડો પાણી ફેવાય છે., દાડો સિકન્દર થવો એટલે પડતી હાલતમાંથી સારી હાલતમાં આવવું. વાંકા-નબળા દાડા એટલે પડ-તી હાલતનો વખત. દાડાની ચાલ એટલે ગ્રહ યોગ. સારા દાડા એટલે ડાહ્યાના દાડા. દાડાવાળી એટલે ગર્ભવતી સ્ત્રી. દાડે દાડે એટલે જેમ વખત જતો જાય છે તેમ.

દાઢ, સ્ત્રી૰ [સં૰ દાઢા] ખાવાનો પદાર્થ ચાવનાર બન્ને જડાના જે મોટા દાંત તે. દાઢ આવવી એટલે દાઢને લગતી ચામડી સુજવી. દાઢે લાગવું-વળગવું એટલે સ્વાદ લાગવો. દાઢમાં લેવું-રાખવું એટલે બચકી નાખવાની તૈયારી કરવી; નુકસાન કરવું; ડંખ રાખવો.

દાઢિયો, પુ૰ મજૂર.

દાઢી, સ્ત્રી૰ [સં૰ દાઢિકા] હડપચી ઉપર ઉગી નીચે લટકતા જે વાળ તે. ૨ નીચલા હોઠની નીચેનો જે ભાગ તે; હડપચી. ૩ દરરોજ.

દાઢું, ન૰ હજામત ન કરવાથી દાઢીએ જે કેશ વધી ગયલા તે.

દાઢો, દાડો. દાઢો વટ્યો એટલે અળગું ચડ્યું (બૈરાંને).

દાણ, ન૰ માલ ઉપર સરકાર તરફથી જે લવાજમ લેવામાં આવે તે; જગાત. દાણચોકી-જે ચોકીએ દાણ આપવું પડે તે. દાણચોરી-દાણ ઉઘરાવ્યામાંથી ચોરી રાખવું તે. દાણલીલા-કૃષ્ણની.

દાણા, પુ૰ દાણોદુણી.

દાણાદાર, વિ૰ જેમાં દાણા હોય તેવું.

દાણિયું, ન૰ કોઠમાં ઘાલવાની ફીડિયા સેર. ૨ અડધો બાજરી ને કુંટસાં મળેલું એવું તે.

દાણી, પુ૰ દાણ લેનારો. 'દાણી ખાળે કે પાણી ખાળે.'

દાણો, પુ૰ અનાજનો કણ. ૨ અનાજ. ૩ અનાજના કણ જેવો જે ગોળ પદાર્થ તે. મોતીનો દાણો.

દાણોદુણી, પુ૰ અનાજ.

દાણોપાણી, ન૰ ખાવાપિવાનું; અન્નજળ. ૨ સર્જિત; [નસીબ.

દાતડી-ડું, દાતરડી-ડું.

દાતણ, ન૰ બાવળ આવળ લિમડા વગેરેની સોટીના કકડા જેનો કુંચો દાંત ઘસવાના કામમાં આવે છે તે. દાતણ કરવું એટલે દાતણથી દાંત ઘસી કોગળા કરી મોઢું સાફ કરવું.

દાતણિયો, પુ૰ દાતણ વેચનારો.

દાતરડી, સ્ત્રી૰ નાનું દાતરડું.

દાતરડું, ન૰ ઘાસ વગેરે વાઢવાનું લોઢાનું કમાનદાર હ[થિયાર.

દાતા, વિ૰ [સં૰] આપનાર. ૨ ધર્મ-પરોપકાર કરનાર. ૩ ધર્મી; ઉદાર; સખી.

દાતાર, દાતા.

દાથરી, સ્ત્રી૰ ઠીકરાંની કાથરોટ.

દાથરિયું, ન૰ ઠિકરાંનું ઠામ-વાસણ.

દાથરો, પું૰ મુઠિયાં, પતરવડિયાં બાફવા સારુ તેની નીચે ઘાલેલું જે ઘાસ વગેરેનું પડ તે. ૨ ચડેલું મોઢું.

દાદ, સ્ત્રી૰ ફરિયાદ. દુઃખથી અરજ કરવી તે. મારી દાદ કોઈ સાંભળતું નથી. ૨ સમ્ભાળ; ખબર.- મારી દાદ કોઈ લેતું નથી. ૩ ઇનસાફ.

દાદર, પુ૰ માળપર ચડવા સારુ એક પછી એક એમ અનુક્રમ પગથિયાં હોય એવી જે પાટિયાંની ગોઠવણ[ી; સીડી.

દાદર, સ્ત્રી૰ [દદ્રુ] દરાજ.

દાદરબારી, સ્ત્રી૰ માળે ચડવાનો જ્યાં દાદર હોય તેટલું ખુલ્લી જગા બન્ધ કરવાનું જે ઢાંકણ-બારણું તે.

દાદરો, પુ૰ ગાયનની એક તરેહ—એનું બંધારણ ટુંકું હોયછે.

દાદી, સ્ત્રી૰ બાપની જે મા તે.

દાદી, વિ૰ [ફા૰] ફરિયાદ કરનારનું સામાવાળું; જવાબ દેનાર.

દાદુર, પુ૰ [દર્દુર] દેડકો.

દાદો, પુ૰ બાપનો બાપ.

દાધર, સ્ત્રી૰ દાદર; દરાજ.

દાધાવું, ક્રિ૰ અ૰ બળવું.

દાધાબળ્યું, વિ૰ હમેશ મનમાં બળતું; ચિડિયું; ધુંધવાતું; ધૂમરાયલું; રડતીસુરત.

દાધારફચું-રિફગું, વિ૰ જેના એરાનો રફગ બળેલો હોય તે; બળિએલ; દાધાબળ્યું.

દાધેલ, વિ૰ બળેલું (તેલ ઘી વગેરે).

દાન, ન૰ [સં૰ દા-આપવું] ધર્મબુદ્ધિથી આપી દેવું તે. ૨ ભીખ; ભિક્ષા. ૩ બક્ષીસ; ભેટ.

દાન, [ફા૰] એ શબ્દ બીજા શબ્દની પછવાડે મુકાય છે ને ધરનાર, રાખનાર એવો અર્થ રાખેછે. કલમદાન, સમેદાન, પાનદાન વગેરે. વળી જાણનાર-સમજનાર એવો અર્થ પણ રાખેછે—કદરદાન; નાદાન.

દાનત, સ્ત્રી૰ અન્તઃકરણ; દિલ; ચિત્તવૃત્તિ; ન્યાયબુદ્ધિ. નેક દાનત, હરામ દાનત. લીધેલું પાછું આપવાની તેની દાનત નથી.

દાનપાત્ર, વિ૰ [સં૰] દાન આપવાને યોગ્ય.

દાનવ, પુ૰ [સં૰] દૈત્ય; રાક્ષસ. દેવ ને દાનવ.

દાનાઈ, સ્ત્રી૰ [ફા૰] ડાપણ; વિવેક. ૨ ભલમનસાઈ.

દાનાવ, પુ૰ [ફા૰] ડાહ્યું; વિવેકી; સમજુક.

દાનો, દાનાવ.

દાપું, ન૰ હકનું માગણું તે; કર; લાગું. (ધર્મદાનના વિષયમાં)

દાબ, પુ૰ અફોરા; ઉપરથી થતો અટકાવ; દબાણ.

દાબડી, સ્ત્રી૰ નાનો દાબડો.

દાબડો, પુ૰ ગોળ અથવા લાંબા આકારનું ઉપર ઢાંકડાંવાળું ધાતુ લાકડાંનું ઠામ.

દાબણ, સ્ત્રી૰ દાબવું તે; દાબનારૂં જોર. ૨ સખ્તી; અફોરા.

દાબવું, ડાબવું.

દાભ, દર્ભ.

દાભડી, સ્ત્રી૰ દર્ભની એક નાની જાત.

દામ, પુ૰ [હિં૰] પૈસા; ગરથ; રુપિયા. 'દામ કરે કામ ને બીબી કરે સલામ.'

દામણ, ન૰ ઘોડાં-ગધેડાંને એક આગલો ને એક પાછલો એમ બે પગે બાંધી રાખવાનું દોરડું. ડામણ.

દામણ, સ્ત્રી૰ ડાબી બાજુ.—ગોસ ને દામણ ખલાસીઓ બોલેછે.

દામણી, સ્ત્રી૰ સ્ત્રીઓનાં કપાળની છેક ઉપર ઘાલવાનું હીરામોતીનું ઘરેણું.

દામણું, વિ૰ ગરીબડું (દયામણું).

દામણું, ન૰ રેંઢિઆને આર બાંધવાની જે દોરી તે.

દામની, સ્ત્રી૰ [દામિની] વિજળી.

દામર, ડામર.

દાયક, વિ૰ [સં૰] આપનાર. સુખદાયક.

દાયકો, પુ૰ દશાનો જે જથો તે.

દાયણ, સ્ત્રી૰ સોયાણી; દાઈ.

દાયરો, પુ૰ સમુદાય; ટોળું.

દાયી, વિ૰ [સં૰] દાયક; આપનાર.

દાર, વિ૰ [ફા૰] એ શબ્દ વાળું પ્રત્યયનો અર્થ રાખેછે. ચોકીદાર, અણીદાર, જમીદાર (જમીનની માલીકી વાળો). ૨ પૈસા હોય તેવું એવો પણ અર્થ રાખેછે—જેઉપરથી નાદાર.

દારે, દારા.

દારા, સ્ત્રી૰ [સં૰] સ્ત્રી; પત્ની.

દારિદ્ય, ન૰ [સં૰] દરિદ્ર; દળદર.

દારુ, ન૰ [સં૰] લાકડું; કાષ્ટ.

દારુ, પુ૰ [ફા૰] પાણી જેવો કેફી પદાર્થ; મદ્ય; સુરા. ૨ સુરોખાર, ગન્ધક ને કોયલાની મેળવણીથી બનતો એક પદાર્થ અગ્નિના સંયોગથી જે ઝટ સળગી ઉઠેછે તે.

દારુખાનું, ન૰ દારુ (બીજા અર્થમાં) બનાવવાનું ઠેકાણું.

દારુડિયો, દારુબાજ.

દારુણ, વિ૰ [સં૰] વિકરાળ; ભયંકર; તોબા કરાવે તેવું.

દારુબાજ, વિ૰ દારુ પીવાની જેને ઘણી લત હોય તે (માણસ).

દારુહળદ, સ્ત્રી૰ એક જાતની ઔષધિ.

દારોગો, દરોગો.

દાલચિની, સ્ત્રી૰ તજ; તેજાનામાંની એક વસ્તુ.

દાવ, પુ૰ રમતમાં જે વારો આવવો તે. ૨ સોકટાંની રમતમાં—જુગારમાં પાસા ઉપર જે ટપકાં હોયછે તેમાના પાસા પડતાં જે દેખાય તે. દાવ પડવા ઉપર રમત છે. ૩ લાગ; ફાવવું તે; અનુકૂળ વખત. હવે તુ મારા દાવમાં આવ્યો છે—ક્યાં જવાનો છે?

દાવદી, સ્ત્રી૰ એક જાતનું ફૂલ; દાઉદી.

દાવાદળ, ન૰ મોટું કાળું વાદળ થઈ આવવું તે; તોફાન; વાવઝોડું.

દાવાનળ, પુ૰ [સં૰ દાવ-જઙ્ગલ, અનલ-અગ્નિ] દવ; જઙ્ગલ બળવું તે.

દાવો, પુ૰ [આ૰] હક; માલીકીપણું; સ્વામ્ય. ૨ હક મેળવવા સારુ સરકારમાં ફરિયાદ કરવી તે.

દાસ, પુ૰ [સં૰] સેવક; ચાકર. ૨ ગુલામ; વેઠિયો. દાસાનુદાસ—ચાકરનો ચાકર; ગુલામનો ગુલામ.

દાસત્વ, ન૰ [સં૰] સેવા; ચાકરી. ૨ ગુલામગીરી; વેઠ.

દાસી, સ્ત્રી૰ [સં૰] સ્ત્રી સેવક; ચાકરડી. ૨ ગુલામડી; લોંડી.

દાસ્તાન, ન૰ [ફા૰] મોટી વારતા; કિસ્સો; આખ્યાન.

દાસ્ય, ન૰ [સં૰] દાસપણું.

દાહ, પુ૦ [સં૦] બળવું તે; અગ્નિ. ૨ પછી બરમી લાગવી તે. ૩ કડકીને ભૂખ લાગવી તે.

દાહ્ય, વિ૦ [સં૦] ઝટ બળી જાય-સળગી ઉઠે તેવું.

દાળ, સ્ત્રી૦ [દલ] કઠોળને ભરડેથી જે ફાડ પડે છે તે. મગની-ચણાની દાળ વગેરે. ૨ તુવેરની દાળ. ૩ ઈંડાંની અન્દરનો જે પીળો રસ-મગિયો તે. સેવડ કરમાયા-સુકાયા પછી જે છોડાં-પોપડા વળવા.

દાળિયા, પુ૦ સેકેલા ચણા તુવેર વગેરે કઠોળની જે દાળ તે.

દિઅર, પુ૦ [સં૦ દેવર] સગપણમાં સ્ત્રીને પોતાના વરનો જે નાનો ભાઈ તે.

દિક્, સ્ત્રી૦ [સં૦] દિશા.

દિક્ત, સ્ત્રી૦ [આ૦] આનાકાની; શક; હરકત.

દિકરી, સ્ત્રી૦ સ્ત્રી પુરુષથી પેદા થયેલું જે સ્ત્રી જાત સંતાન તે; છોકરી; છોડી. ૨ પોતાની છોડી; બેટી; પુત્રી.

દિકરો, પુ૦ પુરુષ સન્તાન તે; છોકરો. ૨ પોતાનો છોકરો; બેટો; પુત્ર. [કામ લાગે.

દિકામાલી, સ્ત્રી૦ એક જાતનું કડવું ઓસડ-કરમ ઉ

દિગન્ત, પુ૦ [સં૦] દિશાનો અન્ત.

દિગન્તરેખા, સ્ત્રી૦ [સં૦] દિશાનો છેડો બતાવનારી લીટી. ૧ જમીન અને આસમાન જે ઠેકાણેથી જાણે એક બીજાને મળતાં હોય એવી જે દૃષ્ટિમર્યાદા તે. પૃથ્વિની હરકોઈ જગાઉપર ઉભાં રહી જોયાથી જે અડધું આસમાન દેખાય છે તે ફરતું ચક્કર; આકાશકક્ષા; ક્ષિતિજ.

દિગપાળ, પુ૦ [દિક્‌પાલ] દિશાનો દેવ. એ દશ છે-કથાકોષનું પૃષ્ઠ ૧૩૩ મું જોવું.

દિગમૂઢ, વિ૦ [સં૦ દિક્‌ગમૂઢ] જેને કંઈ સુઝે નહિ તેવું; આંધળુંભીત. અતિ વિસ્મય પામવાથી અથવા ભયથી.

દિગમ્બર, વિ૦ [સં૦ દિક્-દિશા, અમ્બર-વસ્ત્ર] નાગું. એ શબ્દ શિવને લગાડવામાં આવે છે.

દિગર, વિ૦ [ફા૦] બીજું; વિશેષ; વળી.

દિગ્ગજ, પુ૦ [સં૦] આઠે દિશાના જે પુરાણ પ્રસિદ્ધ હાથી તે-એ આઠ છે. ઐરાવત, પુણ્ડરીક, વામન, કુમુદ, અઞ્જન, પુષ્પદન્ત, સાર્વભૌમ ને સુપ્રતીક. ૨ લામ્બો પહોળો પ્રચણ્ડ પુરુષ. મોટો પ્રૌઢ પણ્ડિત. ૪ ખેતરપાળ; ગ્રામ દેવી.

દિગ્વિજય, પુ૦ [સં૦] રાજાએ દેશ જીતવા સારૂ બીજાં રાજ્યોને જીતવાં તે. ૨ પણ્ડિતે દેશ દેશ પણ્ડિતોને વાદમાં હરાવવા તે. ૩ મોટી ફતેહ; મોટો જય.

દિગ્વિજયી, વિ૦ [સં૦] દિગ્વિજય કરનારો. [ડફણ.

દિદાર, પુ૦ [ફા૦] ચહેરો; સુરત. ૨ માંડાપેલા હાલ;

દિન, પુ૦ [સં૦] દિવસ; દહાડો; સૂર્યોદય ને સૂર્યાસ્ત સુધીનો સમય.

દિનકર, પુ૦ [સં૦] સૂર્ય.

દિનમાન, ન૦ [સં૦] દિવસનું માપ.

દિનાન્ત, પુ૦ [સં૦] દિવસનો અન્ત; સાંજ. ૧ અજવાળાનો દહાડો ને રાત એ બેની વચમાંનો સમય. ૨ એ સમયે જે આકાશનો રંગ તે.

દિનાર, પુ૦ સુનાનો એક સિક્કો.

દિપડું-ડો, ન૦-પુ૦ એક જાતનું ફાડીખાનારૂં પશુ; વાઘ.

દિપવું, ક્રિ૦ અ૦ સીમું ચળકવું. ૨ પ્રકાશવું. ૩ ઢેકે કરીને મોઢું તેજ મારવું.

દિપાવડું, વિ૦ સુન્દર; શોભતું.

દિબાચો, પુ૦ [આ૦] કિતાબની શરૂઆતમાં કિતાબ બાંધવાની મતલબ સમ્બન્ધી તથા કિતાબ બનાવવાની મહેનત સમ્બન્ધી જે ટુંકો અહેવાલ આપેલો તે; પ્રસ્તાવના; ઉપોદ્‌ઘાત.

દિમામ, પુ૦ ઠાઠ; ભભકો; દમામ.

દિમેટી, સ્ત્રી૦ એક જાતનું ઝીણી ખડીવાળું લુગડું.

દિયર, દિઅર.

દિલ, ન૦ [ફા૦] કલેજું; કાળજું; હૃદય. ૨ મન; ચિત્ત. ૩ ઈચ્છા; મરજી; ખાહેશ. ૪ પ્યાર; ચાહના.

દિલગીર, વિ૦ [ફા૦] દિલગિરી હોય તેવું; શોકાતુર.

દિલગીરી, સ્ત્રી૦ ઉદાસી; મુરાદ હાંસલ ન થયેથી જે કંઈક ચિડાયલી ને પછી ફીકી નખિલ્લત થાય છે તે; બેચહેની; બેકરારી; શોક.

દિલદાર, વિ૦ [ફા૦] દિલનો ધણી; જીવેજાન; સાચો દોસ્ત. ૨ આશક અથવા માશુક; પ્યારી અથવા પ્યારો.

દિલદારી, સ્ત્રી૦ ખરી મોહોબત; એકેમેકને સારુ જાન ખરચાય તેવી દોસ્તી; યારી.

દિલબર, વિ૦ આશક; માશુક.

દિલાવર, વિ૦ [ફા૦] મોટાં દિલનું-બહાદૂર; હિમ્મતવાન. ૨ મોટો સખી.

દિલાવરી, સ્ત્રી૦ બહાદુરી. ૨ સખાવત.

દિલાસો, પુ૦ [હિં૦] તુટેલાં દિલને ભરોસો આપી કરાર કરવો તે; દિલને ધીરજ આપવી તે; મનનું સમાધાન.

દિલોજાન, વિ૦ [ફા૦] પોતાના દિલને-પોતાના જીવસરખું વાલું; પ્રાણપ્રિય.

દિલોજાનથી, દિલથી ને જાનથી; હોંસથી-ચિત્ત લગાડીને-મેહેનત લઈને.

દિવટ, દિવેટ.

દિવડું, ન૦ વચમાં જરા ખાડો એવી નાની ને જાડી તળી કાઢેલી પૂરી.-ચાનકાં દિવડાં કેવાય છે.

દિવડો, પુ૦ કણક કણેકનો વચમાં જરા ખાડો કરી ખાવ જે દીવા કરવામાં આવે છે તે. ૨ દીવો.

દિવસ, પુ૦ [સં૦] દિન; દહાડો. ૧ સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધીનો જે સમય તે. ૨ એ સમય ને રાત્રિનો સમય એ બે મળીને જે સમય તે.

દિવાકર, પુ૦ [સં૦] સૂરજ.

દિવાદાંડી, સ્ત્રી૦ જે દાંડી પર દીવો મુકવામાં આવ્યો હોય તે.-વાણવટીઓને સારૂ.

દિવાન, પુ૦ [ફા૦] મુખ્ય પ્રધાન; વડો વજીર; બાદશાહનો પેલા દરજાનો કારભારી. ન૦ ગ્રન્થ. ૨ પુસ્તકનો એક મોટો ભાગ, ૩ મોટો ઓરડો.

દિવાનખાનું, ન૦ [ફા૦] મુલાકાતને સારૂ જે મોટો ઓરડો તે. ૨ કોટે પેરવાનું સોનાનું એક ઘરેણું (કાઠિ૦).

દિવાનગિરી, સ્ત્રી૦ દિવાન-વજીરનો જે ઓધો તે.

દિવાનાપણું, ન૦ ઘેલાઈ; ઘેલછા; ગાંડપણ.

દિવાની, વિ૦ [ફા૦] લેણ દેણના ઇનસાફ સમ્બન્ધી. દિવાની ને ફોજદારી. [તેવું (માણસ).

દિવાનું, વિ૦ [ફા૦] ગાંડું; ઘેલું; મગજ ખસીગયું હોય

દિવાલ, સ્ત્રી૦ [ફા૦] ઈંટ છોનો અથવા પથ્થરનો ચણેલો ઉંચો લામ્બો અથવા ફરતો જે આકાર તે; ધોરો. ભીત. ૨ મોટા, સુન્દર ને મોઘા મૂલના ઘોડા.-હજારની દિવાલ છે.

દિવાલગિરી, સ્ત્રી૦ [ફા૦] દિવાલ-ભીત સાથે જડેલી હુકમાં ઘાલેલા જે કાચ ધાતુના પદાર્થમાં દીવો બાળવામાં આવે છે તે.

દિવાબત્તી, સ્ત્રી૦ દીવાને સારૂ જે બત્તી તે. ૨ દીવો.

દિવાવખ્ત, અ૦ દીવા થવાને વખ્તે; સમીસાંજે; સન્ધ્યાકાળે.

દિવાસળી, સ્ત્રી૦ છેડા ઉપર ગન્ધક લગાડેલો એવી સળની બનાવેલી જે સળી બળતા કોયલાને અરકાડેથી અથવા દીવાસળ ઘસેથી સળગ્યાં કરેછે ને બીજા દીવા કરવાના કામમાં આવેછે તે. ૨ ઘસારાથી સળગીને થોડીવાર બળ્યાં કરે તેવી કોઈ પણ જાતની સળી. ૩ એ શબ્દ છેક પાતળાં સુકલકડી માણસને લગાડવામાં આવેછે.

દિવાસો, પુ૦ આષાડવદ અમાસની જે પર્વણી તે. 'દિવાસો ને સો પરવનો માસો'

દિવાળી, સ્ત્રી૦ [દીપાવળી] દીવાની હાર. ૨ સંવતવર્ષનો છેલ્લો દહાડો; આશોવદ અમાસ. સંવતવર્ષની આખેરીના ચાર ને નવાં વરસનો પેલો એ જે પાંચ ઓચ્છવના દાડા તે-વાઘબારસ; ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી ને બેસતું વરસ. ૪ કોઈ પણ ઓચ્છવ આનદનો દિવસ.

દિવાળું, દેવાળું.

દિવેટ, સ્ત્રી૦ દીવાને સારૂ રૂને વણીને જે લામ્બો આકાર બનાવવામાં આવેછે તે; વાટ; બત્તી.

દિવેટી, સ્ત્રી૦ દિવેટી.

દિવેલ, ન૦ એક જાતનું જાડું તેલ-દીવાને સારૂ ને ઓસડમાં કામ આવેછે; એરંડિયું. કેવત-'સોમણ દિવેલ અન્ધારૂં.' 'ખાતર ઉપર દિવેલ.'

દિવેલી, સ્ત્રી૦ જેમાંથી દિવેલ નિકળેછે તે બીજ.

દિવેલો, પુ૦ એકજાતિનું ઝાડ જેની બીજ દિવેલી ને જેનું તેલ દિવેલ; એરંડો.

દિવ્ય, વિ૦ [સં૦] સ્વર્ગ સમ્બન્ધી; ઈશ્વરી. ૨ સુન્દર; રળિયામણું. ૩ તેજસ્વી; ભભકાદાર.

દિશ, સ્ત્રી૦ દિશા. ચૌદિશ, દશદિશ.

દિશા, સ્ત્રી૦ [સં૦] આકાશ ગોળમાં અથવા પૃથ્વીની સપાટી ઉપર ધારેલા જે સીધા અથવા વાંકા માર્ગ જેનો છેડો લાગે નહિ તે.- એમાં જેણી તરફ સુર્ય ઉગેછે તે પૂર્વ દિશા, સુર્ય અસ્ત પામેછે તે પશ્ચિમ દિશા, સુર્યની સામાં ઉભાં રૈતાં આપણ ડાબા હાથ તરફ ઉત્તર ને જમણા હાથ તરફ દક્ષિણ દિશા કેવાય છે-વળી ઉત્તર ને પૂર્વ એ બેની વચમાંના ખુણા તરફનો માર્ગ તે ઈશાન; એમ બિજી દિશાઓ વિષે પણ જાણવું. ૨ નકસા જોતાં આપણી સામા ઉપરનો જે ભાગ તે ઉત્તર, સામેનો નીચલો જે ભાગ તે દક્ષિણ, જમણા હાથ તરફનો તે પૂર્વ અને ડાબા હાથ તરફનો તે પશ્ચિમ. ૩ કોઈ પણ રીતિ ઐવો જે માર્ગ તે; રસ્તો. ૪ ઝાડે જવાનો જે રસ્તો પકડવો તે; ઝાડે ફરવા જવું તે. દિશા જવું; દિશાએ જવું. ૫ બાજુ; તરફ. દિશા બાંધવી એટલે રસ્તે ભૂલાપડ્યા હોઈએ તો દિશા સમ્બન્ધી વિચાર કરવો. ૩ અમુક હદમાં જાદુ ચાલે તેવું કરવું.

દિસતું, વિ૦ દેખાતું; ભાસતું; નજરે પડતું. દિસતો રહ્યો એટલે ભલે નજરે પડતો દૂર રહ્યો-એ પ્રયોગ ધિક્કારમાં વપરાય છે.

દિસવું, ક્રિ૦ અ૦ દેખાવું; નજરે પડવું; જણાવું. ૨ કલ્પનામાં આવવું.

દી, પુ૦ દિવસ; દાડો. તારો દી ફર્યો છે હવે જો જે શું થાય છે તે.

દીક્ષા, સ્ત્રી૦ [સં૦]કોઈ પણ ઉદેશે કોઈ અમુક ક્રિયા-નિયમ પાળવો તે. ૨ બોધ; ઉપદેશ.

દીક્ષિત, વિ૦ અ૦ [સં૦] દીક્ષા લીધેલું એવું. ૨ કેટલાક બ્રાહ્મણનાં નામ બતાવેછે.

દીઠ, અ૦ દરએક દાવલેક જણ હોય તેમ. માણસ દીઠ બે રૂપિયા લેવા વેછે. જનોઈ દીઠ.

દીઠું, જોયું. દેખાતા નો ભૂતકાળ.

દીધ, ક્રિ૦ દીધું; કરમાં (કવિતામાં).

દીધું, દેવું એનો ભૂતકાળ; દીધું.

દીન, વિ૦ [સં૦] ગરીબ; ગરજાઉ; લાચાર; કરૂણાળ. ૨ દયામણું; રાંક.

દીન, સ્ત્રી૦ [અ૦] મુસલમાની ધરમ-મજહબ. ૨ એ ધરમને માનનારા લોક. ૩ ન૦ એ ધરમના સાદથી ઉઠેલું જે તોફાન તે-દીન ઉઠ્યું છે-જાગ્યું છે.

દીનદયાળ, વિ૦ [સં૦] દીન-ગરીબના ઉપર દયા કરનાર.

દીનદાર, વિ૦ [ફા૦] દીનના ફરમાન મુજબ ચાલનાર.
દીનાનાથ. પુ૦ [દીનનાથ] દીનનો નાથ-વાલી.
દીપ-ક, પુ૦ [સં૦] દીવો.
દીપકલ્યાણ, પુ૦ સન્ધ્યાકાળે ગાવાનો એક રાગ.
દીપકું, દિપકું. [હોય તે.
દીપમાળ, સ્ત્રી૦ દેવળની આગળ જે થાંભલાપર દીવા મુકેલા
દીપવું, દિપવું.
દીપાવડું, વિ૦ દીપે તેવું; શોભીતું; સુન્દર; ફુટડું.
દીપિકા, સ્ત્રી૦ [સં૦] દીવી. ૨ નાનો દિવો.
દીપોચ્છવ, પુ૦(દીપોત્સવ) દીવા સળગાવી ઓચ્છવ કરવો તે.
દીપ્ત, વિ૦ ધા૦ [સં૦] પ્રકાશિત; તેજસ્વી.
દીપ્તિ, સ્ત્રી૦ [સં૦] પ્રકાશ; રોશની.
દીબો, પુ૦ એકદમ છાતી રુંધાઈ જવી ને જરાવાર શ્વાસોશ્વાસ બન્ધ થવો તે. દીબો ચડી આવવો-જવો.
દીર્ઘ, વિ૦ [સં૦] લામ્બું. ૨ લામ્બો-બે માત્રાનો સ્વર, આ, ઈ, ઊ.
દીર્ઘાયુ, વિ૦ [સં૦] ઘણા વર્ષ જીવે તેવું; લામ્બા આવરદાનું. એ શબ્દ આશીર્વાદમાં બોલાય છે.
દીલ, દિલ.
દીવી, સ્ત્રી૦ [સં૦ દીપિકા] ધાતુ-લાકડાંના ઘાટ જેના ચાડાંમાં-ચાંડાં ઉપરના કોડિયામાં દીવા બળે છે તે.
દીવો, પુ૦ [સં૦ દીપ] તેલમાં દિવેટ બોળી તેને સળગાવવાથી જે પ્રકાશરૂપ થાય છે તે. ૨ ગુણ વિદ્યાથી પ્રસિદ્ધિ પામેલું જન. 'દીવા પાછળ અંધારું,' 'કુળમાં દીવો ઉઠ્યો છે' એ કેવતો છે.
દીસ, ન૦ [દિવસ] સૂર્ય ઉગેથી તે અસ્ત પામે ત્યાં સુધીનો જે પ્રકાશિત સમો તે. પ્રુફ તપાસવાનું કામ દીસે
દીસવું, દિસવું. [ચોખ્ખું થાય છે.
દુંટી, સ્ત્રી૦ પેટના નીચલા ભાગમાં જે મધ્યબિન્દુ તે; જેમાં નવાં જન્મેલાં બાળકને નાળ હોય છે તે છિદ્રાકાર; નાભિ.
દુંટો, પુ૦ ઉપસી બહાર નિકળી આવેલી જે દુંટી તે.
દુંડિયો, પુ૦ ડુંડી-ડાંડી પિટનારો.
દુંડી, સ્ત્રી૦ ડાંડિયાને વગાડવાની ડાંડી. ૨ ડાંડીની મારફતે સરકાર તરફથી જે ખબર તે.
દુંડું, ડુંડું.
દુઆ, દૂવા.
દુઓ, પુ૦ રમવાનાં પાનામાં જે બે ટપકાં તે.
દુઃખ, ન૦ [સં૦] શરીરની અથવા મનની જે પીડા તે. ૨ બેકરારી; અસુખ. ૩ હરકત; અડચણ; સંકટ. (સુખનુ ઉલટું).
દુઃખિત, વિ૦ ધા૦ [સં૦] દુઃખી થએલું.
દુકાન, સ્ત્રી૦ [ફા૦] જે જગાએ ધન્ધાદારી લોક પોતપોતાનો માલ વેચે છે તે.-કાપડિયાની, ગાંધીની, સુખડિયાની વગેરેની દુકાન.

દુકાનદાર, પુ૦ [ફા૦] દુકાન ચલાવનારો; માલ વેચનારો. દુકાનદારી-દુકાન ચલાવવા સમ્બન્ધી જે આવડત, માહિતી, કામ તે.
દુકાની, સ્ત્રી૦ બે પઈ. ૨ દાઢી ને બંને કાન ઢંકાય એવી રીતે માથે બાંધેલા લુગડાંનો જે કકડો તે; બોકાની.
દુકાળ, પુ૦ [દુષ્કાલ] વરસાદની તંગીને લીધે અનાજ ન પાકવાથી લોક દુઃખી થાય છે તે વખત; કાળ. ૨ જોઈએ તેના કરતાં ઘણોજ વધારે વરસાદ પડવાથી ધાન્ય કોહી જાય ને તેથી લોકો દુઃખી થાય એવો જે વખત તે-એ લીલો દુકાળ કેવાય છે.
દુકૂળ, ન૦ [સં૦] રેશમી સુન્દર વસ્ત્ર.
દુખ-ડું, દુઃખ.
દુખણાં, ન૦ ઓવારણાં; ઓવારણાં.
દુખણું, ન૦ દુખવું તે (ચુંક વગેરેથી). ૨ જણવાની તૈયારી ઉપર પેટમાં દુખ થવું તે. (સ્ત્રીને.)
દુખદ-દાઈ, વિ૦ દુખ કરનાર.
દુખવું, ક્રિ૦ અ૦ દુઃખ થવું-લાગવું.
દુખાવ, પુ૦ શરીરના કોઈ પણ ભાગની અન્દર જે દુઃખ તે.
દુખાવવું, ક્રિ૦ સ૦ પ્ર૦ દુઃખ થાય તેમ કરવું. ૨ કોઈને માઠું લાગે તેવું કરવું.
દુખાવું, ક્રિ૦ અ૦ દુખ થવું-શરીરને અથવા મનને. ૨
દુખાવો, દુખાવ. [માઠું લાગવું.
દુખિયારું, વિ૦ જેને દુઃખ હોય તે (માણસ).
દુખિયું-ખી, દુઃખી.
દુઃખી, વિ૦ જેને દુઃખ હોય તે.
દુગન, વિ૦ [હિં૦] જેટલા વખતમાં એક ચિજ ગવાતી હોય તેથી અડધા વખતમાં ગાવાની ઝડપ વાળુ-દુગન તાન.
દુગ્ધ, ન૦ [સં૦] દૂધ.
દુગ્ધા, સ્ત્રી૦ જેમાંથી નિકળવાને વિચાર કરવો પડે-ખોટી રેવું પડે એવી જે હરકત-નડ-અડચણ તે.
દુજવું, દુઝવું.
દુજું, વિ૦ [હિં૦] બીજું
દુઝણ, સ્ત્રી૦ દૂધ આપતી ભેંસ ગાય વગેરે.
દુઝણું-તું, વિ૦ દુઝે તેવું.
દુઝવું. ક્રિ૦ સ૦ દૂધ દેતું હોય તેવું હોવું-તેની ભેંસ દુઝે છે. ફલાણી છોકરાંવાળી છે ને તે દુઝે છે માટે તેના થાનનું દૂધ લાવ કે આંખે પોળિયાં મુકાય. ૨ ઝાડને તેનો રસ ઝરવો-ખજુરી તાડ વગેરે દુઝે છે. ૩ કમાણી કરી આપવી-તેને તો તેની વાડિયો દુઝે છે-સારી પેદાશ આવે છે. ૪ ગોડ ગુંમડામાંથી પરૂ રસી નિકળ્યા કરવું.
દુઝાણું, ન૦ ગાય ભેંસ દુઝતાં-દૂધ દેતાં હોય તે-તેવી સ્થિતિ. તેનાં ઘરમાં દુઝાણું છે.
દુણાવવું, ક્રિ૦ અ૦ મનમાં ને મનમાં બળ્યાં કરવું. ૨ બળવું; દાઝવું; ચોંટવું (દાળ દુણાઈ ગઈ).

દુણો, પું૦ બળવું-ચોટવું તે અથવા બળ્યા-ચોંટ્યાનો [જે વાસ તે.
દુણ્ડ, સ્ત્રી૦ મોટું ફુલેલું પેટ.
દુણ્ડાળો, વિ૦ મોટાં પેટવાળો (ગણપતિ).
દુણ્ડો, પું૦ [મ૦] અમુક અમુક સઙ્ખ્યાના પાનાનો જે અકંકેડો જમો તે. ચાર પૃષ્ઠિ, આઠ પૃષ્ઠિ, બાર પૃષ્ઠિ દુણ્ડો. ૨ લાવણી વાળાઓમાંનું એક તડ.
દુત, દૂત.
દુદડા, પું૦ નાના જોડા; જોડી.
દુધ, દૂધ.
દુધપાક, પું૦ ઉકળતાં દૂધમાં ચોખા નાખી પાછું તેને ખૂબ ઉકાળી ખાંડ નાંખી બનાવેલો જે ખાવાનો પદાર્થ તે; ખીર. [જેવું કરેલું તે.
દુધપાણી, ન૦ તેલમાં સંચોરો તથા પાણી નાખી દૂધ
દુધભાઈ, પું૦ જે બે જણ એકજ વખતે એકજ સ્ત્રીનું દૂધ પી ઉછરયા હોય તેમાંનો એકેક. એમાં એક જણ તે સ્ત્રીનો ખરો દિકરો હોય અને બીજો બીજા માબાપનો છોકરો હોય અથવા જૂદાં જૂદાં માબાપના જે બે છોકરા કોઈ પણ એક સ્ત્રીને ધાવ્યા હોય તે.
દુધવાળો, પું૦ દૂધ વેચનારો.
દુધાળ, વિ૦ દૂધથી ભરેલું; દુધવાળુ. ૨ જે સ્ત્રીજાત પ્રાણીને વધારે દૂધ હોય તે.
દુધિયા, વિ૦બાળક, માનું દૂધ પીતું હોય તે વખતમાં તેને આવેલા કુમળા (જે દાંત તે).
દુધિયું, ન૦ બેડોળ ગોળ તુમડાં જેવી જે દુધી તે.
દુધી, સ્ત્રી૦ એક જાતનો વેલો અથવા તેનું ફળ જેનું શાક થાય છે.
દુધીપાક, પું૦ દુધીની છીણ ખાંડની ચાસણીમાં નાખી બનાવેલો જે પાક તે.
દુધેલી, સ્ત્રી૦ સફેત સેરડીના રસમાં ચોખાનો લોટ મેળવી તેમાં દૂધ રેડી ઉકાળી ઘણું જાડું કરી તેને ઠારી બનાવેલો જે ખાવાનો પદાર્થ તે. ૨ એક જાતના વેલા.
દુધેલ, વિ૦ ઘણી દુઝતી (ગાય ભેંસ વગેરે).
દુનિયા, સ્ત્રી૦ [ફા૦] જગત્; વિશ્વ; સૃષ્ટિ. ૨ અકેકી જે સૃષ્ટિ તે. જગત; લોક. ૩ આ આપણી સૃષ્ટિ; મૃત્યુલોક. ૪ માણસજાત; આલમ; લોક. ૫ દુનિયાદારી.
દુનિયાદારી, સ્ત્રી૦ [ફા૦] માણસ જાતનો માંયમાંયનો જે વેવાર તે. ૨ લોકે પોતાના વેવાર નિભાવવાને બાંધી મુકેલા જે કાયદા-રીત તે. ૩ એકેક માણસે તેના વર્ગી-તેના દેશી-તેની મનુષ્ય જાત સાથે વર્તવાની જે રીત-નીતિ તે. ૪ કોઈ એક માણસનાં કામ વિષે તેના વર્ગી- દેશી- મનુષ્ય જન માત્રનો જે વિચાર તે.
દુન્દુભિ, સ્ત્રી૦-પું૦ [સં૦] ઢોલ; નોબત.
દુપટ, વિ૦ બે પડવાળું; બેવડું. ૨ બે ગણું. [કપડું તે.
દુપટ્ટો, પું૦ અંગરખા ઉપર લબડતું રાખવાનું જે કોરદાર
દુપ્પટ, દુપટ.
દુબળું, વિ૦ [દુર્બલ] જેનામાં બળ-કૌવત ન હોય તે (માણસ); શક્તિહીણ; કમજોર; સુકલકડી; પાતળું.
દુબળો, પું૦ છેકજ અજ્ઞાન વહિતરૂં કરી જાણે એવા કણગાળ ભીલ વગેરેની જાતીનો પુરૂષ; નરડો. એની સ્ત્રી તે દુબળી કેવાય છે.
દુભણ, સ્ત્રી૦ જીવ બળવા-બાળવો તે. પસ્તાવો.
દુભવું-ભાવવું, ક્રિ૦ સ૦ જીવ બાળવો; મેણાંથી સતાવવું; મન દુખાય તેમ કરવું.
દુભાવો, પું૦ દુભણ. ૨ દુખાવો.
દુભાષિયો, પું૦ બે ભાષા જાણનારો; એક ભાષાની મતલબ બીજીમાં બોલી સમજાવનારો.
દુમ, સ્ત્રી૦ [આ૦] પુછડી.
દુમચી, સ્ત્રી૦ [ફા૦] ઘોડાની જીન તરફ રાખવાનું ચામડું. ૨ (ગામડામાં)-તમ્બાકુ અફીમ ગાંજો ગડાકુ રાખવાની ચામડાની કોથળી.
દુમદુમ, અ૦ એવો થતો અવાજ બતાવેછે.
દુમાસ, એક જાતનું કપડું.
દુરન્દેશી, પું૦ ભાવીનો વિચાર પ્રથમ કરી રાખવો તે. ૨ સાવધાની; અગમ ચેતી.
દુરબીન, સ્ત્રી૦ [ફા૦] દુરની વસ્તુ પાસે દેખાય તેવા કાચનો યન્ત્ર.
દુરસ્ત, વિ૦ [ફા૦] જોઈયે તેવી ગોઠવણવાળું; ઘટતું; લાયક; માફક; બરોબર. ૨ ખરૂં; વાજબી. ૩ ઠીક; વારૂ. દુરસ્ત કરવું; ઠીકઠાક કરવું; સુધારવું.
દુરાચરણ, ન૦ [સં૦] નઠારૂં આચરણ; ખરાબ ચાલ.
દુરાચરણી-દુરાચરણવાળું (માણસ).
દુરાચારી, વિ૦ [સં૦] નઠારો-નિન્દ્ય આચાર પાળનારો.
દુરિજન, દુર્જન. [૨ દુર્ગુણી.
દુર્, અ૦ [સં૦] ઉતરતું, ખરાબ, મુશ્કેલ એ અર્થમાં એ ઉપસર્ગ શબ્દની આદિયે મુકવામાં આવેછે. એનું કોઈ ઠેકાણે દુષ્ ને કોઈ ઠેકાણે દુઃ એમ રૂપ થાયછે.
દુર્ગ, પું૦ [સં૦] કિલ્લો; કોટ. ૨ પિણ્ડમાંની કંઠની વાટ.
દુર્ગન્ધ-ધી, સ્ત્રી૦ નઠારી ગન્ધ; ખરાબ વાસ; બદબો.
દુર્ગા, સ્ત્રી૦ [સં૦] શિવની સ્ત્રી; પાર્વતી; ભવાની. દુર્ગાષ્ટમી-આશોસુદ આઠમ-દુર્ગાનો જન્મદિવસ.
દુર્ગાચલ્લી, સ્ત્રી૦ કાળી પણ રાતી ગાંડવાળી ચલ્લી.
દુર્ગુણ, પું૦ [સં૦] નઠારો ગુણ; ખરાબ ખસલત; કટેવ.
દુર્ગુણી-દુર્ગુણવાળું (માણસ).
દુર્ઘટ, વિ૦ [સં૦] મુશ્કેલીથી બને-પારપડે તે. (કામ).
દુર્જન, વિ૦ [સં૦] અનીતિમાન, છિદ્ર શોધુ, ચાડીખોર, મર્મ ઉઘાડનાર, ખારીલું એવું માણસ.
દુર્દશા, સ્ત્રી૦ [સં૦] નઠારી-પડતી હાલત (માણસ કામ વગેરેની).

દુર્બળ, વિ૰ [સં૰] અશક્ત; કમજોર; નાતવાન. ૨ ગરીબ; લાચાર.

દુર્લભ, વી૰ [સં૰] દુઃખે પ્રાપ્ત થાય તેવું; વીરલું. ૨ મોહું; ભારે; મુશકેલ; અઘરૂં. ૩ મૂલ્યવાળું; કીમતી.

દુર્વ્યસન, ન૰ [સં૰] નઠારૂં વ્યસન; કુછંદ; કટેવ.

દુલવું, ક્રિ૰ અ૰ ગીરો મુકેલી જણસ તેનાં વ્યાજની મોટી રકમને લીધે પાછી ન છુટવી.

દુલારી, સ્રી૰ [હિં૰] છોકરી. દુલારો–છોકરો.

દુલો, વિ૰ પોતાળ; ખરચવે હાથનો છૂટો; સખી. ૨ કૂડકપટ વિનાનો.

દુવા, સ્રી૰ [આ૰] કોઈનું ભલું ઇચ્છવું તે; આશીર્વાદ. ૨ કોઇનું કલ્યાણ થવા સારૂ ઈશ્વર આગળ પ્રાર્થના કરવી તે.

દુવાઈ–વાઈ, સ્રી૰ મરજાદ તોડયાનો ગુન્હો; સમ; આંણ.

દુવાત, સ્રી૰ સાહીનો ખડિયો.

દુશમન, પુ૰ [ફા૰] શત્રુ; અદાવતિયો; હરીફ; સામાવાળો; વેરી.

દુશમનાઈ–ની, સ્રી૰ શત્રુવટ; અદાવત; હરીફાઈ.

દુશાલો, પુ૰ [ફા૰] શાલજોટો.

દુષ્કર્મ, ન૰ [સં૰] નઠારૂં કર્મ. [૩ પાપી.

દુષ્ટ, વિ૰ [સં૰] અવગુણથી ભરેલું. ૨ ખારીલું; વેરી.

દુસ્તર, વિ૰ [સં૰] મુશકેલીથી તરાય તેવું. ૨ મુસીબતથી પારપડે તેવું.

દુહિતા, સ્રી૰ [સં૰] દિકરી.

દુહો, પુ૰ (કવિતામાં) દોહરો. ૨ એક રીતનો દોહરો (કાઠિયાવાડી દુહા).

દૂત, પુ૰ [સં૰] સન્દેશો પોચાડનારો; જાસુસ; હુકમ આણનાર. ૨ સિપાઈ; સજાવાળાનો નોકર. ૩ આશક માશુકનો મેળાપ કરાવનારો. ૪ (દ્યૂતના અપભ્રંશ રૂપે) જુગાર.

દૂતિ, સ્રી૰ [સં૰] આશક માશુકનો મેળાપ કરાવી આપનારી સ્રી.

દૂધ, ન૰ [સં૰ દુગ્ધ] મનુષ્ય પશુ વગેરેમાં (જરાયુજમાં) સ્રી–માદાનાં થાનમાંથી જે ઉજળો પ્રવાહી તેના બાળકના પોષણને માટે નિકળે છે તે. ૨ દૂધ જેવો ઉજળો પણ બહુ ચિકણો પદાર્થ જે કેટલાંક ઝાડનાં ડાળાં પાતરાંમાંથી નિકળે છે તે. ખરસાણી આંકડા વગેરેનું દૂધ.

દૂયમ, વિ૰ બીજી પંક્તિનું; બીજા નમ્બરનું. ૨ અખિકારમાં પેલું નહિ પણ બીજું.

દૂર, અ૰ [સં૰] આઘે; વેગળે; છેટે. (સ્થળ અથવા સમયના સમ્બન્ધમાં).

દૂર્વા, સ્રી૰ [સં૰] એક જાતની કુમળી ચાર. (ગણપતિને ચૂડે છે).

દૂલ, ન૰ બૈરાંને અથવા છોકરાંને કાને ઘાલવાનું માળીનું અથવા સુનાંનું લટકતું ઘરેણું.

દૂલો, દુલો.

દૂષક, વિ૰ [સં૰] દોષ કાઢનારો; છિદ્ર શોધક.

દૂષણ, ન૰ [સં૰] દોષ; ખોડ; ખાંપણ; વાંક; ભૂલ. ૨ ઠપકો.

દૃગ, સ્રી૰ [સં૰] દૃષ્ટિ; નજર. ૨ આંખ.

દૃઢ, વિ૰ [સં૰] કઠણ; પાકું; મજબુત; ફરે નહિ તેવું. ૨ સિદ્ધ–નક્કી થયલું. [તમાં.)

દૃઢભાજક, વિ૰ [સં૰] બાકી શૂન્ય રાખે તેવો અથવા જેની પછી ભાગ નજ જાય તેવો જે ભાજક તે–(ગણિ-

દૃશ્ય–માન, વિ૰ [સં૰] જોવા–દેખવા જેવું; જેને જોવું તે. ૨ દેખાતું; દીસતું; જણાતું.

દૃષ્ટાન્ત, ન૰ [સં૰] દાખલો; ઉદાહરણ.

દૃષ્ટાન્તિક, વિ૰ [સં૰] દાખલો આપવા જોગ; દાખલામાં મુકાય તેવું.

દૃષ્ટિ, સ્રી૰ [સં૰] નજર; જોવું તે; જોવાંની શક્તિ. ૨ ધ્યાન; લક્ષ. ૩ રેહેમ નજર; કૃપા દૃષ્ટિ. ૪ નઠારી નજર. ચણ્ડાળની દૃષ્ટિ પડી તે હવે કેમ જમાય.

દૃષ્ટિગોચર, વિ૰ [સં૰] નજરેપડે તેવું; દૃષ્ટિ પોચીવળે તેવું.

દેડવું, ન૰ પાણીમાં રેનારો નાનો સાપ.

દેખત અ૰ હમણાંજ–જોતાંજોતાંમાં; તરતજ. તે આ દેખત અહીંથી ગયો. ૨ જોતાં; નજર આગળ. તેણે મારી દેખત–મારાં દેખતાં રૂપિયા લાધા. ૩ દેખાડે કે તરત; ખડાઉતાર (હુંડી).

દેખવું, ક્રિ૰ સ૰ [હિં૰] જોવું; નજર કરવી.

દેખા, સ્રી૰ નજરેપડવું તે; દેખાવું તે. તેણે દેખા દાધી.

દેખાડવું, ક્રિ૰ સ૰ દેખે તેમ કરવું; કોઈ પ્રાણી–વસ્તુને બીજાની નજર આગળ મુકવું; બતાવવું.

દેખાદેખી, સ્રી૰ એકમેકે એકમેકનું જોઈ એકમેકથી ચડિયાતાં થવું તે; સરસાઈ. ૨ એકનું જોઈ બીજાએ તે પ્રમાણે કરવું તે.

દેખાવ, પુ૰ નજરે પડતો–દેખાતો એવો કોઈ પણ વસ્તુ–સૃષ્ટિના ભાગનાં જે આકાર રંગ વગેરે તે.

દેખાવડું, વિ૰ દેખાવામાં શોભીતું હોય તેવું; સુન્દર; રઢિયાળું; રૂપાળું; ખુબસુરત. [આવવું.

દેખાવું, ક્રિ૰ અ૰ નજરે પડવું. ૨ જણાવવું. ૩ સમજમાં

દેગ, પુ૰ દેગડો.

દેગડી, સ્રી૰ નાનો દેગ.

દેગડો, પુ૰ પાણી ભરવાનું ધાતુનું એક તરેહનું મોટું વાસણ.

દેડકો, પુ૰ પાણીમાં રેતું ચાર પગનું ને પુચ્છ વિનાનું પ્રાણી–એ ઝપટથી તરેછે ને જમીન ઉપર બહુ કુદકા મારેછે. દેડકી–દેડકાની માદા.

દેણ, ન૰ કરજે લીધેલુ નાણું જે પાછું આપવાનું તે. ૨ ઉપકારનું દબાણ. ૩ પૂર્વજન્મનું જે માગતું તે. ૪ રાજાને જે કંઈ આપવાનું તે; કર.

દેણદાર, વિ૦ જેણે કરજ આપવાનું છે તે. ૨ જેના ઉપર ઉપકાર થયલા હોય તે. ઋણી; કરજદાર.

દેણું, દેણ.

દેતવા, પુ૦ દેવતા; અગ્નિ; વસ્તેવ.

દેદાર, દિદાર.

દેર, સ્ત્રી૦ [હિં૦] મોડી; વાર; વિલમ્બ.

દેરાણી, સ્ત્રી૦ દિયરની સ્ત્રી. મોટા ભાઈની વહુ તે નાના ભાઈની વહુની જેઠાણી અને નાના ભાઈની વહુ તે મોટા ભાઈની વહુની દેરાણી.

દેરાસર, ન૦ ઘરમાંના દેવને બેસાડવા-રાખવાનું ભંડકિયું વગેરે; મન્દિર; દેરું.

દેરી, સ્ત્રી૦ નાનું દેરું. ૨ દેવડી. [છોબન્ધ ચણતર તે.

દેરું, ન૦ જેમાં દેવ-દેવીનું થાનક હોય તેવું ઘુમટવાળું જે

દેલી, સ્ત્રી૦ તબેલા જેવી બાંધેલી જગા જેમાં બે ત્રણ છુટી પણ એકેક સાથે સમ્બન્ધ રાખતી પડાળી હોયછે તે. ૨ બારણા આગળ જે ઓસરી ચોરા તે; દેવડી.

દેલું, ન૦ દેલું.

દેલો, પુ૦ દેલા.

દેવ, પુ૦ [સં૦ દિવ્-પ્રકાશવું.] વિશ્વેશ; પરમેશ. ૨ વિશ્વેશના અંશરૂપ, તેજરૂપ, ગુણરૂપ જે અમર પ્રાણી સ્વર્ગમા રહેછે તે. એક એક દેવ એક એક કામનો ઉપરી ગણાયછે. જેનું પૂજન કીધાથી ઈશ્વર પ્રસાદ થાય છે તેવી પથ્થર વગેરેની જે મૂર્તિ વગેરે તે. માન્યો ત્યાં સુધી દેવ બાકી પથ્થર. ૪ સ્વામી; શેઠ; રાજા. ૫ રૂપગુણે સુન્દર એવું જન. 'જાણના દેવને ખાસડાની પૂજા' એ કેવત છે.

દેવઋણ, ન૦ [સં૦] મનુષ્યે દેવોને પૂજન બલિ વગેરેથી જે દેણ આપવાનું તે.

દેવચલ્લી, સ્ત્રી૦ દુર્ગાચલ્લી.

દેવડ, સ્ત્રી૦ આપવું તે. ૨ આપવાનો વહિવટ. ૩ કરજ પાછું આપવું તે. (લેવડદેવડ-લેણદેણ).

દેવડાવવું, ક્રિ૦ સ૦ પ્ર૦ આપે તેમ કરવું; અપાવવું. મેં તેને ત્યાંથી પાંચ રુપિયા દેવડાવ્યા. ૨ લેવું; મરાવવું-તેણે અંગરખા ઉપર છાપા દેવડાવ્યા. ૩ બન્ધ કરાવવું-બારણું દેવડાવ.

દેવડી, સ્ત્રી૦ બારણા-દરવાજા આગળ જે ઊંચો ઓટલો અથવા જે છાપરી તે-પોળિયા સિપાઈને બેસવા રેવા માટે. ૨ ચોકી; ચાવડી; ચબુતરો. ૩ સાધુ સન્યાસી સતી વગેરેને જ્યાં દાટયાં-બાળ્યાં હોય ત્યાં કરેલું જે ચણતર તે; સમાધ.

દેવનરસ્યો, પુ૦ બપૈયો; ચાતક.

દેવતા, પુ૦ [સં૦] દેવ (બિજા અર્થમાં)-તેંતરિસ કરોડ દેવતા કેવાય છે. ૨ અગ્નિ; વસ્તેવ; આતશ. (એ શબ્દ મૂળ સ્ત્રી લિંગે છે).

દેવતાઈ, વિ૦ દેવના સરખું; મોટું અદ્ભુત સુન્દર. દેવ સમ્બન્ધી. (કામ શોભા વગેરે). [લાકડું.

દેવદાર, ન૦ [સં૦ દેવદારુ] એક જાતનું ઝાડ અથવા તેનું

દેવદિવાળી, સ્ત્રી૦ કારત શુદ અગિયારસ; દેવઊઠી અગિયારસ. (દેવસુતી અશાંડ શુદી); તુળસીના લગનનો દિવસ.

દેવનગરી, વિ૦ [સં૦] જે અક્ષરોમાં સંસ્કૃત ભાષા લખાય છે તે; સંસ્કૃત લિપિ; બાળબોધ.

દેવલો, ન૦ પૂજવાના મૂર્તિમાન જે દેવ તે-(કંટાળામાં એ શબ્દ વપરાય છે).

દેવલોક, પુ૦ જ્યાં દેવ રેછે તે સ્વર્ગ. દેવલોક પામવો એટલે મુવા પછી પ્રાણીએ દેવલોકમાં વાસ કરવો.

દેવસ્થળ-સ્થાન, ન૦ [સં૦] મન્દિર; દેવળ; દેહેરું.

દેવળ, ન૦ [દેવાલય] ઈશ્વર સ્તુતિ-પ્રાર્થના કરવાની બાંધેલી જગા. ૨ મૂર્તિમાન દેવની પૂજા ભક્તિ કરવાનું દેહેરું; દેવસ્થાન; મન્દિર.

દેવાંશી, વિ૦ [સં૦] જેમાં-જેનામાં દેવનું તેજ હોય તેવું-સુન્દર, કાન્તિમાન. (દેવાંશી દેહ).

દેવાંગના, સ્ત્રી૦ [સં૦] સ્વર્ગની અપ્સરા.

દેવાડવું, દેવડાવવું.

દેવાદાર, દેણદાર.

દેવાધિદેવ, પુ૦ જેને સહુ દેવ આધિન છે તે મોટા દેવ.

દેવાલય, ન૦ [સં૦] દેવળ.

દેવાળિયો, પુ૦ જેણે દેવાળું કાડ્યું હોય તે; નાદાર.

દેવાળું, ન૦ દેવું ન આપી શકાવું તે; કરજે લિધેલાં નાણાં પાછાં ન આપવાથી શાખ ખુડવી તે. દેવાળું કાડવું-ફુંકવું કેવાય છે. ૩ (લાક્ષણિક) આપવાને પાસે કંઈ જ ન હોવું તે.

દેવી, સ્ત્રી૦ [સં૦] ઈશ્વરની સ્ત્રી રૂપ માનેલી શક્તિ; માતા. ૨ દેવની સ્ત્રી.

દેવું, ક્રિ૦ સ૦ [સં૦ દા-આપવું] આપવું; પોતાનું તે બીજાનું કરવું-કોઈ પણ સરતે અથવા બક્ષીસ દાખલ. ૨ રજા-છૂટ આપવી.-મને કરવા દે; તેણે તેને જવા દેવો જોઈયે. ૩ ક્રિયા પૂરી કરવાના અર્થમાં વપરાય છે-નાખી દે, ખાલી દે, છોડી દે. ૪ બન્ધ કરવું. તાળું દેવું, બારી દેવી વગેરે.

દેવું, ન૦ પાછું આપવાનું તે (નાણું વગેરે); કરજ, દેણ, ઋણ. દેવું કરવું-વાળવું એમ પ્રયોગ થાય છે.

દેશ, પુ૦ [સં૦ દિશ્-દેખાડવું] કુદરતી હદવાળો જમીનનો મોટો ભાગ જેમાંના વસનાર ઘણું કરીને એક સરખી બોલીબોલે છે, એક સરખો ધર્મ, એક સરખી રીતભાત ગણે છે ને ઘણુંકરીને એક રાજાની સત્તા તળે હોય છે. એ અર્થમાં પ્રાચીનમાં આપણો દેશ, ભરતખંડ કેવાતો. હાલમાં પૃથ્વીના ઘણા મોટા જમીનના

ભાગ તે ખણ્ડ ને તેના વિભાગ તે દેશ કેવાય છે. ૨ (૧લા અર્થમાં) દેશનો જે વિભાગ તે; રાજ્ય. મહારાષ્ટ્ર દેશ, ગુજરાત દેશ, સૌરાષ્ટ્ર દેશ આદિલઈ. ૩ કોઈ પણ વસ્તુના ભાગ–અવયવનું ઠેકાણું. વૃક્ષના મૂળદેશનું જતન રાખવું જોઈએ કે ત્યાં કાળે પણ તે ફળે. ૪ જન્મભૂમિનો જે દેશ–પ્રાન્ત–શેહેર તે. (હવે તે પોતાને દેશ જવાનો છે). [તે (ગુન્હેગારને).

દેશનિકાલ, પુ૦ જન્મદેશ છોડાવી બીજે દેશ કાઢી મુકવો

દેશવટો, પુ૦ દેશનિકાલ; દેશની બ્હાર વાટ લેવડાવવી તે. ૨ પ્રદેશમાં પ્રવાસ કર્યાં કરવો તે.

દેશાઈ, પુ૦ દેશ–પ્રગણાની જમીનની પેદાશ ખાઈ તેને રાજાની તરફથી લુટારાઓ ફિતુરીઓથી સમ્ભાળ કરનારો વંશપરમ્પરા જે વતનદાર તે; જમીદાર; જાગીરદાર.

દેશાઈગીરી, દેશાઈની જે પદવી, સ્થિતિ તે. ૨ દેશાઈપણાનો જે હક તે; ગરાસ; તોડો. [દેશનો આચાર.

દેશાચાર, પુ૦ [સં૦] પ્રત્યેક દેશની પ્રત્યેક રીત ભાત તે;

દેશાટન, ન૦ [સં૦] ઘણાક દેશમાં પ્રવાસ કરવો તે.

દેશાણ, વિ૦ દેશી; દેશનું. સ્ત્રી૦ દેશાઈની સ્ત્રી.

દેશાન્તર, ન૦ [સં૦] પોતાના દેશથી જે બીજો દેશ તે; પરદેશ.

દેશાભિમાન, ન૦ પોતપોતાના દેશનું અભિમાન તે.

દેશાવર, પુ૦ દેશાન્તર; પરદેશ.

દેશી, વિ૦ પોતાના દેશ સમ્બન્ધી–(મનુષ્ય, પદાર્થ ઇત્યાદિ).

દેશી, સ્ત્રી૦ અમુક દેશમાં નિકળેલી એવી અને તે દેશના લોકને ગમતી એવી જે ગાવાની રીત તે; ઢાળ. ગરબી, પરભાતિયાં ને પ્રેમાનન્દના કેટલાક ઢાળ એ ગુજરાતી ગાયનની દેશી છે. અભંગ, ઓવી ને સાખી એ મરેઠી દેશી છે.

દેશીજન, ન૦ પોતાના દેશનું માણસ.

દેશોદેશ–શોદેશ, ઘણાક દેશોમાં.

દેસાઈ, દેશાઈ.

દેહ, સ્ત્રી૦–પુ૦[સં૦] શરીર; તન; કાયા; બદન. એ શબ્દ મૂળમાં પુલ્લિંગે અથવા નપુંસકે છે.

દેહદણ્ડ, પુ૦ પશ્ચાતાપ અથવા ત્યાગથી દેહકષ્ટ કરવું તે. ૨ શરીર ઉપર માર મારી, શરીરનો અવયવ કાપી જે શિક્ષા કરવી તે; દેહાન્તદણ્ડ. [તેવી શિક્ષા.

દેહાન્તદણ્ડ, પુ૦ [સં૦] દેહનો અન્ત આવે–જીવ જાય

દેહાન્તર, ન૦ [સં૦] એક મુકીને બીજી પછી ત્રીજી એમ જે દેહ ધરવાં કરવા તે (જીવે); અવતાર.

દેહી, વિ૦ [સં૦] દેહ સમ્બન્ધી. ૨ દેહમાં રેનારો; જીવ.

દેહેશત, સ્ત્રી૦ [ફા૦] બીક; ધાસ્તી; ડર; ધાક.

દૈત, દૈત્ય.

દૈત્ય, પુ૦ [સં૦] દેવના ઓરમાનભાઈ–શત્રુ, એને વિષે બપહકર આકૃતિ, મલીનતા, દુષ્ટતા ઇત્યાદિક કહ્યું છે.

દૈન્ય, ન૦ [સં૦] દીનપણું; ગરીબાઈ; લાંચારી હાલત; રાંકડાંપણું.

દૈવ, ન૦ [સં૦] પ્રાણીની વર્તણુક અને તેનાં સુખ દુઃખ વિષે ઈશ્વરે આગળથી જે નક્કી કરી રાખેલું તે; હોનાર; નસીબ; ભાગ્ય.–'દૈવની આગળ કોઈનું ચાલતુ નથી, સહુ તેને અધીન છે.' ૨ હિણભાગ્ય; કજા.

દૈવજોગ, પુ૦ કોઈ કામ–બનાવમાં દૈવજ (મનુષ્યની બુદ્ધિ ને તેનો પ્રયત્ન નહિ) વચમાં પડ્યું હોય તેવો સમય; ઈશ્વરેચ્છા.

દૈવત, ન૦ [સં૦] દેવપણું; સિદ્ધાઈ. ૨ સાર; કળ; જીવ.

દૈવનીવેઠ, મોટું દુઃખ; વેઠજ કરવી એવું ઈશ્વરે નક્કી કરેલું તે. ૨ કણ્ટાળો આપે તેવું માણસ. [પૈસાદાર.

દૈવવાન, વિ૦ નસીબદાર; ભાગ્યશાળી. ૨ શ્રીમન્ત;

દૈવહીન, વિ૦ નઠારાં ભાગ્યનું (માણસ).

દૈવિક–દૈવી, વિ૦ દેવસમ્બન્ધી; દેવના જેવી બુદ્ધિવાળું. દૈવી ને આસુરી જીવ કેવાય છે.

દૈહિક, વિ૦ શરીર સમ્બન્ધી.

દોકડો, પુ૦ રુપિયાનો સોમો ભાગ (ગણવામાં માત્ર).

દોઢગાઈ, સ્ત્રી૦ લુચ્ચાઈ; ઠગાઈ. ૨ બેઅદબી; ઉદ્ધતાઈ.

દોઢગું, વિ૦ જાડું; ફુલેલાં શરીરનું. ૨ લુચ્ચું; ઠગાઈ કરનાર. ૩ બેઅદબ; ઉદ્ધત. [પક ઠેકાણું.

દોજખ, ન૦ [ફા૦] નરક; પાપીને સારુ ઠેરવેલું ત્રાસદા-

દોટ, સ્ત્રી૦ ગબડી.

દોટી, સ્ત્રી૦ એક જાતનું જાડું કપડું–૨ કન્યાના બાપને વેવાઈની તરફથી મળતી બક્ષીસ.

દોડ, સ્ત્રી૦ દોડવું તે; ગબડી. ૨ દોડવાની ઝડપ.

દોઢ, વિ૦ એક ને અડધો; ૧॥.

દોડકાં, ન૦ દોડકીનાં ફળ. ૨ દોઢી બાજુનાં બારણાં.

દોડકી, સ્ત્રી૦ તુરિયાંના વેલાની એક જાત.

દોઢડાહ્યુ, વિ૦ જોઈયે તેથી ઘણું વધારે–ઓછું ડાપણ બતાવે તે–તેવું.

દોડવું, ક્રિ૦ અ૦ [સં૦ દ્ર–જવું; દ્રવતિ] લામ્બા પગલાં ભરી ઘણુંજ ઉતાવળુ ચાલવું. લાક્ષણિક રૂપે પણ વપરાય છે. 'આગળ દોડ પાછળ ચોડ'.

દોઢસો, વિ૦ એક સો ને પચાશ; ૧૫૦.

દોડાદોડ–ડી, સ્ત્રી૦ આમતેમ દોડવું તે.

દોડાવું, ક્રિ૦ અ૦ દોડા આવવા (જુવાર બાજરી દોડાયાં કેવાય છે). ૨ દોડવાનું શક્ય રૂપ બતાવેછે. [કંઈ તે.

દોઢિયું, ન૦ ત્રણ પઈ; પા આનો. ૨ દોઢું હોય તેવું જે

દોડી, સ્ત્રી૦ આંકડાનાં ઝાડ વગેરેનાં જે ફળ તે–આકાદોડી.

દોઢું, વિ૦ એક ને પાછું અડધું હોય તેવું (માપ વજન સંખ્યામાં).

દોડો, પુ૦ જુવાર બાજરી મકઈ વગેરેના દાણા ઝાડના સાંઠાના જેટલા ભાગમાં રેછે તેટલો તે.

દોડ઼ી-ડું-ડ઼ો, દોરડી-ડું-ડો.

દોઢ, દોડ.

દોણી, સ્ત્રી૰ દોહણી.

દોત, સ્ત્રી૰ ખડિયો ; દુવાત.

દોદડું, વિ૰ છેક કકડા ન થયલા પણ ઘણું કુટાયું-અફ-ળાયું-ચમ્પાયું હોય તેવું-(વાસણ).

દોપિસ્તાં, ન૰ ઘણાક ફાટા કાગળને એક સાથે એક એમ લાહીથી ચોંટાડીને બનાવેલાં ને સાહી ચોપડી ઘુંટેલાં એવાં જે જાડાં પત્ર ઉપર અક્ષર ઠેરવવા-વાળવામાં આવેછે તે.

દોબડું, ન૰ એક જાતનું વાજિત્ર.

દોયલું, વિ૰ મુશકેલ; અઘરું; દુઃખે પાર પડે તેવું.

દોર, દોરી.

દોરડી, સ્ત્રી૰ ઘણી જાડી દોરી અથવા ઘણું પાતળું દોરડું.

દોરડું, ન૰ નાળિએરી ભીંડી સણ વગેરેના ઝાડના બારીક તાંતણાઓને વણીને તેનો બનાવેલો જે જાડો ને લામ્બો આકાર તે.

દોરડો, પુ૰ હાથે કોટે બાંધવાનો ઉન નાડાંની વણેલી દોરીનો જે કકડો તે. ૨ લગનમાં મીંઢળ પોયલું જે નાડું વર કન્યાને કાંડે બાંધવામાં આવેછે તે. 'છુપીલી દોરડો નવ છૂટે.' ૩ દોડા-મકઈ વગેરેનો.

દોરવું, ક્રિ૰ સ૰ અશક્તને રસ્તો દેખાડવાસારુ પોતે આગળ ચાલવું; પછવાડે પછવાડે આવ્યાં કરે તેવું કરવું. દોરાવું-કોઈ દોરતું હોય તેવી હાલતમાં હોવું.

દોરિયો, પુ૰ પાણી ભરવાનું એક જાતના ઘાટનું માટીનું અથવા તાંબા પિત્તળનું વાસણ. ૨ એક જાતનું કપડું. ૩ મેડિયાથી જાડું પણ તેનાથી ટુંકું જે લાકડું તે.

દોરી, સ્ત્રી૰ સુતર-રેશમને વણીને બનાવેલો જે તેનો લામ્બો આકાર તે.

દોરો, પુ૰ સુતર-રેશમનો જે એકેકો તાર તે. ૨ બે ત્રણ અથવા વધારે તારનો જે વણેલો ટુંકો આકાર તે. ૩ ગરેલા એવી ત્રણ ચાર સેરનું કોટે ઘાલવાનું સુનાનું ઘરેણું. ૪ મન્ત્રેલો દોરો- (૨ જા અર્થમાં) દોરો કરી આપવો.દોરો મન્તરવો. ૫ કેડે ઘાલવાનું રૂપાનું ઘરેણું; કન્દોરો.

દોરો, દોહરો.

દોલત, સ્ત્રી૰ [આ૰] પૈસા; પુંજી; ગરથ; દ્રવ્ય; ધન. ૨ માલ મિલકત રોકડ મળીને જે સમ્પત્તિ તે.

દોલતજ્યાદા, એ શબ્દ દુવા દેવામાં-શુભ ઇચ્છવામાં દોલત વધો એ અર્થમાં વપરાય છે.

દોલતમન્દ-વાન, વિ૰ દોલત વાળો.

દોલાબ-બ, પુ૰ ભીતમાં જે મોટા ગોખલામાં ખાના વગેરેનો ઉપયોગ કરયા હોય તે; ભંડારિયું; તાકું.

દોલો, વિ૰ ઉદાર; સખી. ૨ ભોળો.

દોષ, પુ૰ [સં૰] ભૂલ; ચુક; ખોડ; ખાંપણ. ૨ ગુન્હો; વાંક; તકશીર. ૩ પાપ.

દોષી, વિ૰ [સં૰] દોષવાળું, જેનામાં દોષ હોય તે; જેણે ગુન્હો કર્યો હોય તે.

દોસ્ત-દાર, વિ૰[ફા૰]બે જણ પ્રીતિથી એકમેકને વળગેલા હોય-એકમેકની સાથે રેવાને ને એકમેકને સુખ કરવાને મથતાં હોય તે બેજણામાંનું જે એકેકું તે (માણસ); સાથી; સ્નેહી; મિત્ર; યાર.

દોસ્તદારી-દોસ્તી, સ્ત્રી૰ બે દોસ્તનો એકમેકનો જે સમ્બન્ધ તે; સ્નેહ; મૈત્રી.

દોહણી, સ્ત્રી૰ છાસ ભરી આણવાનું માટીનું ઠામ.

દોહણું, ન૰ દૂધ અધ્રકી દહીં જમાવવાનું માટીનું વાસણ; ગોરસિયું; ગોરસ.

દોહન, ન૰ [સં૰] દોહવું તે.

દોહરો, પુ૰ (કવિતામાં) એક જાતનું માત્રાવૃત્ત-ઘણું સાધારણ છે.

દોહવું, ક્રિ૰ સ૰ ગાય ભેંસ વગેરેના આંચળ ડાબી ખેંચી દૂધ કાડવું.

દોહિત્ર, પુ૰ [સં૰] દિકરીનો દિકરો.

દોહેલું, વિ૰ અઘરું; મુશ્કેલ; દુઃખે પાર પડે તેવું.

દોત, સ્ત્રી૰ [આ૰] સાહીનો ખડિયો.

દ્યૂત, ન૰ [સં૰] જુગાર; જુગટ; જુગટું.

દ્રવ, પુ૰ રસ; ઝરણ; ઠરેલું-ઠરેલું ઓગળવું તે. ૨ „ પ્રીતિ દયાથી પિગળી જવું; રસમય થવું.

દ્રવવું, ક્રિ૰ સ૰ રસ પાણી ધાતુનું ઝરવું. ૨ છાતી પિગળવી; રસે હૈડું ભિદાઈ કુમળું થવું.

દ્રવ્ય, ન૰ [સં૰] પૈસો; ધન; નાણું; મિલકત. ૨ નવ તત્વ પદાર્થમાંનો એકેક-પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ, કાળ, દેશ (સ્થળ), આત્મા, બુદ્ધિ.

દ્રવ્યવાન, વિ૰ [સં૰] પૈસાદાર; નાણાવાળો.

દ્રાક્ષ, સ્ત્રી૰ [સં૰] એક જાતનો વેલો અથવા તેનું ફળ.

દ્રુ, ધ્રુવ.

દ્રુમ, પુ૰ [સં૰] વૃક્ષ; ઝાડ; તરુ.

દ્રોણ, [સં૰] દડિયો.

દ્રોહ, પુ૰ [સં૰] કપટ-વેરબુદ્ધિ રાખી અપકાર કરવો તે. ૨ (હૃદના અપભ્રંશરૂપે) પાણી મચી રયવું એવો ઉણો ખાડો; દરો.

દ્રોહી, વિ૰ [સં૰] કપટબુદ્ધિથી વર્તનાર.

દ્વન્દ્વ, વિ૰ [સં૰] બેનું જોડું હોય તેવું; જુગલ. ૨ બે નામનો સમાસ (વ્યાકરણમાં).

દ્વન્દ્વયુદ્ધ, ન૰ [સં૰] સરખેસરખા બેનું જે યુદ્ધ તે. એકની સામાં ઘણા નહિ પણ એકજ.

દ્વાદશ, વિ૰ [સં૰] બારની સઙ્ખ્યા અથવા બારનો સઙ્ખ્યા ક્રમ બતાવેછે.

દ્વાદશી, સ્ત્રી૰ [સં૰] પખવાડિયાનો બારમો દિવસ.

દ્વાપર, પુ૰ [સં૰] ત્રિજો યુગ-સત્, ત્રેતા ને દ્વાપર.

દ્વાર, ન૰ [સં૰] બારણું; બાર; દરવાજો.

દ્વારપાળ, પુ૰ [સં૰] પોળિયો; દરવાન; દેવડીએ બેસનારો સિપાઈ.

દ્વિજ, પુ૦ [સં૦ બેવાર જન્મેલો-બીજીવાર યજ્ઞોપવીત સંસ્કારથી] બ્રાહ્મણ, ક્ષત્રી અથવા વૈશ્ય એ ત્રણેમાના કોઇને પણ એ શબ્દ લગાડવામાં આવેછે. [વિભક્તિ.

દ્વિતીયા, સ્ત્રી૦ [સં૦] બીજ; બીજી તિથિ. ૨ બીજી

દ્વિધા, અ૦ [સં૦] બે પ્રકારે.

દ્વીપ, પુ૦ [સં૦] બેટ; ટાપુ. ૨ જેની બેપાસ સમુદ્ર હોય તે પણ. ૩ જમીનના સાતખણ્ડ પુરાણમાં કહ્યા પ્રમાણે છે તેમાંનો એકેક-એક ખણ્ડ પછી તેની ચારે મેર સમુદ્ર, વળી એક ખણ્ડ ને તેની ચારે મેર સમુદ્ર એ પ્રમાણે તે છે-જેમાં આપણે છૈયે તે જમ્બુદ્વીપ કેવાયછે.

દ્વીપકલ્પ, પુ૦ જે જમીનનો ભાગ ચોમેરથી નહિ પણ ઘણો ખરો સમુદ્રથી ઘેરાયલો હોય તે.

દ્વેશ, પુ૦ [સં૦] વેર; ખાર; કીનો.

દ્વેશી, વિ૦ [સં૦] ખારીલું; કીનાખોર; હૈયામેલું; વેરી.

દ્વૈતમત, ન૦ [સં૦] ઇશ્વર અને સૃષ્ટિ એ બે જૂદાં છે એવું જે મત તે. ૨ એકથી વધારે દેવને માનવાનું મત.

ધ.

ધ, પુ૦ [સં૦] દ ની પછીનો અક્ષર.

ધક, સ્ત્રી૦ તરસ; સોસ.

ધકધકવું, ધગધગવું.

ધકાધકી, ધક્કાધક્કી.

ધકાવવું, ક્રિ૦ સ૦ ઝડપથી કામ ચલાવવું.

ધકેલવું, ક્રિ૦ સ૦ ધક્કા મારી ખસેડવું; હડસેલવું.

ધક્કાધક્કી, સ્ત્રી૦ એકમેકને ધક્કા મારવા તે.

ધક્કો, પુ૦ પીઠ ઉપર જે જોરથી મારી ખસેડવું તે; હડસેલો; ઠોંસો. ૨ કોઇમાં કોઇને જે જોરથી પેસાડવું તે. ૩ ઓચિંતા આવતી તે; નુકસાન; તોટો. વેપારમાં ધક્કો લાગ્યો. ૪ ફેરો; ચક્કર; આંટો; જઇઆવવું તે. ફોકટ ધક્કો ખાધો.

ધખવું, ખીજાવું; બળવું.

ધગડું, ન૦ એ શબ્દ સિપાઇને માટે તુચ્છકારમાં વપરાય છે. ૨ ગાંડનું એકપાસું; કૂલું-ધગડાં કુટવાં.

ધગધગતું, વિ૦ બળતું; સળગતું.

ધગધગવું, ક્રિ૦ અ૦ પ્રકાશ ઘણો હોય તેવું જોરાથી બળવું; સગડીમાં કોયલા ધગધગે છે. એ શબ્દ તાપભડકાને લાગતો નથી. ૨ ઘણુંજ ગરમ થવું. તેનું શરીર તાવે ધગધગે છે.

ધગશ, તાપ.

ધગારી, સ્ત્રી૦ થોડું થોડું ગરમ રેવું તે; ધીકડી; તાવની ધગારી.

ધચુપચુ, અ૦ કરવું કે ન કરવું એવી જે વૃત્તિ તે; આનાકાની; સઙ્કલ્પવિકલ્પ.

ધજ, વિ૦ જોરા-જોરમાં હોય તેવું. કકડધજ વરસાદ પડ્યો. ૨ મોટું; સારૂં; શ્રીકાર.

ધજા, સ્ત્રી૦ [સં૦ ધ્વજ] લાકડી-ડાંડી ઉપર લુગડાંનો ત્રિકોણ આકૃતિનો રઙ્ગેલો કકડો જે હવામાં ઊડેછે તે; નિશાણ; વાવટો; ગુણો. ૨ (લાક્ષણિક) નઠારી વાતમાં પ્રખ્યાતિ. તેની તો ધજા ઊડી ગૈ છે.

ધડ, ન૦ માથાં-ડોક વગરનું જે શરીર તે; કબન્ધ. અ૦ -આચકો ખાધા વગર; સ્પષ્ટ રીતે; એકદમ; વાર ન લગાડતાં; ધડ-દઇને-લઇને.

ધડકણુ, વિ૦ કાયર.

ધડકધડક, અ૦ જોરા ને ઝડપ બતાવે છે; ધાસ્તીથી છાતી ધડક ધડક થાય છે.

ધડકવું, ક્રિ૦ અ૦ જોરા ને ઝડપમાં ઊંચુંનીચું થવું. (છાતીએ). ૨ બીવું; ધાસ્તી હોવી. [હોય તેમ.

ધડધડ, અ૦ ધડકધડક. ૨ એકદમ જોરામાં તૂટીપડવું

ધડધડાટ, પુ૦ જોરામાં નિકળેલો મોટો અવાજ. ૨ અ૦ એકદમ જોરામાં કામ ચાલતું હોય તે બતાવેછે.-ધડધડીત પણ કેવાય છે. [વગેરેનો.

ધડાકો, પુ૦ જોરથી થતો મોટો ભરેલો અવાજ. તોપ

ધડાધડ, અ૦ જોરમાં અવાજ થતો હોય તેમ.

ધડાધડી, સ્ત્રી૦ જોરામાં ચાલેલી મારામારી. ૨ ઉપરાઉપરી તોપ-બન્દુકના અવાજ થવા તે. ૩ જોરામાં ને તાકિદથી કામ ચાલવું તે.

ધડી, સ્ત્રી૦ જોખતાં દરેક વખત જે વજન તાજવાંનાં પલ્લાંમાં કાયમ રાખવામાં આવેછે તે. બે મણની ધડી બાંધી છે.

ધડો, પુ૦ તાજવાંની દાંડી અથવા તે ઉપરની સોય એક સરખી સીધી ન રેતી હોય તેને તેમ રાખવાસારુ ઊંચાં રેતાં પલ્લાંમાં જે કંઇ પણ ભાર મુકવો તે. ૨ જે વાસણમાં ચીજ આપવાની હોય તે વાસણની બરોબરનો ભાર બીજાં પલ્લાંમાં મુકી તાજવું બરોબર કરવું તે." ૩ નિત્ય એકજ સરખી જે સ્થિતિ તે-તેની પ્રકૃતિનો ધડો ન મળે. ૪ નિયમ. એક જણનાં અક્ષરખાં સિવવાં હોય તો કેવાય કે યાનનાં આટલાં થશે પણ નાનાં મોઠાંનાં અક્ષરખાં એટલે કેમ ધડો રે. ૫ રોજ રોજ નિયમિત શીખવું તે; પાઠ. આજ તે; તારો ધડો કરેયા નથી. ૬ નિશ્ચયપણું; દૃઢતા; એના બોલવાનો ધડો નહિ ગમે તેમ લવે.

ધણધણવું, ક્રિ૦ સ૦ જોરામાં બળવું. ૨ જોરામાં બળવાથી અવાજનો ઘોર થઇ રેવો.

ધણુધણાવવું, ક્રિ૦ સ૦ ધણધણે તેમ કરવું. ૨ જોરામાં કામ કરવું. ૩ ધધડાવવું; ધમકાવવું.

ધણિઆણી, સ્ત્રી૦ પણિયત બઈરી; વહુ; સ્ત્રી. ૨ જેની માલીકી-સત્તા હોય તે સ્ત્રી.

ધણિઆતું, વિ૦ જેનું ધણીપણુ-સ્વામિત્વ હોય તે અથવા જે વસ્તુનો કોઈ માલીક હોય તેવું. ૨ જેને માથે ધણી હોય તેવું.

ધણી, વિ૦ [સં૦ ધની] માલીક; જેની સત્તા હોય તે. ૨ ઉપરી; મુખી. ૩ સ્ત્રીનો પતિ; વર.

ધત, અ૦ તુચ્છકારનો શબ્દ. ૨ પુરુષની ગુહ્ય ઇન્દ્રી. ધતપર બેસાડવું-મારવું.

ધતિંગ, ન૦ તોફાન; મસ્તી. ૨ જૂઠો ઢોંગ.

ધતુરો, પુ૦ [સં૦ ધત્તુર] એક જાતનું ઘણ્ટાકાર દાંડી વાળું ફૂલ; ધન્તુરો.

ધધડાવવું, ક્રિ૦ સ૦ જોરામાં કામ ચલાવવું. ૨ જોરથી ધમકાવવું; ઠપકો દેવો.

ધધણાવવું, ધણધણાવવું.

ધન, ન૦[સં૦] દોલત; પૈસો; નાણું; માલમીલકત. એ શબ્દ વિદ્યા, યશ, કીર્તિ, ઇ૦ સાથે જોડાય છે.-કીર્તિધન, યશધન, વિદ્યાધન, ઇ૦

ધન, સ્ત્રી૦ [સં૦] નવમી રાશિ. એ રાશિમાં સૂર્ય હોય ત્યારે ધન સંક્રાન્તિ કેવાયછે.

ધન, ધન્ય.

ધનતેરસ, સ્ત્રી૦ આશો વદ તેરસ-એ દાડે ધનની પૂજા કરવામાં આવેછે. [તાવેછે.

ધનધન, અ૦ ધન્ય. ૨ વાદ્યના અવાજની ધ્વની બ-

ધનરેખા, સ્ત્રી૦ નસીબમાં ધન કેટલું છે તે બતાવનારી હથેલીમાંની જે રેખા તે.

ધનવન્ત-વાન, વિ૦ જેની પાસે ઘણુ ધન હોય તે; પૈસાદાર; શ્રીમન્ત.

ધનાઢ્ય, વિ૦ [સં૦] ધનથી ભરેલું; ધનવાન.

ધનાસરી, સ્ત્રી૦ એક રાગણી પાછુલે ત્રણેક વાગે ગવાયછે. જૂના પુસ્તકમાં ધન્યાશ્રી લખ્યું છે.

ધનિષ્ઠા, ન૦ [સં૦] ચોવીસમું નક્ષત્ર. [અર્થમાં).

ધની, વિ૦ [સં૦] ધનવાન. ૨ ધણી. (૧ લા ને ૨ જા

ધનુ, ન૦ [ધનુર] કમાન; કામઠું (તીર મારવાનું).

ધનુખ, ધનુષ્ય.

ધનુર, ન૦ [ધનુર્વાત] છેક નબળાઈમાં આવું, થયું આધાથી શરીરનું જે ખેંચાવું થાય તે; એક જાતનો સનેપાત. ધનુર ધાયું કેવાયછે.

ધનુર્માસ, પુ૦ [સં૦] ધન સંક્રાન્તિનો મહિનો. ૨ એ માસમાં પરોઢિયામાં બ્રાહ્મણોને જમાડવામાં આવેછે. ૩ પરોઢીઆમાં જમવું તે. ધનુર્માસના જમણમાં બાજરી, ખીચડી, દહીં ને વેંગણ લિલવાનું શાક હોયછે.

ધનુર્વિદ્યા, સ્ત્રી૦ [સં૦] કામઠું એથી તીર મારવાની જે વિદ્યા તે.

ધનુષ્ય, ન૦ [સં૦] કામઠું; કામઠી. ૨ ઇન્દ્રધનુષ-આકાશમાં જે કામઠું તણાય છે તે.

ધનેત્તર, વિ૦ [સં૦ ધનવત્તર] સહુથી સારૂં; સરસ.

ધન્તર, ન૦ જાદુટોણું; હાથ ચાલાકીથી છેતરવું તે. ધન્તરમન્તર કેવાય છે.

ધન્તુરો, ધતૂરો.

ધન્ધ, પુ૦ ધમસાણ; યુદ્ધ. ૨ ઉપાધિ—"શબ્દ સ્પર્શ રૂપ રસ ગન્ધ, વ્યસને જીવ પમાડ્યો ધન્ધ." (અખો).

ધન્ધાદાર, પુ૦ ધન્ધો કરનારો-ચલાવનારો. ધન્ધાદારી-ધન્ધો ચલાવવાનું જે કામકાજ તે. ૨ કામકાજ. વિ૦ કારીગર (લોક).

ધન્ધો, પુ૦ [હિં૦] માલ આપી માલ લેવાનું જે કામ તે અથવા (નાણાંને માટે) ખરીદવા વેચવાનું જે કામ તે; રોજગાર; ઉદ્યમ. ધન્ધામાં કોઈ પણ ચીજની આપ લે હોય. નાણાં સમ્બન્ધી કોઈ પણ રીતની જે આપ લે તે પણ ધન્ધો. ધન્ધો જથાબન્ધ માલ વેચવાનો અથવા પરચૂરણ વેચવાનો હોય. ૨ ગુજરાનને માટે અથવા નફાને માટે હર કોઈ હુનર-કારીગિરીનું કામ કરવું તે.—લુહાર, સોની વગેરેનો ધન્ધો. ૩ ગુજરાન માંટે કોઈ પણ રીતનો જે ઉદ્યોગ તે. ચાકરીનો-લખવાનો ધન્ધો. ૪ હંમેશ કરવાનું જે કામ તે; નિત્યનો અભ્યાસ.

ધન્ય, વિ૦[સં૦] પુણ્યવાન; ભાગ્યશાળી; કૃતાર્થ; યશસ્વી; સુખી (મનુષ્ય); એમજ઼ુવ ફરું ટાણું હોય તે (દિવસ). અ૦ વખાણ કરતી વેળા વપરાય છે. સાબાશ છે! વાહવા! બસ! ઠીક કીધું! જસ છે!

ધન્વન્તરી, પુ૦ [સં૦] દેવતાઓનો વૈદ્ય. ૨ અતિ કુશળ રોગ મટાડે તે વૈદ.

ધપકારો, ધબકારો.

ધપાધપ, ધબાધબ.

ધપ્પાબાજી, ધબ્બાબાજી.

ધપ્પો, ધબ્બો.

ધબ, અ૦ એવો ઘનો અવાજ બતાવેછે. ૨ બન્ધપડ્યું-સમાઈ ગયું હોય તેમ.

ધબકારો, પું૦ ધપ-ધબ એવો ઘનો અવાજ- (ભારે વસ્તુ ઉંચેથી નીચે પડેછે ત્યારે.)

ધબવું, ક્રિ૦ અ૦ પડવું ; દેવાળું કાડવું. શાહુકાર ધબ્યો. ૨ જીવ જવો ને ખોળિયું ભોંય ઉપર પડવું ; મરીજવું ; ખપીજવું.

ધબાકો, ધબકારો.

ધબાધબી, સ્ત્રી૦ મારામારી.

ધબોડવું, ક્રિ૦ સ૦ હાથ વાપરી મારવું.

ધબ્બાબાજી, સ્ત્રી૦ સામસામા ધબ્બા મારવા તે.

ધબ્બો, પુ० ચપટો હાથ માથાપર જોરથી મારવો તે.

ધમ, અ० નરઘાનાં ગુબાંનો અવાજ બતાવેછે. ૨ ઢોલ પડઘમના અવાજ બતાવેછે. ૩ જોશમાં ઉતાવળથી (નાડી ધમધમ ચાલેછે.)

ધમક, સ્ત્રી० [હિં०] જોર. ૨ શૌર્ય. ૩ તેજી. વિ० તેજદાર. પીળુંધમક.

ધમકાવવું, ક્રિ० સ० મોટી શિક્ષા કરવાનું ભય બતાવવું; ઠપકો દેવો; બીવાડવું. ૨ જોરાથી કામ ચલાવવું.

ધમકી, સ્ત્રી० બીક, ધાસ્તી. ૨ ઠપકો.

ધમણ, સ્ત્રી० [સં० ધમની] સોની લુહાર વગેરે લોકો પોતાની ભઠ્ઠીના અગનીનો જોર વધારવાને નળી વાળું ચામડાનું જે સાધન કામમાં લગાડેછે તે. એ ચમ્પાવાથી બ્હારની હવા તેમાં થઈને અગની તરફ જાયછે. ૨ બગીની ઉપરનો ચામડાનો જે પડદો માંય બેસનારના ઉપર તડકો પાણી આવવા દેતો નથી તે. એ ધમણને બે બાજુએ આંકડાઓ હોય છે, જેથી તે ચડાવવામાં ને પાડી નાખવામાં આવેછે. ૩ જોરાથી અગ્નિનું બળવું તે.

ધમણવું, ક્રિ० સ० ધમણના વાથી અગ્નિને વધારવો.

ધમધમવું, ક્રિ० અ० ગરમીનો જોરા વધી જવો. માથું ધમધમી ગયું છે.

ધમધમાવવું, ક્રિ० સ० અગ્નિ વધારવો. ૨ જોરાથી કામ ચલાવવું. ૩ ધમકાવવું.

ધમધોકારે, અ० જોરાથી ને ઝડપથી.

ધમની, સ્ત્રી० [સં०] નાડી; નસ.

ધમવું, ક્રિ० સ० અગ્નિ વધારવાને ધમણ ચાંપવી; વિંજણે-વતી વા નાંખવો.

ધમાચકડી, સ્ત્રી० સામસામી બોલચાલ. મારામારીનું કલકલાણ; ટણટો મચવો તે.

ધમાધમી, સ્ત્રી० મારામારી; લડાલડ.

ધમાર, પુ० [હિં०] એક જાતનો તાલ (ગાયનમાં) અથવા એ તાલમાં ગવાતી ચીજ.

ધમારવું, ક્રિ० સ० પશુને નુવડાવવું.

ધમાસો, પુ० એક જાતની ઔષધિ, જેના ઉકાળાના કોગળા કરવામાં આવેછે.

ધર, વિ० [સં०] એ શબ્દ બીજા શબ્દની પછવાડે મુકાઈને ધરનાર-રાખનાર, એવા અર્થ કરેછે—ચક્ર—ગદ્ગા-મણિધર ઈત્યાદિ.

ધર, સ્ત્રી० બળદની ખાંધ પર રૈતાં લાકડાંનો જેટલો જેટલો ભાગ અડીને ખાંધ પર રૈછે તેટલો તેટલો તે. ૨ જ્યારથી બળદ જોડાતો થાયછે ત્યારથી ગણાતાં વરસોમાંનું દરેક.—તે નવ ધરનો બળદ છે. ૩ ઘેપાળી ઘોડીના વછેરાની એની સંખ્યા. ૪ પેઠાના નિખરા ભરાસો—એના ભાળવામાં કંઈ ધર નથી; પેઠે

૬૮

ધર, અ० (ધડના અર્થમાં) પ્રેથથી; મૂળથી; આરમ્ભથી. ધરદ્હાડેથી મેં તને વાર્યો હતો.

ધરણ, સ્ત્રી० ઢાળ; ઢબ; ચાલ; ગાવાની રીત. (આ કડવાની ધરણ કેઈ છે?)

ધરણી, સ્ત્રી० પૃથ્વિ. ૨ જમીન; ભોંય.

ધરણું, ન० તરાગું; જબરદસ્તી.—જમીનસાથે માથું અફાળવું તે- (લેણદારની તરફથી દેણદારને બારણે.)

ધરતી, સ્ત્રી० [ધરિત્રી] પૃથ્વિ; ભૂગોળ. ૨ જમીન; ભોંય.

ધરતીકમ્પ-પારો, પુ० ધરતીનું હાલવું-કાંપવું તે. એ થવાની પેલાં હવામાં અથવા ધરતીની નીચે અવાજ થાય છે. [પતરાજ.

ધરપચ-ત, સ્ત્રી० ખોટી ધાસ્તી. ૨ ખોટી ધામધુમ;

ધરમ, ધર્મ. 'ધરમ કરતાં કરમ નડ્યું'; 'ધરમની ગાયને વળી દાંત હોય!' ધરમી-ધર્મી. 'ધરમીને ઘેર ધાડ ને કસાઈને ઘેર કુશળ' એ કેવત છે.

ધરમખાતું, ન० પરમાર્થ-દાનમાં આવેલાં નાણાં સમ્બન્ધી પ્રકરણ-ખાતું.

ધરમધક્કો, પુ० વગર ફાયદાનો-નકામો-ફોગટ ફેરો.

ધરવું, ક્રિ० સ० પકડવું; ઝાલવું. ૨ પાસે રાખવું; ધારણ કરવું. ૩ પાસે મુકવું; નૈવેદ કરવું. ઠાકોરને થાળ ધરવાનો છે.

ધરા, સ્ત્રી० [સં०] પૃથ્વિ.

ધરાઈ, સ્ત્રી० ધ્રાણ; ધ્રુવાઈ.

ધરાધર, પુ० [સં०] શેષ નાગ.

ધરાર, અ० અલબત; બેશક; સાતફેરા—કુંજી ધરાર તે કરીશ.

ધરાર-ળ, સ્ત્રી० ગાલ્લી-ગાડું, આગળથી ભારે થવાં તે. ધરાર-ળ ને ઉલ્લાળ કેવાયછે.

ધરાવવું, ક્રિ० સ० દેણદાર-ઓશિયાળાં થવા જેવું કોઈનું કંઈ પોતાની પાસ રાખવું; દરકાર રાખવી; કોઈ માગતું હોય તેવી સ્થિતિમાં હોવું. તેનું કંઈ હું ધરાવું છું કે શું? ૨ પકડાવવું; ઝલાવવું; બન્ધાવવું. ૩ પાસે મુકવું; નૈવેદ કરવું; થાળ ધરાવવી.

ધરાવું, ક્રિ० તૃપ્ત થવું; સન્તોષ પામવો.

ધરી, સ્ત્રી० ગાડા-રથના પૈડાં, ઘોડાંની જે પેચવાળી દાંડિયોમાં ધલાય છે તેમાંની એક એક. ૨ ઘેરિયો ને ઝુંસરી જ્યાં એકઠાં નાડેલાં હોય છે તે જગા. ૩ (લાક્ષણિક) આધાર.—એને માથે કોઈ ધરી ઝિલનાર નથી.

ધરૂ, ધ્રુવ.

ધરો, પુ० ગાડાંની તળેના આંકમાં અથવા ડામરમાં જડેલા ઘોડાંનો જે દાંડો એક પૈડાંથી તે બીજાં પૈડાંસુધી હોય છે તે. ૨ નદીના જે મોટા ખાડામાં હમેશ પાણી રેતું હોય તે.

ધર્મ, પુ० [સં०] ઈશ્વરને ઓળખવાનો અને તેનું પૂજન ધ્યાન ઈત્યાદિ કરવાનો તથા તેની આજ્ઞા પ્રમાણે સંસાર-

માં વર્તવાનો જે માર્ગ તે. ૨ એ માર્ગના જે જુદા જુદા સમ્પ્રદાય તેમાંનો એકેક; પન્થ. ૩ મનુષ્યે પોતાનાં સગાં, જાત, દેશ, રાજા સાથે, માણસજાત સાથે વર્તવાની જે નીતિ–ફરજ તેમાંની એકેક. ૪ પદાર્થમાં રહેલા જે તેનો ખાસ ગુણ તે; સ્વભાવ. ૫ ગરીબ–વિદ્વાનને જે દાન કરવું તે. ૬ ન્યાય; ખરો ઇન્સાફ. ૭ વેદશાસ્ત્રમાં કહેલી શિક્ષા પ્રમાણે જે આચરણ તે. ૮ મુઆં પ્રાણીનાં કરેલાં પાપ પુણ્ય જોઈ તેનો ન્યાય કરી તેને સ્વર્ગે અથવા નરકમાં મોકલનારો દેવ; યમ. ૯ પાંચ પાંડવમાં જે મોટો ભાઈ તે; યુધિષ્ઠિર. ૧૦ જૈન લોકોનો પન્દરમો તીર્થંકર.

ધર્મદાન, ન૦ [સં૦] પુણ્ય ને દાન. ૧ ધર્મનેઅર્થે દાન આપવાં તે.

ધર્મધુરન્ધર, વિ૦ મોટો ધર્મ કરનાર; દાનશીળ; પરમાર્થ કરવામાં આગળ પડતો.

ધર્મપત્રિકા, સ્ત્રી૦ દાન આપવા સમ્બન્ધી જે ખત તે.

ધર્મપુત્ર, ન૦ [સં૦] દયા ધર્મથી પાળેલો છોકરો.

ધર્મપુસ્તક, ન૦ માણસે ઇશ્વર પ્રત્યે ને પોતાના જાતભાઈ પ્રત્યે વર્તવા સમ્બન્ધી શિક્ષાનું જે પુસ્તક તે. આપણું તે વેદ, અંગ્રેજ લોકનું તે બાઈબલ ને મુસલમાનનું તે કોરાન.

ધર્મયુદ્ધ, ન૦ ધર્મને અર્થે જે યુદ્ધ તે. ૨ ધર્મ–સાચવટથી જે યુદ્ધ કરવું તે.

ધર્મશાસ્ત્ર, ન૦ ધર્મ પુસ્તક. ૧ વેદ. ૩ વારસા, લણદેણ, અપરાધ, નીતિ, આચાર, રાજધર્મ, પ્રજાધર્મ સમ્બન્ધી જે શિક્ષા તે.–મનુસ્મૃતિ આદિ લઈ. [ભા તે.

ધર્મસભા, સ્ત્રી૦ [સં૦] ધર્મ પ્રસાર–બોધને અર્થે જે સ-

ધર્માત્મા, વિ૦ [સં૦] ધર્મ કરે તે; દાનશીળ.

ધર્માદા, વિ૦ [ધર્માદાય] દાનમાં અથવા દેવનિમિત્ત આપી દિધેલું હોય તેવું. [ઘેલું.

ધર્માન્ધ, વિ૦ ધર્મના આચાર વિચારમાં છેકજ આગ્રહી–

ધર્માર્થ, લોક કલ્યાણને અર્થે; પુણ્યદાનનાં કામ કરવામાં.

ધર્મિષ્ઠ–ધર્મી, વિ૦ દાન–પરમાર્થ કરનાર. ૨ આચાર વિચાર રાખનાર. ૩ સદ્‌ગુણી; નીતિમાન. [તે.

ધર્મોપદેશ, પુ૦ ઇશ્વરપ્રાપ્તિ અને સદાચારનો જે ઉપદેશ

ધવ, સ્ત્રી૦ પુષ્ટિ; તેજ. ધવ વળી એટલે અરુગ નિર્વિકારી થઈ કાન્તિ બદલાઈ. ૧ લક્ષ્મી મળી.

ધવ, પુ૦ [સં૦] ધણી; સ્વામી; પતિ. સીતાધવ એટલે રામ. વિધવા એટલે જેને પતિ નથી તે સ્ત્રી. સધવા જેને પતિ છે તે.

ધવરાવવું, ધવાડવું.

ધવલ, વિ૦ [સં૦] ધોળું; સફેત.

ધવળ, ધોળ. ધવળમંગળ કેવાયછે. [પાસે ધવરાવવું.

ધવાડવું, ક્રિ૦ સ૦ સ્ત્રીએ પોતાની છાતીનું દૂધ બાળક

ધસવું, ક્રિ૦ અ૦ જોસ્સાથી ... આગળ ચાલવું બીજામાં જોસ્સાથી દાખલ થઈ જવું. ૨ કોઈ કામમાં સાહસ કરી આગળ વધવું. ૩ જે ભૂ ... ... ખસી નીચે પડવું. કરા ધસી, કુભારનાં હાલ્લાં ધસ્યાં વગેરે.

ધસારો, પુ૦ એકદમજોરમાં ધસવું તે; આગળ વધવું તે; તુટી પડવું તે; હલ્લો.

ધસાવડો, ધસારો. [કરનાર.

ધાંધલ, સ્ત્રી૦ ગડબડ. તોફાન; ધાંધલિયું–ધાંધલવાળું–

ધાઈ, સ્ત્રી૦ સ્તન; થાન.

ધાક, પુ૦ બીક; દેહેશત; ડર; ધાસ્તી.

ધાગવું, ક્રિ૦ અ૦ ધાકમાં હોવું.

ધાગો, પુ૦ [હિં૦] દોરો; દોરડો.

ધાટી, સ્ત્રી૦ લઢણ; ચાલ; તરેહ. (તેની શ્લોક ગાવાની ધાટી સારી છે.)

ધાડ, સ્ત્રી૦ લુટનારની ટોળી. ધાડ પડી. ૨ એકદમ કરેલો ધસારો–હુમલો તે. ૩ તોફાન કરતું છોકરાંઓનું ટોળું. ૪ ઉતાવળ; જલદી; ઝપટ.

ધાડધાડ, સ્ત્રી૦ ઘણી ઉતાવળ.

ધાડું, ન૦ ટોળું; જથો.

ધાણા, પુ૦ એક જાતનો રસોઈનો મસાલો–(ધાણાને છોડ), ધાણાની ભાજી તે કોથમીર. એ શબ્દ અનેક વચનમાંજ વપરાય છે.

ધાણિયાઘઉં, પુ૦ થોડા કસ વાળા એક જાતના ઘઉં.

ધાણિયોગુંદર, પુ૦ એક જાતનો થોડી ચિકાસ વાળો ગુંદર.

ધાણી, સ્ત્રી૦ સેકવાથી ફુટેલા–ફુલેલા અનાજકણ. જુવાર, ભાત, મકઈ, વગેરેની ધાણી.

ધાત, સ્ત્રી૦ [ધાતુ] માણસનાં શરીરમાં હાડકાં, માંસ, ચરબી, લોહી વગેરે હોયછે તેમાંનો એક ચિકણો બળવૃદ્ધિ કરનારો સાર પદાર્થ. ધાત તવાવી એટલે છેક પાતળી થઈ જવી; ધાત જવી એટલે રોગથી અથવા વિષયની આતુરતાથી સ્ત્રીપુરુષની ઇન્દ્રિયમાંથી ચિકણો સાર પદાર્થ એની મેળે જવો. મોઢાંની વાટે ધાત જવી એટલે ક્ષયમાં મોઢાંમાંથી ચિકણો પદાર્થ બાર નિકળવો. ૩ જમીનમાંથી ખોદી કાઢેલું તે–સોનું; રૂપું; તાંબું; લોઢું વગેરે. ૪ અનુક્રમે આપેલી જે વિગત તે; વાણીશિખામણની ધાત વગેરે.

ધાતુ, પુ૦ [સં૦] ધાત. (૧લા, ૨જા અને ૩જા અર્થમાં). ૧ ક્રિયાપદનું જે આદ્યાર્થ રૂપ તે. કર, બેસ, જા, ઇત્યાદિ. ધાતુસાધિત એટલે ધાતુ ઉપરથી થએલું –નામ, વિશેષણ, અવ્યય.

ધાતુક્ષય, પુ૦ [સં૦] ધાત–વીર્યનું ઘટી જવું તે.

ધાતુપુષ્ટ, વિ૦ [સં૦] ધાત–વીર્યને પુષ્ટ કરે તેવું. (ઓસડ, ખાનપાન વગેરે).

[illegible] ન૰ (લિ૰) [illegible] આપવામાં આવે છે તે પણ). રાંધેલું અન્ન. ૨ જાત ધાન.

ધાનગુર્જી, વિ૰ ધાનને-સારૂ ટળવળતું. ૨ ડોઈએ આવવું પડે કે જીવ જાય તેવું.

ધાન્ય, ન૰ [સં૰] અનાજ.

ધાપ, સ્ત્રી૰ ઉતાવળમાં ચૂક કરવી. ૨ લપટ ઝપટમાં છળભેદ કરી પોતાને લાભ કરી લેવો તે. [(માણસ).

ધાબડધિંગું, વિ૰ જાડું; પુષ્ટ શરીર ભરેલું ને જોરાવર

ધાબડવું, ક્રિ૰ સ૰ કોઈની પાસેનું પોતે યુક્તિથી લઈ લેવું; છેતરવું. તેણે તેને ખૂબ ધાબડ્યો.

ધાબળી, સ્ત્રી૰ નાની અભારી.

ધાબળી, સ્ત્રી૰ નાનો ધાબળો.

ધાબળો, પુ૰ જાડાં ઊનનું કપડું જે પાથરવા ઓઢવાનાં કામમાં આવે છે તે; જુલસ.

ધાબું, ન૰ મોટી અભારી. ૨ શાહી, રંગ, દિવેલ વગેરેથી કપડાં પર પડેલો જે ડાઘો તે. ૩ લાવરી પકડવાનો ફાંદો-જુવારના ખુંપરાનો.

ધાબું, ધાબું.

ધામ, ન૰ [સં૰] રેવાનું સ્થળ-ઠેકાણું; ઘર; મંદિર.

ધામણ, સ્ત્રી૰ [હિં૰] એક જાતનો સાપ. (એ ઢોરનો

ધામણી, સ્ત્રી૰ શરીરે ભરેલી જબરી ભેંસ. [કાળ છે).

ધામધુમ, સ્ત્રી૰ ઉતાવળે ને ગેંગાટ સાથે જોરામાં ચાલતું જે કામ તે; ગરબડ. ૨ રસ્તામાં મચેલો દેખાવ.

ધામા, પુ૰ પડાવ; સ્થિતિ કરવી તે. (બાઈએ તો તેમેજ ત્યાં ધામા નાખ્યા-ઘાલ્યા).

ધાર, સ્ત્રી૰ [સં૰ ધારા] કોઈ પણ હથિયારની ઝીણી કોર જે બીજી વસ્તુને કાપે છે તે. ૨ ઊંચેથી પડતું પાણી જે ઝીણા લાંબા આકારમાં દેખાય છે તે. ૩ વસ્તુનો છેડો. અથવા તેની કોરણ.

ધારક, વિ૰ ધરનાર.

ધારણ, ન૰ ધરવું-રાખવું તે. તેણે સતુ ધારણ કરવાં છે. સ્ત્રી૰ વારે વારે તોળવામાં જે વજન કાયમ રાખેલું તે; ધડી. ૨ ઘરનો ઊભો થાંભલો.

ધારણા, સ્ત્રી૰ [સં૰] મનમાં-વિચારમાં-સ્મૃતિમાં રાખવાની જે શક્તિ તે. ૨ મનમાં જે મૂર્તિ પડે છે તે. ૩ તર્ક; કલ્પના.

ધારણિયો, પુ૰ ધારણ; થાંભલો.

ધારવું, ક્રિ૰ સ૰ [સં૰ ધૃ-રાખવું-ધરવું] મનમાં આણવું -જોવું. ૨ તર્ક દોડાવવો; કલ્પના કરવી; અટકળ કરવી. ૩ પહેલેથી ખરું અનુમાને પ્રથમ બોલીને માનવું.

ધારા, ધાર.

ધારિયું, ન૰ ખાસડાંના જેવું લાંબું વાંસ સાથે જડેલું હોય તે. [illegible] આકારનાં ધ્રળ્યાં કામ [illegible]

ધારિષ્ઠ, ન૰ [સં૰] [illegible] ધારિણ [illegible] ધૃતિ.

દુઃખ આવેલ આવી પડે ન ગભરાતાં જે ધીરજ રાખવી તે અથવા ધીરજ રાખી જે સમભાવપણું દાખવવી તે.

ધારી, વિ૰ એ શબ્દ ધારનારના અર્થમાં શબ્દની પછવાડે મુકાય છે. વેશધારી, જટાધારી. ઇ૰

ધારો, પુ૰ [સં૰ ધારા] કામકાજ વેવારને માટે કરી રાખેલો-બાંધી મુકેલો જે નિયમમાર્ગ તે; રીત; વહિવટ. ૨ સરકારી કાયદો.

ધાવ, સ્ત્રી૰ બાળકને ધવડાવવા સારૂ રાખેલી જે બૈરી તે.

ધાવણ, ન૰ જણનારી સ્ત્રીની છાતીમાંથી નિકળતું જે દૂધ તે.

ધાવણું, વિ૰ ધાવતું હોય તેવું. ૨ જ્યાંસુધી ધાવવાથી પોષણ મળતું હોય તેટલી ઉમરનું-(બાળક).

ધાવરી, સ્ત્રી૰ એક જાતનું વસાણું.

ધાવરું, ન૰ રસના જોરથી મોઢું, હાથ વગેરે સુજી આવવું તે. ૨ ધાવરે ધાવરે-દોડારે દોડારે એ ધ્વની કરતું આફત વેળા વાગતું જે રણશિંગું તુરઈ વગેરે તે.

ધાવવું, ક્રિ૰ સ૰ બાળકે પોતાની માની અથવા ધાવની છાતી ચુસી દૂધ પીવું.

ધાવું, ક્રિ૰ અ૰ દોડવું; ઉતાવળથી ચાલવું.

ધાસકો, પુ૰ એકદમ બીક લાગવી તે અથવા એથી છાતી સ્તબ્ધ થઈ જવી તે; ચોંકવું તે.—પેટમાં ધાસકો પડ્યો કેવાય છે.

ધાસતી, સ્ત્રી૰ બીક; દેહેશત. ૨ કાળજી; ફિકર.

ધિંગાણું, ન૰ ધાડું મચેલું યુદ્ધ. ૨ કજીયો; તોફાન; મસ્તી; કુદાકુદ; વળગાવળગ.

ધિક્, અ૰ [સં૰] તુચ્છકારના અર્થમાં વપરાય છે. (કપટાળાથી-દોષ ઘડાયો).

ધિકવું, ધીકવું.

ધિક્કાર, પુ૰ [સં૰] તિરસ્કાર; તુચ્છકાર.

ધિક્કારવું, ક્રિ૰ સ૰ ધિક્કાર કરવો; તુચ્છ-હલકું ગણવું.

ધિગાણું, ન૰ ધિંગાણું. (૨ જા અર્થમાં). ધિંગામસ્તી પણ કેવાય છે.

ધિંગું, વિ૰ જબરદસ્ત; સમર્થ; સત્તા-ઐશ્વર્યથી ભરેલું. તેને માથે મોટો ધિંગો છે. ધાબડધિંગું પણ કેવાય છે.

ધિંગોજી, પુ૰ ધુંધવાયલો-અદેખો પુરુષ.

ધિબવું, ધીબવું.

ધિબાધિબ, અ૰ એવો થતો અવાજ બતાવે છે.

ધિબોડવું, ધીબવું.

ધિરવું, ધીરવું.

ધી, સ્ત્રી૰ [સં૰] બુદ્ધિ; અકલ. [ધીકે છે.

ધીકવું, ક્રિ૰ અ૰ ગરમીનો જોરા વધવો; ઊનું રેવું-શરીર

ધીજ, સ્ત્રી૰ માણસ અપરાધી છે અથવા નિરપરાધી છે એ જાણવાની એક રીતની પરીક્ષા; આપદી પ્રતિજ્ઞા; દિવ્ય. ૨ જેને માથે આરોપ હોય તેણે હાથમાં ધગધગતો લો-

દાંતો ઓઝો લેવા ને કેવું કે હું જો નિર્દોષ હઇશ તો ઈશ્વર મને નહિ બળવા દે ને દોષી હઇશ તો હું બળીશ. પછી જો તે બળે તો અપરાધી ઠરે ને નબળે તો છુટી જાય. એવી ઘણીક રીતની ધીજ હતી પણ મુખ્યત્વે, તુલા, અગ્નિ, જળ, વિષ ને કોષ એ પાંચસમ્બન્ધી કેવાઈ છે.

ધીટ, વિ૰ સઙ્કટ-દુઃખ ખમવે કઠણ છાતીનું; ગભરાય નહિ પણ ધીરજથી માર ઝીલ્યાં કરે તેવું. ૨ બહાદુર; હિમ્મતવાન; ડગેનહિ તેવું. [મારવું.

ધીબવું, ક્રિ૰ સ૰ ડબાઈ-વાંકું વળી જાય તેમ મુક્કોથી

ધીમન્ત-માન, વિ૰ [સં૰] બુદ્ધિમાન; અકલમન્દ.

ધીમર, પુ૰ [સં૰ ધીવર] માછી.

ધીમું, વિ૰ કામ કરતાં વાર લગાડે તે (જન). વિલમ્બ લાગે તેવું (કામ). ૨ શાન્ત સ્વભાવનું-ધીમ-ધીમ · ધીમ-ધીમસાંસ્તે એટલે ઉતાવળથી નહિ પણ આસ્તે આસ્તે; હળવે હળવે.

ધીર, સ્ત્રી૰ ભરોસો; સાખ; પતીજ. વેપારીઓમાં ધીર ઉઠી ગઈ. ૨ ધીરજ.

ધીર, વિ૰ [સં૰] ધૈર્ય-ધીરજ રાખનાર; ગભરાય નહિ પણ ઠરેલ વૃત્તિ રાખે તે-ધીર પુરુષ, રણધીર. [૨ હિમ્મત.

ધીરજ, સ્ત્રી૰ ઠરેલ વૃત્તિ; આકળાંપણું નહિ પણ સબૂરી.

ધીરવું, ક્રિ૰ સ૰ પાછું આપશે એવે ભરોસે નાણું ઉછીનું-વ્યાજે આપવું તે. ૨ ભરોસા ઉપર કંઇ પણ આપવું-

ધીરું, વિ૰ ધીમું. ૨ ધીર પુરુષનું હોય તેવું. [સોંપવું.

ધુંધળકું-ધુંધળું, ન૰ સૂરજ આથમ્યા પછીનો ને દીવા થવાની આગમજનો જે વખત તે અથવા કંઈક ઉજાસ ને ઘણું અન્ધારૂં એવો જે સૃષ્ટિનો દેખાવ તે.

ધુંવર, ધુમર.

ધુંવો, ધુમાડો.

ધુંશળ, ન૰ ધુંસરી.

ધુંસરી, સ્ત્રી૰ જોડાયલા બળદની ખાંધ ઉપર જે આડું લાકડું હોયછે તે.

ધુંસડું, ન૰ ધુંસરી.

ધુજવું, ક્રિ૰ અ૰ ટાઢ, રોગ, ડપકા ધાસ્તીથી આમ તેમ હાલ્યાં કરવું; કાંપવું તે. તેનું શરીર ધુજેછે.

ધુજારી, સ્ત્રી૰ એકાએક ધુજવું થઈ આવવું તે. ૨ શરીર ધુજ્યાં કરે તેવો રોગ.

ધુજારો, પુ૰ ધુજારી.

ધુજાવવું, ક્રિ૰ સ૰ ધુજે તેમ કરવું. ૨ ગભરાવવું.

ધુણવું, ક્રિ૰ અ૰ ડોકી આમ તેમ હાલ્યાંકરતી હોય તેવી હાલતમાં હોવું.

ધુણાવવું, ક્રિ૰ સ૰ ડોકી હાલ્યાં કરે તેવી હાલતમાં કોઈને આણવું. ૨ હર કોઈ તદબીરથી કોઈ પાસે નાણું કઢાવવું. ડોકું ધુણાવવું એટલે ના કેવી.

ધુણી, સ્ત્રી૰ ધુમાડો. ૨ ગોસાંઈ પોતાની પાસે જે ધુમાતો દેવતા રાખેછે તે.

ધુત, અ૰ ધિક્કાર-તુંચ્છકારના અર્થમાં વપરાય છે. ૨ કુતરાંને હાંકતી વખત વપરાય છે.

ધુતકારવું, ક્રિ૰ સ૰ તછોડી નાંખવું; તિરસ્કાર કરવો.

ધુતવું, ક્રિ૰ સ૰ છળ કરી લઈ લેવું; ઠગવું.

ધુતારો, પુ૰ [ધૂર્ત] કપટ-બન્ધાઈથી હરી લેનારો; ઠગનારો. ધુતારી-ઠગી લેનારી સ્ત્રી. [આવવું; ઠગાવું.

ધુતાવું, ક્રિ૰ અ૰ કોઈ ધુતી ગયું હોય તેવી હાલતમાં

ધુધળું, ધુંધળું.

ધુધુ, અ૰ એવો થતો અવાજ-નગારાં, પડઘમ વગેરેનો. (બાળક સાથે બોલતાં).

ધુન-ન્દ, સ્ત્રી૰ [હિં૰] કોઈ વાતમાં એટલું તો મન લાગી રેવું કે બીજું કંઈજ જાણવું નહિ એવી જે હાલત તે; મસ્તી; નિમગ્નતા; ગરકાવ; લેહ; લગન. ૨ (એ નઠારી વાતમાં હોય ત્યારે) આંધળાપણું; લમ્પટપણું.

ધુન્દી, વિ૰ ધુન્દ વાળો.

ધુપકું, ધુપેલ.

ધુપવું, ક્રિ૰ સ૰ ધૂપ દેવો; ધુમાડો દેવો.

ધુપેલ, ન૰ સ્ત્રીયોને માથે ઘાલવાનું સુગન્ધી વાળું તેલ. સુગન્ધીદાર વાનો તેલમાં પલાળી રાખી તે તેલને એક હાંલ્લામાં ભરી, ઉપર કોડિયું મુકી તેને મટોડીથી બધી પાસથી થાપી લઈ ભઠ્ઠીમાં મુકયાથી તે હાંલ્લામાનું જે તેલ હાંલ્લાની મધ્યે પાડેલાં એક છિદ્રમાંથી તળે મુકેલાં વાસણમાં ટપકી પડેછે તે.

ધુપેલિયો, પુ૰ ધુપેલ બનાવનારો-વેચનારો. [૨ ધુમાડો.

ધુમ, અ૰ ઝડપ ને જોરામાં. (ધુમ કામ ચાલેછે).

ધુમધામ, સ્ત્રી૰ ઝડપ ને જોરા દેખાય તેવી કામની જે હાલત તે; ગરબડ. ૨ ભભકો; ઠાઠ.

ધુમધોકાર, ધુમ.

ધુમર-સ, સ્ત્રી૰ ન૰ સવાર સાંજે ધુમાડા જેવી જે ધાડી હવા દેખાયછે તે. ધુમર વરસેછે એમ બોલાય છે.

ધુમાડિયું, ન૰ ધુમાડો આજુબાજુએ ન પસરતાં સીધો ઉંચોજ જાય એવું ભીતમાં રાખેલું જે પોલાણ તે અથવા એ પોલાણની ટોંચ પર જે બાકાંવાળો ઘાટ તે.

ધુમાડો, પુ૰ [સં૰ ધુમ્ર] બળતી વસ્તુમાંથી નિકળી ઉંચે જતાં હાથમાં ન ઝલાય એવી વરાળ જેવી જે કાળી વસ્તુ દેખાય છે તે. 'જેવા ધુમાડાનારે બાચકા, તેવો સકળ સંસાર'.

ધુમાતું, વિ૰ ધુમાડો થતો હોય તેવું ૨ બળિયેલ; ચિડિ-

ધુમાર, ધમાર. [યું; દાઝાબળયું.

ધુરન્ધર, વિ૰ [સં૰] મુખી; આગળ પડતું; અગ્રેસર; મોટું. ધર્મધુરન્ધર. ૨ ભવ્ય; ભભકાવાળું. (સ્થાન-કામ).

ધુરપત, ધરપત. ધુરપતીજ- ધરપત કરનાર.

ધુરપદ, ધ્રુપદ.

ધુસકો, પુ૦ એકાએક એકદમ જોરામાં રડી દેવું તે.

ધુળ, ધૂળ. [ળું તે.

ધુળકોટ, પુ૦ ચો મેર ધૂળ ઉડી રહેથી કોટ જેવું જે દેખા-

ધુળધાણી, અ૦ નકામું-બરબાદ-ખરાબખસ્તા થઈ ગયું હોય તે. 'ધુળધાણી ને વા'પાણી.'

ધુળધોયું, વિ૦ શરીરે ધુળ ઉડી-વળગી રહી હોય તેવું. ૨ ધુળ ધોનારો ધેડો.

ધુળપડવો, પુ૦ ફાગણવદ પડવો; હોળીનો પડવો. એ દહાડે ધુળ ઉરાડવાનો મહિમા ચાલ્યો છે.

ધુળાડો, પુ૦ ધુળકોટ.

ધૂડ, ધૂળ.

ધૂન, સ્ત્રી૦ શબ્દ-સ્વર; અવાજનો ઘોર. ૨ દૂર થતા અથવા એક વાર સાંભળેલા અવાજનું કાનમાં ઘુમી રહેવું તે. ૩ ધુન્દ.

ધૂપ, પુ૦ [સં૦] કોઈ પણ સુગન્ધિવાળી વસ્તુને બાળ્યાથી જે સુગન્ધિવાળો ધુમાડો નિકળેછે તે અથવા જે સુગન્ધ નિકળેછે તે. ધૂપસળી-જે સળી બળ્યાથી સુગન્ધિ આવેછે તે. ૨ સ્ત્રી૦-પુ૦ તડકો. ધૂપછુતરી-તડકાની [છુતરી.

ધૂમ, પુ૦ ધુમાડો.

ધૂમકેતુ, પુ૦ પુછડિયો તારો.

ધૂર્ત્ત, વિ૦ [સં૦] આડું અવળું સમજાવી પોતાનું કાર્ય સાધનાર; લુચ્ચો; ઠગ. ૨ વિચક્ષણ; કોઈથી આંજ્યું ન જાય તેવું; ચતુર.

ધૂળ, સ્ત્રી૦ [સં૦ ધૂલિ] જે ઝીણો ભૂકો-ચૂરો રસ્તામાં મટોડું, છાણ, તણખલાં વગેરેનો હોય તે. ઘરમાંનો કચરો ને રસ્તામાંની ધૂળ. 'આડી વાટની ધૂળ' એટલે કંઈ નહિ. ધૂળ નાંખી-એટલે બળ્યું, હશે, ઘીસનું રહ્યું. તેનાં નામ-મોડાંપર ધૂળ નાંખી એટલે બળ્યું તેનું નામ-મોઢું. ધૂળ પડી, આંખ વળી-ધિક્કારમાં બોલાયછે. ધૂળ વળવું-બગડવું; ખરાબ થઈ જવું. 'ધૂળધાણી વા પાણી,' 'સો વાંસ પાણીમાં ધૂળ પણ ઉડતી ન હોય' એમ બોલાય છે.

ધેડ, વિ૦ એક નીચી શુદ્ર જાતિ છે. ધેડ, ભંગિયાથી ઉંચા છે. ૨ નીચ સ્વભાવનું અને નીચી સ્થિતિમાં ઉછરેલું (માણસ). ૩ ભરૂગિયો. ગામ ત્યાં ધેડવાડો હોય એટલે ઘણા સારા લોકમાં થોડાક હલકા ઓછાંપાત્ર પણ હોય.

ધેડગુજરી, વિ૦ છેક અશુદ્ધ-સરકર-બદ એવી (બોલી).

ધેડફજેતી, સ્ત્રી૦ ધેડા જેમ સેંજસાંજમાં ગાળ ભાંડી લડેછે ને પાછા ટેક છોડી મળી જાયછે તે ફજેતી.

ધેડિયું, વિ૦ ધેડ સરખું; નીચ. ૨ ધેડ લોક વાપરે તેવું (કપડું વગેરે). [ડાની સ્ત્રી.

ધેડો-ઢ, પું૦ ધેડ જાતનો પુરૂષ. ૨ ભરૂગિયો. ધેડી-ધે-

ધેણ, સ્ત્રી૦ પેલીજ વારની દહાડા વાળી સગર્ભાવસ્થા હોય તે સ્ત્રી; અઘરણીરાત.

ધેન, સ્ત્રી૦ [સં૦ ધેનુ] ગાય.

ધેરવાવું, ઘોડાને પાણી પાવું. [ખનાર.

ધૈર્ય, ન૦ [સં૦] ધીરજ; સબુરી. ધૈર્યવાન-ધીરજ રા-

ધૈવત, પુ૦ [સં૦] ગાયનના સપ્ત સ્વરમાંનો છઠ્ઠો. સા, રી, ગ, મ, પ, ધ (ને ની).

ધોંડો, પુ૦ [મ૦] પથ્થર.

ધોંસો, પુ૦ લાવણી ખ્યાલ શરૂ કરવાની પેલાં ગાવાની એક તરેહ-સખી, ધોંસો, ને લાવણી. ૨ એક જાતનું ઊનનું કપડું. ૩ ગાંસો; તસકો. [જે એકેકી તે.

ધો, પુ૦ એક કપડું જેટલી વાર ધોવાય તેટલી વારમાંની

ધોકડું, ન૦ રૂની મોટી ગાંસડી. (સાંચાથી ડાબ્યા પેલાંની) ૨ (લાક્ષણિક) શરીર; દેહ.

ધોકારાબન્ધ, અ૦ ઝડપથી ને જોરામાં.

ધોકો, પુ૦ જાડી લાકડી; સોટો; લઠ. ૨ નુકસાન; ધકો; આપદા; અડચણ. ૩ દુઃખ લાગવું તે-ધોકો કરશો મા હો એટલે દુખ લગાડશો નહિ.

ધોખો, ધોકો (૨ જા અર્થમાં).

ધોડવું, દોડવું.

ધોત, ધોધ.

ધોતલી, સ્ત્રી૦ બાળકને પેરવાનું ધોતિયું.

ધોતાળ, વિ૦ ઉદાર; સખી; ખરચાળ; ઉડાઉ.

ધોતિયું, ન૦ [ધૌત્ર] પુરૂષને કમ્મરે પેરવાનું જે વસ્ત્ર તે.

ધોધ, પુ૦ ઘણે ઉંચેથી પડતું પાણી અથવા તેનો જે આકાર તે.

ધોધડો-વો, પુ૦ દદુડો; ધોધ. [ધોધો પડેછે.

ધોધો, અ૦ પાણીના પડવાનો અવાજ બતાવેછે. વરસાદ

ધોનારવું, મારવું. હું તને ધોનારીશ.

ધોબાં, ઈંટ.

ધોબી, પુ૦ મેલાં કપડાં ધોવાનો ધન્ધો કરનારો. ૨ મૂરખ; અક્કલ વનાનો પુરૂષ. ધોબેણ-ધોબીની સ્ત્રી.

ધોબીગહો, પુ૦ જે ઠેકાણે ધોબીયો કપડાં ધોય તે.

ધોબું, વિ૦ કંઈજ ન આવડે-સમજે તેવું માણસ; બેવકૂફ.

ધોબો, પું૦ હથેલીમાં આંગળાં વાળી કરેલા જે ખાડામાં અફીણનો કસુમ્બો ભરી સામાં ધણીને પાવામાં આવેછે તે; પોશ. ૨ એ ખાડા જેવું અરધિયાં જેવું રૂપાંનું જે પાત્ર તે. ૩ ઠોઠ-મૂર્ખ છોકરો.

ધોભી, ધોબી.

ધોરણ, ન૦ નિયમિત જે રીત તે; વહિવટ. ૨ નિશ્ચય; નક્કીપણું; ખાતરી.

ધોરિન્ધર, ધુરન્ધર.

ધોરિયો, પુ૦ ગાડીને જોડેલા બે બળદની વચમાંનું જે લાબું લાકડું તે. ૨ પાણી જવાની નીક.

ધોરી, વિ૦ મોટું; સરિયામ; સીધું. (ધોરી રસ્તો). ૨ મોટો; ઘણો; જબરો. (ખરચ). ૩ મોઠી; મુખ્ય. (ધોરી નસ-નેસ).—જે કલેજામાંથી સાજીને પોતાની શાખા.-નાની નાની નેસો વડે આખા શરીરમાં પસાર કરેછે તે.

ધોરો, પુ૦ અગાશી-ધાબાની કોરાણે જે થોડી ઊંચી ભીંત તે. ૨ ઓટલાને છેડે અઢેલવાસારૂ બનાવેલું જે ઊંચું ચણતર તે.

ધોલ, સ્ત્રી૦ ઢોલ; ટપલો.

ધોવધાવવું, ક્રિ૦ સ૦ ધોયલું કરવું. ૨ કોઈ ધોય તેમ કરવું.

ધોવું, ક્રિ૦ સ૦ [ધાવન] મેલ કાડવો; કપડાંમાંથી મેલ કાડી તેને સાફ ઉજળાં કરવાં. ૨ ગન્દવાડી કાડી સાફ કરવું. (ખાળ ધોવો). (લાક્ષણિક) પાપ ધોવું.

ધોસો, ધોંસો.

ધોળ, પુ૦ [સં૦ ધવલ] એક જાતનું બૈરાંને ગાવાનું ગીત.

ધોળવું, ન૦ ચુંથાયલો રગડો; મેઠો. "પાણી વિના જે મહી ડોળવું, તે બાંગે ખરું પણ થાય ધોળવું" (અખો).

ધોળવું, ક્રિ૦ સ૦ ભીંતને ચૂનો લગાડી ધોળી કરવી. ૨ કરીશકવું; ઉકાળવું. તેં ધોળ્યું ને ઉઘાડ્યું! (વાંકામાં). ધોળાવવું-ચૂનો લગડાવવો-ભીતને.

ધોળાસ, સ્ત્રી૦ જરાક ધોળાપણું.

ધોળિયો, પુ૦ ધોળો પુરુષ-બળદ વગેરે.

ધોળીમુસળી, સ્ત્રી૦ એક જાતનું ઓસડિયું.

ધોળું, વિ૦[ધવલ] દૂધના રંગનું; સફેત; ઊજળું. ૨ ફીકું-નિસ્તેજ (ધોળો પડી ગયો છે) ૩ ધોળું પણ જરા કાળાશ અથવા પિળાસ વાળું. (ધોળા નિમાળા). [શમાં.

ધોળેદીસે, અ૦ દુનિયાંના લોક દેખે તેવા દિવસના પ્રકા-

ધ્યાતા, પુ૦ [સં૦] ધ્યાન વિચાર કરનારો.

ધ્યાન, ન૦ [ધ્યૈ-વિચાર કરવો] ઊંડો વિચાર; મચી રેવું-મગ્ન હોવું તે. ૨ મન; સમજશક્તિ; ચિત્ત. ૩ ખન્ત; કાળજી. ૪ સ્મૃતિ, સ્મરણ. ૫ પસન્દ પડવું તે.

ધ્યાની, વિ૦ [સં૦] ઊંડો વિચાર કરનાર. [કરવો તે.

ધ્યાસ, પુ૦ [સં૦] ખન્તથી વગર વિક્ષેપે વિચાર કરવાં

ધ્યેય, વિ૦ [સં૦] વિચાર કરવા જોગ; જેના સમ્બન્ધી ધ્યાન ધરવું હોય તે.

ધ્રાગવું, ન૦ કમાડને જોડેલા આડા લાકડાંનો કકડો.

ધ્રાવું, અધરાવું; અપ્પરાવવું. 'જુગતી જાણ્યાવિના જો એકલું ધ્રાય, તો આખા એકપે નવનીત ન થાય.'

ધ્રુપદ, વિ૦ [સં૦] એક જાતનું મોટું પુખ્ત ગાયન. એ ગાયનને અસ્તાઈ ને અન્તરો અથવા એ બે ને ત્રીજો અભોગ એવાં ત્રણ અંગ હોય છે. ધ્રુપદનું ગાયન એ સહુથી જુનું ને પછી ખ્યાલનું નિકળ્યું છે.

ધ્રુવ, પુ૦ [સં૦ ધ્રૂ-સ્થાયી રેવું] પૃથ્વિ જે (કલ્પેલા) આંસ ઉપર પશ્ચિમથી પુર્વ તરફ ફરેછે તેનો ઉત્તર દક્ષિણ જે એકેકો છેડો તે. ૨ પૃથ્વિની ઉત્તરે એટલે પેલા અર્ધમાં કલ્પેલા ઉત્તરધ્રુવના માથાપર જે તારો દેખાય છે તે. ૩ એ નામનો પુરાણપ્રસિદ્ધ પુરુષ જે ભક્ત થઈ ગયો છે તે. ૪ સત્તાવીસમાંનો ૧૨ મો યોગ.

ધ્રુવપદ, ન૦ અચળ અહળ-ડગે નહિ તેવું પદ-ધામ. ૨ (ગાવાનાં પદમાં) ટેક; ધ્રુવો.

ધ્રુવવૃત્ત, ન૦ [સં૦] ઉત્તરધ્રુવ ને દક્ષિણધ્રુવ એથકી સાડીતેવીસ અક્ષાંશમાં આવી રેયલો જે એકેકો પ્રદેશ તે અથવા એ પ્રદેશની સીમા દેખાડનારી જે રેષા તે.

ધ્રોલિયું, ન૦ ઘાસ ભરવાનું મોટું દોલણું.

ધ્વંસ, પુ૦ [સં૦] નાશ.

ધ્વજ, પુ૦ [સં૦] ધજા.

ધ્વનિ, સ્ત્રી૦ [સં૦] સ્પષ્ટ ન સમજાય તેવા પશુપક્ષી ઈત્યાદિકના જે શબ્દ-સ્વર તે. ૨ આથેના સ્વર કાનમાં જે ઘોર કરે તે. ૩ વાક્યનો જે ભાવાર્થ તે; રહસ્ય. ૪ (કવિતામાં) રસની સુચના કરનારી જે વાક્યાર્થ શક્તિ તે.

ન.

ન, પુ૦ [સં૦] એકતીસમો મૂળાક્ષર.

ન, અ૦ નિષેધમાં વપરાયછે; નહિ.—ન જા, ન બેસ. ૨ શબ્દની સાથે જોડાય છે ત્યારે પણ નહિ-વગરનું એવો અર્થ રાખેછે. નકામું, નફિકરું, નગુણું, નધણિયાતું, નનામું વગેરે.

નકટું, વિ૦ જેનું નાક કપાઈ ગયું હોય તે; રોગથી જેનું નાક ખરીપડ્યું હોય તે. ૨ તિરસ્કાર-દૂર કરવાછતાં પણ બોલાવે બોલવનારું; ટક-શરમ વનાનું.

નકરું, વિ૦ નરયું; માત્ર; તેજ. ૨ કર-ધારો આપવો ન પડે તેવું; સ્વતન્ત્ર; પોતાનીજ સત્તાનું.—નકરો વજીફો.

નકલ, સ્ત્રી૦ [અ૦] એક ઉપરથી જે બીજું ઉતારેલું લખાણ તે. ૨ એકનું જોઈ તેવું બીજું (કંઈક વધઘટ સાથે) જે આચરણ તે (વેશ કાડવો, ચાલવું, બોલવું તે); ચાળા; મશ્કરી. ૩ જોડીકાડેલી વારતા; કેહાયત. ૪ એક પ્રત ઉપરથી ઘણી જે પ્રત છપાયલી તેમાંની એકેક.

નકલખોર, વિ૦ મશ્કરો; નકલી.

નકલી, વિ૦ લખાણનો ઉતારો કરનારો. ૨ મશ્કરો. ૩ નવી વાત જોડીકાડનારો.

નકશી-સી, સ્ત્રી૦ કોતરેલું-ચિતરેલું-ભરેલું જે સુશોભિત ભાતવાળું ચિત્રામણ તે અથવા ચિત્રામણની જે સુશોભિત ભાત-તરેહ તે. નકશીદાર-નકસીવાળું.

નકશો-સો, પુ૦ [આ૦] કાગળ કપડાં વગેરે ઉપર કોઈ-પણ પદાર્થનો જે આકાર-દેખાવ કાઢી-ચિતરી બતાવેલો તે. જમીનનો-ઘરનો નકશો, પૃથ્વિનો નકશો વગેરે.

નકામું, વિ૦ કામ ન હોય તેવી હાલતમાં હોય તેવું (નકામો બેસી રહેછે). ૨ ફળ-લાભ ન થાય તેવું (એ મેહેનત નકામી જવાની છે).

નકાર, પુ૦ ના કેહેવી તે.

નકારવું, ક્રિ૦ સ૦ ના કેહેવી; નહિ કરું એમ બોલવું. ?

નકારું. વિ૦ નરસું; ખરાબ; નઠારું.

નકારો-સો, નકશો-સો. [ગું ઠેકાણું.

નકાસ, પુ૦ ઢોરને કાપી વેચવાનો બજાર. ૨ ફાંસીદેવા-

નકી, નક્કી. ૨ નકીબ.

નકીબ, પુ૦ [આ૦] રાજા, શ્રીમન્ત, ધરમગુરુ, સરકારી અધિકારી વગેરેનો ચોબદાર-જે તેની મોટી પદવીને માન આપી બૂમપાડી કચેરીને ને લોકને ખબર કરેછે કે તે પધારયા, તે ઉઠ્યા વગેરે.

નકીર, સ્ત્રી૦ લીટી.

નકુચો-કુચો, પુ૦ જેમાં સાંકળ ભેરવવામાં આવેછે તે વાળેલો આંકડો. (બારી, બારણાં. પેટી વગેરેનો.)

નકોડો-ડુડો, વિ૦ કંઈપણ ખાધું ન હોય તેવો ખરેખરો (અપવાસ).

નક્કર, વિ૦ ભરેલું હોય તેવું; જડ; ભારે; વજનદાર (પદાર્થ). ૨ અન્દર ભરેલું પણ જેવું બાર તેવુંજ અન્દર સુનાં રૂપાંનો ડાગીનો). ૩ લમ્બાઈ પોળાઈ ને ભરેલી ઉચડાઈ વાળું. (નક્કર ગોળ).

નક્કી, વિ૦ ખરું; ખાતરી કરેલી હોય તેવું (નક્કી તોલ). ૨ ચોકસ; મુકરર કરેલું; પાકું. (તે કામ નક્કી કીધું). અ૦ ખાતરી વાળું; ખરેખર; નિશ્ચય.

નક્ષત્ર, ન૦ [સં૦] તારો. ૨ તારાઓનાં ૨૭ મણ્ડળ કરયાં છે તેમાંનું એકેકું-અશ્વિની, ભરણી આદિલઈ.

નક્ષત્રી, વિ૦ ક્ષત્રી ન હોય તેવી-પરશુરામે પૃથ્વિ નક્ષત્રી કરી.

નખ, પુ૦ [સં૦] આંગળાંના છેડાપરના જે અવયવ કાપ્યાં પછી પણ પાછા વાધછે ને કપાતાં દુઃખ કરતા નથી તેમાંનો એકેક-મનુષ્ય, પશુ ને પક્ષીને નખ હોય છે. •પશુપક્ષીના નખ મોટા ને વળેલા હોયછે. નખ લેવા-ઉતારવા (હજામે).

•**નખતેલ,** ન૦ [આ૦ નફત] પિળાસવાળા રંગનો, સખત વાસનો, હવામાં ઉડીજાય તેવો, પારદર્શક એવો તેલના જેવો પ્રવાહી પદાર્થ.-અગ્નિની આંચથી ભડભડ સ-હેજ ભડકાથી બળી જાયછે.

નખરું, ન૦ [ફા૦ નખરા] હાથ-આંખ-પગના જે ચેડા [illegible] કરીને ચાળા; ચુંગાળચેડા. ૨ બાળાભડક; અવિવેકી વર્તણુક.-નખરાબાજ-નખરાં કરવામાં કુશળ.

નખલો, પુ૦ નખના આકારનો-ચન્દ્રાકાર જડાવ ચાંદલો. ૨ ચેહેરો; સુરત.-તેનો નખલો ઠીક છે.

નખશિખ, અ૦ પગના નખથકી તે શિખા-માથના નિમાળા સુધી.

નખિયાં, ન૦ આંગળીનાં ટેરવાં વગેરેથી નખના જે આકાર પડેલા તે. ૨ શાક કરવા સારૂ જે પાપડીને આખી ને આખી, નસ ઉતારી એક બાજુથી ફાડી જોઈ તૈયાર કરેલી તે.

નખિયું-નખિયાંનું (૧લા અર્થમાં) એકવચન.

નખી, વિ૦ મોટા નખ-પઞ્જાવાળુ-(જનાવર).

નખી, સ્ત્રી૦ સુનાં-રૂપાંમાં મઢેલો, વાઘ, રીંછનો જે નખ તે-એ બાળકની કોટે રાખવામાં આવેછે.

નખેતર, નક્ષત્ર.

નખોદ, ન૦ મૂળથી ખોવાઈજવું તે; વંશમાં કોઈ ન રે તેવું થવું તે; વંશનો ઉચ્છેદ. ૨ સર્વસ્વ જવું તે; સત્યાનાશ; નખોદ ઘાલવું-વાળવું-જવું.

નખોદિયું, વિ૦ નખોદ વાળનાર. [જે લીટો તે.

નખોરિયું, ન૦ નખે કરીને ચામડી પર જોરથી પાડેલો

નગ, પું૦ [સં૦] પર્વત; પહાડ.

નગણું, નગુણું.

નગદ, વિ૦ [આ૦] રોકડ; સિક્કારૂપે હોય તેવું (ધન). ૨ કિમતી; મતાવાળું; મૂલવાન.

નગદી, સ્ત્રી૦ સિક્કા પાડવાની ધાતુ; જેનો ઘાટ ઘડાયો નથી તેવી ધાતુ (સુનું રૂપું). ૨ કિમતી માલ.

નગર, ન૦ [સં૦] શેહેર; પુર; મોટું ગામ; કસબો.

નગરચર્ચા, સ્ત્રી૦ નગરના લોકમાં ચાલતી વાત અથવા તેની જાણ. [ખર આપવી તે.

નગરપડો, પુ૦ નગરમાં ડાંડી પિટાવવી તે; લોકને ખ-

નગરશેઠ, પુ૦ નગરમાં જે સહુથી મોટો શેઠ તે; મહાજ-

નગરી, સ્ત્રી૦ નગર. [નનો મુખી.

નગરું, વિ૦ બેશરમ; નઘરોળ. ૨ ગુરૂ વનાનું. ૩ ઉપકાર ન માનનાર; કૃતઘ્ન. નગરો માણસ.

નગારચી, પું૦ નગારાં-તાસાં વગાડનારો.

નગારું, ન૦ તાંબાકુંડીપર મઢેલું ચામડું હોય એવું જે વાદ્ય તે. ૨ ડમકો. ૩ નગારાં જેવા આકારનું.

નગીનો, પુ૦ [ફા૦ નગીના] ભારે જડાવ ડાગીનો. ૨ હીરો. ૩ દેખાવડો-રૂપાળો તે. ૪. ચતુર; હોશિયાર.

નગુણું, વિ૦ કોઈએ કરેલા ઉપકાર- ગુણના બદલામાં અપકાર-અવગુણ કરે તેવું (માણસ, કામ).

નગોડ, ન૦ એક જાતનું ઝાડ.

નગ્ન, વિ૦ [સં૦] નાગું. [જાણેલું એવું.

નઘરોળ, વિ૦ કાળજી વગરનું; બેફિકરું; શરીરજ વધારી

નરખાવું, ક્રિ૦ અ૦ અઢેલીને પડવું. નરખાઈજવું એઠેથી કમસા થઈને અચેતન પડવું. ૨ ઉલટી થવી.

નફગ, ન૦ વીંટીમાં જડેલો હીરો. ૨ (લાક્ષણિક અર્થમાં) વિદ્યા-ધન-પરાથી શોભીતો માણસ. ૩ દાગીનો; અકેકે એવી જે વસ્તુ અથવા એવો જે વસ્તુ સમૂહ તે.

નચાવવું, ક્રિ૦ સ૦ નાચે તેમ કરવું.

નચિન્ત, અ૦ [નિશ્ચિન્ત] ચિન્તા-કાળજી વગરની હાલતમાં હોય તેવી રીતે; નિરાંત.

નચુકો, નકુચો.

નચોવવું, નિચોવવું.

નજદીક, અ૦ [ફા૦] પાસે; પડોસમાં.

નજર, સ્ત્રી૦ [આ૦] જોવું તે; દ્રષ્ટિ. નજર બાંધવી-ઉતારવી-વાળવી એટલે કોઈ અદેખાની નજર અથવા ભૂત વગેરેની નજર લાગી હોય ને તેથી પીડા થતી હોય તો તે નજરને કેટલાક ટુચકાથી દુખ દેતી અટકાવવી. ૨ ધ્યાન; લક્ષ. ૩ મેહેરબાની; કૃપા. ૪ ભેટ; બક્ષીસ.

નજરકેદ, વિ૦ [આ૦] બેડી વગેરેનું બન્ધન નહિ પણ મુકરર કરેલી જગાએથી ખસાય નહિ તેવી રીતે કેદ.

નજરચૂક, સ્ત્રી૦ જાણીજોઈને કરેલી નહિ પણ નજર આડી અવળી ગયેથી થયલી ચૂક.

નજરચોર, પુ૦ નજર ચોરાવનાર.

નજરબન્ધી, સ્ત્રી૦ તન્ત્રખેલથી-જાદુથી લોકની નજર બાંધવી તે; લોકની આંખને ભુલાવામાં નાખવી તે.

નજરબાજ, વિ૦ ચાર પાસ ફરતી નજર રાખનાર; સાવધાન. ૨ તર્કશક્તિવાળું. ૩ ઝટ સમજી જાય તેવું.

નજરાણું, ન૦ નજર આગળ મુકેલી ભેટ; બક્ષીસ; અર્પણ કરેલી વસ્તુ.

નજરાનજર, અ૦ એકમેકની નજર મળે તેમ.

નજળો, પુ૦ [આ૦] ગરમીથી થતો એક રોગ-આંખે, નિમાળે, નખે, દાંતે થાયછે-આંખે ઝાંખ વળેછે, નિમાળા સફેત થાયછે, પગે થાયછે ત્યારે તે સુઝીજઈ જુઠો પડેછે.

નજીક, અ૦ [ફા૦] પાસે; નજદીક.

નજીવું, વિ૦ જીવ-માલ- સાર વગરનું; નકામું.

નજીસ, વિ૦ આ૦ ખરાબ; ગન્દુ; મેલું. ૨ નઠારા સ્વભાવનું.

નજુમ, પુ૦ [આ૦] જ્યોતિષ; જોશ; ગ્રહ જોઈ ફળ કેહવું તે.

નજુમી, વિ૦ જ્યોતિષી; જોશી.

નટ, પુ૦ [સં૦] સ્ત્રી આદિકનો વેશલઈ નાચનારો અને ઘણાક ખેલ કરનારો. ૨ એ નામનો રાગ. નટવર-નટમા શ્રેષ્ઠ; સહુથી સારો નટવો.

નટવાઈ, સ્ત્રી૦ આકારાચલીની રમત; નાચવું વગેરે નટનો કિસબ તે.

નટવો-ડુવો, પુ૦ નટ શબ્દ જોવો. જે સ્ત્રી નટનું કામ કરે તે નટવી.

નઠારું, વિ૦ [નષ્ટ] સારાનું ઉલટું; ખરાબ; નરસું.

નઠોર, વિ૦ જેને શિખામણ-ચાનક ન લાગે તે; નિર્લજ; નફ્ફટ.

નડ, સ્ત્રી૦ આડ; હરકત; અડચણ; વિઘ્ન.

નડ, પુ૦ નડ્ડો; દુબળો.

નડતર, સ્ત્રી૦ નડ.

નડવું, ક્રિ૦ સ૦ વચમાં આવી હરકત કરવી; વિઘ્ન કરવું. ૨ પીડા કરવી; સતાવવું; દુઃખ દેવું.

નડ્ડો, પુ૦ દુબળો; એ નામની એક નીચ શુદ્ર જાતિનો પુરૂષ.

નણંદી, સ્ત્રી૦ વરની બેહેન.

નણદોઈ, પુ૦ નણન્દનો વર.

નણન્દ, સ્ત્રી૦ [સં૦ નન્દા] નણદી.

નતવાળિયો, પુ૦ મુવાંની પછવાડે વરસદિવસ સુધી દરરોજ જે નીમી મુકેલો બ્રાહ્મણ જમાડ્યાં કરવો તે.

નથ, સ્ત્રી૦ નાકનું ઘરેણું; વેસર; વાળી; વિટલી.

નથ, ક્રિ૦ નથી.

નથડી-ણી, સ્ત્રી૦ વાળી; વિટલી.

નથી, ક્રિ૦ છે નહિ.

નદ, પુ૦ [સં૦] નદી. (પણ જે પુરુષરૂપ મનાતી હોય તે).

નદારત-દ, અ૦ પાસે નથી-કંઈ ન મળે એવા અર્થમાં વપરાય છે.

નદાવા, અ૦ હવે પછી માગું નહિ મળે એ અર્થમાં વપરાય છે.

નદી, સ્ત્રી૦ [સં૦] પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી નિકળી સાગર, બીજી નદી અથવા સરોવરને મળેછે તે. 'નદીનું મૂળ અને ઋષિનું કુળ જોવું નહિ.'

નધણિયાતું, વિ૦ ધણી-માલીક વગરનું.

નનામું, વિ૦ લખનારનું નામ ન હોય તેવું; સહી વગરનું. ૨ કોઈ પણ નામ વનાનો પદાર્થ.

નનૈયો, પુ૦ નકાર; ના.

નન્દન, પુ૦ [સં૦] દિકરો; છોકરો; પુત્ર. ૨ ઇન્દ્રનો બાગ. નંદિની-દિકરી.

નન્દવવું, ક્રિ૦ સ૦ ખણ્ડિત કરવું; કકડો કરવો (તેણે બંગડી નંદવી).

નન્દવાવું, ક્રિ૦ અ૦ ખણ્ડિત થવું; કકડા થવા.

નન્દી, પુ૦ [સં૦] શિવનો પોઠિયો; નાંદિયો.

નન્નો, પુ૦ નકાર; ન એ અક્ષર. 'એક નન્નો સો દુખને હરે.' : ના-નહિનો અર્થ રાખેછે.

નપુંસક, વિ૦ [સં૦] પુરુષ જાતિ અથવા સ્ત્રી જાતિનું ચિન્હ જેને વિષે નથી તે-માણસ. ૨ જેનામાં વંશવૃદ્ધિ કરવાની શક્તિ નથી તે; હિજડો; ખોજો. ૩ પુરાતન-. પાણી વગરનું; કાયર (માણસ).

નફેરી, સ્ત્રી૦ એક જાતનું વાદ્ય.

નફો, પુ૦ [આ૦] ખરચ-ખરીદી બાદ કરતાં રહયલી, જે કમાણી તે; ફાયદો.

નફ્ફટ, વિ૦ બેશરમ; બે હયા; બેઆબરૂ; નિર્લજ. 'નફ્ફટને કુશ આવ્યો તો કે છાંયડો થયો.'

નફ્ફર, પું૰ [આ૰ નફર] હલકું કામ કરનારો ચાકર; સોડો; ગુલામ. ચાકર નફ્ફર.

નબળાઈ, સ્ત્રી૰ નબળી હાલત.

નબળું, વિ૰ [નિર્બલ] બળ-શક્તિ વગરનું.

નબાબ, નવાબ.

નભ, ન૰ [સં૰] આકાશ.

નભવું, નિભવું,

નભાવ. નિભાવ.

નમણ, ન૰ દેવને નવડાવ્યાનું પાણી.

નમન, ન૰ [સં૰] નમવું તે; નમીને માન આપવું તે. ૨ ગ્રન્થને આરમ્ભે જે ઈશ્વરસ્તુતિ તે.

નમનતાઈ, નમ્રતા.

નમવું, ક્રિ૰ સ૰ [સં૰ ધાતુ નમ] નીચું વળવું. ૧ (માન આપવાને). ૨ તાબે થવું; નીચું થવું; પોતાનું માન મુકી તે બીજાને આપવું; હલકું પડવું.

નમસ્કાર, પું૰ [સં૰] નીચાં વળી માન આપવું તે બે હથેલી જોડવી, ડોકું નીચું કરવું અને મોઢેથી નમસ્કાર એમ કેવું એવી રીત છે. સમાન વયનો બીજાને નમસ્કાર, મોટી વયનો આશીર્વાદ અને નાની વયનો પ્રણામ કરેછે -પણ ગમેતે વયનો બ્રાહ્મણ બીજી જાતિના ગમેતે વયના જનને આશીર્વાદ દેછે. 'પડ્યા તો કે નમસ્કાર વળ્યા' એ, પોતાનો દોષ છુપાવવાનાં બાનામાં બોલાય છે.

નમાજ, નિમાજ.

નમાયું, વિ૰ મા વગરનું (છોકરું). નમાઈ-મા વિનાની (છોકરી).

નમાર, પું૰ એનીમેળે ઉગેલી ડાંગરના ચોખા.

નમાવવું, ક્રિ૰ સ૰ વાંકું-નીચું વાળવું. ૨ તાબે કરવું; હલકું પાડવું; અમ્ફાવવું.

નમુનો, પું૰ [ફા૰] એક આખી અથવા એક જાતની ઘણીએક એવી વસ્તુની જાત ખાસીઅતથી કોઈને વાકફ કરવાસારૂ તે આખીનો જે એક કડકો અથવા તે ઘણીએકમાંની જે એક દેખાડવામાં આવેછે તે; માસલો. ૨ તરેહ; જાત.

નમેરું, વિ૰ દયા-મહેર વનાનું; અપકારી; નિર્દય.

નમ્બર, પું૰ [અં૰] સંખ્યા; આંક; આંકડો; સંખ્યાક્રમ.

નમ્ર, વિ૰ [સં૰] નમી પડેલું; વળેલું. ૨ આજ્ઞાંકિત; તાબેદાર; હુકમસર. ૩ રાંક; ગરીબ; ઠાવકું; સાલસ.

નમ્રતા, સ્ત્રી૰ [સં૰] તાબેદારી; આજ્ઞાંકિતપણું. ૨ ગરીબાઈ; સાલસાઈ; ઠાવકાઈ; વિવેક.

નયન, ન૰ [સં૰] આંખ; નેત્ર.

નર, પું૰ [સં૰] મનુષ્ય (જાતિ અથવા પ્રત્યેક). ૨ પુરુષ અથવા પશુ પક્ષી વગેરે પુરુષ વાચક જે પ્રાણી તે. ૩ બારસાખ બારીના ચોકઠાં વગેરેમાં જડેલા જે લાંબા ખીલા, બારણાની સાથે જડેલા છિદ્રવાળા આપડામાં (માદામાં) બેસતા આવેછે તેમાંનો એકેક-(નરમાદા કેવાયછે). ૪ પાણી વાળો-પરાક્રમી-બહાદુર પુરુષ. ગમે તે કો પણ તે એક નર છે.

નરક, ન૰ [સં૰] પાપી પ્રાણીને તેના મરણ પછી શિક્ષા પામવાને રેવાનું ઠેકાણું.-મોટાં ૨૧ ને નાના ૭ એમ ૨૮ અથવા ૮૪ નરક કેવાય છે. ૨ માણસ અથવા જનાવરનાં મળમૂતર; વિષ્ટા; દુર્ગન્ધ વાળા પદાર્થ. નરકકુણ્ડ એટલે જેમાં નરક હોય તે ખાડો. નરકવાસ એટલે નરકમાં વાસ કરવો તે.

નરખ, નિરખ શબ્દ જોવો.

નરઘાં, ન૰ ગાવાની સાથે તાલ રાખવાને વગાડવાને જે બે વાનાં હોયછે તે બન્ને-એકને સાહી લગાડેલી હોયછે ને બીજાને ભીનો આટો લગાડવામાં આવેછે. નરઘાં સારંગી. નરઘું-નરઘાંમાનું જે સાહીલગાડેલું વાદ્ય તે.

નરડો, નડ્ડો.

નરતું, વિ૰ નઠારૂં; ખોટું; ખરાબ.

નરદમ, અ૰ નરયું; તેજમાત્ર; તેજ જાતનું. ૨ ચોખ્ખું; શુદ્ધ. ૩ કિમતી; ભારે; તત્વમતા વાળું. ૪ તમામ; બીલકુલ; સંધું.

નરપત-તિ, પું૰ રાજા; હાકેમ.

નરપલું, વિ૰ પાતળું; દુબળું.

નરભે, નિર્ભય.

નરમ, વિ૰ [ફા૰] કઠણ-ખરબચડું ન હોય તેવું; સુંવાળું; મુલાઈમ. ૨ ઘણું; ધીરું; આકળું-ગરમ ન હોય તેવું. નરમ મિજાજ. ૩ ભલું; રાંક; સાલસ. ૪ સેહેજ વાતમાં દયા આણે-ગભરાઈ જાય-પિગળી જાય તેવું; પોચું; નરમ છાતીનું. ૫ વાંકું વળે-મરડાય તેવું. નરમ ધાતુ. ૬ ઘાડું નહિ પણ રગડો હોય તેવું-નરમદાળ. ૭ ઓછું; કમજોરાવાળું. પવન નરમ પડ્યો; તાવ નરમ છે.

નરમાદા, નર ને માદા. ૧ (પશુ પક્ષીમાં). ૨ (જડવાનાં).

નરમાશ, સ્ત્રી૰ ભલમનસાઈ; સાલસાઈ; નમ્રતા. ૨ સુંવાળાપણું; કુમળાશ.

નરમો, પું૰ એક જાતનો કપાસ.

નરસ-સું, વિ૰ રસ વનાનું; નઠારૂં; ખરાબ.

નરાજ, સ્ત્રી૰ ખોદવાનું હથિયાર; લોઢાનો દાંડો જેને એક છેડે ધારવાળું પાનું હોયછે તે.

નરાણી, નરેણી.

નરું-રયું, વિ૰ તેજ એકલું; તેજમાત્ર; અસલ; શુદ્ધ.

નરેડાટ, વિ૰ ઉજડ; વેરાન.

નરેણી, સ્ત્રી૰ નખ લેવાનું હજામનું એક ઓજાર.

નરેન્દ્ર-શ, પું૰ [સં૰] રાજા; નૃપતિ.

નરોવાકુંજરોવા, નર અથવા હાથી. ખાતરીનો નહિ પણ ઉડાવવાનો અથવા બે દરકારીનો જવાબ દેતાં એ વપરાય છે.

નર્તન, ન૦ [સં૦] નાચવું તે; નૃત્ય; નાચ.

નલિન, ન૦ [સં૦] કમળફુલ. નલિની-કમળફૂલનો સમૂહ. ૨ જ્યાં ઘણાં કમળ થતાં હોય તે જગા. ૩ કમળની દાંડી.

નવ, વિ૦ [સં૦] નવું. ૨ દશામાં એક ઓછી એટલી સંખ્યા બતાવેછે.– નવનું સાડીતેર ન વેતરતો એટલે વધારે આપી છેતરાતો નહિ. નમે તે નમે તે ન કરતો.

નવ, અ૦ નહિ (કવિતામાં).

નવટંક, વિ૦ શેરનો આઠમો ભાગ એટલું વજન બતાવેછે (શેરના ૭૨ ટાંક તે ઉપરથી).

નવટાંકી, સ્ત્રી૦ નવટાંક જેટલું જે તોલ-વજન તે.

નવડો, પુ૦ નવ એ સંખ્યાનો આંકડો ; ૯.

નવતર, વિ૦ નવું; નવાઈ જેવું.

નવનવું, વિ૦ નવુંનવું.

નવનીત, ન૦ [સં૦] માખણ.

નવનીધ, નવ પ્રકારની નિધિ.

નવમી, સ્ત્રી૦ [સં૦] પખવાડિયાંનો નવમો દિવસ.

નવયૌવના, સ્ત્રી૦ જેને નવું જોબન આવ્યું હોય તેવી સ્ત્રી; સાસરે રેવા જોગ સ્ત્રી.

નવરંગી, વિ૦ નવા રંગનું. ૨ જેમાં ઘણા પ્રકારના રંગ હોય તેવું.

નવરત્ન, ન૦ [સં૦] હિરો, માણેક, મોતી, પાનું, પોખરાજ, ગોમેદ, લસણિયો, પરવાળું ને નીલમ.

નવરસ, પુ૦ [સં૦] શૃંગાર, હાસ્ય, કરુણા, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્ભુત ને શાંત.

નવરાત, સ્ત્રી૦ [નવરાત્ર] માઘ, ચૈત્ર, આષાડ ને આશ્વિનમાં સુદ પડવાથી તે સુદ નોમ લગીના જે નવ દાડા ને નવ રાત તે ; માતાના દાડા.

નવરાસ, સ્ત્રી૦ અવકાશ; પરવાર; ફુરસદ.

નવરું, વિ૦ જેને કામ કરવાનું ન હોય અથવા જેણે કામ કરવું બન્ધ રાખ્યું હોય તેવું (માણસ).

નવલ, વિ૦ [સં૦] નવું.

નવલખ્ખી, વિ૦ નવ લાખની પુંજીવાળો.

નવલસાહીરજી, શેઠાઈનું ડોળ કરનાર-યોગ્ય નહિ તે છતાં ભભકો કરનારને વિષે બોલતાં વપરાય છે. એ નામનો કોઈ થઈગયો હશે. તું તો નવલસા હીરજી બેરાકેની કે તને કંઈ ન કેવાય.

નવસાર, પુ૦ ધાતુ ગાળવાનો એક જાતનો ખાર. નવસાગર પણ કેવાય છે.

નવસો, પુ૦ વરરાજા (ભરૂચ જિલ્લામાં).

નવસ્ખું, વિ૦ નાગું; શરીરે કપડું ન હોય તેવું.

નવાઈ, સ્ત્રી૦ રોજ જોવામાં ન આવે તેવી નવી બાબતબિના; અચરતી. ૨ તરતની પેદા થયલી અથવા નવીજ જોવામાં આવી હોય તેવી ચીજ.

નવાજસ, સ્ત્રી૦ [ફા૦] મેહેરબાની; કૃપા.

નવાણ, ન૦ પ્રવાસીને માટે બેદાવી બન્ધાવેલાં જે કૂવા વાવ વગેરે પાણીના ઠેકાણાં તે; જળાશય.

નવાણું-વ્વાણું, વિ૦ સોમાં એક ઓછી એટલી સંખ્યા બતાવેછે. ૯૯.

નવાબ, પુ૦ આ૦ બાદશાહની તરફથી હાકમી કરવાને મોકલેલો અમલદાર; સુબો. નવાબી-નવાબનો જે દરજો-હાકમી તે.

નવારસ્યુ, વિ૦ જેનો કોઈ વારસ ધણી ન હોય તેવું (ન વારસો માલ); નધણિયાતું.

નવીજૂની, વિ૦ એ શબ્દ, ન જાણેલી એવી ખબરવાત જાણવાને મળવા આવનારને પુછતી વેળા બોલાયછે-કેમ ભાઈ કંઈ નવી જુની છે ?

નવીન, વિ૦ [સં૦] નવું.

નવીસન્દો, પુ૦ [ફા૦] નવી નવી કલ્પનાથી ઈબારત લખનારો. ૨ કારકુન; નકલ કરનારો; સારે હરફે લખનારો.

નવું, વિ૦ [નવ] થોડાજ દિવસ ઉપર બનેલું.– નવું ઘર, નવાં કપડાં, નવી ચોપડી વગેરે. ૨ જેની જાણ થયાને થોડો કાળ થયો હોય તેવું-નવો ખબર, નવો શોધ વગેરે. ૩ છેક ઘણા જૂના કાળનું નહિ પણ હાલનું. ૪ ફેરફારથી બદલાયલું. ભાઈ તે નવો અવતાર આવ્યો જો ! ૫ રોજ જોવામાં ન આવતું હોય તેવું-મારે મન તો તે નવું છે. ૬ થોડા દાડા થયા દાખલ થયેલો શિખાઉ. નવો નિશાળિયો. ૭ તાજું; તરતનું; લીલું. નવું ચણતર- અન-ઘાસ વગેરે. ૮ આરમ્ભ-શરૂ થતું; મંડાતું; બદલાતું. નવું વરસ.

નવુંજૂનું, વિ૦ જાણમાં ન આવેલું એવું તરતનું અથવા ઘણા દાડા ઉપરનું બનેલું. (નવી જુનીના અર્થમાં) ૨ મરણ-આફત સમ્બન્ધી જાણવા જેવું તે. કંઈ નવુંજૂનું છેકે ? ૩ કુટુંબમાં હળીમળીબયલું થયલું હોય તેવું; નવાંનું જુનું થઈગયું હોય તેવું-ને તો તેને દેશ છોડ્યો હશે ને ઘરમાં નવો જૂનો પણ થયો હશે.

નવુંસવું, અ૦ નવુંજ-તુરતનું હોય તેમ. હું તો નવોસવો આવેલો હતો.

નવેણ, સ્ત્રી૦ રસોડું. ૨ રસોડાંની જેટલી જે જગામાં એઠું હોય તેટલી તે. ૩ જમતી વેળા કોઈને ન અડકાય તેવી જે હાલત તે; અબોટ. નવેણિયો-રાંધણિયો; પીરસનાર.

નવેનામે, અ૦ બીજે નામે. ૨ નવેસર.

નવેસર-થી, અ૦ ફરીથી શરૂ કરીને; નવું મણ્ડાણ માંડીને.

નવોઢા, સ્ત્રી૦ [સં૦] નવી-તરતની પરણેલી સ્ત્રી.

નવ્વાણું, નવાણું.

નષા, નેસ.

નષ્ટ, વિ૦ [સં૦] ખરાબ થઈ ગયલું; નાશપામેલું. ૨ હીણું; નીચું; નુકસાન કરનારું.

નસ, સ્ત્રી૦ [આ૦] શરીરમાં જે ઝીણી ઝીણી નળી વડે લોહી પસરતું રહેછે તેમાંની એકેકા રગ; શિરા. ૨ એ આકારની જે ઝીણી વસ્તુ તે. ગોવારશીંગ ચોળી વગેરેની નસ.

નસકોરી, સ્ત્રી૦ નસકોરાં માંય આજુ બાજુની જે કુમળી ચામડી તેનો એકાદો ભાગ. નસકોરી ફૂટવી કહેવાય છે.

નસકોરું, ન૦ નાકનાં બે કાંણાંમાંનું એકેકું. નસકોરૂં ફુલવું (ગુસ્સામાં).

નસલ્તાન, ન૦ [સં૦ નિસન્તાન] છોકરૂં-વારસ ન હોય તેવી જે સ્થિતિ તે; વંસનું પરવારવું તે; કુળનું નિકન્દન થવું તે; ઘર બેસવું તે. નસલ્તાન જવું એમ કહેવાય છે.

નસલ, સ્ત્રી૦ [આ૦] મૂળ; જડ; ઉત્પત્તિ સ્થાન. ૨ વંશ; કુળ.

નસાડવું, ક્રિ૦ સ૦ નાસીજાય તેમ કરવું.

નસિહત, સ્ત્રી૦ [આ૦] શિખામણ; ઠપકો. ૨ સજા.

નસીબ, ન૦ [આ૦] દૈવ; ભાગ્ય; કરમ.

નસીબદાર, વિ૦ દૈવવાન; ભાગ્યશાળી; પૈસાદાર.

નસ્તર, ન૦ [ફા૦] બે ધારવાળું ને અણીદાર એવું હથિયાર જે ફસ(નસ) ખોલવાનાં અને ગાંઠ ગુમડાં ફોડવાનાં કામમાં આવેછે તે. નસ્તર મુકવું.

નહર, સ્ત્રી૦ [આ૦] મોટાં સરોવર અથવા મોટી નદીમાંથી જે પ્રવાહ બીજે રસ્તે વાળી દૂર લઇજવામાં આવ્યો હોય તે. ૨ નળ.

નહિ, અ૦ [સં૦] એ શબ્દ ક્રિયાપદના સમ્બન્ધમાં નાના અર્થમાં બોલાય છે-આવીશ? નહિ આવું; તેણે તે કામ કરવું નહિ. ૨ તો ઉભયાન્વયીની પૂર્વે પણ મુકાયછે.-આમ નહિતો, આમ; તે આવશે તો ઠિક નહિ તો.

નહિતર-તો, અ૦ આ વાતની જો ના તો આમ એવા પ્રયોગમાં વપરાય છે. તું આવીશ તો સાથે જઇશું નહિ તો પછી હું એકલો જઇશ. ૨ અથવાના સમ્બન્ધમાં અભાવના અર્થમાં.-એમાં પૂર્વનું પ્રાધાન્ય કરી તેને અભાવે બીજું એમ હોય.' તું નહિતર તે.

નહિયું, નૈયું. ૨ સુખી દૂખી.

નહીં, નહિ.

નહી, સ્ત્રી૦ દૂખી.

નળ, પુ૦ પાણી લેવા કાઢવાને માટે કરેલો જે રસ્તો તે. ૨ (પાણીને જવાસારૂ) ધાતુના અથવા પકાવેલાં ઠિકરાંના જે પોલા ધાટા તેમાંનો એકેક. ૩ પેટમાં જે માર્ગેથઇને જઠરાગ્નિમાંથી જૂદો પડેલો મળ ઝાડાની વાટે આવજા આવેછે તે. પેટના નળ ફુટીગયા, બન્ધ છે એમ કહેવાય છે.

નળવાઇજવું, ક્રિ૦ અ૦ શરીરે ઉકળ આરામ થઇ જવું. નળવાવું, એ મૂળ ક્રિયાપદ આજું બોલવામાં આવતું નથી.

નળિકા, નળી.

નળિયું, ન૦ નળના આકારનો ઠિકરાંનો ઘાટ. નળિયાં છાપરાપર હોય છે.

નળી, સ્ત્રી૦ [સં૦ નલિકા] અન્દરથી પોલા એવો વસ્તુનો જે લાંબો ઘાટ તે. વાંસની-ધાતુની બન્દુક વગેરેની નળી. નળીદાર-નળીવાળું. ૨ ચાકું.

નળો, પુ૦ ઘુંટણથી તે પગની પાટલીલગીનો જે લાંબો અવયવ તે. (પગનો નળો). ૨ પેઢુથી તે છાતી સુધીનો જે ભાગ તે. (પેટનો નળો). ૩ મોટી નળી.

નળોકડી, સ્ત્રી૦ સાંકડી વાટ; નેળ; નાળ; ગલી.

ના, અ૦ એ શબ્દ પુછેલા સવાલની સામે થવાના-તેને રદ કરવાના અથવા અપ્રસન્નતા-અશક્તિ-ગેરહાજરી બતાવવાના અર્થમાં વપરાયછે-હાનું ઉલટું તે ના. ના, તમે કહોછો તેમ તે વાત નથી; ના, મારે કબૂલ નથી; ના, મારાથી નહી અવાય; તે ઘરમાં છે કે? (જવાબ) ના. ૨ બેમાંનું એકે નહિ એવા અર્થના વાક્યમાં પણ વપરાય છે; ના આમ ને ના તેમ હવે કરવું કેમ? ૩ નહિ; મા.-જતો ના.

ના, અ૦ [ફા૦] એ શબ્દ ફારસી શબ્દોની પૂર્વે મુકાઇને અભાવ-ગેરહાજરી-નહિ-વગર એવો અર્થ રાખેછે.-જેમ સંસ્કૃત શબ્દની પૂર્વે મુકાતો અ રાખેછે તેમ. નાખુશ, નાપાક, નાહક, નાદાર, નામરદ, નાદાન વગેરે.

નાંગળું, ન૦ જેમાં દોરી બોરિયાં ઘાલવામાં આવેછે તે કાણું-કાંચળીની કસનાં-પેરન કબજાનાં બોરિયાં ઘાલવાનાં નાંગળાં.

નાંદિયો, પુ૦ [નન્દી] મહાદેવનો પોઠિયો.

નાઈ, પુ૦ હજામ; ગોયજો; નાપિક.

નાઇક, નાયિકા.

નાઇબ, પુ૦ [આ૦] અધિકારમાં બીજી પદવીનો; નાઇબ સરનશીન.

નાઇલાજ, અ૦ જેનો ઇલાજ ન હોય તેવું; નિરુપાય.

નાઉમેદ, વિ૦ [ફા૦] નિરાશ; આશાભંગ.

નાએક, નાયક.

નાક, ન૦ [સં૦ નાસિકા] મોડાં-ચેહેરાનો બારપડતો અવયવ જેની નીચે બે કાંણાં હોયછે તે; સુંઘવાની ઇન્દ્રી. મનુષ્યમાં એ ઇન્દ્રી ચેહેરાની વચોવચ અને જનાવરમાં માથાનાં છેડાની પાસે હોયછે. ૨ (લાક્ષણિક) આબરૂ; ટેક; માન; શોભા. ૩ માન-શોભા અપાવનાર-રાખનાર મોટા સમુદાયમાંનું જે મુખ્ય મનુષ્ય-સ્થળ તે. નાક જવું અને નાક કપાવું એટલે આબરૂ-શોભા જતીરહેવી, નાક કાપવું એટલે આબરૂ-શોભા લઇલેવી. નાક ઘસવું એટલે પસ્તાવો બતાવવાને અને માફી માગવાને જમીન સાથે નાક ઘસવું. નાક-નીચુંથવું-આબરૂ જવી. નાક ઉંચું રહેવું એટલે ટેક રહેવો; માન વધવું. શું છે મારૂ નાક તો મેંણનું છે એટલે મારી આબરૂ-શોભા ઘણીજ છે. ચાર આં-

ગળ ભરીને નાક કાપી લઈશ એટલે સન્ધી ટેક જશે તેવું કરીશ. હું શું નાક લઈને હવે ત્યાં જાઉં એટલે શી શોભાથી જાઉં માન તો મળવાનું નથી. નાકમાં બોલવું-ગુંગણું બોલવું. પોપટની ચાંચ જેવું-તેલની ધાર જેવું-દીવાની જોત જેવું નાક. નાકની દાંડી એટલે નાકનો ઉપલો દાંડી જેવો જે ભાગ તે

નાકકટ્ટું, વિ૦ નાક કપાયું હોય-આબરૂ ગઈ હોય તેવું. 'નાક કટ્ટા તો કટ્ટા પીર તો ચટ્ટા.'

નાકબૂલ, વિ૦ કબૂલ ન હોય તેવું. ૨ કબૂલાતમાં ફરી-ગયું હોય તેવું.

નાકલિસોટી-લીટી, સ્ત્રી૦ જમીનસાથે નાક ઘસવું તે-પસ્તાવામાં, ક્ષમા માગતાં.

નાકું, ન૦ જ્યાંથી દેશ-રાજ્યની માંહેના ભાગોમાંના ઘણેક ઠેકાણે જવાતું હોય તેવું મુખ્ય સ્થળ, દરવાજો. ૨ જ્યાંથી બીજા રસ્તા ફંટાતા હોય તે ઠેકાણું. ૩ છેડો; હદ. ૪ કાણું; છિદ્ર. ૫ જગાત લેવાનું ઠેકાણું; ચોકી; થાણું. નાકું ઘેરીને બેસવું (૧લા ને ૨જા અર્થમાં), નાકું વટાવવું (બીજા ને પાંચમાં અર્થમાં), નાકામાં સોય પેસવાની નથી (૪ થા અર્થમાં).

નાકેદાર, પુ૦ થાણેદાર; જગાત ઉઘરાવનાર.

નાકેબન્દી, સ્ત્રી૦ નાકાં બન્ધ કરવાં તે.

નાકેસ, વિ૦ અધુરું; અપૂર્ણ; ખામી ભરેલું. [બળ.

નાકૌઅત-વત, વિ૦ કૌવત ન હોય તેવું; અશક્ત; નિ-

નાક્રૌની, સ્ત્રી૦ અશક્તિ; નબળાઈ.

નાખવું, ક્રિ૦ સ૦ જોરથી દૂર-વેગળે કરવું; ફેંકવું; ઉછાળવું. ૨ નીચે જાય ઉપર-ખાડામાં પડે તેમ કરવું. ૩ જાય ઉપર બિછાવવું-પાથરવું (સાદડી-જાજમ નાખવી. ૪ પેટમાંથી પાછું કાઢવું; ઓકવું. ૫ ઉપાડી કોઈ ઉપર મુકવું. તે છાતીપર હાથ નાખીને સુતો છે; ઘરેણા તો તેને ગમે ત્યાં નાખ. ૬ (લાક્ષણિક) હવાલે કરવું; સોંપવું. (તેણે તે કામ તેને માથે નાખ્યું). એ શબ્દ જ્યારે કૃદન્તની સાથે જોડાયછે ત્યારે તે ક્રિયાની પૂર્ણતા બતાવેછે. કાપીનાખવું, મારીનાખવું વગેરે. તેણે ગરદન નાખીદીધી એટલે ગરદન પાછી ટટાર ન થાય તેવી હાલતમાં ખભા ઉપર મુકીદીધી.

નાખુદા-ખોદા, પુ૦ [ફા૦] વહાણ ચલાવનારો; ટંડેલ; સરંગ; વહાણમાં કામ કરનારાઓનો મુખી. [ઉદાસ.

નાખુશ, વિ૦ [ફા૦] ખુશ-રાજી ન હોય તેવું; દલગીર;

નાખુશી, સ્ત્રી૦ ખુશી નહિ તે; અપ્રસન્નતા; ગેરમરજી.

નાગ, પુ૦ [સં૦] એક જાતનો સાપ-એને મોટી ફેણ હોયછે (ફેણના ઉપર મણી હોયછે એમ કેહવાયછે). ૨ પુરાણોમાં વર્ણેલા તે ઉપદેવ.

નાગકન્યા, સ્ત્રી૦ (૨ જા અર્થમાં) નાગની કન્યા. ૨ પરમ સુન્દર સ્ત્રી.

નાગકેસર, ન૦ એ નામનું એક ઝાડ અથવા તેનું ફૂલ. એ ઓષધિ છે.

નાગડું, વિ૦ એકવંડાં-પાતળાં શરીરનું; નાજુક; નિર્બળ.

નાગણી-ણેણ, સ્ત્રી૦ નાગની સ્ત્રી.

નાગણણું, ન૦ પાડાં વાછરડાંના ગળાંમાં જે દોરડું તે.

નાગપાંચેમ, સ્ત્રી૦ શ્રાવણ સુદ પાંચેમ.

નાગપાશ, પુ૦ જે જે આકારમાં નાગ પોતાનાં શરીરનું ગુંછળું વાળેછે તેમાંનો એકાદો. ૨ એ આકારે સેનની જે રચના તે-જેથી શત્રુનું સેન ફાંસામાં આવીજાય. ૩ સાપ જેમ ન વછૂટે તેવી ગૂડ ઘાલેછે તેમ કોઈપણ રીતનો જે સખત ફાંસો તે.

નાગર, વિ૦ [સં૦] નગરનો રેનાર (ગામડાંનો નહિ). ૨ ચતુર; તીક્ષ્ણ બુદ્ધિનું. ૩ એ નામની ગુજરાતી બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ મનાતી એક ન્યાત-અથવા એમાંનું કોઈ જન. [થવા તેનો વેલો.

નાગરવેલ-લી, સ્ત્રી૦ એક જાતનાં ખાવાનાં પાન અ-

નાગરી, વિ૦ [સં૦] નગર સમ્બન્ધી. ૨ નાગરની નાત સમ્બન્ધી. ૩ દેવનગરી (લિપિ).

નાગરી, સ્ત્રી૦ ચતુર સ્ત્રી. ૨ નાગરની સ્ત્રી.-નાગરેણ પણ કેવાયછે.

નાગલાં, ન૦ નાના સાપ. ૨ નાગપાંચેમને દાડે નાગનાં જે ચિત્ર પાડેછે તે.

નાગલી, સ્ત્રી૦ કોદરાના જેવું એક જાતનું અનાજ.

નાગલું, નાગડું. શબ્દ જોવો.

નાગું, વિ૦ [નગ્ન] કમ્મરે વસ્ત્ર ન હોય તેવું. ૨ જેને ખાવા પેરવાને કંઈ ન હોય તેવું (નાગો ભુખો). ૩ દેવાળિયું. ૪ મ્યાનથી બાર કાડેલું (હથિયાર). ૫ નિર્લજ્જ; ફક્કડ; સ્વચ્છંદીજન. નાગો વરસાદ એટલે તડકો પડતો હોય ને જરા વાર વરસાદ પડે તે.

નાઘોરી, વિ૦ ઢોર પાળનાર મુસલમાન.

નાચ, પુ૦ નાચવું તે; નૃત્ય. ૨ રામજનીનું નાચવું ને ગાવું તે. ૩ જ્યાં નાચ થાય તે ઠેકાણું; બેઠક; મિજલસ. નાચ નચાવવો એટલે જેમ નજરમાં આવે તેમ કોઈની પાસ કામ કરાવી તેને થકવવું તે.

નાચકો, પુ૦ ગર્વનો છણકો.

નાચણ, સ્ત્રી૦ નાચનારી સ્ત્રી; વેશ્યા; રામજની (નિન્દામાં ઠપકો આપતાં વપરાયછે).

નાચણવેડા, પુ૦ નાચનારી-વેશ્યાના ચાળા.

નાચવું, ક્રિ૦ અ૦ ગાયનના તાલસર તરેહ તરેહથી પગ ઉંચકી ઉંચકી મુદ્રા કરવા. ૨ કુદ્યાં કરવું.

નાચાર, વિ૦ [ફા૦ લાચાર] નિરાશ્રિત; નોધારું. ૨ ગરીબ:

નાચારી, સ્ત્રી૦ નાચારની જે હાલત તે; ગરીબાઈ.

નાચેણ, નાચણ.

નાજર, પુ૦ [અ૦] અદાલતનો એક અમલદાર જે,

કેદીઓનો અને કચેરીના ખરચ વગેરેનો હિસાબ રાખે છે તે. ૨ હિજડાની એક જાત છે.

નાજુક, વિ૦ [ફા૦] સખ્તી-દુઃખ ન સહન થાય તેવી પણ સુખડપ્રકૃતિનું; કુમળું. ૨ પાતળું, નરમ, સુંવાળું-ચામડી વગેરે. ૩ બારીક; ઝીણી કારીગરીનું; સુન્દર-ઘડિયાળ વગેરે. ૪ તકલદી; જરા જોર લાગેથી ભાગી જાય તેવું-કાચનો ઘાટ વગેરે. ૫ જરા ગફલત થતાં મોટું નુકસાન થઈ પડે તેવું; તજવીજ કાળજીથી કરવા જેવું-કામ. ૬ અશક્ત નબળું શરીર. ૭ થોડું.-(જમવાનું). ૮ તરત ભાન થઈ જાય તેવું-ઈંદ્રી વગેરે.

નાજુકડું, નાજુક.

નાજુકાઈ-કી, સ્ત્રી૦ નાજુક હાલત.

નાટક, ન૦ [સં૦] કવિતાની એક જાતિ-જેમાં ગદ્યરૂપ સંવાદ અને કવિતા બન્ને હોય છે. ૨ સોંગ-વેશ કાઢી જે ખેલ કરવો તે; ભવાઈ. ૩ મનુષ્યના જોસ્સા અને તેઓની રીત ભાત એ બે તે મનુષ્યના વેશ કાઢી આબેહૂબ બતાવવા તે.

નાટકશાળા, સ્ત્રી૦ નાટક કરવાની જગા; મણ્ડપ. ૨ રાજાના આસરા તળે રેહતી રામજણીયો અથવા જ્યાં તેઓને મુકામ આપ્યો હોય તે.

નાટકી, વિ૦ નાટક સમ્બન્ધી. ૨ નાટક કરનારો.

નાટારંગ, પુ૦ નાટક, નૃત્ય વગેરેના રંગમ તે.

નાડ, સ્ત્રી૦ [નાડી] હાથના કાંડાં આગળની જે ઉપરથી લોહીની ગતિ અને તે ઉપરથી રોગ સમજાય છે તે શિરા. નાડ જોવી-દેખાડવી. ૨ (લાક્ષણિક) મૂળ બળ; જે માણસ જેથી બીજાને વશ-તાબે થઈ ગયું હોય તે માણસનું તે. તેની નાડ મારે હાથ છે તો (તેની ચોટલી મારે હાથ છે એમ પણ કેવાયછે) નાડ મળી એટલે કુંચી મળી. ૩ ચામડાંનું દોરડું.

નાડણ, ન૦ નાડ (૩ જા અર્થમાં).

નાડવું, ક્રિ૦ સ૦ નાડી-દોરડીથી જકડીને બાંધવું (ઘરકુંસરી નાડવી).

નાડાછડી, સ્ત્રી૦ બે અથવા વધારે રંગનો સુતરનો જે દોરી તે.

નાડી, સ્ત્રી૦ [સં૦] નાડ.

નાડું, ન૦ સુતર-ઊન-રેશમનો રંગેલો જે દોરો તે. ૨ ચોટલી બાંધવાનો દોરો. ૩ લેંઘા-સુરવાલમાં ઘાલવાની પાટી.

નાણ, ન૦ અટકાવ; અળગું (સ્ત્રીને).

નાણવું, ક્રિ૦ સ૦ માપવું; તપાસવું. ૨ અનુભવ કરીને જાણી લેવું. ૩ ન આણવું.

નાણાવટ, ન૦ જે બજારમાં નાણાંની ઉથલપાથલ થતી હોય તે; જ્યાં શાહુકાર, નાણાવટી, ચોકશી વગેરેની દુકાનો હોય તે ઠેકાણું.

નાણાવટી, પુ૦ નાણાંનો વેપારી; જુદા જુદા સિક્કાઓની આપલે, ખરા ખોટા વગેરે કરનારો શરાફ; શાહુકાર.

નાણું, ન૦ [સં૦ નાણક] અમુક અમુક મૂલના એમ સરકારી છાપથી નક્કી થયલા ધાતુના કકડા જેવું બજારલોકમાં ચલણ હોય તે; સિક્કા. ૨ ધન; પૈસો; દોલત. ૩ મૂલ; કિમ્મત.

નાણું, ન૦ પણવાની થોડીક આગમચ વહુને ઘેરથી બૈરાંઓ વરને ઘેર જઈ તેને નુવાડે છે તે રીત.

નાત, સ્ત્રી૦ [જ્ઞાતિ] ધર્મ-આચાર ઉપરથી થોડા થોડા જુદા પડેલા એવા હિંદુઓના નાના નાના જે જથા તેમાંનો એકેક. બ્રાહ્મણ ને વાણિયા એ જુદી જુદી જાત પણ બ્રાહ્મણ ને વાણિયાની એકેકી જાતમાં ઘણીએક નાત હોય. નાતબાર-જેનો પોતાની નાતનાં લોક સાથે વેવાર બન્ધ થયો હોય તે.

નાતરિયા, વિ૦ નાતરાં થતાં હોય તેવી (નાત).

નાતરિયું, વિ૦ નાતરાંમાં આણેલું (છોકરું); આંગળિયું.

નાતરું, ન૦ ધણી મરીગયેથી અથવા તેની સાથે ન બનાથી છેડો ફાડીઆપીને બૈરીએ બીજા પુરુષસાથે પરણવું તે-પછી તેને બૈરી હોય અથવા ન હોય. ૨ સ્નેહનો સંબંધ; (ખરાં સગપણનો નહિ)-ભાઈ એ બે જણને તો બાપદિકરાનું નાતરું છે; નાતું.

નાતવરો, પુ૦ નાતના લોકને જમાડવા તે.

નાતવાન, વિ૦[ફા૦]અશક્ત; નબળું. ૨ લાચાર; નિરાશ્રિત.

નાતાલ, સ્ત્રી૦ [અં૦] ડિસમ્બરની પચીશમી તારીખથી તે આખર સુધી જે દાડા ક્રિશ્ચિયન લોકના તેહેવારના આવેછે તે.

નાતીધોતી, વિ૦ અટકાવ-ઋતુ આવતો થયો હોય તેવી [સ્ત્રી.

નાતીલું, વિ૦ નાતનું (માણસ).

નાતું, ન૦ સમ્બન્ધ; વેવાર. નાતો પણ કેવાય છે. તેને ને મારે જુદી રીતનો નાતો છે.

નાથ, પુ૦ ધણી; માલીક; ઉપરી. ૨ કાનફટા અને બિજા કેટલાક જોગી એ નામે ઓળખાય છે.

નાથ, સ્ત્રી૦ બળદ પાડા વગેરેના નાક કોચી તેમાં જે દોરી ઘાલવામાં આવેછે તે.

નાથવું, ક્રિ૦ સ૦ વાછરડા પાડા વગેરેનાં નસકોરાંનો વચલો ભાગ અણીદાર વટાણાં-સીંમડી વડે કોચવો.

નાદ, પુ૦ [સં૦] લામ્બો સ્વર; અવાજ; શબ્દનો ઘોર. ૨ વ્યસન; છુન; ટેવ. ૩ ગર્વ; અભિમાન; તોર.

નાદર, વિ૦ [અ૦] ઘણું સરસ; દુર્લભ; કિમતી; અચરતી ભરેલું.

નાદાન, વિ૦ [અ૦] અણસમજુ; અજ્ઞાન. ૨ મૂર્ખ; બેવકૂફ.

નાદાની, સ્ત્રી૦ અણજાણપણું; અજ્ઞાન. ૨ મૂર્ખાઈ; બેવકૂફી. [૨ દેવાળિયો.

નાદાર, વિ૦ [ફા૦] જેની પાસે કંઈ નથી તેવું; ગરીબ;

નાદારી, સ્ત્રી૦ નાદારની હાલત તે.

નાદી, વિ૦ તોરી; અભિમાની; છુન્દી.

નાધકું, વિ૦ નાનું.

નાનદ, ન૦ [ફા૦] મુસલમાન ભઠિયારા જે મોટી રોટલી [બનાવે છે તે.

નાનકડું, વિ૦ નાનું.

નાના, વિ૦ ઘણાએક; વિધવિધ; તરેહ તરેહના. નાના પ્રકારના, નાનાવિધ ઇ૦.

નાનું, વિ૦ વયે થોડું; બાળક. ૨ લમ્બાણ પોળાણમાં થોડું (નાનું બારણું). ૩ થોડી મેહેનતનું ને થોડીવાર ચાલે તેવું (નાનું કામ). ૪ સાંકડું (નાની ગલી). ૫ આકારમાં થોડુંક–જરાક–ઝીણું (નાનું બાકું–છિદ્ર). મો- [ટાનું ઉલટું.

નાનુંધાપું, ન૦ બળદની નાથ.

નાનુંસુનું, વિ૦ નાનુંસરખું; જેવુંતેવું.

નાનેરું, વિ૦ નાનું.

નાન્દી, સ્ત્રી૦ [સં૦] નાટકના પ્રારમ્ભમાં રાજા અથવા ઈશ્વરની જે સ્તુતિ રૂપ કવિતા તે. ૨ નાટકને પ્રારમ્ભે શ્રોતાઓને આશીર્વાદ દેતી અને નાટકના સારની સૂચના કરનારી કવિતા.

નાન્યતર, વિ૦ [સં૦] નપુંસક લિઙ્ગની જાતિ (વ્યાકરણમાં). નર–નારી–નાન્યતર જાતિ.

નાપસન્દ, વિ૦ [ફા૦] પસન્દ–કબૂલ ન કરવું હોય તેવું.

નાપાક, વિ૦ [ફા૦] અપવિત્ર; ભ્રષ્ટ; ૨ દોષી; પાપી. તે બૈરીના હાથ નાપાક છે એટલે તેને અટકાવ આવ્યો છે (૧લા અર્થ ઉપરથી).

નાપાકી, સ્ત્રી૦ નાપાક એવી જે હાલ તે.

નાપાડવી, ક્રિ૦ સ૦ ના કેહેવી; નકાર બોલવો.

નાપીક, પુ૦ [નાપિત] હજામ; માથું બોડનારો.

નાફરમાની, વિ૦ [ફા૦] જાંબુવા રઙ્ગનું. ૨ અવજ્ઞા; હુકમ ન માનવો તે.

નાબૂદ, વિ૦ [ફા૦] હોયજ નહિ તેવું કરીમુકેલું હોય તેવું; સમૂળો નાશ કરીનાખ્યો હોય તેવું.

નાભ, નાવ; હોડી. (અમદાવાદ). [જે કમળ તે.

નાભિ, સ્ત્રી૦ [સં૦] ડુંટી. નાભિકમળ–ડુંટી એજ

નામ, ન૦ [સં૦] કોઈ પણ પ્રાણી અથવા વસ્તુને જે શબ્દે બોલાવાતી હોય તે. ૨ વ્યાકરણમાં શબ્દની મુખ્ય પાંચ જાતિ છે તેમાની એક. ૩ કીર્તિ; માન; જસ; પ્રસિદ્ધિ. તેણે મોટું નામ મેળવ્યું છે. (નામ કરવું છે એમ પણ કેહેવાયછે) પદવીથી મળેલું જે ઉપનામ તે. રૂડું નામ કે ભુંડું નામ એટલે સારાં કર્મથી પ્રસિદ્ધિ કે પછી નઠારાં કર્મથી પ્રસિદ્ધિ. નામ કાઢવું એટલે નઠારાં કર્મથી ઓળખાવું. નામ બોળવું એટલે આબરૂ ખોઈ નાખવી. તેનું નામ ન દેતો–લેતો, નામ બાળ, નામપર પાણી રેડ એમ કચ્ચાળામાં–ધિક્કારમાં બોલાયછે. નામ તારવું એટલે નામ વધારવું. નામે રડવું–૧ કોઈનું નામ દેઈ રડવું. ૨ કોઈના ઉપર દોષ મુકવો.

નામકરણ, ન૦ [સં૦] બાળકનું પ્રથમ નામ પાડવું તે અથવા તે સમ્બન્ધી જે વિધિ તે.

નામજાદું, વિ૦ [ફા૦] પ્રસિદ્ધિ પામેલું; પ્રખ્યાત; જેણે નામ વધારવું હોય તે.

નામજોગ, વિ૦ જેનું નામ લખ્યું હોય તેનેજ નાણું મળે તેવી (હુંડી). નામજોગ ને શાહજોગ હુંડી.

નામઞ્જુર, વિ૦ [ફા૦] નાકબૂલ; રદ; બાતલ.

નામદાર, વિ૦ [ફા૦] દરજાથી લોકમાં મશહૂર થયલું એવું. ૨ સારાં કામથી ઓળખાયલું–માન પામેલું; [પ્રખ્યાત.

નામદારી, સ્ત્રી૦ પ્રસિદ્ધિ; પ્રખ્યાતિ.

નામના, સ્ત્રી૦ [સં૦] મોટું નામ; રૂડી પ્રસિદ્ધિ; કીર્તિ; આબરૂ. [ધન્ધા વગેરેની.

નામનિશાન, ન૦ નામ અને બીજી નિશાની–ઘર-

નામનું, વિ૦ ખોટું; મિથ્યા; વ્યર્થ હોય તેવું; નકામું; માત્ર દેખાડવાનું.

નામરાશિયા–રાશી, વિ૦ તેજ નામના બે જણ તેમાંનો એકેક. ૨ એક રાશિના નામવાળા. રાજારામ ને નાથીદાસ એ બન્ને તોળારાશિના છે માટે તે નામ રાશિ કેવાય.

નામર્દ, વિ૦ [ફા૦] જેનામાં પુરુષ જાતિનું સમ્ભોગ પ્રસઙ્ગે બળ ન હોય તે; નપુંસક. ૨ જનાની; બાયલો. ૩ શૌર્ય ન હોય તે; કાયર (જન).

નામર્દાઈ–દી, સ્ત્રી૦ નાકૌવત. ૨ બાયલાપણું; જનાનીપણું. ૩ કાયરપણું; શુરાતન ન હોય તે. [એવો.

નામવર, વિ૦ [ફા૦] પ્રખ્યાત; નામ મેળવેલું એવો–

નામવું, ક્રિ૦ સ૦ રેડવું. ૨ ઢોળવું.

નામાઙ્કિત, વિ૦ [સં૦] પ્રખ્યાત; જેનું નામ પ્રસિદ્ધિ પામ્યું હોય તે (જન).

નામાવળી, સ્ત્રી૦ એક પછી એક જે નામ લખ્યાં હોય તે. પછી એક જણનાં ઘણાએક કે ઘણાજણનાં જુદાં જુદાં.

નામી, વિ૦ પ્રખ્યાત; નામાઙ્કિત. ૨ સુન્દર; શોભીતું.

નામીચું, વિ૦ નામાઙ્કિત.

નામું, ન૦ જુદે જુદે નામે જમે થયલાં ને ઉધરેલાં એવાં નાણાંનો જે હિસાબ તે. ૨ કોઈ પણ રીતના જમે ઉધારનું ખાતું. નામું ઠામું કેવાય છે. ૩ હક; ધાપુ. (તેને નાતમાં હજી નામું મળેછે). ૪ વાર્તા; ખબર (શાહનામું, ખરજોદનામું વગેરે). ૫ નામ લખવાં તે. (તે છોકરો નામાં શિખેછે).

નામુકર, વિ૦ નાકબૂલ.

નામુનાસિબ, વિ૦ [ફા૦] અઘટતું; નાલાયક.

નામુરાદ, વિ૦ [ફા૦] આશાભઙ્ગ; નિરાશ; નાઉમેદ.

નામોશી–સી, સ્ત્રી૦ [અ૦] લોકમાં આબરૂ જવી તે; બેઆબરૂ. ૨ ગેરિયત; શરમ; હીણપત. ૩ બટ્ટો; આળ; કલઙ્ક.

નાયક, પુ૰ [સં૰] કોઈપણ મણ્ડળ-ટોળાનો ઉપરી-મુખી -વડો-સરદાર. ૨ નાટક-ભવાઈ કરનારાઓમાં જે મુખ્ય આગેવાન તે. ૩ (રસ શાસ્ત્રમાં) શૃંગાર વૈભવ-દાન-શૌર્ય ઇત્યાદિકથી પ્રસિદ્ધિ પામેલો ઉત્તમ પુરુષ. ૪ આરાધ્ય પ્રિય. ૫ વડો સિપાઈ.

નાયકા, નાયિકા.

નાયકેણી, સ્ત્રી૰ રામજની; વેશ્યા.

નાયબ, નાઈબ.

નાયિકા, સ્ત્રી૰ [સં૰] રસ શાસ્ત્રમાં વર્ણવેલી સ્ત્રી. પ્રીતિ અને સમ્ભોગ ક્રીડા એ બે સમ્બન્ધી જેને કોઈ પણ રીતની વિશેષ જાણ હોય તે સ્ત્રી. ૨ પ્રિયા; માશુકા પ્યારી. ૩ ગુણિકા; રામજની.

નાર, નારી.

નારકી, વિ૰ [નારકીય] નરક સમ્બન્ધી.

નારંગી, સ્ત્રી૰ [નારંગ] એક જાતનું ગોળ, ઉપર નીચેથી કંઈક ચપટું અને પિળાસ વાળા લાલ રંગનું ફળ અથવા તેનું ઝાડ.

નારદ, પુ૰ એ દેવર્ષિનામાં બે જણને લડાવી મરાવાનો સ્વભાવ હતો તે ઉપરથી જે માણસનામાં તેવો ગુણ હોય તે: ભંભેરી મુકી આઘો ખસી રે તે.

નારાજ, વિ૰ [ફા૰] નહીં રાજી; અપ્રસંન; અસન્તુષ્ટ; ગેરમેહેરબાન. ૨ કોપાયમાન; ગુસ્સામાં હોય તેવું.

નારાયણ, પુ૰ શેષશાયી વિષ્ણુ. ૨ સંન્યાસી.

નારાયણબલિ, સ્ત્રી૰ અવગતિને પામેલા પિતરના ઉદ્ધારને માટે વિષ્ણુ નિમિત્ત જે બલિદાન તે.

નારિયળ, નાળિયેર.

નારી, સ્ત્રી૰ [સં૰] સ્ત્રી; બઈરી. [૨ નવું તૂલ.

નારી, સ્ત્રી૰ પાણી ભરયાં તળાવમાં થતો એક વેલો.

નારું, ન૰ ગોડ જેવાં દરદ થઇ પાકી મુંબ જે કાણું પડે તે.

નારુ, પુ૰ ગામમાં વસનારા જે કેટલાક ધન્ધા કરનારને ગામની પેદાશમાંથી કેટલીક હકસાઈ મળેછે તે-કન્દોઈ, કાછિયા, કુંભાર, માળી, હજામ, સુતાર, ઢોરપાળનાર, તમ્બોળી ને સોની. અથવા સુતાર, લુહાર, ચમાર, ખાંલપા, પીંડા, કુંભાર, ઘાંચી, હજામ, સોની ને કોળી.

નાલ, ન્યાલ.

નાલકી, સ્ત્રી૰ [હિં૰] એક જાતની ખુરસી ઘાટી પાલખી.

નાલાયક, વિ૰ [ફા૰] લાયક નહિ તે-તેવું. અઘટિત; ગેરવાજબી. ૨ કામમાં ન આવે તેવું. નાલાયકી-નાલાયક ચાલ.

નાલાસ-લેસી, સ્ત્રી૰ બદગોઈ; ગીબત; નિન્દા; ચિહલો; આળ મુકવું તે.

નાવ, સ્ત્રી૰-ન૰ [સં૰ નૌ] હોડી; વહાણ.

નાવડી, સ્ત્રી૰ નાની હોડી.

નાવડું, ન૰ હોડકા ભેળનાની હોડી.

નાવણ, ન૰ નાવું તે; સ્નાન. ૨ વાણ. [પરણેલા).

નાવલો, પુ૰ ધણી; સ્વામી; વર; પીઉ. (ધણુંકરીને નવો

નાવાકેફ, વિ૰ વાકેફ-જાણીતું ન હોય તે; અણજાણ.

નાવારસ, વિ૰ ન ધણિયાતું (માલ). ૨ જેને વારસ ન હોય તે.

નાવિક, પુ૰ [સં૰] વાણ ખેડનારો. ૨ સુકાની; ટંડેલ. વિ૰ વાણ સમ્બન્ધી.

નાવી, પુ૰ [મ૰] હજામ.

નાવું, ક્રિ૰ અ૰ શરીર સ્વચ્છ રાખવાને તેના ઉપર સાદીપેઠે પાણી રેડવું; શરીર ઉપર સર્વત્ર પાણી ઢોળવું. ૨ વેપારમાં ખોટ આવવી; ખોવું; રડી ઉઠવું.

નાશ, પુ૰ [સં૰] વસ્તુને ભાંગીતોડી તેનું નામ ન રે તેવું કરવું તે; નાબુદ કરવું તે; પાયમાલી; સંહાર. ૨ નાશથી જે ખરાબી તે; અવ્યવસ્થા. ૩ નુકસાન; તોટો. નાશકારક-નાશ કરે તેવું.

નાશવન્ત, વિ૰ નાશપામે તેવું; અસ્થિર.

નાશી, વિ૰ નાશકરનાર-એ શબ્દ બીજા શબ્દની પછવાડે મુકાય છે. કફનાશી; પિત્તનાશી ઇત્યાદિ.

નાશેહ, સ્ત્રી૰ [ફા૰ નાશ્રહ] જેહમાંથી રાજાને ખસેડવો તે (સેતરંજમાં). [મણ.

નાસતો, પુ૰ [ફા૰] સવારમાં જે થોડુંક ખાવું તે; શિરા-

નાસરી, સ્ત્રી૰ ગુજરાતી હિસાબમાં એક ગણતરી છે-એની બાર બદામ ગણાય છે.

નાસવું, ક્રિ૰ અ૰ ભયથી દૂર ખસી જવું; ગુનેહગારે સજાની બીકે દૂર જતાં રેવું-છુપાવું. ૩ ઉતાવળથી દોડવું. નાસાનાસ-દોડા દોડ.

નાસા-સિકા, સ્ત્રી૰ [સં૰] નાક.

નાસિપાએસ, વિ૰ [ફા૰] નાઉમેદ; નિરાશ.

નાસુર, ન૰ [આ૰] નાક, ગળું વગેરેમાં જે આરપાર છિદ્ર-કાણું તે.-જેમાંથી લોહી પરૂ વહ્યાં કરે તે. ૨ એ જે રોગ તે.

નાસ્તિક, વિ૰ [સં૰] જગતનો કોઈ કર્તા ઈશ્વર છે એમ ન માનનાર (નથી એમ માનનાર). ૨ ધર્મશાસ્ત્ર ઉપરથી જેનો વિશ્વાસ ઉઠીગયો હોય તે.

નાહ, પુ૰ ધમધમનો અફગારો. [ય્યા; નકામું.

નાહક, અ૰ [ફા૰] ગેરવાજબી રીતે; સબબ વગર; મિ-

નાહર, પુ૰ વાઘ.

નાહાનું, વિ૰ નાનું.

નાહાવું, નાવું.

નાહીં, અ૰ નહિ; નહીં. (કવિતામાં).

નાળ, પુ૰ [નાલ] ગર્ભમાંથી ડુંટીની વાટે બાર નિકળેલા રગોનો જાડા દોરા જેવો જે લામ્બો લોચો તે. એની મારફતે ગર્ભને પોષણ મળેછે. છોકરૂં અવતરેછે ત્યારે પણ તે હોયછે. એને ડુટી આગળથી ચાર આંગળ

રાખી બાકીનો વધેરવામાં-કાપીનાખવામાં આવેછે ને રેખા ફકડો સુકાઇને એનીમેળે ખરી પડેછે.

નાળ, સ્ત્રી॰ ઘોડા બળદના પગની નીચે તેના આકારનું લોઢાંનું જે પતરૂં જડવામાં આવેછે તે. ૨ ખેતરના મેરુમાં અથવા ગામમાં જતાં જે સાંકડો રસ્તો તે; નાળકડી; ગલી. ૩ પાણીની પરનાળ. ૪ નળિયાંની હાર જેમાંથી નેવ પડેછે તે.

નાળકું-ચું, નાળવું.

નાળબન્દ-ન્ધ, પુ॰ ઘોડાને નાળ જડનારો.

નાળવું, ન॰ અબખોરા ઝારી વગેરેની કુખ ઉપર વળગાડેલી જે વાંકી નળી તે.

નાળિયેર, ન॰ [નારિકેલ] એ નામનું એક ફળ જેમાંથી કોપરૂં નિકળેછે તે ; શ્રીફળ. નાળિયેર પાક-કોપરાપાક.

નાળિયેરી, સ્ત્રી॰ નાળીયરનું ઝાડ.

નાળું, ન॰ ખાડી નદીના જે આડા અવળા ફાંટા તેમાંનો કોઇ અથવા એનો કોઇ પણ પેટાં ફાંટો.

નિ, અ॰ [સં॰] નિર્‌ના અપભ્રંશરૂપે. ૧ નિશ્ચય-ખાતરી બતાવેછે. ૨ નિષેધ-અભાવ બતાવેછે. ૩ અતિશયપણું બતાવે છે-સંસ્કૃત શબ્દોની પૂર્વે જોડાઇને. એ, ક્રિયાપદની સાથે મુકાયછે ત્યારે કંઇક પ્રીતિ-ઇચ્છાનો ભાવ બતાવેછે. આવની, ચાખીની બાઇ. એ, જ્યારે પ્રશ્નમાં ક્રિયાપદની સાથે મુકાયછે તારે નહિનો અર્થ રાખેછે. આવીશકેની એટલે આવિશ કે નહિ.

નિંદવું, નીંદવું.

નિઃશંક, શંકા વગર ; બેધડક.

નિઃશેષ, શેષ-બાકી કંઇજ ન હોય તેમ; તમામ; બિલકુલ.

નિઃસંશય, સંશયવનાનું ; સંદેહવનાનું.

નિઃસંગ, સંગ-સાથી વગર હોય તેમ ; એકલું.

નિકટ, અ॰ [સં॰] પાસે ; ઢુંકડે ; નજીક.

નિકન્દન, અ॰ [સં॰ નિકૃન્તન] જ ખેડીનાખેલું હોય તેમ; સમૂળગું ખેંચી કાડી નાખ્યું તે.

નિકર, પુ॰ [સં॰] જથો; ટોળું. ૨ ભણ્ડાર.

નિકર, અ॰ નહિતો; નહીંતર.

નિકસવું, નિકળવું.

નિકળવું, ક્રિ॰ અ॰ માંયથી બારજવું- આવવું.-ઘરમાંથી નિકળ્યો, ગુફામાંથી નિકળ્યો. ૨ બન્ધનથી છુટવું-કેદમાંથી નિકળ્યો; દેવાંમાંથી નિકળ્યો. ૩ ઢંકાયલું-મનાયલું માલમ પડવું-સોમાંથી એક રૂપિયો તાંબાનો નિકળ્યો. કચરામાંથી વિંટી નિકળી. ૪ કોઇ પણ એક ગુણથી પ્રસિદ્ધિમાં આવવું. એક બાઇ ગાવામાં સારો નિકળ્યો ને બીજો કવિતામાં; તે નઠારો નિકળ્યો. ૫ ઉત્પન્ન થવું-બુઠી કલમથી અક્ષર સારા નિકળતા નથી. ૬ મનમાંથી બાર આવવું.-ત્યાં પછી તેની વાત નિકળી. નિકળી જવું એટલે સ્ત્રિનાળ સ્ત્રીએ પોતાનું ઘરછોડી યારસાથે જઇરેવું અથવા ગામ બાર જતાં રેવું. નિકળી રેવું એટલે નિકળવું બન્ધ થવું.

નિકાની કાચરી, સ્ત્રી॰ નિકા નામના ફળને ચીરું બગાડી સુકવેથી જે કાચરી થાય તે.

નિકાલ, પુ॰ છુટકો; ફડચો; ગુચવણમાંથી બાર નિકળવું તે. ૨ ફેસલો ; ઠરાવ. ૩ બન્ધ પડેલો રસ્તો ખુલ્લો થવો તે.

નિકાસ, સ્ત્રી॰ બીજે દેશ માલ જવો તે. (બિજા દેશનો માલ આ દેશમાં આવવો તે આયાત).

નિકોરી, સ્ત્રી॰ કોશનું પાણી જે રસ્તે ખેતરમાં જાય તે. ૨ પાણી જવાની સાંકડી વાટ; મોરી.

નિકેતન, ન॰ [સં॰] રેવાનું ઘર; ઠેકાણું.

નિખરવું, ક્રિ॰ અ॰[નિક્ષરણ] ધોવાઇને સાફ લીસું બનવું.

નિખર્વ, વિ॰ [સં॰] સો અબજ અથવા ૧૦૦૦ કરોડ.

નિખાદ, નિષાદ.

નિખાર, પુ॰ પાણીનું ઘણામાં ઘણું જે ઓસરી જવું તે; મોટી ઓટ.

નિખારવું, ક્રિ॰ સ॰ નિખરે તેમ કરવું; કોરૂં લુગડું ધોવું.

નિખાલસ, વિ॰ જેના દિલમાં મેલ-કપટ ન હોય તેવું; ખુલ્લા મનનું-(માણસ). ૨ શુદ્ધ; ભેળસેળવગરનું. [ફળ.

નિગમ, પુ॰ [સં॰] વેદ (ચારે). ૨ ઇશ્વર. ૩ પરિણામ;

નિગમવું, ક્રિ॰ સ॰ ટાળવું; નાશ કરવો. ક્રિ॰ અ॰ વહી-જવું; ગુજરવું.

નિગળવું, ક્રિ॰ અ॰ ભીની ચપલી વસ્તુમાંથી પાણી પડ્યાં કરવું; વસ્તુએ પોતાનામાં-પોતાના ઉપર ન રેઇ શકતું પાણી દદુડી રૂપે બાર કાડ્યાં કરવું. નિગળતું શરીર.

નિગાળા, પુ॰ નિગળતી વસ્તુમાંથી પડેલાં પાણીના જે ટીપાં તે.

નિચવવું, નિચોવવું.

નિચિન્ત, વિ॰ [નિશ્ચિન્ત] ચિન્તા-કાળજી વનાનું; બેફિકર.

નિચોવવું, ક્રિ॰ સ॰ વસ્તુને ડાબીને તેમાંથી પાણી બાર કાડી નાખવું. ૨ (લાક્ષણિક) કોઇની પાસથી તેનું ધન-માલ વગેરે સર્વ્વ છેકેછેક લઇલેવું ને તેને સાંકડમાં આણવું.

નિછારો, પુ॰ ગન્દુ પાણી જવાનું ઠેકાણું; મોરી; નીક.

નિજ, વિ॰ [સં॰] પોતાનું; જાતનું; ખાસ.

નિજાનન્દ, પુ॰ પોતાનામાંજ આનન્દ પામતો એવો જે [તે. ૧ પરબ્રહ્મ.

નિજારો, નેજારો.

નિઠવું, ક્રિ॰ અ॰ ખુટવું; ખુટી પડવું.

નિતમ્બ, પુ॰ [સં॰] કુલાં; ઢગરાં. (ઘણું કરીને સ્ત્રીના).

નિતરવું, ક્રિ॰ અ॰ [હિં॰] વસ્તુમાંથી પાણી ઝીણી સેર-ઝુ ધારે બાર ઝરયાં કરવું. નિતારવું-નિતરે તેમ કરવું.

નિતરાણ, ન॰ નિતરેલું પાણી.

નિતરયું, વિ॰ નિતરેલું; સ્વચ્છ; નિર્મળું.

નિત્ય, અ૦[સં૦] દરરોજ; હંમેશ; સર્વકાળ; જારીનુંજારી.

નિત્યકર્મ, ન૦ [સં૦] નિત્ય-દરરોજ કરવાનાં જે કર્મ તે (બ્રાહ્મણના બ્રાહ્મણને, ક્ષત્રીના ક્ષત્રીને ઈત્યાદિ).

નિત્યે, નિત્ય.

નિદાન, ન૦ [સંસ્કૃતમાં-મૂળ-પ્રથમકારણ એવો અર્થ છે]. પરિણામ; છેવટ. અ૦ છેક; છેવટે; આખરે.

નિદ્રા, સ્ત્રી૦ [સં૦] ઊંઘ; થાકથી આંખ મિચાવી તે.

નિદ્રાવશ, વિ૦ નિદ્રાને વશ-તાબે હોય તે.

નિદ્રાળુ, વિ૦ નિદ્રાથી ભરેલું.

નિધણિયો, ધણી વગરનો.

નિધન, ન૦ [સં૦] મોત.

નિધાન, ન૦ [સં૦] નિધિ. ૨ ઠામ; પાત્ર.

નિધિ, સ્ત્રી૦ [સં૦] ભણ્ડાર. ૧ કુબેરનો ભણ્ડાર.—નિધિ નવ છે-(કથાકોષ પૃ૦ ૧૧૯મું જોવું). ૨ કુદરતી ખાણ. ૩ દાટેલું ધન. ૪ જેમાં ઘણું માય તેવું ઠામ-પાત્ર; કોઠાર.—ગુણનિધિ-નિધાન.

નિન્દક, વિ૦ [સં૦] નિન્દા કરનાર.

નિન્દવું, ક્રિ૦ સ૦ નિન્દા કરવી.

નિન્દા, સ્ત્રી૦ [સં૦] કોઈને વિષે જે ભુંડું બોલવું તે; બદગોઈ; ૨ ધિક્કાર. ૩ ગાળ.

નિન્દાખોર, વિ૦ નિન્દા કરનાર.

નિન્દ્ય, વિ૦ [સં૦] નિન્દા કરવા જોગ. ૨ ઠપકો આપવા જોગ. ૩ ધિક્કારવા જોગ.

નિપજ, સ્ત્રી૦ જે ઉત્પન્ન થયું હોય તે; પેદાશ. ૨ લાભ; નફો. ૩ ઉત્પત્તિ; મૂળનું વધવું તે.

નિપજવું, ક્રિ૦ અ૦ બહાર આવવું; પેદા થવું; ઉત્પન્ન થવું. ૨ પ્રાપ્તિ થવી; લાભથવો; ફળ થવું.

નિપટ, અ૦ છેક. વિ૦ બેશરમ.

નિપાત, પુ૦ [સં૦] લાગ્યાથઈને પડવું તે; મરણ પામવું તે. ૨ નાશ.

નિપાળો, પુ૦ એક જાતનું ઝાડ અથવા તેની બીજ-એ જુલાબના ઓસડમાં આવેછે.

નિપુણ, વિ૦ [સં૦] કુશળ; પ્રવીણ; કાબેલ; સારીપેઠે જાણિતું; વાકફગાર; ચતુર. નિપુણતા-પ્રવીણતા; વાકફગારી.

નિબન્ધ, પુ૦ [સં૦] એકાદા વિષય ઉપર બુદ્ધિવાદ ને પ્રમાણ દૃષ્ટાંતથી થયલું જે લખાણ તે. ૨ કવિતામાં નહિ પણ સાદી ઈબારતમાં બનેલા-જે વિષય તે.

નિભવું, ક્રિ૦ અ૦ [નિર્વહન] ઘણાકાળસુધી ચાલ્યાં કરવું; ટકવું; જારી રેવું. [મચલાઉ.

નિભાઉ, વિ૦ નિભે-ટકે તેવું. ૨ પૈસા દાડા ટકે તેવું; કા-

નિભાડો, નીભો.

નિભાવ, પુ૦ [નિર્વાહ] ટકાવ. ૨ ગુજરાન.

નિભાવવું, ક્રિ૦ અ૦ ટકાવવું.

નિભાવો, નિભાવ.

નિભ્ભર, વિ૦ [નિર્ભર] ભારે; મજબુત; સફ્ફીન; ભરેલું.

નિભ્રાન્ત, વિ૦ [સં૦] ભ્રાન્તિ-વેહેમ-ધાક વગરનું હોય તેવું. ૨ નિશ્ચિન્ત; બેફિકર.

નિમક-ખ, ન૦ [ફા૦] મીઠું; લુણ.

નિમકહરામ, વિ૦ [ફા૦] જેનું અન્ન ખાધું હોય તેનેજ અપકાર કરનાર; લુણહરામ; કૃઘ્ની.

નિમકહરામી, ન૦ લુણ હરામી; કૃતઘ્નતા.

નિમકહલાલ, વિ૦ [ફા૦] જેનું અન્ન ખાધું હોય તેને ન ભુલનાર;-તેના ઉપર હંમેશ સાચો પ્યાર રાખનાર ને તેને માટે પ્રાણ આપનાર (મનુષ્ય); કૃતજ્ઞી.

નિમગ્ન, વિ૦ [સં૦] ડુબેલું; મચેલું; મસ્ત; ગરક.

નિમડવું, નિવડવું; સિદ્ધથવું.

નિમણુક, સ્ત્રી૦ ફલાણાને ફલાણું એમ જે સોંપી આપ્યું હોય તે. કોઈ પણ નિયમ પ્રમાણે જે વેંચણ તે. જગાની-કામની-માણસની નિમણુક. ૨ ગોઠવણ; બન્દોબસ્ત.

નિમન્ત્રણ, ન૦ [સં૦] તેડવું તે; ઈજન. ૨ નોતરું.

નિમવું, ક્રિ૦ સ૦ કોઈ પણ નિયમે સોંપવું; ઠેરવવું; રાખવું. તેને મહિને સો રૂપિયા નિમ્યા; તેને તે જગા ઉપર નિમ્યો. ૨ વેંચણ કરવી. તેને તે કામ, આને આ એમ સહુને નિમ્યું છે-નિમી આપ્યું છે. ૩ ગોઠવણ કરવી; બન્દોબસ્ત કરવો.

નિમાજ, સ્ત્રી૦ આ૦ બન્દગી કરવી તે (મુસલમાનમાં).

નિમાળા, પુ૦ ચામડીમાંથી જે કાળા તન્તુઓ બહાર નિકળી વધ્યાં કરેછે તે; કેશ; વાળ.

નિમિત્ત, ન૦ [સં૦] ઉદ્દેશ; ધારણા. ૨ કારણ; સબબ. ૩ યોગ; સાધન; લાગ. ૪ બાનું; જૂઠું બ્હાનું; તોહોમત.

નિમિષ, નિમેષ.

નિમેખ, નિમેષ. વિ૦ ફરવું-ઠરાવ ફરે નહિ તેવું. ૨ ન ઓછું ને ન વધતું પણ બરાબર.

નિમેષ, પુ૦ આંખનો પલકારો; આંખ મીચાવી ને ઉઘડવી તે (એકજ વાર). ૨ આંખ મિચાય ને ઉઘડે એટલામાં જેટલો કાળ જાય તેટલો તે. ૩ જરાક જેટલું તે.

નિયન્તા, પુ૦ [સં૦] પ્રાણી-વસ્તુ અમુક અમુક નિયમે રહી પોતાનો વ્યવહાર ચલાવ્યાં કરે એવું જે કરનારો તે; નિયમ બાંધી આપી સરજાવનારો; ઈશ્વર.

નિયમ, પુ૦ [સં૦] ધારો; કાયદો. ૨ રીત; ચાલ. ૩ ઠરાવ; નક્કી કરેલું જે તે. ૪ ધર્મમાં કહેલી સિક્ષા પ્રમાણે કેટલાક જે બન્ધી પાળવી તે; વ્રત.

નિયમિત, વિ૦ [સં૦] મુકરર કરી આપેલું; બાંધી આપેલું; ઠેરવેલું; નિયમ પ્રમાણે હોય તેવું.

નિર્, અ૦ [સં૦] નિષેધ વાચક ઉપસર્ગ. નિરક્ષર-અભણ; મૂર્ખ.

રઙ્કુશ, વિ૦ [સં૦] અઙ્કોસ-અટકાવ વિનાનું; સ્વતન્ત્ર.

રખ, પુ૦ ફલાણે ભાવે વેચવો એમ જે ઠરવી મુકેલું તે. ૨ તપાસ; પરીક્ષા; કસ.

રખવું, ક્રિ૦ સ૦ [નિરીક્ષણ] સારીપેઠે-ધારી ધારીને જોવું; નિહાળવું. ૨ પરીક્ષા કરવી; કસવું.

રઞ્જન, વિ૦ [સં૦] અન્ધકાર-અજ્ઞાન વિનાનું; પ્રકાશરૂપ; તેજોમય.

રધાર, નિર્ધાર.

રધારવું, નિર્ધારવું.

રન્તર, અ૦ [સં૦] વચમાં અન્તર ન પડે તેમ; જારી; ચાલુ; સદાકાળ; હંમેશ.

રપરાધી, વિ૦ [સં૦] અપરાધ વનાનું; બેગુન્હા.

રર્થક, વિ૦ [સં૦] મિથ્યા હોય તેવું; નકામું; માલ વગરનું; વગર કારણે હોય તેવું.

રાંત, સ્ત્રી૦ કામ કરવાનું ન હોય તેવી સ્થિતિ; પરવાર; ફુરસદ. ૨ સુખ; ચેહેન. નિરાંત થવી- વળવી.

રાકરણ, ન૦ [સં૦] નાબૂદ-રદ કરવું તે. [નિ સાકાર.

રાકાર, વિ૦ [સં૦] આકાર વિનાનું; બ્રહ્મ. નિરાકાર (બ્રહ્મ). ૨ જેનામાં ગુણ-સદ્‌ગુણ ન હોય તે. ૩ થયલા ગુણ ન માનનાર.

રાધાર, વિ૦ [સં૦] આધાર વિનાનું.

રામય, વિ૦ [સં૦] રોગ-મળ-નડતર વગરનું.

રાલમ્બ, વિ૦ આધાર-આસરા વિનાનું.

રાશ, વિ૦ આશાભઙ્ગ થયલું; નાઉમેદ; દલગીર.

રાશ્રય-યિત, વિ૦ જેને કોઈનો આસરો ન હોય તેવું; અનાથ; નધણિયાતું; લાચાર.

રાહાર, પુ૦ અપવાસ.

રાળું, વિ૦ જાદું; ન્યારું; આખું. [બન્ધ.

રુત્તર, વિ૦ જેનાથી ઉત્તર-જવાબ ન દેવાય તેવું; મોન.

રુદ્યોગ-ગી, વિ૦ જેને ઉદ્યોગ-કામ ન હોય તે.

રુપકારી, વિ૦ કૃતઘ્ન. ૨ ઉપકાર ન કરે તેવું.

રુપદ્રવ, વિ૦ ઉપદ્રવ ન કરે તેવું.

રુપયોગ, વિ૦ ઉપયોગ-કામમાં ન આવે તેવું.

રુપાય, વિ૦ ઉપાય-ઇલાજ ન ચાલે તેવું.

રૂપણ, ન૦ [સં૦] વર્ણવવું તે; વ્યાખ્યાન કરવું તે. ૨ ચરિત્રવર્ણન; વાર્તાકથન.

રોગી, વિ૦ [નીરોગી] રોગ-આજાર વનાનું; તનદુરસ્ત; આરોગ્ય.

રોધ, પુ૦ [સં૦] અટકાવ; રોકાણ; પ્રતિબન્ધ.

ર્ગત, વિ૦ [સં૦] ગતિ વિનાનું; નિર્બળ; અશક્ત; ગરીબ.

ર્ગન્ધ, વિ૦ [સં૦] ગન્ધ-વાસ વિનાનું. [ગાત્રભઙ્ગ.

ર્ગમન, ન૦ [સં૦] ગુજરવું-કાઢવું તે (કાળ નિર્ગમન કરવો).

ર્ગુણ, વિ૦ [સં૦] જેને વિષે કોઈપણ ગુણની કલ્પના ન થઈ શકે તેવું. રજ, તમ, સત્વ એ ગુણ રહિત; નિરાકાર (બ્રહ્મ). ૨ જેનામાં ગુણ-સદ્‌ગુણ ન હોય તે. ૩ થયલો ગુણ ન માનનાર.

નિર્ગુણી, વિ૦ નિર્ગુણ (૨ જા ને ૩ જા અર્થમાં).

નિર્ઘોષ, પુ૦ [સં૦] અવાજ; શબ્દનો ઘોર.

નિર્જર, વિ૦ [સં૦] જેને જરા-ઘડપણ નથી તેવું; અમર.

નિર્જળ, વિ૦ જ્યાં પાણી ન હોય તેવું. ૨ પાણી પણ ન પિવાય તેવો (ઉપવાસ).

નિર્જીવ, વિ૦ [સં૦] જીવ-પ્રાણી વિનાનું. ૨ નિર્બળ. ૩ જેમાં કંઈ લાભ-પ્રાપ્તિ ન હોય તેવું; નકામું; હલકું.

નિર્ઝર, ન૦ [સં૦] ઝરો (પાણીનો). ૨ ઝરણ.

નિર્ણય, પુ૦ [સં૦] છેલ્લો ઠરાવ; નિશ્ચય. ૨ નક્કી કરેલી ગોઠવણ. ૩ ફેંસલો; હુકમનામું; ટીપ.

નિર્દય, વિ૦ [સં૦] દયા વિનાનું; ઘાતકી; ક્રૂર.

નિર્દેશ, પુ૦ [સં૦] દેખડાવવું તે; વર્ણન. ૨ આજ્ઞા; હુકમ.

નિર્દોષ, વિ૦ [સં૦] દોષ વિનાનું.

નિર્દોષી, નિર્દોષ. [ન ; ગરીબ.

નિર્ધન, વિ૦ [સં૦] જેની પાસે ધન ન હોય તે-તેવું; દીન.

નિર્ધની, નિર્ધન.

નિર્ધાર, અ૦ [સં૦] નક્કી; ખાતરીથી; નિશ્ચયપૂર્વક.

નિર્ધારવું, ક્રિ૦ સ૦ નક્કી કરવું; ઠેરવવું. "(ફલાણે દિવસે લગન નિર્ધાર્યાં છે.)

નિર્બળ, વિ૦ બળ-શક્તિ વનાનું.

નિર્ભય, વિ૦ [સં૦] ભય વિનાનું.

નિર્ભર, વિ૦ [સં૦] ભરેલું. આનન્દ નિર્ભર, લોભ નિર્ભર ઇત્યાદિ. [કાર.

નિર્ભર્ત્સના, સ્ત્રી૦ [સં૦] ઠપકો; હલકું ગણવું તે; તુચ્છ-

નિર્ભાગ્ય, વિ૦ [સં૦] ભાગ્ય વનાનું; કમનસીબ.

નિર્ભ્રાન્ત, વિ૦ [સં૦] ભ્રાન્તિ વગરનું.

નિર્ભેદ્ય, વિ૦ [સં૦] ન ભેદાય તેવું.

નિર્મળ, વિ૦ [સં૦] મળ વનાનું; સ્વચ્છ. [વેલું.

નિર્માણ, વિ૦ [સં૦] કરેલું; ઠેરવેલું; સર્જીત; કરમે લખા-

નિર્માળ, ન૦ [નિર્માલ્ય] દેવ ઉપરથી ઉતરેલાં જે ફૂલ તે. ૨ દેવને અર્પેલું ને પછી દૂર કરેલું એવું (ફુલ નૈવેદ્ય વગેરે).

નિર્મિત, વિ૦ [સં૦] નિર્માણ કરેલું; સર્જીત; ઠેરવેલું.

નિર્મુખ, વિ૦ નિરાશ. ૨ આશા આવ્યું છતાં આશા-વગર પાછું ગયું હોય તેવું.

નિર્મૂળ, વિ૦ મૂળ વિનાનું. ૨ મૂળ ઉખડી ગયું હોય તેવું.

નિર્લજ્જ, વિ૦ [સં૦] જેને લાજ ન હોય તે-તેવું; બેશરમ.

નિર્લોભી, વિ૦ [નિર્લોભ] જેને લોભ નથી તે. [શરમ.

નિર્વંશ, વિ૦ [સં૦] જેના વંશમાં કોઈ ન રહ્યું હોય તે. પુ૦ વંશમાં કોઈ ન હોવું તે.

નિર્વાણ, વિ૦ [સં૦] છેલ્લું. ૨ નક્કી હોય તેવું.

નિર્વાણ, ન૦ મનુષ્યની છેલ્લી સ્થિતિ; ઉદ્ધાર; મુક્તિ; મોક્ષ.

નિર્વાંહ, પુ૦ [સં૦] ચલાવ્યાજવું તે; ટકાવ. ૨ ગુજારો.
નિર્વિકાર, વિ૦ [સં૦] વિકાર વિનાનું.
નિર્વિઘ્ન, વિ૦ [સં૦] વિઘ્ન-અડચણ ન હોય તેવું.
નિર્વેધ, વિ૦ [સં૦] વેધ-બાધ-અડચણ વનાનું.
નિર્વ્યસની, વિ૦ [સં૦ નિર્વ્યસન] વ્યસન વનાનું.
નિલાજરું, વિ૦ બેશરમ; નિર્લજ્જ.
નિલામ, ન૦ ઉઘરાણી; હરાજી; લીલામ.
નિવડવું, ક્રિ૦ અ૦ ચૂંટી કાડેલું-પસંદ કરવું હોય તેવી હાલતમાં આવવું. ૨ તરબિયત થવી; કેળવાવું. ૩ કેળવાઈ પ્રસિદ્ધિમાં આવવું; નિકળી આવવું, નક્કી થઈ પ્રગટ થવું.
નિવાડો, પુ૦ શેવટ; છેલ્લું પરિણામ. ૨ ફેસલો; ઠરાવ.
નિવારણ, ન૦ [સં૦] નિવારવું તે.
નિવારવું, ક્રિ૦ સ૦ અટકાવું; દૂર કરવું; સંકટ આવતું વારવું-પાછું કાડવું.
નિવાસ, પુ૦ [સં૦] રેવાનું ઠેકાણું-(શેહેર, ગામ, મોહલો, ઘર). ૨ રેવું તે.
નિવૃત્તિ, સ્ત્રી૦ [સં૦] પ્રપઞ્ચ-ઉપાધિથી દૂર હોવું તે; જોસ્સાઓની અસર ન લાગે તેવી હાલતમાં હોવું તે. (પ્રવૃત્તિનું ઉલટું). ૨ નિરાંત; પરવાર; ફુરસદ.
નિવેડો, નિવાડો.
નિવેદન, ન૦ [સં૦] નમ્રતાથી જણાવવું-કેવું તે.
નિશ, નિશા.
નિશદિન, રાત દાડો.
નિશા, સ્ત્રી૦ [સં૦] રાત; રાત્રી.
નિશાકર, પુ૦ [સં૦] ચન્દ્ર.
નિશાચર, પુ૦ [સં૦] રાક્ષસ. ૨ ચોર. ૩ ભૂત. ૪ [ઘુવડ; વાગળું.
નિશાણ, ન૦ [ફા૦ નિશાન] ધજા; વાવટો; ઝુંડો. ૨ વાવટાવાળી નોબત. ૩ બંધુક તીર વગેરે મારવામાં અમુક ઠેકાણું-બિન્દુ તાકેલું હોય તે. ૪ નિશાણી; ચિન્હ.
નિશાણી, સ્ત્રી૦ ઓળખવાને સારુ જે કંઈ કપેલું-બતાવેલું-આપેલું-લખેલું-છાપેલું તે ચિન્હ. ૨ યાદગીરીને સારુ આપેલી જે ચીજ તે.
નિશાંતરો, પુ૦ નીશા ઉપર જે લાબ્મા ગોળ પથરાથી મસાલા વગેરે વાટવામાં આવેછે તે.
નિશાન, નિશાણ.
નિશાની, નિશાણી.
નિશાળ, સ્ત્રી૦ જ્યાં ઘણા છોકરા-છોકરી ભેગાં થઈ ભણતાં હોય તે ઠેકાણું.
નિશાળગરણું, ન૦ નિશાળે દાખલ થતી વખત જે સરસ્વતીપૂજન વગેરેનો ઠાઠ કરવામાં આવે છે તે.
નિશાળિયો, પુ૦ નિશાળે ભણવા જનારો છોકરો.
નિશોતર, ન૦ એક જાતનાં ઝાડના મૂળિયાં-જુલાબ વગેરે ઓસડના કામમાં આવેછે.

નિશ્ચય, પુ૦ [સં૦] નક્કી કરેલું તે; ઠરાવ; તોડ; નિર્ણય. ૨ ખાતરી; પતીજ; ભરોસો.
નિશ્ચિન્ત, વિ૦ [સં૦] ચિન્તા વગરનું.
નિશ્વાસ, પુ૦ [સં૦] નિસાસો.
નિષાદ, પુ૦ [સં૦] ગાયનના સપ્ત સ્વરમાંનો સાતમો-સા, રી, ગ, મ, પ, ધ, ની.
નિષેધ, પુ૦ [સં૦] અટકાવ; મના; પ્રતિબન્ધ. ૨ ના કેવી તેક ના કબૂલ-રદ કરવું તે.
નિષેધક, વિ૦ [સં૦] નિષેધ કરનાર.
નિષ્કપટી, વિ૦ [નિષ્કપટ] જેનામાં કપટ ન હોય તેવું.
નિષ્કલઙ્ક, વિ૦ [સં૦] કલઙ્ક વગરનું.
નિષ્કામ, વિ૦ [સં૦] ઈશ્વર પ્રાપ્તિ શિવાય બીજા કોઈ ફળની ઈચ્છા ન હોય તેવું (નિષ્કામ ભક્તિ).
નિષ્ઠા, સ્ત્રી૦ [સં૦] પ્રીતિ-ભાવ-વિશ્વાસથી વળગી રેવું તે; આસ્થા.
નિષ્પક્ષપાતી, વિ૦ [નિષ્પક્ષપાત] જે પક્ષપાત-તરફદારી કરતો ન હોય તે.
નિષ્ફળ, વિ૦ [સં૦] ફળ વિનાનું; ફોકટ; મિથ્યા; વ્યર્થ.
નિસાણડી, નિસરણી.
નિસબત, સ્ત્રી૦ [અ૦] સમ્બન્ધ; વળગણ. ૨ હવાલો; સમ્ભાળ; અખત્યાર.
નિસરણી, સ્ત્રી૦ [નિઃશ્રેણી] ઊંચે ચડવાને અને નીચે ઉતરવાને સારુ બનાવેલા પગથિયાં વાળો સાકડી વાંસનો જે લામ્બો ઘાટ તે. ૨ નીચેથી ઊંચે જવાને ને ઊંચેથી નીચે આવવાને એક પછી એક એમ ક્રમમાં જે લાકડાના-પથરાની ચણેલી પાયરીઓ વાળો જે ઘાટ તે.
નિસરવું, ક્રિ૦ અ૦ [નિસ્સરણ] નિકળવું.
નિસાણ, નિશાણ.
નિસાણી, સ્ત્રી૦ નિશાણી. ૨ નિસ ;
નિસાનરો, નિશાનરો.
નિસાસો, પુ૦ [નિશ્વાસ] દલગીરીમાં શ્વાસ નીચો મુકવો તે; આશાભઙ્ગ થયેથી જીવને જે અકળામણ થાય તે. ૨ અકળામણમાં નસીબને-દુઃખદેનારને જે સરાપ દેવામાં આવેછે તે.
નિસ્તરવું, ક્રિ૦ અ૦ પારપડવું; તરવું. એ ઉપર નિસ્તારો. 'આખા ગહન એ ચાલ્યું જાય, રામ જાણે નિસ્તારો થાય'.
નિસ્તેજ, વિ૦ [સં૦] તેજ વિનાનું; ફીકું.
નિસ્પૃહ, વિ૦ [સં૦] જે કોઈની સહાયની ઈચ્છા રાખતો ન હોય તે-તેવું; બેદરકાર; બેતમા; બેપરવા.
નિસ્પૃહી, નિસ્પૃહ.
નિહાલ, ન્યાલ.
નિહાળવું, ક્રિ૦ સ૦ ધારી ધારી-તાકી તાકી જોવું.
ની, નિં.

નીંદ, નિદ્રા.
નીક,' સ્ત્રી૦ પાણી જવાનો રસ્તો.
નીકા, પુ૦ [આ૦] શાદીથી નહિ પણ થોડા જણને શાહેદ રાખી ધણીધણિયાણીની પેઠે રેવું તે; ગાન્ધર્વવિવાહ.
નીકું, વિ૦ [હિં૦] ચોખ્ખું; સ્વચ્છ. ૨ સારું; પસન્દ પડે તેવું.
નીગા, સ્ત્રી૦ [ફા૦] નજર; દૃષ્ટિ; ૨ સમ્ભાળ; કાળજી. નીગેદાશ્ત રાખવી-કરવી એટલે નજર-તપાસ રાખવી.
નીચ, વિ૦ [સં૦] કુળ સ્થિતિમાં હલકું-નઠારું. ૨ નીચી-હીણી જાતનું. ૩ અપજસ મળે-દુઃખ થાય તેવું.
નીચલું, વિ૦ નીચે હોય તેવું. નીચે હોય તે ભાગનું.
નીચાણ, ન૦ ઢોળાવથી જમીનનો એક ભાગ ઉપર ને એક ભાગ તળે એમ હોય તેમાં જે તળેનો ભાગ તે.
નીચું, વિ૦ નીચ (માણસ). ૨ નીચાણ હોય તેવું. ૩ બે ઊંચાઈમાં જે થોડી ઊંચાઈનું હોય તેવું.—તે સુર ઊંચું છે ને આ સુર નીચું છે.
નીજ, નિજ.
નીત, નિત્ય.
નીતર, અ૦ નહિતો.
નીતિ, સ્ત્રી૦ [સં૦] મનુષ્યે પોતાની સાથે-પોતાના સમ્બન્ધીસાથે-માણસ જાતસાથે વર્તવાની જે જરૂરની રીતિ-ફરજ તે. (શાસ્ત્રમાં લખેલી અથવા લોકસિદ્ધ). ૨ કોઈપણ કામ તજવીજથી ચલાવવાની રૂડી રીતિ. ૩ રાજાએ પ્રજા પ્રતિ અને પ્રજાએ રાજા પ્રતિ વર્તવા સમ્બન્ધી-રાજ્યના ઉત્કર્ષ સમ્બન્ધી જે રૂડી રીતિ અને રૂડા વિચારો તે; રાજનીતિ.
નીતિમાન્, વિ૦ [સં૦] સદાચરણી; સદ્‌ગુણી. ૨ ન્યાયી. ૩ ઘર ચલાવવા વગેરેની ઘટતી ગોઠવણ રાખી [વર્તનારો.
નીદણ-દાણ, ન૦ નકામું ઘાસ વગેરે.
નીદર, નિદ્રા.
નીદવું, ક્રિ૦ સ૦ અનાજના ખેતરમાંથી અથવા વાડીમાંથી નકામો પાલો, ઘાસ વગેરે દાતરડીએ ખોદી કાઢવું.
નીધ, નિધિ.
નીંભો, પુ૦ પકવવા સારુ કુંભાર માટીનાં ઘડેલા પદાર્થોનો જે ઢગલો કરેછે તે. [ક્રમ પ્રમાણે.
નીમ, નિયમ. નીમસર-એકાદા નિયમ અથવા અમુક
નીમવું, નિમવું. [ભાગ કરીને.
નીમે, વિ૦ [ફા૦] અરધું. નીમે ભાગે-અરધો અરધ
નીમો, પુ૦ [ફા૦] ખુલીદાર કપડાંનો કમરે પટીવાળો મોટા ઘેરનો અંગરખો.-જામાંથી ઊંચો ને થોડા ઘેરનો.
નીર, ન૦ [સં૦] પાણી; જળ; ઉદક. નીરજ-કમળ.
નીરવું, ક્રિ૦ સ૦ આગળ મુકવું; નાખવું-ઘાસ ચારો (ગાય ભેંસ બળદ ઘોડા બકરી વગેરેને).
નીરસ, વિ૦ [સં૦] રસ વનાનું.

નીરો, પુ૦ ખજુરી તાડી નાળિયેરીનો તાજો ઝરેલો (વાણાંના પોરનો) રસ.
નીલ, વિ૦ [સં૦] ઘેરો આસમાની (રફગ).
નીલમ, ન૦ [નીલમણિ] આસમાની રફગનું મણિ; એક જાતનો હીરો.
નીલું-ળું, વિ૦ ઘેરા આસમાની રફગનું. [ગાંઠ તે.
નીવી, સ્ત્રી૦ [સં૦] સ્ત્રીને કમ્મરે પેરવાનાં લુગડાંની જે
નીશા, સ્ત્રી૦ [આ૦] કેફ; અમલ. નીશાપાણી-નીશા અને ઉપરથી ખાવાની વસ્તુ, પાનસોપારી વગેરે. નીશો કીધો એ પણ કેવાય છે. નીશાબાજ એટલે નીશામાં ગરકાવ હોય તે. [ફા૦] ખાતરી; પતીજ; ભરોસો. ખાતરનીશા કેવાયછે. [સં૦ શાણ-શી] જે ટકિલા પથ્થર ઉપર મસાલા ભાંગ વગેરે વાટવામાં આવેછે તે. નીસા પણ કેવાયછે.
નુક્સાન, ન૦ [આ૦] નાશ; હાનિ. ૨ તોટો; ગેરફાયદો. ૩ બગાડ; ખરાબી. [દપો.
નુકસાની, સ્ત્રી૦ નુકસાન. ૨ નુકસાનનો અવેજ-ખ-
નુક્તો-ખ્તો, પુ૦ [આ૦] નવો ખુટો-તર્ક. ૨ નવી તરેહની મેળવણી (વસ્તુઓની). ૩ છુપી મતલબ રેઈ હોય તેવું કોઈ લખાણ. ૪ ફારસી આરબી હરફ ઉપર સ્વરનાં જે ચિન્હ તેમાંનું એક.
નુગરું, વિ૦ ઉપકાર ન માનનાર; કૃતઘ્ની. ૨ નિર્લજ્જ; બેશરમ. ૩ જેને કોઈ ગુરુપાસથી સારી શિક્ષા ન મળી હોય તેવું.
નૂતન, વિ૦ [સં૦] નવું; તરતનું; તાજું; નૌતમ.
નૂન, ન્યૂન.
નૂર, ન૦ [આ૦] તેજ; પ્રકાશ; ઝળકાટ. ચેહેરાનું નૂર. ૨ શૌર્ય; પાણી.
નૂર, ન૦ વાણ-આગગાડીમાં બેઠાનું અથવા તેમાં માલ ચડાવવાનું ભાડું. [પક્ષી.
નૂરી, સ્ત્રી૦ [હિં] પોપટની જાતમાં ભળતું લાલ રફગનું
નૃત્ય. ન૦ [સં૦] નાચવું તે; નાચ.
નૃપ-તિ, પુ૦ [સં૦] રાજા. [૨.રાજા.
નૃસિંહ, પુ૦ [સં૦] એ નામનો વિષ્ણુનો ચોથો અવતાર.
ને, અ૦ અનેને બદલે મુકવામાં આવેછે-એ ને તે. ૨ દ્વિતીયા વિભક્તીનો પ્રત્યય-તેને બોલાવો. ૩ પ્રતિ-ઈચ્છાના ભાવમાં ક્રિયાપદની સાથે જેમ નિ-ની જોડાયછે તેમ જોડાય છે. આવને, બેસને.
ને, વિ૦ એવું (જૂની કવિતામાં). 'ગોરમા ઘરડો ને બરથાર કે આપ્યો શુનને રે થોલ.' 'આધાર ને હુંતો રે હરિ મને તાહરો રે અમો તો અબળા દુર્બળનાર, પ્રીતલડી ને હુંતી રે પેલા ભવતણી રે, તે કેમ મેલિયે રે વિસાર'.
નેક, વિ૦ [ફા૦] પ્રમાણિક; સાચું; ઈમાનદાર. ૨ નીતિ-

માનું; સારી ચાલચલણનું. ૩ ભલું; રૂડું; કપટ કાવતરાં વગરનું. ૪ જેમાં કોઇનું ભલું થાય તેવું; સખી.-કામ, માણસ.

નેકનજર, વિ૦ જેની નજર-દાનત ચોખ્ખી હોય તે.

નેકનામ, વિ૦ જેનું નામ નેકીથી પ્રખ્યાત હોય તે.

નેકી, સ્ત્રી૦ [ફા૦] ઇમાનદારી; સાચવટ. ૨ નીતિ; સારી ચાલ. ૩ ભલમનસાઇ; સુધાપણું. ૪ કોઇનું ભલું થાય તેવી બુદ્ધિ ને તેવું કામ. (એનું ઉલટું બદી).

નેગવું, ખાવું.

નેચો, પુ૦ [ફા૦] હુક્કાની આમળાવાળી નળી. [કટાક્ષ.

નેજારો, પુ૦ [ફા૦] આંખમાંથી જે ભાલા મારવા તે;

નેજો, પુ૦ ભાલો.

નેટ, અ૦ નિશ્ચય પૂર્વક; ઠરાવસાથે; નક્કી.

નેડે, અ૦ પાસે; કને.

નેડો, પુ૦ સ્નેહ; પ્રેમ. (કવિતામાં).

નેણ, ન૦ [નયન] આંખ; ચક્ષુ. [સોટી.

નેતર, સ્ત્રી૦ એક જાતનું ઝાડ અથવા તેની કાપેલી ડાળી-

નેતરું, ન૦ દહીં વલોવવાની રવૈને બાંધેલું દોરડું.

નેતિ, અ૦ [ન, ઇતિ] એટલું પૂરું કર્યું-કરચું તો પણ ન સમજાતું; અકળ; અનન્ત; અપાર. ૨ એ નહિ.

નેત્ર, ન૦ [સં] આંખ; ચક્ષુ; નયન.

નેન, નયન; નેણ.

નેપાળો, પુ૦ એક જાતની ઔષધી-જુલાબ વગેરેમાં કામ આવેછે. એ બીયાં હોય છે.

નેપુર, ન૦ [નૂપુર] સ્ત્રીઓનાં પગનું ઘરેણું; ઝાંઝર.

નેફો, પુ૦ ચણિયાના જે ભાગની અન્દર પાટી ઘાલવામાં આવે છે તે.

નેમ, નિયમ. ૨ તાકવાનું નિશાન.

નેમણુક, નિમણુક.

નેમવું, નિમવું.

નેરું, ચોમાસામાં પાણી વેતું હોય તે નાનું કોતર.

નેવ-વાં, ન૦ છાપરાંના છેડા ઉપરના નળિયાં જેમાંથી છાપરાંનું પાણી નીચે રસ્તા પર પડે છે. ૨ એ નળિયાંમાંથી જે પાણી પડે તે. એ શબ્દ અનેક વચનમાંજ વપરાય છે.

નેવલે, નેવામાં. 'આવરે વરસાદ નેવલે પાણી.'

નેવાણી, સ્ત્રી૦ નેવ પડે તે જગા.

નેવું, વિ૦ સોમાં દશ ઓછા; ૯૦.

નેવ્યાસી, વિ૦ નેવુમાં એક ઓછો; ૮૯.

નેશ-નેસ, વિ૦ [નેષ્ટ] હીણ નસીબનું; અપશુકનિયું. ૨ દળદરી; કંજુસ.

નેસ, નસ.

નેસડો, પુ૦ ભરવાડ-ગોવાળીયાંને રેવાની જગો.

નેસ્તી, પુ૦ ગામ-ગામડાંમાં ઘાણી, ગાંધી કણિયા વગેરેનો સામટો ધન્ધો કરનારો; બધું પરચુરણ વેચનારો વાણિયો

નેહ, પુ૦ સ્નેહ; પ્રેમ; પ્યાર.

નેહડો, પુ૦ નેસડો. ૨ નેહ.

નેહેર, સ્ત્રી૦ નહેર.

નેહમી, હમેશ; દરરોજ; સદા.

નેળ, સ્ત્રી૦ નળોકડી; નાળ; ખેતર-વાડ-ઝાડીની વચમાની સાંકડી જગા. ૨ હુક્કાની નળી. [(દિશા).

નૈઋત, વિ૦ [નૈઋતી] દક્ષિણ ને પશ્ચિમની વચમાંની

નૈયાયિક, વિ૦ ન્યાય શાસ્ત્ર ભણેલો.

નૈયું, ન૦ નખને લગતી ચામડીનો એકાદો ભાગ.

નૈવેદ, ન૦ [નૈવેદ્ય] દેવને ધરાવેલું જે ખાવાનું તે; પ્રસાદ.

નૈષ્ટિક, વિ૦[સં૦] કર્મક્રિયા કરવામાં તત્પર; આસ્થાવાળો.

નો, અ૦ નહિ; મા. તે કામ તું નો કર. ૨ ષષ્ટિનો પુલ્લિંગે પ્રત્યય. તેનો. ૩ (ને) રૂપ-રૂપીના અર્થમાં વપરાય છે-મનનું આકાશ એટલે મનરૂપ-રૂપી આકાશ.

નોક, સ્ત્રી૦ [ફા૦] અણી; ટોચ. ૨ ટેક; પણ; વટ; આબરુ. નોકદાર-નોકવાળું. [દમદગાર.

નોકર, પું૦ [ફા૦] મહેતો; ચાકર. ૨ દાસ; સેવક; ખિ-

નોકરી, સ્ત્રી૦ મહેતાગીરી; ચાકરી. ૨ સેવા; ખિદમદગારી.

નોખું, વિ૦ જાદું; અલાહિદું.

નોઝણું, ન૦ ગાયને દોહતીવેળા પાછલે પગે ઘૂંટણથી ઉપર જે દોરડું બાંધવામાં આવેછે તે; સેલું; સેલો.

નોટ, સ્ત્રી૦ [અં૦] ચલણી કાગળ સિક્કાને બદલે વપરાતો તે. ૨ કામકાજની ચિઠ્ઠી. ૩ પાનામાં આવેલા શબ્દની સમજ આપવાને પાનાની નીચે આપેલી ટીપ; ટિપ્પણ. [ઇજન દેવું.

નોતરવું, ક્રિ૦ સ૦ [નિમન્ત્રણ] જમવા તેડવું; બોલાવવું;

નોતરિયો, પુ૦ નોતરું કરનારો.

નોતરૂં, ન૦ જમવા આવજો એવું આગળથી કેવડાવવું તે; ઇજન. ૨ બોલાવવું-તેડવું તે.

નોધ, સ્ત્રી૦ યાદદાસ્તને સારૂ જે લખીરાખેલું તે. ૨ જે ચોપડીમાં માલ આપેલો વિગત સાથે નોધાય છે તથા પાદીને વાસ્તે હુંડી વગેરેની રકમો લખાયછે તે. જાંગડ માલ આપવાનો વહીવટ હોય તો જાંગડનોધ કેવાયછે. ૩ મોટા થાંભલાને પોડીવાર ટેકણ આપવા સારૂ જે સાકટાઓ સાથે તેને ખીલાથી જડી રાખવો તે. ૪ યાદદાસ્ત; સ્મરણ ચોપડી; ટિપ્પણ.

નોધવું, ક્રિ૦ સ૦ ચોપડીમાં દાખલ કરવું; ટપકાવવું. ૨ નોધ (૩ જા અર્થમાં) જડવી.

નોધારૂં, વિ૦ આધાર વિનાનું. ૨ નિરાશ્રિત.

નોબત, સ્ત્રી૦ મોટું નગારૂં,-જે, ગાડાંમાં- ઊંટ ઉપર વરઘોડા સ્વારીમાં વગાડતું લઇજવામાં આવેછે તે. દેવ દેહેરામાં પણ હોય છે.

નોમ, સ્ત્રી૦ [નવમી] પખવાડિયાંનો નવમો દાડો.

ન્યોય, નહોય. [ગું ભાડું.

નોર. ન૦ ગુણ—આગગાડીમાં બેસવાનું— માલ લઈજવા-

ન્યોર, પુ૦ નખથી પડેલા જે ઉઝરડા તે; નખક્ષત. નો-
રિયાં પણ કેવાયછે.

નોરતું, ન૦ નવરાતમાંની જે એકેકી રાત—એકેકો દિવસ તે.

નોરપડવું, ઠારપડવું, ચાલતું થવું.

નોળ, પુ૦ નોળિયો.

નોળવું, ક્રિ૦ સ૦ ગોરસિયાંને કાથાની દોરડી પરાળ વગે-
રેના કુંચાથી ઘસી લુછી સાફ કરવું.

નોળિયો, પુ૦ [નકુલ] એક જાતનું ચોપગું નાનું
પ્રાણી જે ઉંદરસાપને ખાયછે.

નોળીકરન, ન૦ યોગમાર્ગની એક ક્રિયા—નાકે પાણી પી-
વું વગેરે. ૨ લુચ્ચાઈ; કાવતરું.

નોળીનોમ, સ્ત્રી૦ શ્રાવણ સુદ નોમ.

નોળું, ન૦ નાનાં સાપોલિયાંમાંનું એક, જેને સીતાજીનું
ઉતરણું—નોળું કેછે. ૨ ગોરસિયાં ધોવાનો જે કુંચો તે.

નૌકા, સ્ત્રી૦ [સં૦] વાહણ; મછવો.

નૌતમ, વિ૦ નવું. ૨ નવું ઊભીનું.

ન્યાત—તિ, ન્યાત.

ન્યાતિલું. ન્યાતિલું.

ન્યાય, પુ૦ [સં૦] ઈનસાફ; ખરાંખોટાંની તોલના. ૨
સાચવટ; રાસ્તી; વાજબીપણું. ૩ કારણ ઉપરથી કાર્ય,
પ્રતિજ્ઞા ઉપરથી અનુમાન શોધવાની વિદ્યા; કેટલાંક
પ્રમાણ ઉપરથી કેટલાંક થવાના કાર્યના તર્ક કરવાનું
શાસ્ત્ર. ૪ ધારો; નિયમ.

ન્યાયશાસ્ત્ર, ન૦ [સં૦] ન્યાય (૩જા અર્થમાં). [સાફદાર.

ન્યાયાધીશ, પુ૦ [સં૦] ન્યાય કરનાર અધિકારી; ઈન-

ન્યાયી, વિ૦ [સં૦] ન્યાયવાળું; વાજબી; રાસ્ત.

ન્યારું, વિ૦ [હિં૦] જુદું. ૨ અજાયબ જેવું જાદુ.

ન્યાલ, વિ૦ દ્રવ્યથી ભરપૂર; પૂર્ણ. ૨ ઈચ્છા પાર પડી
હોય તેવું; કૃતાર્થ. [છું વધતું.

ન્યૂન, વિ૦ [સં૦] ઓછું; ઉણું; કમ. ન્યૂનાધિક—ઓ-

ન્યૂનતા, સ્ત્રી૦ ઓછાપણું.

ન્યૂસપેપર, ન૦ [અં૦] ખબરનો કાગળ; અખબાર;
વર્તમાન—સમાચાર પત્ર.

પ.

પ, પુ૦ [સં૦] એકવીસમો વ્યંજન વર્ણ, એ હોઠથી
બોલાય છે.

પ, વિ૦ [સં૦] રક્ષણ કરનાર; પાળનાર. નૃપ—પૃથ્વીનું
રક્ષણ કરનારો—રાજા. ૨ પીનાર. મદ્યપ—મદ્યપીનાર
—ભમરો.

પકડ, સ્ત્રી૦ પકડવા—ધરવા—બાઝવાનો એક દાવ (કુસ્તીમાં).
૨ જે જૂલ પકડવી તે (તકરારમાં).

પકડવું, ક્રિ૦ સ૦ બાઝવું; ઝાલવું; વળગવું. ૨ સરકાર-
હુકમથી કોઈ માણસને કબજે કરવું. ૩ શોધવું; ખો-
ળવું; પેદા કરવું—ચોર પકડાતો નથી.

પકતું, પગતું.

પકવવું, ક્રિ૦ સ૦ પાકે તેમ કરવું.

પકવાન, પકવાન.

પકવાસા, પુ૦ છાપરાંના સાટાસાથે જડેલી પાટિયાની
જે ચાપ તે. [પાકું.

પકકું, વિ૦ પૂરો માહિતગાર; છેતરાય નહિ તેવું; પક્ત:

પક્વ, વિ૦ [સં૦] પાકેલું. ૨ રંધાયલું. ૩ તૈયાર.

પક્વાન, ન૦ [પક્વાન્ન] ભોજનનો સર્વોપરી ઊંચો પદાર્થ.
૨ ઘેબર, ખાજાં, જલેબી, લાપણમાહે લાડુ ને દહીં-
તરાં એ પાંચ અથવા સુતરફેણી ને ફરસીપુરી એ બે
મળી જે સાત વાનાં તે. ૩ રાંધેલું અન્ન.

પક્ષ, પુ૦ [સં૦] પાંખ. ૨ પખવાડિયું. ૩ ભાદરવા વ-
દના—માહના પન્દર દિવસ. ૪ બાજુ; તરફેન. ૫
બેની તકરારમાં એકની તરફના થવું તે; ઉપરાણું. ૬
મત; વિચાર; અભિપ્રાય. ૭ ટુકડી; વર્ગ. ૮ તક-
રારી બાબત; વાદવિષય.

પક્ષઘાત, પુ૦ [સં૦] શરીરનું એક પાસું મરીગયું હોય—
નિરુપયોગી થયું હોય તે રોગ.

પક્ષપાત, પુ૦ [સં૦] એકાદા પક્ષપર પડવું તે; તરફેન
ખેંચવી તે; તરફદારી; ઉપરાણું. પક્ષપાતી—પક્ષપાત
[કરનાર.

પક્ષાઘાત, પક્ષઘાત.

પક્ષિણી, સ્ત્રી૦ [સં૦] પંખીની માદા.

પક્ષી, પુ૦—ન૦ [સં૦] બે પગનું પાંખવાળું ઉડતું પ્રાણી.

પક્ષી. વિ૦ [સં૦] પક્ષ કરનારો; તરફેન ખેંચનારો;
મળતિયો.

પક્ષે, અ૦ એક બાજુ જોતાં; આમ પણ ખરું ને આમ
પણ ખરું; વિકલ્પે.

પખ, પક્ષ.

પખવાજ, સ્ત્રી૦ [હિં૦] જેની બેપાસ વગાડવાનું હોય
છે તેવું એક વાજું; મૃદંગ.

પખવાડિયું—ડું, ન૦ પન્દર દિવસનો જે કાળ તે; પક્ષ.

પખાજ, પખવાજ.

પખાજી, પુ૦ પખાજ વગાડનારો.

પખાલ, સ્ત્રી૦ [પય—પાણી; ખલ્લ—ચામડું] પાણી ભરી
રાખવાનું ચામડાનું ઠામ. ૨ [પ્રક્ષાલન] સન્ધ્યાકાળે
શિવનાં નિર્માળ ઉતરી દેવસ્થાનને પાણીથી ધોવું તે.

પખાલી, પુ૦ જે પોતાની ખાંધ ઉપર અથવા બળદ
પાડા ઉપર પખાલ નાખેછે ને પાણી ભરવા છાંટવાનો
ધંધો કરેછે તે.

પખાળવું, ક્રિ૦ સ૦ [પ્રક્ષાલન] પાણીથી ધોવું-સાફ કરવું. પાગ પખાળવા.

પખું, ન૦ પક્ષ; તડું.

પગ, પુ૦ [પદ] ઉભાં રેવામાં અથવા ચાલવામાં પ્રાણીના શરીરના જે અવયવ કામમાં આવેછે-જે જમીન ઉપર ટેકવાયછે તે. ૨ કોઈપણ વસ્તુ પગ જેવા જે દાંડાને આધારે રહેછે તે; પાયો. બાળકને પગ આવ્યા એટલે તેનામાં ચાલવાની શક્તિ આવી. પગ થવા એટલે શક્તિ સમજ આવવામાંડવી. ૨ હદ ઉપરાન્ત જવું; મર્યાદા મુકવી. એના પેટમાં પગ છે એટલે તે મિઠાબોલા-કાવતરું કરનારો છે. પગ ઉપાડવા-ઊંચકવા એટલે ચાલવામાં ઉતાવળ કરવી.

પગચમ્પી, સ્ત્રી૦ પગ ચાંપવા તે.

પગન, મોકળું. [જે ચોરો તે.

પગથાર, સ્ત્રી૦ થોડાં થોડાં પગથિયાંને અન્તરે બેસવાનો

પગથારિયું, પગથિયું.

પગથિયું, ન૦ ચડવા ઉતરવાસારુ પગ મુકવાનું પથ્થર અથવા ઈંટનું જે ચણતર અથવા લાકડાંનું જડેલું જે પાટિયું તે.

પગથી, સ્ત્રી૦ ઘાસ-ધાન્ય ઉગેલાં એવાં ખેતરમાં અથવા કાદવવાળા રસ્તામાં એક જણથી જવાય તેટલો લોકના ચાલવાથી જે રસ્તો પડેલો તે; પગલાં પડીપડીને થયલી વાટ તે. ૨ લાખ્ખું પગથિયું.

પગર, પુ૦ પાર (અનાજનો).

પગરખું, ન૦ પગના રક્ષણને માટે જે જોડા તે.

પગરણ, ન૦ જનોઈ લગન સીમંત વાસ્તુ વગેરેનો જે રૂડો દિવસ તે; અવસર; રૂડું કારજ.

પગરસ્તો, પુ૦ ખુશકીનો રસ્તો (દરિયાનો નહિ).

પગલી, સ્ત્રી૦ ચોરનાં પગલાં.

પગલું, ન૦ ચાલવાથી જમીન ઉપર પડેલો પગનો જે આકાર તે. ૨ પૂજ્ય પુરુષના પગની છાપ પથ્થર-ધાતુના પત્રાં ઉપર હોય તે. ૩ ચોરના ચાલવાથી જમીનપર જે પગ પડેલા તે.

પગવાટ, સ્ત્રી૦ પગ-પગલાંએ જે વાટ પડેલી તે; પગથી; ગાડી ન ચાલે તેવો રસ્તો. ૨ ગાડીમાં બેસીને નહિ પણ ચાલતાં અથવા ગાડીમાં જવાય તેવો રસ્તો; ખુશકી.

પગાર, પુ૦ નોકરીના બદલામાં જે મુકરર કરેલું નાણું આપવું તે. પગાર કરવો એટલે ઠેરવવો. ૨ પગાર આપવો.

પગી, પુ૦ ચોરનાં પગલાં પારખી તેને શોધી કાડનારો. ભાગ કાડવા પગી તેડાવો.

પગેલાગણું, ન૦ પગે લાગવું-પડવું તે; પ્રણામ કરવા તે; પગ આગળ આવી હાથ જોડી માન આપવું તે. ૨ પગે લાગી આગળ કંઈ મુકવું તે.

પઘડબન્ધ, પુ૦ પાઘડી બાંધનારો.

પઙ્કજ, ન૦ [સં૦ પઙ્ક-કાદવ; જ-નિપજેલું] કમળફુલ.

પઙ્કાવું, ક્રિ૦ અ૦ ઠામ ઠામ ઓળખાવું; પ્રખ્યાત થવું. પઙ્કાયલું-નામીચું; પ્રખ્યાત.

પઙ્ક્તિ, સ્ત્રી૦ [સં૦] હાર; ઓળ. ૨ જમવા બેઠેલાંઓની જે હાર તે. ૩ વર્ગ; ટુકડી; જથો. પઙ્ક્તિભેદ એટલે સાથે જમવા બેઠા છતાં કોઈને ઓછું-હલકું ભોજન કરાવવું તે. ૨ એક પઙ્ક્તિયે જમવા ન બેસાય તેવો ભેદ. પઙ્ક્તિબાર એટલે ન્યાત બાર.

પઙ્ખ, પાંખ.

પઙ્ખવા, પક્ષઘાત.

પઙ્ખાળિયું, ન૦ એક જાતનું ભાત; (કમોદથી ઉતરતું.)

પઙ્ખિયું, વિ૦ પાંખવાળું.

પઙ્ખી, પક્ષી.

પઙ્ખેરું, ન૦ [ફા૦] પક્ષી.

પઙ્ખો, પુ૦ હવાને હલવી પવન લેવાનો પદાર્થ; વિજણો.

પઙ્ગત-ત્તી, પઙ્ક્તિ.

પઙ્ગુ, વિ૦ [સં૦] લઙગડું. ૨ પાંગળું. શરીરના એકાદ અવયવમાં ખોડ હોય તેવું.

પચકડી, પિચકારી.

પચકણ, વિ૦ ઝીકણ; પોચું.

પચકારી, પિચકારી.

પચપચ-ચું, અ૦ છેકજ પોચું-નરમ થઈગયું હોય તેમ.

પચરઙ્ગ-ગી, વિ૦ પાંચ રઙગવાળું. લાલ, લીલો, પીળો, કાળો ને સફેદ.

પચવવું, પચાવવું.

પચવું, ક્રિ૦ અ૦ જઠરાગ્નિમાં જુદુ પડવું - પિગળવું (ખોરાકે). ૨ (લાક્ષણિક) ઘણીવાર સુધી ટકવું ; ટકેથી સુખ કરે તેવી રીતે વપરાવું. હરામનો માલ પચતો નથી.

પચાવવું, ક્રિ૦ સ૦ જઠરાગ્નિમાં પચે તેમ કરવું. ૨ ડબાવી બેસવું. તેણે તે માલ પચાવ્યો.

પચાશ-સ, વિ૦ બે પચ્ચીસ; ૫૦

પચુસણ, ન૦ જૈનમત પ્રમાણે કેટલાંક વ્રત ઉજવવાના દિવસ. ચોમાસામાં આવેછે.

પચ્ચાવન, વિ૦ પચાશ ને પાંચ; ૫૫.

પચ્ચીશ-સ, વિ૦ વીસ ને પાંચ; ૨૫.

પચ્ચીશી-સી, સ્ત્રી૦ જેમાં પચ્ચીસ વાનાં હોય તે; પચ્ચીસ શ્લોક-કડી હોય તેવું કાવ્ય.

પચ્ચોતેર, વિ૦ સિત્તેર ને પાંચ; પોણોસો; ૭૫.

પચ્છમ, પશ્ચિમ. પચ્છમ બુધિયું-કરવા પછી ખરી બુદ્ધિ સુઝે તેવું; કરવા પછી પસ્તાય તે. 'અગમ બુધિયો વાણિયો ને પચ્છમ બુધિયો બામણ.'

પછડાવું, ક્રિ૦ અ૦ અફળાવું; કુટાવું. ૨ માંદાં પડવું; રોગથી સપડાવું-પથારીમાં ઢળી પડવું.

પછવાડી-ડે, અ૦ પૂઠે; પાછળ.
પછવાંડું, ન૦ પાછળનો ભાગ.
પછાડવું, ક્રિ૦ સ૦ જોરથી નીચે નાંખવું; અફાળવું. ૨ માંદાં પાડવું; રોગે સપડાવવું. [શ્રમ; ફાંફાં.
પછાડા, પુ૦ જોરથી આમ તેમ અફળાવું તે. ૨ મિથ્યા
પછાડી, ઘોડાના પાછલા પગે બાંધવાનું દોરડું.
પછાડી, અ૦ પછવાડી-ડે.
પછાડું, ન૦ પાછળનો ભાગ.
પછાડો, પુ૦ ઉથલો; ફરીથી પછડાવું તે (રોગથી).
પછાત, અ૦ પછવાડે.
પછી-છે, અ૦ એક કામ પૂરું થયેથી એવો અર્થ રાખેછે.; [પાછળથી; બાદ.
પછેડી, **પિછોડી**.
પછેડીવા, પછેડી જેવડું ચોરસ કેડ ઉપર બાંધવાનું કપડું.
પછેડો, પુ૦ પિછોડો શબ્દ જોવો.
પજવવું, ક્રિ૦ સ૦ ગભરાવવું; અકળાવવું; ચિડવવું. ૨ રિબાવવું; દુઃખ દેવું.
પજાવો, પુ૦ ઈંટ નળિયાંની ભઠ્ઠી (કુંભારની.)
પઞ્ચ, વિ૦ [સં૦] પાંચ.
પઞ્ચ, પુ૦-સ્ત્રી૦[સં૦] કજિયાનો નિવેડો કરનાર જે પાંચ અથવા વધારે માણસની મણ્ડળી તે. ૨ એ પાંચમાંનો એક. ૩ જેને કોઈનો પક્ષ નથી એવો ત્રાહિત પુરુષ.
પઞ્ચક, પુ૦ [સં૦] ધનિષ્ઠાના ઉત્તરાર્દ્ધથી તે અશ્વિનીના પૂર્વાર્દ્ધ લગીના જે પાંચ નક્ષત્ર તે; પાંચ દિવસનો કાળ -જેમાં પ્રદેશ જવા સમ્બન્ધી અને ઘાસ લાકડાં વગેરે હોરવા સમ્બન્ધી નિષેધ કર્યો છે. ૨ પાંચનો સમુદાય.
પઞ્ચકોશ, પુ૦ [સં૦] દેહના જે પાંચ પડદામાં આત્મા રહેલો છે તે. અન્નમય - પ્રાણમય- મનોમય- વિજ્ઞાનમય- આનન્દમય કોશ.
પઞ્ચગવ્ય, ન૦ [સં૦] ગાયથી ઉત્પન્ન થયલાં પાંચવાનાં. દૂધ, દહીં, ઘી, મૂતર ને છાણ. એ લિધાથી કોરો પવિત્ર થાય એવું કર્મ માર્ગના શાસ્ત્રમાં કહ્યું છે.
પઞ્ચતત્ત્વ, ન૦ [સં૦] પૃથ્વિ, પાણી, તેજ, વાયુ ને આકાશ એ પાંચ તત્ત્વ.
પઞ્ચપાત્ર, ન૦ [પાનપાત્રં. અથવા પાંચ ધાતુનું બનેલું હોય] બ્રાહ્મણને સન્ધ્યાદિક કર્મ કરવામાં કામ લાગતું પાણી ભરવાનું નાનું ધાતુનું વાસણ. એમાં ભોળવાની વસ્તુને આચમની કહેછે.
પઞ્ચપ્રાણ, પુ૦ [સં૦] જે પાંચ વાયુ પ્રાણીની જીંદગીને ટકાવનારા છે તે-પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન.
પઞ્ચબાણ, ન૦ [સં૦] કામદેવના પાંચ બાણ-કમળ, અશોક, આંબાનો મોર, મોગરો (નવમલ્લિકા), ધોળા આસમાની રઙ્ગનું કમળ.
પઞ્ચમ, પુ૦ [સં૦] સપ્ત સ્વરમાંનો પાંચમો-સા, રી, ગ, મ, પ, ધ, ની. ૨ એ નામનો રાગ. વિ૦ પાંચમું.
પઞ્ચમહાભૂત, પઞ્ચ તત્ત્વ. [(વ્યાકરણમાં).
પઞ્ચમી, સ્ત્રી૦ [સં૦] પાંચેમ. ૨ પાંચમી વિભક્તિ
પઞ્ચમુખી, વિ૦ પાંચ મોડાંવાળું.
પઞ્ચરઙ્ગી, વિ૦ પાંચ રંગનું; પચરંગી.
પઞ્ચરત્ન, ન૦ [સં૦] પાંચરત્ન-સુનું, મોતી, હીરો, માણેક ને પાનું. [તેવું.
પઞ્ચરસિયું, વિ૦ પાંચ અથવા વધારે વાના એકઠાં હોય
પઞ્ચરાશિ, સ્ત્રી૦ [પઞ્ચરાશિક] એક રીતનું ગણિત-પાંચ પદ ઉપરથી છઠ્ઠું કાઢવું તે.
પઞ્ચવક્ત્ર, વિ૦ પાંચ મોડાંનું-શિવ, હનુમાન.
પઞ્ચાગ્નિ, પુ૦ [સં૦] ચારપાસ ધુણી ને ઉપર સૂર્યનો તાપ એ પાંચ.
પઞ્ચાઙ્ગ, ન૦ [સં૦] તિથિ, વાર, નક્ષત્ર, યોગ ને કરણ એ પાંચ વાનાં જણાવનાર જે ગ્રન્થ તે; ટિપણું.
પઞ્ચાણું, વિ૦ નેવું ને પાંચ; ૯૫.
પઞ્ચાત, સ્ત્રી૦ કોઈ તકરારનો નિવેડો આવવાને પાંચ અથવા વધારે પુરુષની જે મંડળી તે. ૨ નાત સમ્બન્ધી કજીયાનુ સમાધાન આણવાને માટે મળેલા જે નાતીલા તે. ૩ તકરાર; ભાંજગડ.
પઞ્ચાતખોર, વિ૦ તકરાર-ભાંજગડ કર્યા કરનાર.
પઞ્ચાતનામું, ન૦ પઞ્ચાતનો ઠરાવ.
પઞ્ચાતિયું-તી, વિ૦ એકથી નહિ પણ પાંચ જણના વિચારથી થાય તેવું; નાતનું. **પઞ્ચાતી**, સ્ત્રી૦ તકરાર; ભાંજગડ.
પઞ્ચામૃત, ન૦ [સં૦] દહીં, દૂધ, ઘી, મધ ને ખાંડ-એ પ્રત્યેકનું દેવને સ્નાન કરાવવામાં આવેછે.
પઞ્ચાયત, પઞ્ચાત.
પઞ્ચાયતન, વિ૦ [સં૦] પાંચ એકઠા-સાથે હોય તેવા (દેવ). ગણપતિ, દેવી, સૂર્ય, વિષ્ણુ ને શિવ.
પઞ્ચાવન, વિ૦ પચાશ ને પાંચ; ૫૫.
પઞ્ચાશી-ઞ્ચ્યાશી, વિ૦ એંશી ને પાંચ; ૮૫.
પઞ્ચિયું, ન૦ નાનું ધોતિયું (ઘરમાં પેરવાનું).
પઞ્ચીકરણ, ન૦ [સં૦] એકેકને મળે નહિ તેવા ગુણવાળાં જે આકાશાદિ પાંચ તત્ત્વ તેઓનું દેહ આદિ સૃષ્ટિને અર્થે ઈશ્વર શક્તિથી જે પરસ્પર અનુકૂળ સંમિશ્રણ તે. ૨ પાંચને એકઠાં કરવાં તે.
પઞ્જભાગ, પુ૦ [પઞ્ચભાગ] પાંચ ઢગલીમાં જૂદું પાડેલું પાંચ પ્રકારનું ધાન્ય-જે બ્રાહ્મણને યજમાનને ઘેરથી નિત્ય મળે છે.
પઞ્જર, ન૦ [સં૦] પિઞ્જર; પાંજરું.
પઞ્જતજીરી, સ્ત્રી૦ ઠોપરું, અજમો, ખસખસ, ખાંડ ને ચારોળી એ પાંચ વાનાં જે, ગોકુળઆઠમને દહાડે ઠાકોરની આગળ ધરાવવામાં આવેછે (જાણે દેવકીની સુવાવડમાં ખાવાની હોયની).

પઞ્જાબી, વિ૦ પઞ્જાબ દેશનું. પઞ્જાબી મલ એટલે કદાવર-બળવાન મલ.

પઞ્જીરી, પઞ્જાજીરી.

પઞ્જો-ઞ્જી, પુ૦ [ફા૦] પાસા અથવા પાનામાં પાંચનો જે સમુદાય તે. ૨ પાંચ આંગળાં ને હથેલી એટલા કાંડાંલગીનો ભાગ-હાથનો. ૨ કોઈ મોટા પુરુષની સહીને ઠેકાણે તેના હાથનો જે છાપો કાઢેલો તે. ૩ બિલાડી વાઘ વગેરેના ઉગામેલા નખ.

પઞ્જેટવું, ક્રિ૦ સ૦ માથે પડ્યું નિભાવવું.

પઞ્જેટી, સ્ત્રી૦ ખેતર-વાડની અન્દરથી સુકો કચરો (નિભાવવાસારુ) ખાઈ લઈ જવાનું કુંભારનું હથિયાર. ૨ દાણાંની ખળીવાળાનું એક હથિયાર.

પટ, પુ૦ ઘણાએક રફ્ગથી શોભીતું કરેલું પાટિયું અથવા કપડું, જેઉપર સોકટાં સેતરંજ વગેરે રમાય તે. ૨ જેમાં અનુક્રમે નામ વગેરે લખ્યાં હોય તે કાગળ. નકશો-ચિત્રપટ. ૩ વસ્ત્ર; લુગડું. ૪ પડદો. ૫ એકેક વારનો જે દાવ તે. ૬ નદીની પોળાઈ. ૭ જમીનનો લામ્બો [ચીરો.

પટક, સ્ત્રી૦ પટકવું તે; ઝીક.

પટકવું, ક્રિ૦ સ૦ જોરથી નીચે નાખવું. ૨ (લાક્ષણિક) ધૂતવું; ચીરવું કોઈની પાસથી નાણું કઢાવવું.

પટકાવવું, ક્રિ૦ સ૦ (જાણે કોઈનું માગી આણ્યું હોયની તેવા અર્થમાં) સારાં દેખાવાને સારાં લુગડાં પેરવાં. ૨ હરી લેવું; ધૂતવું. પટકાવવું-ફુલાવું.

પટકો, પુ૦ પાંચેક હાથનો લુગડાંનો કડકો-(માથે કમરે બાંધવાનો). ૨ કાછો; કચ્છો.

પટન્તર, પુ૦ લુગડાંનો પડદો; આંતરો.

પટપટ, અ૦ એ શબ્દ ઉતાવળાં બોલવાને અને પાણીનાં પડવાંને લગાડવામાં આવેછે; તડતડ. [પટપટે છે.

પટપટવું, ક્રિ૦ સ૦ બોલવાને આતુર થઈ રેવું. મોઢું

પટપટિયું, ન૦ લાકડાંનું રમકડું.

પટરાણી, સ્ત્રી૦ જેની સાથે રાજા પ્રથમ પરણ્યો હોય તે રાણી; મુખ્ય રાણી.

પટલાઈ, સ્ત્રી૦ પટેલાઈ.

પટલાણી-લેણ, સ્ત્રી૦ પટેલની ધણિયાણી.

પટવો, પુ૦ રેશમ ગુંથવાનો ધન્ધો કરનારો.

પટાઊ, વિ૦ પટાવનાર. ૨ પટાવેલું.

પટાકડી, સ્ત્રી૦ કુંવાડિયા વગેરેના પાતરાંને અથવા છાણની કુંડીમાં ફુંક મુકી હાથે વતી પટ એવો જે અવાજ [કરવો તે.

પટાકો, પુ૦ પટ એવો થનો અવાજ.

પટાટ, પુ૦ ઘોડાનો તફગ.

પટાટા, પુ૦ [અં૦] એક જાતનો ખાવાનો કન; બટાટા; વિલાતી અખોકડાં.

પટાદાર, વિ૦ પટા હોય તેવું-(કનકવો વગેરે).

પટાપટ, પટપટ.

પટાપટી, સ્ત્રી૦ પટા ને પટી; આમ તેમ જે મોટા નાના લિસોટા પાડેલા તે.

પટાબાજ, વિ૦ પટો ખેલનાર. ૨ ધૂતારો; ઠગ. પટેબાજ પણ કેવાય છે.

પટામણું, વિ૦ પટાવનાર. ૨ પટાવે તેવું (કામ).

પટારો, પુ૦ મોટી પેટી; પેટારો.

પટાવવું, ક્રિ૦ સ૦ સામાંને, સારું-સાચું લાગે તેવું તજવીજથી સમજાવવું; ખોટું સમજાવવું. ૨ ઠગવું; છેતરવું.

પટાવાળો, સિપાઈ.

પટિયાં, ન૦ સારાં દેખાવાને કપાળની બે બાજુએ નીચા હોળેલા જે વાળ તે.

પટી, સ્ત્રી૦ લાકડાં- કાગળ-કપડાં-કીનારી વગેરેનો આંગળ બે આંગળ પોળો પણ બહુ લામ્બો જે કકડો તે. ૨ (મલમની). [ચાલાક.

પટુ, વિ૦ [સં૦] પ્રવીણ; ચતુર; કિસબી. ૨ ચઞ્ચળ;

પટેલ, પુ૦ તળાટીની સાથે ગુંઈ ગામનો વહીવટ (ઉપજ તથા લોકના ટણ્ટા સમ્બન્ધી) કરનારો મુખી ખેડુ. ૨ કોઈ પણ વર્ગનો મુખી. નાતનો પટેલ વગેરે. ૩ કણબી કોળીને એ શબ્દ માનના અર્થમાં લગાડવામાં આવેછે. પટેલાઈ-લી એટલે પટેલની પદવી અથવા તેનું કામ. ૨ મોટાઈ.

પટો, પુ૦ લામ્બો પોળો એવો રંગનો લીસોટો (કાગળ, કપડું, લાકડાં વગેરે ઉપર કાઢેલો). ૨ કમરે બાંધવાનો અથવા ખભે રાખવાનો ચામડાંનો કકડો અથવા સુતર રેશમનો પટકો. રેશમના પટા ઊંચા દરજાના લશ્કરી લોક રાખેછે ને ચામડાં તથા સુતરની પાટીના પટા સરકારીખાતાનાં સિપાઈયો અને શેઠ શાહુકારોના નોકરો રાખેછે.-ગળપટો, કમરપટો, સિપાઈનો પટો વગેરે. ૩ કોઈ પણ એકાદો વહિવટ કરવાને સારૂ સરકારથી જે લેખ કરી આપવામાં આવ્યો હોય તે; સનદ; હુકમ. (ગણોતનો, ઇજારાનો વગેરેનો). ૪ પોતાનો બચાવ કરતાં લાકડી અથવા તરવારને આમતેમ ફેરવવી તે; સામાને મારી પોતાનો બચાવ કરવો તે; એનો જે અભ્યાસ કરવો તે. ૫ જુક્તિ; પેચ. ૬ ઠગાઈ; ધન્ધાઈ; દગો. ૭ મલમની મોટી પટી.

પટોળું, ન૦ એક તરેહનું રેશમી કપડું.

પટ્ટ, અ૦ ઝટ; ઉતાવળથી.

પટ્ટી, સ્ત્રી૦ પટી. ૨ ચૂનો કાથો સોપારી મુકી વાળેલું પાન; બીડી. ૩ જમીનનો લામ્બો કકડો-ચીરો કોકણપટ્ટી.

પટ્ટુ, પુ૦ ઓઢવા પેરવાનું ઊનનું કપડું; ધાબળો; કામળો.

પઠ્ઠો, પુ૦ પઠ્ઠો.

પઠણ, સ્ત્રી૦ પઠવું તે. ૨ નક્કી કરેલુ મૂલ.

પઠવું, ક્રિ૦ સ૦ ખરીદ કરવાની વસ્તુનું મૂલ નક્કી કરવું; કિમત ઠેરવવી.

પઠાણ, પું૦ એક જાતના મુસલમાન જેઓ સોદાગીરી, સીપાઈગીરી, કુસ્તીબાજી વગેરેના ધન્ધા કરેછે-એ લોક કપડાં પેરવે ને બોલવે ચાલવે બહુ ફક્કડ રૈછે. ૨ વ્હાણની તળેનું જે મોટું લાકડું એક છેડા આગળથી તે બીજા છેડાલગી હોય છે તે.

પઠાં, પંઠે.

પઠ્ઠાણ, પઠાણ.

પઠ્ઠો, વિ૦ કસરત-ખાનપાનથી જેનું અંગ મજબુત બન્યું હોય ને કદાવર દેખાતો હોય તે.

પડ, ન૦ વસ્તુના બે ભાગ અથવા એક જાતની બે વસ્તુ જે એક પર એક હોય તે મધ્યે જે એકેક તે.-ઘંટીનું પડ, કરોળિયાનું પડ વગેરે. ૨ એક ચીજના ઉપર આવી રેયલો જે પડદો તે. ૩ એક ઉપર એક એમ આવી રેલી જૂદી જૂદી જાતની ચીજો જેની એક આખી વસ્તુ બની હોય તે એકેકી-પૃથ્વિની નીચેનાં પડ. ૪ એક જાતનો કાબરચીતરો સાપ; કોડિયો. ૫ પડદો; આંતરો.

પડખું, ન૦ પાસું; બાજુ. પડખે-પાસે; પડોશમાં.

પડઘમ, સ્ત્રી૦ ડાંડિયાથી વગાડવાનું એક વાદ્ય.

પડઘી, સ્ત્રી૦ કળશિયા વાડકા વગેરે કેટલાંક વાસણના તળિયાંની જે બ્હાર નિકળતી ગોળ કોરણ તે. ૨ લાડુની તળેનો ડબાયલો ભાગ. ૩ જમીન ઉપર જોરમાં પગલાં પડવાથી જે અવાજ નિકળે તે-પડઘી વાગવી. (ઘોડાની વગેરેની).

પડઘો, પું૦ જોરમાં ઘા પડેથી અથવા શબ્દ નિકળેથી પાછો જે ઘોર-અવાજ સંભળાય તે (દેહેરાં ટાંકા વગેરેમાં, માણસ ઘોડાનાં પગલાંનાં).

પડછન્દ-ન્દો, પું૦ પડઘો.

પડછાંયો-છાયો, પું૦ પડેલો છાયો-ઓળો.

પડત, પડતર.

પડતર, વિ૦ ખેડ્યા વિનાની પડી રેયલી જમીન. ૨ ન ખેડાય તેવી જમીન; ખરાબો. ૩ જે ભાવે પડ્યું-ખરીદ કરયું હોય તેવું (પડતર ભાવ).

પડતલી, સ્ત્રી૦ ગડાકુ ભરવાની ચામડાંની લાંબી કોથળી.

પડતાલવું, ક્રિ૦ સ૦ ફેરવ્યાં કરવું. (પાના). ૨ લેઈને ભાગી જવું. ૩ અફાળવું; ત્રિકવું.

પડતી-દશા, સ્ત્રી૦ નઠારી હાલતમાં આવવું તે-પૈસા જવા, અપજસમળવો, વાલાં મરવાં, રોગી થવું વગેરે. ચડતી ને પડતી.

પડતીરાત, સ્ત્રી૦ પાછલી-ભાગીરાત.

પડતું, ન૦ પડવું-ઝમ્પલાવું તે. પડતુ મુકવું કેવાય છે.

પડથાર, પું૦ ઘરની બ્હારનો ચોક-ઓટલો.

પડદી, સ્ત્રી૦ નાની બારી (ઘાસ વગેરેની).

પડદું, ન૦ લુગડે બાંધેલું ઘાસ.

પડદેપોશ, વિ૦ પડદામાં રેયું હોય તે-તેવું.

પડદો, પું૦ બારો. (પર્તરાજળો, ઘાસ વગેરેનો). ૨ આંતરો; જેથી બે ભાગ પડે તેવી જે વચમાં પડેલા ભીત ફરેશ્ત્રળ વગેરે તે. ૩ સૂર્યનો તાપ અટકાવવાને ગાડી ઉપર જે કપડું તે. ૪ કોઈની નજર ન પડે માટે જે વચમાં કપડું-ચક-વગેરે તે. ૫ જે જે આડા વળગાડેલા તારને ડાબ્યાથી જૂદા જૂદા અવાજ નિકળે તેમાંનો એકેક-(સતારના પડદા). ૬ કાનની ચામડીના જે પડની મારફતે અવાજ સંભળાય છે તે- (કાનના પડદા). ૭ ઓઝલ; જનાનો. પડદામાં રાખવું એટલે ખુણામાં. ૮ સન્તાડી મેલવું; છુપું રાખવું.

પડપું, ન૦ દુબળું-અશક્ત માણસ.

પડપુછ, સ્ત્રી૦ ફરી ફરી પુછવું તે; પુછપાછ.

પડબીડિયું, ન૦ લખેલા કાગળ જે કોરા કાગળના ઢાંકણમાં રાખવામાં આવે છે ને જેના ઉપર સરનામું કરવામાં આવે છે તે. [નાની ભીત તે.

પડભિંતિયું, ન૦ ભીતને ટેકો આપવાને જે બુરજ અથવા

પડવાયો, પું૦ ખાટલાના માથાની પાસના પાયા તળે મુકવાના લાકડાના જે ગોળ ચપટા ઘાટ તેમાંનો એક. ૨ જમવા બેસતી વખત પગને ટેકણ આપવાને લાકડાંનો જે ઘાટ તે.

પડવું, ક્રિ૦ અ૦ [સં૦ પતન] ઊંચેથી જોરમાં નીચે આવવું. તે ઘોડા ઉપરથી પડ્યો; વરસાદ પડે છે; ઝાડેથી ફળ પડ્યું વગેરે. ૨ ઉભું હોય તેણે આડુંથવું; વાંકુંથવું. તે તેને પગે પડ્યો; કરો પડ્યા વગેરે. ૩ ઘા લાગેથી જમીનપર પડી મરવું. તે સરદાર લડાઈમાં પડ્યો. ૪ ઓછુંથવું;-હાલમાં શેરનો ભાવ પડ્યોછે; પવન પડ્યો છે. ૫ દુર્દશામાં આવવું-અપમાન થવું, દ્રવ્ય જવું, શોભારહિતથવું વગેરે. 'પડ્યાં ન ઉઠ્યાં બાઈ, રાજ મોટાંમોટાંઓ'! ૬ વચમાં આવી નડવું. તેને બહુ હરકત પડી. ૭ હોવું; બનવું-તમે શેઠ પડ્યા ને હું ચાકર પડ્યો. ૮ આળસુ રેવું; નકામું બેસી રેવું-ઉઠ, પડીશું રેયોછે? તે હમણા ઘેર પડી રેછે. ૯ કામમાં ગુંથાવું; માચિવું. પછી તે ધન્ધામાં પડ્યો. ૧૦ જરૂરીઆત થવી; તાબેથવું. જગાની તંગાસને લીધે તેને ઘર બાંધવું પડ્યું; ખમવું પડ્યું. ૧૧ જથાબંધ-સામટાંનાં મુલ ઉપરથી ભાગે પડતું અકકેકનું મુલ ઠરવું. તે શાલ જોડા તેને સો સો રુપિયે પડ્યા; પાંચ રુપિયાનું બશેર તો નવટાંકનું શું પડે? ૧૨ છાયા રુપ બનવું; ભિગ દેખાવો. ગમેતેટલી તજવીજ કર પણ કાળાસ તો પડશેજ. ૧૩ દૈવજોગે બનવું અથવા કોઈ કારણથી પ્રાપ્તથવું. માથે પડી ને ભોગવ્યા વના છુટકો નહી. ૧૪ ઝંપલાવવું; નિર્ભયપણે ધુમવું-તે મેદાન-બ્હાર પડ્યો. ૧૫ થવું; બનવું-ફોટોગ્રાફથી તસવીર આબેહુબ ને તોડે પડેછે. ૧૬ હોય તેથી

જુદી હાલતમાં આવવું—આજારી પડવું. સમજ પડવી એટલે સમજ આવવી. ઉજ્જડ પડવું—ઉજ્જડ થવું. ધાડ પડવી એટલે એકદમ ધાડ આવવી. આંતર પડવું એટલે ભીંતમાં બાકું થવું. સિક્કા પડવા એટલે સિક્કા નવા બનવા. રસ્તો પડવો એટલે નવો રસ્તો થવો અથવા ઢંકાયો હોય તે પાછો ઉઘડવો. ગળે પડવું એટલે વગર હકે જબરદસ્તીથી માંગવું; આળ મુકવું. ૨ સામાં માણસને કરવાની જરૂર પડે તેવા અતીસે કાલાવાલા કરવા. નામ પડવું એટલે અમુક મૂલ એવું નક્કી થવું. ૨ જેથી કોઈ ચિડાય તેવું તેનું બીજુંનામ ચાલવું; મશ્કરીમાં જે શબ્દે કોઈને બોલાવાય તે. ગભું પડવું એટલે માંહેનો કાકડો ઢીલો થવો; તાળવું બેસવું. અવાજ પડવો એટલે સાંભળવું. ભાંગી પડવું, ટુટીપડવું, બંધપડવું એ ઠેકાણે પડવું એ પાછલી ક્રિયાની પૂર્ણતા બતાવેછે. પડું પડું થઈ રેવું એટલે નીચે પડવાની તૈયારીમાં આવી રેવું. ફીકું પડવું એટલે શરમ લાગવી. હમણાં કાં પડ્યાછો એટલે કાં નોકરી કરોછો અથવા કોને ઘેર મુકામ [રાખ્યો છે.

પડવૈયો, પડવાયો.

પડવો, પુ૰ પખવાડિયાંનો પેહેલો દાડો.

પડસુદી, સ્ત્રી૰ ભીના ઘઊંને દબ્યાથી જે સફેત ઝીણું લોટ પડેછે તે; મેદો.

પડળ, ન૰ [સં૰ પટલ] આંખમાં છારી પડેથી નજર અને જોવાની ચીજની વચમાં જે પડદો પડેછે તે; ઝાંખ. પડળ આવવાં—કાડવાં.

પડાઉ, પુ૰ વાણ ઉપર માલ લઈજવાનો મછુવો.

પડાઉ, વિ૰ જબરદસ્તીથી અથવા ફોસલાવીને લઈ લીધેલું; હરામનું (માલ); પડાવી લીધેલું.

પડાપડ-ડી, સ્ત્રી૰ ઉપરાઉપરી પડવું તે. ૨ સરસાઈ; એકેકથી ચડિયાતાં થવું તે. ૩ ઉપરાઉપરી માગણી થવી તે.

પડાવ, પુ૰ પડવું તે. ૨ રેવાનું મુકામ. ૩ છાવણી(લશકરની).

પડાવવું, ક્રિ૰ સ૰ ફોસલાવીને અથવા જબરદસ્તીથી લઈલેવું. [ઢાળ તે.

પડાળ, સ્ત્રી૰—ન૰ મોભની અકેક બાજુનો છાપરાંનો જે

પડાળી, સ્ત્રી૰ એક પડાળની છાપરી. [સાપ; પડ.

પડિયું, ન૰ પડ (ધંટીનું). ૨ એક જાતનો કાબરચિતરો

પડિયો, દડિયો.

પડી, સ્ત્રી૰ જેમાં જે ઘણીક વસ્તુ બાંધેલી હોય તેમાં તે. (હવનપડી, ઓસડની પડી વગેરે).

પડીકું, ન૰ મોય વસ્તુ ને તેના ઉપર પાતરાં કાગળ વિંટાળેલાં એવો જે બાર દેખાતો મોટો અથવા છેકજ નાનો ધાટ તે.

પડો, પુ૰ ઉપસ છેડે અણી ને તળિયેથી ચપટું ગોળ એવું જે મોટું લાખ્યું પડીકું તે. ૨ [પટહ] ઢોલ; નગારું 'નગર પડો વજડાવિયો.'

પડોશ-સ, ન૰ પાસેની જગા.

પડોશી-સી, વિ૰ ઘરની પડખે-પાસે રેનાર. ૨ એક મોહોલ્લામાં રેનાર. પડોસેણ-પડોસમાં રેતી સ્ત્રી.

પડો, પુ૰ બાવળની સીંગ.

પઢવું, ક્રિ૰ સ૰ [પઠન] ભણવું; અભ્યાસ કરવો. ૨ બોલવું; શબ્દ કાડવો.

પણ, ન૰ વચન; સોગન; નીમ; ટેક; પોતાપણું; મમત્વ.

પણ, અ૰ (ઉભયાન્વયી). એ શબ્દ વાક્યના અર્થને બરોબર પૂરો કરવા સારૂ વધ, ઘટ, વિરોધ બતાવેછે. તમે દશ કોછો પણ તે પન્દર કેછે; તે ચતુર છે પણ વિવેકમાં કાચો છે; તમે કોછો કે તે કામ પારપડશે પણ તે વાતનો માહિતગાર કેછે કે ઉલટું નુકસાન થશે; પરન્તુ; લેકીન; તોપણ; એમછતાં. ૨ (શબ્દયોગી) જારે એ શબ્દ નામ સર્વનામની સાથે જોડાયછે ત્યારે તે, સામેલ-સાથે એવો અર્થ રાખેછે; જેમ કેટલાએક તેમ વળી બીજું કોઈ. હું પણ ત્યાં જવાનો છઉં; મયારામ પણ આવ્યો છે; અપિ. ૩ શબ્દની સાથે જોડાઈને પણુંનો અર્થ રાખેછે—બાળપણ, ગભપણ, ડાપણ ઈત્યાદિ.

પણઘટ, ન૰ પાણીનો ઘાટ; જ્યાં બૈરાંઓ પાણી ભરવાને જાય તે ઠેકાણું—નદી, તળાવ, વાવ, કુવો વગેરે.

પણછ, સ્ત્રી૰ કામઠીના બે છેડા જોડનારી એવી જે ચાપને ખેંચવાથી તીર મરાયછે તે; ચાપ.

પણતર, ન૰ પરણવું તે. ૨ પરણેલી (સ્ત્રી).

પણવું, પરણવું. [વા રાખેલી નહિ).

પણિયત, વિ૰ પરણેલી; લગન કરેલી (નાતરાંની અથ-

પણિયારી, સ્ત્રી૰ પણઘટ ઉપરથી પાણી ભરી આવનારી સ્ત્રી.

પણી, સ્ત્રી૰ ભાજી વગેરેની બારી; જુડી. મૂળાપણી ચણાપણી વગેરે.

પણું, અ૰ એ, ગુણ સ્થિતિ મમત્વ દેખાડવાને શબ્દની સાથે મુકવામાં આવેછે. નીચપણું; બળપણું; મુસદીપણું, ક્ષત્રીપણું, પોતાપણું વગેરે.

પણો, પુ૰ રેતી ને ધૂળ એ બેનો જે મિશ્ર તે; દડ; રેતી.

પણ્ડ, પુ૰ શરીર; જાત. ૨ પિત્તાસવાળો ધોળો-ફીકો પડી જાય, પીયર રે, પેટ મોટું થાય એવો એક રોગ.

પણ્ડિત, પુ૰ [સં૰] થોડું ઘણું પણ ઘણાક શાસ્ત્રનું ગ્નાન ધરાવનારો; વિદ્વાન.

પણ્ડુ, પુ૰ [પાણ્ડુ] પણ્ડ રોગ.

પણ્ડે, અ૰ જાતે; પોતાનું શરીર સાથે રાખીને; પોતેજ; ખુદ (કોઈની મારફેત નહિ).

પણ્ડોળું, ન૰ એક જાતનું જાડું સાપના આકારનું લાબું ફળ જેનું શાક થાયછે.

પત, પતિ. (કવિતામાં).

પત; સ્ત્રી૰ આબરૂ ટેક. ૨ સાખ; ધીર. પત ખોવી-રાખવી.

પતકરવું, ક્રિ૦ સ૦ માન રાખવું; દરકાર રાખવી; અણકારવું. ૨ માનવું; કબુલ કરવું. ૩ કોઈ કામ કરવાનું માથે લેવું.

પતઙ્ગ, પુ૦ [સં૦] એક જાતનો સુન્દર પાંખવાળો કીડો (એની એક જાત દીવામાં પડેછે). ૨ હવામાં ઉડાવવાનો એક જાતનો કનકવો. ૩ એક જાતનું લાકડું, જેનું ગલાલ થાયછે તે અથવા તેનો રંગ. ૪ સુરજ.

પતઙ્ગિયું, ન૦ પતઙ્ગ (૧ લા અર્થમાં).

પતઙ્ગિયો, પુ૦ પતઙ્ગ (૧લા અર્થમાં).

પતજડી, સ્ત્રી૦ પાનખર ઋતુ; શિયાળાના જે મહિનામાં ઝાડના પાંતરાં ખરી પડેછે તે.

પતન, ન૦ [સં૦] પડવું તે. [મોટાઈ હાંકવી તે.

પતરાજ-જી, સ્ત્રી૦ ફુલાસ; બડાઈ; ગર્વ; પોતાને વિષે

પતરાવળ-ળી, સ્ત્રી૦ ખાખર વગેરેના પાંતરાં સળીથી એકઠાં જોડી જમણ લેવા સારૂ બનાવેલો જે આકાર તે. કેળનું પાતરૂં તેપણ પત્રાવળી કેવાય.

પતરૂં, ન૦ [પત્ર] ધાતુને ટોકી ટોકીને બનાવેલો થોડોઘણો પાતળો સપાટ ઘાટ તે. તાંબાં-લોઢાં-રૂપાં-સુનાં વગેરેનું પતરૂં.

પતવાળ-ળી, પતરાવળી, પતવાળું પણ કેવાયછે.

પતવું, ક્રિ૦ અ૦ સમાધાન થવું; તકરારનું શેવટ આવવું; માંડી વાળવું. ૨ જવું; ખસવું.

પતળવું, ક્રિ૦ અ૦ રૂઠવું; ગુસ્સે થવું. (કુટવામાં બૈરાંઓ બોલેછે 'હાય પરમેશ્વર હાય રે પતળ્યો.' ૨ વચન તોડવું. ૩ પલળવું; નરમ થવું.

પતાકું, પતાકા.

પતાકા, સ્ત્રી૦ [સં૦] નિશાણ; ધજા-વાવટો; (ધણું કરીને ત્રિકોણ શિવાયે બીજા કોઈ આકારની ને હાથમાં રાખવાની હોયછે). [ચુકાદો કરવો.

પતાવવું, ક્રિ૦ સ૦ સમાધાન કરવું; માંડીવાળવું; નિકાલ-

પતાસાં-સું ન૦ ગોળ ચપટા ઘાટની મિઠાઈ.

પતાળ, પાતાળ.

પતિ, પુ૦ [સં૦] ધણી; માલીક; શેઠ; સાહેબ.—એ શબ્દ બીજા શબ્દો સાથે જોડાયછે. જગપતિ, સેનાપતિ, લક્ષપતિ ઈત્યાદિ. ૨ વર; ધણી; કંથ.

પતિત, વિ૦ [સં૦] પડેલું; આડું ખસેલું. ૨ નીતિભ્રષ્ટ; વંઠેલ. ૩ જાત-ન્યાત-વર્ગથી બાર કાઢેલું. પતિતપાવન-પતિતને પવિત્ર કરનારો-તારનારો.

પતિરાં, ન૦ ઘેટાં નાનાં બકરાં.

પતિવ્રત, ન૦ પતિવ્રતાપણું; શિયળ.

પતિવ્રતા, સ્ત્રી૦ [સં૦] વચનથી માત્ર પોતાના વરનાજ ઉપર રહેલી એવી સ્ત્રી; શિયળ પાળનારી-સાધવી સ્ત્રી; સતી. [સાખ.

પતીજ, સ્ત્રી૦ [પ્રતીતિ] ખાતરી; પાકો ભરોસો. ૨ ધીર;

પતેલી-લું, પાતેલી-લું.

પત્તર, સ્ત્રી૦ પત; આબરૂ.-ખીખી નાખવું તે. પત્તરની સાથે રમવું એજ ક્રિયાપદ જોડાયછે. પત્તર રમડીનાખીશ એટલે આબરૂ લઇનાંખીશ.

પત્તરવડિયાં, પાતરવડિયાં.

પત્તો, પુ૦ ઠામઠેકાણું; નામનિશાણી; શોધ; પાર; ખબર. (તેનો પત્તો લાગતો નથી).

પત્થર, [પ્રસ્તર] પથરો.

પત્ની, સ્ત્રી૦ [સં૦] પતિની જે તે; વહુ; સ્ત્રી.

પત્ર, ન૦-પુ૦ કોઈને કંઈ લખી મોકલેલો જે કાગળ તે. ૨ કોઈપણ વિષય સમ્બન્ધી થયલું જે એકાદું લખાણ તે —એ અર્થમાં તે ઘણાક શબ્દસાથે જોડાયછે-માનપત્ર, ભલામણ પત્ર ઈ૦. ૩ ન૦ પાંદડું; પાંતરૂં. ૪ ધાતુનું પતરૂં. ૫ પાનું (એ પુસ્તકનું).

પત્રક, પુ૦ [સં૦] પાનું. ૨ એક આખો કાગળ. ૩ હિસાબનો કાગળ. ટીપ-યાદીનો કાગળ.

પત્રાજ-જી, પતરાજ.

પત્રાવળ-ળી, પતરાવળ-ળી.

પત્રાળી, સ્ત્રી૦ બાજ; પતવાળી.

પત્રિકા, સ્ત્રી૦ [સં૦] ચિઠ્ઠી; શ્લોક; સુન્દર શબ્દાર્થ વાળો પણ ટુંકો લેખ-કાગળ. ૨ જન્મપત્રિકા.

પત્રી, સ્ત્રી૦ [સં૦] જાય પત્રી; ૨ પત્રિકા-(શિક્ષાપત્રી).

પત્રું, પતરૂં

પથ, પુ૦ [સં૦] માર્ગ; રસ્તો.

પથરાવું, ક્રિ૦ અ૦ એકાદી વસ્તુએ બાંધ અથવા એકાદી વસ્તુ ઉપર લામ્બા પોળા આકારમાં પડવું-ઢરવું. ૨ વિસ્તાર પામવો; ફેલાવું. ૩ વિખેરાવું; છૂટું છૂટું પડી જવું.

પથરી, સ્ત્રી૦ નાનો પથ્થર. ૨ જે પથ્થરના લામ્બા કકડા ઉપર હજામ અસ્ત્રો ઘસેછે તે. ૩ એક જાતનો રોગ-પથરી જેવી ગોળ કઠણ વસ્તુ મૂત્રપિંડમાં બંધાય છે તે, જેથી પિશાબ થતાં બહુ હરકત પડેછે. ૪ ચકમકના પથ્થરનો કકડો.

પથરો, પુ૦ [પ્રસ્તર] મટોડાંનો અથવા ધાતુનો-બાઝીગયલો કઠણ એવો જે જથો અથવા એવો જે એકાદો કકડો તે. ૨ (લાક્ષણિક) એક ઠેકાણે પડી રે તેવો ચંચળતા વિનાનો પુરુષ; ટાડો; ધીમો. ટાડો પથ્થર કેવાયછે. ૩ જડ બુદ્ધિનો પુરુષ. ૪ વેમ; વાંધો. (તેણે વચમાં પથરો નાંખ્યો).

પથાણું, પાથરણું.

પથાર, પથારો.

પથારી, સ્ત્રી૦ બિછાનું; સુવાની તળાઈ વગેરે. પથારી કરવી એટલે પથારીને સાફ સુફ કરવી. પથારી પાથરવી કેવાયછે. ૨ મુકામ; બેસવા પડવાની જગા. ૩ બાંધ સાથરો અથવા મરનાર જે ઉપર છેલ્લો પડેછે તે.

પયારો, પુ૰ કોઈ પણ વસ્તુનો ફેલાવલો-વિસ્તારવલો જે આકાર તે અથવા એની હાલત તે.

પથિક, પુ૰ [સં૰] વટેમારગુ; પ્રવાસી.

પધ્ધર, પધરી.

પથ્ય, ન૰ [સં૰] ઔષધને લીધે ખાવા પીવાની જે ઘટતી તજવીજ તે; કરી; પહરેજી.

પદ, ન૰ [સં૰] પગ. ૨ પગલું. ૩ પદવી; દરજ્જો. ૪ જગા; સ્થળ; ઠેકાણું. ૬ વ્યંજનમાં સ્વરો મળેથી જે અક્ષરો થાયછે તે-કકા કિકી કુકૂ આદિ લઈ. ૬ શબ્દના અવયવમાંનો એકેકો. રાજ્યાભિષેક એમાં રાજ્ય ને અભિષેક એ અકેકું પદ કેવાય. ૭ વાક્યના કર્તા, કર્મ, ક્રિયાપદ, અવ્યય ઈ૰ રૂપ જે અકેકો અવયવ તે. ૮ જોડાંની પાળુજ થાળી વાડકો પંચ ભોગ વગેરેનું જે દાન બ્રાહ્મણને કરવામાં આવેછે તે. ૯ ગાવાની કવિતાનો-દેશી કવિતાનો એક ભેદ; ભજન. પદ ઘણી તરેહના હોયછે. ૧૦ શ્લોક અથવા વૃત્તનો ચોથો ભાગ; ટુક; કડી. ૧૧ (ગણિતમાં) શ્રેઢીના સઘ્ખ્યાંકો અથવા એમાંનું એક. ૧૨ વર્ગ અથવા ઘનનું જે મૂળ તે.—૪ નું વર્ગપદ ૨ ને ૨૭નું ઘનપદ ૩. [રૂપાનો ચાંદ.

પદક, ન૰ [સં૰] કંઠીમાં લટકતું જે પગલું તે. ૨ સુંવાળ-

પદખ્ખણા, પ્રદક્ષિણા.

પદચ્છેદ, પુ૰ વાક્યને કર્તા, કર્મ, ક્રિયાપદ, અવ્યય, વિશેષણ વગેરેમાં જૂદાં પાડી બતાવવા તે; વ્યાકરણ કરવું તે.

પદચ્યુત, વિ૰ પદ-પદવીથી રહિત થયલું; પદભ્રષ્ટ થયલું.

પદડી, સ્ત્રી૰ ગડાકુ ભરી રાખવાની ચામડાંની લામ્બી [કોથળી.

પદપંકજ, ન૰ [સં૰] પગરૂપી કમળ.

પદબન્ધ, પુ૰-ન૰ કવિતાના ચરણ બાંધવાં-જોડવાં તે.

પદમ, ન૰ પદ્મ.

પદમણી-ની, પદ્મિની.

પદર, પુ૰ [પલ્લવ] લુગડાંનો છેડો; પાલવ.

પદર, સ્ત્રી૰ સ્વસત્તાનું-પોતાનું એવા અર્થમાં જે સમ્બન્ધ દેખાડવો તે-પદરનું એટલે પોતીકું-ગાંઠનું; તેણે પોતાની પદરનું નાણું કાઢયું. ૨ આસરે-શરણના અર્થમાં તે તેની પદરે પડ્યો છે.

પદરખાનું, ન૰ જ્યાં અધિકારે ચાલતું હોય તે જગા.

પદલાલિત્ય, ન૰ [સં૰] કાનને મધુર લાગે તેવી જે સુન્દર શબ્દરચના તે. (કોમળ કઠોર વર્ણની પરસ્પર તોલના હોય તેવી). [કારરૂપ સ્થાન.

પદવી, સ્ત્રી૰ [સં૰] માન વાળી જગા; દરજ્જો; અધિ-

પદારથ, પદાર્થ.

પદાર્થ, પુ૰ દુનિયામાં પેદા થયલું જડરૂપ જે એકાદું તે; વસ્તુ; ચીજ. ૨ છે એવું જે કંઈ તે.-પછી જડ કે ચૈતન-જગતમાં ઉત્પન્ન એવું અથવા માણસના તર્ક વિચારથી ઉપજેલું એવું. હા કે'ના છે કે નથી એવું કેવા જોગ કંઈ તે. (તર્ક શાસ્ત્રમાં મૂળ સાત પ્રકારના પદાર્થ કહ્યા છે.-દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય ને અભાવ. ૩ પદનો જે અર્થ તે. ૪ ખાવાની ઊંચી જાતની સવાદદાર ચીજ. ૫ સુનું રૂપું હીરા વગેરે જે એકાદો ધાતુ તે. ('પાન પદારથ સુઘડનર, અણતોલે વેચાય'). ૬ મનુષ્યને જન્મધરી પારપાડવાના હેતુ-એ ચાર છે-ધર્મ, અર્થ, કામ ને મોક્ષ.

પદાર્થવિજ્ઞાન, ન૰ [સં૰] પદાર્થના ગુણ-સામાન્ય ધર્મની શિક્ષા આપતું જે શાસ્ત્ર તે.

પદાવવું, ક્રિ૰ સ૰ પાદે તેમ કરવું. ૨ ધાસ્તી-ધમકીથી ગભરાવી નાખવું.

પદી, વિ૰ [સં૰] જેમાં પદો-કડિયો-શ્લોક હોય તેવું-[કું વગેરે. તે. (અષ્ટપદી).

પદું, ન૰ કામ-ધંધો. (પાછુંના અર્થમાં) ગોરપદું, કવિપ-

પદેડવું, ક્રિ૰ સ૰ તગેડવું; દોડાવવું.

પદોડવું, ક્રિ૰ સ૰ બગડી જાય તેટલું વાપરવું; રગદોળવું. (લગડું, ઘરેણું).

પદ્ધતિ, સ્ત્રી૰ [સં૰] એકાદું મોટું કામ કરવામાં પ્રથમ આ કરવું પછી તે એવી જે ગોઠવણ કરી રાખેલી તે; એકાદિ ક્રિયા અમુક ક્રમમાં પુરી કરવાની જે રીત તે. ૨ ક્રમ; ઓળ; હાર. ૩ લખવાની તરેહ-છટા-રીત.

પદ્મ, ન૰ [સં૰] કમળ ફૂલ. ૨ સો કરોડ અથવા અબજ જેટલી જે સઙ્ખ્યા તે. ૩ અંગુઠા ઉપર જે કમળ રૂપ [રેખા ચિન્હ તે.

પદ્મરાગ, પુ૰ [સં૰] માણેક.

પદ્મા, સ્ત્રી૰ લક્ષ્મી.

પદ્માસન, ન૰ [સં૰] આસન-બેસવાની એક રીત. (શ્રાવકના પારસનાથ જેવી). ૨ જોગનું એક આસન. ૨ ભોગનું એક આસન.

પદ્મિની, સ્ત્રી૰ [સં૰] શૃંગાર શાસ્ત્રમાં ચાર પ્રકારની સ્ત્રી વરણી છે તેમાંની એક. રૂપ રંગ નાજુકાઈ સુઘડતા વિવેક ચાતુરી વગેરેથી પેલા વર્ગમાં મુકવા જેવી જે સ્ત્રી તે. [ઉલટું ગદ્ય).

પદ્ય, ન૰ [સં૰] કવિતા રચના; વૃત્ત; પ્રબન્ધ. (એનું

પધરામણી, સ્ત્રી૰ પધરાવવું તે.

પધરાવવું, ક્રિ૰ સ૰ માનથી તેડી આણી બેસાડી પૂજવું-માન આપવું. તેણે આજ મહારાજાને પધરાવ્યા છે. ૨ માનથી વિદાય કરવું. ગણપતીને તળાવમાં પધરાવ્યા. ૩ ન ખપતો માલ-અણગમતી વસ્તુ પોતાને ખોટ ન જાય તેવી રીતે તજવીજથી-ગટરપટર સમજાવી બીજો સખસ ખરીદ કરે તેવું કરવું. તેણે પોતાની પાસેની ચાર પાઘડીમાંની એક નરસી હતી તે પડોસીને પધરાવી.

પધારવું, ક્રિ૦ અ૦ માન સાથે આવવું-આવી બેસવું. ૨ માન સાથે વિદાય થવું-જવું.

પનઘટ, પાંણઘટ,

પનાહ, સ્ત્રી૦ [ફા૦] સંરક્ષણ; આસરો; ઓથ.

પનું, ન૦ ગોળ ને આમલી અથવા કાચી કેરીનો મસાલા સાથે ઉકાળેલો જે પદાર્થ ખિચડી સાથે ખાવામાં આવેછે તે.

પનો, પુ૦ [ફા૦] લુગડાંની પોલાઈ.

પનોતી, સ્ત્રી૦ શનિની દશા. ૨ પડતી દશા; તન મનને પીડા હોય તે સમે. [રક. (નામ).

પનોતું, વિ૦ મઙ્ગળદાયક; લાભકારી; ભાગ્યશાલી-મુખા-

પન્તિયાળું, ન૦ એકથી વધારે જણે સરખા અથવા ઓછાવધતા ભાગે નાણું કાડી વેપાર-ધન્ધો કર્યો હોય એવું જે એકઠાપણું તે; જેમાં ઘણાની પાંતી-ભાગ હોય તેવું ધન્ધાં વગેરેનું જે એકઠું ચાલતું કામ તે; ભાગિયું-ભાગિયા ભાગનું કામ તે. [ભાગિયો.

પન્તિયાળો, પુ૦ પન્તિયાળાંમાં જેની પાંતી હોય તે;

પન્થ, પુ૦ [સં૦ પથ] રસ્તો; માર્ગ. 'એક પન્થ દો કાજ.' ૨ ધર્મ માર્ગ; ધર્મ સમ્બન્ધી મત ભેદ-વલ્લભી-સહજાનંદી-દાદુ-કબીર-નાનક પન્થ. ૩ સંસારમાં વર્તવાની રીત.-તેનો પન્થ વળી ન્યારોજ છે. ૪ તેરમાને દાડે મુવેલાંની પછવાડે જે થાળી, જોડા, છતરી, દોરી, કરાલી, ખાવાનું રાખવાની ઝોળી વગેરેનું જે દાન આપવામાં આવેછે તે.-પન્થ વળાવ્યો કેવાય છે.

પન્થી, પુ૦ પન્થનો. કબીર-નાનક પન્થી. ૨ પ્રવાસી;

પન્દર, વિ૦ [પઞ્ચદશ] પાંચ ને દશ; ૧૫. [વટેમારગુ.

પન્દરવાડિયું, પખવાડિયું.

પન્નગ, પુ૦ [સં૦] સાપ.

પન્નર, પન્દર.

પન્નાળ, પરનાળ.

પન્નાળિકા, પરનાળિકા.

પપનસ-પાઉં, ન૦ એક જાતનું ફળ.

પપેટી, સ્ત્રી૦ પારસીઓનાં નવાં વરસનો પેલો દાડો.

પપૈયો, પુ૦ બપૈયો; ચાતક પક્ષી. ૨ દાત્રયાથી-આંટણ પડેથી-પલાસટર મારેથી જે પાણીનો ફોલ્લો થઈ આવેછે તે. ૩ સીતારના મધ્યભાગથી જરા નીચે બધાથી પાતળો એક તાર ભેરવવામાં આવેછે તે-ખાટી.

પબ્લિક, વિ૦ [અં૦] જાહેર.

પમાડવું, ક્રિ૦ સ૦ કોઈ કંઈ પામે તેમ કરવું; પોંચાડવું. સુખ પમાડવું; સ્વધામ પમાડવું ઈ૦. [તેમ ઘસવું.

પમ્પાળવું, ક્રિ૦ સ૦ શરીર ઉપર ધીમે હાથે સુંવાળું લાગે

પય, ન૦ [સં૦] પાણી. ૨ દૂધ.

પયું, ન૦ કોશે જોડેલા બળદને કોશ ખેંચી ચાલવાની જગા; ઓલાણ.

પયોધર, પુ૦ [સં૦] દરિયો. ૨ વાદળ. ૩ સ્તન; થાન; આંચળ.

પર, વિ૦ [સં૦] બીજું; પોતાનું નહિ પણ પારકું. પરધન, પરદેશ, પરસ્ત્રી ઈ૦. અ૦ આઘે; દૂર; ઉપરાંત. ઇન્દ્રિયપર, બુદ્ધિપર, પરાત્પર ઈ૦. ૨ પછી હોય તેમ (પ્રથમ નહિ); પૂર્વનું ઉલટું. અક્ષર એમાં અ એ, ક્ષની પૂર્વે ને ર એ ક્ષની પર છે. ૧ ઊપર. પાટપર બેસ.

પર, ન૦[ફા૦] પીછું; પીછું (પક્ષીનું). ૨ (લાક્ષણિક) શક્તિ; હોંસ; ગરૂરી. તેને હવે પર આવવા માંડ્યાં છે. ૩ પારકો વેશ; કૃત્રિમ રૂપ. [પરાઈ; પારકી (વસ્તુ).

પરઈ, સ્ત્રી૦ ઘાંણીનો દાંડો-દસ્તો; પરાઈ; પરા. વિ૦

પરકમા-મ્મા, સ્ત્રી૦ [પરિક્રમણ] ગોળ ચક્કરમાં અથવા અહીં તહીં આસપાસ ફરવું તે; પ્રદક્ષિણા.

પરકાયા પ્રવેશ, પુ૦ જીવે બીજાના ખોળિયામાં પ્રવેશ કરવો તે.

પરકીયા, સ્ત્રી૦ [સં૦] બીજા-પારકાની સ્ત્રી. (જેને પરપુરૂષ સાથે પ્રીતિ હોય તે)-રસશાસ્ત્રમાં ત્રણ પ્રકારની નાયિકા કહી છે તેમાંની એક-સ્વકીયા, પરકીયા, [સામાન્યા.

પરખ, પારખ.

પરખવું, પારખવું.

પરખાણ, પાણના કુવા ઉપરનું મેડ બાંધવાનું આડું લાકડું.

પરખાવવું, ક્રિ૦ સ૦ પારખ્યું હોય તેવી હાલતમાં આણવું. ૨ દેખાડવું; આપવું. તેણે તને કંઈ પરખાવ્યું કે નહિ?

પરખાવું, ક્રિ૦ અ૦ પારખ થવી; ઓળખાવું; સમજાવું.

પરખિયો, પુ૦ રૂ પરખનાર.

પરગજુ, વિ૦ બીજાની-પારકાની ગરજ મટાડવા-પૂરી પાડવામાં સહાય કરનાર (પોતાને થવાનો લાભાલાભ ન વિચારતાં).

પરગણું, ન૦ [ફા૦] રાજ્યોનો એક નાનો વિભાગ જે પોતાના ઘણાક ગામમાના એકાદા મુખ્ય કસબા-કિલ્લાનાં નામથી ઓળખાયછે.

પરગમન, ન૦ [સં૦] જારકર્મ; છિનાળું.

પરચુટણ-રણ, વિ૦ જેના નામ દેવાની અગત્ય નહિ એવું જૂદું જૂદું ઘણુંએક. કામ, સામાન વગેરે. અ૦ એક જથે નહિ પણ છુટક છુટક જૂદું જૂદું જે જેટલું જોઈયે તે તેટલું તેવી રીતે (વેચવું). એક આખી વસ્તુનો જે ઘણી જાતનો ઘણોક અવેજ તે. રૂપિયાનું પરચુરણ આપ એટલે તેને બદલે અડધો પાવલી બેઆની દુઅ-ડિયાં અડધી વગેરે.

પરચો, પુ૦ ચમત્કાર; પરતો. [કાળીપરજ-ત.

પરજ, એ નામનો એક રાગ. સ્ત્રી૦ પરત-પ્રત (વર્ગ);

પરજઙ્ક, પર્યઙ્ક.

પરજિયો, પુ૦ પરજ. ૨ મરજાની કંઈક છાયા આવે તેવા ઢાળનો વિલાપ; રાજિયો.

પરઠવું, ક્રિ૦ સ૦ પઠવું; કિમ્મત ઠેરવવી.

પરડ, અ૦ એવો થતો અવાજ બતાવેછે (પેટનો વા છુટ- તી વખત).

પરડો, પુ૦ બાવળની સીંગ.

પરણ, ન૦ પરણવું તે; લગન. (જણ, પરણ, ને મરણ). ૨ પાનડું.

પરણનું, પ્રણમું, પ્રણામ કરૂં.

પરણવું, ક્રિ૦ સ૦ [સં૦ પરિણય] સંસાર લાવો લેવાને કોઇ કન્યાએ ને કોઇ પુરૂષે શાસ્ત્ર વિધિ પ્રમાણે પરસ્પર સમ્બન્ધ કરવો. તે પરણ્યો, તે પરણી, તે તેની સાથે પરણ્યો—ણી.

પરણાવવું, ક્રિ૦ સ૦ છોકરી—છોકરો પરણે તેમ કરવું. ૨ વઘારવાને પાણી રેડવું. (દાળને પરણાવો કે ખૂટે નહિ). ૩ છેતરીને આપી દેવું; ગળે ઘાલવું. તેણે પોતાનો માલ તેને પરણાવ્યો.

પરતક્ષ, પ્રત્યક્ષ.

પરતન્ત્ર, વિ૦ [સં૦] બીજાના તાબામાં હોય તેવું; પરાધીન. (સ્વતન્ત્રનું ઉલટું).

પરતવું, ક્રિ૦ સ૦ ખૂબ ઝીણું વાટવું—ઘુંટવું. એળચી જસત ઓસડ કાજળ વગેરેને.

પરતીત, સ્ત્રી૦ [પ્રતીતિ] પતીજ; ખાતરી. ૨ ભરોસો; વિશ્વાસ.

પરતો, પુ૦ [પ્રતાપ] જાગતાપણું; હજુરાહજુર હોવું તે; તરત પારખું દેખાડવું તે. (દેવ દેવીનું). ૨ મનુષ્યથી ન બને તેવી લીલા. ૩ મહિમા; તેજ; ડર ઉપજાવે તેવો ગુણ.

પરત્વે, અ૦ લીધે; યોગે; થી. દેશ—કાળ પરત્વે. પરત્વે-કરીને પણ કેવાય છે.

પરદાદો, પુ૦ દાદાનો બાપ; બાપના બાપનો બાપ.

પરદાર, સ્ત્રી૦ [પરદારા] પારકાની સ્ત્રી.

પરદેશ, પુ૦ [સં૦] પોતાનો નહિ પણ બીજો—પારકો દેશ. ૨ જન્મભૂમિ—વતનથી જે દૂરનો મુલક તે.

પરદેશી, વિ૦ પારકા દેશ સમ્બન્ધી. ૨ ઉત્તરહિન્દુસ્તાનના કનોજિયા — સારસ્વત બ્રાહ્મણ જે મુંબઇ ઇલાકામાં નોકરીને સારુ આવેછે તે.

પરધર્મ, પુ૦ પોતાના કુળના—દેશના ધર્મથી જે બીજો ધર્મ તે.

પરનાત્યું, વિ૦ [પરજાતિ] બીજી નાતનું.

પરનાળ, સ્ત્રી૦ [પ્રણાલિકા—લી] નેવનું પાણી ઝિલવા સારૂ અથવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે પાણી પોંચાડવા સારૂ ચતાં નળીયાંને એકમેકમાં ઘાલી બનાવેલું અથવા લાકડાં—પતરાંનું જે સાધન તે.

પરનાળિકા, સ્ત્રી૦ એકાદા કુટુંબમાં વંશપરંપરા ચાલતી આવેલી જે રૂઢિ તે. ૨ પરનાળ.

પરન્તુ, અ૦ [સં૦] પણ; તોપણ. તમે આમ બોલોછો પરન્તુ મેં આમ સાંભળ્યું છે.

પરન્દું, ન૦ [ફા૦] પંખી; પક્ષી. (ચરન્દ—ચોપગું).

પરપેઠ, સ્ત્રી૦ ત્રીજીવાર લખેલી જે હુંડી તે. હુંડી, પેઠ ને પરપેઠ એમ ક્રમ છે.

પરપોટો, પુ૦ પાણીપર થતો હવાથી ભરેલો જે ફુગ્ગો થઇને પાછો તરત ફાટી જાય છે તે. ૨ પાણીથી ભરેલો ફોલ્લો.

પરબ, ન૦ [પ્રપા] રસ્તામાં મુસાફરને ધર્માદા પાણીપાવાને માટે એરું ભરી મુકવાની જે જગા તે.

પરબિડિયું, પડબિડિયું.

પરબિયો, પુ૦ પરબમાંથી પાણીપાનારો.

પરબુદ્ધિ, સ્ત્રી૦ પારકાની બુદ્ધિ.

પરબ્રહ્મ, ન૦ જ્ઞાનબ્રહ્મથી પણ પર તે. પુ૦ જગદીશ્વર પ્રભુ.

પરભવવું, ક્રિ૦ સ૦ કાયર કરવું; થકવવું.

પરભા, સ્ત્રી૦ પરવા; દરકાર.

પરભાતિયું, પ્રભાતિયું.

પરભારયું, વિ૦ પારકું; અજાણ્યું; ત્રાહિત; સમ્બન્ધ—ઓળખાણ ન હોય તેવું (માણસ).

પરભારયું, અ૦ બારોબાર; સમ્બન્ધ ન જણાય તેવી રીતે. તે કામ તું પરભારયું કરી આવજે. ૨ બારોબાર; ઘેર આવ્યા વિના. તું ત્યાં પરભારયો જજે.

પરમ, વિ૦ [સં૦] સહુથી શ્રેષ્ઠ; ઉત્તમ; મુખ્ય. પરમ ચતુર, પરમેશ્વર. અ૦ ઘણુંજ; અતિશય.

પરમ, સ્ત્રી૦ ત્રીજો દહાડો.

પરમદહાડે—દી, અ૦ ત્રીજે દહાડે. ગયે પરમ દહાડે ને આવતે પરમ દહાડે.

પરમ પ્રિય, વિ૦ [સં૦] ઘણુંજ વાલું એવું.

પરમહંસ, પુ૦ [સં૦] પરમાત્મા; બ્રહ્મ. ૨ એક જાતનો સાધુ જેણે જ્ઞાનથી સર્વ ઇન્દ્રિય વશ કરી હોય ને જે જાતિભેદનો વિચાર ન રાખતાં હરકોઇ જાતિનું રાંધેલું ખાય તે.

પરમાણવું, ક્રિ૦ સ૦ સાચું માનવું; દાખલા દલીલ વાજબી છે એમ જાણી કબુલ રાખવું.

પરમાણુ, પુ૦ [સં૦] કોઇ વસ્તુનો અતિ સૂક્ષ્મ—ઝીણામાં ઝીણો જે અંશ તે (એનાથી ઝીણો બીજો કોઇ ન હોય). ૨ પૃથિવ, જળ, તેજ, વાયુનો જે અતિ સૂક્ષ્મ અંશ જે ઉપર સર્વ ઠાઠ રચાયો છે તે. સૂર્યકિરણમાં જે રજકણ ઉડતી દેખાય છે તેનો તીસમો ભાગ એટલું જે માપ તે.

પરમાણે, પ્રમાણે.

પરમાત્મા, પુ૦ [સં૦] બ્રહ્મ; સર્વ સૃષ્ટિના આત્મારૂપ જે જગદીશ તે—જીવાત્મા એટલે પ્રત્યેક મનુષ્યનો જીવ અને પરમાત્મા એટલે મુક્ત જીવ—શિવ, બ્રહ્મ.

પરમાનન્દ, પુ૦ [સં૦] શ્રેષ્ઠ—ઊંચો આનન્દ. ૨ બ્રહ્મ.

પરમાર્થ, પુ૦ [સં૦] સહુથી શ્રેયો ને સરસ એવો જનનો જે ઉદ્દેશ તે; મોક્ષપ્રાપ્તિ—નું સાધન. ૨ જન—લોકનું હિત કરવું તે; પરોપકાર બુદ્ધિ કર્મ; ધર્મ; પુણ્ય. (સ્વાર્થનું ઉલટું)—એ બીજા અર્થમાં ઘણું કરીને પરમાર્થ શબ્દ વિશેષે વાપરેછે.

પરમાર્થી, વિ૦ (૨ જા અર્થમાં) પરમાર્થ જાણનારો—કરનારો.

પરમિયો, પુ૦ [પ્રમેહ] પિશાબની વાટે બગડેલી ધાત જયાં કરે તે રોગ.

પરમેશ-શ્વર, પુ૦ [સં૦] જગદીશ; બ્રહ્મ.

પરમેશ્વરી, દેવી; આદ્યશક્તિ.

પરમો. પરમિયો.

પરમ્પરા, સ્ત્રી૦ [સં૦] ઘણા કાળથી ચાલતો આવેલો જે ઉત્તરોત્તર ક્રમતે. વંશપરમ્પરા. અ૦ અસલથી ચાલતું આવેલું હોય તેમ. પરમ્પરાગત-પરમ્પરાથી ચાલતું આવેલું.

પરરાજ, ન૦ [સં૦] જે રાજ્યમાં પોતે હોય તેથી બીજું રાજ્ય. ૨ દેશમાં દેશીનું નહિ પણ પરદેશીનું રાજ.

પરલી, સ્ત્રી૦ ખિલોડી.

પરલોક, પુ૦ [સં૦] મુવા પછી પ્રાણીની જે સ્થિતિ તે. પરલોક સાધન. ૨ આ લોક-આ દુનીયા નહિ પણ મુઆ પછી જે લોકમાં જઈ વસવું તે. ૩ પોતાના નહિ પણ બીજા-પારકા લોક. 'પર લોકતણો બહુ વાંક કહે સુધરે નહિ કાજ જરા અહિંયાંનું.'

પરવ. પર્વ. ૨ પરબ. [નુકુળ પડવું.

પરવડવું, ક્રિ૦ અ૦ પાલવવું; ભોજવું; લાભ-ઈચ્છાને અ-

પરવડતું, વિ૦ પાલવતું; ભોજતું; અનુકુળ આવતું.

પરવણી, પર્વણી. [માં ફેલાવવું.

પરવરતાવવું, ક્રિ૦ સ૦ નવું માડી ચાલતું કરવું; જાહેર-

પરવરદેગાર, પુ૦ [ફા૦] પ્રાણીમાત્રને પુરૂં પાડનાર દુનિયાનો સાહેબ.

પરવરવું, ક્રિ૦ અ૦ જવું; સિધાવવું.

પરવરશી, સ્ત્રી૦ [ફા૦] પાળણ પોષણ કરવું તે.

પરવશ, વિ૦ [સં૦] પોતાને નહિ પણ પારકાને વશ-તાબે હોય તેવું. [છે.

પરવળ, ન૦ એક જાતનું શાક-ધોલોડાં જેવાં ફળ થાય

પરવા. સ્ત્રી૦ [ફા૦] તમા; દરકાર.

પરવાનગી, સ્ત્રી૦ [ફા૦] રજા; હુકમ.

પરવાનો, પુ૦ [ફા૦] રજા ચિઠ્ઠી-એક મુકામેથી બીજે મુકામે જવાની, હથિયાર રાખવાની વગેરેની.

પરવાર, પુ૦ નવરાસ; ફુરસદ.

પરવારનું, વિ૦ કામ-ધન્ધાવગરની હાલતમાં હોય તેવું; બેરોજગારી. ૨ ફુરસદમાં હોય તેવું. [નવરાં થવું.

પરવારવું, ક્રિ૦ અ૦ કામ કરી રેવું; કામ કાજ કરી રઈ

પરવારી, વિ૦ એ નામની એક નીચી જાત છે.

પરવાળું, ન૦ [પ્રવાલ] એક જાતના દરિઆઈ જાનવરોના લોહીમાંથી ઉત્પન્ન થતો મળ જે લાલ-ગુલાબી-કંઈક પીળા એવા રંગનાં મણીરૂપે હોય છે. એની માળા કરવામાં આવેછે. એના રંગની ઓઠને ઉપમા અપાય છે.

પરવાંટો, પુ૦ રેંટિયાપરનું સુતર ઓવાળવા (ઉતારવા) નું લાકડાનું એક સાધન.

પરશાળ-સાળ, સ્ત્રી૦ ઘરના ભાંયતળિયાનો આંગણા આગળનો જે પેશાજ ભાગ તે. કેટલાકને મતે દરેક ખંડ તે પરસાળ ને આગલી વચલી ને પાછલી પરસાળ કેવાય છે. વચલીને ઉંબિટ્ટો પણ કેછે.

પરશુ, પુ૦ [સં૦] કુવાડીના ઘાટને મળતું લડાઈનું એક હથિયાર; ફરસી.

પરશુદી-સુદી, સ્ત્રી૦ ધોયલા ઘઉંનો લોટ; મેંદો.

પરસ, ગ્રાકળ. પરસણ ચારવાં-મળસકે ઢોર ચારવાં.

પરસેવ-વો, પુ૦ [પ્રસ્વેદ] શરીરની ચામડીના છિદ્રમાંથી ઝરી નિકળતું જે પાણી તે-તડકે ફરવાથી-શ્રમ આધિથી-રોગથી વગેરેથી.

પરસાદ, પ્રસાદ.

પરસ્પર, અ૦ માંહોમાંહે; એકબીજામાં; અન્યોઅન્ય.

પરસ્વાધીન, બીજાને તાબે હોય તેવું; પરતન્ત્ર.

પરહરવું, ક્રિ૦ સ૦ તજવું; દૂર કરવું.

પરહેજ, વિ૦ [ફા૦] કેદ; કેદી. ૨ કરી પાળવી પડતી હોય તેવી હાલત વાળું; ખાવા પીવા સમ્બન્ધી કેટલીક વાતે બન્ધી પાળે તે.

પરહેજ-જી, સ્ત્રી૦ [ફા૦] કરી; પથ્ય; બન્ધી.

પરહેજગાર, વિ૦ [ફા૦] ખાવા પીવા સમ્બન્ધી કેટલીક વાતે બન્ધી પાળનાર.

પરળવું, પુલળવું.

પરાંત, વિ૦ શેષ-બાકી રેયલું; ઉપરાન્ત-વધીને બાકી રેયલું. પરાંત બાકી. જમે ઉધાર ના ચોપડામાં લખાયછે.

પરાંતવું, ક્રિ૦અ૦ પરવારવું; કામ હોય તે કરી નચિંત થવું.

પરા, સ્ત્રી૦ [સં૦] સઘળા શબ્દના બીજ રૂપ જે કેવળ સુક્ષ્મ શબ્દ સ્વરૂપ જોગાભ્યાસથી પ્રાપ્ત થાયછે તે; ગળાંમાંથી નીકળતાં શરૂ થતો જે અવાજ તે. શબ્દ સ્વરૂપની બીજી સ્થિતિયોના નામ-પશ્યંતી, મધ્યમા ને વૈખરી છે. ૨ સહુથી ઊંચી ગતિ.

પરા-ઈ, સ્ત્રી૦ પાણીનો દાંડો-રસ્તો.

પરાકાષ્ઠા, સ્ત્રી૦ [સં૦] કોઈક વાતની છેલ્લી મર્યાદા-હદ. (જેની પેલી પાસ વધાયજ નહિ) ૨. અતિ શ્રમ-મીઠી મુસાફત.

પરાક્રમ, ન૦ [સં૦] જે થકી લોકમાં જસ મળે એવાં મહાભારત કામ કરવાનું પુરૂષમાં જે સામર્થ્ય તે.

પરાક્રમી, વિ૦ [સં૦] વાહવા થાય-જસ ગવાય એવાં સામર્થ્યવાળું (જન).

પરાગ, પુ૦ [સં૦] ફુલોમાં જે ઝીણો ભૂકો હોયછે તે.

પરાછિત, પ્રાયશ્ચિત.

પરાજ-ત, સ્ત્રી૦ કથરોટના જેવી મોટી પણ ઓછી કોરણની ને ઘણી ભારે એવી એક તહરેની થાળી.

પરાજય. પુ૦ [સં૦] હાર; પરાભવ.

પરાણી, સ્ત્રી૦ બળદ હાંકવાની આરવાળી નાની લાકડી.

પૂરાણે, અ૰ બળાત્કારે; મરજી ઉપરાંત; જોરાવરીએ; પ્રાણે.

પરાણો, પુ૰ એકમેર આર ને બીજી મેર તરવેથાના પાના જેવા લોઢાનો અવયવ હોય એવાં જે હથિયારથી હોળ વગેરે ફેરવતી વખત બળદને હાંકવામાં આવેછે તે.

પૂરાણો, પુ૰ [સં૰ પ્રઘૂર્ણ] પરોણો; અજાણ્યું અથવા ઓળખીતું જે માણસ બીજાને ત્યાં થોડા દિવસ રેવાને આવ્યું હોય તે; મેમાન.

પરાત્પર, વિ૰ [સં૰] સહુથી ઉંચો-શ્રેષ્ઠ, માયાથી જૂદો [(ઈશ્વર).

પરાધીન, વિ૰ [સં૰] બીજાને આધીન; બીજાની તાબેદારીમાં હોય તેવું; પરસ્વાધીન; પરતન્ત્ર.

પરાન્ન, ન૰ પારકાનું અન્ન. 'પરાન્નં વિષભોજનં.'

પરાભવ, પુ૰ [સં૰] પરાજય; હાર.

પરાય, સ્ત્રી૰ ખાણીનો દસ્તો.

પરાયણ, વિ૰ [સં૰] સાથે વળગી રયલું એવું; સમ્બન્ધી; વિષે. તેની વૃત્તિ ઈશ્વર પરાયણ થઈ. ધર્મ પરાયણ, નિન્દા પરાયણ ઈ૰.

પરાયું, વિ૰ પારકું. [વતે).

પરાર, અ૰ [સં૰ પરારિ] ત્રીજે વરસે (પછી ગયે કે આ-

પરાર્ધ, વિ૰ [સં૰] એકના ઉપર સત્તર મીડાં એટલી સઙ્ખ્યા બતાવેછે; સો કરોડ-અબજને દશ કરોડે ગુણ્યાથી જે સઙ્ખ્યા આવે તે. ૨ બ્રહ્માના અરધાં આયુષ્ય જેટલો કાળ બતાવેછે.

પરાલ-ળ, ન૰ [સં૰ પલાલ] ભાતનું ઘાસ; પૈંડો.

પરાવર્તન, ન૰ [સં૰] પાછું ફરવું-ફેરવવું તે. પરાવૃત્ત-ઉલટાવેલું. ૨ પાછું આપેલું.

પરિ, ઉ૰ [સં૰] ચારેમેર. ૨ વિશેષ; ઘણુંજ.

પરિગ્રહ, પુ૰ [સં૰] દાન લેવું તે.

પરિધિ, પુ૰ [સં૰] ગોળ આકૃતિની જે સીમા લીટી તે; ઘેરાવો; ફરતો ઘેર. પરિધિ એ શબ્દ પણ છે.

પરિચય, પુ૰ [સં૰] ઓળખાણ; પિછાન.

પરિણામ, પુ૰ [સં૰] છેલ્લી હાલત; અન્તનું રૂપ-ફળ; મેળવ્યનું હાંસલ.

પરિતાપ, પુ૰ [સં૰] અતિશય તાપ-બાફ. ૨ ઘણીજ બળતરા-અકળામણ-પીડા. ૩ પ્રતાપ; ભય ઉપજાવે તેવો દોર.

પરિત્યાગ, પુ૰ [સં૰] ફરી ન સઙ્ઘરવું એવા ઠરાવથી જે ત્યાગ કરવો તે.

પરિધાન, ન૰ [સં૰] પેરવું તે. વસ્ત્રં પરિધાન કીધાં. ૨ વસ્ત્ર. દિવ્ય પરિધાન.

પરિપક્વ, વિ૰ [સં૰] પૂરૂં પાકેલું-સિઝેલું.

પરિપૂર્ણ, ધા૰ [સં૰] કંઈજ કમી નહિ એવું પૂરૂં. ૨ સારીપેઠે; પૂરતી રીતે.

પરિપ્લવ, પરપ્લવ.

પરિભાષા, સ્ત્રી૰ [સં૰] શાસ્ત્રીય વિષયમાં સૂત્ર-સંક્ષિપ્ત વાક્ય-વચન હોય તેની જે સ્પષ્ટ વ્યાખ્યા તે.

પરિમળ, પુ૰ [સં૰] સુગન્ધ; સારો વાસ; પીમળ.

પરિમાણ, ન૰ [સં૰] માપ, જથ્થો, વજન. ૨ માપ વગરેનું ધોરણ-પ્રમાણ. ૩ સઙ્ખ્યા ગણન-એક દશ સો [હજાર ઈ૰.

પરિયટ-યેટ, પુ૰ ધોબી.

પરિયા, પુ૰ વડાવા.

પરિવાર, પુ૰ [સં૰] છોકરાં છૈયાં, કુટુંબ કબીલો. ૨ દાસ દાસી મેહેતા વગેરે તે.

પરિશ્રમ, પુ૰ [સં૰] ઘણોજ-વિશેષ શ્રમ. [તે.

પરિહાર, પુ૰ [સં૰] દોષ, સઙ્કટ ઈત્યાદિકને જે દૂર કરવું

પરી, સ્ત્રી૰ [ફા૰] મોઢું માણસનું, શરીર ઘોડાનું ને પાંખવાળી એવી એક કલ્પિત સુંન્દર સ્ત્રી. (લાક્ષણિક) રૂપ સુન્દરી; ઘણીજ ખુબસુરત ઓરત.

પરીક્ષક, વિ૰ [સં૰] પરીક્ષા કરનાર-લેનાર.

પરીક્ષા, સ્ત્રી૰ [સં૰] તપાસ; તજવીજ. ૨ શોધ; પ્રયોગ. ૩ જ્ઞાન; સમજશક્તિ-વૈદને રોગની પરીક્ષા નથી.

પરીખ, વિ૰ એ શબ્દ નાણા પારખનાર આબરૂદાર શરાફી ધન્ધા કરનારાઓના નામ સાથે જોડાય છે.

પરીઘ, પરિઘ. [માં પદાર્થ મુકવા.

પરીસવું, ક્રિં૰ સ૰ [પરિવેષણ] જમનારાઓની થાળી-

પરું, વિ૰ દૂર-આઘે હોય તેવું. પરું કરવું.

પરું, ન૰ આઘે પડેલું જે કંઈક તે. અરું પરું કામ એટલે આ તે-અહીં તહીં પડેલું એવું કામ. ૨ શેહેર-કસબાની દિવાલની બાર લગોલગ જે વસ્તી પ્રદેશ તે-અન્દરનો ને બારનો એ બે કોટની વચમાં; પુર. [તે.

પરુ, ન૰ ગોડ ગુમડાં પાકેથી જે સફેત ઘટ પ્રવાહી નિકળેછે

પૂરે, સ્ત્રી૰ પરોઢ; મળસકું; સુરજના કિરણ ફુટવા તે. પૂરે ફાટી કેવાય છે.

પૂરેજ, વિ૰ પરહેજ શબ્દ જોવો.

પરેસાન, વિ૰ નિર્લજ; ફાટેલ; વંઠેલ. ૨ તોફાની; મસ્તીખોર. ૩ ખબડદાર; પોંચેલું; ચતુર.

પરોક્ષ, અ૰ [સં૰] નજર ન પડે તેમ; પુઠ પાછળ. ૨ ગુપ્તપણે; છાનીરીતે (પ્રત્યક્ષ-સમક્ષનું ઉલટું). પરોક્ષે પણ કેવાય છે.

પરોડ-ઢ, ન૰ પુ૰ પ્રભાત; મળસકું; વાણું વાયું તે.

પરોડિયું-ઢિયું, ન૰ પરોડ-ઢ.

પૂરોણો, પૂરાણો. પૂરોણી, પૂરાણી.

પૂરોણાગત-ચાકરી, સ્ત્રી૰ પૂરોણાનો આદર સત્કાર કરી તેને જમાડવા સુવાડવા વગેરેની જે ખાતર કરવી તે.

પૂરોણાચાર, પરોણાગત.

પૂરોણો, પુ૰ પૂરાણો.

પરોપકાર, પુ૰ [સં૰] બીજાના ઉપર જે ઉપકાર કરવો તે; પારકાનું ભલું કરવું તે. ૨ કોઈનુંપણ હિત કરવું તે.

પરોપકારી, વિ૦ પરોપકાર કરનાર.

પરોવવું, ક્રિ૦ સ૦ સોયના નાકાંમાં દોરો ઘાલવો. ૨ દોરામાં કીડીયાં-મણકા આણી મુકવાં. ૩ (લાક્ષણિક) કોઈ કામ કરવામાં કોઈને કોઈ સાથે જોડવું-લાગું કરી-[દેવું.

પર્જન્ય, પુ૦ વરસાદ.

પર્ણકુટી, સ્ત્રી૦ પાંદડાંથી છાયલી ઝુંપડી.

પર્મ, પરમ. (કવિતામાં).

પર્યઙ્ક, પુ૦ [સં૦] પલઙ્ગ; સુવાનો ખાટલો.

પર્યટન, ન૦ [સં૦] એક ઠેકાણેથી બીજે, બીજેથી ત્રીજે, એમ ફર્યાં કરવું તે; પ્રવાસ કર્યાં કરવો તે; મુસાફરી.

પર્યન્ત, અ૦ સુધી; લગી (સ્થળ અથવા સમયની મર્યાદા બતાવેછે) વર્ષ-સમુદ્ર ઈ૦ પર્યન્ત.

પર્યાપ્તિ, સ્ત્રી૦ [સં૦] પૂર્ણતા; ભરપૂરપણું. ૨ તૃપ્તિ; સન્તોષ. ૩ સીમા; અન્ત.

પર્યાય, પુ૦ [સં૦] રીત; રસ્તો. ૨ યુક્તિ; બાનું; ઉપાય. તે તો આ પર્યાય કાડી છુટી આવ્યો. ૨ એક અર્થ-કામને પારપાડવાની જેટલી રીત હોય તેમાંની અમેતે એકાદી; એક અર્થના બે અથવા વધારે શબ્દ હોય તો એમાંનો એકાદો. (એ જે ઘણી રીત તે પરસ્પર અને એ જે ઘણા શબ્દો તે પરસ્પર પર્યાય કેવાય).

પર્વ, ન૦ [સં૦] સમુદ્રસ્નાન, શ્રાદ્ધ, દાન ઈ૦ પુણ્ય કર્મ કરવાના શાસ્ત્રોક્ત જે દિવસ તેમાનો એકાદો. અમાવાસ્યા, પૂર્ણિમા, વૈધૃત, વ્યતિપાત, સઙ્ક્રાંતિ ગ્રહણ ઈ૦. ૨ સેરડી-નેતર વગેરેના ગાંઠામાં એકેકના અન્તર જેટલો જે ભાગ તે; પેરિયું. એ ઉપરથી (લાક્ષણિક) મહાભારતનાં અઢાર પર્વ કેવાય છે.

પર્વણી, સ્ત્રી૦ પર્વ (૧ લા અર્થમાં).

પર્વત, પુ૦ [સં૦] પૃથ્વીની સપાટીથી-આસપાસની જમીનથી બહુ ઊંચા ને લામ્બા પડેલા જે ઢગ (ખડગ મ-ટીના) તેમાનો કોઈ; ડુઙ્ગર. સહ્યાદ્રિ, હિમાલય ઈ૦. નાના ઢગ તે ડુંગરી.

પલ, પળ.

પલક-ખ. ન૦ [ફા૦] આંખનું બન્ધ થઈ ઉઘડવું તે અથવા એ જે જરાક વખત તે; પળ.

પલક દરિઆવ, પુ૦ એકદમ વરસાદ તુટીપડી રેલમરેલાં થઈરેવું તે; હેલી.

પલકારો, પુ૦ પલક-ખ.

પલઙ્ગ, પુ૦ [પર્યઙ્ક] એક તરેહનું લાકડાંનું બનાવેલું સુવાનું ઊંચું સ્થાનક; મોટો ઢોલિયો-ઢોલ્યો.

પલઙ્ગડી, સ્ત્રી૦ નાનો ઢોલિયો-ખાટલો.

પલઙ્ગપોષ-ખ, ઓછાડના જેવું એક જાતનું કપડું છે.

પલટણ-ન, સ્ત્રી૦ [હિં૦] પાયદળ લશ્કરના જુદા પાડેલા જથામાંનો એક. એમાં ૫૦૦ થી તે ૮૦૦ સુધી માણસ હોય છે. બે ત્રણ પલટન મળીને એક રીજમીટ થાયછે (અંગ્રેજી લશ્કરમાં). ૨ પાયદળ અથવા ઘોડેસ્વાર લશ્કરનો એક વિભાગ. ૩ હારનીહાર; એક પછી એક એમ આવતું ટોળું. ૩ પલોટવું.

પલટવું, ક્રિ૦ સ૦ ઉલટાવવું; ફેરબદલ કરવું; ઊંધું ચત્તું કરવું.

પલટવું. ક્રિ૦ અ૦ બદલામાં જવું.

પલટો, પુ૦ ખરજથી ટીપ લગી ને ટીપથી ખરજસુધી ગંધાનીઆં સ્વર ઉતાવળા ધીમા તાલમાં કાડવાની તરેહ-જુદા; તાન. ૨ આડા ઉભા અવળા સવળા પટા એળવાની જે તરેહ તેમાંની એક.

પલવટ, સ્ત્રી૦ પેરેલાં એઢેલાં વસ્ત્રનો છેડો બિઢાળી જે ગાંઠ બાંધવી તે. પીતાંબર-પછેડીની પલવટ.

પલળવું, ક્રિ૦ અ૦ ભિજાવું; પાણી વાળું થવું.

પલાખી, સ્ત્રી૦ આંકના પાડામાંની દરેક હાર; આંકમાં જે અનુક્રમે ગુણાકાર હોય છે તેમાંનો એકેકો. ૨ એમાંથી વચમાંનું જે કંઈ પુછવા સાંભળવામાં આવે તે પણ. ચારપચાંમ ? વીસ, છ ઉઠામ ? એકવીશ વગેરે.

પલાંઠી, સ્ત્રી૦ પગમાં પગ ઘાલીને અથવા પગ ઉપર પગ ચડાવીને બેસવાની જે રીત તે. પલાંઠી વાળવી-ઘાલવી.

પલાખા, પુ૦ પલાંખી. ૨ દરેક પાડાના છેલ્લા આંકડાઓનો જે સામટો સરવાળો તે-જેમકે એકકાના પાડામાં છેલ્લા ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ એ આંકડાઓ છે તેનો સરવાળો ૫૫ થાયછે-એમ એકડુના પાડામાં ૧૧૦ થાય છે વગેરે. ખડો-પડો પચાવન; સોદાવોરે; બત્રીસાં ઈ૦.

પલાણ, ન૦ [સં૦ પલ્યયન] સ્વારીના ઘોડા ઉપર લાખવાનું ગાદલું; આસન; ખોગીર; જીન. પલાણ કરવું એટલે ઘોડા ઉપરના આસન ઉપર ચડીબેસવું; સ્વારી [કરવી.

પલાણ્ડુ, પુ૦ [સં૦] કાંદો; ડુંગળી.

પલાયન, ન૦ સં૦ નાસીજવું તે; પોબારા ગણવા-કરવા તે;

પલાશ, પુ૦ [સં૦] ખાખર. [દોડ.

પલાળવું, ક્રિ૦ સ૦ ભિજવવું; પાણીવાળું-ભીનું કરવું.

પલિતા, પુ૦ લૈંચી-પૂળીના જે કકડા ઘીમાં બોળી ઠારેલા હોય તે. એ શબ્દ એ અર્થમાં અનેક વચનમાંજ વપરાયછે. ૨ તેલ-દિવેલમાં બોળેલા ચીથરાંના કકડા જેનો મસાલનો કાકડો બનાવવામાં આવેછે તે.

પલિતો, પુ૦ બળતો કાકડો. [પીડા કરતું માણ.

પલીત, પુ૦ [ફા૦] પ્રેત; ભૂત. ૨ મેલું ગન્દુ બિહામણું

પલોટવું. ક્રિ૦ સ૦ કેળવવું; શિખ્ખળ-કસરત કરાવી તૈયાર કરવું. બળદ પલોટવા. આ માણસને તમારાં કામમાં પલોટો ઈ૦.

પલ્લવ, પુ૦ [સં૦] ઝાડને જે નવા અઙ્કુર આવેછે તે. કુંપળિયાં. ૨ પાલવ.

પલ્લિ, સ્ત્રી૦ [સં૦] ઘીરોડી; ઠેડી.

પલ્લું, ન૦ ત્રાજવાનું જે દરેક ઠામ તે. એ બે હોયછે

તેમાં એકમાં વજન ને બીજામાં તોળવાની વસ્તુ. ૨ પરણ્યાં પહેલાં વરની તરફથી જે જનસ રોકડ વહુને આપી દેવામાં આવેછે તે; સ્ત્રીધન.

પલ્લો, પુ૦ છેડો; પહ્રો; પાલવ. ૨ છેડું; ટળો.

પવઇ, પાવૈ. [ને તત્વ; વાયુ.

પવન, પુ૦ [સં૦] જેનો આપણી ત્વચાને સ્પર્શ થાયછે

પવનચક્કી, સ્ત્રી૦ પવનથી ફરતું એવું જે એકાદું ચક્કર તે.

પવનપાવડી, સ્ત્રી૦ મન્ત્રેલી જે પાવડી ઉપર પગ મેલ્યાથી પવનની પેઠે ઉડાય ને ધારેલે મુકામે જવાય તે. (વારતાઓમાં આવેછે). ૨ પવનના જેવી ઉતાવળી ગતિ-દોડ.

પવાડો, પુ૦ [મ૦] લાવણી જેવી એક રીતની કવિતા રચના. જેમાં શુરવીર પુરુષનાં જસ ગાયા હોયા છે.

પવાલું, ન૦ એક તરેહનું તાંબાં-પિત્તળનું નાનું વાસણ જેમાં ઘણુંકરીને સન્ધ્યા કરતી વેળા પાણી ભરવામાં આવેછે તે-પવાલું ને આચમની.

પવિત્ર, વિ૦ સં૦ દોષ રહિત થયલું એવું; શુદ્ધ-વસ્તુ, સ્થળ, જન, કર્મ. ૨ ધર્મથી ભ્રષ્ટ થયલું નહિ પણ સંસ્કાર પામેલું એવું. ૩ જેને સેવવાથી પાપ બળે ને પુણ્ય લાગે તેવું. પવિત્રતા,-પવિત્રાઈ-પવિત્રપણું.

પવિત્રાંબારસ, સ્ત્રી૦ ઠાકોરજીને પવિત્રાં ધરાવવાનો દહાડો-શ્રાવણ સુદ બારસ.

પવિત્રી, સ્ત્રી૦ [સં૦] દર્ભની વીંટી. ૨ હીરની પાટી જે ઉપર શ્રીનાથજી શ્રીનાથજી એવા એવા શબ્દો પાડ્યા હોય છે ને જે સેવા કરતી વેળા ઘાલવામાં આવેછે તે.

પવિત્રું, ન૦ વલ્લભી માર્ગમાં હીરની ગુંથેલી જે દોરી ઠાકોરજીને ધરાવેછે અથવા પછી પોતે પેરેછે તે. ૨ ડોટે ઘાલવાની મોતીની સેર.

પશમ, ન૦ [ફા૦] સફેદ ઊંદું.

પશલી, સ્ત્રી૦ એક હાથની હથેલીના ખાડામાં જેટલું માય તેટલું તે. ૨ વીંટી. ૩ શ્રાવણ માસમાં ભાઈ, બેનને બક્ષીસ આપે તે.

પશુ, પુ૦ [સં૦] ચાર પગનાં જે મોટાં પ્રાણી તે. હાથી ઘોડા બળદ વગેરે. ૨ મૂરખ માણસ.

પશુપતાક્ષ, ન૦ [સં૦] પશુપતિ-શિવનું બાણ-'પશુપતાક્ષ મૂકિયું ત્યારે ડોલ્યા દશદિગપાળ.'

પશ્ચાત, અ૦ [સં૦] પછે; પછવાડેથી; પાછળથી.

પશ્ચાત્તાપ, પુ૦ [સં૦] એકાદું નઠારું કામ-પાપ કરેથી પછવાડેથી જીવને બળાપો થાય તે; પસ્તાવો.

પશ્ચિમ, સ્ત્રી૦ [સં૦] જે તરફ સૂર્ય અસ્ત પામેછે તે દિશા. ૨ પછવાડેનું.

પશ્યન્તી, સ્ત્રી૦ [સં૦] શબ્દ સ્વરૂપની ચાર સ્થિતિમાંની બીજી-નાવી આગળ જે કંઈક અવાજ નિકળે તે-પરા એ પેલી સ્થિતિ અને મધ્યમા, વૈખરી, એ બીજી ચોથી.

પસતાં, ન૦ એક જાતનો સુકો મેવો. બદામ, ચારેળી તેવાં પસતાં.

પસતાગિયો, પુ૦ શાકભાજી વેચનારો.

પસતું, પસ્તું.

પસન્દ, વિ૦ [ફા૦] ખુશ; રાજી; પ્રસન્ન. ૨ ચુંટીવીણી કાડેલું. ૩ માન્ય કરેલું; સ્વીકારેલું.

પસર, સ્ત્રી૦ મળસકાંમાં ઢોરને ચરવા લઈજવાં તે.

પસરચરાવવી, પ્રાતઃકાળમાં ઢોરને ચારવા લઈજવાં.

પસરવું, ક્રિ૦ અ૦ [પ્રસર] ફેલાવું; વિસ્તાર પામવો.

પસલી, પશલી.

પસલો, ખોબો. (કોઈના ઉપર).

પસવારવું, ક્રિ૦ સ૦ પપ્પાળવું; ધીમેધીમે હાથ ફેરવવો.

પસાય, પુ૦ [સં૦] પ્રસાદ; કૃપા.

પસાયતું, ન૦ ચાકરીબદલ ભરણ પોષણને માટે આપેલી જે ધર્માદા જમીન તે.

પસાર, સ્ત્રી૦ અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં ફેરા ફરવા તે.

પસાર, વિ૦ પાર ઉતરેલું (પરીક્ષામાં). ૨ પ્રવેશ થયલો હોય તેવું; દાખલ (કોઈ કામમાં). પસાર થવું એટલે પરીક્ષામાં ઉતરવું. ૩ દાખલ થવું. ૪ નાસી જવું. પસાર કરવું એટલે એકાદો મુકામ વટાવી આગળ વધવું. પરીક્ષા પસાર કરી એટલે પરીક્ષા આપી.

પસારવું, ક્રિ૦ સ૦ ફેલાવવું; વિસ્તાર કરવો. ૨ લમ્બાવવું; લામ્બા થઈ રે તેમ કરવું (હાથ પગ પસારવા).

પસારો, પુ૦ [પ્રસાર] ફેલાવ; વિસ્તાર.

પસિયારું, ન૦ ખીલી ઘાલવાનું નાકું (ઘરેણાંમાં).

પસીનો, પરસેવો.

પસ્તાં, પસતાં.

પસ્તાગિયો, પસતાગિયો.

પસ્તાનું, ન૦ [સં૦ પ્રસ્થાન] મુહૂર્ત સાચવવાને પોતાને મુકામેથી કોઈ પાસેના મુકામે જઈને ગામ કરવો તે. (પછી ત્યાંથી અનુકુળ પડે તે દહાડે દેશાંતર જવું).

પસ્તાવું, ક્રિ૦ અ૦ પસ્તાવો પામવો.

પસ્તાવો, પશ્ચાત્તાપ.

પસ્તી, સ્ત્રી૦ પસ્તું.

પસ્તું, ન૦[પુરી] પક્ષી; ઉપરાણું; પસ્તું કરવું-તાણવું-ખેંચવું.

પહર, મધરાતનું ઢોર ચારવું તે.

પહાણવું, કોરું લુગડું રંગવામાટે પીવું.

પળ, ન૦ [સં૦ પલ] ઘડીનો સાઠમો ભાગ. અઢી પળની એક મિનિટ થાય છે.

પળકવું, ક્રિ૦ અ૦ એકવાર ખાવાનું મોંએથી વારેઘડિયે ઈચ્છા રાખતું હોય તેવું હોવું (બિલાડો પળક્યો છે). ૨ વારે વારે આવી સપડાવું. (ડોસી મરે તે સારૂં પણ જમ પળકે તે ખોટું).

પળવું, ક્રિ૦ અ૦ જવું; નાસવું (તે નાશી પળ્યો). ૨ પ-

જાવું; રખાવું; બરદાસ્ત થવી; પોષણ થવું (તેને ત્યાં ઢોર પળાતાં નથી). ૩ અમલમાં આવવું; ખરૂં થવું (વચન પળવું). ૪ કેશ પાકી જવા; જરા આવવી. માથું પળ્યું—[જીગર્યું.

પળાયન, પલાયન.

પળિયાં, ન૦ [પલિત] પાકી ગયલા-ધોળા વાળ. (ઘડપણથી અથવા નબળાથી).

પળી, સ્ત્રી૦ સાંકડાં મોંની બરણીમાંથી ઘી તેલ દિવેલ વગેરે કાઢવાનું લોઢાનું સાહિત્ય. ૨ પળિયાં.

પળે, સ્ત્રી૦ પળિયાં આવવાં તે

પળો, પુ૦ મોટી પળી.

પળોટવું, પલોટવું.

પાંકડ, વાંઝણી.

પાંક્યું, વિ૦ ધારેલું; ઇચ્છેલું. તેનાથી પાંક્યું કામ નહિ બની શકે.

પાંખ, સ્ત્રી૦ [પક્ષ] જેથી બે પગના પ્રાણી-પંખી અને કેટલાંક જીવડાં ઉડેછે તે અવયવ.—કેટલાંકને પાંખ હોયછે પણ તેથી તે ઉડી શકતાં નથી પણ ઝડપથી દોડી શકેછે. પાંખવડે માદા પંખી પોતાનાં ઇંડાં-બચ્ચાંનું સેવન કરેછે. ૨ છાપરાંની આગળપાછળનો જે છેલ્લો ભાગ-છેડો તે. ૩ (લાક્ષણિક) આસરો; ઓથ. પેલાં નમાયાં છોકરાંને તારી પાંખમાં ઘાલજે.

પાંખડી, સ્ત્રી૦ ફુલની કળી ખિલેથી તેના છુટા પડેલા અવયવમાંનો એકેક. ૨ દરોઇના મુળમાંથી જે જૂદા પડેલા અવયવ તેમાંનો એકેક. ૩ (લાક્ષણિક) નજીવી દક્ષણા-ભેટ. હું તો મારે ફુલની પાંખડી મુકી પગે લાગીશ.

પાંખડું, ન૦ શાખા; ડાળી (ઝાડનું પાંખડું).

પાંખવું, પોંખવું.

પાંખી, પાખી.

પાંખું, પાંખડું.

પાંખોડું, ન૦ ખભાથી તે કોણી સુધીનો હાથનો ભાગ તે—પાંખોડું પકડીને બ્હાર કાઢીશ.

પાંગત, સ્ત્રી૦ ખાટલાને ભરેલી પાટીનો જે ભાગ સુનારાંના પગ તરફ આવતો હોય તે. ૨ બિછાનાંના જે ભાગ ઉપર સુનારાના પગ રહેછે તે.

પાંગરવું, ક્રિ૦ અ૦ ખિલવું; નવા અંકુર આવવા; મોટું થવું. ઝાડ-વેલા વગેરે.

પાંગરા, પુ૦ ગોફણની બે બાજુની જે ઝુલતી દોરી તે. ૨ જે દોરી વડે ખાટિયે અથવા ઝાડે અથવા કોઈ પણ ઠેકાણે બાળકને સુવાની ઝોળી બાંધેછે તે.

પાંગળાગાડી, સ્ત્રી૦ બાળક છોકરાંને ચાલતાં શિખવવાની એક તરેહની સાદી ગાડી.

પાંગળું, વિ૦ [પઙ્ગુ] પગમાં જનમની કંઈ ખોડ હોવાથી ચાલી ન શકે તે. ૨ હાથમાં કંઈ ખોડ હોવાથી જેનાથી તે વપરાઈ ન શકે તે (પઙ્ગુ).

પાંચ, વિ૦ [પઞ્ચ] બે, બે ને એક; ૫. પાંચે આંગળી સરખી ન હોય, પાંચે પૈયું જોરાવર, પાંચ બજા ત્યાં પરમેશ્વર, સાત પાંચની લાકડી ને એકનો બોજ.

પાંચડો, પુ૦ પાંચ એ સરખાનો જે આંક-આંકડો તે; ૫.

પાંચમ, પાંચેમ.

પાંચું, ન૦ એકાના આંકનો પાંચમો પાડો.-એકે પાંચુ પાંચ. પાંચેકાં-કું પાંચ. [ઢાડો.

પાંચેમ, સ્ત્રી૦ [પઞ્ચમી] સુદ-વદ પખવાડિયાનો પાંચમો

પાંજણ-ણી, સ્ત્રી૦ જેનું નિયમિત કાળે સેવન કરયા વના નજ ચાલે એવી જે ટેવ તે. મને મથાની પાંજણી છે તેથી મારે શિયાળામાં કરવીજ જોઈએ. ૨ કપડાંના તાણાવાણાને ખૉના સાટની જે લાહી-ખેળ પાઈ હાર [ભરેછે તે.

પાંજર, પાદર.

પાંજરાપોળ, સ્ત્રી૦ અશક્ત થયલાં જનાવરોને રાખવાનું ધરમનું ઠેકાણું.

પાંજરી, સ્ત્રી૦ મોટાં ગાડાંમાં ભરેલો માલ પછવાડેથી ન નિકળી પડે માટે ત્યાં બારણાં જેવું જે પાટીયાનું અથવા કામડાનું હોયછે તે.

પાંજરૂં, ન૦ [પિઞ્જર] પાળવાના પક્ષિઓને જેમાં રાખવામાં આવેછે તે-એ પાંજરાં લોઢાં લાકડાં કામડી નેતર વીરવણ વગેરેના શળિયાના બનાવેલાં હોયછે. ૨ મરતાની પશુને જેમાં ગોંધી રાખવામાં આવેછે તે. ૩ અદાલતમાં ચારપાસ કઠેરા એવે જે ઠેકાણે ગુનેહગારને ઉભા રાખવામાં આવેછે તે. ૪ માંસ લોહી ચામડાં વગરનું જે હાડકાંનું ખોખું તે.

પાંજી, સ્ત્રી૦ પાંજણી (૧ લા અર્થમાં) પાંજી પડવી.

પાંત, સ્ત્રી૦ પાંગત.

પાંતરી, સ્ત્રી૦ જુવાર-બાજરીના છોડનું જે પાનડું તે.

પાંત્રી-સ, વિ૦ તીસ ને પાંચ; ૩૫.

પાંતી, સ્ત્રી૦ હિસ્સો, વાટો; ભાગ. 'પાંતીનો ભાગ પેટમાં દુખતાં ખાવો પડે.'

પાંદડી, સ્ત્રી૦ ફૂલની પાંખડી. ૨ જુવારની પાંતરી. ૩ બૈરાંને પેરવાનું કાનનું એક ઘરેણું.

પાંદડું, ન૦ (ઝાડનું) પાતરું; પત્ર. [જે હારે તે.

પાંપણ-પેણ, સ્ત્રી૦ આંખના પાળા ઉપરના નીમળાની

પાંસરું, વિ૦ પાધરું; સીધું. ૨ ડાહ્યું; ઠાવકું.

પાંસળી, સ્ત્રી૦ છાતીના ઢાંચાની આજુબાજુ પરની જે દરેક હાડકી તે. ૨ અક્કલ; સમજ. સાડીત્રણ પાંસળી એટલે ઘેલછાવાળું; વાયેલ; ચસકેલ.

પાંસળું, ન૦ પાંસળી (૧ લા અર્થમાં).

પાંસેઠ, વિ૦ સાઠ ને પાંચ; ૬૫.

પા, વિ૦ [પાદ] એકનો ચોથો ભાગ; ચતુર્થાંશ. પુ૦ એકનો ચોથો ભાગ-પા એનો જે (વીસે આંકમાનો) આંક તે; પાયા.

પાઈ, સ્ત્રી૦ હાલમાં ચાલતા પૈસાનો ત્રીજો ભાગ; આનાનો બારમો હિસ્સો-રુંબાઈમાં એને અડધો કહેછે. ૨ સોપારી. (છેક બાળક છોકરાંની બોલીમાં).

પાઈયો, પાયો. [ખાયછે તે.

પાઊં, ન૦ એક તરેહની જાડી ભાખરી યુરોપીયન ખોરાક

પાક, પુ૦ [સં૦] રાંધેલી રસોઈ. ૨ જમીનમાંથી અનાજ રૂ વગેરે ઉત્પન્ન થયું તે. એણે જુવાર કપાસનો પાક સારો થયો છે. ૩ સમુદ્રનું પાણી, ખાડામાં ભેરવાથી જે ઉત્પન્ન થયલું તે. (મીઠું, ઘેવટાં, છીપાં વગેરેનો પાક). ૪ સમુદ્રમાં એક જાતની માછલીથી મોતી ઉત્પન્ન થવાં તે. (મોતીનો પાક). ૫ ભાંગના ઘીમાં મસાલો નાખી બનાવેલો જે કેફી પદાર્થ તે. (માજમપાક). ૬ ખાંડની ચાસણીમાં કોળું દૂધી ગુંદર વગેરે, મસાલા સાથે રાંધેલા જે પદાર્થ તે. (કોળાપાક દૂધીપાક ગુંદરપાક વગેરે). ૭ દૂધમાં રાંધેલા ચોખા સાલમ વગેરે તે. (દૂધપાક સાલમપાક વગેરે). ૮ સેરડીના રસની ઉકળતી કડામાં બફાયલું આદું તે (આદાંપાક). ૯ પાતરાં ઘાસ અનાજની ગરમીથી ફળ પકવવાં તે. (કેરી અનુછ કેળાં વગેરેને પાકમાં ઘાલવાં). ૧૦ ગલીચી દુર્ગંધીથી જીવડાંઓનું જે ઉત્પન્ન થવું તે. (ચાંચડ માકડ મચ્છર વગેરે પાકવાં). ૧૧ કેટલાંક દરદ-ગોડ ધા ગાંઠ વગેરે જે પાકવું તે. (ગોડ પાકપર ચડયું).

પાક, વિ૦ [ફા૦] પવિત્ર; શુદ્ધ. ૨ પ્રમાણિક; ઇમાનદાર; સાચું; ચોખ્ખું-પાકદાનત, પાકદીલ વગેરે.

પાકચટ, વિ૦ ઘોડું પાકેલું (ફળ).

પાકટ, વિ૦ પાકેલું (ફળ).

પાકડું-ગડું, ન૦ વગ.

પાકણીદેહ, સ્ત્રી૦ શરીરના એકાદા ભાગ ઉપર અજેડા પડેથી અથવા સેજ ફોલ્લો થઈ આગ્નેથી તે પાકી ઉઠે એવી ખાસીઅતની જે દેહ તે. [દિસ્તી.

પાકદોસ્તી, સ્ત્રી૦ મતલબ કાઢી લેવાને નહિ પણ ખરી

પાકમોહોબત, સ્ત્રી૦ જેમાં સોબત કરવાની મરજી-ઇચ્છા નથી એવી જે ઓરત મરદ વચ્ચે જે મોહોબત તે.

પાકવું, ક્રિ૦ અ૦ જમીન- ખેતરમાં જે કંઈ વાવેલું હોય તે ઉગીનિકળી શાકના ખપમાં આવવાની હાલતમાં આવવું. અનાજ પાકવું. ૨ ઝાડે ફળ આવવાં.-એ અર્થમાં એ શબ્દ બોરડીનેજ લાગેછે-બોરડી પાકી. ૩ શાકના ખાવામાં આવે તેવી હાલતમાં આવવું; સુરજની ગરમીથી અથવા માણસે આપેલી ગરમીથી પોચું થઈ મીઠું થવું. (કેરી કેળાં વગેરે ફળો). ૪ ફોલ્લા ગાંઠની અંદર શાહીનું પરુ થવું; દરદથી કઠણ થયલા ભાગે પોચું થવું. ૫ (લાક્ષણિક). કામ પારપડવું; બનવું. તેમાં કંઈ ત્યારે પાક્યું? ૬ પાણીનું એટલે પાણીનું અકળામણ થવી-ગરમી પોંચવી; દુખ થવું. હવે તો બસકર માઈ માથું પાકી ગયું. ૭ મુદત થવી (હુંડીના નાણું આપવાની); ઠરાવેલો વખત આવી પોંચવો. હુંડી પાકવી. ૮ તૈયાર થવું-બનવું. એ કોની કુખમાં પાક્યો છે? ૯ હારીને તાબે થવું. થાકશે ત્યારે પાકશે.

પાકશાસ્ત્ર, ન૦ રસોઈ સમ્બન્ધી જે શાસ્ત્ર તે.

પાકું, વિ૦ કુદરતી અથવા આપેલી ગરમીથી પોચું ને મિઠાસવાળું થયલું એવું ફળ. (કાચું અન્ન એટલે રાંધેલું નહિ; કાચું પાકું એટલે પૂરું બફાયલું નહિ પણ બફાવાના અર્થમાં ચોખા પાકા થયા એમ કેવાતું નથી). ૨ જેનું ધારવું શેવટ આવ્યા વના રે નહિ તેવું; પૂરું. (કામ, બંદોબસ્ત વગેરે). ૩ ઠરેલા; વળેલા. (પાકા અક્ષર). ૪ સમજણ આવી હોય તેવું; પુખ્ત. (પાકી ઉમ્મર). ૫ કોઈથી છેતરાય નહિ તેવું; કોઈનું આંજ્યું ન જાય તેવું. અનુભવી; વાકફગાર; ખન્ધાઈ સમજનારું-કરનારું (માણસ). ૬ ઠેરવેલો વખત-વાયદો આવી રેયો હોય તેવું (પાકી મુદત). ૭ ઘણીવાર રે-ટકે તેવું (પાકો રંગ). ૮ તરતનું નહિ પણ થોડા દાડા થયા હોય તેવું; જોરા વધી રયલો એવું. (તાવને પાકો થવા દે).

પાખ, સ્ત્રી૦ પક્ષ; તરફેન.

પાખણ્ડ, ન૦ [સં૦] જગકર્તા એક નિરાકાર ઇશ્વરને ન માનતાં અનેક આકારે ને અનેક રીતે પૂજવાનાં જે અનેક મત (ખોટાં) તેમાંનું એકેકું. ૨ વેદધર્મની વિરુદ્ધ જે અનેક ધર્મમાર્ગ તેમાંનો અકેકો. ૩ બનાવટ; જુઠાણું; ઢોંગ; કૃત્રિમ.

પાખણ્ડી, વિ૦ ઢોંગી; જુઠું; બનાવટ કરનારું-વાળું (માણસ કામ વગેરે).

પાખર, સ્ત્રી૦ [પ્રક્ષર] ઘોડા અથવા બિછાના ઉપર નાખવા સારૂ ફુલની જે લાખી પોળી જાળ-ચાદર બનાવેલી હોય તે. ૨ ઘોડા હાથીની ઉપર નાખવાનું લોઢાનું [બખતર.

પાખાણ, પુ૦ [પાષાણ] પથ્થર.

પાખી-ખે, અ૦ વિના; વગર; સિવાયે.

પાખો, પુ૦ કણઠીવાળો.

પાગ, પુ૦ [પાદ] પગ.

પાગડું, ન૦ રકાબ; પાવડો; ઘોડાપર બેસી પગ ઘાલી રાખવાનું જે સાહિત્ય તે.

પાગર, સ્ત્રી૦ પવન પડીગયેથી હોડીને જે દોરડાંથી માણસે કિનારે ચાલી ખેંચવી તે.

પાગરણ, પથારીનો સામાન.

પાગલદાણા, પગનું ઘરેણું (રૂપાંનું).

પાગા, પાયગા.

પાઘ, સ્ત્રી૦ પાઘડી (કવિતામાં).

પાઘડી, સ્ત્રી૦ એક તરેહનું હાથ સવા હાથ પનાનું ને ઘણું લામ્બું વાળેલું એવું જે વસ્ત્ર પુરુષને માથે પેરવાનું હોયછે તે. માથે વિંટાળવાના વસ્ત્રની જે તરેહ તરે-

હજાર આકૃતિ તેમાંની એકેકી. પાઘડી બાંધવી એટલે ધાટમાં આણવી. પાઘડી બંધાવવી એટલે શોક મુકાવતી વખત પાઘડી પેરાવવી. ૨ વખાણની નિશાનીમાં પાઘડી પેરાવવી. ૩ (લાક્ષણિક અર્થમાં) જસ આપવો, સાબાશી આપવી. પાઘડી લેવી એટલે આંજવું; હરાવવું; ટેક મુકાવવો-આબરૂ લેવી. પાઘડી ફેરવવી એટલે દેવાળું કાડવું; શાખ ડુબાવવી. ૪ બોલેલું ફેરવવું; આડું બોલવું; ફરી બેસવું. પાઘડું એટલે ગમેતેમ વિટાળેલી-બાંધેલી જે હલકી જાતની પાઘડી તે.

પાચક, વિ૦ [સં૦] પચાવનારૂં. ૨ રસોઈયો.

પાચન, ન૦ પચવું-પચાવવું તે.

પાચ્છા, પાદશાહ.

પાચ્છાઈ, પાદશાહી.

પાછલીરાત, સ્ત્રી૦ રાતના બે વાગા પછી તે પાંચ વાગા સુધી-પરોઢ થતા સુધી જે કાળ તે.

પાછલું, વિ૦ પછવાડેનું-(બારણું). ૨ ગયલું)-પાછલું સાલ). ૩ છેલ્લું; પુઠનું.

પાછલોપોર, પુ૦ બપોરના ત્રણ વાગાથી તે પાંચ વાગા સુધીનો જે કાળ તે-પછી રા ઘડિયે સાંજ પડે.

પાછળ, અ૦ પુઠે; પછવાડે (અગાડી નહિ).

પાછું, અ૦ ફરીથી; બીજીવાર; વળી. ૨ જ્યાંથી આવ્યું ગયું હોય તે તરફ. પાછું આપવું; પાછું લેવું. ૩ પુઠ; પછવાડે. પાછુંજોવું. પાછુંથવું-મરીજવું. 'મુઆ નહિ ને પાછા થયા.' [કપડું.

પાજ, સ્ત્રી૦ પાળ; પૂલ. ૨ એક જાતનું ચીનાઈ રેશમી

પાજણી, પાંજણી.

પાજી, વિ૦ [ફા૦] બેશરમું; બેઅદબ; ફાટેલ; નીચ; હલકું (માણસ).

પાઞ્ચજન્ય, પુ૦ [સં૦] વિષ્ણુનો સંખ.

પાટ, સ્ત્રી૦ [પીઠ] ભાંયથી ઊંચે બેસવાનો લાકડાંનો એક તરેહનો ધાટ; બાંક. ૨ ગાદી; આસન (રાજપાટ). પાટે બેસવા જવું-લગન અથવા મુઆંની ન્યાત જમતી હોય તે જોવાને ત્યાં માંડેલી પાટ ઉપર બેસવા જવું. ૩ સ્ત્રીએ અળગાં બેસવું.

પાટ, પુ૦ [પટ્ટ] અમુક અમુક પોળાઈનું જે અમુક અમુક વસ્ત્ર તે. ૨ અધરણીરાતને પેરવાનું ૧૬ હાથનું મલમલનું જે લુગડું તે. ૩ ચણીયાંનું લુગડું (ચણિયાપાટ). ૪ ચાદરનું લુગડું (ચાદરપાટ). ૫ જેટલા કકડા જોડીને ચાદર બનાવી હોય તેમાંનો એકેકો.

પાટડી, પાટલી.

પાટલાઘો, સ્ત્રી૦ ઘોની એક જાત. પાટલા જેવી ચપટી હોય છે તે ઉપરથી. [બેહેન તે.

પાટલાસાસુ, સ્ત્રી૦ મોટી સાળી; વહુની સહુથી વડી જે

પાટલી, સ્ત્રી૦ બેસવાનું પાટિયું થોડું પોળું હોય તેવી પાટ; બાંક. ૨ નાનો પાટલો. ૩ ગાડીવાનને બેસવાનું જે પાટિયું તે. ૪ ઘુંટીથી નખ સુધીનો પગનો જે ચપટો ભાગ તે.' ૫ સ્ત્રીઓને હાથે ઘાલવાનું એક ચપટું ઘરેણું. ૬ પુરુષના પેરેલાં ધોતીયાંનો છેડો અથવા સ્ત્રીના પેરેલાં લુગડાંનો વચલો ભાગ દુંટી આગળ બોસવામા આવેછે તે અથવા તેની અડકેકી જે ચપટી ઘડી તે.

પાટલો, પુ૦ ભાંયથી પાંચ છ આંગળ ઊચું એવું લાકડાંનું એક માણસનું જે બેસવાનું તે. "તેના વના પાટલો ફરવાનો નથી' એટલે તેના વના ચાલવાનું નથી.

પાટવીકુંવર, પુ૦ રાજાનો વડો છોકરો જે તેની પછવાડે રાજગાદીપર બેસવાનો હોય તે; યુવરાજ.

પાટિયાં, ન૦ બૈરાંની કોટનું સુનાનું ઘરેણું; તુળસીપાટિયાં. જડાવ હોય તેને ગલપટો પણ કેછે.

પાટિયું, ન૦ લાકડાંને વેરવાથી તેના જે ચપટા ને લામ્બા ઘાટ ઉતરે તેમાંનુ એકેકું. ૨ એનો જે એકાદોલકકડો તે. ૩ પોડો કરી બેસીને જે ઉપર સંચે વણાય છે તે.

પાટિયો, પુ૦ તપેલી જેવાં પોળાં મોડાંનું ઠિકરાંનું ઠામ જેમાં શાક કઢી વગેરે થાય છે.

પાટી, સ્ત્રી૦ સુતરનો વણેલો એકથી તે ત્રણ આંગળ સુધીનો પોળો ને લામ્બો જે ઘાટ તે-ચણિયાની, ખાટલો ભરવાની પાટી. ચણિયાની પાટી જેમ સુતરની તેમ રેશમની પણ હોય છે ને એ પાટીને નાડું પણ કેછે. ૨ છોકરાં એક તરેહના ઘાટદાર જે પાટિયાં ઉપર -સપાટ લીસા પથ્થરની તખ્તી ઉપર લખેછે તે. ૩ લશ્કરી માણસોની નાની ટુકડી.

પાટીદાર, પુ૦ વતનદાર ખેડુત કળમી.

પાટુ, સ્ત્રી૦ લાત; પગ ઊંચકી મારવો તે. પાટું મારવી.

પાટુડી, પાટિયો.

પાટેડી, નાનું હાંડલું.

પાટો, પુ૦ બે ત્રણ આંગળ પોળાઈનો લોડાંનો જે લામ્બો ઘાટ તે. ૨ પૈંડાં ઉપર લોઢાનો જે ગોળ હોયછે તે. ૩ દરદ ઉપર બાંધવાનો લુગડાંનો અથવા પાટીનો દવા લગાડેલો અથવા સાદો જે કકડો તે. ૪ નજર બન્ધ કરવાને આંખે બાંધેલું જે લુગડું તે.

પાટોડી, સ્ત્રી૦ ચણાના લોટને છાસમાં ઉકાળી ઘાડો કરી ઠારી પાતળા કકડા કરચા હોય તે ખાવાનો પદાર્થ.

પાટોપાટ, અ૦ એક ઠેકાણેથી બીજે બીજેથી ત્રીજે ઠેકાણે ચાલ્યું હોય તેમ; એક બીજાના સમ્બન્ધમાં ચાલેલું. સઘાં ગોલાંમાં પાટોપાટ સળગી છે (લડાઈ). પાટોપાટ આગ લાગી ગઈ છે.

પાઠ, પુ૦ [સં૦] નક્કી કરેલું વાંચવાનું-મોડેથી ભણવાનું તે. (વેદના શુદ્ધ કરેલા ગ્રન્થનો પાઠ). ૨ દેવદેવીનું સ્તવન જે વાંચવાનું-ભણવાનું હોય તે (ચંડીપાઠ સૂર્યપાઠ ઈ૦). ૩ ગુરૂ પાસે દરરોજ જેટલું વાંચવા-ભણ-

વાનું તેટલું તે; ધડો. ૪ પાઠાન્તર. વિ૦ વાંચી-ભણીને તૈયાર કરેલું. મુખપાઠ-મોડે હોય તેવું. પાઠ કરવો એટલે વાંચવું. ૦૨ ધડો તૈયાર કરવો. પાઠે કરવું -રાખવું એટલે મોડે રાખવું; વાંચ્યા વના ભણી બતાવાય તેવું કરવું. પાઠશક્તિ-મોડે રાખવાની શક્તિ; સ્મરણશક્તિ. પ્રાઠક એટલે વેદ-શાસ્ત્ર ભણાવનારો અથવા તે સમ્બન્ધી ભાષણ કરનારો.

પાઠશાળા, સ્ત્રી૦ [સં૦] જ્યાં ભાષા અને શાસ્ત્ર સમ્બન્ધી પાઠ ચાલતો હોય-ભણાવવામાં આવતા હોય તે ઊંચી પંક્તિની શાળા.

પાઠાન્તર, પું૦ એક ગ્રંથની જૂદી જૂદી પ્રતમાં જ્યાં જ્યાં જૂદી જૂદી રીતે લખ્યું હોય તે તે; જૂદો પાઠ.

પાઠાફેર, વિ૦ પાઠમાં ફેર-જૂદું હોય તેવું.

પાઠી, વિ૦ જેણે પાઠ મોડે રાખેલા હોય તે; જેણે અમુક વિદ્યાનો અભ્યાસ કરેલો હોય તે તેનો પાઠી. ક્રમપાઠી, -જટાપાઠી ઘનપાઠી, ત્રિપાઠી ઇ૦.

પાઠું, ન૦ (પૃષ્ઠ) પીઠ ઉપર અથવા શરીરનો જે ભાગ આપણાથી જોવાનો ન હોય ત્યાં ગોડ જેવું દરદ નિકળ્યું હોય તે. ૨ કુવો ખોદતી વખત માંયથી મટોડું કાડવાની દોરડાં બાંધેલી એવી જે ટોપલી તે-પાઠું ખેંચવું.

પાડ, પું૦ ઉપકાર; એહેસાન. પાડ કરવો, પાડ મુકવો એટલે ઉપકાર કીધો છે એવું જણાવું, પાડ રાખવો એટલે ઉપકારનો બદલો ન વાળતાં તે કાયમ રાખવો અને પાડ ચડવો એટલે ઉપકાર રેવો.

પાડ, પું૦ પર્વત; ડુંગર. ૨ જુવાન જબરો પુરુષ-પાડ જેવો ફાટી ગયો (મરીગયો). ૩ જેમાં એરણ જડી હોય તે લાકડું.

પાડપડોસ, પું૦ (એકાદાં ઘરની) જોડાજોડ અથવા જરાક દૂર પણ સમ્બન્ધ જણાય તેવી રીતે રેવાની જે સ્થિતિ તે; (ઘરની) પાસપાસે હોવું તે.

પાડવું, ક્રિ૦ સ૦ પડે તેમ કરવું. ૧ ભોંયપર નાખવું. ૨ હરાવવું. ૩ આકૃતિ બનાવવી; ઘાટ બનાવવા. (સિક્કા રમકડાં વગેરે). રસ્તો પાડવો એટલે નવો રસ્તો કાડવો. ખાતર પાડવું એટલે ભીતમાં બાકું કરવું. ધાડ પાડવી એટલે લુટારાએ ટોળું મળી કોઈ ગામ ઉપર તુટી પડવું. ઉજડ પાડવું એટલે ઉજડ કરવું. નામ પાડવું એટલે નામ આપવું. સમજ પાડવી એટલે સમજે તેમ કરવું. ભાવ પાડવો એટલે ઓછો કરવો. ૨ ઠરાવવો. ૩ નાપાડવી એટલે નાકેવી.

પાડાખાડ, પું૦ વેર.

પાડાપડોસ, પાડપડોસ.

પાડાપડોસી, વિ૦ પાસપાસે ઘર હોય તે સમ્બન્ધમાં રેનાર (જન).

પાડી, સ્ત્રી૦ ભેંસનું નાની જાત બચ્ચું. ૨ ભેંસ.

પાડી, વિ૦ પાડમાં રેનાર-(માણસ પશુ પાણી). ૨ કઠણ છાતીનું; ધીટ.

પાડીલું, વિ૦ પાડ થયો એમ સમજે તેવું; પાડ-ઉપકાર ન રાખે તેવું.

પાડું, ન૦ ભેંસનું બચ્ચું.

પાડો, પું૦ ભેંસનો નર. ૨ પાઠ; ધડો. ૩ આંકના જૂદા જૂદા ગુણાકાર સમ્બન્ધી દશ દશનો જથો તે.

પાડો, પું૦ રૂઢિ; સમ્પ્રદાય.

પાણ, સ્ત્રી૦ પા-ચતુર્થાંશ લખવાનું એક ઉભી લીટીરૂપે જે ચિન્હ તે; ા અથવા ।.

પાણ, પાણિ.

પાણ, પથ્થર; પાષાણ.

પાણકોરું, ગજી જેવું કપડું.

પાણિ, પું૦ [સં૦] હાથ. ચક્રપાણિ એટલે ચક્ર છે હાથમાં જેના તે.

પાણિગ્રહણ, ન૦ [સં૦] વરે કન્યાનો હાથ ઝાલવો તે; પરણવું તે; લગન થવાં તે.

પાણિયું, વિ૦ માંય પાણી હોય તેવું (નાળિયેર વગેરે).

પાણિયારું, ન૦ મીઠાં ખારાં-પાણીના વાસણ મુકવાનું ખાળને લગતું જે ઊંચું ટેકાણું તે. 'પાણિયારાના મુનશી' એટલે જે માણસ ઘરમાં મોટી મોટી વાતો કરે પણ બાર બોલી શકે નહિ તે.

પાણી, ન૦ [પાનીયં] સર્વ પ્રાણી તથા ઝાડનાં જીવવાનો જરૂરનો, રેલો ચાલી શકે તેવો અને ઘણેખરે ઠેકાણે મળી આવતો એવો જે કુદરતી પદાર્થ તે; જડ નહિ વાયુરૂપ નહિ, પણ જેની કણિકા અહીં તહીં હીલ્યાં કરે એવો નિર્જિવ પદાર્થ તે; પંચતત્વમાંનું એક; જળ; ઉદક. એ જ્યારે સ્વચ્છ હોયછે ત્યારે રંગ સવાદ ગન્ધ વગરનું હોયછે, એ સમુદ્ર નદી સરોવર ઝરા વરસાદ રૂપે હોય છે. દરિયાનાં પાણીમાં ખાર હોય છે તેથી તે સવાદે ખારૂં લાગેછે, ને ખારૂં ન લાગતું એવું જે પિવાના કામમાં આવેછે તે મિઠું કેવાય છે. ૨ તેજ; ચળકાટ. (મોતી હીરાનો). ૩ શૌર્ય; જોસ્સો; દમ. ૪ ટેક; વટ; આબરૂ. ૫ ઢોળ; જેથી રસવું તે. ૬ ધાર; પાડ (હથિયારની). ૭ વીર્ય; રેત; ધાતુ. પાણી ભરવું એટલે ઘરના ખપ સારૂ નદી કુવા ટાંકામાંથી પાણી આણવું. ૨ ગણતી-લેખાં-હિસાબમાં નહિ એવી હાલતમાં હોવું; ઉતરતે દરજ્જે હોવું. (તે તેની આગળ પાણી ભરેછે). પાણી ભરાઈ જવાં એટલે ઘણા સોજા આવવા ને મરવાની તૈયારીપર આવી રેવું. પાણી ભરાવવું એટલે ઉતારી પાડવું; હલકું કરવું; હરાવવું; થકવવું. પાણી જવું એટલે ટેક જવો; આબરૂ જવી. ૨ પાણી સેવા જવું. પાણી જોઈ થવું એટલે સામર્થ્ય- શૌર્ય જોઈને તેને વિષે હલકો વિચાર લાવવો. પાણી ચડાવવું-પાવું એટલે

ઢોળ ચડાવવો; રસવું. ૨ ધાર આણવાને હથિયારને ગરમ કરી પાણીમાં બોળવું. પાણી મરવું-મરીજવું એટલે જોસ્સો નરમ પડવો. પાણી છાંટવું એટલે ઠંડું પાડવું (જોસ્સા વગેરેને). પાણી લેવું એટલે આબરૂ લેવી. ૨ એકાદું કામ ન કરવાનો નોમ લેવો. પાણી ફરવું-ફરી-વળવું એટલે ફોગટ-બરબાદ જવું; ધૂળ મળવું; નુકસાન થવું. પાણી ફેરવવું એટલે ધૂળ મેળવવું. પાણી લાગવું એટલે એકાદી જગાનું પાણી પીધાથી રોગ થવો. પાણી મુકવું એટલે એકાદું કામ કરવાની પ્રતિજ્ઞા કરવી; સંકલ્પ કરવો. ૨ એકાદું કામ ન કરવા વિષે પ્રતિજ્ઞા કરવી. પાણીપાણી કરવું એટલે ઘણાં તરસ્યાં થવું. ૨ થકવવું; પરસેવો આણવો. (ઘોડાને).પાણીપાણી થઈજવું એટલે મેહેનતથી ઘણો પરસેવો છુટવો. ૨ નરમ તાબે થઈ જવું. ૩ ઓગળી જવું (ખાર વગેરેનું). પાણી છુટવું એટલે પોતાને ઘણી ભાવે તેવી વસ્તુ બીજો કોઈ ખાતો હોય તે જોઈ અથવા તે વેષે તેને વાત કરતો સાંભળી પોતાની જીભ ઉપર ઝરણ ઝરવું-થુંક વધવું. પાણીથી પાતળું કરવું એટલે ધમકીથી શરમીંદુ કરવું-ઢીલું પાડવું. આજ ઘણું પાણી પડયું એટલે વરસાદ પડ્યો. લોહીનું પાણી થવું એટલે ઘણી મેહેનતથી થાકી જવું. ઊંડાં પાણીમાં પેસવું એટલે મોટું સાહસ કામ માથે લેવું. પાણીને મુલે એટલે જુજ કિમ્મતે. માથે પાણી ઘાલવું એટલે મંદવાડમાં ન્હાવા વના ખાધું હોય, ન ખાવાનું ખાધું હોય તેનું સારા થયા પછી પ્રાયશ્ચિત કરવું. 'સો વાંસ પાણી ત્યાં ધૂળે ના ઉડતી હોય' એ કેહત છે.

પાણીછાણી, નo પાણી ભરવાનું ને બીજું ઘરનું લીપવા કરવા વગેરેનું કામ તે.

પાણીદાર, વિo (૨-૩ જા અર્થમાં) પાણીવાળું.

પાણીપત્રક, નo [સંo] ખેતરપર જઈ તુલ-કરસણ-ઝાડ જોઈ તેની વિગત જે પત્રકમાં લખી રાખી હોય તે. (તલાટીનાં કામનો એક કાગળ). [ધોડો.

પાણીપન્થો, પુo પાણીના રેલાની પેઠે ઝડપથી ચાલનારો

પાણીપોચું, વિo પાણીનો અંશ હોય તેવું. (રાંધેલું અન્ન વીગેરે). [ફેર કરાવો).

પાણીફેર, પુo હવાપાણી બદલવાં તે. (માંદાને પાણી-

પાણો, પુo પથરો.

પાણ્ડવ, વિo પાંચ.

પાણ્ડિત્ય, નo પણ્ડિતાઈ.

પાણ્ડુ, વિo ઘણો પીળો ને કંઈક ધોળો એવા રંગનો.

પાત, પુo [સંo] પડવું તે. એ શબ્દ બીજા શબ્દ સાથે જોડાય છે. અશ્રુપાત, ગર્ભપાત ઇo.

પાતક, નo [સંo] પાપ. ૨ અન્યાય; ગુનાહ.

પાતકી, વિo પાપી; દોષી.

પાતર, સ્ત્રીo દુકાન માંડી બેસનારી છિનાળ સ્ત્રી; વેશ્યા.

પાતરવડિયાં, નo અળુ પોઈ વગેરેનાં પાતરાંને ચણાનો લોટ ચોપડી પછી તેના વીંટા વાળી બાફવામાં આવેછે ને પછી કકડા કરી તળી ખાવામાં આવેછે તે.

પાતરાં, સ્ત્રીo પાતરવડિયાં. ૨ અળુના પાતરાં. ૩ પાતરૂં એનું અનેકવચન.

પાતરી, સ્ત્રીo [પત્રી] દેવને ચડાવવાનાં ફુલ પાતરાંમાં માળીએ બાંધી આપેલાં તે; ફુલપાતરી.

પાતરૂં, નo પાનડું. પાતરે પાણી પાવું એટલે રીબાવવું; ચિડવવું.

પાતળ, સ્ત્રીo પત્રાવળી; ખાજ.

પાતળિયો, પુo પાતળો પણ નિરોગી દેખાવડો પુરુષ. (કવિતામાં.)

પાતળું, વિo જેની બે બાજુની વચમાં થોડુંક દળ હોય તેવું-(જાડાંનું ઉલટું). પાતળું શરીર, પાતળો કાચ, ઇo. ૨ સુકાઈગયલું; કૃશ (શરીર). ૩ જેના કણ છેક પાસ પાસે નહિ પણ આઘે હોય તેવા-પ્રવાહી. પાતળો રસ. ૪ ઘટ-ભરચાં પોતનું નહિ તેવું (લુગડું). તેણે તેને પાણીથી પાતળો કરીનાંખ્યો એટલે છેકજ શરમાવી હલકો પાડીનાખ્યો.

પાતાળ, નo [સંo] પૃથ્વીની નીચે જે પ્રદેશ તે. આકાશ, પૃથિવ ને પાતાળ. સાત પાતાળ કેવાયછે-અતળ, વિતળ, સુતળ, મહાતળ, રસાતળ, તળાતળ ને પાતાળ. પાતાળમાં નાગની વસ્તી કેવાયછે. પાતાળ પાણી એટલે કુવા કુંડનું એવું પાણી કે જે કદી ખુટેજ નહિ, અંદરથી ઝરણ નિકળ્યાંજ કરે તેવું-જીવતું પાણી. પાતાળ ફોડયું એમ પણ બોલાય છે.

પતાળજન્ત્રી, વિo જેની મસલત-સલાહ-જુગતી ઘણીજ ઊંડી હોય તે (માણસ). ૨ ગમે ત્યાંથી ખોળી આણે તે; ગમેતેમ કરીને કામ પારપાડી આપે તે. ૩ પોંચેલી ખુટી.

પાતેલી, સ્ત્રીo નાનું પાતેલું.

પાતેલું, નo [પાતિલી] તાંબા-પિત્તળનું રસોઈનું પોળાં મોંનું વાસણ.

પાત્ર, નo ઠામ; જેમાં કંઈ પણ માય તે; વાસણ. થાળી, ખુમચો વગેરે. ૨ નદી સંમુદ્ર વગેરેનાં તળીયાંની જમીન. ૩ નાટકમાં અથવા તેના અઠેકા ભાગ-પ્રકરણમાં જે જે માણસોનું બોલવું થવાનું હોય તે તે; જેટલા વેશ આવતા હોય તેટલા તે.

પાત્ર, વિo [સંo] યોગ્ય; લાયક.—તે કામને તે પાત્ર છે, પાત્રને દાન કરવું ઇo. એ શબ્દ બીજા શબ્દ સાથે જોડાયછે. ક્ષમાપાત્ર, દાનપાત્ર, પ્રીતિપાત્ર એટલે ક્ષમા-દયા- પ્રીતિ કરવા જોગ (માણસ).

પાથરણ, નo પાથરવાનું લુગડું (બિછાનાનું).

પાથરણું, ન० ઉઠાવી લેવાય તેવું સુવા-બેસવાનું બિછાનું; તળાઈ જાજમ વગેરે. ૨ કુંભિલાનો શોક કરવા આવેલાઓને માટે જે પાથરેલું તે.

પાથરવું, ક્રિ० સ० લાગ્યું પોળું વિખેરી મુકવું. તે પાના પુસ્તક પાથરીને બેઠો છે. ૨ સાદડી-જાજમ-તળાઈ વગેરેનો વીટો છોડી તેને બેસવા સુવાને ઠેકાણે લાંબા પોળા આકારમાં કરવી.

પાથરો, વાઢેલી કડબ છુટી પડી હોય તે (ખેતરમાં).

પાદ, પુ० [સં०] પાગ; પગ. ન० ચોથો ભાગ. ૨ ગ્રન્થ-શ્લોક-ગોળનો ચતુર્થાંશ.

પાદ, ન० [પર્દન] ગુદાથી છુટેલો વા; વાયુ સ્રાવ.

પાદર, ન० ગામના ઝાંપા બારની જગો, જ્યાં ઢોર વગેરે

પાદરી, પુ० ખ્રિસ્તી ધર્મનો ઉપાધ્યો-ઉપદેશક. [ચરેછે તે.

પાદવું, ક્રિ० અ० અજીર્ણાંશને લીધે ગુદાથી વાછુટનો-છુટેલો હોય તેની સ્થિતિમાં આવવું. [રાજકુંવર.

પાદશાહ, પુ० [ફા०] મુસલમાન રાજા. પાદશાહજાદો-

પાદશાહી, સ્ત્રી० [ફા०] પાદશાહની હાકમી-સત્તા; રાજ. વિ० પાદશાહનું-સમ્બન્ધી.-મહોર, સનદ, સિક્કો, પરવાનો, રિવાજ વગેરે. [જે પગલાં તે.

પાદુકા, સ્ત્રી० [સં०] પાવડી. ૨ પથ્થર ઉપર દેવ-ગુરૂનાં

પાદોદક, ન० [સં०] પગ ધોયા-ધોવાનું પાણી.

પાદ્ય, ન० [સં०] પગ ધોવાનું પાણી વગેરે.

પાધરું, વિ० આડું અવળું નહિ પણ સીધું-સીધે મારગે જનાર; પાંસરૂં. કર્મ, વૃત્તિ. અ० સીધો; સનમુખ. આડું અવળું ન બોલતાં પાધરો પાધરો ચાલ્યો જા.

પાધરૂંદોર, વિ० જેમ દોરો એકરાસ સીધો હોય તેવું; આડે રસ્તે ગયું હોય ને પાછું ઠેકાણે આવ્યું હોય તેવું. ૨ ડાહ્યું; ઠાવકું.

પાન, ન० [સં० પર્ણ] પાનડું-ડાં. 'પીંપળ પાન ખરંત, હસતી કુંપળિયાં.' ૨ ચૂનો કાથો લગાડી સોપારી સાથે ખાવામાં આવેછે તે-પાનસોપારી.

પાન, સ્ત્રી० આંકડા-સરખ્યાંની પાસે જે લીટા કાઢવામાં આવેછે તે; ચોથા ભાગ-પાની નિશાની. એક પાન એટલે પા, બે પાન એટલે અડધો, ને ત્રણ પાન એટલે પોણો. ૧, ૧૧, ૧૧૧. ૨ સ્ત્રીના સેંથાની અંદર ગુંથેલા જે વાળ તે.

પાન, ન० [સં०] પીવું તે. એ શબ્દ બીજા સાથે જોડાય છે. અમૃતપાન, મધુપાન ઈ०. પાન.કરવું કેવાય છે.

પાનખર, વિ० ઝાડના પાંદડાં ખરી જાય તે રત-મોસમ; શિયાળો; પોસ ને માહ; ઋતુ શિશિર. [ધરેણું.

પાનડી, સ્ત્રી० નાનું ને પાતળું પાનડું. ૨ સ્ત્રીનાં કાનનું

પાનડું, ન० (ઝાડનું) પાંતરું.

પાનદાન, ન० ખાવાના પાન રાખવાનું પાત્ર. [ગેરેના.

પાનાં, ન० (અનેકવચન)-રમવાનાં, પુસ્તકના, ગંજીફા વ-

પાની, સ્ત્રી० પગનાં તળિયાનો એડીને લગતો ભાગ. 'ઈંદુ બિંબને આકારે એડી પાનિયો ૨ લોધ, અસ્ત્રીની બુદ્ધિ પાનિયે એટલે ડબાઈ ગયલી.

પાનું, ન० ચોપડી પુસ્તકમાંનો એક્કેકો જે છુટો કાગળ તે. ૨ એ કાગળની જે એક્કેકી બાજુ તે; પૃષ્ઠ; સફું. ૩ હાથામાં બેસાડેલું ધારવાળું લોડાનું જે પાતળું પતરૂં તે. ચપ્પુ-સુડીનું પાનું. ૪ લીલા રંગનું મણિ; નવ રત્નમાંનું એક.

પાનેતર, ન० (નાગરી ન્યાતમાં) સુતરઉ મલમલનું લુગડું જે કન્યાને મોસાળામાં આવેછે અને જે કન્યા પરણતી વેળા પેરેછે તે. ૨ (બીજા બ્રાહ્મણ ને વાણિયાયોમાં) રેશમી સફેત ને ઠેકાણે કસુંબાની ભાત વાળું જે લુગડું કન્યાને પરણતી વેળા ઓરાડવામાં આવેછે તે.

પાનો, પુ० [પ્રસ્નવ] ગાય ભેંસ વગેરેના આંચળવાળા હવાડામાં દૂધ ઉતરવું તે. (ગાયે) પાનો મુકયો-ચડાવ્યો-ચોરયો એમ કેવાય છે. ૨ સ્ત્રીના થાનમાં દૂધ ભરાઈ આવવું તે.

પાપ, ન० [સં०] ઈશ્વરી નિયમ તોડવો તે. ૨ ધર્મશાસ્ત્રની આજ્ઞા ઓળંગવી તે; અધર્મ કરવો તે. ૩ અનીતિ; બદ કામ. ૪ મોટો દોષ-ગુન્હો. (પાપનું ઉલટું પુણ્ય). ૫ દુષ્ટ વાસના; કુડો ભાવ; પ્રપંચ; કપટ. એના મનમાં કંઈ પાપ છે માટે આજ મન મુકીને વાત કરતો નથી. ૬ પીડા કરનાર-નુકસાન કરનાર દુષ્ટ માણસ. તે મુઓ તો સારૂં થયું-ગામનું પાપ ગયું. છોને તે મારી નિન્દા કરતો, તે મારૂં પાપ ધોય છે એટલે હું નિર્લેપ છતાં જ્યારે તે મારી નિન્દા કરેછે ત્યારે તે પોતેજ પાપી થાયછે.

પાપગ્રહ, પુ० [સં०] દુઃખ દેનાર-નુકસાન કરનારા ગ્રહ-(મંગળ, શનિ, રવિ, રાહુ).

પાપડ, પુ० [પર્પટ] અડદના લોટનો બનાવેલો ખાવાનો એક પદાર્થ. તેલવડે વણી તડકે સુકવી સેકીને ખવાયછે.

પાપડખાર, પુ० પાપડમાં નાખવાનો ખારો; સન્ચોરો.

પાપડી, ન० વાલની સીંગ. ચોખાના લોટનો બનાવેલો ખાવાનો એક પદાર્થ. ૩ ખાવાના પદાર્થનો પાતળો કકડો-ગોળપાપડી, ચણાપાપડી વગેરે.

પાપણી, સ્ત્રી० પાપી સ્ત્રી; પાપિણી.

પાપા, પુ० રોટલી (બાળકનો શબ્દ). [કામ.

પાપિષ્ટ-પાપી, વિ० [સં०] પાપથી ભરેલું-(માણસ-

પામર, વિ० [સં०] કંગાલ; નીચ સ્થિતિનું; હીણ; રંક.

પામરી, સ્ત્રી० ઉન-રેશમનું વણેલું ખભે ઓઢવાનું કપડું.

પામવું, ક્રિ० સ० પ્રાપ્ત કરવું; મેળવવું; આણવું. તેણે બહુ ફાંફાં મારયાં પણ કંઈ પામ્યો નહિ. ૨ સહન કરવું; ખમવું. તે બહુ દુખ પામેછે. ૩ તાબે થવું. તે મરણ

પાય, પુ० [પાદ] પગ. પાય પડવું-લાગવું. [પામ્યો.

પાયંદિસ્ત, ઉજડ.

પાયખાનું, ન० [ફા०] સંડાસ; જાજરૂ.

પાયગા, સ્ત્રી૦ [ફા૦] એક સરદારની સત્તા તળે જેટલા ઘોડા તથા તેના સ્વારો તે સહુ; ઘોડેસ્વારનો સમુદાય.

પાયજામો, પુ૦ [ફા૦] સુરવાલ. બંને પગેથી પેરવાનું કંમરલગી આવતું સીવેલું કપડું.

પાયદળ, ન૦ પગે ચાલી લડનાર સીપાઈયો (ઘોડેસ્વાર નહિ); પેદળ. [ખરાબહાલ.

પાયમાલ, વિ૦ તળિયાઝાટક નાશ થયલો હોય તેવું;

પાયમાલી, સ્ત્રી૦ ખરાબ હાલત; દુર્દશા.

પાયરી, સ્ત્રી૦ સીડી; પગથિયાંની હાર. ૨ પગથિયું. ૩ દરજ્જો; પદવી. ૪ એક જાતની કેરી.

પાયલ, પુ૦ પગના ઘુઘરા.

પાયલી, સ્ત્રી૦ પાવલી. ૨ પાલી-(ચારશેરનું માપ).

પાયલું, ન૦ પાવલું.

પાયો૦ પુ૦ ખાટલા, ખુરસી, તરવાયા વગેરેનો જે આધાર રૂપ પગ તે. ૨ લુગડાં ધોવાનો લાકડાંનો જે કકડો તે-પાયા પાડવા એટલે લુગડાં ઉપર. ૩ અન્દરના જે મૂળ ચણતર ઉપરથી ઉપરનું કામ બંધાયછે તે-ઈમારતનો પાયો. ૪ તળિયું. ૫ નીચેની બાજુ (ત્રિકોણની). ૬ મૂળ; આધાર. ૭ ચોથો ભાગ.

પાર, પુ૦ [સં૦] છેડો; હદ; સીમા. ૨ ચાલીને જવાય તેવો નદી ખાડીનો જે પાણીવાળો ભાગ તે. પાર છે ચાલ્યો આવ. ૩ કાંઠો; તીર; બાજુ. ૪ જુવાર બાજરીનાં કસણા, ઘઉં ભાતની કંઠી વગેરેમાંથી દાણા છુટા પાડવાસારૂ બળદ વગેરેથી તેને છુંદાવાં તે. ૫ (લાક્ષણિક) અન્દરનો ભેદ; મર્મ, ગુપ્ત ભાવ. પાર પામવો-લેવો-કાડવો. વારના પાર થયા એટલે ઘણીજ વાર થઈ. અ૦ પુરૂં; તમામ. પાર મુકવું-કરવું-પાડવું. ૨ વચમાંનું ઓળંગીને મુકામે સલામત પોંચેલું હોય તેવું. પાર ઉતરવું-પડવું.

પારકું, વિ૦ પોતાનું નહિ પણ બીજાનું; પરાયું.

પારખ, સ્ત્રી૦ પરીક્ષા; ખરૂં ખોટું સારૂં નરસું જાણવાની શક્તિ; કદર; બૂજ. [ઓળખવું.

પારખવું, ક્રિ૦ સ૦ પરીક્ષા કરવી; તપાસવું; સમજવું;

પારખું, ન૦ પરીક્ષાથી જાણવું તે. ખરા ખોટાનું પારખું. વસ્તુની પારખ ને કર્મનું પારખું. પારખ કરવીને પારખું જોવું.

પારગાન, વિ૦ [પારગત] અમુક-ઘણીએક વિદ્યા પરિપૂર્ણ ભણેલો તે; પાર પામેલો તે.

પારજાત-તિક, પારિજાત.

પારણાં, ન૦ અપવાસ મુકવો તે; અપવાસને બીજે દહાડે જમવું તે. એકાદશીયે ઉપવાસ ને દ્વાદશીયે પારણાં.

પારણું, ન૦ વરસની ઉપરનાં બાળકને માટે લાકડાંનું માંચીવું બનાવેલું ને ઝુલાવાય તેવું રાખેલું જે સુવાનું [ઠામ તે.

પારદ, પુ૦ [સં૦] પારો.

પારદર્શક, વિ૦ જેમાંથી આરપાર દેખાય તેવું.

પારધી, પુ૦ શિકારી. [સુધી.

પારમ્પાર-રા, અ૦ પૂરૂં; સમ્પૂર્ણ; આ પારથી તે પેલે પાર

પારવું, નીંદવું.

પારસ-મણિ, પુ૦ [હિં૦] એક જાતનો પથરો-ધાતુ-મણિ, જેને વિષે કેવાય છે કે તે જો લોઢાં વગેરે હલકા ધાતુને અડકે તો એ હલકા ધાતુ સુવર્ણ થાય.

પારસપીપળો, પુ૦ એક જાતનો પીપળો. [પારસાત.

પારસાત, (પાર્શ્વાત), પાસેથી. સા૦ કરમચંદ મુળચંદ

પારસાલ, ન૦ ગયું સાલ-વરસ; પોર.

પારસી, વિ૦ જરતોસ્તી ધરમ માનનારા જે લોક હિન્દુસ્થાનમાં છે તે.

પારસે આવવું-હેઆવવું, સુવાણે આવવું (ઢોરે).

પારસો મુકવો-હોમુકવો, પાનો મુકવો (ઢોરે).

પારાણું, ન૦ [પારાયણ] વેદ-પુરાણનો એકાદો ગ્રન્થ પેલેથી તે છેલ્લે લગી વાંચી જવો- મોડે ભણી જવો તે.

પારાપાર, અ૦ સંપૂર્ણ; આ પારથી તે તે પાર લગીનું [સર્વ.

પારાયણ, પારાણું.

પારિજાત-ક, ન૦-સ્ત્રી૦ [સં૦] એ નામનું ઝાડ, અથવા તેનું ફૂલ. એ ફૂલ સુન્દર નાજુક રાતી દાંડીનું સફેત હોયછે-એ શ્રાવણ ભાદરવામાં થાયછે.

પારિપત્ય, ન૦ [સં૦] શિક્ષા; સજા.

પારિપારિર્વક, પુ૦ [સં૦] નાટકના સુત્રધારનો સહાય.

પારી, સ્ત્રી૦ નરાજ (પથ્થર ખોદવાની).

પારેઠ, વિ૦ ઘણા દીવસની વીઆયલી ભેંસ.

પારેવું, ન૦ [સં૦ પારાવત] ખબુતર.

પારો, પુ૦ બન્દુકમાં ભરવાની સીસાની ગોળી; છરો.

પારો, પુ૦ [પારદ] એક જાતનો પ્રવાહીરૂપ ભારી ધાતુ. ૨ શરીરમાંનો ધાતુ.

પાર્થિવ, પુ૦ [સં૦] મટોડાંના બનાવેલા શિવલિંગ.

પાલ, પુ૦ કેટલાંક ઠેકાણાનાં પાણી ઉપર જે ચીકણો પદાર્થ તરતો હોય છે તે-(વનસ્પતીના કોઆણથી થાયછે). પાલનાં-પાલિયાં પાણી કેવાય છે. ૨ એવાં પાણી જે જગામાં હોય છે તે. ૩ ચોમેર ફરતા ડુંગરની વચમાંનું જે મેદાન-રાન તે.

પાલક, વિ૦ પાલણ પોષણ કરનાર.

પાલક, સ્ત્રી૦ એક જાતની ભાજી.

પાલખ, સ્ત્રી૦ કડિયા મજુર સુથાર ઊંચી જગોએ કામ કરી શકે તેનેસારૂ સાકડીઓ ઉભી આડી બાંધી જે ઘાટ ઉભો કરેછે તે.

પાલખી, સ્ત્રી૦ ઉપર કમાન જેવો દાંડો હોય ને આગળ પાછળ ઊંચકનારની ખાંધે મુકવાના બે દાંડા હોય તેવું એક તરેહનું બેસવાનું તે; નરવાહન. [ને પોષવું તે.

પાલણ, ન૦ [પાલન] પાળવું તે. પાલણપોષણ-પાળવું

પાલવ, પુ૦ [પલ્લવ] સ્ત્રીના પેરવાના લુગડાંનો ભાત વાળો પોળો છેડો. પાલવડો (કવિતામાં). ૨ દુપટ્ટા પાઘડીનો જે કસબીઃ છેડો તે. ૩ આસરો; શરણ. તે તેને પાલવે પડ્યો છે. [મેળવું.
પાલવવું, અ૦ અનુકૂળ આવવું; મરજી મુજબ થવું;
પાલી, સ્ત્રી૦ ચાર શેર બરાબર જે માપ તે (મુંબઈમાં). ૨ ઝાડની નાની પાંતેરી-(બાવળ, સન્ચેરાની).
પાલું, ન૦ સરોડાં કરાંઠી વગેરેની ટટ્ટી ભરી અથવા ખપેડાને ઉભો મુકી અથવા ચારે બાજુએ મટોડાંની ભીંત કરી અન્દર અનાજ વગેરે ભરવામાં આવેછે તે. ૨ ચોમાસામાં ભીંત ચિતા ન છુટ્ટાઈ જાય માટે તે ઉપર જે સાદડી-ખપેડા રાખવામાં આવેછે તે. 'પેટ જેવું પાલું તેને કોઈ ના વાલું' એ કેવત છે. [૩ બરફ.
પાલો, પુ૦ ઝાડ વેલાના પાંદડાં. ૨ પગે ચાલતું માણસ.
પાવ, પુ૦ પગ. ૨ પા; ચોથો ભાગ.
પાવક, પુ૦ [સં૦] અગ્નિ; વન્હિ; દેવતા.
પાવડિયો, પુ૦ ભવાયાનાં ટોળાંમાં ઝાડુ કાડવું પાણી ભરવું વગેરે કામ કરનારો જે શખ્સ તે. ૨ એ નામથી ઓળખાતો એક ધરમ પંથ.
પાવડી, સ્ત્રી૦ [પાદુકા] લાકડાંના જે ઘાટ ઉપર પગ મુકી ચલાય છે તે.
પાવડું, ન૦ પાવડો (૧ લા અર્થમાં).
પાવડો, પુ૦ ઘોડે બેસનારો પોતાના પગ જેમાં રાખેછે તે. ૨ કચરો કોલ વગેરે ખેંચી ટોપલા તગારાં વગેરેમાં ભરવાનું ઓજાર. ૩ કાચો બાંધેલો પુલ. ૪ વાણ હોદારવાની બે પાંખાંની હોદારણી.
પાવન, વિ૦ [સં૦] શુદ્ધ; પવિત્ર.
પાવરો, પુ૦ તોબરો (ઘોડાંનો).
પાવલિયો, પુ૦ પગ. પાવલિયે લાગું. [ના.
પાવલી-લું-લો, સ્ત્રી૦-ન૦-પુ૦ પા રુપિયો; ચાર આ-
પાવલોપા, એ શબ્દ, કોઈ મોટી ઉમરનું માણસ બાળકના બે પગ પોતાના પગઉપર મુકાવી રમાડેછે તે પ્રસંગે વપરાય છે.
પાવું, ક્રિ૦ સ૦ પીયે તેમ કરવું-પાણી વગેરે. ૨ ઝાડને મોટાં કરવાને જમીનમાં પાણી રેડવું; સિંચવું. ૩ ખાંડની ચાસણી રેડી મેળવવું.—ચાસણી પાવી.
પાવું, ક્રિ૦ અ૦ જડવું; મળવું; પ્રાપ્ત થવું.
પાવૈ, સ્ત્રી૦ પુરૂષ અથવા સ્ત્રીમાં ન ખપે તેવાં માણસની એક જાતિ-એને ઇંદ્રીને ઠેકાણે માત્ર છિદ્રજ હોયછે. 'પાવૈને પાનો ન ચડે' એટલે નપુંસકને શૂર ન ચડે. (હિજડો શબ્દ જોવો).
પાવૈયો, પુ૦ હીજડો.
પાશો, પુ૦ વાંસની ભુંગળીનું એક વાજું. પાવો વગાડવો.
પાશ, પુ૦ [સં૦] ફાંસો; ગાંટો. ૨ જાળ; બન્ધન; સાંકડ. ભવપાશ, સ્નેહપાશ. ૩ કળપી કળાય વગેરે બેડુના દાંતા વાળાં લાકડાંમાં ઘાટાનું જે પાનું હોય છે તે. ૪ રંગ [પાર્શ્વ ઉપરથી]-ગન્ધનો અંશ; અસર; પાશ-તેમાં પાશ બેસી ગયો છે.
પાશલી, નાની પાશ (કળબની).
પાશાતાણિયો, ચાંદીપર સુનાની પતરી ચડાવી તાર ખેંચનારો (તોલાના દશ ગજ સુધી).
પાશિયું, ન૦ રાંપડી; નાનો પાશ-(કળપીનો).
પાશેર, વિ૦ શેરનો ચોથો હિસ્સો. [છે.
પાશેરો, પુ૦ પાશેરનું વજન-કાટલું. પાશેરી પણ કેવાય-
પાશો, પુ૦ રૂપાનો ઢાળકો.
પાષાણ, પુ૦ [સં૦] પથ્થર; પાણો.
પાષાણભેદ, પુ૦ એ નામની ઓષધિ. પથ્થર ઉપર બન્ધાઈ ગયેલો એક ખાર. [તેમ ઝાડકવું.
પાષો કરવો, અનાજમાંનો કાંકરી ભુકો નીચે રહીજાય
પાસ, પુ૦ પાશ (૪ થા અર્થમાં).
પાસ, પાસે.
પાસ, પુ૦ [અં૦] રજાચિઠ્ઠી. ૨ વિ૦ પસાર; દાખલ. પાસ કરવું-થવું.
પાસું, ન૦ કરોડ; બાજુ. ૨ પક્ષ; તરફેન.
પાસે, અ૦ [પાર્શ્વ] આગે; નજીક. ૨ હાથમાં; સત્તામાં. પાસેનું-જગા અથવા સગપણનું અન્તર ઘણું થોડું હોય તેવું. ૨ ગાંઠનું; પોતાની સત્તાનું.
પાસો, પુ૦ [પાશ] જુગાર રમવામાં, સોગટાંની રમતમાં મીડાંઓની નિશાનીવાળો લાકડાં-હાથીદાંત-ધાતુનો જે ઘાટ હાથમાંથી ગબડાવી ફેંકવામાં આવેછે તે. (લાક્ષણિક અર્થમાં) સવળા પાસા ને અવળા પાસા એટલે કરેલી યુક્તિ પાર પડવી અથવા ફોગટ જવી તે.
પાળ, સ્ત્રી૦ [પાલિ] તળાવ-સરોવરની આસપાસની બાંધેલી જે એકાદી બાજુ તે. ૨ ખાળ-પાણીઆરાંની કોરણ. ૩ હદ બતાવનારું જમીનથી જરા ઉંચું એવું જે લાબું ચણતર અથવા ઊંચી લાંબી થાપ તે; આડ. (નવેણ વગેરેની) 'પાણી પેહેલાં પાળ અગાની બાંધવી'.
પાળક, વિ૦ પાલણ પોષણ કરનાર.
પાળણ, પાલણ.
પાળવું, ક્રિ૦ સ૦ ભરણ પોષણ કરી ઉછેરવું-મોટું કરવું. ૨ ઊંફ-આસરામાં રાખવું (માણસ ઢોર વગેરેને). ૩ વિધિ પ્રમાણે આચરવું-કરવું (વ્રત). ૪ સંસારી રીતિ પ્રમાણે રાખવું (શોક). ૫ વળગી રેવું અથવા બજાવવું (વચન).
પાળિયો, પુ૦ શૂરવીરની મરણભૂમી ઉપર તેની યાદગીરીમાં જે ચણતર-પથરો વગેરે તે.
પાળી, સ્ત્રી૦ શાક છિનવાનું હથિયાર; છુરી. ૨ જે મુકરર કરેલ તેનેજ દાડે કંઈ કરવાનું-થવાનું તે; વારી.

(હજામની-આંગળાંની-તાવની પાળી). ૩ કીનો, વેર-તેમ પેટમાં પાળી છે.

પાળું, પગે ચાલતું (માણસ).

પાળો, પુ૦ આંખની નિમાળા વાળી જે બાજુ-કોરણ તે. ઉપલો પાળો તે પોપચાંની કોરણ ને નીચલો પાળો તે આંખની નીચલી બાજુ. ૨ પગે ચાલી લડનારો સિપાઈ; પદાતિ. પાળી પળી એટલે પગે ચાલતી ગઈ.

પિંખવું, પિખવું.

પિંગળા, પિઙ્ગળા.

પિંજાણી, સ્ત્રી૦ પિંજવાનો જે યન્ત્ર તે. ૨ પિંજવું તે.

પિંજરું, પાંજરું.

પિંજવું, ક્રિ૦ સ૦ રૂને પિંજણીથી છુટું પાડવું-સાફ કરવું.

પિંજારી, સ્ત્રી૦ પિંજારાની સ્ત્રી. ૨ એ જાતનું એક પક્ષી.

પિંજારો, પુ૦ પિંજવાનો ધન્ધો કરનારો.

પિંડલો, પુ૦ બાંધેલા લોટનો તથા કાદવનો લોંદો. ૨ ગોળો (કાદવનો).

પિંડારો, પુ૦ [પિણ્ડાર] ગોવાળિયો; આહીર. ૨ એ નામના લુટારા જેઓએ સાઠ પોણોસો વરસ ઉપર મોટા મોટાં રાજ્યોની ખરાબી કરી હતી તે. ૩ લુટારો.

પિંડારિયું, માત્ર માટીના પીણ્ડાનું બનાવેલું ઘર.

પિક, પુ૦ [સં૦] એક જાતનો પક્ષી.

પિક, સ્ત્રી૦ પાન સોપારી તંબાકુ ખાધાનો થુંકથી મળેલો જે રસ તે. પિકદાની-પિક નાખવાનું એક તરેહનું વાસણ.

પિખવું, ક્રિ૦ સ૦ વિખેરી ગુંચવી નાખવું (નિમાળા). ૨ વેરી ચુંથી નાખવું (ધાન). ૩ છૂટું પાડી અહીં તહીં વેરવું (બીલાડી મરઘું પિખેછે). પિખીનાખવું કેવાયછે.

પિગળવું, ક્રિ૦ અ૦ જડનું રસરૂપ થવું; ઓગળવું. મીણ લાખ વગેરેનું પિગળવું ને બારનું ઓગળવું. ૨ પોચું-નરમ થવું. મન પિગળવું.

પિઙ્ગળ, ન૦ કવિતા રચવા સમ્બન્ધી શાસ્ત્ર; છન્દશાસ્ત્ર. પિઙ્ગલ નામના નાગે પ્રથમ શાસ્ત્ર રચ્યું હતું. ૨ એક જાતનું વાજું.

પિઙ્ગળા, સ્ત્રી૦ [પિઙ્ગલા] (સ્વરોદય શાસ્ત્રમાં) ડાબા નસકોરામાં જોરથી ચાલતો જે વાયુ તે.

પિઙ્ગાણી, સ્ત્રી૦ કુંપલની વાડકી.

પિચકારી, સ્ત્રી૦ ધાતુનો એક જાતનો યન્ત્ર જેના છેડાનાં કાણાંમાંથી પાણી અંદર ખેંચાયછે ને પાછુ ઝીણી ધારમાં બાર કડાયછે. એમાં એક નળી ને એક દાંડો હોયછે. રઙ્ગની પિચકારી હોળીનાં લુગડાં ઉપર મરાય છે ને ઓસડની પિચકારી શરીરના દ્વારમાં અથવા જખમ ઉપર મરાયછે. ૨ મોડાંમાંથી ચાવેલા પાન તંબાકુનો રસ ધારરૂપે બાર કાડવો તે.

પિચ્છ, ન૦ [સં૦] પીંછું.

પિછાન, સ્ત્રી૦-ન૦ ઓળખાણ; ઓળખ.

પિછોડી, સ્ત્રી૦ ખાંધ ઉપર બે પાસ ઝુલતું રાખવાનું પાતળું કપડું (પુરૂષને); ખેસ. ૨ લુગડાં ઉપર ઓઢવાનું સપેત કપડું (સ્ત્રીને). ૩ બિછાનાપર પાથરવાનું કપડું; ચાદર.

પિછોડો, પુ૦ મોટી પિછોડી; ચાદર.

પિજન, ન૦ હરકોઈ વાતને લમ્બાવ્યા-ચુંથ્યા કરવી તે.

પિઞ્જર, પાંજરૂં.

પિટવું, ક્રિ૦ સ૦ કોઈને નામે રડતાં ચપટે હાથે છાતી કુટવી.

પિટાપિટ, સ્ત્રી૦ કુટાકુટ.

પિણ્ડ, પુ૦ [સં૦] શ્રાદ્ધમાં પિતૃને રાંધેલા ચોખાનો જે ગોળો આપવામાં આવેછે તે. ૨ એ રૂપી પિતૃ. ૩ દેહ; શરીર.

પિણ્ડરોગી, વિ૦ જેને પાણ્ડુરોગ હોય તે. ફીકો ચેહેરો, હાથપગ દોરડી ને પેટ ગાગરડી તે.

પિણ્ડી, સ્ત્રી૦ [સં૦] શિવલિઙ્ગ.

પિણ્ડું, ન૦ દોર, દોરા, સુતળી વગેરેને વિટાળી બનાવેલો જે ગોળો તે.

પિતર, પુ૦ [સં૦] વંશમાં જે મરીગયલાં, જેના શ્રાદ્ધ કરવામાં આવેછે તે.

પિતા, પુ૦ [સં૦] બાપ; જનક.

પિતામ્બરી, સ્ત્રી૦ બાળકને માટે જે નાનું પીતામ્બર તે.

પિતામહ, પુ૦ [સં૦] બાપનો બાપ; દાદો. પિતામહી-બાપની મા.

પિતૃઋણ, ન૦ [સં૦] બાપની તરફ છોકરાની જે ફરજ તે. ૨ બાપે કરેલું કરજ જે છોકરાને આપવું પડે તે. ૩ બાપદાદાને શ્રાદ્ધથી સન્તોખવા સમ્બન્ધી દીકરાએ આપવાનું જે દેણ તે.

પિતૃપક્ષ ન૦ [સં૦] ભાદરવા વદ-જે પખવાડીયામાં પિતરના શ્રાદ્ધ થાયછે તે.

પિતૃભક્તિ, સ્ત્રી૦-[સં૦] બાપદાદા ઉપર પુત્રની જે ભક્તિ તે.

પિતૃલોક, પુ૦ [સં૦] પિતરને રેવાનું ધામ.

પિત્ત, ન૦ [સં૦] કાળજાંમાં લોહીથી જુદો પડેલો એક પીળો પ્રવાહી-એની ગરમી તનદુરસ્તીને જરૂરની છે-એમાં વધઘટ થયેથી શરીરમાં બગાડ થાયછે. પિત્ત ચડીગયું છે એટલે પિત્તની ગરમી વધી ગઈ છે-એથી માથું દુખેછે ને મિજાજ તપી જાયછે.

પિત્તપ્રકૃતિ, સ્ત્રી૦ [સં૦] ગરમ મિજાજ; આકળો સ્વભાવ.

પિત્તળ, ન૦ [સં૦] તાંબું ને જસત એ બેની મેળવણીથી બનેલો પીળા રઙ્ગનો ધાતુ-એનાં વાસણ વગેરે ઘાટ બનેછે.

પિત્તળ, વિ૦ આકરી તબિયતનું; ગીડમાં છાનું ઉઘાડે તે; ઓછું પાત્ર. (માણસ).

પિત્તાશય, ન૦ કાળજું.

પિત્તો, પુ૦ ગરમ મિજાજ; તબિયતનું આકળાપણું. પિત્તો ઉછળવો એટલે મિજાજ તપી જવો.

પિત્રાઈ, વિ૦ બે સગા ભાઈના જે છોકરાં તેઓનો પરસ્પર સમ્બન્ધ બતાવેછે. પુ૦ કાકાનો છોકરો. પિત્રાઈ ભાઈ-બેહેન.

પિત્રાણ, વિ૦ સ્ત્રીના સમ્બન્ધમાં હોય તે. પિત્રાણ બેહેન.

પિધેલ, વિ૦ ધા૦ દારૂ પિધેલો હોય તે (માણસ); છાકટો.

પિનાક, પુ૦ [સં૦] શિવજીનું ધનુષ્ય. ૨ ત્રિશૂળ. [છાકટો.

પિપર-પેર, સ્ત્રી૦ એક જાતના છોડના માંજર-ફળ. ઓસડ અથાણાંમાં વપરાયછે. [ગંઠોડા.

પિપળીમૂળ, ન૦ પીપેરના છોડના મૂળ. પિપળી મૂળનાં

પિપળો, પુ૦ એક જાતનું પવિત્ર મનાતું મોટું ઝાડ-એની નીચે બેસીને શ્રાદ્ધાદિક કર્મ કરવામાં આવેછે. એ વિષ્ણુ પ્રિય કેવાયછે ને એની ઘણાક પ્રદક્ષિણા કરેછે. જનનો વાસ પિપળે એ, (લાક્ષણિક અર્થમાં) જેનું જ્યાં બેસવાનું વધારે થતું હોય તે ત્યાં મળછે એવા ભાવાર્થમાં વપરાય છે.

પિપાસા, સ્ત્રી૦ [સં૦] તૃષા.

પિમળ, સ્ત્રી૦ [પરિમલ] મન્દ મન્દ આવતી જે આછી સુગન્ધિ તે; સુવાસ; ખુશબો.

પિમળવું, ક્રિ૦ અ૦ મન્દ મન્દ સુગન્ધિ આવવી; સુવાસ [આવવો.

પિયર, પિહેર.

પિયળ-ળો, પીયળ.

પિયુ, પુ૦ ધણી-સ્વામીના અર્થમાં લાડમાં બોલાય છે; [પ્રિય પતિ.

પિયુખ, પીયુષ.

પિયુડો, પિયુ.

પિરસવું, ક્રિ૦ સ૦ [પરિવેષણ] જમવા સારૂ થાળી-ભાણામાં ભોજન સામગ્રી મુકવી. [પથરો (હીરાનો).

પિરોજ-જો, પુ૦ [ફા૦] આસમાની રંગનો કિમતી

પિલવણ, સ્ત્રી૦ એક જાતનું ઝાડ.

પિલવું, ક્રિ૦ સ૦ યન્ત્રવડે છુંદી કચરી૦ નાખવું. ઘાણી પિલવી એટલે ઘાણીવડે તલ દિવેલી વગેરેને પિલવાં.

પિલાવું, ક્રિ૦ અ૦ પિલેલી હાલતમાં આવવું. પિલાયાં

પિલુ, ન૦ પિલવણનાં ફળ. [કરવું.-રિબાયાં કરવું.

પિલોડિયું, ન૦ જુવાર બાજરીના ધડમાંથી ફુટેલા પીલા.

પિવું, પીવું.

પિશાચ, પુ૦ [સં૦] અપમૃત્યુથી મરેલાં પ્રાણીનો જીવ જે રૂપ ધરે છે તે; દુઃખ દેતી એક જાતની ભૂત યોનિ. ૨ મલીન દુઃખદાયક માણસ.

પિશાબ, પુ૦ [ફા૦] મૂત્ર; મુતર.

પિશુન, પુ૦ [સં૦] ચાડિયો.

પિસવી, સ્ત્રી૦ કોથળી.

પિસવું, ક્રિ૦ સ૦ પિરસવું. ૨ દળવું; વાટવું; ભુકો કરવો. ૩ એક બીજા સાથે સંકડાવી-જોડી-ચાંપી દેવા. દાંત ભીડ પિસવા. [૨ પાશો.

પિસલો, પુ૦ સિસોટી વાગે એવો બનાવેલો માટીનો ઘાટ.

પિસ્તાળીસ, વિ૦ ચાળીસ ને પાંચ; ૪૫.

પિસ્તોલ, સ્ત્રી૦ [અં૦] દારૂભરી એક હાથે ફોડવાનો એક યંત્ર.

પિહેર, ન૦ વહુના માબાપનું ઘર. પિહેર ને સાસરું. પિહેરિયાં-પિહેરનાં માણસો-વહુનાં સગાં-મા, બેન વગેરે (ઘણું કરીને સ્ત્રી વર્ગને લાગેછે).

પિળચટું, વિ૦ પિળાસ પડતું.

પિળવું, ક્રિ૦ સ૦ કંકુના રગડાથી રંગવું-હાથ માલ વગેરે. ૨ ખરડવું-(નરક વગેરેથી).

પિળાટ-સ, સ્ત્રી૦ કંઈક પીળો દેખાતો રંગ.

પિળિયું, ન૦ હળદના રંગથી રંગેલું પીળું લુગડું-જે પેરીને કન્યા ન્હાઈ હોય ને જે પરણવા આવેલા વરને મોકલાવામાં આવેછે તે.

પીંખ, સ્ત્રી૦ પિખવું તે-ચુંથપીંખ કરીશ નહિ.

પીંછ, પીછું.

પી, અ૦ એ શબ્દ ફજેતી કરતી વેળા વપરાય છે. સ્ત્રી૦ ફજેતી; રેવડી. [મોઢાંમાનો રસ.

પીક, ન૦ અનાજ વગેરેનો પાક. ૨ પાન તમ્બાકુનો

પીછ, ન૦ પીછું; પીછાં.

પીછી, સ્ત્રી૦ મોરનાં પીછાંની જુડી જે રાજા ધર્મગુરૂ ઉપર આમ તેમ હલાવવામાં આવેછે; ચામર. ૨ ખજુરાં વગેરેની જુડી જે દુકાનદારો માખી ઉરાડવાને વાપરે છે તે. ૩ પીછાંની જુડી અથવા લુગડાંનો કકડો જે માખી મચ્છર વગેરે ઉરાડવાના કામમાં આવેછે તે.૪ રંગવાની.

પીછું, ન૦ [પિચ્છ] પક્ષીની પાંખ અથવા પુછડાંના જે અવયવો તેમાંનું એકેકું. [કનો નથી.

પીછો, પુ૦ પછવાડે લાગવું તે; કેડો. તે મારો પીછો મુ-

પીજન, પિંજન.

પીટણી, સ્ત્રી૦ પિટવું તે; કુટણું.

પીટવું, પિટવું.

પીટયો, વિ૦ જેનું નામ લઈ કુટયું-કુટવું તે (પુરુષ). એ શબ્દ બોલી બૈરાં પોતાના દુઃખદેતા છોકરાને ચિડે છે.

પીઠ, સ્ત્રી૦ માલ જ્યાં જથાબંધ વેચાતો હોય તે ઠેકાણું અથવા બજાર. ૨ બજાર ભાવ. ૩ ગરદનની નીચેનો ને વાંસાની ઉપરનો જે ભાગ તે. ઘોડાને પીઠ આવી છે. ૪ પીઠનું જોર એટલે કુમકનું-મદદનું-પછવાડે ઉભાં રેહેવાનું જોર. પીઠ ઠોકવી એટલે (તારીફ શાબાશી આપવી વેળા). ૨ (હિંમત-ઉત્તેજન આપતી વેળા). [વાર જે વાર્તા તે.

પીઠિકા, સ્ત્રી૦ [સં૦] વંશાવળી. ૨ મૂળથી માંડીને વિગત

પીઠી, સ્ત્રી૦ સુકી કોળેલી સુગંધો યુક્ત જે હળદ વર કન્યાને શરીરે પરણવાના થોડાક દહાડા આગમજ ચોપડવામાં આવે છે.

પીઠું, ન૦ દારૂ તાડીની દુકાન; કલાલખાનું.

પીડ, સ્ત્રી૰ પીડા; દુઃખ. [તે. ૨ પીઢ.

પીડ, સ્ત્રી૰ રઙ્ગની જે લુગદી બૈરાંઓ દાંત ઉપર મુકેછે

પીડવું, ક્રિ૰ સ૰ પીડા કરવી; દુઃખ દેવું; રિબાવવું.

પીડા, સ્ત્રી૰ [સં૰] દુઃખ; વેદના; ક્લેશ. ૨ કાળજી; ચિન્તા; ચીડ; માથાફોડ. ૩ ગ્રહ-ભૂત-પિતર-દેવ વગેરેથી થતું દુઃખ. ૩ દુઃખ દેતું પ્રાણી અથવા વસ્તુ અથવા કર્મ.

પીડાવું, ક્રિ૰ અ૰ પીડા પામવી; રિબાવું.

પીડિત, વિ૰ ધા૰ પીડા પામતું-પામેલું; દુઃખી.

પીઢ-ઢિયાં, સ્ત્રી૰ જે લાંબાં લાકડાં ઉપર માળના પાટિયા મુકી જડી લેવામાં આવેછે તે- એ લાકડાં ચોરસ અથવા ગોળ સાકટા હોય. પીઢ પાટિયાં.

પીઢિયાં, ન૰ મોઢાંમાંની દાઢની જે જગા તે. સાતમે મહિને પીઢિયાં ફુટચાં. [વગેરે તે.

પીત, ન૰ પિત્ત. ૨ પાણીથી થતું જે કરસણ શાક [આવેછે.

પીત, વિ૰ [સં૰] પીળું.

પીતપાપડો, પુ૰ એક જાતનું બીજ. ઓસડમાં કામ

પીતામ્બર, ન૰ [સં૰] પીળાં રેશમનું વસ્ત્ર. એ અબોટમાં વપરાય છે.

પીન, વિ૰ [સં૰] ભરેલું; ડકુણ.

પીપ, સ્ત્રી૰-ન૰ લમ્બગોળ આકારનો પાટિયાંનો બનાવેલો ઘાટ-જેમાં અનાજ પાણી દારૂ વગેરે ભરવામાં આવેછે. ૨ પાણીના ડોલના આકારનું પાણી ભરવાનું પાટિયાંનું જે ઠામ તે.

પીપર-પેર, પિપર.

પીપી, સ્ત્રી૰ એવો શબ્દ કરતું વાજું. (ઢોલીનું); સરણાઇ. ૨ ફુન્ટીનો શબ્દ.

પીયળ, સ્ત્રી૰ શુભ કારજમાં સ્ત્રીયોને મોઢે હિંગળોક કકૂંના રઙ્ગથી જે આકાર ચિતરવામાં આવેછે તે.

પીયુષ, ન૰ [સં૰] અમૃત; સુધા.

પીયો, પુ૰ [પ્રીહા] આંખના ખુણામાં બન્ધાતો મળ; ચિપડાં. ૨ ગોડ ગુમડાં ખીલ વગેરેમાંથી છેડતીવારે નિકળીપડતી કણિ તે.

પીર, પુ૰ [ફા૰] મુસલમાન લોકમાં જે સાધુઓ મરીગયા પછી દેવત્વને પામેછે, જેની માનતા મનાય છે ને જેને બળિદાન અપાય છે તે.

પીલવું, પિલવું.

પીલો, પુ૰ ઝાડ-છોડનો જે અવયવ ફુલો જમીન બાર નિકળે છે તે; અઙ્કુર. ૨ તમાકુનું કુમળું ડાળું અથવા ડાગો થતું કુમળું પાનરું. તમાકુના પીલા.

પીવું, ક્રિ૰ [સ૰] [સં૰ પિબતિ-પિબે છે] કોઇ પણ પ્રવાહી પદાર્થને મોઢે માંડી ગળામાં ઉતારવો-પાણી દૂધ પીવું. ૨ દારૂ પીવો. ૩ મારવું; સમાવું; અન્દર પચવું-જુના મટોનો લોટ પાણી બહુ પિયેછે. ૪ મોઢાંમાં ધુમાડો લેવો -બીડી ચલમ પીવી. પીજવું એટલે વેલું વેલું પીવું; પીસવું. ૨ (લાક્ષણિક) સહન કરવું; ખાઇ જવું; અખાડા કરવા. ઘોળીને પીજવું એટલે ઓસડ અથવા કોઇનું કયલું ન લેખવવું-બેદરકાર રેવું.

પીળક, સ્ત્રી૰ પીળું-ફીકું પડીજવું તે.

પીળવું, પિળવું.

પીળું, વિ૰ સુનાના-હળદના રઙ્ગ જેવું. [થી.

પુંખડું, જરાક-થોડું-ગિરખું.-વાનું પુંખડું પણ આવતું ન-

પૂંછ-ડું, પુછડું.

પુંજી, સ્ત્રી૰ [પુઞ્જ] દોલત; ગરથ; ધન.

પુંજો, પુ૰ કચરો. પુંજો કાડવો-બારવો-વાળવો.

પુંધિયું, ન૰ વચમાંથી ફાટેલાં ધોતિયાને, આસરે ચારેક હાથનો કકડો-થીગળું સાંધવું તે.

પુંખડું-ડી, પુમડું.

પુંભડી, સ્ત્રી૰ ખેતરમાંથી કપાસ વીણી લીધા પછી થોડો થોડો રઇ ગયલો-ઝાડે વળગી રેયલો કપાસનો જે ભાગ તે. પુંભડી વણવી-કરવી.

પુકાર, પોકાર.

પુખ્ત, વિ૰ પાકી બુદ્ધિનું; સમજુક (માણસ). ૨ પાકું; મજબુત (કામ).

પુગતું, વિ૰ પોંચે-ચાલે તેટલું. ૨ જોઇયે તેટલું.

પુગવું, ક્રિ૰ સ૰ પોંચવું; જવું. (ઊંચે અથવા છેટે). ૨ ચાલવું; ટકવું. ૩ મળવું; મળ્યો-બાંધ્યો હોય તેવું થવું. કાગળ પુગવો.

પુચ્છ, ન૰ પુછડું.

પુછડિયો, વિ૰ પુછડી હોય તેવો દેખાતો (તારો); ધૂમકેતુ. ૨ પુછડીવાળો (પ્રાણી).

પુછડી, સ્ત્રી૰ નાનું પુછડું.

પુછડું. ન૰ [પુચ્છ] પશુ પક્ષી સાપ માછલી વગેરેની ગાંડના ઉપરના ભાગમાંથી લામ્બો નિકળેલો જે અવયવ તે. (હાસ્યમાં) પછુલડું.

પુછપરછ-પાછ, સ્ત્રી૰ પુછવું તે; તપાસ કરવી તે.

પુછવું, ક્રિ૰ સ૰ કોઇની પાસથી કોઇ વાત જાણી લેવા માટે તેને તે સમ્બન્ધી કેવું. જવાબ લેવાને સવાલ કરવો; પ્રશ્ન કરવો. ૨ તપાસ કરવી. ૩ માગવું. ૪ દરકાર કરવી. તેને કોણ પુછેછે?

પુછાપુછ, સ્ત્રી૰ વારે વારે-સામસામું પુછવું તે.

પુછાવવું, ક્રિ૰ સ૰ કોઇ પુછે તેમ કરવું. તેણે તેની પાસ પુછાવ્યું. ૨ પુછાવી જવાબ મંગાવવો. તેને મેં પુછાવ્યું છે.

પુજ્ય, પૂજ્ય. [આપવું.

પુજવું, ક્રિ૰ સ૰ દેવગુરુની પૂજા કરવી. ૨ મોટું માન

પુજન, પૂજન. [ધ પૈ૰.

પુજાપો, પુ૰ પુજાનો સામાન-ચન્દન પુષ્પ ધુપ દીપ નૈવે-

પુજારાધ, વિ૰ [પૂજાર્હ] પૂજવાને-માન આપવાને જોગ.

પુજારી, વિ૰ પૂજા કરનાર. (જન). પુજારો-પૂજા કરનારો.

પુજ્જ, પુ૰ [સં૰] ઢગલો; જથો. ૨ સંગ્રહ; ભંડાર.

પુઠ, પૂઠ.

પુઠળ, અ૰ ગેરહાજરીમાં; પાછળ; પછવાડે.

પુઠાં, ન૰ દાળના છોડાં-પૂઠાં વણવાં.

પુઠિયાં, ન૰ જાંઘના થાપા. (ઘણું કરીને ઘોડાના).

પુઠી, સ્ત્રી૰ નાનું પૂઠું (૧ લા ને ૨ જા અર્થમાં).

પુઠી, અ૰ પછવાડે; પાછળથી; પછી.

પુઠું, પૂઠું,

પુડે, પૂડે.

પુડી, સ્ત્રી૰ પડીકું; પડી.

પુડો, પુ૰ મધમાખીનું કાણાં કાણાં વાળું ઘર જેમાં મધ હોય છે તે; મધપુડો. ૨ ઘઉં, અડદ, ચોળા વગેરેના લોટનું ખીરૂં કરી લોઢી ઉપર તેલથી તળેલો જે ખાવાનો પદાર્થ તે.

પુણવું, ક્રિ૰ અ૰ ફળવું.

પુણી, સ્ત્રી૰ રૂના ગાળાનો વેંતેકનો લામ્બો ને આંગળાં જેટલો જાડો એવો જે આકાર કાંતવાને માટે તૈયાર કરેલો તે.

પુણ્ય, ન૰ [સં૰] ધર્મ-દાન કરવાથી ઈશ્વર પ્રાપ્તિ વિષે આત્માની જે વૃતિ તે; ધર્મબુદ્ધિ; સવાબ; નેકી. ૨ દાન; ધર્મ. ૩ એથી જે ઈશ્વર પ્રાપ્તિ અથવા સુખ તે. ૪ મરતી વેળા કરેલું જે દાન તે. પુણ્યક્ષેત્ર-જ્યાં વાસ કરેથી તેનું દર્શન કરેથી પુણ્ય લાગે એવું જે ક્ષેત્ર તે-કાશી, પ્રયાગ, કુરૂક્ષેત્ર ઈ૰.

પુણ્યશ્લોક, વિ૰ [સં૰] જેના નામ સ્મરણથી પુણ્ય લાગે એવો. (મહાપુરુષ).

પુણ્યાત્મા, વિ૰ [સં૰] ઉત્તમ આચરણ કરનાર; ધર્મી; પરમાર્થી. પુ૰ પરમાર્થ-ઉત્તમાચરણનો આત્મા.

પુણ્યાહવાચન, ન૰ [સં૰] વિવાહાદિશુભ કર્મના અંગ-નું એક કર્મ.

પુતળ, પૂંતળું.

પુતળિયું, પુ૰ જેમાં પુતળું-ચેહેરો હોય તેવો સિક્કો. ૨ જેમાં પુતળીયો હોય તેવું ઘરેણું. પુતળિયાંની કંઠી.

પુતળી, સ્ત્રી૰ [પુત્તલી] સ્ત્રીના આકારનો નાનો ઘાટ. (મટોડાં-લાકડાં-ધાતુનો). ૨ આંખમાં જે પ્રતિબિમ્બાકૃતિ દેખાયછે તે; કીકી. ઊંધી પુતળીનો-ની એટલે ચુંચળો ને નીચી ને તિરછી આંખ કરીને જોનાર પુરૂષ-સ્ત્રી. ૩ (લાક્ષણિક) લામ્બી ને ખુબસુરત સ્ત્રીને પુતળીની ઉપમા અપાયછે.

પુતળું, ન૰ [પુત્તલ] મટોડાં-ધાતુ-લાકડાં વગેરેનો પુરુષ-સ્ત્રીના આકારનો જે ઘાટ તે.

પુત્તળવિધાન, ન૰[સં૰] મરનારનું શબ હાથ ન લાગેથી તેના પ્રતિનિધિરૂપ જે પુતળું બનાવી બાળવામાં આવેછે તે કર્મ. પુત્તળ કરવું કેહેવાયછે.

પુત્ર, પુ૰ [સં૰] દિકરો; બેટો. 'પુત્રના લક્ષણ પારણાં-માંથી જણાય.' પુત્રવતી-પુત્રવાળી સ્ત્રી; પુત્રવાન-પુત્ર-વાળો પુરુષ.

પુત્રી, સ્ત્રી૰ [સં૰] દિકરી; બેટી.

પુનઃ, અ૰ [પુનર્] ફરીથી; વળી.

પુનમ, સ્ત્રી૰ [પૂર્ણિમા] ઉજળાં પખવાડિયાનો ૧૫ મો છેલ્લો દાડો.

પુનરપિ, અ૰ [સં૰] ફરીથી; વળી પણ.

પુનરુક્તિ, સ્ત્રી૰ [સં૰] તેનોતેજ શબ્દ અથવા તેનું-તેજ વાક્ય ફરી ફરી બોલવું-લખવું તે.

પુનર્જન્મ, પુ૰ [સં૰] મુવા પછી નવો-ફરી જન્મ લેવો તે. ૨ (લાક્ષણિક) સારૂં ન થાય તેવી રીતના મન્દવાડ-માંથી ફરી ઉઠવું તે.

પુનર્વસુ, ન૰ [સં૰] સાતમું નક્ષત્ર.

પુનર્વિવાહ, પુ૰ [સં૰] સ્ત્રીએ બીજીવાર પરણવું તે-(પતિનો શોધ ન લાગેથી, પતિ મરીગયેથી, સંન્યાસી થઈગયેથી, નપુંસક જણાયાથી વા પતિત થયેથી).

પુનેમ, પૂર્ણિમા; પુનમ.

પુમડું, કાનનાં છિદ્રમાં જેટલું જે રૂ ઘાલવામાં આવે તેટલું તે. ૨ દેવતાની આગળ પૂજનમાં દીપનેસારૂ જે જરાક રૂના વચગાળાના ભાગની દીવેલની વાટ કરવામાં આવેછે તે. ૩ રૂનો લગારેક ભાગ.

પુર, ન૰ [સં૰] શેહેર; નગ્ર; કસબો.

પુર, પૂર.

પુરજો, પુ૰ [ફા૰] કકડો. તેણે તે કાગળના પુરજે પુરજા કરીનાખ્યા.

પુરણ, ન૰ અન્દર ભરવાનો માવો; વેડમી ઘારી વગેરેના અન્દર જે મસાલેદાર ગળ્યો પદાર્થ તે. ૨ પુરણી.

પુરણપોળી, સ્ત્રી૰ અન્દર પુરણ-ગોળદાળ હોય તેવી પોળી; વેડમી.

પુરણી, સ્ત્રી૰ ખાડામાં અથવા પાણીમાં જે પથ્થર મટોડું વગેરે નખાવવું તે.

પુરતું, વિ૰ જોઈયે તેટલું. ૨ જોઈયે તેટલું ને કંઈ વધારે.

પુરન્દર, પુ૰ [સં૰] ઈન્દ્ર.

પુરબિઓ, પુ૰ ઉત્તર હિંદુસ્તાન તરફના કેટલાક બ્રાહ્મણ ક્ષત્રી એ શબ્દે ઓળખાય છે.

પુરવણી, સ્ત્રી૰ પછવાડેથી જેટલું જે વધારી ગ્રન્થ પૂરો કરેલો તે; સાંધણ. ૨ પુરણી.

પુરવાર, વિ૰ દાખલા-શાહેદીથી સાબીત કરેલું. પુરવાર કરવું-સાબીત કરવું.

પુરવારી, સ્ત્રી૰ સાબેતી; પુરાવો આપવો તે.

પુરવી, સ્ત્રી૰ એક જાતની રાગણી-સાંજે અથવા પ્રાતઃ પેહેલાં ગાવાની.

પુરવું, ક્રિ૰ સ૰ ખાડા-પાણીમાં મટોડું પથ્થર વગેરે નાખવાં. ૨ કોઈ પાત્રમાં પ્રવાહી રેડવો. ખડિયામાં શાહી, કોડિયાંમાં તેલ વગેરે. ૩ બાંધ બાંધી ને ઉપર

ચિત્રામણ કાડવાં, તેમાં રંગ લગાડવા વગેરે કરવું. સાથીઓ-ચોક પુરવો. ૪ વધારવું; ચકચકિત કરવું; ઉસકેરવું. તેણે તેની વાતમાં રંગ પુરયો. ૫ દાટવું; ખાડામાં મુકી ઉપર મટોડું નાખવું. ૬ કેદ કરવું; બન્ધ કરવું-કોટડીમાં પુરવું. ૭ જોડે બોલવાલાગવું-તેણે સાદ પુરયો. ૮ અધુરું પુરું કરવું. ખોડ-ખામી પુરી નાખી. ૯ આપવું; રજુ કરવું. સાહેદી પુરવી.

પુરશાતન, પુરુષાતન.

પુરશારથ, પુરુષાર્થ.

પુરશ્ચરણ, ન૦ [સં૦] મન્ત્રસિદ્ધિને માટે અમુક સઙ્ખ્યાનો જપ કરવો એવું જે અનુષ્ઠાન તે.

પુરસીસ, સ્ત્રી૦ [ફા૦] શાહેદોને સવાલ પુછવા તે; પુછપાછ; તલ્લાસ.

પુરસ્સર, અ૦ [સં૦] એ શબ્દ, જે વર્ગમાં જે મુખ્ય તેનાં નામની સાથે જોડાઇને તે તે વર્ગનો બોધ કરેછે; આદિલઇને; વગેરે; પૂર્વક; સાથે. ઇન્દ્રપુરસ્સર, બુદ્ધિપુરસ્સર ઇ૦.

પુરાંત-બાકી, સ્ત્રી૦ શરાફી ચોપડીમાં જમે ઉધાર બાદ કરતાં જે શીલક-બાકી તે.

પુરાણ, ન૦ [સં૦] ઇશ્વરચરિત્ર-લીલાનો અને રાજાઓના ઇતિહાસનો ગ્રન્થ. પ્રત્યેકમાં સૃષ્ટિની ઉત્પત્તિ, તેની સ્થિતિ, તેનો લય, દેવ ને શરવીરોની વંશાવળી, મનુષ્યોના ને તેના વંશજોના રાજની કથાઓ ઇ૦ હોય છે. પુરાણ અઢાર છે. (જોવું કથાકોષ પૃ૦ ૧૯૫મું).

પુરાણપુરુષ, પુ૦ [સં૦] આદિપુરુષ; શિવ.

પુરાણી, પુ૦ [પૌરાણિક] પુરાણ વાંચનારો.

પુરાણું, વિ૦ છેક જૂનું-અસલનું. [જૂનું.

પુરાતન, વિ૦ [સં૦] અસલના વારાનું; બહુ પ્રાચીન;

પુરાવું, ક્રિ૦ અ૦ ખાડા ટળી સપાટી દેખાય તેવું થવું. ૨ ખાલી જગા તે ભરેલી થવી. શીરસ્તેદારની જગા ખાલી હતી તે પુરાઇ ગઇ. ૩ અટકવું-બાઝી જવી.

પુરાવો, પુ૦ સાબીતી; જે તકરાર-દલીલ દાખલાથી એક વાત ખરી કરી દેખાડવી તે.

પુરી, સ્ત્રી૦ [સં૦] નગરી; કસબો.

પુરીષ, ન૦ [સં૦] વિષ્ટા; નરક.

પુરું, પાકું.

પુરુષ, પુ૦ [સં૦] જેના શરીરમાં પ્રજા ઉત્પન્ન કરવાનું બીજ છે તે મનુષ્ય. ૨ માટીડો; જુવાન; મરદ. ૩ માણસ (પછી સ્ત્રી પણ હોય)-(પુરુષસર્વનામમા). ૪ વંશમાનો એકાદો માણસ. ૫ જે અવયવથી પુરુષ, સ્ત્રીથી જૂદો પડેછે તેવા અવયવવાળું પશુ પક્ષી ઇ૦; નર.

પુરુષત્વ, ન૦ [સં૦] પુરુષપણું; મર્દાઇ; શૌર્ય. ૨ ગુણ કર્મથી સંસાર ચલાવવાનું-પ્રસિદ્ધિ મેળવવાનું સામર્થ્ય.

પુરુષસર્વનામ, ન૦ (વ્યાકરણમાં) હું, તું, તે-અમે, તમે, તેઓ એ જે સર્વનામ તે. [શક્તિ.

પુરુષાતન, ન૦ પુરુષત્વ. ૨ પ્રજા ઉત્પન્ન કરવાની પુરુષ

પુરુષાર્થ, પુ૦ [સં૦] પુરુષે જન્મ ધરીને સાધ્ય કરવા જોગ જે અર્થ-ઉદેશ તે, એ ચાર છે. ધર્મ, અર્થ, કામ, ને મોક્ષ. ન૦ પુરુષ પરાક્રમ; પુરુષપણું.

પુરુષાર્થી, વિ૦ પુરુષાર્થ-પુરુષપરાક્રમ દેખાડનારો.

પુરુષોત્તમ, પુ૦ [સં૦] વિષ્ણુ.

પુરુષોત્તમ માસ, પુ૦ અધિક મહિનો; મળમાસ.

પુરેપુરું, વિ૦ સમ્પૂર્ણ; કંઇજ બાકી નહિ પણ તમામ.

પુરોહિત, પુ૦ [સં૦] કુળગોર.

પુલ, પૂલ.

પુલ્લિંગ, વિ૦ [સં૦] (વ્યાકરણમાં) પુરુષ વાચક અથવા પુરુષપણાંનો જે ભાવ તે વાચક (શબ્દ). છોકરો, ઘોડો, ઢોલિયો, પર્વત ઇ૦.

પુષ્કર, ન૦ [સં૦] કમળ. ૨ સાત દ્વીપમાંનો એક. ૩ જાતરાનું એક ધામ. ૪ તળાવ.

પુષ્કળ, અ૦ [સં૦] ઘણું; ઝાઝું; બહુ; અતિશય. (માપ વજનમાં). ૨ ઘણા; બહુ; ભોસક (સઙ્ખ્યામાં).

પુષ્ટ, વિ૦ [સં૦] જાડું; માંસ ચરબીથી ભરેલું; ખાધિલપિધિલ. ૨ રસકસથી ભરેલ.

પુષ્ટિ, સ્ત્રી૦ [સં૦] શરીર વળવું-ભરાવું તે; ભરાવ; વધારો. ૨ ઉત્તેજન; મદદ; સહાયતા; કુમક. ૩ જોર; પુરાવો. ૪ આબાદાની; ચડતી કળા.

પુષ્ટિકારક, પુષ્ટિકરનાર.

પુષ્ટિપત્ર, ન૦ [સં૦] જે જાડો કાગળ-જાડું ચામડું વગેરે, લખવાના કાગળની નીચે મુકવામાં આવેછે તે. ૨ ચોપડાનું પૂંઠું.

પુષ્ટિમાર્ગ, પુ૦ વલ્લભાચાર્યના પન્થનો એક માર્ગ તે આવો કે બીજા કોઇ દેવને ન માનતાં એક કૃષ્ણનેજ ભારભાવે ભજવો.

પુષ્પ, ન૦ [સં૦] ફૂલ. ૨ સ્ત્રીની ગુહ્યેન્દ્રિયમાં જ્યાંથી અટકાવ નિસરેછે તે અવયવ અથવા સ્ત્રીને જે અટકાવ આવેછે તે. પુષ્પવતી-અટકાવવાળી સ્ત્રી.

પુષ્પધન્વા, પુ૦ કામદેવ.

પુષ્પાઞ્જલિ, સ્ત્રી૦ બે હાથના ખોબામાં જે પુષ્પ ભરી મન્ત્ર ભણી દેવને અર્પણ કરવાં તે.

પુષ્પિત, વિ૦ ધા૦ પુષ્પથી આચ્છાદિત.

પુષ્ય, ન૦ [સં૦] આઠમું નક્ષત્ર.

પુસ્તક, ન૦ [સં૦] ગ્રન્થ; ચોપડી.

પુસ્તકશાળા, સ્ત્રી૦ જ્યાં અનેક પુસ્તકોનો સંગ્રહ રાખ્યો હોય તે ઠેકાણું.

પુસ્તકાલય, પુસ્તકશાળા. [ચણેલું કામ તે; પૂલ.

પુસ્તો, પુ૦ [ફા૦ પુશ્તો] પાણીને અટકાવવાને જે બાંધેલું-

પુળી, સ્ત્રી૦ ઘાસ વગેરેની જે જુડી-ભારી તે.

પુળો, પૂળો.

પૂફરવું, ક્રિ૦ અ૦ મૂતરવું (બાળકની બોલીમાં).

પૂજ, ન૦ મીંડું; શૂન્ય; ૦. ૨ વિરામચિન્હ-ટાંપના જેવું [બિન્દુ.

પૂજક, વિ૦ [સં૦] પૂજનાર.

પૂજન, ન૦ [સં૦] પૂજવું તે.

પૂજવું, પુજવું.

પૂજા, સ્ત્રી૦ [સં૦] દેવ ગુરુને સન્માન આપવા-તેઓનો પ્રસાદ પામવા ચન્દન પુષ્પ વગેરે અર્પવાં તે. ૨ (વાંકામાં) ધમકાવી માર મારવો તે. પૂજા કરવી. પૂજા લેવી એટલે પૂજા સ્વીકારવી. ૨ પૂજા કરવાનું માથે લેવું. પૂજા વાળવી એટલે ઘણા દિવસ થયા પૂજા ચાલ્યા કરતી હોય તેની સમાપ્તિ કરવી. 'છાણના દેવ ને આસડાની પૂજા' એટલે મોટો મનાતો પણ જો તે નાલાયક હોય તો તેને શિક્ષા કરવીજ.

પૂજિત, વિ૦ ધા૦ [સં૦] પૂજેલું.

પૂજ્ય, વિ૦ [સં૦] પુજવા-માન આપવા જોગ (ગુરૂ પણ્ડિત વડિલ).

પૂઠ, સ્ત્રી૦ શરીરનો પાછલો ભાગ. પૂઠ ફેરવીને બેસ એટલે એવી રીતે ફરીને બેસ કે પૂઠ જોનારાને પૂઠ દેખાય. ૨ પરોક્ષ; ગેરહાજરી. પૂઠ પાછળ બોલવું.

પૂઠું, ન૦ [પૃષ્ઠ] પુસ્તકના રક્ષણ સારૂ ઉપર તળે મુકવાનાં પાટિયામાંનું એકેકું; ચોપડીની બંને બાજુએ જે ચામડું-કપડું તે અથવા ચોપડી સાથે સીવી લીધેલા જે જાડો કાગળ તે. ૨ ઢાળનું છોડું. ૩ (પશુ વિષે બોલતાં) બરડો; જાંઘનો થાપો.

પૂઠે, અ૦ પાછળ; પછવાડે. પૂઠે લાગવું-ખન્તથી કામ કરવું. ૨ દુઃખ દેવાની-ખરાબ કરવાની તજવીજ કરવી.

પૂડો, પુ૦ પાસપાસે કાણાં કાણાં હોય તેવું મધમાખી ભિંગારી વગેરેનું ઘર; મધપૂડો. ૨ ઘઊં, અડદ, ચોળા વગેરેના લોટનું ખીરૂં કરી લોઢી ઉપર તેલથી તળી જે પદાર્થ બનાવવામાં આવેછે તે.

પૂત, પૂત્ર.

પૂન, પુણ્ય.

પૂનમ, પૂર્ણિમા.

પૂર, વિ૦ પૂર્ણ; જોઈયે તેટલું ને કંઈક વધારે. કેટલે દહાડે આજ પેટપૂર ખાવાનું મળ્યું. ૨ ભરેલું; તર; ચકચૂર. આજે માથાના રફગ પૂર આવી રહ્યા છે.

પૂર, ન૦ નદીમાં પાણી વધી વિસ્તાર પામે તે; રેલ. પૂર આવ્યું છે. ૨ મોટાઈ; દર-ગ્રન્થનું પૂર.

પૂરણ, પુરણ. અ૦ પૂર્ણ; બંસ; થયું.

પૂરવણી, પુરવણી.

પૂરવું, પુરવું.

પૂરિત, વિ૦ ધા૦ [સં૦] પુરેલું.

પૂરી, સ્ત્રી૦ ઘી તેલમાં તળીને ઉપસાવેલા ઘઊં રાજગરા વગેરેની કણેકનો વણેલો જે ગોળ આકાર તે.

પૂરું, વિ૦ [પૂર્ણ] આખું; સબ્ધું; તમામ. ૨ પ્રવીણ; કાબેલ; જાણીતો. તે સઘળી વાતે પૂરો છે. અ૦ સમાપ્ત; અન્ત-છેડો આવ્યો હોય તેવું. પૂરું કરવું-અધૂરું હોય તેને. ૨ અન્ત આણવો; મારીનાખવું. પૂરુંપડવું-જોઈયે તેટલું મળવું; પોંચતું થવું. ૨ બસ થવું. ૩ સરખું ઉતરવું; બર આવવું. તે તેને પૂરો પડશે. પુરુંપાડવું-જોઈયે તે પોંચતું કરવું-આણી આપવું. ૨ અધૂરું હોય તે પૂરું-પાર કરવું-તે ગ્રંથની ખૂટ હતી તે તેણે પૂરી પાડી. ૩ પાળવું; બજાવવું (વચન).

પૂર્ણ, [સં૦] પૂરું. [ચન્દ્ર.

પૂર્ણચન્દ્ર, પુ૦ [સં૦] પૂનેમનો સર્વકળા સમ્પૂર્ણ એવો

પૂર્ણાઙ્ક, પુ૦ [સં૦] ભાગ-કકડો નહિ પણ આખો-પૂર્ણ અઙ્ક. પા-$\frac{1}{4}$, અડધો-$\frac{1}{2}$ એ નહિ પણ ૧, ૨, ૩ એવા પૂર્ણ અઙ્ક તે.

પૂર્ણાહુતિ, સ્ત્રી૦ [સં૦] યજ્ઞ-જગન-હોમનું કર્મ જે દિવસે સમ્પૂર્ણ થવાનું હોય તે દિવસે જે મોટું બલિદાન આપવાનું તે. [ચંદ્ર ઉગે તે.

પૂર્ણિમા, સ્ત્રી૦ [સં૦] શુકલપક્ષની પન્દરમી તિથિ-પૂર્ણ

પૂર્ણોપમા, સ્ત્રી૦ [સં૦] એ નામનો અર્થાલઙ્કાર જેમાં ઊપમેય, ઊપમાન, વાચ્ય ને સામાન્ય ધર્મ, સ્પષ્ટ દરસાવ્યા હોય છે તે. આ સ્ત્રીનું મુખ પૂનેમના ચન્દ્ર સરખું શોભેછે.

પૂર્તિ, સ્ત્રી૦ [સં૦] ભરપુર-પૂરૂં હોવું તે.

પૂર્વ, સ્ત્રી૦ [પૂર્વા] જે દિશા તરફ સૂર્ય ઉગેછે તે.

પૂર્વ, વિ૦ [સં૦] આગળ કયલું; પેલું; પૂર્વોક્ત. ૨ આગલો ભાગ. પૂર્વ કાણ્ડ, પૂર્વાર્દ્ધ ઇ૦ પાછલા ભાગ ને ઉત્તર કેવાય છે. ઉત્તરકાણ્ડ, ઉત્તરાર્દ્ધ ઇ૦.

પૂર્વક, અ૦ [સં૦] સાથે; આદિ રાખીને. આગ્રહપૂર્વક.

પૂર્વજ, પુ૦ [સં૦] બાપ-દાદો-પરદાદો વગેરે મરણ પામી પિતર થયલા તે સહુ. ૨ પ્રથમ જન્મેલો છોકરો; પુત્ર; અગ્રજ. [તે.

પૂર્વજન્મ, પુ૦ [સં૦] આ જનમની પેલાંનો જે જનમ

પૂર્વદત્ત, વિ૦ [સં૦] પૂર્વજન્મમાં આપેલું.

પૂર્વદ્વાર, પુ૦ [સં૦] પૂર્વ દિશા બાજુનું બારણું. ૨ સરિયામપર પડતું-આગલું બારણું. ૩ મુખ (પશ્ચિમ દ્વાર એટલે ગાંડ).

પૂર્વપશ્ચિમ, વિ૦ પૂર્વથી તે પશ્ચિમ લગીનું.

પૂર્વપક્ષ, પુ૦ [સં૦] પેલું પખવાડિયું; સુદ. ૨ ચર્ચા-ઉત્તર-સમાધાનને માટે પ્રથમ કાડેલું જે પ્રકરણ તે; કોઈ વાતને સિદ્ધ કરવાસારૂ વાદનો જે પ્રથમ પાયો તે.

પૂર્વરાત્ર, સ્ત્રી૦ [સં૦] સાંજથી તે મધરાત સુધીનો જે કાળ તે-પછીનો તે ઊત્તરરાત્ર કેવાય.

પૂર્વવત્, અ૦ [સં૦] જેમ પ્રથમ-આગળ કર્યુંછે તેમ.
પૂર્વાપર, વિ૦ [પૂર્વ, અપર] આગલું ને બીજું.
પૂર્વા-ફાલ્ગુની, સ્ત્રી૦ [સં૦] ૧૧ મું નક્ષત્ર.
પૂર્વા-ભાદ્રપદા, સ્ત્રી૦ [સં૦] ૨૫ મું નક્ષત્ર.
પૂર્વાર્દ્ધ, વિ૦ [સં૦] આગલું-પે’લું અરધું.
પૂર્વાવલોકન, ન૦ [સં૦] આગળથી અવલોકન કરી રાખવું તે.
પૂર્વાષાઢા, સ્ત્રી૦ [સં૦] ૨૦ મું નક્ષત્ર.
પૂર્વી, સ્ત્રી૦ એક રાગણી.
પૂર્વે, અ૦ પ્રથમ-આગળ-ઉપર કહ્યું તેમ. ૨ અસલના વખતમાં; પે’લાં.
પૂર્વોત્તર, વિ૦ [સં૦] પૂર્વથી તે ઉત્તરલગીનું. ૨ આગલું ને પાછલું.
પૂલ, પુ૦ [ફા૦] નદી-ખાડી-તળાવ ઓળંગીને જવાસારુ તેના ઉપેર લાકડાંના પાટિયાં-પોડાનાં પાટા-પથ્થર ઈંટનો જે રસ્તો બાંધ્યો હોય તે.
પૂળી, સ્ત્રી૦ ચાર ઘાસ વગેરેની જે જૂડી-ભારી તે.
પૂળો, પુ૦ કડબ-ઘાસ વગેરેની મોટી ભારી. પૂળો મુકવો એટલે સળગાવી દેવું.
પૃચ્છક, વિ૦ [સં૦] પુછપાછ કરવાની ટેવવાળું. ૨ જિજ્ઞાસાવાળું; શોધક. પૃચ્છક માણસ-બુદ્ધિ ઈ૦.
પૃચ્છા, સ્ત્રી૦ [સં૦] પ્રશ્ન; પુછપાછ.
પૃથક્, અ૦ [સં૦] જૂદું પાડીને; નોખું. (માણસ-ખાખત-ભાગ વગેરે).
પૃથક્કરણ, ન૦ [સં૦] જૂદું પાડવું તે; જૂદું કરી બતાવવું તે. એનું ઉલટું સંયોગીકરણ.
પૃથ્વિનાથ, પુ૦ રાજા; હાકેમ.
પૃથિવી-થ્વી, સ્ત્રી૦ [સં૦] જે ઉપર પ્રાણી, વૃક્ષ, પર્વત, નદી, સમુદ્ર, ઈ૦ની ને જેની અંદર અનેક રીતના ધાતુના પડો ઈ૦ની રચના છે એવો જે ગોળાકાર અતિમોટો જડ પદાર્થ જેમાં આપણે વસિયે છૈયે તે; આકાશમાં, સૂર્યની આસપાસ ફરતો એક ગ્રહ. ગન્ધ રૂપ એ ગુણ રાખતું પાંચ તત્વમાંનું એક તત્વ. ૨ ભોંય; જમીન.
પૃષ્ઠ, ન૦ [સં૦] પત્રની એક બાજુ; પાનું (એક તરફનું); સફું; પુઠી. ૨ પીઠ; વાંસો. ૩ ઉપલી સપાટી. વિ૦ પાછલું; પછવાડેનું. ૨ જડ પદાર્થના ઉપલા ભાગ-સપાટી સંબંધી.
પેચું, વિ૦ અશક્ત; માઈકાંકલું.
પેઠ, સ્ત્રી૦ હુંડી ગેરવલ્લે પડેથી બીજીવાર જે હુંડી લખી આપવામાં આવે તે.
પેંડો, પુ૦ માવાની અન્દર ખાંડ મેળી બનાવેલી ગોળ આકારની મિઠાઈ. ૨ ભાત કાઢી લીધા પછીના જે છોડવા તે; પરાળ.
પેંથી, સ્ત્રી૦ સેંથો.
પેપી, સ્ત્રી૦ પતરાજ; મગરૂબી. પેપી શું કરેછે.
પેખવું, ક્રિ૦ સ૦ જોવું; જોઈને જાણવું.
પેખામાખોરા ફતુવાખોર.
પેગમ્બર, પુ૦ [ફા૦] ઈશ્વરપ્રેરિત જ્ઞાનવાન પુરુષ જે ઈશ્વરની આજ્ઞાનો લોકને બોધ કરેછે તે. ઈસુક્રિસ્ટ એ ક્રિશ્ચયન લોકોનો, મહમ્મદ એ મુસલમાનોનો ને જરતોસ્ત એ પારસીઓનો પેગમ્બર કેવાય છે. ૨ અવતારી પુરુષ. (ઈશ્વરને ત્યાંનો પેગામ આણનારો).
પેગામ, પુ૦ [ફા૦] સન્દેશો; ખબર.
પેચ, પુ૦ [ફા૦] આંટો; આંમળો; પટી. (પાઘડીનો પેચ). ચકરીદાર પાઘડીમાં આડો શોભતો તે બાલમપેચ કેવાય છે. ૨ આમળો-પેચવાળી ખીલી. ૩ મનમાં જે આમળો-આંટો તે. ૪ છુપી જુક્તિ; કરામત. ૫ ફાંદો; જાળ. પેચમાં આવવું. પેચ રમવો એટલે છળભેદ કરવો. ૬ એકમેકમાં ભેરવાવું તે. કનકવાના પેચ.
પેચોટી, સ્ત્રી૦ આંમોઈ. [અર્થમાં).
પેજ, પુ૦ પેચ શબ્દનો પર્યાય (માત્ર પાંચમાં ને છઠ્ઠા
પેજ, સ્ત્રી૦ ચોખાની કાંજી.
પેજાર, પુ૦ [ફા૦] જોડો; જુતી.
પેટ, ન૦ [સં૦] શરીરનો જે ભાગ છાતી ને પે’ડુંની વચમાં છે તે-જેમાં ખાધેલું પીધેલું રૂઈ પાચન થાયછે; ઉદર. ડુંટી ને પે’ડુની વચમાંના ભાગ જે પેટનો નીચલો ભાગ કેવાય તેમાં સ્ત્રીને ગર્ભ રૈછે. ૨ સ્તન; ધાઈ; થાન. ૩ કાંચળી-ચોળીના જે ભાગ થાનને ઢાંકેછે તે. ૪ દીકરો-દીકરી (ઓ મારાં પેટ એમ મા કેછે). ૫ આજીવિકા; ગુજરાન. પેટપર પગ મુકવો એટલે કોઈનું ગુજરાન થતું અટકાવવું. ૬ ગાડો. પેટ આવવાં એટલે ગાડો થવો; પેટ છુટીજવાં-ચાલવાં એટલે ઘણો ગાડો થવો. ૭ એકાદા ઘાટની અન્દરનું જે ગોળ પોલાણ તે; પેડું. ૮ હૈયું; અન્તઃકરણ; મન. ‘પેટ કરાવે વેઠ’ એટલે ગુજરાનને માટે મેહેનત કરવીજ પડે. પેટ ચોળીને શૂળ ઉપજાવવી એટલે હાથે કરીને-જાણીજોઈને દુઃખ વોરી લેવું. પેટમાં પેસી નિકળવું એટલે (કોઈનાં) અંતઃકરણની વાત જાણવી. એના પેટમાં કંઈ સમાય-રે નહિ એટલે એનાથી કોઈ વાત છાની રાખી શકાય નહિ. તેનું પેટ મોટું છે એટલે તે ગુહ્ય-મર્મની વાત બાર કાડતો નથી પણ મનમાં રાખેછે. તેના પેટમાં રોગ છે એટલે તેના દિલમાં કપટ છે. પેટે દિકરી પડી છે એટલે જણતર દિકરી છે (દિકરો નથી). જેમતેમ કરી ને બચારો પોતાનું પેટભરેછે એટલે શરીરના નિર્વાહ જેટલું પેદા કરેછે. તેના પેટમાં દુખેછે એટલે તે કોઈ કામ કરવાની આનાકાની કરેછે. પેટ વધવું એટલે ગર્ભ રૈવો. પેટ ચડવું એટલે અજીરણથી.

પેટ વાંસા સાથે ચોંટીજવું એટલે ભૂખથી. પેટ ફુલવું એટલે અજીરણથી. ૨૦ગર્ભ રેવો. 'પેટ બળ્યો ગામ બાળે' એટલે જેનો 'જેનાથી સ્વારથ' ન સધાય તે તેનેજ નુકસાન કરતાં-વેરમાં બીજા ઘણા જણને નુકસાન કરે. પેટ બળ્યો-ની એમ બૈરાં પોતાનાં છોકરાંને ક્રોધમાં કેછે એટલે-પેટમાં બળી કાં ન ગયો અથવા મારો જીવ કાં બાળેછે. પેટ બાળવું એટલે પેટપુર ન ખાવું; અડધાં ભૂખ્યાં રેવું. પેટ તણાવું, પેટ ફાટવું, એટલે ઘણું ખાધાથી અકળાવું. પેટને ભાડું આપવું એટલે શરીરના નિર્વાહનેસારૂ કંઇ પણ ખાવું. પેટ સરખું વાલું તેને કોઇ ના વાલું એટલે એકલપેટું-પોતાનોજ ફાયદો જોય. પેટનું છોકરૂં એટલે પોતાનું. પેટ ભરી ખાવું એટલે ધરાઇને. પેટપુર એટલે જોઇએ તેટલું; પુશ્કળ. પેટ ખોલી વાત કરવી એટલે પડદો દૂર કરી દિલની વાત કેવી. પેટમાં બરાવું એટલે કોઇના મનનો ગલ લેવો. એના પેટમાં પગ-ટાંટિયા છે એટલે એનામાં કપટ-પ્રપંચ-દગો છે. પેટે થવું-આવવું એટલે જનમવું. ઠંડે પેટે એટલે નીરાંતે; સંન્તોષે. પેટ ઠણ્ડાં થજો એટલે સુખી થજો. કોઇ માના પેટમાંથી શીખી નિકળ્યું નથી એટલે અભ્યાસથી શિખાય છે.-જનમથીજ કોઇને આવડત હોતી નથી. પેટે પાટા બાંધવા એટલે ભુખ્યાં રેવું. 'પેટને પુરાં નહિ ને ઓટિફગને વડાં'. 'પેટપર પોટલું' એમ બોલાય છે. પેટે ચાલનારાં પ્રાણી એટલે સાપ અળસિયાં વગેરે.

પેટબેસણું નં૦ ઝાડેફરવું લાગવું તે; અધામણ.

પેટલાખવું, હાથે કરી પેટમાં શસ્ત્ર મારવું.

પેટવવું, ક્રિ૦ સ૦ સળગાવવું; દીવા-ચુલા પેટવવો.

પેટવું, ક્રિ૦ અ૦ સળગવું.

પેટાખાતું, નં૦ એકના નામનાં ખાતાંની વિગતમાં જે નામનું નાનું ખાતું જુદું પાડ્યું હોય તે.

પેટાભાગિયો, પું૦ એક મોટા ભાગીદારના વળી જે નાના ભાગીદારો હોય તેમાંનો એકેકો.

પેટાર, પેટારો.

પેટારકમ, સ્ત્રી૦ જે નાની રકમો મળીને એક મોટી થઇ હોય તેમાંની એકેકી.

પેટારો, પું૦ મોટી પેટી. [જે ઘાટ તે.

પેટિયું, નં૦ અનાજ ભરવા સારૂ પરાળ અથવા તરસાડનો

પેટિયો, વિ૦ ખાવાનાજ બદલામાં કામ કરનારો-ચાકર. 'ઘાસિયો ઘોડો ને પેટિયો ચાકર.'

પેટી, સ્ત્રી૦ માલ સામાન મુકવાને લાકડાં-ધાતુનું વળી ઉપરનું ઢાંકણું ઉઘાડ દે કરાય તેવું ચોખુણ આકૃતિનું જે ઠામ તે. ૨ જેટલો માલ એક પેટીમાં માય તેટલો તે-અફીણની ૧૫૦ પેટી કાલે ચીન ખાતે વાણમાં ચડી છે. ૩ ફટાકડાની લુમની ચોમેર કાગળ લપેટી જે આકાર બનાવવામાં આવેછે તે. ૪ સ્ત્રીયે પેરવાનો બાંય વિનાનો કબજો. ૫ કાંચળીના પેટનો ચોખલાંની નીચલો જે ભાગ તે.

પેટું, નં૦ (નામામાં)-એકાદી મોટી રકમની વિગતમાં જે નાની રકમો તેમાંની એકેકી. જ્યાં અન્દરથી ઉધતી લખી હોય તે ઠેકાણું પણ. પેટું પાડવું. ૨ જે નાનાંઓથી એક મોટું થાય અથવા એક મોટાંની અન્દર જે નાના આવી જાય તે અકેકું; મોટાનાં જે સમ્બન્ધમાં તે. તે તેનાં પેટાંમાં આવીગયો. ૩ ધાન્યનો જે વચલો ભાગ તે. (રાંધેલા) ચોખાનાં પેટાં ફાટી ગયાં છે. પેટે-

પેઠ, પૈઠ. [પેટાંમાં.

પેઠું, પેસવાનો ભુતકાળ. "બકરૂં કાઢતાં ઉંટ પેઠું." "કુવો વંઠ્યો જ્યાં ખાતર બેઠું ને ઘર વંઠ્યું જ્યાં ભડવું પેઠું."

પેઠે, અ૦ (કોઇની) રીતે; (કોઇના) જેવું-પ્રમાણે; સરખું હોય તેમ.

પેઢી (પેઠી), સ્ત્રી૦ શરાફની દુકાન. ૨ વંશના પુરૂષોનો જે ઉપર ચડતો અનુક્રમ તે; (જીવતા પુરૂષથી). ચોથી પેઢીએ ફલાણો નામાંકિત થઇગયો છે એટલે જીવતા પુરૂષનો બાપ તેનો બાપ ને તેનો બાપ અથવા કાકો. પેઢી દર પેઢી એટલે દરેક પેઢીએ. [જે ભાગ તે.

પેડુ (પેઢુ), નં૦ ગુહ્યેન્દ્રિયની ઉપરનો ને પેટની નીચેનો

પેડો, પું૦ રાંધવાનું મોટું વાસણ.

પેણી, સ્ત્રી૦ લોઢાં-પિત્તળ- તાંબાનું વાસણ જેમાં પૂરી ખાજાં ભજિયાં વગેરે તળાય છે; લોયું.

પેણો, પું૦ મોટી પેણી

પેણ્ડો, પું૦ પેંડો. ૨ મુક્કાનો માર.

પેદ, સ્ત્રી૦ કચ્ચરઘાણ. મારી મારીને પેદ કાઢીનાખી.

પેદળ, નં૦ પાયદળ.

પેદા, વિ૦ [ફા૦] જન્મેલું; ઉત્પન્ન થયલું. ૨ નવું આવેલું-માલમ પડેલું-શોધેલું. ૩ બનાવેલું; તૈયાર કરેલું. ૪ મેળવેલું; પ્રાપ્ત કરેલું. પેદા થવું-કરવું.

પેદાયશ, સ્ત્રી૦ [ફા૦] પેદાસ.

પેદાશ-સ, સ્ત્રી૦ જનમ; ઉત્પત્તિ. ૨ પ્રાપ્તિ; આવક; કમાઇ; ઉપજ. ૩ ફળ; વસ્તાર.

પેધવું, પળકવું.

પેન, સ્ત્રી૦ અંગ્રેજી લખવાની પીછાંની કલમ.

પેનસિલ, સ્ત્રી૦ [અં૦] સલેટ ઉપર લખવાની પથ્થરની સળી અથવા કાગળપર લખવાની સીસાંની સળી.

પેર, સ્ત્રી૦ રીત; સ્થિતિ. રૂડીપેરે, એણીપેરે, કંઇપેરે ઇ૦. ૨ તજવીજ; ગોઠવણ; જુગતી.

પેર, નં૦ જમરૂખ. ૨ પુરૂષની ગુહ્યેન્દ્રિય.

પેરણ, નં૦ ગળાંથી તે જાંઘના થાપા સુધી આવતું એવું પેરવાનું ઢીલું વસ્ત્ર.

પેરણું નં૦ પેરવાનું કાંઇ તે. ૨ પેરવાની રીત.

પૈરવી, સ્રી૦ તજવીજ; ગોઠવણ; જુગતી. આગળથી તેની પૈરવી કરી રાખજે.

પેરવું, પેરિયું.

પૈરવું, ક્રિ૦ સ૦ શરીર અથવા તેના એકાદા ભાગ ઉપર ધાટીલું વસ્ત્ર અથવા ઘરેણું મુકવું-રે તેમ કરવું-ઘાલવું. વસ્ત્રાભૂષણ ધારણ કરવાં. ધોતીયું, અંગરખો, પાઘડી, ટોપી, સાડી, છાયલ, ચણિયો, કાંચળી ઇ૦ પૈરવું. તેણે કણ્ઠી ને કડકીયાં પૈરચાં છે. પૈરવું શબ્દ વસ્ત્રના સમ્બન્ધમાં વિશેષે વપરાય છે, જોડા પૈરવા એટલે જોડામાં પગ ઘાલવો. ઝાંઝરિયાં પૈરવાં એટલે પગે બેડી પડવી; કેદી થવું. જનોઈ પૈરવાં એટલે વર્ષ દિવસે શ્રાવણ ભાદરવા-માં બ્રાહ્મણોએ જનોઈ બદલી નવાં ઘાલવાં.

પૈરવેશ, પુ૦ વસ્ત્ર પૈરચા પછી જે વેશ દેખાય તે. ૨ વસ્ત્ર પૈરવાની રીત-તરેહ. ૩ જૂદી જૂદી જાતનાં જૂદી જૂદી રીતે પૈરવાનાં વસ્ત્ર ઘરેણાં તે.

પૈરામણી, સ્રી૦ પરણ્યા પછી વહુને ઘેરથી તેના વર સસરા સાસુ નણંદ વગેરે સમ્બન્ધીને પ્રસન્નતાની નિશાનીમાં જે ભેટ-બક્ષીસ આપવામાં આવેછે તે.

પૈરાવવું, ક્રિ૦ સ૦ પૈરવું કરવું (બાળક-અશક્ત-શ્રીમંતને વસ્ત્ર પૈરાવવું). ૨ (-દેવું) ગળે ઘાલવું; પોતાને લાભ થતો કોઈ જુક્તિ કરી બીજા કોઈને સાંપી-આપીદેવું. તેની કોટે પૈરાવી દીધું.

પૈરિયું, ન૦ સેરડી-જુવારના સાંઠાનો જેટલો અવયવ બે બે ગાંઠાની વચ્ચમાં હોયછે તેટલો એકેકો. ૨ પુરુષની ગુહ્યેન્દ્રિય (અભણ લોકના બોલવામાં).

પૈરેગાર, પાંરેગાર.

પૈરો, પોરો.

પૈલ, સ્રી૦ જે કંઈ પ્રથમજ-નવું કરેલું-થયલું તે. તેણે પૈલ કાડી-કાઢી. ૨ શરૂઆત; આરમ્ભ. વિ૦ પ્રથમનું; પૈલું. પૈલવેલું-વેલું ને વળી પૈલું-પ્રથમજ-તરત.

પૈલવાન, પુ૦ લડાઈમાં સૌથી આગળ ધસનારો; બહાદુર; શૂર. ૨ કુસ્તીબાજીમાં જે જબરો તે-તાલીમખાનાનો ઉસ્તાદ.

પૈલાં, અ૦ અસલ; જૂના વખતમાં; અગાડી. ૨ પ્રથમ; આરમ્ભે; શરૂઆતમાં.

પૈલીગમ-મેર-તરફ, અ૦ તે તરફ; તાંહાં.

પૈલું, સ૦ જે એકાદું બતાવવામાં અથવા બતાવી તે વિષે બોલવામાં પ્રથમ આવેછે તે; એલ્યું; તે (દર્શક).

પૈલું, વિ૦ પ્રથમ; વડું; મુખ્ય. સભામાં તે પૈલો છે. ૨ પ્રથમ-આરમ્ભમાં કરવાનું. પૈલું કામ તો તે કરવાનું છે. ૩ પ્રથમ-આરમ્ભમાં હોય તે. પૈલો પૈર. ૪ સ્થળભેદે પ્રથમનું-પૂર્વનું.

પૈલા દાડો, અ૦ ગયે અથવા આવને ચોથે દાડે. આજે, કાલે, પરમદાડે ને પૈલે દાડે.

પૈશ, વિ૦ [ફા૦] આગળ. ૨ મોબ્બાસર; વજનદાર; મુખ્ય. ૩ પાર પડેલું; ખરું. તેનું કામ પૈશ જવાનું નથી.

પેશકાર-ગાર, પુ૦ [ફા૦] કારભારી. ૨ ખવાસ; હજુરિયો.

પેશગી, સ્રી૦ કોઈ કામ ચાલતું કરવાને તે કરનારને જે આગળથી નાણું વગેરે આપવું તે.

પેશવા, પુ૦ [ફા૦] મુખ્ય પ્રધાન. ૨ સાતારાના રાજાના જે બ્રાહ્મણ પ્રધાનો પુનામાં મોટા સત્તાધારી થયા હતા તેમાંનો એકેકો.

પેશવાઈ, સ્રી૦ પેશવાની જે રાજસત્તા તે. [નાચેછે તે.

પેશવાજ, પુ૦ [ફા૦] રામજણીયો જે લાંબું લુગડું પૈરીને

પેશાબ, ન૦ [ફા૦] મૂતર.

પેશો, પુ૦ [ફા૦] ધંધો; ઉદ્યોગ; કામ.

પેસવું, ક્રિ૦ અ૦ અન્દર જવું-દાખલ થવું-ધસવું. ૨ વગર કહે જબરીથી અન્દર ઘુસવું.

પેસ્તર, વિ૦ [ફા૦] આવતું. પેસ્તર સાલ.

પેહેરવું, પૈરવું.

પેહેલ, પૈલ.

પેહેલવાન, પૈલવાન.

પેહેલું, પૈલું.

પેહો, પુ૦ સેરડીની પેરાઈના બે છેડાના ગાંઠા કાપી-નાખ્યા પછી જે ભાગ રેછે તે.

પેળ-વો, પુ૦ વૃષણ; આંડવો.

પૈ, સ્રી૦ તાંબાનો છેક હલકી કિંમતનો સિક્કો; આનાનો ૧૨ મો ભાગ; પાઈ.

પૈડું, ન૦ લાકડાં ધાતુનો ગોળ ઘાટ જેની વચ્ચથી નાભથી તે પરીઘ રૂપ વાટ સુધી આરાઓ જડેલા હોયછે તે. એ ગાડીની આજુબાજુએ ધરીમાં બેસવેલું હોય છે ને જ્યારે બળદ ચાલેછે ત્યારે ધરી ઉપર ફરેછે; ચાક; ચક્ર. એકાદા યન્ત્રનો પૈડાંના આકારનો જે અવયવ તે.

પૈસા, પૈસો એનું બહુવચન. પૈસાટકા પણ કેવાય છે. પૈસાખાઉ-પૈસા લે પણ કામ બરોબર ન કરે તે.

પૈસાદાર, વિ૦ ધનવાન; તાલેવાન.

પૈસો, પુ૦ તાંબાનો ચલણી સિક્કો; જેઈ; પા આનો અથવા ત્રણ પાઈ. સુરતમાં નવાબના વખતથી રૂપીઆના ૮૦ પૈસા ગણાય છે, ને એ ઉપરથી પા આનાનો સિક્કો તે સવાપૈસો અથવા સવાકો કેવાય છે. ૨ પૈસા એટલે તાંબાના સિક્કા ઓછી વધતી કિંમતના એકઠા. ૩ રૂપિયા; ધન; દોલત.

પોંક-ખ, પુ૦ જુવાર બાજરીનાં લીલાં તાજાં કસણાના અને ઘઉંની લીલી તાજી કણ્ઠીના સેકાયલા જે દાણા તે. પોંખ પાડવો એટલે સેકાયલાં કસણામાંથી ડાંડિયાંએ દાણા જૂદા પાડવા.

પોકવું-ખવું, ક્રિ૦ સ૦ ચોરીના માંડવા અથવા ઘરના ઉમરા બાર સાસુએ અથવા એની તરફથી બીજી કોઈ-

એ વરને પોંખણાથી રીત કરવી; ઘરના ઉમર ખાર બારણી તરફની કોઈ સ્ત્રીએ વરવહુને પોંખણાથી રીત કરવી તે એવી રીતે કે અકેક પોંખણા ઉપરથી પોતાના પેર-ણાં લુગડાંનો છેડો કાઢે અને તે ઢાંકેલું પોંખણું વરને-વરવહુને નાકે અને પોતાને નાકે વારાફરતી ત્રણવાર અરકાડે ને પછી તે બાજુ ઉપર મુકી બીજું પોંખણું લઈ એને પણ ઉપર પ્રમાણે કરે-છેવટે સરિયાથી પોંખે છે ને પછી એના કકડા કરી વરના-વરવહુના માથાની આજુબાજુએ ફેંકી દે છે. [આવેછે તે.

પોંકિયું-ખિયું, ન૦ લીલું કસણું જેમાંથી પોંખ પાડવામાં

પોંખણાં, ન૦ લાકડાંનાં બનાવેલા રંગીન નાના ઘાટનાં જે જુંસળ (જુસરી), મુસળ (મુસળું), રવઈ, ઘોડાંની તરાક અને સરિયા એથી વરને-વરવહુને પોંખવામાં આવેછે.

પોંચ, સ્ત્રી૦ પેંચાવું તે. ૨ સમજશક્તિ (તેનામાં ઉણ્ડી પેંચ નથી). ૩ કાગળ-નાણું-માલ પોંચ્યા-મળ્યા બાબતની જે ચિઠ્ઠી તે. નાણાંની પેંચ તે રસીદ પણ કેવાય છે.

પોંચવું, ક્રિ૦ અ૦ ધારેલ-ઠરવેલ ઠેકાણે અડકી શકવું-જઈ રેવું. ૨ હાથમાં આવવું; મળવું. ૩ બુદ્ધિ દોડવી-ચાલવી. તારું લાડ પેંચ્યું-તું એટલે બહુ-બસ થયું.

પોંચી, સ્ત્રી૦ કાંડે ઘાલવાનું સોનાં-જડાવનું એક ઘરેણું.

પોંચેલું, વિ૦ ચતુરાઈ-ખટપટમાં પ્રવીણ; છેતરાય નહિ તે.

પોંચો, પુ૦ હાથનું કાંડું. પોંચું પણ કેવાય છે.

પોંતવું, પોંચવું.

પોંદવું, ક્રિ૦ સ૦ ખુંદવું; છુંદવું (માણસે અથવા બળદે).

પોંદો, પુ૦ છુંદાવવું તે.

પો, એક (પાસા-દાવમાં). પો છે, પોબાર પડ્યા એમ બોલાય છે. [થાય છે.

પોઈ, સ્ત્રી૦ એક જાતનો વેલો-એનાં પાતરાંનાં ભજીયાં

પોઈસ, અ૦ એ શબ્દ ગાડી હાંકનારો રસ્તામાંના લો-કને દૂર કરવાને બોલે છે. ૨ એ શબ્દ બળદ-ઘોડાને પાણી પાતાં બોલાતો સંભળાય છે.

પોઓણ, પોચણ. [મુકવી-વો.

પોક, પુ૦ સ્ત્રી૦ મુએલાને નામે બૂમપાડી રડવું તે. પોક

પોકળ, વિ૦ પોલું; અન્દર પોલાણ-અવકાશ-કંઈ ન હોય

પોકળ, ન૦ કંઈ નહિ તે; પોલાણ. ૨ ગપ; જુઠું. [તેવું.

પોકળી, સ્ત્રી૦ [સં૦] અવકાશ; આકાશ; ખાલી તે.

પોકાર, પુ૦ બૂમ; મોટે સાદે મોટેથી બોલવું તે. પોકાર મારવો.

પોકારવું, ક્રિ૦ સ૦ મોટા બ્રાંટા પાડી બોલાવવું. ૨ મોટે સાદે બોલવું; ધાંધાટ કરવો.

પોખરાજ, પુ૦ પીળા રંગનો હીરો. [રૂપ કરવું.

પોખવું, ક્રિ૦ સ૦ પોષવું. ૨ ઉત્તેજન આપી વધારી

પોગળ, ન૦ પોકળ.

પોચવું, પોંચવું.

પોચું, વિ૦ ડાબેથી સહેલાઈથી દબાય તેવું; નરમ. ૨ કુમળી છાતીનું. ૩ બીકણ; ધીરજ-હિંમત મુકી દે તેવું.

પોટ, પોટલો.

પોટલિયેજવું, જંગલ-દિશા જવું.

પોટલિયો, પુ૦ ઘોડાના સામાન સાથે રહી શકે તેવી ચપટા ઘાટની ચામડાંની મસક.

પોટલી, સ્ત્રી૦ નાની ગાંસડી; કપડાંમાં જે જે બાંધેલું તે. દાણાંની-લુગડાંની પોટલી. ૨ જથ્થો; એકમેકની સાથે વળગી રે એવું જે ગુંછળું તે. પેટમાંના કરમની પોટલી.

પોટલું, ન૦ જરા ઢીલી પડતી બાંધેલી એવી પોટલી. પોટલીથી પોટલું જરા મોટું હોય.

પોટલો, પુ૦ ઢીલી પોચી પણ મોટી પોટલી.

પોઠ, સ્ત્રી૦ ઉપર માલ ભરેલો હોય એવું વણજારાના બળદોનું જે ટોળું તે; ટાંડું. ૨ બળદની ઉપર માલ ભરવાનો અથવા ભરેલો જે કોથળો તે.-બળદ ઉપર પોઠ લાદો. ૩ ટોળું; અનેકનો સમુદાય-પોઠ પડી છે.

પોડવું-ઢવું, ક્રિ૦ અ૦ સૂવું; ઊંઘ લેવી. પોઢીજવું-સુઈજવું. (લાક્ષણિક) મરીજવું.

પોડું, ન૦ પોપડો (લીપણનો).

પોણ, ન૦ પણ; વચન; નીમ.

પોણિયું, ન૦ પોણું એવું જે કંઈ તે. (થાન).

પોણિસો, વિ૦ નવ્વાણું ને પોણો; સોમાં પા કમ.

પોણું-ણો, વિ૦ એકમાં પા કમ એટલું, ત્રણ ચતુર્થાંશ. પોણો રૂપિયો-ત્રણ પાવલાં; બાર આના.

પોણોસો, વિ૦ પંચોતેર.

પોત, ન૦ દોરા છેક્જ પાસપાસે છે કે જરા છેટે છેટે એવો વણતરમાં દોરાઓનો જે પરસ્પર સમ્બન્ધ તે અથવા કાચા છે કે મજબૂત છે એ સમ્બન્ધી દોરાઓની જે જાત તે; કુમાશ; વણતર. આનું પોત ઘટ છે. ને તેનું ઝિઝરવાળ છે; આનું સારૂં નથી ને તેનું સારૂં છે. ૨ ઝીણું મલમલનું લુગડું (સાળુને માટે પોત). ૩ મરનારના છેક પાસેનાં સગાંનો શોક મુકાવવાને બીજાં સગાંઓ જે વસ્ત્ર અથવા વસ્ત્રને બદલે જે નાણું આપેછે તે. ૪ શરીરમાંથી કંઈએક રોગ કાડવા સારૂ હાથે અથવા પગે જે છેદ પાડવામાં આવેછે તે. ૫ જાત; પાણી; શક્તિ. તેનું પોત જણાયું, તેણે પોતાનું પોત જણાવ્યું.

પોતડી, સ્ત્રી૦ નાનું પોતિયું.

પોતપોતામાં, અ૦ માહોમાંહે; આપસ આપસમાં.

પોતિયું, ન૦ પુરુષે કેડે પેરવાનું વસ્ત્ર; પોતિયું. ૨ ઘૂંટણ સુધી આવતું નાનું પોતિયું; પોતડી; પંચિયું. પોતિયાં છુટી-ઢીલાં થયાં એટલે હોસ ઉડી ગયા; હિંમત ગઈ.

પોતી, સ્ત્રી૦ પોતિયું. પોતીપોતી.

પોતીકું, વિ૦ પોતાનું (પારકું નહિ).

પોતું, ન૦ [ફા૦] ગામનું જેટલું જે વસુલ નાણું સરકાર તિજોરીમાં ભરવાનું તેટલું તે. પોતું ભરવું-મોકલવું. ૨ પાણીમાં બોળેલા લુગડાંનો જે કકડો અથવા ગમેતેમ વાળેલું જે ચિથરું તે. કોઈ બીજી ચીજ ઉપર અડકાડવાનું તે. સલેટ પર પોતું (પાણીનું) ફેરવ. ૩ નાળિયેરની ચોટલી અથવા ચિથરું જે પૂડા કરતી વખત તેલમાં બોળી લોઢી ઉપર ફેરવવામાં આવેછે તે. (લાક્ષણિક) પોતું ફેરવવું એટલે ભૂસીનાખવું, રદ કરવું.

પોતું-ત્યું, ક્રિ૦ પોચવું-પુગવું નો ભૂતકાળ.

પોતે, સ૦ જાતે; ખુદ; આપ. પોતાનું-જાતનું(પારકું નહિ).

પોથી, સ્ત્રી૦ લુગડાંના કકડામાં બાંધેલું-બાંધવાનું જે પુસ્તક તે. ૨ પુસ્તક બાંધવાનો કકડો-પોથી ફાટીગઈ છે. ૩ અળતામાં બોળી રંગેલું જે રૂનું મોટું પોળિયું તે-દાંત રંગવા, પુસ્તકમાં રાતા અક્ષર લખવાના કામમાં આવેછે.

પોથું, ન૦ પોથી (અનાદરથી બોલતાં) 'પોથાં તે પોથાં ને ડાચાં તે સાચાં.'

પોદડો-ળો, પુ૦ ગાય ભેંસ બળદે કરેલું ઢગ રૂપ જે છાણ તે. પોદળો મુકવો-કરવો. ૨ પોચો ઢગ. ૩ જાડું ને પોચું હોય તેવું; બેસે ત્યાંથી ઉઠીશકે નહિ તે (માણસ).

પોપચું, ન૦ આંખની ઉપરની ચામડીનું ઢાંકણું. ૨ ઘરેણાના ઘુઘરાની જે એક ફાડ તે. ૩ ભાખરા-મુઠિયાં ભાગી-ખાંડી ને ચાળ્યા પછી જે અંશ રેહેછે તે; કાકરા. (લાડુંના પોપચાં-કાકરા.) ૪ ખાલી-દાણા વનાની જે પાપડી-ભોંયસીંગ વગેરે તે.

પોપટ, પુ૦ લીલા રંગનો પણ કાળા કાંઠલાનો ને રાતી-વાંકી ચાંચનો એક પક્ષી. ૨ ઝાડપાનમાં ઉડનારા તરેહવાર રંગના પતંગિયામાંનું એક.

પોપટિયા, વિ૦ પોપટના જેવા રંગનું.

પોપટી, સ્ત્રી૦ પોપટની માદા. ૨ એક જાતનો છોડ જેના દ્રાક્ષના જેવાં ફળ ખવાય છે.

પોપટું, ન૦ પોપટીનું ફળ.

પોપડી, સ્ત્રી૦ નાનો પાતળો પોપડો. ૨ નાનો સુડો; ઘાસનું ખેતર.

પોપડું, ન૦ પોપડો (૨ જા અર્થમાં).

પોપડો, પુ૦ કોઈ ચીજ ઉપરનું પાતળું પડ. ભાંયનો-રોટલાનો પોપડો; તપેલીમાં ભાતનું બળીને ચોંટેલું જે પડ તે. ૨ ઘાસજ ઉગે તેવી જમીન.

પોપનસ, ન૦ એક જાતનું ફળ.

પોપળગાળું, વિ૦ પોપાગાળું.

પોપાંબાઈનુંરાજ, પોચા-નબળા હાકેમને વિષે બોલતાં વપરાયછે. "ખરે બપોરે બણગું ને પોપાંબાઈનું રાજ."

પોપાગાળું, વિ૦ પોચું; કાંગું; માંદુંકાંકલું.

પોપૈયા, પુ૦ એક જાતનું ઝાડ-ફળ. ૨ ફોલ્લો.

પોબાર, પુ૦ પો (એક) ને બાર એનો ત્રણ પાસાનો જે દાવ તે.

પોબાર-રા કરવા, ક્રિ૦ સ૦ નાસી જવું; અદ્રશ થવું.

પોયણ-ણી, સ્ત્રી૦ પાણીમાં થતો એક વેલો.

પોયણું, ન૦ પોયણનું ફૂલ; કુમુદ ફૂલ; એક જાતનું કમળ-એ રાતે ખીલે છે ને સુરજ ઉગતે બિડાય છે.

પોર, ન૦ પુર (નગરના અર્થમાં) નાગપોર, સોલાપોર, જેપોર.

પોર, પુ૦ [પ્રહર] ત્રણ કલાકનો કાળ તે. આઠ પોરનો દાડો રાત.

પોર, અ૦ ગયે વરસે અથવા આવતે વરસે.

પોરવવું, ક્રિ૦ સ૦ કાંણામાં દોરો ઘાલવો. સોય, કિડિયાં વગેરેમાં.

પોરિયો, પુ૦ છોકરો.

પોરી, સ્ત્રી૦ છોકરી.

પોરેગીર, પુ૦ પોરા ઉપર રેનારો સીપાઈ.

પોરો, પુ૦ પાણીમાં એક જાતના જીવડા તરેછે તેમાંનો એક. પાણીમાં પોરા પડયા છે.

પોરો, પુ૦ ચોકી કરવાનો વખત-વારો. હવે પોરો બદલાશે. ૨ સીપાઈ જેટલી વાર જે ચોકી-સંભાળ રાખે તે. ૩ કુવામાંથી પાણી કાડવાનું લાબ્બા ઘાટનું ને પોળાં મોડાંનું વાસણ.

પોરયો, પુ૦ છોકરો. પોરયું-છોકરૂં.

પોલ, સ્ત્રી૦ આકાશ; પોલું તે; પોલાણ. ૨ ગપ.

પોલાણ, ન૦ પોલું હોય તે. ૨ જે કંઈ પોલું-અન્દરથી ખોદાયલું અથવા પોલું હોય તે.

પોલાદ, ન૦ [ફા૦] તીખું લોઢું. એના હથિયારો બનેછે.

પોલીસ, સ્ત્રી૦ [અં૦] શેહેર-ગામના લોકમાં થતા ગુનાહને પકડવાને ને સમાધાની રાખવાને સરકારે રાખેલાં માણસો તે અથવા તે સમ્બન્ધી જે ખાતું તે. ૨ ગુનેહગારને પરેજ રાખવાની ચોકી.

પોલું, વિ૦ અન્દર કંઈ ન હોય તેવું; ખાલી. પોલાં કહ્યાં ને નક્કર કહ્યાં. ૨ બારના ભભકાનું પણ અન્દરથી ખાલીખપ હોય તેવું.

પોવું, પોરવવું.

પોશ, સ્ત્રી૦ ખોબો. ૨ સેસ.

પોશ, પોષ.

પોશાક, પુ૦ [ફા૦] પેરવાનાં સારાં લુગડાં.

પોશાકી, સ્ત્રી૦ પેરવાનાં લુગડાં વગેરે આપવાં તે; વસ્ત્ર પેરાવવા સમ્બન્ધી જે તજવીજ તે.

પોશાગીર, પુ૦ તાલીમબાજ; પેલવાન. ૨ ફાંકડો થઈ ફરનારો ઠગ.

પોશિન્દું, વિ૦ [ફા૦] આસરો-મદદ આપનાર; મુરબ્બી. ૨ કદર બુજનાર; ખરીદદાર. (માણસ).

પોશી, વિ૦ પોષ મહિનાની (પુનેમ).

પોષ, પુ૦ કારતકથી લેતાં તીજો મહિનો; ડિસેમ્બર-જાનેવારી. 'પોષ ને હાડી સોસ'.

પોષણ, ન૦ [સં૦] ગુજરાનને જોઈયે તેટલું આપી કોઈનું રક્ષણ કરવું તે. ભરણ પોષણ કેવાય છે.

પોષવું, ક્રિ૦ સ૦ પોષણ કરવું; ખવડાવી પિવડાવી પેરાવી ઓઢાડાવી જતન કરવું.

પોષાવું, ક્રિ૦ અ૦ પોષણ થવું. ૨ અનુકૂળ સ્થિતિમાં આવવું; હળીમળીજવું. ૩ કેદર થવી; ગુણ-કિંમત જણાવવી. તે પાઘડીને એટલી કિંમત પોષાય નહિ.

પોસ, સ્ત્રી૦ પોશ.

પોસ-સ્ટ, પુ૦ [અં૦] કાગળનો ડાક. **પોસ્ટઆફિસ**-ટપાલનું સરકારી મકાન.

પોસ, પુ૦ પોષ મહિનો. ૨ દિવાળી-હોળીના તેહેવારની ખુશાલીમાં આશ્રિત ચાકર વગેરેને બક્ષીસ આપવામાં આવેછે તે.

પોસ્તી, વિ૦ પોચો; ઢીલો.

પોહ, સ્ત્રી૦ પરોઢ; બામદાદ. પોહ ફાટવી.

પોહ. અ૦ બળદને પાણી પાતાં બોલાય છે.

પોહરો, પોરો.

પોહાલય, નવી ખેડાયલી જમીન.

પોહોર, પોર.

પોળ, સ્ત્રી૦ દેરા ઉઘાડવાને બારણાં હોય તેવી વસ્તીવાળી ગલી-મોહલો.

પોળ, વિ૦ સરિયામ રસ્તો હોય તેવું. બારણાં ઉઘાડાં પોળ મુકી ચાલ્યો ગયો.

પોળાઈ, સ્ત્રી૦ જેટલું પોળું તેટલું તે; ઊભી-સીધી લમ્બાઈ નહિ પણ આડું મપાય તે.

પોળિયું, ન૦ ચપટા ગોળ આકારનો ડોકાં વાળો રૂપાનો ચલણી સિક્કો; રૂપિયો. (ભરૂચી, વડોદરીયો નહિ પણ અંગ્રેજી).

પોળિયો, પુ૦ પ્રતિહાર; દરવાન; દેવડીએ બેસનાર.

પોળી, સ્ત્રી૦ પાતળા પડવાળી રોટલી.

પોળું, વિ૦ ચોખુણ આકૃતિ વાળી જગામાં સામસામી હદની વચમાનાં જે બે અન્તર તેમાં ઓછું અન્તર વાળું તે. લાબું ને પોળું કેવાયછે. ૨ ઢીલું; તંગ-બેસતું નહિ પણ રમતું; પાસ પાસે નહિ પણ છૂટુંછૂટું.

પૌઆ-વા, પુ૦ ભાત-ડાંગેરને ફુલાવી સેકી ખાંડી તૈયાર કરેલા જે ચપટા ચોખા તે

પૌત્ર, પુ૦ [સં૦] દીકરાનો દીકરો. **પૌત્રી**-દિકરીની દિકરી.

પૌષ, પોષ મહિનો.

પૌષ્ટિક, વિ૦ [સં૦] શરીરને પુષ્ટ કરે તેવું.

પ્યાજ, ન૦ એક જાતનું રેશમી કપડું.

પ્યાજ, પુ૦ કાંદો. [બિબાજી.

પ્યાજી, વિ૦ સેજ વાતમાં આકળો થાય-ઉતરીપડે તેવો

પ્યાદીમાહાત, વિ૦ ધા૦ સેતરંજની રમતમાં છેલ્લી વારે બાદશાહ પ્યાદાથી માહાત થયો તે.

પ્યાદું, ન૦ [ફા૦] સેતરંજના મોહોરામાં જે ૧૬ સહુથી નાનાં હોય છે તેમાંનું એક.

પ્યાદો, પુ૦ પગે ચાલી લડનારો સિપાઈ (ઘોડેસ્વાર નહિ).

પ્યાર, પુ૦ પ્રીતિ; પ્રેમ; વાલ; સ્નેહ.

પ્યારી, સ્ત્રી૦ પ્રિયા; જેના ઉપર પ્યાર હોય તે સ્ત્રી-પછી પરણેલી કે પારકી. પારકી હોય તે તેના પ્યારાની માશુક પણ કેવાય.

પ્યારું, વિ૦ જેના ઉપર પ્યાર થાય-થયો હોય તે (માણસ, કામ, વસ્તુ વગેરે). પ્યારો છોકરો, પ્યારી છોકરી.

પ્યાલી, સ્ત્રી૦ છેક નાનો પ્યાલો.

પ્યાલું, ન૦ નાનો પ્યાલો.

પ્યાલો, પુ૦ [ફા૦] ધાતુનું અથવા કાચનું, પાણી દૂધ વગેરે પિવાનું પડથી વાળું વાસણ.

પ્યાસ. સ્ત્રી૦ [હિં૦] તરસ.

પ્ર, ઉ૦ [સં૦] આગળ; બાર; દૂર. પ્રદેશ. ૨ નિશ્ચેય; અતિશય; વધારે. પ્રબલ, પ્રગાન.

પ્રકટ, વિ૦ [સં૦] જાહેર; ખુલ્લું; ઉઘાડું; પ્રસિદ્ધ.

પ્રકરણ, ન૦ [સં૦] વિષય; બાબત. રાજ્ય પ્રકરણ, ધર્મ પ્રકરણ ઇ૦. ૨ ગ્રન્થનો ભાગ; સર્ગ; બાબ. ૩ કામ; વાત; પ્રસંગ. આજ શું પ્રકરણ ચાલવાનુંછે?

પ્રકાર, પુ૦ [સં૦] જાત; ભેદ. ૨ રીત; તરેહ; રસ્તો. ૩ બાબત. ૪ નમુનાનો ઘાટ (સુથારી કામમાં).

પ્રકાશ, પુ૦ [સં૦] રોશની; તેજ; ચળકાટ; અજવાળું; ઉજાસ. ૨ ખુલ્લું દેખાવું તે; ફેલાવ.

પ્રકાશક, વિ૦ [સં૦] પ્રકાશ કરનાર.

પ્રકાશવું, ક્રિ૦ અ૦ પ્રકાશ-ઉજેશ આપવો; તકતકવું.

પ્રકાશવું, ક્રિ૦ સ૦ બાર પાડવું; જાહેરમાં આણવું. તેણે પોતાના ૩૫ ગુણ પ્રકાશ્યા.

પ્રકાશિત, વિ૦ ધા૦ [સં૦] પ્રકાશેલું.

પ્રકાશી, વિ૦ પ્રકાશ કરનારું.

પ્રકૃતિ, સ્ત્રી૦ [સં૦] સ્થિતિ; હાલત. ૨ શરીરનું મૂળ બન્ધારણ; જન્મ સ્વભાવ. ૩ (તત્વજ્ઞાનમાં) અનાદિ માયા. ૪ આધાર શક્તિ.-પુરુષ ને પ્રકૃતિ. ૫ જેને પ્રત્યય લગાડેલા હોય તેવા નામનો અથવા ધાતુનો જે મૂળ શબ્દાકાર તે; જે મૂળ શબ્દના અપભ્રંશ થયા હોય તે.

પ્રક્રમા, સ્ત્રી૦ [પરિક્રમા] પ્રદક્ષણા.

પ્રક્રિયા, સ્ત્રી૦ [સં૦] દેખાડેલી રીતી-કૃતિ.

પ્રખ્યાત, વિ૦ [સં૦] પ્રસિદ્ધ; નામાંકિત; જાહેર.

પ્રખ્યાતી, સ્ત્રી૦ નામાંકિતપણું; પ્રસિદ્ધિ.

પ્રગટ. પ્રકટ. પ્રગટ કરવું-થવું.

પ્રગટવું, ક્રિ૦ અ૦ ખુલ્લું કરવું. ૨ સળગેલું-પ્રકાશ આપતું થવું. દીવો પ્રગટ્યો.

પ્રગણું, ન૦ પરગણું.

પ્રગલ્ભા, સ્ત્રી૦ [સં૦] પ્રૌઢા નાયિકા (રસશાસ્ત્રમાં).

પ્રફુલ, વિ૦ [પ્રફુલ્લ] પ્રફુલ્લિત થયલું; પરિપક્વ; પૂર્ણ; નિશ્ચયાત્મક (બુદ્ધિ). ૨ ખુલ્લું; નિર્વિકાર; પ્રસન્ન; ઉદાર (ચિત્ત).

પ્રચણ્ડ, વિ૦ [સં૦] અતિશય; વધારે જોર પડેલું. પ્રચંડ કોપ-તાપ-વાયુ-જ્ઞાન-સામર્થ્ય ઇ૦.

પ્રચાર, પુ૦ [સં૦] વેવારમાં ચાલવું તે; રૂઢિ; રીત.

પ્રચારવું, ક્રિ૦ સ૦ ટોકવું.

પ્રજળવું, ક્રિ૦ અ૦ [પ્રજ્વલન] બળવું.

પ્રજા, સ્રી૦ [સં૦] એકાદા રાજ્યના ધારાને માન આપનારા ને રાજ્યના જે લોક તે; રૈયત. (રાજા ને પ્રજા). ૨ એક દેશમાં રૈતા એક રાજ્યની સત્તા માનતા, સરખો હક ભોગવતા, એક ધર્મ પાળતા ને ઘણું કરીને એક ભાષા બોલતા એવા દેશીજનોનો જે સમૂહ તે. ૩ છોકરાં; સન્તતિ.

પ્રજાપત, પ્રજાપતિ.

પ્રજાપતિ, પુ૦ [સં૦] બ્રહ્મા. ૨ રાજા. ૩ કુંભાર.

પ્રજાસત્તાકરાજ્ય, ન૦ જ્યાં વંશપરમ્પરાના એક રાજાની અથવા કોઈપણ એક સમર્થ પુરુષની સત્તા નથી મનાતી પણ દેશના સર્વ લોક પોતાના એકત્ર વિચારથી ધારા બાંધી, એ ધારાનીજ સત્તાને માનેછે તે રાજ્ય. એ સત્તાનું પાળ્યું સહુ જણ માન રાખે તેને સારૂ અને રાજ્યના બીજાં કામ કરવા સારૂ લોકે પોતાનામાંના કેટલાકને કારભારી નીમ્યા હોવછે.

પ્રજાળવું, ક્રિ૦ સ૦ બાળવું.

પ્રજ્ઞા, સ્રી૦ [સં૦] સમજશક્તિ. ૨ તીક્ષ્ણબુદ્ધિ.

પ્રણવ, પુ૦ [સં૦] બ્રહ્માની ઉત્પત્તિ સ્થિતિ લય એ ત્રણ શક્તિનું જ્ઞાન પમાડનારો જે સઙ્કેત શબ્દ—ઓમ્ તે; ઓમ્કાર-ઓંકાર.

પ્રણામ, પુ૦ [સં૦] નીચાંવળી હાથ જોડી નમવું તે.

પ્રણાલિકા, પરનાળિકા.

પ્રણિપત, પુ૦-ન૦-સ્રી૦ [પ્રણિપાત] કાલાવાલા; આજીજી; વિવેકથી જે આગ્રહ તે.

પ્રત, સ્રી૦ પુસ્તક-ચિત્રની જે કરેલી અથવા છાપેલી નકલ તે. ૨ જાત, ગુણ (ઉત્તમ, મધ્યમ, કનિષ્ટના સમ્બન્ધમાં); પ્રતિ; વર્ગ. પ્રતવાર એટલે પ્રત પ્રમાણે.

પ્રતાપ, પુ૦ [સં૦] ઊંચી પદવિ-સત્તાનું જે તેજ તે. ૨ યશ; કીર્તિ; મોટાઈ. ૩ પરાક્રમ; શૌર્ય. ૪ રોગ ઉપર લાગુપડે તેવા ઓસડમાં જે ગુણ તે.

પ્રતાપી, વિ૦ પ્રતાપવાળું (માણસ).

પ્રતિ, ઊ૦ પાછું; સામું. દાન ને પ્રતિદાન, બિમ્બ ને પ્રતિબિમ્બ. ૨ ઉલટું. અનુકૂળ ને પ્રતિકૂળ. ૩ દરેક. પ્રતિવર્ષ, પ્રતિદિન. અ૦ દ્વિતીયા વિભક્તિના પ્રત્યય રૂપે જેના અર્થમાં તથા તરફ-સામેના અર્થમાં વપરાયછે. સંભુરામ પ્રતિ લખ્યાનંગ પરશુરામ; મારે તે પ્રતિ બોલું નથી.

પ્રતિઉત્તર, પુ૦ ઉત્તરના સામો ઉત્તર; સામો જવાબ.

પ્રતિકૂળ, વિ૦ [સં૦] માફક ન આવે તેવું; ઉલટું પડે તેવું.

પ્રતિગ્રહ, પુ૦ [સં૦] દાન લેવું તે. ૨ સ્વીકાર. ૩ દાન-બક્ષીસ પોતાની સત્તામાં હોવું તે. ૪ એ જે સત્તા તે.

પ્રતિજ્ઞા, સ્રી૦ [સં૦] વચન; પણ; નીમ. ૨ જે વાદવાક્ય ઉપરથી અનુમાન કાઢવું તે.

પ્રતિદિન, અ૦ [સં૦] દરરોજ. [(માણસ).

પ્રતિનિધિ, વિ૦ [સં૦] વતેનું; બદલે હોય તે; તરફનું

પ્રતિપદ-પતિપદા, સ્રી૦ [સં૦] પખવાડિયાનો પેલો દહાડો; પડવો. વર્ષપ્રતિપદા એટલે કારતક અથવા ચૈતર સુદ પડવો.

પ્રતિપાદન, ન૦ [સં૦] પ્રમાણ આપી સ્થાપન કરવું તે; ખંડન મંડન ઉપરથી જે નક્કી કરવું તે.

પ્રતિપાળ, પુ૦ [સં૦] પાલણ પોષણ કરવું તે. ૨ પ્રતિપાલન કરનારો.

પ્રતિબન્ધ, પુ૦ [સં૦] અટકાવ; મના; બાધ; આડ.

પ્રતિબિમ્બ, ન૦ [સં૦] આરસી-પાણી વગેરેમાં જે સામી મૂર્તિ દેખાય તે.

પ્રતિમા, સ્રી૦ [સં૦] મૂર્તિ; કોઈ પણ આકારનો અથવા કોઈને જોઈને તે સરખો ઘડેલો ઘાટ; ચિત્ર.

પ્રતિવાદી, વિ૦ [સં૦] વાદીની સામાં ઉત્તર દેનાર; દાદી.

પ્રતિષ્ઠા, સ્રી૦ [સં૦] માન; આબરૂ; ઇજ્જત. ૨ મૂર્તિમાં દેવતાપણું આણવું તે; મન્ત્ર પાઠ ભણી વિધિએ મૂર્તિમાં દેવ-દેવીનું આવાહન કરવું તે.

પ્રતિષ્ઠિત, વિ૦ ધા૦ [સં૦] માન પામેલું; આબરૂદાર.

પ્રતિસ્પર્ધી, વિ૦ [સં૦] સરસાઈ કરનાર; ઇર્ષા રાખનાર. ૨ સામાવાળો; દુશ્મન; હરીફ.

પ્રતિહાર, પુ૦ પોળિયો; દરવાન; દેવડી ઉપરનો સિપાઈ.

પ્રતીત, પ્રતીતિ.

પ્રતીતિ, સ્રી૦ [સં૦] પતીજ; ખાતરી; ભરોસો પડવો તે.

પ્રતીપ, પુ૦ [સં૦] એ નામનો અલંકાર જેમાં ઉલટી ઉપમા અપાયછે-તેની કાંતિ જોઈ ચંદ્ર લજવાઈ ગયો તેથી તે આજ ઉગ્યો નથી.

પ્રત્યક્ષ અ૦ [સં૦] નજર આગળ; હાજરીમાં; પ્રગટ.

પ્રત્યક્ષપ્રમાણ, ન૦ જે અર્થને બીજું પ્રમાણ જોઈતું નથી પણ જે છે તે સહુ કબુલ કરેછે તે અર્થ-વચન-વાક્ય.

પ્રત્યક્ષસિદ્ધિ, સ્રી૦ [સં૦] તરત નજરે પડે તેવી સિદ્ધિ; હાજરા હજુર જે ફળ થવાનું તે.

પ્રત્યાઘાત, પુ૦ સામો ધક્કો-માર; સામું જોર.

પ્રત્યુતર, પ્રતિઉત્તર.

પ્રત્યુપકાર, પુ૦ ઉપકારના બદલામાં સામો-પાછો ઉપકાર.

પ્રત્યે, અ૦ પ્રતિ (ને, તરફ, સામેના અર્થમાં). તે પ્રત્યે તેનાથી બોલાય તેવું નથી.

પ્રત્યેક, વિ૦ [સં૦] દરેક; અકેક.

પ્રથમ, વિ० [સં०] પેલું (વખત-જગામાં). અ० પેલે; આરંભમાં; શરૂ કરતાં.

પ્રથમપુરુષ, પુ० [સં०] હું, અમે એ સર્વનામ.

પ્રથમા, સ્ત્રી० [સં०] પેલી વિભક્તિ.

પ્રથા, સ્ત્રી० [સં०] રૂઢિ; ચાલતી રીત; વહીવટ; માર્ગ; ધારો.

પ્રદક્ષણા, સ્ત્રી० [પ્રદક્ષિણા] મૂર્તિ, બ્રાહ્મણ, પીપળા વગેરેની આસપાસ ગોળ આકારમાં ફરવું તે.

પ્રદીપ્ત, વિ० ધા० [સં०] સળગેલું; સળગીને ચળકતું બળતું હોય તેવું.

પ્રદેશ, પુ० [સં०] એકાદ વિસ્તીર્ણસ્થળ; મોટો દેશ-પ્રાંત. ૨ પરદેશ.

પ્રદેશી, પરદેશી.

પ્રદોષ, પુ० [સં०] દરપખવાડિયાંની તેરસે સાંજે કરવાનું શિવનું વ્રત. પ્રદોષ કાળ-સાંજનો સમય.

પ્રધાન, પુ० [સં०] રાજાનો મુખ્ય કારભારી; વજીર. ૨ વિ० મુખ્ય; વડું.

પ્રપઞ્ચ, પુ० [સં०] સંસાર; દુનિયા. ૨ સંસારની ખટપટ. ૩ કપટ; દગો; કાવતરું. ૪ માયા; મિથ્યાનાટક.

પ્રપઞ્ચી, વિ० [સં०] સંસારની ખટપટમાં પડેલો. ૨ લુચ્ચો; કપટી; ઠગ; ખટપટી.

પ્રપિતા, પુ० [સં०] બાપનો બાપ.

પ્રપિતામહ, પુ० [સં] બાપનો બાપ ને તેનો બાપ.

પ્રપૌત્ર, પુ० [સં०] છોકરાનો છોકરો ને તેનો છોકરો.

પ્રફુલ્લ-લ્લિત, વિ० [સં०] ફૂલેલું; ખિલેલું; પ્રકાશેલું. ૨ પ્રસન્ન; આનંદી.

પ્રબન્ધ, પુ० [સં०] કવિતા-સમ્ભાષણ ઇ० નો જે સંગ્રહ તે. ૨ એક રીતનું ગીત; કવિતાનો એક પ્રકાર; ઠરાવ; પ્રતિબન્ધ. ૩ નિબન્ધ.

પ્રબળ, વિ० [સં०] જોરાવર; વિશેષ બળવાન.

પ્રબોધ, પુ० [સં०] જાગૃતિ; સાવચેતી. ૨ વિસ્તારે બોધ આપવો તે. ૩ જ્ઞાન.

પ્રભા, સ્ત્રી० [સં०] પ્રકાશ; કાન્તિ. ૨ (લોકમાં) દરકાર; તમા; સ્પૃહા; ગરજ.

પ્રભાકર, પુ० [સં०] સૂર્ય.

પ્રભાત, ન० [સં०] સૂર્યોદય થતાં પેલાં જ્યારથી ઝળઝળું થવામાંડે છે ત્યારથી તે સૂર્યોદય થતાં સુધીનો જે કાળ તે; પરોઢ. પુ० સવારનું ઝળઝળું થવામાંડે ત્યારથી તે આઠ વાગતા લગી ગવાતો જે કોઇ પણ રાગ રાગણી તે. ભૈરવ, ભૈરવી, બિભાસ, બિલાવર વગેરે.

પ્રભાતિયું, ન० કોઇ પણ પ્રભાત રાગમાં ગવાતું જે પદ તે.

પ્રભાવ, પુ० [સં०] પદવિનો દોર; દરજાની હાક; મહિમા. ૨ સામર્થ્ય; પરાક્રમ.

પ્રભુ, પુ० [સં०] જગતનો નાથ; ઇશ્વર. ૨ રાજા. ૩ ધણી; સ્વામી. ૪ મોટા માલીક. ૫ પ્રીતમ; પ્યારો; આશક.

પ્રભુતા, સ્ત્રી० [સં०] મોઠી સત્તા; મોટાઇ.

પ્રભૃતિ, અ० [સં०] આદિ લઇને.

પ્રમદા, સ્ત્રી० [સં०] મતવાલી ખુબસુરત સ્ત્રી.

પ્રમાણ, ન० [સં०] સાબેતી; પુરાવો; દાખલો. એ ચાર છે-પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન (કોઇનો દાખલો બતાવવો તે), ને શબ્દ (સાક્ષી). માલમિલકત સમ્બન્ધી પ્રમાણ ચાર તે આ-ભોગ (ભોગવટો), લેખ, સાક્ષ્ય (સાક્ષી) ને દિવ્ય (ધીજ). ૨ નક્કી-ખાતરીથી કેવાયું-જણાયું તે. વરસાદનું પ્રમાણ નહિ કે ક્યારે આવશે. ૩ સંખ્યા. ૪ માપ. ૫ વિસ્તાર; જથો. ૬ ગણિતનો એક પ્રકાર. સોએ જો ચાર તો ચારસેંએ સોળ એવી રીતનું ગણિત.

પ્રમાણ, અ० ખરૂં; સત્ય. (છે).

પ્રમાણવું, પ્રમાણ-સાક્ષી આપી દાખવવું.

પ્રમાણિક, વિ० સાચું; ઇમાનદાર; વિસ્વાસુ; વચની; અદલ. દાનતદારીવાળું (માણસ, કામ વગેરે). (પ્રામાણિક).

પ્રમાણે, અ० (તે) રીતે; (તેના) સરખી રીતે; (તેની) પેઠે.

પ્રમાતામહ, પુ० [સં०] માનો બાપ ને તેનો બાપ.

પ્રમાદ, પુ० [સં०] બેદરકારી; બેપરવાઇ. ૨ મગરૂબી; આકરો મિજાજ. ૩ છાકટાપણું.

પ્રમાદી, વિ० પ્રમાદવાળું (માણસ).

પ્રમુખ, પુ० [સં०] મુખી; મુખ્ય; વડો. સભાનો પ્રમુખ-સરનશીન.

પ્રમુદિત, વિ० [સં०] પ્રસન્ન થયલું.

પ્રમેહ, પુ० [સં०] પરમિયો.

પ્રમોદ, પુ० [સં]० આનંદ; હર્ષ.

પ્રયત્ન, પુ० [સં०] મોટો યત્ન; પરિશ્રમ. ૨ મોટી તજવીજ.

પ્રયાણ, ન० [સં०] પરદેશ-બાર જવું તે.

પ્રયાસ, પુ० [સં०] શ્રમ; મેહેનત.

પ્રયુક્તિ, સ્ત્રી० [સં०] વિશેષ જે યુક્તિ તે.

પ્રયુત, વિ० [સં०] દશ લાખની સંખ્યા બતાવે છે તે.

પ્રયોગ, પુ० [સં०] મન્ત્ર-શસ્ત્ર-ઔષધિ ઇ० ની કોઇના ઉપર જે યોજના-અજમાયેશ કરવી તે; કોઇ કાર્યને માટે મંત્ર ભણવા-શસ્ત્ર ફેંકવું-ઔષધિ વાપરવી તે. ૨ વાક્યમાં કર્તા ક્રિયાનો અથવા કર્મ ક્રિયાનો સમ્બન્ધ દેખાડનારી જે રચના તે-સકર્મક કર્તરિ-કર્મણિ, અકર્મક કર્તરિ, ભાવકર્તરિ ઇ० પ્રયોગ કેવાય છે. ૩ કોઇ ઉદ્દેશ યુક્તિ-મેળવણી કરીજોવી તે; અખતરો. ૪ એકાદું કામ આરંભતાં પેલાં તે કર્મનાં વિધિ ફળ સમ્બન્ધી જે કંઇ ભણી પાણી મુકવું તે; સંકલ્પ. જારણ મારણ વશીકરણ વગેરેનો મન્ત્ર જપવો તે.

પ્રયોજક-જ્ય, વિ० [સં०] જેનો મુખ્ય કર્તા બીજાની પ્રેરણાથી પોતાપણું બોધ ને તે બીજો મુખ્ય કર્તા થાય તે-યથા. રામો જમુ પાસે લખાવે છે.

પ્રયોજન, ન૦ [સં૦] ઉદ્દેશ; અર્થ; હેતુ; કારણ; મતલબ.

પ્રલય, પુ૦ [સં૦] પૃથ્વિ ઉપર પાણી ફરીવળવું તે; સૃષ્ટિનો નાશ. ૨ મોટી આફત; મોટું દુખ; મોટો કેહેર.

પ્રલાપ, પુ૦ [સં૦] શોક-મદ-નિદ્રા ઇ૦ થી જે વિહ્વળ ભાપણ તે.

પ્રલ્લે-કાર, પ્રલય.

પ્રવર્તક, વિ૦ પ્રવર્તનાર; ફેલાવનાર.

પ્રવર્તમાન, વિ૦ લોકમાં ચાલેલું-પસરેલું-ફેલાયલું.

પ્રવર્તવું, ક્રિ૦ અ૦ વિદ્યા-ધર્મ-રીત ઇ૦નું લોકમાં ચાલુથવું-પ્રસરવું.

પ્રવર્તાવવું, ક્રિ૦ સ૦ ચલાવવું; ફેલાવવું; પ્રસાર કરવો.

પ્રવાસ, પુ૦ [સં૦] સ્વદેશ છોડી બીજા દેશમાં ફરવું તે; થોડો કાળ વાસ થવો તે; મુસાફરી.

પ્રવાસી, વી૦ [સં૦] પ્રવાસ-મુસાફરી કરનાર.

પ્રવાહ, પુ૦ [સં૦] પાણી અથવા પાણી જેવા પદાર્થનું જે વેહેવું તે. ૨ વાયુએ એકદમ જોરામાં એકાદિ દિશાએ ફુટર્યાં કરવું તે. ૩ નદિ; વોંઘ; રેલો. ૪ હંમેશ ચાલ્યો જતો એવો સંસારનો જે વેવાર તે. ૫ ભાપણ-સેનનો જે વગર આચકે ધસારો તે.

પ્રવાહી, પુ૦ જેનો પ્રવાહ-રેલો ચાલે એવો જે પદાર્થ તે.

પ્રવિષ્ટ, વિ૦ [સં૦] પેઠેલું. પત્ર સન્દેશો પ્રવિષ્ટ કરવો.

પ્રવીણ, વિ૦ [સં૦] નિપુણ; પૂરો માહિતગાર; હોશિયાર; કાબેલ.

પ્રવૃત્ત, વિ૦ [સં૦] વ્યવહાર-કામમાં ચાલતું થયલું એવું.

પ્રવૃત્તિ, સ્ત્રી૦ [સં૦] લોક વ્યવહાર પ્રત્યે જે વૃત્તિ તે; ઘણી ઘણી વાતમાં મન ઘાલવું તે. ૨ (ગ્રન્થમાં) પ્રવેશ થઇ આગળ ચાલ્યું જવું તે. (પ્રવૃત્તિનું ઉલટું નિવૃત્તિ).

પ્રવેશ, પુ૦ [સં૦] દાખલ થવું-કરવું તે.

પ્રવેશક, પુ૦ [સં૦] ગ્રન્થમાં પ્રવેશ કરતાં પેલાં જે સૂચના રૂપ પ્રકરણ તે; ઉપોદ્‍ઘાત. ૨ નાટકને આરમ્ભે તેના ઉદ્દેશ અર્થે જે ભાપણ-ક્રિયા તે.

પ્રશંસા, સ્ત્રી૦ [સં૦] સ્તુતિ; વખાણ; તારીફ.

પ્રશસ્ત, વિ૦ [સં૦] સંકોચ પામ્યા વગરનું; મોકળું (મન). ૨ વિશાળ; મોકળું (સ્થળ). ૩ જેથી કંટાળો, ત્રાસ, ભય ઇ૦ સંકોચ થતો નથી તેવું (કર્મ).

પ્રશ્ન, પુ૦-ન૦ [સં૦] સવાલ; પુછવું-પુછેલું તે. ૨ ભવિષ્ય સમ્બન્ધી એકાદી વાત જાણવાને જોશીને જે પુછેલું તે-પ્રશ્ન પુછવો. પ્રશ્ન બાંધવો એટલે પ્રશ્ન ઉપર ગણિત કરવું. પ્રશ્ન ખરો પડવો એટલે પ્રશ્નનો જે ઉત્તર જોશીએ આપેલો તે ખરો ઠરવો.

પ્રશ્નાર્થકસર્વનામ, ન૦ કોણ, કીયો, શું એ જે સર્વ નામ તે.

પ્રશ્નોત્તરી, સ્ત્રી૦ [સં૦] જેમાં પ્રશ્ન ને ઉત્તર હોય તેવો ગ્રન્થ તે; સવાલ જવાબની ચોપડી.

પ્રસઙ્ગ, પુ૦ [સં૦] અનુકુળ સમય; ઘટતો વખત; સન્ધિ; જોગવાઇ; લાગ. ઘટતી જગા, ઘટતો બનાવ એને પણ પ્રસંગ શબ્દ લાગેછે. ૨ સહવાસ; મેળાપ; સમ્બન્ધ; વેહેવાર-તેને ને મારે સારો પ્રસઙ્ગ છે; તેને ને તેને આપવા લેવાનો પ્રસઙ્ગ છે. ૩ જે જગોએ જે વખતે જે રીતે જે કામ કરવાનું તે જગોએ તે વખતે તે રીતે તે કામ. પ્રસઙ્ગની વાર્તા પ્રસઙ્ગેજ. ૪ પ્રકરણ; વિષય; વાત. કાલે સભામાં પુનર્વિવાહનો પ્રસઙ્ગ નિકળ્યો હતો.

પ્રસઙ્ગોપાત્ત, અ૦ [સં૦] પ્રસઙ્ગે; પ્રસઙ્ગ આવેથી; પ્રસંગ ઉપર.

પ્રસન્નતા, સ્ત્રી૦ પસન્દ પડવું તે; ખુશી; મરજી. ૨ ચૂંટી-વીણી-તારવી કાડવા સમ્બન્ધી જે ઇચ્છા તે.

પ્રસન્ન, વિ૦ ખુશી; જેણે પસન્દ-કબુલ કરેલું-ઇચ્છા દેખાડેલી હોય તે (જન). ૨ ખુશનુમા; આનંદ પમાડતું; ખુશ કરતું. ૩ હસતું; ખુશીમાં હોય તેવું (વદન).

પ્રસર, પુ૦ [સં૦] પસરવું-રેલું તે.

પ્રસરવું, ક્રિ૦ અ૦ પથરાવું; ફેલાવું; બહાર વેવું.

પ્રસવ, પુ૦ [સં૦] જણવું તે. ૨ જનમ. ૩ અવતરેલું-જન્મેલું તે (છોકરું).

પ્રસાદ, પુ૦ [સં૦] આશીર્વાદ; બક્ષીસ; મેહેરબાની; પ્રસન્નતા. ૨ દેવતા ગુરુ ઇ૦ એ પ્રસન્નતાની નિશાનીમાં આપેલું જે કંઇ તે-ફળ, ફુલ, ચોખા ઇ૦. ૩ દેવતાની આગળ ધરાવેલું નૈવેદ-જે પૂજક ભકતને વેંચી આપવામાં આવેછે. ૪ ભોજન; જમવું તે. પ્રસાદ લીધા એમ બોલાય છે. ૫ થોડાંજ માણસમાં હોય તેવી બુદ્ધિ, તર્કશક્તિ; ઇશ્વરકૃપાથીજ પ્રાપ્ત થઇ હોય તે શક્તિ.

પ્રસાદી, સ્ત્રી૦ પ્રસાદ.

પ્રસારક, વિ૦ પ્રસાર કરનાર; ફેલાવનાર.

પ્રસારવું, ક્રિ૦ સ૦ ફેલાવો કરવો; ઘણામાં પથરાય-જાય તેમ કરવું. [ખુલ્લું.

પ્રસિદ્ધ, વિ૦ [સં૦] જાહેર; સહુને જાણીતું. ૨ ઉઘાડું;

પ્રસિદ્ધિ, સ્ત્રી૦ [સં૦] જાહેરપણું. ૨ નામાંકિતપણું. ૩ લોકમાં પ્રસાર-ફેલાવો થવો તે.

પ્રસૂત, વિ૦ ધા૦ [સં૦] જણેલું (જેણે અથવા જે).

પ્રસૂતા, સ્ત્રી૦ જેણે જણ્યું હોય, જે જણતી હોય તે સ્ત્રી. 'પ્રસૂતાની પીડા રે વન્ધ્યા તે શું જાણે.' [સુવાવડી.

પ્રસૂતિકા, સ્ત્રી૦ [સં૦] જેણે તરતનું જણ્યું હોય તેવી સ્ત્રી;

પ્રસ્તાર, પુ૦ [સં૦] પ્રસાર; ફેલાવો. ૨ અક્ષરાદિકને સ્થળાંતર કરવા સમ્બન્ધી જે ગણિત તે.

પ્રસ્તાવના, સ્ત્રી૦ [સં૦] ગ્રન્થ-નાટકના આરમ્ભની પ્રથમ ગ્રન્થનો હેતુ, ગ્રન્થની રીતિ, કર્તાનો શ્રમ ઇ૦ સમ્બન્ધી જે કથન તે; દિબાચો.

પ્રસ્તાવિક, વિ૦ [સં૦] પ્રસઙ્ગને લગતું; પ્રસઙ્ગે ઉપયોગમાં આવે તેવું.

પ્રસ્તુત, ન૦ [સં૦] ચાલતું પ્રકરણ; વર્તમાન પ્રસઙ્ગ. ૨ અવસર; શુભકાર્યનું ટાકણું.

પ્રસ્તુત, અ૦ [સં૦] હાલમાં. [પ્રસ્તાનું.
પ્રસ્થાન, ન૦ [સં૦] પ્રદેશ જવા ઘરમાંથી નિકળવું તે. ૨
પ્રહર, પુ૦ [સં૦] ત્રણ કલાક-આઠ ઘડી-બે ઘોઘડિયાંનો . જે કાળ તે; પોર.
પ્રહાર, પુ૦ [સં૦] માર; ઘા. (શસ્ત્ર, હાથ, વાણી ઈ૦ થી).
પ્રળય, પ્રલય.
પ્રાકૃત, વિ૦ [સં૦] લોકવ્યવહારમાં ચાલતું (શબ્દ, ભાષા રૂઢિ,પ્રયોગ ઈ૦); સંસ્કૃત નહિ તે. ગુજરાતી, મરેઠી, હિન્દી, બંગાલી એ હાલની પ્રાકૃત ભાષા છે. પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી અને વળી એક અપભ્રંશ એ નામની જુની પ્રાકૃત ભાષા હતી.
પ્રાગડ, મળસકું. પ્રાગડ વાસી-મળસકું થયું.
પ્રાચી, પૂર્વ દિશા.
પ્રાચીન, વિ૦ [સં૦] પૂર્વનું; અસલનું; જૂના કાળનું. એનું ઉલટું અર્વાચીન.
પ્રાછીત, પ્રાયશ્ચિત.
પ્રાણ, પુ૦ [સં૦] જીંદગીને જરૂરનો એવો શરીરની અન્દર જે વાયુ તે-એ સ્થાનભેદે મુખ્ય પાંચ ગણાય છે-તેમાં હૃદયને વિષે જે સ્થિત છે તે મુખ્ય હોવાથી તેને પ્રાણ કહીને બીજા ચારને અપાન, વ્યાન, ઉદાન ને સમાન એવી સંજ્ઞા રાખી છે. ૨ જીવ; આત્મા. ૩ ઘણુંજ વ્હાલું જે જન તે.
પ્રાણજીવન, ન૦ [સં૦] જેથી જીંદગીનો ટકાવ રહેછે તે; પ્રાણનો આધાર. વિ૦ પ્રાણ-જીવન જેવા વ્હાલા.
પ્રાણનાથ-પતિ, પુ૦ પ્રાણ રાખનારા પતિ-પ્રીતમ.
પ્રાણપ્યારા, પ્રાણપ્રિય.
પ્રાણપ્રિય, વિ૦ પ્રાણ સરખા પ્રિય.
પ્રાણમયકોશ, પુ૦ [સં૦] પઞ્ચકોશમાંનો એક જેમાં પ્રાણ રહ્યા છે તે.
પ્રાણાધાર, પુ૦ [સં૦] પ્રાણનો આધાર.
પ્રાણાન્ત, પુ૦ [સં૦] પ્રાણનો અન્ત; મૃત્યુ. ૨ પ્રાણ જાય તેવું સંકટ. અ૦ પ્રાણ જાય તો પણ.
પ્રાણાયામ, પુ૦ [સં૦] મન્ત્ર ભણતાં નસકોરાંની વાટે શ્વાસ લેવા કાડવા સમ્બન્ધી જે ક્રિયા તે.-નસકોરૂં બન્ધ કરવું ઉઘાડવું તે. પ્રાણાયામના ત્રણ ભેદ છે-કુમ્ભક, [પૂરક ને રેચક.
પ્રાણિયા, પ્રાણી.
પ્રાણી, પુ૦ [સં૦] જેનામાં પ્રાણ હોય તે-મનુષ્ય, ભૂચર, જળચર, ખગ, કીટ, જંતુ ઈ૦.
પ્રાતઃકાળ, પુ૦ [સં૦] મળસકું; પ્રભાત; વ્હાણું; સવાર.
પ્રાતઃસન્ધ્યા, સ્ત્રી૦ [સં૦] પ્રાતઃકાળે કરવાનું સન્ધ્યા કર્મ. (બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્યને).
પ્રાદુર્ભાવ, પુ૦ [સં૦] ઉત્પન્ન થવો તે; ઉત્પન્ન થઈ દેખાવું તે.
પ્રાધાન્ય, ન૦ [સં૦] મુખ્યપણું; મુખ્યતા. શબ્દાર્થ-વાક્યાર્થનું મુખ્યપણું હોય તે.

પ્રાન્ત, પુ૦ [સં૦] મોટા દેશના જે ભાગ તેમાંનો એકેકો. (નદી પર્વતથી થયલો અથવા રાજ્યની સત્તા પ્રમાણે ગણેલો). ૨ દેશ; મુલક.
પ્રાપ્ત, વિ૦ ધા૦ [સં૦] મેળવેલું; પેદા કરેલું. પ્હોંચેલું; મળેલું; પામેલું; આવેલું. પ્રાપ્ત કરવું-થવું.
પ્રાપ્તિ, સ્ત્રી૦ [સં૦] પેદાશ; ઉત્પન્ન; આવક; લાભ. પ્રાપ્ત કરેલું હોય તેવી સ્થિતિ.
પ્રાબલ્ય, ન૦ [સં૦] વિશેષ બળ; સામર્થ્ય. ૨ પ્રતાપ.
પ્રાયશ્ચિત્ત, ન૦ [સં૦] પાપનો જે પસ્તાવો તે. ૨ ધર્મ-કર્મ-આચાર ભ્રષ્ટ થયેથી જે દોષ લાગે તેથી મુક્ત થવાને શાસ્ત્રોક્ત વિધિયે જે આચરણ કરવું તે.
પ્રારબ્ધ, ન૦ [સં૦] થયલા-થતા કર્મનું સારૂં અથવા માઠું ફળ ભોગવ્યાવિના છૂટકો નહિ એવું જે નિર્મિત તે (પ્રાણી-માત્રને). ૨ નસીબ; દૈવ. ૩ ભવિષ્યમાં બનવાનું તે. ગત જન્મના કર્મનું ફળ ભોગવવું તે સંચિત અને થતાં કર્મનું ભોગવવાનું તે ક્રિયમાણ પ્રારબ્ધ કહેવાયછે. વળી પ્રારબ્ધ ત્રણ રીતના છે. અનિચ્છ પ્રારબ્ધ એટલે ઈચ્છેલું નહિ એવું. પરેચ્છ પ્રારબ્ધ એટલે પારકાની ઈચ્છાથી પ્રાપ્ત થયલું અને સ્વેચ્છ પ્રારબ્ધ એટલે પોતાની ઈચ્છાથી પ્રાપ્ત થયલું.
પ્રારબ્ધવાદી, વિ૦ [સં૦] પ્રારબ્ધ-નસીબને માનનાર.
પ્રારમ્ભ, પુ૦ [સં૦] આરમ્ભ; શરૂઆત.
પ્રાર્થના, સ્ત્રી૦ [સં૦] ઈશ્વરની સ્તુતિ કરી કંઈ માગવું તે. ૨ સ્તુતિ ભક્તિનું જે બોલવું-લખવું-ગીત તે. ૩ વિનન્તિ; અરજ; કાલાવાલા.
પ્રાલબ્ધ, પ્રારબ્ધ.
પ્રાશન, ન૦ [સં૦] પીવું તે. ૨ ચાટવું-ચૂસવું તે.
પ્રાસ, અનુપ્રાસ.
પ્રાસ-સ-છ, ધારવટી આવીને મારી જાયછે તે. ૨ જખમ કરવો તે.
પ્રાસાદ, પુ૦ [સં૦] દેવમન્દિર. ૨ રાજમન્દિર. ૩ ઈશ્વરપ્રસાદ.
પ્રાસાદિકકવિતા, સ્ત્રી૦ [સં૦] ઈશ્વરના પ્રસાદથી થયલી કવિતા; પોતે શ્રમ પ્રાપ્ત થયલી જે ઉંચી કવિત્વ શક્તિ તે.
પ્રાહણે. અ૦ જુલમથી; બળાત્કારે; નાખુશી છતે.
પ્રાહણો, પુ૦ [પ્રાઘૂર્ણ] પરોણો; મેમાન.
પ્રિછવું, ક્રિ૦ અ૦ સમજવું; જાણવું; ઓળખવું.
પ્રિય, વિ૦ [સં૦] વ્હાલું; પ્યારૂં. ૨ લાડકું. પસન્દ.
પ્રિયકર, વિ૦ પ્રિય લાગે તેવું. [કરનારી સ્ત્રી.
પ્રિયમ્વદા, સ્ત્રી૦ [સં૦] વ્હાલું લાગે તેવું-મીઠું ભાષણ
પ્રિયા, સ્ત્રી૦ [સં૦] વ્હાલી સ્ત્રી. (સ્વકીયા, પરકીયા, [સામાન્યા).
પ્રિશણું, ન૦ [પરિવેષણ] પિરસવું તે.
પ્રિશવું, પિરસવું.

પ્રીત, પ્રીતિ.
પ્રીતમ, પુ૰ [પ્રિયતમ] પ્રિયપતિ. ૨ ઉપપતિ; આશક.
પ્રીતિ, સ્ત્રી૰ વહાલ; હેત; માયા; પ્યાર. ૨ સ્ત્રી પુરુષ-આશક માશુકનું પરસ્પર જે વહાલ તે; પ્યાર; શૃંગાર રસનો રતિભાવ. ૩ પ્રસન્નતા; કૃપા; મેહેરબાની. ૪ ગમવું-ચાહવું તે.
પ્રીતિકર, વિ૰ [સં૰] પ્રીત ઉપજાવે તેવું; વહાલું.
પ્રેત, પુ૰ [સં૰] મડદું; શબ; લાસ. ૨ બારમાને દહાડે સપિંડી કર્મ થાય ત્યાંસુધી મુએલાંની જે સ્થિતિ તે. ૩ મરીગયલાંના ખોળિયામાં-મુડદામાં ચેતન આણનાર; ને તે ઉપર ભમનાર જે મલીન ભૂતયોનિ જીવ તે.
પ્રેમ, પુ૰ [સં૰] પ્રીતિભાવનું પ્રફુલ્લ હોવું તે. ૨ પ્રીતિ; સ્નેહ; પ્યાર.
પ્રેમદા, સ્ત્રી૰ [સં૰] પ્રેમ આપનારી-પ્રેમી સ્ત્રી.
પ્રેમપાશ, પુ૰ [સં૰] પ્રેમનું બન્ધન; પ્યારનો ફાંસો.
પ્રેમાનન્દ, પું૰ [સં૰] પ્રેમથી ઉત્પન્ન થયલો અથવા પ્રેમમય જે આનંદ તે. ૨ જગદીશ્વર. [તે.]
પ્રેમાશ્રુ, ન૰ [સં૰] પ્રેમ ઉભરાઈ આવેથી જે આંસું પડવાં
પ્રેમાળ, વિ૰ પ્રેમથી ભરેલું.
પ્રેમી, વિ૰ પ્રેમ ભરેલું-સમજતું-કરતું (માણસ).
પ્રેરણા, સ્ત્રી૰ [સં૰] અન્દરથી ઉસકેરવું-જગાડવું તે. ૨ મોકલવું તે. પ્રેરણાબુદ્ધિ-જન્મ સ્વભાવથી જે બુદ્ધિ તે. પશુ પક્ષ્યાદિમાં છે-મનુષ્યમાં પ્રેરણાબુદ્ધિ ને વિશેષ વિવેકબુદ્ધિ છે.
પ્રેરવું, ક્રિ૰ સ૰ મોકલવું. ૨ ઉસકેરવું; ઊભું કરવું.
પ્રેરિત, વિ૰ ધા૰ [સં૰] પ્રેરણા કરેલી એવું.
પ્રેસ, પુ૰ [અં૰] છાપવાનો યંત્ર. ૨ છાપખાનું.
પ્રોત, પુ૰ [પુરોહિત] ક્ષત્રીઓનો કુળગોર.
પ્રોવું, ક્રિ૰ સ૰ કાંણા-નાકાંમાં દોરો ઘાલવો; પોરવવું.
પ્રોહિત, પુરોહિત.
પ્રૌઢ, વિ૰ [સં૰] ઉમરે-સમજે પુક્ત થયલું એવું. ૨ ઊંચા-મોટા અર્થવાળું; ઊંચી બરી ભાષાવાળું. ૩ વિવેકથી ભરેલું; ડાહ્યું. ૪ વિદ્યા-પદવીથી માનવંત. ૫ દેખાવમાં મોટું ઊંચું. પ્રૌઢતા-પ્રૌઢપણું.
પ્રૌઢા, સ્ત્રી૰ [સં૰] રસ શાસ્ત્રમાં ત્રણ પ્રકારની નાયિકામાંની પુક્ત ઉમરે પોંચેલી, પુક્ત સમજની ને પ્રેમ સારીપેઠે સમજનારી જે તે.
પ્રૌઢિ, સ્ત્રી૰ [સં૰] શરીર-મનનું પુક્તપણું. ૨ વેશ રીત વાણી લેખમાં ગૌરવવાળું જે સૌંદર્ય તે.
પ્લવઙ્ગ, પુ૰ [સં૰] વાંદરો.
પ્લુત, વિ૰ [સં૰] હ્રસ્વ સ્વરથી ત્રણગણો અથવા વિશેષ લાંબો એવો ત્રણ માત્રાનો (સ્વર). ગાયનમાં, રોવામાં, દૂરથી બોલાવવામાં ઇ૰માં થાય છે.

ફ.

ફ, પુ૰ [સં૰] પની પછીનો મૂળાક્ષર.
ફઈ, ફોઈ.
ફકડી, સ્ત્રી૰ ફજેતી; લોકને હસવાનું થવું તે.
ફક્ત, અ૰ [આ૰] તેજ એક; માત્ર; કેવળ.
ફકદણ્ડ, વિ૰ ઉડેલ તબિયતનો. ૨ લુચ્ચો; ફાટેલ.
ફકર, ફિકર.
ફકરો, પુ૰ ગ્રન્થમાંનું એકાદું જૂદું પાડેલું વાક્ય પ્રસઙ્ગે ઉપયોગમાં આણેલું તે.
ફકીર, પુ૰ [આ૰] જે મુસલમાન દુનિયાદારી છોડી અલ્લાની બન્દગી કરવામાં મચ્યો રેતો હોય તે. ૨ તાબુતના દહાડામાં જે માણસ ફકીરનો વેશ લછે તે. ૩ જે એકલો હોય ને જેની પાસે પૈસો ન હોય ને હોય તો ઉડાવી દેતો હોય તેવો માણસ. 'મળ્યા તો મીર ને બાકી ફકીર.' ફકીરફકરૂં-ફકીર અને તેના જેવું કોઈ બીજું ભીખમાગનારૂં.
ફકીરી, સ્ત્રી૰ ફકીરની હાલત. ૨ ફકીરનો વેશ. ૩ ફકીરને મળેલી ભીખ.
ફક્કડ, વિ૰ લોકલાજને ન લેખવતાં, સ્વછંન્દે વર્તનાર. ૨ સુન્દર વેશથી ફાંકડું ફરે-રે તે. ૩ ઉડાઉ; નફિકરો.
ફક્કડાઈ, સ્ત્રી૰ ફક્કડપણું.-બોલવે ચાલવે પેરવે રેવે વગેરે.
ફગવવું. ફગાવવું.
ફગવો, પુ૰ હોળીમાં કોઈ સ્નેહી સમ્બન્ધીને રઙ્ગ છાંટી તેની પાસે જે મીઠાઈ અથવા નાણું લેવું તે.
ફગાવવું, ક્રિ૰ સ૰ ખોટું સમજાવવું; છેતરવું; પટાવવું.
ફચફચ, અ૰ કાદવમાં અથવા પાણી વાળી ગોચી જમીનપર પગ મુકવાથી જે અવાજ થાય તે બતાવેછે.
ફજેત, વિ૰ ફજેતી થઈ હોય તેવું. [ફજેતી કરાવે તે.
ફજેતખોર, વિ૰ જેની તેની ફજેતી કરનાર. ૨ પોતાની
ફજેતી, સ્ત્રી૰ [આ૰] કોઈની નઠારી ચાલથી લોકને જે હસવાનું થાય તે. ૨ બેઆબરૂ; અપજસ.
ફજેતો, પુ૰ જેમાં કેરીના ગોટલા છોતરાં ચોળીને ધોયાં હોય તે પાણી અથવા છાસ. એ ફજેતાની કઢી થાયછે. ૨ ફજેતી.
ફટ, અ૰ એવો થતો અવાજ બતાવેછે. ૨ કોઈને તરછોડવામાં વપરાય છે.
ફટક, સ્ત્રી૰ કસણાંમાંથી ખોરી કાડવાને વા નાખવાની ચાદર; ભાતમાંથી છાલાં કાડવાની ચાદર.
ફટકડી, સ્ત્રી૰ એક જાતનો ખાર. એ બોસડની અને રઙ્ગની મેળવણીનાં કામમાં આવેછે.
ફટકવું, ક્રિ૰ અ૰ બુદ્ધિ ભ્રષ્ટ થવું; બાવરૂં થઈ રેવું; ચળી જવું; ડાગળી ખસવી. કાળજું ફટકવું. ૨ એક વાતપરથી બીજી વાતઉપર ઉતરી પડવું; ઉડવું.

ફિણવું, ક્રિ॰ સ॰ કોઈ ઢીલા પદાર્થને તેમાં હાથ ઘાલી સારી પેઠે ઘસવો-હળફિણવો; ઢોકળાંનું આથું ફિણવું વગેરે.

ફિતુર, ન॰ દગલબાજીથી ઉપરીની સામા થવું અથવા તેને છોડી દુશ્મનને મળવું તે; બંડ; દંગો; હુલ્લડ; તોફાન.

ફિતુરી, વિ॰ ફિતુર કરનાર.

ફિદવી, પુ॰ [ફા॰] ચાકર; ભક્ત; સેવક; દાસ.

ફિદા, વિ॰ [અ॰] આસક્તિમાં ઘેલું ઘેલું થઈગયલું; પ્રાણ આપવાને તત્પર એવું. ૨ બહુ ખૂશ; પ્રસન્ન.

ફિરકી, વિ॰ ચારેમેર ફરતી એકેકોન પાંદડી હોય તેવું-ફૂલ. ફિરકી મોગરો-મલગોટો વગેરે. ૨ સીવવા ભરવાનાં રોજ કામમાં આવતો, સુતરનો દોરો ને રેશમનો તાર જે ઉપર વિટાળી રાખવામાં આવેછે તે.

ફિરકો, પુ॰ એક દેશ-રાજ-ધરમના જે લોક તે; કોમ.

ફિરંગી, વિ॰ એ નામની એક યવન જાતી છે. એ પ્રથમ તો યુરોપખંડના પોર્ટુગાલદેશના જે પોર્ટુગીસ લોકો તે; પણ, તેઓનું રાજ અહીં થયા પછી તેમાના જે અહીં વસી રહ્યા ને અથવા તેઓએ જે હિંદુ મુસલમાનોને વટલાવ્યા તે. ૨ કોઈ પણ ટોપીવાળો ગોરો.

ફિરયાદ, ફરિયાદ.

ફિશવન, વિ॰ માથાનો ફરેલ; નિભાગી હઠીલો.

ફિલસૂફ, પુ॰ મન અથવા પદાર્થના ધર્મ જાણનારો; તત્વજ્ઞાની. [શાસ્ત્ર.

ફિલસુફી, સ્ત્રી॰ મન-પદાર્થના ધર્મ શોધવા સમ્બન્ધી

ફિસાદ, પુ॰ [અ॰] બંડ; દંગો; હુલ્લડ; તોફાન; ફિતુર.

ફિસાદખોર, વિ॰ ફિસાદ કરનાર; ફિતુરી.

ફિસિયારી, સ્ત્રી॰ પતરાજ; બડાઈ.

ફિસોટો, પુ॰ શ્રમથી અથવા રોગથી પ્રાણીમાત્રના મોઢાંમાંથી જે ફીણ જેવો પદાર્થ બાર નિકળી આવી રેલે તે. (લાક્ષણિક) હું તારા ફિસોટા કાઢીશ એટલે એટલો માર મારીશકે મોઢાંમાંથી ફીણ નિકળશે-તું દમ આખર

ફી, સ્ત્રી॰ [અં॰] હકના રૂપિયા.. [થઈ જઈશ.

ફીક, સ્ત્રી॰ તબિયત બગડવાથી મોઢામાં જે ફિકું-મોળું લાગ્યાં કરે તે; ગમી વિનાનું મોઢું થવું તે.

ફીકું, વિ॰ આછું; ઝાંખું (રંગમાં). ૨ સવાદ વિનાનું; મોળું. ૩ રોગ-શરમથી કરમાઈ ગયલું; નિસ્તેજ; ઉતરેલું (મોઢું).

ફીણ, ન॰ [સં॰ ફેન] કોઈ પ્રવાહી, અફળાવાથી અથવા ગરમ થયેથી તેના ઉપર જે તરતો સફેદ પદાર્થ બન્ધાય તે.

ફીણવું, ફિણવું.

ફીત, સ્ત્રી॰ બાદલું ને કસબની દોરી એ બેની ગુંથેલી [illegible] તે.

ફીરકી, સ્ત્રી॰ [illegible].

ફીસું, વિ॰ [illegible] તેવું ફિસું (રૂપું). ૨ ફીકું.

ફું, અ॰ જોરમાં બાર નિકળતા શ્વાસથી જે અવાજ નિકળે તે. મોઢેવતી જોરમાં જે વા દેવો તે.

ફુંકણી, સ્ત્રી॰ ફુંકવાની લાકડાંની અથવા ધાતુની નળી; ભુંગળી. ૨ ફુંકવું તે.

ફુંકવું, ક્રિ॰ સ॰ મોઢેવતી વા દેવો. ૨ મુસલ-દીવો ફુંકવો; વાગ્યા ઉપર ફુંકવું, વગેરે. ૨ મોઢાંના વાથી વગાડવું. તતુડી વગેરે ફુંકવી. ૩ ઝપાટો વાગવો, ઝપાટાથી બગાડી હાલ થવું. (દિવાળું ફુંકવું). ૪ બાળીનાખવું. ૫ છાની વાત ઉઘાડી કરવી.

ફુંકારવું, ક્રિ॰ અ॰ ફુંકારો કરવો.

ફુંકારો, પુ॰ ફુ એવો જે શબ્દ તે.

ફુંકીખાવું, ક્રિ॰ સ॰ ધન માલ ઉડાવી નાખવું.

ફુંફવાટો-ફુંફાડો, પુ॰ ફુ એવો અવાજ કરવો તે. ૨ ખીવડાવવું તે.

ફુઆરો, પુ॰ નીચેથી ઊંચે જઈ પાછું ધારમાં નીચે પડતું જે પાણી તે. ૨ એ પાણી પડે તેને સારૂ કરેલી જે યુક્તિ તે. ૩ ઝરો.

ફુઈ, ફોઈ.

ફુએડ, વિ॰ ગન્દું; મેલું. ૨ રીતભાત વિવેકમાં નોખરું.

ફુઓ, પુ॰ બાપની બેહેનનો વર.

ફુક્કો, પુ॰ દડા આકારની ફુલેલી વસ્તુ.

ફુગાવું, ક્રિ॰ અ॰ ઘણી વાર ભીની હવામાં અથવા બાફમાં રેયેથી પોચી વસ્તુ ઉપર રૂંવાં જેવો મળ બાઝવો.

ફુટકળ, વિ॰ નકામું; ભાંગું તુટું. ૨ પ્રરચુરણ.

ફુટડિયું, ફુટડું.

ફુટડી, વિ॰ ધાડી (દાળ).

ફુટડીદાળ, ધાડી દાળ.

ફુટડું, વિ॰ શોભિતું; દેખાવડું; ખુબસુરત.

ફુટવું, ક્રિ॰ અ॰ કોઈ વસ્તુમાંથી તેનો ફણગો અવયવ બાર નિકળવો. ઝાડને પાંતરાં ફુટવાં. ૨ અન્દરનું બાર કાઢવાને ફાટવું-ગોડ ફુટવું. ૩ ભાંગીજવું. હાંલ્લાં ફુટવાં. ૪ (લાક્ષણિક) નઠારે નિકળવું; માઠુંથવું:-નસીબ ફુટ્યું છે. ૫ કરેલા સમ્પમાંથી છુટાં પડવું; ફુટાંપડી સામે થવું. ૬ આરપાર જવું; બીજી પાસ દેખાવું-આ કાગળ ઉપર અક્ષર ફુટવાના નથી. ૭ (લાક્ષણિક) ઇંદ્રીયે પોતાનું કામ કરતાં બંધ પડવું-આંખ ફુટવી, કાન ફુટવા [વગેરે.

ફુટાફુટ, ફાટફુટ.

ફુણગી, સ્ત્રી॰ ચોખી ફોલ્લી. ૨ પ્રવાહી ઉપર જે ઝીણો પરપોટો તે.

ફુદડી, સ્ત્રી॰ એકેકના હાથ ઝાલી ગોળ ચક્કરમાં ફરવાની એક રમત છે. (છોકરીઓમાં). ૨ તારાના આકારનું જે ચિન્હ તે; *.

ફુદડી, પુ॰ એક જાતનું અત્યારનું છોડવું; એક જાતનો [illegible]. ૨ એક જાતનું ઘાસ.

ફુદનો-દીનો, પુ૦ [ફા૦] એક જાતનો છોડ; એ રસોઈના લીલા મસાલામાં અને ઔસડમાં કામ આવેછે.

ફુમતી, સ્ત્રી૦ અંબોડે લટકતું રાખવાનું ઘરેણું.

ફુમતું, ન૦ રેશમ-કસબનો ગુચ્છો જે ટોપી વગેરે ઉપર લટકતો રાખવામાં આવેછે તે. ૨ રૂપાંની ઘુઘરીનો ઝુમખો. રૂમાલ-કોથળીને હોય છે.

ફુરજો, પુ૦ [આ૦] જે સરકારી જગામાં જતાં આવતાં વહાણો નોંધાય છે ને મેહેસુલ લેવામાં આવેછે તે; માંડવી.

ફુરસદ, સ્ત્રી૦ [આ૦] પરવાર; નવરાસ.

ફુલકર, ન૦ આતશબાજીની ચીજોમાંની એક જે બળેછે ત્યારે ફૂલ પડેછે. [રોટલી.

ફુલકુ-કડું, ન૦ વરઘોડો; ફુલેકું. ૨ નાની ને પાતળી

ફુલકું, ન૦ પાણીનો ફુલેલો કણ. (ન ફુલેલા તે આગળું કહેવાયછે).

ફુલણજી, વિ૦ ફુલાવ્યાથી ફુલીજાય તે (માણસ); (જુઠાં) વખાણથી મોટાઈ મળી એમ સમજનાર;-એમ સમજી છાકીજાય તે.

ફુલતોડો, પુ૦ સ્ત્રીયોને પગે ઘાલવાનું એક ઘરેણું.

ફુલબરડો, પુ૦ સોપારીની એક જાત. [વીગેરે ફુલવવું.

ફુલવવું, ૦ ક્રિ૦ સ૦ ફુલે તેમ કરવું. ઈંપ, રોટલી, પુરી

ફુલવું, ક્રિ૦ અ૦ અગ્નિની આંચથી ઉપસવું; ઊંચુ થવું-રોટલી, પુરી વગેરે. ૨ પાણી ભરાયાથી અથવા હવા લાગેથી મોટું થવું-અનાજ, લાકડું વગેરે. ૩ પવન લાગવાથી ઊંચું થવું-રબર-કાગળના ડબ્બા. ૪ રોગથી જાડું થવું. વાથી શરીર ફુલીગયું. ૫ ખિલવું; ફૂલ થવાં 'સખી ફાગણ ફૂલ્યો ફૂલ મધુપુર મોહિયેરે.' ૬ જુઠી તારિફ કરી કોઈ સમજાવે તેમ સાચું માની તેના કહ્યા પ્રમાણે કરવું; છાપરે ચડવું; ખોટી મોટાઈ દેખાડવી. ૭ (દલગીરીમાં શરીર ભારે લાગેછે ને ખુશીમાં હલકું લાગેછે તે ઉપરથી) હલકુ થઈ વધવું; આનન્દી થવું-હરખથી ફુલવું.

ફુલસાંકળાં, ન૦ રૂપાંનું ઘરેણું-પગનું.

ફુલાવું, ક્રિ૦ અ૦ (જુઠાં) વખાણથી મોટાઈ માનવી; મોટાઈ માની અભિમાની થવું. [તેવી ટેવ.

ફુલાસ, સ્ત્રી૦ જુઠી તારીફથી મોટાઈ માનવી તે અથવ

ફુલિયું, ન૦ એક વનસ્પતિ છે.

ફુલું, ફૂલું.

ફુલેકું, ન૦ વરઘોડો. ૨ પરણનાર છોકરો છોકરી, લગનને આગલે દિવસે ઘોડાપર બેસી રાત્રે ફરવા નિકળે ને સગાં વાલાં ન્યાતિલાંને ત્યાં જાય છે તે. (કાઠિયાવાડ).

ફુલેલ, ન૦ ફૂલના પાસથી સુગંધીવાળું થયલું તેલ-ચૂપેલ-મોગરેલ વગેરે.

ફુલેલ તેલ, ફુલેલ. [મોગરેલ વગેરે.

ફુલેવર, વિ૦ જેમાં ફૂલ પાડ્યાં હોય તેવું (કપડું, લાકડું વગેરે).

ફુલ્લસ, પુ૦ નાણું; રૂપિયા. [વગેરે).

ફુવારો, ફુઆરો.

ફુવો, ફુઓ.

ફુસફાસ, અ૦ જીવ-દમ વનાનું હોય તેમ.

ફુસફુસિયું, વિ૦ દમ-રસવગરનું; નકામું; હલકું; નજીવું; સેહેજ ઉડી જાય તેવું.

ફુસલાવવું, ફોસલાવવું.

ફુસિયું, ફુસફુસિયું.

ફૂ, ફું. [છે તે.

ફૂગ, સ્ત્રી૦ વસ્તુ ફુગાયાથી તેના ઉપર રૂવાં જેવું જે બાઝે-

ફૂટ, પુ૦ [અં૦] સુતારી અડધો ગજ; બાર ઈંચ.

ફૂટ, ન૦ એક જાતનું ફળ-(એનું શાક થાયછે).

ફૂટ, સ્ત્રી૦ તૂટ; અન્તર; વાંધો. ૨ અણબનાવ; અદાવત.

ફૂલ, ન૦ [ફુલ્લ] ઝાડ અથવા વેલીનો સુગન્ધિ આપતો પાંખડીયો વાળો એક નાજુક ભાગનો અવયવ જે ઘણું કરીને ફળોત્પત્તિનું કારણ હોયછે; ઉઘડેલી કળી તે ફુલ. કેટલાએક છોડની કળી પણ ફૂલ કેહેવાયછે. ૨ એ ફૂલના આકારનો સુના રૂપાં હાથીદાંત કાગળ વગેરેનો જે ઘાટ તે. ૩ દારૂ ગંધક વગેરેના સમ્બન્ધથી જે અગ્નિ તેનો ફુલ સરખો જે આકાર નિકળેછે તે. ૪ સેતરંજી ગલીચા ઉપર ફૂલનો જે આકાર પાડ્યો હોય તે. ૫ આંખમાં સફેત છારીનું જે ટપકું બાઝયું હોય તે; ફૂલું. ૬ સોપારીનો જે કાતરેલા પાતળો ચકો તે. ૭ જેમાં ગર્ભ બન્ધાય છે તે ઠેકાણું; કમળ (સ્ત્રીનું). ૮ પગને આંગળે ઘાલવાનું ઘરેણું; છુવિટિયું (સ્ત્રીને). ૯ નાકનો કાંટો. ૧૦ દહીં વલોવવાની રવૈનો નીચલા છેડાનો પાંખિયા વાળો જે અવયવ તે. ૧૧ પુરુષની ગુહ્યેન્દ્રિયનો જે આગલો ભાગ-માથું તે. ૧૨ સ્ત્રીને અટકાવ આવવો તે-ફૂલ આવવું. ૧૩ ઔષધિને અગ્નિની આંચ દિધાથી જે ઉત્પન્ન થાયછે તે. (અજમાના ફૂલ વગેરે). હલકાપણું અને નાજુકાઈમાં ફુલની ઉપમાં આપવામાં આવેછે. હલકું ફૂલછે.

ફૂલું, ન૦ આંખમાં છારીનું જે ટપકું તે.

ફૈં, અ૦ થાકીગયાના અર્થમાં. ફૈં થઈગયો.

ફેંકવું, ક્રિ૦ સ૦ દૂરથી નાખવું-ઉરાડવું. ૨ દોડાવી મુકવું (ઘોડાને). ૩ ગરબડતું જાય તેમ નાખવું (પાસો). ૪ લાગ્યું તો તીર નહિતો તુક્કો એમ સમજી ગુજારવું (અરજી). ૫ દૂરથી જોવું અથવા ઉપર ઉપરથી જોઈજવું. નજર ફેંકવી.

ફેંટ, સ્ત્રી૦ કપડું વિંટાળેલું હોય એવી બાંધેલી જે કમર તે. ફેંટ પકડવી. કમર પકડી ધરીરાખવું.

ફેંટો, પુ૦ જે કપડું માથાપર આંટા દઈ વિંટાળ્યું હોય તે. ૨ તાડ (ઝાડ) અને તરસાડ (પાંતરાં) ની વચમાંનો જે ભાગ તે. જેના વાખના દોરડાં રાસડીયો વગેરે બનેછે. ૩ કપટ; ઠગાઈ; છુળભેદ. (ફેંટો રમવો-કરવો).

ફેંદવું, ક્રિ૦ સ૦ ખુંદવું; કચરવું. ૨ ચુંથીનાખવું; ખરાબ કરીનાખવું.

ફેણ, સ્ત્રી૦ [સં૦ ફણા] સાપની પહોળી કરેલી ગરદન. ૨ તાંબાના હાંડિયામાં ધીબા ઉપર આવતી તાંબાની જે ચીપ તે-(ધીને ફીણું રાખવા).

ફેણ, ન૦ [સં૦ ફેન] ફીણ.

ફેન, વિ૦ [અં૦] સારૂ.-કપડું લાવ્યો છે તે બહુ ફેન છે.

ફેફરી, સ્ત્રી૦ ફેફરું.

ફેફરું, ન૦ મોંઢે ફીણ આવે, ચક્કર ખાઈને પ્રાણી નીચે પડી જાય તે રોગ.

ફેફસાં, ન૦ છાતી-હૃદયની અન્દરની જે બે ઇન્દ્રિયો વડે શ્વાસોચ્છ્વાસ લેવાય છે તેમાંની એકેકી. એક છિદ્રવડે હવા પેસાય છે ને બીજીવડે ફૂંકાય છે. ફેફસું (એક-વચનમાં).

ફેર, પુ૦ અન્તર; તફાવત; જૂદાપણું. ૨ ચક્કર-તમ્મર આવવાં તે-(રોગ). ૩ ઘેરાવો; ઘેર. ૪ હાલત બદલાવી તે. તે રોગીને ફેર પડયો છે. ૫ કાણાંમાં ફરીને પેસતી આવનારી પેચવાળી ખીલી (કાનના લવિંગનો ફેર, રમવાની ઢીંગલનો ફેર વગેરે).

ફેરફટક, અવળુંસવળું; આડુંઅવળું.

ફેરફાર, પુ૦ રદ બદલી, કંઈ કાઢી કંઈ ઉમેરવું તે. ૨ અંતર; તફાવત.

ફેરબદલ, વિ૦ ફેરવેલું-બદલેલું હોય તેવું; અસ્તવ્યસ્ત; કોઈને ઠેકાણે કોઈ ને કોઈને ઠેકાણે કોઈ હોય તેવું.

ફેરવવું, ક્રિ૦ સ૦ બદલવું; ઠામફેર કરવું-બારણું ફેરવીનાખ. ૨ ચલાવવું; અહીં તહીં લઈ જવું. બળદને સીમમાં ફેરવ. ૩ ગોળ આકારમાં ચલાવવું; ચાકપર ચડાવવું. ઢોયલને ફેરવ. ૪ ફેરફાર કરવો; દુરસ્ત કરવું. મુસદ્દો ફેરવ. ૫ રદ કરવું; નામંજુર કરવું. (હુકમનામું). ૬ બદલવું-જૂનું રદ કરી નવું દાખલ કરવું (કાયદો). ૭ ધીમે રહીને ઘસવું; પંપાળવું-હાથ ફેરવવો-માથે હાથ ફેરવવો એનો વળી લાક્ષણિક અર્થ એ છે કે આશીર્વાદ દેવો. ડોંઈ ફેરવીગયો એટલે ચોરીગયો. ૮ કાણાંમાં ફરે તેમ કરવું-ઘડિયાળને કુંચી ફેરવવી. ૯ આંખ ફેરવવી એટલે ગુસ્સો કરવો; ધમકાવવું; ડોળા કાઢવા.

ફેરવો, પુ૦ લાંબે ફરવું-જવું પડે તે; ચક્કર. આ રસ્તો સીધો છે ને પેલો ફેરાવાનો છે.

ફેરિયો, પુ૦ રસ્તે ફરી ફરીને વેચનારો (દુકાન માંડીને નહિ.)

ફેરિસ્ત, સ્ત્રી૦ [ફા૦] યાદી; ટીપ.

ફેરી, સ્ત્રી૦ ફેરો મારવો તે. ૨ વખત; વાર (બે ફેરી).

ફેરોજવું, ક્રિ૦ અ૦ આડે-દિશાએ જવું.

ફેરો, પુ૦ જવું આવવું તે. કેટલા ફેરા ખાઉં? ૨ લાંબે જવું તેમ લાંબા [illegible]. તે રસ્તે જતાં બે ત્રણ ફેરા પડશે. ૩ [illegible]. ફેરા [illegible] છે.

ફેલ, પુ૦ [અં૦] પાખંડ; જૂઠું આચરણ કરવું તે; ખોટો દેખાવ; ઢોંગ. ૨ બાનું; મિષ. ૩ નઠારું આચરણ; ગુનાહ.

ફેલખોર, વિ૦ ફેલ કરનાર.

ફેલજામીન, પું૦ ફરીથી નઠારું આચરણ ન કરે પણ સારી ચાલ રાખે તેને સારૂ જે જામીન તે.

ફેલવું, ફેલાવું.

ફેલાવ-વો, પુ૦ લાંબું પોળું વધવું તે; પ્રસાર; વધારો.

ફેલાવવું, ક્રિ૦ સ૦ પ્રસાર થાય તેમ કરવું; વધારવું; ઠેકાણે ઠેકાણે પસરી વળે તેમ કરવું.

ફેલાવું, ક્રિ૦ અ૦ વધવું; પસરવું. ૧ આગ ફેલાઇ. ૨ રોગ ફેલાયો. ૩ ઝાડ ફેલાયું. ૪ અજવાળું ફેલાયું ઇત્યાદિ.

ફેસલો, પુ૦ ઠરાવ; હુકમનામું. ૨ ફુટકો.

ફોઈ, સ્ત્રી૦ બાપની બેહેન.

ફોઇસાસુ, સ્ત્રી૦ વરના બાપની બેહેન.

ફોક, વિ૦ ઠરવેલું-બોલેલું રદ કરવું હોય તેવું (વિવાહ વચન વગેરે). ૨ નકામું; વ્યર્થ; મિથ્યા; ફોગટ.

ફોકટ-ગટ, વિ૦ અમસ્તું; નકામું; વ્યર્થ જાય તેવું. ૨ મફત; પૈસા ખરચ્યા વગરનું.

ફોગટિયું, વિ૦ પૈસા ખરચ્યા વના મફતમાં ઉપભોગમાં આવે તેવું. ૨ કામ ન લાગે તેવું; અમસ્તું.

ફોજ, સ્ત્રી૦ [આ૦ ફૌજ] લશ્કર; સેન. ૨ ટોળું; ધાડ.

ફોજદાર, પુ૦ શેહેર-ગામની રૈયતની સંભાળ રાખનારો પોલીસઅમલદાર; કોટવાળ.

ફોજદારી, વિ૦ ચોરી ખૂન વગેરેના ગુનાહ સમ્બન્ધી. કાયદા-ઇનસાફ કરવાનું ઠેકાણું- કામ વગેરે.

ફોજદારી, સ્ત્રી૦ ગુનાહને સારુ જે ફરિયાદી તે. ૨ ગુનાહને સારુ જે ઇનસાફ થાય તે.

ફોડલો, ફોલ્લો.

ફોડવું, ક્રિ૦ સ૦ [સ્ફોટન] ભાંગીનાખવું.-હાંડલું-પથરો વગેરે. ૨ અગ્નિની આંચ દઈ અવાજ કરવો; છોડવું. ફટાકા, બંધુક વગેરે. ૩ અફાળવું-માથું. ૪ ધાર અથવા અણી બોકી ફાડવું-ઉઘાડવું. ફોલ્લો-ગાંઠ વગેરે. ૫ છાની વાત ઉઘાડી કરવી. તેણે સંધું તેની આગળ ફોડી દીધું. ૬ સામાવાળાને લાંચ આપી પોતાની તરફનું કરવું; સામાવાળાથી કોઈને છુટો પાડવો. ૭ જમીનની અંદર ખાડો ખોદવો અથવા એ ખાડામાં દારૂ ભરી ઉપરની જમીનને તોડી પાડવી (સુરંગ ફોડવી). ૮ મરડી-વાળીને અવાજ કરવો (ટાચકા ફોડવા). ૯ આંખમાં મારી તેને પોતાનું કામ કરતી બંધ કરવી. ૧૦ ઘણા અવાજથી કાનને દુઃખ થાય તેમ કરવું.

ફોડવી, સ્ત્રી૦ ચકલું (દહીનું).

ફોત, વિ૦ કતલ કરી-મારી નાખ્યું હોય તેવું-તેણે તેને ફોત કરીનાખ્યો.

ફોતરું, ન૦ અનાજનું ઉપલું છોડું.
ફોદું, ન૦ ઝકરું (દહીંનું).
ફોદું, વિ૦ પોચું; ઢીલું (માણસ).
ફોફળ, ન૦ સોપારી.
ફોફળી, સ્ત્રી૦ સોપારીનું ઝાડ.
ફોફૈયો, પુ૦ પાણીથી ભરેલો ફોલ્લો.
ફોમ, ફામ.
ફોર, સ્ત્રી૦ ગન્ધ; વાસ.
ફોરવું, ગન્ધાવું; પીમળવું; વાસ આવવી.
ફોરાઈ, સ્ત્રી૦ સ્ફુરતા; હોશિયારી; ચંચળાઈ.
ફોલવું, ક્રિ૦ સ૦ ફણોજ વગેરેનાં છોડાં ફાડવાં. ફોલી ખાવું એટલે ઉપલું રેવા દઈને અન્દરની મતા કહાડી ખાવી—ઉંદર ફોલી ખાયછે.
ફોસલાવવું, ક્રિ૦ સ૦ ખોટું સમજાવવું; પટાવવું; ખોટી ખુશામત કરવી. ૨ છેતરવું; આંજવું.
ફોલ્લી, સ્ત્રી૦ નાનો ફોલ્લો. [ચામડી.
ફોલ્લો, પુ૦ લોહી બગડવાથી ગોળ આકારમાં ઉપસેલી
ફ્રેન્ચ, પુ૦ ફ્રાન્સ દેશનો વતની.

બ.

બ, પુ૦ [સં૦] તેવીસમો વ્યઞ્જન વર્ણ.
બંસુરી, સ્ત્રી૦ [સં૦] વાંસળી.
બઈરી, બૈરી.
બક, પુ૦ [સં૦] બગલો. (પક્ષી).
બકબક, સ્ત્રી૦ નકામું ઘણું બોલવું તે; બકવા; લવારી.
બકબકાટ-રો, સ્ત્રી૦-પુ૦ બકબક.
બકબકિયો, પુ૦ બકબક કરનારો.
બકરકુદી, સ્ત્રી૦ બકરાંની પેઠે ઉભાં થવું કુદી પડવું એવી જે મસ્તી તે; તોફાન; ઉછાંછળાપણું. ૨ એક જાતની કસરત.
બકરી, સ્ત્રી૦ બકરાની માદા.
બકરીઈદ, સ્ત્રી૦ મુસલમાનનો એક તેહેવાર.
બકરું, ન૦ બકરી અથવા બકરો.
બકરો, પુ૦ એક જાતનું ચોપગું જાનવર—એનાં સિંગડાં વળેલાં ને ખરબચડાં હોય છે. એ ઘેટાંના જેટલા કદનો પણ વધારે જોરાવર, ઓછો બિકણ ને વધારે ચાલાક હોય છે. એ ડુંગર ડુંગરી મેદાન ઉપર ચાર પાલો ખાય છે. એનું ગોશ ઘણાક માણસ પોતાના રોજના ખોરાકમાં લે છે.
બકવા-ટ, સ્ત્રી૦ બક બક; લવારી; ટાયલું; મિથ્યા ભાષણ.
બકવું, ક્રિ૦ સ૦ વિચારયા વિના જેમતેમ બોલી કરવું; લવારી કરવી. ૨ જૂઠું બોલવું. ૩ એ શબ્દ હોડ-સરતને લાગે છે. સરત કરવી અથવા બકવી.
બકાઈ, સ્ત્રી૦ બગાસું. 'જસોદા માતાનું દુઃખ જાણી, હરીએ ખાધી બકાઈ.'
બકાત, વિ૦ બાકી-શિલક રેવલું.
બકારી, સ્ત્રી૦ ઉલટી; પાછું નકખાવું તે.
બકારો, પુ૦ ઘાંટો; સાદ; બૂમ. ૨ બકબકાટ; લવારો.
બકાલ, પુ૦ [આ૦] જેમતેમ કરી દુકાન માંડી બેઠેલ વાણિયો. ૨ ખરચવે ચિકણો, કંગાલ દેખાતો ને બીકણ પોચા માણસને એ શબ્દ લગાડવામાં આવેછે.
બકાલાપીઠ, સ્ત્રી૦ શાકબજાર.
બકાલું-ળું, ન૦ લીલું શાક. [૩ ખિજાવવું.
બકાવવું, ક્રિ૦ સ૦ બકે તેમ કરવું. ૨ ગુડાવવું; ઉસકેરવું.
બકુડી, સ્ત્રી૦ એ શબ્દ લાડમાં બાળકને રમાડતાં બોલવામાં આવેછે. [ગંધી હોયછે.
બકુલ, ન૦ [સં૦] એક જાતનું ઝાડ-ફૂલ. એ ફૂલને સુ-
બકોરવું, ક્રિ૦ સ૦ ઘાંટો મુડી બોલાવવું; બૂમ પાડવી.
બક્ષવું, ક્રિ૦ સ૦ મોટાએ નાનાને બક્ષીસ આપવી; પ્રસાદી આપવી.
બક્ષી, પુ૦ [ફા૦] ફોજનો સરદાર. ૨ ફોજના માણસોને પગાર આપનારો અમલદાર.
બક્ષીસ, સ્ત્રી૦-ન૦ [ફા૦] પ્રસન્ન થયેથી જે કંઈ આપી દીધેલું તે. ૨ મોટાએ નાનાને જે આપેલું તે; ઈનામ. ૩ સરખે સરખાને અથવા મોટાને જે આપેલું તે; ભેટ; નજર.
બખતર, ન૦ [ફા૦] લોખાંડાંની ઘડેલી ઝીણીઝીણી કડીયોનો જાળીવાળો જે અંગરખો જુધમાં જોદ્ધાઓ પોતાને શરીરે પેરેછે તે; ચિલખત; કવચ.
બખતાવર, વિ૦ નસીબદાર.
બખર, ન૦ ઈતિહાસ; તવારીખ. ૨ વૃત્તાંત; હકીકત.
બખરવું, ક્રિ૦ અ૦ લાગવું; ખખરવું; સાલવું. તે મને બખરયાં કરેછે. ૨ પચવું; બોગવટો કરી શકવો—ને માલ તેને બખરવાનો નથી.
બખશીસ, બક્ષીસ.
બખાબખી, સ્ત્રી૦ લડાલડી; ટપ્પો. ૨ વાદ.
બખિયો, પુ૦ પાસપાસે ને ઝીણાં ઝીણાં ટાંકા દીધા હોય તેમાંનો એકેકો (સિવવામાં). સિવવું ને બખિયા દેવા.
બખિલાઈ, સ્ત્રી૦ અતીસે કંજુસાઈ; કૃપણતા; કંગાલિયત.
બખીલ, વિ૦ [આ૦] કંજુસ; કૃપણ; અતીસે કસરિયો ૨ કંગાલ; હીણુ.
બખેડો, પુ૦ મારામારીનો ફિસાદ; ટંટો; ધાંધલ.
બખોલ, સ્ત્રી૦ ઝાડના થડનું પોલાણ. ૨ કેટલાંક જાનવર જમીનની અંદર જે પોલાણ કરીને અંદર રેહે તે.

ફિણવું, ક્રિ॰ સ॰ કોઈ ઢીલા પદાર્થને તેમાં હાથ ઘાલી સારી પેઠે ઘસવો-હળફળાવવો; ઢોકળાંનું આથું ફિણવું વગેરે.

ફિતુર, ન॰ હળમળામાંથી ઉપરીની આજ્ઞા થયું અથવા તેને છોડી દુશ્મનને મળવું તે; બખેડ; દંગો; હુલ્લડ; તોફાન.

ફિતુરી, વિ॰ ફિતુર કરનાર.

ફિદવી, પુ॰ [ફા॰] ચાકર; ભક્ત; સેવક; દાસ.

ફિદા, વિ॰ [અ॰] આસક્તિમાં ઘેલું ઘેલું થઈગયેલું; પ્રાણ આપવાને તત્પર એવું. ૨ બહુ ખુશ; પ્રસન્ન.

ફિરકી, વિ॰ ચારેમેર ફરતી એકેકીજ પાંદડી હોય તેવું-ફૂલ. ફિરકી મોગરો-મલગોટો વગેરે. ૨ સીવવા ભરવાના રોજ કામમાં આવતો, સુતરનો દોરો ને રેશમનો તાર જે ઉપર વિટાળી રાખવામાં આવેછે તે.

ફિરકો, પુ॰ એક દેશ-રાજ-ધરમના જે લોક તે; કોમ.

ફિરંગી, વિ॰ એ નામની એક યવન જાતી છે. એ પ્રથમ તો યુરોપખંડના પોર્ટુગાલદેશના જે પોર્ટુગીસ લોકો તે; પણ, તેઓનું રાજ અહીં થયા પછી તેમાના જે અહીં વસી રહ્યા તે અથવા તેઓએ જે હિંદુ મુસલમાનોને વટલાવ્યા તે. ૨ કોઈ પણ ટોપીવાળો ગોરો.

ફિરયાદ, ફરિયાદ.

ફિશવન, વિ॰ માથાનો ફરેલ; મિજાજી; હઠીલો.

ફિલસૂફ, પુ॰ મન અથવા પદાર્થના ધર્મ જાણનારો; તત્વજ્ઞાની. [શાસ્ત્ર.

ફિલસુફી, સ્ત્રી॰ મન-પદાર્થના ધર્મ શોધવા સમ્બન્ધી

ફિસાદ, પુ॰ [અ॰] બંડ; દંગો; હુલ્લડ; તોફાન; ફિતુર.

ફિસાદખોર, વિ॰ ફિસાદ કરનાર; ફિતુરી.

ફિસ્યારી, સ્ત્રી॰ પતરાજ; બડાઈ.

ફિસોટો, પુ॰ શ્રમથી અથવા રોગથી પ્રાણીમાત્રના મોડાંમાંથી જે ફીણ જેવો પદાર્થ બાર નિકળી બાઝી રેહે તે. (લાક્ષણિક) હું ત્યારો ફિસોટો કાડીશ એટલે એટલો માર મારીશ કે મોડાંમાંથી ફીણ નિકળી-તું દમ આખર [થઈ જઈશ.

ફી, સ્ત્રી॰ [અં॰] હકના રૂપિયા.

ફીક, સ્ત્રી॰ તબિયત બગડવાથી મોડામાં જે ફિકું-મોળું લાગ્યાં કરે તે; અમી વિનાનું મોળું થવું તે.

ફીકું, વિ॰ આછું; ઝાંખું (રંગમાં). ૨ સવાદ વિનાનું; મોળું. ૩ રોગ-શરમથી કરમાઈ ગયલું; નિસ્તેજ; ઉતરેલું (મોડું).

ફીણ, ન॰ [સં॰ ફેન] કોઈ પ્રવાહી, અફળાવાથી અથવા ગરમ થયેથી તેના ઉપર જે તરતો સફેદ પદાર્થ બન્ધાય તે.

ફીણવું, ફિણવું.

ફીત, સ્ત્રી॰ ખાલું ને કસબની દોરી એ બેની ગુંથેલી કાંગરાદાર જે પટી તે.

ફીરકી, સ્ત્રી॰ ફિરકી.

ફીસું, વિ॰ [illegible] ફીકું.

ફું, અ॰ જોરમાં બાર નિકળતા શ્વાસથી જે અવાજ નિકળે તે. મોઢેથી જોરમાં જે વા દેવો તે.

ફુંકણી, સ્ત્રી॰ ફુંકવાની લાકડાંની અથવા ધાતુની નળી; ભુંગળી. ૨ ફુંકવું તે.

ફુંકવું, ક્રિ॰ સ॰ મોઢેથી વા દેવો. ૨ મૂશ-દીવા ફુંકવો; વાગ્યા ઉપર ફુંકવું, વગેરે. ૨ મોડાંના વાથી વગાડવું. તતુડી વગેરે ફુંકવી. ૩ ઝપાટો ખાવો, ઝપાટાથી ખરાબ હાલ થવું. (દિવાળું ફુંકવું). ૪ બાળીનાખવું. ૫ છાની વાત ઉઘાડી કરવી.

ફુંકારવું, ક્રિ॰ અ॰ ફુંકારો કરવો.

ફુંકારો, પુ॰ ફું એવો જે શબ્દ તે.

ફુંકીખાવું, ક્રિ॰ સ॰ ધન માલ ઉડાવી નાખવું.

ફુંફવાટો-ફુંફાડો, પુ॰ ફું એવો અવાજ કરવો તે. ૨ ખીજવડાવવું તે.

ફુઆરો, પુ॰ નીચેથી ઊંચે જઈ પાછું ધારમાં નીચે પડતું જે પાણી તે. ૨ એ પાણી પડે તેને સારૂ કરેલી જે યુક્તિ તે. ૩ ઝરો.

ફુઈ, ફોઈ.

ફુએડ, વિ॰ ગન્દુ; મેલું. ૨ રીતભાત વિવેકમાં ગોબરું.

ફુઓ, પુ॰ બાપની બેહેનનો વર.

ફુક્કો, પુ॰ દડા આકારની ફુલેલી વસ્તું.

ફુગાવું, ક્રિ॰ અ॰ ઘણી વાર ભીની હવામાં અથવા બાફમાં રેહેથી પોચી વસ્તુ ઉપર રૂવાં જેવો મળ બાઝવો.

ફુટકળ, વિ॰ નકામું; બાંગું તુટું. ૨ પરચુરણ.

ફુટડિયું, ફુટડું.

ફુટડી, વિ॰ ધાડી (દાળ).

ફુટડીદાળ, ધાડી દાળ.

ફુટડું, વિ॰ શોભિતું; દેખાવડું; ખુબસુરત.

ફુટવું, ક્રિ॰ અ॰ કોઈ વસ્તુમાંથી તેનો એકાદો અવયવ બાર નિકળવો. ઝાડને પાંતરાં ફુટવાં. ૨ અન્દરનું બાર કાડવાને ફાટવું-ગોડ ફુટવું. ૩ ભાંગીજવું. હાંલ્લાં ફુટ્યાં. ૪ (લાક્ષણિક) નઠારૂં નિકળવું; માઠુંથવું-નસીબ ફુટ્યું છે. ૫ કરેલા સમ્પમાંથી છૂટાં પડવું; છૂટાંપડી સામે થવું. ૬ આરપાર જવું; બીજી પાસ દેખાવું-આ કાગળ ઉપર અક્ષર ફુટવાના નથી. ૭ (લાક્ષણિક) ઈંદ્રીયે પોતાનું કામ કરતાં બંધ પડવું-આંખ ફુટવી, કાન ફુટવા [વગેરે.

ફુટાફુટ, ફાટફુટ.

ફુણગી, સ્ત્રી॰ ઝીણી ફોલ્લી. ૨ પ્રવાહી ઉપર જે ઝીણો પરપોટો તે.

ફુદડી, સ્ત્રી॰ એકેકના હાથ ઝાલી ગોળ ચક્કરમાં ફરવાની એક રમત છે. (છોકરીઓમાં). ૨ તારાના આકારનું જે ચિન્હ તે; *.

ફુદડો, પુ॰ એક જાતનું ગન્ધાતું જીવડું; એક જાતનો મસન્ધારો. ૨ એક જાતનું ઘાસ.

ફુદનો-દીનો, પું૦ [ફા૦] એક જાતનો છોડ; એ રસોઈના લીલા મસાલામાં અને ઔસડમાં કામ આવેછે.
ફુમતી, સ્ત્રી૦ અંબોડે લટકતું રાખવાનું ઘરેણું.
ફુમતું, ન૦ રેશમ-કસબનો ગુચ્છો જે ટોપી વગેરે ઉપર લટકતો રાખવામાં આવેછે તે. ૨ રૂપાંની ઘુઘરીનો ઝુમખો. રૂમાલ-કોથળીને હોય છે.
ફુરજો, પું૦ [આ૦] જે સરકારી જગામાં જતાં આવતાં વાહાણો નોધાય છે ને મેહેસુલ લેવામાં આવેછે તે; માંડવી.
ફુરસદ, સ્ત્રી૦ [આ૦] પરવાર; નવરાસ.
ફુલકર, ન૦ આતશબાજીની ચીજોમાંની એક જે બળેછે ત્યારે ફૂલ પડેછે. [રેટલી.
ફુલકુ-ક્કું, ન૦ વરશોડો; ફુલેકું. ૨ નાની ને પાતળી
ફુલકું, ન૦ પાણીનો ફુલેલો કણ. (ન ફુલેલા તે ઓગળું કહેવાયછે).
ફુલણજી, વિ૦ ફુલાવ્યાથી ફુલીજાય તે (માણસ); (જુઠાં) વખાણથી મોટાઈ મળી એમ સમજનાર;-એમ સમજી છાકીજાય તે.
ફુલતોડો, પું૦ ઓયોને પગે ઘાલવાનું એક ઘરેણું.
ફુલબરડો, પું૦ સોપારીની એક જાત. [વીગેરે ફુલવવું.
ફુલવવું, ૦ ક્રિ૦ સ૦ ફુલે તેમ કરવું. ઈંધ, રેટલી, પુરી
ફુલવું, ક્રિ૦ અ૦ અગ્નિની આંચથી ઉપસવું; ઊંચુ થવું-રેટલી, પુરી વગેરે. ૨ પાણી ભરાયાથી અથવા હવા લાગેથી મોટું થવું-અનાજ, લાકડું વગેરે. ૩ પવન લાગવાથી ઊંચું થવું-રબર-કાગળના ડબ્બા. ૪ રોગથી જાડું થવું. વાથી શરીર ફુલીગયું. ૫ ખિલવું; ફૂલ થવાં 'સખી ફાગણ ફુલ્યો ફૂલ મધુપુર મોહિયેરે.' ૬ જુઠી તારિફ કરી કોઈ સમજાવે તેમ સાચું માની તેના કહ્યા પ્રમાણે કરવું; છાપરે ચડવું; ઓઠી મોટાઈ દેખાડવી. ૭ (દલગીરીમાં શરીર ભારે લાગેછે ને ખુશીમાં હલકું લાગેછે તે ઉપરથી) હલકુ થઈ વધવું; આનન્દી થવું-હરખથી ફુલવું.
ફુલસાંકળાં, ન૦ રૂપાંનું ઘરેણું-પગનું.
ફુલાવું, ક્રિ૦ અ૦ (જુઠાં) વખાણથી મોટાઈ માનવી; મોટાઈ માની અભિમાની થવું. [તેવી ટેવ.
ફુલાસ, સ્ત્રી૦ જુઠી તારીફથી મોટાઈ માનવી તે અથવ
ફુલિયું, ન૦ એક વનસ્પતિ છે.
ફુલું, ફૂલું.
ફુલેકું, ન૦ વરશોડો. ૧ પરણનાર છોકરો છોકરી, લગનને આગલે દિવસે ઘોડાપર બેસી રાત્રે ફરવા નિકળે ને સગાં વાલાં ન્યાતિલાંને ત્યાં જાય છે તે. (કાઠિયાવાડ).
ફુલેલ, ન૦ ફૂલના પાશથી સુગંધીવાળું થયલું તેલ-ફુલેલ-ફુલેલ તેલ, ફુલેલ. [મોગરેલ વગેરે.
ફુલેવર, વિ૦ જેમાં ફૂલ પાડ્યાં હોય તેવું (કપડું, લાકડું, [વગેરે).
ફુલ્લસ, પું૦ નાણું; રૂપિયા.

ફુવારો, ફુઆરો.
ફુવો, ફુઓ.
ફુસફાસ, અ૦ જીવ-દમ વનાનું હોય તેમ.
ફુસકુસિયું, વિ૦ દમ-રસવગરનું; નકામું; હલકું; નજીવું; સેહેજે ઉડી જાય તેવું.
ફુસલાવવું, ફોસલાવવું.
ફુસિયું, ફુસકુસિયું.
ફૂં ફું. [છે તે.
ફૂગ, સ્ત્રી૦ વસ્તુ કુગાયાથી તેના ઉપર રૂવાં જેવું જે બાઝે-
ફૂટ, પું૦ [અં૦] સુતારી અડધો ગજ; બાર ઈંચ.
ફૂટ, ન૦ એક જાતનું ફળ-(એનું શાક થાયછે).
ફૂટ, સ્ત્રી૦ તૂટ; અન્તર; વાંધો. ૨ અણબનાવ; અદાવત.
ફૂલ, ન૦ [ફુલ્લ] ઝાડ અથવા વેલીનો સુગન્ધિ આપતો પાંખડીયો વાળો એક નાજુક શોભિતો અવયવ જે પાકું કરીને ફળોત્પત્તિનું કારણ હોયછે; ઉઘડેલી કળી તે ફૂલ. કેટલાએક છોડની કળી પણ ફૂલ કેવાયછે. ૨ એ ફૂલના આકારનો સુના રૂપાં હાથીદાંત કાગળ વગેરેનો જે ઘાટ તે. ૩ દારૂ ગંધક વગેરેના સમ્બન્ધથી જે અગ્નિ તેનો ફુલ સરખો જે આકાર નિકળેછે તે. ૪ સેતરંજી ગલીચા ઉપર ફૂલનો જે આકાર પાડ્યો હોય તે. ૫ આંખમાં સફેત છારીનું જે ટપકું બાઝ્યું હોય તે; ફૂલું. ૬ સોપારીનો જે કાતરેલો પાતળો ભુકો તે. ૭ જેમાં ગર્ભ બન્ધાય છે તે ઠેકાણું; કમળ (સ્ત્રીનું). ૮ પગને આંગળે ઘાલવાનું ઘરેણું; છુવિટિયું (સ્ત્રીને). ૯ નાકનો કાંટો. ૧૦ દહીં વલોવવાની રવૈનો નીચલા છેડાનો પાંખિયા વાળો જે અવયવ તે. ૧૧ પુરૂષની ગુહ્યેન્દ્રિયનો જે આગલો ભાગ-માથું તે. ૧૨ સ્ત્રીને અટકાવ આવવો તે-ફૂલ આવવું. ૧૩ ઔષધિને અગ્નિની આંચ દિધાથી જે ઉત્પન્ન થાયછે તે. (અજમાના ફૂલ વગેરે). હલકાપણું અને નાજુકાઈમાં ફૂલની ઉપમા આપવામાં આવેછે. હલકું ફૂલછે.
ફૂલું, ન૦ આંખમાં છારીનું જે ટપકું તે.
ફેં, અ૦ થાકીગયાના અર્થમાં. ફેં થઈગયો.
ફેંકવું, ક્રિ૦ સ૦ દૂરથી નાખવું-ઉરાડવું. ૨ દોડાવી મુકવું (ઘોડાને). ૩ ગરબડતું જાય તેમ નાખવું (પાસો). ૪ લાગ્યું તો તીર નહિતો તુક્કો એમ સમજી ગુજારવું (અરજી). ૫ દૂરથી જોવું અથવા ઉપર ઉપરથી જોઈલેવું. નજર ફેંકવી.
ફેંટ, સ્ત્રી૦ કપડું વિંટાળેલું હોય એવી બાંધેલી જે કંમર તે. ફેંટ પકડવી. કમર પકડી ધરીરાખવું.
ફેંટો, પું૦ જે કપડું માથાપર આંટા દઈ વિંટાળ્યું હોય તે. ૨ તાડ (ઝાડ) અને તરસાડ (પાંતરાં) ની વચમાંનો જે ભાગ તે. જેના વાખના દોરડાં રાશડીયો વગેરે બનેછે. ૩ કપટ; ઠગાઈ; છળભેદ. (ફેંટા રમવો-કરવો).

ફેંદવું, ક્રિ૰ સ૰ ખુંદવું; કચરવું. ૨ ચુંથીનાખવું; ખરાબ કરીનાખવું.

ફેણ, સ્ત્રી૰ [સં૰ ફણા] સાપની પ્હોળી કરેલી ગરદન. ૨ તાંબાના કોડિયાંમાં ધીણા ઉપર આવતી તાંબાની જે ચીપ તે-(ધીને ફીણું રાખવા).

ફેણ, ન૰ [સં૰ ફેન] ફીણ.

ફેન, વિ૰ [અં૰] સાફ.-કપડું લાવ્યો છે તે બહુ ફેન છે.

ફેફરી, સ્ત્રી૰ ફેફરું.

ફેફરું, ન૰ મોઢે ફીણ આવે, ચક્કર ખાઈને પ્રાણી નીચે પડી જાય તે રોગ.

ફેફસાં, ન૰ છાતી-હૃદયની અન્દરની જે બે ઇન્દ્રિયો વડે શ્વાસોશ્વાસ લેવાય છે તેમાંની એકેકી. એક છિદ્રવડે હવા લેવાય છે ને બીજીવડે કઢાય છે. ફેફસું (એકવચનમાં).

ફેર, પુ૰ અન્તર; તફાવત; જૂદાપણું. ૨ ચક્કર-તમ્મર આવવાં તે-(રોગ). ૩ ઘેરાવો; ઘેર. ૪ હાલત બદલાવી તે. તે રોગીને ફેર પડયો છે. ૫ કાણાંમાં ફરીને બેસતી આવનારી પેચવાળી ખીલી (કાનના લવેંગનો ફેર, રમવાની ઢોંચલનો ફેર વગેરે).

ફેરફટક, અવળુંસવળું; આડુંઅવળું.

ફેરફાર, પુ૰ રદ બદલી, કંઇ કાઢી કંઇ ઉમેરવું તે. ૨ અંતર; તફાવત.

ફેરબદલ, વિ૰ ફેરવેલું-બદલેલું હોય તેવું; અદલબદલ; કોઇને ઠેકાણે કોઇ ને કોઇને ઠેકાણે કોઇ હોય તેવું.

ફેરવવું, ક્રિ૰ સ૰ બદલવું; ઠામફેર કરવું-બારણું ફેરવીનાખ. ૨ ચલાવવું; અહીં તહીં લઇજવું. બળદને સીમમાં ફેરવ. ૩ ગોળ આકારમાં ચલાવવું; ચાકપર ચડાવવું. કોયલને ફેરવ. ૪ ફેરફાર કરવો; દુરસ્ત કરવું. મુસદો ફેરવ. ૫ રદ કરવું; નામંજુર કરવું. (હુકમનામું). ૬ બદલવું-જૂનું રદ કરી નવું દાખલ કરવું (કાયદો). ૭ ધીમે રહીને ઘસવું; પમ્પાળવું-હાથ ફેરવવો-માથે હાથ ફેરવવો એનો વળી લાક્ષણિક અર્થ એ છે કે આશીર્વાદ દેવો. હાથ ફેરવીગયો એટલે ચોરીગયો. ૮ કાણાંમા ફરે તેમ કરવું-ઘડિયાળને કુંચી ફેરવવી. ૯ આંખ ફેરવવી એટલે ગુસ્સો કરવો; ધમકાવવું; ડોળા કાઢવા.

ફેરવો, પુ૰ લાંબે ફરવું-જવું પડે તે; ચક્કર. આ રસ્તો સીધો છે ને પેલો ફેરાવાનો છે. [નહિ.

ફેરિયો, પુ૰ રસ્તે ફરી ફરીને વેચનારો (દુકાન માંડીને

ફેરિસ્ત, સ્ત્રી૰ [ફા૰] યાદી; ટીપ.

ફેરી, સ્ત્રી૰ ફેરા મારવો તે. ૨ વખત; વાર (બે ફેરી).

ફેરેજવું, ક્રિ૰ અ૰ આડે-દિશાએ જવું.

ફેરો, પુ૰ જવું આવવું તે. કેટલા ફેરા ખાશે? ૨ લાંબે જવું તે; લાંબો ચકરાવો. તે રસ્તે જવો તો ફેરો પડશે. ૩ આંટો; આપાગમન. ફેરા લાગ્યો છે.

ફેલ, પુ૰ [આ૰] પાખંડ; જૂઠું આચરણ કરવું તે; ખોટો દેખાવ; ઢોંગ. ૨ બાનું; મિષ. ૩ નઠારું આચરણ; ગુનાહ.

ફેલખોર, વિ૰ ફેલ કરનાર.

ફેલજામીન, પું૰ ફરીથી નઠારું આચરણ ન કરે પણ સારી ચાલ રાખે તેને સારૂ જે જામીન તે.

ફેલાંવું, ફેલાવું.

ફેલાવ-વો, પુ૰ લાંબું પ્હોળું વધવું તે; પ્રસાર; વધારો.

ફેલાવવું, ક્રિ૰ સ૰ પ્રસાર થાય તેમ કરવું; વધારવું; ઠેકાણે ઠેકાણે પસરી વળે તેમ કરવું.

ફેલાવું, ક્રિ૰ અ૰ વધવું; પસરવું. ૧ આગ ફેલાઇ. ૨ રોગ ફેલાયો. ૩ ઝાડ ફેલાયું. ૪ અજવાળું ફેલાયું ઇત્યાદિ.

ફેસલો, પુ૰ ઠરાવ; હુકમનામું. ૨ છુટકો.

ફોઈ, સ્ત્રી૰ બાપની બેહેન.

ફોઈસાસુ, સ્ત્રી૰ વરના બાપની બેહેન.

ફોક, વિ૰ ઠરવેલું-બોલેલું રદ કરયું હોય તેવું (વિવાહ વચન વગેરે). ૨ નકામું; વ્યર્થ; મિથ્યા; ફોગટ.

ફોકટ-ગટ, વિ૰ અમસ્તું; નકામું; વ્યર્થ જાય તેવું. ૨ મફત; પૈસા ખરચ્યા વગરનું.

ફોગટિયું, વિ૰ પૈસા ખરચ્યા વના મફતમાં ઉપભોગમાં આવે તેવું. ૨ કામ ન લાગે તેવું; અમસ્તું.

ફોજ, સ્ત્રી૰ [આ૰ ફૌજ] લશ્કર; સેન. ૨ ટોળું; ધાડ.

ફોજદાર, પુ૰ શેહેર-ગામની રૈયતની સંભાળ રાખનારો પોલીસઅમલદાર; કોટવાળ.

ફોજદારી, વિ૰ ચોરી ખૂન વગેરેના ગુનાહ સમ્બન્ધી. કાયદા-ઇનસાફ કરવાનું ઠેકાણું- કામ વગેરે.

ફોજદારી, સ્ત્રી૰ ગુનાહને સારુ જે ફરિયાદી તે. ૨ ગુનાહને સારુ જે ઇનસાફખાતું તે.

ફોડલો, ફોલ્લો.

ફોડવું, ક્રિ૰ સ૰ [સ્ફોટન] ભાંગીનાખવું.-હાંલ્લું-પથરો વગેરે. ૨ અગ્નિની આંચ દઇ અવાજ કરવો; છોડવું. ફટાકા, બંધુક વગેરે. ૩ અફાળવું-માર્યું. ૪ ધાર અથવા અણી ભોંકી ફાડવું-ઉઘાડવું. ફોલ્લો-ગાંઠ વગેરે. ૫ છાની વાત ઉઘાડી કરવી. તેણે સંઘું તેની આગળ ફોડી દીધું. ૬ સામાવાળાને લાંચ આપી પોતાની તરફનું કરવું; સામાવાળાથી કોઇને છુટો પાડવો. ૭ જમીનની અંદર ખાડો ખોદવો અથવા એ ખાડામાં દારૂ ભરી ઉપરની જમીનને તોડી પાડવી (સુરંગ ફોડવી). ૮ મરડી-વાળીને અવાજ કરવો (ટાચકા ફોડવા). ૯ આંખમાં મારી તેને પોતાનું કામ કરતી બંધ કરવી. ૧૦ ઘણા અવાજથી કાનને ઘણું દુખ થાય તેમ કરવું.

ફોડવું, ન૰ ખડતું (દહીનું). [ફોત કરીનાખ્યો.

ફોત, વિ૰ કતલ કરી-મારી નાખ્યું હોય તેવું-તેણે તેને

ફોતરું, ન૦ અનાજનું ઉપલું છોડું.
ફોફું, ન૦ ચૂકતું (દહીંનું).
ફોફું, વિ૦ પોચું; ઢીલું (માણસ).
ફોફળ, ન૦ સોપારી.
ફોફળી, સ્ત્રી૦ સોપારીનું ઝાડ.
ફોફીયો, પુ૦ પાણીથી ભરેલા ફોલ્લો.
ફોમ, ફામ.
ફોર, સ્ત્રી૦ ગન્ધ; વાસ.
ફોરવું, ગન્ધાવું; પીમળવું; વાસ આવવી.
ફોરાઈ, સ્ત્રી૦ સ્ફુરતા; હોશિયારી; ચંચળાઈ.
ફોલવું, ક્રિ૦ સ૦ કોહોળ વગેરેનાં છોડાં કાડવાં. ફોલીઆવું એટલે ઉપલું રૈવા દઈને અન્દરની મતા કહાડી ખાવી–જંદર ફોલી ખાયછે.
ફોસલાવવું, ક્રિ૦ સ૦ ખોટું સમજાવવું; પટાવવું; ખોટી ખુશામત કરવી. ૨ છેતરવું; આંજવું.
ફોલ્લી, સ્ત્રી૦ નાનો ફોલ્લો. [ચામડી.
ફોલ્લો, પુ૦ લોહી બગડવાથી ગોળ આકારમાં ઉપસેલી
ફ્રેન્ચ, પુ૦ ફ્રાન્સ દેશનો વતની.

બ.

બ, પુ૦ [સં૦] તેવીસમો વ્યઞ્જન વર્ણ.
બંસુરી, સ્ત્રી૦ [સં૦] વાંસળી.
બઈરી, બૈરી.
બક, પુ૦ [સં૦] બગલો. (પક્ષી).
બકબક, સ્ત્રી૦ નકામું ઘણું બોલવું તે; બકવા; લવારી.
બકબકાટ-રો, સ્ત્રી૦–પુ૦ બકબક.
બકબકિયો, પુ૦ બકબક કરનારો.
બકરકુદી, સ્ત્રી૦ બકરાંની પેઠે ઉભાં થવું કુદી પડવું એવી જે મસ્તી તે; તોફાન; ઉછાંછળાપણું. ૨ એક જાતની કસરત.
બકરી, સ્ત્રી૦ બકરાની માદા.
બકરીઈદ, સ્ત્રી૦ મુસલમાનનો એક તેહેવાર.
બકરું, ન૦ બકરી અથવા બકરો.
બકરો, પુ૦ એક જાતનું ચોપગું જાનવર–એનાં સિંગડાં વળેલાં ને ખરબચડાં હોય છે. એ ઘેટાંના જેટલા કદનો પણ વધારે જોરાવર, ઓછો બિકણ ને વધારે ચાલાક હોય છે. એ ડુંગર ડુંગરી મેદાન ઉપર ચાર પાલો ખાય છે. એનું ગોશ ઘણાક માણસ પોતાના રોજના ખોરાકમાં લે છે.
બકવા-ટ, સ્ત્રી૦ બક બક; લવારી; ગપલું; મિથ્યા ભાષણ.
બકવું, ક્રિ૦ સ૦ વિચાર્યા વિના [illegible] કરવું; લવારી કરવી. ૨ જુઠું બોલવું. ૩ એ શબ્દ [illegible] તને લાગે છે. 'ભરત કરવી અથવા [illegible].
બકાઈ, સ્ત્રી૦ બબાસું. 'જસોદા, માતાનું દ્રવ્ય ખાઈ, હવીયે બાખી બકાઈ.'
બકાત. વિ૦ બાકી–શિલક રેવલું.
બકારી, સ્ત્રી૦ ઉલટી; પાછું નરૂખાવું તે.
બકારો, પુ૦ ઘાંટો; સાદ; બૂમ. ૨ બકબકાટ; લવારો.
બકાલ, પુ૦ [આ૦] જેમતેમ કરી દુકાન માંડી બેઠેલ વાણિયો. ૨ ખરચવે ચિકણો, કંગાલ દેખાતો ને બીકણ પોચા માણસને એ શબ્દ લગાડવામાં આવેછે.
બકાલાપીઠ, સ્ત્રી૦ શાકબજાર.
બકાલું-લુ, ન૦ લીલું શાક. [૩ ખિજવવું.
બકાવવું, ક્રિ૦ સ૦ બકે તેમ કરવું. ૨ ચડાવવું; ઉસકેરવું.
બકુડી, સ્ત્રી૦ એ શબ્દ લાડમાં બાળકને રમાડતાં બોલવામાં આવેછે. [ગંધી હોયછે.
બકુલ, ન૦ [સં૦] એક જાતનું ઝાડ–ફૂલ. એ ફૂલને સુ-
બકોરવું, ક્રિ૦ સ૦ ઘાંટો મુડી બોલાવવું; બૂમ પાડવી.
બક્ષવું, ક્રિ૦ સ૦ મોટાએ નાનાને બક્ષીસ આપવી; પ્રસાદી આપવી.
બક્ષી, પુ૦ [ફા૦] ફોજનો સરદાર. ૨ ફોજના માણસોને પગાર આપનારો અમલદાર.
બક્ષીસ, સ્ત્રી૦–ન૦ [ફા૦] પ્રસન્ન થયેથી જે કંઈ આપી દીધેલું તે. ૨ મોટાએ નાનાને જે આપેલું તે; ઇનામ. ૩ સરખે સરખાને અથવા મોટાને જે આપેલું તે; ભેટ; નજર.
બખ્તર, ન૦ [ફા૦] લોખાં લોડાંની ઘડેલી ઝીણીઝીણી કડીયોનો જાળીવાળો જે અંગરખો જુધમાં જોદ્ધાઓ પોતાને શરીરે પેરેછે તે; ચિલખત; કવચ.
બખતાવર, વિ૦ નસીબદાર.
બખર, ન૦ ઇતિહાસ; તવારીખ. ૨ વૃત્તાંત; હકીકત.
બખરવું, ક્રિ૦ અ૦ લાગવું; ખખરવું; સાલવું. તે મને બખરવાં કરેછે. ૨ પચવું; ભોગવટો કરી શકવો–તે માલ તેને બખરવાનો નથી.
બખશીસ, બક્ષીસ.
બખાબખી, સ્ત્રી૦ લડાલડી; ટંટો. ૨ વાદ.
બખિયો, પુ૦ પાસપાસે ને ઝીણાં ઝીણાં ટાંકા દીધા હોય તેમાંનો એકેકો (સિવવામાં). સિવવું ને બખિયા દેવા.
બખિલાઈ, સ્ત્રી૦ અતીસે કંજુસાઈ; કૃપણતા; કંગાલિયત.
બખીલ, વિ૦ [આ૦] કંજુસ; કૃપણ; અતીસે કસરિયો ૨ કંગાલ; હીણું.
બખેડો, પુ૦ મારામારી; ફિસાદ; ટંટો; વાંધા.
બખોલ, સ્ત્રી૦ ઝાડના થડનું પોલાણ. ૨ કેટલાક જાનવર જમીનની અંદર જે પોલાણ કરીને અંદર રેહે તે.

બખ્તર, ન૦ [ફા૦] બખ્તર તે.
બખ્તાવર, વિ૦ [ફા૦] નસીબદાર; ભાગ્યશાળી; પૂનેવાળું. બખાવર કરમ-(જેનાં) પગલાં થવાથી લાભ થાય (તેનાં) તે.
બગ, પુ૦ [સં૦ બક] બગલો.
બગડવું, ક્રિ૦ અ૦ ખરાબ થવું. ૨ ભ્રષ્ટ થવું.
બગડો, બેનો આંકડો; ૨.
બગધ્યાન, ન૦ એકાગ્રધ્યાન. ૨ લાભ-ક્રમ થઈ તાકી કરવું તે.
બગબગું, ન૦ મળસકું; આંધળુંધુંધળું; ભળકડું.
બગભગત, પુ૦ અંતરથી સ્વારથ સાધનારો પણ બારથી સાધુ દેખાતો પુરુષ તે.
બગરું, ન૦ ઘી ગરમ કરવાથી ઉપર તરી આવતો જે મેલ તે. ૨ તેલનો રગડો; ડોળું તેલ.
બગલ, સ્ત્રી૦ ખભાની નીચે ને હાથની બાજુએ જે ખાડો તે; કાખ. કોઈ ચીજને બગલમાં મારવી એ-ટલે બગલમાં રાખવી. ૨ આસરો; શરણું-એને તમારી બગલમાં રાખજો. ૩ બગલ આગળ આવતો અંગરખાનો ભાગ જે ત્રિકોણ આકારે હોય છે તે કકડો. ૪ બાજુ.
બગલદાણા, પુ૦ પગે ઘાલવાના તોડા. (કા૦).
બગલભાવાર્થી, વિ૦ બગલાના જેવી મનમાં મતલબ રાખનારો.
બગલું, ન૦ બગલો કે બગલી.
બગલો, પુ૦ [બક] એક જાતનો પક્ષી-એની ગરદન ને પાંખ લાંબી અને પગ પણ લાંબા હોયછે. એ મા-છલાંનો શિકાર કરેછે. ૨ એક તરેહનું વાણ.
બગાઈ, સ્ત્રી૦ ઢોર-કુતરાંનાં ચામડાં રૂવામાં ભરાઈ રેતું એક જાતનું પાંખવાળું જીવડું. ૨ કાનમાં થતો એક રોગ.
બગાડ, પુ૦ ખરાબ થવું તે. ૨ નુકસાન. ૩ વિકૃતિ; રોગ. ૪ કજિયો; અણબનાવ.
બગાડવું, ક્રિ૦ સ૦ ખરાબ કરવું. ૨ નુકસાન કરવું. ૩ રોગ આણવો. ૪ અણબનાવ-કજિયો થાય તેમ કરવું.—તેણે તેની સાથે બગાડ્યું છે.
બગાડો, બગાડ.
બગાસું, ન૦ સુસ્તી-ઊંઘથી એકાએક મોઢું ફાટેછે તે, ઊંઘની તૈયારી પર એકાએક રુંધાઈને મોઢું ખેંચાઈ ઊઘડે તે. બગાસું આવવું-ખાવું.
બગી, સ્ત્રી૦ એક તરેહની ઘોડાગાડી. ૨ નજર-બગી હાથીઅંઈ.
બગીચો, પુ૦ [ફા૦] વાડી; બાગ.
બગો, પુ૦ સ્ત્રીને પેરવાનું એક જાતનું સુતરવ ગણીના રંગનું વચમાં અથવા કોર ઉપર પીળી પીળી ભાત હોય [તેવું લુગડું.
બઙ્કેશ્વર, બાંકેશ્વર.

બંગ્યારવું, ક્રિ૦ સ૦ બૂમ પાડવી.
બંગ, પુ૦ તરેહ ગીત. ૨ જાડેજા લોક કહેનારા જુગિત. ૩ એક જાતનો ખાર.
બંગડી, સ્ત્રી૦ સ્ત્રીને કાંડે પેરવાનું કાચનું ઘરેણું; એ તરેહની જે સુનાની હોય તે.
બંગલી, સ્ત્રી૦ નાનો બંગલો. [કાન તે.
બંગલો, પુ૦ મેદાન-વાડીની વચમાં બાંધેલું જે સુંદર મ-
બંગાળી, વિ૦ બંગાળ દેશનું-સંબંધી.
બચબચ-બચકબચક, અ૦ બાળક ધાવતાં જે શબ્દ કરેછે તે બતાવેછે.
બચકલો, પુ૦ માણસ જેને તેને બચકાં ભરે તેવો તેને જે વાપુરીય તે.
બચકડું, બચકું.
બચકી, સ્ત્રી૦ પોટલી; ગાંસડી.
બચકું, ન૦ કરડવું તે; ડંખું ભરવું તે. ૨ પોટલું.
બચકો, પુ૦ પોટલું; ગાંસડી.
બચગી, સ્ત્રી૦ [ફા૦] બાળપણ.
બચડવાળ-ળ્વાળ, વિ૦ જેને ઘણાં છોકરાં હોય તે (પુરુષ).
બચપણ, ન૦ બાળપણ.
બચવું, ક્રિ૦ અ૦ સંકટ-આફત-ખરાબી-પાપ-શિક્ષા-માંથી ઉગરવું; સલામત રેવું. ૨ રેવું; જતું અટકવું (દીવો ગુલ થતો બચ્યો).
બચારું, વિ૦ રાંક; અશક્ત; ગરીબ; દયા આવે તેવું; બચાવવા-રક્ષણ કરવા જોગ.
બચાવ, પુ૦ સંકટમાંથી ઉગારવું તે; સંભાળ; સંરક્ષણ; ખરાબી થતી અટકાવવી તે. ૨ ખરચ થોડો થને જેટલો ફાયદો રે તે.
બચ્ચાંકચ્ચાં, ન૦ ઘેયાં છોકરાં.
બચ્ચી, સ્ત્રી૦ બોકી; ચુમી; ચુમ્બન.
બચ્ચું, ન૦ નાનું બાળક.
બચ્ચો, પુ૦ દિકરો. એ શબ્દ લાડનો અથવા તોછડા ભાવમાં વપરાયછે. બચ્ચાજી.
બજર, પુ૦ તમાકુ.
બજરબટું, ન૦ તળાવમાં થતી પોયણીનું ફળ. એ રાતાં ને કાળાં બે પ્રકારના થાયછે ને ખાધામાં પણ આવેછે.
બજરબટુ, ન૦ જે કાળો મણકો (એક જાતના લાકડાનો) રીઠુના મોઢામાં ઘાલી તરત પાછો કાઢેલો તે. એ દાણો રીઠુના નિમાળા સાથે દોરામાં પ્રોઈને બાળકની કોટે નજર ન લાગે માટે બાંધી રાખવામાં આવેછે. ૨ પોયણીનું ફળ.
બજવવું, ક્રિ૦ અ૦ અમલમાં આવવું; અસર થવી; પારપડવું (કામ). ૨ વગાડવું (વાજું). હુકમનામું બજવું એટલે નાણાંકવી રૂપિયા મળવાનો ઠરાવ થવો.
બજવૈયો, પુ૦ મૃદંગ-નરઘાં વગેરે વગાડનારો.

બજાણી, સ્ત્રી० [આ० બજાજ-કાપડિયો] દુકાનદારની માલ વેચવા સમ્બન્ધી ભાવ વધતો ઓછો બોલવાની જે ગતવાળી ભાંજગડ તે. ૨ છેતરવાની તજવીજ; સોદાઈ.

બજાર, પુ० [ફા० બાજાર] જ્યાં માલ-સામાન-સોદા વેચાય લેવાય તે ઠેકાણું; નાણાની લેવડ દેવડ થાય તે જગા. ૩ વેચવા લેવાને મળેલા લોકનો જે સમુદાય તે. ૪ દુકાનદારોએ ઠેરવેલા જે ભાવ તે; પીઠ. બજાર તેજી-મંદો-ચડ્યો-ઉતરયો છે એમ કેવાયછે.

બજારગપ, સ્ત્રી० બજારમાં ચાલતી ખોટી ખરી વાત.

બજારભાવ, પુ० બજારમાં જે ભાવે સોદા થતો હોય તે.

બજારુ, વિ० સાધારણ; નરસું. (ધરગથાઉ-સારૂં નહી)-માલ.

બજાવવું, ક્રિ० સ० અમલમાં લાવવું; પાર પાડવું (કામ). ૨ પાળવું (વચન). ૩ વગાડવું (વાજું). હુકમનામું બજાવવું એટલે હુકમનામા પ્રમાણે લેણું વસુલ કરવાની જપતી વગેરેથી તાકીદ કરવી.

બજીદ, વિ० આગ્રહી-હઠીલું-ભાંજગડ કરનું.

બઝોડવું, ક્રિ० સ० શરીર ઉપર ઉપરાઉપરી સારી પેઠે મારવું. (હાથે, મુંધે, લાકડિયે વગેરે). [ટકું.

બટ, ન० એક જાતનો જબરો ને શોભીતો નાનો ઘોડો;

બટ, વિ० જડ; નક્કર. ૨ ગોળ ને ભરેલું દેખાતું (છૂટું છૂટું નહિ)-બટમોગરો.

બટકબોલું, ન० ચાર માણસના પ્રસંગમાં વચમાં વચમાં મજાકનું-હસવું આવે તેવું જે ટૂંકું બોલવું તે. વિ० બટકબોલું કરનાર.

બટકી, સ્ત્રી० ઠિંગણી બૈરી. ૨ નીચી કસમની વેશ્યા. ૩ ચાકરડી; લોંડી.

બટમોગરો, પુ० એક જાતનું ઘણી પાંખડિનું ભરાઉ ને સુગન્ધીદાર ફૂલ અથવા તેનો છોડવો (ફિરકી નહીં).

બટવો, પુ० વાટવો.

બટાટા, પું० [અં०] એક જાતના કન્દ; પટેટો; અરબ્બી; વિલાતી અળાકડાં.

બટુક, પુ० [સં०] બ્રાહ્મણનો જનોઈ દીધા વિનાનો છોકરો, આઠ વરસની અંદરનો બાળક-બટુક કુંવારિકા. ૨ ઠિંગણો; વામનજી.

બટ્ટો, પુ० આળ; તોહોમત; કલંક (બટ્ટો મુકવો). ૨ ડાઘ; લાંછન; બદનામી (બટ્ટો લગાડવો).

બડ, વિ० કઠણ.

બડઘા, પુ० ભાત શિવાય કપાસ વગેરેના ગયા વરસના [જુના છોડવા.

બડછટ, બરછટ.

બડબડ, સ્ત્રી० બકબક. ૨ રીસમાં જે બોલ્યાં કરવું તે.

બડબડવું, ક્રિ० સ० બકબક કરવી. ૨ રીસમાં ધીમે ધીમે ધીમે ધીમે બોલ્યાં કરવું.

બડબડાટ, પુ०-સ્ત્રી० બડબડ.

બડબડિયું, વિ० બડબડ કરનાર.

બડખવું, ક્રિ०.સ० અફાળવું; ઝિકવું; મારવું. તેણે તેને ખુબ બડખ્યો. ૨ કસણાં ઉપર ખુંધાં મારી દાણા કાડવા.

બડમુછો, પુ० જેને મુછ ન હોય તે આદમી; ખુસરો.

બડવું, ક્રિ० સ० રેંટિયાથી રૂનું જાડું સુતર કરવું.

બડવું, ન० ચોકઠાંને ને બારણાંને જોડનારા બે પાસ બે પાટાં ને વચમાં ખીલી જડેલી એવા લાકડાંનો જે પદાર્થ તે-એ વડે બારણા ઉઘડેછે ને દેવાય છે.

બડવો, પુ० જનોઈનો સંસ્કાર થયા પછી બ્રાહ્મણે ૧૨ વરસ બ્રહ્મચર્ય પાળવું જોઈયે તેને બદલે છોકરાને જનોઈ દીધા પછી એક ચકલા આગળથી નસાડી મૂકવામાં આવેછે ને જેને પછી તેનો મામો પકડી આણેછે તે સ્થિતિનો તે.-બડવો દોડાવવો. ૨ જનોઈથી સંસ્કાર પામેલા જે છોકરાને બ્રહ્મચર્ય અવસ્થાનો સંસ્કાર આપવાને વિવાહ થયો હોય તો તેની સાસુ ભિક્ષા આપેછે તે. ૩ એને સાસરેથી રીત થઈ વહુ વરનો જે વરઘોડો નિકળે તે-બડવો ઉઠાડવો કેવાય છે.

બડાઈ, સ્ત્રી० વડાઈ; મોટાઈ. ૨ પતરાજી; મગરૂબી. [૩ ફુલાસ.

બડાઈખોર, વિ० બડાઈ કરનાર.

બડાબુટ-ઠ, અ० જેમનું તેમ (કામકાજ). નારે બેહેન, મારૂં કામ બડાબુડ પડેલું છે.

બડેજાવ, વિ० મોટા દરજાવાળો; ઊંચા કુળનો શ્રીમંત. બડેજાવ મહેરબાન, એવું ચોપદાર બોલેછે એટલે ઘણું જીવો, ચડતી કળા થાઓ વગેરે.

બડ્ડો, બરડો.

બઢતી, સ્ત્રી० ચડતી દશા-કળા; ઉત્કર્ષ; વૃદ્ધિ.

બણગું, ન० બણ્ડ; હુલ્લડ. 'અરેબપોરે બણગું ને પોપાંબાઈનું રાજ.'

બણબણવું, ક્રિ० અ० માખીએ પાંખથી અવાજ કરવો.

બણવું, ક્રિ० અ० બનવું (કવિતામાં). [છે તે.

બણિટયો, પુ० ચોખાની અંદર જે એક જાત દાણા થાય

બણ્ટી, સ્ત્રી० એક જાતનું ભાત-ડાંગેરમાં થતું અનાજ.

બણ્ડ, પુ० [ફા०] હુલ્લડ; ફિસાદ; બલવો. ૨ લુચ્ચો.

બણ્ડખોર, પુ० બંડ કરનાર.

બણ્ડિયું, ન० બદન.

બણ્ડી, સ્ત્રી० કેડ સુધી આવતું એવું જે પેરવાનું સિવેલું વસ્ત્ર તે; બદન.

બણ્ણી, બરણી.

બતક, ન० પાણી વાળી જગામાં રેતું એક જાતનું પક્ષી-એ પાણીમાં ડુબકી મારીને માછલી પકડેછે. સ્ત્રી० બતકના આકારનું પાણી ભરવાનું ઠીકરાં-ધાતુનું વાસણ.

બતકી, સ્ત્રી० નાનું કુલડું-કુંડું (ઘી વગેરે ભરવાનું).

બતરીસ, વિ૦ તીસ ને બે; ૩૨. બતરીસ લક્ષણ– સિંહનો એક ગુણ–પરાક્રમનો; બગલાંનો એક ગુણ– એક લક્ષથી સંધી ઝડપી લેવાનો; કુકડાના ચાર–વેલાં ઉઠવું, મરવું પણ પાછું ન હઠવું, પરિવારનું પાલણ પોષણ કરવું અને સ્ત્રીના ઉપર હેત રાખવું; મોરના છ ગુણ– ઊંચે થાનકે (દરજ્જે) રેવું, શત્રુને મારવો, મધુર ભાષણ કરવું, સ્વરૂપે સુંદર હોવું, સુઘડતા રાખવી, યુક્તિ પ્રયુક્તિ– કળા જાણવી, નમ્રતા રાખવી; કુતરાના છ ગુણ–થોડું મળ્યું તો સંતોષ, ઘણું મળ્યું તો સંતોષ, ઊંઘ થોડી રાખવી, તરત સમજી જવું, સ્વામી ઉપર ભક્તિ–કૃતજ્ઞતા રાખવી, શૌર્ય વાપરી જાણવું; ગધેડાના ત્રણ ગુણ–મેહેનત કરવી, દુઃખને ગણવું નહિ, ને સંતોષે રેવું; કાગડાનાં પાંચ ગુણ. કોઈનો ભરૂસો ન કરવો, છાની રતિ રમવી (મર્યાદા રાખવી), નમ્રતાપણું, સમો સાધી જાણવો, અને મંચળતા–હોંશિયારી; પુરૂષના પોતાના છ ગુણ–ચડતી દશામાં ક્ષમા, વિપતમાં ધીરજ, યુદ્ધે પરાક્રમ, ચતુરાઈ, સભામાં વાચાળપણું અને જસની ભૂખ રાખવી. [૨ જીભ.

બતરીસી, સ્ત્રી૦ સોળ હેઠલા ને સોળ ઉપલા જે દાંત તે.

બતાવવું, ક્રિ૦સ૦ દેખાડવું. ૨ સમજાવવું. ૩ બોલાવવું. ૪ વર્ણન કરવું. ૫ હાથના ચાળા કરવા; સાન [કરવી.

બતેલો, પુ૦ એક તરેહનું વહાણ.

બત્તી, સ્ત્રી૦ દિવેટ; વાટ. ૨ કાકડો; કાકડી. ૩ દીવો; [મસાલ.

બત્રીસ, બતરીસ.

બથાવવું, ક્રિ૦ સ૦ હંફાવવું; મથાવવું. [સાથે જોડાયછે.

બદ, વિ૦ [ફા૦] ખરાબ; ભુંડું; એ શબ્દ બીજા શબ્દ

બદ, સ્ત્રી૦ [હિં૦] પેડુની આજુબાજુના ખુણામાં થઈ આવતું ગરમીનું એક દરદ– ગાંઠ થઈ આવી પાકેછે.

બદકામ, ન૦ ખરાબ કામ. ૨ વ્યભિચાર; છિનાળું.

બદગોઈ, સ્ત્રી૦ નિંદા–ચાડી.

બદચાલ, સ્ત્રી૦ નઠારી ચાલ; દુરાચરણ.

બદદાનત, સ્ત્રી૦ નઠારી–હરામ દાનત.

બદન, ન૦ અંગ; શરીર. ૨ ડોકથી તે કમર લગી પેરવાનું સિવેલું વસ્ત્ર.

બદનજર, સ્ત્રી૦ ખરાબ નજર. (ચોરી છિનાળી સમ્બન્ધી).

બદનસીબ, ન૦ નઠારૂં નસીબ; અભાગિયાંપણું.

બદનામ, વિ૦ બદનામી વાળું.

બદનામી, સ્ત્રી૦ લોકમાં નઠારૂં કેવાવું તે; અપજસ; ભુંડું નામ. ૨ બટ્ટો; આળ.

બદનું, ન૦ ચણવાં ઈંટ કોલપર રેડવાનું પાણી ભરીરાખવાનું માટીનું હાંલ્લું. (ચિનાઈ લોડાનું પણ હોયછે).

બદફેલી, સ્ત્રી૦ નઠારો ફેલ; દુર્વ્યસન; અનીતિ.

બદબખ્ત, વિ૦ અભાગિયું; કમનસીબ. ૨ ખરાબ આસલતનું.

બદબો–ઈ, સ્ત્રી૦ દુર્ગંધ; નઠારો વાસ. ૨ બદનામી.

બદરી, સ્ત્રી૦ [સં૦] બોરડી.

બદલ, ન૦ [આ૦] બદલવું–લેવું તે. ૨ અ૦ બદલે.

બદલવું, ક્રિ૦ સ૦ એકના અવેજમાં બીજું બતાવવું–આપવું. (માલ રૂપિયા વગેરે). ૨ ફેરફાર કરવો; એક ઠેકાણેથી બીજે ઠેકાણે રાખવું (મુકામ). ૩ છુટા–તરેહ–રીત–વેરા કાઢીનાખી નવી રાખવી અથવા જુનીમાં ફેરફાર કરવો. (વેરા બદલવા). ૪ બદલીજવું એટલે એક મુકી તેને બદલે બીજું લઈજવું (જોડા વગેરે).

બદલામ, બદનામ.

બદલાવું, ક્રિ૦ અ૦ એકને બદલે બીજું થવું–હોવું–આવવું.

બદલી, સ્ત્રી૦ ફેરા બદલાવો તે. ૨ સરકારી અમલદારનું એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવું ને બીજાનું પેલાને ઠેકાણે આવવું તે. ૩ એકની વતીનો જે બીજો તે.

બદલે, અ૦ અવેજમાં; સાટે; એકને અભાવે (બીજો).

બદલો, પુ૦ અવેજ; સાટું. ૨ અવેજમાં આપેલું તે. ૩ ઉપકાર; આભાર. ૪ વેર; ખાર. ૫ બદલાવવા–પાછું આપવા જોગ (કંઈક નરસું હોય તે).

બદવું, ક્રિ૦ અ૦ મોટાની મરજી રાખી ચાલવું; મર્યાદાથી વર્તવું; ગાંઠવું; હુકમ માનવો.

બદસિકલ, બદસુરત.

બદસુરત, વિ૦ ખરાબ ચેહેરાનું; વરવું.

બદામ, સ્ત્રી૦ બદામડીનું ફળ.–મીઠી ને કડવી બદામ.

બદામડી, સ્ત્રી૦ બદામનું ઝાડ.

બદામી, વિ૦ બદામના રંગનું.

બદી, સ્ત્રી૦ [ફા૦] દુરાચરણ; અનીતિ; અધર્મ; પાપ (નેકીને બદી). ૨ નિન્દા. ૩ ગિલ્લી દંડાની–મંજાની રમત રમવા સારૂ જમીનમાં જે જરાક ખાડો [કરેલો તે.

બદ્દુ, વિ૦ માલ વનાનો; ગણ્ડુ.

બદ્દલ, અ૦ બદલે.

બદ્ધ, વિ૦ ધા૦ [સં૦] બાંધેલું.

બધિર, વિ૦ [સં૦] બેહેરું.

બધુ–દ્ધું, વિ૦ સઘળું; આખું; તમામ; સર્વ્વ (માપમાં). ૨ સઘળું; સર્વ્વ (સંખ્યામાં)–બધા, બધી, બધાં.

બદ્ધે, અ૦ સઘળે ઠેકાણે; સર્વે.

બનડી, સ્ત્રી૦ નવી પરણેલી વહુ. [ગાવાનું ગીત.

બનડો, પુ૦ નવો પરણેલો વર. ૨ એક જાતનું બૈરાંને

બનવું, ક્રિ૦ અ૦ અણચિંત્યું આવી પડવું–થવું. રસ્તે એમ ભુલા પડયા ને એવું બન્યું કે જે ભેંસ તળે ભીલ વાટ જોઈ કરવા બેસતા ત્યાં આવી પોંચ્યા; ત્યાં તેનું મોત બન્યું. આવી બનવું એટલે મોત થવું. ૨ ઘાટમાં આવવું; જેવું જોઈએ તેવું થવું.–પુરી ઠીક બનેછે; શિખંડ સારો બન્યો છે; કામ સારૂં બને છે; ઘર ઠીક બન્યું છે. ૩ અનુકૂળ આવવું–પડવું; કરી શકવું. ને

કામ કરવાનો વિચાર તો હતો પણ પછી બન્યું નહિ માટે તેથી તે નહિ બને. ૪ થવું; નિકળવું; નિવડવું (લાક્ષણિક અર્થમાં)—લુચ્ચાની સોબતે તે લુચ્ચો બન્યો છે. ૫ સ્નેહ-મેળાપ હોવો; કામકાજમાં એકદિલી હોવી—તે ને ને માટે આજ કાલ તો સારૂં બને છે. ધૂપને ને બાંડને ઠીક બને છે. ૬ નિશાના રૂપમાં આવવું. અલ્યા તું કંઈ આજ ખૂબ બન્યો છે. ૭ સાફ સુફ થઈ સણગારાવું. સાજનમાં જવું છે માટે તે આજ ખૂબ બનશે. બની ઠનીને—બનાવીને નિકળવું એટલે સણગરાઈને તાનમાં. લડાઈ બની—થઈ. બને તેવું એટલે બનવાજોગ; અથવા બનીશકે તેવું.

બનાત, સ્ત્રી૦ [હિં૦] પોળા પનાનું ઉનનું કપડું—એનાં ડગલા ટોપી ચોળી થાય છે. એ ઓઢવાના કામમાં પણ આવે છે.

બનાવ, પુ૦ [હિં૦] એકાએક—ઓચીંતુ બનવું તે; યોગ. ૨ રૂડી રીતે એકબીજામાં મળીજવું તે; મેળાપ; સ્નેહ; મિલનસારી. (માણસ, વસ્તુ, ગુણમાં).

બનાવટ, સ્ત્રી૦ બનાવવાની રીત—તરેહ. ૨ અસલ—ખરૂં નહિ પણ જુઠુંજ—અથવા કપટથી જે નવું બનાવેલું તે; તરકટ; ખોટાઇં.

બનાવવું, ક્રિ૦ સ૦ બને તેમ કરવું. ૨ મજાક કરવી; કોઈ પોતાની બેવકુફી જણાવે તેવી હાલતમાં તેને આણવો.

બનેવી, પુ૦ બેનનો વર.

બન્દ, પુ૦ [ફા૦] જેથી કોઈ ચીજ ખુલ્લી—વેતી બંધ થાય તે. ૨ બેડી; હેડ. ૩ હદમાં રાખવું તે; કેદ કરવું તે. ૪ કાગળના લાખ્યા કકડાનો જે થોડો અથવા એમાંનો જે એક તે. ૫ પાણી અટકાવવાનો જે પુસ્તો તે; બાંધ. ૬ પટો. વિ૦ અટકાવેલું; રોકેલું; દીધેલું; બાંધેલું. (કામ, રસ્તો, બારણું વગેરે). બન્દ કરવું, એ શબ્દ બાંધનારના અર્થમાં બીજા સાથે જોડાયછે. કરમબન્દ, ગલેબન્દ, નાળબન્દ વગેરે.

બન્દગી, સ્ત્રી૦ [ફા૦] ઇશ્વર પ્રાર્થના; ભક્તિ; નિમાજ. ૨ (સેવક છુઓ એ ભાવમાં) હુકમ; આજ્ઞા.

બન્દર, ન૦ [ફા૦] જ્યાં વાહાણો પવન પાણીના તોફાનથી સલામત તરતાં રે તેવી દરિયાની જે ખાડી અથવા નદીનો જે ભાગ તે. ૨ એને લગતું જે શેહેર—ગામ તે. ૩ એને લગતો જે કિનારો તે. ૪ કાંઠાની જે જગાએ વાહાણમાંથી ઉતરાતું હોય તે; ધુરજો; માંડવી. ૫ ઝાડે ફરવા જવું તે. બન્દર ગયો છે. બન્દર કરવું એટલે વાહાણે લાંબી સફર કરતાં એકાદા બન્દરમાં નાગરવું—(તોફાનને લીધે અથવા પાણી ખોરાક લેવાને).

બન્દરી, વિ૦ એક જાતનું ઝાંખી બુટ્ટીવાળું કપડું જેની પાઘડી બાંધવામાં આવેછે. (મછલી બંદર વગેરેમાંથી આવેછે માટે).

બન્દવો, પુ૦ કેદી.

બન્દી, સ્ત્રી૦ [ફા૦] અટકાવ; મના; બંધી. ૨ જોડાવું તે. દોસ્તી. ભાઈબન્દી.

બન્દીખાનું, ન૦ [ફા૦] કેદખાનું; કારાગ્રહ; જેલ. ૨ સાંકડ; કબજ.

બન્દીજન, પુ૦ [સં૦] રાજા શ્રીમન્ત વગેરેની પાસે રહી તેઓના વખાણ કરનાર ભાટ ચારણ લોક તે. (ઘેર અથવા લડાઈમાં).

બંન્દીવાન, વિ૦ [હિં૦] કેદી.

બન્દુક, સ્ત્રી૦ દારૂ ભરી ગોળી મારવાનો લોડાની નળીનો એક યન્ત્ર.

બન્દો, પુ૦ [ફા૦ બન્દા] જેના ઉપર મેહેરબાની થયલી હોય તે (માણસ). સાહેબનો બન્દો. ૨ ચાકર, સેવક, ફિદવી. ૩ ખુલાસમાં પોતાને વિષે બોલતાં વપરાયછે; પોતે. હવે બન્દાના બાર જોઈ લેવા! બન્દો હઠવાનો નથી.

બન્દોબસ્ત, પુ૦ [ફા૦] ગોઠવણ; વ્યવસ્થા; તજવીજ. ૨ કરાર; ઠરાવ; કબુલાત.

બન્ધ, પુ૦ [સં૦] બાંધવું—બાંધેલું તે. ૨ નિયમ; ધારો. ૩ અટકાવ; રોકાણ. ૪ રચના (પદબન્ધ). ૫ જેણે વતી કાંઈ બાંધેલું તે; બન્ધ નીચે પડીગયો છે તે મને આપ કે પડીકું બન્ધાય.

બન્ધકોશ, પુ૦ [બદ્ધકોશ] ઝાડો ન આવે તેવી જઠરાગ્નિની જે સ્થિતિ તે.

બન્ધન, ન૦ [સં૦] બાંધવું તે. ૨ પાશ; જાળ. ૩ અટકાવ; પ્રતિબન્ધ.

બન્ધબેસવું, ક્રિ૦ અ૦ માફક થવું; અનુકૂળ આવવું.

બન્ધવ, પુ૦ [સં૦] ભાઈ.

બન્ધારણ, ન૦ બે વસ્તુનું સાથે જોડાઈ રેવું તે અથવા જેથી તે બે એક રૂપ થઈ રે તે. ૨ ગ્રન્થના વિષયની જે ગોઠવણ તે. ૩ જેથી બાંધો પકડે તે વસ્તુ (ખાવાના પદાર્થોમાં). ૪ જે ખાધા વિના શરીરને નજ ચાલે તે. (અફીણનું બન્ધારણ). ૫ બાંધો.

બન્ધારો, પુ૦ ન રંગવાનો ભાગ જૂદો બાંધી-રાખીને બાકીનો રંગવો અથવા એને તરેહ તરેહવાર રંગ આપવો એ ધન્ધો કરનારો. ૨ રેશમના કપડાં ધોઈ કુંદી કરી આપવાનો ધન્ધો કરનારો.

બન્ધી, સ્ત્રી૦ મના; અટકાવ. ૨ પુરેજી; કરી.

બન્ધુ, પુ૦ [સં૦] ભાઈ. ૨ દોસ્ત; સ્નેહી. ૩ સગપણમાંનો—જાતમાંનો—વર્ગમાંનો એકાદો.

બન્ધે, વિ૦ બેઉએ; માત્ર એકજ નહિ પણ બે જણા.

બન્ધેવી, પુ૦ બનેવી.

બન્નુસ, ન૦ કામળો.

બન્ને, વિ૦ બન્ને; બેઉએ; બે જણા. [બાપા મુને બપડું.

બપડું, ન૦ લાકડાનું ગોળ રમકડું—બારે વરસે મેઘ જોવા

બપૈયો, પુ° એક જાતનો પક્ષી; ચાતક. કેવાય છે કે એને ગળે કાણું છે તેથી તે હંમેશ તરસ્યો મરેછે પણ જ્યારે વરસાદ આવે છે ત્યારેજ તેની તરસ મટેછે. તે એ વરસાદ ભણી ગ્યો તે વરસાદનો વિજોગ ભાવક માણસની જુદાઈ સાથે સરખાવવામાં આવેછે.

બપોર, પુ° સુરજ ઉગ્યા પછી બે પ્રહર પૂરા થયા તે; એ જે સમય તે; મધ્યાન્હ; દહાડાનો મધ્ય ભાગ.

બપોરિયું, ન° આતશબાજીમાંનું એક વાનું—ગંધક ને દારૂ ભરેલું કોડિયું જેના ઉપલાં પડને સળગાવ્યાથી દેવતાની થાય છે તે. ૨ બપોર સુધી કામ કરનારૂં માણસ. ૩ બપોરે કરવાનું તે. ૪ એક ફૂલ.

બપોરિયો, પુ° એ નામનો છોડવો.—એ ઘણી જાતનાં હોય છે ને ફૂલ પણ રાતાં સફેત વગેરે થાય છે. (બપોરે ખિલે છે માટે).

બપોરીવખત-રે, અ° બપોરે, મધ્યાન્હે.

બફાકરવું, ક્રિ° સ° ફાયદો-ગુણ કરવો. હમણાં જો સંભરશો તો આગળ બહુ કરશે.

બફાણું, ન° ખિચડી વગેરેમાં જે બાફેલી કેરી વગેરે તે. ૨ જે પાણી કેરીને બાફીને રાંધે ચડાવેલી હોય તે અ- [થાણું.

બફારો, પુ° ઉબારો; ધામ; બાફ (ગરમીથી).

બફાવું, ક્રિ° અ° બાફથી-ગરમીની આંચથી સેજું ને મીઠું થવું; રંધાવું; સિજવું. ૨ ધામથી અકળાવું.

બબડવું, ક્રિ° અ° મરજી પ્રમાણે ન થવાથી મોઢામાં બોલ્યાકરવું.

બબડાટ, પુ°-સ્ત્રી° બબડવું તે.

બબરચી, પુ° [ફા°] રસોઈયો; રાંધણિયો.

બબરચીખાનું, ન° રસોડું.

બબુચક, મૂર્ખ.

બમ્, ન° **બમ્બ**, અ° એવો થતો અવાજ બતાવેછે. ૨ ગોસાંઈ-જોગી-ભીખ માગતી વેળા જે શબ્દ કરેછે તે. ૩ મહાદેવની આગળ એ શબ્દ બોલાયછે—બમ્-ભોળા [મહાદેવ.

બમ્ફસ, વિ° સારીપેઠે ભરેલું. ૨ ઓખઈ.

બમણવું, ક્રિ° અ° પાંખનો અવાજ થવો.

બમણાટ, પુ° બમણવું તે.

બમણું, વિ° બેગણું.

બમ્બ, પુ° નરઘાંમાંનું ખાખું; મૃદંગનાં જે પાસામાં ખરજના સ્વર વાગેછે તે; બમ્. ૨ લડાઈનો ડંકો.

બમ્બો, પુ° જેને આમડાની નળી હોય તેવો પાણીની ધાર ઉરાડવાનો યંત્ર—આગ હોલવવાને, કુવામાંનું પાણી કાઢીનાખવાને વગેરે. બંબો ચાંપવો. [તે.

બયાન, ન° [ફા°] વર્ણન; વિગતવાર હકીકત કેવી-લખવી

બર, અ° પુરે પડ્યું હોય તેવું; અમલમાં આવ્યું હોય તેવું (કામ વચન વગેરે). બર જવું-આવવું. ઉમેદ બર ન આવી. ૨ પ્રમાણે; મુજબ.—બર હુકમ. ૩ બરાબર-સરખું-સમાનરૂપિયું થયું તે. તે તેની બર નથી જવાનો. એ તેના બરનો છે એટલે બરાબરી જાતે તેવો છે. ૪ પહોંચી શકાય તેવાનું. આ કામ એના બારનું છે.

બર, પુ° પનો (લુગડાનો).

બરકત, સ્ત્રી° [અ°] ફાયદો; લાભ. જ્યાંસુધી જીતરવાથી ધંધામાં બરકત થતી નથી. ૨ જેથી ફાયદો થાય તેટલું તે; ઘણું-પુષ્કળ તે. ૩ કંઈ નથી-કંઈ કમાણી થઈ નથી એ અર્થમાં માગનારને દુકાન દારો કેછે—બરકત છે. [ડવી.

બરકવું, ક્રિ° સ° સાદ પાડી બોલાવવું; બકોરવું; બુમ પા-

બરકો, પુ° મોટો સાદ; ઘાંટો; બૂમ.

બરખાસ્ત, વિ° ધા° [ફા°] છૂટું પાડી નાખેલું; રજા થઈ હોય તેવું; વિસર્જન થયલું. (મિજલસ બરખાસ્ત થવી-કરવી).

બરગલી-ઘલી, સ્ત્રી° બલગરી.

બરછટ, વિ° કઠણ ને ખરબચડું લાગે તેવું-(ચામડી). ૨ કઠણ-સખત હાડનું (માણસ).

બરછી, સ્ત્રી° [હિં°] એક તરેહનું અણિયાળાં ફળાં વાળું લાબું હથિયાર; નાનો ભાલો. (તદન ઘેરૂં હોય).

બરજાત, વિ° બદજાત; નઠારાં લક્ષણનો (માણસ).

બરજોરી, સ્ત્રી° સામી જોરાવરી; જુલમ; સખતી.

બરડ, અ° ચાવતાં દાંતથી અવાજ થાય તે બતાવે છે (બળદ બરડ બરડ ચાવેછે).

બરડો, પુ° વાંસો; પૂઠ. ૨ સોપારીની એક જાત (અડધાં પાકેલાં સોપારી તોડી લઈ તેને ઉકાળીને સુકવેલાં તે).

બરણી, સ્ત્રી° ચિનાઈ અથવા લાખોટેલું માટીનું વાસણ (અનાજ તેલ ઘી અથાણાં ભરવાનું).

બરતરફ, વિ° [ફા°] કાઢી મુકેલું; રજા આપેલી; દૂર કરેલું (નોકરીમાંથી).

બરતરફી, સ્ત્રી° [ફા°] બરતરફ કરવું-થવું તે. [તે.

બરદ, ન° ભક્તને વરદાન આપવુંજ એવું જે પણ-ઠરાવ

બરદાસ્ત, સ્ત્રી° [ફા°] સંભાળ, તજવીજથી બાળક ઢોર વગેરે પાળવું તે અથવા તજવીજથી પરોણાચાકરી કરવી તે.

બરફ, ન° [ફા°] હિમ; કરાં. ૨ પાણીના કણ હવામાં બંધાઈને જે ચકતાં રૂપે જમીનપર ઉપરથી પડેછે તે. ૩ નદી-સરોવરનું પાણી ટાઢથી ઠરી-બંધાઈ ગયલું તે; વામા પાણા.

બરફી, સ્ત્રી° [ફા°] દૂધનો માવો ને ખાંડ એની બનાવેલી એક જાતની મીઠાઈ-(સુખડીવાને તાંની).

બરફીચુરમું, ન° ચુરમામાં ઘી ખાંડ નાખી થાબડી ઠારીને ચોસલાં પાડેલાં એવો જે લાડુ તે.

બરબચ, ખડબડ. [નાશ કરેલું.

બરબાદ, અ° [ફા°] રદ; નકામું; નિષ્ફળ; ખાલી. ૨

બરાડવું, ક્રિ૰ સ૰ બૂમ પાડવી.
બરાડો, પુ૰ બરાડવું તે; મોટો ઘાંટો.
બરાત, સ્ત્રી૰ [ફા૰] વરની જાન. ૨ વરઘોડો. ૩ ગંજીફામાંનો એક રરમ.
બરાબર, વિ૰ [ફા૰] સરખું. ૨ ખરું; વાજબી; ઘટતું. ૩ અનુકૂળ; માફક. ૪ વાંકું ચૂકું નહિ પણ સીધું સપાટ. ૫ દુરસ્ત; ભૂલચૂક વગરનું. ૬ ઠીકઠાક ગોઠવેલું; બેસાડેલું. ૭ પુરૂ; સમ્પૂર્ણ; છેડો આણેલો હોય તેવું.
બરાબરિયું, વિ૰ સરખેસરખું; સમોવડિયું.
બરાબરી, સ્ત્રી૰ [ફા૰] સરખું થવું-હોવું તે. ૨ સરસાઈ.
બરાસ, ન૰ કપુરમાં મસાલો નાખી બનાવેલો એક સુગંધીદાર ઘણો પદાર્થ. ગાંગડી રૂપે તે.
બુરી, સ્ત્રી૰ અફગરખાનો એક ભાગ.
બરુ, ન૰ એક જાતનું ચમરીવાળું ઘાસ-એની સોટીપોલ હોયછે-એ અંકોડી જે સોટી તે. એની કલમ લખવાના કામમાં આવેછે.
બુરો, પુ૰ નબળાઈ-ઘણા તાવથી એઠના ખુણા આગળ મોઢાંની લાળ ઠરેથી ચામડી ઉપર ઝીણી ફોલ્લીયો થઈ આવેછે તે. ૨ ચાગુદી; પુતરાજી.
બરો, પુ૰ અભિમાન; મગરૂરી. ૨ ચસકો. ૩ હોંસ.
બરોકું, ન૰ જુવાર બાજરીનું સરોકું.
બરોબર, બરાબર.
બરોબરી, બરાબરી.
બરોબરિયું, બરાબરિયું.
બલ, બળદ.
બલકે, અ૰ [આ૰] એટલુંજ નહિ પણ વધારે; વિશેષ.
બલખમ-ગમ, પુ૰ જે જાડો ને ચિકણો પદાર્થ ગળાંમાંથી નિકળેછે તે; બળખો; કફ.
બલગરી, સ્ત્રી૰ સ્ત્રીની ડોકનું એક તરેહનું સોનાનું ઘરેણું.
બલવો, પુ૰ બંડ; ફિસાદ; તોફાન.
બલા, સ્ત્રી૰ [આ૰] પીડા કરતું જે મેલું-ભૂત-ચેટક વગેરે તે. ૨ દુખ આવી પડે તેવો બનાવ; આફત. ૩ પીડા; દુખ દેતું-માથું ફોડાવતું (માણસ). બલા લેવી એટલે કોઈની પીડા પોતે લેવી. મારી બલા જાણે અથવા બલારાત જાણે એટલે હું જાણતો નથી ને મારે જાણવાની દરકાર નથી.
બલાડી, બિલાડી.
બલાડું, બિલાડું.
બલાડો, બિલાડો.
બલિદાન, ન૰ [સં૰] દેવતાને જે ભક્ષ અર્પણ કરેલું તે.
બલિહારી, સ્ત્રી૰ જસની વાહવા; સાબાશી; ખૂબી. રૂપ પ્રતાપ જોતાં સુણતાં જે સ્તુતિ-આસક્તિનો ભાવ થવો તે; ફિદા થવું તે. અ૰ ધન્ય. [ફિદાયછે.
બલે, સ્ત્રી૰ કાખમાં જે ગાંઠ થઈ આવે તે. કાખબલે

બલૈયાં, ન૰ ઓવારણાં; હરખમાં આશીરવાદ દેતાં બે હાથનો ચાળો કરી લમણે આંગળાં ટાચકા ફોડવાનો જે ટુચકો તે. ૨ બલાયું.
બલૈયાંખેંચવાં, ક્રિ૰ સ૰ હીસાબ માંડીવાળવો; ખાતું માંડીવાળવું.
બલોયું, ન૰ પોળી ચીપની ચૂડી; ઝીણી ચીપના ઘરની આગલી ચૂડી.
બવાડું, ન૰ નવી ખેડાયલી જમીનનું બીજું વર્ષ.
બસ, અ૰ [ફા૰] પૂરું; થયું હવે. ૨ ઘણું; પુષ્કળ. બસકરવું-થવું.
બસેં-સેં, વિ૰ બે સો; ૨૦૦).
બસ્તો, પુ૰ [ફા૰] ગાંસડી; પોટલી.
બહાદર-દૂર, વિ૰ [ફા૰] હિમતવાન; સાહસિક; શૂરવીર.
બહાદુરી, સ્ત્રી૰ [ફા૰] સાહસ; હિંમત. ૨ લડવૈયાપણું; પરાક્રમ.
બહાર, પુ૰ [ફા૰] ખુબસુરતીનું જે ખીલી રેવું તે; રૂડી સ્થિતિનું પ્રકાશી રેવું તે. ચંદનીનો શો બહાર છે? 'શા હતા આપણા બહાર.' ૨ એથી જે મજા-ખુશી તે. આ બાગ શો બહાર આપેછે! ૩ વસંતઋતુ.
બાહારજવું, વાડે-પાદરે-નદીયે જવું.
બહાલ, વિ૰ [ફા૰] કાયમ; જાયુંનું રાખેલું એવું (નોકરીપર). ૨ કાડીમુકેલાને પાછો રાખેલો તે.
બહિર, અ૰ [સં૰] બાર (અન્દર નહિ).
બહિર્લાપિકા, સ્ત્રી૰ [સં૰] કવિતાનાં પદના બારના અક્ષર સમ્બન્ધી જે રચના ચાતુરી તે. (એનું ઉલટું અન્તર્લાપિકા).
બહિષ્કૃત, વિ૰ [સં૰] બાર કાડેલું (ન્યાતિ વર્ગ ઈ૰માંથી).
બહુ, વિ૰ [સં૰] ઘણું; પુષ્કળ; મેસ; જાસક. ૨ મોટું.
બહુધા, અ૰ [સં૰] બહુ પ્રકારે જોતાં; ઘણીએક રીતે; ઘણું ઘણુંકરીને.
બહુબોલું, વિ૰ જોઈયે તેથી વધારે બોલ્યાં કરે તે. ૨ દોડડાયું.
બહુરૂપી, વિ૰ ઘણા રૂપ-વેશ ધારણ કરનાર. [ડાયું.
બહુવચન, ન૰ [સં૰] (વ્યાકરણમાં) વસ્તુનું જે અનેકપણું તે.
બહુવાર, અ૰ [સં૰] ઘણીક વખત. [પણું ને.
બહુવિધ, અ૰ [સં૰] બહુ પ્રકારે.
બહુવ્રીહિ, પુ૰ [સં૰] (વ્યાકરણમાં) એ નામનો સમાસ -જેમાં બારના અર્થ ઉપર પ્રાધાન્ય હોયછે. નીલકંઠ-નીલ છે કંઠ જેનો તે નીલકંઠ.
બહુશ્રુત, વિ૰ [સં૰] જેણે સાંભળી સાંભળી ઘણીક વાતનું ગ્યાન મેળવ્યું હોય તે.
બળ, ન૰ [સં૰] એકત્ર થઈ સ્થાયી રેનારી શક્તિ; સામર્થ્ય; જોર; કૌવત. (શરીરનું, મનનું, ધનનું).
બળાઈ, બળે. [છે તે.
બળખો, પુ૰ ગળામાંથી જે જાડો ચિકણો કફ બાર પડે

બળતણ, ન૦ બાળવાના પદાર્થ-લાકડાં છાણાં કરાંઠી વગેરે.
બળતરા, સ્ત્રી૦ મનમાં બળવું તે; ઈર્ષ્યા(?) તે; બળાપો.
બળતું, ન૦ સારી પેઠે બળવું તે; ભડકો; તાપ.
બળદ, પુ૦ કામમાં લીધેલા ખાંસી કરેલા એવા જે મોટા વાછરડા તે. ૨ અક્કલ વિના મહેનત કરી જાણનારો પુરુષ.
બળબીજ, સ્ત્રી૦ એક જાતની ઔષધિ. [ણ૦).
બળવત્તર, વિ૦ વધારે બળવાન-ળિયું (નસીબ, માણસ
બળવન્ત-વાન, વિ૦ બળવાળું (માણસ).
બળવું, ક્રિ૦ સ૦ અગ્નિથી-ગરમીથી ખાખ થવું-થયલું હોય તેવું થવું (કોઈ વસ્તુએ). લાકડું, ઘાસ, ઘર વગેરે બળવું. ૨ ગુસ્સાથી અકળાવું-ગભરાવું. (ક્રોધ-પ્રીતિથી). ૩ અદેખાઈ કરવી.
બળવો, બલવો. [ણે થવું-કરવું તે.
બળાત્કાર, પુ૦ [સં૦] જોર જુલમ; મરજી ઉપરાંત-પરા-
બળાપો, પુ૦ દુઃખથી બળવું-ગભરામણ થવી તે.
બળિયું, વિ૦ બળવાળું; બળવાન.
બળિયેલ, વિ૦ બળેલું; અદેખું; ઈર્ષાવાળું. ૨ મીંઢું; એકાદી વાતને ગુનામાંની મનમાં રાખે તે.
બળિષ્ટ, [સં૦] બળિયું.
બળી, પુ૦ [સં૦ બલિ] દેવ પિતર ભૂત ઇત્યાદિને જે અર્પણ કરવું-દેવું તે; ભોગ.
બળી, બળે. [અર્પણ કરવાનું તે.
બળીદાન, ન૦ બળી, ભોગ આપવો તે. ૨ ભોગમાં
બળેવ, સ્ત્રી૦ શ્રાવણ સુદ પુનેમ. એ દહાડે સમુદ્રને પૂજન કરી ફૂલ નાળિયેર અર્પણ કરવામાં આવેછે ને મેળો ભરાય છે-એ દિવસ પછી દરિયામાં વહાણ ફરવાં શરૂ થાય છે. વળી એ દહાડે બ્રાહ્મણો યજમાનને રાખડી બાંધે છે; યજુર્વેદી બ્રાહ્મણો જનોઈ બદલે છે.
બળી, સ્ત્રી૦ વિયાયલી ગાય-ભેંસનું દૂધ ઢોકળાંની પેઠે રાંધેલું તે. (બીજે ત્રીજે દહાડે).
બાળોતિયું, ન૦ નાના બાળકની ગાંડતળે રાખવાનો-પાથરવાનો જેમાં ગૂ મુતર પડે તે કકડો.
બાંક, પુ૦ બેસવાની પાટલી; લાંબો બાજટ.
બાંકાઈ, સ્ત્રી૦ બાંકાપણું; ટેડાઈ; છેલાઈ; ફાંકડાઈ.
બાંકું, વિ૦ [હિં૦] ખુબસુરત-રૂડું દેખાવાને સાન સોગતથી પોશાક કરેલા હોય તે માણસ અથવા તેવું કંઈ; છેલ; ફાંકું (માણસ). ૨ હિંમત સાહસ ટેકના જસથી બીજાથી જૂદું પડતું હોય તે; ફાંકડો; ફક્કડ; ટેડો(માણસ). ૩ જરા ચૂક પડે તો બગડી જાય તેવું-નાજુક (કામ).
બાંકિલવ, પુ૦ બાંકો-ફક્કડ આદમી (૧ લા અર્થમાં).
બાંગ, સ્ત્રી૦ [ફા૦] બૂમ પાડી નિમાજ પઢવી તે; નિમાજ પઢવાને બૂમ પાડવી તે.
બાંગડ, વિ૦ મૂરખો; બેવકૂફ. ૨ બહાદુર; ટેડો.
બાંગરો, મોટે ચૂડાવેલો; માથે ચૂડાવેલો.
બાંટ, ન૦ એક જાતનું રેશમી વસ્ત્ર-સ્ત્રીને પેરવાનું.
બાંટવું, ક્રિ૦ અ૦ જુવાર બાજરી વગેરેના છોડે પોડા વરસાદને લીધે ન દોડાવું.
બાંટું, ન૦ પોડા વરસાદને લીધે દોડાયલાં નહિ તેવા જુવાર બાજરીના છોડ.
બાંડિયો, પુ૦ બેદરકાર ને તોછડા મુસલમાનને એ શબ્દ લગાડવામાં આવેછે.
બાંડું, વિ૦ પુછડાં વિનાનું (પ્રાણી-સાપ, ઉંદર, ઢોર). ૨ શરીર ઉપર બીજે બધે સણગાર હોય ને એક ઠેકાણે ન હોય તો તેથી જે નઠારૂં દેખાતું તે. પાઘડી વિના બાંડું દેખાયછે.
બાંધ, પુ૦ પાણીનું જોર અટકાવવાનો બંધ; પુસ્તો.
બાંધછોડ, સ્ત્રી૦ બાંધવું ને છોડવું તે. [તે કપડું.
બાંધણ, ન૦ જેમાં પોથી ગાંસડી વગેરે બાંધવામાં આવે
બાંધણી, સ્ત્રી૦ બાંધવાની તરેહ (ઘર-પાઘડીની). ૨ બાંધીને રંગેલું એવું કપડું (સ્ત્રીયોને પેરવાનું); ચુંદડી. ૩ ગ્રન્થના વિષયની યોજના.
બાંધલું, ન૦ મસાણ.
બાંધવું, ક્રિ૦ સ૦ ઘણા સાહિત્યોની ગોઠવણથી એક નવો ઘાટ ઉભો કરવો-બનાવવો. ઘર, દિવાલ, વહાણ વગેરે. ૨ તેજ વસ્તુને નવો આકાર આપવો. પાઘડી બાંધવી. ૩ કોઈ સાથે કોઈને વળગાડવું. તે પ્રેમનો બંધેલો છે; તેને થાંભલાં સાથે બાંધ્યો છે; લુગડાંને બાંધ. ૪ ધારા-કાયદાથી હદમાં રાખવું અથવા હદમાં રાખવાને ધારા કરવા. ૫ એકાદ આધાર-મૂળ વિચાર ઉપર નવી નવી કલ્પના ઉઠાવવી. તર્ક બાંધવો, આશા બાંધવી. ૬ કબુલાત-ઠરાવને વળગી રે તેમ કરવું.—બાંધી લેવું. બાંધી લેવાનો બીજો અર્થ આ કે જવાબ દેતાં ગભરાય તેમ કરવું અથવા પોતાનું બોલેલું પોતાને ફેરવવું પડે તેમ કરવું. બાંધી મુદત-ઠરાવેલી કે કબુલાવેલી મુદત.
બાંધો, પુ૦ જન્મથી-કસરતથી શરીરનો જે જડ ઘાટ તે; મઠું; વાન. ૨ ઘી વગેરેનું અન્દર મળી જઈ ઠરી બન્ધાઈ રેવું તે (લાડુનો બાંધો).
બાંબુ, પુ૦ એક જાતનો વાંસ.
બાંભોરો, પુ૦ પોચો પથ્થર (પોરબંદર તરફનો).
બાંય, સ્ત્રી૦ હાથ. 'બાંય ગ્રહ્યાની લાજ.' ૨ હાથને ઢાંકતો અંગરખા ચોળી વગેરેનો જે ભાગ તે. ૩ છોકરીના હાથની જે ચૂડી તે-બેડી અથવા જોડકું. ૪ સહાય; મદદ.
બાંયધર-રી, પુ૦ બાંયધરી કરનારો.
બાંયધરી, સ્ત્રી૦ લેનાર લિધેલું પાછું નહિ આપે તો હું આપીશ એમ કંઈ એકાદ વ્યક્તિને દેનાર નાણું ધીરે

માટે જે જામીની આપવી તે; જે ખાતરીથી અને જેની કરેલી ખાતરથી આપનાર લેનારને ધીરે તે.

બાંયું, નં૰ ઘરનાં બારણાંને જે આડાં લાકડાંના કકડા જડવામાં આવે છે તે. ૨ નરઘાંમાંનો બમ્.

બા, સ્ત્રી૰ બ્હેન. ૨ માને પણ એ શબ્દે બોલાવવામાં આવે છે. અ૰ બાળકને લાડમાં બોલાવતાં એ શબ્દ લગાડવામાં આવેછે.

બાઈ, સ્ત્રી૰ મોટી ઉમરની-ઘરડી પછી વિધવા કે સધવા સ્ત્રીને વિવેકથી બોલાવતાં બોલાયછે. બાઈજી-સાસુજી.

બાઈમાણસ, નં૰ બૈરું; સ્ત્રીજન; અબળાજાત.

બાઊ-વો, પુ૰ હાઉ (બાળક સાથે બોલતાં).

બાકરી, સ્ત્રી૰ મમત; મમતમાં જે ઉછુંગળપણું તે. બાંક-

બાકળા, પુ૰ આખું બાફેલું જે કઠોળ તે. [રી બાંધવી.

બાકી, સ્ત્રી૰ પૂરું કરવામાં-થવામાં જેટલું જે રાખેલું-રહેલું તે; શિલક; શેષ. વિ૰ શિલક-શેષ રહેલું; અધુરૂં અ-

બાકું-કોરું, નં૰ મોટું છિદ્ર-કાણું. [પૂર્ણ.

બાખડવું, વઢવું; કજિયો કરવો.

બાખડી, સ્ત્રી૰ ગાભણી ભેંસ-ગાય જે ઘણું સારૂં ખડી જેવું દૂધ આપે તે. "બડ પીપલકી છાંય સોબત બહ્લોકી, રગડ કસુંબા ઘોળ કે મુઠી અણોકી, બાખડી ભેંસકા દૂધ સકકરમે ઘોલનાજી, પ્રીતના દે કિરતાર ફિર નહિ બોલનાજી." "પય પીજો બાખડી ગાયનારે ફડો થાશે દેહ." ૨ ઘણા દિવસની વીઆયલી ગાય ભેંસ.

બાખાબોલું, આડું અવળું નજરમાં આવે તેમ બોલનારું.

બાગ, પુ૰ [ફા૰] ફુલ ફળોના ઝાડ જુકતીથી રોપીને સુન્દર કરેલી જે જમા તે; વાડી.

બાગબાન, પુ૰ [ફા૰] માળી. [(જમીન).

બાગાયતી, વિ૰ [ફા૰] ફળના પાકને લાયકની હોય તે

બાઘડ, વિ૰ જાડો જબરો પણ ઉદ્ધત ને ફુવડ (પુરુષ).

બાઘડો, વિચિત્ર બિહામણા સ્વરૂપનો (માણસ).

બાચકો, પુ૰ ઊંધે હાથે જેટલું જે તેમાં લેવાય તેટલું તે; પોલી મુઠી. ૨ ઊંધો હાથ કરી ચામડી ખેંચવી તે.

બાજ, સ્ત્રી૰ પત્રાવળી.

બાજ, પુ૰ [ફા૰] એક જાતનો પક્ષી; શકરો. ૨ પ્રસંગ-કામ-ટેવ૰ રાખનાર. રાંડબાજ, ધક્કબાજ, દગલબાજ વગેરે.

બાજટ-ઠ, પુ૰ ચાર પાયાનો ઉપર પાટિયાં હોય તેવો થોડી ઉંચાઈનો જે ચોરસ ઘાટ તે. બાજઠડો પણ કેવાયછે.

બાજરિયું, નં૰ બાજરીનું કસલું. ૨ એક જાતનું ઘરેણું.

બાજરિયો, પુ૰ બાજરીમાં પાણી રેડી તેને ખાંડી તાંદળા કાઢી તેને છાસમાં રાંધ્યથી જે ખાવાનો પદાર્થ બનેછે તે.

બાજરી, સ્ત્રી૰ [હિં૰] એક જાતનો છોડ અથવા તેના કસલામાંથી નિકળતું ધાન્ય.

બાજરો, પું૰ મોટી બાજરી.

બાજી, સ્ત્રી૰ [ફા૰] જે પાટિયાં-કપડાં ઉપર કોઈ રમત મંડાય તે. બાજી માંડવી-(સોકઠાંની બાજી, સેતરંજની બાજી). ૨ સુરજીત-સોકઠાંની જે રમત તે; ખેલ. (પાનાં, સોકઠાં, સેતરંજ, ગંજીફો વગેરે) બાજી રમવી. બાજી જીતવી-હારવી કેવાય છે.

બાજીગર, પુ૰ [ફા૰] હાથચાલાકીનો ને કસરતનો ખેલ કરનાર; ગારુડી; મદારી.

બાજુ, પુ૰ સ્ત્રી૰ [ફા૰] હરકોઈ ચીજનો છેડાનો ભાગ; કોર; કોરણ; ધાર. ૨ તરફ; પક્ષ.

બાજુ-બન્દ, [ફા૰] પુરૂષને-છોકરાને હાથે-બાહુ ઉપર ઘાલવાનું સુનાનું-જડાવ ઘરેણું. [રે).

બાજે, વિ૰[ફા૰] કોઈક; ગમેતે એક (માણસ, વખત વગે-

બાઝારૂં, વિ૰ [ફા૰]. લુચ્ચું; હરામી; ખર્ચું; નીચાં કામમાં કાબેલ. લુંટવી-છિનવી લે તેવું (માણસ).

બાઝવું, ક્રિ૰ સ૰ ધરવું; પકડવું; વળગવું (કોઈ પ્રાણી-વસ્તુને). ૨ લડવું. બાઝી પડવું-વળગીપડવું. ૨ લડીપડવું.

બાઝવું, ક્રિ૰ અ૰ લાગવું; આવવું. (ઝાડે ફળ બાઝયાં છે). ૨ બંધાવી; થવી (દોસ્તી).

બાટ, પુ૰ કસાર.

બાટલી, સ્ત્રી૰ [અં૰] લાંબા આકારનું ને સાંકડાં મોડાંનું દારૂ શરબત ઓસડ ભરવાનું કાચનું ઠામ; સીસી; સીસો.

બાટી, સ્ત્રી૰ છાણાની આંચથી સેકેલી જાડી દળદાર બાજરી અથવા કણકના ગોળા.

બાડું, વિ, ડોળો ખુણા તરફ જરા ખેંચાયલો હોય તેવી આંખવાળું. બાડો, બાડી. ૨ જોતાં ડોળો જરા ખેંચાતો હોય તેવું-બાડી આંખ-નજર. બાડી નજરે જોવું, ડોળો તાણીને જોવું. બાડેખાં-બાડો (મજાકમાં).

બાડુવાં-ઢુવાં, વિ૰ બાપડાં; બચારાં; ગરિબડાં (કવિતામાં) 'મોસાળ પધારો રે બાળક બાડુવાં રે.'

બાણ, નં૰ [સં૰] તીર; શર. (ધનુષ ને બાણ). ૨ મન્ત્ર ભણી મારવાનું જે તીર તે. ૩ લોઢાની નળીમાં દારૂ ભરી તેને લાકડી બાંધી કરેલું જે શસ્ત્ર તે. ૪ એક જાતની આતશબાજી; હવાઈ. ૫ નર્મદા નદીમાંનો લંબગોળ આકારનો નાનો પથરો જેને શિવ માની પુજેછે તે. 'નર્મદાનાં કંકર તેટલા શંકર.' ૬ દરિયા-ખાડીને લગતી વિશાળ જગો-મેદાન જ્યાં મોટા જુવાળનું પાણી આવતું હોય તે. ૭ કામદેવનું તીર. એના ભાથામાં 'પાંચ જાતના તીર છે.-અરવિંદ (કમળ), અશોક, ચૂત (આંબાનો મોર), નવમલ્લિકા (મોગરો) અને નીલોત્પલ. ૮ હાથમાં આવેલો શિકાર. (સ્ત્રી, રળતર વગેરે). વાગ્બાણ એટલે વાણીરૂપી બાણ-તીરના જેવું લાગે તેવું તીક્ષ્ણ ભાષણ; મેણું.

બાણી, સ્ત્રી૰ મુદત; ઠેરવેલો વખત. ૨ શરત; કબુલાત.

બાણું, વિ૦ નેવું ને બે; ૯૨.

બાતમી, સ્ત્રી૦ ખબર; સમાચાર.

બાતલ, વિ૦ [અ૦] રદ; નકામું. [તેવું.

બાતેન, વિ૦ [અ૦] ગુપ્ત; છાનું; ખાનગી–પડદામાં હોય

બાથ, સ્ત્રી૦ બે હાથની ગેંડ; બે હાથ લાંબા કરી તેમાં કોઈને ધરી રાખવું તે. ૨ સામું થવું તે; સામાં ટક્કર લેવી તે–બળિયાસાથે બાથ ભિડવી.

બાદ, વિ૦ [અ૦] સંખ્યા–જથા–ઢીપમાંથી ઓછું કરવાનું–કાઢી નાખવાનું હોય તેવું (જે કંઈ). બાદ કરવું એટલે ઓછું કરવું. ૨ રદ કરવું; કાઢી નાખવું.

બાદ, અ૦ પછી; ત્યાર પછી; એટલું થયા પછી; વધારામાં. [ણિત રીતિ.

બાદબાકી, સ્ત્રી૦ બાકી રહેલું તે. ૨ બાદ કરવાની ગ-

બાદલું, બાલ્લું.

બાદશાહ, પુ૦ [ફા૦] રાજા (મુસલમાન હોય તે).

બાદશાહી, સ્ત્રી૦ [ફા૦] બાદશાહની હાકમી; રાજ. વિ૦ બાદશાહ સમ્બન્ધી–નું (અમલ, સનદ, સિક્કો

બાદિયાન, ન૦ એક જાતનું વસાણું. [વગેરે).

બાદી, સ્ત્રી૦ અજીરણ; બદહજમી. ૨ પેટમાં વા થાય તે.

બાધ, પુ૦–ન૦ [સં૦] અડચણ; નડતર; હરકત; વાંધો. ૨ દોષ; પાપ.

બાધક, વિ૦ [સં૦] બાધ કરનાર.

બાધા, સ્ત્રી૦ એકાદી પીડા દૂર કરવાને કેટલીક વસ્તુનો ઉપભોગ ન કરવા સમ્બન્ધી જે નીમ પાળવો તે; અટકાવ. ૨ માનતા; આખડી.

બાધું, વિ૦ બાંધેલું; પ્રતિબન્ધ–અટકાવ હોય તેવું. બાધું બોલું–મોળું એટલે એકવાર જમવાનું જે વ્રત તે (બૈરાંઓમાં). ૨ સિક્કારૂપે; આખું. આ રૂપિયો લઈને અડધો બાધો ને અડધાના પૈસા આપ.

બાધુર, બહાદુર.

બાધિભારે, અ૦ કોઈને નામે–લગાડીને; સંકેતમાં; શક ભરેલી રીતે.

બાનક–સ્ત્રી૦ બાંધણી.

બાની, સ્ત્રી૦ [હિં૦] બોલવા–લખવા સમ્બન્ધી જે ખાસ તરેહ–જુદી–રીત તે.

બાનું, ન૦ ધન્ધો કરનારને આગળથી જે થોડુંક નાણું સાટું કરવાની નિશાનીમાં તેને આપવામાં આવે છે તે; માલ ખરિદીની કબુલાતમાં આગળથી જે નાણું અથવા કંઈ ચીજ આપવી તે. ૨ જૂઠું કારણ; મસ; નિમિત્ત.

બાપ, પુ૦ જે પુરુષના વીર્યથી છોકરું થયું હોય તે (તે છોકરાને–સમ્બન્ધમાં); પિતા. બાપ થવું–સમપણમાં. તેને ને તેને બાપ દિકરાનું છે એટલે તેવો સ્નેહ છે. બાપરે! એમ ભય સંકટમાં આપણા મોઢાથી બોલાઈ જવાય છે. ત્યાં સમજવું કે એ કોઈ સહાય કરો.

બાપજન્મારે, અ૦ જ્યારથી બાપે જન્મ આપ્યો છે ત્યારથી તે આજસુધી.

બાપડિયું–ડું, વિ૦ ગરીબ; રાંક; ભલું; સામું ન થાય પણ સાંખી રે તેવું. ૨ દયામણું; મા બાપની ઊંફ વનાનું.

બાપદાદા, પુ૦ પૂર્વજ; ઘરડાવરડા.

બાપલા–લિયા, પુ૦ બાપ. ૨ સંકટથી પીડિત થયલા અથવા મરણ પામેલા વ્હાલા છોકરાને બોલાવતાં વપરાય છે. (કોઈ પણ દયામણા પુરુષને વિષે પણ એ શબ્દ વપરાય).

બાપા, પુ૦ બાપ. ૨ એ શબ્દ વ્હાલાને સમજાવતી વખત બોલાય છે. હવેનો બસકર બાપા.

બાપિકું, વિ૦ બાપનું. [રાય છે.

બાપુ, પુ૦ એ શબ્દ મોટાં છોકરાંને બોલાવતી વેળા વપ-

બાપુડિયા, પુ૦ લાડમાં દીકરાને તેના મા બાપ કેહેછે. બાપુડી (દીકરીને).

બાફ, પુ૦ [સં૦ બાષ્પ] વરાળ. ૨ ગરમીથી જે ઉકળાટ તે; ઉબારો; ઘામ–બાફ લેવા એટલે લીલીચાહ વગેરે પાલાને પાણીમા ખૂબ ઉકાળી તેની વરાળ ગોદડાં હોડી લેવી (પરસેવો થવા સારૂ).

બાફણું, ન૦ બાફવાનું–રાંધવાનું તે. બાફણું બાફવું છે.

બાફવું, ક્રિ૦ સ૦ રાંધવું. તળવું તે ઘી તેલમાં ને બાફવું તે પાણીથી.

બાફવું, ક્રિ૦ અ૦ ઉકળાટો–ઘામથવો (આજ બહુ બાફેછે).

બાબ, પુ૦ [અ૦] પ્રકરણ; ભાગ. ૨ કલમ.

બાબત, સ્ત્રી૦ [ફા૦] વિષય; પ્રકરણ; મુદ્દો; કારણ. ૨ બીના; હકીકત; બનાવ. ૩ તપસીલ; વિગત.

બાબત, અ૦ વિષે; સમ્બન્ધી; તે કારણ સર.

બાબતી, ખળીમાં નીકળ્યા પછી મણ ઉપર અથવા ઢાળમાંથી પુળાનો હજામ, ભાટ, બ્રાહ્મણ વગેરેને વતન તરીકે મળવાને જે હક બન્ધાયલો તે. [વાળ તે.

બાબરાં, ન૦ માથાના છૂટા વિખરાયલા ન્હાના ન્હાના જે

બાબરિયો, વિ૦ વિખરાયલા નિમાળા વાળો; જટિલ.

બાબરી, સ્ત્રી૦ ન્હાના નિમાળાનો ગુચ્છો. ૨ ટોપીની કોરે જે ઝુલ તે. [જન.

બાબસ્તા, વિ૦ સમ્બન્ધી; સગાં; લાગતું વળગતું હોય તેવાં

બાબા, પુ૦ એક જાતના ભીલ–દુબળામાં ગણાતા (ધરમપોર તરફ છે). ૨ અંગ્રેજના છોકરાંઓને લાડમાં એ શબ્દે તેઓની આયાં બોલાવેછે. ૨ રોટલા.

બાબુ, પુ૦ [હિં૦] બાવો (બાળકને સમજાવતાં). ૨ બંગાળાના લોકનો એક વર્ગ જે મુસદીનું કામ કરેછે તે.

બાબે, અ૦ બાબત.

બામ, પુ૦ એક જાતના વેલા. ૨ બે હાથ ને છાતી એટલી લંબાઈનું જે માપ તે.

બામણી, સ્ત્રી૦ બે મોઢાંનો સાપ; આકળ.

બામદાદ, ન૦ [ફા૦] ભોર; વ્હાણું; મળસકું.

બાયડી, સ્ત્રી૦ સ્ત્રી; ઓરત. ૨ પરિણિત સ્ત્રી; વહુ.

બાયલું, વિ૦ બાયલાનું (બોલવું ચાલવું, કરવું).

બાયલો, પુ૦ બૈરાંની પેઠે બોલનાર ચાલનાર-ચાળા કરનારો (પુરુષ). ૨ બૈરાંના ટોળાંમાં બેસી તેઓની વાતમાં મઝા માનનારો. ૩ જેનું પોતાની બૈરી આગળ ચાલતું ન હોય તે. [આવેછે તે.

બાયું, ન૦ નરઘાં-તબલાંમાંનું એક જેને કણેક લગાડવામાં

બાર, પુ૦ [ફા૦] તોપ-બન્દુક ફુટવી તે. અકેકેવાર જે અવાજ થાય તે અકેકો બાર. બાર કરવો કેવાયછે.

બાર, ન૦ [દ્વાર] બારણું. ૨ બારણા આગળની જગા; આંગણું.

બાર, વિ૦ [દ્વાદશ] દશ ને બે; ૧૨. એના બાર વાગી ગયા એટલે એના ઉપર આફત આવી પડી. એ શબ્દ સઘળા-ઘણાના અર્થમાં બીજા શબ્દસાથે જોડાયછે. બારે ભાગળ મોકળી એટલે સઘળે-કોઈ પણ રસ્તે જવાની છુટી. બારેબાટ.

બ્હાર, [ફા૦] બહાર.

બ્હાર, અ૦ [સં૦ બહિર્ અથવા બાહ્ય] અન્દર નહિ; હદવાળી જગોની પેલીપાસ. બ્હારથી એટલે અન્દરથી-ઘરમાંથી નહિ પણ ઉપરથી-બીજે ઠેકાણેથી. બ્હારનું એટલે ઘરનું નહિ તે; બીજા દેશનું; બીજા વર્ગનું; શરીરની ઉપરનું વગેરે. ૨ પારકું; અજાણ્યું; નવું.

બારકસ, ન૦ [ફા૦] ગુણ; ઝાઝ. ૨ ચારઠ ગાડી વગેરે વાહન જે વરઘોડામાં ભાડે આવેછે તે.

બારખલી-ળી, માફી જમીન.

બારગીર, પુ૦ [ફા૦] ઘોડેસ્વાર લડવૈયો-સરકાર પાયગામાંનો. બારગીરને ઘોડો વગેરે જેનો રાખનાર પૂરૂંપાડે છે (શિલેદારને પોતાના ઘોડા વગેરેનો ખરચ પોતાની તરફથી કરવો પડેછે).

બારડ, પુ૦ નાગરમાંથી જૂદો પડેલો તે.

બ્હારોણિયો, પુ૦ સોનીને ત્યાંનો કચરો ખરીદ કરી ઉપાડી લઈ જનારો. (એ ધંધો કરનારો મુસલમાન હોયછે).

બારણું, ન૦ બાર; દરવાજો. ૨ એના જે બે ઉઘાડ દે કરવાના અંગ તેમાંનું એકેકું. ૩ આંગણું.

બારદાન, ન૦ [ફા૦] જે પેટી-કોથળી વગેરે ઠામમાં માલ ભર્યો હોય તે. ૨ એનું જે વજન-તોલ તે. ૩ જેટલો બાર-બોજ ગુણ-ગાડામાં-જાનવર ઉપર ભર્યો હોય તેટલો તે. ૪ અણ્ડ; વૃષણ.

બારનિસી, સ્ત્રી૦ હુંડીપત્રી, કાગળ, હુકમ વગેરેને નોંધવા ને તે નિશાની સાથે નમ્બરવાર કરવાનું જે કામ તે. એ કામ કરનારો સરકારી માણસ તે બારનિસ કેવાય.

બારમાસી, વિ૦ બારે મહિના ફૂલ આવ્યાં કરે તેવું (ઝાડ). ૨ બપોરિયો. ૩ બારે માસનું.

બારમું, ન૦ મરણ થયા પછી બારમે દાડે મરનારનું જે સરાધ કરવામાં આવે છે તે; દ્વાદશા. ૨ બારનો અનુક્રમ બતાવે છે.

બ્હારવટિયો, પુ૦ સરકાર ફરિયાદ ન સાંભળે અથવા ખોટો ન્યાય કરે તો તે ઉપરથી જે શખસ સરકાર-રાજને સંતાવવાને તેના મહાલના ગામોમાં લુટે, બાળે વગેરે બખેડા કરે તે. ૨ વેર વાળવા સારૂ જે બ્હાર નિકળેલો તે.

બ્હારવટું, ન૦ બ્હારવટિયાની જે સ્થિતિ-કામ તે. ફલાણો બ્હારવટે નિકળ્યો છે. ૨ વેર વાળવા સારૂ બ્હાર નિકળવું તે.

બ્હારવાસિયો, પુ૦ ખાળકુવા-સંડાસ ફાડનારો ઢેડો; ભંગિયો. [એકઠું કરવું.

બ્હારવું, ક્રિ૦ સ૦ ઝાડુ કાઢવું; વાસીદું કરવું. ૨ સાંબરવું;

બારસ, સ્ત્રી૦ પખવાડિયાનો બારમો દાડો; દ્વાદશી.

બારશાખ-સાખ, સ્ત્રી૦ ઘરના બારણાંનો ફરા-ભીત સાથે ચણેલો (ઉમરા સાથેનો) લાકડાંનો જે ઘડેલો ઘાટ તે. એમાં સાખ-ઘડેલાં લાકડાં બાર હોય છે; ચોકઠું.

બારશેં-સેં, વિ૦ બાર વખત સો; ૧૨૦૦).

બારાખડી, સ્ત્રી૦ અકેકા વ્યંજનવર્ણમાં બાર બાર સ્વર મળેથી જે અકેકો વર્ગ થાય તે; પદ. ક, કા, કિ, કી, કુ, કૂ, કે, કૈ, કો, કૌ, કં, કઃ એ કની બારાખડી.

બારિક, સ્ત્રી૦ [ફા૦] ઝીણું; છેકજ પાતળું. ૨ ઘણીજ સાવચેતીથી કરવાનું (કામ).

બારિકી, વિ૦ [ફા૦] ઝીણું તે. ૨ ઘણીજ સાવચેતી.

બારિસ્ટર, પુ૦ [અં૦] કાયદાના શાસ્ત્રની પરીક્ષામાં પસાર થયલો જે પેલા વર્ગનો સનદી વકીલ સહુથી ઉપલી કોરટમાં વકિલાત કરે તે.

બારી, સ્ત્રી૦ પ્રકાશ તથા હવાને માટે અને જોવાને માટે ભીત વગેરેમાં ચોકઠાં બારણાવાળું જેટલું ખુલ્લું રાખેલું તે. ૨ એનું જે બારણું તે. ૩ જાવ આવ કરવાની ચોકઠાં વાળી નાની વાટ-(દરવાજાના એક બારણામાં હોય છે તે અને દાદર ઉપર હોય છે તે-દાદરબારી). ૪ નાસી-બચી-છુટકી જવાની ગત-જુગતી.

બારું, ન૦ બારણું; દરવાજો; રસ્તો. ૨ નીકળી જવાની જુગતી-પંથ. (બારું રાખવું). ૩ જ્યાં નદી સમુદ્રને મળતી હોય તે પાણી; જ્યાંથી મોટા દરીયામાં પડાય તે ખાડી. ૪ કાણું; બાકોરું.

બ્હારું, વિ૦ બેસૂરું; સાચાં સૂર નહિ પણ બીજાં નિકળતાં હોય તેવું. ગાવામાં તે બ્હારો થાય છે.

બારેમાસ, અ૦ હંમેશ; નિરન્તર; સદા.

બારેબાટ, અ૦ અહીં તહીં જેમ ત્યાં વેરાતું પડ્યું હોય તેમ. ૨ જ્યાં ત્યાં ઉડાવી દીધેલું.

બ્હારૈયો, પુ૦ બાર હાથનો સાફટો (ગામડામાં).

બ્હારૈયો, વિ૦ જેનું કોઈ સાચવનાર ન હોય-જે બ્હાર રખડતું ફરતું હોય-જે લુચ્ચાઈથી બ્હારનું [illegible]-

સાંભરી આવ્યો હોય તે (માણસ). 'બારિયાનું બારે વાટ.'
૨ સંડાસ-કચરો બારનારો ભંગિયો. ૩ બારવટિયો.
બારોટ-ડ, વિ૦ ભાટની એક જાત છે.
બાલ, પુ૦ વાળ; નિમાળો.
બાલ, બહાલ. [થાય તે.
બાલતોડ, પુ૦ વાળ-નિમાળો તૂટવાથી જે ફોલ્લો-ગુમડું
બાલદી, સ્ત્રી૦ પાણી કાડવાનો ચામડાંનો પેરો-બોખ (વાણમાં).
બાલમ, વાલમ. [માટે રાખેલો તે.
બાલમપેચ, પુ૦ પાઘડી ઉપરનો જે વાંકો પેચ ફક્કડાઈને
બાલાજી, પુ૦ કૃષ્ણનું બાળ સ્વરૂપ.
બાલાસ-સી, સ્ત્રી૦ સંભાળ; રક્ષણ; બરદાસ્ત.
બાલેબાલ, અ૦ રૂએ રૂએ-એટલે ઘણુંજ-અતીસે.
બાલ્યાવસ્થા, સ્ત્રી૦ બાળક અવસ્થા; બાળપણ.
બાલ્લું, ન૦ સુનું રૂપું વગેરે ધાતુના ઝીણા તારોને ચપડવાથી જે અતી ઝીણી ચીપો થાય તે.
બાવચી, સ્ત્રી૦ [સં૦ બાકુચી] એક વનસ્પતિ-વસાણું.
બાવટો, પુ૦ જે બાજરીમાં મોટાં લોળિયાં-કણી હોય તે
બાવન, વિ૦ પચાસ ને બે; ૫૨. [ધાન્ય.
બાવનવીર, વિ૦ સહુને પુરો પડે તે; મહાબળિયો- 'બાવનવીર જેવો બેઠો છુઉ.'
બાવનાચન્દન, ન૦ એક જાતની સુકેડ.
બાવરું, વિ૦ ગભરાયલું; બેબાકળું; કંઈ સુઝ ન પડતી હોય તેથી અકળામણમાં ફરીગયલા ચેહેરાનું (માણસ, પશુ).
બાવલું, ન૦ ધાતુ-મટોડીનું પુતળું.
બાવળ-ળિયો, પુ૦ એક જાતનું કાંટાનું ઝાડ. 'નફ્ફટને કુલે બાવળિયો તો કે છાંયડો થયો.'
બાવળી, સ્ત્રી૦ મોટા કાંટાનો બાવળ.
બાવી, સ્ત્રી૦ બાવાની સ્ત્રી; જોગણ. વિ૦ બાવીસ.
બાવીસ૦ વિ૦ વીસને બે; ૨૨.
બાવો, પુ૦ જોગી. ૨ વેરાગી; સાધુ.
બાષ્કળ, વિ૦ ફરનું; વૃદ્ધગયલું; વંઠેલ; બેમર્યાદ. ૨ જે હોય તે અતિશે ખાનારો.
બાસટી; સ્ત્રી૦ બાંક; પાટલી.
બાસઠ, બાસેટ. [ગરખા સારૂ).
બાસતો, પુ૦ એક જાતનું રેશી ઉમદા સુરતારૂ કપડું (અં-
બાસુદી, સ્ત્રી૦ ઉકાળીને ઘાડું કરેલું મસાલા વાળું દૂધ.
બાસેટ-ઠ, વિ૦ સાઠ ને બે; ૬૨.
બાહદર, બહાદુર.
બાહુ, પુ૦ [સં૦] ખભાથી તે કોણી સુધીનો હાથનો જે ભાગ તે; ભુજ.
બાહુક, પુ૦ વરવો વિચિત્ર બિહામણો પુરૂષ. ૨ મોડે ને સર્વાંગે રાખ ચોળેલી આંખના ડોળા પીળા ને દેહ બ-રવા એવો દેખાતો હઠ જોગી.
બાહુલું, બાવલું.
બાહેર, અ૦ અન્દર- માંહે નહિ; હદની પેલી પાસ.
બાહ્ય, વિ૦ [સં૦] બારનું.
બાહ્યગોળ, ન૦ નક્કર ગોળ અથવા તેના એકાદા ભાગ-માંનો જે ઉપસેલો પૃષ્ઠ ભાગ તે. એનું ઉલટું અન્તર ગોળ, એટલે પૃષ્ઠ ભાગની તળેનો પોલાણ વાળો ભાગ.
બાહ્યોપચાર, પુ૦ [સં૦] બારના ઉપચાર; બારના ભાગમાં જે જે લગાડવાનું-કરવાનું તે.
બાહ્યાન્તર, વિ૦ [સં૦] બાર ને અન્દર.
બાહ્યાન્તરલાપિકા, સ્ત્રી૦ [સં૦] એકાદી કવિતાની બાર પડતા અક્ષરોની અને વળી માયના અક્ષરોની જે ગુપ્ત શબ્દ રચના તે.
બાળ, ન૦ [બાલ] બાળક.
બાળક, ન૦ નાનું છોકરૂં. બાળકી-નાની છોકરી.
બાળક્રિયા, સ્ત્રી૦ [બાલક્રીડા] બાળકની રમત.
બાળખેલ, પુ૦ બાળકની રમત. ૨ બાળકને માટે જે રમત ગમત તે. [કરા.
બાળગોપાળ, ન૦ ઘરકુટુંબના સઘળાં બાળકો-છોકરાં છો-
બાળપણ-ણું, ન૦ બાળકની વય-સ્થિતિ.
બાળબુદ્ધિ, સ્ત્રી૦ બાળકની બુદ્ધિ; કાચી સમજ.
બાળબોધ, વિ૦ બાળકને બોધ આપવા જોગ. ૨ દેવ-નગરી-સંસ્કૃત (લિપિ-અક્ષર).
બાળબ્રહ્મચારી, પુ૦ જે પુરુષ કદી પરણ્યો નથી ને જેણે સ્ત્રીની સોડ જોઈ નથી તે.
બાળભાષા, સ્ત્રી૦ બાળકની ભાષા. ૨ માગધી ભાષા.
બાળમિત્ર, વિ૦ બાળકપણામાં-થી મિત્ર હોય તે-સ્ત્રી કે પુરુષ.
બાળરંડ, સ્ત્રી૦ બાળકપણથી રંડાયલી સ્ત્રી.
બાળલીલા, સ્ત્રી૦ બાળકપણમાં કરેલી લીલા.
બાળવિધવા, બાળરંડ.
બાળવું, ક્રિ૦ સ૦ બળે તેમ કરવું. લાકડાં બાળવાં, દીવો બાળવો, જીવ બાળવો (પોતાનો અથવા પારકાંનો) વગેરે.
બાળસ્વરૂપ, ન૦ બાળકનું સ્વરૂપ.
બાળહત્યા, સ્ત્રી૦ બાળકની હત્યા.
બાળા, સ્ત્રી૦ [બાલા] છોકરી.
બાળાપણ, ન૦ બાળકપણું.
બાળાબન્ધ, પુ૦ બાળકને માથે બાંધવાનો ફેંટો.
બાળારાજા, વિ૦ બાળક હોય તે રાજાની પેઠે ઇચ્છા પ્રમાણે વર્તે તે ભાવ ઉપરથી-બાળકને વિસે તે શબ્દ બોલાયછે.
બાળોઢા, સ્ત્રી૦ [સં૦]નાનપણમાં પરણેલી.
બિકડી, સ્ત્રી૦ સીવી લિપેલી નાની ગાંસડી-પોટલી.
બિકટ, વિકટ.
બિક્ણુ-ણું, વિ૦ જે જ્યારે ત્યારે બીવાં કરે તે; જેને ઘણી બીક લાગતી હોય તે; પોચી છાતીનું; નાહિમ્મત.
બિગડવું, બગડવું.

ખિગાડ, બગાડ.

ખિચારું, વિ૰ દુઃખથી રાંક થયલું; ગરીબ; દુખિયારું.

ખિછવા, પુ૰ વિછુવા; સ્ત્રીઓને પગને અંગુઠે પેરવાના અણવટ.

ખિછાનું, ન૰ [હિં૰] બેસવાનું અથવા સુવાનું પાથરણું.

ખિછાવવું, ક્રિ૰ સ૰ પાથરવું (ખિછાનું).

ખિજવર, બીજવર.

ખિજોરું, ન૰ એક જાતનું ફળ.

ખિડવું, ક્રિ૰ સ૰ બન્ધ કરવું; બે અવયવ–ભાગ–છેડા છેકજ પાસ પાસે આવી રે તેમ કરવું (ચાંચ ખિડવી, કાગળ ખિડવો વગેરે). ૨ છાપ–સીલ મારવી.

ખિડાવવું, ક્રિ૰ સ૰ બીડીને મોકલવું (કાગળ વગેરે).

ખિના, અ૰ વગર (વિના). બિન ચૂક એટલે ભૂલ વગરનું, બિન તકશીર એટલે તકશીર વનાનું, બિન વારસ એટલે વારસ વગરનું

ખિન. પુ૰ [આ૰] દિકરો. ચંદ્રશંકર બિન રામશંકર એટલે ચંદ્રશંકર તે, રામશંકરનો દિકરો.

ખિનકી, સ્ત્રી૰ બે ભવાંની વચમાં ચીંણી સરખી હિંગળોક–કસ્તુરી વગેરેની જે ટપકી તે; ચાંદ.

ખિના, બીના.

ખિન્દી, ખિનકી.

ખિન્દુ, ન૰ [સં૰] ટીપું; ટપકું. ૨ શુન્ય; મીંડું. ૩ ટાંચ.

ખિભાસ, પુ૰ [સં૰] એ નામનો રાગ સુવારે ગાવાનો.

ખિમાર વિ૰ [ફા૰] માંદુ; આજારી.

ખિમારી, સ્ત્રી૰ [ફા૰] માંદગી; આજારીપણું.

ખિમ્બ, ન૰ [સં૰] આકાશમાં સૂર્ય ચંદ્ર વગેરેનું જે ગોળાકૃતિમાં દેખાવું તે; તખતી. ૨ આરસી–પાણીમાં જે રૂપ દેખાયછે તેનું મૂળરૂપ.– (બિમ્બ ને પ્રતિબિમ્બ કેવાય છે). ૩ ખિલોડું (ફળ).

ખિયાબાન. ન૰ [ફા૰] જંગલ; રાન.

ખિયામણું, વિ૰ બીક લાગે તેવું; કારમું; વિકરાળ.

ખિરદ, ન૰ પણ; પ્રતિજ્ઞા.

ખિરાજમાન, વિ૰ બિરાજેલા. [ભવું.

ખિરાજવું, ક્રિ૰ અ૰ માન સાથે આવી બેસવું. ૨ શો-

ખિરાદરી, સ્ત્રી૰ [ફા૰] મિત્ર મંડળી. ૨ ભાઇચારો; દા-

ખિરાનું, વિ૰ પારકું. [સ્તી દાવો.

ખિલકુલ, અ૰ [આ૰] તમામ; સઘળું; તદન; જરાએ જરા; આખું.

ખિલાડી, સ્ત્રી૰ એક જાતનું ચોપગું જાનવર–એ ઘરોમાં ફરે છે ને જંગલમાં હોય છે. બિલાડી લુચ્ચી ને ખિજવાયેથી ઘૂરકે છે.–ઘરની બિલાડી ઉંદર મારે છે ને રાંધેલું ખાય છે. જંગલી બિલાડી જબરી ને વિકરાળ હોય છે ને તે મરઘીના બચ્ચાંને ને ઘેટાંને ફાડી ખાય છે. ૨ લોઢાંના આંકડાનો ગુચ્છો જે કુવા ટાંકામાં પડેલા ઘડા વગેરે કાડવાના કામમાં આવે છે. ૩ બારણાને થાલી જવું અટકાવી રાખવાનું લોઢાંનું એક સાધન; નાગર; રોહીલી. બીલાડી જેવી આંખ એટલે માંજરી.

ખિલાડું, ન૰ બિલાડી અથવા બિલાડો. [રીઓ પુરુષ.

ખિલાડો, પુ૰ બિલાડીનો નર. ૨ સાવચેત–લુચ્ચો–ખા-

ખિલાવર, પુ૰ સવારનો એક રાગ.

ખિલિયાન, ન૰ કાપીને પાસા પાડયા હોય તેવો એક તરેહનો હીરો.

ખિલોર, પુ૰ [ફા૰] જેમાંથી આરપાર દેખાય તેવો સુંદર કાચ–ગલાસ, હાંડી વગેરેનો. વિ૰ બિલોરનું. (કાચ–

ખિલ્લસ, પુ૰ વેંત. [ઘાટ).

ખિલ્લી, ખિલાડી.

ખિલ્લું. વિ૰ લુચ્ચું; ચાલાક ઠગ. (માણસ).

ખિલ્લું, ન૰ એક ઈંટના ઓસારની ભીત. બારીનું બિલ્લું.

ખિલ્લુ, સામ સામી રમનારી છોકરાઓની ટોળીઓમાંના અકેક તરફના જે સાથી તેમાંનો એક; મદદનીસ

ખિલ્લો, ખિલાડો. [જોડિયો.

ખિવડાવવું-રાવવું-વાડવું, ક્રિ૰ સ૰ બીયે તેવી હાલત-

ખિવું-બીવું. [માં આણવું.

ખિસ્તરો, પુ૰ બિછાનું; પાથરવાનું તે.

ખિહાગ, પુ૰ રાતે દશ વાગા પછી ગાવાનો રાગ.

ખિહારી, વીહારી. [બીઉં.

બી, ન૰ બીયું. ૨ મૂળ; પાયો (લડાઇનું બી રોપ્યું).

બીક-ખ, સ્ત્રી૰ ધાસ્તી; દેહેશત; ભય; ડર.

બીચ, અ૰ વચ્ચે; વચમાં; અન્દર; માંય (કવિતામાં).

બીજ, સ્ત્રી૰ [દ્વિતીયા] પખવાડિયાનો બીજો દિવસ.

બીજ, ન૰ [સં૰] બી; બીયું. ૨ પુરુષના વીર્ય–રેતનો અંશ જે ગર્ભ રૂપ ધારણ કરેછે તે. ૩ મૂળ કારણ; પાયો; મણ્ડાણ. ૪ ભાવાર્થ; અન્દરની મતલબ. ૫ અક્ષર તથા ચિન્હથી જે ગણિત તે; બીજ ગણિત. ૬ જે વર્ણોચ્ચાર રૂપી બીજમાંથી મન્ત્ર સિદ્ધિ–ફળ થાય તે સંકેત વર્ણ. ઐમ્, હ્રીમ્, ક્લીમ્.

બીજગણિત, ન૰ [સં૰] અક્ષર તથા ચિન્હથી જે ગણિત તે. (અંકગણિત ને બીજગણિત).

બીજવર, પુ૰ એક વહુ મરી ગયેથી બીજીવાર પરણવાનો –ણેલો જે પુરુષ તે.

બીજીવાર, અ૰ ફરીથી; વળી બીજી વખત.

બીજું, વિ૰ પેલું–પ્રથમ જે હોય તેની પછી તરતજ સાથે હોય–આવે તે; બે એ સંખ્યાનો અનુક્રમ બતાવેછે. (૫૬ ગુણ વર્ગ ૪૦ માં બીજું). ૨ જુદી જાતનું; જુદા વર્ગનું. અ૰ વળી; વધારામાં; બીજું કેવાનું કે.

બીડ, ન૰ જે જમીનમાં ઘાસ થતું હોય તે.

બીડી, સ્ત્રી૰ મૂનો લાકડી કાપી બબરાવી સોપારી કાથી પાનને વાળેલું હોય તે. બીડી કરવી–ખાવી–આપવી.

૨ તંબાકુ મુકી પાંતરાંને નળીઆટું વાળેલું હોય તે. ફુંક-વાની બીડી.

બીડું, ન૦ ત્રિકોણ આકારની જે મોટી બીડી તે. બીડું ઝડપવું એટલે સાહસ કામ કરવાનું માથે લેવું.

બીધું-નું, બીવું એનો ભૂતકાળ. ભય પામ્યું.

બીન, સ્ત્રી૦ એક તારેહનું તાર તથા બે પાસ તુમડાં વાળું વાજું. [વિષય; બાબત.

બીના, સ્ત્રી૦ બનાવ; બનેલું તે. ૨ હકીકત; વાત; વર્ણન. ૩

બીબાં, ન૦ ધાતુના અક્ષર; ટૈપ. લુગડાં પર પાડેલાં છાપાં. બીબું શબ્દ જોવો.

બીબી, સ્ત્રી૦ મુસલમાન ગૃહસ્થની ઓરત અથવા માશુક.

બીબું, ન૦ મટોડાં-લાકડાં વગેરેના જે ઘાટ-સાંચામાવ-સ રેડેથી તેવા આકારનો નવો ઘાટ પેદા અથવા નક્કર બને છે તે. તોપના બીબાં, પતાસાં રમકડાંના બીબાં વગેરે. ૨ લુગડાં ઉપર ચીતરામણ પાડવાના લાકડાંના જે કોતરેલા કકડા તેમાંનો એક. (ભરત ભરવામાટે).

બીબો, ડીબો.

બીભત્સ, વિ૦ [સં૦] સુગ ચડે-કંટાળો આવે તેવું. ૨ ભુંડું; ભુંડી ગાળીમાં બોલાય તેવું. (શબ્દ ભાષણ ૪૦).

બીભત્સ, પુ૦ એ નામનો નવરસમાંનો એક તે (કાવ્ય શાસ્ત્રમાં).

બીયું, ન૦ ઝાડના ફૂલ-ફળમાંથી નિકળતા જે ઝીણા-નાના પદાર્થમાંથી ફરીથી નવું ઝાડ પેદા થાય તે. બીમાં-માંથી ઝાડ ને ઝાડમાંથી બીયું.

બીલ, ન૦ જમીનની અન્દર કોરેલું ઘર; દર. (ઉંદર સસલા વગેરેનું). ૨ સાપનો રાંફડો. [અં૦] વેચેલા માલની કિમત લખાં જે યાદી તે. ૨ એક રીતની રસીદ-પેંચ. ૩ નવા કાયદાને સારૂ જે ખરડો-મુસદ્દો તૈયાર કરેલો તે.

બીલી, સ્ત્રી૦ [બિલ્વ] એક જાતનું ઝાડ શિવને વાલું.

બીલું, ન૦ બીલીનું ફળ. ૨ સોજાથી શરીરના સાંધા ઉપર થતી ગાંઠ; ગુમડું.

બીવું, ક્રિ૦ અ૦ એકાએક આવી પડતાં સંકટ-દુઃખથી દીલમાં લાગવું; ધાસ્તી લાગવી; ચોંકવું. ૨ ગભરાવું; ગભરાવું એમ કાળજીમાં રેવું. ૩ હિંમત ન ધરતાં બેસી રેવું; કાયર થવું.

બુંધી, વિ૦ અક્કલ વનાનું; મંદબુદ્ધિ; ઈર્ષણધારી. ૨ આળસુ ને એદી. બુંધીના બારે સરખા એટલે બારે

બુંધું, બૂધું. [દાડા-સઘળા દાડા સરખા.

બુંબિયો, પુ૦ આકસ્મિક ભયનો ઢોલ.

બુકડી, સ્ત્રી૦ સ્ત્રીનાં કાનનું એક કુલડું ઘરેણું.

બુકાની, સ્ત્રી૦ દાઢી ને ગાલ ઉપર આવી રેતો ને માથા ઉપર બંધાતો કપડાંનો એક કકડો.

બુગણ, ગાડીમાં અનાજ ભરતી વખત મોઢું જાડું જે કપડું પથરાય છે તે; બાપર.

બુચ, બૂચ.

બુચિયો, પુ૦ જનમથી કાન વિનાનો અથવા રોગથી જેનો કાન ખરીપડયો હોય તે.

બુચી, સ્ત્રી૦ કાન વિનાની સ્ત્રી.

બુજ, બૂજ.

બુજરગ, વિ૦ [ફા૦] ઘરડું. ૨ ઘરડું ને માનવંતું (માણસ). પુ૦ ઘરડો; દાદો; પૂર્વજ. [૩ મોટાઈ.

બુજરગી, સ્ત્રી૦ [ફા૦] ઘરડપણ. ૨ માનવંતું ઘરડપણ.

બુજવું, ક્રિ૦ સ૦ [હિં૦] સમજવું; કદર કરવી.

બુઝવવું, ક્રિ૦ સ૦ હોલવવું (આગ, તરસ વગેરે).

બુઝાવું, ક્રિ૦ અ૦ હોલાવું.

બુટી, સ્ત્રી૦ નાનો બુટો; ભાત; તરેહ-(ભરત-વણતરમાં ને કાગળમાં ફૂલ ચોકડી વગેરેની). ૨ જેમાં અજબ જેવો ગુણ હોય તેવી વનસ્પતિ; જડી. ૩ પ્રસન્ન કરે તેવું ચતુર માણસ. ૪ ભાંગ; માયા.

બુટેદાર, વિ૦ બુટાવાળું; બુટાદાર.

બુટો, પુ૦ લુગડાં ઉપર ભરેલું-છાપેલું જે ચિત્રામણ તે; વણતરમાં-કાગળ ઉપર પાડેલું જે ચિત્ર તે. ૨ તરંગ; કલ્પના; નવી જુગતી.

બુઠું, વિ૦ ઘસાઈને ચપટું-જાડું થયલું (કલમ, વટાણું, પરાણી વગેરે). ૨ ઘસાઈને ખાંડ પડી હોય તેવું-ચપ્પુ, પાળી, તરવાર વગેરે. ૩ જાડી અક્કલનું; જંગલી (માણસ).

બુઠ્ઠો, પુ૦ મોકેદાડો.

બુડકી, સ્ત્રી૦ એકદમ પાણીની અંદર જે પેસીજવું તે. ૨ કામની વખત આઘે ખસીજવું-ન દેખાવું તે. ડુબકી.

બુડથળ, વિ૦ બેવકુફ.

બુડવું, ડુબવું; પાણીમાં તળે બેસવું.

બુડાડવું, બૂડેલું કરવું.

બુડિયાળ, વિ૦ બેવકૂફ.

બુડિયો, પુ૦ કાળાં મોઢાંનો મોટો લઠ વાંદરો-વાંદરિયોના સેનનો નાયક.

બુઢાપો, પુ૦ બુઢાપણ; ઘરડપણ; જરા.

બુઢિયો, બુડિયો.

બુઢ્ઢું, વિ૦ ઘરડું; જેને જરા આવી હોય તેવું; ડોસું (પ્રાણી). બુઢ્ઢો; બુઢ્ઢિ. [બુતકો.

બુતકો, પુ૦ શરીર લહી ને કાળી એવી જે બૈરી તે-કાળી

બુતાન-નું, ન૦ બુતાનો. ૨ મેલી ફાટી પાઘડી. ૩ તોહોમત; આળ; બક્ષો.

બુતાનો, પુ૦ પાઘડીમાં ઘાલવાનો મેલો ફાટો કકડો. ૨ તોહોમત; આળ; બદ્દો.

બુતારો, પુ૦ સાવરણો.

બુદબુદો, પુ૦ પરપોટો.

બુધ, પુ૦ [સં૦] સાત વારમાંનો એક. વિ૦ ડાહ્યા; સમજુ; ૨ પંડિત.

બુદ્ધાવતાર, પુ૰ વિષ્ણુના દશ અવતારમાંનો નવમો-જગન્નાથને સ્વરૂપે. એ અવતાર કોઈ લીલા કરવાને નથી પણ જગતની લીલા જોયાં કરવાને છે. એ ઉપરથી કંઈ ન બોલતા પણ જોયાં-સાંભળ્યાં કરે તે પુરુષ.

બુદ્ધિ, સ્ત્રી૰ [સં૰] મનશક્તિ. જ્ઞાનશક્તિ, સમજશક્તિ, તર્કશક્તિ. બુદ્ધિ ઉઘડવી-બુદ્ધિ અપાર છે. ૨ વિવેક, ડાહપણ, સમજણ-તેનામાં બુદ્ધિ છે. તે ઘટતુંજ કરશે. ૩ મન, અન્તઃકરણ. મારી બુદ્ધિ કયું કરતી નથી. ૪ મનનું વલણ, વૃત્તિ, વિચાર, ઇચ્છા. આજ કાલ તેની બુદ્ધિ ફરી છે. એ શબ્દ બીજા શબ્દો સાથે જોડાય છે. દ્વેશબુદ્ધિ, ઉપકારબુદ્ધિ, શત્રુબુદ્ધિ ઇ૰. 'આવી સાઠી ને બુદ્ધિ નાઠી.'

બુદ્ધિમન્ત-માન, વિ૰ (૧લા ૨ જા અર્થમાં) બુદ્ધિવાળું-વિદ્વાન; પંડિત; તર્ક કરનાર. ૨ ડાહ્યું; વિવેકી.

બુધવાર, પુ૰ સાત વારમાંનો એક-સોમ મંગળ ને બુધ. બાપનો બુધવાર એટલે કંઈ નહિ.

બુધું, ન૰ જાડું ડફગોરૂં. ૨ છો ખાંડવાની નાની સાકટી. ૩ બળીને કાળું થઈ ગયલું ને તેથી ન સજાતું એવું વાસણનું જે તળિયું તે. બુધાંવાળી તપેલી, બુધાંવાળો ગૈંના પાણીનો દેગડો.

બુનિયાદ, વિ૰ [ફા૰] જૂનું ને માનવંતું; ખાનદાન; કુલીન. (માણસ). સ્ત્રી૰ અસલજાત; કુળ; તુકમ.

બુન્દ, ન૰ ટીપું-(પાણીનું વરસાદનું).

બુન્દ, બૂન.

બુર્નુસ, ન૰ ઉનનું જાડું કપડું; કામળો.

બુજક, વિ૰ કંઈજ ન સમજે તે; જડભરત; બુદ્ધિ ને વિવેક વિનાનું (માણસ).

બુભુક્ષિત, વિ૰ [સં૰] ભૂખ્યું; ભુખે મરતું.

બુમાટો, પુ૰ એકાદી વાતનો લોકમાં જે પોકાર-હોકારો તે. ૨ ગરબડ; તોફાન. ૩ ગપ; ગપાટો.

બુમાબુમ, સ્ત્રી૰ ઉપરાઉપરી બૂમ પાડવી તે; જ્યાંત્યાં બૂમ પડીરેવી તે.

બુમારહોર, પુ૰ બુમાબુમ; ગોંધાટ-હોકારો.

બુમ્બારવ, પુ૰ ગોંધાટ; હોકારા.

બુરખો, પુ૰ માથાથી તે પગસૂધી આખે શરીરે વિંટળાઈ રે તેવું સ્ત્રીને ઓઢવાનું લુગડું-આંખઆગળ જાળી રાખી હોય છે. ૨ ચહેરો ઢાંકવાનું જાળી વાળું કપડું.

બુરજ-રૂજ, પુ૰ તોપ વગેરે મુકવાને કિલ્લાની બારપડની બાજુએ અથવા મેદાનમાં જે ઊંચું ગોળાકાર પોલું અથવા નક્કર ચણતર તે. ૨ દિવાલને ટેકો આપનાર [જે ચણતર તે.

બુરનુસ, બુર્નુસ. શબ્દ જોવો.

બુરાઈ, સ્ત્રી૰ બગાડ; અણબનાવ; શત્રુતા. ૨ ખરાબ [રીતે ચલાવવું તે.

બુરાખ, બુલાખ.

બુરાડવું, બુડાડવું.

બુરાવું, ક્રિ૰ અ૰ પુરાઈ જવું. કાનનો કે વગેરે.

બુરાસ, બુરાઈ.

બુલન્દ, વિ૰ [ફા૰] ઊંચું; ઊંચી યોગ્યતાનું. (ગુણ, કર્મ, [વિચાર).

બુલબુલ, ન૰ [ફા૰] એક જાતનું પક્ષી. એનો શબ્દ કાનને સારો લાગે છે. એ ગુલાબની ડાળી ઉપર બેસીને બોલે છે માટે એની ને તેની આશકી માશુકી ગવાય છે.

બુલાખ, સ્ત્રી૰ [ફા૰] નાકના બે નસકોરાંની વચમાંના પડદામાં જે કાણું તે. ૨ બે નસકોરાંની વચમાંનો પડદો.

બુસટ-ઠ, સ્ત્રી૰ અઘરણીરાતને ગાલે દિયેર તમાચો મારવો એ જે રીત તે.

બુસટિયો-ઠિયો, પુ૰ સીમંત-અઘરણીમાં સ્ત્રીના ખોળામાં બેસી તેને ગાલે કુંકાવાળે બન્ને હાથે તમાચો મારનાર-દિયેર.

બુહારવું, ક્રિ૰ સ૰ ઝાડું કાઢવું.

બૂક, પુ૰ કોળિયો; ગ્રાસ. ૨ સ્ત્રી૰ [અં૰] ચોપડી; [કિતાબ.

બૂચ, ન૰ એક જાતના ઝાડની ઉપલી જાડી છાલ જેના કકડા બાટલી-સીસીનું મોઢું બંધ કરવામાં આવે છે. ૨ એ જે અકડેકો કકડો તે. ૩ જે અન્દર ઘાલી મો બંધ કરવું તે; ડૂચો; ડાટો.

બૂંસ, સ્ત્રી૰ પાનાની રમતમાં હારેલા શખસે બીજી બાજી રમતાં પહેલાં જે પાનાં જીતેલા શખસના માગ્યા પ્રમાણે પોતાનાંમાંથી આપવાં તે (ને પછી નરસાં લેવાં).

બૂજ, સ્ત્રી૰ પરીક્ષા; સમજ. ૨ ગુણગ્રપણું; કદર.

બૂટ, સ્ત્રી૰ કાનનું કાણું ને લમણું એ બેની વચમાંનો ને લાળીની ઉપરનો (કાનનો) જે અવયવ તે. ન૰ અંગરેજી ઘાટનું પગરખું અથવા જોડો.

બૂધ, બુદ્ધ. સ્ત્રી૰ બુદ્ધિ.

બૂધું, બુધું.

બૂન, ન૰ એક જાતનાં બીયાં-દાણા જેનો ઉકાળો પીવામાં આવે છે તે; કાફી.

બૂજક, બુજક.

બૂમ, સ્ત્રી૰ હાંક મારવી તે; મોટો સાદ. ૨ જેને સારૂ-જે વાતને સારૂ ઘણા જણ મોટે સાદે બોલતા હોય તે; પોકાર. ૩ ફરિયાદ; નારાજી.

બૂરું, ન૰ ધોયલી ખાંડ.

બૂરું, વિ૰ ખરાબ; નરસું; ભુંડું. ન૰ જે કંઈ નરસું-ભુંડું તે. બૂરાહાલ, બૂરેહાલ.

બૂસું, વિ૰ રસ-સ્વાદ ન સમજે તે (માણસ); જેને કોઈ વાતનું કોડ-શોખ ન હોય તે; અરસિક.

બૂસો, બોસો.

બૃહત્-દ્, વિ૰ [સં૰] મોટું. બૃહત્કૌમુદી, બૃહત્કથા ઇ૰.

બૃહસ્પતવાર, પુ૰ સાતવારમાંનો એક-સોમ, મંગળ, બુધ ને બૃહસ્પત અથવા ગુરૂ.

બૃહસ્પતિ, પુ૦ [સં૦] એ નામનો ગ્રહ-તારો. ૨ એ નામનો વાર. ૩ દેવતાઓનો ગુરુ. વાચાળ વિદ્વાનને એની ઉપમા આપવામાં આવેછે.

બેં, અ૦ બકરાં ઘેટાંનું બોલવું બતાવે છે.

બેંગી, સ્ત્રી૦ ડાગને મારગે મોકલેલી બિનડી-ગાંસડી.

બેંતાળાં, ન૦ ઘરડપણ આવેથી નજર કમ થવી; ચશ્મા આવવાં તે.

બેંતાળિસ, વિ૦ ચાળિસ ને બે; ૪૨.

બેંબેં, બેં.

બે, વિ૦ એક ને એક; ૨.

બે, ઉ૦ [ફા૦] એ શબ્દ, નહિ-ગેર-કમ-બદ વગેરેનો અર્થ રાખી બીજા શબ્દો સાથે જોડાયછે. અ૦ ૨ 'માર બે માર.'

બેઅક્કલ, વિ૦ અક્કલ વનાનું; મૂરખ.

બેઅદબ, વિ૦ અમર્યાદ; અસભ્ય.

બેઅદબી, સ્ત્રી૦ અમર્યાદપણું; અવિવેક; ઉદ્ધતાઈ.

બેઅસર, વિ૦ અસર ન કરી શક્યું-કરી શકે-હોય તેવું.

બેઆબરૂ, વિ૦ આબરૂ ગઈ હોય તેવું; માન ભરંગ. ન૦ અપમાન; અપ્રતિષ્ઠા; અપકીર્તિ. તેની બેઆબરૂ થઈ.

બેઆરામ, વિ૦ આરામ વગરનું; ચિંતાતુર; માંદું.

બેઈતબારી, સ્ત્રી૦ અણવિશ્વાસ; ભરૂસો નહિ તે.

બેઈનસાફ, ઇનસાફ-ન્યાય નહિ તેવું.

બેઈમાન-ની, વિ૦ ભરૂસો તોડનાર; વિશ્વાસ ઘાતી. ૨ કૃતઘ્ની; નિમકહરામ. ૩ આસ્થા વગરનું.

બેકદર, વિ૦ કદર વિનાનું; ગુણની પરીક્ષા ન કરી જાણે તે.

બેકરાર, વિ૦ કરાર-આરામ વગરનું.

બેકવું, ક્રિ૦ અ૦ સુગન્ધિ પસરી રેવી; બેકબેક થઈ રેવું પણ કેવાયછે. ૨ લાડ કોડમાં વધીજવું; અમર્યાદ થવું; છુકીજવું.

બેકાયદે, અ૦ કાયદાસર નહિ; શિરસ્તાથી ઉલટું. ૨ ગેર-વાજબી રીતે.

બેકાર, વિ૦ કામ ન હોય તેવું; બેરોજગારી.

બેકાવવું, ક્રિ૦ સ૦ અતીસે લાડલડાવી વણ્ડે તેમ કરવું.

બેકી, સ્ત્રી૦ બે અથવા બેએ ગુણ્યો કોઈ પણ પૂરો એક હોય તે. એકી ને બેકી૦ એકી બેકીની રમતમાં ૧, ૩, ૫,... એ એકીના એક ને ૨, ૪, ૬, ૮ એ બેકીના એક. ૨ છોકરાઓ ઝાડેફરવા જવાની રજા માગતાં જે બે આંગળી ઉભી મેહેતાજીને બતાવેછે તે. બેકી-જવું-ઝાડે જવું.

બેકેદ, વિ૦ કેદમાં ન રે-ન હોય તેવું; અમર્યાદ; ઉદ્ધત.

બેખબર, વિ૦ ખબર ન હોય તેવું; અજાણ્યું; નાવાકેફ.

બેગમ, સ્ત્રી૦ મોટા દરજ્જાના મુસલમાનની ઓરત.

બેગરજ, વિ૦ ગરજ વનાનું.

બેગાર, પુ૦ પૈસા આપ્યા વગર જે મજુરી કરાવવામાં આવે તે; વેઠ. 'બેઠાથી બેગાર ભલો' નકામાં બેસી રેવા કરતાં વેઠ કરવી-કંઈ પણ ઉદ્યોગ કરવો.

બેગારી, પુ૦ મજુર; વેઠકરીને ભાર ઉપાડનાર.

બેગુનાહ, વિ૦ [ફા૦] ગુનાહ ન કરેલો હોય તેવું; નિર્લેપ; બેતકસીર.

બેચારેક, વિ૦ બે અથવા ચાર. ૨ થોડાક.

બેચેહેન, વિ૦ નિરાંત-આરામ વગરનું.

બેજા, બેજાર.

બેજાર, વિ૦ કંટાળેલું; પજવેલું; હેરાન. બેજાર થવું-કરવું.

બેજીવ-વાળી, વિ૦ ગરભવંતી; દહાડાવાળી.

બેટ, પું૦ ચારેપાસ પાણીથી વિંટળાયલી એવી જે વચમાંની જમીન તે.

બેટી, સ્ત્રી૦ દિકરી; છોકરી; છોડી.

બેટો, પુ૦ દિકરો; છૈયો; છોકરો.

બેઠક, સ્ત્રી૦ બેસવું તે. તેની બેઠક ત્યાંજ થાયછે. ૨ જેટલી વાર જે બેસી રેવું થાય તેટલીવારનું તે-હમણા તો પુરૂં બેસાતું નથી આગળ તો ચાર ચાર કલાકની બેઠક થતી. ૩ મંડળીનું જ્યાં બેસવું થાય તે ઠેકાણું; નાચ ગુજરાની જગા; ૪ તાલીમની એક કસરત.

બેઠાબેઠ, વિ૦ રોજગાર વના બેસી રેવું તે; બેકાર હોવું તે. હમણા તો બેઠાબેઠ છે.

બેઠીબાંધણીનું, વિ૦ નીચી પણ ઘાટદાર બાંધણીનું (ઘર). ૨ બહુ ઉતાવળ ને બહુ જોસ્સાથી નહિ પણ ઘટતી ધીરજથી ને ઘટતા જોસ્સાથી ચાલતું (ભાષણ કામ વગેરે).

બેઠું, અ૦ તપેલીમાં ચોખા, ખિચડી વગેરેને બફાતાં ને સિજતાં જેટલું પાણી જોઈયે તેટલું આગળથી રેડીને બફાવા સિઝાવા દિધેલું તેવું-ભાત બેઠો મુકી દેજે-કે ઓસાવવાની ખટપટ ન પડે.

બેઠેલ, વિ૦ બેસી રેતું હોય તેવું (માણસ, ઢોર વગેરે).

બેઠોપગાર, પુ૦ કામ કરયા વગર જે પગાર મળ્યા કરે તે; પેનશન.

બેઠાંખાવું, ક્રિ૦ સ૦ રોજગાર વિના ઘરમાંનું કાઢી અથવા કોઈની મદદથી ગુજારો કરવો. ૨ નિરાંતે ખાવું.

બેડ, સ્ત્રી૦ ચૂલાની બે બાજુમાંની દરેક.

બેડકું, ન૦ આંગળીના ત્રણ કકડામાંનો એકેકો. ૨ આમલીના ડોડકામાંનો દરેક ચિચોડાવાળો જે એકેકો ભાગ તે.

બેડવું, વેડવું.

બેડિયું, ન૦ આંબેથી કેરી પાડી ઝિલવાનું હથિયાર-સાધન. ૨ બતરીસ મણનું માપ. ૩ બે બળદનું ગાડું.

બેડી, સ્ત્રી૦ કેદીના પગ-હાથનો લોડાંનો આંકડો. ૨ બાધાને સારૂ બે આંગળીએ પેરવી એવી જોડેલી જે બે વીંટી તે. બેડી ઘાલવી-ઘલાવવી, પેરવી-પેરાવવી. ૩ એક ઘરેણું-ટોડા ને બેડી ગરાસિયા પેરે છે.

બેડું, ન૦ ગાગેર ને દેગિયો-ઘડો એ બે ઉપરાઉપરી મુક્યાં હોય તે. ૨ ત્રિફળામાંનું એક.—(હરડાં બેડાં ને આમળાં.)

બેડો, પુ૦ વાણ. 'બેડો ભાઈ બૂડતો તારો રે, અંબે આઈ પાર ઉતારો.' ૨ એક મુખીના ઉપરીપણા તળે

જેટલાં માણસો હોય તેટલાં તે; ટુકડી. આરબનો
જથ્થો. ૩ સંઘનો વિભાગ; એકાદો જથો.
બેડોલી, વિ૰ બે ડોલવાળું (વાણ).
બે ડોળ, વિ૰ [હિં૰] ડોળ વનાનું; બદ શિકલ.
બે ઢંગ-ઢંગું, વિ૰ ઢંગ વગરનું.
બે ઢબ, વિ૰ ઢબ વિનાનું.
બેઢું, બેડું.
બેત, સ્ત્રી૰ [ફા૰] ફારસી-ઉરદુમાં કવિતા રચનાની એક
રીત-એને બે ચરણ હોય છે ને અકેકમાં અઢાર અ-
ઢાર માત્રા ને વિરામ પાંચ, પાંચ ને આઠે હોય છે.
બેત, પુ૰ મનસુબો; વિચાર. ૨ જુક્તી; તજવીજ;
બે તકશીર, વિ૰ તકશીર વિનાનું. [ગોઠવણ.
બે તમા, સ્ત્રી૰ તમા-દરકાર નહિ તે. વિ૰ તમા વગરનું.
બેતર, અ૰ [અં૰] વધારે સારૂં; ૨ ખાસું; ઠીક.
બે તરફી, વિ૰ બન્ને તરફનું (એક તરફીનું ઉલટું).
બે તાલ, વિ૰ તાલ વગરનું. ૧ (ગાયનમાં). ૨ જુગતી
-ગોઠવણ વનાનું. ૩ વૂઈ ગયલું; હાથથી ગયલું.
બેતાળીસ, વિ૰ ચાળિસ ને બે. [તોલનું.
બેતાળું, વિ૰ બેતાળીસ શેરનો એક મણ એ ધોરણના
બે દરદી, વિ૰ રોગી ન હોય તેવું. ૨ રસજ્ઞાન ન હોય
તેવું; અ રસિક.
બેદાંતાકડી, સ્ત્રી૰ એક જાતની ઔષધી.
બેદાણા, પુ૰ [ફા૰] એક જાતની ઔષધી.
બે દાદી, સ્ત્રી૰ દાદ-ફરિયાદના ઉપર જે બે દરકારી મ;
દાદ કોઈ સાંભળે નહિ તે. ૨ અંધેર; અવ્યવસ્થા.
બે દીલ, વિ૰ દિલ-મન ઉઠી ગયું હોય તેવું; ઊંચું મન
થયલું હોય તેવું; દલગીર; નાખુશ.
બે દોસ્તી, સ્ત્રી૰ અણબનાવ; દોસ્તીમા બગાડ. ૨ નાખુ-
બેદું, ન૰ ઈંડું. [શી; દલગીરી.
બે ધડક, અ૰ કોઈ તરફની ફિકર રાખ્યા વના; જોસ્સા
ભેર; છાતીથી; હિંમતથી.
બેધારી, વિ૰ બે ધાર વાળી (તરવાર વગેરે).
બેન, સ્ત્રી૰ [ભગિની] એક માના જણ્યાં દિકરા દિકરીમાં
જે દિકરી તે (તે દિકરા-ભાઈની બેન); કાકા-મામા
-માસી-ફોઈની છોકરી. [વરાય છે.
બેનડ-ડી, બેન (લાડમાં). એ શબ્દ ગીત-કુટણામાં વ-
બેનપણાં, ન૰ બેરે બૈરાંને જે મૈત્રિ-સ્નેહ તે.
બેનપણી, સ્ત્રી૰ સખી; સાહેલી; સજની.
બે નસીબ, વિ૰ અભાગિયું; ફુટેલાં કરમનું.
બેની, સ્ત્રી૰ સજની; સખી. ૨ વાલી બેન.
બે પરવા, વિ૰ જેને કોઈની પરવા ન હોય તે; બે દરકાર.
બે પરવાઈ, સ્ત્રી૰ પરવા ન હોવી-રાખવી તે.
બેફાક, અ૰ છેકજ ઉઘાડું બોલવું તે; બુંડું. [મનાનું.
બેફામ, વિ૰ સુરત-યાદદાસ્ત ન રહી હોય તેવું; ધ્યાન-લક્ષ
બે ફિકર-રૂં, વિ૰ ફિકર વગરનું; ન ફિકરૂં. અ૰ ફિકર
બે બનાવ, પુ૰ અણબનાવ. [વગર.
બે બાક, વિ૰ [ફા૰] કઈજ બાકી ન રહ્યું હોય તેવું (કરજ).
બે બાપનું, વિ૰ છિનાળનું. [વલી હાલતમાં).
બેબાકળું, વિ૰ બાવરૂં; ગાભરૂં; (ઉસકેરાયલી ને ગભરા-
બે બુનિયાત, વિ૰ બીજ ગુકમ-વીર્યનું.
બે ભાન, વિ૰ ભાન વગરનું.
બેમાર, બિમાર.
બે માલમ-લુમ, વિ૰ માલમ ન હોય તેવું.
બે મુરવત, વિ૰ મુરવત વનાનું.
બેર, સ્ત્રી૰ બેરૂં-બેરા સરખું હોવું તે. કાને બેર મારી
ગઈ છે (રાગથી, તોપના ધડાકાથી વગેરેથી). ૨
ઈંદ્રીને ન જણાવું-લાગવું તે. તેનો હાથ બેર મારી ગ-
યો છે એટલે હાલતો નથી.
બેરખ, બેહેરખ. [ખું.
બેરખી, સ્ત્રી૰ સ્ત્રીને ડાબે હાથે રેંટણી ઉપર ઘાલવાનું ઘરે-
બેરખો, પુ૰ માદળીયાંની બેરખી. ૨ રુદ્રાક્ષના મોટા
મણકાની જે નાની માળા હાથે બાંધવામાં કાને લટકાવા-
માં આવે છે તે.
બે રંગ, વિ૰ રંગ બદલાયલો હોય તેવું. ૨ ઘણાક રંગ-
નું. ૩ નઠારા રંગનું. ૪ બે તાલ; બે મિસલ.
બેરડાઈ, સ્ત્રી૰ હઠીલાઈ. ૨ ખંધાઈ.
બેરડું, વિ૰ હઠીલું. ૨ ખંધું.
બેરિયું, ન૰ એક જાતનું પક્ષી, જે, માથે કલગીવાળું ને
ચકલી જેવું થાય છે તે.
બેરીજ, સ્ત્રી૰ સરવાળો-ળાની રકમ.
બેરૂં, વિ૰ [બધિર] કાને ન સાંભળી શકે તે (પ્રાણી). ૨
સાંભળી ન શકે તે (કાન)-ડાબો કાન બેરો છે.
બે રોજગાર, વિ૰ રોજગાર વગરનું.
બેલ, સ્ત્રી૰ બે જણની જોડીમાંનું એકેકું તે; સાથી;
જોડિયો. તે મારી બેલ છે. ૨ મંડળીમાંના દરેક જ-
ણે જે કંઈ કંઈ આપવું તે (ગાનારી વગેરેને).
બેલ, પુ૰ [બલીવર્દ] બળદ.
બેલડી, સ્ત્રી૰ બે જણ સાથે વળગેલાં તે.
બેલદાર, પુ૰ કડિયાને મદદ કરનારો મજુર. ૨ ચાંચ-
વાથી-સુરંગથી જમીન ખોદનારો મજુર.
બેલાશક, અ૰ [આ૰] સંકોચ રાખ્યા વગર; છુટથી;
અલબત્ત; સુખે.
બેલિયું, ન૰ નબળાઈને લીધે હાથના આંગળાં એકાએક
ખેંચાઈ જવાં તે. હાથે બેલિયાં આવ્યાં એમ કેવાય
છે. એ ઘોડી વાર રહે છે. ૨ એક જાતનું ફુલ અથવા
તેનું અત્તર. [બેઠ હોય તે.
બેલી, વિ૰ ધણી; મુરબ્બી; સહાય કરનાર; જેની
બેલું, ન૰ કાંતવાની પુણીનું જોડકું.

બે વકુફ, વિ૦ વકુફ-સમજ વનાનું; મૂરખ.
બે વકુફી, સ્ત્રી૦ વકુફ-સમજ નહિ તે; મૂરખાઈ.
બે વક્કર, વિ૦ વક્કર-ઢંગ વગરનું.
બે વખત, અ૦ કેરવેળ-ઘટતે વખતે નહિ; કવખતે. વખત બેવખત એટલે ગમે ત્યારે; ઇચ્છામાં આવે ત્યારે.
બે વચની, વિ૦ વચન તોડનાર; અ પ્રમાણિક; લબાડ; વિશ્વાસઘાતી; બે જીભા.
બેવડ, અ૦ બેવડેલું હોય તેમ.
બેવડવું, ક્રિ૦ સ૦ એક લાંબી વસ્તુને વચમાંથી વાળી બે છેડા મેળવી ઉપરાઉપરી બે પટ થાય તેમ કરવું.
બેવડિયું, ન૦ ઢબ્બુ; ઢીંગલો.
બેવડું, વિ૦ બેવડેલું હોય તેવું. ૨ ખમાણું. [નાનું.
બે વતની, વિ૦ વતન બહાર થયેલું-કાઢેલું. ૨ વતનવિ-
બે વફા, વિ૦ બે વચની; બે ઇમાન; અપકારી; કૃતઘ્ની.
બે વફાઈ, સ્ત્રી૦ બે વફાપણું; બે વચનીપણું.
બે વારસી, વિ૦ જેનો કોઈ વારસ ન હોય તેવું (માણસ અથવા માલ મિલકત).
બેશ, વિ૦ [ફા૦] સારું; ખાસું; માફક આવતું; મજેનું.
બે શક, અ૦ [ફા૦] શક ન હોય તેમ; ખાતરીથી.
બે શરમ-મું, વિ૦ જેને શરમ ન હોય તેવું; નિર્લજ.
બે શુદ્ધ-સુધ; વિ૦ શુદ્ધિ-ભાન ન હોય તેવું; મૂર્છિત; અચેત; બે હોશ.
બેસણી, સ્ત્રી૦ જે ઉપર ઘરમાંના દેવતા બેસાડવામાં આવતા હોય તે થાનક. ૨ જે ઉપર એકાદ મોટી વસ્તુ મુકવામાં આવે તે વસ્તુ.
બેસણું, ન૦ જે ઉપર બેસવાનું તે. ૨ બેસવાની રીત.
બેસતું, વિ૦ માફક આવતું. (અંગરખો પાટિયું વગેરે). ૨ નવું શરૂ થતું (વરસ).
બે સબરી, સ્ત્રી૦ અધીરાઈ.
બે સમજ, વિ૦ સમજ વગરનું. [ણું.
બેસરણુ, ન૦ કડિયા સુથારોને બીમાં પવાની જગા-ઠેકા-
બે સરમ, બે શરમ.
બે સવાદ, વિ૦ સવાદ વગરનું; નઠારા સવાદનું.
બેસવું, ક્રિ૦ અ૦ કુલાને ટેકવવાં (ભોંય-પાટલા-ઢોલ્ય-ખુરસી વગેરે ઉપર). પલાંઠી મારી બેસવું, ટુંટિયાં વાળી બેસવું, પગ પસારી બેસવું, પગ લબડતા રાખી બેસવું, અડુકડું બેસવું. ૨ પગને વાળી પેટનાં પાસાં ઉપર આડાં પડવું (પશુએ). ૩ પગ ટેકવી પાંખ સંકોડી રેવું (પક્ષીએ-ઝાડપર). ૪ ચાલતું બંધ થઈ એક ઠેકાણે પડી રેવું. ખુણામાં સાપ બેઠો છે. ૫ લગોલગ આવી રેવું; બીડાઈ રેવું. કમાડને ચીપ બેસતી નથી; અંગરખો બેસતો નથી. વળગી રેવું-તેના અંગરખા ઉપર કેટલી ધૂળ બેઠી છે. ૬ અન્દર પેસી ઘા કર્યો હોય તેવું હોવું-હાથમાં કાંટો બેઠો. ૭ નવું ચાલુ થવું; આરંભ થવો. પેશવાનો અમલ ગયો ને અંગ્રેજનો બેઠો; વરસ-મહિનો બેઠો. ૮ સરકારી જાહેર કામમાં ગુંથાવું. કોરટ-કચેરી-કોસલ બેઠી છે; સેશન ક્યારે બેસશે? ૯ અર્થ-યુક્તિ-રીતની સમજ પડવી; જુક્તિ લાગુ પડવી. વાક્ય બેસતું નથી; કાયદો બેઠો. ૧૦ મોંયથી ઉપર આવી વળગી રેવું. (ઝાડે ફૂલ ફળ બેઠાં). ૧૧ ભારથી-બંધારણ ઢીલું પડેથી નીચું પડવું-(ઘર, છાપરું, કોચની આદિ વગેરે). ૧૨ મૂલ અપાવું; કિંમત કરવી; ભાવ થવો. તે ચોપડીનું શું બેઠું? તે તખતાનું શું બેસેછે? ૧૩ વારો આવવો; આરંભ થવો-ચોમાસું બેઠું; હસ્ત નક્ષત્ર ક્યારે બેસશે? ૧૪ વળવું; કરવું. લખવા-ચિતરવામાં તેનો હાથ બેઠો છે. ૧૫ પાછળી ક્રિયાના સમ્બન્ધમાં આરમ્ભ કરવો. તે રડવા બેઠો, ખાવા બેઠો ઇ૦. ૧૬ આળસુ પડી રેવું અથવા કામમાં ન હોવું-ભાઈ શું કરેછે?-બેઠા છે. ૧૭ નીચે જઈ પડવું-તે પાણીમાં નીચે બેઠો; જુઠો નીચે બેઠો. ૧૮ જાડું-બોખરૂં થવું. અવાજ-ગળું બેસવું. ૧૯ બેઠી રેવું-બેસી બેસીને થાકયા. ૨૦ તાપ-આંચથી તપેલીમાંની વસ્તુએ નીચે તપેલી સાથે ચોંટીજવું. દાળ બેઠી, ભાત બેઠો. ગાદિયે બેસવું એટલે રાજાની આણ ફરવી; અમલ ચાલુ થવો. ટાંટિયા બેઠા એટલે છેક નિરાસ થઈ ગયા. સાહુકાર બેઠો-દેવાળું કાડયું. ઘર બેઠું એટલે નસંતાન ગયું. બારણે બેસવું એટલે તગાદો કરવો. ઘેર બેસવું એટલે રોજગાર વગરના થવું. અળમાં બેસવું-સ્ત્રીને ઋતુ આવવો. બેઠો ભાવ એટલે જે ભાવે ખરીદ કરયું હોય તે. 'બેસીયે જોઈ તો ઉઠાડે નહિ કોઈ.' 'બેસતો રાજા ને આવતી વહુ બાર પડયો તો પડયો.' 'આવ્યાં મળવા ને બેસાડયાં દળવા.' એ કેવતો. [કરવું.
બેસાડવું, ક્રિ૦ સ૦ બેસે તેમ કરવું. ૨ બેસતું આવે તેમ
બેસામણ, ન૦ રોગને લીધે ઢોરથી ન ઉઠું થવાવું તે. બેસામણ પડયું કેવાય છે. [તે.
બેસામણું, ન૦ મુવેલાંનો શોક દેખાડવાને બેસવા જવાનું
બે સુમાર, વિ૦ સુમાર વગરનું; અસંખ્ય; અતિશય; બેહદ.
બે સુધ, બેશુદ્ધ.
બે સુર-રૂં, વિ૦ કાનને સારા ન લાગે અથવા ગાયનના કાયદાસર ન હોય તેવા સ્વર વાળું.
બે હજુર, બે જણ હાજર હોય તે; બેની હાજરીમાં. ૨ રે હાજર (જુઓ). ૩ હાજર ન હોવું તે.
બે હદ, વિ૦ હદ વગરનું; બે સુમાર; અતિશય.
બે હયા, વિ૦ નિલાજરૂં; અસભ્ય; લાજ-શરમ વગરનું; નફ્ફટ; નઠોર; બે શરમ.
બે હાલ, વિ૦ ભુંડા હાલ. ૨ હેરાન.
બેહુ, બન્ને.
બે હુરમત, વિ૦ [ફા૦] માન ભંગ થયેલું; બે આબરૂ.

બેહુલ, બેલ.
બેહેરખ, સ્ત્રી૦ [અ૦] નગાઈ-તાસું ને ડુમકો એની જે જોડ તે. ૨ બારખની ટુકડી જેને પોતાનો એક જુડો ને તાસું ડુમકો હોયછે તે.
બેહેરું, બેરું.
બેહેશત-સ્ત, ન૦ [ફા૦] સ્વર્ગ.
બેહેસ્તી, વિ૦ પુણ્યશાળી જે સ્વર્ગવાસી થયો હોય તે.
બે હોશ-સ, વિ૦ હોશ-ભાન-શુદ્ધિ વગરનું.
બે હોશી, સ્ત્રી૦ બેભાનપણું; અચેતના; મૂર્છા. ૨ ગાફેલપણું.
બૈએર-યર, ન૦ સ્ત્રી જન. માટી બૈયર કેવાય છે.
બૈરી, સ્ત્રી૦ સ્ત્રી; બાયડી; ઓરત. ૨ પરિણિત સ્ત્રી; વહુ.
બૈરું, ન૦ સ્ત્રી જન; બૈરી (૧લા અર્થમાં).
બો, સ્ત્રી૦ [ફા૦] ગન્ધ; વાસ. ખુશબો, બદબો.
બોઈ, સ્ત્રી૦ એક જાતની માછલી.
બોકડું-ડો, બકરું-રો.
બોકિલું, ન૦ કુતરીનું બચ્ચું.
બોકી, સ્ત્રી૦ ચુમી; ચુમ્બન.
બોખ, સ્ત્રી૦ કુવામાંથી પાણી કાડવાનું ચામડાનું ઠામ.
બોખલું, બોખું.
બોખાર, પુ૦ [અ૦] તાવ; તપત; જ્વર.
બોખું, વિ૦ દાંત વિનાનું.
બોઘરણું-રણું-લું, ન૦ પોળાં મોડાંનું ધાતુનું વાસણ.
બોઘલું, વિ૦ મોડું વિકાસીને જોયાં કરે તેવું અણસમજુ; ભોળું; ઓલિયું (માણસ).
બોચી, સ્ત્રી૦ ગળાંનો પાછલો ભાગ; ગરદન.
બોજ, પુ૦ ભાર; બોજો. ૨ વકર; વજન; મોભો; ચલણ; માન.
બોજવું, ક્રિ૦ અ૦ પાલવવું; આપવા-લેવાનું અનુકૂળ આવવું; પરવડવું.
બોજો, પુ૦ [હિં૦] ભાર; બોજ (૧લા અર્થમાં).
બોટ, સ્ત્રી૦ [અં૦] મછુવો. ૨ વાણ.
બોટ, ન૦ અબોટ.
બોટણ, ન૦ બાળકને પ્રથમજ ધાન ખવડાવવું શરુ કરવું તે.
બોટવું, ક્રિ૦ સ૦ ખાવા પીવાના પદાર્થમાંથી થોડુંક ખાઈ પીને બાકીનું બીજાને ન ખપે તેવું કરવું; પીવાના વાસણમાંથી પીને તે સાંખ્યા વિના બીજાને ન ખપે તેવું કર-[વું.
બોટિયું, અબોટિયું.
બોડકી, સ્ત્રી૦ જેના કેશ બોડી નાખવામાં આવ્યા હોય તે સ્ત્રી. ૨ વિધવા; રાંડીરાંડ.
બોડકું, વિ૦ નિમાળા બોડાવ્યા હોય તેવું (માથું).
બોડવું, ક્રિ૦ સ૦ અસ્ત્રા વડે નિમાળા કાડવા; મુંડવું-માથું બોડવું વગેરે. [કરાવવી.
બોડાવવું, ક્રિ૦ સ૦ માથેથી વાળ કડાવવા. ૨ હજામત

બોડી, વિ૦ માથાના વાળ બોડાવ્યા હોય તેવી; બોડકી. એ શબ્દ ઘેરાં પરસ્પર અથવા છોકરીને ચીડતાં વાપરેછે.
બોંડું, વિ૦ ટોપી-પાઘડી વનાનું (માથું).
બોડું, બોરડી.
બોણવું, ક્રિ૦ સ૦ બોણી-કમાણી કરાવવી; રળાવવું; આપવું. ૨ ગાળ દેવી.
બોણી, સ્ત્રી૦ દુકાનદારને દુકાન ઉઘાડતાં પ્રથમજ જે રોકડ વકરો થાય તે. ૨ બેસતે વરસે વેપારીઓ પરસ્પર અથવા દલાલને અથવા આશ્રિતને બક્ષીસ દાખલ જે નાણું આપેછે તે. ૩ ઠપકો; ગાળ.
બોત, વિ૦ ઘણું. 'બોત ગઈ ને થોડી રહી' (ઉમર).
બોતાન-નું, ન૦ બુત્તાન-નું.
બોતેર, વિ૦ સિત્તેર ને બે; ૭૨.
બોથડ, વિ૦ કંઈજ સમજે નહિ તેવું; જડ; બુઘક; ઠોઠ.
બોદાર સિંગ, સ્ત્રી૦ એક જાતનું વસાણું.
બોદાવું, ક્રિ૦ અ૦ પાણી પીને તર થવું-(લાકડું વાંસ વગેરે).
બોધ, પુ૦ [સં૦] પ્રાપ્ત થયલું જ્ઞાન. ૨ ઉપદેશ. ૩ ગાંજો.
બોધક, વિ૦ [સં૦] બોધ આપનાર.
બોધન, ન૦ [સં૦] બોધ આપવો તે.
બોધવું, બોધ આપવો; ઉપદેશ કરવો.
બોધિત, વિ૦ [સં૦] જેને બોધ થયલો હોય તે.
બોબડું, વિ૦ બોલતાં જેની જીભ ખંચાતી હોય તે (માણસ).
બોર, ન૦ બોરડીનું ગોળ ફળ. ૨ એના જેવડું સ્ત્રીના પગની આંગળીએ ઘાલવાનું એક ઘરેણું તે.
બોરડી, સ્ત્રી૦ [બદરી] એ નામનું કાંટાંવાળું એક ઝાડ.
બોરદુ, સ્ત્રી૦ બાજુ; દોર.
બોરિયું, ન૦ એ નામનો એક છોડ અથવા તેનું ફૂલ. ૨ એક ઘરેણું. ૩ કપડાં-ધાતુનો જે છેક નાનો ગોળ અથવા ચપટો ઘાટ તે કેશમાં ભેરવવાને. અંગરખાનું બોરિયું; ડોરણું. ચોટલામાં ઘાલવાના બોરિયાં વગેરે.
બોરી, સ્ત્રી૦ જુવાર બાજરીના કસણાંમાંની એણ.
બોરું, ન૦ કસણાંમાં જે જે ભાગમાં અકડેઠા દાણો રહે તે તે અકડેઠા અથવા એનો ઝુમખો.
બોશ, પુ૦ પાથરવાનું જાડું કપડું; કામળો; બન્નુસ; જાજમ.
બોલ, પુ૦ અક્ષર. ૨ શબ્દ. ૩ વાક્ય. ૪ કડી; ટુંક; ચરણ. ૫ મેણું. [કરે તે (માણસ).
બોલકણું, વિ૦ વાતના પ્રસઙ્ગમાં બોલ બોલ કર્યા
બોલચાલ, સ્ત્રી૦ વાતચિતનો વેવાર. ૨ મેળાપ; દોસ્તી.
બોલબાલા, સ્ત્રી૦ સિદ્ધિ; જય; ચડતી; આબાદી.
બોલવું, ક્રિ૦ સ૦ મોડામાંથી ઉચ્ચારણ કરવું; અક્ષર કાડવો કે ધ્વનિ કરવી. ૨ શબ્દ-વાક્ય કાડવું; ભાષણ કરવું. ૩ કોઈને કંઈ કેવું; વાત કરવી. બોલીદેવું-રાખ્યા વગર કઈ દેવું-જણાવી દેવું.
બોલાચાલી, સ્ત્રી૦ થોડુંક બોલવાન. ૨ તકરાર; કજીઓ.

બોલાવવું, ક્રિ૰ સ૰ કોઈ બોલે તેમ કરવું. ૨ હાંક-બૂમ મારવી. ૩ પાસે તેડવું.

બોલી, સ્ત્રી૰ ભાષા—'બાર ગાઉએ બોલી ફરે.' ૨ મેણું. ૩ કબુલાત; સરત; વચન.

બોલુ, વિ૰ બોલનાર—'બોલ્યા બોલુ ને ધાંબલા ઢોર.'

બોવું, ક્રિ૰ સ૰ બીને ઉગે તેમ જમીનમાં ઘાલવું-નાખવું; વાવવું.

બોસ, સ્ત્રી૰ મમત; હઠ. ૨ બલાત્કાર. ૩ પતરાજી.

બોસો, પુ૰ ચુમ્બન; ચૂમી; બોકી.

બોળું, વિ૰ ઘણું; અતિશય; પથારાવાળું. (પાણી, ફેલાવ, કામ વગેરે).

બોળ, પુ૰ એક જાતનો ગુંદર.

બોળ, વિ૰ માત્ર મીઠાંમાં આથેલું એવું (અથાણું)—બોળકેરી.

બોળવું, ક્રિ૰ સ૰ પાણી-તેલ વગેરેમાં જરા અથવા બધું ડુબાડવું-ડુબાડી પાછું કાઢવું- ૨ પલાળવું. ૩ વણસાડવું; ગુમાવવું-(નામ).

બોળિયા, વિ૰ બોળ. બોળિયા લીંબુ ગુંદાં આદુ મરચાં વગેરે.

બૌદ્ધ, વિ૰ [સં૰] બુદ્ધે પ્રવરતાવેલા (ધર્મ). ૨ એ ધર્મનું (જન).

બ્યાન, બયાન.

બ્યાસી, વિ૰ એંસી ને બે; ૮૨.

બ્રહ્મ, ન૰ [સં૰] ઉત્પત્તિ સ્થિતિ લય કારણ નિર્ગુણ સચ્ચિદાનંદ તે. પુ૰ અવિનાશી પરમાત્મા; જગદીશ્વર પ્રભુ.

બ્રહ્મગાંઠ, સ્ત્રી૰ [સં૰] જનોઈમાં જે ગાંઠ તે.

બ્રહ્મચર્ય, ન૰ [સં૰] ચાર આશ્રમમાંનો એક—જનોઈ દેવાય ત્યારથી તે લગ્ન થતાં સુધીની જે અવસ્થા તે. ૨ સ્ત્રીસમાગમ ન કરવો એ જે પુરુષનું વ્રત તે. (મરણ સુધી અથવા કોઈ કામને અર્થે થોડીવાર).

બ્રહ્મચારી, પુ૰ [સં૰] બ્રહ્મચર્યવ્રત પાળનારો બ્રાહ્મણ.

બ્રહ્મદેવ, પુ૰ [સં૰] બ્રહ્મા. ૨ બ્રાહ્મણ.

બ્રહ્મપોરી, સ્ત્રી૰ [બ્રહ્મપુરી] બ્રાહ્મણને ઘરનું જે દાન આપેલું તે. ૨ જ્યાં બ્રાહ્મણોજ રેતા હોય તે મોહોલ્લો-ગામ.

બ્રહ્મભોજ, ન૰ બ્રાહ્મણને જમાડવા તે.

બ્રહ્મરાક્ષસ, પુ૰ [સં૰] ભણેલો બ્રાહ્મણ જે ભૂત થયો હોય તે.

બ્રહ્મા, પુ૰ [સં૰] વિશ્વની ઉત્પત્તિ કરવા માટે રજોગુણ પ્રધાન એવું જે બ્રહ્મસ્વરૂપ તે; બ્રાહ્મણોનો મૂળપુરુષ.

બ્રહ્માંડ, ન૰ [સં૰] અંડ-ગોળાકાર જે મહા વિશ્વ રચના તે (એમાં ચૌદભુવન કેવાય છે).

બ્રહ્માસ્ત્ર, ન૰ [સં૰] બ્રહ્માનું અસ્ત્ર.

બ્રાહ્મણ, વિ૰ [સં૰] આર્ય-હિંદુની ચાર જાતિમાંની એક અથવા તેમાંનું કોઈ. વિદ્યા ભણી ધર્મ નીતિનો ઉપદેશ કરનારો.

બ્રાહ્મણિયા, વિ૰ બ્રાહ્મણ સંબંધી-નું. ૨ શ્રીમન્તાઈ ભરેલું નહિ પણ સાદું ને સુઘડ.

બ્રીજ, ન૰ વ્રજ-વૃન્દાવન અથવા તે સમ્બન્ધી. બ્રીજભાખા—ગોકુળ મથુરાના લોક જે બોલી બોલે છે તે.

ભ.

ભ, પુ૰ ચોવીસમો વ્યંજન વર્ણ; બનો મહાપ્રાણ.

ભક ભક, ભગ ભગ.

ભક્ત, વિ૰ [સં૰] પ્રીતિ-આસ્થાથી સેવા કરનાર. ૨ ઈશ્વરની ભક્તિ કરવામાં કાળ કાઢનાર; ઈશ્વરભક્તિ વિષે બોધ આપનાર.

ભક્તવત્સલ, વિ૰ [સં૰] ભક્ત છે વાહાલા જેને એવા (ઈશ્વર-ગુરુ ઈ૰).

ભક્તિ, સ્ત્રી૰ [સં૰] પ્રીતિ-આસ્થાથી સેવા કરવી તે. (ઈશ્વર-રાજા-ગુરુ ઈ૰ની). નવધાભક્તિ એટલે નવ પ્રકારની ભક્તિ કહી છે. શ્રવણ-કીર્તન-સ્મરણ-પાદસેવન-અર્ચન-વન્દન-દાસ્ય-સખ્ય - આત્મનિવેદન ભક્તિ. ઈશ્વર પ્રાપ્તિના ત્રણ પ્રકાર છે—ભક્તિ, જ્ઞાન ને વૈરાગ. 'જહાં લગણ રળવાની શક્તિ, તહાં લગણ પરિવારની ભક્તિ'. (ચર્પટ પંજરી).

ભક્તિભાવ, પુ૰ [સં૰] ઈશ્વરભક્તિ વિષે અન્તઃકરણનો જે ભાવ તે.

ભક્તિમાન્, વિ૰ [સં૰] ભક્તિવાળું-કરનારું (જન).

ભક્તિમાર્ગ, પુ૰ [સં૰] ભક્તિવડે (જ્ઞાને નહિ) ઈશ્વર પ્રાપ્તિ કરીલેવાનો જે પ્રકાર-ઉપાય તે; ઉપાસનામાર્ગ.

ભક્ષ, ન૰ [સં૰] ખાવાનો પદાર્થ. ૨ જનાવરનો શિકાર.

ભક્ષણ, ન૰ [સં૰] ખાવું તે.

ભક્ષી, વિ૰ [સં૰] ખાનાર. અન્ન ભક્ષી, તૃણ ભક્ષી, માંસ ભક્ષી ઈ૰.

ભક્ષ્ય, વિ૰ [સં૰] ખાવાને યોગ્ય; ખાઈ શકાય તેવું.

ભખ, ભક્ષ.

ભખળ, ભખળેલ.

ભખળવું, ક્રિ૰ અ૰ આચારમાં ભ્રષ્ટ થવું.

ભખળેલ, વિ૰ પોતાના આચાર વિચારમાં અડબું ભ્રષ્ટ થયલું હોય તે (માણસ).

ભગ, ન૰ છિદ્ર કાણું. ૨ સ્ત્રીની ગુહ્યેન્દ્રિય. ૩ ઐશ્વર્ય.

ભગણ, પુ૰ આઠ ગણમાંનો એક (કવિતામાં). જે હરિ.

ભગત, ભક્ત.

ભગતી; ભક્તિ.

ભગતું, ન૦ ભક્તિ કરવાની—આચાર પાળવાની અતિસે જે ખટપટ-ઘેલાઈ તે. 'ઘર વંઠ્યું જાંહાં ભગતું પેઠું.'

ભંગદાળું, ન૦ બાકું; કાણું.

ભગન્દર, ન૦ ગુદ અને વૃષણ એની વચમાંના માંસમાં અથવા ગુહ્યેંદ્રિયમાં રોગથી જે છિદ્ર પડે તે. ૨ બાકું; કાણું.

ભગભગ, અ૦ જોરમાં વેતાં પાણીથી જે અવાજ થાય તે બતાવેછે. ૨ વરાળની જોશવાળી ગતિ બતાવેછે.

ભગરું, વિ૦ ચિકાસ વનાનું; ચોળતાં છુટા કણ પડી જાય તેવું (કંકુ, મટોડું વગેરે).

ભગવત, ભગવન્ત.

ભગવતી, સ્ત્રી૦ દેવી. ૨ રાણી. વિ૦ ભગવાન-ઠાકોરની સેવા કરનારૂં (ભક્તજન) તે.

ભગવન્ત, વિ૦ સકળ ઐશ્વર્યવાળો-ઈશ્વર. ૨ અંશીજન. ઋષિ-સાધુ-રાજા ઇ૦. એ શબ્દ બીજા સાથે જોડાયછે. ભગવદિચ્છા, ભગવદ્ભક્ત ઇ૦. [રાજા.

ભગવાન્, પુ૦ [સં૦] સકળ ઐશ્વર્યવાન જગદીશ્વર. ૨

ભગવું, વિ૦ ગેરુના રઙગનું. ભગવું નિશાણ મહાદેવના દેરાંના શિખર ઉપર. ન૦ ગેરુના રઙગથી રઙગેલું વસ્ત્ર. સન્યાસી, વેરાગી ઇ૦ પેરેછે. ભગવાં કરવાં એટલે વેરાગી થવું.

ભગળભાવાર્થી, વિ૦ અન્દર કંઈ ને બાર બતાવે કંઈ એવું જે જન તે; બગભગત.

ભગિની, સ્ત્રી૦ [સં૦] બેન.

ભગ્ન, વિ૦ ધા૦ [સં૦] છેદાઈ ગયલું; છિદ્ર પડેલું. ૨ નાશ થયલું. ૩ હાર પામેલું.

ભઙગ, પુ૦ [સં૦] વચમાંથી ભાંગી પડવું તે; પૂરૂં ભાંગી પડવું તે; નાશ. આશાભઙગ, મનોભઙગ ઇ૦. કકડા કરયા હોય તેવું હોવું તે; વાંકુ વળેલું તે. ત્રિભઙગી વૃત્ત (કવિતામાં); ત્રિભઙગી-ત્રણ ઠેકાણેથી વાંકો દેખાતો [(કૃષ્ણ).

ભઙગ, ભાંગ.

ભઙગડ, વિ૦ જેને ભાંગ પીવાનું વ્યસન હોય તે (માણસ).

ભઙગડખાનું, ન૦ જે ઠેકાણે ભાંગ પિનારાઓ ભાંગ પીવા આવતા હોય તે.

ભઙગાણ, ન૦ વચમાંથી ભાંગી પડવું-પાડવું તે; તૂટ.

ભઙગારો, પુ૦ ભાંગવાં તુટયાં વાસણની ફૂટ.

ભઙિગયો, પુ૦ નરક ફાડનારો ઢેડો. એની સ્ત્રી તે ભઙિગયેણ.

ભઙગી, વિ૦ ભઙગડ. ૨ ગફલતી; સુસ્ત. ભઙગી-ચઙગી-રઙગી, ભાંગ પીને પૂરા રંગનો હોય ને મોજો હોય તે. ૩ પુ૦ ભઙિગયો.

ભઙગુર, વિ૦ ભાંગી-તૂટી-ખરી પડે તેવું; જતું રે તેવું. ક્ષણભઙગુર. [જ થાય તે બતાવે છે.

ભચ, અ૦ ભાલો બરછી કટાર શરીરમાં પેસતાં જે અવા-

ભચકાવવું, ક્રિ૦ સ૦ ભચ્ચ દઈને મારવું.

ભચડભચડ, અ૦ દાંતે કચરી નાખવાથી જે અવાજ થાય તે બતાવે છે. ૨ ભાત-ડાંગેરની પરીક્ષા સારૂ તેને નળિયે-પથરે વતી કચરી નાખતાં જે અવાજ થાય તે.

ભચડવું, ક્રિ૦ સ૦ ડાબીજાખવું; કચરી નાખવું. (પાસાંથી, પગથી વગેરે).

ભચડાવું, ક્રિ૦ અ૦ ભચડેલું થવું. ૨ સઙકડાયલી-ડબાયલી હાલતમાં હોવું (જમાની તઙગાસથી).

ભચોભચ, અ૦ ઉપરાઉપરી ભચ થયાં કરવું તે બતાવેછે.

ભજન, ન૦ [સં૦] ભજવું તે. ૧ ઈશ્વરનું-ઇષ્ટદેવનું નામ વારંવાર લયાં કરવું તે; ઈશ્વરસ્મરણ. ૨ ઈશ્વરના ગુણ ગાવા તે; કીર્તન; સ્તુતિ; પ્રાર્થના. ૩ પદ ગરબી લાવણી વગેરે ઈશ્વર સમ્બન્ધી જે કવિતા તે.

ભજનિક, વિ૦ ભજન કરનાર.

ભજનિયાં, ન૦ ભજન કરતી વેળા વગાડવાનાં કાંસાં.

ભજનિયો, પુ૦ ગાઈને ભજન કરનાર.

ભજવવું-જાવવું, ક્રિ૦ સ૦ (ભવાઈ-નાટકમાં) વેશ કાડી તેની પેલથી તે શેવટ સુધીની હકીકત કહી-કરી બતાવવી.

ભજવું, ક્રિ૦ સ૦ ઈશ્વર-ગુરુ ઇ૦ને પ્રીતિ-આસ્થાથી સ્મરણ કરી, સ્તુતિ કરી, પૂજન કરી સેવવો. ૨ (લાક્ષણિક) આપવું; લાંચ આપવી. તેણે કંઈ તેને ભજ્યું કે શું?

ભજવું, ક્રિ૦ અ૦ દીપવું; શોભવું. 'વર્ણથી ચંપક ભજ્યું, માટે મધુકરે તેહેને તજ્યું' (નળદમયંતી).

ભજિયું, ન૦ કન્દ ફળ વગેરેને મસાલાવાળા ચણાના લોટનાં ખીરાંમાં બોળી તળવાથી જે બને છે તે.

ભજુ, વિ૦ ભજનાર (કવિતામાં).

ભઞ્જક, વિ૦ [સં૦] ભાંજનાર. ૨ નાશ કરનાર.

ભઞ્જન, ન૦ [સં૦] ભાંજવું-ભાંગવું-તોડવું તે. ૨ નાશ.

ભટ, પુ૦ [સં૦] યોધ્ધો; લડવૈયો. [સં. ભટ્ટ-મોટો પણ્ડિત] બ્રાહ્મણ-ઘણું કરીને જે ભિક્ષા માગેછે, પાણી ભરેછે, રસોઈ કરેછે તે. એ શબ્દ બ્રાહ્મણની કેટલીક ન્યાતને જોડાય છે-ભટમેવાડા વગેરે. પોથી વાંચનાર બ્રાહ્મણની અટક છે. અ૦ ધિક્કાર; ફટ; તુચ્છ. ૨ ઝટ.

ભટકવું, ક્રિ૦ અ૦ ફાયદો ન થનો હોય તે જુતાં-કામ વગર અહીંથી તહીં, તહીંથી અહીં એમ ફરયાં કરવું; રખડવું; રઝળવું. ૨ અહીં તહીં ફરીને તાક્યાં કરવું.

ભટકાં, ભટકિયાં.

ભટકાવવું, ક્રિ૦ સ૦ રખડાવવું. ૨ ભુલાવવું.

ભટકિયાં, ન૦ રખડવું તે; ફાંફાં મારવા તે.

ભટાઈ, સ્ત્રી૦ ખુશામતમાં જોઈયે તેથી વધતાં જે વખાણ કરવાં તે; અતિશયોક્તિ. (ભાટની પેઠે).

ભટિયો, પુ૦ ગોસાંઈજી મહારાજના મન્દિરમાં રે'તો તેની ન્યાતનો આશ્રિત (વંશ રાખવાને રાખેલો).

ભઠ્ઠો, પુ૦ એ શબ્દ બ્રાહ્મણને તુચ્છકારથી બોલાવતાં વપરાય છે.

ભઠવું, ક્રિ૦ સ૦ ધમકાવવું; વઢવું.

ભઠિયારો, પુ૦ રાંધવાનો બન્ધો કરનારો; રસોઈયો. ૨ રાંધીને વેચનારો.

ભઠ્ઠી, સ્ત્રી૦ ભોંયમાં આડો ખોદી ઉપરથી ચણી લઈ અથવા ભોંય ઉપર ઈંટ-પથરા મુકી થાપી ચણી બનાવેલો જે મોટો ચૂલો તે. ભાડભુંજાની, સુકડિયાની, લુહારની વગેરેની ભઠ્ઠી. ૨ જે પદાર્થને અગ્નિની આંચ આપવાની હોય તે પદાર્થની લાકડાં છાણાં કચરા સાથે જે ગોઠવણ કરી હોય તે-કેળાંની, ચૂનાની, ઈંટની ભઠ્ઠી. ૩ જે મોટા ચૂલા તથા તે ઉપર મુકેલાં જે મોટાં વાસણ તે-રસાયન પકવવાની ભઠ્ઠી, ધોબીની વગેરેની. ૪ ભઠ્ઠી ઉપર મુકેથી તૈયાર થયેલો જે પદાર્થ તે. ભઠ્ઠી ચડવી-ઉતરવી કે'વાયછે. ૫ દર ભઠ્ઠીમાં તઈયાર થયેલો જેટલો પદાર્થ તે. પાંચ મુડાની એક ભઠ્ઠી.

ભડ, વિ૦ મોટો બળિયો (યોદ્ધો). ૨ મોટો પ્રતાપી ને સમૃદ્ધિમાન (રાજા).

ભડ, ન૦ ભોપાળું. અ૦ એવો થતો અવાજ.

ભડકણ, વિ૦ ભડકે તેવું (માણસ, ઢોર વગેરે).

ભડકવું, ક્રિ૦ અ૦ ચમકવું; બીકથી અટકવું અથવા દોડી-[જવું.

ભડકાવવું, ક્રિ૦ સ૦ ચોંકાવવું; બીવડાવવું. ૨ ડપકો દેઈ ગભરાવવું.

ભડકિયું, ન૦ ઘી ગંધક લગાડેલી એવી ચિથરાની કાકડીને બાળેથી જે તેલ પડેછે તે-(ચાંદા ઉપર ચોપડવાને).

ભડકી, સ્ત્રી૦ જુવારને દળી તેની અન્દર પાણી નાખી ઉકાળેથી જે બને છે તે (ખાવાનો પદાર્થ).

ભડકું, ન૦ ભડકો. ૨ જોરાવાળું મોટું બળતું; તાપ.

ભડકો, પુ૦ મોટું ભડકું; તાપ. ૨ જુલ્મથી અથવા તેવું જ કંઈ ઓસડ ખાધાથી પેટમાં જે એકદમ આગ ઉઠે તે. ૩ દલગીરીના જોસ્સાથી જે દુઃખ થાય તે.

ભડફગ, એ શબ્દ નાગાની સાથે જોડાઈને બિલકુલ તથા બીલ્કુલ એવો અર્થ રાખેછે. નાગોભડફગ.

ભડતં, ન૦ દેવતાની આંચથી ભુંજેલું આખું વેગણ જેની છોલ કાઢી છુંદી દહીં અથવા મસાલા સાથે ભેળી ખાવામાં આવે છે તે.

ભડભાવું, ક્રિ૦ અ૦ અગ્નિમાં દાઝવું.

ભડભડ, અ૦ જોરામાં ઘોડી નિકળે-પાણી પડે-બળતું થાય-એમ તે એમ તે બોલાય તે વિષે બોલતાં વપરાય છે.

ભડભડિયો, વિ૦ દિલના ઉભરા સપાટાની સાથે બ્હાર કહાડી નાખવાની ટેવ હોય તે.

ભડભડી ઊઠવું, ક્રિ૦ અ૦ ફુંકવાઈને એકદમ જોરામાં બળતું થવું. ૨ એકદમ જોરામાં ગુસ્સો કરવો.

ભડવાઈ, સ્ત્રી૦ ભડવાનું જે કામ તે. ૨ ભડવાને જે કમાઈ થાય તે.

ભડવાડ, ભરવાડ.

ભડવું, ક્રિ૦ સ૦ અનાજને બે ફાડ થાય તેમ અથવા અધકચરું દળવું. ૨ એકદમ જોરામાં બબડી જવું (જેમાં છાની વાત પણ હોય). ૩ કજિયો કરવો; લડવું.

ભડવો, પુ૦ સ્ત્રીનો પર પુરુષ સાથે અથવા પુરુષનો પર સ્ત્રી સાથે સંભોગને અર્થે મેળાપ કરાવી આપનારો-નાણું લઈને.

ભડાક, અ૦ એવા એકદમ થતા અવાજની સાથે. ભડાક-ભડાક દઈને બારણું બંધ કીધું.

ભડાકો, પુ૦ તોપ બન્દુક ફુટવાથી જે અવાજ થવો તે. ૨ કોઈ મોટી વસ્તુ ઊંચેથી પડવાથી જે અવાજ થવો તે (દીવાલ વગેરેનો).

ભડાભડ, અ૦ ભડ, ભડ એમ જે એકદમ જોરામાં ને ઉપરાઉપરી અવાજ થવો તે બતાવે છે.

ભડું, ન૦ બારી બારણાનાં ચોકઠાંને લગતો ભીંતનો જે ભાગ તે.

ભડોભડ, ભડાભડ.

ભડ્ડો, ભરડો.

ભણ, પુ૦ સૂરજ; ભાણ. ભણ ડુબવો-બુડવો એટલે અસ્ત થવો.

ભણકાર-રો, પુ૦ ફલાણાનો, એવી ભ્રાન્તિ વાળો જે અવાજ કાને પડવો તે.

ભણકો, ભણકાર-રો.

ભણતર, ન૦ ભણવાનું તે. ભણવાનો વિષય.

ભણવું, ક્રિ૦ સ૦ [સં૦ ભણ-ઉચ્ચારણ કરવું. ભણતિ-કે'છે] શિખવું; જ્ઞાન મેળવવું; ન જાણવામાં હોય તે જાણી લેવું. (કોઈના કહ્યાથી, અભ્યાસથી, અનુભવથી ને પોતાના વિચારથી). ૨ જ્ઞાન મેળવવા સમ્બન્ધી અભ્યાસ કરવો. નિશાળે ભણવા જવું. ૩ કે'વું; બોલવું.

ભણાવવું, ક્રિ૦ સ૦ વાંચતાં લખતાં ગણતાં શિખવવું. ૨ જ્ઞાન આપવું. ૩ સલાહ આપવી; સમજાવવું.

ભણી, અ૦ તરફ; મેર; બાજુ. જમણા હાથભણી.

ભણેલ, વિ૦ ભણેલું; શિખેલું (જન); વિદ્વાન.

ભણ્ડાર, પુ૦ [સં૦ ભાણ્ડાગાર] જ્યાં-જેમાં પુષ્કળ ધન ભરી મુક્યું હોય તે જગા-ભોંયરું- ઓરડો-પેટી વગેરે. જામદારખાનું; ખજાનો; તિજોરી. ૨ દોલત; ગરથ; ધનમાલ. ૩ વાહણના સુકાન તરફના ભાગમાં તુતકની નીચે જે ઓરડો તે. ૪ માલ ભરવાની વખાર. 'અંડાર ભરપૂર રે'હો ને કાળકંટક દૂર થાઓ' એમ ચાંચડો બોલેછે.

ભણ્ડારિયું, ન૦ ભીંતમાં રાખેલો ગોખલો જેની અન્દર ખાનાંને બ્હાર બારણાં હોય છે તે.

ભણ્ડારી, પુ૦ ભણ્ડાર-ખજાનાનો રખેવાળ; જામદારખાનાની સત્તા જેના હાથ હોય તે કારભારી; ખજાનચી; કોઠીદાર. ૨ અનાજ વગેરેની સમ્ભાળ રાખનારો

કોઠારી. ૩ (મુંબઈમાં) તાડી વેચવાનો ને દારુ ગાળવાનો ધન્ધો કરનારી એક જાત છે.

ભાણ્ડારો, પું૦ જે નાતનો જે હોય તેણે તે નાતના તમામ માણસોને જમવાં તેડવાં તે.

ભાણ્ડોલ-ળ, ન૦ એકથી વધારે જણે પોતપોતાની પાંતી આપી જે ઉભું કરેલું નાણું તે-(ધન્ધાને માટે); વેપાર કરવા નિમિત્તનું જે નાણું તે. ૨ પોતાની પાસે જે રોકડ હોય તે; થાપણ; એકઠી કરેલી પુંજી.-એની પાસે ભંડોલ કેટલોક હશે વારુ?

ભતરીજો, પુ૦ [ભ્રાતૃજ] ભાઈનો છોકરો (સગપણમાં) કાકો ને ભતરીજો, ફોઈ ને ભતરીજો. ભાઈની છોકરી તે ભતરીજી.

ભત્તું-થ્થું, ભાથું.

ભદ્ર, ન૦ [સં૦] કલ્યાણ; શુભ; મંગળ; આબાદી. ૨ માથું બોડાવી નાખવું તે; ક્ષૌર.

ભદ્રાક્ષ, પુ૦ [સં૦] એક જાતનું ઝાડ જેનાં ફળ મણકા રૂપે થાય છે. એ રુદ્રાક્ષ કરતાં વધારે હલકા ને ભાગી-ફાટી જાય તેવા હોય છે. [કરવું.

ભપકાવવું, ક્રિ૦ સ૦ જોરમાં પાણી રેડવું અથવા બળતું

ભપકી, સ્ત્રી૦ ધમકી; દેહેશત.

ભપકો, પુ૦ ધમકી; ઠપકો. (જુઠો). ૨ રોપ; તોર; મિજાજ; ડોળ (ખાલી). ૩ આગનું જોરથી સળગવું તે.

ભપ્પલ, વિ૦ પોતાનું શરીર પોતાને ઊંચકવું મુશ્કેલ પડે તેવું ફુલેલું જાડું (માણસ).

ભભક, સ્ત્રી૦ તેજી; ચળકાટ; તેજના કિરણનું બાર ઉડવું તે. રફગની ભભક. ૨ બાર પડતી છુટા-સાન-તરેહ.

ભભકાવવું, ભપકાવવું.

ભભકો. ભપકો.

ભભડવું. ક્રિ૦ અ૦ ખાવાસારૂ મોઢું ચવળવું. ખાઊં ખાઊં એમ મન થવું. ૨ મોટો સાદ કાડવો (લડતાં).

ભભડો, પુ૦ મોઢું ભભડવું તે. ૨ મરી સંચોરો હીંગ વગેરેનો ઉકાળો. [વેરવો-નાખવો.

ભભરાવવું, ક્રિ૦ સ૦ કોઈના ઉપર આછો આછો ભૂકો

ભભૂકો, પુ૦ એકદમ જોરામાં બળતું થઈ આવવું તે.

ભભુત-તી, સ્ત્રી૦ [વિભૂતી] ભસ્મ; મન્ત્રેલી રાખ.

ભમરડી, ભમરડી.

ભમરડો, ભમરડો.

ભમતી, સ્ત્રી૦ માખી.

ભમર, ભમરો. ૨ ભમ્મર.

ભમરડી, સ્ત્રી૦ નાનો ભમરડો.

ભમરડો, પુ૦ લાકડાં-હાથીદાંતનું આરવાળું રમકડું દોરી વીંટાળી ફેંકવામાં આવે છે ત્યારે તે જમીન ઉપર ધું ધું કરતું ગોળ આકારમાં ફરે છે. ૨ એક જાતનું ફળ-એનું શાક થાય છે. ૩ ભમરો.

ભમરી, સ્ત્રી૦ ભમરાની માદા. ૨ મટોડાંના ઘર બાંધનારો જીવડો. ૩ ચકરડી; તમ્મર; અંધારાં; ફેર. ભમરી ખાઈને પડ્યો. ૪ મધમાં પુડો બાંધનારી માખી. એનું મધ રાતું થાયછે.

ભમરો, પુ૦ [ભ્રમર] પીળાં મોડાંનો ને અંગે કાળો એવા પાંખવાળો વાંસ લાકડું કોરનારો જીવડો. ૨ એક જાતની મોટી કાળી માખી જે કમળ કેવડા વગેરે ફૂલની આસપાસ ભમેછે તે. ૩ વેતાં પાણીમાં જે ગોળ કુંડાળાં જેવો આકાર થાયછે તે. ૪ વરસાદના દાડામાં આકાશમાં ઉડતો લાંબી પુછડીનો જે જીવડો થાયછે તે. ૫ ઢોર-માણસના શરીર-માથાના એકાદા ભાગ ઉપર વાળનો કુંડાળાં જેવા જે આકાર હોયછે તે. ૬ મધનો પુડો બાંધનારો જીવડો-એનું મધ ધોળું થાયછે.

ભમવું, ક્રિ૦ અ૦ અહીં તહીં ફરવાં કરવું-ઉડવાં કરવું-ફાંફાં મારવાં (પ્રાણીએ); ભટકવું.

ભમાવવું, ક્રિ૦ સ૦ માણસને ફાંફાં મરાવવાં. ૨ જુઠું સમજાવવું; છેતરવું; ઠગવું.

ભમ્પાડો, વિ૦ મોટા પાડા જેવું (માણસ).

ભમ્પોલ, વિ૦ અન્દરથી પોલું પણ ઉપરથી જાડું દેખાતું.

ભમ્ભેરવું, ક્રિ૦ સ૦ કંઈ કંઈ કહીને જુઠું સમજાવવું; ભમાવવું. તેણે તેને ભંભેરયો, તેણે તેના કાન ભમ્ભેરયા એમ બોલાયછે.

ભમ્ભો, પુ૦ પાણી રાખવાનું માટીનું વાસણ.

ભમ્ભોરવું, ભમ્ભેરવું.

ભમ્ભોળવું, ક્રિ૦ અ૦ ફાંફાં મારવાં; ખોળવું; સંતાયલું ઢાંકેલું-ખોવાયલું અહીં તહીં જોવું.

ભમ્મ, અ૦ ભારે નક્કર વસ્તુ ઊંચેથી પડતાં જે અવાજ થાયછે તે બતાવેછે.

ભમ્મર, ન૦ આંખના પોપચાંની ઉપરનો કપાળની નીચેનો જે કમાનદાર નિમાળા વાળો અવયવ તે-ભમ્મર ફરવું. ભ્રકુટી; ભવું.

ભય, ન૦ [સં૦] બીક; ડર; ધાસ્તી. ૨ સકટ; આફત.

ભયંકર, વિ૦ [સં૦] જોતાં-સાંભળતાં બીક લાગે તેવું; ભય ઉપજાવનારૂં; બિયામણું. [આંધળું થઈ રેપલું.

ભયભીત, વિ૦ [સં૦] બિહીલું; ડર ખાઈ ગયલું; ભયથી

ભયાનક, વિ૦ [સં૦] ભય-ડરવાળું; ભય ભરેલું; ડરામણું.

ભયો, અ૦ પુષ્કળ-બહુ થયું એ અર્થમાં. (પિરસનારને કેવામાં આવેછે).

ભર, વિ૦ [સં૦] ઘણાંમાંઘણું; જેટલું હોવું તેટલું; પુરા જોરાવાળું; પૂરું; મોટું. ભરઊંઘ, ભરચોમાસું, ભરજુવાની, ભરપૂર, ભરદરિયો. ૨ ભરેલું-માપેલું જેટલું તે. સેરભર લોટ, કોસભર મજલ.

ભરઊંઘ, સ્ત્રી૦ પૂરી-પાકી ઊંઘ.

ભરચટ-ર, અ૦ પુષ્કળ; સારીપેઠે; જોઈયે તેટલું; ભરપૂર.

ઢોરને ચારો ભરચટ છે, હમણાં દૂધ દહીંની ભરચટ ચાલ્યાં કરેછે. [(ઘોડાને).

ભરચન્દી, સ્ત્રી૰ ઘણાંમાંથણી જેટલી જોઈયે તેટલી ચન્દી

ભરચોમાસું, ન૰ ચોમાસાંનાં જે મહિનામાં વરસાદ બહુ પડતો હોય તેનું-તે (આષાઢ મહિનામાં).

ભરજુવાની, સ્ત્રી૰ ખરી-પૂરી જુવાની. પુરુષને ૨૦ થી તે ૨૫ વરસની અન્દર ને સ્ત્રીને ૧૫ થી તે ૨૨ ની અન્દર ભર જુવાની હોય છે (આજકાલ ગુજરાતીયોમાં).

ભરડવું, ક્રિ૰ સ૰ અનાજને જાડા કણ પડે તેવું દળવું. ૨ ગમેતેમ જોરામાં બોલીદેવું.

ભરડો, પુ૰ ભરડેલા પદાર્થમાંનો પડેલો જે ભુકો તે-દાળને ભરડો. ૨ મહાદેવનો પૂજારી; તપોધન. ૩ છાપરાંના સાકડાને કામડાં સરક્યા પેલાં સાકડાને કબજામાં લેવા ઉપર નીચે જે બબ્બે વાંસ જકડી લીધેલા તે; બન્ધ.

ભરણ, ન૰ [સં૰] ખવડાવવું પિવડાવવું તે. ૨ દુખતી આંખમાં જે ખાપરિયું-જસત વગેરે ભરવું તે-ભરણ ભરવું. ૩ જાદુગરે જે ટુચકો કરવો તે (કોઇને નુકસાન પોંચાડવાને).

ભરણપોષણ, ન૰ [સં૰] ખવડાવી પિવડાવી સંભાળથી ઉછેરવું-મોટું કરવું તે. ૨ ગુજરાન. [વું તે.

ભરણી, ન૰ [સં૰] સત્તાવીસમાંનું બીજું નક્ષત્ર. ૨ ભરુ-

ભરણું, ન૰ કચેરીના શરાફ-સરકારને ત્યાં નાણું પોંચાડવું-મોટી તીજોરીમાં ભરવું તે; પોતું ભરવું તે. ૨ અધુરું હોય તે ભરીનાખવું-પૂરું કરવું તે. ૩ સરપણ; જથો.

ભરત, ન૰ અનાજ દૂધ વગેરેનું માપ; માપી-ભરી આપવું તે. ૨ ભરતર-જ (વાસણ). ૩ લુગડાં ઉપર, રેશમ-કસબ-ઉન-દોરા વગેરેથી ચિત્ર કાઢેલાં તે. રેશમનું ભરત; કારચોબીનું ભરત વગેરે.

ભરતખણ્ડ, પુ૰ હિંદુસ્થાન.

ભરતર-જ-ળ, સીસું-જસત-કાંસુ વગેરેના મિશ્રવાળું પિત્તળ જેનાં ચિત્રામણવાળાં વાસણો બનેછે તે; એ પિત્તળનો રસ બિબામાં રેડી નવો ઘાટ બનાવવો તે. ૨ અનાજ વગેરેનું જે માપ તે.

ભરતાર, પુ૰ [ભર્તા] ધણી; વર; માટી.

ભરતિયું, ન૰ વાણમાં માલ ચડાવ્યો હોય તેની યાદી; સતમી. ૨ કોઈમાં જેટલું માઈ શકે તેટલું તે. હોડી-ગાડીનું ભરતિયું.

ભરતિયો, પુ૰ [૧લા અર્થમાં] ભરતર-જનું કામ કરનારો.

ભરતી, સ્ત્રી૰ ભરાવું તે. ૧ દરિયામાં અથવા તેને લગતી નદી ખાડીમાં છ છ કલાકને અન્તરે જે પાણી વધેછે તે; વીળ. ભરતી ને ઓટ. ૨૪ કલાકમાં બે વાર ભરતી ને બેવાર ઓટ થાય છે. ૨ ભરતિયું (૨ જા અર્થમાં); પૂરું ભરાઈ રેવું તે. ૩ ઘણી પ્રાપ્તિ થવી તે. (ધન સુખ વગેરેની). ૪ લશ્કરમાં વધારો કરવો તે.

ભરથાર, ભરનાર. [આપવું તે.

ભરપાઈ, સ્ત્રી૰ નાણાં પોંચ્યાં એવું હુંડી ઉપર જે લખી

ભરપૂર, વિ૰ સમ્પૂર્ણ ભરેલું એવું; માથા સુધી ભરેલું એવું (વાસણ). ૨ પુષ્કળ; જોઈયે તેથી વધારે; ઘણું; બહુ.

ભરભાંખળું, ન૰ સૂરજ ઉગવાની થોડીક વાર પેલાં જે ઉજાસ પડવો તે; મળસકું; મોટું પરોઢિયું.

ભરમ, પુ૰ [ભ્રમ] ભ્રાંતિ; શક; વેમ. ૨ ઘરમાં પુંજી-ગરથ છે એવો જે લોકમાં વેમ હોય તે. 'ભરમ હોય તે સારો' 'ભરમ ભારી ખીસા ખાલી.' ૩ છૂપો ભેદ; ગુહ્ય.

ભરમાવવું, આડું અવળું-જૂઠું સમજાવવું; કાંન ભભેરવા; છેતરવું; ભમાવવું.

ભરમિજલસ, સ્ત્રી૰ ઠઠોઠઠ ભરાયલી સભા.

ભરવાડ, પુ૰ બકરાં ઘેટાં પાળવાનો-વેચવાનો ધન્ધો કરનાર એક જાતિ છે.

ભરવાડો, પુ૰ ભરવાડ. ૨ એ નામનું એક ઝાડ.

ભરવું, ક્રિ૰ સ૰ [સં૰ ભરણ. ભૃ-પોષણ કરવું] એકાદા ઠામમાં એકાદો પદાર્થ નાખવો. બરણીમાં દાણો ભર, દેગડામાં પાણી ભર વગેરે. ૨ એકાદા ઠામમાં એકાદો પદાર્થ તેનાં મળાં-મોઢાં સુધી નાખવો. ૩ કુવા ટાંકાં વગેરેમાંથી દોરડાં વતે કાડવું અથવા નદી તળાવ વગેરેમાંથી લઈ આવવું ને ઘરનાં વાસણોમાં નાખવું (પાણી). ૪ પાણી કાડવા વગેરે કામ કરવાની નોકરી કરવી, તે તેને ત્યાં પાણી ભરેછે. ૫ સરાફને ત્યાં મોકલવા-જમે કરાવવા અથવા કોઈના માગતાંમાં આપવા (રૂપિયા); ભાડું ભરવું, ગણોત ભરવું, વસુલ ભરવું વગેરે. ૬ લંબાઈ પોળાઈ માપવી. (જમીન લુગડાં વગેરેની). ૭ ભરત કાડવું. ૮ લોકને એકઠા કરવા સભા-મિજલસ ભરવી. ૯ એકાદી ટીપમાં નામ સાથે રૂપિયાનો આંક લખી આપવો. ટીપમાં પાંચ રૂપિયા ભરયા. ૧૦ બીબાં જોડાજોડ ગોઠવવાં (ટૈપ ભરવા). ૧૧ બન્દુક તોપ વગેરેમાં દારૂ ગોળી નાખી ગડબવું. ૧૨ ખાલી ખાનામાં લખવું, રંગ પુરવો વગેરે-ખાના ભરવાં. ૧૩ અધુરું હોય તે પુરું કરવું-ખાના ભરવાં. ભરી આપવું એટલે નુકસાનીનો બદલો આપવો. ૨ ટીપમાં ભરવું; ભરી લેવું એટલે નુકસાનીનો પુરો બદલો લેવો. સમજીને ડગલું ભરવું એટલે વિચારીને કામ ચલાવવું. ભરી મુકવું એટલે સંઘી રાખવું. વાડી ભરવી એટલે નીમાળા ઉપર ફૂલ ગુંથવાં.

ભરાઉ, વિ૰ ભરેલું.

ભરાવ, પુ૰ ભરેલું જે તે; ભરાવું તે. ગણનો ભરાવ. લોકનો ભરાવ થવા માડયો. [ભરે તેમ કરવું.

ભરાવવું, ક્રિ૰ સ૰ ઊંધું ચત્તું સમજાવવું; કાન ભરવા. ૨

ભરાવું, ક્રિ૦ અ૦ ભરેલું થવું. ૨ વળગી રેવું; વિંટળાઈ રેવું. ૩ અન્દર પેસવું. ૪ સંતાવું; ભરાઈ રેવું. ભરાઈ આવવું એટલે થાકી જવું. પગ ભારાઈ ગયા. ૫ પાણી ભરાઈ ગયાં એટલે આપ્પર આવવી.

ભરીપુરી, સ્ત્રી૦ પુરે પુરું; સઘળું તે. 'ભરી પુરી પામ્યાં એવું પોંચમાં લખાય છે.

ભરુસા, ભરોસા. [જતી નથી.

ભરેડી, સ્ત્રી૦ વાન; કાન્તી. એના શરીરની ભરેડી વ-

ભરે ભાણે, અ૦ એકવાર સારી પેઠે લેવું ને પછી ન લેવું ને લીધું હોય તેમાંનું કંઈ બાકી–છાંડયું ન રાખતાં સઘળું

ભરેસપત, બૃહસ્પત વાર. [જામી જવું તે.

ભરોસાદાર, વિ૦ વિશ્વાસુ; ખાતરીનું. ૨ પ્રમાણિક.

ભરોસો, પુ૦ [હિં૦] વિશ્વાસ; વચન. ૨ ખાતરી; પતીજ. ભરોસો આપવો–લેવો–કરવો–રાખવો.

ભર્તા, પુ૦ પતિ; સ્વામી; વર. [શબ્દનું ઉલટું).

ભલતું, વિ૦ ગમે તે; કોઈ પણ. (અમુક–ફલાણું એ

ભલભલા, વિ૦ મોટા મોટા. 'ભલભલા કુંવારાને ઓળખે બે.'

ભલમનસાઈ, સ્ત્રી૦ ભલી માણસાઈ. સભ્યતા, માયાળુપણું, પ્રમાણિકપણું, નમ્રપણું, સાલસાઈ, સુધાઈ.

ભલાઈ, સ્ત્રી૦ ભલમનસાઈ. ૨ ભલું કરવું તે.

ભલા ભલી, વિ૦ મોટાં મોટાં–યશસ્વી માણસો હોય તેવી (દુનિયાં). [પોંચાડવો તે.

ભલામણ, સ્ત્રી૦ ભાળવણ; સોંપણ. ૨ સિફારસ; વગ

ભલીવાર, પુ૦ સવ; હોસ; રામ. ૨ આવડત; ગમ. ૩ સાન સોગત.

ભલું, વિ૦ માયાળુ. ૨ સભ્ય; ડાહ્યું; નરમ મિજાજનું. ૩ પ્રમાણિક; સાચું. ૪ માનમાં રઈ ઉલમે કરી સન્તોષે રે તે.

ભલું, ન૦ સારું–રુડું તે; કલ્યાણ; સુખ. 'ભલું થયું ભાંગ્યો જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.'

ભલું, અ૦ સારું થયું કે. ભલું થયું કે આવ્યા.

ભલે, અ૦ ભલું. ૨ સાબાસ; ધન્ય.

ભલેરું, વિ૦ ભલું. [જથી).

ભલોધનેત્તર, વિ૦ ગમે તેવો મોટો (તન–મન–ધન ખ-

ભલ્લ, પુ૦ [સં૦] બાણ.

ભવ, પુ૦ [સં૦] સંસાર. ૨ શિવ. ૩ ઉત્પન્ન થવું તે; મનોભવ. ૪ જનમ; અવતાર; જન્માંતર.

ભવતારણ, ન૦ સંસાર બન્ધનથી મુક્ત કરનારું.

ભવન, ન૦ [સં૦] ઘર; રેઠાણ; મુકામ.

ભવસાગર–સિન્ધુ, પુ૦ [સં૦] સંસાર રૂપી સમુદ્ર.

ભવાઈ, ભવૈ.

ભવાબ્ધિ, પુ૦ [સં૦] ભવસાગર.

ભવાયો, પુ૦ ભવૈ કરનારો–કરી રળી ખાનારો. ૨ નફ્ફટ; નિર્લજ; ફજેતખોર (પુરુષ).

ભવિષ્ય, ન૦ [સં૦] આવતા કાળમાં જે બનવાનું છે; નસીબ; પ્રારબ્ધ. ૨ બનવાની વાત આગળથી કેવી તે.

ભવિષ્ય, વિ૦ [સં૦] આવવાનો (કાળ). ભૂતકાળ, વર્તમાનકાળ ને ભવિષ્યકાળ.

ભવું, ન૦ ભમ્મર, ભ્રકુટી. ભવાં એ અનેક વચન. ભવાં ચડાવવાં એટલે ક્રોધ બતાવવો.

ભવેડો, પુ૦ ફજેતી; કોઈ પણ વાતની ચુંથાચુંથ તે. રોજને રોજ એ સો ભવેડો?

ભવૈ, સ્ત્રી૦ વેશ કાડી ખેલ કરવો તે; એક પ્રકારનું નાટક. ૨ ફજેતીનો ખેલ.

ભવોભવ, પુ૦ એક પછી બિજો એમ ઉતરોત્તર જે અવતાર લયાં કરવા તે; જન્માંતર.

ભવ્ય, વિ૦ [સં૦] બારેખમપણાં સાથે શોભીતું એવું; પ્રૌઢ સુન્દર (કાન્તિ; મન્દિર ઇ૦).

ભસ, ન૦ રાખ (ભસ્મ). ધુળભસ.

ભસકું, ન૦ વરસાદનું નાનું–થોડું ઝાપટું.

ભસમ, ભસ્મ.

ભસવું, ક્રિ૦ અ૦ કુતરાંનું બોલવું. ૨ નિરર્થક નિન્દા કરવી. 'હાથીની પછવાડે કુતરાં છોને ભસે.' ૩ બોલવું. (ભસની ભસની, જે હોય તે). ભસીઉઠવું–ગમેતેમ, ખીજવાઈ બોલી ઉઠવું.

ભસ્તું, ન૦ ભસ્તો.

ભસ્તો, પુ૦ જઠર; પેટ. (કેમ ભસ્તું ભરયું?) ૨ પારસીએ જ્યાં પોતાના મુડદાંને નાખી આવેછે તે ઠેકાણું; દખમું (તુચ્છકારમાં).

ભસ્મ, સ્ત્રી૦ [સં૦] રાખ; રાખોડી. ૨ યજ્ઞની રાખ; મન્ત્રેલી રાખ. ૩ રસાયનની ખાખ.

ભસ્મીત, વિ૦ બાળીને રાખ કરીનાખેલું એવું.

ભળ, સ્ત્રી૦ ભળતાં–હળીમળી જવાની પેલાં અજાણપણને લીધે જે ડર–સક્કોચ–શરમને. ભળભાંગવી.

ભળકડું, ન૦ સૂવાર થતાં પેલાં જે આંધળું ધુંધળું તે; મળસકું. ભળભાંખળું પણ કેવાયછે.

ભળવું, ક્રિ૦ અ૦ મળતું આવવું; સરખું હોવું. તેનો સ્વભાવ તેને ભળતો છે. ૨ સામેલ થવું; સરખું થઈ રેવું; મળીજવું; મળીને એક થવું. તે તે મંડળીમાં ભળ્યો.

ભાં, અ૦ બળદ ગાયનું બોલવું બતાવે છે.

ભાંગ, સ્ત્રી૦ [સં૦ ભંગા] એક જાતનો છોડ અથવા એનાં બી સાથે ને પાતરાં તે–એમાં કેફ હોય છે. ૨ એ બી સાથેનાં પાતરાં વાટી છુણી કાડેલું જે પાણી તે. ૩ તમાકું; તપખીર. [(જાત).

ભાંગરું, ન૦ ખાંડતાં વધારે ભાંગી ચૂરો–ભૂકો પડે તેવું

ભાંગરો, પુ૦ એક જાતનો છોડ–એ ઓસડમાં આવેછે.

ભાંગવું, ક્રિ૦ સ૦ કકડા કરવા; તોડી નાખવું; ફૂટે પાડવું. ૨ સરૂખાના ભાગ કરવા. ૩ ઓછું આપવું; ન આપવું.–તેણે સોરા રૂપિયા ભાંગ્યા; ૪ ઉંઘ

ક્રિ૦ અ૦ કકડા થવા; આખું હોય તે છૂટું પડી જવું; [ચીરા પડવા.
ભાંગવું, ક્રિ૦ અ૦ કકડા થવા.
ભાંગું, વિ૦ કકડા થયલા તેવું.
ભાંજગડ, સ્ત્રી૦ તકરાર; હા ના. ૨ પંચ્યાંત; ખટપટ.
ભાંજણી, સ્ત્રી૦ [ભઞ્જન] સઙ્ખ્યાના ભાગ કરવા તે. ૨ ઓછા મૂલનાં નામની સઙ્ખ્યાને ભારે મૂલનાં નામમાં આણવી અને ભારે મૂલનાં નામની સઙ્ખ્યાને ઓછાં મૂલનાં નામમાં આણવી એ સમ્બન્ધી જે ગણિત તે. આનાના રૂપિયા કરવા ને રૂપિયાના આના કરવા. ૩ દોરડું વણવાની ક્રિયા.
ભાંજવું, ભાંગવું.
ભાંજ્ય, તમાકુ.
ભાંડ, વિ૦ [ભણ્ડ] ઉઘાડું; નાગું; ગુહ્યેન્દ્રિયના શબ્દ બોલવામાં આવે તેવું (ભાષણ). ૨ ખેલ કરનારાની એક જાત છે—જે ઘણું ઉઘાડું બોલેછે, ગાય છે, ચાળા કરેછે, મજાક કરેછે ને પશુ પક્ષીના અવાજ કાડેછે વગેરે તે.
ભાંડણ, ન૦ ભાંડવું તે; ગાળાગાળ.
ભાંડવું, ક્રિ૦ સ૦ ઉઘાડું—ફાડ્યુંફાડ્યું બોલવું; ગાળ દેવી. ૨ વગોવવું; નિન્દા કરવી.
ભાંભેર, સ્ત્રી૦ ગાયે બોડાવતાં જે ખુંટી કડાવવી તે.
ભાંય, સ્ત્રી૦ જમીન—(પછી મટોડાંની, પથ્થરની, છો-બન્ધની, પાટિયાંની ઇ૦, પણ ઘણું કરીને મટોડાંની). ભાંય કરવી એટલે મટોડાંની થાપ દેવી. ૨ દરદ રુઝાતાં જે નવી ચામડી આવવી તે. ભાંય આવવી દેખાય છે. ભાંય બાંધવી એટલે દરદથી ચામડી વધારે ફેલવી. ભાંયે પડવું એટલે પાથરણાં વના સૂવું. ૨ મરવા વેળા ભાંયે નાખ્યું હોય તેવી હાલતમાં હોવું. ભાંય-ભાંયે નાખવું એટલે મરવાની તૈયારીપર આવેલાને ગૂવ-ડાથી તરતની લીંપેલી ભાંય ઉપર સુવાડવું; મરનારને માટે ચોકો કરવો. ભાંય નાખ્યાં એવં વડીલ ઓચ્યા છો-તાના છોકરાંઓને જીવડાં જાય છે. ભાંયે ઉતારવું એટલે મડાપરથી ઉતારી ભાંયે નાખવું.
ભાંયચમ્પો, પુ૦ એક જાતનો ચંપો.
ભાંયતળિયું, ન૦ ઘરનો એક તળેનો ભાગ; માળનો ભાગ નહિ પણ ઓટલાને લગતાં બારણાંને લગનો ભાગ.
ભાંયસરો, પુ૦ ગાયનું ચતર લિંપણવાળી ભાંય ઉપર રેડી પછી પાણું ઓસરડી લિપેલું તે—એને છાણું કરી રસવા ઠામ ઉપર થાપડવામાં આવેછે.
ભાંયરિંગણી, સ્ત્રી૦ એક જાતનો છોડ—એ ઓસડમાં કામ આવેછે—એનું ઝાડ થતું નથી.
ભાંયરું, ન૦ ઘરનું ભાંયતળિયું ખોદાવી જે ઓરડી જેવું કરેલું તે—અંદર ઉતરવાને મોઢું હોયછે અથવા અંદર જવાને બારી રાખી હોય છે.
ભાંયસીંગ, સ્ત્રી૦ એક જાતનો છોડ—થાય એની શીંગ.
ભાંયપાનરી, સ્ત્રી૦ એક છોડ—એની ભાજી થાયછે.
ભા, વડિલને એ શબ્દે બોલાવેછે.
ભાઈ, પુ૦ [સં૦ ભ્રાતૃ—ભ્રાતા] એક માનાં છોકરાંમાં જે છોકરો તે—છોકરી અથવા છોકરાનો સગો ભાઈ કેવાય. સાવકો ભાઈ એટલે જનેતાનો નહિ પણ બાપની બીજી બૈરીનો છોકરો. મસિયાઈ ભાઈ—માસીનો છોકરો, મોળાઈ ભાઈ—મામાનો છોકરો. પિત્રાઈ ભાઈ—કાકાનો છોકરો, ફોઈયાઈ—ફોઈનો છોકરો ઇ૦. ૨ સ્નેહી; દોસ્ત. ૩ જાતિસ્વભાવ—દરજાનો મિજાજ વગેરે બતાવવાને એ શબ્દ બીજા સાથે જોડાયછે—ભટભાઈ, વાણિયાભાઈ, સિપાઈભાઈ વગેરે. ૪ લાડમાં—દરજાની મોટાઈ બતાવવામાં વપરાય છે—ભાઈ ઘરમાં છે કે? ૫ કેટલાક વિશેષ નામની પાછળ પણ વપરાયછે. ડાહ્યાભાઈ, ઝવેરભાઈ, વગેરે. ભાઈ ભાણ્યું એટલે ભાઈ૦ અથવા બેન એવાં જે જન તે.
ભાઈચારો, પુ૦ વાલમાં સગા ભાઈ પ્રમાણે એકબીજાને ગણવું તે. ૨ સ્નેહીપણું.
ભાઈજી, પુ૦ વહુને પોતાના વરનો જે મોટો ભાઈ તે.
ભાઈબન્ધ, પુ૦ દોસ્તદાર; સ્નેહી. ૨ નાનપણનો સાથી; જોડિયો.
ભાઈબન્દી—ન્ધી, સ્ત્રી૦ દોસ્તી; બે સાથી વચ્ચે જે દોસ્તી હાવો તે.
ભાઈબીજ, ભાવનબીજ.
ભાગ્યેગ, ન૦ [ભાગ્ય] નસીબ; દૈવ. ૨ સુખપ્રાપ્તિ; ઉત્કર્ષ; ચડતી દશા. ભાગ્ય જાગવું—ઉઘડવું—ફળવું એટલે સુખની પ્રાપ્તિ થવી. ભાગ્ય ફુટવું એટલે ધાર્યેલું ન થવું. ભાગ્યજ્ (કવિતામાં).
ભાગ્યેઅવન્ત—વાન—શાળી, વિ૦ નસીબદાર; દૈવવાન. ૨ જેને ઘણી ઘણી રીતના સુખ હોય તે.
ભાગ્યેજે, અ૦ દૈવયોગે; નસીબને જોરે. ૨ કદાચ; કદાપિ; ક્વચિત્; કોઈ વખતે.
ભાગ્યેડો—ભા પડો.
ભાકડકથા, સ્ત્રી૦ ન બને તેવી જૂઠી જૂઠી લાંબી વાતો.
ભાખરી, સ્ત્રી૦ નાની જાડી કઠણ રોટલી.
ભાખરો, પુ૦ મોટો જાડો કઠણ રોટલો.
ભાખરો, વિ૦ બેવડા બાંધાનું જાડું માણસ.
ભાખવું, ક્રિ૦ સ૦ બોલવું; ભાખણ કરવું.
ભાખા, સ્ત્રી૦ ભાષા. ૨ બીજી—હિન્દી ભાષા.
ભાગ, પુ૦ હિસ્સો; વાંટો. ૨ ભાગવું તે. ૩ ભાગવાથી જે સઙ્ખ્યા ઉત્પન્ન થયેલી તે. ૪ અપૂર્ણાંક—ચોથો ભાગ, ત્રીજો ભાગ વગેરે.
ભાગ, ન૦ [ભાગ્ય] ભાગ્ય.
ભાગલો, પુ૦ માતાના નૈવેદ્ય નિમિત્ત જે પિરસેલી થાળ તે.
ભાગવું; ક્રિ૦ સ૦ વજનના કકડા કરવા. ૨ સઙ્ખ્યામાંથી

હિસ્સા પાડવા; રકમના ભાગ કરવા. ૩ અદા ન કરવું; ન વાળવું; પાછુ ન આપવું; તોડવું. તેણે તેનું પેલા જનમનું ઋણ ભાગ્યું છે, તેણે મુદલ આપ્યું ને વ્યાજ ભાગ્યું વગેરે.

'ભાગવું, ક્રિ૦ અ૦ કકડા થવા અથવા ચીરો પડવો. ૨ નાસી જવું; દોડીજવું. ૩ દેવાળું કાડવું; તુટવું. 'ભાગ્યાનો ભેરૂ, ગોપીચંદન ને ગેરુ.' ભાગી પડવું એટલે છેવટ સુધી ન પોચતાં વચમાંથી અટકી પડવું—બન્ધ થવું. તે કામ ભાગી પડ્યું.

ભાગળ, સ્ત્રી૦ શેહેરના કોટને લગતો જે દરવાજો તે. ૨ એની પડોસમાં જે બજાર તે.

ભાગળિયો, પુ૦ ભાગળ-બજારમાં દુકાનમાંડી બેસનારો.

ભાગાકાર, પુ૦ સઙ્ખ્યા ભાગવાનું ગણિત; બાદ કરવાની ટુંકી રીત. ૨ સઙ્ખ્યાને ભાગેથી જે ભાગ આવે તે.

ભાગિયું-યેણ-યો, વિ૦ ભાગીદાર.

ભાગીદાર, વિ૦ જેનો ભાગ-હિસ્સો હોય તે (માણસ); પંત્યાળો. ૨ સામેલ.

ભાગું, વિ૦ ભાંગેલું; કકડા થયલા-ચીરા પડેલું તેવું. (વાસણ). ૨ જેનાથી મેહેનત ન થાય, જે મેહેનતથી કણ્ટાળે તે (હાડકાનો ભાગો છે).

ભાગોળ, ભાગળ.

ભાગ્ય, ભાગ્યોગ.

ભાગ્યવાન-શાળી, વિ૦ નસીબદાર; દૈવવાન; જેને ઘરા-ધન મળ્યાં કરતાં-મળ્યાં હોય તે; સુખી.

ભાગ્યહીન, વિ૦ ફુટેલાં ભાગ્યોગનું; દુઃખી.

ભાગ્યોદય, પુ૦ નસીબ ઉઘડવું તે; સુખ પ્રાપ્તિ થવી તે.

ભાજક વિ૦ [સં૦] જે અઙ્કે એકાદિ સઙ્ખ્યાને ભાગવી [તે.

ભાજન, ન૦ [સં૦] વાસણ.

ભાજી, સ્ત્રી૦ શાક કરવા લાયક અથવા તેવાજ જે કુમળા છોડ-પાતરાં તે. તાંદળિયાની, માટની, મેથીની વગેરેની ભાજી. 'શેહેરનું સઘળું કાજી ને શાકનું સઘળું ભાજી.'

ભાજીપાલો, પુ૦ કુમળાં અથવા કઠણ પાતરાં વાળા છોડવા.

ભાજીમૂળા, વિ૦ કંઈ માલ નહિ તેવું; ગણતી-લેખામાં લેવા જેવું નહિ તે.

ભાજ્ય, વિ૦ [સં૦] ભાગવાને શક્ય-યોગ્ય. ૨ જે સઙ્ખ્યાને ભાગવી હોય તે.

ભાટ, પુ૦ બ્રાહ્મણની એક જાત-એ રજપુતનું ગોરપદું કરે છે, તેના ગુણ ગાય છે ને મોટા સરપાવ વર્ષાસન મેળવે છે. ૨ ખુશામતમાં તારીફ કરનારો; જુઠાં વખાણ કરનારો. 'ભાટ બ્રાહ્મણનું લાકડું પણ પૈસાવનું પેસે.'

ભાટવેડા, પુ૦ અર્થ સાધવાને ભાટની પેઠ અતિશયોક્તિથી કોઈના વખાણ કરવાં તે.

ભાટિયો, પુ૦ ગોસાંઈજી મહારાજને માનનાર જનોઈ વાળા વૈષ્ણવની એક જાત છે-એ અસલ રજપુત હતા. ૨ દૂધ વાળો. ૩ કાછિયો (ગામડાંમાં).

ભાઠું, ન૦ નદિકાંઠાની બેઠાણની જગા. ૨ રેતી; પણો. ૩ સેરડીનો મુળિયાંવાળો બે ચાર તસુનો કકડો.

ભાઠેલા, વિ૦ એ નામની બ્રાહ્મણની એક જાત છે-એઓનું અસલ ગામ અનાવલ છે-એની વસ્તી સુરત જિલ્લામાંજ છે ને તેઓ જમીન ખેડવા ગામ રાખવાં વગેરેનો ધંધો કરેછે, ભીખ માગતા નથી; અનાવલા; 'માસ્તાન.

ભાડ, સ્ત્રી૦ અનાજ સેકવાની ભઠ્ઠી. ૨ ભાડભુજાનું ફેલું. ૩ મોટો કુવો.

ભાડભુંજો-ભુજો, પુ૦ ભાડથી ધાણી પૌંઆ સેકી આપવાનો ધન્ધો કરનાર.

ભાડાનામું, ન૦ ભાડાંનો જે લેખ તે.

ભાડિયો, પુ૦ અનાજ સેકવાનું બાકાંવાળું માટીનું હાંલ્લું.

ભાડું, ન૦ કોઈ મુકામ-વાહન વાપરવાના બદલામાં જે નાણું આપવાનું તે-ઘરનું ભાડું, ગાડી ભાડું વગેરે. ભાડાંનું ઘર એટલે ભાડું આપવું નક્કી કરી રાખેલું એવું ઘર. ભાડે આપવું, ભાડે રાખવું, ભાડે લેવું, ભાડે ફેરવવું વગેરે. ભાડું કરવું એટલે ભાડું લઈ વાપરવા આપવું. ૨ ભાડું આપી વાપરવા લેવું.

ભાડુત, વિ૦ ભાડું આપવું કબૂલ કરી એકાદ ઘર વાપરનાર. ઘરધણી ને ભાડુત.

ભાડુતી, વિ૦ ભાડે ફરતું હોય તે. (વાહન).

ભાણ, ન૦ [સં૦] સંસ્કૃત મતે નાટકનાં દશ રૂપક છે તેમાનું એક.

ભાણ, પુ૦ [ભાનુ] સુરજ.

ભાણકી, સ્ત્રી૦ ભાણજી. ભાણકો-ભાણેજ.

ભાણજી, સ્ત્રી૦ બેનની છોકરી. ભાણજો-બેનનો છોકરો. ભાણજું-બેનનું છોકરું.

ભાણિયો, પુ૦ ભાણજો. ભાણી-ભાણજી.

ભાણું, ન૦ જમણ ભરી તૈયાર કરેલું પાત્ર-ઠામ; પિરસેલી થાળી. ભાણાંખડખડ એટલે જમતી વેળા જે કંકાસ થાય તે. ૨ પેટને પૂરું ખાવાનું ન મળવું તે; ઠાલાં ભાણાં ખડખડવાં તે. "આ મરે ને સોહેલી, ભાણાંખડખડ દોહેલી." [અથવા છોકરી તે.

ભાણેજ, પુ૦ બેનનો છોકરો. વિ૦ બેનનો છોકરો

ભાણો, પુ૦ ભાણેજ.

ભાણ્ડ, ન૦ વાસણ (માટી વગેરેનાં).

ભાણ્ડુ, વિ૦ ભાઈબેનના સગપણવાળું; એકમેકનાં ભાઈબેન થતાં હોય તે. તમારે કોઈ ભાણ્ડુ છે?-ભાઈબેન છે?

ભાત, આશ્ચર્યસૂચક શબ્દ.

ભાત, ન૦ જુવાર-છોડાં સાથે જે પાક્યા તે; ડાંગર; સાળ. એના છોડ.

ભાત, પુ૦ રાંધેલા ચોખા; કૂર.
ભાત, સ્ત્રી૦ પ્રકાર; રીત. ૨ છાપ; બીબું; તરેહ. ભાતડી-છાપ; તરેહ.
ભાતભાતનું, વિ૦ તરેહ તરેહવાર.
ભાતો-થડો, પુ૦ ભાથો.
ભાથું, ન૦ પ્રવાસમાં સાથે રાખેલો ખાવાનો પદાર્થ. ૨ મુસાફરી-રખડપટ્ટી-ફેરીહેરા-કેદના બદલામાં સરકાર કાયદાના હકથી પગાર ઉપરાંત જે લવાજમ તે.
ભાથો, પુ૦ તીર રાખવાની કોથળી. ભાથામાંથી તીર કાઢ્યો. તીરનો કોળો.
ભાદરવાનીજૅસ, સ્ત્રી૦ ચોમાસામાં થતો કાળાસ પડતો પીળો લાંબો પેટે ચાલનારો જીવડો.
ભાદરવો, પુ૦ [ભાદ્રપદ] વિક્રમ વર્ષનો ૧૧મો મહિનો.-આગષ્ટ, સપટેંબર.
ભાદ્રપદ, ભાદરવો.
ભાન, ન૦ [સં૦] બુદ્ધિ; હોશ. ૨ સ્મરણ; યાદ. ૩ સમજ; અક્કલ. ૪ કલ્પના; તર્ક; છાયા; ભણકારો.
ભાનુ, પુ૦ [સં૦] સૂરજ.
ભાભા, વિ૦ એ શબ્દ કણબીને લગાડવામાં આવે છે. જેમ કોળીને ઠાકોર, દુબળાને નગું તેમ કણબીને ભાભા.
ભાભી, સ્ત્રી૦ ભાઈની વહુ. ભાભીજી-જેઠાણી.
ભાભીજી, વિ૦ બાયલા; જનાની; સખી; ક્યારારિ-(પુરુષ).
ભાભુ, સ્ત્રી૦ અનાવલાની નાતમાં બાપની માને કે છે.
ભામ, ચામડાં ઉપરનો વેરો.
ભામટો, પુ૦ નજર ચુકવી લઈ જનારો ભમતો ચોર.
ભામણાં, ન૦ વારીજાઉં-બલિહારી છે એમ જણાવવાને હાથના એક તરેહના ચાળા; દુખડાં; ઓવારણાં. (અખંડ સુખ રો-જય છે એ ભાવમાં). 'જુગલ રૂપના લે દાસ દયો ભામણાં જો.'
ભામની, ભામિની.
ભામાં, ન૦ ફાંફાં. ૨ માઠું લાગવું તે. એ તને શાં ભામાં લાગ્યાં છે.
ભામિની, સ્ત્રી૦ [સં૦] સ્ત્રી. ૨ ક્રોધી સ્વભાવની સ્ત્રી.
ભાયગં, [ભાગ્ય] ભાગ્ય.
ભાયડો, પુ૦ માટીડો પુરુષ. ૨ ધણી; વર; પતિ. [વાત.
ભાયાતી, વિ૦ ભાઈના સગપણમાં હોય તેવું. રાજાનો ભા-
ભાયો, પુ૦ ભાઈ.
ભાર, પુ૦ [સં૦] વાસેણ મોટા કોઈ એ ઉંચકેલો અથવા કોઈપર લાદેલો અથવા કોઈમાં મુકેલો એવો જે જડ પદાર્થ તે; એ જડ પદાર્થનું જે વજન-તોલ તે; પદાર્થમાં રહેલો ભારેપણું-જડપણું તે અથવા જેની એ માત્રા તે. ૨ વૈદિક માપનું વજન. ૩ વીસ કરોડ એક [illegible] ગુણાકાર [illegible] —એક
૧૮ ગણી કરતાં ૧૮ ભાર વનસ્પતિની સંખ્યા નિકળે તેમાં ૪ ભાર ફળનાં ઝાડ, ૪ ભાર ન ફળતાં ઝાડ, ૮ ભાર કાંટાવાળાં ઝાડ ને ૬ ભાર વેલી. ૪ ૨૦ તોલાનું જે વજન તે. ૩૬૦ તોલા અથવા ૪૦ તોલાના શેર લેખે ૯ શેર સુનાનું દાન કરણ રાજા રોજ કરતો. એ અઢાર ભાર સોનું કેવાય. ૫ કાગળ વગેરે ઉડી ન જાય માટે તેના ઉપર મુકેલો જે જડ પદાર્થ તે; ભારણ. ૬ અપચો; અજીરણ (પેટમાં ભાર છે). ૭ મોભો; દરજાનું મોટપણ; માન; ઓજ; વકર. ઘરમાં તેનો કોઈ ભાર રાખતું નથી. ૮ ચેહેરા ઉપર મોટપણ-માનરીસનું જે તેજ-ડોળ તે. તેને આજ ભાર આવ્યો છે. ૯ ઉપકાર; પાડ; એસાન; આભાર. તેનો મારા ઉપર બહુ ભાર છે. ૧૦ અમુક તોલ જેટલું જે કંઈ તે-પેમા ભાર, રતિ ભાર, રૂપિયા ભાર. ૧૧ સમૂહ; જથો. સૈન્યભાર, ફળભાર ઇ૦. ભાર વેવો એટલે ભાર ઉંચકેલો-ઉંચકી ચાલવું. ભાર મુકવો એટલે ઉપકાર કરવો-કરેલો ઉપકાર કંઈ બતાવવો.
ભારજા, સ્ત્રી૦ [ભાર્યા] પરિણેત સ્ત્રી; પત્નિ; બાયડી. કુભારજા-નઠારી સ્ત્રી.
ભારટિયો-ઠિયે, પુ૦ ઘરના માળાના બાઉ આડાં લાકડાંમાંનું એકેક.
ભારણ, ન૦ જે એકાદ ભાર વસ્તુ કોઈ બીજી ઉપર મુકવી તે. (વાસણ કાગળ લુગડાં પાતરાં વગેરે ઉપર).
ભારતી, સ્ત્રી૦ [સં૦] વાણી. ૨ સરસ્વતી.
ભારતી, પુ૦ દશ પ્રકારના ગોસાંઈમાંનો એક ભેદ.
ભારદોરી, સ્ત્રી૦ અધુરે ન જાય માટે મન્ત્રેલી માદળિયાં વાળી જે સુતરની દોરી ધુકડાવાળીની કમરે બાંધવામાં આવેછે તે-એ માદળિયામાં ચાર ચકલાની ધૂળ, હરમાનની મળીવગેરે હોયછે.-ઢોરને પણ બાંધવામાં આવેછે.
ભારદ્વાજ, પુ૦ એક પક્ષી. ૨ એક ઋષિ.
ભારબરદારી, વિ૦ લાદેલા-મુકેલા ભાર લઈ ચાલનાર-ખેંચનાર.—ગાડું, ઊંટ, પોઠી વગેરે. [વકર.
ભારબોજ, પુ૦ ભાર; બોજ. ૨ મોટપણ; મરતબો; વજન;
ભારવટિયો, ભારટિયો. [ડાબી રાખવું.
ભારવું ક્રિ૦ સ૦ દેવતા-અગ્નિ જતો ન રે માટે રાખમાં
ભારી, વિ૦ બોજ-ભારવાળું. ૨ કિમતમાં વધારે; મોઘું. ૩ અઘરું; મુશ્કેલ; મોટું. (કામ). ૪ ઘણું; અતિશય.
ભારી, સ્ત્રી૦ એભાર લાંબી ચીજને એકઠી બાંધેલી તે; જુડી. લાકડાં-ઘાસની ભારી.
ભારે, વિ૦ ધિરસ્તાથી વધારે ભારવાળું; ઘણા ભારવાળું (હલકાનું ઉલટું). ૨ સુસ્તીવાળું-ચપળતા વિનાનું (આજ મારું સરીર ભારે લાગેછે). ૩ વધારે; ઘણું (કિમત બાબમાં). ૪ અઘરું-મુશ્કેલ (કામ). ભારે કરવું એટલે એક વાતને મોટી-મોટી કરવી. ભારે થવું

એટલે માન ધરવું-મોંઘું થવું (ખુશામત કરાવાને માટે). ભારે પડવું એટલે મોંઘું પડવું (કિંમતમાં). ૨ બોજા જેવું લાગવું-જણાવું.

ભારેખમ, વિ૦ આબરૂદાર; પ્રતિષ્ઠિત; મોભાવાળું (માણસ). ૨ મોટાઈના તેજ-ડોળવાળું (મોઢું).

ભારેવાઈ, વિ૦ દહાડાવાળી; ગર્ભવતી (સ્ત્રી).

ભારો, વિ૦ મોટી ભારી; માથે ઉપાડવાનો ભાર-બોજ તે. -ઘણુંકરીને લાકડાં ઘાસ વગેરેનો. ૨ ખુલ્લાં સુડનો છેડો, જેને આધારે પવન ઓછો વત્તો લેવાનો કરાયછે. ૩ ઘણું-અતિશય તે. દુખનો ભારો.

ભારોટિયો-ઠિયો, ભારટિયો-ઠિયો.

ભારોભાર, અ૦ સરખે વજને; સાટે-એક પલ્લાંમાં એક ને બીજાં પલ્લાંમાં બીજું તેમ. ગમરૂખ જુવારની ભારો ભાર મળેછે. [ના વતની.

ભાર્ગવ, પું૦ એ નામની બ્રાહ્મણની એક જાતિ-ભરૂચ-

ભાર્યા, સ્ત્રી૦ સ્ત્રી; વહુ; ધણિયાણી.

ભાલ, ન૦ કાદવવાળી જમીન. ૨ રેતાળ જમીન.

ભાલદાર, પું૦ છડીદાર; નેકી પોકારનાર.

ભાલિયો, પું૦ આગેર.

ભાલું, પું૦ ભાલો. [ઘોડાંનું ટૂળું.

ભાલો, પું૦ [ભલ્લ] એક શસ્ત્ર. વાંસની અન્દર પેસાડેલું

ભાવ, પું૦ હૃદયમાં જેવું લાગવું-હોવું-થઈ આવવું તે; વૃત્તિ; જોસ્સો. લાગણી.-શત્રુ ભાવ, ભક્તિભાવ, સ્નેહભાવ ઇ૦. ૨ જન્મ પ્રકૃતિ; સ્વભાવ. રજો ભાવ, તમોભાવ, સત્વ ભાવ. ૩ રસશાસ્ત્રમાં-રસ ઉત્પન્ન-પ્રગટ થવામાં જે વૃત્તિ-વિષય ઉપયોગમાં આવે તે. એ પાંચ છે-વિભાવ, અનુભાવ, સાત્વિક ભાવ, વ્યભિચારિ ભાવ ને સ્થાઈ ભાવ. ૪ અનુભાવ-અન્દરના રસનું જે બાર દેખાવું તે; આંખ, હાથ વગેરેના ચાળા તે. ૫ ગુપ્ત રૂપનો અર્થ; છૂપો ભેદ. ૬ બજારમાં ઠરતું મૂલ; દર. ૭ ઇરાદો; ધારણા; રુચિ; ઇચ્છા. ૮ હેત; માયા. ૯ આસ્થા; વિશ્વાસ. ૧૦ હૃદયનો પ્રેમ-ભાવના ભુખ્યા. ૧૧ (કોઈમાં) જે ગુણનું જે હોવું તે; સ્થિતિ; હાલત. પણું, ત્વ, તા-પુરુષ ભાવ, શિષ્યભાવ ઇ૦. ૧૨ સત્તા; કાર્ય; ફળ-ગ્રહભાવ. ૧૩ હોવું-હાજર તે. એ ઉપરથી અભાવે એટલે ગેરહાજરીમાં. ૧૪ વખાણરૂપી કવિતા.-શિવરામ દરબારના ભાવ ગાયછે. [વટ ભાંગિરે.'

ભાવટ-ઠ, સ્ત્રી૦ ઉપાધિ; જંજાળ; આપદા.-'ભવની ભા-

ભાવનબીજ, સ્ત્રી૦ કારતક સુદ બીજ-એ દહાડે બેનને ત્યાં ભાઈ જમવા જાય છે.

ભાવતું, વિ૦ પસંદ પડતું; મન ગમતું. ભાવતું ભોજન.

ભાવન, ન૦ ઘણું કરીને કોઈને રીસ ચડે તેવું કેહેવું તે; ટોક મારવા તે; ટોકા મેણું. ભાવન મુકાવવાં-પાડવાં કેવાય [છે.

ભાવન, વિ૦ ભાવતું.

ભાવનબીજ, ભાવલબીજ.

ભાવના, સ્ત્રી૦ મનમાં મુરતી બાંધવી તે; કલ્પના; ધારણા. ઇશ્વરની સાકાર ભાવના. ૨ વિશ્વાસ; આસ્થા. ૩ પ્રેમ; વાલ. ૪ પટ. એને સીખંડના રસની ભાવના દો.

ભાવવું, ક્રિ૦ સ૦ સવાદે સારૂં લાગવું. (જીભને). ૨ પસંદ પડવું. ગમવું. (મનને).

ભાવસાર, વિ૦ લુગડાં છાપવાનો ધંધો કરનાર; છીપો.

ભાવાર્થ, પું૦ [સં૦] અન્દરનો અર્થ; ગુપ્ત રૂપનો ભેદ.

ભાવિક, વિ૦ [સં૦] આસ્થા-નિષ્ઠાવાળું.

ભાવી, ન૦ [સં૦] ભવિષ્યમાં બનવાનું તે.

ભાવી-વે પ્રયોગ, પું૦ જેમાં ક્રિયાપદનો ભાવ-અર્થ એજ કર્તા હોય તે પ્રયોગ. પેટમાં દુખે છે.

ભાષક, વિ૦ [સં૦] ભાષણ કરનાર; બોલનાર.

ભાષણ, ન૦ [સં૦] મોડેથી બોલવું તે. ૨ એકાદો વિષય વાંચવો અથવા મોડેથી કંઈ સંભળાવવો તે.

ભાષા, સ્ત્રી૦ [સં૦] મોડાંમાથી કાડેલા જે અવાજ-ઉચ્ચાર વડે માણસો એક બીજામાં પોતાના વિચારનો વેવાર ચલાવેછે તે. ૨ એક ઠેકાણાના ઘણુંકરીને સઘળા લોક તેજ ઉચ્ચારના ને તેજ અર્થના શબ્દ-વાક્ય બોલેછે લખેછે તે; બોલી. સંસ્કૃત ભાષા, અંગ્રેજી ભાષા, ગુજરાતી-મરાઠી-હિંદી ભાષા ઇ૦.

ભાષાન્તર, ન૦ [સં૦] કોઈ વિષય, એક ભાષામાંથી બીજી ભાષામાં આણવો-ણેલો તે; તરજુમો. [૨ ભાષી.

ભાષી, વિ૦ [સં૦] બોલનાર-મિતભાષી, બહુ ભાષી, મધુ-

ભાષ્ય, ન૦ [સં૦] મૂળ સૂત્ર ઉપર વિસ્તારથી આપેલી જે જે સમજ તે; ટીકા; વૃત્તિ.

ભાષ્યકાર, પું૦ ભાષ્ય કરનાર.

ભાસ, પું૦ [સં૦] મનમાં જે છાપ-છાયા પડવી-પડેલી તે. ૨ સરખાંપણું તે; દેખાવું તે. તાવનો ભાસ દેખાય છે. ૩ બનવાનો જોગ દેખાવો તે. ૪ પ્રકાશનું આછું દેખાવું તે.

ભાસમાન, વિ૦ [સં૦] પ્રકાશ આપતું. ૨ કલ્પનામાં આવે તેવું; મનમાં દેખાય તેવું. [મનને લાગવું.

ભાસવું, ક્રિ૦ અ૦ દેખાવું; જણાવું. ૨ કલ્પનામાં આવવું;

ભાસ્કર, પું૦ [સં૦] સૂર્ય.

ભાળ, ન૦ [ભાલ] કપાળ.

ભાળ, સ્ત્રી૦ ભોળ; ખબર; શોધ; પત્તો; સગડ; પેરો; વાવડ; ઠેકાણું. ભાળ કાડવી-લાગવી.

ભાળવણ, સ્ત્રી૦ સોંપણ; ભિલામણ.

ભાળવવું, ક્રિ૦ સ૦ ઓળખાણ કરાવવું. ૨ સોંપવું.

ભાળવું, ક્રિ૦ સ૦ જોવું; અવલોકન કરવું; દેખવું.

ભાળિયો, આગેર.

ભાળું, અ૦ વાહ.—એ દિકની ભાળું.

ભિંગડું, ન૦ માછલીના ઉપરના ભાગ ઉપર બોલતાં રૂપ

જે ઘણા પાતળાં ચળકતાં હોય છે તે. ૨ મોગલી ચામડીનાં છોડાં (ફોલ્લાના). ૩ છોતરાં (દાળના).

ભિંચારી, સ્ત્રી૰ એક જાતનો પાંખવાળો જીવડો; ભમરી.

ભિંચારો, પુ૰ પીળાં માથાનો પાંખવાળો કાળો જીવડો; ભમરો.

ભિછડું, વિ૰ ઘણા વાળવાળું, જે માથાના બાલ વિખરાયલા હોય તેવું (માણસ).

ભિંજવવું, ક્રિ૰ સ૰ ભીનું કરવું; પલાળવું. ૨ સમજાવી પોતાનાં મતનું કરવું; લલચાવવું.

ભિંજાવું, ક્રિ૰ અ૰ ભીનું થવું. તે વરસાદમાં ભિંજાયો.

ભિંડાં-ડા, ન૰ એક જાતનું શાક. એનો છોડ તે ભિંડાનો છોડ કેવાય છે.

ભિંડી, સ્ત્રી૰ એક જાતનો છોડ—એની સોટિયો થાયછે ને એને પલાળી છોલ ઉતારી તેના દોરડાં બનાવેછે.—એ સણ કરતાં સુંવાળાં હોય છે.

ભિંતડી,-રડી, ભિંતડી.

ભિક્ષા, સ્ત્રી૰ [સં૰] ધર્મ પ્રમાણે યાચના કરવી તે (બ્રાહ્મણ—બ્રહ્મચારી—વિદ્યાર્થીએ). ૨ ભીખની જે રીત, જનોઈમા બેરાંઓ કરેછે તે. ૩ ઘેરઘેર ભીખ માગવી તે.

ભિક્ષાવૃત્તિ, સ્ત્રી૰ ભિક્ષાનો ધંધો; ભિક્ષાથી ગુજારો કરવો તે.

ભિક્ષુક, વિ૰ [સં૰] ભિક્ષા ઉપર ગુજારો કરી વેદાધ્યયન કરનાર (બ્રાહ્મણ). ૨ યજમાનના આશ્રયમાં રેનાર ગોર બ્રાહ્મણ તે—(ભિક્ષુક ને ગૃહસ્થ).

ભિખવાળી, સ્ત્રી૰ ઓળખીતાં પાસથી ઉઘરાવેલાં નાણાંની બનાવેલી કાનની કડી; કોકરવું (છોકરાંને સારૂ).

ભિખવું, ક્રિ૰ સ૰ ભીખ માંગવી. ૨ શુભ કાર્યમાં બ્રાહ્મણોએ, જજમાનની પાસે દક્ષણા માગવી.

ભિખુવું, ક્રિ૰ અ૰ પ્રાપ્તિ થતી બન્ધ થવી; નિરાસ થવું; રડી રેવું; મળવાનું તે ન મળવું. ભાઈ તો ભીખ્યા.

ભિખારચોટ, વિ૰ ભિખારીના જેવું; જુજ ફાયદાવાળું (કામ). ૨ ભીખ માગનારની પેઠે તાકીને બેસી રેનાર; ભુખડું; દળદરી.

ભિખારી-રુ, વિ૰ ભીખ માગનાર. ૨ ગરીબ; દીનહીન.

ભિખારેણ, સ્ત્રી૰ ભીખ માગનાર સ્ત્રી.

ભિડવું, ક્રિ૰ અ૰ ભીડમાં હિંમતથી ધસવું—જવું. ૨ હોંસથી સાહસ કામ કરવા જવું.

ભિડવું, ક્રિ૰ સ૰ વાસવું; દેવું; બન્ધ કરવું (બારણું).

ભિડાભીડ, સ્ત્રી૰ અનેક જણ—વસ્તુ એકજ પાસ પાસે આવી રયાં હોય તેથી જે હાલત તે; ઠઠ.

ભિડાવવું, ક્રિ૰ સ૰ તકરારમાં ગભરાવવું. ૨ ધમકી દેવી. ૩ મુશ્કેલીમાં નાખવું—(બીજાને).

ભિડાવું, ક્રિ૰ અ૰ સાંકડ—તંગીમાં આવી રેવું. (નાણાંથી, આબરૂ જવાના ભયથી વગેરે).

ભિંતડી-રડી, ભીંત.

ભિતર, અ૰ [આભ્યન્તર] અન્દર; માંય.

ભિતર, ન૰ દિલ; હૈડું; કાળજું. ભિતર દાઝવું.

ભિનાવું, ક્રિ૰ અ૰ ભીનું થવું; પાણીથી પલળેલું થવું.

ભિનાસ, સ્ત્રી૰ કંઈ ભીનાંપણું હોય તે.

ભિન્ન, વિ૰ [સં૰] જુદું—છૂટું પડેલું; અન્તર પડેલા હોય તેવું. ૨ જુદું; નોખું. ભિન્નતા—જુદાઈ; ભેદ; અન્તર; પડદો.

ભિન્નભાવ, પુ૰ [સં૰] જુદાઈ; ભેદ; અન્તર.

ભિમડાં, ન૰ બાળક મોડું બીડી હોઠ ફફડાવી થુંકના છાંટા ઉરાડે તે. ભિમડાં ઉરાડવાં કેવાય છે.

ભિલડી, સ્ત્રી૰ ભીલની સ્ત્રી—છોકરી.

ભિલામું, ન૰ ભિલામો.

ભિલામો, પુ૰ એક જાતના ઝાડનું બી—ઓસડમાં વપરાય છે. ભિલામો મારવો એટલે તેનું તેલ કાડવું અથવા દરદ ઉપર ચોપડવું.

ભિલ્લુ, વિ૰ સામ સામાં રમવામાં એક તરફના જેટલાં, તેમાંનું એકેકું; ભિલ્લુ; સાથી.

ભિસ્તી, પુ૰ [ફા૰] ચામડાંને કોથળે—મસકે પાણી ભરવા, છાંટવાનો ધંધો કરનારો.

ભીખ, સ્ત્રી૰ [ભિક્ષા] ખાવા હોડવા વગેરેનું ન મળેથી અહિં તહિં લોકની પાસે ધર્માદા જે માગવું તે. ૨ ગરીબ માગનારને જે આપેલું તે; ખેરાત. ૩ ઘરનું ન સહેથી ઓળખિતાં પાસથી ઉઘરાવીને એકઠું કરેલું એવું જે તે. ભીખનો ચૂડો, ભીખની બાધડી વગેરે.

ભીજ, સ્ત્રી૰ કોઈ વસ્તુમાં પાણી હવાનું—ભિનાસનું જે પસરવું—મચવું તે. ધરૂમાં ભીજ નથી આવી.

ભીડ, સ્ત્રી૰ લોકોનો જમાવ; ઠઠ. ૨ સાંકડા તંગી (જગા—નાણા વગરેની). ૩ અડચણ; હરકત; નડ.

ભીડી, ભિંડી.

ભીત, સ્ત્રી૰ [ભિત્તિ] એકાદાં મુકામના રક્ષણને માટે પથ્થર-ઈંટ—મટોડીનું જે ઉંચું ચણતર તે; દિવાલ.

ભીતિ, સ્ત્રી૰ [સં૰] બીક; ડર; દેહેશત; ભય.

ભીતો, પુ૰ ભીત ઉપર જે આડો બારઢિયો મુકવામાં આવેછે તે.

ભીનું, વિ૰ જેમાં પાણી પચેલું હોય તેવું; પાણીથી પલાળેલું; પાણીમાં બોળેલું. ૨ પાણી મચેલી હવાવાળું; લીલું; હવાવાળું (સુકું નહિ).

ભીમઅગિયારસ, સ્ત્રી૰ જેઠ સુદ અગિયારસ (નિર્જળા).

ભીર, સ્ત્રી૰ સહાયતા.

ભીલ, પુ૰ [ભિલ્લ] ડુંગર, કોતર, રાનમાં રેનારા જંગલી લોક, જે જાનવરના શિકારથી ને વીર મારી માણસોને મારી લુટથી પોતાનું ગુજરાન કરેછે. આર્ય લોકોની પેલાં જે આપણા દેશમાં વસતા તેની ઓલાદના.

ભુંઆં, ન૦ પાણી. ભુંઆં ભરાઇ જવાં-પાણી ભરાઇજવાં
-થાકીજવું-હારીજવું. તેના ભુંઆં-ભરાઇગયાં.
ભુંઈ, ભાંચ.
ભુંકવું, ક્રિ૦ અ૦ ગધેડાનું બોલવું.
ભુંગરા-ળા, પુ૦ સેકેલા ઘઉં-ચણા.
ભુંગરેટ, સ્ત્રી૦ તપેલી રાખ.
ભુંગળ, સ્ત્રી૦ ધત્તુરાના ફુલના આકારનું ફુંકીને અવાજ
કાડવાનું ધાતુનું વાજું. ૨ બારણાંને બંધ રાખવાનો
લોડાનો જે આડો ગજ તે.
ભુંગળિયો, પુ૦ ભુંગળ વગાડનારો.
ભુંગળી, સ્ત્રી૦ વાંસ-ધાતુની નળી, જેમાં ફુંકેથી અગ્નિમાં
બળતું થાય છે તે. (સોનીની, રાંધવાની, વગેરેની).
૨ જેને છાતીપર મુકવાથી ધબકારા સંભળાય છે તે. ૩
(રમડીની). ૪ (કાનનાછિદ્રની). ૫ કાને ઘાલવાના સો-
ળિયાંનો ફેર-પેચ. ૬ (બેરાઓ કાને ધરી સાંભળે છે તે).
ભુંગળું, ન૦ નળીના આકારનો જે ઘાટ તે-(કાગળ-ધા-
ભુંજવું, ભુંજવું. [તુ વગેરેનો).
ભુંડ, ભુંડ.
ભુંડણ, ભુંડની માદા.
ભુંડાઈ, સ્ત્રી૦ ભુંડો ગુણ; ભુંડાપણ. ૧ અણબનાવ; ક-
જિયો; મિનાકસો. ૩ ખરાબી; બદી.
ભુંડાસ, સ્ત્રી૦ મેજ સાજ ભુંડાઈ.
ભુંડું, વિ૦ ખરાબ; દુષ્ટ; પાપી; અનીતિનું. ૧ વેરીલું;
ખારિલું. ૩ કપટી; મિઠું. એ શબ્દ નામદાખલ પણ
વપરાય છે. -
ભુંથું, ન૦ મોયું. વિ૦ બેડોળ-બદ સિકલ (સ્ત્રી).
ભુંભું, અ૦ ભુંગળનો જે અવાજ તે.
ભુંસવું, ભુસવું.
ભુંસું, ન૦ કચરાઈ ગયલા છેક ઝીણાં છાલાં (ભાત ઘઉં
વગેરેના). ૨ ખાવાની ચારમાંનું ખાતાં જે રેયલું તે.
ભુઆં, ભુંઆં.
ભુઓ, પુ૦ મેલી વિદ્યા જાણનારો-ભુત ડાકેણ કાડનારો.
૨ કિડિયારાંમાં થતો એક જીવડો.
ભુકી, ભૂકી.
ભુકે ભુકો, અ૦ ભુકો ભુકી થઇ ગયલું હોય તેવું; ચુરે-
ભુકો, ભૂકો. [ચુરો.
ભુક્તિ, સ્ત્રી૦ [સં૦] સંસારના લાવા; ઉપભોગ. ૨
ખાવું તે; ખાવાની દાનત-રીત.
ભુખ, ભૂખ.
ભુખડુ, વિ૦ ભુખે પિડાતું; ખાવા ન મળતું હોય તેવું;
કંગાળ. ૨ બહુ ગરજુ; તંગીમાં આવેલું. ભુખાડુ બારસ
એટલે અગિયારસનું અપવાસી બારસે પારણાં વેલાં
વેલાં કરવાની આતુરતા રાખેછે તેવી આતુરતા વાળું.
ભુખર, પુ૦ ગાણને જે ઉગર તરફનો પવન લાગે તે.

ભુચિયો, વિ૦ બાંખિ જાય તેવા-થોડાં પાનો (લાડુ).
ભુજ, પુ૦ [સં૦] ખભાથી તે કોણી લગીનો જે અવયવ
તે. ૨ ખભાથી તે વચલી આંગળીના નખ સુધીનો જે
ભુજંગ, પુ૦ [સં૦] સર્પ; સાપ; નાગ. [હોય તે.
ભુજંગપ્રયાત-ઙ્ગી, ન૦ અક્ષરછંદનો એક પ્રકાર.
ભુજવું, ક્રિ૦ સ૦ સેકવું-રોટલી અનાજ વગેરેને.
ભુટ્ટાચોર, વિ૦ હલકી ચોરી કરનાર.
ભુટ્ટો, મકેદોડો.
ભુઠું, ભૂઠું.
ભુડકવું, ભુરકવું.
ભુડકસ, ન૦ નાનાં નાનાં બાળક-છોકરાં.
ભુત, ભૂત.
ભુતખાનું, ન૦ જાં ભૂતનો વાસ હોય તે ઠેકાણું.
ભુતડું, ન૦ અવગતિયે પામેલો જીવ; ભૂત.
ભુતડો, પુ૦ ખડીના જેવી મટોડી-બૈરાં માથું ચોળવામાં
લેછે-(ઘોઘા ભાવનગરની).
ભુતાવળ, ન૦ ભૂતનું લશ્કર-ટોળું.
ભુદર, ભૂધર. [૧ પીપળાના ટેટા.
ભુંના, ન૦ તુવેરમાંથી નીકળતી લીલી સુકાઈ ગયલી તુવેર.
ભુપત, ભૂપતિ.
ભુંમી, ભૂમિ.
ભુર, ભુરસો.
ભુરકવું, ક્રિ૦ સ૦ મોહ-મન્ત્રથી વશ કરવું. ૨ છેતરવું; ઠગવું.
ભુરકવું-કાવું, ક્રિ૦ અ૦ ભડકવું (બળદે).
ભુરસો, સ્ત્રી૦ જનોઈદીઠ ભાગે પડતી આવેલી જે દક્ષણા તે.
ભુરાટ, સ્ત્રી૦ જરાક ભૂરો રંગ દેખાય તે.
ભુરાટણ, ન૦ ગભાણની જમીનની મટોડી- સફેત પણ
કંઈક રતાસવાળી મટોડી જે ગામડાંમાં ઘરની ભીતને
ભુરાટું, ન૦ ભુરૂં મટોડું. [લગાડવામાં આવેછે તે.
ભુરાસ, ભુરાટ.
ભુરું, ભૂરું. [વગેરે બનાવવામાં આવેછે.
ભુરુંકોળું, ન૦ એક જાતનું કોળું જેની વડી, પાપડ, પાક
ભુલ, ભૂલ. [ણસ, સ્વભાવ વગેરે).
ભુલકણું, વિ૦ વારેવારે ભૂલ કરે-વિસરી જાય તેવું (મા-
ભુલચુક, સ્ત્રી૦ ભૂલ ને ચૂક-ભુલચુક લેવીદેવી એટલે
આંકડામાં ભૂલ અથવા સેજસાજ ચૂક હોય તો તે પ્રમા-
ણે રકમ મુજરે આપવી-લેવી.
ભુલથાપ, સ્ત્રી૦ ભુલાવીને મારવું તે; આડું અવળું સમ-
જાવવું તે; છેતરવું તે.
ભુલભુલાવણું, વિ૦ ગુંચવણ ભરેલું.
ભુલવણ-ણી, સ્ત્રી૦ ભુલવું તે; ભુલાવું તે. ૧ ભુલ થાપ.
ભુલવું, ક્રિ૦ અ૦ વિસરીજવું; યાદ ન રેયલું હોય તેવી હા-
લતમાં આવવું. ૧ એકાદ કામ કરવાની રીતથી આડું
જવું; ગફલત કરવી. ૩ ખોટું કરવું હોય તેવી હાલતમાં

આવવું. ૪ અકલ ગુમાવવી (વ્યસન, ધન વગેરેના મદમાં). ૫ મોહમાં ફસાવું-ભુલી જવું.
ભુલાવવું, ક્રિ૦ સ૦ ભુલે તેમ કરવું.
ભુલ્યું, ભૂલ્યું.
ભુલાવો, પુ૦ ઊંધું સમજવું તે; છેતરાવું તે; ભુલ પડવી તે.
ભુવન, ન૦ [સં૦] જગત્નો લોક. એ ચૌદ કેવાયછે. સાત ઉપલાં ને સાત નીચલાં. [પ્રદેશ.
ભુવર્લોક, ન૦ [સં૦] ભૂલોક ને સૂર્ય એ બેની વચમાંનો
ભુવો, ભુઓ.
ભુસકો, પુ૦ ઊંચેથી નીચે કુદી પડવું તે.
ભુસાડવું, ભુસવું.
ભુસવું-સેડવું, ક્રિ૦ સ૦ લખેલું-ચિત્રેલું છેકી નાખવું-ફાડીનાખવું- રદ કરવું.
ભૂ, સ્ત્રી૦ [સં૦] પૃથ્વી. ૨ ભોંય; જમીન. એ શબ્દ બીજા સાથે જોડાય છે. ભૂચર, ભૂપતિ, ભૂકમ્પ ઈ૦. ન૦ પાણી (બાળકની ભાષામાં).
ભૂ, વિ૦ [સં૦] ઉત્પન્ન થયલું. સ્વયમ્ભૂ-પોતાનીમેળે ઉત્પન્ન થયલું. પદ્મભૂ-કમળમાંથી ઉત્પન્ન થયલું ઈ૦.
ભૂંડ, ન૦ એક જાતનું ચોપગું જાનવર, એ હાથીના રંગનું ટુંકા પગ ને ટૂંકી પુંછડીનું લાંબાં મોઢાંનું ને દબડા જેવાં પેટવાળું હોય છે. રાનીભુંડને બે દાતરડી હોય છે, ને તે ઘણું જોરાવર હોય છે. ગામના ભૂંડ ઉકરડા વાળી ને કાદવવાળી જમીનમાં રેછે.
ભૂંડું, બુંડું (રૂડું ને બુંડું). [ભરું થવું તે.
ભૂકમ્પ, પુ૦ પૃથ્વીના એકાદા ભાગનું હેઠ વેળા જે હા-
ભૂકી, સ્ત્રી૦ બહુ બારીક ભૂકો.
ભૂકો, પુ૦ એકાદા સકાપદાર્થને કાપ્યા કરેથી-ખાંડેથી-વાટેથી-ઘસેથી તેની સોઢ જેવી જે હાલત થાય તે; ચૂરો. ૨ છેક નાના કકડા.
ભૂખ, સ્ત્રી૦ ખાવાની જે સ્વાભાવિક ઇચ્છા પ્રાણી માત્રમાં છે તે. ૨ ખાવાની રુચિ-ઇચ્છા થવી તે. ૩ ઇચ્છા; લોભ; તૃષ્ણા. ભૂખ લાગવી, ભૂખ્યાં થવું, ભૂખે મરવું એમ શબ્દો થાય છે.
ભૂખ્યું-ખ્યું, વિ૦ જેને ભૂખ લાગી હોય તે. ૨ અડધું-પડધું જમી ઉઠી ગયલું તે. ૩ ગરજુ; તંગીમાં હોય તે.
ભૂગોળ, પુ૦ પૃથિવિનો ગોળો. ભૂગોળવિદ્યા એટલે ભૂગોળ ઉપરની રચના સંબંધી જાણવાની વિદ્યા.
ભૂચર, વિ૦ પૃથ્વિ ઉપર ફરનારાં-જીવનારાં (પ્રાણી)-(જળચર નહિ).
ભૂંડું, વિ૦ શરમિન્દુ; ઓશિયાળું; બાવરું.
ભૂત, ન૦ તત્વ. પૃથ્વી-પાણી-તેજ-વાયુ-આકાશ; એ પંચમહાભૂત કેવાય છે. ૨ મરતી વેળા મરનારનું મન કશામાં રહી ગયેથી મરી ગયા પછી તેના જીવની સ્થિતિ જે રૂપે થયલી મનાય છે તે. એની ઘણી જાત છે- ભૂત, પ્રેત, પિશાચ, બ્રહ્મ રાક્ષસ, ખવિસ વગેરે. એ મસાણમાં ઝાડોમાં રેછે ને મનુષ્ય પ્રાણીને પીડા કરેછે. ૩ શરીર; દેહ. ૪ વિચિત્ર બિયામણું માંણસ.
ભૂત, વિ૦ ધા૦ [સં૦] થયલું; ગયલું; ગુંજરેલું. એ શબ્દ બિજા સાથે જોડાય છે ને વાળું, રૂપ-હાલતમાં આવેલું, એવો અર્થ રાખેછે. આશ્રયભૂત, અંગભૂત, મર્યાદાભૂત ઈ૦.
ભૂતકાળ, પુ૦ ગયલો કાળ. (વર્તમાન અથવા ભવિષ્ય નહિ). કરેછે એ વર્તમાન, કરયું એ ભૂત ને કરશે એ ભવિષ્ય.
ભૂતળ, ન૦ પૃથ્વિની સપાટી.
ભૂદેવ, પુ૦ બ્રાહ્મણને એ શબ્દ લગાડવામાં આવેછે.
ભૂધર, પુ૦ પર્વત. ૨ પર્વતને ઊંચકી રાખનાર કૃષ્ણ; ઈશ્વર. ૩ શેષનાગ. ૪ રાજા.
ભૂપ, પુ૦ રાજા.
ભૂપકલ્યાણ, પુ૦ કલ્યાણ રાગનો એક ભેદ.
ભૂપતિ, પુ૦ [સં૦] રાજા.
ભૂપાળ, પુ૦ [સં૦] રાજા. (ભૂપાલ).
ભૂભાર, ન૦ [સં૦] પૃથ્વિ ઉપર પાપી માણસોથી પાપ રૂપ જે ભાર થાય તે.
ભૂમિ, સ્ત્રી૦ [સં૦] પૃથ્વિ. ૨ ભોંય; જમીન.
ભૂમિકા, સ્ત્રી૦ [સં૦] પૃથ્વિ. ૨ અમુક સ્થળ-યુદ્ધ, નાટક વગેરેનું. ૩ જ્ઞાનીની સાત પ્રકારની ઉત્તરોત્તર સાત સ્થિતિ થાય છે તેમાંની એકેકી.
ભૂમિતિ, સ્ત્રી૦ [સં૦] પૃથ્વિ ઉપરના અન્તરો ને નાના પ્રકારની આકૃતિયો માપવાની વિદ્યા.
ભૂર, ભુરસી.
ભૂરિ, વિ૦ [સં૦] ઘણું; વધારે.
ભૂરું, વિ૦ રાતો, કાળો ને પીળો એ ત્રણ રંગની મેળવણીથી જે રંગ થાય તે રંગનું; જેમાં જરા રતાસ હોય તેવા રંગનું-સુરતમાં નિમાળાને ભૂરા કેછે તેમ આસમાની રંગને પણ ભૂરો કેછે.
ભૂલ, સ્ત્રી૦ ભુલવું તે; વિસ્મૃતિ; ગફલત; ચૂક; ખોટું તે. ૨ ગેર સમજ. ૩ મોહ; છેતરાવું તે.
ભૂષણ, ન૦ [સં૦] શોભા; સણગાર.
ભૂષિત, વિ૦ [સં૦] શોભિતું કરેલું; સણગાર સજેલું.
ભૂસું, ભુસું.
ભૃકુટી, સ્ત્રી૦ [સં૦] ભવું; ભમ્મર.
ભૃગુવાર, શુક્કર વાર.
ભૃંગ, પુ૦ [સં૦] ભમરો.
ભ્રૂવ, સ્ત્રી૦ આંખની ભમર.
ભેંકડો, પુ૦ બાળકે અથવા બાળકની પેઠ મોટાંએ તાણીને-લાંબે સાદે રડવું તે. ભેંકડો મુકવો કેવાય છે.
ભેંચો, પુ૦ ડાબી-દબાવી પોચું કરી નાખવું તે અથવા એમ જે પોચો થયલો પદાર્થ તે; છુંદો.

ભેંટ, ભેટ.
ભેંસ, સ્ત્રી. એક જાતનું ચોપગું આખા કાળા રંગનું પશુ, એને દૂધ ઘી માટે લોક પાળેછે.
ભેંસર, પુ. પાડો.
ભેંસલો, પુ. પરેડની વચમાંનો ઊંચો ભાગ.
ભેંસાસુર, પુ. પાડા જેવો કદાવર પુરુષ.
ભે, પુ. ભય; બીક.
ભેક, પુ. [સં.] દેડકો.
ભેખ, પુ. કૃત્રિમ વેષ. ૨ સાધુ.
ભેખડ, સ્ત્રી. મટોડાંનું મોટું ઢેફું. ૨ ઝુમી રહેલા ટેકરાનો ભાગ. ૩ નાણાનો ઢગ.
ભેગ, પુ. મિશ્ર કરવું-કરેલું તે; ભેળવણી. ઘીમાં-સુનામાં ભેગ છે.
ભેગું, અ. એકઠું; સાથે-મળેલું હોય તેવું. લોક ભેગા કરવા; ભેગો રહેજે-સાથે રહેજે. ૨ મિશ્ર કરવું હોય તેવું-દૂધ દહીં ઘી મધ ભેગાં કર.
ભેજ, સ્ત્રી. બિનાસ.
ભેજું, ન. માથાની ખોપરીની અન્દરનો નરમ પદાર્થ, જે જ્ઞાન શક્તિના તન્તુએ છે તે; મગજ. ૨ જ્ઞાનશક્તિ. ભેજું ફાટીજવું એટલે દિવાના થવું. ભેજું ખસવું એટલે વાપર જવું અથવા અક્કલ જવી. ભેજું ઠેકાણે છે એટલે અક્કલ છે.
ભેટ, સ્ત્રી. મિળાપ; મળવું તે; વાતચિત. ૨ અર્પણ; બક્ષીસ; નજરાણું. ભેટ કરવી-આપવી-લેવી.
ભેટવું, ક્રિ. સ. ડોટે વળગવું; આલિંગન કરવું. ૨ મળવું; મેળાપ કરવો.
ભેટમભેટા, સ્ત્રી. લડવામાં સામસામું વળગી પડવું તે.
ભેટાડવું-વવું, ક્રિ. સ. બે જણ ભેટે-મળે તેમ કરવું (તીજાએ સ્નેહમાં).
ભેટિયો, પુ. ભેટ કરાવનારો. ૨ મન્દિરનો ભટિયો.
ભેડ, ન. મેંઢું; ઘેટું.
ભેડિયો, પુ. ઘેટાંનો કાળ-વરૂ.
ભેણું, ન. પુડા કરવાનું માટીનું વાસણ.
ભેદ, પુ. [સં.] જુદું પાડવું તે. જય મેળવવાના ચાર પ્રકારમાંનો એક-સામ, દામ, ભેદ ને દંડ. ૨ તફાવત; ફરક; અન્તર. અર્થ ભેદ, ભાષાભેદ, દેશભેદ. ૩ જુદાઈ; અન્તર. ૪ જાત, પ્રકાર, રીત, તરેહ. ૫ ગુહ્ય; ભરમ; મરમ; છાની વાત.-ભેદ લેવો-ફોડવો-આપવો. ૬ કપટ. છુળભેદ રચવો.
ભેદવું, ક્રિ. સ. અન્દર પેસી જુદું પાડવું; છેદવું. ૨ આરપાર છિદ્ર કરવું; વિંધવું. ૩ (લાક્ષણિક) જોરમાં અસર કરવી; પિગળાવી નાખવું (હૃદય). [ભેદી જવું.
ભેદવું, ક્રિ. અ. અન્દર પેસવું-જવું; લાગુપડવું. ઔષધ
ભેદિયો, ભેદુ.
ભેદુ, વિ. ગુપ્ત વાત-ભેદ જાણનાર; મળતિયો; સાથી; રિંદુ;
ભેભટ, સ્ત્રી. ઊની રાખ.
ભેર, ભેરી.
ભેરવ, પુ. [ભૈરવ] એ નામનો રાગ જે સુમારમાં ગાવામાં આવેછે તે. ૨ શિવનું એક ભયંકર રૂપ. [ભૈરવાદિ.
ભેરવી, પુ. [ભૈરવી] ભૈરવરાગની રાગણી. એ પ્રભાતે
ભેરવવું, ક્રિ. સ. આમટો મારવો; આમટો મારી વળગાડવું; અન્દર ઘાલી વળગી રહેવું કરવું.
ભેરવાવું, ક્રિ. અ. વળગી રેવું. ૨ સાંકડમાં આવવું.
ભેરી, સ્ત્રી. [સં.] નોબત; મોટું નગારું.
ભેરૂ, વિ. સાથી.
ભેલાડવું, ક્રિ. સ. પાકેલાં ખેતરમાં ઢોર પેસાડી અથવા લુટી લઈ ખરાબી કરવી; વણસાડવું.
ભેવ, પુ. ભેદ; મર્મ.
ભેષજ, ન. [સં.] ઓસડ.
ભેસપતવાર, ગુરુવાર.
ભેળ, પુ.-સ્ત્રી. ભેગ. ૨ પાકેલાં ખેતરમાં ઢોર પેસાડી ખવાડી દેવું તે; લૂટ.
ભેળવવું, ક્રિ. સ. સાથે-જોડે-સામીલ રાખવું (કોઈ કામમાં કોઈને). ૨ મેળવવું; મિશ્રિત કરવું. (બે વસ્તુને એક બીજામાં). ૩ સરખાને એકઠી મેળવવી; સરવાળો કરવો.
ભેળસેળ, વિ. એકઠું; મિશ્રિત.
ભેળાડવું, ભેલાડવું.
ભેળુ, વિ. સાથી; મળતિયો.
ભેળેલું, ભેગું શબ્દ જોવો.
ભોં, અ. ભુંગળનો અવાજ બતાવેછે.
ભોં, સ્ત્રી. ભોંય; જમીન.
ભોંક, ભોક.
ભોંકોઠી, સ્ત્રી. ભોંયમાં ખાડો કરી અંદર દારૂ ભરી ફોડવામાં આવેછે તે.
ભોંય, ભોંય.
ભોંયરું, ભોંયરૂં.
ભોંયો, પુ. વાકેફગાર; ભોમિયો.
ભોંરી-ભોંરો, ભમરી, ભમરો.
ભોંસવું, ભસવું. ૨ ભુંસવું.
ભો, પુ. ભય; બીક, ધાસ્તી.
ભોઈ, પુ. એક શૂદ્ર જાતિ છે-એ પાલખી-ડોળી ઊંચકવાનો ધન્ધો કરેછે.
ભોક, ન. છિદ્ર; કાણું; બાકું; વે.
ભોકવું, ક્રિ. સ. અણિવાળી ચીજ અંદર પેસાડવી; ભોંકવી. બરછી-કટારી ભોકવી.
ભોકારું, ભોખાળું.
ભોક્તા, વિ. [સં.] ભોગવનાર (સુખ દુઃખનો). ૨ વિષયાનન્દી. ૩ રસિક.

ભોગ, પુ॰ [સં॰] ઉપભોગ; વહીવટ; ઉપયોગમાં લેવું તે—ભોગ કરવો. ૨ સુખનો લાવો. ૩ સ્ત્રી સાથે જે સંભોગ કરવો તે—ભોગ કરવો. ૪ માઠી દશા; દુઃખ ભોગવવું તે. (કરમના ભોગ છે). ૫ દેવ—ઠાકોરને નૈવેદ્ય ધરાવવું તે—ભોગ ધરવો. છપ્પન ભોગ, ભોગના દર્શન ઇ॰. ૬ બળિદાન આપવું તે; ભોગ આપવો. બકરાનો ભોગ આપ્યો. [મિત્ર.

ભોગજોગે, અ॰ કદાપી; કરમ સંજોગે; વેળાએ; અ-

ભોગવટો, પુ॰ વહિવટ; વાપરવું તે; ઉપભોગ; સત્તા; ધણિયાતા પણું.

ભોગવવું, ક્રિ॰ સ॰ અનુભવવું; વિતવું; (સુખ, દુઃખ) સુખનો લહાવો લેવો ને દુઃખ ખમવું. ૨ સત્તા રાખવી; વહિવટ ચલાવવો; ઉપભોગ કરવો.

ભોગળ, સ્ત્રી॰ બારણાની આડી; ભુંગળ.

ભોગી, વિ॰ [સં॰] ભોગવનાર. ૨ સંસારી; વિષયી-(ભોગી ને જોગી). ૩ લ્હાવો-મઝા લેનાર; રસિક. ૪ આનરાક; પ્રીતમ. ૫ ભમરો. ૬ સાપ. ૭ રાજા.

ભોજક, પુ॰ જૈનના મન્દિરમાં ગાયન કરનારો. [મજાનું.

ભોજન, ન॰ [સં॰] જમવું તે. ૨ જમવાનો પદાર્થ; જ-

ભોજનદક્ષણા, સ્ત્રી॰ જમ્યા પછી-જમેલાને જે દક્ષણા તે.

ભોજપત્ર, ન॰ [ભૂર્જપત્ર] એક જાતના ઝાડની અન્તરછાલ-એના ઉપર મન્ત્ર-કવચ લખીને ને માંદળિયાંમાં

ભોજલું, ન॰ માકડું. [મુકે છે.

ભોજાઈ, સ્ત્રી॰ [ભ્રાતૃજાયા] ભાઈની વહુ; ભાભી.

ભોટ, ભોથડ.

ભોટવો, પુ॰ ઘડો. ૨ કુચ.

ભોડું, વિ॰ શરમિન્દું-ઓશિયાળું-ઝાંખું પડીગયલું; ભૂંડું.

ભોથડ, વિ॰ મૂરખ; ઢોર.

ભોથું, ન॰ ઘાસની જાતના કેટલાક છોડનાં ચમ્મરના જેવાં જે જડાં થાય છે તે એકેકું જડું-દરભનું ભોથું. ૨ સેરડીમાનાં મુળિયાંના રેસા.

ભોપાળી, સ્ત્રી॰ એક રાગણી.

ભોપાળું, ન॰ પોલું-ખાંચી તે; અન્દર જીવ-માલ-દમ નહિ તે. તેનું ભોપાળું નિકળીઆવ્યું એટલે બહારથી ભરેલો દેખાતો હતો તે ખાલી જણાઈ પડ્યો.

ભોપો, પુ॰ મહાદેવની નિત્ય પૂજા કરવાને રાખેલો જે

ભોમ, પુ॰ [ભૌમ] મંગળ-ગ્રહ અથવા વાર. [શૂદ્ર તે.

ભોમિયો, પુ॰ રસ્તો-વાટ દેખાડનારો; વળાવો. ૨ ભ-

ભોયંગ, ભુજંગ. [ણીનો રાખસ.

ભોર, ન॰-પુ॰ મળસકું; પરોઢિયું; વ્હાણું.

ભોર, ભોળ.

ભોર-ભ્ભોર, અ॰ સમાપ્ત; ખલાસ; પુરું. ૨ વાપરી નાખેલું. ભેગે તે હથિયાર ભોર કર્યા. ભોર કરવું-પીવવું.

ભોરિંગ, પુ॰ સર્પ; સાપ.

ભોરો, ભમરો.

ભોવન, ભુવન.

ભોશ-સ, ભોશડી-સડી, સ્ત્રી॰ સ્ત્રીની છાની ઇંદ્રી. પુ॰ ભોસડો.

ભોળ, પુ॰ છેવ કરવો તે; તંમર; ફેર; ચકર. ૨ એવા જે ભોકારી આવવી તે.

ભોળપણ, ન॰ ભોળું હોવું તે.

ભોળવવું, ક્રિ॰ સ॰ ક્વળું ખઈ માને તેમ કરવું; છાની વાત કઈ દે તેમ કરવું; છેતરવું; ઠગવું.

ભોળવાવું, ક્રિ॰ અ॰ છેતરાવું; ઠગાવું.

ભોળાઈ, ભોળપણ.

ભોળું, વિ॰ કપટમાં ન સમજે તે; નિખાલસ; જેવું હોય તેવું કહી દે તે; સારું; શુધ્ધું. ૨ કોઈનું સમજાવેલું ખરું છે એમ માનનાર; સમજ-વકર વનાનું.

ભૌતિક, વિ॰ [સં॰] પઞ્ચમહાભૂત સમ્બન્ધી. ૨ ભૂત પિશાચાદિક સમ્બન્ધી. ૩ ઇંદ્રિયોના વિષય સમ્બન્ધી.

ભૌમ, પુ॰ [સં॰] ભોમ.

ભ્રંશ, પુ॰ ઊંચી સ્થિતિએથી પડીને નીચી સ્થિતિમાં આવવું તે. રાજ્યભ્રંશ, બુદ્ધિભ્રંશ, અપભ્રંશ ઇ॰.

ભ્રમ, પુ॰ [સં॰] વ્હેમ શક; સન્દેહ. ૨ સઘળી વાતમાં વ્હેમ સન્દેહ પડ્યાં કરે એવી જેની જે વૃતિ તે; સઙ્કલ્પ વિકલ્પ; ઘચુપચુ; તર્ક-વિચારમાં ભટકવું તે. ૩ ખોટો તર્ક. ૪ મિથ્યાપણું.

ભ્રમણ, ન॰ [સં॰] ઘેલછા; વાપર જવું તે. ૨ ભ્રમ.

ભ્રમણતા-ણા, સ્ત્રી॰ ભ્રમણ.

ભ્રમર, પુ॰ [સં॰] ફૂલની સુગંધનો ભોગી છ પગવાળો જંતુ; ભમરો.

ભ્રમિષ્ટ-મી, વિ॰ ભ્રમવાળું; વ્હેમી.

ભ્રમી-મ્મી, સ્ત્રી॰ એક જાતના વેલા-એ સનેપાત ઉપર ખવાડવામાં આવેછે.

ભ્રષ્ટ, વિ॰ [સં॰] ભ્રંશ થયલું; ઊંચી સ્થિતિએથી ઉતરી ગયલું-પડેલું.-રાજ્યભ્રષ્ટ, પદભ્રષ્ટ, જાતિભ્રષ્ટ, કર્મભ્રષ્ટ, આચારભ્રષ્ટ, નીતિભ્રષ્ટ ઇ॰.

ભ્રષ્ટાચાર, પુ॰ આચાર ભ્રષ્ટ થવો તે. ભ્રષ્ટાભ્રષ્ટ એટલે ભ્રષ્ટ થયેલપણું; આચારવિચાર ન પાળવો તે.

ભ્રાત, ભ્રાતા.

ભ્રાતા, પુ॰ [સં॰] ભાઈ.

ભ્રાન્તિ, સ્ત્રી॰ [સં॰] વ્હેમ; શક. ૨ જુઠો તર્ક; ખોટો વિચાર. ૩ મિથ્યાપણું.

ભ્રૂ, સ્ત્રી॰ [સં॰] ભવું; ભમ્મર. ભ્રકુટી અથવા ભૃકુટી અથવા ભ્રૂભંગ એટલે ભવાં ચડાવવાં તે.

મ.

મ, પું૦ પચ્ચીસમો વ્યંજન વર્ણ.

મ, અ૦ નહિ; મા. મ કર એટલે મા કર.

મઊંયવું, ધપવું; દોરવું.

મઊ, મૌ.

મકર, પું૦ [આ૦] બનાવટ; ઠગાઈ; કપટ; ફેલ. મકરબાજ એટલે ફેલ કરી ઠગનાર; ધૂર્ત.

મકર, પું૦ [સં૦] મગરમચ્છ; મગરના જેવું એક દરીઆઈ પ્રાણી. મકરાકર-દરીયો. ૨ દશમી રાશિ.

મકરધ્વજ, પું૦ [સં૦] કામદેવ. [તનુ.

મકરન્દ, પું૦ [સં૦] ફુલમાંનું મધ. ૨ કોયલ. ૩ કમળના

મકરસઙ્ક્રમણ-ક્રાન્તિ, સ્ત્રી૦ જે દિવસે મકરરાશિમાં સૂર્ય આવે તે (પોષ મહિનામાં); ઉત્તરાયન; ઉતરાણ; સઙ્ક્રાંત. એ દિવસથી દાડો મોટો થતો જાયછે.

મકરાકૃત, વિ૦ [સં૦] મગરના આકાર જેવું (કુંડળ).

મકલાવું, ક્રિ૦ અ૦ મન્દ હાસ્ય કરવું; મોઢમાં હસવું. મકલાણે ગુડવું-હરખાવું.

મકસદ, પું૦ [આ૦] મતલબ; ભાવાર્થ; હેતુ.

મકસુદ, મુકામ; ખાસ; અફસુસ.

મકાઈ, મકે.

મકાત, પગરસ્તે આવેલો માલ શેહેરમાં દાખલ થતાં લેવાતી જકાત.

મકાન, ન૦ [આ૦] રેવાનું ઠેકાણું; ઘર. ૨ મોજ શોખને માટે જે ઠેકાણું કરેલું-રાખેલું તે. ૩ મુસાફરીમાં ઉતરવાની જગા. [મકેદોડા.

મકે, પું૦ એક જાતનું અનાજ-એના દોડા થાયછે તે

મકોડી, સ્ત્રી૦ મકોડાની માદા-કીડી મકોડી.

મકોડો, પું૦ ચટકો ભરે તેવો એક કાળો જીવડો.

મક્કમ, વિ૦ મજબુત; જબરું; પાકું.

મક્કર, [આ૦] મકર.

મક્તબ, સ્ત્રી૦ [આ૦] નિશાળ.

મક્તું, અ૦ મોકતુ.

મક્તા, પું૦ [આ૦] ઇજારો.

મક્ષિકા, સ્ત્રી૦ [સં૦] માખી.

મખમલ-મલ, સ્ત્રી૦ [આ૦] એક જાતનું રેશમી વસ્ત્ર -એ સાચા મખમલ ને જેમાં રેશમ ને સુતર બન્ને હોય છે તે ખોટી મખમલ કેવાય છે.

મખ્ખીચૂસ, વિ૦ અતિ કસરિયો.

મગ, પું૦ [દ્રુગ] એક જાતનું કઠોળ. ૨ માર્ગ (કવિતામાં).

મગકસારબાકળા, લાકડાં. ૨ છાણા. ૩ બળતણ.

મગજ, ન૦ માથાંની ખોપરીની અન્દરનો નરમ ભાગ; સમજ ને જોસ્સાનું ઠેકાણું; ભેજું; માથું. તેના મગજમાં પવન ભરૂ ભરાયો છે એટલે તેનો મિજાજ ચડી ગયો છે. મગજ બગડ્યું છે એટલે સમજ ખોળી થઈ છે ઇ૦. ૨ બીયાં-ફળની અન્દરની મીંજ. ભુખી કાકડી બદામ પસ્તાનો મગજ. ૩ ખાવાનો બળ્યો પદાર્થ. ચણાનું મગજ.

મગજી, સ્ત્રી૦ [ફા૦] પેરવાના કપડાંને બખીયાથી સિવેલી જુદી જાતના કપડાંના ચીરાની જે કોર તે.

મગડો, પું૦ ગુલબાસનું બી.

મગતરું, ન૦ એક જાતનું પાંખવાળું જીવડું.

મગદળ, પું૦ મગના લોટનો લાડુ (ખાંડ મેળેલા). ન૦ મગદળિયું.

મગદળિયું, ન૦ [મુદ્ગર] કસરત કરવામાં હાથમાં લઈ ફેરવવાનો ઘંટાના આકારનો જે લાકડાંનો ઘાટ તે.

મગદૂર, સ્ત્રી૦ [આ૦] શક્તિ; તાકાત.

મગણ, પું૦ ત્રણ ગુરુ અક્ષરનો ગણ. માટીડો.

મગન, વિ૦ [મગ્ન] રાજી; ખુશી; પ્રસન્ન.

મગબાકળાં, મગકસારબાકળા.

મગર, અ૦ પણ; લેકિન. [મચ્છ.

મગર-મચ્છ, પું૦ એક જાતનું મોટું જોરાવર દરીયાઈ

મગરમસ્ત, વિ૦ [મદોન્મત્ત?] હૃષ્ટ પુષ્ટ ને બળિયો હોય તે; જાડો જબરો ને ખુરો. મગરમસ્ત જેવો પડ્યો છે-લાબ્બા ફાલેલા મગરની પેઠે. [રાખેલું તે.

મગરિયું, ન૦ ચાળાને છાપરાંપર ગુડવાનું છાપરાંમાં જે બાકું

મગરુબ-ર, વિ૦ [ફા૦] અભિમાની; ગર્વિષ્ઠ.

મગરુબી-રી, સ્ત્રી૦ અભિમાન; ગર્વ; પતરાજ.

મગાવવું, ક્રિ૦ સ૦ અણાવવું. ૨ માગે-યાચે તેમ કરવું. તેણે તેને ભીખ મગાવી.

મગિયું, ન૦ એક જાતનું ધૈરાંનું સુતરાઉ કપડું.

મગોડું, ન૦ મગમાંનું ગોતર. [નન્દી; પ્રસન્ન.

મગ્ન, વિ૦ ધા૦ [સં૦] ડુબેલું; ગરક થયલું. ૨ આ-

મઘમઘવું, ક્રિ૦ અ૦ મઘમઘાટ થઈ રેવો.

મઘમઘાટ, પું૦ ગળપણ-મસાલાવાળી સુગન્ધીનું પસરી રેવું તે. ૨ ફુલની ખુશબોનું જે મેકમેક થઈ રેવું તે.

મઘવા, પું૦ [સં૦] ઇન્દ્ર.

મઘા, સ્ત્રી૦ [સં૦] દસમું નક્ષત્ર. [ઓવેછે તે.

મઘાનીઓરણી, મઘા નક્ષત્રમાં બેડુ લોકો અનાજ

મઙ્કોડી, મકોડી.

મઙ્કોડો, મકોડો.

મઙ્ગરો, પું૦ ડુંગરો; પાડ.

મઙ્ગળ, ન૦ કલ્યાણ; શુભ; સારું. મઙ્ગળ કારજ એટલે શુભ કારજ; અવસર. ૨ ગ્રન્થને આરમ્ભે ઈશ્વરની જે સ્તુતિ-પ્રાર્થના તે. ૩ આશીર્વાદના જે શ્લોક શુભકર્મમાં બોલાય છે તે. ૪ જસ; ફતેહ; આનન્દ (મંગળ કરો એમ વિદાય થતાં માણસને કેવામાં આવે છે).

મઙ્ગળ, પુ૦ એ નામનો એક ગ્રહ. ૨ સાત વારમાંનો એક.
મઙ્ગળફેરા, પુ૦ પરણી ઊઠીને વરવહુ ચોરીની આસપાસ આંટા ફરે છે તે.
મઙ્ગળમૂર્તિ, પુ૦ જેનું દર્શન સ્મરણ, કલ્યાણ કરે તે મૂર્તિ; ગણપતી. ૨ જેનું મોડું હમેશ હસતું–આનન્દી હોય તે.
મઙ્ગળાચરણ, ન૦ [સં૦] ગ્રંથને આરમ્ભે જે ઈશ્વર-પ્રાર્થના–સ્તુતિ તે.
મઙ્ગળાષ્ટક, ન૦ શુભ કર્મને અન્તે આશીર્વાદના, જે આઠ શ્લોક બોલવામાં આવે છે તે.
મઙ્ગાવવું, મગાવવું.
મઙ્ગાળો, પુ૦ પથ્થર માંડીને કામચલાઉ કીધેલો ચુલો.
મચક, સ્ત્રી૦ પાછું હઠવું; ડગી જવું તે. તે કામમાં તે મચક નહિ આપે.
મચકણિયું, ન૦ કાનના આગલા ભાગને વીંધાવીને ત્યાં જે ઝુમખા ઘાલે છે તે.
મચકુર, મજકુર.
મચકો, પુ૦ સ્ત્રીએ ચાલતી વખત મરડાવું તે; ચાળો; લંકો.
મચકોડવું, ક્રિ૦ સ૦ મોડું ફેરવી નાખવું–મરડવું.
મચડવું, ક્રિ૦ સ૦ ડાબીને વાંકુ કરવું (હાથ મચડવો).
મંચમચાવવું, ક્રિ૦ સ૦ ચાળા કરવા. આંખ મચમચાવવી, મોડું મચમચાવવું.
મચવું, ક્રિ૦ અ૦ માવું; સમાવું (ભાંયમાં પાણી). ૨ કામમાં ગુંથાવું; ઘુમવું. ૩ લડાઈમાં–કોઈની સામાં બીડવાં રેવું. ૪ જમાવ થવો; જુગને જુગનું મળી રેવું; જામવું (રઙ્ગ). ૫ બીડાબીડી–પડાપડ–લડાલડ થવી. ૬ ઉસકેરાયલી હાલતમાં આવવું; મસ્તીમાં આવવું.
મચાવવું, ક્રિ૦ સ૦ મચે તેમ કરવું.
મચિયેર, સ્ત્રી૦ બોરસની જાતનો છોડવો.
મચ્છ, પુ૦ [સં૦] માછલું. ૨ આંકાશમાં જે ધનુષ ખેંચાય છે તે. મચ્છ તણાયો એમ કેવાય છે. ૩ દશ અવતારમાંનો એક. [ખાઈ.
મચ્છર, પુ૦ [મત્સર] ડંખ દેતું ઉડતું જીવડું. ૨ અદે-
મચ્છરદાની, સ્ત્રી૦ મચ્છર ન આવે માટે પલઙ્ગની આસપાસ ફરતો જે ઝીણો અથવા ઝીણી જાળી વાળો [જે પડદો તે.
મચ્છી, માછલી.
મચ્છીમાર, માછી. [પીવું તે; ચળુ.
મછણ, ન૦ [મુખપ્રક્ષાલણ] જમ્યા પછી ખરડાયલું મોડું
મછરું, ન૦ મચ્છર અથવા તેવું કોઈ જીવડું.
મછવો–છુઓ, પુ૦ નાનું વાણ; હોડી.
મજ, મુજ શબ્દ જોવો.
મજક, મચક.
મજકુર, પુ૦ [આ૦] વિષય; મતલબ; બાબત; જીકર. ૨ ઉપર કહેલું–લખેલું તે. મજકુર ગામના તળાટી. સાલ મજકુર વગેરે.

મજનુ–નુન, વિ૦ હોસદોસ (લેલીનો આશક મજનુન, દીવાનો થઈ ગયો હતો તે ઉપરથી).
મજબુત, વિ૦ [આ૦] કઠણ; જબ્બર; મુસ્તકીન; ટકે તેવું. ૨ દલીલ દાખલા વાળું. ૩ ડગે નહિ તેવું; એક નિશ્ચયનું. ૪ પાકું; દૃઢીભૂત; જબરું.
મજબુતી, સ્ત્રી૦ મજબુત હાલત. [અમલદાર.
મજમુદાર, પુ૦ [ફા૦] પરગણાંનો હિસાબ રાખનારો
મજરે, અ૦ માગતાંમાં–ને સાટે. મજરે આપવું એટલે [માગતાંમાં વાળવું.
મજરો, મુજરો.
મજલ, સ્ત્રી૦ [આ૦] એક ચોકસ વખતમાં ચાલવાથી–ગાડીથી જેટલો જે માર્ગ કપાય તે. એમ મુસાફરીમાં દર કલાકે ૩ મૈલ મજલ કાપતા, ને દર રોજ ૨૧ મૈલની મજલ કરતા. ૨ જ્યાં મજલ પુરી થાય તે ઠેકાણું. મજલે મજલ એમ ઘોડા બદલતા. ૩ બે જગાના અન્તરના વિભાગની સઙ્ખ્યા. સુરતથી મુંબઈ ગાડાંની [વાટે આઠ મજલ છે.
મજલો, પુ૦ ઘરનો માળ.
મજહબ, પુ૦ [આ૦] ધરમ; એકાદો ધરમ માનનારું જે [ટોળું તે.
મજા, મઝા.
મજાક–ખ, સ્ત્રી૦ [આ૦] મશ્કરી; ઠઠ્ઠો; કોઈના ચાળા પાડી હસાહસ કરવી તે; ચેષ્ટા.
મજિયારું–ઝિયારું, ન૦ પતિયાળું; ભાગદારી; ભાગિયાભાગનું તે.
મજીઠ, સ્ત્રી૦ [મઞ્જિષ્ઠા] એ નામની એક વનસ્પતિ એનાં મૂળિયાં ડાળાં એસડમાં ને રાતો રઙ્ગ ચડવાના કામમાં આવે છે.
મજૂર, પુ૦ [ફા૦] રોજને મુસારે મજૂરી કરનારો. મજૂરણ–રેણ–મજૂરી કરનારી સ્ત્રી.
મજૂરી, સ્ત્રી૦ [ફા૦] ઊંચકવા–બોજા–લઈજવા–પાણી ભરવા વગેરેની જે મેહેનત તે. ૨ એ મેહેનતના બદલામાં જે નાણું આપવું તે. [ટી જેવું હોય છે તે.
મજૂસ–શ, સ્ત્રી૦ મોટી પેટી. ૨ ઊંચું ચાર પાયાનું પે-
મજો, મઝા. [ખુડવું તે. ૨ નાવું તે.
મજ્જન, ન૦ [સં૦] પાણી વગેરેમાં પડવું–ડુબકી મારવી
મજ્જા, સ્ત્રી૦ [સં૦] જેમાંથી રેત–વીર્ય ઉત્પન્ન થાય છે તે ધાતુ (શરીરમાંની); હાડકાંમાંનો માવો અથવા માંસનું સત્વ.
મઝા–ઝે–ઝો, સ્ત્રી૦ દીલ ખૂશ થવું તે; ગમત; રીઝવું તે. મઝા પડવી. ૨ જેથી દીલ ખૂશ થાય તે; ગમત; રમત; મશ્કરી; તમાશો. અહીં મઝા છે.
મઝાનું–ઝેનું, વિ૦ દીલખૂશ કરે તેવું; ગમત આપે તેવું; સુન્દર; સારું. તે મઝેનું છે, તે મઝેનું લાગે છે. [તે.
મઝેદારી, સ્ત્રી૦ મઝા કરવી–મારવી તે; મનને ગમાડો કરવો
મઞ્ચ–ક, પુ૦ [સં૦] સુવા બેસવાનું ઊંચું આસન; પલઙ્ગ, ઢોલ, ખાટલો વગેરે.

મઞ્છા, સ્ત્રી૦ [મનીષા] ઇચ્છા; ઉમેદ; મરજી.
મઞ્જન, ન૦ ચોળી ઘસી સ્વચ્છ કરવું તે; માંજવું. ઉબટ
કરવો તે. ૨ દાંતે પીડ મુકવી તે; દાંતને મીસી લગાડવી
અથવા રફ઼ગવા તે. દાંતે-દાઢે લગાડવાનું ઓસડ.
મઞ્જરી, સ્ત્રી૦ [સં૦] માંજર (છોડવાના). ૨ ગુંથેલાં
માંજર; માળા. છન્દ-રસ-જ્ઞાનમઞ્જરી એવાં ગ્રંથોનાં
મઞ્જાર, પુ૦ બલાડો. [નામ છે.
મઞ્જિરા, પુ૦ ગાતાં તાલ રાખવાને પિતળની જે બે ચ-
કતીઓ એક બીજાની સાથે ઠોકવામાં આવેછે તે; તાલ.
મઞ્જુ-લ, વિ૦ [સં૦] નરમ; કુમળું; મૃદુ; મધુર
(કાનને લાગતું). ૨ મન્દ; ધીમો (વાયુ).
મઞ્જૂર, વિ૦ [આ૦] કબૂલ; પસન્દ કરેલું. ૨ નક્કી
કરેલું; ઠેરવેલું.
મઞ્જો, પુ૦ છોકરાઓને રમવાનું હાથીદાંતનું-લાખનું
રફ઼ગેલું લાકડાંનું ગોળ રમકડું; લખોટો. મઞ્જા ઠીચવા
કેવાય છે. [૨ મટકો; ચાળો.
મટ, સ્ત્રી૦ નિરાંત-ઝંપ વાળવી તે. મટ મારીને સુઇજા.
મટકી, સ્ત્રી૦ ઠિકરાનું નાનું વાસણ; હાંલ્લી.
મટકું ન૦ ઠિકરાંનું ગોળ વાસણ; હાંલ્લું.
મટકો, પુ૦ અફ઼ગ મરડવાની રીત; ચાળો.
મટવું, ક્રિ૦ અ૦ જતું રેવું (દુઃખ); સારું થવું; ફેર પડવો.
૨ દૂર થવું; ટળવું; જવું. સફ઼કટ મટ્યું.
મટુકી, સ્ત્રી૦ ઠિકરાંની ગોળી (ખાસ દહીં ભરવાની).
મટોડી, સ્ત્રી૦ ખેતરમાંથી-પાડ ઉપરથી ખોદી કાડેલો
પથ્થર-કાંકરા-રેતી વગરનો જમીનનો જે ચિકણો ભાગ
તે; માટી. કાળી-પીળી-લાલ-સફેત મટોડી.
મટોડું, ન૦ ખોદી કાડેલો મટોડીવાળો જે કચરો તે.
૨ મટોડી; માટી.
મઠ, પુ૦ એક જાતનું કઠોળ. ૨ [સં૦] બાવા ગોસાઇ-
સંત સાધુને રેવાનું નીચી બાંધણીનું વાડા સાથે જે ઘર-
મઠારવું, મઠેરવું. [ઝુપડી તે.
મઠિયાં, ન૦ મઠના લોટની ખારી તીખી પુરી. ૨ ચ-
ણાના લોટનો ખાવાનો એક પદાર્થ (કાઠી૦).
મઠેરણી, સ્ત્રી૦ રન્દો.
મઠેરવું, ક્રિ૦ સ૦ ગુંદવું. કણેક મઠેરવી. ૨ ટીપીને
ઠિકઠાક શોભતું કરવું (વાસણ, ડાગીનો વગેરે). ૩ ટા-
પટીપ કરવી (વસ્ત્ર ઘરેણાંની). ઠઠારી મઠારી નિકળવું.
મઠો, પુ૦ પાણી રેડી ઝુણેલું દહીં.
મઠોટી, મથોટી.
મડ, સ્ત્રી૦ હઠ; આગ્રહ; મમત-એક એની મડ છે
બાકી બીજા બધા તો કબૂલ છે.
મડદું, ન૦ મુડદું; રાખ; લાસ.
મડધો, પુ૦ બેપિયાનો ઉપરી.
મડપ, પુ૦ એક જાતનો છોડ-એની ભાજી થાય છે.

મડમ, સ્ત્રી૦ [અં૦] બીબી; બાનું.
મડવું, ક્રિ૦ સ૦ મરડવું.
મૂડવું, મઢવું.
મડિયાં, ન૦ મરડીને ઘાલવાનાં પોલાં કલ્લાં.
મડિયો, પુ૦ જેની છો પાડે છે તે ધોળો કાંકરો.-એ ઘ-
સીને ગુમડે ચોપડવામાં આવેછે.
મડું, ન૦ ઠંસાઇગયલું મુડદું-રાખ. મડાગાંઠ એટલે મુડદું
વાળ્યું વળતું નથી તેવી તરેહની ન છૂટે તેવી ગાંઠ.
મડાંની પેઠે વળગ્યો છે એટલે ન છોડાય તેવી રીતે;
જબ્બર વળગેલું.
મઢોટ, મરકટ.
મઢો, મરડો.
મઢવું, ક્રિ૦ સ૦ પાતરાં-ચીપ-તાર-ચાંમડાં વગેરેથી
લપેટી-ટીપી બેસાડવું.
મઢી, સ્ત્રી૦ છેક્જ નાની ઝુંપડી; પોલકી. સતીની મઢી
એટલે જેમાં તે બળી મરેછે તે; સાધુની મઢી ઇ૦.
મણ, પુ૦ [સં૦] એક માપ-વજન છે; ચાળીશ શેર.
મણનો પાનસેર થયો એટલે માર ખાધાથી સૂવાઇ
ગયો. 'મણનું માથું જજો પણ નવટાંકનું નાક ના જજો.'
કેવત છે.
મણકો, પુ૦ ચણાથી મોટો ગોળ પદાર્થ (દાણાથી મોટો)
પણ વેળાએ દાણાને પણ મણકા કેછે. [મણા હોય?
મણા, સ્ત્રી૦ ઓછું; ઊણું; બાકી. તમારા કામમાં તે વળી
મણિ, ન૦ [સં૦] કોઇ પણ કિમતી પથરો; હીરો; રત્ન.
૨ મોતી. ૩ ખોટો ચળકતો પથરો. ૪ રુદ્રાક્ષના
દાણા. ૫ ઉત્તમ પુરુષ.
મણિકો, પુ૦ મણ માય તેટલું વાસણ. (ધાંચીનો). ૨
મણનું વજન; મણનું કાટલું. (લોઢાં-પથ્થરનું).
મણિધર, પુ૦ [સં૦] નાગ.
મણ્ડન, ન૦ [સં૦] શોભીતું કરવું તે; શોભા; સણગાર. ૨
(વાદમાં) પુષ્ટિ; હોય તેને દલીલ દાખલાથી નક્કી કરવું
તે- દિપાવવું તે. [ક કરી હોય તે.
મણ્ડપ ન૦ [સં૦] માંડવો. ૨ દેરાથી થોડેક દૂર જે બેઠ-
મણ્ડવું, ક્રિ૦ સ૦ હોંસ-ખંતથી આરમ્ભવું-વળગવું. કર-
વા-ખાવા મણ્ડયો. તે તેની પજુવાડે ખાઇ પીને મણ્ડ્યો
છે. મણ્ડ્યાં રેવું-વળગી રેવું; ભીડ્યાં રેવું.
મણ્ડળ, ન૦ ગોળ અથવા ચોરસ અથવા કોઇપણ નિમ-
સર આકૃતિનો જેટલો જે ઘેરાયો તે. ૨ મનુષ્યનો જે
નાનો સમુદાય તે; વર્ગ; સભા. મિત્ર મણ્ડળ; કામદારનું
મણ્ડળ; વિદ્વાન મણ્ડળ ઇ૦. ૩ જેટલા મુલકમાં રાજ્ય
સત્તા ચાલતી હોય તેટલું તે અથવા તેના ભાગમાંનો
એક પ્રદેશ.
મણ્ડળિક, પુ૦ [સં૦] રાજ્યના એક નાના ભાગ-મણ્ડળ-
નો સુબો-અમીર (ચક્રવર્તીની સત્તા માનનારો).

મણ્ડળી, સ્ત્રી૦ સારાં માણસોનું કોઈ હેતુથી કોઈ ઠેકાણે એકઠું મળવું તે. મણ્ડળી મળવી-ભરાવી-કરવી-વિસર્જન થવી ઈ૦.

મણ્ડાણ, ન૦ આરંભ; શરૂઆત; માંડવું તે; પાયો. ૨ કુવાપરના જે લાકડાં સાથે ચાક હોયછે તે. ૩ પાણી ભરેલો કોશ કુવામાંથી નીકળી જે જગાપર રહેછે તે જગા.

મણ્ડામણી, સ્ત્રી૦ નાણું ધીરનાર જે સુખડી-બક્ષીસ લઈને ચોપડામાં ખાતું પાડેછે તે. [કરાવવો.

મણ્ડાવવું, ક્રિ૦ સ૦ નોંધાવવું; લખાવવું. ૨ આરમ્ભ

મણ્ડાવું, ક્રિ૦ અ૦ માંડેલું થવું. ૧ મોકાણ થવી. ૨ પરણેલી હાલતમાં આવવું. ૩ ઠેકાણે પડવું; સારી સ્થિતિમાં આવવું.

મણ્ડિત, વિ૦ ધા૦ [સં૦] શોભિતું; શોભિલું.

મણ્ડિલ, ન૦ મન્દિલ.

મત, પુ૦-ન૦ વિચાર; મનનો ઠરાવ. ૨ અભિપ્રાય; સલાહ; ઈચ્છા. ૩ એકાદો ધર્મ માર્ગ. વૈષ્ણવમત, શિવમત, શંકરમત, વલ્લભમત ઈ૦. ૪ તત્વજ્ઞાન-ઈશ્વરજ્ઞાન શાસ્ત્ર સમ્બન્ધી વાદમાંના પક્ષમાંનો એકેકો. નૈયાયિકમત, વેદાંતમત, સાંખ્યમત ઈ૦.

મતલબ, સ્ત્રી૦ અન્દરની વાત-બાબત-મજકૂર; હેતુ; કારણ; ઈચ્છા. ૨ અર્થ; સમજણ. [સ્વાર્થી.

મતલબી, વિ૦ પોતાનીજ મતલબ જોનાર-સાધનાર;

મતવાદ, પુ૦ પોતાના મતને વિષે જે આગ્રહ તે. મતવાદી-મતનોઆગ્રહી. [લાકી ભરેલી (સ્ત્રી.)

મતવાલી, સ્ત્રી૦ [હિં૦] કાંકડી. મદ-જોસ્સાવાળી ને ચા-

મતસરવણી, સ્ત્રી૦ આશાડ વદ ૧૧ થી જવારા વાવી શ્રાવણ શુદ ૩ જે વળાવવા એવું છોકરીયોનું એક વ્રત.

મતા, સ્ત્રી૦ [આ૦] માલ; દોલત; પુંજી. ૨ વિસાત; ગજુ; દમ; માલ.

મતાભિમાન, ન૦ પોતાના મતને વિષે અભિમાન.

મતિ, સ્ત્રી૦ [સં૦] બુદ્ધિ; સમજ; મનનું નક્કી કરેલું વલણ.

મતિભ્રમ, વિ૦ જેની મતિ ભમીગઈ હોય તે; અસ્થિર ચિત્ત વૃત્તિ વાળું. ૨ બુદ્ધિભ્રષ્ટ; બે સમજ.

મતિમન્દ, વિ૦ [સં૦] અક્કલ જેમાંથી ગયલી હોય તે; સુસ્ત. સમજનું કાચું; મૂર્ખો. [આગ્રહી.

મતિયો, પુ૦ પોતાનું મત ખેંચનાર; મમતી; હઠીલો;

મતું-તુ, ન૦ [મત] ચિઠ્ઠી-દસ્તાવેજની નીચે જમણી બાજુપર લખનારે પોતાનું નામ લખી, ઉપર લખ્યુ છે તે ખરું છે એવી જે સહી આપવી તે. અત્રમતુ, આ ઠેકાણે સહી (કરનારની) ને તત્ર સાખ, તે ઠેકાણે સાક્ષીઓની સહી એમ હોય છે. મતુ કરવું-મારવું.

મત્ત, વિ૦ [સં૦] મદવાળું (કેફ, પૈસા, જવાની). ૨ ઘેલું. ૩ મત (કવિતામાં).

મત્સર, પુ૦ [સં૦] કોઈનું કાંઈ સારું જોયું-સાંભળ્યું ન ખમાય તેવી લાગણી; અદેખાઈ.

મત્સરી, વિ૦ અદેખું.

મત્સ્ય, પુ૦ [સં૦] માછલું.

મથક, ન૦ મુખ્ય ઠેકાણું. ૧ જ્યાં મોટો વેપાર-બજાર હોય તે બન્દર-શેહેર વગેરે. ૨ ખળી; પીઠ. ૩ જ્યાં વિવાદ પ્રકરણ ઘણું ચાલતું હોય તે જગા. ૪ જ્યાં મોટું યુદ્ધ મચતું હોય તે અથવા જ્યાં મોટી છાવણી હોય તે જગા.

મથન, ન૦ [સં૦] ડોળવું-વલોવવું તે (દહીંનું, સમુદ્રનું). ૨ બળાત્કારે પણ જે મેહેનત કરવી તે. ૩ ચરચા; [વાદવિવાદ.

મથવું, ક્રિ૦ સ૦ રોળવું; વલોવવું (દહીં).

મથવું, ક્રિ૦ અ૦ બળાત્કારે પણ શ્રમ કરવો; ન ફવાય તોપણ ઉદ્યમ જારી રાખવો.

મથાવવું, ક્રિ૦ સ૦ થકવવું; હરાવવું; ન ફાવવા દેવું.

મથાળી, સ્ત્રી૦ પાઘડી.

મથાળું, ન૦ ઉપરનો ભાગ. ૨ સંક્ષેપમાં લખેલો જે વિષય-અથવા વિષયનું નામ તે. ૩ આપવા લેવાનું નક્કી કરવું તે.

મથાળું બાંધવું, ક્રિ૦ સ૦ આપવા લેવા સંબંધી માથાંદીઠ ઠેરવવું. [ભાગ.

મથોટી, સ્ત્રી૦ ગાય ભેંસ વગેરે ઢોરના શિંગડાંના થડનો

મથોડું, ન૦ માથું ડુબે તેટલું ઊંડું; છ ફૂટ ઉંડું માપ. ચાર મથોડાં પાણી એટલે એકના માથાં ઉપર બીજું એવાં ચાર માણસ ઉભાં કરીયે તેટલું ઊંડું પાણી.

મદ, પુ૦ [સં૦] ચડીગયલો જોસ્સો. ૧ કેફની ખુમારી. ૨ અતિગર્વ; અભિમાન; ઉન્મત્તતા. ૩ કામ; ઈશ્કનો જોસ્સો. ૪ હાથી ઉન્મત્ત થયેથી તેના ગણ્ડસ્થળમાંથી જે પરસેવાનું ઝરણ છૂટે તે. ૫ ફૂલ ફળમાંથી જે મીઠો રસ ટપકે તે. ધનનો મદ, વિદ્યાનો મદ ઈ૦.

મદગળ, પુ૦ [સં૦] હાથી.

મદત-દ, સ્ત્રી૦ [આ૦] સહાય; પુષ્ટિ; કુમક; ઉપરાણું; આસરો. મદદ થવી-કરવી-આપવી.

મદતિયું, ન૦ મદત કરનારો.

મદદગાર-નીસ, વિ૦ મદત કરનાર. ૨ ઉપરી અધિકારીને મદદ કરનારું. [ઈશ્ક.

મદન, પુ૦ [સં૦] સ્ત્રી પુરુષની સમ્ભોગ ઈચ્છા; કામ;

મદનફળ, મિંઢળ.

મદનબાણ, ન૦ [સં૦] કામનું બાણ-પુષ્પ.

મદમાતું, વિ૦ અક્કડાઈમાં ન રહે તેવા મદવાળું; મદથી માતું-પ્રફુલ્લિત-કદે વધેલું હોય તેવું.

મદરેસા, સ્ત્રી૦ [આ૦] પાઠશાળા; જ્યાં ભણતર ભણવાની શાળા. [ગયલું.

મદાન્ધ, વિ૦ મદથી અન્ધ થયલું; મદથી વિવેકને ભુલી

મદારત, સ્ત્રી૦ ખાતરદારી; બરદાસ્ત; પરોણાચાકરી.

મદારી, પુ० [હિં०] હાથચાલાકીના ને બદનની કસરતના ખેલ કરી બતાવનારો; ગારુડી.

મદિરા, સ્ત્રી० [સં०] દારુ; સુરા; મદ્ય.

મદી, વિ० મદવાળું; ચડી ગયલા જોસ્સાવાળું.

મદોન્મત્ત, વિ० [સં०] મદથી ઉન્મત્ત; ઉછુંછળ; હાટેલ; ઝુકેલ.

મદ્ય, પુ० [સં०] મદિરા; દારુ.

મદ્યપાન, ન० [સં०] દારૂ પીવો તે.

મદ્યપી, વિ० દારૂ પીનાર.

મદ્રાસી-જી, વિ० મદ્રાસનું-સમ્બન્ધી.

મધ, ન० [મધુ] કેટલાંક ફૂલની અન્દર જે ગળ્યો ચિકણો રસ હોય છે તે. ૨ માખીઓએ ફુલોની અન્દરનો ગળ્યો રસ પુડામાં એકઠો કરી રાખેલો હોય તે-એ સફેત પણ જરા પિળાસવાળું હોય છે. સીરી વાળાં ગળપણને મધની ઉપમાં અપાયછે.

મધપૂડ-ડો, પુ० જે પૂડામાં મધમાખીઓ મધ એકઠું કરેછે તે; મધમાખીઓનું કાંણા કાંણા વાળું ઘર. એકેકમાં ૧૦ હજારથી તે ૫૦ હજાર માખી હોય છે.

મધમાખ-ખી, સ્ત્રી० જે માખીઓ પુડામાં મધ એકઠું કરેછે તે.

મધભાગ, પુ० વચલો ભાગ.

મધરાત-ત્રી, સ્ત્રી० રાતનો વચલો વખત; ૧૨-૧ નો સમય.

મધુ, ન० [સં०] મધપુડાનું મધ. ૨ ફૂલનું મધ; મકરન્દ. ૩ અમૃત. ૪ મૌડાંનું ઝાડ.

મધુ, પુ० [સં०] મદ્ય; દારુ. ૨ વસન્તઋતુ.

મધુ, વિ० [સં०] મિઠું; ગળ્યું.

મધુકર, પુ० [સં०] મધમાખી. ૨ ભમરો.

મધુપ, પુ० [સં०] ભમરો.

મધુપર્ક, ન० [સં०] દહીં દૂધ મધ વગેરેથી જે પૂજન કરવું તે.

મધુર-રું, વિ० [સં०] મીઠું; ગળ્યું. ૨ કાનને મીઠો લાગે તેવો (શબ્દ). ૩ આંખને ભાવે તેવું (રૂપ); મીઠાશિહિનું.

મધુવન, ન० વૃન્દાવન.

મધોમધ, અ० વચમાં.

મધ્ય, ન० [સં०] વચલું-વચમાંનું તે; વચલો ભાગ. વિ० વચમાંનું; અધરવચ.

મધ્યબિન્દુ, ન० ગોળનું વચલું બિન્દુ જ્યાંથી તે પરીઘ સુધી અન્તર સર્વત્ર બરોબર હોય તે.

મધ્યમ, પુ० સપ્ત સ્વરમાંનો ચોથો-સા, રી, ગ, મ.

મધ્યમ, વિ० [સં०] જાત-પક્તિમાં વચમાનું; સારું નહિ તેમ નરસું નહિ તેવું; વચલા વાગાંનું. (ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ).

મધ્યમા, સ્ત્રી० [સં०] વચલી આંગળી. ૨ જુવાનીમાં આવેલી સ્ત્રી. ૩ (રસશાસ્ત્રમાં ગુણપરત્વે) નાયિકા. ૪ વાણી-શબ્દોચ્ચારની ત્રિજી સ્થિતિ. પરા, પશ્યંતિ, મધ્યમા ને વૈખરી.

મધ્યસ્થ, વિ० [સં०] કોઇના પક્ષમાં ન જતાં તટસ્થ-જુદોજ રેનાર. ૨ બે પક્ષીઓનું સમાધાન કરનારો જે ત્રાહિત વચમાં પડેલા તે; પંચ. ૩ વચમાં રેનાર.

મધ્યાન્હ, ન०[મધ્યાન્હ] દાડાનું મધ્ય; બપોર.

મધ્યે, અ० વચમાં; વચ્ચોવચ.

મન, ન० [સં०] જાં સમજવાની ઇંદ્રિય રૂઇ હોયછે તે; અન્તઃકરણ. ૨ સમજશક્તિ; જ્ઞાનેન્દ્રિય બુદ્ધિ. ૩ (અન્તઃકરણ પઞ્ચકમાં) સઙ્કલ્પ વિકલ્પવાળી જે વૃતિ તે. ૪ જ્યાં લાગણી ઉભરાયછે તે; કાળજું; દીલ; હૈયું. ૫ ઇચ્છા; મરજી. ૬ ધારણા; વિચાર. ૭ સ્મરણશક્તિ. ૮ સત્યાસત્યનું જ્ઞાન; અન્તઃકરણ. મન કરવું-થવું-મારવું (ઇચ્છાના અર્થમાં). મન માનવું એટલે અન્તઃકરણે માનવું; કબુલ કરવું. મન ખાટું કરવું એટલે નાખુશ કરવું; દિલગીર કરવું. મન ચોળવું એટલે ધચુપચુ થવું. ૨ મસ્તાલો કરવો. મન મનાવવું એટલે અન્તઃકરણ કબુલ કરે તેમ કરવું. ૨ પ્રસન્ન કરવું. ૩ સમજાવવું. મનમાં આવવું- ઉતરવું એટલે સમજવું. ૨ મરજી થવી. મન વાળવું એટલે નિરાંત વાળવી; સન્તોષે બેસવું. મન ઉઠવું એટલે અપ્રીતિ થવી; ઇચ્છા જતી રેવી. ૨ વેરાગ થવો. મન જોવું એટલે સામાની મરજી-મતલબ શી છે તે જાણવી. મન બેસવું-લાગવું એટલે પ્રીતિ થવી. મન ઘાલવું-પર લેવું એટલે ધ્યાન આપવું. મોટાં મનનું એટલે ઉદાર; પરોપકાર બુદ્ધિનું. મન ઉંચું થવું એટલે નાખુશ-દલગીર થવું. ૨ સ્નેહ તુટવો; બેદીલી થવી. મનમાં બળવું એટલે ઇચ્છેલું પાર ન પડેથી, અસન્તોષથી, ક્રોધ થવો. મનમાં લાવવું એટલે દરકાર કરવી; ગણવું લેખવવું. મનનું મનમાં એટલે મનની વાત બાર ન પાડવી. મન મોકળું એટલે ઉદાર. ૨ ખુલ્લું. ૨ ખુલ્લું મન એટલે ગુપ્ત રાખવાની વૃત્તિ નહિ તે. મનનું કપટી એટલે અન્દરથી કપટી. મનનું પોચું એટલે દીલને જલદી અસર થાય તેવું. ૨ બીકણ. મનમાં ચોળાયાં કરવું એટલે ધચુપચુ હોવું. 'મન જાણે પાપ ને મા જાણે બાપ.' "મનમાં પરણ્યાં ને મનમાં રાંડ્યાં.' 'મન હોય ચંગા તો કથરોટમેં ગંગા.' 'મન કેહે હું માળીયે બેસું; કરમ કેહે હું કોઠીમાં પેસું' ઇ० કેવતો છે.

મનકલ્પિત, વિ० ધા० [સં० મનઃકલ્પિત] મનની કલ્પનાવાળું; ખોટું ખાલી બુદ્ધો-તરકટ હોય તેવું.

મનકામના, સ્ત્રી० [મનઃકામના] મનની ઇચ્છા-મુરાદ.

મનખ, ન० માણસ; મનુષ્ય.

મનખાદેહ, સ્ત્રી० માણસની કાયા; નરદેહ.

મનખો, પુ० માણસનો અવતાર; માણસની જીંદગી; માણુસપણું.

મનગમતું, વિ० મનને ગમતું.

મનકું, ન० મન (કવિતામાં).

મનન, ન૦ [સં૦] મનમાં ગોખ્યાં કરવું તે; વિચાર-ધ્યાસ કરવો તે; ચિન્તન.

મનફેર, વિ૦ જરાક ફેર-હોય તેવું (પણ લેવા લાયક); પૂરી-જેટલી હોય તેટલી નહિ પણ કંઈક ઓછી ઇચ્છા હોય તેવું.

મનભાવતું, વિ૦ મનને ભાવે તેવું.

મનમાનતું, વિ૦ મન કબૂલ કરે તેવું; મનને જેવું પસન્દ પડે તેવું.

મનમેળાપી, વિ૦ મળતાવડું; મન મળી જાય તેવું.

મનમોજી, વિ૦ મનમાં કલ્પના ઉઠે તેવી રીતે વરતનારો; તરંગી. ૨ આનન્દી.

મનમોહન, વિ૦ [સં] મન મોહ પામીજાય તેવું; દિલપસન્દ; ચિત્તને વશ કરીએ તેવું.

મનવા, પુ૦ [હિં૦] માણસ. ૨ મન.

મનવાઞ્છિત, સ્ત્રી૦ મનમાં ઇચ્છેલું.

મનવાર, સ્ત્રી૦ [અં૦] લડાઈનું મોટું વ્હાણ અથવા મોટી આગબોટ.

મનસા, મનથી-વડે. મનસા વાચા કર્મણા.—મનથી વાણીથી ને કર્મથી.

મનસૂબો, પુ૦ [આ૦] ધારણા બાંધવી તે; ઇચ્છા-કામ વિષે વિચાર કરવો તે. ૩ ઇરાદો; ઇચ્છા; નક્કી ધારેલું તે.

મનસ્વી, વિ૦ [સં૦] મનના ખુદા પ્રમાણે વર્તનાર; વિચિત્ર વૃત્તિનું; સ્વચ્છંદી. ૨ તરંગી; તરેહવાર; જે વેળા જેવું સૂઝ્યું તે વેળા તેવું એવી રીતનું.

મનહર, મનોહર.

મના-ઈ, સ્ત્રી૦ [આ૦] અટકાવ; પ્રતિબન્ધ; કોઈ કામ કરવાની ના પાડેલી તે. રજા ને મના.

મનામણાં, ન૦ મનાવવું તે; રીસ ઉતારવાને સમજાવવું તે; કાલાવાલા. (રિસામણાં ને મનામણાં).

મનારો, પુ૦ [આ૦] મિનારો; પથરા ચૂના વગેરેનો બાંધેલો જે ઊંચો ને ગોળ થાંભલો તે.

મનાવવું, ક્રિ૦ સ૦ મન કરાવવું; સમજાવવું; પોતાની મરજી મુજબ સામો કરે તેવી તેની વૃત્તિ કરાવવી; માને તેને માટે તજવીજ કરવી. મનાવું-રીસ ઉતારી નાખી હોય તે હાલતમાં આવવું. ૨ ફરીથી સ્નેહ થવો.

મની, સ્ત્રી૦ બિલાડી.

મનીહાર, પુ૦ ચૂડા ચૂડી વેચવાનો ધન્ધો કરનારો. ૨ ભવાઈમાંનો એક વેશ.

મનીશ, ન૦ મનુષ્ય; માણસ.

મનુ, પુ૦ મન્વન્તરનો મૂળ પુરુષ-રાજા.

મનુજ, પુ૦ [સં૦] માણસ. ૨ માણસ જાત.

મનુષ, મનુષ્ય.

મનુષ્ય, ન૦ [સં૦] માણસ; માણસ જાત (સ્ત્રી, પુરુષ કોઈ પણ). ૨ પુરુષ; નર.

મનુષ્યગણ, પુ૦ સત્તાવીસ નક્ષત્રના ત્રણ વર્ગમાંનો એક. દેવગણ, મનુષ્યગણ ને રાક્ષસગણ. એકેકના પેટામાં નવ નવ નક્ષત્ર છે. એ ગણ મનુષ્યના સ્વભાવ અને પ્રારબ્ધનાં ઉપર સત્તા ચલાવે છે.

મનો, મના.

મનોધર્મ, પુ૦ મનના ધર્મ-પ્રીતિ, ક્રોધ, ધિક્કાર, અદેખાઈ ઇ૦; વિચાર, સ્મરણશક્તિ, કલ્પના-ઇ૦.

મનોભઙ્ગ, પુ૦ આશાનો ભંગ.

મનોભાવ, પુ૦ મનનો ભાવ; દિલની મતલબ; મનની વૃત્તિ-લાગણી.

મનોમઙ્ગ, પુ૦ મનનો ઉમંગ.

મનોમય, વિ૦ [સં૦] મનનું-સમ્બન્ધી; માનસિક.

મનોમયકોશ, પુ૦ [સં૦] પઞ્ચ કોશમાંનો એક-હું છું ને શરીરની સત્તા મારા હાથમાં છે એવું જે જ્ઞાન તે. (પણ આત્મથકી નિરાળું).

મનોરઞ્જક, વિ૦ [સં૦] મનનું રઞ્જન કરનાર; દિલપસન્દ.

મનોરથ, પુ૦ મનનો અર્થ-હેતુ-ઇચ્છા.

મનોવિકાર, પુ૦ લાગણી; મનના ભાવ.

મનોવૃત્તિ, સ્ત્રી૦ મનની વૃત્તિ.

મનોહર-હારી, વિ૦ [સં૦] મનને હરે-વશ કરે તેવું; મોહ પમાડનાર; સુન્દર; ખુબસુરત; મધુરું. (કાંતિ વાણિ ઇ૦).

મન્તર, મન્ત્ર.

મન્તરવું, ક્રિ૦ સ૦ મન્ત્ર ભણી વસ્તુને સ્પર્શ કરી અથવા ફૂંક મારી તેના જે ગુણે કાર્યસીદ્ધ થાય તે ગુણ તેમાં આવે તેવું કરવું-(દોરો માંદળિયું પાણી મંતરવું). ૨ રોગ દૂર કરવાને મન્ત્ર ભણવો (આધાસીસી, આંબોઈ મન્તરવી).

મન્ત્ર, પુ૦ [સં૦] જેથી કોઈ કાર્ય સિદ્ધિ થાય તેવું જે ગુપ્ત-ગુહ્ય વચન-વાક્ય તે. ૨ દેવની સ્તુતિ સમ્બન્ધી ઋચા-કવિતા (વેદના મન્ત્ર). ૩ (મારણ જારણ ઇ૦ સમ્બન્ધી દેવતા વીર વગેરેના). ૪ (સાપ વિછુ વગેરેના). ૫ સલાહ; મનસુબો; વિચાર; અભિપ્રાય.

મન્ત્રપુષ્પાઞ્જલિ, સ્ત્રી૦ [સં૦] ખોબામાં ભરેલાં જે ફૂલ મન્ત્ર ભણી દેવના ઉપર વધાવવાં તે. ૨ સારીપેઠે ઠપકો આપવો-ધમકી દેવી તે.

મન્ત્રશાસ્ત્ર, ન૦ અનેક મન્ત્ર અને તેના વિધિ સમ્બન્ધી જે શાસ્ત્ર તે.

મન્ત્રી, પુ૦ [સં૦] પ્રધાન; વજીર; સલાહ આપનાર.

મન્થન, ન૦ [સં૦] મથન.

મન્દ, વિ૦ [સં૦] ધીમું; ધીરું. ૨ રોગી; માંદું; સુસ્ત. ૩ ઓછું; કમ; થોડું.

મન્દવાડ, પુ૦ રોગ; આજાર; પ્રકૃતિમાં જે વિકૃતિ થવી તે.

મન્દહાસ્ય, ન૦ [સં૦] ગાલમાં હસવું તે; મલકાવું તે; જરાક હસવું તે (દાંત ન દેખાય).

મન્દાકિની, સ્ત્રી૦ [સં૦] ગંગાનો પ્રવાહ. ૨ આકાશ ગંગા.

મન્દાર, ન૦ [સં૦] સ્વર્ગનું એક ઝાડ; પારિજાતક.

મન્દિર, ન૦ [સં૦] સુન્દર ઘર. ૨ દેવાલય; દેરું. ૩ રાજમોહેલ.

મન્દિલ, ન૦ કસબના પટાવાળું-છેડીવાળું માથે બાંધવાનું વસ્ત્ર(પાઘડી); જરથી વણેલી પાઘડી.

મન્દી, સ્ત્રી૦ પડતો ભાવ. તેજી મન્દી.

મન્દું, વિ૦ [મન્દ] ધીમું; સુસ્ત.

મન્મથ, પુ૦ [સં૦] કામદેવ.

મન્મોદ, પુ૦ [સં૦] મનનો આનંદ.

મન્વન્તર, પુ૦ [સં૦] ચોદમાંના કોઈ બે મનુની વચમાંનો જે અન્તર તે; તીસકરોડ સડસેઠ લાખ વીસહજાર વરસનો કાળ; જેટલો કાળ જે મનુની સત્તા હોય તેટલો તે; કલ્પનો ચોદમો ભાગ.

મપારો, પુ૦ સઘળી જાતના અનાજ સમ્બન્ધી ભાવતાલ પરીક્ષા કરનારો અને સામટું વેચનારો વેપારી.

મફત, અ૦ [ફા૦] વગર પૈસે, સોંઘો અવેજ-બદલો લિધા વના આપેલું-લિધેલું; ફોકટ. ૨ ઘણીજ થોડી કિમ્મતે.

મફતિયું, વિ૦ બદલામાં કંઈ ન મળે તેવું (કામ). ૨ મફત લેનાર; ફોકટિયું.

મભમ, વિ૦ ગુપ્ત; સંકેતમાં હોય તેવું; ગમે તેનું નામ દેઈને સાનમાં સમજાવેલું.

મમ, વિ૦ [સં૦] મારું.

મમત, પુ૦ [મમત્વ] પોતાનાંને વિષે જે આગ્રહ તે; હઠ; ખોંસ. [પ્યાર; વાલ; પ્રીતિ.

મમતા, સ્ત્રી૦ પોતીકું હોય-મારું છે એમ માનવું તે. ૨

મમતી, વિ૦ આગ્રહી; હઠીલું; ખોંસીલું.

મમત્વ, ન૦ [સં૦] મારાપણું; મારું મારું ને મારું એવો જે આગ્રહ તે; હઠ. ૨ પોતાનાં સમ્બન્ધી વિષે જે વાલ તે.

મમરા, પુ૦ પૌંઆને સક્ચોરાના પાણીનો પટ દઈ સેકેલા તે.-મમરો (એક વચન). મમરો મુકવો એટલે ઉસકેરવું; ચડાવવું; રમ્જક મુકવી; બે જણને કલહ થાય તેવું કંઈ વચમાં બોલી ઉઠવું. [(મોડાંમાં).

મમળાવવું, ક્રિ૦ સ૦ રસ કરવાને આમ તેમ હલાવવું

મય, વિ૦ [સં૦] વિટળાયલું. એ શબ્દ બીજા શબ્દસાથે જોડાય છે.-જળમય, આનન્દમય, ક્રોધમય, સુવર્ણમય, પાષાણમય ઈ૦.

મયા, સ્ત્રી૦ માયા; વાલ. ૨ દયા; કૃપા.

મયૂર, પુ૦ [સં૦] મોર.

મર-ને, અ૦ છોને; હશે; ગમે તેમ કરે તેની કંઈ દરકાર નહિ એ અર્થમાં. મરને તે જાય.

મરકત, પુ૦ [સં૦] એક જાતનો મણિ (પરવાળાં જેવો).

મરકલડું, વિ૦ મન્દ હાસ્યવાળું; મલકાતું હોય તેવું, 'અરકલડે મુખ મધુરે વચને મર્યાદા મન આણીજી.'

મરકી, સ્ત્રી૦ ઘણા મરણ થવાં તે. ૨ જેથી ઘણા લોક મરે તે રોગ; અપોક; કોગળીયું.

મરગ-ઘ, મૃગ.

મરઘી, સ્ત્રી૦ મરઘાની માદા. ૨ મરકી.

મરઘું, ન૦ મરઘો અથવા મરઘી.

મરઘો, પુ૦ એક જાતનો ઉકરડામાં ચરતો પક્ષી-એ મળસકું થને બોલે છે ત્યારે લોક જાણે છે કે હવે વાહણું વાયું; કુકડો.

મરચી, સ્ત્રી૦ મરચાંનો છોડ.

મરચું, ન૦ મરચીનું ફળ-એ તીખું હોય છે. લાલ લીલાં લવંગિયાં મરચાં.

મરજ, પુ૦ [આ૦] રોગ; આજાર.

મરજાદ વેલ, સ્ત્રી૦ દરિયાકાંઠે જે આસેતરાનાં જેવાં પાતરાંના વેલા થાય છે તે.

મરજાદ-દા, સ્ત્રી૦ મર્યાદા; અદબ. ૨ સભ્યતા; વિવેક.

મરજાદી, વિ૦ વલ્લભ મતમાં પુષ્ટિમાર્ગ પ્રમાણે વર્તનારો વૈષ્ણવ.

મરજી, સ્ત્રી૦ [આ૦] ઇચ્છા; ખુશી; ખાહેશ. ૨ તબિયત; મિજાજ. મરજી મુજબ-માફક-ઇચ્છા પ્રમાણે. મરજી રાખવી એટલે મરજી જોઈને કામ કરવું; [ખુશ રાખવું.

મરડ, સ્ત્રી૦ મરડવું તે.

મરડવું, ક્રિ૦ સ૦ વાંકું વાળવું. ૨ આડું પડવું; હરકત કરવી.

મરડાટ, પુ૦ લાડમાં રિસાવું તે. ૨ રીસમાં વાંકું બોલવું-કામ કરવું તે. ૩ મરડાતાં ચાલી જે લટકો દેખાડવો તે.

મરડાવું, ક્રિ૦ અ૦ વાંકું વળવું. ૨ શરીર વાંકું વાળી નખરાં કરવું થવું. ૩ લાડ-માનમાં અથવા ક્રોધમાં કોઈ કામ કરવામાં આડું થવું.

મરડો, પુ૦ વારે વારે ઝાડે ફરવું થાય તે રોગ.

મરણ, ન૦ [સં૦] શરીરમાંનું ચેતન હમેશાને માટે બન્ધ થવું તે; પ્રાણ-જીવ જવો તે; મોત. ૨ મોટું સંકટ. મરણ પામવું-થવું. ૩ મરણવેળા જેવું દુઃખ થાય તેવી જે શરમ લાગવી તે.

મરણતોલ, વિ૦ મરણ થાય તેવું; મરીઅપણો હોય તેવું. (મરણતોલ માર પડવો). [પછીનું.

મરણાન્ત, વિ૦ [સં૦] મરણ થાય ત્યાં સુધી. ૨ મરણ

મરણિયું, વિ૦ મરવાને તૈયાર; મરવાથી ન બીએ તેવું; સાહસ કામ કરવે ઉતરી પડનારો.

મરતબો, પુ૦ [આ૦] પદવી; દરજ્જો; અધિકાર; મોભો.

મરદ, પુ૦ [ફા૦ મર્દ] પુરુષ-આદમી; નર. ૨ પુરુષાતનવાળો. ૩ પુરુષાર્થ વાળો.

મરદંગ, મૃદંગ.

મરદાઈ-નગી, સ્ત્રી૦ [ફા૦] મરદપણું; પુરુષાતન. ૨ પુરુષાર્થ; બાહાદુરી.

મરદાની, વિ૦ [ફા૦] મરદને સોભે તેવું (જનાની નહિ). ૨ બહાદુર; હિંમતવાળો; નિડર.

મરદી, સ્ત્રી૦ [ફા૦] મરદનું કૌવત. ઓરતની સાથે સોબત કરવા સમ્બન્ધી જોર તે.

મરદુમી, મરદાઈ. [કુલસ્થ.

મરદેઆદમી, પુ૦ ઊંચા સદ્ગુણ વાળો માણસ; કુલીન

મરનાર, વિ૦ મુવેલું (માણસ).

મરવું. ક્રિ૦ અ૦ શરીરમાંથી ચેતન સદાવકું ગયું હોય તેવું થવું; મરણ પામવું. પ્રાણી ને વનસ્પતિ બન્નેને એ શબ્દ લાગેછે. 'ઝાડ મરીગયું કેવાય છે.' ૨ ઠેકાણેથી ઉઠી જવું. સોકટી મરીજવી. ૩ ધાતુની ખાખ થવી. તાંબુ મરવું. ૪ અધિરાં થવું. તે પોતાના પ્યારાને માટે મરે છે. મરની એટલે જાણી આંહીંથી. મરીજવું એટલે મરવું. ૨ જાતું રેવું; બંધ પડવું–જોસ્સો મરી ગયો. ૩ ઘણું દુઃખ પામવું–કામ કરતાં મરીગયા બાઈ!

મરવો, પુ૦ ઘણી નાની કાચી કેરી.

મરસીયા, પુ૦ મરીગયલા નામજાદાઓના શોકમાં ગાવાનાં એક તરેહનાં ગીત; રાજીઆ. (મુસલમાનોમાં).

મરાઠા, પુ૦ મહારાષ્ટ્ર દેશમાં રેનાર એક જાતના શુદ્ર લોક.

મરાઠી, વિ૦ મહારાષ્ટ્ર દેશના લોકની–ભાષા–રીત ઇ૦.

મરામત, સ્ત્રી૦ [આ૦] સમરાવવું–દુરસ્ત કરાવવું તે (ઘર વગેરેને).

મરાળ, પુ૦ [સં૦ મરાલ] એક જાતનો હંસ પક્ષી.(રાતા પાગ ને રાતી ચાંચનો).

મરી, ન૦ [મરીચ] એક જાતનાં ઝાડનાં ઝીણાં ફળ; તીખાં. એ કાળાં ને સફેત હોય છે. એનો સવાદ તીખો હોય છે. એ રસોઈમાં અને ઓસડમાં કામ આવે છે.

મરુડી–ઢી, સ્ત્રી૦ સાધુની નાની ઝુંપડી.

મરેઠી, મરાઠી. ૨ એક જાતનો છોડ.

મરેઠો, મરાઠામાંનો એક.

મરો, પુ૦ મોતના જેવું જે દુઃખ થાય તે. ૨ મોત. આ મોઘવારીમાં ગરીબનો મરો છે.

મરોડ, પુ૦ વળણ (અક્ષરનું).

મરોડવું, મરડવું. [સુકલકડી (માણસ).

મર્કટ, પુ૦ [સં૦] માંકડું; વાંદરો. ૨ એકવડાં હાડનું;

મર્દન, ન૦ [સં૦] ચોળવું–રગડવું–ઘસવું તે.

મર્મ, પુ૦ [સં૦] અન્તઃકરણની છાની વાત; ગુહ્ય; છુપો ભેદ. ૨ હૃદય; અન્તઃકરણ; કાળજું. ૩ વાક્ય બાલવામાં જે ગુપ્ત રેયો અર્થ–ભાવ–રસ તે.

મર્મજ્ઞ, વિ૦ [સં૦] મર્મ જાણનાર.

મર્મસ્થાન, ન૦ [સં૦] કાળજું; અન્તઃકરણ. ૨ જેમાં વાગેથી પ્રાણી મરીજાય એવી શરીરની કુમળી જગા–માથું, પેટુ, લમણું ઇ૦.

મર્માળ–ળું, વિ૦ મર્મ–સંકેતથી ભરેલું.

મર્યાદશીલ, વિ૦ મર્યાદાવાળું; જમતા વિવેક રાખવાનો સ્વભાવ હોય જેનો તે.

મર્યાદા, સ્ત્રી૦ અદબ; વિવેક; પરવી, મોટપણ જોઈ માન રાખી વર્તવું તે. ૨ હદ; સીમા; છેડો. (કામ, સ્વભાવ, કર્મની.) ૩ અટકાવ; પ્રતિબન્ધ.

મલ્લ, પુ૦ [મલ્લ] કસરતથી બાંધવાળી કુસ્તી કરવામાં હોશિયાર બળવાન ને લડ જોરાવર આદમી.

મલકાવું, ક્રિ૦ અ૦ ગાલમાં હસવું; મન્દ મન્દ હસવું.

મલપતું, વિ૦ બારેખમ ડોળથી ઉમંગમાં ડોલતો ચાલતો હોય તે (હાથી). ૨ ઠાઠથી ધીમે ધીમે હરખ ભર્યું ચાલતું હોય તેવું. 'મોસાળું મલપતું આવે.' [મ.:

મલમ, પુ૦ [ફા૦] દરદ ઉપર લગાડવાનું–ચોપડવાનું ઓ-

મલમલ, સ્ત્રી૦ એક જાતનું બારીક સુતરવ કપડું.

મલાઈ, મલૈ.

મલાર, પુ૦ [સં૦ મલ્હારી] એક રાગ (રાગણી) વર્ષાદ ઋતુમાં ગવાય તે.

મલાવવું. ક્રિ૦ સ૦ વધારી રકમ પરવો; પ્રફુલ્લ કરી દીપાવવું; ફેલાવવું (વાત, રાગ વગેરે). ૨ લમ્બાવવું; વધારવું; અતિશયોક્તિ કરવી.

મલાવો–વડો, પુ૦ મલાવવું તે.

મલિદો, પુ૦ [ફા૦] જેમાં ખાવાનો નગદ માલ હોય તેવો ચિકણો પદાર્થ. કણેક ઘી ગોળનો મલિદો. દૂધ મલે હલવો એ પણ મલીદો. [મલિનપણું.

મલિન, વિ૦ [સં૦] મેલું; ગંદું; કુવડ. મલિનતા–

મલુક, વિ૦ સારું; શ્રીકાર.

મલ્લ, [સં૦] મલ. મલ્લયુદ્ધ–બે મલની કુસ્તી.

મવાડવું, ક્રિ૦ સ૦ માય–સમાય તેમ કરવું.

મશ, પુ૦–ન૦ [મિષ] બાનું; નિમિત્ત; જુઓ સબબ.

મશક, સ્ત્રી૦ [ફા૦] પાણી ભરવાનો ચામડાંનો કોથળો જે ભિસ્તીની પીઠપર રાખવામાં આવેછે તે. પાડાની પીઠપર પખાલ ને ભિસ્તીની પીઠે મશક.

મશગુલ, વિ૦ [ફા૦] કામમાં રોકાયલું–મચેલું.

મશરુ, પુ૦ [આ૦] રેશમ તથા સુતરનું લીટાવાળું કપડું. એ ઘણા રકમનો હોયછે. [જાણીતું.

મશહૂર, વિ૦ [ફા૦] નામીચું; પ્રખ્યાત. ૨ જાહેર; સહુને

મશાલ, સ્ત્રી૦ [આ૦] ચીંથરાં વિંટાળી બનાવેલો લાંબો ડંડો જે સળગાવેથી ધીરે ધીરે બળેછે ને મોટા દીવાનો પ્રકાશ આપેછે તે.

મશાલચી–જી, પુ૦ મશાલ ઝાલનારો–ધરનારો (હજામ).

મશો, મસો.

મશ્કરી, મસકરી.

મસ, મશ.

મુસ, વિ૦ બાસક; ઘણું; બહુ.

મસક, મશક.

મસકરી, સ્ત્રી૦ [આ૦] મજાક; ઠઠ્ઠો; ટોળ. [ખોરો.

મસકરો, પુ૦ મસકરી કરનારો; ટોળિયો; બકરીઃ ખટક-

મસકો, પુ૦ માખણ.

મસજીદ, સ્ત્રી૦ [આ૦] મસીદ. [ઉદમાતિયું.

મસતાન, વિ૦ [ફા૦] મદમાતું; હાલમસ્ત. ૨ તોફાની;

મસતી, સ્ત્રી૦ મસ્ત હાલત; ઉન્મત્તાઈ. ૨ કુદવું દોડવું વગેરે બમોવળગી કરવી વગેરે જે ધાંધલ તે; તોફાન.

મસતીખોર-રૂં, વિ૰ મસતી કરનાર; ઉદમાતિયું; તોફાની.

મસનંદ, સ્ત્રી૰ [આ૰] ગાદી; તખત.

મસરુ, મશરુ.

મસલહત, સ્ત્રી૰ [આ૰] સલાહ; વિચાર; મનસુબો.

મસલહતિયો, પુ૰ મસલહત આપનારો.

મસવણી, મનસરવણી.

મસવાડા, પુ૰ ગર્ભ રૈવો તે; દાડા રૈવા તે. [ભાગ.

મસવાડું, ન૰ પછવાડું; ઘરની પાછળનો-વાડા તરફનો

મસવાડો, પું૰ ગામનું પછવાડું. [કરવું.

મસળવું, ક્રિ૰ સ૰ ચોળવું. ૨ ગુંદવું. ૩ મારી અધમુઉં

મસાણ, ન૰ [સ્મશાન] મુડદાં-દાટવા બાળવામાં આવે છે તે જગો. [નરસાં).

મસાણિયા, વિ૰ થોડા ઘીના (લાડુ); (ખોટ ઘી પણ

મસાણિયો, પુ૰ ડાઘુ; મુડદાંની સાથે મસાણ જનારો. ૨ મેલો-ફુવડ આદમી.

મસાણી, વિ૰ ગાભા ચુંથા જેવું (પાઘડી વગેરે).

મસાત, સ્ત્રી૰ ખેડવાની જમીનનો આકાર. કુંડાં મસાત, ગાડાં મસાત, ચોકડી મસાત.

મસાલ, મશાલ.

મસાલો, પુ૰ [આ૰] ખાવાના પદાર્થમાં ભળેથી વિશેષ સવાદ આપતી જે વસ્તુઓ તે. હીંગ મરી વગેરે એ રસોઈનો મસાલો. ૨ એળચી ચારોળી બદામ પસ્તાં જાયફળ તજ તમાલ પત્ર વગેરે તેજાનો. ૩ કોઈ પણ ચીજમાં મેળવાના જે પદાર્થો તે. ઢોળવાના ચૂનામાં ગુગળ ખાંડ વગેરેનો મસાલો જોઈયે છે. મસાલો પુરવો એટલે ઉશકેરવું; ચડાવવું.

મસિયાઈ, વિ૰ માસીનાં (છોકરાં).

મસિયેણ, વિ૰ માસીની (છોકરી) (મસિયેણ બેન).

મસી, સ્ત્રી૰ ઝાડ-વેલાપર થતા એક જાતના જન્તુ.

મસી, મિસી-સ્સી. [વાની બાંધેલી જગો.

મસીદ, [આ૰ મસજીદ] મુસલમાન લોકોને નિમાજ પઢ-

મસો, પુ૰ [મષી] શરીરના કોઈ પણ ભાગ ઉપર જે ચામડીનું ફુલી કઠણ ગોળ થઈ રૈવું તે. જુવેરની દાળ જેવડા, ચણા વાલ કણરાની ગોટલી જેવડા મસા થાય છે. ગાંડમાં જે મસા તે હરસ કેવાય.

મસોતું, ન૰ કપડાંનો કકડો. ૨ ફાટો તુટો મેલો કકડો. ૩ મેલું ફાટું તુટું કપડું. આ મસોતાં જેવી પાઘડી કેમ

મસ્કરી, મશ્કરી. [ઘાલી છે.

મસ્કરો, મશ્કરો.

મસ્ત, વિ૰ [ફા૰] મદમાતું. ૨ કેફથી ચકચુર. ૩ રાગીરે પુષ્ટ. હાલમસ્ત. ૪ પૈસાથી ફુલાનો-માલમસ્ત. ૫ ઈશ્કના રંગમાં આવી ગયલો; રસમગ્ન.

મસ્તક, ન૰ [સં૰] માથું. ૨ ખોપરી. ૩ કોઈ પણ વસ્તુનો છેક ઉપલો ભાગ.

મહફૂઝ, વિ૰ [આ૰] થોડા દાડા બન્ધ રાખેલું; ઢીલ રાખેલી એવું; મુલતવી.

મહત્, વિ૰ [સં૰] મોટું.

મહત્વ, ન૰ [સં૰] મોટપણું.

મહદ્ભૂત, વિ૰ [સં૰] મોટું અદ્ભુત; અલૌકિક.

મહન્ત, પુ૰ [સં૰] મોટો સાધુ.

મહર, ન૰ મર્મમાં જે કેવું-કરવું તે.

મહર્લોક, પુ૰ [સં૰] સૂર્ય તથા ગ્રહો જ્યાં છે તે લોક; સાત લોકમાંનો એક.

મહર્ષિ, પુ૰ [સં૰] મોટો ઋષિ.

મહા, વિ૰ [સં૰] મોટું. મહાકાવ્ય. મહાકાળ-લક્ષ્મી-સરસ્વતી-કાળી. મહા પાતક-પાપી. મહા પ્રસાદ-છપ્પન ભોગ; ઘણાં ઘણાં સાહિત્ય કરવાં હોય તેવું ભોજન.

મહાજન, ન૰ મહાપુરુષો. ૨ નગરમાં વેપારી ધન્ધાધારી વાણિયા શ્રાવક સમસ્તનો જે મોટો વર્ગ તે. ૩ વાણિયા-શ્રાવક-કણસારા-ભાટિયા ઇ૰ નો પ્રત્યેક જે વર્ગ તે.

મહાત, વિ૰ [ફા૰] હારેલું; કેદમાં પડેલું; અટકેલું. બાજી-બાદશાહ-રમનાર મહાત. મહાત થવું-કરવું.

મહાત્મ, [મહાત્મ્ય] મોટપણું; પ્રતાપ.

મહાત્મા, વિ૰ [સં૰] મોટાં-ઉદાર મનનું; ઊંચી કુળીનતાવાળું; પરાર્થ ને પરમાર્થ વિષે જે ધીર તે. મહાત્મતા-મહાત્માપણું.

મહાદશા, સ્ત્રી૰ [સં૰] જન્મોતરી ઇ૰ માં મુખ્ય ગ્રહની જેટલી વાર જે સત્તા પ્રાણીના ઉપર હોય તેટલી તે-એમાં જે બીજા ગ્રહોની સત્તા તે અન્તરદશા કેવાય છે.

મહાદેવ, પુ૰ [સં૰] મહા સંહારશક્તિનું સ્વરૂપ; શિવ. એ લિંગરૂપે પૂજાય છે.

મહાદ્વીપ, પુ૰ મોટો દ્વીપ. જૂના મહાદ્વીપમાં યુરોપ, એશિયા ને આફ્રીકા એ ખંડો છે ને નવામાં અમેરિકા.

મહાન્, વિ૰ [સં૰] મોટું.

મહાપદ્મ, વિ૰ [સં૰] હજાર અબજની સંખ્યા બતાવેછે.

મહાપ્રલય, પુ૰ [સં૰] મોટો પ્રલય; સૃષ્ટિનો સમૂળો નાશ.

મહાપ્રાણ, વિ૰ [સં૰] જરા વધારે જોરથી ઉચ્ચારણ થાય તેવા-અક્ષરો. ખ, ઘ, છ, ઝ, ઠ, ઢ, થ, ધ, ફ, ભ અને શ, ષ, સ, હ.

મહાભારત, વિ૰ બહુ મોટું ને અઘરું. મહાભારત કામ છે. (એ નામનું મોટું વીરરસ કાવ્ય જેમાં પાંડવ કૌરવના યુદ્ધનું વર્ણન છે તે ઉપરથી).

મહાભૂત, ન૰[સં૰] પ્રથમ-મુખ્ય તત્વ. પૃથ્વિ, પાણી, તેજ, વાયુ ને આકાશ.

મહામાયા, સ્ત્રી૰ [સં૰] આદિમાયા. ૨ અમ્બા; દુર્ગા.

મહારથી, પુ૰ [સં૰] મોટો યોદ્ધો-લડવૈયો. દશ હજાર રથ ને તેમાંના યોદ્ધાઓની સામાં એકલો ભિડનારો જે મહા બળિયો યોદ્ધો તે.

મહારાજ, પુ૦ [સં૦] મોટો રાજા. ૨ એ શબ્દ મોટા પુરુષોને (રાજા બ્રાહ્મણ સાધુ ઇ૦ને) માન આપતી વેળા વપરાય છે. ૩ વલ્લભકુળનો પુરુષ; ગોંસાઈજી મહારાજ.

મહારાજા, વિ૦ મોજિલાં ભોળા; આનંદી; ઉદાર.

મહારાત્રિ, સ્ત્રી૦ મહાવદ ચૌદસ; મોટી શિવરાત્રી.

મહારાષ્ટ્ર, પુ૦ [સં૦] મરાઠાઓનો દેશ-જ્યાં મરાઠી ભાષા બોલાય છે તે- વિ૦ એ દેશ સમ્બન્ધી (ભાષા).

મહાલ, પુ૦ [અં૦] પરગણા-તાલુકાનો એક ભાગ.

મહાલકરી, પુ૦ મહાલનો સરકાર તરફથી જે અધિકારી તે-મામલતદાર જેવોજ પણ મહાલ નાનો.

મહાલય, ન૦ [સં૦] ભાદરવા વદમાં કરવાનું એક મોટું શ્રાદ્ધ. ૨ મોટું ઠેકાણું. ૩ પવિત્ર ધામ; રક્ષણનું ધામ; દેવાલય.

મહાવત-ધ, પુ૦ [હિં૦] હાથીનો હાંકનારો.

મહાવરો, પુ૦ ખંતથી નિત્ય જે શ્રમ કરવો તે. ૨ અભ્યાસ ; સહવાસ.

મહાસમુદ્ર, પુ૦ મોટો દરિયો.

મહિના, પુ૦ ગર્ભ રહ્યા પછી તે પ્રસવ થતાસુધી જે દહાડા તે. મહિના રેવાં. બાર મહિનાનાં ગીત.

મહિનાદાર-વાળો, પુ૦ મહિને મહિને પગાર લઈ ચાકરી કરનારો.

મહિનાવાળી, વિ૦ ગર્ભવતી (સ્ત્રી).

મહિનેમહિને અ૦ દરમહિને.

મહિનો, પુ૦ [ફા૦] તીસ દહાડાનો જે કાળ તે; માસ. ૨ મહિના સુધી કામ કરવા બદલ જે પગાર તે. ૩ અડગું- અટકાવ આવવાની ઘણુંકરીને મહિનાની જે મુદત તે. ૪ ગર્ભ રહ્યા પછીથી તે પ્રસવ થતા લગી જેટલા મહિના થાય તેમાંનો એકેકો.

મહિમા, પુ૦ [સં૦] વર્ણન કરવા જોગ એવો કોઈનો જે પ્રતાપ-યશ તે.

મહિયારી, સ્ત્રી૦ દહીં વેચનારી. ૨ ગોવાળણ; ગોપી. ૩ ગોત્રજની પુજા કરનારી જે સ્ત્રી તે.

મહિયેર, ન૦ પીયેર.

મહિલા, સ્ત્રી૦ રાજાની સ્ત્રી. ૨ સ્ત્રી.

મહીં, સ્ત્રી૦ [સં૦] પૃથ્વિ. ૨ સાયં. ન૦ દહીં. અ૦ માંય; અન્દર.

મહીપતિ-પાળ, પુ૦ [સં૦] રાજા; નૃપ.

મહીષ; પુ૦ [સં૦] પાડો. મહીષી-ભેંસ; પાડી.

મહુડાં, ન૦ મહુડાનાં ફૂલ-એ ખાસડ દાખલ કામમાં આવે છે. એનો દારૂ થાય છે.

મહુડો, પુ૦ [મધુક] એ નામનું ઝાડ.

મહુવર, સ્ત્રી૦ તુંબડીનું એક વાજું જે વાદી-ગારૂડી લોક સાપ પકડવા-રમાડવા રાખેછે તે.

મહેશ-શ્વર, પુ૦ [સં૦] શિવ; મહાદેવ.

મહોત્સવ, પુ૦ [સં૦] મોટો ઓચ્છવ.

મહોત્સાહ, પુ૦ [સં૦] મોટો ઉત્સાહ.

મળ, પુ૦ [સં૦] મેલ; કચરો; ગન્દવાડ. ૨ પેટમાંનો કચરો; કબજ રેવથી ઝાડો. ૩ ગૂ; વિષ્ટા.

મળકું, વિ૦ જરા મોળું એવું (પાણી).

મળણ, ન૦ સહવાસ; સાથે રેવું તે; મેળાપ; મુલાખાત; સ્નેહ; પ્રીતિ. (મળણ તેટલું બળણ).

મળતર, ન૦ પેદાશ; આમદાની; રળતર.

મળતાવડું, વિ૦ સહુમાં હળીમળી જાય તેવું ; મીલાપી.

મળતિયો, પુ૦ સોબતી; સાથી.

મળમાસ, પુ૦ અધિક મહિનો; પુરુષોત્તમમાસ.

મળવું, ક્રિ૦ અ૦ પ્રાપ્ત થવું; પેદાશ-કમાણી થવી. તેને પાંચ રૂપિયા મળ્યા. ૨ એકઠું થવું; સાથે-જોડે થવું. તે બન્ને બજારમાં મળ્યા. ૩ વિચારમાં એક થવું. તે વાતમાં તે બંને મળ્યા-મળતા થયા-મળીગયા. ૪ સ્નેહ થવો; દોસ્તીમાં જોડાવું. વચમાં અણબનાવ હતો પણ હાલ તેઓ મળ્યા છે. તે મળ્યાને માથું આપે તેવો છે. ૫ દોરાઓનું અન્તર જઈને જોડા જોડ આવી રેવું. ધોવાયાથી પોત મળશે-મળી જશે. ૬ સ્વભાવ ગુણ-વિદ્યામાં સરખાં હોવું. ૭ અનુકૂળ આવવું-સન્ધિ મળવી, યોગ મળવો. ૮ મળવા જવું એટલે કોઈને જોવાને તેની સાથે વાતચિત કરવાને જવું. ૯ સામસામાં એકઠાં થવું (લડાઈમાં). ૧૦ જડવું; હાથ લાગવું. તે ચોપડી મને કબાટમાંથી મળી-જડી. ૧૧ ગુંદાઈને તૈયાર થવી-કણેક મળી.

મળસકું, ન૦ પરોઢિયું; વાણું; સવાર.

મળિયાગરું-રું, ન૦ એક જાતનું ઝાડ અથવા તેનું સુગન્ધીદાર લાકડું-એ ઘસીને શરીરે ચોપડવામાં આવે છે. (મળયાચળ પર્વત જે મલબારમાં છે તે ઉપર ઉગે છે માટે).

મળી, સ્ત્રી૦ હનમાનની મૂર્તિ ઉપરનો તેલ સિન્દુરનો જે ઘાડો ચિકણો રગડો તે. ૨ ગોદડાં ભરવાનો કપડાંનો મોટો કોથળો.

માં, અ૦ માંય ; અન્દર. ૨ સપ્તમી વિભક્તિનો પ્રત્યય.

માંઈ, માઈ.

માંકડી, સ્ત્રી૦ ઘંટીના ગાળામાં જે લાકડાંનો અવયવ રે છે તે. ૨ માંકડની માદા. ૩ માંકડના નાના બચ્ચાંમાંનું એક.

માંગ, વિ૦ વેપારી લોકોનો સાંકેતિક આઠનો શબ્દ. પુ૦ વડનગરા નાગરની ન્યાતમાં કેટલેક ઠેકાણે હડે અવસરે કાંસાની થાળીમાં પેડી તથાં તેનાં બે છોકરાં મેંસે ચીતરે છે તે. માંગ લખાવ્યા કેવાય છે.

માંગ, સ્ત્રી૦ માથાના નિમાળાની લટી-"માંગ સમારૂં રે મોતીએ સેંથે ભરૂં રે સિંદુર" (રત્નો). ૨ ચોટલાની બે બાજુ; પટિયાં.

માંચો, માચો.

માંજર, ન૦ [મઞ્જરી] તુળસી, ડમરો વગેરે છોડના બીવાળી જે ડાંખળીઓ તે; લટર. ૨ પગના જોડામાંની સુખતળી.

માંજર, સ્ત્રી૦ [માર્જાર] બીલાડી.

માંજરું, વિ૦ કંઈક પીળો ચળકાટ મારે તેવા ડોળાવાળું. માંજરો, માંજરી. ૨ ભૂરું.

માંડ, પું૦ શોભા સારૂ જે વાસણ ગોઠવેલાં તે.

માંડણ, ન૦ ગામને પાદરે પાણી ભરાઈ રહેલો જે ખાડો, તળાવ તે જેમાં ભેંસ વગેરે પડી રેછે તે. 'ભેંસ માંડણમાં ખુંચી રઈ છે.' ૨ માડણ.

માંડવી, માડવી.

માંડવું, માડવું.

માંદગી, સ્ત્રી૦ [ફા૦] માંદું-આજારી હોવું તે; મન્દવાડ; [બિમારી.

માંય, અ૦ મધ્યે; અન્દર.

માંસ, ન૦ [સં૦] માસ; ગોશ.

•માંહિ-હે, માંય.

મા, સ્ત્રી૦ [માતા] જે સ્ત્રીએ જનમ આપ્યો હોય તે (તેનાં છોકરાંની); જણતી. ૨ જે ભૂમિમાં જન્મ થયો હોય તેને પણ લગાડવામાં આવે છે. પૃથ્વી-ધરતીમાં. ૩ મોટી ઉમરની કોઈ સ્ત્રીને-ધરડીને વિવેકમાં એ શબ્દથી પ્રસંગે બોલાવવામાં આવે છે.

મા, અ૦ નહિ ના; ન. મા કરીશ, રીસાઈશ મા.

માઈ, સ્ત્રી૦ મા; માતા. ૨ એ શબ્દથી બાળક પોતાની માને લાડમાં બોલાવે છે.

માઈલ, મૈલ.

માકડ, માકણ.

માકડિયું, ન૦ માકણને ભરાઈ રેવાનું કાણા કાણા વાળું પાટિયું જે સુવાના પલઙગ-ખાટલામાં બોસી મુકવામાં આવે છે તે.

માકડી, સ્ત્રી૦ ઘણી વગેરેના ગાળામાં લાકડાંના જે કકડામાં ખીલની અણી રેછે તે. ૨ રાતાં મોડાંની વાંદરી; બીજલી. ૩ એક જાતનો ચામડીનો રોગ ઘણું-કરીને ઠેડે થાય છે. ૪ એક જાતનો જીવડો. ૫ ભૂરી (ભેંસ). ૬ માકડની માદા. [બીજલું.

માકડું, ન૦ [મર્કટ] રાતાં મોડાંનું ને ટુંકી પુંછડીનું વાંદરું;

માકડું, વિ૦ આછું રાતું.-રઙગે માકડો બળદ.

માકણ, પું૦ [મત્કુણ] પરસેવાથી પાકતો એક જાતનો જીવ-એ માણસના સુવાના ઠેકાણામાં ઘણું કરી રઈને સુનારને કરડેછે.

માખ, માખી. માખ મારવી-આળસુ પડી રેવું.

માખણ, ન૦ [મંક્ષણ] દહીં વલોવેથી ઉપર તરી આવતો જે ચિકણો પદાર્થ તે-માખણનું ઘી થાયછે.

માખણિયા, વિ૦ માખણ જેવું નરમ-પાપડી. ૨ માખણવાળો (ચૂનો).

માખળ, પું૦ પાકેલો માલ ખળીમાં આણ્યા પછી દાણાનું તોલ થઈ સરકારનો હીસ્સો નક્કી કરવો તે. [ઉભડ.

માખી, સ્ત્રી૦ [મક્ષિકા] પારદર્શક પાંખવાળો એક નાનો

માખો, પું૦ લીલી મોટી માખી.

માગ, પું૦ [માર્ગ] રસ્તો; વાટ. ૨ જગો; ઠેકાણું; ઠામ. ૩ અન્તર; છેટું (વચમાં કેટલો માગ છે). ૪ પગલી-પગલાં જોઈ ચોરને ને ચોરાયલા માલને શોધવો તે-માગ કાઢવો.

માગધ, પું૦ વહીવઞ્ચો; વંશના જસ ગાનાર.

માગધી, વિ૦ મગધ દેશ સમ્બન્ધી-ની (ભાષા).

માગણ, વિ૦ [માર્ગણ] માગનાર; ભિખારૂ.

માગણી, સ્ત્રી૦ માગવું તે. ૨ લીલામમાં ભાવમાં વધવું તે. ૩ છોકરાના લગનને માટે કોઈને તેની છોકરીને માટે પુછવું તે. ૪ પાનાં લેવાં-ભૂચ લેવી (ગઞ્જીફા-પાનાની રમતમાં).

માગણું, ન૦ આપેલું જે પાછું માગવાનું તે; લેણું.

માગનાર, વિ૦ લેણદાર. ૨ હકદાર. ૩ ભિખારૂ.

માગરણા, બૈરાંઓ વરને વાનો કરેછે તે.

માગવું, ક્રિ૦ સ૦ આપેલું- લેણું પાછું લાવો એમ કેવું. ૨ લેણું લેવાનું હોય તેમ કેવાવું-તે તેની પાસે સો માગેછે. ૩ બક્ષીસ-મેહેરબાની દાખલ કંઈ પ્રાપ્ત કરવાને કોઈને કેવું-પુછવું. ૪ દાન-ભીખ લેવાને વિનન્તિ-અરજ કરવી. માગી લેવું એટલે વિનન્તિ કરવી, આજી જી કરવી, કાલાવાલા કરવા.

માગસર, પું૦ [માર્ગશીર્ષ] સંવત વરસનો બીજો મહિનો; નવમ્બર-ડિસમ્બર.

માગું, ન૦ છોકરાવાળાંની તરફથી છોકરીવાળાંને લગન કરવા સારુ જે પુછવું થાય તે. છોકરીવાળાંની તરફથી થાય તે સામું માગું કેવાયછે.

માઘ, પું૦ [સં૦] સંવત વરસનો ચોથો મહિનો; માહ.

માઘઘટો, પું૦ માઘ મહિનામાં કરવાનું વ્રત તે. પોશસુદ પુનેમથી તે માઘ સુદ પુનેમ લગી સૂર્યોદય પેલાં સ્નાન કરવાનું વ્રત; માઘસ્નાન.

માઙગલિક, ન૦ [સં૦] રૂડો અવસર; શુભ કારજ-(જનોઈ લગન અઘરણી સમ્બન્ધી). ૨ કલ્યાણ-શુભ થાય એવું આશીષ વચન (પ્રયાણ સમય ઉપર).

માઙગલ્ય, ન૦ [સં૦] માઙગલિક; મઙગળ.

માચડો, પું૦ [મઞ્ચક] માચો (૧લા અર્થમાં).

માચી, સ્ત્રી૦ નાનો માચો.

માચો, પું૦ [મઞ્ચ] ચાર પાયાનો લાકડાંનો જે ઘાટ, તે-એક માણસને સુવાને, ગોદડાં બરણી વગેરે મુકવાને, કેરીનો રસ-શિખંડ જાળવાને. (જુનાં પુસ્તકમાં રાજા-શ્રીમન્ત પુરુષોને બેસવા લખ્યાવવાનાં ઉંચાં સુન્દર આસનને માટે મઞ્ચ-માચો એ શબ્દ લખ્યા છે). ૨ સોકટાંની બાજીના અઢેક પટમાંના જે ત્રણ ત્રણ ખાનાં (બે બાજુએ ને એક વચમાં) બીજાં બધાંથી જુદાં પડેછે તેમાંનું એકેકું.

માછલી, સ્ત્રી૦ પાણીમાં થતું-જીવતું એક પ્રાણી-એ ચુંઈ-થકા દમ લેછે, પાંખ ને પુછડીથી તરેછે. એ ઈંડાં મુકેછે.

માછલું, ન૦ પાણીનો પ્રાણી.

માછી, પુ૦ માછલાં પકડવાનો ધન્ધો કરનાર.

માજમ, માઝમ.

માજર, માંજર.

માજરપાટ, પુ૦ એક જાતનું સુતરવ કપડું.

માજરવેલ, વિ૦ એક જાતનાં ભાત-ચોખાનું નામ છે.

માજરું, માંજરું.

માજવું, ક્રિ૦ સ૦ રાખ ચાક વગેરેથી ઘસી-સાફ-શુદ્ધ કરવું. (વાસણ કાચ વગેરે).

માજી, વિ૦ [આ૦] હોય તેને ઠેકાણે જે અગાડી થઈગયું હોય તે. ૨ પૂર્વનું; ભૂતકાળનું. [દિવી.

માજી, સ્ત્રી૦ ઘરડી મા; વડિયાઈ; દાદી. ૨ અમ્મા;

માજિસ્ટ્રેટ, પુ૦ [અં૦] ફોજદારી ઇનસાફનો મુખ્ય ના-

માજુફળ, ન૦ એક જાતનું ફળ; માયું. [યાધીશ.

માજો, પુ૦ લાહીમાં કાલવેલો કાચનો ભુકો ઘસી ઘસીને લગાડેલો હોય તેવી દોરી (કનકવાના પેચને માટે).

માઝમ, સ્ત્રી૦ [આ૦] ભાંગના ઘીમાં મસાલો મેળવી બનાવેલો જે કેફી પદાર્થ તે; માઝમપાક.

માઝમરાત, સ્ત્રી૦ ઘોર અન્ધારી રાત.

માઝી, પુ૦ મુલાજો; મર્યાદા; અદબ. ૨ સપ.

માટ, ન૦ માટલું; ગોરસ. 'મારે માથે મહીનાં માટ.' ૨ એક જાતની ભાજી; માઠ. અ૦ માટે (કવિતામાં) તેમાટ-તેમાટે.

માટરિયો, પુ૦ થાળું ન બાંધ્યું હોય તેવો કુવો.

માટલી, સ્ત્રી૦ નાનું માટલું.

માટલું, ન૦ પેટાળે મોટું ગોળ કુખનું માટીનું વાસણ. ૨ અખાડ વીજને દહાડે માટલાંનું જે દાન આપવામાં

માટી, મટોડી. [આવેછે તે.

માટી, પુ૦ ધણી; વર; સ્વામી.

માટી, વિ૦ જબરું માણસ (પૈસે, શરીરે).

માટીડો, પુ૦ પુરુષ; મરદ (આટલા માટીડા ને આટલી સ્ત્રી): ૨ પુરુષાર્થી; બહાદૂર મરદ.

માટે, અ૦ કાજે; વાસ્તે; સારુ; અર્થે. ૨ તેથી; તે કારણને

માઠ, સ્ત્રી૦ એક જાતની ભાજી; માટ. [લીધે-વાસ્તે.

માઠું, વિ૦ ખરાબ; નઠારું; ભુંડું (કામ). ૨ કંઈક ઓછું; કમ-તે ગામ માઠું બાર હશે એટલે ગાઉમાં ઓછું. ૩ ભુંડું; શોકકારક (બનાવ). માઠું લાગવું-નાખુશ થવું. માઠું કરવું-ભુંડું કરવું.

માઠું, ન૦ નઠારું-ભુંડું તે. ૨ દુઃખ ભરેલો બનાવ.

માઠેરું, વિ૦ થોડું; લગાર.

માડ, ન૦ નાળિયેરીનું ઝાડ. ૨ કેળના થાંભલાનું જે દેરું હોય માથે જેવી બેરાંખીઆ રબારૂ પુંફ છે તે.

માડણ, ન૦ [મણ્ડન] કપાળે પિંયળ ઉપર જે ટપકી વગેરે ચોડવું તે. ૨ ભેંસ પાણીભરયા જે ખાડામાં પડે છે તે.

માડમાડ, માણમાણ, શબ્દ જોવો.

માડવ, પુ૦ [મણ્ડપ] વેવાઈને પેરામણી આપવાની રીત. માડવનો વરઘોડો.

માડવિયો, પુ૦ કન્યાની તરફનો પુરુષ.

માડવી, સ્ત્રી૦ બન્દર ઉપર વાણના માલની જગાત લેવા-સારૂ જે સરકારી થાણું તે; ફુરજો.

માડવીની સંગ, વીલાતી સીંગ; ભોંયસીંગ.

માડવું, ક્રિ૦ સ૦ આરમ્ભ કરવો; શરૂ કરવું. (કામ). ૨ ગોઠવવું; જુક્તીથી મેલવું (યન્ત્ર). ૩ આંકડા લખવા-મુકવા (હિસાબ). ૪ નામું-રકમ લખવી (ખાતે). ૫ નવું સ્થાપવું-કાઢવું (દુકાન-ઘર-કારખાનું-રાજ). ૬ શોક કરવાને લોકને એકઠા કરવા (કાણ માડવી). એ શબ્દ બીજા ક્રિયાપદો સાથે આરંભના અર્થમાં જોડાય છે. કજિયા કરવા માંડયા, ચેષ્ટા કરવામાંડી, ઇ૦. ભાંડકાણ માંડવી એનો લાક્ષણિક અર્થ એ કે નુકસાન થતું-થયું હોય તેવી હાલત બતાવવી. માડીવાળવું એ-ટલે બરોબર કરી મુકવું (ખાતાનો જમે ઉધાર). ૨ બ-ન્ધ કરવું. (જવાનું માડીવાળવું). ૩ સમાધાન કરવું. (અમે ટંટો માંડીવાળ્યો).

માડવો, પુ૦ [મણ્ડપ] લગન વગેરેમાં બારણા આગળ અથવા પડોસમાં ચન્દરવો બાંધી તયાર કરેલું બેસવાનું જે મકાન તે. ૨ ફુલવેલથી છવાયલી જે જગા-મકાન તે.

માડા, પુ૦ જુવાર ઘઊંના મિશ્રિત લોટની વણ્યા વગરની મોટીને પાતળી રોટલી.

માડી, સ્ત્રી૦ મા; માતા.

માડો, પુ૦ રોટલી-રોટલાનું પડ-પોપડી. ૨ પુડો (કાઠિ૦). ૩ ઘણી મોટી ને બહુ પાતળી રોટલી (ઘઊંની).

માઢુડાં, ન૦ વાલાં માણસ.

માણ-ણ્ય, ન૦ આટાને બાંધતાં પેલાં જે ઘી તેલ વગેરે નાખવામાં આવે છે તે. (નરમાસ આણવા ને ફુલાવ-વા સારૂ). ૨ સેરડી જુવાર વગેરેમાં જે ઝેર-કેફ હોય છે તે. ૩ સેરડી સાંઠાનો ઉપલો-પાતરી તરફનો જે ભાગ તે. ૪ માગેરિયા ભટનું તાલ વગાડવાનું મોટું વા-સણ. ૫ ગોળીતી રીતે વાસણ ગોઠવેલાં તે. ૬ પાણી ઝીલી રાખી મુકાવાનું ઘાટેલું ઘડું-માટીનું મોટું ઠામ.

માણકી, સ્ત્રી૦ એક જાતની ઘોડી.

માણમાણ, અ૦ જેમતેમ કરતાં; પરાણે. ૨ ધીરે ધીરે. ૩ અમથું; નામનું.

માણવું, ક્રિ૦ સ૦ અનુભવવું; ભોગવવું; જાતે કરીજોવું.

માણસ, ન૦ [મનુષ્ય] જે પ્રાણી વર્ગ આકૃતિમાં ને વાણી તથા વિવેક બુદ્ધિ વડે બીજા બધા પ્રાણી વર્ગથી જૂદા પડેછે તે; મનુના વંશજ; આદમજાત. ૨ એ માણસ-

જાતિમાંનું પ્રત્યેક તે-પછી પુરુષ કે સ્ત્રી-મોટું કે બાળક. પુ૦ પુરુષ. "ઢોરના ચાવ્યામાં કૂચો પડે પણ માણસના ચાવ્યામાં ન પડે," "સુનું જોઈયે કસી ને માણસ જોઈયે વસી" એ કેહવતો છે.

માણસાઈ, સ્ત્રી૦ માણસપણું. ૨ ભલમનસાઈ; વિવેક. ૩ જનદયા. [પુરુષ.

માણીગર, પુ૦ રત્ન જેવા-વાલા-સુખભોગને ઇચ્છનારો

માણેક, ન૦ [માણિક્ય] રાતું મણિ; લાલ.

માણેકઠારી, સ્ત્રી૦ આસો સુદ પુનેમ; સરદપુનેમ.

માત, મહાત.

માત, સ્ત્રી૦ મા; જનુની.

માતઙ્ગ, પુ૦ [સં૦] હાથી. માતઙ્ગી-હાથીનું વાહન રાખનારી દેવી. [વાળું.

માતબર-બ્બર, વિ૦ [આ૦] તાલેવાન; પૈસાદાર; પુંજી

માતમ, મહાત્મ્ય.

માતા, સ્ત્રી૦ [સં૦] મા. ૨ દેવી. ૩ સેવડકાકા; શિતળાદેવી. ૪ કોઈના શરીરમાં દેવીનો જે આવેશ તે.

માતામહ, પુ૦ [સં૦] માનો બાપ. માતામહી-માની મા; વડીઆઈ.

માતું, માતેલું.

માતુશ્રી, સ્ત્રી૦ મા (વિવેકથી માન આપતાં).

માતેલું, વિ૦ ખાનપાનથી પુષ્ટ. ૨ ગર્વિષ્ઠ. ૩ રસથી ભરેલું; તરબતર.

માતૃઘાત, પુ૦ [સં૦] માનો ઘાત; માનું ખૂન.

માત્ર, વિ૦ વર્ગમાં હોય તેટલા; સઘળાજ. માણસ માત્ર પાપી છે. અ૦ તેજ; એકલું એજ; એટલુંજ; ફક્ત (બીજું નહિ).

માત્રા, સ્ત્રી૦ [સં૦] અક્ષરના ઉપર જે લીટો તે. એક માત્રાવાળા અક્ષરનો ઉચ્ચાર એ, બે વાળાનો ઐ, એક માત્રા ને એક કાના વાળાનો ઓ ને બે માત્રા ને કાના વાળાનો ઔ ઉચ્ચાર થાય છે. ૨ એક લઘુ અક્ષરને બોલતાં જેટલો કાળ જાય તેટલો તે. હ્રસ્વસ્વરનો જે ઉચ્ચારણ કાળ તે (પિંગળમાં). ૩ ધાતુની બાબવાળું ઔસડ; રસાયન.

માથાઓળ, સ્ત્રી૦ બેગા રેહલા દિયર-જેઠ પાસે વડિલની મિલકતમાંથી ખોરાકી પોષાકી માગવાનો વિધવાનો જે હક તે.

માથાકુટ, સ્ત્રી૦ ભાંજગડ; પઞ્ચાયત. ૨ નકામી મેહેનત; પીડા. માથાકુટિયું-માથાકુટ કરાવે તે.

માથાઝીક, માથાકુટ.

માથાદીઠ, અ૦ દરેક માથા-શખસને લાગુ પડે તેમ.

માથાફોડ, માથાકુટ. માથાફોડિયું-માથું ફોડાવ્યાં કરે તે.

માથાભેલી, વિ૦ અડકાયલી; અભડાયલી; અળગી (સ્ત્રી).

માથું, ન૦ [મસ્તક] શરીરનો સહુથી ઉપરનો જે ભાગ જેમાં મગજ હોયછે ને જેના ઉપર નિમાળા હોયછે તે, કપાળ કાન ને બોચીની ઉપરનો ભાગ. ૨ ગરદનની ઉપરનો જેટલો ભાગ તે જેમાં આંખ, કાન, નાક, મોહું છે તે; ડોકું. (ધડ ને માથું કેહવાયછે). ૩ કપાળ (માથું કુટવું). ૪ દરેક સખસ; પ્રત્યેક માણસ (માથાંદીઠ). ૫ મુખ્ય; મુખી; સરદાર. ૬ મુખ્ય જગા. ૭ માણસના માથાને મળતો બીજાં પ્રાણીઓના શરીરનો જે આગલો ભાગ તે. ૮ કોઈ પણ વસ્તુનો ઉપલો ભાગ. માથું માલવું-ઘાલવું એટલે એકાદા વિષય તરફ મન કરવું તથા મેહેનત માંડવી. ૨ વચમાં પડવું. ૩ અથડાવું (પાછે). માથું આપવું એટલે જીવ જતાલગી કોઈને માટે મેહેનત કરવી. માથું કાપવું એટલે ઘણી નુકસાનીમાં આણવું. ૨ વિશ્વાસઘાત કરવો. માથું સોંપવું એટલે શરણે પડવું-આવવું. માથું ઊચકવું એટલે સામું થવું. માથું કુટવું (શોકમાં). માથું ઝીકવું-પટકવું-ફોડવું એટલે નકામી મેહેનત કરવી-આપવી. (હું તેની સાથે માથું ફોડુંછું, તે રોજ મારું માથું ફોડેછે-ફોડાવેછે). માથું પાકવું-ફીજવું એટલે કોઈની મેહેનત-તકરારથી અકળાવું. માથું પકાવવું એટલે અકળાવવું. માથું નમાવવું-નીચું કરવું એટલે તાબે થવું. માથું ફરવું એટલે ચક્કર આવવાં. ૨ ચિડાઈ જવું. માથું ફેરવવું એટલે ગુસ્સો કરવો. માથું ભાંજવું એટલે સરસાઈમાં ચડવું. ૨ નાદ-ગર્વ ઉતારવો. માથું ખાવું-ઈજવું એટલે બડબડાટથી ચિડવવું-અકળાવવું. માથું નિકળી પડવું-માથાના કકડા થવા એટલે કપાળ દુખવું. માથું ભાડવું એટલે કંઈજ ન આવડવું. માથું હલાવવું-(હા કે ના કેહવાને). માથાંનો ફરેલ-ફાટેલ એટલે મિજાજમાં આવે તેજ કરે (કોઈનું કહ્યું ન માને). એકથી બે માથાં ભલા એટલે બે જણની અક્કલ વધારે ફાયદો કરે તેવી. બે માથાંનો ખરચ એટલે બન્ને તરફ-પક્ષનો ખરચ. માથે એટલે માથાં ઉપર. ૨ જુરખી દાખલ. તે કામ તેને માથે છે એટલે તે કામ સારું નરસું થયાનો જવાબ તેને આપવાનો છે. માથે ઘાલવું-નાખવું એટલે જવાબદારી ઉપર સોંપવું. માથે પાણી ઘાલવું એટલે મંદવાડ પછી પ્રાયશ્ચિત કરી બ્રાહ્મણ જમાડવા. માથે ચડાવવું એટલે કબુલ રાખવું; સ્વીકારવું. (ઇનામ વગેરે). હુકમ માનવો. ૩ હદ ઉપરાંત વધારે છૂટ આપવી; બે મર્યાદ કરવું; ફૈકાવી મુકવું (લાડથી). માથે ચડી બેસવું એટલે હુકમ ન માનવા. ૨ કોઈની સત્તા ખુંચી લેવી; સરસ થવું. માથે થવું-આવવું એટલે સ્ત્રીએ અળગાં બેસવું; સ્ત્રીને અટકાવ આવવો. માથે પડવું એટલે જવાબદારી દેવી પડવી-સઘળું સમાલવું પડે તેમ થવું. ૨ નુકસાન ખમવું પડે તેવી હાલતમાં આવવું. માથેથી ઉતારી નાખવું-માથેથી ટોપલો ઉતારી નાખવો-માથેથી ભાર ઉતારવો એટલે જોખમો ખસેડી દેવો; જવાબદારીના બન્ધનથી છૂટાં થવું. માથે મારવું એટલે વગનાર

નકારું આપ્યું હોય તો તે તેને પાછું આપવું. ૨ ફરી ચણવો, અંકુરો ન રેવા દેતાં પુરા-મોભસુધી ચણી લેવો. (ફરો માથે મારવો છે.) માથે રાખવું એટલે પોતાની જવાબદારી ઉપર-પોતાનાં એકલાંના નામ-ખાતાંપર રાખવું. માથે લેવું-ઓઢવું એટલે કોઈ કામ પોતાની જવાબદારીપર કરવું-કરવાને માથવું. ૨ પોતાની જાતપર ખમવું (લડાઈ, નુકસાન વગેરે). માથે હાથ દેવો (નિરાશા બતાવવી). માથે હાથ મુકવો એટલે આશીર્વાદ દેવો. ૩ પોતાના ગુણ (નરસા) બીજાને આપવા.

માદક, વિ૦ [સં૦] જેમાં કેફ હોય તે (પદાર્થ).

માદરચોદ, એ ગાળ ભુંડી ગાળમાં તેમ બાળકને લડાવતાં પણ વગર સમજે વપરાય છે.

માદરપાટ, પુ૦ એક જાતનું સુતરવ કપડું.

માદરબખત, માદરચોદ.

માદળિયું, ન૦ ધાતુનો પોલો અથવા લાખ ભરેલો તકિયા જેવા આકારનો એક નાનો ઘાટ-સુના રૂપા તાંબાના માદળિયાં. એ સ્ત્રી પુરુષ પોતાનાં જમણા ભુજપર બાંધે છે અને સ્ત્રી, કોટે ઝુલતું પણ રાખેછે તથા પુરુષ વેળાએ કાંડે પણ બાંધે છે-એમાં ઘણી વેળા મન્તરેલા યન્ત્ર અથવા મન્તરેલી ચિઠ્ઠિયો હોય છે.

માદા, સ્ત્રી૦ [ફા૦] પશુ પક્ષી ઈત્યાદિકમાં જે સ્ત્રીજાત છે. ૨ બારણાને નરમાદા હોય છે તેમાંની તે.

માંદું, વિ૦ [મન્દ] રોગી; આજારી; અશક્ત. ૨ ધીમું; સુસ્ત; રસળતું.

માધવ, પુ૦ [સં૦] વૈશાખ. ૨ ચૈત્ર વૈશાખનો કાળ. ૩ લક્ષ્મીકાન્ત; વિષ્ણુ; કૃષ્ણ.

માધુર્ય, ન૦ [સં૦] મધુરતા; મિઠાસ; નરમાસ. ૨ જેથી અન્તઃકરણ દ્રવે-પિગળે તેવો કાવ્યનો જે ગુણ તે.

માન્, [સં૦] એ પ્રત્યય ઈકારાન્ત શબ્દોની સાથે જોડાય છે ને વાળું એનો અર્થ રાખેછે-બુદ્ધિમાન્, નીતિમાન્, કીર્તિમાન્ ઈ૦.

માન, ન૦ [સં૦] કીર્તિ; પ્રતિષ્ઠા; આબરૂ; લોકમાં વખાણ થવાં તે. પોતાને વિષે અથવા પોતાના સગાં બાંકું દેશ ઈ૦ વિષે જે ઊંચો વિચાર રાખવો તે; અભિમાન. ૩ પ્રિય-પ્રિયાનું રિસાવવું તે. નાયિકાએ માન ધર્યું છે-લઘુ માન (થોડી રીસ) ને ગુરુમાન (ઘણી રીસ). ૪ મોટાઈ; ગણના; ટેક; બારણોન. તે પોતાના માનમાં રહેછે. ૫ તોલ; માપ; પરિમાણ-કાળમાન. ૬ ગાયનમાં જે છેલ્લાં તાલ ઉપર થાપ પડે છે અથવા ડોકું ધુણેછે તે.' માન માગવું એટલે કાલાવાલા કરવા (જૂની કવિતામાં).

માનતા, સ્ત્રી૦ કોઈ સંકટ નિવારવા અથવા કોઈ ઈચ્છા પુરી પાડવાને દેવ દેવીને કંઈ અર્પણ કરવાનો જે નીમ લીધા તે. માનતા માનવી, ચુકાવવી.

માનની, માનિની. [પત્ર.

માનપત્ર, ન૦ જેમાં વખાણ લખ્યાં હોય તે કાગળ; સ્તુતિ-

માનવ, માનવી.

માનવતી, [સં૦] (રસશાસ્ત્રમાં) પ્રિયના ઉપર રીસે ભરાયલી પ્રિયા. ૨ ભારેખમ સ્ત્રી. ૩ માનની ઈચ્છા રાખનારી સ્ત્રી.

માનવી, ન૦-પુ૦ [સં૦] માણસ.

માનવું, ક્રિ૦ સ૦ કબૂલ કરવું; હા પાડવી. તેણે પોતાનો વાંક માન્યો. ૨ હુકમ પ્રમાણે ચાલવું. તે પિતાજીનું કહ્યું માનતો નથી. ૩ માન આપવું; ગણવું (તે તેને પોતાના બાપ જેવો માનેછે). ૪ ખરૂં છે એમ જાણવું (કેટલાક લોક સામળભટની વાતો ને ખરી બનેલી માનેછે). ૫ રાજી થવું; અનુકૂળ આવવું. મારૂં મન માનશે તો હું કરીશ. ૬ માનતા લેવી. દેવ દેવીને કંઈ આપવાનો નીમ લેવો.

માનસિક, વિ૦ [સં૦] મન-બુદ્ધિ સમ્બન્ધી. માનસિક-પૂજા એટલે મનમાં મૂર્તિ કલ્પી પૂજવું તે. (ખરેખરાં ચંદનપુષ્પથી નહિ). ૨ કલ્પિત; તરફન-બુદ્ધિ વાળું; તાર્કિક.

માનસિકશાસ્ત્ર, ન૦ [સં૦] મનના ધર્મ સમ્બન્ધી જે શાસ્ત્ર તે. મન, આત્મા, મનની અનેક શક્તિ એઓનો પરસ્પર સમ્બન્ધ એઓનાં કર્મ ઈ૦ વિષયનું શાસ્ત્ર.

માનિતું, વિ૦ પ્રેમથી પોતાનું છે એમ માનેલું. ૨ પ્રૌઢ; ભારેખમ.

માનિની, [સં૦] માનવતી. [જોગ.

માન્ય, વિ૦ [સં૦] કબૂલ કરવા જોગ. ૨ માન આપવા

માપ, ન૦ [માપન] લમ્બાઈ પોળાઈ નક્કી કરવી તે. ૨ તોલ-વજન નક્કી કરવું તે. ૩ ઠામમાં ભરી નક્કી કરવું તે. ૪ વખતને ગણવા તે.

માપણી, સ્ત્રી૦ માપવું તે. ૨ માપીને દર નક્કી કરવો તે.

માપલું, ન૦ ઘઉં ઓરનાર ખેડુને વાસ્તે ઘેરથી જે રોટલા વગેરે ખાવાનું જાય તે.

માપવું, ક્રિ૦ સ૦ માપ કરવું.

માપું, ન૦ અનાજ વગેરે માપવાનું ઠામ-સેરિયું અચ્છેરિયું વગેરે. ૨ લમ્બાઈ પોળાઈ જાણવાને જે સાધને માપ લેવું તે.

માફ, વિ૦ [અ૦] માફી આપેલી હોય તેવું; ક્ષમા કરેલું; છોડી દિધેલું; માંડીવાળેલું.

માફક, વિ૦ [અ૦] તન-મનને અનુકૂળ. ૨ બેસતું; લાયક; જેવું જોઈયે તેવું. અ૦ મુજબ; પ્રમાણે; પેઠે; તે રીતે.

માફી, સ્ત્રી૦ [અ૦] ગુનેહગારને સજા ન કરતાં મેહેરબાનીથી છોડી મુકવો તે; ક્ષમા. ૨ અટકાવ-પ્રતિબન્ધ ન હોવો તે. માફી માગવી-મળવી.

માફી જમીન, સ્ત્રી૦ જે જમીન ઉપર સરકારનો લાગો–કર ન હોય તે.

માફો, પુ૦ દેરાં જેવી છતરીવાળી ગાડી.

મામ, ન૦ ખાવાનું (બાલભાષા). એ શબ્દ બાળકને માટે છે. મામમામના વાંધા એટલે ખાવાને કંઈ ન મળવું તે.

મામલત, સ્ત્રી૦ [આ૦] ગામની મતા ઉપર જે સત્તા તે અથવા તે સમ્બન્ધી જે કામ તે. ૨ પ્રગણાના ગામોનું વસૂલ ઉઘરાવવું, ગામ તથા લોકનું સંરક્ષણ કરવું, લોકમાં વ્યવસ્થા રાખવી એ સમ્બન્ધી જે સરકારી કામ–કારભાર તે. ૩ મતા; ધનમાલ. ૪ વિસાત; દમ; જીવ.

મામલતદાર, પુ૦ પ્રગણાંની મામલત કરનારો સરકારી અમલદાર.

મામલતદારી, સ્ત્રી૦ મામલતદારનો જે દરજ્જો–કામ તે.

મામલેદાર, મામલતદાર.

મામલો, પુ૦ મોટા પસારાનું ને ધામધુમનું કામ; ખટલો. (લડાઈ–મુસાફરી વગેરેનો મામલો). ૨ કામ; પ્રસઙ્ગ પડવો તે. આદમીને કસવાને મામલો કસોટી છે.

મામી, સ્ત્રી૦ મામાની સ્ત્રી–વહુ.

મામીસાસુ, સ્ત્રી૦ વરની અથવા વહુની મામી (વહુને અથવા વરને સગપણમાં).

મામુલ, ન૦ [આ૦] ચાલતો આવેલો વેવાર; શિરસ્તો. માફકે મામુલ એટલે મામુલની માફક.

મામેરું, ન૦ મોસાળું; અઘરણીમાં વહુને પિયેરથી જે રીત કરવામાં આવે તે.

મામો, પુ૦ માનો ભાઈ. એ શબ્દ ઉંદરને ને ચાંદાને લગાડવામાં આવેછે. ઉંદરમામા, ચાંદામામા.

મામોસસરો, પુ૦ વરનો અથવા વહુનો મામો (વહુને અથવા વરને સમ્બન્ધમાં).

માય, સ્ત્રી૦ માત; માતા (કવિતામાં).

માય, અ૦ અન્દર; મધ્યે; માં; વિ૦.

માયની, સ્ત્રી૦ માયનો,

માયનો, પુ૦ વાક્યનો અર્થ–ભાવ; મતલબ.

માયરું, ન૦ [માતૃગૃહ] સ્ત્રી–વહુનીમાનું ઘર.

માયા, સ્ત્રી૦ [સં૦] જે આદિ શક્તિથી બ્રહ્માણ્ડ રચાયું છે તે. ૨ આ જગતનું રૂપ દર્શન–નાટક. ૩ પ્રીતિ; સ્નેહ; વહાલ. ૪ દયા; કૃપા. ૫ રાક્ષસે મોહ પમાડી છળવાને રચેલી જે રચના તે. ૬ ઠગાઈ; પ્રપંચ; છળભેદ. ૭ મિથ્યા–નાશવન્તપણું. ૮ ભાંગ; સબજી. માયા મમતા–વહાલાને વિષે મમત.

માયા, સ્ત્રી૦ [ફા૦] પુંજી; દોલત; ગરથ. વસ્ત્ર ઘરેણાં; 'માયાને ભોછે, કાયાને નથી.'

માયાવી, વિ૦ [સં૦] મોહ રૂપ; નાશવંત. ૨ ઠગાઈ ભરેલું; પ્રપન્ચ વાળું. ૩ અજાએબ જેવા ખેલ કરનાર.

માયાવે, માયાવી.

માયાળુ, વિ૦ કૃપાળુ; સ્નેહાળ; હેત–પ્રીતિ રાખનાર.

માયિક, વિ૦ [સં૦] માયાથી નિપજેલું. ૨ મોહરૂપ; નાશવન્ત; ખોટું; મિથ્યાભાસ.

માયું, ન૦ એક ફળ છે. એ ઓસડમાં કામ આવેછે.

માયો, પુ૦ [ફા૦ માયા] પુંજી; ગરથ.

માયોમાય, અ૦ એકબીજામાં; પરસ્પર; આપસઆપસમાં.

માર, પુ૦ મારવું તે. મારમારવો–પડવો કેવાયછે. ૨ તોપ બન્દુકથી અથવા તરવાર ભાલાથી લડાઈમાં જે નાશ કરવો તે; મારો (તોપ–તરવારનો માર). ૩ ઘણુંક કામ એકીવારે આવી પડેલું તે અથવા તર્ત કરવાનું તે; ઘણું અતીસે તે (આજ કાલ કામનો બહુ માર છે). ૪ દુઃખ; વિપત્તિ. ૫ કામદેવ. મારમાર કરવું એટલે ઉપરાઉપરી મારવું. ૨ ઘણીજ તાકીદ કરવી. માર ખાવો–કોઈ મારે તે ખમ્યા કરવું. ૨ નુકસાન ભોગવવું. હસતો મારએટલે હસવામાં–હસતાં મારવું તે. મુંગો માર એટલે ખરેખરો હાથ લાકડી વગેરેનો નહિ પણ એવી તજવીજ કે જેથી બહુ દુઃખ થાય.

મારક, વિ૦ [સં૦] મારનાર.

મારકણું, વિ૦ મારવાની ટેવ હોય તેવું (ઢોર). ૨ એ હમણાં કંઈ ઠપકો દેશે, હમણાં મારશે એવું બિયામણું. ૩ દીલમાં ઝપ અસર કરે તેવું (મારકણી આંખ).

મારકુટ, સ્ત્રી૦ મારવું કુટવું તે. ૨ માથાફોડ.

મારકો, પુ૦ ઉપરાઉપરી ઉપડવું–ખપવું તે. (આજ શીખંડ ઉપર મારકો છે). ૨ માર (૩જા–૪થા અર્થમાં). ૩ વિપત્તિ; આફત.

મારકો, પુ૦ [અં૦] ગાંસડી ઉપર જે નિશાની તે.

મારખાઉ, વિ૦ માર ખાયાં કરે તે (માણસ).

મારગ, પુ૦ [માર્ગ] રસ્તો; વાટ. ૨ બેસવાનો ઠામ. ૩ નિકાલ; તોડ. મારગડો (કવિતામાં).

મારગી, વિ૦ એ નામનો એક ધર્મમાર્ગ છે (કાઠિયાવાડમાં). ૨ મારગે જનાર. એક મારગી–એક સીધે રસ્તે ચાલનાર; સરૂં (માણસ).

મારગુ, વિ૦ રસ્તામાં ચાલનાર. ૨ મારગનું. . . [નિ.

મારઝપટ, સ્ત્રી૦ એકદમ ઉપરાઉપરી ને ઝપટથી કરવાનું

મારણ, ન૦ [સં૦] મારવું તે. ૨ મંત્ર શાસ્ત્રમાંનો એક વિધિ–પ્રયોગ જેથી અમુક માણસનું મરણ થાય તે.

મારપીટ, સ્ત્રી૦ મારવું ને પીટવું તે; મારમાર કરવું તે.

મારફત, સ્ત્રી૦ [આ૦] જેથી કોઈ કાર્ય સિદ્ધિ થાય તે. કર્તા કાર્યની વચમાં જે સાધન–દ્વાર તે; ઉપાય. ૨ વગ. મારફતે–મારફતવડે–થી. [થવું તે.

મારફતિયું, ન૦ મારફતથી થયલું. ૨ જેની મારફતે થ-

મારફતિયો, પુ૦ [આ૦] વાણધણી ને માલધણીની વચમાં જે દલાલ તે; વાણધણી પોતે જો માલધણી હોય તો તેની તરફથી માલ ચડાવવા ઉતારવા વેચવા લેવા

દુર જાનું પતાવનાર જે આડતિયો-મેતો-દલાલ તે. [ગેર).

મારવાડી, વિ૰ મારવાડ દેશ સમ્બન્ધી-નું (લોક ભાષા વ૰

મારવું, ક્રિ૰ સ૰ કોઈ પ્રાણીના શરીર ઉપર તેને દુઃખ કરવા માટે કોઈ પદાર્થ જોરમાં નાખવો-લગાડવો; અથવા કોઈના શરીર ઉપર કોઈ પદાર્થ જોરમાં નાખી-લગાડી તેને દુઃખ કરવું. મુક્કી, તમાચો, ઠોકો, લાકડી, ચાબક, પથ્થર વગેરે મારવાં; તેણે તેને ચાબકે ચાબકે માર્યો. ૨ જે-શસ્ત્ર-મન્ત્ર પ્રયોગથી કોઈનું મોત આણવું; અથવા જીવ લેવાને તીર બન્દુક તોપ વગેરે કંઈ વાપરવું. ૩ રોગ આફત વગેરેએ કોઈનું મૃત્યુ આણવું. ૪ કોઈ પદાર્થને આધારે કોઈ પદાર્થ ઉડાવવો; અથવા ઉડે તેમ કરવું. તીર મારવું, ગોળો મારવો, નિશાન મારવું. ૫ ધાતુની ખાખ કરવી; ધાતુના રસને કોઈ પદાર્થમાં મેળવવા. તાંબુ પારો વગેરે મારવું; રસાયન મારવું. ૬ કોઈ પદાર્થને બીજાની અન્દર-કાણામાં ઘાલવો. દાટો-ડુચો મારવો. ૭ દોડ કરવી અથવા જોરથી દોડાવવું-ગબડી મારવી, ઘોડો મારવો-મારી મુકવો. ૮ હરાવવું; પાડવું-કુસ્તી મારવી-લડાઈ મારવી-ધાડ મારવી. ૯ ધસારો-હલ્લો કરી લુટવું અથવા ઘણી કિંમતનું ચોરવું. ખજાનો મારવો; ઘર મારવું વગેરે. ૧૦ મનના જોસ્સા-દીલની લાગણીને ડાબવી-જીતવું. મન મારવું, ભૂખ મારવી વગેરે. ૧૧ અન્દર પેસાડવું-બેસતું કરવું; જડવું-બન્ધ કરવું. ખીલા મારવા, પાટિયાં મારવાં, તમ્બુ મારવો, તાળું મારવું, બેડી મારવી વગેરે. ૧૨ ઝડપ ને જોરથી એકાદી ક્રિયા થાય તેમ કરવું-સપાટો મારવો, સરત મારવી, ફાકો મારવો, ખુડકી મારવી, બૂમ મારવી. ૧૩ કોઈનાં રૂપગુણ ભાસમાન થાય તેવી ચિત્ર ક્રિયા કરવી-તેને છાયા મારતાં સહી આવડે છે. ૧૪ છોડવાની ડાળીને વાળી તેનો વચલો ભાગ જમીનમાં દાટવો-ચાંપ મારવી. ૧૫ ચાળો કરવો; સાન કરવી. નેન મારવી. ૧૬ દુઃખ લાગે તેવું કેવું-મેણું મારવું. ૧૭ હાથ મારવો એટલે સારી પેઠે કમાવું. ૨ ચોરીથી મેળવવું. હાથ મારવા એટલે તરવું. માથામાં મારવું એટલે કોઈ તકાદો કરી માગતું હોય તો તેથી ગુસ્સે થઈ મોટાઈની મગરીમાં આપી દેવું-કાસ તેના માથામાં મારીશ-આરીશ. ૨ બળાત્કાર કરવો; જુલમ કરવો. માથામાં મારીને લઈશ. ધાડ મારવી એટલે એકાદું મોટું કામ કરવું. છાણમાં તરવાર મારવી એટલે ઘાલવું ત્યારે મોટું ડોળ ને કરવું ત્યારે કંઈ નહિ. 'મારવો તો હાથી ને લુટવો તો ભંડાર' એટલે નબળાને મારવામાં મોટાઈ ન માનવી પણ સમરથની સાથે બાથ ભિડવી અને અહીંથી થોડું તહીંથી થોડું એમ ન લુટવું પણ ભંડારજ લુટવો કે તેમાં જસ મળે ને સઘળું હાથ જાય. ઠાર-ઠોર મારવું એટલે હથિયારથી તરતજ જીવ જાય તેમ કરવું; ખૂન કરવું; મારી નાખવું. ૨ ઘણી નુકસાનીમાં આણવું. માર્યા જવું એટલે શસ્ત્રથી કપાઈ જવું. ૨ નુકસાની-ખરાબીમાં આવી પડવું. મારેલું ઘી ખાવું એટલે માણમાં નાખેલું હોય તેવું અથવા તળ્યામાં લીધું હોય તેવું; (કાચું-ઉપર ચોપડેલું નહિ). જખ મારવી એટલે મોટો ગુનાહ કીધો-ભૂલ કીધી-પસ્તાઈ છુટીએ એવી હાલતમાં આવવું. મારી મુકવું-મારીને હાંકી મેલવું.

મારવું, ક્રિ૰ અ૰ ઝપટથી જબરી અસર કરતું હોવું; થવું. ચળકાટ મારવો, બાફ મારવો, વાસ મારવો, ઝળ મારવી, ઝાંખ મારવી વગેરે. ૨ કોઈમાં કોઈના રૂપ ગુણનો ભાસ થવો-લખાણમાં તારી છાયા મારેછે-પડેછે. ૩ ભોકાવું; દુઃખ થવું. પેટમાં શૂળ મારેછે.

મારામાર-રી, સ્ત્રી૰ આમથી ને તેમથી માર ચલાવવો તે; લડાઈ. ૨ ટંટો; કજિયો; દ્વેષ.

મારુ, પુ૰ એ નામનો દેશ; મારવાડ. ૨ એ નામનો રાગ.

મારુત, પુ૰ [સં૰] પવન; વાયુ. મારુતિ-પવનપુત્ર; હનુમાન.

મારો, પુ૰ માર. ૨ શસ્ત્રથી મારી નાખનારો. ૩ જેમાંથી બંદુક ગોળી મરાય તે બાકું અથવા જ્યાંથી તોપના ગોળા ચાલુ થતા હોય તે ઠેકાણું-દિશા. ૪ જે મન્ત્ર પ્રયોગથી મરણ થાય તે (મારો ને વાળો).

માર્ગ, પુ૰ [સં૰] રસ્તો. ૨ રીત; રૂઢિ; ચાલ. ૩ મોક્ષ પામવાનો પ્રકાર. કર્મમાર્ગ, ઉપાસનામાર્ગ, જ્ઞાનમાર્ગ. ૪ પન્થ; મત; ફાંટો (ધરમનો).

માર્ગશીર્ષ, પુ૰ [સં૰] માગસર મહિનો. [દહાડાનો.

માર્ચ, પુ૰ [અં૰] અંગરેજી વરસનો ત્રીજો મહિનો-૩૧

માર્જન, ન૰ [સં૰] શુદ્ધ થવા મન્ત્ર ભણી શરીર ઉપર પાણી છાંટવું તે.

માર્તણ્ડ, પુ૰ [સં૰] સૂરજ.

માર્મિક, વિ૰ [સં૰] મર્મવાળું; સાંકેતિક.

માલ, પુ૰ [અ૰] મિલકત. ૨ વેપાર ધન્ધાની જિનસ-સામાન વગેરે તે. ૩ ભાવ-કિંમતના સંબંધમાં જે વસ્તુ તે અથવા વસ્તુનું જે ખરૂં મૂલ તે. આ કેટલાનો માલ છે, તમે આપો તો દશ પણ તેમાં ૬નો માલ છે. ૪ જીવ; વિસાત; દમ. તેમાં શો માલ છે, જવાદે. ૫ ગાંજો (ચલમમાં ફુંકવાનો).

માલ, મહાલ.

માલકરી, મહાલકરી.

માલકી, સ્ત્રી૰ માલિકપણું; ધણીપણું; સત્તા.

માલકોશ, પુ૰ [સં૰] એ નામનો રાગ.

માલજામીન, પુ૰ માલને માટે જે જામીન તે.

માલણ, માલેણ.

માલતી, સ્ત્રી૰ [સં૰] મોગરાની જાતનું એક ફૂલ.

માલપૂડો, પુ૦ કણેકમાં ગોળ ઘી ભેળી તેનાં ખીરાંનો પેણામાં તળેલો જે પૂડો તે.
માલમ, પુ૦ [આ૦] વ્હાણના માલ ઉતારૂ સમ્બન્ધી હિસાબ રાખનારો ને વ્હાણ ચલાવવાના કામમાં જાણીતો ખલાસીઓનો ઉપરી.
માલમ, વિ૦ જાણેલું; વાકેફ.
માલમતા, સ્ત્રી૦ [આ૦] મિલકત; રોકડ, માલ, સામાન, કાગળિયાં વગેરે મળીને જે તે.
માલમસ્ત, વિ૦ [ફા૦] ધનદોલતના મદમાં છાકીગયલું તે (જન). ૨ ધનદોલતમાંજ સુખ માનનારૂં.
માલમિલકત, માલમતા.
માલવું, ક્રિ૦ અ૦ ઠાઠમાઠથી આનન્દમાં અહીં તહીં ફરવું. ૨ બેરા કાળજી ન હોય તેવી રીતે સુખ ભોગવવું.
માલિક, વિ૦ મિલકતવાળો; માલધણી.
માલિકી, સ્ત્રી૦ માલિકપણું; ધણીપણું; સત્તા.
માલિની, ન૦ એ નામનું વૃત્ત (પિંગળમાં).
માલિયાત, ન૦ સેરડી, આદું, લસણ વગેરે ઉંચી જાતનું આગાયતી તુલ.
માલુમ, વિ૦ માલમ.
માલેણ, સ્ત્રી૦ [માલિની] માળીની વહુ.
માવજત, સ્ત્રી૦ સમ્ભાળ.
માવઠું, ન૦ કરને વરસાદ થયો તે (ઘણું કરીને માહ મહિનામાં).
માવડી, સ્ત્રી૦ મા. (હેતમાં).
માવત-ધ, પુ૦ હાથીનો હાંકનારો.
માવતર, માવેતર.
માવરો, મહાવરો.
માવું, ક્રિ૦ અ૦ અન્દર ભરાઈ શકવું; સમાવું. ૨ માપ-હદમાં રેવું; ન ઉભરાવું.
માવેતર, ન૦ માતપિતા; માબાપ.
માવો, પુ૦ દૂધને સારીપેઠે ઉકાળેથી જે ઘાડો પદાર્થ બને તે. ૨ કોઈ પણ ચીજનો નકામો ભાગ જતાં અન્દર રેયલો જે ઉપયોગી ભાગ તે; સત્વ. માવાના ઘુઘરા-જેમાં માવો ભર્યો હોય તેવી ઘુઘરા આકારની મિઠાઈ.
માશુક, સ્ત્રી૦ [આ૦] પ્યારી સ્ત્રી પછી પોતીકી કે પારકી (ઘણું કરીને પારકી); પ્રિયા. વિ૦ જેને માટે જે પ્રેમને લિધે વધારે બળતું હોય તે તેની (માશુક. પછી મરદ કે ઓરત).
માસ, પુ૦ [સં૦] મહિનો.
માસ, ન૦ [સં૦ માંસ] શરીરની ચામડીની નીચે ને હાડકાંની ઉપર જે પદાર્થ છે તે; ગોશ.
માસલો, પુ૦ [આ૦] નમુનો; વાનગી. ૨ તરેહ. ૩ કમોઠી ઉપર કસ કાડ્યો તે.
માસિક, વિ૦ [સં૦] દર મહિને મહિને આવતું (શ્રાદ્ધ); -નિકળતું પુસ્તક.
માસી, સ્ત્રી૦ માની બેન.
માસીસાસુ, સ્ત્રી૦ વર-વહુની માસી (વહુ-વરને સંમ્બન્ધમાં).
માસીસો, પુ૦ મુવેલાંનું મહિને મહિને જે શ્રાદ્ધ તે.
માસો, પુ૦ માસીનો વર. ૨ [માષ] એ નામનું વજનતોલ. (આઠ રતીનો માસો ને ૧૨ માસાનો તોલો).
માહ, પુ૦ માઘ મહિનો.
માહ, પુ૦ [ફા૦] મહિનો. માહે-મહિનામાં. માહે જાનેવારી, માહે મહોરમ વગેરે.
માહત્મ, ન૦ [મહાત્મ્ય] પ્રતાપ; મોટપણ.
માહતમ, ન૦ [ફા૦] શોક; રૂદન; દિલગીરી. [હિસાબ તે.
માહવારી, સ્ત્રી૦ મહિના મહિનાનો જુદો પાડેલો જે
માહિત, વિ૦ [આ૦] જાણીતું-જાણેલું; વાકેફ. [કાબેલ.
માહિતગાર, સ્ત્રી૦ વાકેફગાર; જાણીતો. ૨ હોશિયાર;
માહિતગારી, માહિતી.
માહિતી, સ્ત્રી૦ માહિતપણું; જાણ; વાકફગારી.
માહુ, વિ૦ દુઃખી.
માહે, માંય.
માહેર, વિ૦ [આ૦] જાણીતું; વાકેફગાર. ૨ હોશિયાર; કાબેલ.
માહેરું, માયરું. ૨ પરણતી વખત વર વહુને બેસવાને બારણા આગળ બે જણાથી બેસાય એવડોજ ને માણસ પૂર ઉંચો ઉપર છતરી બાંધી બનાવેલો જે માંડવો તે.
માહ્યો માંહિ-હે, માંયે માય.
માળ, પુ૦ ઘર-મુકામના ભાંયતળિયાની ઉપરના એકના ઉપર એક રાખેલા જે ભાગ તેમાંનો એકેક; એકેકા ભાગને લગતી જે ભાંય તે; ચોકી-એક-બે-ત્રણ-સાત માળની હવેલી.
માળ, સ્ત્રી૦ [માળા] ફુલનો હાર; ફુલમાળ. ૨ દીવાની હાર-દીપમાળ. ૩ ઘડિયાં-ઘાડવાંની હાર-રેંટમાળ. ૪ રેંટિયાના આરા ઉપર જે દોરી હોય છે તે.
માળવી, વિ૦ માળવા દેશ સમ્બન્ધી-નું (પોશાક, ભાષા, અફીણ ઇ૦).
માળવું, ન૦ પાસપાસે જડેલી પાતળી સાકઠીઓ, જેને આધારે છાપરું રેછે તે (ચરોતર).
માળા, સ્ત્રી૦ [સં૦] રુદ્રાક્ષ-ભદ્રાક્ષ-તુળસીના મણકાઓને દોરી-તારમાં એક પછી એક એમ પ્રોઈ બનાવેલો જે ઘાટ તે. ઉપરમા મણકાને મેર કેછે. ૨ મોતીનો હાર. ૩ હાંસડી (પુરુષનું ઘરેણું).
માળિયો, પુ૦ સામાન મુકવાને ઉંચે બનાવેલું માળના જેવું જે ઠેકાણું તે. ૨ છાપરાંને લગનો છેક ઉપરનો માળ; કાતરિયું.
માળી, પુ૦ વાડી-બાગના ઝાડ ફુલને ઉછેરવા-સમારવા-સાચવવાનો ધન્ધો કરનારો. ૨ ફુલ વેચનારો. 'માળી રૂડા ફુલ વેચે પણ ચોપસી નહિ ઘ.'
માળું, મારૂં સાળું (ગાળ).
માળેણ, સ્ત્રી૦ માળીની સ્ત્રી.
માળો, પુ૦ ખેતરમાં રેવાને બેસવાનું જે ઉંચું ઠેકાણું તે.

ઝાડપર અથવા થાંભલાં દાઠી કરેલું. માળો ગેવો એટલે માળાપર બેસીને બેતર સાચવવું. ૨ પક્ષીએ પોતાને રેવાને પોતે બાંધેલું જે ઘર તે. ૩ નાનું ઘર.–રામજી-ચતુરનો માળો. (સુંબાઇમાં).

મિઆઊં, અ॰ બિલાડીનું બોલવું.

મિચવું, ક્રિ॰ સ॰ બિડવું; બન્ધ કરવું (આંખ મિચવી). આંખમિચામણાં એટલે વારે વારે આંખ ઉઘાડવી બન્ધ કરવી તે. ૨ સાન કરવી તે.

મિજબાન, વિ॰ [સં॰] પરોણો; મેમાન.

મિજબાની, સ્ત્રી॰ ચાર સ્નેહીએ મળીને સારૂં ભોજન કરવું–ગમત કરવી તે; ઉજાણી; જીઆફત.

મિજલસ, સ્ત્રી॰ [આ॰] મણ્ડળી; સભા; કચેરી.

મિજાગરૂં, ન॰ જેને યોગે બારણું દેવાય ઉઘડે તે; નરમાદા.

મિજાજ, પુ॰ [ફા॰] સ્વભાવ; તબિયત. ૨ રફગ; આવેશ. ૩ આકરી તબિયત; ગુસ્સો. ૪ મગરૂબી; મરૂરી.

મિજાજી, વિ॰ ઘડીઘડીએ તબિયત ફરે તેવું; તબિયતી (માણસ). ૨ ચિડિયું; સેજ સેજમાં ગુસ્સે ભરાય તેવું; આકળા સ્વભાવનું; મગરૂબ. ૪ રજોગુણી સ્વભાવનું; માયાવી. ઇશ્કે મિજાજી ને ઇશ્કે હકીકી.

મીજાન, ન॰ [આ॰] માપ. ૨ સુમાર; આસરો; અટકળ. મિજાનસર એટલે જેને જેટલું માપ જોઇયે તેને તેટલું હોય ને કોઇ પણ રીતસર ગોઠવેલું હોય તેવું.

મિજાસ, મિજાજ.

મિજાસી, મીજાજી. (૨ જા ને ૩ જા અર્થમાં).

મિટ, સ્ત્રી॰ દુઃખ સહન કરવું તે. મીટમારીને સુઇજા.

મિટવું, ક્રિ॰ અ॰ જતું રેવું; ઘસાઇ–ભુંસાઇ જવું; નાબુદ થવું (ડાઘ, કલંક વગેરે) 'લખ્યા લેખ મિટવાના નથી.' ૨ ઓછું થઇ થઇને જતું રેવું; ફેર. પડવો; સારૂં થવું; મટવું. (રોગ).

મિટ્ટી, સ્ત્રી॰ માટી; મટોડી; મટોડું.

મિઠડાં, ન॰ હેતમાં હેવાંસરસું ચાંપવું તે. ૨ ઓવારણાં લેવાં તે. 'મીઠાજીનાં મિઠડાં હો, ફરી જાજો મરી.'

મિઠડું, વિ॰ મીઠું (કવિતામાં). ૨ મીઠું મીઠું બોલનાર.

મિઠાઇ, સ્ત્રી॰ દૂધ ખાંડનો બનાવેલો સુખડિયાને ત્યાંનો પદાર્થ–બરફી પેંડા કોપરાંપાક વગેરે. ૨ કોઇ પણ ગળ-પણવાળો પદાર્થ–(ખુરાખઘ્તીમાં ખાવાનો).

મિઠાઇવાળો, પુ॰ સુખડિયો; મિઠાઇ બનાવી વેચનારો.

મિઠાબોલું, વિ॰ મીઠું–પસન્દ પડે તેવું બોલનાર (પ્યારથી માત્ર જણાવાને અથવા ખરેખરા વિવેકમાં).

મિઠાસ, સ્ત્રી॰ થોડુંક મીઠું હોય તે; જરાક જે ગળપણ તે.

મિઠોભાત, પુ॰ ખાંડની ચાસણીમાં પાયલા ચોખા; કેસરી ભાત.

મિઠું, મીઠું.

મિડધો, વિ॰ [હિં॰] જાડું ને મજબુત (માણસ–સ્ત્રી કે પુરુષ). ૨ જાસુદ; હલકારો; કાસદ. [(છોકરીની).

મિડળો, પુ॰ કપાળ ઉપરની ગુંથેલી ચોટલાની જે લટ તે

મિડિયો, પુ॰ જેના સિંગડાં નીચે વળિગયાં હોય તે–(બળદ, બકરો વગેરે).

મિંઢળ, ન॰ એક જાતનું ફળ–એ શુભકાર્યમાં હાથને કાંડે અથવા દાટણાનાં સમડીના લાકડાંને બાંધવામાં આવેછે. એ દવામાં પણ આવેછે.

મિંઢિઆવળ, સ્ત્રી॰ એક જાતનું ઝાડ જેની પાંતરી ઓસડ દાખલ વપરાય છે; સોનામકી.

મિણકપટ–ડ, ન॰ મીણ પાયલું–લગાડેલું એવું કપડું.

મિણબત્તિ, સ્ત્રી॰ સુતરની ઝીણી કાકડી ઉપર ચોમેર મીણ લગાડીને બનાવેલી જે જાડી દાંડી તે–એની ઉપર પાર જે વાટ હોય છે તે સળગાવેથી મીણ બળતું જાય છે તેમ દીવો બળ્યાં કરે છે.

મિણિયું, ન॰ મીણવાળું (કપડું વગેરે).

મિણ્ઢાઇ, સ્ત્રી॰ મિણ્ઢાપણું.

મિણ્ઢું, વિ॰ પ્યારથી નાખુશી ન જણાવતાં એકાદિ વાતને મનમાંને મનમાં ચોખ્યાં કરનાર; થોડું બોલનાર (માણસ). ૨ હૈયામેલું.

મિત, વિ॰ [સં॰] માપેલું. ૨ નિયમિત; યથા પ્રમાણ; ઘટતું હોય તેટલુંજ; માફકસર. મિતભાષણ, મિતભોજન, મિતવ્યય, મિતાહાર. [મિત ખરચ.

મિતવ્યય, પુ॰ [સં॰] ઉડાઉડનો નહિ પણ ઘટતો–નિય-

મિતાહાર, પુ॰ [સં॰] નિયમિત આહાર–ભોજન કરવું તે.

મિતી, સ્ત્રી॰ [સં॰] મહિનાનો અમુક દાડો; તિથિ.

મિત્ર, વિ॰ [સં॰] સ્નેહી; દોસ્ત; ભાઇબન્ધ.

મિત્રાઇ, સ્ત્રી॰ મૈત્રી; સ્નેહ; દોસ્તી.

મિત્રાચારી, સ્ત્રી॰ મિત્ર વ્યવહાર; ઘરવટ; સ્નેહવૃત્તિ.

મિથુન, ન॰ [સં॰] મૈથુન; સ્ત્રી પુરુષનો સમ્ભોગ. ૨ સ્ત્રી પુરુષનું જોડું; દમ્પતિ.

મિથુન, સ્ત્રી॰ [સં॰] મેષથકી ગણતાં ત્રીજી રાશી.

મિથ્યા, વિ॰ [સં॰] ખોટું; જુઠું. મિથ્યાવાદ. અ॰ નકામું; ફોગટ; ખાલી.

મિનડી, સ્ત્રી॰ બિલાડી.

મિનડું, ન॰ બિલાડી, બિલાડો–બિલાડું. મિનડો–બિલાડો.

મિનમેખ, અ॰ ઓછું વધતું; વધારો ઘટાડો; જરાફેરફાર.

મિનાકસો, પુ॰ અણબનાવ; બેદિલી. ૨ વેર; દ્વેષ.

મિનાકારી, વિ॰ [ફા॰] મીનાથી શોભીતું કરેલું; મીનાની કારીગરી વાળું (કામ).

મિનારો, [આ॰] મનારો.

મિનિટ, સ્ત્રી॰ [અં॰] કલાકનો સાઠમો ભાગ; અઢીપલ.

મિયાં–ચા, મીયા શબ્દ જોવો.

મિયાનં, મ્યાન.

મિયાનો, મ્યાનો.

મિરજા, પુ૦ [ફા૦] મુસલમાનમાં એ નામનો એક ખિતાબ ઊંચા દરજા વાળાને.

મિરાત, સ્ત્રી૦ પુંજી; દોલત; ગરથ; હમિયાણી. 'મુજ અબળાને મોટી મિરાત મારે સામળિયો ઘરેણું સાચું રે' (મીરાંબાઈ). [સ; પુંજી.

મિલકત, સ્ત્રી૦ [આ૦] દોલત; ધનમાલ; જાગીર; ગરા-

મિલનસાર, વિ૦ સહુ સાથે હળીમળી જાય તેવું; મળતાવડું.

મિલનસારી, સ્ત્રી૦ મળતાવડાપણું.

મિલાપ, પુ૦ [આ૦] વસ્તુઓનું સાથે ભેળાઈ-જોડાઈ રવું તે. ૨ સમજ-વિચારમાં મળવું તે. ૨ મુલાકાત; ભેટ.

મિલાપી, વિ૦ મિલનસાર.

મિલાવડો, પુ૦ સાથી સ્નેહીઓએ એકઠાં મળી જે ગમત કરવી તે; મંડળીમાં વારાફરતી ગાવું બજાવવું તે.

મિશ્ર-શ્રિત, વિ૦ [સં૦] ભેળસેલ કરેલું.

મિષ, ન૦ [સં૦] બ્હાનું; નિમિત્ત; ખોટું કારણ; મસ.

મિષ્ટ, વિ૦ [સં૦] મીઠું; ગળ્યું.

મિષ્ટાન્ન, ન૦ [સં૦] ગળ્યું સ્વાદિષ્ટ ભોજન. [ચારો.

મિસકિન, વિ૦ [આ૦] મુફલસ; પામર; દીનહીન; બિ-

મિસરી, સ્ત્રી૦ [હિં૦] સાકર; ખાંડ.

મિસલ-સાલ, સ્ત્રી૦ [આ૦] રીત; ગોઠવણ; વ્યવસ્થા; જુગતી; તરેહ. ૨ ઉપમા; દૃષ્ટાંત.

મિસ્તરી, પુ૦ મુખી કડિયો; મુખી સલાટ.

મિસ્સી, સ્ત્રી૦ દાંતે ઘસવાનો ભૂકો જેથી તેની કોરમાં કાળો રંગ બેસે. હરડાં માયાફળ ને લોઢાની ખાખ વગેરેનું બને છે. ફટકડી હિરાકસીની મેળવણીની પણ. મિસ્સી લગાડવી એટલે ગાનારી વેશ્યાઓમાં રીત છે કે ઉંમરે પોંચેલી છોકરીને પેલવેલીજ મિસ્સી દાંતે ઘસાવી ધન્ધામાં દાખલ કરવી.

મીંદડી, સ્ત્રી૦ બીલાડી. ૨ હોદારણી; લક્કર (વાણની).

મીંચ, સ્ત્રી૦ બીજાંની અન્દરનો ગર-મગજ.

મીટ, સ્ત્રી૦ નજર; આંખ. 'મીટ મેળાવો થાય'. 'મીટ ચોહોદશ વાળે' (ભાલણ).

મીઠબન્દર, ન૦ જ્યાં મીઠું પાકતું હોય તે બન્દર.

મીઠી, સ્ત્રી૦ કોટી કરવી તે; હૈયાં સરસું ચાંપવું તે. મીઠી મારવી કેવાય છે. ૨ ઓઠે ઓઠની ચુમી.

મીઠું, ન૦ દરિયાનું ઘેરેલું પાણી સુકીગયેથી જે ખારો પદાર્થ ઠરી રેછે તે. એ રસોઈને સ્વાદિષ્ઠ કરે છે. ઓસડમાં પણ આવે છે. ૨ જૂની કવિતામાં કડવું આવે છે તેને (કેટલાક કવિયોએ લખ્યું છે).

મીઠું, વિ૦ [મિષ્ટ] એક જાતનો સ્વાદ બતાવે છે—ખાટો, ખારો, કડવો, કટાણો, તીખો નહિ પણ ગળ્યો અથવા એક નોખોજ પણ કંઈક ગળ્યો અથવા ગળ્યા જેવો લાગતો;-ઘણુંકરીને ફળનો (જમરૂખ કાચું-તૂરું નથી પણ મીઠું છે). ૨ નાકને પસન્દ પડે તેવું.-મીઠી સુગન્ધ આવે છે. ૩ કાનને મધુર લાગે તેવું.-મીઠાંસૂર. ૪ આંખને ગમે તેવું.-મીઠી નજર. ૫ વાલું; ગમતું; પસન્દ; ખૂશ કરે તેવું (ભાષણ). ૬ ખારૂં અથવા મોળું નહિ તે (પાણી).

મીઠું, ન૦ એકાદી સંખ્યાની ઉપર જે ઝીણી ગોળ આકૃતિ તે-આ પરમાણે ૦; શૂન્ય. ૨ (લાક્ષણિક) કંઈ નહિ-રદ એવો અર્થ રાખે છે. મીઠું મુકવું કેવાય છે. એ મીઠું ૧ એકડા ઉપર આવેથી સંખ્યાનો અંક થાય છે. એક ઉપર એક મીઠું તે દસ, બે તે સો ઇ૦. એકડા વગરનું મીઠું એટલે આધાર-પાયા વગરનું. મીંડે મુકવું એટલે ટાળી મુકવું; રદ કરવું; કાડી નાખવું (ગણતીમાંથી).

મીણ, ન૦ આસણી જેવો જે પીળો ચિકણો પદાર્થ મધમાખીઓ પોતાના શરીરમાંથી કાડી પૂડો બાંધે છે તે. મીણનો માટી એટલે પોચો-બાલ વગરનો પુરુષ તો પણ પોતાની સાથે પરણેલો. મીણ થઈ જવું એટલે મીણ જેવું પોચું થવું (બફાઈને).

મીણાવું, ક્રિ૦ અ૦ ઉડીજવું. ૨ મ્હોં ચોરીલેવો (ગાય, ભેંસે). "હું ફરું તો સુરભી મીણાં" ...

મીણો, પુ૦ કેફ ચડે તેવો ઝેરી પદાર્થ જે કોદરા, સોપારીનાં બી વગેરેમાં હોય છે તે.

મીન, ન૦ [સં૦] માછલું. સ્ત્રી૦ બારમી રાશિ.

મીન, સ્ત્રી૦ કબજા-સત્તામાં જેટલી જે જમીન તે અથવા એની જે હદ-સીમા તે-(ઘણુંકરીને છોકરાઓની રમત-લડાઈમાં). ૨ બારમી રાશિ.

મીની, સ્ત્રી૦ બિલાડી.

મીન્દડી, મીંદડી; બિલાડી.

મીમાંસા, સ્ત્રી૦ [સં૦] વેદના કર્મકાણ્ડ ને જ્ઞાનકાણ્ડ સમ્બન્ધી જે શાસ્ત્રીય ગ્રન્થ તે. પૂર્વમીમાંસા ને ઉત્તરમીમાંસા. ખટશાસ્ત્ર શબ્દ જોવો.

મીયા, પુ૦ મુસલમાન મરદને એ શબ્દે બોલાવવામાં આવેછે.

મીર, પુ૦ [ફા૦] અમીર; સરદાર ઘણામાંનો એક. 'મળ્યું તો મીર નહિ તો ફકીર.' ૨ રમવાના પાનામાં જે બાદશાહ તે.

મીસી, મિસ્સી.

મુંગુ, મૂગું. [(ગુજરાત).

મુંગો, પુ૦ બે શિંગની વચમાંનો એક ઉપરનો જે ભાગ તે

મુંછ, મૂછ.

મુંડણ, મુંડણ.

મુંડવું, મુંડવું.

મુકટો, પુ૦ મુગટો.

મુકરદમો, પુ૦ [આ૦ મુકદમા] કચેરી-કોરટમાં આણેલો જે અમુક કામનો ઇનસાફ તે; કજિયો.

મુકર્રર વિ૰ [આ૰] ઠરાવેલું; નક્કી કરેલું. અ૰ ખાતરીથી; ખરેખર; નક્કી.

મુકવું, ક્રિ૰ સ૰ એક પદાર્થ ઉપર બીજું રે તેમ કરવું. ટેબલ ઉપર ચોપડી મુક. ૨ અન્દર ઘાલી કબજ કરવું; પુરવું. તેણે તેને કેદમાં મુક્યો. ૩ ઝાલેલાં–પકડેલાંને છોડીદેવું; છોડવું. તેને સિપાઈયે પકડ્યો હતો પણ પછી લોકના સમજાવ્યાથી તેને મુક્યો; તેણે પ્રાણ મુક્યો, તેણે તે ગાડીનો રસ્તો મુક્યો ઈ૰. ૪ કોઈને ત્યાં રાખવાને આપવું–સોંપવું. તેણે ફલાણાની પેડીયે ૧૦૦૦ રૂપીઆ મુક્યા છે. ૫ કોઈને ત્યાં કંઈ કામ કરવાને મોકલવા માંડવું. તેણે તેને નવલસાની દુકાને–નિશાળે મુક્યો છે. ૬ કોઈના જોવા ઉપર રાખવું. તેણે તે કામ તેના ઉપર મુક્યું છે. ૭ લક્ષ ન આપવો; છોડીદેવું; પણ એ અર્થમાં મુકીદેવું પણ વપરાય છે. ઉપલી ચાર લીટી મુકી–મુકી દઈને વાંચ. ૮ કાયમ રે તેવું કરવું; રાખવું (ભરુસો મુકવો). ૯ જોસ્સાને તજવો (આશા મુકવી, ક્રોધ મુક્યો ઈ૰). મુકીદેવું એટલે છોડીદેવું. ૨ હક ન રાખવો; માફ કરીદેવું–તેણે પોતાનું લેણું મુકીદીધું. પોક મુકવો એટલે સાદ કાઢી રડવું. ૨ પાણી મુકવું એટલે સકલ્પ કરવો; નીમ લેવો (કરવાને અથવા ન કરવાને). એ શબ્દ જ્યારે બીજી ક્રિયા સાથે જોડાયછે ત્યારે ક્રિયાના અર્થ રાખી તે ક્રિયાને પુષ્ટિ–જોર આપેછે. પુરી મુકવું, છોડીમુકવું, ઉરાડી મુકવું, રાખીમુકવું વગેરે. ઉંચું મુકવું–મુકીછાંડવું એટલે સાચવીને રાખવું–રેવાદેવું.

મુકાદમ, પુ૰ [આ૰] ઉપરી; મુખી; નાયક (મજુર, વણાવા, સિપાઈ વગેરેમાં).

મુકાબલ, વિ૰ મુકાબલો કરેલું એવું; સામસામું જોઈ તપાસવું–સેલું તે.

મુકાબલો, પુ૰ [આ૰] અસલ પરમાણે નકલ છે કે નહિ, અસલ નકલ સરખાં છે કે નહિ એ જોવું તે; બેને જોડે તપાસવાં તે. ૨ કોઈનીસાથે જે બરોબરી કરવી તે; સરખાં–સમોવડિયાંબવું તે. ૩ જોડનું–બરોબરનું–સમોવડિયું જે તે. ૪ સામસામું આવવું તે; સરસાઈ.

મુકામ, ન૰ [આ૰] થોડા દાડાને-સારુ રેવાનું ઠેકાણું તે; ઉતરવાનું ઠેકાણું. ૨ હંમેશ રેવા બેસવા ઉઠવાની જગો–ઘર, હવેલી, મકાન. ૩ જે શેહેર–ગામમાં રેવાનું થતું હોય તે (એક બીજાને કાગળ લખવામાં) મુ૰ સુરત, મુ૰ અમદાવાદ વગેરે.

મુકાવવું, ક્રિ૰ સ૰ મુકે તેમ કરવું. બે જણને લડતા મુકાવવા, ઘાવણ મુકાવવું, વ્યસન મુકાવવું, પાપથી મુકાવવું વગેરે.

મુકાવું, ક્રિ૰ અ૰ છોડાવું, છુટી શકવું, છુટવું (એકાદાં બન્ધનમાંથી). ગ્રહણ–પાપ મુકાવું. ૨ નરમ થવું. શીળ મુકાયો (છુટો થયો).

મુકુન્દ, પુ૰ [સં૰] વિષ્ણુ.

મુક્કર–મુકર્રર, અ૰ નક્કી; ખરેખર.

મુક્કી, સ્ત્રી૰ [મુષ્ટિ] હાથની મુઠી વાળી એ જે ઉગામીને જોરમાં કોઈને મારવી તે. મુક્કી મારવી.

મુક્કો, પુ૰ જબરી મુક્કી.

મુક્ત, વિ૰ ધા૰ [સં૰] છોડવેલું–છુટેલું (કોઈ પણ બન્ધનમાંથી). ૨ સંસારના બંધનથી–માયા પાશથી છુટેલું–મોક્ષ પામેલું તે.

મુક્તા, ન૰ [સં૰] મોતી.

મુક્તાનન્દ, પુ૰ [સં૰] મુક્ત જનનો જે આનંદ તે. ૨ મોક્ષનો આનન્દ.

મુક્તાફળ, ન૰ મોતી.

મુક્તિ, સ્ત્રી૰ [સં૰] મુક્તપણું; છુટકારો. ૨ સંસાર બન્ધનથી–પાપથી છુટવાથી જે ઈશ્વર પ્રાપ્તિ તે; જનન મરણના ફેરામાંથી છુટકારો થવો તે. મુક્તિ થવી–પામવી. એ ચાર કેવાય છે.–સલોકતા, સમીપતા, સરૂપતા ને સાયુજ્યતા. મુક્તિપદ એટલે મુક્તિ થયેથી જે સ્થિતિ તે; બ્રહ્મપદ; કૈવલ્યપદ. મુક્તિમાર્ગ, મુક્તિપુરી ઈ૰ શબ્દો છે.

મુખ, ન૰ [સં૰] મો; મોઢું. ૧ ખાવાનું. ૨ ચેરો; ડોકાંનો આગલો ભાગ. ૩ જ્યાં નદી સમુદ્રને મળેછે તે; બારું. ૪ બારણું; દરવાજો.

મુખક, પુ૰ [સં૰ મૂષક] ઉંદર.

મુખચન્દ, પુ૰ [સં૰] મુખરૂપી–એજ ચન્દ્ર. ન૰ ચન્દ્રના સરખું જે મુખ તે. (જૂની કવિતામાં).

મુખજુબાની, સ્ત્રી૰ સરકારમાં કસમ ખાઈ મોઢેથી જે કયલું–બોલેલું તે; મોઢાંની સાક્ષી.

મુખડું, ન૰ [મુખ] ચેહેરો; ડોકું; મો. 'મુખડા ક્યા દેખે દર્પનમેં' (કબીર).

મુખતેસર, વિ૰ [ફા૰] ટુંકું; ઘણા થોડામાં; સંક્ષિપ્ત.

મુખત્યાર, વિ૰ [ફા૰] એકાદ કામ કરવાને જેને કોઈની તરફથી સત્તા–અખત્યારી–રજા મળી હોય તે (માણસ–વકીલ). ૨ ઈચ્છા–સત્તા ચલાવવાને કોઈના બન્ધનમાં નહિ તે. તે તે કરવાને મુખત્યાર છે, મારે ના નથી.

મુખત્યારનામું, ન૰ [ફા૰] મુખત્યારી આપવા સમ્બન્ધી જે લખ કરી આપવો તે; વકાલતનામું.

મુખત્યારી, સ્ત્રી૰ [ફા૰] સદર પરવાનગી; કુલઅખત્યાર. ૨ મુખત્યારનું જે કામ તે; વકિલાત.

મુખપાઠ, વિ૰ સ્મરણ શક્તિવડે મોઢે ભણી જવાય એવું.

મુખવાસ, પુ૰ જમી ઉઠ્યા પછી પાન સોપારીથી મોઢાંને સુવાસિત કરવું તે. ૨ પાન સોપારી એલચી લવિંગ વગેરે.

મુખારવિન્દ, ન૰ [સં૰] મુખ રૂપી અરવિંદ–કમળ.

મુખિયો, પુ૰ ઠાકોરજીની સેવાની સામગ્રી કરી આપનારામાં જે મુખી તે.

મુખી, વિ૦ એકાદા સમુદાય-વર્ગ-જથાનો જે મોટેરો-મુખ્ય માણસ તે; નાયક; પટેલ.

મુખ્ખાઈ, વિ૦ મોખ્ખા શેહેરનું. (દાડેમ, બેદાના વીગેરે).

મુખ્ય, વિ૦ પેલું; મોટું; સરદાર; આગેવાન; શ્રેષ્ટ; ઉત્તમ.

મુખ્યત્વેકરીને, અ૦ મુખ્ય મુખ્યમાં. ૨ વિશેષે કરીને.

મુગટ, પુ૦ [મુકુટ] માથા ઉપરની પાઘડી અથવા પટકા ઉપર સજવાનો એક સણગાર. ૧ મોર્ પીછું, તોરો; કલગી. ૨ રાજાના માથાપરનો હીરા જડેલા સુનાનો સણગાર જેથી તે ઓળખાયછે તે; તાજ.

મુગટી, સ્ત્રી૦ નાનો મુગટો.

મુગટો, પુ૦ અબોટમાં-સ્ત્રી પુરુષ બન્નેને પેરવાનું હીરનું વસ્ત્ર. નાઈને પુજા કરતાં-જમતાં.

મુગડી, સ્ત્રી૦ કાનનું ઘરેણું (કાઠિયા૦). [બહુ છે.

મુગલ, વિ૦ મુસલમાનની એક જાત-ઈરાન ને તાતારમાં

મુગલાઈ, સ્ત્રી૦ મુગલ લોકનું રાજ; હિંદુસ્તાનમાં જેટલા વખત સુધી (બાબરથી માડીને) મુગલ વંશનાએોએ બાદશાહી કરી તેટલો તે વખત. ૨ ઠાઠમાઠ, સાન સોગત, ચાપચીપ, ઠાવકાઈ, સભ્યતા વગેરે તે. એને ત્યાં તો મુગલાઈ છે. [ભાતવાળી સાડી.

મુગ્ગાસાડી, સ્ત્રી૦ સ્ત્રીઓને અબોટમાં પેરવાની હીરની

મુગુટ, મુગટ.

મુગ્ધા, સ્ત્રી૦ [સં૦] જેને જુવાની ફુટતી-તરતની ફુટી હોય તે સ્ત્રી; ત્રણ પ્રકારની નાયિકામાંની એક-મુગ્ધા, મધ્યા ને પ્રૌઢા.

મુચરકો-લકો, પુ૦ ફરીથકી કરૂં તો આટલી સજા ભોગવું એવી રીતનો જે લેખ ગુનેહગારે કરી આપયો તે.

મુચવું, મુકવું. ૨ છોડવું.

મુછાળો, વિ૦ મૂછવાળો. મૂછો પણ ક્વચિત વપરાય છે. 'માકડમૂછો (ભુરી મૂછનો) ને માંજરો, જેને હૈડે ન હોય કાળો વાળરે, એવને મુકને માફ સંચરોરે, ફરી નહી દેખો ઘેર તે બારરે' (ગજરામારૂની વાત). મરદ મુછાળો ને બળદ પુછાળો.

મુજ, સ૦ મારૂં. એ શબ્દ હુંની પછી વિભક્તિ છે. એને કેટલીક વિભક્તિના પ્રત્યય લાગે છે. મુજને, મુજકરતાં, મુજથી, મુજમાં.-રૂપોમાં મજ શબ્દ પણ વપરાય છે.

મુજાણુ, અમુજાણુ.

મુજબ, અ૦ [આ૦] પરમાણે; પેઠે; (તે) રીતે; (ઊ) તેમ.

મુજમુદાર, મજમુદાર.

મુજરે, મજરે.

મુજરો, પુ૦ સલામ. ૨ રામજનીએ બેસીને જે ગાયું તે. ૩ ભવાયા, વાજાંવાળા વગેરે સલામદાખલ જે થોડી ગ-

મુજહ્યમત, સ્ત્રી૦ ટીકા. ૨ અટકાવ. [મત આપે છે તે.

મુજાબો, પુ૦ [આ૦] હિસાબ; લેખું; દરકાર; હરકત.

મુંજિયો, પુ૦ [મુંજ્જ યોગ્ય. મુંજ્જ—એક તરેહનું પવિત્ર ઘાસ] જેને મુંજ્જ જનોઈનો સંસ્કાર થતો હોય તે છોકરો. 'કુંકુના છુડારે દેવાડિએ, મોતીના ચોક પુરાવો, લાડકડોરે મુંજીયો'.

મુઝવણુ, સ્ત્રી૦ અકળામણ; ગભરામણ.

મુઝાર, મોઝાર.

મુઝારો, પુ૦ એકદમ છાતી ભિડાઈ જાય ને કમ્પારી થઈ આવી પડે તે રોગ. ૨ એક તરેહનું કાદવનું કોડિયું.

મુઝાવું, ક્રિ૦ અ૦ અકળાવું; ગભરાવું; રિબાવું. ૨ શ્વાસ અટકતો અટકતો ચાલવો (છાતી મુઝાયછે). ૩ કણ્ટાળવું.

મુઠિયું, ન૦ કણેકને મુઠીમાં ચાંપી મુઠી જેટલા કદના આકારે તેલ વગેરેમાં તળી બનાવેલો જે ખાવાનો પદાર્થ તે. મુઠિયાં કરવાં-વાળવાં-તળવાં. મુઠિયાંનો લાડુ. મુઠિયાં મારવાં એટલે પુરુષે પોતાની ઈન્દ્રીને મૂઠીમાં પકડી હલાવ્યાં કરવી.

મુઠી, મૂઠી.

મુડણુ, ન૦ [મુણ્ડન] માથાના કેશ કાડવા તે. ૨ બાળકના માથાના કેશ કાડવાની વિધિ-રીત. ૩ હજામત; મુડાવું તે.

મુડદાર-દ્દાર-ળ, વિ૦[ફા૦]મરી ગયલી હોય તેવી (બામડી). ૨ અશક્ત-ઘેવાઈ ગયલું-મરવા પડેલું હોય તેવું (માણસ). એ મુડદાળ શું કરવાનો છે?

મુડદારસીંગ, સ્ત્રી૦ એક જાતની ઓષધિ.

મુડદું, ન૦ [ફા૦] માણસનું ચેતન-જીવ ગયા પછીનું જે ખોખું તે; શબ; પ્રેત; લાસ; લોથ.

મુંડવું, ક્રિ૦ સ૦ અસ્ત્રાવડે માથાના કેશ કાડવા; બોડવું. ૨ છેતરવું; ફુતવું; ઠગવું. ૩ માથું બોડી નખાવી મન્ત્ર આપી કોઈને શિષ્ય કરવો. ૪ માથું મુડવાનો ધન્ધો કરવો-હજામત કરવી.

મુડાવું, ક્રિ૦ અ૦ બોડાવું. ૨ સાધુ-ચેલા થવું. ૩ છેતરાવું.

મુડિયો, પુ૦ માથું મુડેલું એવો સાધુ અથવા એનો ચેલો.

મુડિયો (મુદિયો), પુ૦ નાની સાકટી.

મુડી, મૂડી.

મુડો, મૂડો.

મુણ્ડ, ન૦ [સં૦] ડોકું, માથું.

મુણ્ડન, ન૦ [સં૦] બોડાવવું તે.

મુણ્ડમાળ-ળા, સ્ત્રી૦ ડોકાં-માથાંની માળા.

મુતર, મૂતર.

મુતરવું, ક્રિ૦ અ૦ જઠરમાં છૂટો પડેલો પ્રવાહી ઈંદ્રી વાટે બાર કાડવો; પિશાબ કરવો. મૂતર કરવું એટલે ઢોર મુતરવું. મૂતર કાડવું એટલે મૂતર ઉસેડીનાખી જગા સાફ કરવી. મોડાંપર મુતરવું એટલે તેને તુચ્છ-મુતરવાની જગા જાણવી. મુતરીરેવું એટલે બાળકે અણસમજમાં અથવા માણસે ધાસ્તીથી રોગથી. ૨ ગભરાવું; બીવું.

મુતરાણી, સ્ત્રી૦ ઇન્દ્રી; ધાડી.
મુતરાણું, વિ૦ મુતરવાની હાજતવાળું; મુતરવાની તાકીદ હોય તેવું. મુતરાણો થયો, મુતરાણી થઇ.
મુતરાવવું, ક્રિ૦ સ૦ મુતરે તેમ કરવું.
મુતરિયું, ન૦ મુતરવાનું વાસણ.
મુતલક-ગ, અ૦ જરાએજરા; બિલકુલ; મુદ્દલ.
મુતાલિક, પુ૦ [આ૦] દરબારમાં મુખ્ય કારભારીની નીચેનો ને તેની વતીનું કામ કરનારો-એ પણ મોહોર મારીશકે.
મુદત-દ્દત, સ્ત્રી૦ [આ૦] ઠેરવેલો-મુકરર કરેલો વખત. ૨ વાયદો. કાચી મુદત એટલે મુદતની પેલાંનો વખત ને પાકી મુદત એટલે ખરી મુદત. મુદતસર-મુદતમુજબ; મુદતે.
મુદલ-દ્દલ, ન૦ વેપાર-ધન્ધાને માટે પ્રથમ કાડેલી થાપણ. મુદલ ને વ્યાજ.
મુદલ-દ્દલ, અ૦ બિલકુલ; સઘળું; તમામ. ૨ જરાએપણ; માત્ર. મુદ્દે પણ બોલાયછે.
મુદામ, વિ૦ [આ૦] હમેશ; ઘણાકાળનું; ચાલુ.
મુદિત, વિ૦ ધા૦ [સં૦] પ્રસન્ન થયલું; હરખ પામેલું.
મુદ્દો, પુ૦ [આ૦] ગુનાહની સાબિતીમાં માલમ પડેલ જે નિશાની-પદાર્થ-સાક્ષી તે; પત્તો. ૨ મૂળ; પાયો. મુદ્દો હાથ લાગવો-પકડાવો.
મુદ્રા, સ્ત્રી૦ [સં૦] ચિન્હ નિશાની. ૨ મોહર; છાપ. ૩ વીંટી. ૪ ગોસાંઇ કાને જે લટકાવેછે તે અથવા જે ડામ-છાપા છાતીયે, હાથે મરાવેછે તે. ૫ સિક્કો; (સુનાનો રૂપાનો તાંબાનો). ૬ છાપાનાં બીબાં; ટેપ. ૭ ચેહેરાના બીબાં. ૮ સન્ધ્યા પુજા વેળા બે હાથના આંગળાં એક બીજામાં જુદી જુદી રીતે મેળવી દિધાથી જે આકાર બને તે. અરકુશ મુદ્રા, અરકુ મુદ્રા, ધણ્ણામુદ્રા, વિજુમુદ્રા, શરખમુદ્રા ઇ૦. ૯ ધ્યાન ધરતી વેળા મોડાંની જે આકૃતિયો થાયછે તેમાંની એકેક. એચરી, અગોચરી, ચેચરી ને [illegible] વળી ખેચરી, ભૂચરી, ચાંચરી, અગોચરી, અલક્ષી એમ કેછે.
મુદ્રાંકિત, વિ૦ ધા૦ [સં૦] ટેપ જોડી છાપેલું.
મુદ્રિકા, સ્ત્રી૦ [સં૦] મુદ્રા (૧લા, ૨ જા, ૩ જા, ૫ મા અર્થમાં).
મુનશી, પુ૦ [ફા૦] એક અથવા ઘણા જણની તરફથી જાહેર-ખાનગી કાગળ પત્તર હુકમ વગેરે લખનારો જે કારભારી તે; સેક્રેટરી. ૨ ફારસી; અરબ્બી, ઉરદુ શિખવનારો.
મુનસફ, પુ૦ [આ૦] દિવાની કામનો ઇનસાફ કરનારો દેશી અમલદાર-જુડીશ્યલના હાથ નીચેનો.
મુનસફી, સ્ત્રી૦ મુનસફનું જે કામ-દરજ્જો તે.
મુનાસબ-સિબ, વિ૦ [આ૦] વાજબી; ઘટારત; યોગ્ય.

મુનિ, પુ૦ [સં૦] ઋષિ; તપસ્વી; જોગી. ૨ મુનિવ્રતવાળો સાધુ-પુરુષ. મુનિવર-મુનિયોમાં જે શ્રેષ્ઠ તે.
મુનિવ્રત, ન૦ અણબોલ્યાં રેવાનું જે વ્રત તે.
મુનીમ, પુ૦ [આ૦] શરાફી દુકાને જે મુખ્ય માણસ શેઠની વતીનું કામ કરનારો હોય તે. મુનીમ સહી કરે ને તેના હાથ નીચેનો કોઠીદાર નાણાંની આપ લે કરે. ૨ આડતિયો; કારભારી.
મુનીમી, સ્ત્રી૦ મુનીમનું જે કામ તે.
મુન્ય, ન૦ [મૌન] મુગાપણું; અણબોલ્યાં રેવું તે.
મુફલસ, વિ૦ [આ૦] ગરીબ; ખાવે પેરવે હેરાન; લાચાર.
મુફલસી, સ્ત્રી૦ ગરીબાઇ; લાચારી.
મુબારક, વિ૦ [આ૦] ભાગ્યશાળી; સુખી; શુભ-કલ્યાણકારી; આબાદ.
મુબારકબાદી, સ્ત્રી૦ એકની ફતેહ-ખુશખબ્બરતીથી બીજાએ પોતાની જે ખુશાલી તેને બતાવવી તે (કોઇ પણ રીતે).
મુમુક્ષુ, વિ૦ [સં૦] મોક્ષની ઇચ્છા રાખનારો. ૨ જિતેન્દ્રિય થઇને મોક્ષ પામવાની તૈયારી કરતો પુરુષ.
મુમ્બે, સ્ત્રી૦ માણસની ચુરબીની મેળવણીનો એક મલમ જે ઘા રૂઝાવવા ઉપર આવેછે તે.
મુરખ, મૂર્ખ. મુરખો, મુરખી.
મુરખાઇ, સ્ત્રી૦ મુરખપણું.
મુરગ મૃગ.
મુરઘી, મરઘી.
મુરચકગ, મોરચકગ.
મુરછા, મૂર્છા. [અઘરણી; શીમન્ત.
મુરત, સ્ત્રી૦ [મૂર્તિ] માણસ (સાધુના મણ્ડળમાંના). ન૦
મુરત, મુહૂર્ત.
મુરતી, મૂર્તિ.
મુરબ્બી, પુ૦ [આ૦] કુટુમ્બમાં જે વડીલ તે. ૨ કદરદાન; પેસિન્દો; આશ્રય આપનારો જે મોટો પુરુષ તે.
મુરબ્બો, પુ૦ [આ૦] કેરી-અનાસ-આમળાં વગેરે ફળ ને ખાંડની ચાસણીમાં બોળી, રાખી મુકેલાં તે.
મુરલી, સ્ત્રી૦ [સં૦] વાંસળી. મુરલીધર-કૃષ્ણ.
મુરવત, સ્ત્રી૦ [આ૦] મોટાઇ; વજન; ભારમોજ; ડર સાથે દરકાર. ૨ મરજાદ; અદબ.
મુરાદ, સ્ત્રી૦ ઉમેદ; ઇચ્છા; હોંસ; આશા.
મુરારિ, પુ૦ [સં૦] કૃષ્ણ; મુર દૈત્યનો શત્રુ.
મુલખ, પુ૦ [આ૦] દેશ; પ્રદેશ; રાજ્ય.
મુલખગિરી, સ્ત્રી૦ મુલખો જોવા તે; મુસાફરી.
મુલતવી, અ૦ [આ૦] વચમાં બન્ધ કરી થોડી વાર પછી ચલાવવાને રાખી મુકેલું; મોકુફ.
મુલતાની, વિ૦ મુલતાનનું.
મુલદાર, વિ૦ કિમતી.

મુલવવું, ક્રિ૦ સ૦ કિંમત કરવી; મૂલ કરવું; ભાવ પાડવો.
મુલવ્વાન, મૂલ્યવાન.
મુલાઈમ, વિ૦ નરમ; કુમળું; સુંવાળું ને પોચું (વસ્તુ).
મુલાકત-ખ્યાત, સ્ત્રી૦ [આ૦] મેળાપ; ભેટ; મળવું તે (માણસોમાં એક બીજાનું).
મુલાજો, પુ૦ [આ૦] અદબ; મર્યાદા; વિવેક વિચાર.
મુલામ, પુ૦ [આ૦] ઢોળ ચડાવવું તે; રસવું તે. વિ૦ સરસ; સહેલું.
મુલ્લાં, પુ૦ [આ૦] હોરાઓમાં જે મુખ્ય ધર્મ સમજાવનારો-ન્યાય કરનારો તે.
મુલ્લો, પુ૦ ગરથ; પુંજી; મુંડી; થાપણ.
મુવાળો, પુ૦ નિમાળો; વાળ; બાલ.
મુશકેબાંધવું, ક્રિ૦ સ૦ બે હાથને વાંસા સાથે બાંધવા.
મુશકેલ, વિ૦ [આ૦] અઘરું; મેહેનત પડે તેવું; મુસિબતવાળું. ૨ અશક્ય; અસમ્ભવિત.
મુશકેલી, સ્ત્રી૦ [આ૦] મુસીબત; મેહેનત.
મુશળ, મુસળું.
મુષ્ટિ, સ્ત્રી૦ [સં૦] મુઠ્ઠી; મૂઠી.
મુસદ્દી, પુ૦ [આ૦ મુતસદ્દી] મુસદ્દો કરનાર. ૨ લખનારો; કારકુન; મેતો.
મુસદ્દો, પુ૦ જુગતીસર સારી ઈબારતનો જે લેખ તે. ૨ ખરડો (જે ઉપરથી સાફ નકલ કરવામાં આવે તે).
મુસલમાન, વિ૦ [આ૦] મહમદ પેગમ્બરને માનનાર તે. ૨ ઉદ્ધત; તોફાની; ઉછ્રુંખળ.
મુસલમાની, વિ૦ મુસલમાન સમ્બન્ધી. સ્ત્રી૦ મુસલમાન ઓરત.
મુસળ, મુસળું.
મુસળખણ્ડી, પુ૦ ચોખા. 'કેસરપખ્ખુ મુસળખંડી.'
મુસળધાર, વિ૦ જાડી ધારમાં-જોરમાં પડ્યાં કરતો-વરસાદ.
મુસળસ્નાન, ન૦ શરીર ઉપર જેમતેમ પાણી રેડી દેવું તે; શરીર થોડું ભિજાય થોડું કોરું રે તેવું જે ન્હાવું તે. -સઙ્કલ્પ કીધા વિના.
મુસળી, સ્ત્રી૦ [મુસલી] એક જાતની ઔષધી-એ કાળી ને ધોળી બે હેવાય છે.
મુસળું, ન૦ [મુસલ] ભાત-ડાંગેર ખાંડવાનું ઓજાર-એને ઉપરથી દાંડો ને નીચેથી ગોળ લાકડું ને તળિયે લોઢાની સામ હોય છે. ૨ સાંબેલાંના આકારની રંગેલી ન્હાની લાકડી જે પોંખવામાં આવેછે તે. ૩ સાંબેલું.
મુસાફર, પુ૦ [આ૦] મુસાફરી કરનારો; પ્રવાસી.
મુસાફરી, સ્ત્રી૦ ખુશકીને રસ્તે દેશાન્તર કરવું તે; પ્રવાસ.
મુસારો, પુ૦ [આ૦] પગાર-મહિને મળતો અથવા રોજનો રોજ મળતો.
મુસાહિબ, પુ૦ [આ૦] સાથે રેનારો; મિત્ર.
મુસિબત, સ્ત્રી૦ મેહેનત; મુશ્કેલી.
મુસ્તકીન, વિ૦ [આ૦ મુસ્તકીમ] મજબુત; મક્કમ; જબરું; વડું; જોરાવર (માણસ, પશુ, મકાન, યન્ત્ર વગેરે).

મુહૂર્ત, ન૦ [સં૦] કોઈ કર્મ આરમ્ભવાનો જે શુભકારી અનુકૂળ સમય તે. વિવાહનું-પ્રવેશ ક્વાનું ઇ૦નું મુહૂર્ત. ૨ આરમ્ભ. ૩. બે ઘડી અથવા ઉડતાળીસ મિનિટ જેટલો જે કાળ તે. ૪ અધરણી; શીમન્ત.
મુળગું, અ૦ બિલકુલ; તદ્દન; તારીખે. વિ૦ મૂળનું; પ્રથમનું; અસલ (જુની કવિતામાં).
મુળચી, સ્ત્રી૦ અધચાવ્યું-ઘણું ખાધાથી ઘણું અધવું ઓકવું, દુખવું તે; મોરચી.
મુળાપણી, સ્ત્રી૦ મુળાની પણી-જુડી.
મુળાક્ષર, મૂળાક્ષર.
મુળિયું, ન૦ ઝાડ-છોડનું જે ન્હાનું મૂળ તે.
મૂગું, વિ૦ [મૂક] જેનાથી બોલી ન શકાય તે; જેને વૈખરી-વાચા નથી તે (મનુષ્ય). અ૦ વાચાછતે પણ જાણીજોઇને ન બોલે તેવી રીતે. ૨ ગુપચુપ; છાનુંમાનું.
મૂછ, સ્ત્રી૦ ઉપલા હોઠની ઉપર ને નાકની નીચે બે પાસ જે વાળ ઉગેલા તે. મૂછના આંકડા વાળવા-ફાંકડાં દેખાવાને અથવા કોઈની સામા મરદમી બતાવવા તે. મૂછપર તાવ-ળ દેવો પણ હેવાય છે. મૂછનો વાળ-ઘણોજ પ્યારો.
મૂજી, વિ૦ [આ૦] અક્કલ વનાનું; હોંસ વનાનું; શ્રમ ન સમજે નહિ તે (માણસ).
મૂઠ, સ્ત્રી૦ [મુષ્ટિ] મૂઠી. ૨ જ્યાંથી તરવાર ઝલાય છે-મૂઠમાં રખાય છે તે ભાગ (તરવારનો). ૩ પીડા કરવાનો-મારીનાખવાનો જે મન્ત્ર-પ્રયોગ તે; ચોટ. મૂઠ મારવી-વાળવી-ઉતારવી. ૪ ગીલીદણ્ડાની રમતમાંનો એક દાવ.
મૂઠી, સ્ત્રી૦ હાથના ચાર આગળાં વળીને હાથેલીને અડક્યાં હોય તેવો હાથનો જે આકાર તે. ૨ એમાં જેટલું માયું હોય તેટલું તે. મૂઠી દાણા આપજે. મૂઠો-મોટી મૂઠી એટલે આંગળાં છેક અડકેલાં નહિ પણ થોડાંક હથેલીથી દૂર રેવલાં હોય તેવી મૂઠી.
મૂડી, સ્ત્રી૦ ડોકી; માથું; ચોટલી. તેની મૂડી મારે હાથ છે. ૨ પુંજી; ગરથ. ૩ બોચી; ગળચી.-મૂડી પકડીને અફાળ્યો.
મૂડો (મૂઠો), પુ૦ સો મણનું માપ (ચોખાના મૂડા). ૨ (મુમ્બઇમાં) પચ્ચીસશેરનું ભરત-માપ (અનાજનું).
મૂઢ, વિ૦ [સં૦] કંઇજ ભણેલું નહિ-કંઇજ સમજે-જાણે નહિ તે (માણસ); અબુધ; મૂર્ખ. ૨ બોલે નહિ પણ ટગટગ જોયા કરે તે; જડરૂપ.
મૂઢમતિ, વિ૦ [સં૦] જડબુદ્ધિનું; મૂર્ખ.
મૂતર, ન૦ [મૂત્ર] પેડુંની નીચેની ઇન્દ્રિની વાટે બાર નિકળતું પાણી. (ગાંડમાંથી મળ નિકળે). 'શું તારેજ મૂતરે દીવા બળવાનો છે' એટલે શું તારાથીજ કામ થશે-બીજાથી નહિ થાય?

મૂત્રપિણ્ડ, પુ॰ [સં॰] જ્યાં લોહીથી મૂતર જુદું પડેછે તે અન્દરની જગા.

મૂત્રાશય, પુ॰ [સં॰] જેમાં મૂતર રૂંધે, તે કોથળી; ફુક્કો.

મૂર્ખ, વિ॰ [સં॰] જેણે વિદ્યાભ્યાસ કરેલો નહિ તે; અભણ. ૨ આવડત વિનાનું. ૩ રસ—સ્વાદ સમજે નહિ તે. ૪ વિવેકમાં સમજે નહિ તે.

મૂર્ખતા, મૂર્ખાઈ. [રિવું તે; બેહોશી.

મૂર્છા, સ્ત્રી॰ [સં॰] થોડીવાર જે બેશુધ—અચેત થઈ જવું—

મૂર્છાગત, વિ॰ ધા॰ [મૂર્છાગત] બેભાન; અચેત; બે હોશ; બેશુધ. [બેશુધ.

મૂર્છિત, વિ॰ ધા॰ [સં॰] બેભાન; અચેત; બેહોશ.

મૂર્તિ, સ્ત્રી॰ [સં॰] પથ્થર—લાકડાંમાં કોતરેલું અથવા ધાતુ મટોડીનું ઘડેલું અથવા કાગળપર ચિતરેલું દેવ-દેવિનું જે સ્વરૂપ તે; પ્રતિમા; છબિ. ૨ આંગિરાજનની-મોટાપુરુષની પ્રતિમા; છબિ; પુતળું; પૂતળું.

મૂર્ધન્ય, વિ॰ [સં॰] મૂર્ધાસ્થાનથી બોલાતા—અક્ષર (ઋ, ટ, ઠ, ડ, ઢ, ણ, ર, ષ). મોઢાંની અન્દર માથાભણીના ઉપલા ભાગથી ને મોઢાંના પાછલા ભાગથી બોલાતા).

મૂર્ધા, સ્ત્રી॰ [સં॰] માથું.

મૂલ, ન॰ [સં॰ મૂલ્ય] કિમ્મત. ૨ ભાવ. ૩ પરીક્ષા—તે માણસનું મૂલ થઈ ગયું. ૪ મજુરી.

મૂલ્યવાન, વિ॰ [સં॰] કિમતી; મોંઘું.

મૂષક, પુ॰ [સં॰] ઉંદર.

મૂસ, સ્ત્રી॰ [મૂષ] ધાતુ ગાળવાની કુંડી. ૨ બીબું.

મૂળ, ન॰ [મૂલ] ઝાડનો જે ભાગ જમીનની અન્દર હોય છે તે. ૨ ઓગણીસમું નક્ષત્ર. ૩ આદિ કારણ; પાયો; મણઆણ; પ્રથમ આધાર. ૪ જે પુરુષવીર્યથી વંશ વિસ્તાર પામ્યો હોય તે. ૫ આરમ્ભ; શરુઆત. ૬ ટીકાવના-નું, એવું જે તે (પુસ્તક). ૭ વેપાર ધન્ધાને માટે પેલી કાઢેલી જે થાપણ તે; મુદ્દલ; ભણ્ડોલ. ૮ અંકગણિત-બીજગણિતમાં જેનો ઘાત કરેલો હોય તે. ૨ નો પઞ્ચઘાત ૩૨ ને ૩૨ નું પઞ્ચઘાત મૂળ ૨. ૯ જ્યાંથી નદી નીકળેછે તે ઠેકાણું—ડુંગર અથવા સરોવર. ૧૦ પાંચની સંખ્યાનો સંકેત. [તે.

મૂળપીઠિકા, સ્ત્રી॰ એકાદ ખાનદાનનું પ્રેષથી જે વર્તમાન

મૂળપુરુષ, પુ॰ જે પેલા પુરુષથકી વંશની ઉત્પત્તિ તે.

મૂળાક્ષર, પુ॰ બોલવા લખવાનો આધાર જે અક્ષરો ઉપર રહેલો છે તે. અ આદિ સ્વર ને ક આદિ વ્યઞ્જન.

મૂળી, સ્ત્રી॰ કન્દનાં કુમળાં મૂળ તે. આદાનૂળી. ૨ ઝાડની ઉપરથી નીચે લટકતાં લાખાં મૂળિયાં તે. વડની મૂળી.

મૂળે, અ॰ આદિ—આરમ્ભમાં; શરુઆતમાં. ૨ માત્રે.

મૂળો, પુ॰ એક જાતની કન્દવાળી ભાજી—એનું શાક થાય છે. મૂળા પણ કહેવાયછે.

મૂષ, પુ॰ [સં॰] ઉંદર.

મૃગજળ, ન॰ રેતી ઉપર તરનો ભાફ દૂરથી પાણી જેવી દેખાય તે; ઝાંઝવાનું નીર; ઝાંઝવાં.

મૃગતૃષ્ણા, મૃગજળ.

મૃગયા, ન॰ શિકાર; પારધ.

મૃગલાઞ્છન, ન॰ [સં॰] મૃગના જેવું જે ચિહ્ન તે. ચન્દ્રમામાં દેખાયછે તે. [વાળી (સ્ત્રી).

મૃગલોચના—ની, સ્ત્રી॰ હરણની આંખ સરખી આંખ

મૃગસર, ન॰ [મૃગશીર—શીર્ષ] પાંચમું નક્ષત્ર.

મૃગાક્ષિ, સ્ત્રી॰ [સં॰] હરણનાં જેવી આંખવાળી સ્ત્રી.

મૃગી, સ્ત્રી॰ [સં॰] હરણી.

મૃગેન્દ્ર, પુ॰ [સં॰] સિંહ.

મૃણાલ, પુ॰ [સં॰] તન્તુ (કમળના).

મૃત, વિ॰ ધા॰ [સં॰] મરીગયલું.

મૃતક, વિ॰ મરનાર સમ્બન્ધી; મુએલાનું. ૨ મરનાર; મરી ગયલું તે.

મૃતાશૌચ, ન॰ [સં॰] મુએલાનું સુતક.

મૃત્તિકા, સ્ત્રી॰ [સં॰] મટોડી; માટી.

મૃત્યુ, [સં॰] મોત.

મૃત્યુલોક, પુ॰ આ પૃથ્વિપર રેનારા લોક. ૨ આ સૃષ્ટિ.

મૃદંગ, ન॰ [સં॰] એક જાતનું બે હાથે વગાડવાનું વાદ્ય-વાજું; પખ્વાજ—ખ્વાજ.

મૃદુ—લ, વિ॰ [સં॰] કોમળ; કુમળું; નરમ.

મૃણ્મય, વિ॰ [સં॰] મટોડીનું; માટીનું બનાવેલું.

મેંડક, [મણ્ડૂક] મેડક.

મેંઢો, પુ॰ ઘેટો.

મેંદી, સ્ત્રી॰ [મેધી—ધ્યા] એક ઝાડ. જેના પાતરાંનો છુંદો ચામડીને લગાડેથી એ લાલ થાયછે.

મેંદો, પુ॰ ઘઉંનું સત્વ.

મેંસ, સ્ત્રી॰ કાજળ.

મે, મેઘ; મેહ.

મેઆણ, પુ॰ કણસાર હલાવવાનો ચાટવો.

મેખ, સ્ત્રી॰ [ફા॰] ભીંત—જમીનમાં મારેલી લાકડાંની ખીંટી. ૨ લોઢાંની ખીલી; ચૂંક.

મેખ, મેષ.

મેખયું, ન॰ નીચે અણી ને ઉપર બે બાજુએ ચાડાં હોય તેવી ભાયમાં દાટવાની જે ઘોડી તે.

મેખળ, ન॰ લડાઈનું એક હથિયાર. ૨ મેખળા.

મેખળી, સ્ત્રી॰ કન્દોરો; કટિમેખળા.

મેગળ, પુ॰ [મદગલ] હાથી. [બોલાયછે.

મેઘ, પુ॰ [સં॰] વાદળું. ૨ વરસાદ; મે. મેઘલો પણ

મેઘધનુષ, ન॰ આકાશમાં જે પચરંગી ધનુષ્ય થાયછે તે;

મેઘરાજા, પુ॰ ઇન્દ્ર. ૨ વરસાદ. [મઘ્ઘ; મસ-દ.

મેઘાડમ્બર, ન॰ [સં॰] વાદળાંઓનું ખિચોખિચ થઈ જવું ને ગુમી રેવું તે; ઘનઘોર આકાશ. ૨ છત્રીવાળી

અંબાડી (હાથી ઉપરની). મેઘાડમ્બર ગાજવું એટલે ઘનઘોર ઘટામાં ગગડાટ થવા. ૨ લગનના ગીતમાં બૈરાંઓ લગનની ધામધુમ ને ઠાઠમાઠ જાહેર બતાવવાના અર્થમાં ગાય છે. 'કેવો ચંદ્રમા છે ઉજળો, મેઘાડંબર ગાજે, કેવા કસ્તુરચંદ ફૂલાજો, મે૦, એણે કેવી છે ફાડી ભડરે, મે૦, એણે નાકવઢામાં ઝડરે, મે૦. [મેઘ, આડમ્બર]

મેચકું, ન૦ મેખચું. લાક્ષણિક અર્થમાં કેડમાં ઘાલેલાં નાના બાળકને લગાડવામાં આવે છે. 'મેચકાંને કેડમાં ઘાલીને ચાલ્યાં'!

મેજ, સ્ત્રી૦ [ફા૦] ટેબલ—ખાવાની.

મેજબાન, વિ૦ [ફા૦] જેને જમવા તેડ્યા—તેડ્યા હોય તે. ૨ પરોણો; મેમાન. ૩ જેણે જમવા તેડ્યા હોય તે—ખરો અર્થ તો એ છે પણ લોકમાં વિશેષ ૧ લો અર્થ વપરાય છે.

મેજબાની, સ્ત્રી૦ ઉજાણી; જીયાફત.

મેજર, પુ૦—ન૦ ઘણા જણની સહી સાથેની લખેલી જે [વાદી તે.

મેડક, પુ૦ [મણ્ડૂક] દેડકો.

મેડી, સ્ત્રી૦ નાનોસરખો માળ (ઘરનો).

મેડો, પુ૦ માળ.

મેઢી, મેડી.

મેંઢો, પુ૦ [મેષ] એક જાતનું ચોપગું—પશુ, એણીકણ હોય છે—એનું માંસ ખાવામાં આવે છે ને એના વાળ જે ઊન કેહેવાય છે તેનાં વસ્ત્ર બને છે.

મેણું, ન૦ કોઈનું મર્મ ઉઘાડી તેને જે માઠું લગાડવું વે; ઉપકાર કરેલો કંઈ સમ્ભળાવવો તે.

મેણ્ઢો, મેંઢો.

મેતર, પુ૦ પેડમાં જે મુખી તે. મેતરાણી—પેડી. [ગુરૂ.

મેતાજી, પુ૦ નિશાળ માંડી છોકરાં શિખવનારો; ઉપાધ્યો;

મેતો, પુ૦ મેતાજી. ૨ નામું ઠામું લખનારો ગુમાસ્તો; ખરડાની નકલ ઉતારનારો કારકુન. ૩ બ્રાહ્મણમાં ભિક્ષુક ને ગૃહસ્થ એવા બે વર્ગ છે તેમાં બીજા વર્ગમાંનો જે કોઈ તે. મેતાસાથ એટલે ગૃહસ્થવર્ગ.

મેથિયા, પુ૦ ડાંગેર—ભાતમાં એક જાતના મેથી જેવા દાણા હોય છે તે. (અથાણું).

મેથિયું, વિ૦ મેથીનો સમ્ભાર—મસાલો ભરી બનાવેલું

મેથી, સ્ત્રી૦ એક જાતનું વસાણું. રસોઈમાં વપરાય છે. શિયાળામાં એના લાડુ થાય છે. [ચરબી.

મેદ, પુ૦ [સં૦] હાડકાંમાંનો માવો અથવા માંસમાંની

મેદની, સ્ત્રી૦ આલમ; દુનિયા; લોક. ૨ ભીડ; ઠઠ.

મેદાન, ન૦ [આ૦] ઝાડ ડુંગરા વગરની ખુલ્લી સપાટ જમીન. ૨ લડાઈની ખુલ્લી જગા. મેદાન કરીમુકવું—ભાંગી તોડીને સપાટ કરવું. મેદાન પડવું એટલે હિમતથી બાહાર પડવું. મેદાન મુકવું એટલે ઉઘાડું કરવું; છુટું મુકવું. ૨ પુરૂં કરવું; ખલાસ કરવું.

મેદિની, સ્ત્રી૦ [સં૦] પૃથ્વિ.

મેંદી, સ્ત્રી૦ [મેંધી] એક જાતનું ઝાડ—એનાં પાંદડાં બાયડીઓ સડમાં ને રંગરણમાં કામ આવે છે. મેંદી ચોપડવી (હાથે પગે). 'મેંદી ચોપડી છે કે ઉઠતો નથી'?

મેદો, પુ૦ પીસેલા ઘઉંને છળેથી જે આટો થાય તે; પરસુદી; નિસાસ્તો.

મેધ, પુ૦ [સં૦] યાગ; બળિદાન—અશ્વમેધ, નરમેધ ઈ૦.

મેના, સ્ત્રી૦ એક જાતનું સુંદર પક્ષી, એ પોપટની પેઠે શિખવથી બોલે છે; સારિકા.

મેનો, મ્યાનો.

મેમાન, પુ૦ પરોણો.

મેર, અ૦ મર એ અર્થમાં—મેર, એ શું કરે છે? ૨ સુખે; ભલે; છોને. મેરને કરે. [જુએ.

મેર, સ્ત્રી૦ બાજુ; તરફ. તે મેર, ચોમેર ઈ૦. મેરે—બા—

મેર, પુ૦ માળાની ઉપરનો મણકો. ૨ મેરુ પર્વત.

મેર બેઠો, સુરજ આથમ્યો.

મેરાઈ, પુ૦ દરજી. [ઘામાં વપરાય છે તે.

મેરાયાં, મેરિયાં. ૨ રમતમાં એકનો દાવ બીજાના ફાયદામાં

મેરિયું, ન૦ દિવાળીને દાડે છોકરાએ સન્ધ્યાના અથવા સેરડીના મુળિયાં તરફના સાંઠા ઉપર જે દીવો કરવો તે.

મેરુ, મીત્ર; સોબતી. ૨. એ નામનો પર્વત.

મેલ, પુ૦ [મલ] એકાદા પદાર્થમાં ભળેલા અથવા તે ઉપર વળગેલા એવા બહુ જાતના ભાગનો જે નરસો પદાર્થ તે; કચરો. ખાંડની ચાસણી કરી તેમાંથી મેલ કાડવો. શરીર ઉપરનો મેલ વગેરે. ૨ કાન, ડુંટી વગેરેમાંથી જે નિકળે છે તે. ૩ પ્રવાહી પદાર્થની નીચે ઠરેલો જે કચરો તે.

મેલવું, ક્રિ૦ સ૦ મુકવું. ૨ પોંચાડવું. ૩ મોકલવું.

મેલાપ, મિલાપ.

મેલાવિદ્યા, સ્ત્રી૦ ભૂત પલીત કાડવાની, મારણ જારણ કરવાની વિદ્યા. ૨ કપટ ભરી ચાતુરી.

મેલું, ન૦ ભૂત વગેરે તે; આકું. ૨ હરકત કરતું તે (વસ્તુ, માણસ). મેલું વળગ્યું કેહેવાય છે.

મેલું, વિ૦ મેલવાળું; ગન્દું (મલિન). ૨ કપટી; મિંઢું.

મેલ્સો, મોલ્સો.

મેવલો, પુ૦ વરસાદ. ૨ વરસાદ ન આવેથી દુબળાંના બૈરાંઓ જે ગીત ગાતાં ભીખ માગવા નિકળે છે તે. એક જણને માથે પાટલા ઉપર મેવલા—વરસાદનું પુતળું મુકી તેના ઉપર લીમડાંના પાતરાં મુક્યાં હોય છે અથવા કોઈ છોકરૂં મેવલો થઈ પોતાના માથાં ઉપર પાતરાં મુકે છે ને લોકો તે લોકોના ઉપર પાણી રેડે છે ને દાણા આપે છે. 'મેઘની માએ વીજળીને પુછ્યું, કેની મારા મેઘની પેર હો વિજળી—૧. ઓતર ગાજ્યો ને દખણ વરસ્યો, વરસ્યો ચારે ખંડ હો વીજળી—૨. કુવામાં પાણી

મેળાનાં વીજળી, વનમાં બોલ્યા મોર હો વીજળી–ક. વગેરે વગેરે.' 'કો ગૂઢામણી હાડીગૃણી ૨ મેવલા, બટે બટાણું મુઠીગૃણી ૨ મેવલા, પટેલ પટલાણી મહુડી-મુંમાં ૨ મેવલા–મેવલા વરસે તો ગોવીને આણા ૨ આ-વે–વગેરે વગેરે.' 'તું તો વરસ ૨ દુનિયાંના બાપ મે-વલિયા, બાર હરિપે દેશ ઘણું મેવલિયા; તું તો બાડી બાગાયિયાંમાં બરાવ મેવલિયા.' [ગ્રેર તે.

મેવાડા, વિ૦ મેવાડ દેશથી ગુજરાતમાં આવેલા બ્રાહ્મણ વ-

મેવાડી, વિ૦ મેવાડ દેશ સમ્બન્ધી–નું. વસ્તુ ભાષા વગેરે:

મેવાસ, પુ૦ મહીકાંઠો. ૨ ચોર લુટારા જ્યાં હોય એવી જે ડુંગર-કોતર-ઝાડીની જગા તે. [(ઘોડ).

મેવાસી, વિ૦ મહીકાંઠાના કોળી. ૨ લુટારા; તોફાની

મેવો, પુ૦ [ફા૦] ખાવામાં આવે તેવાં લીલાં સુકાં જે ફળ તે-(ઝાડના)-કેરી, દરાખ, અજાસ, કેળાં, જાંબું વગેરે.

મેશી, વિ૦ કજાગરા.

મેષ, પુ૦ [સં૦] મેંઢો. સ્ત્રી૦ પેલી રાશિ.

મેષોન્મેષ, અ૦ આંખ ઉઘાડવી ને મીચવી.

મેસ, વિ૦ કાજળ.

મેસરી, સ્ત્રી૦ વાણિઆની એક નાત.

મેસુર, ન૦ ચણાના લોટમાં ઘી ખાંડ નાખી બનાવેલો ખાવાનો એક પદાર્થ.

મેહ-હુલો, પુ૦ [મેઘ] વરસાદ.

મેહોણું, મેણું.

મેહેતલ, સ્ત્રી૦ મુદત; વખત.

મેહેતાજી, મેતાજી.

મેહેતાબ, પુ૦ [ફા૦] ચન્દ્ર; ચાંદ. ૨ બપોરિયાની રેરાની.

મેહેતો, મેતો.

મેહેનત, સ્ત્રી૦ [આ૦] કામ કરવામાં શરીર-મનને જે જોર આપવું તે; શ્રમ. ૨ દુઃખ; કષ્ટ. ૩ જે ઉપર મેહે-નત કરવાની તે કામ. ૪ કામ કરવાનો બદલો–નાણામાં.

મેહેનતુ, વિ૦ સારી પેઠે મેહેનત કરનાર.

મેહેમાન, મેમાન.

મેહેર, સ્ત્રી૦ [ફા૦] કૃપા; માયા; લક્ષ આપવું તે.

મેહેરબાન, વિ૦ કૃપાળુ; માયાળુ. ૨ મદદ કરનાર; મુરબ્બી.

મેહેરબાની, સ્ત્રી૦ [ફા૦] કૃપા; દયા; માયા.

મેહેરમ, પુ૦ મનના માનેલા; મનથી માનેલ; મનનો મેર; અન્તઃકરણથી ચાહેલો તે."મનકે મેહેરમ સલુણે શ્યામરે.'

મેહેરાબ, પુ૦ [અ૦] ગોળના વાંકના આકારનું જે ચ-ણતર તે. ૨ કમાનનો આકાર–મેહેરાબદાર અરૂઅરબો.

મેહેરામણ, પુ૦ સમુદ્ર.

મેહેલ, પુ૦ [અ૦] રાજાને રેવાનું મોટું ઘર; દરબાર. ૨ ઘણું મોટું મકાન.

મેહેસુલ, ન૦ [અ૦] માલ ઉપર સરકાર હુકમથી જે કર લેવામાં આવે તે; જગાત.

મેળ, પુ૦ રાજનામું; જમાખરચ. ૨ જુગવી બન્ધ બેસ-વી તે; બરાબર થવું–લાગુ પડવું તે; મળી રહેવું તે. ૩ જ-હર; અગત; અટકાવ. શું કરવાને આવ્યો છો, તેનો શો મેળ છે. ૪ ઝઘડું; ગણવી. 'નહિ ત્રણમાં નહિ તેરમાં ને નહિ છપ્પનના મેળમાં.' ૫ સુમાર; અડસટો; આ-સરો. ૬ રોજમેળની ચોપડી. ૭ રોજના આવક ખ-રચનો સરવાળો. મેળ મળ્યો?

મેળવણ, ન૦ મેળવવું તે. ૨ અધરકણ; આખરણ.

મેળવણી, સ્ત્રી૦ મેળવવું તે. ૨ મેળવેલું તે. ૩ સરવાળો.

મેળવવું, ક્રિ૦ સ૦ એકઠું કરવું; જોડીદેવું. ૨ સરવાળો કરવો. ૩ મેળાપ કરાવવો. ૪ કમાવું; પ્રાપ્ત કરવું. ૫ સઙ્-ગ્રહ કરવો. ૬ જુદાં જુદાં સુરને એક સુરમાં આણ-નારનાઅવાજસાથે વાજીંત્રોનો અવાજ મેળવવો.

મેળા, સ્ત્રી૦ સ્ત્રી. 'મૂછ મેળા ને પાઘડી.'

મેળાપ, મિલાપ.

મેળાવડો, પુ૦ રામજનીયોએ એકઠી મળી વારાફરતી ગાવું તે. ૨ ખુશાલીમાં દોસ્તોએ એકઠાં મળી રઙ્ગ મચાવડો કરવો તે. ૩ જમાવ; ટોળું.

મેળાવો, પુ૦ પરસ્પર મળવું તે-કુટુંબ મેળાવો.

મેળો, પુ૦ [મિલા] લોકની ઠઠ મળવી તે; તમાશો.

મૈત્રી, સ્ત્રી૦ [સં૦] મિત્રાઈ; દોસ્તી. [મળવું તે.

મૈથુન, ન૦ [સં૦] સ્ત્રી પુરુષનો સમ્યોગ. ૨ જોડાવું-

મૈયત, સ્ત્રી૦ મરણ; મોત; મોકાણ.

મૈયત, વિ૦ [આ૦] મરીગયેલું; મરનાર.

મૈયતખરચ, પુ૦ મરનારની ક્રિયા સમ્બન્ધી ખરચ.

મૈયા, સ્ત્રી૦ મા. [ગાઉ થાયછે.

મૈલ, પુ૦ [અં૦] લમ્બાઈનું અંગ્રેજી માપ-૧॥ મૈલનો ૧

મોં-મો, ન૦ મોઢું; મુખ.

મોંબાણું-જોણું, ન૦ મો જોઈને જે કંઈ આપવું તે. ૨ વર વહુની તરફના બૈરાંએ ગોખરામાં જઈને વધાવવું તે.

મોઈ, સ્ત્રી૦ ગીલ્લી.

મોકલવું, ક્રિ૦ સ૦ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય તેમ કરવું (માણસ-વસ્તુ).

મોકળાસ, સ્ત્રી૦-પુ૦ જગા લામ્બી પોળી હોવી તે; જ-ગાની છૂટ; સઙ્કોચ નહિ તે.

મોકળું, વિ૦ ઘણાનો સમાવેશ થાય તેવું લામ્બુ પોળું (સ્થળ). ૨ ઉદાર; પોતાળ. તેનું મન મોકળું છે. ૩ ખુલ્લું; ઉઘાડું.

મોકાણ-કાણ, સ્ત્રી૦ કોઈના મરણના સમાચાર. ૨ એ ઉપરથી શોક કરવાને ભેગું થવું તે. ૩ માઠું થવું તે અ-થવા માઠા સમાચાર.

મોકુફ-બ, વિ૦ [આ૦] મુલતવી; બન્ધ. ૨ તદન બન્ધ કરેલું; કાઢી નાખેલું. [થવું તે; છુટકારો; મુક્તિ.

મોક્ષ, પુ૦ [સં૦] ભવબન્ધનથી છુટવું તે; ભ્રાંતિરહિત

મોખ, પુ૰ તખ્તુ માહેલો વાંસ.

મોખરે, અ૰ સહુથી આગળ; અંદરથી હોય તેમ નહિ પણ બ્હાર પડતું હોય તેમ.

મોખરો, પુ૰ બ્હાર પડતી જગા. ૨ આગલો ભાગ.

મોગ, પુ૰ [મુદ્ગ] મગ.

મોગરી, સ્ત્રી૰ એક જાતના મૂળાની સીંગ. ૨ [મુદ્ગર] સળિયા, ભાખરો વગેરે ખાંડવાનું લાકડાનું હથિયાર.

મોગરેલ, ન૰ તેનાતેજ તલને તાજાં તાજાં મોગરાનાં ફૂલમાં વારે વારે રાખી તેનું કાઢેલું જે તેલ તે.

મોગરો, પુ૰ છોડ અથવા તેનું સુગન્ધી આપતું ફૂલ. એ ઘણી જાતના હોયછે. બટ-હજારી મોગરો, ફિરકી મોગરો, દૂધ મોગરો વગેરે. ૨ મોગરા ઘાટે જે ઘરે-ણું-ઘાટ તે. ૩ દિવાની ઉપરની બળી રહેલી વાટ.

મોગલાઈ, મુગલાઈ.

મોઘમ, વિ૰ [અ૰] ફલાણું-એક ચોક્કસ નામ પાડીને નહિ પણ સાધારણ રીતે કહ્યું હોય તેવું; વિગતવાર નહિ પણ ટુંકામાં-સંકેતમાં બતાવ્યું હોય તેવું.

મોઘવારી-ઘાઈ, સ્ત્રી૰ જે વખતમાં અનાજ મોંઘું મ-ળતું હોય તે. ૨ સઘળું મોંઘું મળવું તે.

મોઘું, વિ૰ [મહાર્ઘ] અગાઉ જે મૂલે મળતું તેથી વધારે મૂલે મળતું હોય તેવું. ૨ કિમતી. ૩ ઘણી મેહેનતે બદલો મળે તેવું; દુર્લભ-'મોજ તો મોંઘી છે બાઈ.'

મોચક, વિ૰ [સં૰] છૂટું કરનાર; છોડવનાર-પાપ મોચક.

મોચન, ન૰ [સં૰] છોડવવું તે. ભવમોચન.

મોચાવું, ક્રિ૰ અ૰ અમળાવું. પગ-હાથ મોચાવો.

મોચી, પુ૰ પગના જોડા સિવનારો-બનાવનારો. મો-ચેણ-મોચીની સ્ત્રી.

મોજ, સ્ત્રી૰ [અ૰] ખુશીની હાલત; આનન્દ. ૨ રમ-તગમત; મેલ; મઝા.

મોજડી, સ્ત્રી૰ છોકરાંઓના પગની જે નાજુક ભરતભરી જોડી તે.

મોજણી, સ્ત્રી૰ [મ૰] ખેતર-જમીનની જે માપણી તે. ૨ માપવું-ગણવું તે.

મોજણીદાર, વિ૰ માપણી કરનાર.

મોજવું, ક્રિ૰ સ૰ [મ૰] માપવું. ૨ લેવું; જાણવું.

મોજાં, ન૰ [ફા૰] આંગળાં સુદ્ધાં પાંચો ઢંકાય તેવા ઘાટનું સુતરાઉ, રેશમી, ફલેલ જે વસ્ત્ર તે.

મોજા, પુ૰ [ફા૰] દરિયામાં જે ઉપરાઉપરી મોટી છોળ આવ્યા કરે છે તે; હોડો; વેડો.

મોજાર-ઝાર, અ૰ માંય. વનમોજાર.

મોજિલું-જી, વિ૰ મોજ કરનાર; મોજ મઝા મારનાર.

મોજું, ન૰ મોજાંનું એકવચન. ૨ મોજાનુ એક વચન જે મોજો તે.

મોજુદ, અ૰ [અ૰] હાજર; સમક્ષ; તૈયાર.

મોજે, ન૰ [અ૰] એ શબ્દ ગામના અર્થમાં ગામના નામને જોડાય છે-મોજે કતારગામ, મોજે ફળિયાવાડી પરગણે સુપા.

મોજેજો, પુ૰ [અ૰] અદ્ભુત લીલા; અચમ્બો.

મોજો, પુ૰ દરિયાનો હોડો. ૨ રેલમાં તણાઈ આવેલો જે કચરો તે.

મોજોણું, ન૰ ગુલાબનું પુષ્પ જોઈને જે નાણું બક્ષીસ આપવું તે.

મોટ. મોટું.

મોટપ-મ, મોટાંપણું.

મોટાઈ, સ્ત્રી૰ મોટાપણાનો મમત-ગર્વ.

મોટિયું, ન૰ અનાજનો કોથળો (મુંબઈમાં).

મોટીબાઈ, નણંદ.

મોટું, વિ૰ સાધારણ પક્ષનું હોય તેના કરતાં કદ-વિસ્તાર-માં વધારે હોય તેવું (મોટું ઘર-ઝાડ-પુસ્તક ઇ૰) (નદી-સરોવર). ૨ સઙ્ખ્યામાં વધારે. (મોટો લશ્કર, મોટું કુટુમ્બ ઇ૰). ૩ અતિશય; ઘણું; બહુ (મોટી મૂ-ડી-દોલત-સત્તા, મોટો વગ-પૈસાદાર ઇ૰). ૪ અ-ગતનું; ધ્યાનમાં આવવા જોગ; ભારે અસર કરે તેવું (બનાવ, વાત ઇ૰). ૫ વિદ્યા-પદવીમાં વિશેષ-ઊંચું. ૬ વયમાં વધારે. ૭ ઉદાર; ઊંચા જોસ્સાનું. મોટું મન.

મોટેથી, અ૰ મોટે અવાજે.

મોટેપરોઢિયે, અ૰ મળસકું શરુ થતે.

મોટેરું, મોટું.

મોઠી, સ્ત્રી૰ ખાવું-જમવું તે. આજ કંઈ મોઠી મારી-આવ્યાછો કે શું? મોઠીદાસ-ખાવાનીજ વાતમાં મગન રેનાર; ખાઉડા; ખાઉધર.

મોડ, પુ૰ સુથાડિયા નામના ઘાસની સળીનો સુપડાંની કોરના આકારે બનાવેલો જે ઘાટ શુભ કામ-લગન જ-નોઈમાં બૈરાંઓ માથે બાંધેછે તે અથવા એની ઉપર કપડું મુડી મોતીઓ જડી બનાવેછે તે. ૨ ખેતરમાં ભાંગી પડેલાં જે કસણા તે-મોડ વણવો.

મોડ, વિ૰ બ્રાહ્મણ-વાણિયામાં જાતિ છે.

મોડવું૰ ક્રિ૰ સ૰ મરડવું. ૨ અમળાવી તોડીનાખવું-ભાં-ગી નાખવું. ૩ માન ભંગ કરવું.

મોડવું, ન૰ છાણાંનો સિચેલો ઢગ. ૨ ઘાસનું કુંદવું-સિચે-લો ઢગ. 'આંધલી બેસે મોડવું ઘડે.'

મોડા, પુ૰ ગુજરાતી ગામઠી નિસાળમાં સવારમાં છોકરા આવે તે અનુક્રમે જે નામ લખવામાં આવેછે તે; પાટી (હાજરીની). 'મોડા વંચાય, તજવિજ થાય, મોડા આવે તે માર ખાય; હાજરજી, હાજર પાટી લાવોજી.'

મોડિયું, ન૰ મોડાંપરનું તે; કોઈ પણ વસ્તુનો છેક ઉપરનો ભાગ. ગોળના માટલાંનું મોડિયું. ૨ મોભિયું.

મોડી, વિ૰ મરેઠી ભાષાની ખાસ લિપિ.

મોડું, ન૰ જોઈયે તેથી વધારે સમય થઈ જવો તે; વેળા

વટી જવી તે; અસુર. વિ૦ વેળા વટી ગઈ હોય તેવું; વખત વીતી ગયા પછીનું; અસુરૂં.

મોઢું, ન૦ માથાનો આગલો બહારપડતો ભાગ જેમાં આંખ કાન છે તે; ચેહેરો. ૨ એોઠની વચમાંનો ચીરો ને તેની અન્દરનું જે તે. ખાવાને ને બોલવાને. ૩ વાંસળીની ઉપરનું બાકું. ૪ રસ્તો; વાટ—ગુમડાંનું મોઢું; બન્દુક—તોપનું મોઢું. મોઢું ઉતરી જવું—ફીકું થવું એટલે ચેહેરાનો રંગ ફીકો થવો—રોગથી અથવા આબરૂ ગયેથી અથવા લાજ શરમથી. મોઢું આવવું એટલે સુજવું ને તેમાંથી લાળ ઝરવી. મોઢું આપવું એટલે મોઢું બતાવવું; દરકાર રાખવી. ૨ મોઢું મળવા કરે તેવું ઓસડ આપવું. મોઢું હલાવવું એટલે બોલવું. ૨ ડોકું ધુણાવી હા અથવા ના કેવી. મોઢું તપાસીને બોલ એટલે હદમાં રઈને—વિવેકથી. મોઢું બન્ધ કર એટલે બોલતો બન્ધ થા. કાળું મોઢું થવું; અપજસ મળવો; બટ્ટો લાગવો. કાળું મોઢું કર એટલે દૂર જા. લાલ મોઢાં થવાં એટલે જસ મળવો; ખુશખબરી થવી. મોઢે કરવું—યાદ રાખવું; જ્યારે જોઈયે ત્યારે બોલાય તેને માટે ગોખવું. મોઢાંપર આવવું એટલે યાદ આવવું. તેણે તેને મોઢે—મોઢાંપર કહ્યું એટલે તેની સમક્ષ, તેનેજ (પુઠપાછળ નહિ). મોઢું મલકાવવું એટલે જરા હસવું. મોઢું ચડાવવું એટલે મોઢાં ઉપરથી રીસ બતાવવી. મોઢે બોલનાર એટલે માત્ર બોલેજ પણ કરે નહિ. ૨ કોઈને કંઈ કેવાનું હોય તે તેની સમક્ષ કઈ દેનાર (પછવાડે બબડે—નિંદે નહિ). મોઢે ચડાવવું એટલે અતીસે લડાવવું; બેકાવવું. મોઢામોઢ એટલે રુબરૂ; સમક્ષ (પછવાડે નહિ). મોઢે માગ્યું એટલે ઇચ્છા મોઢે કઈ જણાવી હોય તે. મોઢું રાખીને એટલે શરમ રાખીને; તેજમાં અન્જાઈ જઈને. મોઢું ભભડવું—ખાવાની ઇચ્છા થવી. મોઢું વાળવું એટલે મોઢું ઢાંકી—છેડાવાળી વિલાપ કરવો.

મોઢે, અ૦ પુખ્ખપાઠ; ભણી બતાવાય તેવું યાદ રાખેલું.

મોઢો—ઢી, પુ૦ બળદ ઘોડા વગેરેને મોઢે—ઢાં ઉપર ચામડાંનું અથવા દોરડાંનું જે ગાળિયું ઘાલવામાં આવેછે તે. ગાય ભેંસની તે મોઢી.

મોઢ, મોઢ.

મોઢવું—ઢિયું, મોડવું.

મોણું, મણ.

મોણેમોણ, અ૦ ધીરેધીરે; આસ્તે રઈને. ૨ એમતેમ કરતાં; પરાણે; બળાત્કારે. મોણેમોણે પણ કેવાયછે.

મોત, ન૦ [અ૦] મૂવું; મરણ.

મોતિયાં, ન૦ હાંજો; ભળા કાંડિયા. મોતિયાં ઘવાવાં.

મોતિયું, ન૦ છાપરાંના નેવ તરફ લાકડાના કુડામાં ઘાલવાનું જે પાટિયું તે. એ સાદું પણ હોયછે ને નકશીદાર પણ હોયછે.

મોતિયો, પુ૦ એક જાતનો મોગરો. ૨ મોતિયો. ૩ હોસ; શક્તિ. એના મોતિયા મરીગયા.

મોતી, ન૦ [મૌક્તિક] એક જાતની સીપ માછલીમાંથી મળતો કિમતી પદાર્થ; એક રત્ન. એ ગોળ, કડણ, લીસું, સફેત અથવા પિળાસપર પડતું ને ચળકતું હોયછે—મોટાંમાંમોટું મોતી જમરૂખ જેવડું હોયછે. એ ઈરાનના દરિયામાં, સિલોનના દરિયામાં અને અમેરિકાખંડના કેટલાક ટાપુને લગતા દરિયામાં પાકેછે. જેમ દાણો વધારે મોટો વધારે ગોળ ને વધારે ચળકાટ વાળો તેમ તેની કિમત વધારે થાયછે. ૨ એના જેવો જે પદાર્થ હાથીના ગંડસ્થળમાંથી નિકળતો કેવાયછે તે. મોતીના ઘરેણાં. અક્ષર કેવા તો કે મોતીના દાણા. ૩ કોડિયાં.

મોતીચૂર, વિ૦ ઝીણી કણીના લાડુ.

મોતિયો, પુ૦ આંખમાં થતો એક રોગ જેથી કીકી જે કાળી ને પારદર્શક હોય છે તે અપારદર્શક ને ભૂરી થાય છે ને એથી દેખાવું કમ થાય છે અથવા બીલકુલ દેખાતું નથી. ૨ મોતી જેવું પાણીનું બીંદુ. ૩ ફોલ્લો.

મોથ, સ્ત્રી૦ ગુંદરું નામની ચારનો કન્દ. એઓસડમાં વપરાય છે.

મોદ, પુ૦ [સં૦] આનન્દ; ખુશી.

મોદિક, પુ૦ [મોદક] લાડુ.

મોદી, પુ૦ અનાજ ગોળ ઘી મસાલો વગેરેનો વેચનારો—વેપારી. ૨ મોટાં ઘરનો કોઠારી.

મોદીખાનું, ન૦ જ્યાંથી લશ્કરને ખોરાકી પોશાકી પુરી પાડવામાં આવે છે તે.

મોબેત—દ, પુ૦ પારસીઓને ધરમની ક્રિયા કરાવનારો ગોર.

મોભ, પુ૦ ઘરનું સહુથી ઊંચું જે આડું મોટું લાકડું તે—ઘરેડીને છાપરાંને વચલે ભાગે.

મોભી, વિ૦ ઘરમાં જે વડું તે.

મોભો, પુ૦ દરજ્જો; ભારબોજ; માન; વજન.

મોમ, [ફા૦] મીણ. મોમબત્તી.

મોંમાગ્યું, વિ૦ મોઢે માગ્યા પ્રમાણે (મૂલ).

મોયડો, મોડો.

મોર, પુ૦ [મયૂર] સુન્દર પીછાંનો એક પક્ષી. ૨ આંબાઆમલી વગેરેનાં જે ફૂલ તે.

મોર—રંચ, અ૦ પેલાં; આગળથી.

મોરખુ, વિ૦ કોઈની શરમ રાખીને બોલનાર—કરનાર.

મોરચંગ, પુ૦ [હિં૦] દાંતની વચમાં રાખીને વગાડવાનું એક વાજું.

મોરચી, મુળચી. ૨ મરકી; અપોક.

મોરચો, પુ૦ [ફા૦] કોટ અથવા બુરજ ઉપર જ્યાં તોપ ગોઠવવામાં આવેછે તે. ૨ શેહેરના કોટનો દરવાજો. ૩ એની ઉપરનું જે ધાબું તે.

મોરડ, દુધિ વગેરેના બજિયાં. ૨ મોરસ.

મોરથુથુ ન૦ એક જાતનો ખાર. એ ઓસડમાં વપરાય છે.

મોરલી, મુરલી. મોરલીધર—કૃષ્ણ.

મોરવણ, ન૦ દેવતાં સળગાવાસારૂ છાણાનો જે બુકો મુકવો તે. ૨ દૂધ જમાવવાને સારૂ તેમાં દહીં-છાસ વગેરે જે ખાટો પદાર્થ મેળવવો તે.

મોરવવું, ક્રિ૦ સ૦ દૂધ જમાવવું—આખરવું.

મોરવું, ક્રિ૦ અ૦ ફૂલ—મોર આવ્યો-બેઠો હોય તેવી હાલતમાં આવવું (ઝાડે). આંબો મોરવો. [નિછે.

મોરસ, પુ૦ દરિયાકાંઠે થતો એક છોડ-એનું શાક વગેરે બ-

મોરાખી, વિ૦ શરમ રાખીને કહેલી (વાત).

મોરાદ, મુરાદ. [મીદાર.

મોરાપી, પુ૦ ગુન્હો પકડી આપનાર મુખ્ય ધણી; ખાત-

મોરિયો, પુ૦ ઘડો; દોરિયો.

મોરી, સ્રી૦ ગન્દું પાણી જવા સારૂ ખોદેલી-ચણેલી જે વાટ તે; નીક; ગટર.

મોરી, સ્રી૦ ગાય ભેંસને મોડે ઘાલી બાંધવાનું દોરડાંનું બનાવેલું જે ગાળિયું તે-એનો છેડો ખીલાસાથે બન્ધાય-

મોરું, મીહોરું. [છે.

મોરો, પુ૦ સાપનાં તાળવાંમાં (મોડાની અન્દર) થતો ચપટો ગોળ એક પદાર્થ જે ડંશના વિષને ચૂસી લેછે તે. ૨ ઘસીને ચળકાટ આપવો તે. મોરો કરવો કેવાય છે. ૩ જેથી ચળકાટ અપાય તે. (હાડો વગેરે). ૪ અસ્તાઈની કડી (ગાયનમાં).

મોલ, પુ૦ કરસણ; ફુલ.

મોલ, પુ૦ રાજમન્દિર; મોટું ને સુન્દર રેવાનું ઘર; હવેલી. ૨ પાક; ઉત્પન્ન; અનાજની પેદાશ. ૩ કેટલાંએક ગામનો જથો.

મોલવી, પુ૦ [આ૦] અદાલતમાં મુસલમાની સરેહ-શાસ્રાર્થ બતાવી મત આપનારો અમલદાર.

મોલ્લેદાર, પુ૦ મોલ્લાની ચોકી રાખનારો સિપાઈ.

મોલ્લો, પુ૦ પીવાની બીડીને આકારે કાગળનું દારૂ ભરેલું ફોડવાનું તે.

મોલ્લો, પુ૦ ગામ-શેહેરની વસ્તીના જૂદા જૂદા જથાને લગતા જે જૂદાં જૂદાં ઠેકાણાં તેમાંનું એકેકું; ફળિયું; સેરી.

મોવણ, ન૦ જેથી મોવું તે-તેલ પાણી ઘી વગેરે.

મોવાસો, પુ૦ ઢોરના મોડામાં થતો એક રોગ.

મોવાળ, પુ૦ ઘરેઓ; ઘરવટ.

મોવાળવું, ક્રિ૦ અ૦ દરરોજ સાંજરે રોવું.

મોવાળો, પુ૦ નિમાળો; વાળ.

મોવું, ક્રિ૦ સ૦ દાળ કઠોળ વગેરે સળી ન જાય માટે તેને તેલ-દિવેલ લગાડવું-રેડી ચોળવું. ૨ દુધપાકને માટે જે ચોખા તેને આગળથી કંઈક ઘીથી ચોળવા કે દુધપાક ચિકણો ન થાય. ૩ લોટમાં જરાક પાણી અથવા દુધ નાખવું. ૪ મોહ પમાડવો.

મોસમ, સ્રી૦ અનુકુળ સમો; રત; ઋતુ.

મોસમ્બી, સ્રી૦ એક જાતની નારંગી.

મોસલ, પુ૦ [આ૦] સરકારના હુકમથી તેડવા આવેલો ને તાકીદ કરનારો.

મોસાળ, ન૦ માનું પીયર; આજાનું ઘર.

મોસાળિયાં, ન૦ મોસાળ તરફનાં જે માણસો તે.

મોસાળું, ન૦ લગન-જનોઈમાં છોકરી છોકરાને મોસાળથી વાજતેગાજતે લુગડાં વગેરેની જે રીત આપવામાં આવેછે તે; અઘરણીને દિવસે સ્રીને પીયરથી લુગડાં વગેરેનો જે ચાંદલો કરવામાં આવેછે તે. ૨ મોસાળું લઈ જતાં રસ્તામાં ગાવાનું ગીત; અઘરણીને આગલ દાડે સ્રીને સાસરે તથા તે દાડે તેને પિયર જે ગીત ગવડાવે તે.

મોહ, પુ૦ [સં૦] રૂપ-ગુણ-કર્મમાં રૂપલી જે શક્તિથી સામાનું ચિત્ત તટસ્થ-પરવશ થઈ રે તે. ૨ રૂપ-ગુણ-કર્મની ખૂબીને વશ થઈ રેવું તે. ૩ માયા; અજ્ઞાન. ૪ મૂર્છા; બેહોશી. મોહ થવો-પામવો. ષડ્રિપુ-

મોહ, મો [મુખ]. [માંનો એક.

મોહક, વિ૦ [સં૦] મોહ પમાડનાર.

મોહજાળ, સ્રી૦ મોહરૂપી જાળ. [ન્ત્ર).

મોહન, ન૦ [સં૦] મોહવું તે. વિ૦ મોહ પમાડનાર (મ-

મોહનમાળા, સ્રી૦ મોટા દાણાની માળા.

મોહબાણ, ન૦ મોહના બાણ.

મોહવું, મોવું. મોહ પમાડવો. ૨ અનાજને તેલ-દિવેલ લગાડવું.

મોહિત, વિ૦ ધા૦ [સં૦] મોહ પામેલું.

મોહિની, સ્રી૦ મોહ પમાડનારી સ્રી.

મોહકમ, વિ૦ ઘણું; મોટું.

મોહબત, સ્રી૦ [ફા૦] પ્યાર; પ્રીતિ; સ્નેહ. પાક મોહોબત એટલે સ્વાર્થ-સમ્ભોગની લલુતા વિનાની શુદ્ધ પ્રીતિ.

મોહોર, સ્રી૦ [ફા૦] સુનાંનો સિક્કો-પન્દર રુપિયાનો. ૨ નામની છાપ; સહી. ૩ સિક્કા ઉપર જે છાપ તે. મોહોરબન્દ-મોહોર (છાપ) કરીને બીડયું હોય તેવું.

મોહોરમ, પુ૦ [આ૦] જે મહિનામાં મુસલમાનનો તાબુતનો તેહેવાર આવે છે તે.

મોહોરું, ન૦ [ફા૦] રૂપ-ગુણ-ચાતુરીમાં જે બાર પડનું-શોભી નિકળેલું જે માણસ તે. ૨ જે મૂર્તિયોવડે સેતરંજની બાજી રમાય છે તેમાની એકેકી.

મોહોરો, મોરો.

મોહોલ, મોલ.

મોહોસમ, મોસમ.

મોળ-ળ્ય, સ્રી૦-પુ૦ શરીરમાં વાયુનું જોર વધેથી મોડાંમાં પાણી ભરાઈ આવે ને ઓકવાની હાજત થાય તે. ૨ ચણતરમાં જે હારબંધ પથ્થર ગોઠવવામાં આવે છે તે. ૩ સ્રીયે લીધેલું બેડું ન ખુંચે માટે માથાપર લુગડાંની ગડી કરી મુકેછે તે; ઇંઢોણી.

મોળવું, ક્રિ૰ સ૰ કાપવું; સમારવું (શાક ભાજી).

મોળાઈ, વિ૰ મામાના જે છોકરા તે. મોળીણું, વિ૰ મામાની જે છોકરી તે; મોળિણ બેન.

મોળીઓ, સ્ત્રી૰ અમુક રીતે બાંધેલી પાઘડી; માથાના વાળને પાતળો સાંળી જેવો ખા- ખાંચો એક પ્રકારે (અરિઝાબાદ).

મોળું, વિ૰ અળખું, ખાવું ને ખાઈ નહિ તેવું (રાંધેલું તે). ૨ મીઠું નહિ તેમ ખાંઈ નહિ તેવું (પાણી). ૩ રસની ખબર નહિ સમજે તેવું, ઢીલું વનાનું (માણસ). ૪ ટેક વનાનું; અણબોલાયું બોલ્યાં કરે તેવું (માણસ). ૫ તીખું—આકરૂં—ગરમ મિજાજનું નહિ પણ થથ્થા પાણીનું (પશુ). આ બળદ મોળો છે. ૬ ગળપણ, ખટાસ, ખારાટ થોડાં હોય તેવું (ખાવાનું).

મ્યાં, વિ૰ નરમ; કુમળું. ૨ ઘણા દહાડાનું બૂઢું, ઘાનને માટે ટમટમી રહ્યું હોય તે; કદ્રુમાળ માણસ; ખાનની લલુ- તાવાળું ને તે મળેથી હરખાઈ જાય તે (ભિખારૂ).

મ્યાંકું, વિ૰ મીના જેવું આચરણ કરનારૂં; બુભુક્ષિત. મ્યાંડો, મ્યાંડો, પુ૰ એક ઝાડ. એનું ફૂલ તે મ્યાંડું. [મીંડી.

મ્યાન, ન૰ [સં૰] મૂંગું રહેવું તે; મોઢે ન બોલવું તે.

મ્યાવર-વેર, મહુવર.

મ્યાન, ન૰ [ફા૰] અન્દરથી લાકડાંની ચીપ ને ઉપરથી ચામડું મઢેલું એવી જે ખોળીમાં શસ્ત્ર રાખવામાં આવે છે તે. મ્યાન કરવું એટલે તરવાર વગેરેને મ્યાનમાં ઘાલવું. ૨ બન્ધ કરવું (મોઢું). મ્યાનમાં રાખવું એટલે અંકોરા-કબજા-હદમાં રાખવું. જોસ્સો મ્યાનમાં રાખ.

મ્યાનો, પુ૰ [ફા૰] પેટી ઘાટું વાહન જેને માણસો ઊંચકે છે તે; એક તરેહની પાલખી.

મ્લેચ્છ, વિ૰ [સં૰] હિંદુધર્મ ન માનનારો તે. ૨ હિંદુ- સ્થાનની બ્હારના જે લોક તે.

—•—

ય.

ય, પુ૰ [સં૰] સાડતિસમો મૂળાક્ષર. એ અન્તસ્થ એ- ટલે અડધો સ્વર ને અડધો વ્યંજન એવો તાલુસ્થાની અક્ષર છે.

'યઃ પલાય' ન૰ નાસી જવું તે. 'યઃ પલાયઃ સજીવતિ' —જે નાસે છે તે પોતાનો જીવ બચાવે છે.

યક્ષ, પુ૰ [સં૰] ઉતરતી પંક્તિના દેવ-ઉપદેવનો એક વ- ર્ગ અથવા તેમાંનો એક-તેઓ કુબેરના ભણ્ડાર અને વાડિયોની સમ્ભાળ કરે છે. ૨ કુબેર.

યક્ષણી, સ્ત્રી૰ [યક્ષિણી] યક્ષની સ્ત્રી.

યગણ, પુ૰[સં૰] પિંગળમાં આઠ ગણ કહ્યા છે તેમાંનો એક-પેલો લઘુ ને બીજો ત્રીજો ગુરૂ અક્ષર હોય તે. —પ્રતાપી.

યજન, ન૰ [સં૰] હોમ કરવો તે.

યજમાન, પુ૰ [સં૰] જેને યજ્ઞાદિકનું ફળ થવાનું છે અ- ને જે બ્રાહ્મણોની પાસે યજ્ઞાદિક કર્મ કરાવી તેઓને દ- ક્ષણા આપે છે તે; જેણે પોતાને લાગતા શુભાશુભકર્મ ક- રવાને વિતનો બ્રાહ્મણગોર કરી રાખ્યો હોય તે (યજ- માન ને ગોર). ૨ આશ્રય આપનાર; ધણી; શેઠ; જેને જે આશ્રય આપનાર તેનો તે (યજમાન).

યજમાનિયો,' પુ૰ જેને પરમ્પરાથી કોઈ અમુક યજમાન હોય તે અથવા જેને યજમાનવૃત્તિ હોય તે. (બ્રાહ્મણ).

યજમાનવૃત્તિ, સ્ત્રી૰ [સં૰] યજમાનને ત્યાં કર્મ ક્રિયા ક- રાવવાનો-દાન દક્ષિણા લેવાનો જે ધન્ધો તે.

યજવું, ક્રિ૰ સ૰ પૂજવું. ૨ હોમ કરવો.

યજુર્વેદ, પુ૰ [સં૰] ચાર વેદમાંનો જે બીજો તે.

યજુર્વેદી, પુ૰ યજુર્વેદ ભણેલો અથવા તે વેદની શિક્ષા૰ પ્રમાણે વર્તનારો.

યજ્ઞ, પુ૰ [સં૰] અગ્નિને પૂજવાનું અને તેને બલિદાન આપવાનું એક વેદોક્ત કર્મ છે. [વિષ્ણુ તે.

યજ્ઞનારાયણ, પુ૰ [સં૰] અગ્નિ એજ જે નારાયણ-

યજ્ઞપશુ, પુ૰ [સં૰] યજ્ઞ-હોમને માટે જે પશુ તે.

યજ્ઞ યાગ, પુ૰ યજ્ઞ ને યાગ એ બન્ને શબ્દ અગ્નિને બલિ આપવાના અર્થમાં છે.

યજ્ઞશાલા, સ્ત્રી૰ [સં૰] યજ્ઞ કરવાનું ઠેકાણું.

યજ્ઞોપવીત, ન૰ [સં૰] બ્રાહ્મણ ક્ષત્રી ને વૈશ્યે યજ્ઞ કરીને ડાબી ખાંધે ધારણ કરેલા જે દોરા તે.—જે પછી નિર- ન્તર રાખવામાં આવે છે ને વર્ષે એક વાર પાછું વિધી- થી બદલાય છે તે જનોઈ. [જે ટાંપ તે.

યતિ, સ્ત્રી૰ [સં૰] (કવિતામાં) વિરામ સ્થળ. ૨ વાક્યમાં

યતી, પુ૰ [સં૰] જેણે મનના જોસ્સા વશ કર્યા હોય તે પુરુષ. ૨ ત્યાગી; સાધુ. ૩ જૈન ધરમનો સાધુ; યતિકિઞ્ચિત્, અ૰ [સં૰] કંઈક; જરા; લેશ. [ગોરજી.

યત્ન, પુ૰-ન૰ [સં૰] મેહેનત; શ્રમ; ઉદ્યોગ.

યથા, અ૰ [સં૰] જેમ; જે પ્રકારે-રીતે; જેવો. 'યથા રાજા તથા પ્રજા.'

યથાન્યાય, અ૰ [સં૰] ન્યાય પ્રમાણે.

યથાબુદ્ધિ; અ૰ [સં૰] જેટલી બુદ્ધિ ચાલે તે પ્રમાણે.

યથાયુક્ત, અ૰ [સં૰] જેમ ઘટતું જોઈએ તેમ.

યથાયોગ્ય, અ૰ [સં૰] યથાયુક્ત; જેમ જોઈયે-ઘટે તેમ. પુ૰ પ્રણામ-નમસ્કાર-આશીર્વાદ ૪૦, એમાંથી જે ઘટિત હોય તે. મારા યથાયોગ્ય વાંચવા.

યથારુચિ, અ૰ [સં૰] જેમ રુચિ હોય તેમ; જે રીતે પસન્દ પડે તેમ.

યથાર્થ, અ૰ [સં૰] જે પ્રમાણે અર્થ (ખરો) થતો હોય તે પ્રમાણે ખરૂં. ૨ ખરૂં વર્ણન-ચિત્ર હોય તેવું; આ-

યથાવિધિ, અ૰ [સં૰] વિધિ પ્રમાણે. [બેહૂબ.

યથાસ્થિત, અ૦ [સં૦] પૂર્વે જે સ્થિતિ (સારી) હતી તે પ્રમાણે. ૨ જ્યાં જે જેવું જોઈયે ત્યાં તે તેવું.

યથાજ્ઞાન, અ૦ [સં૦] પોત પોતાની સમજ પ્રમાણે; જેટલું જ્ઞાન હોય તેટલું.

યથેચ્છ, અ૦ [સં૦] પોત પોતાની ઈચ્છા પ્રમાણે; જેમ ઈચ્છા થાય તેમ. [તેમ.

યથોક્ત, અ૦ [સં૦] જેમ કહ્યું હોય-શિક્ષા આપી હોય

યદ્યપિ, અ૦ [સં૦] જોકે; જો આમ છે-(તોપણ). 'યદ્યપિ શુદ્ધં લોક વિરુદ્ધં નાચરણીયં નાકરણીયં.'

યન્ત્ર, પુ૦ [સં૦] સઞ્ચો; સાંચો; જેથી વેલું કામ થાય તેવો જુક્તિ વાળો જે કોઈ પણ ઘાટ તે. ૨ ધાતુનું પત્રું અથવા કાગળ જેના ઉપર દેવ-દેવીનું ચિત્ર અથવા નામ હોયછે ને જે પૂજવામાં આવેછે તે. ૩ ધાતુનું પત્રું અથવા કાગળ જેના ઉપર કોઈ આકૃતિ ને તેનાં ખાનાંમાં આંકડા અથવા અક્ષર હોયછે ને જેથી કોઈ દેવ દેવીની સાધના થાયછે તે.

યમ, પુ૦ [સં૦] મરણ પછી પ્રાણીના પાપ પુણ્ય જોઈ તેને સ્વર્ગે અથવા નરકમાં લેઈ જઈ રાખનારો દેવ. ૨ એનો જે દૂત-સિપાઈ જે જીવ લેવાને આવેછે અને જીવને શિક્ષા કરેછે તે. ૩ (લાક્ષણિક) નિર્દય-ઘાતકી પુરુષ. ૪ ઈંદ્રીને જીતવી તે; યોગના આઠ અંગમાંનું [એક.

યમ, અ૦ જેમ.

યમક, પુ૦ [સં૦] વાક્યમાં અથવા કવિતાના બે ચરણને અન્તે જે સરખા અવાજના અક્ષરો આવે તેવી રીતનો શબ્દાલંકાર.

યમન, પુ૦ [સં૦] કલ્યાણ રાગનો એક ભેદ.

યમપાશ, પુ૦ [સં૦] યમ અથવા મોતનો જે ફાંસો તે.

યવ, પુ૦ [સં૦] જવ.

યવન, પુ૦ [સં૦] ગ્રીસ અથવા યુનાન દેશનો પુરુષ. ૨ હિંદુ નહિ એવી જે જાતી તેમાંનો પુરુષ; મુસલમાન. અંગ્રેજ એ આદિ સહુ.

યશ, પુ૦ [સં૦] જે મતલબે મેહેનત થઈ હોય તે પાર પડવી તે; ફતેહ. ૨ કીર્તિ; આબરુ. ૩ દેવકૃપા; ભાગ્યશાલીપણું; સુખપ્રાપ્તિ.

યશસ્વી, વિ૦ [સં૦] જેને યશ મળનો-મળ્યો હોય તે. ૨ નામાંકિત; પ્રખ્યાત. ૩ કીર્તિમાન.

યા, અ૦ [ફા૦] અથવા; વા.

યાકુત, ન૦ માણેક.

યાકુતી-દી, સ્ત્રી૦ ભાંગનાં ઘીમાં મસાલા મેળવી તૈયાર કરેલા જે પદાર્થ તે; પાક.

યાગ, પુ૦ [સં૦] દેવને અર્પણ કરવું તે; બળી આપવો તે. ૨ દેવને જે આપેલું તે; બળી.

યાચક, વિ૦ [સં૦] યાચના કરનાર.

યાચના, સ્ત્રી૦ [સં૦] માગવું તે. ૨ ભીખ. ૩ પ્રાર્થના.

યાચવું, ક્રિ૦ સ૦ માગવું; કરગરવું; અરજ કરવી. ૨ ભિક્ષા-ભીખ માગવી. [ગોર બ્રાહ્મ.

યાજ્ઞિક, પુ૦ [સં૦] યજ્ઞ-બળિદાન કરનારો ધણી અથવા

યાતના, સ્ત્રી૦ [સં૦] નરકનાં દુઃખ. ૨ યમનો માર. ૩ અત્યન્ત દુઃખ; આજાબ.

યાત્રા, સ્ત્રી૦ [સં૦] જાત્રા.

યાદ, સ્ત્રી૦ [ફા૦] અગાઉ જે જોયલું-સાંભળેલું-કરેલું તેને મનમાં રાખવું તે; વિસરી ન જવું પણ સમ્ભારી રાખવું તે; સ્મરણ. ૨ મનમાં રાખેલું પ્રસઙ્ગ ઉપર મનમાં તરત દેખાવું તે; સ્મરણ થવું-આવવું; સાંભરવું. ૩ કેણ. (ઉતરતા દરજ્જાવાળો વિનંતિ કરે ને ચડતા દરજ્જા વાળો યાદ કરે). ૪ યાદી; ટીપ.

યાદગારી-ગીરી, સ્ત્રી૦ [ફા૦] સ્મરણમાં જે ભેટ-બક્ષીસ તે; પ્યારની એંધાણી. ૨ સ્મરણ. ૩ નામના વખાણ.

યાદદાસ્ત, સ્ત્રી૦ [ફા૦] યાદ રાખવાની શક્તિ, સ્મરણશક્તિ. ૨ સ્મરણ ચોપડી; ટિપ્પણ.

યાદી, સ્ત્રી૦ [ફા૦] સ્મરણ ચોપડી; ટિપ્પણ. ૨ ટીપ; એકપછી એક એમ લખેલી જે વિગત તે.

યાન, ન૦ [સં૦] વાહન. ૨ જવું તે.

યાને, અ૦ [ફા૦] અથવા.

યાન્ત્રિક, વિ૦ [સં૦] યન્ત્ર સમ્બન્ધી. [ચાબવું તે.

યામ, પુ૦ [સં૦] ત્રણ કલ્લાકનો એક પોર. ૨ અકટવું-

યામિની, સ્ત્રી૦ [સં૦] રાત્રી; રાત.

યાર, પુ૦ [ફા૦] દોસ્ત; સ્નેહી; મિત્ર; સખો. ૨ સ્ત્રીનો ઉપપતિ; આશક; પ્રીતમ; જાર.

યારબાજ, વિ૦ [ફા૦] સ્નેહ-પ્રેમમાં મચેલું; મૈત્રી-પ્રેમના વિલાસનું કોડીલું. ૨ છિનાળવું; રણ્ડીબાજ.

યારી, સ્ત્રી, [ફા૦] દોસ્તી; મૈત્રી; સ્નેહ. ૨ ઈશ્ક; પ્યાર; પ્રેમ; આશકી.

યાલ, સ્ત્રી૦ [ફા૦] કેશવાળી; ઘોડાની ચોટલી.

યાવત્, અ૦ [સં૦] જ્યાંસુધી.

યાવની, વિ૦ [સં૦] યવન સમ્બન્ધી.

યાહુદી, વિ૦ જુડિયા નામના પ્રદેશના લોક જેમાં ઈસુ ક્રિસ્ત થયો.

યાહોમ, અ૦ જોસ્સામાં; ધસીને એકદમ, મરણિયાં થઈને, એવા અર્થમાં એ શબ્દ કોઈ સાહસિક કામ કરવાની વેળાં બોલાયછે.

યુક્ત, વિ૦ ધા૦ [સં૦] જોડાયલું; મળેલું; ભળેલું. ક્રોધયુક્ત, ચિંતાયુક્ત ઈત્યાદિ. ૨ ઉદ્યોગમાં મચેલું; ઉપયોગમાં આવેલું. ૩ ઘટતું; યોગ્ય; લાયક.

યુક્તિ, સ્ત્રી૦ [સં૦] શોધકબુદ્ધિ. ૨ કળા; તદબીર; હિકમત. ૩ ઈલાજ; ઉપાય. ૪ ચતુરાઈ; કાવતરું.

યુગ, પુ૦ [સં૦] આર્ય લોકોએ બાંધેલા જે ચાર કાળ

તેમાનો એકેક. સત્ય-કૃત-૧૭ લાખ ને ૨૮ હજારનો, ત્રેતા-૧૨ લાખ ને ૯૬ હજારનો, દ્વાપર-૮ લાખ ને ૬૪ હજારનો, અને કલિ-૪ લાખ ને ૩૨ હજાર વરસનો. ૨ એ ચાર મળીને જેટલા કાળ તેટલા તે; ચોકડી. ૩ સાથે જે બે તે; જોડો; જોડું.

યુગમ, ન૦ [સં૦] સાથે જે બે તે, જોડું; જોડો. ૨ સ્ત્રી ને પુરુષ; દંપતિ.

યુદ્ધ, ન૦ [સં૦] લડાઈ; સંગ્રામ; જંગ.

યુધિષ્ઠિર, પુ૦ [સં૦] પાંચ પાંડવમાંનો સહુથી મોટો તે. એ રાજાનો શક હજી કેટલેક ઠેકાણે ચાલેછે.

યુહો, યોહો.

યુનાની, વિ૦ યુનાન દેશનું.

યુરોપિયન, વિ૦ યુરોપખંડનું.

યુવતી, સ્ત્રી૦ [સં૦] જુવાન સ્ત્રી-૧૬ થી તે ૩૦ વરસ લગીની-યુવન્તી પણ બોલાય છે.

યુવરાજ, પુ૦ [સં૦] રાજા જેને પોતાની ગાદીનો વારસ ઠેરવી રાજકાજમાં સાથે રાખે તે; પાટવી પુત્ર.

યુવા, પુ૦ [સં૦] જુવાન પુરુષ-૧૬ થી તે ૪૦ વરસ લગીનો.

યુવાવસ્થા, સ્ત્રી૦ [સં૦] જુવાની; જોબન; તારુણ્ય.

યૂથ, ન૦ [સં૦] ટોળું; સમૂહ.

યોગ, પુ૦ [સં૦] જોગ. [માયા મેં.

યોગમાયા, સ્ત્રી૦ જોગનિદ્રા. ૨ નિવૃત્તિમાં જે આદિ

યોગરૂઢ, વિ૦ જે શબ્દનો તેના ધાતુ પ્રત્યય ઉપરથી નિકળતો અર્થ વ્યવહારમાં માનેલા અર્થને મળતો આવે છે તે. જુ૦ ખપર, અફગરખો ઇ૦.

યોગાભ્યાસ, પુ૦ [સં૦] સમાધિથી પ્રાણ-આત્માનું પરમાત્મા-જગદીશ્વર સાથે જે ઐક્ય કરવું તે યોગ ને એ યોગમાર્ગનો જે અભ્યાસ તે.

યોગાયોગ, પુ૦ [સં૦] અનુકૂળ ને પ્રતિકૂળ સમય.

યોગાસન, ન૦ [સં૦] યોગ સાધન કરવાનું એક આસન-(૮૪ કેવાય છે).

યોગિની, સ્ત્રી૦ [સં૦] અંબાએ પોતાના આનન્દને માટે ઉત્પન્ન કરેલી જે ઉપદેવી તે. એ ૬૪ જોગણી કેવાય છે.

યોગી, [સં૦] જોગી. જોગ સાધી, પ્રાણ-પરમાત્માનું ઐક્ય કરનારો. ૨ મહા કાળની ઉપાસના કરનારો; કેવળ નિવૃત્ત તે.

યોગ્ય, વિ૦ [સં૦] ઘટતું; લાયક; અનુકૂળ. ૨ માફક; બેસતું. ૩ પાત્ર; પ્રતિષ્ઠિત.

યોગ્યતા, સ્ત્રી૦ [સં૦] ઘટિત પણું; લાયકી. ૨ માન; પ્રતિષ્ઠા. ૩ પદવિ; દરજ્જો.

યોજક, યોજના કરનાર.

યોજન, પુ૦ [સં૦] ચાર ગાઉનું માપ.

યોજના, સ્ત્રી૦ [સં૦] ગોઠવણ; વ્યવસ્થા. ૨ જુગતી; કરામત; હિકમત; કલ્પના.

યોજવું, ક્રિ૦ સ૦ જુગતી-કરામત કામે લગાડવી. ૨ કલ્પનાથી શોધી કાડવું; બુદ્ધિ ઉડાવવી. ૩ જોડવું-હડકોઈ કામે વળગાડવું; નિમવું. તેણે તેને ડાક્તરીમાં યોજ્યો. ૪ મુકવું; બેસાડવું-ધનુષમાં બાણ યોજ્યું.

યોદ્ધો, પુ૦ [સં૦] યુદ્ધમાં મચનારો; લડવૈયો; પેલવાન.

યોનિ, સ્ત્રી૦ [સં૦] સ્ત્રીની છાની ઈંદ્રી. ૨ મૂળ જાતિ. ૩ અવતાર.

યૌવન, ન૦ [સં૦] જોબન; જુવાની; તારુણ્ય.

ર.

ર, પુ૦ આડત્રીસમો મૂર્ધસ્થાની મૂળાક્ષર. એ અને લ તથા ડ એ ત્રણ કેટલાક શબ્દમાં ગમેતેમ વપરાય છે.

રઈઅત, રયત.

રકઝક, સ્ત્રી૦ ભાંજગડ; તકરાર; પંચાત. ૨ હઠ; જીદ.

રકમ, સ્ત્રી૦ [અ૦] હિસાબમાં ગણવાનો-ગણેલો આંકડો; ગણવાની-ગણેલી જે એકાદી સંખ્યા તે. ૨ યાદી-ટીપમાંની એકાદી ચીજ. ૩ એકાદા પ્રકરણમાંની એકાદી જુદી પાડેલી જે જાણવા જોગ વાત-બીના તે; કલમનું પેટું. (કાયદામાં બાબ, કલમ ને રકમ એમ ભેદ પાડ્યા હોયછે-બાબના પેટામાં કલમ ને કલમના પેટામાં રકમ હોયછે).

રકાબ, પુ૦ [અ૦] ઘોડાપર ચડવાના-બેસીને પગ ટેકવવાના પાવડા; પેંગડા.

રકાબી-કેબી, સ્ત્રી૦ [અ૦] ધાતુ અથવા કાચનું ટળતી કોરણવાળું છાછરું નાનું વાસણ.

રક્ત, વિ૦ [સં૦] રાતું; લાલ. ૨ લોઈના રંગનું.

રક્ત, ન૦ [સં૦] લોઈ; રુધિર.

રક્તપિત્ત, ન૦ [સં૦] એક જાતનો ચામડીનો રોગ.

રક્ષક, વિ૦ [સં૦] રક્ષણ કરનાર; બચાવનાર.

રક્ષણ, ન૦ [સં૦] રક્ષવું તે. [પાળવું.

રક્ષવું, ક્રિ૦ સ૦ ઉગારવું; બચાવવું; સંભાળવું; સાચવવું;

રક્ષા, સ્ત્રી૦ [સં૦] રાખ; રાખોડી; ટાડી; હોલી. ૨ રાખડી. ૩ સમ્ભાળ; તપાસ; રક્ષણ કરવું તે. રક્ષાબન્ધન, ન૦ આશીર્વાદ દેઈ હાથને કાંડે રાખડી બાંધવી તે.

રખડ-પટ્ટી-પાટી, સ્ત્રી૦ રખડવું તે. [ધવી તે.

રખડવું, ક્રિ૦ અ૦ નકામું અહીં તહીં ઘણું ચાલવું-દોડવું-ફરવું; રઝળવું. ૨ નિરાશ થવું; ઉદ્યોગ ન મળવો; ફાંફાં મારવાં.

રખડાટ, પુ૦ રખડપટ્ટી. રખડામણ પણ બોલાય છે.

રખરખ, સ્ત્રી૦ તલપવું-તરસવું તે.

રખરખાવટ, રખાવટ.

રખ્ખવાળ, વિ૦ રક્ષણ કરનાર; સંભાળનાર; પાળનાર. ૨ ચોકી-ચોકસી રાખનાર.

રખ્ખવાળી, સ્ત્રી૦ રખ્ખવાળપણું.

રખ્ખાવટ, સ્ત્રી૦ કોઈની શરમ રાખી સંકોચથી કેવું-કરવું તે. ૨ પક્ષ; ઉપરાણું; તરફદારી.

રખ્ખુ, વિ૦ રાખનાર. એ શબ્દ બીજા શબ્દસાથે જોડાય-છે (મીરખ્ખી વાત, હૈયારખ્ખુ; ઘરરખ્ખુ માણસ).

રખે-ને, અ૦ કદાપી; કોણ જાણે.

રખેવાળ, રખ્ખવાળ. રખેવાળી-રખ્ખવાળી. [ભીલ.

રખો, પુ૦ ગામ-ખેતરની સમ્ભાળ રાખનારો; વસાવો;

રખોટવું, ક્રિ૦ સ૦ રાખવાળું કરવું.

રખોપિયો, પુ૦ રક્ષણ કરનારો; ચોકીવાળો. [૨ રક્ષણ.

રખોપું, ન૦ ખેતરના રખેવાળને જે આપવાનું ઠરવેલું તે.

રખ્યા, સ્ત્રી૦ રાખ. [(રગ પકડવી).

રગ, સ્ત્રી૦ [ફા૦] નસ; શિરા. ૨ મૂળબળ; ભેદ; મર્મ-

રગજગ, રકઝક.

રગડમલ્લ, પુ૦ કસરતથી તાલીમની માટીમાં રગડોળાઈ જેણે પોતાનું અઙ્ગ ઘણુંજ વધારવું હોય તે.

રગડવું, ક્રિ૦ સ૦ ખૂબ વાટવું (ભાંગ). ૨ ચોળવું; મસળવું (શરીર). ૩ સારી પેઠે માર મારવો. ૪ મેહેનત કરાવવી.

રગડાવું, ક્રિ૦ અ૦ છુંદાવું; કચરાવું. તે ગાડી તળે રગડાઈ-ગયો. ૨ વટાવું. ૩ ચોળાવું. ૪ માર ખાવો. ૫ મેહે-નતમાં પડવું. [ખીચોખીચ.

રગડો, પુ૦ જાડો પ્રવાહી (ભાંગ કાદવનો રગડો). ૨ ભીડ;

રગડોળવું, ક્રિ૦ સ૦ એક વસ્તુ બીજી ચીજને અડકતાં એ બીજીનો કંઈ અંશ લે તેમ કરવું. ધુળમાં કપડું રગડોળીશ નહિ. ૨ ઘણી મેહેનત પડે તેવાં કામમાં ગુંથાય તેમ કરવું.

રગણ, પુ૦ [સં૦] વચલો લઘુ ને આસપાસ ગુરુ એવા ત્રણ અક્ષરનો જે ગણ તે (કવિતામાં)-રામજી.

રગત, [રક્ત] રગતપીત-રક્તપિત્ત.

રગતરોયડો, પુ૦ એક જાતની વનસ્પતિ (હથિયારથી પડે-લાં જખમ રૂઝવવાના કામમાં આવેછે).

રગવું, ક્રિ૦ સ૦ કાલાવાલા કરવા.

રઘવાયું, વિ૦ ગાંવરું; ગાભરું; આકળું.

રઙ્ક, વિ૦ ગરીબ; રાંક; પામર.

રઙ્ગ, પુ૦ [સં૦] પ્રકાશનો એક ધર્મ, જેથી નજરે પડતા પદાર્થ જાદી જાદી રીતના દેખાયછે તે. ૨ શેરીઓના કિરણથી પદાર્થનો જે દેખાવ નજરે પડેછે તે. એ આ-પણામાં મુખ્ય ચાર છે-રાતો, પીળો, કાળો, લીલો. કેટ-લાક સફેતને ગણી પાંચ કહેછે પણ અમણાના શોધથી સફેત એ મુખ્ય રઙ્ગમાં નથી પણ સાત રઙ્ગ મળીને થયલો છે-એ સાત તે આ-જાંબુવો, ગળીનો, આસ-માની, લીલો, પીળો, નારંગી ને રાતો. એની પરસ્પર મેળવણીથી અનેક જાતના રંગ થાયછે. ૩ વસ્ત્ર ચિત્ર-ને શોભા આપવાને તૈયાર કરેલો જે પ્રવાહી અથવા ચિકણો રઙ્ગ તે. ૪ રસ; શોભા; મઝા; રમુજ. ૫ આનંદ; ખુશી. ૬ કેફ; નિશો; અમલ. ૭ તુરઙ્ગ; ખુદો; તબીયત (તેના ઘડી ઘડીના જુદા રઙ્ગ છે). ૮ ચિહ્ન; નિશાની; દેખાવ. ૯ હોળીમાં કસુમ્બાનો જે રઙ્ગ કાઢી છાંટવામાં આવે છે તે. ૧૦ ગંજીફા વગેરેના પાનામાં જુદા જુદા રઙ્ગના પાના હોય છે તેમાં એકેક રઙ્ગના જે પાનાઓ તે. ૧૧ આબરૂ; શોભા. (તેણે રઙ્ગ રાખ્યો). અ૦ શોભાળ્યું, જસ છે! ધન્ય; શાબાશ. રઙ્ગ છે તને.

રઙ્ગત, વિ૦ રઙ્ગેલું.

રઙ્ગદાર, વિ૦ રઙ્ગવાળું. [અમલ.

રઙ્ગપાણી, ન૦ કેફ-અમલ કરી ખુશી થવું તે. ૨ કેફ;

રઙ્ગબાજી, સ્ત્રી૦ મોજ મઝા; ખુશાલી.

રઙ્ગભૂમિ, સ્ત્રી૦ નાટકશાળા. ૨ તાલીમખાનું; અખા-ડો. ૩ મોજ મઝા કરવાની જગા.

રઙ્ગમણ્ડપ, ન૦-પુ૦ રઙ્ગભૂમિ. ૨ જેમાં રઙ્ગ પુરવા હોય તે મણ્ડપ.

રઙ્ગમેલ-મોલ, પુ૦ સુશોભિત મન્દિર-ઘર.

રઙ્ગરાગ, પુ૦ રાગ રઙ્ગ.

રઙ્ગરેજ, પુ૦ [ફા૦] વસ્ત્રને ઇચ્છિત રઙ્ગથી રઙ્ગી આ-પવાનો ધન્ધો કરનારો. [ખુશાલી.

રઙ્ગરોળ, પુ૦ રઙ્ગમાં રોળવું તે; ઘણી મઝા; બેહદ

રઙ્ગલો, પુ૦ ભવૈ-નાટકમાં જે મશ્કરો હોય છે તે; વિદૂ-ષક; તરકડિયો; જુઠણ.

રઙ્ગવું, ક્રિ૦ સ૦ ભીંત-વસ્ત્ર-ચિત્ર વગેરેને રઙ્ગ આપ-વો. ૨ કેફ કરાવી ખુશી-મસ્તીમાં આણવું; ચિતરવું.

રઙ્ગાઈ-મણી, સ્ત્રી૦ રઙ્ગવાની મજુરી.

રઙ્ગાડું, ન૦ પાણી ભરવાનું તાંબાનું તળાવ કે કુંડું.

રઙ્ગારો, પુ૦ ઘર ગાડી વગેરેને રઙ્ગ ચઢાવનારો. ૨ વસ્ત્ર રઙ્ગનારો; રઙ્ગરેજ.

રઙ્ગાવું, ક્રિ૦ અ૦ રઙ્ગવાળું થવું. ૨ કેફ કરી ખુશીમાં આવવું. ૩ કેફમાં છેતરાવું; ચિતરાવું.

રઙ્ગી, રઙ્ગીલું.

રઙ્ગીત વિ૦ [સં૦] રઙ્ગેલું. [રૂઙ્ગેલું.

રઙ્ગીન, વિ૦ [ફા૦] આનન્દી; ખુશમિજાજી; ઐશી. ૨

રઙ્ગીલું, વિ૦ આનન્દી; ખુશમિજાજી; હસમુખું. ૨ જેમાં બીજાં રઙ્ગ દેખાતી હોય, રઙ્ગથી શોભાવ્યું હોય તેવું.

રચકણ, રજકણ. [ભાઃ ાા.

રચના, સ્ત્રી૦ [સં૦] રચવું-રચેલું તે; ગોઠવણ. ૨ શો-

રચવું, ક્રિ૦ સ૦ જુક્તીસર ગોઠવવું; જોડવું. ૨ જુક્તીસર ગોઠવીને લખવું; બનાવવું. (નવું અથવા જુનું).

રચિત, વિ૦ ધા૦ [સં૦] રચેલું.

રજ, ન૦-સ્ત્રી૦ [સં૦] ધૂળ. ૨ પરમાણું; ઝીણામાં ઝીણો અંશ. ૩ અળગું; અટકાવ (રજસ્વળા). અ૦ [જરા; જરાક.
રજ, રજોગુણ.
રજઈ, રજે.
રજક, ન૦ [આ૦] દાણો પાણી; ખોરાક. ૨ સરજીત ને ખાવાપીવાનું તે.
રજક પુ૦ [સં૦] ધોબી.
રજકણ, સ્ત્રી૦ ધૂળની ઝીણી કાંકરી. ૨ કરચ; કકડી.
રજત, ન૦ [સં૦] રૂપું.
રજની, સ્ત્રી૦ [સં૦] રાત; રાત્રી.
રજપૂત, પુ૦ [રાજપુત્ર] ક્ષત્રીરાજવંશમાંથના કેટલાક લોકની એક જાતિ અથવા એમાંનો પુરુષ.
રજપૂતી, સ્ત્રી૦ રજપુતપણું. "રજપૂતી ચાવલભરી, ખરી દોહેલી હોય; જ્યૂં જ્યૂં લોહા મુખપે ઝડે, ત્યું ત્યું ઉજ્જલ હોય."
રજવાડો, પુ૦ જ્યાં રજપુતો અથવા રાજવંશી લોક રેતા હોય તે પ્રાંતો-સંસ્થાનો.
રજસ્વલા, સ્ત્રી૦ [સં૦] અડકાયલી-અટકાવવાળી સ્ત્રી-૧ લે દાડે ચંડાળણીની, બીજે દાડે બ્રહ્મઘાતિનીની ને ત્રીજે દાડે ધોબણની સ્થિતિ હોય છે એમ કેવાય છે.
રજા, સ્ત્રી૦ [ફા૦] છુટી; પરવાનગી. ૨ આજ્ઞા; હુકમ. ૩ બરતરફ કરવું તે; નોકરીમાંથી કાડી મુકવું તે. ૪ તેહેવાર, માંદગી વગેરે મોટા સબબથી જેટલી મુદત નોકરીપર હાજર ન રેવું તેટલી તે.
રજાઈ, રજે.
રજિયું, ન૦ રેતદાની.
રજુ, વિ૦ દાખલ-હાજર-નજર આગળ હોય તેવું.
રજુઆત, સ્ત્રી૦ રજુ કરવું-કરવાનું તે. ૨ તપાસ.
રજેરજ, અ૦ જરાએજરા; તમામ; બિલકુલ.
રજે, સ્ત્રી૦ [ફા૦] ઓઢવા પાથરવાનું કપડું-બે પડનું અથવા માંય થોડુંક રૂ ભરાવ્યું હોય તેવું છીટ વગેરેનું.
રજોગુણ, પુ૦ [સં૦] માયાના ત્રણ ગુણમાંનો બીજો, જેથી વિષયવાસના, લોભ, ગર્વ, અસત્ય, દુખ વગેરેનો ઉત્પન્ન થાયછે તે; સ્વભાવ પ્રવૃત્તિ; પ્રકૃત સ્વભાવ.
રજોટિયું, ન૦ ત્રિજો માળ; કાતરિયું.
રજ્જુ, સ્ત્રી૦ [સં૦] દોરડી.
રઝળવું, ક્રિ૦ અ૦ રખડવું. જ્ઞાનથી-અજ્ઞાનથી રખડવું ને બેદરકારીથી- ધણીમુદ્ધિ હાલતથી રઝળવું.
રઝળાટ, પુ૦ રખડાટ.
રઝળાવવું, ક્રિ૦ સ૦ રખડતું રાખવું; અહીંતહીં-વેરાતું પડેલું રાખવું. ૨ બેદરકારીથી લટકતું-અધુરૂં રાખવું (મા-લમ-કામ).
રઞ્ચ, વિ૦ જરા; જરાક; થોડુંક.
રઞ્જ, સ્ત્રી૦ મેહેનત; શ્રમ. ૨ થાક.

રઞ્જક, પુ૦-સ્ત્રી૦ જેથી કોઈ ચીજ સળગી ઉઠે તે; બન્દુકના કાનપર મુકેલો જે દારૂ તે. ૨ ઉસકેરૂ-આપનારૂં લડાઈ કરાવે તેવું ભાષણ વગેરે; મમરો. રઞ્જક મુકવો એટલે બન્દુકના કાનપર જરા દારૂ મુકવો, અથવા મુકી સળગાવવો. ૨ ઉસકેરવું; મમરો મુકવો. રઞ્જક ખાઈ જવો એટલે બન્દુક ન ફુટવી. ૨ ઉસકેરવાનું ફળ ન થવું.
રઞ્જન, ન૦ [સં૦ રઞ્જ-રંગવું] ખુશી કરવી તે; પ્રસન્ન કરવું તે.
રઞ્જાડ-ઝાડ, પુ૦ બિગાડ; નુકસાન. ૨ મસ્તી; તોફાન.
રઞ્જાડવું, ક્રિ૦ સ૦ તોફાન કરી બગાડવું. ૨ માથું ફોડવું; દુખ દેવું.
રઞ્જીદા, વિ૦ ચિડાયલું; હેરાન થયલું.
રટણ, ન૦ [સં૦] રટવું તે; નામસ્મરણ કરવું તે. ૨ આરણના અર્થમાં ઘણું રખડવું તે. ૩ ઘણો અભ્યાસ.
રટવું, ક્રિ૦ સ૦ વારે વારે નામ લયાં કરવું; બોલવું.
રઢણ, ન૦ ઘણું રખડવું તે.
રઢણ, વિ૦ નરસું; ખરાબ.
રઢ, સ્ત્રી૦ ધ્યાન; ખન્ત. ૨ આગ્રહ; હઠ.
રડકણું, વિ૦ રડયાં કરે તેવું.
રડતીસુરત, વિ૦ રડતા-કુદામ્ભી ચેહેરાનું.
રડવડવું, ક્રિ૦ અ૦ રખડવું; રવડવું.
રડવું, ક્રિ૦ અ૦ દુઃખથી આંખમાં આંસુ આણવાં-પોક મુકવી વગેરે; શોક કરવો. ૨ બળાપાથી-ચીડથી બબડયાં કરવું. ૩ નિરાશ થવું; હારવું. (હવે રડયો-રડી ગયો). [રડવાનું તે. ૨ રડવું કુટવું તે.
રડાકુટ, સ્ત્રી૦ ફળ ન થાય ને પસ્તાવો થાય તેવી મેહેન;
રડાકુટો, પુ૦ રડવું ને કુટવું તે.
રડરડ-રોળ, સ્ત્રી૦ પોકે પોક મુકી રડવું તે.
રડાવવું, ક્રિ૦ સ૦ રડે તેમ કરવું. ૨ નિરાશ કરવું.
રઢ, રડ.
રઢિયાર, વિ૦ ધણી વિનાનું; સુનું (ઢોર).
રઢિયાળું, વિ૦ સુન્દર; ફુટડું; સુશોભિત.
રણ, ન૦ [સં૦] જુદ્ધ; લડાઈ. ૨ જુદ્ધનું ઠેકાણું. ૩ મોટું રેતીનું મેદાન. ૪ જંગલ; રાન.
રણ, ન૦ [અર૦] દેણ; કરજ. [વગેરેનો).
રણકો, પુ૦ ઠોકવાથી જે અવાજ થવો તે (ધાતુના વાસણ
રણક્ષેત્ર, પુ૦ [સં૦] લડાઈનું મેદાન.
રણતૂર, સ્ત્રી૦ [રણતૂર્ય] લડાઈનું વાજું; તુરે.
રણથમ્ભ, રણસ્તમ્ભ.
રણધીર, વિ૦ રણમાં ધીર.
રણભૂમિ, સ્ત્રી૦ લડાઇનું મેદાન.
રણવાસ, પુ૦ રાણીવાસ; જનાનખાનું.
રણશિંગ-ડું, ન૦ જુદ્ધમાં ફુંકીને વગાડવાનું જે વાજું તે. ઈ. હાલમાં આગની ખબર કરવાને અને વરઘોડામાં વપરાય છે.

રણસંગ્રામ, ન૦ મોટું યુદ્ધ. (બન્ને શબ્દ એક જ અર્થના છે.)

રણસ્તમ્ભ, પુ૦ [સં૦] લડનારાં એવાં જે બે સેન તેની વચમાં ઉભો કરેલો જે થાંભલો તે. ૨ જીતની નિશાનીમાં બાંધેલો જે સ્તંભ-મનારો તે.

રણાંગણ, ન૦ [સં૦] લડાઈનું મેદાન.

રણ્ડવો, પુ૦ બાયલો પુરુષ; કન્યારાશી; નામરદ.

રણ્ડા, સ્ત્રી૦ [સં૦] રાંડેલી સ્ત્રી (ધિક્કારમાં વપરાય છે).

રણ્ડાપો, પુ૦ વિધવાપણું; રણ્ડાયલી સ્ત્રીની સ્થિતિ.

રણ્ડાયલી, વિ૦ વિધવા (સ્ત્રી).

રણ્ડાવું, ક્રિ૦ અ૦ રાંડવું; રંડાપો આવવો.

રણ્ડી, સ્ત્રી૦ [હિં૦] વેશ્યા; કસબણ; પાતર.

રણ્ડીબાજ, પુ૦ વેશ્યા-કસબણોના ઝુન્દમાં પડેલો તે.

રણ્ડીબાજી, સ્ત્રી૦ રણ્ડીબાજનો જે છુન્દ તે.

રત, સ્ત્રી૦ [ઋતુ] મોસમ; અમુક સમય (પાનખર રત, ગરમીની રત, કેળાંની રત, કેરીની રત ઇ૦).

રતન, રત્ન.

રતનજોત-જોધ, પુ૦ [રત્નજ્યોતિ] એક જાતનું ઝાડ.

રતનાગર, પુ૦ [રત્નાકર] દરિયો; સાગર.

રતલ, પુ૦ [અ૦] એક તોલ છે; સુરતી એક સેર; સુરતી સિક્કાના ૩૮ રૂપીઆ ભાર જે વજન તે.

રતવા, પુ૦ એક જાતનો રોગ-ફોલ્લા થાય છે.

રતાંજણું-ધણું, વિ૦ રાતે સમૂળગું ન દેખે તે (જન).

રતાઞ્જળી-લી, સ્ત્રી૦ [રક્તચન્દન] રાતી સુકેડ.

રતાસ, સ્ત્રી૦ રાતા રફગનો પોડો જે અંશ તે; રાતોભાસ.

રતાળુ, પુ૦ એક જાતનો કન્દ.

રતિ, સ્ત્રી૦ [સં૦] કામદેવની સ્ત્રી. ૨ પ્રીતિ; પ્રેમ (સ્ત્રી પુરુષનો). ૩ સમ્ભોગ.

રતિભાર, વિ૦ લગાર; જરાક.

રતી, સ્ત્રી૦ [રક્તિકા] કિમતી જનસ તોળવાનું એક વજન; ચણોઠી-૮ રતીનો ૧ માસો ને ૧૨ માસાનો એક તોલો કેવાય છે. ૨ રતિ જેટલાં કદ વજનમાં જે કંઈ તે. ૩ નસીબ (દૈવની રતિ-પ્રીતિ-મેહેરબાની).

રતુ, પુ૦-સ્ત્રી૦ રત; મોસમ. ૨ અજગું; અટકાવ.

રતુમડું, વિ૦ જરા રાતું હોય તેવું.

રતોબાઈ-વે, અ૦ રાત્રેજ (દિવસે નહિ); રાતોરાત.

રત્ન, પુ૦ [સં૦] કિમતી ચળકતો પથ્થર-પછી તે હીરો, માણેક, નિલમ વગેરે ગમેતે હોય. ૨ જાત જાતમાં જે સહુથી સારીચીજ તે—એ ચૌદ સમુદ્ર મન્થન થકી નિકળી કેવાયછે.—લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વન્તરિ, ચંદ્રમા, કામદુધા, ઐરાવત, રમ્ભા (સુન્દર સ્ત્રી), સાત મોડાંનો ઘોડો, સુધા, સારંગ ધનુષ, શંખ, હળાહળ. ૩ (લાક્ષણિક). ગુણવન્તું માણસ.

રત્નાકર, પુ૦ [સં૦] સમુદ્ર.

રથ, પુ૦ [સં૦] ચાર પૈડાં ને બે ઘુમટની ગાડી. ૨ રાજાઓ જે મોટી સુશોભિત ગાડી વાપરે તે. ૩ બે પૈડાંની છતરીવાળી વેલ.

રદ, વિ૦ [અ૦] નકામુ જાણી દૂર કરેલું; બાતલ; નિષેધ કર્યો હોય તેવું.

રદન, પુ૦ [સં૦] દાંત. ૨ [રુદન] રડવું તે.

રદિયો, પુ૦ એક વાત-તકરારને રદ કરનાર જે બીજી વાત-તકરાર તે; રદ જવાબ.

રદી, વિ૦ રદ કરેલું.

રનોડી, વિ૦ રાની; જંગલી.

રન્દો, રન્ધો.

રન્ધામણ-ણી, સ્ત્રી૦ રાંધ્યાની મજુરી.

રન્ધાવું, ક્રિ૦ અ૦ રાંધેલું થવું. ૨ ઉઘડવું; ફાયદો થવો; સીઝવું.

રન્ધો, પુ૦ [ફા૦] લાકડું સાફ લીસું કરવાનું સુથારનું ઓજાર.

રન્નાદેવ, સ્ત્રી૦-ન૦ જનોઈ લગનમાં ટોપલીમાં જે જવારા વાવેછે તે. ૨ સૂરજની સ્ત્રી.

રપાટી, સ્ત્રી૦ ગબડી; લામ્બી દોડ.

રપેટી, રપાટી. [તે.

રપોટ, પુ૦ [અં૦] ખબર કરવી તે; એહેવાલ જાહેર કરવો

રફેતે રફતે, અ૦ ધીમે ધીમે; આસ્તે આસ્તે.

રફુ, પુ૦ [ફા૦] જ્યાં લુગડાંમાં જ્યું ફાટયું હોય ત્યાં બીજા દોરા ભરી સેવા તે. ૨ એમ કરેથી જેટલું જે નવું ભરેલું દેખાય તેટલું તે.

રફુચક્કર, ન૦ [રિપુચક્ર] હાનિ; નુકસાન; શત્રુનો પેચ.

રફ્ત, પુ૦ [અ૦] મહાવરો; અભ્યાસ.

રબર, ન૦ એક જાતના છોડવાનો રસ-એનામાં સ્થિતિસ્થાપક ગુણ રયો હોયછે.

રબારી, પુ૦ બકરાં ઘેટાં ચરાવનારો; ભરવાડ.

રમકડું, ન૦ જે વસ્તુથી રમાય તે.

રમજાન, પુ૦ [અ૦] મુસલમાની નવમો મહિનો.

રમણ, ન૦ [સં૦] રમવું તે.

રમણા, સ્ત્રી૦ રમણી. (કવિતામાં).

રમણી, સ્ત્રી૦ [સં૦] મનોહર સ્ત્રી-પ્રિયા.

રમણીક, વિ૦ [સં૦] રમણીય (સ્થળ).

રમણીય, વિ૦ [સં૦] જોતાં જીવ ખુશ થાય તેવું (સ્થળ, મૂર્તિ, દેરાંની રચના, કવિતાનો અર્થ ઇત્યાદિ).

રમત, સ્ત્રી૦ રમવાની જે રીતીયો તેમાંની જે અકેકી તે. કસરતની રમત, સેતરંજ ગંજીફા સોકટાંની રમત વગેરે. ૨ તમાશો ખેલ.-ભવાઈ-રાસધારી વગેરેનો.

રમતારામ, પુ૦ જ્યાં ત્યાં ભટકનારો. ૨ સર્વ વ્યાપક એવો જે રામ તે.

રમતિયાળ, વિ૦ રમતમાંજ ચિત્ત હોય તેવું. [બાળક.

રમતું, વિ૦ છૂટું; નજરમાં આવે તેમ કરવું એવી હાલત

રમવું, ક્રિ૦ અ૦ મનને ન જણાય તેવી મેહેનત કરી કોઈ પણ રીતે ગમાડો કરવો (અંગકસરતથી, સેતરંજ ગંજીફા સોકટાં વગેરેથી). રમવામાં ઘણું ખરૂં સાથી હોયછે. ૨ તમાશો-ખેલ કરવો. ૩ લાડ કરવું. ૪ ફાયદેમન્દ કામ ન કરતાં નિરર્થક કાળ ગાળવો.-(અહીં તહીં ભટકવું જોવું કુદવું વગેરે). રમીજાવું-રમી-લીલા કરી જતું રેવું; દેહ છોડવો. (તેના રામ રમી ગયા એટલે તે મરીગયો).

રમળ, ન૦ [આ૦] પન્ચરસ ધાતુના પાસા નાખીને ભવિષ્ય જોવાની વિદ્યા. ૨ જોતિષ.

રમા, સ્ત્રી૦ [સં૦] લક્ષ્મી. ૨ સ્ત્રી.

રમાડવું, ક્રિ૦ સ૦ કોઈને રિઝવવાને સાથે રમવું કરવું તે. ૨ ચડાવવું; બેવકુફ બનાવવું. ૩ નકામો વખત ગળાવવો. ૪ છેતરવું.

રમાડો, પુ૦ રમવું તે; ગમાડો; દિલ ખુશ કરવું તે. [ખેલ.

રમુજ-ઝ, સ્ત્રી૦ [આ૦] રમત; ગમત; ખુશ થઈએ તેવો

રમુજી-ઝી, વિ૦ રમુજ આપે તેવું; દિલ પસન્દ; ખુશ કરે તેવું. [નદી સ્ત્રી; પરી.

રમ્ભા, સ્ત્રી૦ [સં૦] ઈંદ્રની એક અપ્સરા. ૨ રૂપ સુ-

રમ્ય, વિ૦ [સં૦] આનન્દ પમાડે તેવું; ખુશ કરે તેવું; ઈંદ્રીને ગમે તેવું. ૨ શોભીતું; સુન્દર.

રવ, પુ૦ [સં૦] મોટો શબ્દ-અવાજ; ઘોંઘાટ. ૨ નામ ગાજી રેવું તે; કીર્તિ.

રવઈ, રવૈ.

રવઈયો, રવૈયો.

રવડવું, ક્રિ૦ અ૦ ભટકવું; રખડવું. (ઉદ્યોગ વિના).

રવદ, સ્ત્રી૦ સરત; હોડ.

રવરવ, અ૦ અકલગરો વગેરે ખાધાથી જીભ ઉપર જે લાગણી થાય છે તે બતાવે છે.

રવલાપન્ચક, વિ૦ મેલું; પેરવા ઓઢવાનું, બોલવા ચાલવાનું ભાન ન હોય તેવું (માણસ). ૨ વતીપાત; ઉદમાતિયું.

રવા, પુ૦ દરાવ. ૨ સુના રૂપાંની ઝીણી ગોળી; કરચ.

રવાદાર, વિ૦ રવાવાળું.

રવાદારગી-રી, સ્ત્રી૦ કોઈની સોંપેલી ચીજમાંથી ન જણાય તેમ જે થોડીક ઉચાપત કરવી તે; ચૂપી ઢાંકી કાઢવી તે.

રવાનગી, સ્ત્રી૦ [ફા૦] રવાને કરતી વખત જે બક્ષીસ આપવું તે; વિદાયગીરી. ૨ દેરામાંથી માલ બાર જવો તે.

રવાને, અ૦ [ફા૦] વિદાય થયલું; બાર જવા નિકળેલું.

રવાયો, રવૈયો. [રવાને કરવું-થવું.

રવાલ, સ્ત્રી૦ ઘોડા બળદ વગેરેની એક તરેહની ચાલ.

રવિ, પુ૦ [સં૦] સૂરજ.

રવિવાર, પુ૦ [સં૦] સાતવારમાંનો એક.

રવી, સ્ત્રી૦ [અ૦] ખરાદી માણસની આવકની ઉપરની તપાસ.

રવી, સ્ત્રી૦ શિયાળાની શરૂઆતમાં વવાય ને ઊનાળાની શરૂઆતમાં ઉતરે તેવા ધાન્યનો પાક. ૨ રવિ.

રવેઊ, રવિવાર.

રવેસ, પુ૦ [ફા૦] ઘરના માળનો ભાંયતળિયાંનાં આગલાં બારણાંથી બાર પડતો જે ભાગ તે.

રવૈ, સ્ત્રી૦ જેણેવતી દૂઈ વૃધાવી છાસ કરવામાં આવે છે ને જેને એક છેડે પાંખડીયોવાળું ચાક-ફૂલ હોય છે તે.

રવૈયાં, વિ૦ ઘણાંજ નાના ને ગોળ એવાં (શાક-વેગણ, ચિભડાં વગેરે). ૨ શાકના મોટા કકડા જેમાં ગરમ મસાલો ભરી તળે છે તે.

રવૈયો, પુ૦ [ફા૦] ઘણા કાળથી ચાલતી આવેલી જે રીત તે; ચાલ; શિરસ્તો.

રવો, પુ૦ લીસો નહિ પણ ઝીણા દાણાદાર જે લોટ તે. ૨ ઝીણીઝીણી કરચો (સુનાં રૂપાં વગેરેની). ૩ ગોળની ચાકી. ૪ છેક નાના ગોળ કકડા (સાકેરનાં).

રશિમ, પુ૦ [સં૦] કિરણ.

રસ, પુ૦ [સં૦] કોઈ પણ વનસ્પતી અથવા તેના ફળમાંથી નિકળતો જે પ્રવાહી તે. કેરીનો રસ. ૨ એક રોગ જેથી સાદ જાડો થાય ને આંખમાં પાણી ભરાઈ આવ્યાં કરે ને નાક ઘણું ગળ્યાં કરે તે; જેથી શરીરના એકાદ ભાગમાં દરદ બન્ધાઈ સુઝી આવે તે; જેથી ગોળી મોટી થઈ આવે તે. ૩ સુનુ રૂપું વગેરે ધાતુ ગળાયાથી તે જે પ્રવાહી રૂપ થાય તે. ૪ એ શબ્દ છ નો સંકેત સૂચવેછે. ૫ પારો. ૬ ગન્ધક. ૭ ખાર ઓગળવાથી જેટલો ભાગ પ્રવાહી રૂપ થાય તે. ૮ ખાટું ખારૂં એ જે સવાદ તેમાંનો એક. ષટરસ તે-મધુર, ખાટું, ખારૂં, કડવું, કટાણું, તીખું. ૯ મિઠાસ; લેજત. ૧૦ (કાવ્યશાસ્ત્રમાં) હેતું વિગેરેથી જે આનન્દી સ્થિતિ થાય તે-એ રસ નવ છે-શૃંગાર, હાસ્ય, કરુણા, વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત ને શાંત. ૧૧ શરીરના બન્ધારણમાંનો મૂળ પ્રવાહી જેથી લોહી પરસેવો લીંટ આંસુ વગેરે થયાં છે એમ કેવાય છે તે. રસ પડવો-સવાદ લાગવો; મજા પડવી. રસે ભરાવું-ઉશ્કેરાવું; ઉત્તેજન મળવું; જોરા વધવો.

રસકપૂર, ન૦ પારાની મેળવણી વાળો પદાર્થ જે ઓસડમાં આપવામાં આવે છે.

રસકસ, પુ૦ મૂળ રસ જે બન્ધારણમાં આવે છે તે અને કસ-શક્તિ.

રસજ્ઞ, વિ૦ રસનો જાણનાર. (કાવ્ય નાટકના).

રસતો, રસ્તો.

રસના, સ્ત્રી૦ [સં૦] જીભ.

રસનેન્દ્રિય, સ્ત્રી૦ જીભ.

રસભરગ, વિ૦ [સં૦] આનન્દમાં ભરગ થયો હોય તેવું (જન). પુ૦ રસ-આનન્દ-કાવ્ય રસનો જે ભરગ તે.

રસમ, સ્ત્રી૦ ઘણા કાળથી ચાલી આવેલી જે સંસારી રીત ભાત તે; ચાલ. [હોય તે મણ્ડળી.

રસમણ્ડળી, સ્ત્રી૦ જેમાં રસ–આનન્દની વાર્તા ચાલતી

રસમય, વિ૦ [સં૦] આનન્દ સાગરથી વિંટળાયલું; આનન્દરૂપ. [તિ.

રસવન્તી, સ્ત્રી૦ [રસવતિ] એક જાતની ઓષધિ–વનસ્પ-

રસવાદ, પુ૦ રસમાં આવવું તે; ઈર્ષા; સરસાઈ. ૨ રસ-સરસાઈના જોસ્સાથી જે ઉસકેરાયલી હાલત તે.

રસવું, ક્રિ૦ સ૦ એક ધાતુને બીજી ધાતુનો રસ પાઈ એ બીજીનો રંગ ચડાવવો; ઢોળ દેવો.

રસસિન્દુર, પુ૦ [સં૦] જસત, પારો, મોરથુથુ ને સુરોખાર એ ચારની મેળવણી વાળો જે પદાર્થ તે.

રસળવું, ક્રિ૦ અ૦ આળસ્યાં કરવું; વાર લગાડયાં કરવી; ઢીલ કરયાં કરવી.

રસાતળ, ન૦ [સં૦] સાત પાતાળમાંનું છેલ્લું. પૃથ્વિ રસાતળ જશે એટલે રસાતળ પાતાળ લગી નીચે જસે.

રસાયણ, રસાયન.

રસાયન, ન૦ [સં૦] જુદાં જુદાં રૂપ ગુણના પદાર્થો એકઠાં થયેથી જુદાંજ રૂપનો ને જુદાજ ગુણનો જે પદાર્થ બનેલો હોય તે. ૨ એ સમ્બન્ધી–એ કરવા સમ્બન્ધી જે શાસ્ત્ર તે. ૩ પારો ગન્ધક વગેરેની મેળવણીથી તૈયાર કરેલી જે ઓષધિ તે; માત્રા. ૪ કિમિયો. ૫ રસો- [ઈ.

રસાયની, વિ૦ રસાયન જાણનારો.

રસાલો, પુ૦ શ્રીમન્ત–કામદારનાં જે સગાં પરિવાર માણસ વાહન વગેરે તે સહુ. ૨ નિબન્ધ. ૩ ઘોડેસ્વાર પલટન.

રસાવવું, ક્રિ૦ સ૦ ઢોળ ચડાવવો; રસવું. ૨ કોઈ રસે તેમ કરવું.

રસાળ–ળું, વિ૦ [રસાલ] જેમાં પુશ્કળ રસ (પ્રવાહી) હોય તેવું. ૨ સવાદદાર (ભોજનનો પદાર્થ). ૩ રસ– આનન્દ ઉપજાવે તેવું (ભાષણ–કવન). ૪ ફળદ્રૂપ; ધાન્ય પાકે તેવી (જમીન).

રસિક, વિ૦ [સં૦] ગાન કવિતા ઈત્યાદિ રસવિષયઉપર જેની વિશેષ પ્રીતિ હોય ને જે તે માંયલો મર્મ જાણતો હોય તે (જન); રસને સમજનાર; ગુણજ્ઞ; કદરદાન. ૨ ઈશ્કની વાતોથી, ઠઠ્ઠા મશ્કરીથી, બોલવાની છટાથી પોતાનું ને સામાનું દીલ ખુશી કરવાનો જેનો સ્વભાવ હોય તે (જન).

રસિયું, વિ૦ ચાર માણસની મણ્ડળીમાં રસ–મઝા વધારી –કરી શકે તેવી તબિયત–આવડતનું (માણસ). ૨ રસે ઉભરાતું; ઉસકેરાતું; હોંસીલું; કોડીલું. ૩ અદેખું.

રસિલું, વિ૦ રસ ભરયું–આનન્દ આપતું; શોખીનું. ૨ રસિયું.

રસી, ન૦ ગોડ ગુમડામાંથી પરૂ નિકળી ગયા પછી જે લોઈ પાણી વહ્યું જાય તે.

રસી, સ્ત્રી૦ [હિં૦] દોરડી; દોરી.

રસીદ, સ્ત્રી૦ [અં૦] કોઈએ મોકલેલ રૂપિયા–માલ પોંચ્યા એવી મતલબની આપેલી જે ચિઠ્ઠી તે; પોંચ.

રસેન્દ્રિય, રસનેન્દ્રિય.

રસો, પુ૦ અથાણા શાક મુરબ્બા વગેરેમાંનો મસાલાવાળો રસ–પ્રવાહી અંશ તે (ઢુકડા બાદ).

રસોઈ, સ્ત્રી૦ રાંધવું તે. ૨ રાંધેલું તે.

રસોઈયો, પુ૦ રાંધનારો.

રસોડું, ન૦ રાંધવાનો ઓરડો; રસોઈની જગા; રાંધણી.

રસોળી, વરસોળી.

રસ્તો, પુ૦ [ફા૦] મારગ; વાટ; રાહ.

રહસ્ય, ન૦ [સં૦] છુપો ભેદ; મર્મ; ગુપ્તભાવ.

રહિત, વિ૦ [સં૦] વિનાનું; વગરનું. વિદ્યા રહિત, ક્રોધ રહિત ઈત્યાદિ.

રળતર, ન૦ કમાણી; પેદાશ; પ્રાપ્તિ.

રળવું, ક્રિ૦ સ૦ પેદા કરવું; કમાવું; ઉદ્યોગ–ધન્ધો કરી બદલો મેળવવો.

રળાઉ, વિ૦ પેદા કરતો; કમાઉ.

રળિયાત, વિ૦ ખુશી; પ્રસન્ન; રાજી (માણસ). [કાણું).

રળિયામણું, વિ૦ સુશોભિત; સુન્દર; ખુશ કરે તેવું (ઠે-

રળી, સ્ત્રી૦ ખુશી; આનન્દ; હરખ. ૨ હોંસ; ઉમંગ.

રાંક–કું, વિ૦ ગરીબ; નિર્ધન. ૨ દયામણી હાલતવાળું; પામર; બચારું; દીન.

રાંગ, સ્ત્રી૦ [સં૦] કોટ–ટેકરી વગેરેના શિખરની એક બાજુ–પાળ–છેડો.

રાંગડો, વિ૦ ધીમે ધીમે ચાલનારો.

રાંગોળી, સ્ત્રી૦ [સં૦] રંગથી જે ઓળી પાડેલી તે. (જમવા બેસવાને ઠેકાણે). ૨ સાથિયા.

રાંટું, વિ૦ અમળાઈ ગયલું; વાંકું. (રાંટું ચાલવું).

રાંડ, સ્ત્રી૦ [રણ્ડા] રાંડેલી સ્ત્રી. (એ શબ્દ ગાળમાં વપરાય છે). ૨ વેશ્યા; કસબણ; પાતર.

રાંડબાજ, વિ૦ વેશ્યાના છન્દમાં પડનારો.

રાંડબાજી, સ્ત્રી૦ રાંડબાજનો જે છંદ તે.

રાંડવું, ક્રિ૦ અ૦ ધણી મરીજાય–ગયો હોય તેવી હાલતમાં આવવું. ૨ (લાક્ષણિક) મુરબ્બી–સરદારના નાશથી રંગ–મઝા–લાભ જતો રહ્યો હોય તેવી હાલતમાં આવવું; દયામણું દેખાવું.

રાંડવો, વિ૦ જેનું બૈરાં જેવું બોલવું ચાલવું હોય, જેને બૈરાંની પાસે બેસી રેવું ગમતું હોય તે બાયલો; જનાની. ૨ પુરુષાતન વનાનો; નામરદ.

રાંડીરાંડ, સ્ત્રી૦ રાંડેલી સ્ત્રી; વિધવા.

રાંઢવું, ન૦ પાણી કાઢવાનું દોરડું.

રાંઢો, રોંઢો. [બાઈવા; જવા.

રાંદેલ પરાણા, ન૦ જવારા; માતા વાવવાં તે; રાંદેલ; ર-

રાંધણછઠ, સ્ત્રી॰ શ્રાવણ સુદ અથવા વદ છઠ્ઠ, જે દિવસે શીળીસાતેમને સારૂ રાંધી મુકવામાં આવે છે.
રાંધણિયું, ન॰ રાંધવાનું ઠેકાણું; રસોડું.
રાંધણિયો, પુ॰ રાંધનારો; રસોઈયો.
રાંધણી, સ્ત્રી॰ રાંધણિયું, રસોડું.
રાંધણું, ન॰ જે કંઈ રાંધવાનું તે-રાંધણું રાંધવું.
રાંધવું, ક્રિ॰ સ॰ ખાવાને સારૂ બાફીને તૈયાર કરવું (અન્ન). ૨ અગ્નીની આંચથી મેળવણી કરવી.(ડામરને તેલમાં રાંધવો, પારો ગન્ધક વગેરે રાંધવો).
રાંપ-ડી, સ્ત્રી॰ એવું હથિયાર. જેથી કરસણમાંનું ખડ કાઢી નાખવામાં આવેછે તે; કળબી. [કળબવું.
રાંપવું, ક્રિ॰ સ॰ વાવેલા છોડવાની બરાબર હાર કરવી;
રાંપી, સ્ત્રી॰ મોચીનું એક ઓજાર.
રાંફ-ડો, પુ॰ સાપનો દર.
રાંભો, પુ॰ ખાડો ખોદવાનું હથિયાર. ૨ લામ્બો પેળો પણ ઘાટ વગરનો પુરૂષ.
રાઈ, સ્ત્રી॰ [રાજિકા] એ જાતનું ધાન્ય-એનાં દાણાં ઝીણાં ને રાંખા કાળા રંગના હોયછે. એ રસોઈમાં, અથાણામાં ને ઓસડમાં કામ આવેછે.
રાઈતીકેરી, સ્ત્રી॰ બરડેલી, ખાંડેલી રાઈ દાબેલી-ચડાવેલી એવી અથાણાની કેરી તે.
રાઈતું, ન॰ ચિભડાં કાકડી વગેરેની છીણમાં દહીં નાખી તેમાં વાટેલી રાઈ ચોળી તૈયાર કરેલો જે પદાર્થ તે. ૨ (લાક્ષણિક) કોઈની હાની-ખરાબી કરવી તે. તે તેનાં રાઈતામાં ખુશ છે.
રાઈમીઠું, ન॰ કોઈ મેલાની નજર-લપટ દૂર કરવાને સપ-ડાયલાને માથેથી રાઈ મીઠું ઉતારી અગ્નિમાં નાખવાનો બૈરાંઓનો એક ટુચકો.
રાએણ, રાયણ.
રાક્ષસ, પુ॰ [સં॰] દેવ-મનુષ્યની સાથે શત્રુવટ રાખનાર તામસી સ્વભાવનાં પ્રાણી-મનુષ્ય યોનિમાંથીજ ઉત્પન્ન થયલા. ૨ ભયંકર, વિકરાળ, નિર્દય, દુષ્ટ ને લામ્બો પહોળો પુરૂષ.
રાક્ષસગણ, પુ॰ રાક્ષસના સ્વભાવવાળા ગ્રહનો સમૂહ.
રાક્ષસી, સ્ત્રી॰ [સં॰] રાક્ષસની સ્ત્રી. તેના જેવીજ.
રાક્ષસી. વિ॰ સખત; જબરજસ્ત (ઉપાય). ૨ રાક્ષસે કરી હોય તેવી (માયા).
રાક્ષી, સ્ત્રી॰ બંને બાજુ પર જે અક્કેકો અણીદાર દાંત તે (એની પછી દાઢ હોય છે).
રાખ, સ્ત્રી॰ [રક્ષા] વસ્તુ બળી ગયેથી તેનો જે ધૂળ રૂપ અંશ રહે તે; ખાખ. રાખચોળવી એટલે વૈરાગી થવું.
રાખડી, સ્ત્રી॰ [રક્ષા] કિંઈ ખરાબ ન નડે ને આવરદા સુખ વધે એવા મન્ત્ર આશીર્વાદથી હાથને કાંડે જે દોરો બળેવને દાડે બાંધેછે તે. ૨ કાડાવાળી સ્ત્રીને હાથે ગર્ભના રક્ષણને માટે ને સુખે પ્રસવ થવાને,માટે આશી-ર્વાદ રૂપ જે દોરો ધણીકીને પાંચમે સાતમે મહિને બાંધવામાં આવેછે તે.
રાખરખાવટ, રખાવટ.
રાખવું, ક્રિ॰ સ॰ પાળવું; સંરક્ષણ કરવું; ઉછેરવું પોતાના મિત્રના છોકરાને પોતાને ઘેર રાખ્યો છે). ૨ પોતાના કબજા-માલીકપણામાં હોવા દેવું (તેણે તે ઘર ગીરો રાખ્યું છે). ૩ આવતા વખતને સારૂ ઊંચું મુકી-છાંડવું; હોથી મુકવું; સંગ્રહ કરી મુકવો. (તેણે ઘાસ ભરી-રાખ્યું છે). ૪ બહાર ન કાઢવું; પાછું હઠાવવું; અન્દર રહેવાદેવું. ત્યારે જે કેવું હોય તે કહી દે, મનમાં કંઈ રા-ખીશ નહીં; મેં જે કહ્યું છે તે દિલમાંજ રાખજે. ૫ બાકી-પડતું રહેવાદેવું (બાકી આગળ બેસવાની જગા રાખીને બીજે બધે લીપી કાઢ). ૬ જમાવવું; એકઠું કરવું (હાથમાં જોર રાખ). ૭ એકાદી હાલતમાં રહે તેમ કરવું-મુકવું. તેણે ચારની જગા રોકી એટલે હું તમારી જગા રાખીશક્યો નહિ; લગામ ઢીલી રાખજે; દરજીએ બાંય બહુ લાંબી રાખી છે, વગેરે. ૮ ખસી-તુટી ન જાય પણ હોય તેવું રહે તેમ કરવું (ટેક-વચન). ૯ નુકસાન ન થાય તેમ કરવું; સારી હાલત રહે તેમ કરવું. (ચોકસી રાખવી, તેણે તેને ચાર ખાતો રાખ્યો વગેરે). ૧૦ મા-ગીનું કરી પાસે રહે તેમ કરવું (તેણે તેને પોતાનો કરી રાખ્યો). ૧૧ ખારને લીધે ખારા અથવા ખારી થઈ રહે તેમ કરવું; નાણું આપી કોઈ વેશ્યાં અથવા બીજી સ્ત્રીને પોતાની ખારી કરવી. ૧૨ માનવું; માન આપવું. તું મારૂં રાખે તો હું તારૂં રાખું. રાખપત તો રખાપત,
રાખસ, રાક્ષસ. [એમ બોલાય છે.
રાખસી, રાક્ષસી.
રાખસીઆયા, સ્ત્રી॰ ભોળવી નાખવાને-છેતરવાને રાખ-સે રચેલા જે સુન્દર ઝાડ તે.
રાખોડી, રાખ.
રાખોડો, રાખ.
રાગ, પુ॰ [સં॰] સ્વરની પરસ્પર મેળવણીથી જે અનેક રચના થઈ કાનને મધુર લાગેછે તેમાંની એકેક; જુદા જુદા અવાજને જુગતીસર જોડવાથી જે અકેકી ગાવા-ની તરેહ થાયછે તે-એમાં મુખ્ય છ છે તેનાં નામ-શ્રી, વસન્ત, ભૈરવ, પઞ્ચમ, મેઘ, બૃહન્નાટ (સંગીત-રત્નાકરમાં); હિન્દવી ભાષામાં-ભૈરવ, માલકોસ, હિંડોલ, દીપક, શ્રી ને મેઘમલ્હાર. એને પુરૂષ કલ્પ્યા છે ને અકેકને છ છ (કેટલાક પાંચ કહેછે) સ્ત્રી-રાગણી કલ્પી છે; ઉપરમાં છ રાગ ને છત્રીસ રાગણી કેવાયછે પણ આજ કાલ રાગ રાગણીનો સુમાર રહ્યો નથી. ૨ દેશ દેશમાં સાધારણ લોકો સેજ ગાઈ શકે તેવી જે તરે-

હમાંની એકેક તે; દેશી; ઢાળ; ચાલ. ૩ સારો સાદ; મીઠો અવાજ. ૪ રંગ—ઓસડ—મુખ્યિત પદાર્થનો રૂપ. ૫ પ્રીતિ; અનુરાગ. ૬ મનનો ભાવ.

રાગડો, પુ૦ લાંબો સાદ (દેશી ગાવાનો અથવા રડવાનો).

રાગણી, સ્ત્રી૦ [રાગિણી] રાગની સ્ત્રી; ગાની રચનાનો ભેગો અથવા બે ત્રણ મળી થયલો મિશ્ર રાગ—ભૈરવી, સોરઠ વગેરે.

રાગમાળા, સ્ત્રી૦ જેમાં ઘણા રાગ સાથે સાથે ગાવામાં આવે તેવી જે રચના તે.

રાગી, વિ૦ લાગણીવાળું; જેને તરત જોસ્સો થઈ આવે તેવું. ૨ પ્રેમી; પ્રેમીઅંસ. [રાગડો.

રાગોટો, પુ૦ ખુશીમાં આવે તેવી રીતે સાદ કાઢી ગાવું તે;

રાઘુ, પુ૦ એક જાતનો પોપટ.

રાચ, પુ૦ ઘરકામમાં વાપરવામાં આવતો સામાન—વાસણ-કુસણ-બીછાનાં ટેબલ ખુરસી કોચ વગેરે. રાચરચીલું પણ બોલાય છે.

રાચવું, ક્રિ૦ અ૦ ખુશી—રાજી થવું; પ્રસન્ન થવું.

રાજ, પુ૦ રાજા. ૨ અહોરાજા! ૩ વિ૦ રાજ્યના સમ્બન્ધમાં હોય તેવું.

રાજ, ન૦ રાજ્ય. ૨ સ્ત્રીને અટકાવના દિવસમાં કામ ન કરવાનું તે.—'રાજ આવ્યું' કેહેવાય છે.

રાજકન્યા, સ્ત્રી૦ રાજાની કન્યા.

રાજકવિ, પુ૦ રાજાએ આશ્રય આપી પોતાની પાસે રાખેલો જે કવિ તે.

રાજકીય, વિ૦ રાજાનું. ૨ રાજકારભાર સમ્બન્ધી.

રાજકુંવરી, રાજકન્યા.

રાજકુમાર, પુ૦ રાજાનો પુત્ર.

રાજગરો, પુ૦ એક જાતનું ધાન્ય—એ ફલાહારમાં ખપે છે.

રાજગાદી, સ્ત્રી૦ રાજાને બેસવાનું સિંહાસન.

રાજચિન્હ, ન૦ [સં૦] જેથી રાજા છે એમ ઓળખાઈ આવે એવાં જે ચિન્હ તે—મુગટ છત્ર ચામર દંડ ઈત્યાદિ. ૨ રાજાએ બીજાને ધારણ કરવાની આજ્ઞા આપેલી એવાં જે છત્ર ચામર વગેરે તે. ૩ રાજ મળવાના જે ચિન્હ તે. ૪ કાગળ ધાતુ ઉપર જે રાજાનો સિક્કો હોય તે.

રાજદણ્ડ, પુ૦ રાજાએ કોઈને જે દણ્ડ કરેલો તે. ૨ રાજાએ હાથમાં ધરેલો જે દણ્ડ તે.

રાજદરબાર, ન૦ રાજસભા. ૨ રાજામાં ઇનસાફની જે કચેરી તે એકેકી. ૩ સરકાર.

રાજદરબારી, વિ૦ રાજા સમ્બન્ધી. ૨ રાજકારભાર સમ્બન્ધી. ૩ સરકારી.

રાજદૂત, પુ૦ રાજાની તરફથી સંદેશો લઈ જનારો.

રાજદ્વાર, ન૦ [સં૦] જ્યાં રાજા ન્યાય કરતો હોય તે જગા. ૨ મોલનો દરવાજો.

રાજદ્વારી, વિ૦ રાજદ્વાર સમ્બન્ધી. ૨ રાજ—રાજનીતિ સમ્બન્ધી.

રાજધર્મ, પુ૦ [સં૦] રાજાએ પોતાની પ્રજાના સમ્બન્ધમાં પાળવાના જે ધર્મ તે.

રાજધાની, સ્ત્રી૦ [સં૦] રાજ્યના મોટા પ્રદેશમાંનું જ્યાં રાજા પોતે રેતો હોય અથવા જ્યાં મોટાં રાજદરબારી—સરકારી કામ ચાલતાં હોય તે મુખ્ય શેહેર; પાય-

રાજનૂ, પુ૦ રાજા. ૨ હે રાજા. [તખ્ત.

રાજનીતિ, સ્ત્રી૦ રાજ્ય ચલાવવા સમ્બન્ધી જે વિદ્યા તે. ૨ રાજાએ પ્રજા પ્રતિ ને પ્રજાએ રાજા પ્રતિ આચરવાના

રાજપાટ, ન૦ રાજ્ય; રાજગાદી. [જે ધર્મ તે.

રાજપદ, ન૦ [સં૦] રાજાની જે પદવી તે.

રાજપુત્ર, પુ૦ [સં૦] રાજાનો પુત્ર.

રાજપુત્રી, રાજકન્યા.

રાજભક્તિ, સ્ત્રી૦ [સં૦] પોતાની જન્મભૂમિવાળા પ્રદેશના રાજ્ય ઉપર જે ભક્તિ તે. ૨ રાજા અથવા તેના કુળના જન ઉપર પ્રજાની જે ભક્તિ તે; રાજાની તરફ

રાજમન્દિર, ન૦ રાજાને રેવાનું ઘાસ; મોલ. [વફાદારી.

રાજમાન્ય, વિ૦ [સં૦] રાજાએ માન્યો હોય—રાજાથી પ્રતિષ્ઠા પામ્યો હોય—રાજ્યમાં એકાદો અધિકારી હોય તે (પુરૂષ).

રાજમાર્ગ, પુ૦ [સં૦] રાજાને જવા આવવાનો જે મોટો રસ્તો તે. ૨ ધોરી રસ્તો. [છાપ.

રાજમુદ્રા, સ્ત્રી૦ [સં૦] રાજાની મોહોર; રાજાની સહીની

રાજયોગ, પુ૦ [સં૦] દેહ કષ્ટથી નહિ પણ ભગવત્સ્વરૂપ વિષે અન્તઃકરણ એકાગ્રકરવાની જે યોગવિધિ તે. રાજ યોગ ને હઠયોગ એવા બે છે. ૨ રાજા થવાનો જે ગ્રહયોગ તે.

રાજર્ષિ, પુ૦ જાતનો ક્ષત્રી છતાં જે તપસ્વી તે; ક્ષત્રીરાજકુળનો પુરૂષ જે ઋષિ થયો હોય તે.

રાજવંશી, વિ૦ [સં૦ રાજવંશ] રાજાના વંશમાંનું (જન).

રાજવી, સ્ત્રી૦ મુઓં પાછળ છાતી કુટતાં વિલાપ કરવાની એક રીત (બૈરાંઓમાં). ૨ વિલાપ કરવાનું—શોકનું એક તરેહનું ગીત.

રાજવૈદ્ય, પુ૦ [સં૦] રાજાનો અથવા રાજાથી પ્રતિષ્ઠા પામેલો વૈદ્ય.

રાજશ્રિયાવિરાજિત, વિ૦ [સં૦] રાજશોભાથી શોભિત; મોટી પદવીના ભારેખમપણા ને દબદબાથી શોભિત.

રાજશ્રી, પુ૦ [સં૦] રાજ્યની લક્ષ્મી—શોભાથી શોભતા એવા; રાજા જેવા.

રાજસ, વિ૦ [સં૦] રજો ગુણવાળું. ૨ રાજા સરખું.

રાજસભા, સ્ત્રી૦ [સં૦] રાજકારભારની મસલતને સારૂ જે કચેરી તે.

રાજહંસ, પુ૦ [સં૦] ચાંચ તથા પગ રાતા ને શરીર સફેદ એવો જે હંસ પક્ષી તે.

રાજા, પું૦ [સં૦] આખા દેશના લોકનું પાલણ-સંરક્ષણ કરનારો; જેને લીધે લોકો સુખી થઈ સુખી સમજે છે ને જેની સત્તાને માન આપી આજ્ઞામાં વર્તે છે ને જે સમૃદ્ધિથી શોભીએ તે શ્રેષ્ઠ પુરુષ. ૨ જે જે વર્ગ વિષયમાં મુખ્ય શ્રેષ્ઠ તે. [એ શબ્દ બીજા સાથે જોડાય છે ત્યારે રાજા ટળી રાજ થાય છે. જેમકે, રાજપુત્ર, રાજગુરુ, રાજદરબાર, આદિ લઈ; વળી મૃગરાજ, ગજરાજ, પંડિતરાજ, કવિરાજ, વૈદ્યરાજ, ધર્મરાજ, આદિ લઈ. ૨ જેને કોઈ વાતની કાળજી નથી, કામ કેમ ચાલેછે તેની ખબર નથી પણ જે બેદરકાર રાજાની પેઠે પોતાના આનન્દમાં રહે ને મીઠી મીઠી વાતો કરે છે તે-ભાઈ એ તો રાજા છે. તમે ભરોસે ભૂલતા નહિ મારું સાંભળો. ૩ સ્વતન્ત્ર-મુખત્યાર પુરુષ. સહુ સહુના ઘરના રાજા. ૪ સાઠમાંનો જે સંવત્સર નવા વરસને પડવે ચાલતો થાય તે તે વર્ષનો રાજા. ૫ રમવાના પાનાંમાંનો. ૬ સેતરંજના મોહોરાંમાંનો.

રાજાધિરાજ, પું૦ [સં૦] રાજાઓનો રાજા; જેને બીજા રાજાઓ ખંડણી આપતા હોય તે; ચક્રવર્તી.

રાજિયો, પું૦ શોકનું એક ગીત; રાજવી.

રાજી, વિ૦ [ફ્રા૦] ખુશી; પ્રસન્ન. ૨ કબૂલ; તૈયાર-રાજીખુશી પણ કેવાયછે. [સમ્બન્ધી જે રાજ્ય તે.

રાજીનામું, ન૦ [ફા૦] ખુશીથી નોકરી છોડી દેવી તે; એ

રાજીરજાવન્દી, સ્ત્રી૦ પોતાની ઇચ્છા ને રજા.

રાજીવ, ન૦ [સં૦] કમળ. રાજીવલોચન.

રાજેન્દ્ર, પુ૦ [સં૦] રાજાઓનો રાજા.

રાજેશ્રી, રાજશ્રી.

રાજ્ય, ન૦ [સં૦] જે રાજાની જેટલા પ્રદેશ ઉપર સત્તા ચાલતી હોય તે રાજાનો તેટલો તે. ૨ પ્રજા પાળવા સમ્બન્ધી રાજાની જે સત્તા-સત્તા વાપરવાની રીત વગેરે તે. ૩ રાજાના જેવી આપ અખ્તિયારીનું જે ચલણ તે. (તેના ઘરમાં બૈરાંનું રાજ્ય છે).

રાજ્યાભિષેક, પું૦ [સં૦] રાજા પ્રથમ સિંહાસન ઉપર બેસે તે સમે ઘણીજ પવિત્ર મનાતી નદિયો સમુદ્ર ઇત્યાદિકનું પાણી આણી તે વડે પ્રધાન રાજગોર વગેરેએ મળીને વિધિપૂર્વક જે અભિષેક તેના ઉપર કરવો તે; રાજ્યપદ ધારણ કરવાનો વિધિ-ઠાઠ.

રાજ્યાસન, ન૦ રાજાનું આસન; ગાદી; તખ્ત.

રાડ-ડ્ય, રાડ.

રાડું, ન૦ જુવારનો સાંઠો. ૨ તીર.

રાડ-ડ્ય, સ્ત્રી૦ બૂમ; મોટો સાદ; હોકારો. ૨ કજીયો; લડાઈ.

રાણા, રાણો.

રાણી, સ્ત્રી૦ [રાજ્ઞી] રાજાની સ્ત્રી. ૨ રાજ્ય કરનારી સ્ત્રી.

રાણો, પું૦ રજપુત રાજા. ૨ રજપુત રાજકુટુમ્બની શાખાઓમાં રહ્યા તે ઉપરથી એ શબ્દ બોલાને લગાડવામાં આવે છે. ગોલારાણા. ચોબારરાણો ને દેવીનો પાંચી. ૨ બોલારાણા-બોલાનો રાણો.

રાત, સ્ત્રી૦ [રાત્રિ] સૂરજ અસ્ત પામે ત્યારથી તે પાછો ઉગે ત્યાં સુધીનો જેટલો જે કાળ તે. ૨ કું કંઈ નથી, જાણતો એ અર્થમાં બેદરકારીથી અથવા તુચ્છકારથી વપરાય છે-મારી દેવરાત-બલારાત-કાબરાત-જૂવીરાત જાણે. પું૦ એ શબ્દ હજામને લગાડવામાં આવે છે ને તેનાં નામ સાથે પણ જોડાય છે.

રાતડાં, ન૦ બડબડિયાં; સુંવાળી.

રાતડિયાં, ન૦ ગાજર.

રાતડિયો, પું૦ રાતી જુવાર.

રાતદહાડો, અ૦ રોજ; નીત; હંમેશ.

રાતબ, સ્ત્રી૦ [અ૦ રાતબ] વેચનાર દરરોજ આટલું આટલું આપ્યાં-પોંચતું કરે એવો તેની સાથે જે બન્દોબસ્ત તે. ૨ બન્દોબસ્ત મુજબ દરરોજ જે ચીજ વેચનારની તરફથી આવ્યાં કરે તે. દૂધ-પાનની રાતબ.

રાતર, રાત્રિ; રાત.

રાતલડી, સ્ત્રી૦ રાત (કવિતામાં).

રાતું, વિ૦ [રક્ત] એક તરેહનો રંગ બતાવેછે; લાલ. લોઈનો-કસુમ્બાનો રંગ રાતો હોયછે.

રાતોરાત, અ૦ રાતેજ; રાતોવાઈ; રાતનું.

રાત્ર-ત્રી, સ્ત્રી૦ રાત (૧ લા અર્થમાં). દિવસ ને રાત્ર-ત્રિ.

રાધા-ધિકા, સ્ત્રી૦ છિનાલ-બાઝંડી સ્ત્રી.

રાન, ન૦ [અરણ્ય] ઝાડીવાળી મોટી જગા; જંગલ. ૨ ઝાડ વનાનું મોટું મેદાન.

રાની, વિ૦ રાન-જંગલનું (માણસ-જનવર, ઝાડ). ૨ સમજ-અક્કલ-વિવેક વનાનું (માણસ).

રાફડો, પું૦ સાપે પોતાને માટે ભોંયમાં જે દર પાડયું હોય તે.

રાબ, સ્ત્રી૦ ભેંસ; ભડકું.

રાબ-ડી, સ્ત્રી૦ મસાલો-ઓસડિયાં વગેરેનો ભૂકો કરી તેને પાણી-દૂધમાં ઉકાળી બનાવેલો ઘાડા પ્રવાહી રૂપ જે પદાર્થ તે; ઉકાળવાથી બનેલો જે જાડો પ્રવાહી તે.

રાબડ-ડિયું, વિ૦ રાબડી જેવું ઢીલું. રાબડું-રાબડી (બેદરકારીથી કરેલી).

રામ, પુ૦ [સં૦] સર્વમાં વ્યાપી રહેલો જે પરાત્મા જગદીશ્વર તે. ૨ ઈશ્વરના અંશરૂપ જે આત્મા તે. (રામરમી ગયા). ૩ હોશ; ઉમંગ; હિંમત; દમ. તેનામાં કંઈ રામ નથી. ૪ દશરથપુત્ર. ૫ પરશુરામ. ૬ બળરામ. ૭ વેપારીઓમાં આનાને માટે એ શબ્દ બોલાયછે. 'રામનાં રાજ' એટલે દશરથપુત્ર રામચંદ્રના રાજમાં જેવી પ્રજા સુખી હતી કોઈને કોઈનો ભો નોતો તેવું રાજ. રામ બોલો ભાઈરામ એટલે ભાઈયો રામનું સ્મરણ કરો -એ વાક્ય મુડદાંને બાળવા લઈ જનારા બોલેછે.

રામકળી, સ્ત્રી૦ [સં૦] એ નામની એક સવારની રાગણી.

રામકી, સ્ત્રી૰ બાવી; મઠ મન્દિર માંડી બેઠેલા અથવા ભીખ માગતા સાધુની સ્ત્રી તે.

રામગોવાળિયો, પુ૰ એ શબ્દ નાગો નાગો અહીં તહીં ફરતા-રમતા છોકરાને લગાડવામાં આવેછે કે જે નાદાન સંસારનો વિવેક જાણતા નથી તે.

રામગ્રી, પુ૰ એ નામનો રાગ છે. [રામકલી?]. [ગુણિકા

રામજણી-ની, સ્ત્રી૰ (ગાઈ નાચી જાણનારી) વેશ્યા;

રામનોમી, સ્ત્રી૰ ચૈતરસુદ નોમ; રામચન્દ્રનો જન્મ-દિવસ; રામજયન્તી.

રામપાત્ર, ન૰ મટોડાંના રાંધવાના વાસણ. ૨ એક જાતનું મોટું કાડિયું; બટેરું; ચપણું; કાદલો; શકોરું.

રામફળ, ન૰ એક જાતનું ફળ.

રામબાણ, વિ૰ [સં૰] આબાદ લાગુ પડે-અસર કરે તેવું; ખોટું ન પડે તેવું (ઉપાય, વચન, જોષ ઈત્યાદિ).

રામરક્ષા, સ્ત્રી૰ [સં૰] રામની સ્તુતિનો જે પાઠ તે. ૨ રામની કૃપાથી જે સંરક્ષણ તે.

રામા, સ્ત્રી૰ [સં૰] સુન્દર સ્ત્રી.

રામાયણ, ન૰ [સં૰] દશરથપુત્ર રામના ચરિત્રની જે કથા તે. ૨ મોટીને અદ્ભુત વાર્તા.

રામૈયો, વિ૰ સુંદ વનાનો કોસ. રામૈયોકોસ કેવાય છે.

રામોસી, વિ૰ એ નામની જઙ્ગલી લુટારાની એક જાત છે.

રાય, પુ૰ રાજા. ૨ ધનવાન પુરુષ.

રાયઆંમળાં, ન૰ રાયઆંમળીનાં ઝાડના જે ફળ તે.

રાયણ, સ્ત્રી૰ એ નામનું ઝાડ. ૨ (તેનું) ફળ.

રાયણકુકડી, સ્ત્રી૰ સુકી રાયણ (બીજા અર્થમાં).

રાયત, સ્ત્રી૰ [અ૰] કિફાયત; કમી; ઓછું,

રાયતીકેરી, રાઈતીકેરી.

રાયતું, રાઈતું.

રાવ, રાય.

રાવ, સ્ત્રી૰ ફરિયાદ; સહાયતાને માટે દીનતાથી જે કેવું તે. ૨ ચાડી. રાવ ખાવી કેવાય છે.

રાવટી, સ્ત્રી૰ નાનો તમ્બુ.

રાવણું, ન૰ રજપુત ઠાકોરની મણ્ડળી મળવી તે. ૨ નાતનું ભેગું થવું તે. ૩ એકઠા મળી કસુંબા ગાળવા, તડાકા મારવા તે. ૪ સિપાઈઓને રેવાનું ઠેકાણું.

રાવત, પુ૰ ઘોડેસ્વાર (જોદ્ધો). ૨ ઘોડાનો ચરવાદાર.

રાવળિયા, પુ૰ એક શુદ્ર જાતિ છે-કેટલાક સુતરની પાટી વણવાનો ને કેટલાક દાતણ વેચવાનો ધન્ધો કરેછે.

રાવળું, ન૰ રાવણું (૧લા, ૨ જા ને ૩ જા અર્થમાં).

રાશ-સ, પુ૰ અછોડો.

રાશિ, સ્ત્રી૰ [સં૰] નક્ષત્રના જે બાર ચક્ર બણાય છે તેમાંનું એકેક-મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ કન્યા, તુલા, વૃશ્ચિક ધન, મકર, કુંભ, ને મીન. પુ૰ ઢગલો. (ધાન્ય વગેરેનો). ૨ સરખી જાતના અંક ને પ્રમાણ ગણિતમાં માંડવાનો પ્રકાર (ત્રિરાશી, પઞ્ચરાશી ઈત્યાદિ).

રાષણા, સ્ત્રી૰ ઔષધી.

રાષ્ટ્ર, પુ૰ [સં૰] દેશ; પ્રાન્ત.

રાસ, સ્ત્રી૰ રથે જોડેલા ઘોડા બળદને બાંધવાનું હાથમાં રેતું દોર. [સં૰] ગોપી ને કૃષ્ણ એઓએ સાથે મળીને ગોળ આકારે ફરતાં ને ગાતાં જે રસ ભરી ક્રીડા કરેલી તે.

રાસ, સ્ત્રી૰ રાશિ, મેષ વૃષભ આદિલઈ. ૨ સરખા પણું; મળતું આવવું તે. (જાત-ગુણ-રીત ઈ૰ માં). ૩ એકઠાંપણું; પન્તિવાળું (તેઓ રાસમાં ધન્ધો કરેછે).

રાસડો, પુ૰ એક રીતની દેશી; એક તરેહનો ગરબો.

રાસધારી, પુ૰ ગોપી કૃષ્ણના રાસનો ખેલ કરી બતાવનારો.

રાસભ, પુ૰ ગધેડો.

રાસી, વિ૰ ખરાબ; ભેળસેળ થઈ ગયલું; નરસું. (રાશિ- ભેળસેળ થયલી વસ્તુનો ઢગ).

રાસ્ત, વિ૰ [ફા૰] ખરું; પ્રમાણિક; ન્યાય વાળું; વાજબી. (માંણસ કામ ચાલ વગેરે).

રાસ્તી, સ્ત્રી૰ રાસ્ત પણું.

રાહ, પુ૰ [ફા૰] રસ્તો; મારગ. સ્ત્રી૰ રીત; તરેહ; ચાલ (ચાલવાની). ૨ ગાવાની તરેહ; રાગ; ચાલ. ૩ ખોટી રેવું તે; વાટ.

રાહુ, પુ૰ [સં૰] રાહુ.

રાહદારી, સ્ત્રી૰ [ફા૰] એક મુકામેથી બીજે મુકામ જવાની, માલ વગેરે લઈ જવાની રજાચિઠ્ઠી.

રાહુ, પુ૰ [સં૰] એક ગ્રહ. [કથાકોશ જોવો]. ૨ નડતર-હરકત કરતું માણસ.

રાળ, સ્ત્રી૰ એક ઔષધિ પદાર્થ છે જે અગ્નીના સંયોગે જલદીથી બળે છે.

રાળ, પુ૰ એક જાતનો સિક્કો; ડાલર-(અઢી રૂપીયાનો) -ચીન ને અમેરીકામાં.

રિંગણી, સ્ત્રી૰ વેંગણનું ઝાડ-છોડ.

રિંગણું, ન૰ વેગણ (શાક). રિંગણી-વેંગણનું ઝાડ.

રિકઝીક, રકઝક.

રિઝવું-ઝવું, ક્રિ૰ અ૰ ખુશ થવું; પ્રસન્ન થવું; રઞ્જિત થવું.

રિદ્ધિ, સ્ત્રી૰ [ઋદ્ધિ] લક્ષ્મી; દોલત; આબાદાની.

રિપુ, પુ૰ [સં૰] શત્રુ; દુશ્મન. ૨ ભેદુ; છુપો જાસુસ.

રિબવું, ક્રિ૰ સ૰ પીડા પામ્યાં કરે તેવું કરવું.

રિબાવું, ક્રિ૰ અ૰ પીડા પામ્યાં કરવું; ઘણીવાર સુધી દુઃખ ભોગવ્યાં કરવું.

રિવાજ, પુ૰ [અ૰] ચાલ; શિરસ્તો.

રિસામણાં, ન૰ રિસાવું તે. રિસામણાં મનામણાં.

રિસામણું, વિ૰ સેજ વાતે રિસાય તેવું.

રિસાવું, ક્રિ૰ અ૰ ગુસ્સે થવું; કોપે ભરાવું.

રિસાળ, રિસામણું.

રીંછ, પું૦ [ઋક્ષ] એક જાતનું ચોપગું જાનવર.

રીજ-ઝ, સ્ત્રી૦ ખુશી; પ્રસન્નતા. ૨ રીઝ્યાને બદલે જે આપવું તે; બક્ષીસ; સીખ.

રીડ (રીડ), સ્ત્રી૦ બૂમ; ચીસ.

રીઢ, રીડ.

રીઢું (રીઢું), વિ૦ ઘણું તપાઈને મજબુત થયલું (માટીનું વાસણ). ૨ દુ:ખ-સખ્તી વેઠી વેઠી કઠણ થયલું (માણસ).

રીત, રીતિ.

રીતભાત, સ્ત્રી૦ રૂઢિ પ્રમાણે શુભાશુભ કારજમાં જે આપવા લેવાનું-કરવાનું તે. ૨ ચાલચલણ; વર્તણુક.

રીતિ, સ્ત્રી૦ [સં૦] પ્રકાર; ક્રિયામાર્ગ. ૨ અસલથી ચાલતી આવેલી જે ચાલ તે; રૂઢિ. ૩ તરેહ; ભાત (ગાવાની). ૪ વર્તણુક; ચાલ.

રીધ, રિદ્ધિ. [(કાગળના).

રીમ, ન૦ [અં૦] કાગળના ૨૦ ઘાયા-દસ્તા; ૫૦૦ તાવ

રીસ, સ્ત્રી૦ ગુસ્સો; ક્રોધ (ઘણું કરીને થોડી વાર ટકે તેવો ને મેળ કારણથી ઉત્પન્ન થયલો ને ઘણો બ્હાર ન દેખાતો). રીસે ભરાવું. રીસ કરવી-ઉતરવી.

રૂંઆંટી, સ્ત્રી૦ કુમળા ને છેક જ ઝીણા વાળ (એક પણ રૂંઆંટી કેવાય).

રૂંઉં, ન૦ કુમળો ને છેક નાનો વાળ. એનું અનેક વચન [રુઆં.

રૂંધણ, રુન્ધન.

રૂંધવું, ક્રિ૦ સ૦ રુન્ધન કરવું.

રૂંધાવું, ક્રિ૦ અ૦ રુન્ધન થયું હોય તેવી હાલતમાં આવવું-હોવું.

રૂંવાડું, ન૦ રૂંઉં; રૂંઆંટી.

રૂઆંટી, રૂંઆંટી.

રૂઈદાર, વિ૦ અન્દર રૂ ભરેલું હોય તેવું.

રૂક્કો, પું૦ ટુંકી ચિઠ્ઠી; સંક્ષેપમાં લખેલી કોઈ મતલબ.

રૂચિત, સ્ત્રી૦ મનનું વલણ; ઇચ્છા. ૨ જે સમયે જે અનુકુળ પડે તેવી તજવીજ.

રૂખડું, ન૦ ઝાડ.

રૂખસત, સ્ત્રી૦ [આ૦] રજા; છુટી. ૨ બરતરફી.

રૂચવું, ક્રિ૦ અ૦ ભાવવું; સ્વાદ લાગવો; ગમવું.

રૂચિ, સ્ત્રી૦ [સં૦] સ્વાદ લાગવો તે; ભાવવું-ગમવું તે. ૨ ઇચ્છા; મરજી; પ્રસન્નતા.

રૂચિર, વિ૦ [સં૦] સુન્દર; મનોહર; દિલપસન્દ.

રૂજઆત, રજુઆત.

રૂઝવું-આવું, ક્રિ૦ અ૦ ઘા પુરાવો; ઘા-ગુમડાં ઉપર નવી ચામડી આવવી; દરદ મટવું.

રૂઠવું, ક્રિ૦ અ૦ ગુસ્સે થવું; કોપ કરવો; નાખુશ થવું. (એનું ઉલટું રૂઝવું).

રૂડું, સારું.

રૂઢક, ન૦ [સં૦] ધડથી જુદું પડેલું એવું જે માથું તે; ડોકું.

રૂદન, ન૦ [સં૦] રડવું તે.

રુદય, હૃદય.

રુદ્ર, પું૦ [સં૦] શિવનું એક નામ અથવા શુભંકર એક સ્વરૂપ-રુદ્ર, અગિયાર કેવાય છે.

રુદ્રતાલ, પું૦ [સં૦] ગાયનના તાલમાંનો એક.

રુદ્રાક્ષ, સ્ત્રી૦ [સં૦] એક જાતના વૃક્ષનું બીજું, એ શિવને પ્રિય છે. એની માળા બ્રાહ્મણો કોટમાં રાખે છે.

રુદ્રી, સ્ત્રી૦ શિવ-રુદ્રનો સ્તુતિ પાઠ જે અભિષેક કરતાં ભણવામાં આવે છે તે.

રુધિર, ન૦ [સં૦] લોહી; રક્ત.

રુન્ધન, ન૦ [રોધન] અટકાવવું-બન્ધ કરવું-રોકવું તે. ૨ ગુંગળાવવું-વું તે. [આના).

રુપઈયા-પીયો, પું૦ રૂપાંનો એક ચલણી સિક્કો. (૧૬

રુપાળું, વિ૦ સારાં રૂપવાળું; રૂડું; ખુબસુરત. ૨ શોભિતું; સુન્દર.

રુપેરી, વિ૦ રૂપાંનો ઢોળ ચડાવેલો હોય તેવું. ૨ રૂપાંના તાર સાથે વણેલું હોય તેવું. ૩ રૂપાંની મેળવણીવાળું. ૪ રૂપાં જેવું.

રુપૈયો, રુપઈયો.

રુબરુ, રૂબરૂ.

રુમઝુમ, અ૦ એ શબ્દ થોડો થોડો પણ ઘણીવાર કે તેવા વરસાદના પડવાને લગાડવામાં આવે છે.

રુમડી સ્ત્રી૦ શરીરમાંથી લોહી એંચી કાઢવાની નળી.

રુમાલ, પું૦ [ફા૦] રેશમી અથવા સુતરઉ કપડાંનો ચોરસ કકડો જે હાથમાં રાખવામાં આવે છે તે. (મોડું લુછવા વગેરેના કામ સારુ).

રુમેમસ્તકી, સ્ત્રી૦ એક જાતનો ગુંદર; ઓષધિ.

રુવાંટી, રૂંઆંટી.

રુવાન, ન૦ [ફા૦] મુડદું.

રુવેલ, વિ૦ રૂથી ભરેલું એવું.

રુશનાઈ, સ્ત્રી૦ લખવાની સાહી. ૨ રોશની.

રુશવત-રવત, સ્ત્રી૦ લાંચ; કોઈ પાસથી પોતાનું કામ કઢાવી લેવાને તેને જે કંઈ બીજાઓથી છાનું આપવું તે.

રુશવતખોર, વિ૦ લાંચ લેનાર; લાંચિયો.

રુસણું, ન૦ [રોષ] રિસાવું તે; રીસ રાખવી તે; લાડમાં માન ધરવું તે.

રૂ, ન૦ કેટલાંક ઝાડનાં ડિંડવાં વગેરેમાંથી નિકળતો કુમળો તન્તુરૂપ પદાર્થ. કપાસનું રૂ, આંકડાનું રૂ, સામેરનું રૂ વગેરે. કપાસના ઝાડનાં ડિંડવાંમાંથી જે નિકળે છે તે પણ કપાસ કેવાય છે પણ એ કપાસમાંથી બીયાં-કપાસિયા જુદા પાડેથી જે ઘણા બારીક સફેત કુમળા તન્તુનો એકઠો થયલો જથો જુદો પડે છે તે રૂ. ઘણાઈને તેનાં કપડાં થાય છે.

રૂએ, અ૦ મારફતે; યોગે; વડે; દ્વારે; થકી.

રૂકાર, પું૦ હા પાડવી તે.

રૂકો, રુક્કો.

રૂખ, પું૰ [વૃક્ષ] ઝાડ.
રૂખ, પું૰ [આ૰] ગાલ. ૨ ચેહેરો; સુરત.
રૂંખ, સ્ત્રી૰ ભાવની વધઘટ સમ્બન્ધી જે અટકળ તે. ૨ વલણ; ઇચ્છાનો ભાસ (માણસ પશુ વગેરેની). બળદ ઘેર જવાની રુખે વેગે ચાલેછે.
રૂખી, ઋષિ.
રૂઝ-ઝ, સ્ત્રી૰ રૂઝાવું-આવું તે; નવી ચામડી આવવી તે.
રૂજુ, રજુ.
રૂડું, વિ૰ સારું (એનું ઉલટું ભુંડું).
રૂઢ, વિ૰ વ્યવહારમાં મનાયલું; લોકપ્રસિદ્ધ. રૂઢ શબ્દ-પરભાષાનો અથવા જેનો ધાતુ ઉપસર્ગ પ્રત્યય ઇ૰ જાણ્યામાં નથી તેવો પણ લોકે અમુક અર્થમાં સમજી માનેલો તે.
રૂઢિ, સ્ત્રી૰ [સં૰] વેવારમાં ચાલતી આવેલી ને ચાલતી જે રીત તે. ૨ કોઇ વાતનો લોકોમાં ચાલતો જે પ્રચાર તે. ૩ ફલાણો શબ્દ ફલાણાજ અર્થમાં વપરાવાનો જે વહિવટ ચાલેલો તે.
રૂત, ઋતુ.
રૂદયા-દે, હૃદય.
રૂપ, ન૰ વિશેષ આકાર-ઘાટ ને કંઇક રંગ એ બેનું જે એકત્ર મળવું આંખને જણાય છે તે. ૨ ચેહેરો; સુરત; મુખડું. ૩ ખુબસુરતી; સૌન્દર્ય; કાન્તિ.
રૂપ, વિ૰ જેવું; સરખું; જાણે તેજ. તે સાક્ષાત્ શિવરૂપ છે.
રૂપક, ન૰ [સં૰] કોઇ વાતને એકાદું નવું રૂપ આપવું તે; રૂપકથન. એ નામનો એક અર્થાલંકાર છે.
રૂપક, પું૰ [સં૰] ગાયનનો એક તાલ.
રૂપરંગ, ઘાટ-આકાર અને રંગ.
રૂપવતી, સ્ત્રી૰ સુન્દર રૂપ-કાન્તિની સ્ત્રી.
રૂપાળું, વિ૰ સુન્દર રૂપનું; શોભિતું.
રૂપિયો, પું૰ રૂપાંનો ચલણી સિક્કો (૧૬ આના).
રૂપી, વિ૰ કોઇએકનું રૂપ હોય તેવાં રૂપનું-(બીજું કોઇ); સરખું; જેવું. ૨ જાત-ગુણ-માપ દેખાડવી સમ્બન્ધી અર્થમાં રહેછે, નો-ની-નું. તેને ઘર સંસાર રૂપી બહુ પીડા છે. ૩ રૂપવાળું-ધારણ કરનારૂં. તે બહુરૂપી છે.
રૂપું, ન૰ [રૂપ્ય, રૌપ્ય] એક જાતનો સફેત ચળકતો ધાતુ. રૂપાનાં ઘરેણાં; રૂપાં જેવું ચળકતું.
રૂપેરી, રુપેરી.
રૂબરૂ, અ૰ [ફા૰] મોડાં આગળ; નજર કને; સામે; [સન્મુખ.
રૂલ, સ્ત્રી૰ [અં૰] સામાન્ય નહિ પણ વિશેષ એવા અમુક માણસનો અથવા અમુક ખાતાંનો જે ધારો-શિરસ્તો તે (ફેરવી શકાય તેવો).
રૂલ-ર, ન૰ [અં૰] લીટી દોરવાનો ગોળ ચપટો વગેરે ઘાટ; [આંકણી.
રૂવું, ન૰ ત્રીણો છેક નાનો વાળ; રૂંઉં.
રૂહ, પું૰ [આ૰] જીવ; આત્મા.
રેંકળો, પું૰ એક જાતની બળદની ગાડી.
રેંગણ, વેંગણ.
રેંગીપેંગી, વિ૰ હોસ-રીયું-શક્તિ વનાનું; કમજોરા ઝાં હાલ; પોચકાં-જુડ (જન).
રેંટ, પું૰ કુવામાંથી પાણી કાડવાનું ડોલકાંવાળું જે ચક્કર તે. વિ૰ રેંગીપેંગી; કમજોર.
રેંટમાળ, સ્ત્રી૰ રેંટનાં ડોચકાંઓની જે ફરતી હાર તે.
રેંટિયો, પું૰ સુતર કાંતવાનો એક સાદો યન્ત્ર.
રેંઠવું, ન૰ રેંકડું; ગાડું.
રેંણ, ન૰ ભાગાં તુટાં વાસણને સાંધનારો કેટલાક ધાતુની મેળવણીનો ભુકો રેંણ દેવું એટલે સાંધવાને ઠેકાણે બાર મુકી તે ઉપર રેંણ મુકી ધસી સાંધો જોડવો. ૨ પેટમાંનો મેલ.
રે, અ૰ કોઇને બોલાવતી વેળા એ શબ્દ આંચણી રૂપે વપરાયછે-રે ભાઇ આમ આવતો. ૨ સફ્કટ-દુખમાં-કોઇ જીવતાં-મુઆંને અને પ્રભુને બોલાવતાં-કરગરતાં એ શબ્દ વપરાયછે. ૩ (કવિતામાં) કેટલેક ઠેકાણે પાદ પુરવાને માટે નિરર્થક અને કેટલેક ઠેકાણે એવાંનો અર્થ આપણે કાઢિ શકિયે તેવી રીતે મુકવામાં આવેછે 'અલબેલી રે અંબે માત.' 'આજની ઘડી રે રળિઆમણી.' એમાં એવાંનો અર્થ નિકળી શકે.
રેંકળો, રેંકળો.
રેખ, રેખા. [વાની ને ગાવાની એક તરેહ.
રેખતો, પું૰ [ફા૰] ફારસી ને ઉરદુ ભાષાની કવિતા જોડ-
રેખાંશ, પું૰ [સં૰] પૃથ્વિના ગોળા ઉપર એકાદાં મુકરર કરેલાં સ્થળથકી બીજાં કોઇ પણ સ્થળનું પૂર્વે અથવા પશ્ચિમે જે અન્તર તે. રેખાંશ ગણવાને ભાસ્કરાચાર્યાદિ જ્યોતિષીઓએ ઉજ્જન રાખ્યું હતું; અંગ્રેજો ઇંગ્લંડમાં લણ્ડનની પાસે ગ્રિનિચ કરીને કસબો છે ત્યાંથી ગણેછે. રેખા શબ્દ જોવો.
રેખા, સ્ત્રી૰ [સં૰] લીટી (કાગળ ભીંત વગેરે ઉપર). ૨ હથેલીમાં જે કાપાઓ છે તે. ૩ વિષુવવૃત્તને કાપતી એક ધ્રુવ તરફથી બીજી ધ્રુવને મળતી એવી જે લીટીયો તે. (આપણા જ્યોતિષીઓએ ગ્રહાદિકોના ગણિતને માટે લંકાથકી તે મેરૂપર્વત સુધી દક્ષિણોત્તર સૂત્ર કલ્પ્યું હતું.
રેચ, પું૰ [રેચન] પેટમાંનો મળ ઝાડાની વાટે પાતળો થઇ પડવો તે; જુલાબ. ૨ મળશુદ્ધિ કરનાર જે ઓસડ તે. ૩ (લાક્ષણિક) ધમકી; ડર બતાવવો તે. રેચ આપવો-લાગવો-આવવો.
રેચક, વિ૰ [સં૰] રેચ-જુલાબ આવે તેવું.
રેજી, વિ૰ રેજાંવાળું (જુ કે રેજી સાતનો દાવ).
રેજું, ન૰ પાસા ઉપરનું જે એક ચિન્હ તે. ૨ ખેલવાનો, જે એક દાવ તે.
રેજો, પું૰ [ફા૰] સુતરઉ અથવા રેશમી કપડાંનો કકડો જે બેરાંઓને કાંચળી ચોળી કરવાના કામમાં આવેછે તે.

રેઠાણુ, ન૦ રેવાનું ઠેકાણું; મુકામ; વાસ. ૨ આશ્રમ.

રેડવવું, ઘસાવી—નીભાવી લેવું.

રેડવું, ક્રિ૦ સ૦ એકાદ પ્રવાહીને ઊંચેથી કોઇ બીજા પદાર્થમાં અથવા નીચે પડે તેમ કરવું. અનાજને પણ ઊંચેથી નાખતાં રેડવું ક્વચિત વપરાયછે.

રેડિયાર—ળ, વિ૦ રખડતી રવડતાં; ઘણી વનાનું.

રેઢિયાળું, વિ૦ કદરૂપું; નરસું.

રેઢું, વિ૦ રખડતું; છુટું; સંભાળ વગરનું હોય તેવું.

રેણ, સ્ત્રી૦ રાત; રાત્રિ. ૨ રેણુ.

રેણ, રેણ.

રેણી, સ્ત્રી૦ સંસાર—લોકમાં રેવાની રીત; નીતિ સમ્બન્ધી આચરણ; વર્તણુક. કેણી તેવી રેણી.

રેણુ, સ્ત્રી૦ ધૂળ; રજ. ૨ રજકણ.

રેણુકબીજ, ઓષધી. [વીર્ય.

રેત, ન૦ [સં૦] પુરુષની ઇંદ્રીમાંથી જે ધાત નિકળે તે;

રેત, રેતી.

રેતરડી, રેતરડી.

રેતદાની સ્ત્રી૦ જેમાં રેતી ભરી હોય તે ઠામ (લખેલા કાગળ ઉપર નાખવાને).

રેતરડી, સ્ત્રી૦ લુહાર સુથારનું એક હથિયાર જે લોઢું પિત્તળ વગેરે ઘસવાનાં કામમાં આવેછે; કાંનસ.

રેતાળ, વિ૦ રેતીવાળું. ૨ રેતીનો ભેગ હોય તેવું.

રેતિયું, ન૦ રેતદાની.

રેતી, સ્ત્રી૦ એક જાતની પથ્થરની ઝીણી કાંકરીઓ.

રેન, સ્ત્રી૦ [હિં૦] રાત; રજની.

રેફ, પુ૦ [સં૦] જે રકાર વ્યઞ્જન રૂપે, પાસેના અક્ષર સાથે જોડાતાં તેને માથે ' એવે રૂપે લખાયછે તે. વર્ણ, દર્શન, આશ્ચર્ય ઇ૦માં.

રેલ; સ્ત્રી૦ ઘણો વરસાદ પડવાથી નદીમાં પાણી વધી જવાં તે; પૂર. ૨ પુષ્કળ પણું; છોળ.

રેલછેલ, સ્ત્રી૦ પુષ્કળ પણાની છોળ. (નાણાની રેલછેલ).

રેલવે, પુ૦ [અં૦] ઘોડાંની સડકનો રસ્તો.

રેલિયું; વિ૦ રેલ સમ્બન્ધી. (લાકડાં, રેલની સાથે વઇ આવતાં જીવડાં વગેરે). ૨ રેલા નિગળતા હોય તેવું; (રેલિયો ગોળ).

રેલો, પુ૦ એકાદા પ્રવાહીનું લામ્બા આકારમાં વેવું તે.

રેવઞ્ચી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતીનો ચીક—રેવઞ્ચીનો મીરો એટલે દૂધમાં રાંધીને તે ચીકનાં જે ગાંગડા બનાવેલા તે.

રેવડી, સ્ત્રી૦ ખાંડની ચાસણીમાં તલ નાખી પાડેલી જે ચકતીઓ તે. ૨ (લાક્ષણિક) ફજેતી. ફજેતીનો શબ્દ; પી.

રેવતી, સ્ત્રી૦ [સં૦] સત્તાવિસમાનું છેલ્લું નક્ષત્ર. ૨ ગુજરની દાળને પણ કેટલાક એ શબ્દ લગાડે છે.

રેવન્ત, પુ૦ ઘોડો.

રેવાસી, વિ૦ જે શેહેર—ગામ—જગામાં જે જન્મું—રેતું—વસતું હોય ત્યાંનું તે; રેનાર; વસનાર.

રેવું, ક્રિ૦ અ૦ મનુષ્યે એકાદાં શેહેર—ગામ—ઘર વગેરેમાં હોવું; વસવું. તે હમણા કાશીમાં રેછે, તેણે બધે મહિનેથી નવાં ઘરમાં રેવામાડયું છે. ૨ પશુ પક્ષ્યાદિ પ્રાણીએ પોતપોતાને ઠેકાણે હોવું. ૩ ટકવું; ઠરવું—આંગળી ઉપર લાકડી રેતી નથી. ૪ માવું; સમાવું—આ પેટીમાં સઘળો સામાન રેવાનો નથી. ૫ અટકવું; બન્ધ થવું—વરસાદ રેશે એટલે આવિશ; માથું દુખતું રેયું કે નહિ? ૬ અધુરૂં—બાકી હોવું. અડધું કામ થયું ને અડધું રેયું છે; હવે તારા ચાર રૂપીયા રેશે. ૭ થોભવું; ખોટી થવું—ચાકરીનો વખત થયો કે પછી મારાથી રેવાશે નહિ. ૮ તેની તેજ હાલતમાં ઠરવું—તું ગાળ દઇશ તો તમાચો માર્યા વગર રેવાનો નથી. ૯ ગમવું; ચેહેન પડવું—તેના વના મારાથી રેવાવાનું નહિ. રેઇ જવું એટલે અટકીપડવું. ૨ પછવાડે પડવું; પાછળ રેવું. ૩ શક્તિ ઘટેથી કામ કરતું અટકી પડવું. પગ રેઇ ગયોછે; સાંધા રેઇ ગયાછે વગેરે. રેઇ રેઇને—રેઇ રેઇને એટલે અટકી અટકીને; થોડી થોડી વારે. રેયું સયું એટલે ખપતાં—વપરાતાં બાકી રેયલું—વધેલું તે. ઘણા જણ વરાયા પછી બાકી રેયલો જે વર તે રેયો સયો કેવાયછે. રેવું શબ્દ બીજા ક્રિયાપદને અટકવાના અર્થમાં સહાય રેછે. પડીરેવું, ખાઇરેવું, બાઝીરેવું વગેરે. રેવાદેવું એટલે અટકાવવું; બન્ધપાડવું. ૨ એકલું હોવા—પડવાદેવું. ૩ રાખવું.

રેશમ, ન૦ [ફા૦] એક જાતના કીડામાંથી નિકળતા તંતુઓ—જેના વસ્ત્ર થાયછે; હીર.

રેશમી, વિ૦ [ફા૦] રેશમનું.

રેષા, સ્ત્રી૦ [સં૦] લીટી; રેખા.

રેસ, સ્ત્રી૦ એક રૂપીયાનો ચારસોમો હિસ્સો (ગણવામાં માત્ર); હમણાં જેમ રૂપિયા આના ને પૈ ચાલેછે તેમ થોડાં વરસ ઉપર રૂપિયા પાવલાં ને રેસ ચાલતાં. વિ૦ [જરાક; કંઈક.

રેસમ, રેશમ.

રેસા, પુ૦ [રેષા] ફળમાં જે છેક પાતળા લામ્બા તન્તુઓ ગોટલી સાથે વળગેલા હોયછે તે.

રેહેણી, રેણી.

રેહેમ, સ્ત્રી૦ કૃપા; દયા; મયા; મેહેરબાની.

રેહેવું, રેવું.

રૈઅત—યત, સ્ત્રી૦ [આ૦] રાજા તથા તેના નિમેલા અધિકારીની સત્તા તળે રેનાર જે લોક તે; પ્રજા.

રૈયું, વિ૦ ગામડિયું; જંગલી; વિવેક સુઘડતા વગરનું.

રૈંઢો, પુ૦ મધ્યાન્નોત્તર—ત્રીજા પોરનું જમણ. ૨ વીયાળું; વાળુ. ૩ મધ્યાન્નોત્તર—ત્રીજા પોરનો વખત.

રોક, રોકડું. ' રામ રોકડા રોક હૈ '.

રોક, સ્ત્રી૦ રોકવું તે.

રોકડ; વિ૦ રોકડું. ૨ રોકડી આપલેના હીસાબ સમ્બન્ધી.

રોકડમેળ પુ૦ રોકડા આપ્યા લીધા રૂપીઆના હિસાબની ચોપડી. [હાજરાહજુર.

રોકડિયું, વિ૦ તરત નાણું લે તેવું. ૨ તરત જવાબ દે તેવું;

રોકડું, વિ૦ ઉધાર રાખેલું નહિ પણ તરત આપેલું એવું (નાણું ખરીદી વગેરે). ૨ કરવું કે તરત નાણું આપવું પડે તેવું (કામ). ૩ પૂછ્યું કે તે તરત જવાબ આપે તેવું (બોલવું). રોકડો જવાબ આપવો એટલે તરતનો તરત ને વળી ચોખ્ખો એવો. ૪ બીજા અવેજમાં નહિ પણ સિક્કારૂપ (ધન); રોકડ નાણું.

રોકવું, ક્રિ૦ સ૦ અટકાવવું; થોભાવવું. (કામ કરતાં). ૨ ખોટી કરવું-રાખવું. ૩ ઘેરી લેવું; વીંટીવળવું.

રોકાણ, ન૦ અટકવું પડવું તે; ખોટી રેવું પડવું તે. ૨ અટકાવ; અડચણ.

રોકાવું, ક્રિ૦ અ૦ અટકવું; ખોટી થવું. ૨ કોઈ કામમાં ગુંથાઈ પડવું (કે ધારેલાં કામને વિલમ્બ થાય).

રોક્કડ, રોકડ. [બખેડો; ફિસાદ.

રોખાણું, ન૦ કજીઆ-ટંટામાં લોકનું જે એકઠું થવું તે;

રોગ, પુ૦ [સં૦] શરીરની હાલતમાં જે ફેરફાર થઈ દુઃખ થવું તે; શરીરની પ્રકૃતિમાં જે વિકૃતિ તે; તનદુરસ્તીમાં જે બગાડો તે; દરદ; આજાર; (બગાડો અને બગાડાની જાત બન્નેને રોગ શબ્દ લાગે છે). (લાક્ષણિક) માઠું લાગવું-વાંકું પડવું તે; રીસ; બળિઅલપણું; ધુંધવાતાપણું (રોગમાં બોલવું). વાંકામાં-રીસમાં બોલવું. થોડા દાડામાં એનો રોગ કાડી નાખુંછું તો હવે.

રોગરાઈ, રોગ અને બીજાં ભૂત-મેલાં વગેરેની પીડા.

રોગાન, ન૦ [ફા૦] એક જાતનો ચિકણો ચળકતો પ્રવાહી જે લાકડાંને અને ચિત્રોને લગાડવામાં આવે છે. એ ઘણી રીતે બને છે પણ સાધારણ બનાવટમાં તેલ મીણ રાળ વગેરે હોય છે.

રોગિયું, વિ૦ રોગી-રોગિયો, રોગિષ્ટ.

રોગિષ્ઠ, વિ૦ [સં૦] રોગ હોય તેવી શરીરની પ્રકૃતિવાળું.

રોગી, વિ૦ જેને રોગ થયો હોય તે; દરદી; આજારી; માંદું.

રોચડી, સ્ત્રી૦ જૂઠું; લુચ્ચાઈ. રોચડી બકવી. એ શબ્દ છોકરાઓના રમવામાં વપરાય છે.

રોચું, રૂંચુ.

રોજ, પુ૦ [ફા૦] દાડો; દિવસ. (૨૪ કલાકનો). ૨ મજુર કારીગરની એક દાડાની મેહેનત તે-મુસારો. (કારીગરનો રોજ ઘણું કરીને ૧૦ થી તે ૬ સુધીનો એટલે ૮ કલાકનો હોય છે).

રોજ, અ૦ [ફા૦] દરરોજ; હંમેશાં; નીત; દાડી.

રોજ આવવું, ક્રિ૦ અ૦ રોવું આવવું; રડવું આવવું.

રોજગાર, પુ૦ ગુજરાનને માટે જે ધન્ધો-ચાકરી તે.

રોજગારસર-રોજગારે-ધન્ધે-ચાકરીએ લાગ્યો હોય તે (રઝળતો નહિ). [હોય તે (માણસ).

રોજગારી, વિ૦ જેને પોતાના ગુજરાન સારૂ કામ-ધન્ધો

રોજનામું, ન૦ [ફા૦] રોજમેળ. ૨ રોજ-મુસારાના હિસાબનો ચોપડો.

રોજનિશી, સ્ત્રી૦ [ફા૦] કચેરીમાં દરરોજ જે કામ થાય તેનું જે દફતર તે. ૨ દરરોજ જે કામ કરવું હોય, જે કંઈ જોવામાં સાંભળ્યાંમાં આવ્યું હોય તેની જે નોંધ રાખ્યાં કરવી તે.

રોજમેળ, પુ૦ નાણાની દરરોજ જે આપ લે થાય તેની વિગત; દરરોજનો જમે ઉધાર જેમાં લખાતો હોય તે [ચોપડો.

રોજરોજ, અ૦ હંમેશાં; નીત.

રોજિન્દાર, પુ૦ રોજે-કામે આવતો મજુર-કારીગર, વગેરે.

રોજી, સ્ત્રી૦ જે ધન્ધા-રોજગાર-કામ ઉપર ગુજરાન ચાલતું હોય તે. ૨ ગુજરાન; આજીવિકા. ૩ પેદાશ; રોજની આવક.

રોજો, પુ૦ [ફા૦] મુસલમાની દીનમાં ધર્મ મુજબ ભુખ્યાં રેવાનો જે દાડો તે. ૨ અપવાસ. ૩ કબર.

રોઝ, ન૦-પુ૦ એક જાતનું પશુ. રોઝ જેવો છે એટલે કંઈજ ન સમજે તેવો મૂરખ; જડભરત.

રોટલી, સ્ત્રી૦ અનાજના લોટની કણક કરી તેના લુઆ પાડી તેમાંનો જે અકેક વેલણથી વણાઈ અથવા હથેલીથી થપાઈ લોઢી ઉપર સેકાયલો તે. સેક્યા પેલાં પણ તે રોટલી કેવાયછે. રોટલી રોટલાનો આકાર ગોળ હોયછે. રોટલી નાની ને પાતળી હોયછે ને રોટલા મોટા ને જાડા હોયછે-નાની ને જાડી રોટલી તે ભાખરી કેવાયછે. ૨ ખાવાનો પદાર્થ. ૩ ગુજરાન.

રોટલો, પુ૦ મોટી ને બહુ જાડી રોટલી. રોટલા વાળવા એટલે કામ બગાડી નાખવું-ચુંથીને ભેળસેળ એકઠું કરી નાખવું. [તેનો કકડો.

રોડું, ન૦ ભીત-દિવાલમાંથી જુદી પડેલી ઈંટ અથવા

રોઢો, પુ૦ મોટું ભાણું. [તોફાન.

રોણ, ન૦ જોશમાં ચાલતો કજીઓ; ફિસાદ; બખેડો;

રોણક, રૌનક.

રોદડા રડવા-રોદણાં રડવાં, ક્રિ૦ રડીને દુઃખની વાત કેવી.

રોદન, ન૦ [સં૦] રડવું તે.

રોધ, પુ૦ [સં૦] અટકાવ.

રોધવું, ક્રિ૦ સ૦ અટકાવવું; બન્ધ કરવું. ૨ ગોંધવું.

રોન, સ્ત્રી૦ [અં૦] બે ચાર સિપાઈઓએ સાથે, તપાસને સારૂ જે ફરવું તે.

રોનક, સ્ત્રી૦ [ફા૦] ઝળક; તેજી. ૨ રચનાની શોભા.

રોપ, પુ૦ છોડવો; નાનું ઝાડ. ૨ રોપાવા પછી ભૂમે જમાનસાથે બાઝી જવું તે; જડ. રોપ બાઝવો-લાગવો. ૩ ભભકો; ડોળ; જુઠી પતરાજ.

રોપણી, સ્ત્રી૦ રોપવું તે.

રોપવું, ક્રિ૦ સ૦ તૈયાર કરેલી ભાંયમાં બી નાખવાં. ૨ છોડ-ઝાડના મૂળીયાં જમીનમાં દાટવાં (કે તે ઉગી નિકળે). ૩ (લાક્ષણિક) કોઈ વાતની શરૂઆત કરવી; પાયો નાખવો.

રોપી, વિ૦ ભભકાદાર; શોભીતું; દેખાવડું (કામ). ૨ શેખી-પતરાજખોર; ગર્વિષ્ઠ.

રોપો, રોપ; છોડ; નાનું ઝાડ.

રોબ, પુ૦ [અ૦] ભભકો; ડોળ. ૨ પતરાજ; ગર્વ. ૩ ડર; કુરબ; પ્રતાપ.

રોબડ, વિ૦ અકલવનાનું.

રોમ, પુ૦ [સં૦] શરીરની ચામડી ઉપરનો નિમાળો; વાળ.

રોમાવળી, સ્ત્રી૦ રુઆંટીની હાર.

રોયલ્લી, સ્ત્રી૦ મહુવા નાગરવાને નાની બિલાડી.

રોયો, પિટ્યો; રડ્યો; કુટ્યો.

રોલ, પુ૦ [અં૦] ચક્કર; ફેર; તમ્મર (પાણીમાં).

રોવડાવવું, ક્રિ૦ સ૦ કોઈ રડે તેમ કરવું.

રોવું, રડવું.

રોશન, વિ૦ [ફા૦] જાહેર; ખુલ્લું; પ્રકાશિત કરેલું.

રોશનાઈ, સ્ત્રી૦ [ફા૦] ચળકાટ; ઝળ; પ્રકાશ (ઘણા દીવાઓથી). ૨ શાઈ (લખવાની).

રોશની, રોશનાઈ (૧લા અર્થમાં).

રોષ, પુ૦ [સં૦] રીસ; ગુસ્સો; ક્રોધ.

રોહિણી, સ્ત્રી૦ [સં૦] ચોથું નક્ષત્ર.

રોળ, પુ૦ અપોક; મરકી. ૨ મોટો ગભરાટ.

રોળવાવું, ક્રિ૦ અ૦ ચિડાવું; ખિજવાવું.

રોળવું, ક્રિ૦ સ૦ ચોળવું; મસળવું.

રોળાવું, ક્રિ૦ અ૦ નીચે પડેલાંએ આમ તેમ હાલી અથડાવું (કાદવ વગેરેમાં). ૨ નીચે પડી ખૂબ માર ખાવો. ૩ કામમાં વપરાવું-અથડાવું. [૨ કમાઈ.

રોળો, પુ૦ ભાંજગડ; મચ્યાચ્યિત; આફતનો ભુમાટો.

રૌદ્રરસ, પુ૦ નવ રસમાંનો એક-ક્રોધથી ઉત્પન્ન થયેલો. ક્રોધંકપનથી જે અસર થાય તે.

લ.

લ, પુ૦ [સં૦] અઠ્ઠાવીસમો વ્યંજન વર્ણ. અન્તસ્થમાંનો એક.

લંગીથોક, લોચો.

લકવો, પુ૦ શરીરનું એકાદ અંગ ચેતનરહિતનું-જુવેલું બની જવું તે શેખ પક્ષાઘાત. મૂળાએ અરુચવાંકુ થાય ને છૂબ પણ અથડાય.

લકીર, સ્ત્રી૦ [હિં૦] લીટી.

લક્કડ, ન૦ [હિં૦] લાકડું. ૨ ઘણું કઠણ-કાંઠો.

લક્કડકોટ, પુ૦ લાકડાંના થાંભલા, ખૂંટા, પાટિયાંનો બનાવેલો કોટ. ૨ પાણમાંથી જ્યું લાકડાં ઉતરેછે તે બ...

લક્કડખોદ, પુ૦ એ નામનો પક્ષી-એ બેઠો બેઠો ઝાડની ડાળિયોમાં ચાંચ મારયા કરેછે.

લક્ષ, પુ૦-ન૦ [સં૦] એકાદાં ઉપર એકજ નજર તે; ખન્તીલી ધારણા; ધ્યાન.

લક્ષ, વિ૦ સો હજાર; લાખ.

લક્ષણ, ન૦ [સં૦] જે ચિન્હ-નિશાણીથી અથવા ધર્મખાસિયતથી પ્રાણી-વસ્તુ ઓળખાયછે-એકાદાં રૂપમાં દેખાયછે તે. અહીં ધુમાડો દેખાયછે માટે અગ્નિ હશે. ધુમાડો લક્ષણ ને અગ્નિ લક્ષ્ય. રોગનાં લક્ષણ. સામુદ્રિક લક્ષણ એટલે હાથની રેખાઓ ઉપરથી સ્વભાવ-ગુણ-ભાગ્ય જોવું તે. કેટલાંક લક્ષણ જન્મથી હોયછે ને કેટલાંક વિદ્યા-સત્સંગતિથી આવેછે. ૨ ચાલચલણ; વર્તણુક. 'નામ મોટાં ને લક્ષણ ખોટાં.' ૩ વ્યાખ્યા. ૪ રૂપક (રૂપીનો અર્થ રાખેછે). "પ્રજાલક્ષણ મૃગલાનો કંસ પ્રગટ્યો કાળ" "મર્યાદાલક્ષણ પર્વત" એટલે મર્યાદારૂપી પર્વત. [માં) નઠારાં લક્ષણનું.

લક્ષણવન્તું, વિ૦ સારાં લક્ષણનું. ૨ (આડાંમાં-વાંકાં-

લક્ષણા, સ્ત્રી૦ [સં૦] શબ્દ-વાક્યમાંનાં અર્થમાં બીજા કોઈ સમ્બન્ધી અર્થનું ગ્રહણ કરવાની જે શક્તિ રહી હોયછે તે. આખા ગામનું પાપ ગયું એટલે ગામના સઘળા લોકમાંથી જે દુખદેતો જુલમગાર માણસ હતો તે ગયો-એમાં ગામની લક્ષણા, ગામના લોકપર ને પાપીની લક્ષણા પાપી માણસના ઉપર થાયછે. પૂર્ણાનન્દનો મઠ ભાગીરથી ઉપર છે એટલે ભાગીરથીના તટ ઉપર.

લક્ષવું, ક્રિ૦ સ૦ ધારવું તાકવું (નિશાન). ૨ આશા રાખવી; વાટ જોવી. ૩ ચિન્હ ઉપરથી સમજવું; અટકળ કરવી. ૪ છેદી ફાડવું; જાણવું.

લક્ષાધિપતિ, વિ૦ લાખ રૂપિઆની પુંજી વાળો (માણસ).

લક્ષાવધિ, અ૦ લાખે લેખાં હોય તેમ; ઘણાએક.

લક્ષી, વિ૦ જે લક્ષ-ધ્યાન રાખે તે.

લક્ષ્મી, સ્ત્રી૦ [સં૦] ધન; દોલત. ૨ ધન આપનારી દેવી; વિષ્ણુની સ્ત્રી. ૩ શોભા. ૪ ભાગ્યશાળી સ્ત્રી. એને ઘેર લક્ષ્મી પધારયાં છે. 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોઈ આવું' એમ કેવું, એટલે લાભ થતો હોય ત્યાં ઉદ્યમ કરવે આળસ કરવું. દશ વિધિ લક્ષ્મી કેવાય છે તે આ-રોકડ ધન, સ્ત્રી, છોકરા, ભાંડુ વગેરે સગાં, રેવાનું ઘર, ગાય-ભેંસ વગેરે, ઘોડા હાથી વગેરે વાહન, નાના પ્રકારની સુખની સમૃદ્ધિ, ગામ-ખેતર જાગીર વગેરે ધરા. અથવા બીજે પ્રકારે-ધન,

ધાન્ય, પશુ, પુત્ર, લામ્બુ આવરદા, આરોગ્યતા, ઉદ્યમ, પૈસા, સંતોષ ને જ્ઞાન.

લક્ષ્મીવાન્-વન્ત, વિ૦ ધનવાન; દોલતમન્દ; શ્રીમન્ત.

લક્ષ્ય, વિ૦ લક્ષ આપવા જોગ. ૨ લક્ષ આપી શકાય તેવું. ૩ તાકી-ધારી શકાય તેવું. [પુંજી.

લખ, સ્ત્રી૦ લક્ષ; લત. ૨ લક્ષ્મી. ૩ લાખની સઙ્ખ્યા-

લખત, ન૦ સરત-કરારનું સહીસાથેનું જે લખાણ તે; લેખ.

લખતફગ, વિ૦ લખનાર. એ શબ્દ કાગળપત્તરમાં લા૦ એવી રીતે ટુંકામાં લખાયછે.

લખપતી, વિ૦ લાખ રૂપિયાની સત્તાવાળું.

લખમી, લક્ષ્મી.

લખવું, ક્રિ૦ સ૦ એકાદાં સાધન વડે એકાદી વસ્તુઉપર કંઈ કાડવું-ચિન્હ કરવાં. પાટલા ઉપર વટાણે, સલેટ ઉપર પેનસિલે, કાગળ ઉપર સાહીસાથે કલમે લખવું. (ચિતરવું-નકશી કોતરવી તેને ચિતારા કોતરનારા લખવું કેછે). ૨ કાગળ પત્ર લખવા. ૩ ગ્રન્થ કરવો. ૪ નકલ ઉતારવી. ૫ ન વિસરાય તેવું કરવું. હૈયામાં લખી રાખ્યું છે. 'દાટ્યા જુલે પણ લખ્યા ન ભૂસે;' 'લખાણું તે વંચાણું.' ૬૦. લખી આપવું એટલે.લખત કરી આપવું-કબૂલાત [આપવી.

લખવો, લકવો.

લખાઈ, લખામણ.

લખાણ, ન૦ લખેલું તે. ૨ લખવાની ઇબારત.

લખામણ-ણી, સ્ત્રી૦ નકલ ઉતારવાની મેહેનતનું નાણું.

લખાવવું, ક્રિ૦ સ૦ લખે તેમ કરવું. ૨ ઝમ્પલાવવું; કુદી પડવું; તલપ મારવી. (કોઈ કામમાં).

લખાવું, ક્રિ૦ અ૦ પડવું (તે તકીયે લખાવીને બેઠો છે). ૨ અશક્ત-નિર્બળ થવું; શરીર લેવાવું. ૩ લખવાંનો શક્ય ભેદ.

લખિત, ન૦ નસીબમાં લખેલું તે; ભાગ્યોગ; લખ્યાલેખ.

લખિતફગ, લખતફગ.

લખુંપતરું, ન૦ લખત; લેખ.

લખેશ્રી-શ્વરી-સરી, લખપતી.

લખોટવું, ક્રિ૦ સ૦ લાખ લગાડી ઘુંટી ચળકાટ આપવો.

લખોટી, સ્ત્રી૦ લાખની-દાંતની રમવાની ગોળી; મમ્બો.

લખોટી, વિ૦ લાખ લગાડેલી એવી (બરણી).

લખોટો, પુ૦ મોટી લખોટી. ૨ બિડેલા-બીડીને લાખની મોર મારેલી એવો કાગળ(કામકાજનો), બાખોટો [પણ કેવાયછે.

લખ્ખણ, લક્ષણ.

લગડી, સ્ત્રી૦ ગાળેલાં સુનાની નમ્બર પાડેલી વેંતની લાકડી; લામ્બી ઢાળકી.

લગડું, ન૦ ગધેડાનું હાલકું.

લગણ, અ૦ મર્યાદ-હદ બતાવેછે; લગી; સુધી. પુ૦ છેલ્લો અક્ષર લઘુ હોય તે ગણ. પાંપણ.

લગત, ન૦ સમ્બન્ધ. વિ૦ લગતું. અ૦ પાસે; જોડેજ.

લગતું, વિ૦ સમ્બન્ધમાં-સાથે હોય તેવું; સમ્બન્ધી.

લગન, ન૦ [લગ્ન] સમ્બન્ધ નહિ એવાં સ્ત્રી પુરુષ-છોકરી છોકરાએ૦ શાસ્ત્ર વિધિથી પ્રસિદ્ધરીતે સાથે રેવાને સમ્બન્ધી થવું-જોડાવું તે; વિવાહ; શ્યાદી. ૨ એ વિષયનાં જે શાસ્ત્રોક્ત કર્મ, બૈરાંઓની રીત, નાત જુવાર તે. ૩ લગનનો અવસર-ટાણું. ૪ લગનઘડી-લગનનો સમય. ૫ (જ્યોતિષમાં) પાંચ ઘડીનો કાળ. દિવસના છ ને રાત્રિના છ લગન. જે રાશિનો સૂર્ય હોય તે રાશિનું પ્રથમ લગન ગણાય છે. એકાદા વિષયમાં જે એકાગ્ર ચિત્ત થવું તે; લેહ; એકતાર બનવું તે.

લગનસરા-સારા, પુ૦-સ્ત્રી૦ ઘણાક લોકને ત્યાં એકજ વખતે અથવા થોડા દાડાને આંતરે લગન હોય તે દાડા-કાળ. લગનસારા, મકરસઙ્ક્રાન્ત પછી તે જેઠ સુધી હોય છે.

લગનિયો, પુ૦ વરને તેડવા જનારો વહુની તરફનો કોઈ સગો. ૨ મામો લગનિયો એટલે ઢાઢમાઢિયો.

લગની, સ્ત્રી૦ લગન; લેહ.

લગભગ, અ૦ હદની જરાક આણીગમ; પાસે; નજીક.

લગરીએક-રીક, વિ૦ જરા; થોડું; કંઈક; લગારેક.

લગવાડ, સ્ત્રી૦-પુ૦ સમ્બન્ધ. ૨ આશકમાશુકનો જે સમ્બન્ધ તે.

લગાડવું, ક્રિ૦ સ૦ અડકે-લાગે તેમ કરવું; અરકાડવું. ટેબલને હાથ લગાડ. ૨ કામે વળગે તેમ કરવું. તેને કોઈ ઠેકાણે લગાડી દે. ૩ બાળવું-તેણે ચૂલામાં ક્યારનું લગાડી મુક્યું છે. ૪ ચોપડવું-દવા લગાડ. ૫ ધ્યાન આપવું; ખન્તથી ચોંટાડવું. ચિત્ત લગાડીને કર.

લગામ, સ્ત્રી૦ [ફા૦] ઘોડાને કબજામાં રાખવાને ને ધારયા પ્રમાણે ચલાવવાને તેના મોડામાં લોઢાનું જે ઘાલે છે તે; ચોકડું. ૨ એ ચોકડાંને બાંધેલી ચાંમડાની-રેશમની-સુતરની જે દોર તે. ૩(લાક્ષણિક) અંકુશ; કબજામાં રાખવાનું-અટકાવવાનું સાધન.

લગાર-રેક, અ૦ થોડુંક જરા; કંઈ.

લગાવવું, ક્રિ૦ સ૦ ચોપડવું (ઓસડ). ૨ મારવું તેણે તેને લગાવ્યો. ૩ લાગુ પાડવું; કામમાં આણવું-તેણે ખૂબ જુક્તી લગાવી. ૪ (અસભ્ય મણ્ડળીમાં) સ્ત્રીસું સમ્ભોગ કરવો; સોબત કરવી.

લગી, અ૦ મર્યાદા-હદ બતાવે છે; સુધી; લગણ; પેર.

લગે, અ૦ ઉત્તેજનને માટે શબ્દ-હં, ચલાવ્યો જા! બસ?.

લગોલગ, અ૦ છેક પાસપાસે; સોડમાં; એક બીજાને અડકે તેમ. ૨ લગભગ, [પાસે; નજીક.

લગ્ગુ, અ૦ પાછળ લાગેલું હોય તેમ; સાથે; જોડે. ૨

લગ્ન, ન૦ [સં૦ લગ્-સાથે થવું-જોડાવું] લગન.

લઘિમા, સ્ત્રી૦ [સં૦] આઠ સિદ્ધિમાંની એક-હલકું-ભારભાર નહિ તેવું રૂપ તે.

લઘુ, વિ॰ [સં॰] નાનું. ૨ હલકું (ભારે નહિ). ૩ (કવિતામાં) હ્રસ્વ સ્વરનું; એક માત્રાનો (વર્ણ).

લઘુલાઘવી, સ્ત્રી॰ ઝૂપી ચંચળાઈ ને બારીક સફાઈવાળી કરામત-જુગતી; પેચવાળી તદબીર. 'લાગ્યો ફર ફરી લઘુલાઘવીમાં, પંખીનો કર ઝાલ્યો'.

લઘુશંકા-દવી, સ્ત્રી॰ મુતરવું-પિશાબ કરવો તે.

લંક, સ્ત્રી॰ પાતળી કમ્મર.

લંકા, સ્ત્રી॰ [લંકા] દારૂથી ભરેલાં ઝાડ રાખસ, વાનર ઇ॰ની રચના કરીને તેને જે એકદમ સળગાવી મુકવામાં આવેછે તે. આતસબાજી. ૨ એ નામની પુરાણ પ્રસિદ્ધ રાવણની નગરી. 'લંકાની લાડી ને ઘોઘાનો વર.'

લંગડ, લંગડું.

લંગડાવું, ક્રિ॰ અ॰ લંગડું-રાંટું ચાલવું; ખોડાવું.

લંગડું, વિ॰ [લંગ] પગે ખોડવાળું-નિર્ગત થયલું; ચાલતાં પગ તણાતો-ખચ્ચાતો હોય તે (માણસ).

લંગર, ન॰ [ફા॰] વાણ થોભાવી રાખવાની ઘોડાંની ખિલાડી; નાંગર. ૨ (લાક્ષણિક) સ્ત્રીને પગે ઘાલવાનું રૂપાનું ઘરેણું-જેમાં આમળેલા આંકડા હોય છે તે. ૩ એક છેડે ઠેલું વગેરે ભાર હોય તેવી જે ઝુલતી દોરી તે. છોકરાઓ એવી દોરીઓ એક બીજામાં ભેરવી ખેંચેછે તે રમત.—લંગર લડાવવાં.

લંગરવું, ક્રિ॰ સ॰ લંગર નાખવું; નાંગરવું. લંગરવાર કરવું કેવાય છે.

લંગરિયું, લંગર (૩જા અર્થમાં).

લંગુર, પુ॰ [લંગૂલ] વાંદરો.

લંગોટ, પુ॰ કછો.

લંગોટબંધ, વિ॰ જેણે સ્ત્રી સાથે કોઈ દાડો સમ્ભોગ ન કરેલો એવો (પુરુષ).

લંગોટિયો, પુ॰ બાળમિત્ર; નાનપણમાં લંગોટી મારી સાથે રમેલો તે. ૨ વેરાગી; બાવો.

લંગોટી, સ્ત્રી॰ ફકત ઇન્દ્રિ ઢંકાય એટલો લુગડાંનો જે કકડો, કમ્મરે વિંટાળેલી-બાંધેલી દોરીના સમ્બન્ધમાં રાખવામાં આવે છે તે-(વાળવી-મારવી-પેરવી). ૨ (લાક્ષણિક) લંગોટી મારવી એટલે વેરાગી થવું.

લંગોટો, મોટી લંગોટી.

લંઘન, ન॰ લાંઘવું તે.

લંઘવું. લાંઘવું.

લંઘી, સ્ત્રી॰ (ભાટિયા વગેરે કેટલીક ન્યાતમાં) રડવા કુટવા આવેલાં બૈરાંઓને જે મુસલમાની ઓરત કુટણાં બોલી કુટાવે છે તે. લંઘો-સરણાઈ વગાડવાનો ધન્ધો કરનાર મુસલમાન.

લંઘીકું, વિ॰ રૂપાળી સ્ત્રી.

લચક, સ્ત્રી॰ લચકવું તે.

લચકવું, ક્રિ॰ અ॰ ભારથી વાંકું વળવું-મરડાવું. પાલખ, ભીત વગેરે લચકાવી. ૨ જોબનના મદમાં ચાલતાં કમરથી જરા મરડાવું.

લચકો, પુ॰ પોચા-ઢીલા પદાર્થની ઢગલી. વિ॰ લચકા રૂપ; ઘાડું. (લચકો દાળ)

લચુડવું, ક્રિ॰ સ॰ લપેડવું; ચોપડવું.

લચણ્ડ, લચાણ્ડ.

લચલચવું, ક્રિ॰ અ॰ લચકવું.

લચવું, ક્રિ॰ અ॰ વચમાંથી જરાક નમી જવું (લચકવા કરતાં થોડું). ૨ નરમ દોરી મુકવી; આગ્રહ મુકી દેવો; કબુલ થવા જેવી સ્થિતિમાં આવવું (માણસે તકરારમાં).

લચાણ્ડ, ન॰ બેન; નડતર; માથું ફોડાવનારું. (માણસ [કામ વગેરે).

લચ્છન, [હિં॰] લક્ષણ.

લછ, લક્ષ્મી.

લછ, પુ॰ માળો.

લજવાવું, ક્રિ॰ અ॰ શરમાવું; લાજ લાગવી.

લજામણી, સ્ત્રી॰ એક જાતનો છોડ, જેની પાંતડીને હાથ અડેથી સંકોડાઈ જાયછે; લાજાળી.

લજામણું, વિ॰ લાજ-શરમ લગાડે તેવું.

લજાવવું, ક્રિ॰ સ॰ લાજ-શરમ પોંચે તેવું કરવું.

લજ્જા, શરમ. લજ્જાવાન-લજ્જાવાળું.

લજ્જાળુ, વિ॰ લજ્જાવાળું (માણસ). ૨ લાજાળીનો છોડ.

લજ્જિત, વિ॰ ભૂ॰ [સં॰] લજ્જા પામેલું.

લઞ્છન, લાઞ્છન.

લટ, સ્ત્રી॰ લાંબા નિમાળાનો એકઠો પાતળો જથો; લાંબા નીમાળાની ગુંચ; ઘોડાની સેર. ૨ વડની આછી મૂળી. ૩ હીર-સુતરની વણ્યા વગરની સેર. ૪ મોતી પ્રોવેલાં એવી દોરી.

લટક, સ્ત્રી॰ શોભીતો મરોડ-વાંક; તરેહ; રીત. ૨ અમજાઈ પડવું તે. તે લટક ખાઈગયો.

લટકણ-ણિયું, ન॰ લટકતું એવું જે કંઈ તે. [કરતું.

લટકતું, વિ॰ આધાર-ઉદ્યમ વનાનું (જન). ૨ લટકાં

લટકવું, ક્રિ॰ અ॰ [હિં॰] ઉંચેના આધારે અન્તરિયાળ ઝુલતું રેવું; ટંગાવું. ૨ આધારવનાના થવું; ધારેલું પાર ન પડેથી નિરાશી રેવું.

લટકાવવું, ક્રિ॰ સ॰ લટકે તેમ કરવું; ટાંગવું; ઝુલતું રાખવું. ૨ ધીબિનું દેખાડવાને લબડતું રાખવું.

લટકાળું, વિ॰ લટકાવાળું. લટકાળી બૈરી.

લટકો, પુ॰ શરીરના એકાદા અઙ્ગને શોભે તેવી રીતે જે મરોડથી હલાવવું તે. હાથ-કમરનો લટકો, ચાલવાનો લટકો (પગનો લટકો કેવાતો નથી). ૨ બોલવે ચાલવે કામ કરવે જે છુટાવાળો ચાળો થાય તે.

લટપટ, અ॰ ડોક આમ તેમ કરી રમતિયાળ દેખાવું. એ શબ્દ પોપટને શિખવતાં વપરાયછે. 'લટપટપંખી ચતુર સુજાણ, બોલો પોપટજી શ્રીભગવાન.' ૨ લટપટ; ન-

લઘી. ચમ્મચળાઈના અર્થમાં. [કરવાં હઠવું.

લટવું, ક્રિ૰ અ૰ સફકાચાવું; સમજી જવું; પાછાં પગલાં

લટિયાં, ન૰ બાબરાં; ઘણીએક લટ. એનું એકવચન લટિયું. લટિયાં પિંખવાં-ફફરાવવાં.

લટ્ટુ, વિ૰ એકજ વિષયમાં ચિત ચોંટી રયલું હોય તેવું (જન). ૨ સ્તબ્ધ-ન હાલે-ફરે તેવો (ભમરડો).

લઠ-ઠ્ઠ, પુ૰ જાડી મજબુત ગાંઠવાળી લાકડી; ડંફગોફ; ડાંગ. વિ૰ શરીરે ભરેલું; પુષ્ઠ ને બળવાળું (માણસ).

લઠ્ઠિંગો, પુ૰ લઠ-ઠ્ઠ. ૨ લુચ્ચો.

લઠ્ઠો, લઠ-ઠ્ઠ.

લડકણું, વિ૰ લડે-કફકાસ કરે તેવું.

લડત, બે જણની અથવા બન્ને બાજુએ થોડાં થોડાં માણસ એવી જે ચાલેલી લડાઈ તે. (ઘણું મોટું યુદ્ધ નહિ).

લડથડવું, લથડવું.

લડથડિયું, લથડિયું.

લડધું, વિ૰ બાધિલ પિંધિલ ને તોફાની (છોકરો-છોકરી).

લડબડવું, ક્રિ૰ અ૰ આચકો ખાઈ ઝુલી પડવું.

લડબડિયું, ન૰ ઠોકર ખાઈ દોડી પડવું તે.

લડવું, ક્રિ૰ અ૰ સામસામી બોલચાલ થયેથી અણબનાવ -કફકાસ-કજિયો થયલો હોય તેવી હાલતમાં હોવું (તે બે લડયા છે). ૨ દુશ્મનની પેઠે સામસામી બોલચાલ -ગાળાગાળ-વળગાવળગી કરવી. (તે તેની સાથે લડે છે). ૩ મોટા સમુદાએ મોટા સમુદાય સાથે શસ્ત્રાદિક સાધને કાપાકાપ મારામાર કરવી. ૪ સરકારમાં એક બીજાની સામાં કજિયો ચલાવવો-તકરાર કરવી.

લડવૈયો, પુ૰ (લડવાના ૩ જા અર્થમાં) મોટો લડનારો; જોદ્ધો; શૂરવીર.

લડાઈ, સ્ત્રી૰ લડવું તે. ૨ અણબનાવ; કંકાસ. ૩ ગાળાગાળ; વળગાવળગી. ૪ ટણ્ટો; સરકારમાં ચાલેલો કજીયો; ઝઘડો. ૫ સંગ્રામ; યુદ્ધ; જંગ.

લડાઈખોર, વિ૰ લડે તેવા સ્વભાવનું.

લડાક, વિ૰ લડકણું.

લડાયક, વિ૰ લડવામાં કામ લાગે તેવું (વાણ વગેરે). ૨ લડવાને લાયક-લડવામાં ગુંથાયલું (માણસ).

લડાલડ-ડી, સ્ત્રી૰ લડાઈ ચાલવી તે.

લડાવવું, ક્રિ૰ સ૰ બે જણ લડે તેમ કરવું. ૨ લાડે તેમ કરવું; વ્હાલથી રમાડવું.

લડું ન૰ બાદલું-બાટલું વિંટવાનું તાંબાનું ઓજાર.

લડ્ડુ, લાડુ.

લઢણ, સ્ત્રી૰ રીત-તરેહ (બોલવા ચાલવાની).

લઢવું, લડવું.

લઢાઈ, લડાઈ.

લણવું, ક્રિ૰ સ૰ ઉપરથી કસલું તોડવું-કાપવું; કાતરવું. જુવાર-બાજરી- નાગલીના કસલાં તોડવાં-લણવાં. ૨ નીચે પડેલું સાંભરી લેવું; એકઠું કરવું. ૩ ગુણ લેવો; સફળ કરવું. ૪ ફળ પામવું.

લણ્ડ, પુ૰ પુરુષની ગુહ્યેન્દ્રી. ૨ કામતરાંખોર લુચ્ચો માણસ.

લત, સ્ત્રી૰ હંમેશા વળગી-લાગી રેવું તે; ધ્યાન; ધુન; લગન. ૨ ટેવ; છંદ; વ્યસન-તેને તેને ખોટી લત લાગી છે.

લતા, સ્ત્રી૰ [સં૰] વેલ; વેલી. [૩ લાત.

લતાડ, સ્ત્રી૰ પરિણામ ખોટું નિકળશે એમ સમજી કરેલી વાતનો તજવીજથી ઉથલો મારી દેવો તે; જુગતીથી ફરી જવું તે-તે બોલ્યો તો ખરો પણ પછી લતાડ ખાઈગયો. ૨ મરડાવી આણવો તે (કનકવો).

લતાડવું, ક્રિ૰ સ૰ ખરાબ કરવું; માઠી હાલતમાં આણવું (તાવે તેને લતાડયો, અફીણે તેને લતાડયો). ૨ લત લાગેથી ખરાબ થયું હોય તેમ કરવું.

લત્તાં. ન૰ એ શબ્દ લુગડાંની સાથે જોડાઈને લુગડાંના જેવું બીજું કંઈ એવો અર્થ રાખે છે. લુગડાં લત્તાં.

લત્તો, પુ૰ લગતો આવેલો જે વસ્તી-સીમનો ભાગ-જિલ્લો તે; હદને લગતી આવેલી જે જગા તે.

લથડવું, ક્રિ૰ અ૰ આચકો લાગેથી પડી જવું. ૨ (બોલવામાં) અચકાવું; અટકી પડવું. ૩ પાછળ રૂઈ જવું; નિરાશ થવું. [કરવું.

લથડાવવું, ક્રિ૰ સ૰ (૧ લા ને ૩ જા અર્થમાં) લથડે તેમ

લથબથ, અ૰ છેક પાસે આવી એકમેકને જોરમાં વળગેલા હોય તેમ; ભિટાભિટ. તેઓ લથબથ થઈ ગયા.

લદબદ, અ૰ લચકા જેવું હોય તેમ. ૨ કોઈ ઢીલા પદાર્થમાં બીજો પદાર્થ ખરડાઈ-લપડઈ ગયો હોય તેમ. કાદવમાં જોડો લદબદ થઈ ગયો.

લપકારો, પુ૰ ઝપટની સાથે સાપની જીભનું બાર આવવું અન્દરજવું બાર આવવું થયાં કરે તે.

લપકો, પુ૰ એકાદા ચિકણા ઘાડા ગન્દા પદાર્થનો થોડોક જે ભાગ તે. લીટ નરક વગેરેનો લપકો.

લપકોઝપકો, પુ૰ ઝટાઝટ મેળસાજ બનવું તે.

લપટ, સ્ત્રી૰ એકદમ ઓચીંતી મારેલી ઝડપ. (બીલાડીએ ઉંદરને લપટમાં લીધો). ૨ ઝડપથી કોઈ સાથે અથડાવું તે. દોડતાં દોડતાં તે ગાયની લપટમાં આવ્યો. ૩ ધીમે ધીમે આવવું તે; લેર. (ઉંધની-પવનની લપટ). ૪ (લાક્ષણિક) પેચ; ફાંદો (તે તેની લપટમાં આવ્યો). ૫ એકાએક સુગન્ધી ઉડી આવવી તે.

લપટઝપટ, સ્ત્રી૰ લપટ ને ઝપટ; પેચવાળી ઝડપ.

લપટવું, ક્રિ૰ સ૰ એકાદી વસ્તુ ઉપર લુગડું વગેરે ચારપાસ વિંટવું. ૨ આમળો લેવો; પેચમાં લેવું.

લપટાવું, ક્રિ૰ અ૰ આમળો આવ્યો હોય તેવું થવું; વિંટળાવું; વળગી રેવું. ૨ લલુતાથી ચારપાસ વિંટળાયાં કરવું. ૩ લલચાવું; ફસાવું.

લપટું, વિ૰ અન્દરના ભાગમાં બરોબર સજ્જડ બેસતું

આવતું નહિ પણ જરા અન્તર-પોલ રાખતું એવું; ઢીલું; રમતું. (ફળ લપટી, ફડી વગેરે). ૨ ઘસાઈને લીસું થયલું-ખીસી, ફેર. ૩ લાલચુ (માણસ).

લપડવું, લપેડવું.

લપડાક, સ્ત્રી૦ કાંડાંથી તે નખ સુધીનો ચપટો હાથ કોઈના શરીરના એકાદા ભાગ઼પર જોરમાં મારવો તે; થપડાક; તમાચો; લપડ. ૨ લાત; પાટુ-એવા અર્થમાં પણ કેટલાક લોક બોલે છે. લપડાક મારવી પણ કેવાય છે. [આંપે કાગળના લપર્કી.

લપર્કી, પુ૦ પસરેલો જાડો લેપ-કપાળે ચન્દનનો લપર્કો,

લપલપ, અ૦ બાર આવવું અન્દરજવું એમ થયાં કરતું હોય તેમ. જીભ લપલપ થાય છે-ગાંડ લપલપ થવી-એનો લાક્ષણિક અર્થ આવો કે ધાક-ધાસ્તીથી ગભરાવું. ૨ નકામું બહુ બોલ્યાં કરતું હોય તેમ-લપલપ કરતો બેસી રે. ૩ ઝપટથી ચીકણો પદાર્થ ખાઈજતું હોય તેમ-તે સીરો લપલપ ખાઈગયો.

લપલપાટ, સ્ત્રી૦ વગર આવડતે ઉતાવળથી જે કરવું તે.

લપલપિયું, વિ૦ નકામું ઘણું બોલી ગરબડ કરે તેવું. ૨ વગર સમજે હાથ ઘાલી-ઉતાવળ કરીને કામ બગાડનારૂં (માણસ).

લપસણું, ન૦ લપસી ~~જવાય એવું~~ ચિકણી ભોંય, નદી કાંઠાની કળણવાળી-ખેતરની કાદવ લીલવાળી જમીન, ચિકણો ખાળ વગેરે); સરકણું.

લપસવું, ક્રિ૦ અ૦ ચિકણી ભોંય ઉપર ન ઠરતાં ખસી ગયલું થવું: સરકી જવું. તે લપસ્યો જો! હાથ-પગ લપસ્યો, ગાંડ લપસી.

લપાટિયો, ખુસાટિયો.

લપુકલપુક-લપુલપુ, એ શબ્દ ગાંડને લપલપના અર્થમાં લગેછે ને ગાંડ લપુલપુ થઈ તેનો લાક્ષણિક અર્થ ધાસ્તીથી ગભરાઈ જવું એવો થાય છે.

લપુડું, વિ૦ જેનાં પેટમાં વાત ન રે ને જે વણપૂછે જ્યાં ત્યાં બકી દે તે (માણસ). બેવલું; અલાવડું.

લપેટવું, ક્રિ૦ સ૦ ઉપરથી આંટો લેવો અથવા ઉપરથી આંટા લઈ અન્દરનું ઢાંકવું; વિંટવું; વિંટાળવું. ૨ સામિલ કરવું; અન્દરની સાથે મળેલું કરવું; ફાંદામાં લેવું. તેણે તેને પણ માંય લપેટ્યો છે.

લપેટો, પુ૦ લપ્પો. લપેટામાં રેશમ જરા વધારે ને લામ્બો પટો હોય એમ વળી કેટલાક કેછે.

લપેડવું, ક્રિ૦ સ૦ જાડું ચોપડવું; જાડો લેપ કરવો.

લપેડાવું, ક્રિ૦ અ૦ લપેડેલું થવું; ચોપડાઈ ગયલું થવું.

લપોડ, લપોડશઙ્ખ.

લપોડશઙ્ખ, વિ૦ કામ કેટલાં વનાના જુઠા તડાકા મારનારો; ગપિદાસ-ઢોલિયો. 'લપોડશઙ્ખ લાખ તો કે સવા લાખ' એવી કેવત છે.

લપોડો, પુ૦ મોટી ઉંમરના પુરુષની ગુહ્યેન્દ્રી તે. 'સે લપોડો.'

લપ્પડ, સ્ત્રી૦ લપડાક.

લપ્પનછપ્પન, અ૦ વધારી વધારીને કેવું તે (મૂલ). લપ્પનછપ્પનની વાત જવા દે.

લપ્પો, પુ૦ જરૂર જેટલાં રેશમ સાથે નરદમ કસબ ભરી બનાવેલું જે જરનું વસ્ત્ર તે. લપ્પાની સાડી-કાંચળી-પાઘડી વગેરે.

લફડબન્ધું, લફફગું.

લફફગું, વિ૦ જેની લુચ્ચાઈમાં શાખ હોય તે; બન્ધું; કાવતરૂં કરવે પક્કું. લુચ્ચો લફફગો. ૨ જુઠો; તડાકી.

લફડનું, વિ૦ લફડ્યાં કરે તેવું (લુગડું).

લફડવું, ક્રિ૦ અ૦ ઘણું નીચે લટકતું હોઈને ભોંય સાથે અડક્યાં કરવું (પેરેલાં ઓડેલાં લુગડાંએ પેરનારનાં ચાલવાથી). લફડે છે; લફડ લફડ કરેછે-થાય છે.

લફરું, ન૦ વળગેલું-સાથે લાગેલું જે નડતર તે; બેન; પજવનારૂં જે કંઈ તે. ૨ સાથે વળગેલાં જે માણસો તે (સ્ત્રી, છોકરાં, ચાકર વગેરે). ૩ પોતાના કામમાં નડે તેવું બીજું વચમાં આવી પડેલું જે કામ તે.

લબ, પુ૦ [ફા૦] ઓઠ.

લબડધક્કે, અ૦ દરકાર રાખ્યા વના સારી પેઠે જોરથી. તેણે તેને લબડધક્કે લીધો એટલે [illegible] ધમકાવ્યો. ૨ ગાઈ પટીને ભભકામાં આણીને તેની પાસે લબડધક્કે કામ કરાવી લીધું. ૩ જખમારીને. નહિ કરે તો કાં જશે, લબડધક્કે કરશે.

લબડવું, ક્રિ૦ અ૦ નીચે ભાર ન વળગાડ્યો હોય તેવી લામ્બી પાતળી વસ્તુએ ઉપરના આધારે લટકી હાલ્યાં કરવું.

લબડાવવું, ક્રિ૦ સ૦ લબડે તેમ કરવું.

લબતરૂં, વિ૦ કૌવત વગરનું; પાતળું; દુર્બલ.

લબાચિયો, વિ૦ ચીંદરિયો; ચીથરિયો.

લબાડ-ડી, વિ૦ જુઠું બોલવાની ટેવવાળું (માણસ).

લબાડી, સ્ત્રી૦ જુઠું બોલવું તે.

લબ્ધ, વિ૦ [સં૦] પ્રાપ્ત કરેલું; મેળવેલું.

લભ્ય, વિ૦ [સં૦] પ્રાપ્ત થાય-થઈ શકે તેવું.

લમણું, ન૦ ગાલની ઉપરનો ને માથાની નીચેનો જે અવયવ તે-જે, ખાધેલું ચાવતી વેળા હાલતું માલમ પડેછે તે.

લમ્પટ, વિ૦ [સં૦] બીજી કશીએ વાતની દરકાર ન રાખતાં ફક્ત સંસાર સુખ વિષયનેજ અતિસે ચાહનાર ને તેમાંજ મચ્યું રેનાર (માણસ). સ્ત્રી લમ્પટ, વિષય લમ્પટ ઇ૦.

લમ્બ, વિ૦ [સં૦] લામ્બું.

લમ્બ, પુ૦ [સં૦] ઓળમ્બો (કડિયાનો). ૨ દોરીએ બાંધેલું સીસાનું વજન (દરિયાનું પાણી માપવાને). ૩ જે ઉભી લીટી આડી લીટીપર પડીને કાટખુણો કરેછે તે (ભૂમિતિમાં).

લમ્બકર્ણ, પુ૦ [સં૦] ગધેડો. વિ૦ લામ્બા કાનનો (રાક્ષસ, હાથી, સસલા ઇ૦). [જે માપ તે.

લમ્બાઈ, સ્ત્રી૦ જેટલું લામ્બું તેટલું તે; લામ્બું-ભરેલું એવું

લમ્બાણ, ન૦ લામ્બું અન્તર. ૨ લમ્બાઈ. ૩ વિસ્તાર; લામ્બી વિગત.–તેની વાતમાં તો લમ્બાણ બહુ આવે.

લમ્બાવવું, ક્રિ૦ સ૦ લામ્બું કરવું; વધારવું.

લમ્બાવું, ક્રિ૦ અ૦ સુવું. (લામ્બાં પડીને). ૨ વધવું. ૩ ઘણા વખત સુધી ચાલવું.

લમ્બુસ, વિ૦ શિરસ્તાથી વધારે લામ્બું-ઊંચું (માણસ).

લમ્બોચાઈ, સ્ત્રી૦ સીધી ઊંચાઈ.

લમ્બોદર, પુ૦ [સં૦] ગણપતિ (મોટું ઉદર માટે).

લય, પુ૦ [સં૦] નાશ; સમુળું ઉપડી જવું તે. જગતનો લય; સમ્પત્તિનો લય, ઇ૦. ૨ એક તાર થવું તે; એકાગ્રચિત્તે એક વસ્તુમાં મન રમવું તે; લગન. ૩ બેભાન થઈ જવું તે; સમાઈ જવું તે. સ્ત્રી૦ સુર-અવાજ નિકળ્યા પછી તેનું ધીમે ધીમે ઓછું થઈ-મરી જવું તે; ઘટમાન થતા સ્વરની ધ્વની. ૨ (ગાયનમાં) વિરામ; માન.

લયાનત, સ્ત્રી૦ [અ૦] ભેરિયત; શરમ. ૨ માઠું-ભુંડું થાઓ એવી જે ઇચ્છા બતાવવી તે.

લલકાર, પુ૦ લલકારવું તે.

લલકારવું, ક્રિ૦ અ૦ જોરથી લામ્બો સાદ કાઢવો; બૂમ પાડવી. જોહો લલકારવો. ૨ મધુરો સ્વર લમ્બાવવો. રાગ લલકારવો. [આપવી.

લલચાવવું, ક્રિ૦ સ૦ લાલચમાં પડે તેમ કરવું; લાલચ

લલચાવું, ક્રિ૦ અ૦ લાલચમાં પડવું; લોભમાં ફસાવું. ૨ મોહિત થવું.

લલના, સ્ત્રી૦ [સં૦] પ્રેમરસ ભરી નાજુક સુન્દર સ્ત્રી.

લલાટ, ન૦ [સં૦] કપાળ. ૨ નસિબ. લલાટલેખ-રેષા.

લલિત, વિ૦ [સં૦] રસભરયું; કુમળું; નાજુક. ૨ મનોહર; સુન્દર. [ગાવાનો.

લલિત, પુ૦ [સં૦] એ નામનો રાગ-સવાર થતાં પેલાં

લલુતા, સ્ત્રી૦ કોઈ વસ્તુ મેળવવાની અતિસે જે ચાહના તે; તૃષ્ણા; લોભ.

લવ, પુ૦ અંશ; ભાગ. અ૦ લગાર; જરાક; થોડુંક; કંઈક.

લવઙ્ગ, ન૦ [સં૦] એક જાતનું ઝાડ અથવા એનું જે ફુલ તે–તેજાનામાંનું એક વસાણું. ૨ લવઙ્ગના આકારનું કાને ઘાલવાનું સુનાનું એક ઘરેણું. [ઘરેણું.

લવઙ્ગિયું, વિ૦ લવઙ્ગના જેવું નાનું (મરચું). ૨ કાનનું

લવણ, ન૦ [સં૦] મીઠું; લુણ; નિમક.

લવન્ત્રી, લવરી.

લવરી, સ્ત્રી૦ અતિસે બકબક કરવી તે; લવારો.

લવલવ, લવરી.

લવલવવું, ક્રિ૦ અ૦ બકવું; નિરર્થક બબડયા કરવું.

લવલવાટ, પુ૦ લવરી.

લવલેશ, અ૦ જરાક; કંઈક.

લવવું, ક્રિ૦ ઝાઝ વગર કારણનું ઘણું બોલ્યા કરવું. ૨ રોગના જોરાથી-કેફના જોરાથી ગમેતે ગમેતે સમ્બન્ધ વનાનું બોલ્યા કરવું.

લવાજમ, ન૦ [અ૦] મુદતે મુદતે આપવાનું નાણું તે (વેચાતું લિધેલાનું અથવા બક્ષીસ દાખલ). ૨ મુકરર કરેલી જે હકસાઈ તે; દસ્તુરી; ફી.

લવાદ, પુ૦ [અ૦] બેનો કજિયો પતાવવાને નિમેલા જે ત્રાહિત તે; પઞ્ચ; મધ્યસ્થ.

લવાદી, સ્ત્રી૦ લવાદનું કામ.

લવારી, સ્ત્રી૦ લવરી; બકવા.

લવારું, ન૦ ધાવણું બાળક. ૨ નાનું વાછરડું.

લવારો, પુ૦ લવરી; બકવા.

લવેઙ્ગ, લવઙ્ગ.

લવેઙ્ગિયું, લવઙ્ગિયું.

લશ્કર, ન૦ [ફા૦] લડાઈ કરનાર માણસોનો મોટો સમુદાય તે; સેના; ફોજ. ૨ જથો; ટોળું; ઝુમ્ડ-(વાણમાં કામ કરનારા ખલાસીઓનું, મજુરોનું વગેરે).

લશ્કરી, વિ૦ લશ્કર સમ્બન્ધી (માણસ, ખાતું, કામ વગેરે).

લસણ, ન૦ એક જાતનો કન્દ તથા છોડ-એ રસોઈના મસાલામાં ને ઓસડમાં વપરાયછે.

લસણિયું, વિ૦ લસણ ભેળવેલું હોય તેવું. ૨ માલ વનાનું.

લસણિયો, પુ૦ લસણની છેક નાની કળી જેટલા તપખિરિયા રઙ્ગનો કિમતી પથ્થર-મણી. [સાખ.

લસતું, વિ૦ શોભતું. ૨ નરમ; ઢીલું. ચાકર ઉપર લસતું

લસરકો, પુ૦ વસ્તુની સપાટીપર કોઈ વસ્તુનું લામ્બું ઘસાવું તે. બે લસરકા સુંઠ ઘસ.

લસરિયું, લાસરિયું.

લસલસતું, વિ૦ ધાડું, ચિકણું ને ચળકતું (લાડુ, ખીચડી વીગેરે). ૨ લીસું ને તેજ મારતું (સાડી વગેરે).

લસલસવું, ક્રિ૦ અ૦ લસલસતું હોવું-થવું.

લસવું, ક્રિ૦ અ૦ લપસવું; સરીજવું.

લહરી, સ્ત્રી૦ [સં૦] લ્હેર.

લહિયો, લૈયો.

લહી, લ્હાઈ.

લળકવું, ક્રિ૦ અ૦ ગતિવાળી સ્થિતિમાં કોઈ વસ્તુએ રઈ રઈને તેજ મારવું. 'મકરાકૃત કુણ્ડળ લળકે'. ૨ ઉમંગથી ડોલતું ડોલતું આવવું. 'પળી આવે ચુડાળો ને લળકે આવે ઢોર.'

લળવું, ક્રિ૦ અ૦ નીચું વળવું. ૨ ઉમળકામાં આવી જવું. પ્રેમે ઉભાવું. 'લળીલળી લાગું પાય.' ૩ સવાદ લાગવું-ભાવવું. (ખાવાનું).

લાંક, પુ૦ પાતળી વસ્તુનો વાંકો મરોડ. (કમર વગેરેનો).

લાંગ, સ્ત્રી૦ એક જાતનું કઠોળ-વટાણા જેવું પણ ચપટું.

લાંગક્લાથ, પુ૦ [અં૦] એક જાતનું સુતરાઉ કપડું જેના થાન આવેછે ને જેના અંગરખા વગેરે બનેછે તે.

લાંઘણ, સ્ત્રી૦ દહાડો રાત ભુખ્યાં રેવું તે; ઉપવાસ. (તેને ચાર લાંઘણ થઈ છે).

લાંઘણી, સ્ત્રી૦ લાકડાં-વાંસના બે ડંડુકા, દોરી-સાંકળથી જે જોડેલા ગાડીને આગલે ભાગે ઘરની પાછળ બાંધી ટાંગેલા હોય છે તે-ગાડીના આગલા ભાગને, ગાડીના પાછલા ભાગની બરોબર ઉંચો રાખવાને ગોઠવવામાં આવેછે. ગાડીની લાંઘણી ગોઠવ.

લાંઘણું, ન૦ દેણદાર પોતાનું દેવું અદાકરે ત્યાંસુધી તેને બારણે લેણદારે ભુખ્યાં બેસી રેવું તે. લાંઘણું ઘાલવું કેવાય છે.

લાંઘવું, ક્રિ૦ અ૦ ભુખ્યાં તરસ્યાં બેસી રેવું-ભોઠી રેવું.

લાંઘો, પુ૦ લાંઘણ; ઉપવાસ. ૨ લાંઘણું.

લાંચ, સ્ત્રી૦ કામ કાઢી લેવાસારૂ કોઈને જે છાનું આપવું અથવા કોઈએ જે કંઈ લેવું તે; રૂશ્વત. લાંચ આપવી-લેવી-ખવાડવી-ખાવી.

લાંચખાઉ-ખોર. લાંચિયું.

લાંચિયું, વિ૦ રુશ્વત ખાનાર; લાંચ લેનાર.

લાંછું, લાઞ્છન.

લાંજો-ઓ, પુ૦ વાંધો; હરકત; હેલ્સો; નડતર.

લાંઠ-ઠિયું, વિ૦ લુચ્ચું; બન્ડું; શઠ.

લાંઠાઈ, સ્ત્રી૦ લુચ્ચાઈ; બન્ધાઈ; શઠાઈ.

લાંણ, સ્ત્રી૦ લ્હાવો; ઓરિયો વિતવો તે.

લાંદો. લોદો.

લાંબટાંગિયો, વિ૦ શરીરના પ્રમાણ કરતાં જેના ટાંટિયા વધારે લામ્બા હોય તે (માણસ).

લાંબભાત, ન૦ ગયા વરસના જૂના રેલા ભાત-ડાંગેરના છોડા; ખડપો.

લાંબિટુંકી, સ્ત્રી૦ વિવેક-હદની બ્હાર જઈ બોલવું તે; ગાળાગાળની વાત.

લાંબીનજર, સ્ત્રી૦ દૂર પોંચે તેવી નજર. ૨ બનવાની વાતનો આગળથી જે વિચાર થાય તે.

લાંબી, સ્ત્રી૦ સપેતામાં ફેરવેલ લાખી તેને કુટી મસળી કરેલો જે પદાર્થ તે. બારી બારણામાં કાચ બેસાડતી વેળા કામમાં આવે છે.

લાંબું, લામ્બું.

લાંભુ, ન૦ બાગિવાલ્યોના બાગ ફેંકવાસારૂ જે ચિઠ્ઠી મુકવામાં આવે છે તે.

લાઈ, સ્ત્રી૦ ઘઉંના લોટમાં પાણી રેડી ઉકાળેથી ઘાડો થયેલો એવો જે ચિકણો પદાર્થ તે.

લાઇલાજ, વિ૦ ઇલાજ વગરનું; નિરુપાય.

લાઈ[illegible], ન૦ [illegible].

લાએક, લાયક.

લાકડ, વિ૦ લાકડાનું બનાવેલું. લાકડ કામ.

લાકડકુકડ, ન૦ લાકડાંના કકડાનો કામડાંનો વગેરેનો પરચુટણ સામાન. [કકડા તે.

લાકડાં, ન૦ લાકડું. ૨ બાળવાને માટે લાકડાંના જે

લાકડી, સ્ત્રી૦ લાકડાંનો પાતળો લાંબો ઘાટ જે હાથમાં લઈ મારવાના કામમાં શોખમાં ને હાથમાં રાખવામાં આવે છે તે. એ વાંસની પણ હોય છે. લાકડી કરવી એટલે આંગળી કરવી; ઉસકેરવું.

લાકડું, ન૦ પાતરાં વગરનું કાપેલું ઝાડ અથવા તેનો કોઈપણ કકડો—લાંબો, ટુંકો, જાડો, પાતળો. ઝાડના નામ ઉપરથી તેના લાકડાંનાં નામ પાડ્યાં હોય છે. સાગના લાકડાં ઈમારત બાંધવાના કામમાં, બાવળ-ખેર વગેરેના બાળવાના કામમાં, સીસમ-સુકેડ નકસીના કામમાં આવે છે. લાકડે માકડું વળગાડવું એટલે બેંજણ વચ્ચે તકરાર-ભાંજગડ થાય તેવું કરાવવું. લાકડું ઘાલવું-પેસાડવું એટલે કોઈ ચાલતાં કામની વચમાં પોતાનું કામ કરાવવું; કોઈને ત્યાં પોતાના ફાયદા શોધવાની તજવીજ રજુ કરવી અથવા ફાયદો થાય તેવું કરાવી લેવું; વચમાં હરકત કરવી.

લાક્ષણિક, વિ૦ [સં૦] લક્ષણા સમ્બન્ધી. ૨ મૂળ શબ્દાર્થ ઉપરથી અલંકાર રૂપે જે અર્થ થતો હોય તેવું. ૩ લક્ષણ સમ્બન્ધી. ૪ સાંકેતિક; સંકેતવાળું.

લાક્ષા, સ્ત્રી૦ [સં૦] લાખ.

લાખ, સ્ત્રી૦ [લાક્ષા] પિપળા બોરડીવગેરે ઉપર થતો એક જાતનો રતાસ પડતો ચીક જે રફગવાના, પોલાં ઘરેણામાં ભરવાનાં, કાગળ ઉપર છાપ મારવાના વગેરેના કામમાં આવેછે. ૨ એક જાતનો જીવડો અથવા તેને સુકવી તેમાંથી બનાવેલો રાતો રફગ. એ જીવડો બાબરના ઝાડપર વિશેષ થાય છે. કેટલીએક સાંઈની અન્દર લાખની ભેળવણી આવેછે. ઘણા પ્રાચીન કાળમાં સ્ત્રીઓ લાક્ષારસથી પોતાના હાથ પગ રફગતી, જેમ હાલની મેંદીથી રંગે છે તેમ.

લાખ, વિ૦ [લક્ષ] સો હજાર. લાખ રુપિયાનું માણસ એટલે ઘણુંજ પ્રમાણિક ને ભલું; લાખ રૂપિયાની વાત એટલે ઘણોજ ફાયદો કરે તેવી અગતની.

લાખણસાઈ-સી, વિ૦ ચણાના લોટની કળી પાડી ખાંડી તેનો ભૂકો કરી તેમાં ચાસણી પાઈ વાળેલા (લાડુ).

લાખવું, નાખવું.

લાખાગેહ, ન૦ [લાક્ષાગૃહ] લાખનું બનાવેલું ઘર.

લાખિયું, ન૦ લાખનું બનાવેલું કડું બૈરાંને હાથે ઘાલવાનું ચુડીની આગળ. વિ૦ લાખવાળું-નું.

લાખીવણજારો, વિ૦ લાખ બળદ-પોઠ રાખનારો વણજારો. લાખોવણજારો પણ કેવાય છે.

લાખું, ન૦ શરીરના એકાદ ભાગ ઉપર જન્મથી લાખ-ના રંગનું જે ચાઠું હોય તે; લઝ્ઝુલ.

લાખેણું, વિ૦ પ્રતિષ્ઠિત; આબરૂદાર; પ્રમાણિક ને ભલું; લાખ રૂપિયાનું.

લાખેલેખ્ખાં, ન૦ લાખો રૂપિયાના બે નામ ઉધાર તે; લાખો રૂપિઆની જે ગણતરી તે; અગણિતપણું. ભાઈ તાં તો લાખેલેખ્ખાં છે, સો પાયલીના શા હિસાબ લાગવાના છે?

લાખોટો, પુ૦ બિડેલો કાગળ; ઉપર લાખનો સિક્કો મારેલો હોય તે કાગળ.

લાગ, પુ૦ ધારેલું પાર પડે તેવી જે જોગવાઈ-જુક્તિ તે; દાવ. લાગમાં આવવું.

લાગટ, અ૦ સાથે; સમ્બન્ધમાં; જારીજ.

લાગતુંવળગતું, ન૦ સમ્બન્ધ રાખતુ હોય તેવું કંઈ. તેમાં કંઈ તેને લાગતું વળગતું નથી.

લાગભાગ, પુ૦ સમ્બન્ધથી જે હક ને હીસ્સો તે; સમ્બન્ધીઓમાં પરસ્પર જે વેચણી વાટણી તે. [તેજવેળા.

લાગલગટ-લાગટ, અ૦ સમ્બન્ધમાં સાથેજ. ૨ તરતજ;

લાગલું, અ૦ તરતજ; તેજવેળા.

લાગવું, ક્રિ૦ અ૦ એકાદી વસ્તુને કોઈએ અથડાવું અથવા અડકવું-તેણે ચોપડી છુટી મારી તે ટેબલને લાગી; મારા હાથને તેનો પગ લાગ્યો. ૨ જણાવું; મનમાં છાપ પડવી; અસર થવી (વસ્તુ શબ્દાર્થની અથવા તેના ગુણ-ભાવની)-તેના પગ તળે કંઈ ચંપાયું તે તેને કાનખજુરો લાગ્યો, ડાહેણ જેવી લાગે છે, તારી સોટી વાંસાપર જબ્બર લાગી છે, સુન્દર લાગે છે (શબ્દ-સ્પર્શ-રૂપ રસ-ગન્ધ); અચરજ લાગવો, ડર લાગવો, શરમ લાગવી, દુખ-સુખ લાગવું. તેના દિલમાં ઘણું લાગ્યું છે ઈ૦. ૩ બાર નિકળીને વળગી રેવું-હેળે હેળાં લાગ્યાં, આંબે મોર લાગ્યા, ચંપેલીને ફૂલ લાગતાં બહુ રાડા થયા. ૪ ઈચ્છા-હાજત થવી, તરસ-ભૂખ લાગવી. ૫ પુષ્કળ-બહુ થવું; જારી રેવું-પિશાબ લાગ્યો છે (એનો અર્થ બીજો આઠે પિશાબ કરવાની હાજત થઈ છે), ઝાડો લાગ્યો છે. ૬ શરૂ કરીને જારી રેવું-રડવાલાગી, ખાવાલાગી, ગાવાલાગી. ૭ બળવું; સળગવું (ઘરલાગ્યું), લાય લાગી એટલે મોટો ભડકો થવો અથવા મોટાં ભડકાથી દુખ થવું. ૮ વાગવું-તેને છુરી વાગી છે. ૯ ઉપર વળગી ચોંટી રેવું-તેલીયા કાગળ ઉપર સાઈ લાગતી નથી, તે કામમાં ચિત્ત લાગતું નથી. રંગ લાગવો એટલે રંગ મચવો અથવા પુરા થવું. ૧૦ ખરચ થવો. તે કામ કરતાં મને પચ્ચિસ રૂપિયા લાગ્યા. ૧૧ જડવું; મળવું. જુઓ હાથ લાગતો નથી. ૧૨ સમ્બન્ધી થવું; સગું હોવું-તે તેના મામા લાગે છે. ૧૩ જોરમાં આવીને અડકી ઘા કરવો-તીર લાગવું. ૧૪ ભાસ થવો; દેખાવું; દીસવું; જણાવું. મને લાગે છે કે તે કામમાં [illegible] મળશે. ૧૫ લાગુ થવું-ભારે વળગવું-તે ને [illegible]. ૧૬ અનુકુળ-બેસતું આવવું (વસ્તુમાં).-ગુમખાનાંમાં કોઈ પણ કુંચી તે કુળને લાગતી નથી. ૧૭ ઘા, જખમ થવું.-ડંખ લાગ્યો. ૧૮ પછવાડે થવું; સાથે વળગી રેવું-તે તેની પુઠે લાગ્યો છે; ડાઘ લાગવો; મંદવાડ લાગવો, તે પેલીને લાગ્યો છે, મેર આવતાં વરસાદ લાગ્યો. ૧૯ મળતું આવવું; સમ્બન્ધ હોવો-તે ગુનાહને ફલાણી કલમ લાગે છે. ૨૦ નડવું; હેરાન કરતું થવું-ઉજાગરો લાગ્યો છે. પગે લાગવું એટલે પગને માથું અડકાડવું. કામે લાગવું એટલે કામને અનુકૂળ આવવું; ઉપયોગી થવું. એમાં શું તુને એટલું બધું લાગી ગયું? એટલે દીલને માઠી અસર થવી-ચટકો લાગવો.

લાગું, ન૦ લાગો.

લાગુ, વિ૦ લાગેલું; સમ્બન્ધ હોય તેવું. લાગુ થવું-પડવું એટલે કોઈની પછવાડે લાગવું; સામેલ થવું. ૨ અસર થવી. (આ ઓસડ તેને લાગુ પડયું). ૩ મળતું-સમ્બન્ધમાં આવવું-તે વાત તેને લાગુ પડેછે. લાગુ રેવું એટલે વળગી રેવું. ૪ બેસતું- અનુકુળ આવવું. (કુંચી લાગુ પડતી નથી). ૫ નિશાન સધાવું (તીરલાગુ થયું).

લાંગેલું, વિ૦ શરીર વાગેલું. ૨ ઈશ્કથી પુરુષ સ્ત્રીને અથવા સ્ત્રી પુરુષને વળગી રેલું હોય તે (જન).

લાગો, પુ૦ હક. ૨ સમ્બન્ધ; લાગતું વળગતું.

લાચાર, વિ૦ [ફા૦] અશક્ત; નિરુપાય; નિરાશ. ૨ ગરીબ; પામર; રાંક; દીન.

લાચારી, સ્ત્રી૦ નિરાશીપણું; અશક્તતા. ૨ ગરીબાઈ; દીનતા; કંગાલિયત.

લાછ, લક્ષ્મી.

લાછાં, ન૦ અજીરણ-મારથીના ઉપાયમાં, હાથની હથેલીમાં ને પગને તળિયે, લીંબડાના પાતરાંથી ઝુડી, બરમ-તપાવેલા તપેલા ઝડપથી ફેરવવામાં આવેછે

લાછો, પુ૦ હીરની જે મોટી આંટી તે. [તે.

લાજ, સ્ત્રી૦ [લજ્જા] શરમ; સ્વભાવથી જે સંકોચ તે; શરમાળપણું. ૨ અદબ; મર્યાદા. ૩ બૈરાંઓ પોતાના મોટેરાંની અદબ રાખવામાં માથાનો છેડો મોઢાપર ખેંચેછે તે-લાજ કાડવી કેવાય છે ઘુમટો તાણવો. ૪ આબરૂ; ટેક; માન. 'જેણે મુકી લાજ તેને નાનું સરખું રાજ.' લાજ લાગવી-આવવી-રાખવી કેવાય છે.

લાજમ, વિ૦ [અ૦] લાયક; ઘટતું; યોગ્ય.

લાજલજામણી, લજામણી.

લાજવું, ક્રિ૦ અ૦ શરમાવું. વિવેકમાં સંકોચાવું. ૨ અદબ રાખવી. ૩ માન-ટેક જવાનો ડર રાખવો.

લાજાં, ન૦ [સં૦ લાજા] સેકેલું ભાત જે [illegible] વામાં આવે છે તે. ૨ ભાતની ધાણી.

લાજમણી, લજામણી.

લાજાળુ, વિ૰ શરમાળ.

લાજાળુ, પુ૰ લજામણીનો છોડ.

લાઞ્છન, ન૰ [સં૰] ચિન્હ; નિશાની (શરીર ઉપર જન્મથી હોય તે). ૨ ચન્દ્રમાના બિમ્બમાં જે ચિન્હ (હરણનું) દેખાય છે તે; મૃગલાઞ્છન. ૩ ડાઘ; બટ્ટો; કલંક.

લાટ, પુ૰ સુરત અઠ્ઠાવીસીમાંનો કેટલોક પ્રદેશ પ્રાચીન કાળમાં લાટ દેશ કહેવાતો. ૨ [અં૰] સોદામાં મુકરર કરેલા નમ્બર તે–તેમાંનો એક. [ક્રિ૰ તે.

લાટ-ઠ, સ્ત્રી૰ કપાસ પિલવાના ચરખાની ધરી જેમાં પૈડું ઘાલેલું હોય છે ને જેની વચમાં કપાસ ઘાલવામાં આવે

લાટાનુપ્રાસ, પુ૰ [સં૰] એક રીતનો શબ્દાલંકાર. વાક્યમાં તેનોતેજ અક્ષર–શબ્દની તેજ અથવા જુદા અર્થમાં જે પુનરુક્તિ થાય તે; વર્ણસગાઈ; યમક.

લાડ, ન૰ પ્રીતિના ઉભરામાં કુમળી વાણીથી બોલાવવું. તજવીજથી ખવાડવું પિવાડવું અને ઘણીક રીતે રમાડવું તે; રાજી રાખવું તે–(બાળકને સ્ત્રીને વગેરેને); હેત; વ્હાલ. ૨ ખુસી રાખવાનાં સાધન–સામગ્રી. લાડ લાડવા–લડાવવાં કહેવાયછે.(લડ ધાતુ ઉપરથી લાડયતિ.)

લાડ, વિ૰ [લાટ દેશ ઉપરથી] વાણિયાની એક જાત છે.

લાડકડું, લાડકું, શબ્દ જોવો. લાડકવાયું પણ કહેવાય છે.

લાડકાલાડુ, પુ૰ જનોઈ–લગન વગેરેમાં સગાં વ્હાલાંની તરફથી જે ઘસોટિયો લાડુ અથવા બરફી અથવા એ નિમિત્તનું નાણું વર–કન્યાને ભેટ આપવામાં આવેછે તે.

લાડકું, વિ૰ જેને ઘણાં લાડ લડાવવામાં આવતાં હોય–જે લાડમાં ઉછરેલું હોય તે (બાળક, સ્ત્રી વગેરે); વ્હાલું ને રમાડવા જેવું. ૨ લાડમાં ભોળવેલું–કરેલું; કાલું કાલું. ૩ અતીશે લાડથી બગડી ગયલું.

લાડલી, સ્ત્રી૰ લાડલી–લાડમાં ઉછરેલી સ્ત્રી. "આંખ ભરી મા અલબેલડા રે, લાડલી લાવું."

લાડવાયું, લાડકું.

લાડવું, ક્રિ૰ અ૰ વ્હાલમાં રમવું; લાડ કરવું. ૨ વ્હાલ કરીને સેજસાજ રિસાવું હા ના કરવી; માન ધરવું.

લાડવો, લાડુ.

લાડાલાડ, સ્ત્રી૰ (બીજા અર્થમાં) લાડવું તે.

લાડી, સ્ત્રી૰ લાડલી. ૨ નવી સ્ત્રી. ૩ છોકરી.

લાડિલો–ડીલો, પુ૰ લાડલો–લાડમાં ઉછરેલો છોકરો–પુરુષ.

લાડુ, પુ૰ [લડ્ડુ] લોટમાં ગોળ–ખાંડ ઘી નાખી બનાવેલો ખાવાનો ગોળ પદાર્થ. એ ઘણી જાતના થાય છે. ૨ (લાક્ષણિક) ફાયદો; લાભ. તેમાં શું લાડુ ખાવાનો છે? 'લાડુ ખાવાનું મન નથી' એટલે સેજસાજ કંઈ લાભ જેવું નથી પણ ભારે કામ છે. ૩ કાંબળી ઉપર ભીનાશી–હીરનો જે ગોળ આકાર તે.

લાડુઓ, લાડુ.

લાડેક્વાયું, લાડકું.

લાડો, લાડલો. ૨ નાના પ્રકારનાં સંસારી સુખ ભોગવનારો પુરુષ–'એના લાડ હાથ હાથ.'

લાણી, સ્ત્રી૰ કાપણી (ખેતરની).

લાણી, સ્ત્રી૰ ઘણાં જણને લાવલા–વેંચેલી એકજ જાતની જે વસ્તુ તે (થાળી, રકાબી વગેરેની લાણી).

લાણું, ન૰ લાવું તે. ૨ લાયકનું તે.

લાત, સ્ત્રી૰ મારવાને પાછલો પગ ઉંચકવો–ઉચ્છાળવો તે. લાત ઉગામવી–મારવી–ખાવી. 'ગાંડી ગુજરાત, આગુસે લાત પીછેસે બાત.'

લાતી, સ્ત્રી૰ બન્દર ઉપર વ્હાણમાંથી ઉતર્યા પછી તરત જ્યાં માલ પડે તે ખુલ્લું ઠેકાણું–વખાર તે.

લાદ, સ્ત્રી૰ હાથી–ઘોડા–ગધેડાંનું જે અઘેલું તે.

લાદવું, ક્રિ૰ સ૰ એક તરફનો આગલો પાછલો પગ થોડાક અન્તર રાખી બેથી બાંધેલો હોય તેવી હાલતમાં ઘોડાં–ગધેડાંને આણવું. ૨ ઊંટ ખચ્ચર ગધેડાં બળદ ઉપર ભાર–બોજ બાંધવો–ગોઠવવો–મુકવો.

લાદી, સ્ત્રી૰ જે પથ્થર, પાસેપાસે બેસાડી બનાવેલી સપાટ જમીન તે; ફરસબન્ધીને માટે જે પથ્થર તે. ૨ ફરસબન્ધી.

લાધવું, ક્રિ૰ સ૰ લાદવું (૨ જા અર્થમાં).

લાધવું, ક્રિ૰ અ૰ તરતાં વ્હાણે થોડાં પાણીમાં જમીન સાથે લાગવું–અડકવું; અટકવું; થોભવું. ૨ પ્રાપ્ત થવું; હાથ લાગવું; જડવું; પાવું.

લાનત, લયાનત.

લાપન, ન૰ [સં૰] અઘરી ગોઠવણવાળું વાક્ય, રચનાનો પદચ્છેદ કરી સમજવું; અર્થજ્ઞાન કરવું તે.

લાપસી, સ્ત્રી૰ કનસાર. ૨ ઝીણા લોટનો કનસાર. ૩ ઘઉંના ત્રણ કકડા થાય એવા ભરડીને શીરાની પેઠે બનાવેલો મસાલાદાર જે પદાર્થ તે. ત્રણધારી લાપસી.

લાફાલાફ,સ્ત્રી૰ફુલાસ–મોટાઈમાં ઘણું ખરચવું–ઉડાવવું તે

લાફો, પુ૰ બારી બારણાં બન્ધ રાખવાને જે આડો લાકડાંનો કકડો તે. ૨ નીચે જડી ઉભાં કરેલાં થાંભલાંને ઉપરથી આધાર મળતાં સુધી તેને થોડી વાર જે સાકટી લગાડી બાંધી મારેલા તે; ગોધ.

લાબડી, લાવરી.

લાબડું, વિ૰ કુમળું.

લાબસી, લાપસી.

લાબું, ન૰ કુંવારનું પાતરું.

લાભ, પું૰ [સં૰] ફાયદો; નફો; પ્રાપ્તિ. ધર્મલાભ! એટલે ધર્મનો અથવા ધર્મેકરી લાભ થાઓ! ૨ વેચનાર પોતાના માલનું માપ ભરતાં જે વેલું માપ ભરે છે તે. એક કહેવાને બદલે લાભ કહેછે.

લાભકારી, વિ૦ [સં૦] લાભ કરે તેવું.

લાભાલાભ, પુ૦ લાભ ને અલાભ; નફો નુકસાન. ૨ આમ તેમ મૂલવું તે. ૩ લાફાલાફ.

લાભોજિલાભ, વિ૦ તોલની જેટલી ધારણ થાય તેમાંની જે પેલી પ્રારંભની તે. લાભોજીલાભ ન કરીશ એટલે જેથી પેલી ધારણ મોટે મને ભરી તેમ ન ભરતો.

લામણદીવો, પુ૦ લોડાંની ચોપોને આરી અવળી જડી તેમાં એક દિવાને માટે ચાકું રાખી બનાવેલો ઘાટ જેમાં ઘીનો કાકડો સળગાવવામાં આવે છે. લગનમાં રાત્રે વરઘોડા વગેરેમાં વરની મા એ દીવાને હાથમાં લબડતો રાખી બીજાં બૈરાંઓની આગળ ચાલે છે; નામણદીવો.

લામ્બું, વિ૦ [લમ્બ] સીધી લીટીમાં–તેજ દિશામાં વધારે ખેંચેલું–વધારેલું હોય તેવું; સ્થળ–સમયમાં ઘણું અન્તર–છેટું હોય તેવું; મોટું; ઘણું. લામ્બીજગા, લામ્બી દોરી, લાંબો વાંસ, લાંબા ગાઉ, લાંબું ઘર, લાંબા દાડા, ઇ૦ (ટુંકાંનું ઉલટું). ૨ પોળાઇના સમ્બન્ધમાં જેટલું જે વધારે તેટલું તે–ઉત્તર દક્ષણ લામ્બું ને પુરવ પશ્ચિમ પોળું અથવા ઉલટું. ૩ પોળાઇના સમ્બન્ધમાં જે લમ્બાઇ તેનું માપ બતાવે છે–ચાર ગજ લામ્બું. ૪ શિરસ્તાથી વધારે ઊંચું. આ માણસ લાંબો છે, એનું કદ લામ્બું છે (ટુંકાંનું ઉલટું). ૫ વિસ્તારવાળું; મોટું–લાંબું કુટુંબ. લામ્બો ગ્રન્થ, લામ્બી વાત. અ૦ લામ્બું હોય તેમ; આઘે; દૂર. મોત બહુ લામ્બું છે શું કરવા ગભરાય છે. લામ્બાં થવું એટલે સુવું. ૨ ઊંચેનું લેવાને પગના આંગળાં ઉપર ઉભું થઇ હાથ ઊંચા કરવા. ૩ વેપારમાં ઘણી ખોટ આવવી (લામ્બા થઇ જવું પણ કેવાય છે). લામ્બા થઇગયા–મરીગયા. લામ્બાં પડવું એટલે સુવું. લાંમ્બું કાડવું એટલે ઘણા દાડા જીવવું. ૨ ઘણા દાડા ખોટી રાખવું. ૩ લાંબો તાર કાડવો (કરોળિયાએ).

લાય, સ્ત્રી૦ તાપનો ભડકો; અગ્નિની મોટી આંચ. ૨ ભુખથી–મનના દરદથી પેટમાં જે ઉનુંઉનું થઇ આવવું તે; બળતરા. ૩ એક જાતનું રેશમી કપડું.

લાયક, વિ૦ [ફા૦] યોગ્ય; પાત્ર; શક્તિમાન; ગુણવાન્ (માણસ). ૨ યોગ્ય; ઘટિત; ઘટારત; જેવું જોઇએ તેવું; અનુકૂળ (કામ, જગા, વખત, બોલ).

લાયકી, સ્ત્રી૦ [ફા૦] યોગ્યતા; શક્તિ; ગુણ; ઘટિતપણું.

લાયરી, સ્ત્રી૦ [અં૦] કાયદાની વાકફગારીની પતરાજ–બડાઇ.

લાર, સ્ત્રી૦ હાર. ધાર–લીટીના જેવી સીધી. માણસ, ગાડી વગેરેની લાર ચાલી.

લારી, સ્ત્રી૦ પછવાડેથી ધકેલીને હાંકવાની એક જાતની ખુલ્લી ગાડી (રેલની સડક ઉપરની).

લારું, ન૦ ઝાંખરું. 'મનથી મુકીદેજેરે માયાનું લારું.'

લારે, અ૦ પછવાડે.

લારો, ધગધગતો અંગારો.

લાલ, પુ૦ છેલ; ફાંકડો પુરુષ; રસિયો; ઇશકી; બાંકો. ૨ રાતા રંગનો પક્ષી.

લાલ, વિ૦ [ફા૦] રાતા રંગનું. સ્ત્રી૦ માણેક; રાતો મણી.

લાલચ, સ્ત્રી૦ લલચાવું તે; લોભ મોહમાં પડવું તે. ૨ લોભાવાને–મોહમાં નાખવાને જે કંઇ કયલું–બતાવેલું–આપેલું તે; લાંચ.

લાલચટક–ટૂક, વિ૦ તેજ મારતું રાતું; કસુમ્બા જેવું રાતું. લાલચોળ પણ કેવાયછે.

લાલચુ, વિ૦ લાલચ–લોભ–લલુતા રાખનાર.

લાલજી, પુ૦ કૃષ્ણના બાળ સ્વરૂપની–ઘુંટણિયાં તાણતી વેળાના સ્વરૂપની ધાતુની મૂર્તિ.

લાલન, ન૦ [સં૦] લડાવવું–હુલરાવવું તે.

લાલમલાલ, વિ૦ લાલ રંગનું. ૨ આંખ–જીવને ખુશ કરે તેવું. ૩ ફાંકડું. [લોભ.

લાલસા, સ્ત્રી૦ [સં૦] આતુરતા; ઇચ્છા. ૨ તૃષ્ણા;

લાલા, પુ૦ ગુલ્લાલા. ૨ લાલાઇવાળો–રંગી–ફક્કડ પુરુષ.

લાલાઇ, સ્ત્રી૦ છેલાઇ; ફક્કડાઇ; બાંકાઇ; રંગીલપણું.

લાલાજી, પુ૦ લાલાઇવાળો પુરુષ; ખુશમિજાજી; તબિયતી.

લાલિત્ય, ન૦ [સં૦] બાષણ–કાવ્યમાં પદ–શબ્દ રચના સમ્બન્ધી જે કુમળું સૌન્દર્ય તે.

લાલી, સ્ત્રી૦ તનંદુરસ્તીને લિધે શરીર ઉપર, વિસેષે ગાલપર જે તેજી મારવી તે; લાલસુરખી.

લાવ, લાવો.

લાવણતા–ઇ, લાવણ્ય.

લાવણી, સ્ત્રી૦ [હિં૦] એક રીતની કવિતા રચના. [ત્રક.

લાવણીપત્રક, ન૦ ચાલતા સાલના આસામીવાર દેણાનું પ-

લાવણ્ય, ન૦ [સં૦] સરળતાનું સૌંદર્ય; છુટાવાળી દોડ; સફાઇ. (બાષણ લખાણ વગેરેની).

લાવરી, સ્ત્રી૦ એક જાતનું પક્ષી. એ બાથાંમાં–ઘાસ વગેરેના ઝુમખાંમાં રેછે.

લાવલશ્કર, લાઉ લશ્કર.

લાવવું, ક્રિ૦ સ૦ પાસે આવે તેમ કરવું; આણવું. લાવી મુકવું એટલે બન્ધ ન બેસતું હોય તેને બન્ધ બેસાડવું–ઠેકાણાસર આણવું.

લાવું, ક્રિ૦ સ૦ રૂડે પગરણે–પ્રસંગે પોતાના વર્ગ–મણ્ડળના સર્વે જણને એકજ જાત–કિંમતની વસ્તુની ભેટ કરવી; ખુશાલીમાં સૌને સરખું બક્ષીસ આપવું. ન્યાતમાં થાળી લાઇ, ગરબામાં ઘુંઘરા લાવ્યા ઇ૦.

લાવો, પુ૦ [લાભ] ઇચ્છેલાં કોડ–સુખ–આનન્દનો જે ભોગવટો તે; અવસર; અવારિયો. લાવો લેવો કેવાયછે.

લાસ, સ્ત્રી૦ મુડદું; શબ.

લાસ, વિ૦ [અં૦] છેલ્લું (વર્ગમાં). ૨ નુકસાનીમાં આવી ગયલું–તે વાણ–તોફાનથી લાસ થયું.

લાસરિયું, વિ૰ વિસરભોળું; કામ ઠેકાણાં વનાનું; રસળાટવાળું (માણસ-કામ).

લાહ, લાય.

લાહ્લવું, લાવું.

લાહ્લળો. લાળો.

લાહી, લાઈ.

લાહે-ય. લાય.

લાહેરી, લાયરી. [ગળવી કેવાય છે.

લાળ, સ્ત્રી૰ મોડાંમાંથી નિકળતો ચિકણો પ્રવાહી. લાળ

લાળિયું, વિ૰ ઘણી લાળ પડતી હોય તેવું (છોકરું).

લાળી, સ્ત્રી૰ કાનનો નીચલો લબડતો ભાગ જેમાં વે પાડવામાં આવેછે તે. ૨ ઘણ્ટા-ઘણ્ટડીનું લોલક.

લાળો, પુ૰ ધગધગતા દેવતાનો અંગારો.

લિંડી, લીંડી.

લિંબડો, પુ૰ [નિમ્બ] એક જાતનું ઝાડ-એના પાતરાં ફળ કડવાં હોયછે. કોઈ લિંબડા મીઠા હોય છે ને તેનાં પાતરાં કડીમાં નાખવામાં આવેછે તે કડિયોલીંબ.

લિંબુ, લીંબુ.

લિંબોણ-બોઈ, સ્ત્રી૰ લીંબુનું ઝાડ.

લિંબોડી-ળી, સ્ત્રી૰ લિંબડાનું ફળ.

લિખિયું, ન૰ લીખ કાડવાની ઝીણા દાંતાની કાંસકી.

લિઙ્ગ, ન૰ [સં૰] ચિન્હ; નિશાની. ૨ (વ્યાકરણમાં) પુરુષ-સ્ત્રી એ જાતિભેદ દર્શક સંજ્ઞાને. પુલ્લિઙ્ગ, સ્ત્રીલિઙ્ગ ને નપુંસકલિઙ્ગ. ૩ મહાદેવની પિણ્ડી-બાણ. ૪ સૂક્ષ્મપણું; અલ્પ દેહત્વ. પુ૰ પુરુષ-નરજાતિની જે ઈન્દ્રી તે.

લિઙ્ગદેહ, સ્ત્રી૰ [સં૰] દશ ઈન્દ્રી, પાંચ પ્રાણ, મન ને બુદ્ધિ, એ સત્તર તત્વની એકઠી કહેલી એવી જીવની જે દેહ તે; જીવાત્માનું સૂક્ષ્મ શરીર તે; આ જડ શરીરમાંથી નિકળ્યા પછી જ્યાં જીવ રેછે તે શરીર.

લિઙ્ગાયત્તી, વિ૰ કોટમાં શિવલિઙ્ગ રાખનાર લોકની જાતિ છે-દક્ષણમાં.

લિટિયું, વિ૰ જેને વારે વારે નાકમાંથી લીટ આવ્યા કરતું હોય તેવું; લીટથી ખરડાયલું.

લિધરો, વિ૰ લબાચિયો; ચિથરિયો.

લિપણ, ન૰ લિપવું-લિપેલું તે. ૨ લિપવાની રીત.

લિપવું, ક્રિ૰ સ૰ મટોડાંની ભાંય ઉપર છાણમાટીની ગાર ફેરવવી-લગાડવી. ૨ કોઈપણ પ્રવાહી-ઘાડી વસ્તુ, કોઈપણ સપાટી ઉપર પસરે-પથરાઈજાય તેમ કરવું. ૩ લિપીને બગાડી નાખવું.

લિપિ, સ્ત્રી૰ [સં૰] ભાષામાં બોલાતા વર્ણને તેની વતીના જે ચિન્હો નક્કી કરી રાખવામાં આવેલાં તેની પંક્તિ અથવા તે માંડવાની રીતી. લિપિધારા એટલે લિપિ કરીને લિપિનું જ્ઞાન થવાસારુ જે પોથી તે.

લિમડી, સ્ત્રી૰ લિંબડાની એક જાત.

લિમડો, લિંબડો.

લિમોચ્છવ, પુ૰ ચૈતર સુદ પડવો-એ શાલીવાહન શકના નવાં વરસને દાડે લિંબડાનો રસ પીવાનું મહાત્મ મનાયછે.-દક્ષણીયોની રીતછે પણ કેટલાંક ગુજરાતી બ્રાહ્મણો પણ તે પાળેછે.

લિમ્બુ, લિંબુ.

લિલઝામું, લિલામું.

લિલમ, ન૰ લિલા રંગનો કિમતી પથ્થર.

લિલવટ, ન૰ કપાળ.

લિલવા, પુ૰ વાલ પાપડીમાંના દાણા.

લિલવેણ, સ્ત્રી૰ એક જાતનું ઘાસ જેની સળીની ટોપલી કંડિયા બનેછે.

લિલવો, પુ૰ સ્ત્રીની ગુહ્યેંદ્રિની વચમાં જરા ઉપરથી ચામડીનો જે બાર જણાતો લબ્ય ગોળ ભાગતે; ટણિયો-ટણો.

લિલાંપાણી, સ્ત્રી૰ ભાંગનું પાણી.

લિલાણ, ન૰ લીલીચાર ઉગેલી હોય તેવું જે મોટું ખેતર-મેદાન તે; લીલોતરીની જગો.

લિલામ. ન૰ હરાજી; ઉછામણી તે.

લિલામું, ન૰ લીલું ચાઠું-ચામઠું (માર પડવાથી).

લિલાલ્હેર, સ્ત્રી૰ સુખ કરતું એવું જે ભરપૂરપણું તે; પુષ્કળ સમૃદ્ધિ. વરસાદથી લિલાલ્હેર થઈ રહી, તેને ઘેર તો લિલાલ્હેર છે. [ચડવું.

લિલીઘોડી, સ્ત્રી૰ પિવાની-પિધેલીભાંગ. લિલી ઘોડીપર

લિલીચાહ-હે, સ્ત્રી૰ એક જાતનો છોડ-એનાં પાંતરાં લામ્બા ને ગોળાં થાયછે. એનો બાફ લેવામાં આવેછે ને પિવાની ચાહાસાથે મેળવવામાં આવેછે. ૨ પીવાની ચાહની એક જાત.

લિલુંછમ, વિ૰ ઘણુંજ લીલું.

લિલુંસુકું, વિ૰ લિલી-કુમળી કે સુકી-કઠણ વસ્તુ. (મારવાની). ૨ સારૂં માઠું થવાનું તે. તે લિલાં સુકાંનો કંઈ વિચાર કરયા વના ઝોકાવ્યો જાયછે.

લિલોકાળ, પુ૰ અનર્ગળ વરસાદ પડવેથી ખેતરમાં ધાન પાકતું કોહી જાય તે કાળ.

લિલોતરી, સ્ત્રી૰ જમીન ઉપર લીલાં ઝાડ ઘાસ વગેરેની જે લીલી રચના તે.

લિલોમેવો, પુ૰ લીલી દરાખ, જમરૂખ, અનેનાસ, કેળાં, કમરખ, અંજીર વગેરેને એ શબ્દ લાગે છે. (સુકામેવામાં બદામ ચારોળી અખોડ કાજુ વગેરે છે).

લિસોટી, સ્ત્રી૰ નાની લીટી (એ વાંકીચુંકી પણ હોય).

લિસોટો, પુ૰ મોટી વાંકીચુંકી લિસોટી.

લિસ્ટ, ન૰ [અં૰] યાદી; ટીપ.

લીક, લીટી. [ઈંડાં તે.

લીખ, સ્ત્રી૰ [લિક્ષા] માથાંના નિમાળામાં જે જૂનાં ઝીણા

લીટ, ન૦ નાકની અન્દરનો નરમ મળ (લીટીના આકારમાં પડે છે માટે).

લીટી, સ્ત્રી૦ શાઈ રંગ વગેરેથી પાડેલું દોરા જેવું જે લાંબું ચિન્હ તે. લિટિયોથી સપાટી ઉપર આકારની હદ બન્ધાય છે; રેષા; સતર.—લીટી સીધી હોય ને વાંકી પણ હોય. દોરવી-પાડવી-કાડવી. ૨ હાર; પંગતી. ૩ (કવિતામાં) એક ચરણ જેટલી અક્ષર સમુદાય વાળી જે પગલી તે. ૪ થોડુંક લખેલું તે (ચાર લીટી લખી આપની). ૫ પા રૂપિયો—પાવલાંનો સંકેત શબ્દ. ૬ (ભૂમિતિમાં) જરા પણ ગોળાઈ નહિ તેવી માનેલી જે લમ્બાઈ તે. ૭ હદ; સીમા; આડોઆંક.

લીટો, પુ૦ જાડી લીટી.

લીડી, સ્ત્રી૦ બકરીની-સસલાની-ઉંદર, ગલ વગેરેની અઘાર. (કંઈક લાંબી હોય છે).

લીડું. ન૦ કુતરાં-ગધેડાં વગેરેની અઘાર (ગોળ હોય છે).

લીધું, લેવુંનો ભૂતકાળ.

લીધે, અ૦ તેથી; તેટલામાટે; કબૂલ રાખ્યા પછી.

લીન, વિ૦ [સં૦] સમાઈ ગયલું. ૨ એકાગ્રચિત્ત—એકતારૂં થયલું; ધ્યે લાગેલી એવું. [મીઠાં.

લીંબુ, ન૦ એક ફળ. એ બે જાતનાં થાય છે—ખાટાં ને

લીમ-ડો, [નિમ્બ] લિંબડો.

લીલ, સ્ત્રી૦ બાંધેલાં પાણીમાં અથવા પાણીને સંયોગે પથ્થર ભીત ઉપર જે લીલા રંગની ચિકાસવાળી ઝીણા તંતુરૂપ જે વનસ્પતિ થાય છે તે. ૨ નીલોદ્વાહ; અપુત્ર વરસીએ પરણાવવું તે.

લીલકણ્ઠ, નીલકણ્ઠ.

લીલવણુ, સ્ત્રી૦ લિલવેણુ.

લીલા, સ્ત્રી૦ [સં] ક્રીડા; ખેલ; નાટકી શોભા; તમાશો. ૨ ગુણ કર્મની શોભા; ઠાઠ; ખુબી. ૩ અવતાર; અવતારમાં જે અદ્ભુત કામ દરસાવેલાં તે. પારની લીલા એટલે શરીરથકી પર એટલે પારના પદાર્થોનું નાટક અને ગાંયની લીલા એટલે મનો વિકાર, ગ્રાન ઈ૦ નું નાટક. 'સ્વભાવલીલા વળી યોગની, ગ્રાન લીલા વળી બાળૂરે; ભેદ ન પામું નર્મદ તોએ, અકળિત રસમાં મ્હાલુંરે.' લીલા વસ્તારી એટલે લીલા કરી મરી ગયા.

લીલાલ્હેર, લિલાલ્હેર.

લીલીપીઠ, સ્ત્રી૦ શાક બજાર; બકાલ-લુ પીઠ.

લીલું, વિ૦ કુમળા છોડ, પોપટ વગેરેનો રંગ બતાવે છે. એ રંગનું તે. આસમાની ને પીળો મળીને લીલો રંગ થાય છે. ૨ પાણી મગેલું; બિનાસત્તાળું. લીલીજાંય, ધોતીયું લીલું છે. ૩ રસવાળું (સુકું નહિ). લીલો મેવા. ૪ તાજું; પૈસાથી ભરપૂર. એ અર્થમાં ક્વચિત બોલાય છે—તે લીલા છે ભાઈ. લીલું કરવું એટલે ઉકાળવું—કંઈ નવું જુનું કરવું.

લીલુંછમ, વિ૦ ઘણું લીલું.

લીસું, વિ૦ ખરબચડું નહિ પણ સાફ; હાથ લસી જાય તેવું ને કંઈક ચળકતું.

લીહ-હી, સ્ત્રી૦ લીટી. ૨ હદ; આડોઆંક. લીહ-હી વળી (જુનાં પુસ્તકોમાં).

લુંગી, સ્ત્રી૦ [ફા૦] માથું ધોડતી વખત ખોળામાં પાથરવાનો લુગડાંનો કકડો (હજામનો).

લુંછવું, લુછવું.

લુંટવું, લુટવું.

લુંડી, સ્ત્રી૦ લોંડી; લોણ્ડી.

લુઈ, સ્ત્રી૦ તૈયાર કરેલી કણેકનો ગોળો. ૨ લ.

લુઓ, પુ૦ કણેકની લુઈમાંથી કરેલા ગોળા જે વણવામાં આવે છે તે—લુઆ કરવા-પાડવા-ચાંપવા. (અસભ્ય લોકમાં) લુઆચાંપવા એટલે સ્ત્રીની છાતી પકડી ડાબવી.

લુક, લૂ.

લુખરી, સ્ત્રી૦ ખુજળી.

લુખિયું, ન૦ જે મટોડાંના નાના ઘાટવડે ભરવાડ દુબળા વગેરે તંબાકુ પિએછે તે.

લુખ્ખું, વિ૦ ચોપડયા વગરનું; ગળે વળગે તેવું (રોટલી વગેરે). ૨ અથાણાં રાખ્ય વગરનું એકલું (ખાવાનું). ૩ રસ-તેજ વનાનું; ફીકું (લખો ચેહેરો).

લુગડું, ન૦ પેરવાં ઓડવાના વસ્ત્ર-કપડાં. લુગડાંલત્તાં એટલે લુગડાં ને તેવીજ બીજી વસ્તુઓ. લુગડાંબોળ એટલે લુગડાં બોળવાં પડયાં હોય તેમ. લુગડાં લેવાં એટલે લુટવું. લુગડાં લેવાવાં એટલે લુટાવું. ૨ હારીજવું.

લુગડું, ન૦ વસ્ત્ર; કપડું. પેરવા ઓઢવા પાથરવા વગેરેના કામમાં આવતો સુતર રેસમ વગેરેનો વણેલો જે ઘાટ તે. ૨ સ્ત્રીને પેરવાનું જે વસ્ત્ર તે. [જે ગોળો તે.

લુગદી, સ્ત્રી૦ પાણી સાથે અથવા શિવાય વાટેલા પદાર્થનો

લુચ્ગી, લુંગી.

લુચ્ચાઈ, સ્ત્રી૦ લુચ્ચાપણું; બન્ધાઈ; ચોહાઈ.

લુચ્ચું, વિ૦ [હિં૦] ચોરી જુઠાણું ને જુગતી એ ત્રણ વાનાનો ભેગ હોય તેવું બોલનાર-કરનાર (માણસ); બન્ધુ; ઠગ. ૨ પક્કું; છળભેદ સમજી જનાર. ૩ સેજસાજ જુગનું જુઠું આચરણ કરનાર;—એ અર્થ હાલમાં વપરાય છે.

લુછણિયું, ન૦ લુછવાનું કપડું.

લુછવું, ક્રિ૦ સ૦ લુગડું ઘસી-ફેરવી ભીનું-મેલું હોય તે સાફ કરવું.

લુટફાટ, સ્ત્રી૦ ફાડી ભાંગીને-ધામધુમથી લુટવું તે.

લુટવું, ક્રિ૦ સ૦ જબરદસ્તીથી—મારીને છીનવી લેવું; બળાત્કારે હરીલેવું. ઘણા જાણે એકદમ પડીને જેનાથી જેટલું લેવાય તેણે તેટલું લઈ લેવું—વરઘોડાની પછવાડેની વાડી લુટવી. ૩ એકની મરજી ઉપરાંત અથવા

તેની છુપી મરજી જોઈને તેની સાર વસ્તુનો બીજાએ ઉપભોગ કરવો; જોબન લુટવું.

લુટાઉ, વિ૦ લુટથી મળેલું. ૨ ધણી વગર લુટાઈ જતું હોય તેવું (માલ).

લુટારો, પુ૦ લુટનારો.

લુટાલુટ, ન૦ અહીં તહીં લુટવું તે. ૨ જેમ જેનાથી લેવાય તેમ તેણે નિડરપણે લઈ લેવું તે અથવા કોઈ વસ્તુનું અહીં તહીં લુટાઈ-વપરાઈ જવું તે.

લુટાવવું, ક્રિ૦ સ૦ કોઈ લુટે તેમ કરવું. ૨ વેરીનાખવું; ઉડાવીનાખવું.

લુણ, લૂણ. લુણ ઉતારવું એટલે બલા કાડવાને માથાપર રાઈમીઠું ફેરવી બાંયપર-ચુલામાં નાખવું. ૨ કાકડીને ડિંચકાં આગળથી જરાક કાપી તે ઉપર મીઠું ભભરાવી કાપેલું ડિચકું ઘસી કડવાસ કાડવી.

લુણથાં, ન૦ કાકડી ચિભડાંની કાતળી પાડી માંય મીઠું લાખી તૈયાર કરેલા પદાર્થ (ખાવામાં લેવાને).

લુણહરામ, વિ૦ જેના ઘરનું અન્ન ખાધું હોય તેનું ભુંડું કરનાર; કૃતઘ્ની; નિમકહરામ. લુણહરામી-નિમકહરામી-કૃતઘ્નતા.

લુણી, સ્ત્રી૦ એક જાતની ખાટી ભાજી-મોરસના જેવી.

લુણો, પુ૦ મટોડાં ઈંટ છો વગેરેમાં જે ખારનો ભાગ. લુણો લાગવો એટલે લુણો ખાર દેખાવો; ભીત ઉપર છારી વળવી.

લુપ્ત, વિ૦ [સં૦] વચમાંથી કાપીનાખેલું-મુકીદીધેલું (અક્ષર; શબ્દ ઇ૦).

લુપ્તોપમા, સ્ત્રી૦ અપૂર્ણ ઉપમા (પૂર્ણોપમા નહિ). ઉપમામાં ઉપમેય, ઉપમાન, સામાન્ય ધર્મ ને વાચક એ ચાર વાનાં સ્પષ્ટ જોઈએ પણ જ્યાં એક અથવા બે ઓછાં હોય ત્યાં લુપ્તોપમા જાણવી. વિજળી જેવી, ચન્દ્રવદની, કનકલતા ઇ૦.

લુબ્ધ, વિ૦ લોભાઈ ગયલું.

લુબ્ધાવું, ક્રિ૦ અ૦ લોભાવું; લાલચુ થઈ રેવું.

લુમ, લૂમ.

લુમકો-ખો, પુ૦ મોટી લુમ. ૨ મોટી પ્રાપ્તિ; ફાયદો. શું લુમખો લુટાઈજવાનો હતો, કે વેલા વેલા આવ્યો.

લુલી, લૂલી. [એની જાત.

લુવાર, પુ૦ [લોહકાર] લોડાંના ઘાટ ઘડનારો અથવા

લુવો, લુઓ.

લુહાર, લુવાર. [ઝપટ લાગે તે.

લૂ, સ્ત્રી૦ ઉનાળાના દાડામાં જે ગરમ-ઝીણી વનસ્પતીની જે

લૂખું, લુખ્ખું.

લૂટ, સ્ત્રી૦ લુટવું તે. ૨ લુટેલું તે.-જબરદસ્તીથી અથવા દુશ્મનને હરાવ્યા પછી તેનું જે મળેલું તે. ૩ ઉડાવી દીધેલું તે.

લૂણ, ન૦ [લવણ] મીઠું; નિમખ. (રસોઈમાં વપરાયછે). ૨ જેને ત્યાંનું અન્ન ખાધું હોય તેનો જે ઉપકાર તે.

લૂમ, સ્ત્રી૦ ડાળી સાથે વળગેલા જથા; ઝુમખો. જેમાં દરા- [ખની લમ.

લૂલી, સ્ત્રી૦ [લોલા] જીભ.

લૂલું, વિ૦ વાંકું થઈજઈ છેક જ નિર્ગત-નબળું થયલું એવું (શરીરનો એકાદો અવયવ). ગરદન લુલી, હાથ લુલો, પગ લુલા, કમર લુલી. ૨ અશક્ત; નિર્બળ (માણસ).

લેંકારવું, ક્રિ૦ સ૦ લેંકા કરવા. ૨ કુલાવતાં લમ્બાવવું; ગુલાવવું (સ્વર). [મરોડ.

લેંકો, પુ૦ હાથ-કંમર-ડોકનો શોભીતો ચાળો; લાચ્કો

લેંઘાવું, ક્રિ૦ અ૦ જરાક ખોડાવું; પગ જરા જુદો પડવો. તે છોકરો લેંઘાયછે, પગ લેંઘાતો પડેછે.

લેંઘી, સ્ત્રી૦ બાળકને સારૂ જે નાનો લેંઘો તે.

લેંઘો, પુ૦ કંમરથી તે પગની ઘુંટી સુધી પેરવામાં આવતું સુતરાઉ કપડું જે બોરાઓ અને પ્રસંગે હિંદુઓ પેરેછે તે.

લેંચી, સ્ત્રી૦ ઘઉંની કણેકની બે પડી થતી, કુમળી, પાતળી [રોટલી.

લે, લય (૨ જા અર્થમાં).

લેકારવું, લેંકારવું.

લેકિન, અ૦ [આ૦] પણ; તોય.

લેકો, લેંકો.

લેખ, પુ૦ [સં૦] લખેલું તે. ૨ કોઈ બાબતનો લખેલો કરાર; ખત, ચીઠ્ઠી વગેરે. લેખપત્ર પણ કેવાય છે. ૩ શિલા-તાંબા ઉપર જે કોતરેલું તે-શિલાલેખ, તામ્રલેખ ઇ૦. ૪ નસીબ-છઠ્ઠિ-કરમના લેખ. ૫ હાથના લખેલા અક્ષરો તે. [નકસા કાડનારો.

લેખક, પુ૦ [સં૦] લેહિયો; નકલ ઉતારનાર. ૨ ચિત્ર-

લેખણ-ણી, સ્ત્રી૦ લખવાનું સાધન; કલમ.

લેખન, ન૦ [સં૦] લખવું તે.

લેખવવું, ક્રિ૦ સ૦ દરકાર રાખવી; હિસાબમાં લેવું; ગણવું.

લેખું, ન૦ ગણતરી; પ્રમાણ. ત્યાં કંઈ તેનું લેખું નથી; ત્યાં તો લાખે લેખાં છે.

લેખે, અ૦ હિસાબે; પ્રમાણે; રીતે; દરજ્જાપ. ચાર રૂપિયા લેખે ભાવ ગણજે. ૨ રાજી રાખવાને; પ્રીત્યર્થ; દરકાર-ડર રાખીને. પરમેશ્વરને લેખે.

લેજત-ઝ્ઝત, લેહેજત.

લેઝો, લેહેજો.

લેટવું, ક્રિ૦ અ૦ જરાવાર લાંબું થવું-આળોટવું-સુવું.

લેણ-લેણ, ન૦ લેણું; લેવાનું તે. લેણદેણ એટલે નાણું આપવા-લેવા સમ્બન્ધી જે વેવાર તે.

લેણ, સ્ત્રી૦ ગિલ્લી દણ્ડાની રમતમાં એક દાવ.

લેણ, પુ૦ લેનાર-છવનો લેણ.

લેણદાર, પુ૦ કરજે આપેલું પાછું લેવાનો જે હક ધરાવેછે તે. (એનું ઉલટું દેણદાર).

લેણાદેણી, સ્ત્રી૦ પૈસ જનમ આપેલું તે આ જનમ લેવાનું એવો જે કરમનો સમ્બન્ધ તે; ઋણાનુબન્ધ. ૨ લેણું (૨ જા અર્થમાં). [લેણદેણી.

લેણું, ન૦ કરજે આપેલું નાણું પાછુ લેવાનું તે. ૨ સુખ થાય તેવો સમ્બન્ધ-વેવાર-ભાવ; પ્રીત; ગણના. ૩

લેપ, પુ૦ શરીરના એકાદા ભાગ ઉપર એકાદો ઢીલો પદાર્થ લગાડવો-ચોપડવો તે અથવા ચોપડેલો તે.

લેપડી, સ્ત્રી૦ દરદ ઉપર લગાડવાની એકાદી વસ્તુને વાટીને પોળો કરેલી જે લુગદી તે; પોલટિસ.

લેપન, ન૦ લેપવું તે. ૨ લેપ કરવો તે.

લેપવું, ક્રિ૦ અ૦ લાગવું; વળગવું; ચોપડાવું.–અજ્ઞાનીને પાપ લેપેછે જ્ઞાનીને નહિ.

લેફો, પુ૦ પગે-જોડાએ-ગાડીની વાટે-હોળને ચવડે વળગેલો જે કાદવ તે.

લેબાસ, પુ૦ [આ૦] પેરવેશ; પેરવા ઓડવાની રીત-તરેહ. ૨ પોશાક; પેરવા ઓડવાના વસ્ત્ર.

લેભાગુ, વિ૦ અહિંથી તહિંથી એમ પારકું થોડુંક થોડુંક લઈ પોતાનું દેખાડનારો. ૨ કોઈ કામમાં દોડાદોડ કરનાર; લઈને નાસી જનાર.

લેમેલ, સ્ત્રી૦ મરવાની તૈયારી; ભાંયે લેવાનો-નાખવાનો વખત. ૨ ભાંય ઉપરથી પાથરણાંપર ને પાથરણાંપરથી ભાંયપર એમ લેવું મેલવું તે (મરવાની તૈયારીપર આવેલાં માણસને). ૩ તૈયારી; તાકીદ; ધાઈ (કોઈ કામ બગડી જવાની).

લેર, સ્ત્રી૦ [લહરી] ધીમે ધીમે પવનની ધ્રુજતી લપટ આવ્યાં કરવી તે. ૨ ધીમાં પવનથી પાણીનું જે જરા ઊંચું નીચું હાલવું તે; લુગડાંની કરચલી જેવું પાણી ઉપર જે દેખાય છે તે. ૩ મનમાં ધીમે ધીમે તર્ક થયાં કરવો તે અથવા એથી જે બેઠી બાંધણીનો આનન્દ થયાં કરવો તે. 'વાયુની લેરમાં, નદીતણી લેર જો, મનમાં લેર આવીજ રેશે.' ૪ કેફ કરનારને કેફ-નિશાની જે જરા જરા અસર થવા માંડવી તે. આંખમાં લેર આવી એટલે મન્દમન્દ વાયુથી અથવા નિરાંથી આંખ જરા જરા મીંચાવામાંડવી તે; ઊંઘની અસર થવી. ૫ સમૃદ્ધિની વૃદ્ધિ. 'રત્નાગર સાગરની લેર છે' એમ વેપારી શાહુકારો ભીત ચોપડામાં લખે છે તેનો અર્થ આ કે જેમ સાગરની લેર ઉપરાઉપરી આવતી જાયછે તેમ વેપાર ધન્ધામાં ઉપરાઉપરી કમાણી થઈ રો.

લેરિયાં, ન૦ વસ્ત્ર-ભાંય-પાટિયાં-કાગળ ઉપર આડઘી આડઘી ચોકડી પાડેલી એવી જે ભાત-તરો તે. ૨ મન્દ પવનથી જે તરેહથી પાણીનું હિલવું દેખાય તે.

લેરચું, ન૦ સ્ત્રીને કોટે ઘાલવાનું એક ઘરેણું.

લેરી, સ્ત્રી૦ લેર. વિ૦ મનમોજી; આનન્દી. ૨ તરંગી; ખ્યાલી; કેફી. ૪ ઇશકી. ૫ લેતાંળ.

લેલી, સ્ત્રી૦ એક જાતની લીલી ચકલી.

લેલુટ, વિ૦ લેપે ઘેરાવલું. તે લેલુટ થઈ ગયો છે.

લેલેમજનુ, વિ૦ (લેલી નામની ખુબસુરત ઓરત ઉપર કોઈ કેસ નામનો મરદ, મજનુન એટલે દિવાનો થઈ ગયો હતો તે ઉપરથી) દુર્બળ; નિર્ગત; બેહાલ.

લેલો, પુ૦ કડિયાનું ઓજાર-સલ્લો લગાડ્યા પછી ઘસવાનું.

લેવટા-ટી, પુ૦ નાનાં મોછલાં.

લેવડ, સ્ત્રી૦ કરજે આપેલું નાણું જે પાછું લેવાનું તે. • લેવડદેવડ-લેવા દેવાનો વેવાર.

લેવડાઊ, વિ૦ છિનાળ (સ્ત્રી).

લેવાદેવા, કોઈ પણ રીતનો લેવા-આપવાનો સમ્બન્ધ.

લેવાવું, ક્રિ૦ અ૦ ખસિયાણાં પડવું; અપમાન થવું. ૨ શરીરે સુકાવું. ૩ લુટાવું; ખોયું હોય તેવી હાલતમાં આવવું.

લેવું, ક્રિ૦ સ૦ કોઈ આપે તે પોતાની પાસે આવે તેમ કરવું-(હાથે પગે-પોતે જાતે, મારફતથી). ૨ પકડવું; ધરવું; ઝાલવું. આ દોરી હાથપર લે. ૩ અન્દર દાખલ કરવું-વર્ગ, મંડળી, ન્યાતમાં, કુવા ટાંકાંમાં. (ન્યાતમાં લેતા નથી. ટાંકાંમાં પાણી લીધાં). ૪ ખેંચવું; વળગવું. (તેણે તે પક્ષ લીધો). ૫ કબૂલ કરવું; સ્વીકારવું; ગ્રહણ કરવું. (તેણે તે ભેંટ લીધી). ૬ મૂલ-કિમત-ભાવ કેવો અથવાં કંઈને ખરીદ કરનાર આપે તે રાખવું. (તેનું શું લેછે, શો ભાવ લીધો ?). ૭ ખરીદ કરવું; વેચાતું લેવું. (તમે નવા) ઘઉં લીધાછે? ૮ આણવોઃ લાવવો; ધરવો. (તેણે તે વાતમાં શક લીધો). ૯ કોઈનું તે પોતાનું કરવું. (તેણે ગુણ લીધો છે). (કોઈ કોઈનું દુખ લેતું નથી). ૧૦ કોઈનું તે પોતાના શરીરપર આણવું-(સોંગ લેવો). ૧૧ ઝુટવવું; તોડીપાડવું; હરવું; નાશ કરવો. (આબરૂ લેવી, જીવ લેવો ઇ૦). ૧૨ ધમકાવવું; ઠપકો આપવો. તેણે તેને સજ્જડ લીધો-તેણે તેને લઈ નાખ્યો-લઈમુક્યો. ૧૩ આગળ-વધારે પાસે આણવું-ખેંચવું. (ખુરશી જરા આગળ લો). ૧૪ લઈ જવું; ઊંચકવું. (ટેબલ માળે લેવાલાગ). ૧૫ ઉચ્ચારણ કરવું. (હું કંઈ તેનુ નામ લેતો નથી, સોગન લેવા). ૧૬ એકના કર્મની અસર બીજાના ઉપર થવી. (ગાળ લેવી, નિસાસો લેવો). ૧૭ પૂર્વ શબ્દાર્થના સમ્બન્ધમાં ધારણ કરવું; ગ્રહણ કરવું બતાવે છે. ઉંઘ લેવી-ઊંઘવું; સ્વાસ લેવો-સ્વાસ ચાલે તેમ કરવું; ભોજન લેવાં-જમવું. ચુંબન લેવું-ચુમી કરવી; કામ લેવું-કામ કરાવવું; ભાગ લેવો-ભળિદાન દાખલ લેવું; શોધ લેવો-શોધવું; માપ લેવું-માપવું; લડાઈ લેવી-કોઈનું ઉપરાણું કરી પોતે લડવું ઇ૦. ૧૮ પૂર્વ શબ્દમાં રેલી ક્રિયા પૂરી પતાવવી એ અર્થમાં વપરાય છે. કાપી લેવું, ખાઈ લેવું, બોલી લેવું ઇ૦. લઈ બેસવું એટલે ખંતથી કામે વળગવું.

૨ કોઈને વળગવું; લઈ પડવું. લઈલેવું—કોઈની પાસેથી લઈ પોતાની પાસે રાખવું. ૨ ગુંઠી લેવું—લઈ મુકવું—રાખવું—ઊંચું મેહેલવું; સંગ્રહ કરવો. લેવું એ શબ્દ, નામની સાથે જોડાઈને ઘણી રીતે વપરાય છે તેમાના કેટલાએક આ છે—માથેથી લેવા, તેણે બહુ વખત લીધો, વરીજની ધાર લેવી, સલામતી લેવી, ફટકા લેવા, રજા લેવી, માથે લેવું, નામ લેવા, વેર લેવું, તકરાર લેવી ઇ૦ લેવુંદેવું—લેવાનું ને દેવાનું તે. ૨ લેણું દેણું.

લેવું. ક્રિ૰ સ૰ મનમાં જોવું; ધારવું; સમજવું; જાણવું.

લેશ, પુ૰ [સં૰] થોડોક ભાગ; કંઈક. અ૰ જરાએ;

લેક્ષ લવ. (૨ જા અર્થમાં). [લગરીક.

લેહેકો. લહેકો.

લેહેજત, સ્ત્રી૰ [આ૰] અન્દરની ખુબી; રસ. ૨ મજા; રસનો મેળાવડો; ગમત.

લેહેજો, પુ૰ [આ૰] આંખ મિચાવી ઉઘડવી એટલો વખત; પળ; ક્ષણ. લેહેજામાં—જરાક વારમાં.

લેહેણું, લહેણું.

લેહેર. લહેર.

લેહેરી, લહેરી.

લેહેવું, લેવું.

લૈયો, પુ૰ [લેખક] પુસ્તકનો ઉતારો કરવાનો—સામી પ્રત પ્રમાણે લખવાનો ધન્ધો કરનારો.

લોંકડી, સ્ત્રી૰ શિયાળવી.

લોંકું, પેસાદાર.

લોંઠો, પુ૰ શરીરે મજબુત ને જંગલી હાલતમાં ઉછરેલો કોળી—માળી. ૨ મજબુત; જબરું. ૩ તાકાતવંત. ૪ ધાર.

લોંડી, લોણ્ડી. લાંડીજાયો—લોંડીનો છોકરો. [૫ ધણી.

લોંદો, પુ૰ કણેક કાદવ છાણ વગેરે ઢીલા પદાર્થનો થોડો—હાથમાં રહે તેટલો ભાગ. [છાણ કાદવનો).

લોંદો, વિ૰ ઢીલું—નરમ. પુ૰ પીંડલો; પણો; ગોળો (ક૰

લો, [લોહ] લોઢું.

લોઈ, લોહી.

લોઈયું, લોહિયું.

લોક, પું૰ [સં૰] મોહલ્લા—ગામ—શેહેર—પ્રાંત—દેશ—ખણ્ડનાં માણસોનો જે સમુદાય તે. ૨ અભણ—અજાણ સાધારણ લોકનો જે મોટો વર્ગ તે (વિદ્વાન અથવા ધનવન્ત અથવા પદવિવાળાના વર્ગ સિવાયનો). ૩ દુનિયાનાં માણસો; માણસ જાત; આલમ. ૪ જગત; દુનિયાં. એ ત્રણ કેવાયછે—સ્વર્ગ લોક, મૃત્યુ લોક [illegible] સાતપણ કેવાયછે, ભૂ—ભુવર—સ્વર્ગ—મહ—જન—તપ—સત્યલોક. ૫ ચૌદલોક પણ કેવાયછે—સાત ઉપરના ને સાત નીચેના—સપ્ત પાતાળ. ૬ [illegible] વિશેષ વર્ગ—દેવ લોક, દૈત્યલોક, [illegible] લોક, યક્ષ લોક; પિશાચ લોક, કિંપુરુષલોક, [illegible] લોક વગેરે. ૭

પારકા—અજાણ્યાં માણસો—તેમાં કંઈ પ્યાર લોકનો નથી. (પોતિકાનું ઉલટું).

લોકડિયાં, બ૰ સાધારણ લોકનો વર્ગ—(કવિતામાં).

લોકલાજ, સ્ત્રી૰ લોકમાં લાજ લાગવી તે. ૨ લોકમાં નઠારું કેવાવાનો ડર. [કેવાવું તે.

લોકમત, ન૰ હરકોઈ માણસને માટે લોકમાં જે સારું—નરસું

લોકાઈ, સ્ત્રી૰ અજાણ્યાં—પારકાં માણસનો જેવી રીતનો સમ્બન્ધ—દાવો તે; પરાયાં—પારકાં પણું.

લોકાચાર, પુ૰ લોકમાં જે રૂઢિ—રીત ચાલતી હોય તે.

લોકાપવાદ, પુ૰ લોકમાં નઠારું કેવાવું તે.

લોકીક, ન૰ કોઈને ત્યાં મરણનું રડવા જવું તે.

લોકો, લોક.

લોકોત્તર, વિ૰ [સં૰] સાધારણ લોકના વિચારથી પર—આઘેનું; ઘણું ઊંચું; ઘણું સરસ. આ દુનિયાં સમ્બન્ધી નહિ પણ પેલી દુનિયા સમ્બન્ધી. પુ૰ પરલોક [કાર તે.

લોકોપકાર, પુ૰ સર્વ લોકનું કલ્યાણ; સર્વના ઉપર જે ઉપ-

લોખણ્ડ, લોઢું.

લોચક, ન૰ (લાક્ષણિક) સ્તન; કુચ. ૨ સુથારનું હથિયાર—ઓજાર. [ચીરાડવા તે.

લોચન, ન૰ [સં૰] આંખ; ચક્ષુ. ૨ માથાંના વાળ એ-

લોચવું—છવું, ક્રિ૰ અ૰ આતુરતાથી ચાવું. ૨ બોલ બોલ કરવી. ૩ મંદવાડથી આમતેમ પથારીમાં ફરચાં કરવું. (આખી રાત લોચ લોચ કરચાં કીધું).

લોચો, પુ૰ એકાદાં લુગડાંને જે ગમેતેમ વાળેલું તે. (લોચો કરીને નાખ્યું). ૨ પદાર્થને ચાવતાં મોડાંમાં, તેનું જે ચોંટી જવું તે. (લોચાવળેછે). ૩ ઢીલો ઘટ પદાર્થ હાથમાં જેટલો માય તેટલો તે; લોંદો (છાણનો લોચો). ૪ ગરબડગોટા કરી મેલવા તે. (ભાઈ તો તેની સાથે લોચાવાળી આવ્યા છે). ૫ ઉલટું સુલટું ખરૂં ખોટું એવું જે ગરબડિયું તે. હિસાબમાં લોચા છે. ૬ બોલવામાં આવતા ખાવા—બોલતાં અક્ષર શબ્દ ભાંગ્યા તુટ્યા, ચવાયલા—સાંભળનાર ન સમજે તેવું. ભાઈ ઠીક બોલોની, લોચા શું વાળોછો? ૭ તકરાર; વાંધો.

લોટ, પુ૰ અનાજને દળેથી તેનું જે રૂપ થાય તે; આટો. ૨ વિ૰ લોટ જેવું—બારીક. લોટ થઈ ગયુંછે.

લોટકો, પું૰ ઢીકરાંનો ધાડવો; ઘડવો.

લોટણ, ન૰ એક જાતનું ખબુતર—જે લોટેછે.

લોટપોટ, લોટી—આળોટીને પડવું તે. ૨ લોથપોત.

લોટવું, ક્રિ૰ અ૰ આળોટવું. ૨ [illegible]. ૩ ચકરની પેઠે ફરવું—ગરડાવું.

લોટી, સ્ત્રી૰ પાણી પીવાનું એક નાનું વાસણ; કળશી.

લોટો, પુ૰ પાણી ભરી રાખવાનું અથવા પીવાનું વાસણ;

લોડી, સ્ત્રી૰ બાળક છોકરાની ઇન્દ્રી. [કળશિયો.

લોડીઉં સ્ત્રી૰ જે ઉપર રોટલી સેકાયછે તે; તવી; તાવી.

લોઢું, ન૦ [લોહક] એક ધાતું જેના વિશેષ આકાર-હ- થિયાર-આસણો બને છે. ૨ અસ્તરો.

લોડો-ડી, પુ૦ પુરુષની ગુહ્યેન્દ્રિય.

લોઢ, પુ૦ હિંડોળો.

લોઢવું, ક્રિ૦ સ૦ કપાસમાંથી રૂ ને કપાસિયા જૂદા પાડ- વા (ચરકા-સાંચાથી).

લોઢી, લોડી.

લોઢું, લોઢું.

લોણ્ડી, સ્ત્રી૦ ઘરમાં કામ કરાવવાને વેચાતી રાખેલી સ્ત્રી; ગુલામડી. ૨ ચાકરડી; દાસી. લોણ્ડીજાયો-લોણ્ડી- ના પેટનો છોકરો. ૨ છિનાળનો.

લોણ્ડો, પુ૦ વેચાતો લિધેલો જે પુરુષ નોકર તે; ગુલામ. ૨ ચાકર; દાસ. [કરકટી.

લોથ, સ્ત્રી૦ લાસ; મુડદું. ૨ ઉંચકવું-નિભાવવું ભારી પડે તેવું માણસ. આ લોથ ક્યાંથી વળગીછે. ૩ ખાટલી;

લોથ, વિ૦ રસ-જીવવનાની; નરસી (વસ્તુ). આજના પાન લોથ છે. ૨ મૂર્ખ; ઠોઠ; કામ કરવે લાયક નહિ તે (માણસ). ૩ અશક્ત; સુસ્ત. થાકયો લોથ-ઢગલો થઈને પડ્યો. લોથપોત-થાકથી છેક નરમ-ઢગલો થઈ પડેલું.

લોથડી, સ્ત્રી૦ ખુંગરેટમાં ડરેલી જે ભાખરી તે.

લોથિયું, વિ૦ રસ-જીવ વનાનું; નરસું; નકામું; અસભ.

લોધર, પુ૦ [લોધ્ર] એક જાતનું ઝાડ અથવા તેની છાલ.

લોપ, પુ૦ [સં૦] જતું રહેવું તે; ન દેખાવું તે.

લોપવું, ક્રિ૦ સ૦ ઓળઘવું; ન માનવું; અવજ્ઞા કરવી. લોપાવું-ઓળઘાવું.

લોબાન, પુ૦ [અ૦] એક જાતનો ગુંદર-ધુપ કરવામાં ને ઓષધ વગેરેમાં કામ આવેછે. [તૃષ્ણા.

લોભ, પુ૦ [સં૦] કોઈ વાતની અતિશે ઇચ્છા રાખવી તે;

લોભાવું, ક્રિ૦ અ૦ લાલચુ થવું; લોભમાં પડવું. ક્રિ૦ સ૦ લોભાવવું-લોભ પમાડવો; લલચાવવું.

લોભિયું, લોભી.

લોભી, વિ૦ જેને ઘણો લોભ હોય તે.

લોમવિલોમ, વિ૦ ધયુપયુ-સંકલ્પ વિકલ્પ વાળું.

લોયું લોહિયું. [ફરવું.

લોલ, વિ૦ [સં૦] ગતિમાં ચંચળ. ૨ ગોળ ચક્કરમાં

લોલ, પુ૦ બે હાથ પસારીને ચક્કર ચક્કર ફરવું તેર ફેર. (છોકરાંની રમત). આવરે લોલ, નહિ આવું; બરફી ખવાડું, નહિ આવું વગેરે એમ બોલતાં ફરે છે. લોલ ખાવા કેવાય છે. ૨ કેટલાએક ગરબામાં કડિયોને અંતે એ શબ્દ આવે છે ને તે ઉપર ઉભેલી તાળી પડે છે ને એ ઉપરથી તે ગરબો પણ લોલનો કેવાય છે.

લોલક, ન૦ [સં૦] આમ તેમ હાલ્યાં કરે-લબડ્યાં કરે તેવી જે નાની જડ વસ્તુ તે. વાળીનું, ઝુમરનું, ઘડિ- યાળનું લોલક.

લોલા, સ્ત્રી૦ [સં૦] જીભ.

લોલિયું-ળિયું, ન૦ કેઠી; ઓખી (પણ જાતની).

લોવું, લુછવું.

લોહ, ન૦ [સં૦] લોઢું; લોહું.

લોહચુમ્બક, ન૦ એક જાતનો ધાતુ (મરોડાંનાં ભેગવાળું એક જાતનું લોઢું) જેનામાં દૂર પડેલાં લોઢાંને ખેંચ- વાનો સ્વભાવ છે.

લોહડું, લોઢું.

લોહભસ્મ, સ્ત્રી૦ [સં૦] લોઢાની ભસ્મ-ઓસડમાં અ- પાય છે.

લોહિયાળું, વિ૦ લોહીથી ભરેલું;

લોહિયું, ન૦ એક જાતનું લોઢાનું છાછરું ઊંડું વાસણ- જેમાં પુરી ભજિયાં વગેરે તળવામાં આવે છે.

લોહિલોહિયાણ, વિ૦ કપાવાથી-વાગવાથી ઘણું લોહી નિકળવું અથવા નિકળેથી શરીરે ખરડાઈ જવું તે.

લોહી, ન૦ પ્રાણીના શરીરની નસોમાં ફરીવળનો જે લાલ પ્રવાહી તે. ૨ કુટુમ; કુળ. ૩ સગપણ; સમ્બન્ધ-' ઉંચ લોહી ઉંચ મરણ, સખી રે જવાઈ'. લોહી પડવું એટલે શરીરની કોઈ પણ ઈંદ્રીવાટે ઘણું લોહી નિકળવું. મોં- ડાંમાંથી-નાકમાંથી-ઝાડાવાટે-પિશાબવાટે પણ ઘણું- કરીને ઝાડાવાટે નિકળે છે તેને કેછે. લોહી આવવું એટલે નવું લોહી શરીરમાં પેદા થવું. ભીનાં લોહીનું એટલે જેનું રૂપ, રંગ, કાંતિ કંઈક એવાંતરાથી એવાં કે તેનો સહવાસ કરવાનું મન થાય. લોહીનું તરસ્યું એટલે મારીલું, વૈરિલું, લોહી પડવું-પડેલું જોવાને આતુર.

લોળિયું, ન૦ કાનની લાળીનાં વેમાં પેરવાનું ઘરેણું.

લોંઝ્યો, પુ૦ સભાની ખાનગી કચેરીમાં જે બાજીગણ્યો મરજીયો તે; હાજરજાગી.

લૈકિક, વિ૦ [સં૦] લોકમાં ઘણા કાળથી ચાલતું આવેલું હેય તેવું (રૂઢિ વગેરે). ૨ સાધારણ (નવાઈ જેવું- અલૈકિક નહીં).

લૈકિક ન૦ [સં૦] લોકમાં રૂડું કેવાવું તે; પ્રસિદ્ધિ; નામાં- કિતપણું; કીર્તિ. ૨ લોકમાં ભુંડું કેવાવું તે. ૩ સંસારી વિષય-કામકાજ; દુનિયાદારી.

લ્યાનત, લયાનત.

લ્હાયો, લાહાસો.

વ.

વ, પુ૦ ઓગણત્રીસમો વ્યંજન વર્ણ.

વંશ, પુ૦ [સં૦] એક મૂળ પુરુષથી ઉત્તરોત્તર ચાલેલો પુત્રપૌત્રાદિકનો જે ક્રમ તે; કુળ.

વંશજ, પુ૦ [સં૦] વંશમાં ઉત્પન્ન થયેલો.

વંશાવળી, સ્ત્રી૦ વંશમાં ઉત્પન્ન થયેલાઓનાં નામાવળી. વંશવૃક્ષ એટલે વંશવિસ્તારનું ઝાડ.

વંશી, વિ૰ વંશનું-સમ્બન્ધી. સૂર્ય-ચન્દ્રવંશી.
વંશી, સ્ત્રી૰ વાંસળી.
વર્ઈ, વૈ.
વઈ, વૈ.
વઈદ, વૈદ.
વઈશાખ, વૈશાખ.
વહુ, સ્ત્રી૰ પરણનારી સ્ત્રી. ૨ પરણેલી સ્ત્રી તે (ધણીના સગપણ સમ્બન્ધમાં). ૩ છોકરાની સ્ત્રી (સાસુ સસરાના સમ્બન્ધમાં). ૪ એ શબ્દ સ્ત્રીનાં સાસરેથી પાડેલાં નામને અંતે જોડાય છે-રૂખમણીવહુ- દીવાળીવહુ- રતનગુલાબવહુ.
વહુઆર-આરુ, વિ૰ સાસુ નણંદ વગેરે સાસરિયાંનાં સમ્બન્ધમાં છોકરાની વહુના રૂપે હોવું તે દેખાડે છે. "વહુઆરુ માણસ રે, એવાં મા બોલો."
વહુવર, ન૰ પરણીને સાથે આવતાં વહુ વરનું જે જોડું તે.
વકરવું, ક્રિ૰ અ૰ વાંકું થવું; આડું થવું; છુટકવું; હઠીલું-સામાં થવું; હાથથી જવું; ફાટવું; હદપાર જવું (માણસ [illegible] કોઈ કામમાં).
વકરી, સ્ત્રી૰ વકરો.
વકરો, પુ૰ [વિક્રય] માલ વેચાઈને તેનું જેટલું જે નાણું ગલ્લામાં પડેલું તેટલું તે; જેટલા મૂલ્યનો માલ વેચાયો તેટલા તે; વેચાણ. [illegible]
વકારવું, ક્રિ૰ સ૰ ઉશ્કેરવું; ચડાવવું; બગાડવું. વગેરે તેમ
વકાલત, સ્ત્રી૰ [અ૰] વકીલનું કામ-ધંધો.
વકાલતનામું, ન૰ જે રૂપથી કોઈને વકીલ કરો તે; મુખત્યારનામું. [illegible]
વકાસ, પુ૰ ખીલવું તે (ફૂલનું). ૨ અવકાશ; ફાંક. અંતર
વકાસવું, ક્રિ૰ સ૰ મોઢું પહોળું રાખીને ટગમગ જોવું.
વકાસવું, ક્રિ૰ અ૰ ઉઘડવું (મોઢું). ૨ ખીલવું (ફૂલ).
વકીલાત, સ્ત્રી૰ વકીલનું કામ. ૨ વકીલના દરજ્જાની [illegible] તારી વકીલાત ચલાવે છે?
વકી, સ્ત્રી૰ [illegible] ભરાતી તે; ઈચ્છેલા સામાનની આશા. વકી રાખવી-રાખવામાં આવવી.
વકીલ, વિ૰ [અ૰] એક રાજાએ બીજા રાજાને પોતાની તરફનો સન્દેશો કહેવડાવવાને અથવા તેની તરફના સમાચાર જાણવાને મોકલેલી તરફથી નિમેલો જે અધિકારી તે; એલચી. ૨ ઇનસાફની કચેરીમાં સવાલ જવાબ કરવાને ફરિયાદી અથવા પ્રતિવાદી પોતપોતાની તરફથી રોકેલો જે મુખત્યાર તે; અસીલ ને વકીલ. ૩ બીજાની તરફનું કામ કરવાને જેણે [illegible] આપી હોય તેનો તે-(વકીલ). ૪ કોઈની તરફથી [illegible] [illegible]
વકુફ-ફ, સ્ત્રી૰ [અ૰] [illegible] [illegible]
[illegible] પુ૰ [illegible]

ઘણી [illegible] 'ખેત [illegible] નથી'. ૨ [illegible] [illegible] સા પખ્યા છો? [illegible] વડતા).
વક્તા, વિ૰ [સં૰] બોલનાર; ભાષણ-કથા કરનાર.
વક્તૃત્વ, ન૰ [સં૰] બોલવું તે; બોલવાની શક્તિ-ચતુરાઈ.
વક્ત્ર, ન૰ [સં૰] મુખ.
વક્ત્રારવિંદ, ન૰ [સં૰] મુખ રૂપી કમળ; કમળના જેવું [મોઢું.
વક્ર, વિ૰ [સં૰] વાંકું.
વક્રી, વિ૰ વાંકી ગતિએ જનાર; એક રાશિમાંથી બીજી રાશિમાં એમ અનુક્રમે જનારો એવો (ગ્રહ). ૨ કુટિલ બુદ્ધિથી-વાંકી નજરે જોનાર. ૩ સીધી લીટીથી જરા વાંકી લીટીમાં પડનાર (કિરણ-પાણીમાં).
વક્રોક્તિ, સ્ત્રી૰ [સં૰] વાંકાંમાં બોલવું તે; આડું બોલવું તે. ૨ એ નામનો અલંકાર. ૩ મેણું; ઠપકો.
વક્ષસ્થળ, ન૰ [સં૰] પુરુષ અથવા સ્ત્રીની છાતી.
વક્ષ્યમાણ, વિ૰ આગળ જે કહેવામાં આવનારું-બોલવામાં આવશે તે.
વખત, પુ૰ [અ૰] કાળ. ૨ સમય; [illegible] ૩ સંધિ; લાગ; તક; પ્રસંગ; જોગ. ૪ કમબખ્તી; માઠી હાલત. ૫ વાર ફેરો; વેળાં વેળા તે; મોકો. ઇન્તેસાર; ફુરસદ. ૭ [illegible] રમતમાં એક [illegible] માપ. [illegible] 'વખત કરે તે કોઈ ના કરે,' 'વખતનાં [illegible] વખતે ગવાય'.
વખતસર, અ૰ ઘટતે-ઠરાવેલ વખતે; સંધિ ઉપર.
વખવખવું, ક્રિ૰ સ૰ ઉંચે ઉંચે ફાંફાં મારવાં; તલપવું.
વખાણ, ન૰ તારીફ; સ્તુતિ; ગુણ ગાવા તે; પ્રશંસા; સાબાશી.
વખાણવું, ક્રિ૰ સ૰ તારીફ કરવી; સ્તુતિ કરવી; માન આપવું; ગુણ ગાવા.
વખાણું, ન૰ સમસ્યામાં જે સવાલ કરવો તે; ઓખાણું. 'કમળ માંહિ પોલ, ઉપર સુંદર છાયા, મારે વખાણું કહે તેને આપું સુનાના પાયા'-ડાંડું.
વખાર, સ્ત્રી૰ વેપારીનો માલ જ્યાં ભરી રાખ્યો હોય તે ઘર-કોઠી-ગોદામ વગેરે. ૨ દુકાન (શરાફી).
વખારિયો, પુ૰ વખાર વાળો.
વખારી, પુ૰ વખારનો ધણી-'ગુજન વખારી ને બારે કુંભી' [illegible] હોવની.
વખુટું, વિ૰ [illegible] પડેલું-ટોળાંમાંથી વછૂટું પડ્યું છે. [ભીનાખ્યું.
વખેરવું, ક્રિ૰ સ૰ ફૂંકું પાડી નાખવું; વેરી નાખવું; [illegible]
વખો, પુ૰ ખાવાનું ન મળેથી જે હેરાનગતિ તે; દુઃખ. [illegible]
વખોડવું, ક્રિ૰ સ૰ ખોડ કાઢવી; ભૂલ બતાવવી; [illegible] કેખીડવું. ૨ નિન્દા કરવી.

વખારો, પુ૦ પેટી-કબાટ વગેરેની અન્દર પાસા પડતું જે ખાનું તે. ૨ નાની પેટી-પાન સોપારી વગેરે રાખવાની.

વગ, સ્ત્રી૦-પુ૦ જગો; ઠેકાણું. ૨ ઓળખાણ; સંબંધ થાય તેવો મોટા લોક સાથે જે સમ્બન્ધ તે. ૩ અનુકૂળ સમય; જોગ; એકાદું કામ કરવામાં ફાવવું તે; લાગ. વગપડતું અથવા વગેપડતું એટલે જુક્તીસર ગોઠવેલું. વગ લાગવો એટલે સિફારસ થવી-કામ સરવું-વગ આવવો એટલે સન્ધી આવવી. વગે પાડવું-લગાડવું એટલે કોઈ પણ કામમાં લેવું.

વગડવું, ક્રિ૦ અ૦ વાગવું; વાજવું.

વગડો, પુ૦ જંગલ-રાન; ખુલ્લું મેદાન.

વગર, અ૦ વિના; સિવાય. [ની સહાય.

વગવસીલો, પુ૦ મોટા લોક સાથે ઓળખાણ ને તેઓ-

વગસગ, સ્ત્રી૦ સમાવેશ થાય તેવી જગો; સગવડ. ૨ વગવસીલો.

વગળ, પુ૦ બાવળ લિમડા વગેરેની અન્તરછાલ બોળી રાખેલી એવું જે પાણી તે. ૨ ભેગ; ભેળવણી. ૩ ગુફમફેર; વરણસંકર; ભ્રષ્ટ. 'વગળવંશીને વમન કરાવે' (સોમવલ્લીરસપાન). ૩ કપટ; છળ.

વગાડવું, ક્રિ૦ સ૦ વા-ધા-ઘસરકાથી અવાજ કરવો-કાઢવો.

વગિયું, ન૦ મણ્ડળીમાં એકાદ ઓળખિતા દોસ્ત-સગાંને બીજાંઓથી વધારે આપવું તે.-તે નાતવચ્ચે બેસીને બનિયાંનું વગિયું કરે તે સારું નહિ. ૨ તરફદારી. ૩ વગવાળું જે માણસ તે.

વગિયો, પુ૦ વગવાળો-ઓળખીતો; દોસ્ત-સગો.

વગેરે, અ૦ અને વળી બીજા; આદિલઈ; ઇત્યાદિ.

વગો, પુ૦ સીમની એકાદી જે બાજુ તે-ફલાણા વગાની મારી જમીન છે.

વગોણું, ન૦ લોકમાં ચરચાવું-નિન્દા થવી-માઠું કેવાવું તે. 'કરમે કજોડું મારે જુગમાં વગોણું આ દુખ કોને કહિયે'.

વગોવવું, ક્રિ૦ સ૦ ચારમાં નિન્દા કરવી; ફજેત કરવું.

વગોળવું, વાગોળવું.

વઘરો, પુ૦ [વિગ્રહ] કજિયો; અણબનાવ; (માણસમાં). ૨ ખરાબ થવાની તૈયારીમાં આવવું; સળવા-બિગડવામાં આવવું તે. (અનાજમાં વઘરો પેઠો).

વઘાર, પુ૦ તાતા તેલ-ઘીમાં રાઈ-મરચું-મેથી-હીંગ વગેરે નાખી એને દાળ-કઢી વગેરેમાં અથવા શાક-કોઠાળમાં ભેળવી દેવો તે (વધારે સવાદદાર કરવા)-વઘાર કરવો-દેવો-મુકવો. ૨ દુચકો મુકી ઉશ્કેરવું-ચડાવવું-સળગાવવું તે. તે વઘાર મુકી ખસતો રહ્યો.

વઘારણી, સ્ત્રી૦ ઈંધ.

વઘારવું, ક્રિ૦ સ૦ પેણીમાંના વઘારમાં શાક-કોઠાળ નાખી બળી દેવું; વઘાર કરવો.

વઘારિયાં, વિ૦ વઘાર દિધેલાં.

વચકાવું, ક્રિ૦ અ૦ રિસાવું; આડાં થવું; માનમાં આવવું. (માણસે). ૨ વાંકુ થવું; વાંક આવવો. (તરાક વંકાવી).

વચકવું-કાવું, ક્રિ૦ અ૦ ભેદિલી થઈ હોય-માઠું લાગ્યું હોય તેવું થવું. (ખાવતાં વચકીગયું પણ કેવાયછે).

વચકેલ, વિ૦ અટકયાળું. ૨ ખ્યાકું. ૩ રીસાવેલું.

વચકો, પુ૦ બેદિલી થવી; મેજલાજ જે માઠું લાગવું તે.

વચગાળે, અ૦ વચ્ચે (૧લા અર્થમાં). [૨ પ્રેમ; પ્રીતિ.

વચગાળો, પુ૦ વચલો ભાગ; વચમાં આવતું જે કંઈ તે.

વચડવું, ક્રિ૦ અ૦ નખથી ઉઝરડા પાડવા.

વચન, ન૦ [સં૦] શબ્દ; વાણી; બોલ. ૨ કબૂલાત કોલ; દિલની સાચવટ ઉપર જે કેવું તે (હાથમાં તાળી મારીને). વચન કાઢવું-બોલવું-આપવું-પાળવું-તોડવું-લેવું. ૩ કડવા બોલ; મેણું-વચન મારવું. ૪ એકાદા ગ્રંથમાંનું પ્રમાણ વાક્ય. ૫ (વ્યાકરણમાં) એક અથવા અનેક એ સમ્બન્ધી જે સંખ્યારૂપ તે.

વચનિકા, સ્ત્રી૦ દાખલાને માટે કોઈનું બોલેલું દાખલ કરવું-કરેલું તે (ગ્રંથમાં).

વચની, વિ૦ વચન પાળનાર; પ્રમાણિક; સત્યવાદી. ૨ ટેકી; વફાદાર.

વચમાં, અ૦ વચ્ચે.

વચરમાવું, ક્રિ૦ અ૦ વચળવું.

વચલાવાધાનું, વિ૦ મધ્યમ પંક્તિનું; ઘણું સારું નહિ તેમ ઘણું નરસું નહિ તેવું. [વા હર કંઈ.)

વચલું, ન૦ વચમાં જે હોય તે. ૨ બીજું (છોકરું અથ-

વચવચ, સ્ત્રી૦ વચમાં વચમાં-ઉછાછળું બોલ્યા કરવું તે.

વચળવું, ક્રિ૦ અ૦ ભરમાણ પડવું; કચળવું; વચમાં વિઘ્ન નડવું. ઊંધ વચળી ગઈ.

વચાળું, ન૦ બાકું; કાણું. ૨ બે વસ્તુની વચમાં જે અવકાશ તે-ખુણે વચાળે જુએ.

વચેટ, વિ૦ વચલું. 'વચેટ પ્રેમાનન્દનો સ્વામી' એટલે સ્વામીનારાયણ એ તેના બાપનો વચલો છોકરો.

વચ્ચે, અ૦ બે પાસ સરખો અન્તર હોય ત્યાં; મધ્યભાગે. ૨ બે કાળ-સ્થળનો અન્તર તેમાં કહીં પણ. ૩ કોઈ કામ ચાલતું હોય તે દરમિયાનમાં. ૪ લોકના બેસવાથી થતી આકૃતિની અન્દર પણ ગમેત્યાં. ૫ બાજુપર નહિ પણ મેદાનમાં. વચ્ચે પડવું એટલે વચમાં હાથ ઘાલવો. ૨ બે જણ લડતાં હોય તેનું સમાધાન કરવું. 'સુડી વચ્ચે સોપારી' એટલે આ તરફ બોલતાં તેને દુઃખ લાગે ને તે તરફ બોલે તો આને દુઃખ લાગે એવી હાલતમાં હોવું તે પ્રસંગે.

વચ્ચોવચ, અ૦ વચ્ચે (૧લા અર્થમાં).

વચ્છ, વિ૦ [વત્સ] ગાયનું વાછરડું.

વચ્છનાગ-છનાગ, પુ૦ એક ઝેરી કંદ.

વછિયાત, પુ૦ કોઈ ગામે પેઠા દાડા રેવા આવેલો

ઘુડા-બેરી છોકરાં વનાનો રાખસ. ૨ કોઇની તરફથી માલ ખરીદ કરવા આવેલો રાખસ; આડતિયો.

વછુટવું, ક્રિ૦ અ૦ છુટીને જૂદું પડવું-કામઠીથી તીર વછુટવું. ૨ વિનાશ થવો.-'અતિસ મળણથી બળણ અતીસેં, વછુટવું નવ આણિ.'

વછુટું, વિ૦ વર્ગ-સુમાનમાંથી જૂદું પડેલું-છૂટું થયલું.

વછેરી, સ્ત્રી૦ બાળક ઘોડી.

વછેરો, પું૦ બાળક ઘોડો. ૨ જોડાવાની તૈયારીપર આવેલો બળદ.

વછોડવું, ક્રિ૦ સ૦ આછું કરવું; વચમાં વચમાં સેરું વળી આછું કરવું એમ કરી મુકાવવું (પાવણ).

વજન, ન૦ [આ૦] તોળ્યાથી જેટલો જે ભાર થાય તેટલો તે. ૨ તોળવાનું કાટલું. ૩ (લાક્ષણિક) ભાર બોજ; માભો; માન.-વજન કરવું એટલે કેટલો ભાર બોજ છે-કેટલી માણસાઈ છે, તે જાણીલેવું. વજનદાર-વજનવાળું.

વજન્તર, વાજું. [શબ્દ જોવો.

વજરબટું, ન૦ એક ઝાડ અથવા તેનું ફળ. જંજરબટું

વજાડવું, ક્રિ૦ સ૦ વાગે તેમ કરવું.

વજીફદાર, વિ૦ જેને વજીફો હોય તે ગૃહસ્થ-જાગીરદાર, દેસાઈ, ગરાસિયો વગેરે. [વગેરે.

વજીફો, પું૦ ઇનામમાં મળેલી જે જમીન તે; ખેતર-વાડી

વજીર, પું૦ [આ૦] પાદશાહને સલાહ આપનારો વડો કારભારી; પ્રધાન. ૨ સેતરંજનું એક મોહોરું.

વજીરાત, સ્ત્રી૦ વજીરનો દરજો. વજીરી-વજીરાત. ૨ વજીરની સાહેબી.

વજુ, ન૦ હાથ પગ મો ધોવાં તે (મુસલમાને).

વજે, સ્ત્રી૦ ગણોત.

વજ્જીર, વજ્ર. 'હાથ હાથરે વજ્જર બાણ મારવાં.'

વજ્ર, ન૦ [સં૦] ઇંદ્રનું આયુધ-એ ઘણું કઠણ ને ધારવાળું છે, એથી ડુંગર કપાઈ જાયછે એમ કેવાયછે. વજ્રની છાતીનો એટલે ધંડીજ કઠણ છાતીનો; લાગણી વનાનો. વજ્રદેહી એટલે વજ્રના સરખી દેહવાળો. ૨ વિજળી. ૩ હીરો. [વઞ્ચકરાહિત.

વઞ્ચક, વિ૦ [સં૦] છળ કપટ કરે તે; ઠગ. ૨ વાંચવાનું.-

વઞ્ચાવું, ક્રિ૦ અ૦ વાંચી શકવું. ૨ ધોકમાં મરવા-ફલેતી થાય તેવી હાલતમાં આવવું-હોવું.-'વઞ્ચાયા સારા પણ વઞ્ચાયા ખોટા.'

વઞ્ચાળો, પું૦ ખાલી જગો; અવાંતરો ખુણો. કોઠીને વઞ્ચાળે જુઓ. ખુણે વઞ્ચાળે પડી હશે.

વઞ્જા, સ્ત્રી૦ [વન્ધ્યા] વાંઝણી સ્ત્રી.

વટ, પું૦ [સં૦] વડનું ઝાડ.

વટ, પું૦ [illegible] ૨ આબરુ; પાણી. ૩ ધીરધાર કરવી તે અથવા ધીરધાર કરવાની રિવાજ [illegible]

વટકીજવું, ક્રિ૦ અ૦ પાડુ ચારવુંજે દોવા ન દેવું (ગાય ભેંસે).

વટલવું-લાવું, ક્રિ૦ અ૦ સ્વજાતિ ધર્મ તજીને પરજાતિ ધર્મ સ્વીકારવો. ૨ કુળાચાર ભ્રષ્ટ થવું; પતિત થવું. (જે ખાવા પીવાનું ખાઈ પીને- અથવા જેનું ન ખાવું પીવું જોઈયે તેનું ખાઈ પીને). વટલાવવું-વટલે તેમ કરવું. વટલેલ-વટલેલું (માણસ).

વટલોઈ, સ્ત્રી૦ ઝારી જેવું વાસણ.

વટવું, ક્રિ૦ અ૦ થઈ ચુકવું; જાગ્રેવું; પસાર થઈ ગયલું હોવું- વેળા વટી ગઈ; વાવ વટી કે ગામ મો આગળ છે. ૨ પાછું હઠવું; ઓસરવું-પાણીની વેળ વટી. ૩ નાસી જવું; ચાલ્યું જવું; આઘું થઈ જઈ સંતાવું.

વટાણા, પું૦ એક જાતનું કઠોળ. એ ગોળ દાણા હોય છે. વટાણા વાવવા એટલે નાસીજવું; પોબારા ગણવા.

વટાણું, ન૦ ધૂળ છાંટેલ પાટલા ઉપર લખવાની લાકડાંની કલમ.

વટાવ, પું૦ [હિં૦] તાકીદના સબબથી અથવા મુદત પેલાં અવેજનું નાણું આપતાં જે થોડીક રકમ ઓછી આપવી તે; નરસા સિક્કાનો સારા સિક્કામાં બદલો કરતાં જે કંઈ આપવું પડે તે. સેંકડે દશ ટકા વટાવ એટલે ઓછા-બાદ કરવાના. ૨ ખોટને બદલે કંઈ રકમ તે.

વટાવવું, ક્રિ૦ સ૦ એક તરેહનું સિક્કા નાણું આપી તેના બદલામાં બીજી તરેહનું સિક્કા નાણું લેવું. રૂપિયો વટાવવો-રૂપિયાનો પરચુરણ કરવો. ૨ હુંડી-નોટ વગેરેનો નાણામાં બદલો કરાવવો. ૩ પસાર કરવું; પાછળ મુકવું-છોડવું; ઓળંગવું. વડ વટાવ્યો કે પછી ગામ નથી; નદી વટાવીને સામે પાર જવાનું છે.

વટાળ, પું૦ જેથી વટલાઈ જવાય તેવું કર્મ; વટલવાનું તે.

વટાળવું, ક્રિ૦ સ૦ કોઈયે કોઈને તેના ધર્મમાંથી પોતાના ધર્મમાં આણવું. ૨ નહિ ખપતું ખાય તેમ કરવું. ૩ જેનું કંઈ ન ખપે તેણે ખાવા પીવાના પદાર્થ, વાસણ, સ્થાન એઓને અડકવું, ખાધેલું કરવું; બાજ કરવું.

વટાળો, વટાળ.

વટી, વિ૦ વટ-ટેકવાળું (માણસ). ૨ ધીરધાર કરનાર; ધંધો કરનાર-નાણાવટી. ૩ વાળું-કુંકાવટી-કુંકુ ભરવું હોય તેવી લાકડાં વગેરેની ચલાણી-દાબડી. કુંકાવટો એટલે કુંકુ ઘાલવાનો હોડી-મછવાના આકારનો લાકડાનો જે પદાર્થ તે.

વટું, ન૦ કામ; ધંધો. પ્રધાનવટું, ગાંધીવટું વગેરે શબ્દો છે.

વટેણું, વટાણું.

વટેમારગુ-ગું, વિ૦ રસ્તે ચાલનાર. ૨ મુસાફર; પ્રવાસી.

વટ્ટિજવું, ક્રિ૦ સ૦ નાસીજવું; સંતાવાને આઘું-દૂર થઈ જવું.

વડ, પું૦ [વટ] એ નામનું એક ઝાડ-એનાં ફળ ને ટેટા

ને એનાં લટકતાં મૂળને જટા કેછે. 'વડ તેવા ટેટા ને બાપ તેવા બેટા.' [(માણસ).

વૂડકણું, વિ૦ કરકાસ-કજિયો-ટણ્ટો કરે તેવા સ્વભાવનું

વડકાવવું, ક્રિ૦ સ૦ ખીજાવવું; વૂડવું; ધમકાવવું.

વડવઈ-વાઈ, સ્ત્રી૦ વડની મુળિયો અથવા એ મુળિયોથી પાછા ઉગેલા જે નાના વડ તે.

વડવાગોળ, સ્ત્રી૦ [વલ્ગુલી] એક જાતનું પક્ષી. એ વડ પીપળા વગેરે મોટાં ઝાડ ઉપર દિવસે ઉંધે માથે લટકી રેછે ને રાત થતે ઉડવામાંડે છે. (એ બીજાં પક્ષીની પેઠે ઈંડાં મુકતી નથી પણ ઉંદર વગેરેની પેઠે બચ્ચાં જણે છે.)

વૂડવાડ, સ્ત્રી૦ કજિયો; ટણ્ટો; બોલચાલ; મારામારી.

વૂડવાડિયાં, એક જાતના પક્ષી; ચિબરી.

વૂડવાડિયું, વિ૦ વૂડવાડ-ટણ્ટો કરે તેવું; લડકણું.

વડવાનળ, પુ૦ [સં૦] દરિયાની અન્દર એક અગ્નિ માન્યો છે તે. ૨ અગ્નિના ભડકા રૂપ દેહ ને ઘોડીના જેવું માથું એવો પ્રાણી (પુરાણમાં).

વૂડવું, ક્રિ૦ અ૦ લડવું; બોલચાલ-મારામારી કરવી; અણબનાવ-કજિયો કર્યો હોય તેવી હાલતમાં હોવું. ક્રિ૦ સ૦ ખિજવવું; ચિડવું; ઠપકો આપવો. તે તેને વૂડે છે.

વડવો, પુ૦ માનો બાપ; આજો. ૨ બાપનો બાપ; દાદો.

વડસસરો, પુ૦ સસરાનો બાપ. ૨ સાસુનો બાપ.

વડસાવિત્રી, સ્ત્રી૦ નવાં પરણેલાં વર વહુ, જેઠસુદ પુનેમે વડનું જે પૂજન કરે છે તે.

વડસાસુ, સ્ત્રી૦ સસરાની મા. ૨ સાસુની મા.

વડાંડસાંત. સ્ત્રી૦ વિનાયકસાન્તિ.

વડાઈ, સ્ત્રી૦ મોટાઈ; લોકમાં સારાં ગણાવું તે; આબરૂ; કીર્તિ. ૨ અભિમાન; ફુલાસ; પતરાજ.

વડાગરુ-મીઠું, ન૦ મોટા ખાડા-કુવામાં દરિયાનું પાણી લેઈ પકાવેલું મીઠું જે મોટા ગાંગડા રૂપે ને સાફ કીધા વગરનું હોય છે તે.

વડાતૂડ-ડી, સ્ત્રી૦ લડાલડ; સામસામું વૂડવું તે.

વડાવા, પુ૦ વંશમાં જે ઘરડા થઈ ગયા હોય તે; પૂર્વજ.

વડિયાઈ, સ્ત્રી૦ માની મા. ૨ બાપની મા.

વડી, સ્ત્રી૦ [વટી] ચોળાની દાળની અથવા ભુરાં કોળાંની છીણની બનાવી સુકવેલી જે નાની નાની લચકાયો તે.

વડીલ, વિ૦ [વૃદ્ધ] સગાં-કુટુંબ-સમ્બન્ધી વગેરેમાં મોટા માનને જે યોગ્ય તે-બાપ, દાદો, કાકો ઇ૦ પુરુષ અથવા મા, મોટીમા, કાકી, માસી, ફોઈ ઇ૦ સ્ત્રી. ૨ વૃદ્ધાવસ્થાથી અથવા વિદ્યા પદવીની યોગ્યતાથી મોટું માનેલું જે સમ્બન્ધી જન તે.

વડું. વિ૦ મોટું-૧ (સગપણમાં). ૨ (ઉંમરમાં). ૩ (ગુણમાં). ૪ (પદવીમાં).

વડું, ન૦ [વટક] અડદની દાળ વગેરે દળીને અથવા વાટીને બનાવેલો ખાવાનો એક પદાર્થ-એ ગોળ ને તેની વચમાં આરપાર કાણું હોય છે ને તેલમાં તળેલું હોયછે.

વડે, અ૦ મારફત-સાધન-યોગ-દ્વારનો અર્થ રાખેછે; થી. ભાલિયાં વડે, તરવારવડે, તેનેવડે.

વઢકણું, વિ૦ વૂંડકણું.

વઢવાડ-ઢ, વૂડવાડ.

વઢવું, વૂડવું.

વણ, અ૦ વિના; વગર.

વણ, પુ૦ કપાસ. ૨ કપાસના છોડ-રોપ.

વણકર, પુ૦ સુતર-રેશમના કપડાં વણનારો. વણકરી-વણવાની મજુરી. [હોય તેટલામાં.

વણખુટે, અ૦ ઓછું થયા વગર. ૨ પૂરેપૂરું-પૂરું ન થવું

વણજ, પુ૦ [વાણિજ્ય] ધંધો વેપાર. ૨ એને માટે જે ફરવું-દેશાંતર કરવું તે.

વણજાર, સ્ત્રી૦ વણજારાની પોઠ. ૨ વણજારાનું, માલ ભરેલું બળદનું જે ટાંડું તે. કાલે તલની વણજાર આવી.

વણજારુ, વિ૦ વણજારમાંનું. ૨ રાન જંગલ સમ્બન્ધી (તે લોક તેવે મારગે આવેછે). વણજારુ કુતરી. વણજારુ અનાજ એટલે તેઓએ આણેલું. (નબળો માલ).

વણજારો, પુ૦ બળદોની પીઠ ઉપર માલ નાખી એક ઠેકાણેથી બીજે ઠેકાણે જઈ માલ વેચનારો. [પોત.

વણતર, ન૦-સ્ત્રી૦ વણવું તે. ૨ વણવાની રીત-તરેહ;

વણવું, ક્રિ૦ સ૦ આમળા દેવા-આમળા દઈ દઈ બનાવવું (દોરી દોરડું વગેરે). ૨ સાળ ઉપર આડા ઉભા દોરાઓને આમ તેમ આમટા મારી પાસે પાસે આણવા (કપડું વણવું). ૩ ડેરાંમાંથી નરસો ભાગ કાઢી નાખવો -(અનાજ વણવું). ૪ કણેકના લુવાને વેલણ ફેરવી મોટો કરવો. (રોટલી-પૂરી વણવી). ૫ ઝાડેથી તોડવું અથવા પડેલું હોય તે લેવું -(ફૂલ વણવાં). ૬ ઘણામાંથી સારું હોય તે ચુંટી-નિવેડી કાડવું. (સઘળામાંથી બ્રાહ્મણને વણીકાડજે).

વણસવું, ક્રિ૦ અ૦ બગડવું; ખરાબ થવું. ૨ નાશ પામવું.

વણસાડ, પુ૦ બગાડ, ૨ નાશ.

વણસાડવું. ક્રિ૦ સ૦ બગાડવું; ખરાબ કરવું.

વણાઈ, સ્ત્રી૦ વણવાની મેહેનતનું નાણું.

વણાટ, પુ૦ વણતર.

વણિક, વિ૦ ખેતી શિવાયે હરકોઈ ઉંચી જાતનો ધન્ધો કરનારા લોક તે; વણજ વેપાર કરનારી જાતિ; વાણિયો.

વણિયર-યેર, સ્ત્રી૦ ઉંદરનાં જેવાં મોડાંનું, બિલાડીથી જરા મોટું ને લાંબાં પુછડાંનું જે ચોપગુ તે; બલણ; વસણ; વનોરું.

વણટોળ-ળિયો, પુ૦ ભમરાની પેઠે કુંડાળાં કરતો એક ઠેકાણે ઘણે જોરમાં છુટેલો જે વાયુ તે.

વણુઠ, પું૦ શરીરમાં વાયુના ગોળા આવવા તે.

વણુઠવું, ક્રિ૦ અ૦ હઠમાં જવું; બગડવું; ફાટવું.

વણુઠીજવું, ક્રિ૦ અ૦ બગડી જવું.

વણુઠેલ, વિ૦ વણઠેલું; બગડી-ફાટી ગયેલું (જન).

વણુઢળ, પું૦ નપુંસક; હિજડો; પોજો.

વણુડી, સ્ત્રી૦ ખુલ્લી જમીન-વાડાની આસપાસ જે ગારાની ભીત મટોડાની કરેલી હોય તે. વણડી ઢાંકવી એટલે તે વરસાદથી ભિંજાય નહિ માટે તેના ઉપર કરાંઠી વગેરે મુકી ઉપર મટોડું કચરો નાખવાં. ૨ જમા બન્ધીયાર રાખવાને જે ભીત તે-અગાશીની વણડી. [કરેલી જમા.

વણુડો, પું૦ મોટી વણડી. ૨ ભીત વગેરેથી આરપાર બંધ

વત્, અ૦ પેઠે; પેઠે; (ને) રીતે; પ્રમાણે; સરખું; જેવું. પાષાણવત્-પથ્થર સરખું, દંડવત્-દંડની પેઠે-લાંબા પડીને (નમસ્કાર).

વતડવું, ક્રિ૦ સ૦ નખેવતી ખેંચવું; ઉઝરડા પાડવા. વાંદરાએ મને વતડી નાખ્યો.

વતણું, વટાણું.

વતન, ન૦ [અ૦] જન્મભૂમિ; જે દેશ-પ્રાંત-શહેર-ગામમાં જન્મ થયેલ હોય તે ઠેકાણું. બાપદાદાની રેવાની જગા. ૨ સરકારથી મળેલું ઇનામ દાખલ જે ગામ-ખેતર વગેરે તે; જાગીર-વંશપરંપરા ભોગવટામાં આવ્યાં કરે તે. ૩ ઘણા કાળના ભોગવટાની જમીન અથવા તેનું ઉત્પન્ન, અથવા તે ઉપર જે હક તે.

વતનદાર, પું૦ (૨-૩ જા અર્થમાં) વતનવાળો; જાગીરદાર; ગરાસિયો; દેસાઈ; મજમુદાર. [કવાય); રેવાસી.

વતની, વિ૦ જ્યાં જેની જન્મભૂમિ હોય ત્યાંનું તે (વતની

વતશેગ-ગે, અ૦ સિવાય; વગર; વિના.

વતાગરો, પું૦ વેતરો; મજુર.

વતિપાત, પું૦ [વ્યતીપાત] (જ્યોતિષમાં) સત્તરમો યોગ.

વતિપાત-તિયું, વિ૦ જરા પેલછાવાળું; ઉછાંછળું; તોફાની (છોકરું, માણસ).

વતી, અ૦ બદલે; ઠેકાણે. તેની વતી તે કરશે. ૨ (કોઈને) માટે; તરફ. (તેની વતીનું તે કરશે).

વતું, ન૦ મુંડાવું તે; મુંડણ; હજામત. ૨ ઘરનું કામકાજ (બૈરાને જે કરવાનું તે). [તેની વતે નહિ થાય.

વતે, અ૦ મારફતે; થી; વડે. લાકડી વતે મારીશ નહિ

વતેસર, ન૦ ઘણુંજ લંબાવેલું-ફેલાવેલું તે. 'વાતનું વતે- [સર ન કરતો.'

વત્તું, અ૦ વધતું; વધારે.

વત્સ, પું૦ [સં૦] બાળક. ન૦ વાછરડું. વત્સરસ-(રસશાસ્ત્રમાં) બાળક તથા તેનાં માબાપ એ બેના પરસ્પર પ્રેમ સમ્બન્ધી જે રસ તે. વાત્સલ્યરસ પણ કેવાય.

વત્સલ, વિ૦ [સં૦] વહાલું; કૃપાળુ; પ્રેમાળ. ભક્તવત્સલ-ભક્ત છે વહાલા જેને તે.

વદ, સ્ત્રી૦ [વદ્ય] મહિનાનું બીજું પખવાડિયું જેમાં ચન્દ્રની કળા ઘટતી જાય છે તે; કૃષ્ણપક્ષ; અંધારિયું.' સુદ ને વદ.' [કમળ જેવું મોઢું.

વદન, ન૦ [સં૦] મુખ; મોઢું. વદનકમળ-મોઢારૂપી કમળ;

વદવું, ક્રિ૦ સ૦ બોલવું; ઉચ્ચારણ કરવું. ૨ કહેવું; કથવું.

વદા, વિ૦ ધા૦ [અ૦] પાસેથી આગળ વધ્યું-ચાલ્યું હોય તેવી હાલતમાં આણેલું. વદા કરવું-થોડેક લગી સાથે રહીને પછી એકલું જવાદેવું; વળાવવું; થોડેક લગી પોંચાડવું. વદા થવું-ઊઠી જવું.

વદાઈ, સ્ત્રી૦ જુદાં પડતી વખત જે રજા લેવી-એકબીજાનું કલ્યાણ ઇછવું તે. ૨ ઘર છોડી દૂર જનારને તેનાં સગાં મિત્રની તરફથી પ્રેમની નિશાનીમાં જે ભેટ મળવી તે.

વદાગિરી-ચગિરી, વદાઈ.

વદી, સ્ત્રી૦ વદ. ૨ વિ૦ વદ વાળી-માંની (તિથિ).

વધ, પું૦ [સં૦] કોઈને પછાડી-કાપી મારી નાખવું તે. ૨ પશુને હોમવું તે; ભોગ આપવો તે.

વધ, સ્ત્રી૦ વધારો. (વધ ઘટ).

વધતું, વિ૦ વધારે-વિશેષ હોય તે-તેવું-તેમ. [ગળ.

વધરાવળ, સ્ત્રી૦ પુરુષની ઓળી મોટી હોવી તે; અન્તર-

વધવું, ક્રિ૦ અ૦ કદ-માપ-વજન-સઙ્ખ્યા-ગુણ-કિમત વગેરેમાં ઉમેરો થવો; ઉમેરાવું; વધારે મોટું થવું. ૨ બરાબર થયા-સમાઈ ગયા પછી વિશેષ હોવું; બાકી રેવું-પાંચ રૂપિયાના સોદામાં ચૌદ આના વધ્યા, મકાનમાં પોણોસો માણસ માઈ રહ્યાં ને બીજાં પચ્ચિસ વધ્યાં. ૩ આગળ ખસવું; આગળ ચાલી આવે જવું. ૪ લીલામમાં માગવું. ૫ ભેટવું. 'સામસામા વધ્યાં બન્ને' (પ્રેમાનન્દ).

વધાઈ, વધામણી.

વધામણાં, ન૦ એકાદાં મઙ્ગળ કારજ નિમિત્ત માતાનું જે પૂજન તે. ૨ વધામણી.

વધામણી, સ્ત્રી૦ શુભવર્તમાન; ખુશખબરીની ખબર કરવી-થવી તે. ૨ ખુશખબરીની ખબરના બદલામાં ખબર લાવનારને જે બક્ષીસ તે.

વધારવું, ક્રિ૦ સ૦ વધેલું હોય તેવું કરવું; ઉમેરવું.

વધારે, અ૦ વધારેલું હોય તેવું; વિશેષ; અધિક.

વધારો, પું૦ ઉમેરો; જેટલું વધારે તેટલું તે. ૨ અનિયમિત કાળે જેટલું વિશેષ જણાવેલું તે (ન્યુસપેપરનો વધારો).

વધાવવું, ક્રિ૦ સ૦ ભક્તિના ઉલ્લાસમાં-પ્રસન્નતામાં પ્રસન્ન કરવાને દેવ-રાજા-ગુરુ-અંશીજનના ઉપર ફૂલ ચોખા ધાણી વગેરે નાખવાં-ઉરાડવાં. શુભ-કલ્યાણ વાંછી એ ભાવમાં પણ કોઈના ઉપર-ઘર ઉપર ઉરાડવામાં આવેછે.

વધુ, વિ૦ વધારે; વધતું. અ૦ દાખલ પણ વપરાયછે.

વધૂ, સ્ત્રી૦ [સં૦] વરરાજાની વહુ. ૨ પુરુષની પરિણીતસ્ત્રી (સાસુસસરાના સમ્બન્ધમાં).

વધેરવું, ક્રિ૦ સ૦ કાપી-ભાંગીને ભોગ આપવો-બળિદાન આપવું. બકરું, નાળિયેર વધેરવું. ૨ કાપવું (નાળ-વધેરવો). [૩ પાણી; જળ.

વન, ન૦ [સં૦] જંગલ; રાન; અરણ્ય. ૨ કુંજ; ઝાડી.

વનકુળ, ન૦ [વલ્કલ] ઝાડની છાલનાં વસ્ત્ર; પાતરાંને સળીથી જોડી બનાવેલું વસ્ત્ર.

વનચર, વિ૦ વનમાં ફરતાં પશુ; વગડાનાં જનાવર. ૨ રાનમાં વસનારૂં માણસ.

વનદેવતા, સ્ત્રી૦ [સં૦] વનનું ઉપરીપણું કરનારી દેવી.

વનમાળી–શ્રીકૃષ્ણ.

વનરાજ–ય, પુ૦ સિંહ. ૨ વનમાં જે મુખ્ય ઝાડ તે.

વનવાગળું–ગોળ, વડવાગોળ.

વનવાસ, પુ૦ [સં૦] વનમાં વાસો કરવો-રેવું તે.

વનવિહાર, પુ૦ [સં૦] વનમાં જે વિહાર કરવો તે. ૨ પાણીમાં જે વિહાર કરવો તે.

વનસ્પતિ, સ્ત્રી૦ [સં૦] ઓષધીનો ગુણ ધરાવનાર એવું કોઈપણ ઝાડ-છોડ વેલ અથવા તેનો એકાદો ભાગ-મૂળ પાતરાં બીજ વગેરે.

વનાં, ન૦ વાનાં શબ્દ જોવો. તેણે તેને ઘણાં વનાં-વાનાં કરયાં.

વના, અ૦ શિવાયે; વગર; વણ.

વનિતા, સ્ત્રી૦ [સં૦] સ્ત્રી.

વનિયર, વણિયર. [વન્ત.

વન્ત, વિ૦ [સં૦] ભરેલું; વાળું-વાનના અર્થમાં. ધન-

વન્તરી, સ્ત્રી૦ જે રાંડીરાંડ મુઆ પછી પ્રેત-ભૂત યોનિમાં ગઈ હોય તે.

વન્તાક-વન્ત્યાક, ન૦ એક શાક; વેગણ.

વન્દન, ન૦ [સં૦] વન્દવું તે.

વન્દવું, ક્રિ૦ સ૦ પૂજન-સ્તુતિ કરીને ચરણને નમવું તે. ૨ પ્રસાદ લેવો.–જરાક ખાવું; ચાખવું.

વન્દિત, વિ૦ ધા૦ વન્દન કરેલું એવું.

વન્દો, પુ૦ વાંદો; ઝલ.

વન્દ્ય, વિ૦ [સં૦] વન્દન કરવા જોગ.

વન્ધ્યા, સ્ત્રી૦ [સં૦] વાંઝણી સ્ત્રી.

વપન, સ્ત્રી૦ [સં૦] મુંડણ; હજામત.

વપરાવું, ક્રિ૦ અ૦ વાપરેલું થવું; કામમાં આવવું. ૨ ખરચાવું; ઘસાવું; ઓછુંથવું.

વપલો, પુ૦ કૌતક; અચરત.

વપુ, ન૦–પુ૦ [સં૦] શરીર; દેહ; કાયા; તન.

વફા, સ્ત્રી૦ [આ૦] વફાદારી. ૨ ફાયદો; ગુણ.–(તે વાત તને આગળ જતાં વફા કરશે).

વફાદાર, વિ૦ સાચવટ-પણ રાખી રેનાર; વચની; વિશ્વાસુ.

વફાદારી, સ્ત્રી૦ વિશ્વાસુ. વચને-વિશ્વાસે-સાચવટે વળગી રેવું તે.

વમન, ન૦ [સં૦] ઉલટી; ઓકારી.

વમળ, પુ૦ જોરથી વેતાં પાણીમાં જે કુંડાળાં થવાં તે; ભમરો. ૨ ગુચવણની કાળજી.

વમાસવું, ક્રિ૦ સ૦ દુર અંદેશો કરવો; વિચારમાં પડવું. ૨ અટકળ કરવી; ધારવું.

વય, ન૦–સ્ત્રી૦ [સં૦] જન્મથી તે ત્યારપછી ગણાતાં વર્ષમાંનાં એકાદાં પ્રાણીનો જેટલો કાળ તે; ઉમ્મર. તેની સત્તર વર્ષની વય છે.

વયણ, ન૦ વચન; વેણ.

વયી, વિ૦ ઉમરનું.–સમવયી–સરખી ઉમરનું.

વર, પુ૦ [સં૦] જે પુરૂષ-છોકરાસાથે કન્યાના લગન થવાના-થયલાં હોય તે. ૨ પતિ; ભાટી; ભરથાર; સ્વામી.

વર, વિ૦ [સં૦] શ્રેષ્ઠ; ઉત્તમ. [૩ વરદાન.

વરક-ખ, પુ૦ [આ૦] સુનાં-રૂપાનાં જે છેક ઝીણાં-બારીક-પાતળાં પત્ર-પાનાં તે.

વરખ, સ્ત્રી૦ [વૃષભ] બારમાંની બીજી બ, વ ને ઊ એ અક્ષરથી શરૂ થતાં નામની રાશી.

વરખાસન, ન૦ વરસાણ; વર્ષાસન.

વરખે, વરસમાં. સંવત ૧૮૮૩ ના વરખે.

વરગ, વરક. ૨ વર્ગ. [ચણ કરવી તે.

વરગણી, સ્ત્રી૦ વર્ગ-ભાગ પાડવા તે; ઘટતા ભાગે વેંચણ કરવી તે.

વરઘેડ–ર, સ્ત્રી૦ વરને સામે તેડવા જનાર કન્યાની તરફના જે થોડાક લોક, વરની જાનને રોકી રાખે છે તે. (કંઈક દાપું લેવાને માટે).

વરઘોડો, પુ૦ વરરાજાને બેસવાનો ઘોડો. ૨ વર રાજા, સાબેલા, સાજન, તાસાં વાજાં વગેરેનો જે ઠાઠ તે.

વરફો, પુ૦ ઢોરને થતો એક રોગ.–જેથી દાંત હાલી જાય ને ચવાય નહિ.

વરચવું, ક્રિ૦ અ૦ કંઠાળવું.

વરચસ, પુ૦ જેણે ઠપકો દીધો હોય તેને ઓશીઆળું પાડવાને રીસમાં જે જોસ્સાથી એકાદું કર્મ કરવું તે. કંઈ અફાળવું, વધારે પીરસવું, પોતાનુંજ માથું કુટવું વગેરે કરવાનો જોસ્સો-દ્વેસ.

વરજવું, વર્જવું.

વરડવું, ક્રિ૦ સ૦ ઉઝરડવું.

વરડું. ન૦ વાલ, વટાણા વગેરે કઠોળના જે અંકુરે ફુટેલા-ઉગવાની તૈયારીપર આવેલા તે. (વાલ-મગનાં વરડાં).

વરડુ, ન૦ નાના ને મોટા–હ્રસ્વ ને દીર્ઘ ઉ નું જે નીચલું પાંખડું તે.

વરણ, સ્ત્રી૦ [વર્ણ] જાત; નાત. નીચવરણ; ઊંચવરણ. ૨ (લાક્ષણિક) સ્થિતિ-પદવી; ગણતી; લેખું. તે કંઈ વરણમાં નથી. પુ૦ અક્ષર. ૪ રંગ.

વરણસંકર, વિ૦ જુદી જુદી જાતના મેળવાળું. ૨ જુદી જાતની મા ને જુદી જાતનો બાપ એથી ઉત્પન્ન થયલું.

વરણાગિયું, વિ૦ જેને પોતાને ફુટડા-ખુબસુરત દેખાડવાનું કોડ હોય તે (માણસ).

ણાગી, સ્ત્રી૦ વરણાગિયાં થવું તે. ૨ વરણાગિયાએ- નો જે વરઘોડો-ઠાઠ તે. ગોસાંઈજીના લાલના લગ્ન- માં સઘળાં સ્વરૂપની વરણાગી નિકળે છે.

ત, ન૦ [વ્રત] ઇચ્છેલું મેળવવાને એકાદા દેવનું જે ઉ- પવાસાદિક કેટલુંક દેહકષ્ટ કરી પૂજન કરવું તે. ૨ નિ- યમ; સંકલ્પ; પણ; પ્રાધા; માનતા.

ત, સ્ત્રી૦ [વરત્રા] ઢોરાનું દોરડું (ઘણુંકરીને ચામડાંનું). ૨ ઢોરની ચરાઈ.

તડી, સ્ત્રી૦ નાનું દોરડું.

તણિયો, પુ૦ ચોરી શોધી આપનાર પગી.–એમાંનો એક, જેને માથે સરકારના ચોરને પોતાની હદમાંથી શોધી આપવાની જવાબદારી હોય છે તે. ૨ વટેમાર- ગુને એક જગાયેથી બીજી જગાએ સલામત પોંચાડવા સાથે રેનારો ભીલ, કોળી તે.

તવું, ક્રિ૦ અ૦ આચરવું; રેવું. ૨ બનવું; થવું. ક્રિ૦ સ૦ જાણવું; પારખવું.

તારો, પુ૦ જોશી; ગ્રહ-પ્રશ્ન જોનારો. ૨ જોષ જોવો તે (વરતારો કરવો).

તાવવું, ક્રિ૦ અ૦ ફેલાવવું; પ્રસિદ્ધ કરવું. ૨ ઢોલ્ટો- રોજગારે લગાડવું. ૩ વપાવી-વેંચી દેવું (મફત). ૪ વરતે-આચરે તેમ કરવું.

તાવું, ક્રિ૦ અ૦ પોષાવું-તેને ત્યાં રોજ પંદર માણસ વરતાય છે. ૨ ખપવું; વપરાવું. ૩ જણાવું; પર- ખાવું. તે શું છે તે મારાથી વરતાતું નથી.

તી, અ૦ પછી; થઈગયા પછી; કેડે; પછવાડેથી.

દ, વિ૦ વરદાન આપનાર; કૃપાળુ. વરદાઈ-યી-ળી- વરદાન આપનારી.

દાન, ન૦ ઈશ્વર-દેવ-દેવી ઇ૦એ પ્રસન્ન થઈ ભક્તની ઇચ્છા પુરી પાડી આપવાને તેને કબલું જે વચન તે. ૨ પ્રસાદ; પસાય.

દી, સ્ત્રી૦ કેણ; ખબર; સન્દેશો. વરદી કરવી-પોં- ચાડવી. વરદી માગવી. ૨ રજા; હુકમ.

ધ, સ્ત્રી૦ મણ્ડપ મુહુર્તનો દહાડો ને લગ્નનો દહાડો એ બેની વચમાંના જે દહાડા તેમાંનો એકેકો. સાતમી, છઠ્ઠી, પાંચમી વગેરે વરધ. ૨ ઢોરાનું દોરડું; વરત.

ધસુંવાળું, ન૦ બાળક અવતરેથી ઘરનાને ને પિત્રાઈને જે સૂતક તે; જનનઆશૌચ.

ધસાંકળી, સ્ત્રી૦ જેને છોકરો જીવતો ન હોય તે બૈરી પોતાના નવા અવતરેલા બાળકની કોટમાં રૂપાં- સુનાની જે સાંકળી કોઈની (એકો છોકરું મરી ન ગયું હોય તેની) આપેલી ઘાલી રાખે છે તે.

માળ, સ્ત્રી૦ સ્વયંવરમાં કન્યા જે માળા (જેને) પેરાવી પોતાનો વર કરી થાપે છે તે. ૨ વરવહુની કોટમાં પરણતી વેળા જે માળા ઘાલવામાં આવે છે તે.

વરરાજા, પુ૦ રાજાના જેવા ઠાઠથી પરણવા જનારો પુરુષ- વર.

વરવાહ, વડવાડ. [વર.

વરવાઢિયો, વૃડવાઢિયો. કજિયાખોર પુરુષ. ૨ એક જાતનો ચાસના જેવો પક્ષી; કલકલિયો. ૩ એક જાતનું ઝાડ-તેનું ફૂલ.

વરંવું, ક્રિ૦ સ૦ એકાદું કર્માન્તર કરાવવાને બ્રાહ્મણોને વિધિપૂર્વક સ્થાપવા-નક્કી કરવા; વરણી કરવી.

વરવું, ક્રિ૦ અ૦ પરણવું. ૨ ખપવું; વપરાવું.

વરવું, વિ૦ [વિરૂપ] કદરૂપું; બદસુરત; બેડોળ; નરસું.

વરશ-સ, ન૦ [વર્ષ] બાર મહિનાનો કાળ; સાલ. નોક- રીના બદલામાં વરસે વરસે આપવાનું જે નાણું તે.

વરસગાંઠ, સ્ત્રી૦ દરવરસે આવતી જે જન્મતિથિ તે; જ- નમગાંઠ; સાલગિરી; જન્મદિવસ.

વરસદાડો, પુ૦ એક આખું વરસ; એક વરસના ૩૬૦- ૩૬૫ દાડા જેટલો જે કાળ તે. વરસદાડાનો જુડો એટલે ૩૬૦ દાડામાં એકજ વાર આવતો એવો જે દુર્લભ દાડો તે. [વરસ એમ.

વરસનાંવરસ, અ૦ [વર્ષાનુવર્ષ] ઘણાંએક વરસ; વરસ પછી

વરસવું, ક્રિ૦ અ૦ વરસાદ પડવો; વૃષ્ટિ થવી. ૨ ઊંચેથી પ- ડવું; એકાએક સારી પેઠે આવીમળવું. ક્રિ૦ સ૦ સારી પેઠે આપવું-કુરબાન થવું-આપણે તે એને શું વરસ્યા છૈયે?

વરસસુવાળું, વરધસુંવાળું.

વરસાણ, ન૦ દર વરસે આટલું નાણું આપવું, એવું જે નક્કી કરેલું તે; સાલિયું. મુનીમને ચાકરોનું વરસાણ બાંધી આપ્યું-કરી આપ્યું છે.

વરસાત-દ, પુ૦ ઊંચેથી જે ઘણું પડવું-પડેલું તે. તીર પથરા ગાળનો વરસાદ. ૨ આકાશમાંથી જે અનર્ગળ પાણી પડેછે તે; મેઘ. (જુનાં પુસ્તકોમાં સર્વત્ર વરસાત છે).

વરસી, ન૦ મરનારની તિથિ જે પેસેજ પૂરે વરસે પાછી આવી હોય તે; પૂરે વરસે જે સમચરી તે.

વરસોંત-ધ, સ્ત્રી૦ દર વરસે મળતો જે હક તે; વર્ષે વર્ષે મ- ળતું જે બળિદાન તે. 'વરસોંધ શાપી માહારી' (પ્રે૦ દરામ).

વરસોવરસ, અ૦ હમેશાં દર વરસ.

વરસોળી, સ્ત્રી૦ શરીરના એકાદા ભાગ ઉપર જે ગાંઠ બાર ઝૂલતી હોય તે-એ દબાયેથી દુઃખ થતું નથી; રસોળી.

વરાસે, પુ૦ જાણે હોવની તેમ; ભરોસે.

વરાગડુંમોઢું, વડાગરુંમોઢું. [હિસ્સો; વાટો.

વરાડ-વરાડ, સ્ત્રી૦ લડાઈ; કજીયો-વરાડ કરાવીશ. ૨ ભાગ;

વરાડવું, ક્રિ૦ અ૦ લડાવવું.

વરાહ, પુ૦ વડવાઢિયા; લડકણા.

વરાઢિયો, પુ૦ વરવાઢિયાનું ઝાડ-ફૂલ.

વરાધ, સ્ત્રી૦ છાતી ઊંચી આવે ને પેટ મોટું-સડ થઈજાય ને હાંફ ચાલ્યા કરે તે રોગ-છોકરાંને થાયછે.

વરાવું, ક્રિ૦ અ૦ વરેલું થવું; વરણીમાં આવવું-ચાર બ્રાહ્મણ વરાયા છે.

વરાહ, પુ૦ [સં૦] ભૂંડ; ડુક્કર. ૨ વિષ્ણુનો ત્રીજો અવતાર.

વરાળ, પુ૦-સ્ત્રી૦ બાફ. પાણી-હવામાની ભિનાસ અતીસે ગરમ થયેથી જે વાયુરૂપ પદાર્થ બનેછે તે-એનામાં સ્થિતિસ્થાપક ગુણ રહ્યો હોય છે-ઠંડી લાગેથી તે (વરાળ) પાછું પાણી થાયછે. એનાં વાદળાં થાયછે. વરાળયન્ત્ર-વરાળના જોરવડે ચાલતો યંત્ર.

વરાળિયું, વિ૦ વરાળવાળું (રસક વગેરે).

વરિયાળી, સ્ત્રી૦ એક જાતનું મઘમઘતું ને આકારમાં સુવા સરખું વસાણું.

વરિયાળીદાણા, પુ૦ ખાંડમાં પાયલા વરિયાળીના દાણા.

વરિષ્ઠ, વિ૦ [સં૦] સહુથી શ્રેષ્ઠ.

વરી, અ૦ વળી.

વરુ, ન૦-પુ૦ કુતરાંના જેવાં મોડાંનું, રીંછના જેવા વાળવાળું ને મોટા કુતરા જેટલું ઊંચું એક પશુ જે બકરાં વાછરડાં કુતરાં પાડાં માણસ વગેરેને વનેડી ખાયછે.

વરુણ, પુ૦ [સં૦] પાણીનો અધિષ્ઠાતા દેવ. ૨ પશ્ચિમ દિશાનું રક્ષણ કરતો દેવ.

વરુણી, સ્ત્રી૦ [સં૦] વરવું તે; પૂજન કરી બ્રાહ્મણને કર્માંતર કરાવવાના કામમાં સામેલ કરવો તે. ૨ (લાક્ષણિક) શિક્ષા; માર પડવો તે. (આજ તેની ઠીક વરુણી થઈ છે). ૩ સપડાવું; ફસાવું; રોકાવું-તમે પણ વરુણીમાં આવ્યાછો કે શું?

વરેઠી-રેઠી, સ્ત્રી૦ લગન જનોઈની ખુશાલીમાં લગનજનોઈને દાડે અથવા લગન થતાં પેલાં આગલે દાડે અથવા ગમેતારે વરવાળા તથા જનોઈવાળાએ નાત જમાડવી તે. (નાતનું વરના ઉપર દાપુ).

વરો, પુ૦ શુભ-અશુભ કાર્ય નિમિત્ત જે નાત જમાડવી તે; ખરચ. તેને ઘેર વરો છે. ૨ વરવું-ખરચાવું તે; ખરચ.

વરોત, મોટું દોરડું.

વરોળ, વાંઝણિયાંપણું.

વરોળવું, વલોવવું.

વર્ગ, પુ૦ [સં૦] મોટા સમુદાયના જે નાના ભાગ તેમાંનો એકેક; જથો; ટુકડી; જાત; નાત; મણ્ડળ. દેવવર્ગ, બ્રાહ્મણવર્ગ, પશુવર્ગ, ધાન્યવર્ગ, રસવર્ગ ઇ૦. ૨ એક સઙ્ખ્યાને તેજ સઙ્ખ્યાએ ગુણ્યાથી જે સઙ્ખ્યા આવે તે. આઠનો વર્ગ ચોસઠ.

વર્ગમૂળ, ન૦ (ગણિતમાં) વર્ગની મૂળ સઙ્ખ્યા. ૬૪ એ વર્ગ ને ૮ એ વર્ગમૂળ.

વર્જ, વિ૦ ધા૦ [વર્જિત] તજેલું; ત્યાગ કરેલું. ૨ બન્ધ કરેલું; રદ કરેલું.

વર્જવું, ક્રિ૦ સ૦ તજવું; મુકી દેવું; રદ કરવું. [જે.

વર્જિત, વિ૦ ધા૦ [સં૦] વર્જેલું. વર્જ્ય-ત્યાગ કરવા જે.

વર્ણ, પુ૦ [સં૦] જાત. ૨ રઙ્ગ. ૩ ભાષાની લિપિમાંનો એક; મૂળાક્ષર.

વર્ણન, ન૦ [સં૦] બયાન; હકીકત લખાવીને કહેલી-લખેલી તે. ૨ વખાણ; તારીફ. [વાનું તે.

વર્ણનીય, વિ૦ વર્ણન કરવાને યોગ્ય. ૨ જેનું વર્ણન કર-

વર્ણસઙ્કર, વિ૦ જેનાં માબાપ ભિન્નભિન્ન જાતિના હોય તે. ૨ ઉદમાતિયું; તોફાની; ઉછુઙ્ખળ (છોકરું).

વર્ણાવર્ણ, વિ૦ ઊંચી નીચી જાત ભેળસેળ થઈ હોય તેવા (જે સમુદાય-જથો તે).

વર્ણાશ્રમ, પુ૦ ચાર વર્ણ અને ચાર આશ્રમ તે. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય ને શૂદ્ર અને બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ ને સન્યસ્ત.

વર્ણોચ્ચાર, પુ૦ [સં૦] વર્ણ-અક્ષરનું જે ઉચ્ચારણ તે.

વર્તણિયો, પુ૦ વીકટ માર્ગમાં સાથે રેનારો ભીલ-કોળી.

વર્તણુક, સ્ત્રી૦ ચાલ ચલણ; વર્તવાની રીત; આચરણ.

વર્તન, ન૦ વર્તવું તે. ચાલચલણ. ૨ હકીકત.

વર્તમાન, ન૦ [સં૦] સમાચાર; ખબર; હકીકત; અખબાર; બનેલી વાત.

વર્તમાન, વિ૦ હાલનું-ચાલતું. વર્તમાન કાળ-પ્રસઙ્ગ-વાર્તા ઇ૦. (વ્યાકરણમાં) લખું છું એ વર્તમાન, લખ્યું એ ભૂત ને લખીશ એ ભવિષ્ય કાળ.

વર્તમાનપત્ર, ન૦ જે પત્ર-કાગળમાં ગામ ગામનાં જાણવાજોગ વર્તમાન આવતાં હોય તે; ન્યુસપેપર.

વર્તવું, ક્રિ૦ અ૦ એકાદી રીત પકડીને તે પ્રમાણે કરવું ચાલવું; આચરવું; રેવું. ૨ બનવું; થવું. ક્રિ૦ સ૦ પારખવું; જોવું; જાણવું-તેણે તે વર્ત્યું.

વર્તિક, પુ૦ શ્રાવકલોકનો જતિ.

વર્તી, વિ૦ રેનાર; અન્દર-તરફ-ઉપર હોનાર-અગ્રવર્તી-સહુથી આગળ રેનાર. ચક્રવર્તી. ચક્ર એટલે ઘણું મોટું રાજ તે ઉપર જે રાજા સત્તા ચલાવે તે.

વર્તુલ-ળ, વિ૦ ગોળ. ન૦ ગોળ આકાર.

વર્ધક, વિ૦ [સં૦] વધારનાર.

વર્ધમાન, વિ૦ ચડતી દશામાં આવતું; ઉગતું; સુખ સમ્પત્તિમાં વધતું હોય તે.

વર્મ, ન૦ [સં૦] કવચ; બખ્તર. ૨ રક્ષણ કરનારું તે (ઇષ્ટદેવનું નામ, એકાદો મન્ત્ર ઇ૦).

વર્ય, વિ૦ [સં૦] શ્રેષ્ઠ; મુખ્ય.

વર્ષ, પુ૦ [સં૦] બાર મહિનાનો જે કાળ તે; ૩૬૦ દાડા ને અંગ્રેજી રીતે ૩૬૫ દાડા.

વર્ષફળ, ન૦ [સં૦] જોશીએ જે ઓળિયામાં અમુક વરસમાં બનવાના બનાવો સમ્બન્ધી જે ગ્રહગણિત કર્યું હોય તે.

વર્ષા, પુ૦ [સં૦] છ ઋતુમાંનો એક; આષાઢ ને શ્રાવણ; વરસાદના દાડા.

વર્ષાસન, ન૦ [વર્ષાશન] વરસોવરસ આપવાને નક્કી કરેલી જે રકમ તે; ગુજરાનને માટે જે વરસ કરી આપેલું તે. [મારવાં.

વલખાં, ન૦ ફાં ફાં;. મિથ્યા વલવલાટ કરવો તે. વલખાં

વલાણુ, ન૦ [વલન] મનનું જે તરફ વળવું થાય તે; ઇચ્છા. ૨ જુવારનાં ખેતરના જાડા ઘાસ (ખિચોખિચ છોડ) હોય તેમાંથી જે ઉખેડી લિધેલા છોડ તે; અવલાણ; સવલાણ. ૩ કવિતારૂપ આખ્યાનોમાં અઠકેકાં કડવાંને અન્તે જૂદા ઢાળમાં જોડવાનું ગીવટ બતાવતી જે સાખી, ઉથલો તે. ૪ મરોડ; વાંક. (અક્ષર, લીટી વગેરેનો.) ૫ વળવાનું તે. (નદી, રસ્તાનું).

વલણુ, સ્ત્રી૦ વણાણ; વનોઈ; વણિયેર.

વલદહાણિયાં, વિ૦ મુદ્દલ ને વ્યાજ ગણોતમાં વળે ત્યાંસુધી તે રૂપિયાના બદલમાં રાખેલી (જમીન).

વલદે-દ, [આ૦] દિકરો (ફલાણાનો) એ અર્થમાં વપરાય છે. જમાલ વલદે રેહેમાન એટલે જમાલ તે રેહેમાનનો દિકરો.

વલન્દા, વિં૦ યુરોપખણ્ડના હાલણ્ડ દેશના લોક; ડચ.

વલમ્બાવું, ક્રિ૦ અ૦ રોકાવું.

વલવલ, સ્ત્રી૦ જોઈયે તેથી અતિસે વધારે જે ચઞ્ચળતા તે-(બેસવા ઉઠવા બોલાવવા વગેરેની); સખણાં ન રેતાં જે ચાળા કર્યાં કરવા તે.

વલવલતું, વિ૦ વલવલ કરે તેવું (માણસ, કામ).

વલવલવું, ક્રિ૦ સ૦ વલવલ કરવી.

વલવલાટ, સ્ત્રી૦ વલવલ કરવું તે. ૨ વલોપાત; ખરજ આવ્યા જેવું થવું તે.

વલવલિયું, વિ૦ વલવલતું.

વલી, [આ૦] બન્દો; ઓલિયો ભગત. [પેખવું.

વલુંધુવું, ક્રિ૦ સ૦ મચડવું; વળગવું; વિટળાવું. ૨ પળકવું;

વલે, સ્ત્રી૦ સ્થિતિ; અવસ્થા; દશા; હાલત—'જો વિચારી જીવ તારી શી વલે થશે.' ૨ ભુંડા હાલ; વેતરણ. ઉભો રે તારી વલે-વેતરણ કરૂંછું.

વલેણ, વણિગર.

વલોણું, ન૦ વલોવવું તે.

વલોપાત, પુ૦ અધીરતાથી આકળાપણું દેખાવું તે; તોફાન; ગરબડ. ૨ હાય હાય; અકળાવું તે.

વલોપાતિયું, વિ૦ વલોપાત કરનાર.

વલોરવું, ક્રિ૦ સ૦ ખઞ્જવાળવું; ઘવડવું.

વલોવવું, ક્રિ૦ સ૦ આમ તેમ હલાવવું. ૨ રવૈ વડે દહીંને છૂટું પાડવું (છાસ કરવા અથવા માખણ કાડવા). [વસ્ત્ર.

વલ્કલ, ન૦ [સં૦] ઝાડની અન્તરછાલ અથવા એનું

વલ્લભ, પુ૦ [સં૦] પતિ; સ્વામી. ૨ આરાધ; પરજીવ પ્રીતમ. વિ૦ વાલું; પ્યારું (માણસ-વસ્તુ).

વલ્લભા, સ્ત્રી૦ [સં૦] સ્ત્રી; વહુ. ૨ પ્રિયા; માશુક.

વલ્લભી, વિ૦ વલ્લભાચાર્ય સમ્બન્ધી. વલ્લભી માર્ગ- [વૈષ્ણવ ઇ૦.

વલ્લી, સ્ત્રી૦ [સં૦] વેલી; વેલ; વેલો.

વલ્લું, વિ૦ પોળું. ' વલ્લા પગ. વલ્લું ચાલવું એટલે બે પગની વચમાંનો અન્તર પોળો થયે રાંટું ચાલવું.

વવરાવું, ક્રિ૦ અ૦ વપરાવું; ખપવું.

વવળતું, વિ૦ વવળે તેવું (સુરણ વગેરે).

વવળવું, ક્રિ૦ અ૦ ચામડાને લાગ્યાથી અહીં તહીં ખુજ્યાં કરવું (કવચ ગોવારસીંગ સુરણ વગેરે). પતરવેડિયાં બફાયા પછી પણ કોઈવાર જીભ ઉપર ને ગળે ઉતરતાં વવળે છે.

વવળાટ, પુ૦ વવળવું તે; પદાર્થ-વસ્તુની ગણનું ખુંચવું તે.

વશ, અ૦ [સં૦] સ્વાધીન; તાબે; જીતેલું હોય તેવું. ૨ માહિત. [વશાત્.

વશાત્, અ૦ [સં૦] બળવડે-થી. દૈવવશાત્, પ્રસઙ્ગ-

વશીકરણ, ન૦ [સં૦] વશ કરવું તે. ૨ વશ કરવાનો મન્ત્ર-યુક્તિ ઇ૦.

વશેક, વિશેષ.

વસટાળું, ન૦ વરૂકાવલાને સમજાવી ઠેકાણે આણવું તે. (ગામ છોડી જતા રેલા લોકોને અથવા કન્યાના ઘરના જે છોકરી દેવાને આનાકાની કરતાં હોય તેને). ૨ કુટણીપણું; ભડવાઈ.

વસટાળો, પુ૦ વસટાળું કરનારો.

વસતી, સ્ત્રી૦ વસવું-રેવું તે. ૨ વાસ; રેઠાણ. ૩ વસતા-વસેલા લોકની સઙ્ખ્યા. ૪ વસેલી જગા. વસતીવાડી-છૈયાં છોકરાં. વસતી કરવી-રાખવી. વસતીમાં રેવું.

વસનેવ, પુ૦ અગ્નિ; દેવતા.

વસન, વ્યસન.

વસન, ન૦ [સં૦] પેરવાના વસ્ત્ર. ૨ રેઠાણ.

વસની, વ્યસની.

વસન્ત, પુ૦ [સં૦] છ ઋતુમાંનો એક, ટીપણામાં સંક્રાંતિ નિયમે મીન મેષ રાશીમાં જેટલો કાળ સૂર્ય હોય તેટલો તે, પણ આ પ્રાંતમાં ફાગણ ચૈતર એ બે મહિના. ૨ એ ઋતુમાં ગાવાનો જે રાગ તે. ૩ એ ઋતુમાં જે સૃષ્ટિસૌંદર્ય તે.

વસન્તપઞ્ચમી, સ્ત્રી૦ [સં૦] મહાસુદ પાંચેમ.

વસન્તપૂજા, સ્ત્રી૦ [સં૦] બ્રાહ્મણોને બોલાવી પૂજી વેદશાસ્ત્રની મર્યાદા કરાવી દક્ષણા આપવી તે.

વસન્તિયું, ન૦ સ્ત્રીઓને પેરવાનું કસુંબાની છાંટવાળું ધોળું વસ્ત્ર. મહાસુદ પાંચેમથી તે ફાગણસુદ પુનેમ-હોળી સુધી વિશેષે પેરવામાં આવે છે.

વસમું, વિ૦ માઠું; ખરાબ; ખોટું. વસમો બનાવ. ૨ કઠણ; અઘરું; મુશ્કેલ (કામ, વાટ વગેરે). ૩ વાંકું; તરેહવાર (વસમું માણસ). [સાંસો.

વસવસો, પુ૦ [આ૦] અન્દેશો; ખતરો; શક; વેમ;

વસવાયું, ન૦ સુથાર, લુહાર, ઘાંચી, મોચી, સોઈ, સોની, કુંભાર, હજામ વગેર ગામની વસતીનું કામ કરવાને પ્રથમ વસેલા તે–એમાંના કેટલાક ગામમાં આવતા સરકારી કારભારીઓનું કામ મફત કરતા તેને બદલે પસાયતાં કરી આપેલાં હોય છે.

વસવાસ, સ્ત્રી૦ સરસાઈ; ચરસાચરસી.

વસવું, ક્રિ૦ અ૦ [સં૦ વસતિ–વસેછે] વાસ કરવો; રેવું (પાસે જઈને). 'સોનું જોઈયે કશી ને માણસ જોઈયે વશી.' ૨ મનમાં આવવું; દીલમાં ઉતરવું. 'તેના દીલમાં વસે તો વાર શી.' [૨ ઓસડિયું.

વસાણું, ન૦ ગાંધીને ઘેર મળતી જે કોઈપણ ચીજ તે.

વસાત, વિસાત.

વસાવવું, ક્રિ૦ સ૦ વસતી કરવી–(ગામ વસાવવું). ૨ આણીને રાખવાં; ખરીદ કરવું. મારે હવે કાચનાં વાસણ વસાવવાં છે.

વસાવું, ન૦ ભીલ–કોળિયે જે ગામની રખેવાળી કરવી તે.

વસાવો, પુ૦ ચોરથી રક્ષણ કરવા સારૂ ગામપર જે વતનદાર ભીલ રેછે તે; રખો. (વસ્તીનું રક્ષણ કરવાને, વળાવું આપવાને વગેરે).

વસિયત, સ્ત્રી૦ ન૦ [અ૦] વારસામાં આપી જવા સમ્બન્ધી મરનારે કરેલો જે ઘેખ તે. વસિયતનામું પણ કેવાય છે. ૨ વારસો. [યોગ.

વસિલો, પુ૦ [અ૦] મોટાં લોક સાથે જે ઓળખાણ–સમ્બન્ધ તે; વગ વસિલાઃ મદદ; ઊંફ. ૨ મારફતઃ દ્વાર;

વસુ, પુ૦ [સં૦] પૈસો; ઘનઃ દ્રવ્ય. 'વસુ વણ જન કયમ પશુ નવ હોય'. ૨ આઠની સઙ્ખ્યાનો સઙ્કેત.

વસુક્વું–કીજવું, ક્રિ૦ અ૦ દૂધ દેતાં બંધ–થવું; ઉડી જવું. (ગાય ભેંસ).

વસુધા, સ્ત્રી૦ [સં૦] પૃથ્વિ. (એમાં ધન છે માટે).

વસુન્ધરા, સ્ત્રી૦ [સં૦] પૃથ્વિ.

વસુલ, ન૦–સ્ત્રી૦ [અ૦] માગણાંને પેટે મુદતે મુદતે જે નાણું ભરાવલું તે. સરકારમાં વસુલ ભરેલું છે–ચિઠ્ઠીમાં વસુલ કરવું છે. ૨ જમેઃ આવકઃ આમદાની.

વસુલાત, સ્ત્રી૦ વસુલ ભરવી–ભરાવવી–ભરાવી તે.

વસો, પુ૦ જમીનનું એક માપ છે; વિઘાનો વીસમો ભાગ; વીસ વિસવાસી; સવાપાંચ હાથ; સાડાંત્રણ ગજ; ૧૪૨$\frac{2}{9}$ વાર. ૨ નક્કીપણાંને માટે ૨૦ અથવા ૧૦૦ એ સઙ્ખ્યાનું ધોરણ રાખી તેનો એકેકો જે ભાગ માનેલો તે; અઠકળ. પન્દર વસા અથવા પોણોસો વસા કામ પાર પડશે એમ જણાય છે.

વસ્ત, વસ્તુ.

વસ્તી, વસતી.

વસ્તુ, સ્ત્રી૦ [સં૦] હરકોઈ પદાર્થ–ચીજ. ૨ મૂળ સ્વભાવ–ગુણ–ધર્મ. ૩ મૂળ હેતુ–ભાવ–મતલબ.

વસ્તુતઃ, અ૦ [સં૦] મૂળ સ્વરૂપે; ખરેખરૂં; નિશ્ચયરૂપ.

વસ્તેવ, પુ૦ દેવતા; અગ્નિ.

વસ્ત્ર, ન૦ [સં૦] લુગડું; કપડું. ૨ પેરવાનાં લુગડાં. પાંચે વસ્ત્ર એટલે ધોતીઉં, અઙ્ગરખો, પિછોડી, પાઘડી ને પગનો જોડો. નવમું એટલે નાગું.

વસ્ત્રલોચન, ન૦ [વસ્ત્ર લુઞ્ચન] લુગડાં ચોરી જવાં તે.

વસ્મું, વસમું.

વહુન, પુ૦ [વન્હિ] અગ્નિ.

વહિતરું–ત્રું, વૈતરું.

વહિપુજા, વૈપુજા.

વહિવટ, વૈવટ.

વહી, વૈ.

વહુ, વઉ.

વન્હિ, પુ૦ [સં૦] અગ્નિ.

વહ્યુંજવું, ક્રિ૦ અ૦ ચાલ્યું જવું. વહ્યો જા–ચાલ્યો જા.

વળ, પુ૦ એક ઉપર બીજું આવી રે તેમ વાળવું અથવા એવી રીતે જેટલું જે વળેલું તે; આંટો; આમળો. (દોરાનો વળ). ૨ જુગતી; ગોઠવણ. કંઈ વળ કરજે. ૩ પેચ; લાગ; દાવ; ફાંદો. તે કંઈ વળમાં આવતો નથી. ૪ અનુકૂળતા; વગ. વળ આવે તો એક હીરો લેવો છે.

વળોકો, પુ૦ ભફાળાપર આવવું તે (શાક વગેરેને). મુળાને વળકો વળવા દે.

વળગણ, ન૦ સમ્બન્ધ; લાગતું વળગતું તે. ૨ ભૂત પિશાચ સપડાવાનું તે. ૩ સાથે વળગેલું માણસ–કામ. ૪ પરકીય સ્ત્રી પુરુષનો જે સમ્બન્ધ તે.

વળગણી, સ્ત્રી૦ બે છેડે બે આધારે રહેલા એવા વાંસ અથવા એવી દોરી, જે પર લુગડાં સુકવવા–રાખવામાં આવેછે તે; અવળી; ઓવરણ.

વળગવું, ક્રિ૦ અ૦ ચોંટવું; લાગવું. તેને ઝાંખરૂં વળગ્યું; કાગળને ગુંદર વળગતો નથી. [૩ આગ્રહ કરવો.

વળગવું, ક્રિ૦ સ૦ પકડવું; ધરી રાખવું; બાઝવું. ૨ શરીરને શરીર લગાડવું. (વાલમાં બેટવાને અથવા લડતાં).

વળગાડવું, ક્રિ૦ સ૦ ચોંટે–વળગે તેમ કરવું. ૨ બઝાડવું.

વળાણ, વલણ.

વળતી, અ૦ પછી; પછવાડેથી.

વળવું, ક્રિ૦ અ૦ વાંકું થવું (આ જાડી નેતર વળતી નથી). ૨ ગાંઠ પડેલું થવું. અંબોડો વળતો નથી. ૩ ફાયદો થવો. (તેમાં કંઈ વળવાનું નથી). ૪ મનનું વલણ થવું; તરફ પકડવી. (તે તમારાં મત તરફ વળશે). ૫ પાછું ફરવું; જવું (પાછો વળ); વળીજવું–વાંકું વળવું. ૨ સીધાં નહિ પણ આજુબાજુને રસ્તે જવું. ૩ કબું માનવું. ૬ ઠરવું; પાટદાર થવું; વલણ આવવું (તે ઘણી મેહેનત કરેછે પણ અક્ષર વળતા નથી. ૭ પાછું અપાવું. દસ રૂપિયા પાછા વળ્યા છે. ૮ બાંધો પકડવો (ભાંડુ વળતા નથી).

વળાવવું, ક્રિ૰ સ૰ વદાય કરવું; પોઠેક લગી પોંચાડવા જવું. ૨ પુરાવવું; ઝાડુ કરાવવું.

વળાવિયા, પુ૰ પરદેશ-જાત્રામાં સાથે આવનારા સીપાઈ.

વળાવું, ન૰ વાટના ભયને લીધે જે જાણીતાને સાથે લેવા-રાખવો તે. ૨ એને જે બદલો આપવો તે.

વળાવો, પુ૰ વાટમાં સમ્ભાળ રાખનારો ભીલ-કોળી તે. ૨ ભોમિયો.

વળિયાં, ન૰ ઘોડાની પીઠપર નાખવાના જોડેલાં ઉસિસાં.

વળી, સ્ત્રી૰ સાકઠી. ૨ લાકડીને છેડે મજબુતી સારૂ ઘોડાંના પતરાંની જે ભોળી તે. [(આ) પણ.

વળી, અ૰ ફરીથી; બીજીવાર. ૨ તદુપરિ; વધારે (આ);

વળું, ન૰ સમ્બન્ધી માણસોનું મણ્ડળ; વગ વસિલો (તેનું વળું જબરું છે). ૨ કુવો ખોદતાં જમીનનાં જે જુદાં જુદાં પડો નિકળે છે તેમાંનું એકેકું; જે પડ ફાટતાં ઝરણ નિકળે તે-(હવે મીઠાંપાણીનું વળું આવ્યું). ૩ ઘોડાંના પતરાંની ભોળી. ૪ જમીનનો થોડોક ભાગ.

વાંક, પુ૰ વાંકાપણું તે; વાંકી લીટીનો આકાર. ૨ સ્ત્રીઓને હાથે કોણી ઉપર ઘાલવાનું રૂપાં-સુનાનું ઘરેણું. ૩ તકસીર; આડું ચાલવું તે; ભૂલ; દોષ. તેણે મોટો વાંક કીધો છે. વાંક કાઢવો-કરવો.

વાંકડવેલું, વિ૰ વેલાના જેવું વાંકું. ન૰ ઘોડાવાંક (ઘરેણું).

વાંકડી, વિ૰ એક જાતના સોપારીને એ શબ્દ લાગેછે; સેવરધનું.

વાંકડું, ન૰ સ્ત્રીઓને કોણી ઉપર ઘાલવાનું રૂપાં-સુનાનું ઘરેણું; વાંક. ૨ સુનાના વાળાને મરડી કરેલું આંગળીમાં ઘાલવાનું ઘરેણું.

વાંકડો, પુ૰ કન્યા વાળાની તરફથી વરને આપવાની જે રોકડ રકમ તે (અનાવલા દેસાઈમાં).

વાંકસાથિયો, પુ૰ સાથિયાની એક તરેહ.



વાંકાઈ, સ્ત્રી૰ આડાઈ. ૨ ટેડાઈ; છેલાઈ.

વાંકું, વિ૰ સીધું નહિ તેવું. (આડું વળેલું, વસ્તુ-ક્રિયા-ચિન્હ). ૨ આડે રસ્તે ચાલનાર; ઊલટું-જુઠું-જુગતીનું. ૩ બાંકું; છેલાઈ ભરેલું. ૪ ઊંડું. વાંકું બોલવું એટલે જુઠું બોલવું. ૨ આડું-વાંકામાં બોલવું. ૩ ભુંડું બોલવું; નિંદા કરવી. વાંકું વળવું એટલે કેડથી નીચાં વળવું. વાંકું વાળવું એટલે વધારે નીચું કરવું; ઊંડું વાળવું. વાંકું પડવું એટલે ઉલટું લાગવું; દુઃખ લાગવું. ૨ ઊંધું થવું. વાંકી પાઘડી મુકવી એટલે દેવાળું કાઢવું. ૨ (છેલાઈમાં).

વાંકું, ન૰ બેરસમજુતી; અણબનાવ. ૨ વાંકું તે.

વાંકુંચુંકું, વિ૰ વાંકું શબ્દ જોવો-અપમાન ભરેલું બોલનાર (માણસ). ૨ આડાઅવળું (બોલવું).

વાંકુંવરણાગિયું, વિ૰ ઠાઠમાં છેલાઈ દેખાડનાર; ટાપટીપથી રૂડું દેખાતું હોય તેવું; છેલ.

વાંખલાં-ખાં, ન૰ ફાંફાં.

વાંધુ-ધું, ન૰ કોતર.

વાંધો, પુ૰ વરગ; પદ્ધતિ; જાત; તરેહ. (વચલા વાંધાનું).

વાંચવું, ક્રિ૰ સ૰ લખેલું જોતાંજઈ બોલતાં જવું. ૨ સમજવું.

વાંઝ, વિ૰ વાંઝણું.

વાંઝણી, સ્ત્રી૰ [વન્ધ્યા] છોકરાં ન થતાં હોય તેવી સ્ત્રી; વન્ધ્યા.

વાંઝણું, વાંઝિયું.

વાંઝિયાંખાડું, ન૰ વાંઝણું હોય તેવું ઘર.

વાંઝિયું, વિ૰ જેને છોકરાં ન થતાં હોય તે (સ્ત્રી-પુરુષ.) ૨ જ્યાં છોકરાં-પ્રજા ન હોય તે (ઘર). ૩ જેને ફળ ન થતાં હોય તેવું (ઝાડ). ૪ પ્રાપ્તિ-લાભ ન થતો હોય તેવું (કામ-ધન્ધો).

વાંટો, પુ૰ ભાગ; હિસ્સો. ૨ સરકારને કેટલીએ કર આપવો ન પડતો અથવા ફક્ત સલામી લવાજમ આપવું પડતું એવી ગરાસની જે જમીન તે.

વાંઢો, પુ૰ પરણ્યો ન હોય તે પુરુષ; કુંવારો. ૨ જેની સ્ત્રી મરીગઈ હોય ને બીજી વાર ન પરણ્યો હોય તે રંડાયલો પુરુષ.

વાંદર, પુ૰ માણસના આકારને મળતું એક પશુ-એ ફળને પાંદડાં ખાયછે, ઝાડપર કુદેછે. એની ઘણી જાત છે. કેટલાકને પુંછડી હોતી નથી, કેટલાકને લાંબી હોય છે ને કેટલાકને ટુંકડી હોયછે. ભોજલાં-માકડાં (રાતાં), લીલ (કાળાં મોંનાં ને શરીર ઝાંખુ લીલું), જાંબુવન્ત કાળા ને રીંછને મળતા આવતા. ૨ અટકચાળું તોફાની ચળવળતું અથવા ઘેરવું માણસ.

વાંદરું, ન૰ વાંદરની જાતમાંનું એક.

વાંદરો, પુ૰ વાંદરની નરજાતીમાંનો એક. માદા તે વાંદરી.

વાંદું, વાંદો શબ્દ જોવો.

વાંદો, પુ૰ પાંખવાળો એક જીવડો-એ હવાવાળી જગો-ટાંકાં, ભંડારિયાં, સંડાસ વગેરમાં હોયછે; ઝલ. ૨ આંબા, વડ, પિપળા વગેરે ઝાડની ડાળીઓમાંથી નિકળતો પણ એ મુળ ઝાડથી જુદી જાતનો છોડવો. કેટલાંક પક્ષીની અઘારથી એ નિપજે છે ને તે ગુચ્છામાં ઝાડને વિટલાઈ રહેછે-જેથી અસલ ઝાડ ફળતું નથી. વાંદાને પણ ફળ થાયછે ને તેનું કેટલાક સાક શાક કરેછે.

વાંધણી, વાધણી.

વાંધો, પુ૰ મતભેદ; તકરાર; ફડચો-નિકાલ થવામાં જે ટલું આડું પડતું હોય તે; બાધ. ૨ વેમ; શક. ૩ વાંદો (૨ જા અર્થમાં).

વાંન, ન૰ રૂપ. વાંને શામું.

વાંસ, પુ૰ [વંશ] એક જાતનું ઝાડ અથવા તેના સોટા.

વાંસકપુર, ન૰ વાંસમાંથી નિકળતો એક નરમ પદાર્થ.

વાંસળી, સ્ત્રી૰ વાંસળી; રૂપિયા ભરવાની સાંકડી ને લાંબી કોથળી.

વાંસફોડો, પુ૰ વાંસ ફાડવાનો-ફાડી ટોપલા પાલાં વગેરે ચીજો બનાવવાનો ધન્ધો કરનારો.

વાંસલડી, વાંસળી. (કવિતામાં). [છોય છે તે.
વાંસલો. પુ૦ સુથારનું એક ઓજાર જે વડે તે લાકડાં
વાંસળી, સ્ત્રી૦ [વંશી] વાંસના પાતળા કટકામાં કાંણાં કો-
રી બનાવેલું વાજું. ૨ રુપિયા-પૈસા ભરવાની લાંબી
કોથળી જે કમ્મરે બાંધવામાં આવે છે તે.
વાંસી, સ્ત્રી૦ દાતરડાં જેવું ફળું જડેલા વાંસ.-જેથી ઊં-
ચાં ઝાંખરાં કાપવાના કામમાં આવે છે.
વાંસે, અ૦ પાછળ; પછવાડે.
વાંસો, પુ૦ શરીરનો પાછલો ભાગ-ગરદનથી તે કમર લ-
ગીનો; બરડો; પીઠ.
વા:, અ૦ પ્રસન્નતામાં અથવા વાંકામાં એ શબ્દ વપરાય
છે; ભલે; ઠીક; સાબાશ. વા:વા પણ કેવાય છે.
વા, પુ૦ [વાયુ] પવન. ૨ સન્નિપાત. ૩ તુરંગ; ઇચ્છા.
વામાં આવે તો કરે. વાપર જવું એટલે બેલછા વાળું
થવું. વા ખાવો એટલે શરીરને પવન-હવા લાગે તેવી
હાલતમાં આવવું. વા લાખવો-વા આવે તેમ કરવું (પં-
ખાથી). વા છુટવો-સરવો એટલે મળદ્વારમાંથી.
વા, અ૦ [સં૦] અથવા; કિંવા; યા.
વાઈ, સ્ત્રી૦ મોળ આવે, દાંત બિડાઈ જાય, મોડાંમાંથી
ફીણ નિકળે, શરીર ટાઢું પડી જાય તેવો એક રોગ. ૨
એ શબ્દ વાંકામાં વપરાય છે-ટાઢું ખાતાં શું વાઈ થાય
છે? [હોય તે.
વાઉ, સ્ત્રી૦ પગને તળિયે ને બાજુએ જે ચિરાડા પડેલા
વાઉ, વાચલ.
વાએજ-જી, વાયજ-જી.
વાએડું. વાયડું.
વાએદો. વાયદો.
વાક્, સ્ત્રી૦ [સં૦] વાણી; બોલવું તે.
વાક-ખ, પુ૦ તાડગ્રાંના ફેટા-દાડાના સખત રેસા. એનાં
દોરડાં બને છે. ૨ સિંગની બાંજુની નેસને. (વાક ઉ-
તારવો-નેસ ઉતારવી). ૩ વળવાપર આવવું તે; બાંધો.
(ખાવાના લાડુનો વાક).
વાકડવું, વિ૦ જરા કડવાસવાળું (ફળ). ૨ વાયુ લાગેથી
કડવું થયલું તે (ફળ). ૩ આકું; હઠીલું (માણસ)-એનો
વાકડવો છે..
વાકેફ-કેફ, વિ૦ [આ૦] જાણીતું; માહિતગાર; અભ્યાસ-
અનુભવથી જાણીતું થયલું; પ્રવીણ. વાકેફગાર પણ
વાકળી, પુ૦ નેરું; નાળું. [કેવાય છે.
વાકેફગારી, સ્ત્રી૦ માહિતી; જાણ; નિપુણતા; પ્રવીણતા.
વાક્ય, ન૦ [સં૦] અનેક શબ્દની જે રચના એકારા
અર્થ પૂરો બતાવે તે. ૨ વચન; બોલ. ૩ સૂત્ર;
ગ્રન્થમાંનું પ્રમાણ વચન; કેવત; કેણી.
વાક્યરચના, સ્ત્રી૦ [સં૦] વાક્ય રચવા વિષે શબ્દોની
ગોઠવણ સમ્બન્ધી જે રીતિ-કળા તે.

વાક્વિદગ્ધા, સ્ત્રી૦ [સં૦] સંકેતની વાણી બોલવામાં ચતુર
એવી સ્ત્રી. એક નાયિકા-(વૃક્તિવિદગ્ધા ને ક્રિયાવિદગ્ધા).
વાખ, પુ૦ વાક.
વાખરો-ખો, પુ૦ પરચુરણ સામાન (ખરવાખરો-જો).
વાખાનું, અ૦ વા-પવન લાગે તેમ (લુગડાં ને ખાવાના
પદાર્થને વાખાનું કરવું-નાખવું.
વાખો, પુ૦ [આ૦] વિપત્તિ; આપદા; કમબખ્તી; વખો.
૧ દુકાળથી ભુખે મરવું તે. ૨ મરકી; અપીક.
વાગ્, સ્ત્રી૦ [સં૦] વાણી. વાગ્દેવતા-સરસ્વતી.
વાગ્દાન-વચનથી આપેલું તે. ૨ વેસવાળ કરવો-ક-
રેલા તે. વાગ્બાણ-મેણાં; વાણીનો પ્રહાર. વાગ્
વિલાસ-વાણી વિલાસ.
વાગડિયું, વિ૦ વાગડ દેશાનું. [ગળીનું કપડું; બગો.
વાગડિયું, ન૦ એક જાતનું ઓઆને પેરવાનું સુતરાઉ
વાગળું, ન૦ વડવાગોળ.
વાગવું, ક્રિ૦ અ૦ યન્ત્ર-વાજાંમાંથી અવાજ નિકળવો.
૨ એક વસ્તુએ બીજીને જોરમાં અથડાવું-અથડાઈ
જખમ કરવું; લાગવું.
વાગો, પુ૦ ગરદનથી તે ધુંટણ સુધી પેરવાનું વસ્ત્ર. (ઘણું
કરીને દેવ-ઠાકોરને અને વરરાજાને એ શબ્દ લગાડવા-
માં આવે છે). ૨ તેલ સિંદુર લગાડવું-ચોપડવું તે
(હનુમાનને વાગો ચડાવવો છે). ૩ પોશાક; પેરી
નિકળવાના લુગડાં. વાગા પહેરાવીને નિકળ્યા.
વાગોલ, સ્ત્રી૦-ન૦ વાગોલવું તે.
વાગોલવું, ક્રિ૦ અ૦ પેટમાંનું પાછું મોડાંમાં કાડી ધીમ
ધીમ ચાવવું (હાથી ઘોડા ગધેડા શિવાયે ઘાસ પાલા
ખાનાર પશુઓ વાગોળે છે).
વાગોળ, વડવાગોળ.
વાગોળવું, વાગોલવું.
વાઘ, પુ૦ [વ્યાઘ્ર] એક જાતનું પીળા રંગનું ને તેમાં
કાળા પટાવાળું ફાડી ખાનારું ચોપગું જાનવર. ૨ એના
જેવું બિહામણું ને પ્રથરાવી નાખે તેવું માણસ. ૩
વાઘના જેવા ડોળાનું માણસ. તાબુતમાંનો વાઘ; અપ-
રણીમાં સણગારેલી જે પિણ તે. વાઘની માસી એટલે
બિલાડી. વાઘણ-વાઘેણ-વાઘની માદા.
વાઘબારસ, સ્ત્રી૦ આસોવદ બારસ-એ દાડે બીરણો
વાઘ કાડે છે.
વાઘરણ-રેણ, સ્ત્રી૦ વાઘરીની સ્ત્રી. ૨ છૂટાં માથાવાળી
બેડોળ દેખાતી ફુવડ સ્ત્રી.
વાઘરી, પુ૦ વનચર પશુ પક્ષીને પકડવાનો ધન્ધો કર-
નારો-વિ૦ એ જાતના લોક તે.
વાઘામ્બર, ન૦ વાઘના ચામડાંનું વસ્ત્ર.
વાઘેલા, વિ૦ રજપૂતની જાત. ગુજરાતમાં વાઘેલા વંશ-
ના રાજા થઈ ગયા છે.

વાચ, વાણી.

વાચક, વિ૦ બોલતું-પણ એ અર્થમાં એ નથી વપરાતો બલ્કે એનો ઊલટો શબ્દ અવાચક વપરાય છે. ૨ કે-ખાડે તે-બોધ કરે તે-પ્રતિપાદક, અર્થવાચક, લક્ષ્યવાચક, સર્વનામવાચક ગુણવાચક ઇ૦. ઉપમાવાચક શબ્દ એટલે જે શબ્દ વડે ઉપમા અલંકારનો બોધ થાય છે તે-સરખું, જેવું, જેમ ઇ૦.

વાચન, ન૦ [સં૦] વાંચવું તે; વાંચવાની રીત.

વાચસ્પતિ, પુ૦ [સં૦] બૃહસ્પતિ.

વાચા, સ્ત્રી૦ ઉચ્ચારવા-બોલવાની શક્તિ-ક્રિયા. ૨ ઉચ્ચારેલું-બોલેલું તે; વાણી.

વાચાળ, વિ૦ સ્પષ્ટ સરળ ને સુન્દર વાણીથી બોલનાર.

વાચિક, વિ૦ વાચા-વાણી સમ્બન્ધી; બોલવાથી થયલું. (કાયિક, વાચિક ને માનસિક) બોલ્યાથી જે પાપ થયલું તે વાચિક પાપ.

વાચ્યાર્થ, પુ૦ [સં૦] વાક્ય બોલવાથી તેમાંનો જે ખુલ્લો અર્થ સમજાતો હોય તે (લક્ષ્યાર્થ અથવા વ્યંગ્યાર્થ નહિ).

વાછટ, વાછણ્ટ.

વાછડું, વાછરડું.

વાછણ્ટ, સ્ત્રી૦ પવનથી વરસાદના છાંટા (આડા) જ્યાં ન પડવા જોઈએ ત્યાં આવવા તે. ૨ વાછણ્ટિયું.

વાછણ્ટિયું, ન૦ ઘરમાં વાછણ્ટ આવતી બન્ધ કરતું જે બારી ઉપર અથવા નેવ નીચે બાર પડતું કે જડેલું પાટિયું અથવા પાટિયાંના આકારે બાંધવામાં આવતું કરાંઠી, ઘાસ, તાડછાં, છુટિયાંનું ઢાંકું તે. ૨ છજું.

વાછરડી, સ્ત્રી૦ ગાયનું સ્ત્રી બાળક. ૨ નાની (એક બે વેતરની) ગાય.

વાછરડું, ન૦ ગાયનું બચ્ચું-બાળક. વાછરડી-ગાયને અવતરેલું જે નારિ જાત બાળક તે. વાછરડો-ગાયનું પુરુષ જાત બાળક. ૨ નાનો (એક બે વરસનો) પુષ્ટ બળદ.

વાછરૂ, ન૦ વાછરડું. ૨ ધાવતું બાળક.

વાછલ, ન૦ [વાત્સલ્ય] હેતથી ઉછેરવું તે (માબાપે અથવા માબાંપની પેઠે).

વાજ, સ્ત્રી૦ તોબા; પીડા. વાજ આવવું એટલે મુસીબતમાં આવવું-કાયર થવું-હારી જવું-હેરાન થવું-થાકવું.

વાજન્તર, વાજિન્ત્ર. [રાસ્ત.

વાજબી, વિ૦ [અ૦] ઘટારત; લાયક; યોગ્ય. ૨ ખરું;

વાજવું, વાગવું; વાદ્યમાંથી શબ્દ થવો. વાજતે ગાજતે એટલે વાજાંના, ગાંકના વગેરેના અવાજો થતા હોય તેવા હર્ષના ઠાઠમાં.

વાજાંવાળો, પુ૦ ઢોલ પડઘમ સાથે વાજાં વગાડનારો.

વાજિન્ત્ર, ન૦ [વાદિત્ર] વાજાં.

વાજિયણ, વિ૦ પાણી પાવાથી ઉગેલા-પાકેલા (પાક).

વાજી, પુ૦ [સં૦] ઘોડો.

વાજું, ન૦ વા, ગા ને અસરોથી એ ત્રણમાંનું એકાદાંની મારફતે જે યન્ત્રમાંથી મધુરો અવાજ નિકળે તે. વાંસળી, સરણાઈ, તુરઈ, ભુંગળાં; તંબુરો, સારંગી, સતાર, રબાબ, મૃદંગ, તાસાં, ઢોલ, પડઘમ વગેરે વગેરે. ૨ પેટીમાં મૂકેલું વાજું. ૩ (લાક્ષણિક) જમાવટ; સમ્પસમ્પી એકેકા સાથ-ટપ. અહિંયાં તો ઢોલિયાવાજું છે.

વાઝડું-ઝોડું, વાઝોડું.

વાઝોડું, ન૦ ઝુડી નાખે એવો જે જોરાવાળો ઘણી ગતિવાળો જે વાયુ તે; તોફાન.

વાઞ્છના, સ્ત્રી૦ [સં૦ વાઞ્છા] ઇચ્છા; વાસના.

વાઞ્છવું, ક્રિ૦ સ૦ ઇચ્છવું.

વાઞ્છિત, વિ૦ ઇચ્છેલું.

વાટ, સ્ત્રી૦ મારગ; રસ્તો; રાહ. ૨ પૈડાં ઉપર લોઢાંનો જે ગોળ પાટો તે. ૩ બેઠી રેવું તે; ક્યારે આવે તેને સારુ આવવાનો મારગ જોયાં કરવો તે; આશા રાખવી તે. (તારી વાટ જોઉંછું). ૪ રૂને લાંબું કરી હથેલીયે ડાબતાં વાળી કરેલી તે; દિવેટ; બત્તી. ૫ મસાલો નાખેલી વધાર દીધેલી જાડી છાસ. એમાં કુદનો ઠેળાં પણ ચોળવામાં આવેછે. એ શબ્દ પુલ્લિંગે પણ વપરાયછે.

વાટઉઠવી, ક્રિ૦ અ૦ બગડી જવું; વંઠી જવું.

વાટકી, વાડકી. વાટકો-વાડકો.

વાટખરચ-ચી, મુસાફરીનો ખરચ. [નાર.

વાટપાડુ, વિ૦ રસ્તે અટકાવી લુટનાર. ૨ નવો રસ્તો ફાડ-

વાટમારૂ, વિ૦ રસ્તે જતાં લુટનાર, મારનાર. [ખા) તે.

વાટલા, વિ૦ અડધાથી જરા ઓછા એવા કણવાળા (ચો-

વાટવું, ક્રિ૦ સ૦ ઘસી-છુંદી બારીક કરવું. (મરી વાટવાં, લિમડો વાટવો વગેરે). ૨ વેંચણ કરવી; હિસ્સા પાડી આપવા; ભાગ કરવા.

વાટવો, પુ૦ પાનસોપારી નાણું વગેરે રાખવાની ઘણાં પડવાળી ગોળાકારને મળતી આવતી જે કોથળી તે.

વાટિકા, સ્ત્રી૦ [સં૦] વાડી.

વાટી, સ્ત્રી૦ નાળિયરમાંથી નિકળતા કોપરાંના ગોટાનો જે અડધો ભાગ તે. ૨ વાડકી.

વાટું, ન૦ બોઘરણા ઘાટું એક વાસણ.

વાટુઓ-ધો, વાટવો.

વાટો, પુ૦ બેઠાથી પેટપર કરચલીયો પડેછે તેની વચમાંનો જે એકેકો ભાગ તે. ૨ પતરવડિયાંનો વીટો.

વાડ, સ્ત્રી૦ જમીન-ખેતરની ચોમેર અથવા એકાદી બાજુએ જે કાંટા અથવા કાંટાવાળાં ઝાડની આડ તે-(રક્ષણને માટે)-'વાડ વગર વેલો ન ચડે.' ૨ મોહલ્લા-ગોલવાડ-કસાઈવાડ વગેરે.

વાડ-વાઢ, પુ૦ કાપવાની શક્તિ વાળી ધાર. ૨ ઘા; જખમ. વાડ મુકવો એટલે ઘાનું નિશાન કરવું અથવા

કાપવું. (વાઢ). વાડકાપ-વાડવું કાપવું તે. વાડકાપનો ધંધો ને. ડાકતરનો. ૩ સેરડીના ખેતરનું કાપવું તે. સેરડીનો વાઢ.

વાડકી, સ્ત્રી૦ ઘણો નાનો વાડકો.

વાડકું, ન૦ ઘણો નાનો નહિ પણ મધ્યમ વાડકો.

વાડકુટિયો, પુ૦ બાંજગડિયો; તકરાર કરી નાણું ઓછું આપવું પડે તેમ કરનારો.

વાડકો, પુ૦ જમતી વેળા નરમ અથવા ઢીલા પદાર્થ રાખવાનું જે વાસણ તે. થાળી ને વાડકા ઘણી તરેહના હોયછે.

વાડવ, પુ૦ બ્રાહ્મણ; વિપ્ર.

વાડવું, ક્રિ૦ સ૦ એકાદો ભાગ છેક જૂદો પડીજાય તેમ કાપવું (પકડીને); ચીરવું.

વાડિયો, પુ૦ અતિશે ઇચ્છા; ચડસ; લલુતા. ૨ સુથારનો ઉપરી પારસી ગજ્જર.

વાડી, સ્ત્રી૦ [વાટિકા] ફૂલ ફળના ઝાડ-છોડ રોપ્યા હોય તેવી જે રસાળ જમીન તે; બાગ. ૨ માથે જે ફૂલ ગુંથ્યાં હોય તે. ૩ આગળ પાછળ-ચોમેર બાંધેલી ને વચમાં ખુલ્લી, ન્યાત વરા વગેરે કરવા-ઘોડાને રેવા વગેરે કામમાં આવતી જમીન.

વાડો, પુ૦ ઘરની પાછળની ખુલ્લી જમીન. ૨ મોહોલો; ફળિયું-ખાટકીવાડો, મેમનવાડો-બાજવાડો-સરકારવાડો. ૩ સણ્ડાસ; તાજખાનું. વાડામાં જવું-ઝાડે ફરવા જવું.

વાડોલિયું, ન૦ વાડ કરી લીધેલી એવી થોડીકજ જમા તે. ૨ ઝાડની આગળ પાછળ જે વાડ કરેલી તે.

વાઢ, વાડ.

વાઢકુટિયો, વાડકુટિયો.

વાઢવું, વાડવું.

વાઢિયું, ન૦ જેમાં ખજૂર ભરાઈને આવેછે તે ગુણ.

વાઢિયો, વાડિયો.

વાણ, સ્ત્રી૦ વાણી. ૨ વગે-ફાયદો પડવું-ઓછામાં મળવું તે. વાણપડવું-વાણવગે થવું. ખજુરીના પોછાં-પાતરાં અમળાવીને બનાવેલી જે દોરી તે. વાણનો ખાટલો.

વાણ, ન૦ પાણીમાં તરતું લાકડાનું મોટું વાહન-જેવડે માલ માણસો એક બન્દરેથી બીજે બન્દરે જાય છે તે. વાણ ઘણી તરેહનાં હોય છે.

વાણવટી, પુ૦ વાણ ખેડવાનો ધન્ધો કરનાર; વાણ ખેડવામાં જાણીતો તે. ૨ વાણો રાખી તે વડે વેપાર કરનારો.

વાણિયો, પુ૦ [વાણિજ્ય કરનારો; વણિક] બ્રહ્મ ક્ષત્રી -બ્રહ્મ વૈશ્યની અથવા એ બેની જે સંકર જાતિ તે-એ આજકાલ વેપાર ધન્ધો કરેછે. ૨ (ગામડાંમાં) ભાદી. 'વાણિયાંમુછ નીચી તો નીચી' એટલે વાતે હલકા ડર્યા તો કંઈ ચિંતા નહિ પણ વગે કામ કાઢીલેવું તે.

વાણી, સ્ત્રી૦ [સં૦] સ્પષ્ટ ઉચ્ચારણ કરેલું અથવા કરી જે કંઈ બોલેલું તે; વૈખરી.

વાણું-ણેલું, ન૦ [વિભાત] પ્રભાત; સવાર. 'વાણેલાં ભઈ વાયાં રે.'

વાણો, પુ૦ [વાણિ] કપડાં વણતામાં તાણ ઉપર ઉમેરાતા જે આડા દોરા તે-ઉભા દોરા તે તાણો કેવાય છે.

વાણોતર, પુ૦ મેતો; ગુમાસ્તો; નામું લખનારો.

વાણ્ણુ જમાડવું, ક્રિ૦ સ૦ ન્હેણુ જમાડવી; અધરણીરાતને રાખડી બાંધ્યા પછી સગાંવાલાંએ જમાડવી.

વાત, પુ૦ [સં૦] પવન; વાયુ. ૨ શરીરમાંના પ્રવાહીઓમાંનો એક વિકાર. વાત, પીત ને કફ. ૩ સન્નિપાત-ધનુરવા વગેરે જે વ્યાધિ થાય છે તે.

વાત, સ્ત્રી૦ [વાર્તા] બનાવ; બીના; હકીકત. (એવી વાત બની કે). ૨ હરકોઈ બનાવની જે કહેલી અથવા લખેલો વિસ્તાર તે; બયાન; ઇતિહાસ; તવારિખ. ૩ જૂઠી જોડી કાઢેલી-કલ્પનાથી બનાવેલી જે બીના તે; કાણી; આથા. ૪ એકબીકને એકમેકની તરફથી જે મોડે કેવાનું તે; ખબર. ૫ લોકમાં જે બાબત ચાલતી હોય તે; ખટીઓટી ગપ. ૬ એકાદો વિષય, બાબત, સુચના; વિનન્તિ; કેણ ઇ૦. ૭ સ્થિતિ; રીત; વેવાર (પૈસાદારની વાત જૂદી ને ગરીબની વાત જૂદી). 'વાતનું વતેસર'-જુજ વાતને છેક મોટી કરી-નાખવી તે. વાત ઉડાવવી એટલે ચાલતી વાત વિસરાવવી. વાત ફાટવી-વાત ખુલ્લી થવી. વાત ઉરાડવી એટલે એકાદી સાચી જૂઠી વાતને લોકમાં ચલાવવી. વાત પામવી એટલે ભેદ સમજી જવો. વાત ચાલવી એટલે લોકમાં ખબર થવી. વાત મળવી એટલે બે જણનું બોલેલું મળતું આવવું. વાત માનવી એટલે કહેલું ખરું છે એમ કબૂલ કરવું. વાત બનાવવી એટલે ખોટો ઉઠાવવો; નવું જોડી કાડવું. વાતમાં લાગવું એટલે કોઈની સાથે વાત કરવામાં ચિત્ત લગાડવું. ૨ વાત કરવા માંડવી. વાત કરવી (એક બીજા સાથે).

વાતગરું, વિ૦ જેને કંઈ કંઈ વાત કરયા કરવા-કેવાની ટેવ હોય તે; બડબડિયું.

વાતચિત, સ્ત્રી૦ ચિત્ત રાખી એક બીજાં સાથે જે વાત કરવી તે; મન મુકી એક બીજાને કહેલું-સાંભળેલું તે.

વાતડ, સ્ત્રી૦ ખોટી ને લાંબી જે વાતને.

વાતાવરણ, ન૦ [સં૦] આ પૃથ્વિને વિંટળાઈ રેલો જેટલો [વાયુ તે; હવા.

વાતુડું, વાતગરું.

વાદ, પુ૦ [સં૦] સામસામે એક બીજાથી ઉલટું બોલ્યા કરવું તે; તકરાર; બાંજગડ. ૨ સમ્ભાષણ; ચર્ચા. ૩ કજિયો; ટંટો. ૪ આમ તેમનું થોડુંઘણું જાણવામાં હોય તે ઉપરથી એક વાત નક્કી કરવી અથવા એકાદું અનુમાન કરવું તે.-૫ એ સમ્બન્ધી જે પ્રકાર તે.

વાદવિવાદ, પુ૦ [સં૦] સામસામા જે સવાલ જવાબ કરવા તે; બોલવું સાંભળવું તે; તકરાર; સંભાષણ.

વાદળ, ન૦ [વાતૂલ] આકાશમાં એકઠો થયેલો વરાળ-બાફ. ૨ એથી ફુલાયલું જેટલું આકાશ તે. ૩ ભારે પવન છુટેલો તે; તોફાન. ૪ હાથ; કર; કાંકણ. વાદળ ચડીઆનું મિટરો તોફાન થવા લાગ્યું.

વાદળી, સ્ત્રી૦ (૧ લા અર્થમાં) વાદળનો એક નાનો જથો. ૨ દરિયામાં ખડક ઉપર વળગી રહેલો કાણા કાણા વાળો પોચો બીજાસ પડતો જનાવરની પેદાશનો એક પદાર્થ. એ પાણી સોસીલે છે તેથી લુછવા વગેરેના કામમાં આવે છે.

વાદળી, વિ૦ વાદળના રંગ જેવા (રંગ).

વાદળું, ન૦ વાદળ (૧ લા અર્થમાં). ૨ દૂધનું ગુમીરેલું તે.

વાદી, પું૦ [સં૦] સરકારમાં ફરિયાદ કરનાર (વાદી ને પ્રતિવાદી). ૨ મન્ત્ર તન્ત્રથી ખેલ કરનારો; ગારુડી; બાજીગર. (વાદીનો વેશ ભજવે). ૩ એકાદાં જ્ઞાન-મતને પક્ષ કરી તેને વળગી રહેનાર. અદ્વૈત-દ્વૈત-કર્મવાદી.

વાદીગર, પું૦ વાદી (બીજા અર્થમાં).

વાદ્ય, ન૦ [સં૦] વાજું. ચર્મ-તન્તુ-ફુંક-ઘનવાદ્ય.

વાધણ-ણી, સ્ત્રી૦ રોકાયલા શ્વાસનું રહી રહીને અવાજ સાથે બહાર નિકળવું તે; હેડકડી; હેડકી. એ થોડી વાર [રહે છે.

વાધર. વાધરી.

વાધરી, સ્ત્રી૦ ઘણું કરી લીલાં-તાજાં ચામડાંની સાંકડી ચીપ. (વાધરી સારૂ ભેંસ મારવી). ૨ ચામડાંની દોરડી.

વાધવું, ક્રિ૦ અ૦ વધવું. ૨ આગળ ધસવું-જવું.

વાન્, એ શબ્દ વાળાના અર્થમાં અકારાન્ત-આકારાન્ત નામ સાથે જોડાય છે-ધનવાન્, લજ્જાવાન્. (ઈકારાન્તસાથે માન્-કીર્તિમાન્). સંસ્કૃતમાં વાન્ એ એકવચન ને વન્ત એ બહુવચન છે પણ ગુજરાતીમાં ગમેતેમ.

વાન, ન૦ [વર્ણ] શરીર વળવું-ભરાવું તે; બાંધો; ભરેડી; વલણ. 'સોળે સાન ને વીસે વાન.' ૨ રંગ.

વાન, સ્ત્રી૦ ઠાકથી ફંખડી ગયલી ચામડી.

વાનગી, સ્ત્રી૦ કોઈક સુન્દર વસ્તુ વાપરી નાખતાં નિશાની દાખલ થોડોક રાખી મેલેલો તેનો જે થોડો ભાગ તે. ૨ થોડી ને સારી એવી કોઈ નવાઈની ચીજ.

વાનપ્રસ્થ, પું૦ [સં૦] ગૃહસ્થાશ્રમ કરયા પછી સંસાર ઉપરથી ભાવ ઉઠાડવો ને એકાન્ત વાસ કરવાનો સમય.

વાનર, પું૦ [સં૦] કાળાં મોઢાંનો ને લાંબી પુંછડીનો વાંદરો.

વાની, સ્ત્રી૦ નવાં ધાન્યના નમુના દાખલ જે કુમળા કણ તે. ૨ એક જાતની જુવાર, એનો પોંખ ઘણો કુમળો પોચો ને મીઠાસ ભરેલો હોય છે. ૩ જાત; પ્રકાર. કેટલી વાનીના રાઈતાં-શાક હતાં?

વાનું, ન૦ જે અડકેલી વસ્તુ મળીને એકાદું કંઈ નિપજે તે; અડકેલું જે સાહિત્ય તે. 'એક વાનું આણવાનું બાકી છે.' 'તાંબાની તેરડી તેર વાના માગે.' ૨ રીત; પ્રકાર.-વિવેક-રીતભાત સમ્બન્ધી. તેણે મને ઘણા વાનાં કરયાં એટલે તેણે મને બહુ બહુ રીતે વિવેક કરયો અથવા બહુ બહુ રીતે ઠપકો દીધો. ૩ શબ્દ; વાત. તેણે મને બે વાના એવાં કહ્યાં છે કે તે હું કદી વિસરનાર નથી.

વાનો, પું૦ એક જાતનો સુગન્ધીદાર પદાર્થ-ગાંધીને ત્યાંનો. (ફુલેલમાં-પીઠીમાં વાનો નાખે છે). વાને ઘાલવું એટલે પીઠીનું મુહુરત કરવું. વાનાવડાં-ડીએ ખાવાના પદાર્થો પીઠી ચોળે તે દહાડે વરવાળાં બનાવે છે ને વાટમાં જાનનાં માણસોને ખવાડે છે. (રજપુત ગરાસિયા એવિયે વગેરેમાં).

વાન્તિ, સ્ત્રી૦ [સં૦] ઓકારી; ઉલટી. [છે).

વાપર, પું૦ વાપરવું-ખપમાં લેવું તે. (એનો વાપર ઘણો

વાપરવું, ક્રિ૦ સ૦ ખપ-કામમાં લેવું; ઉપભોગ કરવો.

વાપી, સ્ત્રી૦ [સં૦] વાવ. [ખોતું વગેરે).

વાબસ્તું, વિ૦ [ફા૦] સમ્બન્ધી. (સગું, સ્નેહી, ઓળ-

વામ, વિ૦ ડાબું. વામ હસ્ત-ડાબો હાથ, વામાંગી-ડાબી પાસને અંગે (વામ ને દક્ષિણ). ૨ ઉલટું.

વામ, પું૦-સ્ત્રી૦ [વ્યામ] બે હાથને પોળા પસારી રાખતાં તે બે હાથ ને છાતીનો ઉપલો ભાગ મળીને જેટલી લંબાઈ તે.

વામણું, [વામન] ઠિંગણું.

વામન, વિ૦ [સં૦] ઠિંગણું. પું૦ ઠિંગણો પુરુષ; વામણજી; વામનમૂર્તિ. ૨ વિષ્ણુનો પાંચમો અવતાર બળી રાજાને છળવાને.

વામનદ્વાદશી, સ્ત્રી૦ ભાદરવા સુદ બારસ.

વામમાર્ગી, વિ૦ [સં૦] મન્ત્ર શાસ્ત્ર વિધિયે દેવીનું પૂજન કરનાર; શાક્ત. એઓ પાંચ મમ્માના ભોક્તા છે એટલે મદ્ય, માંસ, મત્સ, મુદ્રા ને મૈથુન. (એ માર્ગ વેદમાર્ગથી ઉલટો છે માટે).

વામવું, ક્રિ૦ સ૦ મોંનું ઓછું કરવા-ઘટાડવાને બહાર નાખીદેવું (પાણમાંથી નાલ વામી નાખ્યો); ઓછું કરવું.

વામવું, ક્રિ૦ અ૦ ઓછું થવું; ઘટવું; જવું. દુઃખ વામવું.

વામાંટામાં, ન૦ આનાકાની; ગાંગાંતલ્લાં.

વામા, સ્ત્રી૦ [સં૦] સ્ત્રી. ૨ લક્ષ્મી. ૩ સરસ્વતી.

વામી, વામમાર્ગી.

વાય, એ શબ્દ પાણક્ષત્રીના બૈરાં હાથને ઠેકાણે વાપરેછે.

વાયક, ન૦ વાણી; શબ્દ; વચન.

વાયજ-જી, સ્ત્રી૦ [આ૦] ધર્મ સમ્બન્ધી મોઢેથી કરેલું જે વ્યાખ્યાન-ભાષણ તે.

વાયડું, વિ૦ જેથી પેટમાં ગડગડ થાય ને પચતાં વાર લાગે તેવું; બાદી કરનારું. (ખાવાનું-કઠોળ). વાયડું પડવું એટલે પાચનશક્તિને કમ કરવું; બાદી કરવી. ૨ સમજણનું સમજે નહિ પણ આડું આડુંજ કરયાં કરે તે; હીલું મમતીલું જીદી (માણસ). વાયડું પિતળનું-વાયડું ને પિત્ત વધારનારું.

વાયદો, પુ૰ [આ૰] તરત કામ ન કરતાં પછીથી કરવાને જે મુકરર વખતને માટે કોઈને કબૂલાત આપેલી તે; મુદત. ૨ તરતની તરત આપલે નં કરતાં જે અમુકાદી મુદતપર આપલેનો ફડચો કરવાનું રાખ્યું હોય તે. ૩ એક મુદત વટે બીજી પછી ત્રીજી એમ જે થયાં કરે તે એકેકો વાયદો કેવાય. ૪ મુદતને માટે જે વચન આપેલું તે. વાયદો કરવો એટલે મુદત બાંધવી... વાયદો ગાળવો એટલે મુદત વટાવવી. અગસ્તના વાયદા એટલે અતિશય લામ્બા વાયદા; ખોટા વાયદા.

વાયરો, પુ૰ વાયુ; પવન; વા.

વાયલ-લી, વિ૰ ઉડેલ તબિયતનું; ઠામ ઠેકાણાં વનાનું; અનિયમિત રીતે વર્તનારું; જરાક ઘેલછાવાળું (માણસ).

વાયબડફ્ગ, પુ૰ એક જાતનું ઓસડિયું-મરી જેવા દાણા હોયછે.

વાયવ્ય. વિ૰ [સં૰] ઉત્તર ને પશ્ચિમ એ બેની વચમાનાં પ્રદેશ સમ્બન્ધી-વાયવ્ય દિશા-ખુણો-પ્રાન્ત.

વાયસ, પુ૰ [સં૰] કાગડો.

વાયું, ન૰ વા-પવનથી દિવો ઘેર ન જાય માટે મટોડીનો ઢોચકાં જેવો ને કુખે મોટાં બાકાં વાળો એવો જે ઘાટ તે. દીવાનું વાયું.

વાયુ, પુ૰ [સં૰] પચ્ચભૂતમાંનું એક-એને રૂપ આકાર નથી પણ એ આપણને લાગેછે તેથી માલમ પડેછે. ૨ એ તત્વનો દેવ. ૩ શરીરમાં જે મુખ્ય પાંચ પ્રકારે રૂપલા છે તે એકેકો-(પ્રાણ, વ્યાન, અપાન, ઉદાન, સમાન). ૪ શરીરના પ્રવાહીમાંનો એક વિકાર. (વાત, પીત ને કફ); બાદી. ૫ ધનુર્વાયુ, સન્ધિવાયુ, ઉન્મતવાયુ, જ્ઞાનવાયુ ઇ૰ માંનો કોઈ રોગ.

વાર, પુ૰ [સં૰] અઠવાડિયાંના સાત દહાડામાંનો એકેકો-રવિ-સોમ-મફ્ગળ-બુદ્ધ-ગુરુ-શુક્ર-શનિવાર.

વાર, પુ૰ [અં૰] કાપડિયાનો, એક ગજ ને ૧૩ તસુ એટલું જે લાંબું માપ તે; ત્રણ ફુટ.

વાર, સ્ત્રી૰ (લામ્બા અન્તરના ભાવમાં) કાળ; વખત; ઢીલ; ખોટી. વાર છે, વાર લાગી. જમતાં વાર એટલે જમતાં જેટલી વાર તેટલોજ વિલમ્બ થશે. ઉઠતાંવારને એટલે ઉઠયા કે પછી તરત. ૨ (સફ્ખ્યાના ક્રમના અર્થમાં)-પ્રસંગ-સમય-વખત; આવૃત્તિ. એક વાર, દશવાર, બહુવાર ઇ૰.

વાર, ન૰ [વારિ] પાણી.

વાર, અ૰ [ફા૰] પ્રમાણે-મુજબ; સાથે. તપસીલવાર, વિગતવાર.

વાર, સ્ત્રી૰ હુકમ; મદદ; ઉપરાણું. ૨ કોઈની કુમક, કોઈના રક્ષણને માટે આવવું અથવા તેને માટે તેના શત્રુ સામાં લડવું તે. ૩ કોઈના રક્ષણને સારુ ને તેના શત્રુને પકડવા સારૂ જે લશ્કર તૈયાર કરવામાં આવ્યું હોય તે. તે તેની વાર થયો-આવ્યો-ચડયો. તે તેની વાર કરેછે. બારવટિયાની પાછળ વાર નિકળી છે.

વારણ, ન૰ [સં૰] પાછું વાળવું તે; ઉપાય; વાળવું તે -માણસને વારણ-બુમ મારવી તે વાળવી. ૨ વિઘ્ન દૂર કરી સંરક્ષણ કરવું તે. પુ૰ હાથી.

વારણાં, ઓવારણાં.

વારણ્ટ, પુ૰ [અં૰] ગુનેહગારને પકડી આણવાની સરકારી તાકીદ હુકમ.

વારતા, વાત.

વારતેહેવાર, પુ૰ વાર ને તેહેવાર-શ્રાવણના સોમ શનિ અને દિવાળીના દાડા એ પ્રકારે.

વારમ્વાર, અ૰ [સં૰] વારેવારે; વખતે વખતે; હમેશ.

વારવું, ક્રિ૰ સ૰ મના કરવી; અટકાવવું; પોભાવવું. ૨ રક્ષણને માટે વિઘ્ન આવતું અટકાવવું-દૂર કરવું.

વારસ, વિ૰ [આ૰] મરનારની મિલકતનો જે હકદાર તે. વારસનામું-વસિયત.

વારસો, પુ૰ [આ૰] મરનારની જે માલમિલકત તેના વારસને મળી હોય તે.

વારાફ્ગના, સ્ત્રી૰ [સં૰] ગુણિકા; વેશ્યા.

વારાણસી, સ્ત્રી૰ કાશી.

વારાફરતી-તું, અ૰ જેમ જેનો વારો આવતો જાય તે પ્રમાણે; એક પછી એક; ક્રમ પ્રમાણે.

વારિ, ન૰ [સં૰] પાણી; જળ.

વારિજાઉં, ક્રિ૰ અ૰ વાલમાં ભાગ આપું; તારી બલા લઉં; કુરબાન થઈ જાઉં (ઓવારણાં લઉં).

વારિધિ-નિધિ, પુ૰ સમુદ્ર.

વારી, સ્ત્રી૰ જુદું જુદું પાડેલું તે; વિગત બતાવેલી તે. તુલવારી એટલે જુદાં જુદાં તુલની જુદી જુદી વિગત પાડી હોય તે.

વારી, સ્ત્રી૰ વારો.

વારુ, વિ૰ સારું. વારુ કીધું એટલે સારું કીધું. એ શબ્દ જુના પુસ્તકોમાં બહુ વપરાય છે. અ૰ જવાબમાં હા-કબૂલ છે એના અર્થમાં વપરાય છે; ઠીક. હું જાઉંછું હોં કે? વારુ. ૧ ઉતરતી પફ્કતિનું સારું; ઠીક. કંઈ બહુ સારું તો નથી; વારુ છે. [ઉપરાવનારો.

વારેદાર, પુ૰ વારાવાળો; જેનો વારો હોય તે. ૨ કર

વારેવારે, અ૰ ઘડીએ ઘડીએ. ૨ ઘણી ઘણી વખત. ૩ હમેશ.

વારો, પુ૰ એક પછી એક એમ આવ્યાં કરવું; અનુક્રમમાં બનવું તે. ૨ જે જે ઠેરવેલી મુદતે-વખતે હરકંઈ થયાં કરવું તે; પાળી. છાસનો વારો, હજામતનો વારો. વગેરે. એક ઠેકાણામાંનાં જે એક ધન્ધાના સાઠા અમાસ પુનેમ વગેરે કેટલાક તેહેવાર ઉપર પોતામાંના એક જણને દુકાન ખુલ્લી રાખવાનું ઠેરવી બાકીના

પોતે સહુ દુકાન બન્ધ રાખે છે તે. વારા પડવા-છે એમ કેવાય છે. એકેક નેહેવારે જૂદા જૂદાને ઠેરવવામાં આવે છે માટે તેનો તેનો વારો. ૪ ફાયદે-ફિફાયતે મળવું તે-એ પણ વારો પડવો કેવાય છે. ૫ દાવ; વખત; લાગ. મારો વારો આવશે ત્યારે હું પણ તેમ કરીશ.

વાર્ત્તા, [સં૦] વાત.

વાર્ત્તિક, ન૦ [સં૦] સૂત્રની જે સમજ-ટીકા આપી હોય તે-સૂત્રમાં કેવું રહી ગયું હોય અથવા ખોટું હોય તે બતાવવું તેમ વિસ્તારથી સમજ આપવી. ૨ ખાતમીદાર; ખબર કરનાર. [સમ્બન્ધી-નું.

વાર્ષિક, વિ૦ [સં૦] વરસે વરસે ભરાતી (સભા). ૨ બરસ

વાલ, પુ૦ [સં૦] એક જાતનું કઠોળ. ૨ એક તોલ-વજન છે-તોલાનો ૩૨ મો ભાગ; ૩ રતી.

વ્હાલ, ન૦ હેત; પ્રેમ; ઉમળકો; પ્યાર.

વાલન્દ-ળન્દ, પુ૦ માથાના વાળ લેનારો; હજામ.

વાલપાપડી, સ્ત્રી૦ વાલના વેલાની સીંગ; પાપડી.

વ્હાલમ-જી, વિ૦ [વલ્લભ] વ્હાલો પુરુષ.

વાલિયા, પુ૦ મોંઢિયાં સાથે ઝોળી બાંધવાની દોરી. ૨ ત્રાજવાંની દોરી.

વાલી, વિ૦ [આ૦] હિમાયતી; મુરબ્બી; રક્ષણ કર્તા; આસરો આપનાર; પક્ષ ખેંચનાર. ૨ ધણી; શેઠ; માલીક; સાહેબ. વાલીવારસ-વાલી અથવા વારસ.

વ્હાલું, વિ૦ [વલ્લભં] પ્યારું; પ્રિયકર; હેત ઉપજે તેવું. ૨ પસન્દ; ગમતું. વ્હાલું થવું-કરવું-લાગવું.

વ્હાલેસરી, વિ૦ વ્હાલ રાખે તે. [પાપડીના જેવી.

વ્હાલોળ, સ્ત્રી૦ એક જાતનો વેલો અથવા તેની સીંગ-

વાવ, સ્ત્રી૦ [વાપિ] પગથિયાંવાળો કૂવો. ૨ પગમાં ચીરાડા પડેછે તે. વાવ ફાટી કેવાયછે.

વાવટાજાઠી, સ્ત્રી૦ જે ઉપર વાવટો ચડાવવામાં આવે તે કાઠી.

વાવટો, પુ૦ નિશાણ; ધજા.

વાવડ, પુ૦ પત્તો; ખબર; સમાચાર; ભાળ.

વાવડી, સ્ત્રી૦ નાની વાવ. ૨ નાનો કૂવો.

વાવણિયો, પુ૦ અનાજ ઓરવાનું સાધન-રાચ; ફડકો.

વાવણી, સ્ત્રી૦ જમીનમાં બી નાખવાં તે; વાવવું તે; રોપવું તે. ૨ ઓરવું તે; ઓરણી.

વાવતર, વાવેતર. [ખરચી ઉડાવી દેવું.

વાવરવું, ક્રિ૦ સ૦ વાપરવું; ખરચવું. વાવરી નાખવું-

વાવવું, ક્રિ૦ સ૦ બીયાંને પોચી જમીનમાં નાખવાં; છોડને જમીનમાં દાટવા; રોપવું.

વાવા, અ૦ સારું; મઝેનું; (બાળકની ભાષામાં).

વાવાઓડું, વાઓડું.

વાવાદળ, ન૦ વા ને વાદળ; તોફાની વાદળી.

વાવું, ક્રિ૦ અ૦ વા-પવન ફુંકાવો-આવવો. ૨ શરીરે પવન-હવા લાગવાં. ટાઢ વાયછે. ૩ વા વડે વાગવું (વાંસળી, મહુવર વગેરે). [વાયછે).

વાવું, ક્રિ૦ સ૦ ફુંકથી-પવનથી વગાડવું (વ્હાલો વાંસળી

વ્હાવું, ક્રિ૦ સ૦ પોતાનું કામ કાઢી લેવાને કોઈને જુગતીથી સમજાવવું; પટાવવું. ૨ વ્હાલ બતાવી-આશા આપી મન મનાવવું. ૩ ઉડાવવું; છુપવું.

વ્હાવું ક્રિ૦ અ૦ ખેંચાવું.

વાવેતર, ન૦ જેમાં વવાતું હોય-જે વાવવાના કામમાં આવેલી હોય તે જમીન. (વાવેતર ને પડતર). ૨ વાવેલું હોય તે.

વાસ, પુ૦ [સં૦] રેવું-વસવું તે; રેઠાણ. વાસ કરવો-પુરવો (ભૂતનો વાસ પીપળે). ૨ પેરવાનું વસ્ત્ર. ૩ ગન્ધ; બો. સુવાસ-ખુશબો. ૪ નઠારો વાસ; દુર્ગન્ધ. ૫ વસ્ત્ર. ૬ કાગવાસ-શ્રાદ્ધને દીવસે કાગડાને વાસ-રાંધેલું અન્ન ખાવાને મુકવું તે.

વાસકસજ્જિતા, સ્ત્રી૦ [સં૦] અષ્ટ નાયિકામાંની એક.-ભોગ વિલાસની સામગ્રી તૈયાર કરી રાખીને પ્રીતમની વાટ જોતી બેઠી હોય તે.

વાસકુટ, ન૦ [અં૦] બદન; બણ્ડી.

વાસણ, ન૦ રસોઈ કરવાના કામમાં આવતા, દાણાદુણી ભરવામાં આવતા, પ્રવાહી પદાર્થ વગેરે રાખવાને કામ આવતા એવા, માટી, ધાતુ, કાચ, પથ્થર વગેરેના, તરેહ તરેહના આકાર-ઘાટ તે; પાત્ર; ઠામ; ભાજન.

વાસના, સ્ત્રી૦ [સં૦] મન થવું તે; ઇચ્છા; મનની વૃત્તિનું વલણ.

વાસર, પુ૦ [સં૦] દિવસ.

વાસરમણિ, પુ૦ [સં૦] સૂર્ય.

વાસવ, પુ૦ [સં૦] ઇન્દ્ર.

વાસવું, ક્રિ૦ સ૦ બન્ધ કરવું; ઢાંકવું; દેવું. (કમાડ વાસ). ૨ કુકડાનાં બોલવાંને એ શબ્દ લગાડે છે.

વાસિત, વિ૦ [સં૦] વાસ-ગન્ધવાળું.

વાસિદું, ન૦ ઘરમાંનો કચરો (વાસિદું વાળવું). ૨ ઢોરની કોડમાંનો કચરો, ઘાસ, છાણ વગેરં તે (કોડમાં વાસિદું પડયું છે).

વાસી, વિ૦ તરતનું-તાજું નહિ તેવું; સુકાઈ ગયલું-(ધાન શાક વગેરે). ૨ રેનાર; વાસ કરનાર (સુરતવાસી, મુંબઈવાસી).

વાસુ-પિયો, પુ૦ ખેતરની ચોકી કરનાર (રાતની). વાસુએ જવું એટલે ખેતરમાં રાતવાસો રેવા જવું.

વાસેલ, વિ૦ ગયલો કસ પાછો આવે માટે એકાદ વરસ વાવણી કરયા વગરનું રાખેલું (ખેતર); કાળજી; કાનવી.

વાસો, પુ૦ વસવું તે; રેવું તે. (રાતવાસો). ૨ દાડો. (સુવાવડીને કેટલા વાસા થયા, દસ વાસાની છોકરી મુકીને મરીગઈ).

વાસ્તવિક, વિ૦ [સં૦] હોય તેવું; ખરેખરું; સાચું.

વાસ્તવ્ય, વિ૦ [સં૦] વાસ કરવા જોગ; વાસ થવો સભ્ય. ૨ વસાવા જોગ.

વાસ્તુ, ન૦ [સં૦] નવાં ઘરમાં વાસ કરવાં પેઠાં તેમાં જે હોમ પાઠ વગેરે કરાવવાં તે. ૨ નવો વાસ કરવો તે.

વાસ્તે, અ૦ કાજે; માટે; અર્થે; સારુ.

વાહ, વાઃ. [વાહક.

વાહક, વિ૦ ઊંચકી—ખેંચી લઈજનાર. ભાર વાહક; રથ

વાહન, ન૦ [સં૦] જે ઉપર ચડી—બેસી દૂર જવાય તે—હાથી ઘોડા પાલખી રથ. પોઠિયો મહાદેવનું, ગરૂડ વિષ્ણુનું ને હંસ બ્રહ્માનું વાહન. નરવાહન એટલે પાલખી [ડોળી વગેરે.

વાહુડવું, વાડવું.

વાહાણ, વ્હાણ.

વાહાણું, વ્હાણું.

વાહાર, વ્હાર.

વાહાલ, વ્હાલ.

વાહાવું, વ્હાવું.

વાહિની—હી. વિ૦ વેનાર; પ્રવાહ રૂપે દોડનાર. પૂર્વ—પશ્ચિમ—ઉત્તર—દક્ષિણ વાહિની (નદી).

વાળ, પુ૦ નિમાળા; બાલ; કેશ.

વાળન—ન્દ, પુ૦ હજામ; અજામ.

વાળવું, ક્રિ૦ સ૦ કચરો ઝાડી સાફ કરવું. ૨ વિખરાયલા નિમાળાને ફુલેલ વગેરે લગાડી કાંસકીથી હોળી દુરસ્ત કરી રાખવા—(ચોટલા વાળવા). ૩ વળ દઈ ગાંઠ બાંધવી (અંબોડો વાળવો). ૪ નીચું પાડવું—રાખવું. (કજરિયો ઉંધો વાળ). ૫ પાણી જવાનો રસ્તો કરવો (નળ બાર વાળવો). ૬ બાર જતું અટકાવી નળની મારફતે અન્દર લેવું (ટાંકામાં; ક્યારડામાં પાણી વાળવું). ૭ પાછું ફેરવવું. (ગાડી વાળવી). ૮ વિટવું; વળ આપવો (બીડી વાળવી). ૯ મોઢું ઢાંકીને રડવું. (મોઢું વાળવું, છેડો વાળવો). ૧૦ સમાપ્ત—પૂરું કરવું. (વરસી વાળવું—એટલે મરનારની વરસ દાડાની સારવા સમ્બન્ધી ક્રિયા પૂરી કરવી). ૧૧ ઉતારવું; કમજોર—અસર ન કરે તેવું કરવું; પાછું ફેરવવું (મૂઠ વાળવી, ઝેર વાળવું વગેરે). ૧૨ દુચકો ભગ્ગી બાંધી રાખવું (દાણા વાળવા). ૧૩ ઊંધું વાળવું એટલે ઊંધું વાસીદું કરવું (ઉઠમણાને દાડે). (લાક્ષણિક) બગાડી દેવું; ઉલટું કરી ખરાબ કરી નાખવું. ૧૪ વાંકું કરવું; મરડવું. (મૂછ વાળવી, આંકડો વાળવો, લાકડું વાળવું, લોઢું વાળવું, ધોડની ચાંપ વાળવી વગેરે). ૧૫ જોરવાળું ને પુષ્ટ કરવું (શરીર વાળવું). ૧૬ ઉભરો સમાવવો, દિલાસો દેવો, નિરાંત કરવી. (મન વાળવું). ૧૭ પાછું આપવું (કરજ વાળવું). ૧૮ ગોળ આકારમાં લપેટવું, વિટવું.—ફાળકાપર સુતર વાળવું, કુકડી વાળવી વગેરે, વીંટો વાળવો. ૧૯ જવાબ દેવો. (ઉપલા—સવાલ વાળવો). ૨૦ ઘડી કરવી. (કાગળ વાળવા, લુગડાં વાળવાં). ૨૧ પગ વાળવા એટલે થાક ખાવો. (આજે સુતારના પગ વાળ્યા નથી). વાળી લેવું—માંગતાને પેટે તેટલી કિંમતનો માલ રાખવો. ૨ આપ લે બાદ કરીને વધે તે લેવું.

વાળા, પુ૦ પુરુષને કાને ઘાલવાનું સુનાના તારનું ને વચમાં બન્ને મોતી હોય તેવું ઘરેણું; કડક; મોતી.

વાળાકુંચી, સ્ત્રી૦ ઓપ આપવાને—ઘરેણાં ધોવાને ભુંડ વગેરેના નિમાળાનો જે લાંબો ગુચ્છો તે (એકપાસ ધાતુની ભોળીમાં બેસાડેલો હોય છે).

વાળિયો, પુ૦ અનાજના પારના ભુકાને વા દેતી વખત, વા દેવાતા અનાજના ઢગલાપર વાળવું તે (ડાખળાં—કચરો કાડવા સારુ).

વાળી, સ્ત્રી૦ સ્ત્રીને નાકે ઘાલવાનું લટકતું ઘરેણું; વિંઢલી; નથ. ૨ પુરુષને કાને છેક ઉપરથી ઘાલવાની કડી; કોકરવું.

વાળું—ળુ, વિ૦ એ શબ્દ ભરેલું, સત્તા રાખનાર, રાખનાર, વેચનાર, સમ્બન્ધી—નું, વગેરેના અર્થમાં વપરાય છે. દૂધવાળું, પલ્લીવાળો.

વાળું, ન૦ બપોરનું કરેલું રાતે જે ખાવું તે. ૨ રાતે જે જમવાનું તે (સાધારણ પક્ષનું). મારૂળુ, પાણીવાળી, રફગવાળું વગેરે.

વાંળો, પુ૦ એક જાતના ઘાસના મુળિયાં—એ સુગન્ધીદાર હોય છે. વાળાના વિંજણા, વાળાની ટટ્ટી, વાળાવાળું પાણી વગેરે. ૨ એક જાતનો તાર જેવો કીડો. એ શરીરના એકાદા ભાગને સુજવી એની મેળે અથવા ઓષધથી બાર નિકળે છે. ૩ મુકેલા મંત્રને પાછો વાળનારો જે મંત્ર તે—(મારો ને વાળો). ૪ જેથી ઝેર—ઓસડ વગેરેની અસર જતી રે તેવો ઉપાય; ઉતાર. ૫ વાળાનું એકવચન.

વિંઘું, ન૦ વીસ વસા લાંબું ને એક વસો પોળું એવું જે ચોરસ માપ તે (જમીનનું). ૨૮૪$\frac{2}{6}$ વાર.

વિંઘોટી, સ્ત્રી૦ દર વિંઘે આટલું સરકાર લે એવો જે આકાર મુકરર કરેલો તે; વિંઘાનો દર.

વિંછી—છુ, વીછુ.

વિંજણો, પુ૦ વિજણો.

વિંજવું, ક્રિ૦ સ૦ અંગારાને પ્રદીપ્ત કરવાને વિંજણે વતી વા નાખવો.—(સગડી વિંજવી, ચૂલો વિંજવો ન કેવાય.)

વિંટવું, વિટવું.

વિંટાળવું, વિટાળવું.

વિંટાળો—ટો, પુ૦ વિંટો.

વિંટી, વીંટી.

વિંટો, પુ૦ લામ્બી પોળી વળે તેવી ચીજને વાળી લીધાથી જે આકાર—ઘાટ બને છે તે. [કિલાય છે.

વિંધાણું, ન૦ સુથારનું એક ઓજાર જેથી લાકડામાં ઘાટ

વિંધવું, ક્રિ૦ સ૦ મોતી વગેરેમાં આરપાર વેહ પાડવો. મોતી-કાન વિંધવા. ૨ શરીરમાં ભોકવું-ઘા કરવો. એક તીરે વિંધીશ, પેલાં ઝાડને વીંધ્યું. ૩ (લાક્ષણિક) દિલમાં જબ્બર અસર કરવી; હૈડું પિગાળવું.
વિંધારો, પુ૦ મોતી વિંધનાર. ૨ કાનના વેહ વિંધનારો.
વિંધું, ન૦ કાણું; છિદ્ર. જુવારને વિંધાં પડીગયાં.
વિ, ઊ૦ [સં૦] એ શબ્દ ઉપસર્ગ રૂપે શબ્દની પૂર્વે મુકવામાં આવે છે. ૧ વિશેષના અર્થમાં-વિજય, વિકરાળ. ૨ વગરનું-નથી એવા અર્થમાં.-વિધવા-એટલે નથી જેને ધવ-સ્વામી તે. ૩ જૂદું; ન્યારનું.-વિદેશ. ૪ બદલાવવું; ફેરફાર થવવું-વિકૃતિ. ઘણા ભાગ થયલા હોય તેવું.-વિકળા. ૫ બળાત્કાર-જોર બતાવે છે.-વિકૃષ્ટ ઇત્યાદિ.
વિઆજ, વ્યાજ. [ચીડિ, વિઆજુ ધન્યી.
વિઆજુ, વિ૦ વ્યાજ સમ્બન્ધી-ધન્યી, ચીડિ, વિઆજુ
વિઆવું, વ્યાવું.
વિકટ, વિ૦ [સં૦] મુશ્કેલ; અઘરું; ભારી; અવઘડ પડે તેવું.
વિકરાળ, વિ૦ [સં૦] બિહામણું; ડરામણું.
વિકલ્પ, પુ૦ [સં૦] કોઇ એકાદાં કામ વિષે ઘણી કલ્પનાઓ થાય તેમાંની એકેક. ૨ એકાદી વાત વિષે એકથી વધારે જૂદાં મત હોય તેમાંનું એકેકું. ૩ કોઇને વિષે જે આડો-ખોટો વિચાર આવવો તે. ૪ શક; સન્દેહ; ખાતરી નહિ તે; ધચુપચુ; વેમ. [થવું.
વિકસવું, ક્રિ૦ અ૦ [વિકસન] ઉઘડવું; ખિલવું; પ્રફુલ્લિત
વિકળ, વિ૦ [વ્યાકુલ] કળ-ચેન વિનાનું; આકળું.
વિકળા, સ્ત્રી૦ [સં૦] કળાનો ૬૦ મો ભાગ.
વિકાર, પુ૦ [સં૦] શરીરમાં જે બિગાડ-રોગ તેમ મનની સ્થિતિમાં ફેરફાર થવો અથવા એકાદા જોસ્સાથી જે ઉપદ્રવ થવો તે. મનોવિકાર, ક્રોધવિકાર, કામવિકાર.
વિકાસ, પુ૦ વિકાસવું તે.
વિકાસવું, ક્રિ૦ અ૦ ઉઘડવું; ખિલવું.-કમળ, મોઢું વગેરે.
વિકાસવું, ક્રિ૦ સ૦ પોળું કરવું (મોઢું); ટગમગ જોવાં કરવું.
વિકૃત, વિ૦ [સં૦] (સ્થિતિ-કૃતિમાં) ફેરફાર થયલો હોય તેવું. ૨ બગડેલું.
વિકૃતિ, સ્ત્રી૦ [સં૦] શરીર-અંગની મૂળ-સ્વાભાવિક-નિત્યની સ્થિતિમાં જે ફેરફાર થવો-દેખાવો તે. હરકોઇ રોગ, હરકોઇ જીવ્હેદ હરકોઇ આવેશ. ૨ રસાયનક્રિયાથી મૂળ ગુણ બદલાઇ બીજો આવવો તે ઇ૦.
વિક્રમસંવત, પુ૦ ઉજ્જનના રાજા વિક્રમે સિથિયન-શકુથી શાકનો પરાભવ કરીને જે શક પ્રવર્તાવ્યો તે ઇસવીસનની પેલાં ૫૬ વરસથી ગણાય છે. વિક્રમ સંવતનું વરસ કારતક સુદ પડવાથી શરૂ થાયછે. વિક્રમાદિત્ય.
વિક્રય, પુ૦ [સં૦] વકરો; વેચાણ.
વિક્રિયા, સ્ત્રી૦ [સં૦] વિકાર; વિકૃતિ.

વિક્ષેપ, પુ૦ [સં૦] કોઇ કામ ઉપરથી ચિત્ત ઉઠીજઇ બીજાંપર ભમવું તે; મન વિખરાઇજવું તે. ૨ અટકાવ; અડચણ; હરકત.
વિખ, ન૦ [વિષ] ઝેર.
વિખરવું, ક્રિ૦ અ૦ છૂટું-જૂદું પડીજવું; આમ તેમ થઇજવું. (ચોટલો વિખરાઇ ગયો, પાનાં વિખરાઇગયાં). ૨ અહીં તહીં પથરાતું પડવું; વેરાઇજવું-(લુગડાં વિખરાઇગયાં, પુસ્તક વિખરાઇગયું ઇ૦).
વિખવાદ, પુ૦ વેર થાય તેવો વાદ; કજિયો; અણબનાવ.
વિખિયા, સ્ત્રી૦ આ; બેરી.
વિખે, અ૦ વિષે.
વિખેરવું, ક્રિ૦ સ૦ છૂટું-જૂદું પાડવું; આમતેમ વેરાતું કરવું.
વિખ્યાત, વિ૦ [સં૦] નામાંકિત; પ્રખ્યાત; લોકનાં ઓળખાયલું.
વિખ્યાતિ, સ્ત્રી૦ [સં૦] પ્રસિદ્ધિ; નામાંકિતપણું; કીર્તિ.
વિગત, સ્ત્રી૦ હકીકત; બીના. ૨ તપસીલ; વિસ્તાર. એણી વિગતે, એ વિગત પ્રમાણે, એ રીતે.
વિગતવાર, અ૦ વિગત સાથે-પ્રમાણે-વાળું.
વિગેરે, અ૦ આદિલઇને; ઇત્યાદિ; અને બીજાં.
વિગ્રહ, પુ૦ [સં૦] કડકાસ; કજિયો. ૨ લડાઇ; જુદ્ધ. ૩ (વ્યાકરણમાં) સમાસને તેના શબ્દો છૂટા પાડી સમજાવવા તે.
વિઘરવું-રાવું, ક્રિ૦ અ૦ તાપથી ઓગળવું. (ઘી વિઘરવું વગેરે). ૨ એમનું એમ અથવા ઓસડથી આખું પાછું થઇ જવું-છૂટું પડીજવું (ગાંઠ પાકું વગેરે વિઘરાઇ ગયાં). ૩ (લાક્ષણિક) ઘણી વાતની કાળજી ઉડી જવું (દીલ); ગાભરું થવું. ૨ ઉડી જવું; ફીકું પડવું (ચેહેરો).
વિઘરાઇજવું, ઓગળીજવું (ઘી વગેરેએ).
વિઘરો, પુ૦ વઘરો; મન જૂદાં કરાવવાં તે; કજિયો. [ભય.
વિઘ્ન, ન૦ [સં૦] નડતર; અડચણ; હરકત. ૨ સરકટ;
વિચક્ષણ, વિ૦ [સં૦] જાણીતું ને ચતુર (માણસ). ૨ અન્દરની વાત તરત સમજી જાય, બારીકીથી ખોળીકાઢે તેવી તીક્ષ્ણ ચપળ (બુદ્ધિ).
વિચરવું, ક્રિ૦ અ૦ જવું. ૨ દાખલ થવું; પેસવું.
વિચાર, પુ૦ [સં૦] સારું શું નરસું શું, ખરું શું ખોટું શું, લાભાલાભ શું, કરવું ને ન કરવું શું ઇ૦ની તોલના કરવાની જે સમજ-જ્ઞાનશક્તિ તે; મનન; શોધ. ૨ એ શક્તિથી જે નિશ્ચય-સિદ્ધાંત થયો હોય તે; મત; અભિપ્રાય. ૩ એકાદું કામ કરવા ન કરવા સમ્બન્ધી જે મર્યાદા સુઘડતા રાખવાની તે; વિવેક. ૪ કલ્પના; મનસુબો; તરંગ; તર્ક. ૫ ધ્યાન; લક્ષ. ૬ ગુચવણ; ફિકર. વિચાર ચલાવવો-દોડાવવો-પોંચાડવો-કરવો. ૭ પસ્તાવો-પાછળથી વિચાર કરવો પડે એવું ન કરતાં વિચારપૂર્વક-આગળથી વિચાર કરીને. વિચારવાન્-વન્ત-વિચાર કરનાર; સમજુક. ૨ ડાહ્યું; વિવેકી.

વિચારવું, ક્રિ૦ સ૦ વિચાર કરવો; સાર અસાર સમજવો.
વિચિક્ષણ, વિચક્ષણ.
વિચિત્ર, વિ૦ [સં૦] તરેહ તરેહના-ભાતભાતના-(રંગ, રૂપ વગેરે કંઇ). ૨ બેડોળ; ભલીવાર વનાનું (માણસ, કામ, ભાષણ વગેરે). ૩ અજાયબ જેવું; અચરતી [ભરેલું.
વિછળવું, ક્રિ૦ સ૦ પાણી રેડી હલાવી સાફ કરવું (વાસ-[ણને).
વિછોહ, પુ૦ જુદાઇ; વિજોગ.
વિજણવારો, પુ૦ વિજણાથી જે વા લેવો-નાખવો તે.
વિજણો-ઝણો, પુ૦ [વ્યજન] જેને હલાવેથી પવન આવે તેવું કામડીની ચીપનું, વાળાનું, પાટિયાંનું, તાડ-છાનું બનાવેલું એક સાધન; પંખો.
વિજય, પુ૦ [સં૦] મોટો જય; મોટી ફતેહ. ૨ એ નામનો વિષ્ણુનો એક પોળિયો-જય ને વિજય.
વિજયા, સ્ત્રી૦ [સં૦] ભાંગ; માયા.
વિજયાદશમી, સ્ત્રી૦ [સં૦] આસોસુદ દસમ; દસેરા.
વિજયાનન્દ, પુ૦ [સં૦] પોતાના વિજયમાં જે આનન્દ-સ્વરૂપ તે-બ્રહ્મ.
વિજયી, વિ૦ [સં૦] વિજય કરનારો; યશસ્વી; ફતેહમન્દ.
વિજવું, વિંજવું.
વિજળી, સ્ત્રી૦ [વિદ્યુત] વાદળાંઓનાં પરસ્પર ઘસારા થવાથી આકાશમાં જે અતિ ઉતાવળો ને અતિ તીવ્ર એવો જે પ્રકાશ એકાએક ઝઇ રૂઇને દેખાવદે તે. ૨ એ પ્રકાશનું કારણ રૂપ જે તેજતત્વ તે. વિજળીના ચમકારા કેવાયછે.
વિજાતિ, સ્ત્રી૦ [સં૦] બીજી જાત.
વિજોગ, વિયોગ.
વિજોગી, વિ૦ વિજોગ-જુદાઇ સમ્બન્ધી-નું-વાનું.
વિજ્ઞપ્તિ, સ્ત્રી૦ [સં૦] વિજ્ઞાપના.
વિજ્ઞાન, ન૦ [સં૦] સવિસ્તરજ્ઞાન; અનુભવ જ્ઞાન; કેવળ જ્ઞાન. ૨ કોઇપણ ભણતર-વિદ્યા-જ્ઞાન. ૩ દુનિયાદારી-ની કોઇપણ બાબતની જે પાકી જાણ તે. ૪ ઇશ્વર સમ્બન્ધી ને સત્ય વસ્તુ વિષેનું જે જ્ઞાન તે.
વિજ્ઞાનમયકોશ, પુ૦ [સં૦] પચ્ચકોશમાંનો એક. સંસારના પ્રત્યક્ષ અનુભવમાં આવતા સ્થૂલ પદાર્થોથી વિટલાઇ રેયા છતાં કેવળ ચૈતન્યનું જે જ્ઞાન તે.
વિજ્ઞાપના, સ્ત્રી૦ [સં૦] માન પૂર્વક જે વિનન્તિ કરવી તે; નમ્રતાથી વિવેકનું જે કંઇ કેવું-જણવું તે.
વિટણ્ડ, ન૦ [વિતણ્ડ] પાખંડ.
વિટમ્બણા, સ્ત્રી૦ [વિડમ્બન] માથાફોડ-કૂટ. ૨ હરકત; નડતર. 'કાષ્ટપણા વિડમ્બના' વિડમ્બન એટલે હસવા જેવું-મજાક જેવું કંઇ તે.
વિટલા, પુ૦ સ્ત્રીઓને-છોકરાઓને કાને ઘાલવાનું ઘરેણું.
વિટલાવું, ક્રિ૦ અ૦ વિટાએલું થવું. ૨ આગળ પાછળ ફરી વળવું. (છોકરૂં માની પાછળ વિટળાયાં કરેછે).

વિટવું, ક્રિ૦ સ૦ [વેષ્ટન] ગોળ-ચોમેર લપેટવું (સુતર તાર પાઘડી વગેરે). ૨ ઘેરીલેવું (સભાસદો કવિને વીટીવળ્યા).
વિટાળવું, વિટવું.
વિટાળો, વિંટો.
વિણ, વીણ.
વિણવું, ક્રિ૦ સં૦ રસોઇને માટે તૈયાર કરવાનાં અનાજ-માંથી કાંકરા ઇયળ વગેરે કાડીનાંખવાં. ૨ ઘણાંમાંથી થોડુંક પસન્દ પડતું જૂદું કાડવું. (માણસ, વસ્તુ વગેરેને). ૩ નીચે પડેલું સાંભરી-ઉપાડી લેવું. ૪ ઝાડેથી તોડી લેવું; ચુંટવું.
વિણાચુંટા, પુ૦ ચેન ન પડવી તે; અકળામણ.
વિણામણ, ન૦ અનાજમાંથી જે કાંકરા વગેરે બાર કાડી નાખવાનું તે. ૨ વિણાવવાની મેહેનતના પૈસા. 'ધૂળમાં વિણામણ કાંકરા.' કેવત.
વિતક, ન૦ જે વિતેલું-અનુભવેલું તે.
વિતણ્ડવાદ, પુ૦ [સં૦] તકરારમાં કોઇને નકામું અતીસે ચુંથવું તે; માથું ચડે તેવી નકામી તકરાર.
વિતર્ક, પુ૦ [સં૦] છેક જ લાખી દોડાવેલી નિરર્થક કલ્પના; ઉલટા-આડા-ખોટા તર્ક. ૨ એકાદી બાબતમાં વિચાર કરતાં તેને લગતાંવળગતાં સંકલ્પો જે વિચાર કરવો તે.
વિત્ત, ન૦ [સં૦] ધન; અરથ; દોલત; પૈસો; માલમિલકત; પુંજી. ૨ શક્તિ; બળ; કૌવત (શરીરમાં વિત્ત નથી). ૩ રસ; માલ; જીવ; સાર; કસ (એમાં કંઇ વિત્ત રેયું નથી).
વિદ્ધય, વદ્ધ. વદ્ધ કરેલું-ય કરેલું તે.
વિદ્ધાયગિરી, વદાઈ.
વિદગ્ધ, વિ૦ [સં૦] બળીને ખાખ થયલું; પૂરું બળેલું. ૨ અધબળ્યું; કાચુંપાકું. ૩ ચતુર; હુસારી. ૪ (રસશાસ્ત્રમાં) વાણી-ક્રિયાથી નાયિકાને ચાતુરી દેખાડનારો પુરૂષ. વિદગ્ધા-ચતુર નાયિકા.
વિદણો, વિજણો.
વિદારણ, ન૦ [સં૦] વિદારવું તે.
વિદારવું, ક્રિ૦ સ૦ ફાડી નાખવું; કાપીને જૂદું પાડવું; ફાડીનાખવું (માણસ વસ્તુને).
વિદિત, વિ૦ ધા૦ [સં૦] જાણેલું; જણાવેલું.
વિદૂષક, પુ૦ [સં૦] નાટક-ભવાઇમાં જે મશકરો તે; ૨ રંગલો; તરકડિયો; જૂઠણ.
વિદેશ, પુ૦ [સં૦] પારકો દેશ; પરદેશ. વિદેશી-વિદેશ સમ્બન્ધી-નું.
વિદેહી, વિ૦ [સં૦] જે દેહ-સંસાર સમ્બન્ધી હર્ષ શોક સુખ દુઃખ ઇ૦ માયાપાશથી મુક્ત થયો હોય તે (જ્ઞાની પુરૂષ); સંસારી-રાગી છતાં જેણે તત્વ-બ્રહ્મ જાણ્યું હોય તે; જિવન્મુક્ત.

વિદ, વિ૰ ધા૰ [સં૰] વિધેલું. વિદયોનિ-સાસરે રેતી થયલી (સ્ત્રી).

વિદ્યમાન, વિ૰ [સં૰] જીવતું-હેયાત હોય તેવું. અ૰ સમક્ષ; હાજર. (જેશંકર વિ૰ રામશંકર એટલે જેના પિતા રામશંકર જીવતા છે તે જેશંકર).

વિદ્યા, સ્ત્રી૰ [સં૰ વિદ્-જાણવું] જાણવું-જાણવાનું તે; જ્ઞાન. ચૌદવિદ્યાં શબ્દ જોવો. ૨ ભાષા-શાસ્ત્ર-કળા ઈ૰ સમ્બન્ધી જે જાણવાનું-ભણવાનું તે. ૩ કેળવણી લેવી-અભ્યાસ કરવો તે; આવડત. ૪ ઈલમ; હુનર. ૫ કલમ કરવાનાં બરૂની અન્દરના રેસા. એને બાળક નિશાળિયા ચાવે છે ને સમજે છે કે એથી વિદ્યા આવડે છે. મેલીવિદ્યા એટલે ભૂત ડાકણ મૂઠ ચોટ વગેરે સમ્બન્ધી. અવિદ્યા એટલે માયા; અજ્ઞાન. કવિદ્યા-લુચ્ચાઈ; પ્રપંચ. [નાર.

વિદ્યાગુરુ, પુ૰ [સં૰] કોઈ પણ પ્રકારની વિદ્યા ભણાવ-

વિદ્યાનન્દ, પુ૰ [સં૰] વિદ્યાથી જે આનન્દ તે.

વિદ્યાભ્યાસ, પુ૰ [સં૰] વિદ્યા ભણવાનો અભ્યાસ.

વિદ્યાર્થી, વિ૰ [સં૰] જેનો વિદ્યા પ્રાપ્ત કરવાનો હેતુ ને શ્રમ હોય તે. વિદ્યાભ્યાસી. ૨ એકાદા ગુરુપાસે જે ભણતો હોય તે; શિષ્ય.

વિદ્યુત્, સ્ત્રી૰ [સં૰] વિજળી. વિદ્યુલ્લતા-(લતાનો જેવી વાંકી દેખાતી માટે).

વિદ્વજ્જન, વિ૰ [સં૰] જેણે એક અથવા ઘણા વિષયના ગ્રંથ ભણ્યા હોય તે.

વિદ્વત્તા, સ્ત્રી૰ [સં૰] વિદ્વાનપણું; પણ્ડિતાઈ; ભણેલું તે.

વિદ્વાન્, વિ૰ [સં૰] જેણે વિદ્યા સમ્પાદન કરી હોય તે; એક અથવા અનેક વિષયના ગ્રન્થોનું મનન કર્યું હોય તે. એ શબ્દ બીજાસાથે જોડાય છે તારે વિદ્વદ્રૂપ ધારણ કરેછે. વિદ્વજ્જન, વિદ્વત્સભા ઈ૰.

વિધ, પુ૰ [સં૰] જાત; તરેહ-નાનાવિધ, બહુવિધ ઈ૰. વિધવિધ-બહુ પ્રકારના; તરેહ તરેહવાર.

વિધાણું, વિંધાણું.

વિધવા, સ્ત્રી૰ [સં૰ વિ; ધવ-ધણી] જેનો પતિ મરીગયો હોય તે સ્ત્રી; રાંડીરાંડ. વિધુર-એટલે જેની સ્ત્રી મરી ગયલી હોય તે; રણ્ડાયલો.

વિધાતા, પુ૰ [સં૰] બ્રહ્મા.

વિધાત્રા-ત્રી, સ્ત્રી૰ કર્મ-નસીબ-ભાગ્ય નિર્માણ કરનાર-ઠરાવનાર ઈશ્વરી શક્તિ-(બ્રહ્માણી); છઠ્ઠીના લેખ લખ-નારી દેવી.

વિધાન, ન૰ [સં૰] પ્રકાર; રીતિ; વિધિ-પૂજાવિધાન, સ્નાનવિધાન ઈ૰. ૨ જોડવું-બનાવવું તે.

વિધિ, પુ૰ [સં૰] બ્રહ્મા. ૨ નસીબ; ભાગ્ય. ૩ પ્રકાર; રીતિ-સ્નાનવિધિ, હોમવિધિ, પૂજાવિધિ ઈ૰. ૪ આજ્ઞા. ૫ ક્રિયાપદનું આજ્ઞાર્થરૂપ. ૬ માન્ય કરવાજોગ શાસ્ત્રનું વચન. ૭ કરવાનું તે (નિષેધનું ઉલટું)-વિધિવાક્ય ને નિષેધવાક્ય. (ત્રિજા અર્થમાં વિધિ, સ્ત્રીલિંગે પણ વપરાયછે).

વિધિયુક્ત, વિ૰ [સં૰] શાસ્ત્રમાં કહેલા પ્રકાર પ્રમાણે.

વિધુ, પુ૰ [સં૰] ચન્દ્ર.

વિધ્યર્થ, પુ૰ આજ્ઞાના અર્થમાં ક્રિયાપદનું જે રૂપ તેને એ શબ્દ લગાડવામાં આવેછે-કર, ખા, જા ઈ૰.

વિધ્વંસ, પુ૰ [સં૰] નાશ.

વિનતા, સ્ત્રી૰ [વનિતા] સ્ત્રી.

વિનન્તી, સ્ત્રી૰ [વિનતિ] નમ્રતાથી જે કેવું તે; અરજ; કાલાવાલા. ૨ નમ્રતા; તાબેદારીથી ચાલવું તે.

વિનય, પુ૰ [સં૰] નમ્રતાથી જે વિવેક કરવો તે. ૨ મર્યાદશીલતા; સભ્યતા.

વિનવવું, ક્રિ૰ સ૰ વિનય કરવો. ૨ વિનન્તી.

વિના, અ૰ [સં૰] સિવાય; વના; વગર.

વિનાશ, પુ૰ [સં૰] અતિશય નાશ. ૨ મરણ. 'વિનાશકાલે વિપરીત બુદ્ધિ.'

વિનાશી, વિ૰ [સં૰] નાશ પામે તેવું. ૨ નાશ કરનાર.

વિનોદ, પુ૰ [સં૰] ખુશીમાં હસવું બોલવું તે; રમુજી વાતચિત કરવી તે. ૨ આનન્દ; રમત ગમત.

વિનોદી, વિ૰ આનન્દી; ગમતી; રમુજી; રંગીલું.

વિપત, સ્ત્રી૰ [સં૰] મોટું દુઃખ; મોટી આફત. ૨ દુઃખ; પીડા; અડચણ.

વિપત્તિ, સ્ત્રી૰ [સં૰] વિપત.

વિપરીત, વિ૰ [સં૰] ઉલટું; અવળું; ઉંધું. ૨ પ્રસન્ન-મેહેરબાન નહિ તેવું; સામું.

વિપિન, ન૰ [સં] વન; રાન.

વિપુલ-ળ, વિ૰ [સં૰] મોટું. ૨ ઊંડું.

વિપ્ર, પુ૰ [સં૰] બ્રાહ્મણ. ૨ બ્રાહ્મણની સ્થીતિ-વેદ ભણ્યા પછીની 'વેદાભ્યાસે ભવેત્ વિપ્રો.' [વિજોગ તે.

વિપ્રયોગ, પુ૰ [સં૰] (રસશાસ્ત્રમાં) નાયક નાયિકાનો જે

વિપ્રલબ્ધા, સ્ત્રી૰ [સં૰] જે નાયિકાનો નાયક સંકેત સાચવી રાખ્યો ન હોય તે.

વિપ્રલમ્ભ, પુ૰ [સં૰] વિયોગશૃંગાર.

વિફરવું, ક્રિ૰ અ૰ જોસ્સામાં ફાટવું; દૂર ઉડવું ને ખસવું.

વિફળ, વિ૰ [સં૰] ફળ-ફાયદા વનાનું; નકામું; મિથ્યા.

વિબુધ, પુ૰ [સં૰] દેવ.

વિભક્ત, વિ૰ [સં૰] વ્યવહાર કરવે જુદા પડ્યા હોય તે (સગા ભાઈ). ૨ જુદું; એકઠાં-સાથે નહિ જેવું.

વિભક્તિ, સ્ત્રી૰ [સં૰] (વ્યાકરણમાં) નામના ક્રિયાસાથે થતા સમ્બન્ધ (કર્તા કરણ કર્મ વગેરે) દેખાડનારો જે પ્રત્યય તે એકેકો. [માંનો કોઈ.

વિભાગ, પુ૰ [સં૰] ભાગનો ભાગ; બહુ ભાગ-હિસ્સા-

વિભાવ, પુ૰ [સં૰] (રસશાસ્ત્રમાં) રસને ઉત્પન્ન કરનાર

કારણરૂપ મૂળ વસ્તુ અને ઉદ્દીપન સાહિત્ય તે. આ-લંબન ને ઉદ્દીપન વિભાવ.

વિભાવના, સ્ત્રી૦ [સં૦] ધારણા; કલ્પના કરવી તે; અલં-કાર-જે એ (સંશયાર્થનો જે ભાવ-આરોપ તે).

વિભુ, વિ૦ [સં૦] સર્વ વ્યાપક; નિત્ય.

વિભુત-તી, સ્ત્રી૦ [વિભૂતિ] જગદીશ્વરનાં બીજરૂપ જે ભસ્મ તે. ૨ યજ્ઞની ભસ્મ-જે મહાદેવના ભક્ત બ્રાહ્મણો મન્ત્ર ભણી પોતાને કપાળે બાહુએ લગાડે છે તે. ૩ ઐશ્વર્ય; પ્રસાદ; વૈભવ.

વિભૂષિત, વિ૦ ધા૦ [સં૦] ઘરેણાંથી શણગારેલું. ૨ વિશેષ શોભિતું.

વિભ્રમ, પુ૦ [સં૦] વિશેષ જે ભ્રમ તે; વ્હેમ.

વિમળ, વિ૦ [સં૦] મળ-કચરા વિનાનું.

વિમાચિઠ્ઠી, સ્ત્રી૦ એક બંદરથી બીજે મોકલેલો માલ બીજે બંદર સલામત પોંચે તેને સારું કંઈ નૂર આપી કરાવેલી જે ચિઠ્ઠી-દસ્તાવેજ તે.

વિમાન, ન૦ [સં૦] આકાશમાં ઉડે તેવું એક વાહન. દેવતાઓ વિમાનમાં બેસી અહીં તહીં જતા.

વિમાવાળો, પુ૦ વીમો ઉતારનારો વેપારી.

વિમાસણ, સ્ત્રી૦ વિમાસવું તે.

વિમાસવું, ક્રિ૦ સ૦ અચરતી-ઉદાસીમાં ટકટક જોવું. ૨ મોટા અન્દેશા-વિચારમાં પડવું.

વિમુખ, વિ૦ [સં૦] મોઢું પાછું ફેરવેલું એવું; પૂઠ કરી હોય તેવું; અવળું. (સન્મુખ-સામે).

વિયડો-રડો, પુ૦ નદીના પાણી સુકાઈ જવાથી અથવા તે પાણી સ્વચ્છ ન હોવાથી કાંઠે અથવા અંદર ખોદેલો જે ખાડો તે.

વિયાણ, વિ૦ વિયાતી. વરસવિયાણ-વરસે વરસે વિયાય તેવી. (ગાય ભેંસ ઈ૦).

વિયાવું, ક્રિ૦ સ૦ સ્ત્રીપશુએ બાળક જણવું. એ શબ્દ કેટલીક નીચી જાતીના માણસોમાં સ્ત્રીના જણવાને માટે પણ વપરાય છે.

વિયોગ, પુ૦ [સં૦] વ્હાલાં માણસની પાસેથી દૂર હોવું તે; જુદાઈ; જુદું પડવું તે. ૨ આશક માશુક એક બીજાથી છૂટાં પડેલાં-દૂર રહેતાં હોય એવી જે તેઓની સ્થિતિ તે.

વિરક્ત, વિ૦ [સં૦] જેણે સંસાર ઉપરથી પ્રીતિ ઉઠાડી દીધી હોય તે; ત્યાગી. ૨ નિસ્પૃહ; બેદરકાર.

વિરગ્યી, પ્રમાણે.

વિરતિ, સ્ત્રી૦ [સં૦] અટકવું તે; વિરામ.

વિરલું, વિ૦ ઘણાકમાં કોઈકજ હોય તેવું-અસાધારણ (માણસ). ૨ કોઈકજ ઠેકાણે ને કોઈકજ વાર જોવામાં આવે તેવું (કામ).

વિરવાળ, સ્ત્રી૦ એક જાતનું ઘાસ.

વિરસ, વિ૦ [સં૦] રસ વગરનું.

વિરહ, પુ૦ [સં૦] વિયોગ; જુદાઈ. વિરહાગ્નિ; વિરહાનલ; વિરહજ્વર ઈ૦.

વિરહિણી, સ્ત્રી૦ [સં૦] પતિ-ઉપપતિના વિયોગથી અતીશે આકુળી ને સંભોગને આતુરતાથી ઇચ્છનારી જે સ્ત્રી તે.

વિરહી, વિ૦ [સં૦] વિરહવાળું; વિયોગી; જુદાઈનું.

વિરાગ, પુ૦ [સં૦] સંસાર-વિષયવાસના ઉપરથી મન ઉઠી જવું તે; ત્યાગી વૃત્તિ.

વિરાગી, વિ૦ [સં૦] વિરાગવાળું; ત્યાગી (માણસ).

વિરાજમાન-જિત, વિ૦ [સં૦] સુન્દરતા-કાંતિથી તેજ મારતું; સુશોભિત. ૨ પ્રકાશવું.

વિરાજવું, ક્રિ૦ સ૦ સાજ શણગારથી વિશેષ શોભવું. ૨

વિરાટ, ન૦ [સં૦] બ્રહ્માણ્ડ. વિરાટ્સ્વરૂપ-દેહ એટલે બ્રહ્માણ્ડ-વિશ્વને આકારે ઈશ્વરનો જે દેહ તે.

વિરામ, પુ૦ [સં૦] અટકવું તે; બન્ધ પડવું તે. ૨ વાક્ય પૂરું થતે અટકવાનું જે ચિન્હ તે. ૩ પ્રકરણ; ભાગ; સર્ગ. ૪ વિસામો; ફુરસદ; અવકાશ; કરાર થવું તે. ૫ મરણ.

વિરુદ્ધ, વિ૦ [સં૦] ઉલટું; સામું.

વિરૂપ, વિ૦ [સં૦] જૂદાં જૂદાં રૂપનું હોય તેવું. ૨ નઠારાં રૂપનું.

વિરેચન, ન૦ [સં૦] જુલાબ.

વિરોધ, પુ૦ [સં૦] ઉલટું આવવું તે; સામસામું થવું-હોવું-દેખાવું તે. ગ્રન્થમાં વિરોધ છે એટલે એક ઠેકાણે એક મત ને બીજે ઠેકાણે તેથી ઉલટું મત. ૨ એ નામનો અલંકાર. ૩ અણબનાવ; અણબનાવ.

વિરોધી, વિ૦ [સં૦] વિરોધ કરનાર. ૨ જેમાં વિરોધ હોય તેવું.

વિલક્ષણ, વિ૦ [સં૦] વિશેષ લક્ષણનું; અસાધારણ. ૨ તરેહવાર મિજાજ-ખાસિયત-રીતનું (માણસ, કામ). વિલક્ષણવૃત્તિ એટલે ઠામ ઠેકાણું નહિ તેવી ચલિત વૃત્તિનું.

વિલમ્બ, પુ૦ [સં૦] વાર; મોડી; ઢીલ.

વિલસવું, ક્રિ૦ અ૦ શોભવું; ખીલું ચકચકિત હોવું.

વિલાત, સ્ત્રી૦ વતન; જન્મભૂમિ. ૨ જ્યાં વધારે પાક-વસ્તી હોય તે ઠેકાણું (જનાવર-ઝાડનું). ૩ ઈંગ્લંડ, સ્કાટલંડ (અંગરેજનું વતન).

વિલાતી, વિ૦ અંગરેજના મુલક સમ્બન્ધી (વસ્તુ). ૨ અંગરેજી રીતનું (કામ). ૩ વિલાત જઈ આવેલું. ૪ પતરાજીવાળું; તોછડું (માણસ).

વિલાપ, પુ૦ [સં૦] બોલીને રડવું-શોક કરવો તે.

વિલાયત, [અ૦] વિલાત.

વિલાસ, પુ૦ [સં૦] સુખ-આનન્દનો ભુલાવો. ચિદ્-વિલાસ, નર્મવિલાસ ઈ૦. ૨ સ્ત્રીપુરુષની શૃંગારક્રિડા-રંગરાગ.

વિલાસી, વિ૦ [સં૦] વિલાસ કરનાર.

વિલિયું, ન૦ અડધા રૂપિયાનો સક્કો.

ક્ષિત, વિ૦ [સં૦] બોલનાર મનમાં જે ધારવું હોય
હવે-આગળ જે બોલવું થનાર તે.

ર, ન૦ [સં૦] પોલાણ; દર; ગુફા.

દ, પુ૦ [સં૦] વાદ; તકરાર. ૨ સરકારમાં આવેલો
ઝઘડો. વિવાદી-વિવાદ કરનારો.

હ, પુ૦ [સં૦] કન્યાદાન આપવાનું મોઢેથી વચન
આપવું તે; વેસવાળ; સગાઈ. ૨ લગન; શાદી.

ધ, વિ૦ [સં૦] બહુ જાતિ-ભાતિ-પ્રકારનું; તરેહ ત-
રેહવાર. ૨ જેમાં જૂદી જૂદી જાતના આંકડા હોય તે-
સરવાળા-બાદબાકી-ગુણાકાર-ભાગાકાર).

ક, વિ૦ [સં૦] સારું નરસું પારખવાની ને તેને તજ-
વાની જ્યાથી ગોઠવી વાપરવાની જે સમજ શક્તિ તે; સમજ
શક્તિથી જે જે વિચાર ડાપણ-જ્ઞાન નક્કી કરેલું-દેખાડેલું
તે. ૨ દુનિયાદારીની રીતભાતની જાણ તથા તેને જે
સભ્યતા-ડાપણથી કંઈ-કરી બતાવવી તે; સુઘડતા.

કયુક્ત, વિ૦ [સં૦] વિવેકવાળું-સારું.

કી, વિ૦ [સં૦] વિવેકથી વર્તનાર.

ચન, ન૦ [સં૦] ઓળખવું ને જૂદું-છૂટું પાડવું તે
(વિચારથી); ગુણ દોષ જૂદા પાડી બતાવવા તે; ટીકા.

ખા, ન૦ [સં૦] ૧૬ મું નક્ષત્ર

ળ, વિ૦ [સં૦] મોટું; ઘણું લાબું પોળું.

, અ૦ [વિ૦] સમ્બન્ધી; બાબત; ઉપર; માં. તે વિશે.
ક, વિશેષ.

ષ, વિ૦ [સં૦] વધારે; ઉભરવાનું. (તેમ કોઈ તેથી
કંઈ વિશેષ છે). ૨ ઘણું; બહુ. ૩ એકાદા ગુણને
લીધે બીજા બધાથી જૂદું પડતું; જાતિ-વર્ગમાંનું એક;
અમુક; ફલાણું. વિશેષનામ એટલે જાતિ-વર્ગ નામનું
નહિ પણ તેમાંના કોઈ એકનું.

ષણ, ન૦ [સં૦] પદાર્થનો ગુણ અથવા તેની
સંખ્યા દેખાડનારો શબ્દ. (વ્યાકરણમાં).

શેષે-કરીને, અ૦ વધારે ધ્યાન રાખીને; મુખ્યત્વે કરીને;
ઘણુંકરીને.

શેષ્ય, ન૦ [સં૦] જેનું વિશેષણ હોય તે શબ્દ. ૨
વિશેષકરીને જાણવા જોગ જે વિષય તે.

શ્રાન્તિ, સ્ત્રી૦ [સં૦] મેહેનત ધન્ધાથી થોડી વાર ફારક
થવું તે; થાક-દમ ખાવો તે; વિરામ પામવું તે; વિસામો;
આસાએસ.

શ્રામ, પુ૦ [સં૦] જ્યાં વિશ્રાન્તિ લેવી-લેવાતી હોય તે
સ્થળ; વિસામો લેવાનું ઠેકાણું; વિસામો.

શ્વ, ન૦ [સં૦] સૃષ્ટિ; જગત; દુનિયા. ૨ બ્રહ્માણ્ડ.
વિશ્વજન:-નાથ એટલે વિશ્વને સરજાવનારો-ધણી
એટલે પરમેશ્વર.

શ્વમ્ભર, પુ૦ [સં૦] વિશ્વનું ભરણ પોષણ કરનાર; ઈશ્વર.

શ્વાત્મા, પુ૦ [સં૦] વિશ્વનો આત્મા; બ્રહ્મ.

વિશ્વાસ, પુ૦ [સં૦] વચન-કબૂલાત ઉપર જે ખાતરી
પ્રતીજ તે; ભરોસો. વિશ્વાસ આપવો-કરવો-રાખવો.

વિશ્વાસઘાત, પુ૦ [સં૦] ભરોસો તોડવો તે.

વિશ્વાસઘાતી, વિ૦ [સં૦] વિશ્વાસઘાત કરનારો.

વિશ્વાસી-સુ, વિ૦ વિશ્વાસ ઉપર રેનાર; વિશ્વાસ કરવા
જોગ. ૨ વિશ્વાસી એ શબ્દ વટલીને ક્રિશ્ચિયન થ-
યેલાને લગાડવામાં આવે છે. -વિશ્વાસીધરમ એટલે
જેમાં ખ્રિસ્ત પેગમ્બરના ઉપર વિશ્વાસરાખ્યાથી પાપથી
મુક્ત થવાય છે એવું કહેલું છે તે.

વિશ્વેશ્વર, પુ૦ [સં૦] વિશ્વનો ઈશ્વર. ૨ બાર જ્યો-
તિલિંગમાંનું એક જે કાશીમાં છે તે.

વિષ, ન૦ [સં૦] ઝેર. ૨ અતિસે કડવી વસ્તુ.

વિષધર, પુ૦ [સં] સર્પ; નાગ.

વિષમ, વિ૦ [સં૦] એકીનો અંક બતાવે છે. એક, ત્ર-
ણ, પાંચ વગેરે. ૨ સમાન-સરખું-બરાબર નહિ તેવું.
ઈશ્વરની દૃષ્ટિ ચાયરફકને વિશે વિષમ નથી પણ સમાન
છે. ૩ સરખું-સપાટ નહિ તેવું. ૪ ઉલટું; માઠું; દુ-
શ્મનાઈ ભરેલું. ૫ જેના સરખું બીજું કંઈ ન હોય
તેવું; તરેહવાર. ૬ એ નામનો અલંકાર-ઈષ્ટ વસ્તુના
લોભમાં અનિષ્ટ થવું તે-કરંડિયામાં ખાવાનું છે એમ
જાણી ઉંદરે માંય મોઢું ઘાલ્યું તો તેમાં સાપ હતો તેના
મોઢામાં ગયો.

વિષય, પુ૦ [સં૦] બારની ઈન્દ્રિય વડે અથવા મન વડે
જે જે કંઈ જાણવામાં આવે છે તે-રૂપ, રસ, ગન્ધ, શબ્દ,
સ્પર્શ એ, સુખ દુઃખ ઈ૦; વળી એ અકકેકની જે અનેક
વિકૃતિ તે. ઈન્દ્રિય વિષય, મનો વિષય, જ્ઞાન વિષય
ઈ૦. પદાર્થ, બાબત હર કંઈ. ૨ કામ; વ્યાપાર. જોવું
એ ચક્ષુ ઈન્દ્રિનો વિષય. રાજ-કારભાર કરવો તે ની-
ચ ને મૂર્ખ પુરુષનો વિષય નથી. ૩ કામ ક્રોધાદિક તે
અને એકેકની જે જાળ રચના તે. ૪ કામ; ઈશ્કબા-
જી. ૫ ઉદ્દેશ; હેતુ. ૬ માલ; સામાન. [મવો તે.

વિષયાનન્દ, પુ૦ [સં૦] સંસારના વિષયોમાં આનન્દ પા-

વિષયી, વિ૦ [સં૦] સંસાર-પ્રપંચમાં લુબ્ધાઈ રેનાર. જે
વિષય-કર્મ-ઉદ્યોગ જેનો હોય તે વિષયનો તે (વિષયી).
૨ ભોગવિલાસ વિષે જેને ઘણી લલુતા હોય તે.

વિષયે, હરકોઈ વિષય સમ્બન્ધી. [ઝેર; દ્વેષ.

વિષાદ, પુ૦ [સં૦] ખેદ; દલગિરી; ઉદાસી; શોક. ૨ વેર;

વિષુવવૃત્ત, ન૦ પૃથ્વિના ગોળા ઉપર બરોબર મધ્યભાગે
કલ્પેલી જે ફરતી લીટી તે-એથી ઉત્તર દક્ષણ સ્થળાનાર
[ગણાય છે.

વિષે, અ૦ વિષયે; વિશે.

વિષ્ટિ, સ્ત્રી૦ [સં૦] એકાદાં કામને અર્થે મોકલવું-જવું
તે. ૨ સલાહનું કેણ; સામોપચાર; શિષ્ટાઈ-અંગર-
વિષ્ટિ. ૩ સાતમું કરણ.

વિષ્ઠા, સ્ત્રી૦ [સં૦] ગાંડવાટે નિકળતો મળ; નરક; ગૂ.

વિષ્ણુ, પુ૦ [સં૦] વ્યવસ્થા-સ્થિતિ કરી પાલન કરનારી જે શક્તિ-માયા તેના અધિકારી ઈશ્વર; સત્વગુણનું સ્વરૂપ.

વિષ્ણુતેજ, ન૦ વિષ્ણુનું તેજ. ૨ ઘી (બ્રાહ્મણો બોલે છે).

વિસરભોળું, વિ૦ વિસરી જાય તેવા સ્વભાવનું; ભુલકણું.

વિસરવું, ક્રિ૦ સ૦ ભૂલી જવું; યાદ ન રાખવું.

વિસર્ગ, પુ૦ [સં૦] કંઈક હકારનો ઉચ્ચાર થાય તેવું [:] ચિન્હ જે ક, ખ, પ, ફ, શ, ષ, સ ની પૂર્વે અથવા સ્વરની સાથે મુકવામાં આવેછે તે. ૨ ત્યાગ.

વિસર્જન, ન૦ [સં૦] જવા દેવું-છોડી દેવું તે. ૨ વિદાય કરવું; મોકલી દેવું; કામ બન્ધ કરી છૂટું પડીજવું તે. દેવનું આવાહન ને વિસર્જન. સભાનું વિસર્જન એટલે સભા બરખાસ્ત થવી તે.

વિસાત, સ્ત્રી૦ ઉપયોગીપણું; લાભ જેવું કંઈ તે; જીવ; માલ; દમ. તેમાં કંઈ વિસાત નથી.

વિસામો, પુ૦ [વિશ્રામ] અટકવું તે. ૨ વચમાં થાક ખાવો-આરામ લેવો તે. ૩ આરામ્એશનું ઠેકાણું. ૪ ઉચકેલાં મુડદાંને દૂર લેઈજતાં રસ્તામાં જ્યાં જરાવાર ઉતારે છે તે જગા-પિપળો વગેરે. ૫ માલ લેઈને રસ્તે ચાલતાં મજુરને ભાર મુકવાને જે લાકડું તે.

વિસાર, પુ૦ [વિસ્મરણ] વિસરવું તે; વિસારો.

વિસારવું, વિસરવું.

વિસારો, પુ૦ વિસાર.

વિસ્તરવું, ક્રિ૦ અ૦ વિસ્તાર પામવું; વધવું. ક્રિ૦ સ૦ વિસ્તારવું.

વિસ્તાર, પુ૦ [સં૦] લમ્બાઈ પોળાઈ ઊંચાઈમાં વધેલું-મોટું હોવું તે-જમીનનું ક્ષેત્રફળ; ઘણું લામ્બું થવું-હોવું તે; ઘણું વધવું-વધેલું તે. ૨ વધારો; ફેલાવ. ગ્રન્થ વિસ્તાર, કુટુંબ વિસ્તાર ઈ૦. બીજ વિસ્તાર, ઝાડનો વિસ્તાર, જનાવરનો વિસ્તાર ઈ૦.

વિસ્તારવું, ક્રિ૦ સ૦ લમ્બાવવું; વધારવું; ફેલાવવું.

વિસ્તીર્ણ, વિ૦ [સં૦] વિસ્તાર પામેલું એવું.

વિસ્ફોટક, પુ૦ [વિસ્ફોટ] લોઈ વિકારનો એક રોગ જેથી બધે શરીરે ઠામે ઠામે ફોલ્લા થઈ આવેછે ને પછી માંહેથી રસી નિકળેછે તે.

વિસ્મય, પુ૦ [સં૦] એકાએક અજાયબ જેવું લાગવું તે; અચરતી. વિસ્મય પામવું-થવું.

વિસ્મરણ, ન૦ [સં૦] વિસરી જવું-યાદ ન રેવું તે.

વિસ્મિત, વિ૦ ધા૦ [સં૦] વિસ્મય પામેલું-થયલું.

વિસ્મૃતિ, સ્ત્રી૦ [સં૦] વિસરી જવું તે અથવા પ્રસઙ્ગે સાંભરવું નહિ તે.

વિહઙ્ગ, પુ૦ [સં૦] એક રાગ. ૨ વિહઙ્ગમ.

વિહઙ્ગમ, પુ૦ [સં૦] આકાશમાં ઉડતો પ્રાણી; પક્ષી.

વિહાર, પુ૦ [સં૦] આનન્દ કરવાને અહીં તહીં ફરવું-જવું તે; અહીં તહીં ફરી ક્રીડા કરવી તે.

વિહારી, વિ૦ [સં૦] વિહાર કરનાર. કુઞ્જવિહારી-કુઞ્જમાં ફરતાં શૃંગારક્રીડા કરનારો.

વિહીણ, વિ૦ [વિહીન] વગરનું; રહિત.—જળવિહીન, જ્ઞાનવિહીન ઈ૦.

વિહ્વળ, વિ૦ [સં૦] કામ-ક્રોધ-ભય આદિ જોસ્સાથી અથવા દુઃખથી જે ગભરાઈ ગયલું, બાવરું થઈગયું હોય તે-તેવું.

વિળાલો, પુ૦ બેવકૂફ; બાવરો; વેવલો.

વીખ, ન૦ [વિષ] ઝેર.

વીધું, વિંધું.

વીછુ, પુ૦ [વૃશ્ચિક] કરોળિયાની જાતનો એક જીવ-એ પુછડીનો આંકડો મારેછે તેથી અગન અગન ઉઠી રેછે.

વીજ, વિજળી.

વીંટી, સ્ત્રી૦ હાથની આંગળિયે પેરવાનું એક તરેહનું ગોળ ઘરેણું-સોનાં રૂપાંનું અથવા મણિ જડેલું.

વીંટો, પુ૦ વિંટાળેલા પદાર્થનો ઘણુંકરીને લામ્બો આકાર તે.

વીણ, અ૦ વિના; વગર.

વીણા, સ્ત્રી૦ [સં૦] એક તન્તુવાદ્ય. બેપાસ બે તુમડાં ને સાત તારનું વાજું. ૨ તમ્બુરો. વીણાપાણી-વીણા હોય છે હાથમાં જેના તે નારદમુનિ.

વીત, વિત્ત.

વીધ, સ્ત્રી૦ [વિધિ] પ્રકાર; રીત. ૨ તરેહ; જાત.

વીમો, પુ૦ આટલી મુદતમાં એકાદી આફતથી નુકસાન થાય તો તે આટલું ભરી આપવું ને તેના બદલામાં આટલી હકસાઈ સેંકડે લવાં કરવી એવો જે કબાલો તે. વાણ-આગ- જિંદગીનો વીમો કરવો કરાવવો-ઉતારવો ઉતરાવવો. ૨ એવા કબાલાની રૂએ જે હકસાઈ તે. વીમો ઉતારવો.

વીર, પુ૦ [સં૦] એકાદા મોટા કામમાં ઉત્સાહ-ઉમઙ્ગથી ઝમ્પલાવનારો ને ટકી રેનારો ને જય મેળવનારો મહાત્મા. ૨ વિજયીરણધીર-યોદ્ધો. ૩ સાધનાથી જે દેવ ભૂત વગેરે પ્રસન્ન થઈ વશ રેછે તે. વીર મુકવો એટલે મન્ત્રથી વીરનો કોઈનામાં પ્રવેશ કરાવવો.

વીરરસ, પુ૦ [સં૦] નવ રસમાંનો એક, જેમાં વીર પુરુષનું વર્ણન હોય તે.

વીરવિદ્યા, સ્ત્રી૦ વીર સાધવા-વશ કરવાની જે મન્ત્રવિદ્યા તે.

વીરશ્રી, સ્ત્રી૦ [સં૦] વીર પુરુષનું યશસ્વી-તેજસ્વીપણું.

વીરો, પુ૦ ભાઈ (લાડમાં બેન બોલેછે). ડોસા પણ જુવાન છોકરાને એ શબ્દે બોલાવેછે.

વીર્ય, ન૦ [સં૦] પુરુષના શરીરમાંના ધાતુનું સત્વ-એ ગુહ્યેન્દ્રિયમાંથી સ્ત્રીની યોનિમાં પડેછે. ૨ બળ; શક્તિ; કૌવત.

વીલ, અડધા રૂપિયાનો સઙ્કેત.

વીલ, ન૦ [અં૦] વારસનામું; વસિયત.

વીસ-ળા, સ્ત્રી૰ ભરવાડ માણ્ડ ભરાવું-વધવું તે (હરિયા-ખાડીમાં).

વીલાં, ન૰ હારમાં ને હારમાં જથાબંધ ઉડતાં એક જાતનાં પક્ષી. બગલાં કરતાં એક મોટાં. એ પાણીમાંના જીવનો ચારો કરેછે.

વીલું, વિ૰ શરમિંદું, ચડીગયલું; ઓશિઆળું; ફીકું; ભૂંડું. ૨ એકલું; રઝળતું; બેદરકારીથી વેતું મુકેલું (માણસ કામ). ન૰ વીલાંનું એકવચન.

વીવા, વિવાહ.

વીશ-સ, વિ૰ [વિંશતિ] બે દશ એટલી સઙ્ખ્યા; ૨૦.

વીસી, સ્ત્રી૰ વીસ વરસની જે ગણતરી તે. દસી વીસી એટલે દશ અથવા વીસ વરસ સુધી જે ચડતી-પડતી દશા ચાલ્યાં કરે તે. ૨ નાણું આપે જ્યાં તૈયાર જમવાનું મળે તે ઠેકાણું.

વુઠવું, ક્રિ૰ અ૰ વસવું. ૨ વરસવું (વરસાદે).

વુહવું, ક્રિ૰ અ૰ જવું.

વૃક, પુ૰ [સં૰] વરુ. વૃકોદર-ભીમ.

વૃક્ષ, ન૰ [સં૰] ઝાડ; તરુ.

વૃખભ, વૃષભ.

વૃત્ત, ન૰ [સં૰] ગોળ લીટી. -વિષુવવૃત્ત, ક્રાન્તિવૃત્ત ઈ૰. ૨ કવિતા રચનાનો એક પ્રકાર.

વૃત્તાન્ત, ન૰ [સં૰] સમાચાર; ખબર; હકીકત. ૨ બયાન; વર્ણન. ૩ ખબર; ઇતિહાસ.

વૃત્તિ, સ્ત્રી૰ [સં૰] સ્વભાવનું જે આચરણ તે; ચાલચલણ; વર્તણુક. ૨ ગુજરાનને માટે જે ધંધો રોજગાર તે. ૩ અમુક અમુક રસનો જે મેળાપ તે. કૈશિકી આરભટી ઇ૰. ૪ મનનું વલણ; ઇચ્છા.

વૃત્ત્યનુપ્રાસ, પુ૰ [સં૰] એક રીતનો શબ્દાલઙ્કાર. વાક્ય-ચરણમાં એક અક્ષરની ઘણીવાર આવૃત્તિ થાય તે.

વૃથા, અ૰ [સં૰] મિથ્યા; ફોકટ; નિષ્ફળ.

વૃદ્ધ, વિ૰ [સં૰] ઘરડું; પાકી ઉમરનું. ૨ જ્ઞાનથી-ડહાપણથી પૂરું સમજતું થયલું. ૩ વધેલું; વધારેલું. પુ૰ બાપદાદા.

વૃદ્ધપરમ્પરા, અ૰ ઘરડાંઓથી ચાલતું આવેલું.

વૃદ્ધાવસ્થા, સ્ત્રી૰ [સં૰] ઘડપણ; બુઢાપો; જૈફી.

વૃદ્ધિ, સ્ત્રી૰ [સં૰] વધવું તે. (કદ-માપ-વય-ધન-પદવી-માં). ૨ ગોળી વધવી તે. ૩ જ્ઞાન-સમૃદ્ધિનો વધારો થયા કરવો તે.

વૃન્દ, ન૰ [સં૰] મોટો જથો (વનસ્પતિઓનો). ૨ સમુદાય (લોકનો).

વૃન્દા, સ્ત્રી૰ [સં૰] તુળસીનો છોડ.

વૃશ્ચિક, ન૰ [સં૰] વિંછી-છુ. સ્ત્રી૰ એ નામની આઠમી રાશિ-ન, ર, ય થી શરૂ થતાં નામની રાશિ.

વૃષણ, પુ૰ [સં૰] આંડવો; પેળિયો.

વૃષભ, પુ૰ [સં૰] પેઠિયો; સાંઢ; નન્દી; બળદ. સ્ત્રી૰ એ નામની બીજી રાશી-બ, વ, ને ઉ થી શરૂ થતાં નામની રાશિ.

વૃષ્ટિ, સ્ત્રી૰ [સં૰] વરસાદ.

વેંગણ, વેગણ.

વેંચણી, સ્ત્રી૰ એકેકને વેંચી આપવું તે. ૨ ફાળો; ભાગ.

વેંચવું, ક્રિ૰ સ૰ એક વસ્તુ-જથામાંથી સહુ સમ્બન્ધીઓને થોડું થોડું-થોડું ઘણું-ભાગ પ્રમાણે જૂદું પાડીઆપવું.

વેંત, પુ૰-સ્ત્રી૰ અઙ્ગુઠાથી તે ટચલી આંગળીની ટોચ સુધી જેટલું અન્તર થાય તેટલું તે માપ.

વેંતિયું, વિ૰ વેંત જેટલું. એમ કેવાય છે કે પાતાળ ખોદતાં વેંતિયાં માણસ નિકળે છે. ૨ બહુજ ઠિંગણું તે.

વે, પુ૰ [વેધ] છિદ્ર; કાણું; નાકું.

વેખ, વેશ. વેખધારી-વેશધારી.

વેખણ્ડ, સ્ત્રી૰ એક ઓષધી.

વેગ, પુ૰ [સં૰] ગતિમાં જેટલું જે જોર રયું હોય તેટલું તે. ૨ ગતિ-ચાલનો જોશ-દોડ-ઝડપ. પવનનો-પાણીનો-તોપના ગોળાનો-સાપનો-દોડવાનો વેગ. ૩ ચમકા (કાન-માથાંમાં વેગ નાખેછે). ૪ ઉતાવળી ચાલના જોશથી જે ભણકારો-અવાજ થાય તે. ૫ ધક્કો; જોર આપવું તે. વેગે-ઉતાવળથી; ઝડપથી.

વેગણ, ન૰ એક જાતનું શાક-વેગણીનું ફળ.

વેગણી, સ્ત્રી૰ વેગણનો છોડ.

વેગણું, વેગણ.

વેગળાઈ, સ્ત્રી૰ વેગળે-દૂર-છેટે હોવું તે. ૨ છેટું; અન્તર.

વેગળું, અ૰ દૂર; આઘું. ૨ જૂદું; નોખું. વેગળું થવું-રાખવું-રેવું-પડવું-પાડવું. વેગળે-દૂર.

વેગુ, પુ૰ જડ; સમજ વનાનો; વંગ.

વેચતું-ચાતું, વિ૰ મફત-બક્ષીસ નહિ પણ મૂલ આપીને લેવાનું તે. કજિયો વેચાતો લેવો એટલે પારકી લડાઈ પોતે વોરી લેવી.

વેચવું, ક્રિ૰ સ૰ મૂલ લઈને માલ-અવેજ બીજાને આપવો-તેણે તે પાઘડી ચાર રૂપિએ વેચી. એક જણ વેચે ને બીજો ખરીદ કરે.

વેચાઊ, વિ૰ વેચવા મુકેલું; વેચાઉ.

વેચાણ, ન૰ જેટલું વેચાયલું હોય તેટલું તે. કેટલું વેચાણ થયું? ૨ વેચાવું તે. ૩ અવેજ લેઈ ઘર વગેરેની માલીકી બીજાને આપી દીધેલી તે.

વેચાણિયું, વિ૰ વેચાતું લિધેલું-આપેલું; અઘાટિયું (મોલની જમીન).

વેજાં, ન૰ ફાંફાં.

વેજાળું, આડસર.

વેઠ, સ્ત્રી૰ [વિષ્ટિ] જેનો બદલો ન મળે તેવી જે મેહેનત-મંજુરી તે. ૨ (લાક્ષણિક) વગર ફાયદે અડચણ ભોગવવી-દુખ ખમવું તે. ૩ નડતર; ભાર; પીડા. દૈવના

ઘરની વેઠ'-વીઠ પકડવું એટલે વેઠ કરાવવાસારૂ માણસ ગાડી જંટ વગેરે પકડવાં. [કરવું.

વેઠવું, ક્રિ૰ અ૰ માથે પડેલું ભોગવ્યાં કરવું; ખમવું; સહન

• વેઠિયાવાડ, સ્ત્રી૰ બળાત્કારે કરેલું. નઠારું, ઢંગ વગરનું [(કામ).

વેઠિયો, વિ૰ વેઠ કરનાર.

વેડ-વેઢ, પું૰ આંગળીએ ઘાલવાની સુનાની જાડી વીંટી. ૨ આંગળીનો કાપો. [પૂરણપોળી.

વેડમી, સ્ત્રી૰ ગોળ-ખાંડ ને તુવેર-ચણાની દાળ એ બેનો પા કરી એ લુવામાં વાળી વણેલી જે રોટલી તે;

વેડવું, ક્રિ૰ સ૰ ચુંટવું; તોડવું (ઝાડ ઉપરથી). આંબો વેડાયો.

વેડી, સ્ત્રી૰ છેડે જાળી બાંધેલો વાંસ (કેરી વેડવાનો).

વેડુંર, પું૰ ફાંકડું; શોભિતું.

વેડો, પું૰ વેડનાર. (આંબો).

વેણ, સ્ત્રી૰ વાંસળી. ૨ ગુંથેલો ચોટલો. ૩ જણતી વખતનો દુખાવો; કષ્ટાવું તે. ૪ બેતર વચ્ચેનું નાનું નેરું;

વેણ, ન૰ વચન. [વહેન.

વેણા, વીણા. [પાટો જડેલો તે.

વેણી, સ્ત્રી૰ [સં૰] ચોટલો. ૨ કમાડમાં લાકડાંનો ઉભો

વેણું, સ્ત્રી૰ પાણી ભરવાની ઝાડી.

વેણુ, સ્ત્રી૰ [સં૰] વાંસળી.

વેણુકચાવું, ક્રિ૰ અ૰ સવાર થવી.

વેતર, ન૰ અકેક વખતનું જે વિયાવું તે (ઢોરે). કેટલાં વેતરની ગાયછે? વેતરે આવવું-સુવાણે આવવું એટલે નરને મળવાની તૈયારીપર આવવું.

વેતરણ, સ્ત્રી૰ જુગતી; ગોઠવણ; તજવીજ; ત્રેવડ. ૨ શિક્ષા કરવાની તજવીજ; વહે. ઉભો રેજે તારી વેતરણ કરું છું.

વેતરવું, ક્રિ૰ સ૰ નીમસર કાતરવું (દરજીએ). ૨ કંઈપણ કામ નક્કી કરવું. ગમેતેમ વેતરી આપ્યો હશે-એનો ભરોસો નહિ.

વેતાળ, પું૰ [સં૰] ભૂતની એક જાતી; પિશાચનો રાજા.

વેતું, વિ૰ બાંધેલું નહિ તેવું (પાણી). દૂર અસેડી મુકેલું હોય તેવું (માણસ). તેને હવે વેતોમુકાદો.

વેત્તા, વિ૰ [સં૰] જાણનારો. તત્વવેત્તા.

વેદ, પું૰ [સં૰] જ્ઞાન. ૨ આર્ય લોકનો અનાદિ-મૂળ ધર્મ જેમાં કર્મ ઉપાસના જ્ઞાન સમ્બન્ધી શિક્ષા છે. વેદ ચાર છે: ઋગ્-ગ્, યજુર્, સામ ને અથર્વણ.

વેદના, સ્ત્રી૰ [સં૰] પીડા; દુઃખ.

વેદમૂર્તિ, વિ૰ [સં૰] વેદની મૂર્તિરૂપ જે વેદ ભણેલો બ્રાહ્મણ તે. વેદશાસ્ત્રસમ્પન્ન-વેદ ને શાસ્ત્ર ભણેલો.

વેદાન્ત, પું૰-ન૰ [સં૰] વેદનો જ્ઞાનકાણ્ડ; ઉપનિષદ્.-સકળ જગત્-પ્રપઞ્ચ મિથ્યા છે ને સત્ય એક સચ્ચિદાનન્દ બ્રહ્મ છે ને આત્મા જ્ઞાનવડે બ્રહ્મ થાય છે એવો બોધ આપનારું તત્વજ્ઞાન તે.

વેદિયો, પું૰ જેણે વેદનું અધ્યયન કરેલું હોય તે.

વેદોક્ત, વિ૰ [સં૰] વેદમાં કહેલું.

વેધ, પું૰ [સં૰] છિદ્ર; કાણું. ૨ છેદાયલું-ભેદાયલું હોય તેવી સ્થિતિ. ૩ સૂર્ય ચન્દ્રનું જેટલું ગ્રહણ થવું તે. ૪ રાહુ. ૫ શાસ્ત્ર પ્રમાણે સુથાર-કડિયાના કામમાં જે દોષ આવતો તે. (બારી બારણાં ચણવાનાં ઠેકાણાં સમ્બન્ધી, હોમના કુણ્ડ સમ્બન્ધી વગેરે). ૬ અડચણ; બાધ; નડતર.

વેધવું, ક્રિ૰ સ૰ વિંધવું; ભોકવું; છીદ્ર-કાણું પાડવું. ૨ મનમાં અસર કરવી. 'વેધીકો મન વેધવો.'

વેધી, વિ૰ વેધ-બાધવાળું. ૨ વેધાયલું.

વેપલો, પું૰ ફાયદો ન પામે તેવો ગાંડો વેપાર.

વેપાર, પું૰ [વ્યાપાર] માલ વેચવો સાટવો તે; માલને એક બન્દરેથી બીજે બન્દરે મોકલીને અથવા જથાબન્ધ કોઈને આપીને સામો અવેજ લેવો એ જે વેવાર તે. ૨ કોઈ પણ ઉદ્યોગ-ધન્ધો-રોજગાર.

વેપારી, પું૰ (૧ લા અર્થમાં) વેપાર કરનારો.

વેમ, પું૰ [આ૰] ભ્રાન્તિ; ભ્રમ. ૨ શક; સન્દેહ. ૩ ખોટી કલ્પના. ૪ અજ્ઞાનથી-ભમાંણાથી ખરૂં માની-લઈ સ્વીકારેલું તે (વિચાર રીતભાત વગેરે).

વેમી, વિ૰ વેમવાળું (માણસ). વેમ-વેમીનું ભાળું કેવાયછે.

વેર, ન૰ [વૈર] ખાર; દ્વેશ; અદાવત. ૨ શત્રુવટ; દુશ્મનાઈ. વેર વસાવવું-રાખવું-લેવું-કાડવું.

વેર, પું૰ વેરવાથી પડેલો જે ભુકો તે. લાકડાં-દાંતનો વેર.

વેરણ, વિ૰ વેરીલું; ખારીલું; શત્રુ; દુશ્મન. 'વાંસલડી વેરણ થઈ લાગી રે વ્રજની નારને.'

વેરભાવ, પું૰ ખાર લેવાની બુદ્ધિ; દ્વેશ.

વેરવું, ક્રિ૰ સ૰ અહીં તહીં પડે-પથરાઈ જાય તેમ કરવું; છૂટું છૂટું પડે તેમ નાખવું. ૨ ઉડાવી દેવું; ખેરવી નાંખવું; વાપરીનાખવું. વેરાનું-અહીં તહીં પડેલું.

વેરવું, ક્રિ૰ સ૰ કરવત-આરીથી કાપવું.

વેરાગ, વિરાગ.

વેરાગી, વિ૰ [વૈરાગી] જેણે સંસારના વેવારને ત્યાગ કરેલો હોય ને જે ઈશ્વર ભજન-ધ્યાનમાં ગુંથાયલો રેતો હોય તે. ૨ સાધુ; સન્ત; ભક્ત. ૩ ભીખ માગવા આવનાર બાવો-જોગી વગેરે તે. વેરાગણ-સ્ત્રી વેરાગી અથવા વેરાગીની સ્ત્રી.

વેરાન, વિ૰ ઉજડ; જંગલ-રાન જેવું.

વેરી, વિ૰ [વૈરી] દુશ્મન; શત્રુ.

વેરો, પું૰ ધન્ધા માલ ઉપર સરકારે મેલેલો જે કર તે.

વેરો, પું૰ અન્તર; ભેદ; ફરક રાખવો તે. વેરો આંતરો, વેરોવચ્ચો.

વેલ, સ્ત્રી૰ વેલી. ૨ ચિત્ર-લુગડાંપર વેલ જેવી જે તરેહ-ભાત તે.

વ્હેલ, સ્ત્રી૦ ગાડી; રથ. ઘોડવેલ-ઘોડાગાડી. ૨ ચાર પૈંડા ને એક અથવા બે છતરીવાળી ગાડી-રથ.
વેલણ, ન૦ રોટલી પાપડ વણવાનું લાકડાં-પિત્તળનું સાધન.
વેલણિયું, વિ૦ વેલણ જેવું તે. ન૦ વેલણ.
વ્હેલા, સ્ત્રી૦ આપદા; વિપત.
વેલિયું, ન૦ અડધો રૂપિયો.
વેલી, સ્ત્રી૦ નાનો વેલો.
વ્હેલું, વિ૦ ઉતાવળું. અ૦ ઝડપથી; જલદીથી.
વેલો, પુ૦ [વલ્લી] વનસ્પતીની એક જાત-એ જમીનપર પથરાય છે અથવા આધારથી ઊંચે ચડે છે.
વ્હેવડાવવું, ભેકાવવું; લડાવેથી છૂટી જાય તેમ કરવું.
વ્હેવણ-વાણ, સ્ત્રી૦ વ્હેવાઈની સ્ત્રી.
વેવલાં, ન૦ ફાંફાં.
વેવલું, વિ૦ પેરવે ઓઢવે બોલવે ચાલવે ઢંગ વગરનું. ૨ વલવલતું; લપુડું.
વ્હેવા, વિવાહ.
વ્હેવાઈ, પુ૦ વર કન્યાના બાપ તે એક બીજાના વ્હેવાઈ કેવાય.
વ્હેવાર, પુ૦ [વ્યવહાર] કોઈ સાથે એકાદે પ્રકારે વર્તવાનો જે એકાદો સમ્બન્ધ તે. (આપ લેનો, જમવા જમાડવાનો, કાગળ પત્રનો, બોલવાનો વગેરે). ૨ નાણાં સમ્બન્ધી ધીરધારનો જે ધન્ધો તે. ૩ સંસાર-દુનિયાદારીમાં સગાં સમ્બન્ધી તથા લોક સાથે અનેક પ્રકારે પરસ્પર જે કામ પડે તે. સંસાર૦વ્હેવાર પણ કેવાય છે.
વ્હેવારિયો, પુ૦ આપ લે-ધીરધારનો ચોખ્ખો વ્હેવાર રાખનારો. ૨ શાહુકાર.
વેવીસાળ, પુ૦ વેસવાળ; વિવાહ. 'પછે વેણાપાણીએ કેમ કીધાં, નળતણો વેવીસાળ રે.'
વેવીસાળીયો, પુ૦ વેસવાળ કરાવનારો.
વ્હેવું, ક્રિ૦ અ૦ પ્રવાહ ચાલવો. નદી વ્હે છે. ૨ તણાઈ-ઘસડાઈ જવું. ૩ હદ બ્હાર જવું; બેફવું; ફાટેલ થવું. હવે તે વધ્યો. વઈ જવું એટલે જતું રેવું; ગુજરવું. વેળા વ્હૈ ગઈ. ૨ વણી જવું; ભેડી જવું.
વ્હેવું, ક્રિ૦ સ૦ બોજો-ભાર ઊચકવો-તાણવો. ૨ માથે પડવું નિભાવવું; વેઠવું; સહન કરવું.
વેશ, વેષ.
વેશ્યા, સ્ત્રી૦ [સં૦] ગુણકા; રામજણી. ૨ પાતર; રાંડ.
વેશ્યાચારજ, પુ૦ [વેશ્યાચાર્ય] વેશ્યાનો ભડવો.
વેષ, પુ૦ [સં૦] લુગડાંલત્તાં પેરવાની, સણગારવાની જે રીત તે. 'જેવો દેશ તેવો વેશ.' ૨ પોશાક-લુગડાંનો દેખાવ. ૩ નાટક ભવાઈમાં જે પુરુષ-સ્ત્રી ખેલ કરવા આવે છે તે; સોંગ-વેષ કાઢવો-મુકવો-લેવો. વેશ ભજવવો એટલે જે વિષયનો વેશ લીધો હોય તેને શોભાવવો-બરોબર કરી દેખાડવો. ૪ સોહાગણનો સણગાર. વેષ ઉતારવો (રાંડનારી સ્ત્રીએ).

વેષધારી, વિ૦ કોઈનો વેષ પોતે ધારણ કરનારો; સોંગ લેનારો. ૨ ઢોંગી; લુચ્ચો; ઠગ.
વેષ્ટન, ન૦ [સં૦] વિંટાળવું-જેલું તે.
વેસણ, ન૦ ચણાનો લોટ-કઢીની છાસમાં ચોળવામાં અથવા અળુના પાતરાં ચોપડવામાં આવે છે તે.
વેસર, સ્ત્રી૦ નાકની વાળી; નથ; વિટલી. ૨ નાકમાં જે ખુલાય-કાણું તે.
વેસરી, સ્ત્રી૦ નાકની વાળી.
વેસવાળ, પુ૦ કન્યા પરણાવવાનું મોડેથી આપેલું જે વચન તે; વાગદાન; સગાઈ; વીવા.
વેહ, [વેધ] વે.
વેહેચવું, વ્હેંચવું.
વેહેણુક, સ્વાર.
વેહેમ, વ્હેમ.
વેહેવાઈ, વ્હેવાઈ.
વેહેવાર, વ્હેવાર.
વેહેવું, વ્હેવું.
વેળ, વેળા.
વેળા, સ્ત્રી૦ [સં૦] અમુક સમય; વખત. ૨ જરૂર સમાલવા જેવું ટાંકણું; સન્ધિ.
વેળાસર, અ૦ વેળા ઉપર; સમય ઉપર; ઘટતે વખતે.
વેળિયું, ન૦ સુનાના પાતળા તારની વાળેલી વિંટી.
વેળુ, સ્ત્રી૦ [વાલુકા] રેતી.
વેં, સ્ત્રી૦ ઉંદર, કોળ વગેરેને પકડવાનો ફાંદો. ઉંદરવે, કોળવે.
વૈ, સ્ત્રી૦ નામનો ચોપડો. વૈવંચા-વંશાવળી વાંચનાર ભાટ-બ્રાહ્મણ. ૨ શરાફીનામાં-ખાતાંનો ચોપડો. વૈપૂજા-દિવાળીને દાડે ચોપડાઓનું જે પૂજન તે.
વૈકલ, વિ૦ [વિકળ] વાચ્ચેલ; ઘેલછાવાળું; સાડીત્રણ પાંસળી.
વૈકુણ્ઠ, ન૦ [સં૦] વિષ્ણુ જ્યાં વાસ કરે છે તે ધામ.
વૈકુણ્ઠવાસી, વિ૦ મરનાર (જેનો વાસ મુઆં પછી વૈકુણ્ઠમાં થયલો એમ માનેલું તે ઉપરથી).
વૈખરી, સ્ત્રી૦ [સં૦] શબ્દોચ્ચાર-વાણીની જે ચોથી સ્થિતિ તે; સ્પષ્ટ ઉચ્ચારણ. પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી.
વૈજયન્તી, સ્ત્રી૦ કાળી તુળસી. વૈજયન્તીમાળ-ળા-કૃષ્ણના કોટની તુળસીની માળા જેમાં પૃથ્વી પાણી તેજ વાયુ આકાશના પ્રતિનીધિ, નીલમ, મોતી, માણેક, પોખરાજ ને હીરો એ પાંચ મણિ હતા.
વૈજવું, ગુજરવું. ૨ ભેડી જવું.
વૈતરણી, સ્ત્રી૦ [સં૦] યમપુરીની વાટમાં આવતી નદી. ૨ એ નદીની સેલથી તરી જનાર જે ગાય (દાનમાં આપેલી) તે-એને પુછડે વળગી જીવ નદી પાર કરી યમરાજાને ત્યાં જાય છે.

વૈતરું, ન૦ બદલો ન મળે તેવી જે ઘણી મહેનત-મજુરી તેનું વેઠ; જુલમ-બળાત્કારનું કામ. ૨ બદલો દેઈને પણ જે ઘણી મજુરી કરવી તે. ૩ વૈતરું કરનાર માણસ, પુરુષ અથવા સ્ત્રી. વૈતરો, વૈતરી.

વૈતાળ, વેતાળ.

વૈદ, પુ૦ [વૈદ્ય] રોગ પારખી ઓસડ આપનારો; વૈદું જાણનારો. ૨ દુઃખ મટાડનારો.

વૈદક, ન૦ [વૈદ્યક] રોગ પારખવા, તેનાં ઓસડ કરવાં વગેરે સમ્બન્ધી જે વિદ્યા તે.

વૈદિક, વિ૦ વેદ સમ્બન્ધી. ૨ વેદ જાણનારા.

વૈદું, ન૦ રોગ પારખી ઓસડ આપવાનો ધન્ધો.

વૈદ્ય, પુ૦ [સં૦] વૈદ.

વૈધરત, ન૦ [વૈધૃત] સત્તાવીસમો યોગ.

વૈધવ્ય, ન૦ [સં૦] વિધવાવસ્થા; રણ્ડાપો.

વૈભવ, પુ૦ [સં૦] સુખસાહિત્યનો મોટો ઠાઠ; સમૃદ્ધિનો ઝળકાટ. ૨ મોટી સમૃદ્ધિનો જે ઉપભોગ તે. ૩ ઐશ્વર્ય; પ્રતાપ; કીર્તિ.

વૈભવી, વિ૦ વૈભવવાળું.

વૈયાકરણ, વિ૦ [સં૦] વ્યાકરણ સમ્બન્ધી. પુ૦ વ્યાકરણશાસ્ત્ર જાણનાર.

વૈર, [સં૦] વેર.

વૈરાગ, [સં૦] વિરાગ.

વૈરાગી, [સં૦] વેરાગી.

વૈરાગ્ય, ન૦ [સં૦] વિરાગ.

વૈરાટ, વિ૦ [સં૦] વિરાટ સમ્બન્ધી. ૨ મોટું (બ્રહ્માંડ).

વૈરી, [સં૦] વેરી.

વૈવટ, પુ૦ ચાલતો આવેલો વેવાર-ભીગવટો-રિરસ્તો. ૨ વેવાર; પ્રસઙ્ગ; સમ્બન્ધ. વૈવટ કરવો-ચલાવવો-રાખવો. વૈવટદાર-વૈવટ ચલાવનારો; ભીગવટો કરનારો.[મે

વૈશાખ, પુ૦ [સં૦] કારતકથી સાતમો મહિનો; અપ્રેલ ને

વૈશ્ય, વિ૦ [સં૦] એવી વેપાર ધન્ધો કરનારી એક જાતિ (બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય ને શૂદ્ર).

વૈશ્વદેવ, પુ૦ [સં૦] નિત્ય જમતાં પહેલાં અગ્નિને બલિદાન આપવાનો એક વિધિ.

વૈશ્વદેવિયું, ન૦ જે કુંડી-સગડીમાં વૈશ્વદેવ કરવામાં આવે તે.

વૈશ્વાનર, પુ૦ [સં૦] અગ્નિ.

વૈષ્ણવ, વિ૦ [સં૦] વિષ્ણુ સમ્બન્ધી-(માર્ગ- ભક્ત). ૨ વૈષ્ણવધર્મને માનનાર તે (પુરુષ-સ્ત્રી).

વૈષ્ણવી, સ્ત્રી૦ લક્ષ્મી.

વો, પુ૦ પાણીનું જોરાબરનું દોડવું તે; ધાર.

વોડકું, ન૦ નાની ઉમ્મરની ગાય ભેંસ.

વોણ, ન૦ સીમમાં ઘણુંકરીને તળાવડી જેવો પાણીથી ભરેલો ખાડો તે.

વોણું, વિ૦ [વિહીન] વિનાનું; વગરનું.

વોરત, સ્ત્રી૦ વોરવું-વોરેલું તે.

વોરતિયો, પુ૦ વોરનારો.

વોરવું, ક્રિ૦ સ૦ ખરીદ કરવું. ૨ સઙ્ઘરવું એકઠું કરવું. ૩ ઘેર ઘેરથી ભિક્ષા માગી લાવવી (શ્રાવકના ગોરજીએ).

વોરો, પુ૦ મતભેદે જૂદા એવા પણ મુસલમાની ધરમ માનનારનું એક ટોળું તેમાંનો કોઈ. કેવાય છે કે જે વાણિયાઓને મુસલમાનોએ વટલાવ્યા તેઓએ પોતાનું એક જૂદું ટોળું બાંધ્યું છે. ૨ કેટલીક બ્રાહ્મણોની અટક

વોહોરવું, વોરવું. [છે.

વ્યક્ત, વિ૦ [સં૦] જેના આકાર, રંગ, ગુણ જાણી શકાય તેવું. (પ્રિય).

વ્યગ્ર, વિ૦ [સં૦] સ્થિર નહિ તેવું; ચલિત; ગભરાયલું

વ્યઙ્ગ્ય, ન૦ [સં૦] વાક્યના અર્થમાં રૂપેલો જે બીજો ભાવ તે; ધ્વનિ. ઉત્તરવયે તે પોતાનો પ્રપઞ્ચ આટોપી કાશીપુરિમાં ગઙ્ગાતટે જઈ રયો. કાશિપુરિ-મુક્તિપુરિ ને ગઙ્ગાતટ એટલે પવિત્ર કરે તેવે પવિત્ર ઠેકાણે.

વ્યઞ્જન, ન૦ [સં૦] સ્વરની સહાયતા વિના સ્પષ્ટ ઉચ્ચાર થતો નથી એવો જે વર્ણ તે-વર્ણનું વ્યઞ્જન રૂપ દેખાડવાવાને તેની નીચે કાપો દોરવામાં આવેછે-ક્ ખ્ ગ્ ઇ૦.

વ્યણ્ઢળ, પુ૦ નપુંસક; ઓજો. ૨ પુરુષાર્થ રહિત.

વ્યતિરેક, વિ૦ [સં૦] જૂદું.

વ્યથા, સ્ત્રી૦ [સં૦] દુઃખ; પીડા. (શરીર-મન સમ્બન્ધી).

વ્યભિચાર, પુ૦ [સં૦] પુરુષે પોતાની સ્ત્રી છતાં પરસ્ત્રી સાથે પ્રેમ-સમ્બન્ધ કરી જનના નિયમથી ઉલટું આચરણ કરવું તે; તેમ સ્ત્રીએ તેવું આચરણ કરવું તે; છિનાળું; જારકર્મ. ૨ આચારમાં ભઙ્ગ કરવો તે.

વ્યભિચારિભાવ, પુ૦ [સં૦] રસને સહાય કરનારા ભાવ. એ જોસ્સા વચમાં વચમાં થઈ આવેછે ને પછી પાછા જતા રહેછે. એ તેંતરીસ કેછે. નિર્વેદ, ગ્લાનિ, શઙ્કા, અસૂયા, શ્રમ, આલસ્ય, ચિન્તા, મોહ, હર્ષ ઇ૦.

વ્યભિચારી, વિ૦ [સં૦] વ્યભિચારકરનાર.

વ્યય, પુ૦ [સં૦] ખરચ.

વ્યર્થ, અ૦ [સં૦] ફોકટ; મિથ્યા; નિષ્ફળ.

વ્યવસાય, પુ૦ [સં૦] કામકાજની ખટપટ; ઘણું કામ- તેને બહુ વ્યવસાય છે એટલે તેને નવરાસ ક્યાંથી મળે.

વ્યવસ્થા, સ્ત્રી૦ [સં૦] ઘટતી ગોઠવણ; યથાસ્થિતપણું; બન્દોબસ્ત.

વ્યવસ્થિત, વિ૦ [સં૦] વ્યવસ્થાવાળું.

વ્યવહાર, [સં૦] વેવાર.

વ્યવહારિક, વિ૦ [વ્યાવહારિક] વેવાર સમ્બન્ધી.

વ્યસન, ન૦ [સં૦] પ્રીતિથી વળગેલું તે; આસક્તિ. ૨ અભ્યાસથી જે વળગણ તે; ટેવ; આદત. ૩ અભ્યાસ; મહાવરો. વિદ્યાનું વ્યસન; જુગાર-રાંડબાજી-કેફનું વ્યસન; જ્ઞાનચર્ચાનું વ્યસન.

વ્યસની, વિ૦ [સં૦] વ્યસનવાળું (ઘણુંખરું દુરાચારનું).

…ત, વિ૦ [સં૦] ઉલટી સ્થિતિમાં હોય તેવું. ૨ ઉલટું …ાડેલું-વ્યસ્ત ત્રિરાશી. ૩ આથમવું-અસ્તપામવું તે.

…કરણ, ન૦ [સં૦] ભાષાના નિયમ બાંધવાનું ને …મજવાનું શાસ્ત્ર ને તે પ્રમાણે બોલવા લખવાની રીત.

…કરણી. પુ૦ [સં૦] વ્યાકરણ જાણનારો.

…કુળ, વિ૦ [સં૦] એક પ્રેમ ઈ૦ થી છેક ગભરાઈ …ગયેલું; મુઝાયેલું.

…ખ્યા, સ્ત્રી૦ [સં૦] અર્થની નિયમિત સમજ તે. ૨ …અર્થનું સવિસ્તર વર્ણન તે; ટીકા.

…ખ્યાન, ન૦ [સં૦] વ્યાખ્યા કરવી તે; વર્ણન. ૨ …એક વિષયને દૃષ્ટાંતોથી સારીપેઠે સમજાવવું તે.

…ઘ્ર, પુ૦ [સં૦] વાઘ.

…જ, ન૦ [સં૦] બાનું; નિમિત્ત; મસ; ખરૂં હોય તે …પડદામાં રાખવું-છુપાવવું તે. વ્યાજસ્તુતિ એટલે …અન્દરથી નિન્દા પણ બહારથી સ્તુતિ હોય એવું જે ભાષણ …ાં. તેમ વ્યાજનિન્દા એટલે બહારથી નિન્દા ને …અન્દરથી વખાણ. એ બે અલઙ્કાર કેવાય છે.

…જ, ન૦ [હિં૦] પારકું નાણું વાપરવાના બદલામાં …અથવા ખરીદેલા માલનું નાણું મુદતથી વધારે વાર- …ખી પાછું ન વાળવાના બદલામાં મૂળના નાણાંની …ઉપરાંત જેટલું વધારે આપવાનું તે. વ્યાજ દર સેંકડે …ર વર્ષે-મહિને આટલું એવી સરતે અપાય છે-લેવાય …છે. મૂળ નાણું તે મુદલ કેવાય છે. વ્યાજ બે પ્રકારનું …છે. સાદું-સાદું અને ચક્રવૃદ્ધિ-દિવાળીબાકીનું.

…જખાઉ-ખોર-ખોરો, પુ૦ ઘણું વ્યાજ લેવાના અ- …થવા વ્યાજથીજ કમાણી કરવાના લોભમાં નાણું વ્યાજે …ફેરવવાનો ધન્ધો કરનારો.

…જવટું, ન૦ વ્યાજે નાણું ધીરવાનો ધન્ધો કરવો તે.

…જવહી, સ્ત્રી૦ સાહુકારની રીતથી વ્યાજ કાડવાની …ચોપડી.

…જુચિઠ્ઠી, સ્ત્રી૦ વ્યાજે લેવાની સરતે ધીરેલી રકમ …સમ્બન્ધી જે લેખ તે.

…ધ, પુ૦ [સં૦] પારધી; શિકારી.

…ધિ, પુ૦ [સં૦] રોગ. (શરીર સમ્બન્ધી).

…પક, વિ૦ [સં૦] વ્યાપી રેનાર.

…પવું, ક્રિ૦ અ૦ અન્દર પેસીને પસરી-ફેલાઈ રેવું; …અન્દર બહાર-ચારેપાસ પસરી-પથરાઈ રેવું.

…પાર, પુ૦ [સં૦] એકાદિ જે ક્રિયા તે. ૨ વેપાર.

…પ્ત, વિ૦ ધા૦ [સં૦] વ્યાપેલું.

…સઙ્ગ, પુ૦ [સં૦] ખન્તનો અભ્યાસ; નિત્યનો લક્ષ.

…ળ, પુ૦ [સં૦] સર્પ.

…ત્પત્તિ, સ્ત્રી૦ [સં૦] જાણપણું; પાકી જાણ. ૨ …ભાષાના શબ્દોનાં વ્યાકરણદ્વારે અર્થ કરી જાણવાની …શક્તિ; જ્ઞાપન.

વ્યુત્પન્ન, વિ૦ [સં૦] જાણીતું; સમજેલું; માહેર. ૨ ગ્રન્થલાપન કરીશકે તે.

વ્યૂહ, સ્ત્રી૦ [સં૦] લશ્કરની ગોઠવણ; એકાદા આકારમાં સેન રચવું તે.

વ્યોમ, ન૦ [સં૦] આકાશ.

[વૃન્દાવન.

વ્રજ, ન૦ ફક્ત ગોવાળિયાઓનીજ વસ્તીવાળું ગામ. ૨

વ્રજવું, ક્રિ૦ અ૦ જવું.

વ્રત, ન૦ [સં૦] પાપ જાય ને મનનો હેતુ પારપડે તેને અર્થે કરેલા નિયમ સાથે કરવાનું જે કર્મ તે. ૨ કોઈપણ કર્મ કરવા વિશે જે તેનો નિયમ તે.

વ્રતાળ, વિ૦ વ્રતવાળું (મુખ, કાન્તિ).

શ.

શ, પુ૦ [સં૦] તિસમો વ્યઞ્જન વર્ણ-એ તાલુસ્થાની છે.

શક, પુ૦ [ફા૦] ફલાણી વાત ખરી છે કે ખોટી છે એવો જે ધચુપચુ વિચાર તે; સંશય; સન્દેહ. ૨ ભ્રાન્તિ; વેમ.

શક, પુ૦ [સં૦] એકાદા વિજયનું સ્મરણ રેવા માટે વિજયી પુરૂષના જન્મ-વિજયકાળથી માંડીને તે ઉત્તરોત્તર વર્ષકાળની જે ગણતરી લોકમાં ચાલે છે તે. યુધિષ્ઠિર-વિક્રમ-શાલિવાહનનો શક. વિક્રમનો શક તે સંવત ને શાલિવાહનનો તે શકે-શાકે લખાય છે. શક ચલાવવો એટલે રાજાએ કાળની ગણતરી ચાલુ કરાવવી. ૨ જયની છાપ-નિશાની. તેણે પોતાનો શક બજાવ્યો એટલે તેણે પોતાની વાત ઘણાજણ પાસે મનાવી. ૩ એ નામના જઙ્ગલી પણ લડવૈયા લોક જેને આપણે સ્કૂથી ને અઙ્ગરેજ સિથિયન કેછે ને જેમાનાં કેટલાકે આપણાં દેશમાં થોડોક કાળ રાજ્ય કરેલાં હતાં તે. એ શક રાજાઓનો વિક્રમે પરાભવ કર્યો તે ઉપરથી તે શકારિ (શક લોકનો શત્રુ) પણ કેવાય છે.

શકટ, ન૦ [સં૦] ગાડું.

શકઞ્ચો-ઞ્જો, પુ૦ [ફા૦] ડાબવાનો યન્ત્ર.

શકન, શકુન.

[ચઞ્ચળ બુદ્ધિનો પુરૂષ.

શકરો, પુ૦ [ફા૦] એક જાતનો પક્ષી; બાજ. ૨ ચકોર—

શકવું, ક્રિ૦ અ૦ શક્તિમાન થવું. એ સહાયકારી રૂપે મુખ્ય ક્રિયાપદ સાથે જોડાય છે-તે, તે કામ કરી શકશે.

શકુન, પુ૦ [સં૦] કોઈ પણ કાર્ય આરમ્ભે દેખાતાં જે ચિન્હ ઉપરથી રૂડું અથવા ભુંડું પરિણામ માનીલેવું તે; શુભાશુભ સૂચક ચિન્હ.

શકે, શાકે.

[કસી."

શકે, અ૦ [શઙ્કને] જાણે; આમ હોયની શું; શઙ્કા કરું છું કે. "રસાળ વાણી વેણુની, શકે કામબાણ મુકયાં

શકોરું, શિકોરું.

શક્ત, વિ૦ [સં૦] જે એકાદ કામ કરીશકે તે; જેનામાં શક્તિ હોય તે.

શક્તિ, સ્ત્રી૦ [સં૦] ઇચ્છા પારપડવાનું અથવા યત્ન-કાર્ય બની શકવાનું, નિકટ સમ્બન્ધી મૂળ કારણ તે. ઈશ્વરની ઇચ્છાથી વિશ્વ રચાયું એમાં ઇચ્છા એ કારણ કેહેવાય પણ રચાયું એના પાસેના સમ્બન્ધમાં મૂળ કારણ ઇચ્છા નથી પણ ઇચ્છામાં રેહલું કંઇ બીજું છે ને એ કંઇ બીજું તે શક્તિ છે. તે ડાબેહાથે લખી શકેછે એમાં લખીશકવું એ ક્રિયા ને હાથ એ સાધન છે પણ હાથમાં કંઇક કારણરૂપ છે જેથી લખીશકાય છે. આંખે જોવાય છે એમાં આંખના ધર્મરૂપ કંઇક છે જે વડે જોવાય છે. કર્તૃત્વશક્તિ ને સહનશક્તિ અથવા ગ્રહણ-શક્તિ એવી બે છે. આપણામાં બોલવાની શક્તિ છતાં પણ ન બોલીયે એટલે યત્ન ન હોય ને શક્તિ હોય ખરી. ૨ શરીરમાંના હાડમાંસ રુધિર વગેરેથી ઉત્પન્ન થયલું બળ; કૌવત; જોર. ૩ મનનું બળ; વિચાર-તર્કનું બળ; પોંચ; તાકાત. ૪ જેથી મનનો એકેકો વ્યાપાર ચાલે છે તે કારણરૂપ તેનો ધર્મ; વિચારશક્તિ, તર્કશક્તિ, સ્મરણશક્તિ ઇ૦. ૫ સાધનરૂપ માનેલી જે શક્તિ તે; સામર્થ્ય; સત્તા. જે કોમ સંપીલી છે તેની મોટી શક્તિથી શું ન બનીશકે? ૬ યાન્ત્રિકશક્તિ. ૭ રસાયનશક્તિ. ૮ વનસ્પતિ-ઓસડનો ગુણ; અસર. ૯ વેગશક્તિ (પવન પાણી વગેરેની). ૧૦ દૈવત; કસ; સત્વ; સાર; જીવ; દમ. ૧૧ આદિશક્તિ; માયા; પ્રકૃતિ. ૧૨ દેવી; માતા; જોગણી.

શક્તિમાન્, વિ૦ [સં૦] શક્તિવાળું; સમર્થ; કરીશકે તે. બહુવચનમાં શક્તિમન્ત કેહેવાય.

શક્ય, વિ૦ [સં૦] બનીશકે તેવું; કરાય તેવું. ૨ બને તેવું; સમ્ભવ હોય તેવું.

શક્યરૂપ-ક્યાર્થ, વિ૦ [સં૦] (વ્યાકરણમાં) ક્રિયાપદનો એક રૂપભેદ જેમાં શકવાનો અર્થ રેહેલો હોય તે. તેનાથી ખવાતું નથી, મારાથી લવાય તેમ નથી, તેનાથી ત્યાં જવાશે વગેરે.

શક્ર, પુ૦ [સં૦] ઇન્દ્ર.

શખસ, પુ૦ [અ૦] એક જણ; અમુક-ફલાણું માણસ.

શઙ્કર, પુ૦ [સં૦] કલ્યાણ કરનારો દેવ; શિવ. 'નર્મદાના કઙ્કર તેટલા શઙ્કર.'

શઙ્કરો, પુ૦ એ નામનો રાગ (શઙ્કરાભરણ).

શઙ્કા, સ્ત્રી૦ [સં૦] શક; સન્દેહ; વેહેમ. ૨ કલ્પિત ભય. 'મંછા ડાકણ ને શંકા ભૂત.'

શઙ્કુ, પુ૦ [સં૦] પડા જેવા આકારનો જે ઘન-નક્કર પદાર્થ તે. ૨ દશ મહાપદ્મ અથવા ૧૦ હજાર અબજ એટલી જે સઙ્ખ્યા તે. ૩ છાયા ઉપરથી વખત જાણવાને બાર આંગળનો હાથીદાંતનો અથવા ધાતુનો ગોળ લાકડો જે કકડો તે.

શઙ્ખ, પુ૦ [સં૦] કેટલાંક દરીઆઈ જાનવરનું પથ્થર જેવું જે ઢાંકણ-ઘર તે. એ ચૌદ રત્નમાંનું એક ગણાયછે. એ વિષ્ણુના ચાર આયુધમાંનું એક છે. એમાં રેડેલાં પાણી વડે વિષ્ણુને નવાડવામાં આવેછે ને પૂર્વે જુદ્ધમાં શઙ્ખનાદ થાતો ને હજી મન્દિરોમાં થાયછે. ૨ શઙ્ખના આકારનું આંગળી ઉપર જે રેખાચિન્હ તે. ૩ મૂર્ખ; ઠ. ૪ પાસે કંઇ ન હોવું તે. શંખોવાય એટલે કંઇજ નહિ. શઙ્ખ ફુંકવો એટલે દેવાળું કાડવું; બોપાળું બતાવી દેવું; પાસે કંઇ નથી એમ જણાવવું.

શઙ્ખજીરું, ન૦ ખડી જેવો એક પદાર્થ જે ઓસડમાં કામ આવેછે.

શઙ્ખણી, સ્ત્રી૦ [શઙ્ખિની] કામ શાસ્ત્રમાં સ્ત્રીની મુખ્ય ચાર જાતિ વર્ણી છે તેમાંની એક-ઊંચી, લાંબા કેસવાળી, ઇશકના જોસ્સા વાળી અને ચિડિયા સ્વભાવની. ૨ કર્કાસિયેણ-લાજ શરમ વગરની નઠોર બૈરી.

શઙ્ખલો, શઙ્ખ.

શઙ્ખિની. [સં૦] શઙ્ખણી.

શઠ, વિ૦ [સં૦] જેને હાથેથી પૈસો છુટે નહિ તે; બખીલ. ૨ જેને શૃંગારાદિ રસની ઝાઝી અસર થતી નથી તે; કોમળ નહિ પણ કઠણ છાતીનું. ૩ નાયિકાને ન માલમ પડે તેવી રીતે છુપો ભેદ પ્રપઞ્ચ કરનારો (નાયક). ૪ દુષ્ટ; નિર્દય (પુરુષ). [જે વૃત્તિ તે.

શઠતા-ઈ-ઠાઈ, સ્ત્રી૦ શઠ માણસનું કર્મ અથવા તેની

શણ, ન૦ [સં૦] એક જાતનો છોડ જેની છાલના દોરડાં ને કપડાં બનેછે. શણના છોડમાં નો સોટિયો જ હોયછે.

શણભિંડી, સ્ત્રી૦ એક જાતનો છોડ જેનાં ડાળાંની છાલનાં દોરડાં ને કપડાં બનેછે-એનાં તાંતરા સુંવાળા ને તેજ દાર હોયછે-શણના કરતાં હોયછે.

શણિયું, ન૦ શણનું વસ્ત્ર.

શણ્ડલી, સ્ત્રી૦ સાડી.

શત, વિ૦ [સં૦] સોની સંખ્યા બતાવેછે; ૧૦૦.

શતક, ન૦ [સં૦] સોના સઙ્ગ્રહવાળું જે કંઇ તે; નીતિ શતક એટલે નીતિના સો શ્લોકનો સઙ્ગ્રહ.

શતપદી, વિ૦ [સં૦] સો પગ વાળું (પ્રાણી).

શતઞ્જીવ-વી, વિ૦ [સં૦] સો વરસ જીવે તેવું; સો વરસ જીવનાર. એવો આશીર્વાદ દેવામાં આવે છે.

શત્રુ, પુ૦ [સં૦] વેરી; સામાં પક્ષનું તે; દુશ્મન; હરીફ.

શત્રુવટ, સ્ત્રી૦ દુશ્મનાઇ. ૨ વેર; ખાર.

શનિ, પુ૦ [સં૦] નવગ્રહમાંનો એક. ૨ સાત વારમાંનો એક; શનિવાર. ૩ એક રત્ન; નીલમ.

શનિ, વિ૦ ધીમું; ધીરું (ગતિમાં). શનૈઃ અ૦ ધીમે ધીમે.

શનિશ્ચર, પુ૦ [શનૈશ્ચર] શનિ. વિ૦ ધીમું.

શપથ, પુ० [શપથ] (ખોટું બોલીશતો) ઈશ્વર શિક્ષા કરશે-હાનિ થશે એવી સમજથી તેનું નામ દઈ અથવા વાલાંમાં વિશેષ થશે-વાલાંનું મરણ થશે એમ ભયની સમજથી એનું નામ દઈ જે સાથે સાચું બોલવું-કઈ દેવું તે; સોગન; સમ; પ્રતિજ્ઞા.

શબ, ન० [શાવ] મુડદું; જીવ ગયા પછી પડેલી દેહ.

શબ્દ, પુ० [સં०] કોઈ પણ અવાજ. ૨ મોઢાંમાંથી નિકળેલો બોલ; વચન; વાણી; સખુન. ૩ (વ્યાકરણમાં) અર્થ સમજાય તેવો અક્ષર અથવા અક્ષર સમૂહ. ૪ ઠપકો; મેણું.

શબ્દકોશ, પુ० [સં०] જેમાં અર્થ સહિત શબ્દોનો સંગ્રહ હોય તે કોશ-ભણ્ડાર તે.

શબ્દયોગી અવ્યય, પુ० [સં०] (વ્યાકરણમાં) જે શબ્દ અવ્યય રૂપે છતો બીજા શબ્દના સમ્બન્ધમાં આવી અમુક અર્થ નક્કી કરેછે તે. ઉપર, હેઠળ, આગળ, પાછળ, તરફ, સામે, પાસે, વગેરે.

શબ્દાલઙ્કાર, પુ० [સં०] શબ્દ રચનાની ચમત્કૃતિ (અર્થની નહિ). પ્રાસ-ઝડ, જમક વગેરે.

શમ, પુ० [સં०] ઇચ્છાઓને સમાવી રાખવાની વૃત્તિ; અન્તર ઈન્દ્રિયોને શાન્ત પાડી દેવી તે.

શમન, ન० સમાવવું-ટાઢું પાડવું તે. [એક રકમ.

શમશેર, સ્ત્રી० [ફા०] તરવાર. ૨ ગંજીફાના પાનામાંનો

શમી, સ્ત્રી० [સં०] એક જાતનું ઝાડ-એનાં પાંનડાં દેવને ચડે છે. પાંડવોએ એમાં પોતાનાં શસ્ત્ર સન્તાડ્યાં હતાં ને દસેરાયે પાછાં લીધાં હતાં માટે તે ઝાડની દસેરાએ સહુ પુજા કરે છે.

શમ્ભુ, પુ० [સં०] શિવ; મહાદેવ.

શયન, ન० [સં०] સુવું તે. ૨ સુવાનું ઠેકાણું.

શય્યા, સ્ત્રી० [સં०] સુવાનું બીછાનું; સેજ; તળાઈ; [પથારી.

શર, પુ० [સં०] બાણ; તીર.

શરણ, ન० [સં०] સંકટમાંથી બચવાને કોઈ સમર્થની સહાય-ઓથમાં જઈ રેવું તે; કોઈનો આશ્રય ધરવો તે.

શરણાગત, વિ० શરણે આવનાર-જનાર; આસરો માંગનાર-લેનાર.

શરત, સ્ત્રી० [આ०] કોઈ સાથે એકાદિ વાત-તકરારમાં હારવા જીતવા બાબત આપવા લેવાની જે કબુલાત કરેલી તે; હોડ. ૨ કબુલાત; બોલી; નક્કી કરેલી બોલવણ. [એ બે મહિના.

શરદ, પુ० [સં०] છ ઋતુમાંની એક; આસો ને કારતક

શરદપુનેમ, સ્ત્રી० આસો સુદ પુનેમ; માણેકઠારી.

શરદી, સ્ત્રી० વરડી; ટાઢી હવા. ૨ શરીર ટાઢું થઈ જાય

શરદેન્દુ, પુ० [સં०] શરદઋતુનો ચન્દ્ર. [તે રોગ.

શરબત, ન० [ફા०] લીંબુ-નારંગી વગેરેના રસને પાણી તથા સાકર સાથે મેળવેલો તે.

શરમ, સ્ત્રી० [ફા०] સ્વભાવથી અથવા વિવેકથી જે સંકોચ તે; લાજ. પુરુષની મંડળીમાં સ્ત્રીને જતાં શરમ લાગેછે; તેણે તે ઘરડાની શરમ રાખી. ૨ ટેક; આબરૂ. પેલાએ તેનું ઉપરાણું લીધું તેમાં તેની શરમ રેઈ. ૩ અપરાધનું લાંછન; લાજ જવી તે; લયાનત. શરમ છે તને કે ના કયા ઉપરાંત તું ત્યાં ગયો. [અદબ રાખનાર.

શરમાળ, વિ० (૧ લા અર્થમાં) શરમવાળું; લાજાળ; નમ્ર;

શરમાવવું, ક્રિ० સ० કોઈ કામ કરાવવા સારૂ કોઈને શરમ-સંકોચમાં નાખવું. ૨ ઝાંખું પાડવું (હરાવી-ઠપકો દેઈ).

શરમાવું, ક્રિ० અ० (૧ લા અર્થમાં) શરમથી સંકોચાવું; નીચું જોવું; શરમ રાખવી. ૨ ઝાંખું-ફીકું પડવું (ઠપકાથી અથવા આબરૂ ગયેથી).

શરમિન્દગી, સ્ત્રી० શરમ; હિણપતી; ગેરિયત.

શરમિન્દું, વિ० [ફા०] શરમાળ. ૨ ઠપકો મળેથી અથવા આબરૂ ગયેથી શરમાઈ ગયલું; ફીકું.

શરાધ, શ્રાદ્ધ. [વદ અમાસલગીના).

શરાધિયાં, ન० શ્રાદ્ધના દિવસ (ભાદરવા વદ પડવાથી તે

શરાપ, પુ० [શાપ] જેને જેનાથી દુઃખ થયું હોય તેણે તેનું જે ભૂંડું ઈચ્છવું તે; બદ દુવા. તારું નસન્તાન જજો, તારાં માણસ મરજો, તારું ખાવું ખરાબ થજો વગેરે વગેરે જે પ્રયોગ તે.

શરાબ, પુ० [આ०] દારૂ; મદ્ય.

શરાસન, ન० [સં०] કામઠું; ધનુષ.

શરીક, વિ० [આ०] ભાગિયો-ભાગિયેણ હોય તે; સાથી.

શરીગત, વિ० ભાગ લેનારો; સાથી.

શરીર, ન० [સં०] દેહ; તન; બદન. શરીરસમ્પત્તિ-આરોગ્યતા; તનદુરસ્તી.

શરૂ, વિ० [આ०] આરમ્ભેલું; મણ્ડાણ માંડેલું; જારી.

શરૂઆત, સ્ત્રી० [આ०] આરમ્ભ; મૂળમણ્ડાણ.

શરૂઓ, પુ० તીક્ષ્ણ કાનનો; તરત સાંભળનારો.

શરે, પુ० [આ०] મુસલમાની કાયદો (કોરટમાં કાજીને પુછવામાં આવે છે તે).

શર્કરા, સ્ત્રી० [સં०] ખાંડ; સાકર.

શર્વરી, સ્ત્રી० [સં०] રાત; રાત્રી.

શવ, ન० [સં०] મુડદું.

શશિ, પું० [સં०] ચન્દ્ર; ચાંદો.

શસ્ત્ર, ન० [સં०] હથિયાર; આયુધ.

શહ, શેહ.

શહા, શાહ.

શળ, સ્ત્રી० સેલ; શિલ્લા; પથ્થરની ભાટ, જેપર લુગડાં ધોવાઝાં આવે છે તે. ૨ કાગળ કપડાં વગેરેની ઘડી વાળેથી જે કાપો પડી રેછે તે. ૩ સોળ; મારેલી સોટી વગેરેનો કાપો. [ભાગ; સળાકા.

શળી, સ્ત્રી० વાંસ લાકડાં સરોડાં આસનો પાતળો લાંબો

શાંઢવું, ક્રિ૦ અ૦ જવું.

શા, સા૦.

શાઉ, સાઉ.

શાઉકાર, સાઉકાર- શાઉકારી, સાઉકારી.

શાઈ, વિ૦ [ફા૦ શાહી] બાદશાહનું.—સિક્કા, કારકીર્દિના વખત વગેરે.

શાક, ન૦ [સં૦] જમવાના મુખ્ય પદાર્થ સાથે વચમાં વચમાં વધારે રુચિ ઉપજાવતાં જે ફળ મૂળ પાંતરાં વગેરેને મસાલા સાથે રાંધ્યાં-તળ્યાં હોય તે એકેઠો પદાર્થ;- રાંધ્યા તળ્યા વનાનાં તે પણ શાક કેવાય છે—ચોળી, ગોવારસીંગ, દૂધી, તુરિયાં, કોળું, ભીંડાં, કારેલાં, ભાત-ભાતની ભાજી વગેરે. ભાજી તે શાક પણ શાક તે ભાજી નહિ.—શાક ભાજી કેવાય છે.

શાકણ-ણી-કેણ, સ્ત્રી૦ [સં૦ શાકિની] ઊતરતી પંક્તિની દેવીની એક જાત અથવા તેમાંની એક; પિશાચણીમાંની એક—એ દુર્ગાની દાસીયો છે.

શાકે, શાલિવાહન શાકનું વર્ષ બતાવે છે.

શાકેર, સ્ત્રી૦ [શર્કરા] ખાંડની ચાસણીના ગાંગડા. શાકેરિયા—શાકેર જેવા; શાકેરવાળા.

શાક્ત, વિ૦ [સં૦] શક્તિની ઉપાસના કરનાર.

શાખ, ન૦ શાક.

શાખ, સ્ત્રી૦ ઓડક; અવટંક; અટક. ૨ શાખિયું. ૩ સાખ—ધણી બેરૂજુર; સાક્ષી. ૪ સાખ; વટ; ચોખો વેવાર.

શાખા, સ્ત્રી૦ [સં૦] ઝાડની ડાળી. ૨ એકાદા મોટા વિષયનું પ્રકરણ. ૩ વેદના મન્ત્ર ભણવા ભણાવવા સમ્બન્ધી જે પદ્ધતિ તે. (ઋગ્વેદની આઠ શાખા છે).

શાખિયું, ન૦ આંબાના ઝાડ ઉપરજ પાકવા આવેલી એવી જે કેરી તે—જેને તોડી ઘેર પાકમાં નાખવામાં આવેછે તે. [ગર.

શાગરિત, પુ૦ [શાગીર્દ] શિખનારો; શિષ્ય; ચેલો; કારિ-

શાજન, સાજન.

શાજેગ, સાજેગ.

શાણું, સાણું. શાણપણ—માણપણ.

શાદી, સ્ત્રી૦ [ફા૦] લગન; વિવાહ; પરણવું તે.

શાન, સ્ત્રી૦ [અા૦] શિકલ—દેખાવની તરેહ. ૨ પેરવા ઓડવાની—ધરેણા ઘાલવાની છટા.

શાનદાર, વિ૦ શાનવાળું; શોભિતું; ઘાટઘૂટવાળું; છટાદાર.

શાનશોગત, સ્ત્રી૦ [ફા૦ શાનશુક-શોક] છેલાઈ; છેલપણું; ફાંકડાઈ (પેરવા ઓડવા સમ્બન્ધી).

શાને, અ૦ શાસારુ; કેમ; શું કરવા; નીંદને.

શાન્ત, વિ૦ [સં૦] જોસ્સો નરમ પડેલો—ઉભરો સમેલો હોય તેવું; સ્થિર; થંડું પડેલું. ૨ ધીરું; નરમ પ્રકૃતિનું. ૩ અગાટ વિનાનું; ચૂપ; સ્વસ્થ.

શાન્તિ, સ્ત્રી૦ [સં૦] શાન્ત એવી જે સ્થિતિ તે. શાન્તિજળ—ગુગો—ધૂપ બેસી રૂ તે—તેવા જે ક્રમ તે.

શાપ, પુ૦ [સં૦] શરાપ.

શાબર, [શામ્બર] સાબર.

શાબાશ, અ૦ [ફા૦] ભલા ઠીક ઓહો વાહ વાહ ધન્ય!

શાબાશી, સ્ત્રી૦ સાબાશ એમ કહેવું તે. ૨ તારીફ; વખાણ; પ્રશંસા.

શાબિત-બૂત-બેત, વિ૦ [અા૦] મજબૂત; મક્કમ; પાકું; ડગે નહિ તેવું. ૨ જેવું હોં તેવું; અસલ હાલત પ્રમાણે રેવલું (ખરાબ ન થયલું). ૩ પ્રમાણથી સિદ્ધ કરેલું; સ્થાપિત. ૪ નક્કી; ખરું; ખાતરીનું.

શાબિતી-બેતી, સ્ત્રી૦ દાખલો; પ્રમાણ; પુરવારી.

શામ, શ્યામ.

શામળબાન, વિ૦ શ્યામ છે વર્ણ—રંગ—દેહ જેનો તે.

શામળું, વિ૦ શ્યામ; ઘેરા આસમાની રંગનું; ઘનનીલ. શામળો—કૃષ્ણ; કાનુડો.

શામિલ-મેલ, વિ૦ [અા૦] મળેલું; સાથી; જોડે હોય તે (માણસ). ૨ જોડી નાખેલું; વળગાડેલું હોય તેવું (કંઈ).

શાયી, વિ૦ [સં૦] શયન કરનાર; સૂનાર. જળશાયી; શેષશાયી ઈત્યાદિ.

શારંગ, ન૦ [શાર્ઙ્ગ] ધનુષ. ૨ વિષ્ણુનું ધનુષ.

શારદ, શારદા.

શારદા, સ્ત્રી૦ [સં૦] સરસ્વતી; વિદ્યાની અધિષ્ઠાતા—દેવી.

શારીર, ન૦ [સં૦] શરીર તથા તેના રોગ સમ્બન્ધી જે [વૈદકશાસ્ત્ર તે.

શાર્દૂલ, પુ૦ [સં૦] વાઘ.

શાલ, સ્ત્રી૦ [ફા૦] ઓડવાનું ઉનનું ઊંચું વસ્ત્ર.

શાલા, સ્ત્રી૦ [સં૦] ઘર; ઠેકાણું—વિદ્યા—પાઠ—નાટ્ય—ઓષધશાલા ઈત્યાદિ.

શાલિગ્રામ, પુ૦ [સં૦] ગોળ કાળો ને એક છિદ્રવાળો, જે પથ્થર વિષ્ણુને નામે પૂજાય છે તે.

શાવક, શ્રાવક.

શાવડી, સ્ત્રી૦ શાહુડી.

શાશ્વત, વિ૦ [સં૦] નિત્ય; હમેશ. દેહ કાં શાશ્વત છે? ૨ નક્કીપણું; ખાતરી; પ્રમાણ. તેનાં આવવાનું શાશ્વત નહિ. [શિક્ષા; બોધ; શાસ્ત્ર.

શાસન, ન૦ [સં૦] શિક્ષા; સજા. ૨ આજ્ઞા; હુકમ. ૩

શાસ્ત્ર, ન૦ [સં૦] કોઈ પણ વિષય સમ્બન્ધી જે સાધારણ નિયમ તેને નિયમપૂર્વક રચી કરી રાખેલા જે સંગ્રહ તે; વિદ્યા. વેદાન્તશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, સિદ્ધપદાર્થવિજ્ઞાનશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર ઈત્યાદિ. ૨ ધર્મશાસ્ત્ર; ધર્મપુસ્તક; સ્મૃતિયોમાં લખેલા શિક્ષારૂપ વિષય.

શાસ્ત્રાર્થ, પુ૦ [સં૦] શાસ્ત્રમાંથી કાઢેલું પ્રમાણ; ધર્મશાસ્ત્રના વચનનો અર્થ.

શાસ્ત્રી, પુ૰ [સં૰] એકાદું શાસ્ત્ર ભણેલો એવો જે પુરુષ તે; શાસ્ત્રજ્ઞ.

શાસ્ત્રીય, વિ૰ [સં૰] શાસ્ત્ર સમ્બન્ધી. ૨ શાસ્ત્રની રીતનું.

શાહ, પુ૰ [ફા૰] મુસલમાન રાજા. અકબરશાહ, જાહાંગીરશાહ વગેરે.

શાહજાદો, પુ૰ રાજકુંવર શાહજાદી-રાજપુત્રી.

શાહજીરું, ન૰ [ફા૰] એક જાતની ઔષધિ-ખડી જેવી [થાયછે.

શાહી, શાઈ.

શાહેદ, પુ૰ [ફા૰] સાક્ષી આપનાર; સાખ પુરનાર.

શાહેદી, સ્ત્રી૰ શાહેદનું જે બોલવું તે; સાખ; પુરાવો.

શાહેર, પુ૰ [આ૰] કવિ.

શાહેરી, સ્ત્રી૰ કવિતા.

શાળ, ન૰ [શાલિ] ડાંગેર; ભાત.

શાળા, સ્ત્રી૰ [શાલા] ઠેકાણું; ઘર-પાઠ-નાટક-ધર્મશાળા ઇ૰. ૨ નિશાળ.

શાળિયું, ન૰ [શાલિ] એક જાતનું ભાત.

શાળોપયોગી, વિ૰ નિશાળનાં કામને ઉપયોગી.

શિંગ, ન૰ શિંગડું.

શિંગ, સ્ત્રી૰ દ્વિદળ અનાજના જેવાં બી નિકળતાં એવાં ઝાડ-છોડ-વેલાને આવતાં જે લામ્બા ચપટાં ફળરૂપે હોય છે તે.

શિંગડી, સ્ત્રી૰ ફુટતું-નિકળતું શિંગડું. ૨ સિપાઈયો બંદુકનો દારૂ ભરી રાખવાને જે શિંગડું અથવા શિંગડાં ઘાટી જે નળી રાખે છે તે-જેના ઉપર ચામડું અથવા બનાત મઢાવે છે.

શિંગડું, ન૰ [શૃંગ] કેટલાંક પશુનાં માથાપર જે કુણા, લામ્બા, વાંકા ને છેવટે અણી એવો જે અવયવ ફુટી-નિકળેલો હોય છે તે. ૨ એ આકારનું ધાતુનું મોઢે ફુંકી વગાડવાનું જે વાદ્ય તે. ૩ બેરામ્બા સામાની વાત સાંભળવાને શિંગડાં આકારની જે નળી રાખેછે તે.

શિંગી, સ્ત્રી૰ શિંગડી.

શિંગોટી, સ્ત્રી૰ શિંગડાંનું વળણ; એક શિંગોઠીનો બળદ. ૨ શિંગડાનું જે થડ તે; જ્યાંથી શિંગડું ફુટે છે તે ભાગ.

શિંગોડું-ઘોડું, ન૰ તળાવ ખાબોચિયાંમાં થતા એક જાતના વેલાનું ફળ. એ વ્રતને દાડે ખાવામાં આવે છે. ૨ સ્ત્રી અથવા પુરુષને કપાળે હિંગળોક અથવા કંકુનો શિંગોડાંના જેવો જે સુન્દર આકાર પાડે છે તે. °શિંગોડું સણગારવું.

શિંડું, ઝાંડું.

શિઆળવું, શિયાળવું.

શિઆળો, શિયાળો.

શિકસ્ત, વિ૰ [ફા૰] હારખાધેલું. ૨ ભાંગી-તુટીપડેલું.

શિકંજો, ન૰ સુવર્ણના, ચાંદીની સેરબાંમાં જે કપાળ ઉપર બાંધવામાં આવે છે તે.

શિકાકઈ, સ્ત્રી૰ [અ૰] વાળું ચોળવાના કામમાં આવતું એક વસાણું. (એક વેલની શિંગ થાય છે).

શિકાર, પું૰ [ફા૰] ખોરાક અથવા કસરત-ગમતને માટે પશુ પક્ષી માછલાં વગેરેને મારવાં તે; પારધ. ૨ મારવાને માટે જાનવરની પછવાડે જે દોડવું તે; જાનવરને મારવું તે. ૩ જે જાનવરને જે જાનવરનો ખોરાક હોય તે જાનવરનો તે. ઉંદર એ બિલાડીનો, બકરું, હરણ વગેરે એ વાઘનો શિકાર. ૪ હરામીથી-દગાથી જે વસ્તુને હરણ કરવી તે. [વી.

શિકારવું, ક્રિ૰ સ૰ ભરવું; આપવું (નાણું). હુંડી શિકાર-

શિકારી, વિ૰ શિકાર કરનાર. -૧ (મનુષ્ય); પારધી. ૨ જાનવર. ૩ શિકાર સમ્બન્ધી. શિકારુ પણ કેવાયછે.

શિકે, અ૰ સુદ્ધાં; સાથે; પણ.-તે બાયડી છોકરાં શિકે આવ્યો હતો.

શિકોરું, ન૰ ઘણું મોટું ઠિકરાંનું કોડિયું; શરાપાતર. ૨ વાડકા જેવું માટીનું ઠામ-વાસણ. ૩ માથું.

શિક્ષક, પુ૰ [સં૰] શિક્ષા આપનાર; શિખવનાર. ૨ [સજા-દંડ કરનાર.

શિક્ષણ, ન૰ [સં૰] શિખવવું તે.

શિક્ષા, સ્ત્રી૰ [સં૰] જ્ઞાન આપવું તે; શિખવવું તે; બોધ. ૨ મેળવેલું જ્ઞાન; વિદ્યા. ૩ ચાલચલગત સુધારવાને-ગુનાહના બદલામાં જે સજા તે.

શિક્ષિત, ત્રિ૰ ધા૰ [સં૰] શિક્ષા લીધેલું હોય તેવું.

શિખણ્ડ, શ્રીખણ્ડ.

શિખણ્ડી, પુ૰ [સં૰] મોર.

શિખર, ન૰ [સં૰] મથાળું; ટોચ; છેક ઉપલો ભાગ. (પર્વત દેરાં વગેરેનો).

શિખરિણી, ન૰ [સં૰] કવિતારચનાનો એક પ્રકાર.

શિખવાણી, સ્ત્રી૰ ઉસકેરણી; ચેતવણી; સલાહ.

શિખવવું, ક્રિ૰ સ૰ ભણાવવું; જ્ઞાન આપવું; બોધ-પાઠ આપવો. ૨ સલાહ આપવી; ઉસકેરવું.

શિખવું, ક્રિ૰ અ૰ ભણવું; જ્ઞાન લેવું; સમજવું. ૨ ઠોકર-ખતા ખાઈને અનુભવ મેળવવો.

શિખા, સ્ત્રી૰ [સં૰] માથાના કેશ બોડાવી વચમાં ધારી રખાવીનાં જે કેશ વધારેલા તે; ચોટલી. ૨ એ ચોટલીમાનાં થોડાએક કેશનું જે સટકિયું વાળેલું તે. ૩ કુકડો, મોર, ઘોડા વગેરે એને માથે જે કલગી હોય છે તે. ૪ અગ્નિ-દિવાની જે જ્યોત તે.

શિખાઉ, વિ૰ શિખવામાંડ્યાને જેને થોડા દાડા થયા હોય તે (જણ); નવો શિખનાર-નિશાળિયો. ૨ અણવાકેફ. [અજાણ્યું; અજ્ઞાન.

શિખાડવું, શિખવવું.

શિખામણ, સ્ત્રી૰ સમજાવીને અથવા ઠપકો આપીને કોઈ કામમાં કોઈને જે સારી સમજ-સલાહ આપવી તે.

શિખી, પુ૰ [સં૰] મોર.

શિંફગ, શિંગડું.

શિંજડો, પુ૰ સમડો; ખીજડો (ઝાડ).
શિથિળ, વિ૰ [શિથિલ] ઢીલું-છુટું-નરમ પડી ગયલું—(બેસતું-સખત-તસતસતું નહિ). ૨ આળસુ; જોસ્સા વનાનું. [(બીને); બીબો.
શિયો, પુ૰ માથાંના વાળેલા ચોટલાની વચમાંનો બીટો
શિખિક્ષા, સ્ત્રી૰ [સં૰] ખુલ્લી પાલખી. [તમ્બુ.
શિબિર, પુ૰ [સં૰] લશ્કરની છાવણીનો એક ભાગ. ૨
શિયળ, ન૰ [શીલ] પોતાના સ્વામી ઉપરજ પૂર્ણ પ્રેમ ભક્તિ રાખવી તે; પતિવ્રત. ૨ અજીરણથી શરીર ઉપર જે ઢીમાં થાય તે; શિળવા.
શિયાળ-વું, ન૰ સીધી પુંછડીનું, પિળાસ પડતા વાળવાળું અને સીધા કાનનું ચોપગું જાનવર. કુકડી બતક બાળક પેઠાં વગેરેનો શિકાર કરે છે-એ લુચ્ચું-ખચ્ચું કેવાય છે.
શિયાળુ, વિ૰ શિયાળામાં પાકતું (ધાન્ય).
શિયાળો, પુ૰ [શીતકાલ] ટાડના દાડાનો ઋતુ; વર્ષના ત્રણ મુખ્ય કાળમાંનો એક-ઉનાળો ચોમાસું ને શિયાળો.
શિર, ન૰ [સં૰] માથું; મસ્તક. ૨ ઝાડની ટોચ. ૩ લશ્કરની આગલી હાર.
શિરઃછેદ, પુ૰ [સં૰] માથું-ડોકું વાઢી નાખવું તે.
શિરા, સ્ત્રી૰ [સં૰] નસ; રગ; રક્તવાહિની.
શિરાણું, ન૰ ઉસીસું. [તે; નાસ્તો.
શિરામણ, ન૰ રાંધેલું ટાઢું કે ઉનું સુવારે જે થોડુંક ખાવું
શિરામણી, સ્ત્રી૰ સુવારમાં ખાવું તે.
શિરાવવું, ક્રિ૰ સં૰ શિરામણ કરવું.
શિરી, સ્ત્રી૰ [ફા૰] મિઠાસ; ગળપણ.
શિરીન, વિ૰ [ફા૰] મીઠું; મધુરું; ગળ્યું.
શિરો, પુ૰ [ફા૰] ઘાટને થોડોક સેકી તેમાં ગોળ ખાંડ સાકરનું પાણી રેડી સીઝવેલો જે ખાવાનો પદાર્થ તે. ૨ કોઈ પણ ઘાટ જેવા પદાર્થને ગોળ ખાંડ વગેરેની ચાસણીમાં મેળવેલો તે.
શિરોમણી, પુ૰[સં૰] મસ્તક ઉપર જે મણિ તે; કલગીમાં જે રત્ન તે; માથાંનો મુગટ. ૨ સહુને માથે એક એવો જે કોઈ તે-ચતુરશિરોમણિ, પંડિતશિરોમણી, મૂર્ખશિરોમણી ઇત્યાદિ.
શિલા, સ્ત્રી૰ [સં૰] લાંબો ને કઠણ પથરો.
શિલાછાપ, સ્ત્રી૰ લખેલું શિલા ઉપર ઉતારી પાછું કોરા કાગળ ઉપર લેવું એ જે છાપો તે.
શિલાજિત, પુ૰ [સં૰] એ પર્વતનો મદ કેવાય છે. એ ઉપધાતુ ખાવામાં આવે છે ને ધાતુપુષ્ટ છે.
શિલારસ, પુ૰ [સં૰] એક જાતનો ગુંદર-એ દવા કરવાના અને ધૂપના કામમાં આવે છે.
શિલાલેખ, પુ૰ [સં૰] પથ્થર ઉપર કોતરેલો જે લેખ તે.
શિલ્પ, ન૰ [સં૰] હાથથી-યન્ત્રથી કરેલી કારીગીરી; હસ્તકળા, યન્ત્રકળા ઇત્યાદિ. જેટલી વિદ્યા કળા ખાતામાં આવે તે શિલ્પ.
શિવ, પુ૰ [સં૰] સંહાર શક્તિ રૂપ ઇશ્વર. મહાદેવ. ૨ પરમાત્મા; બ્રહ્મ (જીવ ને શિવ). ૩ કલ્યાણ.
શિવનિર્માલ્ય, ન૰ [સં૰] શિવને અર્પણ કરેલું એવું. ૨ કોઇના ઉપભોગમાં આવે નહિ તેવું; ઉપભોગ કરે પાપમાં પડાય તેવું.
શિવરાઈ, સ્ત્રી૰ [મ૰] એક તરેહનો તાંબાનો સિક્કો; પૈસો (શિવાજીયે પાડેલો).
શિવરાત, સ્ત્રી૰ [શિવરાત્રિ] મહિનાના બીજા પખવાડિયાંની ચૌદસ. મોટી શિવરાત તે મહાવદ ચૌદસ.
શિવાએ-ય, અ૰ [હિં૰] સિવાએ-ય.
શિવાલય, ન૰ [સં૰] શિવ-મહાદેવનું દેરું.
શિશિર, પુ૰ [સં૰] ઘણીજ ટાડ પડે તે ઋતુ; પોષ ને માઘ.
શિશુ, પુ૰ [સં૰] બાળક; છોકરું; બચ્ચું (મનુષ્ય અથવા ઇતર પ્રાણીનું).
શિશ્ન, પુ૰ [સં૰] પુરુષની ગુહ્યેન્દ્રિય. શિશ્ન પણ
શિષિયો, શિષ્ય. [બોલાય છે.
શિષ્ટ, વિ૰ ધા૰ [સં૰] સારી કેળવણી પામેલું; ભણેલગણેલ. ૨ કુળ-વિદ્યા-ડાપણ-ચાતુર્યથી મોટું મનાયલું.
શિષ્ટાઈ, સ્ત્રી૰ શિષ્ટપણું; શિષ્ટાચાર.
શિષ્ટાચાર, પુ૰ [સં૰] શિષ્ટ-મહાપુરુષોનો જે સદ્વ્યવહાર તે; સુઘડ રીતભાત. ૨ આદર સત્કાર.
શિષ્ય, પુ૰ [સં૰] શિખનારો; ભણનારો; ચેલો. (ગુરુ
શિળિયો, શીળો. [ને શિષ્ય.)
શિળિસાતેમ, સ્ત્રી૰ શ્રાવણ સુદ સાતેમ અથવા કેટલાક લોકમાં વદ સાતેમ, જે દાડે આગલા દાડાનું રાંધી મુકેલું ટાઢુંજ ખાવાની રૂઢિ છે તે.
શી, સ૰ કેઈ; કેવી (પૂછી જાણવા સારુ).
શીકું, ન૰ [સં૰ શિક્ય] માંય વાસણ મુકાય તેવી રીતનું જે ગુંથેલું દોરડું ઊંચેથી લટકતું રાખેલું હોય છે તે.
શીઘ્ર, વિ૰ [સં૰] જલદીનું; ઉતાવળનું. અ૰ ઉતાવળથી; ઝપટથી. [શી. કવિતા.
શીઘ્રકવિતા, સ્ત્રી૰ [સં૰] તરતની તરત-જલદીથી કરે
શીઘ્રબોધ, પુ૰ એ શબ્દઃઆંજો ફુંવાને લગાડવામાં આવે છે. ૨ આંજો.
શીત, વિ૰ [સં૰] ટાડું; ઠંડું.
શીત, ન૰ રાંધેલા અન્નના વિશેષે ચોખાના ભાતપર પડેલા દાણા-કણ-(જેને શીત ચંપાય છે). ૨ (શરીરનું) છેક જ ટાડું થઈ જવું તે-(એને શીત આવ્યાં છે, હવે બચવા કઠણ).
શીતકાળ, પુ૰ [સં૰] શિયાળો; ટાડના દાડા.
શીતળ, વિ૰ [શીતલ] ઠંડું ટાઢું. [૨ શીપડ.
શીતળા, સ્ત્રી૰ [શીતલા] શીપડની દેવી; કાકાબળિયા.

શીદ-ને. અ૦ શાસારુ શાને.
શીફળ, શ્રીફળ.
શીલ, ન૦ [સં૦] જન્મપ્રકૃતિ. ૨ સારો સ્વભાવ; રૂડી વૃત્તિ. દાન-કર્મ-ધર્મશીલ પુરુષ.
શીર્ષ, ન૦ [શીર્ષ] માથું; ભસ્તક.
શીષ, શિષ્ય.
શીસો, પુ૦ [ફા૦] ઉપરથી સાંકડા મોડાનું એવું લાંબા ઘાટનું કાચનું વાસણ. એ નાનું હોય તો તે શીસી
શીળ, શીલ શબ્દ જોવો. [કેવાય.
શીળા, શિલા.
શીળી, શીતળા.
શીળું, ન૦ છાંયડો. ૨ જ્યાં તડકો નહિ પણ છાંયડો હોય
શીળો, પુ૦ શીળું. [તે જગા.
શીળો, વિ૦ ડાહ્યોડમરો-ડાવકો દેખાતો પુરુષ પણ અંદરથી મેલો-ખરો.
શું, સ૦ માણસ સિવાય હરકોઈ બીજું પ્રાણી અથવા બીજી વસ્તુ એ વિષે પ્રશ્ન કરવામાં એ શબ્દ વપરાય છે. તારા હાથમાં શું છે; તેનું પછી શું થયું વગેરે. ૨ કીયું, કઈ જાતનું એ અર્થમાં ને લિંગ પ્રમાણે શો-શી-શું એ રૂપે વપરાય છે. તે શું પક્ષી છે? તે શો પદાર્થ છે, તેની શી વિસાત છે. ૩ શું ફળ થશે એવા અર્થમાં બેપરવાઈના જોસ્સામાં વપરાય છે-તેમાં શું? ૪ ગુસ્સામાં વપરાય છે-શું છે જે? ૫ પ્રશ્ન-શંકાના ચિન્હ રૂપે-શું તું ત્યાં આવવાનો છે? આજ વરસાદ
શુંઠ, સ્ત્રી૦ [શુણ્ઠી] સૂકું આદુ. [પડશે શું?
શુંઢ, સ્ત્રી૦ [શુણ્ડા] જે લાંબા લટકતા અવયવ વડે કેટલાંક પ્રાણી ખાય છે પિયે છે તે (હાથીની શુંઢ).
શુક, પુ૦ [સં૦] પોપટ. ૨ વ્યાસનો પુત્ર.
શુકન, શકુન.
શુકલ, પુ૦ [શુક્લ] બ્રાહ્મણમાં કેટલાએકની એ અટક છે. એઓ બ્રાહ્મણનીજ યાચના કરે છે-શૂદ્રની કરતા નથી.
શુક્કર, શુક્ર. [શુક્રાચાર્ય.
શુક્ર, પુ૦ [સં૦] એ નામનો ગ્રહ. ૨ એ નામનો વાર. ૩ શુક્રાચાર્ય, પુ૦ [સં૦] દૈત્યનો ગુરૂ. ૨ આંખે કાણો હોય તેવા પુરુષને એ શબ્દ લગાડવામાં આવે છે.
શુક્લ, વિ૦ [સં૦] સફેત; ધોળું. ૨ શુકલ શબ્દ જોવો.
શુક્લપક્ષ, પુ૦ [સં૦] જેમાં ચન્દ્રની કળા વધતી જાય છે તે પન્દર દાડા; શુદ. કૃષ્ણપક્ષનું ઉલટું.
શુચિ, વિ૦ [સં૦] પવિત્ર; શુદ્ધ.
શુદ, સ્ત્રી૦ [શુદ્ધ] શુક્લપક્ષ.
શુદ્ધ, વિ૦ [સં૦] મેલ-કચરો દૂર કરેલો તેવું; સાફ; ચોખ્ખું; સ્વચ્છ. ૨ ધર્મક્રિયાથી પવિત્ર થયલું તે. ૩ ભૂલ-દોષ ન હોય તેવું; ખરું; સાચું.
૧૩૭
શુદ્ધિ, સ્ત્રી૦ [સં૦] ધર્મક્રિયાથી જે પવિત્ર થવું તે. ૨ દોષરહિત થવું તે. ૩ સ્વચ્છ થવું તે. ૪ ચોખ્ખું ભાન; ઇન્દ્રિયો ગૂમ થયલી નહિ પણ જાગતી-કામ કરતી હોય તેવી સ્થિતિ (મૂર્છાના નહિ).
શુદ્ધિપત્ર, ન૦ [સં૦] ગ્રન્થમાંનું અશુદ્ધ જે પાનાંમાં શુદ્ધ કરી બતાવ્યું હોય તે.
શુધબુધ, સ્ત્રી૦ [શુદ્ધિ બુદ્ધિ] ચોખ્ખું ભાન તથા જ્ઞાન.
શુનકાર, વિ૦ [શૂન્યાકાર] કંઈજ ન હોય, કંઈજ સમ્ભળાતું ન હોય તેવી હાલત-તેવો દેખાવ-તેવું સ્થળ.
શુભ, વિ૦ [સં૦] કલ્યાણ; મઙ્ગળ; સારું.
શુભેચ્છુ, વિ૦ [સં૦] શુભ-રૂડું ઇચ્છનાર. શુભેચ્છક પણ બોલાય છે. શુભેચ્છિત-શુભ ઇચ્છા કરેલી હોય
શુભ્ર, વિ૦ [સં૦] સફેત; ધોળું. [તેવું.
શુમાર, પુ૦ [ફા૦] સઙ્ખ્યા; ગણતરી; પાર. બોરડી ઉપર શુમાર નહિ તેટલાં બોર આવ્યાં છે. ૨ અટકળ; અડસટ્ટો. શુમાર તો કાઢી જો. ૩ વિચાર; ચોકસી. પાછળથી જમનારાનો શુમાર રાખી પિરસીદેજે. શુમારે -આસરે.
શુરુ, વિ૦ [અ૦] આરંભેલું, મંડાણ માંડેલું.
શુષ્ક, વિ૦ [સં૦] સૂકું (ભીનું હવાયલું નહિ). ૨ તવાઈ ગયલું (રોગથી). ૩ રસ વગરનું (વાર્તા).
શૂકર, પુ૦ [સં૦] ભુંડ; ડુક્કર.
શૂકર, સ્ત્રી૦ [અ૦] ઉપકાર માનવો તે (ઈશ્વરનો). શૂકર કરવી-ગુજારવી. ૨ સારું નસીબ; ભાગ્યોગ.
શૂદ્ર, પુ૦ [સં૦] ચાર મુખ્ય જાતિમાંની એક-બ્રાહ્મણ ક્ષત્રી ને વૈશ્ય લોકની સેવા ચાકરી કરનારા લોક.
શૂન, શૂન્ય.
શૂન્ય, ન૦ [સં૦] કંઈ નહિ-ખાલી એવો અર્થ રાખેછે. ૨ એ અર્થ દર્શક જે ચિન્હ તે; મીંડું-૦. વિ૦ ખાલી; ભરેલું નહિ તેવું. શૂન્યગૃહ, શૂન્યમન્દિર ઇ૦; જ્ઞાનશૂન્ય, વૃક્ષશૂન્ય ઇ૦. ૨ ઇન્દ્રિયો બેર મારીગઈ હોય તેવું.
શૂન્યવાદી, પુ૦ [સં૦] ઈશ્વર તથા સૃષ્ટિ છેજ નહિ એવું મત ધરાવનારો.
શૂન્યહૃદય, વિ૦ જેને લાગણી નથી તે; શૂઢ. ૨ નિર્દય.
શૂર, પુ૦ [સં૦] યોદ્ધો; લડવૈયો; બહાદુર માણસ. વિ૦ ૨ હિંમતવાન; સાહસિક; જોસ્સાદાર. ૩ ઊંચા સદ્ગુણને માટે પ્રસિદ્ધિ પામેલ-રણશૂર, દાનશૂર ઇત્યાદિ.
શૂર, ન૦ [શૌર્ય] નિર્ભયપણે ઉમઙ્ગથી ને ધીટપણાથી કામ કરવાનો જોસ્સો; બહાદુરી; હિમ્મત. શૂર છૂટવું એટલે શૌર્ય કર્મદ્વારા બાર પડવું.
શૂળ, સ્ત્રી૦ [શૂલ] વાંકો ખીલો. ત્રિશૂળ એટલે ઉપર ત્રણ વાંકા ખીલા ને નીચે દાંડો હોય તેવું મોડાનું હથિયાર. ૨ પેટમાં એકાએક જે આચકા સાથે દુઃખ થઈ આવે છે તે; ચુંક. ૩ કાંટો.

શૂળી, સ્ત્રી૰ દેહાંતદણ્ડ કરવાનું ણોડાંના ખીલાવાળું લાકડું વગેરે. ૨ ફાંસી.

શૃઙ્ગ, ન૰ [સં૰] શિંગડું. ૨ પર્વતની ટોચ.

શૃઙ્ગાર, પુ૰ [સં૰] પોશાક ઘરેણા; સણગાર. ૨ સણગાર સજ્યા હોય તેવી સ્થિતિ. ૩ સ્ત્રી પુરૂષની પ્રીતિ અને તે સમ્બન્ધી જે પરસ્પર વેચાર તે. ૪ એ પ્રીતિ સમ્બન્ધી જે વાત વિચાર વર્ણન તે. ૫ એ વર્ણનથી ઉત્પન્ન થતો જે રસ તે; નવ રસમાંનો એક.

શૃઙ્ગારી, વિ૰ [સં૰] શૃઙ્ગારશાસ્ત્ર ભણેલો. ૨ ઇશકબાજીમાં ગુલતાન.

શેં, અ૰ શા સારૂ; કેમ.

શેંકડો, પુ૰ ૧ થી તે ૧૦૦ લગીની સઙ્ખ્યાનો જે એકત્ર સઙ્કેત તે; સો. શેંકડે દશ ટકા–દર સોએ દશ ટકા. ૨ સો સો વરસનો જે કાળ તે; શૈકો.

શેક, પુ૰ શરીરના એકાદા ભાગ ઉપર અગ્નિની જે આંચ આપવી તે (કપડાં–પાંતરાં, ઈંટ–સીસા વગેરેની મારફતથી).

શેકવું, ક્રિ૰ સ૰ શેક કરવો. ૨ કોઈ પણ ધાન્યને–રોટલી ભાખરીને અગ્નિની આંચ દેવી. ૩ સંતાપવું.

શેખઈ, સ્ત્રી૰ ગસરી; પતરાજ. [આળસુ.

શેખચલ્લી, પુ૰ નજ અને તેવા તર્ક કરયાં કરનારો

શેખદાર, પુ૰ [ફા૰] કુમાવિસદારની તરફથી કામ કરનારો કારકુન–જે ઝાડ વગેરેની હરાજી, ગામની રજુઆત, ખેતરની માપણી વગેરે કરે છે તે.

શેખી, સ્ત્રી૰ શેખઈ; પતરાજ.

શેજ, સ્ત્રી૰ [શય્યા] સુવાનું બિછાનું.

શેઠ, પુ૰ [શ્રેષ્ઠ] એ શબ્દ શ્રીમન્ત વાણિયા સાહુકારોને લગાડવામાં આવતો પણ આજ કાલ મોટા વેપારી ધન્ધાદારી કોઈ પણ હિન્દુ પારસી વગેરેને લગાડવામાં આવે છે. ૨ ધણી; ખાવન્દ; મુરબ્બી–શેઠ ને ચાકર.

શેઠાઈ, સ્ત્રી૰ શેઠનો દરજ્જો. ૨ શેઠપણાંનો લાવો.

શેઠિયો, પુ૰ પૈસાદાર સાહુકાર; શેઠ.

શેઢો, પુ૰ સીમાડો. ૨ મારગ; રસ્તો.

શેણું, વિ૰ ડાહ્યું; શાણું.

શેણુ, શણ.

શેતરંજ, સ્ત્રી૰ [ફા૰] એક તરેહની રમત જેમાં બે જણ સામસામા સોળ સોળ મોહોરાં રાખી રમે છે– અકેક જણની પાસે અક્કેક બાદશાહ, વજીર, બબ્બે ઊંટ, બબ્બે ઘોડી, બબ્બે હાથી ને આઠ આઠ પ્યાદાં હોય છે. એ રમતમાં છેલ્લીવારે એક જણનો બાદશાહ કેદ થાય છે. [રંગ બિછાનું.

શેતરંજી, સ્ત્રી૰ [ફા૰] પાથરવાનું રઙ્ગદાર પટ્ટીનું સુતરંગ

શેતાન, પુ૰ [આ૰] દુષ્ટ–અઘોર કર્મ કરનારો પદભ્રષ્ટ દૂત (ઈશ્વરનો). ૨ કરડો બિહામણો પુરૂષ; રાક્ષસ. ૩ ભૂત; જીન; ખબીસ. વિ૰ તોફાની; મસ્તીખોર; લુચ્ચું; તર્કટી (માણસ).

શેતુર, ન૰ [ફા૰] એક જાતનું ઝાડ અથવા તેનું ફળ–રેશમનો કીડો શેતુરનાં પાતરાં ખાય છે.

શેર, સેર (માપ વજનના અર્થમાં).

શેર, પુ૰ [ફા૰] સિંહ. ૨ વાઘ.

શેરડી, સેરડી.

શેરડો, સેરડો.

શેરી, સેરી.

શેરીલોબાન, ન૰ એક જાતનો ગુંદર.

શેરો, પુ૰ [આ૰] અરજી અથવા કોઈપણ દસ્તાવેજ ઉપર ટુંકામાં લખેલો જે હુકમ–જવાબ તે.

શેલું, સેલું.

શેલોત, પુ૰ દેસાઈ–ગરાસિયાની તરફથી ગામોની વસુલ ઉઘરાવનારો મેતો.

શેવટ, ન૰ છેડો; આખર. ૨ હાંસલ; પરિણામ; ફળ.

શેવડો, પુ૰ એક જાતનો ગોસાઈ. ૨ જૈનધરમનો એક સાધુ.

શેવાળ, સ્ત્રી૰ [શૈવાલ] પાણીમાં લીલાશ પડતા રઙ્ગનો ચિકાસ વાળો જાડા દોરા સરખો જે પદાર્થ થાયછે તે. ૨ મગ ચોળી વગેરેની સિંગની જે નસ તે; વાળા.

શેષ, વિ૰ [સં૰] બાકી રેહલું. પુ૰ એ નામનો નાગ જેણે પોતાની ફેણ ઉપર પૃથ્વિ ધારણ કરીછે એમ કેહવાયછે.

શેહ, શહ.

શેહેજોરી, સ્ત્રી૰ [ફા૰] મોટું જોર. શેહેજોર–જેનામાં મોટું જોર હોય તે.

શેહેનશાહ, પુ૰ [ફા૰] મોટો શાહ–રાજા; ચક્રવર્તી.

શેહેર, ન૰ [ફા૰] ઘણી વસ્તીવાળું ને વેપાર ધન્ધો બહુ ચાલતો હોય તેવું નગર.

શેહેરી, વિ૰ શેહેરનું (ગામડાંનું નહિ).

શૈકો, પુ૰ શેંકડો; સદી.

શૈલ, પુ૰ [સં૰] પર્વત; પાડ.

શૈલી, સ્ત્રી૰ [સં૰] રીત; તરેહ; પ્રકાર; ઢબ.

શૈવ, વિ૰ [સં૰] શિવભક્ત. ૨ શિવ સમ્બન્ધી.

શોંઢવું, ક્રિ૰ અ૰ જવું. ૨ મરીજવું.

શોક, પુ૰ [સં૰] વાલાં પ્રાણીના નાશથી, વાલી વસ્તુના નાશથી, નિરાશ થયેથી અન્તઃકરણમાં જે ખેદ થાયછે તે; દલગીરી. ૨ રૂદન; પોક.

શોખ, પુ૰ [આ૰] કોડ; ઇચ્છા; ચાહના. ૨ મોજ મઝા; રઙ્ગબાજી.

શોખીલું, વિ૰ મોજ મઝાને ચાહનાર; કોડિલું.

શોચ, પુ૰ [સં૰] ખેદ; શોક; દુઃખ. ૨ પસ્તાવો. ૩ ફિકર; કાળજી.

શોચના, સ્ત્રી૰ [સં૰] શોચ.

શોણિત, ન૰ [સં૰] લોહી; રક્ત.

શોધ, પુ૦ [સં૦] શોધવું તે; ખોળ. ૨ શોધેલું તે. ૩ તપાસ; તજવીજ.

શોધક, વિ૦ [સં૦] શોધનાર. ૨ શોધી કાઢે તેવી (બુદ્ધિ).

શોધન, ન૦ [સં૦] શોધવું તે.

શોધવું, ક્રિ૦ સ૦ છૂપું હોય તેને નજર આગળ આણવું; ખોળવું; ફુંઢવું. ૨ તપાસ કરવી; તજવીજ કરવી. ૩ ડાગવાળા પદાર્થને સ્વચ્છ કરવો. ૪ પુસ્તકને શુદ્ધ કરવું.

શોધિત, વિ૦ ધા૦ [સં૦] શોધેલું.

શોફા, પુ૦ એક ઓસડી.

શોભવું, ક્રિ૦ અ૦ સુન્દર-ખુબસુરત દેખાવું. (આકૃતિ-સણગાર-પ્રકાશ વગેરેથી).

શોભા, સ્ત્રી૦ [સં૦] સુન્દર-ખુબસુરત દેખાવ. ૨ સૌંદર્ય; ખુબસુરતી. ૩ પ્રતિષ્ઠા; માન; લાજ.

શોભાયમાન-ભિતું, વિ૦ શોભતું; શોભાવાળું.

શોર, પુ૦ [ફા૦] ઘોઘાટ; બૂમ; મોટો સાદ.

શોષ, પુ૦ [સં૦] સુકાઈ જવું તે. ૨ તરસ.

શોષવું, ક્રિ૦ સ૦ પાણી ચૂસી લઈ સુકું કરવું. ૨ ભિનાઈ-પિત્ત ચુસી લેવું.

શોષાવું, ક્રિ૦ અ૦ પાણી-ભિનાસ જઈને સુકું થવું. ૨ પિત્ત જતું રહેવું.

શોહવું, શોભવું.

શૌચ, ન૦ [સં૦] શુદ્ધતા; સ્વચ્છતા; પવિત્રતા.

શૌર્ય, ન૦ [સં૦] હોંસ સાથે ઉભરાતી શક્તિ; ઉત્સાહ-શક્તિ; વીર્ય; શૂર.

શ્મશાન, ન૦ [સં૦] મુડદાં બાળવા-દાટવાની જગા; મસાણ. [શવ, શયન].

શ્મશાનવૈરાગ્ય, ન૦ [સં૦] સંસાર ઉપરથી થોડીક વાર-સુધી ભાવ ઉઠીજવો તે.

શ્યામ, વિ૦ [સં૦] ઘેરા આસમાની રઙ્ગનું. ૨ કાળું.

શ્યામકર્ણ, પુ૦ કાળા કાન ને કાળું પુછડું પણ દેહનો રઙ્ગ ધોળો એવો ઘોડો, અશ્વમેધ યજ્ઞને માટે તે.

શ્યામકલ્યાણ, પુ૦ [સં૦] કલ્યાણ નામના રાગનો એક ભેદ.

શ્યામા, સ્ત્રી૦ [સં૦] સ્ત્રી; જેને છોકરાં ન થયાં હોય તેવી અંગના તે સોળ વર્ષની વયની અથવા એકવડા નાજુક બાંધાની અથવા શ્યામ વર્ણની.

શ્રદ્ધા, સ્ત્રી૦ [સં૦] વેદપુરુષ ઉપર ભાવ-વિશ્વાસ;-તેને માન આપી વળગીરેવું તે. ૨ આસ્થા; ભક્તિ; ભાવ.

શ્રમ, પુ૦ [સં૦] યત્ન; મેહેનત. ૨ થાક. ૩ દુ:ખ.

શ્રમિત, વિ૦ [સં૦] થાકેલું.

શ્રવણ, ન૦ [સં૦] સાંભળવું તે. ૨ બાવિસમું નક્ષત્ર. પુ૦ સાંભળવાની ઇન્દ્રિય; કાન.

શ્રાદ્ધ, ન૦ [સં૦] પિતૃને સન્તોષવા સારૂ પિણ્ડદાન, બ્રાહ્મણભોજન કરાવવાનું જે કર્મ તે. ૨ દેવને સન્તોષવા સારૂ તર્પણ હોમ વગેરેનું જે કર્મ તે.

શ્રાપ, શાપ.

શ્રાપવું, ક્રિ૦ સ૦ શાપ દેવો.

શ્રાવક, પુ૦ જૈનધર્મ પાળનારા સંસારી જન.

શ્રાવણી, સ્ત્રી૦ [સં૦] શ્રાવણ મહિનામાં શ્રવણ નક્ષત્રમાં બ્રાહ્મણોને જનોઈ બદલવાનું જે કર્મ તે.

શ્રી, સ્ત્રી૦ [સં૦] લક્ષ્મી. ૨ શોભા. ૩ કીર્તિ; યશ. ૪ ધર્મ અર્થ ને કામ એ ત્રણ. ૫ શુભસૂચક શબ્દ.-એ દેવતા, ગુરુ, પુણ્યધામ ઇત્યાદિક નામની પૂર્વે અને કેટલાક શબ્દની પછી પણ મુકવામાં આવેછે. 'શ્રીગણેશાયનમઃ, શ્રીશારદાયૈનમઃ, શ્રીગુરુ, શ્રીવારાણસી ઇ૦; જય શ્રી; વીર શ્રી ઇ૦.

શ્રીખણ્ડ, પુ૦ દહીંમાં ખાંડ અને ચારોળી કેસર વગેરે મસાલો મેળવી બનાવેલો જે ખાવાનો પદાર્થ તે.

શ્રીખણ્ડ, પુ૦ [સં૦] સુખડ. ૨ ચન્દન.

શ્રીફળ, ન૦ [શિરઃફલ] (શુભસૂચક) નાળિએર.

શ્રીધર, પુ૦ [સં૦] વિષ્ણુ.

શ્રીપાત, પુ૦ સંન્યાસી.

શ્રીમત્, વિ૦ [સં૦] એ શબ્દ શ્રીમાન્‌ના અર્થમાં બીજા શબ્દસાથે જોડાય છે.-શ્રીમન્નારાયણ, શ્રીમદ્‌ભાગવત ઇ૦.

શ્રીમન્ત, પુ૦ [સં૦] ધન પદવી યશ ઇત્યાદિ સમ્પત્તિ જેની પાસે છે એવો જે રાજા-પ્રધાન-સેનાપતિ ઇ૦.

શ્રીમન્ત, વિ૦ પૈસાદાર; ધની.

શ્રીમન્તાઈ, સ્ત્રી૦ શ્રીમન્તપણું; ધનવાનપણું.

શ્રીમાન્, વિ૦ [સં૦] ભાગ્યશાળી; યશસ્વી; ધનસમ્પન્ન.

શ્રીમુખ, ન૦ કીર્તિમાન-યશસ્વી મુખ.

શ્રીરઙ્ગ, પુ૦ [સં૦] વિષ્ણુ.

શ્રીરાગ, પુ૦ [સં૦] એ નામનો રાગ.

શ્રીવત્સ, પુ૦ [સં૦] વિષ્ણુ. ન૦ વિષ્ણુની છાતીપરનું ચિન્હ (એ નિમાળાનો એક આકાર છે).

શ્રુત, વિ૦ ધા૦ [સં૦] સાંભળેલું.

શ્રુતિ, સ્ત્રી૦ [સં૦] સાંભળવું તે. ૨ વેદ અથવા ચારે વેદ.

શ્રુતિકટુ, વિ૦ [સં૦] કાનને કઠોર લાગે તેવું.

શ્રે, શ્રેય.

શ્રેઢી સ્ત્રી૦ [શ્રેઢી] આગળ વધ્યાં કરવું તે-ગણિતશ્રેઢી ને ભૂમિતિશ્રેઢી.

શ્રેણી, સ્ત્રી૦ [સં૦] પઙ્ક્તિ; હાર; એક પછી એક એમ અનુક્રમે એક હારમાં હોવું તે.

શ્રેય, પુ૦ [સં૦] આરોગ્ય, ધનલાભ, આયુર્વૃદ્ધિ, વંશવૃદ્ધિ ઇત્યાદિરૂપ જે કંઈ સારું-શુભ તે. ૨ એકાદા સત્કર્મથી જે પુણ્ય ફળ તે.

શ્રેષ્ઠ, વિ૦ [સં૦] મોટું; સહુથી સારું.

શ્રોતા, વિ૦ [સં૦] સાંભળનાર; શ્રવણ કરનાર.

શ્રોત્ર, પુ૦ [સં૦] કાન.

શ્રોત્રી, પુ૦ [શ્રોત્રીય] વેદોક્તકર્મ પાળનારો.

શ્રૌત, ન૦ [સં૦] વેદોક્તકર્મ. ૨ વેદાર્થ સમ્બન્ધી.

શ્લેષ, પુ૦ [સં૦] બે અર્થ નિકળે તેવી શબ્દરચના.

શ્લોક, પુ૦ [સં૦] (કવિતામાં) લઘુ ગુરૂ અક્ષરના નિયમપૂર્વક કરેલી જે શબ્દરચના તે; વૃત્ત; છન્દ; સંસ્કૃતમાં બેની ને ગુજરાતીમાં ચાર ચરણની એવી જે એકેકી રચના તે. ૨ અનુષ્ટુપ વૃત્ત. ૩ યશ-પુણ્યશ્લોક. ૪ બતરીસ અક્ષરનું પ્રમાણ તે.-સંસ્કૃત પુસ્તકોનું પ્રમાણ કાડતાં બતરીસ અક્ષરનો એક શ્લોક ગણાય છે-આ પુસ્તકનું સવાલક્ષનું પૂર છે, એમ કેવાય છે.

શ્વશુર, પુ૦ [સં૦] સસરો. શ્વશ્રૂ-સાસુ.

શ્વાન, પુ૦ [સં૦] કુતરો.

શ્વાનનિદ્રા, સ્ત્રી૦ કુતરાના જેવી થોડી ઊંઘ.

શ્વાસ, પુ૦ [સં૦] નાકની અથવા મોડાંની વાટે અન્દર બાર જતો આવતો જે પ્રાણવાયુ તે. ૨ કફના રોગથી વધી ગઈ છે ગતિ જેની એવો જે પ્રાણવાયુ તે.

શ્વાસોચ્છ્વાસ, પુ૦ [સં૦] શ્વાસ લેવો ને કાડવો તે.

શ્વેત, વિ૦ [સં૦] ધોળું; સફેત.

ષ.

ષ, પુ૦ [સં૦] એકતીસમો વ્યઞ્જનવર્ણ. એ મૂર્દ્ધન્ય છે. ઘણાખરા ગુજરાતી શબ્દમાં ખ છે તે ષને બદલે છે. ષટ્ કર્મ તે ખટ કરમ, આષાઢ તે આખાડ ઇ૦. ષ જે મૂળ ષષ્ છે તે જ્યારે બીજા શબ્દો સાથે જોડાય છે ત્યારે ષટ્-ડ્ થાય છે.

ષટ્કર્મ, ન૦ [સં૦] ખટકરમ. ૨ જારણ, મારણ, ઉચ્ચાટન, મોહન, સ્તમ્ભન, વિધ્વંસન એ છ.

ષટ્કોણ. ન૦ [સં૦] છ ખૂણાની આકૃતિ.

ષટ્ચક્ર, ન૦ [સં૦] ખટચક્ર.

ષટ્પદ, વિ૦ [સં૦] છ પગનું. પ્રાણી-જૂ, ભમરો, તીડ વગેરે. ૨ છપ્પય વૃત્ત.

ષટ્શાસ્ત્ર, ન૦ [સં૦] ખટ્શાસ્ત્ર.

ષડ્ગુણ, પુ૦ [સં૦] ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન ને વૈરાગ્ય. ૨ સન્ધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધાભાવ ને સમાશ્રય.

ષડઙ્ગ, ન૦ [સં૦] છ અઙ્ગ-શરીરનાં તે બે હાથ, બે પગ, માથું ને કમરઃ-વેદનાં તે વ્યાકરણ, છન્દ, જ્યોતિષ, નિરુક્તિ, કલ્પસૂત્ર ને શિક્ષા. વિ૦ જેને છ અઙ્ગ-ભાગ હોય તે.

ષડાનન, વિ૦ [સં૦] છ મોડાંનું તે. પુ૦ કારતકસ્વામી.

ષડ્ઋતુ, પુ૦ [સં૦] છ ઋતુ.

ષડ્રસ, [સં૦] ખટરસ.

ષડ્રિપુ, [સં૦] છ શત્રુ. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ [ને મત્સર.

ષણ્ડ-ઢ, વિ૦ [સં૦] નપુંસક; હિજડો; બાયલો. પુ૦ [બળદ.

ષણ્માસ, પુ૦ [સં૦] છ મહિના.

ષષ્ટિ, વિ૦ [સં૦] સાઠ.

ષષ્ઠી, સ્ત્રી૦ છઠ; છઠ્ઠો દાડો. ૨ છઠ્ઠી વિભક્તિ.

ષોડશ, વિ૦ [સં૦] સોળ. ન્યાયશાસ્ત્રમાં ષોડશ પદાર્થ કહ્યા છે તે આ: પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાન્ત, સિદ્ધાન્ત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતણ્ડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન. ષોડશ સંસ્કાર-સોળ સંસ્કાર.

ષોડશોપચાર, પુ૦ [સં૦] પૂજનના સોળ ઉપચાર.-આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવીત, ગન્ધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, દક્ષિણા, પ્રદક્ષિણા, મન્ત્રપુષ્પ.

સ.

સ, પુ૦ [સં૦] બતરીસમો વ્યઞ્જન વર્ણ; એ દંતસ્થાની છે. સ એ શબ્દ સમ્ અથવા સહ ને બદલે સાથેના અર્થમાં શબ્દની પૂર્વે મુકાય છે. સટીક-ટીકા સાથે, સકુટુમ્બ-કુટુમ્બ સાથે. ૨ સંસ્કૃત-સુ ના અપભ્રંશરૂપે શબ્દની પૂર્વે સારુંના અર્થમાં મુકાય છે. સુરૂપને બદલે સરૂપ, સુપર્વ-સપરમો દાડો, સુજાતિ-સજાત, સુપુત્ર-સપુત ઇત્યાદિ (જેમ કુ નો ક તેમ સુ નો સ). કેટલેક ઠેકાણે સ્વ ને બદલે.-સધામ (સ્વધામ).

સંક્ષિપ્ત, વિ૦ ધા૦ [સં૦] ટુંકામાં આણેલું; સારરૂપ; મુખ્તેસર.

સંક્ષેપ, પુ૦ વિસ્તારવાળાં કથનને ટુંકામાં આણી મુકવું-મુકેલું તે; સારાંશ; ઇનતેખાબ.

સંજ્ઞા, સ્ત્રી૦ [સં૦] જે શબ્દથી કોઈ વસ્તુ ઓળખાય તે; નામ. ૨ સઙ્કેત ચિન્હ; ઇસારત; સાન. ૩ મૂર્ચ્છા વળ્યા પછી પાછું જે ભાન આવે છે તે.

સંયુક્ત, વિ૦ [સં૦] સાથે જોડેલું-વળગાડેલું; મળવી દિધેલું; જોડીનાખેલું. ૨ જુક્તિથી ગોઠવેલું; યથાસ્થિત.

સંયુત, વિ૦ [સં૦] જોડેલું; મળવેલું.

સંયોગ, પુ૦ [સં૦] જોડી-વળગાડી દેવું તે. ૨ મળવણ; મિશ્રણ. ૩ સ્ત્રીપુરુષે વિલાસમાં જોડાવું તે. ૪ છેક પાસેનો સમ્બન્ધ. ૫ (શૃંગારરસમાં) પ્રિય પ્રિયાએ વિજોગમાં નહિ પણ સાથે રેવું તે.

સંયોગીકરણ, સ્ત્રી૦ [સં૦] સંયોગ કરવો તે (પૃથક્કરણનું ઉલટું).

સંયોગીજળ, ન૦ [સં૦] જે ખાડી મોટા બે સમુદ્રને જોડીનાખતી હોય તે.

સંયોગીભૂમિ, સ્ત્રી૦ [સં૦] સાંકડી જમીન જેણે બે પ્રદેશને જોડતી હોય તે. [પણ વર્ષ.

સંવત, પુ૦ [સંવત્સર] વિક્રમનો શાક; ૨ એ શાકનું કોઈ

સંવત્સર, પુ૦ [સં૦] વર્ષ જેટલો કાળ તે. એ સાઠ કેવાય છે ને તે એકેકનાં જૂદાં જૂદાં નામ છે.

સંવાદ, પુ૦ [સં૦] પરસ્પર ભાષણ થવાં તે; વાદવિવાદ. ૨ પરસ્પર ભાષણ વાતચિત અથવા તકરાર ચાલી હોય તેવો વિષય.

સંશય, પુ૦ [સં૦] (ફારસી) શક શબ્દ જોવો.

સંસર્ગ, પુ૦ [સં૦] જોડાવું તે; અડકાઅડકી. ૨ છેક પાસેનો સમ્બન્ધ-વેવાર. તેનો સંસર્ગ કરીશ નહિ—તેની સોડે જઈશ નહિ—તેની સાથે વેવાર રાખીશ નહિ.

સંસર્ગી, વિ૦ [સં૦] વેવાર રાખનાર; સમ્બન્ધી; સાથી; પક્ષ કરી સાથે રેનાર.

સંસાર, પુ૦ [સં૦] અનેક સમૃદ્ધિ, અનેક પ્રાણી ને અનેક લીલાવાળી જે આ સૃષ્ટિ તે. ૨ મનુષ્ય સૃષ્ટિ. ૩ મનુષ્ય સૃષ્ટિનો વ્યવહાર; દુનિયાદારી. ૪ સ્ત્રીપુરૂષે પરણીને પોતાનો જે વ્યવહાર ચલાવવો અથવા ચલાવેલો તે. સંસાર કરવો-માંડવો એટલે દુનિયાનાં વેવારને માટે પરણવું અથવા પરણીને વેવાર ચલાવવો. ૫ બૈરાં છોકરાં-પછવાડે સંસાર લાગ્યો છે તેમાં બાકી તો તે ગાડાનો કાટલો હોય. સંસારવેવાર એટલે સંસાર એજ વેવાર અથવા સંસારમાં જે અનેક વેવાર પરસ્પર કરવા પડે છે તે.

સંસારી, વિ૦ ઘરબાર છોકરાંછૈયાંવાળો (એકલો-વાંઢો-સાધુ-ત્યાગી નહિ). ૨ સંસાર વેવાર સમ્બન્ધી.

સંસ્કાર, પુ૦ [સં૦] જે સમ્બન્ધી-કર્મ ક્રિયાથી મનુષ્ય-પદાર્થ શુદ્ધ સુન્દર થઈ ઉચ્ચત્વ પામે તે. શુદ્ધ-પવિત્ર કરવું તે. અગ્નિ-માર્જન સંસ્કાર; વિદ્યા-સન્તસમાગમ સંસ્કાર-ધર્મકર્મ સંસ્કાર. વેદશાસ્ત્રોક્ત જે વિધાને દ્વિજ થવાયછે તે. "જન્મના જાયતે શુદ્રઃ સંસ્કારે દ્વિજ ઉચ્યતે." બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય એ જાતિના પુરુષને માટે સોળ સંસ્કાર કહ્યા છે—ગર્ભાધાન, પુંસવન, અનવલોભન, વિષ્ણુબલિ, સીમન્તોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, સૂર્યાવલોકન, અન્નપ્રાશન, ચૂડાકર્મ, ઉપનયન, મહાનામ્ન, સમાવર્તન, વિવાહ ને સ્વર્ગારોહણ. પેલા જનમનો સંસ્કાર એટલે પેલે જનમ જેવાં કર્મ કર્યાં હોય તેના સમ્બન્ધ-ભોગ રૂપ જે સ્થિતિ તે.

સંસ્કારી, વિ૦ [સંસ્કારિત] સંસ્કારવાળું-પામેલું.

સંસ્કૃત, વિ૦ [સં૦] સંસ્કાર પામેલું-શુદ્ધ ને સુન્દર થયેલું. પદાર્થ શબ્દ પાક ઇ૦. સંસ્કૃતભાષા-વ્યાકરણાદિ સાધને સંસ્કાર પામેલી આર્યજનની ભાષા; ગીર્વાણ ભાષા.

સંસ્થાન, ન૦ [સં૦] પાસેનો પ્રદેશ. ૨ એક મોટા પ્રદેશમાં જુદા જુદા સત્તાવાળા તળે જે જૂદા જૂદા પ્રદેશ-મુલક તે. ૩ એક દેશના એક ભાષા બોલતા ને એક ધર્મના લોકમાંના કેટલાક એક સમૂહમાં જે કોઈ બીજા પ્રદેશમાં જઈ વસેલા હોય તે.

સંહાર, પુ૦ [સં૦] નાશ; પ્રલય. ૨ કતલ; ઠાર મારવા તે અથવા નાશરૂપ જે સ્થિતિ તે. ૩ સંગ્રહ; જથો.

સંહારવું, ક્રિ૦ સ૦ મોટો નાશ કરવો. [૪ સંક્ષેપ.

સંહિતા, સ્ત્રી૦ [સં૦] વેદના મન્ત્રનો સંગ્રહ. ૨ વેદની શાખા;-તેનું પ્રકરણ. ૩ કોઈ પણ વિષય સમ્બન્ધી કરેલો જે સંગ્રહ તે.

સઈ, પુ૦ દરજી; ભરાઈ. વિ૦ સાંઈ-વાણિયાસઈ પાઘડી.

સઈ-યર, સ્ત્રી૦ સખી; બેનપણી; સ્ત્રી મિત્ર (સ્ત્રીને).

સઈદર, પુ૦ માથાદિઠ લેવાનો કર. ૨ વેરો.

સઉ-સઉ, વિ૦ સરવે; સર્વાં; સઘળાં; બધાં. સઉ કો-કોઈ ગમેતે પણ તે બધા.

સકડવું, ક્રિ૦ સ૦ તાણીને બાંધવું; જકડવું.

સકન, સ્ત્રી૦ આડી બીલી (ગાડાં સમ્બન્ધી).

સકરકન્દ-દિયાં, ન૦ એક જાતનો મીઠો કન્દ છે-એ વ્રતના દિવસોમાં ખાવાના કામમાં આવેછે.

સકરમી, વિ૦ [સુકર્મી] ભાગ્યશાળી; નસીબદાર. ૨ રૂડાં કર્મ કરનારો.

સકરો, શકરો.

સકર્મક, વિ૦ [સં૦] (વ્યાકરણમાં) કર્મસહિત; જેને કર્મ હોય તે.-(ક્રિયાપદ-ધાતુ). તેણે તે કામમાં જસ મેળવ્યો—મેળવ્યો એ ક્રિયાપદ સકર્મક છે-કેમકે કર્મ જે જસ તેની સાથે સમ્બન્ધ છે.

સકળ, વિ૦ [સં૦] સઘળું; આખું. ૨ સઘળા; દરએક; સરવે. સકળ ગુણ સમ્પન્ન. [તેવું. સકામભક્તિ.

સકામ, વિ૦ [સં૦] જેમાં પોતાને કંઈ ઇચ્છા-લાભ હોય

સકાર, પુ૦ ઢંગ; પેરે એડવે બોલવે ચાલવે જે સુઘડ રીત તે. એનામાં શા સકાર બળ્યા છે?

સકારવું, સિકારવું.

સકુમાર, વિ૦ [સુકુમાર] અતિ કોમળ. ૨ કોમળ ને સુન્દર; નાજુક ને ખુબસુરત.

સકોઈ, સિકોઈ.

સક્કઈ, વિ૦ નવું ને સારૂં; સરસ; તાજું; મઝાનું. ૨ ખરા સિક્કાનું (રૂપિયો).

સક્કરખોર, પુ૦ સાકર ખાનારો જીવડો.

સક્કરટેટી, સ્ત્રી૦ ખડબુચું.

સક્કરપારો, પુ૦ લોટમાં ગોળ ભેળી રોટલો વણી એના કકડા કરી ઘી મ્હે તળેલા તે.

સક્કો, પુ૦ સિક્કો. ૨ સાખ; સાખો; છાપ; છાપત. (નઠારી વાતમાં).

સખાણું, વિ૦ [સં૦ સુલક્ષણ] સારાં લક્ષણવાળું; ડાહ્યું; ભલું; ઉજાળુ-તોફાની નહિ તે.

સખત, વિ૦ [ફા૦ સખ્ત] કઠણ; મજબૂત; ભરેલું. ૨ કઠોર; કરડા (સુખન). ૩ ઘણું જોર વાપરવું પડે તેવું; થકવી નાખે તેવું (સખ્ત મજુરી). ૪ કરડો; જાલમ; નિર્દય (કાયદો, હાકેમ વગેરે). ૫ અઘરું; મુશ્કેલ (પડો, કામ). ૬ આકરું; અકળાવે તેવું (હવા, ગન્ધ વગેરે).

સખતી, સ્ત્રી૦ કઠણાઈ. ૨ કઠોરતા. ૩ મુશ્કેલી. ૪ જુલમ.

સખલાત-દ, સ્ત્રી૦ [તુરકી] એક તરેહનું ઊનું ઊનનું કપડું-ડગલા થાય છે.

સખા, પુ૦ [સં૦] સ્નેહી; સાથી; જોડિયો.

સખાવત, સ્ત્રી૦ [ફા૦] ઉદારતા; પીતાળપણું.

સખી, વિ૦ [ફા૦] ઉદાર; દાનશીળ; પીતાળ.

સખી, સ્ત્રી૦ [સં૦] સ્ત્રીને જે સ્ત્રીસાથે સ્નેહ હોય તે; બેનપણી; સઈ.

સખીભાવ, પુ૦ સ્ત્રી રૂપે ઈશ્વરની સાથે પ્રેમભક્તિ રાખવી તે. ૨ બાયલાપણું; બૈરાંનો ચાળો.

સખુન, પુ૦ [ફા૦] વાણી; ભાષણ. ૨ શબ્દ; બોલ. ૩ વચન; કબુલાત. ૪ વિનન્તિ; અરજ-સખુન નાખવો.

સખો, સખા.

સગટો, પુ૦ સોગટો સાલ્લો. ફેરવીવખત કુબે ખોસવાનો છેડો.

સગડ, સ્ત્રી૦ ખબર; થાગ.

સગડી. સ્ત્રી૦ [શકટી] ધગધગતા અંગારા રાખવાનું ઠિકરાનું અથવા લોડાનું ઠામ; ફરતી ચૂલ.

સગડો, પુ૦ ઘઉંનો ચાળેલો લોટ (ધોયા ઘઉંનો નહિ); સગડાની સેવઈ.

સગણ, પુ૦ [સં૦] છેલ્લો ગુરુ એવો ત્રણ અક્ષરનો ગણ-રજની (કવિતામાં).

સગપણ, ન૦ સગાપણું; સગાંનો સમ્બન્ધ.

સગરામ, પુ૦ એક તરેહની ગાડી. (બે બળદની અથવા એક ઘોડાની).

સગવડ-વાડ, સ્ત્રી૦ કામ કરવું અનુકૂળ-સેલું પડે તેવી સ્થિતિ. ૨ સઙ્કોચ વના-મોકળાસે રેવાય તેવી અનુકૂળતા (જગાની). ૩ સગપણ

સગાઈ, સ્ત્રી૦ વેસવાળ; વિવાહ.

સગું, ન૦ મૂળ જોતાં એક લોઈનાં એવાં જે માણસો સમ્બન્ધમાં હોય છે તેમાનું એકેકું. માબાપ,ભાઈબેન એને એ શબ્દ લગાડવામાં આવતો નથી, આઘેના સમ્બન્ધીઓને લગાડવામાં આવે છે.

સગું, વિ૦ એક ઉદરના સમ્બન્ધવાળું-સગો ભાઈ, સગી બેન, સગી મા (સાવકું નહિ). ૨ છેક પાસેના સમ્બન્ધવાળું એવું-સગો કાકો-મામો. ૩ કુટુંબી.

સગુણ, વિ૦ [સં૦] આકાર ભાવાદિક ગુણ સહિત હોય તે (ઈશ્વર). સગુણભક્તિ એટલે સગુણ એવો જે ઈશ્વર તેની ભક્તિ-નિર્ગુણ ઈશ્વરની નહિ.

સગોત્ર, વિ૦ તેજ ગોત્રનું; કુટુમ્બી.

સઘળું, વિ૦ તમામ; સઘળું; આખું. પણ જ્યારે એ શબ્દ સ્ત્રી અથવા પુરુષની સઙ્ખ્યાને લગાડવામાં આવે છે ત્યારે સઘળા, સઘળી, સઘળાં એવા અનેકવચનમાંજ રૂપ થાય છે.

સઙ્કટ, ન૦ [સં૦] સાંકડ; મુશ્કેલી. ૨ આફત; વિઘ્ન; દુઃખ.

સઙ્કડાસ, સ્ત્રી૦ જગાની તંગાશ.

સઙ્કડાવું, ક્રિ૦ અ૦ જગાની તંગાશમાં હોવું. ૨ દબાવું; ભચડાવું.

સંઙ્કર, વિ૦ [સં૦] ભેળસેળ થયલું. ૨ મિશ્ર જાતિનું. ૩ જુદી જુદી જાતનાં માબાપથી ઉત્પન્ન થયલું.

સઙ્કર્ષણ, ન૦ ખેંચવું તે. ૨ ખેડવું તે. પુ૦ બળદેવ. ૨ શેષ નાગ.

સઙ્કલ્પ, પુ૦ [સં૦] નિયમ; ઠરાવ. ૨ શાસ્ત્ર-પુરાણમાં કહેલું કોઈ પણ કર્મ કરતાં પેલાં તે કરવામાં પોતાનો શો હેતુ છે તે ને તે કર્મ આટલા દિવસમાં આવી રીતે કરીશ એવો બ્રાહ્મણ સમક્ષ જે નિયમ લેવો તે. ૩ ઈચ્છા; મનનો હેરો.

સઙ્કષ્ટ, સઙ્કટ.

સંઙ્કેત, પુ૦ [સં૦] કોઈ કામને સારુ મુકરર કરેલી જે યોજના તે; આગળથી કરી મુકેલી ગોઠવણ તે. ૨ બોલીને નહિ પણ ચિન્હથી જે સમજાવવું તે (ડોકી ધુણાવી, આંખમારી વગેરેથી); ઈસારો; સાન. ૩ છૂપાં મળવાને નક્કી કરેલી જગા.

સઙ્કેલવું, ક્રિ૦ સ૦ વેરાયલું-વિખરાયલું હોય તેને એકત્ર કરવું; આટોપવું; બન્ધકરવું.

સઙ્કોચ, પુ૦ [સં૦] પાછું હઠવું-સંકડાવું-નાનું થઈ જવું-બિડાવું તે. ૨ સઙ્કડાસ; અછત; ભીડ; થોડું પડવું તે (જગા વાસણ નાણું વગેરેનો સઙ્કોચ). ૩ દિલનો ઉભરો બાર ન નિકળતાં જે પાછો સમાવો તે; આચકો ખાવો તે; મન-ઈચ્છાની બિડાયલી હાલત (શરમ, ભય, વિવેક, પ્રીતિ ઈત્યાદિથી).

સઙ્કોચાવું, ક્રિ૦ અ૦ સઙ્કોચ થવો-પામવો.

સઙ્કોડાવું, ક્રિ૦ અ૦ શરીર તથા હાથ પગને ખેંચી રાખી રાખ્યાં હોય તેવી હાલતમાં હોવું-આવવું. ૨ સઙ્કોચાવું.

સઙ્કોરવું, ક્રિ૦ સ૦ જાગૃત કરવું; ઉસકેરવું.-દિવો સઙ્કોરવો, લાકડાં સઙ્કોરવાં.

સઙ્કોલવું, સઙ્કેલવું.

સઙ્ક્રમણ, ન૦ [સં૦] ગ્રહનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે.

સઙ્ક્રાંત, સ્ત્રી૦ [સઙ્ક્રાન્તિ] મકરસઙ્ક્રાન્તિ; સૂર્યનો મકરરાશિમાં જે દિવસે પ્રવેશ થાય તે દિવસ; ઉત્તરાયન; ઉતરાણ. ૨ પઙ્ક્તિમાંનું ભુંડયું જમણ (ભુંડીસઙ્ક્રાંત કેવાય છે).

સઙ્ક્રાન્તિ, સ્ત્રી૦ [સં૦] સૂર્યાદિ ગ્રહનો એક રાશિમાંથી બીજી રાશીમાં જે પ્રવેશ થવો તે.

સઙ્ખ્ય, વિ૦ ગણાય તેવું; સઙ્ખ્યા કહાય તેવું.

સંખ્યા, સ્ત્રી૦ અંક; આંકડો. ૨ અંક-આંકડાનું ગણવું તે. ૩ અંક ગણવાનો પ્રકાર; પરિમાણ.—એક, દશ, સો, હજાર, દશ હજાર, લાખ, દશ લાખ, કરોડ વગેરે.

સંખ્યાવિશેષણ, ન૦ [સં૦] સંખ્યારૂપ વિશેષણ (ગુણ- [રૂપ નહિ).

સંગ, પુ૦ [સં૦] સમાગમ; જોડે રહેવું તે. ૨ દોસ્તી; સ્નેહ. ૩ લેપ; સ્પર્શ. ૪ સબોબત; સોબત (સ્ત્રીસાથે). એ શબ્દસાથે બીજા શબ્દ જોડાય છે-સત્સંગ; સ્ત્રીસંગ

સંગત, સંગતિ. [ઇત્યાદિ.

સંગતિ, સ્ત્રી૦ [સં૦] ભાવ-સ્નેહથી સાથે-જોડે રેવું તે. ૨ દોસ્તી; મિલાપ.

સંગદિલ, વિ૦ [ફા૦] પથ્થર જેવી છાતીનું.

સંગમ, પુ૦ [સં૦] બે જણનું જે મળવું તે અથવા બે જણે સાથે મળી આગળ જવું તે. બે નદીનો-નદી-સમુદ્રનો સંગમ.

સંગાત-થ, સંઘાથ.

સંગી, વિ૦ [સં૦] સંગ કરનાર; સાથી; મળાપી; સ્નેહી.

સંગીત, ન૦ [સં૦] ગાવું ને વગાડવું તે; નાચવું ગાવું બજાવવું તે. ૨ ગાવાં-વગાડવાં-નાચવાંનું જે શાસ્ત્ર તે.

સંગીન, વિ૦ [ફા૦] પથ્થર જેવું કઠણ; મજબૂત; જોરાવર; લઠ.

સંગે, અ૦ સાથે; જોડે.

સંગેમરમર, પુ૦ [ફા૦] આરસપાણ.

સંગ્રહ, પુ૦ [સં૦] એકઠું કરવું-કરેલું તે; સારી સારી અથવા છુટક છુટક વસ્તુઓ એકત્ર કરેલી તે. ૨ સારાં સારાં લખાણને એકજાથે-ગ્રંથમાં આણી રાખવાં તે. ૩ એકઠું કરેલું-ભેગી મુકેલું ધન-ધાન્ય વગેરે.

સંગ્રહણી, સ્ત્રી૦ [સં૦] વારેઘડિયે ઝાડે જવાનું થયાં કરે (વખતે આમ પડે-લોહી પડે) તે રોગ; મરડો; અતિસાર. [માં આવ્યા હોય તે.

સંગ્રહસ્થાન, ન૦ જે ઠેકાણે દેશ દેશના પદાર્થો રાખવા-

સંગ્રામ, પુ૦ [સં૦] લડાઈ; યુદ્ધ.

સંઘ, પું૦ [સં૦] ટોળું; જથો. ૨ ઘણાં જણે એકઠાં મળી જાતરા કરવા જવું તે.

સંઘટ, વિ૦ ભિડાઈગયલું; સંજડ આવેલું.

સંઘરવું, ક્રિ૦ સ૦ એકઠું કરવું; ભેગી રાખવું. ૨ દાખલ કરવું; આદર કરી રાખવું. પાછો તેને સંઘરશો કે શું?

સંઘરા, સ્ત્રી૦ ફસ ખોલાવવી તે; લોહી કઢાવવું તે.

સંઘરો, સંગ્રહ. [ફસ મુકાવવી કેવાય છે.

સંઘવી, પુ૦ સંઘ કાઢનારો; સંઘનો મુખી.

સંઘાડિયો, પુ૦ સંઘાડાથી ઘાટ ઉતારનારો.

સંઘાડો, પુ૦ જે સાંચાવડે લાકડાં ધાતુ હાથીદાંત વગેરેના ઘાટો ગોળ ને સફાઈદાર કરવામાં આવે છે તે.

સંઘાત, પુ૦ [સં૦] સમૂહ; જથો.

સંઘાથ, પુ૦ સાથ; મારગમાં જે બીજાં માણસો સાથે થયાં હોય તે.

સંઘાથી, વિ૦ સાથી (ચાલવામાં હરકોઈ કામ કરવામાં).

સંઘાથે-તે, અ૦ સાથે.

સચરાચર, વિ૦ જંગમ ને સ્થાવર અથવા જડ ને સજીવ એ સઉ સહિત; સર્વત્ર. 'સચરાચર શોભી રહ્યો, અવિનાશી અખંડ' (પ્રીતમ).

સચિવ, પુ૦ [સં૦] પ્રધાન; વજીર; દિવાન. [સાવધ.

સચેતન, વિ૦ [સં૦] ચેતનાવાળું; જીવતું. ૨ જાગૃત;

સચોટ, અ૦ બરાબર લાગ જોઈને કરેલું હોય તેમ; આબાદ; સચ્ચું-પાકું કામ કર્યું હોય તેવું.

સચ્ચિદાનન્દ, પુ૦ [સં૦] બ્રહ્મ. (સત્-સત્-એટલે હોવું તે અથવા નિત્ય, ચિત્ એટલે ચૈતન્ય-પ્રકાશ-જ્ઞાન અને આનન્દ. નિત્યજ્ઞાનસુખમય તે.

સચ્ચું, વિ૦ [હિં૦] સાચું. ૨ પાકું; ડગે નહિ તેવું; સાબુત.

સજ, વિ૦ ધા૦ [સજ્જ] સણગરાઈને-હથિયાર બાંધીને એકાદ કામ કરવાને તત્પર થઈ રેવલું; તૈયાર.

સજડ, વિ૦ મજબુત; મક્કમ. ૨ નેસ સંકોડાઈ ગઈ હોય તેવું; ઉઠાય બેસાય નહિ તેવી રીતે ગાત્ર રહી ગયલાં હોય તેવું. ૩ મરીગયલું. ૪ પાકું; પારપડે તેવું.

સજનતા, સ્ત્રી૦ સુજનતા; સજ્જનપણું.

સજની, સ્ત્રી૦ [સજ્જની] સખી; સઈ; બેનપણી.

સજવું, ક્રિ૦ સ૦ પોશાક હથિયાર વગેરેનો સણગાર અંગે ધરવો. ૨ સણગાર સજી તૈયારી કરવી. ૩ ધાર કાઢવી; ઘસવું; પથરીપર નાખવું (અસ્ત્રાને).

સજળ, વિ૦ [સં૦] પાણીવાળું. આંખ સજળ થઈ-આંખમાં આંસુ આવ્યાં.

સજા, સ્ત્રી૦ [ફા૦] અપરાધની શિક્ષા; શાસન; પારિપત્ય.

સજાત, વિ૦ [સુજાતિ] કુળવન્તું; ઉંચાં ગુણમનું; કુલીન.

સજાતિ-તીય, વિ૦ [સં૦] તેજ જાતનું. [(માણસ).

સજાપો, પુ૦ તનદુરસ્તી.

સજાયો, પુ૦ અસ્તારો-સો.

સજિત, વિ૦ [સજ્જિત] સજેલું; સજ્જ.

સજીવ, વિ૦ [સં૦] જીવવાળું.

સજીવન, વિ૦ [સં૦] ફરીથી જીવતું કરેલું-થયલું એવું.

સજીવારોપણ, ન૦ [સં૦] નિર્જીવ વસ્તુને વિષે જીવતી વસ્તુના ગુણની કલ્પના કરવી તે (એક જાતનો રૂપકાલંકાર).

સજોડું, ન૦ સ્ત્રી પુરુષ- વર વહુનું સાથે હોવું તે. સજોડે [આવવું.

સજ્જ-જ્જિત, [સં૦] સજ.

સજ્જડ, સજડ.

સજ્જન, વિ૦ [સં૦] સારાં કુળમાં ઉત્પન્ન થયલું; સુઘડ. ૨ ભલું; પ્રમાણિક; સદાચારી.

સજ્જન, પુ૦ [સં૦] વાલા-પ્રિયજન. ન૦ સણગારવું તે.

સજ્જનાઈ, સ્ત્રી૦ સજ્જનપણું.
સજ્જા, સ્ત્રી૦ [શૈયા] સેજ. ૨ મુવાંની પાછળ તળાઈનું જે દાન કરવામાં આવે છે તે.
સઞ્ચ, સઞ્ચો.
સઞ્ચકવું, સઞ્ચવું.
સઞ્ચય, પુ૦ [સં૦] એકઠું કરેલું-ભેગી રાખેલું તે; સઙ્ગ્રહ; જમાવ. ૨ ઢગ; અમ્બાર. પુણ્ય સઞ્ચય, દ્રવ્ય સઞ્ચય ઇત્યાદિ.
સઞ્ચરવું, ક્રિ૦ અ૦ અન્દર દાખલ થવું; અન્દર વ્યાપી રેવું; સઞ્ચાર-પ્રવેશ થયો હોય તેવું થવું. ૨ જવું; ચાલતું થવું.
સઞ્ચવું, ક્રિ૦ સ૦ રાખી મુકવું; ઊંચું મેલવું; સઞ્ચય કરવો.
સઞ્ચળ, પુ૦ [સૌવર્ચલ-સુવર્ચલદેશમાં થયલું] એક જાતનો બનાવેલો ખાર જે અજીરણ ઉપર આપવામાં આવેછે તે.
સઞ્ચાર, પુ૦ [સં૦] અહીં તહીં ફરવું-જવું તે. ૨ દાખલ થઇ પસરી-વ્યાપી રેવું તે. વિષ સઞ્ચાર, વાયુ સઞ્ચાર ઇત્યાદિ. ૩ પ્રવેશ.
સઞ્ચારવું, સઞ્ચરવું.
સઞ્ચિત, વિ૦ [સં૦] એકઠું કરી-ભેગી રાખેલું તે; સાચવીમુકેલું તે. ન૦ પૂર્વજન્માન્તરનું ભોગવવાનું બાકી રેહલું તે જે પાપ પુણ્ય કર્મ તે. (સઞ્ચિત, ક્રિયમાણ ને પ્રારબ્ધ એવાં ભોગવવાનાં કર્મના પ્રકાર છે).
સઞ્ચો, પુ૦ કોઇ કાર્ય વેલું પારપડે તેને સારૂ સામગ્રી-સાહિત્યની યુક્તિસર જે ગોઠવણો તે; ગોઠવણવાળી જે એકઠી સામગ્રી રૂપ પદાર્થ તે; યન્ત્ર. ૨ ધન સન્તાડી રાખવાનું જે છૂપું ઠેકાણું તે.
સઞ્ચોરો, પુ૦ એક જાતનો ખાર જે દાળ શાક વગેરેને બફાવવા સારૂ તેમાં નાખવામાં આવેછે તે.
સઞ્જા-ઞ્ઝ્યા, સ્ત્રી૦ [સન્ધ્યા] સન્ધ્યાકાળ; સુમીસાંજ.
સઞ્જાપ-ઝ, પુ૦ [ફા૦] ડગલા ટોપી વગેરેને જૂદા રંગના કપડાંની જે કોર મુકાવવામાં આવેછે તે.
સઞ્જામી, વિ૦ એક જાતના સાધુ-વેરાગી એ નામથી
સઞ્જુકત, સંયુક્ત. [ઓળખાયછે.
સઞ્જુત, સંયુત.
સઞ્જોગ, પુ૦ [સંયોગ] મેળાપ; મળવું તે. , મારો ને તેનો સઞ્જોગ ન થયો. ૨ બનાવ; દૈવયોગ; હોનાર; ભાવી; ઇતિફાક. [એટલે ત્યાગી.
સઞ્જોગી, વિ૦ સંસારી-ઘરબારી (સાધુ). -વિજોગી
સઞ્જેરી, સ્ત્રી૦ એક જાતનો ખાવાનો ઘઉંનો ગળ્યો પદાર્થ-દીવાળીમાં કરવામાં આવેછે-ઘુઘરા સઞ્જોરી.
સટ, પુ૦ [અં૦] અનુક્રમમાં રચેલા જે જથ્થા તે.
સટ-દઈને, અ૦ ઝટ; એકદમ. [ખસીજવું.
સટકવું, ક્રિ૦ અ૦ જતારેવું; લોપ થવું. ૨ સેરીજવું;
સટકાવવું, ક્રિ૦ સ૦ મારવું. ૨ દોરો ભરવો; સીવવું. 'સઇ દોરા સટકાવે ને ભીમો ગાંડ ભટકાવે.'

સટકિયું, ન૦ ઝટ સરી છૂટી જાય એવી ગાંઠ.
સટકો, પુ૦ હાથમાં ઝાલવાની લાકડી. [દિધું તે.
સટરપટર, સ્ત્રી૦ ખડબડસડબડ. ૨ આમ તેમ સમજાવી
સટલ, વિ૦ ધા૦ [અં૦] નક્કી-પૂરેપુરી ગોઠવણ કરેલી તેવું.
સટવું, સટીજવું.
સટાક, અ૦ એવો થતો અવાજ-દોરડાં ચાબક વગેરેને ઊંચકી મારવાથી થાયછે તે.
સટાક, સ્ત્રી૦ એક છેડે જાડું ને બીજે છેડે ઉતરતું પાતળું ઝીણકીદાર, માથા પછવાડે ફેરવી ઝકાવવાથી સટ એવો અવાજ થાય એવું સુતર સણનું દોરડું તે. સટાક ફોડવી. એ બેડુ ઘાટો ખેતરોમાંથી જાનવર ઉરાડવા-હાંકવા સારૂ રાખેછે.
સટાકલેનુંકે અ૦ ઝટ; ઝપટથી.
સટાકાબન્ધ, અ૦ ઝપાટાથી; સપાટામાં.
સટીક, વિ૦ [સં૦] ટીકા-સમજણ સાથે હોય તે (ગ્રન્થ).
સટીજવું, ક્રિ૦ અ૦ નાસી જવું; છૂપી રીતે લોપ થઇજવું.
સટોરિયો, પુ૦ સટ્ટો કરનારો.
સટોસટ, અ૦ ઝટાઝટ; ઉપરાઉપરી; ઝપટથી.
સટ્ટવું-સટ્ટીજવું, સટીજવું.
સટ્ટાખોર-બાજ, સટોરિયો.
સટ્ટો, પુ૦ [હિં૦] જથાબન્ધ માલ લેઇ પછી તેને થોડો થોડો વેચવો એ રીતે નહિ પણ ભાવ વધવાની આશાથી માલ ખરીદ કરવો ને પછી થોડો ઘણો નફો આવતો જોઇ તેને વેચી નાખવો એવી રીતનો જે ધન્ધો તે. ૨ ખરેખરા માલને વેચવા લેવાનો ધન્ધો નહિ પણ આગળ ભાવની તેજી અથવા મન્દી આવશે એની અટકળ કરી કલ્પિત માલની આપ લેનો જે જુગારી ધન્ધો કરવો તે; વાયદાનો ધન્ધો. ૩ ચોરી કરવી તે; લુચ્ચાઇથી હરીલેવું તે.
સડ, પુ૦ પાણના કૂવાને આધારે રેહલાં કન્તાન-દોટીના જે કપડાંમાં પવન ભરાવાથી વ્હાણની ગતિ વધે છે તે. ૨ સર (વ્યાજ સમ્બન્ધી).
સડ, વિ૦ હાલતું ચાલતું બન્ધ થઇગયલું; ડમક જડ. પેટ સડ છે. તે ઠાર ખાઇને સડ થઇ ગયો.
સડ-ડ, અ૦ એવો થતો અવાજ. ૨ ઝપટથી.
સડક, સ્ત્રી૦ સીધો બાંધેલો રસ્તો.
સડક, વિ૦ પ્રીતિ-અચરતી-ભય વગેરેથી શરીર હાલતું એકદમ બન્ધ થઇ જવું તે; સ્તબ્ધ; સ્થિર.
સડકો, પુ૦ દાળ કઢી વગેરેને આંગળાંમાં લઇ સડ એવા અવાજ સાથે મોઢાંમાં મુકવું તે.
સડવું, ક્રિ૦ અ૦ કોહી જવું. ૨ બળવું.
સડવું, ક્રિ૦ સ૦ ઊભા વાંસ-ઊભી લાકડી સાથે આડાં કામડાં કાથાની દોરીથી જકડી લેવાં.
સડસડાટ, અ૦ રેલાની પેઠે જલદીથી.

સડસઠ-ઠ, વિ૰ સાઠ ને સાત; ૬૭.
સડાકો, સડકો.
સડિયો, પુ૰ પાતરવડિયાંનો જે ઘોડો તે.
સડો, સરડો.
સઢ, સૂડ.
સણ, શણ.
સણકો, પુ૰ નાકથી ઊંચો શ્વાસ લેતાં જે અવાજ થાય છે તે.
સણગટ, પુ૰ બૈરાંનાં પેરેલાં લુગડાંનો જેટલો ભાગ માથાથી તે કમર લગીનો ડાબી પાસનો તે; સોડિયું. સણગટ વાળવો એટલે સોડિયું વાળવું અને સણગટ તાણવો એટલે ઘુમટો તાણવો.
સણગરાવું-સણગારવું, ક્રિ૰ અ૰ સણગાર સજવો-ધારણ કરવો. ૨ શોભીતું થવું; દેખાવડાં બનવું.
સણગાર, પુ૰ [સં૰ શૃંગાર] સારાં વસ્ત્ર; ઘરેણાં; વસ્ત્રાભૂષણ. ૨ એકાદી વસ્તુને શોભાવનાર તેને અડકેલો જે સાજ તે.
સણગારવું, ક્રિ૰ સ૰ સણગાર સજવો-ધારણ કરાવવાં.
સણગો, પુ૰ કઠોળ વગેરે પલાળી મુક્યાથી તેના અકેકા દાણામાંથી જે તન્તુ બાર નિકળેલો જણાય છે તે.
સણફગ, સ્ત્રી૰ એક ઠેકાણેથી જમીન ખોદી પછી ઉપરની સપાટી ન તૂટીપડે તેવી રીતે આડું ખોદીને જમીનની અન્દર જે લાબુંનેલાબું પોલાણ કરેલું હોય તે. સણફગ ખોદવી-પાડવી અને (દારૂ ભરેલા પદાર્થો ભરી સળગાવી) ફોડવી-ઉરાડવી. ૨ ભીતમાં બાકું પાડવું તે; બાતર. ૩ સણગાવાળી વાલની દાળ.-સણફગદાળ કેવાય છે.
સણબિંડી, શણબિંડી.
સણસણ, અ૰ એવો થતો અવાજ-ઉકળતાં પાણી વગેરેનો.
સણસણવું, ક્રિ૰ અ૰ સણસણ એવો અવાજ કરવો.
સણસણાટ, અ૰ ઉકળતાં પાણીનો પવનનો જોરા ને ઘોડાની ચાલનો જોસ્સા વગેરે બતાવે છે.
સણિયું, ન૰ સણ અથવા સણબિંડીનું બનાવેલું વસ્ત્ર.
સણડાંસ, પુ૰ ગાડેહરવા જવાની બાંધેલી જગા; તાજખાનું.
સત્, વિ૰ [સં૰] સત્ય; ખરેખરૂં હોય-છે તે. ૨ સારું; પુન્ય; શ્રેષ્ઠ; ઉત્તમ. જેમાં સત્ય હોય તેવું-એ શબ્દ બીજા સાથે જોડાય છે-સત્કર્મ, સદ્ગુણ, સદાચાર ઇ૰. ન૰ નિત્ય-સત્ય છે તે પણ.
સત, ન૰ [સત્] સત્ય; જે સાચું તે. ૨ સાચાપણું. [સત્વ] સાર; કસ; હેવત.
સતજુગ, સત્યયુગ.
સતત, અ૰ [સં૰] નિરન્તર; સદૈવ; હમેશ.
સતમ, પુ૰ [ફા૰] જુલમ; ત્રાસ; પરાક્રમ; ખતમ.
સતમી, સ્ત્રી૰ ફુરજા-માડવીમાં દેખડાવાનું માલનું જે બરતિયું તે.
સતર, સ્ત્રી૰ [અ૰] લીંટ; લીટી.
સતાર, સ્ત્રી૰ [ફા૰] છ તારનું એક વાદ્ય છે.
સતારો, પુ૰ [ફા૰] ગ્રહ. ૨ નસીબ.
સતાવવું, ક્રિ૰ સ૰ ચિડવવું; માથું પકાવવું; દુઃખ દેવું.
સતી, સ્ત્રી૰ [સં૰] પતિવ્રત પાળનારી અને સદ્ગુણી સ્ત્રી. ૨ ધણી મુએ કે તેના મુડદાં સાથે બળી મરનારી સ્ત્રી.
સતું, વિ૰ સાચું; સાચાંને માટે પ્રાણ આપનાર. તું એટલા બધા શાનો થાય છે તે હું જાણુંછું. ૨ છતું; પ્રગટ.
સતું, અ૰ એ શબ્દ ક્રિયાપદની સાથે જોડાઇ તે ક્રિયાનું ચાલું રેવું બતાવી બીજી મુખ્ય ક્રિયાસાથે સમ્બન્ધ બતાવેછે. છતું. સતો-તી-તું. સને પણ કેવાય છે.
સત્કર્મ, ન૰ [સં૰] રૂડાં કર્મ; પરોપકારના કર્મ; સદ્ગુણ ભર્યાં કર્મ.
સત્કાર, પુ૰ [સં૰] આદરમાન; વિવેક. [કરવો તે.
સત્કાલક્ષેપ, પુ૰ [સં૰] રૂડાં કામ કરવામાં કાળ નિર્ગમન
સત્તર, વિ૰ દશ ને સાત; ૧૭.
સત્તા, સ્ત્રી૰ [સં૰] હોવું તે. ૨ ધણીપણું; માલીકી. ૩ અમલ; હાકમી; અધિકાર. ૪ શક્તિ; જોર; કૌવત. ૫ ધન; પૈસો.
સત્તાણું, વિ૰ નેવું ને સાત; ૯૭.
સત્તાધારી, વિ૰ સત્તાવાળું.
સત્તાવન, વિ૰ પચાસને સાત; ૫૭.
સત્તાવાન, વિ૰ સત્તાવાળું.
સત્તાવીસ, વિ૰ વીશ ને સાત; ૨૭.
સત્તો, પુ૰ રમવાના પાનાં-પાસાપર જે સાત ચિન્હનો જથો તે. સત્તે એટલે સાતમે દાવે.
સત્ય, ન૰ [સં૰] સચ્ચાઇ; ખરાપણું. ૨ પ્રમાણિકપણું; સાચવટ; ઇમાનદારી. ૩ ચારમાંનો પેલો યુગ.
સત્યતા, સ્ત્રી૰ [સં૰] સાચાઇ; સાચવટ.
સત્યયુગ, પુ૰ [સં૰] ચારમાંનો પેલો યુગ. તે કાળમાં મનુ સત્યશીળ હતા.
સત્યલોક, પુ૰ [સં૰] એક ઉપર એક એમ સાત લોક કેવાય છે તેમાંથી સહુથી ઉપરનો.
સત્યવાદી, વિ૰ [સં૰] સાચું ભાષણ કરનાર. ૨ પ્રમાણિક; ઇમાનદાર. [(જન).
સત્યશીલ, વિ૰ [સં૰] સાચુંજ બોલવાના સ્વભાવવાળું
સત્યાનાસ, ન૰ ધન માલ કુટુંબ કબીલાનો જે મોટો નાશ તે. (સત્તાનો નાશ?).
સત્યાશી-સી, વિ૰ એંશી ને સાત; ૮૭.
સત્ર, ન૰ [સં૰] એ શબ્દ સ્થાન-યજ્ઞ-દાન-આચ્છાદન-અરણ્ય-ધન-ગૃહ-સરોવરને વિષે પ્રવર્તે છે.
સત્રપ, પુ૰ [સં૰] મોટા રાજ્યના એકાદા પ્રદેશનો અધિકારી સુબો.
સત્રશાળા, સ્ત્રી૰ [સં૰] અન્ન જળ પૂરું પાડવાનું સદાવ્રતનું ધામ.

સત્ત્વ, પુ૦ [સં૦] માયાના ત્રણ ગુણમાંનો એક-જેથી શાન્તિ, ક્ષમા, દયા, સત્ય, જ્ઞાન, નીતિની વૃદ્ધિ થાયછે તે. (બીજા ગુણ રજ ને તમ છે). ન૦ મૂળદૈવત; કસ.

સત્વર, અ૦ [સં૦] જલદીથી; ઝપટથી; ત્વરાથી.

સત્સંગ, પુ૦ સાધુનો સંગ. ૨ સારી સંગતિ-સોબત.

સથરપથર, અ૦ વિખરાયલું-જ્યાં ત્યાં જેમ તેમ પડ્યું હોય -છૂટું પડી ગયલું હોય તેવું.

સદ્, સત્ નું બીજા શબ્દ જોડે જોડાતાં જે રૂપ બદલાય છે તે. સદાચાર, સદ્ગુણ ઇ૦.

સદન, ન૦ [સં૦] રેવાનું ઘર; ધામ; મન્દિર.

સદર, વિ૦ [આ૦] મુખ્ય મોટું; ઊંચા દરજ્જાનું. સદરઅદાલત, સદર સ્ટેશન વગેરે. [ઇનસાફદાર.

સદરઅમીન, પુ૦ જડજથી ઉતરતો પેલા દરજ્જાનો દેશી

સદરપરવાનગી, સ્ત્રી૦ કુલમુખત્યારી; ઇચ્છામાં આવે તેમ કરવાની છૂટ-રજા.

સદરહુ, વિ૦ [આ૦] ઉપર-એકવાર કહ્યું છે તે; તેજ.

સદરો, પુ૦ અંગમાં પેરી રાખવાનું છેક ટૂંકી બાંયનું ઝુલતું શીવેલું વસ્ત્ર. પારસીલોક પેરેછે.

સદવું, ક્રિ૦ અ૦ માફક આવવું; સેવું; અનુકૂળ આવવું.

સદળ, વિ૦ જાડું; દળવાળું.

સદા-કાળ, અ૦ [સં૦] હંમેશા; નિરન્તર.

સદાચરણ, ન૦ [સં૦] શુદ્ધ-સારું આચરણ.

સદાચાર, પુ૦ [સં૦] શુદ્ધ-સારો આચાર.

સદાનન્દ, પુ૦ [સં૦] સદા આનન્દ. [રાય છે.

સદાવ્રં, અ૦ હંમેશાના અર્થમાં બેદરકારી બતાવતાં વપ-

સદાવરત-ર્ત, ન૦ [સદાવ્રત] જ્યાં પ્રવાસી જાચકોને હંમેશા ધર્માદા સીધું આપવામાં આવે છે તે ઠેકાણું અથવા એ [જે વ્રત તે.

સદાશિવ, પુ૦ [સં૦] મહાદેવ; શંકર.

સદાસર્વદા, અ૦ [સં૦] હંમેશા. (સદા ને સર્વદા બંને એકજ અર્થમાં છે).

સદી, સ્ત્રી૦ [ફા૦] સો વરસનો જે કાળ તે; શૈકડો; શૈકો.

સદીસા, અ૦ વખાસર; જેટલી વખતમાં કરવું જોઇયે તેટલી વખતમાં; સવેળા.

સદૈવ, અ૦ [સં૦] હંમેશા; સદા.

સદોદિત, વિ૦ [સં૦] નિત્ય પ્રકાશમય.

સદ્ગતિ, સ્ત્રી૦ [સં૦] મુવા પછીની સારી ગતિ; ઉદ્ધાર.

સદ્ગુણ, પુ૦ [સં૦] શુદ્ધ ને સારો ગુણ.

સદ્ગુણી, વિ૦ સારા ગુણવાળું.

સદ્ગૃહસ્થ, પુ૦ [સં૦] સારો ગૃહસ્થ.

સદ્ધર્મ, પુ૦ [સં૦] સાચો ધર્મ. ૨ નીતિથી રૂડે માર્ગે વર્તવું તે; સદાચાર

સદ્બુદ્ધિ, સ્ત્રી૦ [સં૦] રૂડી બુદ્ધિ; રૂડો ઉદેશ.

સદ્મ, ન૦ [સં૦] ઘર.

સદ્ય, અ૦ [સં૦] હમણાજ; તરતજ; જલદી.

સદ્વસ્તુ, સ્ત્રી૦ [સં૦] ખરી ને સારી વસ્તુ.

સદ્વાસના, સ્ત્રી૦ [સં૦] રૂડી વાસના-ઇચ્છા.

સધર, વિ૦ ભારે; મક્કમ. ૨ બેસાદાર; માલમાવાળો.

સધરવું, ક્રિ૦ અ૦ સુધરવું. ૨ થવું; બનવું. ત્યારું કામ સધરચું ?

સધામ, ન૦ [સ્વધામ] દેહ છોડ્યા પછી જીવ જ્યાંથી આવેલા ત્યાં જાયછે તે ઉપરથી તે પોતાનું ઠેકાણું. સધામ પોંચવું એટલે મરીજવું.

સધારવું, સિધારવું; સધાવવું.

સધાવવું, ક્રિ૦ અ૦ જવું; દૂર થવું.

સદ્દર, સધર.

સન, પુ૦ [આ૦] એ શબ્દ હિજરી ને ઇસવી શકના વરસને લગાડવામાં આવે છે. સને.

સનદ, સ્ત્રી૦ [આ૦] એકાદ કામ કરવાને સરકાર-સત્તાવાળાના તરફથી જે મોહોરવાળો કાગળ કોઇને આપવામાં આવ્યો હોય તે. ૨ ફરમાન; હુકમ; બક્ષીમ- [નામું.

સનદી, વિ૦ જેને સનદ મળી હોય તે.

સનમના, સ્ત્રી૦ દિલગિરી; ઉચ્ચાટ. [સધાનું.

સનાતન, વિ૦ [સં૦] હતું છે ને રેશે-તેવું; અનાદ્યન્ત;

સનાન, ન૦ [સ્નાન] સગાંનાં મરણથી તેને નામે જે નાવાનું-વું તે. સનાન કરવું. ૨ મરનારને ત્યાં નહિ પણ તેનાં સગાંને ત્યાં લોક શોક કરવાને એકઠું થવું તે; કાણ-સનાન માંડવાં. સનાનના સમાચાર એટલે માઠા શોક કરવા જેવા.

સનાવિયું, વિ૦ કોઇના મરણની-સનાનની-શોકકારક ખબર આણનાર (માણસ કાગળ વગેરે). જેને સનાન હોય તે. ૨ એને જે અડકેલું તે.

સનિપાત, સનેપાત.

સની, શનિ. સનેઉ-[શનૈઃ] શનિવારે.

સનેપાત, પુ૦ [સન્નિપાત] લવવું મારવું હસવું રોવું થયાં કરે તે રોગ. વાત પીત ને કફ એ ત્રણમાં બગાડ થયેથી વચમાં લવારી વચમાં બેભાનપણું એવો જે તાવ આવે છે તે. ઘણુંકરીને મરણ થવાની આગમજ.

સન્ત, પુ૦ [સં૦] સાધુ; ત્યાગી; વૈરાગી; ઇશ્વરભજન અને જ્ઞાનચર્ચામાં ગુંથાયલો સત્પુરુષ.

સન્તતિ, સ્ત્રી૦ [સં૦] ગોત્રવૃદ્ધિ; વંશવિસ્તાર; ઓલાદ.

સન્તલસ, સ્ત્રી૦ ખોટું કામ કરવાનો મનસુબો; મસલહત.

સન્તાડવું, ક્રિ૦ સ૦ છુપાવવું; ગુપ્ત રાખવું; ઢાંક્યું રાખવું.

સન્તાન, ન૦ [સં૦] છૈયાં છોકરાં; વસ્તાર.

સન્તાપ, પુ૦ [સં૦] ગુસ્સાથી થતી જે અકળામણ તે; તાપ; દુઃખ. [બાળવું.

સન્તાપવું, ક્રિ૦ સ૦ ચિડવવું; તપાવવું; દુઃખદેવું; અક-

સન્તાવું, ક્રિ૦ અ૦ છુપાવું; ગુપ્ત રેવું; ખુણામાં ભરાવું.

સન્તુષ્ટ, વિ૦ ધા૦ [સં૦] સન્તોષ પામેલું; ધરાયલું.

સન્તોખ, સન્તોષ.
સન્તોખવું, ક્રિ૦ સ૦ સન્તોષ પમાડવો; પ્રસન્ન કરવું; તૃપ્ત કરવું. સન્તોખવું-સન્તોષ પામવો.
સન્તોષ, પુ૦ [સં૦] ઇચ્છા પુરી પડવી તે; ધરાવું તે; તૃપ્ત થવું તે. ૨ નિરાંત રાખવી તે; ધીરજ. ૩ પ્રસન્ન સ્વભાવ; ખુશમિજાજ.
સન્તોષી, વિ૦ [સં૦] તૃપ્ત; ધરાયલું. ૨ નિરાંતે રેનાર; ધૈર્યવાન્. ૩ ખુશમિજાજી; આનન્દી.
સન્દર્ભ, પુ૦ [સં૦] વાક્યમાં આગળ પાછળના શબ્દાર્થનો પરસ્પર જે સમ્બન્ધ તે.
સન્દેશો, પુ૦ [સન્દેશ] કેણ; સમાચાર મોકલેલા અથવા કહીંથી આવેલા તે; પેગામ.
સન્દેહ, પુ૦ [સં૦] શક; શઙ્કા; સંશય.
સન્ધાન, ન૦ [સં૦] જોડાવું તે. ૨ જોગ; લાગ; વખત. ૩ સાહિત્ય સામગ્રીનું અનુકૂળ આવી મળવું તે. ૪ તાકવું તે; લક્ષ; નિશાન.
સન્ધાની, વિ૦ [સં૦] લાગ જોવે-યત્ન કરવે-ફળ પામવે જે દક્ષ-ચતુર તે; સન્ધાન સાચવનાર.
સન્ધારો, પુ૦ ભાગાં વાસણને રેણ દઈ સાંધનારો; કંસારો.
સન્ધિ, સ્ત્રી૦ [સં૦] જોડવું તે. ૨ અક્ષરોનું એકમેક સાથે જોડાઈ મળી રેવું તે (વ્યાકરણમાં). ૩ જોગ; અનુકૂળ સમય; લાગ; ટાંકણું. ૪ સ્નેહ-મેળાપ કરાવવો અથવા હોવો તે (સન્ધિ વિગ્રહ).
સન્ધિવા, પુ૦ [સન્ધિવાત] શરીરના સાંધા રઈ જાય તેવો રોગ.
સન્ધું. વિ૦ સઘળું; આખું. એ શબ્દ સઙ્ખ્યા બતાવે છે ત્યારે સન્ધા, સન્ધી, સન્ધાં એવાં રૂપ ધરે છે.
સન્ધે, અ૦ બધે; સઘળી જગોએ.
સન્ધે, સન્દેહ.
સન્ધ્યા, સ્ત્રી૦ [સં૦] બ્રાહ્મણ ક્ષત્રી ને વૈશ્ય એ ત્રણ જાતના જનોઈવાળાએ નિત્ય પ્રાતઃકાળે, મધ્યાન્હે ને સાયંકાળે કરવાનું જે ધ્યાન કર્મ તે. સન્ધ્યાવન્દન કેવાય છે-સન્ધ્યાએ વન્દન કરવું=સન્ધ્યા બાંધવી. ૨ સાંજ; દીવાબત્તી. ૩ રાત પુરી થઈ ને સુરજનું ઉગવું એ બેની વચમાંનો સમો; ભળભાંખળું; ઝળઝળું. ૪ દાડો પુરો થવો ને રાત પડવી એ બેની વચમાંનો સમો; દિનાન્ત; ધુંધરખું; સમીસાંજ.
સન્ધ્યાકાળ, પુ૦ સમીસાંજ; દીવા થવાની લગભગનો વખત; સાંજની સંધ્યા કરવાનો સમો.
સન્નિધ, અ૦ [સં૦] પાસે; સોડે. સન્નિધાન, ન૦ પાસેનું તે; લગોલગ તે. ૨ ભાસ પડવો-દેખાવું તે.
સન્યસ્ત-ન્યાસ, ન૦ [સં૦] સન્યાસી થવું તે; સન્યાસીનાં જે કર્મ તે.
સન્યાસી, પુ૦ [સં૦] આશ્રમીનો અધિકારી એવો જે પુરુષ સંસાર ત્યાગ કરી સાધુ દીક્ષા લે તે.
સન્માન, ન૦ [સં૦] સત્કાર; વિવેક. ૨ રુડિ પ્રતિષ્ઠા.
સન્માર્ગ, પુ૦ [સં૦] સાચો માર્ગ; રુડો માર્ગ.
સન્મુખ, અ૦ [સંમુખ] મોડાંની સામે; સામેનું.
સપકણ, સગપણ.
સપ્ટમ્બર, પુ૦ [અં૦] અઙ્ગરેજી નવમો મહિનો.
સપટાવવું, ક્રિ૦ સ૦ વચમાં કંઈ અન્તર ન રે તેવી રીતે બન્ધ કરવું; સજડ કરવું.
સપડાવવું, ક્રિ૦ સ૦ આંટીમાં લેવું. ૨ ધમકાવવું.
સપડાવું, ક્રિ૦ અ૦ પેચ-આંટી-ધાસ્તીમાં આવવું; પકડાવું. ૨ ઠપકામાં આવવું. ૩ હેરાન થવું; પીડિત થવું (રોગે).
સપત, શપત.
સપન-નું, સ્વપ્ન.
સપરમો, વિ૦ રૂડો-હરખનો-ખુશાલીનો (દાડો).
સપરાણું, વિ૦ સઘળું; બધું; સરવસ.
સપરિવાર, વિ૦ પરિવાર સાથે.
સપાટ, વિ૦ ઊંચું નીચું નહિ પણ એકસરખું તે. સપાટ જમીન. ૨ ગોળ નહિ પણ ચપટા આકારનું. ૩ પુરેપુરું; તળિયાઝાટક; બધું.
સપાટાબન્ધ, અ૦ સપાટામાં.
સપાટિયું, ન૦ વાંસ અથવા બરૂની ચીપ.
સપાટી, સ્ત્રી૦ સપાટપણું. ૨ સપાટ એવી જે જમીન વગેરે તે. ૩ જમીનનો ઉપલો જે સપાટ ભાગ તે.
સપાટો, પુ૦ જોરાવાળી જે દોડ તે. ૨ પવનનું જોરથી જે ફુંકવું તે. ૩ ચાબક કોરડાનો જે ઉપરાઉપરી માર પડે તે એકેકો. ૪ જોરાથી ચાલવું તે. કામ વેપારનો સપાટો.
સપારું, ન૦ પાડ. સપારું છે? સપારું શેનું ચડાવે છે?
સપુરત, સ્ત્રી૦ સોંપવું તે; ભલામણ કરવી તે. ૨ હવાલે કરવું તે; સ્વાધીન કરવું તે. સપુરત કરવી.
સપૂત, પુ૦ [સુપુત્ર] સારો છોકરો.
સપેત, વિ૦ સફેત.
સપ્ત, વિ૦ [સં૦] સાત.
સપ્તઋષિ, પુ૦ [સં૦] કશ્યપ, અત્રિ, ભરદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને વશિષ્ઠ એ સાત ઋષિ. ૨ તે સાત તારાનો જે ઝુમખો તે (આકાશમાં).
સપ્તદ્વીપ, પુ૦ [સં૦] જમ્બુ, કુશ, પ્લક્ષ, શાલ્મલી, ક્રૌઞ્ચ, શાક ને પુષ્કર.
સપ્તધાતુ, પુ૦ [સં૦] સોનું, રૂપું, તાંબું, સીસું, કલઈ, લોઢું ને કાંસું. ૨ રસ, લોઈ, માંસ, ચરબી, હાડકાંમાંનો માવો, હાડકાં ને રેત-વીર્ય.
સપ્તસ્વર, પુ૦ [સં૦] ગાયનના મૂળ સાત સ્વર-સા, રી, ગ, મ, પ, ધ, ની.
સપ્તાહ, સ્ત્રી૦ [સં૦] સાત દિવસમાં ભાગવતનું પારાયણ કરવું તે.

સપ્પટ, વિ૦ બેસતું; સજ્જડ; વળગેલું; છેકજ પાસપાસે આવ્યું હોય તેવું.

સફ, ન૦ ગ્રાંટું; સીંડું.

સફર, સ્ત્રી૦ [આ૦] એક બન્દરથી બીજે બન્દર વાણ લઈજવું તે-વાણમાં બેસી જવું તે. (એકવાર જવું તે એક સફર, બીજીવાર તે બીજી સફર એમ કેવાય છે). ૨ વાણ ખેડવાનો ધન્ધો.

સફરી, વિ૦ લામ્બી મુસાફરી કરનારૂં (વાણ).

સફળ, વિ૦ ફળવાળું. ૨ ફળ મળ્યું હોય-લાભ થયોહોય તેવું; સિદ્ધ; પારપડેલું; પ્રમાણરૂપ.

સફા, સાફ.

સફાઈ, સ્ત્રી૦ [હિં૦] કચરો-મેલ ન હોય તેવી હાલત; સ્વચ્છતા; સુઘડતા. ૨ નિડરપણે બોલવાની, કામ કરવાની જે ચાલાકી ભરેલી છુટા તે. ૩ મનમાં આંટી ન રાખતાં જે ચોખ્ખેચોખ્ખું બતાવવું તે. ૪ ગુચવણ જઈ જે ચોખ્ખું-નક્કી થવું તે (તે મુકરદમાની સફાઈ થઈ).

સફીલ, સ્ત્રી૦ કિલ્લા-કોટ-મકાન-ઘરની ચારે દિશાની હદને લગતી પાસેની જેટલી જમીન તે; પડોસ.

સફીલદાર, પુ૦ એકની હદ-દિવાલને લગતી જે બીજાની દિવાલ-જમીન-હદ હોય તે ધણી.

સફું, ન૦ [ફા૦] પૃષ્ઠ; પાનાનું એક પાસું.

સફેત, વિ૦ [ફા૦] ઉજળું; ચળકતું ધોળું.

સફેતી, સ્ત્રી૦ ઉજળું-ધોળું કરવું તે. ૨ (ધોળેલા ચુનાની). ૩ (ઈંડાંની અન્દરની).

સફેતો, પુ૦ [ફા૦] રંગના કામમાં આવતો ખડી સરખો એક જાતનો ધોળો પદાર્થ.

સફો, સફું.

સફૂકું, ન૦ ગ્રાંટું.

સબક, પુ૦ [આ૦] ધડો; પાઠ.

સબજી, સ્ત્રી૦ [ફા૦] પીવાને તૈયાર થયલી જે ભાંગ તે; લીલાં પાણી. ૨ ભાંગ. [ડમરો.

સબજો, પુ૦ [ફા૦] એક જાતનો સુગન્ધ આપતો છોડ;

સબડાક, અ૦ એવો થતો અવાજ.

સબડાવવું, ક્રિ૦ સ૦ છેક પાણી જેવી નરમ નહિ પણ થોડીક ઘાડી એવી વસ્તુને હાથેવતી લઈ અવાજ સાથે મોમાં મુકવી. ઘેંસ, શિખણ્ડ, બાસુદી, કઢી વગેરેને સબડાવવી. [તે વાસ્તે.

સબબ, પુ૦ [આ૦] હેતુ; ઉદેશ. ૨ તકરાર-કારણ અથવા તેના દાખલા. અ૦ ઉપર પ્રમાણેછે માટે; તે ઉપરથી, [છે તે.

સબર, સબુર-રી.

સબરસ, ન૦ લુણ; મીઠું; નિમક-બેસતે વરસે સવાર વેચા-

સબળ, વિ૦ [સં૦] બળવાન; જોરાવર. ૨ સગુણ (બ્રહ્મ).

સબળું, સબળ (૧ લા અર્થમાં).

સબી, સ્ત્રી૦ [સં૦] છબિ-કાન્તિ. ૨ શોભા. ફા૦ છબી; તસવીર.

સબુર-રી, સ્ત્રી૦ [આ૦ સબર] ધીરજ; સહનશક્તિ. અ૦ સબર-સબુર એટલે ધીરજ પકડ; અટક.

સભા, સ્ત્રી૦ [સં૦] માનવન્તા અથવા વિદ્વાનજનોનું જે એકઠું મળવું તે; મણ્ડળી.

સભાસદ, પુ૦ [સભાસત્] સભા-મણ્ડળીમાંનો એક જણ.

સભ્ભર, વિ૦ માતબર; પૈસે ભરપૂર. ૨ સબળ.

સભ્ય, વિ૦ [સં૦] સભાશોભતું; વિવેકી; લયાકતવાળું.

સભ્યતા, સ્ત્રી૦ [સં૦] સભ્યપણું.

સમ્, ઉ૦ [સં૦] એ ઉપસર્ગ, સંને રૂપે, સાથે-જોડેના અર્થમાં, સુન્દર-સારૂંના અર્થમાં અને અતિશયના અર્થમાં વપરાયછે.

સમ, વિ૦ [સં૦] સરખું; સમાન. ૨ સપાટ. ૩ બેકીની સઙ્ખ્યાવાળું. ૪ નિષ્પક્ષપાત; જેને મિત્ર ને શત્રુ સરખા હોય તે. [આપવા-લેવા-ખાવા.

સમ, પુ૦ [આ૦ કસમ] સોગન; શપત. સમ ઘાલવા-

સમઈ, સ્ત્રી૦ પિત્તળની દીવી. [તેવું.

સમકાળી, વિ૦ [સમકાલીન] એકજ કાળે હોય-થયું હોય

સમક્ષ, અ૦ [સં૦ સમ્; અક્ષિ] નજર આગળ; મોડાં-આગળ.

સમગ્ર, વિ૦ [સં૦] સઘળા; દરેકજણ; મણ્ડળીના જેટલા તે બધા. ૨ આખું; સર્વું; તમામ.

સમચોરસ, વિ૦ [સમચતુરસ્ર] ચાર ખુણા સરખા-ચાર બાજુ સરખી લમ્બાઈની હોય તેવું.

સમજ-ણ, સ્ત્રી૦ [હિં૦] તોલનાથી વિચાર કરવા પેલાં કોઈ વાતને મનમાં સારીપેઠે ઉતારવી તે-તે સમ્બન્ધી વાકફગારી મેળવવી તે. ૨ તોલના કરવાની-વિચાર કરવાની જે શક્તિ-તે; જ્ઞાન; શોધકબુદ્ધિ.

સમજણું-વાર, વિ૦ સમજવાળું.

સમજદાર, વિ૦ સમજુક.

સમજવું, ક્રિ૦ સ૦ [હિં૦] કોઈ વાતને સારીપેઠે મનમાં ઉતારવી; કોઈ વાત સમ્બન્ધી વાકફગારી મેળવવી-અથવા તેની મનમાં તસવીર બાંધવી. ૨ ખરાં ખોટાંની-સારાં નરસાંની તોલના કરવી; વિચાર કરવો; ખોળ કરી નક્કી કરવું.

સમજાવવું, ક્રિ૦ સ૦ પ્ર૦ સમજે તેમ કરવું. ૨ પોતાની તરફનું કરી લેવાને કોઈ માણસને ખોટું ખોટું કેવું; પટાવવું. ૩ ઉસકેરવું.

સમજુ-ક, વિ૦ સારી સમજવાળું. ૨ ડાહ્યું; વિવેકી.

સમજુતી, સ્ત્રી૦ સમજ. ૨ સલાહ; મસલહત.

સમડી, સ્ત્રી૦ એક જાતનું પક્ષી. ૨ શમીનું ઝાડ.

સમડો, પુ૦ સમડીનો નર પક્ષી. ૨ શમીની જાતનું ઝાડ. ૩ એક જાતનો છુરકી નાખનારો બાવો.

સમણુ, ન૦ જેટલું જે સમાય તેટલું તે-જેવાં ગરમ પાણીથી નવાય તેવું તે કરવાને જેટલું જે ટાઢું પાણી માંય નાખવાનું તે.

સમાણું, ન૦ સ્વપ્ન સાણું. સમણું લાધવું-આવવું.

સમાણી, સ્ત્રી૦ સોનીનું એક એજાર.

સમતોલ, વિ૦ સરખાં તોલનું. ૨ સરખું (સમતુલ્ય).

સમદર્શી, વિ૦ [સં૦] બે તરફ સરખી નજરે જોનાર; નિષ્પક્ષપાતી.

સમદુઃખી, વિ૦ [સં૦] સરખાં દુખમાં હોય તે (જન).

સમદૃષ્ટિ, સ્ત્રી૦ [સં૦] સરખી નજર; અદલપણું.

સમદો, પુ૦ નવું સાદું (રફગ વગરનું) ચામડું.

સમધાત, વિ૦ ઘણી ગરમી પણ ન કરે ને ઘણી ટાઢક પણ ન કરે તેવું (ખાસડ વગેરે).

સમન, પુ૦ [અં૦] હાજર રેવાનો સરકારથી જે હુકમ તે.

સમન્ધ, સમ્બન્ધ.

સમભાગ, પુ૦ [સં૦] સરખો ભાગ. [લાગ; સન્ધિ.

સમય, પુ૦ [સં૦] વખત; કાળ. ૨ રત; મોસમ. ૩

સમયસૂચકતા, સ્ત્રી૦ [સં૦] જે સમયે જે બોલવું-કરવું જોઈયે તે સમયે તરત તે બોલવા-કરવાનું સુઝી આવવું [તે.

સમર, પુ૦ [સં૦] યુદ્ધ; લડાઈ.

સમરણ, સ્મરણ.

સમરણી, સ્ત્રી૦ હાથમાં રાખવાની થોડા મણકાની માળા.

સમરથ, સમર્થ. [લું દુરસ્ત થવું.

સમરવું, ક્રિ૦ અ૦ સુધરવું; બગડેલું ચોખ્ખું થવું; ભાંગે-

સમરવું, ક્રિ૦ સ૦ સ્મરણ કરવું; સમ્ભારવું.

સમરાંગણ, ન૦ લડાઈનું મેદાન; યુદ્ધક્ષેત્ર.

સમરાવવું, ક્રિ૦ સ૦ ભાંગેલું તુટેલું દુરસ્ત કરાવવું; ચોખ્ખું કરાવવું; ખરું કરાવવું. સમરાવું-દુરસ્ત થવું.

સમર્થ, વિ૦ [સં૦] જોરાવર; શક્તિમાન્. ૨ જેની મનશક્તિ મોટી હોય તે; નિપુણ; કાબેલ. ૩ મોટું; ભારે; ઘણો પૈસો ખરચાયો હોય તેવું (કામ). ૪ પૈસાદાર; ધનવાન. ૫ સમ્બન્ધમાં રેલો અર્થ.

સમર્પણ, ન૦ [સં૦] આપી દેવું તે. ૨ તન મન ધન દેવ ગુરુને સ્વાધીન કરી દેવાં તે. ૩ એની જે દીક્ષા તે.

સમર્પણી, વિ૦ સમર્પણની દીક્ષા લેનાર. ૨ વલ્લભમતના પુષ્ટીમાર્ગને માનનારો તન મન ધન અર્પણ કરવાની દીક્ષા જેણે લીધી હોય તે.

સમર્પવું, ક્રિ૦ સ૦ ભક્તિમાં આપવું. ૨ પૂજા કરવી; આપીને પૂજવું.

સમલો, પુ૦ તારાટપકી જરીહોય એવી મુસલમાનની પાઘડીસાઈ બાજુની ટોપી.

સમવયી, વિ૦ [સં૦] સરખી ઉમરનું.

સમવું, ક્રિ૦ અ૦ માવું; કોઈ વસ્તુની અન્દર ભરાવું. ૨ શાન્ત-નરમ પડવું; ધીમું થવું. ૩ હોલાવું; બુજાવું.

સમશીર, શમશેર.

સમષ્ટી, સ્ત્રી૦ સર્વનો એકમાં સમાવેશ થતો એવી સર્વની એકમાં સ્થિતિ તે; વિરાટસ્વરૂપ.

સમસાન, સ્મશાન.

સમસાનિયું, વિ૦ મુડદાંની સાથે સમસાન જનાર; ડાઘુ; સનાન-કાણમાં સામેલ થનાર. ૨ સમસાનનું-જેવું.

સમસ્ત, વિ૦ [સં૦] સઘળું. ૨ સઘા; સર્વે.

સમસ્યા, સ્ત્રી૦ [સં૦] ઉત્તર લેવાને જે થોડુંક અથવા રૂપકમાં સઘળુંજ કેવું તે. ૨ છુપી રીતે જણાવવું-કેવું તે; સઙ્કેત; સાન.

સમાગમ, પુ૦ [સં૦] હળવું મળવું તે; સાથે રેવું તે; સઙ્ગતિ. ૨ પિછાન; ઓળખાણ.

સમાચાર, પુ૦ [સં૦] ખબર; વર્તમાન; બાતમી. ૨ સગાંવાલાં, ગરીબ ગુરબાંની હાલત વિષે જે પુછપાછ-જાણ તે.

સમાજ, પુ૦ [સં૦] મણ્ડળી; સભા; પ્રતિષ્ઠીત સમૂહ.

સમાણુ, સમણુ.

સમાણું, વિ૦ [સમાન] સરખું.

સમાણો, પુ૦ સોનીનું ઓજાર જે કડીઓ વાળવાના કામમાં આવે છે તે. [દેવડી.

સમાધ, સ્ત્રી૦ સન્યાસી-સાધુ-ગોસાઈ જ્યાં દટાયો હોય ત્યાં પથરા છોગનું જે ચણતર દેરી વગેરે કરવું હોય તે;

સમાધાન, ન૦ [સં૦] ગુચવણ-ચિન્તા-દુઃખ થકી પતી-જવું તે; છુટકારો; નિવેડો. ૨ પ્રસન્ન હાલત; નિરાંત. ૩ તકરારનો ખુલાસો થવો તે.

સમાધાનિ, સ્ત્રી૦ સમાધાન.

સમાધિ, સ્ત્રી૦ [સં૦] એકાગ્રચિત્તે ઊંડું ધ્યાન ધરવું તે. ૨ એક રીતનો યોગાભ્યાસ-યોગનું આઠમું અઙ્ગ-પ્રાણવાયુને ચડાવી બ્રહ્માણ્ડમાં સ્થિર રાખવો તે. એમ કેવાય છે કે સમાધિથી માથાં તાળવાં સિવાયે બધું શરીર શબ જેવું થાય છે-માત્ર તે એક હાલ્યાં કરે છે-સમાધિ ચડાવવી-ઉતારવી કેવાય છે. સમાધિ લેવી એટલે સાધુ સંન્યાસીયે સમાધિ ચડાવી જીવતાં પોતાની મેળે પાણીમાં ડુબવું અથવા જમીનમાં દટાવું તે.

સમાન, વિ૦ [સં૦] સરખું. ૨ સપાટ.

સમાનવૃત્તિ, સ્ત્રી૦ [સં૦] મનની સર્વકાળ એકસરખી હાલત (સુખદુઃખ-ઊંચનીચ-મોટુંનાનું એ સમ્બન્ધી).

સમાન્તર, વિ૦ [સં૦] સરખે અન્તરે હોય તેવું.

સમાપ્ત, વિ૦ [સં૦] પૂર્ણ; પુરું; છેડો આવેલો હોય તેવું.

સમાપ્તિ, સ્ત્રી૦ [સં૦] પુરૂં કરવું-થવું તે; છેડો; આખર; શેવટ; અન્ત; પાર.

સમારમ્ભ, પુ૦ [સં૦] ઠાઠમાઠથી આરમ્ભ કરી યુક્તિથી ગોઠવણ કરીને કામ ચલાવવું તે (કોઈ ધર્મક્રિયા અથવા મોટાં કામનો).

સમારવું, ક્રિ૰ સ૰ બગડેલું સુધારવું; ફેરફાર કરી દુરસ્ત કરવું. ૨ છોલી કાપી રસોઈને સારુ તૈયાર કરવું; ઝીણવું; ભાળવું (શાક).

સમાલવું, ક્રિ૰ સ૰ એકાદી નુકસાનીમાં ફસીપડતા એકાદા માણસને બચાવવું; રક્ષણ કરવું. ૨ કોઈ પણ વસ્તુ-કામને એકાદી ગુંચવણ-હરકતમાં આવી પડતું નાશ પામતું અટકાવવું. ૩ તપાસવું; ચોકસી રાખવી.

સમાવ, પુ૰ સમાવું તે; જગો; વગ; સમાસ.

સમાવવું, ક્રિ૰ સ૰ કોઈ ચીજમાં કોઈ ચીજ માંય-અન્દર ભરાઈ રે તેમ કરવું. ૨ કોઈ ઠેકાણે કોઈનો સમાસ થાય તેમ કરવું. ૩ ડાબવું; નરમ પાડવું; દિલમાંથી બાર ન નિકળે પણ દિલમાંજ રે તેમ કરવું.

સમાવું, ક્રિ૰ અ૰ કોઈ વસ્તુની અંદર માવું-ભરાઈ રેવું. ૨ કોઈ ઠેકાણે કોઈનો વગ-સમાસ થવો. ૩ જોસ્સો નરમ પડવો-ડબાવો.

સમાવેશ, પુ૰ [સં૰] સમાવું-માવું-સમાસ થવો તે.

સમાસ, પુ૰ [સં૰] સમાવું તે; કોઈ ઠેકાણે બેસવા-રેવા-ની જગો થઈ શકવી તે. ૨ (વ્યાકરણમાં) જૂદા જૂદા અર્થના બે શબ્દો સાથે મળવાથી એક અર્થ વાચક જે એક શબ્દ થવો તે.

સમી, શમી.

સમીકરણ, ન૰ [સં૰] સરખું કરવું તે. ૧ એક રીતનું ગણિત.

સમીપ, અ૰ [સં૰] પાસે; નજીક; ઢુંકડે.

સમીર, પુ૰ [સં૰] વાયુ; પવન.

સમીસાંજ, સ્ત્રી૰ સન્ધ્યાકાળ; દિવા વખત; દિનાન્ત.

સમું, વિ૰ બરોબર; દુરસ્ત; ખરૂં. ૨ રોગ જઈને સારૂં થયલું હોય તેવું; સાજું. ૩ સરખું; સમાન.

સમુદાય, પુ૰ [સં૰] જથો; ટોળું. ૨ સઙ્ગ્રહ. સમુદય એ શબ્દ પણ સંસ્કૃતમાં છે.

સમુદ્ર, પુ૰ [સં૰] દરિયો.

સમુરત, ન૰ સારૂં મુહૂર્ત.

સમુળગું-ળું, અ૰ કંઈ પણ-જરાએ-થોડું પણ (નહિની સાથે જોડાય છે). ૨ બિલકુલ; તમામ.

સમૂહ, પુ૰ [સં૰] ટોળું; જથો. ૨ ઢગલો.

સમૃદ્ધિ, સ્ત્રી૰ [સં૰] પુષ્કળપણું; ઘણું હોવું તે; છુત; રેલછેલ. ૨ આબાદી; ઉત્કર્ષ; સુખી હાલત; સઘળાં સુખની છુત.

સમે, સમય.

સમેટવું, ક્રિ૰ સ૰ [સં૰] આટોપવું; સઙ્કેલવું. ૨ પતાવવું; છેડો આણવો.

સમેત, અ૰ [સં૰] સાથે આવેલું; સઙ્ગતમાં; સાથે.

સમેદાની-ની, સ્ત્રી૰ પિત્તળની દીવી.

સમો, [સમય].

સમોવડ-ડિયો, વિ૰ સરખું; સમાન; તુલ્ય; સરખેસરખા-માંનો એક.

સમ્પ, પુ૰ ઐક્ય; એકઠાંપણું; એકદિલી; એકમત થવું તે. ૨ એકઠાં મળી કામ કરવું તે.

સમ્પત, સ્ત્રી૰ [સમ્પદ્] સમ્પતિ; વૈભવ.

સમ્પત્તિ, સ્ત્રી૰ અતિ વૈભવ; દોલત; ધન. ૨ પ્રાપ્ત થયલું-મેળવેલું તે.

સમ્પન્ન, વિ૰ [સં૰] સમ્પત્તિવાળું. ૨ પ્રાપ્ત થયલું; મેળવેલું.

સમ્પસમ્પીલું, વિ૰ પરસ્પર સમ્પ બાંધ્યો-કર્યો હોય તે-તેવું.

સમ્પાદન, ન૰ [સં૰] સમ્પાદવું તે.

સમ્પાદવું, ક્રિ૰ સ૰ પ્રાપ્ત કરી રાખવું; ભેગી મુકવું. ૨ કામ કાઢી લેવું.

સમ્પી-લું, વિ૰ સમ્પવાળું; એકદિલ; એકમત. ૨ સાથે રહી એકમતથી કામ કરનાર.

સમ્પુટ, ન૰ [સં૰] એક ચતું રાખી તેનાપર તેજ જાત-ઘાટનું ઊધુંવાળી રાખેલાં કોડીયાં વાસણ વગેરેનું જે જોડકું તે.

સમ્પૂર્ણ, વિ૰ [સં૰] પુરું કરેલું; છેડો આણેલો હોય તેવું. ૨ પૂરૂં; આખું; બધું.

સમ્પ્રદાન, ન૰ [સં૰] (વ્યાકરણમાં) જેને ઉદ્દેશી ક્રિયા હોય તે; નામનો ચતુર્થી વિભક્તિનો જે અર્થ તે. તેને માટે રસોઈ કરીમુકવી છે જો.

સમ્પ્રદાય, પુ૰ [સં૰] વૈવટ; ચાલતું આવેલું તે; રીત; ચાલ. ૨ ધર્મ ઉપરથી નિકળેલો કોઈ માર્ગ; ધર્મમત.

સમ્બન્ધ, પુ૰ [સં૰] બે અથવા વધારે પ્રાણી અથવા વસ્તુનું (પ્રત્યક્ષ અથવા કલ્પિતનું) એક બીજા સાથે એકાદી વાતે એકાદી રીતે જોડાવું તે અથવા જોડાયલી એવી જે હાલત તે; વળગણ; લગવાડ. ૨ સગપણ.

સમ્બન્ધી, વિ૰ સમ્બન્ધવાળું-રાખનારૂં. ૨ સગું.

સમ્બન્ધી સર્વનામ, ન૰ (વ્યાકરણમાં) જે ને એ પર-સ્પર સમ્બન્ધ રાખી રે છે તે.

સમ્બોધન, ન૰ [સં૰] બોધ કરવાને બોલાવવું તે; દૂર હોય-મરીગયું હોય તેને તેડી દેવું તે. ૨ (વ્યાકરણમાં) એ નામની વિભક્તિ અથવા એ વિભક્તિ દર્શક શબ્દ-ઓ, રે, હે.—ઓ પ્રભુ, રે દીકરી, હે પુરખ!

સમ્ભવ, પુ૰ [સં૰] બનીશકવું તે; બને તેવી જોગવાઈ-હાલત-તેવો દેખાવ.

સમ્ભવવું, ક્રિ૰ અ૰ સમ્ભવ હોવો.

સમ્ભવિત, વિ૰ [સં૰ સમ્ભાવિત] બને તેવું; સમ્ભવ હોય તેવું.

સમ્ભળાવવું, ક્રિ૰ સ૰ કોઈની આગળ કેવું-ગાવું કે તે સાંભળે. ૨ કોઈ ત્રીજો શખસ સાંભળી શકે તેવી રીતે સામાધણીને કેવું.

સમ્ભાર, પુ૰ અથાણામાં પુરવા-ભરવાનો મસાલો. મેથી મરચાં હીંગ મીઠું વગેર.

સમ્ભારણું, ન૰ જેથી સ્મરણ થાય-રે તે (ભેટમાં આવેલું); સાંભરણાં કરે તેવી હકીકત-વાત.

સમ્ભારવું, ક્રિ૦ સ૦ સ્મરણ-યાદ કરવું. તે મને સમ્ભારેછે. ૨ સ્મરણ કરાવવું. મારે બોલવાનું છે પણ તું મને સમ્ભારજે.

સમ્ભારિયું, વિ૦ સમ્ભારવાળું.

સમ્ભાવના, ન૦ [સં૦] સમ્ભવ. ૨ એ નામનો એક અલઙ્કાર (સાહિત્યશાસ્ત્રમાં).

સમ્ભાવિત, વિ૦ [સં૦] સમ્ભવિત. ૨ પ્રતિષ્ઠીત; સુઘડ ગૃહસ્થાઈવાળું. [તે.

સમ્ભાષણ, ન૦ [સં૦] વાતચિત; પરસ્પર જે ભાષણ કરવું

સમ્ભાળ, સ્ત્રી૦ કાળજી; રક્ષણ; આસરો-ટેકો આપવો તે. ૨ ચોકશી; તપાસ.

સમ્ભાળવું, ક્રિ૦ સ૦ પાળવું; સારી હાલતમાં આણવાને મેહેનત લેવી; આસરો આપવો; રક્ષણ કરવું. ૨ નુકસાન-દુઃખમાં પડતું બચાવવું; અટકાવવું. ૩ કાળજી-ચોકસી-તપાસ રાખવી; સાવધ રેવું.

સમ્ભોગ, પુ૦ [સં૦] દર્શ સ્પર્શથી વિલાસ કરવો તે. (શૃંગાર). ૨ સ્ત્રીસાથે સૂવું-સઙ્ગ કરવો તે.

સમ્ભ્રમ, સ્ત્રી૦ [સં૦] ભ્રમણા; બાવરાંપણું.

સમ્મત, વિ૦ [સં૦] એકના મતને જે બીજાનું મત મળતું આવ્યું હોય તે (જન). ૨ માન્ય કરેલું; કબૂલ રાખેલું. ન૦ સમ્મતિ.

સમ્મતિ, સ્ત્રી૦ [સં૦] એકના મત સાથે બિજાનું મળતું આવવું તે; કોઈની દરખાસ્તને ટેકો આપવો તે; કબૂલ રાખવું-પસન્દ કરવું તે.

સમ્મર્દ, પુ૦ [સં૦] ઘાડું યુદ્ધ મચવું તે; ભીડાભીડ; છુંદા-છુંદ.

સમ્માર્જની, સ્ત્રી૦ [સં૦] સાવરણી.

સર, ન૦ [સં૦] સરોવર. ૨ બાણ.

સર, ન૦ [ફા૦] માથું. વિ૦ ઉપરી; મુખ્ય. સરનાયક-નાયકનો ઉપરી, સરનોબત-લડાઈના વાજાં વગાડનારી ટુકડીનો મુખી વગેરે. સર કરવું-જીતિલેવું; તાબે કરવું. (કિલ્લો).

સર, અ૦ બન્ધનમાં રઈને; માન્ય રાખીને; પ્રમાણે; ક્રમે. નિયમસર, કાયદાસર વગેરે. ૨ વખતસર-ઠેરવેલ વખતે. ૩ કામસર-કામ હોય તોજ.

સર, પું૦ (વ્યાજ કાડવામાં) મુદ્દલ રૂપીઆ ને મુદતના મહિનાં એ બેને ગુણવાથી જે આંકડો આવે તે;-મહિના ઉપર દાડા હોય તો રૂપીઆને દાડાએ ગુણવા ને પછી ત્રીસે ભાગતાં જે આંકડો આવે તે સર કેવાય.

સરઈયો, સુરૈયો.

સરકટ, ન૦ તીરનો હાથો; રાડું.

સરકણું, વિ૦ સરકી-લપસી જવાય તેવું (ઢોળાવું).

સરકરવું, ક્રિ૦ સ૦ જીતી લેવું. કિલ્લો સર કરવો. ૨ મોટું કામ પાર પાડવું.

સરકવું, ક્રિ૦ અ૦ [સં૦ સરણ] જવું. ૨ ખસવું. ૩ ભૂસવું. ૪ લપસવું. સરકીજવું-લપસીજવું.

સરકસ-ગસ, ન૦ [ફા૦] વરઘોડો. ૨ તમાશો. ૩ ઘોડાની દોડનો તમાશો.

સરકાર, સ્ત્રી૦ [ફા૦] રાજ્યસત્તા ધરાવનાર મુખ્ય અધિકારી; રાજા. ૨ પ્રજાના રક્ષણ તથા તેઓના સુખને માટે જે રાજ્યસત્તા તેથી અથવા તેણે ઠેરવેલા જૂદા જૂદા જે અધિકારીઓ તેઓનું દરેકનું જે અધિકારપણું તે. ૩ જેને ત્યાં મોટું કામકાજ ચાલતું હોય-ઘણા માણસો હોય તે ગૃહસ્થ. ૪ ધણી; ખાવંદ. ૫ પ્રેમીજનોમાં જેનું વધારે ચલણ હોય તે (પ્રિય અથવા પ્રિયા) રંડીબાજો પોતાની રાખેલી રાંડને સરકાર કેછે.

સરકારી, વિ૦ સરકાર સમ્બન્ધી. ૨ જાહેર; સૌને ખુલ્લું તે.

સરકો, પુ૦ [ફા૦] ઘણોજ ખાટો થઈગયલો દરાખ વગેરેનો રસ.

સરક્યુલર, ન૦ [અં૦] ઘણે ઠેકાણે ખબર કરવાને ફેરવવામાં આવેલો જે એકાદો લેખ તે.

સરખાવવું, ક્રિ૦ સ૦ બે વસ્તુ સરખી છે કે નહિ તે જોવું; મુકાબલો કરવો. ૨ એકાદી વસ્તુ-કૃતિ બેમાંથી કોની સારી છે તે જોવડાવવું.

સરખું, વિ૦ [સદૃશ] સમાન; સમ; બરોબર; મળતું; તેવુંજ. (રૂપ-ગુણ-ધન-વિદ્યા-જસ-માપ-વજન-આકાર-કદ વગેરેમાં). ૨ ઉપમાવાચક શબ્દ-તેના અક્ષર મોતીના દાણા સરખા છે. એકસરખું એટલે આરંભથી તે અન્ત સુધી વચમાં કંઈ બિનતા નહિ તેવું.

સરખેસરખું, વિ૦ એકના સરખુંજ બીજું હોય તેવું; સભાવડ.

સરગ, સ્વર્ગ.

સરગવો, પુ૦ એક ઝાડ જેના ફુલ સીંગની ફડી ને શાક વગેરે થાય છે; સેકટો.

સરઙ્ગ, પુ૦ વાણનો મોટો ટોલ.

સરઙ્ગ, સ્ત્રી૦ સણઙ્ગ (૧-૨જા અર્થમાં).

સરજાણ-ન, ન૦ [સર્જન] ઉત્પન્ન કરવું તે; નિર્માણ કરવું તે. સરજાણહાર એટલે પેદા કરનાર-નિર્માણ કરનાર ઈશ્વર.

સરજવું, ક્રિ૦ અ૦ ઉત્પન્ન થવું. ૨ નિર્માણ હોવું. સરજાવવું-ઉત્પન્ન-પેદા કરવું. ૨ નિર્માણ કરવું.

સરજોરી, સ્ત્રી૦ [ફા૦] જોર; બળાત્કાર; જુલમ. ૨ તોફાન; સામે થવું તે.

સરઞ્જામ, પુ૦ [ફા૦] કોઈ કામનેસારૂ જરૂરના જે સાધન તે; સામગ્રી; સામાન. ૨ સરકારથી જેને ઘોડા પાલખી વગેરે મળ્યું હોય અથવા જેણે સરકારનાં કામસારૂ ફોજ રાખી હોય તેને તે બધાંને નિર્વાહને માટે સરકારે જે ગામ જાગીર કરી આપ્યાં હોય તે.

સરડવું, ક્રિ૦ સ૦ દોરીયે વાંસ-કામડાં બાંધવાં.

સરડો, પુ૦ ચાર પગનું સાપના જેવાં મોંનું જાનવર-કેટલાક સિંદુરિયા રઙ્ગના ને કેટલાક ધોળાડીથી જરાક

સપેતં રફૂમે હોય છે. કેવત-"મુરડાએ ફીધી સાન ને હિંદુએ મોરચા મુસલમાન."

સરણાઈ, સ્ત્રી૦ મોઢેવતી વગાડવાનું એક વાજું; પિત્તળની પીપી.

સરત, સ્ત્રી૦ શરત. ૨ સરતા; સુરતા.

સરતા, સ્ત્રી૦ સુરત; યાદદાસ્ત; સ્મરણ. ૨ ધ્યાન; ચિત્ત; દૃષ્ટિ.

સરદાર, પું૦ [ફા૦] આગેવાન; દોરનાર; મુખ્ય; સેનનો અધિપતિ. ૨ અમીર; જાગીરદાર-શ્રીમન્ત.

સરદારી, સ્ત્રી૦ [ફા૦] સરદારપણું.

સરદી, શરદી.

સરનશીન, વિ૦ વડો; મુખ્ય; પ્રમુખ.

સરનામું, ન૦ [ફા૦] બિડેલા કાગળની ઉપર જે નામ ઠામ લખ્યું હોય તે.

સરપણ, ન૦ બાળવાનાં લાકડાં.

સરપાવ, પું૦ [ફા૦] રાજા-મોટા કારભારીએ કોઈને બક્ષીસ આપેલું જે શેલા પાઘડી વગેરે તે.

સરપેચ, સિરપેચ.

સરફરાજી, સ્ત્રી૦ [ફા૦] સ્તુતિ; વખાણ; પદવી વધારવી તે. સરફરાજ-મોટી પદવીનું; નામાંકિત.

સરબત, શરબત શબ્દ જોવો.

સરભર, વિ૦ ઘણુંકરીને બરોબર (જમે ઉધાર, પેદાશ ખરચ વગેરેમાં); પૂરેપૂરું; આમ પણ નહિ વધતું ને તેમ પણ નહિ વધતું; સરભર ખાતું.

સરભરા, સ્ત્રી૦ [ફા૦] મોટા પુરુષને નિમિત્ત જે આદર સત્કાર તે;-તેની સેવા ચાકરી કરવાનું કામકાજ તે.

સરમ, શરમ.

સરમિયો, પું૦ ઝાડાની વાટે નિકળતો કરમ જેવો પણ નાનો ને ઝીણો જે જીવડો તે.

સરવ, ન૦ [ફા૦ સરુ] એક જાતનું ઝાડ-એ સોટાની પેઠે વધતું જાય છે માટે ફારસી કિતાબોમાં ઓરતના ટટાર ને લાંબાં કદને એ ઝાડની ઉપમા આપવામાં આવે છે.

સરવડિયાં, ન૦ થોડો થોડો આવીને રહી જાય એવો વરસાદ. શ્રાવણના સરવડિયાં.

સરવણ, વિ૦ તેલ નાખનાર. બ્રાહ્મણ, સાધુ, ગોસાંઈ વગેરે. બ્રાહ્મણ સરવણ કેવાય છે.

સરવસ, વિ૦ [સર્વસ્વ] સઘળું; બધું. સરવસ ખોઈ બેઠો છે.

સરવાણી, સ્ત્રી૦ પાણીનો ઝરો.

સરવાયું, ન૦ જમે ઉધારના હિસાબનો જે છેલ્લો નક્કી આંકડો તે. ૨ એકંદર આંકડો તે. ૩ લેણા તથા દેવાનો ને શિલકનો જે સરવાળો તે.

સરવાળે, અ૦ શેવટે; છેલ્લીવારે; સઘળી ક્રિયા થઈ રયા પછી; અન્તે. છેલ્લે સરવાળે એમ પણ બોલાય છે.

સરવાળો, પું૦ ઘણી સંખ્યાને એકઠી કરવી તે.-૨ એમ કરેથી જે રકમ આવે તે.

સરવું, ક્રિ૦ અ૦ પારપડવું; બનવું; સિઝવું (કામ સર્યું નહિ). ૨ ખસવું. ૩ જવું.

સરવે, વિ૦ [સર્વે] સઘળાં; બધાં; સઉ.

સરવેખાતું, ન૦ [અં૦] માપણી ખાતું (સરકારી).

સરવો, પું૦ ઉદાર પુરુષ. ૨ લાકડાંના જે હથિયારથી ઘી હોમાય છે તે.

સરસ, વિ૦ [સં૦] રસવાળું. ૨ સ્વાદિષ્ટ. [શ્રેયસ્] વધારે સારું; ચડિયાતું; સુન્દર. ૩ વધતું (તોલ માપ કદ વગેરેમાં).

સરસ, પું૦ જનાવરનાં ચામડી સિંગડાં ખરી વગેરેમાંથી નિકળતો ચપકા લાખ જેવો ચિકણો પદાર્થ જે લાકડું વગેરે ચોડવા-જોડવાના કામમાં આવે છે.

સરસ, પું૦ એક જાતનું ઝાડ-(અગથિયાના જેવું) એનાં ફુલ સફેત ફુમતાં જેવાં ને સુગન્ધ આપતાં હોય છે.

સરસર, અ૦ ઝડપથી સરી-લપસી-દોડી જતું હોય તેમ.

સરસવ, પું૦ [સં૦ સર્ષપ] એક જાતનું ધાન્ય.

સરસાઈ, સ્ત્રી૦ એક એકથી સરસ થવું તે;-તેમ થવાની તજવીજ; ચડાચડી; બરોબરી.

સરસામન, સામાન.

સરસાસરસી, સરસાઈ.

સરસિયું, ન૦ સરસવનું તેલ-અથાણામાં નાખવા ને સાધનામાં દીવો બાળવાનાં કામમાં આવે છે.

સરસી, સ્ત્રી૦ સરસ થવું તે; ચડતી કળા.

સરસું, વિ૦ સાથે લગાડેલું-વળગાડેલું હોય તેવું; સાથે. (છાતી સરસો ચાંપ્યો). ૨ ચડિયાતું; સરસ.

સરસુબો, પું૦ મોટો સુબો. ૨ મુલકનો અધિકારી.

સરસ્વતી, સ્ત્રી૦ [સં૦] વાણીની અધિષ્ઠાતા દેવી; ભાષા ગાયન અનેક કળાનો પ્રસાદ આપનારી દેવી. એણેજ દેવનગરી અક્ષરો ને સંસ્કૃત ભાષા ઉત્પન્ન કરી છે. ૨ એ નામની નદી. ૩ બ્રહ્માની પુત્રી.

સરહદ, સ્ત્રી૦ [ફા૦] શેવટની હદ; છેલ્લો સીમાડો (રાજ્ય, મહાલ, જાગીર, ખેતર વગેરેની).

સરળ, વિ૦ [સં૦] સીધું-પાધરું (આડું અવળું નહિ). ૨ પાણીના રેલાની પેઠે વેતું; સેહજ (મેહેનતથી નહિ) નિકળી પડેલું-(કવિતા ભાષણ વગેરે). ૩ સેલું; સાદું (અઘરું નહિ). ૪ નિખાલસ; સાચું; ભેદ કપટ વિનાનું (માણસ).

સરળતા, સ્ત્રી૦ સરળપણું.

સરાંઠી, સ્ત્રી૦ કરાંઠી.

સરા, સ્ત્રી૦ [સં૦] પર્વતનું ઝરણ; જળપ્રવાહ. ૨ પોયણો. ૩ [ફા૦ સરાહ] જ્યાં એક જાતના ઘણા લોક રેતા હોય તે જગા-મોહોલ્લો;-ભાગળીસરા-મુસાફરોને ઉતરવાનું ઘર. 'અંગ રંગ તરંગ જોબન, જોતાં તૃપ્ત ન થઈએ; ક્ષુધા તૃષા પીડે નહિ, એવાં સરૂપસરામાં રહિયે' એમાં સરૂપસરા એટલે સરૂપના ધામમાં એમ અર્થ લેવાય.

સસક-ળ, સ્ત્રી૦ ફાંસા લાકડાં વાંસ વગેરેની ઝીણી કરચ જે ચામડીમાં પેસી જઈને ખુંચ્યા કરેછે તે.

સરાકતી, વિં૦ સરકારને કંઈપણ હક આપવો પડે તેવી ઈનામી (જમીન).

સરાટ-સ, સ્ત્રી૦ સેકાયલું-તળાયલા વગેરે પદાર્થને ખાધા સુંઘવાથી જીભપર તથા નાકે જે લાગણી થાયછે તે. આ ઘી કેવું સરું સરું પીમળે છે!

સરાણ, સ્ત્રી૦ [શીણ] ચપ્પુ, સુડી, કાતર, અસ્તરા, હથિયાર વગેરે ઘસવાનો યન્ત્ર. સરાણ ઉપર ઘસવું; ધાર ચડાવવી. ૨ (લાક્ષણિક) હાર પાડી આપવું. ૨ ઉકેસરી-ચડાવીઆપવું.

સરાધ, શ્રાદ્ધ.

સરાધિયાં, શરાધિયાં.

સરાપ, શરાપ.

સરાફ, પુ૦ [આ૦] હુંડીપત્રી રોકડ વગેરેની આપલેનો ધન્ધો કરનાર; સાહુકાર. ૨ નાણાવટી.

સરાફી, સ્ત્રી૦ સરાફનો જે ધન્ધો તે.

સરાવલું, ન૦ કોડિયું (દીવો કરવાનું).

સરાવવું, ક્રિ૦ સ૦ શ્રાદ્ધ કરાવવું.

સરાસર-રી, અ૦ અજમાસ-અટકળથી આટલું એવા અર્થમાં વપરાયછે; સુમારે લગભગ.

સરાસરી, સ્ત્રી૦ સરખે ભાગે જે વેંચણી આવે તેટલો જે અડસટ્ટો-સુમાર બધાંનેમાટે ગણાય તે.

સરાહવું, ક્રિ૦ સ૦ પ્રશંસા-વડાઈ કરવી; મહિમા વધારવો. ૨ ફુલાવવું; ચડાવવું.

સરિગત, શરીગત.

સરિતા, સ્ત્રી૦ [સં૦] નદી.

સરિયત, શરત.

સરિયામ, વિ૦ [આ૦] સઉ લોકને માટે હોય તેવું; જાહેર-(રસ્તો). ૨ ધોરી; સીધું; જાણીતું; ખુલ્લું.

સરિયો, પુ૦ જુવાર બાજરી વગેરેના કસણાનો જે દાંડો તે.

સરું, વિ૦ સુરાટવાળું.

સરે-રે-રી, સ્થળવાચક અવ્યયસાથે જોડાઈ તેજ પણ નજીકના અર્થમાં સીધું-પાસરુંના અર્થમાં, મેર-બાજુના અર્થમાં, થકીના અર્થમાં વપરાયછે. "જાવાને આવારે, વાલાજી ત્યાં સરારે" (નરસૈં). 'ગરૂડે પાંખે કરી મારયો પછે નહિ ત્યાં સરો' (ભાલણ).

સરૂ, ન૦ [ફા૦] સરવનું ઝાડ.

સરૂપ, ન૦ [સ્વરૂપ] જન્મથી જે રૂપ તે; પોતાનું રૂપ. વિ૦ સમાન-સરખું-તેજ રૂપનું. ૨ [સુરૂપ] સુન્દર રૂપ.

સરૂપતા, સ્ત્રી૦ [સં૦] ઈશ્વરના સરખું રૂપ થાય એવી ચારમાંની જે એક મુક્તિ તે. (સલોકતા, સમીપતા, સરૂપતા ને સાયુજ્યતા).

સરેરાસ, સ્ત્રી૦ સરાસરી. અ૦ એકસરખું સીધું.

સરૈયો, પુ૦ સુગન્ધીવેચનારો-અત્તર, ગુલાબજળ, ધુપસળી, સુખડ, બાત બાતના રંગ વગેરે વેચનારો.

સરોજ, ન૦ [સં૦] કમળ.

સરોડું, ન૦ જુવાર બાજરીની જે સુકી સોટી તે.

સરોદો, પુ૦ [સ્વરોદય] નાકના શ્વાસવડે ભૂત ભવિષ્ય જાણવાની વિદ્યા; નાકનો શ્વાસ ડાબો જમણો સમાન રાખવાની સાધના. ૨ [શારદા] એક પ્રકારનું તારનું વાદ્ય. ૩ [હિં૦] સૂડી.

સરોરુહ, ન૦ [સં૦] કમળ.

સરોવર, ન૦ [સં૦] અતિ મોટા વિશાળ ખાડામાં જે પાણી એકઠું થઈ રહેલું તે-એ તળાવથી મોટાં હોય છે. ને કેટલાંક તો દરિયા જેવાં હોયછે.

સર્ગ, પુ૦ [સં૦] કવિતાનાં વિષયના જે ભાગ તેમાંનો એકેકો; અધ્યાય-કાવ્યના સર્ગ.

સર્પ, પુ૦ [સં૦] સાપ.

સર્વ, વિ૦ [સં૦] સઘળું. ૨ સઘળા.

સર્વજ્ઞ, વિ૦ [સં૦] સઘળું જાણનાર. ૨ ઈશ્વર. ૩ જ્ઞાની.

સર્વત્ર, વિ૦ [સં૦] સઘળે ઠેકાણે.

સર્વથા, અ૦ [સં૦] સઘળે-કોઈપણ પ્રકારે; બધીરીતે.

સર્વદા, અ૦ [સં૦] હંમેશ; નિત્ય.

સર્વનામ, ન૦ [સં૦] હું, તું, તે, આ, જે ઇ૦ શબ્દો (વ્યાકરણમાં).

સર્વપ્રિય, વિ૦ સર્વને પ્રિય તે.

સર્વભક્ષ, વિ૦ સારું માઠું, સ્વચ્છ અસ્વચ્છ, ઘટિત અઘટિત સર્વનો ભક્ષ કરે તે (અગ્નિ, બકરું, કાગડો વગેરે).

સર્વમાન્ય, વિ૦ સઉને માન્ય તે-તેવું.

સર્વવ્યાપક, વિ૦ [સં૦] જ્યાં ત્યાં હોય તેવું; ઘટ ઘટમાં વ્યાપી રહેલું.

સર્વસ્વ, વિ૦ [સં૦] પોતાનું સઘળું; જે કંઈ હોય તે સંધું.

સર્વાંગ, ન૦ [સં૦] સર્વ અંગ સહિત તે.

સર્વાતીત, વિ૦ [સં૦] સર્વથી ન્યારો-જૂદો (ઈશ્વર).

સર્વે, વિ૦ [સં૦] સર્વનું બહુ વચન.

સર્વેશ-શ્વર, પુ૦ [સં૦] સર્વનો ઈશ્વર. ૨ શિવ.

સર્વોત્કૃષ્ટ, વિ૦ [સં૦] સઉથી સારું; ઉત્તમ.

સર્વોપયોગી, વિ૦ [સં૦] સઉને ઉપયોગી.

સર્વોપરિ, વિ૦ સઉથી શ્રેષ્ઠ.

સલ, ન૦ કસણાં સાંઠાના પળા (જુવાર બાજરીના).

સલખણું, વિ૦ [સુલક્ષણ] ડાહ્યું; મસ્તી ન કરે તેવું; ડાહ્યું.

સલગ-ગ્મ, સળંગ.

સલજ્જ, વિ૦ [સં૦] શરમ-લાજની સમજ હોય તેવું. ૨ શરમ-લાજવાળું; મર્યાદશીલ.

સલપી, સ્ત્રી૦ એક જાતની માછલી.

સલાટ, પુ૦ પથ્થર ઘડનારો.

સલાડું, ન૦ શેલ; છીપર; પથ્થર.

સલામ, વિ૦ [આ૦] કોઈ મોટા માણસને અથવા

ઓળખીતાંને જોઈ માન અથવા ભલાઈની નિશાનીમાં હાથ ઊંચો કરી કપાળે લગાડવો તે.

સલામત, વિ૰ [આ૰] નુકસાન-દુઃખ-સંકટની આંચમાં ન સપડાયલું એવું; ક્ષેમ. ૨ હૈયાત; કાયમ.

સલામતી-મી. સ્ત્રી૰ સલામત એવી જે હાલત તે. ૨ તોપ ફોડી સરકારી અધિકારીને અથવા કોઈ રાજાને જે આદર સત્કાર કરવામાં આવેછે તે. ૩ રાજા મિત્રનાં નામ-સ્મરણથી દારૂ પીતાં અથવા ગળ્યાં મોડાં કરતાં તેની જે હૈયાતી આબાદાની ઈચ્છવામાં-તેને જે દુવા દેવામાં આવે છે તે.

સલામી, વિ૰ ગરાસિયા વગેરે માલીકને પોતાની જમીનની પેદાશનો થોડોક હિસ્સો સરકારને આપવાનો હોય એવી (જમીન); સલામી જમીનવાળાને સરકારથી ઠરવેલી વિઘોટી આપવી પડતી નથી. ૨ જેટલું સરકારને આપવું પડતું તે.

સલાહ, સ્ત્રી૰ [આ૰] મસલહત; મત. (પુછવી-લેવી-આપવી). ૨ તુટેલી દોસ્તી પાછી સન્ધાવી તે; મિલાપ; દોસ્તી (કરવી-થવી).

સલિલ, ન૰ [સં૰] પાણી; જળ.

સલુક, સ્ત્રી૰ [આ૰] સલાહ; એક બીજા સાથે જે સાચો મેળાપ તે; સમ્પ; દોસ્તી. ૨ ચાલ; રીતભાત. ૩ ભલમનસાઈ; સુઘડતા.

સલુણું, વિ૰ રસથી ભરેલું; મનને રઞ્જન કરે તેવું; મનોહર કાન્તિનું; નાજુક ને સુન્દર.

સલેટ, સ્ત્રી૰ [અં૰] પથ્થરની પાટી.

સલોકતા, સ્ત્રી૰ [સં૰] ચાર મુક્તિમાંની એક-જ્યાં ઈશ્વર રેહેછે ત્યાં હોવું-રેવું તે.

સલોકા, પુ૰ શ્લોક (બ્રાહ્મણો જમતાં જમતાં બોલેછે તે). ૨ પરણતી વખત વરવહુએ સામસામાં બોલવાનાં જે વચન તે.

સલ્લગ, વિ૰ [સંલગ્ન] વચમાં કંઈ આંતરો-ભાગ ન હોય પણ આખું લાગ્યું ને લાગ્યું હોય તેવું.

સલ્લો, પુ૰ ખાંડીને બારીક કરી ચાળેલી જે છો તે.

સવઈ, સવૈ.

સવત્સા, સ્ત્રી૰ વાછરડાં સાથે જે (ગાય) તે.

સવર્ણ, વિ૰ [સં૰] એક જાત-રંગનું; સરખું.

સવલવું, ક્રિ૰ સ૰ જુવાર બાજરી વગેરે કરસણ બહુ જાડું હોય તો તેને આછું કરવા, ચાસને ગાળે ગાળેથી છોડવા ઉખેડી લેવા.

સવળવું, ક્રિ૰ અ૰ જમીન ઉપર જરા જરા હાલવું (સાપોલિયાં વગેરેએ). ૨ શરીરને ખુંચે તેવી રીતે તે ઉપર માકણ વગેરેએ હાલવું. ૩ હાથ હાલવો (કોઈને મારવાને).

સવળું, વિ૰ જે ઉપર શુદ્ધ ભાત-ચકચકાટ દેખાય તેવી બાજુ વાળું-(સાડી, ટોપી વગેરે). ૨ ફાવે તેવું; સીધું; વગપડતું (સવળો હાથ). ૩ જોઈયે તેવું; મનમાન્યું; સુલટું (નસીબના પાસા).

સવા, વિ૰ [સપાદ] એક ને તેનો ચોથો ભાગ મળીને જે સંખ્યા તે; ૧।; ૧¼.

સવા, વિ૰ સારો-અનુકૂળ-પુઠનો (વાયુ). ૨ પાધરું.

સવાઈ, સવૈ.

સવાકો, પુ૰ તાંબાનો એક ચલણી સિક્કો; આનાનો ચોથો ભાગ; દોડિયું; સવાપૈસો (એ શબ્દ સુરતમાંજ વપરાય છે). [કરાર.

સવાણ, ન૰ સુવાણ; સારું; આરોગ્યતા; તનદુરસ્તી;

સવાંણે આવવું, ક્રિ૰ અ૰ ઘોડી ગાય ભેંસ વગેરેએ ગાભણાં થવાના મદમાં આવવું.

સવાદ, પુ૰ [સ્વાદ] એકાદી વસ્તુ જીભને અરકાડવાથી જે કંઈ લાગેછે-સમજાય છે તે. એના મુખ્ય ભેદ સાત છે-ખાટો, ખારો, તિખો, કટાણો, કડવો, મીઠો, હરમો. ૨ લિજત; મિઠાસ; રસ.

સવાદદાર, વિ૰ સવાદ આપે તેવું. શાક સવાદ થયું છે.

સવાદિયું, વિ૰ મસાલાથી સવાદ લાગતા એવા પદાર્થો ખાવા ઉપર વાડિયો હોય તે (માણસ). ૨ સવાદની પરીક્ષા કરનારું (માણસ). ૩ સવાદવાળું. [નેકી.

સવાબ, ન૰ [આ૰] ધરમ-પુણ્યનું કામ; પરોપકાર;

સવાયા, પુ૰ સવાનાં આંકનું ગણિત. એકે સવા સવા, બે સવાએ અઢી ઈ૰.

સવાયું, વિ૰ જેટલું જે હોય તેના કરતાં ચોથે હિસ્સે વધારે હોય તેટલું. ૨ જાદે; વધતું; વધારે. તર્ક કરવામાં તે તેના બાપના કરતાં સવાયો છે.

સવાયો, સવાકો. ૨ દોડ પૈ.

સવાર, ન૰-સ્ત્રી૰ વાંસું; પ્રાતઃકાળ.

સવાર, વિ૰ [ફા૰] ઘોડે અથવા બીજે કોઈ વાહને ચડી બેઠું હોય તેવું. તે સવાર થયો છે તું તાકીદ કર. ૨ ઘોડા ઉપર બેસી લડનારો યોદ્ધો. સવાર ને પાયદળ. ૩ ચોકસી રાખનારો ઘોડેસ્વાર સીપાઈ.

સવારી, સ્ત્રી૰ [ફા૰] ઘોડે અથવા બીજે વાહને ચડી બેસવું તે. ૨ રાજા સરદાર વગેરે કોઈ સત્તાધારીનું ઠાઠ-ધામધુમથી શેહેર-મુલકમાં જે ફરવાનિકળવું તે. દસેરાની સવારી. ૩ એકાદા શૂર પુરુષે-રાજાએ પોતાના માણસો-સેનને લઈને કોઈ પરરાજ ઉપર તુટી પડવું તે; હુમલો. સુલતાન મહમુદની સવારી. ૪ એ નામનો ગાનવિદ્યામાં એક તાલ છે. ૫ એ તાલનો જે ખ્યાલ તે. ૬ માનવંતા પુરુષનાં આવવાં જવાંને (પછી વાહન ન હોય તો પણ) લગાડવામાં આવે છે. આપણી સવારી ક્યાંથી આવી, ક્યાં જશો.

સવારું, અ૰ ઉતાવળું; વેલું. ૨ સવેળું.

સવાલ, પુ૦ [આ૦] જે કંઈ પુછવું તે; પ્રશ્ન. સવાલ કરવો-નાખવો એટલે (લાક્ષણિક અર્થમાં) માગવું; અરજ કરવી.

સુવાવું, ક્રિ૦ અ૦ ઘોડી-ભેંસ-વગેરેએ ગાભણાં થવું. ઘોડી ભેંસ સવાઈ છે એમ બોલાય છે. ૨ પકડાવું.

સવાસો, વિ૦ એકસો ને પચ્ચીસ.

સવિતા, પુ૦ સૂર્ય; સૂરજ.

સવિસ્તર, વિ૦ [સં૦] વિસ્તારવાળું; વિગતવાર; તપ-[સીલ સાથે હોય તેવું.

સવેળા, અ૦ વેળા-જોગ-સન્ધિ વટી ગયાની અગાઉ; વખતસર; સમય ઉપર.

સવે, સ્ત્રી૦ ચોથાઈ જેટલું જે વધારે તે. મજુરે સવે સાથે રોજ ભર્યો છે, ભરૂગીઓ કેહે છે કે 'સવૈ લીધા વિના ચાલે નહિ' એટલે બીજી વાર થોડીક બાંગ લેવાની. સવૈની ચિઠ્ઠી એટલે એકનો સવા એ પ્રમાણે લખી આપેલી વ્યાજુચિઠ્ઠી. એવી રીતે લખાવી લઈ વ્યાજ કમાવું તે સવૈનો ધન્ધો કેવાય છે.

સવૈયો, પુ૦ (કવિતામાં) એ નામે ઓળખાતી કવિતા રચના. માત્રા સવૈયો ને અક્ષર સવૈયો.

સવ્ય, વિ૦ [સં૦] ડાબું; ડાબે ખભે હોય તે (જનોઈ). ડાબે હાથે પણ બાણ મારીશકનાર માટે સવ્યસાચી-અર્જુન.

સસડવું, ક્રિ૦ અ૦ ઘણું ગરમ થવું-(પાણી). શરીર તાવ-[થી સસડે છે.

સસણી, સ્ત્રી૦ વિશેષે બાળકને થતો ગળામાં સડસડ અવાજ કરતો શ્વાસનો રોગ-(ઘણું ગળ્યું ખાધાથી).

સસતું, વિ૦ થોડે મૂલે ઘણું મળે તેવું; સોંઘું.

સસરો, પુ૦ [શ્વશુર] સમ્બન્ધમાં વરને વહુનો ને વહુને વરનો જે બાપ તે.

સસલું, ન૦ [શશ] લામ્બા કાન, ટુંકી પુછડી, નરમ વાળનું એક પશુ-એ બીકાળું ને કુદકા મારી દોડવામાં બહુ ચપળ હોય છે-એનો શિકાર કરવામાં આવે છે. સસલો, સસલી.

સસવું, ક્રિ૦ અ૦ ફુલેલી વસ્તુએ બેસી-ડબાઈ જવું-શાક, કાંસનું કુદરું વગેરે સસીગયું.

સસો, સસલું (નર).

સહગમન, ન૦ [સં૦] પતિ મરીગયેથી તેની પત્નીએ તેની સાથે બળી મરવું તે; સતી થવું તે.

સહજ, વિ૦ [સં૦] સાથે જન્મેલું. ૨ સ્વાભાવિક; કુદરતી; શ્રમ અભ્યાસે નહિ પણ પોતાની મેળેજ થયલું. ૩ સેલું; સુલભ. અ૦ વિના કારણે; અમથું.

સહજાનન્દ, પુ૦ [સં૦] સહજ-સ્વાભાવિક-પ્રકૃતિથીજ (કૃત્રિમ નહિ તે) આનન્દ. ૨ બ્રહ્મ. ૩ પન્થ ચલાવનાર સ્વામીનારાયણનું નામ છે.

સહન, ન૦ [સં૦] સેવું-ખમવું તે.

સહનતા, સ્ત્રી૦ [સં૦] સેવું-સાંખવું તે.

સહનશીલ, વિ૦ [સં૦] સહન કરે તેવા સ્વભાવનું (જન).

સહવર્તમાન, અ૦ [સં૦] સાથે; જોડે.

સહવાસ, પુ૦ [સં૦] સાથે રેવું તે. ૨ પરિચય; સ્નેહ. ૩ અભ્યાસ; ટેવ; મહાવરો.

સહસા, અ૦ [સં૦] વિચાર કરયા વના એકદમ ઉતાવળથી; અધીરાઈથી આકુળાં પડી જઈને.

સહસ્ર, વિ૦ [સં૦] હજાર; ૧૦૦૦.

સહાય, વિ૦ [સં૦] મદદગાર; સાથે રહી કામ કરનાર મુખ્ય તથા તેનો સહાય-મદદનીસ.

સહાય, સ્ત્રી૦ મદદ. ૨ કુમક. ૩ કૃપા.

સહાયતા, સ્ત્રી૦ [સં૦] સહાય; મદદ.

સહાયી, વિ૦ સહાય.

સહિત, અ૦ [સં૦] સાથે; સુદ્ધાં. કુટુમ્બ સહિત.

સહિયડ, સૈયડ.

સહિયર, સૈયર.

સહિયારું, સૈયારું.

સહીં, પુ૦ સેં; સર્વ પશુમાં બળે શ્રેષ્ઠ એવો જે પ્રાણી તે [(સિંહ).

સહી, સ્ત્રી૦ સૈ; સૈયર; સખી.

સહી, સ્ત્રી૦ [આ૦] ખરું છે-કબુલ છે એમ જણાવવાને પોતાનું જે નામ લખવું તે (ખત કાગળ વગેરે ઉપર); મત્તું. કબાલો લખાયો છે પણ ધણીની હજી સહી થઈ નથી. એ શબ્દ નામની સાથે ખરું છે-કબુલ છે એમ જણાવવાને (પુનરુક્તિ રૂપે) લખાય છે-ફલાણા ફલાણા સહી. ૨ નક્કી; સિદ્ધ; પાર. કામ સહી છે, સોદો સહી કરયો છે. ૩ શાહી; રૂશનાઈ.

સહીસલામત, અ૦ જોખમાયા વગર-હરકત હરેલા પામ્યા વગર; નક્કી-જેવું હતું તેવુંજ ઠેઠ પોંચ્યું હોય [તેવું-તેમ.

સહુ, સઉ અથવા સૌ.

સહોદર, વિ૦ [સં૦] એક માના જે બાંડુઓ તેમાંનું એકેકું; ભાઈ; બેન.

સહ્ય, વિ૦ [સં૦] સહન કરી શકાય તેવું.

સળ, પુ૦ સોટી-ચાબક વાગવાથી શરીરપર જે લાંબી નિશાની પડી રેવી તે. ૨ દોરી હાથ વગેરેથી કાગળપર પડેલી જે નિશાની તે.

સળકડી, સ્ત્રી૦ [શલાકા] નાની સળી-વાંસ કામડી વગેરેની. ૨ (લાક્ષણિક અર્થમાં) સળકડી કરવી એટલે ચીડ ચડે-લડવા ઉઠે તેવી રીતની ક્રિયા કરવી-બોલીને અથવા હાથની ક્રિયાથી; મજાક કરવી અથવા ઉસકેરવું.

સળકડું, ન૦ સળકડી.

સળકમ, સળેકમ-ખમ.

સળકવું, ક્રિ૦ અ૦ આમ તેમ હાલવું (સાપોલિયાં અળસીયાંએ). જીવ સળક્યો. ૨ ખુંચી દુઃખ દેવું (ચામડીમાં પેસી રેયલા કાંટાએ). ડાડ સળકવી એટલે ખાવાનું મન થવું.

સળકું, નં૦ કાંટા વગેરેનાં ઉપાડા ઉંચકવાનું હથિયાર.—એ બાવળના લાકડાંનું બે પાંખાંનું હોયછે.

સળકો, પુ૦ શરીરમાં (વાયુથી) અથવા પાકતાં ગુમડામાં રહી રહીને ભાલા ભોંકાતા હોય તેવું જે દુઃખ થયા કરવું તે; વેગ. [-શરૂ થયો.

સળગવું, ક્રિ૦ અ૦ બળવું; લાગવું. ૨ લડાઈ ટંટો થવો

સળગાવવું, ક્રિં૦ સ૦ બળે તેમ કરવું; સળગાવવું. ૨ ચૂલો દીવો વગેરે સળગાવવો. ૨ લડાઈ ટંટો થાય તેવી તજવીજ કરવી.

સળવળ, અ૦ સળવળતું હોય તેમ.

સળવળવું, ક્રિ૦ અ૦ આમ તેમ લોટતાં હાલવું.

સળવું, ક્રિ૦ અ૦ જીવજન્તુએ કોરી ખાધું હોય તેવી હાલતમાં આવવું-લાકડું અનાજ સળી ગયું. ૨ શરીરની ચામડી કોઈ જવી.

સળિયો, પુ૦ એક પાસ અણી હોય તેવી લાંબી કામડીની સળી. ૨ નગારા ઉપર વગાડવાની નેતરની જે સળી તે. ૩ લોડાંનો લાંબો ને પાતળો જે ઘાટ તે. ૪ બંદુક ગડબવાનો લોડાંનો જે ગજ તે.

સળી, સ્ત્રી૦ [શલાકા] લાકડાં ધાતુ વગેરેનો જે લાંબો ને છેકજ પાતળો આકાર-ભાગ તે.

સળેકમ-ખમ-મા, પુ૦ [શ્લેષ્મા] પીવાના પાણીમાં ફેરફાર થવાથી અથવા શરદીથી જે રસ થવો તે. એથી અવાજ ભારે થાયછે, માથું દુખેછે ને નાક ગળેછે.

સળો, પુ૦ સળવું તે. ૨ (લાક્ષણિક) રોગ. ઝાડને સળો લાગ્યો છે. ૩ ઘણા દાડા પોંચી શેવટે ખરાબી થાય તેવી અવ્યવસ્થા; કુટફાટ. ૪ ઘઉંના ખેતરમાં ગરી પડેલી જે કણી તે-સળો વળવો. ૫ મોટી સળી.

સાંઈ, પુ૦ [સ્વામી] પ્રભુ; ભગવાન; દુનિયાંનો સાહેબ. ૨ મુસલમાન ફકીર-સાંઈમૌલા-તાબુતમાં ફકીરનો પણ ગાંડો ઘેલો જે વેશ તે.

સાંઈ-ડું, ન૦ [ક્ષેમ] કુશળ; કલ્યાણ (જુનાગઢ તરફ વપરાય છે). ૨ ક્ષેમાલિંગન; ભેટવું તે. "માહારી કન્યા ન જાણે કાંઈ, તેહેને કપટે તેં દીધું સાંઈ" [પ્રે૦ ઓ૦]; "પધરાવી ઉલ્લાસે, સાંઈડું લેશે ગાડું રે"(ભાલણ દશ૦); 'સેજલડી સમારી રે, કોમળ કુસુમની રે, સાંઈડું લેશું રૂડીપેર' (નરસંહી).

સાંકડ-કેડ, સ્ત્રી૦ સંકોચવાળી સ્થિતિ; મુસીબત.

સાંકડું, વિ૦ [સઙ્કટ] જુજ પોળુ ને ઘણું લાબું એવું. (ગલી). ૨ સેલથી ઘણું ન માય તેવું (વાસણનું મોં). ૩ ઘણાથી સાથે ન રેવાય તેવું (ઘર). ૪ સાંકડો સમ્બન્ધ એટલે જેમાંથી ન છૂટું પડાય તેવો છેક પાસેનો. "સમ્બન્ધ જોડૂં સાંકડો તો, જાય મનનું ઝેર રે; પુત્રી પરણાવું પ્રેમથી તો, જમાત્ર આવે ઘેર રે" (સતભામા વિવાહ-દયારામ).

સાંકવું, ક્રિ૦ સ૦ સાંઠા કાડવો.

સાંકળ, સ્ત્રી૦ [શૃઙ્ખલા] લોડાં-પિત્તળની કડિયો એક બીજીસાથે જોડીને બનાવેલો જે લાંબો ઘાટ તે.

સાંકળિયું, ન૦ ગ્રન્થમાંના વિષયની અનુક્રમણિકા; સૂચિપત્ર.

સાંકળી, સ્ત્રી૦ સુનાં રૂપાંની ઝીણી ઝીણી કડિયો સાથે જોડીને બનાવેલું જે ઘરેણું તે. (કોટે ઘાલવાની કંઠી અથવા ઘડિયાળની સાંકળી).

સાંકળું, ન૦ હાથે ઘાલવાનું સુના રૂપાંના આંકડાનું બનાવેલું ઘરેણું. ૨ બાળકને પગે ઘાલવાનું રૂપાંનું ઘરેણું. [તે.

સાંકો, પુ૦ ભરત માપ વજનનો જે અડસટ્ટો-સુમાર કાડવો

સાંખવું, ક્રિ૦ અ૦ ખમવું; સહન કરવું (જુલમ દુઃખ વગેરે).

સાંગ, સ્ત્રી૦ શક્તિ; તમામ લોડાંનું અણીદાર હથિયાર; બરછી. [થાયછે.

સાંગરી૦ સ્ત્રી૦ સમડીના ઝાડની સિંગ. એનું શાક રાંધતું

સાંગલું, ન૦ છોકરાંની કોટમાં ઘાલવાનું એક ઘરેણું-જેમાં વાઘનો નખ બજરબટ્ટુ વગેરે હોય છે.

સાંગળવું, ક્રિ૦ સ૦ સાથે વળગી રે તેવી રીતે બાંધવું.

સાંગામાચી, સ્ત્રી૦ નાની ઓઠિંગણવાળી, પાટી ભરેલા નીચા ઘાટની ખુરસીના જેવી માચી.

સાંગી, સ્ત્રી૦ રથની ધરી ને સાટી એ બેની વચમાંનો કટેરાવાળો ભાગ, તે-ભણ્ડાર. ૨ ઠાકોરજીની આગળ જે રંગમણ્ડપ પુરવામાં આવે છે તે.

સાંચરવું, ક્રિ૦ અ૦ જવું.

સાંચવું, ક્રિ૦ સ૦ સઞ્ચવું; એકઠું કરવું; ચોરી રાખવું.

સાંચો, પુ૦ યન્ત્ર; કારીગીરીનો ઘાટ.

સાંજ, સ્ત્રી૦ [સન્ધ્યા] દીવાવખત; શરૂ થતી રાત.

સાંજી, સ્ત્રી૦ સાંજે ગાવાનાં લગનનાં ગીત. સાંજી પરભાતિયાં કેવાય છે.

સાંજો, પુ૦ [સંયાવ] ઘૂઘરા સઞ્જોરીમાં ભરવાનો માવો-ઘીમાં સાંતળેલો લોટ ને ખાંડ. ૨ રેલમાં તણાઈ આવતો જે ઘાસ કરાંઠી વગેરે પુંજો તે. [દાંડો તે.

સાંઠો, પુ૦ જુવાર મકે સેરડી વગેરે છોડનો જે લાંબો

સાંડ-સાંઢ, પુ૦ [ષણ્ડ] ખાંસી કરયાવિનાનો ને ગાડીએ ન જોડવામાં આવતો બળદ; ગોધો.

સાંડસી, સ્ત્રી૦ નાનો સાંડસો. રસોડાંમાં પણ વપરાય છે.

સાંડસો, પુ૦ ગરમ ધાતુ-વાસણ વગેરે ઉંચકવાનું લુહાર સોનીનું ઓજાર.

સાંઢ, પુ૦ મોટો બળદ. ૨ ઊંટ.

સાંઢણી, સ્ત્રી૦ ઊંટની ઊંચી જાત. એની જાતીએ ઢેકા ઘણોજ નાનો હોય છે-ઊંટને ઘણો મોટો હોય છે. વળી ઊંટ ૨૦ કોસ ચાલે તો સાંઢણી ૮૦ કોસ સગી પણ [ચાલે.

સાંઢિયો, સાંઢણીનો નર; ઊંટ. ૨ સાંડ.

સાંતરું, ન૦ રસોઈની સાધગ્રી; સીધું.

સાંતવું, ક્રિ૦ સ૦ સન્તાડવું; ઊંચું મેલવું.

સાંતળવું, ક્રિ૰ સ૰ ઘી તેલમાં નાખી સેકવું (અનાજ-મીઠ-મસાલા વગેરે).
સાંતી, ન૰ હળ.
સાંથ, સ્ત્રી૰ ગણોતે જમીન ખેડવા આપવી તે. ૨ એ બાબતના જે રૂપિયા લેવા તે.
સાંથવું, ક્રિ૰ સ૰ ગણોતે જમીન ખેડવા આપવી.
સાંથળ-થાં, સાંધ.
સાંથીડો, પુ૰ ખેડુત.
સાંધ, સ્ત્રી૰ કોઈ પણ પદાર્થ ફાટવાથી તેમાં પડેલા જે ચીરા તે.
સાંધણ, ન૰ રૂઈગયલું પછુવાડેથી જોડેલું જે લખાણ તે; પૂરવણી.
સાંધવું, ક્રિ૰ સ૰ ફાટેલાં લુગડાંને દોરાથી સીવી લેવું. ૨ ફાટેલા કાગળને અથવા બે જૂદા કાગળને ગુંદરથી જોડી દઈ એક આખો કરવો. ૩ ભાંગાં તુટાં વાસણને રેણથી વિગડી દેવી. ૪ રૂઈગયલું-વધારાનું પાછળથી પણ સાથે લાગતું જોડવું.
સાંધો, પુ૰ [સન્ધિ] સાંધ. ૨ જ્યાં બે હાડકાં જોડાતાં હોય તે ઠેકાણું (શરીરનું). ૩ જ્યાં ફાટેલું-તુટેલું-ભાંગેલું સાંધી જોડ્યું હોય તે ભાગ.
સાંપડ, સમ્પુટ.
સાંપડવું, ક્રિ૰ અ૰ [સમ્પાદન] પ્રાપ્ત થવું; જડવું; મળવું; હાથ આવવું.
સાંપવું, સોંપવું.
સાંબેલ, સ્ત્રી૰ ધોસરાંને અફકેઠે છેડે, કાણામાં જે લાકડાંના ખીલા ઘાલે છે તે.
સાંબેલું, ન૰ ખાંડણિયાપર ભાત વગેરે ખાંડવાનું એક ઓજાર. એ એક લાકડાંનો દાંડો હોય છે જે ઝાલવાને ઠેકાણેથી વધારે પાતળો હોય છે ને એને છેડે લોડાંની સામ ઘાલી હોય છે જે અનાજનાં ઉપર પડ્યાં કરેછે.
સાંભરવું, ક્રિ૰ સ૰ વેરાયલું એકઠું કરવું.
સાંભરવું, ક્રિ૰ અ૰ યાદ આવવું; સ્મૃતિ થવી.
સાંભળવું, ક્રિ૰ સ૰ કાન ઉપર શબ્દ-અવાજ પડવો કરવો; કાન વડે શબ્દ-અવાજ સમજવો. ૨ ધ્યાન રાખવું; મગજમાં ઉતારવું-તે મુકરદમાના તમામ કાગળો ન્યાયે સાંભળ્યા. ૩ પુછેલાં-માંગેલાંનો જવાબ આપવો -તેણે તેની દાદ સાંભળી. ૪ ઉડતી વાત કાને પડતી મિલવી. એવું સાંભળવામાં આવ્યું કે—
સાંસણી, સ્ત્રી૰ અન્દરની-છુપી જે મસલહત-ઉસકેરણી તે. એ કામમાં તેની સાંસણી ખરી.
સાંસતુ, અ૰ ધીમું; જોરા નરમ પડ્યો હોય તેવું.
સાંસાં, ન૰ કંઈ નહિ તે; વાંધા; ફાંફાં; તફસી; અછત; સંશય. સાંસાં પડવાં કેવાય છે-એ શબ્દ અનેકવચનમાંજ વપરાય છે.
સાંસારિક, વિ૰ [સં૰] પ્રગટ સંસારવ્યવહાર સમ્બન્ધી. ૨ ઘર સંસાર સમ્બન્ધી.
સાંસો, પુ૰ સંશય.

સા, [શા] એ શબ્દ વેપાર-શરાફી કરનાર વાણિયાઓનાં નામને અન્તે હોયછે. આતમારામસા, નવલસા વગેરે.
સા, સાઉ. (ચોર ને સા)
સાઉ, વિ૰ [સાધુ] વ્યવહારમાં પ્રમાણિક-સુધા-વટવાળા ને ઉજળા તે. તે કંઈ ચોર નથી પણ સાઉ છે.
સાઉકાર, પુ૰ [સાધુકાર] ઉજળો વેપારિયો; સાઉ માણસ. ૨ શરાફી હુંડી ચલાવનારો; નાણાંની મોટી ધીરધાર કરનારો. ૩ લેણદાર.
સાઉકારી. સ્ત્રી૰ સાઉકારનો ધન્ધો. ૨ સાઉકારપણું; સાઉકારનો વટ. ૩ સાચવટ; પ્રમાણિકપણું.
સાએલી, સ્ત્રી૰ ચમેલીની જાતનો એક છોડવો. ૨ બેનપણી; સખી. સાએલડી (કવિતામાં).
સાક, શાક.
સાકટી-ઠી, સ્ત્રી૰ સાગના ઝાડની લાખી ને જાડી ડાળિયો જેને છોલી ઘડી ઘર બાંધવાના કામમાં આણે છે. મોટી સાકઠી-ઠી તે સાકટો-ઠો.
સાકર, સાકેર.
સાકરવું, ક્રિ૰ સ૰ બોલાવવું; હાક મારવી; ખકોરવું.
સાકાર, વિ૰ [સં૰] આકારવાળું; મૂર્તિમાન.
સાકેણ, શાકણ.
સાકેર, સ્ત્રી૰ સાફ ચળકતા ગાંગડારૂપ જે ખાંડ તે.
સાકેરિયા, વિ૰ સાકેર જેવી (ખાંડ). ૨ ખાંડ પાયલા (ચણા).
સાક્ષર, વિ૰ [સં૰] ભણેલ; વિદ્વાન.
સાક્ષાત્, અ૰ [સં૰] નજરોનજર; આંખ આગળ; પ્રત્યક્ષ. ૨ ખરેખરૂં; ખુલ્લું; ઉઘાડું.
સાક્ષાત્કાર, પુ૰ [સં૰] ઈશ્વરનું ખરેખરૂં પ્રત્યક્ષ સાકાર જે દર્શન થયું તે.
સાક્ષી, વિ૰ [સં૰] નજરે જોનાર; શાહેદ; નજરે જોયલું તે કહીને એકાદિ વાત પ્રમાણ-સાબીત કરી આપનાર.
સાક્ષી, સ્ત્રી૰ [સાક્ષ્ય] નજરે જોયલું હોય તે કહીને જે સાબીતી આપવી તે; પ્રમાણરૂપ જે અનુભવ તે; શાહેદી.
સાખ, સ્ત્રી૰ [સાક્ષ્ય] સાક્ષી; શાહેદી.-'સાખ ઘણી બેહજુર' એમ દસ્તાવેજમાં લખાય છે. ૨ ધીર; વટ. ૩ ટેક; આબરૂ. તેની સાખ સારી છે, તેની સાખ ખુડી.
સાખ, સ્ત્રી૰ [શાખા] સાખિયું. આંબાસાખ.
સાખિયું, ન૰ ઘરમાં પકાવેલી અથવા આંબા ઉપર પાકવા આવેલી કડણ કેરી જે કાપીને ખવાય છે તે.
સાખો, પુ૰ ગણના; લોકમાં મત બન્ધાવું તે; ટેક; વટ; છાપ;ઉપત. સાખો પડવો કેવાયછે. ફલાણાનો સાખો નઠારામાં ને ફલાણાનો સારામાં છે-પડ્યો છે.
સાખી, સ્ત્રી૰ પ્રમાણ રૂપ જે ટુંકી કવિતા તે. એ ઘણું-કરીને દોરામાં હોયછે. કબીરની સાખી. ૨ ગજલ પદ ગાતાં વચ્ચે વચ્ચે જે દોરા બોલવામાં આવેછે તે. ૩ ગરબી ગરબા ગાતાં જે દોરા અથવા શ્લોક ગાવામાં

આવે તે. ગુરુગોવિંદના મહિનાની ગરબી ગાતાં વચ્ચે વચ્ચે જે માત્રામાલિનીવૃત ભણવામાં આવેછે તે. ૪ લાવણી–ખ્યાલની શરૂઆતમાંજ જે ગાવામાં આવેછે તે; સખી. (સખી–સાખી) પોસો ને પછી લાવણી એમ અનુક્રમ છે. મરેઠી સાખી એ એક તેઓની દેશી કવિતા રચના છે તે હાલ નવી આપણામાં દાખલ થઈછે.

સાગ, પુ૦ [શાક] એક જાતનું ઝાડ જેનાં લાકડાં ઇમારત બાંધવાના કામમાં આવેછે.

સાગ, સ્ત્રી૦ સરાક–ગા ફાંસ.

સાગર, પુ૦ [સં૦] સમુદ્ર; દરિયો.

સાગરીત, શાગરીત–દ.

સાગવાન, ન૦ સાગનાં લાકડાં.

સાગોળ, પુ૦ સહ્લો (છોનો).

સાઙ્કેતિક, વિ૦ [સં૦] સઙ્કેતનું–વાળું.

સાઙ્ખ્ય, ન૦ [સં૦] છ શાસ્ત્રમાંનું એક–ષટશાસ્ત્ર એ શબ્દ જોવો.

સાઙ્ગ, વિ૦ [સં૦] અઙ્ગ સહિત એવું. સાઙ્ગોપાઙ્ગ –અઙ્ગ ને ઉપાઙ્ગ સહિત. એક કર્મને પુરૂં કરવામાં જે જે મોટાં નાનાં સાહિત્ય જોઈયે તે તે સઘળાથી પૂર્ણ કરેલું એવું. ૨ સિદ્ધ–પાર–પૂર્ણ.

સાચ, ન૦ [સત્ય] સાચું તે; સત્ય. 'સાચને આંચ નથી.'

સાચવટ, સ્ત્રી૦ સાચાંપણું; સત્યતા.

સાચવણ–ણી, સ્ત્રી૦ સાચવવું–સમ્ભાળી રાખવું તે;જતન.

સાચવવું, ક્રિ૦ સ૦ તજવીજથી સમ્ભાળી રાખવું; જતન કરવું; ચોકસી–તપાસ રાખવી. ૨ બન્ધ કરવું (બારણું).

સાચાઈ, સ્ત્રી૦ સાચવટ.

સાચું, વિ૦ [સત્ય] જેવું હોય તેવું; ખરૂં; જૂઠું નહિ તે; અસલ પ્રમાણે હોય તેવું.–સાચો બોધ, સાચી વાત, સાચું બોલવું. ૨ પ્રમાણિક; ઇમાનદાર. ૩ વચની; આસ્થા–ભક્તિથી વળગી રેનાર; વફાદાર. ન૦ સત્ય; સત્ય બોલવું તે. 'સાચાંનો બોલનાર ને માથાંનો વા- [ડનાર.'

સાચે, અ૦ ખરેખર; ખાતરી હોય તેવી રીતે.

સાજ, પુ૦ [સજ્જ] કોઈ કામને સારૂ તેને જરૂરનો એવો જે સામાન તે. ૨ શોભીતો સામાન; સણગાર. ૩ વસ્ત્રાભૂષણ.

સાજન, ન૦ [સાધુજન] પ્રતિષ્ઠિત ને સભ્ય ગૃહસ્થોનું મણ્ડળ જે વરઘોડામાં વરની આગળ ચાલેછે તે. ૨ સાજનું.

સાજનું, ન૦ ન્યાતના સર્વ લોકે એકાદો વિચાર કરવાને એકઠું મળવું તે; ન્યાત–પઞ્ચ મળવી તે.

સાજવું, ક્રિ૦ સ૦ ઘસીને સાફ કરવું; માજવું. (વાસણ).

સાજસરઞ્જામ, પુ૦ [ફા૦] સામાન; શોભીતી સામગ્રી.

સાજિન્દા, પુ૦ [ફા૦] નાચનારની પછવાડે જે વગાડનારો તે; ગાનારની સાથે જે વગાડનાર તે.

સાજીખાર, પુ૦ [સર્જિકાક્ષાર] એક જાતનો બદીકાંઠે થતો ખાર. ૨ ગાળવાનું અને ઓસડનાં કામમાં આવેછે.

સાજું, વિ૦ ભાંગેલું–ફાટેલું નહિ તેવું (વાસણ કપડું વગેરે). ૨ માંદુ–આજારૂ નહિ તેવું; નિરોગી; તનદુરસ્ત (માણસ વગેરે).

સાજું સમું, વિ૦ સાજું; નિરોગી સ્થિતિવાળું. તે સાજો સમો હતો ને એકાએક મરીગયો.

સાજોગ, વિ૦ એ શબ્દ સાહુકારો હુંડીને લગાડે છે. હુંડીનાં નાણાં જેને મળવાનાં હોય તેની તરફથી કોઈપણ સાહુજન ઓળખ આપી લઈ આવે તે. નામજોગ હુંડીમાં જેને હુંડીનાં નાણાં લેવાનાં તેણે જાતે જઈને લેઈ આવવાં.

સાટ, સ્ત્રી૦ બરડાનું હાડકું; કરોડ; જેથી વાંસાના બે ભાગ દેખાય છે તે ખાડો.

સાટકો, પુ૦ ચાબક લાકડી વગેરેનો જે સપાટો તે.

સાટમાર, પુ૦ સાટમારીની રમતમાં જે મલ, હાથીને ભાલા ખુંચાડે છે તે.

સાટમારી, સ્ત્રી૦ હાથી અને મલ વગેરેની લડાઈ.

સાટાંતેખળાં, સાટાં ને તેખળાં.

સાટી, સ્ત્રી૦ અસવારીની ગાડીનો પોરિયાને લગતો ઉપરનો ભાગ–અવયવ જેમાં માણસો બેસે છે તે–ગાડીની સાટી બહુ નાની છે.

સાટીન, સ્ત્રી૦ રેશમી લુગડું.

સાટું, ન૦ માલને બદલે રુપિયા નહિ પણ બીજો માલ આપવો એવો જે ધન્ધો તે. ૨ જેને કન્યા આપવી તેના વળાની પાછી લેવી તે. ૩ ભાંજગડ કરી વેચાતું આપવા લેવાના માલની જે કિમ્મત નક્કી કરવી તે. ૪ બદલો. સાટાખત એટલે સાટું કરવાની કબુલાતનો [લેખ.

સાટે, અ૦ બદલે; અવેજમાં.

સાટો, પુ૦ ઘીમાં કોસણેલા ચોખાનો લોટ જે ખાજાંની કણકમાં મેળવવામાં આવે છે તે. ૨ મોટાં–ભારખરદારી ગાડાંનો જેમાં માલ ભરાય છે તે અવયવ. ૩ ધોયલું ઘી, પુરી વગેરેની કણકમાં ઘાલવામાં આવે છે તે.

સાઠ, વિ૦ [ષષ્ટિ] પચાસ ને દશ; ૬૦.

સાઠી, સ્ત્રી૦ સાઠ દિવસમાં તૈયારથતી એક જાતની જુવાર. ૨ સાઠ વરસની ઉમર; ઘડપણ. 'આવી સાઠી ને બુદ્ધિ [નાઠી.'

સાડત્રીસ, વિ૦ તીસ ને સાત; ૩૭.

સાડલો, સાલ્લો (બૈરાંનું લુગડું).

સાડા, વિ૦ [સાર્દ્ધ] અડધા સાથે હોય તે (સઙ્ખ્યા). સાડાસાત એટલે સાત ને અડધો.

સાડી, સ્ત્રી૦ [શાટ] બૈરાંને પેરવાનું રેશમી લુગડું.

સાડુ–(સાઢુ), પુ૦ વહુની બેનનો વર. 'સગપણમાં સાડુ ને જમણમાં લાડુ' એવી કેહેવત છે.

સાણકું, ન૦ ઠીબ—તાવડી જેવું એક તરેહનું માટીનું ઠામ, જેમાં ભિખારી જમે છે. સાણકું લઈને માગી ખા.

સાણપણ, ન૦ ડાપણ; ડાવકાઈ.

સાણસી, સાંડસી.

સાણસો, પુ૦ દેવતા લેવાનો ચીપીયો. ૨ મોટી સાંડસી.

સાણું, ન૦ [સ્વપ્ન] ઊંઘમાં જે ઉડતા પણ ઉપરાઉપરી વિચાર થયાં કરે તે; ઊંઘમાં જે બનાવ બનતા નજરે દેખાતા ખરા જેવા જણાય તે. ૨ મિથ્યા માત્ર ભાસે—ખરેખરૂં નહિ તે.

સાણું, ન૦ કોઠીનાં તળિયાંથી થોડુંક ઊંચું જે ગોળ બાકું તે (ડાંગેર વગેરે કાઢવાને).

સાણું, વિ૦ ડાવકું; વિવેકી. ૨ અકલમન્દ; સમજુક. ૩ ઠરેલ ચતુર; પાકું.

સાત, વિ૦ [સપ્ત] દસમાં ત્રણ ઓછા; ૭.

સાતડેસાત, અ૦ કંઈજ નહિ; મીંડું. ૨ એ શબ્દ સાતનો અંક જણાવે છે. સાતડેસાત કાડ, એમ કેવાય છે.

સાતપટ્ટી, સ્ત્રી૦ સાત પટ—ફાંટા હોય તેવી ખાડી.

સાતપડી, વિ૦ સાત પડ હોય તે (રોટલી).

સાતપડો, પુ૦ પગતળિયે તથા હથેલીમાં થતું એક જાતનું ગોડ જેવું દરદ તે.

સાતમ-તેમ, સ્ત્રી૦ [સપ્તમી] પખવાડિયાંનો સાતમો દીડો.

સાતરા, વિ૦ સણગારી તૈયાર કરેલા એવા—" પછી રામ કૃષ્ણ કીધા સાતરા" (પ્રેમાનંદ).

સાતવો, સાતુ.

સાતા, સ્ત્રી૦ [શાતં-સાતં-સુખ અથવા શાન્તિ] આરામ; કરાર; સન્તોષ; નિરાંત. સાતા વળવી. સુખસાતા પણ બોલાય છે.

સાતુ, પુ૦ [સક્તુ] સેકેલાં અનાજનો જે લોટ તે; સાંતવો.

સાત્વિક, વિ૦ [સં૦] સત્વગુણવાળું; વિવેકનું પ્રાધાન્ય છે જેમાં—જેનામાં તેવું—તે.

સાત્વિકભાવ, પુ૦ [સં૦] (રસશાસ્ત્રમાં) એકાદા બનાવથી શરીર ઉપર જે અસર થયલી દેખાય તે. એ આઠ છે—સ્તમ્ભ, સ્વેદ, કમ્પ, રોમાંચ (રૂવાં ઊભાં થવાં તે), વૈવર્ણ્ય (મોનો રંગ બદલાઈ જવો તે), સ્વરભંગ (તોતલું બોલાય તે), અશ્રુપાત ને પ્રલય (મૂર્છા).

સાથ, પુ૦ સંગાથ; વાટે ચાલતાં જે બીજાં માણસો જોડે થાય તે. [વિચનારો.

સાથરિયો, પુ૦ ગમે તે ઠેકાણે બેસીને પરચુરણ સામાન

સાથરી, સ્ત્રી૦ નદી કાંઠે પાણીના કામડાંના તાડાં ઉપર જે લુગડું પાથરી તે ઉપર જે બીજો સામાન મુકે છે તે.

સાથરો, પુ૦ સુવાને સારૂ ઘાસની જે પથારી તે. ૨ મરવા પડેલાં માણસને જેટલી જે અબોટ લિંપેલી ભોંય ઉપર અથવા દર્ભની સાદડી ઉપર સુવાડવામાં આવે છે તે.

સાથળ, સ્ત્રી૦ જાંઘ.

સાથિયો, પુ૦ [સ્વસ્તીક] દેવની આગળ અથવા ઘર આંગણે કંકોટી ચૂના—ચોખાના લોટના વગેરેના જે ચિત્રામણ સાદાં અથવા રંગ પુરેલાં કાડવામાં આવે છે તે. વાંકસાથિયો તે કરકુનોજ હોય છે. જે બૈરાંઓને લખીને સહી કરતાં નથી આવડતું તેઓ ખત દસ્તાવેજ વગેરેમાં મતાંની લીટી પાસે સાથિયાનું ચિન્હ કરે છે. સોવાસણો સાથિયો કરે છે ને વિધવા મીંડું કાડે છે.

સાથી, વિ૦ જોડે રેનાર; સંઘાતમાં હોય તે. ૨ જોડે રહી મળીને કામ કરનાર; જોડિયો; મદદગાર. અ૦ શાકારથી? સાથી જે એટલે કારણ કે.

સાથી, પુ૦ સારથી; ગાડીવાન. ૨ ખેડને વાસ્તે રાખેલો નોકર; હાળી.

સાથે, અ૦ જોડે; સંઘાતે; સોબતી હોય તેવી રીતે.

સાદ, પુ૦ [શબ્દ] અવાજ; ઘાંટો. ૨ મોટો અવાજ; બૂમ. સાદ કરવો એટલે બુમ પાડી બોલાવવું; હાંક મારવી. સાદ કાડવો એટલે મોટો અવાજ કરવો.

સાદડખરચ, પુ૦ સાધુ ફકીર વગેરેને ગામની તરફથી ધર્માદા આપવા સારૂ સરકારથી ટલાટીને જે નાણું મળે છે તે.

સાદડી, સ્ત્રી૦ ખજુરીના છડિયાં અથવા ઘાસ ગુંથીને બનાવેલું બેસવા સુવાનું જે બિછાનું તે; ચટાઈ.

સાદડો, પુ૦ એ નામનું એક ઝાડ.

સાદર, સ્ત્રી૦ લાણ; લાવો. ૨ અધરણીરાતના કોડ; તેની જે ઇચ્છા પુરી પાડવી જોઈયે તે. અથવા તેની ઇચ્છાની સામગ્રી "મહેતે વગાડ્યો સકંપ સાદર પોહોતી છે." (મામેરૂં) 'કેહે તુને સાદર નારંગાં પીળાં' "એક તુને સાદર સડકડી સાલે,મારે રે મંદિર બાળ ના માહાલે;" "તમારી માડીયે શી શી સાદર પુરી રે" (ના૦ સ્ત્રી૦ગી૦)

સાદાઈ, સ્ત્રી૦ સાદાંપણું.

સાદું, વિ૦ [ફા૦] કુદરતી; કૃત્રિમ નહિ તે; ભભકા વગરનું. ૨ મીઠાઈ ને તોફા મસાલા વગરનું (ખાવાનું). ૩ જેને લુગડાં વગેરેનો ઠાઠ ન ગમતો હોય ને જે સુધા સ્વભાવનું હોય તે (માણસ).

સાધક, વિ૦ [સં૦] કાર્ય સાધનાર. ૨ જન-દેવ-ભૂત ઇત્યાદિને સ્વાધિન કરનાર. ૩ ભક્ત. ૪ ખટપટ કરનારો સહાય; મદદગાર. સિદ્ધ ને સાધક કેવાય છે.

સાધન, ન૦ [સં૦] જેથી કંઈ સધાય તે; કોઈ કામ પાર કરવામાં જેની જરૂર પડતી એવાં જે ઓજાર, હથિયાર, પદાર્થો, ઉપાય, માણસ વગેરે તે. ૨ ઇશ્વર પ્રાપ્તિ—કૃપાને અર્થે જે જપ, તપ, દાન, ઇન્દ્રિયદમન ઇ૦ આવશ્યક તે.

સાધનચતુષ્ટય, ન૦ [સં૦] મોક્ષનાં જે ચાર સાધન તે—વસ્તુવિવેક, વૈરાગ્ય, શમાદિષટ્સંપત્તિ (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન અને શ્રદ્ધા) અને મુમુક્ષુત્વ.

સાધના, સ્ત્રી૦ [સં૦] કોઈ કાર્ય સમ્પાદવાને જે ઉપાય-શ્રમ-ક્રિયા-કરવી તે. ૨ જપ તપ હોમ ઈત્યાદિકથી દેવતા ભૂત ઈ૦ને સાધી લેવા તે.

સાધવું, ક્રિ૦ સ૦ ધારચું કામ કરી-કાઢી લેવું અથવા એને માટે ઉદ્યોગ કરવો; મતલબ પાર પાડવી. ૨ વશ કરવું; હાથમાં લેવું (માણસને કોઈ કામને સારૂ). ૩ દેવતા ભૂત ઈ૦ને વશ કરવાં અથવા વશ કરવાને જપ હોમ બળિદાન ઈ૦ કર્મ કરવાં. ૪ શબ્દનું સિદ્ધ રૂપ કિયા કિયા ફેરફારથી થયું તે બતાવવું.

સાધારણ, વિ૦ [સં૦] ઘણાંને લાગુ પડતું-ઘણી વાર જોવામાં આવતું હોય તેવું (કંઈ). ૨ ઘણું સારૂં ન હોય તેમ નરસું પણ ન હોય તેવું; મધ્યમ; વચલાવાંધાનું; સામાન્ય.

સાધારણધર્મ, પુ૦ [સં૦] ઘણાને લાગુ પડતો હોય તેવો ધર્મ. સરખો ગુણ-સ્વભાવ ઈ૦.

સાધારણપક્ષ, પુ૦ મધ્યમ પક્ષ; વચલી પઙ્ક્તિનું; વચલું.

સાધિત, વિ૦ ધા૦ [સં૦] સધાઈને થયલું; સાધીને સિદ્ધ કરેલું (શબ્દનું રૂપ); સ્વતઃસિદ્ધ નહિ પણ બીજાની સહાયતાથી ઘડાયો હોય તેવો (શબ્દ). સિદ્ધ ને સાધિત એવા શબ્દ છે (વ્યાકરણમાં). ૨ પારપાડેલું; બર આણેલું; સિદ્ધિને પોંચાડેલું.

સાધુ, વિ૦ [સં૦] ઈન્દ્રિય વશ કરી ઈશ્વરના ધ્યાનમાં રેનાર; ભક્ત; જોગી; જ્ઞાની. ૨ બાવો; વેરાગી; મુંડિયો. ૩ સત્યવાદી; ધર્મી; ઉજળો પ્રમાણિક ગૃહસ્થ. (માણસ). ૪ શુદ્ધ; નિર્મળ (વૃત્તિ, રચના, અન્તઃકરણ ઈ૦).

સાધુસન્ત, પુ૦ [સં૦] ભક્તજન અને જ્ઞાની પુરુષો.

સાધ્ય, વિ૦ [સં૦] સાધી શકાય તેવું; વશ-તાબે કરાય તેવું; પાર પાડીશકાય તેવું; બની શકે તેવું.

સાધ્વી, સ્ત્રી૦ [સં૦] સાધુ વૃત્તિ વાળી સ્ત્રી; પતિવ્રતા; સતી.

સાન, સ્ત્રી૦ વિવેકની સમજ; ડાપણ. 'સોળે સાન ને વીસે વાન.' સાન આવવી. ૨ જુક્તીથી ગોઠવેલી જે સુન્દર તરેહ-છુટા તે. પાઘડી મુકવાની સાન. ૩ ગીરો-ઘરેણે મુકવું તે; અવેજ; સાટે મુકેલું તે. તેણે પોતાનું ઘર સાનમાં મુક્યું છે. ૪ સમસ્યા; ઈસારત; સઙ્કેત. સાનમાં સમજાવવું. સાનસોગત-છેલાઈ.

સાનક, સ્ત્રી૦ ઠીકરાંની તાસક.

સાનન્દાશ્ચર્ય, પુ૦ [સં૦] આનન્દની સાથે જે આશ્ચર્ય તે.

સાની, સ્ત્રી૦ પાણીમાં પિલાયલા તલનો તેલ ચૂંતો જે ભૂકો તે. ૨ ખાજાં તળીકાડતાં તેનો જે ખરીપડેલો ભૂકો કડાઈમાં રે તે. [પડતું.

સાનુકૂળ, વિ૦ [સં૦] સહાય કરે તેવું; મદદગાર; અનુકૂળ-

સાનુસ્વાર, વિ૦ [સં૦] અનુસ્વાર સહિત હોય તે (વર્ણ).

સાન્ત્વન, ન૦ [સં૦] ક્રોધ શોકથી ગભરાયલાને શાન્ત-ધીરું પાડવું તે. ૨ જોસ્સા નરમ પાડવા તે.

સાન્નિધ્ય, ન૦ [સં૦] સમક્ષ તે; નજર આગળ તે. ૨ નજીક; પાસે; પડોસે.

સાપ, પુ૦ [સર્પ] પગ બાર ન દેખાતાં જમીનસાથે ઘસડાઈને વાંકુંચુંકું ચાલતું દોરી જેવું એક લાબ્બું પ્રાણી, એની ઘણી જાત છે. એમાના કેટલએક દંશ દેછે જેથી દંશ લેનારને ઝેર ચડે છે. એની જાતિસ્વભાવે લૂણહરામ ખારીલું પ્રાણી કેવાય છે ને તે ઉપરથી તેવાં માણસને સાપની ઉપમાં આપવામાં આવે છે. દૂધ પાઈ સાપ ઉછેરવો. સાપણ-સાપેણ એટલે સાપની માદા. સાપની કાંચળી એટલે સાપ પોતાની જે જીર્ણ ચામડીની ખોલ ઉતારી નાંખેછે તે.

સાપાબામણી, સ્ત્રી૦ નાના સાપની એક જાત-એને મોડે સોનેરી ટપકાં, પુંછડી રાતી અને શરીરનો રંગ કાળો હોય છે. એ સાપની માસી પણ કેવાય છે.

સાપેણ, સ્ત્રી૦ [સર્પિણી] સાપની માદા. ૨ ઢોર મનુષ્યના શરીરના એકાદા ભાગ ઉપર સાપના આકારનું જન્મથી જે ચિન્હ તે. સાપેણવાળું પ્રાણી નેસિયું ગણાયછે.

સાપોલિયું, ન૦ સાપનું બચ્ચું; નાનો સાપ.

સાફ, વિ૦ [ફા૦] કચરા મેલ વગરનું; સ્વચ્છ. ૨ અહીં તહીં વેરાતું પડેલું નહિ પણ બધું ઠીકઠાક ને દુરસ્ત કરેલું તેવું; ચોખ્ખું. ૩ ઉંચું નીચું નહિ પણ સપાટ હોય તેવું. ૪ ગૂઢા અર્થવાળું; વાંકામાં અથવા સન્દેહવાળું નહિ પણ સરળ-સ્પષ્ટ હોય તેવું (બોલવું). ૫ ડાઘ-ખારફીનાવાળું નહિ પણ શુદ્ધ-નિર્મળ-ખરૂં હોય તેવું (દીલ). ૬ ઝાંખું-આંધળુંધુંધળું નહિ પણ જેવું હોય તેવુંજ. તેની આંખે સાફ દેખાતું નથી. અ૦ તદન; ઘસીને; બીલકુલ. તેણે સાફ ના કહી. સાફસુફ એટલે અહિં તહિંથી વાળી-ઝાડી સાફ કરવું તે. ૨ પાસે કંઈ ન હોય તેવી હાલતમાં.

સાફી, સ્ત્રી૦ ભાંગ છણવાનો લુગડાંનો કકડો. ૨ લુગડાંનો જે કકડો ભીનો કરી ચલમ ફુંકતી વખત તેને વળગાડી કાંણા આગળ રાખવામાં આવે છે તે. ૩ પતરાજ; બડાઈ. તે સાફી બહુ મારે છે.

સાબર, ન૦ [શમ્બર-સમ્બર] એક જાતનું મોટાં સિંગડાં વાળું ચોપગું જાનવર-એ વગડાનો લીલો સુકો ચારો ખાય છે, એનાં સિંગડાં જરા વાંકાં ને વચમાં વચમાં બીજી શાખાઓ હોય તેવાં હોય છે, એની દોડ બહુ છે.

સાબરસિંગડું-ગું, ન૦ સાબરનું સિંગડું. એ ઘસીને દરદ ઉપર ચોપડવામાં આવે છે.

સાબરી, સ્ત્રી૦ સાબરની માદા. વિ૦ એ નામથી ઓળખાતા કેટલા એક મન્ત્ર છે. શબર નામના પાડી મ્લેચ્છજાતિ લોક, જેને જાદુ મન્ત્ર ઘણા આવડે છે. એની સ્ત્રી તે સાબરી ને એનું રૂપ પાર્વતીએ લીધુ હતું.

સાખલિયો, પુ૰ ઘણા આછા કુમાસનું, જાડા દોરાનું, માછીની જાળ જેવું ધોળું કપડું–એ મરીગયલાં માણસની પાછળ બ્રાહ્મણને આપવામાં આવે છે; સાવલિયું. (સાવલિયાંના પોતિયાં).

સાખિત. શાબિત.

સાજુ, પુ૰ [આ૰] ચિકાસ મૂળ ચડવાના કામમાં આવતો એક પદાર્થ.

સાજુગોળો, પુ૰ ખાવાનો ખાંડનો પદાર્થ. ૨ શરીર ભરચું ને સીસુંલબરકે હોય તેવું (માણસ).

સાજુચોખા, પુ૰ વાંસિયા ચોખા જે દૂધ-પાણીની રાબડીમાં ઉકાળી માંદાંને આપવામાં આવે છે તે.

સાજેલો, પુ૰ વરઘોડામાં વરની આગળ રેનારાં ઘોડે અથવા ચારઠમાં અથવા હાથી ઉપર બેઠેલાં જે છોકરાંઓ તેમાંનું એકેક.

સામ, પુ૰ [સં૰] ચાર વેદમાંનો તીજો. સામવેદી–સામવેદ ભણેલા તે. ન૰ એ વેદમાં જે અવાન્તર ખંડ છે તેમાંનો એકેક.

સામ, પુ૰ [સં૰] શત્રુ જિતવાના ચાર ઉપાયમાંનો એક; મીઠું મીઠું બોલી જુક્તીથી સમજાવવું તે. બીજા ઉપાય દાન, દણ્ડ ને ભેદ છે.

સામ, પુ૰ [સ્વામી] પતિ; પ્રભુ (કવિતામાં).

સામ, સ્ત્રી૰ સાંબેલાંની તળેનો લોડાંનો વીંટો, જે ખાંડણિયાંમાંના અનાજને ખાંડે છે મે.

સામગ્રી, સ્ત્રી૰ [સં૰] એકાદી વસ્તુ ઘડવામાં અથવા એકાદું કામ કરવામાં જે ઓજાર હથિયાર ચીજ સામાન વગેરે જોઇયે તે; સાહિત્ય; સાધન.

સામટું, અ૰ એકીવારે; બધું સાથે.

સામત–દ, પુ૰ [સામન્ત] ખંડણી આપતો દેશી–પરદેશી રાજા; મણ્ડળીક. ૨ મહાશૂર યોદ્ધો (માથું ગયા પછી જેનું ધડ લડે તેવો).

સામન્ત, પુ૰ [સં૰] સામત. વિ૰ પાસેનું; પડોશનું.

સામર, ન૰ એક જાતનું ઝાડ.

સામરથ, સામર્થ્ય.

સામર્થ્ય, ન૰ [સં૰] બળ; જોર; શક્તિ. સામર્થ્યવાન્–સામર્થ્યવાળું.

સામસામાં–મું, અ૰ એક બીજાની વિરુદ્ધમાં હોય તેવું. ૨ એકની નજર બીજા તરફ ને બીજાની નજર પેલાની તરફ હોય તેવી રીતે.

સામળું, વિ૰ [શ્યામ] કાળાશ પડતા રંગનું; ઘઉંવરણાથી કાળું. સામળિયો–સામળો એટલે કૃષ્ણ–પાણીથી ભરેલી વાદળીનાં વરણનો.

સામાદસક્ત, પુ૰ અરજદાર રુપિયા લઇ અથવા માલ લઇ તે બાબતનું, દેનાર સામાં ધણીને જે લખાણ લખી આપે તે; ચિઠ્ઠી.

સામાન, પુ૰ [ફા૰] કોઇ કામને સારૂ જરૂરના જે ઓજાર, ચીજ, સગ્યા વગેરે તે; સામગ્રી; સાહિત્ય. ૨ ઘરનો રાચ વાંસણકુસણ વગેરે; જે ચીજોથી મિલકત થાયછે તે; માલ; સામાન સરંજામ કેવાયછે. ૩ કોઇની રાખેલી અથવા જેના ઉપર ઇશ્કની નજરે જોયું હોય તે સ્ત્રી. (વિષયી પુરુષોમાં).

સામાન્યનામ, ન૰ જાતિમાંના સર્વનો બોધ કરે તેવું નામ–વિશેષનામથી ઉલટું.(વ્યાકરણ).

સામાન્યા, સ્ત્રી૰ [સં૰] વેશ્યા; ગુણિકા; રામજણી. (રસશાસ્ત્રમાં).

સામાપાંચેમ, સ્ત્રી૰ ભાદરવાસુદ પાંચેમ; ઋષિ પાંચેમ.

સામાવાળો, વિ૰ સામેની બાજુનો. ૨ શત્રુ; દુશ્મન.

સામાસામી, અ૰ સામ સામાં.

સામી, સ્વામી.

સામીલ, વિ૰ [ફા૰] એકાદું કામ કરવામાં સાથે–મળેલું હોય તે જન; મિલાપી. ૨ સોબતી; ભાગીદાર.

સામું–માં–મે, અ૰ [સમ્મુખ] ઉલટી પણ સીધી દિશાએ હોય તેવું. નવલનું ઘર કેવળના ઘરની સામું છે; પેલાં ઘરની સામેથી જજે. ૨ એક જણ બીજાની તરફ જોતું હોય તેમ; નજર આગળ. તે મારી સામાં ઉભો છે. ૩ મર્યાદા મુકીને ધુરકતું હોય તેમ; આજ્ઞા ઉલ્લંઘીને. સામું ન બોલ.

સામું, વિ૰ ઉલટા વિચારનું; બીજા પક્ષનું; શત્રુરૂપ.

સામુદ્રધુની, સ્ત્રી૰ મોટા સમુદ્રને જોડનારી જે ખાડી તે.

સામુદ્રિક, ન૰ [સં૰] માણસનો હાથ અથવા શરીરનો બીજો કોઇ અવયવ, એ ઉપર જે રેખાદિ ચિન્હ તે જોઇને નસીબમાં લખેલું કેવાની જે વિદ્યા તે.

સામે, અ૰ ઉલટા પક્ષમાં; દુશ્મનતરીકે; બેઅદબ. સામું

સામેલ, [ફા૰] સામીલ. [શબ્દ જોવો.

સામેલ, સ્ત્રી૰ ગાડાંની ધર–ઝુંસરીને બંને છેડે ઘાલવાની જે ખિલી તેમાંની એકેકી; સાંબેલ.

સામેલું, સાંબેલું.

સામો, પુ૰ ખેડયાવના એની મેળે થયલું એક જાતનું [ખડધાન.

સામોપચાર, પુ૰ સામ ઉપાય.

સામ્પ્રત, અ૰ [સામ્પ્રતમ્] આધુનિક; હેમણાના ચાલતા કાળમાં; આ વખતમાં. [દેવ તે.

સામ્બ, પુ૰ [સં૰] અમ્બા સહવર્તમાન જે શિવ–મહા-

સામ્ય, ન૰ [સં૰] સરખાપણું; મળતાપણું; સાદૃશ્ય.

સાયંસન્ધ્યા, સ્ત્રી૰ [સં૰] સૂર્યાસ્ત સમયે બ્રાહ્મણે જે સન્ધ્યા કરવી–બાંધવી તે.

સાયક, ન૰ [સં૰] બાણ. ૨ ખડ્ગ.

સાયંકાળ, પુ૰ સમીસાંજ; સન્ધ્યાકાળ (સાયમ્–સાંજ).

સાયર, ન૰ [આ૰] દારૂ તાડી વગેરેની ઉપજ અથવા તે ઉપર સરકારથી લેવામાં આવતો જે કર તે.

સાગરૂ, પુ૦ [સાગર] સમુદ્ર દરિયો.

સાયુજ્ય, વિ૦ સ્ત્રી૦ ચારમાંની ચોથી-છેલ્લી મુક્તિ-ઈશ્વરનામાં સમાઈજવું તે.

સાર, પુ૦ [સં૦] પદાર્થ માત્રમાં તત્વ-જીવરૂપ જે અંશ તે; સાર; સત્વ. ૨ મૂળ ઉદેશ; મુખ્ય શિક્ષા; જરૂરી મતલબ. ૩ ફાયદાની વાત; લાભ.

સાર, વિ૦ સારું (કવિતામાં).

સારઙ્ગ, [સં૦] બપોરે ગાવાનો એક રાગ. ૨ સારઙ્ગી. ૩ હરણ. ૪ હાથી. ૫ સિંહ. ૬ હંસ. ૭ ચાતક. ૮ મોર. ૯ કોકિલ. ૧૦ વીંછુ. ૧૧ ભમરો. ૧૨ ફૂલ. ૧૩ કમળ. ૧૪ શંખ. ૧૫ ધનુષ. ૧૬ મેઘ. ૧૭ એક જાતનું વસ્ત્ર. ૧૮ કેશ. ૧૯ અનેક રઙ્ગ-ચિત્રવિચિત્ર તે. ૨૦ ચન્દન. ૨૧ કપૂર. ૨૨ સોનું. ૨૩ રત્ન. ૨૪ પૃથ્વી. ૨૫ રાત. ૨૬ પ્રકાશ. ૨૭ કામદેવ.

સારઙ્ગપાણિ, પુ૦ [સં૦] સારઙ્ગ ધનુષ્ય છે હાથમાં એવા જે વિષ્ણુ તે.

સારઙ્ગી, સ્ત્રી૦ [સારઙ્ગ] એક તરેહનું તારનું વાજું જે મોઢાંનાં ગાયનની સાથે વગાડવામાં આવેછે તે.

સારડી, સ્ત્રી૦ વે-કાણું પાડવાનું સુથાર વગેરેનું ઓજાર.

સારણ, નદી વે તેવો કુવો. ૨ કુવામાંથી આણેલી નેર.

સારથી, પુ૦ [સારથિ] રથ હાંકનારો; ગાડીવાન.

સારમણ્ડળ, ન૦ એક તરેહનું તારનું વાજું-એમાં ૩૨

સારવા, સ્ત્રી૦ સારી જમીન. [તાર હોય છે.

સારવાન, પુ૦ [ફા૦] ઊંટ હાંકનારો.

સારવું, ક્રિ૦ સ૦ શ્રાદ્ધ કરવું. સરાધ સારવું પણ કેવાય છે. 'સરાધ સાર કે બાપ બતાવ' એટલે આડી વાત મુકીદઈ આમ કે તેમ, હા કે ના એક વાત નક્કી કે.

સારવું, ક્રિ૦ સ૦ દોરડીથી સારડી ફેરવી લાકડાંમાં વે પાડવો.

સારસ, ન૦ [સં૦] એક જાતનું પક્ષી-એ અનાજના ખેતરોમાં ને પાણીવાળી જગો ઉપર હોયછે. એ ને એની માદા ચરતાં ઉડતાં હંમેશ સાથેજ રેછે.

સારાંવાનાં, ન૦ સારૂં; શુભ; રૂડું.

સારાંશ, પુ૦ [સં૦] સારરૂપ અંશ-ભાગ-પ્રકરણ; તાત્પર્ય. ૨ જરૂરની મતલબ; ઈન્સાફ; સંક્ષેપ; ભાવાર્થ.

સારાસાર, પુ૦ સાર ને અસાર-સારૂં ને માઠું.

સારિકા, સ્ત્રી૦ [સં૦] મેના પક્ષી.

સારીગમ, સ્ત્રી૦ સા, રી, ગ, મ, પ, ધ, ની, એ સાત સ્વર. ૨ કોઈ રાગમાં એ સાતમાંના કોઈ સ્વર સુર વર્જ્ય ને કોઈમાં કોઈ સુર સ્વર વર્જ્ય માટે જે જે રાગને એ સાતમાંના જેટલાં જે ખપતાં હોય તેટલાં તે, તે તે રાગની ('સારીગમ') કેવાય છે.

સારીપેઠે, અ૦ શરીરે સુખાકારી હોય તેવી સ્થિતિમાં; તનદુરસ્ત. ૨ પુષ્કળ; ઘણુંજ. ૩ અંદર ઉતરીને; પરની રીતે. ૪ કાળજીથી; ધ્યાનથી.

સારીવા, સ્ત્રી૦ ઓષધી.

સારૂં, અ૦ ઠીક બહુ સારૂં હા; હો. હું તમારે માટે એ વાત તેને કહીશ કેમ? સારૂં કેજો. ૨ સારું વિશેષણના અર્થમાં પણ ક્રિયાવિશેષણ રૂપે વપરાય છે.

સારૂં, વિ૦ પસંદ પડે તેવું; શોભીતું; સુન્દર-તેના અક્ષર સારા નથી; તેનો ચેહેરો સારો નથી. ૨ ફાયદો કરે તેવું-તે કેછે તે વાત સારી છે, કબુલ રાખો. ૩ પાકું ટકે તેવું. તે લાકડું સારૂં છે. ૪ પ્રમાણિક; ઈમાનદાર; ભલું; સુધું-સારૂં માણસ. ૫ ઘટતું; જોઈયે તેવું. તે સારે વખતે આવી પોંચ્યો. ૬ સુખી; સુખદાયક-તે આજ કાલ સારી સ્થિતિમાં છે. ૭ ખુટાવાનો બીક અથવા ચાલવામાં અડચણ ન હોય તેવો. સારે રસ્તે લઈજજે ભાઈ. ૮ બગડયા વનાનું; તેનીતેજ હાલતમાં-સરસીયાં વના અથાણું સારૂં રેવાનું નથી. ૯ સવાદ લાગે તેવું-દાડેમ સારૂં છે. ૧૦ પ્રજાનું હિત કરનાર. રાજા સારો છે. ૧૧ માયા રાખનાર; સંકટમાં સહાય કરનાર. મારે થોડા સ્નેહીયો છે પણ તે સારા છે. ૧૨ સુઘડ. એની બોલવા ચાલવાની રીત સારી છે. ૧૩ મળતાવડું; ચિડિયું નહિ પણ શાન્ત. તેનો સ્વભાવ સારો છે. ૧૪ ભલું ઈચ્છનારું; ઉદાર. તેનું દિલ સારૂં છે. ૧૫ મધ્યમ પક્ષનું; સાધારણ; ચાલે તેવું-તે કામ જેવું જોઈયે તેવું સરસ તો નથી થયું પણ હવે સારૂં છે. નઠારૂં-ખરાબ હોય તેને દુરસ્ત-મજેનું કરવું. ૨ રોગ કાડવો; આજારીને તનદુરસ્તી આપવી. ૩ ભલું-કલ્યાણ-રૂડું કરવું.

સારૂ, અ૦ વાસ્તે; કાજે; માટે. તેનેસારૂ દૂધ રાખજે.

સાર્થ, વિ૦ [સં૦] અર્થ સહિત.

સાર્થક, ન૦ [સાર્થક્ય] ઉદેશ-અર્થ પાર પડ્યો હોય તે; કૃતાર્થ; પ્રમાણ-જીવ્યાનું સાર્થક કીધું.

સાલ, ન૦ એકાદા વેમાં અથવા ખુણામાં સજ્જડ બેસતો આવે તેવો લાકડાંનો જે છોલી તૈયાર કરેલો ભાગ-છેડો તે. સાલ કાડવું એટલે વેમાં બેસાડવાને લાકડાનો ભાગ છોલી તૈયાર કરવો. ૨ નડતર; હરકત; દુઃખ દેતી વસ્તુ. 'સોકનું સાલ.' [વરસ.

સાલ, ન૦ [ફા૦] વરસ. ૨ વરસાણું. સાલ ગુદસ્ત-ગયું

સાલગિરી, સ્ત્રી૦ [ફા૦] જન્મ દિવસ; વરસગાંઠ.

સાલમ, પુ૦-સ્ત્રી૦ [આ૦] એક જાતના પુષ્ટીકારક કન્દ.-સાલમપાક-સાલમમાં તેજાનાની મેળવણ કરી બનાવે-

સાલમ્મિસરી, સ્ત્રી૦ સાલમ. [લો પાક.

સાલવવું, ક્રિ૦ સ૦ સાલે સાલ મેળવવાં. [માં દુઃખ થવું.

સાલવું, ક્રિ૦ અ૦ દિલમાં ખુંચવું-લાગવું; સાંભરથી હૈયા-

સાલસ, વિ૦ [આ૦] ભલું; સુધું. ૨ નિષ્કપટી; પ્રમાણિક. ૩ ધામધુમિયું-ગરબડિયું નહિ પણ ધીમું ને

સાલસાઈ, સ્ત્રી૦ સાલસપણું; ભલમનસાઈ. [વિવેકી.

સાલિયા, પું૦ ભાલાંના સાટાની બે બાજુના ટીશા.

સાલિયાણુ-યું, ન૦ વરસે આટલું આપવું એવી જે ઠેરવેલી રકમ તે; વર્ષાશન.

સાલોક્ય, ન૦ સલોકતા. [કુ૫૬.

સાલ્લો, પું૦ બૈરાંને સ્ટુમાં પ્હેરવાનું એક જાતનું સુતરઉ

સાવ, વિ૦ [સર્વ] સંપૂર્ણ બધું—જે જનસ સાવ સોનાની છે.

સાવક, શ્રાવક.

સાવકું, વિ૦ [સાપત્નીક] એક બાપથી પણ જૂદી જૂદી માથી પેદા થયલાં હોય તેવાં ભાંડુનો પરસ્પર જે સમ્બન્ધ તે; એક માંના છોકરાં ને તેઓની બીજી માનો પરસ્પર જે સમ્બન્ધ તે પણ, સાવકું સગપણ, સાવકો ભાઈ, સાવકી બ્હેન, સાવકી મા, સાવકાં છોકરાં. બાતરીયા ન્યાતમાં સાવકો બાપ પણ કેવાય છે. સાવકાંને ઓરમાન પણ કે છે. [હોશિયાર; સાવધ.

સાવચિત-ચેત, વિ૦ ચાર પાસ નિધા રાખનું; જાગૃત;

સાવચેતી, સ્ત્રી૦ સાવચિત પણું; સાવધાન રેવું તે.

સાવજ, ન૦ [શ્વાપદ] એક જાતનું વગડાનું પશુ; વાઘ. ૨ (લાક્ષણિક) વિ૦ મૂખર; જડભરત; માથાકુટથી પણ ન શિખી-સમજી શકે તે.

સાવણ, શ્રાવણ શબ્દ જોવો.

સાવણી, સાવરણી.

સાવધ, વિ૦ હોશિયાર; સાવચેત; જાગૃત.

સાવધાન, વિ૦ [સં૦] ધ્યાન-નિગા-નજર રાખતું હોય તેવું; જાગૃત; હોશિયાર; ખબરદાર. ૨ ન૦ હસ્તમેલાપક-પાણિગ્રહણ થતી વેળા બોલાય છે.

સાવરણી, સ્ત્રી૦ ખજુરીના તાડછીયાંની બાંધેલી ઝૂડી જે કચરો કાડવાના કામમાં આવે છે તે.

સાવરણો, પુ૦ કરાંઠી-વાંસની સળીયોની બાંધેલી ઝૂડી જે કચરો કાડવાના ને ખાળ ધોવાના કામમાં આવે છે [તે.

સાવરિયું, ન૦ સાસરું.

સાહવું, ક્રિ૦ સ૦ પકડવું; ઝાલવું; ધરવું. ૨ બાઝવું.

સાષ્ટાંગ, વિ૦ આઠ અંગ સાથે હોય તેવો (નમસ્કાર—પ્રણામ)—છાતી, માથું, આંખ, પાગ, ધુંટણ, હાથ એણે મનમાં ચિંતીને ને મોંડે બોલીને એ શબ્દ નામ રૂપે પણ લાંબાંથઈને પગે પડવાને માટે એકલો (નમસ્કાર-પ્રણામસાથે જોડયા વગર પણ) વપરાય છે.

સાંસ, પુ૦ શ્વાસ. ૨ છ્વ. 'સાસ ગુંગળી આસ'.

સાસરવાસો, પુ૦ છોકરીને સાસરે વળાવતી વખત પિયરથી તેને પ્હેરવાનાં લુગડાં ઘરેણાં નાણું આરસી કાંસકી વગેરે જે આપવામાં આવે છે તે (જેનું સાસરું પરગામ હોય છે એવા જેને ઘણાંદાડા સાસરે રેવાનું હોય તેને સાસરવાસો હોય છે). (સાસરે છોકરીને અડચણ ન પડે માટે માની તરફથી ખાનગી મદદદાખલ સાસરવાસાની રીત છે).

સાસરવેડ-લ, સ્ત્રી૦ સાસરાંના સમ્બન્ધી જન તે; સાસરાંના સગાં; શ્વશુરપક્ષ.

સાસરિયાં, વિ૦ સાસરાંના સગપણમાં (જન).

સાસરું, ન૦ સસરા સાસુનું ઘર. વહુને વરનું ઘર તે. અને વરને વહુનું પિયર તે સાસરું.

સાસુ, સ્ત્રી૦ [શ્વશ્રૂ] વહુને વરની ને વરને વહુની જે મા તે (સમ્બન્ધમાં).

સાહુ, સા-સાઉ.

સાહજન, સાજન.

સાહજિક, વિ૦ સહજ પ્રાપ્ત થઈ શકે તેવું. ૨ પોતાની મેળે થયલું; સ્વાભાવિક.

સાહજોગ, સાજોગ.

સાહસ, ન૦ [સં૦] જે કામ પારપાડવામાં પ્રાણની હાનિ થવાનો સંભવ હોય તેવું મોટું કામ કરવાને છાતી ચલાવવાનો જે જોસ્સો તે અથવા તેમાં ઝંપલાવું તે—એ ઉચ્ચ સદ્ગુણ છે પણ એથી વિરલા જનજ પરાસ્ત થાય છે માટે સાધારણ મનુષ્યનાં નીતિબોધમાં એ સદ્ગુણને નિન્દ્યો છે ને એ ઉપરથી એ શબ્દ અવિચાર તથા આકળાંપણાના અર્થમાં વપરાય છે.

સાહસિક, વિ૦ [સં૦] સાહસ કરનાર; હિંમતવાન; જોખમ ખેડનાર.

સાહાય, સ્ત્રી૦ [સાહાય્ય] પુષ્ટી; મદદ; કુમક. ૨ સાથી—જોડિયાપણું.

સાહાવું, સાવું.

સાહિત, સાહિત્ય.

સાહિત્ય, ન૦ [સં૦] સાધન; સામગ્રી; સામાન. ૨ કાવ્ય નાટકના રસ અલઙ્કારના જે લક્ષણ દૃષ્ટાંત ઈત્યાદિક તે. ૩ દાખલા અથવા બોધમાં પ્રસઙ્ગોપાત બોલતાં જે કવિતા રૂપ શ્લોક દોરા પદ વગેરે તે.

સાહી, સ્ત્રી૦ [ફા૦] જે પ્રવાહીમાં કલમ બોળી કાગળ ઉપર લખાય છે તે; રુશનાઈ.

સાહીબી, સાહેબી.

સાહુ, સાઊ.

સાહુકાર, સાઊકાર.

સાહુડી, સ્ત્રી૦ [શલ્લકી-સલ્લકી] એક જાતનું સસલાં જેવું પશુ જેનું શરીર સોસેળિયાંથી ઢંકાયલું હોયછે.

સાહેત, અ૦ તેજ દરમિયાનમાં; તરત. એવો અર્થ રાખે છે. ઘડી-પલ સાહેત એટલે ઘડી-પલમાં; ઘડીલેકમાં.

સાહેબ, પુ૦ [અ૦] ધણી; ખાવન્દ; શેઠ. ૨ એ શબ્દ પદવીસૂચક નામ સાથે જોડાય છે. રાજસાહેબ, સરકારસાહેબ વગેરે.

સાહેબી, સ્ત્રી૦ સાહેબપણું; વિશેષે કરીને પદવીના ઠાઠમાઠનો જે ભોગવટો તે; શ્રીમન્તાઈનો લાભ.

સાહેલી, સાએલી.

સાહ્ય, સ્ત્રી॰ [સં॰] મદદ; પુઠી; કુમક. વિ॰ મદદગાર.

સાહ્યતા, સ્ત્રી॰ મદદ. [યન્ત્ર.

સાળ, ન॰-સ્ત્રી॰ જે ઉપર કપડાં વણાય છે તે સાધન–

સાળવી, પુ॰ કપડાં વણનાર.

સાળિયું, ન॰ સાળ-ડાંગર.

સાળી, સ્ત્રી॰ [સ્યાલિકા] વહુની બેન.

સાળું, વિ॰ હરકોઈ વસ્તુ વિષે લાડમાં અથવા હલકા તુચ્છ-કારમાં બોલવાની સુરતના લોકને આંચણી છે તે બતાવેછે. તે સાળું કેવું હશે–સાળા માકણ બહુ દુઃખ દેછે.

સાળુ, પુ॰ બૈરાંને પેરવાનું રંગેલું ઝીણું કપડું.

સાળો, પુ॰ [શ્યાલ-શ્યાલક] વહુનો ભાઈ.

સિંગડી, શિંગડી. સિંગડું.–શિંગડું.

સિંગારા, એક જાતનાં માછલાં.

સિંગોડું. શિંગોડું.

સિંચવું, ક્રિ॰ સ॰ [સિઞ્ચન] પાણી છાંટવું–રેડવું. ૨ [સઞ્ચયન] એકપર એક એમ ગોઠવવું.

સિંહ, પુ॰ [સં॰] એકદમ તરાપ મારી ફાડી ખાનારાં ચોપગાંમાં જે સહુથી જોરાવર ને વિકરાળ જાત તે. મોટામાં મોટો સિંહ આઠ નવ ફુટ લાંબો હોય છે. નરને મોટું માથું અને તે ઉપર ગુછળાં વળેલા લાંબા ને પિળાસ પડતા નિમાળા હોય છે. કદે દેખાવે તે સઘળાં પશુમાં રાજા હોય તેવું ઉંચપણું બતાવે છે. તેનું ચાલવું પ્રૌઢ છટાનું ને તેની ગર્જના ભયંકર છે. ૨ સ્ત્રી॰ એ નામની મેષથી ગણતાં પાંચમી રાશિ. ૩ સિંહ જેવો જે પરાક્રમી પુરૂષ તે. વિ॰ ૪ મુખ્ય; સહુથી મોટું.

સિંહકટી, સ્ત્રી॰ [સં॰] સિંહના જેવી પાતળી કમરની [સ્ત્રી.

સિંહણ, સ્ત્રી॰ સિંહની માદા.

સિંહસ્થ, પુ॰ [સં॰] સિંહરાશિનો બૃહસ્પતી. એ યોગ બાર વરસે આવે છે ને તેમાં જનોઈ વિવાહના કાર્ય કરવાનો નિષેધ છે. એ યોગમાં ગોદાવરીની જાતરા આવે છે.

સિંહાવલોકી, વિ॰ સિંહ જેમ પોતાની સાવચેતીમાં પાછળ પણ જોતો જાય છે તેવી રીતનું (કવન)–પેલાં ચરણના જે છેલ્લા અક્ષર તેથીજ પાછું બીજું ચરણ મંડાય એવો શ્લોક.

સિંહાસન, ન॰ [સં॰] રાજાને બેસવાનું આસન (જેની બાજુએ સુના આરસપાણ ઈ॰ના સિંહની મૂર્તિયો (જડેલી); રાજગાદી.

સિકઞ્ચા-જા, સાંચો.

સિકતા, સ્ત્રી॰ [સં॰] રેતી; પણો.

સિકન્દર, વિ॰ [આ॰ આસકાન્દર] ફતેહમન્દ; જયકારી. તેનો દાડો સિકન્દર છે એટલે ગડતો–આબાદીનો છે. ૨ સિકન્દર બાદશાહ.

સિકલ, સ્ત્રી॰ [આ॰] કાટ ચડેલાં હથિયારને પાછાં ઘસી સાફ ચકચકિત કરવાનું જે કામ તે. સિકલ કરવી–આપવી. ૨ ચેહેરા; રૂપ.

સિકલીગર, પુ॰ સિકલ (૧લા અર્થમાં) કરનારો.

સિકારવું, ક્રિ॰ સ॰ [સ્વીકારવું] કબૂલ રાખવું. હુંડી સિકારવી એટલે હુંડી કબૂલ રાખી તેનાં નાણાં આપવાં.

સિક્કાદાર, વિ॰ સારા ચેહેરાવાળી (બઈરી).

સિક્કાબન્ધ, વિ॰ કોથળી બાંધી ઉપર સિક્કો કરેલો હોય તેવું; અનામત; વાપરવામાં ન આણેલું એવું.

સિક્કેકટાર, સ્ત્રી॰ રાજાની કટાર રૂપી જે તેનો સિક્કો તે. –રાજા પોતાની સમ્મતિમાં પોતાની કટારની છાપ મારે તે.

સિક્કો, પુ॰ [આ॰] છાપ–મોહોરવાળું નાણું.–બરૂચી–સુરતી–કમ્પની સિક્કો. ૨ રાજાના નામ ચિન્હની છાપત, જે તેની સહીને ઠેકાણે વપરાય છે; સરકારી મોહોર. ૩ ચેહેરા; મોડાંનો ઘાટ. ૪ છાપ; ફતેહની નિશાની; ડંકો.

સિચાણો, પુ॰ [શ્યેન] એક જાતનો શિકારી પક્ષી; બાજ.

સિજવું–ઝવું, ક્રિ॰ સ॰ બફાવું; ચડવું; રન્ધાવું. ૨ પાર પડવું; સિદ્ધ–નક્કી થવું. કામ સીઝ્યું–સીધ્યું.

સિટ્ટી, સ્ત્રી॰ સીસોટી. ૨ આંજો પીંઓ તે.

સિતળ, વિ॰ શીતળ.

સિતળા, શીતળા.

સિતાફળ, ન॰ એક જાતનું ફળ–કારતક માગસરમાં આવે છે; અનુચ–છ. સિતાફળી–સિતાફળનું ઝાડ; અનુ-

સિતાર, સતાર. [ચડી–છડી.

સિતારો, પુ॰ [ફા॰] ગ્રહ; તારો. ૨ નસીબ; યોગ.

સિત્તેર, વિ॰ સાઠ ને દશ; ૭૦.

સિત્તોતેર, વિ॰ સિત્તેર ને સાત; ૭૭.

સિધવો, પુ॰ ગાડાંની પછવાડે ટેકણ મુકવાનું જે લાકડું તે.

સિધારવું–વું, ક્રિ॰ અ॰ જવું; દૂર પધારવું.

સિધી, પુ॰ [આ॰] હબસી.

સિદ્ધ, વિ॰ [સં॰] નક્કી; પાર પડેલું. શકુન તો સારા છે કામ સિદ્ધ થશેજ. ૨ ઉપભોગ કરવાને લાયક એવી હાલતમાં હોય તેવું; તૈયાર. રસોઈ સિદ્ધ છે. ૩ પ્રમાણ સાથે નિર્ણય કરેલું; દલીલ સાથે સાબેત કરેલું એવું. તેના ઉપર મુકેલો અપરાધ સિદ્ધ થયો નહિ. ૪ નક્કી ઠરેલું–મત બન્ધાયલું હોય તેવું. ૫ ગુલતાન; મગ્ન; ડુબેલ. ૬ સાધિત નહિ પણ મૂળ, એવા શબ્દ (વ્યાકરણમાં). ૭ એ શબ્દ, કેટલાક શબ્દ સાથે જોડાઈને સમાસ રૂપ શબ્દ કરેછે.–અનુભવસિદ્ધ, ન્યાયસિદ્ધ, યોગસિદ્ધ ઈ॰.

સિદ્ધ, પુ॰ [સં॰] જેની પાસે સિદ્ધિ હોય તે પુરૂષ; જેનું ચિન્તવ્યું–બોલ્યું ફળે તે. એના ત્રણ વર્ગ છે. ૧ ઈશ્વરથી પ્રસાદ પામેલો ને ત્રિકાળના જ્ઞાનવાળો પુરૂષ. ૨ મન્ત્ર યન્ત્ર તન્ત્ર સાધને જે મોટું અલૌકિક કામ કરી શકતો હોય તે. ૩ જેણે દેહકષ્ટ ને મન્ત્ર તન્ત્ર સાધને નીચલા

પ્રાપ્ત અથવા એમાંનું એકાદું પ્રાપ્ત કરયું હોય તે પુરુષ—દેવતાઓનો અવતાર, દેવતાનાં રૂપ, દેવતાઓનો સહવાસ, સાત લોકમાં કોઈ ઠેકાણે રેવું અને કોઈ પણ દેવમાં સમાઈ જવું તે.

સિદ્ધ સાધક, પુ૦ કપટફંદી કોઈ કામ પાડી લેવા સારૂ એકે સિદ્ધ—જોગી—બાવા બનવું ને બીજાએ તેના શિષ્ય થઈ તેના ગુણ ગાવા અથવા એકે કંઈ બોલવું ને બીજાએ તેને ઉપાડી લેવું ઇ૦ પ્રપન્ચમાં જે બે મુખ્ય પુરુષો તે.

સિદ્ધાઈ, સ્ત્રી૦ સિદ્ધપુરુષપણું; સિદ્ધની મોટાઈ.

સિદ્ધાન્ત, પુ૦ [સં૦] પ્રમાણ વાદથી કરેલો જે નિર્ણય તે; છેલ્લો ઠરાવ; નિશ્ચય. ૨ જ્યોતિષ ભૂમિતિ ઇ૦ વિષયમાં અમુક જે સપ્રમાણ સિદ્ધ કરેલા નિયમ તે.

સિદ્ધાન્તી, વિ૦ જેણે વાદ—પ્રમાણથી એકાદુ મત સિદ્ધ કરયું હોય તે.

સિદ્ધિ, સ્ત્રી૦ [સં૦] કેટલાંક દુર્ઘટ મન્ત્ર તન્ત્રાદિક સાધન—થકી પ્રાપ્ત થનારું જે અલૌકિક અદ્ભુત સામર્થ્ય તે. એ સામર્થ્ય આઠ છે.— અણિમા (ઝીણામાં ઝીણી વસ્તુનું રૂપ ધારણ કરવાની શક્તિ), મહિમા (મોટું—વૈરાટરૂપ ધારણ કરવાની શક્તિ), ગરિમા (વજનમાં ભારે અથવા દેખાવમાં ભારેખમ થઈ જવાની શક્તિ), લઘિમા (વજનમાં છેક હલકું થઈ જવાની શક્તિ), પ્રાપ્તિ, (કોઈ પણ ચિન્તેલી વસ્તુ પ્રાપ્ત કરવાની શક્તિ), પ્રાકામ્ય (ઇચ્છા થઈ કે કામ બન્યુંજ છે એવી જે ઇચ્છાશક્તિ તે), ઈશિત્વ (મોટાઈ—પ્રભુત્વ ધારણ કરવાની શક્તિ) અને વશિત્વ (વશિકરણ કરવાની શક્તિ).—૨ ઇશ્વર પ્રસાદી અથવા મન્ત્ર પ્રસાદી. એની પાસે સિદ્ધિ છે એમ કેવાય છે. ૩ કાર્ય પાર પડવું તે; શ્રમ ફળીભૂત થવો તે. [વાળું.

સિન્દુરિયા, વિ૦ [સિન્દૂરી] સિન્દૂરના રંગનું. ૨ સિન્દૂર—

સિન્દૂર, ન૦ [સં૦] સીસાંને રાંધી બનાવેલો એક જાતનો આછો રાતા રંગનો પદાર્થ રંગવાના કામમાં આવેછે

સિન્ધભૈરવી, સ્ત્રી૦ ભૈરવી રાગણીનો એક ભેદ. [તે.

સિન્ધવ, પુ૦ [સૈન્ધવ] એ નામનો એક ખાર, મીઠાંને ઠેકાણે ને ઓસડમાં વપરાય છે.

સિન્ધુ, પુ૦ [સં૦] સમુદ્ર; દરિયો. ૨ એ નામની નદી જે હિંદુસ્તાનને પશ્ચિમ સીમાડે છે. ૩ એ નામનો રાગ જુદ્ધમાં ગવાતો તે.

સિન્ધુડો, પુ૦ સિન્ધુ રાગ.

સિપણી, સ્ત્રી૦ પાણીનું રેડવું તે.

સિપવું, ક્રિ૦ સ૦ પાણી રેડવું; સિંચવું.

સિપાઈ, પુ૦ [ફા૦] શેહેર—ગામ—ઘરના રક્ષણને માટે હથિયારબન્ધ જે સરકારી અથવા ખાનગી નોકર તે; ચોકીદાર; અસવાર પટાવાળો. ૨ લશ્કરી માણસ.

સિપાઈગીરી, સ્ત્રી૦ સિપાઈનું કામ.

સિપાણી, સ્ત્રી૦ ગાની સીપ.

સિપાત, પુ૦ સન્યાસી; શ્રીપાત.

સિફત, સ્ત્રી૦ [ફા૦] ખાસીઅત; ગુણ. ૨ હિકમત; કરામત; કારસ્તાન. ૩ વખાણ; તારીફ. ૪ તરેહ; છટા.

સિફલું, વિ૦ ભલીવાર વગરનું; ઘટતી પ્રૌઢતા—ડાવકાઈ ન રાખતાં એકદમ વાત ખુલ્લી—છિછુલ્લી—નિરસ કરી—નાખે તે (માણસ).

સિફાબહાદુર, વિ૦ [ફા૦] છાતીવાળો; હિમતવાન.

સિફારસ, સ્ત્રી૦ [ફા૦] ભલામણ; કોઈને સત્કાર—માન—પગારમાં વધારો થાય તેને સારૂ તેની કોઈયે જે ભાળવણી—તારીફ પોતાના વગવાળાને કરી હોય તે.

સિબન્દી, સિરબન્દી.

સિમળો, પુ૦ એક જાતનું ઝાડ છે.

સિમાડો, પુ૦ ગામને લગતી જમીનનો જે છેડો તે.

સિયાળ—વું, [શૃગાલ] શિયાળ.

સિયાળો, પુ૦ શિયાળો.

સિર, ન૦ [ફા૦] માથું.

સિરજોરી, સ્ત્રી૦ [ફા૦]માથામાં ધુમાડો રાખી જોરામાં સામાં થવું તે. 'ચોરીની ચોરી ને વળી સામી સિરજોરી.'

સિરતાજ, પુ૦ [ફા૦] માથાનો મુગટ—તાજ.

સિરપેચ, પુ૦ [ફા૦] પાઘડી ઉપર બાંધવાનો નંગ મોતી જડિત જે કસબી પટકો તે.

સિરબન્દી, સ્ત્રી૦ [ફા૦] મુખ્ય રાજાને કામ પડે તારે મદદ કરવાને તેના અમુક ખણ્ડણીયાએ જે લશ્કર પુરૂં પાડવું તે. ૨ મુખ્ય રાજાના લશ્કરનો જેટલો જે ભાગ એકાદા ખણ્ડણિયાના મુલકના બન્દોબસ્ત સારૂ એજ મુલખમાં રયો હોય ને એનો ખરચ ખાતો હોય તેટલો તે.

સિરસ્તેદાર, પુ૦ [ફા૦] કોરટ—મુખ્ય કચેરીનો એક અધિકારી— જે અરજીઓ વાંચવા સમજવાનું—શાહેદી—ઓની જુબાની લેવા વગેરેનું કામ કરેછે તે.

સિરસ્તેદારી, સ્ત્રી૦ સિરસ્તેદારનું જે કામ—દરજ્જો તે.

સિરસ્તો, પુ૦ [ફા૦ સિરશ્તા] ચાલતો આવેલો રિવાજ—ચાલ;હમ્મેશાની રીત—ઘર કચેરી વગેરેનો.

સિરામણ, શિરામણ.

સિરાવવું, શિરાવવું.

સિરો, શિરો.

સિરોઈ, સ્ત્રી૦ લામ્બી ડોકનું ને પોળાં પેટનું પાણી ભરી રાખવાનું ધાતુનું વાસણ.

સિલક, સ્ત્રી૦ [અ૦] જેટલું બાકી રેવલું—વધેલું તે. વિ૦ બાકીનું. ૨ આપતાં લેતાં વધેલી જે નાણાની રકમ તે (હિસાબની ચોપડીમાં); પુરાંત; જણસ.

સિલસિલાબન્દ, અ૦ [ફા૦] એક પછી એક; હારદાર; સાંકળની પેઠે.

સિલાજિત, પુ૰ પત્થર-પહાડમાંથી ઝરીને ઉપર ઠરી રહે-લો મદઝરસ. એ ઔષધમાં કામ આવેછે.
સિલેદાર, પુ૰ [ફા૰] ઘોડેસ્વાર સિપાઈ. ઘોડાનો ખરચ તેનેજ માથે હોયછે.
સિવડામણ-ણી, સિવાઈ. [લાગે.
સિવણ-ણી, સ્ત્રી૰ સિવવાની રીત; સિવવામાં દોરા ભરે-
સિવવું, ક્રિ૰ સ૰ [સીવન-સેવન] સોય કે દોરા એ વડે કપડાંના કકડા જોડવા.
સિવાઈ, સ્ત્રી૰ સિવવાની મેહેનત-મજુરી.
સિવાએ-ય, અ૰ [હિં૰] વગર; હોય તે બાદ કરીને; વિના.
સિસમ, ન૰ [શિંશપા] એક જાતનું નક્કર ને કાળું લાકડું.
સિસોટી, એક ઝાડ.
સિસોળિયું, ન૰ સાહુડી જાનવરના શરીર ઉપર લાંબા લાંબા કાંટારૂપ જે હોય છે તે.
સિળિસાતેમ, શિળિસાતેમ.
સીક, સ્ત્રી૰ [ફા૰] ગોરા ભુંજવાનો લોઢાનો સળિયો.
સીકું, ન૰ [શિક્ય] વાસણ મુકી ભેરવી રખાય તેવું ગુંથેલું દોરડું જે ઊંચે લટકતું રાખવામાં આવેછે તે.
સીડી-સીડી, સ્ત્રી૰ મટોડાં, અથવા પથ્થરના પગથિયાંની એક પછી એક એમ જે હાર તે; લાકડાંનો સાંકડો દાદર; નિસરણી. દાદર તે લાકડાંનોજ હોય.
સીત, શીત.
સીદી-ધી, [આ૰] હબસી. [અવળું નહિ).
સીધું, વિ૰ પાધરૂં; નાક સામી વાટ હોય તેવું. (આડું
સીધું, ન૰ રાંધી ખાવાને સારૂ જે અન્ન તે.
સીનો, પુ૰ [ફા૰] છાતી. [ભાગ તે.
સીપ, સ્ત્રી૰ જેમાં મોતી હોય છે તે કોટલાંનો જે અડધો
સીમ, સ્ત્રી૰ [સીમા] ખેતરની હદ; ખેતર. ૨ હદ; છેડો. ૩ ગામના તાબાની જે જમીન તે.—તે તો સીમમાં ગયો [છે.
સીમન્ત, ન૰ [સં૰] અધરણી.
સીયમ, સોયમ.
સીરી, સ્ત્રી૰ [ફા૰ શિરી] મીઠાસ; ગળી. ૨ મેજત.
સીરો, પુ૰ શિરો.
સીસ, શિષ્ય.
સીસી, સ્ત્રી૰ લાંબા ઘાટનું ને સાંકડાં મોઢાંનું કાચનું વાસણ (ઔસડ, અત્તર વગેરે ભરવાનું).
સીસું, ન૰ [સીસ] એક જાતનો ભારી પણ નરકાશ જેવો નરમ ધાતુ.
સીસો, પુ૰ શીસો. મોટી સીસી-પેટ્ટું પોળું પણ હોય.
સીળા, સ્ત્રી૰ શિતળા; સેધડ.
સીળું, ન૰ થીજું; છાંયડો. વિ૰ સીળીઠ પણ બોલાયછે. ૨ ઘપ્પડી પ્રકૃતિનું; મોળું; ઢાવકું.
સું, અ૰ એ શબ્દ સાથે-પ્રત્યેના અર્થમાં વિભક્તિની ઠેકાણે પ્રત્યય રૂપે વપરાયછે. (કવિતાનાં જૂનાં પુસ્તકમાં) બળસું મારવો (બળે). માતાસું વિરોધ (માતા પ્રત્યે), 'વચ્છ ચારવાસું કામ' વચ્છ ચારવાને અર્થે એટલે એજ કામ. સ૰ શું. [કરાવવી તે.
સુંઆળું, ન૰ મરણનું સુતક ઉતારવા માટે જે હજામત
સુંખસં-ળાં, ન૰ ઘાસના ખી ઉપરનો અથવા ઘઉંની કણ્ઠી વગેરેની ઉપરનો પાતળી સળી જેવો કાકર વાળો જે ભાગ તે.
સુંઘવું, ક્રિ૰ સ૰ બીકાદી વસ્તુનો નાક સાથે સમ્બન્ધ કરી તેનો વાસ લેવો. ફૂલ સુંઘવું વગેરે. ૨ હળવે હળવે નાકમાં ઘાલવું-તપખીર સુંઘવી.
સુંઠ, સ્ત્રી૰ [શુણ્ઠી] સુકું આદુ.
સુંડ-સુંઢ, સ્ત્રી૰ [શુણ્ડા] શુંડ.
સુંડલી, સ્ત્રી૰ ટોપલી. સુંડલો-ટોપલો.
સુંઢિયું, ન૰ પત્ત્યાસીની દોરી વગેરેનું ઢંકણના આકા-રનું (ગોળ) ઉતરડ ગોળી વગેરેની નીચે ગોઠવવાનું થાયછે તે. ૨ જુની, ટુટીફાટી, રંગ ઉતરીગયલી, જથ-રપથર બાંધેલી પાઘડી તે. [ખરખડિયું.
સુંવાળી, સ્ત્રી૰ ઘઉંના લોટની પુરી કરી સુકવી તળેલી તે;
સુંવાળું, વિ૰ નરમ; પોચું; રેશમ જેવું લીસુ-સાફ-કુમળું લાગે તેવું; મુલાઇમ.
સુંવાળું, ન૰ (વરતસુવાળું). બાળકના જન્મથી તેના કેટ-લાએક સમ્બન્ધીને સુતક પડેછે તે.
સુ, ઉ૰ [સં૰] એ શબ્દ સારૂં-ઘણું એના અર્થમાં વળી દુઃખ, અનુમતિ, સમૃદ્ધિ, અનાયાસ એના અર્થમાં [વપરાયછે.
સુક, શુક.
સુકડ-કેડ સુખડ-ખેડ.
સુકન, પુ૰ [શકુન] શુભાશુભ ચિન્હ.
સુકલકડી, વિ૰ લાંબું ને પાતળું; એકવડાં હાડનું. તે નિરોગી છે પણ સુંકલકડી છે.
સુકવણી, સ્ત્રી૰ સુકવવું-વેલું તે. સુકવણીનાં શાક.
સુકવાણુ, ન૰ વરસાદ પૂરો ન પડવાથી ખેતરનું વાવેતર ચારો વગેરે સુકઇ જાય તે. 'કરમ વનાનો ખેતી કરે, બળદ મરે સુકવાણું પડે.'
સુકવવું, ક્રિ૰ સ૰ સુકાય એમ કરવું. [કાદવ સુકા.'
સુકવું, ક્રિ૰ અ૰ સુકું થવું; સુકાવું. 'આભિયા ઉઘડ્યા
સુકાન, ન૰ [આ૰] જેને મરડવાથી વાણ-હોડી આમ તેમ દિશા બદલી ચાલે તે લાકડું. એ વાહણની પછવાડે અડધું પાણીમાં હોય છે.
સુકાની, પુ૰ સુકાન ફેરવનારો ખારવો.
સુકાવું, ક્રિ૰ અ૰ પવન-તાપથી ભિનાસ ઉડવી; સુકું થવું. ૨ શરીરમાં વિત્ત-બળ ઓછું થયેથી પાતળું બનવું-દેખાવું. તે આજ કાલ સુકાયો છે. ૩ કરમા-વું; પાતરાં ખરી જવાં. (ફૂલ-ઝાડ). ૪ પાણી રહિત થવું (તળાવ, નદી).

સુકાળ, પુ૦ સોંઘવારીનો વખત.
સુકીર્તિ, સ્ત્રી૦ [સં૦] સારૂં નામ; સારી ખ્યાતી.
સુકુમાર, વિ૦ [સં૦] ઘણું નાજુક-કુમળું.
સુકૃત, ન૦ [સં૦] સારાં કર્મ; સધર્મ.
સુકકર, શુક. સુકરવાર વળવો એટલે સારુ થવો; ફાડો ઉપડવો; નસીબ જાગવું.
સુક્કો, વિ૦ ખોટો; ખાલી; નકામો. (બાજોઠ, હોય).
સુખ, ન૦ [સં૦] અનુકૂળ લાગણીનું જે જ્ઞાન તે; વસ્તુના ઉપભોગથી ચિત્ત પ્રસન્ન થવું તે. ૨ સુખની વસ્તુ. ૩ સ્વસ્થતા; આરામ; નિરાંત; ચેહેન-સંતોષ; તૃપ્તિ. ૪ વિલાસ; મોજમજા. ૫ હર્ષ; રસરસ; આનંદ. 'સુખે સોની દુખે રામ.'
સુખકાર-રી, વિ૦ સુખ કરનાર.
સુખડ-ખેડ, સ્ત્રી૦ [શ્રીખણ્ડ] એક જાતનું ઝાડ-જેની પીળી અન્તરાછાલને ઓરસિયાપર ઘસવાથી ચન્દન બને છે તે. ૨ ચન્દન.-સુખેડ ચોપડી કે?
સુખડિયો, પુ૦ મિઠાઈ બનાવનારો-વેચનારો; ખરડી વાળો. ૨ કન્દોઈ.
સુખડી, સ્ત્રી૦ બરફી પેંડા પકવાન વગેરે તે. ૨ રાંધ્યા વગરનું જેટલું જે ખાવાનું તે-સેકેલા અનાજના લાડુ વગેરે તે. ૩ માલ ખરીદીનું નાણું ચુકતી આપતાં જે હકસાઈ મેના મુનીમ પોતાને સારૂ વેચનાર પાસેથી લેછે તે; દસ્તુરી.
સુખતળી, સ્ત્રી૦ જોડો પગને નં ખુંચે માટે તેમાં જે નરમ ચામડું ઘાલવામાં આવેછે તે.
સુખદાઈ-યક, વિ૦ સુખ આપનાર-કરનાર.
સુખન, પુ૦ [ફા૦] શબ્દ; બોલ. ૨ વેણ; વચન.
સુખપાલ, સ્ત્રી૦ એક જાતની પાલખી.
સુખમણા, સ્ત્રી૦ [સુષુમ્ના] શરીરની વચલી નાડી. ઈંગળા, પિંગળા ને સુખમણા.
સુખરૂપ, વિ૦ ક્ષેમ; આરોગ્ય; તનદુરસ્ત; સુખી.
સુખવાસી, વિ૦ સુખી હાલતમાં હોય તેવું; પોતાના સુખમાંજ વાસ કરનાર તે.
સુખવેલ, સ્ત્રી૦ એક જાતનું ઊંચું ભાત.
સુખસજ્યા, સ્ત્રી૦ જે ઉપર પડવાથી તરત સુખ થાય ને ઊંઘ આવે તેવી સેજ; વિલાસ ભોગ કરવાને જે સેજ તે.
સુખસાતા, સ્ત્રી૦ સુખ; નિરાંત; સન્તોષ. [પલકઝ.
સુખાકારી, સ્ત્રી૦ સુખ; સુખી હાલત; આરોગ્યતા; તન-
સુખિયું, વિ૦ સુખી. [દુરસ્તી.
સુખી, વિ૦ [સં૦] સુખમાં હોય તે (જન). ૨ સુખ હોય તેવી (સ્થિતિ). [(વસ્તુ).
સુગન્ધ, વિ૦ [સં૦] સારી ગન્ધ-વાસ જેનામાં હોય તે
સુગન્ધિ, સ્ત્રી૦ [સં૦] સારી ગન્ધ. ૨ સુગન્ધ આપતી ચીજ-વાનો; અત્તર વગેરે.
સુગન્ધિદાર, વિ૦ સુગન્ધવાળું.

સુગમ, વિ૦ [સં૦] સહેલાઈથી પ્રાપ્ત થાય-સમજાય-પોંચાય
સુગરી, સ્ત્રી૦ એક જાતનું પક્ષી. [તેવું; સેલું.
સુગામણું, વિ૦ સૂગ ચડે તેવું.
સુગાવું, ક્રિ૦ અ૦ કચરાબાથી બીવું; નસકોરાં ફુલાવવાં.
સુગાળ, વિ૦ પુષ્કળ; વેરાતાં; સોંઘાં-સહજ મળે તેવાં.
સુઘડ, વિ૦ [હિં૦] ઉચ્ચ કુળની-સભ્ય રીત પ્રમાણે હોય તેવું (કામ). ૨ ઉચ્ચકુળની રીત પ્રમાણે વર્તનારૂં (જન). ૩ ચતુર વિવેકી. ૪ મેલું ભજ્ઞ નહિ પણ સ્વચ્છ.
સુઘડતા-ઈ, સ્ત્રી૦ સુઘડપણું.
સુચવવું-વવું, ક્રિ૦ સ૦ જણાવવું; સૂચના કરવી.
સુજન, પુ૦ [સં૦] સારી ચાલનો ભણેલો ને પ્રમાણિક
સુજનતા, સ્ત્રી૦ સુજનપણું. [માણસ.
સુજની, સ્ત્રી૦ અન્દર આડું આડું રૂ પાથરી તેને દોરા ભરી સીવ્યા હોય એવું જે ઓઢવાનું કપડું તે.
સુજવું-ઝવું, ક્રિ૦ અ૦ [શોફ] ઉપસવું; ફુલવું (દરદથી ચામડીપે).
સુજાણ, વિ૦ સારી સારી વાતની વાકફગારી હોય તે; દુનિયાંદારીની જાણવાળું; પ્રવીણ; ડાહ્યું; ચતુર.
સુજાત, વિ૦ ઊંચી જાતનું; કુલીન; ભલું.
સુજ્ઞ, વિ૦ [સં૦] સુજાણ.
સુઝવું, ક્રિ૦ અ૦ [સૂચન] નજરે પડવું; દેખાવું.-આંખે સુઝતું નથી કે શું? ૨ મનને નવો ભાસ થવો; નવું દેખાવું; સમજ-વિચારમાં આવવું; અકલ પોંચવી; ગમ પડવી.
સુડતાળીસ, વિ૦ ચાળીસ ને સાત; ૪૭.
સુડતાળો, પુ૦ સંવત ૧૮૪૭માં મોટો દુકાળ પડ્યો હતો તે.
સુડવું, ક્રિ૦ સ૦ જુવારના ખેતરમાંના છોડનું થડમાંથી કાપવું; ઢાળવું.
સુડો, પુ૦ ઘાસ થાય તેવી જમીન તે.
સુણવું, ક્રિ૦ સ૦ સાંભળવું.
સુણાવું, ક્રિ૦ અ૦ સુજવું; ઢીલું થવું; દાધ જેવું ઉપસવું (શરીરના એકાદ અવયવે વાગવાથી, રોગથી વગેરે).
સુત, પુ૦ [સં૦] દિકરો; પુત્ર; છોકરો.
સુતર, ન૦ [સૂત્ર] રૂનો (વણેલો નહિ) કાચો દોરો-તાર. -કાચા સુતરને તાંતણે બન્ધાયલા છે એટલે તાબેદાર છે.
સુતર-રું, વિ૦ સેલું; સુગમ. સુતર-રૂં પડવું.
સુતરાઉ, વિ૦ રૂના દોરાનું વણેલું (કપડું-રેશમી નહિ).
સુતરફેણી, સ્ત્રી૦ એક જાતનું પકવાન.
સુતરસાળ, સ્ત્રી૦ એક જાતની ડાંગેર જેને સાળિયું કેછે તે.
સુતલ, ન૦ [સં૦] ત્રીજું પાતાળ.
સુતળવું, ક્રિ૦ અ૦ જોડવું; સાંકળવું; સાંકળી રૂપે કરવું. દિવ્યદનુજ મનુજ પશુ આદિ સુતળાવે ચોલ, પુન્ય પાપ- 'તણાં ગ્રન્થ સિંધે સુતળવાર ચોલા' (મનોહરપદ).
સુતળી, સ્ત્રી૦ સણની વણેલી પાતળી દોરી.

સુતા, સ્ત્રી૦ [સં૦] દિકરી; છોકરી; પુત્રી.

સુતાર, પું૦ [સૂત્રધાર] લાકડાં ઘડનારો; લાકડાંના ઘાટ બનાવનારો.

સુતારી, વિ૦ સુતારનું-સુતારી મજા.

સુથાડિયો, પું૦ એક જાતનું જાડી સળીનું ઘાસ.

સુથાર, સુતાર.

સુદર્શન, ન૦ [સં૦] ચતુર્ભુજ વિષ્ણુના એક હાથમાં જે ચક્ર-આયુધ છે તે. ૨ સારું દર્શન; સારો દેખાવ; ખુબસુરતી.

સુદામત, અ૦ સારી-વ્યવસ્થાવાળી સ્થિતિમાં; ક્ષેમ; સલામત; નુકસાની ન પોંચે તેમ.

સુદિન, પું૦ [સં૦] સારો દહાડો.

સુદી, વિ૦ સુદ-અજવાળિયાંનું (દહાડો વાર વગેરે). [ભમર

સુદૃઢ, વિ૦ [સં૦] ઘણું મજબુત-જોરાવર-મુસકીન-ન-

સુધરવું, ક્રિ૦ અ૦ શુદ્ધ થવું; ભૂલચૂક દુરસ્ત થઈ ખરું-ચોખ્ખું થવું. ૨ જ્ઞાન પામી વધારે સારી સ્થિતિમાં આવવું; સમરવું.

સુધરાઈ, સ્ત્રી૦ સુધરવું તે. ૨ સુધરેલી સ્થિતિ.

સુધા, સ્ત્રી૦ [સં૦] અમૃત; દેવતાઓનું જીવન.

સુધાકર, પું૦ [સં૦] ચન્દ્ર.

સુધારવું, ક્રિ૦ સ૦ શુદ્ધ-ચોખ્ખું કરવું. ૨ જ્ઞાન-સારૂ સંગતિથી હોય તેથી વધારે સારી સ્થિતિમાં આણવું.

સુધારસ, પું૦ અમૃત.

સુધારો, પું૦ વધઘટ-ફેરફાર થઈને શુદ્ધ-ચોખ્ખું થવું તે. ૨ તન મન ધન સમ્બન્ધી જ્ઞાન-સદ્ગતિ વડે મનુષ્યની જે ઊંચી ને રૂડી સ્થિતિ તે અથવા એવી સ્થિતિ કરવી -થવી તે.

સુધી, પું૦ સુન્દર બુદ્ધિવાળો પુરૂષ; પણ્ડિત.

સુદ્ધાં, અ૦ સાથે; સહિત. તે સુધ્ધાં.

સુધ્ધી, સ્ત્રી૦ શુદ્ધિ; ભાન; સમજ.

સુનકાર, શુનકાર.

સુનત-ન્તા, સ્ત્રી૦ [આ૦] મુસલમાન થવાનો એક સંસ્કાર.-ઈન્દ્રીના ફૂલની ઉપરની ચામડી જરાક કાપી નાખવામાં આવે છે તે. -(ઓરત જાતને સુનત હોતી નથી).

સુનાગેરુ, સોનાગેરુ.

સુનાપાણી, સોનાંપાણી.

સુનામકી, સોનામકી.

સુનેરી, સોનેરી.

સુન્દર, વિ૦ [સં૦] શોભીતું; ખુબસુરત.

સુન્દરી, સ્ત્રી૦ [સં૦] રૂપાળી સ્ત્રી; રૂપવંતી નારી.

સુપડી, સ્ત્રી૦ નાનું સુપડું.

સુપડું, ન૦ [શૂર્પ] અનાજ ઝાટકવાનું વાંસની ચીપનું બનાવેલું જે સાધન તે.

સુપાત્ર, વિ૦ [સં૦] યોગ્ય; લાયક (મનુષ્ય-દાન આપવાને). ૨ કુલીન; ઓછું પાત્ર-હલકું નહિ તે.

સુપુત્ર, પું૦ [સં૦] સારો છોકરો.

સુપુરત કરવું, ક્રિ૦ સ૦ સોંપવું; હવાલે કરવું.

સુબેદાર, પું૦ [ફા૦] સુબાનો હાકેમ. ૨ લશ્કરમાં એક દરજ્જો છે. ૩ પોલીસના સિપાઈયોમાં એક દરજ્જો છે.

સુબેદારી, સ્ત્રી૦ સુબેદારનો દરજ્જો તે.

સુબો, પું૦ [આ૦] પ્રગણું; મુલકનો એક ભાગ જે તેના મુખ્ય શહેરને નામે ઓળખાય છે. ૨ સુબાનો જે હાકેમ તે.

સુબોધ, પું૦ [સં૦] સારો બોધ. ૨ સહેલથી સમજાય એવું શિક્ષારૂપ કથન.

સુભગ, વિ૦ [સં૦] ભાગ્યશાળી; નસીબદાર.

સુભટ, પું૦ [સં૦] જોદ્ધો; લડવૈયો. વિ૦ સારા બાંધાનું; સારી આકૃતિવાળું.

સુભાગ્ય, વિ૦ [સં૦] ભાગ્યશાળી; નસીબદાર.

સુભાષિત, વિ૦ ધા૦ [સં૦] સુન્દર વાણીનું; સુન્દર ભાષામાં બોલાયલું.

સુમતિ, સ્ત્રી૦ [સં૦] સારી મતિ.

સુમન, ન૦ [સં૦] ફૂલ.

સુમસામ, વિ૦ સૂનું; સુનકાર.

સુમાર, પું૦ આસરો; અટકળ; અડસટ્ટો. ૨ રકમ; નિશાન; ઠેક. (એ સુમારમાં બોલાય છે). ૩ માપ; વજન. સુમાર માફક-જોઈયે તે પ્રમાણે; સાધારણ-મધ્યમપણે. શુમાર શબ્દ જોવો.

સુમ્મ, વિ૦ કૃપણ; કઞ્જૂસ; મખ્ખીચૂસ. 'સખીસેં સુમ્મ ભલા કે તરત દે જવાબ.' ૨ મૂંગું; ચૂપ; કંઈજ બોલે નહિ તે.

સુર, પું૦ [સં૦] દેવ; દેવતા.

સુરઈ, સ્ત્રી૦ [સુરા] પાણી ઠંડું રાખવાનું નાચે ગોળવો ને લાંબી દાંડી એવું એક જાતનું વાસણ; સિરાઈ.

સુરખી, સ્ત્રી૦ [ફા૦] રેતાસ. ૨ ભભક; તેજ.

સુરંગ, સ્ત્રી૦ [સુરુઙ્ગા] પથ્થર ફોડવાને અથવા શત્રુનો નાશ કરવાને જમીનની અન્દર જે ખાડો ખોદી તેમાં દારૂ ભરી ઉડાવવામાં આવે છે તે.

સુરંગી, વિ૦ ચિત્ર વિચિત્ર રંગનું; શોભીતું.

સુરજ, સૂર્ય.

સુરજફૂલ, ન૦ એક જાતનું પીળું ફૂલ જે દહાડે ખિલે છે ને સુરજની દિશા પ્રમાણે પોતાની દિશા ફેરવે છે.

સુરજમુખી, ન૦ સુરજફૂલ. સ્ત્રી૦ ૨ જેમાં સુરજનું ચિત્ર હોય તેવું નિશાન.

સુરજવંશી, વિ૦ સુરજના વંશનું (રાજા). ઉદેપુરનું રાજ સુરજવંશી કેવાય છે. [યાદ.

સુરત, સ્ત્રી૦ [ફા૦] ચેહેરો; સિકલ; મુખાકૃતિ. ૨ સ્મૃતિ;

સુરત, ન૦ [સં૦] સ્ત્રી પુરુષની જે સમાગમ ક્રીડા તે. ૨ [સુ, રત] સારી રત-મોસમ.
સુરતા, સ્ત્રી૦ સુરત; ખ્યાલ; સ્મૃતિ.
સુરદાસ, પુ૦ આંધળો.
સુરધન, પુ૦ પૂર્વજ.
સુરફાક, પુ૦ એક જાતનો તાલ (ગાયનમાં).
સુરભી, સ્ત્રી૦ [સં૦] મનવાંછિત ફળ આપનારી ગાય; કામદુઘા.
સુરમો પુ૦ [ફા૦] એક જાતનો ધાતુ. ૨ એ ધાતુની મેળવણીનો પદાર્થ જે આંખમાં આંજવામાં આવેછે તે.
સુરવાર-લ, સ્ત્રી૦ [ફા૦] કમરથી તે પગ સૂધી પુરુષને પેરવાનું જે વસ્ત્ર તે; પાયજામો. [પાત્ર.
સુરા, સ્ત્રી૦ [સં૦] પીવાનો દારૂ; મદ્ય; મદિરા. ૨ મદ્યપાન
સુરાંગના, સ્ત્રી૦ [સં૦] દેવતાઓની સ્ત્રિયો; ઇન્દ્રની અપ્સરાઓ.
સુરાપાન, ન૦ [સં૦] સુરા પીવી તે; મદ્યપાન.
સુરાવટ, સ્ત્રી૦ સૂર-અવાજ કહાડવાની તરેહ; સ્વરને ટીપમાં લખાવવાની છટા.
સુરીનર, પુ૦ દેવ ને મનુષ્ય.
સુરેખ, વિ૦ ખોડ-ખાંપણ વનાનું સુન્દર-શોભિતું.
સુરોખાર, પુ૦ એક જાતનો ખાર. એ દારૂ બનાવવાના ધાતુ ગાળવાના અને ઓસડના કામમાં આવેછે.
સુલટાવવું, ક્રિ૦ સ૦ સુલટું કરવું.
સુલટું, વિ૦ ચતું; ઊંધું નહિ તે. ૨ જેવું જોઈયે તેવું; ધાર્યા પ્રમાણે.
સુલતાની, વિ૦ [આ૦] સુલતાન-બાદશાહ-રાજાથી થયલું; બાદશાહનું. આસમાની સુલતાની આફત.
સુલભ, વિ૦ [સં૦] સેલથી પ્રાપ્ત થાય તેવું.
સુલાખ, ન૦ [ફા૦] સિક્કા અથવા ઘરેણામાં પાડેલું ચીરું કાણું તે.
સુલુક-ખ, સ્ત્રી૦ [આ૦] સલાહ; સમ્પ; મિલનસારી.
સુવર, પુ૦ [શૂકર] ભુંડ; ડુક્કર.
સુવર્ણ, ન૦ [સં૦] સોનું; કનક; કઞ્ચન. વિ૦ સારા રંગનું. ૨ સારી જાતનું.
સુવાંણ, સ્ત્રી૦ આરામ; ફેર પડવો તે. ૨ ગમ્મત; મઝા.
સુવા, પુ૦ એક જાતના બીયાં-એ ઓસડમાં કામ આવે છે. સુવાની ભાજી.
સુવાવડ, સ્ત્રી૦ છોકરું જણ્યા પછી મહિના સવા મહિના લગી સ્ત્રી જે સ્થિતિમાં હોય તે. ૨ એ સ્થિતિમાં પુહિના જે ઓસડ આપવામાં આવેછે તે-સુવાવડ ખાવી એમ કેવાયછે.
સુવાવડી, સ્ત્રી૦ સુવાવડમાં હોય તે સ્ત્રી.
સુવાસ, પુ૦ [સં૦] સુગન્ધ; સારો વાસ.
સુવાસિત, વિ૦ [સં૦] સારા વાસવાળું.
સુવાસિની, સ્ત્રી૦ [સં૦] જેનો પતિ જીવતો હોય તે સ્ત્રી; એવાતણવાળી સ્ત્રી.
સુશીલ, વિ૦ [સં૦] સારા સ્વભાવનું.
સુશોભિત, વિ૦ [સં૦] સુન્દર; ઘણું શોભીતું.
સુષુપ્તિ, સ્ત્રી૦ [સં૦] ઘોર નિદ્રા; જેમાં કંઈ પણ ભાન ન હોય તેવી ઉંઘ.
સુષુમ્ના, સ્ત્રી૦ [સં૦] નાકની વાટે નિકળતો શ્વાસ ડાબો જમણો ન જતાં સમાન ચાલ્યો જતો હોય તે (નાડી).
સુસવાટો, પુ૦ સસ એવી ધ્વનિથી ફુંકાતા પવનનો જે [જોરા તે.
સુસવાડ-ળ, સ્ત્રી૦ એક જાતનો મગર.
સુસ્ત, વિ૦ [ફા૦] આળસુ; ધીમું; મન્દ.
સુસ્તી, સ્ત્રી૦ [ફા૦] આળસ; ધીમાપણું; મન્દપણું.
સુસ્વર, વિ૦ [સં૦] સુંદર સ્વરનું.
સુહાવવું, ક્રિ૦ સ૦ શોભવું.
સુહૃદ, વિ૦ [સં૦] પરમ સ્નેહી; પરમ પ્રિય.
સૂકર, પુ૦ [સં૦] ડુક્કર; ભુંડ.
સૂકું, વિ૦ [શુષ્ક] જેમાં પાણીનો અંશ ન હોય તેવું; ભીનું નહિ તે. ૨ લીલું-તાજું નહિ તે; સુકાયલું. સૂકો મેવો, સુકું ઘાસ વગેરે. ૩ રાંટીરૂં પાતળું તે (માણસ).
સૂકો, પુ૦ પિવાનો તમ્બાકુ. [સમુદાય.
સૂક્ત, ન૦ [સં૦] સુન્દર કથન. ૨ વેદના કેટલાક મન્ત્રનો
સૂક્ષ્મ, વિ૦ [સં૦] થોડું; અલ્પ. ૨ ઝીણું; બારીક. ૩ (લાક્ષણિક) સુંન્દર; કારીગરીનું.
સૂક્ષ્મદર્શક, વિ૦ ઝીણી વસ્તુ મોટી દેખાય તેવું બતાવનાર (યન્ત્ર). [નજરનું.
સૂક્ષ્મદર્શી, વિ૦ [સં૦] ઘણી બારીકીથી જોનાર; તીક્ષ્ણ
સૂક્ષ્મદેહ, પુ૦ [સં૦] વેદાન્તમાં આત્માને ચાર દેહ કલ્પ્યા છે તેમાંનો એક-સ્થૂલ, સૂક્ષ્મ, કારણ ને મહાકારણ.
સૂગ, સ્ત્રી૦ ગન્દી વસ્તુ જોઈને જે કણટાળો ઉપજે તે.
સૂચક, વિ૦ [સં૦] સૂચના કરનાર; દર્શક. [સમજ પડવી.
સૂચના, સ્ત્રી૦ [સં૦] ચિન્હ-નિશાનીથી સમજાવવું તે; સાન કરવી તે. ૨ સમજ પાડવી-બતાવવી તે. ૩ ખબર આપવી-નવી વાત કેવી તે; ટુંકામાં ઘણું કહીદેવું તે.
સૂચી, વિ૦ [સં૦] સૂચના કરનાર; દર્શક; બતાવનાર. સૂચીપત્ર એટલે સાંકળિયું અથવા કોઈ યાદી.
સૂઝ, સ્ત્રી૦ સૂઝવું તે; ગમ; પોંચ; સમજ.
સૂડ, વિ૦ જેટલી મુદતલગી રૂપિયા દેવા હોય તેટલી મુદતની નું સામટું-સલકળ કાડેલું-વધારેલું તે-વ્યાજ. (ચક્રવૃદ્ધિ નહિ પણ સરળવૃદ્ધિ).
સૂડી, સ્ત્રી૦ સોપારી ભાંગવા-કાતરવાનું લોડાંનું હથિયાર.
સૂડો, પુ૦ એક જાતનો પોપટ-એની પાંખે રાતી છાપ નથી હોતી. ૨ જેમાં માત્ર ઘાસ થાય તેવી જમીનો પોપડું. ૩ ..મોટી સડી.
સૂતક, ન૦ [સં૦] બાળક અવતરેથી અપવિત્રતાનો જે

દોષ તેના કેટલાક પિત્રાઈ સમ્બન્ધીને લાગેછે તે (એ કંઈ આકું પાળવામાં આવતું નથી); વરતસુંવાળું. ૨ એકાદાં મરણથી અપવિત્રતાનો જે દોષ મરનારના પાસેના પિત્રાઈ સમ્બન્ધીને લાગેછે તે.

સૂતકી, વિ૦ [સં૦] જેને સૂતક હોય તે (જન).

સૂતિકા, સ્ત્રી૦ [સં૦] સુવાવડી સ્ત્રી.

સૂત્ર, ન૦ [સં૦] દોરો; તાંતરો. ૨ હનો ઉસો; સુત્તર. ૩ કળા; કિસબ. ૪ પદ્ધતિ; ગોઠવણ. ૫ નિયમ વાક્ય; શિક્ષામાળા. [નિ.

સૂત્રધાર, પુ૦ [સં૦] નાટક મણ્ડળીમાં જે મુખી-નાયક

સૂદ, સ્ત્રી૦ [શુક્લપક્ષ] અજવાળિયું.

સૂદી, વિ૦ સૂદ-અજવાળિયાનું (તીથિ વાર વગેરે).

સૂધ, સ્ત્રી૦ સમ્ભાળ; ખબર. ૨ ભાન; સમજ. સૂધબૂધ-શુદ્ધિ ને બુદ્ધિ.

સૂધી, અ૦ હદ-સીમા બતાવેછે; લગી; પર્યન્ત. ત્યાંસુધી.

સૂધું, વિ૦ પાધરું; સીધું-(આડું અવળું-વાંકું ચૂંકું નહિ). 'સૂધું બૂકું ને કર સૂધું' એવી કેહેવત છે. ૨ ભલું; ભોળું; પ્રપઞ્ચ જાણે નહિ તે.

સૂની, સોની.

સૂનું, સોનું.

સૂનું, વિ૦ જ્યાં વસ્તી ન હોય તેવું-એકાન્ત (સ્થળ); સુનકાર. ૨ ગમે નહિ તેવું; એકલાં પડેથી મુઝવણ થાય તેવું.

સૂમ, વિ૦ સૂમ્બ.

સૂર, ન૦ [સ્વર] ગાયનમાં જે સાત મુખ્ય સ્વર છે તેમાંનો એકાદો. ૨ અવાજ. ૩ [શૌર્ય.]

સૂર-જ, સૂર્ય. [ય છે.

સૂરણ, ન૦ [સં૦] એક જાતનો કન્દ-ફલાહારમાં વપરા-

સૂરી, સ્ત્રી૦ જેનું સત-જેનો જોસ્સો ઘોડીવાર રે તેવી સ્ત્રી, પતિની સાથે બળીમરવા તૈયાર થયલી તે. [તેવો.

સૂરો, પુ૦ શૂરપુરુષ-માથું કપાયા પછી પણ ધડ લડ્યાં કરે

સૂર્ય, પુ૦ [સં૦] આકાશમાં જે તેજસ્વી ગોળો આપણી પૃથ્વીને ને બિજા ગ્રહોને પ્રકાશ તથા ઉષ્ણતા આપેછે તે; જેના ઉગવાથી આપણને દાડો ને જેના આથમવાથી રાત થાય છે તે.

સૂર્યકાન્ત, પુ૦ [સં૦] એક ચળકતો પથ્થર (સ્ફટિકમણિ) જેને વિષે કેહેવાય છે કે તેના ઉપર સૂર્યનાં કિરણ પડેછે ત્યારે તે ભડભડ બળેછે.

સૂર્યગ્રહણ, ન૦ [સં૦] સૂર્ય ને પૃથ્વિ એ બેની વચમાં ચન્દ્ર આવી પડેથી સૂર્ય બિમ્બનો કેટલોક ભાગ પૃથ્વિ ઉપરના લોકને ઝાંખો દેખાય તે.

સૂર્યપુટ, ન૦ [સં૦] ઔસડને સૂરજનો તડકો ખવડાવવો તે.

સૂર્યમણ્ડળ, ન૦ [સં૦] સૂર્ય અને તેની પ્રદક્ષિણા કરનારા જે ગ્રહ તે બધું મળીને જે મણ્ડળ તે.

સૂર્યાસ્ત, પુ૦ [સં૦] સૂરજનું અસ્ત પામવું તે.

સૂર્યોદય, પુ૦ [સં૦] સૂરજનું ઉગવું તે.

સૂવર, સુવર.

સૂવા, પુ૦ એક વનસ્પતિનાં બીયાં-ઔસડમાં કામ આવેછે. સૂવાંની ભાજી.

સૃજવું, ક્રિ૦ સ૦ ઉત્પન્ન કરવું.

સૃષ્ટ, વિ૦ ધા૦ [સં૦] ઉત્પન્ન-પેદા કરેલું.

સૃષ્ટિ, સ્ત્રી૦ [સં૦] ઉત્પન્ન કરવું તે. ૨ ઈશ્વરે ઉત્પન્ન કરેલી એવી જે જગતની રચના તે; જગત; વિશ્વ. ૩ 'મૃત્યુલોક; આ દુનિયા. એ શબ્દ બિજા શબ્દ સાથે જોડાઈને સમાસ નામ કરેછે. સ્વાભાવિક, ભાવિકસૃષ્ટિ, ભૂતસૃષ્ટિ, કલ્પનાસૃષ્ટિ ઈ૦. સૃષ્ટિક્રમ એટલે સૃષ્ટિમાં ચાલતો આવેલો જે ક્રમ-ચાલ તે. કોઈ જન્મે છે, કોઈ મરેછે, કોઈ હસેછે, કોઈ રડેછે, કોઈ રાય છે ઈ૦ તે; સૃષ્ટિ-કુદરતનો વેહેવાર. ૨ એક પછી બીજી પછી ત્રીજી એમ સૃષ્ટિનો જે ક્રમ તે.

સૃષ્ટિજન્ય, વિ૦ [સં૦] સૃષ્ટિના નિયમ ઉપરથી સમજાતું; સૃષ્ટિના નિયમથકી ઉત્પન્ન થયલું (ઈશ્વરજ્ઞાન).

સૃષ્ટિસૌંદર્ય, ન૦ [સં૦] સૃષ્ટિની લીલા-શોભા.

સેં, શેં.

સેં, સો. ચારસેં, પાંચસેં, છસેં.

સેંકડો, શેંકડો.

સેંતક, વિ૦ પુષ્કળ.

સેંતલો, પુ૦ સળકું.

સેંથી-થો, સ્ત્રી૦ [સીમના] બૈરાંઓ પોતાના ચોટલામાં શોભાને સારૂ નિમાળાને વાળી ભાગ પાડી જે લીટી-લીટીયો પાડેછે તે. સેંથો-થો એટલે માથાના કેશની વચ્ચોવચ્ચની મોટી સેંતી.

સે, સ્ત્રી૦ સહન કરવાની શક્તિ. ૨ ટેવ; અભ્યાસ.

સેક, શેક. સેકપોત-જેતેવતી સેકવું તે.

સેકટો, પુ૦ એક જાતનું ઝાડ-એનાં સીંગ ફૂલ પાતરાંની કડી શાક વગેરે થાય છે; સરગવો.

સેકવું, શેકવું.

સેખાઈ, શેખાઈ.

સેખચલ્લી, શેખચલ્લી.

સેખી, શેખી.

સેચન, ન૦ [સં૦] પાણી સિંચવું તે.

સેજ, ન૦ રડવું તે; રોવું; રુદન.

સેજ, શેજ. ૨ સ્ત્રી૦ મુએલાની પછવાડે જે ખાટલાં વગેરેનું દાન આપેછે તે; સજ્યા; સેરજા.

સેજ, અ૦ [સહજ] ઝપટથી; થોડામાં; સેલી રીતે. ૨ જેમાં કંઈ પ્રયોજન જેવું ન'હોય તેવી રીતે. મેં તો તેને સેજ કહ્યું પણ તેને દુઃખ લાગ્યું. વિ૦ થોડું; જરાક.

સેજાર, પુ૦ વરાળ. ૨ એરા પોડોએક ભાગ.

સેજરત, સેજ.

સેજિયું, ન૦ હાર વગરનું પોતિયું.
સેઠ, શેઠ.
સેડી, સેરડી.
સેડો, સેરડો.
સેડો-સેઢો, પુ૦ ખેતરની આજુબાજુની હદમાંની દરેક; ખેતરનો છેડો. કુ સેરડો, વગથી.
સેણ, સ્ત્રી૦ ઘણ તથા બીડીના છોડની જાત.
સેણ, સેણુ, સજ્જન. 'પુલડા ઉગ્યાંતા, ભરે સુગ્ગા આવાણી. સેણ ભલ સાખું જોઈને, મારા નાથ ડરીછે નેણ.' (આલ્હાદાનંદ). 'અમલડા ઉદમાતિયા, સુરાખ્યંદા સેણ; ગુલબિન ઘડી ન આવગે, ફીકાં લાગે નેણ.'
સેણિયું, ન૦ સણનું કપડું.
સેતરંજ્જા, શેતરંજા. સેતરંજી-શેતરંજી.
સેતાન, શેતાન.
સેતુ, પુ૦ [સં૦] પૂલ. સેતુબન્ધરામેશ્વર.
સેતુર, શેતુર. [નિનની સેન.
સેન, ન૦ [સં૦] સૈન્ય; લશ્કર; ફોજ. સ્ત્રી૦ અશાં આળાં.
સેના, સ્ત્રી૦ [સં૦] લશ્કર; ફોજ. ચતુરંગી સેના એટલે હાથી ઘોડા રથને પાયદળ એ ચાર રંગવાળી. સેનાખાસખેલ એ નામનો ગાયકવાડ રાજાઓનો ખેતાબ [છે.
સેનાપતિ, પુ૦ સેનાનો ઉપરી; સરદાર.
સેનો, પુ૦ એક જાતનું સુતરાઉ સુકૃત ઊંચું કપડું. સેનાનો
સેપ-બ, ન૦ [ફા૦] એક જાતનું ફળ. [લાંકલાય.
સેર, વિ૦ એ શબ્દ વજન-માપ બતાવેછે. એક મણનો ચાળિસમો હિસ્સો. 'સેરને માથે સવાસેર' એટલે બળિયાને માથે પણ બળિયો હોયછે.
સેર, સ્ત્રી૦ જે વણેલા દોરામાં મોતી-કિડિયાં પ્રોયાં હોય તે તે મોતી સંયુક્ત મોતીની સેર. ૨ એ સેર જેવો ધાતુનો કડિયોની ગાંઠણ વાળો જે ઘાટ તે. કણ્ઠીની સેર. ૩ ધાર; ધારા (દૂધની સેર).
સેર, સ્ત્રી૦ [આ૦] ચેહેનમાં ફરવું-હવાખાવી તે; મોજમજા. [ન-ખાંડ થાયછે.
સેરડી, સ્ત્રી૦ એક જાતનો ગળ્યો સાંઠો, જેના રસના ગો-
સેરડો, પુ૦ લાંબી પડેલી પગથી ચાલીજવાની વાટ; ખેતરમાં બે પાસના છોડવાની હારની વચમાંનો રસ્તો. ૨ બહુ ગળ્યું-ચણું-ગરમ ખાધા પીધાથી ગળાંથી તે પેટલગી જે લાગણી થવી તે.
સેરમાઈ, સ્ત્રી૦ એક જાતની માછલી (કુંવાઈમાં તુમડી કેછે).
સેરવવું, ક્રિ૦ સ૦ લપશીજાય તેમ કરવું; સરકાવવું; ખસેડવું.
સેરવો, પુ૦ [ફા૦ શીરવો] ગોસાનો ઉકળેલો રસ.
સેરિયું, ન૦ સેર અનાજ માય તેટલાં માપનું ઠામ. સેરિયો -પ્રવાહી પદાર્થ સેર માય તેવું માપું-વાસણ, ડોબો વગેરે.
સેરી, સ્ત્રી૦ સાંકડી ગલી. ૨ શ્રેણી; ફળિયું.
સેરીલોબાન, ન૦ એક જાતનો ગુંદર.
સેરો, શેરો. [પુષ્પરો.
સેલ, સ્ત્રી૦ [શિલા] લુગડાં ધોવાનો-ઉપરબેસી નાવાનો
સેલ, સ્ત્રી૦ [આ૦ સેર] મોજ મજા. સેલાની-છેલાણી.
સેલ, વિ૦ [સુલભ] સેલું.
સેલડી, સેરડી.
સેલડું-ડે, ન૦ કુમારનું ફૂલ.
સેલારસ, શિલારસ.
સેલારી, સ્ત્રી૦ સ્ત્રીઓને પેરવાનું કપડું.
સેલાસાડી, સ્ત્રી૦ સ્ત્રીઓને પેરવાનું રાતીપીળી કોરીઓ વાળું જરબસુતર કપડું.
સેલી, સ્ત્રી૦ રાખ; હેલી.
સેલું, ન૦ [હિં૦] કસબીકોરપાલવવાળું ખભે લટકતું રાખવાનું ઝીણા કુમાસનું સુતરઉ વસ્ત્ર.
સેલું, વિ૦ [સુલભ] સરળ; સુગમ; અઘરું નહિ તે.
સેલો, પુ૦ દોવી વખત ગાય કુદે નહિ માટે એને પાછલે પગે જે દોરડું બાંધવામાં આવેછે તે.
સેલોત, શેલોત.
સેવ, સ્ત્રી૦ સેવા. ૨ સેવૈ.
સેવઈ, સેવૈ.
સેવક, પુ૦ [સં૦] સેવા કરનાર. ૨ ચાકર.
સેવટ, શેવટ.
સેવડો, શેવડો. [ફૂલ.
સેવતી, સ્ત્રી૦ એક જાતના ફૂલનો છોડવો અથવા તેનું
સેવન, ન૦ [સં૦] ઉપયોગમાં લેવું તે; કામમાં લગાડવું તે. તેણે તે વૈદના ઓસડનું સેવન કરયું પણ કંઈ સારું થયું નહિ. ૨ સેવા. ૩ ઈંડાં ઉપર પાંખ પસારી બેસી તેને જે ઊંફ આપવી તે.
સેવના, સ્ત્રી૦ ખન્તથી જે સેવા ચાકરી કરવી તે.
સેવવું, ક્રિ૦ સ૦ સેવા કરવી; ચાકરી કરવી. ૨ ઈંડાંના ઉપર પાંખ પસારી બેસી ઊંફ આપવી (પક્ષીએ). ૩ ઉપયોગમાં લેવું; કામમાં લગાડવું.
સેવા, સ્ત્રી૦ [સં૦] ચાકરી; હુકમમાં રહી કામ બજાવવું તે. ૨ ઈશ્વરનું આરાધન; દેવપૂજન. ૩ સ્નેહને લીધે જે કામ કરવું તે.
સેવાળ, શેવાળ.
સેવું, ક્રિ૦ સ૦ સહન કરવું; ખમવું; સાંખવું; વેઠવું.
સેવું, ક્રિ૦ અ૦ સદવું; પાચન થઈ માફક આવવું.-તેને વાલ, દૂધ સેતાં નથી. ૨ ઘણી વાર ટકવું; અનુકૂળ આવવું. ઘરનો ચૂડો સેતો નથી (પેરવામાં આવે તો નુકસાન થાય). સેનું સેતું એટલે અનુકૂળ આવે તેવું પણ ઊનું ઊનું.
સેવૈ, સ્ત્રી૦ ઘઉંના મેદાની કણેકના જે તાર પાટીયાંપર વણીને પાડેલા તે-જેને તડકે સુકવી ઓસાવી ઘી ખાંડ સાથે ખવાય છે તે પદાર્થ. એને સાંતળી ઉકળતાં દૂધમાં

નાખી ખીર બનાવવામાં આવે છે. ૨ ચણાના લોટનું ખાંણ ખાંડીને ફરી એને કઢણનાં તેલના મેલમાં ઝારામાં-થી તાતણ પાડી તળેલા તે પદાર્થ. સેવૈયા—એક તરેહની સેવ.

સેસ, સ્ત્રી૦ વરના હાથમાં અથવા અધરણીસવના ખોબામાં જે નાળિયેર પાન સોપારી રૂપીએ વગેરે મુકવામાં આવે છે તે; પોસ. સેસભરવી કેવાય છે.

સેહ, સ્ત્રી૦ [ફા૦ શાહ] અચંબાઈ જવું; ચાટકી પડવું—રેવું તે. તેણે તેને સેહ દીધી, તે સેહ ખાઈ ગયો. ૨ શેત-રંજની રમતમાં એક તરફના બાદશાહને બીજી તરફના એકાદાં મોહોરાંની ચાલથી જે રોધ થયો તે.

સેહ, સે.

સેહેજ, સેજ.

સેહેનશાહ, મોટો બાદશાહ.

સેહેર, શેહેર.

સેહેલ, [આ૦ સેર] મોજમજા; વાડીયે જવું, નાચ રંગ જોવા વગેરે તે.

સેહેલ, સેલ.

સેહેલું, સેલું.

સેહેવું, સેવું.

સૈ, પુ૦ [સિંહ] સર્વ પશુનો રાજા.

સૈ, પુ૦ [સૂચિક] દરજી; સિવનારો.

સૈ, સ્ત્રી૦ સખી; બેનપણી.

સૈકો, પુ૦ સો વરસનો જે કાળ તે; સૈકડો; સદી.

સૈન્ય, ન૦ [સં૦] લશ્કર; ફોજ.

સૈન્ધવ, પુ૦ [સં૦] એક જાતનો ખાર—એ મીઠાને ઠેકાણે પણ વપરાય છે. ૨ ઘોડો.

સૈયડ, પુ૦ શીતળા; કાકાબળિયા; એક જાતનો ગરમીથી થયલો ચામડીનો રોગ. "સૈયડકાકા બીજા, બાડકા જીવડા ડોળા."

સૈયર, સ્ત્રી૦ સખી; બેનપણી.

સૈયારું, ન૦ ભાગિયાભાગપણું; મઝિયારું.

સોંગ, પુ૦ વેશ કાડવો—લેવો તે; નવું રૂપ ધારણ કરવું તે.

સોંઘવારી, સ્ત્રી૦ થોડી કિંમતે ઘણી મળે એવી વસ્તુઓની જે છત તે. [ઉલટું).

સોંઘું, વિ૦ થોડી કિંમતે ઘણું મળે તેવું; સસ્તું. (મોંઘાંનું

સોંઢવું, ક્રિ૦ અ૦ હોઢવું; સધાવવું; જવું (પ્રચાર).

સોંત્તાળવું, ક્રિ૦ સ૦ જરાક તળવું; સાંતળવું.

સોંધા, પુ૦ [હિં૦] સુગંધ વાળો એક પદાર્થ. "સુગંધ સોંધા કુંકુમ કેસર, ઉડાડે અબીલ ગુલાલ" (પ્રે૦ ૬૦).

સોંપણ, સ્ત્રી૦ સોંપવું તે.

સોંપવું, ક્રિ૦ સ૦ કોઈના હવાલા—કબજા—તાબા—સંભાળમાં આપવું; બાળવવું; ભલામણ કરવી.

સોંહ, પુ૦ શુદ્ધિ; ભાન.

સો, વિ૦ [શત] દશ ગુણ્યા દશ એટલી સંખ્યા બતાવેછે; (૧૦૦). સાએક એટલે સોની લગભગ જેટલી સંખ્યા તે.

સોઈ, પુ૦ [સૌચિ] દરજી.

સોઈઆણી, સ્ત્રી૦ [સાવિકા] છોકરાં જણાવનારી બાઈ; દાઈ; દાયણ—હજામડાંયો હોયછે.

સોઈયો, પુ૦ એક પાસ અણીવાળો કામડીનો અથવા લોઢાનો સળિયો.

સોક (સોક્ય), સ્ત્રી૦ [સપત્ની] એક પુરુષને બે અથવા વધારે સ્ત્રી હોય તો એ એકબીજાની સોક કેવાય. સોકલડી (કવિતામાં).

સોક, પુ૦ [શોક]

સોકટી, સોકઠું.

સોકઠું (સોગઠું), ન૦ પાસાની એક રમતમાં લાકડાં—હાથીદાંતની વળી સરખા ઘાટની પણ ચાર રંગની ચાર ચાર એવી જે વસ્તુ તે એકેકી. ૨ ચકમકથી દેવતા પડે તે ઝિલવાની સુતરની કળી.

સોખ, શોખ.

સોગન—ન્દ, પુ૦ [ફા૦] સમ; શપત; કસમ.

સોગાત, સ્ત્રી૦ [ફા૦] નવાઈની જે કિમતી વસ્તુ તે. ૨ બક્ષીસ; નજરાણું; ભેટ.

સોચ, પુ૦ સોચના, સ્ત્રી૦ શોચ.

સોજો, પુ૦ ચામડી સુજી—ઉપસી આવી હોય તે.

સોટી, સ્ત્રી૦ નેતર અથવા ઝાડની પાતળી ડાળી (મારવાના કામમાં આવતી).

સોટેકુપેટે, અ૦ છુટાંજ; કંઈ પણ (સામાન માણસ વગેરે) સાથે લીધા વગર. [ઝાડની ડાળીનો કકડો તે.

સોટો, પુ૦ જાડો લાંબો ને સીધો એવો જે લાકડાં, વાંસ,

સોડ, સ્ત્રી૦ પાસું; બાજું. સોડમાં ભરાવું. ૨ સુઈને ઓઢેલાં વસ્ત્રનો છેડો જે મોઢાંપર આવેલો હોય તે. સોડ વાળીને સુવું—મોડું ઢાંકીને.

સોડત, સોરતી.

સોડવાણ, ન૦ ગોદડી—રજાઈ—બનાત ઓઢવી હોય તો પ્રથમ જે સુંવાળું વસ્ત્ર તેની નીચે રાખવામાં આવેછે તે.

સોડિયું, ન૦ સ્ત્રીએ પેરેલાં લુગડાંનો ડાબી પાસનો માથાથી તે કમરલગી ઝુલતો રેતો જે ભાગ તે. ૨ સોડ (રજાઈમાં).

સોડિયો, પુ૦ સોડિયું.

સોડે, અ૦ પાસે; કને.

સોણું, સ્ત્રી૦ કામડ—ર; ખીલી.

સોત, અ૦ સાથે; સુદ્ધાં.

સોદાઈ, સ્ત્રી૦ સોદાપણું; લુચ્ચાપણું.

સોદાગર, પુ૦ [ફા૦] ઊંચા માલનો સોદો કરનાર; વેપારી.

સોદાગીરી, સ્ત્રી૦ સોદાગરનો જે ધન્ધો તે.

સોદું, વિ૦ [હિં૦] લુચ્ચું; હરામી; કાવતરાંખોર (માણસ). ૨ અન્દરથી લુચ્ચું પણ બહારથી ઈમાની.

સોદો, પુ૦ [ફા૦] સામાન. ૨ સાટું; વેચવા લેવાનો ભાવ નક્કી કરેલ તે.

સોધ, શોધ.

સોધવું, શોધવું. સોધાસોધ—આહીં તહીં શોધવું તે.

સોનાંપાણી, ન૦ જેને અડકવાથી નુકસાન પડે તેને અડકવાનો વહેમ પડવાથી સોનાને અડકાડેલું જે પાણી છાંટી શુદ્ધ થવું તે.

સોનાગેરૂ, પુ૦ એક જાતનો ગેરૂ.

સોનામકી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ—એ જુલાબ આપવામાં આવેછે.

સોની, પુ૦ સોનાંના ઘાટ ઘડવાનો ધન્દો કરનાર.

સોનું, ન૦ [સુવર્ણ] ભારે મૂલનો પીળા રંગનો ધાતુ. એના ઘરેણાં, સિક્કાં વગેરે બનેછે. 'આજ સોનાનો સૂરજ ઉગ્યો' એટલે સોનાં સરખો ભારી ને તેજસ્વી.

સોનેરી, વિ૦ સોનાનું પાણી ચડાવેલું હોય તેવું. ઢોળ દિ- ધેલું—(કલમ કિનારી ટપકી વગેરે). ૨ સોનાંના રંગનું; સોના જેવું. (રેશમ, ચમો વગેરે).

સોનેરીકેળાં, ન૦ એક જાતના કુમળાં ગોળ ને પીળી રેચક

સોનૈયો, પુ૦ સોનાંનો સિક્કો. [જુલાબના કેળાં.

સોપારી, સ્ત્રી૦—ન૦ એક જાતનું ઝાડ તથા તેનું ફળ; ફોફળ.

સોબત, સ્ત્રી૦ [આ૦] સાથ; સહચાર; સહવાસ. ૨ સ્ત્રી પુરૂષનો સમાગમ.

સોબતી, વિ૦ સોબતીઓ દોસ્તદાર; ભેરુબંધ.

સોબો, પુ૦ પરણ્યા પછી વર વહુને ગણપતી આગળ બેસાડી બૈરાંઓ જે ગીત ગાયછે તે.

સોભવું. શોભવું.

સોભા, શોભા.

સોભાગ, પુ૦ [સૌભાગ્ય] માથે ધણી જીવતો હોય એવી સ્ત્રીની જે સ્થિતિ તે; સોહાસણપણું; એવાતન. ૨ સોહાસણનો જે વેશ તે. બરાઈનો સોભાગ ઉતરેલો.

સોભાગબટુ, ન૦ બારસાખની ઉપર એક આડું લાકડું લખવામાં આવેછે તે.

સોભાગવતી—વન્તી, સ્ત્રી૦ [સૌભાગ્યવતી] સોભાગ્યવાળી સ્ત્રી; સોહાસણ; સધવા.

સોમ, પુ૦ [સં૦] ચન્દ્ર. ૨ એ નામનો સાત વારમાંનો એક. ૩ એ નામનો વેલો અથવા તેનો રસ.

સોમ, વિ૦ [સં૦] શીતળ; શાન્ત.

સોમયાગ, પુ૦ [સં૦] એ નામનો યજ્ઞ.

સોમલ—ળ, પુ૦ [આ૦] એક ધાતુ—ખાર છે.

સોમવતી, વિ૦ [સોમવતી] સોમવારે અમાસ આવે તે.

સોમવલ્લી, સ્ત્રી૦ [સં૦] એક જાતની વેલી. એનો રસ ભટ્ટીથી ગાળેલો તે બ્રાહ્મણો યજ્ઞમાં પીતા. એમાં મધુ કેફ હોયછે. [પ્રાન.

સોય, સ્ત્રી૦ [સૂચિ] સીવવાનું કાણાંવાળું ઝીણું એક સા-

સોય, સ૦ તે (કવિતામાં).

સોયણી, સ્ત્રી૦ એ નામની રાગણી.

સોયમ, વિ૦ ચોક્ખ પ્રકૃતિની અતિત. અજાણ, શિખાઉ નહિ.

સોયલું, વિ૦ સેલું; અઘરું નહિ.

સોરઠાણી, સોરઠાણી.

સોરઠિયા, સોરઠિયા. [કુળ્યો માતાની વંશ રંગેછે.

સોરફગી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતી, જેના રંગથી સા-

સોરઠ, પુ૦ એ નામનો રાગ. રાગણી ગણિયે તો સ્ત્રીલિંગ ગે.

સોરઠો, પુ૦ એ નામનું વૃત્ત (કવિતામાં); ઉલટો દોરો. ૨ એ નામની ગાવાની એક દેશી (કાઠિયાવાડમાં).

સોરતી, સ્ત્રી૦ ઘોડાદિ વસ્તુની કિંમત ધણાજણે હિસ્સા પ્રમાણે ભરવી ને પછી પાસા અથવા ચિઠ્ઠી નાખી જેના ધારેલા પાસા પડે તેણે અથવા જેનું નામ નિકળે તેણે તે વસ્તુ લઈ લેવી એવી નશીબ અજમાવવાની જે રીત—ક્રિયા તે.

સોરમ, સ્ત્રી૦ ગન્ધ; વાસ. ૨ ખુશબો; સુગન્ધ.

સોરવવું, ક્રિ૦ અ૦ ગમવું. ત્યાં સોરવતું નથી.

સોરવું, ક્રિ૦ સ૦ દાંતેવતી ખેંચી ખાવું. શેલારડિંગ સોરવી. ૨ ઉપર ઉપરથી છોલી કાઢવું. દૂધી સોરી નાખવી.

સોરાવટ, સુરાવટ.

સોરાવું, ક્રિ૦ અ૦ ચામડી છોલાય તેવી હાલતમાં આવવું.

સોવસા, અ૦ નક્કી—ખાતરી જેવું હોય તેમ. વસા શબ્દ જોવો.

સોવાસેણ, સ્ત્રી૦ [સુવાસિની] ધણી જીવતો હોય એવી સ્ત્રી.

સોવું, ક્રિ૦ સ૦ સુપડામાં દાણા ઘાલી—નાખી ઝીણું ડોળ

સોવું, ક્રિ૦ અ૦ શોભવું. [તેમ હલાવવું.

સોસ, પુ૦ [શોષ] સુકું પડવું તે. મોં સોસ પડેછે. ૨ તરસ. પાણીનો સોસ પડેછે.

સોસવાટ—ળ, સ્ત્રી૦ મગરમચ્છ.

સોસવાવું, ક્રિ૦ સ૦ રસનું સુકાઈ જવું. ૨ શરીરનું સુકાવું. (મનમાં ને મનમાં બળ્યાં કરેથી).

સોસવું, ક્રિ૦ સ૦ ચૂસીલેવું; ખેંચીલેવું; સુકું કરવું. ૨ સાંખવું; સહન કરવું.

સોહમ્, તે હું છું (બ્રહ્મ ને હું એકજ છુંજ) એવો જે વેદાંન્ત વિચાર તેના યોગસાધનાથી શ્વાસોશ્વાસમાં સોહમ્ એવો જે ધ્વનિ થાયછે તે.

સોહાગ, ન૦ [સુભાગ્ય] શુદ્ધ ભાગ્યોગ. ૨ શોભીતું તે.

સોહામણું, વિ૦ શોભીતું; શોભાયમાન.

સોહાવું, ક્રિ૦ અ૦ શોભવું.

સોહેણી, સ્ત્રી૦ એ નામની રાગણી—રાત્રે ગવાયછે.

સોહોડ, સોડ.

સોહોર, પુ૦ શેર.

સોહોલું, સેલું.

સોહ્યલું, વિ૦ સેલું; અઘરું નહિ.

સોળ, વિ૦ [ષોડશ] દશ ને છ ૧૬. સોળ કળા, સોળ શણગાર, સોળ સંસ્કાર ઈત્યાદિ. 'સોળે સોળની કાચી' (…) સાચવી કામ પાકી છે, કર્તવ્ય કરવા મા-

સોળ, સળ. [ઠનું નથી.

સોળું, નં૦ [મ૦] અબોટમાં પેરવાનું જે વસ્ત્ર તે. (રેશમી કે સુતરાઉ ગમેતે).

સોળૈયો, પુ૦ સોળ હાથનો સાડ઼ો.

સૌ, વિ૦ સહુ; સર્વ; બધાં.

સૌખ્ય, નં૦ [સં૦] સુખ.

સૌન્દર્ય, નં૦ [સં૦] સુન્દર કાન્તિ; શોભા; ખુબસુરતી.

સૌભાગ્ય, નં૦ [સં૦] સોભાગ. ૨ ભાગ્યશાળીપણું.

સૌમ્ય, વિ૦ [સં૦] શાન્ત સ્વભાવનું; ભલું; સાલસ. (સૌમ્ય પ્રકૃતિ).

સ્કન્ધ, પુ૦ [સં૦] ખભો; ખાંધ. ૨ મોટું પ્રકરણ; મોટો ભાગ. સ્કન્ધ ને અધ્યાય.

સ્તન, નં૦ [સં૦] છાતીના બાર નિકળતા બે અવયવમાંનો એકેકો. ૨ સ્ત્રી જાત પશુના પેટ ઉપરના જે અવયવોમાંથી દૂધ નિકળેછે તે; આંચળ.

સ્તનપાન, નં૦ [સં૦] ધાવવું તે.

સ્તબ્ધ, વિ૦ ધા૦ [સં૦] હાલતું ચાલતું અટકેલું–બન્ધ-પડેલું. ૨ વિચારમાં ગૂમ થઈગયલું.

સ્તમ્ભ, પુ૦ [સં૦] થાંભલો.

સ્તમ્ભન, નં૦ [સં૦] અટકાવવું; બન્ધ પાડવું-થોભાવવું તે. ૨ મારણાદિ છ પ્રયોગમાંનો એક.

સ્તવન, નં૦ [સં૦] સ્તુતિ–તારિફ કરવી તે. ૨ ઈશ્વર-દેવ-દેવીનો સ્તુતિ પાઠ; સ્તોત્ર.

સ્તવવું, ક્રિ૦ સ૦ સ્તુતિ કરવી; વખાણ કરવાં; મોટાઈ આપવી; ગુણ ગાવા.

સ્તુતિ, સ્ત્રી૦ [સં૦] તારીફ, વખાણ; ગુણ ગાવા તે.

સ્તુતિપાત્ર, વિ૦ [સં૦] સ્તુતિ કરવાને યોગ્ય.

સ્તોત્ર, નં૦ [સં૦] દેવતા, ગુરુ ઈ૦ની સ્તુતિનો જે પાઠ-ગ્રન્થ તે.

સ્ત્રી, સ્ત્રી૦ [સં૦] મનુષ્ય પ્રાણીમાં જે જાતિ છોકરાં જણેછે તે. (છોકરી પણ આવી). ૨ પુરૂષે જેની સાથે લગન કર્યું હોય તે. ૩ પ્રાણીમાત્રમાં જે જાતિ ગર્ભ ધારણ કરે તે–પશુ પક્ષી વગેરેની માદા પણ આવી.

સ્ત્રીચરિત્ર, નં૦ [સં૦] મનુષ્યસ્ત્રીજાતિનાં યુક્તિ–ચતુરાઈ–ખટપટવાળાં કર્મ તે.

સ્ત્રીધન, નં૦ [સં૦] જે ધન ઉપર સ્ત્રીનીજ સત્તા હોય તે. (ધણી સગાંની નહિ).

સ્ત્રીલમ્પટ, વિ૦ [સં૦] સ્ત્રીના સ્નેહમાં અથવા સ્ત્રી-સમ્ભોગ વિષયમાં લપટાઈ રહેલો.

સ્ત્રીલિઙ્ગ, નં૦ [સં૦] સ્ત્રીજાતિવાચક અથવા સ્ત્રીજાતિ ભાવવાચક નામનું જે લિઙ્ગ તે.

સ્ત્રીહત્યા, સ્ત્રી૦ [સં૦] સ્ત્રીને મારીનાખ્યાનો જે દોષ તે.

સ્થ, વિ૦ [સં૦] રેનાર; થોભનાર. ગર્ભસ્થ, માર્ગસ્થ ઈ૦.

સ્થળ, નં૦ [સ્થલ] જગા; ઠેકાણું. સ્થળાન્તરે–બીજું ઠેકાણું.

સ્થાણુ, પુ૦ [સં૦] થાંભલો. ૨ ડાળાં પાંખડાં વિનાનું ઉભું ઝાડ. ૩ એક પ્રકારનું અસ્ત્ર. ૪ શિવ. વિ૦ સ્થાવર; ડગે–ખસે નહિ તેવું.

સ્થાન, નં૦ [સં૦] ઠેકાણું જગા. ૨ અધિકાર; દરજ્જો. ૩ પ્રસઙ્ગ; અવસર.

સ્થાપક, વિ૦ [સં૦] થાપનારું; બેસાડનાર; નવું માડનાર. ૨ સાબિત કરી આપનાર; ખરૂં કરી આપનાર.

સ્થાપન, નં૦ [સં૦] બેસાડવું-થાપવું તે. ૨ નવું માડવું-ઉભું કરવું તે. ૩ સાબીત કરવું–ખરૂં કરી આપવું તે.

સ્થાપના, સ્ત્રી૦ [સં૦] સ્થાપન.

સ્થાયી, વિ૦ [સં૦] ઘણીવાર રે–ટકે તેવું. ૨ હમેશાનું.

સ્થાયીભાવ, પુ૦ [સં૦] (રસશાસ્ત્રમાં) રસ પરિપૂર્ણ થવાની આગમચ થયલી ને પછી રસ રે ત્યાંસુધી તેવીને તેવીજ રેતી એવી મનની સ્થિતિ તે–એ નવ કેવાય છે. રતિભાવથકી શૃંગાર રસ, હાસથકી હાસ્ય, શોકથકી કરુણા, ક્રોધથકી રૌદ્ર, ઊત્સાહથકી વીર, ભયથકી ભયાનક, જુગુપ્સાથકી બીભત્સ, વિસ્મયથકી અદ્ભુત, શમથકી શાન્તરસ.

સ્થાવર, વિ૦ [સં૦] એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસે નહિ તેવું; અચળ. ઝાડ પર્વત ઈ૦. ખેતર ઘર એ સ્થાવર મીલકત. (એનું ઉલટું જઙ્ગમ).

સ્થિતિ, સ્ત્રી૦ [સં૦] એક ઠેકાણે ઠરી ઠામ રેવું તે. ૨ રેઠાણ; મુકામ. ૩ હાલત; દશા. ૪ પદવી; દરજ્જો. ૫ થોડી–ઘણી વાર વ્યવસ્થા સહિત રેવું (જગતનું–માં) તે. ઉત્પત્તિ, સ્થિતિ ને લય.

સ્થિતિસ્થાપક, વિ૦ [સં૦] પોતાની આગલી સ્થિતિ રાખી રે તેવા ગુણવાળું. નેતર, રબર, ઘોડાંની કમાન વગેરે સ્થિતિસ્થાપક ગુણના કેવાય છે.

સ્થિર, વિ૦ [સં૦] હમેશાનું; ટકે તેવું; જાયું રે તેવું; કાયમ; મજબુત; ચોંટી બેઠેલું. ૨ ચલિત, ચઞ્ચળ નહિ તેવું; ઠરેલ (બુદ્ધિ). ૩ શાન્ત; ઉગ્ર નહિ તે (સ્વભાવ).

સ્થિરતા, સ્ત્રી૦ [સં૦] ઠરેલી હાલત; ઉત્પાતનહિ પણ શાન્તીની જે સ્થિતિ તે.

સ્થૂળ, વિ૦ [સ્થૂલ] મોટું; જાડું. ૨ જાડી–જડ બુદ્ધિનું; જડભરત; બુંથી; ઠોઠ.

સ્થૂળદેહ, સ્ત્રી૦ [સં૦] હાડકાં ચામડાંનું જે દેખાઈતું જડ ખોળિયું તે. (સૂક્ષ્મ–લિઙ્ગ દેહનું ઉલટું). ૨ જાડું શરીર.

સ્નાન, નં૦ [સં૦] ઘણે પાણીએ અઙ્ગ ધોવું તે; નાવું તે. ૨ ભસ્મ, ગોમય, દુગ્ધ, દધિ ઈ૦ નો શરીરે જે લેપ કરવો તે. ૩ તીર્થે જે નાવું તે. ૪ મુવેલાં સમ્બન્ધી-નિમિત્ત નાવું તે.–સ્નાન માંડવાં–કાણ માડવી.

સ્નાયુ, પુ૦ [સં૦] જે તન્તુ વડે હાડકાં ને માંસનાં રેસા વળગેલાં રેછે ને જેથી શરીરના અવયવ લાંબાં ટુંકા થાય છે તે; માંસના તન્તુ.

સ્નેહ, પુ૦ [સં૦] પ્રીતિ; મૈત્રિ. ૨ તેલ; ચિકણો પદાર્થ. ૩ ચિકાશ; વળગણ. [પરસ્પર આકર્ષણ તે.
સ્નેહાકર્ષણ, ન૦ [સં૦] પદાર્થની પરમાણુઓમાં જે
સ્નેહાળ, વિ૦ સ્નેહથી ભરેલું.
સ્નેહી, વિ૦ [સં૦] મિત્ર; દોસ્ત; સજ્જન; વ્હાલું.
સ્પર્ધા, સ્ત્રી૦ [સં૦] એક બીજાથી ચડિયાતાં થવાનો જોસ્સો; સરસાઈ; ઈર્ષા; અદેખાઈ. ૨ દ્વેષભાવ.
સ્પર્શ, પુ૦ [સં૦] એકાદિ વસ્તુ ચામડીને લાગવાથી જે ભાન થાયછે તે; સ્પર્શેન્દ્રિય. ૨ કોઈ પણ વસ્તુને અડકવું તે. ૩ અડકવાનો—સાથે વેવાર રાખવાનો જે દોષ તે. ૪ ક થી તે મ સુધીના જેટલા વ્યઞ્જન છે તેમાંનો કોઈ પણ. ૫ લવ; ઘરા.
સ્પર્શાસ્પર્શ, પુ૦ [સં૦] જેણે જેને ન અડકવું જોઈએ તેવાં જન—તેવી વસ્તુઓનું એકબીજામાં જે અડકાઅડકી તે.
સ્પષ્ટ, વિ૦ [સં૦] સાફ; અચકાયાવિનાનું; સરળ ને શુદ્ધ. ૨ ખુલ્લું; સાચું; બેધડક.
સ્પષ્ટવક્તા, વિ૦ [સં૦] સફાઈથી—સારા ઉચ્ચારથી બોલનાર. ૨ સ્વતન્ત્રપણે ખરેખરું જેવું હોય તેવું સફાઈથી બોલીદેનાર. [પરવા.
સ્પૃહા, સ્ત્રી૦ [સં૦] ઈચ્છા; તૃષ્ણા. ૨ ગરજ; દરકાર;
સ્ફટિક, ન૦ [સં૦] જેને સુન્દર ચળકતી નિયમિત સરખી બાજુ—સપાટિયો હોય તે પથરા—કાચ વગેરે તે; એક જાતનો મણિ. સ્ફાટિક એટલે સ્ફટિક સમ્બન્ધી.
સ્ફુટ, વિ૦ [સં૦] સમ્બન્ધ વનાનો પરચુરણ વિષય હોય તેવું; એક આખી નહિ પણ છુટક છુટક બાબત હોય તેવું. ૨ ઉઘડેલું; ખિલેલું. ૩ ફાટેલું; તુટી પડેલું.
સ્ફુરણ, ન૦ [સં૦] અંકુર ફુટવો તે. ૨ એકાએક સ્મૃતિ થઈ આવવી તે. ૩ એકાએક કમ્પારી થવી તે—આંખ ફરકવી, હાથ ધ્રુજવો વગેરે. ૪ એકાએક ચળકાટ દેખાવો તે.
સ્મરણ, ન૦ [સં૦] યાદ આણવું તે. ૨ યાદ રાખવું તે. ૩ વિચાર—તર્કથી મનમાં ચિત્ર જોવું તે—મનન કરવું તે. ૪ ઈશ્વરનું નામ સમ્ભારવાં કરવું—તેના ગુણ ગાવાં કરવા તે.
સ્મરણી, સ્ત્રી૦ માળા; સમરણી.
સ્મરણીય, વિ૦ [સં૦] સ્મરણ કરવા જોગ.
સ્મરવું, ક્રિ૦ સ૦ સ્મરણ કરવું; યાદથી સમ્ભારવું.
સ્મશાન, શ્મશાન. [વર્તનાર.
સ્માર્ત, વિ૦ [સં૦] સ્મૃતિની—ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે
સ્મિત, ન૦ [સં૦] હસવું; મલકાવું તે. વિ૦ ધા૦ મલકાતું. ૨ ખિલેલું.
સ્મૃતિ, સ્ત્રી૦ [સં૦] સ્મરણ; યાદદાસ્ત. ૨ મનુ આદિ આચાર્યોએ ધર્મનીતિ રાજ્ય સમ્બન્ધી જે શિક્ષાશાસ્ત્ર પોતાના શિષ્યોને સંભળાવેલાં ને જે પાછળથી સમ્ભારી લખાયેલાં તે. ૩ એ શાસ્ત્રમાંનું કોઈક વચન.

સ્યન્દન, પુ૦ [સં૦] રથ.
સ્યામ, શ્યામ.
સ્રાવ, પુ૦ [સં૦] ધીમેધીમે ગળવું—વેવું તે. ૨ અટકાવ; અળગું (ઋતુસ્રાવ). (પાંચ મહિનાની અંદર ગર્ભ ગળે તે ગર્ભસ્રાવ ને પછી જે પડે—પાડવામાં આવે તે ગર્ભપાત).
સ્લેટ, સ્ત્રી૦ [અં૦] એક જાતના પથ્થરની પાટી.
સ્વ, સ૦ [સં૦] પોતાનું; પોતીકું. સ્વહસ્ત, સ્વદેહ, સ્વગ્રામ ઈ૦.
સ્વકલ્પિત, વિ૦ [સં૦] પોતાની કલ્પનાનું.
સ્વકીય, વિ૦ [સં૦] પોતાનું; પોતીકું.
સ્વકીયા, સ્ત્રી૦ [સં૦] પોતાની પરિણીત સ્ત્રી.
સ્વચ્છ, વિ૦ [સં૦] સાફ; નિર્મળ. ૨ ડાઘ—મેલ—ગન્દવાડી ન હોય તેવું.
સ્વચ્છતા, સ્ત્રી૦ [સં૦] સ્વચ્છપણું; સફાઈ. [કલ્પના.
સ્વચ્છન્દ, પુ૦ [સં૦] પોતાની ઈચ્છા અથવા પોતાની
સ્વચ્છન્દી, વિ૦ [સં૦] કોઈનું કહ્યું ન માનતાં પોતાની ઈચ્છામાં આવે તેમજ કરનાર; માથાનો ફરેલ.
સ્વજન, ન૦ [સં૦] પોતાના કુટુમ્બનું—સગપણનું—સ્નેહનું માણસ.
સ્વજાતિ, વિ૦ [સં૦] પોતાની જાત—નાતનું.
સ્વતઃ, અ૦ [સં૦] પોતાની મેળે; જાતે; ખુદ.
સ્વતઃસિદ્ધ, વિ૦ [સં૦] પોતાની મેળે ઉત્પન્ન થયલું—બનેલું—સિદ્ધ થયલું.
સ્વતન્ત્ર, વિ૦ [સં૦] જેને કોઈના તાબા—હુકમ—અંકુશમાં ન રેવું પડતું હોય તે (જન). ૨ જેને કોઈ પણ વાતે પારકાની ઈચ્છા ઉપર આધાર ન રાખવો પડતો હોય તે (જન). ૩ ધન—પદવી—વગ—વેમના દોરથી ન સંકોચાતાં જે પોતાના મનના વિચાર બેધડક જાહેરમાં મુકતું હોય અથવા તેમ મુકી તેવી રીતે વ્યવહારમાં વર્તતું હોય તે (જન). એ શબ્દ જનને લાગે છે તેમ તેની તેવી સ્થિતિને પણ લાગે છે. ૪ સાથે—એકઠું નહિ પણ જાદું; બીજા સહુની રીતથી જુદી રીતે રેનાર. ૫ સ્વચ્છન્દી; કોઈના કહ્યામાં ન હોય તે.
સ્વતન્ત્રતા, સ્ત્રી૦ [સં૦] સ્વતન્ત્ર એવી જે સ્થિતિ તે; છૂટ. ૨ બીજાને દુઃખ ન થાય ને પોતાની ઈચ્છા પ્રમાણે વર્તાય તેવી રીતિનો ને હેવાનો જે ભાવ—જોસ્સો તે.
સ્વદેશ, પુ૦ [સં૦] પોતાનો દેશ; જન્મભૂમિ.
સ્વદેશાભિમાન, ન૦ પોતાના દેશનું અભિમાન.
સ્વદેશી, વિ૦ [સં૦] પોતાના દેશનું. જન, કર્મ ઈ૦.
સ્વધર્મ, પુ૦ [સં૦] પોતાનો ધર્મ—પોતાના બાપદાદાનો ઈશ્વર સમ્બન્ધી જે ભક્તિમાર્ગ તે; કુળનીતિ—રીતિ. ૨ અકેકી જાતિ—કુળનો જે ધર્મ તે.
સ્વપ્ન, ન૦ [સં૦] ઊંઘમાં જે વિચાર—તર્ક થાયછે તે અથવા જે ચિત્ર દેખાયછે તે. ૨ એવી જે સ્થિતિ તે. સ્વપ્નસૃષ્ટિ—સ્વપ્નમાં જે સૃષ્ટિ રચાય તે. સ્વપ્નાવસ્થા—સ્વપ્ન આવતું—ભાસતું હોય તે સ્થિતિ.

સ્વપ્નદર્શન, ન૦ [સં૦] સ્વપ્નમાં જે દર્શન થાય તે.
સ્વપ્નવત્, વિ૦ [સં૦] સ્વપ્ન જેવું; ખોટું ને થોડીવારનું; મિથ્યા.
સ્વપ્નાવસ્થા, સ્ત્રી૦ [સં૦] સ્વપ્ન આવે તે અવસ્થા તે.
સ્વપ્નાન્તર, ન૦ [સં૦] જાગૃતાવસ્થાથી બીજી જે સ્વપ્ના-
સ્વપ્રકાશ, વિ૦ [સં૦] પોતાનાજ પ્રકાશથી ચળકતું. ૨ પોતાની મેળે જ્ઞાન પામેલું હોય તે.
સ્વભાવ, પુ૦ [સં૦] શરીર-મનની જન્મથી જે સ્થિતિ તે; સદ્ગતિથી પ્રાપ્ત થયલી નહિ પણ મૂળથી જે વૃત્તિ તે; પ્રકૃતિ (જનની). ૨ પદાર્થનો જે અસલ ગુણ-ખા-સિયત તે.
સ્વભાવિક, સ્વાભાવિક.
સ્વભાષા, સ્ત્રી૦ [સં૦] પોતાની જન્મભાષા.
સ્વયમ્, અ૦ [સં૦] પોતાની મેળે; સ્વેચ્છાથી.
સ્વયમ્પાક, પુ૦ [સં૦] પોતાનેસારૂ પોતાને હાથે કરેલી જે રસોઈ તે-પણ કેટલાક લોક એ શબ્દને રાંધવું-રસોઈના અર્થમાં વાપરેછે.
સ્વયમ્ભૂ, પુ૦ [સં૦] પોતાની મેળે-સ્વેચ્છાથી જન્મ પામેલા એવા જે ઈશ્વર તે; બ્રહ્મા, વિષ્ણુ, શિવ એ-ઓને એ શબ્દ લાગેછે. વિ૦ પોતાની મેળેજ થયલું; સ્વતઃસિદ્ધ.
સ્વયમ્વર, પુ૦ [સં૦] કન્યાએ પોતાની પ્રસન્નતાનો વર શોધી પરણવું તે.
સ્વયમ્વહ. વિ૦ પોતાની મેળે ચાલી શકે તેવો (યન્ત્ર).
સ્વર્, પુ૦ [સં૦] સૃષ્ટિના ત્રણ વિભાગમાંનો એક-(ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક; સ્વર્ગ.
સ્વર, પુ૦ [સં૦] અવાજ; સાદ; વાણી; બોલ. ૨ જેનું પૂર્ણ સ્પષ્ટ ઉચ્ચારણ થઈશકેછે તેવા અક્ષરમાંનો એકાદો (અ આ ઇ ઈ ઉ ઊ ઋ એ ઐ ઓ ઔ અં અઃ)-(વ્યઞ્જનવર્ણ નહિ). ૩ અક્ષર-સ્વર ઉપર જે જોર મુકાય તે-એ ઉદાત્ત, અનુદાત્ત ને સ્વરિત એ ત્રણ પ્રકારે વેદના મન્ત્રના સ્વર લેવાય છે. ૪ નાકની વાટે ચાલતો જે શ્વાસ તે. ૫ ગાયનમાં જે મુખ્ય સાત અવાજ અનુક્રમમાં ઠરેલા છે તેમાંનો એકાદો-સા, રી, ગ, મ, પ, ધ, ની.
સ્વરાજ્ય, ન૦ [સં૦] પરદેશીનું નહિ પણ દેશીનું જે રાજ્ય તે; પોતાનું રાજ્ય.
સ્વરિત, વિ૦ ધા૦ [સં૦] ઊંચું નહિ ને નીચું નહિ પણ સમાન એવાં ઉચ્ચારણવાળો (સ્વર).
સ્વરૂપ, ન૦ [સં૦] કોઈ જન-વસ્તુનું જે તેનું પોતાનું ખરું-પ્રકૃત-કુદરતી રૂપ તે.
સ્વરૂપવાન્, વિ૦ [સં૦] સુન્દર રૂપ હોય તેવું; ખુબસુરત. સ્વરૂપવન્તી-સુન્દર-રૂપાળી સ્ત્રી; ખુબસુરત બૈરી.
સ્વરોદય, પુ૦ શ્વાસ ઉપરથી શુભાશુભ જાણવાની વિદ્યા.
સ્વર્ગ, ન૦ [સં૦] જ્યાં ઈંદ્રાદિ દેવતા રહેછે તે ધામ-આ મૃત્યુલોકના માણસો જેણે પુણ્ય કરેલાં હોય છે તે મુવા પછી જ્યાં સુખમાં સ્થિતિ કરેછે તે લોક. સ્વર્ગ-આકાશમાં ઊંચે છે એમ મનાયછે. 'તેને હવે બે આંગળ સ્વર્ગ બાકી છે' એટલે તે પોતાના સુખનો ગર્વ એટલો રાખેછે કે જાણે તેને સ્વર્ગનું સુખ ભોગવવાનો દહાડો પાસે આવેલો હોયની? 'આપ મુવાં વના સ્વર્ગે ન જવાય' એવી કેહેવત છે એટલે પોતાનું કેટલુંક કામ પોતાથી જેવું સારૂં થઈશકે-પારપડે તેવું બીજાથી ન થાય-પારપડે.
સ્વર્ગગંગા, સ્ત્રી૦ [સં૦] આકાશમાં જે લાખો ને લાખો ઉજળો ચળકતો લીસોટો પડેલ દેખાય છે તે; આકાશ-ગંગા (ઝીણા ઝીણા તારાઓ જે દૂરબીન વના દેખાતા નથી તેથી તે લીસોટો પડેછે).
સ્વર્ગવાસ, પુ૦ [સં૦] સ્વર્ગમાં જે વાસ તે. તેનો સ્વર્ગ-વાસ થયો એટલે તે મરીગયો.
સ્વર્ગવાસી, વિ૦ [સં૦] સ્વર્ગમાં વાસ કરનાર. એ શબ્દ મુવેલાં જનને લગાડવામાં આવેછે. સ્વર્ગવાસી કલ્યાણાર્યે તે મહાભારત કામ ઉઠાવ્યું હતું.
સ્વલ્પ, વિ૦ [સં૦] ઘણું થોડું; કિઞ્ચિત્ જરા.
સ્વવશ, વિ૦ [સં૦] માત્ર પોતાનેજ વશ; સ્વતન્ત્ર; છુટું; સ્વાધીન.
સ્વસ્તિ, અ૦ [સં૦] આશીર્વાદનો શબ્દ છે-કલ્યાણ. બ્રાહ્મણ દક્ષણા લેઈ દક્ષણા આપનારને સ્વસ્તિ કરેછે.
સ્વસ્તિક્ષેમ, અ૦ સુખી હાલતમાં; સલામત ને આબાદ.
સ્વસ્તિવાચન, ન૦ [સં૦] કર્મને આરમ્ભે શુભવચન વેદોક્ત મન્ત્રનાં તે; આશીર્વાદનાં વાક્ય.
સ્વસ્તિશ્રી, વિ૦ [સં૦] કલ્યાણરૂપ ને શોભીતું.
સ્વસ્થ, વિ૦ [સં૦] શરીર-મન સમ્બન્ધી નિરાંતની સ્થિતિમાં હોય તેવું; આસુદા-ખટપટથી ફરાગત પામેલું હોય તેવું; સુખ ચેહેનમાં હોય તેવું.
સ્વસ્થતા, સ્ત્રી૦ [સં૦] સ્વસ્થ એવી જે સ્થિતિ તે.
સ્વસ્થાન, ન૦ [સં૦] પોતાનું સ્થાન-મુકામ.
સ્વાંગ, પુ૦ નાટક ભવૈ વગેરેમાં જે વેશ લેવા તે; બીજાનું રૂપ ધારણ કરવું તે.
સ્વાગત-તા, સ્ત્રી૦ [સં૦] મળવા આવનારને-પરોણાને જે વિવેક બતાવવો તે.
સ્વાતી, સ્ત્રી૦ [સં૦] પનરમું નક્ષત્ર-એમ કેહેવાય છે કે એ નક્ષત્રમાં જે વરસાદ પડેછે તેજ માત્ર ચાતક-બપૈયાના મુખમાં જાય છે ને ત્યારેજ તેની તરસ છીપે-વળી એ નક્ષત્રમાં વરસાદ પડેછે તેથી મોતી થાયછે એમ પણ કેહેવાય છે. "સ્વાતી દીવા જો બળે, વિશાખા છૂટે આય; રાણીજાયો રણ ચડે, પૃથ્વિ પ્રલે થાય."
સ્વાત્માનુભવ, પુ૦ [સં૦] પોતાના આત્માનો અનુભવ જે અનુભવ તે. ૨ પોતાના આત્માનો અનુભવ-જ્ઞાનપ્રાપ્તિ.
સ્વાદ, પુ૦ [સં૦] સવાદ. [તે; જ્ઞાન.

સ્વાદિષ્ઠ, વિ૦ [સં૦] સવાદ આપે તેવું; સ્વાદવાળું.
સ્વાધીન, વિ૦ [સ્વ, અધીન] બીજા કોઈના નહિ પણ પોતાનાજ તાબામાં હોય તેવું; સ્વતન્ત્ર. તેનો સ્વાધીન છે તેને સુખે પાલવે. ૨ બિજા કોઈના તાબામાં હોય તેવું. તે તેના બાપને સ્વાધીન છે. (સ્વાધીનનું ઉલટું પરાધીન). [ઉપપતિને પોતાને વશ રાખેછે તે.
સ્વાધીનપતિકા, સ્ત્રી૦ [સં૦] જે સ્ત્રી પોતાના પતિને-
સ્વાન, શ્વાન. [પોતાની મેળેજ.
સ્વાભાવિક, વિ૦ [સં૦] સહજ-સ્વભાવથી થયલું; પ્રકૃતિનું; અસલ. અ૦ સ્વભાવથીજ; કુદરતી રીતે;
સ્વામ, પુ૦ [સ્વામી] ધણી; પતિ; વર. (કવિતામાં).
સ્વામિત્વ, ન૦ [સં૦] ધણીપણું; માલીકી.
સ્વામી, પુ૦ [સં૦] ધણી; માલીક. ૨ શેઠ; ઉપરી; આ-
સ્વાર, પુ૦ [આ૦] સવાર. [ધિદ. ૨ પતિ; વર.
સ્વારથ, સ્વાર્થ.
સ્વારથિયું-થી-થુ, વિ૦ જેને સ્વારથ હોય તે-તેવું.
સ્વારી, સવારી.
સ્વાર્થ, પુ૦ [સં૦] પોતાનો અર્થ; પોતાનીજ મતલબ; એકલપેટાપણું. ૨ લાભ. ૩ અન્દર રહેલો અર્થ; ભાવાર્થ (વાક્ય-ભાષણનો). [એ શબ્દાર્થરૂપ છે.
સ્વાર્થ, વિ૦ [સં૦] (વ્યાકરણમાં) પોતાના નિત્યના અર્થ રૂપમાં હોય તે (ક્રિયાપદ). કરેછે એ સ્વાર્થરૂપ, કરાવે
સ્વાર્થી, વિ૦ [સં૦] પોતાનીજ મતલબ સાધનાર; એક-
સ્વાસ, શ્વાસ. [લપેટું. ૨ લોભી.
સ્વાહા, અ૦ [સં૦] એકાદા દેવ પ્રીત્યર્થ અગ્નિમાં આહુતી આપતાં એ શબ્દ બોલાય છે. ૨ ભસ્મ થઈજવું તે. સ્વાહા કરવું એટલે ગળીજવું; એકદમ ખાઈજવું. ૨ ઉચાપત કરવું; હરણ કરીજવું.
સ્વીકાર, પુ૦ [સં૦] સ્વીકારવું તે.
સ્વીકારવું, ક્રિ૦ સ૦ કબૂલ રાખવું; માન્ય કરવું. ૨ અંગીકાર કરવો. ૩ માથે વોરી લેવું.
સ્વીય, વિ૦ [સં૦] પોતીનું; પોતાના સમ્બન્ધમાંનું.
સ્વીયા, સ્ત્રી૦ [સં૦] પોતાની પરણેલી સ્ત્રી.
સ્વેચ્છ, વિ૦ [સં૦] પોતાની ઈચ્છા પ્રમાણે હોય તેવું. સ્વેચ્છાચાર, સ્વેચ્છાગમન ઈ૦.
સ્વેચ્છા, સ્ત્રી૦ [સં૦] પોતાનીજ ઈચ્છા.
સ્વેચ્છા પ્રારબ્ધ, ન૦ [સં૦] ઈચ્છા પ્રમાણે બની આવે તે.
સ્વેદ, પુ૦ [સં૦] પરસેવો. ૨ ઘામ.
સ્વેદજ, વિ૦ [સં૦] ઘામ-પરસેવાથી ઉત્પન્ન થયલું તે. જુ વગેરે જીવજન્તુ તે સ્વેદજ કેવાય. (ચાર ખાણુમાંની એક).

હ.

હ, પુ૦ [સં૦] તેતીસમો વ્યન્જન વર્ણ.
હં, અ૦ હું સાંભળુંછું-મારૂં ધ્યાન છે એ અર્થમાં, અચરતીના અર્થમાં, હા કેવાના અર્થમાં વપરાય છે.
હંસ, પુ૦ [સં૦] લામ્બી ગરદનનું અને કુમળાં હલકાં પણ ભરાવ પીછાંનું સુશોભિત, તળાવ સરોવર તીરે રેતો પક્ષી. એ પોતાની ખુબસુરતી અને ચાલવાની છટાથી સહુને આનન્દ પમાડે છે. એ સરસ્વતી ને બ્રહ્માનું વાહન કેવાય છે. એની ચાલની ઉપમા અપાય છે. ૨ જીવ; આત્મા. ૩ પરમહંસ.
હંસણી-સી, સ્ત્રી૦ હંસની માદા.
હંહં, અ૦ આશ્ચર્ય બતાવેછે.
હક, પુ૦ [આ૦] ધણીપણાં-માલીકીનું જે વાજબીપણું તે. ૨ ધણીપણું કોઈએ છિનવી લિધું હોય તો તેને માટે જે દાવો-વાદ તે. ૩ એકાદા વ્યવહાર નિમિત્ત કોઈને જે કંઈ નિયમિત આપવું પડતું હોય તે (તેનો હક). હકમાં એટલે તરફનું; પક્ષમાં. તેના હકમાં સારૂં થશે જો મારૂં માનશે તો. અ૦ વાજબી; ખરૂં; સાચું હોય તેવું. 'હકનામ સાહેબનું.' હકથવું-મરીજવું.
હકતાલા, પુ૦ [આ૦] ખોદા; દુનિયાનો સાહેબ.
હકદાર, વિ૦ [આ૦ ફા૦] જેનો હક પોંચતો હોય તે.
હકનાહક, અ૦ [આ૦] હક-કારણ-સબબ વગર; નાહક; અમસ્તું.
હકસાઈ, સ્ત્રી૦ [આ૦] (૩ જા અર્થમાં)-હકદાખલ જે કંઈ આપવું તે; દસ્તુરી; લવાજમ. ૨ દલાલી.
હકારવું-લવું, હુકારવું.
હકારો, પુ૦ જમવાને વાસ્તે તેડવા નીકળનારો માણસ.
હકીકત-ગત, સ્ત્રી૦ [આ૦] કોઈ પણ બનાવ-કામ સમ્બન્ધી જે કેવું તે; હેવાલ; બયાન; સમાચાર; ખબર.
હકીમ, પુ૦ [આ૦] વૈદ; દવાકરનારો મુસલમાન.
હકીમી, સ્ત્રી૦ [આ૦] હકીમપણું; વૈદું.
હકુમત, સ્ત્રી૦ [આ૦] રાજ્ય હાકમી; અમલ; સત્તા.
હક્ક, હક.
હગવું, ક્રિ૦ અ૦ [હદ] પેટમાંનો મળ પાછલી વાટે બાર કાડવો; ઝાડે જવું-ફરવું. (હગવાના અર્થના બીજા શબ્દો અઘવાને સ્થળે લખ્યા છે તે આ સ્થળના જાણવા).
હકાર, અહકાર.
હકારવું ક્રિ૦ સ૦ લશ્કર ઉપાડી વાણ ચલાવવું. ૨ સઢ-વાવટો ચડાવવો. ૩ ગાડી વગેરેને ચાલતી કરવી.
હરગામ, પુ૦ [ફા૦] વેળા; અવસર; ટાંકણું. ૨ ઋતુ; રતુ મોસમ. ૩ ધામધુમ; તોફાન; બંડ; ગરબડ.
હરગામી, વિ૦ કામ હોય તેટલા દાડા ચાકરીમાં રાખેલા (નોકર).

હડગામો, પુ૦ ધામધુમ; ગરબડ. ૨ તોફાની મસ્તી.

હચમચાટ, પુ૦ આમતેમ હલાવી ઉથલપાથલ કરવી તે.

હચમચાવવું, ક્રિ૦ સ૦ આમતેમ હલાવવું. તે થાંભલું હચમચાવ્યા કરે છે. [તે.

હજ, સ્ત્રી૦ [આ૦] મુસલમાનો મક્કાની જે જાતરા કરેછે

હજમ, વિ૦ પચેલું. (ખોરાક). હજમ કરવું એટલે પચાવવું. ૨ (લાક્ષણિક) વગર હકે બીજાનાં માલ પૈસા પોતાના કામમાં લેવા; ઉચાપત કરવી.

હજરત, પુ૦ [આ૦] એ માન ભરેલા શબ્દથી ઊંચા દરજ્જા ધરાવનારાઓને બોલાવવામાં આવે છે (મુસલમાનમાં).

હજામ, પુ૦ [આ૦] માથું બોડનારો; વાળંદ. ૨ શૂરપ– અણવાકફ કારીગર. હજામડી–હજામની સ્ત્રી. હજામડો–હજામ (તુચ્છકારમાં).

હજામત, સ્ત્રી૦ [આ૦] હજામનું જે કામ તે; મુંડવું તે. ૨ મુંડાવવાના વધી ગયલા જે વાળ તે.

હજાર, વિ૦ [ફા૦] દસ સો; ૧૦૦૦.

હજારી, વિ૦ ઘણી પાંખડીનું (ફૂલ).

હજી, હજુ.

હજીરો, પુ૦ [આ૦] કબર; રોજો; મીનારો. [લગી.

હજુ–ર, અ૦ [અદ્યાપિ] આજ સુધી; અદ્યાપિ; હમણા

હજુર, સ્ત્રી૦ [આ૦] નજર આગળ–હાજર હોવું તે.–સાખ ધણી બે હજુર. ૨ વડા કામદારની કચેરીમાં હોવું તે. તે હજુરમાં નોકર છે.

હજુરિયો, પુ૦ હજુરમાં રેનારો નોકર.

હટ. હઠ.

હટખટ, સ્ત્રી૦ માણસના મરણ સિવાયના નુકસાનથી જે મનમાં લાગણી થવી તે.

હટોટી–ઠી, હથોટી.

હઠ, સ્ત્રી૦ [સં૦] જીદ; તકરાર; ભાંજગડ; ખેંચપકડ; મમત.

હઠયોગ, પુ૦ [સં૦] યોગનો એક પ્રકાર–દેહકષ્ટવાળો. (રાજયોગ ને હઠયોગ).

હઠવું, ક્રિ૦ અ૦ પાછાં પગલાં કરવાં. ૨ તકરારમાં નબળું પડવું. ૩ હારવું. હઠાવવું–ખસેડવું; આઘું કરવું.

હઠિલાઈ, હઠ.

હઠીલું, વિ૦ હઠકરનાર; જીદ્દી; તકરારી; ખેંચપકડ કરનાર.

હઠેઠ, સ્ત્રી૦ આગ્રહ; બળાત્કાર; કાલાવાલા. તેણે તેને જમવા આવવા સારુ બહુ હઠેઠ કીધી. [રિસી મારવું તે.

હડખવા, પુ૦ હડખાયું. ૨ ચિડિયાં કરવાં કરવાં–ગાળ

હડખાયલું–યું, વિ૦ હડખાયું લાગ્યું હોય તેવું. (હડખાવું એવું ક્રિયાપદ વપરાતું નથી).

હડખાયું–ખું, ન૦ કુતરાં કોલાં વગેરેને થતો એક મેસાંમુનો રોગ–જેથી તે સઉને કડવા ધાયછે ને જેને કરડેછે તે તેના જેવો થઇ મરી જાયછે.

હડતાલ–ળ, સ્ત્રી૦ [હરિતાલી] એક પીળા રંગનો બંધાયલો રસ છે. ૨ બજારમાં સઘળી દુકાને–હાટે તાળાં દેવાં તે. (મોટા માણસના મરણના શોકમાં અથવા સરકારના હુકમપર નારાજી બતાવવામાં રૈયત દુકાનદારોની મારફતે હડતાલ પાડેછે–વેચવું સાટવું બંધ કરે છે.

હડપ, સ્ત્રી૦ હોલ–ઓલમાં મુકેલું તે.

હડપચી, સ્ત્રી૦ ઓઠની નીચેનો ને ગળાંની ઉપરનો ભાગ જે ઉપર વાળ ઉગેછે તે; ચુંપરી; દાઢી.

હડફો, પુ૦ ઇસ્કોતરિયો.

હડબડવું, ક્રિ૦ અ૦ ગભરાઇ જવું. ૨ નિરાશ થવું.

હડસાંકળ, સ્ત્રી૦ સ્ત્રીઓને પગે પેરવાનું રૂપાનું સાંકળાં ઘાટું ઘરેણું. ૨ એક જાતનો વેશ. [ધકો દેવો.

હડસેલવું, ક્રિ૦ સ૦ ધકો મારવો; જોર કરી હઠાવવું; આ-

હડસેલો, પુ૦ ધકો; આચકો. હડશેલો.

હડહડ, અ૦ કુતરાને દૂર કરતી વખત એ શબ્દ વપરાયછે. સ્ત્રી૦ તુચ્છકારી દૂર ખસેડવું તે.

હટહડતું, વિ૦ ઘણુંજ વળગેલું; ચુસ્ત.

હડાકો, પુ૦ ભડાકાનો જે પડઘો તે.

હડિયો, પુ૦ ગળાંની ઘાંટી.

હડી, સ્ત્રી૦ ગબડી; ઘણું દોડવું તે.

હઠી, વિ૦ બે ને અડધો એટલી સંખ્યા બતાવેછે; ૨॥.

હડે, હડહડ.

હડું, હરડાં.

હડે, હરડે. ['હણતાંને હણવું.'

હણવું, ક્રિ૦ સ૦ નાશ કરવો; પ્રાણ લેવો; મારીનાખવું.

હણહણવું, ક્રિ૦ અ૦ ઘોડાનો શબ્દ સૂચવે છે.

હણિયું, ન૦ ગાડાંમાં હેલ ભરતી વખત ગાડીવાનને બેસવાની પાટલીમાં જે બે લાકડાંના કકડા ઘાલેછે તેમાંનો એકેકો.

હત્, અ૦ ઢોરને પાસેથી દૂર હાંકીમુકતી વખત વપરાયછે.

હત, વિ૦ ધા૦ [સં૦] હણેલું–મારેલું. હતદૈવ–અભાગિયું, હતભાગ્ય, હતવીર્ય ઇ૦.

હતું, ક્રિ૦ હો ધાતુના ભૂતકાળનું એક રૂપ.

હત્યા, સ્ત્રી૦ [સં૦] મનુષ્ય અથવા બીજાં પ્રાણીને (જેને મારીનાખવું એ મોટો અપરાધ ગણાય છે તેને) જીવથી મારીનાખવું તે. સ્ત્રી–બાળ–ગૌ હત્યા. આત્મહત્યા (પોતાનીજ). ૨ મારીનાખવાથી જે દોષ–પાપ તે. માથે હત્યા બેઠી એટલે હત્યા કીધાના અપરાધને માટે ઉત્તર દેવો પડશે.

હત્યારો, પુ૦ હત્યા કરનારો તે; ખૂની.

હથિયાર, પુ૦ [હિં૦] બચાવ કરવાનું અથવા સામું મારવાનું સાધન; શસ્ત્ર. (ઢાલ અથવા તરવાર, બન્દુક, ભાલા વગેરે). ૨ કામ કરવાનું સાધન; ઓજાર–સુતાર લુવારનું). 'હાજર સો હથિયાર'.

હથિયારબંધ, વિ॰ (૧લા અર્થમાં) જેણે હથિયાર બાંધ્યાં હોય તે.

હથેલી, સ્ત્રી॰ [હસ્તતલ] હાથની અંદરનો ચપટો ભાગ; કરતલ.

હથોટી, સ્ત્રી॰ હાથમાં બેસી રહેલું એવું હોવું તે; હાથનો કસબ; આવડત.

હથોડી, સ્ત્રી॰ નાનો હથોડો.

હથોડો, પુ॰ ધાતુ ઘડવાનું-ખીલા ઠોકવાનું હાથાવાળું એક હથિયાર. એરણ ને હથોડો.

હદ-દ, સ્ત્રી॰ [આ॰] છેડો; આખર; અવધિ. ૨ જ્યાં છેડો આવતો હોય તે જગા; મર્યાદા; સીમા; કાંઠો. ૩ અ॰ અતિપરાકાષ્ટા-ઘણુંજ. હદ થઈ, હવે ન બોલો.

હનકન, સ્ત્રી॰ હાના; આનાકાની.

હનુવટી, સ્ત્રી॰ [સં॰] હડપચી; હુથરી.

હન્તા, પુ॰ [સં॰] હણનારો; મારીનાખનારો.

હપ્તો-ફ્તો, પુ॰ [ફા॰] કકડે કકડે નાણાં ભરવાનો આંકડો જે ઠેરવેલો વખત તે; કિસ્ત; ખાંધું; મુકરર કરેલી મુદતોમાંની એકેકી.

હબસી-બશી, પુ॰ [આ॰] એક જાતનો સીધી-આબિસિનિયાં દેશનો વતની.

હબુસ, પુ॰ એક જાતનો આંબો અથવા તેની કેરી.

હબક, હેબક.

હબકવું, ક્રિ॰ અ॰ ભયથી ચોંકવું-ધ્રાસકો ખાવો; એકાએક બી ઉઠવું.

હમચી, સ્ત્રી॰ અધરણીમાં બેરાંઓ કુંડાળુંવળીને ગીત ગાયછે તે.

હમણા-ણે, અ॰ [અધુના] હાલમાં; આ વખતે.

હમામખાનું, ન॰ [આ॰ ફા॰] નાહવાની જગા.

હમામદસ્તો, પુ॰ [આ॰ ફા॰] ખાંણણી ને પરા. ૨ ખાંણણીનો દસ્તો.

હમાલ, પુ॰ [આ॰] પાલખી ઉંચકનારો; ભોઈ.

હમિયાણી, સ્ત્રી॰ [ફા॰] પુંજી; દોલત; ગરથ; ભંડાર; તિજોરી. (નાણા ભરવાની લાંબી ને સાંકડી કોથળી-વાંસળી એવો અર્થ ફારસી શબ્દનો થાયછે).

હમી, સ્ત્રી॰ [આ॰] બે જણના લેણ દેણ સમ્બન્ધી ત્રીજાએ દેણદાર ન આપે તો હું આપું એવી જે કબુલાત આપી હોય તે; જામિનગીરી.

હમીદાર, પુ॰ હમી ભરનાર; જામીન.

હમીર, પુ॰ કલ્યાણ રાગનો એક ભેદ.

હમેલ, પુ॰ [આ॰] ગર્ભ; સ્ત્રીને દહાડા રેવા તે.

હમેલ, સ્ત્રી॰ [આ॰] પટો; ચપરાસ (સીપાઈને હોય છે તે).

હમેશ-મેશ, અ॰ [ફા॰] નિત્ય; સદા; નિરન્તર.

હમેશગી, સ્ત્રી॰ [ફા॰] હમેશ હોવું-રેવું તે; સર્વકાળ તેની તેજ એવી જે સ્થિતિ તે; અમરાપણું.

હમેશાં-મેશાં, અ॰ [ફા॰] હમેશ; સદેવ.

હય, પુ॰ [સં॰] ઘોડો; અશ્વ.

હયાત, વિ॰ [આ॰] જીવતું; હયાતીવાળું.

હયાતી, સ્ત્રી॰ [આ॰] જીવતર; જીન્દગી; આવરદા.

હર, વિ॰ [સં॰] હરણ કરનાર; લઈજનાર. દુઃખહર, કીર્તિહર, જ્વરહર ઈત્યાદિ. ૨ પુ॰ શિવ; મહાદેવ.

હર, વિ॰ [ફા॰] દરએક-હરકામ, હરવખત, હરગામ વગેરે. હરએક-કોઈ પણ એક. ૨ દરેક.

હરકત, સ્ત્રી॰ [આ॰] અડચણ; અટકાવ; નડતર; વાંધો.

હરકોઈ, વિ॰ કોઈ પણ એક; ગમે તે.

હરખ, પુ॰ [હર્ષ] જોયા-સાંભળ્યા-જાણ્યાથી એકદમ જે ખુશી ઉભરાઈ આવવી તે. ૨ ઉત્સાહ; ખુશહાલી.

હરખઘેલા, પુ॰ ઘણાજ હરખથી આવેલી ઘેલછા.

હરખવું-ખાવું, ક્રિ॰ અ॰ એકદમ ખુશી થવું; હરખ પામવો.

હરગીજ-સ, અ॰ [ફા॰] કદી; કોઈ દહાડો પણ-(એ શબ્દ નિષેધના અર્થમાં નહિની સાથે જોડાય છે).

હરઘડી, અ॰ ઘડિયે ઘડિયે; વારે વારે.

હરડતું, વિ॰ છેક પાસેનું; સમ્બન્ધી. હરડતું સગું. ૨ ઘણુંજ વળગી રેહલું; ચુસ્ત; નિષ્ઠા-આસ્થાવાળું. હરડતો ભગત.

હરડાં, ન॰ એક જાતના ઝાડનું ફળ-ઓસડમાં વપરાય છે. એ અને બેડાં તથા આમળાં એ ત્રણને ત્રિફળા કરીને કેછે. હરડું એકવચન.

હરડે, સ્ત્રી॰ [હરીતકી] એક જાતના ઝાડનું સૂકું ફળ-ઓસડમાં વપરાય છે-એ રેચક અને કાંતિ આપનારું છે. એ બે જાતની થાય છે બે તે નાની-હિમજી ને મોટી એમ ઓળખાય છે.

હરણ, ન॰ [સં॰] બળાત્કારે ઝુટાવી લાવવું તે; હરી લાવવું તે.-રુકિમણિહરણ. ૨ ખસેડી નાખવું-છૂટું કરવું-લઈ લેવું તે. પાપ-દુઃખહરણ.

હરણ, ન॰ [હરિણ] વાગોળનારી જાતનું એક પશુ-નરને શિંગડાં હોય છે. એ બહુ ચઞ્ચળ નાજુક ને ખુબસુરત છે-એની દોડ બહુ છે. શિકારીઓ અને ફાડીખાનારાં જાનવરોનો તે શિકાર છે. એ ખુલ્લાં મેદાનમાં રેછે ને ટોળાંમાં ફરે છે. એની મોટી ચળકતી કાળીભમ્મર આંખની સ્ત્રીની આંખને ઉપમા આપવામાં આવે છે. એ પશુ ગાયનનું બહુ શોખીનું છે. હરણી-હરણની માદા. હરણો-નરહરણ; કલિયાર.

હરતાલ, હડતાલ.

હરદમ, અ॰ [ફા॰] પળે પળે; ક્ષણે ક્ષણે; હરઘડી; હમેશ.

હરદાસ, પુ॰ [હરિદાસ] ઉભાં રઈ ગાયનની સાથે કથા-કીર્તન કરનારો.

હરનીશ, અ॰ [અહર્નિશ] દહાડો રાત. ૨ હમેશ.

હરફ, પુ૰ [આ૰] મૂળાક્ષરમાંનો એકાદો વર્ણ; અક્ષર. ૨ બોલ; શબ્દ.

હરમું, વિ૰ આંબાહળદ, હરડે વગેરેનો સંવાદ જણાવેછે.

હરરોજ, અ૰ દરરોજ.

હરવખત, અ૰ દરએકવખત; ઘડિયેઘડિયે; હંમેશા.

હરવરસ, અ૰ દરવરસ; વરસોવરસ.

હરવાયું, વિ૰ હારીગયલું; કાયર; સુસ્ત. હરવાયો ને કરતો–એટલે તે કાયર, શું કરવાનો છે, તે હારીગયા જેવો છે.

હરવું, ક્રિ૰ સ૰ ઝુટવી–છિનવી લેવું. ૨ ઓછું કરવું; ઘટાડવું. હરણકરવું.

હરવું, ક્રિ૰ અ૰ અહીં તહીં ફરવું. હરવુંફરવું કેવાય છે.

હરસ, પુ૰ ગાંડ ઉપર જે મસા થાયછે તે–હરસ ફુટેછે એટલે મસામાંથી લોઈ નિકળેછે.

હરસાલ, અ૰ હરવરસ.

હરહુન્નર, પુ૰ દરેક હુનર.

હરાખ, સ્ત્રી૰ ઘોડો બાંધવાનું દોરડું. ૨ બોરડીનો કાંટો.

હરાજ, વિ૰ [આ૰] ઉપરાઉપરી માંગણી થઈને વેચાયલું; લિલામ થયલું. અ૰ સસ્તાનાં; સોંઘાંમાં.

હરાજી, સ્ત્રી૰ ઉપરાઉપરી માંગણી કરાવી વેચવું તે; લિલામ; ઉછામણી.

હરાડ, વિ૰ [અષ્ટાદશ] દશ ને આઠ; ૧૮.

હરામ, વિ૰ [આ૰] ધર્મ–નીતિની વિરુદ્ધ હોય તેવું. ૨ અન્યાયી; ગેરઈનસાફ; નાજુનાસિબ; અઘટતું; વગર હકનું.

હરામખોર, વિ૰ વગર હકનું ખાનાર; પોતાની ફરજ ન સમજે તેવું; ગુનાહ કરનાર; દુષ્ટ. ૨ આળસુ પડી રહી પારકાનું તકાવનાર.

હરામખોરી, સ્ત્રી૰ હરામખોરની હાલત–રીત–લુચ્ચાઈ.

હરામજાદું, વિ૰ નીચ માબાપથી જન્મેલું. ૨ બે બાપનું. ૩ હરામખોર. (હરામજાદો–જાદી).

હરામી, વિ૰ હરામખોર. ૨ લુચ્ચું; પક્કું; તોફાની.

હરામી, સ્ત્રી૰ હરામખોરી. ૨ લુચ્ચાઈ; પક્કાપણું.

હરાયું, વિ૰ તોફાન–મસ્તિમાં આવીને ગાંડું થઈગયલું (ઢોર).

હરિ, પુ૰ [સં૰] ઈશ્વર. ૨ વિષ્ણુ; કૃષ્ણ. ૨ ઘોડો. ૩ સિંહ. ૪ વાંદરો. ૫ દેડકો. ૬ ચન્દ્ર. ૭ સૂર્ય. ૯ યમ. ૧૦ વરુણ. ૧૧ પોપટ. ૧૨ સાપ.

હરિત, વિ૰ [સં૰] લીલું. ૨ લિલા પીળા મિશ્રિત એવા રંગનું.

હરિનયણી–નેણી, વિ૰ હરણી, ધોળાં કમળના જેવી આંખવાળી (સ્ત્રી).

હરિયાળી, સ્ત્રી૰ લાલોતરી.

હરિયાળું, વિ૰ [હરિત] લીલું.

હરિવદની, વિ૰ ચન્દ્રના જેવાં મોડાંની (સ્ત્રી).

હરી, સ્ત્રી૰ ઉનાળાની શરૂઆતમાં વવાતો ને ચોમાસાં પેલાં ઉતરતો પાક.

હરીફ, પુ૰ [આ૰] સામાંવાળો; દુશ્મન. ૨ બેલી અદેખાઈ રાખી સરસાઈ કરનારો.

હરીફાઈ–ફી, સ્ત્રી૰ દુશ્મન દાવેદ; દુશ્મનાઈ. ૨ ચઅચડાઈ; હરિફાઈ.

હરું, અ૰ અહીં. હરુંપરું–અહીંતહીં.

હરેક, વિ૰ કોઈપણ એક. ૨ દરેક.

હરેડી, સ્ત્રી૰ કોઈની પાછળ ધસી દોડવું તે; અખડી; દોડ.

હરેસાં, ન૰ હરેરાનાં ફળ.

હરેવો, પુ૰ એક ઝાડ.

હરોળ, સ્ત્રી૰ [હિં૰] લશ્કરનો પાછલો ભાગ; પછવાડેની ટુકડી. ૨ અ૰ અગાઉ; પેલાં; આગળથી.

હર્તા, વિ૰ [સં૰] હરણ કરનાર; હરનાર.

હર્ષ, પુ૰ [સં૰] હરખ.

હલક, પુ૰ [આ૰] અવાજ; સાદ. ૨ ગાનારનો કંઠ; [ગળી.

હલકાઈ, સ્ત્રી૰ હલકાપણું; નીચપણું.

હલકારો, પુ૰ [ફા૰] જાસુસ; કાસદ; સન્દેસો લઈજનાર; [દૂત.

હલકું, વિ૰ [હિં૰ સં૰ લઘુ] વજનમાં ભારે નહિ તેવું. ૨ સેલથી પચે તેવું (ખાવાનું). ૩ ઝટ પચાવે અને તનદુરસ્તીને માફક આવે તેવું (પાણી). ૪ ઘણી મેહેનત ન પડે તેવું; સેલથી થઈ શકે તેવું (કામ). ૫ નીચું; ફુવડ; કુલીનને શોભે નહિ તેવું (કામ, ધન્ધો, માણસ). ૬ ઓછું (કિંમત–ભાવમાં). ૭ માન ઉતરી ગયું હોય તેવું; ફીકું.

હલફલવું, ક્રિ૰ અ૰ ખળભળવું; તળમળવું.

હલબલ, સ્ત્રી૰ ધાબરાં–બાવરાં થઈ હાહો કરવી તે; બુંમાબુમ. 'હલબલ કરે ગામમાં ફરે, કાષ્ટતણી સજાઈ કરે' (મડાપચીસી).

હલમસ્ત, હાલમસ્ત.

હલવા, સ્ત્રી૰ એક જાતની માછલી.

હલવાઈ, સ્ત્રી૰ [હિં૰] બરફી પેંડા હલવો વગેરે વેચનારો; સુખડિયો; મિઠાઈવાળો.

હલવાન, ન૰ શાલ કરતાં ઓછી કિંમતનું ઓઢવાનું ઉનનું વસ્ત્ર. એ ફરદજ હોય છે.

હલવું, વિ૰ હલકું. 'આકૃતિયે અવની ઊંચી થઈ, કૃષ્ણ શેષની હલવી' (પ્રે૰ દ૰).

હલવો, પુ૰ [આ૰] એક જાતની મિઠાઈ.

હલસો, હાલસો.

હલાક, વિ૰ [આ૰] હેરાન; દુઃખી; અથડામણ–મહેનત પોંચી હોય તેવું.

હલાકી, સ્ત્રી૰ મેહેનત; અથડામણ; શ્રમ; માથાફોડ; દુઃખ; હેરાનગતિ. ૨ તફ્ગી; તાણ (નાણાં વગેરેની).

હલામણ, સ્ત્રી૰ હલાકી.

હલાલ, વિ૦ [આ૦] વાજબી ; ધર્મનીતિને અનુસરતું. જેની ચાકરી કરેલી-જેનું અન્ન ખાધેલું તેને માટે જેણે જે કામ બજાવી આપ્યું હોય તેનાને કામને અથવા તે કામથી થયલો જે ફાયદો તેને સારાં વિશેષણરૂપે એ શબ્દ લગાડવામાં આવેછે. નોકરીમાંથી નિકળીજવા છતાં તેણે જે તેને અડીભેળાએ મદદ કીધી તે હલાલ છે; તેણે તેનું હલાલ કરયું; તેણે જે દોલત મેળવી છે તે હલાલ છે. હલાલમાં કૃતજ્ઞતાનો ભાવ સારીપેઠે રેયલો છે. ૨ વિધિપકી કાપેલું-મારેલું એવું (પશુ)-હલાલ કરવું એટલે વિધિથી મારીનાખવું.

હલાલખોર, પુ૦ [ફા૦] નરક કાડવાનો ધન્ધો કરનાર; ભંગિયો.

હલાવવું, ક્રિ૦ સ૦ હાલે તેમ કરવું. ૨ ડગમગાવવું; ડોલાવવું; ઝુલાવવું. ૩ ઉસકેરવું-જાગૃત કરવું. 'હલાવી ખીચડી ને ઝુલાવી દીકરી' (કેવત).

હલુવો, **હલવો**.

હલેતું, વિ૦ હળવું; ધીમું. ૨ દુનિયાદારીની પુરી ખબર નહિ હોય તેવું; કાળજી વિનાનું.

હલેસું-હ્લેસું-સાં, ન૦ હોડી મછુવો ચલાવતાં પાણી કાપવાનું લાકડાંનું જે હથિયાર તે; ચાટવો-ટ્રવો-વું.

હલ્યા, એ શબ્દ મિત્રને બોલાવતાં વપરાય છે-અલ્યા.

હલ્લો, પુ૦ [હિં૦] એકદમ જોસ્સામાં ચડી જવું-આવી પોંચવું તે; ધસારો; ચડત. ૨ ધક્કો; નુકસાન; આંચકો. હલ્લોહરકત કેવાયછે.

હવઈ, **હવે**.

હવકવ, સ્ત્રી૦ હવ્યકવ્ય. ૨ યુક્તિપ્રયુક્તિ; સેવા સામગ્રીની સમજ; ઊંડી પોંચ. 'હવકવ કંઈ જાણું નહિ, આઈ અલ્પ મારી શુદ્ધ.' (શુકદેવ-વસ્તો). તેનામાં કંઈ હવેકવ નથી.

હવણ, હરતાં ફરતાં ગંમત કરવી તે; સેલ. હવણ કરવા હેંડો.

હવણાં-ડાં, અ૦ [અધુના] આ ક્ષણે-વખતે.

હવન, પુ૦ [સં૦] દેવ-દેવીને પ્રસન્ન કરવાસારૂ અગ્નિમાં ઘી તલ વગેરે જે નાખવાં તે; હોમ.

હવનપડી, સ્ત્રી૦ હોમનાં સાહિત્યનું જે પડીકું તે.

હવસ, પુ૦ [આ૦] લોભ; તૃષ્ણા. ૨ આતુરતા ભરેલી લઘુતા.

હવળઈ-ળાઈ, **હવળી**.

હવળી, સ્ત્રી૦ સુવાવડમાં અથવા વાઈ થાય ત્યારે ખાવામાં આવતો, તજ, તમાલપત્ર, જાયફળ, જાવંત્રી, લવિંગ વગેરે તેજાનાનો જથ્થો તે. ૨ ભીત-દીવાલ, ફરેકાળ સાથે જડેલું સામાન મુકવાસારૂ જે પાટીયું તે; અભરાઈ.

હવાં, અ૦ હવે.

હવા, સ્ત્રી૦ [આ૦] પઞ્ચ તત્વમાંનું એક; દિશામાં વ્યાપી રહેલો જે સ્થિર વાયુ તે. જે વાયુ મોડાંવડે અન્દર ખેંચીકાઢીએ તે; વાતાવરણ. હવાવડે પ્રાણી જીવેછે ને અગ્નિ બળેછે. ૨ ચઞ્ચળ વાયુ; પવન. ૩ પાણીના અંશવાળો તન્દુરસ્તિ બગાડે તેવો ભેજવાળો રહેલો સ્થિર વાયુ અથવા ભીની જમીન. ૪ થણ્ડક; ટાડો વાયુ. ૫ સ્થિર વાયુની ગરમી થણ્ડી સમ્બન્ધી જે સ્થિતિ તે-હવાના ફેરફારની હાલત. ૬ આસમાન-આકાશ; હવાખાવી-લેવી એટલે સારી હવામાં ફરીને શરીરની અન્દર લેવી. હવાફેરને જવું એટલે માંદાં માણસે તન્દુરસ્તિ સારી કરવાને જ્યાંની હવા સારી હોય ત્યાં રેવાજવું.

હવાઈ, સ્ત્રી૦ [ફા૦] ફુટીને આકાશમાં ઉડતી શોભતી એક તરેહની આતશબાજી.

હવાટ, સ્ત્રી૦ ભીજ; ભેજ; ભિનાસવાળી હવા-જગો.

હવાકું, ન૦ ગાય ભેંસ વગેરેનાં આંચળવાળા જે ભાગમાં દૂધ ભરાઈ એકઠું થઈ રેછે તે.

હવાડો, પુ૦ [આહાવ] ઢોરને પાણી પીવાસારૂ કુવાને લગતો છે; ઈંટથી બાંધી લીધેલો લાંબો ને જોડાક ઉણ્ડો જે ખાડો તે; બાંધેલી જે ટાંકી તે. ૨ હવાકું

હવાયલું, વિ૦ ભીજવાળું; કંઈક ભીનું. [કત; બયાન.

હવાલ, પુ૦ [આ૦ અહ્વાલ] હાલત; અવસ્થા. ૨ હકી-

હવાલદાર, પુ૦ ગામમાં પટેલ તળાટીના હાથનીચે જે સીપાઈ તે. ૨ કોટવાળના હાથ નીચેના સિપાઈઓમાં એક ઊંચા દરજાનો સિપાઈ. ૩ લશ્કરમાં એક ઊંચા દરજાનો સિપાઈ તે.

હવાલો, પુ૦ [આ૦] કબજો; સત્તા; અખત્યાર. ૨ એકનું કામ બીજાને સોંપવું તે; સોંપણ; ભાળવણ. હવાલે કરવું-પાડવું, હવાલામાં આપવું, હવાલો આપવો-પાડી આપવો વગેરે પ્રયોગ થાયછે. ૩ છીંટ ચાળવાની કપડાંની ચારણી. ૪ ચિત્રામણ.

હવિષ્યાન્ન, ન૦ [સં૦] મગ, તલ, જવ એ ધાન્ય, જે હોમવામાં આવેછે તે.

હવું, ક્રિ૦ અ૦ એ, ભૂતકાળની ક્રિયાનું ચાલુપણું દેખાડાવેછે. એ પ્રમાણે તે સ્વસ્થપણે રાજ કરતો હવો. ૨ થવું; હોવું. તે આ પ્રમાણે થવું-હોવું જોઈએ.

હવે, અ૦ [અતઃ] એ, કોઈ થઈ ગયલી વાતનો સમ્બન્ધ જણાવી આગળ ચાલવાની વાત દેખડાવેછે. ૨ [અધુના] હમણાં.

હવેજ, પુ૦ હળદનો દળેલો ભુકો.-રસોઈમાં કામ આવેછે.

હવેથી; અ૦ અતઃપર; આજપછી; આયંદે.

હવેરું, વિ૦ બાવરું ગભરાઈ ગયલી હાલત હોય તેવું.

હવેલી, સ્ત્રી૦ [આ૦] મોટું ઊંચું સારી બાંધણીનું ઘર-મકાન.

હવૈ, **હવાઈ**.

હશે, અ૦ એ શબ્દ બેદરકારીના અર્થમાં વપરાયછે. હોય; કંઈનહિ; ચિંતા; નહિ હોશે. (છોકરાંજ છે કેની, જાણે) [રંઈને.

હસકેતસકે, અ૦ વારેઘડિયે; સેજ સેજ કામમાં;

હસતાનખશનહતાન, [હસ્તાક્ષરેણહત્તં] પોતાને હાથે લખેલો અક્ષર સંખ કરી આપી આપ્યું એ અર્થમાં વપરાય છે.

હસદ, સ્ત્રી૰ [અ૰] કીનો. ૨ અદેખાઈ.

હસદખોર, વિ૰ કીનાખોર. ૨ અદેખો.

હસમુખું, વિ૰ હસતાં મોઢાંનું; રમૂજીલું; ખુશમિજાજી; પ્રસન્નવદન. ૨ નફ્ફટ; મશ્કરું.

હસવું, ક્રિ૰ સ૰ મશ્કરી કરવી; ચાળા પાડવા. ૨ બેવકૂફી જોઈ હલકું-તુચ્છ ગણવું.૰ હસીનાખવું-કાઢવું.

હસવું, ક્રિ૰ અ૰ [સં૰ હસન] મનની ખુશીને મોઢું ઉઘાડી કંઈક અવાજ સાથે બ્હાર જણાવવી. મન્દ-મોઢું હસવું ને છેક દાંત કાઢી હસવું. હસીપડવું-એકાએક-એકદમ હસવું.

હસવું, ન૰ હસવું તે; હાસ્ય.

હસાબ, હિસાબ.

હસામણું, વિ૰ હસાવે તેવું (માણસ વાત વગેરે).

હસારત-થ, સ્ત્રી૰ લોકમાં હાંસી થવી તે. 'દેહની હાણ હસારત હશે'. (સુડાબોતેરી). 'હવે ઝઘડો માંડીએ તો લોક હસારથ કરે' (ભાલણ).

હસાવવું, ક્રિ૰ સ૰ કોઈ હસે-ખુશ થાય તેમ કરવું. ૨ લોક ફજેતી કરે-હસીનાખે તેમ કરવું.

હસી, હાંસી.

હસ્ત, પુ૰ [સં૰] હાથ. ૨ તેરમું નક્ષત્ર.

હસ્તક, અ૰ [હસ્તગત] મારફતે; વચમાં. જેનાં હાથમાં આપ્યું હોય તે માણસને એ શબ્દ લગાડવામાં આવેછે.

હસ્તકૌશલ્ય, ન૰ [સં૰] હાથચાલાકી.

હસ્તક્રિયા, સ્ત્રી૰ [સં૰] હાથની ક્રિયા. (સઝ્ઝાની નહિ).

હસ્તગત, વિ૰ [સં૰] હાથ-કબજામાં આવેલું.

હસ્તદોષ, પુ૰ [સં૰] બુદ્ધિનો નહિ પણ હાથનો દોષ-લખતાં જે ભૂલ થઈ હોય તે.

હસ્તમેલાપક, પુ૰ લગનમાં વરકન્યાના હાથ મેળવવા તે.

હસ્તાખ્શરણહતવા-હસ્તાનખ્શરાનહતાન, [હસ્તાક્ષરેણદાતવ્યં] હાથદસ્કતથકી દેવું.

હસ્તિદન્ત, પુ૰ [સં૰] હાથીદાંત.

હસ્તિની, સ્ત્રી૰ [સં૰] હાથણી. ૨ રસશાસ્ત્રમાં ચાર જાતની સ્ત્રીયો વરણી છે તેમાંની એક. ઠિંગણી, જાડી, સામળી, ખાવાપિવાની ઓઢવા સજવાની અને સમ્ભોગની અતીસે લલુતાવાળી ને મિજાજી તે.

હસ્તી, પુ૰ [સં૰] હાથી.

હસ્તે, હાથે. સ્વહસ્તે-પોતાને હાથે.

હળ, ન૰-સ્ત્રી૰ [હલ] જમીન ચાસવા, હળવા, ઓરવાનું જે સાધન તે. પાટડી, ચવડું, ખિલડો વગેરે હળના અવયવ છે. જે ખીલો જમીનમાં પેસે છે તે ચવડાંના સાથેની પાસલી કેવાય છે.

હળખેડવી-વું, ક્રિ૰ સ૰ હળેવતી જમીન ખેડવી.

હળદ-ર, સ્ત્રી૰ [હરિદ્રા] એક જાતનો કંદ-મૂળિયું, એ અન્દરથી પિળા રંગનું હોય છે. એનો સ્વાદ તમો કેવાય છે. એ રંગવાનાં, રસોઈનાં ને ઓસડનાં કામમાં આવે છે. ૨ હવેજ.

હળધ, હળદ.

હળપુણી, સ્ત્રી૰ હળના ચવડાંમાં ઘાલવાની લોઢાની કોશ.

હળવું, ક્રિ૰ સ૰ ખેતરમાંના બન્ને ચાસની વચમાં વચમાં હલકું-ઉપર ઉપર હળ ફેરવવું.

હળવું, ક્રિ૰ અ૰ શરમ. સંકોચ મૂકી પેવાર રાખતાં થવું; ભળ ભાગવી; ભળવું; મિલનસાર થવું; મળી જવું.

હળવું, વિ૰ ધીમું; ધીરું. ૨ વજનમાં હલકું.

હળવે, અ૰ ધીમે; આસ્તે; સબુરીથી; હલકે.

હળાહળ, ન૰ [હલાહલ] સખત ઝેર; વિષ. ૨ ઘણું કડવું તે.

હળીમળીને, અ૰ એક વિચારથી; સમ્પસમ્પીને; એકઠાં મળીને.

હળુ-હળુહળુ, અ૰ [મ૰] હળવે; હળવેહળવે.

હાં, અ૰ હા-ઠીક એવા અર્થમાં વપરાય છે. હા ઠીક છે. ૨ ગુસ્સામાં વપરાય છે. હાં એને કાડો. ૩ અચરતીમાં વપરાય છે. હા હવે સમજાયું.

હાંઉં, અ૰ થયું; બસ; રેવાદો. હાંઉં રાખો એટલે થયું રેવાદો.

હાંક, સ્ત્રી૰ બૂમ; હોકારો; મોટો સાદ.

હાંકણી, સ્ત્રી૰ હાંકવાની રીત.

હાંકવું, ક્રિ૰ સ૰ [હિં૰] આગળ ચલાવવું-(ગાડી હાંકવી). ૨ દૂર કરવાં (કુતરાં વગેરેને). (લાક્ષણિક) જોરાથી ચલાવવું (કામ). ૩ ખોટા ગપાટા મારવા; અતિશયોક્તિ કરવી.

હાંજા, પુ૰ ગાત્ર; શરીરના સાંધા. ૨ શક્તિ; ગતિ. હાંજા નરમ થયા. ૩ હિંમત; આશા. હાંજા મેલવા.

હાંજી, અ૰ મોટાં માણુસને જવાબ દેતાં વપરાયછે. હાંજી.

હાંડલી, હાંલ્લી.

હાંડલું, ન૰ ઠિકરાંનું એક વાસણ; હાંલ્લું.

હાંડી, સ્ત્રી૰ [હાણ્ડિકા] પોળાં મોડાંનું કાળું ઠિકરાંનું વાસણ. ૨ તાંબા પિત્તળનું વાસણ. ૩ કાચનું ફાનસ, જેમાં દીવા કરવામાં આવેછે તે.

હાંડીધોયો, પુ૰ અજિઠાં વાસણ સાજનારો ચાકર.

હાંડો, પુ૰ તાંબા-પિત્તળનું પાણી ભરવાનું મોટું વાસણ; દેગડો.

હાંફ-ણ, સ્ત્રી૰ આંહા હાંફવું તે. ૨ અમુઝણ; ફુલેલી ફેફસાં.

હાંફલું, વિ૰ હાંફલુંફાંફલું; બાવરું. 'હસતું કરી વદન, હાંફલો હરખે ભરયો.'

હાંફલુંફાંફલું, વિ૰ ગભરાયલું; બાવરું; બેબાકળું; ફાવરું.

હાંફવું, આંફવું.

હાંલ્લી, સ્ત્રી૰ માટીનું પોળાં મોનું કાળું નાનું વાસણ; હાંડલી.

હાંલ્લું, ન૰ હાંડલું.

, સ્ત્રી૦ હાંસા; મશ્કરી; ઠેકડ.

ડી, સ્ત્રી૦ સ્ત્રીને કોટે ઘાલવાનું એક ઘરેણું. ૨
ડાંના મોં ઉપરનો જોડાં-પિત્તળનો પાટો. ૩ પાણી
ખવાના વાસણને ઝાલવાનો વિતળનો જે આંકો તે. ૪
હસળનું ઘરેણું.

લ, ન૦ [અ૦ 'હાસીલ'] જમીન-કર-જગાતનું
લેણ. ૨ કોઈ પણ કામસારૂ મુકરર કરેલું જે નાણું
આપવાનું તે; કર; લવાજમ. ૩ ફેળ; ફાયદો.

વો, પુ૦ ખોદવાનું ઓજાર; કોદાળી.

ાચાઘડી, પુ૦ ઉંચી જાતના સફેત મોટા મૃગ.

યો, પુ૦ કાગળની અથવા પાનાની લમ્બા વજરની
એોલી જે કોર તે.

ી, સ્ત્રી૦ ઉપહાસ; ફજેતી; મૂર્ખાઈ ઉપર હસવું તે.

હસ; હાંસલ.

અ૦ ખાતરીથી કેવામાં-કોઈ વાત પસન્દ-કબૂલ કર-
ામાં એ શબ્દ વપરાયછે-(નાનું ઉલટું). હાજી-મુર-
બીને હા કેતાં જી વધારવામાં આવેછે.

, પુ૦ જેને જોવાથી ભય ઉપજે તે માણસ અથવા
ડી મંકોડી; ગમવગેરે જીવડાં. 'કો કેહે હાઉ આવ્યો
કરાળ, દેખાડોં રાતાં રેહેશે બાળ' (સુદામાચરિત્ર).

સ્ત્રી૦ [હિં૦] બૂમ; સાદ; કોઈને દૂરથી બોલાવવું તે.
અમલ-સત્તાનો ડરદોર; પ્રતાપ.-'સુરિજર માને હાક.'
ાક વાગી એટલે વીરના પ્રતાપથી સૌ ભય પામી આ-
ામાં રેતા થયા. [(અભિમન્યુ આખ્યાન).

ાકવું ક્રિ૦ સ૦ મોટે સાદે ધમકાવવું; બોલાવી ઠપકો
આપવો. 'કન્યાએ ક્રોધ જણાવીઆ, હાકટેાા પરધાન'

ન-હેમ, પુ૦ [અ૦] અમલ કરનારો; નવાબ; સૂબા;
જા; સત્તા ચલાવનારો મુખી-ધણી.

મી, સ્ત્રી૦ હાકમની સત્તા.

ાવું-લવું, ક્રિ૦ અ૦ બોલાવવું; પાસે તેડવાસારૂ બૂમ
ાવું, હાકટવું. [પાડવી.

ત, સ્ત્રી૦ જરૂરિયાત. ૨ ઝાડે જવાનું થવું તે.

ર, વિ૦ [ફા૦] નજર આગળ હોય તેવું; સમક્ષ પાસે.
તૈયાર. [બિલિયત વાળું.

રજવાબી, વિ૦ પુછ્યું કે તરત જ જવાબ દે તેવી ક-

રજામીન, પુ૦ [ફા૦] ગુનેગારને હાજર-રજુ કરવા-
ાક જે જામીન તે.

રાત, સ્ત્રી૦ ચોરનું નામ જાણવાને અથવા જે ભૂતથી
ડા થતી હોય તેને બોલાવવાને જાદુ મન્તરની ક્રિયાથી
રને બોલાવવા તે. હાજરાત ભરવી.

રાહજુર, વિ૦ હજુરમાં હાજરા પીરની આગળ-તૈયાર
ય તેવું. ૨ પ્રત્યક્ષ; સાક્ષાત.

રી, સ્ત્રી૦ [ફા૦]. હાજર હોવું-રેવું તે. ૨ હાજરે
જમ્બર એ અજીરાની જે થેલ તે. ૩ [illegible]

હાજવું ક્રિ૦ અ૦ લાગુ રેવું; અડી રેવું.

હાજિયો, પુ૦ સધળી (ખોટી પણ) વાતની હા કેનારો;
ખુશામતિયો. [બજાર.

હાટ, ન૦-સ્ત્રી૦ [હટ્ટ] સોદા વેચવાની દુકાન. ૨ ભજાનો

હાટક, ન૦ [સં૦] સોનું; સુવર્ણ. વિ૦ સુવર્ણનું. હાટ-
કેશ્વર-નાગર બ્રાહ્મણ વાણિયાનો ઇષ્ટદેવ.

હાટડું, ન૦ જુનું હાટ. ૨ ભણ્ડારિયું.

હાડુ, અ૦ સારૂ; ભલે; ઠીક. ત્યારે હાડુ-ત્યારે સારૂ.

હાડ, ન૦ હાડકું. '(હાડનો તાવ)-હાડ ભાંજવાં એટલે
બહુ દુઃખ દેવું-માર મારવો. ૨ હાડકાનાં સમ્બન્ધમાં
શરીરનો જે બાંધો તે (તેનું હાડ વળતું નથી). ૩ હૈયું;
હૃદય.

હાડ, અ૦ ઘણુંજ; અતિશય (હૃદયથી). 'મને હરિ
વાહાલા છે હાડ જી.' ૨ છેક જ (વેરમાં). 'સાહેલી
હરિભટ ગયો હાડ.' હાડવું-છેક જ કઠોર થઈને વેર
વાળવા ઉપર આવવું.

હાડકી, સ્ત્રી૦ નાનું હાડકું.

હાડકું, ન૦ [હડ્ડ] જે મજબુત કઠણ ફીકા ધોળા રંગનો
પદાર્થ મનુષ્ય પશુ પક્ષી અને બીજાં કેટલાંક પ્રાણીના
શરીરનાં ખોખાંનાં બન્ધારણમાં હોયછે તે-એ પોતાના
ઉપર માંસ લોહી વગેરેનો ટકાવ રાખે છે; અસ્થિ.
૨ એનો સાંધા આગળથી જુદો પડતો જે ભાગ તે;
એનો જે કકડો તે-બીજા અર્થમાં જે હાડકું તેનું અનેક-
વચનમાં હાડકાં એવું થાય છે. હાડકાંનો ભાગ્યો
અને હાડકાંનો આળો એટલે આળસુ. હાડકાંનો
ખરો એટલે જેનામાં આળસ નહિ ને મેહેનત કરવે
કંટાળે નહિ તે પુરુષ. હાડકાં વાળવાં (કસરતથી).

હાડછેડ, સ્ત્રી૦ તરછોડવું તે; તિરસ્કાર.

હાડજ્વર, પુ૦ હાડિયો તાવ.

હાડિયો, વિ૦ અન્દરથી હાડકાં તપતાં હોય ને બાર ન
દેખાય તેવો તાવ. ૨ પુ૦ કાગડો. (પક્ષીનો ડગ
હાડિયો ને માણસનો ડગ ચાડિયો).

હાડી, વિ૦ હઠીલું; મમતી. ૨ ઘણી મેહેનત કરનાર;
શરીરે દુઃખ સહન કરનાર.

હાડોર હારડો.

હાણ, સ્ત્રી૦ [હાનિ] નાશ; નુકસાન.

હાથ, પુ૦ જેનાથી કરીને કોઈ પદાર્થ અપાય લેવાય
વગેરે ક્રિયા થાય એવા મનુષ્યના શરીરના જે બે
અવયવ તે અથવા એ બેમાંનો એક. (એ શબ્દ
એકવચન ને અનેકવચન બન્નેમાં વપરાય છે). ખભા
-કોણી-કાંડાં આગળથી તે આંગળીના છેડા સુધીનો
જે અવયવ તે. ૨ કોણીથી તે વચલી આંગળીના
છેડા સુધીનો જે અવયવ તે અથવા એટલું જે લમ્બા-
ઈનું માપ તે. ૩ જમણી અથવા ડાબી બાજુ. ૪

અખત્યાર; સત્તા; તાબો; શક્તિ; પોંચ;-તેનું કામ કરવું એ મારા હાથમાં નથી. ૫ પોતે; જાતે. એવા અર્થમાં વપરાય છે.–તે પાપ મારે હાથે તો નહિ થાય. ૬ હાથે-વતી થયલાં કોઈ કામમાં જે કિસબ-ચાતુરી તે-તેનો હાથ પુરી કરવામાં બીજા સઘળા કરતાં વધારે વખણાય છે. ૭ સામેલગીરી; સમ્બન્ધ-તે કામમાં મારો હાથ નથી. ૮ સાથી; મદદનીસ. ૯ અફેકી વારની જે અફેકી ક્રિયા તે-એકવાર ગુગળનો હાથ મારવા પછી ચુંનાનો હાથ મારેથી ભીંત ઉપર સફેતી સારી નિકળસે. ૧૦ કૃપા; રેહેમ; મેહેરબાની-તેના મારા ઉપર ચારે હાથ છે; તેને માથે ગુરૂનો હાથ છે-હાથ પકડવો-ઝાલવો એટલે સહાય-મદદ કરવી; આસરો આપવો. માથે હાથ મુકવો એટલે આશીર્વાદ દેવો. ૨ એકે પોતાનો ગુણ-સ્વભાવ બીજાને આપવો. હાથ ઘાલવો એટલે વચમાં પડવું; કોઈ કામમાં સામેલ થવું. હાથ કાપી આપવા એટલે સહી-કબૂલાત આપેથી વચનમાં બંધાયલાં રેવું. હાથ ઠોકવો એટલે સાટું નક્કી કરતી વખત. હાથમારવા એટલે તરવામાં. હાથ મારવો એટલે કોઈને હરાવવું. હાથ કરવો એટલે ઉગામી ઘા કરવો; મારવું. હાથ દેખાડવો એટલે પોતાનું જોર-પોતાનો કિસબ દેખાડવો. હાથ ડાબવો એટલે લાંચ આપવી. ૨ સફેત કરવો. હાથ ચલાવવો એટલે મારવું. ૨ ઝડપથી કામ કરવું. હાથ ચાલવા એટલે હાથે માર મારવો. ૨ ઝડપથી કામ કરવું. હાથ પગ ભાંગી જવા એટલે દલગીરીને લીધે હોંસ ઉમેદ જતીરેવી ને તેથી કોઈ કામ કરવાનું મન ન થાય તેવી હાલત થવી. હાથપર લેવું એટલે પોતાની તરફનું કરવું. ૨ પાછું ખેંચવું (કનકવો). હાથ ચળવળવા એટલે મારવાની તૈયારીપર આવવું. હાથ ઉગામવો એટલે મારવાને. હાથ આવવું એટલે ખોવાયલું જડવું-મળવું. ૨ કબજામાં આવવું. હાથ ઉઠાવવો એટલે હક મુકીદેવો-સત્તા છોડી દેવી-હાથ જોડવા એટલે નમસ્કાર કરવા. ૨ વિનન્તિ કરવી; માફ માગવી. 'હાથના કીધાં હૈયે વાગાં' એટલે પોતાનું કરેલું પોતાનેજ નડવું. હાથ નીચેનો એટલે દરજે પોતાથી ઉતરતો. હાથસર એટલે કહ્યું કરે તેવું; તાબે.

હાથઉછીનું, વિ૦ થોડીવાર રાખીને પાછું આપી દેવાનું એવું જે કોઈનું કંઈ લિધેલું હોય તેવું-નાણું.- (જેનું કંઈ લખાણ ન હોય તે); ઉપરટપકાનું.

હાથચાલાકી, સ્ત્રી૦ કોઈ કારીગરીમાં હાથની જે ચાલાકી તે. ૨ હાથની ચાલાકીથી લોકને વિસ્મય પમાડવા તે.

હાથણી, સ્ત્રી૦ હાથીની માદા.

હાથપૂંચિયાં, ન૦ નાનાં છોકરાં તથા સ્ત્રીઓને આંગળીમાં પેરી હાથના પંજાપર ઘાલવાનું ઘરેણું.

હાથિયો, પુ૦ હસ્ત નક્ષત્ર. ૨ ઢોરના નિમાળાની અથવા કાથાની, હાથનાં પોચાં સુધી આવતી જે કોથળી તે.— બળદ ઘોડાના વાળ સાફ કરવા. ૩ મલપતો હાથી (અલંકૃતવાણીમાં). 'સોવાસણ પુરાને સાથિયા, મા-હારા વાહાલાજી આવ્યા તે ઘેર હાથિયા.'

હાથી, પુ૦ [હસ્તી] સઘળા પશુ કરતાં આકારે મોટો સુંવા-ળો જે પશુ તે. એ લડાઈમાં ભાર વેવાને ને રાજા અમીરના બેસવાના ઉપયોગમાં આવેછે-એના બારના દાંતની ઘણીક ચીજો થાય છે. હાથીદાંત-હાથીના બારના દાંત.

હાથેકરીને, અ૦ પોતાની મેળે ; જાણીજોઈને.

હાથેલી, સ્ત્રી૦ હથેલી; હાથની અન્દરનો આંગળાં વિના-નો ભાગ ; કરતળ.

હાથો, પુ૦ લાકડાં-કચકડાં વગેરેના જે ઘાટમાં ઓજાર બેસાડ્યું હોય તે ને કોદાળી ફેવાડી વગેરેમાં જે લાકડાં વાંસનો હાથ દેઢેકનો કકડો ઘાલેલો હોય તે, જે હાથ-માં રખાય છે. (ચપ્પુ-પાળી-કુહાડીનો હાથો). એ શબ્દ મારવાના શસ્ત્રને નથી લગાડવામાં આવતો. ૨ હાથ. (હાથો ઠોકવો એટલે હાથ ઠોકીને સાટું નક્કી કરવું). ૩ કંકુવાળા હાથનો છાપો.—'કું પ્રસવું ને પર-ઘેર હાથા.'

હાથોહાથ, અ૦ જેને આપવાનું હોય તેનાજ હાથમાં (કાગળ વગેરે આપવું).

હાથ્થી, હાથી.

હાન, સ્ત્રી૦ માનતા; બાધા. 'સુભદ્રા ને રૂકમણી માને, જગદંબાને હાનજી' (બાલણ દરાબ). ૨ નુકસાન; હાનિ.

હાનિ, સ્ત્રી૦ [સં૦] નાશ ; નુકસાન ; હાણ.

હાબદાથવું, તૈયાર થવું.

હામ, સ્ત્રી૦ [આ૦] હિમત; છાતી. હામ બિડવી કેવાયછે.

હામી, હમી.

હાય, અ૦ દલગીરીમાં-નિરાશપણામાં-રડવામાં એ શબ્દ બોલાય છે; અફસોસ. ૨ એકાએક આશ્ચર્ય લાગતાં પણ ક્વચિત વપરાય છે.

હાય, સ્ત્રી૦ અતીસ દલગિરીથી નિકળતો અફસોસનો બોલ. ૨ શક્તિ; ગતી.

હાર, સ્ત્રી૦ [ધારા?] એોળ; પંગતી. ૨ સરખાપણું (જાત કદ ગુણ વગેરેનું)-(તે બે એક હારના છે).

હાર, સ્ત્રી૦ [સં૦ હારિ] હારવું તે; પરાજય; પરાભવ.

હાર, પુ૦ [સં૦] ગળે ઘાલી રખાય એવો જે ફુલ ગુંથેલો દોરો તે; માળા. ૨ ચન્દનહાર. ૩ [ધાર:] પાણીમાં જે તાણ-વેો તે. ૪ [આહાર] નવા ચોખાને પાણીમાં તબકાવી ગાળી કરેલું ચિકણું પાણી. એ, કપડાંને દેવા તે (કકડતાં રાખવાને). ૫ (ખાવાનો).

હારક, વિ૦ [સં૦] હરણ કરનાર. વિત્ત હારક.

હારડો, પુ૦ ખાંડની ચાસણીનાં બીબાંરૂપ કાંડાઓનો જે

હાર તે (હોળીમાં સુખડીવાળા કરેછે). ૨ મોટા મણ- કાની માળા. ૩ હાર (ફૂલ વગેરેનો).

હારણ, વિ૦ કાયર.

હારદ, ન૦ [હાર્દ] મનનો ભાવ; દિલની મતલબ; પેટનો ગર-ભ. ૨ ભાવાર્થ; સારાંશ. ૩ હૃદય-"પંથ પ્રમાણ પં- ડિત કરે, હારદથી હૈમેશ" (સામળ).

હારદોર-સહોર, અ૦ એક અથવા અઢેકી હાર-ઓળમાં હોય તેવી રીતે.

હારપડવું, ક્રિ૦ અ૦ શરૂ થવું; આરમ્ભ થવો.

હારબન્ધ, અ૦ હારદોર.

હારવું, ક્રિ૦ અ૦ [ધાતુ હૃ-બલાત્કાર હરણે] નબળાં પડવું; માર ખાવો;-પોતાની પાસનું ગુમાવવું (જુધ-કુસ્તીબાં- જુગાર વગેરેમાં)-(જીતવાનું ઉલટું). ૨ થાકવું; કંટાળવું. હારીખાવું એટલે નબળાં પડવું. હારીછુટવું એટલે પોતાનો મમત મુકીદઇ તકરાર પતાવવી. હારી બેસવું એટલે હારી ગયેથી નીરાંત વાળી રેવું.

હારિયું, વિ૦ સરખું; જોડિયું. પદનાં હારિયાં એટલે એ- કજ રાગ, ઢાળમાં ગવાતાં પણ જુદાં જુદાં પદો.

હારી, વિ૦ [સં૦] હરણ કરનાર. મનોહારી, દુ:ખહારી, સન્તાપહારી૦ ઇ૦.

હારીલ, ન૦ એક જાતનું પક્ષી, જેને વિશે કેવાયછે કે તે જન્મેછે ત્યારથી તે મરતાંલગી પોતાની પાસે એક લાકડું રાખેછે.

હારે, અ૦ સાથે; જોડે. હું તારી હારે આવું.

હારેડું, વિ૦ તોફાનિયું; મસ્તાનિયું; મસ્તીખોર.

હારો, પુ૦ સાત મણનું માપ (અનાજ વગેરેનું). ૨ રસોઇને માટે સીંચેલા છાણાનો ચોખણો ઢગલો. હારો સિંચવો.

હારોદોર, હારદોર.

હારોહાર, અ૦ અઢેકી હારમાં હોય તેમ.

હાર્દ, ન૦ [સં૦] હારદ.

હાલ, પુ૦ [આ૦] હાલતના વેરા-રફ્ત-ઢફ્ત. ૨ હાલત. ૩ ભુંડી હાલત.

હાલ, અ૦ [આ૦] હમણાં; આ વખતમાં.

હાલચાલ, સ્ત્રી૦ હાલવું ચાલવું તે; હરફર; જા આવ.

હાલત, સ્ત્રી૦ [આ૦] સ્થિતિ; અવસ્થા; એકાદાં માણ- સની રેવાની રીત; સ્થિતિ.

હાલમસ્ત, વિ૦ [ફા૦] જે સારું સારું ખાઇ શરીર વધા- રવામાંજ ખુશી માનતો હોય ને પોતાના આંગબળની બડાઇ કરતો હોય તે (માણસ). ૨ કફ્ગાલ છતે પણ મગરૂબ એવું (માણસ).

હાલરડું, ન૦ બાળકને ઘોડીયાં પારણામાં ઉંઘાડતી વખત હીંચકા નાખતાં ગવાય જે ગીત ગાય છે તે.

હાલરુ, હાલરડું. "અમારો હાલરૂ પોઢે પોઢો સુંદર- શ્યામ, તે કહીને શીઆરમાં સંસારતણાં સર્વ કામ—અમારો હાલરૂ" (ભા૦ ૬૦). 'હાલરૂને ખવરાવોરે ખવાળીમા' (ના૦ સ્ત્રી૦ ગી૦).

હાલવું, ક્રિ૦ અ૦ આમ તેમ ગમે તેમ જવું આવવું થયાં કરવું; ગતિમાન્ થવું. ૨ ખસવું; મુકામ મુકવો; ચાલવું. ૩ ધ્રુજવું. ૪ જવું; દૂર થવું.

હાલસો, પુ૦ હરકત; ધકેડો. ૨ નુકસાન.

હાલહવાલ, વિ૦ ભુંડી દુ:ખદાયક હાલતમાં આવેલું; હાલ- તમાં ફેરફાર થઇને બગડીગયલું.

હાલહાલ, અ૦ હમણાને હમણા; તરતજ; આ ક્ષણે.

હાલી, સ્ત્રી૦ ઝોળી.

હાલીગોરી, સ્ત્રી૦ હાલરડું.

હાલો, અ૦ એ શબ્દ બાળકને હીંચકાથી ઉંઘાડતાં બો- લાય છે-હાલરડાંના બોલ બોલીરહ્યા પછી હાલો હાલો બોલાય છે.

હાવ, પુ૦ [સં૦] પ્રેમવિલાસમાં સ્ત્રીના જે ચાળા તે; શૃંગારચેષ્ટા. ૨ ઇચ્છા; આશા.

હાવભાવ, પુ૦ હાવ ને ભાવ; કામને ઉત્પન્ન કરે તેવી ચેષ્ટા.

હાવરું, વિ૦ ગમેતેટલું મળ્યું હોય તો પણ વધારે ઇચ્છ- વામાં આતુર હોય તેવું; આશાતુર. ૨ બાવરું; ગાભરું.

હાવરો, પુ૦ તાવ આવ્યા પછી વધારે ખવાવું તે; હાઉતો. ૨ વેપારી, સરાફ લોકની એક ચોપડી.

હાવાં, અ૦ હવે.

હાશ-સ, અ૦ કોઇ વાતથી સન્તોષ પામતાં એ શબ્દ વપરાય છે.

હાંસી, હાંસી.

હાસ્ય, ન૦ [સં૦] હસવું તે.

હાસ્યરસ, પુ૦ [સં૦] નવ રસમાંનો એક.

હાસ્યવદન, ન૦ [સં૦] હસતું મોઢું. વિ૦ જેનું મોઢું સદા હસતું હોય તે.

હાહાકાર, પુ૦ [સં૦] માઠી વાતથી જે સઘળે શોક થવો તે; શોકનો ગભરાટ. ૨ યુદ્ધમાં યોદ્ધાઓ જે શબ્દ કરેછે તે.

હાહો, સ્ત્રી૦ બુમાબોર; હોકારા હોકાર. ૨ ધામધુમ; ઉપર- ચોટિયા ખટપટ. ૩ જોરથી તડાકા મારવા તે.

હિંઆં, અ૦ અહિંયાં; આ ઠેકાણે.

હિંગ, સ્ત્રી૦ [હિંગુ] એક જાતના ઝાડનો રસ. એ રસો- ઇમાં ને ઓસડમાં કામ આવેછે.

હિંગડો, પુ૦ હલકી જાતની હિંગ; બગડેલી હિંગ. (કેટલાક એને જુદીજ વસ્તુ માને છે).

હિંગળો-ક, પુ૦ [હિંગૂલ] પારો ને ગન્ધક એ બેનો એક મિશ્ર ધાતુ. એ લાલ ચળકતા રફ્ગનો છે અને પદાર્થને રફ્ગ ચડાવવાના ને ઓસડના કામમાં આવેછે.

હિંગળોકિયું, ન૦ હિંગળોક ઘાલવાની દાબડી કાચલું વગેરે તે. વિ૦ હિંગળોકના રફ્ગનું.

હિંગામ, પુ૦ [ફા૦] હફ્ગામ.

હિંગોરું, ન૦ એક જાતનું ફળ-એનો ગર ઓસડમાં આ- વેછે.

હિંચકો, પું૦ ઝાડની જટા-દોરડું-પાટિયું લટકતું રાખી તેના ઉપર બેસીને ઝોલાં ખાવા આમ તેમ હાલવું જે છે તે. ૨ એવું હાલતું જે દોરડું અથવા પાટિયું તે; ઝોપાળો.

હિંચવું, ક્રિ૦ અ૦ હિંચકા ખાવા; ઝુલવું.

હિંચાડવું-ચોળવું, ક્રિ૦ સ૦ ઝૂલાવવું.

હિંડવું, ક્રિ૦ અ૦ [હિણ્ડન] પગે ચાલવું. ૨ જવું; હેંડવું.

હિંડોળ, પું૦ [હિન્દોલ] એ નામનો રાગ.

હિંડોળાખાટ, પું૦ ખાટલાનો હિંચકો.

હિંડોળો, પું૦ [હિન્દોલ] હિચ્ચાય એવું સુન્દર પાટિયું, સાદું અથવા ચાર પાયાવાળું-મન્દિરોમાં ઠાકોરજીના હિંડોળાને ફૂલ કાચથી સણગારવામાં આવેછે. ૨ એ નામનો રાગ.

હિંસક, વિ૦ [સં૦] હિંસા કરનાર. ૨ કસાઈ.

હિંસવું, હિસવું.

હિંસા, સ્ત્રી૦ [સં૦] નિરપરાધીને જીવથી મારીનાખવું તે; જીવનો વધ-ઘાત. ૨ એથી જે પાપ તે.

હિકમત, સ્ત્રી૦ [આ૦] જુગતી. ૨ કારિગીરી; કિસબ. ૩ ચતુરાઈ.

હિકમતી, વિ૦ હિકમતવાળું.

હિકાયત, સ્ત્રી૦ [આ૦] વાત; કાણી; કિસ્સો.

હિક્કળ-ફળ, ન૦ વરસાદથી જે અતિસેં થએડી તે; શરદી.

હિક્કાનાદ, પું૦ [સં૦] અવ્યક્ત શબ્દ; પડઘો; પડછન્દો. 'મહાસુભટ ભાગ્યા હોય એમ, હિક્કાનાદ રહે તે વ્યોમ' (અખો). ૨ હૃદયમાં જે નાદ ઉઠે છે તે.

હિચકવું, ક્રિ૦ સ૦ હિંચકો નાખવો-ઘાલવો.

હિચકારું, વિ૦ બિકણ. ૨ છાતી-હિંમત વનાનું; કાયર.

હિચકો, પું૦ હિંચકો.

હિજડો, પું૦ પુરુષ જાતિ કે સ્ત્રી જાતિ એકેમાં ન ગણાય પણ વળી પુરુષની ઇન્દ્રીના જેવું કંઈક કુદરતી ચિન્હ હોય એવું તે જાતિ અથવા તેમાંનો એક. એને દાડીયે, મુછે ને છાતીયે કંઈક વાળ ઉગેછે.-(પાવૈને ઉગતા નથી). હિજડો ઢોલ વગાડે છે ને પાવઈ નાચે છે તથા તાળોટા પાડે છે. ૨ નામર્દ; બાયલો; જનાની (પુરુષ). ૩ બાયલા ચાળાથી ઝુકું ઝુકું બોલનારો તે.

હિજરાવું, ક્રિ૦ અ૦ મનમાં ને મનમાં બળ્યાં કરવું.

હિજરી, પું૦ [આ૦] મુસલમાનના પેગમ્બર મહમદને મક્કેથી મદિના નાસી જવુંપડ્યું તે દિવસથી ગણાતો (કાળ). એ હિજરી સન કેવાય છે-ઇસવી સન ૬૨૨ ના જુલાઈની ૧૬ મી તારીખ.

હિણકમાઉ, પું૦ કંઈજ કમાતો ન હોય તે પુરુષ.

હિણપત, સ્ત્રી૦ ગેરિયેત; લાજ; શરમ. (નઠારું કામ કરેથી).

હિણવર, પું૦ વડ કરતાં નાનો જે વર તે (ઉમરે અથવા કદે દેખાતો).

હિણવરું, વર નાનો ને વહુ મોટી એવું જે જોડું તે; જોડું.

હિણવું, ક્રિ૦ સ૦ ધિક્કારવું; તિરસ્કાર કરવો.

હિત, ન૦ [સં૦] ભલું; કલ્યાણ; સારું. ૨ લાભ.

હિતકારી, વિ૦ હિત કરનારું.

હિતશત્રુ, પું૦ [સં૦] કોઈનું તરતનું હિત વિચારતાં પરિણામે તેનું અનહિત થાય એવું આચરનારો. લોકશોને દુઃખ થશે એમ જાણી રૂડી શિખામણ નથી દેતાં તો માઠું લાગશે એમ સમજી જે કોઈ જાહેર કેવા જેવી વાત પોતાના મિત્રને કેતો નથી એ ન કેવાથી મિત્રની હાની થાય તો તે ન કેનારો હિતશત્રુ કેવાય.

હિતુ, વિ૦ હિત ઇચ્છનાર; સ્નેહી.

હિતેચ્છુ, વિ૦ હિત ઇચ્છનાર.

હિતોપદેશ, પું૦ [સં૦] હિતનો ઉપદેશ; સારી સલાહ.

હિન્દવાણી, સ્ત્રી૦ હિન્દુની સ્ત્રી.

હિન્દવી-ન્દી, વિ૦ ઉત્તર હિંદુસ્થાનમાં સર્વ હિન્દુઓની જે વ્યવહારીક સામાન્ય ભાષા તે. એ સતલજથી તે બંગાળાની પશ્ચિમ હદ સુધી ને ગંગા જમનાના પ્રદેશથી તે નાગપુર સુધી બોલાય છે.

હિન્દુ, વિ૦ [સિન્ધુના પ્રદેશના લોક તે અથવા ફા૦ માં હિન્દુ એટલે કાળા તે]. એ શબ્દ પરદેશીઓએ આપણા દેશના લોકને માટે વેવારમાં આણેલોછે. વેદધર્મ માનનારી મનુષ્ય જાતિ અથવા એમાંનો કોઈ એક.

હિન્દુસ્થાની, વિ૦ ઉત્તર હિન્દુસ્થાન સમ્બન્ધી-(રેનાર, ગાયુ વગેરે).

હિમ, ન૦ [સં૦] ઘણોજ સખત ઠાર; ઝાકળ. ૨ શિયાળામા અતીસ ટાઢ પડવી તે.

હિમકર, પું૦ [સં૦] ચન્દ્ર.

હિમજ, હિમજીહરડે.

હિમજીહરડે, સ્ત્રી૦ નાની હરડે.

હિમરુ, ન૦ એક જાતનું રેશમી ભાતવાળું કપડું.

હિમાયત-તી, સ્ત્રી૦ [આ૦] ઉપરાણું; પક્ષ; ટેકો; કોઈની તરફથી કોઈએ હામ બિડવી તે. વિ૦ હિમાયત કરનાર.

હિમાયલું, વિ૦ જનમથી રોગી ને જેનું હાડ વળેલું ન હોય તેવું સુકલકડી. ૨ બળિયેલ. ૩ હિમ લાગેલું.

હિમાવું, ક્રિ૦ અ૦ કરસણ, છોડ, ઝાડ વગેરેએ ઘણા હિમથી બળીજવું. ૨ માણસે રોગે સુકે જવું. ૩ મનમાં બળ્યાં કરવું.

હિમ્મત, સ્ત્રી૦ [આ૦] મોટું કામ માથે લેવાનો અને તેમાં દુઃખપડે તે સહન કરી જસ મેળવવાનો જોસ્સો; છાતી; બહાદુરી. હિમ્મત રાખવી-કરવી-ધરવી-હારવી વગેરે.

હિમ્મતવાન, વિ૦ હિમ્મતવાળું.

હિરકોરી, વિ૦ રેશમની કોર હોય તેવું (લુગડું).

હિરણ્ય, ન૦ [સં૦] સુનું; સુવર્ણ.

હિરાકણી, સ્ત્રી૦ હીરાની કણી-નાની કકડી.

હિરાકણી, સ્ત્રી૦ હિરાકણીના જેવા ચળકતા ઝીણા ઝીણા અણુ નજર આગળ ગાડ્યા જ કરી તે.

હિરાકશી-સી, સ્ત્રી૦ [હિં૦] રંગવામાં કામ આવતો એક જાતનો લીલાશવાળો નિંબ ધાતુ.

હિરાગળ, વિ૦ રેશમના તારનું બનેલું: ગ્રંથ આવે છે.

હિરાબોળ, સ્ત્રી૦ એક જાતનો કડવો ગુંદર-એ ઓસડમાં

હિરાદખ્ખણ, સ્ત્રી૦ ગાંધીને ત્યાનું એક વસાણું.

હિરામણ, પું૦ [હિં૦] એક જાતનો સુશોભિત લીલો પક્ષી.

હિલચાલ, હાલ ચાલ.

હિલવું, હાલવું.

હિલોળો, પું૦ ખુશામત; ચેહેન; ગમ્મત.

હિલ્લો, પું૦ હરકત; નુકસાન.

હિસવું, ક્રિ૦ અ૦ રિઝવું; હરખાવું; હરખમાં આતુર હોવું. 'ઓહડાં બોલે ને મન હીસે' (ના૦ સ્ત્રી૦ ગી૦). 'હીસે મન જુગમહિમા સુણી' (અખો). 'રંગે કરવા ગોષ્ટી, હૈડું માહારૂં હીસેરે' (ભાલણ).

હિસાબ, પું૦ [અ૦] સંખ્યા આંકડા અથવા આકૃતિ ગણવાની જે અનેક રીતિ ને તે ઉપરથી થતા અનેક કાર્ય સમ્બન્ધી જે વિદ્યા તે. ૨ અંક ગણવાની અનેક જે રીતિયો તેમાંની કોઈ પણ એક. ૩ લેણ દેણ જમે ઉધાર સમ્બન્ધી જે ગણવાની રીત અથવા ગણીને જે નક્કી કરેલું તે. ૪ દાખલો; તાળો. ભેળ.-હિસાબ સાંપવો-લેવો-ચુકવવો કેહેવાય છે.'

હિસાબકિતાબ, લેણદેણના હિસાબ. ૨ હિસાબના ચોપડા.

હિસાબી, વિ૦ હિસાબ-ગણિત સમ્બન્ધી. ૨ ગણીને નક્કી કરેલું. ૩ હિસાબ-ગણિતમાં હોશિયાર.

હિસારવ-રા, પું૦ હરખાતાં મોમાંથી જે શબ્દ ધ્વનિ થાય તે. 'જેમ જેમ હરિ પગલાં ભરે, તેમ તેમ ગાય હિસારા કરે' (પ્રેમાનંદ).

હિસ્સેદાર, વિ૦ ભાગિયો; પાંતીદાર; પતિયાળો.

હિસ્સો, પું૦ [અ૦] ભાગ; પાંતી; વાંટો.

હિહિહિ, અ૦ ઘણું હસવાથી નિકળતો અવાજ.

હીક, સ્ત્રી૦ [હિક્કા] હેડકી; વાંધણી.

હીકા, પું૦ મરતી વેળા જે આંચકા આવે તે; તાણ. 'આસીને હીકા આવે, ઉપેર બાણેજો ધાવે'.

હીણ, વિ૦ [હીન] નીચું; હલકું; ઓછુંપાત્ર (માણસ). ૨ ભેગવાળું; મિશ્ર; શુદ્ધ નહિ તેવું. ૩ વનાનું; વગરનું.

હીણું, વિ૦ નીચું; હલકું; કમજાત (માણસ). ૨ નરસું; ભેગવાળું (સોનું).

હીન, વિ૦ [સં૦] ઓછું; અધુરું; વનાનું.-બુદ્ધિહીન, દ્રવ્યહીન. ૨ કમજાત; ઓછુંપાત; નીચ. હીનભાગ્ય, હીનકુળ.

હીયા, પું૦ એક જાતના પક્ષી. એ ટોળેટોળાં થઈ ખેતરમાંથી અનાજ ખાઈ જાય છે.

હીર, ન૦ રેશમ. ૨ તેજ; કાન્તિ. ૩ ધર્મ; બીજ મધ્યનું જે રોપે તેનું રેખ. ૪ સત્વ; રસકસ. ૫ રેહેમ; દયા.

હીરો, પું૦ [હીરક અથવા, હીર] એક જાતનો સાફ સફેદ ચળકતો ઘણો કિમતી પથ્થર. કોઈ વખત એમાં બીજા રંગની સુરખી મારે છે. એ ઘણોજ કઠણ હોય છે.

હીલો, પું૦ ઘરડમાં જે ખાડો તે. ૨ એ ખાડામાં પૈડું પડવાથી જે આંચકો આવે-લાગે તે. ૩ ઘરડ. ૪ હરકત; નુકસાન.

હીહી, અ૦ ખડખડાટ હસવું તે.

હું, સ૦ [અહમ્] જે શબ્દ થકી બોલનારો અથવા લખનારો પોતે છે એમ બતાવે છે તે; પ્રથમપુરૂષ સર્વનામ એકવચન.

હું, અ૦ હા નો સૂચક શબ્દ. ૨ ઉતાવળ બતાવે છે. હું, માર જોય છે શું?

હુંકવું, આગળ પડવાને ટમટમવું; ચઢિયાતા થવા સારૂ ખાર ભરાવવું; ધુરકવું. 'દર્શનભેદ દાવા મત ઘણા, ગઢ બાંધી રહ્યા આપઆપણા; એકએકપેં હુંકી રહ્યા, અમે પામ્યા બીજા વેહેતા થયા.' (અખો).

હુંકાર-રો, પું૦ હું છઉં-સાંભળું છું એવી સાક્ષી પુરવામાં વપરાય છે. ૨ યુદ્ધમાં શત્રુને સામા તેડવાને પ્રસંગે જે શબ્દ કરવો તે.

હુંડલો, પું૦ ટોપલો; સુંડલો. [ફુકસાઈ લે તે.

હુંડિયામણ, ન૦ સાઉકાર હુંડી કરી આપી-લખીને જે

હુંડી, સ્ત્રી૦ [હિં૦] એકાદા ઠેકાણાના એકાદા સાઉકારને ત્યાં નાણા ભરી તેની પાસથી બીજાં કોઈ ઠેકાણાના સાઉકાર પાસથી મુદતે નાણા મળે એવી જે ચિઠી તેનાપર લખાયલી તે. હુંડીનું ખોખું એટલે હુંડીના નાણાં આપ્યા પછીના તે મુલ વગરના કાગળ.

હુંડે, અ૦ જથાબન્ધ; એકન્દર; જુમલે.

હુંથિયું, ન૦ માટીના વાસણ ફસકાઈ ન જાય માટે તેની તળે પરાળ, તરસાડ વગેરેના વીંટાનો જે આધાર આપવામાં આવે છે તે.

હુંપણ-દ-હું, ન૦ પોતાપણું; આપોપું. ૨ પોતાની મોટાઈ; અહંકાર; સ્વાભિમાન; આત્મસ્તુતિ.

હુંફ, ઊફ.

હુંફાળવું, વિ૦ કંઈક ગૈનાસ હોય તેવું ગરમ (પાણી).

હુંફાળું, ઊંફવાળું.

હુંશી, વિ૦ હોંસીલું. 'હુંશીને મન હામ' (સામળ).

હુઈ, થઈ. હુઆ-થયો.

હુકમ, પું૦ [અ૦] સત્તા ધરાવનારાએ પોતાનાથી ઉતરતાને જે દેવું-લખવું તે, અથવા દેવલું-લખેલું તે; આજ્ઞા; ફરમાન. ૨ સત્તા વાળાએ ઇનસાફ કરી જે ઠરાવ્યો કહેલો-લખેલો તે. ૩ રમવાના પાનામાં સહુને જીતી જાય એવું જે મોટું ગણાતું પાનું તે.

હુકમનામું, ન૦ [ફા૦] લેણ દેણના કજિયાનો સરકારથી થયલો જે ચુકાદો તે.-મોઢે થયલો અથવા પછી લખાયલો.

હુકારો, હુંકારો.

હુકુમત, [અ૦] હકુમત.

હુકો-ક્કો, પુ૦ [અ૦] તમ્બાકુનો ધુમાડો મોઢેવતી એથી પેઠમાં ઉતારવાનો નેળ ભલમવાળો યન્ત્ર.

હુજત, સ્ત્રી૦ [અ૦] હઠ; મમત; જીદ; તકરાર; ઉશ્કેરત.

હુજતખોર-ની, વિ૦ હુજત કરનાર.

હુજરડો, ઊંઝેડો.

હુડતાવવું, ક્રિ૦ સ૦ તરછોડી નાખવું; તુચ્છ ગણી કાઢવું. ૨ ધમકાવી તોડી પાડવું.

હુડદો, પુ૦ મશ્કરીનું વચન.

હુડા, પુ૦ જે પક્ષી ટોળેટોળાંમાં ખેતરમાં પડી અનાજ ખાઈજાય તે; હીયા.

હુણવું, ક્રિ૦ સ૦ કુટવું. 'હુણે હૈડું નિજ હાથ.'

હુણ્ડી, હુંડી.

હુતદ્રવ્ય, ન૦ [સં૦] અગ્નિમાં હોમવાની વસ્તુ.

હુતાશ-ન, પુ૦ [સં૦] અગ્નિ. (હુત-હોમેલું તે; અશન-ખાવાનું જેનું).

હુતાશની, સ્ત્રી૦ [હુતાશન] હોળીમાં સળગાવવાને જે લાકડાંનો ઢગ સિંચ્યો હોય તે; હોળી.

હુતું, હતું.

હુનર, પુ૦ [ફા૦] કારીગરી; કિસબ; કળા. ૨ કારીગીરીનો ધન્ધો.

હુનરી, વિ૦ હુનર-કળા-કિસબ જાણનાર.

હુનાળો, પુ૦ તાપ-ગરમીના ચાર મહિના; ફાગણ, ચૈતર, વૈશાખ ને જેઠ.

હુનું, વિ૦ [ઉષ્ણ] ગરમ.

હુન્નર, હુનર.

હુબેહુબ-હૂબ [અ૦] આબેહૂબ.

હુમલો, પુ૦ ધસારો; ચડાઈ.

હુમાયુ, ન૦ એક જાતનું પક્ષી, જેને એક પગ ને એક પાંખ ને એક બાજુએ એક આંકડો હોય છે ને તે નર માદા એકમેકના આંકડા એકમેકમાં ભેરવી બન્ને સાથે ઉડેછે એમ કેવાય છે. અખો આમ વરણવેછે-"છે હુમાયુ પંખીની પેઠે, કોય હેતુ વાદ કરશો મા હઠે. 'અગ્નિ કાષ્ટ મેલીને પંખ, ઉપર ઉડી નાખે નસંક; નિજ ઈચ્છાયે બાળે કાય, ત્યાંત બુંદ ફરિ પરગટ થાય. એમ અખા હોય પ્રાજ્ઞ વિચાર, ઉત્પત લય માં હું તું સાર.'

હુરમત, સ્ત્રી૦ [અ૦] આબરૂ; ઇજ્જત; પ્રતિષ્ઠા; માન.

હુરિયો-રે, અ૦ ફજેતી થઈ એ અર્થમાં વપરાય છે; ધી; રેવડી. ફજેતી.

હુલકું, ન૦ ધાકમાં ગભરાટ ઉઠવો તે; મોટી ખાસ્તી; મોટો હુલડ-હ્લડ, ન૦ [હિં૦] ધાકમાં જે મોટી મારામાર-તોફાનની ગરબડ થવી તે. ૨ સત્તાવાળાની સામા લોકોએ ઉઠવું તે; બન્ડ.

હુલરાવવું, ક્રિ૦ સ૦ લાડમાં છોકરાંને ઊંચકી આમ તેમ હલાવી રમાડવું. 'પાઉધાપારે હરિ ગોપાળ, યશોમતી હુલરાવે બાળ' (ભાલણ).

હુલામણું, ન૦ ખુશી સાથે લાડમાં બોલાવવું તે. ૨ ઓળીપોળી કરવી તે. 'જસોદાજી હુલામણે, તેનું નામ ધરે છે કાહાનજી' (ભાલણ).

હુલાવવું, હુલરાવવું.

હુલાવું, ક્રિ૦ સ૦ પોતાવટ બતાવી સમજાવવું.

હુલાસ, ઉલ્લાસ.

હુલ્લડ, વિ૦ વગર વિચારનું; અવિવેકી; સમજ વના વચમાં બોલી ઉઠનાર.

હુલ્લડાઈ, સ્ત્રી૦ હુલ્લડપણું

હુશિયાર, હોશિયાર.

હુસન, પુ૦ [અ૦] ચેહેરો; ચેહેરાનો રંગ. ૨ ખુબસુરતી.

હુસંહુસ, અ૦ ઉતાવળના અર્થમાં વપરાય છે.

હૂક, સ્ત્રી૦ ચૂંક; શૂળ; આંકડી (પેટમાં).

હૂક, પુ૦ [અં૦] લૂગડાંનો એક તરેહનો આંકડો (કાંડી ઝુમર ટાંગવાને).

હૂક, અ૦ હૂપ.

હૂડ, અ૦ છુટ; હડ; ધુત.

હૂન, હોન.

હૂપ, અ૦ વાંદરાનું બોલવું બતાવેછે.

હૃદય, ન૦ [સં૦] છાતી; ઉર. ૨ લાગણીનું સ્થળ; કળેજું. ૩ સ્મરણશક્તિ. ૪ મનની મતલબ; ધારણા.

હૃદયકમળ, ન૦ [સં૦] હૃદયરૂપી કમળ.

હૃદયશૂન્ય, વિ૦ [સં૦] લાગણી વનાનું; નિર્દય. ૨ સમજ વનાનું.

હૃષ્ટપુષ્ટ, વિ૦ [સં૦] પ્રસન્ન અને શરીરે ભરેલ.

હેં, અ૦ વિસ્મય બતાવેછે.

હેંકાર, અહંકાર; હુંપદ; અભિમાન.

હેંકારી, વિ૦ હેંકાર કરનાર.

હેંડવું, ક્રિ૦ અ૦ ચાલવું. ૨ જવું.

હેંસી, વિ૦ આઠ વખત દશ; ૮૦.

હે, અ૦ વિવેકથી બોલાવવામાં.

હેજ, હેત. 'હૈડે આણ્યું હેજ.'

હેઠ, હેઠે.

હેઠવાણ, અ૦ હેઠનો-નીચેનો ભાગ.

હેઠળ, અ૦ નીચે (ઉપર નહિ). ૨ અન્દર; માંય. ૩ ઉતરતે દરજ્જે.

હેઠાં-ઠું-ઠે, અ૦ હેઠળ.

હેઠાણું, ન૦ નીચાણની જગા.

હેઠે, અ૦ નીચે. ૨ ઉતરતું; હલકું; નરસ.
હેડ, સ્ત્રી૦ કોરેલાં મોઢાં જે લાકડાંમાં ગુનેહગારનો પગ ઘલાવી રાખવામાં આવે છે તે. ૨ તોફાની ભેંસ ગાયને કબજ રાખવાને લાકડાંની જે ગોઠવણ છે (કે તે દોવા દે). ૩ વેચવાના ખૂંદનો કાકડો.
હેડકી, સ્ત્રી૦ [હિક્કા] મોટા આચકા ને અવાજ સાથે શ્વાસ ચાલવા કરવો તે-(મરતી વખત). ૨ થોડી વારની રૂંધણથી ઉપર પ્રમાણે થોડી વાર થયાં કરવું તે; વાંધણી.
હેડિયો, પુ૦ વાછરડો (હેડમાંનો). ૨ ભળભળાં કાઢનારો ધણી. [છિ. ૨ ખેતરનો છેડો.
હેડો, પુ૦ હળીજવું તે; માયા; જૂદ-ગાયને વાછરડાંનો હેડ
હેણ, સ્ત્રી૦ તળાઈ. 'સુકડની સેજ કરી, અતલસની ઉપર હેણ' (ભક્તિપચ્ચીસી).
હેત, ન૦ માયા; પ્રીત; સ્નેહ.
હેતકનું, ન૦ કાઠિયાવાડી ગાડું.
હેતુ, પુ૦ [સં૦] ઈરાદો; ઉમ્બાહ. ૨ કારણ; સબબ.
હેતેસરી-સ્વરી, હિત-ભલું ઇચ્છનાર.
હેદળ, ન૦ [હયદલ] ઘોડાનું ટોળું; ઘોડેસ્વારનું લશ્કર.
હેબક, સ્ત્રી૦ [આ૦ હૈબત] બીકથી ચોંકવું તે; દિલમાં
હેમ, ન૦ [સં૦] સોનું; સુવર્ણ. [ધાસ્તી વસી રેવી તે.
હેમક, વિ૦ [આ૦] મૂરખ; બેવકૂફ; ઘેલો; અણસમજુ; અજ્ઞાન. ૨ બીકણ; હિચકારો.
હેમજ, હિમજહરડે.
હેમન્ત, પુ૦ [સં૦] છ ઋતુમાંનો એક; માગસર ને પોષ.
હેરક, પુ૦ [સં૦] જાસૂસ; ભેદુ; ચાકર.
હેરણ, એરણ.
હેરણાં, ન૦ છુપું જોવાનું-જોવું તે. 'ધરનાગે જો નવિ અમ તેડ, ઘાક તણો શો વાંકરે; સુખ્યે હેર હેરણાંરે, ઘરનાં રાખ ને રાંકરે' (ભાલણ).
હેરફેર, વિ૦ બદલેલું; ફેરફારવાળું. સ્ત્રી૦ અદલબદલ.
હેરવું, ક્રિ૦ સ૦ છાનામાનાં વચાળામાંથી જોવું.
હેરાન, વિ૦ [આ૦] દુઃખી; પીડિત, ગભરાયલી હાલતમાં
હેરાનગતિ, સ્ત્રી૦ મહેનત; દુઃખ; પીડા. [હોય તેવું.
હેરિયાં, ન૦ હોડીને પવન પ્રમાણે આમ તેમ ફેરવવી તે. હેરિયાં કરવાં-ખાવાં.
હેરું, ન૦ હેરણાં. 'હેરાં તેણે હેરવાં માંડિયાં.' 'મહા વનમાં જ્યાં દેહેરું હોય, હેરું ત્યાં કરે નહિ કોય'.
હેરાફેરા, પુ૦ જોવાને ફેરા મારવા તે; જવું આવવું તે.
હેલ-લ્ય, સ્ત્રી૦ બોજો; ભાર. ૨ ગોને માથે પાણીનું બેડું તે. ૩ વેચવાને સારૂ ગાડામાં ભરેલું જે ઘાસ-લાકડાં-છાણાં વગેરે તે.
હેલકરી, પુ૦ મજૂર; બોજો ઊંચકનાર.
હેલપટો, પુ૦ મજૂરી; વેઠ; મહેનત. ૨ નકામો ફેરો.
હેલા, સ્ત્રી૦ [સં૦] સુરતક્રીડાથી સન્તોષ ન પામેલી એવી ખિજવાયલી સ્ત્રીની અનાદરવાળી જે ચેષ્ટા તે.
હેલામાં, અ૦ જોતાં જોતામાં; ક્ષણમાં; જલદી.
હેલી, સ્ત્રી૦ ઘણીવાર સુધી વરસ્યાં કરવું તે; બહુ વૃષ્ટિ. ૨ સાહેલી; સખી. ૩ ગીતની એક દેશી. ૪ રાખ; ભસ્મ.
હેલેસાં, ન૦ હલ્લેસાં. ૨ ખેંચવું; ઉંચકવું તે.
હેલો, પુ૦ ઝપાટો. ૨ હેલ્લો.
હેલ્લો, પુ૦ ઊંચીનીચી જમીન સાથે ગાડીનું અથડાવું થાય તે;-બેસનારને જે આંચકો લાગે તે.
હેવા, પુ૦ અભ્યાસ; ટેવ.
હેવાતન, ન૦ સૌભાગ્ય; હેતુપણું; એવાતન.
હેવાન, ન૦ [આ૦] ઢોર; પશુ; જાનવર.
હેવાલ, પુ૦ હકીકત; કેફિયત; બયાન. ૨ હાલ; હાલત.
હૈડું, હૈયું.
હૈયાત, હયાત.
હૈયાતી, હયાતી.
હૈયું, ન૦ [હૃદય] છાતી; દિલ. ૨ મન. ૩ સ્મરણશક્તિ; યાદદાસ્ત. હૈયાફુટું-જેને કંઈ સૂઝે નહિ જેને કંઈ યાદ ન રે તે. હૈયામેલું-જેના હૈયામાં મેલ-કપટ હોય તે. હૈયારખું-હૈયામાં છુપાવી-સમાવી રાખે તેવું (માણસ); હૈયાનો પાર ન આપે તે. હૈયારોક-મનમાંનું મનમાં બળ્યાં કરવું તે; ઇજરાયાં કરવું તે. હૈયુંભરાવું-ઈઆવવું-રડવાની તૈયારી થવી; રડું રડું એમ થઈ રેવું.
હોંડવું, ક્રિ૦ અ૦ જવું. ૨ મરીજવું.
હોંસ, સ્ત્રી૦ ઇચ્છા; કોડ; ચાહના; દિલનું વલણ.
હોંસાતોંસી, સ્ત્રી૦ સરસાઈ; એક બીજાથી ચડતાં થવું તે. ૨ તકરાર; મારામારી; બાઝાબાઝ.
હોંસિલું, વિ૦ કોડીલું; ઉમંગી.
હો, અ૦ હા ના અર્થમાં; વારુ; ઠીક. ૨ બોલાવવાના અર્થમાં-એ; અરે. ૩ બસ; થયું. બાળક અથવા બાળકને હો કરવું એટલે જતી વેળા હાથ ઊંચો કરી હો શબ્દ કહેવો-એ.
હોઈ, થઈ. [તે બતાવેછે.
હોઈયાં, અ૦ ખાધા પછી તૃપ્તિનો જે ઓડકાર આવેછે
હોકાયન્ત્ર, પુ૦ વહાણનો રસ્તો જાણવાને દિશા દેખાડનારો યન્ત્ર-એમાંનો કાંટો ઉત્તર દિશાજ બતાવે છે.
હોકાર-રો, પુ૦ હા અથવા હું સાંભળુંછું એ અર્થમાં. હોકારો પુરવો-દેવો.
હોકારો, પુ૦ મોટી બૂમ.
હોકો, હોકાયન્ત્ર. [તળાવ.
હોજ, પુ૦ [આ૦] પાણીની મોટી ટાંકી; બાંધેલું નાનકડું
હોજટ, સ્ત્રી૦ વળગાડ; ભેલું-ભૂત વગેરેની. ૨ સપડાક તમાચો.
હોજરી, સ્ત્રી૦ જઠરાગ્નિનું જ્યાં ખાધેલું પચેછે તે ઠેકાણું.
હોઠ, પુ૦ [ઓષ્ઠ] ઓઠ.

હોડ, સ્ત્રી૦ [હિં૦] શરત; હાર જીતને સારૂ આગળથી કરેલી જે કબુલાત તે. ૨ સરસાસરસી; સરસાઈ; ચડસાચડસી;

હોડકું, ન૦ નાની હોડી. [વાદે વદવો તે.

હોડવવું, ક્રિ૦ અ૦ પીમળવું; વાસ મારવી. ક્રિ૦ સ૦ ઓઢવું.

હોડી, સ્ત્રી૦ પાણીમાં તરે તેવો લાકડાંનો બનાવેલો એક ઘાટ. જેમાં માત્ર એક ટોલજ હોય છે-એ ખાડી નદી સરોવર તળાવમાં ફરેછે (મોટા દરિયામાં નહિ).

હોડો, પુ૦ ઓઢો. ૨ દરિઆનો મોજો.

હોણ, અ૦ આ-ચાલતું વરસ.

હોદ્દો, પુ૦ [અ૦] સરકારથી સોંપવામાં આવેલું એકાદું મોટું કામ તે; દરજ્જો; પદવી; મરતબો. ૨ વરઘોડામાં બાળકને સારૂ ઘોડા ઉપર જે બેઠક વાળો સાજ નાખવામાં આવેછે તે. હોદ્દેદાર-અધિકારી; દરજ્જાવાળો.

હોનાર, ન૦ થનાર; થવાકાળે બનનાર; ભાવી.

હોમ, પુ૦ [સં૦] અગ્નિને બળીદાન આપવું તે; અગ્નિમાં ઘી તલ ચોખા વગેરે મન્ત્ર ભણીને નાખવા તે; વિધિથી પ્રાણીનો ભોગ આપવો તે.

હોમવું, ક્રિ૦ સ૦ અગ્નિમાં આહુતી આપવી; અગ્નિને ભોગ આપવો. ૨ (લાક્ષણિક) મોટાં અઘરાં કામમાં-આફતમાં નાખવું-ઝંપલાવવું.

હોમાવું, ક્રિ૦ અ૦ અગ્નિમાં પડતું નાખવું.

હોય, અ૦ મારી-બેદરકારીના અર્થમાં; હશે; ચાલતું જાયછે; નસીબ. [રહેતું નથી.

હોરવવું, ક્રિ૦ અ૦ ભમવું; ખુશીથવું. આજ મને કંઈ હોય

હોરવું, ક્રિ૦ સ૦ વ્હેરવું. [નિરંતર કાળ તે.

હોરા, સ્ત્રી૦ [સં૦] (જ્યોતિષમાં) લગ્ન. ૨ અઢી દહાડા

હોરી, સ્ત્રી૦ એક તરેહનું ગાયન જે હોળીના દહાડામાં ગાવામાં આવેછે તે. ૨ વ્હોરાની સ્ત્રી.

હોરો, વ્હોરો. [વિયો જે ચૂસી તે. ૨ ઘાસલો.

હોલ, સ્ત્રી૦ તમણ-વેણ જમીનમાં ખાડો ખોદી બના-

હોલવણ, ન૦ હોલાઈજવું તે.

હોલવવું, ક્રિ૦ સ૦ અગ્નિ જતો રે તેમ કરવું; બુજાવવું; અગ્નિ છાંટી નાખવો. (પાણી રેડી, ધૂળ નાખી વગેરેથી). ૨ દિવાને ગુલ કરવો (હાથના ઝપાટાના પવનથી અથવા બત્તી ખેંચી લઈને). ૩ શાન્ત પાડવું; જોરા નરમ પાડવો-તદન સમાવી દેવું.

હોલાણ, ન૦ કોશકુઆને લગતો ઢળતો ખાડો-કોશે જોડેલા બળદ જેમાં ઉતરે છે તે. ૨ હોલવણ.

હોલેદિલ, વિ૦ ચિત્ત ફટકી ગયું હોય તેવું; બાવરું; ઘેલછાવાળું; ઉદેલ.

હોલો, પુ૦ ખબુતર જેવું એક જાતનું પક્ષી. ૨ ભૂંગળાની અન્દર બાજુ પડતો જે બીજો, નાનો ભૂંગળો હોયછે તે.

હોવું, ક્રિ૦ અ૦ હસ્તીમાં આવી રેવું. ૨ થવું.

હોવે, અ૦ હાં. ૨ તો ?; ચાહ્ય કેમ નહિ?

હોશ, પુ૦ [ફા૦] ચેતના; બુદ્ધિ; ભાન; શામ. હોશ ઉડી ગયા કેવાય છે.

હોશિયાર, વિ૦ [ફા૦] વાકફગાર; કાબેલ; પ્રવીણ. ૨ ચતુર; ચપળ. ૩ સાવધ; ખબરદાર.

હોશિયારી, સ્ત્રી૦ [ફા૦] કાબેલિયત; નિપુણતા. ૨ ચતુરાઈ; ચપળતા. ૩ સાવચેતી; ખબરદારી.

હોશે, હશે.

હોસ્સાન, પુ૦ ચેહેરાનો રંગ; કાન્તિ.

હોહા, સ્ત્રી૦ બૂમાબૂમ. ૨ ઉપર ઉપરથી ખુલ્લુમખુલ્લુ-

હોળ, હળ. [ખડપટ કરવી તે.

હોળવું, ક્રિ૦ સ૦ કેશને સમારવા; વિખરાએલા વાળને કાંસકીથી એક કરવા.

હોળિયાં, ન૦ હોળીની આગમાં નાખવાને બનાવેલા જે છાણના અનેક ઘાટ તે.

હોળિયો, પુ૦ હોળીની મસ્તીમાં રમનારો; હોળીના ભુંડાં ગીત બોલનારો છોકરો.

હોળી, સ્ત્રી૦ [હોલિકા] એ નામની રાક્ષસી. ૨ એ નામનું ટાણું; ફાગણ સુદ ૧૧થી તે ફાગણ વદ ૧ લગીના દહાડા. ૩ ફાગણ સુદ પુનેમ. ૪ એ દહાડે જે લાકડાં ખડકી સળગાવવામાં આવે છે તે. ૫ હોળીના તેહેવારની મોજ મજા રસમ વગેરે તે. ૬ એ નામનું ગાયન; હોરી. હોળીનું નાળિયેર એટલે અઘરા કામમાં-આફતમાં જે સુખથી પેસે પ્રાસે તે માણસ.

હોળૈયો, હોળિયો. ૨ આશરે સોળેક હાથનો સાકટો-ટો.

હ્રસ્વ, વિ૦ [સં૦] ટુંકા અવાજનું; એક માત્રાનો (વર્ણ).

હ્રીમ્, લક્ષ્મીનો બીજ મન્ત્ર.

ળ.

ળ, પુ૦ છેલ્લો મૂળાક્ષર. એથી શરૂ થતો કોઈપણ શબ્દ નથી. એ અક્ષર વેદમાં છે પણ પછીના સંસ્કૃત પુસ્તકોમાં વપરાયો નથી. એ અક્ષર જૂનાં ગુજરાતી પુસ્તકોમાં લ થી જુદો લખાયલોજ નથી. પણ ઉચ્ચારમાં લ થી જુદો બોલાતો હતોજ.

ઉપસંગ્રહ.

અકથ, વિ૰ કહેવું-કથવું નહિ તેવું.
અક્ષજ-રજ, અક્ષરત.
અકિંચન, વિ૰ [સં૰] દરિદ્રી; કંગાલ.
અક્ષ, [+] ૬ અક્ષિ; આંખ (કવિતામાં).
અક્ષાણું, અખ્યાણું.
અક્ષૌણી, અક્ષૌહિણી.
અગીઆર, અજગર.
અગોપ, વિ૰ અદર્શ; ગુપ્ત. 'અરસ પેઠુ અગોપ થયા.'
અગ્રવર્ત્તી, અગ્રસર.
અઘરણિયો, પુ૰ અઘરણીરાતનો વર.
અંક, [+] પ્રસિદ્ધિમાં બહુના; ટેક; વટ. 'વરણ સહુથી રંક, અંક રાજાથી ઝાઝો'.
અંગાર, પુ૰ [સં૰] મંગળ-ગ્રહ.
અંગુલી, આંગળી.
અચવ્યું, અણુચવ્યું શબ્દ જોવો (આ ઉપસંગ્રહમાં).
અછતા, અ૰ એકાએક; અકસ્માત્. ૨ નહિ તે છતાં. -'અછતા માહારા અવગુણ વસી.'
અછતું, વિ૰ છતું-પ્રગટ નહિ તેવું.
અજાથી, અજાયક.
અજુઠું, વિ૰ અજીઠું; એઠું.'
અંચ, આંચ. 'સ્વપ્નમાત્ર જ્યાં નથી પ્રપંચ, ત્યાં તેને કેમ લાગે અંચ' (અખો).
અંજળ, અન્નજળ.
અટકળવું, ક્રિ૰ અ૰ સન્દેહ-અન્દેશા-વિચારમાં પડવું. 'નમરદાર શ્રીકૃષ્ણ, નિકળીઆ જેટલ; કાળયવન મન માંહે, અટકળીઆ તેટલ'.
અટલાસન, ન૰ મોટું ને ભયંકર એવું રાન.
અટા, સ્રી૰ [સં૰] અહીં તહીં ભમવું તે; મિથ્યા ભ્રમણ કરવું-રખડવું તે. ૨ મઢી.
અટાટ, સ્રી૰ [અટાટવું] અટા (૧ લા અર્થમાં).
અડવડવું, ક્રિ૰ અ૰ અડબડિયાં ખાવાં; લથડી પડવું.
અઢીવટો, પુ૰ એક જાતની અઢી-અઢી હાથની પિછોડી.
અણગી, ભિંતમાં જડેલા પાટિયાં વગેરે તે.
અણખૂટ, વિ૰ ખુટે નહિ તેવું.
અણગાર, સણગાર.
અણચવ્યું, વિ૰ ધા૰ વર્ણવેલું-કહેલું-વરેલું નહિ તેવું. 'કવિ થઈને અખકું શું કહ્યું, જોતા નહિ પણ અણચવ્યું' (અખો).
અણપીછણ્યું, વિ૰ ધા૰ અજાણ્યું; વગર સમજણનું; મૂરખ. 'પશુપતી અણપીછણ્યો રે, માહારે માથે નાથ રે.' (ભાલણ).
અણબોલ્યું, વિ૰ ધા૰ બોલતું બંધ થયેલું; ચૂપ. 'અખો જે જે કરવા ગયો, ત્યાં એમ અણબોલ્યો રહ્યો'.
અણવાણ, અણુઆણ.
અણવિંગ્યું, વિ૰ સમજ-વિચાર વગરનું; જડસું. 'ઊભા અણવિંગ્યા આહિર'. અણવિંગાયું કામ કરેછે એમ પણ બોલાય છે.
અણાથી, સ્રી૰ અનાથ [આ ઉપસંગ્રહમાં].
અણુઆણ, અડવાણું. 'અણુઆણ પાગે વન વીચરો, કારણ એ મુજ દાખિયે' (ભાલણ).
અણ્ટવાવું, ક્રિ૰ અ૰ ચોટ-ઝડપ-અડફટમાં આવવું; વિંટળાઈ-ગુંચવાઈ રેવું.
અણ્ડકટાહ, [બ્રહ્માણ્ડનું કોડલું].
અતાગ, અથાક.
અથીર, અસ્થિર.
અદલધાન્ય, ન૰ કણસલાં-કણીમાં થતું ધાન્ય (સિંગમાં નહિ)-ઘઉં, ભાત, જુવાર વગેરે.
અદા, બાપ; વૃદ્ધ પુરૂષ.
અદેખીલી, અદેખું.
અદો, ઉદો. 'અદો ભવાની જે કરે'.
અદ્રોહી, વિ૰ દ્રોહી નહિ તે.
અધકું-ધિકું, અધિક.
અધછેલું, અરધું છેદેલું (અખામાં).
અધલું, વિ૰ અડધું-'અધલી પેહેરી કંચુકી'.
અધવાડ, ઉપરવાડિયો.
અધસેર, અચ્છેર.
અધૂર, નીચલો હોઠ.
અનાથ, સ્રી૰ ગરીબાઈ; દળદર. 'ઘરમાં અનાથ આપી સર્વત્ર, ને ઘઈ આવી તુળસીનું પત્ર' (પ્રે૰ ૬૦).
અનાથ્યાહ, અનાથ કરનારી (સુડાબોતેરી).

અન્તરાઈ, વિ૦ વચમાં આવી નડનાર; અન્તર પાડનાર.

અન્તરાપટ, અન્તરપટ.

અન્તરાવું, ક્રિ૦ અ૦ વચમાં હરકત આવી પડેલી હોય તેવી હાલતમાં આવવું. ૨ વચમાં પડદો પડવો; જૂદું પડવું.

અન્ધું, આંધળું.

અન્ધારી, સ્ત્રી૦ બાળવાનાં લાકડાંની હેલ-ગાલ્લી.

અપઈ-પાઈ-પૈ, વિ૦ જાણીતું; સમજાય તેવું.

અપેય, વિ૦ ન પીવા જોગ.

અબઘડી, અ૦ આ ઘડીએજ; હમણાંજ.

અભડબોળો, પુ૦ અડકાઅડકીથી જે અભડછેટ થાય તે.

અભનવું, અભિનવ.

અભલેખ-ખા, સ્ત્રી૦ અભિલાષ. 'એક અભલેખ ઉપર આશા પૂરી' (શુકદેવ આખ્યાન).

અમોડો, અમ્બોડો.

અમ્બા, સ્ત્રી૦ જનુની; માતા. (કવિતામાં).

અમ્રખ, અમર્ષ. 'જેનો આશાપાશ ગયો અમ્રખ' (અખો).

અલવણ, વિ૦ મીઠાં વનાનું; મોળું.

અલૂરાઈ, હુલ્લડાઈ. 'અલ્લૂરાઈ કરોછો સખી જોતાં અતિ ઘણી, તમારાથી એક વિદ્યી આજ હું અધિકી જાણી'.

અલ્પાવું, ક્રિ૦ અ૦ ઓછું-ક્ષીણ-ઝાંખું થવું. 'અર્ક મહા તેજે અલ્પાય, ઈશ્વરતા તાં ફીટી જાય' (અખો).

અવગત, અગતિ.

અવદાત, અ૦ નિશ્ચયે; નક્કી.

અવલ, [+] પેલી પ્રતની-ઘણું પાકે તેવી (જમીન)-એક સરખા કુમાસની ને ભૂરાથી માંડીને તે છેક કાળા સુધી-ના રંગની હોય છે.

અ્વાડું, હવાડું.

અ્વાડો, [સં૦ આહાવ] હવાડો શબ્દ જોઈ અર્થ સમજવો.

અવિગત-તિ, વિ૦ [સં૦] જે જડું રૂપલું નથી પણ છે, તેજોમય છે, અખણ્ડિત છે તે (બ્રહ્મ-જગદીશ્વર).

અવિધારવું, ક્રિ૦ સ૦ વિશેષ-અવશ્ય ધારવું; નક્કી માનવું. 'હું વચન સુણી અવિધારૂં, બાઈ મોટું ભાગ્ય તમારૂં.'

અવિરલ, વિ૦ [સં૦] ઘના નક્કર; વચમાં છિદ્ર-અવકાશ ન હોય તેવું. ૨ વચમાં બન્ધ પડે-અટકે, નહિ તેવું; સરળ વેતું. 'અવિરલ વાણી આપ' (શુકદેવ આખ્યાન). 'અવિરલ પ્રવાહ ચાલ્યો જાય' (અખો).

અ્વેડો, હવાડો.

અસતુળ, ન૦ ખેતરની ચારે બાજુની હદ.

અસમાતું, વિ૦ વાસણમાં સમાય નહિ તેવું. બાત અસમાતો થયો. ૨ એક ઠેકાણે ઠાવકપણે બેસી ન રે તેવું; સખણું નહિ તે (છોકરું). ૩ કેપે હળીમળીને ન ચાલે તે (માણસ).

અસારત, સ્ત્રી૦ ઈશારત.

અસારો, પુ૦ રેશમની વણેલી પાતળી દોરી. ૨ ઈશારો.

અહુનીસી, અહર્નિશ.

અહીકણ, અ૦ અહીંકને; આણીપાસ; અહીંયાં. 'અ-ણ્યું અહીકણ આવેછે રમવા સારંગપાણી જી' (ભાલણ).

અહુણા, અ૦ [અધુના] હમણાં.

અળવું, હળવું.

અળસાવું, ક્રિ૦ અ૦ આળસીલ્યું. ૨ બન્ધપડવું; અટકવું.

આં, અ૦ આ ઠેકાણે; અંઈ.

આંકણી, ૩ [૦] પદ-દેશીમાં જે ટેક-ધ્રૌરો તે; ઢાળના આરમ્ભની ટૂક. આંચણી-ણી.

આંકાદોડી, સ્ત્રી૦ એ નામનો વેલો અથવા એનું ફળ. ૨ આકડાનું ફળ; આકાદોડી.

આંખ, [+] સેલડીની પેરેના ગાંઠામાં જે પીલા હોય છે તે. ૨ આંખ જેવું જે કૃત્રિમ બનાવેલું તે.

આંગલું, ન૦ જભલું.

આંગુળ, તસુ.

આંઘણ, અધરણ.

આંબાગાળો, [+] આંબા ગળે તે-કેરીની મોસમ.

આકડસાસુ, સ્ત્રી૦ વહુની મોટી બેન; મોટી સાળી.

આકર્ષવું, ક્રિ૦ સ૦ આકર્ષણ કરવું; ખેંચવું.

આંકાશિયા, આગાસિયા.

આખડવું, [+] ૨ ઠોકર ખાવી. 'ઘાતાં કેસ પડ્યો આખડી'.

આખરમોસમ, સ્ત્રી૦ મોસમની આખરનો સમો.

આખેઅણી, અ૦ જરા પણ નુકસાન પામ્યા વગર; આબાદ. 'પુત્ર રહ્યો કેમ આખેઅણી'.

આગમણ, સ્ત્રી૦ ચૂલાની નજીકનો પ્રદેશ.

આગમાપાઈ, વિ૦ આવે ને જાય, ઉપજે ને નાશ પામે તેવું. 'તેવડે ચાલે આ સંસાર, આગમાપાઈ તે નિરધાર' (અખો).

આગાર, ન૦ [સં૦] ઘર.

આછટવું-ડવું, ક્રિ૦ સ૦ પછાડવું. 'ઝોટી લીધી જોગમાયા, શલ્યા સરસી આછટી' (ભાલણ).

આચ્છાદવું, આચ્છાદન કરવું.

આછું, [+] ઝીણું; છેક પાતળું.

આટ, પુ૦ રસોઈ કરવા સારૂ છાણાના કકડા કરી સિંચેલા જે ઢગ તે; આરો.

આઢોઢય, વિ૦ વ્યાપક. 'જેમ જાર છોડ સહિત પાનોઢય, તેમ એક બ્રહ્મ સઘળે આઢોઢય.'

આડ, [+] ૪ હઠ.

આડાં, ન૦ ગાડાંના સાલિયા સાથે લાકડાના લામ્બાં પોળાં જે બાંધવામાં આવેછે તે.

આડું, ન૦ [+] ૫ ભૂત-પિતૃ સમ્બન્ધી જે પીડા તે; મેલું. તેને આડાંનું છે એમ કેવાય છે.

આડો, પુ૰ ગૂડો; હડ 'હરજીએ માડ્યો આડો' (બા૰).
આણીઆણી, આ આ. 'આણી આણી આંખડીએ' (પ્રે૰).
આતા, (આત્મા જેવા વ્હાલા) દીકરાને માટે સમ્બોધન અર્થમાં વપરાયો છે (કવિતામાં). 'આતા ઉછરજો હો પી પી છાસડી.' આતો—વડો દીકરો. "પાંચ ભાઈ અમે પાંડવ જેવા, છઠ્ઠો માશી આતો." [તમાં હોવું.
આથડવું, [+] માથાઝીક—અફાળફૂટ કરવી પડે તેવી હાલ-
આથડિયું, ન૰ લથડિયું; અડબડિયું.
આથમવું, [+] પડતી દશામાં આવવું.
આથીપોથી, સ્ત્રી૰ મૂડી.
આદરવું, [+] આદર કરવો; માન આપવું.
આદે, આદિ.
આધ, ન૰ વાછરડાં પાડાં વગેરેને કોઈને પાળવા આપ્યા પછી મોટું થાય ત્યારે તેની કીમ્મત ઠરવી તેમાંથી અડધું લેવું તે. આધેઆપવું—આધ લેવી નક્કી કરી પાળવા
આન, સ્ત્રી૰ એબ. [આપવું (ઢોરને).
આનન્દવું, ક્રિ૰ અ૰ આનન્દ પામવો.
આનો, ૨ [૦] સખેળનો અર્થ રાખેછે.
આપણપું, ન૰ પોતાપણું. આપણહાર—આપનાર.
આપમત, ન૰ [આત્મમતિ] પોતાનું મત; પોતાની બુદ્ધિ.
આપસ્વારથી, વિ૰ પોતાનોજ અર્થ પાર પાડવા ઉપર લક્ષ રાખનાર.
આપીડ, પુ૰ માથાનો સણગાર; કલગી.
આફળવું. અફળાવું; અથડાવું.
આભડવું, અડકી અપવિત્ર કરવું; અભડાવવું.
આભલું, [+] ૨ આરસી; ચાટલું.
આભીઆ, આ ભાઈ; આ પુરુષ. 'હરિ ગોપીને દેખાડે રાસ, ઘટ ફૂટો તે આભીઆનું કામ.' (પ્રે૰ ૬૦) અભિઆ, 'અભિઆ છે આત્મનિવેદી રે.'
આમસરા, સ્ત્રી૰ મોલ્લા—ફળિયાંની વચમાંની સૌને હરવા ફરવાની જે છૂટી જગા તે.
આમે, વિ૰ જાડું.
આમ્બોળિયાં, આંબોળિયાં.
આંયદો, પુ૰ કોઈ પણ હક દાર પોતાના પેટાભાગીદારોને વરસે વરસે આપવાનો મુકરર કરી આપેલો જે હક તે.
આરસીછાપા, સ્ત્રીની આંગળીનાં ઘરેણાં.
આરાવારા, શ્રાવણ વદ ૧૨ પછીના—પૂર્વજના દિવસ.
આલ, સ્ત્રી૰ ટેવ; એવા. 'ખાવું પીવું એને નવી જોઈએ, રમવાની છે આલ.'
આલિયા, દુખણાની એક જાત.
આલીગાર—ળું, વિ૰ અટકચાળું; તોફાની. 'આલીગારો કનો હીંડે આળજો' (બાલણ).
આલુ, આલુબીલુ. ૨ આળું.

આલે, ન૰ આલય.
આલેખવું, આળેખવું.
આવટવું, [૦] ક્રિ૰ અ૰ અવટાવું; રોળાવું; ગુંચવાવું; ફાંફાં મારવાં. 'કહે અખો હું ઘણુંએ રટ્યો, હરિને કાજે મન આવટ્યો.' ક્રિ૰ સ૰ ફાયદો કાડવો; લાભ પામવો. ૨ નિવેડવું; નક્કી—પસન્દ કરી લેવું.
આવણ, સ્ત્રી૰ વસવાયાંમાંના કોઈને કામ કરવા બદલ જે વધાંણ બાંધી રાખ્યું હોય તે. ૨ અમુક અમુકને ખેડવા આપેલી જમીન.
આવસથ, ન૰ વિશ્રામસ્થાન. ૨ વ્રતભેદ.
આવાર, અ૰ આવેળા; આફેરીનો.
આવિર્ભાવ, [+] ૨ પ્રગટ દેખાવું તે. ૩ પ્રગટ હાવભાવ.
આવુંપીવું, લગ્ન થતાં પેલાં કાંટલો બાંધેછે તેમાં વરની તરફના સગાં ચાંલ્લાના રૂપીઆ આપે છે તે.
આશાફકવું, ક્રિ૰ અ૰ સન્દેહમાં પડવું.
આશ્રજ, આશ્ચર્ય.
આશ્રાન્ત, વિ૰ ધા૰ [સં૰] આશ્રય પામેલું એવું. ૨ નિરાંત રાખી રેયલું. 'તારી આશ કરી આશ્રાંત પો' (શુકદેવ આખ્યાનં).
આશ્વાસ, પુ૰ [સં૰] નિર્વૃત્તિ; શાન્તિ. ૨ ભય—દુઃખ પામેલાંનું ભય—દુઃખ નિવારવાને જે આશ્રય—બોધ આપવો તે; દિલાસો.
આશ્વાસન, ન૰ આશ્વાસ આપવો તે.
આશ્વાસવું, ક્રિ૰ સ૰ આશ્વાસ આપવો; આસનાવાસના કરવી. [રાત જો.
આસો, પુ૰ [આશ્વિન]—'આસો માસો સરદપુનેમની
આસ્ફોટણ, ન૰ થાબડવું; પોલે હાથે ઠોકવું. 'આસ્ફોટણ સ્કંધ કીધું ગોહરી'—(પ્રે૰ ૬૦).
આહેડી—રડી, સ્ત્રી૰ આહીર—ભીલ વગેરેની સ્ત્રી. 'માખી મધનો સંચય કરે, પણ આહેડી લુટી સાંચરે'.
આળ, [+] મિથ્યા ભાસ; ઓઠું; નિમિત્ત; વસ્તુત નહિ પણ માનીલિધેલું કારણ—બાનું—'અબળા અળગા ભાસે આળ'. ૨ અટકચાળું—'વળી વાનરના પુછ ગાઠે આળે રે'.
આળવાળ, પુ૰ ક્યારો.
આળસવું, ક્રિ૰ અ૰ બન્ધ રેવું; અટકીપડવું. તે ત્યાં જતો આળસ્યો. ૨ મટવું; ટળવું; જતું રેવું. 'આળપમ્પાળ જેને આળસ્યું, સમદૃષ્ટિ સમજ્યા તે સખું' [(અખો).
આળીજંવું, કસણું ઝીણું આવવું.
આળું, [+] ૩ ભિનાસવાળું; સૂકું નહિ પણ તાજું.
આળેખવું, ક્રિ૰ સ૰ આંકવું; ચિતરવા—ભરવા—લખવાનું ઓઠું કરવું; સારૂ ચિતરવું.

ઈંડું, [+] દેરાંનું શિખર.
ઈંદ્રાણી, ઈંદ્રાણી.
ઈનામી, [+] માફી-ઇનામમાં મળેલી (જમીન).
ઈસ્લાકો, પું૦ રાજદરબાર જરવો સુતરો પડે તેને માટે કરેલા રાજ્યનો વિભાગરૂપ જે પ્રદેશ તે. ૨ તાબો; [ધણી પણું.
ઈસમવાર, ડોમવાર.

ઉંઘવું, [+] ભમરડાનું ગુંજ્જ થવું.
ઉંચાઈ, સ્ત્રી૦ તળિયાંથી તે ટોચસુધીનું માપ.
ઉંબર, ઉમરો; ધુલર.
ઉંબરટ, ઊંબર-મર. 'ઉંબરટે બેસી લખુંશંકા કરે'.
ઉકળાવું, અકળાવું. (જૂના ગ્રન્થમાં).
ઉકાંટો, પું૦ આરત; ઉત્કણ્ઠા. 'ઉકાંટો અતીસેં ઘણો રે, ઉર અવલોકન આપ રે' (ભાલણ).
ઉખર, [૦] ખરાબો; ન ખેડાય તેવી જમીન-ખાડી કોતર ડુંગર વગેરે.
ઉખાંગવું, ક્રિ૦ અ૦ આરડવું; બરાડવું (ગોપાખ્યાન).
ઉગટ, ન૦-પું૦ માંજ્યા પછી પાછું અકીક વાળાકુંચી વગેરેથી ઘસી ચળકાટ લાવેલા તે. ૨ ગાડીનાં પૈડાં સરી ન જાય તેને સારૂ જે પથ્થર લાકડું વગેરેનું જે અટકણ આપેલું તે.
ઉગટણું, ન૦ ઉબટ કરવો તે. 'ભાવના ચન્દન ઉગટણું કીધું' (સુરેખાહરણ).
ઉગર, સ્ત્રી૦ ઓગાળ. 'આગે ગ્રાની કોટ વીતા તેહેના ગ્રંથ મોહોટા મરમ, તેહતણી ઉગર સાંભરી શોધ કરું હું રારમ' (શું૦ આ૦).
ઉગરવું, [+] ખેતરમાં થયલા પાકનું વૃદ્ધાઈ ઠેકાણે પડવું.- ઘણી મગ ઉગરીગયા. ૨ લાભખાતે બાકી રેવું. 'આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઉગરે એજ ઉદ્વેગ ધરવો' (નરસિંહ), 'તેહેને કેવળ એક અન્ને, ઉગરે શ્રમ વ્યર્થ' (ભા૦), 'વૈદને શું ઉગરે જે શરણ આવ્યું પાછું ફરે' (પ્રે૦).
ઉગવવું, ક્રિ૦ સ૦ સુકવવું. 'રક્તાંબર ઉગવીઆં યથા' (ભા૦). ૨ ઉગે તેમ કરવું.
ઉગારીનાખવું-મૂકવું, બોલાડવું-ડીનાખવું.
ઉઘટવું, ઉઘડવું.
ઉઘડ, ઉઘડ-ડું.
ઉચડવું, ઉચેડવું.
ઉચાળવું, ક્રિ૦ અ૦ ઉચાળો ભરી ચાલતાં થવું. 'ગોપ માત્ર અહીંથી ઉચળ્યો' (પ્રે૦).
ઉચાળવું, ક્રિ૦ સ૦ ધરવાખરા સહિત ખસેડવું-કાઢીમુકવું. 'જમુનાનું જળ નિર્વિષ કીધું એહેને ઉચાળી'.
ઉછાહ, ઉત્સાહ.
ઉછેદ, ઉચ્છેદ. [ઉખેડીનાખવું.
ઉછેદવું, ક્રિ૦ સ૦ ઉચ્છેદ કરવો; સત્તાનાશ કાઢવું; મૂળમાંથી
ઉછેદિયું, ન૦ જેનું નસન્તાન ગયું હોય તેનું જે ધનમાલ વગેરે હો. તેને તો ઉછેદિયું કહ્યું છે.
ઉજડવું, ક્રિ૦ અ૦ ઉજડવવું; ઉજાડવું-ઉજડ કરવું.
ઉજમાળ, ઉજમાળું.
ઉજાવું, ક્રિ૦ અ૦ દોડવું; ધાવું; ધસવું. 'પંથ ચલ્યા વેદ-વ્યાસજી, એલી ઉજાતા ભરીઆ શ્વાસજી.'
ઉઠવું, [+] પ્રવ્રમાન થવું; વરસવું. 'તૂટે ઉઠે મેહ.'
ઉડાણ, ઉડાન.
ઉતપત, ઉત્પન્ન. 'ઉમીયા અરૂપ ઉતપત હવા.'
ઉતપતવું, ક્રિ૦ અ૦ સધાવું; ચાલતું થવું. 'આજ્ઞા માગી ઉતપતા' (શું૦). [આવેશ.
ઉતરવું, [+] આખર થઈજવું; બગડીજવું; છેડો
ઉતાર, [+] પારો થાગ. ૨ (૪ થા અર્થના સમ્બન્ધમાં) પાજી-હલકા સ્વભાવનું માણસ-તેતો ગામનો ઉતાર છે.
ઉતારવું, [+] હેઠે લાવવું (ભાંય નાખવાને). ૨ આ-પારથી પેલે પાર લેઈ જવું.
ઉથડવું, [+] ૨ ઉલટે-આડે માર્ગે જવું.
ઉથમુજીરું, ન૦ એક ઓષધિ.
ઉદેવું, ઉદય થવો; ઉગવું (કવિતામાં). [તન્ત્ર.
ઉદ્દામ, વિ૦ [ઉદ્દામ] અતિ ઉગ્ર. ૨ પ્રતિબન્ધ રહિત; સ્વ-
ઉદુમ્બર, ન૦ [સં૦] ઉમરો.
ઉદેલું, વિ૦ ધા૦ ઉદય પામેલું; ખિલેલું. 'જેમ અર્કે ઉદેલું કમળ શમે' (અખો). [ઉદોત.
ઉદોત, વિ૦ [ઉદ્યોત] ચળકતું; ઝળકતું. 'આભરણ અતી
ઉધડકવું, ક્રિ૦ અ૦ એકાએક ચોંકવું. 'ઉધડકી ઉઠિયો વેગે વૈકુંઠપતી, ગરુડ ક્યાં ગરુડ ક્યાં વદત વાણી.'
ઉધડજમાબન્દી, સ્ત્રી૦ વિઘોટી ન ઠેરવતાં એકદમ ઉધડ મુકરર કરેલા આંકડો સરકાર ગામ ઉપર લે તે.
ઉધામા, પું૦ મુવેલું સાંભરી આવવું તે; તેના ભણકારા પડવા તે. ૨ માઠા તરંગ.
ઉધારણ, સ્થિતિ.
ઉદ્યો, પું૦ ઉધિયો પેરિયો. [મળ).
ઉનમ, સ્ત્રી૦ ન્યૂનતા; ખોછ 'ઉનમ કાંઈ રાખી નથી' (સા-
ઉનમહા, સ્ત્રી૦ ઉત્કણ્ઠા; હોંસ. 'અન્તરમાં અધિકી ઉ-
ઉનમન, ન૦ ઉનરવ. [નમહા.
ઉન્માર્ગ, પું૦ ઉલટો-આડો માર્ગ.
ઉપકણ્ઠ, વિ૦ [સં૦] પાસેનું; નિકટ.
ઉપજણ, સ્ત્રી૦ ઉપજ-ઉત્પન્ન કરવાની શક્તિ 'બહુ સામર્થ્યમાં ઉપજણ ઘણી' (અખો).
ઉપટવું, ક્રિ૦ અ૦ રંગનો પટ જતો રેવો. ઉપટીજવું પણ કેવાય છે.
ઉપણિયાં, ઉપણવાના ટોપલા.

ઉપખાન, ઉપખાનુ.
ઉપળવું, ઉપળવું.
ઉપર, ન૦ ઉપરાણું; પક્ષ. 'માહારે ઉપર કોણ કરે, એહેને વેરા સરવે સાથ' (ભા૦).
ઉપરી, અ૦ ઉપર; ઉપેર.
ઉપલાણ, ન૦ ઉપલો ભાગ (ગામની જમીનનો).
ઉપલેક-ખલેક, ઉપલક.
ઉપહાર, પુ૦ [સં૦] અર્પણ કરવું તે; ભેટ મૂકવી તે. ૨ અર્પણ-ભેટની સામગ્રી.
ઉપાવવું, ઉપજાવવું. "સાસુ નણદર પૂછે ઘને ઉત્તર ઉપાંજે," "મન ભાવે મોહન વેરા સમારે લાકતીગ સુખ ઉપાઉ."
ઉપાસવું, ઉપાસના કરવી.
ઉફરાટું, [+] પાસા પડનું ઉભું કરેલું-ખાટલો ઉફરાટો કર.
ઉફરૂં, વિ૦ ઉપરાન્ત; ઉપરનું; એઠું; માથે. 'ભક્તિ અખળાની થઈ સર્વ ઉફરી' (પ્રે૦), 'આત્મસ્મરણ ઉફરો, બીજો નથી ઉપાયજી' (ભા૦), 'તે માટે તત્વદર્શી ખરો, અખા જેહ સર્વે ઉફરો.'
ઉબાડક, ન૦ ઉમાડિયાં.
ઉભરણી, સ્ત્રી૦ ઘરના દરેક ચોકની જે ઊંચાઈ તે.
ઉમડ ધુમડ. અ૦ ઘૂમટ જેવું વળી છુવાઈ રહેલું.
ઉરણીઉં, વિ૦ ઓશિકળ; ઋણમુક્ત. 'એહેને શું ફળ આપી થાશો, ઉરણીઆ અશ્વમેવ' (રત્નેશ્વર).
ઉલસવું, [+] વધવું. ૨ સ્ફુરવું; પ્રગટ થવું.
ઉલ્લસવું, ઉલ્લાસ પામવો; હરખાવું.
ઉલ્લેખવું, ક્રિ૦ સ૦ વર્ણન કરી ઓળખાવવું; પ્રશંસા કરવી. ક્રિ૦ અ૦ ઓળખવું.
ઉવાટ, સ્ત્રી૦ આડો-અવળો માર્ગ.
ઉવેખ, પુ૦ અનાદર; નિન્દવું તે. 'પાંચેને ઉપનાનો ભેખ, વેદાને કરવો તેજ ઉવેખ'.(અખો).
ઉવેખવું, [+] ૩ અનાદર કરવો; તરછોડવું. 'કાલાવાલા કોડ કરાવે, ઉવેખી કેમ જાય' (શુ૦ આ૦). 'વચન ઉવેખ્યું તાતનું, ધિક પડો શરીર.' ૪ આગળ ધરવું; સુવાસ પ્રસારવો. 'કસ્તુરી કેસર છંટાણાં, અગર ધૂપ ઉવેખાણાં' (શુ૦ આ૦). અગર ધૂપ ઉવેખવાં.
ઉસરવું, [+] ઓછું થવું; ટળવું; ઉપડી જવું. 'માહારે ઘેરથી ઉસરેયો ત્યાં વિવાહ મંડાશે.'
ઉસરી ખેડુ, ઉપરવાડિયો.
ઉસારવું, ક્રિ૦ સ૦ ઉપાડવું-પથારી ઉસારવી. ૨ ઘસીને ઉપાડી લેવું-ચન્દન ઉસારવું.
ઊઠ-ઊઠું, એ શબ્દને બદલે ઊઠ, ઊઠું વાંચવા.
ઊસ, પુ૦ એક જાતનો ખાર લુગડાં ધોવાના કામમાં આવે છે તે.

~~~~~~~~~~

ઐકાકી, વિ૦ એકલું.
ઐનવસુલ, ન૦ નકી જે વસુલ તે.
ઐશએશ, પું૦ રૂપાં સુનાની ભાંગેલી ગરેલી જે જનસ તે.
ઑથો, પુ૦ અખાડો; હવાડો.
ઑલી, સ્ત્રી૦ વરસાદની હેલી.
ઑલીવાર, અ૦ એણ. જે આ વખત.
ઑલેન-નું, વિ૦ દુનિયાદારીથી અણવાકેફ; નાદાન.
ઑસો, પુ૦ આચકો; ધક્કો.
ઑવા, પુ૦ ટેવ; આદત; અભ્યાસ.
ઑળવણી, સ્ત્રી૦ નવી ચરવા જતી ગાય ભેંસને એળવવા સારૂ ગોવાળને જે આપવું તે.
ઑળવવું, ક્રિ૦ સ૦ એકમેકને ખને-માં ગોઠે તેમ કરવું.
ઑળવું, ક્રિ૦ અ૦ એળવાયલું થવું; હળવું.
ઑળે, [+] ૨ સહજ; સ્વલ્પમાં. 'એવું અદભૂત એળે જડગું' (અખો).

~~~~~~~~~~

ઓખાંગવું, ખરાડવું (ગોધાએ).
ઓઘલો, [+] ૨ ઓંથો.
ઓચરવું, [+] બોલવું; વદવું; કહેવું.
ઓછાયો, પુ૦ ઓળો; પડછાયો.
ઓઝો, પુ૦ કુંભાર. ૨ હજામ.
ઓટ, [+] ૨ ઓાય-યું-યો.
ઓટલો, [+] ઓટલો વાળવો એટલે ઘણુંજ નુકસાન કરવું; હદથી જ્યાદે કરવું; આડાઆંક વાળવો.
ઓડિયો, પુ૦ ભિત કરાના ઘર દઈ તે તૈયાર કરી આપનારાની જાતમાંનો એક-એ લોક ઓડ કહેવાય છે.
ઓડો, પુ૦ કાદવના ગોળા -(ભિત કરવાના). ૨ લુટવા સારૂ ચોર લોક અગાઉથી રસ્તો રોકી બેસે તે.
ઓડો, પુ૦ પાણીનો માળો.
ઓતરંગ, પુ૦ સોભાગવટાં ઉપર જે બીજું આડું લાકડું હોય છે તે; બારશાખની ઉપરનું તે.
ઓપદાર, વિ૦ ઓપવાળું.
ઓબાળ, ન૦ બળતણ.
ઓરઅણી, બરૂગિયો.
ઓરતો, [૦] દાંતે રકમ ચોપડવો તે. ઓરતો ઢાળવો કહેવાય છે. ૨ લાવો; ઓરિયો.
ઓરૂં, અ૦ પાસે; અહિયાં.
ઓલાણ, ન૦ ઢોર ખેંચી ચાલનારા બળદોને ઉતરવાનો ઢળનો ખાડો.
ઓલાવું, ક્રિ૦ અ૦ હોલાવું.
ઓવરણ, સ્ત્રી૦ વળગણી.
ઓશકાવું, ક્રિ૦ અ૦ શરમાવું; સરકોચવું.
ઓશિકળ, વિ૦ પાછું પાડ વાળતું થયું હોય તેવી સ્થિતિમાં આવેલું. 'શરીર આપીને થાઉં ઓશિકળ' (ચન્દ્રહાસ્ય

આખ્યાન). 'તાંલગી થઈ રહે ઓકઠાં બાંલગી ઓાંસરકા પ્રાયરે' (શુ૦ આ૦).

ઓસરવું, [+] ૩ સકૂકોચાવું; શરમાવું; આઘાં ખસવું. 'અપજુરાથી કાં ઓાસરો' (શુ૦ આ૦).

ઓસાણુ, ન૦ હોંસ; રામ. 'ફેરે લઘુલાઘવી પુસ્તપુરાણ, જોઈ પંચ મલ્લનાં ગયાં ઓાસાણુ' (પ્રે૦).

ઓળ, સ્ત્રી૦ ઓાલ (૪થા અર્થમાં).

ઓળગ, [+] ૨ માનતાના ઠેરવેલા દહાડાથી નિત્ય નિયમસર દેવ-દેવીની પૂજા કરી પગે લાગવું તે. ઓળગપાળગ કેવાયછે.

ઓળબાવું, ક્રિ૦ અ૦ કોઈયે છુપાવેલું હોય તેવી હાલતમાં હોવું (વસ્તુએ).

ઓળિયા, પુ૦ એક જાતનું કઠોળ-વાલ.

કકલવું, [+] ૩ મળસકે કાગડાએ બોલવું.

કક્ષાપટ, સ્ત્રી૦ કાખ બોલાવવી તે; કાખલી કુટવી તે.

કગ, કંઈ; કંઈપણ. 'કરતા હોય તે કીજીએ; અવર ન કીજે કગ, મુંડી રઈ સેવાળમાં, ઊચા રઈ ગયા પગ' કેવત.

કચ, પુ૦ [સં૦] કેશ; વાળ. 'પાછુળ કચલટ લટકતીર' (ભા૦).

કછવું, ક્રિ૦ સ૦ કાછ બિડવો-વાળવો.

કજલ, સ્ત્રી૦ સોકટાની એક રમત.

કજિયારજિયા, કજિયા કકકાસ.

કચ્યોળું, [+] પડધી વાળો વાડકો; પ્યાલું.

કઠવો, પુ૦ તેલનું વાસણ.

કણ્ઠાળ, [+] ૩ પોઠા ઉપર ભાર ભરવાની ગૂણ.

કનઝાડ, સ્ત્રી૦ ગાંડાની પેઠે બાઝી પડવું તે.

કનારણુ-રાણુ, સ્ત્રી૦ ઉરડી જુગતી.

કદાસણ, સ્ત્રી૦ કકકાસિયણ સ્ત્રી.

કનતાવું, ક્રિ૦ સ૦ સૂકું-પાતળું થઈ જવું.

કન્થારાં, ન૦ કન્થારના ફળ.

કન્દોરો, પુ૦ ઘરની આસપાસ ઈંટની કિનાર.

કપોટી, સ્ત્રી૦ રોટલા-રોટલીની પોપડી.

કપાટું, ન૦ ભાખરા-મુઠિયાંને ખાંડી ચાળતાં જે કાંકરા-ઓગણાં રે તે. ૨ ચાંદું-ગુમડું સુકઈગયા પછી જે [છોડું ઉખડવું તે.

કબાડ, પુ૦ ઘાસની ગઝી.

કબાડિયું, વિ૦ જાડું ને જોર વાળું.

કબાડી, પુ૦ લાકડાં કાપનારો; કઠિયારો. [(પ્રે૦).

કભાય, [+] 'મોટી કભાય કરો બેસતી, ઘટે તાંહાં દો દોરો'

કમાલ, [+] ૩ પિછોડીનો પૂરેપૂરો જે દર સરકાર લે તે.

કમોદિયો, પુ૦ એક જાતનું લાકડું-પાતળી સાગઠી થાય છે. ૨ એક જાતનો કન્દ-ખાધામાં આવે છે.

કરણ્ડિકા, સ્ત્રી૦ ફૂલની અન્દરનો ભાગ જેમાં બી થા છે તે.

કરણ્ડ, પુ૦ પક્ષી વિશેષ.

કરબડી, સ્ત્રી૦ ખબુતર વગેરે પક્ષીઓને રાખવા સારૂ લાકડાંનું જે બારીએ બાંધીરાખવામાં આવેછે તે. ૨ કળપી; રાંપી.

કરલ, સ્ત્રી૦ બિકણું કઠણ મટોડું. (ખડગના ભાગ વાળું).

કરવઈવર્ષ, જે વર્ષમાં આઠ આનીથી ઓછો પાક થયો હોય તે. [કુથકું.

કલેડી, સ્ત્રી૦ વેતર ન થયું હોય તેવી ગાય ભેંસ. ૨ નાનું

કલીમલ, ન૦ [ક્લિષ્ટિમરા] અપરાધ. ૨ રોગ. ૩ પાપ. 'જે તાપ કલીમલ કાપ' (શુ૦).

કલૈધડો, પુ૦ કલૈના ઘાટ ઘડનારો. [(નળાખ્યાન).

કવરધું, વિ૦ કડવું; કઠોર. 'કાણે વચન કહ્યું રે કવરધું'

કવિતારૂપ, વિ૦ કવિતામાં હોય છે તેવી ચમત્કૃતિવાળું.

કષાય, [+] કાટ; મેલ; કાળક. ૨ દોષ. 'અખા કૃત્યનો ચડશે કષાય'.

કસડો, પુ૦ કેડનો કન્દોરો-રૂપાં સુનાનો.

કસવાળો, પુ૦ લાકડાંની લાંબી મેખ જે હળપુરણી તથા થવડાં ને તુંગાની નીચે ઠોકી બેસાડવામાં આવેછે તે.

કળતાણું, ન૦ સારપાક થયેથી ખેડુને જે રેહેમ મળેછે તે.

કળાણ, ન૦ જાણવું તે. [કળા કરેછે.

કળા, [+] પક્ષી પોતાનાં પીછાં ઉભાં કરીને રાખે તે-મોર

કાંગરો, [+] ૩ કોટની કોરણ ઉપર ગોળ ચપટું ને ઉપરથી કંઈક અણી એવું જે ચણતર તે.

કાંટો, [+] જીભે કાંટા પડવા એટલે ગરમીના કારણથી જીભ લખી-સૂકી પડવી.

કાંઠડો,. કાંઠો.

કાંઠલો, [+] કન્યાને પોતું એક ઘરેણું પરણતાં પેલાં કરવું-ઘડાવવું તે; આદરણી. ૨ હાંસડી.

કાંઠિયો, પુ૦ જાજરૂ; સણ્ડાસ.

કાંનોડિયું, ન૦ જે વર્ષમાં વરસાદ મોડો (શ્રાવણ૰વદ ભાદરવામાં) થાય તે. [ધે તે.

કાંબો, [+] કોશના મોડાંપર લાકડાં-લોડાંનું જડેલું હોય

કાછો, [+] વાડો-ખળી કરવાસારૂ.

કાડનાર, વિ૦ કાડી મુકનાર. ૨ પ્રગટ કરનાર; બાર લાવનાર.

કાતરો, [+] ૨ ગુમખો.

કાતળી, [+] ચીરી. ૨ ગોળાંના પાળીથી કરેલા એક પાતળા ગોળ કકડા.

કામઠી, [+] ખપાટિયું.

કામુકા, સ્ત્રી૦ [સં૦] સ્ત્રી; બૈરી.

કારડો, [+] ૨ કરવડો 'કરમાં આપ્યો કારડો.'

કાલભાનો, પુ૦ [સં૦] કાળના જેવી કાન્તિ વાળો તે; [ડરામણો પુરુષ.

કાલીશ, કોટનું એક ઘરેણું.

કાલેરો, પુ૦ રાગ વિશેષ.

કાવડિયું ન૦ દોડિયું; સવાકો.

કાવેતર, ન૦ કાવતરું.

[illegible] સ્ત્રી૦ [illegible]. 'કાવામાં [illegible] પડ્યું.'

[illegible], સ્ત્રી૦ જેમાં જુવાર, કપાસ, [illegible], ડાંગેર, દિવેલા, રાતાતલ, મગ, તુવેર વગેરે થાય છે તે.

કણું, ન૦ કણું.

કણુંધણું, આંધળુંધુંધળું.

કિડિયાઈ, [+] પીડાં ઓળવવાનો માટીનો એક વાટ.

કીસું, વિ૦ કોના જેવું કેવું. 'જસું તસું તેમ કીસું (જૂની કવિતામાં).

કુંકણી, વિ૦ કોંકણમાં થતું; કોંકણ સમ્બન્ધી. કુંકણી કેળાં.

કુંડું, [+] ૫ કુણ્ડાળું–"બેઠા હરને કુંડે મળી રે"–(ભા૦).

કુંપળી, કુંપળ.

કુંવળ, ન૦ ઘઉંનું ઘાસ.

કુકડભાગે, નામ હિસ્સો; સરખા બે ભાગ હોય તેવી રીતે.

કુચ્છિત, કુત્સિત.

કુટાવું, ક્રિ૦ અ૦ પીટાવું. ૨ ખખડાવું. ૩ અથડાવું.

કુણ્ડલી, [+] હ્રસ્વ ઇ-અતણું.

કુન્તાર, પુ૦ હાથી હાંકનારો; માવત (જૂનાં પુસ્તકમાં).

કુતકો, કુતકરો.

કુરકુટ, પુ૦ [કુક્કુટ] કુકડો.

કુરણ્ડક, ન૦ [કુરવક] વૃક્ષ વિશેષ. 'કિંશુક કરણ્ડક પુષ્પિયાં, વટ કેહેરે શ્રીહરીજીની બાળા' (ભા૦). 'કુરણ્ડક પાંખી કામ કામેરા'–કુબ્જા (પ્રે૦).

કુરરી, સ્ત્રી૦ એક જાતનું પક્ષી. 'ગરુડ આગળ યથા કુરરી.'

કુલહાર, ઓની કોટનું ઘરેણું.

કુવેતી, પુ૦ કોસ હાંકનારો.

કુશળ, [+] ૨ નિપુણ; પ્રવીણ.

કૂડ, [+] જોરા; જોમા ઘર., 'આળીનાગ કૃષ્ણ કૂડે ચડ્યા' (પ્રે૦). [કેકાણ' (પ્રે૦).

કેકાણ, સ્ત્રી૦ ઓખાટ; બૂમાબૂમ. 'હો હો શબ્દ થાય

કેતી, સ્ત્રી૦ પોકમાં નિત્ય સખલા રૂપ કેવાયું તે. કાળ ગયો ને કેતી રહી ગઈ.

કેવટી, સ્ત્રી૦ એકથી વધારે જાતની દાળની મેળવણી.

કેવડેલ, ન૦ કેવડાની સુગન્ધી વાળું તેલ. 'કેવડેલ ઘાલીને ગુંથું વાળ તે થાયે મીઠી' (શી૦).

કેટિયું, [+] બળદની કોટનો એક સાજ.

કોઢું, ન૦ ઓરિયું; ઓડોસી ઘાલવાનું-બાળિયું. ૨ હિસાબની કુચી; કોબડો. ૩ ગુંચવણ વાળું કામ પાર પાડવાને બે ત્રણ જણે મળી ને જુગતી પેચ ઘરબડ સરબડ કરી ને પૂત ઉભું કરવું તે.

કોઠો, [+] જઠર; પેટમાં જ્યાં અન્ન પાચન થાય છે તે.

કોઢારું, ન૦ ઢોર બાંધવાની જગા; કોઢ.

કોતર, વાવ.

કોપળીસાંથ, સ્ત્રી૦ સરકારે રૈયત પાસેથી તેનાં માલકીપણાની સિવેલી જમીનનું જે વસ્સે જે રોકડ નાણું આપવાનું તે.

કોદાળો, પુ૦ મોટી કોદાળી.

કોરણ, [+] પણો; ધૂળ.

કોલ, સ્ત્રી૦ છેડો.

કોશ-સ, સ્ત્રી૦ હળની અન્દર આવતું પાડું જે ચુરમાની નીચે ચવડાંની સાથે ઘાલવામાં આવે છે તે.

કોસિયા, સ્ત્રી૦ વેશ્યા.

કોસિયો, પુ૦ કોસ-હાંકનારો–ફેરવનારો.

કોસીસા, ન૦ કોટ ઉપર નાનાં નાનાં જે શિખર તે; કાંગરા. 'કનકમે કોસીસડાં, સ્ફાટિકમણિના સ્તમ્ભ.'

કોળો, પુ૦ કલેશ; જૂડો.

ક્યારી, [+] ૨ ડાંગેર સેરડી વગેરેનો પાક થાય તેવી જમીન–જેને પાણી પાવું પડે તે.

ખગ, ન૦, આકાશમાં ઉડનારાં પક્ષી.

ખટપદ, પુ૦ ભમરો.

ખટાશિયો, પુ૦ ફરખીખોર તે.

ખપ, સ્ત્રી૦ ઓપ; ખાંતિ૦ 'ખપ કરી ઓળખો'.

ખપુવો, પુ૦ એક રાજા. ખપુવા ખજાર કેવાય છે.

ખલબત, સ્ત્રી૦ [ફા૦] છૂપી મસલહત; ખાનગી.

ખલુ, અ૦ [સં૦] નિશ્ચયે; નક્કી.

ખળકવું, ક્રિ૦ અ૦ પોકું અફળાવાથી શબ્દ થાય તે બતાવે છે. 'હાથે કાંકણ ને ચૂડી ખળકે રે'.

ખાતરણી, સ્ત્રી૦ હજાર છાણાંની ગંજી.

ખાતેદાર, પુ૦ જમાબન્દીમાં જેનું ખાતું હોય તે એડુ.

ખામું, ન૦ ખામણું. ૨ ઢળતી જગા.

ખારવાન, ખારવું.

ખારાજ, વિ૦ દરિયાનાં પાણી આવવાથી ખેડાણ ન થાય તેવી ખારવાળી (જમીન)–ખારાજ કરવું–રદ કરવું ઉપયોગમાં ન લેવું.

ખાડું, [+] ૨ અરેખું; ઝેરીલું.

ખાલું, વિ૦ ભરેલું નહિ તે; ઠાલું.

ખાસ. [+] ૩ મજેનું; સારૂં.

ખિટલિયાળું, [+] વાંકડિયું–ખિટલિયાંળા કેશ.

ખિરાજ-ખીસ, સ્ત્રી૦ કાકડી.

ખીસી, સ્ત્રી૦ બાજરી–જુવાર–ચોખા વગેરેનો બાફેલ સાટ; ખીચી.

ખુટિયું–યો, બળતાં લાકડાંનો નાનો કકડો.

ખેકું, [+] એક રાગ; ખાંડું.

ખેતર, [+] ૧ સપાટ જમીનનો એકાદો કકડો.

ખેતરવું, ન૦ એકેકા ખેતર જેટલું જે અન્તર તે. તે જગા બે ખેતરવાં દૂર છે.

ખેતર[illegible], ક્રિ૦ સ૦ છેતરવું.

ખેવ, જુઓ તતખેવ.
ખોંખારો, પુ૰ ખોંખારવાથી જે અવાજ થાય તે.
ખોડ, ન૰ લાકડું.
ખોદવું, [+] નિન્દવું. ૨ કોઈનું ભૂંડું કરવું.
ખોધું, વિ૰ મૂર્ખ માણસ.

ગ

ગછી, સ્ત્રી૰ ઈંટ.
ગજવું, ગાંજવું.
ગઞ્જાર, વિ૰ મોટું; વિશાળ. [તાવે છે.
ગટક-ટાક, અ૰ ગળામાં ઉતરતાં જે અવાજ થાય તે બ૰
ગડગડી, સ્ત્રી૰ કપ્પી.
ગણિઅલ (ગણિયું), ગુણ વાળું; ગુણી.
ગણેશિયાં, ન૰ ગણપતીનાં ગીત. [થવું.
ગણોવું, ક્રિ૰ અ૰ સાથે ગુંથાઈ રેવું. ૨ કુણ-મજબૂત
ગદ, ન૰ ગુપ્ત-મર્મની વાત; છાનું કેવાનું તે.
ગદાઈ, વિ૰ ગોલા ઘાંચી મોચી હજામ દુબળા વગેરે જે
ગમા, અ૰ તરફ. ચોગમા-ચારે તરફ. [લોક તે.
ગમાણ, ગભાણ.
ગરડું, ઘરડું.
ગરળ, પુ૰ વિષ; ઝેર. ૨ સર્પનું વિષ; મલ.
ગરાણાં, ન૰ રાવ; ફરિયાદ. 'તમો શાઠી ગરાણાં લાવવી.'
ગરીબડું, ગરીબ; રાંક.
ગર્ભવન્તી, ગર્ભવતી.
ગર્ભવાસી, વિ૰ ગર્ભમાં અથવા ગર્ભરૂપે ઉદરમાં વાસ કરનાર.
ગલગલિયાં, ન૰ ગિલિગિલી; ગિલિપચી.
ગલુડિયું, કુરકુરિયું.
ગલેફું, ન૰ ગળાની કોથળી.
ગાંઠિયો, પુ૰ લુચ્ચો તે.
ગાજ, સ્ત્રી૰ ગાજવું તે; ગર્જના. 'ગાજણ-ગાજતો. 'ગાજણ મેહ વરસે નહીં.'
ગાઢું, વિ૰ ગરીબ; છેતરાવાથી દીન થયલું. 'જે તો રાજા થઈને બેઠો, હું રહી ગાઢી' (ભા૰). 'માહારે હાથેથી શું ના નાઠો હવા ગારવો થઈ શું ગાઢો' (પ્રે૰).
ગાતડી, [+] વસ્ત્ર એવી રીતે ઓઢવું કે તેના બે છેડા પાછળ રે ને પછી એ બે છેડાને ઘેઈ છાતીપર ગાંઠ વાળવી. 'મુગટ બન્યા કાછ કછી આ પીતાંબરની ગાતડી' (પ્રે૰).
ગારવો, પુ૰ ગર્વ. 'સામળ કેહે શરપ કરે ગન્દી દેહનો ગારવો'.
ગાળો, [+] સાફ કાંતેલાં રેશમની આંટી. 'કામી નરને બાંધવા હીરતણા ઘમ ગાળા' (ભા૰).
ગીગો, પુ૰ છોકરો; કાકો. ગીગી-છોકરી-કીકી.
ગુજલડી, સ્ત્રી૰ ગુજરીની પેરનારી-'જીવતી રે ગુજલડી રે'. ૨ ગુજ્જર વાણિયેણ. ૩ ગુજરાતેણ.

ગુણધર, ગન્ધર્વ. [તે (કપ્યું).
ગુણ્ડળ, ગમે તેમ આડા અવળા આંટા ઘેઈ ગોળ વિંટાળેલું
ગુરજ, પુ૰ રાજ્યચિહ્ન.
ગુરુગમ, પુ૰ ગુરુનો સહગ-સહવાસ.
ગુલ્સર, ન૰ ઝુમખું અથવા તેનું ફુલ [illegible] આવળ ખવાય ફુલે [illegible] આકારમાં આવેછે.
ગેડાં, ન૰ તાડકાં.
ગેબી, [+] અકસ્માત્.
ગેરૂ, ગેરવો. એ રોગથી ઘઉં ઉપર આછો તપખીર જાંઠી હોયની તેવું જણાયછે.
ગેવર, ગહ્વર.
ગેહ, ન૰ [સં૰] ઘર; ગૃહ. [માનેલી તે.
ગોકળઆઠમ, સ્ત્રી૰ શ્રાવણ વદ ૮ વલ્લભી વૈષ્ણવોએ
ગોટાવું, ક્રિ૰ અ૰ ધુમાડા ભરાવા.
ગોઠાઈ, સ્ત્રી૰ અનાદર; નગુરાઈ; ધીઠાઈ. 'બાળક પ્રભુ રઘુનાથ ન કીજે મળતાસું ગોઠાઈ'.
ગોધિણો, પુ૰ ડેલાંને છેડે ઘાલેલો ખીલો તે-જેની સાથે ધુસરી નાડવામાં આવેછે.
ગોદરું, ગોબરું.
ગોધણ, ન૰ ગાયનું ગોવાળું.
ગોપ-પ્ય, વિ૰ ગુપ્ત.
ગોપવું, ક્રિ૰ સ૰ ગુપ્ત કરવું; છુપાવવું. 'પાવક ભસ્મ ઢાંકિયો, તેમ ગોપવીયું તેજજી' (ભા૰).
ગોફણો, પુ૰ ગુડગાની ઉપર જડેલો લાકડાંનો એક અવયવ; ગોથણો.
ગોમાયુ, પુ૰ [સં૰] શિયાળ; કોલું. 'સિંહકેરા ભક્ષમાં ગોમાયુનો નવિ લાગ' (ભા૰).
ગોરટું, વિ૰ ગોરું.
ગોરડી, સ્ત્રી૰ ગોરી સ્ત્રી.
ગોરાણી, સ્ત્રી૰ ગોરણી. ૨ ગોવાળણી.
ગોરાટ, વિ૰ પાણીથી માંડીને તે જુરી લગીની કંઈએક રેતીવાળી (જમીન)-એમાં પથ્થર બિલકુલ નહિ, એ પાણી ચૂસી લેછે, ઉનાળામાં ચિરાડા પડતા નથી, ચો૰ માસામાં ઘણી કાદવવાળી થતી નથી. એમાં બાજરી કોદરા બાવટો જુવાર કપાસ ડાંગેર મઠ તુવેર તલ વગેરે થાય છે.
ગોરાડુ, પુ૰ એક જાતનો કન્દ.
ગોલી, સ્ત્રી૰ ગોલાની સ્ત્રી. ૨ દાસી. ૩ કજિયાખોર સ્ત્રી.
ગોળવા-ભા, પુ૰ ગોફણ ગમેલે ફેંકવાના નળટાંક-પાસેરના ગોળ ગોળ હોય છે તે. [પુતળી' (ભા૰).
ગોડિયો, પુ૰ ગાકડી. 'આંખ્યાને વરા વરતે કાજની પ્રેમ
ગ્રસવું-ગ્રાસવું, ક્રિ૰ અ૰ ભક્ષ કરી જવું.
ગ્રેવું (ગ્રેહેવું), ક્રિ૰ સ૰ લેવું; ગ્રહણ કરવું.

ધણિયું, ન૦ કોટનું એક ઘરેણું.
ધમસાણ, [+] તોફાન.
ધરણી, સ્ત્રી૦ ગૃહિણી.
ધાંધ, અરિ૦ ખાખ(જૂની કવિતામાં).
ધાંસિયો, પુ૦ વાસફોડો.
ધાટ, [+] ઘાટ ઘાલવું-ડોળાડો પાડવું.
ધાણ, [+] કુંભારનો મોટો હીંડો.
ધાતવું, ક્રિ૦ સ૦ ઘાલવું (જૂનાં પુસ્તકોમાં).
ધુંધુવાવું, ક્રિ૦ અ૦ જોરથી ફૂંકી વળાવું. 'વિરહ વેણ ધુંધુવાવી'.
ધેસુ, સ્ત્રી૦ રજ; ધુળ. 'ધેસુ ભરયા ઘનશ્યામજી' (પ્રે૦).
ધોલ્સો, [+] ખાંસી કરેલા વાછરડો.
ધોખ, [+] પાડાને બાંધવાનું ઠેકાણું; તબેલો-'ઘણી પાડાની ધોખ.'
ધોળ, [+] વાદવિવાદ. ૨ અબીર.
ધોળવું, ન૦ ભાંગેલું રૂ.

ચકલું, [+] કુંકુંડિયું; સેરી; ચકલો.
ચક્રી, પુ૦ વિષ્ણુ. ૨ ચક્રવાક. ૩ કુંભાર.
ચખાર, પુ૦ ચાડિયો; ચુગલીખોર.-ચોરૂં ચખ્ખાર કેવાય છે.
ચચકો, ચિચુડો.
ચટક, [+] ખંત.
ચટાપટા, પુ૦ રંગના આડા અવળા લીસોટા.
ચડસાચડસી, સ્ત્રી૦ સરસાસરસી; દેખાદેખી.
ચદ્દી, ચકલી.
ચઢાવો, [+] ગાડીનો એક અવયવ. ૨ વૃદ્ધિ; ચઢતી; [ઉત્કર્ષ.
ચન્તુની, સ્ત્રી૦ સ્ત્રી-ચિત્રિણી.
ચન્દરવો, ચન્દરવો.
ચમરખું, ન૦ રેંટિયાની તરાક-ત્રાક જેમાં ભેરવવામાં [આવેછે તે.
ચમ્મુ, [+] માટીનો કૂજ.
ચરક, સ્ત્રી૦ પક્ષીની અઘાર.
ચરણાં, ચણિયા.
ચલણી, [+] ૨ છેક વરસો નહિ પણ ચાલે-ખપમાં જાય તેવો-વટાવનો (રૂપિયો).
ચાંદણી, ચાંદની. [ચાંપ પાલવી.
ચાંપ, [+] ઝાડની ડાળને વાંકી વાળી ભોંયમાં દાટેલી તે.
ચાંપણિયું, ન૦ રાંપના હાથિયાની ઉપરનો ગજ દોઢ ગજનો લાકડાનો જે હાથો તે. [ચવાવું.
ચાક, [+] ચાક-કે ચૂડલું એકઠા થાકમા વાત ચાલવી;
ચામડિયો, પુ૦ ચામડાં સાફ કરવાનો તથા વેચવાનો ધન્ધો કરનારો. [અર્થમાં વપરાય છે.
ચાલો, ચાલવા માંડો. ૨ હવે આપણે ચાલતા થઈએ એ

ચાવર, ન૦ અનાજ વાવવાનું-ઓરવાનું મુખ્ય સાધન; ફડકો.
ચાવવું, [+] કથવું. 'ચવ્યું ન ચાવે આપો અજાણ.'
ચાહણ-હેણ, ચાહક.
ચાળ, [+] વચાળું. [ચાળવામાં.
ચાળવવું, ક્રિ૦ સ૦ આમતેમ ફેરબદલ કરવું. ખાનાં
ચિરણ-બરાત્રી આ એના હકમાંથી કેટલુંક મજૂરદાર વગેરેને કાઢી આપેલું તે.
ચુનો, પુ૦ સાગુ તથા ઢોલ જેનો બનેછે તે.
ચેચી, સ્ત્રી૦ ઘસી. ૨ ચેલી. ['ધરોનું ચોડ વાળ્યું.'
ચોડ, [+] ન૦ ભાંગી તૂટીને ઉપરા ઉપરી પડવું તે.
ચોપડ, પુ૦ ઘી તેલ ઇ૦ ચિકણો પ્રવાહી પદાર્થ.
ચોવટું, ચૌટું-(જ્યાં ચારે વાટના લોક મળતા હોય તે).
ચોવાડો, પુ૦ જ્યાં ઢોર એકઠાં ચરતાં હોય તે ઠેકાણું.
ચોળ, સ્ત્રી૦ મજીઠ. ચોળમજીઠ કેવાય છે.

છડો, [+] હળનાં તુરૂગાની ઉપર જડેલા હોય તે (લાકડાનો).
છત્રપ, (સત્રપ) પ્રાંતનો અધિકારી; સૂબો.
છન્દ, [+] જોરા; ઉમરૂગ-ચકભિર હોવું તે. 'છન્દે મોરલી વાજે'. ન૦ પાનકું. [શે' (પ્રે૦).
છળવું, ક્રિ૦ અ૦ બીવું; ચમકવું. 'જુયો માહારો જુળ-
છાં, (તું) છે એ અર્થમાં (જુનાં પુસ્તકોમાં).
છાંટકવું, ક્રિ૦ સ૦ આમ તેમ ફેંકવું; ઝાટકવું.
છાપું, [+] છાપ પડેલી તે; ગણના; છાપમાં બન્ધાયલું મત. 'શ્યામસુન્દરનું છાપું.'
છિરકવું, ક્રિ૦ સ૦ છાંટવું; છાંટી નવડાવું. 'યુવતીએ જદુપતીને જળે છિરકયા'. (રત્નેશ્વર).
છેંટલો, પુ૦ જેસમો. [તેવું.
છેકાછેક, અ૦ છેડાથકી; ઠેઠ. ૨ જ્યાં ત્યાં છેકા પાડેલા હોય
છેડ, સ્ત્રી૦ લાંબી ને ચપટી લાકડાંની જે પાટલી તુરૂગાની વચ્ચે ખોસેલી હોય છે તે.
છેલી-લ્લીવારે, અ૦ આખરે; અંતે.
છોભવું, ક્રિ૦ અ૦ જરૂખવાવું; ખસિયાણાં પડવું.
છોસાં, છોલાં.

જરૂધડિયાં, ન૦ ઢોલ ઘુમકા જે ચોઘડિયાં સાથવનારા વગાડે છે તે.
જડ, સ્ત્રી૦ જડતા. 'હૃદયા તણી જડ મોડ.'.
જરખવું, ઝરખવું.
જર્યો, પુ૦ જખમને ટાંકા મારનારો.
જલદી, વિ૦ સો કરોડને એક લાખે ગુણવાથી જે સંખ્યા આવે તે.

જલ્પવું, ક્રિ૰ સ૰ બોલવું. 'જૂઠી વાત ન જલ્પીએ'.
જવન, યવનશબ્દ જોવો.
જાઈ, [+] જાયી; દિકરી.
જાસક, વિ૰ ઘણું; પુષ્કળ; બહુ.
જિંજ્રઘાં, ન૰ ઘણા નાના માછલાં.
જિપવું, ક્રિ૰ સ૰ જિતવું.
જિભાળું, વિ૰ બુરું; બીભત્સ. ૨ જીભકણું.
જીભ્યા, જીભ.
જિહાં, અ૰ જ્યાં; જ્યાં.
જીક, સ્ત્રી૰ ગોળ તારની ગુંથણીનું (કસબી ભરત).
જીલ-લું, પાણી ખેંચવાની સુપડી; ક્યારડામાં પાણી ઉલેચી લેવાનું લાકડાંનું રાચ.
જુજવી, [૦] જૂજ શબ્દ જોવો.
જુવટું, જુગટું.
જૂજ, પુ૰ કોથળાના ચોકડા બાંધી એકઠા સિવેલા તે.
જૂડો, પુ૰ હોળ્યા વિનાનો ચોટલો દોરે વતી બાંધેલો તે.
જેંસલો, [૦] ઝાંખરાં, ઈંધણાં વગેરે સેલથી ઊંચકી લાવવાનું હલકું ઓજાર; સળકું.
જૈં, પુ૰ એક પૈસો.
જોખ, પુ૰ જોખમ. 'શ્યામ તું સમજે નહીં જારવિદ્યાના જોખ.' સ્ત્રી૰ મજા; રમૂજ મચવો તે—'જકૂઘડિયાં
જોડો, [+] જોટો. [ભોઘ જોખમાં'.

ઝકોલું, ન૰ ઝબકોળું; ડબકું. 'પ્રેમસાગરમાં કરી ઝકોલાં'
ઝકૂખ, ઝકૂખના. [(બા૰).
ઝટિયાં, ન૰ લખાં લટિયાં. 'ઝટિયાં ચુંટે જક્ષણી'.
ઝબુકવું, ક્રિ૰ અ૰ ચલકાટ-ઝબકારો મારવો. વિજળી ઝબુકે, ઝાલ ઝબુકે.
ઝમવું, ક્રિ૰ અ૰ માટીનાં વાસણમાંથી પાણી ઝરવું.
ઝમ્પાવું, ક્રિ૰ અ૰ ઝમ્પલાવું. [(બા૰).
ઝળકો, પુ૰ ઝળકારો 'દેવકીના ઉપર તેજનો ઝળકો થયો'.
ઝિલવું, ક્રિ૰ અ૰ પાણીમાં રમવું; જળક્રીડા કરવી. 'કાલિન્દીની માંહે ઝીલતારે'.
ઝીલું, જીલું. [કૃષ્ણ કુમાર'.
ઝુઝકારવું, ક્રિ૰ સ૰ હોકારો કરી બોલાવવું. 'ઝુઝકાર્યો
ઝુમાણું, ન૰ ઝુમ્મર.
ઝૂલ, [+] પશુને ઓરાડવાનું સિવેલું લુગડું.
ઝેર. [+] વેરા દેરા.
ઝેલી, સ્ત્રી૰ હેલી. (આંસુની).

ટક, સ્ત્રી૰ એકી નજરે જોયાં કરવું તે; લે. 'કોને દર્શનની
ટપટ, વિ૰ પુષ્કળ. [ટક લાગી'.

ટબુકવું, ક્રિ૰ અ૰ શબ્દ કરવો (મોર ડોકિયાં). ટબુકડા—
ટાંકી, સ્ત્રી૰ ટિકડી. [શબ્દ. મોર કરે ટબુકડા.
ટાળા, [+] ૩ મત.
ટિંડસરાં, ન૰ ઘીલોડાં જેવાં એક જાતનાં ફળ. એનું
ટીમ, સ્ત્રી૰ પાકુનીતળેટી. [શાક થાય છે.
ટુંટિયું, [૨ નો અર્થ એવો છે કે આમ જોઈએ]—તાવ આવીને શરીર સાંધામાંથી રૂંઈ જાય તે રોગ.
ટુંપિયો, [+] ૨ વાળ ટુંપવાનો ચિપિયો.
ટેરવવું, ક્રિ૰ સ૰ ઉથલાવવું; ફેરવણી કરવી.
ટોડર, ન૰ માંજર-તુળસીનાં ટોડર.
ટોળી, વિ૰ ટોળ કરનાર.

ઠવણ, ન૰ પગ માંડવો-મુકવો તે. "ચરણ ઠવણ હંસ-ગતિ નેપુર ધૂની ઘણી" (બા૰).
ઠવવું, ક્રિ૰ સ૰ ઠેરવવું; પાડવું; આપવું. 'તાસ (તેનું) નામ નરપતિ ઠવે'-(રત્નસાર).
ઠુંઠું, [+] ૩ ગાડીનો પાછલો ભાગ.
ઠોઠિયું, ન૰ ચામડાંના કુંડાંનો કકડો. વિ૰ માલ વગરનું.
ઠો, અઠકાવ. ઠો, ઠો—અટકાવ અટકાવવું ઊભું રાખ.

ડગરિ, ન૰ ઢોરાં.
ડમ્ભક, ન૰ પાખંડ. 'ઊંધી મતિના કાંઈ નવ લહે, ડમ્ભક બહુ વિષનો કરે.'
ડુણકું, ન૰ ડુમણું.
ડેલું, ન૰ ગોદડિયામાં ઓસેલી બે સાકઠી જેના બન્ને છેડા જડી લિધેલા હોય છે તે.

ઢણક, સ્ત્રી૰ લપલપિયાપણું; વલવલાટવાળી ચાલ.
ઢણકતું, વિ૰ રઝળતું; રખડતું. ઢણકતું ઢોર.
ઢબુકવું, ક્રિ૰ અ૰ શબ્દ કરવો—ઢોલઢબૂકે.
ઢળકવું, ક્રિ૰ અ૰ ઢળી-નમી પડવું. 'ઢળકી ડોટ' (પ્રે૰).
૨ લળકવું. 'કુંડળ ઢળકે' (બા૰). [ઢળે.'
ઢાળવું, [+] માહિત થઈ જવું. 'માબાપ વિભૂતિ દેખી
ઢિગ, અ૰ [હિં૰] પાસે; નિકટ. પ્રેમાનન્દે 'ગોમ મોઢેર પોઢેલો ઢિક, હરિશ્ચવા ગયો નિજદ્વારિકા' એમ વાપરેલો છે.
ઢુંઢણ-ણી, સ્ત્રી૰ રોપવાથી નહિ પણ ઓરવાથી થતી એક જાતની ડાંગેર. 'એના ચોખા તે પણ ઢુંઢણ કેવાય છે. 'આજ મેં રાંધ્યો ઢુંઢણ ઘોઈર' (બા૰).
ઢેકુડી, સ્ત્રી૰ પાણી ભરાઈ રે તેવી નીચાણની જમીન; વોણ.—જેમાંના પાણી વડે આસપાસની જમીનમાં વાવેતર થાય છે. ઢેકુડીમાંથી પાણી લેવાનો સરકાર હક લે
ઢોચકું-ચકું, ઢોચકું. [છે.

તહેતહ, અ० તદ્-સંધિ ઉપરજ; વખત સાધીને.
તલબાર, તત્પર.
તપેલું, વિ० ગરમ થયલું. ૨ ચિડાયલું; ક્રોધે ભરાયલું.
તમર-તમ્મર, [+] એક જાતનું ઝાડ-લાકડું.
તરખડ, સ્ત્રી० તજવીજ. ૨ ભાંજગડ.
તરતીબ, [+] 'સિંહાસન બત્રીસ, તરતીબજ કીધી તેણે.' સ્ત્રી० તજવીજ; ગોઠવણ; વ્યવસ્થા. ૨ ચાતુરી વિવેક. 'નહીં ટેક તરતીબ અહંકાર મન આણે.'
તરવરવું, ક્રિ० અ० ઉભરાવું; પુષ્કળ-ઘણું એકઠું સાથે હોવું.
તરસાતિયું, ન० અધરણીરાતને માથે ઘાલવાનું એક ઘરેણું.
તરાડવું, ક્રિ० સ० બૂમ પાડવી; બરાડો પાડવો; મોટો સાદ કાડવો.
[પીડું.-(હવારાને માટે પાણી).
તરામણું, વિ० તરવું પડે તેટલું-(પાણી). ૨ ઠુંકડું;
તરી, વિ० પાણીને માર્ગે આવેલું. ૨ હોડી ઉતાર સમ્બન્ધી.
તરોવડ, સ્ત્રી० ત્રેવડ. વિ० સરખેસરખા; સમોવડ. 'તરોવડ-તડોવડ બે જણાર.'
તર્કશક્તિ, સ્ત્રી० તર્ક કરવાની શક્તિ.
તળાવા, પુ० જેની અન્દર પૈડાં રહે છે તે બે આડીને જડેલા લાકડાંના જે પાલા તે.
તાઈ, પુ० પિંજારો.
તાજ, ત્યાગ.
તાડવું, ક્રિ० સ० મારવું; શિક્ષા કરવી.
તાલુક, પુ० સમ્બન્ધ; લાગતું વળગતું તે.
તાવડ, પુ० તાપ; તડકો.
તાસ, [+] તેનું.
તિણ, તે. તિણ-તેણે-તે સભ.
તિર્યક, વિ० વાંકું; તિરછું. ૨ પેટે ચાલનારાં (પ્રાણી).
તિલાટ, પુ० રાજાનો પાટવી (કુંવર).
તુરણું, ન० હળનું એક અવયવ, જેની નીચે ચવડું ને કોસ ઘાલવામાં આવેછે તે.
તુસીપાટિયાં, તુળસીપાટિયાં.
તૂલ, સ્ત્રી० આકડાનું રૂ; તૂર.
તૂણ, ન० તૂસ. ૨ અનાજનો પાક.
તૃણરાજ, પુ० તાડ-વૃક્ષ.
તેવડતેવડું, વિ० સરખે સરેખું; સરખી ઉમરનું; તેટલું તેટલું.
તેવડવું, [+] શિખવવું; ગણવવું. 'હુંને તેવડે તુણમાત્ર'
તેં, ત્યાં. તેથી, ત્યારે.
તોડ, પુ०-સ્ત્રી० પગનું ઘરેણું તે.
તોપખાનું, ન० તોપ રાખવાની જગા.
તોમર, ન० [સં०] એક આયુધ.
તોલ, [+] ભાર બોજ.
ત્રફાડાં, ન० તરફડાટ. 'તળપે ત્રફડાં ખાય.'
ત્રવટું, ન० ત્રણ વાટનો ચરુ. 'ચોવટે ત્રવટે પુષ્પ તંદુલ, પાધરમાં નિર્ધાર.'
ત્રાંસ, સ્ત્રી० તાંબા પિત્તળની મોટી રકેબી.
ત્રાંસું, વિ० આડકતરાનું; ત્રાસું.
ત્રાપડ, સ્ત્રી० બૂમ પાડવી તે. ૨ તાટ; ગુણપાટ.
ત્રાસવું, ક્રિ० અ० ત્રાસ પામવો.
ત્રેહેકાવું, ક્રિ० સ० ભરાયલું હોવાથી ફાટફાટ-તસતસતું હોય તેવું આચરણ કરવું. 'ઉન્મત્ત ઊર ત્રેહેકાવતી'. ત્રેહેકો દેવો પણ કેવાય છે.
ત્રિવિધ, અ० ત્રણે પ્રકારે.

થિજવું, ક્રિ० અ० ટાઢ-શરદીથી ઠરવું-બન્ધાવું. ઘી, કોપરેલ વિગેરે ગયાં.
થોભણ, ન० ટેકણ.

દડબડવું, ક્રિ० અ० લોટતું ગબડી જવું. ૨ દોડવું.
દન્તાળ, સ્ત્રી० સૂકાં પાનડાં પાંતરી ખાતર વગેરે એકઠું કરવાનું ઓજાર; પંજેટી.
દમવું, [+] નડવું; વૃષમાં આવી હરકત કર્યાં કરવી. તે મને જ્યારે ત્યારે દમ્યાંકરે છે.
દર, ન० કેટલાંક પ્રાણીએ પોતાને રેવાને જમીનમાં પાડેલું કાણું-ઘર તે. કીડી-સાપ ઊંદર વગેરેનું દર.
દરિયામેહેલ, પુ० મોટો મેહેલ. (નદી-દરિયાને કાંઠે).
દશન, પું० [સં०] દાંત.
દશાંશ, દશમો ભાગ.
દળવું, [+] ૨ કચરી નાખવું; મારી નાખવું. (કવિતામાં).
દા, દાવ.
દાગ, પુ० મુડદાંને બાળવું તે.
દાઢા, પુ० રાંપના લોઢિયામાં લોડાંના જે બે દાંતા હોય છે તે.
દાણિયું, [+] એક તરેહનું માદળિયું.
દાતરડું, [+] લોઢિયાના દાઢાની અન્દર લોડાંનું જે જડેલું હોયછે તે.
દિવ્યજ, ધીજ, શબ્દ જોવો. 'કૃષ્ણ કહે હું દિવ્યજ કરું, તાતા તેલમાંહિ કર ધરું.' (ભા०).
દુગદુગી, સ્ત્રી० સ્ત્રીના કાનનું એક ઘરેણું.
દુધમલ, પુ० દૂધનો આહાર જેને એવો મલ.
દુર્જર, વિ० [સં०] દુઃખે પચે તેવું-'દુર્જર વિષે સ્નાન ભરયાં છે'.
દુર્ભર, ન० પેટ.
દુર્ભિક્ષ, વિ० [સં०] ઘણુંજ થોડું અન્ન મળે તેવો (કાળ).
દુર્લભ, દુર્લભ.
દુઃસ્વપ્ન, ન० રડાવે તેવું-માઠું થાય તેવું સ્વપ્ન.
દુહવવું, દુભવવું.
દૂજવું, ભીંજવું.
દૃષ્ટિરસા, સ્ત્રી० દેખરેખ; નજરકેદ; રખોપું. ૨ 'દૃષ્ટિરસા ઉગ્રસેનને થઈ.'

દેખણુ, વિ૰ આપનાર (કવિતામાં).
દેથાઈ, [+] ૨ રબારી.
દેશાખ, પુ૰ રાગવિશેષ.
દોજ, ન૰ દુગણું. 'એક ખુબનું દોજ બીજાનું પૂત નાવે રાતથી' (અખો).
દોડો, [+] કેળફૂલ.–એની પાપડી ઉઘડે કેળાં દેખાય છે.
દોય, વિ૰ બે.
દોયમ, વિ૰ બીજી પ્રતની (જમીન). એ એક સરખા જાડા કુમાસની ને જેનો રંગ ગાંજો રાતો હોય છે.
દોરડું, [+] રાડવું; વરેડું; રાશ.
દોરવું, [+] સિવવું. ૨ આંકવું–લીટી દોરવી.
દોહેલું, [+] 'દોહેલે દહાડા નાખવા' એટલે દુઃખે–મુશ્કેલીથી દહાડા ગાળવા.
દ્યોત, સ્ત્રી૰ જ્યોતિ; તેજ.
દ્રહ, [હ્રદ] ધરો; પાણીનો ઉંડો ખાડો.
દ્વિદળ, વિ૰ બે ફાડ તેવું–ધાન્ય; કઠોળ.
દ્વે, વિ૰ બે.

ધખાવવું, [+] ૨ ખૂબ ગરમ કરવું.
ધડધડવું, ક્રિ૰ અ૰ એકદમ જોરમાં તુટીપડવું. 'ક્રોધે ધડધડ્યા'.
ધડુકવું, [+] રહી રહીને ગાજવું. મેઘ ધડુક્યો.
ધણ, ન૰ ટોળું; સમૂહ. 'ધણ મળે ઘેનું તાણું.'
ધન્ધાધારી, સ્ત્રી૰ કામ ધન્ધો. ૨ રોજગારી; કામ–ધન્ધાવાળું.
ધમ્મિલ પુ૰ [સં૰] જૂડો બાંધિયો એવો વાળ્યા વગરનો ચોટલો. 'કામિનીનો ધમ્મિલ ઘેહેકે.'
ધર, [ધરા] પૃથ્વી. પુ૰ પર્વત.
ધરૂવાડિયું, ન૰ ધરૂ–તરૂ છાંટવાની જમીન.
ધર્મપડો, પુ૰ ધર્મ–ન્યાયથી રાજ્ય કરશે એવો ઢંઢેરો. 'ધર્મપડો વજડાવિયો'.
ધર્મશાળા, સ્ત્રી૰ [સં૰] ધર્મબુદ્ધિથી બન્ધાવેલું મકાન–જેમાં પ્રવાસી ઉતારો કરે તે.
ધસમસવું, ક્રિ૰ અ૰ ધસવું.
ધાતવું, ક્રિ૰ અ૰ અનુકૂળ આવવું; છાજવું; ફાવવું.
ધારણ, વિ૰ દઢ; નિશ્ચળ. 'રહ્યા દીસે ધારણ'. ૨ જબરો (બળદ).
ધીમે, અ૰ આસતે; રફતે રફતે; હળવે.
ધુંધવાવું, ક્રિ૰ અ૰ ધુમાવું. ધુંધવાતું લાકડું–છાણું. ૨ મનમાં એક વાતનો નિકાલ ન થયેથી અકળાવાં–ગભરાવાં–ગિંડાવાં કરવું.
ધુણાવું, ક્રિ૰ અ૰ ધુણીના ગોટેગોટા થઈ ફેલાવું.
ધુમાડી, સ્ત્રી૰ ધુણી; ધુમાડો.
ધુમાવું, ક્રિ૰ અ૰ બળતાં ધુમાડો થવો. ૨ અકળાઈને ધુંધવાવું.
ધુળકટ, ધુળકોટ.
ધૂતેલ, પુ૰ ધુતારો. ધન ધૂતી ગયુ.
ધૂમ માર્ગ, પુ૰ ધૂમ્ર માર્ગ (અર્ચિ માર્ગ તે જ્ઞાન માર્ગ).
ધોખો, પુ૰ બાપ્ટોએ દિકરા મિત્વાર દુઃખ.
ધ્યાવું, [+] ૨ ધરાવું; પૂજવું.
ધ્રુજવવું, ધ્રુજાવવું.

નઈડે, નેડે.
નગારખાનું, ન૰ નગારાં વાગતાં હોય તે ઠેકાણું; ઢોલખાનું. 'નગારખાનામાં તૂતીનો અવાજ'–કેવાય છે.
નગુરાઈ, સ્ત્રી૰ નગુરાઈ. ૨ અનાદર; બેદરકારી.
નમાણું, વિ૰ નમેલું; વળેલું.
નમતો પ્હોર, પુ૰ પાછલો–ત્રીજો પ્હોર.
નરવા, પુ૰ [નિર્વાહ] જમીન સમ્બન્ધી વંશ પરમ્પરાનો એક વૈવટ,–સરકારે ગામની આબાદી રે ને વૈવટદારનો નિર્વાહ ચાલ્યાં કરે તેને સારૂ બાંધી આપેલો. જમીનની ખરી મગદૂર કરતાં રેમ રાખી બાંધી આપેલો ગામનો એકન્દર આંકડો નરવાદાર હંમેશાં વર્ષો વર્ષ જવાબદાર રહીને ભરપાંકરે ને પોતાના બેડુતો પાસે પોસાય તેવી રીતે વધારે ઓછું ગણોત લે. સરકાર આંકડો વધતો ઓછો કરે. નરવા, નરવાદારની ખુશી શિવાય તોડી શકે નહિ. એ વૈવટ ભરૂચ જિલ્લામાં ભાગવારી રિવાજ છે.
નવલું, વિ૰ નવું.
નવલો, પુ૰ ધણી; વર.
નસાણું, નાસરકું.
નવિ, અ૰ નહિ. (જૂના પુસ્તકમાં).
નહિયા, પુ૰ લોઢિયાના દાંતાના કાણામાં વાંસનાં ભુંગળાં ઓસવામાં આવેછે તે.
નાક, પુ૰ [સં૰] સ્વર્ગ. ૨ આકાશ.
નાખવું, [+] ગાળવું; નિર્ગમન કરવું. 'દેવકી વસુદેવ કારાગ્રેહમાં દોહેલે દહાડા નાખે' (પ્રે૰).
નાગ, [+] હાથી. ૨ લવંગ.
નાગર, સ્ત્રી૰ સુંઠ.
નાગરી, વિ૰[+] નાગરીગાંઠ (ગાંઠી) એટલે ચાતુરીથી છેતરવાની વાત. ૨ વિવેક તજી સ્પષ્ટ વક્તાપણું દેખાડવું તે; આપવી લેવામાં નિયમિતજ વેવાર રાખવો તે.
નાટ, ન૰ [સં૰] નૃત્ય. 'અ૰ નેટ; નક્કી.
નાની, સ્ત્રી૰ માની મા. નાનો–માનો બાપ. [મળેછે તે.
નાભિ, [+] પૈડાંનું મધ્ય જેમાં ધરી રેહે ને આરા
નારખું, ન૰ ગાડાંના પૈડાંના નાભમાં લોઢાનું ગોળ ભુંગળું હોયછે તે.
નાસજી, વિ૰ નાસજ.
નાસરકું–ણું, ન૰ એકાદા ત્રાસથી એકાદા ઢોરને પોતાનું

અને ઓછી ગાથી જવું પડે તે. 'વસે નાસાગ્રે નાગ-મિત્ર', 'વાસરે બાળી ગાળિયા.'
નિકળવું, ક્રિ૦ અ૦ નિકળન કરવું. ઘૂળ ખાવું.
નિકરસ, [+] સુખ વારે નિ.જને મળ.
નિગમવું, ક્રિ૦ સ૦ નિર્ગમન કરવું; ગાળવું; કાઢવું.
નિત્યાન્ન, ન૦ નિત્યે અન્નદાન આપવું તે.
નિઠાણ, ન૦ નિરંથી ચાર. [નિપનાર થુકરેલા.
નિપનવું, ક્રિ૦ અ૦ ઉત્પન્ન થવું; નિવડવું. 'જે પૂછ
નિપાવું, નિપજાવવું.
નિર્વેદ, પુ૦ [સં૦] વૈરાગ્ય. ૨ નિશ્ચય. 'જો ઉપજે સાચો નિર્વેદ' 'તે નર હરિને પામે નિર્વેદ.'
નિલવટ, ન૦ બે ભવાંની વચમાંનો જેટલો જે નિમાળા વગરનો ભાગ તે. ૨ કપાળ. [સંસાર (રત્નો૦)
નિવરતવું, ક્રિ૦ અ૦ ટળવું; મટવું. 'નિવરત્યો સન્દેહ
નિવેડવું, ક્રિ૦ સ૦ પસન્દ પડતું વીણી કાઢવું-જૂદું પાડવું. ૨ નિવેડો-નિકાલ આણવો.
નિસ્તારો, પુ૦ [નિસ્તાર:] ઉદ્ધાર; મોક્ષ. ૨ સામે પાર જવું તે. ૩ ઇચ્છિત પાર પડવું તે.
નિહન્તા, પુ૦ [સં૦] હણનારો.
નીચે, અ૦ હેઠે તળે.
નીણ, ન૦ ઢોરનો ચારો.
નીર, [+] ગરથ, ધન; પુંજી.
નીરો, પુ૦ ચારો; ઘાસ.
નીલુ, [+] ૨ લીલું. [કપડું.
નેટનું કપડું, [અં૦] ઝીણી ઝીણી જાળી હોય તેવું વિલાવી
નેવ, [+] નેવે મુકવું એટલે વિસારી મુકવું. [કરે તે.
નોણાં, ન૦ વર કન્યાવાળા જે એકેકને ત્યાં આવ જાવ
નોહિયો, ન૦ નાનાં હોયકાં-લગનને ધાડે કન્યાવાળા
નોતર, ન૦ નોહોતરૂં. [વરવાળાને ઘેર લઈ જાયછે તે.
નોહે, ન હોય (જુની કવિતામાં).
ન્યાવટ, સ્ત્રી૦ ન્યાય કરવાની રીતિ. ૨ ન્યાયપણું.

પકડાઈ, સ્ત્રી૦ ભેદ પ્રપંચમાં તરત સમજી શકવું તે અથવા સામાની લુચ્ચાઈ જાણી સામી લુચ્ચાઈ કરવી તે; ખન્નાઈ.
પક્ષાપક્ષી, સ્ત્રી૦ પક્ષકારપણું; તાણાખેંચ.
પખાળણ, ન૦ [પ્રક્ષાલન] ધોવું તે.
પખપખા, પક્ષાપક્ષી.
પગી, [+] જન્મ સમે પ્રથમ માથું નહિ પણ પગ નિકળ્યા હોય જેના તે.
પચવું, [+] ૩ ભાવી રેવું; મગ્ન રેવું; લપટાઈ રેવું; મસ્ત રેવું. 'પ્રેમ પચ્યો લચ્યો લક્ષ્મીવર' (પ્રે૦). 'પ્રપંચ માંહિ પચ્યો અપા.'
પછીત, સ્ત્રી૦ ઘરની પછવાડેની ભીંત.
પછીતિયું, ન૦ ઘરની સામેની પછવાડે બાંધવાનું તે.
પટ્ટાભિષેક, પુ૦ રાજા-અધિકારીને પોતાનો અધિકાર સોંપતી વેળા જે અભિષેક-સંસ્કાર-ક્રિયા થાય તે.
પડપ, સ્ત્રી૦ શરમ.
પણે, અ૦ ત્યાં, તે-પેલી જાગે.
પણો, [+] બાફેલી કેરીને પાણીમાં ચોળી ગોળ ખાંડ નાખી જે નરમ પદાર્થ ખિચડી સાથે ખાવામાં આવેછે તે. આમલીનો રગડો. ૨ ખડબુચાં-ટેટીનાં ઝીણા કડા કરી ખાંડસાથે મેળવેલો જે નરમ પદાર્થ ખાવામાં આવે તે.
પતકે, [+] મોટી ફજેતી.
પુનોતી, [+] સર્વ વાતે ભાગ્યશાળી હોય તે સ્ત્રી. 'પુનોતીયે પેહેર્યા સોળ સણગાર.' ૨ પૂર્ણ ને શુભસૂચક-'ફૂલી પનોતી દીસે વેલી' (ભા૦).
પરકર, પુ૦ [પરિકર] સ્ત્રીની કટિનું એક ઘરેણું; કમરપટો. 'બાંધી પરકર થઇ તતપર હરખ પામી મન.'
પરગામ, બીજે ગામ. [ભીનાખવું.
પરજાળવું, ક્રિ૦ સ૦ [પ્રજ્વલન] ભડકો કરી મેલવો; બા-
પરઠણ, સ્ત્રી૦ મોસી; સરત; પહુણ.
પરઠવું, પઠવું. ૨ હોડ બકવી; સરત બકવી.
પરભવવું, [૦] અનાદર-તિરસ્કાર કરવો; ન ઓળખવું. 'પ્રીત કરીને પરભવ્યાં.' [કેલું તે.
પરિશિષ્ટ, વિ૦ [સં૦] બાકી વધેલું તે; રેલું પછવાડે ટાં-
પરિશોધ, પુ૦ [સં૦] ચોપાસ સારી પેઠે શોધ કરવો તે.
પરંદો, પુ૦ મુજનો વાળેલો કોસની નજીકનો દોર.
પરાણો, પરાણો. (હાંકવાનો).
પરેજી, સ્ત્રી૦ કરી; પથ્ય.
પલાણવું, પલાણ કરવું; સ્વાર થવું.
પુલાળવું, [+] પોતાનો વિચાર સામાનામાં ઉતારવો; વાત કબૂલ કરે તેવી રીતે સમજાવવું.
પસાય, [+] પૈસો.
પૂં, અ૦ પણે, ત્યાં.
પાંકવું, ક્રિ૦ સ૦ ધરવું; લેવું. "પ્રૌઢ પોણ તાં પાંક્યું તે કોણ પાસે હામ હાગ" (ભા૦). ૨ ઇચ્છામાં જોવું-ધારવું.
પાંકે, અ૦ વિના; વગર. [પાંકતું કામ નહિ બને.
પાંગોઠું, પાંખોઠું.
પાંચી, પેંચી.
પા, પી ઓળને ભીકડાં ખડખડાવેલાં તે.
પાખસ, અ૦ પાસે; પૂઠે પાછળ પણ પાસે. 'તમ પાખન ભમે માહારું મંનરે', 'બહિકાશ્રમ ને પાખણે'.
પાખ્ખું, અ૦ [પાર્શ્વ] પાસે. 'કાંઈ પાખ્ખું ગામ ભાણેજ ફરે' (પ્રે૦).
પાછડવું, ક્રિ૦ સ૦ પછાડવું.
પાછોતરી, સ્ત્રી૦ પાંચ શેરનું વજન.
પાટડો, પુ૦ મેડીના ટેકા માટે આડો નાખવાનો ભારવટિયો.

પાઠપૂજા, સ્ત્રી॰ જે દિવસે દેવ-દેવીની પ્રતિષ્ઠા કરવામાં આવી હોયતે અથવા તે દિવસ-વર્ષોવર્ષનો.

પાટલો, [×] પાટલા ફાડવા એટલે બગાડ-નુકસાન કરવું પણ ભણતાં ન આવડવું. પાટલા ભરવા એટલે છોકરાને બાંધી પીઠ ડોકની વચમાં પાટલા મુકવા (મહેતાજી

પાટિયો, પુ॰ એક બાર. [ભ્રો].

પાટીદાર, [+] ખાનેદાર.

પાડસી, સ્ત્રી॰ ફડાકી; પતરાજ. 'ચતુર આગળ કેહેવી

પાડો, [+] મોહોલ્લો; સેરી. ૨ ભાવ. [પાડસી.'

પાડોશી-સી, વિ॰ બડબે પડબે-પાસેનો રેનાર.

પાણ, પુ॰ [+] ખેતરમાં પાણી પાવું તે. કેટલા પાણ થયા એટલે કેટલી વખત પાણી પાયું ?

પાણકો, પુ॰ પાણી ભરનારો.

પાતર, સ્ત્રી॰ ખાટલામાં ચાર પાંચ વાણના આંટા હોય તે. રત્નાનો પર્વત. ૩ કિરણ.

પાતરું, ન॰ લાકડાંનું વાસણ.

પાન, સ્ત્રી॰ [+] બીડીની દોરડી.

પાનસોપારી, ન॰ રૈમ રાખ્યાના બદલામાં ખુશી થઈ જે કંઈ આપવું તે; ચેરીમેરી.

પાનોઢ, સ્ત્રી॰ જુવાર બાજરીની પાંતરી.

પાયસાન્ન, ન॰ ખીર; દુધપાક.

પાર, ખરણી કે લાખેલું માટલું.

પારો, પુ॰ સ્ત્રીઓને કોટે પેરવાનું એક ઘરેણું.

પાલ, [+] એક પ્રકારનો તમ્બુ.

પાલટો, પુ॰ બદલો.

પિંજણ-રી, સ્ત્રી॰ પગનું એક ઘરેણું. 'પાગે પીંજર રણઝણે' (ભા॰).

પિછવાઈ, સ્ત્રી॰ પછવાડેનો ચન્દરવો.

પિણ્ડારા, પુ॰ આહીર. (જૂનાં પુસ્તકમાં) પિણ્ડારણી—આહિરડી.

પિયારું, વિ॰ પારકું. 'કે મે પીઆરી થાપણ ટાળી, કે વનયેન ચરતી વાળી' (શુ॰ આ॰).

પિયાવો, પુ॰ પાણી પાવા બદલ જે કંઈ નાણું લેવું તે. 'કોઈ પીએ કોઈ નવ પીએ, કોસીઓ પીઆવો ભરી લિયે' (સા॰).

પુંખ. પોંખ.

પુંઠિયું, ન॰ હરકોઈ વસ્તુનો પાછલો ભાગ. ૨ આડાંનો પાછલો ભાગ. ૩ પુસ્તક રક્ષણ પૂઠું.

પુંધિયું, ન॰ ઢોર હાંકનારની પછવાડે કમ્મર ઉપર બાંધવામાં આવતું ચામડું.

પુંવા, પૌચ્છા.

પુંશ્ચલી, સ્ત્રી॰ [સં॰] છિનાળ સ્ત્રી.

પુણ્યશાળી, વિ॰ જેણે પૂર્વ જન્માન્તરે પુણ્ય કર્યાં હોય તે; ભાગ્યશાલી.

પુરવું, ક્રિ॰ અ॰ પાર પામેલું થવું; પોંચાવું; પુરું પડાવું. 'તજતાં ભજતાં નહીં પુરવે, જાનુ તજે મન લાગે નવે.'

પુરવું, ક્રિ॰ સ॰[+] પવન ભરી વગાડવું. શંખ પુરવો. ભરવું-'કર્ણ કેવા લાગ્યો પ્રેમપુરિતશરીર.' (શુ॰). 'મારો ભ્રમ પુરવો મુજ મિત્ર.' (અખો). ઉમેરવું. સૂર પુરવાં. 'પૂઠે ગાન્ધ્રવ પૂઠ પુરે.' (શુ॰).

પુરું, ન॰ પરું; શેહેરને લગતો ભાગ.

પેંગડું ન॰ પાવડું; રકાબ.

પેંજણ, પિંજણ-ર.

પેરવું, ક્રિ॰ સ॰ વાવવું (બીજ). ૨ પ્રેરણા કરવી. ૩

પેલ, [+] રૂનું હાથેલી જેવડું પોળિયું. [ભીકલવું.

પેલેહ પેજ.

પેશી, સ્ત્રી॰ ખજુરમાંની લીલી ખારેક.

પો, સ્ત્રી॰ સવાર; બગબગું; પરોઢ.

પોઈ, સ્ત્રી॰ ગાડરાંની લીંડી.

પોકેપોક, સ્ત્રી॰ રડારડ.

પોગર, સ્ત્રી॰ અવકાશ; પોલાણ. (ખખામાં).

પોઠિયો, પુ॰ મહાદેવનો બળદ; વૃષભ.

પોઢું, વિ॰ [પ્રૌઢ] મોટું.

પ્રોપટો, પુ॰ ચણાને આવેછે તેવી સિંગ.

પ્રચ્છન્ન, વિ॰ [સં॰] ગુપ્ત.

પ્રણમવું, ક્રિ॰ સ॰ પ્રણામ કરવા.

પ્રતવારી, સ્ત્રી॰ જાતવારી (જમીન-વસ્તુની).

પ્રતિબોધવું, ક્રિ॰ સ॰ સામો-સામાને બોધ કરવો.

પ્રસાદ; [+] [પ્રાસાદ] મન્દિર. 'આવ્યા અંબા તણે પ્રસાદ.'

પ્રાઘુણ, પુ॰ [સં॰] પરોણો. ૨ અતિથી.

પ્રાજે, પુ॰ પરાજય.

પ્રાઞ્જલ, વિ॰ [સં॰] સરળ. ૨ સુબોધ યુક્ત.

પ્રાણી, પ્રાણ (કવિતામાં).

પ્રાયે, અ॰ બહુ-ઘણું કરીને.

પ્રારથવું, ક્રિ॰ સ॰ પ્રાર્થના કરવી.

પ્રાશવું, ક્રિ॰ સ॰ પ્રાશન કરવું.

ફરવું, ક્રિ॰ અ॰ આડું ફંટાવું; પલટાવું; બદલાવું.

ફટકવું, [+] વાએ ફટફટ થવું-ઓઢણી ફટકે છે.

ફટારવું, ક્રિ॰ સ॰ ડોળા ચડાવીદેવા; કાચ ટળી જાય ને આંખ મોટી દેખાય તેમ કરવું. 'આંખ ફટારી કેરા

ફટેયો, ફટાયો. [ભીકળા'.

ફડાકી, સ્ત્રી॰ મિથ્યા વડાઈ; ખોટી પતરાજ.

ફડાફડ, અ॰ તડાતડ; થડાથડ (અવાજ દેખાડે છે). ફટાકા ફડાફડ ફુટે છે, બારો નરમ કરેથી સુડ ફડાફડ થાય છે, વગેરે.

ફણટાવું, ક્રિ॰ અ॰ રસ્તો બદલાવો; આડું નિકળવું. તે રસ્તો ત્યાંથી ફણટાય છે. ૨ જૂદું પડવું; વિભક્ત થવું.

૩ આડું જવું; બદલાવું (વિચારમાં).
ફાંકડું, ન૦ લપેલી ચીઠી; વાણ્ય; ચેરઠ. 'ભેદ ન લખો વાંચ્યાં ફાંકડાં' (અખો).
ફાંચે, [+] શાખા; ડાળ.
ફાંફાં [+] વલખાં; તરફડિયાં.
ફાકું, ફાંકડું.
ફાડચું, ન૦ પદાર્થને કાપવાથી જે વિભાગ-કકડા થાય તેમાંનો એકાદો. લાકડાંનું-કેળાનું-કેરીનુ-સોપારીનું ફાડચું.
ફાર, અ૦ વાસણમાં ને સમાવાથી ઊંચે ચડીગયલું; ખણું વધીપડેલું; અસમાતું. તપેલું નાનું હોવાથી ચોખા ફાર થયા.
ફાળવા, પુ૦ ઘોડિયાના દાંતાની આળી સાથે ઘોડાના જે જોડેલાં હોય છે તે.
ફાળી, સ્ત્રી૦ બૈરાંને પેરવાનું એક વસ્ત્ર; સાડી. 'માહારી અંબામાને પેહેરણ ફાળી તો,' 'જેમતેમ વીંટી ફાળી [નો'.
ફિટણકાળ, પુ૦ નાશનો કાળ.
ફિટવું, [+] ૨ નહિ સરખું થવું; ક્ષય પામવો. 'ફાટે પણ ફિટે નહિ, પ્રોળતણો જેમ રંગ'.
ફિરકી, [+] ફાળકો. ૨ ફરકડી.
ફુંક, સ્ત્રી૦ મોઢું સાંકડું કરી પેટમાંનો ઘોડોક વા ઝડપથી બાર કાડવો તે. દીવાને ફુંક લાગેછે-મારવી કેવાય છે.
ફુટવું, [+] અવાજ થવો. ફટાકા ફુટ્યા.
ફુનકાર-ફુંફવાડો-ફુંફાડો, પુ૦ જોરમાં અવાજ સાથે મોડાંમાંથી જે પવન કાડવો તે.
ફુતકારવું-ફુફુવાવું, ક્રિ૦ સ૦ ફુંફાડા મારવા.
ફુલકરણી, સ્ત્રી૦ ફુલકર.
ફૂસ, ન૦ ઘાસ; તૃણ.
ફેડવું, ક્રિ૦ સ૦ ભાંજવું; તોડીફોડીનાખવું.—"કામ ફેડ્યો." ૨ ટાળવું; મટાડવું. "વેદના ફેડી."
ફેલ, સ્ત્રી૦ દોરાની વીટેલી દડી.
ફેસવું, ક્રિ૦ સ૦ તોડવું; ઉતારી પાડવું; હણવું. 'સાત દિવસ ગોવરધન ધર્યોયો, મઘવાનો મદ ફેસી'.
ફૈ, સ્ત્રી૦ બાપની બેન.
ફોરાં, ન૦ વર્ષાદનાં ઝીણાં છાંટા; બુન્દ. 'અંધારે દીસે નહિ સુતને ફોરાં લાગેછે.'

બકવાદ, બકવા.
બકબાથો, પુ૦ મોટો ધાટો; ઘુમાટો; હાકો. બકબાથા [કરવો-મારવો.
બખોડો, પુ૦ ઠળિયો.
બનશીખાનું, ન૦ દેરખાનું.
બરઠી, સ્ત્રી૦ ફની ગાંસડી.
બરસવું, ક્રિ૦ અ૦ જળમાં બહવું.
બસેરી, સ્ત્રી૦ બે સેરનું વજન-કાટલું.

બાડુઆ-ટુવાં, [+] કુડ કપટ વગનાનાં નિર્દોષ શાકડાં, કુમળા, કાલું કાલું બોલનારાં એવો અર્થ ગમેછે. (બટુક શબ્દ ઉપરથી હશે) "બોલવું જુવો રે બાટુવા રામનું." (ભા૦).
બાટુડી, વિ૦ બાળકના જેવું અણસમજાણું ને કાલું કાલું. 'પદે પદે વેદાન્ત તે તે આનંદ આગલિ બાટુઈ બોલે.'
બાણકાઢ, [+] ખેતરની હદને માટે મટોડીના જે ટેકરા તે;
બાણાવળી, પુ૦ બાણ મારવામાં કુશળ તે. [બાંધ.
બાવું, ન૦ કરોળિયાનું જાળું.
બાળચરિત્ર, ન૦ બાલ્યાવસ્થાનું ચરિત્ર.
બાળવું, [+] પાણીની વરાળ કરવી. ૨ સળગાવવું; લગાડવું. ૩ દઝાડવું.
બુંટ, પુ૦ અવાવરૂ કુવો.
બેઆની, સ્ત્રી૦ બે આનાનો સિક્કો. ૨ એક અષ્ટમાંશ.
બેઉ, બન્ને.
બેક-કું, વિ૦ થોડુંક; જરા. 'ક્ષણુએ ક્ષણુએ બેક જળ પાજો' (પ્રે૦).
બેકેલું, વિ૦ બિજામાં ફાટીગયલું; વણીગયલું.
બેમના, સ્ત્રી૦ સેકલ્પવિકલ્પ. 'જીવને તે ન ટળે બેમના' (અખો).
બેસવું, [+]-બેસવાજવું એટલે મરનારના સગાંને ત્યાં શોક કરવાને જવું. ૨ ન્યાત જમતી હોય ત્યાં પાટે બેસવાને જવું. ૩ પાતરોમાં એ શબ્દ 'સમ્ભોગ કરવો' એ અર્થમાં વપરાયછે.
બોચું, ન૦ બીડી ઉતારવા પછી જે ગોઠી રે તે.
બોરાં, ન૦ બોર.
બોળો, પુ૦ પલાળી મુકેલો ઘાટ. ઘંસનો બોળો.

ભખવવું, ક્રિ૦ અ૦ ભક્ષ કરવું; ખાવું.
ભગળ, ન૦ ભોપાળું.
ભઠ્ઠ, સ્ત્રી૦ [+] પાણીની ઘેર.
ભમેલ, વિ૦ છકેલ; ફાટેલ. ૨ રખડેલ.
ભરેડો-વાડો, પુ૦ ફજેતી.
ભળાવવું, ક્રિ૦ સ૦ ગોવાળોમાં હળતી કરવી (ગાયને).
ભાંભળું-મળું, ન૦ મોળું પાણી.
ભા, [૦] માનો બાપ. ૨ ભાઈ.
ભાણ્ડ, ન૦ એક ઘરેણું.
ભાભું, ન૦ ખોટો વિચાર; વેમ. ૨ ખોટી આતુરતા.
ભામો, પુ૦ લોભ. 'વંશ વજાડી વીઠલે અતિ લગાડ્યો ભામોજી,' 'મુરખ સ્વર્ગ મોક્ષને ભામે તીરથ વંન
ભાલોડું, ન૦ તીરનું પાનું; ફાપવા. [ભમે.'
ભિજવું, ભિજાવું—"નું દીઠે મને ભીંજેરે" (ભા૦).
ભિણ્ડીમાળ, સ્ત્રી૦ જેમાં પથ્થર ગોળા મુકી શત્રુના ઉપર ઉરાડવામાં આવેછે તે યન્ત્ર-ગોફણ.

ભીરુ, પું० ભિક્ષુ; સાથી; જોડિયો.
ભુલાંપડવું, ક્રિ० અ० રસ્તો ન જડવાથી અથડાવું; આડે રસ્તે ચડી જવું.
ભૂર, વિ० મૂઢ; ઉન્મત્ત; બાવરો ઉલ્લુ. 'ભૂરપણે હું કાંઈ ન વેતી, વિપ્ર મોકલ્યો વાંભીજી' (ભા०), 'દોષ ન જોઈશ કેનો ભૂર!' (અખો), 'ગોવિંદને ભૂર બિહાવે' (પ્રે०).
ભેડવું, ક્રિ० સ० ભેરવવું; ભમાવવું; ઉંધાં ... સમજાવવાં. 'એમ જગતને ભેડવે.'
ભોટીલું, ન० ભોકીલું.

મગ, અ० ગમ; મેર; તરફ. તેણીગમ.
મગફળી, સ્ત્રી० ભોંય સિંગ; વિલાતી સિંગ. ૨ મગની સિંગ.
મગ્ગણ, માગણ. ભાટ ભિક્ષુક ઇ०.
મજમુદાર, [०] ગામ તાલુકા બાબત સરકારનો હિસાબ રાખવાને જે વતનદાર નોકર રાખેલા તે.
મડકું, માટલું.
મણ્ડળી, [+] ટોળું; સમૂહ.
મધુગરી, સ્ત્રી० સવાદ ચાખવા જેટલું અથવા જોઈયે તેથી થોડુંક એવું જે ખાવાનું તે. 'પ્રરપરકી મધુગરી ને ભાતભાતકો ધાન.'
મનવણિયા, વિ० મન મનાવવા-વાળા જેવા. 'એમ આખા મનવણિયા વાદ.'
મનુહાર-મનોહારી, સ્ત્રી० મન મનાવવાને જે ઘણાં ઘણાં વાનાં કરવાં તે; ખાતર; પ્રાર્થના. 'નિરદે થઈ સરદે થયો, આંક વર્ધ્ય મનુહારથી,' 'કરે વ્રજવધુ માતને મનુહારી' (પ્રે० ૬૦); 'પાટ પાથરી પાગે લાગો, કરું ઘણી મનોહારી' (ભા०). [ચડસી.
મમતામમતી, સ્ત્રી० મામમામા મમતે ભરાવું તે; ચડસા-
મરજન, ન० [મજ્જન] નાવું તે; સ્નાન. ૨ મજ્જન.
મરડિયા, વિ० ખરડ (કાંકરા)-જેનો ચૂનો-કે થાયછે તે,
મસવાડા, [+] મહિના; માસ.
માકડી, [+] તુરગાની ઉપરના ઉભાં લાકડાં ઉપર ઘાલેલી જે ખીલી તે. [સાટો.
માચડો, [+] જેમાં માલ વગેરે રેછે તે ભાગ-ગાડાંનો
માડણી, સ્ત્રી० મણ્ડાણ; આરમ્ભ.
માણાંબન્ધાણી, સ્ત્રી० ચાવરના નહિયા તથા માણાને બાંધી લેવાની દોરડી.
માણું, ન० ચાવરના નહિયાના ઉપલા છેડામાં લાકડાનું જે ચાકું ઘાલવામાં આવેછે તે; ઓણ્ણી.
માણો, મ-ન આણો.
માનસુકન, પું० માઠા-નરસા સુકન.
માનુભાવ, વિ० [મહાનુભાવ] મોટા અનુભવવાળો; શ્રેષ્ઠ બુદ્ધિ ને શ્રેષ્ઠ વૈભવવાળો.
માફી, [+] બદલો ન લેવા તે; મફતમાં તે.
મામ, સ્ત્રી० મમતા; મોટાઈ. 'બાપજીના સમ શ્યામજી રે, તાહારી ઘણી રાખું મામ રે'. 'તેણે મૂકી મામ.'
મારફાડ, સ્ત્રી० મારવું ફાડવું તે; કજાલ.
મારી, સ્ત્રી० ઢોગળિયું; હગોક.
માલ્લું, ન० કુંભારની સામો ભાગ.
માવ, પું० [માધવ].
માહોત, પું० હાથી હાંકનારો; માવત.
માળીલેવું, ક્રિ० સ० નળિયાં ચડાવવાં; છાજી લેવું.
મિડંધો, [+] પું० કાસદનો ઉપરી.
મિરજાઈજોડો, પું० એક તરેહનો પગે પેરવાનો જોડો.
મીણો, પું० [ફા०] કાચના જેવા પણ ગરમીએ વધારે જલ્દીથી પિગળે ને ચળકાટમાં ઓછો એવો એક પદાર્થ જેને રાતો લીલો વગેરે રંગ આપવામાં આવેછે. એ નંગ જડવામાં ડાંખને ઠેકાણે ને પગલાંઓમાં પણ મુકાય છે. ૨ મીણો.
મુઠ્ઠો, પું० મોટી મુઠી; બાચકો.
મુળગા, [+] વિ० 'તે મુળગા રાજસબુદ્ધિ, તમ બાપ્યો થઈ મતિ ઊંધી' (અખો); 'દ્વાદશ માસ નિમિષ સમાન, મુળગી વાતનું રહ્યું છે ગાન,' 'મુળગા માહારા ...ફુલ ગયા' (પ્રે०).
મુળાડિયાં, ન० મૂળિયાં; મૂળ.
મે, સ્ત્રી० અમલ; જા-રાજા પોતાની મે બેસાડે છે. પું० અંગ્રેજી પાંચમો મહિનો.
મેખાન્તર, ન० મિરા; મસ; બાનું. 'તેં મેખાન્તર છાનું કીધું'. રૂપભેદે મખાન્તર, મેક્ષાંતર છે.
મેર, પું० [+] કોલુના ઢાંકણાંની વચમાંનું ફરતું લાકડું-જેના ઉપર ચલમ રાખવામાં આવે છે તે ઉભું.
મેલાણ, ન० ડમલાં; ચાલ.' 'ઊટતણાં આમાં મેલાણ'.
મેવાડો, પું० એક રાગ (જૂના કાળમાં ગવાતો જુની કવિતામાં છે).
મેળવું, ક્રિ० સ० મળવવું; એકઠું કરવું; જોડીદેવું. 'તેવીસ ક્ષોણી દળ મેળિયું રે' (ભા०). 'ગોપ મંડળી મેળી સર્વે' (પ્રે०).
મેળે, પોતે; પણે; જાતે.
મોગરી, [+] એક જાતનાં ફૂલ.
મોગરો, [+] ડિચકું.
મોડામોડ, અ० મરડાતી (ચાલતી). 'હિંડતી મોડામોડ.'
મોઢ, સ્ત્રી० બાર પડતું તે; ટોચ; શિખર. (અખો).
મોઢે, અ० મોખરે; આગળ (અખો).
મોદવું, ક્રિ० સ० આનન્દ માલવો.
મોચડી, મોજી.
મોળિયું, ન० કાંચળી-ચોળી-બંડી વગેરેએ જેટલી જે કસબની અથવા રેશમની ઢોર દેવામાં આવે છે તેટલી તે. ૨ કસબનું છોગું (પાઘડી ઉપર).

મ્યુનિસિપાલ-કમીટી, સ્ત્રી૦ [અં૦] નગરની શોભા ને લોકના સુખ અર્થે વ્યવસ્થા રાખવા સારૂ ત્યાંના ને તેમાંના યોગ્ય જનોની સરકારસમ્બન્ધમાં જે સ્થાયી મણ્ડળી તે. લોકમાં કચરાપટ્ટીને નામે ઓળખાય છે.

યક્ષકર્દમ, પુ૦ [સં૦] કંકુ, અગર, કસ્તુરી, કપુર, ચન્દન એ સમ ભાગે મિશ્ર થયેથી જે સુગન્ધિ તે. (એ શબ્દ પ્રે૦ ૬૦માં છે).

યૌવના, સ્ત્રી૦ [સં૦] તરુણ સ્ત્રી.

રચવું, રુચવું.

રચ્યક, એ શબ્દ પૂર્ણ પીળો એવા રંગ દેખાડે છે. પીળું રચ્યક કેવાય છે. [જાય છે તે.

રજાળું, વિ૦ જંગલી ખજતણના લાકડાં જે ઝટ કજળાઇ

રડચુંખડચું, વિ૦ રડીગયલું ને વિખરાતું પડેલું જે કંઇ તે. ૨ અથડાતું કુટાતું.

રણઝણવું, ક્રિ૦ અ૦ શબ્દ થવો-નેપુર પિંજરનો.

રતબાવળિયો, પુ૦ એક ઝાડ.

રતિપૂર, અ૦ અશોઠી જેટલું.

રફતેરફતે, [+] ધીરે ધીરે (એકદમ નહિ).

રમ્ભન, ન૦ [સં૦] ગાયનું બોલવું. ૨ ચુમ્બન કરતાં જે ધ્વનિ થાય તે.-રમ્ભન ચુમ્બન કેવાય છે.

રયણ, સ્ત્રી૦ [રજની] રાત્રિ.

રસબસ, વિ૦ રસમય-મગ્ન.

રળીરાંસે, અ૦ વિઘ્ન ન નડતાં ઉત્સાહ આનન્દમાં. 'વિવાહ રળીરાંસે થયો.

રા, સ્ત્રી૦ દોલત. ૨ સોનું.

રા, રાહ શબ્દ જોવા.

રાકેશ, પુ૦ [સં૦ રાકા-કંઈક પડવો થયો હોય તેવી પુનેમ સમ્પૂર્ણ ચન્દ્ર દેખાય તે તિથિ અને ઇશ] ચન્દ્ર.

રાખ, [+] પરણેલી નહિ પણ રાખેલી સ્ત્રી.

રાજ, [+] દીવો રાજ કરવો એટલે-ગુલ-વડો-બેર કરવો. રાજ થવો એટલે વડો થવો. રાજના સમ્બન્ધમાં કેવતો આ પ્રમાણે છે. "જેણે મુકી લાજ, તેને નાનું સરખું રાજ." "દેવ ગયા ડુંગરે, પીર ગયા મક્કે, અંગરેજી રાજમાં પેડ મારે ધક્કે." "ખરેખ પોરે પેણગું ને પોપાંબાઇનું રાજ."

રાજદૈવક, વિ૦ સુલતાની, આસમાની.

રાજકુંવર, રાજકુમાર.

રાજનગર, રાજધાની. ગુજરાતનું રાજનગર, હિન્દુરાજ્યમાં અહિલવાડ પાટણ ને મુસલમાની રાજમાં અમદાવાદ હતું.

રાજવટ, સ્ત્રી૦ રાજાપણાની વટ. ૨ રાજદરબારી રીત. 'રાજવટ જાણી નહીં તે સભામાં કેમ અનુસરે.'

રાજરસોઇ, રાજયત્ન.

રાજા [+] કેવતો. 'યથા રાજા તથા પ્રજા,' 'અન્ધેર નગરી ગંધર્વસેન રાજા, ટકે સેર ભાજી ટકે સેર ખાજાં.' 'કુંભાજ સમા મુલક ઉડે.'

રાણોથવો-કરવો, રાજ થવા-કરવા (દીવા).

રામરસ, ન૦ મીઠું.

રામરામ,—મુસલ્માનમાં નમસ્કાર, વાણિયામાં જેગોપાળ તેમ હેટાક ઉર્દૂમાં રામરામ કેવાય છે.

રાસ, [+] ઢગલો.

રાસડી, સ્ત્રી૦ સુતારની દોર ઠાસની સુંઢ સાથે બાંધેલી હોય છે તે.

રિખવું, ક્રિ૦ અ૦ [સં૦ રિખ ધાતુ ગતિના અર્થમાં છે] અહીં તહીં ભમવું-ફરવું. 'રંગે રીખે છે આંગણે રે, કરમાંહે નવનીત,' 'હરિ રીખતો માતા યશોદા દેખે' (ભા૦). 'અભનવી આતમારામની રીખણી.'

રૈંટુડો, રેંટિયો.

રેખ, [+] સ્ત્રીઓ પોતાના ઉપલા બે અથવા ચાર દાંતમાં જે પેડાની સુનાની જે ટપકી અથવા બીજી કોઇ તરેહ જડાવે છે તે; જાડ, ભવાયા પણ રેખ જડાવે છે.

રેલાવું, ક્રિ૦ અ૦ પ્રવાહીની પેઠે પસરી રેવું. 'સતીપણું રેલાણું એહેના રૂપમાં રે.'

રોડ, વિ૦ જાડું સાથે જોડાય છે-જાડું રોડ.

રોડા-હા; પુ૦ દોડા ગધેડી.

રોદો, પુ૦ ખાડો, જેમાં ગાડી પછડાય તે.

રોધ, વિરોધ. 'રોધ માંડ્યો' (રત્નેo).

રોમ, [+] (પુ૦ છે તે ન૦ કરવું). રોમકૂપ એટલે રૂવાં રૂપી જે કૂપ તે; ચામડીનાં છિદ્ર.

રોળ, [+] ૩ વ્યાપી રેવું તે. રંગરોળ-મઝા ફેલાઇ રેવી તે. 'સુગન્ધ કેરા રોળ.'

રોળવું, [+] ૩ વરોળવું, વજોવવું.

લગ, ભાભિયાં ને ભોભ વચ્ચે છાપરામાં નાખવાનો કાટ.

લટકણ-ઝાટકણિયું, [+] થાળી-છાબ જમીનથી ઊંચી રાખવા તેની તળે લાકડાંનો જે ઘાટ મુકવામાં આવે છે તે.

લટ્ટુ, [+] ટેકાને આકારે જે સોનું તે.

લણવું, [+] 'વાવવું તેવું લણવું' કેવત.

લસવું, [+] શોભવું; દીપવું. ૨ રમવું.

લાદ, પુ૦ [+] દરિયાનો ઓટો; ભોજો.

લાડબેલું, વિ૦ અતિલાડે બેલણાવાળું થયલું તે.

લાભવું, ક્રિ૦ અ૦ સાંપડવું; જડવું. 'નાઠાપૂઠે કોને ન લાધે, વેદ મળી જો પેખે' (ભા૦).

લાય, [+] ૪ ચાટવું (બાળકને).

લાહો, લ્હાવો.

લાળો, [+] ૨ બળતરા. 'હાથમાં માળા ને હૈયામાં લાળા' કેવત.

લીહ, લીડી. ૨ લાહ.

લીલજ, નિર્લજ. લીલજવેડા-નિર્લજપણું.

લીલવય, ન૦ બાળાવસ્થા.

લુલરી, સ્ત્રી૦ દાસી. 'આહીડાં અમે ક્યમ અમુરે, લુલરી લાગો રંગ' (ભા૦).

લે-લૈ, સ્ત્રી૦ આસક્તિ; એકાગ્રતા. 'મને રે ભજનની લે લાગી.'

લેખવું, લેખવવું.

લેખું, [+] લખાણ. ૬ ખેલાગરું-નજરે પડવું; કામમાં આવવું.

લેપવું, [+] ઢાંકવું; વળગવું. 'રાહુ ચન્દ્રને લેપે.'

લેલીન, તલ્લીન; મગ્ન.

લેવડાવવું, ક્રિ૦ અ૦ ભોજન કરાવવું. ૨ ભોગ કરાવવો.

લોઢિયો, પુ૦ જાડાં લાકડાંનો આસરે ચારેક હાથનો જેમાં નીચે દાંતા ને એક બાજુએ (આગળ) ડેલું બેસાડેલું હોય તે ચાવરનો મુખ્ય અવયવ.

લોઢું, વિ૦ નાનું. (એ શબ્દ બાળકમાં છે). લોઢો ભાઈ, લોઢી બેન.

લોઠ્ઠો, પુ૦ હિચકો. (કચ્છી).

લોદવું, ક્રિ૦ સ૦ ખુંદવું. 'પૂર નદી તોપેરી ચાલે, હરજી લોદે માખણ પાએરે' (ભા૦).

લોબરી, સ્ત્રી૦ ધાબળી; કામળી. 'ઓઢણી આછી લોબરી રે', 'તાહારી નૌતમ દીસે લોબરી રે.'

લોલુપ, વિ૦ [સં૦] અતિ લોભી તે.

લૌલ્યપણું, ન૦ લોભિયાપણું. "લૌલ્યપણું છુટે નહી વિપ્રને મોટો દોષ" (ભા૦).

વગડાઉ, વિ૦ વગડા-જંગલનું.

વચકવું, ક્રિ૦ અ૦ સાથે વિચાર-કામ ચાલતું તેમાંથી ખસીજવું. ૨ વછુટવું; જુદું-છુટું પડવું.

વજા, સ્ત્રી૦ મતિ; સમજ; વૃત્તિ. 'અખા જીવતણી એ વજા, અજને ઠામે પુજે અજા,' 'અખા આતમ વણ અવળી વજા, કરે કાજી પણ ન કરે કજા.'

વજીફો, [+] માજી સરકારે ધરમ કરી દીધેલી જમીન તે -સરકારનોકરીના બદલામાં અથવા મેહેરબાની દાખલ તે હોય.

વજે, [૦] દાણ; મેહેસુલ; ખેતીની હકસાઈ.

વટલો, વિ૦ નરસું; પિત્તળ.

વડ, વિ૦ મોટું. વડસાસુ, વડનગર ઈ૦.

વડહથ, વિ૦ મોટો સામર્થ્યવાન.

વણ, પુ૦ નવની સંખ્યાનો સંકેત શબ્દ.

વણનાલ, વિ૦ બેસુમાર; પુષ્કળ.

વનરેક, વનરોગ.

વણી, સ્ત્રી૦ (ગણિતમાં) એકમાંનો વધેલો અંક, દશની સંખ્યામાં, ને એમાંનો વધેલો સોની સંખ્યામાં એમ ઉમેરવાનો જે અંક તે.

વલુહણ, ન૦ દુઃખ; પીડા; આપદા.

વર, કરકુ.

વરઘોડો, [+] ૩ ફજેતી.

વરાં, વેળા; વાર. એક વરાં.

વરાંસવું, ક્રિ૦ અ૦ ભરોસે ભુલવું; છેતરાવું. 'કૃષ્ણકથાસું પ્રીત નહી તે, જયણી જનુની વરાંસા' (ભા૦). 'હલવે લીધો ઊંચલી જેમ રજ વિરાંસે સાપ.'

વરાંસો, પુ૦ જાણે આમજ હોયની તેવો ભરોસો.

વરાળિયું, વિ૦ ડાંગેર છાંટવાથી થયલું તરૂ.

વરાસે, [૦]

વરી, સ્ત્રી૦ સાઠ દિવસમાં પાકતું ધાન્ય.

વરૂડિયું, ન૦ સણગાયલી ડાંગેર છાંટવાથી થયલું તરૂ.

વરેપડવું, ક્રિ૦ અ૦ ઠેકાણે પડવું; કામમાં આવવું. રાંધ્યું વરે પડ્યું.

વલુરવું, ક્રિ૦ સ૦ જોરથી ખજવાળવું. ૨ વગડવું. 'જુકર ને શિયાળ વાનર વરૂ વલુરે વાહાલા.'

વંચાવું, ક્રિ૦ અ૦ છેતરાવું. (વાવું ઉપરથી).

વરિયર, પુ૦ સાપ. 'વરિયર અમૃત રાજા મિત્ર.'

વસલો, પુ૦ ભાગ.

વસ્તારી, વિ૦ કુટુંબી કબિલા વાળો; બરલાવાળો.

વાંકસાથિયો. [જે બતાવ્યોછે તેમાં ચાર પાંખડાં વધારવાં].

વાંચવું, [+] ૩ ઉગરવું; બચવું. 'આ વિઘ્નથી બાળક વાંચ્યો.'

વાંસડો, પુ૦ વાંસ (સોટા, ઝાડ નહીં).

વાઘ, સ્ત્રી૦ દાસી.

વાટ, [+] પુ૦ ચણા વગેરેનો પાણીથી ભીંજેલા ઘાટ.

વાટો, [+] ૩ ચૂનાનો ઘર.

વાડ-વાઢ, [+] જુવાર બાજરીનાં ખેતરને થડમાંથી કાપવાં તે; ઢાળ. ૪ આંકડી; મુંક (પેટમાં ચાલે તે).

વાડી, સ્ત્રી૦ મટોડીનું નાળવાવાળું ઘી ભરવાનું ઠામ.

વાડો, [+] તડ; પક્ષ. વાડા બન્ધાયા.

વાદ, [+] ૬ સરસાઈ; મમત. 'વાદે ગુરુવર વેલુ વાધ્યે'.

વાદોવાદી, હોંસાતોંસી; સરસાઈ.

વાધરડી, સ્ત્રી૦ ઠોસની ઠોરસાથે માચી-ઢાંકીને જકડી રાખવાની ચામડાંની દોરી (વણેલી નહિ); વાધર; વાધરી.

વાધવું, [+] ૩ થવું; બનવું.

વામવું, ક્રિ૦ સ૦ [+] ૨ મટાડવું; દૂર કરવું. 'દુઃખ સઘળાં વામશું'.

વાયકું, [+] ૨ હોવું; મિણું.

વાયદો, [+] વાયદાસર એટલે વાયદા પ્રમાણે.

વારીનાખવું, ક્રિ૦ સ૦ માથે એબારી-ઉતારી ફેંકીદેવું. સો રૂપિઆ તો હું તેના નામપર વારીનાખું (દરકાર ન

રાખવાના અર્થમાં). [માતાને ચુડાવાનું.
વાલ્સો, પુ૦ સુનાં-રૂપાનાં,ઝીણા તારનું વાળિયું-બરાડી
વાવલાં, ન૦ વસવાયાં લોકને જે માહી જમીન આપેલી તે.
વાવું, ક્રિ૦ સ૦ [+] ૪ ચલાવવું; ઉગામી ધરવું. 'વાઇ પાળી રાજાને ગજે'.
વાસના, સ્ત્રી૦ વાસ; ગન્ધ; પરિમળ.
વાસવું, ક્રિ૦ અ૦ વસવું. 'કૃષ્ણજી ગોકુળ ગામ વાસે'. ૨ વાસિત થવું-'વાસ્યું વન ફરતું દશ જોજન'.
વાળી, અ૦ વળી; ફેરીથી. 'સ્વસ્થ થઈને સુંદરી વસ્ત્ર પેહેરી વાળી.'
વિખ્મ, વિષમ.
વિગોવું, વગોવવું. 'હમે ગોવાળાં વિગોયાં રે એણે સામળીએ.'
વિઞ્જન, ન૦ વિંજણે વા નાખવા તે. 'વાયુ વિંજન કરે ઊભી.'
વિતવું, ક્રિ૦ અ૦ જવું; ગુજરવું; આગળ થઈજવું-દિવસ વીત્યા. એ શબ્દ જૂનાં પુસ્તકોમાં માણસને પણ લગાડ્યો છે. 'આગે ઘાની કોટ વીતા' (ગુ૦ આ૦). ૨ અનુભવ થવો. તેને વીત્યું છે. (કષ્ટ વેઠવાના અર્થમાં).
વિભુટણ, (વંભુટણ), ન૦ દુઃખ; વિપત્ત. 'તેને અતિ વિભુટણ પડ્યાં'.
વિરમવું, ક્રિ૦ અ૦ વિરામ પામવું.
વિરાંસવું, વરાંસવું.
વિલપવું, ક્રિ૦ અ૦ શોક-વિલાપ કરવો. 'કલપે વિલપે નંદની નારી'.
વિલુબ્ધ, વિ૦ લમ્પટ.
વિસમવું, ક્રિ૦ સ૦ અધરણીરાતનો ખોળો ભરવા પછી તે ખોળામાંનું સર્વ તેની માએ પોતાના ખોળામાં લઈલેવું. 'સાસુ સોહાસેણે ખોળા ના ભરીયા, માડી સોહાસેણે ના વીસમ્યા રે'.
વિસવાસી, સ્ત્રી૦ વસાનો વિસમો ભાગ. વિ૦ ખ્રિસ્તી.
વિહાણવું, ક્રિ૦ સ૦ પરવું; ગુજરી જવું. 'રજની વિહાણી જી'.
વીધ્ર, વિ૦ આતુર; બાવરું. 'કોહો સ્વામી તમો કાં થયા વીધ્ર'.
વુઠવું, ત્રુઠવું.
વે, સ્ત્રી૦ વય; ઉમર.
વેગ, [+] ૫ તાપ; ત્રાસ. 'દેવ નન્દ સેહેશે તોહારા વેગ' (રે૦).
વેડ, સ્ત્રી૦ વેડી.
વેડરૂગ, પુ૦ પાડો. 'વેડાંગ ખેડાવે વાંકડો' (સા૦).
વેઢવવું, ક્રિ૦ સ૦ મુકાબલે મેળવવું; સરખાવવું. 'મારો ને તાહારો વેઢવું રે તેહેમાં કોહોનો અનુપમ સાર'.
વેશડી, પુ૦ એક રાગ (જૂની કવિતામાં).

વેરે, અ૦ જોડે; સાથે.
વેવરાવું, વવાવું; ભોળવાવું (જુના પુસ્તકમાં).
વેવું, [+] ચાલવું. વયોજા-ચાલ્યો જા.
વૈ, [+] ૨ વાઈ.
વોડકી, સ્ત્રી૦ વાછુરડી.
વોરવું, [+] કોઈ બે જણની લડાઈનું જોખમ પોતાને માથે વોરીલેવું.

શ.

શઙ્કવું, ક્રિ૦ અ૦ શઙ્કા-સન્દેહમાં પડવું; સઙ્કોચાવું-'શંકાણા રઘુરાય.'
શણગો, સણગો.
શરૂઓ, [+] ૨ કુમળો ને તીણો-સ્વર.
શશિયર-હર, [શશધર] ચન્દ્ર.
શળી, [+] હજામની પથરી.
શળો, સળો.
શાંઢવું, ક્રિ૦ સ૦ પાળવું; રાખવું. ઘોડી શાંઢવ.
શાલિવાહનશક, એ શક દક્ષણીઓમાં ચાલે છે. વિક્રમ સંવત ૧૩૪ વર્ષ ચાલ્યા પછી શાલિવાહન શક બેઠો છે.
શાહુકાર, સાઉકાર.
શીખ, સ્ત્રી૦ આજ્ઞા; રજા. ૨ શિખામણ.
શુંઢવું, ક્રિ૦ અ૦ ચાલવું; જવું. 'હું ચાકર તારો ચંતની, શુંઢો મારી સાથ.'
શૃઙ્ગારવું, સણગારવું.
શોંકી, સ્ત્રી૦ બળદને મોઢે બાંધવાની જાળી.
શૈ, સૈ. ૨ દાણાનું એક માપ છે (ક્રિ૦).
શ્યાલક, પુ૦ [સં૦] વહુનો ભાઈ; સાળો.
શ્યાવટ, સ્ત્રી૦ સાહુકારની વટ. (સામળ).
શ્રીકાર, વિ૦ સરસ. 'કરશે માસાળું શ્રીકાર.'

સંવરવું, આટોપવું; સમેટી લેવું.
સકોમળ, સકુમાર.
સગ, સ્ત્રી૦ દીવાની ટોચ; આંચ; સેગ.
સગન, પુ૦ ગોથણો.
સગરણ, પગરણ. [ઉલટું).
સગુરો, પુ૦ જેણે કોઈને ગુરુ કરેલો હોય તે (નગુરાનું
સઙ્ઘરણી-શણી, સઙ્ગ્રહણી.
સજાઈ, સ્ત્રી૦ સામગ્રી; તૈયારી. 'વીવાહની સજાઈજી.'
સજાય-ઝાય, સ્ત્રી૦ [સન્ધ્યા] ધ્યાન. ૨ ઉપદેશકથા; શિખામણ.
સંઞ્ચ, [+] ૩ જુક્તી; ગોઠવણ.
સઞ્ચવું, સિંચવું.
સઞ્ઝમ, પુ૦ ઉપદેશ; બોધ.
સઞ્ઝા, સન્ધ્યા. [(અપો).
સાણગટ, [+] 'આંધળો સસરો ને સણગટ વહુ'

સાણસાર-રો, પુ૦ અણસારો; ઇશારો; સાન.
સાણીજો, પુ૦ બાપ. સાણીજી—મા.
સદવું, [+] તનદુરસ્તીને માફક આવવું; ઓગમ થઇ શકવું.
સદહણા, સ્ત્રી૦ નિશ્ચય થવો તે; સિદ્ધાન્ત.
સન્ધાણું, અથાણું.
સન્માર્જની. [સમ્માર્જની] બુહારણી.
સનાથ, વિ૦ જેને માથે વાલી-મુરબ્બી હોય તે. ૨ ધણીઆતું; સુખિયારું; ઠેકાણે પડેલું. હવે સનાથ થઇ.
સબુદ્ધિ, સ્ત્રી૦ [સુબુદ્ધિ:] રૂડી બુદ્ધિ.
સમતા, સ્ત્રી૦ જોસ્સા સમાવી રોકવા તે.
સમાર, પુ૦ દાણા વાવ્યા પછી ઉઘાડા દાણાને ઢાંકવાસારૂ જે પાટીઆંને બળદ જોડી ચાસપર ફેરવેછે તે.
સમારિયું, ન૦ સમારને બાંધવાનું દોરડું.
સમાવું, [+] હળી મળીને રહી શકવું. તે ઠેકે સમાતો નથી.
સમોતી, વિ૦ હળી મળીને રેતાં સુખ પામે તે. 'સાસરે થાત સમોતી.'
સમોલ, (સમેલ) સ્ત્રી૦ સામેલ. ધુંસરીને આડેક છેડે કાણામાં ખોસવામાં આવતી ખીલી.
સમ્ભાળવું, [+] સમ્ભારવું.
સમ્યક્, અ૦ [સં૦] ખરેખરું; સાચું. ૨ પૂરું; આખું.
સમ્રીત, સ્મૃતિ-શાસ્ત્ર.
સય, શત.
સરદે, વિ૦ [સુહૃદ્] દયાવાળો. 'નિરદેનો સરદે થયો.'
સવિ, સર્વ. 'ભૂપતિ સવિ સરદાર'.
સહિષ્ટ, વિ૦ જેને સહન કરવાની ટેવ પડી હોય તે; દુઃખ વેઠી શકે તે.
સાંઈ, સ્ત્રી૦ સમ્ભારણું-બોલાવણું-મળવું છે એ અર્થમાં સ્ત્રીઓ વાપરેછે. દેશ જાઓ તો ફલાણીને મારી સાંઇ છે-સાંઇ કેજો.
સાંકળ, [+] તેંતરીસ ફુટ લમ્બાઇનું એક માપ.
સાંકળવું, ક્રિ૦ સ૦ સાંકળની પેઠે ગુંથી-જોડી રાખવું.
સાંતીડું, હળ.
સાખ [+] બારસાખ. ૨ આંબાસાખ.
સાઙ્ગોપાઙ્ગ, અ૦ અઙ્ગ ને ઉપઙ્ગ સહિત; ઝીણી મોટી સઘળી વિધિ કરીને.
સાજ, [+] ૪ હથિયાર.
સાટવું, ક્રિ૦ સ૦ સાટું કરવું. વેચવું સાટવું.
સાદ, [+] સાદ દેવો એટલે સામો ઉત્તર-હોકારો દેવો.
સાધ, સાધુ સન્ત.
સધ્વી, સાધ્વી.
સાનેરી, પુ૦ એક રાગ.
સામાણું, ન૦ સામાં તેડવા જઇ આદર વિવેક કરવો તે.
સામૈયું, સામાણું.
સાયો, પુ૦ આસરો; ઓથ.
સારવું, [+] ૨ ઘાલવું; પેરવું. 'આભરણ સારિયાં.' ૩ મુકવું. 'મુખ માંહે બીડી મેહેલી લવઙ્ગ એલચી સારી.' ૪ લગાડવું; આંજવું. 'નયણે કાજળ સારિયાં.' ૫ કરવું; પારપડવું. 'કાર્ય સુરનાં સારવાને.' ૬ પોડાંમાંથી બ્હાર વેહેતું કરવું; ભાખવું. 'જુઠાં વેણ સેજે સારિએ, સુકૃત પુર્વજનમનું હારિએ.'
સારોદ્ધાર, પુ૦ સાર વસ્તુને પ્રગટ કરી ઉપયોગમાં આવે તેમ કરવું.
સાલવાર, વિ૦ વરસ વરસની-પ્રમાણે. સાલવાર બાકી.
સિધવું, ક્રિ૦ સ૦ સિદ્ધ થવું; સિઝવું.
સુંડલો, ટોપલો.
સુંઢાળું, વી૦ સુંઢવાળું.
સુંઢિયોકોસ, પુ૦ સુંઢવાળો કોસ.
સુખલા, પુ૦ ઘઉંની કણી. [નિશ્ચયપણું.
સુખસાસ્વતા, સ્ત્રી૦ સુખશાન્તિ; સન્તોષ. ૨ સુખનું
સુખેણું, વિ૦ સુખિયારું; સુખી.
સુગરો, સગુરો.
સુણાવણી, સ્ત્રી૦ સમ્ભળાવવું તે.—કારકુને કામકાજના કાગળો માંયલી હકીકત ઉપરીને ટુંકામાં કહી સંભળાવવી તે; પુરી હકીકત વાંચી સમ્ભળાવવી તે પણ.
સુતરે, [+] સુતરું ચાલવું-ફાવવું.
સુપડી, [+] બાતમાં ક્યારડા વગેરેમાં પાણી ઉલેચી લેવાનું
સુરસરી, સ્ત્રી૦ [સુરસરિતા] ગઙ્ગા નદી. [રાચ.
સૂત, પુ૦ [સં૦] ક્ષત્રી ને બ્રાહ્મણીથી ઉત્પન્ન થયલી જાતી. ૨ સારથી; ગાડી હાંકનારો.
સૂત, [+] માડીને ચલાવેલા તન્તા ખટલો. ઘરસૂત્ર.
સૂફ, સ્ત્રી૦ ઉનનું વસ્ત્ર ફલાનેલ.
સેણ, [+] મિત્ર.
સેરડી, સેરી.
સેવન્તરું, ન૦ એક જાતના ઝાડનું ફળ. એ ગણપતિને બહુ પ્રિય છે. ૨ એક જાતનું સોપારી-સેવૂરધનું પણ કેવાયછે.
સેસફુલ, ન૦ સ્ત્રીનાં માથાનું એક ઘરેણું.
સોંઢવું, [+] ધસીને જવું-'સોંઢયા સનજોધ'.
સોંસરું, ક્રિ૦ વિ૦ ઠેઠ; આરપાર. તીર સોંસરા નિકળી ગયો. 'વચનનો ઘાવ સોંસરો લાગ્યો'.
સોડવું, ક્રિ૦ અ૦ વાસ આવવો; વિમળવું.
સોયટો, [+] બાજ કુમાસની કાંકરી વાળી ને જેનો રઙ્ગ ઝાંખા ભુરા થકી માંડીને તે કાબરા સુધી હોયછે.
સોયો, પુ૦ રામૈયા કોસના વરતસાથે તરીલું સાંધવામાં સાંધાની વચમાં લાકડાંની જે ખીલી ખોસવામાં આવેછે તે.
સોરમ્ભ, સોરમ.
સોહણું, સ્વપ્નું.

સોહેળો, પું૦ રૂડે અવસરે શુભ કૃત્યનો સમારમ્ભ; ઓચ્છવ. 'સોહેળડો રે શીળા માડણા હેઠ, આજ માહારે ઘેર સોહેળો,' 'આજ માહારે ઘેર સોહેળો ઈશંકરે આવીઆ બાર.'

સ્થાનક, થાનક.

સ્ફુરવું, ક્રી૦ અ૦ અફોર ફુટવો. ૨ પ્રગટ થવું.

સ્વાવ, [+] વાયુસ્રાવ.

સ્વે, પોતે.

હથરોટા, પું૦ એક તરેહનું ઘરેણું. 'હાથે હથરોટા શોભતાં (શુ૦).'

હમામીસેલાં, એકતરેહનાં સેલાં (જુનાં પુસ્તકમાં).

હરખડવું, ક્રિ૦ અ૦ માથે કંઈ સરફટ આવીપડેથી ગભરાવું.

હરખડાવવું, ક્રિ૦ સ૦ ગભરાવવું; હિમત મુકાવીદેવી.

હસ્તામળ, ન૦ [હસ્તામલક] હાથેલીમાં આમળું હોય ને પ્રત્યક્ષ દેખાય તેવું જે તે.

હળકવું, ક્રિ૦ અ૦ ઝુલવું; હાલવું. 'ચપળ કુંડળ પયોધર, અત્યંત હળકે હાર.'

હિમાયત, [+] વિચોટીના દરમાં વધારો તે.

હિરાવેધ, વિ૦ હીરા વિંધવો પણો કઠણ તેને વિંધીનાખે તેવો ... પુરુષ-(વાંકામાં બોલતાં વપરાય છે).

હેલિ, પુ૦ [સં૦] સૂર્ય.

હોતા, પુ૦ [સં૦ ...]માં ઋગ્વેદના મન્ત્ર ભણનારો.

હોન, ન૦ એક ... નો સોનાંનો સિક્કો.

હોરમાન, ઓરમાન.

હ્રદ, પુ૦ [સં૦] પાણીનો ઉંડો ખાડો; ડોહ; ધરો.

હ્રાસ, પુ૦ [સં૦] ધીમે ધીમે ઘટીજવું-લય પામવું તે (સ્વરનું); અવ્યક્ત શબ્દ. ૨ અપહરણ.

સંપૂર્ણઃ હજો.

ક્હાંની ક્હાંની છે ગુજરાત?

ઉગ્રસેન રામ કૃષ્ણ સાત્યકી યાદવ જ્યાં સહુ વિરાજ્યા,
જ્યાં બ્રાહ્મણ ને રજપુત ઝાઝા ધર્મ ... અર્થે ઝઝુમ્યા હતા,
ત્યાંના લોકતણી શું ...?
નાના નારે નથી તેની.
ત્યારે ક્હાંની છે ગુજરાત?

બુદ્ધ જૈનના ધુમ્યા વાદ જ્યાં એકજસું શિલાદિત્ય લડ્યો,
ચૂવડસું વળી જયશિખરી જ્યાં જુદ્ધ પરાક્રમ દાખી પડ્યો,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

વળી રાજ્યનો રફગધ્વજ જ્યાં છ્હરોંક વર્ષલગી ઉડ્યો,-
સરસ્વતી ને સેનાનીએ રફગ દાખવ્યો છે રૂડો,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

કરવું ધામ જ્યાં મુસલમાને ત્રીજ રાજ્યનું વળી વડું,-
મુક્યે આવ્યાને જાને તેં માનીએછે માન વડું,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

ર...ાં કીધા ડોપ કાળીએ રાજ્ય થયું ખાણેર જુડું;
વળી રાજ્ય જ્યાં દખ્ખણીકેરું કાઠે દીપે કંઈક રૂડું,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

વળી પુરાતન પ્રસિદ્ધ જગમાં ભૃગુનો આશ્રમ જ્યાં જોયો,
વળી રફગ જ્યાં જનવસ્તુનો બન્દરને નાકે સોયો,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

છે અફગરેજી રાજ્યતણું જે ધામ મુખ્ય પશ્ચિમભણી-
જ્યાં ગુજરાતતણા જન વસિયા છો રે વેળા ઘોડી ઘણી,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

જ્યાં રેવામહીકાંઠા ગ્રામ હિન્દુ મુસલમાન રાજ્યથી,
વળી રાજ્ય રણની પેલીગમ જોય સિંધની લગોલગે,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

વૃદ્ધનગર જેણે જોયાં સહુ ચડતાં પડતાં રાજ્ય કરી,
હજી જીવે છે શું જોવાને પ્રજાતણા રફગ ... વળી,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

શું બ્રાહ્મણ ને વાણિયાકેરી શ્રાવક ને ભાટિયાકેરી,
ક્ષત્રી રજપુત કણબીકેરી ભીલ અને કોળીકેરી,
બીજા શુદ્રતણી શું ક્હેવી?
નાના નારે નથી તેની
ત્યારે ક્હાંની છે ગુજરાત?

પૂર્વજ જેના જે વળી આજે જન્મથકી ગુજરાતી વદા,
કોઈ રીતની તોપણ ને વળી આર્યધર્મને રાખી રહ્યા.
તેની તેની છે ગુજરાત.
પછી હોય ગમે તે જાત.
તેની તેની છે ગુંજરાત,

વળી પરદેશી બીજા જેને ભૂમિએ પાળી મોટ કરયા,
પરધર્મી પણ હિત ઇચ્છનારા માતતણું તે ભાઈ ઠરયા,
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત.
તેની તેની છે ગુજરાત.

નર્મદ કે ગુજરાતી ભાઈયો માતને અર્થે સમ્પ ધરે,
અને બંન્ધન તોડી રાણે સુઉ ગૂંથી જયસુખ જગ ભરે,
પ્રેમ શૌર્યને કરી પ્રખ્યાત,
તે તે સહુની છે ગુજરાત.
ને તે સહુની છે ગુજરાત.